# શ્રી સિદ્ધચક્ર

વર્ષ - ૩

No. 057305
60-43.09

(પાક્ષિક)




: પ્રકાશક :
સિદ્ધચક્ર માસિક પુનર્મુદ્રણ સમિતિ
જંબૂદ્વીપ જૈન પેઢી
પાલીતાણા - ૩૬૪૨૭૦

: સંપાદક :
પ.પૂ.આ.
શ્રી અશોકસાગરસૂરીશ્વરજી
મ.સા.

# માર્ગદર્શન મુજબ શાસનની સેવાઅર્પી રહેલા તીર્થો.



(ધાર) (મધ્યપ્રદેશ)






(જંબૂદ્વીપ-પાલિતાણા)

અજીતશાંતિ તીર્થ બામણવાડા
(ઉંઝા ઊ.ગુ.)



શ્રી આર્યરક્ષિતસૂરિ તીર્થધામ
મંદસૌર (મ.પ્ર.)



# મવાણીને સુરક્ષીત રાખનારા પૂજ્યો





ુનિ



જીમ.સા.

પ્રૌઢ પ્રતાપી



પૂ.આ. શ્રી ચન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.

ગચ્છાધિપતિ



પૂ.આ. શ્રીહેમસાગરસૂરીશ્વરજી મહારાજ

જંબૂદ્વીપ પ્રણેતા



પૂ.પં. ગુરૂદેવ શ્રી અભયસાગરજી મ.સા.

પૂ.આ.ભગવંત



શ્રી હંસસાગરસૂરીશ્વરજી મ.સા.

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ - 3

(પાક્ષિક)





: પ્રકાશક :

સિદ્ધચક્ર માસિક પુનર્મુદ્રણ સમિતિ

જંબૂદ્વીપ જૈન પેઢી

પાલીતાણા - ૩૬૪૨૭૦


: સંપાદક :

પ.પૂ.આ.

શ્રી અશોકસાગરસૂરીશ્વરજી

મ.સા.

## -: પ્રાપ્તિ સ્થાન :-

**શ્રી જંબૂદ્વીપ વર્ધમાન જૈન પેઢી**
તળેટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
ટે. નં. : ૨૩૦૭ - ૪૨૦૨૨

**આગમોદ્ધારક પ્રતિષ્ઠાન**
C/o સેવંતિભાઈ શાંતિલાલ શાહ
છાણી (વડોદરા) પીન : ૩૯૦૭૪૦
ટે. નં. : ૭૭૧૯૯૪

**અશોકભાઈ સૂરજમલ શાહ**
ન્યુ ગુજરાત ટ્રેડીંગ કાં.
બહુઆની પોળ, રાયપુરચકલા, અમદાવાદ-૧.
ટે. નં. : (ઓ.) ૨૧૪૭૧૭૨

**આગમોદ્ધારક સંસ્થા**
આગમ મંદિર રોડ,
ગોપીપુરા,
સૂરત, પીન : ૩૯૫૦૦૧

**ગોડીજી જૈન દેરાસર**
૧૨ - પાયધુની, વિજયવલ્લભ ચોક,
મુંબઇ - ૪૦૦૦૦૨

**શ્રી ઋષભદેવ કેશરીમલ જૈન શ્વે. પેઢી**
બજાજ ખાના,
રતલામ (મ.પ્ર.)
પીન : ૪૫૭૦૦૧

**ઋષભદેવ છગનીરામ પેઢી**
શ્રીપાલ માર્ગ, ખારાકૂવા, ઉજ્જૈન (મ.પ્ર.)
પીન : ૪૫૬૦૦૬
ટે. નં. : ૫૫૩૩૫૬

શ્રી સિદ્ધચક્ર માસિકના પાંચસો અંકોનું સંયુક્ત ગ્રથન
શ્રી સિદ્ધચક્ર ગ્રંથ - ભા. ૧ થી ૧૮
કિંમત રૂ. ૪૫૦૦/-

**સંવત :- ૨૦૫૭**
**આગમોદ્ધારકશ્રીનો જન્મદિવસ**
**અષાઢ વદ અમાસ**
**તા. ૨૦/૭/૨૦૦૧**

મુદ્રક :- "કનક ગ્રાફીક્સ" : નેમ-પ્રભા પ્રીન્ટર્સ, ગોપીપુરા, સુરત. ફોન - ૭૪૧૯૩૪૯

નોંધ :- આ ગ્રંથ જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલ હોવાથી ગૃહસ્થોએ જ્ઞાનખાતામાં રકમ ભરીને માલીકી કરવી.

મારું કિંચિત્

સમાલ્પ વક્તવ્યમ્

# શ્રી સિદ્ધચક્ર પાક્ષિક

૭૦ વર્ષ પૂર્વે આગમધર મહાપુરૂષો તથા ગણધર ભગવંતોની પ્રસાદીરૂપ આગમોદ્ધારક આ. શ્રી સાગરાનંદસૂરી મ. ના આગમિક પ્રવચનો થતાં આગમવાચનાઓ થતી અને ચતુર્વિધસંઘ તેમાંના એક પણ પ્રવચન જતાં ન કરતાં... ત્યારે તે આગમ-સિદ્ધાંતો-ઐતિહાસિક વાતો ભાવિપ્રજાને ઉપકારક થાય તે માટે તે તમામ પ્રવચનોનું સંપૂર્ણ આલેખન થતું ધીમેધીમે તે પ્રવચનો જ્ઞાનીઓને આધારરૂપ નિવડ્યાં. અને તે બધાને પ્રાપ્ત થાય તેવા ઉદ્દેશથી સંઘને એવી વિચારણાં થતાં વિ.સં. ૧૯૮૮ આ.સુ. ૧૫ તા. ૧૫-૧૦-૧૯૩૨માં શ્રી સિદ્ધચક્ર પાક્ષિકનો જન્મ થયો.

આ આગમધર પુરૂષ એટલે ? હુલામણા નામથી બોલાતા શ્રી સાગરજી મ. અને મૂળ નામ પૂ.આ.શ્રી આનંદસાગર સૂરિ મ. - સાગરાનંદસૂરિજી મ. આપણે શ્રી સાગરજી મ. ના નામથી આગળ વધીએ.

આ સાગરજી મ. એટલે વર્તમાનમાં આગમોના મહાન જ્ઞાતા જેથી આગમોદ્ધારક એવું પણ નામ હતું. જેમ શાસ્ત્રકાર ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મ.સા. પછી ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મ. બધા વિષયોમાં જ્ઞાતા થયા અને તેથી જ તેઓ ઉપનામ તરીકે લઘુ હરિભદ્ર ગણાતા હતા એમ પૂ. સાગરજી મ. પણ તેઓથી અઢીસો વર્ષ થયા અને અજોડ આગમિક જ્ઞાનના કારણે લઘુ યશોવિજયજી તરીકે ઓળખાવા લાગ્યા હતા.

આ કાળમાં તેઓશ્રી સાગર એટલે આગમજ્ઞાનના સાચે સાચ સાગર જ હતા, વળી કાશી-બનારસની વિદ્વાનોની જાહેરસભાને સ્યાદ્વાદ સિધ્ધાન્તના વ્યાખ્યાન ઉપર આશ્ચર્યચકિત બનાવી દીધી હતી અને તે મહાવિદ્વાનોએ પણ મુખમાં આંગળા નાંખી કહ્યું હતું કે આવું સંસ્કૃતભાષામાં ધારાપ્રવાહ મહાસંધિપૂર્વકનું ભાષણ આપણી ખુદ માતૃભાષા હોવા છતાં આપ્યું નથી જે આ મહાપુરૂષે આપ્યું છે.

તે સાગરજી મહારાજશ્રી વ્યાખ્યાનો - પ્રવચનોના ટંકોત્કીર્ણ- ટંકશાળી આગમિક શબ્દો ભાવિ પ્રજાના હિત માટે - ભાવિપ્રજાનીગૂઢ -ગૂઢતર-ગુઢતમ પ્રશ્નો જાણવા માટે સિધ્ધચક્ર પાક્ષિકનો પ્રારંભ થયેલ.

આ સિધ્ધચક્ર માસિકમાં તત્વનો ભરપૂર ખજાનો ભર્યો ભર્યો છે. આ પાક્ષિકે તેને વાંચનાર - મનન કરનાર - નિદિધ્યાસન કરનાર અનેક મોક્ષાભિલાષિ આત્માઓને વૈરાગી બનાવ્યા છે, શાસનની ધુરાને વહન કરી શકે એવા વિદ્વાન બનાવ્યા છે અને મહાનવ્યાખ્યાનકાર પણ બનાવ્યા છે.

આ સિદ્ધચક્રપાક્ષિક તત્વનાં ખજાનારૂપ છે. સિદ્ધચક્રના પાક્ષિકના અંકો એટલે ઝળહળતો આગમનો ખજાનો છે અને દરેક પાને ઝળહળતું આગમ જવાહિર ભર્યું છે.

આ સિદ્ધચક્રપાક્ષિક આગમોની પરબરૂપ છે તેમાં આવતી પ્રશ્નોત્તરી જેને આગમવાંચનનું આજ્ઞાન છે તેવા અંગે તેમાં રહેલા આગમ રહસ્યો અમૃત પાન કરાવી આત્મતૃપ્તિ કરાવે છે.

આ પાક્ષિક -બીજાં સાપ્તાહિક, પાક્ષિક, માસિકની જેમ વિગતો જણાવતું, ચાલું અભ્યાસના લેખો આપતું, વર્તમાન સમાચાર જણાવતું, કથાવાર્તાઓ આપતા બીજાં જે તે તે કાળ ઉપયોગી પત્રો છે તેની હરોળમાં નહીં પણ એકાંતે આગમશાસ્ત્રો- ગૂઢપ્રશ્નોને સરળભાષામાં સમજાવતું આગમિક પાક્ષિક છે. બીજા પત્રો પણ ઉપયોગી તો હોય છતાં આ પત્ર આત્મલક્ષી - આત્મસ્પર્શી હોઈ આત્માને ઉચ્ચપંથે લઈ જવામાં અને સાચું આત્મજ્ઞાન કરાવવામાં અતિ ઉપયોગી છે.

ઘણીવખત શાસ્ત્રીય બાબતોમાં એવા એવા પ્રશ્નો થાય અને તેમાં મુંઝવણ પણ પેદા થાય પણ તેવા પ્રશ્નોનાં પણ સજ્જડ ઉકેલ આ પાક્ષિકમાંથી મળી જાય તેમ છે. તો તેને સાદ્યંત વાંચનમાં લેવુ અતિજરૂરી છે.

જ્યારે જ્યારે મુનિભગવંતોની સમિતિઓ નીમાતી કે શ્રમણભગવંતોનું સંમેલન થતું ત્યારે આગમોના મહાજ્ઞાતા તરીકે તથા આધારભૂત રૂપે શ્રીસાગરજીમ.ને તથા તેઓના સિદ્ધાંતોને સહુ મોખરે રાખતા હતા અને આધારરૂપ ગણતા હતા.

વિ.સં. ૧૯૯૦ના પૂ.શ્રમણભંગવતોનું સંમેલન થયું ત્યારે પણ પ.પૂ.સાગરજીમહારાજ આગમની અનેકવિધ વાનગીઓ જણાવવામાં તેઓશ્રી જ હતા.

આવા અદ્વિતીય આગમધર મહાપુરૂષનાં વ્યાખ્યાનો રૂપ આ સિદ્ધચક્ર પાક્ષિક ૨૮ વર્ષ સુધી ચાલ્યુ અને ત્યારપછી બંધ પડવાથી શ્રી સંઘમાં તેવા મહાપુરૂષોનાં વચનામૃતો મેળવવાની ખોટ પડી ગણાય પણ જે છે તેને પણ સારી રીતે સાચવવા એનો સંગ્રહ કરી પુનર્મુદ્રણરૂપે પ્રગટ કરવું અતિજરૂરી હતું. તો તેનું પુનર્મુદ્રણ કરવાથી શ્રીસંઘને તે આગમિક વચનામૃતો મળતા જ રહે અને તેથી શ્રીસંઘમાં આગમિકજ્ઞાનની દૃષ્ટિએ ઘણોઘણો ઉપકાર થાય તે માટે આગમવિશારદ પૂ.પં. ગુરૂદેવશ્રી અભયસાગરજી મ. ના પટ્ટધર પ. પૂ. શ્રીમદ્ અશોકસાગરસૂરીશ્વરજી મ. સાહેબનો પુનર્મુદ્રણ માટે અથાક પ્રયત્ન અનુમોદનીય છે, અને તેમાં શ્રીસંઘનો સહકાર અત્યંત ઉપકાર રૂપ બનશેજ. આ મારી અલ્પબુદ્ધિમાં આવ્યું તે જણાવી વિરમું છું.

વિ.સં.૨૦૫૭ માગશર સુદ-૨


*છબીલદાસ કેશરીચંદ સંઘવી*

૩૦૫, શંત્રુજય એપાર્ટમેન્ટ,

કાજીનું મેદાન, ગોપીપુરા,

સુરત

# સંપાદકની કલમે

રળીયામણી શરદપૂર્ણિમાનાં સૌમ્ય દિવસે બુહુશ્રુત આગમોધ્ધારક રુપ હિમાલય પરથી આગમવાણી રુપ ગંગાનું અવતરણ સિદ્ધચક્ર પાક્ષિક રૂપે વીર સં. ૨૪૫૮ વિ.સં. ૧૯૮૮ આજથી ૬૮ વર્ષ પૂર્વે થયું જેના સતત ૨૮ વર્ષ સુધી જિનશાસન રૂપી વિશ્વપર ધસમસતા પવિત્ર પ્રવાહથી અનેક સાધુ સાધ્વી, શ્રાવક-શ્રાવીકાની આગમ જિજ્ઞાસા રુપિ તૃષાથી ત્રસ્ત આત્માઓને તૃપ્તીનું કારણ બન્યું એટલું જ નહી આ આગમગંગાનો પ્રવાહ અનેક નાની નાની નદીઓ રૂપી ગ્રંથો અને પુસ્તકોમાં આજે પણ વહી રહ્યો છે.

ગંગાનો પ્રવાહ તો એકજ દિશામાં વહી રહ્યો છે. ત્યારે આ પૂ. આગમોધ્ધારકશ્રીની આગમ વાણીનો પ્રવાહ ચારે બાજુ વહ્યો છે જૈન શાસનનો આજે વિદ્યમાન દરેક સમુદાય ગચ્છ સંપ્રદાય વર્ગમાં એવો એકેય વર્ગ શોધ્યો નહી મળે કે જેઓએ આ .પૂ. આગમોધ્ધારકશ્રીની વાણીસમ ગંગાનો આસ્વાદ ન માન્યો હોય.

પૂજ્યપાદ આગમોધ્ધારકશ્રીનું સાહિત્ય જેટલું પ્રગટ થયુ તેટલું હજી અપ્રગટ પેન્સીલોથી લખાયેલ સાહિત્ય પ્રગટ થવાની રાહ જોઈ રહ્યું છે.

પૂ. સાગરજી મ.ના વચનો ટંકશાળી ગણાય છે. તેઓશ્રી શું બોલ્યા ? તેઓશ્રીએ શું લખ્યું ? તેમનાં વચનો અડીખમ પથ્થર પરની લકીર જેવા સૌ ગણે છે.

અમદાવાદ જૈન નગરમાં મારા સં. ૨૦૪૯ નાં ચાતુર્માસમાં ભોજકકુલઅવતંસ પંડિત શ્રી અમૃતભાઈ વારંવાર આવતા મઝેની જ્ઞાનગોષ્ઠી થતી તેમાં તેઓએ એક અનોખો પ્રસંગ કહ્યો જેને તેજ વખતે મે નોટમાં લીપીબધ્ધ કરેલ. વાત એમ હતી કે તેરાપંથી સંપ્રદાય શ્રીભગવતિજી સૂત્રનું પ્રકાશન કરી રહી હતી તેમાં એક <u>ન</u> એવા સ્થાને ગોઠવાઈ ગયેલ કે કેમેય કરી અર્થ બેસે નહિ. આ <u>ન</u> બિનજરૂરી લાગતો હતો. મુનિઓ બેઠા, પંડિતો બેઠા, ચર્ચાઓ ચાલી પણ સાગરજીમહારાજે આ <u>ન</u> છાપ્યો છે માટે જરૂર કોઈ રહસ્યાર્થ હશે. જો કે તે <u>ન</u> એ પ્રેસમીસ્ટીક હતી. છતાંય સાગરજીનો <u>ન</u> કાઢતાં ધ્રુજારી છૂટતી. આવું તો તેઓશ્રીનું આગમ વિષયક આગવું પ્રભુત્વ હતું. આગમ પ્રભાકર પૂજ્ય મુનિ શ્રી પૂન્યવિજજી મ.સા.ના પણ પૂ. સાગરજી મ. પ્રત્યેની નીષ્ઠાનાં અનેક આવા પ્રસંગો પંડિતજી પાસેથી જાણવા મળ્યા બીજા પણ કેટલાય પ્રસંગો છે જેમાં પૂજ્ય મ.ની બહુશ્રુતતા આજે પણ ઝળકી રહી છે.

સં. ૨૦૫૪ નાં જંબૂદ્વીપનાં ચાતુર્માસ દરમ્યાન એક દિવસ પૂ.આ.શ્રી. નરેન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા.ની પાસે બેઠો હતો. સિધ્ધચક્ર માસીક આગમવાણીનાં અણમોલ ખજાનાં જેવું અત્યારે જીર્ણશીર્ણ

હાલતમાં છે. આનું પુન : પ્રકાશન ખૂબજ જરુરી છે. નહી તો આ આગમોનાં રહસ્યાર્થો જણાવનારો આ ખજાનો નષ્ટ પ્રાયઃ થઈ જશે. આ અંગે થોડુંક પ્રારંભીક કાર્ય વિનેય મુનિ સૌમ્યચંદ્ર સાગરે તથા મુનિ વિવેકચંદ્ર સાગરે પૂજ્યશ્રીની નીશ્રામાં બેસી શરુ કર્યુ પણ સમયના અભાવે આગળ ન વધ્યું.

આ સાલ સં. ૨૦૫૬નું આગમતીર્થ સમા સૂરત શહેર જ્યાં પૂ. આગમોધ્ધારકશ્રીએ અગ્યાર ચાતુર્માસ કરી સુરતના પ્રત્યેકપરમાણુને આગમમય બનાવી દીધેલ જ્યાં પવિત્ર આગમમંદિર, જૈનાનંદ પુસ્તક ભંડાર, શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધારક ફંડ, શ્રી જૈન તત્વ બોધ પાઠશાળા, શેઠ નગીનભાઈ મંછૂભાઈ જૈન સાહિત્યોધ્ધારક ફંડ આદિ વિશાળ જ્ઞાન પરબો જ્ઞાન તૃષાતુરોને પરમ તૃપ્તિનું કારણ બની છે જેનો પ્રભાવ આજે પણ વાડીનાં ઉપાશ્રયમાં પ્રવચનકારો શ્રોતાઓની સૂઝ બૂજ દ્વારા અનુભવી રહ્યા છે. આ સુરત શહેરનાં કૈલાસનગર શ્રી સંઘના ઉપાશ્રયમાં ચાતુર્માસ થયું.

પાલીતાણા જંબૂદ્વીપ ચાતુર્માસની એ અધૂરી ભાવના આપોઆપ સ્ફૂરી આથી અંતરમાં એક પ્રકારના માત્ર અનુભવી શકાય પણ લખી ન શકાય તેવા નાદનું પ્રગટીકરણ થયું અને પૂજ્યપાદ પરમ ગુરુદેવશ્રીની પરમ કૃપાથી સિદ્ધચક્ર માસિકના તમામ અંકોનાં પુનર્મુદ્રણનાં સંકલ્પનો સાક્ષાત્કાર થયો સહવર્તીમુનિઓ સાથે વિચારણ થઈ. પરિણામે 'દેવાવિતં નમંસન્તિ' મુજબ ચારેબાજુથી તમામ અનુકૂળતાઓ અલ્પ પ્રયત્ને સહજતાથી મળવા લાગી કાર્યકળા કુશળ મુનિ સૌમ્યચંદ્રસાગરે નમસ્કાર ગ્રાફીક્સ વાળા શ્રી કનકભાઈ તથા જંબૂદ્વીપ પ્રીન્ટ વીઝનવાળા શ્રી કાંતિભાઈને બોલાવી કોમ્પ્યુટર - કાગળો વિ.ની સફળ કાર્યવાહી આરંભી લીધી.

સાગર સમુદાયના રાગી શ્રુતભક્ત અને વફાદાર એવા શ્રાવકોની એક કમિટી બનાવી. દેવગુરુની પરમકૃપા અને પૂજ્યપાદ ગચ્છાધિપતિ આ. ભ. શ્રી સૂર્યોદયસાગર સૂરીશ્વરજી મ.સા. તથા પૂજ્ય આ. શ્રી નરેન્દ્ર સાગર સૂરીશ્વરજી મ.સાહેબના આશીર્વાદપત્રો પણ આવી ગયા. અને કાર્યનો પ્રારંભ થયો ચારેબાજુથી આર્થીક સહયોગ ન ધારેલો સહજ પ્રયત્ને આપોઆપ મળવા લાગ્યો. અને આ કાર્યનાં શ્રી ગણેશ થયા જેમાં સૌપ્રથમ વાડીનો ઉપાશ્રય, કૈલાસનગર જૈન શ્રીસંઘ, નાનપુરા જૈન શ્રીસંઘ, અઠવા લાઈન્સ જૈન શ્રી સંઘ તથા શ્રી ૐકાર સૂરિ આરાધના ભવને ઉલ્લાસથી કાર્યનાં પ્રારંભે મહત્વનો સહયોગ આપ્યો.

પ્રથમ તો ઝેરોક્ષ ફોટા કોપીનો વિચાર કરેલ જેમાં પ્રૂફ જોવાની મહેનત નહી પણ તેમાં પીળા અને ઝાંખા પડી ગયેલા પાનાની અસર પણ આવે વળી તે લેટર પ્રેસમાં છાપેલાં અક્ષરો આજના સમયને જોતાં અનુરુપ નહીં લાગવાથી બધું જ કોમ્પ્યુટરાઇઝ્ડ કરવાનું વિચાર્યું. મંગળ મુહુર્તે પ્રારંભાયેલું આ કાર્ય એટલા વેગથી ચાલ્યું કે આનુ પ્રૂફ કેમ જોવું ? રોજના ૩૦૦ થી ૩૫૦ પાનાં તૈયાર થવા લાગ્યા શરુમાં પ્રૂફ જોનારાઓએ પણ ઢગલાબંધ ભૂલો એમનીએમ રાખી છેવટે પ્રૂફ જોનારાઓ

બદલ્યા. અમોએ જ આ કાર્ય છેલ્લા પ્રૂફનું હાથમાં લીધું ચાતુર્માસની અનેક કાર્યવ્યસ્તતા છતાં સંતોષકારક કાર્ય થવા લાગ્યું જોકે મારા પૂ. ગુરુદેવશ્રી મઝાકમાં કયારેક કહેતા કે "ઈત્થિયા પુત્થિયા કભી ન શુધ્ધિયા" નાં ન્યાય મુજબ વધુને વધુ સમય આપવા છતાં, પ્રૂફરીડરો બદલવા છતાં ક્ષતિઓ તો આવી જ છે જે વાંચકો ક્ષમ્ય ગણશે. એક વાર તો એક ફર્મો છપાયા બાદ છેલ્લા ૧૦ પાનામાં ઘણી ભૂલો હતી. આ ફર્મો અમારા ચેકીંગમાં રહી ગયેલ જેથી છપાઈ ગયેલાં એ તમામ પાના કેન્સલ કરી તે ફર્મો પુનઃછાપ્યો છતાં એક મહામૂલો આગમનો ખજાનો નષ્ટભ્રષ્ટ થતાં બચ્યો એક સૂચન એ પણ આવ્યું કે પૂ. આગમોદ્ધારકશ્રીની ભાષા જયાં ક્લીષ્ટ છે તથા ગામઠી કહેવતો છે ત્યાં આજની ભાષામાં સરળ બનાવવી. પણ તેમ કરતાં દેશનાકારશ્રીનો ભાવ જ બદલાઈ જવાનાં ભયે તે સાહસ ન કર્યું અને જેમ હતું તેમ જ રાખી છપાવ્યું જો કે એક બે વાર શાંતિથી થોડું વાંચન ચાલુ રખાય તો આપોઆપ ગેડ બેસતી જાય અને આગમીક રહસ્યોની મઝા મનાતી જાય. "શુભેયથાશક્તિ યતનીયમ્‌ના ન્યાયનો પરમ આનંદ આજે મારા આત્મામાં લહેરાઈ રહ્યો છે.

પ્રુફને જોવાનાં બહાને મને પણ નવા નવા કેટલાય મુદ્દા, નવીન તર્કો, નવાશાસ્ત્ર પાઠો, નવા દ્રષ્ટાંતો, નવીનવી કહેવતો વિ. પ્રાપ્ત થઈ જે સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિની તથા વચનશુદ્ધિ અને ભાષા સમિતિની શુદ્ધિનું કારણ બન્યું.

વિદ્વાન્ શ્રાદ્ધરત્ન પંડીત શ્રી છબીલભાઈની પ્રસ્તાવના પૂજયપાદ આગમોધ્ધારકશ્રીની અણમોલ વાણીને ઝળકાવનારી તથા અંતરંગ બહુમાન પ્રગટ કરાવે તેવી છે.

અમે આ સિધ્ધચક્રનાં અંકોનાં ટાઈટલ પણ જેવા રંગનાં હતાં તેવાજ રાખ્યા છે.

મારા આ કાર્યમાં મુનિ સૌમ્યચંદ્રસાગર તથા મુનિ વિવેકચંદ્રસાગર અનેક કાર્યવ્યસ્તતા હોવા છતાં સારા સહભાગી બન્યા છે.

લગભગ દરેક આ ગ્રંથમાં પૂ. આગમોદ્ધારકશ્રીની વિષયવાર જીવનપ્રભાની જયોત મૂકવામાં આવશે.

તથા પ્રથમથીજ તંત્રી તરીકે સેવા આપનાર ઝવેરી પાનાચંદ રુપચંદ (સૂરત) તથા ચીમનલાલ સવાઈચંદ સંઘવી (સૂરત)ની અનુમોદના કરીયે છીયે.

અન્તે ભગવતિ શ્રુતદેવી શાસનદેવતા અને પૂ. ગુરુદેવશ્રીની અસીમ કૃપાને વિનંતી કે આ કાર્ય ઝડપી સંપૂર્ણ બને અને જિજ્ઞાસુઓ આગમનાં રહસ્યોને પામી. જીવનમાં ઉતારી પરમપદને પ્રાપ્ત કરે એજ મંગળ કામના.

**સાબરમતી જૈન ઊપાશ્રય**
**રામનગર,**
**સાબરમતી.**
**સં. ૨૦૫૭ અ.વ.૧૧**

**અભયગુરુપાદપદ્મસેવી**
**અશોકસાગરસૂરિ**



## અમારો અહોભાવ પ્યારાગુરુજી પ્રતિ....

તુમ ગુણ ગણ ગંગાજલે, હું ઝીલી નીર્મળ થાઉં રે...
હે મારા પ્યારા, ગુરુદેવ, તમારા ગુણોનું વર્ણન
કયા સ્વરુપે કરું !
સમ્યગ્ જ્ઞાન સમ્યગ્ દર્શન સમ્યગ્ ચારિત્રનાં
તમારા ગુણગણને જોતાં, જાણે હું તમારા આ ગુણોને ગાયા જ કરું,
બસ તમારી ગુણગંગામાં નાહ્યા જ કરું.

જ્યારે

પૂ. આચાર્યશ્રી અશોકસાગરસૂરિજી મ. સાહેબે અમોને સૂરત બોલાવી સિધ્ધચક્ર માસિકનાં જીર્ણશીર્ણ અંકોને બતાવવા સાથે હૃદયને હલબલાવી મૂકે તેવી રીતે આ સિદ્ધચક્ર માસિકનાં પુનર્મુદ્રણ માટે પ્રેરણા કરી અને તુર્ત જ અમો એ આ કાર્ય વધાવી લીધું પરંતુ તેમા સાચી મહેનત તો પૂ. આચાર્યશ્રી એ તથા તેઓશ્રીનાં વિનેય મુનીશ્રી સૌમ્યચંદ્ર સાગરજી મ.સાહેબે જ કરી છે.

અમોતો માત્ર

ગુણીજન ગુણ ગાવતાંગુણ આવે નિજ અંગ આ ઉક્તિ મુજબ કંઈ

તમારા ઢગલાબંધ ગુણોમાંથી તેના લેશ ને પ્રાપ્ત કરી જીવન ધન્ય બનાવીએ એ મંગળ કામના સાથે.

### -: સિદ્ધચક્રમાસિક પુનર્મુદ્રણ સમિતિનાં સભ્યો :-

- ❖ શ્રી પ્રફુલ્લભાઈ શાંતીચંદ ઝવેરી, સુરત
- ❖ શ્રી રાજુભાઈ કલ્યાણચંદ ઝવેરી, સુરત.
- ❖ શ્રી નિરંજનભાઈ ગુલાબચંદ ચોકસી, મુંબઈ
- ❖ શ્રી ચંદ્રસેન અભેચંદ ઝવેરી, મુંબઈ
- ❖ શ્રી પ્રફુલ્લ અમીચંદ ઝવેરી, મુંબઈ
- ❖ શ્રી ઉષાકાંતભાઈ સાકરચંદ ઝવેરી, સુરત
- ❖ શ્રી પુષ્પસેન પાનાંચદ ઝવેરી, મુંબઈ
- ❖ શ્રી શાંતીચંદ રવીચંદ ઝવેરી, મુંબઈ
- ❖ શ્રી ઉષાકાંત અમરચંદ ઝવેરી, મુબઈ
- ❖ શ્રી અશોકભાઈ પાનાચંદ ઝવેરી, મુંબઈ
- ❖ શ્રી હેમચંદભાઈ મોતીચંદ ઝવેરી, મુંબઈ

### તથા જંબૂદ્વીપ વર્ધમાન જૈન પેઢી, ટ્રસ્ટી ગણ

૧. શ્રી શાંતીચંદ છગનભાઈ ઝવેરી, સુરત.
૨. શ્રી અમરચંદ રતનચંદ ઝવેરી, મુંબઈ.
૩. શ્રી વસંતભાઈ ઉત્તમચંદ વૈદ્ય, ઉંઝા.
૪. શ્રી અશોકભાઈ સુરજમલ શાહ, અમદાવાદ.
૫. શ્રી વિનુભાઈ જગજીવનદાસ સંઘવી, ભાવનગર.

# પૂજ્યપાદ આગમોદ્ધારકશ્રીજીના ચાતુર્માસો અને વિશિષ્ટ પ્રસંગોની રૂપરેખા

વિ. સં. ૧૯૪૭માં સૌરાષ્ટ્રના લીંબડી ગામે પૂજ્યવર્ય શ્રી ઝવેરસાગરજી મહારાજશ્રીના વરદહસ્તે દીક્ષા અને ત્યાંજ ચાતુર્માસ.

વિ. સં. ૧૯૪૮ પૂજ્ય ગુરૂદેવનો કાળધર્મ અને અમદાવાદમાં ચાતુર્માસ.

વિ.સં. ૧૯૪૯ઉદયપુર(મેવાડ)માંચાતુર્માસશ્રીઆલમચંદજીપાસેવિદ્યાભ્યાસ,શેષકાળમાંગ્રામ્યપ્રદેશમાંવિહાર.

વિ. સં. ૧૯૫૦ પાલીમાં ચાતુર્માસ અને શ્રીઠાણાંગસૂત્રનું સભામાં વાંચન, સ્થાનકવાસી બંડખોરોનો પરાભવ, જિનમૂર્તિ પૂજકોના હૂમલાથી મુર્તિમૂજકોનો બચાવ.

વિ. સં. ૧૯૫૧ સોજત (રાજસ્થાન)માં ચાતુર્માસ, અપૂર્વ ધર્મજાગૃતિ અને ધર્મનો પાયો સુદૃઢ કર્યા.

વિ. સં. ૧૯૫૨ પેટલાદમાં મુનિરાજ જીવવિજયજી મહારાજ, (સંસારપક્ષે પિતાજી)ની સેવા અને કાળધર્મ; સંવત્સરી મહાપર્વની શાસ્ત્રીયપરંપરાના આધારે સંઘસહિત કરેલી આરાધના, તપસ્વીઓને શેઠ મનસુખભાઈ ભગુભાઈ તરફથી સુવર્ણવેઢની પ્રભાવના.

વિ. સં. ૧૯૫૩ છાણી ગામે ચાતુર્માસ, ન્યાયશાસ્ત્રોનું અધ્યયન, સૈદ્ધાંતિક અધ્યયન.

વિ. સં. ૧૯૫૪ પાર્શ્વચંદ્રગચ્છ અને જૈનેતર આચાર્યો સાથે શાસ્ત્રાર્થ, કલોલમાં સ્થાનકવાસીઓ સાથે શાસ્ત્રાર્થ, વિજયોલ્લાસ પૂર્વક ખંભાતમાં ચાતુર્માસ.

વિ. સં. ૧૯૫૫ સાણંદમાં ચાતુર્માસ અને પ્રભાવના.

વિ. સં. ૧૯૫૬ અમદાવાદમાં ચાતુર્માસ.

વિ. સં. ૧૯૫૭ પુનઃ અમદાવાદમાં ચાતુર્માસ, દેશનાઓનો પ્રચાર, લોકોની વ્યાખ્યાનમાં ઠઠ, ધર્મમાર્ગે ઘણાઓનું પ્રયાણ.

વિ. સં. ૧૯૫૮ અમદાવાદ ચાતુર્માસ, પાટણનો ગોઝારો દુષ્કાળ, પૂજ્યશ્રીના ઉપદેશથી 'દુષ્કાલ રાહતનિધિ' માં અપૂર્વ ધનવર્ષા.

વિ. સં. ૧૯૫૯ ભાવનગરમાં ચાતુર્માસ, અનેક આત્માઓને દેશવિરતિ આદિમાં જોડાયા.

વિ. સં. ૧૯૬૦ અમદાવાદમાં યોગોદ્વહનની ક્રિયાઓ સાથે શાસ્ત્રીયવિધિ પૂર્વક ગણીપદ અને પન્યાસપદની પ્રાપ્તિ, અહીંજ ચાતુર્માસ અને સાહિત્યસેવા શ્રુત-ભક્તિનો વિશિષ્ટ પ્રારંભ.

વિ. સં. ૧૯૬૧ પેથાપુરમાં પ્રાંતિક પરિષદમાં ઓજસ્વી પ્રવચન અને કપડવંજમાં ચાતુર્માસ, વ્યાખ્યાન દ્વારા અનેક આત્માઓમાં જાગેલી ચારિત્રની ભાવનાઓ.

વિ. સં. ૧૯૬૨ ભાવનગરમાં ચાતુર્માસ.

વિ. સં. ૧૯૬૩ સુરતમાં અપૂર્વ ચાતુર્માસ, ધર્મદેશનામાં અપૂર્વ જાગૃતિ, ભક્તિ અને ભાવના પૂર ઉમટ્યા, તેના પરિણામરૂપે.

વિ. સં. ૧૯૬૪ સુરતમાં ભવ્ય-શહેર યાત્રા જિનમંદિરોમાં ચતુર્વિધસંઘ સાથે યાત્રા, શેઠશ્રી દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધારફંડની સ્થાપના, શિખરજી પર્વતની પવિત્રતા માટે ઝુંબેશ, સંપૂર્ણ શિખરજી પહાડનું ખરીદવું, મુંબઈ લાલબાગમાં ચિરસ્મરણીય ચાતુર્માસ.

વિ. સં. ૧૯૬૫ મુંબઈથી ઝવેરી અભેચંદ સ્વરૂપચંદ તરફથી અંતરીક્ષજી તીર્થનો છ'રી પાલતો સંઘ, અંતરીક્ષજીમાં દિગંબરીઓના દંગલ સામે વિજય, ન્યાયાલયે પૂજ્યશ્રીની નિર્દોષતાને જાહેર કરી. યૂરોપીયન ન્યાયાધીશ પણ પૂજ્યશ્રીના ભક્ત બન્યા. યેવલા (મહારાષ્ટ્ર)માં ચાતુર્માસ અને ઉપધાન.

વિ. સં. ૧૯૬૬ સુરતમાં ચાતુર્માસ, ઉપધાનતપની આરાધના અપૂર્વ જાગૃતિ.

વિ. સં. ૧૯૬૭ સુરતમાં ચાતુર્માસ.

વિ. સં. ૧૯૬૮ સુરતમાં 'જૈન તત્વબોધ પાઠશાળા'ની સ્થાપના ખંભાતમાં ચાતુર્માસ.

વિ. સં. ૧૯૬૯ છાણીમાં ચાતુર્માસ, વ્યાખ્યાનદ્વારા અનેક આત્માઓના પરિણામો સંયમમાર્ગે થયા.

વિ. સં. ૧૯૭૦ પાટણમાં ચાતુર્માસ, દુષ્કાળ રાહતમાં ઉપદેશથી દાનવીરોનું અઢળક ધનદાન.

વિ. સં. ૧૯૭૧ શ્રી ભીલડીયાજી તીર્થનો છ'રી પાળતો સંઘ; ત્યાંથી ભોયણીજી તીર્થની સ્પર્શના અહીં આગમોના મુદ્રણકાજે મહા સુદ-૧૦ મે આગમોદય સમિતિની સ્થાપના, આગમસેવાનો આરંભ, પૂર્વ આગમવાચનાઓની સ્મૃતિ કરાવે તેવી આગમવાચના પ્રથમ (નં.૧) પાટણમાં તથા ચાતુર્માસ.

વિ. સં. ૧૯૭૨ કપડવંજમાં આગમવાચના નં. ૨ અમદાવાદમાં ચાતુર્માસ અને આગમવાચના નં.૩

વિ. સં. ૧૯૭૩ અમદાવાદમાં 'શ્રી રાજનગર જૈન ધાર્મિક ઇનામી પરીક્ષા' નામક સંસ્થાની સ્થાપના. સુરતમાં

બે (નં.૪-૫) આગમવાચનાઓ અને ચાતુર્માસ.

વિ. સં. ૧૯૭૪ અનેક વર્ષોથી ચાલ્યાં આવતા સુરત સંઘના કુસંપોના બીજોનું ઉચ્છેદન સંઘની પૂર્ણ ઐક્યતા. અપૂર્વ ઉત્સવ સાથે આચાર્યપદ પ્રદાન. મુંબઈમાં ચાતુર્માસ, અને ઉપદેશદ્વારા દુષ્કાળ રાહત નિધિને છલકતો બનાવવો.

વિ. સં. ૧૯૭૫ આચાર્યપદે આરૂઢ થયા પછીનું સુરતમાં પ્રથમ ચાતુર્માસ, શ્રી જૈનાનંદ પુસ્તકાલયની સ્થાપના. ઉપધાનતપ ચાર મુનિવરોને ગણીપદ પ્રદાન.

વિ. સં. ૧૯૭૬ પૂજ્યશ્રીના ઉપદેશથી મહા વદ-૮ જીવનચંદ નવલચંદ ઝવેરીનો પૂજ્યશ્રીની નિશ્રામાં સુરતથી સિદ્ધગિરિનો છ'રી પાળતો સંઘ, પાલીતાણામાં ચાતુર્માસ અને આગમવાચના નં. ૬ તથા ઉપધાન.

વિ. સં. ૧૯૭૭ રતલામમાં સાતમી આગમવાચના ન.૭ માલવદેશમાં વિહરણ શૈલાનાનરેશને પ્રતિબોધ, શૈલાનામાં ચાતુર્માસ, રાજ્યમાં અમારિપડહની ઘોષણા.

વિ. સં. ૧૯૭૮ રતલામમાં ચાતુર્માસ જિનમંદિર વિગેરે ધાર્મિક સંસ્થાઓનો વહીવટ સુંદર ચાલે તે માટે 'શેઠ ઋષભદેવજી કેશરીમલજી પેઢી'ની સ્થાપના, ઉપધાનતપની આરાધના.

વિ. સં. ૧૯૭૯ ભોપાવર તીર્થનો ઉદ્ધાર માંડવગઢ તીર્થનુ સ્ટેટ સાથે સમાધાન પંચેડ તથા સેમલીયા નગરના ઠાકોરને પ્રતિબોધ ત્રિસ્તુતિક સાથે શાસ્રાર્થ અને વિજય. રતલામમાં ચાતુર્માસ.

વિ. સં. ૧૯૮૦ બંગદેશ તરફ વિહાર, કલકત્તામાં ચાતુર્માસ, ઉપાશ્રય જ્ઞાનમંદિર, હિંદી સાહિત્ય પ્રકાશન આદિ કાર્યો માટે ઉપદેશ દ્વારા મોટું ફંડ.

વિ. સં. ૧૯૮૧ પવિત્ર કલ્યાણક ભૂમિઓની સ્પર્શના, અજિમગંજમા ચાતુર્માસ, અપૂર્વ શાસનપ્રભાવના, બાબુઓમાં ધર્મજાગૃતિ. જૈન હિંદી સાહિત્યના લાભાર્થે ફંડ.

વિ. સં. ૧૯૮૨ સાદડીમાં ચાતુર્માસ, પોરવાડસંઘનું સમાધાન, શેષકાળમાં દિગંબરો અને તેરાપંથીઓ સાથે શાસ્રાર્થ અને વિજય. ઉપધાન તપની આરાધના.

વિ. સં. ૧૯૮૩ દિગંબરોના ઉત્પાત વચ્ચે શ્રી કેશરીયાજી તીર્થમાં ધ્વજદંડ આરોપણ પ્રતિષ્ઠા, ઉદેપુરમાં ચાતુર્માસ, ધર્મજાગૃતિ કાજે 'શ્રી જૈનામૃતસમિતિ' નામક સંસ્થાની સ્થાપના.

વિ. સં. ૧૯૮૪ શ્રી તારંગાજી તીર્થમાં ઉધાનની અંદર આવેલ દેવકુલિકામાં મહાવદ ૫ ના શ્રી અજિતનાથ ભગવંતની પાદુકાની પ્રતિષ્ઠા અમદાવાદમાં ચાતુર્માસ, શેઠ માણેકલાલ મનસુખભાઈ તરફથી અપૂર્વ રીતે ઓળીની આરાધના, પીસ્તાલીસ આગમોના મહાતપની આરાધના, શ્રાવકોમાં ધર્મભાવના અને વિરતિભાવના જાગૃત અને સ્થિર થાય તે માટે 'દેશવિરતિ ધર્મ આરાધક સમાજ' નામક સંસ્થાની સ્થાપના.

વિ. સં. ૧૯૮૫ પૂજ્યશ્રીના વરદહસ્તે ઉદ્યાપન મહોત્સવ તેમજ યોગોદ્વહન કરાવવા પૂર્વક મુનિરાજ શ્રી માણિક્યસાગરજી મહારાજને ગણીપદ, પન્યાસપદ તથા ભોયણી તીર્થમાં ઉપાધ્યાયપદ અર્પણ, શત્રુંજય તીર્થની યાત્રા રક્ષા કાજે લાખો રૂપિયાનું ફંડ, શત્રુંજય પર્વતની તળેટીમાં નવપદની ઓળીનું સામુહિક વિશાળ આરાધન, જામનગરમાં ચાતુર્માસ, અનેક તપોનું આરાધન.

વિ. સં. ૧૯૮૬ પૂજ્યશ્રીની નિશ્રામાં અનેક આત્માઓએ સુરતમાં સામુહિક રીતે કરેલું નવપદનું મહાઆરાધન. 'શ્રી રત્નસાગરજી જૈન વિદ્યાશાળાનું' સ્થાયી વિશાળ ફંડ 'શેઠ નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધારક ફંડ' નામક સંસ્થાની સ્થાપના, નવપદ આરાધક સમાજ, ધી યંગમેન જૈન સોસાયટી, અને દેશવિરતિ ધર્મ આરાધક સમાજ, આ ત્રણે સંસ્થાનું વિશાળ સંમેલન. ખંભાતમાં ચાતુર્માસ.

વિ. સં. ૧૯૮૭ અમદાવાદમાં પૂજ્યશ્રીના ઉપદેશ અને માર્ગદર્શનથી મોટા પાયા ઉપર 'જૈન સાહિત્ય પ્રદર્શન' અમદાવાદમાં ચાતુર્માસ.

વિ. સં. ૧૯૮૮ મુંબઈમાં ચાતુર્માસ અને ધર્મના પ્રચાર અને જ્ઞાન અર્થે 'સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ' નામક સંસ્થાની સ્થાપના. પુણ્યાત્માઓને કરાવેલ તપની આરાધના.

વિ. સં. ૧૯૮૯ સુરતમાં ચાતુર્માસ અને શાસ્રીયપરંપરા મુજબ સંવત્સરીની સકલ સંઘને કરાવેલી આરાદના. આરાધક આત્માઓને કરાવેલ ઉપધાન તપની આરાધના.

વિ. સં. ૧૯૯૦ અમદાવાદમાં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના મુનિસંમેલનને અપૂર્વ કાર્યવાહી દ્વારા સફલીકરણ, વડોદરા રાજ્ય દ્વારા 'બાળ સંન્યાસ-દીક્ષા પ્રતિબંધક નામક અન્યાયી કાયદાનો જડબેસલાક પ્રતિકાર. મહેસાણામાં ચાતુર્માસ, બ્રાઉને કરેલ આગમધરની પ્રશંસા.

વિ. સં. ૧૯૯૧ જામનગરમાં શેઠ પોપટલાલ ધારશીભાઈએ કરાવેલ ભવ્ય ઉદ્યાપન મહોત્સવ અને દેશવિરતિ આરાધક સમાજનું અધિવેશન. પાલીતાણામાં ચાતુર્માસ અને આરધકોને કરાવેલ ઉપધાન તપની આરાધના.

વિ. સં. ૧૯૯૨ પાલીતાણામાં વૈશાખ સુદ ૪ ના દિને ઉપાધ્યાય શ્રી માણિક્યસાગરજી ગણી આદિ ચાર સુયોગ્ય મુનિવરોને આચાર્યપદ અર્પણ, તે જ દિને આચાર્યપદે આરૂઢ થએલા આચાર્યદેવશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજીની સ્વપટ્ટે સ્થાપના. જામનગરમાં શ્રી લક્ષ્મી આશ્રમ અને શ્રી જૈનાનંદ જ્ઞાનમંદિરની સ્થાપના. જામનગરમાં ચાતુર્માસ અને શાસ્ત્રીયપરંપરા પ્રમાણે સંવત્સરી પર્વનું શ્રીસંઘને કરાવેલું આરાધન.

વિ. સં. ૧૯૯૩ જામનગરમાં 'દેવબાગ' ઉપાશ્રયનું નિર્માણ શેઠ ચુનીલાલ લક્ષ્મીચંદભાઈએ કરાવેલ ભવ્ય ઉદ્યાપન અને ચાતુર્માસ. આયંબીલ શાળા અને ભોજનશાળાની સ્થાપના, શાસ્ત્રીયપરંપરા પ્રમાણે સંવત્સરી પર્વનું શ્રીસંઘને કરાવેલું આરાધન.

વિ. સં. ૧૯૯૪ પૂજ્યશ્રીના ઉપદેશથી સંઘવી પોપટલાલ ધારશીભાઈ તથા ચુનીલાલ લક્ષ્મીચંદભાઈએ શ્રી શત્રુંજય તથા ગીરનારજી વિગેરે તીર્થોનો છ'રી પાળતો સંઘ, શ્રી સિદ્ધગિરિરાજની પવિત્ર તળેટીમાં 'શ્રી વર્ધમાન જૈન આગમમંદિરનો આરંભ, થયેલ અને ખાતમુહૂર્તપ્રસંગે પ્રથમ રૂા. ૨૫,૦૦૦ આપી સુરત નિવાસી છગનભાઈ ફુલચંદના સુપુત્ર શાંતિચંદે ૧૭,૦૦૦નું દેરાસર તથા ૧૦,૦૦૦ નું આગમ નોંધાવેલ અને સંગેમરમરની શિલાઓમાં આગમોને કંડારવાનો પ્રારંભ. પાલીતાણામાં ચાતુર્માસ, અને ઉપધાન તપનું કરાવેલું ભવ્ય આરાધન.

વિ. સં. ૧૯૯૫ પૂજ્યશ્રીના ઉપદેશથી શ્રાદ્ધવર્ય શ્રી મોહનલાલ છોટાલાલે અમદાવાદમાં પૂજ્યશ્રીની નિશ્રામાં કરાવેલું ભવ્ય અને સ્મરણીય ઉદ્યાપન, અમદાવાદમાં ચાર્તુમાસ, પાલીતાણામાં આવેલ શ્રમણસંઘ પુસ્તકસંગ્રહ' નામક જ્ઞાનપરબની સ્થાપના.

વિ. સં. ૧૯૯૬ અમદાવાદમાં ગણી ક્ષમાસાગરજી મ. ને પંન્યાસપદ અર્પણ, પાલીતાણામાં ચાતુર્માસ અને ઉપધાન તપની કરાવેલી આરાધના.

વિ. સં. ૧૯૯૭ પાલીતાણામાં પં. ક્ષમાસાગરજી ગણીને ઉપાધ્યાયપદ ચંદ્રસાગરજી મ. ને ગણી અને પન્યાસપદ અર્પણ, સિદ્ધચક્ર ગણધર મંદિરનો પ્રારંભ, પાલીતાણામાં ચાતુર્માસ અને ઉપધાનતપની કરાવેલી આરાધના.

વિ. સં. ૧૯૯૮ પાલીતાણામાં ચાતુર્માસ અને આગમમંદિરના કાર્યમાં તેમજ આગમોના કાર્યમાં વધુ વેગ, તેમજ ઉપધાનતપની કરાવેલી આરાધના.

વિ. સં. ૧૯૯૯ પાલીતાણામાં ભવ્યાતિભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા ઉત્સવ દ્વિસહસ્રાધિક જિનબિંબોની મહા વદ ૨ ના અંજનશલાકા, શ્રી વર્ધમાન જૈન આગમમંદિર અને શ્રી સિદ્ધચક્ર ગણધરમંદિરમાં જિનબિંબો અને ગણધરબિંબોની મહા વદ ૫ ના મંગળમય પ્રતિષ્ઠા, કપડવંજમાં નવપદ ઓળીનું સામુદાયિક આરાધન, દેશવિરતિ ધર્મ આરાધક સમાજનું પૂજ્યશ્રીની નિશ્રામાં સંમેલન. કપડવંજમાં ચાતુર્માસ. મુનિ હેમસાગરજીને ગણી અને પન્યાસપદ અર્પણ.

વિ. સં. ૨૦૦૦ સુરતમાં સામુહિક શહેર જિનમંદિરયાત્રા, મુંબઈમાં ચાતુર્માસ. જૈન શ્વેતાંબર કોન્ફરન્સના જૈનધર્મવિઘાતક તોફાની ઠરાવોનો મહાપ્રતિકાર પુણ્યાત્માઓમાં ધર્મજાગૃતિ.

વિ. સં. ૨૦૦૧ સુરતમાં ચાતુર્માસ અને ધર્મજાગૃતિ.

વિ. સં. ૨૦૦૨ સુરતમાં શ્રી આનંદસાગરસૂરીશ્વરજી પાઠશાળાની સ્થાપના શ્રી વર્ધમાન જૈન તામ્રપત્ર આગમમંદિરના કાર્ય માટે 'શ્રી આગમોદ્ધારક સંસ્થા' નામક સંસ્થાની સ્થાપના. બાજીપુરા ગામમાં પ્રતિષ્ઠા અને સુરતમાં ચાતુર્માસ.

વિ. સં. ૨૦૦૩ શ્રી વર્ધમાન જૈન તામ્રપત્રાગમમંદિરનો પ્રારંભ. સુરતમાં ચાતુર્માસ. હિંદ-પાકીસ્તાનના ભાગલા વખતે આપત્તિમાં આવી પડેલા શ્રાવકોના ઉત્થાન માટે ફંડ.

વિ. સં. ૨૦૦૪ શ્રી વર્ધમાન જૈન તામ્રપત્રાગમમંદિરમાં ૧૨૦ તીર્થંકર પ્રતિમાઓની મહા સુદ ૩ ના પ્રતિષ્ઠા. સુરતમાં ચાતુર્માસ શાસ્ત્રીયપરંપરા પ્રમાણે સંવત્સરી મહાપર્વનું શ્રી સંઘને કરાવેલું આરાધન.

વિ. સં. ૨૦૦૫ ક્ષીણજંઘાબળના કારણે સુરતમાં સ્થિરતા ચાતુર્માસ અને જ્ઞાનધ્યાનમાં વિશેષ જાગરૂકતા શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થાની સ્થાપના.

વિ. સં. ૨૦૦૬ સુરતમાં 'આરાધના માર્ગ' નામક અંતિમગ્રંથની અપૂર્વ રચના. વૈશાખ શુકલા પંચમીની રાત્રિથી અર્ધપદ્માસન મુદ્રાએ સંપૂર્ણ મૌન સહ કાયોત્સર્ગનો પ્રારંભ. વૈશાખ વદ પંચમી, શનિવાર તૃતીયપ્રહરની ચાર ઘડી પછી અમૃત ચોઘડીએ પંચોત્તેર વર્ષની વયે ઓગણસાઠ-વર્ષનો દીક્ષા પર્યાય પાલી પોતાના પટ્ટધર શાંતમૂર્તિ આચાર્યદેવશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મ. આદિ ચતુર્વિધસંઘના મુખેથી શ્રી નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતાં કાળ ધર્મ.

# ચાતુર્માસની યાદી

(૧) ૧૯૪૭ લીંબડી
(૨) ૧૯૪૯ ઉદેપુર
(૩) ૧૯૮૩ ઉદેપુર
(૪) ૧૯૫૦ પાલી
(૪) ૧૯૫૧ સોજત
(૬) ૧૯૫૨ પેટલાદ
(૭) ૧૯૫૩ છાણી
(૮) ૧૯૬૯ છાણી
(૯) ૧૯૫૪ ખંભાત
(૧૦) ૧૯૬૮ ખંભાત
(૧૧) ૧૯૮૬ ખંભાત
(૧૨) ૧૯૫૫ સાણંદ
(૧૩) ૧૯૫૯ ભાવનગર
(૧૪) ૧૯૬૨ ભાવનગર
(૧૫) ૧૯૬૫ પેવલા
(૧૬) ૧૯૭૭ શૈલાણા
(૧૭) ૧૯૭૮ રતલામ
(૧૮) ૧૯૭૯ રતલામ
(૧૯) ૧૯૮૦ કલકત્તા
(૨૦) ૧૯૮૧ અજીમગંજ
(૨૧) ૧૯૮૨ સાદડી
(૨૨) ૧૯૮૫ જામનગર
(૨૩) ૧૯૯૨ જામનગર
(૨૪) ૧૯૯૩ જામનગર
(૨૫) ૧૯૬૧ કપડવંજ
(૨૬) ૧૯૯૯ કપડવંજ
(૨૭) ૧૯૭૦ પાટણ
(૨૮) ૧૯૭૧ પાટણ
(૨૯) ૧૯૪૮ અમદાવાદ
(૩૦) ૧૯૫૬ અમદાવાદ
(૩૧) ૧૯૫૭ અમદાવાદ
(૩૨) ૧૯૫૮ અમદાવાદ
(૩૩) ૧૯૬૦ અમદાવાદ
(૩૪) ૧૯૭૨ અમદાવાદ
(૩૫) ૧૯૮૪ અમદાવાદ
(૩૬) ૧૯૮૭ અમદાવાદ
(૩૭) ૧૯૯૫ અમદાવાદ
(૩૮) ૧૯૯૦ મહેસાણા
(૩૯) ૧૯૬૪ મુંબઈ
(૪૦) ૧૯૭૪ મુંબઈ
(૪૧) ૧૯૮૮ મુંબઈ
(૪૨) ૨૦૦૦ મુંબઈ
(૪૩) ૧૯૭૬ પાલીતાણા
(૪૪) ૧૯૯૧ પાલીતાણા
(૪૫) ૧૯૯૪ પાલીતાણા
(૪૬) ૧૯૯૬ પાલીતાણા
(૪૭) ૧૯૯૭ પાલીતાણા
(૪૮) ૧૯૯૮ પાલીતાણા
(૪૯) ૧૯૬૩ સુરત
(૫૦) ૧૯૬૬ સુરત
(૫૧) ૧૯૬૭ સુરત
(૫૨) ૧૯૭૩ સુરત
(૫૩) ૧૯૭૫ સુરત
(૫૪) ૧૯૮૯ સુરત
(૫૫) ૨૦૦૧ સુરત
(૫૬) ૨૦૦૨ સુરત
(૫૭) ૨૦૦૩ સુરત
(૫૮) ૨૦૦૪ સુરત
(૫૯) ૨૦૦૫ સુરત

# અમારું આયોજન...તમારો સહકાર

## મુખ્ય સ્તંભ

રૂા.૧,૧૧,૧૧૧/- **શ્રી વર્ધમાન જૈન આગમ મંદિર**
પાલીતાણા.

રૂા.૧,૧૧,૧૧૧/- **વર્ધમાન જૈન તામ્રપત્ર આગમ મંદિર**
ગોપીપુરા, સુરત.

રૂા.૧,૧૧,૧૧૧/- **શ્રી મહાવીર સ્વામિ જૈન દેરાસર**
શ્રી નાનપુરા જૈન શ્રીસંઘ, દિવાળીબાગ, સુરત.
પ્રેરક : પૂ.મુનિશ્રી ધૈર્યચંદ્રસાગરજી મ.સા.,

રૂા.૧,૧૧,૧૧૧/- **શ્રી આદિનાથ જૈન દેરાસર**
કૈલાસનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક શ્રી સંઘ, મજુરાગેટ, સુરત.
પ્રેરક : સાધ્વીશ્રી પ્રશાંતગુણાશ્રીજી મ.સા.,

રૂા.૧,૧૧,૧૧૧/- **શ્રી આદિનાથ જૈન દેરાસર**
અઠવાલાઈન્સ જૈન શ્રીસંઘ, સુરત.
શેઠ ફુલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ લાલબંગલા, અઠવાલાઈન્સ, સુરત.

રૂા.૧,૧૧,૧૧૧/- **શ્રી સંભવનાથ જૈન દેરાસર**
શ્રી સંભવનાથ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક શ્રીસંઘ, વિજયવાડા.
પ્રેરક : સાધ્વીશ્રી સુરક્ષાશ્રીજી મ.સા.,

રૂા.૧,૧૧,૧૧૧/- **શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસર**
શ્રી વિજયદેવસૂરી સંઘ તથા ગોડીજી મહારાજ જૈન ટેમ્પલ એન્ડ
ચેરીટેબલ ટ્રસ્ટ, પાયધુની, મુંબઈ

રૂા.૧,૧૧,૧૧૧/- **શ્રી ધર્મનાથ દાદા જૈન દેરાસર**
શ્રી જવાહરનગર જૈન શ્વેતાંબર મૂર્તિ પૂ. સંઘ, ગોરેગાંવ, મુંબઈ.
પ્રેરક : મુનિશ્રી સાગરચંદ્રસાગરજી મ.સા.,

રૂા.૧,૧૧,૧૧૧/- **શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જૈન દેરાસર**
શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, ચોપાટી, મુંબઈ.
પ્રેરક : મુનિશ્રી વિવેકચંદ્રસાગરજી મ.સા.,

રૂા.૧,૧૧,૧૧૧/- **શ્રી અનંતનાથ જૈન દેરાસર**
શેઠશ્રી નેમચંદ મેલાપચંદ ઝવેરી વાડી જૈન ઉપાશ્રય ટ્રષ્ટ સુરત.

## આધાર સ્તંભ

| | |
|---|---|
| રૂા.૫૧,૧૧૧/- | ***શ્રી ઓમકારસૂરિ આરાધના ભવન,*** ગોપીપુરા, સુરત. |
| રૂા.૫૧,૧૧૧/- | ***શ્રી જૈન શ્વેતામ્બર નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ પેઢી***<br>પ્રેષક : સચિવ દીપચંદજી જૈન ઉન્હેલ (રાજ.) |
| રૂા.૫૧,૧૧૧/- | ***શ્રી ગોડીજી પાર્શ્વનાથજી જૈન દેરાસર***<br>બાઈ ફુલકોરબાઈ ફકીરચંદ નેમચંદ ટ્રસ્ટ<br>પ્રવિણચંદ રૂપચંદ ઝવેરી માળીફળીઆ, ગોપીપુરા, સુરત. |
| રૂા.૫૧,૧૧૧/- | ***શ્રી શીતલનાથ જૈન દેરાસર***<br>શ્રી હરીપુરા જૈન ઉપાશ્રય, સુરત. પ્રેરક : પૂ.મુનિશ્રી સૌભાગ્યચંદ્રસાગરજી મ.સા., |
| રૂા.૫૧,૧૧૧/- | ***શ્રી શાંતિનાથ જૈન દેરાસર***<br>પૂ.પાદ આગમોદ્ધારક શ્રી ધ્વારા સ્થાપિત ઋષભદેવ કેશરીમલ જૈન પેઢી<br>બજાજખાના, રતલામ (મ.પ્ર.). |
| રૂા.૫૧,૧૧૧/- | ***શ્રી કુંથુનાથજી જૈન મોટા દેરાસર***<br>ઊંઝા, જૈન મહાજન પેઢી, ઊંઝા. પ્રેરક : મુનિશ્રી લબ્ધચંદ્રસાગરજી મ.સા., |
| રૂા.૫૧,૧૧૧/- | ***શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર***<br>શ્રી સાબરમતી (રામનગર) જૈન શ્વે.મૂ.પૂ.સંઘ અમદાવાદ. |
| રૂા.૫૧,૧૧૧/- | ***શ્રી આદીશ્વર ભગવાન ઝઘડીયા જૈન તીર્થ***<br>શ્રી ઋષભદેવજી મહારાજ જૈન પેઢી ઝઘડીયા, ભરૂચ. |

## શ્રુત સ્નેહી

| | |
|---|---|
| રૂા.૨૫,૧૧૧/- | ***શ્રી અજીતનાથ જિનાલય - શ્રી વાવજૈન શ્વે.મૂ.પૂ.સંઘ,*** વાવ (બ.કા.)<br>પ્રેરક : સાધ્વીશ્રી પૂણ્યયશાશ્રીજી મ.સા., |
| રૂા.૨૫,૧૧૧/- | ***શ્રી નમિનાથ જૈન દેરાસર, ખાનપુર જૈન શ્રીસંઘ,*** અમદાવાદ |
| રૂા.૨૫,૧૧૧/- | ***શ્રી શાંતિચંદભાઈ બાલુભાઈ ઝવેરી (ઘર દેરાસર) સુરત નિવાસી***<br>હા.પાર્લા (વે) મુંબઈ. |
| રૂા.૨૫,૧૧૧/- | ***શ્રી સુપાર્શ્વનાથ સ્વામી જૈન દેરાસર,*** છાપરીયાશેરી, મોટા ઉપાશ્રય, સુરત.<br>પ્રેરક : પૂ.પ.શ્રી નરચંદ્રસાગરજી મ.સા. |
| રૂા.૨૫,૧૧૧/- | ***શ્રી આદીશ્વર જૈન દેરાસર***<br>જૈન શ્વે.મૂ.પૂ. તપા. શ્રીસંઘ શેઠ ડોસાભાઈ અભેચંદ પેઢી, ધાર્મિક ટ્રસ્ટ, ભાવનગર. |
| રૂા.૨૫,૧૧૧/- | ***શ્રી શાન્તિનાથ જૈન દેરાસર શ્રી લક્ષ્મીવર્ધક જૈન સંઘ,*** પાલડી, અમદાવાદ. |
| રૂા.૨૫,૧૧૧/- | ***શેઠ શ્રી હઠીસિંહ કેશરસિંહ જૈન દેરાસર,***<br>શ્રુત નિધિ ટ્રસ્ટ શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર, અમદાવાદ. |
| રૂા.૨૫,૧૧૧/- | ***શ્રી મુનિસુવ્રતસ્વામી જીનાલય,***<br>શ્રી કારેલીબાગ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, કારેલીબાગ, વડોદરા. |

# શુભેચ્છક

* **શ્રી ગોડીજી પાર્શ્વનાથ શ્વે. મૂ. પૂ. તપાગચ્છ જૈન દેરાસર, વોરા બજાર, ભાવનગર.**
* **શ્રી મણીનગર જૈન શ્વે. મૂ. પૂ. શ્રીસંઘ અમદાવાદ** પ્રેરક :- પૂ.આ.શ્રી નિરંજનસાગરસૂરિજી મ.સા.
* **શ્રી આકોલા જૈન શ્રીસંઘ** પ્રેરક :- પ.પૂ.આ.શ્રી નરદેવસાગર સૂરિજી મ.સા.
* **એક સદ્‌ગૃહસ્થ** પ્રેરક :- પૂ.સાધ્વીજી શ્રી સદ્‌ગુણાશ્રીજી મ.સા. નાં શિષ્યા પૂ. સાધ્વીજીશ્રી સુલસાશ્રીજી મ.સા. પાટણ
* **શ્રી અભયસાગર જૈન ઉપાશ્રય, કીર્તિ સોસાયટી, સાબરમતી, અમદાવાદ** પ્રેરક:- પૂ. સાધ્વીજી શ્રી જયવંતાશ્રીજી મ. સા.
* **બુહારી શ્વે.મૂ.પૂ. જૈન શ્રી સંઘ.** પ્રેરક:- પૂ. સા.શ્રી અમીતાશ્રીજી મ.સા.
* **શ્રી પોરબંદર શ્વે.મૂ.પૂ. જૈન શ્રી સંઘ ટ્રસ્ટ** પ્રેરક :- પૂ.સા.શ્રી નિરૂજાશ્રીજી મ.ના શિષ્યા પૂ. સાધ્વીશ્રી વિદિતરત્નાશ્રીજી મ.સા.
* **શ્રી સરેલાવાડી જૈન શ્રી સંઘ, ઘોડદોડ રોડ, સુરત.** પ્રેરક :- પૂ. મુનિશ્રી વિવેકચંદ્રસાગરજી મ.સા.
* **શ્રી નાગેશ્વર જૈન શ્રીસંઘ** પ્રેરક:- પૂ. સાધ્વી શ્રી દમિતાશ્રીજી મ.સા.
* **પૂ. શ્રી ફલ્ગુશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ. શ્રી અમિતગુણાશ્રીજી મ.ની ૧૦૦ ઓળીની સમાપ્તિ નિમિત્તે પારણા મહોત્સવ સમિતિ** પ્રેરક : પૂજ્ય શ્રી ના શિષ્યા-પ્રશિષ્યા પરિવાર
* **સુંદરલાલ સેવંતિલાલ શાહ (ચાણસ્માવાળા) સુરત**
* **લલીતાબેન નાથાલાલ શાહના સ્મરણાર્થે સ્વ. નાનચંદભાઈ છગનલાલ શાહ (રાંદેરવાળા તરફથી)** પ્રેરક:- પ.પૂ.સાધ્વીજીશ્રી શમગુણાશ્રીજી મ.ના શિષ્યા પૂ. પ્રશાંતગુણાશ્રીજી મ.ના. શિષ્યા પૂ.સા. વિદિતપૂર્ણાશ્રીજી મ., પૂ. સા. શ્રી પ્રીતિવર્ષાશ્રીજી મ.સા. તથા પૂ.સા. શ્રીપૂર્ણભદ્રાશ્રીજી મ.
* **નાનુબ્હેન બંગલાના આરાધક બ્હેનો તરફથી** પ્રેરક:- પ.પૂ.સા.શ્રી રેવતીશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ. સા. શ્રી શમગુણાશ્રીજી મ. સા. ના શિષ્યા પૂ. સા. શ્રી પ્રશાંતગુણાશ્રીજી મ.સા.
* **શ્રી ગુણનિધિ શ્વે.મૂ. શ્રીસંઘ અમદાવાદ** પ્રેરક:- પૂ.આ.શ્રી જિતેન્દ્રસાગરસૂરિજી મ.સા. તથા પૂ. મુનિ શ્રી પૂન્યપાળસાગરજી મ.સા.
* **એક સદ્‌ગૃહસ્થ** પ્રેરક:- પૂ.સા.શ્રી રેવતીશ્રીમ.ના શિષ્યા પૂ.સા.શ્રી શમગુણાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી વિજેતાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા. દિવ્યનંદિતાશ્રીના એકાંતર ૫૦૦ આયંબિલ અને પૂ.સા.શ્રી રાજનંદિતાશ્રીજીના શ્રેણીતપ નિમિત્તે

* **એક સદ્ગૃહસ્થ** પ્રેરક:- પૂ.સા.પ્રશમધરાશ્રીજી મ.તથા પૂ.સા.શીલંધરાશ્રીજી મ.ની પ્રેરણાથી પૂ.સા.શ્રી કીર્તિધરાશ્રીનાં શિષ્યા પૂ.સા. વૃષ્ટિધરાશ્રી સા. કૃતિધરાશ્રીની દીક્ષા નિમિત્તે.
* **ચાણસ્મા જૈન મહાજન શ્રીસંઘ, ચાણસ્મા.**
* **દ.વી.પૌષધશાળા નાનપરા, અઠવાગેટ, સૂરત.**
* **શ્રી ચીમનલાલ ચુનીલાલ ઝવેરી, માલણવાળા, સૂરત.**
* **એક સદ્ગૃહસ્થ** પ્રેરક:- પૂ.સા.શ્રી રંજનશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.પ્રીયંકરાશ્રી મ.ની સ્મૃતિમાં પૂ.સા. શ્રી નિરંજનાશ્રીજી મ.
* **સગરામપુરા જૈન શ્રી સંઘ**
* **શ્રી રુપચંદ ફકીરચંદ ઝવેરી પરિવાર સુરત.**
* **અઠવાલાઈન્સ જૈન સંઘની બ્હેનો તરફથી** પ્રેરક:- પૂ.સા.શ્રી પ્રશાંતગુણાશ્રીજીમ.
* **શ્રી વડોદરા શહેર જૈન સંઘ, શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય જાની શેરી, વડોદરા.**
* **લલીતા, વનિતા, હીરા આરાધના ભવન સાબરમતી.** પ્રેરક :- પૂ.સાધ્વીશ્રી નિત્યાનંદાશ્રીજી મ.ના શિષ્યા પૂ. સાધ્વી કલ્પજ્ઞાશ્રીજી
* **વડાચૌટા સંવેગી જૈન ઊપાશ્રય સૂરત.**
* **શ્રી કોટન ગ્રીન શ્વે. મૂર્તિ પૂજન જૈન સંઘ.** પ્રેરક:- પૂ. મલય-ચારુ શીશુ દિવ્યપૂર્ણાશ્રીજી મ.
* **છાણી જૈન શ્વે. શ્રી સંઘ - છાણી**
* ભટારરોડ જૈન શ્વે. શ્રી સંઘ, સૂરત
* **એક સદ્ગૃહસ્થ હ : શકુબેન રતલામવાલા** પ્રેરક:- પૂ.સાધ્વીશ્રી શીલરેખાશ્રીજી મ. તથા પૂ. સાધ્વીશ્રી વિશ્વવિદાશ્રીજી મ.
* **લુણાવાડા જૈન શ્વે. શ્રી સંઘ** પ્રેરક:- પૂ.સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ. તથા પૂ.સા.શ્રી અમિતગુણાશ્રીજી મ.
* **શ્રી ગુલાબચંદજી તારાચંદજી કોચર, નાગપુર**
* **શ્રી સુધારા ખાતાની પેઢી, મહેસાણા.**
* **શ્રી વિદ્યાવિહાર બાલીભુવન જૈન ધર્મશાળા, પાલીતાણા.**
* **શ્રી વિશા શ્રીમાલી તપાગચ્છ જ્ઞાતિ, જૈન પાઠશાળા, જામનગર.**
* **શ્રી વર્ધમાન ભક્તિ શ્વે. મૂ. પૂ. ઈરાની વાડી, જૈનસંઘ, કાંદીવલી (વે.)**
* **શ્રી બુદ્ધિ-કીર્તિ-કૈલાસ-સુબોધ-મનોહર-જય ચેરીટેબલ ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ.**
* **શ્રી લીલચંદભાઈ રંગજીભાઈ શાહ પરિવાર, દીલોદવાળા હાલ, પાલડી, અમદાવાદ**
* **શ્રી શાન્તાક્રુઝ જૈન તપાગચ્છ સંઘ - શાન્તાક્રુઝ (મુંબઈ)**
* **શ્રી આદીનાથ શ્વે. મૂ. જૈન સંઘ, કાનજીવાડી, શાંતાદેવી રોડ, નવસારી.**
* **શ્રી વલસાડ જૈન શ્વે. મહાવીર સ્વામી ભગવાન પેઢી (વલસાડ)**
* **શ્રી નાનચંદ ધનાજી ટ્રસ્ટ ઉપાશ્રય - સુરત.** પ્રેરક:- સાધ્વી શ્રી મનકશ્રીજી મ.
* **ત્રિકમનગર જૈન શ્રીસંઘ. સુરત.**

આગમોધ્ધારક

શાસન શાર્દુલ

શાસન સમર્પિત

ધ્યાનસ્થસ્વર્ગતમ્

સંયમૈકપરાયણ

તીર્થોધ્ધારક

સૂરિપુરન્દર

ભવોદધિ તારક

## પૂજ્યશ્રીનાં અર્ધશતાબ્દીની ઊજવણીનાં વિશિષ્ટ કાર્યક્રમોનાં સમાપન પ્રસંગે

અચિંત્યશક્તિશાળી પરમ કરુણાનાં સાગર

દેવાધિદેવ પરમાત્મા મહાવીર પ્રભુએ ભાખેલા

પ્રૌઢ પ્રતિમા સંપન્ન, અનેક લબ્ધિ સંપન્ન

શ્રી ગણધર ભગવંતોએ ગૂંથેલા

આગમોનાં તાત્વિક રહસ્યોને પીરસનાર

આ સિધ્ધચક્રમાસિક શ્રી સંઘનાં ચરણે સમર્પિત કરતાં

અમો આનંદ અનુભવી રહ્યા છીએ.

*લી. સિધ્ધચક્રમાસિક પુનર્મુદ્રણ સમિતિ*

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | **આગમ રહસ્ય** | |
| → | આદ્યસમ્યકત્વ કેમ ? | ૧ |
| → | જન્મથી ઉત્તમતા તલાટીપણાની સ્થિતિ | ૩ |
| ૨ | **આગમોધ્ધારકની અમોઘ દેશના** | |
| → | પ્રયત્ન છતાં પરિણામ કેમ નહિ ? | ૬ |
| → | મુનિલિંગની મહત્તા | ૮ |
| → | રાજા શ્રેણીકના રાજ્યઅમલની છાયા પણ કેવી ? | ૯ |
| ૩ | **મહાસતી મયણાસુંદરીની મનનીય મનોદશા** | |
| ૪ | **સાગર સમાધાન** | |
| → | સુકાએલું આદું ( સુંઠ )જો ખાવાના ઉપયોગમાં લઈ શકાય છે તો તે પ્રમાણે બીજા બટાટા વિગેરે કંદમૂળ પણ સૂકવીને વાપરવામાં શી અચડણ ? | ૧૬ |
| → | પર્યુષણા પછી ભાદરવા સુદિ આઠમના રોજ સામાચારી કેટલીક જગોપર વાંચવામાં આવે છે અને કેટલીક જગોપર વાંચવામાં આવતી નથી તો વ્યાજબી શું ? | ૧૬ |
| → | ચતુર્વિધ સંઘમાં કલ્પસૂત્ર, બારસાસૂત્ર મૂળ વાંચવાના અધિકારી કોણ ? | ૧૬ |
| → | સાધ્વીજી મહારાજ શ્રાવક સમુદાય સમક્ષ વ્યાખ્યાન કરી શકે કે નહિ ? | ૧૬ |
| → | સાધ્વીજી મહારાજ પુરૂષોના મસ્તક ઉપર વાસક્ષેપ કરી શકે ? | ૧૬ |
| → | હાલ ચંદરવા પુંઠીયામાં સ્થુલભદ્રજી, ગૌતમસ્વામિજી આદિ પૂજ્ય મહાન પ્રભાવિક પુરુષો આલેખીત કરવા વ્યાજબી છે ? | ૧૬ |
| → | બારવ્રત સંપૂર્ણ ન લેવાય હોય અને ઓછા વ્રત લેવા હોય તો નાણ માંડવી યોગ્ય ? | ૧૭ |
| → | આવશ્યવૃત્તિકાર શ્રી હરિભદ્રસૂરિમ. 'रुप्पं पत्तेय बुद्धा०' ની વ્યાખ્યા અને નંદીસૂત્રની વ્યાખ્યામાં જણાવેલ વાતનો અવિરોધ કેવી રીતે જાણવો ? | ૧૭ |
| ૫ | **સમાલોચના** | ૧૮ |
| ૬ | **જિનેશ્વરની વાણીનું પાન કરતી એક ડોસી** | ૨૦ |
| ૭ | **પરમપવિત્ર પર્યુષણાપર્વની વ્યવસ્થા અને તેના પવિત્ર કાર્યો** | ૨૧ |
| ૮ | **નવપદમય સિદ્ધચક્રની આરાધનામાં સમષ્ટિવાદ** | |
| ૯ | **સમાલોચના** | |
| ૧૦ | **આગમરહસ્ય** | ૨૫ |
| → | શ્રુતિ અને શ્રુતવ્યવહારના હેતુ | ૨૭ |
| ૧૧ | **આગમોધ્ધારકની અમોઘ દેશના** | ૨૮ |
| → | ભવ્યાભવ્ય સ્વરૂપ વિચારણા | ૨૯ |
| → | નરક ગતિની સિદ્ધિ | ૩૦ |

# અનુક્રમણિકા


→ નારકીમાં વધારે વેદના કોને ? સમકીતિને શાથી ? ૩૨
→ નારકી આદિ ત્રણ ગતિમાં ચારિત્ર કેમ નથી ? ૩૪
૧૨ દીપાલિકા પર્વનો દિવ્ય મહિમા ૩૭
૧૩ મહાસતી મયણાસુંદરીની મનનીય મનોદશા ૪૧
૧૪ પરમપવિત્ર પર્યુષણાપર્વની વ્યવસ્થા અને તેના પવિત્ર કાર્યો ૪૫
૧૫ જ્ઞાનપંચમી પર્વની પરમ ઉપયોગીતા
૧૬ આગમ રહસ્ય ૪૯
→ પુસ્તક રાખવામાં સંજમપણું ૫૦
→ પ્રચુર ખાનપાનવિના સુપાત્રદાનનો અભાવ ૫૩
૧૭ આગમોદ્ધારકની અમોઘ દેશના ૫૪
→ જ્યારે મોક્ષ નથી તો ચારિત્ર ઉપયોગી શાથી ? ૫૪
→ દીક્ષાની આડે આવતા બંધનો ધનગિરિજીનું દૃષ્ટાંત ૫૫
→ સંસારનું પીઠું ૫૮
→ (શંકાનું સમાધાન) શાસ્ત્રકારેગર્ભાષ્ટમનો નિયમ શા માટે કર્યો ? ૬૦
૧૮ સમાલોચના ૬૫
૧૯ સુવિહિત સાધુનાવિહારના વિવિધ ફળો ૬૭
૨૦ કાર્તિકીપૂર્ણીમા અને સિધ્દક્ષેત્ર
૨૧ આગમરહસ્ય. જંગલમાં નયસાર અને મુનિઓનું આવવું ૭૩
૨૨ આગમોધ્દારકની અમોઘ દેશના ૭૮
→ કલ્યાણકર ભાવ આવે ક્યારે ? ૭૯
→ દ્રવ્યાદિ ધર્મના રક્ષણાર્થે જોવાના છે, નાશ માટે નહિ ૮૨
૨૩ સાધર્મિક ભક્તિ આદિ સત્કાર્યો પૂર્વક કરાતી સંઘપતિપણાની પદવી ૮૫
૨૪ સમાલોચના ૯૫
૨૫ સાગરસમાધાન
→ પૂજાકર્યા બાદ નવકારશી કરવામાંલાભકે નવકારશીબાદ પૂજામાં લાભ ?
→ કેટલાક અલુણુ આયંબિલ કરે છે તો આયંબિલના કેટલા અને કયા પ્રકાર છે ?
→ સ્ટીમર દરિયાકિનારે ઉભી હોય તો સાધુથી તેનાં પર ચઢી જોવા જવાય ?
→ ગઈ દિવાળીમાં કેટલાકે તેરસ, ચૌદશનો છઠ્ઠ કર્યો અને કેટલાક ચૌદશ અમાસનો કર્યો તો તાત્પર્ય શું ?
→ સાધુથી જ્ઞાનપૂજા વાસક્ષેપથી થાય ?
૨૬ આગમ રહસ્ય ૯૭

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૨૭ | જ્ઞાનદાનની અનુપમતા | ૧૦૩ |
| ૨૮ | આગમોદ્ધારની અમોઘ દેશના | |
| → | તિર્યંચ અને મનુષ્યના સંસારવાસની તુલના | ૧૦૬ |
| → | લોકવ્યવહાર ખાતર અપાતા ભોગની અવધિ | ૧૦૮ |
| → | મનુષ્યભવ વિષયાદિ માટે નથી | ૧૧૩ |
| ૨૯ | સાગર સમાધાન | |
| → | પૌષધ લઈ દેવવંદન બાદ સજ્ઝાય કરી હોય તો રાઈમુહપત્તિ કરી સાધુમ. પાસે સજ્ઝાય કરવી ? | ૧૧૪ |
| → | દેરાસરજીમાં ઉપયોગી રકાબી, વાટકી, કલશાદિની પ્રભાવનામાં દોષ ? | ૧૧૪ |
| → | એકલી આજ્ઞામાન્ય કરીએ અને મોટા પુરૂષોનું અનુકરણ ન કરીએ એમ કહેનાર સાચા ? | ૧૧૪ |
| ૩૦ | મનક કે મહાન | ૧૧૫ |
| ૩૧ | સમાલોચના | ૧૧૮ |
| ૩૨ | આધ્યાત્મિક અને બાહ્ય સુખની સાચીચાવી | |
| ૩૩ | આગમરહસ્ય | ૧૨૧ |
| ૩૪ | આગમોદ્ધારકની અમોઘદેશના | |
| → | શાસ્ત્રો સમજવા બુદ્ધિ જોઈએ | ૧૨૭ |
| → | પરીક્ષક વિદ્યાર્થીના કાર્યને આધીન છે | ૧૩૦ |
| → | આયુષ્ય ટકે કેવી રીતે ? | ૧૩૩ |
| → | મરૂદેવા માતાને અંધત્વ શાથી થયું ? | ૧૩૮ |
| ૩૫ | મનક કે મહાન | ૧૪૧ |
| ૩૬ | ધર્મની ફળદ્વારા વ્યાખ્યા | |
| ૩૭ | આગમ રહસ્ય | ૧૪૫ |
| ૩૮ | આગમોદ્ધારકની અમોઘ દેશના | ૧૫૨ |
| → | કર્મ ક્યાં હલ્લો કરી શકતું નથી ? | ૧૫૩ |
| ૩૯ | ધર્મ શબ્દનો વ્યુત્પત્તિ અર્થ | ૧૬૧ |
| ૪૦ | જાત્રાળુનું કર્તવ્ય | ૧૬૫ |
| ૪૧ | તપ અને ઉદ્યાપન | ૧૬૯ |
| → | ગુણ અને ગુણી પર રાગ | ૧૭૦ |
| → | અવગુણી દ્વેષમાં અનર્થ | ૧૭૩ |
| → | ચારિત્રમાં સમાચારીની જરૂર | ૧૭૯ |

# અનુક્રમણિકા


→ તપ એ લાંઘણ કે અંતરાય નથી ૧૮૦
→ વર્તમાનના અધ્યાત્મીઓ ૧૮૭
→ લાંઘણક્રિયા કહેનારને જવાબ ૧૯૧
→ નીર્જરા માટે તપનીજ કર્તવ્યતા ૧૯૭
→ વિગયો વર્જવાની જરૂર ૨૦૩
→ શરીરાદિ બંધનોનું કારણ પણ આહાર ૨૦૬
→ અભ્યંતર તપની રક્ષા પણ બાહ્ય તપથી ૨૧૧
→ તિથિઆદિ તપોનું શાસ્ત્રસૂચિતપણું ૨૧૪
૪૨ દીક્ષાની સુંદરતા અને મહત્તા
૪૩ આગમરહસ્ય ૨૧૭
૪૪ આગમોધ્ધારકની અમોઘ દેશના ૨૨૪
→ દર્શન અને ચારિત્રમોહનીય તરતમતા ૨૨૬
→ સંયમને આપણે કેવું માનીએ છીએ ? ૨૨૯
૪૫ સાગર સમાધાન
→ ભક્તામર સ્તોત્રનાં ૪૮ કાવ્યો કે ૪૪ કાવ્યો ? ૨૩૦
→ સ્ત્રીરત્ન મરીને છઠ્ઠી નરકે જ જાય ? શાસ્ત્રમાં ક્યાં છે ? ૨૩૧
→ માથુરીવાચના કોણે કરી ? ત્યાં લખાયું કે વંચાયું ? ૨૩૨
→ અતિચારમાં 'વિજદિવાતણી ઉજેહી હુઈ' તો વિજળી સચીત્ત કે અચિત્ત ? ૨૩૨
→ વાયુકાયના જીવોને ઉઘાડે મુખે બોલવાથી ઉપદ્રવ થાય છે ? ૨૩૨
→ પ્રસન્નચંદ્ર રાજર્ષિએ સાતમી નરક યોગ્ય કર્મ બાંધ્યા તે અંગે શાસ્ત્રનાં નામ સાથે કયા કર્મનો ઉદય હતો આદિ સમજાવો ?
૪૬ ધર્મના અર્થનો ખૂલાસો, ભેદો, તેનોક્રમ અને જરૂરીઆત ૨૩૩
૪૭ સિધ્ધચક્રરૂપ નવપદ આરાધનાની મહત્તા
૪૮ આગમ રહસ્ય. મરિચિના ભવમાં પરોપકારિપણું. ૨૪૧
૪૯ આગમોધ્ધારકની અમોઘ દેશના ૨૫૦
→ જ્ઞાન અને વિચારનો સંબંધ ૨૫૨
→ આ તે સાધુ કે પંચાતિયો ? ૨૫૫
→ વાણીયાભાઈ જા તાજીયામાં ? ૨૫૯
→ માનુષ્યજાતિનું મહત્વ ૨૬૨
→ [illegible]ની પરીક્ષામાં પસાર ૨૬૪
૫૦ શ્રી સિધ્ધચક્રને અંગે કંઇક ઉપયોગી

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૫૧ | **આગમરહસ્ય મહાવીર મહારાજની ગર્ભાવસ્થા** | ૨૬૫ |
| ૫૨ | **આગમોધ્ધારકની અમોઘદેશના મહાવીર જન્મ કલ્યાણક** | ૨૭૧ |
| → | દુનીયાદારીને લીધે તીર્થંકરને જ્ઞાતપુત્ર તરીકે સંબોધે છે. | ૨૭૫ |
| → | બૌધ્ધો પણ તીર્થંકરને જ્ઞાતપુત્ર તરીકે સંબોધે છે. | ૨૭૭ |
| ૫૩ | **ધર્મના અર્થનો ખૂલાસો, ભેદો અને તેનો ક્રમ, જરૂરીયાત** | ૨૭૮ |
| ૫૪ | **સાગર સમાધાન** | |
| → | સાધુના સમુદાયને જ સંઘરૂપે કોઇ સ્થાને કહ્યો છે ? | ૨૮૭ |
| → | તીર્થંકરનાભવનું સર્વ અનુમોદનીય તોતે ભવમાં થયેલ અભિગ્રહનું અનુમોદન યોગ્ય ? | ૨૮૮ |
| ૫૫ | **અક્ષયતૃતીયા પર્વની મહત્તા** | |
| ૫૬ | **તપ અને ઉદ્યાપન. તીથી આશ્રીને તપ કરવાની મહત્તા** | ૨૮૯ |
| → | આરાધ્યપણુ આલંબન અને તેનું શાસ્ત્રોક્તપણું | ૨૯૫ |
| → | સર્વતપનું મોક્ષ સાધનપણું | ૨૯૬ |
| → | ઉજમણું જરૂરી પણ ફરજીયાત નહિ | ૨૯૯ |
| → | પૂજા પરમેશ્વરની કે પૈસાની ? | ૩૦૩ |
| → | ધનનો ધર્મમાં પણ વ્યય ન કરે તે રાંક | ૩૦૬ |
| → | શ્રી અરિહંતપદને આરાધવાની રીતિ | ૩૦૯ |
| → | આચાર્ય ભગવંતની પ્રતિમા સંબંધી વિચાર | ૩૧૨ |
| → | આચાર્યની મૂર્તીઆદિનો ઉપયોગ | ૩૧૫ |
| → | સાધુપદને આરાધન કરવાની રીતિ | ૩૧૮ |
| → | સામૈયાના લાભ | ૩૧૯ |
| → | અતિથિ સંવિભાગમાં શ્રાવકોને દાન | ૩૨૨ |
| → | રથયાત્રાની પ્રાચીનતા અને જરૂરીયાત | ૩૨૫ |
| → | રથ ખેંચવો કે વાહન જોડવા | ૩૨૮ |
| → | સ્થાવર તીર્થો | ૩૩૧ |
| → | સમ્યગ્દર્શનવાળાને સમ્યગ્જ્ઞાનની ભજના કેમ ? | ૩૩૫ |
| → | સાતમેપદે શ્રી જ્ઞાનની આરાધના | ૩૩૮ |
| → | પુસ્તકોનો ઉપયોગ કરવાની રીતિ | ૩૪૪ |
| ૫૭ | **વિમળાચળ ગિરિરાજની વર્ષગાંઠની વિશિષ્ટતા** | |
| ૫૮ | **આગમરહસ્ય** | ૩૬૧ |
| ૫૯ | **આગમોધ્ધારકની અમોઘ દેશના. કથની કરણી** | ૩૬૬ |

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| → | તત્ત્વને સમજવાની જરૂર | ૩૭૦ |
| → | 'માંડવી' માં દોષ ખરો કે નહિ | ૩૭૩ |
| → | ટ્રસ્ટીઓનો અધિકાર ક્યાં ? | ૩૭૫ |
| → | વાદવિવાદ એ કલહ નથી | ૩૭૮ |
| → | શુદ્ધિનો માર્ગ શોધો | ૩૮૩ |
| ૬૦ | **આર્હત્ શાસનનો આદિમ આદેશ** | |
| ૬૧ | **આગમ રહસ્ય** | |
| → | અભિગ્રહ વખતે અવધિના ઉપયોગનો અભાવ | ૩૮૫ |
| → | સર્વ દીક્ષામાં માતાપિતાની રજાની જરૂરીયાત નહિ | ૩૮૬ |
| → | જૈનાભાસની જીહ્વાનું ઝેર | ૩૮૮ |
| → | ગૃહસ્થાશ્રમને ઉત્સર્ગ માર્ગ જણાવનારની જડતા | ૩૮૮ |
| ૬૨ | **અમોઘ દેશના** | |
| → | નાહ્યા એટલું પુણ્ય ન માનતા | ૩૯૦ |
| → | ન થયું એટલુ પાપ સમજો | ૩૯૧ |
| ૬૩ | **ગોત્રકર્મની વિવિધતા અને તેના હેતુઓ** | ૩૯૩ |
| ૬૪ | **સમાલોચના** | ૩૯૭ |
| ૬૫ | **એકવીસ ગુણોની આવશ્યકતા શું ?** | ૩૯૮ |
| ૬૬ | **આર્હત્ શાસનનો આદિમ આદેશ** | |
| ૬૭ | **આગમ રહસ્ય** | |
| → | માતાપિતાની રજાનો સામાન્યપણે અભાવ | ૪૧૦ |
| → | દીક્ષાર્થીઓ ઉપર સંસારિયો તરફથી થતો સિતમ | ૪૧૧ |
| ૬૮ | **એકવીસગુણોની આવશ્યકતા શું ?** | ૪૧૪ |
| ૬૯ | **આગમોદ્ધારકની અમોઘ દેશના, સુખઃદુખ સમીક્ષા** | |
| → | ધર્મનો માલીક કોણ | ૪૧૭ |
| → | પુણ્યના પાવરની આવશ્યકતા | ૪૨૧ |
| → | પાપનું પ્રતિકુળ એટલે જ રોગ | ૪૨૩ |
| → | હવે બે સામાયિક કરો | ૪૨૫ |
| → | રાજેશ્રી નંગોની હસ્તી છે ? | ૪૨૮ |
| → | સ્વપ્નાનો મર્મ સમજો | ૪૩૦ |
| ૭૦ | સુધા સાગર | |
| ૭૧ | અષાઢ ચાતુર્માસી પર્વની મંહત્તાનાં કારણો | |
| ૭૨ | તપ અને ઉદ્યાપન | |

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| → | ભોજનાદિ અને વાત્સલ્યરૂપ ભક્તિમાં વિશેષતા | ૪૩૪ |
| → | આશ્રવની હેયતાને સંવરની ઉપાદેયતા | ૪૩૬ |
| → | વ્યવહાર સમ્યક્ત્વની પણ લોકોત્તરતા | ૪૩૯ |
| → | અનુકંપા અને અહિંસાના વિષયોની ભિન્નતા | ૪૪૨ |
| → | શ્રી જૈનશાસનની ઉત્પત્તિની જરૂર | ૪૪૪ |
| → | મરણભય તે અવગુણ જન્મભય તે ગુણ | ૪૪૬ |
| → | રાગના પ્રશસ્ત અપ્રશસ્ત ભેદો | ૪૫૪ |
| → | ગુણોની પ્રશંસા ન કરવામાં નુકશાન પણ દોષનેન નિંદે તેમાં નહિં | ૪૫૮ |
| → | આશંસાદિ છોડવાની આવશ્યકતા | ૪૬૧ |
| → | તપથી કથંચિત્કાય પીડા છતાં શમસારપણું | ૪૬૭ |
| → | ઉજમણાના ચંદરવા પુંઠીયાની વ્યવસ્થા | ૪૭૪ |
| → | સામાયિક આદિ અને દ્રવ્યપૂજાનો બલાબલ વિચાર | ૪૭૬ |
| → | સાધુઓને ભણાવવા માટે પંડિતો રાખવા કેમ ? | ૪૭૯ |
| → | નવપદજીની ઓળીના ઉજમણાનો વિધિ | ૪૮૪ |
| ૭૩ | **સાગર સમાધાન** | |
| ૭૪ | **ચારભાવના – મૈત્રી (ગીત)** | |
| ૭૫ | **આગમરહસ્ય** | |
| → | અવધિજ્ઞાનથી દેવાનંદાનું દુઃખ જાણવુ | ૪૮૫ |
| → | માતાપિતાના રાગમાં નહિ લેપાવું | ૪૮૭ |
| → | સ્નેહપરિણામની કલ્પના | ૪૮૮ |
| ૭૬ | **સુખ દુઃખ સમીક્ષા** | ૪૯૦ |
| ૭૭ | **ધર્મનું મૂળ સ્વરૂપ** | ૪૯૪ |
| ૭૮ | **શ્રી સિદ્ધક્ષેત્ર અને સાધુસાધ્વી** | ૫૦૧ |
| ૭૯ | **સાગર સમાધાન** | |
| → | જ્ઞાન દર્શન ચારિત્રમાં પ્રથમ જ્ઞાન કે દર્શન | ૫૦૬ |
| ૮૦ | **આત્મ ઉપકાર** | |
| ૮૧ | **ચારભાવના (પ્રમોદભાવના) કાવ્ય** | |
| ૮૨ | **આગમરહસ્ય** | ૫૦૯ |
| ૮૩ | **આગમોદ્ધારકની અમોઘ દેશના–ધર્મ અને તેના પરિણામો** | ૫૧૮ |
| → | સુખ કોણ માણી શકે ? | ૫૨૨ |
| → | સિદ્ધપણામાં સુખ શી રીતે ? | ૫૨૩ |
| → | વંઠેલપણું તો ખોટું જ છે. | ૫૨૯ |
| ૮૪ | સાગર સમાધાન | ૫૩૧ |

# અનુક્રમણિકા


૮૫ સમાલોચના ૫૩૨
૮૬ પરોપકારની પ્રકૃષ્ટતા
૮૭ ચાર ભાવના કારૂણ્યભાવના (કાવ્ય)
૮૮ આગમરહસ્ય ૫૩૩
૮૯ ધર્મ અને તેના પરિણામો ૫૪૦
૯૦ સુધા સાગર ૫૪૩
૯૧ આગમોદ્ધારકની અમોઘદેશના ૫૪૪
→ આપણી આજની કમનસીબી ૫૪૯
→ આંધળો જોઈ શકે તો જ સૂર્યનું અસ્તિત્વ મનાય કે ? ૫૫૨
→ નકલ અનેક પણ મૂળ તો એક જ ૫૫૬
૯૨ ધીરપુરૂષોનું આચરણ કયું ? પરોપકાર
૯૩ ચાર ભાવના માધ્યસ્થ ભાવના (કાવ્ય)
૯૪ આગમરહસ્ય ૫૫૭
૯૫ આત્મા અને તેનું સ્વરૂપ ૫૬૧
૯૬ આગમોદ્ધારકની અમોઘદેશના ૫૭૦
→ તમારી મોજમજાની જવાબદારી ૫૭૧
→ જૈનશાસનમાં અશ્રદ્ધાવાળા અસંજ્ઞી છે ? ૫૭૪
૯૭ સાગર સમાધાન
→ કેવલજ્ઞાની ને પંચપરમેષ્ઠિમાં કયા પદમાં ગણવા ૫૭૫
→ સમ્યગ્દૃષ્ટિજીવને પ્રથમ શ્રેણીમાં ગણ્યા તો તેમાં કોને લેવા ? ૫૭૫
→ ક્ષાયિક સમ્યક્ત્વ પામનાર પહેલા ઔપશમિક કે ક્ષાયો. સમ્યક્ત્વ પામેલા હોય ? ૫૭૫
→ ક્ષાયિક સમ્યક્ત્વ પહેલા પાંચમું ગુણઠાણું આવશ્યક ખરૂં ? ૫૭૫
→ અગિયાર શ્રેણીમાં અનંતાનુબંધી અને દર્શનમોહનીયના ભેદ કેમ લીધાં નથી ? ૫૭૬
→ સર્વ પ્રકારની સમ્યક્ત્વશ્રેણી પ્રથમ શ્રેણીમાં કેમ ન ગણવી ? ૫૭૬
→ અનાદિ મિથ્યાત્વી સમ્યક્ત્વ પામે તે સાધુ કરતા અસંખ્યાતગુણી નિર્જરા કરે ? ૫૭૬
→ સમ્યગ્દૃષ્ટિની શ્રેણી પહેલી કેમ ગણી ? વગેરે ૫૭૭
૯૮ સમાલોચના
૯૯ પરમ પવિત્ર પર્યુષણાપર્વની વ્યવસ્થા અને તેના પવિત્ર કાર્યો ૫૭૯
૧૦૦ તમે વાંચ્યું કે

તૃતીય વર્ષ, અંક ૧ લો.

Registered No. B.3047




# શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

## (ટાઈટલ પાના ચોથાનું અનુસંધાન)

આભારી હોય છે પણ આ અરિહંતપદ જેવી સમષ્ટિવાદની પ્રધાનતાવાળી આરાધના જગતના કોઈપણ દર્શનમાં છે પણ નહિ અને હોઈ શકે નહિ, વળી સર્વજ્ઞ, વીતરાગ, જિન, કેવળી, તીર્થંકર વિગેરે શબ્દો સમષ્ટિવાદની પ્રધાનતાવાળા છતાં પણ તેને શ્રી સિદ્ધચક્ર કે શ્રીનવપદની આરાધનામાં પ્રથમપદ તરીકે ન ગણતાં અર્હતપદનેજ સમષ્ટિવાદ તરીકે કેમ મેલવામાં આવ્યું એવો વિચાર કરનારે અરિહંતશબ્દને અંગે અરૂહંત, અરિહંત અને અર્હંત એવા ત્રણ પ્રકારના જુદા જુદા પાઠાંતરોના અર્થો અને તે અરિહંતપદને અંગે યુગપ્રધાન શ્રુત કેવલી ભગવાન ભદ્રબાહુસ્વામીજીએ શ્રી આવશ્યકનિર્યુક્તિમાં અરિહંતપદની કરેલી વ્યાખ્યા જરૂર લક્ષમાં લેવા જેવી છે અને ઉપરની સર્વ હકીક્ત ધ્યાનમાં લેતાં અરિહંતપદની જિનાદિકપદોની માફક સમષ્ટિવાદની મુખ્યતા છતાં અન્ય અર્થોની કેટલી ગૌરવતા છે તે સમજી શકાશે.

આજ કારણથી અરિહંત વિગેરે પાંચે પરમેષ્ઠીના પદોનો નમસ્કાર દરેક ક્ષેત્ર, દરેક કાળ અને દરેક તીર્થમાં જળવાઈ રહેલો છે. જિનાદિશબ્દો જ્યારે અર્થથી જળવાઈ રહે છે ત્યારે અરિહંત વિગેરે શબ્દો ખુદ્ શબ્દદ્વારાએ પણ જળવાઈ રહે છે. એજ એનો અદ્વિતીય મહિમા જણાવવાને માટે બસ છે. આવી રીતે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ એ પાંચે પદોમાં કોઈપણ વ્યક્તિને સ્વતંત્ર સ્થાન નથી પણ સર્વ ક્ષેત્ર, સર્વ કાળની સર્વ વ્યક્તિઓના સમુદાયમય અરિહંતાદિક પદોનેજ સ્થાન છે. જોકે જગતમાં જેમ જાતિ વ્યક્તિ વિના રહી શકતી નથી અને વ્યક્તિની અનંગીકારદશા જાતિની અંગીકારદશાને બાધ કરનારી થાય છે તેમ અહીં પણ સમષ્ટિવાદમય અરિહંતાદિક પદને આરાધનારો મનુષ્ય જો કોઈપણ એક તીર્થંકર, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય કે સાધુની માનનીય દશાને નાકબુલ કરનારો અરિહંતાદિક પદની સમષ્ટિમય અરિહંતાદિ પદની આરાધના કરવાને તૈયાર થયેલા કલ્યાણ અર્થી જીવોએ વ્યક્તિ તરીકે રહેલા શ્રી ઋષભદેવઆદિક પરમેષ્ઠીઓની આરાધના કરવાની ઉપેક્ષા ન કરવી જોઈએ તેમ વિરાધના પણ ન કરવી જોઈએ, જેવી રીતે સમષ્ટિવાદમય અરિહંતાદિક પદોની આરાધના આત્મકલ્યાણને અંગે ઉપયુક્ત છે તેવીજ રીતે શ્રી ઋષભદેવજી આદિ વ્યક્તિની આરાધના પણ સંપૂર્ણ ઉપયોગીજ છે, એટલે કે જેમ જૈનદર્શનને એકલો વ્યક્તિઆરાધના કે એકલી સમષ્ટિઆરાધના પાલવેજ નહિ પણ જેમ ઘટત્વ વિગેરેની પ્રરૂપણા જાતિવાદજ ગણાય તેવી રીતે આ અરિહંતાદિની આરાધના તે પણ સમષ્ટિવાદમયીજ આરાધના ગણાય. એ નવ પદોમાં અરિહંતાદિક પાંચ પદો તો વ્યક્તિમય હોવા છતાં પણ સમષ્ટિમય પદ તરીકે આરાધાય છે, કારણ કે તે પાંચ પદો, ગુણનીજ મુખ્યતાવાળાં છે જ્યારે સમ્યગ્દર્શનાદિ ચાર પદો તો કેવળ ગુણમયજ હોઈ ને તેને તેના ભેદોને પણ એકત્ર કરનાર હોવાથી સમષ્ટિવાદવાળા હોય તેમાં આશ્ચર્યજ નથી.

આ ઉપરથી સ્પષ્ટપણે સમજી શકાશે કે અરિહંતાદિ નવે પદોમાં સમષ્ટિવાદનુંજ સામ્રાજ્ય સર્જાયેલું છે.




(પાક્ષિક)

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ — ઉદ્દેશ — છૂટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

तीर्थेशा दत्तमार्गाः सततगुणिपदाः सिद्धिसाम्राज्यभाजः,
पंचाचारप्रवीणा गणिन इह सदाध्यापका वाचका ये ।
साहाय्यात् मोक्षसिद्धौ मुनय उदितभा अन्विताः शुद्धदृष्ट्या,
ज्ञानेनावद्यमुक्त्या विविधसुतपसा सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

મોક્ષમાર્ગ સદા દિયે જે જિનવરો ગુણ ધારતા, સિદ્ધ નિત્ય ગણેશ પંચાચારધારક વાધતા; અધ્યાપકો વરવાચકો શિવસાધને મુનિ જોડમાં, એ પાંચસંયુત બોધદર્શન ચરણતપ સિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક"

| | | |
|---|---|---|
| તૃતીય વર્ષ<br>અંક ૧લો | મુંબઇ તા. ૨૨-૧૦-૩૪, સોમવાર<br>આશ્વિન્ સુદિ પૂર્ણિમા | વીર સંવત્ ૨૪૬૦<br>વિક્રમ ,, ૧૯૯૦ |

# આગમ-રહસ્ય.

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ.

### આદ્ય સમ્યક્ત્વ કેમ ?

જો કે ભગવાન મહાવીર મહારાજના જીવને નયસારના ભવમાં પ્રથમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ અને ત્યાંથી સ્થૂળ એવા સત્તાવીસ ભવોની ગણતરી કરવામાં આવી, અને સૂક્ષ્મ ભવો અસંખ્યાતા નયસારના ભવથી

મહાવીર મહારાજના ભવ સુધી થયેલા છે, કેમકે જો સૂક્ષ્મ ભવ અસંખ્યાતા ન લઈએ તો ખુદ્ મરીચિના ભવથી મહાવીર મહારાજના ભવની વચ્ચે કોડાકોડ સાગરોપમ થઈ શકે જ નહિ, કેમકે તે સત્તાવીસ ભવોમાં ચૌદ ભવ તો ઔદારિક શરીરના જ ગણાય, ફક્ત તેર જ ભવ વૈક્રિય શરીરના ગણીએ અને તેનું આયુષ્ય એકઠું કરીએ તો સો, સવાસો સાગરોપમ જેટલો જ વખત તેમાં જઈ શકે તેમ છે, એટલે બાકીના નવાણુ લાખ નવાણુ હજાર નવસેં નવાણુ ક્રોડ અને નવાણુ લાખ, નવાણુ હજાર આઠસેં અગર પોણી આઠસેં સાગરોપમ જેટલો કાળ ભગવાન મહાવીર મહારાજનો મુખ્યતાએ સ્થાવરપણામાં ગયો અને તેટલા કાળમાં હરકોઈ ઔદારિક શરીરના અસંખ્યાત ભવો જાય તેમાં આશ્ચર્ય નથી.

**સમ્યક્ત્વના આકર્ષો હોય તો કેમ ?**

એવી રીતે શાસ્ત્રકારના સ્પષ્ટ લખાણને આશ્રીને નયસારના ભવનું જ સમ્યક્ત્વ પહેલું ગણીએ તો સમ્યક્ત્વના આકર્ષો સત્તાવીસ સ્થૂળ ભવમાં થયેલા સિવાય બીજે થયેલા માની શકાય એમ નથી, કેમકે સૂક્ષ્મ ભવોમાં અને તેમાં પણ સ્થાવરપણામાં કાર્મગ્રંથિક કે સિદ્ધાંતિક કોઈપણ મતની અપેક્ષાએ તે સ્થાવરના સૂક્ષ્મ ભવોમાં સમ્યક્ત્વની ઉત્પત્તિ તો છે જ નહિ, અને તેથી સમ્યક્ત્વના આકર્ષોની અપેક્ષાએ વિચાર કરીએ તો ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાત ભાગ જેટલી વખત જેટલા ભવમાં એક જીવને સમ્યક્ત્વનું આવવું જવું થાય છે તેથી ભગવાન મહાવીર મહારાજને પણ કદાચ તેવા આકર્ષો તેટલા ભવો સુધી થયા પણ હોય તો તેમાં સર્વથા નિષેધ કરી શકાય તેવું નથી, અને ભગવાન હરિભદ્રસૂરિજીએ ત્રિલોકનાથ ભગવાન મહાવીરના અધિકારને અંગે 'वरबोधित आरभ्य' એવા અષ્ટકજીના શ્લોકમાં બોધિ (સમ્યક્ત્વ)ને 'વર' એવું જે વિશેષણ આપ્યું છે તે તીર્થંકરપણારૂપી ફળે કરીને ફલિત થવાવાળા સમ્યક્ત્વને વર ગણીને આપ્યું હોય તો તેમાં કંઈ આશ્ચર્ય નથી.

**તીર્થંકર વરબોધિમાં વિશિષ્ટતા.**

જો કે સામાન્ય રીતે બીજા તીર્થંકર નહિ થવાવાળા જીવોના સમ્યક્ત્વ કરતાં તીર્થંકર થવાવાળા જીવોનું સમ્યક્ત્વ શ્રેષ્ઠ ગણાય જ છે, પણ ઉપર જણાવેલી અપેક્ષાએ પણ તે નયસારના ભવના સમ્યક્ત્વને શ્રેષ્ઠ સમ્યક્ત્વ ગણી વરબોધિ તરીકે ગણાય અને તેથીજ તીર્થંકરપણાના કારણભૂત સમ્યક્ત્વનો લાભ નયસારના ભવમાં ગણી વિશિષ્ટ સમ્યક્ત્વની અપેક્ષાએ શાસ્ત્રકારો मग्गं किर देसित्ता વિગેરે કહી નિર્ગમ વિગેરે દ્વારોમાં મિથ્યાત્વનો વાસ્તવિક નિર્ગમ નયસારના ભવથી જ ગણાવે તો તેમાં કંઈ આશ્ચર્ય નથી. વસ્તુતાએ નયસારના ભવમાં સમ્યક્ત્વ પામ્યા છે એ વાતમાં કોઈ જાતના વિચારને અવકાશ નથી.

**જન્મથી ઉત્તમતા. તલાટીપણાની સ્થિતિ.**

હવે તે નયસારના ભવમાં સમ્યક્ત્વ પામવા પહેલાં પણ તે આત્મા કેવો પરોપકાર દૃષ્ટિવાળો છે તે વિચારીએઃ- જો કે શાસ્ત્રકારો ચોખ્ખા શબ્દોમાં वरबोधित आरभ्य परार्थोद्यत एव हि એવા અષ્ટકજીના વચનથી તેમજ લલિતવિસ્તરામાં જણાવેલા परार्थव्यसनिनः उपसर्जनीकृतस्वार्थाः એ વિગેરે જણાવેલા વચનોથી બોધિલાભ થયા પછી તો જરૂર દરેક તીર્થંકરો પરાર્થ એટલે પરહિત કરવાના વ્યસનવાળા જ એટલે તે વગર ચેન જ પડે નહિ એવી સ્થિતિવાળા અને સ્વાર્થને ગૌણ કરવાવાળા જ હોય છે, પણ ભગવાન મહાવીર મહારાજ તો સમ્યક્ત્વ પામવા પહેલાં પણ પરાર્થના વ્યસનવાળા હતા એમ નયસારના ભવમાં તેઓશ્રીને સમ્યક્ત્વ પ્રાપ્ત થવાની પહેલાંની અવસ્થા વિચારતાં સ્પષ્ટ માલમ પડી આવે છે, કેમકે શાસ્ત્રને જાણનાર અને ભગવાન મહાવીર મહારાજના ચારિત્રને સાંભળનાર દરેક મનુષ્યને એ યાદ હશે કે તે નયસાર એક ગામના તલાટી હતા, અને તે તલાટીપણું છતાં તેઓ પરોપકારમાં પ્રવૃત્ત થાય તે જ નવાઈ જેવું છે, કેમકે જેઓને ગામડાઓના તલાટીઓની દશાનો અનુભવ હશે તેઓ સ્પષ્ટપણે સમજી શકશે કે ગામડાના અજ્ઞાન અને મજુરવર્ગની સાથે સતત વ્યવહાર કરવાનો હોવાથી તેમજ દરેક સ્થાને રાજાની આવકને જ વધારવાની લેહ લાગેલી હોવાથી અને સાથે ગરીબવર્ગ પાસેથી પણ પોતાની નિર્વાહ માટેની આજીવિકા કાઢવાની હોવાથી તે તલાટીના મગજની કેવી ચક્રમદશા હોય અને તેના વચનોમાં કેવી ઉદ્ધતાઈ હોય એ અનુભવ કરનારાઓને સહેજે માલમ પડે તેમ છે, તો એવી દશામાં જે પદવી રહેલી છે તેવી પદવીએ ભગવાન મહાવીર મહારાજા નયસારના ભવમાંન રહ્યા હતા અને તેવી પદવીમાં આગળ જણાવીશું તે પ્રમાણે પરોપકારની બુદ્ધિ થવી તો અસંભવિત નહિ તો દુઃસંભવિત તો જરૂર માનીએ, છતાં તે આત્માની સ્વાભાવિક ઉત્તમતા હોવાને લીધે તેવી પદવીમાં પણ પરોપકાર કરવાની વૃત્તિ થઈ છે તે તેમના પરાર્થ વ્યસનીપણાના સ્વભાવનેજ આભારી છે, અને પરાર્થ વ્યસનીપણું તેમજ સ્વાર્થનું ગૌણપણું હોવાથી જ તેવી તલાટીની પદવીમાં રહેલો પણ તે નયસાર લાકડાં સરખી ચીજ પણ ગરીબો ઉપર ત્રાસ કે વેઠરૂપે નહિ લેતાં પોતે જ પોતાના લાકડાં માટે જંગલમાં પ્રવાસ કરે છે. ઉપલક દૃષ્ટિએ વર્તમાન જમાનાના ગામડાના તલાટીઓને દેખનારા મનુષ્યોને આશ્ચર્ય થાય છે કે ગામનો તલાટી થઈને લાકડાં લેવા માટે બહાર કેમ જાય ? પણ તીર્થંકરના આત્માઓના સ્વભાવને સમજનારા મનુષ્યો સ્પષ્ટપણે સમજી શકશે કે બાળવાને જોઈતા લાકડાં જેવી ચીજ પણ તે નયસાર તલાટી તીર્થંકરનો જીવ હોવાથી ગરીબોના લોહીથી ખરડાયેલી લેવા માગતો ન હતો. યાદ રાખવું કે ભક્તિભાવથી કે ઉલ્લાસથી અપાતી ચીજો એ લોહીથી ખરડાયેલી નથી, પણ જે ચીજો ગરીબ

કે શ્રીમંત પાસેથી તેની મરજી નહિ છતાં ફરજ પાડીને દબાવીને કે કોઈપણ જાતનો બળાત્કાર કરીને લેવામાં કે અપાવવામાં આવે તો તેમાં જ લોહીથી ખરડાયેલાપણું છે, પણ જે વસ્તુ પોતાના આત્માના હિતને માટે ધર્મબુદ્ધિથી કે કલ્યાણબુદ્ધિથી કરવામાં આવે તે વસ્તુ વાસ્તવિક રીતે લોહીથી ખરડાયેલી જ નથી પણ જેઓને હિત કે કલ્યાણની રૂચિ છે નહિ, એટલુંજ નહિ પણ બીજાઓના હિત અને કલ્યાણને અંગે અરૂચિવાળા હોઈ હિત કે કલ્યાણના અર્થી જીવોની આત્મહત્યાને કરવા તૈયાર થયેલા જીવો જ તેવી હિત અને કલ્યાણને માટે કરાતી વસ્તુને લોહીથી ખરડાયેલી કહેવાને તૈયાર થાય. તત્ત્વથી તો તે હિત અને કલ્યાણને માટે કરાતી વસ્તુ લોહીથી ખરડાયેલી હોતી નથી, પણ તે વસ્તુને દેખનારાઓ લોહીથી ખરડાયેલાં ચશ્માને જ ધારણ કરનારા હોઈ તેઓને હિત અને કલ્યાણની વસ્તુ લોહીથી ખરડાયેલી લાગે છે, પણ આશ્ચર્યની વાત છે કે દુનિયાદારી, કુટુંબ, મિત્ર, સગાંસંબંધી કે પોતાના પેટને માટે કરાતી વસ્તુમાં તે ચશ્માઓ ઉતરી જાય છે અને કોઈ વિચિત્ર ચશ્માથી દેખતા હોઈને તે દુનિયાદારી વિગેરેની વસ્તુઓને લોહીથી ખરડાયેલી માનવી તો દૂર રહી પણ પ્રથમ કર્તવ્ય તરીકે તે વસ્તુ ગણવામાં આવે છે. હવે મૂળ વસ્તુ ઉપર આવતાં કોઈપણ અધિકારી પોતાના અધિકારની બહાર જે પણ પોતાના તાબેદાર માણસ પાસે કાર્ય કરાવે અગર વસ્તુ પડાવે કે તે તાબેદાર માણસની સ્થિતિ દેખ્યા સિવાય તેની ઉપર કાર્યનો બોજો નાખે એ બધું ગરીબના લોહીએ ખરડાયેલું ગણાય અને તેથીજ આ નયસાર કે જે ભગવાન મહાવીર મહારાજાનો જીવ હતો તે તલાટીની સ્થિતિમાં છતાં પણ પોતાને બાળવાનાં લાકડાં જોઈએ તે સરખી ચીજ પણ ગરીબના લોહીથી ખરડાયેલી લેતો ન હતો, અને તેથી જ બાળવાનાં લાકડાં માટે પણ તલાટીને જંગલમાં લાકડાં કાપવા જવું પડે તે ન્યાય પુરસ્સર હોઈ તીર્થંકરના જીવને માટે લાયક જ હતું.

### નિઃસ્વાર્થપણાની સીમા. બાહુબળથી ઉપાર્જન. સ્વકષ્ટનું ગૌણપણું.

એક બાળવાના લાકડાં જેવી ચીજ તલાટીની સ્થિતિમાં છતાં જે લેવા ન માગે અને તેવી સામાન્ય ચીજને માટે ખરા બપોરે જંગલમાં નિવાસ કરે તે મનુષ્ય તે તલાટીની પદવીને અંગે અધિકાર બહારની ઘરગથ્થુ ચીજ લેવા માટે સ્વપ્ને પણ તૈયાર ન થાય તે હકીકત સુજ્ઞોથી સહેજે સમજી શકાય તેવી છે, અને જે પોતાના સ્વાર્થને માટે અધિકાર બહારની કોઈપણ ચીજ ગરીબના લોહીએ કરી ખરડાયેલી લેવા ન માગે, તે મનુષ્ય રાજાના સ્વાર્થને પુષ્ટ કરવા ખાતર ગરીબોની આંતરડી કકલાવે નહિ તે સ્વાભાવિક જ છે, અર્થાત્ શાસ્ત્રકારો એ નયસારને તલાટીપણામાં છતાં બાળવાના લાકડાં લેવા માટે ખરે બપોરે જંગલમાં જવાનું જણાવીને તે નયસારના આખા ભવનું રહસ્ય સમજાવી દીધેલું છે, એટલે કે નથી તો

કોઈ પહેલાંના તલાટીને ધક્કો મારીને કે હેરાન કરીને પોતે તલાટી બનેલો, તેમજ રાજયની આવક વધારવાની શરતે તે તલાટી બનેલો નથી, તથા પોતાના ઘરના સ્વાર્થને જોરજુલમથી પોષવા માટે પણ તે તલાટી બનેલો નથી. કહેવું જ પડશે કે તે નયસારને મળેલું તલાટીપણું, તેમની અદ્વિતીય ઉત્તમતાને જ આભારી હતું, અને તલાટીપણું મળ્યા પછી પણ તેમની તે ઉત્તમતા ગંગાના પ્રવાહની પેઠે અવ્યાહતપણે વહી રહી હતી. જો કે નયસારની જિંદગીના બીજા વૃતાંતો કોઈ પણ શાસ્ત્રમાં ઉલ્લેખિત થયેલા જોવામાં આવતા નથી, છતાં તલાટીપણામાં બાળવાના લાકડાં માટે જંગલમાં મધ્યાહ્ન વખતે નિવાસ કરવાનું કહેલું એક જ વર્ણન ચોખાની ભરેલી હાંલ્લીમાંથી બે દાણા ચાંપવાથી જેમ આખી હાંલ્લીની સ્થિતિ માલમ પડે તેમ આ એક બાળવાના લાકડાં જેવી ચીજને માટે આપેલું વર્ણન તેમની સ્વાભાવિક જિંદગીનો ચિતાર આપવા માટે બસ છે. વાંચકો સ્પષ્ટપણે સમજી શકે તેમ છે કે બાળવાના લાકડાં જેવી ચીજ કોઈક જ વખત જોઈએ છે એમ નહિ પણ તે હરહંમેશની ખપની ચીજ છે, અને હરહંમેશની ખપની હોવા સાથે કિંમતમાં સર્વથા નિર્જીવ છે તો તેવી કિંમતમાં સર્વથા નિર્જીવ અને હરહંમેશની ચીજ છતાં પણ જે ગરીબોને દુભવીને લેવા ન માગે અને તેવી હરહંમેશની સામાન્ય નિર્જીવ ચીજને માટે સખત ઉનાળામાં, ખરે બપોરે, જે મનુષ્ય વનનિવાસનો પ્રયાસ સેવે તે મનુષ્ય બીજી કોઈપણ ચીજ વગર અધિકારે ન લે એ સ્વાભાવિક જ છે, અને આવી રીતે સખત ઉનાળાના મધ્યાહ્નની વખતે વનવાસ સેવીને પણ પોતાને જોઈતી ચીજ પોતે જ મેળવવી, પણ સત્તાની રૂએ કે લાજશરમથી પણ કોઈની પાસેથી પણ તેવી સામાન્ય કિંમતવાળી નિર્જીવ ચીજ ન લેવી એવી પ્રવૃત્તિ તેમની આખી જિંદગીની ઉત્તમતાને જણાવવાને માટે આદર્શ રૂપ જ છે. કેમકે જેઓને બીજાઓ પાસેથી સત્તા કે લાજશરમ, અગર બળાત્કારથી કંઈપણ ચીજ લેવાની ટેવ પડી હોય તેવો મનુષ્ય સખત ઉનાળામાં, ખરા બપોરે બાળવાના લાકડાં જેવી સામાન્ય ચીજ માટે સ્વપ્નામાં પણ વનવાસ કરે નહિ.

આ ઉપરની હકીકત વાંચવા ને વિચારવાથી વાચકોને નયસાર તલાટીના જીવનનો આછો ખ્યાલ જરૂર આવશે. આવી રીતે જીવન વહેનારા નયસાર તલાટી કે જે ભગવાન મહાવીર મહારાજનો જીવ છે તેમનું જંગલમાં, ઉનાળામાં, મધ્યાહ્ન વખતે રહેવું થયું તેવા વખતમાં ભવિતવ્યતાએ કેવો ઉત્તમ સંયોગ મેળવી આપ્યો અને નયસારનું પરોપકારીપણું કેવી રીતે ઝળક્યું એનો વિચાર કરવા માટે તૈયાર થઈએ.

---

**જાહેર સૂચના.**

**અંક ૫, ૨૧ વર્ષ ૧લું; અંક ૩ વર્ષ ૨જું**

**ઉપરના અંકો જે કોઈ મોકલી આપશે તેને ડબલ કિંમત આપવામાં આવશે.**

**તંત્રી.**




धर्मो मंगलमुत्कृष्टं, धर्मः स्वर्गापवर्गदः। धर्मः संसारकान्तारोल्लंघने मार्गदेशकः ॥१॥

**પ્રયત્ન છતાં પરિણામ કેમ નહિ ?**

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે, આ જીવ અનાદિકાલથી કઈ આશાએ રખડ્યો એ વાત ધર્મોપદેશ કરતાં સૂચવી ગયા. ચાહે તો એકેંદ્રિયનો કે પંચેંદ્રિયનો હોય, કદી પણ આ જીવ પ્રયત્ન કર્યા વગર રહ્યો નથી. પ્રયત્ન વગર સાધ્યસિદ્ધિ ન થાય. આ જીવે કોઈપણ ભવ પ્રયત્ન વગરનો રાખ્યો નથી. પ્રયત્ન બે પ્રકારના છે. એક પ્રયત્ન ફાયદો કરે, બીજો નુકશાન કરે. પ્રયત્ન કર્યા છતાં સાધ્ય ન રહે તો બમણો ગોટાળો થાય. આ જીવે દરેક ભવમાં કરેલો પ્રયત્ન સાધ્ય વગરનો હોય તો સાધ્ય સિદ્ધ ન થાય એ દેખીતું છે. આ જીવ કાયમ સુખની ઈચ્છાવાળો તથા દુઃખ પ્રત્યે દ્વેષવાળો છતાં, એ માટે પ્રયત્ન કરવા છતાં, તે પોતાનું સાધ્ય કેમ પામી શક્યો નહિ? બીજાઓ પોતાના આત્માને સર્વની માફક દેખે એટલે શું ? શ્રી હેમચંદ્રસૂરિજીએ તે ફેરવી નાંખ્યું. શું પોતે રોગી હોય માટે જગતને રોગી ગણી લેવું ? સરખાપણું કયું ? દરેકને સુખ વહાલું છે, દુઃખ અળખામણું છે એ વાતમાં સરખાપણું છે ક્યાં ? ઈમાનદારી (પ્રમાણિકતા) આ જીવને આવી જ નહિ. પોતાના અને પારકા આત્માને સ્વરૂપે સરખો જ જાણે માને તેજ ધર્મ સમજ્યો ગણાય. ચોકસી પોતાના કે પારકા સોનાની પરીક્ષા સરખી રીતે જ અને સરખી કિંમતે કરે. પોતાના સોનાને સોનું ગણે, પારકા સોનાની કથીર જેટલી પણ કિંમત ન ગણે તે ચોકસી નથી. એક સાર્થવાહ વેપાર માટે દૂરદેશાંતરે ગયો. ત્યાં પોતાની પાસે રોકડ ખૂટવાથી પોતાની વીંટી વેચવા ગયો. વીંટી સોનાની છતાં એ દસ તોલાની વીંટીની કિંમત એ ચોકસીએ દસ પૈસા કરી. વેપારી (સાર્થવાહ) ચોંક્યો અને પૂછવા લાગ્યો કે-'શું આ વીંટી સોનાની નથી'?

ચોકસી કહે છેઃ- 'છે તો સાવ ચોખ્ખા સોનાની પણ પૈસે તોલા લેખે લઈશ, તારા સોનાનો ભાવ એ.' સાર્થવાહ ચોકસીના સોનાનો ભાવ પૂછે છે તો 'પચીશ રૂપીએ તોલો' એ ભાવ કહે છે, એ જ રીતિએ આ જીવ પોતાના ક્ષણિક સુખને માટે પારકા જીવના જીવનના નાશની દરકાર કરતો નથી, સંખ્યાતા કે અસંખ્યાતા જીવોનો નાશ થઈ જાય એની પરવા ધરાવતો નથી. પોતાના જીવનનિર્વાહ માટે બીજા આત્માઓના મરણ કરતાં પણ અચકાતો નથી. આથી પોતાના આત્માને પચીશ રૂપિયાના ભાવમાં ગણે છે. પારકાના આત્માને પૈસાની કિંમતનો ગણે છે. આ કિંમત કરાવનાર સ્વાર્થ સાધનારી એક દલાલણ છે.

## ગુલામ કોણ છે ?

વેપારીને માલ રાખવામાં જોખમ ખેડવાનું, ગ્રાહકને પણ રૂપિયા ગણવા પડે એ જોખમ, પણ દલાલને શું જોખમ ? કાંઈ નહિ. દલાલને તો સીધેસીધો માલ એક ઠેકાણેથી લઈ બીજે ઠેકાણે આપી દેવાનો. તેવી રીતે આ દલાલણે એવો જ ધંધો રાખ્યો છે. કેટલા મણ ઘીએ આ જીભ ચીકટી (ચીકણી) થાય ? સેંકડો મણ ઘી પાઓ તોએ જ્યારે ને ત્યારે લુખ્ખી જ. એ તો હજમ કર્યે જ જાય. જીભને ના કહેવાનું કાંઈ કારણ નથી. એક જીહ્વેન્દ્રિય આપણને કેવી ગુલામીમાં રાખે છે ? આપણા હુકમમાં એ ચાલે તો તો એ ગુલામ, પણ એના હુકમમાં આપણે ચાલીએ તો ગુલામ કોણ ? આપણે જ ! આપણે જીભને પૂછીએ છીએ કે શું ભાવે છે ? આનો અર્થ શો ? ફલાણું ભાવે અને ઢીંકણું ન ભાવે એ કોનો હુકમ ? રસનાનું સામ્રાજ્ય કેટલું જામ્યું છે એનો વિચાર ક્યારે કર્યો ? કદી કર્યો ? શાક કે ગળપણ રોજ ખાવાની આદત (ટેવ) પડી ગઈ તેથી એક દિવસ ન મળે તો ખાવાનું ભાવે નહિ, અરે ગળે ઉતરે નહિ તો વિચારો કે રસનાની કેટલી ગુલામી ? ઇંદ્રિય ઉપર આપણી જરા પણ માલિકી છે ? 'નહિ બસ! આમ જ કરવું પડશે!' એવું દબાણ આપણે ઇંદ્રિયો પર કરી શક્યા ? વિચારો કે આપણે ઇંદ્રિયોના માલિક કે ઇંદ્રિયોની માલિકીમાં આપણે ? ખરેખર! માલિકી તો ઇંદ્રિયો ભોગવી રહી છે. નિર્ણય કરવો હોય તો જરા તપાસી જોજો ! ઇંદ્રિયનો હુકમ છૂટ્યો કે આત્મા એ તરફ વળ્યો જ છે, ચાલ્યો જ છે, ધસ્યો જ છે. રસનાને જરા મરજી થઈ કે જીવ એ તરફ ઝુક્યો જ છે. જેમ ઇરાનમાં રશિયા અને ઇંગ્લંડે છૂપી માલિકી કરી, ત્યાંના રાજ્યને ખબર પણ પડવા દીધી નહિ અને દક્ષિણ ઉત્તરના ભાગ વહેંચી લીધા. આત્માને ખ્યાલ ન રહેતો હોય એ વાત જુદી પણ અહીં તો આત્માની સહી થાય છે. આત્મા પર ઇંદ્રિયો પોતાની સત્તા જમાવે છે અને ત્યાં આત્મા પોતે સહી કરે છે. જો પોતે અજાણ હોય તો 'આજ અમુક ખાવું છે' એમ કહી શકે નહિ. 'અમુક ખાવું' એવું મન કોણ કરાવે છે ? સ્વતંત્રપણે આત્મામાં દેખીએ તો ખાવા સંબંધી વિચાર કરવાનો નથી. એ વિચાર રસનેંદ્રિય

કરાવે છે. એ હુકમની આપણે કબુલાત કરીએ છીએ. મીઠું, તીખું વિગેરે જેવું ખાવાની ઇચ્છા થાય એટલે કે જીભ જે હુકમ કરે તેનો અમલ કરીએ છીએ અર્થાત્ તેવું ખાઈએ છીએ. જડ ક્યાં ? આત્મામાં એની જડ નથી. એની જડ ઇંદ્રિયોમાં છે, તેથી ઇંદ્રિયોના હુકમ અનુસાર આત્મા વર્તે છે. દુનિયાના ગુલામોને પોતાની દશા ધ્યાન બહાર નથી. ગુલામીમાં આવેલો મનુષ્ય પોતાના નુકશાનને દેખે છે, થયેલો ફાયદો જવાનો દેખે તો પણ ગુલામી કરવાની ઇચ્છા એ કરતો નથી. હજુ દુનિયામાં એટલી ગુલામી નથી કે જેમાં વિચાર ગીરો (ઘરેણે) મેલવા પડે. ચાહે અત્યારના કેદી અગર પ્રાચીન કાલના ગુલામો તરફ જુઓ તો એ વાત સમજાશે. સાધ્ય ચૂકાય ત્યાં બધે નુકશાન છે.

**મુનિલિંગની મહત્તા !**

મુનિપણામાં સાધ્ય કયું ? અનંતર સાધ્ય પાપથી દૂર રહેવું એ છે. પોલીસના પટાથી ડરો છો એ વાત ખરી પણ સાચા પટાથી; કોઈ બનાવટી પટો (વેષ) પહેરીને આવે તો ડરો ખરા ? મુનિ પણ જયણામાં ઉપયોગી હોય ત્યારે એ વેષ (પટો) સાચો ગણાય. એ સાચા પટાથી કર્મ, દુર્ગતિ ડરે છે પણ જુઠા પટાથી ડરે ? નહિ! સાચા પટાથી તો દુર્ગતિ ડરશે, ડરશે ને ડરશે. અજ્ઞાનપણે, અનિચ્છાએ કે વિરુદ્ધ ઇચ્છાએ પણ આ પટો સાચો હશે તો એનાથી દુર્ગતિ જરૂર ડરશે. જેમ વૃક્ષનું સાધ્ય ફળ છે, છતાં ફળ ન થાય તે વૃક્ષ પણ છાયા, પાંદડાં વગરનું નહિ થાય. લાકડું, પાંદડાં આપવામાંથી જવાનું નથી; તેમ આ વૃક્ષ (મુનિપણું) પણ મોક્ષનું ફળ આપે છે. જો તે ન મળે તો સદ્‌ગતિ, સુકુળ, લાંબું આયુષ્ય, દેવલોક વિગેરે આપ્યા વગર રહે નહિ. ક મને મળેલો પણ પટો પોલીસનો ! એવી રીતે એક વખત આ જુઠું હોય તો પણ લિંગ મોક્ષનું ! આદરવામાં નિયમ, ઉપેક્ષામાં ભજના, આ બે વાત યાદ રાખજો. આ લિંગને મોક્ષનું લિંગ કહી શાસ્ત્રકારે જણાવ્યું શું ? સ્વલિંગ એટલે? મોક્ષનું ચિહ્ન લેવામાં ગુણ જોવાપણું રહેતું નથી, એની ઉપેક્ષામાં અવગુણ જુઓ. બીજાઓ શું કહે છે ? ગુણ જુઓ તો લો ! શાસ્ત્રકાર કહે છે કે લેવામાં ગુણનો નિયમ; છોડવામાં અવગુણ દેખો તો છોડો. આ વેષ છે એટલે ગુણ તો માની લેવા. અવગુણ દેખાય તો છોડો એ વાત ખરી. સાધુ ચાહે તો વિહારમાં કે મકાનમાં હોય અને બીજા સાધુ મળ્યા તો શું કરવું ? સાધુ બે પ્રકારના, એક પરિચયવાળા અને બીજા પરિચય વગરના. પરિચયવાળા સાધુના ગુણ જાણેલા હોવાથી તેને અનુસારે સત્કાર સન્માન કરવા. ગુણ જાણીને આદર કરવો એમાં એકે પક્ષને વાંધો નથી. પણ પરિચય ન હોય, ઓળખાણ ન હોય તો, ગુણ અવગુણ એકે ન જણાય ત્યાં શું કરવું ? 'મત્થએણ વંદામિ' કહી સત્કાર કરવો. દુનિયાદારીની દૃષ્ટિએ વાણીયાને શાહુકાર માની લેવાય પણ વર્તન સામાન્ય થાય-વ્યવહાર સામાન્ય કરાય. એ લાખની હુંડી

લેવા માગે તો ન અપાય. 'આવો, બેસો, પાણી લો,' એટલા પૂરતું થાય એ સામાન્ય સત્કાર કહેવાય. અજાણ્યાને પણ તેવો સત્કાર કરાય છે. તેવી રીતે મહાજન પહેલાં આદરને પાત્ર, પછી અવગુણ દેખાય તો છોડવા યોગ્ય. એ મુજબ જ્યાં વેષ દેખો ત્યાં પહેલાં સામાન્ય સત્કાર કરો; પછી વધારે ગુણો માલુમ પડે તો વધારે આદર કરો, અવગુણ દેખાય તો છોડો. અવગુણ તરીકે દેખ્યા હોય તો ઉપેક્ષા. મહાવ્રતની બાહ્ય પ્રવૃત્તિમાં ગોટાળો લાગે તો છોડો. સાધુ કે શ્રાવક ગમે તે હોય, નિયમ આ. એક મનુષ્ય ઝવેરી બનવા માગે પણ મોતી તથા હીરા જાણવાની શક્તિ ધરાવતો ન હોય તો એ ઝવેરી બની શકે નહિ તેમ સમ્યક્ત્વવાળો ધર્મ લેવો છે, અને પરીક્ષા કરવાની તેવી શક્તિ ન આવે તો એ સમ્યક્ત્વી ન કહેવાય. ગુણ અવગુણની તપાસ ન કરી શકીએ, દેવ કુદેવના સ્વરૂપને ન જાણી શકીએ તો શું કામ લાગે ? વેષવાળાને બરાબર ગુણી જાણ્યો હોય, તો ગુણી માનવાનો જ. ગુણ-અવગુણ કશું માલુમ ન હોય તો વેષના આધારે ગુણી માની લેવો પડે.

**રાજા શ્રેણિકના રાજ્ય અમલની છાયા પણ કેવી ?**

શ્રેણિક મહારાજાએ વેષની કિંમત કઈ કરી ? માત્ર વેષની ખાતર, આખા કુટુંબ તથા રાજનીતિથી વિરુદ્ધ પ્રવૃત્તિ કરવા પોતે તૈયાર થયા. મેતાર્યમુનિ સોનીને ત્યાં ગોચરી ગયા. સોની ઘરમાં ગયો, અહીં પંખી સોનાના જવલા ચરી ગયો, આ ઉપરથી જવલા ન જોવાથી સોનીએ મુનિને ચોર માન્યા કેમકે જવલા ગુમ થવાનું બીજું કોઈ કારણ દેખાતું નથી; તેથી સોનીએ મુનિને ચામડાની લીલી વાધરડીથી બાંધ્યા. મુનિ તો અંતકૃત કેવળી થઈ કાળધર્મ પામ્યા. દેહ પડ્યો, ધબકારે ક્રૌંચ પક્ષી ઝબક્યો, અને જવલા બહાર કાઢ્યા. હવે સોની ડર્યો. મુનિહત્યાથી ડર્યો એ વાત ખરી પણ અંતઃકરણના ડર કરતાં બીજાં રૂપે વધારે ડર્યો છે. રાજા શ્રેણિક જાણશે તો પોતાને તથા પોતાના આખા કુટુંબને અવળી ઘાણીએ પીલી નાખશે. આ ભયથી એ સોની ડર્યો. રાજા શ્રેણિક મુનિવેષધારીની ભક્તિ કેવી કરતા હશે, તેમને ઉપદ્રવો ન થાય તેટલા માટે કેવો પ્રયત્ન રાખતા હશે તે વિચારો. આવી છાયા ક્યારે પડે ? તમારો પોતાનો આદર સાધુ તરફ જેવો હોય તેવો નોકર કે છોકરાનો હોય. આ સોનીએ ગુન્હો તો ખાનગીમાં એટલે પોતાના ઘરના વાડામાં કર્યો હતો. મુનિને પોતાના મકાનમાં વાધરડીથી બાંધ્યા હતા, ત્યાં મુનિનું મોત થયું હતું. કોઈની તાકાત નથી કે આવો ગુન્હો પણ ખાનગી રાખી શકે એવી તો રાજ્યની છાયા હતી. એને ખાત્રી હતી કે ગમે તેટલું છુપાવ્યા છતાં રાજા શ્રેણિક આ ગુન્હો પકડ્યા સિવાય રહે તેમ નથી. સત્તાના ગુન્હા અને પ્રજાના ગુન્હા પકડવામાં ફરક છે. સત્તાના ગુન્હા પકડવામાં રાજ્ય કેટલી ચીવટ રાખે ! ધન, માલ, મિલકત, રાજ્ય વગેરે તમામને રાજા શ્રેણિક ધર્મના એક છાંટાથીયે હલકું માને છે. આ સોની મુનિને નકામા માર્યાનું

પરિણામ નજરે દેખે છે. બચવાનો એક જ માર્ગ દેખે છે. કયો ? જે રાજા ધર્મને આટલી સ્થિતિએ દેખે છે તેજ રાજા આની (આ વેષની) કિંમત એટલી જ ગણે છે. શ્રેણિકની કન્યા મેતાર્ય સાથે પરણાવેલી છે. આખું કુટુંબ, આખો દરબાર વિરુદ્ધ થાય તો પણ આ વેષવાળાને જરાપણ આ રાજ્યમાં આંચ આવે તેમ નથી. એવામાં શ્રેણિકના સિપાઈઓ ભગવાનની પૂજા માટે જવલા લેવા આવે છે અને કમાડ ઠોકે છે.. હવે શું થાય ? સોની મુંઝાયો; એકજ બચવાનો માર્ગ હતો તે અંગીકાર કર્યો એ મુનિનો વેષ પહેરી લીધો, અને સિપાઈઓના સવાલોના જવાબમાં અંદરથી 'ધર્મલાભ ! ધર્મલાભ!!' એમ કહેવા લાગ્યો. સિપાઈઓ જઈને રાજાને કહેવા લાગ્યા કે-"સોની કમાડ બંધ કરીને બેઠો છે, ઉઘાડતો નથી અને 'ધર્મલાભ ! ધર્મલાભ!' એમ બોલ્યા કરે છે." રાજા પોતે ત્યાં આવે છે. મગધદેશનો માલીક રાજા શ્રેણિક એક આવી બાબતમાં સોનીને ઘેર જાતે આવે એ કઈ સ્થિતિ! અંતઃકરણ ધર્મથી કેટલું રંગાયું હશે ! રાજા શ્રેણિકની વિચારણા શી છે ? જ્યાં સુધી ધર્મલાભ કહેનારો કઈ દશામાં છે એની તપાસ ન કરું ત્યાં સુધી સમ્યક્ત્વનો ચોર ગણાઉં આ એની ધારણા, આ એની ધગશ! સોની કમાડ ઉઘાડે છે, રાજા સોનીને મુનિવેષમાં જુએ છે, એટલે 'આ શું? એમ પૂછે છે. 'જવલાના પ્રસંગે મુનિહત્યા કરી છે' એમ ચોખ્ખા શબ્દોમાં, વૃત્તાંત કહેવાપૂર્વક સોનીથી એકરાર થઈ ગયો. સાધુપણું શાથી લીધું એ સાફ સાફ જણાઈ ગયું. શ્રેણિક ચોખ્ખી રીતે સમજી શક્યો કે ફક્ત સજાથી બચવાને માટે ચારિત્રનો વેષ લીધો છે અને માટે જ સોનીને જણાવી દીધું કે-'જો આ મુનિપણું મૂકી દીધું તો ઉકળતી તેલની કડાઈમાં તળી નાખીશ !' આવું વાક્ય ક્યારે વાપરે ? ભાવથી સાધુપણું આવ્યાનું માને તો આવું કહે ? નહિ ! અહીં રાજનીતિ તથા આખા કુટુંબનો ક્લેશ આગળ આવે છે કેમકે મેતાર્ય એક મુનિ છે તેમજ રાજાનો ખુદ શ્રેણિકનો જમાઈ છે તો મુનિહત્યા કરનારને, ખુદ, પોતાના જમાઈને, મારનારને, માત્ર સજાના ડરથી વેષ પહેરી લેવાથી છોડી દેવો એનો અર્થ શો ? પોતાના કુટુંબીઓના રોષને અવગણીને, રાજ્યનીતિ કોરાણે મૂકીને, માત્ર મુનિપણાની સ્થિતિ દેખીને, આ બધાને અવગણીને રાજાએ સજા ન કરી, વેષધારી માટે એ કશો હુકમ કરી શક્યો નહિ.

## મુનિવેષ એ શાનું સ્થાન ?

આ વેષ તમામ ગુણનું સ્થાન, ગુણ ન જાણીએ તો ભક્તિનું સ્થાન, અવગુણ દેખીએ તો વર્જવાનું સ્થાન. અવગુણ હોય છતાં વળગી રહેવું એમ નહિ. જે પહેલો વેષધારી બન્યો તે પહેલો વંદનીય, પછી ભલે રાજા હોય કે ચાકર હોય. વેષ ધારણ કર્યા પહેલાંના ગુન્હાને વેષ સાથે સંબંધ નથી. વેષ અંગીકાર કર્યા પછી અવગુણી માલુમ પડે તો ત્યાં વેષની કિંમત નહિ. ગુણવાન વેષધારીનો સત્કાર કરવો એ તો રીતિ જ છે પણ ગુણી અવગુણીની માલુમ ન હોય તેનો સત્કાર

કરવામાં મિથ્યાત્વ નથી, પણ જાણવાની ઉપેક્ષા ન કરાય માટે પરીક્ષાની જરૂર છે. એકલા વેષને અંગે એક વખત તો ગુણી ગણી જ લેવાનો. પરિહાર અવગુણથી અને અંગીકાર વેષથી વિશેષ પરિચયથી પરિહરણીય, અંગીકરણીય જણાય. સીધું સાધ્ય પાપનો પરિહાર, પરંપરાએ પણ પાપ-પરિહાર. છેલ્લામાં છેલ્લું તત્ત્વ મોક્ષ. ઝાડ ફળ વગરનું હોય તો પણ છાયા, પાંદડાં, લાકડાં જરૂર આપશે તેવી રીતે આ વેષ પાંચ પાપોના પરિહારવાળો રહે તો, મોક્ષ ન ધાર્યો હોય તો એથી અથવા ગમે તે કારણે મોક્ષ ન મળે તો પણ સ્વર્ગલોકાદિ સદ્ગતિ વગેરે સુખસંપત્તિ જરૂર લાવી આપે. વેષ સાચો જોઈએ, પાપ કરવાના ઉપયોગવાળો વેષ ન જોઈએ. પાપના પરિહારનું સાધ્ય ચુકાય તો તત્ત્વ કંઈ નથી. દરેક ભવમાં જીવે સુખનું સાધ્ય તો રાખ્યું છે પણ ચૂકે છે ક્યાં? સાધ્ય સુખનું અને સાધન તરીકે પકડે છે ઇંદ્રિયોનું, ત્યાં શું થાય ? સુખ કેવું માગે છે, તેનાં સાધન કેવાં જોઈએ, પ્રવૃત્તિ કઈ કરવાથી પ્રાપ્ત થાય તે માટે જણાવ્યું કે, સકળ કર્મક્ષય થવાથી, જે કર્મથી મુકત થવું જન્મ, મૃત્યુ વિગેરેથી રહિત સર્વ આધિ, વ્યાધિ, ઉપાધિથી, રહિત એવું એકાન્ત સુખથી. જે સુખ દુઃખથી જોડાયેલું નથી જે આવ્યા પછી પાછું કોઈ દિવસ ચાલ્યું જતું નથી પછી તે સુખ પ્રાપ્ત કરવામાં કોઈપણ સાધનની જરૂર રહેતી નથી. આવું સુખ ઇચ્છે છે હરકોઈ પણ પ્રાપ્ત કોઈક ભાગ્યશાળીઓ જ કરે છે. તેનાં સાધનો સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ વિગેરે અનુષ્ઠાનો છે. જેટલા પ્રમાણમાં તેની આરાધના થશે તેટલો માર્ગ કપાઈ જઈ મોક્ષનગરી નજીક આવતી જશે માટે કલ્યાણાકાંક્ષી આત્માઓ અર્થ, કામ તરફ પુરુષાર્થ ન અજમાવતાં ધર્મ અને મોક્ષ આ બે પુરુષાર્થો જ ઉપાદેય ગણી તેમાંજ રકત રહેશે. તેમાં પણ ધર્મપુરુષાર્થ સાધન અને મોક્ષ સાધ્ય છે એટલે ધર્મ (અનુષ્ઠાનરૂપ) પુરુષાર્થ એ પણ છેવટે છોડી જ દેવાનો છે અને માત્ર મોક્ષ એક જ પુરુષાર્થ કાયમ રાખવાનો છે. આટલું સમજી હવે તેના ઉપાયો કયા તે અગ્રે જણાવાશે.

☆ ☆ ☆

## મહાસતી મયણાસુંદરીની મનનીય મનોદશા.

જૈન જનતા એ હકીકત તો સારી પેઠે જાણે છે કે શ્રી મયણાસુંદરીએ ભરસભામાં પોતાના રાજેશ્વરી પિતાની આગળ તે પિતાના જ પ્રભાવને દબાવીને કર્મવાદના જ પ્રભાવને આગળ કર્યો અને તે જ કારણથી રાજ્યમદમાં અંધ બની કર્તુમ્ અકર્તુમ્ અને અન્યથા કર્તુમ્‌ની ભાવનાના આકાશચુંબી શિખર ઉપર ચઢેલા તે રાજેશ્વર પિતાએ ન ગણી કુળની શોભા, ન ગણ્યો કુટુંબકલેશ, ન દરકાર રાખી ધર્મના પ્રભાવની, ન વિચાર્યું સાહસનું પરિણામ, પણ કેવળ પોતાના પ્રભાવને નહિ ગણનાર પોતાની ખુદ પુત્રી ઉપર પ્રજાવત્સલપણું તો રહ્યું પણ સંતતિવત્સલપણું પણ વિસારીને તે રાજવૈભવમાં ઉછરેલી, જેને રૂંવાડે પણ રોગનો અંશ નથી એવી પોતાની પુત્રીને દરિદ્રપણામાં ડૂબી રહેલા, સ્થાન સ્થાન ઉપર ભીખ માગનારા અને સકળ અંગોપાંગ કોઢથી જેના ગળી ગયેલા છે અને જેનો આખો પરિવાર પણ કોઢના કઠિન પંજામાં સડતો રહેલો છે તેવા એક પરદેશી અજાણ્યા દરિદ્ર કોઢીયાની સાથે પરણાવી દે છે.

આવી રીતે રાજાના કરેલા સાહસિક કાર્યને અંગે જગતના સ્વભાવ પ્રમાણે દુન્યવી ફાયદાને અંગે કરાતી ગમે તેવા કાર્યની પ્રશંસા અને દુન્યવી નુકશાનને અંગે ગમે તેવા ઉત્તમ કાર્યને અંગે નિંદા કરવાનો સ્વભાવ હોય છે તે પ્રમાણે તે નગરીના વિવેકશૂન્ય લોકોને તે મયણાસુંદરીની હાલત કોઢીયાની સાથે વરવાનું થવાથી ખરાબ લાગી અને પોતાના અવિવેકનોજ જાણે જગતમાં ચંદરવો બાંધતા હોય નહિ તેમ તે પુદ્‌ગલપરાયણતામાં પોઢેલા તે અવિવેકી લોકોએ રાજાની કૃતિને પસંદ કરવાને અંગે કહો કે પોતાની પૌદ્‌ગલિક ભાવનાના પ્રભાવને અંગે કહો, ગમે તે કારણથી હો, પણ તે મયણાસુંદરીના તેમની દૃષ્ટિ પ્રમાણે થયેલા હિતના નુકશાનને જાણ્યા છતાં પણ તે કુંવરી તરફ દયાની નજર કરી શક્યા જ નહિ. એટલું જ નહિ પણ તેઓની દૃષ્ટિ પ્રમાણે પણ દયાને પાત્ર બનેલી મયણાસુંદરી ઉપર પણ આખી રાજસભાએ, આખા કુટુંબે, અને શહેરના સમગ્ર લોકોએ તિરસ્કાર વર્તાવવામાં કમી ના રાખી નહિ એટલુંજ નહિ, પણ સૂકાંની સાથે લીલું પણ બાળવામાં આવે તેવી રીતે તે તેમની દૃષ્ટિએ દયાને પાત્ર બનેલી કુંવરી ઉપર તિરસ્કાર વરસાવતાં વિમળ વિવેકના વહેળાને વહેવડાવનાર, સત્ય તત્ત્વના સૂર્યનો ઉદય કરનાર, જડચેતનનો વિભાગ સમજાવી વાસ્તવિક વસ્તુતત્ત્વને ઓળખાવનાર એવા શ્રી મયણાસુંદરીના ઉપાધ્યાય ઉપર પણ તિરસ્કાર વરસાવવામાં કમી ન રાખવા સાથે ભવાંતરનું


श्री सिद्धचक्राय नमोनमः
શ્રી સિદ્ધચક્ર
શ્રી સિદ્ધચક્ર સાહિત્ય
પ્રચારક સમિતિ
તરફથી તંત્રી :- પાનાચંદ રૂપચંદ

ભાથું, શિવની નિસરણી, ભવોદધિનું પ્રવહણ અને આત્માની અવ્યાબાધ જ્યોતિને ઝળકાવનાર જૈનધર્મની નિંદા કરવામાં પણ તે અવિવેકી લોકોએ એક સજ્જનતાની ખાતર પણ વિવેકનો છાંટો દેખાડ્યો નહિ.

આવી વખતે પણ ધર્મના સત્યતત્ત્વને પ્રગટ કરવાની વખતે શાસ્ત્રકારોએ ઉન્માર્ગે રહેલો જીવ રોષાયમાન થાય કે ઝેર ખાય તો પણ યથાસ્થિત વસ્તુની નિરૂપણા કરનારે તેની દરકાર નહિ કરતાં વસ્તુના સત્યતત્ત્વની જ દરકાર કરવી એવા શાસ્ત્રીય તત્ત્વને આગળ કરીને કેટલાક અવિવેકીઓ તરફથી કોઈપણ વ્યક્તિના તિરસ્કારને માટે કહેવાતું વચન એ સત્ય હોય તો પણ મૃષાવાદ છે એવી શાસ્ત્રકારોની આજ્ઞાનો અવળો અર્થ કરી જૂઠાને મીઠું બનાવનારા હજારો લોકોની, રાજદરબારી પુરુષોની કે ખુદ પોતાનાજ જનેતા અને પાલનહાર પિતા આદિ કુટુંબની વિરુદ્ધતાની એક અંશે પણ દરકાર તે મયણાસુંદરીએ કરી નહિ. એવી ધર્મથી રંગાયેલી અને ઇતર કારણોને કારણ તરીકે માનવા છતાં પણ તે કારણોની કર્મના ફળને આધીન સ્થિતિ હોવાથી ગૌણતા ગણીને મુખ્ય ફળ દેનાર એવું જે કર્મ તેમજ ચૌદ રાજલોકના જીવો ઉપર જેનો પ્રભાવ પડી રહ્યો છે તેવા તે કર્મને પ્રબળ કારણ તરીકે ગણતી તે મયણાસુંદરી પોતાના પિતાએ ક્રોધથી પણ વરાવેલા વરને કબૂલ કર્યો અને તે કોઢીયા અને કોઢીયાના જ પરિવારથી વીંટાયેલા તેવા શ્રી શ્રીપાલની સખત મનાઈ છતાં પણ કેવળ કર્મવાદની પ્રધાનતાને અવલંબેલી તે રાજપુત્રીએ તે જ વરને જિંદગીને માટે કબુલ કર્યો અને તે જ વરને સાથે લઈને પોતાના પવિત્ર વાદ અને વ્રતને ઝળકાવવા તે રાજકુંવરી કટિબદ્ધ થઈ. જગતમાં જે જીવો કર્મવાદની યથાર્થ પ્રધાનતાને સમજતા નથી તે જીવોને બનવું જોઈએ અને બને છે તેમ ન હઠાવી શકાય તેવી આપત્તિને પ્રસંગે બારે માસ અને ત્રીસે દિવસ કરાતી પણ ધર્મક્રિયા ભૂલી જવાય છે અને તે ધર્મક્રિયાનું ભૂલાવું તે જ સ્પષ્ટ કરી આપે છે કે બારે માસ અને ત્રીસે દિવસ કરાતી ધર્મક્રિયા કર્મવાદની પ્રધાનતાને અંગે નહિ પણ ગતાનુગતિકપણે, કુલાચારપણે, લાજ શરમથી કે પૌદ્‌ગલિક કોઈપણ પદાર્થના લાભની દૃષ્ટિએ માત્ર તે કરાતી હતી, પણ તે કરવામાં શુભ કર્મની કે કર્મના ક્ષયોપશમ આદિની પ્રધાનતા હતી જ નહિ અને કદાચ પરમ શુશ્રૂષાના પ્રભાવે સાંભળેલા તત્ત્વમય શાસ્ત્રોથી કોઈક વખત તેવી પ્રધાનતા આવી હોય તો તે પણ આવી આપત્તિને વખતે તો વિખરાઈ ગયેલી જ હોય છે અને તેને લીધે જ જગતના જીવો તત્ત્વદૃષ્ટિથી નિહાળે તો દેખી શકે છે કે કોઈપણ જાતના વ્રત, નિયમ વિગેરે કરનારા મનુષ્યો આપત્તિ વખતે ધર્મની વાસનાને પણ છોડી દેવાના કરારો તે લેતી વખત સંપૂર્ણપણે કરે છે એટલું જ નહિ પણ આપત્તિની વખતે તેનો પૂરેપૂરો અમલ કરવામાં પણ ચૂકતા નથી, અને આ જ સ્થિતિ દેખીને વિચારનારા મનુષ્યો દુનિયામાં ગણાતા ત્યાગી, વૈરાગી, ધર્મિષ્ઠ કે પૂજા પ્રભાવનામાં પરાયણ એવા પ્રાણીઓના મરણને બગડતી સ્થિતિમાં દેખી તેનું કારણ કર્મવાદ પરાયણતાની ખામીને સ્પષ્ટપણે સમજી શકે તેમ છે.

પણ આ ઉપર જણાવેલી કર્મવાદના રંગમાં રંગાયેલી, ધર્મની ધુંસરીને ધારનારી, તત્ત્વની દૃષ્ટિને શણગારવામાં શૂરવીર બનેલી એવી શ્રી મયણાસુંદરી તેવા અવિવેકી લોકોની દશામાં દોરવાઈ જઈને ધર્મને ધક્કો મારનારી થઈ નથી પણ તેવા ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ આપત્તિને વખતે પણ અને અવિવેકી પુરુષો તરફથી પોતાને અંગત, ઉપાધ્યાય અને ધર્મને માટે વિરોધીપણાના વહેણાં વહેવા માંડ્યાં છતાં પણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના દર્શન અને અવદ્યરહિત માર્ગમાં પોતે પ્રવર્તી બીજાને પણ તેમાં પ્રવર્તાવનાર એવા ગુરુ મહારાજનું વંદન કરવાનું તે ભાગ્યવતી રાજકુંવરી મયણાસુંદરી ચૂકી નથી.

આ ઉપરથી જેઓ સારી સ્થિતિમાં પણ દેવદર્શનથી બેનસીબ રહે છે અને ગુરુવંદનથી વંચિત થાય છે તેઓ કઈ કોટિમાં અને કઈ સ્થિતિમાં મુકાય તે વિચારવાનું વાચકનેજ સોંપીએ છીએ. વગર કસોટીએ પણ જે કાળું પડે તેમાં સોનાપણાની આશા રાખનારો મનુષ્ય જેમ અક્કલથી દૂર રહેલો જ ગણાય તેમ વગર આપત્તિના પ્રસંગે પણ દેવદર્શનથી બેનસીબ અને ગુરુવંદનથી વંચિત રહેનારા પુરુષોમાં જૈનત્વની સંભાવના કરનારો મનુષ્ય પણ અક્કલથી સેંકડો કોશ દૂર ગણાય તેમાં આશ્ચર્ય નથી, અને જો એવા દેવદર્શનથી બેનસીબ અને ગુરુવંદનથી વંચિત રહેનારાઓને જૈન માનવામાં પણ જો અક્કલહીનપણું હોય તો પછી તેવા દેવદર્શનથી બેનસીબ અને ગુરુવંદનથી વંચિત તો શું પણ દેવનાં દૂષણો અને ગુરુના અવગુણો યેનકેન પ્રકારેણ ખડા કરનારા હોય તેવાઓને જૈન તરીકે માની તેવાઓને માટે મોટી મોટી સાહેબીવાળાં મકાનો, આવનારાં છોકરાંઓએ જન્મે પણ ન દેખેલી તેવી સારી સારી ખાવાપીવાની સગવડો, ઘેર જતાં તેમનાં માબાપને ભારે પડે તેવી રીતની કરાતી પોષાક અને માવજતની સગવડો એ ખરેખર તેવાને માટે તેવું કરનારાની અવિવેક દશાની ટોચ છે. આ ઉપરથી શ્રાવકોને મદદ નહિ કરવી એવો ઉદેશ એક અંશે પણ સમજવાનો નથી, પણ તે મદદથી મહાલનારા ગણાતા જૈને કે તેના સમુદાયને સંચાલન કરનાર કે મદદ કરનાર મહાપુરુષોએ ત્રિલોકનાથ તીર્થંકરના દોષ કહેવામાં કે પરમતારક ગુરુમહારાજોના અવગુણો ગણવામાં અક્ષમ્ય દોષ ગણી તેના નિવારણને માટે ઉત્કટ પ્રયત્નની જરૂરી ગણવી જોઈએ અને તે એટલે સુધી કે જો તે પ્રયત્ન સફળ ન થાય તો તે મદદનું દેવું કે લેવું, સંચાલન કરવું કે કરાવવું એ સર્વને તિલાંજલિ આપી દેવા તૈયાર થવું જ જોઈએ. યાદ રાખવાની જરૂર છે કે દેવગુરુનાં દૂષણોને બોલનારા ભવાંતરે દુર્લભબોધિ હોવા સાથે આ ભવમાં પણ સમ્યક્ત્વરત્નથી રહિત જ છે અને તેવાઓનું શ્રાવક કે જૈનને નામે પોષણ કરવામાં શ્રાવકપણા કે જૈનપણાને એક અંશે પણ શોભા દેનારું નથી.

આ સ્થળે કર્મવાદની પ્રધાનતા જાહેર કરવાને પ્રતાપે જ ભાગ્યવતી મયણાસુંદરીના સાંસારિક ભોગોનો સૂર્ય આથમી ગયો છે અને દુઃખના દરિયામાં ડૂબકીઓ ખાવામાં બાકી રહી નથી, તો પણ તે સાંસારિક સ્થિતિની કફોડી દશા પૂર્વભવમાં ઉપાર્જન કરેલાં કર્મોને જ આભારી છે પણ વર્તમાનમાં કરાતો ધર્મ તે કફોડી દશાનો અંશે પણ કારણભૂત નથી એટલું જ નહિ પણ તે કફોડી દશાના કારણભૂત કારમા કર્મોને કાપવાને કઠિનતમ કુહાડો જો હોય તો તે આ ત્રિલોકનાથ તીર્થંકરનું વંદન, દર્શન અને ભવોદધિતારક ગુરુમહારાજનું વંદન વિગેરે ધર્મક્રિયા જ છે અને તેથી રોગી મનુષ્ય રોગના હલ્લાની વખતે જેમ દવા મેળવવા તીવ્ર પ્રયત્ન કરે તેમ ઉત્કટ આપત્તિને વખતે તો દેવના દર્શન અને ગુરુના વંદન તરફ તીવ્ર પ્રયત્નની જરૂર છે અને તેથી તે આ વખતે તો અવશ્ય કર્તવ્ય છે એમ ગણનારી તે ભાગ્યવતી શ્રી મયણાસુંદરી ત્રિલોકનાથ તીર્થંકરના દર્શન અને ભવોદધિતારક ગુરુ મહારાજના વંદનને માટે તૈયાર થઈ. સમુદ્રમાં દાખલ થયેલી હોડી પોતાના પ્રભાવે લોઢાને પણ તારે છે તેવી રીતે સજ્જનના ગૃહમાં ગૃહલક્ષ્મી તરીકે દાખલ થએલી કેટલીક ભાગ્યવતી સ્ત્રીઓ પણ પોતાના ધર્મિષ્ઠપણાની છાપ પોતાના સમગ્ર કુટુંબ ઉપર પાડવા સાથે પોતાના ભર્તાર ઉપર તો જરૂર જ પાડે છે, તેવી જ રીતે આ કર્મપ્રધાનમાં પરાયણ થયેલી મહાસતી મયણાસુંદરીના યોગે પણ જન્મમાં પણ જિનેશ્વરના દર્શન નહિ કરેલાં અને ગુરુવંદન મેળવવાને ભાગ્યશાળી નહિ થયેલા એવા શ્રી શ્રીપાળને પણ ભગવાન જિનેશ્વરના દર્શન અને આરાધ્યતમ ગુરુ મહારાજના વંદનનો લાભ સતી શિરોમણિ મયણાસુંદરીને લીધે જ મળ્યો. સ્પષ્ટપણે સમજી શકાશે કે ભર્તારની સ્થિતિ ધર્મરહિતપણાની હોય તેવે વખતે ભર્તારની સ્થિતિમાં મળતા થવા માટે ધર્મને ધક્કો મારવો એ સતીપણાનું લક્ષણ નથી પણ ભર્તારને સાથે લઈને પોતે અવશ્ય ધર્મમાર્ગમાં પ્રવર્તવું તે જ સતીપણાને શોભા દેનારું છે.

(અપૂર્ણ)

❋ ❋ ❋

પ્રશ્નકાર: ચતુર્વિધ-સંઘ.

સમાધાનકાર:
સકલશાસ્ત્ર પારંગત આગમોધ્ધારક -
શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મ.

# સાગર સમાધાન

પ્રશ્ન ૭૧૮- સુકાયેલું આદું (સૂંઠ) જો ખાવાના ઉપયોગમાં લઈ શકાય છે તો તે પ્રમાણે બીજા બટાટા વિગેરે કંદમૂળ પણ સૂકવીને વાપરવામાં શી અડચણ ?

સમાધાન- સૂંઠ એ એક હલકા ઔષધ તરીકે ઉપયોગ કરવામાં આવે છે, તે શાકની માફક વધારે પ્રમાણમાં લઈ શકાતી નથી. બટાટા પ્રમુખ બીજાં કંદમૂળો આસક્તિથી ખાવામાં આવે છે અને વધારે પ્રમાણથી લેવાય છે અને વધારે પ્રમાણમાં વાપરવાથી ઘણા જ જીવોની હિંસાનો પ્રસંગ આવે.

પ્રશ્ન ૭૧૯- પર્યુષણા પછી ભાદરવા સુદિ આઠમના રોજ સામાચારી કેટલીક જગા પર વાંચવામાં આવે છે અને કેટલીક જગા પર વંચાતી નથી તો બેમાં વ્યાજબી શું ?

સમાધાન- સામાચારી સંવચ્છરીના દિવસે જ સભા સમક્ષ વંચાય, કોઈ સ્થાને આઠમના દિવસે વંચાય છે પણ વાંચવી ઠીક નથી. સંવચ્છરીના દિવસે બારસાસૂત્ર વાંચતી વખતે છેલ્લે સામાચારી અર્થ સહિત વાંચી સંભળાવવી યોગ્ય છે.

પ્રશ્ન ૭૨૦- ચતુર્વિધસંઘમાં કલ્પસૂત્ર, બારસામૂળસૂત્ર વાંચવાનો અધિકારી કોણ ?

સમાધાન- યોગવહન કર્યા હોય એવા સાધુને જ મુખ્યતાએ ચતુર્વિધ સંઘ આગળ કલ્પસૂત્ર, બારસાના મૂળસૂત્ર વાંચવાનો અધિકાર છે.

પ્રશ્ન ૭૨૧- સાધ્વીજી મહારાજ શ્રાવક સમુદાય સન્મુખ વ્યાખ્યાન કરી શકે કે નહિ ?

સમાધાન- મુનિમહારાજ ન હોય તો સાધ્વીજીઓ બાઈઓની સામે વ્યાખ્યાન કરે, પુરુષો તો પડખે બેસી સાંભળે તે જુદી વાત છે. સાધ્વીઓ પાસે વાંચે તે સૂત્રવિહિત છે.

પ્રશ્ન ૭૨૨- સાધ્વીજી મહારાજ પુરુષોના મસ્તક પર વાસક્ષેપ કરી શકે ?

સમાધાન- ધર્મમાં પુરુષોત્તમતા હોવાથી સાધ્વીજી પુરુષના મસ્તક પર વાસક્ષેપ કરે તે ઉચિત નથી.

પ્રશ્ન ૭૨૩- હાલમાં ચંદરવાપૂંઠીયામાં જે સ્થૂલભદ્રજી, ગૌતમસ્વામીજી તથા ઈલાચિકુમાર, નવપદજી મહારાજ, વજસ્વામીજી, જંબુસ્વામી વિગેરે મહાન પ્રભાવિક પુરુષોના જે આલેખો જરી વિગેરેના કરવામાં આવે છે અને તે ચંદરવા સાધુ મુનિમહારાજના પાછળના ભાગમાં બંધાતા હોવાથી મહાપુરુષોની આશાતનાનો પ્રસંગ આવે છે માટે આ બાબતમાં શું ઠીક છે ?

સમાધાન- આજે ચંદરવાપૂંઠીયામાં જે એવા મહાપ્રભાવિક પૂર્વપુરુષોના આલેખો ભરાય છે તે ઉચિત નથી. એવા પૂર્વપુરુષો જે આરાધ્ય છે તે પાછળના ભાગમાં રહે અને આગળ પુંઠ કરીને સાધુએ બેસવું

તે પણ ઠીક લાગતું નથી, માટે તે આલેખોમાં પરિવર્તનની આવશ્યકતા છે. તેવા આલેખો ભરાવવા તે કરતાં સૂર્યમુખી, ચંદ્રમુખીનું આલેખન તેમજ નવી જાતની વેલો, ચૌદ સ્વપ્નાં, અષ્ટમંગળિક પ્રમુખ આલેખો ભરવામાં આવે તો તે વ્યાજબી લાગે છે, પણ આરાધ્ય મહાપુરુષોને આરાધનાના સાધનમાં ગોઠવવા તે ઠીક નથી, માટે સાધનને સાધ્યમાં ખેંચી જવું વ્યાજબી નથી.

પ્રશ્ન ૭૨૪- બારવ્રત સંપૂર્ણ ન લેવાં હોય તો અને ઓછાવત્તાં વ્રતો લેવાં હોય તો નાણ માંડવી તે ઘટિત ખરું કે ?

સમાધાન- નંદીથી જેટલાં વ્રત લેવાં હોય તેટલાં લઈ શકાય છે. સમ્યકૃત્વ માત્ર પણ ઉચરી શકાય છે.

પ્રશ્ન ૭૨૫- આવશ્યક વૃત્તિકાર ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ 'रूप्पं पत्तेय बुद्धा॰' એ ગાથાની વ્યાખ્યા કરતાં પ્રત્યેક બુદ્ધો એકલા રૂપા જેવા એટલે છાપ વગરના રૂપા જેવા હોય છે, પણ માત્ર અંતર્મુહૂર્ત જેટલા વખત સુધી દ્રવ્યલિંગ ન ગ્રહણ કરે ત્યારે જ તેમને માત્ર રૂપા જેવા સમજવા એમ જણાવે છે ને પ્રજ્ઞાપના તથા નંદીજીની વ્યાખ્યામાં પ્રત્યેક બુદ્ધોને દેવતાએ વેષ આપેલો હોય અથવા શાસ્ત્રોમાં रूप्पं पत्तेय बुद्धा એમ જણાવી પ્રત્યેક બુદ્ધોને વેષરૂપ છાપ વિનાના કેવળ ગુણસ્વરૂપ રૂપાવાળા જણાવેલા છે તો તે બે ગ્રંથોનો અવિરોધ કેવી રીતે સમજવો ?

સમાધાન- रूप्पं पत्तेय बुद्धा એ પદથી યાવત્ પ્રત્યેક બુદ્ધોને માત્ર રૂપાની માફક ગુણવાળા જ લેવા હોય ત્યારે તો બધા પ્રત્યેક બુદ્ધોમાં જેઓ દેવતાએ દીધેલા વેષને ગ્રહણ કરે છે તે પણ અંતર્મુહૂર્ત જેટલો વખત તો જરૂર દ્રવ્યલિંગ વગરના જ હોય છે ને લિંગને નહિ લેનારા પ્રત્યેક બુધ્ધોને તો વેષ કોઈપણ વખત હોતો નથી, એટલે અંતર્મુહૂર્ત જેટલો વખત તો કોઈપણ પ્રત્યેક બુદ્ધને વેષ હોય જ નહિ એ પ્રમાણે જ્યારે આવશ્યક વ્યાખ્યાકારે વ્યાપકપણે ત્યાં વ્યાખ્યા કરી ત્યારે નંદીજી આદિમાં સંભવપણે વ્યાખ્યા ધારીને જણાવ્યું કે વેષરૂપ છાપ વિનાના કેવળ રૂપા તુલ્ય સાધુપણાના ગુણમાં રહેનારા હોય તો માત્ર પ્રત્યેક બુદ્ધો જ છે અર્થાત્ પ્રત્યેક બુદ્ધોમાં જ માત્ર સાધુપણાના વેષ સિવાય સાચા સાધુપણાનો સંભવ ગણાય. આવી રીતે વ્યાપક અને સંભવની અપેક્ષાએ લેવાથી બન્ને પાઠ મળતા થશે.

---

(૧૯ મા પાનાનું ચાલું)

૪ અશાતના ટાળવા માટે જ મુખકોશ બાંધવાની જરૂર ગૃહસ્થના અનુકરણે શાસ્ત્રના વિધિપાઠ વગર જણાવી તેથી તેની માફક પ્રસંગ આવે.

૫ ભ્રમરનું દૃષ્ટાંત છે, નહિ કે અનુકરણ. તમારે તો ગૃહસ્થના મુખકોશનું અનુકરણ લેવું છે, તેમજ અશાતનાના ભયથી તે માનીને અનુકરણ કરો છો.

૬ બાંધનારની મુહપત્તિ ભીની થાય તે શ્રોતા ને દૃષ્ટા દેખી શકે છે ને તે નાક ઉપર હોવાથી અધર રહે છે.

૭ મૃતકના કાન વિંધવાના પાઠ તો આપો કે જેથી બીજા પ્રસંગે તે છવિછેદનું યોગ્યપણું છે કે કેમ તે વિચારાય.

૮ શ્રી ભગવતીજીના વાકયથી બોલતાં મુખ ઢાંકવું એટલું જ નક્કી છે. જો તેથી સાવદ્યવચનપણું ટાળવા બાંધવાનું હોય તો બધી વખત બોલતાં બાંધવી પડશે.

૯ નમુત્થુણં કહેતાં મુખ આગળ હાથ ને મુહપત્તિ રાખી યોગમુદ્રા બને છે. હાથમાં હોવાથી જ જિનેશ્વરની યોગમુદ્રાથી આ જુદી પડે.

૧૦ મુખ આગળ મુહપત્તિ હાથે રખાય તે સ્થાપન નહિ ?

૧૧ ચર્ચાસારમાં ૯૫૭ના અર્થમાં બાંધવાનું જૂઠું કહેલ છે.

૧૨ મુખકોશ બાંધનાર મૌન હોય તમારે વાંચવું છે.

(મુંબઈ સમાચાર તા. ૧૮-૧૦-૩૪)

# સમાલોચના.

(નોંધઃ-દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક, પત્રો તથા ટપાલદ્વારા આ ચાલુ પાક્ષિકને અંગે કરેલ પ્રશ્નો અને (અન્ય) આક્ષેપોનાં સમાધાનો અત્રે અપાય છે.)

૧ બધા સાધુઓના મુખેથી લઈને બુદ્ધિથી સંકલના કરી પુસ્તકમાં આગમો લખ્યાં એવી સામાચારીશતક વિગેરેની સ્પષ્ટ વાત છતાં ન સમજે અને કેવળ અછતા દોષો બીજા ઉપર લગાડવાને પોતાના વાસ્તવિક દોષોને ઢાંકવાની આદતને લીધે રચવાનું એટલે નવા બનાવ્યાનું કહે તેને વિદ્વાનો કઈ કોટિમાં મૂકે ?

૨ ષટ્ખંડાગમમાં કોઈ ગણધરપ્રણીત વાક્યો નથી, ને તે દિગંબરોના હિસાબે પણ નવાં જ વાક્યો હોવાથી નવાં બનેલાં છે, માટે શ્વેતાંબર આગમો ઉદ્ધરેલાં ને દિગંબર શાસ્ત્રો નવાં બનેલાં છે એ દીવા જેવી વાત છે.

૩ કુન્દકુન્દાચાર્યના દર્શનપ્રાભૃતાદિને દેખનારા સ્પષ્ટ સમજી શકે તેમ છે કે ચારિત્રના ઉપકરણોનું ઉત્થાપન કુન્દકુન્દ(કૌણ્ડિન્ય)થી શરૂ થયેલ છે.

૪ મૂલ ભાષામાં વર્તમાન શ્વેતાંબરી આગમો છે એમ આડકતરી રીતે કબુલ કરવા જવું તે કરતાં સ્પષ્ટપણે કબુલ કરવું જ સુજ્ઞને યોગ્ય છે.

૫ કોઈપણ શ્વેતાંબર આચાર્યે એમ કહ્યું જ નથી કે પહેલાં બધાં આગમો સંસ્કૃતમાં હતાં. માત્ર સંસ્કૃત ભાગ કરતાં પ્રાકૃત ભાગનો ફાયદો જ જણાવવા 'बालस्त्री' ઈત્યાદિ શ્લોક છે. 'स्त्री' વિગેરે શ્લોક તો પંડિતજીનો કલ્પિત જ છે.

૬ દિગંબરો શ્રી સિદ્ધસેનદિવાકર કે જે વિક્રમના સમકાલીન હતા ને જેના ન્યાયાવતારમાં પ્રમાણના લક્ષણને પ્રસંગે જ 'आप्तोपज्ञ'. શ્લોક લખેલો સ્વામીજીના કહેવાતા રત્નકરંડમાં દાખલ થયો છે તેઓને જો દિગંબરો માન્ય કરતા હોય તો 'सिंहासनस्थं'. વિગેરે કલ્યાણમંદિરનાં તેમનાં કાવ્યો માન્ય કરી ભગવાનનું આકાશમાં રહેવું ને અનક્ષરવાણી ન માનવી.

૭ તત્ત્વાર્થનું ભાષ્ય શ્રીઉમાસ્વાતિવાચકજીનું પોતાનું છે તે બાબતમાં ભાષ્યના અંત્યમાં તેને સ્વોપજ્ઞપણે જણાવે છે. વળી તે ભાષ્ય જો અન્યનું હોત તો ભાષ્યમાં અત્યંત ઘણે સ્થળે સૂત્રકારની સાથે અભિન્નતા જણાવનાર उक्तं, वक्ष्यते, वक्ष्यामः ઈત્યાદિ પ્રયોગો હોત નહિ, તેમજ અન્ય સર્વ ભાષ્યોની માફક સૂત્રકારને નમસ્કાર આદિ કરત ને મહિમા ગાત. વળી સર્વાર્થસિદ્ધિ વિગેરે ટીકાઓ કઈ વ્યાખ્યાને અનુસરીને થઈ તેનો ઉલ્લેખજ નથી, એટલે કહો કે તે સ્વોપજ્ઞભાષ્યને આધારે તે ટીકાઓ લખ્યા છતાં સ્પષ્ટ કહેતાં મતાગ્રહ જ નડ્યો.

૮ શ્રી કલ્પસૂત્રમાં તો માંસનો નિષેધ છે, ભગવતીજીમાં માંસ ખાધાની વ્યાખ્યા જ નથી અને શ્રી આચારાંગમાં સાધુનું સ્વયં વર્તન છે સૂત્રકારનું વિધાન નથી. વળી વનસ્પતિનો અધિકાર સ્પષ્ટ છે, છતાં યદ્વાતદ્વા લખવું તેમાં અન્યની સત્યતા પણ સહન ન થઈ તે જ કારણ.

૯ વસ્ત્રના સંબંધમાત્રથી ચારિત્રનો અભાવ માનનારાને ઉપસર્ગથી પણ વસ્ત્રનો સંગ હોય ત્યાં મુનિપણું કેમ રહે ? અને મમત્વ ન હોવાથી પરિગ્રહ ન ગણાય એમ કહેવામાં તો ધર્મોપકરણ માની શ્વેતાંબરોની માન્યતા જ સાચી થાય.

(જૈન દર્શન)

૧ प्रत्यपादि परिव्रज्यां, तत्पादकमलान्तिके ॥ એમ ત્રિષષ્ટીય મહાવીર ચરિત્ર તથા भुवणगुरुणो समीवे, निरवज्जं लेइ पव्वज्जं। એવો શ્રીમહાવીર ચરિત્રનો તથા भगवतापि...... तस्य दीक्षा दत्ता એવો શ્રી ઉપદેશમાલાનો સ્પષ્ટ ભગવાને દીક્ષા આપ્યાનો લેખ છતાં શ્રીનંદિષેણજીએ સ્વયં (પોતાની મેળે) દીક્ષા લીધી છે એમ કહે તે સાચું કેમ ગણાય ?

૨ દીક્ષા મોક્ષનું સાધન હોવાથી પતિત થનારને પણ આપી છે એવો લેખ પણ શ્રી ગુરુતત્ત્વવિવિશ્ચય પત્ર ૪૨માં સ્પષ્ટ છે.

૩ 'કશોય લાભ થવાનો જ નથી' એ વાક્ય કોઈ પ્રરૂપકનું નથી તેમ કોઈ જિજ્ઞાસુનું પણ નથી. એ તો તૃપ્તિકારકનું જ છે.

૪ મરીચિ, જમાલિ, નંદિષેણ આદિ પતિત થનારાઓને ભગવાન કેવલીઓએ આપેલી દીક્ષા મોક્ષસાધન માટે ન હોય તો શું સંસારવૃદ્ધિ માટે ?

૫ એકાકિવિહારી થવા સુધી શ્રીનંદિષેણજી ભગવાનની સાથે વિચર્યા છે એ લેખ સ્પષ્ટ છતાં, તેમની દીક્ષા વખતની તીવ્ર વૈરાગ્યભાવનાને સ્વચ્છંદતા ગણતાં જરૂર વિચારને અવકાશ છે.

(જૈન પ્રવચન, વર્ષ છટ્ઠું અંક ૧૭મો)

૧ આપેલા તત્ત્વાર્થસૂત્ર, ભાષ્ય ને ટીકાના પાઠમાં કે તેના કરેલા અર્થમાં પણ સમ્યક્ત્વ પામતી વખતે જીવ સાધુ કરતાં અસંખ્યાતગુણી નિર્જરા નથી કરતો એની ગંધ પણ નથી. એ તો માત્ર તૃપ્તિકારકની તૃષ્ણામાં જ રહી ગઈ છે.

૨ અનન્તાનુબંધિક્રોધાદિ ચાર કે દર્શનમોહ સાતનો ક્ષય કે ઉપશમ કરતી વખતે સાધુ કરતાં અસંખ્યાતગુણી નિર્જરા તો તે તૃપ્તિકારકને કબુલ જ છે તો દર્શનમોહના કે અનન્તાનુબંધીના ક્ષય કે ઉપશમની દશા તે સમ્યક્ત્વ પામવાની દશા નથી ? ને તે દશામાં વિરત એટલે સાધુ કરતાં અસંખ્યાતગુણી નિર્જરા તમારા પાઠથી જ સિદ્ધ છે, છતાં શું દેખીને શાસ્ત્રના નામે ના પડાઈ છે.

૩ દર્શનમોહના ક્ષપક કરતાં તેના ઉપશમકને અસંખ્યાતગુણી નિર્જરા કહેનારે કયા ચિત્તથી કહ્યું હશે તે તો તે જાણે. શ્રેણિના સાતમા સ્થાને ઉપશમશ્રેણિએ ચઢનાર ઉપશમક લીધો છે ને તે દર્શનમોહક્ષપક કરતાં અસંખ્યાતગુણી નિર્જરાવાળો હોય તે સ્વાભાવિક જ છે. ( मोहोपशमकः ) એ ભાષ્યની વ્યાખ્યા કરતાં વપરાયેલો अस्य નો પ્રયોગ મોહને જણાવનાર છે, પણ ભાષ્યનું ધ્યાન ન રાખી દર્શનમોહની સાથે તેને જોડી શાસ્ત્રવિરુદ્ધ અર્થ કરવામાં તૃપ્તિકારકને સંકોચ ન થયો તે જ આશ્ચર્ય છે.

૪ ત્રણે પ્રકારના સમ્યક્ત્વવાળા તો પહેલે સ્થાને છે પણ તે પામનારા કયે સ્થાને છે તે જણાવવાનું તો તૃપ્તિકારને સૂઝયું નથી.

૫ શ્રાવકશબ્દની માત્ર વ્યુત્પત્તિને અંગે કહેલ હકીકત સ્થાન તરીકે લઈ અવિરતિ સમકિતીને પણ બીજા સ્થાનમાં લેતાં તૃપ્તિકારે ગોથું ખાધું છે.

(જૈનપ્રવચન, વર્ષ છટ્ઠું અંક ૧૮ મો.)

૧ તાડપત્રોની પ્રતો ટૂંકી થોડી ત્યારે લાંબી ઘણી હોય છે.

૨ પાટલી સાથે પાનું રાખે તોપણ લાંબી પાટલી એક હાથે રહે નહિ અને વંચાય પણ નહિ.

૩ બાંધનાર પક્ષ વધારે ચર્ચા ન વધારવા માગતો હોય કે સત્યનું સમર્થન કરવા માગતો હોય તો વ્યાખ્યાનની વખતે બાંધવાનો પુરાવો આપે એ જ સારું છે.

(જુઓ પાનું ૧૭ મું)

# જિનેશ્વરની વાણીનું પાન કરતી એક ડોસી.

સામાન્ય રીતે ત્રિલોકનાથ શ્રી જિનેશ્વર મહારાજની વાણી અનેક પ્રાણીઓને પોતપોતાની ભાષામાં પરિણમનારી છે, તેમજ નરકાદિક ગતિના ભયથી રક્ષણ કરનારી છે. વળી તે સાંભળતાં બધી દુન્યવી વસ્તુમાં કંટાળો આવે છે, પણ શ્રી જિનેશ્વરની વાણી સાંભળતાં કંટાળો આવતો નથી. જેમ તરુણ પુરુષ ચિંતા વગરનો, સુંદર શરીરસંપત્તિયુક્ત હોય અને દેવાંગના સરખી મનોહર સ્ત્રીનું મધુર સ્વરવાળું ગીત ગવાઈ રહ્યું હોય તે સાંભળતાં તૃપ્તિ પામતો નથી, તેવી જ રીતે શ્રી જિનેશ્વરની વાણી સાંભળતાં તૃપ્તિ થતી નથી. તે માટે ઉદાહરણ આપતાં શાસ્ત્રકાર જણાવે છે કે કોઈક વણિકને ત્યાં એક ઘરડી દાસી છે. તે દાસીના શરીરે કરચલીઓ વળી ગઈ છે. વૃદ્ધપણાનાં ચિહ્નો જેના શરીરમાં તરી આવે છે. તે વણિકની સ્ત્રીએ એક દિવસ તે વૃદ્ધ દાસીને સવારના પહોરમાં લાકડાં (બળતણ) લાવવા જંગલમાં મોકલી. ખાધાપીધા વિના બિચારી શેઠાણીના હુકમને આધીન થઈ, હાથમાં ભારો બાંધવાનું દોરડું લઈ ચાલી નીકળી. જંગલમાં ઘણે દૂર ગઈ, ત્યાંથી લાકડાં વીણી વીણી એકઠાં કર્યા ને ભારો બાંધી ઘેર આવી. અત્યારે બરોબર મધ્યાહ્નનો સમય છે. સૂર્ય પોતાનું સામ્રાજ્ય જગતમાં સમાનપણે ચલાવી રહ્યો છે. જેઠ મહિનો છે એટલે જમીન ઉપર પગ તો મૂકી શકાતો નથી. આવા સખત તાપના વખતમાં ડોસી તરસથી તરફડતી અને ભૂખથી પીડાતી જેવી આંગણામાં ભારો લઈને આવી કે શેઠાણીએ બુમરાણ પાડી-તને બળાય તેટલાં પણ પૂરાં લાકડાં લાવી નથી, માટે જા ફરી જંગલમાં અને બીજાં લાકડાં લઈ આવ. ડોસી પરાધીન, ગુલામ જેવી, જિંદગીનો આધાર શેઠાણી ઉપર એટલે કરે શું ? ફરી જંગલ તરફ ચાલી. સૂર્યદેવ પોતે છત્રની માફક મસ્તક ઉપર આવી રહ્યા છે. શરીરમાંથી પરસેવાના રેલા ચાલી રહ્યા છે, તરસથી ગળું સુકાય છે, જમીન પર પગ મૂકી શકાતો નથી, છતાં પેટની ખાતર ડોસી તો જંગલમાં પહોંચી. લાકડાં વીણી વીણીને થાકીને લોથપોથ થઈ ગઈ. ભારી બાંધી પાછી ઘર તરફ વળે છે, એટલામાં ભારીમાંથી એક લાકડું સરી પડ્યું તે લેવા માટે ભારી માથા પર એક હાથે ટેકવી, બીજા હાથે પડેલું લાકડું લેવા જાય છે. તેવામાં યોજનગામિની વાણીના સ્વરથી દેશના દેતા, શ્રી જિનેશ્વર ભગવાનની મધુર અને કલ્યાણકારી દેશના સંભળાઈ. ઉપર વર્ણવેલી સ્થિતિમાં ડોસી એક પહોર સુધી એક ચિત્તે ભગવાનની વાણી સાંભળવામાં લીન થઈ ગઈ. માથા પર ભાર છે, એક હાથ લાકડું લેવા લાંબો કર્યો છે, સવારથી અત્યાર સુધીમાં કશું ખાધું નથી, તરસ પણ સજ્જડ લાગી છે, જંગલના તડકામાં આટલી મહેનત કરી છે, થાક ખૂબ લાગ્યો છે, છતાં ભગવાનની વાણી સાંભળવામાં આ અજ્ઞાન ડોસીને એટલો બધો રસ પડ્યો કે ભૂખ, તરસ, તડકો, ભાર, શેઠાણીનો ઠપકો બધું દુઃખ વિસરાઈ ગયું, અને શ્રીજિનેશ્વરની વાણીમાં એવી તરબોળ થઈ ગઈ કે પોતે બેઠી છે કે ઉભી છે તેનો પણ તેને ખ્યાલ નથી. તે માત્ર ભગવાનની વાણીમાં જ લીન થઈ ગઈ છે, એટલામાં સૂર્ય અસ્ત પામવાનો વખત થયો. શ્રી જિનેશ્વરે દેશના પૂરી કરી, પછી ડોસી પડેલું લાકડું ભારીમાં ઘાલી ઘર તરફ ચાલી. જિંદગીમાં આ વાણી સાંભળવાનો પ્રથમ અવસર પ્રાપ્ત થયો છે, છતાં એવો અપૂર્વ આનંદ થયો કે પોતાનું બધું દુઃખ તે ભૂલી ગઈ.

આથી કલ્યાણના અર્થીએ હંમેશાં જિનેશ્વરના વચનામૃતનું હૃદયસરોવરમાં સિંચન કરવું, જેથી શ્રદ્ધાવેલડી અંકુરિત થાય, સ્થિર રહે અને વૃદ્ધિ પામે, અને જ્ઞાન અને ચારિત્રરૂપ ફળફૂલ ખીલી નીકળે, અને મોક્ષરૂપ મધુર સ્વાદનું આસ્વાદન થાય.

# પરમ પવિત્ર પર્યુષણા પર્વની વ્યવસ્થા અને તેનાં પવિત્ર કાર્યો.

## (વર્ષ બીજું, અંક ૨૩ થી ચાલુ)

### વાયુ જેવા અપ્રતિબદ્ધ ગતિવાળા સાધુઓને ચોમાસામાં વિહારનો નિષેધ કેમ ?

વાર્ષિક તહેવારોને અંગે અન્ય તહેવારો ઘણા ભાગે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની આરાધનાને અનુલક્ષીને હોવા છતાં માત્ર તેમાં તે સમ્યગ્દર્શનાદિનું જપ, ધ્યાન વિગેરે કરવામાં આવે છે, પણ આ પર્યુષણા પર્વ તેવા જપ, ધ્યાન વિગેરેથી આરાધવાનું હોતું નથી પણ ખુદ ચારિત્રની વિરાધનાનો પરિહાર કરવાને અંગે જ યોજાયેલું છે. આ વાત તો જગતમાં સિદ્ધ છે કે ચાતુર્માસની વખતે વરસાદનો વખત હોઈ જીવોની વિરાધનાનો પરિહાર થવો ઘણો મુશ્કેલ પડે. શેષ ઋતુમાં યતના કરવાથી જેવી રીતે જીવનો બચાવ સહેલાઈથી થઈ શકે તેવી રીતે ચતુર્માસમાં યતના કર્યા છતાં પણ જીવોના વધથી બચવું સમિતિ અને ગુપ્તિવાળાને પણ મુશ્કેલ થઈ પડે છે, તેમાં પણ ચાતુર્માસમાં વરસાદને અંગે લીલફૂલ વિગેરે અનંતકાર્યોનું એટલું બધું પ્રાચુર્ય હોય છે કે તેની વિરાધના અનાયાસે પણ થઈ જાય એ અસંભવિત નથી. શેષ ઋતુઓમાં જે શુષ્ક ક્ષેત્રોમાં વિરાધના વર્જી શકાય છે તે શુષ્ક ક્ષેત્રોમાં પણ ચાતુર્માસના વરસાદને અંગે વિરાધનાનું વર્જવું અશક્ય જેવું જ થઈ પડે છે, અને આ જ કારણથી શાસ્ત્રકારોના જણાવ્યા મુજબ આહારનિહાર સરખી પણ પ્રવૃત્તિ અલ્પ થઈ જાય તે માટે સાધુઓ ચાતુર્માસમાં વિશેષે તપના ઉદ્યમવાળા હોય છે. ભગવાન ભદ્રબાહુસ્વામીજી પણ શ્રીકલ્પસૂત્રના ત્રીજા સામાચારીવાચ્યમાં આઠ સૂક્ષ્મોની પડિલેહણાની જરૂરી કર્તવ્યતા જણાવે છે, અને સાથે વસતિ આદિની પ્રમાર્જના, મલ્લકઆદિનું ધારણ શેષઋતુ કરતાં વિશેષે ચોમાસાને માટે જણાવે છે, આવી વિરાધનાના સંભવને અંગે જ શાસ્ત્રકારોએ વાયુ જેવા અપ્રતિબદ્ધ ગતિવાળા અને ગગન જેવા નિરાલંબન સાધુ મહારાજાઓને વિહારનો પ્રતિબંધ કરી ચાર માસ એકત્ર અવસ્થાન કરવાનું જણાવે છે, અને તેથી જ સાધુ મહાત્માઓના વિહારને અંગે નવ કલ્પો થાય છે. અર્થાત્ કાર્તિક વિગેરે ઋતુબદ્ધ આઠ મહિનાના આઠ કલ્પો અને ચોમાસાના ચારે મહિનાનો એક કલ્પ થઈ નવ કલ્પો બને છે, અને તેથી મહાત્માઓ નવકલ્પવિહારી કહેવાય છે. વિશેષ શેષ ઋતુના આઠ કલ્પોમાં માસ માત્ર રહેવાનું હોઈ જે ક્ષેત્રમાં માસકલ્પ કરવો હોય તે ક્ષેત્રના ગુણો જોવાનું શાસ્ત્રકારો ફરમાન કરતા નથી, માત્ર તેમાં તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની વૃદ્ધિ થાય તેવાં ક્ષેત્રો હોય તેમાં વિહાર કરવાનું અને રહેવાનું જણાવે છે, પણ ચાતુર્માસને અંગે તો ભાષ્યકાર મહારાજા ચાતુર્માસના અવસ્થાન કરવા પહેલાં જે ક્ષેત્રમાં અવસ્થાન કરવું હોય તે ક્ષેત્રના ગુણો તપાસવા અને જો તેમાં આસન્નજિનપ્રાસાદ વિગેરે તેર ગુણો હોય તો તેમાંજ ચાતુર્માસનું અવસ્થાન કરવું. ઓછામાં ઓછા ચાર ગુણો તો જે ક્ષેત્રમાં ચતુર્માસ કરવું હોય તેમાં હોવાજ જોઈએ, પણ શાસ્ત્રકારોના કથન મુજબ અધિક ગુણવાળું ક્ષેત્ર મળતાં છતાં, જો ન્યૂન ગુણવાળા ક્ષેત્રમાં ચાતુર્માસ કરે તો તે ચાતુર્માસ કરનારને પ્રાયશ્ચિત્ત લાગે છે. આવી રીતે ક્ષેત્રના ગુણની ન્યુનતાને અંગે રહેવાવાળા સાધુને પ્રાયશ્ચિત્તનો સંભવ હોય તો માત્ર ચાતુર્માસને અંગે જ છે. એવીજ રીતે શેષ ઋતુમાં સાધુ

મહાત્માઓ માસથી અધિક એક ક્ષેત્રમાં રહે તો જ્યારે પ્રાયશ્ચિત્તાપત્તિ શાસ્ત્રકારો કહે છે ત્યારે આ ચાતુર્માસના પાછળના ભાગમાં તો શું પણ પહેલાના ભાગમાં પણ જરૂરી કારણ વિના વિહાર કરનારને પ્રાયશ્ચિત્ત જણાવે છે, અર્થાત્ વિહાર જેવા સંયમપાલનને અંગે જરૂરી અને જેને માટે શાસ્ત્રકારોએ પાંચ મહાવ્રતનો રાત્રિભોજન વિરમણ રૂપ છઠ્ઠા વ્રતની સાથે આત્માના કલ્યાણને માટે કરેલો અંગીકાર વિહાર વગર નકામો છે એમ જણાવવા **'उवसंपज्जामि'** એમ માત્ર અંગીકારના અર્થવાળું વચન ન કહેતાં **'उवसंपज्जिताणं विहरामि'** એવું રાત્રિભોજન વિરમણ સહિત પાંચ મહાવ્રતને અંગીકાર કરીને માસકલ્પાદિ વિહારે વિચરું છું એવા અર્થવાળું વાક્ય મેલીને વિહાર નહિ કરવાવાળાના વ્રતનો અંગીકાર પણ યથાર્થ ફળદાયી નથી એમ જણાવી જે વિહારની આવશ્યકતા સમજાવી હતી તે જ વિહારરૂપી પરમ સાધનને અંગે ચાતુર્માસના પહેલા કે પાછલા ભાગમાં અત્યંત જરૂરી કારણ વગર વિહારને પ્રાયશ્ચિતસ્થાન તરીકે જણાવે તે ચાતુર્માસની વિરાધનાને જણાવવામાં ઓછું ગણાય નહિ.

### ચતુર્માસ અવસ્થાનકલ્પ તીર્થંકરોને પણ નિયમિત હોય છે.

ભગવાન તીર્થંકર કે જિનકલ્પ, પ્રતિમા કલ્પવાળાઓને શેષ ઋતુમાં પૂર્ણ માસાદિક રહેવાનું જરૂરી ન હોઈ ગામમાં એક જ રાત્રિ અને નગરમાં પંચ રાત્રિ જેવો અવસ્થાનકાળ પ્રાયે નિયત હોય છે, તેવાઓને પણ ચાતુર્માસના તો ચારે માસ એકત્ર જ અવસ્થાન કરવાનું હોય છે, જો કે ત્રિલોકનાથ ભગવાન તીર્થંકરો અચેલક્યાદિક દશ પ્રકારના સાધુકલ્પની અપેક્ષાએ કલ્પાતીત હોય છે, એટલે કે તે મહાપુરુષોને દશ કે ચાર કલ્પોમાંથી કોઈપણ કલ્પની નિયમિતતા હોતી નથી. છતાં પણ ચાતુર્માસના અવસ્થાનનો કલ્પ તો તેઓને પણ નિયમિત હોય છે, અને તે જ કારણથી ભગવાન્ મહાવીર મહારાજના શેષ વિહારના સ્થાન નહિ જણાવ્યા છતાં બેતાલીસ વર્ષ છદ્મસ્થ અને કેવલીપણાનાં જે હતાં તે દરેકના ચાતુર્માસના સ્થાન ખુદ શ્રી કલ્પસૂત્રમાં જણાવવામાં આવ્યાં હોય તે ઘણુંજ યુક્તિસંગત જણાય છે. જો કે ભગવાન મહાવીર મહારાજના ચાતુર્માસ માટે અવસ્થાનકાળ ચાતુર્માસીની તિથિથી ૫૦ દિવસ જ નિયમિત હતો અને તેના અનુકરણથી જ ગણધર મહારાજા વિગેરે સર્વ આચાર્યો, સ્થવિરો અને સાધુઓ ચાતુર્માસીથી ૫૦ મે દિવસે અવસ્થાનનું નિયમિતપણું કરતા જ હતા અને શ્રીસમવાયાંગસૂત્રના પાઠને અનુસારે જ આવતી ચોમાસીના ૭૦ દિવસ પહેલાં જ ભગવાન મહાવીર મહારાજા અવસ્થાનનો કાળ નિયમિત કરતા હતા એમ સ્પષ્ટ જણાય છે તેથી કલ્પાતીત એવા તીર્થંકર મહારાજાઓને પણ ચાતુર્માસને માટે અવસ્થાન નિયમિત કરવું પડતું હતું એમ સ્પષ્ટ થાય છે.

### દેવતાઓ પર્યુષણના છેલ્લા વખતમાં પર્યુષણ મહોત્સવ કરે છે.

આ જ અવસ્થાનકાળને પર્યુષણા તરીકે શાસ્ત્રકારોએ સ્થાન સ્થાન પર વર્ણવેલું છે અને અષાઢી ચોમાસીના દહાડે આવી રીતે અવસ્થાન કરી સર્વથા પ્રકારે વસવા લક્ષણ પર્યુષણ કરવાં તે જ સર્વ સાધુઓને માટે ઉત્સર્ગમાર્ગ એટલે નિષ્કારણ એવો વિધિ છે, પણ જે મહાપુરુષો અષાઢ સુદિ દશમને

દિવસે ચતુર્માસ કરવા લાયક ક્ષેત્રમાં ગયા હોય અને તૃણ ડગલ વિગેરે ચાતુર્માસને લાયકની સામગ્રી પાંચ દિવસમાં એકઠી કરી શક્યા ન હોય, અને તેથી અષાઢી ચતુર્માસીને દહાડે પર્યુષણા જે ઉત્સર્ગ માર્ગની છે તે કરી શક્યા ન હોય અને તેથી તેઓને તૃણ ડગલ વિગેરે ચોમાસાને લાયકની વસ્તુઓ ચતુર્માસી પછી એકઠી કરવી પડે તેથી તે પાંચ દિવસો વીત્યા બાદ શ્રાવણ વદિ પાંચમે અવસ્થાનરૂપી પર્યુષણા કરે. એવી રીતે જેને જેને તે ચતુર્માસને લાયકની તૃણ ડગલ આદિ સામગ્રી ન એકઠી થઈ શકે તેઓને અપવાદપદે આગળ આગળ પણ દશ પૂરણ તિથિઓમાં પર્યુષણ કરવાની શાસ્ત્રકારો અપવાદથી રજા આપે છે, અને તેથી જ સંવચ્છરીની પહેલાના દશે પર્વોમાં અવસ્થાનરૂપી પર્યુષણાનું અનિયમિતપણું જણાવે છે, પણ તે તૃણ ડગલાદિની સામગ્રી નવ પર્વમાં એકઠી ન થઈ હોય તો પછી દશમા પંચકરૂપી દશમા પર્વે તો જરૂર પર્યુષણા કરવી જ જોઈએ. ઉપર પ્રમાણે પર્યુષણા કરવાનો છેલ્લામાં છેલ્લો જે દિવસ શાસ્ત્રકારોએ સામગ્રીના સંભવે કે અસંભવે નિયત કર્યો છે તે જ દિવસને પર્યુષણા તહેવાર તરીકે ગણવામાં આવે છે, અને દેવતાઓ પણ નંદીશ્વરદ્વીપમાં તે અવસ્થાનરૂપી પર્યુષણાના છેલ્લા વખતને પર્યુષણા તરીકે માની નંદીશ્વરદ્વીપમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે. જો એમ ન માનીએ અને ઉત્સર્ગમાર્ગે અષાઢ ચતુર્માસીને દિવસે અવસ્થાન થતું હોવાથી તેને જ પર્યુષણા માનીએ તો અષાઢ ચોમાસીની અઠ્ઠાઈ અને પર્યુષણાની અઠ્ઠાઈ એકરૂપ થઈ જાય અને તે બેના એકરૂપ થવાથી શ્રીજીવાભિગમ વિગેરેમાં ચતુર્માસિક અને પર્યુષણાની જુદી જુદી અઠ્ઠાઈઓ આરાધવાનું કહેલું છે તે બની શકેજ નહિ, માટે પર્યુષણાના છેલ્લા પંચકની છેલ્લી તિથિને જ પર્યુષણા તરીકે ગણી દેવતાઓ પણ તે અંત્ય પર્યુષણાના દિવસને અનુલક્ષીને જ અઠ્ઠાઈ મહોચ્છવ કરે છે એમ માનવું પડશે, અને તે જ અંત્ય દિવસને અનુસરીને જ આપણે પણ તે અંત્ય દિવસના સાથેના આઠ દિવસને પર્યુષણા અષ્ટાહ્નિકા અને પર્યુષણા પર્વ તરીકે જાણીએ અને ઉજવીએ છીએ. આ હકીકતથી દશ પર્વના છેલ્લા દિવસમાં આપણે પણ પર્યુષણા માની તે અઠ્ઠાઈ આરાધ્ય ગણીએ છીએ.

### પર્યુષણા અવસ્થાનની અનિયમિતતાનાં કેટલાંક કારણો:-

ઉપર જણાવેલી દશ પર્વમાં કરાતી અપવાદિક પર્યુષણા અને દશમા પર્વના છેલ્લા દિવસને ઉદ્દેશીને ગણાતી પર્યુષણાને અનુલક્ષીને તે દિવસ આઠમો થાય તેવી રીતે પર્યુષણા કરવાનું જે જણાવવામાં આવ્યું છે, તે માત્ર અવસ્થાનરૂપી પર્યુષણાને અંગે તેમજ તેના અનવસ્થિતપણાને અંગે છે. પણ વર્તમાનકાળમાં મૂળસૂત્રકાર, ચૂર્ણિકાર અને ભાષ્યકારના સમયમાં તે અવસ્થાન પર્યુષણાની રીતિ અનિયમિતપણે ચાલતી હતી, પણ ભગવાન મહાવીર મહારાજના નિર્વાણ પછી તીર્થોદ્ગાલિક પયન્નાની કહેવાતી ગાથા પ્રમાણે નવસેંત્રાણું વર્ષ થયા પછી શ્રીશ્રમણસંઘે તે અનવસ્થિત પર્યુષણાની વિધિનો પ્રતિબંધ કરીને અષાઢ ચાતુર્માસીને દિવસેજ અવસ્થાનરૂપ પર્યુષણા કરવાનો રિવાજ શરૂ કર્યો. જો કે સામાન્યદૃષ્ટિએ તે ગાથાઓમાં કે અન્ય સ્થળે અવસ્થાન પર્યુષણાનું અનિયમિતપણું બંધ કરવામાં કારણ જણાવવામાં આવેલું નથી, તો પણ એમ બનવાનો વધારે સંભવ છે કે નવસેં ત્રાણુ વર્ષની પહેલાંના વખતમાં મુનિરાજોનો વધારે વિહાર અને ધર્મનું કેન્દ્રપણું મગધદેશમાં હોય એ સંભવિત છે. આચાર્ય મહારાજ સુહસ્તિસૂરિજીની

પરંપરામાં કે સાક્ષાત્ થયેલી શાખા અને કુલોના સ્થાનો વિચારતાં મગધ અને દશાર્ણભદ્ર દેશોમાં ધર્મનું કેન્દ્રપણું અને આચાર્યોનું વિચરવું વધારે હોય તેમ લાગે છે. તો તે દેશોને અનુસરીને તેવી વ્યવસ્થા અનુકૂળ જણાઈ હોય અને વીરમહારાજની દશમી સદીમાં આચાર્યોનું બહુધા વિચરવું અને ધર્મનું કેન્દ્રપણું સૌરાષ્ટ્ર, લાટ અને જંગલ સુધીના દેશોને મળેલું હોય અને તેથી અવસ્થાનરૂપી પર્યુષણાની અનિયમિતતા બંધ કરવાની જરૂર જણાઈ હોય અને તે જ કારણથી અષાઢ ચતુર્માસીએ અવસ્થાનનો નિયમ કર્યો હોય એ કારણની સાથે બીજું એ પણ કારણ હોય કે પૂર્વકાળમાં ખરી રીતે વરસાદ વરસવાનો વખત ભાદરવા સુદ પાંચેમ પછી જ હોય જેને લીધે શ્રીકલ્પસૂત્ર વિગેરેમાં દશમા પર્વને અંત દિવસે પર્યુષણાનું નિયમિતપણું જણાવતાં ગૃહસ્થના ઘરોનું નિયમિત આચ્છાદિતપણું, આવૃતપણું, પાણી જવાના માર્ગ સહિતપણું વિગેરે ગૃહસ્થને ચોમાસા પહેલાં કરવાની તૈયારી જણાવે છે. વળી તેવી રીતે પચાસ દિવસ પછી કરેલી અવસ્થાનરૂપી પર્યુષણા કરવાવાળા સાધુને વરસાદ આવે ત્યારે સ્થવિરકલ્પી અને જિનકલ્પીના ભેદે ભિક્ષાભ્રમણનો વિધિ જણાવ્યો છે, તેમજ ભિક્ષાભ્રમણ કરતાં સાધુને સાધ્વી કે શ્રાવિકાને અંગે તેમજ સાધ્વીને સાધુ કે શ્રાવકને અંગે ઉભા રહેવાનો વિધિ સ્પષ્ટપણે જણાવેલો છે. વળી વસતિની પ્રમાર્જના, મલ્લકનું ધારણ, લોચકરણ વિગેરેના પર્યુષણ કરવાવાળા સાધુને અંગે જણાવેલા નિયમો. પણ ભાદરવા સુદના છેલ્લા પર્વની પછી પણ વરસાદની નિયમિતતા સૂચવે છે, અને એવી રીતે પૂર્વકાળમાં જ્યારે ભાદરવા સુદ પછી ક્ષેત્ર કે કાળને પ્રભાવે વરસાદનું પ્રાબલ્ય હોય અને ભાદરવા પહેલાં તેવું વરસાદનું પ્રાબલ્ય ન હોય અને તેથીજ અવસ્થાન પર્યુષણાને અનિયમિત રાખી હોય, પણ ક્ષેત્રાંતર અને કાલાંતરને અંગે પ્રથમ આર્દ્રાથી ગણાયેલી વરસાદની યોગ્યતા સામાન્યરૂપે છતાં પણ આર્દ્રા પછીથી અષાઢી ચોમાસીના લગભગમાં વરસાદનું પ્રાબલ્ય જોઈને તે કાળે અષાઢ ચોમાસીએ અવસ્થાનરૂપ પર્યુષણ કરવાનું રાખી અને પંચક પંચક વૃદ્ધિના દશ પર્વોની અનિયમિતતા સંયમના મુખ્ય પ્રાણાતિપાત વિરમણવ્રતરૂપી અંશના રક્ષણને માટે નિયમિત કરી દીધી હોય તો તે પણ કારણ અસંભવિત નથી જેમ વર્તમાન કાળમાં ગુજરાતમાં આર્દ્રા નક્ષત્રથી જ વરસાદનું પ્રાબલ્ય જોઈ સુવિહિત ગીતાર્થ પુરુષો આર્દ્રાના પ્રવેશથી ચતુર્માસી માટેનું અવસ્થાન નક્કી કરે છે. આવી રીતે અવસ્થાનની અનિયમિતતા થયા છતાં વિહારની છૂટ તો સર્વકાળ અને સર્વક્ષેત્રમાં કાર્તિક મહિના પછી જ રાખવામાં આવી છે, કારણકે ચાર ચાર મહિને ચોમાસી કરવાનું વિધાન ફેરવવાનું કોઈપણ પૂર્વધર કે ગીતાર્થે યોગ્ય દેખ્યું નથી, અને કોઈપણ ગમ્ય કે અગમ્ય કારણે તેનું પરિવર્તન કરી દીધું હોત તો સર્વથા ચાતુર્માસી અને સાંવત્સરિકનાં વિધાનો જ નષ્ટપ્રાય થઈ જઈ અનુષ્ઠાનની અંધાધુંધી જ પ્રવર્તી જાત. આવી રીતે અવસ્થાનરૂપી પર્યુષણાની નિયતતા અને અનિયતતા છતાં પણ સાંવત્સરિકરૂપ પર્યુષણની તો સર્વકાળે ગીતાર્થ સુવિહિતોએ નિયમિતતા જ રાખેલી છે. ભાદરવા સુદમાં સાંવત્સરિક પ્રતિક્રમણ કરવામાં કોઈપણ સુવિહિત કે ગીતાર્થે અનિયમિતપણું કહેલું કે કરેલું નથી.

અપૂર્ણ.

# નૂતન વર્ષ યાને તૃતીય વર્ષ પ્રવેશ.

જરૂર વાંચો — જરૂર વંચાવો

## શ્રી સિદ્ધચક્ર

શ્રી સિદ્ધચક્ર પાક્ષિકનો આ ત્રીજા વર્ષનો પ્રથમ અંક વાચકોના હસ્તકમલમાં મૂકતાં અત્યંત આનંદ થાય છે.

નૂતન વર્ષની મુબારકબાદીના સંદેશાઓ પાઠવનારા તેમજ ગ્રાહકરૂપી ભેટોને અર્પનારા અમારા માનવંતા ગ્રાહકોનો તથા વાચકોનો આભાર માનીએ છીએ, અને સાથે આશા રાખીએ છીએ કે અમારા કાર્યને સરળ કરી આપવા નીચેની સૂચનાઓનો તેઓ વગર વિલંબે અમલ કરેઃ-

મુંબઈના ગ્રાહકોએ લાલબાગ, ભૂલેશ્વરમાં અમારી ઑફિસમાં લવાજમ ભરી જવા મહેરબાની કરવી, જેથી નાહક તેઓને વી. પી. ખર્ચમાં ઉતરવું ન પડે.

બહારગામના ગ્રાહકોને આવતા અંકથી વી. પી. કરવામાં આવશે જે સ્વીકારી લેવા વિનંતિ છે. જેઓએ વી. પી. ખર્ચથી બચવું હોય તેમણે આ અંક મળેથી તુરત મનીઑર્ડરથી લવાજમ નીચેના સરનામે મોકલી આપવું.

પૂજ્ય મુનિમહારાજાઓને તથા જે જે સંસ્થાઓને આ પત્ર ભેટ તરીકે મોકલવામાં આવતું હતું તે હવેથી બંધ થશે, માટે ભેટવાળાઓ તરફથી વગર ભેટે આ પત્ર મંગાવવાની સૂચના આવશે તો આ પત્ર મોકલી શકાશે.

જો કોઈને ગ્રાહક રહેવાની ઈચ્છા ન હોય તો પત્ર લખી કાર્યાલયમાં પહેલેથી ખબર આપવી, જેથી નાહક વી. પી. ખર્ચમાં ઉતરવું ન પડે.

લગભગ ૬૫૦ પાનાં ઉપરાંતનું વિશાળ વાચન આપવા છતાં વાર્ષિક લવાજમ ફક્ત રૂપિયા બે. માટે જેઓ હજુ સુધી ગ્રાહક ન થયા હોય તેમણે તુરત મનીઑર્ડરથી લવાજમ મોકલી આપવું.

લી.

લાલબાગ ભૂલેશ્વર, મુંબઈ.

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય સમિતિ
તરફથી
તંત્રી.

# નવપદમય શ્રીસિદ્ધચક્રના આરાધનમાં

## સમષ્ટિવાદ.

જૈન જનતામાં શ્રીસિદ્ધચક્ર અને શ્રીનવપદની આરાધનાની હકીકત અજાણી નથી, પણ તેના તત્ત્વ તરફ દૃષ્ટિ કરનારાઓએ નીચેની વાત જરૂર ખ્યાલમાં લેવી જોઈએ.

અતીત, અનાગત અને વર્તમાનની, પાંચ ભરત અને પાંચ ઐરવતની ત્રીસ ચોવીસીમાં કે મહાવિદેહના અતીત, અનાગત કે વર્તમાન વીસ વીસ વિહરમાનોમાં કોઈપણ અરિહંત નામના તીર્થંકર થયા નથી કે જેઓશ્રીને ઉદ્દેશીને શ્રીસિદ્ધચક્ર કે શ્રીનવપદમાં આદ્યપદ અરિહંત તરીકે આરાધવામાં આવતું હોય એટલે કે અરિહંતપદની આરાધના કોઈપણ વ્યક્તિને અંગે નહિ પણ સમગ્ર ક્ષેત્ર અને સમગ્ર કાળના સમગ્ર તીર્થંકરોની આરાધનાને માટે જ તેમના અર્હતપણાના ગુણને અનુસરીને સકળ કાળના, સકળ ક્ષેત્રના, સકળ અરિહંતોમાં રહેલું બાર ગુણસહિતપણારૂપ અર્હતપણું મુખ્ય ગણીને જ અરિહંતપદની આરાધ્યતા ગણવામાં આવેલી છે. આ જ મુદ્દાથી કલિકાલસર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રસૂરીશ્વરજી, ભગવાન્ ઋષભદેવજી વિગેરે ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરવા પહેલાં, સકળ અરિહંતોની પ્રતિષ્ઠાના આધાર તરીકે મોક્ષલક્ષ્મીના અધિષ્ઠાન તરીકે અને સ્વર્ગ, મૃત્યુ તથા પાતાળલોકમાં અદ્વિતીય સામર્થ્યવાન તરીકે અર્હતપણું ગણીને તેનાજ ધ્યાનમાં લીન થવાનું કરે છે અને કહે છે અને સાથે તે જ અર્હતોના નામ (ઋષભદેવજી વિગેરે) આકાર, દ્રવ્ય તથા ભાવે કરીને ત્રણે જગતના જીવોને પાવન કરનાર તરીકે તે અર્હતપદને ધારણ કરનારા સર્વક્ષેત્રે અને સર્વકાળના તીર્થંકરોની સેવનાને કર્તવ્ય તરીકે ગણાવતાં પોતે સેવા કરે છે અને કરવાનું કહે છે.

આવી જ રીતે સકળ ક્ષેત્રના, સકળ કાળના, સકળ તીર્થંકરરૂપી વ્યક્તિઓની સ્તુતિ કરતાં ઇંદ્ર મહારાજા પણ શક્રસ્તવમાં અરિહંતપદને જ આગળ કરે છે, અને સૂત્રકારો જિનેશ્વરદેવોની કોઈક વખતે કરાતી સંક્રમણાને પણ અરિહંત ભગવાનની સંક્રમણા તરીકે વખાણે છે. મૂળ સૂત્રોમાં પ્રવચન શબ્દના વિશેષણ તરીકે અર્હતપદનો ઘણે સ્થાને ઉપયોગ થયેલો જોવામાં આવે છે. પ્રવચનને જિન શબ્દ વિશેષણ તરીકે પૂર્વકાળમાં ઓછો વાપર્યો હોય અગર ન વાપર્યો હોય તો તે પાછળથી વધારે વપરાયેલો હોવાનું કારણ કુદેવ અને દેવપણાના વિભાગની જાહેરાતને જ વધારે આભારી છે. આ ઉપરથી આપણે સ્પષ્ટ સમજી શકીએ તેમ છે કે આરાધના માટે કરાયેલી અરિહંતપદની યોજના કોઈપણ અમુક કાળ, કોઈપણ અમુક ક્ષેત્ર કે કોઈપણ અમુક વ્યક્તિને ઉદ્દેશીને નહિ હોવા સાથે અનાદિ-અનંતકાળના સર્વ તીર્થંકરોને આરાધવા માટે જ ગુણમુખ્યતાને જ જણાવનારો સમષ્ટિવાદનો જ અરિહંત એ પદપ્રયોગ છે. આવી રીતે ક્ષેત્ર, કાળ કે વ્યક્તિની ગૌણતા કરી કેવળ ગુણની મુખ્યતા કરી સમષ્ટિવાદને સમર્થક એવા પદની આરાધના માટે કોઈપણ જગતમાં ભાગ્યશાળી બની શક્યું હોય તો તે કેવળ આ આર્હત્ દર્શન જ છે. અન્ય દર્શનોમાં દેવ તરીકે કરાતી આરાધના એક ક્ષેત્રના, એક કાળના, કોઈ એક મનુષ્યના નામને જ

(જુઓ ટાઈટલ પાનું બીજું)

તૃતીય વર્ષ, અંક ૨ જો.

Registered No. B.3047




# શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

# સમાલોચના

(નોંધઃ-દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક, પત્રો તથા ટપાલ દ્વારા આ ચાલુ પાક્ષિકને અંગે કરેલ પ્રશ્નો અને (અન્ય) આક્ષેપોનાં સમાધાનો અત્રે અપાય છે.)

૧ મુહપત્તિ ચર્ચાસારમાં પંચવસ્તુની **इयरोडवि** એ ગાથા અને તેની ટીકા આપીને તેના તાત્પર્ય તથા ભાવાર્થમાં મુખ બાંધવાનું જણાવેલું હોવાથી સત્યતા માટે **विधिगृहीतया मुखवस्त्रिक्या स्थगितमुखकमलः** એ પાઠ અર્થ સાથે જણાવી મુખબંધનનો અર્થ ખોટો છે એમ જણાવાયું છે. (એમાં માત્ર લીટી હાથપગ વગરની કહેવું તે ઉપયોગી વસ્તુને નહિ સમજનારનું કાર્ય છે.)

૨ મુહપત્તિ ચર્ચાસાર બહાર પાડીને જો વાસ્તવિક નિર્ણય કરવો હતો તો નગરશેઠની પાસે વ્યાખ્યાન વખતે મુહપત્તિ બાંધવાના વિષયને કેમ બાદ કરાવ્યો ? તથા સંમેલનમાં એક વિદ્વાન મુનિએ તમને તે ચર્ચા કરવાનું કહ્યું હતું છતાં કેમ ખસી ગયા ? હજી પણ પ્રતિજ્ઞા કરી, મધ્યસ્થોના નામ આપી જાહેર કરશો તો બીજાઓ તૈયાર જ છે. (ચર્ચાસારની માફક ખોટા પાઠો અને અર્થો ન આપતાં વ્યાખ્યાનની વખતે મુહપત્તિ બાંધવાના વિધાનનો પાઠ અપાય તો તે તે પક્ષને શોભાવાળું છે. કાજો કાઢવા વિગેરેમાં કાન વિંધ્યાનો પાઠ હોય તો પણ લેખકે આપવો જોઈએ કારણ કે ત્યાં તો ગરદને ગાંઠ વાળવાની વાત છે.)

(મુંબઈ સમાચાર તા. ૨૭-૧૦-૩૪)

૧ રજા દેનાર સ્ત્રીઓને સૌભાગ્ય સૂચવનાર વેષ ઉતારવાની જરૂર કોઈ પ્રજ્ઞાપને કે જિજ્ઞાસાવાળાએ તો જણાવી નથી, પણ તૃપ્તિકારકને તેવો રસ્તો લેવા માટે ફતવો બહાર પાડવાનું મન થયું હોય તો તે જાણે હકને માટે પણ તેમજ (પૂર્વકાલ અને વર્તમાનમાં સંસારમાં રહેનારા તો રજા આપે કે ન આપે તો પણ દીક્ષિત થનારની મમતાવાળા હોય જ છે, અને તેથી સધવાઓ પોતાના સૌભાગ્યના વેષો રાખતી હતી અને રાખે છે.)

૨ શ્રી જિનેશ્વર મહારાજ, જંબૂસ્વામીજી, શય્યંભવસૂરિજી વિગેરેએ બાલ, વૃદ્ધ વિગેરેને આપેલી દીક્ષા શ્રીનિશીથભાષ્ય ૧૦ મો ઉ. ગાથા ૨૫૯, ૨૬૦, ૨૮૦, ૨૮૧, ૪૫૬ વિગેરે અને શ્રીપંચકલ્પભાષ્યમાં ગાથા ૨૩૩-૨૩૬, ૨૬૫-૨૬૮, ૫૩૮-૫૪૩ વિગેરેમાં દ્વિતીયપદે એટલે અપવાદપદે ગણાવેલી છે તેવી રીતે મનકની દીક્ષાને શિષ્યનિષ્ફેટિકા ગણાવી હોય તો પાઠ આપવો. છતાં જેને શિષ્યનિષ્ફેટિકાનો દોષ ન માનવો હોય તેણે ખુલાસે શાસ્ત્રનો પાઠ આપવો જોઈએ.

(જૈનપ્રવચન વર્ષ ૬ અંક ૨૦ મો)

**સુધારાની ઉણપ.**

દર્શનમોહક્ષપક કરતાં અસંખ્યાતગુણી નિર્જરાવાળો જે ઉપશમક લીધો છે તે અટ્ઠાવીસે પણ પ્રકૃતિનો ઉપશમક છે એમ તત્ત્વાર્થ બંને ટીકાકારો ચોખ્ખું કહે છે. (સમક્તિ પામતાનું લખાણ તો તેમાં પણ સુધર્યું નથી.)

(જૈન પ્રવચન વર્ષ ૬, અંક ૨૦મો)




(પાક્ષિક)

વાર્ષિક લવાજમ રૂ. ૨-૦-૦ ☞ ઉદ્દેશ ☜ છૂટક નકલ રૂ. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

तीर्थेशा दत्तमार्गाः सततगुणिपदाः सिद्धिसाम्राज्यभाजः,
पंचाचारप्रवीणा गणिन इह सदाध्यापका वाचका ये ।
साहाय्यात् मोक्षसिद्धौ मुनय उदितभा अन्विताः शुद्धदृष्ट्या,
ज्ञानेनावद्यमुक्त्या विविधसुतपसा सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

મોક્ષમાર્ગ સદા દિયે જે જિનવરો ગુણ ધારતા, સિદ્ધ નિત્ય ગણેશ પંચાચારધારક વાધતા;
અધ્યાપકો વરવાચકો શિવસાધને મુનિ જોડમાં, એ પાંચસંયુત બોધદર્શન ચરણતપ સિદ્ધચક્રમાં ॥૧॥
"આગમોદ્ધારક"

| | | |
|---|---|---|
| તૃતીય વર્ષ<br>અંક ૨જો | મુંબઈ તા. ૭-૧૧-૩૪ બુધવાર<br>આશ્વિન્ વદિ અમાવાસ્યા | વીર સંવત્ ૨૪૬૦<br>વિક્રમ ,, ૧૯૯૦ |

# આગમ-રહસ્ય.

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ.

**અનુસંધાન.**

શ્રીનન્દીસૂત્રના નિક્ષેપાના પ્રસંગમાં દ્રવ્યનિક્ષેપાનું સ્વરૂપ વિચારતાં નોઆગમથકી જ્ઞશરીર અને ભવ્યશરીર નામના ભેદની પૂર્વ-પશ્ચિમ કાળના ઉપયોગીપણાની અપેક્ષાએ નોઆગમથકી વ્યતિરિક્ત

ભેદનું અત્યંત ઉપયોગીપણું બતાવતાં ત્રિલોકનાથ તીર્થંકરની કે તેમના પ્રતિમાજીની સ્નાનાદિક સાધનોથી કરાતી પૂજા જે શાસ્ત્રકારોએ દ્રવ્યપૂજા તરીકે જણાવી છે અને લોકો પણ તેને દ્રવ્યપૂજા તરીકે ગણે છે, પણ ભગવાન્ હરિભદ્રસૂરિજી વિગેરેના ફરમાવવા મુજબ સર્વવિરતિની અભિલાષાથી કરાતી પૂજાને તો ભાવપૂજાના કારણવાળી દ્રવ્યપૂજા કહી શકાય, અને તે સર્વવિરતિની અભિલાષા વગરની પૂજાને તો દ્રવ્યશબ્દનો અપ્રધાન અર્થ કરીને દ્રવ્યપૂજા એટલે અપ્રધાન પૂજા કહી શકાય. આ રીતે સર્વવિરતિની અભિલાષાએ પણ કરાતી દ્રવ્યપૂજા પણ કારણ તરીકેની દ્રવ્યપૂજા ત્યારે જ કહી શકાય કે જ્યારે ભગવાનની પૂજા કરતી વખતે ત્રિલોકસ્વામી તીર્થંકર મહારાજના અનુપકૃત (કોઈના ઉપકાર તળે નહિ દબાવું) પણા આદિ ગુણોને બરોબર લક્ષમાં લે, અને આ જ કારણથી અનુપકૃતપણા પછી પરહિતરત (સકળ જગતજીવના હિતમાં તત્પર) પણું બરોબર લક્ષમાં લેવામાં આવે. આ પરહિતરતપણાને અંગે વર્તમાન શાસનના વિધાતા ભગવાન મહાવીર મહારાજનું પરાર્થકારિપણું વિચારતાં તેમના પહેલા નયસારના ભવમાં તલાટીપણું છતાં લાકડાં કાપવા જંગલમાં જવું એ બેની સંગતિ પૂર્વે વિચારેલી છે.

**લાકડાં માટે જંગલમાં પ્રયાણ.**

પૂર્વે જણાવ્યા પ્રમાણે ભગવાન મહાવીર મહારાજનો જીવ જે નયસાર તે તલાટીની પદવીમાં છતાં પણ ન્યાયને પ્રાણ સમાન ગણનાર હોવાથી તેમજ સ્વમહેનતથી મળવાવાળી ચીજને માટે પૈસાનો વ્યય કરી નોકરીને ભારે નહિ કરનાર હોવાથી જગતમાં બેકારીની બૂમોનું કારણ તે બનતો ન હતો, અને તેથી બાળવાના લાકડાં પણ મૂલ્યથી કે બળાત્કારથી લેવાનું તેણે પસંદ કર્યું ન હતું, એટલું જ નહિ પણ ઉનાળાના સખત તાપની વખતે પણ લાકડાં કાપવા જતાં કોઈ પણ અન્ય મનુષ્યને બળાત્કારથી કે વેઠથી જોડે લીધા નથી. કેટલીક વખતે ન્યાયનો ડોળ કરનારા અધિકારીઓ ન્યાયનો ડોળ કરવાની ખાતર જ કેટલાંક કાર્યો પોતાને હાથે કરે છે, પણ તેમાં બીજા લોકોને એટલા બધા સંડોવે છે કે તે સરકારી ઇતર નોકરોને વેઠ કરતાં પણ તે સંડોવાવું ભારે થઈ પડે, પણ આ નયસાર તેવા ડોળઘાલુ અધિકારીઓની માફક પોતે પોતાની જોડે કોઈપણ ઇતર રાજકીય નોકર કે પ્રજાજનને તે લાકડાં કાપવાના કાર્યમાં જોડે સંડોવ્યો નથી, પણ તે નયસાર એકાકીજ ઉનાળા સરખા સખત ગરમીના દિવસોમાં એકાકી જંગલમાં લાકડાં કાપવા નીકળી પડ્યો છે. જો કે આ નયસારના ભાગ્યમાં તેવી અનુકૂળતા થવાની ભવિતવ્યતા જ છે, અને તેથી જ કોઈને જોડે લીધો નથી, પણ તે ભવિતવ્યતાની જડ આ જન્મની ન્યાયવૃત્તિને જ આભારી છે, અને તેથી જ આગળ જણાવવામાં આવશે તેમ સાધુ મહાત્માઓને પ્રતિલાભવાનો તેમજ જે સાર્થથી તે મહાત્માઓ છૂટા પડી ગયા હતા તે સાર્થમાં તે મહાત્માઓને મેળવવાનો સ્વયં પ્રયાસ કરવાનો વખત આવ્યો. એટલું તો સહેજે

સમજી શકાય તેમ છે કે જો નયસારની સાથે તેના તાબેદાર બીજા મનુષ્યો હોત તો સાર્થથી વિખૂટા પડેલા મહાત્માઓને પ્રતિલાભવાનો અને જે સાર્થથી તે છૂટા પડ્યા હતા તેમાં મેળવવાના પ્રયાસ કરવાનું અહોભાગ્ય નયસારને કદાચ ન પણ મળત, કેમકે અધિકાર આરૂઢ મનુષ્ય સત્તાના દોરમાં મત્ત હોવાથી જેમ બીજાઓ હુકમથી કાર્ય લે છે તેમ નયસાર પણ જો તે ન્યાયવૃત્તિ અને ભવિતવ્યતાની અનુકૂળતા ન હોત તો જોડેના મનુષ્યો ઉપર હુકમ કરીને જ માત્ર પોતાને કૃતાર્થ ગણત, અને તેથી તે મહાત્માઓને પ્રતિલાભવાનો કે સાર્થ સાથે મેળવવાનો પ્રયાસ કરવાનું તેના હાથમાં ન જ આવત, અને જો તે નયસાર બીજા મનુષ્યો દ્વારાએ મહાત્માઓને પ્રતિલાભવાનો કે સાર્થમાં મેળવવાનો ઉદ્યમ કરત તો માર્ગમાં મહોપકારી મહાપુરુષોના મુખકમળમાંથી નીકળેલા દેશનારૂપી પરાગને પામવા તે નયસારરૂપી ભ્રમર કોઈપણ દિવસ ભાગ્યશાળી થાત નહિ અને તીર્થંકરપણાના ફળરૂપે ફળવાવાળા વિચિત્ર તથા પ્રકારના ભવ્યત્વના પરિપાકરૂપે બોધિલાભની પ્રાપ્તિથી ખરેખર તેઓ બેનસીબ જ રહેત.

## શ્રુતિ અને શ્રુત વ્યવહારનો હેતુ.

આવા વૃત્તાંતોને વિચારવાવાળા વિચક્ષણો **सुच्चा जाणइ कल्लाणं सुच्चा जाणइ पावगं** એટલે કલ્યાણકારી કાર્યો સાંભળીને જ જાણે છે અને પાપકારી કાર્યો (પાપકારીપણા રૂપે) સાંભળીનેજ જાણે છે. એ શ્રુતિ અને શબ્દદ્વારા એ થતા જ્ઞાનને શાસ્ત્રકારોએ આપેલું શ્રુતજ્ઞાનપણું ખરેખર ચરિતાર્થ થાય છે એમ સમજી શકાશે.

## બ્રાહ્મીલિપિ અને અર્ધમાગધી.

વાસ્તવિક રીતે ભગવાન ઋષભદેવજીથી જો કે બ્રાહ્મીલિપિ પ્રવર્તેલી છે અને સર્વ તીર્થંકરોના વખતમાં તે લિપિ પ્રવર્તતી રહેલી છે અને ભગવાન મહાવીર મહારાજના વખતમાં પણ તે જ બ્રાહ્મીલિપિ દેશની જુદી જુદી લિપિઓરૂપે થઈ અઢાર ભેદમાં વહેંચાઈને પણ સમગ્ર આર્યદેશમાં પ્રવર્તતી હતી, (જુઓ સમવાયાંગ સત્તરમું સમવાય અને પ્રજ્ઞાપના પહેલું પદ) અને તેજ લિપિને ઉદ્દેશીને અઢારે દેશમાં પ્રવર્તતી ભાષાને અર્ધમાગધી ભાષા તરીકે કહેવામાં આવતી હતી અને તેથી જ ભાષ્યકારો અઢારે દેશી ભાષાએ મિશ્રિત ભાષાને જ અર્ધમાગધી કહેતા હતા, અને તે અર્ધમાગધી ભાષા બ્રાહ્મીલિપિની સાથે જ પ્રવર્તતી હતી (જુઓ પ્રજ્ઞાપના પદ પહેલું). આ જ કારણથી જૂનામાં જૂના શિલાલેખો સંસ્કૃભાષામાં નહિ પણ અર્ધમાગધી જેવી ભાષામાં જ ઉપલબ્ધ થાય છે, અને વ્યાકરણ ઉપર ભાષ્ય કરનાર પતંજલિ પણ જુદા જુદા દેશોની ભાષા જણાવતાં સંસ્કૃત સિવાયની અન્ય ભાષાઓનું જ સર્વ દેશમાં વ્યાપકપણું જણાવે છે (જુઓ રક્ષોહાગમ૰ નું ભાષ્ય).




धर्मोमंगलमुत्कृष्टं धर्मः स्वर्गापवर्गदः। धर्मः संसारकान्तारोल्लंघने मार्गदेशकः ॥१॥

**દિશા ભૂલ્યો !**

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વર મહારાજ આગળ સૂચવી ગયા કે આ જીવ અનાદિથી રખડે છે, પ્રયત્નો કરે છે પણ હજી તેના સાધ્યની સિદ્ધિ થઇ નહિ. જીવોને એકજ સાધ્ય છે, જો કે સાધનો ચાર ભલે હોય. એકેંદ્રિય હોય કે પંચેંદ્રિય, સમજુ હોય કે અણસમજુ, બધા ઈચ્છા સુખની જ કરે છે. સુખનું સાધન મળે તો મોજ કરે, ન મળે તો મોજ ન કરે પણ સાધ્ય તરીકે સુખ મગજમાં રમી રહેલું છે. તે સુખ પણ કેવું ? જેમાં દુઃખનું મિશ્રણ ન હોય, એટલું જ નહિ પણ જે નાશ પામનારું ન હોય એટલે શુદ્ધ અને સંપૂર્ણ સ્થિતિવાળું સુખ. સુખની જોડે દુઃખ પણ ભળે, રહે એમ કોઇ ઈચ્છતું નથી, ઈચ્છે, માગે તો દુઃખ વગરનું સુખ. પછી મળે કે ન મળે એ વાત જુદી. દસ દિવસ સુખ મળે પછી દુઃખ મળે એમ પણ નહિ, ઈચ્છા એક જ કે કોઇ દિવસ દુઃખ ન આવો. દુનિયાની અવનવી ચીજમાં સુખ માગ્યું પણ સુખને અંગે સુખ સંપૂર્ણ જોઈએ છે. તે સુખના ઉપાયો કયા ? આ જીવે દરેક ભવમાં સુખ માટે પ્રવૃત્તિ તો કરી છે છતાં સિદ્ધિ કેમ ન થઈ ? કારણ કે એ દિશા ચૂક્યો છે. ગામનું નામ યાદ રહ્યું પણ દિશા ભૂલ્યો. જવાનું ધાર્યું પૂના તરફ અને ચાલે ઉત્તર (અવળી દિશા) તરફ તો એ ત્યાં પહોંચે શી રીતે ? આ જીવે પણ ઈચ્છા દુઃખ વગરના સંપૂર્ણ સુખની ધરાવવા છતાં પ્રયત્ન અવળે રસ્તે કર્યો તેથી એ તેવા પ્રકારનું સુખ પ્રાપ્ત કરી શક્યો નહિ.

**નોટિસો મળે છતાં ન ચેતે એ કેવો ?**

એક મનુષ્ય કલાલની દુકાને દારૂ લેવા ગયો અને પહેલાં વાનગી માગવા લાગ્યો. એ મનુષ્ય મૂળ દારૂડીયો તો છે, દારૂડીયાની પ્રકૃત્તિ દારૂ ઊતરી ગયા પછી પણ ચીડાઉ રહે છે તેથી તેવી પ્રકૃતિવાળાને પીધેલ કહીએ છીએ. એ વાનગી માગે છે એ જોઇ દુકાનદાર હસવા લાગ્યો કે વાનગી

શાની માગે છે ? દુકાનદારને કહે છે કે- 'વાનગી લઈને તો આવ્યો છે, માગે છે શું ?' પેલો કહે છે કે- 'વાનગી ક્યાં લાવ્યો છું ?' દુકાનદાર દારૂથી બેભાન થયેલાઓને બતાવી કહે છે કે- 'જો આ કેટલાક ૧૮૦ ડગલા પર, કેટલાંક ૮૦ ડગલા પર અને કેટલાક તારી સામે પડયા છે. વાનગી તો તારી સામે છે, પાસે છે, તું વાનગી માગે છે શાની ? એવી જ રીતે કોઈ જગા લઈએ છીએ (ખરીદીએ છીએ) ત્યારે 'ચાંદાસૂરજ સુધીની' એમ લખાવી લઈએ છીએ, પોતે જવાની નથી. 'તું જઈશ એમ 'જગા' શબ્દ સૂચવે છે કેમકે જગાને 'જાયગા' પણ કહેવામાં આવે છે. જગા માટે 'ચાંદાસૂરજ સુધી' એમ લખાવ્યું પણ ત્યાં સુધીની પોતાને માટે ખાત્રી છે ? નથી જ એ નક્કી છે. મનુષ્યે જવાનું છે એ ચોક્કસ, ચાહે તો રાજીનામું દઈને કે ચાહે તો રાજીનામું લઈને નીકળે પણ નીકળવાનું તો ખરું જ. જવા જવામાં ફરક છે. ડાહ્યા નોકરને માલૂમ પડે કે શેઠ પોતાને રજા આપનાર છે તો એ તરત પોતે જ અગાઉથી રાજીનામું શેઠ પાસે રજુ કરી દે. જે નોકર રાજીનામું ન આપે તેને શેઠ કાઢે તો ખરો જ. હવે નીકળવાના બેય નોકર પણ કિંમત કોની ? એવી રીતે આપણને પણ સૂચના, નોટિસ મળે જાય છે. દાંત પડી ગયા, બોખા થયા, ડાચાં મળી ગયાં, માથે ધોળા થયા, આંખે અંધારા આવવા લાગ્યાં, હવે નોટિસો કેટલી જોઈએ ? નોટિસ ઉપર નોટિસ મળે છે તોયે ચેતવાનું નહિ ? આ તો નોટિસ દીધી એટલી ભલાઈ બાકી અમલ ક્યારે થાય તેનો નિયમ નથી. આપણા માટે નીકળવાનું છે એ વાત નક્કી છે, ચાહે તો ઉભે પગે નીકળીયે કે આડે પગે ! જાતે નહિ નીકળીયે તો કાઢનારા કાઢશે, રાખશે, નહિ કોઈ ! તો ડાહ્યો કોનું નામ ? જે નોકરને નોકરી કરતાં વધારે પગાર મળતો હોય તે નોકર ખસવા માગે નહિ, તેવી રીતે આપણે એવી સ્થિતિ માની લીધી છે કે આપણો બીજે ઘડો નથી. જેની કિંમત ઓછી હોય એજ રાજીનામું દેતાં વિચાર કરે. આપણે આપણા કર્મોને જાણીએ છીએ તેથી સારી ગતિ મળવાની ખાત્રી નથી એટલે રાજીનામું અપાતું નથી. આજે દુનિયામાં જુઓ તો જણાશે કે કારીગર અગર મજુરને રજા આપો તો તે ઉદાસ નહિ થાય, કેમકે તેને બીજે ગોઠવવાની તથા વધારે મહેનતાણું મળવાની ખાત્રી છે પણ જો કલાર્ક કે મહેતાજીને રજા આપો તો તે ચોધારાં આંસુએ રડશે કેમકે એની હાલત કફોડી થાય તેમ છે. પોતાના સદવર્તનથી ભવિષ્યની સદગતિની આત્મા સાક્ષી પૂરતો હોય તો ત્યાં તો વાંધો નથી. જૈનધર્મની એ જ બલિહારી છે. આ ધર્મમાં ગુલામી નથી. અન્ય મતોમાં એટલે સુધી ગુલામી છે કે જીવને મૂર્ખ માન્યો છે જ્યારે જૈનદર્શને એને કૈવલ્યસ્વરૂપ માન્યો છે.

**ભવ્યાભવ્ય સ્વરૂપ વિચારણા.**

ચાહે તો ભવ્યનો કે અભવ્યનો, સમકિતિનો કે મિથ્યાત્વીનો, ધર્મીનો કે અધર્મીના પણ જીવ કૈવલ્યસ્વરૂપ (કેવળજ્ઞાનસ્વરૂપ) છે. આશ્ચર્ય થશે કે અભવ્યનો જીવ એવો કેવી રીતે ? દીવો આખા ઓરડામાં છે ત્યારે ઓરડામાં પ્રકાશે એ જ દીવો, ભંડકીયામાં રાખી કમાડ બંધ કરો તો શું થાય ? દીવાનું અજવાળું ભંડકીયા પૂરતું ગણાય. તેવી રીતે સંસારી કહો કે સિદ્ધ કહો, છદ્મસ્થ કહો કે કેવળી

કહો,, દરેક કેવળજ્ઞાનવાળા છે પણ ફરક ક્યાં ? સર્વજ્ઞના, સિદ્ધ મહારાજના આવરણ ખસી ગયાં છે જ્યારે ધર્મીનાં, સમકિતિનાં, ભવ્યનાં આવરણ ખસવાનાં છે. માત્ર નહિ ખસવાનાં અભવ્યનાં તથા જાતિભવ્યના અભવ્ય એટલે ? કોઈ દિવસ, કોઈ કાળે મોક્ષે જશે નહિ એટલા માત્રથી અભવ્ય નહિ કેમકે એવા તો ભવ્યો પણ અનંતા છે કે જેઓ મોક્ષે ગયા નથી, જતા નથી અને જશે પણ નહિ. ત્યારે અભવ્ય કહેવો કોને ? જેનામાં મોક્ષે જવાની તાકાત નથી એ અભવ્ય. જેમ રેતના, લોઢાના કણીયામાંથી તેલ કાઢવાની યોગ્યતા નથી તેવી રીતે મોક્ષનાં કારણો મળે, બીજા દોરી જાય છતાં તેવા જીવોનો એવો સ્વભાવજ કે મોક્ષની લાયકાત આવે જ નહિ. રેતીના કણીયાને ઘાંચીની ઘાણીમાં નાખો, દંડો ફેરવો તોપણ તેલ નીકળતું નથી, કારણો મળ્યા છતાં તેલ નથી નીકળતું કારણ કે એવો સ્વભાવ જ તેવી રીતે અભવ્ય જીવોને સમ્યક્ત્વ (દર્શન,) જ્ઞાન, ચારિત્રનાં કારણો મળે, દ્રવ્ય થકી સમ્યક્તત્વની કરણી મળી જાય, ચારિત્ર પણ આચરી લે તો પણ તેનામાં મોક્ષમાર્ગનો અંકુરો ઉગે જ નહિ. આવા જીવો અભવ્ય કહેવાય. અભવ્યની સરખામણી રેતના કણીયા સાથે થાય. જાતિભવ્ય જીવો તલના દાણા જેવા છે. તલમાં તેલ હોય તેમ એનામાં મોક્ષની લાયકાત છે પણ એ તલનો દાણો કેવો ? સ્વયંભૂરમણ સમુદ્રના તળિયે પડેલો ! અઢી દ્વીપમાં મનુષ્ય વધારેમાં વધારે રૂચકદ્વીપ સુધી જાય. એથી આગળ મનુષ્યો જતા નથી, જશે નહિ. એ રૂચકથી અસંખ્યાત સમુદ્રે દૂરના સમુદ્રના તળિયે પડેલો તલનો દાણો, એનું તેલ ક્યારે બનવાનું? નહિ જ કેમકે લાયકાત છે છતાં સામગ્રી નથી. જાતિભવ્ય જીવો મોક્ષની લાયકાતવાળા ખરા પણ મનુષ્યપણામાં આવતા નથી. મનુષ્યપણું એ જ મોક્ષની સીડી. દેવતા, નારકી, તિર્યંચ અને મનુષ્ય એ ચારે ગતિમાં મોક્ષની સીડી (નીસરણી) મનુષ્યગતિ જ છે. નારકી મોક્ષ પામે તેમાં સિદ્ધ મહારાજાને કાંઈ નડતું નથી પણ જેમ જેલમાં પડેલો મનુષ્ય (કેદી) પોતાના વર્તન માટે સ્વતંત્ર નથી, (હજુ નજરકેદી સ્વતંત્ર છે) તેવી રીતે નારકી જીવો એ કર્મરાજાની કેદમાં સંડોવાયેલા જીવો છે. પહેલાંના ભવના તીવ્ર પાપોનું ફળ ભોગવવાનું સ્થાન નરક છે. એ તો ઠીક પણ નરક માનવી શી રીતે ? શંકાકાર તો બધી શંકા કરેને ! જાનવરો તથા મનુષ્યોને દેખીએ છીએ એટલે તિર્યંચ તથા મનુષ્યગતિ માનવાનું તેમજ નામનિશાન નથી, એ માનવાને કશું સાધન નથી, શી રીતે માનવી ? આડી ભીંત છે, ત્યાં દૃષ્ટિ પહોંચતી નથી. ત્રણ ગતિ માનવામાં અનુભવ તથા બુદ્ધિ ચાલે છે પણ નરક માનવામાં બુદ્ધિ ચાલતી નથી, ત્યારે શી રીતે મનાય ?

**નરકગતિની સિદ્ધિ.**

વારૂ ! પહેલાં જીવ માને છે કે નહિ ? પાંચે ઇંદ્રિયોના વિષયોનો વેપાર કોણ કરે છે ? પાંચે દુકાનો વેપાર કરી રહી છે તેના હિસાબ એકઠા ક્યાં થયા કે જેથી તેના સરવાળા બાદબાકી થાય ? 'મેં સાંભળ્યું, મેં સૂંઘ્યું, હું ચાલ્યો-મેં ગમન કર્યું, મેં દેખ્યું, મેં અડક્યું,' આમ બોલવામાં પાંચેનો હિસાબ 'મેં' થી અગર 'હું' થી થયો, તમે કહેશો કે તે તો 'મન' તો પછી આગળ વધો, મન પણ કોનું ?

ત્યાં પણ કહેશો કે મારું મન પણ મારું તે કોનું ? સિદ્ધ થયું કે તે (મન) પણ અલગ છે. એની પણ ખાતાવહી ક્યાં ? પાંચે ઇંદ્રિયોના વિષયોના વિચારોનું સારાનરસાપણું ખતવાયું ક્યાં ? આ બધાનો હિસાબ રાખનારને એક પદાર્થ જરૂર માનવો પડે. અમુક નામવાળી કોઇ ચીજ છે એમ પણ માનવું પડે. બીજી વાત. અમુક સંયોગથી જીવ થાય છે એમ કહો તો વગર સંયોગવાળા સંમૂર્ચ્છિમ ઘણા જીવો છે તેમજ દરેક સંયોગમાં જીવો નથી (નીપજતા નથી): આટલા માટે જીવ તો માનવો જ પડશે. જીવની ઉચ્ચનીચ દશા, સારાનરસા વિચારો પ્રત્યક્ષથી અનુભવાય છે. સારા વર્તનનું કારણ સારા વિચાર, નરસા વર્તનનું કારણ નરસા વિચાર. આ બે વાત તમારે માનવી પડશે. એનું જ નામ પુણ્ય અને પાપ. આવું જ શરીર, આવું જ ઘર, આવા જ સંયોગો કેમ મળ્યા ? ત્યાં પુણ્યપાપ માનવાં પડશે, ત્યાં જિંદગી પહેલાંના કારણો માનવાં પડશે. કેટલાક જન્મથી આંધળા હોય છે, કહો એણે આ જિંદગીમાં કયા ખરાબ વિચાર વર્તન કર્યાં ? અહીં અગાઉનાં કારણોને માનવાં પડશે, આજની આરોગ્યવિદ્યા મુજબ શું ઢેડ, ચમાર મરી જવા જોઇએ ? નહિ ! એનું શરીર જ એવું ઘડાયું છે. વારૂ ! તમને આવા ઇષ્ટ સંયોગ અને એને એવા અનિષ્ટ સંયોગ કેમ મળ્યા ? અહીં તમારે પુણ્યપાપ એ તત્વોમાં આવવું જ પડશે, એને માનવાં જ પડશે, એને તો તમારે નરક માન્યા સિવાય છૂટકો જ નથી. ન્યાયમાં ગુન્હા કરતાં સજા વધારે હોય. પાંચ રૂપિયાના ચોરને પાંચનો દંડ હોય તો ચોરી રોકાય ? સેંકડો ગુન્હેગારોમાંથી એક પકડાય છે, બધા પકડાઈ જતા નથી, તેમજ એક ગુન્હેગાર બધા ગુન્હાથી પકડાતો નથી. ગુનાની અપેક્ષાએ સજ્જડ સજા હોય, ગુના કરતાં વધારે સજા હોવી જ જોઇએ. આ ઉપરથી નરકના અસ્તિત્વની વાત સહેજે મગજમાં ઉતરશે. આજ વાતને કર્મના સિદ્ધાંતમાં ઉતારો. એક મનુષ્ય બીજાને જીવથી મારી નાખે તો એની સજા એણે કયા ભોગવવાની ? કેમકે જેને અહીં મારવાના સંસ્કાર પડ્યા છે તે બીજી જિંદગીમાં સખણો ક્યાં રહેવાનો ? ત્યાં એવી જિંદગી માનવી પડશે કે એ બીજાનો જાન લઇ શકે નહિ. એવી જિંદગીઓ કે જ્યાં પોતાનો જાન કોઈ લઇ શકે નહિ. નરકમાં જન્મેલા નારકીઓ કોઇનો પણ પ્રાણ લઈ શકતા નથી. તિર્યંચની કે મનુષ્યની ગતિમાં બીજો જાન લઇ શકે છે. દેવતાની જિંદગીને શિક્ષાનું સ્થાન માનશો કો શિરપાવનું સ્થાન નહિ રહે તો કહો કે દેવગતિને ઇનામનું સ્થાન માનીને શિક્ષાનું સ્થાન જુદું માનવું પડે.

એક મનુષ્યે એકનું ખૂન કર્યું અને બીજાએ દસનું, સોનું કે હજારનું કર્યું તો પણ અહીંની સરકાર ફાંસી એક જ વખત આપે છે. સજા એક જ ખૂન જેટલાને ! એથી વધારે સજા કરવાની આ સરકારની શકિત નથી. કર્મનો સિદ્ધાંત અહીં માનવો પડશે. નરકગતિ અહીં સહેજે સ્વીકારવી પડશે. 'ટકે શેર ભાજી ટકે શેર ખાજાં' એ ન્યાય જેવી શિક્ષા કર્મના સિદ્ધાંતમાં નથી. નારકી ગતિમાં વારંવાર મરણ થાય છે અને જીવન થાય છે. શરીર કપાઈ જાય તળાઇ જાય, વિંધાઇ જાય એ મરણ અને પાછું તૈયાર

થઇ જાય તે જીવન. આવું નહિ માનો તો પહેલાંના કર્મો એક જીવનમાં ભોગવવાનું સ્થાન રહેશે નહિ. એક ખાટકીએ રોજ સેંકડો જાનવરો માર્યાં એની સજાનો ભોગવટો શી રીતે થાય ? જ્યાં કરોડો, પરાર્ધ્યો વખત કપાવું પડે એનું જ નામ નરક. કરોડો, પરાર્ધ્યો વખત નારકીના જીવને (શરીરને) કાપે, બાળે, છેદે, દળે, વીંધે, ચીરે તો પણ એનું શરીર તૈયાર જ ! કેમ કે સજાનો પૂરો ભોગવટો કરવાનું સ્થાન જ આ છે. 'નરકગતિ' એ શબ્દ સાથે વાંધો હોય તો ભલે, શબ્દ એને બદલે બીજો વાપરો એની અમને અડચણ નથી પણ આવું એક સ્થાન છે, ત્યાં આવા પ્રકારના જીવો છે, ત્યાં સજાનો આ પ્રકારે ભોગવટો છે એ તો તમારે માનવું જ પડશે. અહીંનું દસ મિનિટનું ઘાતકીપણું ત્યાં વરસો લગી દુઃખનો અનુભવ કરાવે છે. જેવી બુદ્ધિપૂર્વક ગુન્હો કરાયો હોય તેવી બુદ્ધિપૂર્વક શિક્ષા કરાય છે. ખૂન કરનારને ફાંસી દેતી વખતે જો ચકરી આવે તો ડૉકટરને બોલાવી, એનું ભાન ઠેકાણે લાવી પછી ફાંસી દેવાય છે. સજાની અસર અંતઃકરણ પર થવી જ જોઇયે. ક્લોરોફોર્મ સુંઘાડીને સજા કરવામાં-ફાંસી દેવામાં આવતી નથી. અહીં જે પાપો કરે તે પાપોના ગુન્હાની અસર હૃદયમાં થવી જ જોઇએ માટે જ શાસ્ત્રકારોએ નારકીને ત્રણ જ્ઞાન માન્યાં છે. સજા ભોગવનારાને વિભંગ કે અવધિ (અતીંદ્રિય) જ્ઞાનની જરૂર જ એ કે એને સજાની તીવ્ર અસર થવી જોઇએ. ત્યારે વળી કોઇ પૂછે કે ચાર જ્ઞાનમાં પાપ કર્યું હોય તો ચાર જ્ઞાન માનવાં પડે. ચાર જ્ઞાન તેને જ હોય કે જેણે પાંચે આશ્રવો (હિંસા, જૂઠ, ચોરી, પરસ્ત્રીગમન, પરિગ્રહ) ત્યાગ કર્યા હોય, પરિણામ સુધર્યા હોય. ચોથું જ્ઞાન મનઃપર્યવ છે. અપ્રમત્ત સંયમ વગર એ જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. અપ્રમત્ત સંયમી, એ સંયમમાં ઘણી મુસાફરી (ઘણો પ્રયાસ) જેણે કરેલ હોય, આમર્ષ ઔષધિ વિગેરે લબ્ધિઓ જેને મળી (પ્રાપ્ત થઇ) હોય, તેને મનઃપર્યવ જ્ઞાન થાય. આ જીવને પાપનો સંભવ જ નથી તો એનો ભોગવટો નથી એટલે નારકીમાં ચોથા જ્ઞાનની જરૂર રહી ક્યાં ? ત્રણ જ્ઞાનથી વધારે જ્ઞાનવાળો કોઇ દિવસ પાપ કરે નહિ. નરકગતિ આ રીતે માનવી જ પડશે, પછી ભલે શબ્દપ્રયોગ ગમે તે કરવામાં આવે તેની હરકત નથી. એ ગતિમાં સ્વતંત્રતા રહી શકતી નથી.

**નારકીમાં વધારે વેદના કોને ? સમકીતિને, શાથી ?**

નારકી સમજે છે પણ એની સમજણ કામની નથી. જેનો અમલ ન કરી શકાય તેનું જાણપણું કામનું શું ? નારકીઓને દુઃખ સજ્જડ રહે છે. પોતે જ્ઞાનથી જાણ્યું કે આવો મનુષ્યભવ તથા દેવ, ગુરુ, ધર્મની જોગવાઇ મળ્યાં હતાં છતાં કાંઇ કરી શક્યો નહિ અને પાપો કર્યાં તેનું પરિણામ આ! શાણા શિક્ષા પામેલાને જેટલો શોક થાય તેટલો ગાંડા શિક્ષા પામેલાને થાય નહિ. બધા નારકી સરખી વેદનાવાળા ? ના ! કેટલાકને ઘણી, કેટલાકને થોડી. સમકીતિ ઘણી વેદનાવાળા, જ્યારે મિથ્યાત્વી ઓછી વેદનાવાળા હોય. પરમાધામીથી કે ક્ષેત્રથી તો બેયને સમાન વેદના છે પણ વેદના વધારે ક્યાં ? શાથી?

આબરૂદારને બહાર દેખાતું દુઃખ દુઃખ નથી, પણ હૃદયનું દુઃખ વધારે છે. કોઈ રાજા નજરકેદ થાય ત્યાં એને દુઃખ વધારે શાથી લાગે છે ? એની સગવડ સચવાતી નથી પણ પૂર્વની સાહ્યબી, પ્રભુતા, સત્તા, મોભો, પરિસ્થિતિના સ્મરણથી જ એને પારાવાર દુઃખ થાય છે. એ જ રીતે નારકીમાં પણ સમકીતિ જીવને હૃદયનું દુઃખ વધારે હોય. 'આવું મળેલું છતાં હારી ગયો ! અમૃત પીવાનું હાથમાં હતું છતાં વિષપાન કર્યું !' આ રીતે પૂર્વ ભવના અંગે એને પશ્ચાતાપ એવો બાળી નાંખે કે જ્યાં નરકનું બીજું દુઃખ હિસાબમાં ન રહે. જોડે માલ લેવા છતાં, જેને નુકશાન જવાનું હોય છે તે વેપારીની બુદ્ધિ પલટાય છે, તે અવળો સોદો કરે છે ને ! એકને અઢળક લાભ થાય છે, બીજાને અઢળક નુકશાન થાય છે જેને નુકશાન થાય છે તેના પસ્તાવાનો કાંઈ પાર છે ? એ રીતે નારકીમાં સમકીતિ પસ્તાય છે, માટી સાટે માલ ન લીધો એ મૂર્ખાઈ કેવી ? પાસે રેતીનું રણ છે, એ રણની રેત જે લઈ જાય તેને ભારોભાર સોનાની હૂંડી લખી આપવાનું પાસેનું રાજ્ય જાહેર કરે, એથી વેપારીઓ રેતીના ઢગલા લઈ ચાલ્યા. માર્ગમાં ચોકીદારો મળ્યા, તેઓ જેઓ રેતી ત્યાં રજુ કરે તેને હૂંડી લખી આપતા. કેટલાકે તમામ ત્યાં નાંખી સોના માટે હૂંડી લીધી અને કેટલાકે વિચાર્યું કે આગળ કાંઈ વધારે મળતું હશે એમ ધારી અરધી આપી તે બદલ સોનાની હૂંડી લીધી અરધી રાખી, અને કેટલાકે તમામ રેતી રાખી. હવે બધા રાજધાનીમાં આવ્યા ત્યાં હૂંડી દેખાડતાં ધૂળ બદલ તેટલું સોનું મળ્યું પણ રેતી રાખનારના નસીબમાં રેતીજ રહી. હવે એના કાળજામાં દુઃખ ઓછું થાય ? જગતમાં પણ કર્મ રાજાનો કાયદો છે કે સંસારમાં દાખલ થનારે માટી લેવી, એ કાયદાનો અમલ આપણે જરૂર કરીએ છીએઃ શરીરને ધર્મમાં જોડશે તેને પુણ્યરૂપી સોનું મળશે આ પણ નિયમ છે. આ કાયદાનું સ્વરૂપ જણાવ્યું, એ કાયદો ફરજીયાત નથી. માટીના પિણ્ડે ધર્મ થાય એના જેવું અપૂર્વ કયું ? શરીરમાં હાડકાં, માંસ, લોહી અને ચામડી છે, એ વિના બીજુ કાંઈ છે ? આના વડે ધર્મ બની શકે તેના કરતાં બીજુ સદ્‌ભાગ્ય કયું ? જેઓ શરીરથી માત્ર મોજમજા કરે છે તેઓ માત્ર માંસના પિણ્ડને પોષવામાં આખું જીવન ગુમાવી દે છે. ધૂળને પોષાય છે પણ ધૂળ પેટે સોનું લેવાતું નથી એ કેવી મૂર્ખાઈ ? બધી રેતી વેચવાની જેઓની હિંમત નથી ચાલતી તેવા કેટલાક દેશવિરતિ અંગીકાર કરે છેઃ જો કે એ કિંમતી તો સોનું જ ગણાય છે પણ હિંમત નથી. સર્વવિરતિની કિંમત ગણે તે જ દેશવિરતિ કહેવાય. વાંદરાને સાતમીએ જવું છે માટે ફાળ તો સાતમી માટે જ મારે છે, ભલે પછી જાય પાંચમીએઃ એ રીતે સમકીતી કરવા લાયક તથા જરૂરી ધર્મને જ ગણે, સંસારને છોડવાલાયક માટે ફસામણ ગણે.

**શાસન પક્ષવાળાઓ તથા સુધારકોમાં ફરક ક્યાં છે ?**

શાસન પક્ષવાળાઓએ કાંઈ સંસાર છોડયો નથી, એ પણ સુધારકોની જેમજ દુનિયામાં રહ્યા છે

પણ માન્યતાના મુદ્દામાં ફરક છે. સુધારકો લૌકિકને જાળવીને ધર્મની જરૂર માને છે જ્યારે શાસન પ્રેમીઓ લૌકિકના ભોગે પણ ધર્મ કરવાનું માને છે. સુધારકો દેવપૂજા, સામાયિકાદિ નથી કરતા એમ નથી, શાસન પ્રેમીઓ બધા પૂજા વિગેરે કરે છે એમ પણ નથી, પણ ભેદ માન્યતાના મુદ્દામાં છે. સુધારકો જ્યારે ધર્મના ભોગે કર્મનું રક્ષણ માગે છે ત્યારે શાસન પ્રેમીઓ કર્મના ભોગે ધર્મનું રક્ષણ માગે છે. સુધારકો કર્મને સંપત્તિ સમાન ગણી ધર્મને આપત્તિ સમાન ગણે છે તેથી ધર્મના દરેક કાર્યો તેમને ખટકે છે કેમકે તેમનો સિદ્ધાંત ધર્મના ભોગે પણ કર્મ થવું જોઈએ એવો છે, જ્યારે શાસન પ્રેમીઓનો સિદ્ધાંત કર્મના ભોગે ધર્મ થવો જોઈએ એવો છે.

મુંબઈથી દિલ્હી તથા કલકત્તા જવા નીકળેલી રેલ્વે શરૂઆતનો ફરક કેટલો અને પછીનો ફરક કેટલો ? પહેલાં તો બેય ગાડી એક પાટે હતી. બેય ગાડી ચાલી, બેય વચ્ચે ફરક વધતો ગયો. ચોખા જેટલો ફેર વધતો વધતો સેંકડો માઈલનો થયો. તેવી રીતે આ બે વર્ગનો મૂળ ફરક આ, પછી રક્ષણના પ્રકરણમાં ફેર વધતો ગયો. એવાઓએ ધર્મ પણ આચર્યો, કર્મ પણ આચર્યાં. અંત અવસ્થાએ ચોકીદાર તમામ છોડી દેવાનું કહે છે. પોટલું પાંચ શેરનું હોય કે પાંચ મણનું હોય કે સો મણનું હોય, બધું અંતઅવસ્થાએ છોડી દેવાનું જ : ફરજીયાત જ ! જ્યારે સરવાળે આ રીતે શૂન્ય છે તો તેમાંથી ધર્મ શા માટે નથી મેળવાતો ? સમકીતિ નરકમાં એ જ પશ્ચાતાપ કરે છે. અનુપમ મનુષ્ય જાતિ, ઉત્તમ કુળ, સારી સામગ્રી મળેલ તેના સદુપયોગ નહિ કરતાં જીવન દુનિયાદારીમાં ગાળ્યું એનો એ પસ્તાવો કરે છે. સમકીતિને ત્યાં મહાવેદના આ રીતે છે. મિથ્યાદૃષ્ટિને આ વેદના નહિ માટે અલ્પવેદના બહાર જઈને વાક્યના અર્થને પલટાવતા ના ! જે દૃષ્ટિએ કહ્યું છે તે ધ્યાન રાખજો !

**નારકીમાં, દેવલોકમાં તિર્યંચમાં ચારિત્ર કેમ નથી ?**

નારકીને બિચારાને ધર્મ કરવાનો વખત જ નથી. તિર્યંચ પણ પરાધીન છે, એ બિચારાને માલીક છોડે અને ખાવાપીવા આપે ત્યારે તે ખાવાપીવા પામે. કહો કે એને એક વખત જાતિસ્મરણ જ્ઞાન થાય અને ધર્મ કરવા માગે તો પણ એ કરી શકે નહિ. તમે કહેશો કે જંગલી જાનવર તો સ્વતંત્ર છે ને? પણ તો પછી વસ્તી વગરના જંગલવાસી (જંગલી) એવા જાનવરોને ધર્મપ્રાપ્તિનો પ્રસંગ જ ક્યાં છે ? જાતિસ્મરણજ્ઞાન થાય, ભવાંતરનું જ્ઞાન થાય, મહાવ્રતો ઉચરે એ બધું થવાનો એને પ્રસંગ નથી. તિર્યંચો માટે મહાવ્રતનું ઉચ્ચારણ ? નવાઈ લાગશે ! પણ જે તિર્યંચો અનશન કરે છે તેઓ તે વખતે પ્રાણાતિપાતાદિના સર્વથા પચ્ચખ્ખાણ કરે છે. હિંસાદિનો સર્વથા ત્યાગ કરવો તેને મહાવ્રત કહીએ છીએ. છતાં શાસ્ત્રકાર ચારિત્ર કોને કહે છે ? મહાવ્રત અને ચારિત્રમાં ફરક ક્યાં પડે છે ? સામાયિકના પચ્ચખ્ખાણ બે ભાગે છે તેમ સામાયિકચારિત્ર બે ભાગે છે, 'કરેમિભંતે સામાઈય' એ એક ભાગ,

'સાવજ્જં જોગં પચ્ચક્ખામિ' એ બીજો ભાગ. જ્ઞાન, દર્શન, ચારિત્રનાં કાર્યો કરવાં જ જોઈએ. આ પ્રતિજ્ઞા કરી તેથી તેવાં કાર્યો થાય તેવું હોય છતાં ન કરો તો દૂષણ લાગે એમ માન્યું. ન જાણનારને આ જણાવવું જોઈએ. એવી રીતે ચારિત્ર માટે, હમેશાં ચારિત્ર લેનારા તથા પાળનારા તેમજ શુદ્ધિ કરનારા કેમ થાય એ ઉદ્યમ કરવો જ જોઈએ. બીજા ભાગમાં પાપવાળો વ્યાપાર (હિંસાદિ પાંચ વ્યાપાર) જિંદગીના ભોગે ન કરવા એ પ્રતિજ્ઞા છે. હવે જાનવરે હિંસાદિ પાંચ પાપો છોડયા એ વાત ખરી પણ સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રનો અંશ આવ્યો નહિ માટે તિર્યંચને ચારિત્ર નથી. નારકીને ચારિત્ર પરાધીનતાથી નથી, તિર્યંચને ભવસ્વભાવને લીધે નથી.

દેવતામાં આસક્તિ એવી છે કે એ ધર્મને કાતર મૂકે છે. દુનિયાદારીની ઉપાધિ ધર્મમાં કાતર મૂકનારી છે. 'મહાજન મારા માથા પર, મુરબ્બી પણ મારી ખીલી ખસે નહિ,' એવી દશા આપણી છે. દેવ, ગુરુ, ધર્મ એ ત્રણ જગતને પૂજ્ય, તારક એમ બોલવામાં વાંધો નહિ પણ દેહરે, ઉપાશ્રયે જતાં વચ્ચે ગ્રાહક (ઘરાક) મળ્યું તો ફૂલ વિગેરે સામગ્રી બીજાને સોંપી ઘરાક પતાવવા ચાલી જવાય છે. લાલચમાં ધર્મમાં ટકી શકતા નથી. લોભ વખતે દેવને દેશાંતરે મોકલો છો, ગુરુને ગણકારતા નથી અને ધર્મમાં ધક્કો મારી કાઢી મૂકો છો ધર્મ કરવાનો ખરો પણ ક્યાં સુધી ? સંસારની બાજીમાં ખલેલ ન થાય ત્યાં સુધી ! દશા આ તો આ છે ને ! સંસારની બાજી માટે ધર્મનો ધ્વંસ કરવા પણ તૈયાર! જ્યારે આપણી આ દશા છે તો દેવતાઓ એવા સુખ સમૃદ્ધિમાંથી ધર્મ તરફ ધ્યાન દે શી રીતે ? આપણને દોરીલોટામાં ધર્મ ન સૂઝે, સોનાના લોટાવાળા થઈએ તોયે ધર્મ ન સૂઝે તો રતનના મકાનોવાળા એ દેવતાઓને, રત્નોમય ઋદ્ધિ સમૃદ્ધિવાળાને ધર્મ કયા સ્વપ્નમાંયે આવે ? સમકિતથી કદાચ પરિણતિ થાય છતાં પ્રતિજ્ઞા તો બની શકતી જ નથી. દેવોને ઈચ્છા થઈ કે તરત કાર્ય થાય છે. ઈચ્છા તથા કાર્યસિદ્ધિ વચ્ચે આંતરું નથી, તેથી તેઓ ઈચ્છાને રોકી શકે નહિ. મનુષ્યને ઈચ્છા તથા સિદ્ધિની વચ્ચે આંતરું છે તેથી એને તક છે. દેવતાઓ ઈચ્છાની સાથે કાર્ય કરનારા હોવાથી વિરતિને લાયક નથી. મનુષ્યને વિરતિથી ખસવાનો વખત આવે તો પણ તેને સુધારવાનો અવકાશ છે. તેવી રીતે મેલા ચારિત્ર વગર શુદ્ધ ચારિત્ર છે જ નહિ. મેલું ચારિત્ર ગર્ભ તરીકે જ્યારે શુદ્ધ ચારિત્ર જન્મ તરીકે છે. પહેલાં મેલું ચારિત્ર હોય. પહેલાં ક્ષયોપશમ ભાવનું ચારિત્ર હોય, પછી ક્ષાયિક ભાવનું હોય. સમ્યક્ત્વ સીધું ક્ષાયિક થઈ જાય પણ ચારિત્ર ક્ષાયોપશમિક વગર ક્ષાયિક થાય નહિ. ક્ષાયોપશમિકપણું પહેલું આવે તે કર્મના ઉદયથી સંકલ્પ વિકલ્પ થવાના. આ રીતે દેવતાના ભવમાં ચારિત્ર થઈ શકે નહિ. નારકી તેમજ તિર્યંચના ભવમાં પણ ચારિત્ર નહિ, ત્યારે ક્યાં ? માત્ર મનુષ્યભવમાં.

**મોક્ષની સીડી મનુષ્યભવ જ !**

તેથી મોક્ષની નીસરણી (સીડી) માત્ર મનુષ્યભવ છે. કોઈપણ કાળે કોઈપણ જીવ મનુષ્યભવ વગર મોક્ષે જતો નથી. જેઓને સામગ્રી મળી નથી અને જ્ઞાનીની દૃષ્ટિએ મળવાની નથી તેવા જીવો જાતિભવ્ય કહેવાય, અભવ્યો રેતીના કણીયા જેવા, જાતિભવ્યો સ્વયંભૂરમણ સમુદ્રના તળિયે પડેલા તલના દાણા જેવા જાણવા, તેવી રીતે નિગોદમાં રહેલા ભવ્યો જાતિભવ્ય માટે હવે ભવ્યાભવ્યપણાનો પોતા માટે નિર્ણય કરવો જોઈએ. શાસ્ત્રકાર કહે છે કે આ પ્રશ્નમાં જ નિર્ણય સમાયેલો છે. 'બાપા! હું મુંગો નથી?' આવું છોકરો પૂછે ત્યાં બાપાએ ઉત્તર દેવાની જરૂર જ નથી. પોતે ભવ્ય છે કે કેમ એ શંકા જેને થાય તે ભવ્યજ છે. સૂત્રકાર જણાવે છે કે અભવ્યજીવને પોતાના ભવ્યાભવ્યપણા માટે શંકા થતી જ નથી.

જીવો બધા કેવલસ્વરૂપ છે. પોતાના દુઃખનો રસ્તો પોતાને આધીન છે. સ્વર્ગે જવું કે નરકે જવું એ ઈશ્વરની પ્રેરણાથી થાય છે એમ બીજા માને છે ત્યારે જૈનદર્શન માને છે કે પોતાનાં કર્મો પ્રમાણે સ્વર્ગે કે નરકે જીવ જાય છે. ફલ અને જવાબદારી આ જીવની જ છે. બીજા મતોની પેઠે ઈશ્વરના હિસાબે અને જીવના જોખમે એમ અહીં સમજવાનું નથી. જૈનમત પ્રમાણે જીવ એક ગતિથી બીજી ગતિએ જવામાં સ્વાધીન છે, અને જો એમ છે તો કયો મૂર્ખો નરકે જાય? પણ અભ્યાસ કરે તો પાસ થાય એ બધા જાણે છે છતાં બધા અભ્યાસ કરી બધા પાસ કેમ નથી થતા ? રમતગમતમાં પડે છે, આળસુ બને છે તેઓ પાસ થતા નથી. રોગી થવું કે નિરોગી થવું એ પોતાને આધીન છે તો કુપથ્ય કેમ કરો છો ? આરોગ્યનો ગુણ જાણવા છતાં જીભલડીની ગુલામીમાં બધું ભૂલી જાઓ છો ને ? એ રીતે અહીં સમજવું. એકલી જીભલડી નથી પણ પાંચ પાપી પડયા છે. પાંચે ઈંદ્રિયો તે પાંચ પાપી. ધર્મના, સંવર, નિર્જરાના ઉપયોગમાં ન આવે, આરંભ, આશ્રવના ઉપયોગમાં આવે તેને પાપી કહું છું. કુપથ્યથી વગર ઈચ્છાએ રોગ ભોગવવો પડે છે તો પાપમાં પ્રવર્તવાથી વગર ઈચ્છાએ પણ દુર્ગતિ ભોગવવી પડે તેમાં નવાઈ શી ?

# દીપાલિકા પર્વનો દિવ્ય મહિમા

જે શાસનને આધારે આપણે જીવાજીવાદિક તત્ત્વને સમજી શકીએ છીએ, પાપના અત્યંત કટુક અને દુરંત વિપાકોને વિચારીને તેના કારણભૂત હિંસા, જૂઠ, ચોરી, સ્ત્રીગમન અને પરિગ્રહ વિગેરેથી સર્વથા દૂર રહેવા માગીએ છીએ, ભવાંતરમાં મોક્ષને માટે જોઈતી બાદરપણું, ત્રસપણું, પંચેદ્રિયપણું, મનુષ્યપણું, પહેલું સંઘયણ વિગેરે સામગ્રી મેળવી આપનાર એવા પુણ્યના કારણોથી બેદરકાર રહેતા નથી, ઇંદ્રિય, કષાય, અવ્રત વિગેરે આશ્રવોને આત્માથી અલગ રાખવામાં અહર્નિશ ઉદ્યમ થવાય છે. મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, ભાવના પરિષહોનું જિતવું વિગેરેથી અનાદિકાલથી આત્મામાં સતત આવવા પ્રવર્તેલા કર્મોને રોકવારૂપ સંવરને સિદ્ધ કરવા માટે જે સામર્થ્ય વપરાય છે, અનશન, ઉણોદરી વિગેરે તથા પ્રાયશ્ચિત્ત, વિનય વિગેરેમાં થતી નિર્જરાનું લક્ષ રાખી કોઈપણ ભોગે જે પ્રવૃત્તિ કરાય છે, અંતમાં સર્વથા પામવાલાયક એક જ જે પદ મોક્ષ નામનું છે તેને માટે તેના સાધનભૂત નિર્ગ્રંથ પ્રવચન સિવાયના સર્વ પદાર્થોને અનર્થ કરનાર માનવા જે આ આત્મા ઉદ્યમવંત થાય છે તે સઘળો પ્રતાપ આ શાસનના પ્રણેતા શ્રમણ ભગવાન શ્રી મહાવીર મહારાજનો જ છે.

જો શ્રમણ ભગવાન મહાવીર મહારાજે પોતાના પહેલાના મનુષ્યભવમાં લાખ વરસ સુધી માસખમણની લાગલગાટ તપસ્યા કરવાપૂર્વક ચારિત્રઆરાધન કરીને આપણા જેવા જીવોના ઉદ્ધારને માટે તીર્થંકર નામ ગોત્ર ન બાંધ્યું હોત તો અને જો વર્તમાન શાસન ન પ્રવર્તાવ્યું હોત તો આ દુષ્ષમ કાલના આપણા જેવા અનાથ પ્રાણીઓની ધર્મરહિત દશા થઈ શી વલે થાત ? આપણે પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજના વર્તમાન શાસનને નહિ પામેલા જીવો ઘણા જ તીવ્ર બુદ્ધિવાળા છતાં, રાજામહારાજની સ્થિતિમાં આવેલા છતાં, ન્યાયાધીશ અને દેશનેતાઓના નામે દેશમાં ગૌરવ પામ્યા છતાં, યુક્તિથી રહિત, શાસ્ત્રથી બાધિત એવા ઈશ્વરકર્તાપણાના અસદ્ આલંબનમાં ટિંગાઈ રહેલા જ હોય છે. આરંભ, પરિગ્રહમાં સદાકાલ આસક્ત, સ્ત્રી, પુત્ર-આદિ પરિવારના પોષણમાં પ્રતિદિન પરાયણ થયેલા, મોટી મોટી ઋદ્ધિ અને મોટી મોટી સમૃદ્ધિઓમાં સંડોવાયેલાના ગાદીપતિને નામે, તે જાદવકુલના બાળકને નામે કે મઠપતિના નામે માનવા તૈયાર થાય છે અને જગતમાત્રના જીવની ઉપર દયાની દૃષ્ટિ દાખવવારૂપી ધર્મના સ્વરૂપ કે હકીકત સાંભળતાં, સંતોષ પામવો તો દૂર રહ્યો, પણ આંખમાંથી અંગારા વરસે છે તો આપણે પણ જો આ ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન પ્રભાવશાળી સર્વજ્ઞ વીતરાગ શ્રમણ ભગવાન મહાવીર મહારાજનું શાસન ન પામ્યા હોત તો શું ભવભ્રમણના ભરદરિયામાં ભટકવામાં કમી રહેત ખરા ? કહો કે એવા ભયંકર ભવસમુદ્રના ભ્રમણથી કંઈપણ આપણે બચી શકયા હોઈએ તો તે પ્રભાવ સર્વજ્ઞ ભગવાન મહાવીર મહારાજનો અને તેમના શાસનનો જ છે.

સામાન્ય રીતે સજ્જનતા એજ જગા ઉપર રહેલી ગણાય કે બીજાએ ઉપકારદૃષ્ટિ વિના પણ કરેલું કાર્ય જો આપણને ઉપકાર કરનારું થાય, તો તે કાર્ય કરનારને આપણે કૃતજ્ઞતાની દૃષ્ટિએ ઉપકારી માનવો

જ જોઇએ, અને તે જ દૃષ્ટિએ માતાપિતાએ આપણી અપેક્ષાએ આપણને જન્મ નહિ આપેલો છતાં, આપણા શેઠે પોતાના ધંધાની અનુકૂળતાએ જ આપણને નોકર રાખેલા હોય છતાં, અંતમાં પંચમહાવ્રતધારક, સંસારસમુદ્રથી પાર ઉતરેલા શ્રમણ ભગવંતો પણ પોતાના આત્માના ઉદ્ધારને લક્ષમાં રાખી આપણને જગત હિતકારી ધર્મનો ઉપદેશ આપે છે તેમાં પણ આપણે તે માતાપિતા, શેઠ કે ગુરુમહારાજની થયેલ સ્વાર્થસિદ્ધિને નહિ જોતાં કેવળ આપણા આત્માને તેનાથી થયેલા લાભની દૃષ્ટિ રાખી તેઓને મહોપકારી ગણી કૃતજ્ઞતાવાળા માનીએ છીએ, તો પછી જે શ્રમણ ભગવાન મહાવીર મહારાજે આપણા ઉદ્ધારને માટે પહેલાના મનુષ્યભવમાં લાખ વરસ સુધી માસખમણની તપસ્યા કરી, પરમ વિશુદ્ધ ચારિત્ર પાળી, કાયાની દરકાર નહિ કરતાં કેવળ આપણી દરકાર રાખી, તીર્થંકર નામગોત્રનો બંધ કર્યો, એટલું જ નહિ પણ શ્રમણ ભગવાન મહાવીર મહારાજના ભવમાં પણ જ્ઞાનાવરણીય આદિ સમસ્ત ઘાતિકર્મોનો ક્ષય કરી, સાડા બાર વર્ષ જેવા લાંબા કાળ સુધી કરેલી તીવ્રતમ તપસ્યાના કેવળજ્ઞાનરૂપી ફળને પ્રાપ્ત કરી કૃતાર્થ થયા છતાં ફક્ત આપણા ઉપકારને માટે જ જગતને તારનાર શાસનની સ્થાપના કરી, તો તેવા ત્રિલોકનાથ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર મહારાજનો ઉપકાર દેવ, ગુરુ, ધર્મના સ્વરૂપને જાણવાવાળો, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની સુધાસરિતામાં સ્નાન કરનારો અને અવ્યાબાધ, અનંત, અદ્વિતીય, અચલપદના અનંત સુખોને સ્વાધીન કરવા સજ્જ થયેલો સત્ત્વ એક ક્ષણ પણ તે ત્રિલોકનાથ તીર્થંકરના માત્ર જગતના તારણને માટે તીર્થપ્રવર્તના થયેલા પ્રયત્નના ઉપકારને ભૂલી શકે કેમ ?

ઉપરની હકીકત વિચારતાં આપણી ઉપર તેઓનો થયેલો અનહદ ઉપકાર પ્રતિક્ષણ યાદ કરવાલાયક છે એમ જ્યારે ચોક્કસ થાય છે તો પછી તે ઉપકારના બદલા તરીકે આપણે શું કરી શકીએ તેમ છીએ તે વિચારવું ઓછું અગત્યનું નથી. શાસનને અનુસરનારા દરેક સજ્જનો એટલું તો ચોક્કસ સમજી શકે છે કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજા વર્તમાનમાં સમગ્ર કર્મનો ક્ષય કરી શાશ્વત સિદ્ધિપદને વિષે સિધાવેલા છે અને તેથી તેમના આત્માને આપણે કોઈપણ રીતે કંઇપણ ઉપકાર કરી શકીએ તેમ નથી, પણ જગત જંતુમાત્રને પરમ પવિત્ર પંથે પ્રયાણ કરાવવામાં તત્પર એવા પરમેશ્વર પ્રવચનનો લેવડદેવડનો સિદ્ધાંત નથી, અર્થાત્ ઉપકાર કરનારને જો આપણે ઉપકાર કરીએ તો જ આપણે ઉપકારનો બદલો વાળ્યો ગણાય એમ નથી, પણ તેઓશ્રીએ આપણને જેવી રીતે માર્ગપ્રદાનનો ઉપકાર કર્યો છે તેવી રીતે અન્ય જીવો કે જેઓ જડવાદના જમાનામાં જકડાઇને જીવની જાહોજલાલી ઝાટકી નાખી પુદ્ગલના પરમાધમ પ્રવાહમાં તણાયેલા હોય તેવાઓને પરમોપકારી પરમેશ્વરના પ્રવચનના પરમ પીયૂષ સમાન પારમાર્થિક તત્ત્વનું પાન કરાવી પરપદને જ પરમ સાધ્ય તરીકે ગણવાવાળા કરીએ તો તે ઉપકારનો બદલો ગણી શકાય છે. ઉપકારી પુરુષના ઉપકારને અંગે જેઓને મોક્ષગતિ પામવાનો નિર્ધાર ન છતાં અન્યગતિમાં જવાનો નિર્ધાર હોય છે તેવા પણ ઉપકારી પુરુષના મરણદિવસને દરેક કૃતજ્ઞ મનુષ્ય તેના ઉપકારને અંગે દેવ, ગુરુની ભક્તિ અને ધર્મઆરાધન કરવા તત્પર થાય છે તો પછી અન્ય કોઈપણ જીવ ન કરી શકે તેવા અતિશય ઉપકારના પ્રવાહને વહેવડાવનારા અને અવ્યાબાધ પદની પ્રાપ્તિ કરી જન્મ, જરા, મરણના બંધને છેદનારા, સિદ્ધ, બુદ્ધ મુક્ત, પરિનિવૃત્ત અને સર્વદુઃખોનો નાશ કર્યો છે જેમણે એવા આસન્નઉપકારી, તીર્થપ્રવર્તક ભગવાન મહાવીર મહારાજના મોક્ષકલ્યાણકને દિવસે દેવ,

ગુરુની ભક્તિ અને પૌષધઆદિ ધર્માનુષ્ઠાનોથી તે મહોપકારીના ઉપકારનું સ્મરણ કરવા ઉપયોગી થાય તેમાં આશ્ચર્ય શું ? યાદ રાખવું કે જૈનશાસનના પવિત્ર ઝરણામાં શોકરૂપી કાજળને અવકાશ નથી, અને તેથી જ શ્રમણ ભગવાન મહાવીર મહારાજના નિર્વાણ દિવસને પણ કલ્યાણક તરીકે ગણી ઉત્સવથી જ ઊજવવાનો છે, કેમ કે જો કે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજનો મોક્ષ થયો એવું શ્રવણ આપણા આત્માને સિદ્ધિની સાધનસામગ્રીની થયેલી નુકશાનીને અંગે વજ્રપાત જેવું ભયંકર લાગે, પણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને ઉપદેશેલું અને દરેક સમ્યગ્દૃષ્ટિએ હૃદયકમળમાં કોતરેલું એવું પર્યંતપ્રાપ્ય પરમપદ પ્રાપ્ત થાય તેમાં દરેક ભવ્યજીવો આનંદની અવ્યાહત લહેરમાં વિલસે તેમાં આશ્ચર્ય જ નથી.

પૂર્વે જણાવેલી હકીકત પ્રમાણે વર્તમાન શાસનમાં વર્તતા વિચારવંત વિચક્ષણોને થયેલી માર્ગપ્રાપ્તિની ખાતર શ્રમણ ભગવાન મહાવીર મહારાજના મોક્ષકલ્યાણકનો દીપાલિકા પર્વનો દિવસ આરાધવા લાયક છે, અને વળી તે મહાપુરુષના ગુણગણની ઝળકતી કારકિર્દી વિચારનાર કોઇપણ મનુષ્યને આ દીપાલિકા પર્વનો દિવસ સજ્જનતાની ખાતર પણ આરાધવા લાયક જ છે. તેમના ગુણગણની અનંતતાને એક બાજુએ રાખી સામાન્ય દૃષ્ટિએ તેમના ચરિત્ર તરફ નજર કરીએ તો પણ તે મહોપકારી મહાવીર ભગવાનની આરાધના કરવા માટે દીપાલિકાપર્વની આરાધનાથી જરૂરીયાત ઝળકશે.

૧. જગતમાં પુત્રના લક્ષણ પારણામાંથી જણાય એમ કહી પુત્રના ભાવિ જીવનનું ભવિષ્ય પારણામાં જણાવવાનું ગણાય છે ત્યારે શ્રમણ ભગવાન મહાવીર મહારાજાનું ભાવિ જીવન તેઓશ્રી માતાની કૂખે પધાર્યા તે જ વખતે સ્પષ્ટ થઇ ગયું હતું, કેમકે જે રાત્રિએ શ્રમણ ભગવાન મહાવીર મહારાજા માતાની કૂખે આવ્યા તેજ રાત્રિએ એક જ વખતે ચૌદ મહાસ્વપ્નો તેઓશ્રીની ભાગ્યવત્તાને સૂચવનારાં તેઓશ્રીની માતાએ દેખ્યાં.

૨. કોઇપણ ભાગ્યશાળી પુરુષ માતાની કૂખે આવે ત્યારે તે ભાગ્યવાનની માતા એકાદું ગજાદિકનું સ્વપ્ન દેખે છે જ્યારે શ્રમણ ભગવાન મહાવીર મહારાજની માતાએ તેજ રાત્રિએ એકી વખતે સિંહ, ગજ વિગેરે ચૌદ મોટાં સ્વપ્ન દેખેલાં છે.

૩. જગતની વિચિત્રતાઓ અનેક પ્રકારની આપણે સાંભળીએ અને દેખીએ છીએ છતાં ગર્ભવતી માતાના ઉદરમાં ગર્ભને અંગે લોહી વિગેરેનો બીજો જમાવ ન થાય તેવું સાંભળવામાં કે દેખવામાં આવ્યું નથી છતાં ત્રિલોકનાથ ભગવાન મહાવીર મહારાજની માતાના ગર્ભાશયમાં ત્રિલોકનાથ આવે ત્યારે સમગ્ર ગર્ભકાળ સુધી બીજો કોઇ રૂધિરનો જમાવ વિગેરે બનાવ હોતો નથી.

૪. જગતના કોઇપણ મનુષ્યનાં શરીર લાલ રૂધિર અને માંસ સિવાયનાં હોતાં નથી, છતાં શ્રમણ ભગવાન મહાવીર મહારાજનું શરીર નિર્મળ અને નીરોગ છતાં સફેદ લોહી અને માંસવાળું હતું (જોકે શ્રદ્ધાહીનોને લોહી અને માંસોની સફેદાઇ માનવી અસંભવિત લાગે પણ તેઓ કે બીજાઓ ચિંતવી પણ ન શકે તેવો બનાવ હોવાથી જ તીર્થંકરના અતિશય તરીકે ગણાય છે. જો તેવો સફેદાઇનો બનાવ સાહજિક હોત તો તે અતિશય તરીકે ગણાત જ નહિ.)

૫. ગર્ભચલનથી માતાને થતા દુઃખને વિચારવું અને તેથી ગર્ભમાં જ પોતાના અંગોપાંગોને સમાધિસ્થ મહાત્માઓના અંગોપાંગોની જેમ સ્થિર કરી રાખવા એ કાર્ય કરનાર શ્રમણ ભગવાન મહાવીર.

૬. માતાપિતાએ પોતે ગર્ભમાં રહેલા તે વખતે ગર્ભને જાળવવા માટે કરેલા હદ બહારના પ્રયત્નોથી માતાપિતાના સ્નેહને જાણીને પોતાની દીક્ષા થાય તો તેઓ જીવી શકશે નહિ એવું ધારી

માતાપિતાના જીવન સુધી દીક્ષા નહિ અંગીકાર કરવાનું નિયમિત કરનાર શ્રમણ ભગવાન મહાવીર.

૭. બાલ્યાવસ્થામાં પણ ભયંકર કાળા નાગના પ્રસંગે તથા તાડ જેવા ઊંચા વેતાલે ઉઠાવી લેવાના પ્રસંગે ધૈર્ય રાખનાર હોય તો તે શ્રમણ ભગવાન મહાવીર.

૮. પૂર્વ ભવથી અપ્રતિપાતી નિર્મળ, શુદ્ધ એવા મતિ, શ્રુત અને અવધિજ્ઞાનને સાથે લાવેલા હોઈ સર્વ સામાન્ય પદાર્થોને જાણવાવાળા છતાં પાઠશાળામાં પંડિત પાસે ભણવા મેલવાના પ્રસંગ સુધી ગાંભીર્ય ધરાવનાર શ્રમણ ભગવાન મહાવીર.

૯. દીક્ષિત થયાં છતાં પિતાના મિત્ર વિપ્રની દયા લાવી દેવદુષ્ય કે જેની કિંમત લાખ સોનૈયાની થાય છે તેમાંથી અર્ધું આપનાર શ્રમણ ભગવાન મહાવીર.

૧૦. કાંટામાં પડી ગયેલા શેષ અર્ધ દેવદુષ્યની દરકાર નહિ કરનાર શ્રમણ ભગવાન મહાવીર.

૧૧. ગોવાળીયા, જોષી, ચોર, વ્યંતરના ઉપસર્ગો શૂલપાણિ યક્ષ અને સંગમદેવના ઉપસર્ગો, ક્રોધ વગર ક્ષમાથી નિશ્ચલપણે સહન કરનારા શ્રમણ ભગવાન મહાવીર.

૧૨. સિદ્ધાર્થ અને ત્રિશલા રાણીના કલ્પાંતથી, દેવાંગનાઓના નાટ્યારંભથી અને સંગમ દેવતાના વિભ્રમ ઉપજાવનારા વાક્યોથી ચલાયમાન નહિ થનાર શ્રમણ ભગવાન મહાવીર.

૧૩. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ એ ચારે પ્રકારના પ્રતિબંધોથી દૂર રહી ઈર્યાસમિતિ આદિ સાધુ આચારમાં સાવધાન થઈ છ મહિનાના ઉપવાસે દાસી થયેલી રાજપુત્રીના હાથે અડદના બાકળાથી પારણું થવાવાળા અભિગ્રહને કરનાર શ્રમણ ભગવાન મહાવીર.

૧૪. વાસુદેવના ભવમાં અને પછીના બીજા દેવલોકાદિક ભવોમાં ગૌતમસ્વામીજીના જીવની સાથે સ્નેહ સંબંધે જોડાયેલો જીવ તે શ્રમણ ભગવાન મહાવીર.

૧૫. અહંકારવાળાને ગણધરપદ આપનાર, રાગે રંગાયેલાને ગુરુ ભક્તની પદવીએ પહોંચાડનાર અને વિખવાદના વમળમાં વહેતા ગૌતમને વિમળ કેવળાલોક અર્પણ કરનાર શ્રમણ ભગવાન મહાવીર.

૧૬. જેમના નિર્વાણને દિવસે ચેડા મહારાજાના સામંત એવા અઢાર ગણરાજાઓએ પૌષધોપવાસ કર્યો હતો તે શ્રમણ ભગવાન મહાવીર.

૧૭. જેમના નિર્વાણના દિવસને સમસ્ત જગતે દીપાલિકા પર્વ તરીકે આરાધ્યું, આરાધે છે અને આરાધશે તે શ્રમણ ભગવાન મહાવીર.

આ વિગેરે અનેક નવનવા વૃત્તાંતોથી જેમનું જીવન ભરપૂર હતું એવા અનંત જ્ઞાનાદિ ગુણોએ યુક્ત શ્રમણ ભગવાન મહાવીર મહારાજના નિર્વાણ દિવસરૂપી દીપાલિકાપર્વનું આરાધન કરતાં દરેક ભવ્ય આત્માઓને પોતાના જીવનને કૃતાર્થ ગણી જન્મને સફળ ગણવો જોઈએ.

તા. કઃ, મહાવીર મહારાજના જીવનની ગર્ભાપહાર, મેરુચલન વિગેર હકીકતોને કર્મવીર કૃષ્ણના લેખકે જે અનુકરણ તરીકે જણાવી છે તે ભાગવતનું ઘણા જ પાછલા સમયમાં બનવું અને મહાભારતમાં સમય સમય પર જુદા જુદા વધારા થવા એ વિગેરે હકીકત ખ્યાલમાં લીધા સિવાય જૈનઆગમ અને જૈનશાસ્ત્રોને અન્યાય કરનારું લખાણ થયું છે તે કોઈપણ ભવ્યો ખમી શકે નહિ તેવું છે.

* * *

# મહાસતી મયણાસુંદરીની મનનીય મનોદશા.

**દેવદર્શન અને ગુરુવંદન.**

બાહ્યદૃષ્ટિથી લોકોથી નિંદા પામેલી, કુટુંબથી વિખૂટી પડેલી, એક પરદેશી નિર્ધન અને રોગી ટોળાંના એક કોઢીઆ ભર્તારને વરેલી શ્રી મયણાસુંદરી કર્મનાં કારણો, તેનાં ફળોને સમજતી હોવાથી, તેમજ તે સમજણ તન્મયતા પ્રાપ્ત થયેલી હોવાથી આવા અત્યંત શોચનીય સંજોગોમાં પણ આર્તધ્યાનને અંશે પણ અવકાશ આપતી નથી, કારણ કે પાપકર્મના ઉદયથી આવેલાં દુઃખોને અનુભવતી વખતે મનુષ્ય જો આર્તધ્યાનમાં પ્રવેશ કરે તો તેનું ભોગવેલું દુઃખ સર્વથા વ્યર્થ જાય, કેમકે દુઃખની વખતે પણ કરેલા આર્ત, રૌદ્ર ધ્યાનથી બંધાયેલાં પાપો ફેર નવાં દુઃખોને ઉભાં કરવાનાં જ છે, એટલે જે દુઃખ આ વખતે અનુભવ્યું તે તો વ્યર્થ જ ગયું, કેમકે કરેલા આર્તધ્યાનને લીધે વેઠેલા જેવું કે તેનાથી અધિકતર દુઃખ ભોગવવાનું તો જીવને ઉભું જ રહ્યું. આવી રીતની શાસ્ત્રીય હકીકત તે મહાસતીના ખ્યાલમાં હોવાથી તે અંશે પણ આર્તધ્યાનમાં પ્રવેશ ન કરે તે સ્વાભાવિક જ છે. જો કે સ્થૂળદૃષ્ટિથી તો મહાસતી શ્રી મયણાસુંદરી જેવા પ્રસંગો અન્ય જીવોને તો તીવ્રતર રૌદ્રધ્યાનમાં ફેંકી દે, કેમ કે રાજાની દૃષ્ટિએ સર્વ સુંદર અને અસુંદર કર્તવ્યની જવાબદારી રાજાના ઉપર જ હતી અને તે માની લીધેલી જવાબદારીને અદા કરવા માટે જ રાજાએ મહાસતી શ્રી મયણાસુંદરી ઉપર જુલમનો વરસાદ વરસાવ્યો છે, અને તેથી મહાસતી શ્રીમયણાસુંદરી જો શાસ્ત્રીય સિદ્ધાંતને શરણે સ્થિર ન રહે તો પોતાના સત્ય એવા કર્મવાદને પણ તે સમગ્ર દુઃખનું કારણ જાણી અરૂચિકર ગણે અને તેવી દશા થતાં પોતાના પિતાશ્રી રાજેશ્વર તરફ રૌદ્રધ્યાનની પ્રવૃત્તિનો પાર રહે નહિ, અને તે સત્ય એવા કર્મવાદની જાહેરાતથી કોપાયમાન થયેલા રાજાએ પોતાની સત્તાનો સોટો ચલાવવા માટે શ્રી મયણાસુંદરી જેવી પુત્રીને હેરાન કરવાની બુદ્ધિથી જ દુઃખના દરિયામાં ડુબાડી છે. તેવા પ્રસંગે પ્રજાજનને કર્મવાદની ડગલે પગલે અનુભવાતી સત્યતાની ખાતર રાજાના અભિમાન ઉપર તિરસ્કાર છૂટવો જોઇએ અને રાજેશ્વરે કરેલાં ક્રોધનાં કુટિલ કાર્યોને ભોગ બનેલી મહાસતી શ્રીમયણાસુંદરી ઉપર દયાની દૃષ્ટિ ઝળકવી જોઇએ તે સ્થાને જ્યારે પ્રજાજન કર્મવાદના સત્ય સ્થાનમાં રહેલી શ્રીમયણાસુંદરીની અને સદાકાળ અવિચ્છિન્ન સત્ય એવા કર્મવાદના સિદ્ધાંતને શીખવનાર અધ્યાપકની તરફ તેમજ કર્મના સિદ્ધાંતોને વિવિધ પ્રકારે સમજાવીને સુખની સામગ્રીમાં મદોન્મત્ત દશા નહિ થવાનું તથા ઉત્કટમાં ઉત્કટ દુઃખની સામગ્રીમાં શોકના સાગરમાં નહિ સરકી જવાનું શીખવનાર પૂર્વાપર વિરોધ રહિત, સર્વજ્ઞે કહેલો, મુમુક્ષુ અને સાધુ પુરુષોએ ગ્રહણ કરેલો, સમગ્ર જગતમાં

જીવોના હિતને માટે જ પ્રકાશાયેલો એવો ઉત્તમોત્તમ જૈનધર્મ તે પ્રજાજનની દૃષ્ટિમાં અધર્મ અને અનર્થકારક તરીકે આવે ત્યારે તે પ્રજાજન ઉપર મહાસતી શ્રીમયણાસુંદરી જો કર્મવાદના અવિચળ સિદ્ધાંતને અવલંબવામાં જરા પણ ઢીલી થાય તો દ્વેષ આવવામાં બાકી રહે નહિ અને તેથી રાજા અને પ્રજાજને આશ્રીને તે શ્રીમયણાસુંદરીને રૌદ્રધ્યાન પુરવાનો વખત આવે પણ સતી શિરોમણિ શ્રીમયણાસુંદરીને તો આવા વિકટતમ પ્રસંગના અનુભવમાં પણ આર્તધ્યાનનો અંશ પણ આવ્યો નથી અને તેથી જ તેવા વિકટ પ્રસંગે પણ ધર્મધ્યાનરૂપી કલ્પવૃક્ષની છાયામાંથી તેનો આત્મા બહાર નીકળ્યો નહિ અને તેથી તેવા પ્રસંગે પણ ત્રિલોકનાથ તીર્થંકરના દર્શન અને પૂજ્યપાદ ગુરુ મહારાજના વંદનની જ તેણે પ્રવૃત્તિ કરી અને પોતાના મુરબ્બી એવા શ્રીપાલ મહારાજને પણ તેજ કાર્યમાં જોડયા. મનુષ્ય ઘણી વખત આપત્તિમાં અટવાયેલો અને મોહમાં મુંઝાયેલો હોય છતાં પણ વ્યવહારિક નિત્ય પ્રવૃત્તિને વળગી રહે એ જેમ કેટલાક ધર્મપ્રવૃત્ત પુરુષોને બને છે તેમ કેવળ વ્યવહાર પ્રવૃત્તિદ્વારા એ જ આ મહાસતી શ્રીમયણાસુંદરીનું દેવદર્શન કે ગુરુવંદન નથી, પણ જગતમાં ગણાતી અશુભ દશાઓના કારણ તરીકે જો કોઇપણ હોય તો તે બીજું કોઈ જ નહિ પણ કેવળ પાપ જ છે અને તેવા પાપનો નાશ કરવામાં પહેલું પગથીયું તો એ જ છે કે તે પાપના ઉદયે આવેલાં દુઃખોને નિર્જરાનું સાધન માની સમતાભાવે સહન કરવાં જોઇએ અને જગતમાં રોગથી ઘેરાયેલો પુરુષ રોગના નાશને માટે વૈદ્ય અને ઔષધને જેવી હિતબુદ્ધિથી ગ્રહણ કરે તેવી રીતે ભવિષ્યમાં દુઃખ દેનારાં પાપકર્મો બંધાય નહિ અને પહેલાંના બંધાયાં હોય તે પાપરોગનો નાશ કરે એવું પાપનું ઔષધ આ દેવદર્શન અને ગુરુચરણકમળનું વંદન છે, એમ આ મયણાસુંદરીને રોમેરોમ વ્યાપેલું હોઈ તે દેવદર્શન અને ગુરુવંદનની ક્રિયા કરતાં રોમેરોમે આનંદિત થયેલી છે. દેવદર્શન પાપનું ઔષધ છે એમ ધારનારી આનંદના અપૂર્વ અબ્ધિમાં અવગાહેલી મહાસતી શ્રીમયણાસુંદરી ત્રિલોકપૂજ્ય અર્હત્‌પરમેશ્વરની સ્તુતિ કરતાં તે દુઃખદશાને અંશે પણ નહિ સંભારતાં ભગવાન તીર્થંકરના ગુણોનીજ સ્તુતિ કરતી ભગવાન ઋષભદેવજીની સ્તુતિ કરે છે. તે સ્તુતિ કેવી છે તે આપણે જોઇએઃ-

भत्तिभरनमिरसुरिंदींवद-वंदिअपय पढमजिणंद चंद ।
चंदुज्जलकेवलकित्तिपूरपूरियभुवणंतरवेरिसूर ॥ १७४ ॥
सूरुव्व हरिअतमतिमिर देवदेवासुरखेयरविहिअसेव ।
सेवागयगयमयरायपायपायडियपणामह कयपसाय ॥ १७५ ॥
*सायरसमसमयामयनिवास, वासवगुरुगोयरगुणविकास ।*

कासुज्जलसंजमसीललील, लीलाइ विहिअमोहावहील ॥ १७६ ॥

हीलापरजंतुसु अकयसाव, सावयजणजणिअआणंदभाव ।

भावलयअलंकिय रिसहनाह, नाहत्तणु करि हरि दुक्खदाह ॥ १७७ ॥

इअ रिसहजिणेसर भुवणदिणेसर, तिजयविजयसिरिपालपहो ।

मयगाहिअ सामिअ सिवगइगामिअ, मणह मणोरह पूरिमहो ॥ १७८ ॥

જેના ચરણકમળમાં ભક્તિપૂર્વક ઇંદ્રના સમુદાયે નમસ્કાર કરેલો છે, જેઓ અઢાર કોડાકોડી સાગરોપમ અજ્ઞાનમય અંધારાને દૂર કરનાર હોઇ પ્રથમ જિનેશ્વર છે, જેઓએ સંપૂર્ણ અને ચંદ્ર જેવી ઉજ્જવળ કીર્તિના સમુદાયે જગતને ભરી દીધું છે, જેઓએ પોતાની સત્તામાત્રથી આત્માને સ્વસ્વરૂપથી ચલિત કરી દેનાર કામ, ક્રોધાદિ અંતરંગ શત્રુઓને દૂર કરવામાં જ શૌર્ય ફોરવ્યું છે, જેઓએ અજ્ઞાન અંધકારનાં પડલોનો નાશ કરવામાં અંતરંગ સૂર્યની સ્થિતિ પ્રાપ્તિ કરી છે, જેમની દેવતા, વિદ્યાધરો અને અસુરોએ સેવા કરી છે, જેમના ચરણકમળમાં માનના શિખર ઉપર ચઢેલા રાજાઓ પણ પોતાના અભિમાનને છોડીને સેવા માટે આવેલા છે અને જેઓએ વસ્તુના સત્યસ્વરૂપને પ્રગટ કરવાદ્વારા એ જગતના જીવો ઉપર પ્રસન્નતા વરસાવી છે, જેઓ આદરપૂર્વક અનુભવાતા સમતારસને જન્મ આપનાર શાસ્ત્રરૂપી અમૃતના સ્થાનભૂત છે, જેમના ગુણનો વિકાસ બૃહસ્પતિની વાણીના જ વિકાસમાં આવી શકે છે, ઉજ્જવળ સંયમ અને શીલરૂપી લીલાઓને જેઓ ધારણ કરનારા છે, જેઓએ લીલામાત્રથી મોહમહીધરનો નાશ કર્યો છે, નિંદા કરવાવાળા જીવો ઉપર જેમણે શાપ વરસાવ્યો નથી, જેમના અમૃતમય વચનોને સાંભળનારા લોકો સર્વદા આનંદિત અવસ્થામાં જ મગ્ન રહે છે, જેઓ નિષ્કલંક અધ્યવસાયે અલંકૃત છે એવા ભગવાન ઋષભદેવજી મારા આત્માને નહિ પ્રાપ્ત થયેલા જ્ઞાનાદિ રત્નોની પ્રાપ્તિ અને પ્રાપ્ત થયેલા જ્ઞાનાદિ રત્નોનું રક્ષણ કરવારૂપ નાથપણું કરીને દુઃખદાવાનળને હરનારા બનો. હે ઋષભજિનેશ્વર, હે જગતના સૂર્ય, હે ત્રિજગતની વિજયલક્ષ્મીને પાલન કરનાર પ્રભો, શિવગતિને પામેલા હે સ્વામી હું જે મયણા તેના શિવપદ પ્રાપ્તિરૂપી મનના મનોરથોને પૂરનારા થાઓ.

આ પ્રમાણે કરાયેલી સ્તુતિના ભાવાર્થમાં ઉતરનારા ઉત્તમ પુરુષો સ્પષ્ટપણે સમજી શકે તેમ છે કે આપત્તિના ઊંડા ખાડામાં ખડકાયેલી મયણા તે આપત્તિના ખાડાની દરકાર કરતી નથી, પણ એવા કેવળ આત્મસ્વરૂપના અવ્યાબાધ મનોરથોમાં મહાલી રહેલી છે. જો કે ભક્તિમાન જીવો દેવ, ગુરુ કે ધર્મની આરાધનામાં મળતા અપૂર્વ લાભને સમજનારા હોઇ કચરા જેવા અને સર્વથા છાંડવાલાયક એવા પૌદ્ગલિક ભાવોમાં પરાયણ થતા નથી, પણ ગુણવાન જીવોની સર્વ પ્રકારે ભક્તિ કરવી તે ઉત્તમ પુરુષોનું

કર્તવ્ય હોવાથી જગતમાં ઉત્તમ ગણાતા એવા દેવો તે ભક્તિમાન પુરુષોની ઉપર અત્યંત ખુશ થાય છે અને આત્મીય ગુણોને અર્પણ કરવાની તાકાત પોતાનામાં નહિ હોવાથી ઈષ્ટસંયોગો ઉત્પન્ન કરવાને જરૂર તૈયાર થાય છે, અને તેવો ચમત્કાર અત્રે મહાસતી શ્રીમયણાસુંદરીને અંગે બને છે ને તે એજ જે ભગવાન ઋષભદેવજીની સ્તુતિ કરવામાં આવી છે તે ભગવાન ઋષભદેવજીના કરકમળમાં રહેલું બિજોરું અને કંઠસ્થાનમાં રહેલી શ્રેષ્ઠ પુષ્પની માળા ઉછળીને મહાસતી શ્રીમયણાસુંદરી અને ભાગ્યવાન શ્રી-શ્રીપાલ મહારાજની પાસે આવીને સકળજન સમક્ષ પડયાં.

આ પ્રસંગે તે બિજોરા અને માળાની કંઈ કિંમત ગણાય નહિ, પણ અચેતન એવી મૂર્તિના ગળામાં રહેલી માળા ઉછળીને દૂર રહી સ્તુતિ કરનારી મયણાસુંદરી પાસે આવી પડે અને ગભારામાં રહેલી મૂર્તિના હાથમાં રહેલું બિજોરું ગભારાની બહાર સ્તુતિમાં જોડાયેલા મહાપુરુષ શ્રીપાલની પાસે આવી પડે એ અધિષ્ઠાયકનો કરેલો પ્રસાદજ ખરેખર ચમત્કારને કરનાર છે, પણ ઉત્કટ વિપત્તિના વમળમાં ગુંચાયેલી મયણાસુંદરી જેમ આર્તધ્યાનની ધગધગતી ધમણમાં ધકેલાઈ ન હતી, તેવીજ રીતે અહીં અધિષ્ઠાયકના અદ્વિતીય પ્રસાદઅર્પણના સાક્ષાત્કારમાં પણ તે મહાસતી વિચારવમળમાં સંડોવાઈ નહિ, પણ તત્કાળ ભવોદધિતારક, પરમ નિર્ગ્રંથ, સમતાસિંધુ, સાધુસમુદાયના અધિપતિ મુનિચંદ્રસૂરિ પાસે ગુરુવંદનના હર્ષથી ભરાયેલી એવી મહાસતી મયણાસુંદરી પોતાના ભર્તારને લઈને જાય છે અને વિધિપૂર્વક ભક્તિથી તે મુનિચંદ્રસૂરિ મહારાજના ચરણકમળને નમસ્કાર કરે છે.

---

## માનવંતા ગ્રાહકો પ્રત્યે.

આ ચાલુ અંકથી વી. પી. કરવાં શરૂ કર્યાં છે. જે ગ્રાહકોને આ અંક વી. પી. થી ન મળ્યો હોય તેમને આવતો અંક જરૂર વી. પી. થી મોકલવામાં આવશે જે સ્વીકારવા વિનંતિ છે. મુંબઈના ગ્રાહકોએ આ પત્રની ઓફિસમાં લવાજમ તુરત ભરી જવું, જેથી વી. પી. ખર્ચ બચી શકશે. પૂજ્ય મુનિમહારાજાઓને આ અંક પછીના અંકો ભેટ મોકલવા બંધ થશે, માટે જેઓએ ગ્રાહક તરીકે મંગાવવા ઈચ્છા હોય તેઓએ તુરત લખી જણાવવું. જે કોઈને ગ્રાહક તરીકે રહેવાની ઈચ્છા ન હોય તેમણે પત્ર લખી સમિતિને આ અંક મળતાં તુરત ખબર આપવી. જેથી નાહક વી. પી. ખર્ચમાં ઉતરવું ન પડે. નવા ગ્રાહક થનારાઓએ પોતાનાં નામો મોકલી આપવાં, જેથી તે પ્રમાણ વધુ કોપીઓ કઢાવી શકાય, કારણ કે ગ્રાહક જેટલીજ નકલો છપાવાય છે, માટે પાછળથી પસ્તાવું ન પડે, તેથી નોંધ લેવા વિનંતિ છે. બારમાસનું લવાજમ ફક્ત રૂપિયા બે.

લી.

ભૂલેશ્વર, લાલબાગ, મુંબઈ. | શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.

# પરમ પવિત્ર પર્યુષણા પર્વની વ્યવસ્થા અને તેનાં પવિત્ર કાર્યો.

(ગતાંકથી ચાલુ)

## પૂર્વધરના કાળમાં જૈનશાસ્ત્રો કે અન્ય શાસ્ત્રો અધિક માસ કયા ગણતા ?

જો કે પૂર્વધરોના કાળમાં જૈનમતવાળા અને બીજા લોકો પણ ફકત પોષ અને અષાઢ માસનીજ વૃદ્ધિ માનતા હતા એમ જૈનના સૂર્યપ્રજ્ઞપ્તિ આદિ શાસ્ત્રો અને અન્યમતના કૌટિલ્ય આદિ શાસ્ત્રોથી સિદ્ધ થાય છે. અન્યમતમાં પણ તે વખતે પોષ અને અષાઢ સિવાયના અન્ય કોઈપણ માસની વૃદ્ધિ થતી નહિ હોય એમ સ્પષ્ટ જણાય છે, કારણ કે કૌટિલ્ય નામના નીતિશાસ્ત્રમાં પોતે નિરૂપિત કરેલા અધિકારોમાં જ્યાં જ્યાં મતાંતરો હતાં ત્યાં ત્યાં મતાંતરોનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે છતાં પોષ અને અષાઢની વૃદ્ધિ માટે કોઈપણ મતાંતર નહિ હોવા જણાવ્યું નથી તેમજ અન્ય માસની વૃદ્ધિ માટે પણ મતાંતર જણાવ્યું નથી. એ ઉપરથી એવો નિર્ણય કરવામાં કારણ મળે છે કે પૂર્વધરોના વખત સુધી પોષ અને અષાઢ સિવાય અન્ય માસની વૃદ્ધિ માનનારો કોઈપણ વર્ગ ન હતો, પણ સર્વજનતા પોષ અને અષાઢની જ વૃદ્ધિ માનતી હતી અને તેમાં પણ જૈન અને જૈનેતર સર્વજનતા દરેક ત્રીસ મહિને એક મહિનો વધારી યુગના મધ્યમાં ત્રીસમો પોષ મહિનો અને તે પછી ત્રીસમો એટલે યુગના અંતરૂપી અષાઢ એ જે સાઠમો મહિનો તેને જ વધારતી હતી એટલે ત્રીજ અને પાંચમે વર્ષે જ મહિનાની અધિકતા નિયમિત રહેતી હતી વર્તમાનમાં ચૈત્રાદિક મહિનાની અધિકતા આવવા છતાં પણ માસવૃદ્ધિ તો ત્રીજે અને પાંચમે વર્ષે જ હોય છે એટલે ત્રીજે અને પાંચમે વર્ષે અધિક મહિનો આવવામાં ફેર પડતો નથી તોપણ અન્ય અન્ય મહિના ચૈત્રાદિક અધિક આવે છે, પણ પૂર્વધરોના વખતે તો નિયમિતપણે યુગના મધ્યમાં પોષ અને અંતમાં અષાઢ જ વધતા હતા, અને તેથી શાસ્ત્રોમાં યુગના ત્રીજા અને પાંચમા વર્ષને જ અભિવર્ધિત એટલે અધિકમાસવાળા વર્ષ તરીકે જ ગણતા હતા અને તેથી યુગના પહેલા, બીજા ને ચોથા વર્ષને ચંદ્ર વર્ષ તરીકે ગણી બાર ચંદ્ર માસોનું વર્ષ પૂરું કરતા હતા, અને અભિવર્ધિત વર્ષમાં માસની વૃદ્ધિ હોવાથી તેર ચંદ્ર માસે વર્ષ પૂરું કરતા હતા અને તે તેર ચંદ્ર માસે વર્ષ પૂરૂં થતું હોવાથી તે ત્રીજા અને પાંચમા વર્ષને અભિવર્ધિત વર્ષ તરીકે જણાવતા હતા. જો કે અભિવર્ધિત વર્ષને બારે ભાગી તેના બારમા ભાગને એટલે અધિક એવા એકત્રીસ દિવસને અભિવર્ધિત માસ તરીકે ગણતા હતા, પણ માત્ર તે ઉપચારથી જ ગણત્રી હતી, કારણ કે પાક્ષિક વિગેરે અનુષ્ઠાનો તે અભિવર્ધિતના બારમા ભાગની અપેક્ષાએ થતાં ન હતા પણ તિથિના અને સૂર્યના આધાર ઉપર જ થતાં હતાં અને તેથી જ તેર ચંદ્ર માસનું વર્ષ ગણી, તે ત્રીજા અને પાંચમા વર્ષને અભિવર્ધિત વર્ષ કહી શકતા હતા. અભિવર્ધિત માસની અપેક્ષાએ તો બાર અભિવર્ધિત માસ થવાથી જ તેમાં મહિનાની વૃદ્ધિ બને જ નહિ અને તેથી તેને અભિવર્ધિત કહેવાયજ નહિ, પણ ચંદ્ર માસની અપેક્ષાએ તેર માસવાળું અભિવર્ધિત વર્ષ હોવાથી ચંદ્ર માસના બાર મહિનાવાળા

ચંદ્ર વર્ષની અપેક્ષાએ યુગના ત્રીજા અને પાંચમા વર્ષમાં મહિનો અધિક હોવાથી તે તેર ચંદ્ર માસના વર્ષને જ અભિવર્ધિત વર્ષ કહેવાતું હતું, અને તે દરેક યુગના દરેક ત્રીજા, પાંચમા વર્ષે માસની વૃદ્ધિ હોવાથી તે અવસ્થાનકાળના પચાસ દિવસમાંથી મહિનો ઓછો કરવો પડતો હતો અને તેથી દરેક યુગના દરેક ત્રીજે, પાંચમે વર્ષે અષાઢ ચાતુર્માસીથી માત્ર વીસ દિવસ જ જાય એટલે પૂર્વધરોના વખતમાં અવસ્થાન રૂપી પર્યુષણા નિયમિત કરી દેવી પડતી હતી, કેમકે અવસ્થાનરૂપી પર્યુષણાના નિયમનો આધાર કોઈ નિયમિત તિથિ ઉપર એકલો રાખેલો ન હતો, પણ તેનો આધાર તિથિઓ કરતાં વરસાદના આવવા ઉપર રાખેલો હોઈ અભિવર્ધિત વર્ષમાં પોષ અને અષાઢ વધેલા હોઈ તેટલો વખત અધિક થવાથી વરસાદના આંતરાના વખતનો એક માસનો વધારો અષાઢી ચતુર્માસી પહેલાં જ ચાલ્યો ગયો અને તેથીજ અષાઢી ચતુર્માસી પછી વીસ દિવસે જ વરસાદના પ્રાબલ્યનો વખત આવે અને તેથી શ્રાવણ સુદ પાંચમે વીસ દિવસ થતાં અવસ્થાનરૂપ પર્યુષણનું નિયમિતપણું કરવું પડે તે તો સ્વાભાવિક જ છે.

આ સ્થળે અધિક માસની ચર્ચા કોઈપણ ગચ્છાંતરના આક્ષેપને માટે નહિ પણ વસ્તુ વ્યવસ્થાની સમજણને માટે કરવી જરૂરી હોઈ તેનો વિચાર કરીએઃ-

**વીસ દિવસ સહિત મહિનો ગયા પછી સાંવત્સરિક પર્વ.**

ઉપર જણાવ્યા પ્રમાણે દરેક યુગના ત્રીજા અને પાંચમા વર્ષે અભિવર્ધિત વર્ષો એટલે અધિક માસવાળાંજ વર્ષો આવતાં હતાં. અંત્ય પૂર્વધર શ્રીમાન્ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજીએ વીરમહારાજ પછી નવસેં ને એંસી વર્ષે સિદ્ધાંતને પુસ્તકારૂઢ કર્યું અને તેમ કરતાં શ્રીકલ્પસૂત્રને પણ પુસ્તકારૂઢ કરતાં જે નવસેં એંસી વર્ષ જણાવ્યાં છે તેને હિસાબે તે પુસ્તકારૂઢનું વર્ષ અભિવર્ધિત હોવું જોઈએ અને મહાવીર મહારાજના નિર્વણનું વર્ષ બીજો ચંદ્રસંવત્સર હોઈ તે પુસ્તકારૂઢનો સંવત્સર પહેલા અભિવર્ધિતનો હોવાથી તે વર્ષે અષાઢ ચાતુર્માસી પછી વીસ દિવસે જ અવસ્થાનરૂપી પર્યુષણા થયેલી હોવી જોઈએ. (યાદ રાખવાની જરૂર છે કે યુગની સમાપ્તિ અષાઢ સુદિ પુનમે થાય છે તેમજ આરાની સમાપ્તિ પણ આષાઢ સુદિ પુનમે જ થાય છે એ ભગવાન મહાવીર મહારાજના નિર્વાણ વખતે ચોથો આરો ત્રણ વર્ષ ને સાડી આઠ મહિના જ બાકી રહેલો હતો. જો યુગનું બીજું ચંદ્રવર્ષ પૂર્ણ થઈને ત્રીજું અભિવર્ધિત નામનું વર્ષ તે વર્ષની અષાઢ પુર્ણિમા પછી બેઠું હોય તો નવસેં એંસીમાંથી ત્રણ વર્ષ બાદ કરતાં પુસ્તકારૂઢનો સમય પાંચમા આરાના નવસેં સિત્તોતેરમા વર્ષનો હોય અને તેથી તે વર્ષે એટલે પાંચમા આરાના નવસેં સિત્તોતેરમા વર્ષે અને વીરમહારાજના નિર્વાણના નવસેં એંસીમા વર્ષે અભિવર્ધિત હોય અને તે પાંચમા આરાની અપેક્ષાએ યુગનો મધ્ય ભાગ હોઈ તે વર્ષમાં પોષ માસ બે હોવા જ જોઈએ.

(અપૂર્ણ)

(ટાઇટલ પા. ચોથાનું અનુસંધાન)

જન્મ, જરા, મરણ, રોગ, શોક આદિ વ્યાધિ, ઉપાધિ, સંયોગ અને વિયોગના વમળોમાં અનંત વ્યથા આ આત્મા અનુભવી રહ્યો છે એમ સમજાવનાર જો કોઈપણ હોય તો તે **જ્ઞાન જ.**

જડ અને ચેતનનો વિભાગ સમજાવી આ આત્મા જડદ્વારા એ સાહેબી માને છે એવું સમજાવી આત્માને સ્વસ્વરૂપમાં લાવી સ્થિર કરનારા જો કોઈપણ હોય તો તે **જ્ઞાન જ.**

આત્માના એકએક પ્રદેશ ઉપર કર્મરાજાએ જ્ઞાનાવરણીય આદિકપણે પરિણમાવેલા અનંત પુદ્ગલોની ચોકી રાખી આત્માનો વિકાસ અટકાવ્યો છે એવું સમજાવનાર કોઈપણ હોય તો તે **જ્ઞાન.**

આત્માને જ્યાં સુધી કૈવલ્ય પ્રગટ ન થાય ત્યાં સુધી મળેલું જ્ઞાન એ ચક્રવર્તીની ઋદ્ધિની આગળ એક બદામના હિસાબ કરતાં પણ ઓછું છે એવું સમજાવનાર પણ **જ્ઞાન જ** છે.

શુદ્ધ અને અશુદ્ધ દેવ, ગુરુ તથા ધર્મનું સ્વરૂપ સમજાવી રાગી, દ્વેષી દેવોનો સારંભ, સપરિગ્રહી ગુરુનો અને આત્માને દુર્ગતિથી આરંભ, પરિગ્રહમય હોવાને લીધે નહિ બચાવનાર એવા ધર્મનો ત્યાગ કરાવી સર્વજ્ઞ વીતરાગ એવા દેવ નિરારંભ, નિષ્પરિગ્રહ ગુરુ અને દુર્ગતિથી બચાવી મોક્ષ સુધીની સદ્ગતિને પ્રાપ્ત કરાવનાર જો કોઇ હોય તો તે **જ્ઞાન જ.**

ત્રિલોકનાથ તીર્થંકર અનેક ભવોમાં ઉત્તમ વાસનાએ વાસિત થયેલા છતાં તીર્થંકર નામગોત્ર પાછલા ત્રીજા ભવે જે બાંધે છે તેમાં મુખ્ય પ્રયોજન ભવ્યોને દેવાલાયક હોય તો તે **જ્ઞાન.**

## શાસન સામ્રાજ્યમાં શ્રુતજ્ઞાનનું અદ્વિતીય સ્થાન.

સર્વજ્ઞ કેવલી મહારાજ કરતાં પણ છદ્મસ્થ એવા ગણધર મહારાજાઓને જે અગ્રપદ મળે છે તેનું કારણ ફક્ત **શ્રુતજ્ઞાનની ઉત્પતિ.**

પાંચે જ્ઞાનોમાં પોતાનું સ્વરૂપ પ્રગટ કરવાવાળું કોઇપણ જો જ્ઞાન હોય તો તે માત્ર **શ્રુતજ્ઞાન** જ છે.

કેવળજ્ઞાન કરતાં પણ જો કોઇ મહર્ધિકપદને પામી શકવાને લાયક હોય તો તે માત્ર **શ્રુતજ્ઞાન.**

બીજાના ઉપદેશથી જો કોઈપણ જ્ઞાનની પ્રાપ્તિ થઇ શકતી હોય તો તે માત્ર **શ્રુતજ્ઞાન** જ છે.

તીર્થંકર મહારાજા અને ઈંદ્રાદિ દેવો પણ જો કોઇની ઉપર સુંગધી ચૂર્ણની મુષ્ટિ નાખતા હોય તો તે પ્રભાવ માત્ર **શ્રુતજ્ઞાનનો** જ છે.

લિખિત આગમોની આરાધના જો કે ભગવાન દેવર્ધિગણિ ક્ષમાશ્રમણજીએ પુરાવા તરીકે લખાયેલાં પુસ્તકને જ ગણવા માટે સિદ્ધાંત પુસ્તકારૂઢ કર્યાં ત્યારથી થયેલી હોય, પણ શબ્દદ્વારાયે થતા વાચ્યપદાર્થોના જ્ઞાનરૂપી **શ્રુતજ્ઞાન** તો સર્વદા આરાધ્યજ છે.

પ્રતિદિન કરાતા આવશ્યકમાં જો કોઈપણ જ્ઞાનની વૃદ્ધિ શ્રુતસ્તવદ્વારાયે કરાતી હોય તો તે માત્ર **શ્રુતજ્ઞાન** જ છે.

ત્રિલોકનાથ તીર્થંકરોની નમનીયતામાં કારણ હોય તો તે **શ્રુતજ્ઞાન.**

જાતિ, જરા, મરણ, રોગ, શોકને નાશ કરનાર કોઈપણ જ્ઞાન હોય તો તે **શ્રુતજ્ઞાન.**

મોક્ષની નીસરણી તરીકે પ્રાપ્ત થયેલા મનુષ્યભવને સફળ કરાવી અવ્યાબાધ, અનંત, શાશ્વત સુખ આપનાર એ **શ્રુતજ્ઞાન.**

કેવળજ્ઞાનરૂપી આત્માના સ્વાભાવિક જ્ઞાનને પ્રાપ્ત કરાવી આપનાર હોય તો તે **શ્રુતજ્ઞાન.**

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ અને તેની શુદ્ધિને કરાવનાર જો કોઈપણ જ્ઞાન હોય તો તે **શ્રુતજ્ઞાન.**

શાસનની સર્વદા પ્રવૃત્તિરૂપી સૌધનો કોઈપણ સ્તંભ હોય તો પણ તે **શ્રુતજ્ઞાન.**

ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા અને અનુયોગની વિધિઓ જેને માટે પ્રવર્તે છે તે **શ્રુતજ્ઞાન.**

પ્રમાદનો પરિહાર કરીને ચારિત્રરૂપી ચિંતામણિની આરાધના માટે ઉત્સાહિત કરનાર એ શ્રુતજ્ઞાન.

મોક્ષના અવ્યાબાધ સુખોને પ્રાપ્ત કરાવનાર ચારિત્રની કોઈપણ જડ હોય તો તે શ્રુતજ્ઞાન.

આવા **શ્રુતજ્ઞાન**ને આરાધન કરવાનો ત્રિલોકનાયકે નિયમિત કરેલો દિવસ તે જ **શ્રુતપંચમી**, જ્ઞાનપંચમી કે સૌભાગ્યપંચમી.

## કાર્તિક શુક્લ પંચમીએ જ્ઞાનપંચમી હોવાનું કારણ.

જૈન જનતાને એ વાત તો સ્પષ્ટપણે માલુમ છે કે કોઈપણ ધર્મની આરાધનામાં સદ્ગુરુસમાગમની પ્રથમ આવશ્યકતા છે, અને કાર્તિક શુકલ પૂર્ણિમાથી ભાદ્રસુદિ પંચમી સુધીની મુદત સદ્ગુરુ મહારાજના સમાગમને માટે તીર્થંકર અને પૂર્વધર મહારાજના વખતમાં પણ અનિયમિત હતી, અને તેથી તે વખત દરમ્યાન ભવ્યોને જ્ઞાનનો મહિમા જાણવામાં આવવો, તેની આરાધના માટે નિયમિત દિવસની પહેલાંથી જાણ થવી અને આરાધનાના માટે તૈયાર થઈ તે દિવસની આરાધના કરવી, એ બધું સદ્ગુરુ સમાગમના પ્રભાવે હોવાથી જ્ઞાનઆરાધનનું પર્વ તે અનિયમિત દિવસોમાં રાખવું યથાર્થ થાય નહિ.

આ જ્ઞાનપંચમીનો મહિમા સર્વ તીર્થમાં પ્રવર્તવાનો લાયકનો હોઇ ચોવીસે તીર્થંકરોમાંથી કોઇના પણ જ્ઞાનઉત્પત્તિનો દિવસ લીધો નહિ, કોઈપણ ગણધર મહારાજાની દ્વાદશાંગી રચનાનો દિવસ લીધો નહિ, કોઈપણ શ્રુતકેવળી મહારાજાઓએ કરેલા શાસ્ત્રોદ્ધારનો દિવસ લીધો નહિ, કોઈપણ અંત્ય દશપૂર્વીએ કરેલા આગમસંક્ષેપનો દિવસ લીધો નહિ. દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજી વિગેરેએ સિદ્ધાંત પુસ્તકારૂઢ કર્યાં તેની આદિનો કે અંતનો દિવસ લીધો નહિ, તેનું કારણ સ્પષ્ટ સમજાશે કે આ જ્ઞાનપંચમીને દિવસે વર્તમાનમાં શ્રુતજ્ઞાનની મુખ્યતાપૂર્વક પાંચ જ્ઞાનની આરાધના અને ઈતરકાળમાં સમગ્ર રીતિએ પાંચ પ્રકારના જ્ઞાનની આરાધના થઈ શકે.

જો કે કેટલાકો અમુક આચાર્યે, અમુક દિવસે, અમુક ગ્રંથનો ઉદ્ધાર કર્યો તેથી તે દિવસ શ્રુતપંચમી તરીકે માનવો એમ કહે છે, પણ તેઓ જૈનસંઘના વાસ્તવિક પર્વોનું અનુકરણ કરતાં જ્ઞાનપંચમીનું અનુકરણ કરવા ગયા, પણ તેમાં મયૂરનૃત્ય જેવું જ અનુકરણ થયું, કેમકે એટલું તો ચોક્કસ થાય કે તેઓને જ્ઞાનની આરાધનામય પર્વ તરીકે જ્ઞાનપંચમી આરાધવાની નથી. ગણધર મહારાજ સરખાની કરેલી દ્વાદશાંગીને અંગે કોઇ તિથિ આરાધવી નથી, એટલે એમ નક્કી થાય કે તેઓ મૂળ શાસનથી જુદા પડયા અને તેમના મતની જડ તરીકે જે ગ્રંથ જે આચાર્યે કર્યો તેજ ગ્રંથને તેજ આચાર્યને અંગે પર્વ તરીકે આરાધવાની ફરજ પડી, અર્થાત્ એવી કૃત્રિમ પર્વઆરાધના જ તેઓનું કૃત્રિમપણું જણાવવા માટે બસ છે. વળી કાર્તિક શુકલ પંચમીનો દિવસ વર્તમાન લખેલા શાસ્ત્રના જમાનાને વધારે અનુકૂળ થઇ શકે છે, કેમ કે દિવાળી પછીનો વખત વરસાદ વગરનો અને શુદ્ધ તાપયુક્ત હોઇ પુસ્તકપરિવર્તન માટે ઘણો જ ઉપયોગી છે.

**જ્ઞાનવંતોની આરાધનાનું સ્થાન.**

આ જ્ઞાનપંચમીનું આરાધન કરનારે શ્રુતજ્ઞાનની મુખ્યતાપૂર્વક સર્વ જ્ઞાનોની ભક્તિ સેવા દ્વારાએ આરાધના કરવાની જેવી જરૂર છે તેવીજ જરૂર જ્ઞાનવંતોની આરાધના માટે છે, કેમકે જ્ઞાની, જ્ઞાન, કે જ્ઞાનસાધન ત્રણેના પ્રદ્વેષ, નિહ્નવ, માત્સર્ય, અંતરાય અને અતિઆશાતના જો વર્જાય નહિ તો આત્મા જ્ઞાનાવરણીય કર્મને બાંધે ને નિકાચિત પણ કરે, માટે આ પર્વની તપ, જપ, પૂજા, ભક્તિથી આરાધના કરનારે જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનો તરફ ઘણું જ લક્ષ આપવાની જરૂર છે. જેમ કોઇ મનુષ્ય નમો અરિહંતાણંનો જાપ બારે માસ, ત્રીસે દિવસ અને ચોવીસે કલાક કરે અને મહાભાગ્યના યોગે ખુદ્ અરિહંતપણાવાળા ત્રિલોકનાથ તીર્થંકરનો યોગ મળ્યો હોય છતાં તે ત્રિલોકનાથ તીર્થંકરની અવજ્ઞા કરે તો તે જાપના શુભ ફળ કરતાં અવજ્ઞાનું અશુભ ફળ ઘણું જ તીવ્ર મળે છે અને તેથી તેનાં કટુક ફળ ભોગવવાં પડે છે તેવી રીતે વર્તમાનમાં પણ કોઈ મનુષ્ય માત્ર જ્ઞાન કે જ્ઞાનના સાધનોની ભક્તિ, સેવાથી પોતાના આત્માને વાસિત કરે છતાં પણ જો તે જ્ઞાનીના ભક્તિ, સત્કારથી વંચિત રહી તેમની આશાતના કરનાર થાય તો તેમાં પણ અશુભ ફળની તીવ્રતાને સ્થાન મળે, માટે હરેક ધર્માર્થીઓએ જ્ઞાનની આરાધનાદ્વારા એ જ્ઞાન મેળવવા માટે જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનોની ભક્તિ માટે તત્પર થવું તે તત્ત્વાર્થ આદિના જણાવેલા આશ્રવકારણોને સમજનાર માટે નવું નથી. જ્ઞાની અને જ્ઞાનનું જેમ ભક્તિ, સત્કાર આદિ દ્વારાએ આરાધન કરવું જરૂરી છે તેવી જ રીતે જ્ઞાનના સાધનરૂપ પુસ્તકોનું લખાવવું, રક્ષણ કરવું, પ્રસાર કરવો, તે પણ જ્ઞાનઆરાધનાની ધગશવાળાને માટે જરૂરી છે.

---

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. **ફકીરચંદ મગનલાલ બદામીએ** તંત્રી **શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી** માટે છાપ્યું અને **શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી** પ્રગટ કર્યું.

# જ્ઞાનપંચમી પર્વની પરમ ઉપયોગિતા.

## શાસનનો શણગાર સૌભાગ્યપંચમી.

### જ્ઞાનનો અદ્વિતીય પ્રભાવ.

જગતમાત્રના જીવો સ્વાભાવિક રીતે સુખની ઈચ્છા કરે છે એ હકીકત સર્વ જનને અનુભવસિદ્ધ છે, પણ તે સુખની સિદ્ધિનો ઉપાય બીજો કોઇ જ નહિ પણ જ્ઞાન.

એકેંદ્રિયથી માંડીને પંચેદ્રિય સુધીના અને ચારે ગતિના જીવો વાસ્તવિક રીતે ડરતા હોય તો બીજા કશાથી નહિ પણ માત્ર દુઃખની પ્રાપ્તિથી અને તે દુઃખ સમાગમથી સદાને માટે દૂર રહેવાનો રસ્તો માત્ર એક જ કે જ્ઞાન.

આ જીવ અનાદિકાલથી ભવચક્રમાં ભમ્યા કરે છે એવું જો કોઇ બીજાંકુર ન્યાયની માફક જન્મમરણની પરંપરાથી સમજાવી શકે તો તે માત્ર જ્ઞાન.

અનાદિકાલથી આત્મા જ્ઞાનની જઘન્યતમ હદમાં સૂક્ષ્મ એકેંદ્રિયપણે પડી રહ્યો, અને ભવિતવ્યતાના યોગો અને કોઈક પુણ્યસંયોગે જ્ઞાનનાં સાધનો ચઢિયાતાં મળ્યાં અને વર્તમાનમાં પુણ્યદ્વારાએ મળતાં સંપૂર્ણ જ્ઞાનસાધનો પ્રાપ્ત થયાં છે તો હવે આત્માના સ્વાભાવિક સુખોને પ્રાપ્ત કરવાનો અપૂર્વ અવસર છે એવું જો આત્માને કોઇ સમજાવી શકે તો તે માત્ર જ્ઞાન.

અનાદિકાલથી આ આત્મા મિથ્યાત્વ, અવિરતિ અને કષાયના કર્મવિકારના થયેલા રોગોએ ઘેરાયેલો છે, અને તે રોગોને દૂર કરી આત્માના સ્વાભાવિક સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપી ગુણોને પ્રગટ કરી ખીલવવાની જરૂર છે એવું સમજાવનાર એ જ્ઞાન.

આશ્રવ અને સંવર, બંધ અને નિર્જરા, એઓનું અનુક્રમે છાંડવાલાયક અને આદરવાલાયકપણું જણાવનાર હોય તો તે માત્ર જ્ઞાન.

અનાદિકાળથી કાયિક,, વાચિક કે માનસિક કોઇપણ જાતના પુદ્ગલના બંધનમાંજ આ આત્મા સપડાયેલો છે એમ જણાવનાર તે જ્ઞાન જ.

(અનુસંધાન માટે જુઓ પા. ૪૭)

તૃતીય વર્ષ, અંક ૩ જો.

Registered No. B.3047




## શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

(ટાઈટલ પા. ચોથાનું અનુસંધાન)

ધર્મિષ્ઠ મનુષ્યોની જ્યારે ઉપર જણાવ્યા પ્રમાણે તીર્થભક્તિને અંગે પ્રવૃત્તિ છે ત્યારે કેટલાક સ્વયં નષ્ટ અને પરનાશકો પોતાની અક્કલની ખામીને અંગે કુતર્ક કરવા તૈયાર થાય છે કે સિદ્ધાચલજીની અધિકતા માનવાનું કારણ શું ? જો કે ધર્મિષ્ઠો તરફથી તેને કહેવામાં આવે છે કે આ ગિરિરાજ ઉપર કાંકરે કાંકરે અનંતાઅનંત મોક્ષે ગયેલા છે અને તેથી આ ગિરિરાજ પરમ પવિત્ર હોઈ યાત્રાનું ધામ છે, છતાં આ સમાધાન તે મિથ્યામતથી માતા થયેલા મનુષ્યોને રૂચતું નથી. તેઓ તો તે સમાધાનને અંગે પણ એમ કહે છે કે અઢીદ્વીપમાં એવો એક પણ કાંકરો નથી કે આ અનાદિ કાળચક્રને અંગે જ્યાં અનંતા મોક્ષે ન ગયા હોય અને તેથી અઢીદ્વીપના સરખું જ એ ગિરિરાજનું પણ ક્ષેત્ર હોવાથી તેનો અધિક મહિમા તેઓના ધ્યાનમાં ઉતરતો નથી, પણ તે કુતર્ક કરનારાઓ એટલું નથી સમજી શકતા કે અઢીદ્વીપના સર્વ સ્થાનો કરતાં અહીં મોક્ષે ગયેલાની સંખ્યા અનંતગુણી છે, એટલું જ નહિ પણ આ તીર્થના ક્ષેત્રનો મહિમા ઋષભદેવજી ભગવાને કેવળીપણામાં પણ પોતાના કરતાં અધિક જણાવ્યો છે અને તેથીજ ભગવાન ઋષભદેવજી જે વખત સિદ્ધાચલજીથી વિહાર કરતા હતા તે વખત તેમની સાથે વિહાર કરવા તૈયાર થયેલા પુંડરિક સ્વામીજીને પોતાની સાથે આવતા રોકીને તે સિદ્ધગિરિજીમાં જ રહેવાનું ફરમાવ્યું તે એમ સ્પષ્ટપણે જણાવીને કે આ સિદ્ધગિરિજીના પ્રતાપથી જ તમને અને તમારા પરિવારભૂત કરોડો સાધુને કેવળજ્ઞાન થશે અને મોક્ષ મળશે.

આવા સાક્ષાત્ કેવળી તીર્થંકર ભગવાનના મુખથી પોતાના કરતાં અધિક મહિમાવાળા ગણાયેલા સિદ્ધાચલરૂપી ગિરિરાજનો પરમ પવિત્ર મહિમા ભવ્ય જીવોને મગજમાં ઉતર્યા વિના રહે જ નહિ. વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે અન્ય તીર્થક્ષેત્રોમાં જે તીર્થંકર મહારાજ વિગેરે કેવળજ્ઞાન મેળવી મોક્ષ સાધી શક્યા છે તે તે સિદ્ધ થનારાના આત્મબળથી જ છે, જ્યારે આ ગિરિરાજ ઉપર મોક્ષે જનાર મહાપુરુષોને આ ગિરિરાજના પરમ પવિત્ર મહિમાની અદ્વિતીય મદદ હોવાથી જ તેઓ મોક્ષે જઈ શક્યા છે, માટે આ કાર્તિકી પૂર્ણિમા અને ગિરિરાજનો મહિમા ધ્યાનમાં રાખી ભવ્ય જીવોએ આત્માને ઉજ્જવળ કરવા કટિબદ્ધ થવું જરૂરી છે.




(પાક્ષિક)

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ ☞ ઉદ્દેશ ☜ છૂટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

तीर्थेशा दत्तमार्गाः सततगुणिपदाः सिद्धिसाम्राज्यभाजः,
पंचाचारप्रवीणा गणिन इह सदाध्यापका वाचका ये ।
साहाय्यात् मोक्षसिद्धौ मुनय उदितभा अन्विताः शुद्धदृष्ट्या,
ज्ञानेनावद्यमुक्त्या विविधसुतपसा सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

મોક્ષમાર્ગ સદા દિયે જે જિનવરો ગુણ ધારતા, સિદ્ધ નિત્ય ગણેશ પંચાચારધારક વાધતા;
અધ્યાપકો વરવાચકો શિવસાધને મુનિ જોડમાં, એ પાંચસંયુત બોધદર્શન ચરણતપ સિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક"

| | | |
|---|---|---|
| તૃતીય વર્ષ<br>અંક ૩જો | મુંબઇ તા. ૨૧-૧૧-૩૪ બુધવાર<br>કાર્તિક સૂદિ પૂર્ણિમા | વીર સંવત્ ૨૪૬૧<br>વિક્રમ ,, ૧૯૯૧ |

# આગમ-રહસ્ય.

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ.

**કર્મભૂમિપણું.**

તે લિપિને મુખ્ય ગણીને જ કર્મભૂમિનું કર્મભૂમિપણું અસિ અને કૃષિની સાથે મષિને લઇને ગણવામાં આવે છે. વાસ્તવિક રીતે અસિ, મષિ અને કૃષિને લીધે કર્મભૂમિપણું નથી કેમકે અસિ, મષિ

અને કૃષિને લીધે જ જો કર્મભૂમિપણું ગણીએ તો ભરતો અને ઐરવતોમાં પણ અસિ, મષિ અને કૃષિનો કાળ કેવળ એક કોડાકોડ સાગરોપમનો દરેક અવસર્પિણી, ઉત્સર્પિણીમાં હોઇ તેટલો જ કાળ તે તે ક્ષેત્રનું કર્મભૂમિપણું થશે, અને બાકીના નવ કોડાકોડ સાગરોપમ તે ભરત, ઐરવતોને કર્મભૂમિ કહેવાશે નહિ. આવાજ કોઈ કારણસર ટીકાકાર મહારાજાઓએ કર્મભૂમિ શબ્દની વ્યાખ્યા કરતાં તે અસિ, મષિ અને કૃષિની વ્યાખ્યાને ગૌણ કરી જે ભૂમિમાં સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્રદ્વારા એ સમસ્ત કર્મનો ક્ષય કરાવી પરંપદપ્રાપ્તિનો વ્યાપાર થાય તે ક્ષેત્રોને કર્મભૂમિ તરીકે અંત્ય વ્યુત્પત્તિથી જણાવ્યાં છે.

## પુસ્તક રાખવામાં સંજમપણું.

આટલું છતાં ત્રિલોકનાથ તીર્થંકરોના આગમોને બ્રાહ્મીલિપિથી પણ લખવાનાં ન હતાં અને તેવી રીતે લખીને પુસ્તકરૂપે તે આગમોને જે કોઇ સાધુ રાખે તેને હંમેશનું પ્રાયશ્ચિત આવતું હતું, પણ આ પ્રાયશ્ચિતનું વિધાન ત્યાં સુધીજ હતું કે જ્યાં સુધી શાસનના ધુરંધર આચાર્યો અને મુનિ મહારાજાઓ તીવ્રતમ ગ્રહણશક્તિ અને ધારણાશક્તિને ધરાવતા હતા, પણ જ્યારે ગ્રહણશક્તિ અને ધારણશક્તિની ખામી થઇ ત્યારે ત્રિલોકનાથ તીર્થંકરોના વચનોનો વિચ્છેદ નહિ થવા માટે તેમજ ચારિત્રની પ્રાપ્તિ, સ્થિતિ અને શુદ્ધિનું આલંબન વિચ્છેદ ન થાય માટે તે આગમના પુસ્તકો ધારણ કરવાની મહાપુરુષોને છૂટ મળી.(જુઓ બૃહત્કલ્પ ભાષ્ય) એટલું જ નહિ પણ શ્રીચૂર્ણિકાર મહારાજે શ્રી દશવૈકાલિકની વ્યાખ્યા કરતાં સ્પષ્ટપણે જણાવ્યું કે આગમજ્ઞાનના અવિચ્છેદને માટે અને ચરણકરણની પ્રાપ્તિ વિગેરે માટે રખાતા પુસ્તકો દુષ્ષમ કાળને અંગે સંજમરૂપ છે.

## પુસ્તકના પ્રાચીન-અર્વાચીનપણાને અંગે કરવો જોઇતો વિચાર.

આટલું છતાં વસ્તુસ્થિતિને નહિ સમજનારા કેટલાક અજાણ મનુષ્યો પોતે પ્રથમ પુસ્તક લખવાં શરૂ કર્યાં છે અને પોતાના ગ્રંથો પ્રાચીન છે એવું વાસ્તવિક નહિ છતાં પણ ખોટી રીતે સમજાવવા માગે છે તેઓ પોતાના આચાર્યોની પરંપરામાં ગ્રહણધારણાશકિતનું વહેલું દેવાળું આવ્યું એમ આડકતરી રીતે કબુલ કરે છે, કેમકે સર્વ કોઇને એ વાત તો કબુલ જ છે કે જ્યાં સુધી ગ્રહણધારણાશક્તિની તીવ્રતા રહી ત્યાં સુધી શ્રુતિ, સ્મૃતિ, આગમો કે દિગંબરોના હિસાબે શાસ્ત્રો લખવાની જરૂર કોઇને પણ પડી ન હતી, કિન્તુ જેમ જેમ ગ્રહણધારણશક્તિની મંદતા થતી ગઇ તેમ તેમ શ્રુતિ, સ્મૃતિ, આગમો કે દિગંબરોના હિસાબે શાસ્ત્રો લખવાની ફરજ પડી એટલે સાચી અગર ખોટી જેમ દુનિયાની કહેવત છે કે 'જેને ઘેર વહેલું ખૂટ્યું તે વહેલો ગુજરાતમાં આવ્યો' તેવી રીતે જે સમુદાયમાં ગ્રહણધારણાશક્તિની ખામી પહેલી શરૂ થઈ તેણે પહેલું લખવા માંડ્યું. અર્થાત્ પહેલાં થયેલાં લખાણ ઉપરથી પ્રમાણિકતાનો

ગર્વ રાખવો તેના કરતાં ગ્રંથની પ્રમાણિકતાને અંગે જ પ્રમાણિકતા ધારવી તે જ સજ્જનોને ઉચિત છે,અર્થાત્ સાફ દીવા જેવું છે કે ભગવાનના આગમોનો વિચ્છેદ્ માની જેઓ આચાર્યોના કલ્પિત ગ્રંથોને ભગવાને કહેલા તરીકે જણાવવા જાય તેઓ પંડિત પરિષદમાં તો પોષાય તેમ નથી.

## તીર્થંકરોનું આદિથી સ્વયંસંબુદ્ધપણું.

ઉપરની સર્વ હકીકત વિચારતાં સર્વ તીર્થંકરો, ગણધરો, શ્રુતકેવળીઓ વિગેરે મહાનુભાવો માત્ર શ્રવણને અંગે (નહિ કે પુસ્તકને અંગે) સમ્યક્ત્વ પામ્યા, સર્વવિરતિ પામ્યા, સર્વની સ્થિરતા કરી, શુદ્ધિ કરી, એવી જ રીતે આ નયસારને પણ શ્રવણ દ્વારાએ જ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થયું અને જીવાજીવાદિક તત્ત્વની જ્ઞેયઆદિપણે યથાસ્થિત શ્રદ્ધા થઇ, પણ આ સર્વ પ્રાપ્તિ નયસારના આ જન્મથી પ્રવર્તેલા નીતિયુક્તપણાને આભારી છે, અને આ હેતુની મુખ્યતા લઇને ચૈત્યવંદનસૂત્રના વ્યાખ્યાકાર ભગવાન હરિભદ્રસૂરિજી દરેક તીર્થંકરોની આદ્યસમ્યક્ત્વપ્રાપ્તિમાં પણ સ્વયંસંબુદ્ધપણું જણાવે છે, અર્થાત્ વ્યાખ્યાકાર મહારાજા સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે જો કે તીર્થંકર મહારાજાઓને આદ્યસમ્યક્ત્વનું ઉત્પન્ન થવું ગુરુમહારાજાની દેશના આદિને યોગે જ હોય છે, તો પણ તે દેશનાથી તેઓને સમ્યક્ત્વ પામવામાં મુખ્યપણું તેમના આત્માઓના સ્વભાવનું જ હોય છે, અને તેથી જ તેઓ આદ્યસમ્યક્ત્વની પ્રાપ્તિમાં પણ સ્વયંસંબુદ્ધ ગણી શકાય છે. એવી રીતની વ્યાખ્યાકારની હકીકત હૃદયમાં લેતાં નયસારના ભવમાં થયેલી આદ્યસમ્યક્ત્વની પ્રાપ્તિમાં તેની નીતિમત્તાને મુખ્ય કારણ તરીકે ગણીએ તો તેમાં કોઇપણ પ્રકારે અનુચિતપણું ગણાય નહિ, એટલે કે નયસાર પોતે તલાટી છતાં નીતિમત્તાને અંગે જ ઉનાળામાં એકલો લાકડાં કાપવાં ગયો અને તેથી જ તેને સાર્થથી વિખૂટા પડેલા મહાત્માને પ્રતિલાભવાનો અને સાર્થમાં તે મહાત્માઓને મેળવવા માર્ગમાં જતાં જિનપ્રણિત ધર્મની દેશનાનો લાભ મળ્યો.

## ન્યાયવૃત્તિનો લોકોત્તરમાર્ગ સાથે સંબંધ.

આગળના ભાગમાં શ્રુત, લિપિ વિગેરેનો માત્ર પ્રાસંગિક વિચાર જણાવ્યો. ચાલુ અધિકારમાં એટલું જ સમજવાનું છે કે ત્રિલોકનાથ ભગવાન મહાવીર મહારાજના પહેલા નયસારના ભવમાં જે સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ છે તે શાસ્ત્ર કે ગ્રંથોના વાચનથી થયેલી નથી, પણ સ્વયં મોક્ષમાર્ગને માટે પ્રવર્તેલા અને જગતના જીવમાત્રને તે માર્ગે પ્રવર્તાવવાની ઇચ્છાવાળા મહાપુરુષોના વચનામૃતને સાંભળવાથી જ થયેલી છે, અને તેવી રીતે વચનામૃતનું શ્રવણ નયસારને માર્ગે ચાલતાં મુનિમહારાજના ઉપદેશરૂપે જ થયેલું છે, તો જો તે તલાટીની પદવીના ઠાઠમાં કે બીજા કોઇપણ કારણસર બીજા સામાન્ય મનુષ્યોને પણ જો જોડે લઇ ગયો હોત તો મહાપુરુષોના વચનામૃતનું પાન અને તેથી થતો સમ્યક્ત્વનો લાભ તે મેળવી શકત જ નહિ. કેમકે સામાન્ય રીતે અધિકાર ઉપર આરૂઢ થયેલો મનુષ્ય તેવું કાર્ય તાબાના માણસને

જ ભળાવી દે, અને સાથે રહેલા તાબેદાર મનુષ્યોની પણ ફરજ જ રહે કે પોતાના મુરબ્બી અધિકારીના હુકમથી અગર પોતાની લાગણીથી તેવું કાર્ય અધિકારીને નહિ કરવા દેતાં પોતાને જ કરવું પડે, અને જો તેમ બને તો ઉપર જણાવ્યા પ્રમાણે નયસારનો જીવ મહાપુરુષોના ઉપદેશથી અને સમ્યક્ત્વથી વંચિત જ રહેત, પણ તે નયસારની ન્યાયવૃત્તિથી અપૂર્વતાએ જ તેણે પોતાને સ્વયં ગ્રીષ્મકાળમાં પોતાને માટે જોઈતાં લાકડાં લેવા માટે જંગલમાં જવાનું થયું, અને તેથી જ મહાપુરુષના ઉપદેશામૃતનું પાન અને તે દ્વારાએ સમ્યક્ત્વનો લાભ તેઓ મેળવી શક્યા.

આ નયસારની ન્યાયવૃત્તિનું ફળ જોઈને હરકોઈ સમજદાર મનુષ્ય શાસ્ત્રકારોએ ન્યાયસંપન્ન વિભવપણા વિગેરે માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો આખા કુટુંબમાં સમ્યક્ત્વાદિકરૂપી માર્ગની પ્રાપ્તિ થવાના બીજ નાખનાર છે એ કહેલી હકીકત સહેજે સમજી શકશે. જો કે નયસારની પૂર્વે જણાવેલી ન્યાયવૃત્તિનો સીધો સંબંધ લૌકિક માર્ગની સાથે જ છે, પણ લોકોત્તર માર્ગની સાથે એનો સંબંધ નથી, છતાં એ ન્યાયવૃત્તિ લોકોત્તરમાર્ગ પ્રાપ્ત કરાવવામાં નયસારને કેટલી બધી નજીક સંબંધવાળી થઈ છે તે વાચક સહેજે સમજી શકે તેમ છે.

**ખાનપાનની અધિકતામાં સદ્‌ગૃહસ્થતા.**

પૂર્વે જણાવ્યા પ્રમાણે નયસાર જો કે ન્યાયવૃત્તિના ધોરણે કેવળ લાકડાં કાપવા માટે જંગલમાં ગયો છે, તો પણ જેઓ પ્રાચીનકાળની સ્થિતિને જાણે છે તેઓ સહેજે સમજી શકે તેમ છે કે જંગલમાં જનારો કોઈપણ મુસાફર કે કાર્યાર્થી ખાનપાનનો સંયોગ રાખ્યા સિવાય જંગલમાં જતો નથી, તો પછી જેને જંગલમાં કાષ્ઠનો સમુદાય કાપીને એકઠો કરવો છે, તે મનુષ્ય ઘેરથી ખાનપાનનો સાથે બંદોબસ્ત કરી જાય તેમાં આશ્ચર્ય નથી. વળી નયસાર જે જંગલ તરફ કાષ્ઠ કાપવાને માટે ગયો છે તે જંગલ સામાન્ય બે ગામ વચ્ચેના વન જેવું ન હોતું, પણ એક ભયંકર જંગલના કિનારા ઉપર આવેલું તે જંગલ હતું. અર્થાત્ સ્પષ્ટપણે સમજી શકાય તેમ છે કે જે સ્થાને તે લાકડાં કાપવા ગયો છે તે સ્થાન એક ભયંકર જંગલનો જ ભાગ છે અને તેવા જંગલમાં લાકડાં કાપવા જનારા મનુષ્યો પોતાને માટે ખાનપાનની સામગ્રી સાથે રાખે તે વિશેષે સંભવિત છે. આ વસ્તુને વિચાર્નારા મનુષ્યથી લાકડાં કાપવા ગયેલા મનુષ્ય પાસે ખાનપાન ક્યાંથી હોય ? અને તે મુનિઓને પ્રતિલાભે ક્યાંથી ? એવી શંકાને સ્થાન આપી શકાય જ નહિ. તેમાં પણ નયસાર મધ્યાહ્નકાળ પણ જંગલમાં ગાળનારો હોવાથી ખાનપાનનો બંદોબસ્ત પોતાની સાથે રાખે એ સ્વાભવિક જ છે.

આ સ્થાને એક બીજી વાત પણ યાદ રાખવાની છે કે સદ્‌ગૃહસ્થો પોતાને ઉદ્દેશીને પણ ખાનપાનનો જે બંદોબસ્ત કરે તે કેવળ પોતાના પેટ પૂરતો તો હોય જ નહિ. જો આજ કાલના કેટલાક પેટ દેખીનો રસોઈ કરનારાની પેઠે તે નયસાર પણ માત્ર પોતાના ખાવા પૂરતું જ જંગલમાં લઈ ગયો હોત તો તે

જંગલમાંથી ઊતરીને આવેલા મહાપુરુષોને પણ ભોજન આપવાને ભાગ્યશાળી થઈ શકત નહિ, પણ જેમ નીતિશાસ્ત્રકારોએ ખુદ રાંધવાની અપેક્ષાએ પણ **स्वपरार्थं तु ते यत्नं कुर्वते नान्यथा क्वचित्** એટલે સત્પુરુષો આહાર રાંધવા માટે કરાતો ઉદ્યમ સ્વ અને પરને ખાવાને ઉદ્દેશીને જ કરે છે, પરંતુ કોઈપણ દિવસ એકલા પોતાને માટે રાંધવાનો ઉદ્યમ સત્પુરુષો કરે નહિ તેવી રીતે આ નયસાર પણ જંગલમાં જતાં પોતાને માટે ખાનપાનનો જે બંદોબસ્ત કરે છે તે પોતાને ઉદ્દેશીને છતાં પણ મિતંપચોની માફક એકલો પોતાના જ પૂરતો નહિ પણ પોતાની માફક બીજાને પણ ઉપયોગમાં આવે તેવો પ્રચુર ખાનપાનનો સંબંધ કરેલો હોવો જોઈએ. શાસ્ત્રકારોએ તેલ, આમળાં વિગેરે અધિકરણો અધિક રાખવાની મનાઈ કરી છે તો પણ ખાનપાનને અંગે તો શાસ્ત્રકારોએ ગૃહસ્થને અંગે અધિકતાને ગુણ તરીકે જણાવેલી છે અને તેથી જ સ્થાન સ્થાન ઉપર સદ્‌ગૃહસ્થના વર્ણનમાં **विच्छड्डियपौरभत्तपाणे** અર્થાત્ આખા કુટુંબને ખાતાંપીતાં પણ ઘણું ભકતપાન વધેલું છે એમ જણાવી સદ્‌ગૃહસ્થોનો ખાનપાનની અધિકતાએ ગુણ જણાવેલો છે.

**પ્રચુર ખાનપાન વિના સુપાત્રદાનનો અભાવ.**

આ અધિકતા તે જ સદ્‌ગૃહસ્થોને શોભે કે જેઓ ઔચિત્ય અને અનુકંપાદાનમાં લાભ માનતા હોય, પણ જેઓ ભીખમજીના ભીષ્મતર ભીષણના ભોગ થઈ પડ્યા હોય અને જેમણે ઉચિતદાન અને અનુકંપાદાનને દેશવટો દીધેલો હોય તેવાઓને રસોઈ કરતાં કે ખાનપાન લેતાં મિતંપચો કરતાં પણ બુરી દાનતે રહેવાનું થાય, અને તેથી તેવાઓને શાસ્ત્રમાં વર્ણવેલી સદ્‌ગૃહસ્થતા સ્વપ્ને પણ ન આવે તે સ્વાભાવિક જ છે, એટલું જ નહિ પણ શુદ્ધ મુનિઓને તેવાઓને ઘેરથી આહારપાણી લેવું તે પણ કલ્પી શકે નહિ, કારણકે તે ભીખમની ભઠ્ઠીમાં ભુંજાયેલાઓએ પોતાના જેટલુંજ કરેલું હોવાથી તે અનશનપાનમાંથી જેટલું મુનિ લેશે તેટલું તે ભીખમની ભઠ્ઠીવાળાને ઓછું પડવાથી અંતરાય થશે, અને કોઈ પણ જીવને અંતરાય થાય તેવું અનશનપાન શુદ્ધ મુનિ લઈ શકે નહિ. કદાચ ભયંકર ભીખમપંથના ભેખમાં ભોળવાયેલાના ઘેરથી કોઈ મુનિએ અજાણપણે કાંઈપણ અનશનપાન લીધું તો પછી તે ભીખમપંથમાં ભળી ગયેલાને નવું અનશનપાન તૈયાર કરવું પડશે અને તેથી શુદ્ધ મુનિને પશ્ચાત્કર્મ નામનો દોષ લાગશે. જો કુટુંબના મનુષ્યોને અંગે આવી રીતે થાય તો એકલા નયસારને અંગે કરેલ ખાનપાનના બંદોબસ્તમાં ઘણા મુનિઓ કેવી રીતે આહારપાણી મેળવી શકયા હોત ?

પૂર્વે જણાવ્યા પ્રમાણે સદ્‌ગૃહસ્થની રીતિએ પોતાના એકલાને ઉદ્દેશીને કરેલો પણ ખાનપાનનો બંદોબસ્ત ભીખમપંથના ભિખારીઓ જેવો ન હતો પણ સદ્‌ગૃહસ્થને લાયકનો જ હતો અને તેથી જ તે નયસાર જંગલમાં પોતાને માટે આણેલા અનશનપાનમાંથી ઘણા મુનિઓ માટેનો સુપાત્રદાનનો લાભ મેળવવા ભાગ્યશાળી થયો. આવી રીતે વિપુલ સામગ્રી સાથે નયસાર લાકડાં માટે તો શું પણ તત્ત્વથી સમ્યક્ત્વ માટે દ્રવ્યથી જંગલમાં પણ ભાવથી સમ્યક્ત્વની સહેલ કરવા નીકળેલો હોય તેમ તે જંગલમાં આવ્યો.




धर्मोमंगलमुत्कृष्टं, धर्मः स्वर्गापवर्गदः । धर्मः संसारकान्तारोल्लंघने मार्गदेशकः ॥ १ ॥

**જ્યારે આજે મોક્ષ નથી તો ચારિત્ર ઉપયોગી શાથી ?**

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરિ મહારાજ ભવ્યોના ઉપકાર માટે પ્રથમ જણાવી ગયા કે અનાદિકાલથી આ જીવ સંસારચક્રમાં ભમ્યા કરે છે. એ પરિભ્રમણ બંધ કરવા માટે શ્રી જિનેશ્વરદેવે ધર્મ કહેલો છે. જો એ માટે ધર્મ ન કહ્યો હોય તો તેમનું ઉપકારીપણું રહેતું નથી, કારણ કે સંસારમાં પ્રાપ્ત થતી ઉંચી, નીચી અવસ્થાઓ બધી અનિત્ય છે. એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિયપણાના સ્થાનો, નારકી, તિર્યંચ, દેવતા તથા મનુષ્યપણાના સ્થાનો માત્ર (તમામ) અનિત્ય છે. જ્યાં આયુષ્ય પૂર્ણ થાય એટલે સ્થાન પલટાવવાનું જઃ જ્યાં સ્થિર રહેવાય એવું સંસારમાં કોઇ સ્થાન નથી. ચારે ગતિમાં એકે એવું સ્થાન નથી કે જ્યાંથી ફરવાનું (પાછું નીકળવાનું) નથી. સર્વાર્થસિદ્ધ વિમાનમાંથી પણ તેત્રીસ સાગરોપમ પછી ચ્યવવું પડે છે, સ્થાન પલટાવવું પડે છે. આ દુનિયામાં જ્યાં ભાડાના મકાનમાં રહીયે ત્યાંથી ખાલી કરી નીકળીએ ત્યારે માત્ર એ પાડોશી જ છોડવાના, બાકી શારીરિક સંપત્તિ, રિદ્ધિ સમૃદ્ધિ, માલમિલકત છોડવી પડતી નથી, જ્યારે આ જીવને ગત્યંતર કરતાં તો બાહ્ય અભ્યંતર બેય સંપત્તિ છોડી દેવી પડે છે એટલે કે બહારનું મેળવેલું તે પણ મેલતા જવાનું અને અંદરનું મેળવેલું તે પણ સાથે જ મેલતા જવાનું. એ શી રીતે ? સ્પર્શનાદિ ઇંદ્રિયોદ્વારા મેળવેલું જ્ઞાન તે પણ બીજા ભવમાં નવેસરથીજ મેળવવાનું રહે છે ને ! રેશમ, સુતર, હીરા, મોતી વિગેરે પદાર્થો જાણ્યા, એની પરીક્ષાનું સ્વરૂપ જાણ્યું તે જ્ઞાન બીજે ભવે સાથે ન લઈ જઈ શકાય. મરણ વખતે જેમ બાહ્ય સંપત્તિ છૂટી જાય છે, છોડવી પડે છે તે જ વખતે આંતર્ સંપત્તિ જ્ઞાનદર્શન પણ છોડવાં પડે છે.

દરેક ભવના છેડે એ જ દશા. શાસ્ત્રકાર તો એ ના પાડે છે એમ કોઈ કહે તો ? અર્થાત્ આવતે ભવ તો માત્ર ચારિત્ર આવે છે એમ શંકાકાર કહે છે, તેના જવાબમાં જણાવવાનું કે વાત ખરી, જે વસ્તુ આ ભવમાં જ ઉત્પન્ન થાય અને આ ભવમાં જ જેનો છેડો આવે તે આ ભવ સંબંધી, આ ભવમાં આવે અને પરભવમાં પણ આવે તે ઉભયભવ સંબંધી જ્ઞાન ઉભય ભવનું, આ ભવમાં થાય પણ ખરું, પરભવમાં પણ થાય. દર્શન પણ બીજા ભવમાં ટકે. ચારિત્ર તો માત્ર આ ભવનું જ. આગલા ભવનું નહિ. જ્ઞાન અપ્રતિપાતપણે-ન પડે તેવી રીતે બીજા ભવમાં રહે, સમ્યક્ત્વ પણ રહે, પણ ચારિત્ર રહેતું નથી. જ્ઞાન તથા દર્શનની સ્થિતિ ૬૬ સાગરોપમની માની છે જ્યારે ચારિત્ર દેશોનક્રોડ પૂર્વથી વધારે સમય હોય નહિ, માટે ચારિત્ર આ ભવનું જ. શ્રી જંબૂસ્વામીજી પછી મોક્ષ બંધ છે એમ કહ્યું એનો અર્થ એ નથી કે તમે મોક્ષ મેળવી શકો છો છતાં શાસ્ત્રકારો આડા આવે છે. સ્વભાવે મનુષ્યને આંખો બે જ હોય. તમે મોક્ષ મેળવો એમાં એ મહાત્માઓને અડચણ નથી પણ તેઓ જ્ઞાનદૃષ્ટિથી દેખે છે કે હવેના જીવો એવી સ્થિતિના થવાના કે મોક્ષ મેળવી શકવાના જ નહિ, એને માટે શાસ્ત્રકારે દીઠી એવી પરિસ્થિતિ જણાવી. ત્રીજા અને ચોથા આરામાં પણ ચારિત્ર લેનારા બધા મોક્ષ મેળવતા હતા શું? નહિ ! શ્રી મહાવીરદેવના ચૌદ હજાર સાધુમાં કેવળી સાતસો, ચૌદ હજારમાંથી મોક્ષે જનારા સાતસો જ ! બાકીના તેર હાજર ત્રણસેં સાધુ તે ભવમાં કલ્યાણ કરનારા-મોક્ષ મેળવનારા ન થયા. ભગવાન મહાવીર સરખા તારક તીર્થંકરની હાજરી છતાં પણ તેઓ તે ભવે મોક્ષ મેળવી ન શક્યા. મતલબ કે તે વખતે પણ ચારિત્રવાળા દરેકે દરેક મોક્ષ મેળવતા હતા તેમ નથી. પાંચમા આરામાં તો કોઈ મોક્ષ મેળવી શકવાના જ નહિ તો પછી શંકા થશે કે ચારિત્રનું ફળ શું ? ચારિત્રનું ફળ મોક્ષ તે તો મળવાનું નહિ તો પછી ચારિત્ર લઈને કરવું શું ? જળાશયમાં શેવાળમાં પડેલી ફાટ મળી જાય છે તે જ્યારે વાયરો આવે (વાય) ત્યારે કઈ જગાએ પડે ! એવી રીતે આ આત્માને અહીં ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ થાય તેને ભવાંતરમાં પણ સુંદર ચારિત્ર મળે. એને બીજા ભવમાં ચારિત્ર મોહનીય કર્મ સહેજે તૂટી જાય એટલે એ આત્મા ચારિત્ર સહેજે પામી જાય અને **અનુક્રમે બેડો પાર કરી જાય છે.**

### દીક્ષાની આડે આવતાં બંધનો ! ધનગિરિજીનું દ્રષ્ટાંત.

ધનગિરિ (વજસ્વામીજીના પિતા)જીને દીક્ષાના પરિણામ જાગ્યા. હંમેશાં માબાપને સંતાન તરફ (પ્રત્યે) મોહ રહે છે. જાનવરને સુધારો, કેળવો છતાં તાજી વીયાયેલી કુતરીનાં બચ્ચાંને અડકો તો ખરા! કરડશે. જ્યારે તિર્યંચમાં મોહનું સામ્રાજ્ય આવું પ્રવર્તમાન છે તો મનુષ્યમાં કેવું હોય તેની વાત જ શી કરવી ! માતાપિતા એમને દીક્ષા લેતાં રોકવાનો પ્રયત્ન કરે છે. વાડામાં આગ લાગી હોય તો તે આગથી બચવા માટે ગાયે (ગાય વિગેરે ઢોરે) માત્ર વાડ કૂદવાની, ખીલે બાંધેલ હોય તો ખીલેથી છૂટવું

અને વાડ કૂદવી એમ બે પ્રયત્ન કરવાના પણ ગળેથી, પગેથી એમ ચોમેરથી બાંધી હોય એ કેવી રીતે નીકળી શકે ? બળી મરવાની મરજી એક રૂંઆડે પણ ન જ હોય, છતાં એ કરે શું ? ઉંચા, નીચા કૂદકા મારે, બરાડે, પણ ગળાનું, પગનું, શીંગડાનું બંધન ન તૂટે ત્યાં બિચારી ગાય કરે શું ? એવી રીતે નાની ઉંમરમાં ઉપદેશ સાંભળતાંની સાથેજ વૈરાગ્ય આવે કારણ કે એ વખતે એને એકે બંધન નથી, ઉંમર વધ્યા પછી વૈરાગ્ય આવે તો પણ એ મનુષ્ય, વળગેલા અનેક બંધનોથી છૂટી શકતો નથી. તમને વૈરાગ્ય નથી આવતો એમ નહિ, પણ તે જ વખતે બાયડીછોકરાંનું શું થાય, વેપારનું શું થાય વિગેરે વિગેરે બંધનોની પરંપરા નજર સામે ખડી થાય છે. આસ્તિકને, ધર્મિષ્ઠને વૈરાગ્ય નથી આવતો એમ છે જ નહિ પણ વૈરાગ્ય આવે છે તે વખતે અનેક દોરડાંથી બંધાયેલ હોવાથી તે છૂટી શકતો નથીઃ બાહ્ય અભ્યંતર બંધનો વૈરાગ્યને તોડી સાફ કરે છે. પેલી બરાડા મારતી ગાય બિચારી નીકળવાને ઉછળે તો ખરી પણ ગળે, પગે, શીંગડે બાંધેલું દોરડું એને આડું આવે છે તેમ આપણને પણ બાયડીછોકરાંરૂપી દોરડાં આગમાંથી જતાં-ન્હાસતાં અટકાવે છે. એ બંધનો તોડવા માટે વીર્યોલ્લાસ થવો જોઇએ. એ વીર્યોલ્લાસની આડે આવનારું વળી બળાત્કારનું નડતર જબરદસ્ત છે. પરિણામ ન થાય, મુંઝાઇએ તે આપણી ખામી પણ પરિણામ તથા પ્રયત્ન છતાં કોઇ રોકે ત્યાં શુ ? દોરડું તોડીને પણ આગમાંથી ગાય નીકળવા માગે પણ ગોવાળીયા રોકી રાખે ત્યાં શુ થાય ? એ જ રીતે અહીં પણ મોહનીયનું બંધન તોડી નાંખ્યું પણ કૌટુંબિક બળાત્કારના બંધનનું થાય શું ? એ બંધન સૌથી મોટું છે. ખુદ્ શ્રી તીર્થંકરદેવના વખતમાં પણ આવા બળાત્કારના બંધનો હતાં. એવા બંધનથી તો કેટલાક સાધુની છાતી બળી ગઈઃ સાધુએ નવ જાતનાં નિયાણાં કરવાં નહિ એમ કહ્યું છે. દીક્ષા લેતાં પહેલાં કુટુંબાદિ તરફથી એટલો ત્રાસ થયો હોય કે દીક્ષા લીધા પછી, એ પાળતાં પણ એ બળાત્કારની અસર જતી નથી, જેથી છેલ્લે એવાં કુટુંબ નહિ મળવાનું નિયાણું પણ કેટલીક વખત સાધુઓ કરે છે. વિચારો કે એ બળાત્કાર કેવો અને કેટલો હશે! એ કુટુંબીઓ દુર્ગતિના સાથી છે, પોતે પડે છે અને બીજાને પરાણે પાડે છે. દારૂડીયાઓ પોતે દારૂ પીયે છે અને બીજા ન પીયે તેને પછાડીને પરાણે પાય છે. આ સંસારી સ્નેહીઓ સંસારરૂપી દારૂના પીઠાના ગોઠીયા છે, પોતે તેમાં મસ્ત રહે છે અને બીજાને બળાત્કારે એમાં મસ્ત કરે છે. દારૂડીયા કે ભંગેરીની ટોળીમાં રહી દારૂ કે ભાંગ પીધા વિનાના રહી શકવું જેવું મુશ્કેલ છે તેવું બલકે તેથી વધારે સંસારપીઠાના ગોઠીયા સાથે મોહ વગરના રહેવું મુશ્કેલ છે. જો વ્યસન છોડવું હોય તે વ્યસની ગોઠીયાઓની સંગત છોડવી એ પહેલી ફરજ છે.

**મોહનાં પારખાં કરવાનાં ન હોય.**

શ્રી તીર્થંકરદેવને તો પ્રથમથી જ (ગર્ભથી જ) ત્રણ જ્ઞાન છે, એમનું આત્મીય બળ તેમજ શારીરિક

બળ જબરદસ્ત છે, એમનું એ જ્ઞાન પહેલાના ભવથી સાથે આવેલું છે. શ્રી ઋષભદેવ ભગવાનને ચૌદ રાજલોકનું અવધિજ્ઞાન હતું. તેઓ સર્વાર્થસિદ્ધથી આવ્યા હતા માટે ત્યાંનું લોકનાડીનું જ્ઞાન તે જ્ઞાન અહીં હતું. શ્રી તીર્થંકરદેવને પહેલાના ભવમાં જેવું અવધિજ્ઞાન હોય તેવું, કેવળજ્ઞાન સુધી નિયમા (નક્કી) રહે, વધે ખરું પણ ઘટે નહિ. દીક્ષા પછી વચમાં તપશ્ચર્યાના પ્રભાવે વધીને પરમાવધિ થાય. અલોકમાં લોક જેટલા સંખ્યાત ખાંડવા દેખે. આવા જ્ઞાનવાન, સામર્થ્યવાન તીર્થંકરદેવોએ પણ ધાર્યું કે આ જીવ જ્યાં સુધી ક્ષાયિક ભાવવાળો થયો નથી ત્યાં સુધી મોહની પરીક્ષામાં ઉતરવું નહિ. સાપની લડાઈમાં ક્યારે જવું ? સાપના ઝેરથી બચવા, બચાવવાની જડીબુટ્ટી હાથમાં હોય, એનાથી સેંકડોને બચાવ્યા હોય, પાકી ખાત્રી થઇ હોય તો જવું, એ વિના સાપ સાથે વેર કરવું એ મરવાનો ધંધો છે, નાશને નિમંત્રણ છે. ક્ષાયોપશમ ભાવની જડીબુટ્ટી ભરોસા વગરની છે. શ્રી તીર્થંકરદેવો પણ એ જ વિચારે છે કે દુનિયાદારી એ કાળો નાગ છે અને પોતા પાસે જડીબુટ્ટી તો ક્ષાયોપશમ ભાવની છે માટે સાપ જેવા કુટુંબથી દૂર રહેવું. ભગવાનને પણ કુટુંબ, આરંભ, પરિગ્રહ વિગેરે સાપ જેવા ભયંકર લાગે છે, એમને પણ સંસાર ડરવાલાયક લાગ્યો હતો, તો પછી જ્ઞાન કે સામર્થ્યના કશા ઠેકાણા વગરના આપણે ઘરમાં મોહમાં રહીને મોહને કેવી રીતે જીતી શકીએ ? પ્રસંગ ઓળખ્યા વગર ઘણી વખત છોકરાઓ બોલે છે 'ફલાણો મારી નાખે તો શું થઇ ગયું ?' તેવી રીતે વસ્તુસ્થિતિથી અજ્ઞાન એવા આપણે બોલી દઈએ છીએ કે કુટુંબ ચાહ્ય તેમ કરે તો પણ આપણને શું થવાનું છે ? તીર્થંકર જેવાઓએ પણ ઘર છોડ્યા પછી દીક્ષા લીધી છે. ઘરમાં સંસારના ગોઠીયાથી આપણે બચી શકતા નથી. છોકરાને પહેલેથી જ પૂછો છો કે 'ગોરી લાવવી છે કે કાળી ?' જેની તરફ તમને તિરસ્કાર છે તેનો પ્રશ્ન કરતા નથી. 'દારૂ આપું કે પાણી?, આવો પ્રશ્ન કોઈ વખત કરો છો ?

**હૈયે તેવું હોઠે.**

દેહરે, ઉપાશ્રયે ધાર્મિક ભાવના ઉત્પન્ન થાય છે. સૂર્યોદય વખતે લાલ કપડાંની છાયાથી લાલ દેખાય છે. તેમ છાયાના રંગ જેવી ભાવના દેહરે, ઉપાશ્રયે થાય છે, એ સ્વભાવે રંગની ભાવના નથી. જો સ્વભાવે રંગની ભાવના થતી હોત તો 'કયા ગુરુ પાસે જઈશું ?' એવો પ્રશ્ન થાત. તમારું ચિત્ત કાળીગોરીમાં છે, આ તરફ નથી તેથી તેવા ધાર્મિક પ્રશ્નો છોકરાને પૂછતા નથી. ચોપડીમાં દસ વાતો આવી તેમાં સારી કઈ ? ઉત્તર દેનારો પોતે જે વિચારનો હશે તેવી વાતને સારી કહેશે એ જ રીતે આપણું ધ્યેય કયું છે તે આપણા પ્રશ્નોથી માલૂમ પડે છે. પ્રશ્નો શ્રાવકપણાને અંગે પણ થતા નથી. ભાવના આવે છે પણ ધ્યેય તરીકે નિશ્ચિત થઈ નથી, નહિ તો બીજો સંકલ્પ આવે કેમ ? છોકરો જો ચાર દિવસ નિશાળે ન જાય તો 'એ શી રીતે કમાશે ? સંસાર કેમ નીભાવશે ?' એ પણ વિચાર આવે છે પણ

'ધર્મનું જ્ઞાન નહિ લીધું હોય તો વ્યાખ્યાન શી રીતે સમજશે ? સંવરનિર્જરાદિ તત્વોનું જ્ઞાન શી રીતે થશે ?' આ વિચાર આવે છે ? દુનિયાના નિભાવની ફીકરનો વિચાર આવ્યો, પણ તત્વજ્ઞાન નહિ થાય તો ભવોભવ રખડી મરશે એવો વિચાર કેમ ન આવ્યો ? શ્રી નંદીસૂત્રમાં એક વાત છે કે એક સ્ત્રી બે પુરુષની સાથે રહી છે. એ સ્ત્રી બડી ચબરાક અને લુચ્ચી છે, બંનેને સરખા રાખે છે. બે સ્ત્રીને સરખી રાખવી સહેલી પણ સ્ત્રીએ બે પુરુષને સરખા રાખવા મુશ્કેલ. રાજાએ આ વાત સાંભળીને કહ્યું કે- 'એ ન બને, રાજાએ એ સ્ત્રીને બેયને જૂદા જૂદા ગામે મોકલવાનો હુકમ કર્યો. તેણીએ વધારે વહાલો હતો તેને પશ્ચિમમાં અને ઓછો વહાલો હતો એને પૂર્વમાં મોકલ્યો. એ ઉપરથી રાજાએ અમુક વધારે વહાલો છે એમ નિશ્ચિત કર્યું. લોકોએ ન માન્યું. અંતઃકરણથી વહાલ કોના તરફ છે તે શબ્દથી અને ક્રિયાથી જણાઇ આવે છે તેવી રીતે ભલે દેહરા, ઉપાશ્રયમાં તો સરખું બોલીએ છીએ પણ છોકરાને લાડ લડાવતી વખતે હૃદયમાં શું છે તે નીકળી આવે છે. 'કાળી કે ગોરી ?'' એ પ્રશ્ન વખતે એથી થનાર અર્થની આપણને રૂંઆડેયે ખબર હોતી નથી પણ આપણે ક્યાં રંગાયા છીએ તે તત્ત્વજ્ઞ તટસ્થો બરાબર જોઇ શકે છે, અને સમજે છે કે 'આ તત્ત્વજ્ઞાન જાણે છે પણ રંગાયો નથી.''

**સંસારનું પીઠું.**

દારૂડીયાની સોબતે કહ્યા વગર દારૂડીયા થવાય છે. પોતે એમાં ન પ્રેરાય-ન જોડાય તો જોડેવાળા ખેંચવા માટે પ્રયત્ન કરે, તેમાં ન મનાય તો પકડીને પાય છે એવુંજ પરિણામ સંસાર દારૂખાનાના-પીઠાનું સમજવું. એ પીઠામાં બહુધા તો જીવ પોતાની મેળે જ પલળે છે, સરકે છે છેવટે સંસારમાં ન જોડાય તો ગોઠીયાઓ પકડીને પછાડે છે. આ સ્થિતિમાં જ્યારે કોઇ જીવ સંસાર છોડવાનો વિચાર કરે ત્યારે પેલા ગોઠીયાઓ એને છોડવા માગતા નથી માટે એને રોકવાને તમામ ધમાલ કરે છે. બીજાઓ દારૂડીયા થાય તેમાં દારૂડીયાને પોતાને ફાયદો નથી છતાં તેવાઓ પણ એને છોડતા નથી તો મોહવાળાને (જેમાં સ્વાર્થ પણ છે તેને) કોઇ સંસાર છોડે તે કેમ પાલવે ? છોકરીને મા પ્રત્યે, માને છોકરી પ્રત્યે એમ પરસ્પર પ્રેમ ન હોય તો મોહ ટકે કયાં ? એમાંથી કોઇ છૂટવા માગે તે ટોળીવાળાને કેમ ગમે? ચોરની ટોળીમાંથી કોઈ છટકવા માગે એને પેલી ટોળી જીવતો જવા દે ? નહિ, અરે ! જીવતો રહેવા ન દે. સંસારપીઠામાંથી જનાર માટે પણ એ જ દશા. એ ગોઠીયા જવા દે નહિ. જમને દેવો કબુલ પણ જતિને ન દેવાય. જમ લઈ જાય ત્યાં તો દેખવુંયે નહિ અને દાઝવુંયે નહિ, જ્યારે જતિ લઇ જાય ત્યાં તો રોજ દેખવું અને રોજ દાઝવું એ પાલવે ? ચોરની ટોળીમાંથી એક મનુષ્ય છટકીને બહાર નીકળી પડે તે ચોટ્ટાઓની ટોળીથી ન જ ખમાય. મોહમદિરામાં મસ્ત થયેલાના પીઠામાંથી કોઇ નીકળવા માગે તે પેલા મસ્તોને પાલવે ? ન જ પાલવે.

દારૂના પીઠામાં રહીને ચોખ્ખા રહેવું મુશ્કેલ, માટે ચોખ્ખા રહેવાની ઈચ્છાવાળાએ તો નીકળવું જ જોઈએ. બધાનાં પારખાં કરવાનાં હોય પણ ઝેરનાં પારખાં કરતા ના. ફલાણી બુટ્ટીથી ઝેર ઉતરી જાય એ વાત ખરી, એવી બુટ્ટી મળી હોય તો ઉપયોગ પ્રસંગે કરાય પણ બુટ્ટીની પરીક્ષા માટે વિષપાન કરાય? ઘર તો છોડવાનું જ. ક્ષાયિક ભાવવાળાને, કેવળજ્ઞાનવાળાને પણ આ સંસારના ભરોસે રહેવાનું નથી તો જેની પાસે જડીબુટ્ટી નથી તેવાએ શું કરવું? સાધુપણું લેતી વખત ફોસલાવવાથી ન માનવાથી કુટુંબીઓએ કરેલો બળાત્કાર ભુલાઈ નહિ, મરણ વખતે પણ યાદ આવે એ ઘા કેટલો લાગ્યો હોવો જોઈએ ? સાધુપણાએ ગાળેલી જિંદગીના છેડે પણ ન ભૂલાય એ ઘા કેવો ? તેથી જ એવી સ્થિતિ પામેલા કોઈ સાધુ એવું નિયાણું કરે છે કે-'જ્યાં રિદ્ધિસમૃદ્ધિ ન હોય, ત્યાં મારો જન્મ થાય ! ભાઈભાંડું, ફોઈ, મામા વિગેરે કોઈ સગું ન હોય ત્યાં મારો જન્મ થાય ! ! કોઈ કન્યા દેવા ન આવે, કોઈ ભાવ પણ ન પૂછે તેવા સ્થાને, તેવા સંયોગોવાળા સ્થાને મારો જન્મ થાય !!!' દીક્ષાના ઉમેદવાર પર કેટલો બળાત્કાર થયો હોવો જોઈએ કે જેના યોગે સાધુપણું પાળ્યા પછી પણ કાળધર્મ પામતી વખતે, આંતરડીનો કકળાટ ઉદ્ભવે, ડાઘ મટે નહિ, અને આવું નિયાણું કરાય. એ કુટુંબીઓ અનેક પ્રકારના બળાત્કારો કરવામાં કુશળ છે. જ્યારે કુટુંબીઓ જુએ છે કે-'આ આપણો રોક્યો નહિ રહે પણ બાયડીનો બાંધ્યો આપોઆપ રહેશે' એટલે તરત બાયડીનું બંધન બળાત્કારે પણ ગળે વળગાડે છે. બાયડીછોકરાં એ જબરાં બંધન છે, વજ્રની બેડી જેવાં છે એટલે કુટુંબીઓ એ બેડીમાં નાખવા માટે પેલાને પરણાવવા માટે એનો વિવાહ (સગપણ-સંબંધ) કરે છે, પછી પરણાવે છે, ફસાવે છે. ધનગિરિને આ રીતે પરણાવે છે. જ્યાં જ્યાં વિવાહની વાત થાય છે ત્યાં ત્યાં જો કે એ પોતે દીક્ષા લેવાના છે એમ કહી આવે છે તેથી તેવા સંબંધો તૂટે છે પણ એવામાં એક ઘર એવું નીકળે છે કે છોકરી માનતી નથી અને કહે છે કે 'કરેલો સંબંધ ન તૂટે, એ દીક્ષા લેશે તો હું પણ દીક્ષા લઈશ.' હવે કયો રસ્તો ? માતાપિતા એ બેનું બંધન તો હતું અને આ ત્રીજું બંધન થયું. ધનગિરિએ એ સુનંદાને પરણે છે. આગલા બે બંધન તુટી ગયાં એટલે કે માતાપિતા મરી ગયાં પણ બૈરીનું બંધન મોજુદ છે. એ સુનંદાને ગર્ભ રહ્યો છે છતાં મોહનો પરિત્યાગ કરી ધનગિરિજી એ વખતે દીક્ષા અંગીકાર કરે છે.

**ખરાબ ચીજ પણ સુપાત્રમાં સારી થાય છે. વજસ્વામીજીનું દ્રષ્ટાંત.**

હવે આ તરફ સમય પૂર્ણ થયે સુનંદા પુત્રને જન્મ આપે છે. ત્યાં આવેલા કુટુંબીઓ વાતો કરે છે કે-'આના બાપે દીક્ષા લીધી ન હોત તો આજે કેવો ઓચ્છવ કરવામાં આવત ?' સંસારી જીવોને સંસારના જ મહોત્સવો સારા લાગે, તેઓને દીક્ષાજ આડખીલી લાગે છે. 'જો ધનગિરિ હોત તો આજે બમણા બંધનથી બંધાત' એવું બોલવાનો વિચાર આવ્યો ? ક્યાંથી આવે ? સામાન્યતઃ અથવા ગમે તે

ઈરાદે બોલાયુ હોય પણ એમાંથી ધર્મિષ્ઠોને પોતાનું સાધન મળી રહે છે. કુટુંબીઓએ તો ઉત્સવ રોકાઈ ગયાના કારણમાં દીક્ષાને જણાવી હતી, દીક્ષા શબ્દનો ઉપયોગ એ માટે કર્યો હતો, છતાં એ શબ્દપ્રયોગ તરતના જન્મેલા બાળકને તો કલ્યાણકારી નીવડયો. ખરાબ વસ્તુ પણ પાત્ર-સારા પાત્રમાં સારી થઈ જાય છે. ગાયના મોંમાં ગયેલું ઘાસ દૂધ થઈ જાય છે. કુટુંબીઓએ તો દીક્ષાને હલકી પાડવા માટે 'દીક્ષા' શબ્દ વાપર્યો હતો પણ એ શબ્દ વજ્રસ્વામીના મગજમાં રમી રહ્યો. તિરસ્કારમાં, સંસારવૃદ્ધિના કારણમાં વપરાયેલા એ શબ્દને તરતના પ્રસવેલા બાળકે પકડી લીધો. 'દીક્ષા' શબ્દ સાંભળી એ બાળકને કાંક યાદ આવે છે, પરિણામે જાતિસ્મરણ જ્ઞાનદ્વારા પૂર્વે આરાધેલી દીક્ષાનું સ્મરણ થાય છે. હવે પોતે દીક્ષા કઈ રીતે પામે એવો વિચાર એ બાળક કરે છે. અહીં શંકાકાર પૂછે છે કે-શંકા કરે છે કે-'શાસ્ત્રકારો જ્યારે ગર્ભથી આઠ વર્ષની ઉંમરે દીક્ષાને યોગ્ય ગણે છે તો આ બાળકને જન્મતાં જ દીક્ષાના પરિણામ થયા શી રીતે ? અને જો એમ જન્મતાં જ દીક્ષાના પરિણામ થઈ શકતા હોય તો ગર્ભાષ્ટમ પહેલાં 'અયોગ્ય' કહીને શાસ્ત્રકારો દીક્ષાનો અંતરાય કરનારા થયા કે નહિ ? કરવું, કરાવવું અને અનુમોદવું એમ ત્રણ પ્રકારે પાપ બંધાય છે. અનુમોદનાના ત્રણ પ્રકાર છે. (૧) પાપ કરનારાના સહવાસમાં રહેવું, (૨) પાપની પ્રશંસા કરવી, (૩) પાપનો નિષેધ ન કરવોઃ આ ત્રણ પ્રકારે પાપની અનુમોદના થાય છેઃ તો પાપ નથી કરવું એવી પ્રતિજ્ઞા ન આપે તો એની પ્રતિજ્ઞા કેવી ? નિષેધ કરવા આવ્યો ને 'ના' કહીએ તો કરાવ્યું તથા અનુમોદ્યું થાય.'

**(શંકાનું સમાધાન) શાસ્ત્રકારે ગર્ભાષ્ટમનો નિયમ શા માટે કર્યો ?**

શાસ્ત્રકારે ગર્ભાષ્ટમનો નિયમ શા માટે કર્યો ? જન્માંતરના જ્ઞાનને લીધે જ્ઞાન જાગે, વૈરાગ્ય થાય તેવા બનાવો ઘણા ઓછા બને છે. જેને ભવાંતરનું જ્ઞાન નથી, તેવાઓ આઠ વર્ષ પહેલાં (ગર્ભાષ્ટમમ કે જન્મનવમ્‌માં) સર્વવિરતિમાં સમજે જ નહિ. શ્રાવકનો છ વર્ષનો છોકરો પોષહ લેવા આવે તો પોષહ ઉચ્ચરાવવો કે નહિ ? જો આઠથી નીચેની વયવાળાને દેશથી કે સર્વથી વિરતિના પરિણામ થાય નહિ તો તેવાને પચ્ચખ્ખાણ આપવા કે નહિ ? અત્યારે ઐચ્છિક સંસ્કાર નથી પણ માતાપિતાના સંસ્કારોથી ધર્મ-પ્રવર્તન છે. જાતિસ્મરણ કે અવધિજ્ઞાન હોય તો તો તેના દ્વારા પહેલાં પરિણામ થાયઃ અન્ય મતમાં જન્મ્યો હોય, સંસ્કાર પણ ત્યાંના હોય એવાને પોતાની ઇચ્છાએ વિરતિના પરિણામ ક્યારે આવે ! શાસ્ત્રકારોનો આ નિયમ ત્યાં લાગુ થાય છે. આઠ વર્ષ પહેલાં એને એ પરિણામ નહિ આવે. એ મતવાળો તમારો ધર્મ સાંભળે અને આદરવા તૈયાર થાય તો એ વાત આઠ વર્ષ પહેલાં કદી નહિ બને. ઐચ્છિક ધર્માચરણ આઠ વર્ષ પહેલાં હોય નહિ.

**બાળકના બળનો પરિચય.**

વજસ્વામીને તો જાતિસ્મરણ જ્ઞાન થયું છે. જન્મતાં જ એમને સાધુપણું લેવાની ભાવના જાગી. એમણે વિચાર્યું કે 'બાપે તો દીક્ષા લીધેલી છે એટલે મારે બંધન માત્ર માતાનું જ છે. હવે મારે કયો ઉપાય કરવો કે જેથી મને માતા પોતાની જાતે જ છોડી દે' દુનિયાની માયા મમતા ક્યાં સુધી ? જ્યાં સુધી આપત્તિ ન આવે ત્યાં સુધી. આવો વિચાર કરી એ બાળકે વિચાર્યું કે-'હવે મારું એક જ કામ કે માને આપત્તિમાં નાખું.' પોતાની દીક્ષા માટે માતાને આપત્તિમાં નાખવાનો નિર્ણય કરે છે. આટલું નાનું બચ્ચું શી આપત્તિ નાખી શકે ? મંકોડો કહે કે-'મામા ! ગોળની ગોળી લાવું' પણ એની કેડમાં જોર તો હોતું નથી. એવી રીતે આ તરતનું બાળક વિચારે છે કે 'માને આપત્તિમાં નાખ્યા વગર મારો છૂટકો થાય તેમ નથી.' પોતાની માતાને પણ આપત્તિમાં નાખવાનો નિશ્ચય કરનારને વૈરાગ્ય કેવો આવ્યો હશે ? ભયમાંથી બચવા માટે ભયગ્રસ્ત મનુષ્ય જોર માત્ર અજમાવેને. લૌકિક અપેક્ષાએ આ ભવના ઉપકાર માટે માતા ભક્તિને પાત્ર છે પણ પર ભવના કલ્યાણ માટે બંધન છોડવાની બંધનથી છૂટા થવાની બુદ્ધિએ આ બાળક આવો નિર્ણય કરે છે, તેમાં ખાસ માતાને હેરાન કરવાની બુદ્ધિ નથી. બાળકનું બળ કયું ? રૂદન ! રોવું તે.

બાળક રૂએ ત્યારે માતા કેટલાં કડવાં ઓસડીયાં પાય તે કોઈથી અજાણ્યું નથી, અફીણનું પ્રમાણ પણ વધારે-આ બધી મુશ્કેલી સહન કરવી કબુલ પણ પોતે રોતા રહ્યા નહિ. નાનાં બચ્ચાંઓ ટાઢ, તાપ, શરદીને ન ગણકારે, અરે ! વરસાદમાં ભીંજાય ત્યાં રોતાં નથી પણ કોઈ કડવું આપે, પાય, તો તરત રોવા માંડે. વજસ્વામી કડવું ગટગટાવે છે, એ કબુલ કરે છે પણ રોવું મૂકતા નથી. માતા જ્યારે કંટાળે છે ત્યારે વ્હાલા બાલકને પણ પછાડે છે એ નજરે દેખીયે છીયે. વજસ્વામી પણ એ નિયમમાંથી છૂટયા નથી. કોઈ વખત પછડાયા હશે. તરતના જન્મેલા આ બાળકે છ મહિના સુધી આ દશા ભોગવી. આવી જરા જુઠી કલ્પના તો કરી જુઓ કે કેમ થાય છે ! મા કેટલી રઘવાઈ થઈ હશે કે જેના યોગે 'આથી છોકરો ન હોય તો સારું' એવો વિચાર આવ્યો! આજ કાલ બાળકને બળીયા નીકળે છે, માંદા થાય છે છતાં 'છોકરો ન હોય તો સારું' એ વિચાર નથી આવતોઃ આ સુનંદા તો ધણી વગરની છે (ધણીએ દીક્ષા લીધી છે,) બીજું છોકરું નથી એવી વખતે આવો વિચાર કરે, આવું બોલે એ ઉપરથી વિચારો કે વજસ્વામીના રૂદનથી એ કેટલી કંટાળી હશે ! આવો વિચાર તો આવ્યો પણ કરે શું ? જ્યાં ત્યાં લવવા (બકવા) માંડયું કે 'અરે ! છોકરાએ તો મારી નાંખી. એવે વખતે ધનગિરિજી વિહાર કરીને ત્યાં (એ ગામમાં) આવે છે. એમના ગુરુ ગીતાર્થ આચાર્ય છે, ધનગિરિજી જ્યારે ગોચરી જવા નીકળે છે ત્યારે ગુરુ કહે છે કે- 'આજે ભિક્ષામાં સચિત્ત અચિત્ત જે મળે તે લેજો. આચાર્યો ચેલાના લોભિયા

છે એવું આજે બોલનારા બોલે છે તો આ આચાર્ય લોભિયા? વાદળી ચશ્મા પહેરનારને ધોળાં કપડાં પણ વાદળી દેખાય, એવી રીતે મોહના ચશ્માવાળા આવા પ્રસંગે ચેલાનો લોભ જ દેખે છે. ધનગિરિજી સુનંદાને ત્યાં વહોરવા આવ્યા. પાડોશણો આવીને ત્યાં સુનંદાને કહેવા લાગી કે-'આ એનો બાપ આવ્યો ! એ છોકરાને હવે એને સોંપીદે અને લપથી છૂટ !' વિચારો કે એ સુનંદા પાડોશણો પાસે કેટલી વખત કેટલું અને કેવું રડી બબડી હશે કે જેથી પાડોશણો આવું કહેવા આવી હશે ! જીવનમરણના સવાલ જેવો સવાલ લાગ્યો હશે કે જેથી પાડોશણે આવું ઉચ્ચાર્યું હશે. સાધુઓ દુનિયાની દશા બરાબર જાણે છે. અત્યારે પાડોશણો આ લપ સાધુને ગળે વળગાડવા તૈયાર થઈ છે. દુનિયામાં સાગરીતો કેવા મળે છે ! સુનંદા એકલી છે, નિરાધાર છે, રાંડી નથી પણ એવી જ સ્થિતિમાં છે, સાસુ-સસરો નથી, બાળક સોંપી દેવાથી આખું ઘર ઉખડી જાય છે છતાં બધી પાડોશણો બાળક સોંપાવી દેવા તૈયાર થાય છે, સાક્ષી થાય છે. સાધુ કહે છે કે-'અત્યારે તો આપે છે પણ કાલે પાછો માગવા આવે તો ?' પાછો માગવા નહિ આવે એવી ખાત્રી પાડોશણો આપે છે, પાડોશણો એ વાતમાં સાક્ષી થાય છે, ધર્મ વિરુદ્ધતામાં દુનિયા કેટલી રાજી છે ! અત્યારે સુનંદાનો તથા પાડોશણોનો બાળક સોંપવામાં એક જ આશય છે કે સાધુને ગળે લપ વળગાડવી, ફોડશે માથું અને કાઢશે રાતું ! આ બધા તો આવા ઈરાદાથી બાળકને ઝોળીમાં વહોરાવે છે પણ પેલા વજ્રસ્વામી તો ઝોળીમાં મુકાણા કે તરત રોતા બંધ થયા. ચારિત્રપ્રાપ્તિને અંગેનું બંધન તોડવું હતું તે તૂટી ગયું. આ જ સુધી કડવા ઘૂંટડા પીધા, પછાડીયાં ખાધા, ગડદા ખાધા, ગાળો ખાધી, માર ખાધો એ બધું આજે સફળ થયું. કહેવાનું તત્ત્વ એ છે કે જેને ભવાંતરના સંસ્કાર હોય તે ચારિત્ર જોડે લઈને આવે નહિ પણ લગીર નિમિત્ત મળતાં એને ઝટ માર્ગ મળી જાય છે.

**આવતા ભવમાં સમકિત રાખવું હોય તો ચારિત્ર જરૂર લેવાનું.**

મોક્ષ હોય પણ થાય નહિ તેવે વખતે પાળેલું ચારિત્ર નકામું નથીઃ ચારિત્ર કેવળ આ ભવનું છે. બીજે ભવે નવું છે. સમકિતવાળો આ ભવે ભલે વિરતિ ન લે પણ આવતા ભવમાં એના માટે બેધડકઃ કાંતો વિરતિ લે, કાં તો સમકિત છોડે. સમકીતિ દેવતાના ભવ પછી મનુષ્યપણું પામી જરૂર ચારિત્ર પામે. આ ભવમાં સમકીતિ (વ્રતધારી કે વ્રત વગરનો) તેને માટે આવતા મનુષ્યભવમાં બે જ માર્ગઃ કાં તો સમકિત જાય અગર કાં તો વિરતિ લે આવતા ભવમાં સમકિત રાખવું હોય તો ચારિત્ર જરૂર લેવાનું. શંકા 'બારમા દેવલોકે મનુષ્ય જાય ને ત્રણ વખત દેવલોક જાય અને મનુષ્યપણું પામે ત્યાં સુધી સમ્યક્ત્વ રહે તો પછી સમકિત જાય અગર વિરતિ લે એવો નિયમ શા ઉપરથી ? સમ્યક્ત્વવાળાને સાત ભવની મર્યાદા છે, તો બીજા ભવે મિથ્યાત્વી થવાનું કેમ કહો છો ?

શાસ્ત્રકારોએ ગુણઠાણાના કાલમાં ચોથે ગુણસ્થાનકે તેત્રીશ સાગરોમપથી અધિક કાળ ન કહ્યોઃ ચોત્રીસ સાગરોપમ નહિ. અહીં અવિરતિ રાખીયે તો બાવીસ સાગરોપમ દેવલોકના, પછી મનુષ્યભવ, ફેર બાવીસ સાગરોપમ દેવલોકના એટલે સમ્યક્ત્વ રહે નહિ. પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનકમાં આવે તો જ સમ્યક્ત્વ ૬૬ (છાસઠ) સાગરોપમ ટકે. આ વાત ધ્યાનમાં લેવાથી સમાધાન થશે. આ ભવથી બીજા ભવમાં સમ્યક્ત્વ અખંડ રાખવું હોય તો મનુષ્ય જરૂર વિરતિ લે. શ્રાવકના વ્રત લે તો વ્રતધારી (વિરતિ) કહેવાય ને ! શ્રાવકપણું એ ચૂકેલી ફાળ છે, ધારેલી ફાળ નથી. વાંદરાને પાંચમી ડાળ એ ચૂકેલી ફાળ છે કેમકે એને જવું હતું સાતમી ડાળે. દેશવિરતિ લેતી વખતે એ શ્રાવક સર્વવિરતિના પરિણામ જ હોય. તેવા પરિણામ ન હોય તો દેશવિરતિ કહેવાય જ નહિ. પહેલા વ્રતના વધ, બંધાદિક પાંચ અતિચાર છે. ત્રસ નિરપરાધીને જાણી જોઇને મારવો નહિ એ વ્રતને તથા અતિચારને સંબંધ શો ? 'મારી ન નાખવો' એવી પ્રતિજ્ઞા છતાં વધ બંધાદિ કરો તો ગુન્હેગાર શી રીતે ? 'પ્રાણ નાશ ન કરવો' એવી પ્રતિજ્ઞામાં વધબંધાદિક કરવાથી વ્રતમાં શી હરકત ? ચોથા વ્રતમાં પરસ્ત્રીનો ત્યાગ છે, કરનારે સ્વસ્ત્રીની છૂટ રાખી છે તો તીવ્ર અભિલાષા, અનંગ ક્રીડા વિગેરેમાં દૂષણ શાથી ? આ બરાબર સમજો ! વ્રત લેતી વખતની પરિણતિ કઈ ? એક એક જીવની હિંસા પોતાના આત્માને દુર્ગતિએ લઈ જનારી છે તે ન થાઓ, આ પરિણતિ છે અને અંદરની એ પરિણતિ કાયમ રાખવા માટેના આ મુજબ અતિચારો છે. વધ એટલે તાડન, તર્જન, બંધ એટલે દોરડે બાંધવા, આમાં અતિચાર કેમ એ હવે સમજાશે. સામા જીવને જરા પણ દુઃખ થાય તે હિંસા, જરા પણ હિંસા ન કરવી એ આંતર્ પરિણતિ એને માટે વધબંધનાદિક એ અતિચારો. એ જ રીતે ચોથા વ્રતને અંગે સમજવું. સમકિત થાય, દેશવિરતિ લેવા માંડે તે વખતે વિષયની ઉંડી ખાઈમાંથી નીકળવું એ જ કલ્યાણકારક આવી પરિણતિથી ચોથું વ્રત લીધું, એ જ માટે તીવ્રાભિલાષા, અનંગ દૂષણ વિગેરે અતિચારો છે. સર્વવિરતિની ધારણા રાખીને જ દેશવિરતિ કરવાની છે દેશવિરતિ ગ્રહણ એ થાક્યાના ગાઉ છે, શૂરાતનવાળાના ગાઉ નથી. સમ્યક્ત્વવાળો વ્રતના સંસ્કારવાળો કેટલો હોય ! પરવિવાહની વ્યાખ્યામાં 'કન્યાદાન દેવામાં લાભ છે' એવું માની કન્યા દે તો અણસમજુની અપેક્ષાએ એને અતિચાર કહ્યો છે. સમજુ દેશવિરતિવાળાએ દેણદારને કેદખાનામાં મોકલવો એ યોગ્ય નથી. વ્યુત્પન્નને આ યોગ્ય નથી. મૂળ વાતમાં આવીએ ચારિત્ર એક ભવથી બીજે ભવ સાથે આવતું નથી. અહીં કરેલી પ્રતિજ્ઞા અહીં પૂરી થાય છે પણ ચારિત્રના ભાવ સંસ્કાર બીજા ભવમાં જરૂર ચારિત્ર લાવી આપે જો ચારિત્ર લાવે નહિ તો અહીંનું સમ્યક્ત્વ રહ્યું કહેવાય નહિ. અહીંનું ચારિત્ર પાળેલું હોય તો એ જરૂર સમ્યક્ત્વ લાવી આપે છે.

શંકા :- 'જ્ઞાન અને દર્શન અખંડ રહે છે, તો પછી સર્વસ્થાને અશાશ્વત કેમ કહો છો ? અંદરની

સમૃદ્ધિ છોડી દેવી પડે છે એ કેમ મનાય ? ચારિત્ર છૂટી જાય પણ જ્ઞાનદર્શન છૂટે છે એ કેમ મનાય?'

સમાધાનઃ- જ્ઞાનદર્શનને બંને ભવનું કહ્યું પણ તે ગણ્યા ગાંઠ્યા જીવોને માટે અસંખ્યાતે એક. અસંખ્યાત જીવો સમ્યક્ત્વવાળા, અસંખ્યાત જીવો જ્ઞાનવાળા તેમાં સમ્યક્ત્વને જ્ઞાન લઈ જનાર એક, બાકીના ખોઈને જનારાઃ એક પણ જીવ તેવો હોય તો લઈને જાય છે, એમ શાસ્ત્રકારે કહેવું પડે. પહેલાના ભવનું સ્પર્શન તો નિયમા હતું જ તો તેનો સંસ્કાર કાંઇ છે ! દેવતાના ભવમાંથી આવ્યા હોઈએ તો કાંઇ જ્ઞાન છે? માટે બાહ્ય અભ્યંતર સામગ્રી પણ છૂટી જાય તો પછી આપણી પાસે રહેવાનું શું ? ધાડ પડી, માલ લુટાયો પછી ભરતીયું પાસે રહ્યું એ કામનું શું ? બેંક લૂંટાઇ ગઈ પછી ચેક શું કરવાનો ? જ્ઞાનદર્શન વગરનો આત્મા લુટાઇ ગયેલી દુકાનના ભરતીયા જેવો છે. કંચન, કામિની, કુટુંબ અને કાયા જેને માટે આપણે મહેનત કરીએ છીએ તે પણ નાશ પામવાના છે. કાળા પાણીની સજા સારી છે કેમકે જો કે ત્યાં કુટુંબ, રિદ્ધિ વિગેરે ન લઈ જવાય પણ શારીરિક સંપત્તિ એ સજા કરનાર લઈ લેતો નથી. જ્યારે મોત થાય ત્યારે શારીરિક સંપત્તિ, એ સજા કરનાર લઇ લેતો નથી. જ્યારે મોત થાય ત્યારે શારીરિક સંપત્તિ કૌટુંબિક સામગ્રી, આત્માની જ્ઞાનાદિક સામગ્રી આ બધાથી છૂટા થવાનું. જેને ક્ષયોપશમ થયો હોય અને વચમાં ઉદય થઈ જાય તેને ક્ષયોપશમ કરવો સહેલો છે. આ આત્મા અનાદિકાલથી આવી સજા અનંતી વખત પામ્યો છતાં હજી એને ભવનો ભય લાગતો નથી, જેને ભવનો ભય લાગ્યો હોય તેણે જ દેવગુરુધર્મની માન્યતા સાચી કરી ગણાય અને એને જ સમકીતિ ગણાય.

# સમાલોચના

(૧) જૈન પ્રવચન અંક ૧૫ પા. ૧૯૨ માં બીજા કોલમમાં " એ દૃઢ વૈરાગી રાજકુમારે સ્વયં પ્રવ્રજ્યા ગ્રહી." એમ સ્પષ્ટ લખ્યું છે, અને તે જ પત્રના અંક ૧૭ માના પા. ૨૧૬માં તેનું શ્રી મહાવીર મહારાજે દીક્ષાનો નિષેધ જ કર્યો છે ને નિષિદ્ધ કરાયેલ હોવા છતાં એવું વિવેચન કરવામાં આવ્યા પછી સ્વયં દીક્ષા નથી લીધી પણ ભગવાને આપી છે એમ સમાલોચના થતાં અંક ૨૦ ના પા. ૨૫૦માં સુધારો કરવામાં આવ્યો અને મહાવીર મહારાજાએ જ શ્રી નંદિષેણજીને નિષેધ કર્યા પછી પણ દીક્ષા આપી એમ હવે પ્રવચનના લેખકે પણ સ્પષ્ટ માન્યું છે.

(૨) (અ) ગુરુતત્ત્વવિનિશ્ચયના પાઠમાં દીક્ષા એ વિશિષ્ટ બીજ અને સમયકૃત્વ એ બીજ માત્ર છે એમ કહ્યા છતાં તે ભેદને ન સમજે અને અન્યથાથી કહેલા વિરોધને ન સમજે તે મનુષ્ય જ "ખેડૂતને અપાવેલી દીક્ષાના પ્રતાપે" એમ પ્રકરણ વિરોધી અને અસંબદ્ધ લખે અને સિદ્ધ થયેલી છે એમ પણ પ્રસંગાપાદનને ન સમજતાં જ લખે.

(આ) અસંબદ્ધ અને જુઠા પણ માત્ર પાઠો આપવા એવી ટેવવાળાને પાઠમાં રહેલ મુદ્દો ન સુઝે અને તેથી ગુરુતત્ત્વવિનિશ્ચયના अत एव નો સંબંધ કે અર્થ ન અપાય તે સ્વાભાવિક છે, કેમકે તેનો સ્પષ્ટ અર્થ એવો હતો કે પૃચ્છાદિથી યોગ્ય જણાયેલાને (વસ્તુતઃ) બીજા ધાન માટે ને સામાન્યથી વિશિષ્ટ બીજા ધાનને માટે આચાર્યો દીક્ષા આપે છે, કેમકે તેવા બીજેથી આઠમે ભવે જીવ મોક્ષ મેળવે છે ને તેથી જ નિશ્ચયથી પડવાવાળો જાણ્યો હતો એવા હાલિકને ભગવાન મહાવીરે ગૌતમસ્વામીજી દ્વારા દીક્ષા અપાવી છે. (વાચકને આથી સ્પષ્ટ માલમ પડશે કે તૃપ્તિકારને પાઠના ઉલટા, જુઠા, અસંબદ્ધ અને અણસમજ ભરેલા અર્થ લખી દેવાની ટેવ પડી છે ને તે પોતાની ટેવને બીજાને માથે ખોટા પડ્યા વિગેરેની બળતરાથી ઓઢાડવા જાય છે.)

(૩) કશોય.લાભ થવાનો જ નથી એવું વાક્ય તૃપ્તિકારકને પોતાની કલ્પનાથી જ લખેલ હોવાથી જ ગળી જવું પડ્યું છે ને પ્રરૂપકના વચનમાંથી તે દેખાડી શકાયું નથી.

(૪) નિશ્ચિત પતિતોને પણ દીક્ષાથી ગુણવિશેષ પણ થાય છે એ વાત તો પ્રવચને પણ શ્રી ભગવતીજીના પાઠથી કબુલ કરી છે. (વર્તમાનમાં તો ભવિષ્યના પતનનો સંદેહ જ ગણાય)

(૫) જે સ્વયં પ્રવ્રજ્યા ગ્રહી એમ લખીને પણ પાછળથી સુધારો કરેલો છે તે સારો છે.

(જૈન પ્રવચન)

(૧) पत्तय શબ્દથી કાગળની સિદ્ધિ કરનારે અનુયોગદ્વાર પત્ર ૩૪ પૃષ્ઠ-૧ पत्रकाणि तलताल्यादि संबंधीनि અને तत्संधातनिष्पन्नास्तु पुस्तकाः જોવું જેથી પણ માલમ પડશે કે મુખ્યતાએ તાડપત્રનાં પુસ્તકો હતાં. નાના દાબડામાં ભૂર્જપત્ર હોય.

(૨) ચર્ચાસારમાં પૃષ્ઠ ૬૮-૬૯ માં इयरोऽवि० એ ગાથા ૯૫૭ છે ને તેના તાત્પર્યમાં 'નન્દીસૂત્ર સંભળાવતી વખતે શિષ્યે પણ મુહપત્તિ વડે મુખબંધન કરવું પડે એમ સમજાય છે, એમ ચોખ્ખું विधिगृहीतया ના પાઠથી વિરુદ્ધ જુઠું લખેલ છે.

(૩) દશવૈકાલિક ચૂર્ણિમાં દુષ્ષમાકાલમાં પુસ્તક રાખવું સંયમ છે એમ તો આ પત્રે જણાવેલ જ છે પણ શાસ્ત્રોમાં કહેલ લેખન પ્રાયશ્ચિતનો તેથી અપવાદ થાય પણ કાગળને અંગે કરવાં પડતાં બંધનનો અપવાદ તેમાં નથી એમ જણાવ્યું હતું તો તેની અવાસ્તવિકતા કહેનારે તે ચૂર્ણિમાંથી પુસ્તકબંધનનો અપવાદ સિધ્ધ થાય તેવો પાઠ આપવો.

(૪) હાથથી થતી યોગમુદ્રામાં મુહપત્તિ ધારણના ભેદને જણાવનાર ભાષ્યગાથા અને આદીશ્વર ચરિત્રમાં सूरिवर्योऽप्युपमुखं विन्यस्तमुखवस्त्रिकः એટલે મુખ પાસે મુખવસ્ત્રિકાનું રાખવું વગેરે પાઠોથી બંધન ટકતું નથી ને તે વિધિપ્રપા માટે પહેલાં જ લખ્યું છે કે તે પુસ્તકો ક્યાં છે ? વળી તેથી પણ બાંધવી જ પડે તેમ સિધ્ધ થાય તેમ નથી, કોઈપણ પાઠમાં बंधिय કે बंधिऊण એવો પાઠ છે જ નહિ. સ્થાપન, સ્થગન વિગેરે શબ્દો તો છૂટામાં પણ લાગુ થાય.

(૫) સંપાતિમઆદિનો બચાવ તો વ્યાખ્યાન સિવાયના વખતમાં બાંધનારા કરશે તેમ બીજા તે અને બીજી બન્ને વખત પણ કરી શકે.

(૬) જેમ વસતિપ્રમાર્જન વખતે કૃકાટિકા બંધ છે તેમ કોઈ પણ જગા પર વ્યાખ્યાનમાં કર્ણવેધ બંધ હોય તો પાઠ આપવો.

(૭) આઠ પડનો લેખ હોવાથી બાંધવાવાળા બે પડે બાંધે છે, માટે તેમને તેવો લેખ આપવાની જરૂર છે.

(૮) ततो दशनदीधिति निर्दलिततमःपटलो मुनीन्द्रः प्राह જેવા અનેક પાઠો ભવભાવના, પુષ્પમાળા, વાસુપૂજ્યચરિત્ર વિગેરેમાં વ્યાખ્યાન કરનાર મુનિરાજોના મુખબંધન વિનાની સાબીતિ માટે સ્પષ્ટ છે.

(મુંબઈ સમાચાર)

(૧) યોગમુદ્રામાં હાથ મુખ આગળ રાખવાના ન હોય તો શક્રસ્તવમાં કેમ કરવું ?

(૨) મુહપત્તિ વ્યાખ્યાન વખતે હાથમાં રાખવાની હોવાથી જ धरंति અને नवरं એ બે પદો છે.

(૩) કારણસર થયેલી પ્રવૃત્તિ કારણ ન હોય તો ફેરવવામાં ડહાપણ કેમ નહિ ?

(૪) અધિકતા થઈ અનંતાનુબંધીના પ્રસંગને વારવા ચતુર્થીની સંવત્સરી યાવત્ તીર્થ રહે તે સ્વાભાવિક છે.

(જૈન)

# સુવિહિત સાધુઓના વિહારનાં વિવિધ ફળો.

જૈન જનતા એ વસ્તુ સારી પેઠે જાણે છે કે સંસારનો ત્યાગ કરી મોક્ષમાર્ગને સાધવામાં મશગુલ બનેલા મુમુક્ષુઓ એક સ્થાનના પ્રતિબંધવાળા હોતા નથી. શાસ્ત્રકારોએ પણ નિત્યવાસને કરનારા સાધુઓની દશા અધમતમ ગણાવી તેઓને સાધુપણાથી દૂર રહેલા જ ગણાવ્યા છે, અને તેથી જ પાસત્થા વિગેરે પાંચ કુગુરુઓની માફક નિત્યવાસીને પણ કુગુરુની માફક જ ગણાવેલ છે. શાસ્ત્રોમાં સાધુઓના વિહારને માટે આઠ મહિનાના આઠ કલ્પ અને ચોમાસાના ચાર મહિનાનું એક કલ્પ એમ નવ કલ્પથી જ વિહાર જણાવેલો છે. જો કે દુર્ભિક્ષ, રોગ, અશક્તિ વિગેરે કારણોથી માસકલ્પની મર્યાદાએ ક્ષેત્રાંતર ન થાય અને તેથી તેનું આભાવ્ય (માલિકીપણું) જતું નથી તો પણ દુર્ભિક્ષાદિક કારણ સિવાય શાસ્ત્રોમાં માસકલ્પની મર્યાદા જ શેષકાળ માટે નિયમિત છે, અને તેથી જ સાધુઓના દશ પ્રકારના આચારને અંગે માસકલ્પ નામનો નવમો કલ્પ ભગવાન મહાવીર મહારાજના શાસનમાં અવસ્થિત એટલે નક્કી તરીકે માનેલો છે. દશ કલ્પને જણાવનાર શ્રીબૃહત્કલ્પ, આવશ્યક, પંચવસ્તુ, પંચાશક, પ્રવચન સારોદ્ધાર યાવત્ પર્યુષણ કલ્પની વિધવિધ ટીકાઓમાં શ્રી મહાવીર ભગવાનના શાસનને અંગે દશે પ્રકારના કલ્પોનું નિશ્ચિતપણું જણાવતાં માસકલ્પ નામના કલ્પનું પણ નિશ્ચિતપણું જ જણાવેલું છે. વર્તમાનમાં જે કોઈપણ સ્થળે જે કોઈપણ મહાત્મા અધિક રહે છે તેમાં જો શાસ્ત્રોકત્ત કારણ ન હોય તો તે પ્રમાદજ ગણાય. શાસ્ત્રકારોએ રાત્રિભોજન વિરમણને છઠ્ઠું જણાવેલું છે. જેમાં એવા પાંચે મહાવ્રતોનો પાક્ષિક સૂત્રમાં આલાવો જણાવતાં <u>उवसंपज्जित्ताणं विहरामि</u> એ વાક્ય સ્પષ્ટપણે જણાવ્યું છે અને ટીકાકારે તેની સ્પષ્ટ વ્યાખ્યા કરી છે કે વિહાર ન કરે અને માસકલ્પાદિક મર્યાદા ન સાચવે તો તે મહાવ્રતોનો અંગીકાર જ નિષ્ફળ છે. આ બધી હકીકત વિચારનાર મનુષ્ય સહેજે સમજી શકશે કે ચાતુર્માસની પૂર્ણતાએ દરેક સાધુ જ્યાં ચતુર્માસ કર્યું હોય તે ક્ષેત્રથી વિહાર કરવાને તૈયાર થાય તેમાં જ તેમના સાધુપણાની રક્ષા છે.

ઉપર જણાવ્યા પ્રમાણે સાધુઓને વિહાર કરવો આવશ્યક હોવાથી જ શાસ્ત્રકારોએ વિહાર કરતાં માર્ગમાં આવતી નદીના ઉલ્લંઘનની અને કદાચ વધારે પાણી હોય અને બીજેથી ફરીને ન જવાય તેમ હોય તો વહાણ વિગેરે દ્વારાએ પણ નદી ઓળંગવાની છૂટ આપી છે, અને તેથી જ શાસ્ત્રકારો <u>न इक्कमयि</u> એમ કહી નદી ઉતરનારો ત્રિલોકનાથ તીર્થંકરની આજ્ઞામાં જ છે, પણ આજ્ઞાને ઓળંગનાર નથી એમ સ્પષ્ટ જણાવે છે. ભગવાન જિનેશ્વર મહારાજનું તાત્પર્ય નદીના જલના જીવોની વિરાધના ઉપર નથી, પરંતુ તેવી રીતે નદી ઉતરીને પણ સાધુએ અપ્રતિબદ્ધ વિહારી રહેવું જોઈએ એમ જણાવી સાધુઓના અપ્રતિબદ્ધ વિહારીપણામાં જ તાત્પર્ય રાખેલું છે. આ ઉપરથી જેઓ એકાંત દ્રવ્યહિંસાના જ પરિહારમાં

ધર્મ અને જિનેશ્વર મહારાજની આજ્ઞા સમજતા હોય તેઓએ દ્રવ્યહિંસાના પરિહારનું બાધ્યપણું અ ચારિત્રઆદિકનું રક્ષણીયપણું આંખ મીંચીને વિચારવું જોઈએ.

ઉપર જણાવ્યા પ્રમાણે સાધુઓને પોતાના ચારિત્રના રક્ષણને માટે જો કે વિહાર કરવાનો જ છે છતાં તેવી રીતે વિચરવાથી જુદા જુદા સ્થાનોના પર્યટનમાં શ્રી જિનેશ્વર મહારાજની જન્મ, દીક્ષા, કેવળ અને નિર્વાણની ભૂમિઓરૂપી પવિત્ર તીર્થોના દર્શનનો લાભ મળે અને તેથી સમ્યકૃત્વની અત્યંત નિર્મળત થાય એ હકીકત શાસ્ત્રોક્ત હોવા સાથે વિહાર કરનારાઓને અનુભવસિદ્ધ છે. વળી, સુવિહિત સાધુસમુદાયના આવવા જવાથી તીર્થસ્થાનનો મહિમા વધે અને તેથી અનેક ભવ્ય આત્માઓ ઉલ્લાસવાળા થઈ તીર્થભક્તિમાં તન, મન અને ધનથી પ્રવૃત્ત થાય એ સ્વાભાવિક જ છે. महाजनो येन गतः स पन्थाः એ ન્યાય ખરેખર આવી રીતે સાધુ મહાત્માઓના સ્પર્શ આદિના પ્રભાવથી તીર્થના પ્રકૃષ્ટ મહિમામાં લાગુ પડે છે. વર્તમાનકાળમાં પણ જે જે તીર્થસ્થાનોમાં પવિત્રતમ સુવિહિત મહાત્માઓનું જવું વિગેરે થાય છે ત્યાં ત્યાં તીર્થનો મહિમા અત્યંત વધે છે અને જે તીર્થો ઘણાં મોટા છતાં પણ સુવિહિત સાધુ મહાત્માઓના આવાગમનથી શૂન્ય હોય તેનો મહિમા તેવો વધતો નથી એ પ્રત્યક્ષ દેખાય છે. આ જ કારણથી ગુજરાત દેશની અંદર રહેલા સામાન્ય તીર્થની પણ જાહોજલાલીને અન્ય દેશના મહાતીર્થો પણ પહોંચી શક્યાં નથી એ વાત સ્પષ્ટ દીવા જેવી જ છે. આ ઉપરથી સ્પષ્ટ થશે કે સાધુ મહાત્માઓના વિહારનું ફળ તીર્થોની ઉન્નતિ પણ છે. જેવી રીતે ચૈત્ય અને તીર્થોની જાહોજલાલીથી સાધુ મહાત્મા અને ઈતર જૈનોને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, શુદ્ધિ અને વૃદ્ધિ વિગેરે સત્પુરુષોના વિહારથી જ થાય છે તેવી રીતે સત્પુરુષોને પણ દેશદેશાંતરમાં ભ્રમણ કરતાં કોઈ તેવા દર્શન પ્રભાવક સમ્મતિતર્ક આદિ શાસ્ત્રોને ધારણ કરનારા મહાપુરુષનો યોગ મળે અને તેમની પાસેથી તે તે દર્શનપ્રભાવક શાસ્ત્રો ગ્રહણ કરવાદ્વારા એ તેમજ દર્શનવિઘાતક શંકાઓના સમાધાન મેળવવાદ્વારા એ સમ્યગ્દર્શનની પ્રભાવના અને નિર્મળતા થાય તે વિહારનો જ ગુણ છે.

દર્શનપ્રભાવક શાસ્ત્રોની માફક બીજાં પણ નવાં નવાં શાસ્ત્રો જાણનારા, અપૂર્વ સૂત્રાર્થને ધારણ કરનારા તેમજ વાચનાદિક સ્વાધ્યાયમાં અત્યંત નિપુણ એવા મહાપુરુષોના યોગે વિહાર કરનાર સાધુ મહાત્માને અપૂર્વ જ્ઞાનનો લાભ થાય તે કાંઈ ઓછો લાભ નથી. જેવી રીતે પૂર્વેદર્શન અને જ્ઞાનનો લાભ વિહારદ્વારા એ જણાવ્યો તેવી જ રીતે શ્રાવકાદિકના કુટુંબનું મમત્વ, ગ્રામ, ઉપાશ્રય વિગેરે ક્ષેત્રની પ્રતિબદ્ધતા તેમજ ભકત અને સ્વજન સંબંધી કુટુંબો ઉપર થતો મમત્વભાવ એ સર્વ ચારિત્રના પ્રાણને સર્વથા નાશ કરનાર છે. તેનાથી બચવા માટે ચારિત્રની રક્ષાના અર્થી સાધુઓને વિહારની આવશ્યકતા

હોય તે સ્વાભાવિક જ છે.

ઉપર જણાવ્યા પ્રમાણે સુવિહિત સાધુ મહાત્માઓના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના ઉદયમાં હેતુભૂત જેમ તેમનો વિહાર છે તેમ શ્રાવક શ્રાવિકાના ઉદયને માટે પણ મહાપુરુષોના વિહારની ઓછી આવશ્યકતા નથી. વાચક સ્પષ્ટપણે સમજી શકે છે કે જે જે કાલે જે જે ક્ષેત્રમાં સુવિહિત સાધુ મહાત્માઓનો વિહાર થતો હતો કે થાય છે તે તે કાલે તે તે ક્ષેત્રો ધર્મના કેન્દ્ર તરીકે રહેલાં છે. વર્તમાનકાળમાં ગુજરાતદેશે કેન્દ્રપણાનું કાંઈ સર્ટિફિકેટ મેળવેલું નથી અને મગધ, મારવાડ, મેવાડ, માળવા, મહારાષ્ટ્ર વિગેરે દેશોએ ધર્મના કેન્દ્રપણામાં રાજીનામું આપ્યું નથી, પણ સદીઓથી ગુજરાતમાંથી જ ભવ્યાત્માઓ પોતાના આત્માને ઉજ્જવલ કરનારા અને ચારિત્રમાર્ગે પ્રયાણ કરી સ્વપરોપકારને સાધનારા થયા છે અને તેથી જ વર્તમાનમાં ગુજરાત જૈન ધર્મનું કેન્દ્રસ્થાન બનેલું છે. જો કે ઉપર જણાવેલા મગધાદિક દેશોમાં સુવિહિત સાધુઓનો વિહાર થતો જ નથી એમ કાંઈ નથી, પણ ગુજરાતની અંદર જે સ્થાન પર આહ્લાદ ઉપજાવનારાં ચૈત્યો, મનોહર મૂર્તિઓ અને લોકોની ભાવભક્તિ વિહાર કરનારા પૂજ્ય મહાત્માઓના સમ્યગ્દર્શનની વૃદ્ધિમાં કારણભૂત થાય છે તે અપૂર્વ જ છે. અનુભવી મનુષ્યો સ્પષ્ટપણે સમજી શકે તેમ છે કે તીર્થો, ચૈત્યો, ગુરુ અને ધર્મ એ સર્વનો કોન્ટ્રાકટ જ જાણે લીધો ન હોય તેમ સ્પષ્ટ દેખાય છે.

યાદ રાખવાની જરૂર છે કે આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસ કે ગણિ-એવી ઉંચી પદવીને નહિ ધારણ કરનારા સામાન્ય સાધુઓથી પણ જૈનજનતા અપૂર્વ લાભ મેળવી શકી છે :-

(૧) સામાન્ય કે વિશેષ કોઈપણ સાધુના દર્શન કરનાર જૈનને પોતે જૈન છે એવું ભાન થાય છે. આ જ કારણથી જે જે સ્થાને સામાન્ય કે વિશેષ સાધુ મહાત્માઓનો વિહાર હોતો નથી તે તે સ્થાનોના જૈનો પોતાના જૈનત્વને ભૂલી જાય છે.

(૨) સામાન્ય કે વિશેષ સાધુમહાત્માના સમાગમમાં આવવાવાળો મનુષ્ય જીવાદિક તત્ત્વ અને દેવાદિક રત્નત્રયીને સમ્યગ્ રીતે ઓળખનારો થઈ સમ્યગ્ધર્મને પામી શકે છે.

(૩) સામાન્ય કે વિશેષ સાધુ મહાત્માઓના સમાગમમાં આવનારા મનુષ્યો જ સંસારનું આરંભ, પરિગ્રહ અને વિષય કષાયમયપણું સમજી, તેને ભયંકર ગણી ચારિત્રરત્નને આદરવા તત્પર થાય છે.

(૪) આરંભ પરિગ્રહની આસક્તિને લીધે કે બીજા કોઈ પણ કારણથી જે લોકો ચારિત્રને ગ્રહણ નથી કરી શકતા તેઓ પણ સર્વથા પાપ છોડવારૂપી સાધુપણું જરૂરી છે એમ માનવાપૂર્વક હિંસાદિક પોતાની કંઈક કંઈક અંશે પણ વિરતિ કરનારા થાય છે તે પણ સાધુ મહાત્માઓના થતા

સમાગમને જ આભારી છે.

(૫) જગતમાં જાહેર તરીકે જાણવામાં આવેલો જૈનપણાનો આચાર જે જીવદયા, રાત્રિભોજનનો પરિહાર, અનંતકાય અને અભક્ષ્યનો ત્યાગ વિગેરે છે તેનો પણ વર્તાવ સાધુ મહાત્માઓના સમાગમથી જ થાય છે.

(૬) સામાયિક, પૌષધ વિગેરે સાધુપણાના મહેલની નીસરણીરૂપે ગણાતાં શિક્ષાવ્રતો પણ ત્યારે જ થાય છે અને રસમય બને છે કે જ્યારે સામાન્ય કે વિશેષ કોઈ પણ સાધુ મહાત્માના સમાગમમાં અવાય.

(૭) અનુકંપાદિક પાંચે દાનોમાં ઉત્કૃષ્ટતમ તરીકે ગણાતા સુપાત્રદાનને આચરીને તેનો લાભ મેળવવાને માટે શ્રાવક-શ્રાવિકા વર્ગ સાધુ મહાત્માઓના વિહારથી થતા સમાગમને લીધે ભાગ્યશાળી બને છે.

(૮) પૂજા, પ્રભાવના, સાધર્મિક વાત્સલ્ય અને વિનય, વૈયાવચ્ચ આદિનું સ્વરૂપ, તે કરવાથી થતો લાભ વિગેરે જાણી તેમાં તેમાં પ્રવૃત્તિ કરવાનું અહોભાગ્ય તે પણ સાધુ મહાત્માઓના વિહારથી થતા સમાગમને જ આભારી છે.

(૯) ચૈત્ય, પ્રતિમા, પાંજરાપોળ, ઉપાશ્રય વિગેરે ઉપયોગી સ્થાનોના લાભો પણ સાધુ મહાત્માના સમાગમથી ઘણી મોટી સંખ્યામાં લેનારા થાય છે.

(૧૦) અન્ય ધર્મીઓ કે જેઓના દેવો વિષયકષાયમાં રાચેલા, ગુરુઓ આરંભ પરિગ્રહમાં મસ્ત બનેલ અને ધર્મ કે જે દયાના દેશથી પણ દૂર દોડી ગયેલો હોય છે તેવાઓ પણ અઢાર દોષ રહિત વીતરાગ પરમાત્મા દેવ ઉપર, પંચમહાવ્રતપાલક, કંચનકામિનીના ત્યાગી એવા ગુરુ ઉપર અને જગત જીવમાત્રને હિત કરનાર દયાપ્રધાન સંયમ આદિ ધર્મ ઉપર જે જુઠા કટાક્ષો કરતા હોય તેનું યથાર્થ સમાધાન મેળવી કુદેવ, કુગુરુ અને કુધર્મના ત્રિવિધ ત્રિવિધ ત્યાગ કરવા પૂર્વક સુદેવ, સુગુરુ અને સુધર્મનો અંતઃકરણથી મોક્ષ પ્રાપ્ત થવા માટે આરાધન કરવાનું સુવિહિત સાધુઓના સમાગમથી જ બને છે.

ઉપસંહારમાં જણાવવાનું કે તે તે ક્ષેત્રોમાં વિચરતા તે તે મહાત્માઓએ તથા તે તે ક્ષેત્રમાં રહેલ શ્રાવક શ્રાવિકાઓએ આ લેખ ધ્યાનમાં રાખી પોતાથી બની શકે તેટલો લાભ દેવા અને લેવા તૈયાર થવું અને તેમાં જ આત્માનું શ્રેય છે એમ માનવું એ જ આ લેખનો ઉદ્દેશ છે અને તે સર્વ સફળ કરો.

# પરમ પવિત્ર પર્યુષણા પર્વની વ્યવસ્થા અને તેનાં પવિત્ર કાર્યો.

(ગતાંકથી ચાલુ)

અને તેથી અવસ્થાનરૂપ પર્યુષણા અષાઢ ચાતુર્માસી પછી વીસ જ દિવસે હોવી જોઈએ. છતાં શ્રી કલ્પસૂત્રના નવમા વ્યાખ્યાનમાં અષાઢ ચાતુર્માસી પછી વીસ દિવસ સહિત એક મહિનો ગયા પછી જે પર્યુષણા કરવાનું જણાવ્યું છે તે કાં તો તે વખતે શ્રી શ્રમણસંઘે અષાઢ ચાતુર્માસી પછી દશ પર્વ સુધી અનિયમિતપણે પર્યુષણા કરવાનો રિવાજ બંધ કર્યો તે પુસ્તકારોહણની પછીથી હોય અથવા તો સર્વસામાન્ય રીતિએ વર્ણન કરતાં અભિવર્ધિતની વિવક્ષા વગર જ વર્ણન કર્યું હોય અથવા તો નવમા પૂર્વના જેવો સામાચારીનો પાઠ હોય તેવો જ નવમા વ્યાખ્યાનમાં મેળેલો હોય. જો આ ત્રણમાંથી કોઈપણ કારણ ન હોય તો તે ચોમાસે તો ચોખ્ખો પોષ મહિનો અધિક હોવાથી અભિવર્ધિત વર્ષ હતું અને તેથી શાસ્ત્રોના નિયમ પ્રમાણે અભિવર્ધિત વર્ષમાં અષાઢ ચાતુર્માસી પછી વીસ દિવસે જ અવસ્થાનરૂપ પર્યુષણા કરવાનાં હોય છે અને તેથી અષાઢ ચાતુર્માસી પછી એક મહિનો ને વીસ દિવસે પર્યુષણ કરવાનું નહિ કહેતાં માત્ર અષાઢ ચાતુર્માસી પછી માત્ર વીસ દિવસે જ પર્યુષણા કરવાનું લખત, એટલું જ નહિ પણ સર્વકાળમાં દરેક યુગના ત્રીજા અને પાંચમા વર્ષે અભિવર્ધિત વર્ષ હોવાથી દરેક યુગના ત્રીજા અને પાંચમા વર્ષે અષાઢ ચાતુર્માસી પછી વીસ દિવસે પર્યુષણા થાય છે તેની પણ સૂચના તે જ સૂત્રોમાં કરત, અથવા ચંદ્રસંવત્સરમાં વીસ દિવસ સહિત એક માસ ગયા પછી પર્યુષણા કરવી એમ ચંદ્રસંવત્સરના નામે વિશિષ્ટપણે લખાત, પણ ચંદ્ર કે અભિવર્ધિતના નામે વિશિષ્ટપણે નહિ લખતાં જે સામાન્ય રીતે અષાઢ ચાતુર્માસી પછી વીસ દિવસ સહિત એક મહિનો ગયા પછી પર્યુષણા કરવી એમ જે જણાવેલું છે તે મુખ્યતાએ સાંવત્સરિક પ્રતિક્રમણને જ અનુલક્ષીને જ જણાવેલું છે, અને તેથી જ કલેશની શાંતિને વખતે **'अज्जेव'** એમ કહી તે પુસ્તકારોહણનો છેલ્લો કાળ પણ સંવત્સરીનો દિવસ હોય એમ ધ્વનિત કરે છે. જો એમ ન હોત તો **'अज्जेव'** એમ નહિ કહેતા **'तंमि चेव दिवसे'** એવો ઉલ્લેખ કરત. આ ઉપરથી પણ એમ સ્પષ્ટ થાય છે કે સાંવત્સરિકપર્વનો કાળ તો વર્ષ અભિવર્ધિત હો કે અનભિવર્ધિત એટલે ચંદ્ર વર્ષ હો તો પણ અષાઢ ચાતુર્માસી પછી પચાસ દિવસે નિયમિત જ હતો અને તેથી જ તે સામાચારીના સૂત્રોમાં વીસ દિવસ સહિત મહિનો ગયા પછી સાંવત્સરિકપર્વરૂપી પર્યુષણા કરવામાં ભેદભાવ ન હોવાથી તે અભિવર્ધિત વર્ષના પણ લખાણમાં તે અભિવર્ધિત હો કે ન હો તો પણ ફરક પડે નહિ એ હિસાબે સૂત્ર લખાયેલું છે.)

## અભિવર્ધિત વર્ષ, કાળચૂલાની ગણતરી.

મધ્યસ્થતાની ખાતર જેઓ અવસ્થાનપર્યુષણાના અંત ભાગને સાંવત્સરિકકૃત્યવિશિષ્ટ માને છે અને જણાવે છે કે ગૃહિજ્ઞાતપર્યુષણા એટલે નિયમિત અવસ્થાનરૂપ પર્યુષણાથી સાંવત્સરિક પર્વરૂપી પર્યુષણા જુદી હોય જ નહિ, અને શાસ્ત્રકારોએ પણ કોઈપણ સ્થાને ગૃહિજ્ઞાત પર્યુષણાથી સાંવત્સરિક કૃત્યવિશિષ્ટ પર્યુષણા જુદી જણાવી જ નથી, તેઓને વિચારવાની જરૂર છે કે પૂર્વધરોની વખતે પણ જ્યારે જ્યારે યુગના ત્રીજા અને પાંચમા વર્ષે પોષ અને અષાઢ મહિના વધતા હતા અને તેથી તે ત્રીજા અને પાંચમા વર્ષને અભિવર્ધિતી વર્ષ તરીકે ગણતા હતા અને શાસ્ત્રકારોના કહેવા પ્રમાણે જ પોષ કે અષાઢ

બેમાંથી કોઈ પણ મહિનો જે વર્ષે વધેલો હોય તે વર્ષે અષાઢ ચાતુર્માસીથી માત્ર વીસ દિવસ ગયા પછી જ ગૃહિજ્ઞાતરૂપી નિયમિત અવસ્થાનમાં પર્યુષણા કરવી તો તે યુગના દરેક ત્રીજે અને પાંચમે વર્ષે પૂર્વધર મહારાજાઓ પણ શું તે અષાઢ ચાતુર્માસીથી વીસ દિવસે એટલે શ્રાવણ સૂદિ પાંચમે અવસ્થાનપર્યુષણા કરવાની વખતે જ સાંવત્સરિકપર્વવિશિષ્ટ પર્યુષણા કરી લેતા હતા એમ માનવું વ્યાજબી છે ? જો આ પ્રશ્નનો ઉત્તર હકારમાં દેવાય તો તેની સાથે જ વિચાર કરવાની જરૂર છે કે તે દરેક યુગના ત્રીજા અને પાંચમા અભિવર્ધિત વર્ષ પછી આગળ આવતા યુગના ચોથા અને નવા યુગના પહેલા એવા ચંદ્રવર્ષમાં તે પૂર્વધર મહારાજા વિગેરે અષાઢ ચાતુર્માસી પછી વીસ દિવસ સહિત એક મહિને સાંવત્સરિક પર્યુષણ કરતા હતા એટલે ભાદરવા સૂદિ પાંચમે જ કરતા હતા કે પહેલાના ત્રીજા અને પાંચમા અભિવર્ધિત વર્ષે શ્રાવણ સૂદિ પાંચમે સાંવત્સરિક પર્યુષણા કરેલી હોઈ તેનાથી બાર મહિનાનો હિસાબ સાચવી તે ચંદ્રવર્ષના પણ શ્રાવણ સૂદિ પાંચમે જ પર્યુષણ કરતા હતા. કદાચ એમ કહેવામાં આવે કે પૂર્વધર મહારાજા વિગેરે પણ ચંદ્રવર્ષમાં તો અષાઢ ચાતુર્માસી પછી વીસ દિવસ ને એક મહિનો ગયા પછી જ એટલે ભાદરવા સૂદિ પાંચમે જ પર્યુષણા પર્વ કરતા હતા. તો સ્પષ્ટપણે માનવું પડશે કે દરેક યુગના પહેલા અને ચોથા વર્ષો કે જે ચંદ્રવર્ષો હોઈ બાર માસ પ્રમાણ જ હોય છે, તેમાં તેર માસ પ્રમાણ દરેક વખતે વર્ષ ગણવું પડશે, અર્થાત્ અભિવર્ધિત વર્ષનો મહિનો સાંવત્સરિક પર્યુષણાને અંગે કાળચૂલા તરીકે નકામો હતો છતાં પણ હિસાબમાં લીધો અને અભિવર્ધિતને અભિવર્ધિત તરીકે ન ગણતાં બાર માસનું જ વર્ષ ગણી સાંવત્સરિક કૃત્યવાળી પર્યુષણા ગણી અને ચંદ્રવર્ષ કે જેમાં અધિક મહિનો હોતો નથી અને તેથી કાળચૂલા તરીકે મહિનો જઈ શકે તેમ નથી તેવા ચંદ્રવર્ષમાં તેર માસે એટલે એક વર્ષ ઉપર એક મહિનો ગયા પછી સાંવત્સરિક કૃત્યવાળી પર્યુષણા કરી. સ્પષ્ટ થશે કે અભિવર્ધિત વર્ષમાં શ્રાવણ સૂદિ પાંચમે પર્યુષણા કરનારો અને આગળના ચંદ્રવર્ષે ભાદરવા સૂદિ પાંચમે સાંવત્સરિક પર્યુષણા કરનારો તેર મહિને જ પર્યુષણા કરે છે, અર્થાત્ અભિવર્ધિતને શાસ્ત્રોક્ત કથન મુજબ અભિવર્ધિત નથી માનતો પણ જેને અભિવર્ધિત તરીકે નથી ગણ્યો તેવા ચંદ્રવર્ષને અભિવર્ધિત તરીકે માને છે. આવી રીતે અવ્યવસ્થિત પણ પૂર્વધર વિગેરે પુરુષો કરતા હોય એમ કોઈ પણ સમજુ મનુષ્ય સ્વીકારી શકે નહિ અને તેથી જ સમજુ પુરુષો તો એ જ વસ્તુ સ્વીકારે છે કે વર્ષ ચાહે તો અભિવર્ધિત હો કે ચંદ્ર હો પણ પૂર્વધર વિગેરે પુરુષો સાંવત્સરિક કૃત્યવાળી પર્યુષણા તો અષાઢ ચાતુર્માસ પછી વીસ દિવસ સહિત એક મહિનો ગયા પછી એટલે ભાદરવા સૂદિ પાંચમે જ કરતા હતા, અને એજ કારણોથી શાસ્ત્રોમાં સાંવત્સરિકનો અધિકાર ભાદ્રપદવિશિષ્ટ જ આવે છે અને તે યોગ્ય જ છે.

ઉપર જણાવેલી અધિક માસની ચર્ચા જો કે સીધી રીતે વર્તમાન કાળમાં લૌકિક ટીપણાં મનાતાં હોવાથી અને તે લૌકિક ટીપણામાં ચૈત્ર વિગેરે કોઈપણ માસ અધિક આવતો હોવાથી જોઈએ તેવી સાક્ષાત્ ઉપયોગવાળી નથી, પણ થયેલી ચર્ચાથી જો ભાદરવા સૂદિ પાંચમીની સાંવત્સરિકરૂપી પર્યુષણા હોય એમ નક્કી થયું તો તે ઘણા ઉપયોગમાં આવશે એમ સંભવ છે, અને સાથે એ પણ નિશ્ચિત થયેલું ઉપયોગી છે કે અભિવર્ધિત વર્ષમાં જ અધિક માસ જે પોષ કે અષાઢ હોય તેને કાળચૂલા તરીકે ગણી શેષ બાર માસને જ સાંવત્સરિક પ્રતિક્રમણના હિસાબમાં લેવા.

**પ્રથમ આષાઢને અભિવર્ધિત કાળચૂલા તરીકે શાસ્ત્રમાં કહ્યો છે.**

વાચકે એ વાત પણ બારીક બુદ્ધિથી વિચારવાની છે કે દરેક યુગના છેલ્લા અભિવર્ધિતમાં નિયમિત અવસ્થાનરૂપી પર્યુષણા કરવાનું બતાવતાં દરેક શાસ્ત્રકારો અષાઢ ચાતુર્માસી પછી વીસ દિવસનો જ વખત બતાવે છે તેથી તે દરેક યુગના છેલ્લા અભિવર્ધિતમાં બીજા અષાઢ સૂદિ પુનમે જ ચાતુર્માસી દરેક શાસ્ત્રકારોએ કરવાનું જણાવ્યું છે, કેમકે પહેલી અષાઢ સૂદિ પુનમે ચાતુર્માસી કરી હોય તો નિયત અવસ્થાનરૂપ પર્યુષણા કરવાનું અષાઢ ચતુર્માસી પછી વીસ દિવસે રાખી શકત જ નહિ અને કદાચ કોઈ શંકાકારના કહેવા પ્રમાણે પહેલા અષાઢ સૂદિ પુનમે ચાતુર્માસી રાખી તેના પછી વીસ દિવસે પર્યુષણા કરવાનું નિયત કરે તો બીજા અષાઢ સૂદિ પાંચમને દિવસ નિયત અવસ્થાનરૂપ પર્યુષણ કરવાનું નક્કી થાય અને તે હિસાબે પણ એટલે કાળચૂલારૂપ પ્રથમ અષાઢમાં સૂદિ પુનમે ચાતુર્માસી કર્યા છતાં પણ બીજા આષાઢ સુદી પાંચમે નિયત અવસ્થાનરૂપ પર્યુષણા કરતાં તે બીજા અષાઢની પણ પ્રમાણિકતા પ્રથમ અષાઢની ચાતુર્માસીની માફક માનવી પડે અને શ્રાવણ સૂદિ પાંચમે પણ અવસ્થાનરૂપ પર્યુષણા લાવવા માટે બીજા અષાઢ માસને કાળચૂલાના માસ તરીકે માનવો પડે, અર્થાત્ પહેલો આષાઢ જે કાળચૂલા માસ તરીકે હતો તેને કાળચૂલા માસ તરીકે ન માને તો પણ બીજો અષાઢ કે જે કાળચૂલા માસ તરીકે નથી તેને શાસ્ત્રવિરુદ્ધપણે કાળચૂલા માસ તરીકે માનવો પડે. શાસ્ત્રકારો તો સ્પષ્ટપણે ત્રીજા અભિવર્ધિત કે પાંચમા અભિવર્ધિતમાં અષાઢ ચાતુર્માસી પછી વીસ દિવસ ઓળંગીને શ્રાવણ સૂદિ પાંચમે જ નિયત અવસ્થાનરૂપ પર્યુષણા કરવાનું તે વખતને માટે પણ જણાવે છે, એટલે ત્રીજા કે પાંચમા એકે અભિવર્ધિતમાં અષાઢ સૂદિ પાંચમે નિયત અવસ્થાનરૂપ પર્યુષણા કરવાનું ન જણાવેલું હોવાથી ત્રીજા કે પાંચમા બંને અભિવર્ધિતમાં શ્રાવણ સૂદિ પાંચમની પહેલાના વીસ દિવસે જ અષાઢ ચાતુર્માસી ગણી અંતના અભિવર્ધિતમાં બીજા અષાઢ સૂદિ પુનમે જ ચાતુર્માસી ગણેલી છે, અને તેથી દરેક યુગના અંતના અભિવર્ધિત વર્ષમાં બે અષાઢ માસ છતાં પહેલા અષાઢ માસને જ કાળચૂલા માસ તરીકે ગણેલો છે અને તે ઉપરથી વાચક સહેજે સમજી શકશે કે વધેલા અષાઢમાં જ્યારે પહેલો અષાઢ જ શાસ્ત્રકારોએ કાળચૂલા તરીકે ગણ્યો તો બીજા ચૈત્રાદિ માસોની વૃદ્ધિ લૌકિક ટીપણાને અનુસારે ન માનવીએ જુદી વાત છે, પણ જો લૌકિક ટીપણાને અનુસારે ચૈત્રાદિ માસોની વૃધ્ધિ માનવામાં આવે અને તેથી શ્રાવણ કે ભાદ્રપદ માસની વૃદ્ધિ કબુલ કરાય તો તેમાં પણ પહેલા શ્રાવણ કે પહેલા ભાદ્રપદને જ કાળચૂલા માસ તરીકે ગણવો જ પડે. અધિક એવો જે પહેલો શ્રાવણ કે ભાદ્રપદ હોય તેને કાળચૂલા તરીકે ન ગણતાં અધિક નહિ એવા બીજા શ્રાવણ કે બીજા ભાદ્રપદને કાળચૂલા તરીકે કે અધિક માસ તરીકે ગણવો તે શાસ્ત્રના કથનથી બહાર હોવા સાથે દૈવજ્ઞોના કથનથી પણ બહાર જ ગણાય.

(અપૂર્ણ)

---

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# કૌમુદીની કલ્યાણ કોટિ

## કાર્તિકી પૂર્ણિમા અને શ્રી સિદ્ધક્ષેત્ર.

જૈન જનતા તેમજ જૈનેતરો પણ ધર્મની અપેક્ષાએ કાર્તિકી પૂર્ણિમાને જેમ પવિત્ર માને છે, તેવી જ રીતે પૂર્વકાળમાં સમગ્ર લોકો પણ તે દિવસને ઘણા મોટા તહેવાર તરીકે માનતા હતા અને તેથી કાર્તિકી પૂર્ણિમાના તહેવારને કૌમુદી મહોત્સવ કહેતા હતા. જેમ સામાન્ય લોકો રંક કે રાજા, દરિદ્ર કે શ્રીમાન તે કૌમુદીના દિવસને એક મહોત્સવના દિન તરીકે માનતા હતા તેમ તે લોકોને મહોત્સવ તરીકે માનવાના મૂળભૂત ભગવાન આદીશ્વરના વખતથી જૈનોમાં કાર્તિકી પૂર્ણિમાનો દિવસ મહાપર્વ તરીકે મનાતો આવેલો છે. એ કાર્તિકી પૂર્ણિમા જેમ ચાતુર્માસિક પ્રતિક્રમણને અંગે પંચાચારની પવિત્રતા કરાવનારી છે તેવી જ રીતે એજ કાર્તિકી પૂર્ણિમાનો દિવસ ભવ્યજીવોના ભાવિ ભદ્રને ભેટાવનાર એવા સિદ્ધાચલગિરિજીની યાત્રાનો દિવસ હોઈ ભરતક્ષેત્રને માટે તીર્થયાત્રાનો આદિ દિવસ અને પરમ દિવસ છે. આદિ દિવસ એટલા માટે કહેવામાં આવે છે કે શ્રાવકપણાના સામાન્ય ધર્મને ઉદ્દેશીને અષાઢ શુકલ પૂર્ણિમા પછીના વર્ષાઋતુના ચોમાસાના દિવસોમાં ગ્રામાંતર કરવાનું હોય નહિ અને સામાન્ય લોકોને પણ વર્ષાઋતુમાં શ્રાવકની માફક દયાને લીધે નહિ તો પણ મુસાફરીની અગવડની ખાતર પણ ગ્રામાંતર જવાનું હોતું નથી, અને તેથી આ કાર્તિકી પૂર્ણિમાને દિવસે વર્ષા ચાતુર્માસનો અંત આવતો હોઈ જે યાત્રા કરવામાં આવે તે વર્ષની અપેક્ષાએ આદિ તીર્થયાત્રા જ કહેવાય.

આજ કારણથી જૈનોની સારી વસતિવાળા દરેક સ્થાનોમાં શ્રી સિદ્ધગિરિ ક્ષેત્રથી દૂર હોવાને લીધે સાક્ષાત્ તે ગિરિરાજની યાત્રા ન થઈ શકે તો પણ તે આદિ તીર્થયાત્રા અને સિદ્ધાચલ ગિરિરાજના દર્શનનો લાભ લેવાય તે માટે તે ગિરિરાજના પટો ગિરિરાજની દિશાએ ગામ બહાર બંધાવીને પોતાના સુકૃતનું સિંચન કરે છે. સર્વ જૈનોને અંગે આવો આ એક જ અપૂર્વ દિવસ છે કે જે દિવસે સર્વ ભાવિક જૈનોથી આદિ તીર્થયાત્રાને અંગે અને તેમાં વળી શ્રી સિદ્ધગિરિ જેવા ઐરવતાદિ ચૌદ ક્ષેત્રોમાં ન મળી શકે તેવા અપૂર્વ તીર્થને અંગે ગામ બહાર જઈ પટના દર્શન કરી તીર્થયાત્રાનો અપૂર્વ લાભ મેળવાતો હોય.

*(અનુસંધાન માટે જુઓ ટાઈટલ પા. બીજું)*

તૃતીય વર્ષ, અંક ૪ થો.

Registered No. B.3047




# શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

## (ટાઇટલ પા. ચોથાનું અનુસંધાન)

સમાધાન-વાસક્ષેપથી પૂજન કરવું તે દ્રવ્યપૂજા છે અને તેથી સેનપ્રશ્નમાં પૌષધવાળાને અંગે કલ્પસૂત્ર સંબંધી વાસક્ષેપની પૂજાનો નિષેધ કરેલો છે પણ વિજયલક્ષ્મીસૂરિજીએ જ્ઞાનપંચમીના દેવવંદનમાં વાસક્ષેપની પૂજાને નિરવદ્ય ગણી સામાયિક, પૌષધવાળાને વાસક્ષેપથી પુસ્તકનું પૂજન કરવાની સૂચન કરી છે, માટે વાસક્ષેપથી પુસ્તકનું પૂજન કરનારા સાધુ અને પૌષધવાળાને જેમ ઉલ્લાસ થાય અને યોગ્ય લાગે તેમ કરે તેમાં ચર્ચા કરવાનું કારણ જણાતું નથી.

પ્રશ્ન ૭૩૧-બીજ, પંચમી, અષ્ટમી, એકાદશી, ચૌદશની થોયો ચૈત્યવંદન અને સ્તવનો દેરાસરજીમાં ચૈત્યવંદન કરતાં પ્રભુ સન્મુખ કહેવાય કે નહિ ?

સમાધાન- સર્વ પર્વની આરાધના ત્રિલોકનાથ તીર્થંકરના ઉપદેશથી જાણવામાં આવી છે અને તે પર્વની આરાધના કરનારો મનુષ્ય ત્રિજગતપૂજ્ય તીર્થંકરનો ઉપકાર માની અનુવાદ રૂપે તે તે તિથિઓના સ્તવનો વિગેરે ચૈત્યવંદન કરતાં દહેરામાં કહે તેમાં આશાતના કે અનુચિતતા નથી. કેટલાંક તિથિના સ્તવનોમાં ભવ્યોને ઉપદેશરૂપે અને પર્વના મહિમારૂપે અધિકારો આવે છે. પણ અનુવાદરૂપે તે સ્તવનો વિગેરે કહેવામાં કોઈ જાતની અડચણ જણાતી નથી.

પ્રશ્ન ૭૩૨-શ્રીભગવતીસૂત્ર (શ-૨૦, ઉ. ૨, સૂ-૨) માં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનાં અભિવચનો આપેલાં છે, તો અહીં અભિવચનથી શું સમજવું ? ટીકાકાર શ્રી અભયદેવસૂરિ એનો અર્થ પર્યાય કરે છે તો એ હકીકત કેવી રીતે સંગત થાય છે ? શું પ્રાણાતિપાતવિરમણાદિને ધર્માસ્તિકાયના પર્યાયરૂપે ગણાવાય ? અને જો ગણાવાય તો તે કયા નયના આધારે ? અને તેમ થતાં ધર્માસ્તિકાયના સ્વરૂપમાં ભિન્નતા આવે તેનું શું ?

સમાધાન- જૈનશાસ્ત્રોમાં એકજ વસ્તુને કહેવાવાળા પર્યાયો જ્યાં આપવામાં આવે છે ત્યાં એકાર્થિક, અનર્થાન્તર, પર્યાય અને નામધેય વિગેરે શબ્દો આપવામાં આવે છે, અને તેવી જગા ઉપર આપેલા શબ્દો એકજ અભિધેયને કહેવાવાળા હોય છે, પણ શ્રીભગવતીજી સૂત્રના તમારા જણાવેલા ૬૬૪માં (૬૬૫) સૂત્રમાં એકાર્થિક, અનર્થાન્તર, પર્યાય કે નામધેય તરીકે નામો નહિ જણાવતાં અભિવચન તરીકે તે નામો જણાવેલાં છે, તેથી તે અભિવચનો એકજ વસ્તુને કહેનાર હોય એમ કહી શકાય નહિ. આવશ્યકનિર્યુક્તિમાં જેમ આકાશને ક્ષેત્ર તરીકે જણાવી પાછળથી વ્યંજન પર્યાયમાત્રની સરખાવટ લઈને ઇક્ષુક્ષેત્ર અને શાલિક્ષેત્રાદિકના કરણોને ક્ષેત્રકરણ તરીકે જણાવ્યાં છે, તેમ અહીં પણ અભિવચન શબ્દ સર્વથા એક અર્થને કહેવાવાળા એકાર્થિક કરતાં અન્ય પ્રકારે એકાર્થિક કહેવાને માટે જ પ્રવર્તાવેલો છે કેમકે ઇક્ષુક્ષેત્રાદિકનું કરણ વાસ્તવિક રીતિએ દ્રવ્યકરણ બને છે પણ ક્ષેત્ર (આકાશ) કરણ બનતું નથી, અને તેથીજ ત્યાં વ્યંજનપર્યાયને પ્રાપ્ત એટલે માત્ર શબ્દોની જ સરખાવટ લીધી છે, તેવી રીતે અહીં પણ અભિવચનશબ્દ શબ્દોની સરખાવટને માટે માત્ર લેવાય તો અડચણ જણાતી નથી. વળી વ્યાકરણના નિયમ પ્રમાણે બે પદથી બનેલા શબ્દમાં પહેલા અને પછીના પદનો લોપ **તે લુગ્વા** એ સૂત્રથી થાય છે અને તેથી ધર્માસ્તિકાય એ નામ ધર્મ અને અસ્તિકાય એ બે પદથી બનેલું હોઈ આગળના અસ્તિકાયપદનો લોપ થાય ત્યારે માત્ર ધર્મપદ રહે અને તેથી જ સૂત્રકાર મહારાજે પણ ધર્માસ્તિકાયના અભિવચનોમાં પહેલું **'धम्मे इवा'** એમ કહી ધર્મશબ્દને જ અભિવચન તરીકે જણાવ્યો છે અને તે ધર્મશબ્દના પર્યાય (એકાર્થિક) તરીકે પ્રાણાતિપાતવિરમણાદિક ઇર્યાસમિતિ આદિકને લેવામાં કોઈ જાતની અડચણ દેખાતી નથી. ધ્યાન રાખવું કે અધર્માસ્તિકાયના અભિવચનોમાં પણ પહેલાં **'अधम्मे इवा'** એમ કહ્યું છે અને તેથી પ્રાણાતિપાત વિગેરે અને ઇર્યાસમિતિનો અભાવ વિગેરે અધર્મના અભિવચનો તરીકે જણાવ્યાં છે.





(પાક્ષિક)

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ ☞ ઉદ્દેશ ☜ છૂટક નકલ રૂા. ૦-૧-૬


નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

तीर्थेशा दत्तमार्गाः सततगुणिपदाः सिद्धिसाम्राज्यभाजः,
पंचाचारप्रवीणा गणिन इह सदाध्यापका वाचका ये ।
साहाय्यात् मोक्षसिद्धौ मुनय उदितभा अन्विताः शुद्धदृष्ट्या,
ज्ञानेनावद्यमुक्त्या विविधसुतपसा सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

મોક્ષમાર્ગ સદા દિયે જે જિનવરો ગુણ ધારતા, સિદ્ધ નિત્ય ગણેશ પંચાચારધારક વાધતા;
અધ્યાપકો વરવાચકો શિવસાધને મુનિ જોડમાં, એ પાંચસંયુત બોધદર્શન ચરણતપ સિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક"


| | | |
|---|---|---|
| તૃતીય વર્ષ<br>અંક ૪ થો | મુંબઇ તા. ૬-૧૨-૩૪ ગુરુવાર<br>કાર્તિક વદિ અમાવાસ્યા | વીર સંવત્ ૨૪૬૧<br>વિક્રમ ,, ૧૯૯૧ |


# આગમ-રહસ્ય.

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ.

### જંગલમાં નયસાર અને મુનિઓનું આવવું.

આગળના અંકમાં જણાવી ગયા તે પ્રમાણે વિશાળ ખાનપાનની સામગ્રી સાથે નયસાર (મહાવીર

મહારાજનો પૂર્વ ભવનો જીવ) લાકડાં કાપવા માટે સ્વયં જંગલમાં ગયો. આ સ્થાને આ વાત તો પ્રત્ય છે કે લાકડાં કાપવા જવાવાળા મનુષ્યો નજીકના સ્થાનમાં લાકડાં કાપવાનાં હોય છે તો પણ પાછલ રાત્રિએ નીકળી જાય છે અને સૂર્યોદય થવા દેતા નથી તો આ નયસારને તો દૂર જંગલમાં લાકડાં કાપવ જવાનું હતું તેથી તે પાછલી રાત્રે નીકળે તે સ્વાભાવિક જ છે. જંગલમાં દૂર જવાની વાત એટલા ઉપરથ સમજાય છે કે જો લાકડાં કાપવાના સ્થાનથી ગામ નજીક હોત તો તે નયસાર સાધુઓને ગામમાં મોકલત અને તે સુવિહિત, શિરોમણિ સાધુઓ પણ તે નયસાર પાસેથી એકાન્ન ગ્રહણ કરત નહિ પણ તે સાધુ મહાત્માઓ ગામમાં જ પધારત, પણ એમ નથી બન્યું, પરંતુ એકલા નયસારના પ્રતિલાભેલ અન્નપાણી તે મહાત્માઓએ વાપરેલાં છે તેથી સ્વાભાવિક માનવાને કારણ જણાય છે કે તે લાકડાં કાપવાનું સ્થાન નયસારના ગામથી ઘણું દૂર હોવું જોઈએ, અને જો તે લાકડાં કાપવાનું સ્થાન ગામથી દૂર હોય તો નયસારને પાછલી રાત્રિએ જ લાકડાં કાપવા ગાડું લઈને જવું પડે એ સ્વાભાવિક જ છે.

વળી, દૂર જંગલમાં લાકડાં કાપવા ગયેલો મનુષ્ય પોતાનું લાકડાં કાપવાનું કામ વેળાસર શરૂ કરે એ નહિ માનવા જેવું નથી. એવી રીતે નયસારે વહેલેથી લાકડાં કાપવાનું કામ શરૂ કરેલું છે. ઉનાળાના મધ્યાહ્નના બાર વાગવા જેવા સમય સુધી તે લાકડાં કાપવાના કામમાં પ્રવર્તેલો મનુષ્ય કેવો થાકી જાય તે વાચકની કલ્પનાની બહાર નથી. આ થાકની અતિશયિત સ્થિતિ જણાવવાનું કારણ એટલું જ કે એવા અત્યંત થાકની વખતે પણ જે મનુષ્યના અંતઃકરણમાં દયાના ઝરણાં છૂટે છે તે મનુષ્ય કેટલો બધો ઉત્તમ હોવો જોઈએ તે કલ્પનાથી બહાર નથી.

આ સ્થાને યાદ રાખવાની જરૂર છે કે આ નયસાર શુદ્ધ દેવ, ગુરુ, ધર્મની ઉત્તમતાને માનનારો કે સમ્યક્ત્વવાળો હજી થયેલો નથી, અને તેથી તે સાધુ મહાત્માઓને દેખે અને ઉત્તમ સુપાત્રદાનની ભાવના તેને થાય એ અસંભવિત જ છે. તત્ત્વદૃષ્ટિને ધારણ કરનારા, શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મતત્ત્વને સમજનારા શ્રાવકુલમાં અવતરેલા મનુષ્યો પણ બાલ, વૃધ્ધ અને ગ્લાન મુનિવરોને દાન દેતાં સુપાત્રપણું સમજે તો પણ તે બાલાદિકની અવસ્થાને ધારીને દાન દેતાં અનુકંપાના અભિપ્રાયમાં સુપાત્ર દાન સમજવા છતાં પણ જાય છે તો પછી જે આ નયસાર તત્ત્વદૃષ્ટિથી વિમુખ છે, દેવાદિક તત્ત્વોને સમજતો નથી, તેને સુપાત્રદાનની બુદ્ધિ આવે એ બને જ નહિ, અર્થાત્ એ નયસારે દીધેલું દાન વસ્તુતઃ સુપાત્રદાન છતાં પણ નયસારની ભાવનાએ તે અનુકંપાથી થયેલું જ સુપાત્રદાન છે.

કોઈક તરફથી એમ કહેવામાં આવે છે કે અનુકંપાદાનના પાત્રમાં સુપાત્રપણાની બુદ્ધિથી જો દાન દેવાય તો એકાંત પાપકર્મ જ બંધાય છે, તેવી રીતે સુપાત્રદાનને લાયક પુરુષોમાં પણ સુપાત્રદાનની બુદ્ધિ નહિ રહેતાં અનુકંપાદાનરૂપે વિપર્યાસ બુદ્ધિ થાય તો તે વસ્તુતાએ સુપાત્રદાન છતાં પણ દાતાની અનુકંપા બુદ્ધિ હોવાથી સુવિહિત મહાત્માઓને અનુકંપનીય ગણ્યા તેથી પાત્ર વિપર્યાસ થઈને એકાંત પાપબંધ જ કરાવે.

આવી રીતે બોલનારાઓએ પ્રથમ શ્રીસ્થાનાંગસૂત્ર તથા શ્રી ભગવતીજીસૂત્રના પાઠો તરફ ધ્યાન દેવું જોઇએ કેમકે સાધુ મહાત્માની અવજ્ઞા કરીને સાધુ મહાત્માને દેવાતું દાન જ અશુભ દીર્ઘાયુષનું કારણ ગણાવી એકાંત પાપનું કારણ જણાવ્યું છે, પણ જ્યાં સાધુ મહાત્માની અવજ્ઞા ન હોય તે સ્થાને પાત્રની ઉત્તમતા ન જાણવાથી સુપાત્રદાન બુદ્ધિ ન થતાં સ્વાભાવિક દયાની પરિણતિએ અનુકંપા બુધ્ધિ થાય તો તેમાં અંશે પણ પાપનો સંભવ કહી શકાય નહિ. આ જ કારણથી શ્રીઓઘનિર્યુક્તિમાં પણ આચાર્યદિકની અનુકંપાથી મહાભાગ્યશાળી એવા ગચ્છની અનુકંપા જણાવી, અનુકંપાદાનની પણ ઉત્તમતા સ્પષ્ટ જણાવી છે. જો કે ગુણહીનમાં ગુણવત્તાની બુધ્ધિ કરવાથી અનુકંપાદાનમાં સુપાત્રપણાની બુદ્ધિ થાય તે પાપબંધ કરાવનારી હોય, પણ ગુણવાનમાં ગુણવાનપણાની બુદ્ધિ ન થાય તેટલા માત્રથી તેવો પાપબંધ કહી શકાય જ નહિ, છતાં જો ગુણવાનમાં ગુણવાનપણાની બુદ્ધિ ન થાય એટલા માત્રને અશુભ દીર્ઘાયુષનું કારણ માની મહાપાપબંધ થવાનું માનીએ તો અનાદિના મિથ્યાત્વમાં એટલો બધો પાપબંધ થઈ જાય કે કોઈ પણ જીવ ઉંચો આવે જ નહિ, એટલું જ નહિ પણ તત્ત્વની શ્રદ્ધા નહિ કરવારૂપ મિથ્યાત્વની દશા છતાં પણ થતું યથાભદ્રકપણું તે પણ મહાપાપબંધનું કારણ જ રહે, માટે અનુકંપાદાનના પાત્રમાં સુપાત્રદાનપણાની બુદ્ધિ જેમ એકાંત પાપનું કારાણ બને છે અને જેને આશ્રીને શ્રીભગવતીજી વિગેર સૂત્રોમાં ફાસુ કે અફાસુ દાન દેનારાને અંગે અસંયત, અવિરત વિગેરે વિશેષણો જણાવેલાં છે, એટલે અસંયત, અવિરત, અપ્રતિહતપ્રત્યાખ્યાત પાપકર્મવાળાને સંયત વિરત વિગેર માની દાન દે તો તેને અગુણીમાં ગુણવત્તાનો આરોપ કરવાથી એકાંત પાપકર્મ થાય તે સ્વાભાવિક જ છે, અને તે માટે જ તે સૂત્રમાં અસંયત વિગેરે વિશેષણ આપવા સાથે **पडिलाभेमाणे** એવું સુપાત્રદાનપણાને સૂચવનારું જ કૃદંત વાપરેલું છે. વળી ત્યાં નિષેધથી પાપબંધ જણાવવા સાથે નિર્જરાનો કરેલો છે, તે પણ સ્પષ્ટ જણાવે છે કે સુપાત્રદાન નિર્જરાને બુદ્ધિથી દેવાય છે અને તે નિર્જરા અહીં દાન લેવાવાળો અપાત્ર હોવાથી અહીં અંશે પણ થતી નથી. વળી એકાંત પાપકર્મનો બંધ જણાવ્યા પછી નિર્જરાના નિષેધનો પ્રસંગ જ રહેતો નથી છતાં જે નિર્જરાનો નિષેધ એકાંત પાપકર્મનું વિધાન કરવા છતાં કરવો પડયો છે તે એ વસ્તુ જણાવવાને બસ છે કે દાતારની બુદ્ધિ સુપાત્રપણાની હોવાથી પરિણામે બંધની અપેક્ષાએ તે દાતારને સુપાત્રદાનની નિર્જરા મળવી જોઈએ એવું કોઈ સમજી જાય નહિ કેમકે ક્રિયાએ કર્મ અને પરિણામે બંધ એ વસ્તુ માત્ર આકસ્મિક સંયોગોના પલટાને અંગે થયેલા ક્રિયા કે પરિણામના પલટાની વખતના પરિણામને જ આભારી છે, અર્થાત્ અપાત્રમાં દેવાતા દાનની વખતે જે પાત્રપણાની બુદ્ધિ તે પાત્રદાનના ફળને દેવાને માટે સર્વથા અસમર્થ જ છે. જો એમ ન માનીએ તો સર્વ જૈનેતર લોકો કુદેવ,

કુગુરુ અને કુધર્મને માનવાવાળા છતાં પણ સુદેવ, સુગુરુ, સુધર્મની બુદ્ધિએ જ માને છે. તો તે જૈનેતરોને પણ સમ્યક્ત્વ પરિણામવાળા જ માનવા જોઇએ પણ કોઈપણ પ્રકારે તે જૈનેતરો સમ્યક્ત્વના લાભને મેળવતા નથી, તેનું કારણ એ જ કે આકસ્મિક સંયોગના પલટાને અંગે ક્રિયા અને પરિણામની ઉલટપલટ થવાની હકીકત અહીં લાગુ પડતી નથી, અને તેથી તે જૈનેતરો શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મની બુદ્ધિએ પણ કુદેવ, કુગુરુ, અને કુધર્મને આરાધતા હોઈ મિથ્યાત્વ દશામાંજ ગણાય છે. જૈનશાસનને અંગે પણ ગોશાળા, જમાલિ અને બીજા નિહ્નવોને અનુસરનારાઓ જો કે શુદ્ધપણાની બુદ્ધિથી જ અનુસરતા હતા તો પણ તે અનુસરનારાઓને શ્રદ્ધા રહિત જ ગણવામાં આવ્યા છે.

આ ઉપર જણાવેલી હકીકત જો ન માનીએ તો સુદેવ, સુગુરુ, સુધર્મ અને કુદેવ, કુગુરુ, કુધર્મની પરીક્ષાને અવકાશ જ ન રહે અને તે નિરર્થક જ માનવી પડે, એટલે કે અપાત્રમાં પાત્રપણાની બુદ્ધિથી અપાતું દાન સર્વથા નિર્જરાનું કારણ ન બને અને એકાંત પાપબંધનું જ કારણ બને એમ સ્પષ્ટપણે માની શકીએ પણ તેથી સુપાત્રદાનના પાત્રભૂત મહાત્માઓ તરફ પોતાની અજ્ઞાન કે ભદ્રિક દશાને અંગે સુપાત્રપણાની બુદ્ધિ ન થાય અગર સમજુ હોવાને લીધે સુપાત્રપણાની બુદ્ધિ હોવાં છતાં પણ સુવિહિત શિરોમણિઓની બાલાદિક અવસ્થાને અંગે અનુકંપા બુદ્ધિ થઇ જાય તો તેટલા માત્રથી તે દાન દેનારો પાપ બાંધે છે એમ કોઈપણ પ્રકારે કહી શકાય નહિ, અને આ જ કારણથી વિપાકસૂત્રના બીજા સુખવિપાક નામના પહેલા અધ્યયનમાં મિથ્યાત્વી દશા છતાં પણ સુબાહુકુમારે આપેલું જે સુપાત્રને વિષે દાન તે મહાફળદાયી જણાવેલું છે.

એવી રીતે અહીં પણ મધ્યાહ્નના સમય સુધી સખત મહેનત કરીને થાકેલો અને રઘવાયો થયેલો પણ નયસાર સમ્યક્ત્વ પામ્યો નથી છતાં પણ સુવિહિત શિરોમણિઓની દુઃખિત દશાને દેખીને અનુકંપા કરવા તરફ પ્રેરાયેલો છે અને તે જ અનુકંપાની જડથી તેવા સખત તાપમાં તે આગળ ચાલી ગયેલા સાર્થની સાથે ભેળા કરવા તે મુનિઓને જોડે લઇને ચાલેલો છે. જો આ નયસારમાં ભયંકર ભીખમપંથીઓની ભાવના ઉદ્ભવી હોત અને પોતાના આત્માને અંગે થતા દુઃખમાં કર્મને કારણ માની આકુળતાવ્યાકુળતા ન કરવી એવા વાસ્તવિક ઉપદેશની ઉંધી અસર લઇ બીજા દુઃખી પ્રાણીઓના દુઃખને દેખીને પણ લાગણી ન ઉદ્ભવવી જોઇએ એવો દયાના દુશ્મનોનો બેહુદો બોધ નયસારના શરીરમાં અંશે પણ રહ્યો હોત તો આ જંગલમાંથી ભૂલા પડી હેરાન થઈ, ભૂખ્યા અને તરસ્યા આવેલા મહાત્માઓને, દેખ્યા છતાં પણ તેરાપંથીના કહેવાતા તારણહારના ત્રાપાને નામે ડૂબતા મનુષ્યોની માફક વિવેકરહિત બન્યો હોત અને તેથી તે નયસારને અંશે પણ અનુકંપા આવત નહિ, અશનપાન વિગેરે આપત નહિ, અને સાર્થમાં ભેળા મેળવવા માટે સખત ગરમીમાં સાથે જવાનું તો સ્વપ્નું પણ સેવત નહિ, પણ સમગ્ર

લોકોત્તર માર્ગે જવાવાળા જૈનો અને જૈનેતરો કે જેઓ લોકોત્તર માર્ગને નથી સમજતા તેઓ પણ ભયંકર ભીખમપંથીઓના જેવા દયાના દુશ્મનો હોતા નથી, અને તેથીજ આ નયસાર મિથ્યાત્વી છતાં પણ દયાના અપૂર્વ ઝરણામાં પ્રવેશ કરી શક્યો. એમ કહીએ તોપણ ખોટું નથી કે નયસારના હૃદયમાં ઉગવા પામેલી હૃદયંગમ અનુકંપાલતાના મનોહર ફળરૂપે જ મહાવીરપણું થયેલું છે અને તે જ અનુકંપાના ફળરૂપ ત્રિલોકપૂજ્ય, સર્વજ્ઞ ભગવાન મહાવીર મહારાજના ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન પ્રભાવશાળી શાસનને પામવાને આ જગત ભાગ્યશાળી થયેલું છે. જો અનુકંપારૂપી જળ નયસારના હૃદયમાં ન હોત તો, ન તો થાત નયસારને સમકિત, ન થાત ભગવાન મહાવીર, તો પછી આ જગત અવિચ્છિન્ન પ્રભાવશાળી શાસનને પામત જ ક્યાંથી ? અનુકંપાદાનને ઉઠાવવાવાળા તેરાપંથીઓ તરફથી કોઇ વખત એમ કહેવામાં આવે છે કે અસંયતને દાન દેવાથી તેના અસંયમની અનુમતિ થાય અને તેથી દાન દેનારને તે અસંયતના અઢારે પાપસ્થાનકની અનુમોદનાથી મહાપાપ લાગે, અર્થાત્ એમના કહેવા પ્રમાણે હિંસા કરનારાને એકલું હિંસાનું પાપ લાગે છે, ત્યારે અનુકંપાદાન દેનારને અઢાર પાપસ્થાનકો લાગે છે, પણ આ કથન શાસ્ત્રવિરુદ્ધ તેમજ યુક્તિથી પણ વિરુદ્ધ હોઇ કોઈપણ સુજ્ઞ મનુષ્ય માની શકે તેમ નથી, કેમકે પ્રથમ તો જેઓએ સાધુપણું લઇ સર્વવિરતિ અંગીકાર કરી નથી, તેઓ દાન દે કે ન દે તોપણ સર્વ જગતના જીવોના અઢારે પાપસ્થાનકની અનુમોદનાના ભાગીદાર જ છે. અનુમોદનાથી આવતા પાપકર્મનું રોકાણ ગૃહસ્થને હોતું જ નથી, પણ તે અનુમોદનાના પાપનું રોકાણ તો સર્વવિરતિવાળા સાધુઓનેજ હોય છે અને તેથી જ ભગવતીજી વિગેરેમાં શ્રાવકોને માટે દ્વિવિધ ત્રિવિધ એટલે મન, વચન, કાયાથી કરવું નહિ, કરાવવું નહિ એવાં જ ઉત્કૃષ્ટે પચ્ચખ્ખાણ કહ્યાં છે, છતાં ગૃહસ્થને પણ હિંસાદિક સંબંધી ત્રિવિધ ત્રિવિધ પચ્ચખ્ખાણ માનવામાં આવે તો સાધુ અને શ્રાવકપણામાં કોઈપણ જાતનો ફરક રહે નહિ, અને તેથી શ્રાવકને ચોથું અને પાંચમું ગુણઠાણું જ હોય તથા સાધુને છટ્ઠું ગુણઠાણું હોય એ ફરક રહી શકે જ નહિ. વળી, અવિરતિને અનુકંપાબુદ્ધિથી પણ દાન દેતાં જો તેની અવિરતિનું પોષણ ગણી તેની અનુમોદના ગણવામાં આવે તો પાંચમા ગુણઠાણાથી બારમા ગુણઠાણા સુધીના જીવો જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયથી ભરેલા હોઇ તેઓને પણ દાન દેનારો જ્ઞાનાવરણીય આદિના પોષણને કરનારો થઇ તે ઘાતિકર્મના અનુમોદક કેમ નહિ બને અને તેથી મહાપાપી કેમ નહિ થાય ? વળી તે ભીખમપંથીના ટોળાંને પણ દાન આપનારો મનુષ્ય તે ભીખમપંથીના ટોળામાં વીતરાગતા અને સદા અપ્રમત્તતા ન હોવાથી તે ટોળાંના ભેખધારીના આત્માનાં રહેલા પ્રમાદ, કષાય અને હિંસાદિકની અનુમોદના કરનારો થઇ મહાપાપી કેમ નહિ બને ? અને એ દયાના દુશ્મનોની અપેક્ષાએ તો શ્રીજ્ઞાતાસૂત્રમાં કહેલી અને મેઘકુમારના જીવ હાથીએ કરેલી સસલાની દયા અઢાર પાપસ્થાનકે અનુમોદનામય થઇ જાત, પણ શાસ્ત્રકારે તો તે જ હાથીએ કરેલી સસલાની દયાથી હાથીને મનુષ્યભવ વિગેરેને પ્રાપ્તિ જણાવી લાભ જણાવ્યો છે. આવી રીતે અનુકંપાદાનનો નિષેધ શાસ્ત્ર વિરુદ્ધ છે એમ સ્પષ્ટપણે જાણી શકાય છે. હવે એ અનુકંપાનો નિષેધ યુક્તિથી વિરુદ્ધ કેવી રીતે છે અને નયસારને અનુકંપાનો પ્રસંગ કેવી રીતે આવે છે તે આપણે વિચારીએ.




**બાળકને કોહિનૂરની કિંમત કેટલી ? ચાટવા જેટલી.**

છોકરાના હાથમાં આવેલો કોહિનૂર, એને મન કાચના ટુકડાથી વધારે કિંમતી નથી. કોહિનૂરનો ઉપયોગ એ માત્ર ચાટવામાં કરે છે. જીવને પહેલી મુખ્ય સંજ્ઞા આહારની છે. બીજી ગતિમાંથી આવીને પ્રથમ આહાર કરે છે તેથી આહારની પર્યાપ્તિ એક સમયની માની છે, કારણ કે જીવ પહેલવહેલું એ જ કાર્ય કરે છે. આગળ બીજી પર્યાપ્તિને અંતર્મુહૂર્ત જોઈએ. જગતમાં દેખીએ છીએ કે બચ્ચું ધાવમાતા પાસે તરત જાય છે જ્યારે મા બોલાવે તો પણ જતું નથી કેમકે તે વખતે મતલબ માત્ર ખોરાકનો છે. હાથમાંના કોહિનૂરની કિંમત નહિ સમજતો હોવાથી બાળક એને ચાટે છે. એ બાળકને સાકરીયાતલી આપો તો કોહિનૂર છોડી દેશે, કેમકે એને કોહિનૂર પણ ચાટવા માટે જ હતો ! બાળકને ચૂસવાની એટલી બધી ટેવ છે કે એ લાકડાના ચુસણીયાને પણ ચુસ્યા કરે છે. આથી સિદ્ધ થાય છે કે જીવ જન્મે ત્યારથી 'ખાઉં ખાઉં' કરતો જ આવે છે. જેમ અમુક ચીજની કુટેવ પડે તેને તે ચીજ ન મળે તો ભળતા પદાર્થોથી પણ ટેવ પૂરી કરવાની ઈચ્છા હોય છે. અફીણીને અફીણ ન મળે તો એળીયો પણ ખાય છે, તેવી રીતે તળી કે પીપરમીટ મળતાં બાળક કોહિનૂર ફેંકી દે છે કેમકે તેણે એની કિંમત ગણી નથી. તેવી રીતે ધર્મ એ આત્માના ગુણોને પ્રગટ કરનાર છે. શાશ્વત ફલને આપનાર ધર્મ છે એ ધર્મને જો ધનધાન્ય, કુટુંબકબીલાના, રાજ્યરિદ્ધિ, દેવલોક વિગેરે માટે કરીયે તો એનો અર્થ એ જ કે કોહિનૂરને ચાટનાર બાળકની જેમ આ જીવ ધર્મને તત્ત્વરૂપે સમજ્યો નથી. બસ ! જ્યાં ત્યાંથી ઇંદ્રિયોના વિષયો મેળવવા એ જ મુદ્દો છે અને ધર્મ પણ એટલા જ માટે કરે છે, તો પછી એથી અધિક ફળ મળે ક્યાંથી ?

**કલ્યાણકર ભાવ પણ આવે ક્યારે ? ધર્મક્રિયા રોજ થાય ત્યારે જ.**

ત્યારે રોજ આ રીતે થતી ધર્મક્રિયા ન કરવી ? એમ નહિ. મુદ્દો ફેરવો. વળી રોજ થતી ધર્મક્રિયામાં ભાવ કોઈ કોઈ વખત આવે. વેપારમાં રોજ ઢગલાબંધ નફો હોતો નથી પણ એ નફો થાય તેને કે જે રોજ વેપાર કરતો હોય, ઘરના ખૂણે બેસી રહેનારને એ ધનનો ઢગલો મળતો નથી. રોજ ધર્મક્રિયા કરનારને કોઇ દિવસ પણ ભાવ આવશે, પણ સમૂળગી ક્રિયા નહિજ કરનારને ભાવ આવશે ક્યાંથી ? જેને માલ ખરીદવો નથી, વેચવો નથી, ધંધો કરવો જ નથી, એદી જ બનવું છે એને કોઇ દિવસ ધનનો ઢગલો થવાનો? ધનના દર્શન પણ ન થાય તો ઢગલો તો થાય ક્યાંથી ? માટે રોજ ધર્મક્રિયા કરવી આવશ્યક છે. રોજની પ્રવૃત્તિ મોટો નફો મેળવી આપનાર, ભાવ લાવી આપનાર છે. સામાયિક, પૂજા, પ્રભાવના, પૌષધ વિગેરે આવશ્યક કરણીમાં આળસ કરો તો તમને પ્રેરે કોણ ? ભણવા ગયેલો છોકરો નિશાળેથી બપોરે ભલે એના મોસાળે જ ચાલ્યો ગયો હોય પણ એ જાણીને તમને કેવો ક્રોધ થાય છે. છોકરો કાંઈ અળખામણો નથી પણ નહિ ભણે તો મોટો થશે ત્યારે ભૂખે મરશે એ વિચારથી ક્રોધ આવે છે. 'મોટો થશે ત્યારે પણ એનુંયે નસીબ તો છે ને !' એ વિચાર આવ્યો ? પણ એ જ છોકરો સામાયિક, પૂજા ન કરે ત્યાં કાંઈ વિચાર આવ્યો ? લોક વ્યવહાર કરતાં તમે ધર્મને કેટલું નીચું પદ આપ્યું ? છોકરો હજી દુકાને ન જાય તો હૃદયમાં દુઃખ થાય પણ પૂજા, સામાયિક વિગેરે ન કરે તો કાંઈ થાય છે ? તમને દુનિયાદારી જેટલી જરૂરી લાગી છે તેટલો ધર્મ જરૂરી લાગ્યો નથી. ખુદ પંડની વાત કરોને ! ધર્મ જરૂરી લાગ્યો હોય તો પોતાથી એ ન થાય તો અંતઃકરણ બળવું જોઇએ. દુનિયા ફાની છે અને ધર્મ શ્રેષ્ઠ છે એવું માનનારની દશા કઈ હોય ? ખરેખર ! ધર્મને આપણે ઉપલકીયા ચીજ માની બેઠા છીયે જો અંતઃકરણની ચીજ માની હોય તો રિદ્ધિ, કુટુંબ તથા જિંદગી કરતાં પણ ધર્મ અધિક ગણાય. એક વખત આચરેલો ધર્મ સર્વથા નાશ પામતો જ નથી.

**એક વખત પામેલા ધર્મનું ફળ નાશ પામતું જ નથી. ધર્મ સર્વથા નાશ પામતો જ નથી.**

અહીં પ્રશ્ન થશે કે 'સમ્યક્ત્વ પામેલો પડી જાય, ચાર જ્ઞાની પડી જાય. યથાખ્યાત ચારિત્રવાળો પડી જાય તો પછી આ સિવાય ધર્મ એ કઇ જુદી ચીજ છે ? આવી ઉંચી સ્થિતિએ આવેલા પડી જાય તો પછી ધર્મ નાશ પામનારી ચીજ નથી એ કેમ મનાય ? ચાર જ્ઞાનવાળાને પણ કેવળીના જેવું યથાખ્યાતચારિત્ર હોય છે. કેવળી પણ મોહરહિત અને એ પણ મોહરહિત, મોહનો બંધ જેમ કેવળીને નહિ તેમ એને પણ નહિ, કેવળીને શાતાવેદનીય બંધાય તેમ એને પણ શાતાવેદનીય બંધાય, આવી દશાનું અકષાયી ચારિત્ર, આવું જ્ઞાન, દર્શન, ચારિત્ર ચાલ્યું જાય અને તે પણ મધ્યમ દશા પર રહે તેમ નહિ

પણ મૂળથી ચાલ્યું જાય, વિરતિવાળો અવિરતિ થાય. સમકીતિ મિથ્યાત્વી થાય, જ્ઞાની અજ્ઞાની થઈ જાય, એ વાત શાસ્ત્રસિદ્ધ છતાં ધર્મ નાશ થતો નથી એ વાત કેમ મનાય ?' આ શંકાનું સમાધાન બરાબર સમજી લ્યો ! મહા મહીને નદીને કાંઠે કેટલાક મનુષ્યો ગયા. ત્યાંથી ગામમાં આવી કોઈએ કોઈકને કહ્યું કે- 'હમણાં ગધેડો પાણીમાં પડ્યો અને બળીને મરી ગયો.' આ વાત એકદમ મનાય ? પાણીમાં પડેલો ડૂબીને મરી જાય એ સ્વાભાવિક પણ પાણીમાં પડેલો બળે શી રીતે ? વાત સાવ સાચી છતાં એને એકદમ ગપાટો કહેવાનું મન થઈ જાય પણ જ્યારે એમ લાગે કે કહેનાર મશ્કરો નથી ત્યારે તત્ત્વ જાણવાનું મન થયું, તપાસ કરતાં તત્ત્વ મળતાં વાત સાચી લાગી. તત્ત્વ શું હતું ? ગધેડા ઉપર કળીચૂનો લાદેલો હતો. ગધેડો હુંફાળું લાગવાથી પાણીમાં જરા બેઠો એટલે ચૂનો પલળી ગયો, ફાટયો અને તેથી ગધેડો બળીને મરી ગયો. વાત સાચી પણ તત્ત્વ સમજાય નહિ ત્યાં સુધી ગપ લાગે ને ? હવે બીજી વાત!

## ચોથા આરાના સાધુઓ કરતાં પાંચમા આરાના સાધુઓ કેવા ?

ચોથા આરાના સાધુઓને આપણે મહાપુરુષો કહીએ છીએ જ્યારે પાંચમા આરાના સાધુઓને જેવા તેવા કહીએ છીએ, પણ તત્ત્વદૃષ્ટિએ ચોથો આરા કરતાં પાંચમાના સાધુ વધારે ઉત્કૃષ્ટ છે. ચોથા આરામાં જ્ઞાની સાક્ષાત્ હાજર હતા, બચાવનાર ડગલે પગલે મળી રહેતા હતા, મનના ભાવોને જાણનારા પરમ કૃપાળુ શ્રીતીર્થંકરદેવ વિદ્યમાન હતા, ભગવાન શ્રીમહાવીરદેવ ધંધોજ એ કરતા કે કોઈપણ જીવ ડૂબતો બચે શી રીતે ? મહાશતક શ્રાવક પૌષધમાં છે તે વખતે એની રેવતી નામની સ્ત્રી છાકીને (મદોન્મત બનીને) આવે છે અને એને કહે છે કે : આ શું કરે છે ? પરભવમાં મળવાની આશાએ આ ભવના સુખને છોડે છે ? હાથમાં રહેલાને ફેંકી દઈ કોણી ચાટવા જાય છે ? એને બિચારીને ખબર નથી કે ધર્મ આત્માના સુખ માટે છે. ઇંદ્રિયોના સુખ માટે નથી. મહાશતક શ્રાવકને અવધિજ્ઞાન છે તે દ્વારા એ દેખી રહેલા છે કે આ બિચારી સાતમે દિવસે મરીને નરકે જવાની તેથી એ તેણીને ચેતવે છે કે- તું આજથી સાતમે દિવસે મરીને નરકે જવાની છે, આ વાત ખોટી નથી. સાતમે દિવસે મરીને એ નરકે જવાની છે એ વાત સાવ સાચી છે પણ શાસ્ત્રકાર સાચી વાતને પણ ક્રોધના આવેશમાં કરવામાં આવે તો જુઠ્ઠી કહે છે. મહાશતકે પણ અત્યારે હિતોપદેશની અપેક્ષાએ કહ્યું નથી પણ એ ઉપદ્રવ કરવા આવેલી માટે ઉત્પન્ન થયેલા ક્રોધને લીધે કહ્યું છે. રેવતી આ સાંભળી ચૂપ થઈ ચાલી ગઈ. સવારે ભગવાન શ્રીમહાવીરદેવ ગૌતમ મહારાજાને કહે છે. મહાશતક પાસે જઈને કહે જે કે અવધિના ઉપયોગથી ક્રોધવશાત્ રાત્રે કહેલી વાત માટે તે મિચ્છામિ દુક્કડં દે ! ગૌતમ મહારાજા (શાસનના સૂબા) ભગવાનની

આજ્ઞાથી ત્યાં જાય છે, ભગવાનની આજ્ઞા મહાશતકને સંભળાવે છે એટલે મહાશતક શ્રાવક તરત મિચ્છામિ દુક્કડં દે છે. કહેવાની મતલબ એ છે કે જ્ઞાની ભગવાન આંખમાં તેલ (જ્ઞાનદર્શનરૂપી તેલ) આંજીને સંઘનો બચાવ જોઈ રહ્યા છે. વિચારો, મોક્ષમાર્ગે ચઢેલા પાછા ન પડે તેની કેટલી સાવચેતી ! નહિ તો ગણધરેશ શ્રીગૌતમ મહારાજાને મોકલવાની જરૂર શી હતી ? આવી સ્થિતિમાં રક્ષણ થાય તેમાં નવાઈ નથી. મેઘકુમારનું દૃષ્ટાંત વિચારો ! દીક્ષા લીધા પછી તે જ રાત્રે મેઘકુમારનો વિચાર પલટાય છે, તે સવારે ભગવાનને પૂછીને ઘેર પાછા જવાનો વિચાર કરે છે. સવારે ભગવાન પરમ ઉપકારી ભગવાન એને બોલાવે છે અને માર્ગે લાવે છે. જગતભરમાં ક્યાંય આ વાત્સલ્ય છે ? રાત્રે તો મેઘકુમારે સવારે ઘેર પાછા જવાનો ચોક્કસ નિર્ણય કરેલો પણ ભગવાનને પૂછીને જવું આટલી એમાં મર્યાદા હતી. ભગવાન પોતાને જવા દેશે એ વિચાર સ્વપ્ને પણ આવ્યો હશે ? સવારે ઘેર જવાની વાત કરીશ ત્યારે ભગવાન ધર્મોપદેશ સંભળાવશે, હિતશિખામણ દેશે એમ તો ધાર્યું હશે ને? પણ નિર્ણય તો ઘેર જવાનો જ હતો ને ? હવે વિચારો કે આત્માના પતનમાં (ડૂબવામાં) કેટલું બાકી છે ? છતાં પ્રાતઃકાલે પરિસ્થિતિ આખી પલટાઇ ગઈ, અને પોતાનો એ વિચાર પોતાને જ પાપરૂપ લાગ્યો, એ વખતે વગર પૂછયે, વગર કહ્યે જીવને ઠેકાણે લાવનાર ઉપકારી હાજર હતા. આજે તો પૂછેલી વાતનો ખુલાસો પૂરો થતો નથી, તો ચિંતવેલાનો ખુલાસો ક્યાંથી હોય ? હંમેશાં ખેડુત રસાળ જમીન દેખે ત્યાંજ ખેતી કરે. જે ખેડુત ઉખર અને રસાળ બેય જમીનનો સરખી દેખે તે મૂર્ખ ગણાય. ભગવાન શ્રીમહાવીરદેવે પહેલી દેશના બે ઘડી જ આપી છે. જ્યાં ફાયદો દેખાય ત્યાં એક પહોર દેશના જરૂર આપે. ક્ષણવાર પણ દેશના દેવી જોઈએ એ કલ્પ સાચવવા ભગવાને ત્યાં પ્રથમ બે ઘડીની દેશના દીધી. ભગવાને મેઘકુમારને ભવાંતરની વાત સંભળાવીને પણ ડૂબતો બચાવ્યો. તોપ ક્યારે છોડવી પડે ? તલવારથી, બીજા હથિયારથી કામ ન થાય ત્યારે તોપ વપરાય છે. સાધુથી કંટાળેલા મેઘકુમારને ભગવાન ભવાંતરની દશા સંભળાવીને ઠેકાણે લાવે છે. સાધુના પગથી પડેલી રજથી કંટાળેલો સાધુ તરફ કઇ દૃષ્ટિવાળો હોય ? તેવા પાસે કુલ વિગેરેની વાત ન કરી, 'તારા જેવો રાજકુમાર દીક્ષા છોડે એ શોભે નહિ,' એમ ન કહ્યું પણ સીધી જ ભવાંતરની વાત સંભળાવી. એ વાત ક્યારે કહેવી પડે ? જ્યારે અહીંની વાતો કહેવાના તમામ સાધનો નકામા ગયા ત્યારે ને ! વિચારો કે તે કાળમાં રક્ષણ કેટલું બધું! એવું જ દૃષ્ટાંત નંદિષેણના ચેલાનું-નંદિષેણ વિચારે છે કે મહારાજ રાજગૃહી પધારે તો ઠીક, મહારાજ પધારે છે, કેમકે નંદિષેણના ચેલાને સ્થિર કરવો છે. નંદિષેણની સ્ત્રીઓ હંસીના ટોળાંની માફક વંદના કરવા આવે છે. આ જોઈને નંદિષેણનો ચેલો જેને ઘેર જવું છે (ઘેર જવાની ભાવના થઈ છે.) તે વિચારે છે કે મારા ગુરુએ આવી

સ્થિતિએ સ્ત્રીઓનો ત્યાગ કર્યો અને મારે કાંઈ નથી છતાં હું એને માટે પ્રયત્ન કરું છું. તરત એ બચી ગયો. કહેવાની મતલબ એ કે તે વખતે બચાવ કેટલો હતો ! સંશયો દૂર કરી સ્થિર કરવાવાળા કેવળી મહારાજ મોજુદ હતા. વળી, ધર્મનું ફળ પણ તે વખતે પ્રત્યક્ષ દેખાતું હતું ધર્મ કરેલો મનુષ્ય દેવતા થયો હોય તે જ્યારે પોતાની નજરે દેખાય તો સદ્‌ગતિના કારણભૂત ધર્મ પર શ્રદ્ધા કેમ ન થાય ? કેવળજ્ઞાન વિગેરે પણ ધડાધડ થતા હતા. આત્મીય કે પૌદ્‌ગલિક ફળ કે હાનિ એ વખતે પ્રત્યક્ષ (નજરો નજર) દેખાતા હતા તેવા વખતમાં ધર્મ કરવાનું મન કેમ ન થાય ? એવા વખતે ધર્મની પ્રવૃત્તિ કરવી મુશ્કેલ કે સહેલી? આ જ નથી કોઈ કેવળી, નથી કોઈ શ્રુતકેવળી કે મનઃપર્યવજ્ઞાની કે અવધિજ્ઞાની કે ધર્મનું ફળ કે પાપનું નુકશાન નજરે દેખવાનો વખત (તેવું સાધન) નથી તેવા વખતમાં ધર્મ કરનારા કેટલા મજબુત સમજવા! આવા વખતમાં માલમિલકત કુટુંબકબીલાને વોસિરાવી દઈ (ત્યાગ કરી) જિંદગી અર્પણ કરવી એ કઈ દશાએ થાય ! આરંભ, પરિગ્રહ, મિલકત, કુટુંબ પ્રત્યે મોહ હોય તેનો ભોગ ક્યારે અપાય ? આત્માનો નિશ્ચય હોય, આત્મકલ્યાણની અભિલાષા તીવ્ર જાગી હોય, ધર્મથી જ આત્મકલ્યાણ છે એવી દૃઢ શ્રદ્ધા હોય તો જ એ બને. પોતાના આત્માને ધર્મ માટે જ્યારે એવો તૈયાર કર્યો હોય ત્યારે જ આત્મા વિષયો છોડવા તૈયાર થઈ શકે. પહેલાંના (એ વખતના) ત્યાગી કરતાં અત્યારના ત્યાગી વધારે ધન્યવાદને પાત્ર છે.

**દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ધર્મના રક્ષણાર્થે જોવાના છે, નાશ માટે નહિ.**

સત્યના ભોગે જુઠ્ઠાનું રક્ષણ ન થાય. કેરીના ટેસ્ટવાળા રસનેંદ્રિય છૂટી રાખવા માટે કેરી ખાવા માટે આર્દ્રા નક્ષત્ર બેઠા પછી કેરી આવે ત્યાં ખાવી એવું કહે છે-કાલની ગણત્રી કેંદ્રથી હોય છે. રાત્રિભોજન છોડવાનું મધ્ય ક્ષેત્રની મર્યાદાએ છે. અઢીદ્વીપની બહાર જ્યાં રાત્રિદિવસ સરખા છે એટલે કે સૂર્યચંદ્ર આથમતા નથી, ત્યાં તિર્યંચને જાતિસ્મરણ થાય અને વિરતિ આદરે તો મધ્યક્ષેત્રની અપેક્ષાએ રાત્રિદિવસની મર્યાદાએ ભોજનાદિ કરે. જ્યાં સૂર્યચંદ્ર આથમતા નથી, જ્યાં રાત્રિદિવસનો ભેદ નથી ત્યાં ચોવીસે કલાક ખાવામાં અડચણ શી હતી ? અઢીદ્વીપની બહાર જ્યાં કાલનો નિર્ણય નથી થયો ત્યાં અહીંના કાલનો નિયમ રાખવાનો, કારણ કે જે ધર્મનું ક્ષેત્ર હોય ત્યાંના કાળને અનુસરીને એ ગણત્રી કરાય છે. ધર્મક્ષેત્ર તે કહેવાય છે કે જેમાં તીર્થંકરાદિ થતા હોય. જેમાં શાસ્ત્રકારે નિર્ણય ન કર્યો હોય ત્યાં પોતાની ધારણા આવી છે એમ કહી શકાય. એવી રીતે ન ચાલીએ તો બધા ટીપણામાં ફેર છે તો શાને અનુસરીને ચાલવું ? એટલે કેંદ્ર તરીકે સ્થાન નિર્ણિત કરવું પડશે. આજકાલ નવો વર્ગ દ્રવ્ય, ક્ષેત્ર,

કાળ, ભાવના નામથી ઘણી વાતો પલટાવવાનું કરે છે જ્યારે જુનો વર્ગ એ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવ ચારેને માને છે, ફેરફાર (પલટો) પણ એને કબુલ છે પણ એનો મુદ્દો ધર્મના રક્ષણનો હોવો જોઇએ, ધર્મના નાશનો મુદ્દો હોવો જોઈએ નહિ. મહાવ્રત ઉચ્ચરાવતી વખતે, ધર્મની અનુકૂળતા હોય તો વિગેરે રીતિએ જીવોના પ્રાણનો વિયોગ ન કરવો, જુઠું ન બોલવું વિગેરે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ચારે પ્રકારે છે ને! નવો વર્ગ કાળ બદલાયાના બહાને પલટો કરવાનું કહે છે. પ્રતિજ્ઞા ક્યારે પલટવાની ? ધર્મની રક્ષા વખતે ? પહેલાંના કાળનો મજુર પોતાના દેશની પણ વસ્તુ દુઃખે પામે, જ્યારે આજે ચાર આના કમાતો મજુર અમેરિકામાં પાકેલી નવી ચીજ ખાઈ શકે છે. આટલી છૂટની વખતે ત્યાગ કરવાવાળા વધારે ધન્યવાદને પાત્ર નથી ? છે જ ! પહેલાં અંકુશ વધારે હતો, આજે એવો અંકુશ નથી, પહેલાં બાપ બેઠેલ હોય તો બીડી પીવાતી નહિ જ્યારે આજે અંકુશ ન જોઇએ, એવું દાંડી પીટીને બોલાય છે. જે વખતે અંકુશનું નામનિશાન નથી તે વખતે રાજીખુશીથી મન, વચન, કાયા પર અંકુશ કબુલ કરનારા શું કમ ધન્યવાદને પાત્ર છે ? સાધુ થનારે પાણી પીવા માટે પણ ગુરુની આજ્ઞા લેવી પડે છે. અંકુશની કાંઇ હદ ! આ વાત સાધુપણાને હલકું પાડવા માટે નથી. જે અંકુશ ગુલામીમાં નથી, તિર્યંચને નથી તે અહીં છે. સ્થંડિલ, માત્રુ કરવા પણ પૂછીને જ જવાનું, એ કેટલો અંકુશ ! તદ્દન નિરંકુશ સ્થિતિમાંથી નીકળીને આટલા બધા અંકુશવાળી સ્થિતિમાં રહેવું, જીવનભરને માટે આવી સ્થિતિ સ્વીકારવી એ જેવી તેવી વાત છે ? સહેલું છે ? પહેલાંના કાળમાં નાટક તો રાજા જ દેખે. નાટક જોનારનાં નામો લખાતાં અને જોનારે શું ઇનામ આપ્યું તે લખાતું. જ્યારે આજે નાટક સિનેમા જોવાં એ તો સર્વસામાન્ય થયેલ છે. એવા વખતમાં દીક્ષા લેવી, ધર્મને જીવન અર્પણ કરવું એ શા ઉપર ? ફક્ત શાસ્ત્રના વાક્યો ઉપર! શ્રી તીર્થંકરદેવના વચનો ઉપર ! આ કેવી જાતનો ભરોસો ! કેવી શ્રદ્ધા ! આ અપેક્ષાએ પાંચમા આરાના સાધુનું જીવન ઉંચું દેખી શકયા. અહીં તીર્થંકર ભગવાનના, કેવળજ્ઞાનીના વખતના સાધુને હલકા નથી પાડયા. જેને વસ્તુ ન સમજવામાં આવે તેને સાચી વાત પણ જુઠી જ લાગે છે.

**પડેલાને જોઈ ધર્મીએ તો વધારે મજબૂત થવું જોઇએ.**

એ જ રીતે જ્ઞાન, ચારિત્ર, દર્શન નાશ પામે છે છતાં ધર્મ નાશ પામતો નથી આ વાતને નહિ વિચારનારો જુદ્દી સમજે એ બનવા જોગ છે. તત્કાલના સ્વરૂપ તરીકે ત્રણે ચીજો નાશ પામે છે, ચાલુ વિષયરૂપે, વર્તનરૂપે, ફાયદારૂપે ત્રણેનો નાશ થાય છે પણ અહીં નાશ ન થાય તે કહેવામાં આવે છે તે કાળાંતર ફલોની અપેક્ષાએ સમજવું. સમ્યગ્દર્શન વિગેરેના કાળાંતર ફળો થયા વિના રહેતાં જ નથી. એક

અંતર્મુહૂર્ત માત્ર પણ આવેલાએ ત્રણે ભવિષ્યમાં જરૂર ફાયદો કરે છે. વ્યાજે અપાયેલાં નાણાંને આપણે કાંઇ ગયેલાં નાણાં સમજતા નથી. એકવાર થયેલું સમ્યક્ત્વ નાશ પામે તો પણ એ સમ્યક્ત્વ અર્ધપુદ્ગલ પરાવર્તમાં ફલ આપ્યા વગર રહેવાનું નથી. હવે તમને વિચાર થશે કે નિગોદમાં જીવોના ભાગ જુદા છે ? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી પડેલા જુદા હોય તેવું છે ? પડેલો હોય તેણે ધ્યાન રાખવું કે ત્રણથી પડીને બહાર તો શું પણ નિગોદમાં રહેલા જીવો પાંચમે અનંતે છે, અભવ્ય જીવો ચોથા અનંતે છે, જ્યારે સમ્યગ્દર્શનથી પડેલા પાંચમે અનંતે છે, આ ઉપરથી વિચારજો કે પડેલા કેટલા ? તેથી ધર્મી આત્મા તો વધારે મજબૂત થાય. ચીકણી માટીમાં બે જણને લપસેલા દેખીને વધારે સાવચેતી રાખો છો કે નહિ ? એવી રીતે કોઇને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી પડેલા દેખીને ધર્મી વધારે સાવચેત થાય છે. નિગોદમાં પડેલા અનંતા નિગોદોથી જુદા નથી. જ્યારે નિગોદો જુદા નથી ત્યાર પછી એમાંથી પડેલા વીણાય અને હાથ આવે શી રીતે ? મુંઝારો (સન્નિપાત) થયેલ પંડિત અને મૂર્ખમાં ફરક નથી પણ મુંઝારો મટે (દૂર થાય) એટલે પંડિત એ પંડિત અને મૂર્ખ એ મૂર્ખ. પહેલાં જેઓ પામેલા છે તેઓના સંસ્કાર નિગોદમાં ગયા છતાં નાશ પામતા નથી, તેથી અર્ધપુદ્ગલપરાવર્તમાં એને બહાર નીકળી મોક્ષે જવાનું થાયજ છે. સિદ્ધ થયું કે ધર્મ પોતાનું મુખ્ય ફળ આપ્યા વિના રહેતો જ નથી. આ વાતની આપણને દરકાર નહિ હોવાને લીધે આપણું બચ્ચું ધર્મરહિત થાય તેની આપણને દરકાર રહેતી નથી. છોકરો એક દિવસ મોંફાટ ન બોલે તો પગથી માથા સુધી ક્રોધ ભરાય, અને ધર્મ ન કરે તો કાંઇ થતું નથી કારણ કે આપણને જ હજી ધર્મની કિંમત થઇ (લાગી) નથી, માટે ધર્મ કરવાવાળાને ધર્મનું સ્વરૂપ, એની કિંમત સમજવાની ઘણી જ જરૂર છે. સંપત્તિ મેળવી આપનાર પણ ધર્મ છે, વિપત્તિ ટાળનાર પણ ધર્મ છે. એ ધર્મ કોનો કહેલો છે, એનું સ્વરૂપ શું, એનું વાસ્તવિક ફળ શું એ ધર્મ કરનારે જરૂર જાણવું જોઇએ.

## જાહેર ખબર

ટૂંક સમયમાં પ્રગટ થશે.

૧. તત્ત્વરંગિણી.
૨. લલિતવિસ્તરા.
૩. સિદ્ધપ્રભા બૃહદ્વ્યાકરણ.

નવા છપાતા ગ્રંથો.

૧. આચારાંગવૃત્તિ.
૨. ઉપદેશ માલા અપરનામ પુષ્પમાલા.
૩. તત્ત્વાર્થસૂત્ર શ્રી હરિભદ્રસૂરિ ટીકા.
૪. ભગવતીજી શ્રી દાનશેખરસૂરિ વૃત્તિ.

શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત.

# સંસારસમુદ્ર તારનાર તીર્થો.

## સ્થાવર તીર્થોની સફળ કલ્યાણકારિણી યાત્રા.

## સાધર્મિક ભક્તિઆદિક સત્કાર્યોપૂર્વક સફળ કરાતી સંઘપતિપણાની પદવી.

જૈન તેમજ જૈનેતર વર્ગમાં જેઓ આસ્તિકપણાની લાઇનમાં આવેલા હોઇ પોતાના આત્માને આસ્તિક માનતા હોય છે તેઓ પોતાના આત્માને અનાદિકાલથી સંસારસમુદ્રમાં રખડવાવાળો અને આરંભ પરિગ્રહ, વિષય કષાયદ્વારાએ અનેક પ્રકારના પાપકર્મોને બંધ તેના કટુવિપાકોને ભોગવવાવાળો માને છે, અને તેથી જ આસ્તિક માત્ર સામાન્ય રીતે સંસારસમુદ્રની મુસાફરીથી કંટાળેલો હોય છે. આ સંસારસમુદ્રના પ્રવાહમાં તણાવાથી આવેલો કંટાળો અને લાગેલો ભય જેટલી તીવ્ર, તીવ્રતર કે તીવ્રતમ દશામાં હોય છે. તેટલી જ દશાએ તરવાના સાધનોની તે ચાહના કરે છે. સંસારમાં સામાન્ય પણ નિયમ છે કે ચાહે જેવા ભયંકર વ્યાધિવાળો મનુષ્ય હોય પણ જ્યાં સુધી વ્યાધિની ભયંકરતા ન સમજે ત્યાં સુધી વ્યાધિને મટાડનારા વૈદ્યો કે તેના ઔષધની ચાહનામાં તીવ્ર ઇચ્છાવાળો થતો નથી, તેવી રીતે અહીં પણ જ્યાં સુધી ભવ્યપણામાં રહેલો જીવ જ્યાં સુધી સંસારસમુદ્રના ભ્રમણની ભયંકરતાનું ભાન ધરાવતો નથી અને તે સંસારને અનાદિનો માનવા સાથે તેને દુઃખરૂપ, દુઃખફળ અને દુઃખઅનુબંધવાળો ગણવા તૈયાર થતો નથી, ત્યાં સુધી તેનામાં ભવ્યત્વપણું છતાં પણ મોક્ષની અને મોક્ષ મેળવવાના સાધનભૂત સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની તીવ્ર ઇચ્છાવાળો થતો નથી. સમ્યગ્દર્શન એજ ચીજ છે કે જેમ ભયંકર વ્યાધિમાં ઘેરાયેલો મનુષ્ય, કણ, કંચન, કુટુંબ વિગેરેના ભોગે પણ પોતાના વ્યાધિનો નાશ કરવામાં **आत्मार्थे सकलं त्यजेत्** એ નીતિને અનુસરીને કટિબદ્ધ થાય છે, તેવી રીતે જે ભવ્ય જીવ સંસારસમુદ્રને તરી જઈ પવિત્ર પરમ પદરૂપી પટ્ટણને પામવાને કટિબદ્ધ થયો છતાં અન્ય કોઈપણ સુખની લાલસા કે દુઃખના ભયોની દરકાર કરે નહિ. ભયંકર વ્યાધિવાળો મનુષ્ય પણ જેવી રીતે આરોગ્યતાના સાધનભૂત ઔષધોનું પાન કરવા સાથે કુપથ્યને ટાળવાનો પણ પ્રયત્ન અનુપમ રીતિએ જ કરે છે. તેવી જ રીતિએ ભવ્ય જીવોએ પણ મોક્ષપદની પ્રાપ્તિ માટે સમ્યગ્દર્શનાદિકનું અનુશીલન કરતાં વિષયકષાય આદિક કુપથ્યોને ટાળવાની અવશ્ય જરૂર છે. આવો જે નિશ્ચય અને આવી જે તેની ધારણા તે જ સમ્યક્ત્વ છે. શુદ્ધ દેવાદિક તત્ત્વત્રયીને માનવાનું તો તેના સાધન તરીકે જ સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર જો કે મોક્ષમાર્ગને અંગે આવશ્યક છે, પણ તે બંને સમ્યગ્દર્શનની પછીજ આવનારાં અને સમ્યગ્દર્શનના ફળરૂપ છે અને તેથીજ સમ્યગ્દર્શનને દરેક શાસ્ત્રકાર બીજરૂપે જણાવે છે. આવા સમ્યગ્દર્શનને પામેલો ભવ્ય, આસ્તિક એવો જીવ સંસારસમુદ્રથી તરવાનાં સાધનો મેળવવા, તેની સેવના કરવા માટે એટલો બધો તલ્લીન થાય તે હકીકત આ ઉપર જણાવેલ હકીકતને બરોબર સમજનારોજ જાણી શકે.

સંસારસમુદ્રથી તરવાનાં સાધનો બે પ્રકારનાં હોય છે, તેમાં પહેલો અને મુખ્ય પ્રકાર ગણીએ તો તે જંગમતીર્થ નામનો છે તે પ્રકારરૂપ ત્રિલોકનાથ તીર્થંકર મહારાજા જીવાજીવાદિક સકલ તત્ત્વને આરિસા પ્રમાણે યથાવત્ રીતિએ દેખાડનાર પરમ પુરુષપ્રણીત પ્રવચન અને તે પ્રવચનના આધારભૂત ગણધર મહારાજાદિક સકલ સાધુવર્ગ અને સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ સર્વ સંસારસમુદ્રથી તરવાનાં સાધનો હોઇ જંગમતીર્થ ગણવામાં આવે છે. જેવી રીતે એ જંગમતીર્થની પવિત્ર યોગત્રિકે કરાતી સેવા સમ્યક્ત્વને ઉત્પન્ન કરનારી, ટકાવનારી અને વધારનારી છે, તેવી જ રીતે સ્થાવર તીર્થોની સેવા પણ જગતના જીવોને સમ્યગ્દર્શનને ઉત્પન્ન કરનાર, ટકાવનાર અને વધારનાર છે. આ જ કારણથી સમ્યગ્દર્શનના આભૂષણોને ગણાવતાં પરમ પ્રકૃષ્ટ તરીકે તીર્થસેવા નામનું આભૂષણ શાસ્ત્રકારો જણાવે છે. શાસ્ત્રકારો પણ ભગવાન જિનેશ્વર મહારાજાઓની જન્મભૂમિ, દીક્ષાભૂમિ, કેવળજ્ઞાનભૂમિ, નિર્વાણભૂમિ અને વિહારભૂમિને દેખવાવાળા વિગેરેને આગાઢ દર્શન થવાનું એટલે કે ઘણું જ મજબુત સમ્યગ્દર્શન થવાનું જણાવે છે, અર્થાત્ જેમ જંગમતીર્થની સેવા દરેક ભવ્યને સંસારસમુદ્રથી તરવાની બુદ્ધિએ અવશ્ય કરવા લાયક છે તેવી જ રીતે દરેક ભવ્ય જીવોને ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની જન્મભૂમિ આદિ તીર્થોની સેવા પણ જરૂર કરવા લાયક જ છે. આજ કારણથી આદ્ય ગણધર પરમ પ્રવચનના પ્રણેતા ભગવાન પુંડરીકસ્વામીને યુગાદિદેવ શ્રીઋષભદેવજી ભગવાને પોતાની સાથે વિહારમાં આવવા તૈયાર થયેલાને પણ શ્રીસિદ્ધાચળજી શ્રેત્રમાં રોકી દીધા, અને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે તમે મારી સાથે વિહાર નહિ કરો પણ ચૌદ રાજલોકમાં પણ જેનો જોટો નથી, તેમજ આ જંબૂદ્વીપના ભરત સિવાયના બીજાં ચાર ભરતક્ષેત્રો, પાંચે ઐરવતો અને પાંચે મહાવિદેહોમાં જે તીર્થોનો સમોવડીઓ નથી એવા આ પરમ પવિત્ર ગિરિરાજ શ્રીસિદ્ધાચલજીમાં તમે સ્થિરતા કરો, કેમકે સકલતીર્થમુકુટ, ત્રિલોકપૂજિત એવા આ તીર્થરાજના પ્રભાવે તમોને અને તમારા સકલ પરિવારને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવા સાથે પરમપદ પ્રાપ્ત કરવાનું બનશે, અને પ્રથમ તીર્થંકરના પ્રથમ ગણધર શ્રીપુંડરિકસ્વામી જ તે શ્રીઋષભદેવ ભગવાનના વચનથી સિદ્ધગિરિરાજમાં બિરાજ્યા અને તેમને તથા તેમના પરિવારને તેજ ગિરિરાજના પ્રતાપથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવા સાથે પરમપદની પ્રાપ્તિ થઇ. (જુઓ શ્રીઆદીશ્વર ચરિત્ર.) એવીજ રીતે પાંડવાદિક મહાત્માઓએ પણ પરમપદને મેળવવા માટે આ પરમ પવિત્ર ગિરિરાજની છાયાનો આશ્રય કરેલો છે. (જુઓ શ્રીજ્ઞાતાસૂત્ર)

ઉપર જણાવ્યા પ્રમાણે જ્યારે સકલ જંતુમાં ઉત્તમ પદને પામેલા મહાપુરુષોને પણ સ્થાવરતીર્થના પ્રભાવથી આત્મકલ્યાણ સાધવાની સ્થિતિ છે એમ નક્કી થાય છે તો પછી અન્ય સામાન્ય જીવોને પોતાના આત્માનું કલ્યાણ કરવા માટે તેવા પવિત્ર સ્થાવર તીર્થો સેવા કરવાનું જરૂરી હોય તેમાં તો આશ્ચર્ય જ શું ? આવા જ કારણોથી શ્રીસિદ્ધાચલઆદિ તીર્થોની સેવા કરવામાં તત્પર બનેલા અને તે તીર્થસેવાનો અમૂલ્ય લાભ પોતાના આત્માને મેળવવા સાથે અન્ય ભવ્યજીવોને પણ તેવો અમૂલ્ય લાભ મેળવાવી પોતાના આત્માને તે દ્વારાએ કૃતાર્થ કરવાને માટે જ તીર્થયાત્રાના સંઘોની જરૂર છે.

સંસારસમુદ્રથી તારનારા તીર્થોની સેવા કરવા માટે પોતે યાત્રા કરે અને અન્ય અનેક ભવ્યજીવોને તેવી અમૂલ્ય યાત્રાનો લાભ લેવડાવે તે ધારણાએ તીર્થોના જે સંઘો નીકળે છે તે ચક્રવર્તી મહારાજા ભરતે પ્રથમ શ્રીસિદ્ધાચલજી વિગેરેનો સંઘ કાઢીને જ તેનું વ્યાજબીપણું પુરવાર કરેલું છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રની ટીકામાં ભગવાન પાર્શ્વનાથજીના ચરિત્રને વિલોકન કરનારા તથા વિંશતિસ્થાનક ચરિત્રને વિચારનાર મનુષ્ય આદિ ચક્રવર્તી ભરત સિવાયના અન્ય તીર્થોના અન્ય સંઘોને પણ માન્યા સિવાય રહેશે નહિ. શ્રીસિદ્ધાચલજી મહારાજને અંગે વર્તમાન શ્રીવીર પરમાત્માના શાસનમાં પણ વીર વિક્રમાદિત્ય, રાજર્ષિ કુમારપાળ, મંત્રી મહત્તમ શ્રીવસ્તુપાળે તેજપાળ વળી સાધુસત્તમ પેથડશાહ વિગેરેના સંઘોની હકીકત તો વર્તમાન સાહિત્યમાં સ્થાન સ્થાન ઉપર વર્ણવાયેલી જ છે. આવી શાસ્ત્રથી અને ઇતિહાસથી સિદ્ધ થતા શ્રીસિદ્ધગિરિ આદિના સંઘયાત્રાના વૃત્તાંતો સાંભળી, સમજી અને વિચારીને કયો શક્તિ સંપન્ન પુરુષ તેવો તેનો અમૂલ્ય લાભ મેળવવા કટિબદ્ધ ન થાય ?

આ સ્થળે કેટલાક જડવાદની જડમાં જકડાયેલા અને ધર્મ કરતાં ધન તરફ જ નજર રાખનારા લોકો શ્રીસંઘયાત્રાના ઉત્થાપનના મુદ્દાથીજ ગાંધીજીની દાંડીની પગયાત્રાના ચમત્કારને પોતાના ચિત્તમાં ચિતરનારા છતાં પણ શ્રીસંઘયાત્રાને તોડવા માટે તેની નિરર્થકતા જણાવે છે, અને કહે છે કે-જે જમાનામાં રેલ્વે જેવી સગવડ ન હતી, લોકોની નિર્ધનતા હતી, તીર્થયાત્રાના માર્ગો અન્ય રાજ્ય અને લુંટારૂ આદિના ભયોથી ભરપૂર હતા તેવા વખતે તેવી રીતે સમુદાયે સંઘયાત્રા કરવાની જરૂર હતી, પણ વર્તમાનમાં તેવું કાંઇ નહિ હોવાથી લાખો રૂપિયા ખરચી જે સંઘયાત્રાઓ કરવામાં આવે છે તે ધન અને વખતનો નિરર્થક ભોગ આપવાનું જ છે, કેમકે વર્તમાનયુગની સગવડ પ્રમાણે જે યાત્રા ટૂંકા ખર્ચે અને ટૂંકી મુદતે થઇ શકે છે, તે યાત્રા માટે લાંબી મુદત ગાળવી અને લાંબો ખર્ચ કરવો તે સુધારાને અને સુધરેલા જમાનાને લાયક નથી અને તેથી તે નિરર્થક જ છે. આવું કહેવાવાળાઓ તીર્થયાત્રામાં માત્ર તે તીર્થો ઉપર જવું એટલું જ તત્ત્વ સમજેલા છે, પણ તેઓને ખબર નથી કે તીર્થયાત્રા એ માત્ર તે તીર્થમાં ઘૂમવામાત્રથી નથી પણ વિધિપૂર્વક સમ્યગ્દર્શનાદિના રત્નત્રયીના આરાધન, સાધર્મિક ભક્તિ વિગેરે અનેક સત્કૃત્યો પૂર્વકજ કરાતી યાત્રા તે તીર્થયાત્રા છે, અને એ તીર્થયાત્રાની વાસ્તવિક સ્થિતિ જે સંઘયાત્રાનું સ્વરૂપ આગળ જણાવવામાં આવશે તે વાંચવાથી સહેજે માલમ પડશે અને તેવી વાસ્તવિક તીર્થયાત્રા માટે તીર્થના સંઘોની આવશ્યકતા છે એમ સહેજે સમજાશે.

શ્રીશ્રાદ્ધવિધિની અંદર આચાર્ય મહારાજ શ્રીરત્નશેખરસૂરીશ્વરજી મહારાજ યાત્રાના ત્રણ ભેદો બતાવતાં પહેલાં વર્ષમાં ઓછામાં ઓછી છ વખત આવતી હોવાથી અઠ્ઠાઇને અંગે અષ્ટાહ્નિકાયાત્રા બતાવે છે અને બીજી વાર્ષિકપર્વને અંગે મુખ્યતાએ એકજ વખત થતી હોવાથી વાર્ષિક કૃત્ય તરીકે ચૈત્યયાત્રા એટલે સમગ્ર ચૈત્યોને વંદના કરવારૂપ બીજી યાત્રા બતાવે છે અને તેની સાથે જ વાર્ષિક કૃત્ય તરીકે ત્રીજી તીર્થયાત્રા બતાવે છે. આ ઉપરથી સ્પષ્ટ થશે કે શક્તિસંપન્ન અને ઋદ્ધિમાન શ્રાવકે તો પ્રતિવર્ષ સંઘયાત્રા કરી તીર્થયાત્રા કરવી જ જોઇએ. શાસ્ત્રકારો જ્યારે પ્રતિવર્ષ સંઘયાત્રા દ્વારાએ તીર્થયાત્રા કરવાનું ફરમાવે છે ત્યારે કોઇક કોઇક શ્રીમંતો માત્ર જિંદગીમાં એકાદ વખત સંઘ કાઢે તે પણ જેઓથી ન ખમાય તેઓને જડવાદનો કેટલો પવન વાગ્યો હશે તે સહેજે સમજાય તેમ છે. તે જડવાદીઓ તરફથી એમ કહેવામાં આવે છે કે કોમની આર્થિક દશા ઘણી જ નબળી થયેલી હોવાથી કોમના મનુષ્યોની મદદ

માટે તે પૈસાનો ઉપયોગ થવો જોઈએ, પણ તેઓ ભૂલી જાય છે કે આર્થિક સ્થિતિમાં આખી કોમ સદ્ધર હોય એવું કોઈ દિવસ બનેલું જ નથી. ભગવાન મહાવીર મહારાજની વખત પણ પુણિયો શેઠ સાડીબાર દોકડાની જ મિલકત ધરાવતો હતો. આર્દ્રકુમારની સ્ત્રીને આર્દ્રકુમારની દીક્ષા થતાં રેંટીઓ કાંતિને જ પોતાનું અને પોતાના છોકરાનું પોષણ કરવાનો ઉલ્લેખ જે શ્રીસૂયગડાંગસૂત્રમાં છે તે પણ ભગવાન મહાવીર મહારાજના વખતનો જ છે. મહારાજા કુમારપાળની વખતમાં તેવા ગરીબો હતા કે જેઓ તીર્થના ચૈત્યઉદ્ધાર સરખાં કામમાં પણ તેવી રકમ આપવાને શક્તિવાન થતા હતા. જો કે તેની તેવી સ્થિતિમાં પણ થયેલી ઉદારતાને અંગે ભાગ્યશાળીઓએ આગેવાન કર્યો હતો એવો ઉલ્લેખ મળે છે, તે છતાં તેવા વખતમાં ધર્મિષ્ઠ પુરુષોએ કરોડો રૂપિયા સંઘયાત્રાના કાર્યમાં ખરચ્યા છે એવા ઉલ્લેખો ગ્રંથો અને ચરિત્રોમાં સ્પષ્ટપણે મળે છે. આ જડવાદીઓને બંગલા બંધાવવાને અંગે થતા લાખો રૂપિયાના ખર્ચો, પચીસ પચીસ હજાર અને દશ દશ હજારની મોટરો રાખવાના ખર્ચા, મોટા મોટા બગીચાઓના ખર્ચા અને સર્વ સાધારણ મોજશોખના ખર્ચા ખટકતા નથી, પણ તેઓને ફક્ત ધાર્મિક કાર્યો તરીકે પ્રતિષ્ઠા, ઉજમણાં, ઉપધાન, સામૈયાં અને સંઘ જેવા શાસનની પ્રભાવનાના અને ધર્મને પોષણ કરનારાં કાર્યો જ માત્ર ખટકે છે, અને તેથી તેવા કાર્યોની વિરુદ્ધતા કરવામાં જ પોતાના સર્વ પ્રયત્નોને જોડે છે, એ જોનારો કોઈપણ જૈન તે જડવાદીઓના વચનો તરફ તિરસ્કાર વર્ષાવ્યા સિવાય રહી શકે જ નહીં.

આચાર્ય મહારાજ શ્રીરત્નશેખરસૂરિજી સંઘદ્વારાએ કરવી જોઈતી તીર્થયાત્રાના સંબંધમાં લખે છે કે શ્રીશંત્રુજય, ગિરનારજી વિગેરે જે સ્થાવર તીર્થો પ્રસિદ્ધ છે તે તથા તીર્થંકર મહારાજના જન્મ, દીક્ષા, જ્ઞાન, મોક્ષ અને વિહારનાં સ્થાનકો ઘણા ભવ્ય જીવોને શુભ ભાવ કરવા દ્વારાએ સંસારસમુદ્રથી તારનાર છે તે તીર્થો કહેવાય, અને તે તીર્થોમાં પોતાની અને અન્ય જીવોના સમ્યક્ત્વની શુદ્ધિ, શાસનની ઉન્નતિ વિગેરે માટે વિધિપૂર્વક યાત્રા કરવી તેનું નામ તીર્થયાત્રા કહેવાય. આ ઉપરથી શાસ્ત્રકારો જ્યારે સંઘયાત્રાને સમ્યગ્દર્શનની શુદ્ધિ અને પ્રભાવનાઆદિ શાસનની ઉન્નતિના હેતુ તરીકે જણાવે છે, ત્યારે તે સંઘયાત્રાની નિરર્થકતા જણાવનાર જડવાદીઓ સમ્યગ્દર્શનના સાધનનો અને શાસનની પ્રભાવનાના હેતુઓનો નાશ કરવા તૈયાર થયા છે એમ માન્યા સિવાય છૂટકો જ નથી. જો કે સંઘયાત્રા કરવાની કોઈને શિર ફરજ નથી હોતી એ તો જેને પોતાના આત્માના સમ્યગ્દર્શનની શુધ્ધિ કરવી હોય છે અને શાસનની પ્રભાવના કરવી હોય છે તેઓ જ તે સંઘયાત્રા કરે છે. યાદ રાખવાની જરૂર છે કે સંઘયાત્રા કરવાવાળો મનુષ્ય સાધર્મિક વાત્સલ્ય અને સાધર્મિકના પોષણથી વિરૂધ્ધ નથી હોતો, પોતાના ઉલ્લાસ પ્રમાણે અને ઉદારતાને ધ્યાનમાં રાખી પોતે પણ સાધર્મિકની ભક્તિ અને પોષણ કરે જ છે, પણ આ જડવાદીઓને પોતાની લાખોની મિલકત છતાં, નથી તો સાધર્મિકોનું વાત્સલ્ય કરવું અને નથી તો પોષણ કરવું. જો જડવાદીઓ પોતે સાધર્મિકોના વાત્સલ્ય અને પોષણ તરફ પોતાની તે અંશની કૃપણતા છોડીને અગર પોતાના મોજશોખના ખર્ચામાં કાપ મૂકીને જો સાધર્મિકોનું વાત્સલ્ય, પોષણ કરતા હોત તો કોઈક વખતે નીકળનારા સંઘોની વખત તેમને બળતરા કરવાનો વખત જ આવત નહિ, પણ જડવાદીઓને તો માત્ર ધર્મિષ્ઠ પુરુષોથી કરાતાં કાર્યોને રોકી દેવાં છે અને પોતાને બંગલા વિગેરેની મોજમઝા કરવી છે, પણ ધર્મિષ્ઠ મનુષ્યો તે સંઘયાત્રાદિકનાં કાર્યો પોતાના જન્મ અને લક્ષ્મીને સફળ કરવા સાથે સમ્યગ્દર્શનદ્વારાએ પોતાના આત્માની

શુદ્ધિ કરનારાં છે એમ માનનારા હોવાથી કોઈપણ પ્રકારે તે જડવાદીઓના ઝપાટામાં આવતા નથી, પણ હંમેશાં ધર્મશાસ્ત્રકારોએ કહેલા આત્મઉદ્ધારના કાર્યો તરફ કટિબધ્ધ રહે છે.

આ દુષ્ષમકાળમાં મિથ્યાત્વમાર્ગનો પાર ન હોવાથી જ્યારે કેટલાકો ઉપર જણાવ્યા પ્રમાણે સાક્ષાત્ સંઘયાત્રારૂપી કાર્યને જ સીધી રીતે વખોડવાવાળા હોય છે ત્યારે કેટલાકો વિધિના નામે તે કાર્યને વખોડતાં જણાવે છે કે સંઘ કાઢનારાઓ પોતાની નામના માટે સંઘ કાઢે છે, મોટાઈ ગણાવવા માટે સંઘ કાઢે છે, જશ કીર્તિ માટે સંઘ કાઢે છે, એવા એવા અનેક મુદ્દાઓ ઉઠાવી વિધિપૂર્વકના અને આત્માનો ઉદ્ધાર કરનારા એવા સંઘયાત્રાના કાર્યને અવિધિના નામે નિંદે છે. જો કે ધર્મનું કાર્ય કરનારે અવિધિ ટાળવાની અને વિધિને આચરવાની ખાસ જરૂર છે, છતાં અવિધિએ કરાતાં ધર્મકાર્ય કરતાં ધર્મકાર્ય ન કરવું એ સારું છે એ વાક્ય જેમ શાસ્ત્રકારોએ ઈર્ષ્યાખોરોનું ગણાવતાં **उस्सुयवयणं** એમ સ્પષ્ટપણે જણાવ્યું છે, માટે તેમાં નામના, જશ, કીર્તિ, કૃપણતા, શાંતિનો અભાવ વિગેરે દોષો ટાળવા લાયક છતાં પણ કદાચ કર્મની પ્રબળતાને લીધે કોઈકને કદાચિત આવી જાય તો તેટલા માત્રથી તે અવિધિ ટાળવામાત્રનો ઉપદેશ ન દેતાં જેઓ તે ધર્મના કાર્ય તરફ તિરસ્કાર પ્રગટાવે છે તેઓ તરફ જૈનશાસનના પ્રેમીઓએ તો તિરસ્કાર વર્ષાવવાનો થાય છે. વર્તમાનમાં જેમ પૂજા, દીક્ષા, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ વિગેરેને ઉઠાવવાની દાનતવાળા મનુષ્યો સાક્ષાત્ તે વસ્તુને ઉઠાવવાનું ન બોલતાં તેની પધ્ધતિને વગોવવા દ્વારાએ જ તે વસ્તુને ઉઠાવે છે, તેવી રીતે અહીં પણ પધ્ધતિના નામે કાર્ય તરફ વિરોધ પ્રદર્શિત કરવો તે શાસનનો અંશે પણ રાગ હોય તેને શોભતું નથી. શાસનની મર્યાદાએ તો જેટલી ઉદારતા, ભક્તિ, પ્રભાવના આદિ ધર્મનાં કાર્યો થાય તેમાં અનુમોદનાને સ્થાન છે એમ જણાવે છે, જો કે વિવેક રહિત મનુષ્યો પોતાની કંઈક તેવી ધારણા જે દ્રવ્યપ્રાપ્તિની કે સન્માનપ્રાપ્તિની હોય અને તે ધાર્મિક કાર્ય કરનારા તરફથી પૂર્ણ કરવામાં કદાચિત ન આવે અને તેથી કર્માધીન થઈ ધાર્મિક ઉત્તમ કાર્યને પણ નિરર્થક કે અનુચિત કહેવા તૈયાર થાય પણ તેવા વિવેક રહિત મનુષ્યોના વાક્યોના આધારે વિવેકી પુરુષોને વચનપ્રવાહ વહેવડાવતાં ઘણુંજ વિચારવું જોઈએ. આ કહેવાની મતલબ ધાર્મિક કાર્યો કરનારાઓની અવિધિને પોષવાની નથી, ઉત્તમ એવાં ધાર્મિક કાર્યો કરનારાઓએ અવિધિને ખસેડવા અને વિધિનો આદર કરવા ત્રિકરણયોગે તૈયાર થવું જ જોઈએ, અને એવી રીતિ અવિધિને ખસેડવા અને વિધિને આદરવા તૈયાર થવામાં આવશે તો તેવાઓ તરફથી અવિધિવાળું પણ થતું ધાર્મિક કાર્ય તે ભાવધર્મ તરીકે ગણાશે એમ આચાર્ય ભગવાન હરિભદ્રસૂરિજી ધર્મસંગ્રહમાં જણાવે છે, અને તેની ટીકામાં મલયગિરિજી મહારાજ ખુલાસો કરે છે કે તે અવિધિના તિરસ્કાર અને વિધિના આદરરૂપ ભક્તિથી લાગેલો અવિધિનો દોષ તત્કાળ નાશ પામે છે, માટે દરેક ધાર્મિક કાર્યો કરનારાઓને અવિધિને ટાળવા તથા વિધિને આદરવા માટે કટિબધ્ધ થવું જ જોઈએ તેમાં પણ વિધિને જાણવાવાળો મનુષ્ય જ અવિધિને ટાળી શકે અને વિધિને આદરી શકે અને તેથી જ શાસ્ત્રોમાં સ્થાન સ્થાન ઉપર ધાર્મિક કાર્યોની વિધિઓ જ બતાવવામાં આવેલી છે, અને જેવી રીતે લોકોને વિધિરસિક કરવા માટે શાસ્ત્રોમાં ધાર્મિક કાર્યોની વિધિઓ બતાવવામાં આવી છે તેવી જ રીતે સંઘયાત્રાદ્વારા કરાતા તીર્થયાત્રાના કાર્યમાં પણ સંઘની વિધિ શ્રી રત્નશેખરસૂરિજી આ પ્રમાણે બતાવે છેઃ-

૧ યાત્રા કરવા નીકળે ત્યારથી યાત્રા કરીને ઘેર આવે ત્યાં સુધી સંઘવી અને બીજાઓએ (૧) એકાસણાં (૨) સચિત્તનો ત્યાગ (૩) ભૂમિશય્યા (૪) બ્રહ્મચર્ય વિગેરેના દૃઢ અભિગ્રહો કરવા જોઈએ.

૨ પાલખી અને ઘોડાગાડી વિગેરે સંપૂર્ણ સામગ્રી ધરાવાવાળા ઋદ્ધિમાન શ્રાવકને યાત્રા કરતાં શકિત હોય તો પગે ચાલવું તેજ ઉચિત છે એટલા માટે કહ્યું છે કેઃ- "

" **एकाहारी दर्शनधारी यात्रासु भूशयनकारी सच्चित्तपरिहारी पदचारी ब्रह्मचारी च ।** "

આ બધામાં રી શબ્દ અંતે હોવાથી છ રી કહેવાય છે. તે છ રી આ પ્રમાણેઃ- (૧) એકાહારી એટલે એકાસણાં કરવાં, (૨) દર્શનધારી એટલે શુદ્ધ સમ્યકૃત્વને ધારણ કરવું. (અન્ય કાળમાં પણ જો કે શુદ્ધ સમ્યકૃત્વ ધારવાનું છે તો પણ યાત્રાની વખતે શંકાકાંક્ષાદિકને થવા દેવા જોઈએ નહિ.) (૩) ભૂશયનકારી એટલે ખાટલા, પલંગ, માચા વિગેરેમાં શયન નહિ કરતાં ભૂમિ ઉપર સુવું જોઈએ, (૪) સચિત્તપરિહારી એટલે સચેતન વસ્તુનો પરિભોગ ન કરવો, (૫) પદચારી એટલે વાહન વિગેરે ઉપર નહિ બેસતાં પગે ચાલવું અને (૬) બ્રહ્મચારી એટલે બ્રહ્મચર્ય ધારણ કરવું (જો કે પરસ્ત્રીથી વિરમવારૂપ બ્રહ્મચર્ય શ્રાવકને હંમેશાં હોય છે, પણ યાત્રાને અંગે સર્વ સ્ત્રીના ત્યાગરૂપી બ્રહ્મચર્ય ધારણ કરવું જોઈએ. આ છ "રી"ની હકીકત જૈન શાસ્ત્રકારોએ જ કહી છે એમ નહિ, પણ અન્ય મતવાળાઓને પણ કહ્યું છે કે-

**यानमर्धफलं हन्ति तुरीयांशमुपानहौ । तृतीयांशमवपनं सर्वं हन्ति प्रतिग्रहः ॥ १॥**

એટલે જે ફળ જાત્રાથી મનુષ્ય મેળવે તેનો અર્ધભાગ જો યાત્રિક વાહનમાં બેસે તો નાશ પામે છે, તેવીજ રીતે જોડા પહેરવાવાળાનો જાત્રાના ફળનો ચોથો ભાગ નાશ પામે છે. હજામત કરાવનારનો ત્રીજો ભાગ નાશ પામે છે, અને પારકા દાન લેનારા ગૃહસ્થોનું યાત્રાનું સર્વફળ નાશ પામે છે વળી-

**एकभक्ताशिना भाव्यं तथा स्थंडिलशायिना तीर्थानि गच्छता नित्यमप्यृतौ ब्रह्मचारिणा ॥ २॥**

તીર્થની જાત્રા કરનારે હંમેશાં એકાશણાં કરવાં જોઈએ જમીન ઉપર સૂવું જોઈએ અને નિયમિત ઋતુકાલે પણ બ્રહ્મચારી થવું જોઈએ. આ ઉપરથી સ્પષ્ટ માલમ પડશે કે ઋદ્ધિમાન કે સામાન્ય દરેક મનુષ્યે જાત્રાના સંપૂર્ણ ફળની ઈચ્છા હોય તો એકાહારીપણાદિ છ રી પાળવીજ જોઈએ. આ છ રીનો વિચાર કરવાથી જેઓ ખર્ચ અને વખતના બચાવને નામે સંઘયાત્રાના કાર્યનો વિરોધ કરતા હતા તેઓ સ્પષ્ટ સમજી શકશે કે મોટા સમુદાયે છ રી પાળીને યથાર્થ જાત્રા કરવાનું કાર્ય આવા સંઘયાત્રાના પ્રસંગ સિવાય બની શકેજ નહિ.

૩ સંઘજાત્રા કરવાનો નિર્ણય કરનારે માર્ગની સગવડ માટે તેમજ સંઘકાર્યના અનુમોદનાદિકને માટે યથાયોગ્ય દાન વિગેરેથી રાજાને સંતોષ કરવો જોઈએ.

૪ શક્તિ પ્રમાણે અનેક પ્રકારની સગવડવાળા અને ઉત્તમોત્તમ એવાં સુવર્ણ ચાંદી, હાથીદાંત, ચંદન વિગેરેના દેવાલયો સંઘની સંખ્યાને ધ્યાનમાં લઈને તૈયાર કરવાં.

૫ વિનય અને બહુમાનપૂર્વક પોતાના કુટુંબી અને સાધર્મિક વિગેરે સમુદાયને તેડાં કરાવવાં જોઈએ.

૬ આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસ, ગણિ, પ્રવર્તક અને બીજા સાધુ મહારાજારૂપ ગુરુમહારાજાને અત્યંત ભકિતપૂર્વક સંઘમાં પધારવા વિનંતિ કરે. (સંઘમાં સાધુઓને વિજ્ઞપ્તિ કરીને લાવવાના હોવાથી સંઘવીને જે સંઘપતિપણાનું તિલક થાય છે તેમાં સંઘપતિનું સાધુસાધ્વીને અંગે માલિકીપણું થતું નથી.)

૭ જે ગામમાંથી જે વખતે સંઘ નીકળવાનો હોય તે વખતે તે ગામમાં અમારિપડહો વગડાવવો જોઇએ. (કસાઇખાનાં વિગેરે હત્યાના સ્થાનો બંધ કરાવવાં જોઇએ. મહારાજા શ્રેણિકની વખતે રાજગૃહીમાં અમારિપડહો વગડાવ્યાની હકીકત શ્રી ઉપાકદશાંગસૂત્રમાં સ્પષ્ટપણે જણાવેલી છે.)

૮ જે ગામથી સંઘયાત્રા શરૂ થવાની હોય તે ગામમાં તે વખતે ચૈત્ય વિગેરેમાં અઠ્ઠાઇ મહોત્સવ વિગેરે મોટી પૂજાઓ કરાવવી જોઇએ.

૯ સંઘમાં આવનાર તૈયાર થનાર યાત્રિકોને ભાથું ન હોય તો ભાથાની, વાહન ન હોય તો વાહનની અને આધાર ન હોય તો શાંત વચન અને પૈસા આદિક આધારની સગવડ સંઘપતિએ કરવી જોઇએ.

૧૦ જેને જે મદદ જોઇશે તે દેવાની ટેક પાળવાપૂર્વક જે લોકોના મન જાત્રામાં ઉત્સાહ વગરનાં હોય તેઓને પણ અત્યંત ઉત્સાહવાળા કરે. (સાર્થવાહ જેમ પોતાના સાથે લઇ જનારને માટે કરે છે તેમ.)

૧૧ આડંબરપૂર્વક મોટા સમીઆના, કણાદો, રાવઠી, તંબુ, માંડવા, મોટી સાદડીઓ વિગેરે તથા પાણીને માટે મોટી કોઠીઓ અને કઢઇઓ તૈયાર કરે.

૧૨ ગાડાં, પાલખી, રથ, મ્યાના, પોઠીયા, ઊંટ અને ઘોડા વિગેરેને તૈયાર કરે.

૧૩ શ્રીસંઘની રક્ષાને માટે અત્યંત શૂરવીર એવા ઘણા સુભટોને તેડાવે અને તેઓને અનેક બખ્તરો, આંગીયા વિગેરે ઉપકરણો આપીને તેઓનું સન્માન કરે.

૧૪ ગાયન, નાટક અને વાજિંત્ર વિગેરેની સમગ્ર સામગ્રી તૈયાર કરાવે.

૧૫ પૂર્વે જણાવેલી ચૌદ વસ્તુ કરીને શુભ મુર્હૂતે, સારા શકુન અને નિમિત્તાદિથી ઉત્સાહિત થયેલો શ્રીસંઘ પ્રસ્થાનમંગળ કરે. (શહેરની બહાર પડેલો પડાવ કરે અને ત્યાં પડાવ કર્યા પછી શું શું કરવું જોઇએ તે પણ આગળ જણાવે છે.)

૧૬ પોતાના સ્થાનથી બહાર જ્યાં પડાવ કર્યો હોય ત્યાં બધા સમુદાયને એકઠો કરે અને સારાં સારાં ભોજનો કરાવી તાંબુલાદિકથી સત્કાર કરે, પંચાંગ આભૂષણ અને દુકુલાદિ કિંમતી વસ્ત્રોથી સર્વની પહેરામણી કરે, પછી સારા પ્રતિષ્ઠિત, ધર્મિષ્ઠ, પૂજવા યોગ્ય અને અત્યંત ભાગ્યશાળી પુરુષો પાસે સંઘપતિપણાનું તિલક કરાવે, અને તે સંઘપતિપણાના તિલકને અંગે શ્રીચતુર્વિધ સંઘપૂજા વિગેરેનો મોટો મહોત્સવ કરે. જેવી રીતે સંઘપતિ પોતાને સંઘપતિપણાનું તિલક કરાવે તેવી જ રીતે પોતાના કુટુંબના જે જે સંઘપતિપણા આદિકના તિલકો કરાવી તેનો પણ ઉચિતતાપૂર્વક મહોત્સવ કરે. સંઘનું પ્રયાણ થવા પહેલાં સર્વ અધિકારવાળો એક **મહાધર** અને સંઘની આગળની વ્યવસ્થા કરનારો **અગ્રેસર** તથા સંઘની પાછળથી અને પડાવ ઉપડયા પછીની જગ્યાએ પડ્યા આખડ્યાની સંભાળ કરવા કે પાછળ રહી ગયેલાની સંભાળ કરવા **પૃષ્ઠિરક્ષ** તેમજ તમામ સંઘને જે કાંઇ વિનંતિ કે ફરિયાદ કરવી હોય તેવા **સંઘાધ્યક્ષ** વિગેરેની સ્થાપના સર્વ સંઘસમુદાયને માલમ પડે તેવી રીતે કરે.

૧૭ સંઘને કરવાની મુસાફરી, ઉતરવાનાં સ્થાનો, સ્થિરતા કરવાની મર્યાદા વગેરે બધી સંકેતની વ્યવસ્થા કરી તેને જાહેર કરે.

૧૮ રસ્તામાં સંઘના સર્વ મનુષ્યોને પોતાના કુટુંબના મનુષ્યોથી પણ અધિકપણે સંભાળે, તેઓને સામાનની, ગાડાંની કે બીજી કોઇપણ જાતની અડચણ પડતી હોય તો તે બધી અડચણ દૂર કરવામાં સર્વ શક્તિથી સહાય કરવી જોઇએ.

૧૯ દરેક ગામે અને દરેક શહેરે જે જે જિનમંદિરો આવે ત્યાં ત્યાં સ્નાત્રપૂજા અને મહાધ્વજનું ચઢાવવું અને સર્વ ચૈત્યની પરિપાટી કરવા સાથે સર્વ ચૈત્યોમાં પૂજાના ઉપકરણો તથા સારાં સારાં મંદિરની શોભાનાં સાધનો જેવા કે ચંદરવા, પુંઠીયાં વિગેરે આપવાપૂર્વક સારો મહોત્સવ કરવો.

૨૦ જે જે ગામ અને જે જે શહેરમાં સંઘપતિ જાય તે તે સ્થાને જીર્ણ ચૈત્યોનો ઉદ્ધાર, પૌષધશાળાઓનો ઉધ્ધાર, સાધર્મિકોનો ઉદ્ધાર જીવદયાની પ્રવૃત્તિ, અભયદાનની ઉદઘોષણા વિગેરેનો સમાવેશ કરવો જોઇએ.

૨૧ પૂર્વે જણાવેલી રીતિએ અનુક્રમે પ્રયાણ કરતાં જે સ્થાને તીર્થનું દર્શન થાય તે સ્થાને સોનૈયા, રત્નો અને મોતી આદિથી વધાવે. લાપસી, મોદક વિગેરેની લ્હાણી કરે. સાધર્મિક વાત્સલ્ય કરવામાં પોતાના આત્માને કૃતાર્થ માની પ્રવૃત્તિ કરે, અને સંઘની ચાકરીમાં કે મદદમાં રોકાયેલા કે તીર્થના ગુણગાન ગાવાવાળા વિગેરેને ઉચિતતા પ્રમાણે દાન કરે.

૨૨ તીર્થસ્થાને આવે ત્યારે સર્વ શક્તિથી પોતે પ્રવેશ મહોત્સવ કરે અને બીજાઓ દ્વારાએ પણ કરાવે.

૨૩ તીર્થસ્થાનમાં ઠાઠમાઠથી પેઠા પછી પહેલી પૂજા જે અપૂર્વ હર્ષથી કરવી તેની સર્વ સામગ્રી યોજે, અને અષ્ટપ્રકારી, બાર વ્રતની, સત્તરભેદી, એકવીસ પ્રકારની વિગેરે અનેક પ્રકારે પૂજાઓ વિધિપૂર્વક ભણાવે.

૨૪ વિધિપૂર્વક સ્નાત્રમહોત્સવ પણ તે તીર્થમાં જરૂર પ્રવર્તાવવા જોઇએ.

૨૫ સંઘપતિએ જે તીર્થનો સંઘ કાઢયો હોય તે તીર્થમાં માલોદ્‌ઘટ્ટન એટલે ઉછામણીપૂર્વક માલા પહેરવાનું કરવું જોઇએ. તીર્થની ચારે બાજુ ઘીની ધારા (પંચામૃત ધારા) દેવી જોઇએ, અને ઉછામણીપૂર્વક પહેરામણી મેળવી જોઇએ. જિનેશ્વર મહારાજના નવે અંગે વિધિપૂર્વક પૂજન કરવું જોઇએ. ફૂલઘર અને કેળનાં ઘર વિગેરે બનાવી મોટો મહોત્સવ કરવો જોઇએ. દુકૂલ (જરીઆન) વિગેરેના મોટા ધ્વજો શિખર ઉપર ચઢાવવા જોઇએ. કોઇનો પણ નિષેધ ન કરવાપૂર્વક તે દિવસે દાન પ્રવર્તાવવું જોઇએ. જિનેશ્વર મહારાજાના ગુણગાનોથી રાત્રિજાગરણ કરવું જોઇએ અનેક પ્રકારનાં ગીત, નાટ્ય વિગેરેથી મહોત્સવ કરવો, તીર્થને અંગે ઉપવાસ, છઠ્ઠ વિગેરે તપસ્યા કરવી. લાખ, ક્રોડ વિગેરે અખંડ ચોખાઓથી ભરેલો થાળ ભગવાન આગળ થાપન કરવો જોઇએ. અનેક પ્રકારની વસ્તુ અને ફળો જે સંખ્યામાં એકસો આઠ, ચોવીસ, બાવન કે બોતેર વિગેરે હોય તેવાના થાળો ભગવાનની આગળ થાપન કરવા જોઇએ. સર્વ પ્રકારના પકવાનો વિગેરેથી ભરેલા થાળો મેલવા જોઇએ, જરીઆન વિગેરેના અનેક પ્રકારના ચંદરવા, પરિધાપનિકા (આંગી) અંગલુંહણાં દીપકના ભાજનો, તેલ, ઘી, ધોતિયાં, ચંદન, કેસર, નૈવેદ્ય, ચંગેરી, પિંગાનિકા (છાબડી) કલશ, ધૂપધાણું, આરતી, ઘરેણાં, ચામર, સંભૃગાર (નાળવા વગરના કલશ) થાળ, વાડકા, ઘંટ, ઝાલર, પટહ વિગેરે અનેક પ્રકારના વાંજિત્રો વિગેરે તીર્થમાં દેવાં જોઇએ.

૨૬ જે તીર્થમાં જાત્રા કરી હોય તે તીર્થમાં સંઘપતિએ દહેરૂં, દહેરી, કે સ્તૂપ વિગેરે કરાવવું જોઇએ અને તે દહેરા વિગેર કરનારા સલાટ વિગેરેનો સત્કાર કરવો જોઇએ.

૨૭ જે તીર્થનો સંઘ કાઢયો હોય તે તીર્થમાં વિશેષ કરીને ધ્યાન, જપ અને સેવા વિગેરે એવી ઉત્કૃષ્ટ રીતે કરવાં જોઇએ કે જેથી તે સેવાના સંસ્કારો યાવજ્જીવ આત્મામાં રહે અને બીજાઓ તેની સ્પૃહા કરવા પૂર્વક અનુમોદના કરે.

૨૮ તીર્થના જે જે ભાગની ખામી હોય અગર નાશ પામતો હોય તેની તેવી રક્ષા કરવી તથા સમારવા જોઇએ.

૨૯ તીર્થની રક્ષા કરનાર પુરુષોનું અત્યંત સન્માન કરવું જોઇએ અને તે તીર્થરક્ષકો પાસે જો તે રાજા વિગેર અધિકારી હોય તો તીર્થને માટે લાગો પ્રવર્તાવવો જોઇએ.

૩૦ તીર્થસ્થાનમાં સંઘમાં જે જે આવેલા સાધર્મિક હોય તે સર્વનું અશન, પાન, ખાદિમ, સ્વાદિમ વિગેરેથી વાત્સલ્ય કરવું જોઇએ.

૩૧ સંઘમાં પધારેલા આચાર્યો, ઉપાધ્યાયો વિગેરે ગુરુમહારાજાઓની અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ વિગેરે વહોરાવવાપૂર્વક અને સકલ શ્રાવકશ્રાવિકા વર્ગને પહેરામણી આપી ભક્તિ કરવી જોઇએ.

૩૨ જૈનોની પાસેજ માંગવાવાળા જે યાચક તથા દીન, અનાથ વિગેરેને ઉચિત દાન દેવું વિગેરે ધર્મકૃત્યો તીર્થસ્થાનમાં કરવાં જોઇએ. એમ નહિ કહેવું કે યાચક વિગેરેથી દેવાતું દાન એ માત્ર દાતારની કીર્તિને ફેલાવનાર હોવાથી નિષ્ફળ છે, કેમકે તે યાચકો ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન જૈનધર્મના ધુરંધર ગુરુમહારાજા અને સકળ સત્કૃત્યના સમુદ્ર શ્રીસંઘના ગુણોની ઉદ્દઘોષણા કરવાવાળા હોવાથી તેમને દેવાતું દાન પણ બહુ ફળવાળું છે, કેમકે શ્રીજિનેશ્વર મહારાજા વિચરતા હતા તે વખતે પોતાના શહેરથી નજીકમાં જિનેશ્વર મહારાજનું આવવું થયું છે એવું જણાવી વધામણી આપનારને ચક્રવર્તી વિગેરે સાડીબાર ક્રોડ સોનૈયા વિગેરે આપે છે.

૩૩ એવી રીતે યાત્રા કરીને જેવી રીતે ગયો તેવી જ રીતે વિધિસર પાછો વળતો સંઘપતિ પોતાના શહેરમાં આવે ત્યારે મોટા મહોત્સવથી પ્રવેશ કરે, અને દેવાહ્વાન વિગેરેનો મહોત્સવ કરે.

૩૪ ઓછામાં ઓછું વર્ષ અને વધારેમાં યાવજ્જીવ સુધી તીર્થદર્શનના સ્મરણ નિમિત્તે ઉપવાસ વિગેરે તપસ્યા જે દિવસે તીર્થ પ્રથમ જાુહાર્યું હોય તે દિવસ આવે ત્યારે કરે.

ઉપર જણાવ્યા પ્રમાણે શાસ્ત્રકારોએ સંઘયાત્રાનો વિધિ કહેલો હોવાથી વાચક સ્પષ્ટપણે સમજી શકશે કે સંઘયાત્રામાં જનારા શ્રદ્ધાળુઓ છ રી પાળી પોતાના આત્માને સંસ્કારિત કરે છે, દરેક ગામના ચૈત્યોની યાત્રાનો લાભ મેળવી શકે છે, ગામ ગામના ઉત્તમોત્તમ સાધર્મિકોના સમાગમમાં આવી શકે છે, જે જે ગામોમાં પરસ્પર મતભેદો હોય, તડાં પહેલાં હોય અને તેમાં પરસ્પર સમાધાનનો માર્ગ કંઈ વર્ષોથી ન આવી શકયો હોય તેવા તડોનું સમાધાન શ્રીસંઘના આગમનને અંગે થાય છે, તેવા સંઘાદિના આગમનના કારણ સિવાય પરસ્પરનાં તડો વર્ષોના વર્ષો સુધી તેમને તેમ પડયાં રહે છે, માટે

સકળ સ્થાનના સકળ સંઘોને કલેશ રહિત વાતાવરણમાં સ્થાપવા માટે પણ સંઘની અનહદ ઉપયોગિતા છે. વળી સંઘનું જવું જે જે ગામોમાં થાય તે તે ગામમાં જો ચૈત્યાદિકની મનોહર દશા હોય તો સંઘમાં આવેલ અનેક ગામના લોકોને પોતપોતાના ગામમાં તેવી મનોહરતા કરવાનો વિચાર થાય અને તેની સગવડ કરે, અને જો તે માર્ગમાં આવતાં ગામોમાં ચૈત્યાદિક સ્થાનોની ન્યૂન દશા હોય તો તે સંઘના મનુષ્યોદ્વારા તે તે ન્યૂનતા ઓછી થાય અને ગામવાળાઓને પણ સંઘના મનુષ્યો પાસેથી પોતાના ચૈત્યાદિને ઉન્નત કરવા વિગેરેની વ્યવસ્થા કરવાની તક મળે.

ટૂંકાણમાં, શ્રીસંઘે કરાતી તીર્થયાત્રા એ શાસનસમૃદ્ધિનું ગામેગામ ફરતું પ્રદર્શન છે, અને તેથી જેઓ શાસનઉન્નતિને ચાહવાવાળા હોય છે તેઓ તો તેવા સંઘયાત્રાદિકના કાર્યોની અનુમોદના કરવાપૂર્વક મુકતકંઠે પ્રશંસા જ કરે છે.

સંઘ સંબંધી લેખની સમાપ્તિ કરતાં શાસ્ત્રકાર મહારાજાએ જણાવેલા સંઘોની હકીકત જણાવીએ તે યોગ્ય ગણાશે :-

૧ શ્રીસિધ્ધસેન દિવાકર મહારાજે પ્રતિબોધ કરી જૈનધર્મ પમાડેલા વીર વિક્રમાદિત્યને શ્રીશત્રુંજયની યાત્રાના સંઘમાં એકસો અગણોતેર સોનાના દહેરાં હતાં, પાંચસો હાથીદાંત અને ચંદન વિગેરેનાં દહેરાં હતાં. શ્રીસિદ્ધસેન દિવાકરજી મહારાજા વિગેરે પાંચ હજાર આચાર્યો હતા, ચૌદ મુકુટબધ્ધ રાજાઓ હતા, શ્રાવકોના સીત્તેર લાખ કુટુંબો હતાં, એક કરોડ દશ લાખ ને નવ હજાર ગાડાં હતાં, અઢાર લાખ ઘોડા, છોતેર સો હાથી અને એવી રીતે ઊંટ અને પોઠિયા વિગેરે પણ ઘણાં હતાં.

૨ શ્રી કુમારપાલ મહારાજાના સંઘમાં સોના અને રત્ન વિગેરેના અઢારસો ચમ્મોતેર દહેરાં હતાં.

૩ થરાદમાં રહેનારા પશ્ચિમ મંડલિક (પશ્ચિમનો રાજા) તરીકે પ્રસિદ્ધ થયેલા આભુ નામના સંઘપતિના સંઘમાં સાતસો દહેરાં હતાં, અને તે સંઘયાત્રામાં બાર કરોડ સોનૈયાનો ખર્ચ થયો હતો.

૪ પેથડશાહે સંઘ કાઢયો ત્યારે તીર્થનું દર્શન થયું તે વખતે જ અગીઆર લાખ રૂપિયાનું ખર્ચ થયું હતું, અને બાવન દેહરાં હતાં, અને સાત લાખ મનુષ્યો હતાં.

૫ વસ્તુપાલ તેજપાલની સાડીબાર યાત્રાઓ પ્રસિદ્ધજ છે.

આ લેખ લખવાનું પ્રયોજન આગળ સૂચવવામાં આવ્યું છે અને અહીં પણ સ્પષ્ટ શબ્દોમાં કહેવાય છે કે જે કોઈ શ્રદ્ધાળુ મહાપુરુષો સંઘયાત્રા દ્વારા તીર્થયાત્રા કરવા વર્તમાનમાં કે ભવિષ્યમાં માગતા હોય તેઓએ વિધિપૂર્વક કરાતું ધાર્મિક અનુષ્ઠાન આત્માને અનુપમ આહ્લાદ આપવા સાથે અન્ય લોકોને અનુમોદનાનું સ્થાન બને છે અને અન્ય લોકોએ કરેલી તેવા વિધિપૂર્વક કરેલા અનુષ્ઠાનની અનુમોદના આ ભવમાં તો શું પણ ભવાંતરમાં પણ સમ્યકત્વ પ્રાપ્તિનું કારણ બને છે અને તેથી વિધિપૂર્વક સંઘયાત્રા દ્વારા તીર્થયાત્રા કરનારા સંઘપતિઓ અનેક ભવ્યજીવોને સમ્યકત્વની ઉત્પત્તિનું કારણ બની મોક્ષપ્રાપ્તિનું કારણ બને છે, માટે વિધિપૂર્વક સંઘયાત્રા દ્વારા તીર્થયાત્રા કરનારા સંઘપતિઓ થાય તો આ લેખનો પ્રયત્ન ફળીભૂત ગણાશે.

❋ ❋ ❋

# સમાલોચના

૧. **तत्त्वार्थभाष्य-नैर्ग्रन्थ्यं प्रति प्रस्थिताः शरीरोपकरणविभूषानुवर्तिनः ऋद्धियशस्कामाः सातगौरवाश्रिता अविविक्तपरिवाराः छेदशबलयुक्ताः निर्ग्रन्थाबकुशाः** એ તથા **प्रतिषेवनाकुशीला नैर्ग्रन्थ्यं प्रति प्रस्थिता अनियमितेन्द्रियाः कथञ्चित् कञ्चिदुत्तरगुणेषु विराधयन्तश्चरन्ति** એ પાઠ વિચારવાથી બકુશકુશીલોનું લક્ષણ સમજાશે ને તેથી પાંચમા આરાના છેડા સુધી બકુશકુશીલથી તીર્થ છે ને તેથી વર્તમાનમાં સાધુપણાનો અભાવ કહેનાર શાસન બહાર કરવા લાયક હોઈ તે સજાએ અમદાવાદના શ્રીમાન નગરશેઠે તેવાને પહોંચાડ્યા.

૨ આધાકર્મી શબ્દ વાપરનારે પ્રથમ તો મિશ્ર અને અધ્યવપૂરક દોષોથી ભિન્નપણું તેનું સમજવું. પર આત્મામાં રહેલ આધાકર્મીને અંગેનું નિશ્શંકપણું તો અતિશય જ્ઞાનીજ સમજે પણ પોતાની નિશ્શંકપણાથી થતી પાપવૃત્તિને ધર્મને નામે પોષવા માર્ગલોપક બને તેની તો દશા જગતને સિદ્ધજ છે.

૩ આધાકર્મમાં એકાન્તે પાપબંધ જ એવું કહેનાર પણ માર્ગપતિત છે. સૂગડાંગજીમાં સ્પષ્ટ છે તો પણ નિશ્શંકપણાનો ખોટો આરોપ કરી જિનવાણીથી વિરૂદ્ધ બોલે તેને શું કહેવું ? શ્રી ભગવતીજી વિગેરેમાં તો મૂલગુણની પ્રતિસેવા પણ બકુશકુશીલમાં કહી છે તે ધ્યાનમાં રાખી વર્તમાનમાં શાસન અને મુનિઓનો અભાવ માનવો તે ખોટો છે એ સમજાય તેમ છે. (જૈન જ્યોતિ)

૧ ચૂર્ણિકાર મહારાજે પુસ્તક રાખવામાં ચરણકરણ અને અવ્યુછેદ બે કારણો કહ્યાં છે.

૨ બંધનનો અધિકાર તો ત્યાં નથી જ.

૩ ઘણી પ્રતો મોટા તાડપત્રોની છે એમ સ્પષ્ટ લખાણ છતાં અન્યથા લખવું કે ચર્ચવું તે શોભારૂપ નથી.

૪ પંચવસ્તુમાં મુહપત્તિના પ્રમાણમાં બે પક્ષ છે, પણ બે મુહપતિઓ નથી.

૫ **विधिगृहीतया** પદથી બાંધવાનો અર્થ કરનારે સત્ય સમજવાની જરૂર છે. શું એ પદ ન હોય ત્યાં વસતિ પ્રમાર્જનાદિમાં બાંધવાનો અર્થ કરવો નહિ. ૬ આખા ચર્ચાસારામાં એક પણ પાઠ વ્યાખ્યાનની મુહપત્તિનું વિધાન કરનારો નથી. ૭ ચર્ચાસારના ફોટાઓ તો કલ્પિત જ છે ને ? (જૈન)

૧ ચર્ચાસારનો એક પણ પાઠ કાન વિંધવા અને વ્યાખ્યાન વખતે મુહપત્તિ બાંધવાનું વિધાન કરનારો નથી. ૨ મોટાં તાડપત્રોને ત્રણ દોરીથી બંધાય છે ને તેનું અનુકરણ કાગળની પ્રતોમાં પણ જગા ખાલી રાખી થયું છે. ૩ ચર્ચાસારમાં ૯૫૭મી ગાથા છે તેનો અર્થ ખોટો છે. ૪ વસતિપ્રમાર્જન વખતે કૃકાટિકા બંધ છે. કાન વિંધવાનું નથી, ૫ આઠ પડનું જ્યારે વિધાન કબુલ છે તો પછી વ્યાખ્યાન વખતે બે પડ થાય છે તેનો લેખ આપવો જોઈએ. (જૈન)

૧ અગીયારમી સદી પહેલાંની પ્રતો જોનારા સ્પષ્ટપણે કહી શકે છે કે પ્રાચીન કાળમાં ઘણે ભાગે તાડપત્રની અને ઘણા મોટા પાનાની પ્રતો લખાતી હતી (તાડનાં પાનાં મોટાં હોય તે સ્વાભાવિક

છે, નાનાં પાનાં પણ માત્ર ટાળવા જેવાં હોય તે પણ ઉપયોગમાં લેવાયાં હોય.) ૨ અઢી અઢી, ત્રણ ત્રણ ફૂટની પાટલીઓ પાના સાથે એક હાથે રાખી વાંચવી ન ફાવે તે સ્વાભવિક છે. ૩ મુંબઇથી પત્ર લખાવીને બાંધવાવાળાએજ ફરી ચર્ચા શરૂ કરી છે. ૪ ચર્ચાસારના કયા પાને વ્યાખ્યાનમાં મુહપત્તિના બંધનના વિધાનનો સ્પષ્ટ પાઠ છે તે જણાવવું. ૫ મુખકોશનું અનુકરણ કરવા બંધનવાળા પક્ષેજ કહ્યું છે. ૬ પાઠની માંગણી વખતે પ્રવૃત્તિ કે કોઇના અભિપ્રાયો જણાવવા તે યોગ્ય નથી. ૭ શ્રી ભગવતીજી અને શ્રી જ્ઞાતાસૂત્રજીમાં તમારો જણાવેલો હજામનો મુખકોશ આઠ પડનો છે. નહિ કે બે પડનો. ૮ વિધાનની ચર્ચામાં પુરુષ પ્રવૃત્તિને ગોઠવવી એ નબળાઇ છે. ૯ વસતિપ્રમાર્જન કરતાં કાન વિંધ્યા વગર પણ મુહપત્તિ બંધાય છે, તેમ મૃતકને પણ બની શકે. ૧૦ શેષ વખત વાચનાદિકમાં જેમ ઉપયોગ રખાય તેમ વ્યાખ્યાન વખતે પણ રાખી શકાય. (પ્રસંગે પુસ્તક સાપડા ઉપર રાખી શકાય છે.) ૧૧ ચૈત્યવંદન બૃહદ્‌ભાષ્યમાં **धरंति मुहपोत्तियं नवरं** એ પાઠથી જ જિનેશ્વર મહારાજની યોગમુદ્રા કરતાં શેષ વ્યાખ્યાનકારોની યોગમુદ્રામાં ભેદ છે એમ સ્પષ્ટ છે. ૧૨ પુસ્તક સાપડા ઉપર મેલવાથી એક હાથે મુહપત્તિ અને એક હાથે પ્રવચનમુદ્રા પણ બની શકશે. (જો કે આચારદિનકર અને વિધિપ્રપાને તમે પણ સર્વાંશે માન્ય કરી શકો તેમ નથી.) ૧૩ આખો દિવસ બોલતાં જેમ મુહપત્તિ મુખ પાસે રખાય તેમ વ્યાખ્યાન વખતે પણ રખાય અને તેને સ્થાપન કહેવાય તેમાં નવાઇ નથી. ૧૪ વ્યાખ્યાનમાં નાક ઉપર રાખીને મુહપત્તિ કાનમાં ભરાવવી એવા વિધાનનો લેખ કેમ નથી આપતા ? ૧૫ પંચવસ્તુના પાઠથી નંદીસૂત્ર સાંભળતાં વિધિગૃહીતયા શબ્દથી હાથમાં રાખવાનો અર્થ થાય છે. માટે બાંધવાનો કરેલો અર્થ ખોટો છે, અને નંદીસૂત્ર સાંભળનારો કોઇ બાંધતો પણ નથી ૧૬ આશાતના ટાળવા બાંધવી હોય તો સભાના વ્યાખ્યાન વખતે એકલી ન બાંધતાં સમગ્ર વાચન વખતે બાંધવી જોઇએ. ૧૭ નવકારવાળીના મણકા માટે ઉપદેશરસાયણમાં સ્પષ્ટ સૂચનનો લેખ છે, છતાં તે મણકાની સંખ્યાને જે પરંપરામૂલક જણાવાય છે, પણ તેમાં લેખનો ડોળ કરવામાં આવતો નથી, તેમ જો મુહપત્તિબંધનમાં પણ કરવામાં આવે તો ચર્ચા સહેજે ઓછી થાય. ૧૮ દાંતની કાંતિનું વ્યાખ્યાન વખતે વર્ણન મુહપત્તિ ન બાંધી હોય તોજ યોગ્ય ગણાય. ૧૯ સંમેલનમાં સકળ સંઘ સમક્ષ શ્રીમાન નગરશેઠે જણાવ્યું હતું કે તેમના (વ્યાખ્યાનમાં મુહપત્તિ બાંધવાવાળાના) કહેવાથી મુહપત્તિબંધનની ચર્ચા નહિ કરવા હું વિનંતિ કરું છું.

તા.ક. વ્યાખ્યાનમાં વિંધેલા બે કાનમાં મુહપત્તિ ભરાવીને અને તે નાક ઉપર રહે તેવી રીતે મુહપત્તિ રાખી વ્યાખ્યાન વાંચવાનું વિધાન છે એવો સ્પષ્ટ પાઠ બાંધવાવાળા તરફથી જ્યાં સુધી નહિ આપવામાં આવે ત્યાં સુધી આ પત્રને પિષ્ટપેષણ જેવું સમાલોચન કરવું ઠીક લાગતું નથી.

(મુંબઇ સમાચાર)

# સમાલોચના.

૧ પ્રાસાદાદિ માટે લાકડાં લેવા જાય છે અને સામાન્ય નોકર વર્ગ સાથે છે અમાન્ય નથી. તે અપેક્ષાએ મુખ્યતા લઈને નયસારનો અધિકાર વિચારવો. બાળવાના લાકડાં કે સર્વથા એકલા ઉપર તત્વ નથી. જો કે સુબોધિકામાં કાષ્ઠ શબ્દને એકવચન સ્પષ્ટપણે છે.

૨ શ્રી આવશ્યકચૂર્ણિ, શ્રી હરિભદ્રીયવૃત્તિ, મૂલભાષ્ય કે મલયગિરિજીવૃત્તિમાં પ્રાસાદાદિ માટે લાકડાં લેવા જવાનું કયા શબ્દોથી લેવું ? શ્રી હેમચંદ્ર મહારાજ સામાન્ય શ્રેષ્ઠ લાકડાં કહે છે. તેમાં પ્રાસાદાદિનું નામ નથી કે ? શ્રી મહાવીરચરિત્રમાં જે કારણ જણાવે છે તે મોકલવાનું કારણ છે કે ?

૩ **स चैकदा काष्ठनिमित्तं वनं गतः ( सुबोधिका )** એમ છે કે ?

૪ **मार्गे गच्छद्भिः साधुभिः ............ सम्यक्त्वं प्रापितः** એમ સમ્યક્ત્વ પછી થયું છે કે ?

૫ નોકરો હોય તો પણ સાધુઓને પોતે જ માર્ગ બતાવવા જાય છે વગેરેનું કારણ કોઈપણ જગા ઉપર છે કે ?

૬ **क्क नाम मे पिता मातार्वेषेणाविधवा ह्यासि** પરિશિષ્ટ ૫-૬૩ થી જણાશે કે સ્વામિત્વને અંગે વેષ છે. તથા **सेज्जंभवो नाम बंभगो तस्साहं पुतो** દશવૈકાલિક પત્ર ૧૧ માં એ વાક્ય જોઈ કુટુંબે માલિકી નથી વોસરાવી એમ પણ સ્પષ્ટ જણાશે.

૭ અઠ્ઠાવીસે પ્રકારના મોહના ઉપશામક અને ઉપશાંત લેવા. જૈન પ્રવચન પૃ. ૨૨૮ માં **मोहोऽष्टाविंशतिविधः** વગેરે પાઠ જોવો.

૮ ક્ષયોપશમ સમ્યક્ત્વવાળો પણ અપ્રમત્તયતિ ઉપશમ કે ક્ષપકશ્રેણી માંડે કે નહિ ? ને જો માંડે તો તે ગુણસ્થાનક પહેલાં દર્શનમોહની સાત પ્રકૃત્તિનો નિયત ઉપશામક કે ક્ષપક ન હોય એમ ખરું કે ? શ્રેણી માંડનારને સાતમા સુધી ક્ષયોપશમ સમ્યક્ત્વવાળો પણ ગણ્યો છે, જુઓઃ શતક ગાથા ૯૮ અને કર્મસ્તવ ગાથા ૨૭.

૯ આચારાંગના નામે ક્ષીણદર્શનસપ્તકવાળોજ અસંખ્યાતગુણ નિર્જરક ગણો તો ઉપશાંતસપ્તક કે ક્ષયોપશમવાળો શ્રેણિએ ચઢતો કેવી નિર્જરાવાળો ?

૧૦ મુનિઓને પ્રતિલાભવાને સમ્યક્ત્વપ્રાપ્તિ જેવો બીજો વૃત્તાંત નથી, આ વાક્યના ઉત્તરમાં માતાપિતાએ આપેલ શિક્ષાને વૃત્તાંત કહેનારે વૃત્તાંત શબ્દનો અર્થ જોવા કોશ વિગેરે જોવા, ને જો બીજું કોઈ આવું વૃત્તાંત હોય તો જણાવવું.

૧૧ રાજાના આદેશથી ઘણ વેઠ હતી તેનો કોઈ પુરાવો નથી.

(જૈન પ્રવચન)

---

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં **શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.**

# સાગર સમાધાન

પ્રશ્ન ૭૨૬-નવકારશીના પચ્ચખ્ખાણવાળો સેવાપૂજા કરીને પચ્ચખ્ખાણ પારે તેમાં લાભ છે કે નવકારશીનું પચ્ચખ્ખાણ પારીને સેવાપૂજા કરે તેમાં લાભ ?

સમાધાન- પચ્ચખ્ખાણ એ વિરતિરૂપ હોવાથી ભાવપૂજાનું અંગે છે, અને તેમાં પણ નવકારશી પચ્ચખ્ખાણ તો રાત્રિભોજન વિરમણવ્રતના કાંઠારૂપ છે, માટે તેને દ્રવ્યપૂજા કરતાં ન્યૂન ગણાય જ નહિ અને દ્રવ્યપૂજાનું કાર્ય પણ ધર્મરૂપ હોવાથી તેમાં વિલંબ જાણી જોઈને કરવો તે ઉચિત નથી એમ સમજી દ્રવ્યપૂજામાં નવકરાશી પારવાની જરૂર છે એમ માનવું નહિ, છતાં કોઈને જો મુખમાંથી તેવી વાસ નીકળતી હોય અને તેથી નવકારશીનું પચ્ચખ્ખાણ પારીને પૂજા કરવાનો વિચાર થાય તો તે પણ અયોગ્ય નથી, પણ વધારે લાભ પચ્ચખ્ખાણ સહિતની વહેલી થયેલી પૂજામાં છે એ સમજવું જોઈએ.

પ્રશ્ન ૭૨૭-કેટલાક અલૂણું આયંબિલ કરે છે તો આયંબિલમાં જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ એવા કેટલા અને કયા પ્રકારો છે ?

સમાધાન- આયંબિલમાં અનાજમાં નાખેલું કે જુદું અચિત્ત એવું લવણ ખપતું નથી એવું ધારીને જેઓ અલૂણુ આયંબિલ કરતા હોય તેઓ તો શાસ્ત્રથી વિપરીત શ્રદ્ધાવાળા છે, શાસ્ત્રોમાં દત્તિના અધિકારમાં લોણાસાયણમભિ એવો ચોખ્ખો લેખ છે અને કોઈપણ સ્થાને આયંબિલમાં લવણ ન લેવાય એવો લેખ નથી. આયંબિલમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભાંગા ધાન્ય અને તેના ઓસામણની અપેક્ષાએ કહેલા છે.

પ્રશ્ન ૭૨૮-સ્ટીમર દરિયાના કિનારે ઉભેલી હોય તો સાધુથી તે સ્ટીમર પર ચઢીને જોવા જવાય ? શ્રાવક જાય તો તેને અતિચાર લાગે ખરો ?

સમાધાન- સાધુને કોઈપણ બાહ્ય પદાર્થના રૂપે દેખવા જવું એ કલ્પતું જ નથી તો પછી જલમાં રહેલી સ્ટીમરનો જોવા જવી તે કલ્પે જ શાનું ? કોઈપણ પ્રકારના વાહનમાં સાધુને ચઢવાની મનાઈ છે. નદીમાં પણ ચકાવો ખાવા છતાં પણ ઉતરી ન શકાય તો ક્ષેત્રાંતરે થતો સંયમનિર્વાહ અને ધર્મનો ઉદ્યોત ધ્યાનમાં રાખીને જ બેસવાનું હોય છે. શ્રાવકને પણ તેવી રીતે જોવા જવું તે અંનર્થદંડરૂપ જ છે.

પ્રશ્ન ૭૨૯-ગઈ દિવાળીમાં કેટલાકે તેરસ તથા ચૌદશનો છઠ કર્યો તથા કેટલાક ચૌદશ તથા અમાવસ્યાનો છઠ કર્યો તો તેમાં તાત્પર્ય શું ?

સમાધાન- ગઈ દિવાળી લોકોએ ચૌદશની કરેલી છે અને દિવાળીનું પર્વ લોક કરે તેને અનુસારે જ કરવું એમ શ્રીવીરજ્ઞાનનિવાર્ણ કાર્ય લોકાનુગૈરપિ એ વચનને અનુસારે દિવાળીનું પર્વ લોકોને અનુસારે થાય છે, અર્થાત્ બીજા તીર્થકરોના તથા ભગવાન મહાવીરના કલ્યાણકો નક્ષત્રને અનુસારે થતાં નથી પણ કેવળ તિથિને ઉદ્દેશીને જ થાય છે તેમ ભગવાન મહાવીર મહારાજનું નિર્વાણકલ્યાણક અમાવસ્યારૂપ તિથિને પણ ઉદ્દેશીને નહિ કરતાં લોકો જે તિથિએ દિવાળી કરે તે તિથિએ દિવાળી કરવી અને દિવાળીને દિવસે છઠનો બીજો ઉપવાસ અને નિર્વાણ કલ્યાણક વખતે છઠ અને સોળ પહોરના પૌષધની સંપૂર્ણતાનો વખત આવવો જોઈએ કેમકે તે છઠ અને સોળ પહોરી પૌષધ મહાવીર મહારાજના નિર્વાણ કલ્યાણકને જ ઉદ્દેશીને છે, માટે તેરસ ચૌદશે છઠ થયા તે વ્યાજબી છે.

પ્રશ્ન ૭૩૦-સાધુથી જ્ઞાનની પૂજા વાસક્ષેપથી કરાય કે કેમ ?

(અનુસંધાન ટાઈટલ પા. બીજું)

તૃતીય વર્ષ, અંક ૫ મો. Registered No. B.3047




# શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

(અનુસંધાન ટાઈટલ ૪ નું)

અર્થાત્ આત્માના સ્વરૂપને યથાસ્થિત સ્વરૂપમાં પ્રગટ નહિ થવા દેનાર આઠે કર્મોનો અખાડો આ સંસારરૂપી અરણ્ય છે, અને તેને ઉલ્લંઘન કરવામાં આત્મા પોતે જ માર્ગ ગ્રહણ કરે છે પણ તે માર્ગને પ્રાપ્ત કરાવનારા અગર દેખાડનાર જો કોઈ પણ પદાર્થ હોય તો તે ધર્મ (નિર્જરાધર્મ) સિવાય બીજો કોઈ નથી.

આવી રીતે બાળ, મધ્યમબુદ્ધિ અને બુધ જનરૂપી શ્રોતાઓની અપેક્ષાએ ધર્મનું સ્વરૂપ બતાવી જગતમાં સર્વ ઈષ્ટ પદાર્થોની સાધનતા ધર્મમાં જ રહેલી છે એમ જણાવતાં ફરમાવે છે કે :-

૧ માતા જેમ બાળકને જન્મ આપે છે, તથા પોષણ કરે છે તેવી રીતે જીવનને સુંદર ગતિમાં જન્મ આપનાર થતા પોષણ કરનારા જો કોઈપણ હોય તો તે ધર્મ જ છે.

૨ પિતા જેમ પોતાના પુત્રનું અનેક આપત્તિઓથી બચાવ કરી રક્ષણ કરે છે તેવી રીતે વન, રણ, જન, શત્રુ, જળ અને અગ્નિ આદિની અંદર રક્ષણ કરનાર જો કોઈ હોય તો તે ધર્મ જ છે.

૩ સમજદાર મિત્રો જેવી રીતે પરસ્પર સુખ દેવાપૂર્વક ખુશી રાખવામાં પોતાની ફરજ સમજે છે તેવી રીતે સર્વ અવસ્થામાં નિશ્ચિત્ત રાખી પરમખુશીપણું પેદા કરનાર હોય તો તે ધર્મ જ છે.

૪ સ્વજન કુટુંબી મનુષ્યો પોતાના કુટુંબના મનુષ્યના સેંકડો અપરાધો અને અવગુણોને સહન કરીને પણ જેમ જીવનપર્યંત સ્નેહને ધારણ કરી સંબંધ જાળવે છે, તેવી રીતે ઘોરાતિઘોર પાપકર્મ કરનાર મનુષ્યને પણ દુર્ગતિની આપત્તિઓથી બચાવી સદ્ગતિ સમર્પણ કરવાદ્વારાએ સ્નેહને સાચવનાર હોય તો તે ધર્મજ છે.

૫ અજ્ઞાની અને નિર્ગુણ-જીવોને ઉપદેશરૂપ અમૃતધારાથી જેમ આચાર્યાદિ ગુરુમહારાજાઓ નિર્મળતમ એવા ગુણોનો પ્રવેશ કરાવીને અત્યંત ઉંચી પદવી પમાડે છે તેવી રીતે મૂળથી સર્વથા અવ્યક્ત માત્ર સ્પર્શન ઇંદ્રિયની જ જઘન્ય ચેતનાને ધારણ કરનારા જીવનમાં કેવળજ્ઞાનાદિ અસાધારણ ગુણોને પ્રવેશ કરાવનાર જો કોઈપણ હોય તો તે ધર્મજ છે.

૬ રાજા, શેઠ કે શાહુકાર જેમ પોતાનો નોકર કે જેની કોઈ જાતની કિંમત પ્રથમ હોતી નથી તેવાને યુદ્ધકલાદ્વારાએ, લક્ષ્મીદ્વારાએ કે વ્યવહારિક શિક્ષણદ્વારા એ સંસ્કારિત કરી પ્રતિષ્ઠાપાત્ર બનાવે છે તેવી જ રીતે જે જીવન નિગોદાદિક અવસ્થામાં માગેલી ચીજના અનંતમા ભાગમાં જતો હતો તેવા જીવને પણ સમગ્ર સદ્ગુણોથી પરિપૂર્ણ બનાવી દેવેન્દ્ર, નરેન્દ્રને પણ પૂજ્ય એવી પદવીને પમાડનાર જો કોઈપણ હોય તો તે ધર્મ સિવાય કોઈ જ નથી.

૮ શત્રુના પરાભવની વખતે બખ્તરની માફક બચાવ કરનાર હોય તો તે ધર્મ જ છે.

૯ જડપણાનો નાશ કરવા માટે તાપ સમાન જો કોઈપણ હોય તો તે ધર્મ જ છે.

૧૦ પાપનાં મર્મસ્થાનોને વીંધનારો પણ જો કોઈ હોય તો તે ધર્મ જ છે.

પૂર્વે જણાવ્યા પ્રમાણે ધર્મનું ઉપમા અને અભેદાલંકારદ્વારા એ સ્વરૂપ જણાવી હવે ફળદ્વારા એ સ્વરૂપ જણાવતાં ફરમાવે છે કે :-

(અનુસંધાન ટા. ૩ જે પાને)




(પાક્ષિક)

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ ☞ ઉદ્દેશ ☜ છૂટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

तीर्थेशा दत्तमार्गाः सततगुणिपदाः सिद्धिसाम्राज्यभाजः,.
पंचाचारप्रवीणा गणिन इह सदाध्यापका वाचका ये ।
साहाय्यात् मोक्षसिद्धौ मुनय उदितभा अन्विताः शुद्धदृष्ट्या,
ज्ञानेनावद्यमुक्त्या विविधसुतपसा सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

મોક્ષમાર્ગ સદા દિયે જે જિનવરો ગુણ ધારતા, સિદ્ધ નિત્ય ગણેશ પંચાચારધારક વાધતા;
અધ્યાપકો વરવાચકો શિવસાધને મુનિ જોડમાં, એ પાંચસંયુત બોધદર્શન ચરણતપ સિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક"

| | | |
|---|---|---|
| તૃતીય વર્ષ<br>અંક ૫મો | મુંબઈ તા. ૨૦-૧૨-૩૪, ગુરૂવાર<br>માગસર સૂદિ પૂર્ણિમા | વીર સંવત્ ૨૪૬૧<br>વિક્રમ ,, ૧૯૯૧ |

# આગમ-રહસ્ય.

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ.

શ્રીનંદીના નિરૂપણને અંગે નોઆગમ દ્રવ્યનિક્ષેપાનું સ્વરૂપ જણાવતાં વ્યતિરિક્ત ભેદમાં સ્નાત્રાદિકે કરાતી ત્રિલોકનાથ તીર્થંકરની પૂજા, તેમના બીજાના ઉપકાર તળે નહિ દબાયેલા છતાં બીજાના ઉપકારમાં

લીન રહેવા રૂપી પરહિતનિરતપણું વિચારતાં ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીર મહારાજનું તેને અંગે સ્વરૂપ વિચારતાં તેમના નયસારના ભવનો વિચાર ચાલે છે.

પહેલાના અંકોમાં નયસાર લાકડાં માટે ગરમીના દિવસોમાં ભયંકર જંગલ તરફ જાય છે એ વાત જણાવી ગયા અને સુવિહિત સાધુઓનો સમાગમ અને દાન તથા સમ્યક્ત્વનો પ્રસંગ કેવી રીતે આવે છે તે અધિકાર વિચારીએ.

પૂર્વકાળમાં એવા કેટલાક પ્રતિષ્ઠિત લોકો હતા કે જેઓ લોકોના સમૂહ એટલે સાર્થને સાથે લઈને દેશાંતરે વેપાર માટે પ્રયાણ કરતા હતા અને તેથી તેવા પ્રતિષ્ઠિતોને સાર્થવાહ તરીકે ગણવામાં આવતા હતા. જેવી રીતે યુગાદિ ભગવાન્ શ્રી ઋષભદેવજીએ ધના સાર્થવાહના ભવમાં સર્વ લોકોની સંભાળ લેવાની જાહેરાત સાથે સાર્થ કાઢી સાર્થવાહપણું કર્યું હતું, તેવી રીતે આ નયસારના ભવની વખતે પણ કોઈક પ્રતિષ્ઠિત સદ્ગૃહસ્થે કોઈક સારા શહેરમાંથી દીન, અનાથ વિગેરેને તેની અડચણો દૂર કરવાની જાહેરાત પૂર્વક અને સાર્થમાં સાથે આવતા દરેક મનુષ્યની રક્ષા કરવાની સર્વ સામગ્રી તૈયાર કરી કોઈક અમુક શહેરે જવા માટે સાર્થ કાઢી તેના સાર્થવાહપણું ધારણ કરેલું છે. આવી રીતે જાહેરપણે સાર્થનું જવું અને સાર્થ વાહની ઉદ્ઘોષણા તે મૂળ સ્થાનમાં વિચરતા સુવિહિતશિરોમણિ સાધુ મહાત્માઓને શ્રવણગોચર થઈ.

સાધુ સુવિહિતોને જંગલ ઓળંગીને વગર કારણે વિહાર કરવાની મનાઈ છે અને એ જ કારણથી કેટલેક સ્થાને **निष्कारणं विहारोऽपि निषिद्धः** એમ સામાન્ય રીતે વિશેષ વિધાનને અંગે કહેવામાં આવ્યું છે, પણ સર્વથા જંગલ ઓળંગીને વિહાર ન કરવો અગર સકારણ પણ સાધુઓએ જંગલ ઓળંગીને દેશાંતરે ન જ જવું એમ નિશ્ચિત નથી, તેથી તે સુવિહિત શિરોમણિઓને પણ તે સાર્થવાહની ઉદ્ઘોષણા સાંભળી દેશાંતરે જવાનો વિચાર થાય તે અસંભવિત નથી, યાવત્ સાર્થવાહની અનુજ્ઞા લઈને સુવિહિત સાધુઓએ પણ સાર્થની સાથે તે ગામથી વિહાર શરૂ કર્યો. અવિચ્છિન્નપણે પ્રયાણ કરતાં જે ગામથી સાર્થ ચાલ્યો હતો તેની નજીકની વસતિવાળો બધો દેશ ઓળંગ્યો અને જંગલના નજીકમાં કોઈક ગામમાં સાર્થવાહનો પડાવ થયો, ત્યા મુનિમહારાજાઓ અજ્ઞાત અને ઉંછ એવી ભિક્ષા માટે તે નજીકના ગામમાં ગોચરી માટે પધાર્યા. આહારાદિકની ગવેષણામાં વાર લાગી હોય કે સાર્થવાહને ત્યાંથી ઉપડવાને બીજું કાંઈ કારણ થયું હોય પણ તે મુનિ મહારાજા ગામમાંથી ભિક્ષા લઈને પધારે અને ગોચરી કરીને સાર્થમાં મળી જાય તે પહેલાં જ સાર્થવાહે સાર્થનો પડાવ ઉપાડી લઈ પ્રયાણ શરૂ કરી દીધું મુનિ મહારાજા પણ ભિક્ષાવૃત્તિ કરી આહારપાણી કરીને સાર્થમાં મળી જઈશું એવી બુદ્ધિએ તે ગામથી વિહાર કરી આગળ ચાલ્યા આગળ ચાલતાં ચાલતાં તે મુનિ મહારાજાઓ ભયંકર જંગલમાં ભૂલા પડ્યા અને માનો કે

શ્રીનયસારની ભવિતવ્યતાજ તેમને સમ્યક્ત્વ દેવા માટે ખેંચી લાવતી હોય છે, તેવી રીતે તે મુનિ મહારાજાઓ જંગલના જે કિનારે તે નયસાર આવેલો છે તેજ કિનારે તે મુનિ મહારાજાઓ પણ માર્ગ ભૂલવાથી આવી ચઢ્યા. જંગલથી તે મુનિ મહારાજાઓ જે વખતે બહાર આવ્યા છે અને ભવિષ્યના ભગવાન એવા શ્રીનયસારને જે વખતે તે મુનિ મહારાજાઓ દેખવામાં આવ્યા છે તે વખત તે મુનિ મહારાજાઓની અવસ્થા દેખીને તેમજ તેમનું વિદેશીયપણું અને જે જંગલ તે મુનિ મહારાજાઓ ઉતર્યા છે તેનું અત્યંત વિકટપણું કે જે વિકટ જંગલમાં શસ્ત્રધારી પણ એકાકી વિચરી શકતા નથી. (મુનિ મહારાજાઓએ ઓળંગેલા જંગલનું શાસ્ત્રકારોએ જે ભયંકરપણું એકાકી શસ્ત્રધારી પણ જ્યાં ન વિચરી શકે એમ કહી જણાવ્યું છે તે નયસાર જે જગા ઉપર લાકડાં કાપે છે તે સ્થાનને લગાડવામાં તે લગાડનારા ભૂલ કરે છે.) તેવી રીતે પરસેવાથી જંગલના પરિશ્રમથી રેબઝેબ થયેલા, ભયના ભણકારાથી ભરાયેલા, ક્ષુધા અને તૃષાથી અત્યંત વ્યાકુળ અને પરદેશી એવા સાધુઓને તે નયસારે ઝાડની ઘટાઓથી ભરપૂર એવા સ્થાનમાં મધ્યાહ્નકાળે દેખ્યા, અર્થાત્ તે સાધુઓ મધ્યાહ્નકાળ સુધી અજાણ્યા જંગલમાં ભૂલા પડ્યા છતાં કેવી રીતે હેરાનગતિ પામ્યા હશે અને તેમની કેવી અવસ્થા થઇ હશે તેની આપણને કલ્પના આવવી પણ અશક્ય છે, તેવી રીતે હેરાન થયેલા પરદેશી જંગલ ઓળંગીને આવેલા મુનિ મહારાજાઓને દેખીને નયસાર જે અનુકંપા ભાવમાં પ્રવેશ કરે છે તે તેના આત્માની સંસ્કૃત દશા જણાવે છે, કેમકે શાસ્ત્રકારો મોક્ષના બીજ તરીકે જેમ તત્ત્વનો અદ્વેષભાવ જણાવે છે, તેમ અહીં નયસારને પણ જૈન સાધુઓનો અદ્વેષભાવ પૂરેપૂરો હોવો જોઈએ. જો તે નયસારને જૈનસાધુને અંગે અદ્વેષભાવ ન હોત, પણ વર્તમાન યુગના વીરશાસનના વીર કહેવડાવનારા મહાનુભાવો સર્વજ્ઞ શાસનમાં વર્તતા છતાં માત્ર વિચારભેદને સહન નહિ કરતાં જૈન બાળક કે કોઇપણ જૈનવ્યકિતને ન છાજે તેવા મારવો, બંદીખાને નાખવો, વિરોધીના આર્થિક નુકશાનમાં રાજી થવું, કૌટુંબિક નાશમાં કિલકિલાટ કરવો, અપમાનમાં આનંદ માનવો યાવત્ તેના શારીરિક દુઃખમાં સંતોષની સીમાએ પહોંચવું વિગેરે વિચારો ધરાવવા સાથે વચનપ્રવાહને વિસ્તારે છે તેવી દ્વેષદશા હોત તો તે નયસારને તે કષ્ટની કોટિએ ગએલા પણ સુવિહિતોને દેખીને અંશ માત્ર પણ અનુકંપા આવત નહિ, પણ નયસારને તે સુવિહિતોને તેવી અવસ્થામાં દેખીને અદ્વેષભાવ હોવાથી ઘણી જ તીવ્ર અનુકંપા આવી અને તે જ અનુકંપાને લીધે સાર્થવાહની અનુચિત પ્રવૃતિનો તેને વિચાર થવા લાગ્યો. તે નયસારના મનમાં આવ્યું કે ઉદ્‌ઘોષણ કરીને વિશ્વાસ દેવાપૂર્વક સાર્થમાં લીધેલા સર્વ પુરુષોને સર્વ પ્રકારે જાળવવા એ સાર્થવાહની ફરજ હોય તો પછી આવા અલ્પ સાધુઓ સાર્થથી છૂટા પડી જાય તેની સાર્થવાહે ખબર કેમ ન રાખી?

વળી સાધુઓ ભૂલા પડી જંગલમાં રખડયા ત્યાં સુધી પણ સાર્થવાહે કેમ તપાસ ન કરી એ તો ખરેખર સુવિહિત સાધુઓની ભાગ્યદશા જ અને આયુષ્યનું સુસ્થિતપણું જોરદાર કે જેને લીધે ભૂલા પડયા છતાં પણ ભયંકર જંગલનો પાર પામી શકયા. ક્ષણવાર નયસાર સાર્થવાહ સંબંધી આવો વિચાર કરીને સુવિહિત સાધુઓને આશ્વાસન દેવાના કાર્યમાં પ્રવૃત્ત થાય છે. મુનિ મહારાજાઓને અનશનપાન આદિથી પ્રતિલાભે છે, મુનિ મહારાજાઓ પણ દાયક આદિની શુદ્ધિ દેખીને તે નયસારે દીધેલા અનશનાદિકને ગ્રહણ કરી આહારપાણી એકાંતમાં જઇ વાપરી લે છે, મુનિ મહારાજાઓને પ્રતિલાભીને વિદાય કર્યા છતાં મુનિ મહારાજાઓ જે સાર્થથી છૂટા પડેલા છે તે જ સાર્થમાં મેળવવા સંબંધીના વિચારને વળગી રહેલો છે અને તેથી જ મુનિ મહારાજાઓ આહારપાણી કરીને ઊઠયા કે તરતજ મુનિ મહારાજાઓની પાસે આવે છે અને વિનંતિ કરે છે કે-આપ પધારો. હું આપને તે સાર્થની સાથે મેળવી દઉં. મુનિ મહારાજાઓ આહારપાણી કરી રહે પછી પણ તત્કાળ મુનિ મહારાજને સાર્થમાં મેળવી દેવા માટે માર્ગ બતાવવાની વિનંતિ કરવી એ જ કહી આપે છે કે નયસારના મનમાં મુનિ મહારાજાઓને સાર્થ સાથે મેળવી દેવાની તમન્ના લાગેલી હતી, મુનિ મહારાજાઓ પણ સાર્થમાં મળવાને માટે જ ચાહતા હતા અને તેથી તે નયસારની વિનંતિને અંગે તત્કાળ વિહાર કર્યો અને નયસાર પણ તે મુનિ મહારાજાઓને સાર્થમાં મેળવવા માટે માર્ગ દેખાડતાં માર્ગમાં સાથે જ ચાલ્યો.

માર્ગમાં ચાલતાં પણ મુનિ મહારાજાઓનું ધ્યાન જગજ્જીવમાત્રના ઉદ્ધાર તરફ હોવાને લીધે તે નયસારનો પણ સંસારસમુદ્રથી ઉદ્ધાર થાય એ દિશાએ નયસારને ઉપદેશ આપવાની ઈચ્છા થઈ, કારણ કે અત્યાર સુધીની તે નયસારની પ્રવૃત્તિ દેખીને તે મુનિ મહારાજાઓને જરૂર એમ લાગેલું હોવું જોઈએ કે અન્ય ધર્મમાં વાસિત અને રહેલો છતાં આટલા બધા અદ્વેષભાવવાળો અને અનુકંપા કરવામાં આગેવાનપણું ધારણ કરનારો તથા પરોપકારને માટે નિઃસ્વાર્થપણે પરિશ્રમ વેઠનારો આ મનુષ્ય હોવાથી ખરેખર પાત્રરૂપ છે અને તેથી આ જીવમાં વાવેલું બોધિનું બીજ ઘણી સારી રીતે નવપલ્લવિત થશે એમ ધારી શુદ્ધ દેવાદિક તત્ત્વો અને જીવાદિક પદાર્થોનું સ્વરૂપ સચોટપણે સમજી શકાય એવી રીતની ધર્મદેશના તે ભવસસમુદ્રના તારણમાં પ્રવહણ સમાન સુવિહિત મુનિ મહારાજાઓએ કરી. જો કે માર્ગમાં ચાલતાં સુવિહિત મુનિઓને પૃચ્છનાદિક સ્વાધ્યાય પણ કરવાનો હોય નહિ, કેમકે તેવો સ્વાધ્યાય ઈર્યાસમિતિનો વ્યાઘાત કરનાર છે અને તેથી જ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં ઈર્યાસમિતિપૂર્વક ચાલવાની વખતે માર્ગમાં સ્વાધ્યાય કરવાનો નિષેધ કરેલો છે, અને જો વાચનાદિક સ્વાધ્યાયનો નિષેધ હોય તો પછી ધર્મકથારૂપ સ્વાધ્યાય કરવાનું તો માર્ગમાં ચાલતાં હોય જ નહિ, છતાં શાસ્ત્રકારો ભયયુકતમાર્ગમાં નમસ્કાર આદિ

પરાવર્તનરૂપી સ્વાધ્યાયની છૂટ આપે છે, તેવી રીતે આ સુવિહિતોએ પણ તે નયસારની તેવી ભદ્રિકતા દેખીને ધર્મકથામાં પ્રયત્ન કર્યો હોય તો અસંભવિત નથી.

પૂર્વે જણાવ્યા પ્રમાણે સુવિહિત શિરોમણિઓએ નયસારની યથાભદ્રિકતા દેખીને આપેલી દેશનાથી તે નયસારને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ. આ સ્થાને જેમ આવશ્યક નિર્યુક્તિકારે માત્ર માર્ગદર્શનની જ વાત જણાવી છે, અને સાથે તે વખતે સમ્યગ્દર્શન થયું એટલુંજ માત્ર જણાવેલું છે, પણ નયસાર જંગલમાં ગયો હતો, શા માટે ગયો હતો ? મુનિઓને માર્ગ દેખાડવા કોણ ગયું ? અને નયસારને સમ્યક્ત્વ ક્યાં થયું એ વિગેરે વિશેષ હકીકત નિર્યુક્તિકાર મહારાજે જણાવી નથી. જ્યારે મૂળ ભાષ્યકારે **रायदारुवणगमणं** એમ કહી રાજાને માટે લાકડાં લાવવા નયસાર વનમાં ગયો એટલું જણાવ્યું છે, તે પછી ટીકાકાર શ્રી હરિભદ્રસૂરિજી અને શ્રી મલયગિરિમહારાજે કથાપ્રસંગમાં રાજાના આદેશથી ગાડી ગાડાં લઈને રાજા માટે લાકડાં લેવા નયસાર વનમાં ગયો છે એમ જણાવ્યું છે, પછી આચાર્ય શ્રીગુણચંદ્રજી પ્રાકૃત મહાવીરચરિત્રમાં ભવન અને રથઆદિને માટે ઘણા કિંકરો (દરેક કાર્યમાં હુકમ માગનારા મનુષ્યો)ની સાથે લાકડાં માટે જવાનું જણાવે છે. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ માત્ર સારાં લાકડાં માટે નયસારનું ચાકરો સાથે જંગલમાં જવું જણાવે છે, અને શ્રી કલ્પસૂત્રની સુબોધિકા ટીકા વિગેરેમાં તે નયસાર કાષ્ઠ (આ શબ્દ સામાન્ય રીતે બાળવાનાં લાકડાં માટે જ વપરાતો હોઈ તેના ભારાવાળાને કાષ્ઠવાહક કહેવામાં આવે છે.) લેવા માટે જંગલમાં ગયો એમ જણાવે છે. (ત્યાં નથી તો ઘણાં ગાડાંની વાત અને નથી નોકરચાકરની વાત.) આ બધા પાઠોમાં એકલા નયસારને મુનિનો જોગ કેમ મળ્યો ? મુનિઓને એકલા નયસારની સાથે જ વાર્તાલાપ કેમ થયો ? આહારપાણી પ્રતિલાભવાનો સમય એકલા નયસારને કેમ મળ્યો ? નયસાર પોતેજ પોતાની પાસે નોકરો છતાં માર્ગ દેખાડવા કેમ ગયો ? વિગેરે ખુલાસો મેળવી શકાય તેવો લેખ નથી. છતાં એક સુબોધિકાના લેખ ઉપરથી આગળ લખવામાં આવેલા નયસારના વિવેચનથી જેમ કોઈક મનુષ્યે જીભની ચળ ઉતારી લેખનના ગોદા માર્યા છે તેવી જ રીતે અહીં સમ્યક્ત્વના પ્રસંગમાં પણ જીભની ચળ ઉતારે નહિ અને લેખનના ગોડા નકામા મારી પોતાના પેપરને અધમ સ્થિતિમાં મેલે નહિ. તેટલા માટે જણાવવું જરૂરી છે કે કોઈક શાસ્ત્રકાર આહારપાણીના દાન આદિથી સમ્યક્ત્વ થયું કહે છે, કોઈક આહારપાણી થયા પછી માર્ગ બતાવવા પહેલાં દીધેલા ઉપદેશથી સમ્યક્ત્વ થયું કહે છે, વળી કોઈક માર્ગમાં જતાં વચમાં બેસી ધર્મોપદેશ આપ્યો તેથી સમ્યક્ત્વ થયું એમ કહે છે, જ્યારે કેટલાક શાસ્ત્રકારો માર્ગમાં ચાલતાં મુનિઓએ આપેલા ધર્મોપદેશથી નયસારને સમ્યક્ત્વ થયું એમ કહે છે આવા સમ્યક્ત્વની પ્રાપ્તિના વિવિધ લેખોમાંથી તત્ત્વને અંગે કોઈપણ જાતની વિરુદ્ધતા ન દેખતાં કથાના પ્રસંગોમાં વિવિધપણું બનવું

સ્વાભાવિક ગણી માત્ર માર્ગમાં ચાલતાં ધર્મોપદેશથી સમ્યક્ત્વ પમાડયું એ એકજ વાતને અહીં આગળ ઉલ્લેખમાં લીધેલી છે, અને તેથી દાનાદિકના પ્રભાવને અહીં ઉલ્લેખિત નહિ કરતાં માત્ર સુવિહિત શિરોમણિઓની માર્ગમાં ચાલતાં પણ દેશના દેવાની નિષિદ્ધ એવી પણ રીતિને અનુસરીને લખાણ કરવામાં આવ્યું છે.

ઉપર જણાવેલી નયસારની હકીકતમાં એટલું તો સ્પષ્ટ છે કે શ્રીનયસાર કોઈક તેવા ભાગ્યના યોગે જ મુનિઓના સમાગમમાં આવ્યો, તેને દાનબુદ્ધિ જાગી, યથાર્થ રીતિએ દાનવિધિ સાચવ્યો, સાધુઓને માર્ગે ચઢાવી સાર્થમાં ભેળા કરવાની બુદ્ધિરૂપી અદ્વેષપણાના ફળરૂપી સંપત્તિ પ્રાપ્ત થઈ અને તેને જ પ્રતાપે મુનિ મહારાજ પાસેથી ધર્મોપદેશ પામી અનંત પુદ્‌ગલ પરાવર્ત સંસારમાં રખડતાં નહિ મેળવાય તેવું સમ્યક્ત્વ રત્ન તેણે મેળવ્યું, પણ આ બધો અધિકાર માત્ર પ્રસંગાનુપ્રસંગવાળો જ છે, ચાલુ અધિકાર તો તે નયસારને સમ્યક્ત્વ નહિ થયા છતાં પણ પરોપકારમાં પરાયણતા કેટલી હોવી જોઈએ કે જેને પ્રતાપે પોતે અન્ય મતનો છતાં પોતાના મતથી વિરૂદ્ધ એવા જૈનમતવાળા સાધુ છતાં પણ તે સાધુઓની તરફ અનુકંપાબુદ્ધિ થઈ, દાન દીધું, માર્ગે ચઢાવવા પણ ગયો. સામાન્ય દષ્ટિએ વિચારનારો પણ સમજી શકશે કે જૈનેતર તરફથી થયેલું સાધુ મહાત્માને અંગે આ બધું વર્તન એ ખરેખર તે આત્માની ઉત્તમતાને સ્પષ્ટ રીતે ધ્વનિત કરે છે.


## જાહેર ખબર

ટૂંક સમયમાં પ્રગટ થશે.

૧. તત્વતરંગિણી.
૨. લલિતવિસ્તરા.
૩. સિદ્ધપ્રભા બૃહદ્‌વ્યાકરણ.

નવા છપાતા ગ્રંથો.

૧. આચારાંગવૃત્તિ.
૨. ઉપદેશમાલા અપરનામ પુષ્પમાલા.
૩. તત્ત્વાર્થસૂત્ર શ્રી હરિભદ્રસૂરિ ટીકા.
૪. ભગવતીજી શ્રી દાનશેખરસૂરિ વૃત્તિ.

શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત.

# જ્ઞાનદાનની અનુપમતા.

(નોંધ :- શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા, મહેસાણાના વાર્ષિક ઈનામના મેળાવડા પ્રસંગે ચાલુ વર્ષના કાર્તિક વદિ ૨ને દિવસે આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજીએ આપેલું વ્યાખ્યાન.)

**दानं धर्मानभिज्ञेभ्यो वाचनादेशनादिना । ज्ञानसाधनदानं च ज्ञानदानमितीरितम् ॥ १ ॥**

કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે દાનના અધિકારમાં આગળ ચાલતાં, જ્ઞાનદાનનો પ્રસંગ શરૂ થતાં, જ્ઞાનદાનની વ્યાખ્યા ઉપરના શ્લોકમાં જણાવી છે. જ્ઞાનદાનની જૈનશૈલી પ્રમાણેની આ વ્યાખ્યા બરાબર મનન કરવા જેવી છે, તેથી તેનું રહસ્ય આપણે જાણી લેવું જોઈએ.

પ્રશ્ન એ છે કે જ્ઞાન એ દરેક આત્માનો ગુણ છે. આત્મા અરૂપી છે. દરેક આત્માનો અલગ અલગ પોતાનો જ ગુણ છે, તેથી તેમાં આપવાનું અને લેવાનું શું ? અરૂપી અપાય કેમ ? અને લેવાય કેમ? જો તે લેવાદેવાની વસ્તુ નથી તો પછી તેનું દાન સંભવે જ કેમ ? અને જો દાન જ ન સંભવે તો પછી જ્ઞાનદાનની વ્યાખ્યા જ શી રીતે સંભવે ? અને જ્યારે વ્યાખ્યા જ સંભવતી નથી, તો પછી ઉપરનો શ્લોક કેવળ નકામા પ્રયાસરૂપ જ ઠરશે.

**જ્ઞાનદાનની વ્યાખ્યા.**

પરંતુ વિચાર કરતાં જણાશે કે પ્રત્યેક આત્માનો જ્ઞાનગુણ અરૂપી છતાં કર્મોથી અવરાયેલો છે, તેથી જ્ઞાનગુણ સંપૂર્ણ પ્રગટ નથી થતો. તે જ્ઞાનગુણ બાહ્ય ઉત્તમ આલંબનોથી પ્રગટ થઈ શકે છે, એટલે જ્ઞાનગુણને પ્રગટ કરે તેવાં સાધનો આપવાથી જ્ઞાન પ્રગટ થવામાં નિમિત્તભૂત થવાય છે.

એ રીતે જ્ઞાન પ્રગટ કરવાના સાધનોનું દાન પણ છેવટ જ્ઞાન પ્રગટ થવામાં નિમિત્તરૂપ હોવાથી તે સાધનોના દાનને પણ જ્ઞાનદાન કહી શકીશું, એટલે કે અરૂપી જ્ઞાનનું દાન દેવું કે લેવું બનતું નથી, તો પણ તેના સાધનો લેવાદેવાના બની શકે છે, માટે જ્ઞાનને ઉત્પન્ન કરનારા સાધનો આપવાને જ્ઞાનદાન કહેવામાં હરકત નથી.

જે જીવો અભ્યાસી હોય, અને વાંચવા લખવાનું જાણતા હોય તેઓને 'વાચના આપવાથી પણ જ્ઞાનદાન આપી શકાય છે. તથા ભણેલા ન હોય, પરંતુ જિજ્ઞાસુ અને ખપી હોય તેઓને દેશના-ધર્મોપદેશ આપવા દ્વારા પણ જ્ઞાનદાન આપી શકાય છે.

પરંતુ આ દાન મુનિઓ દઈ શકે, ગૃહસ્થો શી રીતે જ્ઞાનદાન આપી શકે ? તેને માટે પણ માર્ગ તો હોવોજ જોઈએ તે માર્ગ તરીકે '**ज्ञानसाधनदानम्**' એટલે કે જ્ઞાન પ્રગટ થવાનાં સાધનો જેવાં કે-પુસ્તકો, મકાન, ભણાવનારની ગોઠવણ અને બીજાં જ્ઞાન ભણવામાં ઉપયોગી થાય તેવાં અનેક ઉપકરણો પૂરાં પાડવાં તે પણ જ્ઞાનદાન કહેવાય છે.

## જ્ઞાનદાન કોને દેવું ?

જ્ઞાનદાનના પાત્ર કોણ ? તેના જવાબમાં એમ કહેવામાં આવે કે-સર્વ જીવો તે બરાબર નથી, કેમકે પુષ્કરાવર્ત મેઘ સમુદ્રમાં પડે તો તે નકામો જ છે કેમકે તે બીજને પલ્લવિત કરી શકતો નથી, કારણકે સમુદ્રમાં બીજ જ નથી, તેવી રીતે કેવળજ્ઞાની ભગવંતોને જ્ઞાનદાન ઉપયોગી નથી, કારણકે તેઓ તો કૃતકૃત્ય છે, અને અસંજ્ઞી જીવોને પણ જ્ઞાનદાન ઉપકારક થઈ શકતું નથી, કારણકે તેઓ જ્ઞાન લેવાને શક્તજ નથી. ત્યારે જ્ઞાનદાનના અધિકારી કોણ ? ફક્ત સંજ્ઞી પંચેંદ્રિયો અને ધર્મને ન જાણતા હોય છતાં તે જાણવાની ઈચ્છાવાળા અથવા જાણતા હોય, છતાં વિશેષ જાણવાની ઈચ્છાવાળા જીવો ખાસ જ્ઞાનદાનના અધિકારી છે, માટે '**धर्मानभिज्ञेभ्यः**' એ પદથી જ્ઞાનદાનના અધિકારીઓ સૂચવી દીધા છે. અહીં સમજવાનું એ છે કે :-

(૧) જાતિવાચક તરીકે ધર્મના અનભિજ્ઞોને એકવચન લગાડી શકાત, છતાં બહુવચનનો પ્રયોગ વાપરીને કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી એ સૂચવવા ઈચ્છે છે કે કોઈપણ ધર્મના અનભિજ્ઞને જ્ઞાનદાનનો પાત્ર ગણી લેવો જોઈએ. તેમાં તેની જિજ્ઞાસાવૃત્તિ અને જ્ઞાન મેળવવાની તત્પરતા હોવી જોઈએ, બીજી કોઈપણ શરત હોઈ શકે નહિ, એટલે જ્ઞાન મેળવવાની તત્પરતાવાળા સર્વ જિજ્ઞાસુઓને જ્ઞાનદાન આપવાની જરૂર છે, પછી તે ગરીબ હોય કે તવંગર હોય, તે રૂપવાન્ હોય કે કદરૂપો હોય, તે ચક્રવર્તી હોય કે દરિદ્રી હોય કોઈપણ ભેદભાવ વિના તેવાઓને જ્ઞાનદાન આપવાને હરકત નથી.

અહીં એ શંકા થશે કે ત્યારે તો ચોર પોતાના વારસદારને ચોરીનું જ્ઞાન આપે છે, શિકારી પોતાના બાળકને શિકારની તાલીમ આપે છે, અરે એટલું જ નહિ પરંતુ પશુઓ પણ પોતાના બચ્ચાંઓને પોતાની જાતિની રીતભાત શીખવે છે. દા. ત. કુતરાઓને પણ નાનાં કુરકુરીયાંઓને ગેલ કરતાં કરતાં, ભસતાં, કરડતાં શીખવતાં જોઈએ છીએ તો તેને જ્ઞાનદાન કહેવું પડશે. તેને જ્ઞાનદાન ગણાય જ નહિ, તે સ્પષ્ટ કરવાને માટે ધર્મ-અનભિજ્ઞ શબ્દ વાપર્યો છે. સારાંશ કે ધર્મ જાણવાની ઈચ્છાવાળાને જ્ઞાનદાન તે જ્ઞાનદાન છે. એટલે કે જે જ્ઞાનદાનનું પરિણામ ધર્મનું જાણપણું હોય તેજ જ્ઞાનદાન છે. જો જ્ઞાનદાનથી ધર્મનું જાણપણું ન વધે તો તે જ્ઞાનદાન નથી અને તેટલા જ માટે શાસ્ત્રકાર મહારાજે '**तत्त्वानभिज्ञेभ्यः**'

શબ્દ ન વાપરતાં **धर्मानभिज्ञेभ्यः** શબ્દ વાપર્યો છે.

આ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે આજીવિકા, શારીરિક વિકાસ, આર્થિક જરૂરીયાત કે બીજા કોઈપણ ઉદ્દેશથી જ્ઞાન લેવાતું હોય કે દેવાતું હોયતો તે જ્ઞાન નથી અને તે જ્ઞાનદાન પણ નથી, પરંતુ ધર્મનું જાણપણું એ જ ઉદ્દેશ હોય, ધર્મનું જાણપણું પણ યથાશક્તિ આચરણરૂપ હોય, ત્યારે જ ખરું જાણપણું જેથી શાસનને સંમત છે તે જ જ્ઞાનદાન ગણાય છે. દરેક જ્ઞાનના સાધનો પૂરાં પાડવાને આપણે જ્ઞાનદાન કહી શકીશું નહિ.

વળી **वाचनादेशनादिना** એ પદોમાં પણ આદિશબ્દથી અનેક સાધનોનો સંગ્રહ કરવા છતાં બહુવચન ન વાપરતાં, એકવચન કેમ વાપરવામાં આવ્યું ? એ વિચારીશું તો આપણને તેમાંથી પણ જાણવાનું મળશે કે જ્ઞાનના ગમે તેટલાં સાધનો અને ઉપાયો હોય, પરંતુ તે દરેકનું ધ્યેય માત્ર એક જ છે અને તે ધર્મ જ. ધર્મધ્યેય વિનાનું જ્ઞાન તે જ્ઞાન નથી અને તેના સાધનો તે જ્ઞાનના સાધનો નથી, તથા તેઓનું દાન તે જ્ઞાન(સાધન)દાન નથી એ સારી રીતે સ્પષ્ટ થઈ જાય છે.

પરમ પૂજ્ય કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ જૈનશૈલીથી જ્ઞાનદાનની જે વ્યાખ્યા કરી છે તે દૃષ્ટિથી વિચાર કરતાં આ સંસ્થા એ રીતે કામ કરતી હોય તો તેને જ્ઞાનદાનનું સાધન કહેવામાં હરકત નથી. તેનો અર્થ એ છે કે સંસ્થાના કાર્યવાહકો, સંસ્થાના અધિકારીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ તથા નાણાં વિગેરે સાધન આપનારાઓનો એકજ ઉદ્દેશ હોવો જોઈએ કે ધર્મનું જાણપણું વધે અને વીતરાગધર્મની આરાધના વધી જીવો પોતાનું આત્મકલ્યાણ સાધે.

વિદ્યાર્થીઓનો પણ એ જ ઉદ્દેશ હોવો જોઈએ કે જ્ઞાનના સાધનોનો ઉપયોગ પોતાનું ધર્મને વિષે ખરૂં જાણપણું પ્રગટ કરવું, અને ભવિષ્યમાં પણ બીજા જે જે જીવો પોતાના પરિચયમાં આવે તેઓને પણ એ ઉદ્દેશ સમજાવવો અને એ ઉદ્દેશથી ધર્મનું જાણપણું તેઓમાં ઉત્પન્ન કરવું.

જો જ્ઞાન (સાધન) દાનની આ ક્રિયા ઉપરના ધોરણે પ્રચાર પામી વૃદ્ધિગત થાય, તો જ આ સંસ્થાને જ્ઞાનદાનની સંસ્થા કહેવામાં વાંધો નથી અને તેને સાધનો આપી પોષવાની ધર્મજ્ઞાન પ્રચારની અભિલાષા ધરાવનાર દરેક વ્યક્તિની ફરજ છે.

આ સંસ્થાના સંસ્થાપક તથા તેને પોષણ આપનારનો ગર્ભિત કે વ્યક્ત આજ ઉદ્દેશ હતો અને છે તથા ભવિષ્યમાં પણ ટકવો જોઈએ. આજ ઉદ્દેશથી જ્ઞાન, જ્ઞાનીઓ અને જ્ઞાનના સાધનોનું બહુમાન કરવું.

વિદ્યાર્થીઓને છેવટમાં એ જ કહેવાનું છે. તમારો જ્ઞાન લેવાનો ઉદ્દેશ કંગાલ-હલકો ન હોવો જોઈએ. ઉપર જણાવેલો ઉચ્ચ ઉદ્દેશ રાખશો તો જ તમારો અને તમારી પાછળ મહેનત કરતા કાર્યવાહકોનો પ્રયાસ સફળ છે, કિંમતી છે, નહિંતર તે નકામો પ્રયાસ છે, જેની એક કોડીની પણ કિંમત નથી. તે ઉદ્દેશ સફળ કરવો એ તમારા હાથની બાજી છે. તે લક્ષ્ય કદી ચૂકવું નહિ, માટે આ પ્રમાણે જ્ઞાનદાન દેનારાઓ અને લેનારાઓ બંને તરે છે, તેવી રીતે જેઓ જ્ઞાનને આરાધશે તેઓ અવશ્ય મોક્ષ પ્રાપ્ત કરશે.




वचनाद्यदनुष्ठानमविरुद्धाद्यथोदितम् । मैत्र्यादिभावसंयुक्तं तद्धर्म इति कीर्त्यते ॥ १ ॥

**તિર્યંચના અને મનુષ્યના સંસારવાસની તુલના.**

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ દેતાં પ્રથમ જણાવી ગયા કે જે મનુષ્ય જેને માટે લાયક હોય તેને તે કામ સોંપાય. લાયકાત વગરનાને તે તે કામ સોંપાતું નથી. આંધળાને અરીસો બતાવાતો નથી, ન સાંભળી શકનાર (બહેરા)ને કાંઈ કહી શકાતું નથી, તેવી રીતે ધર્મોપદેશ દેતાં પહેલાં સાંભળનારની લાયકાત જોવી જોઈએ. લાયકાત વગરના ને આપેલો ઉપદેશ નકામો જાય છે. ભેંસ આગળ આખું ભાગવત વાંચી જાય તોયે શું વળે? ભાગવત એ જ, વાંચનાર એ જ, છતાં સાંભળનાર ભેંસ લાયક ન હતી તેથી ભાગવત આખાનું વાંચન નકામું ગયું, તેવી રીતે ઉપદેશ પણ લાયક શ્રોતાને આપ્યો હોય તો ફળદાયી નીવડે છે, નહીં તો નિષ્ફળ નીવડે છે. કેવળજ્ઞાન ઉપજ્યા પછી ભગવાન શ્રી મહાવીરદેવની પહેલી દેશના, કહોને કે શુકનની દેશના નિષ્ફળ ગઈને ! શાથી ? દેશના દેનારમાં કે દેશનામાં એકેમાં ખામી નહોતી. ખામી શ્રોતામાં હતી. શ્રોતાઓ બધા દેવતા છે જેઓ ભવસ્વભાવથી અવિરતિવાળા છે. ધ્યાન રાખજો કે મનુષ્યપણું પામ્યા છતાં વિરતિ તરફ ન દોરાયા, માત્ર રિદ્ધિ તથા કુટુંબને જ વધાર્યું તો એ મનુષ્યપણાની કિંમત કશી નથી. ચંદ્રહાસ ખડ્ગથી કોઈ ઘાસ કાપે તો એ ખડ્ગ ભલે નકામું પડ્યું ન રહ્યું પણ કામ કયું કર્યું ? ઘાસ કાપવાનું ! ઘાસ કાપવાનું કામ ચંદ્રહાસખડ્ગનું નથી. દાતરડું પણ એ કાર્ય કરે છે. દાતરડાંથી ઘાસ કાપવામાં અડચણ નથી. તેવી રીતે જો ખાવાપીવામાં મનુષ્યપણું સફળ ગણતા હોઈએ તો તિર્યંચનો ભવ સારો છે. તમારી મોજમઝા એ ફરજનાં લાકડાવાળી છે, જ્યારે તિર્યંચની મોજમઝા ફરજના લાકડાં

વગરની છે. એ પણ સંસારવાસ કરે છે. કુતરા-કુતરી, બળદ-ગાય, ભેંસ-પાડા વિગેરેના અને **તમારા** સંસારવાસમાં ફરક કયો ? એ સંસારવાસના અંગે તમારે શિરે ફરજો લદાયેલી છે, એ અદા કર્યા સિવાય તમે સંસારવાસ લઈ શકશો નહિ. સ્ત્રીપુત્રાદિના ભરણપોષણ, ઔષધાદિને અંગે તમારે બંધાવાનું છે. આટલાં લાકડાં ધૂસે ત્યારે તમને સંસારવાસ મળે જ્યારે જાનવરને સંસારવાસમાં ફરજ કઈ ? કશી જ નહિ.

**બાયડી પરણનારની જવાબદારી કેટલી ?**

હવે કાયદાની બારીકીથી વિચારો. એક મનુષ્યે લગ્ન કર્યું, પછી એની જવાબદારી અનહદ વધી જાય છે. બીજી લેણદેણની ફરિયાદ માટે પ્રતિવાદી અઢાર વર્ષનો હોવો જોઈએ એ કાયદો પણ બાયડી ફરિયાદ માંડે તેમાં અઢાર વર્ષનો કાયદો નહિઃ ચાહે તો ધણી ચૌદ વર્ષનો હોય, ગમે તે વયનો હોય પણ તે વયમાં જો બાયડી દાવો માંડે તો કોર્ટ કે પ્રતિવાદીથી ત્યાં સગીર વયનો બચાવ થતો નથી. ખોરાકીપોષાકી (ભરણપોષણ)ના દાવામાં પ્રતિવાદી કાચી વયનો છે એ બચાવ ચાલતો નથી. હજી ઉંડા ઉતરો ભલે બાયડી સો રૂપિયા કમાતી હોય તો પણ એ ધણી ઉપર ભરણપોષણની ફરિયાદ કરી શકે છે. બીજા દિવાની દાવામાં વધારેમાં વધારે, કોર્ટ જપ્તિ આપે, જેથી લેણદાર ઘેર જે હોય તે ચીજો લઈ લે પણ લેણું જાત ઉપરથી વસુલ થતું નથી. પહેલાંના કાળમાં જાત ઉપરથી પણ વસુલ કરતા એટલે કે દેણદારને ગુલામ તરીકે રાખવામાં આવતા પણ આજે તે કાઢી નાખવામાં આવ્યું છે. સ્ત્રીએ કરેલી ફરિયાદીને અંગે મિલકત હોય તો જ વસુલાત કરવી એવું નથી પણ મિલકત ન હોય તો ધણીનું શરીર ચાલે છે કે નહિ તે જોઈ, શરીરની શક્તિ પ્રમાણે કોર્ટ હુકમનામું કરી આપે છે - સ્ત્રી એ શરીર ઉપર (જાત ઉપર) શી રીતે વસુલ કરે ? શું શરીરમાં રૂપિયા ભર્યા છે? ના, પણ એ ન ભરાય ત્યાં સુધી એ ધણીએ કેદમાં બેસવું પડે ત્યારે શું થયું ? સ્ત્રીએ કરેલી ફરિયાદમાં હુકમનામું જાત તથા મિલકત બન્ને ઉપરનું થાય છે. લેણદેણની કેદમાં આસાન કેદ, જ્યારે આમાં આસાન કેદ પણ થઈ શકે તેમજ સખત કેદ પણ થઈ શકે છે. ચોરી કરી હોય તો એની કેદ પણ ચાર છ મહિનાની, જ્યારે અહીં કેદની મુદત કેટલી ? જો કે આમાં કહેવાય તો મહિનો, પણ મહિનો પૂરો થતાં ન ભર્યું તો બીજો મહિનો, મતલબ કે એનો છેડો કોઈ દિવસ નહિ, જીવન પર્યંત એ રીતે કેદ ભોગવવી પડે. તમારા સંસારવાસને અંગે કેટલી બધી જવાબદારી ઉભી થાય છે ? તે સંસારવાસ તિર્યંચોને પણ છે, છતાં છે એને કાંઈ જવાબદારી ? આવું અપૂર્વ મનુષ્યપણું પામ્યા, આર્યક્ષેત્ર, આરોગ્ય, દેવગુરુ ધર્મની જોગવાઈ પામ્યા, આટલી સ્થિતિએ આવ્યા છતાં તેનું ફળ સંસારવાસ ગણી લો તો પછી મનુષ્ય કરતાં જાનવર સારા એમ કહેવામાં ખોટું શું ?

**મનુષ્યપણામાં ઈંદ્રિયોનું સુખ માથું ફોડીને શીરો ખાવા જેવું છે.**

હવે ઈંદ્રિયોના વિષયોને અંગે તપાસો. એ વિષયો મફત નહિ મળે, પૈસા પડશે. કંદોઈને ત્યાંથી ઉપાડી (મફત)ને ખાવા માંડશો તો ધપ્પા પડશે. પૈસા પેદા કરો તો જ રસનાની મોજ લઈ શકો. મફતીયા મોજ માણવા જાઓ તો ખાસડાં ખાવાં જ પડેને ? મનુષ્યપણામાં આવ્યા તો આ પંચાત થઈને ? કીડીમંકોડી ગળપણ લઈ જાય છે તેને કાંઈ દંડ છે ? નહિ. રસનાની મોજ એ કરે છે છતાં શિક્ષાપાત્ર નહિ જ્યારે મનુષ્ય રસનાની મોજ મફત કરવા જાય તો એને શિક્ષા સહન કરવી પડે છે. ઘ્રાણેંદ્રિયને અંગે, રાજાએ બગીચામાં કોઈ સુંદર ફૂલ રોપાવ્યું હોય તે સુંઘવા તમે જઈ શકો નહિ પણ ભમરાને કોણ રોકે છે ? ત્યારે રોકટોક મનુષ્ય માટે જ. જો સુગંધીને અંગે મનુષ્યભવની સફળતા ગણો તો તો તમારા કરતાં ભમરાનો ભવ સારો ગણાય. તમે બગીચામાં પેસવા જાઓ તો ખુલ્લી તલવારવાળા તમારી આડા આવે, જ્યારે ભમરાને એ તલવાર નડતી નથી. રૂપને અંગે-રાણીનું રૂપ મનુષ્યોને જોવું આખી જિંદગીમાં મુશ્કેલ, જ્યારે ત્યાં રહેલા જાનવરો કાયમ જોઈ શકે છે. શબ્દને અંગે-થિયેટરમાં સંગીતાદિ સાંભળવા જવા માટે તમારે ટિકિટ લેવી પડે, જ્યારે ચકલાં, કબુતરો વિગેરેને કાંઈ આપવું પડે છે ? એ જાનવરો શબ્દ સાંભળી શકતાં નથી, રૂપ જોઈ શકતાં નથી, ગંધ, રસ, સ્પર્શમાં સમજી શકતાં નથી એવું તો તમે કહી શકશો નહિને ?

એ બધી વાત જતી કરીએ, મનુષ્યપણામાં વિષયો અનુભવ્યા તેથી એને સફળ ગણતા હોઈએ તો એ સુખ જાનવરના ભવમાં જવાબદારી વગર મળી શકત તો મનુષ્યપણામાં અધિક શું મળ્યું ? પૌદ્‌ગલિક સુખ, ઈંદ્રિયોનું સુખ માથું ફોડીને શીરો ખાવા જેવું છે. ઈંદ્રિયોનું સુખ તમારા કરતાં સાહેબ લોકોના કુતરાને સારું છે. જો વિષયસુખને અંગે મનુષ્યપણાને સફળ ગણતા હો તો તો જાનવરપણું આવ્યું (મળ્યું) હોત તો સારું કેમકે મનુષ્યપણામાં તો વિષયો મેળવવા માટે ફરજો પહેલાંથી ગળે વળગી. એવા વિષયો તિર્યંચને પણ છે અને તેઓ ફરજ વગર ભોગવી શકે છે.

**લોકવ્યવહાર ખાતર અપાતા ભોગની અવધિ.**

તિર્યંચને પણ કુટુંબ છે. તમને તમારાં બચ્ચાં ઉપર એવો રાગ નથી. ગર્ભમાં ભલે છોકરો આવે કે છોકરી, તેમાં માતાને ગર્ભમાં ફરક કયો ? બંનેને સવા નવ મહિના ગર્ભમાં રાખવાના એમાં કાંઈ ફરક છે ? જન્મ આપવામાં બન્ને માટે સરખી જ વેદના, જમના દ્વાર છે ને ? જન્મ્યા પછી ધવરાવવામાં, ન્હવરાવવામાં, ખવરાવવામાં, ઉછેરવામાં લુગડાંલત્તામાં છોકરા-છોકરીમાં ફરક કયો ? આટલું છતાં છોકરીને ઘેર રાખો છો ? નહિ છોકરીને આપણા ઘેર ન રખાય, એ દુનિયાદારીનો વ્યવહાર મગજમાં

રમી રહ્યો છે તથા એ વ્યવહાર તમે કબુલ્યો છે તેથી બીજાને ઘેર આપવાનું નક્કી થાય (સંબંધ થાય) એટલે ગોળધાણા વહેંચો છો. ગોળધાણા શાના ? આપણું ફરજન પારકે ઘેર આપી દેવાનું જિંદગીભરને માટે નક્કી થયું એના ગોળધાણા વહેંચો છો ને ? પછી જ્યાં લગ્નનો વખત આવ્યો ત્યાં પોતાના મોભા પ્રમાણે પાંચ, દસ હજાર રૂપિયા ખરચી ઢોલ વગાડી વાજતે ગાજતે દીકરીને સોંપી દીધી. કન્યાનો વરઘોડો કાઢીને કર્યું શું ? બીજાને સોંપી આવ્યા, એ જ ને? દુનિયાદારીનો વ્યવહાર કેટલો સાચો લાગ્યો છે ? પરણ્યા પછી ભાષામાં પણ ભેદ થયો. બાપને ત્યાં આવવું હોય ત્યારે 'મારે પિયર જાઉં છું' એમ કહે, જ્યારે સાસરે જતી વખતે 'મારે ઘેર જાઉં છું' એમ કહે છે. એ તો કહે છે પણ બાપ તથા ભાઈભાંડુ પણ 'જા, તારે ઘેર' એમ કહે છે. ભાષામાં આ ભેદ ક્યાંથી આવ્યો ? છોકરીના ઘેર ચાહે તેવી દરિદ્રાવસ્થા હોય પણ બાપના ઘરમાં એનો હક લાગતો નથી. શરમથી, રાગથી અપાય તે વાત જુદી છે પણ લાગો કરીને એ એક્કે કોડી પણ લઈ શકતી નથી. એનો હક પણ કાઢી નાખ્યોને ? આ બધું શાથી ? કેવળ વ્યવહાર, એમ કહ્યા વિના બીજો એક પણ બચાવ નથી. જ્યારે લોક-વ્યવહાર ખાતર આટલો ભોગ અપાય છે તો જેઓ જગતને ફાની (અસાર) ગણતા હોય, ધર્મને સારભૂત તથા શાશ્વત ગણતા હોય તેવાઓ ધર્મ ખાતર ભોગ દે તેમાં નવાઈ શી ?

### સંસારને બંધન માનનારા, સંસારનો ત્યાગ કરનાર માટે મહોત્સવ કરે એમાં નવાઈ શી?

રાણીઓ માટે લડાઈ કરનારા, હજારો જાતના પ્રપંચો કરનારા, કુટુંબના કલેશની દરકાર નહિ રાખનારા એવા કૃષ્ણજીની રાણીને પણ જો દીક્ષાનો વિચાર થાય તો એ જ કૃષ્ણજી ઢોલ, ત્રાસાં વગડાવી ધામધુમથી દીક્ષા દેવરાવતા હતા. એ કેમ બન્યું હશે ? નોકારશી જેવું પણ વ્રત નહિ કરી શકનારા શ્રેણિક રાજા, પોતાના પુત્રની દીક્ષામાં ઢોલ શી રીતે વગડાવી શક્યા હશે ? તમારી કન્યાને પરણાવતી વખતે જેમ તેમ લોકવ્યવહારના અંગે ઢોલ, ત્રાસાં વગડાવો છો તેવી રીતે તે મહાપુરુષોએ મોક્ષનું સ્વરૂપ તથા માર્ગ જાણેલ હોવાથી તેઓ રાણીઓ તથા પુત્રાદિ પરિવારની દીક્ષાને અંગે ઢોલ, ત્રાસાં વગડાવવા, ધામધુમ કરવા તૈયાર થતા હતા. દુનિયાદારીથી તમે છોકરીનું હિત શામાં માન્યું ? બીજે ઘેર મોકલી દેવામાંને ? પોતાને ઘેર છોકરીને નહિ રાખવામાં ખાનદાની માનીને ? તો પછી જેઓ સંસારને બંધનરૂપ સમજેલા છે તેઓ સંસારનો ત્યાગ કરે એને માટે ઢોલ, ત્રાસાં વગડાવવા પૂર્વક મહોત્સવ કરે એમાં નવાઈ શી ?

### બળાત્કાર ક્યાં છે અને ક્યાં નથી ?

કન્યાને અંગે હજી આગળ વધો. પરણ્યા પછી જો છોકરી ગમે તે કારણે પોતાને ઘેર જવા ન ઈચ્છે તો પણ પરાણે મોકલો છો. છોકરી અહીં ન પાલવે એ મુદ્દો નક્કી કરેલો છે. બે ચાર દિવસ આવે એ વાત જુદી છે. તમારે ત્યાં જન્મેલી, તમે છોકરીને મોટી કરેલી, કાયમ તમારા સહવાસમાં

આવેલી એવી પણ છોકરીનું દુનિયાદારીનું હિત એને ઘેર જવામાં અને ત્યાં રહેવામાં એમ તમે માનો છો માટે જો છોકરી ન જાય તો પણ બળાત્કારે મોકલો છો, એના સાસરીયાને તેઓ એ છોકરીને લઈ જાય એમ તમેજ કહેવરાવો છો તેવી રીતે જેને ધર્મ જ પ્રિય છે તેણે પોતાનો છોકરો ધર્મના માર્ગે સહેજે ન આવે તો બળાત્કારે પણ લાવવો જોઈએ. છોકરો બે દિવસ નિશાળે ન જાય તો આંખો લાલચોળ થઈ જાય છે પણ બે દિવસ દેહરે, ઉપાશ્રયે ન જાય તે વખતે કાંઈ થાય છે ? પર્યુષણ જેવા પર્વના દિવસોમાં એટલે કે ધર્મક્રિયાના ખાસ એ પર્વમાં તમારા છોકરાએ ધર્મનું આરાધન ન કર્યું હોય તો તમારા મનને પૂછો કે કાંઈ થાય છે ? જો એ છોકરો દુકાને ન જાય તો તે વખતે મનની સ્થિતિ કેવી ગંભીર બને છે ? જ્યારે દેહરે, ઉપાશ્રયે ન જાય ત્યારે એમ બોલીને પતાવો છો કે - 'શું કરીએ ? ઘણું યે કહ્યું પણ જતો નથી.' મતલબ કે લોકવ્યવહાર તથા દુનિયાદારી જેટલો પણ ધર્મ હજી કાળજામાં વસ્યો નથી. ધર્મને એની બરોબર પણ ગણ્યો હોત તો જરૂર દેહરે, ઉપાશ્રયે છોકરો ન જવાથી ઉંચાનીચા થઈ જાત.

**પ્રશ્નઃ- દુનિયાદારીનું ફળ પ્રત્યક્ષ છે ને ?**

જવાબ :- દુનિયાના વિષયોમાં ન લપટાવાને તત્ત્વ ગણવું એજ આસ્તિકનું લક્ષણ છે. પાપ, પુણ્ય, સ્વર્ગ, નર્ક, આશ્રવ, સંવર, નિર્જરા, મોક્ષ આ બધું જીગરથી માનતા હોઈએ તો એવા પ્રસંગે (છોકરો ધર્મ ન કરે ત્યાં) સેંકડોગણું તપવાપણું થવું જોઈએ. ભણીને બૅરિસ્ટર થનારા અળસીનો વેપાર કરનારા નીવડે છે, જ્યારે સહી સરખી નહિ આવડવાવાળા કરોડપતિ થઈ જાય છે એ નજરે દેખીએ છીએ. ધર્મના અભાવે સાગરોપમો સુધી દુઃખી થવું પડે છે એ શ્રદ્ધા હોય તો કાળજું કેટલું દુઃખી થવું જોઈએ? અહીંના (દુનિયાદારીના) લાભમાં છોકરો ઠગાતો દેખાય ત્યાં ઉંચાનીચા થઈ જવાય છે અને આત્મીય લાભ ઢગલા બંધ ચાલ્યો જાય છે તે માટે કાંઈ નહિ ? મનુષ્યભવ મોક્ષની નીસરણી (સીડી) છે, અહીંથી સર્વાર્થસિદ્ધ સુધી દેવલોકે જવાય, યાવત્ મોક્ષે જવાય, ત્યાંથી જીવ ખસી જાય છે એનો વિચાર આવ્યો?

**પ્રશ્ન :- પહેલાં ધર્મ કે આજીવિકા ?**

જવાબ :- આપદ્ધર્મ તરીકે આ (આજીવિકા માટે કરવું પડતું) કર્યા વગર છૂટકો નથી એવું મનમાં આવ્યું ? ન છૂટકાની અપેક્ષાએ દોડી મરતા નથી પણ મોજમઝાની અપેક્ષાએ દોડી મરીએ છીએ. મધ્યમ વર્ગની વાત જવા દો પણ જરૂરીયાત કરતાં કંઈગુણું ધન જેઓ પાસે છે તેઓ શા માટે દોડાદોડી કરી રહ્યા છે ? 'અહીંથી લઉં કે તહીંથી લઉં !' એ દશા ત્યાં છે. જેઓની પાસે પોતાના નિર્વાહ પૂરતું છે તેઓ હજી 'શું કરું ?' એમ કહે તો વ્યાજબી છે તે છતાં તેઓ પણ સ્વર્ગ, નર્ક, પુણ્યપાપ, ભવ, સંસાર મોક્ષને માને છે કે નહિ ? તમે ખોરાક લેવામાં વિચારીને લ્યો છો, પ્રકૃતિ તપાસો છો પણ છોકરાં એમ

કરે છે એ તો ગમે તેવી તબિયત બગડે છતાંયે ગમે તે ખાય છે. એના પેટમાં સેંકડો વખત દુખ્યું હશે, એળીઓ દઈને પેટ સાફ કર્યું છતાં એનાં એ જ છોકરાં દિવાળી આવે કે દહીંથરાં, પૂરી વિગેરે ઝાપટે રાખે છે ને? તમને તો જરા પેટમાં દુઃખે કે તરત ખાવાનું બંધ કરો છો. હવે કાં તો છોકરાને ડાહ્યા કહો, નહિ તો તમે તમારું ગાંડાપણું કબુલ કરો ! છોકરાં તો ઠીક ન હોય ત્યારે પથારીમાં સુએ પણ જરાક ઠીક થયું કે ઉઠે, દોડે, જાય રમવા, પડે પાણીમાં, શરદી ટાઢ, તાપ કશું જ દેખે નહિ. ઘેર ગયા પછી શું થશે એની પરવા એ ધરાવતા નથી. નાનાં છોકરાંની સ્થિતિ કઈ ? તાવ આવ્યો હોય કે ઝાડા થયા હોય પણ ખાવું તો ખરું જ. મોટામાં અને છોકરામાં ફેર ક્યાં પડ્યો ? મોટા ભવિષ્ય પર ધ્યાન પહોંચાડે છે જ્યારે છોકરાં છત ઉપર લક્ષ્ય પહોંચાડે.

**મોટા કહેવરાવ્યા છતાં આ કેવી છોકરમત ?**

એવી રીતે આત્માને અંગે વિચારો. ચાલુ કાલના વિષયોનો ભોગવટો કરવો તે છોકરમત છે કે બીજું કાંઈ ? છોકરાં ભવિષ્યની દરકાર કરતાં નથી, તડકો લાગે, લૂ વાય, તાવ આવે, માંદા પડે એ કશાની પરવા એમને નથી, એમને તો ભમરડા અને લખોટી એજ સુખરૂપ લાગે છે. એ રમતમાં મળવાનું શું ? માત્ર 'જીત્યા' કહેવાય એટલું જ ! કહેવાનો મતલબ એજ કે છતનો સણસણાટ છોકરાંને હોય, ભવિષ્યનો વિચાર સમજુને હોય, હવે આ બેમાં કોને સારા ગણવા ? એ અપેક્ષાએ જો મોટા સારા ગણાય તો ભવિષ્યના ભવના વિચારવાળા તથા માત્ર વર્તમાનના વિચારવાળામાં સમજુ કોણ અને અણસમજુ કોણ ? સામાન્યથી ચેષ્ટાની અપેક્ષાએ ઈષ્ટની સિદ્ધિએ ક્રિયા કરવી તેમાં સમજણવાળા કોણ? બે ઇંદ્રિયથી માંડીને બધા જીવ, પણ ભૂતભવિષ્યની અપેક્ષાએ લાંબો વિચાર કરનારા સમજુ છે.

**માલ કે માર ?**

એક શેઠીયાને ત્યાં ઘીનાં કુલ્લાં આવ્યાં હતાં. એને ત્યાં ચોરી કરવા આવેલા ચોરોએ બીજું કાંઈ ન મળવાથી, 'ભાગતા ચોરની લંગોટી' એ ન્યાયે એ ઉઠાવ્યાં. ઉઠાવ્યાં તો ખરાં પણ સંતાડવાં શી રીતે? મોતીનો હાર હોય તો ખાડો ખોદી દાટી રખાય, પણ ઘીનાં કુલ્લાંનું શું થાય ? ચોરીનો માલ ઘેર પણ લઈ જવાય નહિ. કહો કે ચોરી કરતાં પણ આવડી નહિ. ચોરીમાં ચીજ કઈ લીધી ? આવો જ એક બીજો બનાવ બનેલો જેના અંગે આ ચોરો કુલ્લાંના રક્ષણનો વિચાર કરે છે. એક ગરાસીયે ચોરીમાં મળેલું થીજ્યા ઘીનું ઢેફું સાફામાં માથે બાંધી લીધું અને ચાલ્યો, માર્ગમાં કોઈ ચોરો કે લૂટારાના ઝુંપડાં હતાં એમની પાસેના પોપટે સાફામાં રહેલા ઘીના લોંદાને જોઈ સાંકેતિક ભાષામાં જણાવી દીધું. તેઓએ ગરાસીયાને અડધો કલાક તડકે રાખવાનો પોતાના માણસોને હુકમ કર્યો, કેમકે એની પાસે કાંઈ દેખાતું નથી તેમજ એ પણ ખાત્રી છે કે પોપટ કાંઈ નકામું કહે નહિ. એ ઝુંપડાવાળા પેલા ઠાકોરની સાથે

વાતે વળગ્યા. અરધો કલાક થયો એટલે ઘી પીગળી ગયું, રેલો નીચે ઉતર્યો. ઠાકોરને પેલાઓ કહેવા લાગ્યા- "ઠાકોર ! શિયાળામાં તમને આટલો બધો પરસેવો કેમ ? તેય મોઢે નથી અને માથા પર ક્યાંથી?" પેલો શું બોલે ? ઘી આપી દેવું પડ્યું. ચોરી કરતાં પણ ન આવડે તો માલને બદલે માર મળે.

એથી આ ચોરો કુલ્લાં ક્યાં સંતાડવાં તે વિચારે છે. નદી નજીક છે, એનો ધરો ઉંડો છે, ચચ્ચાર માથોડાં પાણી છે, ત્યાં મૂકવાનો વિચાર કર્યો કે કાઢવાનું મન થાય ત્યારે ડૂબકી મારવાનું કામ. ત્યાં કુલ્લાં મેલીને ચોરો ચાલ્યા ગયા. સવારે શેઠીયાએ પોલીસને ખબર આપી. પોલીસે પગેરું જોયું તો નદીના કિનારે પગલાં અટકેલાં દીઠાં. હવે નદીમાં પગ ક્યાં ખોળવો ? પોલીસ તપાસ માટે નદીની ચોતરફ ફરે છે પણ માલનો પત્તો લાગતો નથી તો ચોર શી રીતે પકડાય ? જ્યાં ધરો છે ત્યાં આગળ કાંઠે ઝાડ ઉગ્યું છે. એ ઝાડની ડાળી વાંકી વળેલી છે, અને તેના પરથી કીડીઓ ઉતરતી દેખાય છે. ઘીની ગંધથી ત્યાં કીડીઓ ઉભરાણી છે. આ ઉપરથી પોલીસે અનુમાન કર્યું કે અહીં જ કુલ્લાં હોવાં જોઈએ અને એ આધારે કુલ્લાં મેળવ્યાં.

### કાળજું ક્યાં બળે છે ?

અહીં આપણો મુદ્દો એ છે કે જાનવરનું મન ભૂતભવિષ્યના વિચારવાળું હોય નહિ, પણ વર્તમાનને અંગે મન જબરદસ્ત હોય છે. કીડીઓએ અંદર રહેલું ઘી ગંધના આધારે જાણ્યું. આટલી જબ્બર પરીક્ષા જાનવરોને હોય છે. જેને ભૂતભવિષ્યનો વિચાર ન હોય તેને અસંજ્ઞી કહેવાય છે. જેને જૈનશાસ્ત્રથી ભૂતભવિષ્યનો વિચાર ન હોય તે જૈનશાસનથી અસંજ્ઞી છે. જૈન શાસ્ત્રની શ્રદ્ધા વગરનો ભૂતભવિષ્યનો વિચાર હોય તો અસંજ્ઞી કહીએ છીએ. બરાબર સમજી લ્યો. સંજ્ઞા ત્રણ હોય છે તેમાં દ્રષ્ટિવાદોપદેશિકી કઈ ? જૈનશાસન પામી તેનો વિચાર કરનારા સંજ્ઞી. આપણાં બચ્ચાંઓ દુનિયાદારીના વિષયોમાં લગીર પાછાં પડી જાય તો કાળજું બળી જાય પણ આત્મોન્નતિથી પાછા પડી જાય તો કાળજામાં તેટલું થતું નથી; દુનિયાના વિષયોમાં 'થાક્યા' એમ થતું નથી એથી સિદ્ધ છે કે દુનિયાદારી જેટલી તત્ત્વબુદ્ધિ ધર્મ પરત્વે નથી તો અધિકની વાત ક્યાં કરવી ? જેનું પાલનપોષણ કર્યું એવી પોતાની દીકરીને પારકે ઘેર દેવામાં, દુનિયાના વ્યવહાર ખાતર ગોળધાણા વહેંચ્યા તો તમે તો એને તત્ત્વ જ માન્યુંને ! જ્યારે આમ છે તો કૃષ્ણ વાસુદેવ જેઓ સંસારને બાજીગરની બાજી માનતા હોય તેઓ સંસારત્યાગ કરનાર માટે ઢોલ વગડાવે એમાં નવાઈ શી ?

**મનુષ્યભવ વિષયાદિ માટે નથી.**

જો વિષયોને તત્ત્વરૂપ ગણતા હો તો જાનવરપણું સારું ગણાય કેમકે આપણે જોઈ ગયા કે અહીં તો માથું ફોડીને શીરો ખાવાનો છે જ્યારે ત્યાં માથાં ફોડ્યા વગર શીરો મળે છે. તલવારનું કામ ઘાસ કાપવાનું નથી તેમ મનુષ્યભવ વિષયાદિ માટે નથી. જે બીજા ભવથી ન સાધી શકાય તે મનુષ્યભવથી સાધી લેવું જોઈએ. જ્યારે આટલી બધી લાયકાત તમો ત્યારે શાસ્ત્રકારો ધર્મને લાયક ગણે છે. મનુષ્યભવ કેટલી મુશ્કેલીથી મળે છે તે વિચારો.

**મનુષ્યભવ મેળવનાર કેટલો ભાગ્યશાળી ?**

એક સ્ટીમરમાં પાંચ હજાર મનુષ્ય હોય, એ સ્ટીમર ડૂબે તેમાંથી ૪૯૯૯ ડૂબી જાય અને એક મનુષ્ય બચીને કાંઠે આવે એને દુનિયા કેવો ભાગ્યશાળી ગણે ! એજ રીતિએ આપણે સૂક્ષ્મ નિગોદમાં અનંતજીવોની સાથે હતા. જેના જેવી ભાગીદારી કોઈ સ્થળે હોતી નથી, એવી ભાગીદારીમાં ત્યાં હતા. એકજ ટાઈમે એકજ આહાર અનંતાએ સાથે કરવો આવી ભાગીદારી ક્યાંય છે ? શરીર કરવાનું કાર્ય પણ એક સાથે એક સરખું કરવું પડે. અનંતકાય ચાવો છો તે તેનું પરિણામ અહીં આવશે. અનંતાજીવોને એકજ જગા પર રહેવાનું, એક જ સાથે આહાર લેવાનો, શરીર પણ એક જ સાથે કરવાનું, શ્વાસ પણ એકજ સાથે લેવાનો : આ ચારે અનંતા ભેગા થઈને જ્યાં એકસરખું કરે-એમ કરવું પડે એનું નામજ નિગોદ છે. આઠમ-ચૌદસનો, ઋતુઅઋતુનો, ભક્ષ્યાભક્ષ્યનો ખ્યાલ ન રાખીએ તો વલે શી થાય ? આટલું છતાં બોલવાનું કેવું ? પોતાની જીભ વશ નથી એમ કહે તો તો ઠીક પણ, 'અરે ! ખાવા કર્યું છે ને ! શું તેરસે સૂર્ય ઉગે છે અને ચૌદસે નથી ઉગતો ?' આ બધું બોલાય એ દશા કઈ ? ઋતુના ફળોને અંગે વિચારો. આર્દ્રા નક્ષત્ર બેઠા પછી કેરી ખવાય નહિ, આ જ્યાં નિયમ ત્યાં 'એ વગર ચાલે?' એમ કહી શકાય કેમ ? આ ચાર આંગળની દલાલણની ગુલામીમાં તમે કેટલા ફસાયા છો ? લુખ્ખો ભાત કે લુખ્ખો રોટલો ખાવામાં પેટને વાંધો નથી પણ વાંધો કોને છે ? જીભને જ વાંધો છે. અભક્ષ્ય અનંતકાય ખવરાવનાર આ દલાલણ છે; એ દલાલણના દબાયેલા હોય તે વિચારી લેજો. ઉપર કહી ગયા તેવી સ્થિતિવાળી નિગોદમાંથી આપણે એકલા નીકળ્યા તો કેટલા ભાગ્યશાળી! અધિકારીપણાની સાથે જવાબદારી જોડાયેલી જ છે. મનુષ્યપણું પામ્યા એટલે જવાબદારી પુષ્કળ પણ સમજતા નથી એ જ ખેદજનક છે માટે જવાબદારી સમજો અને મનુષ્યભવને સાર્થક કરો.

પ્રશ્નકાર: ચતુર્વિધ સંઘ.

સમાધાનકાર: સકલશાસ્ત્ર પારંગત આગમોધ્ધારક – શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મ.

# સાગર સમાધાન

પ્રશ્ન-૭૩૩ પોષહ લઈને દેવવંદન થયા બાદ મન્હ જિણાણંની સજઝાય સાધુ પાસે કીધી હોય તો શું વ્યાખ્યાન ઉઠ્યા પછી ઈરિયાવહી કહી પેલી સજઝાય કહી લેવી કે રાઈમુહપત્તિના માટે કહેલા ઈરિયાવહી અને રાઈમુહપત્તિની ક્રિયા કર્યા બાદ સજઝાયનો આદેશ માગી સજઝાય કહેવી આમાં કાંઈ ફેર છે?

સમાધાન- સ્વાધ્યાયનું મુખ્ય સ્થાન પડિલેહણ કર્યા પછી છે અને તેથી ત્યાં સજઝાય કરવી જોઈએ, પણ જેઓએ ગુરુ સમક્ષ પૌષધ લીધો ન હોય અને રાઈમુહપત્તિ પડિલેહવા પહેલાં જેઓ ગુરુ સમક્ષ પૌષધ ઉચ્ચરે તેઓ પૌષધ ઉચ્ચર્યા પછી પૌષધના આદેશની માફક પડિલેહણના આદેશ પણ ગુરુ મહારાજ પાસે માગે છે તેથી તેઓને ત્યાં ફરી સજઝાય કરવાની જરૂર રહે છે.

પ્રશ્ન ૭૩૪-દહેરાસરમાં પૂજન માટેની નિર્જીવ સામગ્રી જેવી કે :- રકાબી, વાટકી, કલશ વિગેરેની પ્રભાવના કરવાથી દોષ લાગે ખરો ?

સમાધાન- પ્રભાવના એ બાળજીવોને ધર્મમાં જોડવા માટેનું સાધન હોઈ તેમાં બાળજીવોને ખેંચનારી જ વસ્તુઓ હોવી જોઈએ. પૂજા, સામાયિક, પૌષધ વિગેરેના સાધનો ધર્મોપષ્ટંભ દાન તરીકે દેવાં તેમાં હરકત નથી, પણ તેવી પ્રભાવનામાં વણિકબુદ્ધિ ધારીને જે લાભની તીવ્રતા મનાય છે તે ઉચિત નથી. પ્રભાવનાનો મુદ્દો તો બીજાઓને ધર્મશ્રવણ અને ધર્મક્રિયામાં આકર્ષવાનો છે, માટે બાળજીવો આકર્ષાય તેવી વસ્તુ વહેંચવી તેજ પ્રભાવનાને અંગે વ્યાજબી છે.

પ્રશ્ન ૭૩૫-એકલી આજ્ઞાને માન્ય કરીને અને મોટા પુરુષોનું અનુકરણ ન કરીએ એમ કહેનારા શું સાચાં છે ?

સમાધાન- ત્રિલોકનાથ તીર્થંકરની આજ્ઞા કોઈપણ માર્ગાનુસારી સુધ્ધાં અમાન્ય કરી શકે જ નહિ, પણ મોટા પુરુષોનું અનુકરણ હોય જ નહિ એવું કહેનારા ભૂલે છે. અનુકરણને માટે શ્રી સિધ્ધચક્ર પુસ્તક બીજું અંક ૧ લો જુઓ.

(અનુસંધાન જુઓ પાનુ ૧૨૦)

# મનક કે મહાન

જૈનજનતામાં દશવૈકાલિક નામનું સૂત્ર સારી રીતે પ્રસિદ્ધ પામેલું છે. જો કે તે દશવૈકાલિકસૂત્ર જે મુનિમહારાજને માટે શ્રુતકેવલી મહારાજ શ્રી શય્યંભવસૂરિજીએ ઉદ્ધર્યું છે તે મુનિમહારાજની દીક્ષાની અને તે સૂત્રને અધ્યયન કરવાની વય માત્ર આઠ વર્ષની જ છે એટલે કે તે શ્રી દશવૈકાલિકસૂત્રની રચના ચારિત્રને લાયકની જઘન્ય ઉંમરને માટે હોઈ તે ઘણી જ ટૂંકી હોય એ સ્વાભાવિક છે, તેમજ તે બાળકની આઠ વર્ષની વયે દીક્ષા લીધી ત્યારે આયુષ્યસ્થિતિ વિચારતાં ભગવાન શય્યંભવસૂરિજીને તે બાળકનું આયુષ્ય માત્ર છ માસ બાકી છે એમ માલમ પડ્યું અને તેથી તેવી આઠ વર્ષની ઉંમરે દીક્ષિત થયેલો અને માત્ર છ મહિનાના આયુષ્યમાં સંયમમાર્ગની આરાધના કરે તે મુદ્દાએ તે દશવૈકાલિક સરખા લઘુસૂત્રની રચના કરવામાં આવી છે અને એ દશવૈકાલિકસૂત્રને દિગંબરો પણ સર્વાર્થસિદ્ધ વિગેરે ટીકામાં અનંગપ્રવિષ્ટ સૂત્ર તરીકે જણાવે છે, અને તેને પરમમાન્ય શ્રુતસાગરનો એક અંશ ગણે છે છતાં આશ્ચર્યની વાત છે કે તે દિગંબર મતવાળો આગમોનો વિચ્છેદ માનવાની ધૂનમાં તેવા દશવૈકાલિક સરખા નાના અનંગપ્રવિષ્ટ સૂત્રનો પણ વિચ્છેદ માનવા તરફ દોરાઈ ગયા છે. બારીક દ્રષ્ટિથી વિચારનારાઓને તો તે દિગંબરો તરફથી દશવૈકાલિકના વિચ્છેદની કહેવાતી વાત તે દશવૈકાલિકસૂત્ર હજારો જગા પર હાજર હોવાથી ગપ્પજ જેવી લાગે, પણ સ્થૂળદ્રષ્ટિથી વિચાર કરનારાઓ પણ દિગંબરના પૂર્વાચાર્યો તરફ ઘણીજ ધૃણાની નજરથી જુએ, કારણકે તે દિગંબરમતના ધુરંધર ગણાતા આચાર્યો એક આઠ વર્ષના છોકરાએ છ મહિનામાં અભ્યાસ કરાય એવો દશવૈકાલિક નામનો આગમનો અંશ સાચવી ન રાખ્યો તેઓને આગમભક્તિને માટે શું કહેવું તે વચનના વિષયની બહાર છે. વાસ્તવિક રીતે તો સ્થૂળદ્રષ્ટિવાળા પણ દશવૈકાલિકના વિચ્છેદની વાત સાંભળીને સ્પષ્ટપણે સમજી શકે કે તે લઘુવયના સાધુને થોડી મુદતમાં ભણવાલાયકનું દશવૈકાલિક નામનું શાસ્ત્ર સમર્થ આચાર્યો હોવાથી વિચ્છેદ થઈ શકે જ નહિ, પણ તે સમર્થ આચાર્યો કે તેના અનુયાયીઓને સૂત્ર ન માનવાનું હોવાથી વિચ્છેદના નામે ચઢાવી દીધું એવી રીતે જો કે દિગંબરમતવાળાઓ તે દશવૈકાલિક સરખા લઘુશાસ્ત્રને પણ માનતા નથી, તો પણ જૈનશાસનના દરેક શ્રદ્ધાળુઓ તેમજ તે શાસનમાંથી નીકળેલા બીજાઓ પણ તે દશવૈકાલિકસૂત્રની બરોબર માન્યતા રાખે છે, અને તેથી તે દશવૈકાલિકસૂત્રની ઉત્પત્તિના મૂળકારણભૂત લઘુમુનિને મનક કહેવા કે મહાન કહેવા એ લેખ જરૂર વિચારવા લાયક થઈ પડશે.

૧ જે કુળની અંદર જૈનધર્મના સર્વથી સંસ્કાર ન હતા તેવા કુળમાં મહાપુરુષ મનકની ઉત્પત્તિ થવાની હોવાને લીધે જાણે પ્રભવસ્વામી મહારાજે દીક્ષાવસ્તુનું બીજ વાવ્યું હોય તેમ જેને માટે બન્યું તે મુનિ મનક-મનાક્ કેમ કહેવાય ?

૨ જે લઘુમુનિ ગર્ભાવસ્થામાં પણ માતા પણ ન ઓળખી શકે તેવી સ્થિતિમાં હતા તેવે વખતે જેને ઘેર દીક્ષાની વસ્તુની છાયા પડી તે મુનિ મનક મનાક્ કેમ કહેવાય ?

૩ જે મુનિ માતા પણ બરોબર ન જાણી શકે તેવી સ્થિતિએ ગર્ભમાં હતા ત્યારે દીક્ષા વસ્તુથી કલેશની હોળીમાં સળગતા કુટુંબે હાયવોઈની લીલા ભજવી દીક્ષાવસ્તુ વ્યાપક બનાવી દીધી તે મુનિ મનક-મનાક્ કેમ કહેવાય ?

૪ દીક્ષાની વિરુદ્ધતાથી ઉદ્ધત બનેલા કુટુંબે જેઓશ્રીની માતાને દ્રવ્યદયાના દીર્ઘ નિઃશ્વાસથી ગર્ભવિષયક પ્રશ્ન કર્યો અને દીક્ષાવસ્તુને પ્રસરાવી તે મુનિ-મનાક્ કેમ કહેવાય ?

૫ જે મુનિરાજની માતાએ તે દ્રવ્યદયાના દાબડાવાળા દિલોજાન કુટુંબને ગર્ભ સંબંધી પ્રશ્નના ઉત્તરમાં મનાક્ એટલે માગધીમાં મનય એમ કહ્યું તે મુનિ મનક-મનાક્ કેમ કહેવાય ?

૬ જે મુનિ મહારાજની માતા, પિતાની દીક્ષિતપણાને લીધે પતિના વિયોગે પણ સૌભાગ્યના ચિહ્નો ધારણ કરતી હતી તે મુનિ મનક-મનાક્ કેમ કહેવાય ? (અર્થાત્ આચાર્ય મહારાજ શય્યંભવસૂરિએ સંસાર ત્રિવિધે ત્રિવિધે છોડી દીધો છે, છતાં સંસારવાળાઓએ તેમને કુટુંબ-માલિકીમાંથી કાઢી નાખ્યા નથી અને એ જ કારણથી સંસારમાં રહેલી એકલી માતાની રજા વિના પણ નાની આઠ વર્ષ જેવી ઉંમરે ઘણા કોશ દૂર નાસી જઈને લીધેલી દીક્ષામાં શિષ્યનિષ્ફેટિકા ગણાઈ નથી.)

૭ જે મુનિરાજે ફક્ત આઠ વર્ષની ઉંમરે દીક્ષાની ભવિતવ્યતાની પ્રેરણાથી જ હોય નહિ તેમ માતાને સૌભાગ્યપણાને અંગે 'મારો પિતા ક્યાં છે ?' એ પ્રશ્ન કર્યો એવી અનુકૂળ ભવિતવ્યતાવાળા મુનિરાજને મનક-મનાક્ કેમ કહેવાય ?

૮ જે મુનિરાજ માત્ર આઠ વર્ષની વયના હતા તે વખતે માતાએ દુર્લભબોધિપણાની લાયકના એવા વાક્યો કહ્યાં કે લુચ્ચા, પાખંડી શ્રમણો (સાધુઓ) તારા બાપને ભરમાવીને ઉઠાવી ગયા છે આવાં વાક્યો માતા તરફથી સાંભળ્યાં છતાં પણ જેને શ્રમણ ભગવંતો તરફ અરુચિ થઈ નહિ એટલું જ નહિ પણ શ્રમણ ભગવંતો તરફ સદ્ભાવ થવાને માટે શ્રમણ બનેલા પોતાના પિતા તરફ લાગણી દોરાઈ એ મુનિરાજ મનક-મનાક્ કેમ કહેવાય ?

૯ જે મુનિરાજ આઠ વર્ષ જેવી નાની વયમાં શ્રમણ ભગવંત થયેલા પિતાને મળવા માટે માને પૂછ્યા સિવાય શહેરમાંથી નીકળી જાય એ મુનિ મનક્ મનાક કેમ કહેવાય ?

૧૦ જે મુનિરાજ આઠ વર્ષ જેવી નાની વયમાં શ્રમણ ભગવંત બનેલા પિતાને માટે એકલો ઘણા ગાઉ સુધી ચાલી નીકળે તે મુનિરાજ મનક મનાક્ કેમ કહેવાય ?

૧૧ જે મુનિરાજ આઠ વર્ષની લઘુવયે માતાને પૂછયા સિવાય છાનામાના શહેરમાંથી નાસીને કઈ કોશ દૂર રહેલા શહેરની બહાર અચાનક શ્રમણ બનેલા પિતાને જ મળે તેવી અનુકૂળ સામગ્રીવાળા મુનિરાજ મનકને મનાક્ કેમ કહેવાય ?

૧૨ જે મુનિરાજ લઘુ ઉંમરમાં નહિ ઓળખેલા એવા પણ શહેરની બહાર મળેલા શ્રમણ ભગવંત થયેલા પિતાને વંદન કરવાને ભાગ્યશાળી થાય તે મુનિરાજ મનક મનાક્ કેમ કહેવાય ?

૧૩ જે મુનિરાજની જિજ્ઞાસા પોતાના શ્રમણ ભગવંત એવા પિતાને મળવાની હોવાથી વાસ્તવિક રીતે પિતા છતાં પણ તેમને પિતા તરીકે નહિ જાણવાથી મારા પિતાને તમે ઓળખો છો ? એવો પ્રશ્ન કરી પિતાની પાસે જ પિતાના પ્રશ્નને પૂછવાની હિંમત ધરાવનાર મુનિરાજ મનક મનાક્ કેમ કહેવાય?

૧૪ જે મુનિરાજ લઘુવયના હોવાથી તેમને તેમના પિતાજ પોતાની પિતા તરીકેની ખબર દેતા નથી, પણ શરીર અને જીવનું જુદાપણું આગળ કરી શય્યંભવને આત્મા તરીકે ગણાવતા બોલનાર એવા શરીરની વક્તાપણાની પરિણતિને આગળ કરી તે તારા શય્યંભવ પિતા મારા એક અભિન્ન મિત્ર છે એમ જણાવવામાં આવ્યું તે મુનિરાજ મનક મનાક્ કેમ કહેવાય ?

૧૫ જે મુનિરાજ લઘુવયના છતાં પિતા પણ નહિ ઓળખાયેલા ખુદ્ શય્યંભવ આચાર્યે પિતાને મળવાનું પ્રયોજન પૂછયું ત્યારે સ્વતંત્રપણે દીક્ષા લેવાનો અભિપ્રાય સ્પષ્ટ કર્યો એ મુનિરાજ મનક મનાક્ કેમ કહેવાય ?

૧૬ જે મુનિરાજને પિતા તરીકે નહિ ઓળખાએલા એવા શય્યંભવ આચાર્યે પોતાની પાસે દીક્ષા લેવાનું જણાવ્યું તે વખતે પિતાની પાસે દીક્ષા લેવાનો આગ્રહ નહિ રાખતાં તે શય્યંભવ આચાર્યની પાસે દીક્ષા લેવાનું કબુલ કર્યું તે મુનિરાજ મનક મનાક્ કેમ કહેવાય ?

૧૭ જે મુનિરાજ લઘુવયના અને પિતાની પાસે દીક્ષા લેવાના અભિપ્રાયવાળા છતાં પણ અજાણ્યા એવા શય્યંભવ આચાર્યની સાથે દીક્ષા લેવા ઉપાશ્રયે આવે છે તે મુનિરાજ મનક મનાક્ કેમ કહેવાય?

૧૮ જે મુનિરાજ લઘુવયમાં પણ અજાણ્યા એવા શય્યંભવ આચાર્યની સાથે ઉપાશ્રયે આવી પિતાની ખોળને ભૂલી જઈ માત્ર શ્રમણપણાને જ વધાવી લે છે તે મુનિરાજ મનક મનાક્ કેમ કહેવાય?

(અપૂર્ણ)

# સમાલોચના

૧ અઢાર વર્ષની અંદરની દીક્ષામાં બધે લેખિત સંમતિ લખનારે સંમેલનના ઠરાવો વિચારવા. (વીરશાસન)

૧. વ્યાખ્યાન વખતે મુહપત્તિ બાંધવી ને તે માટે કાન વીંધવાનું વિધાન કરનાર એક પણ પાઠ આપો. ૨. જિનેશ્વર મહારાજ અને અન્ય વ્યાખ્યાનકારોની યોગમુદ્રાનો ભેદ ખુદ્ ચૈત્યવંદન ભાષ્યકારે **धरन्ति मुहपोत्तियं नवरं** એમ કહીને સ્પષ્ટ જણાવ્યો છે. ૩. પુસ્તક વગર અગર પુસ્તક સાપડા ઉપર રાખી વાંચે તો યોગમુદ્રા અને નાના પુસ્તકને એક હાથમાં રાખી પ્રવચનમુદ્રા માને તો મુહપત્તિ હાથમાં રહી શકે છે. ૪. વ્યાખ્યાન સિવાયના સ્વાધ્યાયાદિમાં જલવાશે ને સાવદ્ય વચન નહિ થાય તો વ્યાખ્યાનમાં પણ તેમ કેમ નહિ થાય ? ૫. શ્રાવકને તેની રીતિએ પુસ્તકની કે તેમાંની સ્થાપનાની આશાતના ટાળવા બાંધવાનું હોય છતાં તમારે તેનું અનુકરણ કરવું હોય તો બધી વખત પુસ્તક ઝાલતાં બાંધવું. ૬. મણકા માટે ઉપદેશ રસાયન દેખવો. ૭. કિરણોનો સ્વભાવ પ્રસરવાનો છે ને તેથી ક્રાંતિનું કથન અબંધનને જણાવે છે. વર્ણનનો અધિકાર પણ નથી. ૮. બાંધનાર પક્ષે મુંબઈથી ચર્ચાપત્ર લખાવીને ચર્ચાની શરૂઆત કરી છે. (જૈન)

૧. પંચવસ્તુની ૯૫૭ મી ગાથાનું ચર્ચાસારવાળું તાત્પર્ય ગાથાનું ટીકાથી સંગત નથી એમ હવે તમે પણ માનો છો, તેમ તેમાં આપેલ અપિશબ્દ વક્તા ને શ્રોતાની સરખી અવસ્થા જણાવે છે તે વિચારો. ૨. ચર્ચા ન કરવાની તમારા પક્ષે કબુલાત લીધી એ વાતનું મૌખિક તત્ત્વ જવા દઈએ પણ ખુદ્ શેઠશ્રીનું ભાષણ વાંચવું. તે વખતે છાપું કાઢનારને પૂછો કે જેથી ખસ્યાનું માલમ પડે. ૩. તટસ્થથી સાચો નિર્ણય મળે નહિ એમ તમો માનો છો તે ઠીક નથી. તમો મધ્યસ્થ બુદ્ધિએ જેઓને તટસ્થ તરીકે નીમો તે કબુલ હતા તેથી તમને નીમવા લખ્યું હતું. ૪. ચોમાસાની દીક્ષાનો પુરાણ અને ભાવિત શ્રાદ્ધ માટે નિષેધ નથી એ હકીકત નિશીથભાષ્ય ૧૦ ઉ. થી સ્પષ્ટ છે. અન્ય માટેના નિષેધમાં દશ૦ વૃત્તિકાર મહારાજ પણ પ્રાયશબ્દ લખે છે. ૫. પરંપરારૂપે કહેવું ને શાસ્ત્રના અનર્થક પાઠો આપવા એ કેમ શોભે ? ૬. આચરણા ને આગમોક્ત કહેનારે સમજવું જરૂરી છે. ૭. નિર્હેતુક તેમજ સાવદ્ય આચરણા માનવાની શાસ્ત્રકારો સ્થાને સ્થાને મનાઈ કરે છે. ૮. શ્રી કાલકાચાર્ય મહારાજે **अंतरावि** પાઠથી આચારણા કરી છે તો તમારી આચરણામાં કોઈ પાઠ છે કે ? ૯. પર્યુષણા કલ્પકર્ષણમાં અપવાદના લેખો છે. ૧૦. ગણધર મહારાજે

વ્યાખ્યાન બાંધીને વાંચ્યાનો પુરાવો આપવો. ૧૧. વ્યાખ્યાન વાંચતા મુહપત્તિ વીંધેલા કાનમાં ભરાવવી એવો પુરાવો વિધાનવાળો આપ્યા પછી તેની પ્રમાણિકતા જોવાય. ૧૨. કાન ન વીંધ્યા હોય તો પણ વસતિ પ્રમાર્જતાં મુખ બાંધી શકાય છે એમ તમે માનો છો એટલે સાધુ થતાં પડિલેહણ કરવા કાન વીંધવા એવો પાઠ તો તમારે આપવો. ૧૩. થોડે અંતરે મુહપત્તિ રહેવાથી તે સુકાશે ને યતના પણ થશે. બાંધનારે સંમૂર્ચ્છિમની ઉત્પત્તિ ને હિંસામાં બચાવનો પાઠ દેવો. ૧૪. ચોથનું કારણ અધિકતા છે ને તે ચાલુ છે તેમજ તેની પ્રવૃત્તિનો નિશીથ આદિમાં સ્પષ્ટ લેખ છે. ૧૫. બાંધ્યાની વાત કહેનાર સર્વથા જુઠા છે. તમો તે માની તે પણ નવાઈ છે.

(મુંબઈ સમાચાર)

૧. પત્રકશબ્દથી કાગળ જ લેવા એ જુઠું હતું ને ? શાસ્ત્રકારે તો તાડપત્રાદિ લીધાં જ છે. ૨. ત્રણ કાણાંથી પ્રતનું લાંબાપણું ને તેથી મુહપત્તિનો હેતુ ગણાય. ૩. વસ્ત્રમાં લખેલ પત્રક કહેનારે અનુ૦ નો દ્વન્દ્વ જોવો. ૪. ઇ.સ. પૂર્વે પાંચમીનો લેખ આપવો. ૫. **इयरो ऽविमां** બાંધવાનો અર્થ કલ્પિત છે એમ માન્યું તે ઠીક છે. **विधिगृहीतया०** થી બાંધવાનો અર્થ કહેનારને શું કહેવું? ૬. ઉપધિમાં અશક્તિ કારણ ગણાય અહીં તો દરેક આંટે પ્રાયશ્ચિત છે. ૭. હાથથી યોગમુદ્રા છે તો તેમાં આપેલ મુહપત્તિધારણનો અપવાદ મુખને નહિ વળગે. ૮. **उपमुखं** ને સ્થાને **उपमुखकर्णं** નો પાઠ લાવવો. ૯. આઠ પડ મુહપત્તિના હોય એ વાતને બાંધવામાં સમજનારે વાંચતાં ધ્યાન રાખવું. ૧૦. તે દેશનાના અધિકારે છે જુઓ **शुश्राव देशनां** ૧૧. વિધિપ્રપા નથી એમ નહિ પણ જિનભદ્ર અને શીલાંકાચાર્યની વિધિપ્રપા બતાવવી. ૧૨. શ્રી ઉત્તરાધ્યયન, પંચવસ્તુ, ઓઘનિર્યુક્તિ આદિમાં પડિલેહણ વિધિ છે. ત્યાં ઉપધિ પડિલેહણ કરતાં બંધન છે? ૧૩. અન્યો ન વાંચે ને સ્નાતસ્યા ન કહે તેમાં ઈતરનું જોર નહિ. ૧૪. પાંચમ કરનાર નિશીથચૂર્ણિને માને છે ને તેમાં એક જ તિથિ કહી છે. ૧૫. "મુહપત્તિના વિષયો વિષે ચર્ચા થશે નહિ એમ હું જ્યારે સર્વ ગચ્છોના મુનિઓને આમંત્રણ આપવાને મળ્યો હતો ત્યારે મેં (વાતાવરણની શાંતિ માટે) કબુલ કર્યું છે." એ વાક્ય વિચારશો તો કબુલાત કોણે લીધી તે જણાશે.

(સ્વ૦ પત્ર)

૧) અનંતાનુબન્ધી અને દર્શનમોહનીયને શમાવનાર કે ખપાવનાર સર્વવિરતિ કરતાં અસંખ્યાતગુણી નિર્જરાવાળા છે, અને તે સમ્યગ્દર્શનનો હેતુ છે, એ વાત તત્વાર્થ તથા આચારાંગ એ બન્નેના પાઠોથી સિદ્ધ છે.

૨) ધર્મની ક્રિયા ને અનન્તાનુબન્ધી આદિનો ક્ષય વિગેરે ભિન્ન છે એમ સ્પષ્ટ (અનંતાનુબન્ધી અને દર્શનમોહનીયના ક્ષાયદિથીજ સમ્યગ્દષ્ટિપણું થાય છે, એ વાત જૈન બાળકો પણ સમજી શકે છે.

(૩) પ્રથમ સમ્યક્ત્વમાં પણ અનંતાનુબન્ધી અને દર્શનમોહનીયનો ઉપશમ આદિ તો છે જ.

(૪) ઔપશમિક કે ક્ષાયિક સમ્યક્ત્વને પામવાવાળા ઉપશમક કે ક્ષપક શ્રેણીવાળા જ લેવા બીજા તેવા કેમ ન લેવા ?

(૫) સમ્યગ્દૃષ્ટિ શબ્દ ત્રણે પ્રકારના સમ્યક્ત્વ કહેનારને લાગે.

(૬) ચોથા પ્રશ્નમાં લખેલો 'અને' શબ્દ વિચારવો.

(૭) પાંચમા પ્રશ્નમાં હવે રજાને વોસરાવવાનું રૂપ દીધું છે. (વોસરાવવાનું સાધ્વીપણું લેવા વિગેરેમાં જ હોય છે રજાથી સાધુ થયેલાના મરણે સ્ત્રી સૌભાગ્યનાં ચિહ્ન કાઢે પણ છે.) (મનકમુનિની માતાનાં સૌભાગ્ય ચિહ્ન શાસ્ત્રસિધ્ધ છે અને તે સ્વામિત્વની હયાતિને અંગે જ છે.)

(૮) છઠ્ઠા પ્રશ્નમાં શિષ્યનિષ્ફેટિકાનો પ્રશ્ન ન લાગુ પડે એમ કહેનારો અપવાદમાં કેમ લેવું પડયું એ વિચારવું.

(૯) अत एव નો સંબંધ ન હતો એમ કહેનારા ગ્રંથકારને કેવા માન્યા ?

(૧૦)ઐદંપર્યની વાત કરનારે વાક્યાર્થને જ છોડી દેવો એ સાહસ છે, અધિકાર હોય છતાં પાઠમાં નથી એમ બોલવું તે તો વિચારવાનું જ છે. दापिता ને પ્રયોગ ને હાલિકનો અધિકાર તો તે વસ્તુને સ્પષ્ટ કરે જ છે.

---

(૧૧૪ મા પાનાનું અનુસંધાન)

પ્રશ્ન ૭૩૬-ઊંટડીના દૂધનો વિગઈમાં ભેદ છે તો તેને અભક્ષ્ય કહેનારા આજે અભક્ષ્ય જેવું છે એમ કેમ કહે છે ?

સમાધાન- દૂધના પાંચે ભેદ ભક્ષ્ય છે પણ અભક્ષ્ય નથી એમ પચ્ચખ્ખાણભાષ્ય, પંચવસ્તુ, આવશ્યક વિગેરેથી સ્પષ્ટ થાય છે અને ઊંટડીનું દૂધ વધારે કાળ સારું ન રહેવાથી નિવીયાતાના અધિકારમાં શ્રાવકને માટે અયોગ્ય જણાવ્યું છે, પણ તેટલા માત્રથી સર્વથા ઊંટડીના દૂધને અભક્ષ્ય માનનારાની માન્યતા વ્યાજબી નથી. વધુ માટે જુઓ શ્રી સિદ્ધચક્ર વર્ષ બીજું પા. ૫૦૧, ૫૭૪, ૫૭૫

પ્રશ્ન ૭૩૭-ભગવાન મહાવીર સંસારમાં બે વરસ ઝાઝેરા મોહને વશ રહ્યા કે ભાવિભાવ જાણીને રહ્યા હતા ?

સમાધાન- ભગવાન મહાવીર મહારાજની પોતાના માતાપિતાની અનુકંપાને લીધે કરેલી તેઓના જીવતાં સુધી દીક્ષા નહિ લેવાની પ્રતિજ્ઞા પૂર્ણ થઈ હતી અને પોતે દીક્ષા લેવા તૈયાર થયા ત્યારે શ્રી નંદિવર્ધન આદિ સ્વજનોએ કરેલી બે વરસની વિનંતિ સ્વીકારતાં પોતાનો દીક્ષાકાળ બે વરસ પછી છે એમ અવધિજ્ઞાનથી જાણેલું હતું પણ તે કંઈક અધિક બે વરસ ઘરમાં રહેવું થયું તે મોહના ઉદય સિવાય તો નથી જ. ભાવિભાવ કહેવાથી પણ કંઈ મોહોદય ન હતો એમ તો કહેવાયજ નહિ. નાશ થઈ શકે એવો પણ મોહનો ઉદય ભગવાન મહાવીરને તે વખતે હતો એમ શાસ્ત્રકારો સ્પષ્ટ જણાવે છે.

(અનુસંધાન ટાઈટલ પા. ૨ જા નું)

૧૧ રાજા, મહારાજાપણું વિગેરે જગતમાં ગણાતા ઉત્કૃષ્ટ પદો ધર્મથી જ મળે છે.

૧૨ એકાકી છતાં શત્રુના સમગ્ર લશ્કરને ઝાડ ઉખેડી ને તે દ્વારાએ પણ હંફાવનારા એવા બલદેવની પદવી તે પણ ધર્મથી જ થાય છે અને તે જ બલભદ્રના નાનાભાઈ છતાં પણ કોટીશિલાને ઉપાડનાર તથા દેવતાઈ ચક્ર વિગેરે હથિયારોથી અજેયપણું મેળવનાર વાસુદેવપણું પણ ધર્મથી જ મળે છે.

૧૩ નવનિધાનના માલિક ચૌદ રત્નના સ્વામી છએ ખંડના અધિપતિ ૯૬ કરોડ ગામ અને ૯૯ કરોડ પાયદળના માલીક, ૬૪ હજાર રાણીઓના સ્વામી, ૮૪ લાખ અશ્વ, રથ, હાથી વિગેરેના અધિપતિ એવા ચક્રવર્તીઓ પણ ધર્મના પ્રતાપે જ થાય છે.

૧૪ અનેક પ્રકારની વૈક્રિય આદિની લબ્ધિઓને ધરાવનાર, પૃથ્વીને છત્ર અને મેરૂને દણ્ડ કરવાની શક્તિવાળા, ચાલતા મનુષ્યનું પણ મસ્તક કાપી તેનો ચૂરો કરી મેરૂની ચૂલિકાથી ફુંકી દઈ તેજ સર્વ પુદ્‌ગલોને એકઠા કરી તેનું મસ્તક બનાવી મનુષ્ય શરીર ઉપર જોડી દે તો પણ તે ચાલનાર મનુષ્યને માલુમ ન પડે એવા અસાધારણ પ્રભાવને વરનાર એવા દેવતાઓનો ભવ પણ ધર્મથી જ થાય છે.

૧૫ સમગ્ર દેવતાઓના સ્થાન દેવલોકની માલીકીને ધારણ કરનારા, લાખ્ખો દેવતાઓ જેના આત્મરક્ષક હોય છે, અસંખ્યદેવો જેને અનુસરીને ચાલનારા હોય છે એવી ઇંદ્રપણાની દશા મેળવી આપનાર ધર્મ સિવાય બીજો કોઈ નથી.

૧૬ ગ્રૈવેયક અને અનુત્તર જેવા વિમાનોમાં સર્વ સ્વાતંત્ર્યના ધૂરને ધારણ કરનાર એવી अहमिन्द्रता પ્રાપ્ત કરાવનાર પણ શ્રી જિનેશ્વર મહારાજે જગતના જીવ માત્રના ઉધ્ધારને માટે નિરૂપણ કરેલો સંયમાદિ રૂપ ધર્મ જ છે.

૧૭ ત્રણે જગતને પૂજ્ય, ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ અને મોક્ષના દિવસે ચૌદે રાજલોકના સમગ્રજીવોને યાવત્ નિકાચિત દુઃખના સ્થાનરૂપ નારકીઓને પણ શાતા પમાડનાર, વિચ્છેદ પામેલ મોક્ષમાર્ગને જાહેર કરી મોક્ષની પ્રાપ્તિને પ્રવર્તાવનાર उपन्नेइवा, विगमेइवा, धूवेइवा એવા માત્ર ત્રણ પદોથી જ જેના પ્રભાવે અનેક ગણધરો ૧૬૩૮૩ મહાવિદેહના હાથી પ્રમાણ શાહીથી લખી શકાય એવા ચૌદપૂર્વોને રચનાર તરીકે બનાવનાર, હજારો લાખો ક્રોડો વર્ષો અને સાગરોપમ સુધી અવિચ્છિન્નપણે મોક્ષ માર્ગની પ્રવૃતિ રૂપ શાસનને સરજનાર એવું તીર્થંકરપણું પણ ધર્મના પ્રભાવથી જ થાય છે.

૧૮ જગતમાં એવી કોઈપણ આધિભૌતિક, આધિદૈવિક કે આધ્યાત્મિક એવી કોઈપણ વસ્તુ નથી કે જે ધર્મના પ્રભાવથી પ્રાપ્ત ન થઈ શકાય અર્થાત્ સર્વ જગતમાં સર્વ ઇષ્ટ વસ્તુના સર્વ સમાગમો એ માત્ર ધર્મના પ્રભાવે જ પ્રાપ્ત કરી શકાય છે.

આવી રીતે બાળાદિક જીવોની યોગ્યતા અનુસરીને લક્ષણદ્વારાએ, ઉપમાદ્વારાએ, રૂપકદ્વારાએ અને ફળદ્વારાએ જણાવેલ ધર્મનો મહિમા સાંભળી શ્રેયઃ કામી સજ્જનોએ ધર્મ તરફ પ્રવૃત્તિ કરવી એ આવશ્યક છે એ સહેજે સમજી શકાય તેમ છે.

# આધ્યાત્મિક અને બાહ્ય સુખની સાચી ચાવી

## ધર્મધૂરાનું યાને ધરખમપણું.

જગતભરમાં જીવનને ધારણ કરવાવાળા જીવો મંગલિક (સારા) પદાર્થોની ચોવીસે કલાક ચાહના કરે છે, પણ સારામાં સારો પદાર્થ કયો છે તે જાણવા માટે મહર્ષિઓ ફરમાવે છે કે :-

સારામાં સારો ઉત્કૃષ્ટ પદાર્થ 'ધર્મ' છે. આજ વાત એક મનકમુનિ સરખા આઠ વર્ષના લઘુ મુનિને સમજાવવામાં આવી હતી, આચાર્ય ભગવાન શ્રી ધર્મઘોષસૂરિજીએ ધનાસાર્થવાહને પણ એ જ વાત **धर्मोमंगलमुत्कृष्टं** એમ કહી જણાવી હતી. અર્થાત્ એક નાના બાળક મુનિને અને એક સમર્થ સાર્થવાહને ઉપદેશ દેવા લાયક સરખી ચીજ હોય તો તે **ધર્મની ઉત્કૃષ્ટમંગળતા** જ છે.

આવી રીતે બાળ જીવને માટે એક પદથી, યાદ રાખી શકાય અગર ગોખી શકાય તેવી રીતે ધર્મનું ઉત્કૃષ્ટ માંગલિકપણું જણાવીને મધ્યમ બુદ્ધિને માટે શ્રી ધર્મઘોષસૂરીશ્વરજી જણાવે છે કેઃ- **धर्मस्स्वर्गापवर्गदः**

એટલે દરેક દીર્ઘદર્શી જીવોએ સુખ અને પરમ સુખના ધામ તરીકે માનેલો, સ્વર્ગ અને મોક્ષ એ બન્નેને દેનાર પણ ધર્મ જ છે. (ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે તે જગા પર **धर्म** પદ આવી ગયેલ હતું છતાં આ બીજા પદમાં પણ **धर्म** પદ મૂકવાથી સ્પષ્ટ થાય છે કે :-બન્ને પદનાં બન્ને વાક્યો જુદાં છે અને તેથી તે જુદા જુદા ઉપદેશને ઉદ્દેશીને કહેવા લાયક છે.) કોઈ પણ જીવ પુણ્ય રૂપ ધર્મની તીવ્રતા સિવાય સ્વર્ગને પ્રાપ્ત કરી શકતો નથી, અને નિર્જરા ધર્મની પરમ પ્રકર્ષ દશા પ્રાપ્ત થયા વિના, અવ્યાબાધ સુખમય, મોક્ષને મેળવી શકતો નથી માટે સત્ય જ કહ્યું છે કે **સ્વર્ગ અને મોક્ષને દેનાર ધર્મ જ છે.**

આવી રીતે બાળ જીવોને અંગે ધર્મનું ઉત્કૃષ્ટ માંગલિકપણું, અને મધ્યમબુદ્ધિ જીવોને અંગે સ્વર્ગ અને મોક્ષને દેવાનું સામર્થ્ય ધર્મમાં જ છે એમ જણાવી જેઓ વિચક્ષણ હોઈ મોક્ષ પદાર્થ હેય, આદેય નથી કિન્તુ કેવલ આત્માની પરમશુદ્ધ દશા જ મોક્ષ છે એમ સમજે અને સ્વર્ગ એ વાસ્તવિક સુખનું સ્થાન નથી કિન્તુ સ્વર્ગનું સુખ, એ કેવલ બાહ્ય દુઃખોના ઉપચાર રૂપ જ છે, પણ વાસ્તવિક સુખ તો તેજ છે કે જે આત્મામાં સ્વભાવે રહેલું છે એવું સમજનાર બુધ જનોને માટે માત્ર તે મોક્ષના પ્રતિબંધને દૂર કરવાની જ જરૂર રહે તેથી શ્રુતકેવલી સરખા આચાર્ય ભગવાન્ શ્રી ધર્મઘોષસૂરિવર્ય ફરમાવે છે કે :- **धर्मः संसारकान्तारोल्लंघने मार्गदेशकः।**

અનુસંધાન ટા. પા. ૨

તૃતીય વર્ષ, અંક ૬ ઠ્ઠો.

Registered No. B.3047




શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

(ટાઈટલ પા. ૪ નું અનુસંધાન)

રહેલો ધર્મ જ છે. (તેવા હિતૈષી અને અદ્વિતીય ધર્મબંધુની મદદ જેઓને નથી હોતી તેઓ જ અપાર દુઃખદરિયામાં ડુબી જાય છે. જગતના વિચિત્ર સંજોગોમાં એકી સાથે રહેલાં વિવિધ પ્રાણીઓમાં થતા સુખદુઃખાદિ ફળની વિચિત્રતા દેખનારા કોઈપણ મનુષ્યથી આ ધર્મનો મહિમા સ્વીકાર્યા સિવાય છૂટકો જ નથી. સરખા સંજોગોમાં વિચિત્ર ફળો પ્રાદુર્ભાવ માનવો તે વિચિત્ર કારણને લીધે જ છે એ અક્કલમંદોથી અજાણ્યું નથી. હવા,પાણી, પૃથ્વીઆદિક બીજા બીજા હેતુઓને કલ્પતા છતાં પણ તે હવાદિકના તેવા સંજોગોમાં અંતતઃ ધર્મ (પુણ્ય) ને કારણ માન્યા સિવાય છૂટકો જ નથી.)

૩. પૃથ્વીની ચારે બાજુ સમુદ્ર વિંટાયેલો છે, અને તે સમુદ્રનું પાણી પૃથ્વીની સપાટી કરતા અનુક્રમે હજારો જોજન ઉંચું થઈ જાય છે, છતાં તે પાણી જે દ્વીપને ડુબાડતું નથી, તે દ્વીપમાં રહેલા જીવનધારી જીવોના પુણ્યનો જ પ્રભાવ છે. (વર્તમાન લોકોની માન્યતા પ્રમાણે પણ પૃથ્વીદળના ભાગ કરતાં પાણીના દળનો ભાગ ત્રણ ગણો છે, અને તે મોટો પાણીનો ભાગ કોઈ પણ વ્યક્તિથી નિયમિત કરાયેલો નથી, છતાં તે ત્રણ ગુણો પાણીનો ભાગ પૃથ્વીને ભેદી નાખતો નથી, તેમજ પૃથ્વી પર ફરી વળતો પણ નથી, તેમાં જો કોઈપણ મુખ્ય કારણ હોય તો તે પૃથ્વી ઉપર જીવન ધારણ કરનાર જીવોનો પુણ્યપ્રભાવ જ છે.)

૪. જગતભરના જીવોમાં જેઓ વૈક્રિય શરીરને ધારણ કરનારા ન હોઈ, આકાશમાંથી સ્વતંત્ર વૈક્રિય પુદ્ગલ લેવાવાળા નથી તે સર્વને સ્થૂળ શરીર ધારણ કરવામાં ખોરાકઆદિ માટે વરસાદની જરૂર રહે તે સ્વાભાવિક છે અને તે વરસાદ કોઈપણ વ્યક્તિ કે સમુદાયના કાબુમાં નથી, પણ ફક્ત તે વરસાદની ઉપર આધાર રાખનાર પ્રાણીઓના પુણ્યપ્રભાવના જ કાબુમાં છે. (વરસાદના જુદા જુદા પ્રવાહો જુદા જુદા દેશ ઉપર જુદી જુદી રીતે ગમન કરવાવાળા માનવામાં આવેલા છતાં પણ સર્વ ક્ષેત્રોમાં, સર્વ વર્ષોમાં સરખી રીતે તે તે ક્ષેત્રને અંગે આવતા તે તે પ્રવાહોનું નિયમિત ગમન નથી હોતું, તે હકીકત વિચક્ષણોની નજર બહાર નથી, પણ પૂર્વ ભવોએ જેઓએ પુણ્યઉપાર્જન કરેલું હોય તે જીવોના પુણ્યના પ્રમાણમાં જ વરસાદનું વરસવું થાય છે અને તેથી વરસાદ તે પૃથ્વીને તે પ્રમાણમાં જ નવપલ્લવિત કરે છે, કે જેમાં જેટલા પુણ્યવાળા જેટલા પ્રાણીઓ રહેતા હોય-સર્વ કાળે, સર્વ ક્ષેત્રમાં એક સરખો સમુદ્રનો પ્રવાહ અને વૃષ્ટિનો પ્રવાહ રહ્યો નથી અને રહેતો નથી એ વાત ભૌગોલિક વિદ્વાનોની ધ્યાન બહાર નથી. જુદે જુદે કાળે, જુદા જુદા ક્ષેત્રમાં પ્રકર્ષ, મધ્યમ અને જઘન્ય પુણ્યવાળા પ્રાણીઓ વસે, જન્મે, તેમજ પ્રકર્ષ, મધ્યમ અને જઘન્ય પાપવાળા પણ વસે અને જન્મે અને તેથી વૃષ્ટિ પ્રવાહનું અનિયમિતપણું થાય એ હકીકત વિચારતાં પુણ્ય (ધર્મ) ને વરસાદના મુખ્ય કારણ તરીકે માનવો તે સ્વાભાવિક છે.) જો કે કેટલાકો પૃથ્વી પર વસવાવાળા જીવોના જીવનની રક્ષા માટે વરસાદની જરૂરીયાત માને છે, પણ તે વરસાદની સ્થિતિને યજ્ઞ અને સૂર્યદ્વારાએ અવલંબેલી રાખી, યજ્ઞની સિદ્ધિ કરવાના દુરાગ્રહને પાષવા મથે છે, પણ આર્યાવર્ત કે જ્યાં સરખી રીતે યજ્ઞનો સંભવ હોય છે ત્યાં પણ સર્વ વર્ષોમાં સરખી રીતે વરસાદનો સદ્ભાવ હોતો નથી, અને અનાર્ય ક્ષેત્રો અને દરિયા વિગેરે જલના સ્થાનોમાં કોઈપણ યજ્ઞ વિગેરે કરતું નથી, છતાં તે અનાર્ય ક્ષેત્ર અને જલસ્થાનોમાં વરસાદ નથી વરસતો એમ નથી, માટે વરસાદના કારણ તરીકે દુરાગ્રહ તરીકે યજ્ઞક્રિયાને ન ગોઠવતાં તે તે જીવોના પૂર્વભવના પુણ્યોને સર્વવ્યાપક હોવાથી માનવો વ્યાજબી છે. ધ્યાનમાં

(જુઓ અનુસંધાન પા. ૧૪૩)




(પાક્ષિક)

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ ☞ ઉદ્દેશ ☜ છૂટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

तीर्थेशा दत्तमार्गाः सततगुणिपदाः सिद्धिसाम्राज्यभाजः,
पंचाचारप्रवीणा गणिन इह सदाध्यापका वाचका ये ।
साहाय्यात् मोक्षसिद्धौ मुनय उदितभा अन्विताः शुद्धदृष्ट्या,
ज्ञानेनावद्यमुक्त्या विविधसुतपसा सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

મોક્ષમાર્ગ સદા દિયે જે જિનવરો ગુણ ધારતા, સિદ્ધ નિત્ય ગણેશ પંચાચારધારક વાધતા;
અધ્યાપકો વરવાચકો શિવસાધને મુનિ જોડમાં, એ પાંચસંયુત બોધદર્શન ચરણતપ સિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક"

| | | |
|---|---|---|
| તૃતીય વર્ષ<br>અંક ૬ ઠ્ઠો | મુંબઈ તા. ૫-૧-૩૫ શનિવાર<br>માગસર વદિ ૦)) | વીર સંવત્ ૨૪૬૧<br>વિક્રમ સંવત્ ૧૯૯૧ |

# આગમ-રહસ્ય.

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ.

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોનું નોઆગમ વ્યતિરિક્ત દ્રવ્યનંદીના મૂળ અધિકારમાં દ્રવ્યપૂજાને અંગે પરોપકારમાં નિરતપણું જણાવવા માટે ભગવાન શ્રી મહાવીર પરમાત્માની સમ્યક્ત્વ પહેલાં પણ

તેમના જીવની તથા ભવિતવ્યતાને અંગે રહેલી ઉત્તમતા જણાવવા સાથે પરોપકાર વૃત્તિ આગળ જણાવી ગયા. તે પ્રસંગમાં એ વાત જરૂર ખ્યાલમાં રાખવાની છે કે જો તે નયસારનો જીવ સ્વાભાવિક રીતે અનુકંપાગુણને ધારણ કરનારો ન હોત તો તે જંગલમાંથી ઉતરીને આવેલા સાધુઓની દુઃખમય સ્થિતિને દેખીને અનુકંપા ધરાવી શકત નહિ. વળી, જંગલ જેવા સ્થાનમાં દાન દેવાની બુધ્ધિ કે જે સમ્યગ્દર્શન ન હોવાથી અનુકંપા બુદ્ધિથી જ થાય તે તો આવત જ નહિ. વળી તે નયસાર એકલા ક્ષુધાતૃષા આદિના બાહ્ય દુઃખને લીધે જ અનુકંપા ધરાવી શક્યો એટલું જ નહિ પણ સાધુઓ સાર્થથી જુદા પડેલા હોવાથી તેમને સાર્થની સાથે મળવાની જે ચિંતા, તે ચિંતાને ટાળવારૂપ અનુકંપા પણ તેના હૃદયમાં બરોબર વસી ગઈ કેમકે તે શ્રી નયસારના ચરિત્રને જણાવનારા કોઇપણ ગ્રંથમાં મુનિઓએ માર્ગ દેખાડવા માટે નયસારને પ્રેરણા કરી હોય એવો ઉલ્લેખ જ નથી, પણ સ્થાને સ્થાને તેવો ઉલ્લેખ છે કે સુવિહિત શિરોમણિએ આહારપાણી કર્યું પછી સ્વયં નયસાર તેઓશ્રીની પાસે આવીને પ્રેરણા કરે છે કે-હે મહાભાગ્યશાળીઓ આપ પધારો, હું આપને માર્ગ દેખાડું, આવી રીતે પ્રેરણા કરીને પોતાથી અપરિચિત અને જુદા ધર્મવાળાને માર્ગ દેખાડવા પ્રવૃત્તિ કરવી તે તે નયસારમાં અનુકંપાગુણની વિશિષ્ટતા જણાવવા સાથે પરોપકાર વૃત્તિની વિશિષ્ટતા જણાવવા માટે ઓછું ગણાય નહિ. અર્થાત્ આહાર આદિનું દેવું જેમ પરોપકારવૃત્તિના ગુણથી જ બન્યું છે, તેમ સ્વયં પ્રેરણા કરીને માર્ગ દેખાડવા જવું તે પણ અત્યંત તે જીવની પરોપકારવૃત્તિને આભારી છે. જગતમાં કેટલાકો આંગળી માત્રથી નિર્દેશ કરી પરોપકારની બુધ્ધિ દાખવવાળા હોય છે, પણ પોતે સ્વયં સાથે ચાલી, પ્રેરણાપૂર્વક માર્ગે ચઢાવવા તૈયાર થનારા પરોપકારીઓ ઘણા દુર્લભ હોય છે. વર્તમાન કાળમાં કેટલાક સાધુમહાત્માઓને એ વાતનો સ્પષ્ટ અનુભવ છે કે તેઓ કોઇ ગામમાં ગયા હોય અને તેઓને દુકાન ઉપર બેઠેલો કુલથી જૈનધર્મવાળો હોય અને તિલક કરેલું હોવાથી સામાન્ય રીતે ધર્મના સંસ્કારવાળો હોય, તેવાને માત્ર ઉપાશ્રયનું સ્થાન પૂછયું હોય ત્યારે તે મહાનુભાવ આંગળીના ટેરવે ઉપાશ્રયનો રસ્તો દેખાડે છે, પણ એવો કોઈક જ મહાનુભાવ હોય છે કે જે સાધુ મહાત્માને ઉપાશ્રય દેખાડવા માટે સ્વયં પ્રવૃત્ત થાય અને સાથે ચાલે જ્યારે આવી રીતે કુલથી જૈનધર્મવાળા અને કાંઇક સંસ્કારવાળાને પણ ઉપાશ્રયનો માત્ર માર્ગ દર્શાવવામાં પ્રવૃત્તિ થવી મુશ્કેલ પડે છે, તો પછી તે નયસારનું સાર્થમાં મળી શકે તેવી રીતના માર્ગને દેખાડવા માટે સાધુ મહાત્માઓની સાથે પ્રયાણ કરવાનું થયું છે તે તેની પરોપકારવૃત્તિ જણાવવા માટે બસ છે. કેટલાક ગ્રંથકારોએ નયસારની સાથે ઘણા ગાડાં અને નોકર-ચાકરો હોવાનું સ્પષ્ટપણે જણાવ્યું છે તેને અંગે વિચાર કરીએ તો એ વધારે સ્પષ્ટ થાય છે કે ગાડાં અને નોકરોની ચિંતાને પણ તેણે માર્ગ દેખાડવારૂપ પરોપકારને અંગે ગૌણ કરેલી છે, એટલું જ નહિ પણ વર્તમાનમાં ભાવિક ગણાતા શ્રાવકોએ પણ ત્રિલોકનાથ તીર્થંકરની સેવા, ગોઠી એવા નોકરોને, તરણતારણના કાર્યમાં પ્રવહણ સમાન સાધુ મહાત્માઓને

આહારદાનાદિક ભક્તિ રસોઈયા આદિ નોકર દ્વારા અને પાણી ગાળવું, ધાન્ય વીણવું, શાક શોધવું વિગેરે ધર્મ રાખી શકે તેવાં કાર્યો, ઘાટી કે ભૈયા આદિ નોકરદ્વારાએ કરતાં નજરે આવે છે, તો પછી તે નયસાર પોતાની સાથેના નોકરચાકરોને સાધુ મહાત્માઓને માર્ગ દેખાડવાનું નહિ ભળાવતાં પોતે જ જાતે તેઓશ્રીને જે માર્ગ દેખાડવા જાય છે તે જ તેમની પરોપકાર વૃત્તિની વિશિષ્ટતા જણાવે છે.

આ પૂર્વે જણાવ્યા પ્રમાણે તે નયસારની પરોપકારવૃત્તિની વિશિષ્ટતા એટલા માટે જણાવવી પડી છે કે સાધુ મહાત્માઓને તે નયસાર ધર્મ પામવાને લાયક લાગ્યો અને તેથી માર્ગે ચાલતાં પણ ધર્મોપદેશ દેવાનું યોગ્ય જણાયું, કેમકે તે નયસારની ધર્મોપદેશે માટે બીજી કોઇ યોગ્યતા જાણવાની પ્રવૃત્તિ થઇ હોય તેવું શાસ્ત્રમાં વિધાન દેખાતું નથી, અને અપરિચિત અને વિધર્મી છતાં દાન દેવાની થયેલી બુદ્ધિ એ સામાન્ય પરોપકાર વૃત્તિ જણાવનારી હોય અને આ માર્ગ દેખાડવાની પ્રવૃત્તિ વિશેષ ઉપકારને જણાવનારી થાય, ને તેથી સાધુ મહાત્માઓને નયસારની ધર્મયોગ્યતા લાગે તો કાંઈ આશ્ચર્ય નથી. જો કે સાધુ મહાત્માઓ સર્વ જીવોને ધર્મોપદેશ આપવાને કટિબદ્ધ હોય છે, કેમકે તેઓની ભાવના જ એવી હોય છે કે જગતના સર્વ જીવો લોકોત્તર માર્ગને પામી શાશ્વતપદ મેળવનારા થાય અને તેથી જ મહાપુરુષો ઉપસ્થિત અને અનુપસ્થિત સાંભળવા તૈયાર થયેલા અને નહિ થયેલા સર્વને ધર્મોપદેશ આપે એમ શાસ્ત્રકારો ફરમાન કરે છે, તો પછી આ નયસારને અંગે કોઈક વિશિષ્ટ યોગ્યતા તે સુવિહિત શિરોમણિઓએ દેખેલી હોવી જોઈએ કે જેને અંગે આ યોગ્ય છે એમ ધર્મોપદેશને માટે કારણ શાસ્ત્રકારોએ જણાવ્યું. જે ચરિત્ર ઉપલબ્ધ થાય છે તેને આધારે ઉપર જણાવેલી આહારદાન અને માર્ગદર્શનને માટે ચાલવાની પ્રવૃત્તિ જ તે મહાત્માઓને ધર્મોપદેશની યોગ્યતાના કારણ તરીકે લાગી હોય તો નવાઇ નથી. વિશેષમાં તે મહાત્માઓ શુદ્ધ ચારિત્રવાળા હોઈ અવિધિને ટાળવામાં તૈયાર હોય તે તો સ્વાભાવિક જ છે, છતાં પણ કેટલાક શાસ્ત્રોના જણાવવા પ્રમાણે તે સુવિહિત શિરોમણિઓએ માર્ગે ચાલતાં જે ધર્મોપદેશ આપ્યો તે અવિધિ ગણાય તેમાં બે મત થઇ શકે તેમ નથી, છતાં તે અવિધિનું કાર્ય તે સુવિહિત શિરોમણિઓએ જે કર્યું તે અનુચિત છે એમ કોઇ પણ ધર્મપ્રેમી કહી શકશે નહિ. શાસ્ત્રમાં ઉત્સર્ગ અને અપવાદ બંને માર્ગો યથોચિત કર્તવ્યપણે જણાવેલા છે અને તેથી તે સુવિહિત શિરોમણિઓને માર્ગે ચાલતાં પણ દેશનાદેવારૂપ અપવાદ માર્ગનું આલંબન કરવું પડયું હોય તો તે આલંબન શાસ્ત્રવિરૂદ્ધ હતું એમ કહેવાને કોઈ પણ સમજુ તૈયાર થઇ શકે નહિ. આ અપવાદ માર્ગના આલંબનને કહો કે અવિધિને કહો, કોઈ અનુમોદતું નથી, પણ તે દેશનાથી નયસારને થયેલું સમ્યક્ત્વ દરેકને અનુમોદનીય જ છે. આવા વિધિ, અવિધિ અને ધાર્મિક કાર્યોના વિભાગો ધ્યાનમાં ન રાખતાં

જો તેવી અવિધિ માત્રથી કાર્યની છોડવા લાયક સ્થિતિ માનવામાં આવે તો આ નયસારને થયેલું સમ્યક્ત્વ અને સાધુ મહાત્માઓએ કરેલી દેશના એ કાર્ય તિરસ્કાર લાયક જ થાય, પણ અવિધિ નિંદવા ને વર્જવા લાયક છતાં, પ્રમાદયોગે કથંચિત્ થયેલી અવિધિથી તે ધાર્મિક કાર્ય વર્જવાલાયક થઇ શકે નહિ, અને તેથી જ તે સુવિહિત શિરોમણિઓની દેશના અને નયસારની સમ્યક્ત્વ પ્રાપ્તિને કોઇ પણ શાસ્ત્રકારોએ ઉપર જણાવેલા અપવાદ કે અવિધિ છતાં પણ અયોગ્ય દેખાડી નથી.

કોઇક મનુષ્ય તો અવિધિ ટાળવાના ખપપૂર્વક વિધિથી કરાતા ધાર્મિક અનુષ્ઠાનોમાં કથંચિત્ અવિધિ થાય તો પણ તે ધાર્મિક અનુષ્ઠાનને શાસ્ત્રકારોએ ભાવધર્મ જણાવ્યો છે, અને અવિધિ ટાળવાનો કે વિધિને આદરવાનો ખપ ન કરે અને યદ્વાતદ્વા ધર્માનુષ્ઠાન આચરે તેને દ્રવ્યધર્મ તરીકે જણાવ્યો છે, એ વાત ધર્મસંગ્રહણીના મૂળ અને ટીકાના પાઠથી સ્પષ્ટ છતાં અને અનેક શાસ્ત્રોમાં નિરતિચાર-અનુષ્ઠાનોનો મહિમા જણાવવા છતાં પણ જે સાતિચાર અનુષ્ઠાનથી જ નિરતિચાર અનુષ્ઠાન થાય છે એમ સ્પષ્ટપણે જણાવવા છતાં તેને અનુસારે અવિધિ ટાળવાપૂર્વક વિધિનો ખપ કરવાની બુદ્ધિથી કરાતું અનુષ્ઠાન વર્જવા યોગ્ય નથી એવું કહેવામાં આવેલું હોય અને સ્પષ્ટપણે અવિધિનો નિષેધ જણાવવામાં આવેલો હોય છતાં પોતાની અણસમજને લીધે કે બીજા કોઇપણ કારણથી એમ સમજી લેવાની ભૂલ કરે કે વિધિની ઇચ્છાપૂર્વક અને અવિધિનો ત્યાગ કરવાની બુદ્ધિપૂર્વક કરાતા ધાર્મિક અનુષ્ઠાનમાં કથંચિત્ કર્મોદયે થતી અવિધિથી એ ધાર્મિક કાર્ય છોડવા લાયક નથી, એવો ઉપદેશ જે દેવાય તે ભકતની શરમને લીધે તેની અવિધિ પંપાળવા માટે છે એમ ગણવું, બોલવું કે જાહેર કરવું તે શ્રદ્ધાળુને તો શોભે તેવું જ નથી, વળી કોઇ તો અવિધિ ટાળવા છતાં લાગી જતી હોય તો પણ ધર્માનુષ્ઠાન છોડવું નહિ એવા **अविहिकया वरमकयं उस्सूयवयणं वयन्ति गीयत्था पायच्छित्तं जम्हा कए लहुयं अकए गुरुयं** ॥ ૧ ॥ એવી શાસ્ત્રની પ્રસિદ્ધતમ ગાથાને ન ગણકારતાં તે ગાથાને અનુસારે દેવાતા ઉપદેશને અવિધિ પંપાળવાનો ઉપદેશ ગણી સ્વચ્છંદપણે બોલે એટલું જ નહિ પણ અવિધિ ટાળવાનો સ્પષ્ટ ઉપદેશ છતાં પણ જેઓ શાસ્ત્રનો ખોટો પાઠ રજુ કરી આકસ્મિક કર્મોદયે થતી અવિધિની જગા પર અવિધિસ્થાપનનો પાઠ આપી લોકોને ભરમમાં નાખે તેવા ઉપદેશકોના વ્યાખ્યાનમાં કિંમત શી ? પણ જેને સામાયિક શબ્દના લિંગનો ખ્યાલ ન હોય અને સામાયિક પારતી વખતે દેવાતા **पुणरवि ( पुणोवि ) कायव्व** ની જગો પર **कायव्वो** લખે તેવી સ્થિતિમાં રહેલો મનુષ્ય સ્થાપન અને આકસ્મિક ભવન એ બેના ભેદને ન સમજે તેમાં કંઇ આશ્ચર્ય જેવું નથી.

અહિં વસ્તુતઃ અવિધિ કહો કે અપવાદ કહો, ગમે તે કહો પણ સુવિહિત શિરોમણિએ કેટલાક ગ્રંથકારોના જણાવવા પ્રમાણે માર્ગમાં ચાલતાં ઉપદેશ આપી શ્રીનયસારને સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવ્યું છે તેમાં ઉત્તમ કાર્ય થયું છે એ સંબંધી કોઈપણ શાસ્ત્રકારે ભિન્ન મત જણાવ્યો નથી.

સુવિહિત શિરોમણિઓમાંથી જે એક સુવિહિત શિરોમણિએ શ્રીનયસારને ધર્મોપદેશ આપી સમ્યક્ત્વરૂપી મહત્તમ ગુણ જે અનંતે કાળે પ્રાપ્ત થવો દુર્લભ છે તે સમ્યક્ત્વ ગુણ પમાડયો હશે તે ઉપદેશ દેવાદિક તત્ત્વો અને જીવાદિક પદાર્થોના સ્વરૂપ વિગેરેને જણાવનાર જ હોવો જોઈએ, અને તે તત્ત્વ અને પદાર્થ સંબંધી ઉપદેશ લાંબા વાક્યપ્રબંધથી હોય એ અસંભવિત નથી, કેમકે તેવા લાંબા વાક્યપ્રબંધ વગર તેવા તત્ત્વો કે પદાર્થોની ઓળખાણ તેવા અપરિચિત વિધર્મીને સહેજે થઈ શકે નહિ, અને તેવી ઓળખાણ થયા વિના સર્વ પદાર્થોની શ્રદ્ધા ઉત્પન્ન કરનાર સર્વદ્રવ્ય-પર્યાય વિષયક શ્રદ્ધારૂપ સમ્યક્ત્વને શ્રીનયસાર મેળવી શકે નહિ. આ હકીકત વિચારતાં તે નયસાર સુવિહિત શિરોમણિઓને સાર્થમાં મેળવવા માટે ઘણા ગાઉ સુધી દૂર ગયેલો હોવો જોઈએ એમ માનવા તરફ આપણું મન દોરાય તેમાં અસંભવ નથી, અને જો એ વાત માનીએ તો ઘણા ગાઉ સુધીની મુસાફરી કરીને પણ સુવિહિત શિરોમણિઓને સાર્થની સાથે મેળવી દેવાની પરોપકાર વૃત્તિ જે જાગી તે તેમના આત્માની સ્વાભાવિક પરોપકારનિરતતાને દર્શાવવા માટે ઓછી ઉપયોગી નથી, અને આવા પરોપકારનિરત મનુષ્યોને સાધુ પુરુષોનો સમાગમ થાય, અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય તે કોઈપણ પ્રકારે આશ્ચર્યકારક નથી.

પૂર્વે જણાવ્યા પ્રમાણે મહાવીર પરમાત્માનો જે નયસાર નામે ભવ તેમાં એક સમ્યક્ત્વના પ્રસંગને અંગે જણાવેલા વૃત્તાંતથી આપણે તેનું પરોપકારનિરતપણું જાણી શકીએ, પણ મહાવિદેહ સરખા ક્ષેત્રમાં જ્યાં લાખો પૂર્વનું આયુષ્ય છે ત્યાં તેમની આખી જિંદગીમાં તે પોતાની પરોપકારનિરતતાની ટેવને અંગે ક્યાં ક્યાં પરોપકારના કાર્યો સમ્યક્ત્વ પ્રાપ્તિ પહેલાં અને પછી પણ કર્યા હશે તેનો શાસ્ત્રોમાં સ્પષ્ટ ઉલ્લેખ નથી, કેમકે શાસ્ત્રોમાં શ્રીનયસારના ભવ સંબંધી બીજા વૃત્તાંતો આવતા નથી. જો કે શ્રી ગુણચંદ્રસૂરિજીના મહાવીરચરિત્રમાં માતાપિતાએ શ્રીનયસારને નીતિના વર્તન સંબંધી ઉપદેશ આપેલો છે, અને તેને કોઈક વૃત્તાંતના સ્વરૂપને નહિ સમજનારો અન્ય વૃત્તાંત તરીકે ગણે છે, પણ માર્ગદર્શન વિગેરેના વૃત્તાંત જેવો શ્રીનયસારનો બીજો વૃત્તાંત તેમની પરોપકારવૃત્તિની ટેવને દર્શાવવાવાળો નથી એ ચોક્કસ જ છે, તો પણ જરૂર એમ માનવું પડે છે કે તેવી પરોપકારવૃત્તિની ટેવ તેમને હોવાથી લાંબા આયુષ્યના જીવનમાં અનેક પરોપકારના કાર્યો કરેલાં જ હોવાં જોઈએ, અને તે ઉપરથી તે નયસારનો આત્મા કે જે ત્રિલોકનાથ ભગવાન મહાવીર મહારાજનો જીવ છે તે બીજાના ઉપકાર તળે દબાયા સિવાય બીજાના ઉપકારમાં લીન રહેવા રૂપ परहितनिरत હતો એમ માનવું જ વ્યાજબી છે.

આ નયસારે મધ્યાહ્નકાળ થયા પછી પોતે ભોજન કરવાની તૈયારી કરેલી હોય અનેક ગાઉ સુધી માર્ગ બતાવવા માટે કરેલી મુસાફરી તેમના પરોપકારીપણાને અત્યંત ઉચ્ચ દશામાં મેલે છે. આ સ્થાને શ્રી નેમિચંદ્રસૂરિજીના મહાવીરચરિત્રમાં **कट्ठछेयणं करेन्तेण** એવા સ્પષ્ટ પાઠથી તે નયસાર પોતે જ મધ્યાહ્નકાળ સુધી કાષ્ઠ કાપતો હતો એમ સ્પષ્ટ થાય છે, અને તે પોતે જ મધ્યાહ્ન સુધી કાષ્ઠ કાપવાના પરિશ્રમવાળો હોય તો તે નયસાર કેટલો થાકી ગયેલો હોવો જોઇએ એ હકીકત કાષ્ઠ કાપનારે દેખનારાઓની ધ્યાન બહાર હોય નહિ, તો તેવી અત્યંત થાકવાળી દશામાં ભોજન કરવા બેઠેલો શ્રી નયસાર વિધર્મી અને અપરિચિત સાધુઓને દાન આપે અને તેવો પરિશ્રમ છતાં અનેક ગાઉ સુધી બપોરના સખત તડકામાં સુવિહિત શિરોમણિઓને સાર્થ સાથે મેળવવા મુસાફરી કરે એ શ્રી નયસારની પરોપકારવૃત્તિતાની ખરેખરી કસોટી છે. આ સ્થાને કેટલાકો શ્રી નયસારને કાષ્ઠ કાપવાનું અનુચિત ગણી કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજીએ કહેલા **छेदयतः** પ્રયોગનો અર્થ છેદાવતાં એવો કરવો એમ આગ્રહ કરે છે, પણ તેઓએ માત્ર તે પ્રયોગ ઉપર તેવો નિર્ણય કરતાં **छेद्** ધાતુ ચુરાદિ ગણમાં વૈધિકરણ એટલે છેદવા અર્થમાં છે એ જો ધ્યાનમાં લીધું હોત તો કાષ્ઠ છેદવાની વાતને અયોગ્ય રીતિએ ખોટી પાડી, છેદાવનારપણાના અર્થને માટે કદાગ્રહ કરત નહિ. આ વિષય પ્રયોગની ચર્ચાનો નહિ હોવાથી તેને ગૌણ કરી વાચકે તો માત્ર એટલું જ લક્ષમાં લેવાનું છે કે આવી રીતે સખત મહેનત કરી થાકેલો માઇલોની મુસાફરી કરી સુવિહિત શિરોમણિઓને સાર્થ સાથે મેળવવામાં તત્પર થઇ પરોપકારની વૃત્તિમાં પરાકાષ્ઠાએ પહોંચેલો તે નયસાર હતો.

હવે તેજ ત્રિલોકનાથ ભગવાન મહાવીર મહારાજનો કર્મભૂમિમાં થયેલો બીજો ભવ જે મરીચિનો હતો તેને અંગે પરોપકારવૃત્તિતાનો વિચાર કરીએ.


**જાહેર ખબર**

ટૂંક સમયમાં પ્રગટ થશે.

૧. તત્ત્વતરંગિણી.
૨. લલિતવિસ્તરા.
૩. સિદ્ધપ્રભા બૃહદ્વ્યાકરણ.

નવા છપાતા ગ્રંથો.

૧. આચારાંગવૃત્તિ.
૨. ઉપદેશમાલા અપરનામ પુષ્પમાલા.
૩. તત્ત્વાર્થસૂત્ર શ્રી હરિભદ્રસૂરિ ટીકા.
૪. ભગવતીજી શ્રી દાનશેખરસૂરિ વૃત્તિ.

શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત.




**"શાસ્ત્રો સમજવાને બુદ્ધિ જોઇએ.**

**આ** જગતમાં સ્વાર્થની જ્વાળાનો વિસ્તાર એટલા બધા મોટા પ્રમાણમાં થયો છે કે તેણે માણસની સારાસાર વિચારશક્તિને બાળી મૂકી છે અને તેથી જ જગત દુનિયાદારીના સુખ અને વૈભવની પાછળ ઘેલુંગાંડું થઇને રખડે છે પરંતુ તે આત્મકલ્યાણની લેશમાત્ર પણ પરવા કરતું નથી. આર્યોના વેદો લઇને વાંચો, ખ્રિસ્તીઓનું બાઇબલ જુઓ કે મહમદના કુરાનને તપાસો હરકોઇ ધર્મના શાસ્ત્રો આત્મકલ્યાણ સાધવા માટે પોતપોતાના અનુયાયીઓને અવશ્ય સૂચના આપે જ છે. અલબત્ત એ સઘળી જ સૂચનાઓમાં આત્મકલ્યાણનો સાચો માર્ગ રહેલો છે એમ નથી જ, પરંતુ દરેક પોતપોતાની બુધ્ધિ પ્રમાણે આત્મકલ્યાણનો ઉપદેશ આપે છે. આ ઉપરથી જણાય છે કે બધાએ આત્મકલ્યાણનો ઉપદેશ કરવો જોઇએ અને પોતે પણ તેનું યથાશક્તિ અવલંબન કરવું જોઇએ. આજે આવો પ્રયાસ નહિ થતાં તેનાથી ઉલટો જ પ્રયત્ન થાય છે, અને એવા ઉલટા પ્રયત્નોને પણ શાસ્ત્રોના વાક્યો મૂકીને ટેકો આપવામાં આવે છે એ સમાજની મોટામાં મોટી કમનસીબી છે. શાસ્ત્રો સમજવાને પણ શ્રદ્ધા અને બુદ્ધિ જરૂરી છે. શાસ્ત્ર કહે છે કે વરસાદ વરસતો હોય ત્યારે સાધુએ બહાર જવું નહિ, એ જ શાસ્ત્રકાર બીજી બાજુએ એમ કહે છે કે થોડો વરસાદ વરસતો હોય ત્યારે બહાર જવાને માટે વાંધો નથી. વસ્ત્રો ભીંજાઇને ભોજનમાં પાણી ન જતું હોય તો તેવે સમયે બહાર જઇ શકાય છે. આ બંને વાતો એક જ શાસ્ત્ર કહે છે આટલું છતાં કોઇપણ બુદ્ધિમાન્ માણસ એમ નહિ કહે કે આ શબ્દો પરત્વે શાસ્ત્ર પરસ્પર વિરોધી કથન કરે છે, સમજુ માણસો એમ જ કહેશે કે શાસ્ત્રની બંને આજ્ઞાઓ અનુકૂળ છે જ્યારે ઉત્સર્ગમાર્ગ કહેવાતો હોય ત્યારે ઉત્સર્ગ માર્ગ જ બતાવવામાં આવે છે અને જ્યારે અપવાદ કહેવાતો હોય ત્યારે અપવાદની જ વાતો થાય છે. ઉત્સર્ગ માર્ગ અને અપવાદ બંને પરસ્પર વિરોધી લાગે છે. છતાં સમજવું

જોઈએ કે એ બેમાંથી એક પણ વસ્તુ ખોટી નથી બંને વસ્તુ પૂર્ણ રીતે સાચી છે. વધારે સમજ પડે તે માટે એક ઉદાહરણ લો. સોમલ ઝેર છે માટે તે ખાવો ન જોઈએ એ ઉત્સર્ગ છે પણ વૈદ્યશાસ્ત્રી તરત જ એમ કહેશે કે શીતજવર બહુજ ભયંકર હોય તો તેની શાંતિ માટે થોડો સોમલ ખાઈ શકાય છે. સોમલ ઝેર છે માટે તે ન ખાવો જોઈએ એ સત્યનું વૈદ્યશાસ્ત્રીએ જે કથન કર્યું તે અપવાદ થયો. આ બંને વસ્તુઓમાં સિદ્ધાંત પણ ખોટો નથી તેમ અપવાદ પણ ખોટો નથી, શાસ્ત્રોમાં પણ એમજ છે. જ્યાં સિધ્ધાંત જોવાનો છે ત્યાં સિદ્ધાંત જ જોવાવો જોઈએ અને જ્યાં અપવાદ જોવો હોય ત્યાં જ અપવાદ લક્ષમાં લેવો જોઈએ.

**''ધર્મ કોને માટે છે ?''**

સાધુઓએ કાચા પાણીનો સંઘટ્ટો ન કરવો એમ શાસ્ત્ર કહે છે પણ તે જ શાસ્ત્ર એમ પણ જણાવે છે કે સાધુ વિહાર કરતા હોય અને વચમાં નદી આવતી હોય તો સાધુએ જયણાથી નદી ઉતરવી એ વાસ્તવિક છે. જેઓ જિનકલ્પી છે તેઓ જરાપણ વૃષ્ટિ હોય તોયે શાસ્ત્રાજ્ઞાને માન આપીને બહાર જતા નથી. જેઓ સ્થવિર કલ્પી છે તેઓ અલ્પવૃષ્ટિ હોય ત્યારે બહાર જઈ શકે છે. શાસ્ત્રકારો મુખ્ય પક્ષ અથવા સિદ્ધાંતોનો પક્ષ લઈને જણાવે છે કે જેઓ સૂક્ષ્મબુદ્ધિ છે તેમણે સૂક્ષ્મપણે ધર્મને જાણવાનો છે. શાસ્ત્રકારોના આ વિધાનનો અર્થ ઉપર જણાવ્યું તેમ અવળો લઈને આજે એમ કહેવામાં આવે છે કે સંસારીઓ તો સૂક્ષ્મબુદ્ધિના નથી તેમણે ધર્મ જાણવા, વિચારવાની મુખ્યતાએ જરૂર નથી !

આ વિધાન બુદ્ધિનો ચમત્કાર દર્શાવીને અણસમજુને નીચે પાડે છે. શાસ્ત્રે તીક્ષ્ણ બુદ્ધિવાળાના સૂક્ષ્મપણે ધર્મ જોવા જાણવાનો કહ્યો છે એનો અર્થ એવો નથી થતો કે સામાન્ય બુધ્ધિવાળાએ ધર્મને જાણવા અનુસરવાની આવશ્કયક્તા જ નથી. સાધારણ બુધ્ધિવાળાએ ધર્મને જાણવાની જરૂર તો છે જ પણ જે સૂક્ષ્મ બુધ્ધિવાળા છે તેમણે વધારે સૂક્ષ્મપણે ધર્મતત્વો સમજવાની જરૂર છે એટલો જ શાસ્ત્રકારના કથનનો આશય છે. ધર્મવીર ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા શ્રી ધર્મબિંદુમાં જણાવે છે કે, **बोधे परीक्षाऽवतारः** 'ધર્મ સામાન્ય રીતે સમજાયા પછી શ્રુતપરીક્ષામાં શ્રોતાને ઉતારવો.

ધર્મોપદેશ એ કાંઈ બરફીની ટોપલીઓ નથી અથવા માવાની ધારી નથી કે જે મોંમા મૂકી કે સીધી જ પેટમાં જાય ! આટલા જ માટે ધર્મોપદેશ આપતાં આરંભમાં સાધારણ ગુણો પહેલાં જણાવવા અને એ રીતે ક્રમેક્રમે આત્માને ધર્માનુસારી બનાવવો એ જ માર્ગને ધર્માચાર્યોએ યોગ્ય માન્યો છે.

**''કર્તવ્ય શું ?''**

ધર્મોપદેશના આરંભમાં, જેમ જમીનમાં પહેલાં ખાતર નાખવામાં આવે છે તેમ અહિંસા, સત્ય, અદત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ વગેરે સર્વ સામાન્ય સદ્ગુણો જ જણાવવા જોઈએ. આ સદ્ગુણોનું નિરંતર

શ્રવણ થવાથી આત્મામાં પહેલાં તો ધાર્મિકભાવ ઉત્પન્ન થશે. આત્મા ધર્મનો અર્થી થવા પામશે હવે તેને માટે ધર્મ જગતના બીજા પગથીયાનો આરંભ થાય છે. આત્મા સૂક્ષ્મબુદ્ધિ હોય તો હવે તેને ધર્મની પરીક્ષામાં ઉતારવો, ધર્મની ઉંચી ભૂમિકા તેને સમજાવવી પણ એટલું ન થઈ શકે, એટલી સ્થિતિને ન પાળી શકે તેને તો સાધારણ ધર્મ સમજાવીને પણ ધર્મમાર્ગમાં સ્થિર રાખવો એ જ કર્તવ્ય છે. ધર્મના ચાર ભેદ છે, દાન, શીલ, તપ અને ભાવ. દાન કરતાં ભાવની ભૂમિકા ઉંચી છે પણ તેથી કયો મૂર્ખાનંદ એવું પ્રતિપાદન કરવા તૈયાર થઇ જશે કે દાન કરવું જ ન જોઇએ. જે દાનધર્મનું આચરણ કરે છે. ધર્મના ચાર ભેદો પૈકીનો પહેલો ભેદ દાનધર્મ જે સેવે છે તે આત્મા બીજે ભવે ભોગોને મેળવશે. આ વાત જ્યારે યથાર્થ રીતે લક્ષમાં આવી જશે ત્યારે મનુષ્યભવ પ્રાપ્ત કરવા માટે પાતળા કષાય, દાનરૂચિ અને મધ્યમ ગુણો એ ત્રણ વાત કેમ જરૂરી કહી છે તે તમે સારી રીતે સમજી શકશો. તમે દાન કરીને આવતે જન્મે ભોગોપભોગ મેળવવાની આશા રાખો છો એ પણ ધર્મની છેલ્લામાં છેલ્લી ભૂમિકા તો નથી જ પણ છતાં દાન કરીને ભોગોપભોગ મેળવવાની ઇચ્છા પણ જે દાનનું નામ સાંભળીને પણ ભાગવા માંડે છે તેના કરતાં બેશક વધારે સારી છે. ઘણું ઘણું તો એથી તમારા ઉપર એવો આક્ષેપ થવા પામશે કે તમે ધર્મના વેપારી છો એ વેપારીપણું પણ કાંઈ ફેંકી દેવાની ચીજ તો નથી જ. મનુષ્યપણામાંથી તમે એ વેપારીની રીતે પણ દેવપણું મોક્ષ વગેરે ક્રમેક્રમે મેળવી શકો છો, પણ કદાચ તમે એવા વેપારી ન થાઓ તો ભલે પણ કંગાળ વિધવાની હાલતથી પણ તમે હલકી હાલતમાં તો જતા નથી ને, એ વાત તો તમારે સંભાળવી જ રહી. વિધવા બાઇ નવું કમાવા તો નથી જતી પરંતુ તેની પાસે જે કાંઇ પાંચ પંદર હજાર હોય તે તો એ અબળા પણ જાળવી રાખે છે અને માત્ર તેના વ્યાજમાંથી જ તે પોતાનું ગુજરાન ચલાવે છે. તમારું મનુષ્યપણું એ જ તમારા પાંચ પંદર હજાર રૂપિયા છે. તમે દેવપણું કે મોક્ષ ન મેળવી શકો તો ભલે, પણ જો તમારું મનુષ્યપણું પણ જળવાઇ રહે અને તિર્યંચયોનિમાં કે મનુષ્યપણાથી હલકા ક્ષેત્રને તમે પામ્યા, તો તમારે સમજી લેવું જોઇએ કે તમારી હાલત રાંડીરાંડ ડોશીથી પણ વધારે ખરાબ બની છે.

**મનુષ્યપણું એ તમારી મૂડી છે.**

તમારી મૂડી એટલે તમારું મનુષ્યપણું છે. તમે કહેશો કે મૂડી જાળવવી એ તો આપણા હાથની વાત છે, પણ મનુષ્યપણું જાળવવું એ શું આપણા હાથની વાત છે ? વારૂ, આપણે હંમેશા તેજ વસ્તુનો વિચાર કરી શકીએ છીએ કે વસ્તુ આપણા હાથની છે. 'દીવો સળગાવીને ક્યાં મૂકવો તેનો વિચાર આપણે કરી શકીએ છીએ પણ ચંદ્ર પશ્ચિમે ઉગે છે એના કરતા ઉપાશ્રયમાં અજવાળું આવે એવી રીતે જ તે

ઉગતો હોય તો કેવું સારું ? એની વિચારણા કરવી જેમ મિથ્યા છે તેમ નરકગતિ, તિર્યંચગતિ, દેવગતિ કે છેવટે મનુષ્યગતિ મેળવવાની વિચારણા કરવી એ પણ મિથ્યા છે." હું કહું છું કે આવી વાતો બોલનારો જૈનશાસન શું છે તે જ સમજી શક્યો નથી અથવા જો તે એ વાત સમજી શક્યો હોય તો તે છુપાવે છે આવતો ભવ કેવો મેળવવો એ આપણા હાથની વાત નથી એવું તો તે જ બોલી શકે છે કે જેઓ ઈશ્વરના ગુલામીખતમાં સહી કરી ચૂક્યા છે. જૈનધર્મ એ સાચો સ્વતંત્ર ધર્મ છે. જૈનધર્મ તો પુકારી પુકારીને કહે છે કે આત્માને ફાવે તેમ ગમે તે શરીરમાં કે ગમે તે ગતિમાં ઘૂસી જવાનો તો અધિકાર જ નથી એ તો જેવા કર્મ તેવી જ ગતિ આત્માને મળે છે, અને તેથી જ તમારે જેવી ગતિ મેળવવી હોય તેવું વર્તન કરવાનો તમારો પૂરેપૂરો હક છે.

**પરીક્ષક, વિદ્યાર્થીના કાર્યને આધીન છે.**

તમોને એક સાધારણ ઉદાહરણ આપું છું. છોકરો પરીક્ષામાં બેસે છે તેને પાસ કે નાપાસ કોણ કરે છે ? તમે કહેશો કે પરીક્ષક વિદ્યાર્થીને પાસ કે નાપાસ કરે છે, પણ તમે જરા વિચારપૂર્વક જવાબ આપશો તો તમે જ કબૂલ કરશો કે પરીક્ષકને વિદ્યાર્થીને પાસ કે નાપાસ કરવાની કશી જ સત્તા નથી. પરીક્ષક વિદ્યાર્થીએ આપેલા ઉત્તરોને આધીન છે અને એ ઉત્તરો જોઈને જ તે વિદ્યાર્થીને પાસ કે નાપાસ કરી શકે છે. તમારો આત્મા એ પણ વિદ્યાર્થી છે એમજ સમજી લો. સ્વતંત્રપણે એને ગમે તે યોનિમાં અવતાર ધારણ કરવાની કશી જ સત્તા નથી. મનુષ્યગતિ, દેવગતિ કે બીજી કોઈપણ ગતિ તમે કેવાં કર્મો બાંધ્યા છે તેને આધીન છે. તમે જેવાં કર્મો બાંધ્યા હશે તેવી જ ગતિ તમોને મળવાની છે. વિદ્યાર્થી નિરંતર એમ ઈચ્છતો રહે કે હું પરીક્ષામાં પાસ જ થાઉં મારે નાપાસ થવું જ નથી તો એટલી ઇચ્છામાત્રથી જ તે પાસ થઈ જવાનો નથી એની ખાતરી રાખજો. તેણે પાસ થવા જેટલો અભ્યાસ કર્યો હશે તો જ તે પાસ થવાનો છે નહિ તો નહિ જ ! તે નાપાસ થવાનું નથી ઈચ્છતો તે છતાં જો તેણે અભ્યાસ જ ન કર્યો હોય તો જરૂર તે નાપાસ થવાનો જ છે એ જ સ્થિતિ સારી કેવા નરસી ગતિ મેળવવાને માટે પણ છે એટલું તમે ખાસ સમજી રાખો.

**સદ્‌ગતિ અને દુર્ગતિ શી રીતે મળે છે ?**

પણ સદ્‌ગતિ અને દુર્ગતિ મોઢેથી માત્ર પોપટ પંખીની માફક બોલવાના વિષયો નથી તે ધ્યાનમાં રાખજો. માત્ર "સદ્‌ગતિ સદ્‌ગતિ" એમ બૂમો પાડવાથી સદ્‌ગતિ નહિ જ મળે. સદ્‌ગતિ શી રીતે મળે એ જાણી લો અને એ કારણો જ્યારે અમલમાં મૂકો ત્યારે જ સદ્‌ગતિ મળે છે. તે જ પ્રમાણે દુર્ગતિની વાત પણ ધ્યાનમાં રાખજો. દુર્ગતિ નથી જોઇતી ! દુર્ગતિ નથી જોઈતી એ પ્રમાણે ખાલી બૂમ મારેથી

દુર્ગતિ ટાળી શકાવાની નથી, દુર્ગતિના પણ કારણો જાણવા જોઈએ અને એ કારણોથી દૂર રહેવું જોઈએ તો જ દુર્ગતિ આવતી ટાળી શકાય છે. જીવને જો કર્તવ્યપાલન વિના ધારેલી જ ગતિ મળતી હોય તો સારી ગતિ છોડીને ખરાબ ગતિ મેળવવાને કોણ જાય ? બધા જ સારી ગતિ મેળવવાને માટે તૈયાર થઈ જાય ! પણ સારી ગતિ મેળવી લેવાની આશા કરો કે તરત જ સારી ગતિ મળી જાય એવું નથી. બધા જ પાસ થવાની આશા રાખે છે પણ પરીક્ષક કાંઈ જે પાસ થવાની આશા રાખે છે તે બધાને જ પાસ કરતો નથી. તે કાંઈ પોતાના ખીસામાંથી કાઢીને કોઈને માર્ક આપી દેતો નથી. વિદ્યાર્થીએ કેટલું કામ કરેલું છે. તે કામ ઉપર જ તેના પાસ, નાપાસ થવાનો અધિકાર છે. તે જ સ્થિતિ સારી યા નરસી ગતિની પણ છે. જો તમે સારી ગતિ મેળવવાના કર્મો બાંધ્યા હશે તો જરૂર તમોને સારી ગતિ મળશે અને જો તમે દુર્ગતિનાં કર્મો બાંધ્યા હોય તો દુર્ગતિ પણ તમારી સામે ઉભી જ રહેશે.

**''મરણનો ભય રાખવો નકામો છે.''**

દુર્ગતિ કે સદ્ગતિ મેળવવી એ જો તમારા હાથમાં જ ન હોય તો પછી શાસ્ત્રકારોએ ઠોકીઠોકીને એમ શા માટે કહ્યું હોત કે : દુર્ગતિથી ડરો ! દુર્ગતિથી ડરો ! દુર્ગતિથી ડરો ! જે વસ્તુ તમારા હાથની નથી તે વસ્તુ માટે જો તમને કોઈ ઉપદેશ આપતું રહે તો નક્કી સમજો કે તેઓ અક્કલ વિનાની વાતો કરે છે, ત્યારે શાસ્ત્રકારોની વાતો શું અર્થ વિનાની છે ? નહિ જ એટલે જ માનવું પડે છે કે શાસ્ત્રકારો કહે છે તે ખરૂં જ છે અને દુર્ગતિ કે સદ્ગતિ મેળવવી તે આપણા હાથની જ વાત છે. મરણથી ભય રાખનારાઓ પણ આગામી ગતિની ફિલસુફીને જાણતા નથી એમ જ સમજો. મરણથી કોણ ડરે છે ? જે દુર્ભાગી હોય તે ! જે પાપી હોય તે મરણથી ડરે છે. ભાગ્યશાળીને યા પુણ્યશાળીને મરણથી ડરવાપણું છે જ નહિ. મૃત્યુ એ તો બિચારો પટાવાળો છે. પટાવાળા-સિપાઈ ચોરને બારણે પણ જાય છે અને ન્યાયાધીશને બારણે પણ જાય છે પણ એ પટાવાળાથી કોણ ડરે છે ? ચોર કે ન્યાયાધીશ ? ચોર સિપાઈને જુએ છે ત્યારથી જ તેના મોતીયા મરી જાય છે ! અને ન્યાયાધીશ સિપાઈને જુએ છે કે પાઘડી લુગડાં પહેરીને ન્યાયાલયમાં જવાને તૈયાર થાય છે ! અને સિપાઈ ન્યાયાધીશની આગળ ચાલે છે. હવે તમે જ વિચાર કરો કે ડર કોને અંગે છે ?

**મૃત્યુને આનંદનો સમય માનો.**

જો સિપાઈને અંગે જ ડર હોત તો તો સિપાઈને જોતાં જેમ ચોર ભય પામ્યો તે જ પ્રમાણે ન્યાયાધીશ પણ ભય પામ્યો હોત, પણ સિપાઈને અંગે ભય નથી, ભય છે તે કર્તવ્યોને અંગે છે. ચોર જાણે છે, કે મારા કર્તવ્યો બુરાં છે અને જેલ એ તેનો અંજામ છે, તેથી જ તે કંપે છે. એ જ પ્રમાણે

મરણ એ તો સિપાઇ છે. જેણે સારાં કર્મો કર્યાં છે, જેણે જિંદગી વૃથા ગુમાવી નથી, તેને તો મરણ હર્ષટાણું છે એ તો જાણે છે કે દુર્ગતિ મળે એવું એક પણ કામ કર્યું નથી, સદ્ગતિ મળે એવાં કામો તો બહુ કર્યાં છે તો પછી મારે ભય શા માટે જોઇએ ? ચૌટે, બજારે, સેંકડો સિપાઇઓ ફરે છે. ખૂન થાય છે પણ શાહુકારો તેથી ડરીને ત્યાંથી ભાગી જતા નથી ! ચોરે ઉભેલો નિર્દોષ માણસ પોલીસની ફોજ નિહાળીને ગભરાતો નથી. તે જાણે છે કે હું કાંઇ કેસમાં સંડોવાયેલો નથી એટલે મારે બીવાની જરૂર નથી ! તેજ પ્રમાણે દુર્ગતિ આપનારા કારણોમાં જે સપડાયો નથી તે મરણથી ભય પામતો નથી! તમે રાજ્યમાં દસ લાખનું ઝવેરાત ધીરેલું છે. હવે એમ માનો કે તમોને હાજર કરવાને માટે એક સમન્સ તમારા પર આવે છે અને બીજો સમન્સ એક વિશ્વાસઘાતી પર આવે છે. સમન્સમાં બંનેને હાજર થવાનો હુકમ છે. એ હુકમથી શાહુકારને તો આનંદ જ થવાનો છે !

**મરણ એ પણ એક જાતનો સમન્સ છે.**

શાહુકારને આનંદ કેમ થાય છે વારૂં ? શાહુકાર જાણે છે કે આપણા પૈસા તો સહી થયા છે! તે વહેલો વહેલો કપડાં પહેરી દરબાર તરફ દોડે છે અને પેલો પાજી માણસ સમન્સ જોતાં જ ઠરી જાય છે. મરણ એ પણ સમન્સ છે. જેણે આખા જીવનમાં સારાં જ કૃત્યો કર્યા છે, જેણે સદ્ગતિ મળે એવા જ કર્તવ્યો આદર્યા છે તેને મરણરૂપી સમન્સથી ક્ષોભ શાનો થાય ? તે તો પેલો ઝવેરી રાજી થાય છે તેમ અવશ્ય રાજી જ થવાનો ! ઝવેરી સમજે છે કે મારે પૈસા પાક્યા છે, તે જ પ્રમાણે શુભ કૃત્યો કરનારો પણ સમજે છે કે આપણા સારા કૃત્યોનો બદલો મળવાનો વખત હવે આવી પહોંચ્યો છે. એથી જ તેને મરણનો સમન્સ મળતાં જ આનંદ થાય છે ! આ સમન્સ મળતાં નારાજ થાય છે તે તો પેલો ચોર જ હોઇ શકે, તેના પોતાના કર્તવ્યો ઉપર વિશ્વાસ નહિ જ હોવો જોઇએ. પરીક્ષક પાસ નાપાસ કરે છે, પણ પાસ નાપાસ થવાનો આધાર તો છાત્રોની શિક્ષા ઉપર જ છે તે જ પ્રમાણે **कर्म** રૂપી પરીક્ષક તમોને સારી યા નરસી ગતિ આપી શકે છે પણ તે તમારા કર્તવ્યોને અનુસરીને જ. આ કર્મપરીક્ષકની પણ તાકાત નથી કે તમારા કર્તવ્યો સારા હોય અને છતાં તમોને નરસી ગતિમાં ઢકેલી મૂકે ! તમારે તમારી મનુષ્યગતિ કાયમ રાખવી હોય, તમારે તમારી એ પૂંજીમાં વધઘટ ન થવા દેવી હોય, તમારી મૂડી તમારે સંભાળી રાખવી હોય, તો હવે માત્ર એક જ ઉપાય છે કે મેં તમોને આગળ કહેલી ત્રણ વાત તમારે પકડી રાખવી જોઇએ.

**''કર્મની સત્તા પણ મર્યાદિત છે.''**

કર્મને તમારા દોષ વિના તમોને દુર્ગતિમાં મોકલવાની કશી જ તાકાત નથી ! માટે જ શાસ્ત્રકારો કહે છે કે કષાય સ્વભાવે પાતળા હોવા જોઈએ. તમારા ક્રોધાદિ ચાર કષાયો જો પાતળા હશે તો તમારી સદ્‌ગતિ ખૂંચવી લેવાની કર્મમાં કશી પણ તાકાત જ નથી. તમારા જીવનનું જ ઉદાહરણ લોઃ વરસાદનું પાણી છાપરેથી આવે છે અને જો છાપરું ધુમાડીયાવાળું હશે તો પાણી પણ ધુમાડીયાવાળું ગંદુ જ આવશે. પણ જો ઘર ઉપર અગાસી મૂકેલી હશે અને અગાસીમાંથી પાણી આવતું હશે તો એ પાણી નિર્મળ જ હોવાનું. એ જ રીતે આત્મા જ્યારે આયુષ્ય બાંધે છે તે સમયે કષાયની પરિણતિ અપ્રશસ્ત હોય તો આયુષ્ય પણ નરક, તિર્યંચનું જ બંધાય છે. આયુષ્યના પુદ્‌ગલો કર્મ કષાયદ્વારા એ મળેલા છે. તમે આયુષ્ય બાંધો છો. હવે એ આયુષ્ય કેવું છે તેનો વિચાર કરો. સ્વતંત્રતાની બાંગ તો પળેપળે મારવામાં આવે છે પણ સાચી પરતંત્રતાને તો કોઈ પીછાણી શકતું જ નથી ! જગતમાં પાણી, પૃથ્વી, વનસ્પતિ ઇત્યાદિ જોઈએ તેટલી વસ્તુઓ છે પરંતુ તે સઘળું કોને આધારે રહેલું છે કોઈને પણ આધારે નહિ ! પૃથ્વીને બીજી કોઈ પૃથ્વીનો આધાર જોઈતો નથી. પાણી આકાશમાં અદ્ધર રહી શકે અને સેંકડો ગાઉ હવામાં ને હવામાં ચાલે છે પવનને કોઈનો આશ્રય લેવો પડતો નથી ! પરંતુ મનુષ્યને ? મનુષ્યને એક પણ ચીજ વિના ચાલતું નથી. પાણી તો માણસને જોઈએ ! પવન તો કહે માણસને જોઈએ ! પૃથ્વી તો કહે માણસને જોઈએ ! અને છતાં મોઢે બાંગ મારવામાં આવે છે સ્વતંત્રતાની ! તમે સ્વતંત્ર છો? જો સ્વતંત્ર છો તો એક ઘડી તો આ વસ્તુઓ વગર ચલાવી જુઓ ! એક કલાક-પાંચ મિનિટ પણ તમારું જીવન આ બધા સાધનો વગર નથી ચાલી શકતું અને છતાં દાવો કરવો છે પૂર્ણ સ્વરાજ્યનો ! !

**આયુષ્ય ટકે કેવી રીતે ?**

મનુષ્યનું જીવન સાધન વિના ટકી શકતું જ નથી. આયુષ્ય બાંધ્યું તો તેની પાછળ આયુષ્ય ટકાવવાના સાધનોનું કર્મ પણ બાંધવું જ જોઈએ. જો એ કર્મ ન બાંધો અને માત્ર આયુષ્ય જ બાંધો તો તમારું આયુષ્ય ટકી શકવાનું જ નથી. આયુષ્ય ટકાવવા માટે તેના સાધનના કર્મ પણ બંધાવા જ જોઈએ માટે જ દાનરૂચિ કહી છે. ભોગના સાધનનું કર્મ બાંધવું જ પડે અને તે દાનરૂચિ વડે જ બંધાવા પામે છે, પણ તે સાથે દાન અને દાનરૂચિ વચ્ચેનો તફાવત તમારે ખાસ ધ્યાનમાં રાખવાનો છે. દાન અને દાનરૂચિને એક માની લેશો તો દહાડો અને રાત બંનેને એક માની લેવા જેવું જ થશે ! અહીં એક ઉદાહરણ લોઃ લક્ષ્મીએ ચંચળ છે. કોઈપણ માણસ એ લક્ષ્મીને સ્થિર કરી શક્યું નથી અને ભવિષ્યમાં પણ કરી શકવાનું નથી જ એની ખાતરી રાખજો ! લક્ષ્મી આવે છે પણ તે સાથે જ તે જવાનો

માર્ગ કરીને જ આવે છે. પછી જેવો લક્ષ્મી મેળવનારાઓનો શોખ ! જેને બંગલા બંધાવવાનો શોખ હોય તે પોતાના પૈસામાંથી બંગલા બંધાવશે, તો કોઈ વાડી બનાવરાવશે. જેને જે જે લાગણીઓ પરત્વે પ્રેમ હોય તે તે દિશાએ તેમનો પૈસો વહી જશે, પણ લક્ષ્મી કદાપિ સ્થિર રહેવાની નથી એ ખચિત માનજો ! જેને ધર્મની લાગણી છે તે પોતાની લક્ષ્મી પણ એ જ ધર્મના કાર્યમાં વાપરશે. દહેરાં બંધાવશે પાંજરાપોળો બંધાવશે કે તીર્થોદ્ધાર કરાવશે. ધર્મ ઉપર જેમની રૂચિ હશે તેના પૈસા ધર્મને માર્ગે વપરાશે અને જેમની રૂચિ બાગ, બંગલા, બગીચા પરત્વે હશે તેઓ તેમની લક્ષ્મી એવા કામોમાં વાપરશે. ધર્મિષ્ઠો કમાય છે પણ શું ધર્મદ્રોહીઓ નથી કમાતા ? ધર્મના દ્રોહીઓ પણ કમાય છે અને તેઓ પણ પોતાના પ્રિય એવા માર્ગોએ તે લક્ષ્મી વાપરે છે. લક્ષ્મી આવી કે તે નાચ્યા વિના રહેવાની જ નથી એની ખાતરી માનજો. અલબત્ત તમારું આંગણું કઈ દિશાએ છે તે એ સારી રીતે જોશે અને પછી જે દિશાએ એનું આંગણું હોય તે દિશાએ એ લક્ષ્મી નાચકૂદ જરૂર કરશે જ ! ધર્મદ્રોહી હશે તે નાટક, સિનેમા, ગાનતાન અને સોડાલેમનમાં તડામાર પૈસા ઉડાવશે, અને ધર્મનિષ્ઠ હશે તે પોતાના પૈસામાંથી દહેરા બંધાવશે, પાઠશાળા ખોલશે અને એવી જ બીજી ધાર્મિક પ્રવૃત્તિ કરશે ! જગતમાં આપવાનું તો સૌ કોઈ જાણે છે પરંતુ તેમાં એ ફેર ક્યાં છે ? દાનરૂચિમાં જ !

**ભણેલાએ તો ભુંડું કર્યું.**

અહીં તમને એક ડાહ્યા ખેડૂતનું ઉદાહરણ આપું છું. એક ખેડૂત હતો. તેની પાસે બીજા ચાર, પાંચ ખેડૂત ભાઈબંધોના ક્યારા હતા ! આ ખેડૂત જરા ભણેલો હતો એટલે તે પોતાનામાં બીજા બધા કરતાં વધારે અક્કલ છે એમ માનતો હતો. બધા ખેડૂતોએ ચોમાસું આવ્યું એટલે પોતપોતાના ક્યારામાં બીયાં વાવવા માંડ્યા ! ડાહ્યાભાઈ પણ પોતાના ક્યારામાં વાવવા બી લઈ આવ્યા ! ડાહ્યાભાઈનો ભત્રીજો અંગ્રેજી ભણેલો હતો, વનસ્પતિશાસ્ત્ર શીખતો હતો. એક દિવસ તેણે સાયન્સમાંથી ગોખવા માંડ્યું કે 'બીયાં પાણીમાં પલળવાથી બોદાઇ જાય છે ! બીયાં પાણીમાં પળવાથી બોદાઈ જાય છે ! બીયાં પાણીમાં પલળવાથી બોદાઈ જાય છે. " ડાહ્યાભાઈએ આ વાક્ય સાંભળ્યું, તરત જ તેની તીક્ષ્ણ બુદ્ધિ જાગૃત થઈ. તેણે પોતાનાં સઘળા બીયાં બોદાઈ ન જાય એ માટે કઢાઈમાં નાંખ્યા અને શેકી કાઢયા! શેક્યા પછી હોંશે હોંશે ડાહ્યાભાઈ બીયા ખેતરમાં લઈ ગયા અને જમીનમાં વાવી દીધા ! વરસાદ પડયો, થોડાં સમયમાં બીજા ખેતરોમાં તો મોટા મોટા તરું ઉગી નીકળ્યાં પણ ડાહ્યાભાઈનો ક્યારો તો જેવો ને તેવો જ ! તમારામાંના ઘણા દાન તો આપે છે પરંતુ તેઓ પણ આ ડાહ્યાભાઈના જેવું દાન આપનારા છે. તમારી પાસે કોઈ ટીપ લઈને આવે છે ત્યારે તમે પણ ડાહ્યાભાઈની માફક શેકીને વાવવા તૈયાર

બની જાઓ છો !

**તમારી દાનત તપાસી જુઓ.**

વિવાહસમારંભ કે બીજા એવા જ તમારા સામાજીક ઉત્સવોના કામમાં જે શબ્દ બોલતા નથી, જે શબ્દ યાદ પણ આવતા નથી તે શબ્દ હવે યાદ આવી જાય છે. ટીપમાં એકે દસ ભર્યા હોય, બીજાએ બાર ભર્યા હોય અને તમારો જ્યાં ચૌદ ભરવાનો વારો હોય તે તમે ગર્જના કરી ઉઠો છો ! "પૈસાની ખેંચ છે, માથે દિવાળી આવી છે, ભગાભાઇની બેંક ડૂબી ગઇ તેમાં ચાલીસ હજાર ડુલ થયા છે. અમથાભાઈ હજાર ઘાલી ગયા છે તે હજી આપતો નથી ઇત્યાદિ" તમારે ટીપમાં પૈસા ભરવા તો છે જ તમે આપવા તો માગો જ છો પણ આ બધો લવારો શા માટે કરો છો ? એટલા જ માટે કે માગનારનું મોઢું બંધ થઈ જાય અને તમારે ભાગે ટીપમાં ભરવાની રકમમાંથી ચાર ઓછા થાય ? પાઠશાળાઓ, ધર્મશાળાઓ, પાંજરાપોળો વગેરે કોણ ચલાવે છે ? તમે ને તમે જ ! તે ચલાવવાને કાંઈ બીજા કોઈ પૈસા નથી આપતા પણ તે છતાં આવો આવો લવારો કરી પાંચ પંદરની રકમ ઓછી કરાવો છો ! પછી પાછા શાહુકાર થઈને કહેશો કેઃ લ્યો પૈસાની તો આવી ખેંચ છે પણ શું કરીએ હવે તમે આવ્યા છો એટલે કાંઈ છૂટકો છે ! લખો મારા દસ!" પેલો બિચારો ટીપવાળો "જે મળ્યા તે લાભ" એ હિસાબ દસ તો દસ, તે પણ લઈને રાજી થાય છે અને માપવા માંડે છે ! બીજી બાજુએ તમે પણ રાજી થાઓ છો કે ચાલો જે ચાર બચ્યા તે ખરા !

**ચાર રહ્યા પણ દસ ગયા !**

આમ ચાર બચાવો છો ! ચાર બચ્યા એ વાત તો ખરી, પણ ચાર બચી ગયા પણ દસ ભર્યા તે એળે ગયા એ તમે સમજતા નથી ! સો ભરવાના હોય ત્યાં ૯૯ ભરીને ખુશી થાઓ છો પણ એ નવાણું નકામા જાય છે તેનો તમે ખ્યાલ જ નથી કરતા ! આવું દાન કાંઈ ઉકાળી શકે નહિ તેની ખાતરી રાખજો ! જે આવી રીતે દાન આપે છે તે આવતે ભવે કેવી રીતે પામી શકે ? એટલા જ માટે શાસ્ત્ર દાનરૂચિને આગળ મૂકે છે. દાનરૂચિએ જે આપે છે તે કદી આવું નાટક નહિ જ કરે, તેની માન્યતા તો હંમેશાં એમ જ હોય કે મારે તો બધું આપી દેવું જોઇએ પણ શું કરું બધું નથી આપી શક્યો એ મારી કમનસીબી છે ! દાનરૂચિ વિનાના દાનથી મનુષ્યનું આયુષ્ય તમે મેળવી શકશો પણ દુનિયાદારીના સાધનરૂપ જે ભોગ છે તે દાનરૂચિ વિના કદી પણ મેળવી શકવાના નથી જ એની પાકી ખાતરી રાખજો. મનુષ્યનું આયુષ્ય પરાધીન છે તે ટકાવવા માટે જ દુનિયાદારીના ભોગો જરૂરી છે અને તેથી જ

દાનરૂચિથી દાન આપવું જરૂરી છે એમ જે વિચારે છે તે બુદ્ધિ મધ્યમબુદ્ધિ છે.

**જ્ઞાની હોય તે શાનો વિચાર કરે ?**

બાળકને તમે ચિત્ર બતાવશો તો તે ફક્ત ચિત્રનો ચળકાટ જોશે. મધ્યમબુદ્ધિવાળો હશે તે રંગ અને તેની રેખાઓ જોશે, જ્ઞાની હશે તે તો ચિત્રમાં રહેલા મનુષ્યને અને તેની અવસ્થાને નિહાળશે. આ તો સાધારણ લૌકિક ઉદાહરણ કહ્યું છે. એ જ પ્રમાણે જેઓ બાળકબુદ્ધિના છે તેઓ એમ વિચારે છે કે : "આવતે જન્મે રોગી વગેરે ન થઈએ, મધ્યમબુદ્ધિવાળો હશે તે એવો વિચાર કરશે કે મારે દાન કરવું જોઈએ અને શીલ પાળવું જોઈએ કે જેથી આવતે જન્મે જગતના ભોગોપભોગો, સંપત્તિ અને સ્વર્ગ મને મળી શકે ! પણ જે બુદ્ધ હશે, જે જ્ઞાની હશે, જેના આત્મામાં આત્મકલ્યાણના અંતિમ પગથીયાની ઝંખના જાગી હશે તે તો એમ જ વિચાર કરશે કે : મારો આત્માનો સ્વભાવ કેવો છે ? એ કેવી રીતે પ્રગટ થઈ શકે ? એને પ્રગટ થતો રોકનારા તત્વો કયા કયા છે ? એ કેવી રીતે દૂર થાય? તે દૂર કરાવનાર મને કેવી રીતે મળી શકે ? એ જ પ્રમાણે જે સમજુ છે તે ધર્મની પરીક્ષા વખતે સાંસારિક ભોગો તરફ ધ્યાન આપતો નથી. એ તો એ જ માને છે કે મારા આત્માનું સ્વરૂપ કેવું છે અને તે પ્રગટ કેવી રીતે થાય તે માટે જ ધર્મ છે.

**ધર્મ એ આત્માની ચીજ છે.**

વિધાનોની અપેક્ષાએ ધર્મ એ માત્ર આત્માની જ ચીજ છે. તે ભોગોપભોગ મેળવવાની ચીજ નથી જ. આવતે જન્મે સૌંદર્યવાળી પત્ની મેળવવાને માટે ધર્મ છે જ નહિ. ધર્મ એ તો માત્ર આત્માની જ વસ્તુ છે, તે આત્મામાં જ રહે છે, આત્મામાં જ વિકાસ પામે છે અને આત્મામાં જ આનંદ પામે છે, જેમ ફૂલની વાસ ફૂલમાં જ રહે છે. ગુલાબના ફૂલનું ઉદાહરણ લો. ફૂલની સુવાસ ફૂલમાં જ રહેલી છે પણ એ ફૂલ ઉપરથી જ ફૂલના સુવાસની કિંમત થાય છે તે જ પ્રમાણે આત્માના સ્વરૂપ ઉપરથી જ ધર્મની કિંમત થાય છે. અર્થાત્ ધર્મની કિંમત આત્માના સ્વરૂપ ઉપર જ આધાર રાખે છે. લૌકિક દૃષ્ટિએ ધર્મનું ફળ ભોગ અને સુખની પ્રાપ્તિ છે, પણ લોકોત્તર દૃષ્ટિએ આત્મસ્વરૂપની પ્રાપ્તિ એજ ધર્મ છે. આ વસ્તુ સમજો, મનન કરો, દુર્ગતિને આપનારા કારણોથી દૂર રહો અને સદ્ગતિ આપે એવા કાર્યોને કરતા રહો તો શાસ્ત્રકારોના કથન પ્રમાણે આવતા જન્મ ઉપર તમે કાબુ મેળવી શકો છો અને તમે જે ઈચ્છો તે પણ મેળવી શકો છો. જૈનતત્વજ્ઞાનનો આ સંદેશો સમગ્ર જગતને માટે છે તે સંદેશો અજોડ છે અને માટે જ જૈનતત્વજ્ઞાન એ પણ જગતની અજોડ વસ્તુ છે. એ તત્વજ્ઞાન તમે સમજો, સમજીને તેને આચરો છેવટે ન સમજાય તો સમજવાની આશા, ભાવના પણ રાખો અને જેઓ એ જ્ઞાનને સમજ્યા છે તેના પરત્વે પૂજ્યબુદ્ધિ રાખો તો પણ તમારો

જન્મ થોડે અંશે પણ સફળ થયેલો છે. અસ્તુ.

वचनाद्यदनुष्ठानमविरुद्धाद्यथोदितम् । मैत्र्यादिभावसंयुक्तं तद्धर्म इति कीर्त्यते ॥ १ ॥

**સ્વપ્નાની સાહ્યબી આંખ ઉઘડે નહિ ત્યાં સુધી, દુનિયાની સાહ્યબી આંખ મીંચાય નહિ ત્યાં સુધી.**

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મદેશના દેતાં જણાવે છે કે ધર્મની સંપૂર્ણ લાયકાત મનુષ્યગતિ વિના બીજી કોઇપણ ગતિમાં છે નહિ જ્યાં લાયકાત ન હોય ત્યાં ઉપદેશ પણ નકામો છે અને તેવો ઉદ્યમ શ્રી તીર્થંકરદેવ પણ કરતા નથી, તેથી શ્રી મહાવીરદેવે પહેલી દેશના ટૂંકી કરી. ઋજુવાલિકા નદીના કાંઠે ભગવાનને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, ત્યાં દેશના શરૂ કરી પણ ત્યાં દેવતાનો જ વર્ગ હોવાથી અને તેઓ સર્વવિરતિ પામી ન શકે તેથી ભગવાને ક્ષણવારમાં દેશના પૂરી કરી. શ્રી તીર્થંકરદેવની દેશના નિષ્ફળ જાય નહિ. અને ભગવાન શ્રી મહાવીરદેવની આ દેશના નિષ્ફળ નીવડી માટે તેને આપણે આશ્ચર્ય ગણીએ છીએ. જો કે કોઇને સમ્યક્‌ત્વની પ્રાપ્તિ થઇ છે છતાં કોઇને પણ સર્વવિરતિના પરિણામ ન થયા એટલા માટે એ દેશનાને નિષ્ફળ ગણી છે. બીજે બે પહોર દેશના અપાય, સાંજે પણ એક પહોર દેશના અપાય છતાં અહીં ભગવાને ક્ષણવારમાં પતાવ્યું. ધર્મોપદેશ લાયકને જ દેવાય, અને એ માટેની લાયકાત ધરાવનાર માત્ર મનુષ્યો છે. મનુષ્યનો ભવ એટલે મોક્ષની સીડી (નિસરણી), નારકી, તિર્યંચ કે દેવતાના ભવથી મોક્ષ મેળવી શકાતો નથી. એક વખતની મહેનત સર્વકાલ સુધી ફળ દેવાવાળી થાય એવું તો મનુષ્યભવમાં જ બની શકે. આ જીવ દરેક જન્મમાં મહેનત કરતો જ હતો પણ તે મહેનતથી મેળવેલું ફળ દરેક ભવે તે મેલતો જ આવ્યો છે. આખો ભવ મહેનત કરી કરી કુટુંબ, ધન, વાડી, બગીચા, આબરૂ વગેરે મેળવ્યા પણ એ તમામ આપણી આંખ ઉઘાડી હોય ત્યાં સુધી જ રહેવાના. સ્વપ્નામાં દેવ ચૌદ રત્ન આપે, છ ખંડની માલિકી આપે બત્રીસ હજાર મુકુટબદ્ધ રાજાઓને સેવામાં સોંપે પણ આ ચક્રવર્તીપણુ આંખ ન ઉઘડે ત્યાં સુધીનું છે. આંખ ઉઘડયા પછી માલિકી કેટલાની ? ભાડે રહેતો હોય તો ઘરની માલિકી પણ નહિ ! તેવી રીતે સાચા ચક્રવર્તી, વાસુદેવ, રાજા, શ્રીમંત કે ઘરધણીની માલિકી આંખ મીંચાય નહિ ત્યાં સુધીની છે. છોકરો કોઇને ખોળે (દત્તક) આપીએ, પછી એ હક્ક કરતો આવે તો તેને કાંઈ આપતા નથી, ભલે ! વડીલોપાર્જિત મિલકત હોય તો પણ એ છોકરાને કોડી પણ આપતા નથી. આ ભવમાં પણ આ રીતે માલિકી ખસી જાય છે. દરેક જન્મની મહેનત નકામી જાય છે એવી મહેનત શા માટે કરો છો ? બે ઘડીની બરાબર (સાચી) મહેનત કરો કે જેનું ફળ કોઇ પણ કાળે નાશ પામી શકે નહિ. જો આત્માને સાવચેત કરો, ક્ષાયિક સમ્યક્‌ત્વ ઉપાર્જન કરો તો તે કોઇ કાળે જવાનું નહિ. તેનો સમય

અંતઃર્મુહૂર્તનો છે. બરાબર મહેનત થાય, ક્ષાયિક ઉપાર્જન કરાય તો તે કદી જવાનું નહિ. બે ઘડીનું વીતરાગપણું કેવળજ્ઞાન મેળવી આપે છે. ક્ષાયિક ભાવે મેળવેલું વીતરાગપણું કેવળજ્ઞાન, દર્શન મેળવી આપે છે. ક્ષાયિક સમ્યક્ત્વનું ફળ કદી જવાનું નહિ.

### મરૂદેવા માતાને અંધત્વ શાથી થયું ?

અહીં શંકા થશે કે ક્ષાયિક સમ્યક્ત્વ અંતઃર્મુહૂર્તમાં આટલું ફળ આપે છે તો લાંબા કાલ સુધી સાધુપણું પાળનારા સમ્યક્ત્વવાળા કેમ રખડે છે ? શ્રી ઋષભદેવજી ભગવાનને દીક્ષા લીધા પછી કેવળજ્ઞાન માટે હજાર વર્ષ મહેનત કરવી પડી શ્રી મહાવીર ભગવાનને સાડા બાર વર્ષ મહેનત કરવી પડી ને એટલો કાળ એમની છદ્મસ્થાવસ્થા જ છે ને ! એ જ ભગવાને જણાવ્યું કે ઉત્કૃષ્ટભાવના તથા વીર્યવાળો અંતઃર્મુહૂર્તમાં કેવળજ્ઞાન, કેવળદર્શન બધું પ્રાપ્ત કરી શકે છે અને માતા મરૂદેવાનું દૃષ્ટાંત એ વાતને સિદ્ધ કરે છે. તેઓ હાથીના હોદ્દે પોતાના પુત્રને જોવા માટે સમોવસરણમાં આવે છે ત્યાં સુધી તો 'મારો છોકરો' એ જ બુદ્ધિ હતી, દેવની કે તીર્થંકરની બુદ્ધિ ન હતી, એ પોતાનો છોકરો સુખી છે કે દુઃખી એ જ ચિંતા એમને કાયમ હતી રોઈરોઈને એ ચિંતાએ તો આંધળા થયા છે. ભગવાન દીક્ષા લઈને ગયા પછી એ જ કારણે માતા ચિંતાથી અને રડવાથી આંધળાં થયાં છે. લાખો પૂર્વ સુધી ઋષભદેવજી પાસે હતા ત્યાં સુધી અફસોસ ન હોતોઃ લાખ્ખો પૂર્વની અપેક્ષાએ હજાર વર્ષ કઈ ગણત્રીમાં ? ચોરાશી લાખને ચોરાશી લાખે ગુણીએ ત્યારે એક પૂર્વ થાય. એવા લાખો પૂર્વની જિંદગીવાળાને હજાર વર્ષ શા હિસાબમાં ! માત્ર હજાર વર્ષ ઋષભદેવજી છેટા રહ્યા તેમાં તો માતા અંધ થયાં. આ આર્તધ્યાન કે બીજું કાંઈ ? પુત્રની ચિંતાએ ખાવાપીવાનું પણ સૂઝતું નથી ! પૌત્ર ભરત ચક્રવર્તી છે. એ દાદીને ઘણું આશ્વાસન આપે છે છતાં માતાને સંતોષ થતો નથી.

### દુઃખગર્ભિત વૈરાગ્ય કોને કહેવાય ?

દુઃખગર્ભિત વૈરાગ્ય કોનું નામ ? આપણે આજે દુઃખગર્ભિત વૈરાગ્ય તેને કહીએ છીએ કે સંસારમાં દુઃખી હોય તે દીક્ષા લઈ લે તો બાહુબલિજીએ દુઃખગર્ભિત વૈરાગ્યથી દીક્ષા લીધી એમ ? સગર ચક્રવર્તીએ પોતાના સાઠ હજાર પુત્રોનાં મરણ થવાથી દીક્ષા લીધી, સંનતકુમારે શરીરને સડેલું દેખી દીક્ષા લીધી, એ બધાને દુઃખગર્ભિત વૈરાગ્ય કહેવા ? એ દુઃખગર્ભિત વૈરાગ્ય નથી. વિષયોની પ્રાપ્તિ માટે વસ્તુને છોડે, વિષયોના વિયોગે થતા શોકથી વસ્તુ છોડે તેનું નામ દુઃખગર્ભિતિ વૈરાગ્ય ભલે પોતે રાણી હોય, પણ કુંવર મરી જાય તો ઘેર બધી સામગ્રી છતાં તેનો એ ઉપભોગ કરતી નથી, મિષ્ટાન્ન ખાશે નહિ, સારાં વસ્ત્ર કે ઘરેણાં પહેરશે નહિ કહો ત્યાગના પરિણામ છે ? નહિ. જ્યારે કુટુંબમાં શોકનું

કારણ બને ત્યારે કાળો વેષ પહેરે, ઘી ન ખાય, વરઘોડા વિગેરેમાં ન જાય એ બધું શાને અંગે ? પાડોશી કે સગામાં લગ્ન હશે તો ત્યાં પણ ભાગ લેશે નહિ. દુનિયાના કોઈપણ હર્ષોત્સવમાં એ ભાગ લેશે નહિ. આ રીતે છોડનાર શાને લીધે છોડે છે ? છોકરો અગર કુટુંબી ગયો તેને લીધે એ બધું છોડે છે. ઇષ્ટના વિયોગથી આવી પડતા અનિષ્ટથી આ રીતે છોડાય તે દુઃખગર્ભિત વૈરાગ્ય. આ વાતનો પણ અનર્થ ન કરતા. જે બાઈ વિધવા થાય તે સારા વસ્ત્રાલંકાર ન પહેરે ત્યાં દુઃખગર્ભિત વૈરાગ્ય કહેવાય નહિ પોતાને શીલ પાળવું છે તેથી સારાં વસ્ત્રાલંકારની સજાવટથી તો પોતાના બાર વાગી જશે, સારાં વસ્ત્રાલંકારો શીલમાં નુકશાન કરનાર છે, તે શીલરત્ન હરાઈ ન જાય એ માટે વિધવાની એ પ્રવૃત્તિ છે ત્યાં દુઃખગર્ભિત વૈરાગ્ય કહેવાય નહિ. અહીં પણ આર્તધ્યાનાદિ થાય તેને તે સ્વરૂપમાં જ ગણાય. વિધવા થયા પછી તરત અમુક કાળ દહેરે, ઉપાશ્રયે ન જવું એનો અર્થ શો ? આર્તધ્યાનમાં ડુબેલી હોવાથી પ્રવૃત્તિ બીજા કામમાં નથી પણ ધર્મની જ પ્રવૃત્તિ છોડવામાં આવે એ અજ્ઞાનતા સિવાય બીજું શું કહેવાય? પોતાના છોકરાને ટાઢ, તાપ વિગેરે કેવાં લાગતાં હશે એ વિચારમાં જ માતા અંધ થયાં છે અને એમણે હજાર વર્ષ આ રીતે રોઈરોઈને કાઢ્યાં છે. રોવાથી જ ચક્ષુની સ્થિતિ પડલવાળી થઈ ગઈ છે. પોતાની માતા મરૂદેવાની આ સ્થિતિ ભગવાન શ્રી ઋષભદેવજીની ધ્યાન બહાર છે એમ નથી. પહેલી વાત પોતાના આત્માના ઉદ્ધારની છે. બીજી વાત !

### તે આર્તધ્યાનમાં ધર્મધ્યાનની જડ કેવી રીતે ?

આ માતા જેટલો રાગ કરે છે, એમાં જ ધર્મધ્યાનની જડ રહેલી છે. આર્ત્તધ્યાનમાં છતાં એની જડ ધર્મધ્યાનમાં ? શી રીતે ? એક મનુષ્ય દીક્ષા લેવા તૈયાર થયો, તેના સગાવહાલાએ બખેડો કર્યો, પેલો દીક્ષાભિલાષી પાછો ન પડયો અને દીક્ષા લીધી. વખત પસાર થયા પછી પેલા બખેડો કરવાવાળા જ વાંદવા આવે છે, પોતાના ગામ પધારવાની વિનંતિ કરે છે, અને ગામમાં આવ્યા બાદ વ્હોરવા આવવાની વિનંતિ કરે છે. દીક્ષિત પણ બીજા કરતાં સગાસંબંધીને જલ્દી છાપ પાડી શકે છે. જેને રાગ નથી, બીજુંજ કાંઈ પણ કારણ હોય તેવાને ધર્મમાં આડે આવવાનું કારણ નથી. વચલાને કર્મબંધનું કારણ જ થાય છે. બખેડો કરનાર જ શાતા પૂછવા આવે છે અને દીક્ષિતના કહેવાથી સામાયિક, પૂજાદિ સત્પ્રવૃત્તિમાં જોડાય છે. મરૂદેવા માતા હજાર વર્ષ સુધી રોયાં, અંધ થયાં, તે વખતે જ્યારે ભગવાન શ્રી ઋષભદેવજીને કેવળજ્ઞાન થયું છે ત્યારે એમની એ અનુપમ આત્મ-સમૃદ્ધિ દેખાડવા ભરત મહારાજ પોતાની દાદીને (માતા મરૂદેવાને) હાથીના હોદ્દે બેસાડીને લઇ જાય છે. હજી માતા કાંઈ ભગવાન તરીકે માની જતાં નથી, પોતના છોકરાને જોવાની ભાવના છે. મમતા ખસી નથી. મોહ એક પક્ષીય હોય છે. હવે ભરત મહારાજ માતાને કહે છે કે -"માતાજી ! આપ મને રોજ ઠપકો આપતા કે 'મારો છોકરો

દુઃખી થાય છે અને તું મોજ કરે છે' તો હવે જુવો કે મોજ કોણ કરે છે ? પુત્રને જોવાના હર્ષાવેશથી પડળ ખસી જતાં અંધત્વ ચાલ્યું ગયું.

**કાચી બે ઘડીમાં કેવળજ્ઞાન !**

ભગવાન ઋષભદેવજીની દિવ્ય સમૃદ્ધિ જોઈ માતાને એમ થાય છે કે- 'આ આવી મોજ ઉડાવે છે અને મને ખબર પણ કહેવરાવતો નથી. રોઈ રોઈને મરી રહી છું એની એને પરવા પણ નથી. ભરતચક્રી પાસે ભલે દેવતાઓ હોય પણ તે સામાન્ય. જ્યારે વૈમાનિકના ઈંદ્રો પણ આની સેવામાં હાજર છે છતાં ખબર પણ ન મોકલે ? ત્યારે આ છોકરાને મન તો હું 'મા' નહિને ? જો મા ગણત તો હજાર વર્ષમાં મને ખબર પણ ન મોકલત ? ત્યારે તો મા 'છોકરો, છોકરો' કર્યા કરે એ ગાંડીને ! આવો સ્નેહ કર્યો શું કામ લાગે ?' માતાને ભાન આવ્યું, અને મોહ ટળ્યો. વસ્તુ હેરાન કરનાર નથી પણ સ્નેહ હેરાન કરનાર છે. વસ્તુ નાશ થાય તો માલિકને જ શોક થાય છે. એક વસ્તુને એક ક્ષણે એક પોતાની માને, વળી બીજી ક્ષણે બીજો પોતાની માને છે. વસ્તુને જે પોતાની માને છે તેને જ મોહ થાય છે. વસ્તુ નાશ પામે ત્યારે એની પ્રત્યે મોહવાળાને શોક થાય છે. મરવાનું મોહવાળાને છે. બસ ! આવા વિચારો માતાએ કર્યાઃ માતા મરૂદેવા વચિારસરણીમાં આગળ વધ્યાં. "મોહેજ મને આંધળી કરી આટલી હેરાન કરી ! આ મોહ કેવો ? ક્યારનો ? જ્યારનો મોહ ત્યારનું દુઃખ ! મોહ રહે ત્યાં સુધી દુઃખ નક્કી રહે છે. મોહ રહેશે ત્યાં સુધી દુઃખ થવાનું જ ! કોના છોકરા ? કોની માતા "બસ! આ વિચારસરણીમાં આરોહણ કરતાં કાચી બે ઘડીમાં તીવ્ર વૈરાગ્યથી વીતરાગપણું, કેવળજ્ઞાન, કેવળદર્શન મેળવી લીધાં. એ ટકવાના ક્યાં સુધી ? યાવત્ કાલ સુધી ક્ષાયિક સમ્યક્ત્વ, વીતરાગપણું, કેવળજ્ઞાન, કેવળદર્શન એ અપૂર્વ વસ્તુઓ આ જીવ બે ઘડીમાં મેળવી શકે છે, અને એ વસ્તુઓ પાછી જવાની નથી, નાશ પામવાની નથી, ઘટવાની નથી. કહેવાનું તાત્પર્ય કે જન્મોજન્મ માલ મિલકત, કુટુંબાદિ, મહેનત કરી કરી મેળવ્યાં અને આંખ મીંચાતાં મિનિટમાં મૂકી દીધું તો એવી મહેનત કરવા કરતાં, જેનું ફળ કદી નાશ ન પામે એવી મહેનત કાં ન કરવી ?

# મનક કે મહાન

**(ગતાંકથી ચાલુ)**

૧૯ જે મુનિરાજની લઘુવયે દીક્ષા થયા પછી લઘુવય છતાં પણ આ મુનિરાજનું આયુષ્ય કેટલું છે એવું તપાસવાની શય્યંભવ આચાર્યને વૃત્તિ થઈ તે મુનિરાજ મનક મનાક્ કેમ કહેવાય ?

૨૦ જે મુનિરાજને માટે છેલ્લા દશપૂર્વીએ કે છેલ્લા ચૌદપૂર્વીએ કરાતું ઉદ્ધારનું કાર્ય છેલ્લા નહિ એવા શય્યંભવસૂરિજીએ કર્યું તે મુનિરાજ મનક મનાક્ કેમ કહેવાય ?

૨૧ જે મુનિરાજને માટે વિકાલ થતાં પણ સૂત્રનો ઉદ્ધાર કરવામાં આવ્યો તે મુનિરાજને મનક મનાક્ કેમ કહેવાય ?

૨૨ જે મુનિરાજે શય્યંભવસૂરિજીએ ઉદ્ધરેલા દશવૈકાલિક શાસ્ત્રનો છ માસ જેવી મુદતમાં અભ્યાસ સંપૂર્ણ કર્યો તે મુનિરાજને મનક મનાક્ કેમ કહેવાય ?

૨૩ જે મુનિરાજે આઠ વર્ષ જેવી લઘુવય છતાં પણ છ માસમાં સંયમની યથાસ્થિત આરાધના કરી તે મુનિરાજને મનક મનાક્ કેમ કહેવાય ?

૨૪ જે મુનિરાજને છ માસમાં યથાસ્થિત સંયમની આરાધના થવા માટે શ્રી શય્યંભવ આચાર્ય સરખા પુત્રવત્સલ પિતાએ પુત્ર તરીકેની જાહેરાત ન કરી એ મુનિરાજને મનક મનાક્ કેમ કહેવાય ?

૨૫ જે મુનિરાજની લઘુવયે અને લઘુપર્યાયે આરાધના થયેલી હોવાથી શય્યંભવ આચાર્ય સરખા શ્રુતકેવલી મહારાજને પણ આશ્ચર્યની સાથે આનંદના આંસુ આવે તે મુનિરાજ મનક-મનાક્ કેમ કહેવાય ?

૨૬ જે મુનિરાજની અજ્ઞાત ગુરુપુત્રપણાની સ્થિતિને જેમના કાળ પછી જાણીને યશોભદ્રસૂરિજી વિગેરે સમર્થ આચાર્યાદિકોને પણ વૈયાવચ્ચ વિગેરે કરવાનો લાભ ન મળ્યો તેમાં પશ્ચાત્તાપ થાય એ મુનિરાજને મનક-મનાક્ કેમ કહેવાય ?

૨૭ જે મુનિરાજને આચાર્ય મહારાજ શય્યંભવસૂરિજી સરખાએ છ માસ સુધી અભ્યાસ કરાવ્યો છતાં તે અભ્યાસનું શાસ્ત્ર જે દશવૈકાલિક તે સૂરીશ્વરજી પાસે સતત સેવામાં રહેવાવાળા શ્રી યશોભદ્ર

મહારાજ વિગેરેને પણ જાણવામાં ન આવ્યું અને તેનો અભ્યાસ છ માસ સુધી કરાવ્યો અને કર્યો એ મુનિરાજને મનક-મનાક્ કેમ કહેવાય ?

૨૮ જે મુનિરાજના છ માસ જેટલા ટુંક સમયમાં સંયમની આરાધનાપૂર્વક કાળધર્મ થયા પછી તેને માટે ઉદ્ધરેલા દશવૈકાલિકનું સંહરણ કરવાને માટે થયેલો શય્યંભવસૂરિનો વિચાર શ્રી યશોભદ્રસૂરિ વિગેરે શ્રમણસંઘે વિનંતિ કરી રોકી દીધો એ મુનિરાજને મનક-મનાક્ કેમ કહેવાય?

૨૯ જે મુનિરાજ દશવૈકાલિકના બહાને પાંચમા આરાના છેડા સુધી પોતાની સત્તા સાબીત કરશે તે મુનિરાજને મનક-મનાક્ કેમ કહેવાય ?

૩૦ જે મુનિરાજ માત્ર આઠ વર્ષની વયે દીક્ષિત થયેલા અને કેવળ છ માસ જેટલા ટુંક વખત સુધી ચારિત્ર પર્યાયમાં રહેલા છતાં તેમને નામે ચૌદપૂર્વધર શ્રુતકેવલી શય્યંભવસૂરિની પ્રસિદ્ધિ થાય અને મનક પિતા તરીકે શ્રી પર્યુષણાકલ્પ વિગેરેમાં સ્થવિરાવલીમાં લખાય એ મુનિરાજને મનક-મનાક્ કેમ કહેવાય ?

નોંધ :- મુનિરાજ મનકની દીક્ષા જે આઠ વર્ષની વયે કહેવામાં આવે છે તે આઠ વર્ષ પૂરાં થઈ ગયેલ સમજવાં નહિ, પણ માત્ર સાત પુરાં થઈને આઠમું વર્ષ ચાલતું હતું તે વખતે દીક્ષા થયેલી છે એમ સમજવું, કારણ કે જો એમ ન હોય તો શ્રી નિશીથભાષ્ય અને પંચકલ્પભાષ્યમાં જન્મ પછી આઠ વર્ષ પૂર્ણ થએ દીક્ષા માનનારા પક્ષની અપેક્ષાએ પણ તે મનક મુનિજીની દીક્ષાને અપવાદ તરીકે ગણત નહિ. યાદ રાખવું જરૂરી છે કે જે જે પક્ષ જે જે માન્યતા ધરાવે તે તે પક્ષ તે તે માન્યતાની અપેક્ષાએ જ ઉત્સર્ગ અપવાદને બાધિત કરવા કોઈ સમજુ પુરુષ તૈયાર થાય જ નહીં. આ લેખમાં જણાવેલી હકીકત બાળદીક્ષાને પોષણ કરનાર થાય તેના કરતાં તે મુનિરાજની મહત્તા વધારે પોષણ કરનાર છે અને તે જ ઉદ્દેશ આ લેખનો રાખવામાં આવેલો છે.

(ટાઈટલ પા. ૨ થી અનુસંધાન)

રાખવું કે વનસ્પતિ આદિ સ્થાવર જીવો અને જાનવર, કીડી, મંકોડી વિગેરે યજ્ઞનું નામમાત્ર પણ સાંભળવાને બેનસીબ છે, છતાં તેઓને પણ વરસાદદ્વારા એ પોષણ મળે છે, માટે આખા જગતને વરસાદ જે પોષણ દે છે તેમાં જગતના જીવોના પૂર્વસંચિત પુણ્યો જ કારણ છે.

૫. જગતમાં મનુષ્યવર્ગમાં ઘણો ભાગ અગ્નિથી જ આહારપાકાદિકનો લાભ મેળવી જીવનનિર્વાહ કરનારા હોય છે, એ અગ્નિ મનુષ્યના જીવનનિર્વાહને માટે કેટલો બધો જરૂરી છે તેની જિજ્ઞાસાવાળાઓએ ભગવાન શ્રી આદિનાથજીના ચરિત્રમાં આહારપાકનું આખું પ્રકરણ વિચારી જોવાની જરૂર છે. આવો જરૂરી ગણાયેલો અગ્નિ જો ઉર્ધ્વશિખાવાળો ન હોત તો અગ્નિ પદાર્થની હયાતી છતાં પણ તેનાથી કોઈપણ પ્રકારની કાર્યસિદ્ધિ થાત નહીં, પણ તે અગ્નિ ઉર્ધ્વ શિખાવાળો હોવાથી જ આહારપાકાદિકની સર્વ ક્રિયા થઈ શકે છે, અને તે અગ્નિનો ઊર્ધ્વ જ્વલન સ્વભાવ પ્રત્યક્ષ સિદ્ધ છે, અને તે જ સ્વભાવ પુણ્યશાળી પ્રાણીઓને આહારપાકાદિકમાં મદદ કરનાર હોઈ અગ્નિનું ઉર્ધ્વજ્વલન પુણ્ય (ધર્મ) ના પ્રભાવે જ થાય છે એમ માનવામાં કોઈપણ પ્રકારની હરકત નથી (પદાર્થના ગુણને જાણનારા મનુષ્યો પોતાને કોઈપણ પદાર્થથી થયેલા ગુણને જ ધ્યાનમાં રાખનારા હોય છે, જો કે તે પદાર્થે ગુણજ્ઞોને ગુણ કરવા માટે જ તેમ કર્યું હોય કે પોતાના સ્વભાવે તેમ કર્યું હોય, પણ ગુણજ્ઞ મનુષ્યો તો બુદ્ધિપૂર્વક કે ઈતરથી પણ પોતાના થયેલા ગુણના કારણોને જરૂર ઉપકારી માને છે અને જો એમ ન ગણે તો લોકોત્તર દૃષ્ટિએ દેવ કે ગુરુનો અને લૌકિક દૃષ્ટિએ માબાપ કે કલાચાર્ય વિગેરેનો ઉપકાર માનવાનો વખત રહે જ નહિ)

૬. આ વાત તો જગતમાં પ્રસિદ્ધ જ છે કે વાયરાનું વાવું એ ઘણા ભાગે તિરછું જ બને છે, અને તેથી જ વાયુના ભેદો પણ પૂર્વવાત, પશ્ચિમવાત, ઉત્તરવાત, દક્ષિણવાત વિગેરેના નામે જ શાસ્ત્રકારો જણાવે છે, તો વાયુનું તિરછું વાવું તે સિદ્ધ જ છે, અને જો તે તિરછું વાવું ન થતું હોય તો એક આંખનો પલકારો મારવો કે શ્વાસ લેવો તે પણ જગતને મુશ્કેલ પડત. વનસ્પતિ વિગેરેને તે તિર્છા ભાગમાં વાતા વાયરાથી કેટલું બધું પોષણ મળે છે તે વાત વનસ્પતિવિદ્યાને જાણનારાઓથી અજાણી નથી. આવી રીતે જગતના જીવોના જીવનનિર્વાહમાં ઉપકારી વસ્તુઓને વ્યવસ્થિત કરનાર વાયુનું તિરછું વાવું તે જીવોના પુણ્યને જ આભારી છે. (જગતમાં જીવો પુણ્યનો બંધ કરતી વખતે અનેક પ્રકારના શુભ અધ્યવસાયવાળા હોય છે અને પવિત્ર વ્યવસાયથી કરેલા પવિત્ર કાર્યોથી લોકોને અનેક પ્રકારના ઉપકાર થાય છે, માટે એક જ ધર્મ (પુણ્યથી) અનેક પ્રકારના અનેક વસ્તુદ્વારા એ જુદાં જુદાં કાર્ય થાય તેમાં આશ્ચર્ય નથી-સમુદ્ર વિગેરેની સ્થિતિને ધર્મદ્વારા એ ગોઠવાતી જોઈ કેટલાક મનુષ્યને અતિશયોક્તિ લાગવાનો સંભવ છે, પણ તે સમુદ્ર વિગેરેની વિરૂદ્ધ વર્તણુંક થતાં, જે જે કારમા બનાવો બને છે, તે બનાવો તરફ જો બારીકાઈથી જોવામાં આવે તો તે કારમા બનાવથી જેટલો કાળ જે જે પ્રાણીઓ બચ્યા, તેમાં તે તે પ્રાણીઓનો તેટલો કાળ ધર્મપ્રભાવ માન્યા સિવાય છૂટકો જ નથી. ધ્યાનમાં રાખવું કે સમુદ્રાદિનું મર્યાદાસર રહેવું તે વિરૂદ્ધ વર્તનના અભાવરૂપ નથી, કે જેથી વ્યવસ્થાસર થતું વર્તન તે પાપના અભાવથી થયેલું માની શકાય. અર્થાત્ કારમા કેરને વર્તાવનારૂં વિરૂદ્ધ વર્તન જેમ જગતના તે તે જીવોના પાપના ઉદયથી થાય, તેવી જ રીતે તે સમુદ્રાદિનું વ્યવસ્થાસર વર્તન જગતના તે તે જીવોના પુણ્યના ઉદયે

માનવું તે જ યુક્તિસંગત છે.

૭. જગતના મનુષ્ય, જાનવર વિગેરે સર્વ જીવોને આ પ્રત્યક્ષ દેખાતી પૃથ્વી આધારભૂત છે. એ પૃથ્વી જેમ ઉપરથી આધાર વગરની છે, તેવી જ રીતે નીચે પણ આધાર વગરની છે, (જો કે પૃથ્વીને માટે કેટલાંકોની માન્યતા છે કે તે શેષનાગના માથા ઉપર રહેલી છે. પણ તે માન્યતા માત્ર ભક્તિની પ્રધાનતાએ જ ઉદ્‌ભવી છે, કેમ કે શેષનાગ કે તેના સ્થાનભૂત જલનો સમુદાય જો અન્ય આધારે રહેલો માનીએ તો તે અન્ય આધારને જ સ્વયં રહેલો માનવો પડશે, કારણ કે શેષનાગની નીચે રહેલી પૃથ્વીના આધારને માટે નવા શેષને કોઇ માનવા તૈયાર નથી, અને તેમ માને તો પણ તેમાં અનવસ્થા જ આવે, અને શેષનાગનું પ્રમાણ પણ પૃથ્વી જેવી મોટી વસ્તુ ધારણ કરવાને અંગે કેવડું માનવું પડે, વળી તેનું આયુષ્ય કેવડું માનવું પડે. વળી તેની જાતિ કેવી રીતે માનવી પડે, એ બધું વિચારવા બેસીએ તો ઘટી શકે તેમ નથી-શાસ્ત્રદૃષ્ટિએ જે જણાવવામાં આવ્યું છે કે આકાશ એ એક જ માત્ર સ્વપ્રતિષ્ઠિત છે, કેમકે તે અરૂપી છે, અને તે આકાશમાં પાતળી હવાનું પડ, તેની ઉપર જાડી હવાનું પડ, અને તેની ઉપર જામેલું પાણી જેને અનુક્રમે તનુવાત ઘનવાત અને ઘણોદધિ કહેવામાં આવે છે, તે અનુક્રમે રહેલાં અને તેની ઉપર આ પ્રત્યક્ષ જણાતી રત્નપ્રભા પૃથ્વી કે તેના જેવી બીજી પણ શર્કરાપ્રભાદિ પૃથ્વીઓ રહેલી છે. આ બધું શાસ્ત્રમાં જણાવેલું, વર્તમાનમાં બલુનની સ્થિતિને તપાસનારા કે છોકરાઓ ફૂંકના વાયુથી બોરના ઠળીયા વિગેરેને અધ્ધર રાખે છે તે ક્રીડાને જોનારા મનુષ્યો યુક્તિસંગત માનવામાં આનાકાની કરે નહિ કેટલાક પદાર્થોને જો કે નીચેથી આધાર હોતો નથી, તો પણ શીકું બંધાય છે. તેવી રીતે ઉપરની બાજુના આલંબનથી પણ વસ્તુનું ટકવું થાય છે. પણ આ પૃથ્વીને તેવું કોઈપણ આલંબન નથી, છતાં આ પૃથ્વી સ્થિર રહલી છે (કેટલાકો આ પૃથ્વીને સૂર્યના આકર્ષણથી ખેંચાયેલી માનીને એક જગા ઉપર સ્થિર રહેલી માને છે પણ તેમની એ માન્યતા આગમ, યુક્તિ કે તે બંનેથી વિચાર કરનારા કોઇપણ પ્રકારે સત્ય માની શકે તેમ નથી. કારણકે કોઇપણ પવિત્ર આગમ, સૂર્યના કિરણથી પૃથ્વીનું ખેંચાવું જણાવાંતો નથી અને પૃથ્વી ઉપરથી ઉંચા ઉછાળેલા કોઈપણ પત્થર, ઇંટ કે લુગડા જેવા સામાન્ય પદાર્થને પણ સૂર્ય આકર્ષીને અદ્ધર રાખી શકતો નથી, નવીનોની માન્યતા પ્રમાણે સૂર્ય, પૃથ્વી કરતાં ઘણો મોટો હોય તો પણ તે ઇંટ અને પત્થર વિગેરે જેવા પદાર્થો કરતાં નાનો છે એમ તો કહી શકાય જ નહિ. અર્થાત્ મોટી વસ્તુ નાની વસ્તુને પોતાના તરફ ખેંચે છે, એ વસ્તુ જો સાચી માને તો પૃથ્વી ઉપરથી ઉડેલી ધૂળ તો બધી સૂર્ય ઉપર જ ભરાઇ જવી જોઇએ. જે સૂર્યનું આકર્ષણ પૃથ્વી કરતાં જબરદસ્ત મનાય છે તે સૂર્યના આકર્ષણ આગળ, પૃથ્વીના મધ્યબિંદુના આકર્ષણનો બચાવ યુક્તિસંગત થઇ શકે તેમજ નથી. જો કે સૂર્યદ્વારા એ પૃથ્વીના આકર્ષણનું સત્યપણું માનનારાઓને પણ તેવી રીતે પણ રહેલું પૃથ્વીનું સ્થિરપણું જગતના જીવોને ઉપકારી હોવાથી ધર્મજન્ય તો માનવું જ પડશે, પણ વાસ્તવિક રીતે પૃથ્વીનું પૂર્વે જણાવ્યા પ્રમાણે ઘનોદધિ આદિમાં પ્રતિષ્ઠિતપણું હોવાથી ધર્મપ્રભાવ સૂચકપણું છે, અને ઘનોદધિ આદિમાના જગતના શડનપડનના નિયમ પ્રમાણે ચલાયમાનપણું થતાં, પૃથ્વીનું પણ ચલાયમાનપણું થતું અનુભવ સિદ્ધ છે, અને તે પૃથ્વીના ચલાયમાનપણાને લીધે, વર્તમાનમાં થયેલા વિહારપ્રાંતની દશા

વિચારનારાને પૃથ્વીના સ્થિરપણામાં ધર્મનો પ્રભાવ માનવો એમાં કોઈપણ પ્રકારની અતિશયોકિત લાગશે નહિ. આજ પુણ્યના પ્રભાવે સ્થિર રહેલી પૃથ્વી, જગતના સર્વ પ્રાણીઓને આધારભૂત છે, અને અનેક પ્રકારના ખનિજ પદાર્થો કે જે જગતના જીવોને જીવનનિર્વાહમાં ઘણા જ ઉપયોગી નીવડે છે.

૮. આ જગતમાં સૂર્ય અને ચંદ્રના ઉદયથી સર્વ જીવોને ફાયદા થાય છે અને તે સૂર્યચંદ્રના ઉદયો જે નિયમિત થાય છે તેનું કારણ જીવોનો ભાગ્યોદય જ છે. સૂર્ય અને ચંદ્રનું સ્વભાવે પણ પર્યટન થવાથી તેમના ઉદયાસ્ત થાય છે, પણ તેથી પ્રાણીઓને ઉપકાર થતો હોવાથી નંબર પાંચ પ્રમાણે તેને ઉપકારી માનવા જરૂરી છે. વર્તમાનકાળની સૂર્યચંદ્રની સંયુક્ત સ્થિતિવાળાં ક્ષેત્રોનો વિચાર કરતાં પણ ભાગ્યશાળી પુરુષોના સ્થાનભૂત દેશોમાં જ તે સૂર્યચંદ્રના સમાન ચલનથી સમશીતોષ્ણપણું હોય છે, અને તે અપેક્ષાએ પણ સૂર્યચંદ્રના સરખા ચલનથી થતું સમશીતોષ્ણપણું અનુભવવાળા લોકો, ઈતર લોકો કરતાં તે બાબતમાં ભાગ્યશાળી હોય તેમાં આશ્ચર્ય જ નથી.

૯. જે જીવનો કોઈપણ કુટુંબી નથી હોતો તેવા અનાથ જીવોને પણ સરખી રીતે આધાર આપી બચાવનાર જો કોઈપણ હોય તો તે ધર્મ (પુણ્ય) જ છે.

૧૦. કોઈપણ પ્રકારના મિત્રોને ન ધારણ કરનાર એવા પુરુષને અમિત્રો પાસેથી પણ મિત્રોનું કામ, બજાવી આપી સહારો આપનાર કોઈપણ હોય તો તે ધર્મ જ છે.

૧૧. ઈષ્ટ પદાર્થોનો સંયોગ ન થયો હોય તો તેને મેળવી આપનાર અને જો સંયોગ થયેલો હોય તો તેને ટકાવી રાખનાર એવો નાથ કોઈપણ હોય તો તે ધર્મ જ છે.

૧૨. આ પૂર્વે જણાવ્યા પ્રમાણે કેવળ આ જીવનના નિર્વાહમાં જ ધર્મનું ઉપયોગિપણું છે એમ નહિ પણ પરભવમાં થતી નરકગતિથી આ જીવને બચાવી દેનાર કોઈપણ હોય તો તે ધર્મ જ છે.

૧૩. ઉપર જણાવ્યા પ્રમાણે પુણ્યધર્મ જેમ અપૂર્વ કાર્યો કરે છે. તેવી જ રીતે નિર્જરા નામનો ધર્મ તે આ જીવને નિરતિશય એવા સર્વજ્ઞપણાના વૈભવને આપી, અવ્યાબાધપદને પ્રાપ્ત કરાવી આપે છે.

---


## જાહેર ખબર

પહેલા વર્ષનો અંક ૨૧

બીજા વર્ષના અંક ૨, ૩, ૨૩

ઉપરના અંકો સમિતિને જે કોઈ મોકલી આપશે તેને દોઢી કીંમત આપવામાં આવશે.

ઉપર સિવાયના અંકો જે કોઈને ફાઈલ બનાવવા તુટતા હોય તો સવા આનાનો સ્ટેમ્પ બીડવાથી મોકલી આપીશું.

સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.

ભૂલેશ્વર લાલબાગ મુંબઈ નં. ૪


---

સુચના :- વી. પી. ચાલુ કર્યા છે હજુ જેને લવાજમ ભર્યા નથી તેઓએ તુરત મોકલી આપવા.


આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# ધર્મની ફળદ્વારા એ વ્યાખ્યા.

કલિકાળ સર્વજ્ઞ આચાર્ય મહારાજ હેમચંદ્રસૂરીશ્વરજી શ્રુતકેવલી સમાન શ્રીમાન્ ધર્મઘોષસૂરિજી દ્વારાએ ધર્મનું બાલ, મધ્યમ અને બુધ જીવોને લાયકનું સ્વરૂપ બતાવી, જગતની અંદર લૌકિક દૃષ્ટિએ જન્મ આપી, પોષણ કરી બાલકને ઉછેરનાર માતા વિગેરે સગાં અને સંબંધીઓના રૂપકથી ધર્મની શ્રેષ્ઠતા જણાવી લોકોમાં ગણાતી રાજા, મહારાજા અને દેવ, દેવેન્દ્ર આદિની પદવીઓરૂપ ફળના કારણપણે ધર્મને વર્ણવી ધર્મની શ્રેષ્ઠતા જણાવેલી છે. આ સર્વ ધર્મનું વર્ણન ધર્મ શબ્દની વ્યુત્પત્તિથી નિરપેક્ષપણે રહીને જણાવેલા હોવાથી હવે ધર્મ શબ્દની વ્યત્પત્તિદ્વારા ધર્મનું વર્ણન જણાવે છે.

ધર્મ શબ્દ ધૃ ધાતુ ઉપરથી ઉણાદિનો મ પ્રત્યય લાવીને બનાવવામાં આવેલો છે, અને ધૃ ધાતુના અર્થો ધારણ કરવું અને પોષણ કરવું એમ બે પ્રકારે થાય છે. આ ધર્મશબ્દની અંદર ધાતુની અપેક્ષાએ ધારણ અને પોષણ એ બંને હકીકત લાગુ પડવી જોઇએ. જો કે કેટલાકો સૂર્ય, ચંદ્ર, પૃથ્વી આદિકના ધારણદ્વારા એ ઈશ્વરની સત્તા સાબીત કરવા પ્રયત્ન કરે છે, પણ તેઓને સમજવું જોઇએ કે જો સૂર્ય, ચંદ્ર અને પૃથ્વી વિગેરેમાં વસવાવાળા જીવો હોય તો તે તે જીવોના આયુષ્યાદિ પુણ્યની અપેક્ષાએ જ ઇશ્વર પણ તે તે સૂર્ય, ચંદ્ર પૃથ્વી આદિને ધારણ કરે, અને જો ન છૂટકે પણ ઈશ્વર કર્તૃત્વવાદીઓને તેમ માનવું જ પડે, તો પછી એમ કહેવું કોઈપણ પ્રકારે ખોટું નથી કે સૂર્ય, ચંદ્રાદિકને મુખ્યતાએ ધારણ કરનાર ધર્મ જ છે, અને કર્તૃત્વ માનવાવાળાઓનો ઈશ્વર તો ધર્મરૂપી ઈન્જીનનો *ડબ્બો જ ગણાય. વસ્તુતાએ તે કર્તૃત્વવાદીઓમાં જીવજીવાદિક અનીંદ્રિય પદાર્થોને નિરૂપણ કરનાર સર્વજ્ઞની સાબીતિ કરી શકે તેવુ આગમ નથી, તેથી ઇશ્વર અને તેના સર્વજ્ઞપણાની સાબીતિ માટે કર્તૃત્વ, આયોજન અને ધારણા આદિકના ફાંફાં મારવાં પડે છે. આ સ્થળે આ વાતને વધારે નહિ ચર્ચતાં ટૂંકાણમાં એટલું જ સમજાવવાનું કે જીવનને ધારણ કરનારા જીવોની જીવનરક્ષા માટે સૂર્યચંદ્રાદિનું ધારવું તો શું પણ વર્તમાન જિંદગીના દરેક પ્રસંગોમાં જીવનરક્ષાના સાધનભૂત પદાર્થો ધારણ કરનાર તે ધર્મ જ છે, અને તેથી જ કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજી વિગેરે ધર્મનો મહિમા જણાવતાં નીચેની હકીકત સ્પષ્ટ કરે છે.

૧. કલ્પવૃક્ષ, ચિંતામણિ, કામધેનુ વિગેરે પદાર્થો જે પાપપૂર્ણ જીવોના દૃષ્ટિપથમાં પણ આવતા નથી, તેવા કલ્પવૃક્ષાદિક પદાર્થો ધર્મિષ્ઠ પુરુષોને ધર્મના પ્રભાવથી જ ઇષ્ટ સિદ્ધિને કરનારા થાય છે.

૨. સંસારી જીવોની જીવનદશા સર્વ પ્રકારના દુઃખદ પ્રસંગોથી ઘેરાયેલી હોય છે છતાં તેવી દશામાં વર્તનારા સંસારી જીવને અપાર એવા દુઃખના દરિયામાં પડતાં બચાવી લેનાર જો કોઈપણ હોય તો તે માત્ર પૂર્વભવમાં સંચિત કરેલાં પુણ્યરૂપી અત્યંત હિતૈષી અને અદ્વિતીય બંધુ એવો સાથે

(અનુસંધાન ટાઇટલ પા. ૨)

તૃતીય વર્ષ, અંક ૭ મો.

Registered No. B.3047




# શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

પોષ સૂદિ પૂર્ણિમા } ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી) { તા. ૧૯-૨-૩૫.

# સમાલોચના.

૧ શ્રી પંચવસ્તુની **इयरोडवि** ગાથાની ટીકામાં **विधिगृहीतया** પાઠનો સાક્ષાત્ અર્થ મુખે મુહપત્તિ બાંધી નન્દીસૂત્ર સાંભળવું એવો થતો નથી. માત્ર ચર્ચાસાર મુખબંધનની સિદ્ધિ માટે હોવાથી તેવો અર્થ કર્યો છે એમ તમારું કથન બંધનમાં તેની નિરૂપયોગિતા સ્વીકારાવે છે.

૨ તે ગાથાનો **अपि** શબ્દ નન્દીસૂત્રના વક્તાની શ્રોતા જેવી દશા જણાવી વક્તાને પણ મુખબંધન ન હતું એમ સ્પષ્ટ કરે છે તે વાત તમારે અસ્વીકાર્ય નથી.

૩ શ્રી શીલાંકાચાર્યને શ્રી જિનભદ્રાચાર્યનો વિધિપ્રપાનો પાઠ તે ગ્રંથની પ્રાપ્તિ વિનાનો છે. તિલકાચાર્યની સામાચારીમાં કાલગ્રહણવિધિમાં કાને મુહપત્તિ રાખવા જણાવે છે, પણ ત્યાં વ્યાખ્યાન કે બંધનની વાત જ નથી.

૪ પોત્થયશબ્દનો પોતપર્યાય કરતાં પત્રક અને પોતનો દ્વન્દ્વ સમાસ ભૂલાઈ ગયો છે. પત્રકશબ્દથી કાગળ જ લેવામાં ભૂલ થઈ એમ હવે સમજાયું હશે.

૫ મુખ આગળ મુહપત્તિ રાખવાની શ્રીઆદીશ્વરચરિત્ર અને પુષ્પમાલા વિગેરેની વાત દેશના વખતની છે તેમ તો તે સ્થાન જોવાથી સમજી શકાશે.

૬ ચર્ચાસારમાં આપેલા ફોટા મુખ સાફ દેખાડવા માટે ઓઠથી મુહપત્તિવાળા કર્યા છે એવું કથન તે ફોટાઓની કલ્પિતતા જણાવવા બસ છે.

૭ એક પણ પુરાવો હજી સુધી વ્યાખ્યાન વખતે મુખબંધનનો ચર્ચાસારથી કે આટલા લેખોથી આપી શકાયો નથી, માટે તેની જાહેરાત કરવી જરૂરી છે.

(મુંબઈ સમાચાર)

અમદાવાદથી સંઘનું પ્રસ્થાન થવાના પહેલાં તો શું પણ ખુદ્ મહેસાણાના ચોમાસામાં અને ખુદ્ અમદાવાદમાં, અને માર્ગમાં પણ જામનગરના ઉજમણા ઉપર જવાની વાત જાહેર રીતે થયેલી છતાં ગાયકવાડી હદને નામે બુટ્ટો ઉઠાવનાર દીક્ષાવિરોધની પડદાની રમતમાં ખોટી રીતે રમે તે કોઈપણ પ્રકારે યોગ્ય નથી. ગાયકવાડી હદમાં વિહાર ન જ થાય એવી તે ટીકાકારની ધારણા હોય તો તે કેવળ ખોટી ભ્રમણા જ છે. (જૈન)




(પાક્ષિક)

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ ❧ ઉદ્દેશ ☙ છૂટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

तीर्थेशा दत्तमार्गाः सततगुणिपदाः सिद्धिसाम्राज्यभाजः,
पंचाचारप्रवीणा गणिन इह सदाध्यापका वाचका ये ।
साहाय्यात् मोक्षसिद्धौ मुनय उदितभा अन्विताः शुद्धदृष्ट्या,
ज्ञानेनावद्यमुक्त्या विविधसुतपसा सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

મોક્ષમાર્ગ સદા દિયે જે જિનવરો ગુણ ધારતા, સિદ્ધ નિત્ય ગણેશ પંચાચારધારક વાધતા;
અધ્યાપકો વરવાચકો શિવસાધને મુનિ જોડમાં, એ પાંચસંયુત બોધદર્શન ચરણતપ સિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક"

| | | |
|---|---|---|
| તૃતીય વર્ષ<br>અંક ૭ મો | મુંબઈ તા. ૧૯-૧-૩૫ શનિવાર<br>પોષ સૂદિ પૂર્ણિમા | વીર સંવત્ ૨૪૬૧<br>વિક્રમ ,, ૧૯૯૧ |

# આગમ-રહસ્ય.

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ.

શ્રી નંદીના નિક્ષેપાના નિરૂપણમાં જ્ઞશરીર, ભવ્ય શરીર, વ્યતિરિક્ત નોઆગમ દ્રવ્યનંદીના અધિકારમાં જિનેશ્વર મહારાજની સ્નાત્રાદિકથી થતી વ્યતિરિક્ત દ્રવ્યપૂજામાં પરોપકારનિરતપણું

વિચારતાં વર્તમાન શાસનના અધિપતિ ભગવાન મહાવીર મહારાજનું નયસારના ભવની અપેક્ષાએ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ નહોતી થઈ તે વખતે પણ પરોપકારદૃષ્ટિની અસીમ અવસ્થા બતાવવામાં આવી. તત્વથી વિચારીએ તો તે પરોપકારવૃત્તિ રૂપી કલ્પવલ્લી જ સમ્યગ્દર્શનરૂપ ફળને દેવાવાળી થઇ છે. નયસારના જીવે સમ્યગ્દર્શનની કલ્પના પણ કરી નહોતી, તેને મેળવવાની ભાવના પણ ન હતી, તેના સાધનોની ગવેષણા ન હોતી, સુવિહિત સાધુઓનો સમાગમ થયો તે વખતે પણ સમ્યગ્દર્શનના દાતાર મહોપકારીના દર્શન થાય એવી અંશે પણ ભાવના ન હતી, પણ માત્ર દુઃખી જીવોના દુઃખોને દૂર કરવારૂપ પરોપકારવૃત્તિમાં થયેલું તેનું વર્તન સદ્ધર્મદેશનાદ્વારા એ સમ્યક્ત્વને પ્રાપ્ત કરાવનાર થયું.

વર્તમાનકાળમાં અન્ય મતવાળાઓ જ્યારે પોતાના આગમને જ અનુસરીને ચાલવામાં ધર્મ જણાવી પોતાના આગમને પરીક્ષાની કોટિમાં ન મેલતાં યુક્તિથી વેગળા રાખી, સ્વકલ્પિત અર્થોને આધારે પ્રાણીઓને પ્રવર્તાવવામાં ધર્મ સમજાવવા મથન કરે છે, અને તેને જ પ્રતાપે અન્ય મતોમાં એક સરખા આગમોનો સ્વીકાર છતાં વિશિષ્ટાદ્વૈત, કેવલાદ્વૈત, શુદ્ધાદ્વૈત, જ્ઞાનાદ્વૈત, શબ્દાદ્વૈત વિગેરે અદ્વૈતપણામાં ભિન્નભિન્ન મતો, તેમજ પ્રાર્થનાસમાજ, બ્રહ્મોસમાજ, આર્યસમાજ વિગેરે સમાજ કે સમાજ નામધારી પંથો કે પ્રેમમાર્ગ, ભક્તિમાર્ગ વિગેરે માર્ગો જુદા પડેલા છે. તેવી રીતે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના શાસનમાં બનતું નથી અને બનાવવાનું હોતું નથી અને તેથી જ તેને શાસનને જમાના અને જનના રંગનો પાશ ન લાગતો હોવાથી ત્રિકાલાબાધિત કહેવામાં આવે છે. જો કે જૈનદર્શનમાં મતભેદો પડયા નથી, નિહ્નવો પાક્યા નથી, કે પંથોનો પ્રાદુર્ભાવ થયો નથી એવું કાંઇ નથી, પણ જૈનધર્મમાં પડેલ પંથો, મતો, જૈનધર્મના મૂળરૂપ જીવાજીવાદિક તત્ત્વરૂપ કોઇપણ અંશે બાધ કરનારા નથી, અને તેથી જ જૈનદર્શને પ્રતિપાદિત જીવાજીવાદિક તત્ત્વરૂપ માર્ગ ત્રિકાલાબાધિત હોવા સાથે અવિચ્છિન્ન પ્રભાવશાળી ગણાય છે. આવી સ્થિતિનો જ ઉપદેશ તે સાર્થથી છૂટા પડેલા, જંગલમાંથી ઉતરીને આવેલા, અજ્ઞાતપણે પણ નયસારના આત્માનો આહારાદિક ગ્રહણદ્વારાએ ઉદ્ધાર કરનારા સુવિહિત શિરોમણિઓએ માર્ગમાં દીધો હતો, અને તેથીજ તે નયસારને તે સુવિહિત શિરોમણિના પ્રતાપે સમ્યક્ત્વ પ્રાપ્તિનો પવિત્ર પ્રસંગ પ્રાપ્ત થયો હતો, પણ વર્તમાનકાળમાં જૈનસંઘથી બહાર પડેલા અને અન્યનું અનુકરણ મથનારા ટોળાંવાળા અને પંથવાળાઓ જિનેશ્વર મહારાજના નિરૂપણ કરેલા તત્વશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન ઉપર ચોથમલજીનું સમકિત, હજારીમલજીનું સમકિત, મુનાલાલજીનું સમકિત, જાુહારીમલજીનું સમકિત વિગેરે છાપો આપી તથા ભયંકર ભિષણ માર્ગને પ્રગટ કરી ભવ્યોને ભવસાગરમાં સરકાવી દેનાર ભીખમનું સમકિત અને કાલુરામનું સમકિત વિગેરે કહી ભોળા જીવોને ભરમાવે છે તેવું તે સુવિહિત શિરોમણિઓએ કર્યું નહિ અને તેઓએ તો માત્ર જિનેશ્વર મહારાજના વચનોને અનુસરીને જીવાજીવાદિક તત્ત્વોનું સ્વરૂપ સમજાવ્યું

હતું, અને તેથી જ તે ભાગ્યશાળી નયસાર સમ્યક્ત્વ પામવાથી જન્મનું કૃતાર્થપણું કરી શક્યો હતો. વસ્તુતઃ તે કૃતાર્થપણાની અત્રે મુખ્યતા ન લેતાં, તેના કારણભૂત જે પરોપકારવૃત્તિ હતી તેને જ અત્રે મુખ્યતાએ લેવામાં આવેલી છે.

ત્રિલોકનાથ તીર્થંકર મહાવીર મહારાજને અંગે શ્રી નયસારના થયેલ બાહ્ય પરોપકારવૃત્તિની અસીમ દશા જોયા પછી તે જ નયસારની મરીચિના ભવની અપેક્ષાએ લોકોત્તરમાર્ગને અનુસરીને થયેલી પરોપકાર નિરતપણાની વૃત્તિ તપાસીએઃ

આ ભરતક્ષેત્રમાં વર્તમાન ચોવીસીમાં પ્રથમ તીર્થંકર શ્રીયુગાદિ દેવના મુખ્ય પુત્ર ભરત ચક્રવર્તીને ઘેર આ નયસારના જીવનો દેવલોકે જઈને મરીચિપણે અવતાર થયેલો છે. આ નયસારના જીવનું મરીચિ એવું નામ જે સ્થાપન કરવામાં આવ્યું છે, તે અનર્થક કે યાદચ્છિકપણે નથી, કિન્તુ યથાર્થપણે છે, કેમકે તે મરીચિકુમારનો જે વખતે જન્મ થયો છે, તે વખતે જેમ સૂર્યના બિંબમાંથી મરીચિ એટલે કિરણો ચારે દિશાએ નીકળે છે, કે છએ દિશાએ ફેલાય છે. તેવી રીતે તે મરીચિકુમાર પણ જે વખતે જન્મ પામ્યો તે વખત તે કુમારના શરીરમાંથી દશે દિશાએ મરીચિ (કિરણો)નો વિસ્તાર થયો હતો અને તેથી તે વખતના જીવોની સ્વાભાવિક વિશિષ્ટતા તરફ થતી વૃત્તિને અનુલક્ષીને તે ભરત મહારાજા વિગેરેએ તે કુવંરનું મરીચિ એવું નામ સ્થાપન કર્યું. જો કે સૂર્યના કિરણોના સેંકડો કરતાં અધિક નામો હોય છે, પણ તે વખતે તે કિરણોનું મરીચિ એવું નામ પ્રસિદ્ધિમાં હોય અને તેથી તે કુંવરના શરીરમાંથી નીકળેલા કિરણોને મરીચિના નામથી ઓળખ્યાં હોય અને તે જ કારણને આગળ ધરીને ચક્રવર્તી ભરત મહારાજે કુંવરનું મરીચિ એવું નામ રાખ્યું હોય તો તે અસંભવિત નથી. જો કે અનુષ્ણ છતાં પ્રકાશ કરવારૂપ કાર્ય ઉદ્યોત નામકર્મને લીધે હોય છે અને તે નામકર્મ કેવળ સૂર્યના વિમાનપણે પરિણમેલા માત્ર પૃથ્વીકાયિક જીવોને જ હોય છે, છતાં આ મરીચિ કુંવરના શરીરથી અનુષ્ણ એવું પ્રકાશરૂપ તે જ નીકળ્યું, તો તેમાં તેને ઉદ્યોત નામકર્મનો ઉદય માનવો કે કેમ એ જ શંકા સહેજે થાય તેમ છે, પણ તે મરીચિના શરીરમાંથી સર્વત્ર સર્વકાળે મરીચિ (અનુષ્ણ પ્રકાશરૂપ કિરણો) નીકળ્યાં છે તેમ નથી, પણ માત્ર તે મરીચિના જન્મ વખતે જ ગર્ભગૃહમાં જ કિરણોનો ફેલાવો થયેલો છે, અને તેવા કવચિત, કથંચિત્ બનવાવાળા બનાવને મુખ્ય માર્ગની પ્રરૂપણામાં ન લઈ તેને ઉદ્યોત નામકર્મના ફળ તરીકે ન લેતાં સ્વાભાવિક પ્રભાવચિહ્ન તરીકે લઈએ તો તે ખોટું નથી. અન્ય દેવતાઓ પણ પ્રસંગે પ્રસંગે અનુષ્ણ પ્રકાશરૂપ ઉદ્યોત કરે છે, અને ત્રિલોકનાથ તીર્થંકરના જન્માદિકને અંગે તો ત્રણે જગતમાં અનુષ્ણ પ્રકાશરૂપ ઉદ્યોત થાય જ છે, અને તેને જગતમાં લોકાનુભાવ તરીકે જ ગણીએ છીએ, તો મરીચિના

શરીરથી અનુષ્ણ પ્રકાશરૂપ મરીચિ (કિરણો) નીકળે તેમાં કુદરતને કારણ માનતાં વિરોધનો અંશ પણ દેખાતો નથી ગમે તેમ, મરીચિ (કિરણો) નો પ્રચાર થયો હોય પણ તે કિરણોના પ્રચારને જ લીધે તે કુંવરનું મરીચિ એવું નામ સ્થાપન કરવામાં આવ્યું એ હકીકત શાસ્ત્રદૃષ્ટાને અજાણમાં રહેલી નથી.

પૂર્વે જણાવેલા ગર્ભગૃહમાં જન્મ વખતે કિરણો મૂકવાથી સ્થપાયેલા મરીચિ નામવાળા કુંવરને, પોતાના પિતાની ઋદ્ધિનો ભોગવટો અવ્યાબાધપણે હોવાથી તે કુંવરને પણ પિતાનું ચક્રવર્તીપણું હોવાથી ચક્રવર્તીઋદ્ધિના ભોક્તા કહેવામાં અડચણ જણાતી નથી. શાસ્ત્રોમાં સંભળાય છે કે સગર ચક્રવર્તીના ભગીરથ વિગેરે પુત્રોએ ચક્રવર્તીના દંડ, રત્નાદિનો ઉપયોગ યથેચ્છપણે કરેલો છે, તે જ પ્રમાણે ભરત ચક્રવર્તીના મરીચિ વિગેરે પુત્રો પણ સેનાની રત્ન, જેમ અશ્વરત્ન વિગેરેનો ઉપયોગ કરે છે તેવી રીતે યથેચ્છપણે ઉપયોગ કરનારો હોઈ મરીચિકુમાર ચક્રવર્તીઋદ્ધિનો યથાર્થ ભોક્તા ગણાય તેમાં આશ્ચર્ય નથી. એ હિસાબે ચૌદ રત્ન, નવ નિધાન અને છ ખંડની ઋદ્ધિનો ભોગ લઈ શકનાર એવો મરીચિકુમાર ભગવાન યુગાદિદેવના સમોવસરણમાં આવે છે, અને તેમની તીર્થંકરપણાની ઋદ્ધિને દેખે છે, ત્યારે તે મરીચિકુમારને તે ચક્રવર્તીની ઋદ્ધિ અસાર લાગે છે, અને તીર્થંકરપણાની ઋદ્ધિને જ અદ્વિતીયપણે ગણે છે, અને તેવી અદ્વિતીય ઋદ્ધિ ભગવાન યુગાદિદેવની પાસે જ છે, અન્ય કોઈની પણ પાસે નથી, એવી વિચારસરણીમાં વહન કરતો. મરીચિકુમાર ચક્રવર્તીપણાની છ ખંડની ઋદ્ધિના ભોગને જલાંજલિ આપી, તીર્થંકરઋદ્ધિના દર્શનમાત્રથી પણ આત્માને કૃતાર્થ થવાનું માનવા લાગ્યો, જો કે યુવકદશાના પરિપક્વ મનોવિજ્ઞાનને પામેલો, સત્પુરુષોના સમાગમમાં રહેલો યુવક જગતમાં થયેલા અનેક અનુભવો વિગેરેથી યુવાનદશાને વીજળીના ઝબકારા જેવી ચંચળ માને, લક્ષ્મીની લાભદશાની તીવ્રતા હોય તો પણ પવનથી આંદોલતી ધજાની માફક લક્ષ્મીમાત્રને ચપળ માને, મનુષ્યજીવન કે જેની ઉપર સમગ્ર કંચન, કામિની, કુટુંબ અને કાયા વિગેરેનો આધાર છે, તેને નદીના પૂરના પ્રવાહ જેવું ચંચળ માનવા સાથે વ્યાધિની પ્રચુરતા, જરાની અપ્રતિહતતા અને મૃત્યુનું અપ્રતિકાર્યપણું માને તે સ્વાભાવિક જ છે. ભરત મહારાજા જેવા અસ્થિમજ્જામાં ધર્મથી રંગાયેલા અને પરલોકની પ્રધાનતાએ જીવન જીવનારાના વંશમાં જીવનનિર્વાહ કરનાર કુંવરને તેવા અનિત્યાદિકના સંસ્કારો થાય અને તેવા વિચારો આવે તે ઘણું જ સંભવિત છે. કુમારદશામાં રહેલા તે મરીચિને ભગવાન યુગાદિદેવની તીર્થંકરપણાની ઋદ્ધિ દેખીને જરૂર લોકોત્તર માર્ગની મહર્ધિક્તા અને ઉત્તમતા સ્પષ્ટપણે સમજાઈ અને તેથી લૌકિકપણામાં મુખ્ય ગણાતી એવી ચક્રવર્તીપણાની ઋદ્ધિને છોડવા તૈયાર થયો.

શાસ્ત્રોમાં સાંભળીએ છીએ કે ભગવાન યુગાદિદેવનું દીક્ષાકલ્યાણક (દીક્ષા) થયા પછી યુગાદિદેવની જનની, માતા મરુદેવી પોતાના પુત્ર યુગાદિદેવની શ્રમણદશામાં રહેલી કષ્ટમય દશાને

સંભારતી, મહારાજા ભરતને તેની ઋદ્ધિના ભોગવટાને નામે જ હજાર વર્ષ સુધી ઓળંભો દેતી હતી. તે માતા મરુદેવીને મહારાજ ભરત ઓળંભાના બદલામાં જણાવે છે કે જો આ ભગવાન યુગાદિદેવની ઋદ્ધિ કેટલી અધિક અને કેટલી મોટી છે, અને આ યુગાદિદેવની ઋદ્ધિની આગળ મારી રાજ્યઋદ્ધિ એક તણખલાની ટોચ જેટલી પણ ગણતરીમાં નથી. આ હકીકત સમજનારા મનુષ્યો સહેજે સમજી શકે તેમ છે કે ભરત મહારાજાની રાજ્યઋદ્ધિ ચાહે જેટલી વિશાળ અને ઉત્કૃષ્ટ હોય તો પણ તે એક ભીલોના રાજાની ઋદ્ધિના હિસાબમાં જાય અને ભગવાન યુગાદિદેવની તીર્થંકરપણાની ઋદ્ધિ એ એક સાર્વભૌમ સત્તાના અધિપતિના આડંબર સમાન ગણાય તેમાં આશ્ચર્ય નથી, અને તેવું તે લૌકિક અને લોકોત્તર ઋદ્ધિનું મહાન અંતર હોવાથી જ મરીચિકુમાર તે ચક્રવર્તી ઋદ્ધિને તૃણ સમાન ગણી તીર્થંકર મહારાજની ઋદ્ધિના પ્રભાવમાં મહત્તા દેખી અંજાઇ જાય તેમાં કાંઇ નવાઇ નથી.

પૂર્વે જણાવ્યા પ્રમાણે ભગવાન યુગાદિદેવની ઋદ્ધિની અલૌકિકતા દેખનાર મરીચિકુમાર તે લૌકિક ઋદ્ધિની તુચ્છતાને વિચારી છોડવા તૈયાર થયો એમ કહેવાથી તે છોડવાની તૈયારી કર્યા પછી તે મરીચિકુમારને જીવાજીવાદિક તત્વોનું જ્ઞેય, હેય કે ઉપાદેયપણે જ્ઞાન કે શ્રદ્ધાન થયું જ નહોતું એમ કહેવાનો આશય નથી, પણ ઉપર જણાવેલી હકીકતનો આશય એ જ છે કે યથાસ્થિત સમ્યગ્‌દર્શનને પામેલા જીવો ભગવાન જિનેશ્વરના પ્રાતિહાર્યો અને અતિશયોને પ્રભાવનું સાધન ગણનારા છતાં તે પ્રાતિહાર્ય અને અતિશયોની ઉપાદેયતાને ધારનારા હોતા નથી. તેમ આ મરીચિકુમારને તે ભવમાં માર્ગપ્રવેશ વખતે તેવી દૃષ્ટિ ન ખુલી હોત અને ભગવાન જિનેશ્વરના પ્રાતિહાર્યો અને અતિશયોની મહત્તા તરફ દોરાયા હોય અને પછી યથાસ્થિત જીવાજીવાદિક પદાર્થોના જ્ઞેયાપદિપણાને સમજીને સમ્યગ્‌દર્શનરૂપ અમૂલ્ય રત્નને પામ્યા હોત તો તેમાં કાંઇ આશ્ચર્ય નથી. ઉપર જણાવ્યા પ્રમાણે વ્યવસ્થા કરવાથી જ ભગવાન ચૂર્ણિકાર મહારાજ વિગેરે મરીચિકુમારના પ્રતિબોધમાં તીર્થંકર ઋદ્ધિનું કારણપણું જણાવ્યું છે અને પુંડરીક સ્વામી વિગેરેના પ્રતિબોધમાં ધર્મકથાનું કારણપણું જણાવ્યું છે એમ ભિન્ન ભિન્ન કારણો પ્રતિબોધના જણાવ્યા છે તે વાસ્તવિક સમજાશે.

આવશ્યકનિર્યુક્તિ અને બૃહત્કલ્પ ભાષ્ય વિગેરેમાં સમવસરણની રચનાથી અનેક જીવોને પ્રતિબોધની પ્રાપ્તિ જણાવી છે, તે વસ્તુ વિચારતાં મરીચિકુમારને ભગવાન યુગાદિદેવની તીર્થંકરપણાની ઋદ્ધિ દેખીને પ્રતિબોધ થાય તે અસંભવિત નથી, જો કે તે દેવપૂજાદિ ઋદ્ધિ દેખીને થયેલો પ્રતિબોધ માત્ર માર્ગની ઉત્તમતા જણાવવા પૂરતો જ ઉપયોગી હોય અને જીવાજીવાદિકના જ્ઞેયાપદિકપણાના બોધને માર્ગમાં પ્રવેશ કર્યા પછી પણ મેળવી શકે તો તેમાં પણ આશ્ચર્ય નથી.

ઉપર પ્રમાણે જણાવેલા શાસ્ત્રીય વસ્તુને પરોપકારવૃત્તિના પ્રકરણમાં જો ઉતારીએ તો કયા રૂપે

તીર્થંકર ઋદ્ધિની મહત્તા મરીચિકુમારે ધારી હતી એ સંબંધી સ્પષ્ટ ઉલ્લેખ ન હોવાથી એમ પણ કહી શકાય કે ચક્રવર્તીપણાની ઋદ્ધિ જે જગત જનોમાં પરમ ઉત્કૃષ્ટ ઋદ્ધિપણે ગણાય છે તે ઋદ્ધિના ભોગવનારને જો કે સંતોષ આપનારી છે પણ તે ચક્રવર્તી જેવી ઋદ્ધિનો મહાન ભોગવટો અન્યને કોઇપણ અંશે ઉપકારક થતો નથી. અર્થાત્ ચક્રવર્તીની ઋદ્ધિનો ભોગવટો કરનાર જીવ માત્ર પોતાના આત્માને મહાન ઋદ્ધિનો ભોક્તા માને છે પણ તે ઋદ્ધિ એક અંશે પણ જગતના જીવોને ઉપયોગી થતી નથી. ત્યારે આ તીર્થંકરપણાની ઋદ્ધિ ભોગવનાર મહાપુરુષ સામાન્ય વ્યંતર, ભવનપતિ કે જોતિષ્ક જ નહિ પણ વૈમાનિક સરખા સર્વોત્કૃષ્ટ દેવતાઓ પોતાના નાયકો સાથે હજારો વખત સેવામાં હાજર થાય, તો પણ તે ત્રિલોકનાથ ભગવાન તીર્થંકરોના એક રૂંવાડામાં પણ તે ચારે નિકાયના દેવતાઓ અને તેમના ઈંદ્રોની સેવાના ભોગવટાનો આનંદ કે અભિમાન હોતો નથી. ચક્રવર્તીઓને પોતાની ઋદ્ધિના ભોગવટાનો કેવો આનંદ અને અભિમાન હોય છે તે સમજવાની ઇચ્છાવાળાએ સ્નાન માટે તૈયાર થયેલા સનતકુમાર ચક્રવર્તીના બે દેવતા પ્રત્યે કહેલા રાજસભામાં આવીને રૂપ ઋદ્ધિ જોવાના વચનો યાદ કરવા. આવી રીતે જ્યારે ચક્રવર્તીપણાની ઋદ્ધિ માત્ર ઉદરંભરિપણાના દૂષણથી દૂષિત છે, ત્યારે ત્રિલોકનાથ તીર્થંકરની ઋદ્ધિ એક અંશે પણ ઉદરંભરિપણાના દોષવાળી નથી. શાસ્ત્રદૃષ્ટિએ જોનારા શાસ્ત્રચક્ષુઓને એ વાત સ્પષ્ટ માલમ હશે કે તે તીર્થંકરપણાની ઋદ્ધિ આત્મંભરિઓને મળતી જ નથી, પરંતુ જેઓ જગતના જીવોને નિર્ગ્રંથ પ્રવચનની શ્રદ્ધા, પ્રતીતિ અને અભિરૂચિ કરાવવાના વિચારોમાં ઓતપ્રોત. થયેલા હોય તેવા જ ભાગ્યશાળી જીવોને જ જગતના જીવોને તે નિર્ગ્રંથ પ્રવચનના શ્રદ્ધા, પ્રતીતિ અને અભિરૂચિના હેતુ તરીકે તે ઋદ્ધિ મળે છે, અને તેથી જ શાસ્ત્રકાર મહારાજાઓ અરિહંત નામકર્મનું ફળ સ્વાગત શ્રમને વિચાર્યા વગર ધર્મદેશના દેવા આદિ દ્વારાએ જણાવે છે. અર્થાત્ દેવદાનવ વગેરે ત્રિલોક તરફથી થતી પૂજા અને માન્યતા એ તીર્થંકર નામકર્મને લીધે છે છતાં પણ તે પૂજાને આદિ શબ્દથીઃ ગૌણપદમાં રાખી મુખ્યસ્થાન નિર્ગ્રંથ પ્રવચનની શ્રદ્ધા, પ્રતીતિ અને રૂચિ સમગ્ર જગતના જીવોને કરાવે એવી અર્ધમાગધી ભાષાદ્વારા એ કરાતી પ્રતિદિન આદ્યંત પ્રહરની ધર્મદેશના જ પામે છે, એટલું જ નહિ પણ શ્રી દશાશ્રુત સ્કંધ અને પંચાશકજીના જણાવ્યા પ્રમાણે દેવદાનવ આદિ ત્રિજગજ્જનની પૂજાની મહત્તાને ગણી તેને મેળવવાની ઈચ્છાવાળો થયેલો મનુષ્ય અરિહંતાદિક વીશ સ્થાનકોની તપદ્વારા એ જગત માત્રના જીવોના ઉદ્ધાર માટે આરાધના કરે તો પણ તીર્થંકર નામકર્મ બાંધી શકે નહિ કે તીર્થંકરપણું મેળવી શકે નહિ. આટલા જ માટે તીર્થંકરપણાની દેવપૂજાદિક ઋદ્ધિની અભિલાષાને શાસ્ત્રકારોએ નિયાણા તરીકે ગણેલી છે. અર્થાત્ પૂર્વાપર વિચાર કરનારા મનુષ્યો સ્પષ્ટપણે જોઇ શકશે કે તીર્થંકરપણાની ઋદ્ધિના કારણભૂત જિન

નામકર્મ બાંધતી વખતે સુરાસુર નરેંદ્રની પૂજા આદિરૂપ તીર્થંકર નામકર્મના ફળ ભોગવતી વખતે કુક્ષિંભરિતાને આવવાનો અવકાશ જ નથી. અર્થાત્ ચાલુ પ્રકરણની અપેક્ષાએ એમ માની શકીએ કે તુચ્છ એવી ચક્રવર્તીપણાની ઋદ્ધિ જગત જીવોમાં ઉત્તમ ગણાતી છતાં પણ તે આત્મંભરિપણાના દોષથી સર્વત્ર વ્યાપ્ત છે ત્યારે આ તીર્થંકરપણાની ઋદ્ધિ કે જે ચક્રવર્તીપણાની ઋદ્ધિ અને મહત્તા કરતાં અનંતગુણ અધિક છે, છતાં તેમાં ફળકાળે પણ આત્મંભરિપણાની ગંધ સરખી નથી, અને તે પ્રાતિહાર્ય અને અતિશયના કરનારા દેવદાનવો તે પૂજા માન્યતા વિગેરે જે કરે છે, તે પણ જગતના જીવોને નિર્ગ્રંથ પ્રવચનની શ્રદ્ધા, પ્રતીતિ અને અભિરૂચિના કારણ તરીકે જ કરે છે. કોઈ પણ દેવ કે દાનવે ત્રિલોકનાથ તીર્થંકરની પૂજા માન્યતા કે પ્રાતિહાર્ય કે અતિશયો ભગવાન તીર્થંકરના આત્માના ભોગ માટે કરેલા નથી. અર્થાત્ દેવદાનવોએ કરાતી પૂજા માન્યતારૂપ ઋદ્ધિ તીર્થંકરોની ગણાય છતાં તે કુક્ષિંભરિતાવાળી તો નહિ પણ કેવળ તીર્થંકર સિવાયના જીવોને પ્રતિબોધના સાધન તરીકે ઉપયોગવાળી હોય છે.

ઉપર જણાવેલા પ્રાતિહાર્ય અને અતિશયના આત્મંભરિત્વરૂપ દોષના હેતુના શૂન્યપણાને અંગે જ ભગવાન તીર્થંકરો દેવતાઓએ રચેલા સમવસરણાં બીરાજી શકે છે, અને અતિશયો છતાં પણ નિર્દોષ રહી શકે છે. ચક્રવર્તીપણાની ઋદ્ધિ પરિભોગ વખતે આત્મંભરિત્વ દોષવાળી છે એટલું જ નહિ પણ કેટલીક વખત તે ચક્રવર્તિપણાની સાધનભૂત કર્મો મેળવવાની વખત પણ તે આત્મંભરિત્વ દોષથી વ્યાપ્ત હોય છે અને આ હકીકત સુભૂમ અને બ્રહ્મદત્ત ચક્રવર્તીના પૂર્વભવના વૃત્તાંતોને વિચારનારથી અજાણી રહે તેમ નથી. ત્રિલોકનાથ તીર્થંકરની ઋદ્ધિને અંગે તો પૂર્વે જણાવ્યા પ્રમાણે હેતુકાળ કે ફળકાળ બંનેમાંથી એકે વખત આત્મંભરિત્વનો અંશે પણ દોષ હોતો નથી, પણ હેતુકાળ અને ફળકાળ એ બંને વખતે પરોપકારના પરિપૂર્ણ પરાગથી મઘમઘી રહેલી હોય છે.

★ ★ ★




**રાજ્યનાં રાજીનામાં શાથી અપાય છે ?**

આ જીવ જે જે મહેનત કરે છે તે બધી સુખના માટેઃ જે જે ચીજો મેળવવામાં આવે છે તે જ્યારે દુઃખ દેનારી માલુમ પડે છે કે તરત એને છોડી દે છે. લુંટારો મળ્યો કે તરત હાથમાંનો હીરો હાથેથી જ કાઢીને આપી દઈએ છીએ. મરતી વખતે દેવતા ઋદ્ધિ આપે તો પણ કોઈ ગ્રહણ કરતું નથી. આજની દુનિયાએ (આજના ઈતિહાસે) પણ એ વાત પુરવાર કરી આપી છે. રશિયાના ઝારે, તુર્કસ્તાનના સુલતાને, પોર્ટુગાલના તથા ઈરાનના રાજાએ, અફઘાનિસ્તાનના શાહે આ બધાએ રાજ્યનું રાજીનામું આપી દીધું, શાથી ? શું ઝારને રશિયાની શહેનશાહત અળખામણી હતી ? ઈરાનના રાજાને ગાદી ગમતી નહોતી ? રાજ્યના રક્ષણને અંગે કહો કે લોભ અંગે કહો, જર્મનના કયસરે યુધ્ધમાં લાખ્ખોનો સંહાર કર્યો, કરાવ્યો છતાંયે આખરે પોતાની સલામતી ખાતર રાજીનામું દઈને-રાજને જતું કરીને ચાલ્યો ગયો ને ! વિચારો ! રાજ્યથી જિંદગી કેટલી વધારે વહાલી હશે ! આ ઉપરથી આપણે સમજી શકીએ તેમ છીએ કે રાજા હો કે રંક, કોઈપણ જીવે એક વસ્તુને (જીવનને) હંમેશાં ઈચ્છી રહ્યો છે. રાજ્ય, માલમિલકત, કુટુંબ આ તમામના ભોગે પણ હરકોઈ જીવનને બચાવવા તૈયાર છે. અશુચિમાં રહેલો કીડો તેમજ દેવલોકમાં રહેલો ઈંદ્ર, એ બંનેને પ્રાણના અપહારથી થતો ભય સરખો છે. એ કીડાને પણ મરવાનું મન થતું નથી. પ્રાણ જવાનો ભય સર્વને સમાન છે. જીવનની આવી તીવ્ર ઈચ્છા શા માટે? સુખ માટે. જો મરણમાં સુખ ગણતો હોય તો જીવવું કોઈ ચાહતો નથી. હરકોઈ પ્રાણી મરણમાં દુઃખ માને છે, જીવનમાં સુખ માને છે. જીવનની ઈચ્છા માત્ર સુખના કારણ તરીકે છે. જગતભરના તમામ જીવો એક જ વસ્તુ માગે છે અને તે શું ? સુખ !

**ઈચ્છા કેવા સુખની છે ?**

સૌ કોઈ સુખ તો માગે છે પણ તે કેવું માગે છે ? જેમાં દુઃખ મળેલું ન હોય તેવું, આપણે ગળપણ ખાવા ધારીયે તો એકલા ગોળ કે સાકરના કકડા ખાતા નથી પણ લોટ, ઘી, વિગેરે ભેળવીને ખાવા માગીએ છીએ-ખાઈએ છીએઃ મીઠાની (ગળપણની) સાથે બીજા સ્વાદની ઈચ્છા થાય છે પણ અહીં તો સુખની સાથે જરા દુઃખ પણ હોય તો ઠીક, એવો વિચાર આવતો નથી, એટલું જ નહિ પણ અમુક દિવસ સુખ મળે પછી દુઃખ મળે તો ઠીક નહિ તો સુખનું અજીર્ણ થશે' એમ પણ વિચાર આવતો નથી. ગળપણની સાથે પણ દાળ જોઈએ છીએ તેટલી પણ દુઃખની ઈચ્છા થતી નથી. આ જીવ એવું સુખ માગે છે કે જે દુઃખ (જરાપણ દુઃખ) થી મિશ્રિત ન હોય અને પાછું જવાવાળું ન હોય. મળેલા સુખમાં જો દુઃખ આવે તો પહેલાનું સુખ પણ દુઃખરૂપ લાગે છે.

ચાલતો મુસાફર, તડકો ચઢશે તો દુઃખ વધશે એ કારણે ઝાડ નીચે પથારી કરી છાયાના સુખને ભોગવતો નથી, અને જો કોઈ એમ કરે તો તે મૂર્ખો ગણાય છે. દુનિયાદારીમાં દેવું કરીને પણ મોજ માણી શકાય છે પણ તેવું કરનાર કેવો ગણાય ? એ રીતે ઉડાવાતી લીલાલહેરને આપણે લીલાલહેર કહી શકતા નથી. એ જ રીતે આપણે પણ દુઃખ દેવાવાળા સુખમાં લીન થતા નથી. આપણે તેવું સુખ માગીએ છીએ કે જે પાછળથી નાશ પામનારું હોય નહિ. આપત્તિ તેમજ સંપત્તિ મોટાને જ હોય છે, નાનાને એવું કશું હોતું નથી. જગત તરફથી સૂર્યચંદ્ર સારા અને ખરાબ બેય આશીર્વાદ મેળવે છે. દરિયામાં પૂર ચઢાવી કંઈ લોકને તાણી મૂકે છે પણ એ, તાપથી કંઈને હેરાન કરે છે પણ ગ્રહોને કોઈ તરફથી આપત્તિ નથી. નાના નિરાંતે બેસે છે એની નિરાંત મનમાનીતી એને વધવાનું હોતું નથી, જગતનો આશીર્વાદ પણ તેઓ મેળવી શકતા નથી. વચલી સ્થિતિ હંમેશાં ટકી શકતી નથી. જો વધારે સુખ (વચલું) હોય તો ખસી જાય. ન ખસે કયું સુખ ? જઘન્ય તેમજ ઉંચું સુખ ખસે નહિ.

**કર્મ કયાં હલ્લો કરી શકતું નથી ?**

ચેતનાથી સંપ્રાપ્ત સુખ, સંપૂર્ણ અને શાશ્વત્ સુખ કોઈ દિવસ ખસતું નથી. આત્મામાં ઉંચામાં ઉંચી સ્થિતિ કઈ ? મોક્ષ. એ સ્થિતિ નિત્ય છે. નીચામાં નીચી સ્થિતિ સૂક્ષ્મ એકેંદ્રિય નિગોદિયાપણું. મોક્ષ અને નિગોદ બે સ્થાન જ નિત્ય હોઈ શકે. ઓછામાં ઓછા પ્રમાણવાળા સ્થાન પર હલ્લો હોય નહિ, વરસાદ પહાડ ભેદે, શીલા ભેદે, પણ ઝીણી કાંકરીયોને ભેદી શકે નહિ કેમકે બુંદ કરતાં પણ કાંકરી નાની હોવાથી તેની ઉપર હલ્લો થઈ શકતો નથી. પહાડ મોટા રહ્યા તેથી વરસાદની ધારા તેને ભેદી શકે છે. પુષ્કરાવર્ત મેઘ (વરસાદ) એક વખત વરસ્યો હોય તો તેનો કસ દશ હજાર વર્ષ સુધી રહે

છે. એ વરસાદ થયા પછી દશ હજાર વર્ષ સુધી બીજો વરસાદ ન થાય તો પણ ચાલે, આટલું છતાં પણ મગ જેવો નાનો કાંકરો ભીંજાય નહિ. જઘન્યમાં જઘન્ય સ્થિતિ એવી હોય કે જેની ઉપર હલ્લો થઇ શકે નહિ. જ્ઞાનદર્શનની જઘન્ય સ્થિતિ એટલી બારીક છે કે જેની ઉપર કર્મનો હલ્લો થઇ શકે જ નહિ. સૂક્ષ્મ એકેંદ્રિયના પહેલે ક્ષણે જે જ્ઞાનની શક્તિ છે-જે જ્ઞાનનો અંશ છે એ અવરાતો નથી. ત્રણે જગતના જીવોને વળગેલા જ્ઞાનાવરણીય કર્મો એકઠાં કરીએ, વળી જગતનાં છૂટાં કર્મપુદ્ગલો જ્ઞાનાવરણીયપણે પરિણમીને એ પણ તેમાં ભળી જાય, આ બધા ત્યાં વળગે તોયે એ જ્ઞાનનો અંશ કોઇ દિવસ અવરાય નહિ. સૂક્ષ્મ એકેંદ્રિયપણામાં આ જીવ અનાદિથી કેમ રહી શક્યો ? ન વધ્યો કે ન ઘટયો એ શાથી? વધવાના સાધનો નથી અને હલ્લો થઇ શકે તેમ ન હોવાથી ઘટવાનું નથી એવા પ્રશ્નો હોય ? કેમકે આંધળો ન દેખે, બહેરો ન સાંભળે એમાં નવાઇ નથી, આંધળો દેખે અને બહેરો સાંભળે તેમાં નવાઇ!

**અજબ ભાગીદારીની કંપની !**

સૂક્ષ્મ એકેંદ્રિયપણામાં અજ્ઞાન છે. મન, વચન તો ત્યાં છે જ નહિ. માત્ર કાયા છે તે પણ કેવી? અનંતા જીવો એકી સાથે ઉદ્યમ કરે (વારા ફરતી નહિ) તેવી, જુદા જુદા ટાઇમે મહેનત કરે, તો કાર્ય ન થાય તેમાં નવાઇ નથી. શાસ્ત્રકારે અનંતકાયમાં અનંતાજીવની એકી સાથે ઉત્પત્તિ કહી છે, અને તેઓ આહાર કરવાનો તથા શરીર બાંધવાનો પ્રયત્ન પણ એકી સાથે કરે છે. પ્રશ્ન થશે કે આ શરીર કેવું બનવું જોઇએ ? આ શરીર નજરે કેમ દેખાતું નથી ? બાદર પૃથ્વીકાયનું શરીર દેખી શકીએ નહિ પણ એ સંખ્યાતા અસંખ્યાતા જીવો એકઠા થાય એ તો દેખાવા જોઇએને ! કેમ દેખાતા નથી ? સૂક્ષ્મ પૃથ્વીકાય સૂક્ષ્મ નિગોદિયાના અસંખ્યાતા શરીર એકઠા થયા હોય તો પણ દેખી શકીએ નહિ. એક ન દેખાય પણ અસંખ્યાતા કેમ ન દેખાય ? ભાષાવર્ગણાના પુદ્ગલો જથ્થામાં છતાં કેમ દેખાતા નથી ? સિંહનો અવાજ ભલે સંભળાય પણ શબ્દના પુદ્ગલો દેખાતા નથી. વાયરો સજ્જડ વાય છે છતાં દેખાય છે? નહિ ! બાદર એટલે આંખે દેખાય એવી વ્યાખ્યા કરી ત્યારે પ્રશ્ન થશે કે વાયરાનો જથ્થો નથી દેખાતો માટે એને બાદર ગણવો જ નહિ ? ના ! એમ નહિ. એ તો ચોક્કસ થયું કે સિંહનો અવાજ થાય છે, વાયરો ઝાડ હલાવે છે માટે એ છે તો સ્થૂલ પદાર્થ પણ આપણી ચક્ષુમાં તેવાં સાધન ન હોવાથી આપણે દેખી શકતા નથી. સૂક્ષ્મ કયા કહેવાય ? અસંખ્યાતા એકઠા થાય તો પણ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શથી માલુમ ન પડે. આવી સ્થિતિવાળા શરીરો તે સૂક્ષ્મ કહેવાય. સૂક્ષ્મની આવી જાત ત્યારે તેનું શરીર કેટલું? *આગળના અસંખ્યાતમાં ભાગ જેટલું. અનંતાજીવો મહેનત કરે અને સૂક્ષ્મ શરીર બનાવે તે આગળના* અસંખ્યાતમાં ભાગ જેટલુ. આ ઉપરથી ત્યાંના એક જીવની શક્તિ કેટલી ? આટલી ઓછામાં ઓછી

શક્તિ એની ઉપર કર્મનો હલ્લો ચાલી શકતો નથી. તેથી નિગોદિયા કોઈ દિવસ નીચે ઉતરતાં નથી, નીચેના ઉપર ચઢી જાય પણ ઉંચેના નીચે નથી ઉતરતા તેથી એ શક્તિ નિત્ય. એ જે અનંતમાં ભાગની શક્તિ એ જ જઘન્યમાં જઘન્ય જ્ઞાનશક્તિ આગળના અસંખ્યાત ભાગ જેટલી સ્પર્શશક્તિ ઉપર કર્મનો હલ્લો ચાલી શકતો નથી, હવે વિકાસ થાય ? વિકાસનું સાધન હોય ત્યાં વિકાસ થાય, ત્યાં તે નથી. એ વિકાસ ન પામે એમાં નવાઈ નથી, નવાઈ એના વિકાસમાં છે. આંધળો દેખે એમાં નવાઈ, ન દેખે તેમાં નવાઈ શી ? જગતમાં પૈસાની ભાગીદારીની કંપની છે પણ આહાર, શરીર, ઇંદ્રિય, શ્વાસોશ્વાસ વિગેરેની ભાગીદારીની કંપની હોતી નથી-એવી કંપની જગતમાં દેખી ? ક્યાં ? સૂક્ષ્મ એકેંદ્રિય નિગોદિયામાં !

એક સરખો આહાર, શરીર, ઇંદ્રિય, શ્વાસોશ્વાસ એવા અનંતા જીવો એક સરખી સામગ્રીવાળા, તેમાંથી એકાદ જીવ કર્મને તોડનાર નીકળે, બાકી બધા બાંધે છે. એકેંદ્રિય સૂક્ષ્મમાંથી જીવ બાદરમાં આવે એ નવાઈ છે, જેમ આંધળો દેખે અને બહેરો સાંભળે તેમાં નવાઈ છે. સાધનો છતાં આપણા માટે કર્મો તોડવા મુશ્કેલ છે તો સાધન વગરનામાંથી કર્મ તોડનાર નીકળે એ નવાઈ નહિ ? કર્મનો હલ્લો તેની ઉપર ચાલી શકતો નથી એવી જે શક્તિ છે તેથી સૂક્ષ્મ એકેંદ્રિયપણું અનાદિ અનંત માનવું પડે. ચોર ક્યાં ન જાય ? કાં તો દરિદ્રનારાયણને ત્યાં અને કાં તો ચક્રવર્તીને ત્યાં. દરિદ્રનારાયણને ત્યાં જઈને કરે શું ? ચક્રવર્તીને ત્યાં જઈને કરી શકે શું ? એવી રીતે સિદ્ધપણું પ્રાપ્ત થયું, કર્મ માત્ર બાળી નાંખ્યાં (ભસ્મીભૂત કર્યાં) કર્મ હલ્લો કરી શકે શી રીતે ? આ રીતે આ બે સ્થાન પર કર્મથી હલ્લો થઈ શકતો નથી.

### તૃષ્ણાનો છેડો ક્યાં ?

દુનિયાના બીજા સુખો દુઃખોવાળા છે. આ જીવ એવું સુખ નથી માગતો, મળ્યા પછી જેમાં ઈચ્છા રહે નહિં એવું સંપૂર્ણ સુખ માગે છે, ભોજનમાં બે પાંચ લાડુ ખાધા પછી આડો હાથ ધરીએ છીએ પણ લોભમાં એ હાથ આડો આવતો નથી. પેટ આડો હાથ લાવે છે પણ દલાલણ (જીભ) આડો હાથ લાવતી નથી. લોભદશા લગીર ઉભી થઈ તો એનો છેડો જિંદગીના છેડે સમજવો, તૃષ્ણાનો છેડો જિંદગીના છેડા વગર થતો નથી, તે વાત કપિલ મુનિનું દૃષ્ટાંત બરાબર પુરવાર કરે છે.

### કપિલનું દૃષ્ટાંત !

કપિલ નામનો એક બ્રાહ્મણ હતો. બાપ મરી ગયો, માતા છે, પોષણ શી રીતે કરવું? એના બાપનો એક ઉપાધ્યાય મિત્ર હતો જે પોતાને ત્યાં વિદ્યાર્થીઓને ભણાવતો હતો. કપિલની

માતાએ કપિલને એ ઉપાધ્યાયને ત્યાં મોકલ્યો. ઉપાધ્યાય પોતે પણ સામાન્ય સ્થિતિનો હતો પણ મિત્રનો પુત્ર આવ્યો તો એના માટે યોગ્ય પ્રબંધ કરવા એ પ્રેરાયો. એક શેઠીયાને ત્યાં જઇ એણે કહ્યું કે-'આ મારા મિત્રનો પુત્ર છે, ભણી શકે એવો છે, યોગ્ય છે અને મારે ત્યાં એટલા જ માટે આવ્યો છે માટે જો આપ ભોજનપ્રબંધ કરી આપો - ભોજનપ્રબંધનો ખર્ચ આપવાનું માથે લ્યો તો હું એને મારે ત્યાં રાખી ભણાવું. આપને આશીર્વાદ મળશે. શેઠે તે કબૂલ્યું એટલે ઉપાધ્યાયે એને પોતાને ઘેર ભણવા રાખ્યો. માત્ર પોતાનું જ અને કુટુંબનું જ પોષણ કરે તે માણસ મનુષ્ય શાનો ? જાનવર પણ તેમ તો કરે છે ગાય પણ જંગલમાં ચરી આવીને પોતાના વાછરડાંને દૂધ પાય છે. પોતાનું અને પોતાના આશ્રિતોનું પોષણ કરવું એ તો સામાન્ય નિયમ છે. પોતાના ઘરની રસોઇ પોતે જ ખાઈને વખાણે, ફુલાય એને લબાડ કહીયે છીએને ! જ્યારે મહેમાન ચાખે, ખાય, ત્યારે એનું નામ સ્વાદ ! ખાવાનો સ્વાદ લેવા ઇચ્છનારે બીજાને ખવરાવવું જોઇએ. ધર્મસંગ્રહકાર કહે છે કે-નિર્ધન, કુલીન, દરિદ્ર ભાઈબંધ વિધવા વિગેરેને ધર્મિષ્ઠે નિભાવવા જોઈએ, એ જેને ઘેર ન હોય તેની લક્ષ્મી એને ઘેર કેદ થયેલી છે.

પેલા કપિલને ઉપાધ્યાયે પોતાને ત્યાં ભણાવવા રાખ્યો. પ્રાચીનકાળમાં વિદ્યાર્થી માટે આવી વ્યવસ્થા હતી. આજની બોર્ડિંગો તમારાં બાળકોને કઇ સ્થિતિમાં લાવી મૂકે છે ? બોર્ડિંગમાંથી ઘેર આવે તે વખતે એ સ્ટુડંટ (વિદ્યાર્થી) માબાપની શી દશા કરે છે ? માબાપ કરે શું? સખી ગૃહસ્થે તો એ કપિલ માટે વ્યવસ્થા કરી પણ કુલાચારની રીતિભાતિ, પરિચય, સંસ્કારનું જ્યાં નામનિશાન નહિં, ધાર્મિક સંસ્કારના ઠેકાણા નહિં ત્યાં શું થાય ? આજની બોર્ડિંગમાં સંસ્કારો કેવા છે ? શ્રીમંતને ઘેર રહ્યો હશે તો કાંક મર્યાદામાં રહેશે એમ ધારી ઉપાધ્યાયે એને શેઠને ત્યાં રાખ્યો. જમે ત્યાં, ભણે અહીં એવું રાખ્યું. કપિલ કાબુમાં ન રહ્યો. આજે ઉપકાર કરનારનો ઉપકાર માનવો મુશ્કેલ પડે છે. પૂર્વકાળમાં માસ્તરનો ઠપકો આવે તો માબાપ બાળકને શિક્ષા કરતાં, આજ ઠપકો આપનાર માસ્તરનો બોયકોટ કરાય ! ઉપકારીના ઉપકારનો બદલો વાળવો તો દૂર રહ્યો પણ ઉપકારને ગણવો તે પણ આજકાલ રહ્યું નથી. હવે પેલો કપિલ જતાં આવતાં માર્ગમાં કોઇ દાસી સાથે વાતોચીતો કરવા લાગ્યો, હાંસી કરતો થયો અને પછી પ્રેમની ફાંસીમાં પડયો. માર્ગે જતાં આવતાં આ બધું થાય, આ થવામાં પહોરો કે દિવસો જોઇતા નથી કે જેથી ગોઠીયાઓ કે શેઠીયાઓ લક્ષ્યમાં લઇ શકે. એવામાં એક મહોત્સવ આવ્યો એટલે પેલી દાસી કપિલ પાસે દ્રવ્ય (પૈસા) માગે છે. કપિલ લાવે ક્યાંથી?

દાસીએ એ માટે પણ ઉપાય શોધી કાઢ્યો. ત્યાંનો રાજા પ્રાતઃકાલે સૌથી પહેલો આશીર્વાદ આપનારને બે માસા સોનું આપે છે. દાસીએ એમ કરવા જણાવ્યું, અને વહેલો ઊઠીને જવાની સૂચના કરી. સ્નેહમાં ફસાયેલો પોતાના સ્વરૂપને જોતો નથી. વહેલા જવાની ધૂનમાં ઊંઘ પણ ન આવી. રાત્રિના બે વાગે કપિલ તો નીકળ્યો. આટલી રાત્રે નીકળેલો એ એકલા જુવાન કપિલને સિપાઈએ પકડયો. રાજા પાસે રજુ કર્યો રાજા પાસે આણે ખરી વાત કહી દીધી અને બીજો કોઈ લઈ ન જાય તે માટે આ રીતે વહેલો ઉઠી ચાલી નીકળ્યો એવો બચાવ કર્યો. રાજાએ એને જંજાળમાંથી છોડાવવાના ઈરાદાથી કહ્યું કેઃ-'તારે જે જોઈએ તે માગી લે' કપિલે વિચાર કરવાની મહેતલ માગી. રાજાએ વિચાર કરવા પાસેની વાડીમાં મોકલ્યો. વાડીમાં જઈને કપિલ વિચારે છે કેઃ "બે માસા સોનાથી શું થાય ? દસ માસા માગું ? એટલે તો કપડાં થાય પણ ઘરેણાં વગર ચાલે ? ત્યારે સો માસા માગું ? બે માસા માગવા નીકળેલો માગણીના મનોરથોમાં વધતો ચાલ્યો. બાયડીના, ગોઠીયાના, સાહ્યબીના તમામ વિચાર કરવા લાગ્યો. હજાર માસાએ, લાખ માસાએ તથા કરોડ માસાએ મનોરથથી આવ્યો. મનના કોડ એ જ કોઢ, અને કોડના કરોડ એય કોઢ. આટલે વાત અટકતી નથી, હજી તૃષ્ણા વધે છે. કુંડાળાનો છેડો પાણીના છેડે તેવી રીતે તૃષ્ણાનો છેડો ન આવે ત્યાં સુધી લોભનો છેડો નથી. લોભને થોભ નથી. આ વાત જાણીતી છે. આમાંથી કપિલને બોધ થયો અને માર્ગે આવી ગયો. તાત્પર્ય એ કે અહીં જો સુખ વધ્યું તો લોભ વધે, પણ સામાન્ય સુખમાં કંઈ થતું નથી. દુઃખ વગરનું, નાશ નહિ થનારું સુખ માગે છે તે શી રીતે મળે ? જેવું સુખ જોઈએ તેવા કારણો મેળવવા જોઈએ.

---


# જાહેર ખબર

પહેલા વર્ષનો અંક૨૧

બીજા વર્ષના અંક ૨, ૩, ૨૩

ઉપરના અંકો સમિતિને જે કોઈ મોકલી આપશે તેને દોઢી કિંમત આપવામાં આવશે.

ઉપર સિવાયના અંકો જે કોઈને ફાઈલ બનાવવા તૂટતા હોય તો સવા આનાનો સ્ટેમ્પ બીડવાથી મોકલી આપીશું.

સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.

ભૂલેશ્વર લાલબાગ, મુંબઈ, નં. ૪

સુચનાઃ- વી. પી. ચાલુ કર્યા છે હજુ જેણે લવાજમ ભર્યા નથી તેઓએ તુરત મોકલી આપવાં.

# અમોઘ દેશના

(અનુસંધાન ગતાંક પા. ૧૪૦ થી ચાલુ)

**અનુમોદના તથા પ્રશંસાની વિચારણા.**

એવું ફળ કેવલ મનુષ્યભવમાં જ પ્રાપ્ત કરી શકાય છે. બીજી ગતિમાં એવું ફળ મેળવી શકાતું નથી. આ જ કારણથી શાસ્ત્રકારોએ એક પગથીયું છોડી દીધું. આત્માના ગુણોની પ્રશંસા કરવી, એ ગુણો કાં તો કર્મના ઉપશમભાવો કાં તો ક્ષયોપશમ ભાવે કાં તો ક્ષાયિક ભાવે થાય છે. ધર્મની જડ આ ધર્મનું ફળ આ ત્રણને ગણીએ છીએ શ્રી તીર્થંકરો પણ એની જ પ્રશંસા કરે નિરવદ્ય વસ્તુની પ્રશંસા કરવી એજ શાસ્ત્રકારોનું કાર્ય છે. તેની સાથે સાવદ્ય આવી જાય તો નિરવદ્યના પ્રશંસા કરનારને સાવદ્યનું અનુમોદન લાગતું નથી. કામદેવ શ્રાવકે ઉપસર્ગો સહન કર્યા એની પ્રશંસા ભગવાન મહાવીરદેવે કરી, ક્યાં સુધી કરી ! સાધુઓને પણ ભગવાને કહ્યું : "આ ગૃહસ્થ છે, શાસ્ત્ર નહિ ભણનાર છતાં સાધુ કરતાં કેટલું સહન કરે છે." સાધુઓની પાસે ભગવાને ગૃહસ્થની પ્રશંસા કેટલી હદે કરી ! ભગવાને જણાવ્યું: "આવો ગૃહસ્થ જ્યારે આવું કરે તો તમારે (સાધુઓએ) કેટલો બધો ઉદ્યમ કરવાની જરૂર છે ?" આ રીતે ભગવાને કામદેવ શ્રાવકની પ્રશંસા કરી, તો શું એથી ભગવાનને કામદેવના વિષયકષાયની અનુમોદના લાગી ? નહિ જ ! એમની પ્રશંસા ઉપસર્ગ પરિષહ સહન કરવાને અંગેની જ હતી, એ ગૃહસ્થના આરંભ પરિગ્રહની એમાં અનુમોદના ન હોતી. શ્રી જંબુસ્વામીજી પછી કેવળજ્ઞાન નથી એમ શ્વેતાબંર, દિગંબર, સ્થાનકવાસી દરેક માને છેઃ ત્યારે એ બધા છદ્મસ્થ, બકુશકુશીલ ચારિત્રવાળા તો પછી એમને નમસ્કાર કરનાર બધાને એમના કષાય, જ્ઞાનાવરણીયાદિની અનુમોદના લાગે, એમ ? યોગથી બંધાતા કર્મના પાંચ દોકડા, ઇંદ્રિયોથી બંધાતા કર્મના વીશ દોકડા અને કષાયને અંગે બંધાતા કર્મના પંચોતેર દોકડા સમજવા. કષાય વગર ઇંદ્રિયોની પ્રવૃત્તિ થાય તો તેવો કર્મબંધ નથી. બારમે ગુણસ્થાનકે કેવળી થયા નથી. છદ્મસ્થ છે, પાંચે ઇંદ્રિયો છે ત્યાં શાતાવેદની સિવાય કાંઇ કર્મ નહિ બંધાય, જોગ પણ છે, ઇંદ્રિયો પણ છે પણ ત્યાં કષાય નથી તેથી કર્મ નથી બાંધતો. યોગ, ઇંદ્રિયો છતાં ત્યાં શાતાવેદનીય કર્મ સિવાય કોઇ કર્મનો બંધ નથી. કર્મની ખરી કળી, કષાય છે. કર્મનો કંદ કષાયો છે. એ કષાયો ભરાયેલા હોય (ભલે સંજવલનના હોય) તો એ કષાયવાળા સાધુઓને નમસ્કાર કરનારને એની અનુમોદના લાગવાની ? તો તો પછી સાધુને વહોરાવવાથી ચીકણા કર્મ બંધાશે ! જે લોકો પ્રશસ્ત આલંબન હોય તે ધારવા માત્રથી અપ્રશસ્તનું અનુમોદન લાગી જાય એમ માનનારાને અંગે કહું છું. ચોથા ગુણસ્થાનકથી બારમા ગુણસ્થાનકવાળા સુધીનાને નમસ્કાર કરવાથી, તો તો પછી

અપ્રશસ્તનું અનુમોદન લાગી જશે, પણ તેમ નથી. ત્યારે વળી પ્રશ્ન થશે કે જો એમ ખરાબ કાર્યોની અનુમોદના લાગતી નથી તો મિથ્યાત્વીને શા માટે માનવો નહિ ? એનામાં પણ અમુક ગુણો હોય તો શા માટે ન માનવો ? પાસથ્થામાં જ્ઞાનાદિ ગુણ હોય તો તેને માનવામાં શો વાંધો ? એના ગુણોની અનુમોદનાનો નિષેધ કેમ ? ફાંસામાં ચાહે તે બાજુ ખસો તો પણ ગાંઠ સજ્જડ થવાની. એ રીતે આમ માનવાથી પણ અડચણ ખરી કે નહિ ? તેમજ મિથ્યાત્વી કોને સમજવો ? શાસ્ત્રવચનોમાં તત્વરૂચિ ન થઇ હોય, શ્રી જિનેશ્વરદેવે કહેલું તત્ત્વ જેને ન પરગમ્યું (પરિણમ્યું) હોય, તે મિથ્યાત્વી. વ્યક્તિથી સમકીતિની પરીક્ષા કરવાની શક્તિ નથી. વચન, વર્તનના આધારે વ્યવહારથી સમકીતિ માની શકીએ પણ 'હું સમકીતિ જ છું' એમ આપણે કહી શકીએ નહિ. સમકીતના ગુણ શા ? લક્ષણ શું ? માનવું ક્યારે ? ત્રીજું પગથીયું પકડયું હોય તેને સમકીતઃ શ્રાવકો શ્રાવિકાઓ સાધુ સાધ્વીને અંગે મુદ્રાલેખ રાખ્યો છે, તે શ્રાવકોને મોઢે બોલાવ્યો છેઃ તે આ કે

इणमेव निग्गंथ्थं पावयणं अट्ठेपरमट्ठे शेषेअनट्ठे ।

આમાં જણાવ્યા છે તે ત્રણ પગથીયાં તેમાં ત્રીજું પગથીયું આવે ત્યારે સમ્યક્ત્વ કહેવાય.

### નિર્ગ્રંથ પ્રવચન એ જ અર્થ, એ જ પરમાર્થ, શેષ અનર્થ.

ભગવાન શ્રી મહાવીરદેવ વિગેરે તીર્થંકરોનો, બાહ્ય અભ્યંતર ત્યાગરૂપ, નિર્ગ્રંથ પ્રવચન (ત્યાગમાર્ગ) એ જ અર્થ, એ જ પરમાર્થ, શેષ તમામ અનર્થઃ આ માન્યતા એ ત્રણ પગથીયાં છે. દુનિયાદારીમાં પૈસા વિગેરેને જેમ તત્વ ગણ્યું છે તેવું આ પ્રવચન આ ત્યાગમાર્ગ પણ તત્ત્વરૂપ ગણવું, પેલાની જેવું જ સરખામણીમાં તત્વ ગણવું એ પહેલું પગથીયું, બીજું પગથીયું, 'એ જ પરમાર્થ' એ માન્યતા. દુનિયાદારીના પદાર્થો બાહ્ય છે, આત્માથી નિરાળા છે, અનિત્ય છે, આવતા ભવમાં જવાબ નહિં દેનારા છે જ્યારે આ નિર્ગ્રંથ પ્રવચન આ ભવ પરભવમાં હિતકારી છે, યાવત્ મોક્ષસુખ મેળવી આપનાર છેઃ પેલા પદાર્થોનું સુખ બિન્દુ જેટલું છે જ્યારે દુઃખ દરિયા જેટલું છે જ્યારે આ નિર્ગ્રંથ પ્રવચન સમુદ્ર જેટલું સુખ આપનાર છે, દુઃખ તો આમાં લેશ પણ નથી માટે 'આ જ પરમાર્થ આ માન્યતા એ બીજું પગથીયું થયું. આ ત્યાગમય પ્રવચન વિના (જૈનધર્મ વિના) જે કાંઇ જગતના પદાર્થો છે તે તમામ અનર્થરૂપ છે આ માન્યતા એ ત્રીજું પગથીયું છે. અહીં જગતના પદાર્થોને નિરર્થક ન કહ્યા પણ અનર્થરૂપ કહ્યા. નિરર્થક એટલે કાર્ય નહિ કરનારા અને અનર્થરૂપ એટલે જુલમરૂપ એટલો ફેર છે. ત્રીજું પગથીયું આવે ત્યારે સમકીત આવે એમ શાસ્ત્રકારો જણાવે છે. હવે ફરી પેલો પ્રશ્ન વિચારો ! એ પ્રશ્ન કયો છે ? 'બકુલકુશીલને વંદન કરાવો છો અને પાસથ્થાને વંદન બંધ કરાવો છો, એનું કારણ? એક બાજુ અનુમોદન ના લાગે અને બીજી તરફ લાગી જાય, એમ શાથી ?' એનું સમાધાન : ગુણ, દોષ બે પ્રકારના છે. એક ગુણ એવો હોય કે નવાણું (તમામ) અવગુણોને તોડીને સાફ કરી નાંખે એ જ રીતે એક અવગુણ એવો હોય કે જે બધા ગુણોને સાફ કરી નાખે. એક ગુણ એવો કે પોતાની મેળે જ ઘટતો જાય. મિથ્યાત્વનો અવગુણ એવો છે કે જે સર્વ ગુણોનો નાશ કરે છે. પાસથ્થાનો ગુણ ચારિત્રનો સર્વથા નાશ કરી નાખે. કામદેવ શ્રાવકમાં રહેલો અવગુણ-(પ્રત્યાખ્યાન સંજ્વલન કષાયાદિનો) મૂળને

નાશ કરનારો નથી માટે એના ગુણોની અનુમોદના થાય છે. પેલામાં અવગુણો સર્વનાશક રહેલા છે, જ્યારે ગુણો ઉપર ચોટીયા રહેલા છે, એ ગુણો સ્વતંત્રપણે નાશ પામનારા છે, જ્યારે આમાં તો ગુણો વધવાના છે તેથી આવો નિયમ છે.

**શાસ્ત્રકારો મનુષ્યભવની દુલર્ભતા શાને અંગે કહે છે? એ ભવને શાને અંગે વખાણે છે?**

શ્રી તીર્થંકરદેવો આ ગુણની અનુમોદના કરાવે છે. ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકને ધર્મ કહે છે પણ કર્મના ઉદયથી થનારી ચીજની અનુમોદના શાસ્ત્રકાર કરે નહિ. ક્રોધાદિ કષાયો, આરંભ પરિગ્રહાદિ કર્મોદયથી થાય છે માટે તેની અનુમોદના હોય નહિ. અહીં પણ શંકાકાર શંકા કરી શકે છે : "મનુષ્યપણું કર્મના ઉદયથી થયેલું છે, કર્મના ક્ષયથી થયું નથી, તો પછી શાસ્ત્રકાર એ મનુષ્યપણાને વખાણે છે કેમ ? એમ વખાણવાથી મનુષ્ય પાપ કરે તેની અનુમોદના લાગે કે નહિ ? મનુષ્યભવની દુર્લભતા જણાવી એનાં વખાણ ઠામઠામ કર્યા છે તો મનુષ્યો જેટલા કર્મ બાંધે તેની અનુમોદના તીર્થંકરને લાગે ? વળી મિથ્યાત્વગુણસ્થાનક કહ્યું એમાં ગુણપણું શી રીતે ?" આનું સમાધાનઃ એ સ્થાનેથી ભદ્રિકભાવદ્વારા સમ્યક્‌ત્વની સન્મુખ થવાય છે તેને અંગે એને ગુણસ્થાનક કહેલ છે. વળી ભગવાન પ્રશંસા કરતા નથી પણ સ્વરૂપ જણાવે છે, ભૂમિકા બતાવે છેઃ મિથ્યાત્વ ભાવ દુર્લભ છે એમ કયાંય પણ જણાવતા નથી મિથ્યાત્વ છતાં ભદ્રિકપણું હોય, રૂચિ હોય તેને અંગે એ સ્થાનને ગુણસ્થાનક ગણવામાં આવેલ છે. મનુષ્યપણું કર્મના ઉદયથી થયેલું છેઃ મિથ્યાત્વીપણામાં માર્ગાનુસારીપણું કાંઈક કર્મની મંદાશ થવાથી થયેલ છે. ઔપશમિકાદિ ત્રણે ભાવોની પ્રશંસા જગા જગા પર (સર્વત્ર) થઈ શકે છે : પણ અહીં ભગવાને કયું ઉત્તમ ગણાવ્યું ? ભગવાને કાંઈ મનુષ્યપણાના કર્મની કુથલીની અનુમોદના કરી નથી. મોક્ષ મેળવવાની લાયકાત મનુષ્યભવમાં છે એ અપેક્ષાએ ભગવાન મનુષ્યભવમાં ઉત્તમપણું જણાવે છે. મનુષ્યભવમાં ધર્મ સાધી શકાય છે, ચારિત્ર આરાધી યાવત્ મોક્ષ મેળવી શકાય છે એ અપેક્ષાએ ભગવાને એ ભવનું ઉત્તમપણું જણાવેલ છે એટલે મનુષ્યોનાં કર્મોની અનુમોદના ભગવાનને લાગતી નથી, કેમકે અનુમોદન થતું નથી.

એક માણસને એના પગે શાહીનો ડાઘ પડ્યાનું જણાવીએ, એકને દાળના ડાઘનું, એકને કચરાના ડાઘનું અને એકને વિષ્ટાનો છાંટો પડયો છે એમ જણાવીએ તો વિષ્ટાના છાંટાથી ખરડાયેલો તરત પગ ધોવા દોડશે, બીજા એકદમ એમ નહિ કરેઃ તેવી રીતે મિથ્યાત્વ પણ મહામલિન ચીજ છે. એ સાંભળે એને તરત એ દૂર કરવાનું મન થાય. મનુષ્યપણાથી જીવ ધર્મ કરી મોક્ષ મેળવી શકે માટે ઔદયિક એવું મનુષ્યપણું પ્રશંસ્યું. મનુષ્યપણું દુર્લભ શાથી ? મનુષ્યપણું આપણે પારકા પાસે લેવું નથી, આપણને એ મળે તેમાં બીજા જીવોને અડચણ નથી છતાં દુર્લભ કેમ ? મનુષ્યપણાની ગતિનું આયુષ્ય બાંધવાની લાયકાત આવવી મુશ્કેલ પડે છે માટે એ દુર્લભ છે. પ્રકૃતિએ કષાયો પાતળા હોય, દાનરૂચિપણું હોય અને મધ્યમ ગુણો હોય તો જ મનુષ્યગતિનું આયુષ્ય બાંધી શકાય. આ ત્રણે ચીજો આપણે મેળવી ત્યારે મનુષ્યપણું મળ્યું, દેવ, ગુરુ, ધર્મ પણ મળ્યા છતાં આપણને ધર્મની આરાધના મુશ્કેલ પડે એ કઈ દશા ? જેઓને મળેલ નથી, મળવું મુશ્કેલ છે તેઓની વાત ક્યાં કરવી ? જો દુર્લભતા લાગી હોય તો મળેલી મનુષ્ય જિંદગીને સાર્થક કરી સાચી પ્રવૃત્તિ કરી લેવી ઘટે છે જેથી શાશ્વત્ સુખની પ્રાપ્તિ થાય.

# ધર્મશબ્દનો વ્યુત્પત્તિ અર્થ

બાલ, મધ્યમબુદ્ધિ અને બુધ જીવોને દેશના કરવા યોગ્ય અલંકાર અને ઉપમાથી અસીમ સુભગતાવાળો, લૌકિક, લોકોત્તર, સર્વસુંદરતાનું સાધન અને વર્તમાન જીવનના સુખ અને નિર્વાહના સાધનભૂત સમગ્ર પદાર્થોની સૃષ્ટિને ધારણ કરનાર એવા ધર્મની વ્યાખ્યા કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજીએ શ્રુતકેવલી સમાન શ્રી ધર્મઘોષસૂરિજીના મુખે જણાવી અને વર્તમાન જીવનના સાધનોની ધારણારૂપ ધૃ ધાતુનો ધારણ કરવારૂપ એક ભાગ જણાવ્યો, વિચક્ષણ પુરુષો વિચાર કરવાથી સમજી શકે તેમ છે કે ધર્મ પદાર્થની વાસ્તવિક કિંમત કે જરૂરીયાત ઇહભવના સાધનોની પ્રાપ્તિને અંગે જેટલી સાધ્યકોટિમાં આવતી નથી, તેના કરતાં કોઈ અધિકગુણે ધર્મની જરૂરીયાત બાહ્યદૃષ્ટિવાળાને પણ પરભવના જીવન સંબંધી સાધનોની પ્રાપ્તિની અપેક્ષાએ રહેલી હોય છે, કારણ કે આ ભવના સુખના સાધનોની પ્રાપ્તિના કારણભૂત ધર્મ એ ગત ભવના પુણ્યરૂપ હોવાથી સિદ્ધરૂપ જ છે અને તેથી તેની સાધ્યતા ન હોય અને તે જ કારણથી તેનું ઉપદેશ્યપણું. પણ ઘટાડવું મુશ્કેલ છે. અનુવાદની કોટિએ ધર્મના ઈહલૌકિક સાધનોને ફળરૂપે બતાવાય તે જુદી વાત છે. બીજું આ લોકના સાધનોને મનુષ્યો કર્મથી પ્રાપ્ય ગણવા કરતાં ઉદ્યમથી પ્રાપ્ય ગણી શકે જો કે પૂર્વે જણાવેલા કલ્પવૃક્ષાદિક સાધનો કેવળ ભાગ્ય પ્રાપ્ય જ છે, છતાં પણ દેવતાઈ સાધનોદ્વારાએ તેની તેવી અનુકૂળતા પ્રાપ્ય ગણી, ઉદ્યમથી પ્રાપ્ય પણ ગણી શકે. અર્થાત્ ઈહલૌકિક સાધનોના કારણ તરીકે ધર્મની અસાધારણપણે હેતુતા સાબીત કરવી ઘણી જ મુશ્કેલ પડે છે, અને તેથી જ કર્મસિદ્ધિ એ વ્યવહારનો વિષય થઇ શકતો નથી. જો ઈહલૌકિક ફળના સાધનદ્વારાએ ધર્મકર્મની સિદ્ધિએ વ્યવહારનો વિષય થઈ જતો હોત તો જગતમાં સંખ્યાને અંગે, સ્પર્શાદિક વિષયોને અંગે, સુવર્ણાદિક ધાતુઓને અંગે યાવત્ ઉદ્યોત, અંધકારને અંગે જેમ કોઈપણ બાલ, જુવાન, વૃદ્ધ, આર્ય, અનાર્ય કે સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિમાં વિવાદ (મતભેદ) હોતો નથી, તેવી રીતે કર્મસિદ્ધિમાં પણ મતભેદ હોત જ નહિ, એટલે સ્પષ્ટ સમજાય છે કે વર્તમાન જીવનના નિર્વાહના સાધનોના અદ્વિતીય સાધન તરીકે ધર્મની કે કર્મની સિદ્ધિ કરવી એ મુશ્કેલ જ છે. જો કે કર્મની કે ધર્મની સિદ્ધિ માનનારાઓને ઈહલૌકિક જીવનના સાધનો પણ ધર્મથી જ પ્રાપ્ય છે એમ સ્પષ્ટપણે જાણી, માની શકાય તેમ છે, પણ જેઓ ધર્મકર્મની સિદ્ધિ માનનારા નથી, તેઓને તે ઈહજીવનના સાધનોની પ્રાપ્તિ ધર્મકર્મના પ્રભાવે થયેલી હોય છતાં પણ તેને તેવી શ્રદ્ધા કરાવવાને માટે તે સાધનો સમર્થ થઇ શકતાં નથી, પણ જે કોઈપણ આસ્તિક કે નાસ્તિક સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ સમજદાર મનુષ્ય હોય છે, તે એટલું તો જરૂર માને છે કે આ વર્તમાન જીવન સદાને માટેનું નથી.પુણ્યપાપ, કે સ્વર્ગનરકને અંગે આસ્તિક અને નાસ્તિકમાં જો કે મતભેદ હોય છે, તો પણ વર્તમાન જીવનનો નાશ માનવાની બાબતમાં કોઈને પણ મતભેદ નથી. એટલું જ નહિ પણ વર્તમાન જીવનમાં પરંપરાથી મળેલો, માતાપિતાએ અર્પણ કરેલો કે પોતાના ઉદ્યમથી જિંદગીની જહેમતે એકઠું કરેલું કંચન, કામિની, કુટુંબ અને કાયા વિગેરે સુખ પામવાની ઇચ્છાએ મેળવેલાં સકળ સાધનો મેલીને જ જવું પડે છે, અર્થાત્ આ ભવમાં જે જે મેળવેલું

કે મળેલું તે બધું મેલવાનું જ છે, અને જ્યારે આ જીવનમાં મેળવેલી કે મળેલી બધી વસ્તુ મેલી જ દેવાની છે, તો પછી ભવિષ્યના ભવનું સુંદર જીવન અને તેના નિર્વાહના સાધનો મેળવવાની ચિંતા પરભવની હયાતી માનનારા હરકોઈ મનુષ્યને પણ થાય તે સ્વાભાવિક જ છે.

### હિંદુ શબ્દની વ્યુત્પત્તિ.

જો કે પરભવની હયાતી માનવામાં જગતમાં જાણીતા થયેલા વર્તમાન જનોમાં બે ભેદો પડે છે. એક ભેદ એવો છે કે જેઓ વર્તમાન જીવનમાં આચરેલાં કર્તવ્યોના ફળ તરીકે કયામત કે ન્યાયને દિવસે મળતી બહેસ્ત (સ્વર્ગ) કે દોઝખ (નરકની)ની ગતિ થવી માને છે પણ તે બહેસ્ત કે દોઝખના જીવન પછી અન્ય જીવનો માનવા માટે તેઓ તેઓના ધર્મશાસ્ત્રો તેઓના ધર્મપ્રરૂપકો સર્વથા ચુપકીદી ધારણ કરી રહેલા છે, એટલું જ નહિ પણ માનમાં અંધ બનેલો આંધળો રૂપરંગની વાત કરનાર ઉપર જ રોષ કરે તેવી રીતે તે કેવળ બહેસ્ત અને દોઝખને માનનારાઓ પોતાના મતમાં અંધ થઇ જીવનું અનેક ભવમાં હિંડવું (ભટકવું) માનવાવાળા હિંદુઓ તરફ અત્યંત તિરસ્કારની નજરથી જુએ છે, અને તે હિંદુ શબ્દ તરફ ધિક્કાર વરસાવવા માટે તે હિંદુશબ્દનો અર્થ જ કાફર એવો કરવા લાગ્યા. એક વર્ગ જ્યારે આવી રીતે કેવળ એક ભવ માનવામાં લીન થયેલો છે ત્યારે બીજો વર્ગ કે જેને આપણે હિંદુ તરીકે ઓળખીએ છીએ તે આત્માને એક ભવથી બીજે ભવે હિંડવાવાળો (ભટકવાવાળો) માની આત્માને હિંદુ નામથી ઓળખે છે (જુઓ ભગવતીજી સૂત્ર શતક ૨. ઉ. ૨) અને તેવા હિંદુ આત્માને માનવાવાળા જનો પોતે જ હિંદુ તરીકે ઓળખાવા લાગ્યા આ જ કારણથી જૈન, શૈવ, વૈષ્ણવ, બૌદ્ધ વિગેરે સમગ્ર અનેક ભવ માનવાવાળો સમુદાય હિંદુ તરીકે ઓળખવા લાગ્યો અને તે જ કારણથી આ હિંદુસ્તાનમાં રહેવાવાળા મનુષ્યો અનેક ભિન્ન ભિન્ન મતવાળા છતાં પણ એક હિંદુ કોમ તરીકે ઓળખાવા લાગ્યા. જો કે વર્તમાનમાં કેટલાકોની કલ્પના સિંધુ નદી સિંધુસ્થાન શબ્દ મૂળમાં લઇ હિંદુસ્તાન એવો શબ્દ બનાવે છે. જો કે એવી રીતે સિંધુ નામથી ગોઠવણ કરી દ્વેષની માત્રા ઘટાડવા માટે ઐદંયુગિનોએ પ્રયત્ન કર્યો છે, પણ સિંધુ નદી સિવાય બીજા દ્વારાએ પૂર્વપશ્ચિમ કે ઉત્તરદક્ષિણમાં હિંદુઓ કે ઈતરોની જાવડઆવડ ન હતી એમ માની શકાય તેમ નથી અને તેવું માનવાનો પુરાવો પણ નથી. હિંદુસ્તાનની બહાર ચારે બાજુ રહેવાવાળી વસતિ આત્માના અનેક ભવોને માનવાવાળી ન હતી અને માત્ર હિંદુસ્તાનમાં રહેવાવાળી વસતિ જ આત્માના અનેક ભવાંતરોને માનવાવાળી હતી અને છે. આ બધું કહેવાનું તત્વ એટલું જ છે કે વર્તમાન જગતમાં વર્તતો જનસમુદાય આ જિંદગી સિવાયની અન્ય જિંદગીની હયાતિ તો માને જ છે, અને ભવિષ્યની જિંદગીની એકલી હયાતિ જ માને છે, તેમ નહિ પણ ભવિષ્યની જિંદગીની સુંદરતા અને અસુંદરતા પણ માને જ છે. જ્યારે વર્તમાન જનસમુદાય ભવિષ્યની સુંદર અને અસુંદર બે પ્રકારની સ્થિતિ માને છે, ત્યારે પરમાત્માના માર્ગની શ્રધ્ધાવાળા જનસમુદાયની માફક, વર્તમાન જગતનો સમગ્ર જનસમુદાય પણ ભાવિ પોતાની જિંદગી અસુંદર ન થતાં સુંદર થાય એવું ઇચ્છે તે સ્વાભાવિક છે, પણ તે ભવિષ્યની જિંદગી સુંદર મળે અને અસુંદર ન મળે તે તેના આ ભવના કર્તવ્ય ઉપર જ આધાર રાખે છે, અને તે સુંદર જિંદગીને મેળવી આપનાર કે અસુંદર જિંદગીને દૂર કરનાર

એવાં જે જે કાર્યો તે તે ધર્મશબ્દથી કહેવાય છે.

**ધર્મશબ્દની વ્યુત્પત્તિ.**

તેટલા જ માટે ધર્મ શબ્દનો પારલૌકિક જિંદગીને અંગે ધર્મશબ્દમાં રહેલા ધૃધાતુનો અર્થ જણાવતાં ધર્મશાસ્ત્રકારો સ્પષ્ટપણે જણાવે છે કે, दुर्गतिप्रपतजंतुधारणाद्धर्म उच्यते। અર્થાત્ દુર્ગતિમાં પડતા એવા જીવને જે માટે સત્કાર્યો બચાવી લે છે, તે માટે જ તે સત્કાર્યોને ધર્મ એમ કહેવામાં આવે છે. જગતમાં કેટલીક વસ્તુઓ જેમ સ્વભાવથી ખરાબ હોય છે. તેમ કેટલીક વસ્તુઓ ખરાબ સંયોગોને અંગે ખરાબ હોય છે, અને બુદ્ધિશાળી પુરુષને ખરાબ સંયોગને અંગે ખરાબ રૂપે દેખાતી અસલ વસ્તુને શોધવાનું જરૂરી હોય છે. જગતમાં દેખીએ છીએ કે ખાણમાંથી શોધેલા હીરા નીકળતા નથી, શોધેલું સોનું નીકળતું નથી દરિયામાં ચોખ્ખા મોંતીના ઢગલા હોતા નથી, જો કે તે હીરા, સોનું અને મોતી સ્વભાવે શુદ્ધ સ્વરૂપ હોય છે, પણ ઈતરના સંયોગોમાં તે ખરડાયેલા રહે છે અને તેથી તેને મૂળથી અશુદ્ધરૂપે આપણે દેખીએ છીએ, અને શોધક મહાશયોના પ્રયત્નોથી જ તેના મૂળ શુદ્ધ સ્વરૂપને પ્રગટ થતું આપણે જોઈ શકીએ છીએ, તેવી રીતે શાસ્ત્ર અને પરીક્ષાની દૃષ્ટિએ સૂક્ષ્મ બુદ્ધિથી જોનાર મનુષ્ય સ્પષ્ટપણે જાણે, માને અને ઉપદેશે છે કે આ આત્મા પણ તે હીરા, મોતી અને સોનાની માફક ભવિષ્યમાં શુદ્ધતમ સ્વરૂપવાળો થવાનો હોઈ શુદ્ધ સ્વરૂપ છતાં પણ કર્મરૂપ અન્ય પદાર્થના સંયોગથી અશુદ્ધ સ્વરૂપને ધારણ કરનારો થયો છે, અર્થાત્ કોઈપણ આત્મા અનાદિથી શુદ્ધ સ્વરૂપવાળો છે જ નહિ. જો કે શાસ્ત્રજ્ઞ પુરુષો સિદ્ધ મહારાજાઓને અનાદિના માને છે, પણ તે સિદ્ધનું અનાદિપણું કાલના અનાદિપણાને આભારી છે, પણ કોઈપણ જીવ શાસ્ત્રજ્ઞોએ એવો તો માનેલો જ નથી કે જેને કર્મરૂપ ઈતર પદાર્થોનો સંયોગ હોય જ નહિ. અર્થાત્ સર્વજીવ કર્મરૂપ ઈતરપદાર્થની અનાદિથી વિટાયેલા જ છે, અને તેથી સર્વજીવો અનાદિથી સ્વસ્વભાવને ભૂલેલા હોઈ પરસ્વભાવમાં જ પડેલા છે એમ જે શાસ્ત્રજ્ઞો માને છે તે યુક્તિયુક્ત જ લાગે છે. હવે વિચારવાની જરૂર એ છે કે ઈતર પદાર્થરૂપે રહેલો કર્મસંબંધ પણ શુભ અને અશુભ એમ બે પ્રકારનો છે. તેમાં શુભ કર્મસંયોગ જો કે ઈતર સંયોગ છે, પણ તે આત્માની માનસિક, વાચિક અને કાયિક એ ત્રણે પ્રકારની શુભ કે શુદ્ધ પ્રવૃત્તિ ઉપર જ આધાર રાખે છે, અને તેવી શુભ કે શુદ્ધ પ્રવૃત્તિનો આધાર તેના તેવા પરિણામ ઉપર રહેતો હોવાથી અને પરિણામનો આધાર મુખ્ય ભાગે સત્પુરુષોના સમાગમ, તેના ઉપદેશનું શ્રવણ અને તે સત્પુરુષે ઉપદેશેલ તત્ત્વનો અંશે કે સર્વથા થતો અમલ થાય તેની ઉપર જ રહે છે, અને તેવા સત્પુરુષોના સમાગમ વિગેર સાધનો ઘણા જ અલ્પપુરુષોને પ્રાપ્ત થતા હોઈ અનુભવસિદ્ધ એ વાત માનવી પડે છે કે સામાન્યપણે જીવમાત્ર અશુભ કર્મોના સંયોગો તરફ જ દોરાઈ રહ્યો છે, અને તેનાં જ ફળો અનુભવી રહ્યો છે. આ બધી વાત ધ્યાનમાં લઈ શાસ્ત્રકારો જીવમાત્રને દુર્ગતિમાં પડતા જણાવે તેમાં આશ્ચર્ય જ નથી, અને તેવા દુર્ગતિમાં એટલે ભવિષ્યની અશુભ જિંદગીમાં પડતા જીવોને બચાવનાર પ્રવૃત્તિને ધર્મશબ્દમાં રહેલા ધૃધાતુના ધારણરૂપ અર્થના આધારે જણાવે તેમાં આશ્ચર્ય નથી. આ વિવેચનથી જીવો દુર્ગતિમાં પડતા જ હતા અને તેને ધારણ કરનારા પદાર્થની જરૂર જ હતી એમ માનવામાં સંશયને અવકાશ રહેતો નથી.

**સદ્ગતિધારણરૂપ અર્થનું સૂચન.**

જો કે કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજીએ ધૃ ધાતુના એકલા ધારણ અર્થને જ આગળ કરી

આચાર્ય ભગવાન ધર્મઘોષસૂરિના મુખે **दुर्गतिप्रपतजंतुधारणाद्धर्मउच्यते** એટલું જણાવેલું છે, પણ તે જ કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજીએ શ્રી યોગશાસ્ત્ર વિગેરે શાસ્ત્રોમાં દુર્ગતિમાં પડતા જીવોને બચાવવારૂપ ધારણ અર્થ લેવા સાથે સદ્‌ગતિમાં સ્થાપવારૂપ પોષણ અર્થ પણ લીધેલો જ છે, પણ શ્રુતકેવળી સમાન શ્રી ધર્મઘોષસૂરિજીના મુખમાંથી તે અર્થ તે સદ્‌ગતિમાં ધારણ કરવારૂપ પોષણ અર્થ નથી લીધો, તેમાં કોઈપણ પ્રકારે વિરોધ લઈ શકાય તેમ નથી, કારણ કે જેમ એક ત્રાજવાનું અવનમન તેજ બીજા ત્રાજવાનું ઉન્નમન અને એક ત્રાજવાનું ઉન્નમન તે જ બીજા ત્રાજવાનું અવનમન છે. જેમ તે તુલાનું ઉન્નમન અને અવનમન ક્રિયા અને ભાવસ્વરૂપ હોઈ અભાવરૂપ કહી શકાય નહિ, પણ ઉન્નમન, અવનમન બંને સદ્‌ભાવ સ્વરૂપ છે, તેવી રીતે જેટલા અંશે આત્માને દુર્ગતિનું નિવારણ થાય તેટલે જ અંશે સદ્‌ગતિની પ્રાપ્તિ થાય છે, અને જેટલે અંશે સદ્‌ગતિની પ્રાપ્તિ થાય તેટલે જ અંશે દુર્ગતિનું નિવારણ થાય છે, એટલે જેમ તુલાનું ઉન્નમન કે અવનમન કે બંને કહેવામાં કોઈ પ્રકારે વિરોધનો અવકાશ નથી, તેવી રીતે અહીં પણ દુર્ગતિનું વારણ કે સદ્‌ગતિની પ્રાપ્તિ એ બંને કે બંનેમાંથી કોઈપણ એક કહેવામાં વિરોધની શંકાને અવકાશ નથી. એટલી શંકા જરૂર થાય કે દુર્ગતિનું નિવારણ કહેવાથી જેમ સદ્‌ગતિની પ્રાપ્તિ નિયમિતપણે ધ્વનિત થાય છે, તેમ સદ્‌ગતિની પ્રાપ્તિ કહેવાથી દુર્ગતિનું નિવારણ પણ સ્પષ્ટપણે ધ્વનિત થતું હતું તો પછી કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરિજીએ દુર્ગતિના નિવારણના કથનથી સદ્‌ગતિની પ્રાપ્તિનું ધ્વનિતપણું કર્યું, પણ સદ્‌ગતિની પ્રાપ્તિના કથનથી દુર્ગતિના નિવારણનું ધ્વનિતપણું કેમ કર્યું નહિ ? આ શંકાના સમાધાનમાં પ્રથમ તો એ જ સમજવાનું કે આ આત્મા અનાદિના વિવિધ કર્મસંયોગથી અજ્ઞાની હોઈ દુર્ગતિ તરફ જ દોરાયેલો રહેલો છે, માટે તે દુર્ગતિની બચવાના સાધનો તરફ સહેજે તેની વૃત્તિ થઈ આવે, અને તેથી દુર્ગતિની પ્રાપ્તિનાં સાધનોને દૂર કરવાનો ઉપદેશ કરવા તૈયાર થાય તેમાં આશ્ચર્ય નથી. જગતના નિયમ પ્રમાણે સારું પ્રાપ્ત કરવા પહેલાં ખોટાથી દૂર રહેવાની પ્રાથમિક જરૂર ગણીને પણ દુર્ગતિ નિવારણદ્વારાએ ધર્મશબ્દના ધૃ ધાતુનો ધારણરૂપ અર્થ જણાવ્યો હોય તો પણ નવાઈ નથી આ બધી હકીકત સદ્‌ગતિ શબ્દ દેવ અને મનુષ્યગતિરૂપ સાંસારિક શુભ ગતિને ઉદેશીને જ કહેવામાં આવી છે, પણ જો મોક્ષરૂપ અસાંસારિક શુભ ગતિની પ્રાપ્તિને અંગે જો પોષણ અર્થ લઈ વાત કરવામાં આવે તો પૂર્વે જણાવેલો તૂલાનમન ન્યાય લેવો નહિ અને મોક્ષરૂપ સદગતિની પ્રાપ્તિ કરાવનાર સદનુષ્ઠાન પણ ધર્મ છે એમ ગણી યોગશાસ્ત્રાદિકમાં કહેલો મોક્ષ સુધીની સદગતિનો માર્ગ લેવો.


## જાહેર ખબર

**ટૂંક સમયમાં પ્રગટ થશે.**

૧. તત્ત્વતરંગિણી.
૨. લલિતવિસ્તરા.
૩. સિદ્ધપ્રભા બૃહદ્‌ વ્યાકરણ.

**નવા છપાતા ગ્રંથો.**

૧. આચારાંગવૃત્તિ.
૨. ઉપદેશમાલા અપરનામ પુષ્પમાલા.
૩. તત્ત્વાર્થસૂત્ર શ્રી હરિભદ્રસૂરિ ટીકા.
૪. ભગવતીજી શ્રી દાનશેખરસૂરિ વૃત્તિ.

**શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત.**

# જાત્રાળુનું કર્તવ્ય

વર્તમાનકાળમાં અને પૂર્વ કાળમાં અનેક ભાગ્યશાળી જીવો પોતાના આત્માના ઉદ્ધાર માટે તીર્થયાત્રાના સંઘનું આધિપત્ય ચક્રવર્તી ભરત મહારાજથી અત્યાર સુધીમાં મેળવવા ભાગ્યશાળી થયા છે, અને તેઓએ પોતાના સદ્દ દ્રવ્યનો વ્યય તે સંઘયાત્રાના કાર્યમાં કરતાં આત્માને ઘણી ઉન્નત દશામાં ચડાવ્યો છે. બાહ્ય દૃષ્ટિ પુદ્દગલાભિનંદી કે ભવાભિનંદી જીવોને જ્યારે દેશ, પ્રાંત, નગર કે ગામનું આધિપત્યપણું દેશ, ગામ, નગર કે કુટુંબના મનુષ્યનું આધિપત્યપણું શમશેરને જોરે મેળવવાનું થાય છે અને તેમાં જ તેઓ તત્ત્વદૃષ્ટિ માનતા હોવાથી પોતપોતાના આત્માને અધિક અધિક ઉચ્ચતર સ્થિતિમાં માની મદોન્મત્ત બની તે તે તાબે રહેલા મનુષ્યોની ઉપર સત્તા ચલાવી તે તાબેદારોની કમાણી ઉપર ઘણે ભાગે તાગડધિન્ના કરનારા થાય છે, પણ આ સંઘના અધિપણાનું પદ તેથી જુદી જાતનું જ છે. તે સંઘના આધિપત્યમાં જ દુનિયાદારીથી પોતાના પ્રાણ કરતાં વહાલી ગણાયેલી લક્ષ્મીનો પાણીની માફક ઉપયોગ કરાય છે. કોઇપણ સંઘપતિ કોઇપણ સંઘમાં આવતા યાત્રિક પાસેથી કોઇપણ જાતનો ટેક્સ, હિસ્સો કે લાગો લેતા નથી. ભાગ્યશાળી સંઘપતિને તો પોતાના આત્માનો તીર્થયાત્રાથી ઉદ્ધાર થવા સાથે અનેક જીવોનો ઉદ્ધાર થાય એ જ ભાવના સતત હોય છે. વર્તમાન કાળમાં જો કે વખત અને પૈસાના બચાવની દૃષ્ટિ રાખવાવાળાઓને ધન અને વખતની જ માત્ર કિંમત હોવાથી આવા સંઘ અધિપત્ય જેવા પદો ઘણા ખર્ચવાળા અને ઘણી મુદતના ભોગે મળવાવાળા હોવાથી અણગમતા થાય તે સ્વાભાવિક છે, પણ તેમાં તે વિત્ત અને વખતના વિચારોના વમળમાં વહેતાં લોકોને તેમ લાગે તેમાં આશ્ચર્ય નથી, કારણ કે વાંકી દૃષ્ટિથી જોવાવાળો સીધા લાકડાને પણ વાંકું દેખે તેવી રીતે શાસન, તીર્થ, ધર્મ અને ધર્મિષ્ઠોના મહિમાને અને દાન, શીલ, તપ અને ભાવ એ ચારે પવિત્ર પ્રવૃત્તિઓને જગતભરમાં પોષણ કરી પ્રસિદ્ધિ પમાડનાર એવું આ સંઘપતિપણાનું પદ તે તેઓને જ રૂચે જેઓ ધર્મમાં થતો જ ધનવ્યય સફળ માનતા હોય અને ધર્મને અંગે જેટલો કાળ નિર્વૃત્તિપરાયણતા થઇ અવ્યાપાર અને બ્રહ્મચર્ય જેવી પૌષધના મુખ્ય અંગ જેવી ચીજો પરસ્પર મદદથી અસાધારણપણે પોષાતી રહે તે કાળ જ જિંદગીમાં સફળ છે. અર્થાત્ શાસ્ત્રકારો જેમ સામાયિક અને પૌષધમાં ગયેલા વખતને જ ત્યાગની દૃષ્ટિએ સફળ માને છે, અને તે સામાયિક, પૌષધ સિવાયના વખતને કંઇ પણ પાપનું કાર્ય ન કરે તો પણ સંસારવૃદ્ધિને કરાવનાર જ માને છે. તેવી રીતે અહીં શાસન અને ધર્મના ઉદ્યોતને અંગે થતો ધનનો વ્યય અને વખતનું વહેવું સફળ ગણનારા જીવો જ સંઘના અધિપત્યપણાની અને સંઘસમુદાય સાથે થતી યાત્રાની કિંમત આંકી શકે છે. આજકાલ જગતમાં સેવક, સ્વયંસેવક, સેવાસમાજ, સેવાવૃત્તિ વગેરે શબ્દો શોભા ભરેલા ગણવામાં આવે છે. તેવી રીતે અહિં સંઘપતિપણાનો શબ્દ ડોળ ઘાલવા માટે નથી, પણ જે તીર્થનો સંઘ નીકળેલો હોય અને તે તીર્થની જાત્રા માટે જેઓ ચાલેલા હોય તે બધાની રક્ષણ, સેવાવૃત્તિ અને સંભાળ લેવામાં જ અને તે લેવાની જવાબદારીને અંગે જ સંઘપતિપણાનું પદ મળે છે. આ સંઘપતિપણાનું પદ ગાદીએ બેસી ગોળ ફેરવવા દ્વારાએ હુકમ સંભળાવવામાં નથી, પોતાના મનગમતી રીતિએ દંડ લઇ પોતાના ટોળામાં દાખલ કરવારૂપે સંઘપતિપણું ભોગવવાનું આમાં નથી. પોતાને કે પોતાના ગોઠીયાને જે મનુષ્ય સાચી કે ખોટી રીતે જે મનુષ્ય ખટકતો હોય તેવાઓનું કાસળ કાઢવામાં સંઘપતિપણાનું પદ નથી, પણ આ

સંઘપતિપણાનું પદ તો મુખ્યતાએ પોતે એકાહારી, પાદચારી વગેરે છ જે રી (રી અંતવાળી ૬ ક્રિયાઓ) તેને પાલન કરવામાં તૈયાર રહેવું દરેક ગામોમાં સંઘની ઉન્નતિના કાર્યો કરવા. ચૈત્યપૂજા, જીર્ણોદ્ધાર, સાધર્મિક ભક્તિ, જીવદયા વગેરે પરલોકના ભાથારૂપ સત્કાર્યો કરવા અને પોતાના આલંબને બીજા જીવો પણ પોતાના આલંબને દરેક ગામે શાસનની ઉન્નતિ વગેરે કાર્યમાં સહકાર કરનાર થાય, તેવી રીતે પ્રવર્તવું એ જ આ સંઘપતિપણાનું જાહેર ચિહ્ન છે. આ સંઘપતિને પોતાની સાથમાં આવેલા દરેક સાધર્મિકની ઔષધ, અનશન, પાન, વગેરેથી ભક્તિ કરવાની હોય છે, પ્રત્યક્ષ રીતે અનુભવ કરાય છે કે સેંકડો અને હજારોની સંખ્યામાં છએ રી પાલનારાઓની સેવા કરવાને ભાગ્યશાળીપણું આવા સંઘપતિ થનારા સિવાયને ભાગ્યે જ મળે છે. ચતુર્વિધ સંઘમાંથી જે યાત્રાપ્રેમી સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા એ યાત્રાના સાથમાં જોડાયેલા હોય તે દરેકની દરેક પ્રકારની નિઃસ્વાર્થ અને પૂર્ણ ભક્તિભાવથી સેવા કરવી તેમાં જ સંઘપતિ પોતાનું અહોભાગ્ય માને છે. અર્થાત્ આ સંઘપતિપણામાં પતિ શબ્દ રૂઢિ દ્વારા માલિક અર્થને જે સૂચવે છે તે સૂચવનાર નથી, પણ માત્ર ચતુર્વિધ સંઘની તરફથી શાસનશોભાની અને તીર્થજાત્રાની પવિત્ર ભાવના હોય તેનું રક્ષણ કરવું તે દ્વારાએ જ સંઘપતિપણામાં રહેલું પતિપદ સફળ કરવાનું હોય છે. સામાન્ય રીતે વિચાર કરતાં માલમ પડશે કે કોઈપણ સદ્‌ગૃહસ્થ પોતાને સ્થાને રહ્યો થકો હજારો, સેંકડો તો શું પણ માત્ર ડઝનબંધ પણ એકાસણા કરવાવાળા, સચિત્તના ત્યાગી, પાદચારી એવા એટલે કે કોઈક અપેક્ષાએ ઉપધાનવહન અને પ્રતિમાવહન આદિ ધાર્મિક જીવનોના ઉચ્ચ પ્રવાહને વહન કરતાં સાધર્મિકોની ભક્તિ કરવાને ભાગ્યશાળી બની શકતો નથી, ત્યારે કોઈપણ તીર્થની યાત્રાને અંગે યાત્રિકોના સમુદાયરૂપ સંઘની રક્ષા કરવાની જવાબદારીએ આધિપત્યપદને વહેનારો ભાગ્યશાળી શ્રદ્ધાળુ સદ્‌ગૃહસ્થ હંમેશાં સેંકડો અને હજારો સચિત્તનો પરિહાર કરનારા, એક જ વખત ભોજન કરનારા, ગુરુમહારાજ સાથે પગથી પ્રયાણ કરનારા અને બ્રહ્મચારીપણાથી શોભિત, એવા શ્રાવકોની દ્રવ્ય, ભાવ ઉભય પ્રકારની ભક્તિ કરવાને ભાગ્યશાળી બને છે, અને તે પણ ભાગ્યશાળીપણું એકાદ દિવસને માટે નહિ પણ લાગલગાટ કંઈ અઠવાડિયા કે પખવાડિયા સુધી તીર્થના માર્ગના પ્રમાણમાં તેઓ પૂર્વે કહેલા ભક્તિના કાર્યો કરવાને ભાગ્યશાળી થાય છે. પોતાના સ્થાનમાં રહેલો કોઈપણ પ્રતિષ્ઠિત શ્રદ્ધાળુ સમૃદ્ધિ સંપન્ન છતાં પણ યાત્રાળુઓની જેમ સંઘપતિપણાની વખતે ભક્તિ કરી શકે છે તેવી ત્યાં કરી શકતો નથી વળી પંચમહાવ્રત ધારક,સંસારસમુદ્રથી તારનાર, મહાનુભાવ સાધુ, સાધ્વીરૂપ જંગમતીર્થની નિરવદ્ય અને શુદ્ધ ભક્તિ કરવાનો વખત તો સંઘપતિપણામાં જ અદ્વિતીય હોય છે. દરેક સ્થાનમાં તેવા સમુદાય સહિત તેવી સમૃદ્ધિ સાથે જવાથી જૈન, જૈનેતરોમાં શાસન, ધર્મ અને ધર્મિષ્ઠોની પ્રશંસા અને અનુમોદનાદ્વારાએ જે લાભ અનુભવાય છે તેને સમજનારો મનુષ્ય સંઘપતિપણાની કિંમત આંકી શકે છે, પણ ભીલજાતમાં ભીલપણે કેળવાયેલા મનુષ્યને ચાહે જેવો કિંમતી હીરો પણ કોડીઓની કિંમતનો જ લાગે છે. તેવી રીતે તે ધર્મપ્રશંસાદિક સત્કાર્યોની કિંમતને નહિ સમજનારો મનુષ્ય સંઘપતિપણાની કિંમત ઓછી ગણે તો નવાઈ જેવું નથી, પણ તેવા મનુષ્યે તેવી કિંમત કરેલી હોય તેટલા માત્રથી તે ઉત્તમ માર્ગની કિંમત ઘટતી નથી તીર્થના સ્થાનોમાં આધિપત્ય કરનારા સત્તાધીશોને પણ સંઘનો સમુદાય સંઘની સમૃદ્ધિ અને સંઘવીના ભોભાને અંગે ઘણી ભાવવૃધ્ધિ જ થાય છે અને તેને જ પ્રભાવે તે સત્તાધારીઓ અજૈન છતાં પણ હિંસા, મદિરા વગેરેનું છોડવું, ધર્મના લાગા વગેરે પ્રવર્તાવવા અને

આશાતના વગેરે ટાળવાના કાર્યોમાં કટિબદ્ધ થાય છે. જગતનો અનુભવ સાક્ષી પૂરે છે કે તીર્થ જેટલું સ્વપ્રભાવે ઉજ્વળતા મેળવે તેના કરતાં ઘણે જ અધિક અંશે ભકતોની સાહ્યબી અને ભક્તોનું આગમન તીર્થની ઉજ્વળતા કરે છે. જે જે સ્થાને તીર્થો મોટા છતાં પણ સમૃદ્ધિશાળી અને સમુદાયે ભક્તોનું આવાગમન નથી હોતું તે તે તીર્થો ઉજ્વળતામાં ઘટે છે અને યાવત્ ભદ્દિલપુર આદિ તીર્થોની માફક વિચ્છેદ પામે છે, અને તે તીર્થોનો પ્રભાવ એટલો બધો ઘટી જાય છે કે જ્યાં ત્રિલોકનાથ તીર્થંકરના જન્માદિક પાંચે કલ્યાણકો કે જન્માદિક ચાર કલ્યાણકો સરખાં અતિશાયી કાર્યો બનેલાં હોઇ તીર્થ તરીકે જાહેર થયાં હોયં તેવા તીર્થોનો ઉદ્ધાર કરવા કે નિશાની માત્ર રાખવા પણ તે તે યુગનો સંઘ તૈયાર થઇ શકતો નથી દાખલા તરીકે પુરીમતાલ (અલ્હાબાદ), ભદ્દિલપુર (હટવડીયા) મિથિલા, શ્રાવસ્તિ (સેંટમેંટનો કિલ્લો) અને કોસંબી એ વગેરે તીર્થો મુસાફરીના વિષયમાં છતાં પણ તેની હયાતી કે નામોનિશાન પણ રાખવા વર્તમાન સંઘ વિચાર કરતો નથી. જો કે દેશમાત્રને અંગે ઘેલા બનેલા યુવકો તો તેવા અગર તેથી ચઢિયાતા પણ તીર્થોની દરકાર ન કરે તે સમજી શકાય તેમ છે પણ શક્તિસંપન્ન શ્રદ્ધાળુ, શાસન તથા ધર્મ પર પ્રેમ રાખનારા સજ્જનો પણ તેવા તીર્થોને ટકાવવા કે નામોનિશાન રાખવા તૈયાર થતો નથી. એનું ખરું કારણ તપાસીએ તો તે તીર્થો જે સ્થાનમાં આવેલા છે તે સ્થાનમાં અગર તેની નજીકમાં ધર્મપ્રેમીઓની વસતી નથી અગર ઓછી છે અને તેને લીધે ત્યાં યાત્રા કરવા કે સંઘપતિ તરીકે યાત્રિકોને લઇ જવાનું સદભાગ્ય સમૃદ્ધિશાળી સદગૃહસ્થો મેળવી શકતા નથી, અને બીજી બાજુ જે સ્થાનો (ભોયણી, પાનસર, માતર, ઝગડીયા વગેરે) શાસ્ત્રદ્વારાએ કલ્યાણક આદિને અંગે કહેલા કારણથી તીર્થ તરીકે નહિ છતાં માત્ર અપૂર્વ અને આલ્હાદનીય કે સાધિષ્ઠાયક એવી જિનપ્રતિમાને અંગે જાહેરમાં આવ્યાં અને તે તીર્થોની જાહોજલાલી અનેક કલ્યાણકવાળાં તીર્થો કરતાં પણ કંઇગુણી અધિક થઈ છે. આ સ્થિતિ વિચારતાં જો કલ્યાણથી થયેલાં તીર્થોના સ્થાનોમાં સંઘસમુદાયનું સમુદાયે જવું ન જ થાય તો પછી તે તીર્થોનું સ્થાન ન રહે અને ભવ્યોના અંતઃકરણમાંથી તેનું સ્થાન પણ ભુંસાઇ જાય, એટલું જ નહિ પણ શાસ્ત્રોમાં તે તીર્થોનું પ્રતિપાદન આવ્યા છતાં પણ ચક્ર, સ્તૂપ અને સુષુમારપુર આદિ તીર્થોની માફક તેનું સ્થાન અને તેની હયાતી સાથે સત્યતા સાબીત કરવી પણ મુશ્કેલ પડે, એટલે કલ્યાણક આદિકને લીધે પ્રસિદ્ધ થયેલા તીર્થોની સંઘસમુદાયથી કરાતી યાત્રા ઘણી આવશ્યક છે એમ વિચક્ષણોને લાગ્યા વગર રહેશે નહિ. વળી એક વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે વર્તમાનમાં તીર્થસ્થાનોના તો શું પણ અન્ય સ્થાનોના પણ સત્તાધારકો જન્મથી કે આચારથી જૈનધર્મને અનુસરનારા દેખાતા નથી. જો કે જૈનધર્મની પવિત્રતા અને તે ધર્મને પાળનારી વેપારી કોમની ધનાઢયતા અને સદાચારને અંગે અદ્વિતીય પ્રસિદ્ધિ વ્યાપેલી છે, છતાં તેટલા માત્રથી અન્ય ધર્મને પાલનારા સત્તાધારકોને તે ધર્મના દેવાદિક તરફ સદભાવ થઇ જાય તે આકાશ કુસમુવત્ જ છે, અને જ્યારે તે તીર્થના સત્તાધારકોને જૈનધર્મના દેવ, ગુરુ કે ધર્મ તરફ સદભાવ ન હોય અને તેને બકરીના ગળાના આંચળ જેવા નિરર્થક ગણે ત્યારે તે તીર્થોની ઉન્નતિ અને સ્થિતિસ્થાપકતા તો શું પણ અવનતિ થવાનો વખત જ આવે તે અપેક્ષાએ પણ વર્તમાનમાં સંઘસમુદાયે સંઘસહિત યાત્રા કરવાનું જરૂરી ગણવું જોઇએ. એવા સંઘસમુદાયમાં જવાવાળા દરેક મનુષ્યને એ વાતો તો અનુભવસિધ્ધ છે કે ચાહે જેવી સમૃદ્ધિશાળી એકલી વ્યકિત કે ચાહે જેવા જ્ઞાનધુરંધર શાસનપ્રભાવક આચાર્ય તેવી છાયા સ્વતંત્ર નથી પાડી શકતા કે જે

છાયા સમુદાયદ્વારાએ પડે છે. સંઘ સાથે યાત્રા કરવાવાળો અનુભવી મનુષ્ય જોઇ શકે છે કે સંઘમાં રહેલા યાત્રિકોની જેમ જેમ મોટી સંખ્યા હોય છે તેમ તેમ તેની પ્રસિદ્ધિ વધારે વધારે પ્રમાણમાં થાય છે, અને તે પ્રસિદ્ધિને લીધે અસંખ્ય જૈનેતર મનુષ્યો પણ કોઇ કોશોથી આવી તે સંઘના દર્શનનો લાભ લે છે, અનુમોદના કરે છે, અને સંઘપતિ તથા શાસનધુરંધરોની ભક્તિ કરવાપૂર્વક બહુમાન કરે છે. કેટલેક સ્થાને તો સત્તાધારકો અન્ય ધર્મીઓ છતાં પણ જૈનધર્મના દેવ, ગુરુ આદિનું બહુમાન કરવા સાથે પોતાની હિંસક વિગેરે અધમ વૃત્તિઓને પણ યાવજ્જીવને માટે કે કેટલાક કાળને માટે જલાંજલિ આપે છે. તીર્થસ્થાનના સત્તાધિકારીઓ પણ તેવા વિશાળ સંઘના સંઘપતિઓને ઘણા જ સન્માનથી નવાજે છે. સંઘપતિએ કરવા ધારેલા તીર્થના ઉત્તમ કાર્યોમાં અસાધારણ રીતે મદદ કરનારા થાય છે, અને તીર્થની આશાતના ટાળવા તરફ સંઘપતિએ તે સત્તાધીશનું દોરેલું ચિત્ત સતત્ અવ્યાહતપણે રહે છે. કેટલેક સ્થાને તો તેવા વિશાળ સમુદાયના સંઘપતિની પ્રેરણાથી સત્તાધિકારીઓએ યાવચ્ચંદ્રદિવાકર સુધી આવકો કરી આપેલી છે એમ ભૂત અને વર્તમાન કાળનો ઇતિહાસ પણ સાક્ષી પૂરે છે. વળી સંઘપતિપણાના અવસરને અંગે તે તે તીર્થસ્થાનોનો ચિરસ્મરણીય ચૈત્યાદિકના જીર્ણોદ્ધાર આદિના કાર્યો કરે છે તે સર્વ એ સંઘયાત્રાનો પ્રભાવ છે. શાસ્ત્રોમાં જેમ સાધુઓને પોતાના આત્માની સાક્ષીએ સાધુપણું પાળવાનું હોય છે, છતાં પણ આચાર્ય અને ગચ્છવાસીની અપેક્ષાએ તેના સાધુપણામાં સુંદરતા દિવસે દિવસે નવા નવા રૂપમાં આવે છે, તેવી રીતે સંઘપતિ પણ જો કે ધર્મના સ્વતંત્ર અર્થી હોય જ છે, તો પણ તેવા તેવા સુંદર સમુદાયના યોગે સુંદર સુંદર ભાવોલ્લાસમાં આવી સુંદર સુંદરતર કાર્યો અધિક અધિક કરનારો થાય છે. સંઘયાત્રાના વર્તમાન કાળના પ્રભાવિક કાર્યો અન્ય ધર્મિષ્ઠોને અનુમોદનાદ્વારા નિર્મળતા કરનારા હોય તેમાં તો શું કહેવું ? પણ ભવિષ્યકાળમાં પણ સંઘપતિની યાત્રા અને તેના ચિરસ્મરણીય કાર્યો અનેક ભવ્ય જીવોને અનુમોદનાદ્વારાએ નિર્મળતા કરાવનારા થાય છે એ વાત ધર્મિષ્ઠ ઇતિહાસજ્ઞોથી અજાણી નથી. બીજી બાજુ મનુષ્યને વડિલોપાર્જિત કે સ્વભુજોપાર્જિત મળેલા ધનની ત્રણ દશા સિવાય ચોથી દશા નથી હોતી એ અવિચળ સિદ્ધાંત છે, એ ત્રણ દશામાં નાશ અને ભોગદશા સર્વથા પરિણામે નીરસ છે એમાં બે મત થઇ શકે જ નહિ. વાસ્તવિક રીતે મળેલા ધનનું ફળ હોય તો તે કેવળ દાન જ છે. દાન એ એવી વસ્તુ છે કે જે જીવનનાશે કે ધનનાશે પણ પોતાના પુણ્ય લાભરૂપી કે કીર્તિરૂપી ફળને નાશ થવા દેતી નથી. હજારો, લાખો અને કરોડો ધનપતિઓ મરી ગયા, તેના ધનનો અંશ પણ ન રહ્યો છતાં તેઓએ કરેલા દાનનો પ્રભાવ શાસનમાં અવ્યાહતપણે જાગતો જ છે, અને તે અવ્યાહત દાનપ્રભાવને દેખીને અનેક શ્રદ્ધાળુ અને ઇતિહાસપ્રેમી જીવો અનુમોદના કરીને પોતાના આત્માને નિર્મળ કરે છે અને ધનપતિઓ પણ તે દાનના ફળો સદગતિમાં બિરાજમાન થઇ અનુભવી રહ્યા છે.

જો કે દાનધર્મનું સેવન ગૃહસ્થોનો મુખ્ય ધર્મ હોવાથી પ્રતિદિનના કર્તવ્ય તરીકે હોઇ સર્વસ્થાને હોય છે,પણ સંઘપતિપણાના પ્રસંગમાં કે સંઘના યાત્રિકપણાના પ્રસંગમાં તે દાનધર્મને સેવનનો પ્રસંગ જબરદસ્ત મળે છે. વળી સંઘપતિ તરીકે કે સામાન્ય યાત્રિક તરીકે સંઘસમુદાયે યાત્રા કરતાં દેશમાં અનેક સ્થાને ભિન્નભિન્નપણે રહેલા ચતુર્વિધ સંઘનો મહાન સંગમ થાય છે, અને તેથી તે ભિન્નભિન્ન સ્થાનના ભિન્નભિન્નપણે રહેલા ચતુર્વિધ સંઘના નરરત્નોના ગુણોનું જ્ઞાન થવાથી આત્માને તે ગુણોને વાસિત કરવાનું, તેમજ નહિ પ્રાપ્ત થયેલા ગુણોને પ્રાપ્ત કરવાના સાધનરૂપ ગુણીજનોના બહુમાન, સત્કાર વિગેરે

કરવાનો પ્રસંગ પ્રાપ્ત થવાથી અદ્વિતીય લાભનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. જો કે શ્રી ચતુર્વિધ સંઘના તેવા નરરત્નોનો સમાગમ સંઘપતિ કે સામાન્ય યાત્રાળુને પોતાના પ્રસંગમાં પણ હોય છે, તો પણ સ્થાનાંતરના વિશેષે કરીને વિશેષતર ગુણસંપન્ન સંઘયાત્રાના પ્રસંગને લીધે જ સંઘપતિ યાત્રિક અને સામાન્ય યાત્રિકને મળે છે, અને તે પણ અનેક શુભ સ્થાનોના રહેવાવાળા શુભતર અનુષ્ઠાનને સેવવાવાળા નરરત્નોનું લાંબા કાળ સુધી સમાગમ અને સત્કાર આદિનો વખત એ સંઘયાત્રાના પ્રસંગમાં જ મળે છે. છતાં જે નરરત્નો તેવી સંઘયાત્રામાં ન પણ આવ્યા હોય, તેવા પણ નરરત્નોના સમાગમનો લાભ સંઘપતિ યાત્રિક અને સામાન્ય યાત્રિક દરેક ગામે જ્યાં જ્યાં સંઘનો પડાવ હોય ત્યાં નવા નવા આહ્લાદનીય કે સાધિષ્ઠાયક તીર્થો અને ચૈત્યોના દર્શનાદિના પ્રસંગની વખતે અને તે સિવાયના પણ ગામોમાં મેળવવાને ભાગ્યશાળી થાય છે.

શ્રી સંઘપતિનું સામાન્ય કર્તવ્ય પહેલાં સંઘવિધિના લેખમાં જણાવેલું હતું, પણ તે કેવળ સંઘયાત્રાની વિધિને અંગે જણાવેલું હોઇ આખા સંઘસમુદાયને અનુસરીને હતું અને આ સ્થાને તે સંઘપતિનું કર્તવ્ય એક યાત્રિક તરીકે જણાવેલું છે, અને આ જ કારણથી યાત્રિકોના પ્રસંગ જણાવતાં પહેલે નંબરે સંઘપતિરૂપ યાત્રિકનો પ્રસંગ જણાવેલો છે. જેવી રીતે સંઘપતિયાત્રિકનું કર્તવ્ય યાત્રિક તરીકે જણાવ્યું છે, તેવી જ રીતે સામાન્ય યાત્રિકોનું કર્તવ્ય પણ જણાવવું અસ્થાને નથી. સામાન્ય યાત્રિકોએ સંઘવિધિ અને સંઘપતિના કર્તવ્યના અનુમોદન સાથે સંઘપતિને અંગે જણાવેલા લાભો પોતાની શક્તિ પ્રમાણે લેવા તૈયાર થવું જ જોઇએ. સામાન્ય યાત્રિકોએ પોતાની શક્તિ પ્રમાણે દરેક સ્થાને સુપાત્રદાન અને સાધર્મિક ભક્તિનો લાભ લેવા તૈયાર રહેવું જ જોઇએ. જ્યાં જ્યાં સંઘનો પડાવ થાય ત્યાં તીર્થચૈત્ય હોય કે સામાન્ય ચૈત્ય હોય તેની આશાતના ટાળવા, તેમજ દર્શન, પૂજાદિથી લાભ મેળવવાને માટેની સામગ્રી તૈયાર કરવી જ જોઇએ. દરેક ગામે પૂજાના ઉપકરણો, શ્રી જિનેશ્વર ભગવાનના આભૂષણો કે પૂજાના સાધનો મ્હેલવા માટે ઉપયોગ અને પ્રયત્ન કરવો જ જોઇએ. જે મનુષ્યો તન, ધન કે મનથી જે જે કાર્ય કરી શકતા હોય, તે તે મનુષ્યોએ તે તે કાર્યો યાત્રિકપણાના વખતમાં તો જરૂર બજાવવાં જ જોઇએ. સંઘપિત યાત્રિક કે સામાન્ય યાત્રિકો કદાચિત્ થોડો માર્ગ લાંબો થાય તો પણ તીર્થના માર્ગમાં આવતાં કે નજીકમાં રહેલા ભવ્યતીર્થ અને ચૈત્યોની યાત્રાદિકનો લાભ મેળવવા કોઇ દિવસ પણ ભાગ્યશાળી થયા સિવાય રહેવા જોઇએ નહિ. યાત્રિકોએ યાત્રાના પ્રસંગમાં તન, મન, ધનની સફળતાને પ્રતિક્ષણ અનુમોદવી જોઇએ, યાદ રાખવાની જરૂર છે કે શાસ્ત્રીય વિધિ પ્રમાણે ધર્માનુષ્ઠાનનું કરવું તે એક બીજ વાવવા જેવું છે, પણ તે અનુષ્ઠાનની અનુમોદના કરવી તે જ જલસિંચન જેવી હોવાથી અનુષ્ઠાનને ખરેખર ફળ સુધી પહોંચાડે છે. સિંચન વગરનું વાવેલું બીજ જેમ નિષ્ફળ થાય છે કે અલ્પફળ જ આપે છે, તેવી રીતે ધર્માનુષ્ઠાન કરવારૂપ બીજ પણ અનુમોદના વગર તેવી દશાને પામે છે, માટે યાત્રિકોએ સુપાત્રદાન, સાધર્મિક ભક્તિ, તીર્થસેવા વિગેરે કરાતાં અપૂર્વ કાર્યોની અનુમોદના અહર્નિશ કરવી જોઇએ. બીજાએ કરેલા પણ સુપાત્રદાનાદિક ધર્માનુષ્ઠાનોની અનુમોદના પોતે કરેલા કાર્યોની અનુમોદનાની માફક જ ફળ દેવાવાળી છે, માટે યાત્રિકોએ યાત્રાના પ્રસંગમાં સર્વ જગાએ સર્વ પ્રકારે થતાં ધાર્મિક કાર્યોના અનુમોદનમાં લીન રહેવું જોઇએ, અને જો આવી રીતે સત્કાર્ય કરવામાં અને તેના અનુમોદનમાં

યાત્રિકજન લીન રહે તો સંઘયાત્રાનો સમગ્ર વખત તે યાત્રિકને જન્મને સફળ કરવામાં મોટો ભાગ ભજવે. છએ "રી" ને પાળનારા યાત્રિકોએ ધ્યાનમાં રાખવાનું છે કે આ છએ "રી" નું પાલન વિષય કષાયની નિવૃત્તિ કરવા સાથે આરંભાદિકની નિવૃત્તિ માટે છે તો પછી પગે ચાલવાથી પાદચારિરૂપ રીને સાચવતા છતાં જો રાજકથાદિક વિકથાઓ કરવામાં આવે તથા ગૃહજંજાળની અનેક જંજિરોમાં જો આ જીવ જકડાઈ રહે તો તે વ્યવહારથી પાદચારિપણું રહ્યા છતાં પણ તેના વિષય કષાય આદિની નિવૃત્તિરૂપ ફળને તે મેળવી શકે નહિ. સંઘના યાત્રિકો એવી રીતે યાત્રાએ પ્રવાસ કરતા હોવા જોઈએ કે જેના વર્તન વિચાર અને વચનો દરેક સ્વધર્મી કે અન્ય ધર્મીઓને ધર્મની છાયા પાડનારાં હોય. જો આવા નિવૃત્તિના વખતમાં સુપાત્રદાનાદિક સત્કાર્યો કરવા છતાં પણ યાત્રિકો પોતાના આત્માને તે સત્કાર્યો અને તેની અનુમોદનાથી વાસિત નહિ કરે અને અન્ય જૈન કે જૈનેતરોમાં ધર્મની પ્રશંસાના કાર્યથી બોધિ બીજ વાવવાનો પ્રસંગ નહિ સમર્પણ કરે તો પછી તે પોતાના અને પરના ઉદ્ધારને માટે જિંદગીમાં શું કરી શકશે ? જે મનુષ્ય લાભના પ્રસંગે પણ લાભ ન મેળવે તેઓ અન્ય પ્રસંગે લાભ મેળવે એ માનવું ઘણું જ મુશ્કેલ છે. આવા યાત્રિકપણાના પ્રસંગો જિંદગીમાં વારંવાર આવતા નથી અને આવેલા પ્રસંગને બરોબર ન સાધતાં તેના ફળથી વંચિત રહેવું બુધ્ધિમાનોને તો શોભે તેવું જ નથી. યાત્રિકોમાં મોટો ભાગ એવો જ હોવો જોઈએ કે જેઓના વિચાર, વચન અને વર્તનો અહર્નિશ નવા નવા ચૈત્યોના દર્શનાદિની અભિલાષામાં અને કરેલા દર્શનાદિકના અનુમોદનમાં હોય, અને તેથી યાત્રિકોનો આત્મા યાત્રા જેટલા વખતમાં તો ધર્માત્મા જ બનવો જોઈએ. સંઘપતિ યાત્રિકે પોતાના સમૃદ્ધિસંપન્નતા અને શક્તિ સહિતતાને લીધે જે જે કાર્યો મોટા રૂપમાં કરાતાં હોય, તે તે દરેક સુપાત્રદાન, સાધર્મિક ભક્તિ અને તીર્થ સેવાદિ કાર્યો સામાન્ય યાત્રિકોએ પોતાના વૈભવ અને શક્તિને અનુસરીને કરવા લક્ષ્ય આપવું જ જોઈએ કે જેથી સંઘપતિ યાત્રિકની માફક સામાન્ય યાત્રિક પણ પોતાને મળેલા વૈભવને તથા મળેલા સંયોગોને સફળ કરવા ભાગ્યશાળી થાય.

નોંધ :- પૂ. આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજી સંઘમાં પધારેલા હોવાથી તેઓશ્રીના તરફથી મેટર મોડું આવવાથી આ અંક મોડો બહાર પડ્યો છે, જેથી વાચકોની ક્ષમા માંગીએ છીએ. -તંત્રી.

☆ ☆ ☆

---

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.

તૃતીય વર્ષ, અંક ૮-૯ મો.

Registered No. B.3047




# શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

પોષ વદિ અમાવાસ્યા
મહા સુદિ પૂર્ણિમા

ફેબ્રુઆરી ૧૯૩૫

## જાહેર ખબર

સાહિત્ય રસિક વર્ગ વર્ષો થયાં જેને માટે તરસી રહ્યો હતો અને મૂળ કિંમતથી ચાર ચાર અને છ છ ગુણી કિંમતે પણ જેને મેળવી શકતો ન હતો તે સર્વ આગમો અને અંગોમાં પ્રથમ સ્થાન તરીકે ગણાતો, આચાર્યોના મૂળ સ્થાન તરીકે ભગવાન નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુસ્વામીજીએ જેને ગણાવ્યો છે એવો બ્રહ્મચર્યશ્રુતસ્કંધના નામે પંચાંગીમાં પ્રસિદ્ધિ પામેલો ધર્મ કથાદિક અનુયોગોના ફળ અને સાધ્યરૂપ જે ચરણકરણાનુયોગ તેને સવિસ્તર નિરૂપણ કરનાર, જેના અધ્યયન સિવાય બીજા અંગોના અધ્યયનમાં સૂત્રકાર મહર્ષિઓએ પ્રાયશ્ચિત નિરૂપણ કરેલું છે એવા શ્રી આચારાંગ અંગનું પ્રકાશન આ શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિદ્વારાએ સુરતનિવાસી શેઠ છગનલાલ ફૂલચંદ હજારીની આર્થિક મદદથી કરવામાં આવેલું છે. હર્ટફોર્ડશિયર લેજર જાતના ઉંચા બ્લુ કાગળમાં નિર્ણયસાગર પ્રેસના ટાઈપમાં શ્રી આગમોદય સમિતિએ છપાવેલા આ સૂત્રની કોપી ટુ કોપી તરીકે સારી રીતે સુધારીને કરેલું છે.

---

**સાહિત્ય રસિકો અમૂલ્ય વખત ચૂકશો નહિ.**

**શ્રી આચારાંગસૂત્રમ્ (પ્રથમ : સ્કંધ :)**

**શ્રી ભદ્રબાહુસ્વામીકૃત નિર્યુક્તિયુતમ્, શ્રી શીલાંકાચાર્યકૃત વિવરણ સમેતમ્**

લેજર પેપર ઉપર છપાયેલાની

કિંમત રૂ. ૫-૦-૦

લેજર પેપરનું તોલ વધવાથી ટપાલમાં મંગાવવી, મોકલવી ઓછી ફાવે છે તથા વિહારમાં વાંચવા માટે સાથે રાખી શકાતી નથી એવી કેટલાક સુજ્ઞ મહાશયોની ફરિયાદ દૂર કરવા જામનગર નિવાસી શેઠ પોપટભાઇ ધારશીભાઇ તરફથી તેમની પત્ની અ. સૌ. ઉજમબાઇના ઉજમણા નિમિત્તે છપાવેલી ચાલુ કાગળની પ્રતો જેવી માત્ર પચાસજ નકલો વેચાણમાં રાખી છે, જેની કિંમત રૂા. ૩-૮-૦ છે.

પ્રાપ્તિસ્થાન :-

જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત.

તા. ક.:- ડિપોઝીટ ભરનારાઓએ પોતાની બ્લુ કાગળ ઉપરની નકલ મંગાવી લેવી.

---

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઇમાંથી પ્રગટ કર્યું.





(પાક્ષિક)

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ ☞ ઉદ્દેશ ☜ છૂટક નકલ રૂા. ૦-૧-૬


નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

तीर्थेशा दत्तमार्गाः सततगुणिपदाः सिद्धिसाम्राज्यभाजः,
पंचाचारप्रवीणा गणिन इह सदाध्यापका वाचका ये ।
साहाय्यात् मोक्षसिद्धौ मुनय उदितभा अन्विताः शुद्धदृष्ट्या,
ज्ञानेनावद्यमुक्त्या विविधसुतपसा सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

મોક્ષમાર્ગ સદા દિયે જે જિનવરો ગુણ ધારતા, સિદ્ધ નિત્ય ગણેશ પંચાચારધારક વાધતા;
અધ્યાપકો વરવાચકો શિવસાધને મુનિ જોડમાં, એ પાંચસંયુત બોધદર્શન ચરણતપ સિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક"


| | | |
|---|---|---|
| તૃતીય વર્ષ<br>અંક ૮-૯ મો. | મુંબઈ ફેબ્રુઆરી, ૧૯૩૫<br>પોષ વદિ અમાવાસ્યા.... મહા સૂદિ પૂર્ણિમા | વીર સંવત્ ૨૪૬૧<br>વિક્રમ સંવત્ ૧૯૯૧ |


**ભવ્ય આત્માઓને ભવોદધિથી તારવાવાળું પ્રવહન :**

# તપ અને ઉદ્યાપન

**પ્રશસ્ત કષાય**

શ્રદ્ધાસંપન્ન જીવોના ખ્યાલ બહાર નહિ હોય કે શ્રી જિનેશ્વર મહારાજે પ્રરૂપેલી અને શ્રી ગણધર મહારાજે ગુંથેલી દ્વાદશાંગીમાં પ્રતિપાદન કરેલા સર્વ પદાર્થોની કેવળ એકરૂપે શ્રદ્ધા કરવાની હોતી નથી, કેમકે તે દ્વાદશાંગીમાં કેટલાક

ધર્માસ્તિકાયાદિ જેવા પદાર્થો માત્ર જાણવાલાયક જ હોય છે. તે ધર્માસ્તિકાયાદિક પદાર્થોનો શ્રદ્ધાસંપન્ન જીવોને આત્મકલ્યાણને સાધવાની અપેક્ષાએ આદર કે ત્યાગ કરવાનો હોતો નથી. વળી મિથ્યાત્વ, કષાય, અવિરતિ અને પ્રમાદરૂપ બંધના હેતુના નિરૂપણો તથા જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના કર્માદિના વ્યાખ્યાનો તે દ્વાદશાંગીમાં ઘણા વિસ્તારથી છે, છતાં તે મિથ્યાત્વાદિકને કર્માદિનો આદરભાવ શ્રદ્ધાસંપન્ન જીવોને આત્મકલ્યાણ સાધવાના માર્ગમાં હોતો નથી. જો કે મિથ્યાત્વના પાતળાપણાને અંગે સકૃદ્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત, માર્ગાનુસારી વિગેરે અવસ્થા ઘણા ગ્રંથકારોએ પ્રશસ્ત તરીકે ગણાવી છે, અને આચાર્ય શ્રી દેવગુપ્તસૂરિ વિગેરેએ તેને મિથ્યાત્વનો ગુણ કે મિથ્યાત્વ ગુણસ્થાનક તરીકે જણાવેલ છે, છતાં તે ગુણ અને ગુણસ્થાનકપણું મિથ્યાત્વની મંદતા અને દેવ, ગુરુ, ધર્મની બુદ્ધિએ મોક્ષને માટે કરાતી કુદેવ, કુગુરુ, કુધર્મની આરાધનાની અપેક્ષાએ વર્ણવેલું છે, અર્થાત્ મિથ્યાત્વ પોતાના સ્વરૂપે કરીને કોઈ પ્રકારે ગુણરૂપે ગણવામાં આવ્યું નથી. તેવી જ રીતે અવિરતિવાળા શ્રદ્ધાળુઓને અંગે તીર્થંકર નામગોત્રનો બંધ ઉત્કૃષ્ટ ગણેલો હોઈ, તે ઉત્કૃષ્ટ તીર્થંકર નામગોત્રના કારણ તરીકે અવિરતિપણાને કોઈ સારું ગણવા માગે તો તે કોઈપણ પ્રકારે યોગ્ય નથી, કેમ કે તે ઉત્કૃષ્ટ તીર્થંકર નામગોત્રનો બંધ અવિરતિપણાની અપેક્ષાએ થતો નથી, પણ ક્ષાયોપશમિકાદિ સ્વભાવવાળી સમ્યગ્દૃષ્ટિપણાની પરિણતિથી શ્રી જિનેશ્વર મહારાજાદિકની ભક્તિ આદિ દ્વારાએ થતી ક્ષાયોપશમિક આદિ સ્વરૂપ આરાધનાથી જ થાય છે, અર્થાત્ તે તીર્થંકર નામકર્મના બંધરૂપી ગુણ અવિરતિપણાનો નથી, પણ તે ક્ષાયિકાદિ સમ્યગ્દૃષ્ટિનો જ ગુણ છે, અને તેથી તે અવિરતિપણું તો સર્વથા છાંડવાલાયક જ ઠરે છે. વળી ત્રીજો બંધના કારણનો ભેદ જે કષાય તે શાસ્ત્રોમાં સ્થાને સ્થાને પ્રશસ્ત અને અપ્રશસ્ત રૂપે વર્ણવીને પ્રશસ્ત કષાયને કર્તવ્ય તરીકે જ સ્થાને સ્થાને જણાવેલ છે, અને તેથી જ અઢાર દોષ રહિત વીતરાગ સર્વજ્ઞ અરિહંત મહારાજા ઉપર અને અઢાર હજાર શીલાંગરૂપ બ્રહ્મચર્યને ધારણ કરનારા સાધુ મહાત્માઓ પણ સમ્યગ્દૃષ્ટિઓ અને મુમુક્ષુઓને રાગ કરવાની કર્તવ્યતા જણાવેલી છે, અર્થાત્ મોક્ષસાધક વીતરાગત્વાદિક ગુણો ઉપર અને તેને ધારણ કરનારા ઉપર એટલે કે ગુણ અને ગુણી બંને ઉપર રાગ કરવો જોઈએ અને તે પ્રશસ્તરાગ કહેવાય એમ શાસ્ત્રકારો ઘણે સ્થાને ફરમાવે છે.

## ગુણ ને ગુણી ઉપર રાગ

અને તેવી જ રીતે તત્ત્વદૃષ્ટિથી વિચારીએ તો ગુણ અને ગુણી ઉપર રાગની જેટલા અંશે તીવ્રતા હોય તેટલા અંશે તેના ભક્તિભાવમાં તીવ્રતા આવવાથી અને તે ગુણગુણીનો ભક્તિભાવ જેટલે અંશે તીવ્ર હોય તેટલે અંશે નિર્જરાની માત્રા અધિક થવાનું કહેલું છે તેથી એમ કહી શકાય કે સ્થૂલદૃષ્ટિએ તે પ્રશસ્ત રાગ જ કર્મની નિર્જરાને ઉત્પન્ન કરે છે, અને તે પ્રશસ્ત રાગનું તારતમ્ય કર્મની નિર્જરાના તારતમ્ય સાથે સંબંધવાળું છે, અને આ જ કારણથી એમ પણ કહી શકાય કે સમ્યગ્દર્શનાદિ આત્માના સ્વરૂપભૂત ગુણોના રાગવાળો મનુષ્ય પણ જ્યાં સુધી તે સમ્યગ્દર્શનાદિ ગુણો ધરવાવાળા મહાપુરુષો ઉપર રાગવાળો થાય નહિ, ત્યાં સુધી છદ્મસ્થ અવસ્થાનું સમ્યક્ત્વ કે જે વીતરાગ સર્વજ્ઞપણાની દશાને લાવનાર છે તે તેને હોય નહિ, અને આ જ કારણથી અન્ય ધર્માવલંબીઓ તથા ગોશાલક અને જમાલિ વિગેરે નિહ્નવો સમ્યગ્દર્શનાદિ રૂપ અને સર્વજ્ઞ વીતરાગત્વાદિક દેવાદિક ગુણોના અવ્યાહતપણે માનનારા હોવા છતાં તે વીતરાગત્વ સર્વજ્ઞત્વાદિક ગુણોને ધારણ કરનારા જે વીર પરમાત્મા વિગેરે

મહાપુરુષોરૂપ ગુણીઓની શ્રદ્ધા માન્યતા, ભક્તિ અને આદર વગરના હોવાથી તેઓ મિથ્યાત્વી કે નિહ્નવની લાઈનમાં મુકાયા, અને તેવી જ રીતે શુદ્ધદેવ, શુદ્ધગુરુ અને શુદ્ધધર્મરૂપી ગુણગણના નિધાન એવા ગુણીઓની શ્રદ્ધા, ભક્તિ અને માન્યતા ધરાવનારા પણ તેમના વીતરાગત્વ સર્વજ્ઞત્વાદિક ગુણોની માન્યતાની શ્રધ્ધા વગરના હોય કે તે દ્વારા એ તેમની માન્યતા વગરના હોય, તો તેવા જીવોને સંયતપણાની પ્રાપ્તિ છતાં પણ તેમના અભવ્યપણું, મિથ્યાદૃષ્ટિપણું કે કુલાચારની પ્રબળતાને આશ્રીને શાસ્ત્રકાર મહર્ષિઓએ તેઓને સન્માર્ગથી દૂર ગણ્યા, અર્થાત્ વીતરાગત્વાદિ પ્રાપ્તિના મુદ્દાને અંગે ગુણ અને ગુણી ઉપર એક સરખી રીતે શ્રદ્ધા, ભક્તિ, બહુમાન અને સત્કાર, સન્માનદ્વારાએ અવશ્ય રાગ રાખવો જ જોઇએ એવો શાસ્ત્રકાર મહર્ષિઓના વચનનો ફલિતાર્થ થાય છે, અને તે દ્વારાએ પંચ નમસ્કારરૂપ પંચમંગલ મહાશ્રુતસ્કંધ સર્વ પાપને નાશ કરનાર છે, જિનેશ્વર મહારાજની જેટલે જેટલે અંશે તીવ્ર, તીવ્રતમ ભક્તિ થાય, તેટલે તેટલે અંશે પૂર્વકાળમાં બાંધેલાં જ્ઞાનાવરણીયાદિ કર્મો કે જેઓ આત્માના ગુણોને આવરવાદ્વારા નાશ કરનાર હોઇ ઘાતિકર્મ કે સાંપરાયિક કર્મ કહેવાય છે, તેનો નાશ થાય છે. વળી જિનેશ્વર મહારાજાઓમાં ધુરંધર એવા ભગવાન મહાવીર મહારાજને કરેલો એક પણ નમસ્કાર તે નમસ્કાર કરનાર સ્ત્રી અગર પુરુષને સંસારસમુદ્રથી તારી દે છે. વળી ગુણવાનની *પ્રતિપત્તિ (સેવા) રૂપ વંદન કે જે વીતરાગ સર્વજ્ઞ* હોય કે યાવત્ પ્રમત્તસંયત હોય તેને કરવામાં આવે તો યાવત્ અક્રિયારૂપ ચૌદમા ગુણઠાણાને આપી અવ્યાબાધ સુખમય મોક્ષને મેળવી દે છે. આ વિગેરે શાસ્ત્રકાર મહર્ષિઓના આવશ્યક વિગેરેના વાક્યો તાત્પર્ય વ્યાખ્યાને અનુસરે છે. આ બધી હકીકત વિચારનારો વિચક્ષણ ધર્મસાધનને અંગે કે મોક્ષપ્રાપ્તિને અંગે ગુણ કે ગુણી ઉપરનો રાગ એટલે શ્રદ્ધા, ભક્તિ, સત્કાર અને સન્માનને ઉપાદેય તરીકે ગણ્યા સિવાય રહી શકેજ નહિ, એટલું જ નહિ પણ તે પ્રશસ્તરાગ એટલે ગુણગુણી ઉપરના ભક્તિઆદિક નિર્જરાને ઉત્પન્ન કરનાર છે, અને તેથી તે પ્રશસ્ત રાગની માત્રાનું તારતમ્ય નિર્જરાના તારતમ્ય સાથે હોઇ આત્મગુણોના [illegible]થે સંબંધવાળું છે, અને જેટલે અંશે તે ગુણગુણીના રાગરૂપી પ્રશસ્ત રાગની મંદતા, તેટલે અંશે સમ્યગ્દર્શન અને નિર્જરાની ખામી છે, અગર આરાધનાની અલ્પતા છે એમ માનવા તરફ દોરાયા સિવાય રહેશે નહિ.

### અવગુણ દ્વેષ

આ પૂર્વે કરેલા પ્રશસ્ત રાગની માફક જ શાસ્ત્રકારોએ મિથ્યાત્વ, અજ્ઞાન ને અવિરતિ ઉપર કે ક્રોધાદિક કષાયો ઉપર તથા આરંભાદિક આશ્રવો ઉપર અથવા જ્ઞાનાવરણીયાદિ કર્મો ઉપર કરાતો દ્વેષ તે સ્થાન સ્થાન ઉપર પ્રશસ્ત દ્વેષ તરીકે જણાવેલો છે. આ પ્રશસ્તરાગ અને પ્રશસ્તદ્વેષમાં એટલો ફરક જરૂર છે કે ગુણ અને ગુણી બંને ઉપર ધરાતો રાગ તે પ્રશસ્ત રાગ કહેવાય, પણ મિથ્યાદર્શનાદિક અવગુણો ઉપર જ માત્ર દ્વેષ ધારણ કરાય તેનું નામ જ પ્રશસ્તદ્વેષ કહેવાય, અર્થાત્ જેમ ગુણી ઉપર રાગ ધરાય તેમ તેને પ્રશસ્તરાગ કહેવાય છે, તેમ મિથ્યાદર્શનાદિરૂપ અવગુણવાળા જીવો ઉપર ધરાતો દ્વેષ તે પ્રશસ્ત દ્વેષ કહેવાતો નથી. સમ્યગ્દર્શનાદિ ગુણવાળા ગુણીઓ ઉપર ભક્તિ આદિ આરાધનાદ્વારાએ રાગ કરવાથી પ્રમોદભાવનાનો વિષય થાય છે, તેમ મિથ્યાદર્શનાદિ અવગુણોવાળા ઉપર દ્વેષ કરવો એ કોઇપણ ભાવનાનો વિષય નથી, કેમકે તે મિથ્યાદર્શનાદિ અવગુણવાળાઓને અંગે જો તે મિથ્યાદર્શનવાળાઓના અવગુણો દૂર કરાય તેવા હોય તો તેને અંગે તે દોષો દૂર કરવા રૂપ

ભાવકરૂણાને અંગે કરૂણાભાવના અને ક્રૂર કર્મમાં નિઃશંકપણે વર્તનારા, ઉચ્છૃંખલપણે દેવ, ગુરુની નિંદા કરનારા તથા નિરપેક્ષપણે પોતાની પ્રશંસામાં જ લીન રહેલા એવા ગાઢતમ મિથ્યાદૃષ્ટિઓને અંગે શાસ્ત્રકારો ઉપેક્ષા કરવારૂપ મધ્યસ્થ ભાવના રાખવાનું જણાવે છે. (કેટલાકો આવી મધસ્થ ભાવનાને જણાવનાર યોગશાસ્ત્રના શ્લોકની વ્યાખ્યામાં ઉમેરે છે કે આ મધ્યસ્થ ભાવના આવા નિઃશંકપણે ક્રૂર કર્મ કરવાવાળા વિગેરે ઉપર ત્યાં સુધી જ હોય કે જ્યાં સુધી તેઓ બીજા અજ્ઞાન ભદ્રિક જીવોને મિથ્યાત્વાદિક તરફ દોરનારા ન હોય. આ તેઓના કથન પ્રમાણે તેઓ બીજા ભદ્રિક અને અજ્ઞાન જીવોને મિથ્યાત્વાદિક ઉન્માર્ગ પ્રત્યે દોરનારાઓને અંગે કારૂણ્યભાવના કે માધ્યસ્થ ભાવના નહિ રાખવાનું જણાવી, દ્વેષ નામની જુદી જ ભાવના રાખવાનું સૂચવે છે, તે કોઈપણ શાસ્ત્રને આધારે હોય એમ લાગતું નથી, પણ કેવળ ઝગડાના ઝંડા ચઢાવવાની ધૂનમાં અવગુણીઓ ઉપર પણ દ્વેષ કરવો જ જોઈએ, અને તે પ્રશસ્ત દ્વેષ જ ગણાય એવી નિજ કલ્પનાને અનુસરતી ગોઠવણને જ આભારી છે, કેમકે તે યોગશાસ્ત્રના શ્લોકમાં જ નિઃશંકપણે દેવ અને ગુરુની નિંદા કરનારો અર્થાત્ લોકોમાં દેવ, ગુરુની નિંદા કરીને લોકોને ધર્મમાર્ગથી પતિત કરી ઉન્માર્ગમાં લઈ જનારો એક હોય કે અનેક હોય તો પણ તે બધા ઉપેક્ષા એટલે માધ્યસ્થ ભાવનાના વિષયમાં છે એમ સ્પષ્ટપણે જણાવેલું હોવાથી તેવી નવી ગોઠવણ કરનારાની ગોઠવણ શાસ્ત્રને અનુસરતી નથી, એટલું જ નહિ પણ તે શ્લોકના અર્થને પણ અનુસરનારી નથી એમ મહાવાક્યાર્થ કે ઐદંપર્યાર્થને વિચારનારો તો શું પણ માત્ર વાક્યાર્થને વિચારનારો પણ સમજી શકે તેમ છે.) જો કે તે શાસન વિરોધી કાર્ય કરનારા, શાસનદ્રોહીઓ તરફ જ્યાં સુધી આરાધક જીવમાં સરાગદશા છે ત્યાં સુધી શાસનપ્રેમરૂપી ક્ષાયોપશમિક ભાવને અંગે હરકોઈ આરાધકને ક્રોધનું સ્ફુરાયમાનપણું થયા સિવાય રહેતું નથી, પણ તે ક્રોધ પ્રશસ્તદ્વેષ છે કે તેનો નિર્જરાની તારતમ્યતા સાથે નિજતારતમ્યતા દ્વારાએ સંબંધ છે એમ શ્રદ્ધાળુઓ માની શકે નહિ, અને જો અવગુણી ઉપર દ્વેષ કે તેના કાર્યની માત્રાના આધારે નિર્જરાની માત્રાનો આધાર રખાતો હોત તો ત્રિશલાનંદન ભગવાન મહાવીર મહારાજા શિષ્યાભાસ એવા ગોશાલાથી મરણાંત જેવા ઉપસર્ગના પ્રસંગે અનન્ય ભક્તિ, રાગ અને બહુમાનવાળા ગૌતમ ગણધર આદિ શિષ્યોને મૌન રાખવાનું, ઉત્તર, પ્રત્યુત્તર નહિ કરવાનું અને સ્વસમીપથી દૂર જઈ ઈધર તિધર વીખરાઈને બેસવાનું કહેત નહિ, કેમકે ઝગડાના ઝંડાની ધારણાથી તેવા અવગુણીના દ્વેષ અને તેના અંગે થતા કાર્યોને પ્રશસ્તદ્વેષ ગણાવી નિર્જરા ગણાવનારાઓની અપેક્ષાએ ભગવાન મહાવીર મહારાજે શિષ્યોને થનારી નિર્જરામાં અંતરાય કર્યો એમ ગણી શકાય, વળી તે તેજોલેશ્યાનો ઉપસર્ગ થયા પછી પણ તે ગોશાલાની તેજોલેશ્યાના સામર્થ્ય કરતાં શ્રમણ નિર્ગ્રંથોનું અને તેમના કરતાં સ્થવિર ભગવંતોનું, તેમજ તેમના કરતાં પણ ત્રિલોકનાથ અરિહંત ભગવાનોનું લેશ્યા સામર્થ્ય અનુક્રમે અનંત અનંતગુણું જણાવી, તે લેશ્યાનો ઉપયોગ નહિ કરવામાં ક્રોધાભાવપૂર્વકની સહનશીલતા જ કારણ તરીકે જણાવેલી છે, તો તે વચનમાં શ્રમણ નિર્ગ્રંથ અને સ્થવિર ભગવંતોને નહિ થતી નિર્જરારૂપ અવગુણને ભગવાન મહાવીર મહારાજે ગુણરૂપે જણાવી એમ આરોપ આવે, પણ તે આરોપ બીજાઓને મિથ્યાત્વને માર્ગે દોરનારા હોય તેવાઓ પ્રત્યે માધ્યસ્થ ભાવના ન હોય એમ માનનારને અંગેજ સમજવી. શાસ્ત્રકારોના શબ્દોના વાક્યાર્થ, મહાવાક્યાર્થને ઐદંપર્યાર્થને જાણનાર, માનનાર અને પ્રરૂપનારને અંગે તો ન સુધારી

શકાય તેવા એકલા મિથ્યાત્વમાર્ગમાં પ્રવર્તેલા કે બીજાઓને પણ દેવ, ગુરુ આદિની નિંદાદ્વારાએ મિથ્યાત્વમાર્ગમાં પ્રવર્તનારા શાસનદ્રોહીઓને અંગે પણ ઉપેક્ષારૂપ માધ્યસ્થ ભાવના હોવાથી ત્રિલોકનાથ ત્રિશલાનંદન ભગવાન મહાવીર મહારાજની પ્રરૂપણા કે પ્રેરણા ઉપર કોઈપણ જાતનો આક્ષેપ આવતો નથી, પણ તે પ્રેરણા અને પ્રરૂપણામાં ભગવાનની વીતરાગતાની છાયાપૂર્વકનો યથાસ્થિત વાદિપણાનો પ્રવાહ જ પ્રવર્તી રહેલો હોય છે. (આ સ્થાને કેટલાકો દ્વેષરૂપી દાવાનળને સળગાવવામાં જ માનનારા તથા સાડાત્રણ શ્રાવકની જ હયાતીમાં હર્ષ ધરનારા કેટલાક આગ્રહ ધરનારાઓ મહા તપસ્વી વાલીજીનું વૃત્તાંત આગળ ધરી અવગુણી અને શાસનદ્રોહીઓ ઉપર દ્વેષ કરવો જ જોઈએ એવું વિધાન કરવાને તૈયાર થાય છે, તેઓએ તે વાલી મહારાજના ચરિત્રને બારીક દૃષ્ટિથી અવલોકન કરી જાણવું જોઈએ કે તે મહાતપસ્વી વાલીજી સરાગદશામાં હોઈ તેવી પ્રવૃત્તિને તીર્થની લાગણીને અંગે આદરે તેટલા માત્રથી તે દ્વેષવાળી પ્રવૃત્તિ સર્વને નિર્જરાના કારણ તરીકે કર્તવ્ય જ છે એમ ઠરી શકે નહિ. વળી ભગવાન મહાવીર મહારાજની પ્રેરણા અને પ્રવૃત્તિ વીતરાગ સર્વજ્ઞપણાની અવસ્થાની છે એ વાત કોઈપણ વાચકના ધ્યાન બહાર જવી જોઈએ નહિ.

## વાલીજીની સ્થિતિ

જો કે આ ઉપરથી મહાતપસ્વી વાલીજીના ભક્તિરાગરૂપી પ્રશસ્તરાગને કોઈ ઉતારી પાડતું નથી અને ઉતારી પાડવા માગે નહિ પણ તે ભક્તિરાગની પ્રશંસાને કોરાણે મૂકી લાગણીથી થયેલા દ્રોહીના દ્વેષરૂપ કાર્યને નિર્જરાના કારણ તરીકે ગોઠવવું તે શ્રદ્ધાસંપન્નોને સહનીય નથી જ. વળી ધ્યાન રાખવાની જરૂર છે કે તે મહાતપસ્વી વાલીજીએ પોતાનું વેર વાળવા તૈયાર થયેલા રણરસિક રાવણને અષ્ટાપદતીર્થને તરબોળ કરતો જાણ્યા છતાં તે રાવણને કંઈપણ અંગત નુકશાન ન કર્યું, પણ માત્ર તે તીર્થને સ્થિર રાખવા અર્થાત્ તરબોળ ન થવા તે તીર્થરૂપ પહાડ ઉપર જ અંગુઠો દબાવ્યો અને તે મહાતપસ્વીના તપતેજથી અંગૂઠામાત્રના દબાણથી તે તીર્થ તરબોળ થતું બચ્યું એટલું જ નહિ પણ તે મહાતપસ્વીના અંગૂઠાથી દબાણના પ્રભાવથી તે પહાડના ભાગનો પ્રાગ્ભાર તે રણરસિક રાવણને અસહ્ય થઇ પડયો અને તેને લીધે જ તે રાવણ લોહી વમતો થયો, અર્થાત્ મહાતપસ્વી વાલીજીએ રાવણને શિક્ષા કરવી જોઇએ એમ ધાર્યું નથી, અથવા તો કથંચિત્ લાગણીવશ તેવી ધારણા થઇ હોય એમ માની પણ લઇએ તો પણ તે રાવણને થયેલી શિક્ષાને પ્રશસ્તદ્વેષનું કાર્ય માની નિર્જરાના સાધન તરીકે માનીને એક અંશે પણ અનુમોદી હોય એવું છે જ નહિ.

## અવગુણી દ્વેષમાં અનર્થ

વળી, વિષ્ણુકુમારે સંઘરક્ષારૂપ મહાકાર્યને અંગે કરેલા ક્રોધ અને વૈક્રિયને માટે જે ઇરિયાવહિ પડિક્કમવારૂપ પ્રાયશ્ચિત શાસ્ત્રકાર મહર્ષિઓ ફરમાવે છે, વળી, શ્રમણસંઘના સમુદાયરૂપી ગચ્છની રક્ષા માટે એક જ રાત્રિમાં ત્રણ સિંહને મારનાર મહાયોદ્ધામાંથી થયેલા સાધુને જ ઇરિયાવહિ પડિક્કમવાનો દંડ આપવામાં આવ્યો છે, મોટી માંદગીને અંગે ગ્લાન થયેલા સાધુની પરિચારણા જે આધાકર્માદિક આહાર પાણીથી કરવામાં આવે તેને અંગે જ પંચકલ્યાણ આદિ પ્રાયશ્ચિતો જણાવવામાં આવે છે, યાવત્ ચારસેં નવાણું સાધુઓને ઘાણીથી પીલી નાખનારા પાલક ઉપર થયેલા દ્વેષભાવથી આચાર્ય ભગવાન શ્રી સ્કંધાચાર્યનું જે વિરાધકપણું શ્રી ભગવતીજી આદિ શાસ્ત્રોમાં સ્પષ્ટ અક્ષરે લખાયેલું છે તે બધાને વિચરનારો કોઈપણ સુજ્ઞ મનુષ્ય સ્વપ્ને પણ એમ નહિ ધારી શકે કે અવગુણી ઉપર સરાગ દશાને

અંગે જો કે દ્વેષ થઇ જાય તો પણ તે ધર્મમાર્ગ તરીકે કર્તવ્ય જ છે કે તે નિર્જરાનું સાધન હોઇ તેનું તારતમ્ય નિર્જરાની સાથે રહેલું છે. આ સ્થાને આટલી વાત તો સ્પષ્ટપણે જરૂર સમજવી જોઇએ કે મમત્વ, પરિગ્રહ કે વિષયને અંગે થતા દ્વેષો કે તેના કાર્યોમાં અને આ દેવ, ગુરુ, ધર્મ કે શાસનના દ્રોહીઓને અંગે થતા દ્વેષ કે તેના કાર્યોને અંગે બંધમાં ઘણું જ મોટું અંતર છે, પણ તે બંધના અંતરને ખ્યાલમાં ન લેતાં, તે બંધના હેતુને જ નિર્જરાના સાધન તરીકે મનાવવા તૈયાર થવું તે નિઃશ્રેયસાર્થીની નજરમાં નિતાંત ન્યક્કારનું સ્થાન છે. આ જ કારણથી શ્રમણ ભગવંતને આધાકર્મ અશનાદિક આપનારા જીવોને શાસ્ત્રકારો અલ્પ પાપ સ્પષ્ટ શબ્દોથી જણાવે છે, તેમજ ત્રિલોકનાથ તીર્થંકર આદિની પૂજાદિકમાં થતા પૃથ્વીકાયાદિ આરંભથી પણ ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી વિગેરે તત્કાલે કે પૂજાકાલે ક્ષય પામે એવો કર્મનો બંધ જણાવે છે.

## વિરાધનાથી નિર્જરાનું કેમ ?

આ સ્થાને અધ્યાત્મ વિશુદ્ધિવાળા જયણાયુક્ત પ્રવૃત્તિ કરનારા જીવની જે વિરાધના તે નિર્જરા ફળવાળી છે. એવા શ્રી ઓઘનિર્યુક્તિના વાક્યને ઇતર શાસ્ત્રોની અપેક્ષા રાખ્યા સિવાય અનુસરનારા માત્ર વિરાધનાને જ નિર્જરા કરનારી ગણે છે તેઓ જો તે શ્રી ઓઘનિર્યુક્તિની તે જ ગાથામાં કહેલા અધ્યાત્મશુદ્ધિવાળા અને યતનાથી પ્રવર્તનારા એવા આપેલાં બે વિશેષણો જોવા સાથે ફલિતાર્થપણે નહિ કે સ્વતંત્ર કાર્યપણે કહેલી નિર્જરા વિચારીને જો માન્યતા ધરાવશે તો દ્વેષ કે વિરાધનાને સ્વતંત્રપણે નિર્જરાના કારણ તરીકે ગણવા માટે કે તેની તારતમ્યતાને નિર્જરાની તારતમ્યતા સાથે જોડવા માટે કદી પણ તૈયાર થશે નહિ.

## પ્રશસ્ત રાગાદિની મર્યાદા

આ બધી હકીકતથી વાચકને એટલું સ્પષ્ટ માલમ પડશે કે નિર્જરાની માત્રાનો આધાર ગુણ અને ગુણી ઉપર રખાતા પ્રશસ્ત રાગની માત્રા ઉપર કે અવગુણ ઉપર ધરાતા દ્વેષરૂપી પ્રશસ્ત દ્વેષની માત્રા ઉપર જ રહેલો છે, અને તેથી જ મિથ્યાદર્શનાદિ અવગુણોવાળા જીવો પ્રશસ્ત દ્વેષનું સ્થાન નથી, પણ કરૂણા અને માધ્યસ્થ ભાવનાનું જ સ્થાન છે. આ પૂર્વોક્ત રીતિએ પ્રશસ્ત રાગ અને પ્રશસ્ત દ્વેષ જો કે નિર્જરાની સાથે તારતમ્યતા ધરાવનારા છે, તો પણ તે પ્રશસ્ત રાગ અને પ્રશસ્ત દ્વેષ તેઓને જ માટે કર્તવ્ય તરીકે ગણી શકાય કે જેઓ સર્વજ્ઞ વીતરાગપણાની દશાને પામેલા ન હોય, કેમકે જેઓ સર્વજ્ઞ વીતરાગપણાની દશાને પામેલા હોય, તેવા જીવોને અંગે તો તે પ્રશસ્ત રાગ કે પ્રશસ્ત દ્વેષનું કાર્ય કરવા માટે વિચારવું તે પણ તે મહાપુરુષની આશાતના રૂપ જ છે, અને આ જ કારણથી ત્રિલોકનાથ ત્રિશલાનંદન ભગવાન મહાવીર મહારાજે સકલ લબ્ધિ નિધાન ભગવાન ગૌતમસ્વામીજીને શાલ અને મહાશાલ કે જેઓ સર્વજ્ઞ વીતરાગપણાની દશાને પામેલા હતા તેઓને ઉદ્દેશીને ત્રિશલાનંદન તીર્થંકર મહાવીર મહારાજને વંદન કરવાનું કહેવામાં સર્વજ્ઞની આશાતના કરનાર ગણી તેવું કહેવાનો નિષેધ કરવાનું અને તે આશાતના વર્જવાનું સ્પષ્ટપણે વિધાન શ્રી ભગવતીજી આદિ શાસ્ત્રોમાં કરેલું છે. યુક્તિથી સમજનારો વાચકવર્ગ સ્પષ્ટપણે સમજી શકે તેમ છે કે જે આત્માઓને મોહનીય આદિ ઘાતિકર્મોનો મેલ કે કચરો રહેલો હોય તે તે આત્માઓને જ તે પ્રશસ્ત રાગ અને પ્રશસ્ત દ્વેષરૂપી દીવેલ કે સાબુની જરૂર હોય, પણ નિર્મળ કોઠાવાળાને કે નિર્મળ વસ્ત્રવાળાને તે દીવેલ કે સાબુની મહેનત નકામી જ છે. દીવેલ કે સાબુ તત્ત્વદૃષ્ટિએ તો પેટ કે વસ્ત્રમાંથી કાઢવા લાયક જ

છે, તેમ પ્રશસ્ત રાગ અને પ્રશસ્ત દ્વેષ પણ તત્ત્વદ્રષ્ટિએ તો આત્મામાંથી દૂર કરવા લાયક જ છે, અને તેથી સર્વ શાસ્ત્રકારોએ કોઇ પણ જાતના કષાયરૂપી મોહનીયનો ઉદય હોય ત્યાં સુધી સાંપરાયિક કર્મનો બંધ કે ઉદય માનેલો છે. આ બધા ઉપરથી મિથ્યાત્વ અને અવિરતપણાની માફક કષાયનું પણ તત્ત્વદ્રષ્ટિએ છાંડવાલાયકપણું હોઇ, દ્વાદશાંગી શાસ્ત્રોમાં કષાયો સંબંધી તથા તેના ફળરૂપ કર્મો સંબંધી જે જે નિરૂપણ છે તે સર્વ ભવ્ય જીવોને તેને કષાયાદિક છાંડવા માટે જ ઉપર્યુક્ત થવાને અંગે છે. જગતમાં શત્રુરાજ્યની બારીકમાં બારીક હીલચાલ રક્ષણની ફરજવાળા હલ્લાને રોકનાર કટકે જાણવાની અને તપાસવાની છે, તેવી રીતે મુમુક્ષુ જીવોએ કષાય અને કર્મની હીલચાલ તે સર્વથા દાબી દેવા માટે બરોબર જાણવા અને તપાસવાની છે, અને તેટલા જ માટે શાસ્ત્રોએ સ્થાને સ્થાને કર્મ અને કષાયનું પ્રાબલ્ય જણાવેલું છે અર્થાત્ કર્મ અને કષાયનું પ્રાબલ્ય દ્વાદશાંગી આદિ શાસ્ત્રોમાં સ્થાને સ્થાને સાંભળીને તેના ભરોસે રહેવામાં ભવ્યોએ ભૂલવું જોઇતું નથી, કેમકે જૈનશાસનમાં કર્મોનું અને તેના કારણભૂત કષાયોનું જે જે વર્ણન છે તે શત્રુની બાતમી આપવા તરીકે કર્મ અને કષાયોનું શત્રુ તરીકે ગણીને જ છે. જો એમ ન હોય તો પરમ પરમેષ્ઠી પંચનમસ્કારમાં નમો અરિહંતાણં નામના પહેલા પદમાં કર્મ કે કષાયો રૂપ વિશેષ્યને જણાવ્યાં સિવાય તે કર્મ અને કષાયોને નિરૂક્તિ તરીકે અર્થ કરતાં શત્રુ તરીકે જણાવત નહિ.

જેવી રીતે ધર્માસ્તિકાયાદિકને જ્ઞેય તરીકે અને મિથ્યાત્વાદિક બંધ હેતુને કે જ્ઞાનાવરણીયાદિ કર્મોને દ્વાદશાંગી પ્રવચનમાં હેય એટલે છાંડવા લાયક તરીકે જણાવેલ છે તેવી જ રીતે ઔપશમિકાદિક ભેદોવાળું સમ્યગ્દર્શન, સમ્યગ્મતિજ્ઞાન આદિ ભેદોવાળું જ્ઞાન અને સામાયિકાદિ રૂપ સમ્યક્ચારિત્ર તથા તેના પરમાર્થસંસ્તવાદિ જે જે કારણો દ્વાદશાંગી શાસ્ત્રોમાં જણાવેલાં છે તે સર્વ ઉપાદેય એટલે દરેક મુમુક્ષુ જીવોએ આદરવા લાયક છે. એવી રીતે જ્ઞેય, હેય અને ઉપાદેયપણાના વિભાગથી દ્વાદશાંગી પ્રવચનની થતી શ્રદ્ધાને જ સમ્યક્શ્રદ્ધા અથવા સમ્યગ્દર્શન કહી શકાય.

## તપનું સ્થાન અને તેની ગણતરી

દ્વાદશાંગી આદિ શાસ્ત્રોમાં મોક્ષના સાધન તરીકે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં **नादंसणिस्स नाणं नाणेण विणा न हुन्ति चरणगुणा । चरणाहिन्तो मोक्खो मोक्खे सुखं निराबाहं ॥** એ સૂત્રથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રથી મોક્ષ પ્રાપ્ત થવાનું સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે અને ભગવાન ઉમાસ્વાતિ વાચકજી પણ **सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्ष मार्गः।** એ શ્રીતત્ત્વાર્થશાસ્ત્રના પહેલા સૂત્રથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને મોક્ષનો માર્ગ જણાવે છે, એટલે તેઓશ્રીના કહેવા પ્રમાણે પણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ જ મોક્ષનાં સાધનો છે. આ બધી વસ્તુ વિચારતાં શાસ્ત્રકારોએ તપને મોક્ષના સાધન તરીકે લીધેલું નથી, પણ શ્રી આવશ્યકનિર્યુક્તિકાર શ્રુતકેવલી ભગવાન ભદ્રબાહુસ્વામીએ **नाणं पयासगं सोहओ तवो संजमो य गुत्ति करो । तिण्हंपि समाओगे मोक्खो जिनसासने मणिओ॥** એ ગાથાસૂત્રથી જ્ઞાન એ જીવાજીવાદિક તત્ત્વોને પ્રકાશનાર હોઇ જીવના યથાસ્થિત સ્વરૂપને પ્રકાશતાં મોક્ષને યથાસ્થિતપણે પ્રગટ કરે છે, અને જ્ઞાનદ્વારાએ જ્યારે જીવનું અનાદિ સત્ત્વપણું માલમ પડયું, અને તે જીવ

સ્વરૂપે કેવળજ્ઞાન, દર્શનવાળો હોવા સાથે વીતરાગતા સ્વરૂપને ધારણ કરનારો છે એમ પણ જણાયું અને તે દ્વારાએ જગતમાં રહેલા સૂક્ષ્મ એકેંદ્રિયાદિ જીવો અને અવ્યાબાધ પદ જે સિદ્ધિ, તેમાં બિરાજમાન સિદ્ધ મહારાજાઓના સ્વરૂપમાં કોઈપણ જાતનો ફરક નથી, એમ જાણવામાં આવતાં અનાદિ સંસારમાં ભ્રમણ કરતા દરેક જીવને પોતાના આત્માનું જ્ઞાનાવરણીયાદિ કર્મથી આવૃતપણું જાણવાથી તેને શોધવાની બુદ્ધિ થાય તે સ્વાભાવિક છે, અને તે આત્માના સર્વજ્ઞપણાદિક સ્વભાવને રોકનારા જ્ઞાનાવરણીયાદિક કર્મોને શોધનાર જો કોઈપણ હોય તો તે તપપદાર્થ જ છે. સામાન્ય રીતે સંસારના સર્વ જીવો દરેક ક્ષણે જ્ઞાનાવરણીયાદિ કર્મોને ભોગવવા દ્વારાએ તે જ્ઞાનાવરણીય આદિ કર્મોનો ક્ષય કરી આત્માને નિર્જરાથી જોડે જ છે, પણ આ તપપદાર્થથી જ્ઞાનાવણીયાદિ કર્મોની જે નિર્જરા થાય છે, તે નિર્જરા કર્મના ભોગોની નિર્જરા કરતાં કઈગુણી અધિક હોય છે. વળી તપસ્યાનો પ્રભાવ જ એવો છે કે તે પોતાની સાથે સંવરને લાવે છે, અને તેથી જ સૂત્રકારો **तपसानिर्जरा च** એમ કહી તપસ્યાથી નિર્જરા થવા સાથે સંવર થવાનું જણાવે છે, પણ આ તપસ્યાથી થતો સંવર માત્ર આહારાદિકની ઉત્પત્તિના કારણભૂત આરંભાદિનું રોકાણ અને આહારાદિકના ભોગની વખતે થતી ઇંદ્રિયોની પ્રવૃત્તિરૂપ આશ્રવોનું રોકાણ એટલા માત્રથી જ ચરિતાર્થ થાય છે, પણ આત્માને સતતપણે વળગતાં અવિરતિનાં કર્મોને રોકવા માટે કરવી જોઈતી વિરતિ કે જેને સંયમ કહેવામાં આવે છે, તે સંયમ પૃથક્પણે જણાવતાં શ્રુતકેવલી ભગવાન સ્પષ્ટપણે જણાવે છે કે આત્માને આવતાં કર્મોથી બચાવનાર જો કોઈપણ હોય તો તે સંયમ જ છે, અને પ્રકાશક એવું જ્ઞાન, શોધક એવો તપ અને આત્માનો બચાવ કરનાર એવો સંજમ એ ત્રણેનો સરખી રીતે સંયોગ થાય ત્યારે જ શ્રી જિનેશ્વર ભગવાનના શાસનમાં વર્ણવેલો મોક્ષ મળી શકે છે. એવી રીતે મોક્ષનાં કારણો જણાવતાં શ્રુતકેવલી ભગવાને તપને મોક્ષના કારણ તરીકે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે. સૂક્ષ્મ દૃષ્ટિથી તપાસ કરતાં શ્રુતકેવલી ભગવાન ભદ્રબાહુ - સ્વામીજીનું વચન સર્વ કર્મક્ષયરૂપ મોક્ષપ્રાપ્તિ માટે જેટલું અનુકૂળ થશે, તેટલું બીજું વચન અનુકૂળ થઈ શકશે નહિ, કારણ કે સયોગિકેવલી નામના તેરમા ગુણસ્થાનકમાં ક્ષાયિક સમ્યગ્દર્શન, કેવળજ્ઞાન અને યથાખ્યાત ચારિત્ર એ ત્રણેની પ્રાપ્તિ હોવાથી તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમાં કોઈપણ અંશ બાકી રહેતો નથી, અર્થાત્ તે તેરમા ગુણસ્થાનકના આદ્ય ક્ષણે પણ સંપૂર્ણ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર મળી જાય છે, છતાં તે સયોગિકેવલીપણાની પ્રાપ્તિને અને સર્વ કર્મક્ષયરૂપ મોક્ષપદની પ્રાપ્તિને મેળવવામાં ઉત્કૃષ્ટથી દેશોનક્રોડ પૂર્વ જેટલો કાળ ચાલ્યો જાય છે, અર્થાત્ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર સિવાયનું કોઈપણ એવું સાધન બાકી રહેલું માનવું જોઈએ કે જેની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી તે સર્વ કર્મક્ષયરૂપ મોક્ષ પ્રાપ્ત ન થતો હોય અને તેની પ્રાપ્તિ થવાથીજ સર્વ કર્મક્ષયરૂપ મોક્ષની પ્રાપ્તિ થતી હોય, તે સાધન બીજું કોઈ નહિ, પણ માત્ર સર્વસંવરરૂપ ચારિત્ર પ્રાપ્ત થતાં થતો યોગનિરોધરૂપ શુકલધ્યાનનો ચોથો પાયો જ છે, અને તે શુકલધ્યાનનો ચોથો પાયો તે તપના બાર ભેદો પૈકી પ્રાયશ્ચિત્તાદિ અભ્યંતર છ ભેદમાં જે ધ્યાન નામનો ભેદ છે, તે રૂપ તપ એ જ મોક્ષનું

અનંતર કારણ છે. આ વસ્તુ વિચારતાં સ્પષ્ટપણે માલમ પડશે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ મોક્ષના કારણરૂપ છતાં પણ સર્વકર્મક્ષયરૂપ મોક્ષના અનંતર કારણપણે તો શુકલધ્યાનના ચોથા પાયા રૂપ તપ જ ઉપયોગી છે. ઉપર જણાવ્યા પ્રમાણે જેમ મોક્ષ પ્રાપ્તિના અનંતર કારણ તરીકે તપની ઉપયોગિતા છે તેવી જ રીતે શ્રેણીના સમારોહમાં ખરેખરું ઉપયોગી હોય તો તે તપ જ છે.

## તપથી નિકાચિત કર્મનો ક્ષય

ધ્યાન રાખવાની જરૂર છે કે કોઈપણ જીવ ક્ષપકશ્રેણીનો સમારોહ કરી, સમાપ્તિ કર્યા સિવાય મોહના સંપૂર્ણ ક્ષયને પ્રતાપે મેળવાતા યથાખ્યાત ચારિત્રને કે જ્ઞાનાવરણીયાદિના સંપૂર્ણ ક્ષયને પ્રતાપે મેળવાતા કેવળજ્ઞાનને કોઈપણ વેદી શકતું નથી, અને તે શ્રેણીની શરૂઆત કરતાં જીવને એવા શુભ ધ્યાનની જરુર જ પડે છે કે જે શુભ ધ્યાન નિકાચિત કે જેનો સામાન્ય રીતે ભોગવ્યા સિવાય છૂટકો જ ન થાય, તેવાં નિકાચિત કર્મોનો પણ ક્ષય કરી શકે. એવું તો નહિ જ માની શકીએ કે ક્ષપકશ્રેણીની શરૂઆત કરનારો જીવ ક્ષપકશ્રેણીની શરૂઆતના કાળથી સિત્તેર કોડાકોડ સાગરોપમ પહેલેથી સાવચેત થયેલો હોય, અને તેથી તે આત્માની સત્તામાં કોઈપણ પ્રકારે નિકાચિત કર્મ હોય નહિ, અને કેવળજ્ઞાન પામનારા જીવોને માટે જઘન્યથી અંતર્મુહૂર્તકાળ માત્ર પહેલાં શાસ્ત્રકારો મિથ્યાદૃષ્ટિપણું હોવાનો સંભવ જણાવે છે, તે અપેક્ષાએ પણ કેવળજ્ઞાન પામનારા જીવમાં સિત્તેર ક્રોડક્રોડ પહેલેથી નિકાચિત કર્મ ન બાંધે તેવી દશા હોય જ એમ માની શકાય નહિ, એટલે શ્રેણી માંડી કેવળજ્ઞાન પામનારા જીવને સત્તામાં રહેલા નિકાચિત કર્મોને ક્ષય કરવાની પણ તાકાત માનવી જ જોઇએ, અને તે તાકાત શ્રેણીની શરૂઆતમાં અપૂર્વકરણની વખતે ઝળકે છે એમ શાસ્ત્રકારો સ્પષ્ટ કરતાં અપૂર્વકરણરૂપ શ્રેણીવાળા ગુણસ્થાનકના પ્રતાપે જ નિકાચિત કર્મોનો ક્ષય થવાનું જણાવે છે, અને તે જ વસ્તુને ઉદ્દેશીને ભાષ્યકાર મહારાજ **तवसा उ निकाइयाणंपि** એમ કહી સામાન્ય રીતે તપથી નિકાચિત કર્મોનો ક્ષય થાય છે એમ જણાવે છે, પણ વસ્તુતઃ અપૂર્વકરણની વખતે થતા શુભ ધ્યાનરૂપ તપથી જ તે નિકાચિત કર્મોનો ક્ષય થાય છે એમ વ્યાખ્યાકારો સ્પષ્ટ કરે છે.

## તપનું સંયમસહચરિતપણું

જો કે નિકાચિત કર્મોના ક્ષયને માટે પૂર્વે જણાવ્યા પ્રમાણે અપૂર્વકરણની વખતે થતાં શુભ ધ્યાનરૂપ તપની જરૂર છે, તો પણ સામાન્ય કર્મોનો ક્ષય પણ તપથી જ થાય છે એમ માનવામાં શાસ્ત્ર જાણનાર મનુષ્યોમાં બે મત છે જ નહિ, કેમકે શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે पुव्विं दुच्चिन्नाणं दुप्परिक्कंताणं पावाणं कम्माणं नत्थि अवेयइत्ता मुकरवो तवसा वा झोसइत्ता। અર્થાત્ પહેલાં ખરાબ આચરણ કે ખરાબ પરાક્રમથી કરેલા, પાપ કર્મોનો ક્ષય વેદવા સિવાય થતો નથી, અથવા તપસ્યાથી નાશ કરવાથી તેનો ક્ષય થાય છે. આ વાતને માનનારો સર્વ સુજ્ઞવર્ગ નિકાચિત કે સામાન્ય બંને કર્મોનો ક્ષય કરવામાં તપસ્યા એ જ પ્રબળતર સાધન છે, એમ માનવામાં આચકો ખાશે નહિ, અને તેથી જ સામાન્ય નિયમ પણ એવો પ્રચલિત છે કે तपः कर्मविनाशाय । અર્થાત્ કર્મના નાશને માટે તપસ્યા એ જ સમર્થ સાધન છે. આવું તપનું અદ્વિતીય સામર્થ્ય છતાં અને શ્રી આવશ્યક નિર્યુક્તિકાર ભગવાન ભદ્રબાહુજીએ મોક્ષના કારણ તરીકે તપને સ્પષ્ટપણે જણાવ્યા છતાં એમ શંકા નહિ કરવી કે તત્ત્વાર્થ અને ઉત્તરાધ્યયનમાં કેમ તેનો ઉલ્લેખ થયો નહિ ? કેમકે તત્ત્વાર્થ અને ઉત્તરાધ્યયન વિગેરેમાં વાપરેલો ચારિત્રશબ્દ સંવરની

પરાકાષ્ઠાને સૂચવનારો હોઈ જેમ સર્વ સંવરને સૂચવે છે, તેવી જ રીતે ચારિત્રના ભેદરૂપ તપને પણ સાથે જ સૂચવે છે. અર્થાત્ એકલા મોહનીયના ક્ષયથી થતા ચારિત્રને જ માત્ર લેવું, પણ આશ્રવનિરોધરૂપ જે સંવર તેમાંય ચારિત્ર ન લેવું એમાં કાંઈ હેતુ જણાતો નથી. શાસ્ત્રોમાં જ્યાં જ્યાં સંયમશબ્દ ગ્રહણ કરવામાં આવે છે ત્યાં ત્યાં સંયમની સાથે તપને પૃથક્પણે લે છે, અને તેથી જ **अहिंसा संजमो तवो** એમ ધર્મના ભેદો જણાવતાં ભગવાન શય્યંભવસૂરિજીએ સંયમથી તપનું જુદાપણું સ્પષ્ટ કર્યું અને તેવી જ રીતે શ્રમણ ભગવાન મહાવીર મહારાજાનું શ્રીકલ્પસૂત્રમાં કે ઉવવાઈજી વિગેરેમાં વર્ણન કરતાં **संजमेणं तवसा अप्पाणं भावेमाणे** વિગેરે વાક્યો જણાવેલાં છે, પણ ચારિત્રનું વર્ણન કરતી વખત તપ એ ચારિત્રનો જ પેટાભેદ છે, અને ભગવાન હરિભદ્રસૂરિજી પ્રત્યાખ્યાનઅષ્ટકમાં ભાવપ્રત્યાખ્યાનને સમ્યક્ચારિત્રરૂપ જણાવે છે, તેથી ચારિત્રને મોક્ષનું સાધન ગણાવ્યા પછી તત્ત્વાર્થ અને ઉત્તરાધ્યયન વિગેરેમાં તપને પૃથક્ સાધનપણે ન જણાવ્યું હોય એમ વધારે સંભવિત છે.

### તપનું ઉપાદાનપણું કેમ નહિ ?

વળી, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ગુણરૂપ ધર્મ હોઈ જેવી રીતે મોક્ષના ઉપાદાન કારણો બને છે તેવી રીતે તપ એ માત્ર આત્માને વિકૃતપણાને લીધે લાગેલા કર્મોને શોધવારૂપ કાર્ય કરનાર હોઈ તે તપને ઉપાદાન કારણ તરીકે તત્ત્વાર્થ વિગેરેમાં ન ગણીને ન જણાવ્યું હોય એમ પણ સંભવિત છે. વળી અનશન વિગેરે બાહ્ય ભેદો તૈજસ કાર્મણના ઉદયથી થતા આહારગ્રહણના નિષેધ, ઓછાશ અને સંક્ષેપવાળા હોવા સાથે શરીર અને ઇંદ્રિય વિગેરે નામકર્મના ઉદયે મળેલા શરીર અને ઇંદ્રિય *વિગેરેના પીડન અને સંલીનતારૂપ હોઈ તે બાહ્ય* તપ પુદ્ગલની અપેક્ષાવાળું ગણ્યું હોય અને તેથી તેને ઉપાદાન કારણ તરીકે ગણ્યું ન હોય અને કહ્યું ન હોય, તેમજ લાગેલા કર્મના નાશ અને નવા આવતાના નિરોધને માટે કરાતા વ્રતાદિકને અંગે, લગતા પ્રાયશ્ચિતોની શુદ્ધિ વ્રતાદિયુક્ત સહચારીઓને અંગે કરાતા વિનય અને ભક્તિ તથા યોગની સ્થિરતા અને શુભતા માટે શુભતા તેમજ સ્થિરતા અને રોધ માટે કરાતાં અધ્યયન વિગેરે સ્વાધ્યાય વિગેરે રૂપ અભ્યંતર તપ પણ યોગાદિકની અપેક્ષાવાળું હોઈ અને તે યોગાદિક કર્મોદયની અપેક્ષાવાળા છે માટે તે અભ્યંતર તપને પણ ઉપાદાન કારણ તરીકે ન ગણ્યું હોય તે સ્વાભાવિક છે. જો કે નવતત્ત્વની ગાથામાં **नाणं च दंसणं चेव चरितं च तवो तहा ।** એમ કહી તપને પણ જીવના સ્વરૂપ એટલે લક્ષણ તરીકે જણાવેલું છે પણ તે સ્થાને અનાહારપણારૂપ જ તપ લેવાનું હોઈ, કર્મક્ષયને માટે કરાતા બ્રાહ્ય અભ્યંતર તપોથી તે ભિન્નજ છે, અને તપની મિથ્યાત્વ, અવિરતિ આદિને લીધે જીવે બાંધેલા કર્મની શુદ્ધિ કરવા માત્રને અંગે ઉપયોગિતા હોઈ, ભગવાન ભદ્રબાહુ સ્વામીજીએ. **सोहवो तवो** એમ કહી લાગેલા કર્મની શોધકતા માટે જ તપની ઉપયોગિતા જણાવી છે, અર્થાત્ શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામીજીએ ભવ્ય જીવોને મોક્ષની પ્રાપ્તિના સાધન તરીકે જ્ઞાન, તપ, અને સંયમનો સંયોગ જરૂરી જણાવ્યો છે, ત્યારે ઉત્તરાધ્યયનસૂત્ર અને તત્ત્વાર્થ શાસ્ત્રમાં મુક્તિપદ પામેલા જીવોના સ્વરૂપને લક્ષ્યમાં લઈ, તેના ઉપાદાન કારણો તરીકે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને જણાવ્યા હોય એમ યુક્તિયુક્ત લાગે છે.

### ચારિત્રની ઉપાદાનતા

આ સ્થાને કદાચ શંકા થશે કે આત્માની વિભાવ દશાને અંગે લાગતાં કર્મોની શોધકતા *માત્રને અંગે જો ઉત્તરાધ્યયનસૂત્ર વિગેરેમાં તપરૂપ,*

ગુણને સ્થાન આપવામાં આવ્યું નથી તો પછી ચારિત્ર અગર સંયમરૂપ ગુણ પણ આત્માને વિભાવ દશાથી લાગતા કર્મોને રોકનાર હોઈ તેને એટલે તે સંયમ કે ચારિત્રને પણ સ્થાન આપવું જોઈએ નહિ. વળી ભગવાન સિદ્ધ મહારાજે જેમ સમ્યગ્જ્ઞાનવાળા અને કેવળજ્ઞાનવાળા માનવામાં આવે છે, અને તેથી ભગવાન્ ઉમાસ્વાતિવાચકજીએ औपशमिकादि भव्यत्वाभावाच्चान्यत्र केवलज्ञान-दर्शनसम्यक्त्व सिद्धत्वेयः એમ કહી જીવની સિદ્ધદશામાં પણ કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિક સમ્યક્ત્વ એ ત્રણ માનેલા છે, પણ સિદ્ધદશામાં ચારિત્ર માનેલું નથી, તેમજ ભગવતીજી આદિ સૂત્રોમાં પણ સિદ્ધ મહારાજાને नोचरित्ति, नो अचरिति, नो चरित्ताचरित्ति તથા नोसंजये नोंअसंजये नो संजयासंजये એમ કહી સિધ્ધમહારાજનું સર્વવિરતિ કે દેશવિરતિરૂપ સંયમ કે ચારિત્રને નહિ હોવાનું જણાવે છે, વળી આવશ્યકવૃત્તિકાર વિગેરે આચાર્ય મહારાજાઓ ક્ષાયિક એવી પણ દાનાદિક લબ્ધિઓનો જેમ સિદ્ધદશામાં અભાવ જણાવે છે, તેમજ ક્ષાયિક એવી ચારિત્ર લબ્ધિનો પણ સિદ્ધપણામાં અભાવ હોય એમ સ્પષ્ટપણે જણાવે છે, અર્થાત્ જેમ તપરૂપી ગુણ સંસાર મર્યાદામાં જ વર્તવાવાળો છે, તેમ ચારિત્રરૂપ ગુણ પણ માત્ર સંસાર મર્યાદામાં જ વર્તવાવાળો હોઈ ઉત્તરાધ્યયનસૂત્ર અને તત્ત્વાર્થશાસ્ત્ર વિગેરેમાં તપરૂપ ગુણ ન લેવાની માફક ચારિત્રરૂપ ગુણ પણ ન લેવો જોઈએ. ભગવાન ભદ્રબાહુસ્વામીજી પણ સંયમને એટલા જ પૂરતો ઉપયોગી જણાવે છે કે તે વિકૃત દશાને લીધે આત્માને લાગતાં કર્મોથી આત્માને બચાવે, અને તેથીજ संजमो य गुत्तिकरो એમ કહી સંયમનું સંસારાવસ્થાભાવિપણું સૂચવે છે.

## ચારિત્રમાં સામાચારીની જરૂર

આવી રીતે થતી શંકાના સમાધાનમાં સમજવાનું કે પ્રતિદિન કરાતી પડિલેહણ આદિ દશ પ્રકારની ઓઘ સામાચારી અને ઇચ્છામિચ્છાદિક દશ પ્રકારની ચક્રવાળ સામાચારી સહિત જે હિંસાદિકના ત્યાગરૂપ સંયમ કે ચારિત્ર તે સિદ્ધમહારાજમાં યોગરહિતપણાને લીધે હોતું નથી. જો કે સિદ્ધમહારાજા પ્રાણાતિપાતાદિક આશ્રવોમાં પ્રવર્તેલા નથી, પણ પ્રાણાતિપાતાદિક આશ્રવોમાં ન પ્રવર્તવા માત્રથી સંયમ કે ચારિત્ર હોય એમ ગણાતું નથી, કેમકે ઘણા તિર્યંચો સમ્યકત્વયુકત હોવાને લીધે કે સમ્યક્ત્વયુક્ત દેશવિરતિવાળા હોવાને લીધે પોતાની અંત્ય અવસ્થામાં પ્રાણાતિપાતાદિ આશ્રવોના સર્વથા પચ્ચખ્ખાણ કરે છે. વળી દરેક સુજ્ઞ એવો શ્રાવક પ્રતિદિન શયન કરતી વખતે કે અંત અવસ્થાએ સર્વથા પ્રાણાતિપાતાદિ આશ્રવોના પચ્ચખ્ખાણ કરે છે, પણ તેટલા માત્રથી તે તિર્યંચો કે શ્રાવકોને શાસ્ત્રકાર કે કોઈપણ સર્વવિરતિ ચારિત્રવાળા છે એમ ગણતું નથી. તેનું કારણ એટલું જ કે તે તિર્યંચો અને શ્રાવકોએ પ્રાણાતિપાતાદિ આશ્રવોનો સર્વથા ત્યાગ કરેલો છતાં પણ તે ત્યાગની સાથે જોઈતો પ્રતિદિન સામાચારી અને ચક્રવાળ સામાચારીનો સદ્ભાવ નથી એ હકીકત વિચારતાં સ્પષ્ટપણે માલમ પડશે કે પ્રાણાતિપાતાદિ આશ્રવોનો અભાવ કે પચ્ચખ્ખાણ માત્ર સંયમ કે ચારિત્રરૂપ નથી, પણ તે અભાવ કે રોકાણની સાથે પ્રતિદિન સામાચારી કે ચક્રવાળ સામાચારીનો સદ્ભાવ હોય તો જ તેને ચારિત્ર કહી શકાય. આવી સ્થિતિ હોવાથી સિદ્ધ ભગવાનોમાં સંયમ કે ચારિત્ર પૂર્વોક્ત સામાચારીના અભાવને લીધે ન હોય તે સ્વાભાવિક છે, પણ જૈનશાસનના રહસ્યને જાણનારાઓ સારી રીતે સમજે છે કે પ્રાણાતિપાતાદિ આશ્રવો સંબંધી અવિરતિ તે કર્મોના ઉદયથી જ છે, અને તે પ્રાણાતિપાતાદિકથી દૂર રહેવું અર્થાત્ તેનો ત્યાગ કરવો એ જ આત્માનો સ્વભાવ છે,

અને આ જ કારણથી જેઓ ગૃહસ્થલિંગે કે અન્યલિંગે મોહનીયનો ક્ષય કરી જ્ઞાનાવરણીયાદિકનો નાશ કર્યા પછી કેવળજ્ઞાન પામે છે, તેઓ પણ આત્માની અપેક્ષાએ કૃતકૃત્ય થયા છતાં આરંભ અને પરિગ્રહમય એવા સંસારનો ત્યાગ કરે છે. આવી રીતે કેવળી મહારાજાએ પણ કરાતા ત્યાગનું સ્વરૂપ વિચારનારો મનુષ્ય આત્માને વિરતિસ્વરૂપ અને કર્મના ઉદયથી જ થતો અવિરતિ સ્વભાવ છે એમ માન્યા સિવાય રહી શકશે નહિ. વળી ચારિત્ર, સંયમ કે વિરતિ એ જો આત્માના સ્વભાવરૂપ હોઈ ગુણરૂપ ન હોય તો તે વિરતિ કે ચારિત્રને ઘાત કરનાર એવા ચારિત્ર મોહનીયને ઘાતિકર્મ તરીકે ગણી શકાય નહિ અને જૈનશાસનને સમજનારો એક બાળક પણ ચારિત્ર કષાય મોહનીય એ ઘાતિકર્મ છે એમ સમજે છે, માને છે અને નિરૂપણ કરે છે. એ બધી હકીકત વિચારતાં અશુભપ્રવૃત્તિ અને પરિણતિનો અભાવ તે ચારિત્રગુણ છે અને તે ઉપાદાન કારણ તરીકે મોક્ષનું સાધન છે એમ માનવામાં કોઈપણ જાતની હરકત જણાતી નથી, અને આ જ કારણથી સિદ્ધ ભગવાનોમાં પણ અશુભપ્રવૃત્તિ અને પરિણતિના અભાવરૂપ ચારિત્રને સ્થિરતારૂપ ગણી સિદ્ધ ભગવાનોને પણ ચારિત્રવાળા કહેલા છે, અને આવાજ કારણે જીવસમાસશાસ્ત્રને કરનારા આચાર્ય મહારાજે ચૌદમા ગુણસ્થાને રહેલા જીવો અને સિદ્ધિપદ પામેલા જીવોને અયોગિ ગુણસ્થાનકમાં રહેલા તરીકે ગણાવેલા હોવા જોઈએ.

ઉપરનો અધિકાર માત્ર તપને સ્પષ્ટ શબ્દોમાં ગણાવ્યા ન ગણાવ્યાને અંગે જ છે, પણ સર્વકર્મનો ક્ષય કરવાને માટે તપ જેવી કોઈપણ ઉપયોગી ચીજ સંસારભરમાં નથી, એ વાતમાં કોઈપણ જૈનધર્મને જાણનારા કે માનનારાને મતભેદ નથી.

**તપ એ લાંઘણ નથી કે અંતરાય નથી**

આ સ્થાને કેટલાક આહારાદિકમાં આસક્તિવાળા, પુદ્‌ગલાનંદી અને ઇંદ્રિયાભિરામી જીવો તપના દુષ્કરપણાને દેખી પેલા શિયાળીએ કહેલા નહિ ખવાયેલી ખાટી દ્રાક્ષના દૃષ્ટાંતને અનુસરતા તપને દુઃખરૂપ કે અંતરાયના ઉદયરૂપ માનીને પોતે મોક્ષને માટે જરૂરી એવા તે તપ સાધનથી દૂર રહે છે અને ભદ્રિક જીવોને તેવા અદ્વિતીય મોક્ષસાધનથી દૂર રાખે છે, પણ તેઓએ વિચારવું જોઈએ કે અંતરાય કર્મની વ્યુત્પત્તિજ એવી છે કે અંતરાય એટલે વચમાં इण એટલે આવવું, અર્થાત્ જીવોને ભોગ કે ઉપભોગની અભિલાષા રહેતી હોય અને તે અભિલાષા છતાં તથા તેને ભોગ ઉપભોગોના સાધનો મળતાં હોય અને તેને બંધાતાં કર્મથી બચાવવાની બુદ્ધિ સિવાય રોકે તો જ અંતરાય કર્મ બંધાય છે, પણ શાસ્ત્રકાર મહારાજે જણાવેલા મોક્ષના સાધન તરીકે તપને અત્યંત ઉપયોગી જાણી શ્રોતા ભવ્ય જીવોને તેનો ઉપદેશ આપે અને તે ઉપદેશ શ્રોતાને પરિણમે કે તે પ્રમાણે વર્તવા તૈયાર થાય તેમાં ઉપદેશક કે શ્રોતા એ બંનેમાંથી કોઈને પણ અંતરાયનો ઉદય છે એમ કહી શકાય નહિ, કારણ કે ઉપદેશકે એ તપનો ઉપદેશ શ્રોતાને વળગતાં કર્મથી બચાવવા માટે તથા વળગેલાં કર્મોનો નાશ કરવા માટે કરેલો છે, અને શ્રોતાએ પણ તે તપના ઉપદેશનો સ્વીકાર પોતાને લાગતાં કર્મોના રોકાણ અને લાગેલા કર્મોના ક્ષયને માટે કરેલો છે, અને આ જ કારણથી ઉપદેશક કે શ્રોતા બંને મોક્ષના સાધનરૂપ ક્ષાયિક કે ક્ષાયોપશમિક ભાવમાં છે, પરંતુ કોઈપણ પ્રકારે અંતરાયના ઔદયિક ભાવમાં તે ઉપદેશક કે શ્રોતા એ બંનેમાંથી એકે પણ નથી. શાસ્ત્રસિદ્ધ એવું તપનું ક્ષાયોપશમિકપણું ન માનતાં જેઓ હઠ, કદાગ્રહને અંગે કે પુદ્‌ગલાનંદીપણા આદિને અંગે તે તપને, તપના ઉપદેશને કે તેના સ્વીકારને અંતરાયના ઉદય કે બંધરૂપ માને

તેઓએ પોતાનીજ યુક્તિ પ્રમાણે દેશથી કે સર્વથી બ્રહ્મચર્યનો ઉપદેશ કે તેનું પચ્ચખ્ખાણ આપી શકાશે નહિ, અને કોઈપણ શ્રોતાએ તેવું પચ્ચખ્ખાણ કરી શકાશે નહિ, તેઓના મતે તો તે દેશથી કે સર્વથી બ્રહ્મચર્યનો ઉપદેશ આપવો કે તે ઉપદેશનો સ્વીકાર કરી પચ્ચકખાણ કરવું તે બંને અંતરાયના બંધ અને ઉદયના કારણરૂપજ થશે, કેમકે તેમાં પણ તપમાં જેમ આહારાદિકનો ભોગ છોડવો પડે છે, તેમ સ્પર્શાદિકનો ઉપભોગ છોડવો જ પડે છે, જૈનદર્શન કે અન્ય કોઈપણ દર્શનમાં અથવા જગતના કોઈપણ વિવેકી સમુદાયમાં દેશથી કે સર્વથી બ્રહ્મચર્યના ઉપદેશને આપનારી વ્યક્તિ અંતરાયના ઉદયમાં કે બંધમાં વર્તે છે એમ માન્યું નથી, અને યુક્તિપૂર્વકના માર્ગને બોલવા માગે તો તે પુદ્ગલાભિનંદીથી પણ તે દેશ કે સર્વથી બ્રહ્મચર્યના ઉપદેશ કે સ્વીકારમાં અંતરાયનો સંબંધ છે અને તેથી તે ખરાબ છે એમ બોલી શકાશે નહિ, અને જ્યારે મોહનીય કર્મના ઉદયે સેવાતું અબ્રહ્મ તે મોહનીય કર્મથી બચવા માટે વર્જવું જરૂરી ગણી, તેનો દેશથી કે સર્વથી પરિહાર કરવાનો ઉપદેશ, ઉપભોગથી દૂર રહેવારૂપ હોવા છતાં જરૂરી છે અને ક્ષાયોપશમિક ભાવનો છે એમ માનવામાં આવે તો પછી સર્વ કર્મનો ક્ષય કરવામાં પ્રબળ સાધનરૂપ તથા મોહના ઉદયથી થતી ઇંદ્રિય આસક્તિ આદિ પરિણતિને રોકવાથી આવતાં કર્મોને રોકવાનું પ્રબળતર સાધન એવા તપનો ઉપદેશ કે સ્વીકાર સર્વ પ્રકારે ક્ષાયોપશમિક જ હોય એમ માનવાને યુક્તિસંગત પદાર્થને માનવાવાળો બાધ્ય જ થશે. જો કે કેટલીક વખત મંદ સત્ત્વવાળાઓને કર્મનો ક્ષય કે સંવર કરવા માટે કરેલી તપની પ્રતિજ્ઞાનો નિર્વાહ કરતાં કથંચિત્ ચલચિત્તપણું થઈ જાય છે, અને તેવા તપમાર્ગમાં પ્રવર્તેલા ભવ્યાત્માના ચલચિત્તપણાને મોટું રૂપ આપી તે પુદ્ગલાનંદીઓ તપને અંતરાયની સાથે જોડી દે છે, પણ તે પુદ્ગલાનંદીઓએ વસ્તુ સ્થિતિને ખ્યાલમાં રાખીને સમજવું જોઈએ કે એવું કથંચિત્ ચલચિત્તપણું તો દેશથી બ્રહ્મચર્યવાળાને તો શું પણ સર્વથી બ્રહ્મચર્યવાળાને પણ બાદરકષાયના ઉદય સુધી સંભવિત જ છે, અને બાદરકષાયનો નાશ તે પણ ત્યારે જ થવાનો કે જ્યારે જીવો બ્રહ્મચર્યાદિક ગુણોને ધારણ કરનારા થશે, અર્થાત્ તે પુદ્ગલાભિનંદીને તો અનવસ્થાના દોષમાં દટાઈ જવું પડશે, અને જો કદાચિત દેશ કે સર્વથી બ્રહ્મચર્યના પ્રસંગમાં કથંચિત્ કર્મોદયે થતી ચિત્તની વિહ્વલતાને અતિચારરૂપે જણાવશે તો અહીં તપના અધિકારમાં પણ કથંચિત્ કર્મોદયે થતી તેવી ચિત્તવિહ્વલતાને અતિચાર કરનારી ગણી, તે દેશ કે સર્વથી બ્રહ્મચર્યના ઉપદેશ કે સ્વીકારને ક્ષાયોપશમિકાદિરૂપ ગણવાની માફક આ તપ કે જે સર્વકર્મક્ષયનું તથા આવતા કર્મ રોકવાનું સાધન છે તેના ઉપદેશ કે સ્વીકારને ક્ષાયોપશમિક સ્વભાવે ગણવામાં યુક્તિયુક્તપણું જ જોશે. વળી, દેશથી કે સર્વથી બ્રહ્મચર્યનો ઉપદેશ જેઓને આપવામાં આવે છે તેઓ કંઈ પ્રથમથી સર્વથી કે દેશથી બ્રહ્મચર્યના અભિલાષી હોતા નથી, કિન્તુ દેશ કે સર્વથી બહ્મચર્યના ઉપદેશને શ્રવણ કરવાથી પહેલાની અવસ્થામાં તેઓ વિષયને આનંદનું સ્થાન અને બ્રહ્મચર્યને બંધનનું સ્થાન ગણવાવાળા હોય છે, છતાં તે શ્રોતાજીવોને કર્મબંધનથી બચાવવા રૂપ અનુગ્રહ બુદ્ધિથી ઉપદેશ દેનારા ઉપદેશકે શાસ્ત્ર અને યુક્તિથી જ્યારે અબ્રહ્મનું સેવન અનંત કર્મોને બંધાવનાર તથા બ્રહ્મચર્યનું પાલન અવ્યાબાધ સુખને આપનાર છે એમ સમજાવ્યું ત્યારે જ તે શ્રોતાએ દેશથી કે સર્વથી બ્રહ્મચર્યનો સ્વીકાર કર્યો. તેવી રીતે અહીં પણ અનાદિકાલથી સતતપણે

ચાલેલી આહાર અભિલાષાને અંગે શ્રોતાને ઉપદેશ સાંભળવા પૂર્વે આહારાદિકનું ગ્રહણ આનંદરૂપ લાગતું હોય અને તે આહારાદિકનો ત્યાગ દુષ્કરતર લાગતો હોય, અને તે શ્રોતાજીવને કર્મક્ષયના સાધનમાં જોડવા અને કર્મ બંધનના સાધનમાંથી બચાવવારૂપ અનુગ્રહ બુદ્ધિએ ઉપદેશ આપનારા ઉપદેશ કે તે આહારાદિકનો ત્યાગ જ્ઞાનાવરણીયાદિ સર્વકર્મોના ક્ષયનું સાધન છે, અને એ આહારાદિકનો ઉપભોગ મોહનીયના ઉદયવાળા દરેક જીવને ઇંદ્રિયના વિકારો કરવાદ્વારાએ બહુલતાએ આઠે કર્મ બાંધવાનું સાધન છે એમ શાસ્ત્ર અને યુક્તિદ્વારાએ સમજાવ્યું હોય અને તેથી તે શ્રોતા આહારાદિકના ત્યાગરૂપ તપનો સ્વીકાર કરે તેમાં ક્ષાયોપશમિક ભાવ માનવામાં કોઈપણ જાતની અડચણ નથી.

## તપનું ક્ષાયોપશમિકપણું

જેવી રીતે જૈનદર્શનમાં કેટલાક પુદ્‌ગલાનંદી જીવો તપના ઉપદેશને કે આદરને અંતરાયના સંબંધવાળો જણાવી તપની અરૂચિ કરાવે છે, તેવી રીતે બૌદ્ધદર્શનમાં તપને દુઃખરૂપ જ માનવામાં આવ્યું છે, જો કે બૌદ્ધદર્શનના નિરૂપક, તેમના પરમમાન્ય ભગવાન બુદ્ધદેવે જૈનદર્શનમાં તેનું પૂર્વવર્તિપણું હોવાને લીધે કે અન્ય કોઈપણ કારણથી ઘણો કાળ તીવ્ર તપસ્યા કરેલી છે, છતાં શ્રી અશ્વઘોષાચાર્યના રચેલા શ્રી બુદ્ધચરિત્રના આધારે તે બુદ્ધદેવને પોતે કરેલી તપસ્યાથી સખત નાપસંદગી ઉત્પન્ન થઈ અને તેણે તે તીવ્ર તપનો આધાર છોડી દીધો, એટલું જ નહિ પણ બૌદ્ધોના પિટકોને હિસાબે જ તે બુદ્ધદેવ તપસ્યાનો કટ્ટર વિરોધી બન્યો અને તે એટલે સુધી કે બીજાઓથી કરાતી તપસ્યા પણ તેમનાથી સહન થઈ શકી નહિ, અને તેથી જ રાજગૃહી નગરીના ગિરિવ્રજ ઉપર તપસ્યા કરતા શ્રમણનિર્ગ્રંથોનો કલ્પિતવાદ જણાવી વસ્તુતાએ પોતાની જ હાસ્યાસ્પદતા સ્પષ્ટ કરી બૌદ્ધના પિટકમાં લખે છે કે તે નિર્ગ્રંથો પોતપોતાના આસન છોડીને સૂર્યના તાપે આતાપના લેતા હતા, તે વખતે તેમના બુધ્ધદેવે ત્યાં જઈ તે જ નિર્ગ્રંથ જ્ઞાતપુત્રના શિષ્ય શ્રમણનિર્ગ્રંથોને પૂછયું કે તમે આ શું કરો છો ? શ્રવણ નિર્ગ્રંથોએ ઉત્તર આપ્યો કે - અમે આતાપનારૂપ તપ કરીએ છીએ. બુદ્ધદેવે પૂછયું કે-આ આતાપનારૂપ તપ તમે શા માટે કરો છો ? શ્રમણનિર્ગ્રંથોએ તેના ઉત્તરમાં જણાવ્યું કે-પૂર્વભવના પાપોના ક્ષયને માટે અમે આ આતાપનારૂપ તપ કરીએ છીએ. તે સાંભળી બુધ્ધદેવે પ્રશ્ન કર્યો કે-તમે પૂર્વભવમાં પાપો કર્યા છે અને તેનો આ આતાપનારૂપ તપથી ક્ષય થાય છે એવું શાથી માનો છો ? બુધ્ધદેવના ઉપર્યુક્ત પ્રશ્નના ઉત્તરમાં તે શ્રમણનિર્ગ્રંથોએ જણાવ્યું કે-ત્રિલોકનાથ તીર્થંકર શ્રમણ ભગવાન્ મહાવીરે

---

૧ શ્રમણ ભગવાન મહાવીર મહારાજનું દેવતા, સુર અને માનવોમાં જો કે શ્રમણ ભગવાન મહાવીર એવું નામ પ્રસિદ્ધ હતું, તો પણ સામાન્ય જગતમાં ભયભૈરવોમાં અચલપણું, પરિષહ ઉપસર્ગોની સહનશીલતા અને સ્વાભાવિક જ્ઞાનને લીધે જ્યાં સુધી ભગવાન વર્ધમાનસ્વામીને શ્રમણ ભગવાન મહાવીરપણે જે જૈનશ્વેતાંબર સૂત્રોમાં સ્થાન સ્થાન પર જ્યાં જ્યાં ભગવાન વર્ધમાનસ્વામીની હકીકત લેવી હોય ત્યાં ત્યાં શ્રમણ ભગવાન મહાવીર તરીકે જણાવવામાં આવે છે તે શ્રમણ ભગવાન મહાવીર એવું ગુણનિષ્પન્ન નામ દેવતાઓએ સ્થાપન કર્યું ન હતું ત્યાં સુધી તે ભગવાન વર્ધમાનસ્વામી જ્ઞાતપુત્ર તરીકે પ્રસિદ્ધ થયેલા હતા. અને જૈનોના શ્રી કલ્પસૂત્રમાં ભગવાન્ વર્ધમાનસ્વામીના દીક્ષાના અધિકારે તેઓશ્રીને નાયકુલજાए એ વિગેરે કહી તેમને જ્ઞાતપુત્ર તરીકે વર્ણવેલા છે, અને ભગવાન વર્ધમાનસ્વામીને જ્ઞાતપુત્ર તરીકે જાહેર થવાનું જો કોઈપણ મુખ્ય કારણ હોય તો તે એ જ કે દેવાનંદાબ્રાહ્મણી (ઋષભદત્ત બ્રાહ્મણની પત્નીની કૂક્ષિથી ગર્ભને

(નિર્ગ્રંથ જ્ઞાતપુત્રે ૧) કે જે સર્વજ્ઞ સર્વદર્શી છે તેઓએ સર્વ જગતના સર્વ જીવો અને સર્વ જીવોના સર્વ કાળનાં સર્વ કર્મો તથા તે કર્મોને તોડવાના આતાપનાદિક જાણેલાં સાધનો હોઈ શ્રમણ ભગવાન મહાવીર મહારાજે પોતાના સર્વ ભક્તોને પોતાના પૂર્વભવના પાપોનો ક્ષય કરવા માટે આતાપનાદિ તપ કરવાનું જણાવેલું છે, અને તે ભગવાન મહાવીર મહારાજના ઉપદેશને અનુસરીને જ અમે અમારાં પૂર્વભવમાં કરેલાં પાપોના ક્ષયને માટે આ આતાપનારૂપ તપ કરીએ છીએ. આ સ્થળે જો તે બુદ્ધદેવમાં કંઈપણ વિચારશક્તિ હોત તો તેને શ્રમણ ભગવાન મહાવીર મહારાજના જ્ઞાનની અને તે શ્રમણ નિર્ગ્રંથોના આતાપનારૂપ તપની પ્રશંસા જ કરી હોત. પણ કાગડાને મુખે જગત વ્યવહારથી રામ શબ્દની સંભાવના જ ન હોય તેમ તે ભગવાન મહાવીર મહારાજના જ્ઞાન અને તપની પ્રશંસા કરી શક્યો નહિ, એટલું જ નહિ પણ એક બાળકને પણ ન છાજે તેવા શબ્દનો ઉચ્ચાર તે બુધ્ધદેવે કર્યો, અને તેથી તે આતાપનારૂપ તપની હાંસી કરી તે બુદ્ધદેવ તે વખતે એવા શબ્દો બોલ્યો કે-તમારા નિર્ગ્રંથ જ્ઞાતપુત્રના મત પ્રમાણે તેમનો ઉપદેશ સાંભળનારા અને માનનારા સર્વે જીવો પૂર્વ ભવે મહાપાપ કરીને જ આવેલા છે એમ માનવું જોઈએ, કેમકે તે સિવાય તે નિર્ગ્રંથ જ્ઞાતપુત્ર સર્વ શ્રોતાઓને પૂર્વભવના કરેલાં પાપોનો ક્ષય કરવા આતાપનાદિ તપનો ઉપદેશ આપે જ કેમ ? આ સ્થાને ખુદ બુદ્ધદેવે પોતાના આત્માથી વિચાર્યું હોત કે મારું માનેલું પણ બુદ્ધપણું, જે કેવળ મારા આત્મામાં જ છે, પણ મારા ભક્તોના આત્મામાં નથી તેનું કારણ તેઓના પૂર્વભવના પાપો છે કે નહિ, અને જો તેવું બુદ્ધપણું નહિ આવવાના કારણભૂત પાપકર્મો પોતાના સર્વ ભક્તોના આત્મામાં માનવા તૈયાર થાય તો તેની કરેલી હાંસી તેને ગળે જ પડત, અર્થાત્ આ યથાસ્થિત વિચાર તેના મનમાં આવત તો પૂર્વોક્ત વાક્ય બોલવા તે બુધ્ધદેવ તૈયાર થાત જ નહિ. આ બધી હકીકત એક ચરિતાનુવાદરૂપે આપી તપનું દુઃખરૂપપણું નથી એમ સૂચવી હવે વાચકોનું લક્ષ્ય શાસ્ત્ર અને યુક્તિથી તપ દુઃખરૂપ નથી એમ સાબિત કરવા તરફ દોરવીશું.

### ઇષ્ટ સિદ્ધિનું સાધન તપ

જગતમાં એ વાત તો અનુભવસિદ્ધ છે કે ધન, શિલ્પ, વિદ્યા કે કારીગરી મેળવવા માટે જેઓ પ્રયત્ન કરે છે, તથા વ્યાપાર કરનાર વિગેરે દેશ દેશાંતરમાં ભ્રમણ કરે છે, તેમાં અનેક પ્રકારનાં કષ્ટ તો ભોગવવાં જ પડે છે, છતાં તે ધન, શિલ્પ વિગેરેના ઉપાર્જનને કોઈપણ સુજ્ઞ મનુષ્ય કષ્ટરૂપ

---

બ્યાસી દિવસ થયા પછી સિદ્ધાર્થ મહારાજા કે જેઓ જ્ઞાતકુલમાં એક પ્રસિદ્ધતર મહારાજા હતા તેઓની રાણી ત્રિશલાના ઉદરમાં સંક્રાંત કરવામાં આવ્યા. જો કે આ ગર્ભનું સંક્રમણ સૌધર્મ ઈંદ્રની આજ્ઞાથી હરિણગમેષી નામના ઇંદ્રના દૂતે કરેલું હોઇ જગતને અદૃશ્ય હતું અને તેથી સામાન્ય જગતમાં તેને અંગે જ્ઞાતપુત્ર કે જ્ઞાતકુલ તરીકે ભગવાન વર્ધમાનસ્વામીની પ્રસિદ્ધિ થવી સંભવિત ન હતી, પણ જે વખતે દેવાનંદાની કૂક્ષિમાંથી ભગવાન રૂપ ગર્ભનું અપહરણ કરવામાં આવ્યું, તે વખતે તીર્થંકરોનું કૂક્ષિમાં આવવાનું થાય તેને અંગે નહિ કે ખરતરોના માન્યા પ્રમાણે ચ્યવનકલ્યાણકને અંગે જે ગજ, ઋષભ આદિ ચતુર્દશ સ્વપ્નોનું મુખમાં આવતા હોય તેવા રૂપે જે દર્શન થાય છે, તે સ્વપ્નદર્શન માતા ત્રિશલાને તે રાત્રિએ થયું જે સ્વપ્નોના ફળ મહારાજા સિધ્ધાર્થે અષ્ટાંગ નિમિત્તધારક સ્વપ્નપાઠકોને રાજસભામાં બોલાવીને પૂછયા અને સાંભળ્યા અને તેથી જગતમાં તે બ્યાસીમી રાત્રિએ જ મહારાણી ત્રિશલાની કૂખે ભગવાન વર્ધમાનસ્વામીરૂપ તીર્થંકરનું આવવું થયું એમ ડિંડિમ સાથે જાહેર થયું, અને તે જ બ્યાસીમી રાત્રિએ દેવાનંદાએ ગજ, ઋષભાદિ

ગણતો નથી. જગતમાં એવો કોઈપણ લૌકિક કે લોકોત્તર સાધ્યરૂપે પદાર્થ જ નથી કે જેની સિદ્ધિ માટે આયાસ કે કષ્ટ સહન કરવું પડે જ નહિ. દર્શનમાત્રની દૃષ્ટિએ તત્ત્વજ્ઞાન એ જરૂરી ચીજ મનાયેલી છે, અને તે તત્ત્વજ્ઞાન પણ આયાસ કે કષ્ટ વિના થઈ શકતું જ નથી, પણ તેટલા માત્રથી કોઈપણ દર્શનકાર તત્ત્વજ્ઞાનને દુઃખરૂપ માનવાને તૈયાર નથી. જેવી રીતે ધન વિગેરે કે તત્ત્વજ્ઞાન વિગેરે માટે કરાતો આયાસ કે સહન કરાતું કષ્ટ તે ધન વિગેરે અને તત્ત્વજ્ઞાન વિગેરેની પ્રાપ્તિથી થતા આનંદની આગળ હિસાબમાં જ નથી, અને તેથી તે ધનાદિક કે તત્ત્વજ્ઞાનાદિકને સુખનું કે આનંદનું અદ્વિતીય સાધન જ ગણવામાં આવે છે, તેવી જ રીતે સર્વકર્મના ક્ષયથી થતા મહોદય પદને કે જ્ઞાનાવરણીયાદિના ક્ષયથી થતા કૈવલ્યસ્વરૂપના આનંદને સમજનારા મનુષ્યો તેના અદ્વિતીય સાધનભૂત તપને કોઈ દિવસ પણ દુઃખરૂપ માની શકેજ નહિ. સામાન્ય જગતમાં પણ પ્રવૃત્તિ કરનારો મનુષ્ય જ્યાં જ્યાં ઉત્સાહયુક્ત હોય છે ત્યાં ત્યાં આવી પડતાં અનેક મહાકષ્ટોને પણ તે દુઃખરૂપે વેદતો નથી, તો પછી મોક્ષ અને કૈવલ્યના સાધન માટે તૈયાર થયેલો ભવ્ય જીવ કોઈપણ ભવમાં નહિ પામેલા તેવા ઉત્સાહને પ્રાપ્ત થયેલો હોવાથી તે આતાપનાદિ કષ્ટને કે અનશન આદિ પીડાને દુઃખરૂપે અનુભવેજ શાનો ? જગતમાં વેઠ કરનારા મજૂરને કે મૂર્ખ વ્યાપારીને જેમ ઉત્સાહ હોતો નથી, તથા મૂર્ખ એવા વિદ્યાર્થીને વિદ્યાભ્યાસ કરતાં અરૂચિ હોવાને લીધે ઉત્સાહ હોતો નથી, અને તેથી તે સર્વ પોતપોતાની ક્રિયાને દુઃખરૂપ ગણે છે, તેવી રીતે કર્મક્ષય કૈવલ્ય કે અવ્યાબાધપદની પ્રાપ્તિ થવાની ધારણા વગરના બુધ્ધદેવ જેવા વાચાળોને તે કર્મક્ષયાદિકને માટે કરવાં જોઈતાં તપ કરવામાં કષ્ટરૂપતા લાગે તેમાં કાંઈ આશ્ચર્ય નથી. આ સર્વ હકીકત માત્ર કાયપીડાને આગળ કરીને જ જણાવવામાં આવી છે પણ તત્ત્વજ્ઞાનના પ્રવાહમાં પુષ્ટ થનારા પંડિતોને તો જ્યારે આ તપનું ક્ષાયોપશમિકપણું સમરસથી ઓતપ્રોતપણું અને કર્મક્ષયાદિના સાધનપણું ચિત્તમાં યથાસ્થિતપણે પરિણમે છે, અને તેથી તેવા પંડિતો સ્વપ્ને પણ તપની દુઃખરૂપતા જાણતા, માનતા કે કહેતા નથી, તત્વજ્ઞ પુરુષો સારી રીતે સમજી શકે તેમ છે કે દુઃખ એ અશાતા વેદનીય કર્મના ઉદયથી થવાવાળી ચીજ છે, જ્યારે તપ એ મોહનીય કર્મના ક્ષયોપશમ આદિથી પ્રગટ થનારી આત્મગુણરૂપ ચીજ છે. વળી દુઃખ વેદનારો મનુષ્ય વિહ્વળતાના વહેણમાં વહેતો જણાય છે, ત્યારે તપ કરનારો મનુષ્ય શૌર્યતાના શિખરે સ્થિર થયેલો જણાય છે દુઃખ વેદનારાના પરિણામ આત્માને આર્ત બનાવનારાં હોય છે અને તેથી જ તેના ફળરૂપે આર્ત, રૌદ્ર ધ્યાનરૂપે ઉદ્ભવ થાય છે, જ્યારે તપ વિગેરે

---

ઉત્તમ સ્વપ્નો ત્રિશલારાણીએ હરણ કર્યા એમ સ્વપ્નમાં જોયું અને તેથી તે દેવાનંદા સ્પષ્ટપણે સમજી શકી કે ગજ, ઋષભાદિ ઉત્તમ સ્વપ્નોને દર્શાવનાર જિનેશ્વરરૂપી જે ગર્ભ મારા ઉદરમાં બ્યાસી દિવસ રહ્યો હતો તે ગર્ભ હવે ત્રિશલારાણીની કૂક્ષિમાં તેણીએ આ ચૌદ સ્વપ્નનો અપહારણ કરેલો એમ સ્વપ્નોમાં દેખાઇ ગયેલો છે, અને એવી રીતે જિનજનનીપણાનું પદ ખોવાથી તે દેવાનંદાને અસહ્ય દુઃખ થયું અને તે દુઃખને લીધે તે દેવાનંદાએ છાતી, માથું કૂટ્યાં, આવી રીતે દેવાનંદાએ છાતી, માથું કૂટીને જિનેશ્વરરૂપી ગર્ભનો અપહાર અને ત્રિશલાદેવીની કૂખમાં તે જિનેશ્વરરૂપી ગર્ભનું સંક્રમણ જાહેર કર્યું, અને તે બનાવ પછી મહારાણી ત્રિશલાએ સાત મહિનાની અંદર જ ભગવાન વર્ધમાનસ્વામીએ જન્મ આપ્યો, અર્થાત્ જો ગજ, ઋષભાદિક સ્વપ્નોને દિવસે તે મહાવીર મહારાજરૂપ ગર્ભનો પ્રથમોત્પાદ હોત અને સંક્રમણ ન હોત તો માત્ર છમાસના ગાળાથી જ ગર્ભનિષ્પત્તિ થઇ પ્રસવ થાત નહિ. આ બધી હકીકત જગજાહેર થવાથી સામાન્ય જગતમાં

કરનારાનાં પરિણામ ધર્મની ધગશને ઉપજાવનારાં હોઈ તેનું ફળ ધર્મધ્યાન, શુકલધ્યાન રૂપે ઉદ્દભવે છે અને જેનું પરમ ફળ કર્મક્ષય, કૈવલ્ય અને મુક્તિરૂપે મળે છે. દુઃખ એ વસ્તુ નહિ ઈચ્છેલા, બાહ્ય અનિષ્ટ સંયોગોને આભારી છે. જ્યારે તપ નામની વસ્તુ મળેલા, મળતા અને પરાણે દેવાતા પદાર્થોનો પણ પરિહાર કરવા માટે પ્રતિજ્ઞારૂઢ થવા રૂપ થઈ પ્રતિજ્ઞા પાલનરૂપ છે. શાસ્ત્રકારોના કથન પ્રમાણે શ્રોત્રાદિક ઈંદ્રિયોને નુકશાન કે હાનિ જેનાથી ન થાય, વળી જે આચરવાથી મન સાધ્યનિર્પેક્ષ થઈ આર્ત, રૌદ્ર ધ્યાનમાં પ્રવેશ કરે નહિ, તેમજ જે કરવાથી પ્રતિદિન મોક્ષ સાધ્ય કરવા માટે કરાતા સ્વાધ્યાય, પ્રતિક્રમણાદિ યોગોની હાનિ થાય નહિ, તેવી રીતે તપ કરાતું હોઈ, તેને કષ્ટરૂપ કહેવા કોઈપણ તૈયાર થાય નહિ, યુક્તિને જાણનારો મનુષ્ય સ્પષ્ટપણે જાણી શકે છે કે જે કાર્ય એક વખત દુઃખરૂપ હોય તો પણ તેના આગામી પરિણામમાં સુખનો સેવધિ હોય તો તે કાર્યને દુઃખરૂપે કહી શકાય જ નહિ, આ બધી હકીકત જણાવવાથી આપણે એટલું સ્પષ્ટ કરવા માગ્યું છે કે આત્માને લાગેલાં કર્મોને શોધનારું એવું જે તપ તે અંતરાયના સંબંધવાળું નથી, દુખઃરૂપ નથી, પણ મોક્ષાર્થી જીવોએ સર્વ પ્રયત્ને તે આદરવા લાયક જ છે.

## તપમાં વિરોધોનું કારણ

ઉપર જણાવ્યા પ્રમાણે બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારનો તપ કર્મક્ષય, કેવળ અને મોક્ષનું અનુપમ સાધન છે, ત્યારે સામાન્ય રીતે જગતમાં બને છે તેમ તેને અંગે જુદા જુદા પ્રકારે વિરોધો ઉભા થાય છે. આ વાત તો અનુભવસિધ્ધ છે કે જગતમાં વસ્તુની જેમ જેમ વધારે કિંમત હોય છે, તેમ તેને માટે નકલીપણાનો ભય અધિક હોય છે. હીરાને અંગે ઈમિટેશન હીરા, મોતીને અંગે કરચલ મોતી, સોનાને અંગે પંચગોલ્ડ અને ચાંદીને અંગે જર્મન સિલ્વર વિગેરે બનાવટના બજારનો જ માલ ગણાય, કેમકે તે વસ્તુઓ જગતમાં ઘણી કિંમતી તરીકે પ્રસિધ્ધિ પામેલી છે, અને તેથી તે વસ્તુઓની જાત જાતની નકલો થાય છે, અને કિંમત નહિ હોવાથી કે તદ્દન નજીવી કિંમત હોવાથી માટી, લોઢું કે ત્રાંબા વિગેરેની નકલ કોઈ કરતું નથી, કેમકે નકલ કરનારો મનુષ્ય પોતાની મહેનત કે વસ્તુના પ્રમાણમાં અધિક કિંમત મેળવવા માટે જ નકલી વસ્તુ પેદા કરે છે; અને ધૂળ વિગેરે નજીવા પદાર્થોમાં તેમ બની શકતું નથી, તેથી તેની નકલ કોઈ કરી શકતું નથી. આ ઉપરથી વાચકવર્ગે એ જ ધડો લેવાનો છે કે જે વસ્તુના ઘણા ભેદો હોય છે, તે વસ્તુના ભેદોમાં ઘણા નકલી હોય છે અને એક જ સાચો હોય છે, પણ તે ઘણા નકલી ભેદોને અંગે સાચા ભેદને સમજવો ઘણો મુશ્કેલ પડે

---

શ્રમણ ભગવાન મહાવીર મહારાજનું નામ જ્ઞાતપુત્ર તરીકે પ્રસિદ્ધ થયું અને તેથી જ દિગંબરોના શાસ્ત્રોમાં શ્રમણ ભગવાન મહાવીર મહારાજાના નામોમાં જેમ દેવાર્ય નામ નથી તેમ જ્ઞાતપુત્ર એવું પણ નામ નથી, પણ શ્વેતાંબર શાસ્ત્રોમાં શ્રમણ ભગવાન મહાવીર એવા નામની સાથે દેવાર્ય અને જ્ઞાતનંદન એવાં નામો પણ સ્પષ્ટ અક્ષરોમાં છે. (જુઓ અભિધાન ચિંતામણિ અને શ્રી કલ્પસૂત્ર વિગેરે) આવી રીતની સ્વપર શાસ્ત્રથી ખુલ્લી થતી હકીકતને વિચારનારો મનુષ્ય દિગંબરશાસ્ત્રો કે જે તેઓના જ કહેવા પ્રમાણે જિનેશ્વર મહારાજ કે ગણધર મહારાજે પ્રરૂપેલાં કે ગુંથેલા નથી, માત્ર તેમનાં સર્વ શાસ્ત્રો તેમના જ કહેવા પ્રમાણે પાછળના આચાર્યોએ જ (શ્વેતાંબર આગમોને કે બીજા કોઈપણ ગ્રંથને અનુસરીને) રચેલા હોઈ સત્ય હકીકતને પ્રતિપાદન કરવાથી વેગળાં જ રહેલાં છે, અને શ્વેતાંબર આમ્નાયના જ શ્રી કલ્પસૂત્ર વિગેરે શાસ્ત્રો અસલના હોઈ સત્ય હકીકતને રજુ કરનારા છે એમ સ્પષ્ટપણે સમજી શકાશે.

છે, અને તેથી કેટલીક વખત કેટલાક ભોળા જીવો તો નકલીની સંખ્યા ઘણી દેખીને સર્વને નકલી ગણી કિંમત વગરના જ ગણે છે. જેમ એક ગામડામાં રહેલો કે જંગલમાં રહેલો કોળી વિગેરે કે ભીલ વિગેરે નકલી હીરા વિગેરેની, કે સાચા હીરા વિગેરેની કિંમત નહિ સમજતાં અજ્ઞાન દશાને લીધે કાં તો બધા નકલી અને સાચા વિગેરેને કિંમતી ગણે છે, અને કાં તો નકલી માલના સંગ્રહમાં આવતો ધનનો ધોકો સાંભળીને સાચા અને નકલી સર્વને નકલી ગણી તેના સંગ્રહથી દૂર રહે છે, તેવી રીતે જગતના કેટલાક ભદ્રિક જનો પણ મોક્ષના સાધનો તરીકે પ્રસિદ્ધિ પામેલા કે ધર્મ તરીકે જાહેર થયેલા ધર્મના ભેદોને સાંભળીને સાચા ધર્મની ગવેષણા કે તેના સંગ્રહ તરફ બેદરકાર બની કાં તો સર્વ ધર્મને નિષ્ફળ ગણે છે, કાં તો સર્વ ધર્મને આરાધવા તત્પર થાય છે, પણ તે ભદ્રિક જીવ બુદ્ધિનો ઉપયોગ કરવામાં ઘણો જ કાચો હોવાથી નકલી સાધનો અને ધર્મોને દૂર કરી એક સત્ય મોક્ષના સાધન અને ધર્મને ગ્રહણ કરવા માટે નસીબદાર થતો નથી, પણ એક શહેરી મનુષ્ય સારી સમજને ધરાવતો હોય, તો તે ગાઢ જંગલોમાં કે અથાગ દરિયામાં રહેલા શુદ્ધ પદાર્થને ખોળી કાઢે છે, અને બજારમાં ડગલે પગલે અથડાતા નકલી પદાર્થને તે નકલી તરીકે સારી રીતે ઓળખી શકે છે. તેવી રીતે સૂક્ષ્મ બુદ્ધિવાળા પુરુષો મોક્ષના નકલી સાધનો અને નકલી ધર્મો સાંભળવાથી કે દેખવાથી ગભરાતા નથી અને સત્ય સાધન અને ધર્મની પ્રાપ્તિની મુશ્કેલી જાણતાં એક રૂંવાડે પણ કંપિત થતા નથી, પણ સત્ય સાધન અને ધર્મને પ્રાપ્ત કરવા માટે જ કટિબદ્ધ થાય છે, તેવા સૂક્ષ્મ બુદ્ધિ જીવો કદાચિત અન્ય જાતિ કે અન્ય ધર્મવાળા કુળોમાં જન્મેલા હોય છે, તો પણ તેઓ પોતાની સૂક્ષ્મ બુદ્ધિના પ્રતાપે સત્ય સાધન અને ધર્મની ગવેષણા કરી તેને શોધી શકે છે અને ગ્રહણ કરી શકે છે, અને આટલા માટે જ શાસ્ત્રકારો ધર્માર્થી પ્રાણી માત્રને અંગે સૂક્ષ્મ બુદ્ધિની પ્રથમ નંબરે જરૂરીયાત ગણે છે.

## સૂક્ષ્મ બુદ્ધિની જરૂર

આ સ્થળે એક વાત ધ્યાનમાં રાખવાની છે કે શાક લેવા ગયેલો મનુષ્ય ઠગાય તો તેને પૈસા, બે પૈસાનું નુકશાન થાય, વસ્ત્રાદિક લેવા ગયેલાને ઠગાવું હોય તો બે, ચાર આનાનું નુકશાન હોય છે, ચાંદીની ચીજ લેવા ગયેલાને ઠગાતાં પાંચ, પચીસ રૂપિયાનું નુકશાન હોય છે, સોનાની ચીજ લેવા ગયેલો હોય અને બુદ્ધિ નહિ ચાલે અને જો ઠગાય તો તેને સેંકડો રૂપિયાનું નુકશાન હોય છે, અને હીરા, મોતી વિગેરે ઘણી કીમતી ચીજો લેવા ગયેલો મનુષ્ય જો પોતાની બુદ્ધિનો ઉપયોગ ન કરે, અને ખબરદારી ન રાખે તો હજારો અને લાખો રૂપિયાનું નુકશાન વહોરી લે છે. એવી રીતે જગતના પદાર્થોની પરીક્ષામાં થાપ ખાનારો મનુષ્ય તે પદાર્થો બાહ્ય પૌદ્ગલિક હોવાને અંગે અને ઐહિક હોવાને લીધે, તેમાં ઠગાવાથી થતું નુકશાન લાખો રૂપિયાનું હોય તો પણ તે પૌદ્ગલિક અને કેવળ ઐહિક જ છે, પણ મોક્ષનું સાધન અને ધર્મ પરભવને અંગે, આત્મકલ્યાણને અંગે અને સર્વ જીવના શ્રેયને માટે કરાતો હોઇ તેની પરીક્ષામાં જો સૂક્ષ્મ બુદ્ધિ ન હોય તો તે સાધન અને ધર્મને ગ્રહણ કરનારો મનુષ્ય મોક્ષરૂપી સાધ્યને નહિ સાધતાં કેવળ ભવચક્રમાં ભ્રમણ કરનારો જ થાય છે, આત્મકલ્યાણને ન મેળવતાં પોતાના આત્માને સદ્ગતિની અભિલાષા છતાં પણ દુર્ગતિના વમળમાં ઘેરાવી દે છે, એટલું જ નહિ પણ પોતાના સગા સંબંધીઓને તથા પોતાની સંતતિને પણ મોક્ષમાર્ગ અને સદ્ગતિથી ચ્યૂત કરી સંસારમાં ભ્રમણ કરાવનારો તથા દુર્ગતિમાં રખડાવનારો થાય છે. આ વાત તો વર્તમાન જગતમાં અનુભવસિદ્ધ છે કે ઘણા લોકો મોક્ષનું સાધન અને ધર્મની કિંમત વાસ્તવિક રીતે ન સમજતાં કેવળ પોતાની બાપદાદાની પ્રણાલિકા અને સગાસંબંધીઓના વર્તનને અનુસરીને મોક્ષના સાધનો અને ધર્મમાં

પ્રવૃત્તિ કરે છે, અને તેને જ આધારે જ્ઞાતિનો રિવાજ ધર્મ સાથે સંબંધવાળો થઇ ગયેલો છે. એવા વખતમાં ઘણા લાંબા કાળથી આદરાયેલું સાધન અને કરાયેલો ધર્મ યોગ્ય ન પણ હોય તો પણ તે વિષનો કીડો વિષમાંથી ઉત્પન્ન થઇ વિષમાં જ જીવે, અને તેવા કીડાને મન નિર્વિષ પદાર્થ હોય તો પણ તે પોતાના જાતિસ્વભાવને અંગે અરૂચિકર થાય છે, તેમ સામાન્ય રીતે વર્તમાન જગતમાં પણ પોતાના આદરાયેલા સાધન અને કરાયેલો ધર્મ મોક્ષને પ્રાપ્ત કરાવનાર કે આત્માનું કલ્યાણ કરાવનાર ન પણ હોય, અને અન્ય જ્ઞાતિ કે કુલમાં આદરાયેલું સાધન અને કરાયેલો ધર્મ મોક્ષને પ્રાપ્ત કરાવનાર તથા સદ્‌ગતિને મેળવી આપનાર હોય તો પણ તે સૂક્ષ્મબુદ્ધિ વિનાનો જીવ પોતાની વંશપરંપરામાં આવેલા સગાં સંબંધીઓએ આચરેલા સાધન અને ધર્મમાં જ લીન રહે છે, અને કલ્યાણ માને છે, અને સાચા સાધનો અને ધર્મ તરફ સખતમાં સખત અરૂચિ ધારણ કરે છે. વાસ્તવિક રીતે જોઇએ તો આ બધી ઠગામણ છે, અને તેનું કારણ વંશના વડીલો કે સગા સંબંધીઓએ મોક્ષના સાધનો કે ધર્મની પરીક્ષા કરવામાં કરેલી ભૂલ સિવાય બીજું કહી શકાય જ નહિ. જે ધર્મને આદરવા માટે, તેની વૃદ્ધિ કરવા માટે કે તેનો પ્રચાર કરવા માટે લાખો અને કરોડો મનુષ્યો પોતાની જીંદગી અર્પણ કરે છે, અબજો અને કરોડો રૂપિયાનું ખર્ચ કરે છે, અને અનેક અસહ્ય એવા પણ કષ્ટોને સહન કરવા તત્પર થાય છે, તે ધર્મની પરીક્ષામાં થયેલી ભૂલ મનુષ્યને કેટલા ભૂલાવામાં નાંખે, અને જીંદગીનું અર્પણ, ધનનો વ્યય અને કષ્ટોનું સહન નિષ્ફળપણામાં તો શું પણ વિપરીતપણામાં પરિણમે છે. આ બધું પરિણામ અસલી અને નકલીપણાની પરીક્ષામાં વાપરવી જોઇતી બુદ્ધિના અભાવનું જ છે એમ હરકોઇ બુદ્ધિશાળી વાચક કબૂલ કરશે.

સામાન્ય રીતે માન્યતા સ્વરૂપ જે દેવ, ગુરુ અને ધર્મને અંગે મતનું પ્રવર્તન રહેલું છે તેને અંગે ઉપર જણાવ્યા પ્રમાણે જ્યારે પરીક્ષાનો ગોટાળો થવાથી પરિણામ આવે છે, ત્યારે દેવ અને ગુરુની પૂજા અને ભક્તિરૂપ આચારમાં કે પ્રવૃત્તિરૂપ ધર્મમાં જ્યારે પરીક્ષાનો ગોટાળો થાય ત્યારે તે આચારાદિ વસ્તુ અનુકરણીય હોવાને લીધે સગાસંબંધી અને સંતતિના લોકોમાં ગોટાળો ચલાવે તેમાં નવાઈ શી ?

### વર્તમાનના અધ્યાત્મીઓ

કેટલીક વખત આચાર અને ધર્મને આચરનાર મનુષ્ય પોતાની કે બીજાની તરફથી થયેલા પરીક્ષાના ગોટાળાને અંગે મોક્ષના સાધન અને ધર્મથી વંચિત થાય છે, ત્યારે કેટલીક વખત કેટલાક લોકો દેવ, ગુરુ અને ધર્મની પરીક્ષા કરવામાં નિપુણ હોઇ સત્ય દેવ, ગુરુ, ધર્મને જાણી શકે છે, પણ કેટલાકો ક્રોધાદિકને લીધે કે કેટલાકો સંશયાદિકને લીધે માર્ગ ઉપર ટકી શકતા નથી અને તેથી તે મુખ્ય માર્ગને જ ઉથલાવવારૂપ મુખ્ય માર્ગને નામે કલ્પિત પ્રવૃત્તિઓ કરે છે. આ બધું વિચારવાથી સુજ્ઞ જનને સહેજે સમજાશે કે જગતમાં કોઇ એક મહાપુરુષે આત્માનું સ્વરૂપ સ્વયં જાણી, તેને અનેક પ્રકારે આરાધના કરી પ્રગટ કર્યું, અને તે સ્વરૂપ અને તે પ્રગટ કરવાનું સાધન જગતની આગળ જાહેર કર્યું, ત્યારથી જગતમાં દર્શનની પ્રવૃત્તિ થઇ અને તે દર્શન નિર્વિકાર હોઇ પરમ શુધ્ધ હતું, છતાં તેનાથી ભિન્ન ભિન્ન દર્શનાંતરો કેમ થયાં ? તથા તે શુધ્ધ દર્શનમાં પણ મતાંતરો કેમ ઉત્પન્ન થયાં ? અર્થાત્ તે દર્શનાંતરો અને મતાંતરોની ઉત્પત્તિમાં ઉપર જણાવ્યા પ્રમાણે ક્રોધાદિક અને સંશયાદિકોએ મુખ્ય ભાગ ભજવ્યો છે. જેવી રીતે અન્ય બાબતોમાં ક્રોધાદિક અને સંશયાદિક અસ્તવ્યસ્ત કરનારાં થાય છે, તેવી

રીતે આ તપસ્યારૂપ મહાગુણની બાબતમાં પણ તે તપસ્યા મોક્ષનું પ્રબળ સાધન ગણાવાથી તેમાં પણ તે તપસ્યા મુખ્યતાએ કષ્ટપ્રધાન હોવાથી તે કષ્ટથી ડરવાવાળાઓએ તે તપસ્યાને પણ સ્વરૂપથી બગાડી દેવા પ્રયત્ન કર્યો, અને તેના પરિણામમાં તે બગાડો કરવાનારાઓએ પોતાને અને પોતાને અનુસરનારાઓને ધર્મી તરીકે ખપાવવા સાથે ધર્મને જ ધક્કો મારવામાં પોતાનો પુરુષાર્થ ફોરવ્યો, અને તેવા વર્ગે વર્તમાન જમાનામાં પોતાને અધ્યાત્મી તરીકે જાહેર કર્યો. શાસ્ત્રદૃષ્ટિએ અને શબ્દાર્થ દૃષ્ટિએ વિચાર કરતાં કૈવલ્ય અને વીતરાગતા સ્વરૂપ આત્માની પ્રગટ દશા માટે જ્ઞાનાચારાદિ પાંચે આચારોમાં પ્રવૃત્તિ કરવી તેનું નામ અધ્યાત્મ એવું છે, છતાં તે વર્તમાનકાળના અધ્યાત્મવાદીઓએ જ્ઞાનાચારાદિ પાંચ આચારોથી દૂર રહી આત્માની દ્રવ્યગુણપર્યાયોની વાતોને નામે અધ્યાત્મજ્ઞાની શબ્દ જાહેર કર્યો છે. દુનિયામાં અધ્યાત્મજ્ઞાની તરીકે જાહેર થયેલા લોકોને નથી તો કરવાં ત્રિલોકનાથ તીર્થંકરની મૂર્તિના દર્શન, નથી તો કરવી ત્રિલોકનાથ તીર્થંકરની મૂર્તિની પંચોપચાર, અષ્ટોપચાર કે સર્વોપચારવાળી વિઘ્નોપશમિની, સર્વાર્થ સાધિની કે સર્વતોભદ્રા જેવી મહાપૂજાઓ, નથી કરવા સ્નાત્રાદિક મહોત્સવો, નથી પ્રવર્તાવવી ભગવાનની મૂર્તિની નિષ્પત્તિ, ભગવાન જિનેશ્વરના ભવ્ય જીવોને મહોદય કરનારાં ચૈત્યોની પ્રતિષ્ઠા કરવી નથી, ચૈત્ય કે તીર્થોના જીર્ણોધ્ધારો કે નવી સ્થાપના કરવી નથી, ભગવાન જિનેશ્વર દેવોના કલ્યાણકોથી પવિત્ર થએલી તીર્થભૂમિઓ ફરસવી નથી, તેની યાત્રા કરવી નથી, તે તીર્થોના યાત્રા માટે સંઘો કાઢવા નથી, તે સંઘની સાથે યાત્રામાં જવું નથી, તેવા સંઘોના ભક્તિ, સત્કાર કે સન્માન કરવાં નથી, યાવત્ તે અધ્યાત્મજ્ઞાની તરીકે જાહેર થયેલાની મતિ અને જિવ્હા તેવાં સત્કાર્યો કરનારાઓની પ્રશંસા કરવા પ્રવર્તતી નથી, ઉપધાન, ઉજમણાં, મહોત્સવ, સાધર્મિક વાત્સલ્ય કે ગુરુમહારાજના પ્રવેશ મહોત્સવાદિ શાસન ઉન્નતિ કરવા સાથે આત્મકલ્યાણને કરવાવાળાં કાર્યો તો તેઓને તીવ્ર અરૂચિને પેદા કરવાવાળાં હોઈ હાંસી કે ટીકાનું સ્થાન બને છે. વળી તેવા અધ્યાત્મવાદી તરીકેનું ડોળ કરનારાઓ સામાયિક, પૌષધ, પચ્ચકખાણ, વ્રત, નિયમ, જપ, તપ વિગેરે આત્મકલ્યાણને સાધનારાં અનુષ્ઠાનોથી પોતે દૂર રહેવામાં અને પોતાના ભક્તોને તેવા સામયિકાદિ કલ્યાણ કરનારમા અનુષ્ઠાનોથી દૂર રાખવામાં જ પોતાના અધ્યાત્મવાદની કસોટી ગણાય છે, એટલું જ નહિ પણ જે ભવ્યાત્માઓ જ્ઞાન, દર્શન અને ચારિત્રના આચારોમાં પ્રવૃત્તિ કરે છે, તેઓને તે જ્ઞાનાચારાદિના આચારોથી ખસેડવાનું જ તેઓનું સાધ્યબિંદુ હોય એમ જણાય છે.

## અનન્તી વખત પ્રાપ્તિનો ખુલાસો

કેટલાક જાહેર થયેલા અધ્યાત્મવાદીઓ બીજા ભવ્યાત્માઓને સદાચારથી દૂર કરવા માટે એમ ઘણી વખત ખુલ્લા શબ્દોથી જણાવે છે કે આ બધી જ્ઞાનાચારાદિકથી માંડીને ચારિત્રાચાર સુધીની ક્રિયા સંસારના દરેક જીવે અનંતી વખત કરેલી છે, અને તેવી ક્રિયાઓ કરતાં ઓઘા અને મુહપત્તિના તથા ચરવળા અને કટાસણાના મેરૂપર્વત કરતાં પણ મોટા મોટા ઢગલાઓ થયેલા છે, છતાં આત્માને સિદ્ધિની પ્રાપ્તિ થઈ નહિ. જો કે આ હકીકત શાસ્ત્રથી વિરૂદ્ધ નથી, કેમકે શાસ્ત્રોમાં દરેક જીવને અનંતી વખત દેશવિરતિ અને સર્વવિરતિની ક્રિયા પ્રાપ્ત થઈ છે એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવેલું છે, અને તે જ ક્રિયાના પ્રતાપે દરેક જીવ અનંત વખત નવગ્રૈવેયક સુધીના દેવલોકમાં જઈ આવેલાં

છે, પણ શાસ્ત્રોનું આ કથન દેશવિરતિ અને સર્વવિરતિના અનાદર કે અરૂચિને માટે નથી, પણ સમ્યક્શ્રધ્ધાનરૂપ સમ્યગ્દર્શનપૂર્વક દેશવિરતિ અને સર્વવિરતિના આદર માટે છે, પણ આ કહેવાતા અધ્યાત્મવાદીઓ તો તે તીર્થંકરોએ પ્રરૂપેલા અને ગણધરોએ ગૂંથેલા સૂત્રોના અર્થને યથાસ્થિતપણે જાહેર કરી, તે દ્વારાએ સમ્યગ્દર્શન પૂર્વકના સદાચારની વૃદ્ધિ ન કરતાં, તે સૂત્રના એક જ અનંતી વખત પ્રાપ્ત થયાના અંશને ભદ્રિક જીવોની આગળ વારંવાર જાહેર કરી, તે સમ્યગ્દર્શન પૂર્વકની દેશવિરતિ કે સર્વવિરતિ ક્રિયાનો નાશ કરાવવા જ પ્રયત્ન કરે છે. આ સ્થાને તે કહેવાતા અધ્યાત્મવાદીઓ કે તે ભદ્રિક જીવો અંશે પણ એમ વિચારતા, બોલતા કે જાહેર કરતા જણાતા નથી કે આ જીવે કેટલા ભવોમાં ન્યાયથી કે અન્યાયથી ધન, ધાન્યાદિક મેળવ્યાં, સ્ત્રી આદિ પરિવાર મેળવ્યો અને વધાર્યો, શરીરો પણ બાંધ્યાં અને સાચવ્યાં ? જો તે કહેવાતા અધ્યાત્મવાદીઓ અને તેના શ્રોતા ભદ્રિક જીવો મધ્યસ્થ દૃષ્ટિથી શાસ્ત્રાનુસારે જુએ તો તેઓને સ્પષ્ટ માલમ પડે કે તે દેશવિરતિ અને સર્વવિરતિની પ્રાપ્તિની અનંત સંખ્યા કરતાં આ ધનધાન્ય, સ્ત્રીપરિવાર અને શરીરસંબંધ અનંતપણાની સંખ્યા અનંતગુણી છે, તો તેઓએ વિચારવું જોઈએ કે આ અનંત કરતાં પણ અનંતગુણી વખત મળી ગયેલા છતાં આત્માને એકલા પાપના પોટલામાં રહીને સર્વથા છોડી દેવા પડેલા અને તે ધન, ધાન્ય, સ્ત્રીપરિવારના ઉપાર્જન, સંબંધ અને પાલન, રક્ષણ વિગેરેમાં મેળવેલા પાપના પોટલાના પ્રતાપે તે ધનધાન્યાદિ ચાલ્યા ગયા છતાં પણ દરેક જીવને નરક, નિગોદ વિગેરેમાં રખડવું પડયું, તો હવે બીજું કાંઈ ફળ ન મળે તેવું હોય તો પણ તે નરક અને નિગોદ વિગેરેમાં રખડાવનાર એવા ધનધાન્યાદિનો કે સ્ત્રીપરિવારનો સંબંધ ત્રિવિધ, ત્રિવિધે વોસરાવવો જ જોઈએ, પણ આવો વિચાર કે ઉચ્ચાર અધ્યાત્મજ્ઞાનના આડંબરીઓને કે તેના ભક્તોને હોતો હોય કે થતો હોય એમ જણાતું નથી, કેમકે જો તેઓને તેવો વિચાર આવતો હોય, કે તેઓનો તેવો ઉચ્ચાર થતો હોય તો તેના ભક્તો આત્મકલ્યાણ કે સદગતિ માટે નહિ તો પણ માત્ર નરક, નિગોદાદિના નિવારણ માટે પણ તે ધનધાન્ય અને સ્ત્રીપરિવારાદિનો ત્યાગ કરવા કટિબદ્ધ થાય. દરેક જીવે અનાદિ ભવચક્રમાં અનંતા અનંત ભવો કરેલા છે અને જ્યાં સુધી અક્ષય સુખમય અવ્યાબાધપદની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી નરકાદિક ચારે ગતિઓમાંથી કોઈપણ ગતિમાં દરેક જીવને જવાનું તો હોય જ છે. જો તે જીવ ધનધાન્યાદિકના સંગ્રહાદિ તરફ પ્રવર્તે તો નરક, નિગોદાદિ દુર્ગતિમાં જાય અને જો તે જીવ આત્મકલ્યાણની બુધ્ધિથી નહિ પણ માત્ર માન, પૂજા, દેવલોક કે રાજા, મહારાજાદિપણાને પ્રાપ્ત કરવાની ઈચ્છાએ જો દેશવિરતિ કે સર્વવિરતિની ક્રિયા કરે તો નવમા ગ્રૈવેયક સુધીના દેવોમાં દેવપણાની પ્રાપ્તિ કરે. આ વસ્તુ વિચારતાં સ્પષ્ટપણે માલમ પડશે કે જે ભોગોએ અનંતાઅનંતી વખત સદગતિ બંધ કરી દુર્ગતિ આપેલી છે, તેવા ભોગો તરફ દૃષ્ટિ કરવી તે પણ સમજુને છાજે એવી નથી, અને જે દેશવિરતિ અને સર્વવિરતિની ક્રિયાએ અનંત વખત દુર્ગતિનું નિવારણ કરીને સદગતિ પ્રાપ્ત કરાવી છે, તે ક્રિયાથી તો સમજુ મનુષ્ય એક ક્ષણવાર પણ દૂર રહે નહિ, પણ તે કહેવાતા અધ્યાત્મવાદીઓને તો જે ધનધાન્યાદિના સંબંધથી અનંતાઅનંતી વખત નુકશાન થયું છે તેની પ્રવૃત્તિ તો છોડવી નથી, અને જે ક્રિયાએ અનંતી વખત દેવલોકાદિરૂપ સારું

ફળ મેળવી આપ્યું છે, તે ક્રિયાને છોડવા, છોડાવવા તૈયાર થવું છે, અને તે પણ ક્રિયાનું છોડવું, છોડાવવું ત્રિલોકનાથ તીર્થંકરોના ઉપર સૂચવેલા વચનને અનુસારે જ્યારે કરવામાં આવે છે ત્યારે તો ઉન્માર્ગની કોઈ હદ જ રહેતી નથી.

**મોક્ષના આશયથી કલ્યાણ**

આ સ્થાને કોઈ મધ્યસ્થ દૃષ્ટિવાળો મનુષ્ય એવી શંકાને જન્મ આપે છે કે તે અનંત વખત ગ્રૈવેયક પ્રાપ્તિના સૂત્રોનો કહેવાતા અધ્યાત્મવાદીઓ દુરૂપયોગ કરે છે એમ માનીએ તો પણ એટલું વિચારવાની તો અવશ્ય જરૂર છે કે દરેક જીવને અનંતી વખત દેશવિરતિ અને સર્વવિરતિની ક્રિયા પ્રાપ્ત થઈ છે, છતાં અવ્યાબાધપદની પ્રાપ્તિ થઈ નથી, અને તેથી તે અવ્યાબાધપદની પ્રાપ્તિ માટે, તે વિરતિની ક્રિયાની જરૂર નથી એમ કેમ નહિ? અર્થાત્ જે ક્રિયાએ અનંતી વખત આ જીવમાં સ્થાન કરી અવ્યાબાધપદને મેળવી આપ્યું નથી, તે અવ્યાબાધપદની ઈચ્છાએ તે ક્રિયાઓ (દેશ કે સર્વથી વિરતિ રૂપ) કરવી તેમાં બુદ્ધિમત્તા કહેવાય કેમ ? આવી રીતે થતી શંકાના સમાધાનમાં સમજવાનું કે જેમ અનંતી વખત પ્રાપ્ત થયેલી ક્રિયાએ જીવને સિદ્ધિની પ્રાપ્તિ કરી નથી એમ સૂત્રો જેમ પ્રતિપાદન કરે છે, તેમજ એ પણ પ્રતિસ્થાને પ્રતિપાદન કરે છે કે અનાદિ કાળથી આ સંસારમાંથી જે અનંત જીવો મોક્ષ પ્રાપ્ત કરી શક્યા છે, તથા જે વર્તમાનમાં પ્રાપ્ત કરે છે, અને ભવિષ્યમાં જે જે જીવો મોક્ષને પ્રાપ્ત કરશે, તે સર્વ જીવો ચારિત્રના પ્રતાપે જ મોક્ષને પ્રાપ્ત કરી શક્યા છે, કરે છે અને કરશે. કેટલાક જીવો ભાવચારિત્ર પ્રાપ્ત કરી, ત્યાગરૂપ દ્રવ્યચારિત્રમાં પણ દાખલ થયેલા હોય છે, ત્યારે કેટલાક જીવો ભાવ-ચારિત્રવાળા હોઈ ત્યાગરૂપ દ્રવ્યચારિત્ર લેવામાં તલ્લીન હોય છે અને તેવા જીવો જ **મોક્ષપદને પ્રાપ્ત કરી શક્યા** છે, કરે છે અને **કરશે. કોઈપણ કાળે** કોઈપણ જીવ, **ધન**, ધાન્યાદિકનો પરિહાર કરવો **જોઈતો** નથી, અગર તે **પરિહાર જરૂરી નથી અથવા** ધનધાન્યાદિક**નો સંયોગ આત્માને** બાધાકારક **નથી** એવું જાણવા, **માનવા** કે પ્રરૂપવાળો હોઈને મોક્ષે ગયો નથી, **જતો નથી** કે જશે નહિ. આ હકીકત ધ્યાનમાં લેનારા મનુષ્યને ત્યાગ કે ક્રિયા અલ્પ ફળવાળી છે, નિષ્ફળ છે કે બિનજરૂરી છે એવું સ્વપ્ને પણ આવવાનો સંભવ નથી. જેવી રીતે બીડમાં અનેક વર્ષો સુધી ધોધમાર વરસેલો વરસાદ અનાજના એક દાણાને પણ ઉત્પન્ન કરતો નથી પણ તેટલા માત્રથી તે બીડની જમીન કે વરસાદ નિરૂપયોગી છે અને તેથી દાણાની ઈચ્છાવાળાએ જમીન અને વરસાદથી બેદરકાર રહેવું એમ કહી શકાય જ નહિ, કેમકે બીડમાં જે સરસ જમીન અને પુષ્કળ વરસાદ છતાં પણ જે ધાન્યનો ઉદ્ભવ થયો નથી, તે જમીન કે વરસાદ વરસવાના વાંકને લીધે નહિ, કિન્તુ તે જમીનમાં વાવેતર કરવામાં આવેલું ન હતું અને તેથી જ તે જમીન સરસ છતાં અને વરસાદ પણ પુષ્કળ છતાં પણ અનાજની ઉત્પત્તિ થઈ નહોતી. આ વાત ધ્યાનમાં રાખીને ખેડૂતવર્ગ કે જે તેવી વિશેષ અક્કલ ધરાવતો નથી તે પણ જમીન અને વરસાદરૂપ કારણનો અનાદર કરતો નથી, પણ તે જમીન અને વરસાદની અપેક્ષા રાખી બીજ વાવવાનો ઉદ્યમ કરે છે, તેવી રીતે જે જીવોને ત્યાગ અગર ક્રિયાનું આદરવું અનંતી વખત થયું, પણ મોક્ષ મળ્યો નહિ તે જીવોએ મોક્ષની પ્રાપ્તિ માટે જરૂરી એવું મોક્ષની ઈચ્છારૂપી બીજ વાવ્યું જ ન હતું, અને બીજ વાવ્યા વિના જેમ અનાજની ઉત્પત્તિ અસંભવિત જ છે, તેમ મોક્ષ પ્રાપ્તિની ઈચ્છારૂપ બીજ વિના મોક્ષ *પ્રાપ્તિ અસંભવિત જ છે, અને તેથી મોક્ષ પ્રાપ્તિની*

ઈચ્છારૂપ બીજ વિનાની ત્યાગક્રિયાઓ મોક્ષ ન આપે તેમાં આ આત્મારૂપ ક્ષેત્રનો કે ક્રિયારૂપ વરસાદનો કોઈપણ અંશે દોષ કહી શકાય નહિ. એ તો યાદ રાખવાની જરૂર છે કે મોક્ષપદનું સ્વરૂપ જાણી, તેની શ્રદ્ધા કરી, તેની સુંદરતા લક્ષ્યમાં લાવી, તે પ્રાપ્ત કરવાની ઈચ્છાએ જેઓ ત્યાગક્રિયા કે ચારિત્ર આદરે છે તેઓને તેવાં ચારિત્રો અનંતી વખત કરવાં પડતાં જ નથી. વળી બીજ નહિ વાવ્યાં છતાં પણ સરસ જમીનમાં સારા વરસાદના સંયોગે ધાન્યને જન્મ ન આપે તો પણ ઘાસને તો સારા પ્રમાણમાં જ જન્મ આપે છે, અને તેવી રીતે સારા પ્રમાણમાં ઘાસને પણ જન્મ આપનાર જમીન અને વરસાદને નિષ્ફળ ગણી શકીએ નહિ, તેવી રીતે મોક્ષપદની પ્રાપ્તિની ઈચ્છારૂપ બીજના વાવેતરના અભાવે મોક્ષને નહિ આપતાં પણ જે ચારિત્ર, ત્યાગ કે ક્રિયા અનંત વખત ગ્રૈવેયકને પ્રાપ્ત કરાવે છે, તે ચારિત્ર, ત્યાગ કે ક્રિયાને નિષ્ફળ ગણાવવા કે તેમ ગણાવી તેનો ત્યાગ કરાવવા કોઈપણ સમજુ મનુષ્ય તૈયાર થાય નહિ, એટલે કે અનંતી વખત કરેલી ક્રિયાથી મોક્ષ પ્રાપ્તિ નથી થઈ, તેમાં તે ક્રિયાનું અયોગ્યપણું નથી, પણ તે ક્રિયાની સાથે જોઈતું મોક્ષ ઈચ્છારૂપી કારણ નહોતું મળ્યું, તેથી જ મોક્ષની પ્રાપ્તિ થઈ નથી, માટે સુજ્ઞ જીવોએ તે ચારિત્ર, ત્યાગ કે ક્રિયાને પૂર્વકાળની માફક અત્યંત તીવ્ર લાગણીથી આદરમાં રાખી મોક્ષ પ્રાપ્તિની ઉત્કંઠા માટે વધવાની જરૂર છે, અને શાસ્ત્રકાર મહર્ષિઓ ફરમાવે છે કે મોક્ષની પ્રાપ્તિ કરવા માટે જ જે ચારિત્ર, ત્યાગ કે ક્રિયા દેશ કે સર્વથી કરવામાં આવે તે આઠ ભવની અંદર જરૂર મોક્ષ આપે છે. આજ વાત સમ્યગ્દર્શન, જ્ઞાન કે ચારિત્રની જઘન્ય આરાધનાથી પણ આઠમે ભવે મોક્ષ થાય છે એવું શ્રી ભગવતીજી આદિ શાસ્ત્રોનું કથન ખુલ્લી રીતે સાબીત કરે છે, અર્થાત્ એટલું નિશ્ચિત છે કે મોક્ષપદની પ્રાપ્તિ માટે કરાતી ચારિત્ર કે ત્યાગની ક્રિયા મોક્ષની પ્રાપ્તિ કર્યા સિવાય રહેતી જ નથી, માટે મોક્ષના અર્થી જીવોએ ચારિત્ર, ત્યાગ કે ક્રિયામાં સર્વદા પ્રવૃત રહેવું જ જોઈએ.

### લાંઘણ ક્રિયા કહેનારને જવાબ

ઉપર જણાવેલા વર્તમાનના અધ્યાત્મવાદીઓ જ્યારે ધનવ્યયથી સાધ્ય અને સામાન્ય દેહદમન માત્રથી બની શકે એવા દાન અને શીલ ધર્મથી અધ્યાત્મને નામે જ્યારે દૂર રહે છે અને ભદ્રિક જીવોને ભરમાવીને દૂર રાખે છે, ત્યારે અત્યંત કષ્ટસાધ્ય એવા તપથી તેઓ દૂર રહે અને રાખે તેમાં આશ્ચર્ય જ શું ? કેટલીક વખત તો તે અધ્યાત્મવાદીઓ તપરૂપી ધર્મ તરફની અરૂચિ જાહેર કરતાં તે તપને લાંઘણક્રિયા તરીકે કે અજ્ઞાનક્રિયા તરીકે જણાવતાં પણ ડરતા નથી. તે અધ્યાત્મવાદીઓને ખ્યાલમાં પણ નથી આવતું કે શ્રી જિનેશ્વર મહારાજના શાસ્ત્રના શ્રવણથી કે તે શ્રવણ કરવાવાળાઓના પરિચયથી આત્મકલ્યાણ કે સદ્દગતિને માટે અથવા સામાન્ય કલ્યાણદષ્ટિથી સૂત્રમાં કહેલી તપસ્યાને કરવી તેને જે લાંઘણક્રિયા કહે તે મનુષ્યને આગામી ભવોમાં એવું સજ્જડ અંતરાયકર્મ ઉદય આવે કે જેના પ્રતાપે તે બિચારો મોક્ષના માર્ગને શ્રવણ કરવા, આચરવા કે અનુમોદવા જેટલું પણ સદ્દભાગ્ય પ્રાપ્ત કરી શકે નહિ. દરેક વાચકોએ એ વાત તો જાણેલી હશે જ કે જે મનુષ્ય જે ગુણની ઉપર દ્વેષ, નિહ્નવ કે માત્સર્યાદિક કરે, તે જીવ તે ગુણને ભવાંતરે પણ પામી શકે નહિ, તો પછી ત્રિલોકનાથ તીર્થંકરોએ જે તપસ્યાનો ઉપદેશ મોક્ષને માટે જરૂરી તરીકે જણાવ્યો છે, અને ખુદ્ પોતે મોક્ષની સિદ્ધિ માટે તીવ્રતમ તપસ્યાનો આદર કરેલો છે, તેવી તપસ્યાને લાંઘણ તરીકે જણાવવી તે કેવળ તપસ્યાના જ

દ્વેષાદિ તરીકે નહિ, પણ ખુદ ત્રિલોકપૂજ્ય ભગવાન તીર્થંકરોના પણ દ્વેષાદિ તરીકે સમજવા. જો કે લાંઘણક્રિયા હોય તો પણ તે સર્વથા વર્જવા જેવી તો નથી જ, કેમકે જેને આત્મકલ્યાણની ભાવના નથી, સદગતિની અભિલાષા નથી, અને જિનેશ્વર મહારાજે મોક્ષ અને સદગતિની પ્રાપ્તિ માટે આ કહેલું છે, એવી ભાવના જેને ન હોય, અને ખાવા ઉપર જ જેનું મન આખી તપસ્યામાં ચોંટી રહ્યું હોય, ખાવાના સાધનોને ખોળતો હોય, ખાવાને માટે જ ફાંફાં મારતો હોય, તેવા મનુષ્યનું અભોજન તે જ લાંઘણક્રિયા કહેવાય. અર્થાત્ તપ કરવાની બુદ્ધિ કે ઈચ્છા વગર અને ખાવાની જ બુદ્ધિ અને ઈચ્છા છતાં ભોજનાદિ ન મળવાથી જે ભૂખ્યું રહેવું પડે તેનું નામ લાંઘણક્રિયા છે. તેવી પણ લાંઘણક્રિયા અકામનિર્જરાને તો જરૂર જ ઉત્પન્ન કરે છે. જો કે કોઈપણ તપસ્યા કરનારા તેવા જૈનદર્શનમાં તો હોતા નથી, પણ જૈનેતર દર્શનોમાં પણ તેવી રીતે લાંઘણક્રિયા થવાનો સંભવ છે, છતાં પણ તે જૈનેતર દર્શનોમાં પણ થતી લાંઘણક્રિયારૂપ તપસ્યા નિર્જરાને તો જરૂર જ કરે છે, અને તેથી જ આચાર્ય મહારાજ ઉમાસ્વાતિજી *વિગેરે અકામ નિર્જરા અને બાલ તપસ્યાને* દેવલોકના આયુષ્ય બાંધવાના સાધન તરીકે જણાવે છે. તે વર્તમાનના અધ્યાત્મવાદીઓએ ખ્યાલમાં રાખવું જોઈએ કે લાંઘણક્રિયા જેવી પણ તપસ્યા સાક્ષાત્ અકામ નિર્જરા કરાવનાર અને પરંપરાએ ધર્મપ્રાપ્તિના સંયોગો મેળવી, સકામ નિર્જરાના પ્રસંગોને મેળવી આપનાર થાય છે એમ શાસ્ત્રમાં જણાવેલા સ્કંદમુનિ શિવકુમાર વિગેરેના દૃષ્ટાંતોથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે. જો કે ભગવાન હરિભદ્રસૂરી મહારાજ તો પ્રત્યાખ્યાનને ઉદ્દેશીને એમ સ્પષ્ટ જણાવે છે કે આ જિનેશ્વર મહારાજે કહેલું છે એવી ભક્તિથી જે પચ્ચખ્ખાણ કરવામાં આવે તે પચ્ચખ્ખાણ કદાચ તૂટી પણ જાય તો પણ તે તૂટવાથી થયેલું દ્રવ્યપચ્ચખ્ખાણ ભવિષ્યમાં ભાવપચ્ચખ્ખાણને લાવી આપે છે, આ વસ્તુને વિચારનારો મનુષ્ય જૈનશાસનમાં કહેલા કોઈપણ તપધર્મને લાંઘણક્રિયા તરીકે જણાવી શકે નહિ. અર્થાત્ જૈનશાસ્ત્રમાં વર્ણવેલા વ્રત, નિયમ અને તપ વિગેરે કોઈ દિવસ પણ અકામ નિર્જરા કરવાવાળા છે એમ કહી શકાય જ નહિ. વર્તમાન યુગના અધ્યાત્મવાદીઓએ ધ્યાનમાં રાખવાનું છે કે જૈનશાસ્ત્રમાં કહેલી દરેક ક્રિયા મોક્ષને અનુસરવાવાળી હોઈ મહોદયને કરવાવાળી છે, અને અન્ય દર્શનની તપસ્યા પણ અકામ નિર્જરાદ્વારાએ સદ્ગતિ અર્પણ કરી ધર્મસામગ્રી પ્રાપ્ત કરાવવા દ્વારાએ સકામ નિર્જરામાં જોડનાર જ છે, છતાં તે તપસ્યાના પરિહારથી ચોવીસે કલાક જાનવરની માફક ભક્ષણક્રિયા કરવામાં પર્વ કે તિથિનો ખ્યાલ નહિ રાખતાં નિર્વિવેકપણે હંમેશાં વર્તવામાં ભક્ષ્ય, અભક્ષ્ય કે પેય, અપેયનો વિભાગ નહિ સમજતાં કે નહિ ધારતાં અવિરતિ મિથ્યાદૃષ્ટિપણામાં વર્તવામાં જ કોઈપણ પ્રકારે કલ્યાણનું બુંદ પણ હોય તેમ સમજવું નહિ. એવી રીતે ભોગ, ઉપભોગમાં સ્વચ્છંદપણે વર્તવાથી *અનંતાજીવોએ દુર્ગતિ જ મેળવી છે, ભોગ,* ઉપભોગના રસિક કોઈપણ જીવે સદ્ગતિ મેળવી નથી, મેળવતો નથી અને મેળવશે પણ નહિ. સૂક્ષ્મ એકેંદ્રિયપણાથી આ જીવનું જે આગળ વધવું થયેલું છે તે અકામ નિર્જરાના પ્રતાપે જ છે. જો અકામ નિર્જરા ન થઈ હોય તો કોઈ પણ જીવ સૂક્ષ્મ એકેંદ્રિયપણામાંથી બહાર આવત જ નહિ, યાવત્ અસંજ્ઞી પંચેદ્રિયપણામાંથી આગળ સંજ્ઞી પંચેદ્રિયપણામાં આવવાનો તો સંભવ જ રહેત નહિ અર્થાત્ જૈન શાસનમાં કહેલાં અનુષ્ઠાનો આત્મકલ્યાણને કરનારાં છે, અકામ નિર્જરા પણ સદ્ગતિ આપવા દ્વારાએ આત્મકલ્યાણની સિધ્ધિ કરનાર છે, પણ ત્યાગના તિરસ્કારપૂર્વક

ભોગોપભોગની રસિકતા એ કોઇ પણ જીવને કોઇ પણ કાળે ફાયદો કરનારી થઇ નથી, થતી નથી અને થશે પણ નહિ, માટે મોક્ષનું પ્રબળ સાધન અને આત્મકલ્યાણનો હેતુ એવી તપસ્યાને લાંઘણક્રિયાના નામે નહિ ઉડાવતાં તેમાં પ્રવૃત્તિ કરવી અને કરાવવી એ જ હિતકર છે.

## તપ એ અજ્ઞાન ક્રિયા કેમ કહેવાય ?

વળી, કેટલાક વર્તમાન અધ્યાત્મવાદીઓ મોક્ષના પ્રબળ સાધન તરીકે અને સર્વ સંપત્તિમય અવસ્થાના મૂળ હેતુ તરીકે શાસ્ત્રકારોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવેલી તપસ્યાને અજ્ઞાનક્રિયા તરીકે ઓળખાવી પોતે સંયમ જેવા ઉપકારક એવા તપરૂપી મોક્ષમાર્ગથી ચ્યુત થઇ એટલા માત્રથી ન સંતોષ પામતાં અન્ય ભદ્રિક જીવોને પણ તે તપસ્યાને અજ્ઞાનક્રિયા તરીકે જણાવી ચ્યુત કરે છે. પ્રથમ તો તે અધ્યાત્મવાદીઓએ એ વિચારવાની જરૂર છે કે અન્ય આત્મા સંબંધી તેઓને એવું કયું જ્ઞાન થયું કે જેથી તે તપસ્યાને આદરનાર મહાનુભાવો ભવચક્રમાં ભ્રમણ કરાવનાર એવા કર્મકટકના પંજરને તોડવા માગતા નથી કે માનતા નથી, કેમકે શાસ્ત્રકારો તો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે સંસારચક્રમાં પરિભ્રમણ કરાવનાર બીજું કોઇ નથી પણ કર્મ જ છે, અને તે કર્મનો ક્ષય કરવા માટે શાસ્ત્રમાં કહેલી જે કોઇ પ્રવૃત્તિ થાય તેને જ્ઞાનયુક્ત ક્રિયા ગણવી. અન્ય આત્માઓ કર્મક્ષયને માટે તપસ્યા નથી કરતા, અને તેથી તે અજ્ઞાન ક્રિયા જ છે એમ કહેવાની તાકાત તેઓ જ સત્યરીતિએ ધારણ કરી શકે કે જેઓ અન્ય આત્મામાં રહેલા પરિણામને એટલે અન્ય જીવોની ચિત્તવૃત્તિને જ્ઞાનથી જાણી શકતા હોય, અને તેવો બીજાની ચિત્તવૃત્તિના જ્ઞાનને જાણવાનો સંભવ તો કાંઇક અંશે પણ તપને આદરનારા જીવોમાં જ હોય. શ્રી નંદીસૂત્રકાર દેવવાચકગણિ ક્ષમાશ્રમણજી પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે અને સૂચવે છે કે અવધિ આદિ જ્ઞાનો કે જે પરચિત્તની વૃત્તિને જણાવનારાં છે, તે દેશ કે સર્વથી વિરતિરૂપ ચારિત્રને પ્રાપ્ત કરનારા હોવા સાથે તપસ્યારૂપ ગુણમાં દિનપ્રતિદિન કટિબદ્ધ થનારા હોય. કોઇ પણ સૂત્ર, શાસ્ત્ર કે ગ્રંથમાં એવું એક વાક્ય નથી કે જેનો અર્થ કે ભાવાર્થ એવો થાય કે તપસ્યાને લાંઘણક્રિયા કહીને કે અજ્ઞાન ક્રિયા જણાવીને તપરૂપી પ્રકૃષ્ટગુણ તરફ અરૂચિ ધારનારો તથા અન્ય ભદ્રિક જીવોને ભરમાવીને તેવી અરૂચિ ધરાવનારો થઇ ખાનપાન, ગાનતાનમાં મસ્ત થઇ વિષયકષાયના વમળમાં વહેલો જીવ અવધિ આદિ જ્ઞાનોને પામી શકતો હોય, અને જ્યારે તેવા વર્તમાન અધ્યાત્મવાદીઓને અન્ય તપસ્યા કરનાર મુમુક્ષુ જીવોના પરિણામને જાણવાનું જ્ઞાન છે નહિ અને તે હોવાનો દાવો કરી શકે તેમ નથી તો પછી મુમુક્ષુ જીવોના તપરૂપી પ્રકૃષ્ટગુણને કે સામાન્ય તપને તેઓ અજ્ઞાનક્રિયા તરીકે જણાવે તે મોક્ષાર્થી જીવોએ કાને પણ ધરવું લાયક નથી. વર્તમાન અધ્યાત્મવાદીઓની અપેક્ષાએ ત્રિલોકનાથ ઋષભદેવાદિક ચોવીસે તીર્થંકરો, સર્વલબ્ધિ સંપન્ન શ્રી ગૌતમ આદિ ગણધરો, અનુપમ બાહુબળથી ચક્રવર્તીને ચકિત્ત કરનારા શ્રી બાહુબળજી આદિ મહામુનિઓ, ચક્રવર્તીની ઋદ્ધિને પણ પાપના પોટલા તરીકે ગણી તેનો પરિહાર કરવાને પ્રવજ્યા લેવા ઉત્સુક થયેલી સુંદરી આદિ મહાસતીઓ અન્ય ધર્મમાં જન્મ લીધા છતાં તે જ અન્ય ધર્મના સંસ્કારથી અન્ય ધર્મની પરિવ્રાજકપણાની દીક્ષા અંગીકાર કરી, છતાં ત્રિલોકપૂજ્ય શ્રમણ ભગવાન મહાવીર મહારાજની છત્રછાયા તળે જેઓએ શ્રમણ નિર્ગ્રંથોની પ્રવજ્યા અંગીકાર કરી એવા સ્કંધક આદિ મહર્ષિઓ, લાખ વર્ષ જેવી લાંબી મુદત સુધી અખંડિતપણે માસખમણ માસખમણની તપસ્યા કરનાર નંદનકુમારાદિ ભાવિ તીર્થંકર

થનારા જીવો વિગેરેએ આ તપરૂપી મહાગુણની આરાધના કેટલી બધી કરી છે કે જે જૈનના એક બચ્ચાથી પણ અજાણી નથી, તો એ બધા પરમપૂજ્ય મહાત્માઓને આ વર્તમાન અધ્યાત્મવાદીઓ અજ્ઞાન ક્રિયાવાળા કહેતાં શરમાતા નથી, એ ખરેખર ભયંકર છે.

### જ્ઞાનીને તપની જરૂર

વળી, કેટલાકો તપસ્યાને અજ્ઞાન ક્રિયા તરીકે નહિ કહેતાં જ્ઞાની પુરુષોને તપની જરૂર નથી એમ જણાવી ભવ્ય જીવોથી કરાતા તપમાં અંતરાય કરવાને તૈયાર થાય છે, પણ તે કેટલાક વર્તમાન અધ્યાત્મવાદીઓ કે તેના અંધભક્ત શ્રોતાઓ એટલું પણ વિચારતા નથી કે પ્રતિવર્ષ બહુલતાએ સર્વક્ષેત્રમાં વંચાતા શ્રીકલ્પસૂત્રમાં ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન મહાવીર મહારાજની ઘોરાતિઘોર છ છ માસના ચૌવિહાર ઉપવાસ સુધીની તપસ્યા બાળકો અને બાઈડીઓ પણ સાંભળવાથી જાણી શકી છે, તો તેવી સાડાબાર વર્ષ સુધી અનેક પ્રકારના પરિષહ, ઉપસર્ગ સહન કરવા સાથેની શ્રમણ ભગવાન્ મહારાજની ઘોરાતઘોર તપસ્યા શું તે ત્રિલોકનાથ તીર્થંકરની જ્ઞાની દશામાં ખામી જણાવનાર છે ? વાસ્તવિક રીતિએ તપાસીએ તો જેઓ આત્મા અને કર્મના સંજોગને જાણનાર હોઈ સાચા જ્ઞાની તરીકે થયા હોય, તેઓએ તો ભવારણ્યમાં ભમાડવાની ક્રિયામાં કુટિલતા કરનાર કર્મના પંજાને તોડવા માટે તપસ્યા આદરવાની પ્રથમ નંબરે જરૂર છે. યાદ રાખવું કે ત્રિલોકનાથ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર પહેલા ભવથી જ સમ્યગ્દર્શનને સાથે લઈને જ આવેલા હતા. અત્યંત શુદ્ધ અને મહાન્ એવા મતિ, શ્રુત અને અવધિ એવા નામના ત્રણ નહિ પડવાવાળા એટલે અપ્રતિપાતિ જ્ઞાનોને તેઓ ધારણ કરવાવાળા હતા. એવી રીતે જે તપસ્યાને પૂર્વ ભવથી સમ્યગ્દર્શન લાવવાવાળા અને અપ્રતિપાતિ ત્રણ જ્ઞાનને ધરાવનારા ત્રિલોકનાથ તીર્થંકરે તે સિવાય મોક્ષ પ્રાપ્તિ નહિ થવાને લીધે મોક્ષ પ્રાપ્તિ માટે જ આદરી તેવી તપસ્યાને જ્ઞાનીઓનું કર્તવ્ય નથી એવી રીતે જણાવનારા કેટલું બધું બેહુદું જુઠું બોલી ભદ્રિક જીવોને ભરમાવે છે તે વાચકો સ્પષ્ટપણે સમજી શકશે. વળી એક વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે જે વખતે તીર્થંકર મહારાજાઓ તપસ્યાનો આદર કરે છે, તે વખતે તે મહાપુરુષોને મતિ આદિ ત્રણ જ્ઞાનોની સાથે ચોથું વિપુલમતિ નામનું અપ્રતિપાતિ મનઃપર્યવ નામનું જ્ઞાન થાય છે, અને તેવા શુદ્ધતમ ચાર જ્ઞાનને ધારણ કરનારા છતાં પણ તે તીર્થંકર દેવો, તપસ્યા એ મોક્ષનું સાધન હોવાથી તેને આદરવા કટિબદ્ધ થાય છે. વળી એ પણ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો જેમ જન્મથી સમ્યગ્દર્શનવાળા, ત્રણ જ્ઞાનવાળા અને દીક્ષાકાળથી ચાર જ્ઞાનવાળા હોવા સાથે તે જ ભવમાં મોક્ષે જવાની દશાવાળા હતા, તો હવે જેઓને તે જ ભવે મોક્ષે જવાનો નિશ્ચય છે, અને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની અત્યંત શુદ્ધ દશામાં આરૂઢ થયેલા હોવા સાથે દેવેન્દ્રો અને નરેન્દ્રોથી પૂજિત ચરણકમળોવાળા છે, તેઓને પણ જ્યારે મોક્ષ પ્રાપ્તિને માટે અને કર્મક્ષયને માટે તપસ્યાનો આદર કરવાની જરૂર પડી છે તો પછી અન્ય સામાન્ય દશામાં રહેલા સામાન્ય જીવોને તે તપસ્યાનો આદર કરવો અત્યંત જરૂરી જ છે.

### આહારના સંકલ્પ માત્રથી તપને ત્યજવું યોગ્ય નથી

જેવી રીતે કેટલાક વર્તમાનકાળના અધ્યાત્મવાદીઓ તપસ્યારૂપી ગુણને લાંઘણ અને અજ્ઞાનક્રિયાના નામે હલકી ચીતરી તેનાથી પોતે દૂર રહે છે અને ભવ્ય જીવોને દૂર રાખે છે, તેવી

રીતે કેટલાકો તો તે તપસ્યાને લાંઘણ કે અજ્ઞાનક્રિયાને નામે હલકી નહિ જ ચીતરતાં તપસ્યા કરનારની દશાને આગળ કરી તપસ્યાને છોડાવવા પ્રયત્ન કરે છે. સામાન્ય રીતે તપસ્યામાં સંપૂર્ણ રીતે નહિ ટેવાયેલો મનુષ્ય જ્યારે જ્યારે તપસ્યા કરે છે ત્યારે શરૂઆતમાં તે તે તપસ્યા તેને આકરી પડે તે સ્વાભાવિક છે, અને શરૂઆતમાં તે આકરી પડવાને લીધે કદાચિત તે તપસ્યા કરનારના પરિણામ ભોજનની ઈચ્છા તરફ જાય તો તે વાતને આગળ કરી તે અધ્યાત્મવાદીઓ તે ભોજનની કથંચિત થયેલી ઈચ્છાને આર્તધ્યાનરૂપી મોટું રૂપ આપી, તે તપસ્યા છોડાવવા પ્રયત્ન કરે છે, પણ તે કૂટ અધ્યાત્મવાદીઓએ એટલું પણ જાણ્યું કે વિચાર્યું નથી કે કોઈપણ શાસ્ત્રકારે અનશનાદિ તપસ્યાનો ત્રિવિધ ત્રિવિધ આદર કહેલો જ નથી, જો તે અનશનાદિ તપસ્યાનો ત્રિવિધ ત્રિવિધ આદર હોય તો પણ જેમ સામાયિકમાં મનનું દુષ્પ્રણિધાન થાય અને થવાનો સંભવ હોય તો પણ દ્વિવિધ, ત્રિવિધના ભાગે એટલે મન, વચન, કાયાથી કરવું નહિ, કરાવવું નહિ, એવી રીતે કરાતું સામાયિક પણ કરવા લાયક જ છે, અને તે મનના દુષ્પ્રણિધાન માત્રથી સામાયિક નહિ કરવાનું કહેવાવાળાને સ્પષ્ટ શબ્દોથી શાસ્ત્રકારોએ સન્માર્ગને અંગે ઈર્ષ્યાખોરો જણાવેલા છે, તો પછી માત્ર એકવિધ, એક વિધના ભાંગે એટલે કાયાથી જ ભોજન ન કરવું, એટલા માત્ર ભાંગાથી લીધેલી અનશનાદિની તપસ્યાને જેઓ કદાચિત કથંચિત થતી ભોજનાદિકની ઈચ્છાને મોટું રૂપ આપી આર્તધ્યાન ગણાવી જેઓ છોડાવે તેઓની બુદ્ધિ બહેર મારી ગયેલી છે એમ ન કહેવું તો બીજું શું કહેવું ? વાચકોએ ધ્યાનમાં લેવું કે આવશ્યક નિર્યુક્તિકાર શ્રુતકેવળી ભગવાન ભદ્રબાહુસ્વામીજીએ સ્પષ્ટ શબ્દોમાં આ આહારાદિક તપસ્યાના પચ્ચખ્ખાણનો એક વિધ, એક વિધનો જ સંભવ છે એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે, અને તેથી જ ત્યાં જણાવ્યું છે અને સર્વ કાળમાં આચરાયું છે, કે તપસ્યાવાળો મનુષ્ય અન્યને આહારાદિકના સ્થાનો બતાવે કે આહારાદિક લાવી આપે તો તેને અંશે પણ દૂષણ નથી ગણાવ્યું એટલું જ નહિ પણ તે આહારાદિકના સ્થાન બતાવવા અને લાવી આપવાને વૈયાવચ્ચ નામે મોટો અપ્રતિપાતિ ગુણ બતાવેલો છે, એટલે કે અનશનાદિ આહારનો જો કાયા માત્રથી જ ત્યાગ ન હોત, અને દ્વિવિધ, ત્રિવિધ કે ત્રિવિધ, ત્રિવિધના ભાંગે જો ત્યાગ હોત તો તે આહારાદિનું સ્થાન બતાવવાને તથા આહારાદિ દાનને તપસ્યાના વ્યાઘાતરૂપે જણાવી અવગુણરૂપે જણાવત, પણ વૈયાવચ્ચ નામના અપ્રતિપાતિ મહાગુણરૂપે જણાવી, આદરવા લાયક તરીકે જણાવત જ નહિ. વળી કેટલાકો એમ જણાવે છે કે જ્યારે મનથી આહારાદિકની કાંઈપણ અભિલાષા રહે કે થાય તો તે મન દ્વારાએ કર્મબંધનું મોટું દ્વાર ખુલ્લું રહેવાથી માત્ર કાયાદ્વારાએ આહારાદિ ન કરવા રૂપ પચ્ચખ્ખાણ રાખવું તેમાં ગુણ શો ? આવું બોલવાવાળાએ પ્રથમ સમજવું જોઈએ કે પ્રથમ તો પચ્ચખ્ખાણ માત્ર કાયાથી આહાર ત્યાગનું જ છે, અને તેથી તે પચ્ચખ્ખાણમાં મનની મહત્તા અને કાયાની અલ્પતા વિચારવી અસ્થાને જ છે. વળી સૂત્રકારોએ પચ્ચખ્ખાણ લેવાના ઓગણપચાસ ભાંગા કરણ અને યોગની અપેક્ષાએ જણાવેલા હોઈ, એકવિધ સિવાયના એટલે કાયાએ ન કરવું એ ભાંગા સિવાયના ભાંગાઓ ન આવે અને તે એક વિધ, એકવિધ જ ભાંગો આવે, તો પણ તેમાં શાસ્ત્રકારોએ સંવર માનેલો છે. જો કે આ સંવર શાસ્ત્રકારોએ પ્રાણાતિપાતાદિક આશ્રવોને ઉદ્દેશીને જ કહેલો છે. પચ્ચખ્ખાણ એટલે તપસ્યાને ઉદ્દેશીને તો માત્ર શાસ્ત્રકારોએ કાયાથી આહારાદિ ન કરવાં એટલા માત્ર રૂપ જ ભાંગો ગ્રહણ કરવા યોગ્ય

ગણ્યો છે તેથી જે પ્રાણાતિપાતાદિ પાપોમાં ત્રિવિધ, ત્રિવિધ વિગેરે ઓગણપચાસ ભાંગાએ પચ્ચખ્ખાણ લેવાનું વિધાન જણાવ્યું છે, તેમાં પણ મન, વચનથી કરવું, કરાવવું અને અનુમોદવું તથા કાયાથી કરાવવું અને અનુમોદવું છૂટું હોય અને તેની પ્રવૃત્તિ થતી પણ હોય તો પણ માત્ર કાયાથી પ્રાણાતિપાતાદિ ન કરવાના પચ્ચખ્ખાણ કરવાં એટલા માત્રને ગુણ, સંવર તથા પચ્ચખ્ખાણ તરીકે જણાવી શાસ્ત્રકારોએ જીવોને તે કર્તવ્ય તરીકે જણાવેલું છે, તો પછી જે તપસ્યામાં માત્ર કાયાથી આહારાદિના ત્યાગ કરવાનું જ વિધાન છે, તેવા પચ્ચખ્ખાણ કે તપસ્યાને મનના મોકળાપણાના નામે દૂર કરાવે તેની અજ્ઞાનતાની હદ કઇ ? વળી તે વર્તમાનના અધ્યાત્મવાદીઓ એટલું વિચારતા નથી કે તપસ્યાનો આદર કરવાવાળો મનુષ્ય તપસ્યાનો આદર કરતી વખતે કોઈપણ દિવસ આહારાદિ ખાવાની ઇચ્છાવાળો હોતો નથી અને તે તપસ્યાનો સ્વીકાર કર્યા પછી પણ કાંઇ બીજાની પરાધીનતાને લીધે કે એવા કોઈ કારણથી આહારાદિ નથી ખાતો એમ કાંઈ નહિ, પણ માત્ર પોતાના પચ્ચખ્ખાણ કે તપસ્યાના રક્ષણને માટે જ તે આહારાદિનો ઉપયોગ કરતો નથી, એટલે કે જેટલી વખત તે પચ્ચખ્ખાણ કરનારને કોઇ કર્મઉદયે કથંચિત ભોજનાદિકના ઇચ્છા પણ થાય તો તે સર્વ વખતે પોતાના પચ્ચખ્ખાણ ઉપર રક્ષણની બુદ્ધિવાળો હોવાથી ધર્મના લક્ષણની અધિકતા છે જ એ આ અધ્યાત્મવાદીઓને ન સૂઝે તેમાં કોનો વાંક કહેવાય? વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે પૌષધાદિ ક્રિયા કે જે દ્વિવિધ, ત્રિવિધ ભાંગે એટલે કે મન, વચન, કાયાથી કરવું નહિ, કરાવવું નહિ એવા રૂપે કરવામાં આવે છે તેમાં પણ પારણાદિકની ચિંતા કરવી તે માત્ર અતિચાર તરીકે ગણાય છે, પણ અનાચાર તરીકે ગણાતી નથી, એટલે કે તેવા પચ્ચખ્ખાણમાં પણ તે આહારાદિની ચિંતારૂપી અતિચાર ટાળવા માટે આહારાદિ કરવારૂપ અનાચાર કે તેવું થાય તો ન કરવા જોઇએ. એવી રીતે વિપરીત શ્રદ્ધા કે પ્રરૂપણા સન્માર્ગગામીને તો સ્વપ્ને પણ હોય નહિ. જો કે આહારાદિની ચિંતા એ પૌષધાદિમાં અતિચાર છે, અને તે અતિચાર પણ ટાળવાની અવશ્ય જરૂર છે, તો પણ તે અતિચારને આગળ કરીને વ્રત સર્વથા ન કરવું કે અનાચાર કરવો એવું ધારવું તો સદગતિગામીનું થાય જ નહિ. ધ્યાન રાખવાની જરૂર છે કે મહાવ્રતધારી કે શિક્ષાવ્રતધારીઓને અંગે પણ શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે, અતિચાર અનુષ્ઠાનથી પણ નિરતિચાર અનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે, એટલે કે સાધુપણું અને સામાયિકાદિ શિક્ષાવ્રતો પણ અતિચાર લાગવાથી કે અતિચારના સંભવથી છોડવા લાયક નથી પણ આદરવા લાયક જ છે, અને કેવળ તેના અતિચારો છોડવા માટે જ પ્રયત્ન કરવાની જરૂર છે તો પછી આ ઉત્તરગુણરૂપ પચ્ચખ્ખાણ જે તપસ્યા તેને અંગે અતિચારતા નામે મૂળ વસ્તુ છોડવી કે છોડાવવી તે બુદ્ધિમાનોને યોગ્ય હોય જ નહિ. વળી એ પણ સમજવાની જરૂર છે કે જિનકલ્પી સિવાયના મુનિઓ કે શ્રાવકોને માત્ર મનથી લાગેલા વ્રતોના અતિચારોમાં પણ માત્ર મિચ્છામિ દુક્કડંનું પ્રાયશ્ચિત છે, જ્યારે કાયાથી થયેલા વ્રતોના અતિચારમાં એકસોએંસી ઉપવાસ યાવત્ છ મહિનાના ઉપવાસ સુધીનું પ્રાયશ્ચિત છે, તો કયો અક્કલમંદ અને શ્રધ્ધાળુ મનુષ્ય તે મિચ્છામિ દુક્કડં માત્ર પ્રાયશ્ચિતના ડરે એકસો એંસી ઉપવાસ જેવા પ્રાયશ્ચિતમાં પ્રવૃત્તિ કરે ? અને જે મનુષ્યને આટલું બધું સ્પષ્ટપણે જણાતું ગુરુલાઘવ પણ ધ્યાનમાં ન આવે અને લઘુદોષના પરિહારને નામે તેને ન છોડતાં ગુરુદોષને અંગીકાર કરે તેવાને રૂંવાડે પણ ધર્મનું જ્ઞાન છે કે શ્રદ્ધા છે એમ કહી શકાય ? અને તેવાને ભૌતભક્તો દાખલો કેમ ન

લાગુ થાય એ ખરેખર વિચારવા જેવું છે. વળી તપસ્યા કરવાવાળાને તો કદાચિત અને કથંચિત જ અભાવિત દશામાં આહારની ઇચ્છા થાય છે, અને તે પણ મિચ્છામિ દુક્કડં પ્રાયશ્ચિતથી શોધે છે, પણ જેઓ આહારાદિમાં આસકત થાય, ભક્ષ્ય, અભક્ષ્ય અને પેય, અપેયનો વિવેક ભૂલી ગયા, પર્વ અને તિથિનું ભાન પણ ન રાખ્યું અને જાનવરની માફક ચોવીસે કલાક ચાલ્યા કરવામાં મસ્તાન બન્યા, તેઓની શુદ્ધિ તો દૂર રહી પણ તેઓની અધમતમ દશાનું યથાસ્થિત વર્ણન તો કેવળજ્ઞાની મહારાજ પણ કરી શકે નહિ.

## કર્મોની અનાદિ સ્થિતિ ને સિદ્ધિની અનાદિતા

જૈનદર્શનને જાણનાર કોઇપણ વ્યક્તિ એટલું તો જાણે અને માને જ છે કે દરેક સંસારી આત્માઓ અનાદિકાલથી જ્ઞાનાવરણીયાદિ આઠે પ્રકારના કર્મથી બંધાયેલા છે. કર્મના બંધન સિવાયની સ્થિતિ કોઇપણ આત્માની હોય તો તે માત્ર સિદ્ધ આત્માની જ છે, અને તે સિદ્ધ આત્માની બંધનરહિત સ્થિતિ પણ સર્વકાળમાં વર્તતી હોય એવી તો નથી જ, કારણ કે સિદ્ધ ભગવાનની સંખ્યા અનંતની રાશિએ ગણાવાવાળી તથા અનાદિ કાલની છતાં પણ તે સિદ્ધો પ્રથમ જ્ઞાનાવરણીયાદિ આઠે પ્રકારના કર્મથી બંધાયેલા જ હતા, અને સમ્યગ્દર્શનાદિ ગુણોને ઉત્પન્ન કરી તીવ્રતમ તપસ્યારૂપી અગ્નિથી કર્મરૂપી મલને સર્વથા બાળી નાખ્યો, ત્યારે જ તેઓ સિદ્ધદશાને પામેલા છે, એમ નહિ કહેવું કે પ્રાપ્ત કરવાનું માનવું અને અનાદિપણું માનવું તે બે પરસ્પર વિરૂદ્ધ હોવાથી ઘટી શકે નહિ, કારણ કે કાલના અનાદિપણાને લીધે જ પ્રવાહની અપેક્ષાએ અનાદિપણું છે. કર્મ વ્યક્તિની અપેક્ષાએ તો કર્મનું બંધન વધારે ને વધારે સિત્તેર કોડાકોડ સાગરોપમ જેટલું હોઈ શકે છે, કેમકે તેનાથી અધિક કોઇપણ કર્મની સ્થિતિ છે જ નહિ. જો કે તે કર્મવેદના કાળમાં પણ નવા નવા કર્મોનું બંધન નવી નવી સ્થિતિવાળું થાય, અને તે જુદું જુદું ભોગવવું પડે એમાં નવાઇ નથી, અને તેથી જ વ્યક્તિની અપેક્ષાએ કર્મ સાદિસાંત છતાં પ્રવાહની અપેક્ષાએ અનાદિ કહી શકાય છે. જેમ એક દિવસ કે એક રાત્રિની શરૂઆત પણ છે અને સમાપ્તિ પણ છે, પણ છતાં સમગ્ર રાત્રિદિવસની અપેક્ષાએ દિવસ કે રાત્રિની શરૂઆત કહી શકીએ નહિ અને હોય પણ નહિ કેમ કે દિવસ અને રાત્રિ સિવાયનો તેનાથી સર્વથા ભિન્ન એવો ત્રીજો કોઇ કાળ જ નથી, અથવા તો જેમ વર્તમાન સમયની સાદિસાંતપણાની સ્થિતિ છે, છતાં તે જ વર્તમાન સમયને વર્તવાથી જ બનેલા અતીતકાળના સમયોની સાદિ સ્થિતિ નથી, પણ અનાદિ સ્થિતિ છે. આ ઉપરથી એટલું જ સમજવાનું કે સિધ્ધ ભગવાનોમાંથી પણ કોઇપણ સિદ્ધ ભગવાનની વ્યક્તિ સમ્યગ્દર્શનાદિને પ્રાપ્ત કરી, તપસ્યાની કઠોર કરવાલથી કર્મકટકનું કાસળ કાઢયા સિવાય સિધ્ધપણું મેળવી શકી નથી. અર્થાત્ સિદ્ધ ભગવાને પણ જે સિદ્ધપણું મળ્યું છે તે તપસ્યારૂપી કલ્પવૃક્ષનો જ અનુપમ મહિમા છે. કોઇપણ સિદ્ધ ભગવાન તપસ્યારૂપી કલ્પવૃક્ષની છાયાનું સેવન કર્યા સિવાય સિદ્ધપણું મેળવી શકયા જ નથી. સિદ્ધ એવો શબ્દ જ કહી આપે છે કે તેઓએ અમુક કાળે જ સિદ્ધપણું મેળવ્યું છે, અને તે સિધ્ધપણું મેળવવાના પહેલાં સિદ્ધપણા સિવાયના એટલે બંધનસહિતપણાના અનુભવમાં જ હતા, અને જો સર્વ સિદ્ધ મહારાજાઓ કર્મથી પહેલાં બંધાયેલા જ હતા તો પછી તે જ્ઞાનાવરણીયાદિ આઠે કર્મોને તોડવા માટે તપસ્યારૂપી કરવાલને કરકુશેશયમાં લેવી જ પડી હતી એમ શાસ્ત્રથી અને યુક્તિથી માનવું જ પડશે.

## નિર્જરા માટે તપની જ કર્તવ્યતા

એમ જાણવાથી તથા માનવાથી સ્પષ્ટ જાણવું અને માનવું પડશે કે આ આત્માના જ્ઞાનાદિક

ગુણોને આવરીને લુપ્ત કરનાર જ્ઞાનાવરણીયાદિ કર્મોનો નાશ કરનાર કોઈપણ હોય તો તે માત્ર તપસ્યારૂપી મહાગુણ જ છે. જો કે દરેક આત્મા દરેક ક્ષણે જ્ઞાનાવરણીયાદિ આઠે કર્મો ભોગવતો હોવાથી દરેક સમયે આઠે કર્મનો નાશ એટલે નિર્જરા કરે જ છે, કેમકે જે જે કર્મ ભોગવવામાં આવે તે તે કર્મ આત્માથી જુદું પડે છે એટલે ક્ષય પામે જ છે, પણ તેવી રીતે દરેક ક્ષણે ભોગવવાથી થતો જ્ઞાનાવરણીયાદિનો ક્ષય આત્માને કંઈ પણ ગુણ ઉત્પન્ન કરતો નથી, કારણ કે ભોગવવાથી ક્ષય કરાતાં કર્મો કરતાં પણ તે વખતે બંધાતા કર્મો તે ભોગવાયેલાં કર્મો કરતાં ઓછાં હોતાં નથી, અને તેથી જ સંસારમાં રહેલા દરેક જાતિના અને ગતિના જીવો અનાદિકાલથી દરેક સમયે આઠે કર્મનો ભોગવટો કરી નિર્જરા કરવાવાળા છતાં પણ અનાદિકાલ થયો હોય તો પણ આગળ વધ્યા નહિ. અર્થાત્ તેવા કર્મોને ભોગવવાથી થતી નિર્જરા સંસારના સર્વ જીવોને અનાદિથી હોવા છતાં તે નિર્જરા કાંઇ પણ વિશેષ ગુણ કરનારી ન હોવાથી અને અધિક કર્મનો બંધ કરાવાવાળી હોવાથી તે કર્મના ભોગવટાને નિર્જરાના ભેદ તરીકે ગણાવી નથી. ધ્યાન રાખવું કે કર્મના ઉદયથી થયેલી નિર્જરા એ અધિક કર્મને બંધાવનારી છે, અને તેથી જ ક્રોધાદિક અને પુરુષવેદાદિકના ઉદય વખતે જો કે તે તે ક્રોધ અને પુરુષવેદાદિકનો ક્ષય થાય છે, પણ તે પુરુષવેદાદિ અને ક્રોધાદિકના કર્મોનો ભોગવટાથી ક્ષય કરતાં ઘણા જ ચીકણા કર્મ બંધાય છે અને તેથી તે ઉદય દ્વારાએ ક્રોધાદિકના ક્ષય કરનાર જીવને નરકાદિકનું આયુષ્ય બાંધી, તે નરકાદિ દુર્ગતિમાં રખડવું પડે છે, અને તેથી જ શાસ્ત્રકારો પુરુષવેદાદિક અને ક્રોધાદિકના ઉદયમાં રોધ કરવા માટે જ શાસ્ત્રકારો મુમુક્ષુઓને ઘણા વિસ્તારથી ઉપદેશ આપે છે. જો એવી રીતે ઉદયદ્વારાએ ભોગવાતા ક્રોધાદિ કર્મોમાં દુષ્ટ કર્મોનો બંધ અને દુર્ગતિઆદિ ન હોત તો તે ક્રોધાદિકના ઉદયને રોકવા માટે શાસ્ત્રકારોએ દીધેલો ઉપદેશ એ નિર્જરારૂપી ગુણનો અંતરાય કરનાર જ થાત, પણ વાસ્તવિક રીતિએ ફક્ત તીર્થંકર નામકર્મ કે આહારક નામકર્મ સિવાયના કર્મોનો ઉદય જ અશુભ ગણાય છે, કેમકે તે શેષ કર્મનો ઉદય નિર્જરા કરાવે તેના કરતાં સંખ્યાત, અસંખ્યાત કે અનંતગુણ એવાં કર્મોનો બંધ કરાવે છે. આ વસ્તુ વિચારતાં કર્મોના ઉદયથી થતી નિર્જરાને નિર્જરાના ભેદમાં ન ગણાવાય અને તે તે કર્મોના ઉદયના કાર્યને સારાં ન ગણાય કે તે કરવાનો ઉપદેશ શાસ્ત્રકારો ન આપે તે સ્વાભાવિક જ છે, શાસ્ત્રકારોના કથન મુજબ કર્મક્ષયરૂપ નિર્જરાના બાર ભેદો છે અને તે બાર ભેદોને તપ એમ કહેવામાં આવે છે.

## તપથી સકામ નિર્જરા ને સમ્યગ્દર્શનાદિની જરૂર

ધ્યાનમાં રાખવું જરૂરી છે કે કર્મોની અકામ કે સકામપણે નિર્જરા થયા સિવાય જીવો કોઈ દિવસ પણ સમ્યગ્દર્શનાદિ ગુણોમાંથી કોઇ પણ ગુણને પ્રાપ્ત કરી શકતા નથી. પ્રથમ સમ્યગ્દર્શન ગુણ પણ મિથ્યાત્વ મોહનીયની સિત્તેર કોડાકોડ સાગરોપમની સ્થિતિમાંથી જ્યારે ઓગણસિત્તેર કોડાકોડ સાગરોપમની સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે અધિક એવી ખપાવે ત્યારે જ એટલે અંતઃ કોટાકોટિ સાગરોપમની સ્થિતિ મિથ્યાત્વાદિ સકલ કર્મોની રહે ત્યારે જ જીવ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પામે છે. એ કંઇક અધિક અગણોતેર કોડાકોડી સાગરોપમની સ્થિતિનો ક્ષય જીવને અજ્ઞાન દશા હોય ત્યારે જ થાય છે, અને તેથી તેને અકામ નિર્જરા જ કહેવાય છે, અને શાસ્ત્રકારો પણ તે કાંઇક અધિક અગણોતેર કોડાકોડી સાગરોપમની સ્થિતિના ક્ષય કરવાવાળા પરિણામને યથાપ્રવૃત્તકરણ કહે છે. અર્થાત્ તે કરણની વખતે કોઈપણ જીવને જીવાજીવાદિક તત્ત્વોનું કે આશ્રવ,

સંવરાદિ પદાર્થોનું જ્ઞાન કે ખ્યાલ હોતો જ નથી. માત્ર તે યથાપ્રવૃત્તકરણવાળા જીવો સ્થિતિનો ભોગવટો વધારે કરે અને બંધ અલ્પ કરે તેથી જ આગળ વધી શકે છે, અને તેથી જ શાસ્ત્રકારો તેમાં પર્વતની નદીમાં ઘોળાતા સ્વંય ગોળ થતા પાષાણનું દૃષ્ટાંત યથાપ્રવૃત્તકરણમાં આપે છે. આ વસ્તુ વિચારતાં સ્પષ્ટ માલમ પડશે કે શાસ્ત્રકારો જો કે અકામ નિર્જરાના સાધનો મેળવવાનો ઉપદેશ સાથે અજ્ઞાનતા વિગેરે દોષો રહેવાને લીધે આપતા નથી, પણ મોક્ષ તરફ પ્રયાણ કરવાને અંગે અકામ નિર્જરા પણ કેટલો બધો મોટો ભાગ ભજવે છે. આ સ્થાને શંકા થાય કે જ્યારે સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ હોતી નથી તેવા યથાપ્રવૃતકરણથી એટલે અકામ નિર્જરાથી કંઈક અધિક અગણોતેર કોડાકોડી સાગરોપમની સ્થિતિનો ક્ષય થઈ ગયો તો શેષ અંતઃ કોટાકોટિ સાગરોપમની સ્થિતિનો ક્ષય એ સમ્યગ્દર્શનાદિ વગર કેમ નહિ થાય ? અર્થાત્ શેષ અંતઃ કોટાકોટિ કર્મનો ક્ષય પણ યથાપ્રવૃત્તકરણની માફક જ અનુપયોગથી કેમ નહિ માનવો ? આ શંકાના સમાધાનમાં સમજવાનું કે જેમ મંત્રસિદ્ધિ આદિકમાં કે નિધાન ગ્રહણાદિકમાં પહેલાનો ઉપચાર જ ઘણો સખત કષ્ટમય હોય નહિ અને પછીની સાધનક્રિયા તેટલી કઠણ હોય છે, તેવી રીતે અહીં પણ ગ્રંથિપ્રદેશ કે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પહેલાં અકામ નિર્જરાથી સહેજે ઘણા કર્મોનો ક્ષય થાય છે, પણ પાછળની અંતઃ કોટાકોટિ સ્થિતિ તો સમ્યગ્દર્શનાદિ સાથેના તપસ્યા આદિરૂપી સાધનથી જ ક્ષય પામે. વળી કચરામાં ખરડાયેલા અને લેપના થર બાઝયા હોય તેવા વસ્ત્રનો ઘણો મેલ તો માત્ર પાણીના સંજોગથી દૂર થઇ જાય, પણ તે કચરાનો શેષ રહેલો અવયવ એકલા પાણીથી દૂર થતો નથી પણ તે કચરાના અંશને દૂર કરવા માટે પાણીની સાથે ક્ષારાદિકની પણ જરૂર રહે છે, તેવી રીતે અહીં પણ શેષ રહેલાં અંતઃ કોટાકોટિ સાગરોપમની સ્થિતિવાળા કર્મોના ક્ષય કરવા માટે સમ્યગ્દર્શનાદિ કે સંયુક્ત એવા તપરૂપી મહા સાધનની અવશ્ય જરૂર છે, વળી વાસ્તવિક રીતિએ વિચારીએ તો સમ્યગ્દર્શનને રોકવાવાળાં ઘણા કર્મો હોવાથી તેમજ એકલું મિથ્યાત્વ મોહનીય જ નહિ પણ અંતઃ કોટાકોટિ સાગરોપમથી અધિક સ્થિતિવાળાં જ્ઞાનાવરણીયાદિ શેષ કર્મો પણ તે સમ્યગ્દર્શનને રોકવાવાળાં હોવાથી તે બધાં કર્મોનો અંતઃ સાગરોપમ કોટાકોટિની સ્થિતિ કરતાં અધિક બધી સ્થિતિ તોડી નંખાય ત્યારે જ સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે.

### સમ્યગ્દર્શન સાથે સમ્યગ્જ્ઞાન

જે જીવ જે ક્ષણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે, તે જીવ તે જ ક્ષણે અજ્ઞાનને વમીને જ્ઞાનને પણ પ્રાપ્ત કરે છે. મનુષ્યમાં પ્રામાણિકતાનો પ્રવેશ થાય તે જ વખતે જેમ તેની ઈમાનદારી થઈ ગણાય છે અને તે જ વખતે તેની બુદ્ધિ જગતને આશીર્વાદ થયેલી ગણાય છે, અર્થાત્ ઈમાનદારી અને સદ્‌બુદ્ધિને જુદા કાળે થયેલા માની શકાય જ નહિ તેવી રીતે અહીં પણ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને જુદા કાળે કે સમયે થયેલા માની શકાય જ નહિ. તત્ત્વથી મિથ્યાદર્શન મોહનીયના ઉદયથી જ મિથ્યાત્ત્વ હતું અને તેજ મિથ્યાત્વે જીવના જ્ઞાનસ્વભાવને પણ બગાડીને અજ્ઞાન સ્વભાવ કરી દીધેલો હતો. લાલ કાચના ફાનસમાં રાખેલો દીવો જેમ પોતાની બધી બહારની જ્યોતને લાલ કરી નાખે છે, તેમ મિથ્યાદર્શનના પટલથી આચ્છાદિત થયેલા આત્મામાં રહેલું જ્ઞાન તે અજ્ઞાનરૂપે ઝળકે છે, પણ કોઈપણ ઈતર રંગના ફાનસમાંથી બહાર કઢાયેલો દીવો પોતાના સ્વભાવમાં જ ઝળકે છે, તેવી રીતે મિથ્યાદર્શન પટલના અભાવે આત્માને થયેલું સ્વાભાવિક જ્ઞાન તે યથાસ્થિત જ્ઞાન એટલે સમ્યગ્જ્ઞાન રૂપે ઝળકે છે, એટલે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ તો યુગપતજ છે અને તેથી જ સમ્યગ્દર્શનવાળાને અજ્ઞાની, માનવાનો કે જ્ઞાનીને મિથ્યાદર્શની માનવાનો શાસ્ત્રકારો નિષેધ જ કરે છે.

## ચારિત્ર ને તપની સંવરનિર્જરા માટે જરૂર

આવી રીતે પ્રાપ્ત થયેલાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તે માત્ર નિશ્ચયકારક અને પ્રકાશક હોવાથી મોક્ષમાર્ગમાં સાધનભૂત છે, પણ તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કર્મનિર્જરાના કરનારા નથી, પણ માત્ર તેના ફળ એટલે કાર્યરૂપ જ છે. આજ કારણથી યુગપ્રધાન શ્રુતકેવળી ભગવાન ભદ્રબાહુસ્વામીજીએ જ્ઞાન કે જે સમ્યગ્દર્શનની સાથે જ હોય છે તે જ્ઞાનને માત્ર પ્રકાશક તરીકે જ ગણાવ્યું છે. જગતમાં પણ જોઈએ છીએ કે સ્વચ્છ દીપક હોય તો પદાર્થોનું દેખવું યથાસ્થિતપણે થાય, પણ તે દીપક લેવા લાયક એવા પુષ્પમાલાદિકને લાવતો નથી, તેમજ છાંડવા લાયક કંટકાદિને દૂર કરતો નથી. માત્ર તે દીપક તો પુષ્પમાલા વિગેરે અને કંટકને જણાવવા પૂરતો જ ઉપયોગી થાય છે. તેવી રીતે અહીં પણ અકામ નિર્જરાના ફળરૂપે પણ પ્રાપ્ત થયેલું સમ્યગ્દર્શનયુક્ત એવું સમ્યગ્જ્ઞાન માત્ર આશ્રવાદિનું હેયપણું અને સંવરાદિનું ઉપાદેયપણું જણાવવા પુરતું જ ઉપયોગી થાય છે. અર્થાત્ કર્મોને તોડવાનું સામર્થ્ય કે આવતાં કર્મોને રોકવાનું સામર્થ્ય તે સમ્યગ્દર્શનયુક્ત જ્ઞાનમાં કોઈપણ પ્રકારે હોતું નથી, અને તેથી જ શાસ્ત્રકારોએ નિર્જરાના ભેદોમાં ફકત બાર પ્રકારની તપસ્યા જ ગણાવી, પણ મોક્ષમાર્ગને અંગે અત્યંત જરૂરી એવા પણ સમ્યગ્દર્શનયુક્ત જ્ઞાનને નિર્જરાના ભેદોમાં સ્થાન આપ્યું નહિ. આ ઉપરથી કહેવાનું તત્ત્વ એટલું જ છે કે મુમુક્ષુ જીવોએ સમ્યગ્દર્શનયુક્ત સમ્યગ્જ્ઞાનને પામીને સંતુષ્ટ થવાનું નથી, પણ શેષકર્મસ્થિતિ તોડવા માટે નિર્જરાના ભેદરૂપ તપસ્યા તરફ અવશ્ય કટિબદ્ધ થવાની જરૂર છે.

## સંયમથી સંવર કે નિર્જરા

એટલી વાત તો ચોક્કસ છે કે સમ્યગ્દર્શન અને તે સહિત જ્ઞાન એ બંનેને નહિ ધારણ કરનારો જીવ જે કર્મ ક્રોડાક્રોડી વર્ષો સુધી અર્થાત્ પલ્યોપમ સાગરોપમ સુધી સતત નિરંતરપણે મોટામાં મોટાં દુઃખો ભોગવતાં પણ જેટલાં કર્મનો ક્ષય કરી શકતો નથી, તેટલાં કર્મનો ક્ષય સમ્યગ્દર્શનયુક્ત જ્ઞાનને ધારણ કરનારો જીવ એક ઉચ્છવાસ માત્ર જેટલા વખતમાં કરી શકે છે, પણ તેટલાં બધાં કર્મોનો તે જ્ઞાનીએ કરાતો ક્ષય સમ્યગ્દર્શન કે તેની સાથે રહેલા સમ્યગ્જ્ઞાનના જ પ્રભાવે છે એમ નથી, કેમકે તેવા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનવાળો જીવ જો મન, વચન, કાયાના યોગને એટલે મન, વચન, કાયાથી થતા પ્રણાતિપાતાદિ આશ્રવમય અશુભ વ્યાપારોને જો રોકવાવાળો ન હોય તો તેવી કર્મનિર્જરાને કોઈ દિવસ પણ પામી શકતો જ નથી. અર્થાત્ મન, વચન, કાયાથી થતી પ્રાણાતિપાતાદિની પ્રવૃત્તિનો રોધ એટલે સંજમ કે સંવર જ તેવાં કર્મોને ક્ષય કરવા માટે સમર્થ છે, અને તેથી જ શાસ્ત્રકારોએ तं नाणी तिहि गुत्तो એ જગા પર કર્મ ખપાવનાર જ્ઞાનીને અંગે ત્રણ ગુપ્તિવાળો એવું વિશેષણ જણાવી તે ગુપ્તિરૂપ સંયમનું જ સામર્થ્ય કર્મક્ષયમાં પ્રબળપણે જણાવેલું છે, કેમકે વિશેષણવાળા વાક્યોમાં એટલે વિશિષ્ટ વાક્યોથી જે વિધાન કે નિષેધ કરવામાં આવે છે તે વિશેષણને જ લાગુ પડે છે, અને આ જગા ઉપર જ્ઞાનીને વિશેષ્ય તરીકે રાખી ત્રણ ગુપ્તિરૂપ સંયમના ધારકપણાને જ વિશેષણરૂપે રાખેલું છે. તેથી તે ગુપ્તિરૂપ સંયમમાં કર્મક્ષયની તાકાત માનવી જ પડે. જો કે તે ગુપ્તિરૂપ સંયમ જ્ઞાનીદશા સિવાય બીજી દશામાં હોતો જ નથી, તેથી જ્ઞાનીને વિશેષ્ય તરીકે લેવામાં કોઈ જાતની અડચણ નથી. અત્ર એક વાત વિચારવી જરૂરી છે કે ઉપર જણાવ્યા પ્રમાણે જ્યારે સમ્યગ્દર્શન અને જ્ઞાનની સાથે મળેલું સંયમ પલ્યોપમ અને સાગરોપમથી વેદાય અને ખપાવાય તેવા કર્મને ક્ષય કરવાવાળું છે. તો પછી તે સંયમને નિર્જરાના બાર ભેદોમાં કેમ સ્થાન આપ્યું નથી ? અને ખુદ શ્રુતકેવલી

ભદ્રબાહુસ્વામીજીએ તે સંયમને માત્ર કર્મથી બચાવનાર તરીકે, નહિ કે તપની માફક કર્મનો ક્ષય કરીને શોધક તરીકે કેમ જણાવ્યું ? જો કે આવશ્યક - નિર્યુક્તિકાર ભગવાન ભદ્રબાહુસ્વામીજીના વચનથી સંયમ એ માત્ર આવતા કર્મોથી બચાવનાર હોઇ ગુપ્તિકર છે, પણ ઉપર જણાવ્યા પ્રમાણે શ્રી ભદ્રબાહુજીએ સંયમને કર્મરૂપી કચરાના શોધક તરીકે તો ગણાવ્યું જ નથી. અર્થાત્ સંયમને સંવરરૂપ ગણવું કે નિર્જરારૂપે ગણવું એ ઘણું જ વિચારવા જેવું છે. આવી રીતે આવતા વિચારના સમાધાનમાં સમજવાનું કે ભગવાન્ ઉમાસ્વાતિ વાચકજી વિગેરે સંવરને તપફળ તરીકે અને શ્રી ભગવતીજી વિગેરે સૂત્રકારો પણ સંયમને તપના કારણ તરીકે જણાવે છે તે અપેક્ષાએ સંયમરૂપ કારણમાં તપ અને તેના કાર્યરૂપ નિર્જરાનો ઉપચાર કરે તો ત્રણ ગુપ્તિરૂપ સંવર એટલે સંજમને કર્મના ક્ષય કરનાર તરીકે પણ માનવામાં અડચણ આવે તેમ નથી, અને આવી જ રીતે પ્રત્યાખ્યાન નિર્યુક્તિમાં પણ એમ જણાવે છે કે પ્રત્યાખ્યાન કરવાથી તૃષ્ણાનો વિચ્છેદ થાય, તૃષ્ણાવિચ્છેદથી અનુપમ શાંતિ થાય અને અનુપમ શાંતિથી અપૂર્વ નિર્જરા થઇ નવાં અપૂર્વ પ્રત્યાખ્યાનને પામે છે. એ વિવેચનથી પણ માની શકીએ કે પ્રત્યાખ્યાનરૂપ જે સંવર થાય તે નિર્જરાનું કારણ બને છે, તેથી સંયમરૂપ સંવરમાં નિર્જરાનો ઉપચાર કરીને ઉપર જણાવ્યા પ્રમાણે સંવરને કર્મક્ષયનું કારણ માનવામાં કોઇપણ શાસ્ત્રાનુસારીને અડચણ આવે નહિ. જો કે ઉપર જણાવ્યા પ્રમાણે સંયમને (ચારિત્રને) નિર્જરાના સાધન તરીકે ગણવામાં વિરોધ નથી પણ તે ગણવું ઉપચારની દૃષ્ટિએ જ છે, પણ તત્ત્વદૃષ્ટિએ તેમ ગણવાનું નથી, અને તેથી જ શાસ્ત્રકારોએ સંયમ (ચારિત્ર) ને સંવરના ભેદોમાં ગણાવેલ છે, અને નિર્જરાના ભેદોમાં તો ફકત બાર પ્રકારની તપસ્યા જ ગણાવેલી છે. આ સર્વ ઉપરથી આટલી વાત સ્પષ્ટ થઇ કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર એ ત્રણે મોક્ષના અપૂર્વ સાધન છતાં પણ નિર્જરાને માટે તો તે સમ્યગ્દર્શનાદિ સિવાય અન્ય કોઇ સાધનની જરૂર છે, અને તે બીજુ કોઇ નહિ પણ ચિરભવોના સંચિત નિધત્ત અને નિકાચિત એવાં પણ કર્મોનો સર્વથા ક્ષય કરી આત્માને અવ્યાબાધ સુખ સમર્પણ કરનાર એવો તપરૂપી ગુણ જ છે.

### *તપથી કર્મક્ષય થવાનું કારણ-રસના આદિનું દુર્જયપણું*

પૂર્વે મોક્ષના અદ્વિતીય સાધન તરીકે જણાવેલા તપથી જ પૂર્વકાળનાં બાંધેલાં કર્મોનો ક્ષય થાય છે, કારણ કે જીવમાત્રને કર્મનો બંધ રાગદ્વેષની તારતમ્યતા પ્રમાણે થાય છે, અને તે રાગદ્વેષના કારણોમાં મુખ્ય ભાગ શરીર જ ભજવે છે. સંજ્ઞાઓની અપેક્ષાએ કર્મબંધનનું કારણપણું વિચારીએ તો આહારસંજ્ઞા કર્મબંધનનું જેવું તેવું કારણ નથી. શાસ્ત્રોમાં સાંભળીએ છીએ કે એક આહારમાત્રની અપેક્ષાએ તન્દુલ નામનો મત્સ્ય સાતમી નરકનું આયુષ્ય બાંધી સાતમીના અકથ્ય અને અગમ્ય દુઃખોને ભોગવે છે. વળી, દુનિયાદારીની દૃષ્ટિથી તપાસીએ તો હિંસા, જૂઠ વિગેરે અધમ કાર્યો કરવાનો વખત પેટનો ખાડો પૂરવાને અંગે જ દેખાય છે. ઇંદ્રિયોની અપેક્ષાએ વિચારીએ તો શ્રોત્રાદિક પાંચે ઇંદ્રિયોમાં રસનાઇંદ્રિયને જીતવી જ મુશ્કેલ ગણવામાં આવી છે. શાસ્ત્રકારો પણ કહે છે **अक्खाण रसणा** અર્થાત્ પાંચે ઇંદ્રિયોમાં રસનાઇંદ્રિયનું જીતવું મુશ્કેલ છે, અને તે રસના ઇંદ્રિયનો પ્રચાર આહાર ઉપર જ આધાર રાખે છે. વળી હિંસા, જૂઠ વિગેરે પાંચે પ્રકારના આશ્રવોમાં અબ્રહ્મ નામનો આશ્રવ કે જેને મૈથુન એટલે પશુક્રિયા કહેવામાં આવે છે, તેનો રોધ કરી બ્રહ્મચર્ય આદરવું એ ઘણું મુશ્કેલ છે, પણ તે રસના ઇંદ્રિયનું જીતવું મુશ્કેલ તેઓને જ છે કે જેઓ અનશનાદિક તપસ્યામાં પરિપૂર્ણ થયેલા નથી, કેમકે જે મનુષ્યો અનશનાદિ ક્રિયામાં

પરિપૂર્ણ થયેલા હોય છે, અને શાસ્ત્રોક્તિને અનુસારે તપ તપવામાં તલાલીન હોય છે, તેઓને સરસ કે નીરસ, મિષ્ટ કે કટુ, સુગંધ કે દુર્ગંધ, લુખ્ખા કે ચોપડ્યા પદાર્થના ભક્ષણમાં રાગ કે દ્વેષ હોતો નથી, અને તેથી એ વાત સાફ નક્કી થાય છે કે જેઓ તપ તપવામાં તૈયાર હોય છે તેઓ રસના ઇંદ્રિયને જીતવાને સમર્થ થઇ શકે છે જગતમાં પણ એ વાત અનુભવસિદ્ધ છે કે જેઓને આયંબિલ, નીવી, એકાસણાં, ઉપવાસ વિગેરેની ટેવ હોય છે, તેઓ જ મિષ્ટ આહારની માફક મોળા આહારને પણ વાપરી શકે છે. અને જેઓને તે આયંબિલ વિગેર તપસ્યાની ટેવ હોતી નથી, તેઓ લગીર પણ મોળા આહારને વાપરતાં સખત આર્દ્ર, રૌદ્ર ધ્યાનમાં પ્રવેશ કરે છે, તેવા ખોરાક ઉપર ચિઢાય છે, ભોજન ઉપર ચિઢાય છે. જમાડનારા ઉપર ચિઢાય છે. યાવત્ ક્રોધ દાવાનળથી બળી જાય છે, અને ભોજન પૂર્ણ નહિ કરતાં અપૂર્ણ ભોજને જ ઉઠે છે, અને આખો દિવસ કે આખો વખત ક્રોધથી ધમધમતો રહી પોતાના આખા વાતાવરણને ક્રોધમય બનાવે છે, તપસ્યાથી નહિ ટેવાયેલા મનુષ્યને જ્યારે આવી રીતે રસના ઇંદ્રિયથી કરાયેલો પરાભવ પ્રાપ્ત થાય છે, જ્યારે તપસ્યામાં તત્પર રહેનારો તપસ્વી પોતાને સમગ્ર પ્રકારના આહારની સામગ્રી સંપન્ન થઇ હોય છતાં દહાડાના દહાડા સુધી તે આહારાદિક સામગ્રીનો ત્યાગ કરી શકે છે. તેવા તપપરાયણ મહાપુરુષોને આહારાદિકનો સંયોગ ન મળવાથી કે આહારાદિક ન લેવાથી સ્વપ્ને પણ પેટ બળ્યું એમ લાગતું નથી, અને તેથી જ આહારાદિમાં આસક્તિ ધરાવી અન્નદાનમાં જ ધર્મ, અન્નપૂર્ણાદેવી, અનાજનું વંદન વિગેરેને ધર્મો તરીકે અને દેવતાઓ તરીકે કલ્પવાવાળા જે લોકો તપસ્યાના તપવાથી ત્રાસ પામેલા હોઇ પેટ બાળ્યું તેણે ગામ બાળ્યું એવા પાપપરાયણ પુરુષોના મુખે દાજતા વચનોને સ્વપ્ને પણ તે તપસ્યા તત્પર તારક પુરુષને આવતું નથી. તે તારક પુરુષને તો સ્નિગ્ધ આહારનો સંયોગ છતાં પણ રૂક્ષ આહાર લેવામાં, મિષ્ટ આહારનો સંયોગ છતાં પણ મોળો આહાર લેવામાં, સંસ્કારિત આહારનો સંયોગ છતાં પણ સ્વભાવસિદ્ધ આહાર લેવામાં અંશે પણ સંકોચ નથી રહેતો એટલું જ નહિ પણ મિષ્ટાદિ આહારોની માફક જ મોળાદિક આહારોને તે ગ્રહણ કરી શકે છે, અને બુદ્ધિની પવિત્રતાના રક્ષણ સાથે તે તપસ્વી તારક પુરુષ તેનો ઉપયોગ એટલે વાપરવું કરી શકે છે. મહિના અને મહિનાઓ સુધી આહાર વગર શુભ ધ્યાનમાં મગ્ન રહેવું, મહિના અને મહિનાઓ સુધી વિકૃતિવાળા આહારની છાયાએ પણ ન જવું થાય, છતાં પણ સતત શુભ ધ્યાનની સરિતામાં સ્નાન કરવાનું સૌભાગ્ય તે તપસ્વી સજ્જનોને માટે જ સરજેલું છે. જેઓ ઇંદ્રિયની આસક્તિને જિતવાવાળા નથી, તેઓ સરસ આહાર મળવા છતાં પણ તેની ન્યૂનતાને અંશે પણ સહન કરી શકતા નથી. પ્રીતિભોજનમાં પ્રત્યક્ષ દેખીએ છીએ કે લાડુના થાળ ઉપર તેઓ જ તડાતડી કરે છે, શાકના સરાવળા ઉપર તેઓ જ સપાટો લગાવે છે અને ભજીયાંને અંગે ભડકો પણ તેઓ જ ભડકાવે છે. આ બધી પ્રીતિભોજન વિગેરેમાં પ્રત્યક્ષ અનુભવાતી સ્થિતિ જેઓ તપસ્યામાં તરબોળ થયેલા ન હોય, અને અનશનના આદરમાં અત્યંત અનુરક્ત થઇ આગળ વધેલા ન હોય, અને ઇંદ્રિય આસક્તિના અસીમ અગ્નિકુંડમાં આત્માને હોમેલો હોઈ રસના ઇંદ્રિયને જિતવારૂપી જયપતાકા જેઓએ ન ગ્રહણ કરી હોય, તેઓને હોય છે એટલું જ નહિ પણ જેઓ અનશનાદિક તપસ્યાદ્વારાએ રસના ઇંદ્રિયની આસક્તિ અને પુષ્ટિને જિતી શકે છે, તેઓ જ શેષ સર્વ ચક્ષુ આદિ ઇંદ્રિયોની આસક્તિ અને પુષ્ટિને જિતી શકે છે, કેમકે રસના ઇંદ્રિયદ્વારાએ થતો આહાર એ જ શ્રોત્રાદિક સર્વ ઇંદ્રિયોનું પોષણ કરે છે. અર્થાત્ જે મનુષ્ય રસના ઉપર કાબૂ મેળવે છે, તે મનુષ્ય શેષ ઇંદ્રિયો ઉપર પણ કાબૂ સહેજે

મેળવી શકે છે. તત્ત્વદૃષ્ટિથી વિચારીએ તો જે મનુષ્ય શ્રોત્રાદિ ઇંદ્રિયોનું દમન કર્તવ્ય તરીકે ગણે, તે જ મનુષ્ય રસના ઇંદ્રિયના દમનરૂપી તપને આદરી શકે છે, એટલે એમ કહીએ તો ચાલે કે તપસ્યા કરવા દ્વારાએ તે જ મનુષ્ય રસના ઇંદ્રિયને જીતી શકે કે જેને સર્વ ઇંદ્રિયોનું દમન કરવું ઇષ્ટ હોય. એ પણ જગતમાં અનુભવસિદ્ધ છે કે ચક્ષુ, શ્રૌત્રાદિ દરેક ઇંદ્રિયોનું પોષણ રસના ઇંદ્રિયદ્વારા એ જ થાય છે, અને તેથી રસના ઇંદ્રિયને જીતવી તે જ સર્વ ઇંદ્રિયોને જીતવારૂપ છે, અને તેથી જ શાસ્ત્રકારોએ રસના ઇંદ્રિયને જીતવી મુશ્કેલ કહેલી છે. વળી એ પણ ધ્યાનમાં રાખવું કે શ્રોત્રાદિ ઇંદ્રિયોની ગીતાદિમાં થએલી આસક્તિ જો તેને ઇષ્ટ ગીતાદિક ન મળે તો એકલા માનસિક સંતાપને કરે છે, પણ શારીરિક સંતાપ અંશે પણ તે શ્રોત્રાદિ ઇંદ્રિયોની આસક્તિની અપૂર્ણતાને લીધે થતો નથી, પણ રસના ઇંદ્રિયની આસક્તિ દ્વારાએ ઇચ્છાયેલા મિષ્ટાદિક આહારોના અભાવે મોળાદિક આહારો ખાઇ શકાતા નથી, અને તેથી ચામડાની ઝુંપડીની કાળજુની આગનો ભપકો ભડકી ઊઠે છે, અને તેથી શરીરની કૃશતા જ્વર, યાવત્ ક્ષીણતાદિક દોષો અનેક અનેક પ્રકારના ઉત્પન્ન થાય છે, અને જો કદાચિત રસના ઇંદ્રિયની આસક્તિને નહિ જીતવા છતાં અરૂચિપૂર્વક અનન્ય ઉપાયે તે મોળા વિગેરે આહારો ખાવા પડે છે તો તે તપસ્યાની ટેવમાં નહિ ટેવાયેલા સર્વભક્ષી અગ્નિપુરુષને તરત કે થોડી વારે ઉલટી થાય છે, અને તે ઉલટીની શંકામાં અને શંકામાં ઘણો કાળ વ્યતીત કરી શરીરને બગાડનારો થાય છે, પણ આ બધી વસ્તુમાંનું એક પણ નુકશાન રસના ઇંદ્રિયની આસક્તિને જીતીને તપરૂપી મહાતીર્થમાં તરબોળ થઇ રહેલા તારક પુરુષને હોતું નથી. એ વાત પણ સુજ્ઞ પુરુષોથી અજાણી નથી કે જેમ શ્રોત્રાદિ ઇંદ્રિયોની પુષ્ટિ અને વિકૃત દશા રસના ઇંદ્રિય દ્વારાએ થતા આહારાદિકથી થાય છે, તેવી રીતે માનસિક વિકારોનો રાફડો પણ તે આહારાદિકની આસક્તિવાળાને જ ફાટેલો હોય છે. આહારાદિકદ્વારાએ રસના ઇંદ્રિયની આસક્તિને પોષનારો મનુષ્ય મન અને શેષ ઇંદ્રિયોના દમનદ્વારાએ પાલન કરાતું એવું સર્વ લોકસંમત પરમ બ્રહ્મનું એક અદ્વિતીય કારણ અને ચારિત્રના પ્રાણરૂપ એવું બ્રહ્મચર્ય ધારણ કરવાને સમર્થ થઇ શકતો નથી. અર્થાત્ સર્વવ્રતોમાં શ્રેષ્ઠતમ સુરાસુર અને મનુષ્યોએ વંદના કરવા લાયક અને દુષ્કરતર તરીકે ગણાયેલું બ્રહ્મચર્ય પણ એને જ દુષ્કર છે કે જેઓ રસના ઇંદ્રિયની આસક્તિને જીતવાપૂર્વક આહારાદિ ઉપર કાબુ કરવાવાળા નથી. અર્થાત્ બ્રહ્મચર્યનું ધારણ કરવું જે દુષ્કરતર તરીકે ગણાય છે તે કેવળ રસના ઇંદ્રિયને નહિ જીતવાવાળા પુરુષોએ આહારાદિની આસક્તિને લીધે અનેક પ્રકારના કરેલા આહારાદિકથી થતા ઇંદ્રિય વિકારો અને માનસિક વિકારોની પ્રકૃષ્ટતાને લીધે જ છે.

### વિગયો વર્જવાની જરૂર

એટલા જ માટે મહર્ષિઓએ સામાન્ય રીતે અનશનનો ઉપદેશ આપ્યા પછી પણ અનશન નામના તપનું આચરણ સર્વને માટે સર્વદા અશક્ય છે એ વસ્તુને સમજીને આહારાદિકની અંદર વિકાર કરનારાં વિગઇ એટલે વિકૃતિ નામના પદાર્થને વર્જવા માટે સ્થાને સ્થાને ઘણા વિસ્તારથી ઉપદેશ કરેલો છે, અને તેથી જ શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે **रसा पगामं न निसेवियव्वा** અર્થાત્ ઘૃત આદિ વિગઇઓ રૂપ રસમય પદાર્થો બ્રહ્મચારીઓએ વગર કારણે ઉપયોગમાં લેવા જ નહિ, રસો નહિ સેવવાનું કારણ જણાવતાં પણ જણાવે છે **भुत्ता रसा दित्तिकरा भवन्ति** અર્થાત્ ઘૃતાદિક વિગઇઓ રૂપ રસો જો ખાવામાં આવે તો તે ખાનારને તે રસો મોહનું દેદીપ્યમાનપણું કરનાર છે. વળી વિગઇઓના ભોગનો ત્યાગ કરવાનો ઉપદેશ કરતાં શાસ્ત્રકારો જણાવે છે કે

विगइं विगइ भीओ विगइगयं जो उ भुंजए साहू विगइ विगइ सहावा विगइ विगइं बला नेइ અર્થાત્ સાધુ મહાત્માઓ દુર્ગતિથી ડરેલા જ હોય છે, કેમકે દુર્ગતિથી નહિ ડરેલો મનુષ્ય, સ્ત્રી, પુત્ર, ધન, ધાન્ય અને આરંભ, પરિગ્રહ, વિષય, કષાયનો ત્યાગ કરવારૂપ સાધુપણાને લે જ નહિ, અને એવો દુર્ગતિથી ડરેલો સાધુ જે વિગઈ (ધૃતાદિ) કે વિગઈથી બનેલા પદાર્થોને ખાય છે, તો શાસ્ત્રકાર ફરમાવે છે કે તે વિગઈ (ધૃતાદિક) નો વિકાર (મોહ ઉદય) કરવાનો સ્વભાવ છે, અને તેથી તે ધૃતાદિ વિગઈ જરૂર વિકાર કરે, અને તે ધૃતાદિકના ઉપભોગથી થયેલો વિકાર દુર્ગતિથી બચવા માટે તે સાધુ થયો છે છતાં પણ તેને બળાત્કારે દુર્ગતિએ લઈ જાય છે. મહાવિદેહક્ષેત્રમાં વિચરતા ત્રિલોકનાથ સુરાસુર સેવ્ય સીમંધર સ્વામીએ અર્પણ કરેલી ચૂલિકા કે જે દશવૈકાલિકની ચૂલિકારૂપે છે, તેમાં પણ સાધુતાનું સ્વરૂપ જણાવતાં સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે अभिक्खणं निव्विगइं गयाय એટલે તેવા રોગાદિક પુષ્ટ કારણ સિવાય જેઓ વિગઈ એટલે ધૃતાદિ જેમાં ન હોય તેવા જ આહારને કરવાવાળા સાધુઓ હોવા જોઈએ. આ બધી હકીકત વિચારનાર મનુષ્ય સ્પષ્ટ સમજી શકશે કે અનશનની અશક્તિમાં કદાચ ખોરાક લેવો પડે તો ધૃતાદિ વિગઈઓ સિવાયનો એટલે રસના ઇંદ્રિયની આસક્તિપૂર્વકનો આહાર લેવો નહિ, અર્થાત્ રસના ઇંદ્રિયની આસક્તિ વર્જવાવાળો મનુષ્ય રસોને વર્જે છે, અને રસોને વર્જવાવાળો મનુષ્ય વિકારવાળી દશામાં જતો નથી અને તેથી જ તેવી રીતે રસના ઇંદ્રિયને જીતવાવાળો મનુષ્ય સહેલાઈથી બ્રહ્મચર્યનું પાલન કરી શકે છે, અને જે મનુષ્ય રસના ઇંદ્રિયથી આસક્તિ વર્જીને સ્વાભાવિક રીતે બ્રહ્મચર્યનું પાલન કરી શકે તે મનુષ્યના માનસિક વિકારો *શ્રોત્રાદિક ઇંદ્રિયોના* વિકારોરૂપી તેના દલાલોનો અભાવ હોવાથી ઉત્પન્ન થવાની શક્તિ ધરાવતા નથી, અને તેથી જ તે રસના ઇંદ્રિયની આસક્તિ અને અબ્રહ્મનું સેવન વર્જવાવાળો મનુષ્ય સ્વપ્ને પણ મનની વિક્રિયાની દશા પામતો નથી અને તેથી જ તે અત્યંત દુઃખે ધારણ કરી શકાય તેવી છતાં આત્માને કર્મથી બચવા માટે તથા અનેક પૂર્વભવોમાં નિકાચિતપણે પણ બાંધેલાં કર્મોનો નાશ કરવા માટે જરૂરી સાધનરૂપ ગણાતી એવી મનોગુપ્તિને તે ધારણ કરે છે, અને જે મહાપુરુષ રસનાઈંદ્રિયની આસક્તિને વર્જવાથી દુર્ધર બ્રહ્મચર્યને ધારણ કરે અને દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ અને રાક્ષસોથી નમસ્કાર કરાયેલા એવા દુર્ધર બ્રહ્મચર્યને ધારણ કરનારા હોય તે આખા જગતમાં ભ્રમણ કરવાની ટેવવાળું વાંદરાની માફક પ્રતિક્ષણ ચંચળતાને સેવનારું અને જેની શુદ્ધિથી જ અવિદ્યમાન એવો પણ ગુણનો સમુદાય ક્ષણ માત્રમાં પ્રગટ થાય છે, તેવા મનને કાબુમાં લેનારો તે મહાપુરુષ બને છે, અને તેવો મહાપુરુષ જગતની જીવજાતિ માત્રને જકડનાર ત્રિલોકગત જીવોથી પણ જેનો પ્રતિકાર કરવો અશક્ય છે એવા મોહમહામલ્લને તે મચ્છરની માફક મસળી નાશ કરી શકે છે.

## રસના આદિના ક્રમનું કારણ

અર્થાત્ શાસ્ત્રકારો રસના, મોહનીય, બ્રહ્મચર્ય અને મનોગુપ્તિ એ ચારેનું જીતવું પૃથ્થકરણ જણાવતાં આ ગાથા કહે છે કે- अक्खाण रसणी कम्माण मोहणी व्रयाण तहचेव बंभवयं गुत्तीणय मणगुत्ती चउरो दुक्खेहिं जिप्पन्ति અર્થાત્ ઇંદ્રિયોમાં રસના ઇંદ્રિય, કર્મોમાં મોહનીય, તેમજ વ્રતોમાં બ્રહ્મચર્ય અને ગુપ્તિઓમાં મનુગુપ્તિ એ ચાર મહાદુઃખે જીતાય છે, પણ આ ચારેનું સ્વતંત્રપણે જીતવું મુશ્કેલ ગણાતાં છતાં જો મૂળકારણ તરીકે રસના ઇંદ્રિયથી આસક્તિ વર્જવામાં આવે કે અનશન નામની તપસ્યાનો યથાશક્તિ વારંવાર

આદર કરવામાં આવે તો તે એક જ વસ્તુથી ત્રણે વસ્તુ સહેજે બની શકે તેમ છે. અર્થાત્ સ્વરૂપે એ ચારે વસ્તુ સહેજે બની શકે તેમ છે. અર્થાત્ સ્વરૂપે એ ચારે વસ્તુ દુર્જય છતાં પણ એક રસના ઇંદ્રિયના જયે બાકીના ત્રણે જયો મેળવી શકાય તેમ છે, અને તે જ કારણથી શાસ્ત્રકારે ગાથાની શરૂઆતમાં જ રસના ઇંદ્રિયને જીતવાની મુશ્કેલી જણાવી. વળી બીજા નંબરે મનોગુપ્તિ કે બ્રહ્મચર્યની દુર્જયતા નહિ લેતાં જે મોહનીય કર્મની જ દુર્જયતા લીધેલી છે તે પણ એમ ધ્વનિત જ કરે છે કે રસના ઇંદ્રિયને નહિ જીતનારો મનુષ્ય વિકારના દાવાનળમાં જરૂર જંપલાય છે અને તેથી તે મોહનો ઉદય કરનારો થઈ મોહને કાબુમાં લઈ શકનારો થતો નથી, અને એવી રીતે મોહનીયની દુર્જયતા પછી મનોગુપ્તિની દુર્જયતા ત્રીજા નંબરે નહિ લેતાં જે બ્રહ્મવ્રતની દુર્જયતાને ત્રીજે નંબર લીધી છે તે પણ એમ સૂચવે છે કે જે મનુષ્ય રસના ઇંદ્રિયના વિકારોને જીતી, પુરુષવેદાદિકરૂપ મોહના વિકારોને જીતવા સમર્થ થાય છે, તે જ દુર્ધર બ્રહ્મચર્યવ્રતને ધારણ કરનારો બની શકે છે. એ રસનાદિક ત્રણ દુર્જયોને જણાવ્યા પછી અંતમાં જે મનગુપ્તિનું દુર્જયપણું જણાવે છે કે વાંચકોનું એટલું લક્ષ્ય ખેંચવાને બસ છે કે પૂર્વોક્ત રીતિએ જ બ્રહ્મચર્યને ધારણ કરવાવાળો મનુષ્ય વાસ્તવિક રીતિએ મનોગુપ્તિને ધારણ કરી શકે છે. ઉપર જણાવેલી ગાથાનો આ ઉપર જણાવેલો અર્થ અને ભાવાર્થ જો કોઈ પણ પ્રકારે બાધિત ન થાય તો આપણે માનવું જ પડશે કે રસના ઇંદ્રિયની આસક્તિ જીતીને આયંબિલ આદિક કે અનશનાદિક તપસ્યાને આદરનારો મનુષ્ય જ કામિતની કલ્પનાકોટિનો કબજો લઈ શકે.

**તપમાં આહારત્યાગ અને આહારની વાસનાની અનાદિતા.**

જૈન જનતામાં એ વાત જાણીતી છે કે ભવાંતરથી આવેલો જીવ આ ભવમાં દરેક ગતિ કે દરેક જાતિમાં પ્રથમ કાર્ય એ જ કરે છે કે આહારનું ગ્રહણ અને આ જ કારણથી ઉત્પત્તિસ્થાને આવેલા જીવને શાસ્ત્રકારો આહારપર્યાપ્તિએ અપર્યાપ્તો રહેતા જ નથી એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે, અને એવી રીતે આહારનું ગ્રહણ સંસારમાં રહેલા સર્વ ગતિમાં રહેલા સર્વ જીવોને ભવોભવ હોય જ છે. એ આહારનો અસદ્‌ભાવ માત્ર બે ચાર સમય વિગ્રહગતિમાં, માત્ર આઠ ગતિ સુધી સમુદ્‌ઘાતમાં અને માત્ર પાંચ હ્રસ્વાક્ષર મધ્યમ સ્વરે ઉચ્ચારીએ તેટલા અયોગિપણાના વખતમાં જ હોય છે, એટલે આ ત્રણ અવસ્થાને છોડીને સંસારભરમાં કોઈપણ જીવ આહાર વિનાનો હોતો નથી. જો કે આ સર્વ જીવને કરવો પડતો અને સર્વકાલભાવી એવો આહાર, ઓજ આહાર, લોમ આહાર અને કવલાહાર એવી રીતે ત્રણ પ્રકારે હોય છે, અને મોક્ષના પ્રબળ સાધન તરીકે તથા કર્મરૂપી કાષ્ઠના નિકાયને નિરંતર નિર્દગ્ધ કરવામાં નિપુણ એવું તપ એ કેવળ કવલાહારના નિરોધાદિની અપેક્ષાએ જ હોય છે પણ આ વાત પણ સર્વજ્ઞશાસનને અનુસરતા સત્ત્વોની સ્મૃતિ બહાર નહિ હોય કે કવલાહારને પણ નિરોધાદિદ્વારાએ રોકીને તપ તપતો તપસ્વી જ મોક્ષના મહોદયને મેળવવા ભાગ્યશાળી થાય છે, અને તેથી તે જ મહોદય મેળવનાર મહાસત્ત્વને ઓજાહાર કે લોમાહાર એ બંને પ્રકારના આહારનો કે પહેલેથી અલ્પ કરી કરીને ઘટાડેલા એવા કવલાહારનો કોઈપણ કાળે અનંત પુદ્‌ગલપરાવર્તો, અનંત ઉત્સર્પિણીઓ, અવસર્પિણીઓ કે અનંત કાળચક્રો ચાલ્યા જાય તો પણ અંત આવતો નથી. આ ઉપરથી સુજ્ઞ સજ્જન સહેજે સમજી શકશે કે

તપસ્યામાં જો કે કવલાહારના નિષેધનો કે તેની અલ્પતાનો માત્ર વિષય છે, તો પણ તે તપસ્યા ત્રણે પ્રકારના આહારની ઉપાધિમાંથી આ જીવને હંમેશને માટે મુક્ત કરી શકે છે.

## શરીરાદિ બંધનોનું કારણ પણ આહાર

સંસારના સ્વરૂપને સમજવાવાળા સજ્જન વિચારશે તો માલમ પડશે કે દરેક જીવ અનાદિથી ભવભ્રમણ કરતાં માત્ર ચાર વસ્તુના ચોકમાં જ ચકચૂર થયેલો છે. આ ચાર વસ્તુના ચોકમાંથી કોઈપણ ગતિવાળો કોઈપણ જીવ બહાર ગયેલો જ નથી. આ ચોકરૂપે ચિતરાયેલી ચાર ચીજો એ જ ગણાય :- ૧ આહાર, ૨ શરીર, ૩ ઈંદ્રિય અને ૪ વિષયો. આ ચારના ચોકમાં ચકરાવા ખાતો જીવ ખરી રીતે જો વિચાર કરે તો કેવળ આહારની ઈચ્છાનો જ પ્રતાપ સમજશે, કેમકે ભવાંતરથી આવેલો જીવ શરીર, ઈંદ્રિય કે વિષય એ ત્રણની તરખટમાં તૃણ માત્ર જેટલી પણ તૃષ્ણા ધરાવતો ન હતો તે જીવને તો ફક્ત આત્માની સાથે અનાદિથી વળગેલી તેજસની ભઠ્ઠીના તાપે જ આહાર કરવા તરફ ઈચ્છાવાળો કર્યો હતો.

## તૈજસની અનાદિતા

જગતમાં જોનારા જીવો જરૂર જાણી શકશે કે અગ્નિનો સ્વભાવ દાહ્યને આધારે રહેવાનો હોવા સાથે મૂળ દાહ્યનો નાશ કરી નવા નવા દાહ્યોને પકડવાનો છે, અને જ્યાં સુધી દાહ્યની હયાતિ હોય ત્યાં સુધી જ દાહક એવા અગ્નિની હયાતિ રહી શકે છે, અને જ્યારે દાહ્યનો સર્વથા અભાવ થઈ જાય છે ત્યારે તે દાહક એવો અગ્નિ તેનો પણ અભાવ થાય છે, તેવી રીતે આપ્તાગમમાં આત્માની સાથે રહેનારા તૈજસ તરીકે સિદ્ધ થયેલો અને જગતમાં જઠરાગ્નિ તરીકે જાહેર થયેલો તૈજસરૂપ ભઠ્ઠીનો અગ્નિ પણ ગ્રહણ કરેલા પુદગલોને પરિણમાવતો જાય છે અને નવા નવા પુદગલોને પકડાવતો જાય છે. આવી રીતનો તૈજસનો સ્વભાવ વિચારનાર મનુષ્ય આત્માની અને તેની સાથેના આ તૈજસનો અનાદિતા માનવામાં અંશે પણ આંચકો ખાશે નહિ.

## આહારથી શેષ સંજ્ઞાઓનો પ્રાદુર્ભાવ

આ તૈજસ ભઠ્ઠીના તાપથી તડતડેલો જીવ ખોરાકની હંમેશાં અભિલાષા કરે છે, અને તેથી એમ કહેવું પડે કે ઉપયોગે જીવ માત્રને ચાર સંજ્ઞા હોય તો પણ પ્રથમ પ્રવૃત્તિએ દરેક ભવમાં આવતો જીવ આહારસંજ્ઞાના શિખર ઉપર જ ખરી બેઠક જમાવે છે, એટલે એમ કહીએ તો ચાલે કે જીવને મૈથુન આદિ સર્વ સંજ્ઞાઓ પ્રાદુર્ભાવ તે તે જીવે તૈજસાદિની પરાધીનતાને લીધે કરેલી આહાર સંજ્ઞાના એટલે આહારની ઈચ્છાના પ્રબળ પ્રતાપે જ છે. જો કે સંસારી જીવ માત્રને આત્મદૃષ્ટિથી સમજવાવાળો મનુષ્ય વિચારે તો શરીર એ જ સખત શાપનું સ્થાન અને કર્મરૂપી મહારાજાનું ભવરૂપી કેદખાનાનું પાંજરૂં છે. તે પાંજરારૂપે ગણાતા અને આત્માને પરાધીનતાની ધૂંસરીમાં ધકેલતા એવા શરીરની આત્માએ એક અંશે પણ ઈચ્છા કરી ન હતી. આત્મા તો માત્ર તૈજસના તાપથી તડફડીયાં ખાઈને આહારની ઈચ્છાવાળો થયો અને તેથી તેણે એ જ આહારાદિ આહાર કર્યા પણ તે ઓજઆહારાદિ આહારને કરવામાં પ્રવર્તેલા જીવને આહારમાંથી નીકળેલા મળભાગે તો કંઈ તેવી અડચણ કરી નહિ અગર તે આત્મા મળભાગના જોરે તો બંધાઈ ગયો નહિ, પણ તે કરેલા આહારમાંથી સત્ત્વરૂપે નીકળેલા રસભાગથી તે આત્માને સ્વયં કેદી થવું પડયું. અર્થાત્ વગર ઈચ્છાએ પણ માત્ર આહારની ઈચ્છાથી કરેલા આહારના પ્રતાપે સત્વને રસથી થયેલા શરીરની સંકડામણમાં આવવું પડયું અને તે શરીરની સંકડામણ જ જીવને જીવનમરણના સ્થાનરૂપ થઈ પડી, અને દરેક ગતિમાં, દરેક ભવમાં તે જ શરીર સંકડામણમાં આયુષ્યના પર્યંત સુધી રહેવું પડયું.

જગતમાં સ્પષ્ટ છે કે શરીરધારણા એ જ જીવનું જીવન અને તે શરીરના વિજોગે જ જીવનું મરણ. અર્થાત્ જીવનો સ્વયં જીવન કે મરણનો હક કોઈપણ ભવમાં કે કોઈપણ ગતિમાં કોઈપણ જીવ ભોગવી શકતો નથી. માત્ર દરેક ગતિ અને દરેક ભવમાં શરીરરૂપી પાંજરાના પંખીડાપણાની અવસ્થામાં રહે ત્યાં સુધી જ તેનું જીવન રહે અને ગણાય. જેવી રીતે આહારની ઈચ્છાએ કરેલા આહારના પુદગલોમાંથી નીકળેલા રસભાગથી સત્ત્વને શરીરના સંકજામાં વગર ઈચ્છાએ પણ આવવું પડે છે, તેવી જ રીતે તે જ આહારના રસથી થયેલા શરીરના સાત્ત્વિક પુદગલોથી અણચિંતવી પણ ઈંદ્રિયોના અવટમાં આ જીવને પડવું પડે છે.

## આત્માનું જ્ઞાતાપણુંને ઇંદ્રિયોનું નિયામકપણું

બાહ્ય દૃષ્ટિથી દેખનાર મનુષ્યને એમ લાગશે કે ઈંદ્રિયો એ આત્માને જ્ઞાન દેનારી વસ્તુ છે, પણ બારીક દૃષ્ટિથી આત્માના અપ્રતિમ સ્વભાવને ઓળખનારા મનુષ્યો સમજી શકે છે કે કેવળ જ્ઞાનાદિ સ્વરૂપ એવા આત્માને સ્પર્શનાદિક ઈંદ્રિયો એ સાધકરૂપે દેખાતાં છતાં પણ બાધક જ છે. જગતમાં સહસ્ત્રવેધી પુરુષના હાથમાં લાયક બાણને સ્થાને સોય આવે, દેવતાએ જેને યથાસ્થિત ચિત્ર કરવાનું વરદાન આપેલું હોય તેવા ચિત્રકારના હાથમાં પીંછીને સ્થાને માત્ર એક બે વાળ જ આવે. દિવસના સેંકડો ગાઉ મુસાફરી કરી શકે તેવા કાસદને આખા દિવસે પાંચ ગાઉ પણ ન જાય એવા બકરાની સ્વારી મળે, તો તે બધાં જેમ દેખાવમાં સાધન છતાં પણ પરમાર્થથી રહેલી શક્તિના પણ નિયામક થાય છે, તેવી રીતે આ આત્માને મળેલી ઈંદ્રિયો પણ સામાન્ય રૂપે સ્પર્શાદિક વિષયોના જ્ઞાનના સાધનરૂપે દેખાવા છતાં આત્માની અનંત શક્તિને તો નિયંત્રિત જ કરનાર છે અને આ જ કારણથી જે આત્માને અનંત જ્ઞાન, દર્શનશકિત પ્રગટ થયેલી હોય તેઓને આ નિયામક એવી ઈંદ્રિયોના ઉપયોગની જરૂર હોય જ નહિ. અને તેથી જ શાસ્ત્રકારો કેવળીઓને અતીંદ્રિય એવા નામથી જ ઓળખાવે છે. આ વસ્તુ વિચારતાં વિચક્ષણોને માલમ પડશે કે ઈંદ્રિયો પણ આત્માને માટે ઈંદ્રજાળ સમાન જ મોહક છે, અને તેવી ઈંદ્રજાળમાં ફસાવાનું જો કોઈપણ કારણ બન્યું હોય તો અનંતરપણે શરીર અને પરંપરપણે માત્ર આહાર જ છે. જગતમાં કોઈપણ જીવ એવો નથી કે જે આહાર વિના શરીર બાંધનારો હોય અને શરીરને બાંધ્યા વગર ઈંદ્રિયોને રચનારો કે ધારણ કરનારો હોય. આવી રીતે ઈંદ્રિય અને શરીરનું કારણ મુખ્યપણે આહારની ઈચ્છા જ છે. તેવી જ રીતે ઈંદ્રિયોની સૃષ્ટિ સર્જિત થયા પછી તે ઈંદ્રિયોનો સ્વભાવ જેમ બિલાડીની જાતિનો સ્વભાવ જ ઉંદર તરફ શક્ય હોય કે અશક્ય હોય, પ્રાપ્ય હોય કે અપ્રાપ્ય હોય, સાપાય હોય કે નિર્પાય હોય, પણ માત્ર તાકવાનો જ છે, તેવી રીતે તે ઈંદ્રિયોનો સ્વભાવ જ શક્ય કે અશક્ય, પ્રાપ્ય કે અપ્રાપ્ય, સાપાય કે નિર્પાયપણાની દશા હોય તો પણ સ્પર્શાદિ વિષયો તરફ તાકવાનો જ છે. વમળમાં પડેલા ઘાસના તૃણને જેમ બહાર નીકળવાનો વખત હોતો નથી તેવી રીતે આ વિષયરૂપી વારિના વમળમાં વહી ગયેલા ચેતનવાળા ચેતનને પણ ચેતવાનો વખત રહેતો જ નથી. તળાવમાં કાંકરો નાખવાથી ઉત્પન્ન થયેલા મોજાનો છેડો પાણીના છેડે જ આવે છે તેવી રીતે આ જીવને પણ આહારની ઈચ્છાથી થયેલા આહારના રસના શરીરની ઈંદ્રિયોથી થયેલી વિષયવાસના આ જીવને જિંદગીના છેડા સુધી જંજીરરૂપે જકડી રહે છે. આ સર્વ કહેવાનું તત્ત્વ એટલું જ છે કે દરેક જીવ આહાર તરફ દોરાય છે તેને જ પ્રતાપે મૂળથી ઈચ્છા નહિ છતાં પણ આહારના પ્રતાપે જ આવેલા શરીર, ઈંદ્રિય અને વિષયોની વિષમ વાટમાં વહેનારો થઈ વલખાં મારનારો થાય છે. અર્થાત્ આ જીવ જો અનશનાદિક કે

આયંબિલાદિની તપસ્યાના સમ્યક્ સમાચરણથી તૈજસની ભઠ્ઠીનો નાશ કરનાર થાય તો આ જીવ સર્વ કાળને માટે આહાર, શરીર, ઈંદ્રિય અને વિષયોની ઉપાધિમાંથી મુકત થાય, માટે જડચેતનના વિભાગને જાણવાવાળા મનુષ્યે ચૈતન્યની ચઢતી ચળકતી દશા લાવવા માટે અનાહાર પદ પ્રાપ્ત થાય તેવા ઉદ્દેશથી આહારત્યાગાદિરૂપ તપસ્યાનો અત્યંત આદર કરવો જોઈએ.

### તીર્થોમાં તપસ્યાનો નિયમ

જો કે અનશનરૂપ તપસ્યામાં ચાર કે ત્રણ પ્રકારના આહારનો નિરોધ જ હોય છે, અને તેવી અનશન નામની તપસ્યા ભગવાન ઋષભદેવજીના તીર્થમાં પચાસ લાખ ક્રોડ સાગરોપમ સુધી બાર માસ માટેની એટલે એક વર્ષ સુધીની રહેલી છે, એટલે એમ કહીએ તો ચાલે કે આખી અવસર્પિણીમાં તીર્થપ્રવૃત્તિનો જેટલો કાળ છે તેનાથી અડધો અડધ કાળ કરતાં વધારે કાળ બાર માસ એટલે વર્ષ સુધીની તપસ્યાનો રહેલો છે, અને તેથી અસંખ્ય મહાત્માઓએ બાર માસની એટલે વર્ષની તપસ્યા ઘણી વખત કરી છે, અર્થાત્ જ્યારે મોક્ષમાર્ગના સોપાને ચઢવાને મનુષ્યો ચતુરાઈ ધારણ કરે છે, ત્યારે તેઓને આવી તીવ્ર બાર બાર માસની મુદતવાળી અનશનની તપસ્યાઓ આદરવામાં આવ્યાહત આદર થાય છે, તો પછી અન્ય કાળમાં પણ જેઓને મોક્ષના સોપાનમાં સમારૂઢ થવું હોય તેઓએ તપસ્યામાં તત્પર થવું તે સ્વાભાવિક જ છે. જેવી રીતે ભગવાન ઋષભદેવજીના તીર્થમાં અનશન નામની તપસ્યાને માટે બાર માસની મુદત હતી તેવી રીતે ભગવાન અજિતનાથજી મહારાજથી ભગવાન પાર્શ્વનાથજી મહારાજ સુધીના બાવીસ તીર્થંકરના તીર્થમાં આઠ માસ સુધીની અનશન નામના તપ માટે ઉત્કૃષ્ટ મર્યાદા હતી. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન મહાવીર મહારાજના જીવે નંદનના ભવમાં જે એક લાખ વર્ષ સુધી નિરંતર માસખમણ, માસખમણ પારણું કરીને તપસ્યા કરેલી છે તે પણ મધ્યમ તીર્થંકરોના કાળમાં જ ગણાય. આપણે જ્યારે ભગવાન મહાવીર મહારાજને વર્તમાન શાસનના ઉત્પાદક ગણીએ, અને તેમના શાસનની છત્રછાયા નીચે જ આપણે આપણા આત્માનું કલ્યાણ સાધવા માગીએ, તો પછી તેવા મહાપુરુષે મોક્ષને માટે મોક્ષ પામવાના તીર્થંકરપણાના ભવમાં તો શું ? પણ તેનાથી પહેલાના ભવોમાં જે તપસ્યાનો અપ્રતિબદ્ધપણે આદર કરેલો છે તે તપસ્યાનો આપણે આદર ન કરીએ કે આપણી શક્તિ પ્રમાણે તેમાં ઉજમાળ ન થઈએ તો પછી મોક્ષ પામવાના નામે આપણે જે વિચારો, ઉચ્ચારો અને આચારો ધરાવી તે યથાર્થ ફળદાયી ન થાય તે સ્વાભાવિક જ છે, અર્થાત્ જે મનુષ્ય આત્માને કર્મની કઠિનતમ જંજીરમાંથી છોડવવો હોય તે મનુષ્યને સમ્યગ્દર્શનાદિકના આદરની માફક રસનારૂપી તપસ્યાનો આદર કરવો જ જોઈએ. ભગવાન મહાવીર મહારાજનું તીર્થ કે જે વર્તમાન જીવોના જાગતા કલ્યાનનું જોતરૂં વહન કરે છે. તે વર્તમાન તીર્થમાં પણ શ્રમણ ભગવાન મહાવીર મહારાજે છ માસ સુધીની અનશનરૂપી તપસ્યા કરવાનું વિધાન કહેલું છે.

### તપની કરણી

એક વાત ધ્યાનમાં રાખવાની વાંચકોને અવશ્ય જરૂર છે કે જૈન શાસનમાં મોક્ષમાર્ગના સ્વરૂપ તરીકે બતાવેલાં અનુષ્ઠાનોને અંગે કથની અને કરણીમાં ફરક ચાલતો નથી. બીજાં દર્શનોમાં માત્ર કથનીને જ અગ્રપદ આપવામાં આવે છે, અને તેથી જ પોતાના દર્શનને ઉત્પન્ન કરનારાની કરણી બાબતમાં વિચાર કરવાની મનાઈ કરવામાં આવે છે, અને તે કરણીના વિચારની મનાઈને અંગે જ અન્ય દર્શનકારોને લીલાના કે કલ્પિત

શકિતના સંચાઓ સંચારવા પડે છે. શ્રી જૈનશાસનમાં ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન મહાવીર મહારાજાદિક જિનેશ્વરોને અંગે કોઈપણ દિવસ કોઈપણ જૈનને લીલાનો પડદો ખડો કરવો પડતો નથી, તેમજ શ્રી જૈનશાસનમાં ગુરુવર્ગ તરીકે ગણાતો ભગવાન ગૌતમાદિ સ્થવિરોને અંગે બીજાઓ જેમ પોતાના ગુરુને અંગે જાદવકુલ બાલ, મઠાધિપતિ, વિગેરે ગણી તેમની કરણી તરફ લક્ષ આપવાનું રોકે છે, તેમ અહીં નથી એ સ્પષ્ટ જ છે. બીજા દર્શનકારોને અનુસરનારાઓ એકલું લીલાદિને નામે કરણીનો વિચાર કરવાનું રોકે છે એટલું જ નહિ પણ તે પોતાના ઈષ્ટદેવોની કરણીમાં એટલું બધું અધમપણું આડકતરી રીતિએ કબૂલ કરે છે કે જેના અનુકરણ કરનારને તેઓ ગાંડાની જ લાઈનમાં મેલે છે, અને તેથી જ તેઓમાં સિદ્ધાંત તરીકે એમ બોલાય છે, કે **બડા કહે સો કીજીએ, કરે સો કીજે નાંઈ, હરખ્યું પંચ નમે ફીરે સોઈ વિકલ કહાઈ.** અર્થાત્ અન્ય દર્શનકારોએ પોતાના દર્શન પ્રવર્તકની કરણીને અનુકરણ કરવા લાયક ગણી જ નથી, અને તેઓએ તો માત્ર પોતાના દર્શનપ્રવર્તકની કથનીને જ આધાર તરીકે લીધેલી છે, કેમકે તે દર્શનપ્રવર્તકોમાં કથની અને કરણી ભિન્ન ભિન્ન રૂપે મનાયેલી છે, પણ ભગવાન જિનેશ્વરદેવોમાં કથની અને કરણીને એકતા હોવાને લીધે તેમના માટે લીલાના પડદા વિગેરેની પ્રણાલિકા પોષણ પામતી નથી, અને આ અનશનાદિ તપસ્યાને અંગે પણ અંતિમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર મહારાજે છ મહિનાની તપસ્યા કરવાનું વિધાન માત્ર કથનીમાં જ રાખ્યું હતું એમ નથી, કિન્તુ છ છ માસ સુધીની અનશનરૂપ તપસ્યા શ્રમણ ભગવાન મહાવીર મહારાજે આદરેલી છે. જે શાસનના શહેનશાહ તરીકે ગણાતા ભગવાન્ મહાવીર મહારાજે ચાર જ્ઞાનવાળા છતાં અને મોક્ષે જવાનો તે જ ભવે નિશ્ચય હતો છતાં પણ છ છ માસ જેવી તીવ્ર તપસ્યા આદરી છે, તો પછી તેની ભકિતના ભરમાં નિર્ભર રહેનારા ભવ્યાત્માઓ જો તે અનશનાદિક તપસ્યાથી ભડકે તો ખરેખર એમ કહેવું જ પડે કે તેઓ ભગવાનની છત્રછાયામાંથી છટકી ગયેલા છે.

## બાહ્ય છ ભેદોમાં અનશનની ઉત્સર્ગતા

આત્માના સ્વરૂપમાં અપેક્ષાએ અને તેના શોધનની અપેક્ષાએ અનશન નામની તપસ્યા અગ્રપદને ભોગવતી હોય છે, અને તેથી જ આચાર્ય મહારાજ અભયદેવસૂરીશ્વરીજીએ અનશનાદિ છ પ્રકારના બાહ્ય તપમાં અનશન નામની તપસ્યાને જ શ્રી ઔપપાતિકસૂત્રની વ્યાખ્યામાં મુખ્યપણે સ્વીકારી છે, ત્યાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે અનશન નામની તપસ્યા નિરંતર ન થઈ શકે તો આહારને લેતાં ઉણોદરી કરવી જોઈએ, એટલે આહારનો રોધ એ મુખ્ય છતાં અશક્ય લાગે અગર ન બની શકે ત્યારે પણ લેવાતો આહાર તેની આસકિત કે માત્ર અતિક્રાંતવાળો ન છતાં પોતપોતાના આહારના પ્રમાણથી ન્યૂન પ્રમાણવાળો જ હોવો જોઈએ. પોતપોતાના આહારના પ્રમાણની અપેક્ષાએ જ ન્યૂનતા કરવાની હોવાથી તેનું નામ ઉણા આહાર એમ નહિ રાખતાં ઉણોદરી એમ રાખેલું છે તેવી ઉણોદરી પણ જેઓ કૂરગડુ સરખા જઠરાગ્નિની તીવ્રતાવાળા હોઈ ન કરી શકે અર્થાત્ અનશન અને ઉણોદરી બંનેમાં પણ જેઓ અશક્ત હોય તેઓએ વૃત્તિસંક્ષેપ એટલે ભક્ષ્યવસ્તુના સંકોચને માટે તત્પર રહેવું જોઈએ, અને તેનું જ નામ વૃત્તિસંક્ષેપ નામનું તપ કહેવાય છે. વળી જેઓ તેવો વૃત્તિસંક્ષેપ કરવાને માટે કોઈ અંતરાયના ઉદયથી કે સંયોગસામગ્રીને લીધે સમર્થ ન થઈ શકે તેઓએ ધૃતાદિ વિગઈઓરૂપી રસનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ, અને જેઓ પૂર્વ અવસ્થામાં

ધૃતાદિ વિગઈઓથી ભાવિત હોય, મંદ સંઘયણવાળા હોય, વિગેરે કારણથી ઉદાયન મહર્ષિ જેવા કદાચ વિગઈઓરૂપી રસનો ત્યાગ ન કરી શકે, તેઓએ કષાય, ઈંદ્રિય અને યોગની સંલીનતારૂપ સંલીનતાનો તપ વિશેષે કરવો જોઈએ, અને જેઓ શ્રી નંદિષેણજી જેવા અનેક પ્રયત્ન કરવા છતાં પણ ઈંદ્રિય વિગેરેની સંલીનતાને ન ધારણ કરી શકે તેઓએ અનેક પ્રકારે આતાપનાદિક કષ્ટો આદરવારૂપ કાયકલેશ કરવો જોઈએ. આવા ભાવાર્થનું વિવેચન જણાવી આચાર્ય મહારાજ શ્રી અભયદેવસૂરિજીએ અનશન નામની તપસ્યાને ઉત્સર્ગ તરીકે જણાવેલી છે, પણ તે કર્મક્ષયના પ્રબળ સાધન તરીકે અનશન નામની તપસ્યાની જણાવેલી ઉત્સર્ગ સ્થિતિ આદરવાની કે હંમેશાં બની શકવાની અપેક્ષાએ શ્રુતકેવલી ભગવાન શય્યંભવસૂરિજીએ શ્રી દશવૈકાલિક સૂત્રમાં ચૌદસેં ચુમ્માલીસ ગ્રંથના સમુચ્ચયરૂપી સૌધનો સંદર્ભ કરવામાં સૂત્રકાર સમાન શ્રી હરિભદ્રસૂરિ મહારાજે શ્રી ઉપદેશપદાદિકમાં જે એકાસણાને ઉત્સર્ગ ઠરાવી ઉપવાસને અપવાદિક તરીકે જણાવેલો છે તેને બાધ આવતો નથી. અર્થાત્ કર્મક્ષયના સાધન માટે સાવધાન થયેલા સત્ત્વોને શ્રેષ્ઠપદે અનશન નામની તપસ્યા છે, અને અનશનની અશક્તિને અંગે ઉણોદરી આદિ તપસ્યા છે એમ સિદ્ધ છતાં પણ અનશન નામની તપસ્યા કોઈપણ તીર્થમાં બાર, આઠ કે છ માસથી અધિક મર્યાદાને લઈ શકતી નથી, જ્યારે એકાસણું અને આયંબિલ આદિની તપસ્યા જીવન સુધીની મર્યાદાને પણ લઈ શકે છે, એટલે કે અનશન નામની તપસ્યાને માટે તીર્થમાં મર્યાદા છે, પણ ઉણોદરી આદિ તપસ્યાને માટે કોઈપણ જાતની મર્યાદા શાસ્ત્રોમાં પ્રદર્શિત કરી નથી અને વર્તમાનમાં પણ કઈ મહાપુરુષો યાવજ્જીવ એકાસણઆદિ તપને કરી શકે છે, અને તે એકાસણાઆદિ તપસ્યાને યાવજ્જીવ સુધી કરવાનું શાસ્ત્રકારોનું ફરમાન પણ છે. અર્થાત્ અનશન નામની તપસ્યા જ માત્ર કાળની મર્યાદાવાળી છે, પણ અન્ય એક ભકતાદિ તપસ્યાઓને કાળનો કોઈ જાતનો બાધ નથી.

## અનશન તપનું શાસ્ત્રીય સ્થાન

જૈનશાસનમાં તપસ્યાનું ત્રાજવું કેટલું બધું ભારે હશે કે શ્રી સૂત્રકૃતાંગસૂત્રમાં તથા શ્રી ઔપપાતિક ઉપાંગમાં સાધુમહાત્માઓના વર્ણનને અંગે સાધુઓનું તપદ્વારાએ વર્ણન કરેલું છે, અને શ્રીપ્રશ્નવ્યાકરણ વિગેરેમાં ભવ્ય જીવને મોક્ષ સાધવા માટે જે સંયમરૂપી પ્રવહણ જરૂરી જણાવ્યું છે, તે સંયમદ્વારાએ મોક્ષની પ્રાપ્તિ જણાવતાં તે તપસ્યાને પટુ ઉપવનના પ્રબળ પ્રવાહ તરીકે જણાવે છે. દરેક વાચક સમજી શકે છે કે પ્રવહણના વહનનો આધાર પવન ઉપર જ રહે છે, તેવી રીતે સંયમથી મોક્ષની સિદ્ધિ કરવામાં પણ પ્રબળ આધાર તપ ઉપર જ રહેલો છે એમ સૂત્રકારો ધ્વનિત કરે છે. વળી અહિંસા જેવા મહાવ્રતોની શ્રેષ્ઠતા બતાવતાં શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રકાર મહારાજા તપસ્વીઓએ તે અહિંસા મહાવ્રતનો આદર કર્યો છે, માટે પણ તે અત્યંત શ્રેષ્ઠ છે એમ સૂચિત કરે છે. સામાન્ય રીતે આચાર્ય વિગેરેના વર્ણનોમાં પણ શ્રી પાક્ષિકક્ષામણાના સૂત્રને કરનારા મહર્ષિઓ **संजमेणं तवसा अप्पाणं भात्रेमाणाणं** એ વિગેરે જણાવી સાધુમહાત્માઓનું સાચું સ્વરૂપ જેવી રીતે સંજમ છે, તેવી જ રીતે તપ પણ એક સાચું સ્વરૂપ જ છે એમ સૂચિત કરે છે.

## તપસ્યા કરનાર મહાત્માઓ

શ્રી ભગવતીજીસૂત્રમાં સ્કંધક આદિ મહાત્માઓ શ્રી જ્ઞાતાસૂત્રમાં શ્રી મેઘકુમારાદિ પ્રવર્જિત રાજકુમારો અંતકૃતદશા અને અનુત્તરદશામાં અનેક મહાપુરુષોએ કરેલી તપસ્યાને દેખનારો દૃષ્ટિમાન પુરુષ કર્મક્ષયની દરકારવાળો હોય તો

કેવો અંતરંગથી આદર કરે તે સમજવું મુશ્કેલ નથી. સૂત્રમાં ગુંથાયેલા મહાપુરુષોને અંગે જ ઉપર જણાવેલા સ્થાનો અને મહાપરુષો જણાવ્યા તથા ગણાવ્યા છે. બાકી અન્ય ગ્રંથોની અપેક્ષાએ દમયંતી અને શ્રી ચંદ્રકુમારાદિકની પૂર્વભવમાં કરાએલી તપસ્યા કોઈપણ પ્રકારે ભૂલી શકાય તેમ નથી.

ઉપર જણાવેલા તપનું સ્વરૂપ ગુણો અને તેને કરનાર કેટલાક મહાત્માઓનું સ્વરૂપ જાણવાની ઈચ્છાવાળાઓએ મલ્લધારગચ્છીય શ્રીમાન હેમચંદ્રસૂરિજીએ કરેલી પુષ્પમાળા જેનું અપરનામ ઉપદેશમાલા પણ છે તેનું તપ નામનું આખું દ્વાર તથા તે જ મહાપુરુષે કરેલી ભવભાવનામાં નિર્જરા નામની ભાવનાનો આખો વિષય અને શ્રીમાન રત્નશેખરસૂરીશ્વરજીએ રચેલ આચારપ્રદીપમાં તપઆચારનો આખો ભાગ જોવા અને સમજવાની જરૂર છે.

### અભ્યંતર તપની રક્ષા પણ બાહ્ય તપથી છે

જો કે મુખ્યપણે પૂર્વે જણાવેલી તપસ્યાના શ્રી ભગવતીજીસૂત્ર, શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, શ્રી દશવૈકાલિકસૂત્ર, તથા શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની નિર્યુક્તિ તથા શ્રી ઔપપાતિકસૂત્રમાં અનશન વિગેરે બારભેદો જણાવેલા છે, અને તેમાં પણ અનશનાદિ છ ભેદોને બાહ્ય તપ તરીકે જણાવેલા છે, અને પ્રાયશ્ચિત્તાદિ છ ભેદોને અભ્યંતર તપ તરીકે જણાવી અનશનાદિક તપની બાહ્ય દૃષ્ટિથી થતી આચરણા, બાહ્ય દૃષ્ટિએ તેનું થતું દર્શન અને કર્મક્ષય પ્રત્યે અનેકાંતપણું જણાવી તે અનશનાદિને બાહ્ય તપ તરીકે ગણાવ્યાં અને પ્રાયશ્ચિત્તાદિ છ ભેદને અંતર્દૃષ્ટિવાળાઓથી જ આદરવાપણું, અભ્યંતર દૃષ્ટિવાળાને જ તેનો ખ્યાલ અને કર્મક્ષય કરવા પ્રત્યે તેનું એકાંતિકપણું જણાવી તે છ ભેદોને અભ્યંતર તપ તરીકે જણાવેલાં છે. તે વર્ણન ઉપલક દૃષ્ટિથી દેખનારો મનુષ્ય વાંચે અને તે ઉપલક દૃષ્ટિની અપેક્ષાએ જ અનશનાદિ છ પ્રકારના તપને આચરવામાં અલ્પ આદરવાળો થાય, અને તેના બાહ્ય તપપણાના નામે બહેકી જઈ માર્ગ ભૂલી જાય તો તેમાં અસંભવ નથી, પણ સૂક્ષ્મ દૃષ્ટિવાળો પુરુષ તેવી સ્થિતિમાં કોઈ દિવસ પણ આવે નહિ, કેમકે પ્રથમ તો સૂક્ષ્મ દૃષ્ટિવાળો મનુષ્ય આ નિબંધમાં જણાવેલા આખા અધિકારને વાંચે, વિચારે અને તેથી સ્પષ્ટ સમજી શકે તેમ છે કે ઉપરનો સર્વ અધિકાર મુખ્યતાએ અનશન નામની બાહ્ય તપસ્યાને જ અંગે શાસ્ત્ર અને યુક્તિને અનુસરીને કહેવામાં આવેલો છે. વળી તપસ્યાના સ્વરૂપને સમજવા ચાહતા મનુષ્યને એ પણ સાથે જ સમજવાનું છે કે ઉપર જણાવેલી છ પ્રકારની અનશનાદિ બાહ્ય તપસ્યા સ્વંય ફળને દેવાવાળી હોવા સાથે અભ્યંતર તપના અસ્તવ્યસ્તપણામાં કે તેના આચરવામાં અનશનાદિ તપસ્યા કે જે બાહ્ય તપ તરીકે કહેવાય છે તે જ મુખ્ય ભાગ ભજવે છે. આ વાત સમજવી જરૂરી હોવાને લીધે તેનો કાંઈક વિસ્તારથી વિચાર કરીએઃ-

સર્વપ્રકારની અભ્યંતર તપસ્યામાં આદ્ય નંબરે ગણાતું પ્રાયશ્ચિત નામનું અભ્યંતરતપ વિચારીએ તો પ્રાયશ્ચિતના દશ ભેદોમાં પાંચમા નંબરે ગણાતું તપ નામનું જે પ્રાયશ્ચિત્ત તે અનશન, આયંબિલ, નીવી, આદિ બાહ્ય તપસ્યાને અંગે જ છે. જો કે તે તપ નામના પ્રાયશ્ચિત પછી છેદ અને મૂળ વિગેરે પણ પ્રાયશ્ચિતો છે, પણ તે બધાં છેદાદિ પ્રાયશ્ચિતો તપસ્યાને અંગે પૂર્વે જણાવેલી છ માસની મર્યાદાને ઓળંગી જનાર માટે કે પહેલે નંબરે અનશનાદિ તપસ્યાથી પ્રાયશ્ચિત લેનારનું દમન યોગ્ય ગણ્યા છતાં તે અનશનાદિથી ન દમાય તેવા આત્માને જ માટે જ છે. વળી આલોચન વિગેરે પ્રાયશ્ચિત્તો ન કરે અગર તે કરવામાં પ્રમાદ થાય તો તેની શુદ્ધિ તપ દ્વારાએ

જ કરવાનું શાસ્ત્રકારો જણાવે છે, બીજો અભ્યંતર તપનો ભેદ જે વિનય નામનો છે તેમાં પણ જે મહાત્મા આચાર્યાદિ જે મહાપુરુષો વિનયને યોગ્ય છે તેનો વિનય ન કરે કે કરવામાં ખામી લાવે, અથવા તો પાર્શ્વસ્થ આદિ કુગુરુઓ કે ગૃહસ્થ આદિ અસંયતો કે જેઓ સાધુસંતની અપેક્ષાએ વિનયક્રિયાને યોગ્ય નથી, અને સાધુસંતો જો તેઓનો વિનય કરે તો સાધુસંતોને કર્મબંધન થાય એમ શાસ્ત્રકારો સ્પષ્ટપણે જણાવે છે, છતાં જો દાક્ષિણ્યતાદિક કારણથી તેવા પાર્શ્વસ્થાદિકનો સાધુમહાત્માઓ વિનય કરે, તો તે સ્થાને વિનય ન કરવો અને અસ્થાને વિનય કરવો એ બંનેની શુદ્ધિ અનશનાદિ બાહ્ય તપદ્વારાએ જ કરવી એમ શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં કહે છે. ત્રીજો અભ્યંતર તપનો જે વૈયાવૃત્ય નામનો ભેદ છે તેને અંગે પણ આચાર્યાદિ દશ મહાપુરુષોનું વૈયાવચ્ચ સર્વ પ્રયત્નથી કરવું યોગ્ય છતાં વીર્યઉલ્લાસની ખામી કે પ્રમાદને અંગે ન થાય, અથવા તો અનશનાદિ લાવવા વિગેરે રૂપ વૈયાવચ્ચને યોગ્ય નહિ એવા પાર્શ્વસ્થાદિ, અન્યતીર્થી કે ગૃહસ્થનું કદાચ દાક્ષિણ્યતાને અંગે વૈયાવચ્ચ કરવામાં આવે તો તેમાં લાગેલા કર્મની શુદ્ધિ કરવાનું પણ અનશનાદિ તપદ્વારાએ શાસ્ત્રકારો સૂચવે છે. વળી અભ્યંતર તપનો ચોથો ભેદ જે સ્વાધ્યાય નામનો છે તેને માટે પણ સ્પષ્ટ શબ્દોમાં શાસ્ત્રકારો જણાવે છે કે સ્વાધ્યાયના વખતમાં સ્વાધ્યાય ન કર્યો હોય, સ્વાધ્યાય કરવાને લાયક નહિ એવા વખતમાં સ્વાધ્યાય કર્યો હોય દ્રવ્ય ક્ષેત્ર, કાલ અને ભાવથી અસ્વાધ્યાય નહિ હોવા છતાં, પણ સ્વાધ્યાય નહિ કર્યો હોય, તે જ દ્રવ્યાદિકથી અસ્વાધ્યાય હોવા છતાં સ્વાધ્યાય કર્યો હોય રાત્રિ અને દિવસના ચાર કાળમાં સ્વાધ્યાય ન કર્યો હોય વિગેરેથી લાગતાં કર્મની શુદ્ધિ શાસ્ત્રકારોએ અનશનાદિ બાહ્ય તપદ્વારાએ જણાવેલી છે. પાંચમાં અભ્યંતર તપના ભેદ તરીકે જણાવવામાં આવેલું જે ધ્યાન છે તેમાં અશુભ એવા આર્ત, રૌદ્ર ધ્યાનનો પ્રસંગ કરે કે મોક્ષના સાધનભૂત ધર્મ અને શુકલ ધ્યાનરૂપી શુભ ધ્યાનનો પ્રસંગ ન કરે તો તેથી લાગતા કર્મોની શુદ્ધિ કરવા માટે પણ શાસ્ત્રકાર મહારાજાઓ અનશનાદિક બાહ્ય તપને જ સાધન તરીકે જણાવે છે. અભ્યંતર ભેદના છઠ્ઠા ભેદ તરીકે ગણાયેલો વ્યુત્સર્ગ નામનો ભેદ પણ તેના યોગ્ય કાળે અનાચરણ અને અયોગ્ય કાળે આચરણથી લાગતાં કર્મોને અંગે શુદ્ધિ કરવાનું સફળ સાધન શાસ્ત્રકારો અનશનાદિ બાહ્ય તપને જ જણાવે છે. આ બધી હકીકત ધ્યાનમાં લેતાં સૂક્ષ્મ દૃષ્ટિવાળો મનુષ્ય સહેજે સમજી શકે તેમ છે કે અભ્યંતર તપની મહત્તા છતાં પણ તેનો ઉત્પાદ, ટકાવ અને વૃદ્ધિ એ ત્રણે અનશનાદિ છ પ્રકારના બાહ્ય તપ ઉપર જ આધાર રાખે છે.

**બાહ્ય તપના અનશનભેદને અંગે જ તપસ્વીપણું**

પૂર્વે જણાવ્યા પ્રમાણે મોક્ષના સાધન તરીકે શાસ્ત્રકારોએ ફરમાવેલો અને નિકાચિતપણે બાંધેલા કર્મનો ક્ષય કરવામાં અદ્વિતીય શક્તિ ધરાવનારા એવો તપ જે કહેવામાં આવેલો છે, તેના શાસ્ત્રકારો સામાન્ય રીતે પૂર્વે જણાવેલા જ બાહ્ય તપના છ ભેદ અને અભ્યંતર તપના છ ભેદ એમ બાર ભેદ જણાવે છે, એટલે બાર ભેદમાંથી કોઈપણ ભેદને આચરનાર મનુષ્ય તે સામાન્ય વ્યાખ્યાની અપેક્ષાએ તપસ્વી તરીકે ગણી શકાય, પણ જેમ જગતમાં બીજી જગાએ સામાન્ય શબ્દો વિશેષ અર્થમાં રૂઢ થાય છે, તેમ અહીં પણ તપસ્વી શબ્દ સામાન્યપણે બારે પ્રકારના તપવાળાને લાગુ પાડી શકાય એવો છતાં પણ માત્ર અનશન તપવાળાને અને તેમાં પણ વિકૃષ્ટ તપ એટલે અઠ્ઠમ (ત્રણ ઉપવાસ)થી વધારે ઉપવાસવાળાને અંગે જ શાસ્ત્રકારો લાગુ કરે છે, અને તેથી જ વૈયાવચ્ચના દશ ભેદો જણાવતાં આચાર્ય, ઉપાધ્યાય વિગેરેથી તપસ્વી શબ્દ જુદો પાડી અઠ્ઠમથી અધિક તપસ્યાવાળાનું વૈયાવચ્ચ કરવાનું તપસ્વી વૈયાવચ્ચ તરીકે ગણાવ્યું. આઠ પ્રભાવકોને ગણાવતાં પણ જે તપસ્વી નામનો

પ્રભાવક જણાવેલો છે તે પણ અઠ્ઠમઆદિ વિકૃષ્ટ તપસ્યાવાળો જ તપસ્વી તરીકે ગણાવેલો છે. અન્યથા બત્રીસ કોળીઆનો સંપૂર્ણ આહાર નહિ લેનારા તથા વૃત્તિસંક્ષેપ તથા રસત્યાગ વિગેરે કરનારા ઇંદ્રિય અને યોગની સંલીનતા કરનારા અને પ્રાયશ્ચિત્તાદિ અભ્યતંર તપના છ ભેદોમાંથી પ્રતિદિન ઘણા ભેદોને આચરતા એવા આચાર્યાદિક તપસ્વી તરીકે ગણાત, અને તપસ્વી નામનો ભેદ જુદો પાડી તપસ્વીનું વૈયાવચ્ચ જુદું જણાવત નહિ.વળી ભગવતીજી આદિ સૂત્રોમાં સર્વલબ્ધિનિધાન ગૌતસ્વામી આદિના વર્ણનમાં घोरतवे दित्ततवे तत्ततवे વિગેરે અનેક વિશેષણોથી તપનું વર્ણન કરેલું છતાં झाणकोट्ठो वगए એમ કહી ધ્યાનનું જુદું વર્ણન જે આપ્યું છે તે આપત નહિ. વળી પ્રાયશ્ચિતને પ્રતિપાદન કરનારાં શાસ્ત્રોમાં પ્રાયશ્ચિત્તના ભેદો જણાવતાં તપ નામનો પ્રાયશ્ચિત્ત ભેદ જણાવે છે, છતાં તેનાથી વિવેક અને વ્યુત્સર્ગ નામના પ્રાયશ્ચિત્તો જુદાં તરીકે જે જણાવે છે તે પણ એટલું સમજાવવાને બસ છે કે તપશબ્દથી અભ્યંતર તપનો કોઇપણ ભેદ કે ઉણોદરી આદિ બાહ્ય તપો પણ ગણવાં નહિ. આ બધી હકીકત વિચારતાં અનશનમાં તપશબ્દનું રૂઢપણું છે, અને અઠ્ઠમઆદિક અધિક તપસ્યાને અંગે જ તપસ્વી એવો વિશિષ્ટ શબ્દ લાગુ થાય છે, અને તેથી જ દુનિયામાં અને શાસ્ત્રોમાં તપ તરીકે તે અનશનને જ લેવાય છે, અને તેને અનુસરીને તપના બારે પ્રકાર છતાં પણ આ નિબંધમાં તપશબ્દથી અનશન એવી જ વ્યાખ્યા મુખ્યતાએ કરવામાં આવી છે.

**અનશનના શાસ્ત્રોક્ત ભેદ**

જૈનશાસનમાં શાસ્ત્રકારોએ અનશન નામના તપના ભેદો જણાવતાં એક ઉપવાસ, બે ઉપવાસ, યાવત્ છ માસના ઉપવાસ વર્તમાન શાસનની અપેક્ષાએ અનશન નામને ઉદ્દેશીને તપ તરીકે જણાવેલા છે, અને તેથી જ સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા પ્રતિદિન રાત્રિક પ્રતિક્રમણ કરતાં તપ ચિંતવનના કાર્યોત્સર્ગમાં છ માસ પર્યંતના તપને જ ચિંતવે છે, અને તેથી જ ત્રિલોકનાથ ભગવાન મહાવીર મહારાજે કરેલી તપસ્યાનું અનુકરણ કરવા માટે જીવને પૂછવામાં અવે છે કે-શ્રમણ ભગવાન મહાવીર મહારાજે છ માસની તપસ્યા (અનશન-ઉપવાસ) કર્યા છે, તો તું તે કરીશ ? ઉત્તરમાં જ્યારે શકિતનો અભાવ કે સંયમવ્યાપારોના નિર્વાહના અભાવનો ઉત્તર મળે છે, ત્યારે પાંચ દિન ન્યૂન સુધીની છમાસીનો પ્રશ્ન થાય છે, અને તેનો ઉત્તર પણ ઉપર પ્રમાણે જ્યારે મળે છે, ત્યારે પ્રશ્નપરંપરા આગળ વધે છે અને યાવત્ તે દિવસે જે કાંઇ કરવું હોય તે તપ ધારી કાયોત્સર્ગ પૂરો કરવામાં આવે છે. આ વસ્તુ વિચારતાં ભગવાન મહાવીર મહારાજના આચરેલા ઉણોદરી આદિ કે ધ્યાનાદિ તપને તપ ચિંતવણીના કાયોત્સર્ગમાં ન વિચારતાં તેમની છ માસની તપસ્યા જે વિચારવામાં આવી છે, અને તેવી વિચારણાને જ તપ ચિંતવણીનો કાયોત્સર્ગ કહેવામાં આવ્યો તેથી અનશનાદિ તપને અંગેજ તપ શબ્દનો વ્યવહાર તથા એક દિવસથી છ માસ સુધીની તપસ્યા તે જ અનશન નામના તપના ભેદ તરીકે કહી શકાય. એ અનશન નામનું તપ કરવાને ઉજમાળ થયેલા મહાપુરુષો પ્રાચીનકાળમાં દુનિયાદારીની સારી ગણાતી ચીજોની સ્થિતિ ધ્યાનમાં લઇ તેને અનુસારે તપસ્યા કરતા હતા, અને તેથી જ શાસ્ત્રોમાં કનકાવલિ, રત્નાવલિ, મુકતાવલિ વિગેરે જેવાં તપો મહાપુરુષોએ કર્યાં એમ સ્પષ્ટપણે તપના અધિકારમાં જણાવવામાં આવ્યું છે. દુનિયામાં ઇષ્ટ તરીકે ગણાતા માત્ર પદાર્થોને જ અનુસરીને અનશન આદિ તપસ્યા કરવામાં આવતી હતી એમ નહિ, પણ દુનિયામાં ઉત્તમ તરીકે અને શૂરવીર તરીકે પંકાયેલા એવા

જાનવરોની ગતિનું પણ અનુકરણ કરીને મહાપુરુષો તપસ્યા કરતા હતા, અને તેથી જ સિંહનિષ્ક્રીડિત જેવાં તપો મહાપુરુષોએ કર્યાં છે અને શાસ્ત્રકારોએ તેનું વર્ણન પણ કર્યું છે, અર્થાત્ એ ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે મહાપુરુષ અને શાસ્ત્રકાર મહારાજાનું ધ્યેય અનશન નામની તપસ્યાને અંગે જ છે, પણ કોના અનુકરણથી કયું તપ કરવામાં આવે છે, અને તે અનુકરણને અંગે તે તપસ્યાનું હીનપણું કોઈ પ્રકારે થતું નથી.

## તિથિ આદિ તપોનું શાસ્ત્રસૂચિતપણું

આ વસ્તુ ધ્યાનમાં રાખવાથી સુજ્ઞ વર્ગ સહેજે એવી શંકાથી બચી જશે કે શાસ્ત્રોમાં કહેલા રત્નાવલિ આદિ તપો સિવાયના બીજ, પાંચમ આદિ તિથિને આશ્રીને કે અરિહંતાદિ પદોને આશ્રીને અગર અન્ય કોઈપણ શાસ્ત્રમાં કહેલા સિવાયના નિમિત્તોને આશ્રીને કરવામાં આવતો તપ નિર્જરાનું કારણ ન થાય, પણ બંધનું કારણ થઈ સંસારને વધારનારો થાય, કેમકે તે તિથિ આદિને નિમિત્તે કરાતું તપ એ શાસ્ત્ર પ્રવૃત્તિ કહેવાય નહિ, પણ સ્વમતિ પ્રવૃત્તિ જ માત્ર કહેવાય, અને સ્વમતિથી થયેલી પ્રવૃત્તિ તો ભગવાન હરિભદ્રસૂરિજી ઉપદેશપદમાં સ્પષ્ટપણે જણાવે છે કે તીર્થંકરને ઉદ્દેશીને તે હોય તો પણ તે બંધનું કારણ થઈ સંસારના ફળને જ વધારનારી છે, તો આ તિથિ આદિને નિમિત્તે કરાતી પ્રવૃત્તિ એ સ્વમતિ પ્રવૃત્તિ ન ગણવી તેનું કારણ એટલું જ કે જેમ શાસ્ત્રકાર મહારાજાઓ અનુકંપાદાન નામના દાનના ભેદને અંગે લેનારનું પાત્રપણું કે અપાત્રપણું, દેનારને અંગે શ્રદ્ધા રોમાંચ આદિકથી સહિતપણું કે રહિતપણું,દેવાની વસ્તુને અંગે શુદ્ધપણું કે અશુદ્ધપણું વિચારમાં લેવાનું નથી, અને તેવા વિચાર વગર જ જે દાન દેવાય તેને અનુકંપાદાન ગણાય, તેવી રીતે અહીં તપસ્યામાં કયા આલંબનથી તપ કરવામાં આવે છે એ જોવાનું નથી, પણ હરકોઈ આલંબને તપ થવું જોઈએ, અને તેવા તપને સ્વમતિ પ્રવૃત્તિ તરીકે ગણાય જ નહિ. કાર્તિક શુકલા પંચમીની તિથિને જ્ઞાનપંચમી તરીકે શાસ્ત્રકારોએ જણાવી છે, અને તે જ્ઞાનપંચમીરૂપી તિથિને ઉદ્દેશીને શ્રી મહાનિશીથ સૂત્રમાં તે જ્ઞાનપંચમીને દિવસે ઉપવાસ નહિ કરનારને પ્રાયશ્ચિત્ત જણાવેલું છે, એટલે તિથિને ઉદ્દેશીને પણ તપની થતી પ્રવૃત્તિ એ સ્વમતિ પ્રવૃત્તિ છે એમ કહી શકાય નહિ, વળી યવમધ્યા અને વજ્રમધ્યા નામની ચંદ્રપ્રતિમાઓ જે શાસ્ત્રોમાં કહેવામાં આવી છે તે પણ તિથિની અપેક્ષાએ જ છે, એટલે જેઓ સામાન્ય દિવસો કરતાં તિથિના દિવસોની અધિકતા ન માનતા હોય, અને પોતાને તિથિને અંગે વ્રત, નિયમ ન કરવા પડે માટે તિથિની વિશિષ્ટતા ન ગણે અને બીજા તિથિની વિશિષ્ટતા ગણવાવાળાને તિથિની વિશિષ્ટતા નથી એમ કહી એમ માર્ગચ્યુત કરવા માગતા હોય તેઓએ સમજવાનું છે કે શાસ્ત્રકારોએ અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમા, અમાવાસ્યા અને જ્ઞાનપંચમી આદિ તિથિઓની વિશિષ્ટતા સ્પષ્ટપણે જણાવી છે અને તેથી જ તેને અંગે તપસ્યા, વ્રત, નિયમ કરવાનું વિધાન સ્પષ્ટપણે જ કરેલું છે, પણ જે તપમાં એકલા ઉપવાસો ન હોય અગર જે તપ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન મહાવીર મહારાજને અંગે તેમના શાસનમાં નિયમિત પ્રવૃત્તિવાળું ન હોય તેવાં તપોને શાસ્ત્રકારો પ્રકીર્ણક તપ તરીકે જણાવે છે, અર્થાત્ શાસ્ત્રોના વચન મુજબ કેવળ અનશનાદિક તપ ભિન્નભિન્ન જ હોવું જોઈએ, પણ તેઓની મિશ્રતા ન હોવી જોઈએ, અગર તિથિ આદિ આલંબનને આશ્રીને ન હોવું જોઈએ એમ માનવું તે પણ શાસ્ત્રના અજ્ઞાનપણાને જ સૂચવે છે. ભગવાન હરિભદ્રસૂરિજી શ્રી પંચાશકજી નામના શાસ્ત્રમાં એટલા જ માટે બાર પ્રકારના

તપ કરતાં પ્રકીર્ણક નામનું તપ જુદું જણાવે છે, અને તે ભગવાન હરિભદ્રસૂરિજી તે પ્રકીર્ણક નામના તપને પોતાની કલ્પનાથી ન જણાવતાં તેઓશ્રી કરતાં પણ પ્રાચીન કાળના શાસ્ત્રોમાં તેનું વર્ણન અને પ્રાચીનકાળના મહાપુરુષોથી તેની પ્રવૃત્તિ ચાલે છે એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે, તો આ તિથિ વિગેરેનાં તપો પ્રકીર્ણક તપ નામના ભેદ તરીકે ગણાય તો તેમાં કોઈપણ જાતની અડચણ કે સ્વમતિ પ્રવૃત્તિ તરીકે ગણવાનું નથી. પૂર્વધર મહારાજાઓના વખતમાં અનેક લોકોએ તે પ્રકીર્ણક તપો કરેલાં છે અને તે જ વખતમાં થયેલાં પ્રાચીનતમ શાસ્ત્રોમાં તે પ્રકીર્ણક તપોનું વિધાન છે, અને તે પ્રકીર્ણક તપોનું કરવું જ્યારે શાસ્ત્રકારોએ શ્રેય અને મોક્ષસાધક તરીકે ગણ્યું છે તો પછી વર્તમાનમાં કરાતાં અનેકવિધ તપોને પ્રકીર્ણક તપ તરીકે ગણવામાં શાસ્ત્રાનુસારી સુજ્ઞને તો અડચણ આવે જ નહિ. ભગવાન હરિભદ્રસૂરિજીએ શ્રીપંચાશકજીમાં પ્રકીર્ણક તપો જણાવતાં આ મુજબ તપો જણાવેલાં છે :- ૧ સર્વાંગ સુંદર, ૨ નીરૂજ શિખર, ૩ પરમભૂષણ, ૪ આયાતિજનક, ૫ સૌભાગ્ય કલ્પવૃક્ષ આવી રીતે પાંચ તપો સાક્ષાત્‌પણે જે જણાવેલાં છે, તે તપોના નામો જોતાં કોઈપણ જૈનઆગમમાં જણાવેલા રત્નાવલિઆદિ તપોમાં આ તપોના નામો જણાતાં નથી. જો કે રત્નાવલિઆદિ તપો પણ પ્રકીર્ણક તપો જ કહેવાય, પણ તે રત્નાવલિઆદિ તપો જૈનાગમમાં નિબદ્ધ થયેલાં હોવાથી તેને પ્રકીર્ણક તપની ગણતરીમાં ન લેતાં આ સર્વાંગ સુંદર આદિ તપસ્યાને જ પ્રકીર્ણક તપ તરીકે ભગવાન હરિભદ્રસૂરિજી જણાવે છે, કારણ કે પ્રકીર્ણક તપનો અર્થ જ આચાર્યશ્રી અભયસૂરિજી મહારાજ એવી રીતે કરે છે કે **प्रकीर्णकं व्यक्तितः सूत्रानिबद्धं न भिक्षुप्रतिमादिवत् सूत्रे निबद्धम् इत्यर्थः।** અર્થાત્ સ્પષ્ટપણે સૂત્રમાં જેનો નિર્દેશ ન થયો હોય તે પ્રકીર્ણક કહેવાય. જેમ સૂત્રમાં ભિક્ષુપ્રતિમાદિનો સ્પષ્ટ ઉલ્લેખ છે, તેવી રીતે જેનો શાસ્ત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ ન હોય એવું અનશનાદિ તપ તે પ્રકીર્ણક તપ કહેવાય છે. એ પ્રકીર્ણક તપ શાસ્ત્રમાં કહેલા અનશનઆદિ તપના જ ભેદો છે, એમ ભગવાન હરિભદ્રસૂરિજી **एय विसेसो उइमो पइन्नगो नेगमेओत्ति** પૂર્વે જણાવેલા બાર પ્રકારના તપના એક વિશેષ (સાંયોગિક ભેદ) આ પ્રકીર્ણક નામે તપ છે, અને તે અનેક પ્રકારે છે. આવી રીતના ભગવાન હરિભદ્રસૂરિજીના વચનથી તિથિઓને ઉદ્દેશીને કરાતું અનેક પ્રકારનું તપ કહી શકાય અને તે ભવ્ય જીવોને જરૂર હિતકારી છે એમ જણાવતાં સ્પષ્ટ જણાવે છે કે **भव्वाण हिओ नियमा** અર્થાત્ આ પ્રકીર્ણક નામનું તપ ભવ્ય એટલે મોક્ષે જવાની યોગ્યતાવાળા હોઈ જે મોક્ષની અભિલાષાવાળા થાય છે તેઓને આ પ્રકીર્ણક નામનું તપ નિશ્ચયથી હિતકારી છે. આવા સ્પષ્ટ વચનને દેખીને કયો મનુષ્ય તિથિ આદિને ઉદ્દેશીને કરાતા પ્રકીર્ણક નામના તપને સ્વમતિ પ્રવૃત્તિ તરીકે ગણાવવા તૈયાર થાય? આ વાત તો જાણીતી છે કે દુષ્ષમકાળમાં ઘણા જીવો ધર્મમાં પ્રવર્તેલા છતાં પણ વ્યુત્પન્ન બુદ્ધિવાળા હોતા નથી, અને તેવા વ્યુત્પન્ન બુદ્ધિવાળાઓને પણ તપસ્યારૂપી મોક્ષસાધનમાં પ્રવૃત્તિ કરાવવા માટે તો આવા પ્રકીર્ણક તપોની અત્યંત જરૂર છે, અને તેથી જ શાસ્ત્રકાર જણાવે છે કે આ પ્રકીર્ણક તપ સામાન્યથી સર્વ ભવ્ય જીવોને હિત કરનારો છતાં પણ અવ્યુત્પન્ન બુદ્ધિવાળા ભવ્ય જીવો કે જેને પ્રથમસ્થાની તરીકે કહેવામાં આવે છે તેઓને તો અત્યંત હિતકારી છે. એ જ વાત **विसेसओ पढम ठाणीणं** અર્થાત્ પ્રથમસ્થાની એટલે અવ્યુત્પન્ન બુદ્ધિવાળા ભવ્ય જીવોને તો આ પ્રકીર્ણક તપ અત્યંત ઉપકારી છે.

જો કે ભગવાન હરિભદ્રસૂરિજીના જણાવેલાં સર્વાંગ સુંદર આદિ તપો તેના નામ પ્રમાણે આ

લોકના પૌદ્ગલિક ફલોને ઉત્પન્ન કરનારા હોય, અને તે છતાં તેને આચરવામાં આવતો હોય તેમ સ્પષ્ટ જણાય છે. છતાં તે તપસ્યાને શાસ્ત્રકાર હરિભદ્રસૂરિજી વિધેય તરીકે માને છે. એટલું જ નહિ પણ ૧ રોહિણી ૨ અંબા, ૩ મંદપુણ્યિકા, ૪ સર્વસંપદા, ૫ સૌખ્યા ૬ શ્રુતદેવતા, ૭ શાંતિદેવતા, ૮ કાલી, ૯ સિદ્ધાયિકા વિગેરે સાંસારિક દેવીઓને ઉદ્દેશીને પણ કરાતો અનેક પ્રકારનો તપ ભવ્ય જીવોને હિત કરનારો અને કરવા લાયક છે એમ જણાવે છે. એકલો સર્વાંગ સુંદર આદિ અને રોહિણી આદિને ઉદ્દેશીને થતા તપો જ પ્રકીર્ણક તપ તરીકે ગણવા એમ નહિ પણ એવી જાતના બીજા તપોને પણ પ્રકીર્ણક તપ તરીકે જણાવતાં જણાવે છે કે **णाणादेसपसिद्धा ते सव्वे चेव होइ तवो** અર્થાત્ અનેક દેશમાં દેવતાઓને ઉદ્દેશીને પણ જે ઉપવાસ વિગેરે કરવામાં આવે છે તે સર્વપ્રકીર્ણક તપ તરીકે કહી શકાય. આ પ્રકીર્ણક તપથી ઘણા ભવ્ય જીવો મોક્ષના પરમસાધનભૂત ચારિત્રને પામ્યા છે, અને મહાભાગ્યશાળી જીવોની કોટિમાં એવા પ્રકીર્ણક તપને કરનારાઓ મોક્ષ માર્ગને અનુકૂળ પરિણામવાળા હોવાથી ગણાયા છે, કેમકે ભગવાન હરિભદ્રસૂરિજી જણાવે છે કેઃ-

एवं पडिवत्तिए एत्तो मग्गाणुसारिभावाओ
चरणं विहियं बहवो पत्ता जीवा महाभागा ॥27॥

व्याख्याः एवमित्युक्तानां साधर्मिकदेवतानां कुशलानुष्ठानेषु निरुपसर्गत्वादि हेतुना। प्रतिपत्या तयोरुपोपचारेण। तथा इत अक्तरुपात् कषायादि निरोधप्रधानात्तपसः। पाठान्तरेण एवमुक्तकरणेन मार्गानुसारिभावात् सिद्धिपथानुकूलाध्यवसायात्। चरणं चारित्रं विहितमात्पोपदिष्टं । बहवः प्रभूता। प्राप्ता अधिगताः । जीवाः सत्त्वाः महाभागा महानुभावाः इति गाथार्थः

ભાવાર્થ :- એ રોહિણી આદિ દેવતાના (નામે) તપસ્યારૂપ સેવાથી તેમજ કષાયાદિને રોકવારૂપ પ્રધાનતપથી અથવા કહેલા કારણથી જીવોને મોક્ષમાર્ગને અનુકૂળ પરિણામ હોય છે, અને તેથી (તે રોહિણી આદિના તપથી) મહાભાગ્યશાળી ઘણા જીવો શાસ્ત્રકારે કહેલા વિધિયુક્ત ચારિત્રને પામેલા છે.

ઉપર જણાવેલા પાઠ અને તેના ભાવાર્થથી સ્પષ્ટપણે સમજી શકાશે કે કષાયાદિનો વિરોધ કરવો મુખ્ય છે એવું તપ રોહિણી આદિ સાંસારિક દેવીઓને આશ્રીને પણ કરવામાં આવે તો પણ તે કર્તવ્ય જ છે એટલું જ નહિ, પણ તે કરવાવાળો મનુષ્ય મોક્ષ માર્ગથી દૂર રહેલો નથી, પણ ખુદ્ મોક્ષ માર્ગને અનુકૂળ પરિણામવાળો છે, અને તેવા પરિણામવાળો તે તપ કરનારો હોવાથી જ શાસ્ત્રકાર મહારાજ ફરમાવે છે કે તેવી રીતે તે તપ કરનારો મનુષ્ય જિનેશ્વર મહારાજે મોક્ષના પરમ કારણ તરીકે જણાવેલા શુદ્ધ એટલે નિરતિચાર એવા ચારિત્રને અર્થાપત્તિએ લઈએ તો તે શુદ્ધ ચારિત્રનું સાધ્ય જે મોક્ષપદ છે તેને પામે છે, એટલું જ નહિ પણ ઘણા જીવો તેવી રીતના તે તપથી (રોહિણી આદિ તપથી) મોક્ષપદને સિદ્ધ કરનાર એવા શુદ્ધ ચારિત્રને પામેલા છે. હવે જ્યારે સર્વાંગ સુંદરતાદિ નિમિત્તોને કરનારા તપો અને રોહિણી આદિ દેવીઓ કે જેઓ શાસનસેવા રસિક લોકોના ધર્મને રોકનારાં વિઘ્નો દૂર કરવા છતાં અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે રહેલી છે, તેવી સંસારિક દેવીઓના આલંબને કરાતાં તપો જ્યારે શુદ્ધ ચારિત્રને પમાડી મોક્ષમાર્ગને આપનારા થાય છે એમ શ્રી ભગવાન હરિભદ્રસૂરિજીના આ વચનથી સિદ્ધ થાય છે તો પછી શાસ્ત્રકારોએ જ્ઞાનપંચમીરૂપ તિથિએ તપ કરવાના નિયમથી જ્ઞાપિત કરેલી અન્ય તિથિઓ નિમિત્તે તરીકે લઈને તપ કરવામાં આવે તો માર્ગાનુંસારિભાવ, શુદ્ધ ચારિત્ર અને મોક્ષ કેમ પ્રાપ્ત ન થાય ?

(અપૂર્ણ.)

(ટાઇટલ પાના ચોથાનું અનુસંધાન)

અનુમોદના સિવાય બીજું હોય નહિ. શાસ્ત્રકારોના કથન મુજબ સમ્યગ્દર્શનવાળો તે જ જીવ હોઈ શકે કે જે જીવ હિંસા વિગેરે પાંચે આશ્રવરૂપ પાપસ્થાનોને ત્રિવિધ ત્રિવિધ કોટિએ વર્જવા લાયક જ ગણે અને સંસારભરમાં રહેલા સર્વ જીવો એ હિંસાદિ પાપસ્થાનોથી ત્રિવિધ ત્રિવિધ દૂર રહે એવી શ્રદ્ધા અને મૈત્રી ભાવનાવાળો હોય, અર્થાત્ જગતમાં બ્રધરહુડનો પડહો વગાડવા તેજ તૈયાર થયેલો કહેવાય કે જે મનુષ્ય જગતના સર્વ જીવોને હિંસાદિક પાપસ્થાનકોથી વિરમવાનું સર્વદા ચાહે. આટલા જ માટે કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજી શ્રી યોગશાસ્ત્રમાં મૈત્રી ભાવનાને અંગે વિશ્વહિતની સ્થિતિ જણાવતાં સ્પષ્ટપણે જણાવે છે કે **मा कार्षीत् कोऽपि पापानि x x x मतिर्मैत्री निगद्यते ।** અર્થાત્ ચૌદ રાજલોકમાં રહેલો કોઈપણ જીવ પાપ (હિંસા, જૂઠ, ચોરી, સ્ત્રીગમન અને પરિગ્રહ વિગેરે) કરે નહિ એવી જે બુદ્ધિ તેનું નામ જ મૈત્રીભાવના છે. આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે હિંસાઆદિક પાપસ્થાનકોને વર્જવારૂપ દીક્ષાની વિરૂદ્ધ થવાવાળા કે હલકી ઉપમાઓ આપી દીક્ષાને નિંદનારા અથવા દીક્ષાના દેનાર અને લેનારને યેનકેન પ્રકારે નિંદનારા લોકો જગજ્જીવોના મિત્ર બની શકતા નથી, પણ વાસ્તવિક રીતે તેઓ ત્રિલોકનાથ તીર્થંકરની આજ્ઞાને ઉથાપનાર થવા સાથે શ્રમણકુલ, ગણ અને સંઘની નિંદાદ્વારાએ પ્રત્યનીકતા ધારણ કરવાવાળા હોઈ પોતાના આત્માના શત્રુ બનવા સાથે પરમાર્થની જગતભરના જીવોના શત્રુ બને છે, અને તેથી તેઓ સ્વહિત, પરહિત કે વિશ્વહિત એ ત્રણ હિતોમાંથી કોઈપણ પ્રકારના હિતને સાધી શકતા નથી, છતાં તેવા શાસનના પ્રત્યનીકો અને તત્ત્વથી વિશ્વના વૈરીઓ પ્રત્યે પણ સર્વજ્ઞ ભગવાનના શાસનને અનુસરનારા જીવોએ તો તેઓને સર્વજ્ઞ ભગવાનના શાસનનો રસિક બનાવવા અને તેમ ન બને તો અંતે માધ્યસ્થભાવના લાવી ઉપેક્ષા રાખવી તે જ યોગ્ય છે. યાદ રાખવાની જરૂર છે કે દ્રવ્યથી કે ભાવથી અગર દ્રવ્ય, ભાવ ઉભય પ્રકારે પણ હિંસાદિક પાપસ્થાનોનો ત્યાગ કરવો એ જ જીવોને માટે હિતકારી માર્ગ છે.

# દીક્ષાની સુંદરતા અને મહત્તા

દરેક સુજ્ઞ ભવ્ય જીવો આ ચતુર્ગતિક સંસારને અરણ્ય જેવો, દાવાનળ જેવો, દરિયા જેવો અને બંદીખાના જેવો ગણે છે અને જ્યાં સુધી આ ચતુર્ગતિક સંસારને દાવાનળ આદિ જેવો આ જીવ ગણે નહિ ત્યાં સુધી તેને સુજ્ઞભવ્ય કે આસન્નભવ્ય કહી શકાયજ નહિ, જો કે ભવનિર્વેદ એ સમ્યક્ત્વનું ચિહ્ન છે પણ સમસ્ત જીવાદિક પદાર્થોની પ્રતીતિપૂર્વકના આસ્તિકયાદિક પ્રગટ થવા દ્વારાએ થતો ભવનિર્વેદ તે સમ્યક્ત્વનું ચિહ્ન છે, પણ તેટલા માત્રથી સમ્યક્ત્વ સિવાય ભવનિર્વેદ ન જ હોય કે આસ્તિકયાદિકની પરંપરા સિવાય ભવનિર્વેદ ન જ હોય એમ તાત્પર્યથી જૈનશાસ્ત્રને માનનારો કોઇપણ મનુષ્ય કહી શકે જ નહિ, એટલે શુદ્ધ રીતિએ સમ્યક્ત્વ પામેલા કે વ્યવહારથી સમ્યક્ત્વ પામેલા અથવા માર્ગાનુસારિપણામાં રહેલા પણ ભવ્યો આ ચતુર્ગતિક સંસારને દાવાનળ આદિ સમાન માને એ સ્વાભાવિકજ છે. આમ છતાં જેઓ હિંસા, જૂઠ, ચોરી, સ્ત્રીગમન અને પરિગ્રહના ત્યાગરૂપ અને સંસારસમુદ્રથી તારનારી એવી દીક્ષાને અગ્નિકુંડ કે જાળ તરીકે ઓળખાવે કે જાહેર કરે કે તેઓ અભવ્ય, દુર્ભવ્ય કે બીજી કઇ કોટિના મિથ્યાદષ્ટિ હશે તેનો નિર્ણય તો સર્વજ્ઞ પરમાત્માજ કરી શકે, કેમકે શાસ્ત્રકારોએ તો પૂજા, સત્કાર, દેવતાઇ ઋદ્ધિ કે રાજ્યાદિકની પ્રાપ્તિ જેવા પૌદ્ગલિક લાભોને માટે પણ લેવાતી દીક્ષાને ઉંચા વૈમાનિક દેવપણાને મેળવી આપનાર જણાવી છે, અને તેવી દ્રવ્ય દીક્ષાએ અનંતી વખત આવે ત્યારે જ ભાવ દીક્ષાની પ્રાપ્તિ થાય એમ સ્પષ્ટ અક્ષરોથી જણાવેલું છે અને ભાવ દીક્ષા તો અંતર્મુહૂર્ત માત્રમાં પણ મોક્ષ આપનારને સમર્થ છે. આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાશે કે દીક્ષા એ વસ્તુ દ્રવ્યથી હોય કે ભાવથી હોય પણ તે કોઇપણ અંશે જીવને નુકશાન કરનારી તો છે જ નહિ. એવી દીક્ષાને અગ્નિકુંડ કે મત્સ્યજાળ આદિ હલકી ઉપમાઓ આપી તેઓ જ નિંદી શકે કે જોએ ભવાભિનંદી, પુદ્ગલાભિનંદી કે ઇંદ્રિયાભિરામી જ હોય, પણ જે આસન્નભવ્ય કે સુજ્ઞભવ્યને આ ચતુર્ગતિક સંસાર દાવાનળ સમાન લાગવો જોઇએ અને લાગ્યો હોય તેને તો સ્વપ્નમાં પણ દીક્ષાની.

(જુઓ ટાઇટલ પાનું ત્રીજું)

તૃતીય વર્ષ, અંક ૧૦ મો. Registered No. B.3047




# શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

મહા વદિ અમાવાસ્યા } ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી) { ૪-૩-૩૫

(ટાઈટલ પા. ૩ નું અનુસંધાન)

કર્મક્ષયના ઉપદેશદ્વારાએ જેની અદ્વિતીય મહત્તા જાહેર થઈ છે એવા શ્રી અરિહંત ભગવાન જેવા આરાધ્યતમ પંચપરમેષ્ઠીઓ અને તે જ પરમેષ્ઠીઓના પરમેષ્ઠીપણાના જીવનરૂપ સમ્યગ્દર્શનાદિ ગુણો એ નવ આરાધ્યતમ પદાર્થોના નામે તે નવેની આરાધના કરવા પૂર્વક જે તપ કરવામાં આવે તે તપની મહત્તા અદ્વિતીય હોય તેમાં આશ્ચર્ય શું ? એક વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે નવે પદની આરાધનાના નવ દહાડા નિયમિત કરી તે એક વખતની આરાધનાને ઓળી ગણી તેવી ઓળીઓ નવ વખત કરવાનું જણાવતાં આ સિદ્ધચક્ર એટલે નવપદ આરાધનનું તપ એ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં વર્ણવેલા વર્ગ નામના તપને અનુસરે છે. અન્ય બીજ, પાંચમ વિગેરે તિથિઓને આશ્રીને થતી તપસ્યાઓ જ્યારે સામાન્ય આંતરાવાળી કે ઘણા આંતરાવાળી હોય છે ત્યારે આ નવપદની તપસ્યા નવ દિવસ સુધી સળંગ કરવાની હોવાથી નિરંતર તેમજ નિયમિત છ - છ મહિને કરવાની હોવાથી અલ્પ અંતરવાળી કહી શકાય. જૈનશાસનને સમજનારો મનુષ્ય એ વાત તો સારી રીતે સમજે છે કે નવકારશી કરતાં પોરશીમાં અને પોરશી કરતાં પુરિમૂઢમાં અને આગળ પણ તપસ્યાનું નિરંતરપણું અને પાછળના તપના ફળને દશગણું વધારનાર થાય છે, એ હિસાબે શ્રી સિદ્ધચક્ર એટલે શ્રી નવપદજીના આરાધનમાં સતત્ કરાતાં નવ આયંબિલ એ દશ ક્રોડ આયંબિલની બરોબર થાય. જો કે આ પૂર્વે જણાવેલા હિસાબવાળું ફળ તપસ્યાની નિરંતરતાનો ઉત્કર્ષ જણાવવા માટે તથા આગળ કર્મક્ષયની અધિકતા જણાવવા માટે જરૂર ઉપયોગી છે, પણ તે હિસાબ આલોચનાદિકરૂપ પ્રાયશ્ચિતદ્વારાએ કરાતી શુદ્ધિને અંગે ઉપયોગી નથી, કેમકે જો શુદ્ધિમાં અપાતાં તપને દશગુણા ફળના હિસાબે લઈએ તો લાગેલા દોષના પાપને પણ નિરંતરપણાને અંગે દશગુણા હિસાબે લેવું પડે, અને તેથી જ શાસ્ત્ર અને પરંપરા પાક્ષિકાદિના એકાદિ ઉપવાસને બે આયંબિલ, ચાર એકાસણા આદિ વિભાગે જણાવે છે, પણ સામાન્ય કર્મનિર્જરાને અંગે એક તપની સાથે બીજું નિરંતરપણે તપ કરતાં આત્માને વીર્યોલ્લાસ અને ભાવોલ્લાસની ઘણી તીવ્રતા જોઈએ છે, અને તે તીવ્રતાની અપેક્ષાએ દશગણું ફળ ક્રમસર માનવામાં યોગ્ય જ જણાય છે. વળી આ નવપદના આરાધનને અંગે કરાતી ઓળીમાં બંને વખત કરાતાં પ્રતિક્રમણા, બંને વખત કરાતી પડિલેહણની ક્રિયા, ત્રણે વખત કરાતું દેવવંદન, નિયમિતપણે દેવાતાં ખમાસણાં અને કાઉસગ્ગ બબ્બે હજાર વખત કરાતું સ્મરણરૂપ જાપ અને સ્નાત્રપૂજા કે મહાપૂજાદિ રૂપે નવે દિવસ લાગલાગટ કરાતી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની આરાધના જીવને કેવી ઉચ્ચતર પરિણતિમાં લઈ જાય છે તે તો કેવળ તે આરાધના કરનારા કે સર્વજ્ઞ મહારાજા જ જાણી શકે તેમ છે. જો કે ભૂમિશયન અને બ્રહ્મચર્યાદિકનું પાલન તે નવે દિવસ નિરંતર થતું હોવાથી તે તપ ત્યાગમૂર્તિરૂપ સાધુપણાની વાનગીરૂપ છે, પણ પૂર્વે જણાવેલા દેવવંદનાદિકની સ્થિતિનો વિચાર કરતાં ખરેખર એ સિદ્ધચક્ર એટલે નવપદ આરાધનાનું તપ ઘણી [illegible] શુદ્ધ વાનગી છે. જો કે કેટલાક ભવ્ય જીવો તે નવપદને આરાધન કરવાના દિવસોમાં મહારંભાદિક [illegible] કાર્યો તો વર્જે જ છે પણ જે કેટલાક ભદ્રિક ભવ્ય જીવો તે નવપદની ઓળી કરવા છતાં પણ આરંભ સમારંભાદિકના કાર્યને ન વર્જતા હોય તેઓએ પણ તે ઓળીજીના નવે દિવસોમાં આરંભ સમારંભના કાર્યો વર્જી પોતાની નવપદ આરાધનાને ઉજ્જવળ બનાવવી જોઈએ.

---

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકી[illegible]ચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર [illegible] ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.




(પાક્ષિક)

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ ઉદ્દેશ છૂટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

तीर्थेशा दत्तमार्गाः सततगुणिपदाः सिद्धिसाम्राज्यभाजः,
पंचाचारप्रवीणा गणिन इह सदाध्यापका वाचका ये ।
साहाय्यात् मोक्षसिद्धौ मुनय उदितभा अन्विताः शुद्धदृष्ट्या,
ज्ञानेनावद्यमुक्त्या विविधसुतपसा सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

મોક્ષમાર્ગ સદા દિયે જે જિનવરો ગુણ ધારતા, સિદ્ધ નિત્ય ગણેશ પંચાચારધારક વાધતા;
અધ્યાપકો વરવાચકો શિવસાધને મુનિ જોડમાં, એ પાંચસંયુત બોધદર્શન ચરણતપ સિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક"

| | | |
|---|---|---|
| તૃતીય વર્ષ<br>અંક ૧૦મો | મુંબઈ તા. ૪-૩-૩૫, સોમવાર.<br>મહા વદિ ૦)) | વીર સંવત્ ૨૪૬૧<br>વિક્રમ ,, ૧૯૯૧ |

# આગમ - રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ.

ઉપર જણાવેલી દ્રષ્ટિએ કે બીજી કોઈપણ દ્રષ્ટિએ પ્રસ્તુત પરોપકારનિરતતાના પ્રકરણમાં આ વસ્તુને જોડી હોય તો સ્પષ્ટ એ જ તત્ત્વ નીકળે કે પરોપકારવૃત્તિમાં નિરત થયેલો મનુષ્ય સ્વાર્થભોગની

સીમાએ પહોંચેલી ચક્રવર્તીની ઋદ્ધિ કરતાં પરોપકારમાં જન્મ પામતી અને પરોપકારમાં પરિણમતી તીર્થંકરપણાની ઋદ્ધિને અનંતગુણ અધિક ગણી શકાય તેવી ઋદ્ધિ તરફ વગર વિચાર્યે ઓઘિકવૃત્તિએ પણ મરીચિકુમારનો જીવ આકર્ષાય અને તેથી ચક્રવર્તીની ઋદ્ધિના ભોગને છોડી શ્રી તીર્થંકર ભગવાનની ઋદ્ધિની છાયામાં પણ વસવાનું કરે (જો કે મરીચિકુમારની દીક્ષા વખતે મહારાજા ભરતે ષટ્ખંડનો જય કરી ચક્રવર્તિપણાનો અભિષેક પ્રાપ્ત કરેલો નથી, તો પણ ભગવાન રૂષભદેવજીના કેવળ વખતે જ મહારાજા ભરતને ચક્રરત્ન ઉત્પન્ન થઈ ગયેલું છે અને તેથી મરીચિકુમારને મહારાજાપણાની રાજઋદ્ધિ ભોગવટામાં ચાલુ છતાં ચક્રવર્તિપણાની રાજઋધ્ધિનો ભોગવટો હસ્તપ્રાપ્ત જ છે એમ કહેવામાં કોઈ જાતનો બાધ નથી.)

ત્રિલોકનાથ તીર્થંકરની ઋધ્ધિના દેખવાથી પ્રતિબોધ પામેલા મરીચિકુમારે ત્રિલોકનાથ ભગવાન યુગાદિદેવ પાસે દીક્ષા ગ્રહણ કરી. આ સ્થાને કેટલાક વિચારોનો અવકાશ હોવાથી તે વિચારો સાથે કરી લેવા તે અયોગ્ય ગણાશે નહિ.

૧ ભગવાન તીર્થંકરો જે જીવોને સાધુપણું આપે તે જીવો ભાવચારિત્રવાળા જ હોય કે દ્રવ્યચારિત્રવાળા પણ હોય ? આ વિચારમાં ઊતરતાં પ્રથમ એ સમજવાની જરૂર છે કે જેમ લબ્ધિઆદિની અપેક્ષાએ કર્મનો ક્ષયોપશમ થયા વિના કે પ્રત્યાખ્યાનના ભાવ વગર કરાતાં પચ્ચખ્ખાણો દ્રવ્યપચ્ચખ્ખાણરૂપ છે તેવીજ રીતે પ્રત્યાખ્યાન કરતી વખતે તે પ્રત્યાખ્યાન કરનારની શુદ્ધ અને તીવ્ર ભાવના હોવાથી તત્કાળને અંગે ભાવપચ્ચખ્ખાણ ગણી શકાય એવું છતાં પણ જો તે પચ્ચખ્ખાણ કાળાંતરે વીર્યોલ્લાસની મંદતાને લીધે ઉદય આવતાં કર્મોના ક્લિષ્ટ ઉદયને લીધે તે બાધિત થઈ જાય અર્થાત્ ચારિત્રથી પતિત થાય અગર પચ્ચખ્ખાણ તોડનારો થાય, તો તેનું તે પચ્ચખ્ખાણ કે ચારિત્ર દ્રવ્ય પચ્ચખ્ખાણ કે દ્રવ્યચારિત્ર જ ગણાય છે (જુઓ હરિભદ્રીય પ્રત્યાખ્યાનાષ્ટક). આ અપેક્ષાએ ભગવાન રૂષભદેવજી મહારાજે મરીચિને અને ભગવાન મહાવીર મહારાજાએ હાલિક, જમાલિ અને નંદિષેણજી વગેરેને આપેલી દીક્ષાઓ કાળાંતરે બાધિત હોવાથી દ્રવ્યદીક્ષાઓ જ ગણી શકાય છતાં પણ તે મરીચિકુમાર વગેરેને તેવી કાલાંતરે બાધિત થનારી હોવાથી દ્રવ્યદીક્ષા તરીકે ગણાતી દીક્ષાઓ ભગવાન યુગાદિદેવ વગેરે તીર્થંકરદેવોએ આપેલી છે માટે તીર્થંકર મહારાજાઓ જે દીક્ષાઓ આપે તે કાળાંતરે પણ અબાધિત રહે અને તેથી ભાવદીક્ષા જ હોય એવો નિયમ રહેતો નથી.

આ સ્થાને જેઓ ભવિતવ્યતા અને ગુણવિશેષદર્શનની શાસ્ત્રમાં રહેલી પંક્તિઓને આગળ કરે છે તેઓએ સમજવું જોઈએ કે ભવિતવ્યતા અને ગુણવિશેષદર્શન એ બે હેતુઓ ત્રિલોકનાથ તીર્થંકરની પ્રેક્ષાપૂર્વકકારિતાના અંગે થતી શંકાના સમાધાનને અંગે જ ઉપયોગી છે, પણ તે ભવિતવ્યતા અને ગુણવિશેષદર્શન એ બંનેમાંથી એકે પણ વસ્તુ તે નંદિષેણ આદિકના દ્રવ્યચારિત્રપણાને ખસેડવામાં અંશે પણ ઉપયોગી થાય તેમ નથી. ભવિતવ્યતા અને ગુણવિશેષદર્શન એ બે હેતુઓ કોઈપણ સ્થાને શ્રી જિનેશ્વર મહારાજાએ કે ગણધર મહારાજાએ પ્રતિપાદન કરેલા નથી કેમકે તેમણે પ્રતિપાદન કરેલા

સૂત્રોમાં માત્ર તે જમાલિ વિગેરેના ચરિત્રના વર્ણનનો જ પ્રસંગ છે અને તેવા વર્ણન પ્રસંગમાં પ્રેક્ષાપૂર્વકારિતાને અંગે શંકાને સ્થાન ન હોય પણ વ્યાખ્યાકારોને વ્યાખ્યા કરતાં તેવી શંકા કરી સ્વતંત્રપણે પણ ઉઠાવીને તેના સમાધાનની જરૂર હોય તે સ્વાભાવિક છે. આ ઉપરથી વક્તાનો આશય એમ કહેવાનો હોય કે નિશ્ચિત પડવાવાળાઓને પણ દીક્ષા દઈ જ દેવી એમ સમજવામાં ભૂલ કરવી નહિ, પણ એટલું તો નિશ્ચિત સમજવું કે નિશ્ચિત પ્રતિપાદવાળાને પણ થયેલી દીક્ષા મોક્ષના બીજને થાપનારી છે અને તે ગુણવિશેષને અંગે જ ભગવાન મહાવીર મહારાજાએ નિશ્ચિતપણે પડવાવાળા એવા હાલિકને દીક્ષા દેવડાવી છે. જો કે એ ઉપરથી કોઈએ એવું સમજવામાં ભુલ ન કરવી કે બધા નિશ્ચિત પતિત થનારાઓ સામાન્ય જ્ઞાનવાળાને દીક્ષા દેવા લાયક છે, કેમ કે સામાન્ય જ્ઞાનવાળાઓને જેવો ભવિષ્યની સુંદરતાનો નિશ્ચય નથી તેવો ભવિષ્યના પ્રતિપાતિપણાનો નિશ્ચય પણ નથી જ પણ મરીચિ આદિકની થયેલી દીક્ષા ઉપરથી એટલું તો જરૂર નિશ્ચિત થાય કે ચારિત્ર ગ્રહણ કરીને જેઓ તે ચારિત્રથી પતિત થાય છે તે ચારિત્ર લેનારા કે તેને ચારિત્ર દેનારા પ્રથમથી જ પાપના ભાગી હતા કે ઉન્માર્ગે પ્રયાણ કરનારા હતા એમ કહેનારાઓ માર્ગથી વિમુખ છે એમ કહેવામાં અસત્પણું તો નથી જ.

૨. ગુણઠાણાની પદ્ધતિ અને પરિણતિ સમજનારા વિચક્ષણો આ વાત તો સારી પેઠે સમજે છે કે કોઈપણ કાળે કોઈપણ તીર્થમાં કોઈપણ સાધુ મુહૂર્ત (બે ઘડી) કરતાં અધિક કાળ છદ્મસ્થ છતા અપ્રમત્તપણે રહી શકે નહિ. (જો કે ભગવાન મહાવીર મહારાજનો પ્રમાદકાળ અને ભગવાન રૂષભદેવજીનો પ્રમાદકાળ અનુક્રમે અંત મુંહૂર્ત અને અહોરાત્ર કહેવાય છે પણ તે નિદ્રાપ્રમાદની અપેક્ષાએ જ માત્ર જણાવેલો સમજવો. ગુણઠાણાની અપેક્ષાએ તો તે મહાપુરુષોને પણ અંતર્મુહૂર્ત પરાવર્તન સમજવું) અર્થાત્ અંતર્મુહૂર્તથી અધિક જીવન ધારણ કરનારા મનુષ્યોને દીક્ષા આપનારા તીર્થંકર, ગણધર, કેવળી કે અન્ય કોઈપણ પૂજ્ય પુરુષો હોય તો તેઓ ભવિષ્યની પ્રમત્ત દશાને જાણીને અને સમજીને જ દીક્ષા આપે છે એમ માનવું જ જોઈએ, અને એ જ કારણથી શ્રી દશવૈકાલિક અને આચારાંગસૂત્રમાં સાધુઓને ઉપદેશ કરતાં સૂત્રકાર મહર્ષિઓ પ્રવ્રજ્યા લેતી વખતના પ્રવ્રજ્યા સ્થાનને પાલન કરવાનું ફરમાવે છે. અર્થાત્ પ્રવ્રજ્યા સ્થાનનું હંમેશાં પાલન કરવાનો ઉપદેશ સ્પષ્ટપણે જણાવે છે કે પ્રવ્રજ્યા ગ્રહણ કરતી વખતના પ્રવ્રજ્યા સ્થાનનું પાલન સ્વભાવસિદ્ધ નથી, અને તેથી પ્રવ્રજ્યા ગ્રહણ કરતી વખતે પ્રાપ્ત થએલા પ્રવ્રજ્યા સ્થાનથી પતન થવાનું સ્વાભાવિક જ છે. આ વિચારથી એમ નક્કી માનવું પડે કે પ્રવ્રજ્યા ગ્રહણ કરતી વખતે થયેલા અપ્રમત્ત સંયતપણાના અધ્યવસાયમાં જીવનું નિયમિત રહેવું થતું નથી, અને અપ્રમત્ત ગુણઠાણાનો કાળ પણ અંતર્મુહૂર્તથી અધિક નથી માટે અંતર્મુહૂર્તથી અધિક જીવનવાળા પુરુષોને દીક્ષા દેનારે આગામી પ્રમત્તપણું ધારીને જ દીક્ષા દીધી છે એમ કહેવા કે સમજવામાં

કોઈપણ પ્રકારનો બાધ નથી અને તે પ્રમત્તપણું વિધિપૂર્વકનું જ હોય એમ કહી શકાય નહિ, અને તેથી જ શાસ્ત્રકારોએ પ્રમત્ત સંયતોને આત્મારંભી, પરારંભી અને ઉભયારંભી માનેલા છે. તેમજ પ્રમત્તસંયતને અંગે શુભયોગ અને અશુભયોગવાળી દશા માનેલી છે તેથી આત્મારંભાદિવાળા અશુભયોગવાળા અને પ્રમત્ત દશા પામવાવાળા સાધુઓને શ્રી તીર્થંકર મહારાજા વિગેરે દીક્ષાઓ આપે છે અને તે પ્રમત્ત દશા વિગેરે અવિધિરૂપ હોઈ દ્રવ્યચારિત્રપણાને ધારણ કરે અને તેથી શ્રી તીર્થંકર ભગવાન વિગેરે દ્રવ્યચારિત્ર આપે એમ માનવું પડે.

૩. કુમાર શ્રમણ શ્રીમાન અતિમુક્તમુનિજી સાધુપણું લીધા પછી સ્થવિરો સાથે સ્થંડિલ ગયા છે, ત્યાં માટીની પાળ બાંધી પાણીમાં પોતાના પાત્રને નાવડી તરીકે તરાવ્યું, તે દેખીને સ્થવિર મહાત્માઓ તે અતિમુકતમુનિજીની તેવી સાધુપણાથી વિરુદ્ધ ચેષ્ટા દેખીને તે અતિમુક્તમુનિજીને નિંદના, ગર્હણાના સ્થાનભૂત ગણવા લાગ્યા અને તે અતિમુકતમુનિજીનું વૈયાવચ્ચ વિગેરે કરવું ઉચિત નથી એમ ધારવા લાગ્યા હોય અને તેથી ભગવાન મહાવીર મહારાજને સ્પષ્ટપણે એમ ફરમાવવાની જરૂર પડી હોય કે 'હે સ્થવિરો ! તમે તે અતિમુક્ત બાલમુનિ કે જેની બાલ્યાવસ્થાને લીધે કાચા પાણીમાં સચિત્ત માટીથી બાંધેલી પાળે પાણી રોકી, પોતાના પાત્રને નાવડી તરીકે તરાવવારૂપ સાધુપણાને સર્વથા ન છાજતી ચેષ્ટા થયેલી છે, છતાં તે અતિમુક્તમુનિ ચરમશરીરી અને આ ભવમાં જ મોક્ષે જનારા છે, તેમની હેલના, ગર્હણા કરો નહિ, અને વૈયાવચ્ચ દ્વારાએ તેમનો ઉપગ્રહ કરો." આવી રીતે શ્રી ભગવતીજી સૂત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ હોવાથી વિચારક વર્ગ સ્પષ્ટપણે સમજી શકશે કે ભવિષ્યના ઉદયની અપેક્ષાએ અતિમુકતમુનિજીની અસમંજસ ચેષ્ટા ભવિષ્યના ઉદયની અપેક્ષાએ ઉવેખવા લાયક જણાવી તે વસ્તુ દ્રવ્યચારિત્રની મુખ્યતાવાળી દ્રષ્ટિ વગર સંભવી શકે જ નહિ.

૪. ભગવાન તીર્થંકર મહારાજાની આગળ ઐહિક ફળની અગર પૌદ્ગલિક વસ્તુની અભિલાષાએ પણ હિંસાદિક પાપનો પરિહાર કરવામાં આવે તો કોઈપણ સ્થાને એમ નથી જણાવ્યું કે ત્રિલોકનાથ તીર્થંકર મહારાજે તે પાપનો પરિહાર ન કરવા ફરમાવ્યું. જો કે આત્મકલ્યાણની દ્રષ્ટિથી જ હિંસાદિક પાપોનો પરિહાર કરવો તે ગુણસ્થાનની દ્રષ્ટિ અને પરમાર્થ વૃત્તિથી યોગ્ય છે, પણ તેનો અર્થ એ નથી કે આત્મકલ્યાણની દ્રષ્ટિ ન થઈ હોય તેટલા માત્રથી પાપનો પરિહાર થતો હોય તો પણ ન કરવો કે પાપની પ્રવૃત્તિ કરવી કે છૂટ રાખવી.

૫. શ્રી ભગવતીજી અને પ્રજ્ઞાપના વિગેરે શાસ્ત્રોમાં સ્પષ્ટપણે ફરમાવવામાં આવ્યું છે કે વ્યવહાર રાશિમાં જે જીવ અનંતકાળથી આવ્યો છે, તે દરેક જીવ અનંતી વખત દ્રવ્યચારિત્ર (આત્મકલ્યાણની

સાધ્યદ્રષ્ટિ સિવાયનું ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ચારિત્ર) પામેલો છે, અને તેને લીધે અનંતી વખત ચાહે તે ભવ્ય હોય કે અભવ્ય હોય તો પણ નવગ્રૈવેયક પામેલો છે. આવી રીતે વસ્તુસ્વરૂપ તરીકે ગણાવી તે દ્રવ્યચારિત્રનું હેયપણું જણાવવા માટે એકપણ સ્થાને એક પણ વચન કહેવામાં આવ્યું નથી. (આત્મકલ્યાણની દ્રષ્ટિના અભાવને અંગે થયેલું ઘણું જ અલ્પ ફળ જણાવતાં અવ્યાબાધ ફળરૂપી મહાસાધ્યની અપેક્ષાએ અધમપણું જણાવાય પણ તેથી ફળના કારણરૂપ ચારિત્રનું અધમપણું તો કોઈપણ દિવસ કોઈપણ વિચક્ષણથી જણાવાય નહિ.)

૬. આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજીના જણાવવા પ્રમાણે મોક્ષ પ્રાપ્તિને માટે સાધનભૂત ભાવચારિત્ર પ્રાપ્ત થવા પહેલાં અનંત વખત દ્રવ્યચારિત્ર હરેક જીવને પ્રાપ્ત થયેલાં જ હોય છે. (આ વાક્ય શાસ્ત્રોમાં સર્વ જીવને અનંત વખત ગ્રૈવેયકની પ્રાપ્તિ નિયમિત જણાવી છે, તેને અંગે જ હોય. મરુદેવામાતા જેવા કોઈક જીવને દ્રવ્યચારિત્રની પ્રાપ્તિ થયા સિવાય પણ એકદમ ભાવચારિત્રની તો શું પણ તદ્‌ભવ મોક્ષ સાધવાવાળા ભાવચારિત્રની પણ એકદમ પ્રાપ્તિ થાય છે, પણ તે બનાવ સૂત્રોક્ત અનંત વખત ગ્રૈવેયક પ્રાપ્તિના વાક્યથી બરોબર મળતો ન હોઈ આશ્ચર્યરૂપ ગણાય છે અને તેથી જ આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મરુદેવામાતાની તે ચારિત્ર પ્રાપ્તિને આશ્ચર્યરૂપ જણાવે છે.) આ પ્રમાણે દરેક સિદ્ધિપદ પ્રાપ્ત કરનારા જીવો અનંત વખત દ્રવ્યચારિત્ર પામેલા હોય તે નિયમિત જ છે અને તેવા તે ચારિત્રો શ્રી તીર્થંકર ભગવાનો કે ગણધર મહારાજાઓના હાથે ન થયેલા હોય એમ કહી શકાય જ નહિ.

૭. કોઈપણ અભવ્ય કે ભવ્ય મિથ્યાદ્રષ્ટિ જીવ તત્ત્વથી જીવાદિક નવતત્વને ન માનનારો હોવાથી મોક્ષતત્ત્વને ન માને અને તેથી શ્રી તીર્થંકર મહારાજની ઋદ્ધિ અને પૂજા, માન્યતા દેખીને તે ઋદ્ધિઆદિને માટે જ દીક્ષા લે અને તેથી તેને તે વખતે કાંઈક ન્યૂન દશપૂર્વ સુધીના શ્રુતની પ્રાપ્તિ થાય. આ વાત શાસ્ત્રકારો સ્પષ્ટપણે જણાવે છે એ ઉપરથી સ્પષ્ટ એમ માની શકાય છે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન, ગણધર મહારાજા કે અભિન્ન દશપૂર્વધરો સુધીના આચાર્યાદિકોને હાથે દ્રવ્યદીક્ષા થાય.

૮. ભગવાન મહાવીર મહારાજની વખતે અદ્વિતીય સન્માન કરવાની દ્રષ્ટિએ સન્માન કરવા તૈયાર થયેલા દશાર્ણભદ્ર મહારાજાની ચક્ષુ, ઈંદ્ર મહારાજની અનુપમ સમૃદ્ધિ દેખીને મીંચાઈ ગઈ અને અનુપમતા જાળવવા માટે દીક્ષા લીધી, તેનો વિરોધ ત્રિલોકનાથ તીર્થંકરે કર્યો નથી.

ઉપર જણાવેલી હકીકતથી એમ માનવું અયોગ્ય નહિ ગણાય કે ભગવાન તીર્થંકર દેવોના હાથે દ્રવ્યદીક્ષા ન થાય એમ નહિ. જો કે મરીચિકુમારની દીક્ષા સમ્યક્ત્વ રહિત તો નથી, કેમકે નિર્યુક્તિકાર

ભગવાન ભદ્રબાહુસ્વામીજી સ્પષ્ટ શબ્દોમાં મરીચિના ભવમાં તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થયેલી જણાવે છે અને તેથી તે મરીચિનો દીક્ષાપર્યાય સમ્યગ્દર્શન રહિતપણાને લીધે દ્રવ્ય દીક્ષારૂપ ગણાય તેમ નથી કદાચ ઉત્તરકાળે બાધ થવાની અપેક્ષાએ કે દીક્ષા લેતી વખત પ્રતિબોધનાં ભિન્ન કારણો જણાવવાને લીધે કદાચ સમ્યક્ત્વ ન માની દ્રવ્યદીક્ષા માનીએ તેટલા પૂરતો જ આ ઉપર વિચાર જણાવેલો છે.

એવી રીતે દીક્ષિત થયેલા મરીચિકુમારને અસ્નાનાદિક પરિષહોનું સહન ન થવાથી શ્રમણનિર્ગ્રંથના સુવિહિત માર્ગથી ચલાયમાનપણું થયું. 'આવી રીતે ચલાયમાન થયેલી અવસ્થામાં પણ તેઓ પોતાને ઘેર ભરત ચક્રવર્તી પાસે જઈ શક્યા નહિ. ટીકાકાર મહાશયો આ બાબતમાં કારણ સ્પષ્ટપણે ભરતની લજ્જાનું જ જણાવે છે. અર્થાત્ પિતાનો પુત્રવત્સલપણાનો જગપ્રસિદ્ધ અવિચળ સ્વભાવ છતાં પણ તે ભરત મહારાજા જે મરીચિના પિતા હતા, તેઓ પરલોક વિરુદ્ધ એવાં કાર્યો આચરીને સ્વયં આત્માનું અહિત કરનારાઓ તરફ પુત્રવત્સલતા અંશે પણ દેખાડી શકતા ન હતા, એટલું જ નહિ પણ તેવાઓ તરફ ઉદાસીન વૃત્તિથી રહેવાની સ્થિતિ પણ ભરત મહારાજા રાખી શકતા ન હતા, અને તેથી જ મરીચિકુમાર પરિષહને લીધે સાધુપણું પાળવા હિંમત હારી ગયા છતાં ઘરે પિતાજી ભરત મહારાજાને શરણે જઈ શક્યા નહિ. વર્તમાનમાં પણ શાસનપ્રેમીઓ એવા જ હોય છે કે ચારિત્રથી પતિત થનારા સાથે કોઈપણ જાતનો લેવડદેવડ કે શેઠ-નોકરપણાનો સંબંધ રાખતા નથી. જો કે કેટલાક શાસનપ્રેમીપણાના રંગમાં લોકોમાં દેખાવ દેનારા એવા પણ હોય છે કે જેઓ દ્રવ્ય અને ભાવ બંને પ્રકારથી દીક્ષાથી પતિત થયેલાઓને પોતાનું આખું તંત્ર સોંપે છે અને તેવા પતિતો દ્વારાએ જ શાસનનો સઢ ચઢાવવા માગી શાસનના ધુરંધર પુરુષોથી વહેતો સત્યમાર્ગમાં તે ધુરંધર પુરુષો ઉપર ઈર્ષ્યાનલનો દાવાગ્નિ વરસાવવાનો ધંધો કરાવી, તેવાઓના પેટ ભરાય છે. શાસ્ત્રકારોના વચન મુજબ તો દ્રવ્યદીક્ષાથી પતિત થયેલા મનુષ્યે જન્મભૂમિ, દીક્ષાભૂમિ અને વિહારભૂમિનો ત્યાગ કરીને અન્ય સ્થાને રહેવું શાસનની શોભા ઈચ્છવાવાળા માટે હિતાવહ છે, અને સંયમપતિતપણાને અંગે પોતાના આત્માની અધમતા માનતા અને જણાવતા રહેવા સાથે સંયમમાર્ગમાં સંચરતા સંયમીઓનું બહુમાન ગણતા અને પ્રકાશતા રહેવું જોઈએ, પણ આ વસ્તુસ્થિતિ તેઓમાં જ હોય કે જેઓ સંયમથી પતિત થયા છતાં પણ સમ્યક્ત્વથી પતિત ન થયેલા હોય તેમને માટે જ શાસ્ત્રકારોએ જણાવેલી છે, અને તેથી તેવી જ સ્થિતિવાળા માટે તે યોગ્ય હોય અને ઈતર સ્થિતિવાળા ઈતર માર્ગ ગ્રહણ કરે અને કરાવે તેને બદલે શું કહી શકાય ? તત્ત્વમાં એટલું જ કહેવાનું કે ચક્રવર્તી મહારાજા ભરત તેવા પતિતોના પડછાયે પણ નહિ જવાવાળા હોવાથી મરીચિકુમાર પિતાને શરણે જઈ શક્યા નહિ. જ્યારે પરિષહથી હારી જવાને લીધે સાધુપણું પળાતું નથી અને ભરતની લજ્જાએ ઘેરે પણ જવાતું નથી તો કેવી રીતે હવે જીવન-પ્રવાહ કરવો એવી વિમાસણમાં

મરીચિકુમાર પડે તે સ્વાભાવિક છે. વર્તમાનમાં કેટલાક સાધ્વાભાસો સંયમના મૂળગુણો નહિ પાળતાં ઘેરે જવું અનુચિત ગણી પાપાચરણોનો પોટલો માથે ચઢાવે છે તેવી રીતે વર્તવું તે આ મરીચિકુમારને યોગ્ય ન લાગે તે સ્વાભાવિક છે. આવા કોઈપણ કારણથી તે મરીચિએ વ્યવહારથી સાધુપણાથી ભિન્ન વર્તાવ જણાવવા સાથે બની શકે તેટલો પાપનો પરિહાર રાખવાનો વિચાર કર્યો અને તેથી જ તે મરીચિકુમારે દેશવિરતિમાર્ગમાં દાખલ થઈ શકે તેવો વર્તાવ અને પરિવ્રાજકનો વેષ આદર્યો.

જગતના સ્વાભાવિક નિયમ પ્રમાણે તે પરિવ્રાજકનો ભગવો વેષ વિગેરે નવીન હોઈ; તે તરફ લોકો દિદક્ષા અને જિજ્ઞાસાદિક ધરાવે તે સ્વાભવિક છે, અને તેથી જ સંયમમાર્ગને શુદ્ધ રીતે પાલન કરનારા શ્રમણનિર્ગ્રંથો પાસે લોકોનો જે દરોડો પડે, તેના કરતાં અધિક લોકોનો દરોડો તે મરીચિકુમાર પાસે પડવા લાગ્યો. આ દરોડો કેવળ સામાન્ય મનુષ્યોનો હતો એમ નહિ, પણ મોટા મોટા રાજકુમાર વિગેરે મહર્ધિક મનુષ્યો પણ તે નવીનતાની દિદક્ષા અને જિજ્ઞાસા ધરાવતાં તેની પાસે જત્થેને જત્થે આવતા હતા પણ તે મરીચિકુમાર તે સર્વની જિજ્ઞાસાની તૃપ્તિ કરતાં સમ્યગ્ જિનેશ્વર મહારાજના નિરૂપણ કરેલા માર્ગને જ તેઓ જણાવે છે અને સ્વાભાવિક રીતિએ બનવું શક્ય છે તેમ તે લોકો તેમની નવીનતાનો પ્રશ્ન કરતા હતા.

જગતમાં સામાન્ય રીતે શુદ્ધ માર્ગને શુદ્ધ માર્ગ તરીકે અને અશુદ્ધ માર્ગને અશુદ્ધ માર્ગ તરીકે નિરૂપણ કરવો તે મુશ્કેલ નથી પણ પોતાની જાતને અંગે આવી પડતા પ્રશ્નમાં પોતાના અશુદ્ધ વર્તનને અશુદ્ધ વર્તન તરીકે જાહેર કરવો એ ઘણું જ અશક્ય છે. જો કે કેટલાકો નાકકટ્ટાની ટોળી વધારવાની નીતિને અનુસરવાવાળા બીજા સર્વની અધમતા જણાવવા માટે પોતાના નામે અધમતા જ જણાવવા તૈયાર થાય પણ પોતાનું સંયમ માટેનું અસામર્થ્ય જાહેર કરવા સાથે માર્ગમાં રહેલા મહામુનિઓના સંયમપણાના ગુણો ગાવા એ અશક્ય નહિ તો દુઃશક્ય તો જરૂર જ છે, પણ તેવા દુઃશક્ય માર્ગમાં પ્રયાણ કરતાં મરીચિકુમારને અંશે પણ સંકોચ થયો નહિ.

કેટલાક માર્ગથી પતિત થયેલા લોકો પોતાના આત્માને માર્ગથી ખસેલો માનવાવાળા અને માર્ગસ્થિત બીજા મહાનુભાવોને માર્ગમાં ચાલવાવાળા છે એમ બહુમાનપૂર્વક માનવા છતાં પણ માર્ગસ્થ જનોની વૃદ્ધિને કે સ્વકલ્પિત માર્ગને અનુસરનારાઓની અલ્પતાને સાંખી શકતા નથી પણ આ મરીચિકુમાર તે વિષમ દશામાં કોઈપણ પ્રકારે હતવીર્ય થયો નથી પણ ઉલ્લસિત વીર્યે તેવા પંથમાં જ તેને સતત પ્રયાસ શરૂ રાખ્યો છે અને તેથી જ તે નવીનતાની દિદક્ષા અને જિજ્ઞાસાથી આવેલા સમગ્ર લોકોને તે મરીચિકુમાર શ્રમણમાર્ગની દેશના આપી તે શ્રમણમાર્ગ લેવા તૈયાર કરી શ્રમણસિંહોની પાસે જ મોકલી આપે છે.




धर्मोमंगलमुत्कृष्टं, धर्मः स्वर्गापवर्गदः धर्मः संसारकान्तारोल्लंघने मार्गदेशकः ॥१॥

**ફૂંકી ફૂંકીને ઉંદર કરડે છે એ જ કારણે મનુષ્ય જાગી જતો નથી.**

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી ભવ્ય જીવોના ઉપકાર માટે સૂચવી ગયા કે આ સંસારમાં આ જીવ અનાદિકાલથી સુખની આશાએ જ રખડી રહ્યો છે. કોઈપણ ભવમાં એને દુઃખની ઈચ્છા થયેલી જ નથી. જે કાંઈ પ્રયત્નો કર્યા છે તે પોતાના સુખને જ માટે છતાં હજી ઈષ્ટ સિદ્ધિ થઈ નહિ. રૂપિયાની હાર થઈ છતાં હારનું કારણ શોધવા કરોડો રૂપિયા ખરચી કમિશન બેસાડયું તે જાણીને કારણ દૂર કરવામાં આવ્યું તો જાપાન સાથે ત્રણ વર્ષ સુધી ટકી શકાયું. આ જીવ જન્મોજન્મ સુખ મેળવવાની મહેનત કરે છતાં મેળવી ન શકે એનું કારણ શોધવાનું નહિ ? પોતાની મહેનત શાથી નકામી જાય છે ? જન્મથી મરણ પર્યંત શરીર, માલમિલકત, કુટુંબ, આબરૂ એ બધું આ જીવ સુખ માટે વધારે છે છતાં એને પલકારામાં છોડીને (મૂકીને) ચાલતો થાય છે. વળી બીજા જન્મે ફરી બધું એકઠું કરે છે. વળી ફરી પલકારામાં છોડી દે છે. આ જીવે અનંતી વખત આવી સામગ્રી એકઠી કરી અને સાથે રહી નહિ, ન સામગ્રીનું ફળ પણ રહ્યું છતાં આ જીવને એ સંબંધી કેમ કાંઈ વિચાર આવતો નથી ? જન્મોજન્મ મહેનત કરવી, મેળવવું અને મૂકી દેવું આનો છેડો ક્યાં ? આ વિચાર હજી આવતો નથી એનું કારણ શું ? ઉંદરડો કરડે છે છતાં મનુષ્ય જાગતો કેમ નથી ? માંસમાં કરડે, અરે ! નસ સુધી કરડે છતાં માણસ જાગતો નથી કારણ કે પેલો ફૂંકી ફૂંકીને કરડે છે, તેથી મનુષ્યને જાગવાનો વખત આવતો નથી. તેવી રીતે આ જીવે અનાદિથી મહેનત કરી સામગ્રી મેળવી અને સર્વથા મૂકી દીધી ને સર્વભવના સર્વ પ્રયત્નો નિષ્ફળ ગયા અને આરંભ પરિગ્રહ ને વિષયકષાયથી

પાપ બાંધી પરિણામે દુર્ગતિમાં રખડયો, પણ એ સંબંધી એને મમત્વની મોહરૂપી ઉંદરે મારેલી ફૂંક આવી હેરાનગતિમાં પણ જાગૃતિ આવવા દેતી નથી.

**જનારા પદાર્થોને ક્યાં ગોઠવવા ?**

નાસ્તિકો પાપપુણ્ય, સ્વર્ગનરકને અંગે વિરુદ્ધ પડે છે પણ મરણમાં વિરુદ્ધ નથી. મરણ તો બેય માને છે, ત્યાં ફરક શો ? આસ્તિક મરણ નક્કી છે એમ માની આગળની તૈયારી કરે છે, મળેલી સામગ્રીથી જે ફળ મેળવાય તે સમજુ મેળવી લે છે. એક શેઠીયો મધ્યરાત્રિએ અચાનક જાગ્યો તો પોતાની સન્મુખ લક્ષ્મીદેવીને રોતી જોઈ, એને રોવાનું કારણ તથા એ કોણ છે તે પૂછ્યું. લક્ષ્મી બોલીઃ 'શેઠ ! સાત પેઢીથી હું તમારી પાસે હતી પણ હવે જવાની છું, એ જ કારણે રોઉં છું.' લક્ષ્મીના અદ્રશ્ય થયા પછી શેઠ વિચારે છે કે 'જ્યારે એ જવાની જ છે તો સન્માર્ગે કેમ ન વાપરવી ? પકડીશ તો પણ રહેવાની નથી, તો સદ્‌વ્યયથી લાભ કેમ ન મેળવું ?' વારૂ ! છોકરા-છોકરીમાં કાંઈ ફરક ? ગર્ભમાં બન્ને સવાનવ મહિના રહે છે. બન્નેના પ્રસવ વખતે માતાને સંકટ સરખું જ છે, પાલનપોષણ, ખોરાકી, પોષાકી, બન્નેની સરખી છે. પણ પરણાવ્યા પછી ? છોકરી પરણાવ્યા પહેલાં ચંપા નથ્થુભાઈ કહેવાય અર્થાત્ સાથે પિતાનું નામ જોડાય અને પરણ્યા પછી અમુકની પત્ની એ રીતે ઓળખાવાય છે. આ વાત તમારી જાણ બહાર નથી કે છોકરી સાસરે ગઈ કે બાપનું નામ બોળવાનીઃ બોળવાની એટલે બાપનું નામ ભુંસાવાનું : સાસરેથી બાપને ઘેર આવે ત્યારે 'મારે પિયર જાઉં છું.' એમ કહે અને પિયરથી સાસરે જતાં 'મારે ઘરે જાઉં છું' એમ કહે છે. ત્યાંના સારા-નરસા બનાવોમાં એ ભાગીદાર, બાપને ત્યાંના બનાવોમાં મન ભલે ખેંચાય પણ ભાગીદારી નહિ. આ જાણવા છતાં જમાઈને શોધીએ, ચાંલ્લો કરી વિવાહ કરીએ, માંડવો બાંધી લગ્ન કરીએ, આ બધું કરીએ છીએ એ શાથી ? કન્યાને ઘેર ન રખાય એ લોકવ્યવહાર તમારા મગજમાં જચેલો છે. જ્યારે લોકવ્યવહારનું આવું સાદું વાક્ય તમારી પાસે વાજાં વગડાવે, વિવાહ કરાવે, તો પછી જે વખતે સમ્યગ્દ્દષ્ટિ આત્મા પોતાના કલ્યાણ માટે ધર્મને જ તત્ત્વ ગણે, સદ્‌ગતિની અભિલાષાવાળો થાય, મોક્ષ સાધવામાં તૈયાર થાય, તે શું ન કરે ? લોકવ્યવહાર કરતાં તો આ દશા હજારોગણી ઉત્તમ છે ને ક્ષાયિક સમકીતિઓ પોતાની સ્ત્રીઓને, પુત્રપુત્રીઓને વાજતે ગાજતે શી રીતે દીક્ષા અપાવી શક્યા હશે તે આથી સમજાશે. જ્યારે લોકવ્યવહારથી આપણે છોકરા-છોકરીને વાજતે ગાજતે પરણાવીયે તો પછી તીર્થંકર, ગણધર, કેવળી તથા શાસ્ત્રોનાં વચનોથી સમકીતિ આવો તૈયાર થાય એમાં આશ્ચર્ય શું ? એ સમકીતિ વિચારે કે છોકરીને જ્યારે પારકે ઘેર જ મોકલવી છે તો યોગ્ય સ્થાને કેમ ન મોકલવી ? એ જ રીતિએ પેલા શેઠીયાએ વિચાર્યું કે લક્ષ્મી જ્યારે હવે સ્વચ્છંદપણે ચાલી જવાની છે તો હું જ એને એવે સ્થાને મોકલી દઉં (ગોઠવું) કે જેથી સ્વચ્છંદપણું

કરી શકે નહિ. સમ્યગ્દષ્ટિ આત્મા પોતાનાં સંતાનનાં લગ્ન કરે તો પણ બુદ્ધિ કઈ ? એનાથી સર્વવિરતિ લઈ શકાતી નથી માટે ઉચ્છૃંખલ ન થાય, મર્યાદા ન તજે માટે કુટુંબના મર્યાદિત બંધનમાં જોડવાની ત્યાં બુદ્ધિ છે. છે લગ્ન પણ સાધ્ય આખું ફરી ગયું. આ લગ્ન કરવામાં પોતાનું સંતાન આરંભ પરિગ્રહમાં કે વિષયાદિમાં લીન થાય એ મુદ્દો નથી. જો લગ્ન ન કરે અને સંતાન ઉચ્છૃંખલ થાય તો ભવિષ્યમાં પણ ધર્મ પામી શકે નહિ. ધર્મમાં ટકવું વધવું ન થાય એ ત્યાં મુદ્દો છે. દેશવિરતિ કે સમ્યક્ત્વ જેવો કલ્યાણકારી ધર્મ ઉચ્છૃંખલતા આવ્યા પછી પમાય નહિ એ જ મુદ્દો ત્યાં લક્ષ્યમાં છે. આપણે એ દેખીએ છીએ કે કોઈને અમુક ચીજનું વ્યસન હદ બહારનું થઈ જાય, એની પાસે એ ચીજને ખોટી જણાવવામાં આવશે તો એ એને નહિ ગમે. વ્યસનમાં પણ મર્યાદા હોય છે. આખો દિવસ દારૂમાં છાકેલો રહે એમાં અને પંદર દિવસમાં એક વાર દારૂ પીએ એમાં ફરક છે. પંદર દિવસે દારૂ પીનારો નશામાં ચકચૂર નથી માટે એ દારૂના અવગુણ સમજી શકે, એ એને ખોટો માની શકે, પણ નશામય જીવનવાળો તમારું સાંભળવા પણ તૈયાર ન હોય તો માને તો શાનો ? એ જ રીતે ઉચ્છૃંખલ થયેલી કન્યા ભવિષ્યમાં માનવા તૈયાર નહિ થાય એમ વિચારી, ભલે અત્યારે સર્વવિરતિ નથી લેતી તો ભવિષ્યમાં પણ ધર્મ પામવાના સંયોગો હોય એવા સ્થાને મૂકવાનું વિચારી સમ્યગ્દષ્ટિ પોતાની દીકરીને પરણાવે છે. એ જ રીતે પેલા શેઠીયાએ સાત દિવસમાં લક્ષ્મીને ઉદારતાથી સાતે ક્ષેત્રમાં ખરચી નાખી અને સાતમા દિવસની રાત્રિએ એ તૂટેલા ખાટલામાં સૂતો. પરિણામ એ આવ્યું કે જવાવાળી લક્ષ્મીને ફરીને સાત પેઢી સુધી બંધાઈને રહેવાની ફરજ પડી.

### મરણ બેય માટે નિશ્ચિત છતાં આસ્તિક-નાસ્તિકના વર્તનમાં ભેદ કેમ ?

*આસ્તિકો તથા નાસ્તિકો બેયને માટે મરણની સ્થિતિ સરખી છે, પણ આસ્તિકની ભાવના સાધવાનું* સાધી લેવાની છે. અનામત રકમમાં શાહુકારથી ના પડાતી નથી એવી રીતે મોત એ અનામત રકમ છે. જ્યારે આવે ત્યારે તૈયાર રહેવું જ પડે. મોતે આવું ચાલુ ખાતું રાખ્યું છે. ચાલુ ખાતાવાળાને વાયદો ન કરાય.

### દર્શન અને ચારિત્ર મોહનીયની તરતમતા.

દર્શન મોહનીય માન્યતા પર અસર કરે છે જ્યારે ચારિત્રમોહનીય વર્તન પર અસર કરે છે. સંસાર અસાર છે, દુનિયાદારીના માટેના પ્રયત્નોમાં ફોતરાં ખાંડવાના છે એવી અંતઃકરણમાં માન્યતા એનું જ નામ સમ્યક્ત્વ છે. કોઈ મરી જાય અર્થાત્ કોઈને જમ લઈ જાય તેનો અફસોસ કરે છે પણ પોતાને જવાનું છે એનો અફસોસ આ જીવ કરતો નથી ! માન્યતા સાચી રહે તો વર્તનમાં ફરક પડવાથી સમ્યક્ત્વ ચાલ્યું ન જાય પણ માન્યતામાં ભેદ પડવો જોઈએ નહિ એટલા જ માટે બે વસ્તુ જુદી રાખી

છે. દર્શન મોહનીય તથા ચારિત્ર મોહનીય. કર્મોદયને લીધે, શક્તિ કે સાધનના અભાવે પ્રવર્તી ન શકે, જેમ કે ઉપવાસને યોગ્ય ગણતો હોય પણ પોતે ચાર વખત ખાવાવાળો હોવાથી કરી શકતો નથી, કર્મોદયના કારણે કાર્ય ન બનવાથી, પણ માન્યતા બરાબર હોવાથી સમ્યક્ત્વમાં વાંધો નથી. વર્તનમાં સુધારો ન થાય છતાં તેના પરિણામમાં વાંધો નથી, પણ એક વાત લક્ષ્યમાં લેવાની છે પરિણામ જણાવવાવાળો, બોલવાવાળો પ્રવૃત્તિ ન થવામાં મજબૂત કારણમાં હોય તો જ તેનો બચાવ ચાલે છે. શ્રેણિક તથા કૃષ્ણ અવિરતિ છતાં એને ક્ષાયિક સમકીતિ માનવા એ શ્રી જિનેશ્વર દેવનું વચન છે માટે માનીએ છીએ. સેંકડે એંસી ટકા તો માન્યતા તેવું જ વર્તન હોય. માન્યતા તથા વર્તનમાં ફરકવાળા દાખલા ઘણા ઓછા હોય છે. દુનિયાદારીમાં માન્યતા પ્રમાણે વર્તન ઘણી જગા પર હોય છે. ઘણું જ ગંભીર કારણ હોય ત્યાં ન હોય એ બને. દુનિયામાં ભલે એવો નિયમ ન બંધાય પણ ઘણો ભાગ માન્યતા પ્રમાણે વર્તનવાળો હોય છે. હવે આપણે મૂળ વાતમાં આવીએ.

**બળતું ખોરડું કૃષ્ણાર્પણ.**

સંસાર અસાર છે, મરણ નક્કી છે, આયુષ્ય ક્ષણભંગુર છે, પૌદ્ગલિક પદાર્થો અનિત્ય છે, નશ્વર છે આ બધી સમજણનું પરિણામ આસ્તિકને સદુપયોગમાં આવ્યું, જ્યારે નાસ્તિક તો ઉલટો ભોગાદિમાં બમણો વળગે છે. જિંદગીને ક્ષણિક માની જે સાધી શકાય તે સાધી લઈએ છીએ, તો બળતું ખોરડું કૃષ્ણાર્પણ કરીએ છીએ. નાસ્તિકો એ જ સમજણદ્વારાએ જુદું જ આચરે છે, ‘જીવાય ત્યાં સુધી મોજથી જીવો, જો મોજ માણવાનું સાધન ન હોય તો દેવું કરીને પણ મોજ મેળવો, કરજ કરીને પણ ઘી પીઓ, મરી ગયા, શરીર રાખ થયું પછી મજા ક્યાં કરશો?' આ માન્યતા નાસ્તિકની નાસ્તિક આસ્તિકને તકરાર જડ, જીવ, પુણ્ય, પાપ એ તત્વોમાં નથી પણ ભવાંતરની વાતમાં જ વાંધો છે. એક વાત જો જતી કરો તો નાસ્તિક તરત તમારી સાથે ભળવાના પુણ્ય, પાપ, જીવ, સ્વર્ગ, નરક બધું માનવા તૈયાર છે, ફક્ત ત્યાગ એ વસ્તુને જતી કરો, એને બિનજરૂરી જણાવો તો નાસ્તિક બધી વાતે તમારી સાથે ભળવા તૈયાર છે. ભોગમાં પાપ અને ત્યાગમાં ધર્મ, ભોગો અધમ છે, ત્યાગ ઉત્તમ છે આ માન્યતામાં જ નાસ્તિકને વાંધો છે. તેથી જ નાસ્તિકોએ ખુલ્લે ખુલ્લું કહ્યું કે :-

**तपांसि यातनाश्चित्राः संयमो भोगवञ्चना** અનેક પ્રકારની તપસ્યાઓ અનેક પ્રકારની પીડાઓ છે અને સંયમ રાખવું તે વિષયોથી ઠગાવાનું છે.

**તપ એ પીડા છે કે પીડા ટાળનાર છે ?**

આસ્તિકો તપમાં ધર્મ માને છે જ્યારે નાસ્તિકે એને પીડા જણાવી. જેને અહીં મૂળ થડ માન્યું તેને એણે નકામી પીડા જણાવી. બાપ પોતાના નાના છોકરાને પોતે રાજાને ત્યાં હીરા દેખાડવા જાય

છે ત્યારે સાથે લઈ જાય છે. છોકરાને ભૂખ લાગી છે. એ વખતે હીરાના વેપારને છોકરો ગણકારે નહિ. છોકરાની ગતિ હીરાના લાભ ઉપર નથી. નાના છોકરાને કડવી દવા પાઈયે તે એને ન ગમે કેમકે એથી થનારી રોગની શાંતિ એના ધ્યાનમાં નથી. તેવી રીતે અનાદિના કર્મોને નાશ કરનાર તપ છે, (એકાસણું, ઉપવાસ વિગેરે,) સોનાની અંદરનો મેલ પાણીથી ધોવાથી જતો નથી. એ તો અગ્નિથી જ જાય તેવી રીતે જ્ઞાન, દર્શન, ચારિત્ર વિગેરે માત્ર આવતાં કર્મોને રોકે, કર્મો પર શ્રદ્ધા કરાવે, જ્ઞાન કર્મો બતાવે, દર્શન શ્રદ્ધા કરાવે, ચારિત્ર સંવર કરે પણ કેવળ તપમાં જ એ શક્તિ છે કે કર્મોને દૂર કરી શકે. શું તીર્થંકરને બીજા રસ્તા ન મળ્યા કે જેથી છ મહિના સુધી ભૂખે મર્યા ? જેઓ તપસ્યાને પીડા કહે છે તેની અપેક્ષાએ 'ભૂખે મર્યા' એમ કહ્યું છું.

જ્ઞાની ક્ષણમાત્રમાં આટલી નિર્જરા કરે છે એ વાત જ્ઞાનની મહત્તા માટે જણાવી છે પણ તપને તડકે મૂકવા જણાવી નથી. તારામાં જ્ઞાન શું ? શ્રી તીર્થંકરદેવ તો ચાર જ્ઞાનના ધણી, શુદ્ધ ચારિત્રના માલિક હતા. તેઓ દીક્ષા લે છે ત્યારથી કેવળજ્ઞાન થાય ત્યાં સુધી જમીન પર પલાંઠી પણ વાળતા નથી, કાર્યોત્સર્ગમાં ઉભે પગે રહે છે. પલાંઠી ક્યારે વળે ? કેવળજ્ઞાન થયા બાદ. પલાંઠી કોણ વાળે? નિરાંતવાળો થાય તે. જેને માથે આટલું જોખમ ઝઝુમી રહ્યું છે, જેને આ ભવમાં જ કેવળજ્ઞાન મેળવવું છે એ જંપીને બેસી શકે શી રીતે ? તીર્થંકર તપશ્ચર્યા શા માટે કરતા હતા ?

'એકાંત પોથામાં તારી તપસ્યા ઉડી જાય છે, તપસ્યા અણસમજુ માટે છે' આવું કહેનારા અર્થાપત્તિથી એકજ-એમ જ કહેવા માગે છે કે મહાવીર મહારાજા મૂર્ખ હતા, એમનામાં આત્મ-વિચારણા નહોતી. મહાનુભાવ ! એ પરમજ્ઞાની આત્મસ્વરૂપ બરાબર દેખી શક્યા છે. ગંદી સ્થિતિ કાઢવા માટે જ તેઓ તપરૂપ અગ્નિ સળગાવે છે. જેઓ સ્થિતિને ગંદી નથી સમજ્યા તેઓ તપનો દાવાનળ સળગાવે ખરા ? કેટલીક વખત વ્યાજ માટે મૂડી દેવી પડે છે, કેટલીક વખત મૂડી માટે વ્યાજ અપાય છે. અમુક જ્ઞાન જોઈએ તે વખતે તપનો ભોગ અપાય અગર કોઈ વખત તપ માટે જ્ઞાનનો ભોગ અપાય પણ બન્નેનું કરવાનું પોષણ શોષણ નહિ. અંદરની મેલાશ પાણી કે સાબુથી નહિ નીકળે તેવી રીતે તન્મયપણે વળગેલાં (ગાઢ) કર્મો કાઢવામાં જ્ઞાન કામ લાગશે નહિ. જ્ઞાનાદિમાં એ તાકાત નથી. એ તાકાત કેવળ તપમાં છે. ભગવાન શ્રી મહાવીરદેવ પાસે જ્ઞાન, દર્શન, ચારિત્ર ત્રણે મોજુદ છતાં તપશ્ચર્યા એટલા જ માટે આચરી. જ્ઞાન તો પ્રકાશ કરે, દર્શન મા કરે, તત્ત્વનો નિશ્ચય કરાવે, ચારિત્ર આવતાં કર્મોને રોકે પણ વળગેલાં કર્મો કાઢવાની તાકાત માત્ર તપમાં જ છે. 'ચયતે આઠ કરમનો' એમ કેમ કહે છે ? આઠે કર્મના સંચયને દૂર કરે તે ચારિત્ર. ચારિત્રના બે પ્રકાર છે. એક સંયમરૂપે, એક તપરૂપે. આઠે

કર્મો દૂર કરનાર ચારિત્ર કયું ? તપ સંયમથી સંયુકત તે જે વખતે તપ તથા સંયમની જુદી વાત કરીએ ત્યારે સંયમ માત્ર આવતાં કર્મોને રોકે. આપણે ઉપર જે વાત કરી તે સંયમરૂપ ચારિત્રની. 'ગો' શબ્દને 'ગાય' 'બળદ' એ બન્ને અર્થ થાય પણ 'બલીવર્દ' શબ્દથી બળદ જ સમજાય. એટલા માટે ચારિત્ર મોહનીયના ક્ષયથી તપની પ્રાપ્તિ થાય. મુખ્યતાએ ચારિત્ર મોહનીયના ક્ષયોપશમથી થાય. અહીં પ્રધાનતા દેખાડવા માટે 'ચારિત્ર' શબ્દ વાપર્યો છે. આવું તપ કર્મના ક્ષય માટે અનન્ય સાધન છે. શ્રી તીર્થંકરદેવ પાસે સાધનદશાની અપેક્ષાએ સંપૂર્ણ જ્ઞાન, દર્શન, ચારિત્ર, સાધનદશાને લાયકનું છતાં એમને તપને માટે કેમ ઉદ્યમ કરવો પડ્યો ? અર્થાત્ તપ કેમ કર્યો ? મહાન તપ કર્યો, સજ્જડ ઉદ્યમ કર્યો, શાથી ? તપ અજ્ઞાની કરે એમ મનાય તો ભગવાન મહાવીરદેવ કેવા ઠર્યા ? અહીં અજ્ઞાની ખરા કોણ ઠર્યા ? આ વાત શાસ્ત્રના હિસાબવાળી સમજવી નહિ. બીજાઓ કહે છે તેના આધારે બોલાય છે. જેવો ઉદ્યમ જ્ઞાન, દર્શન, ચારિત્ર તરફ તેવો ઉદ્યમ તપ તરફ જોઈએ ત્યારે બીજાઓ તપને જાતજાતની પીડા સમજાવે છે ! જેમ પેલો છોકરો બાપની સાથે હીરાનો વેપાર કરવા જવામાં હેરાનગતિ સમજે છે તેવી રીતે અજ્ઞાનીઓ તપશ્ચર્યાથી હેરાનગતિ સમજે છે.

**સંયમને આપણે કેવું માનીએ છીએ ?**

વળી, નાસ્તિકો સંયમને ભોગથી ઠગાવાપણું કહે છે. આપણા મગજમાં પણ એ વસ્યું છે પણ સીધી રીતે નહિ, આડકતરી રીતે વસ્યું છે કોઈ બાર વર્ષનો છોકરો દીક્ષા લે તો, 'આણે ખાધું પીધું શું ? એવી જે ભાવના થાય છે એનો અર્થ શો ? એવું શાથી બોલાય છે ? આડકતરી રીતે આ નાસ્તિક માન્યતા છે. 'ત્યાગ ઉત્તમ છે, ભોગ અધમ છે, એ વાત બોલતાં તમે બંધ થાઓ તો પછી નાસ્તિકોને પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક જે કહો તે માનવામાં કશી હરકત નથી. જેમાં જામીનગીરી નથી તેવા લેણાની કિંમત કશી નથી. મરણના નિમિત્તથી આસ્તિકો સાધવાનું સાધવા પ્રયત્ન કરે ત્યારે નાસ્તિકોએ જુદું જ વાટયું અનેક પ્રકારની તપશ્ચર્યા એ પીડા છે અને સંયમ એ મળેલા ભોગથી વ્યર્થ ઠગાવાનું છે, માટે પ્રવૃત્તિ થાય તેટલી કરી લેવી, પૂરતી મોજ માણી લેવી અને જિંદગીને સાર્થક કરવી, આ તત્વ નાસ્તિકે તારવ્યું !

છેવટે સમજવું જોઈએ કે જન્મોજન્મ સુખનાં સાધનો મેળવ્યાં અને મેલી દીધાં છતાં તેનું ફળ ન મળ્યું તેનું કારણ શું ? આટલી બધી વખતની મહેનત નકામી ગઈ એનું કારણ શોધવામાં કંટાળો હોવો જોઈએ નહિ અને અનાદિથી ચાલુ ભવભ્રમણ માટે ઉદ્વેગ રહે અને ભવભ્રમણ ટાળવા માટે સમ્યગ્માર્ગની આકાંક્ષા રહે તો જ સમ્યક્ત્વ છે.

# સાગર સમાધાન

પ્રશ્નકાર: ચતુર્વિધ-સંઘ.

સમાધાનકાર:
સકલશાસ્ત્ર પારંગત આગમોધ્ધારક_
શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મ.

પ્રશ્ન ૭૩૮- ભકતામર સ્તોત્રમાં કેટલાકો જણાવે છે કે તે સ્તોત્રનાં ૪૮ કાવ્યો છે, જ્યારે કેટલાકો અસલથી જ ૪૪ કાવ્યો છે એમ જણાવે છે, તો એ બેમાં શું માનવું ?

સમાધાન- ભકતામર સ્તોત્ર કરતાં કલ્યાણમંદિર સ્તોત્ર પ્રાચીન છે એ વાત સર્વ માન્ય છે, અને કલ્યાણ મંદિરના કાવ્યો ચુંમાલીશ છે. એમાં કોઈનો મતભેદ નથી. તો તે કલ્યાણમંદિરના અનુકરણથી પાછળથી કરાયેલા ભકતામર સ્તોત્રમાં પણ ચુંમાલીશ કાવ્ય હોય એ વધારે સંભવિત છે, વળી જેઓ ૪૮ અડતાળીશ કાવ્યો માને છે તેઓ પણ

૨૮મામાં અશોકવૃક્ષ,
૨૯મામાં સિંહાસન
૩૦મામાં ચામર
૩૧મામાં છત્ર.

માનીને ૩૨મામાં કમળોનું સ્થાપવું માને છે, અર્થાત્ જો પ્રાતિહાર્ય લેવા હોત, તો ૨૭મા કાવ્યમાં અશોક વૃક્ષનું વર્ણન કર્યા પછી સુરપુષ્પવૃષ્ટિ અને દિવ્યધ્વનિ નામના પ્રાતિહાર્યનું વર્ણન છોડી દેત નહિ, અને ચામરના પ્રાતિહાર્યનું વર્ણન કરવા પહેલાં સિંહાસન પ્રાતિહાર્યનું વર્ણન કરત નહિ, તથા સિંહાસન અને ચામરનું વર્ણન કર્યા પછી ભામંડલ અને દુંદુભીનાં પ્રાતિહાર્યોને છોડીને છત્ર નામનું પ્રાતિહાર્ય કે જે છેલ્લા પ્રાતિહાર્ય તરીકે છે તેનું વર્ણન કરત નહીં એટલું જ નહિ પણ દેશના દેવા પધારતી વખતે જિનેશ્વર મહારાજના ચરણકમલની નીચે દેવતાઓ જે પદ્મની સ્થાપના કરે છે, તેનું વર્ણન, તે પ્રાતિહાર્ય ન હોવાથી પ્રાતિહાર્યના વિભાગમાં કરત

નહિ, કેમ કે પ્રાતિહાર્યની સંખ્યા ને ક્રમ આ પ્રમાણે છે :-

१ २ ३ ४ ५

**अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यध्वनिश्चामरमासनं च**

६ ७ ८

**भामण्डलं दून्दुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणां ॥१॥**

આ કાવ્ય ઉપરથી સ્પષ્ટપણે જોઈ શકાશે કે ભકતામરમાં આવેલું વર્ણન, નથી તો પ્રાતિહાર્ય માત્રનું તેમજ પ્રાતિહાર્યોનું વર્ણન તેના ક્રમવાળું નથી, માટે શ્રી માનતુંગસૂરિજીએ આઠ પ્રાતિહાર્યોનું વર્ણન કરવા માગ્યું હતું અને ચાર પ્રાતિહાર્યોનું જ વર્ણન ચાલુ સ્તોત્રમાં દેખાય છે, માટે બાકીના ચાર પ્રાતિહાર્યોના વર્ણનનાં ચાર કાવ્યો લુપ્ત થયાં છે કે કોઈકે ભંડારી દીધાં છે એમ માનવું અસ્થાને છે. પ્રથમ તો આઠ પ્રાતિહાર્યોના વર્ણનમાં ચારનું રહે અને બાકીનાનું વર્ણન લુપ્ત કે ભંડારી દેવાનું માનવું તે વિચક્ષણોને ગ્રાહ્ય થાય તેમ નથી, માટે શ્રીમાનતુંગસૂરિજીએ ચાર પ્રાતિહાર્ય અને કમલ સ્થાપનાનું વર્ણન ધર્મોપદેશની જગતના જીવોની સ્પૃહા કરવા લાયક સમૃદ્ધિની સત્તા જણાવવા માટે કરેલું છે અને તેથી જ ૩૩માં કાવ્યમાં તે અશોકાદિના વર્ણન પછી ઉપસંહારમાં **'इत्थं यथा तव विभूतिः'** એમ કહી વિભૂતિવાળા પ્રાતિહાર્યો તેમજ સૂર્યપ્રભાના અન્તરનો વિષય લેવાથી પ્રભા એટલે કાન્તિવાળી ચીજોનું કાન્તિના અતિશયપણાનું વર્ણન પૂર્વે કર્યું છે તે સ્પષ્ટપણે ધ્વનિત કરે છે, સૂરપુષ્પવૃષ્ટિ વિગેરે પ્રભા એટલે કાન્તિના અતિશયવાળી ચીજો ન ગણાય એ સ્પષ્ટ જ છે. ભામંડળમાં રહેલી કાન્તિ દુનિયાદારીમાં વિભૂતિ તરીકે ગણાતા પદાર્થોને મળતી ન હોય અથવા શ્રી જિનેશ્વર મહારાજના શરીરના તેજનું તેમાં પ્રતિબિંબિતપણું હોઈ તે ભામંડળનું સ્વયં વિભૂતિ તરીકે ગણાતા કાન્તિમાન પદાર્થોમાં ગણના ન કરી અશોકાદિક કાન્તિમાનોની ગણના કરી હોય એ ૩૩મા કાવ્ય ઉપરથી પણ સ્પષ્ટ થાય છે અર્થાત્ ભકતામર સ્તોત્રના ચુંમાલીશ કાવ્ય અસલથી છે એમ માનવું શ્રેયસ્કર છે.

વળી વિભૂતિના વર્ણનમાં ઉપસંહારવાળા કાવ્યમાં જો આઠ પ્રાતિહાર્યોનું વર્ણન હોત તો પ્રાતિહાર્યો તરીકે જ ઉપસંહાર થવો જોઈતો હતો, અને તેથી **सत्पातिहार्यनिचयस्तव याद्दगस्ति** એના જેવા આદ્યપદવાળું કાવ્ય હોત તો અને તે પણ નથી, માટે પણ કેટલાક પ્રાતિહાર્યરૂપ વિભૂતિના વર્ણનવાળા કાવ્યોવાળું ચુમાલીસ કાવ્યોનું જ ભકતામરસ્તોત્ર હોય એમ માનવું યુક્તિસંગત છે.

પ્રશ્ન ૭૩૯ સ્રીરત્ન મરીને અવશ્ય છઠ્ઠી નરકે જ જાય કે અન્યત્ર પણ જાય ? અને છઠ્ઠી નરકે જ જાય તો તેવા અક્ષરો શેમાં છે ?

સમાધાન- સ્રીરત્નને શંખાવર્તયોનિ હોય છે ને કામાર્તની અધિકતા હોવાથી ગર્ભની નિષ્પતિ થતી

નથી એ હકીકત ધ્યાનમાં લેતાં તેનું અવશ્ય નરકગામીપણું હોય પણ બધાં સ્ત્રીરત્નો છઠ્ઠીએ જ જાય એમ માનવું યોગ્ય લાગતું નથી.

પ્રશ્ન-૭૪૦ માથુરી વાચના કયા આચાર્યે કરી ? ત્યાં લખાયું કે વંચાયું ? તે અધિકાર કયા ઠેકાણે છે?

સમાધાન શ્રીનન્દીસૂત્રના વચન પ્રમાણે શ્રીસ્કંધકાચાર્યે મથુરામાં શાસ્ત્રનો અનુયોગ પ્રવર્તાવ્યો તે વખત સિદ્ધાંત પુસ્તકારૂઢ થયો ન્હોતો, પણ શ્રી યોગશાસ્ત્ર અને જ્યોતિષ્કરંડકના વચનોનો ભાવાર્થ એવો થાય ખરો કે બન્ને સ્થાને લખાયાં.

પ્રશ્ન-૭૪૧ અતિચારમાં બોલાય છે કે 'વીજ દીવાતણી ઉજેહી લાગી' તો વીજળી અચિત્ત છે કે સચિત્ત, અને તે પુદગલો વિસ્રસા છે કે પ્રયોગસા છે ?

સમાધાન- અતિચારમાં ગણાયેલી વીજળી પ્રયોગકૃત અને સચિત્ત ગણવી જો કે શ્રી ઉત્તરાધ્યયન નિર્યુક્તિના ચોથા અધ્યયનના પાઠને સ્વતંત્ર વિચારીએ તો અચિત્ત વીજળી હોય એવો અર્થ નીકળે છે.

પ્રશ્ન-૭૪૨ 'વાયુકાય ઉઘાડે મુખે બોલ્યા' એમ અતિચારમાં બોલાય છે તો 'ઉઘાડે મુખે બોલવાથી' વાયુકાયની વિરાધના-હિંસા થાય છે ? કારણ કે ભાષાવર્ગણાના પુદગલો ચઉસ્પર્શી છે અને બાદર વાયુકાય અષ્ટસ્પર્શી છે તો તે અષ્ટસ્પર્શી શરીરવાળા બાદર વાયુકાય જીવોનો ભાષાના પુદગલોથી વ્યાઘાત થાય ? ઉઘાડે મુખે બોલવાથી સાવધભાષા ગણાય અને સંપાતિમ જીવોના રક્ષણ માટે મુહપત્તિ રાખીને બોલવું જોઈએ તે યોગ્ય છે પરંતુ વાયુકાયના જીવોને ઉઘાડે મુખે બોલવાથી ઉપદ્રવ થાય કે નહિ ?

સમાધાન- ભાષા વર્ગણાના પુદગલો ચઉફરસી છે પણ સાથે નીકળતા વાયુનો અષ્ટસ્પર્શી છે તેથી તે દ્વારા વાયુની વિરાધના શ્રીદશા૦ની ચૂર્ણિ ને યોગશાસ્ત્રની વૃત્તિ આદિથી સ્પષ્ટ જણાય છે. જો ભાષાવર્ગણાથી વાયુની વિરાધના ગણીએ તો મુખે વસ્ત્ર રાખવું નકામું જ ગણાય, કારણકે ભાષાવર્ગણા તો ૩, ૪, ૫, સમયમાં સમગ્ર લોકમાં વ્યાપે છે.

પ્રશ્ન-૭૪૩ પ્રસન્નચંદ્ર રાજર્ષિએ સાતમી નરક યોગ્ય કર્મદલિક બાંધ્યા તે સમયે તેમને અનન્તાનુબંધીનો ઉદય અને ભાવચારિત્રનો સર્વથા નાશ થયો હતો તેવી બાબત કોઈ શાસ્ત્રમાં છે ? અથવા અનન્તાનુબંધીનો ઉદય હતો પણ તે અનન્તાનુબંધી સંજ્વલનના ભેદરૂપે હતો અને તેથી ભાવચારિત્ર વિદ્યમાન હતું તેવા અક્ષરો કોઈ ગ્રન્થમાં છે ?

સમાધાન- અનન્તાનુબંધી આદિ ચાર ચાર ભેદો કરવા એમ શ્રી યોગશાસ્ત્ર ને લોકપ્રકાશાદિથી જણાય છે પણ શ્રી પ્રસન્નચંદ્રને તે લાગુ હતા કે કેમ તેનો સ્પષ્ટ ખુલાસો ધ્યાનમાં નથી. ભાવ ચારિત્રનો નાશ તે પરિણામે માનવામાં અડચણ નથી.

# ધર્મના અર્થનો ખુલાસો, ભેદો, તેનો ક્રમ અને જરૂરીયાત.

ધર્મશબ્દના વ્યુત્પત્તિઅર્થ પ્રમાણે આ લોક સંબંધી વિવિધ પીડાઓથી બચાવીને સ્વસ્થ સ્થિતિમાં જીવને રાખવો, તેમજ અન્ય ભવિક આપત્તિઓથી પણ બચાવીને જીવને સારી અવસ્થામાં રાખવો એ ધર્મનું તત્વ છે એમ આગળના લેખો ઉપરથી વાચકો સારી રીતે સમજી શક્યા હશે. આ પ્રમાણે વ્યુત્પત્તિઅર્થ છતાં બહુલતાએ ધર્મનું સાધ્ય પરભવના દુઃખોથી જ બચવાનું ગણવામાં આવે છે, અને તેથી જ **दुर्गतिप्रपतज्जंतुधारणाद् धर्म उच्यते।** એમ અથવા તો **दुर्गतिप्रसृतान् जंतून् यस्माद् धारयते ततः धत्त चैतान् शुभे स्थाने तस्माद् धर्म इति स्मृतः॥** એવા એવા વાક્યોથી શાસ્ત્રકાર મહારાજાઓ પણ ધર્મનું પ્રયોજન, દુર્ગતિનું નિવારણ અને શુભગતિની પ્રાપ્તિ છે એમ જણાવી ધર્મનું મુખ્ય તત્વ અન્ય જિંદગીને અંગે જ રાખે છે. એનું કારણ એ જ જણાય છે કે આ ભવના દુઃખોના નિવારણમાં જો કે પૂર્વ ભવે કરેલાં પુણ્યો મુખ્ય ભાગ ભજવે છે, અને તેથી આ ભવના દુઃખોનું પણ નિવારણ પૂર્વ ભવમાં કરેલા ધર્મથી થયેલા પુણ્યદ્વારાએ જ છે, તો પણ સામાન્ય દ્રષ્ટિવાળો મનુષ્ય આ ભવના દુઃખના નિવારણમાં ઉદ્યમને પ્રત્યક્ષ દેખતો હોવાથી અને પુણ્યપ્રકૃતિ સૂક્ષ્મ હોઈ અરૂપી જેવી હોવાને લીધે તેને નહિં દેખતો હોવાથી ઉદ્યમજન્ય માની લેવાની ભૂલ કરે એ સ્વાભાવિક છે. જગતમાં ખેતરની માટી અને વરસાદનું પાણી એકસરખું હોવા છતાં જેમ જુદી જુદી જાતનાં વૃક્ષો ઉત્પન્ન થાય છે, તેથી જુદા જુદા બીજોનું વાવવાનું અનુમાન સહેજે કરી શકાય છે, તેમ એક કુલમાં એક માતાની કૂખે જન્મેલા, એક સરખા સંજોગોને ધારણ કરનારા પુત્રોમાં, સ્ત્રી, પુત્ર, ધન, ધાન્ય વિગેરે સુખના સાધનોની પ્રાપ્તિની વિચિત્રતાને જોનારો સામાન્ય દ્રષ્ટિવાળો મનુષ્ય પણ પુણ્યની વિચિત્રતાનું અનુમાન કરી શકે છે. છતાં જેઓની તેવી કારણ ગવેષણાની દ્રષ્ટિ પહોંચતી નથી તેઓ આ લોકના સર્વ સુખસાધનોને માત્ર ઉદ્યમજન્ય જ માનવા તૈયાર થાય છે. જેમ કોઈ નહિ કલ્પી શકાય તેવો ગમારમનુષ્ય ક્ષેત્રમાં પાકની વિવિધતા દેખ્યા પછી તે વિવિધતાના મૂળ કારણરૂપ વાવવાના બીજોનું જુદાપણું નહિ સમજતાં માત્ર ક્ષેત્ર અને પાણીનો જ પ્રભાવ જાણે, માને અને કહે, તેવી રીતે કેટલાક અજ્ઞાન જીવો પણ બુદ્ધિ અને પ્રયત્નને જ માત્ર દેખતા આ ભવમાં થતી સુખના સાધનોની વિચિત્રતાને તે બુદ્ધિ અને પ્રત્યનને જ માત્ર દેખતા આ ભવમાં થતી સુખના સાધનોની વિચિત્રતાને તે બુદ્ધિ અને પ્રયત્નના જ ફળરૂપ માને છે, પણ બીજની વિચિત્રતાની માફક પરભવના કર્મોની

વિચિત્રતાને માનવા ન કલ્પી શકાય તેવા ગમાર માણસની માફક તૈયાર થતો નથી.

**ધર્મ શબ્દના લક્ષ્યાર્થ અને વાચ્યાર્થ.**

કેટલાક આર્યાવર્તમાં જન્મ પામ્યા છતાં પણ અનાર્યના જડવાદની જમાવટ કરવાવાળા મનુષ્યો ધર્મશબ્દનો વાચ્યાર્થ અને લક્ષ્યાર્થરૂપે અર્થભેદ નહિ છતાં અથવા એકાર્થપણું છતાં લક્ષ્યાર્થ અને વાચ્યાર્થને છૂટા પાડે છે, અને સ્પષ્ટપણે તેઓ જાહેર કરે છે કે અન્ય જિંદગીમાં દુઃખથી બચાવનાર અને સુખને મેળવી આપનાર ધર્મ સિવાય બીજો કોઈ પદાર્થ છે જ નહિ એવું જે કહેવામાં આવે છે તે માત્ર વાચ્યાર્થ તરીકે એટલે શબ્દાર્થ તરીકે જ છે, પણ ધર્મ શબ્દનો લક્ષ્યાર્થ તો એ જ છે કે તે ધર્મના નામે મનુષ્ય આ જિંદગીમાં હિંસા, જૂઠ વિગેરે જુલમના અને અન્યાયના કાર્યોથી બચે, અને તેવી રીતે જુલમ અને અન્યાયોથી બચવાવાળો મનુષ્ય સારી નીતિ અને સારી ચાલચલગતવાળો થઈ સર્વ પ્રકારે યોગ્ય ઉદ્યમ કરવાવાળો થાય અને તેથી મરણપર્યંત સુખના સાધનોને મેળવી શકે. આવી રીતે લક્ષ્યાર્થદ્વારાએ ધર્મ સમજાવવાનું તેઓ એટલા માટે જરૂરી માને છે કે જો આવતી જિંદગીના દુઃખોથી બચવા અને સુખોને મેળવવાની કારણતારૂપ વાચ્યાર્થતાદ્વારાએ ધર્મને ન સમજાવતાં ઉપર જણાવેલા લક્ષ્યાર્થદ્વારાએ જ ધર્મ જણાવવામાં આવે તો સત્તા આગળ શાણપણ ચાલે નહિ એ લોકોક્તિ મુજબ સત્તાધીશ મનુષ્યો પોતાની સત્તાનો અનુપયોગ કે દુરૂપયોગ કરતાં કોઈપણ અંશે સંકોચાય નહિ, કારણ કે તેવા સત્તાધીશોને કોઈપણ બીજી સત્તાનો ડર હોતો નથી, અને સત્તાધીશોની શ્લાઘાની સરિતા વહેવડાવવા સજ્જન ગણાતા મનુષ્યો પણ સર્વદા આત્માનું સમર્પણ કરવા તૈયાર હોય છે, તેથી તેઓને પોતાના સત્તાધીશપણાના પ્રભાવથી અપકીર્તિપણાનો અંશે પણ ડર હોતો નથી, એટલું જ નહિ પણ સત્તાધીશોએ અન્યાયથી લીધેલાં રાજ્યો, અયોગ્ય રીતિએ કરેલા શત્રુસૈન્યના સંહારો વિગેરે જગતમાં મહાપુરુષ તરીકે ગણાતા પ્રખર કવિઓએ કાવ્યદ્વારાએ યશોગાનની ગીતામાં ગોઠવી દીધેલાં હોય છે, માટે તેવા સત્તાધીશોને સન્માર્ગની સડક ઉપર સફર કરાવવાનું કોઈપણ જો સાધન હોય તો તે ઉપર જણાવેલો ધર્મ શબ્દનો વાચ્યાર્થરૂપે અર્થ કરવો તે જ છે. આવી રીતે ધર્મ શબ્દના વાચ્યાર્થને અલગ રાખી માત્ર લક્ષ્યાર્થને નામે લોકોને દોરવવા એ ધર્મને નામે નાસ્તિકતાનું નરકદ્વાર ખોલવા જેવું છે, કેમકે પ્રથમ તો લક્ષ્યાર્થ ત્યાં જ જુદો હોય કે જ્યાં મુખ્યાર્થનો બાધ હોય છે. અહીં ધર્મ શબ્દનો વાચ્યાર્થ તરીકે અન્ય જિંદગીમાં થતાં દુઃખોથી બચવું અને સુખોની પ્રાપ્તિ કરવી એવો જે મુખ્યાર્થ જણાવેલો છે તેમાં કોઈ પણ પ્રકારે બાધ થતો નથી માટે તે વાચ્યાર્થરૂપી મુખ્યાર્થથી ભિન્ન એવો લક્ષ્યાર્થ લેવાની આસ્તિકોને

કોઈ પણ પ્રકારે જરૂર જ નથી. લક્ષણાના જહલ્લક્ષણા વિગેરે વિભાગો કરી પૂર્વ મહર્ષિઓએ અન્ય જિંદગીમાં દૂર કરનાર તથા સુખને પ્રાપ્ત કરાવનાર તરીકે જણાવેલો વાચ્યાર્થ નહિ છોડતાં **काकेभ्यो दधि रक्ष्यताम्।** એ વાક્યમાં જેમ દહીંને ખાઈ જનાર કાગડાથી દહીંનું રક્ષણ કરવાનું છે, અને બીજા પણ કૂતરા, બિલાડા વિગેરે જે દહીંને ખાઈ જનારા છે, તેઓથી પણ દહીંનું રક્ષણ કરવાનું છે એવું તત્વ હોવાથી અજહલ્લક્ષણા નામની લક્ષણા જણાવી લક્ષ્યાર્થ જણાવાય છે, તેવી રીતે અહીં અન્ય જિંદગીમાં થતો દુઃખથી બચાવ અને સુખની પ્રાપ્તિરૂપ ધર્મ શબ્દનો મુખ્યાર્થ સાબીત રાખી જો આ જિંદગીના દુઃખના બચાવ અને સુખના સાધનોને પણ ધર્મ શબ્દના અર્થમાં ગોઠવી જેમ **कोकेभ्यो** વાળા વાક્યમાં દધિને નાશ કરનારા માત્રનો અર્થ લેવામાં આવે છે, તેવી રીતે ધર્મ શબ્દના અર્થમાં પણ અન્ય જિંદગીના દુઃખોને દૂર કરવાના અને સુખોને મેળવવાનું સાધન ધર્મ છે એમ માનવા સાથે આ જિંદગીના દુઃખોને દૂર કરવાનું અને સુખોને પ્રાપ્ત કરવાનું સાધન ધર્મ છે એમ અજહલ્લક્ષણાથી માનવામાં આવે તો કોઈપણ જાતની અડચણ નથી, પણ તેવી રીતે અજહલ્લક્ષણાથી લક્ષ્યાર્થને માનનારો મનુષ્ય કેવળ સત્તાધીશોની સત્તાના દુરૂપયોગ અને અનુપયોગના નિવારણને માટે જ ધર્મનો વાચ્યાર્થ છોડી દઈ માત્ર લક્ષ્યાર્થ માટે જ ઉપયોગ થયેલો છે એમ માનવા તૈયાર થાય જ નહિ. અર્થાત્ આ જિંદગી અને અન્ય જિંદગીમાં રાજા કે રંક, પંડિત કે મૂર્ખ, શ્રીમાન્ કે દરિદ્ર, રોગી કે નિરોગી, મનુષ્ય કે જાનવર દરેકને દુઃખથી બચાવનાર અને સુખ પ્રાપ્ત કરાવનાર જો કોઈ ચીજ હોય તો તે માત્ર ધર્મ જ છે એમ અજહલ્લક્ષણાદ્વારાએ કહી શકાય, પણ **असिद्धमर्थं शासत्शास्त्रमर्थवद् भवति।** એ ન્યાયે આ ભવમાં દુઃખોને દૂર કરવાને અને સુખોને પ્રાપ્ત કરવાના સાધનભૂત ધર્મ એ સિદ્ધ થયેલી વસ્તુ છે, એને કોઈપણ પ્રકારે સાધ્યદશામાં મેલી શકીએ તેમ નથી, પણ અન્ય જિંદગીમાં દુઃખોને દૂર કરવા અને સુખોને પ્રાપ્ત કરવાના સાધનરૂપ ધર્મ એ બહુલતાએ સાધ્યદશામાં જ છે, અને તેવા સાધ્યરૂપ રહેલા ધર્મને અસિદ્ધ ગણી તેને માટે શાસ્ત્રકારો ઉપદેશ આપે અને આવતી જિંદગીના દુઃખને નિવારણ કરવા અને સુખને પ્રાપ્ત કરવાના અર્થને જ ધર્મ શબ્દના અર્થ તરીકે જણાવે તો તે સર્વ પ્રકારે યોગ્ય જ છે. આ હકીકત વિચારનારા મનુષ્યને ધર્મના વ્યુત્પત્તિ અર્થમાં અન્ય જિંદગીના દુઃખોને દૂર કરવા અને સુખોને પ્રાપ્ત કરવા એટલે દુર્ગતિ રોકવી અને સદ્ગતિ મેળવવી એ જ અર્થ ધર્મશબ્દના અર્થ તરીકે લીધો તે વિધેયની અપેક્ષાએ છે અને ધર્મસ્વાખ્યાતતા નામની છેલ્લી બારમી ભાવનામાં આ જિંદગીના દુઃખોને નિવારવા અને સુખને પ્રાપ્ત કરવાનાં સાધનો મેળવી

આપનાર તથા સાધનો થનાર વસ્તુઓ મેળવી આપનાર ધર્મ જ છે એવું કરેલું નિરૂપણ અનુવાદની અપેક્ષાએ છે એમ સહેજે સમજી શકે તેમ છે. આવી રીતે સામાન્ય રીતે આ લોક અને પરલોક ઉભયમાં દુઃખને દૂર કરી સુખ પ્રાપ્ત કરાવનારો ધર્મ અને વિધેયની અપેક્ષાએ દુઃખને દૂર કરી સુખને પ્રાપ્ત કરાવનારો ધર્મ તથા અનુવાદની અપેક્ષાએ આ લોકમાં દુઃખને દૂર કરાવનાર તથા સુખોને પ્રાપ્ત કરાવનાર તથા તેને અનુકૂળ સાધનો મેળવી આપનાર ધર્મ એમ વ્યુત્પત્તિઅર્થ, વિધેયઅર્થ અને અનુદ્યઅર્થની અપેક્ષાએ માનવામાં કોઈપણ વિચક્ષણ મનુષ્યને અડચણ રહેશે નહિ. એ વાત જરૂર ધ્યાનમાં રાખવાની છે કે જ્યાં જ્યાં અનુદ્ય અને વિધેય એ બંને અર્થોનો પ્રસંગ હોય ત્યાં ત્યાં સામાન્ય નિયમથી અનુદ્યઅર્થ કરતાં વિધેયઅર્થનું બલવત્તરપણું હોય છે અને તેથી જ મહાપુરુષો ધર્મના વ્યુત્પત્તિ-અર્થને જણાવતાં અન્ય જિંદગી સંબંધી દુઃખપરિહાર અને સુખપ્રાપ્તિરૂપ ફળ જણાવે તો તે અત્યંત યોગ્ય જ છે.

જો કે ધર્મ શબ્દનો મુખ્ય અર્થ પૂર્વમહર્ષિઓએ જણાવ્યો છે તેમ અને ઉપર કહ્યા પ્રમાણે આવતી જિંદગીના દુઃખોને દૂર કરવા અને સુખોને પ્રાપ્ત કરવા એ જ છે, છતાં તેના આનુષંગિક અર્થને વિચારીએ તો ધર્મના અર્થને અંગે પહેલા ભવમાં કરેલા ધર્મના પ્રતાપે વર્તમાન ભવમાં દુર્ગતિ થઈ નથી અને સારા મનુષ્યપણારૂપી સદ્‌ગતિ મળી છે તેથી દુર્ગતિનિવારણ અને સદ્‌ગતિ પ્રાપ્તિરૂપ ધર્મ શબ્દનો અર્થ વર્તમાન મનુષ્યજન્મમાં પણ અનુભવાય છે અને તે અપેક્ષાએ પૂર્વમહર્ષિઓની વ્યુત્પત્તિ જે ધર્મ શબ્દને અંગે જણાવવામાં આવી છે તે વ્યાપક જ ઠરે છે, અને આ ભવમાં પણ ધર્મ શબ્દના મુખ્ય અર્થની ચરિતાર્થતા છે જ. જો કે ત્રિલોકનાથ તીર્થંકર મહારાજાઓએ ધર્મતત્ત્વનું નિરૂપણ માત્ર પૌદ્‌ગલિક દુઃખોના નિવારણ અને પૌદ્‌ગલિક સુખોની પ્રાપ્તિ માટે કે નરકાદિક દુર્ગતિઓનું નિવારણ કરી મનુષ્યત્વાદિક સદ્‌ગતિઓની પ્રાપ્તિ માટે કરેલું નથી, કેમ કે ખુદ્ તીર્થંકર મહારાજ વિગેરે કેવળ મોક્ષપ્રાપ્તિને માટે જ ઉદ્યમ કરવામાં કટિબદ્ધ થયેલા તો શું ? પણ માત્ર સમ્યગ્‌દર્શનને ધારણ કરવાવાળા જીવોને પણ મનુષ્યપણું કે દેવપણું, ચક્રવર્તિપણું કે ઈંદ્રપણું એ સર્વ દુનિયાદારીની દ્રષ્ટિએ સુખમય હોઈ સદ્‌ગતિરૂપે ગણાય છે, છતાં તે બધું કર્મથી જ થવાવાળું હોઈ આત્માની સિદ્ધદશાને બાધક કરનાર હોવાથી તેમજ આત્માથી પર એવા પુદ્‌ગલોથી ઉત્પન્ન થતાં સુખોના જ સામ્રાજ્યવાળું હોવાથી દુઃખરૂપ અને છાંડવારૂપ જ જણાયેલું છે, અને એ જ કારણથી સ્થાન સ્થાન પર શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે સમ્યગ્‌દૃષ્ટિ જીવ જો તાત્ત્વિક સમ્યગ્‌દર્શનને પામેલો હોય તો કોઈપણ કાળે મોક્ષ સિવાય અન્ય પદાર્થની એટલે દેવત્વાદિકની પણ ઈચ્છા કરનારો હોય જ નહિ. આ સ્થાને ચતુર્વિધ સંઘરૂપી સમ્યગ્‌દર્શનના ધોરી પુરુષોને ખાસ એ સમજવાની જરૂર છે કે પોતાના સમ્યગ્‌દર્શનને નિર્મળ રાખવા તથા દૃઢ રાખવા એ ખાસ જરૂરી

છે કે કોઈપણ કાળે અને કોઈપણ પ્રકારે પરમપદરૂપ જે મોક્ષ તે સિવાયના નરેન્દ્રત્વ, ચક્રવર્તિત્વ, દેવત્વ કે ઈંદ્રત્વ આદિ પરભવમાં મળતાં પૌદ્‌ગલિક ફળો કે આ ભવમાં મળતા ઈષ્ટ વિષયોની પ્રાપ્તિ, અનિષ્ટ વિષયોનું નિવારણ, રોગાદિકનો નાશ, ઋદ્ધિસમૃદ્ધિની પ્રાપ્તિ કે યશકીર્તિનો ફેલાવો કોઈ દિવસ પણ ધર્મના ફળ તરીકે તો શું ? પણ સાધ્ય તરીકે કોઈ દિવસ પણ ધારવું જોઈએ નહિ. યાદ રાખવું કે **यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः**। એ સૂત્ર લૌકિક માર્ગવાળાને જેમ માન્ય છે, તેમ લોકોત્તર માર્ગવાળાને પણ માન્ય જ છે, પણ લોકોત્તર મતવાળા અભ્યુદય એટલે સાંસારિક સર્વ પ્રકારના સુખો આદિની પ્રાપ્તિ ધર્મના સાધ્યફળ તરીકે ગણે છે, અને તેથી જ તેઓ **स्वर्गकामोऽग्निहोत्रं जुहुयात्** વિગેરે શ્રુતિના સૂત્રોથી દેવલોક, ઋદ્ધિસમૃદ્ધિ, યશઃકીર્તિ કે પુત્રપૌત્રાદિકને માટે ધર્મરૂપ મનાયેલા યજ્ઞનું વિધાન કરે છે, પણ લોકોત્તર દ્રષ્ટિની અપેક્ષાએ તે પૌદ્‌ગલિક ફળરૂપ અને સંસારના ચક્રાવારૂપ ઋદ્ધિસમૃદ્ધિ આદિને સાધ્ય ફળરૂપે ગણવામાં આવતું નથી, કેમકે ભગવાન તીર્થંકર વિગેરે આરંભ અને પરિગ્રહના તથા વિષય અને કષાયના ત્રિવિધ ત્રિવિધ પ્રકારે ત્યાગી હોઈ જો તે આરંભાદિમય એવા નરેન્દ્રત્વ અને દેવત્વાદિને સાધ્ય તરીકે ગણાવી તેના કારણ તરીકે તે પ્રાપ્ત કરવા માટે ધર્મનું નિરૂપણ કરે તો જૈન શાસનના મુદ્દા પ્રમાણે તેઓ પોતાની પ્રતિજ્ઞાને તોડનારા થાય અને તેઓને વદતોવ્યાઘાતવાળી દશા પ્રાપ્ત થાય, માટે લોકોત્તર દ્રષ્ટિએ અભ્યુદય એટલે પૌદ્‌ગલિક સમૃદ્ધિ અને સાધ્યફળ હોઈ શકે જ નહિ અને તેને માટે ધર્મનું નિરૂપણ પણ હોય નહિ, પરંતુ કર્ષક જેમ ખેતી કરતી વખત ધાન્યને જ મુખ્ય ફળ હોવાથી સાધ્ય તરીકે ગણે છે, છતાં તે ધારેલા ધાન્યની નિષ્પત્તિ પહેલાં વાવેલા ધાન્યની જાતિ પ્રમાણે તરેહ તરેહના ઘાસોને પામે છે, તેથી તે ખેતીની ક્રિયાનું મુખ્ય એટલે સાધ્યફળ ધાન્ય એટલે અનાજ જ કહી શકાય, પણ અનાજ વાવવાથી થયેલા ઘાસની પ્રાપ્તિ એ મુખ્ય ફળ એટલે સાધ્યફળ ન ગણાતાં આનુષંગિક એટલે પ્રાપ્યફળ તરીકે ગણી શકાય છે, તેવી જ રીતે ધર્માનુષ્ઠાનના પ્રતાપે મોક્ષરૂપી સાધ્યફળ મેળવવાનું છતાં પણ પૌદ્‌ગલિક સમૃદ્ધિરૂપી અભ્યુદયની જે વચમાં પ્રાપ્તિ થાય છે તે આનુષંગિક એટલે પ્રાપ્ય ફળ તરીકે જ ગણી શકાય. ઉપર કહેલી વાત બરાબર સમજવામાં આવશે તો વાચકો સ્પષ્ટ રીતે સમજી શકશે કે જેમ જે અનાજ વાવવાથી કિંમતી એવા ધાન્યરૂપી મુખ્ય એટલે સાધ્યફળની પ્રાપ્તિ થઈ શકતી હોય તેવા અનાજને જો કર્ષક પણ ઘાસ આદિકને માટે વાવે તો તે કર્ષકની લાઈનમાં પણ અણસમજુ કે મૂર્ખ જ ગણાય છે, તેવી રીતે ધર્માનુષ્ઠાનો પણ મુખ્ય એટલે સાધ્ય એવા મોક્ષરૂપ ફળને દેવાવાળા છતાં તે ધર્માનુષ્ઠાનોથી અભ્યુદય એટલે પૌદ્‌ગલિક ફળો કે જે ધર્માનુષ્ઠાનના ગૌણ એટલે કે માત્ર પ્રાપ્યફળ છે, તેની જો ધર્માનુષ્ઠાનથી સાધ્યતા રાખી બેસે તો તે મનુષ્ય ધર્માનુષ્ઠાન વિશુદ્ધપણે અને ભાવોલ્લાસથી કરતો હોય તો પણ તેને દ્રવ્યઅનુષ્ઠાન કરવાવાળો જ શાસ્ત્રકારો જણાવે છે, અર્થાત્

જ્યાં સુધી મોક્ષતત્વની શ્રદ્ધા કરી તેની જ સાધ્યતા છે એમ મનમાં નિશ્ચિત કરી તેને માટે જ હું ધર્માનુષ્ઠાન કરું છું એવી ધારણા જ્યાં સુધી થાય નહિ ત્યાં સુધી જીવ ભાવાનુષ્ઠાનવાળો થયો છે એમ કહી શકાય જ નહિ. આ દ્રવ્યાનુષ્ઠાન અને ભાવાનુષ્ઠાનનું નિરૂપણ દરેક આત્માએ પોતાના આત્માનું સ્વરૂપ ઓળખવા માટે જરૂરી છે, પણ જે કેટલાક અજ્ઞાની જીવો પોતે ભાવાનુષ્ઠાનને માટે તૈયાર ન થતાં માત્ર બીજા જીવોએ કરાતાં ધર્માનુષ્ઠાનોને દ્રવ્યાનુષ્ઠાનો તરીકે ઓળખાવી કે તે ધર્માનુષ્ઠાનોને ભાવાનુષ્ઠાનોની શૂન્યતાના નામે છોડાવી દે છે અગર છોડાવવા પ્રયત્ન કરે છે તેવા જીવોની અનુકૂળતા થવા માટે કે કરવા માટે આ દ્રવ્યાનુષ્ઠાન, ભાવાનુષ્ઠાનનું સ્વરૂપ કહેવામાં આવ્યું જ નથી, કેમ કે પ્રથમ તો અન્ય જીવ મોક્ષતત્વને જાણતો નથી, માનતો નથી, તેને પરમસાધ્ય તરીકે ગણતો નથી કે તે ધર્માનુષ્ઠાન મોક્ષની પ્રાપ્તિ કરવા માટે કરતો નથી એ જાણવાનું તે અજ્ઞાની જીવોને માટે અશક્ય જ છે. જો કે ભગવાન હરિભદ્રસૂરિજી તો મોક્ષનું સ્વરૂપ જાણવું, માનવું કે તેની સાધ્યતા રાખી ધર્માનુષ્ઠાન એ ભાવાનુષ્ઠાન હોઈ કરવા લાયક છે એમ જણાવવા સાથે તેટલું બધું જ્ઞાન વિગેરે ન હોય અને માત્ર જિનેશ્વર મહારાજે આ કરવાનું કહેલું છે માટે કરવું જોઈએ એવી ધારણા રાખવાવાળાના દ્રવ્યાનુષ્ઠાનને પણ ભાવાનુષ્ઠાનને કરવાવાળા જણાવી કરવા લાયક જણાવ્યું છે એટલે જિનેશ્વર મહારાજના શાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલાં અનુષ્ઠાનો મોક્ષપ્રાપ્તિને માટે કરવા આવશ્યક છે, છતાં કદાચ તેવી વિશાળબુદ્ધિ ન હોય અને મોક્ષતત્ત્વનું જ્ઞાન વિગેરે ન મેળવી શક્યો હોય, તો પણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને આ અનુષ્ઠાનો કરવાના કહ્યાં છે માટે કરવાં જોઈએ એવી માત્ર ધારણા રાખી, ધર્માનુષ્ઠાનને કરનારો મનુષ્ય અસ્ખલિત તો શું પણ કદાચિત સ્ખલિત એવાં ધર્માનુષ્ઠાનો કરે તો પણ તે ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજ સ્પષ્ટ ફરમાવે છે કે ભવિષ્યમાં ભાવઅનુષ્ઠાનને જરૂર પામશે અને તેના ફળરૂપ મોક્ષને પણ અનુક્રમે પામશે. અર્થાત્ જિનેશ્વર મહારાજના શાસનમાં જે જે ધર્માનુષ્ઠાનો નિરૂપણ કર્યા છે તે સર્વ મોક્ષ કે જિનેશ્વરના ભરોસાની બુદ્ધિથી કરવામાં આવે તો તે પર્યંતે ભાવાનુષ્ઠાનના મોક્ષરૂપ ફળને આપનારા જ થાય છે, તેથી જેઓ પોતે ધર્માનુષ્ઠાનોથી વિમુખ થઈ બીજા ભદ્રિક જીવોના જિનેશ્વર મહારાજના વચનના ભરોસે પણ કરાતાં અનુષ્ઠાનને રોકવા દ્રવ્યાનુષ્ઠાનના નામે પ્રયત્ન કરે છે, તેઓ સ્વયં નષ્ટ થયેલા હોઈ બીજાઓને નાશ કરનારા છે એમ સમજવું, એટલે તત્ત્વદ્રષ્ટિવાળો તો કોઈપણ મનુષ્ય જિનેશ્વર મહારાજના ધર્મના અનુષ્ઠાનોનો નિષેધ કરનારો હોય જ નહિ, કેમ કે તે અનુષ્ઠાનો પૂર્વે જણાવ્યા પ્રમાણે જિનેશ્વર ભગવાનોએ મોક્ષની પ્રાપ્તિ માટે જ જણાવેલાં છે. આ વાત યથાર્થ રીતે સમજનારો મનુષ્ય એ હકીકત સહેજે સમજી શકશે કે મોક્ષની શ્રદ્ધા થાય એ ખરેખર ભવ્યપણાની છાપ છે. અભવ્યજીવને કોઈ દિવસ પણ મોક્ષ નામના તત્ત્વની શ્રદ્ધા હોતી જ નથી. ભવ્ય જીવને પણ સર્વકાળ

મોક્ષની શ્રદ્ધા હોય એમ નિયમ નથી, કેમકે તેને પણ જ્યારે મોક્ષની પ્રાપ્તિ થવાની હોય તેનાથી વહેલામાં વહેલી એક પુદ્‌ગલ પરાવર્તમાં એટલે કે અંતપુદ્‌ગલ પરાવર્તમાં જ મોક્ષની ઈચ્છા થાય છે, અને એ જ માટે ભગવાન હરિભદ્રસૂરિજી કહે છે કે **मोक्खा सओवि नन्नत्थ** એટલે અંતપુદ્‌ગલ પરાવર્ત સિવાય ભવ્ય જીવને પણ મોક્ષની અભિલાષા થતી નથી, અને એ જ વાત મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે **धने मलेऽनन्त्थविवर्तगे न** અર્થાત્ છેલ્લા સિવાયના પુદ્‌ગલ પરાવર્તવાળો કઠિન એવો કર્મમલ જો જીવને લાગેલો હોય તો મોક્ષની ઈચ્છા થતી જ નથી. આ બધા વાક્યો ઉપરથી સ્પષ્ટ થાય છે કે અભવ્યને મોક્ષની ઈચ્છા કોઈ દિવસ પણ હોતી નથી, ભવ્ય જીવને પણ એક પુદ્ગલથી અધિક સંસાર હોય તો મોક્ષની ઈચ્છા થતી જ નથી. આ વસ્તુ વાસ્તવિક રીતે વિચારતાં જે કેટલાક મહાપુરુષો અભવ્યને આભોગિક મિથ્યાત્વનો પણ જે નિષેધ કરે છે તે વાસ્તવિક હોય એમ માની શકાય છે, કેમ કે કુદેવ, કુગુરુ અને કુધર્મને પણ સુદેવ, સુગુરુ અને સુધર્મની બુદ્ધિએ તે જ જીવ મુખ્યતાએ આરાધે કે જે જીવને મોક્ષની ઈચ્છા હોય, અને તેને મેળવવા માટે તત્ત્વત્રયીની આરાધના જરૂરી માનતો હોય. અલબત્ત કોઈ શ્રાવકના કુલમાં જન્મેલા અભવ્ય જીવને મોક્ષનું જ્ઞાન ન હોય અગર ઈચ્છા પણ ન હોય, તો પણ કુલાચારની બુદ્ધિથી સુગુરુ, સુદેવ અને સુધર્મને સુગુરુ, સુદેવ અને સુધર્મની બુદ્ધિથી આદરે તથા કુદેવ, કુગુરુ, કુધર્મને કુદેવ, કુગુરુ, કુધર્મની બુદ્ધિથી પરિહરે તો પણ તે મોક્ષના જ્ઞાનને મોક્ષની ઈચ્છા વગરનો હોય ત્યાં સુધી ભાવ સમ્યક્‌ત્વ કે નિશ્ચય સમ્યક્‌ત્વવાળો કહી શકાય જ નહિ, પરંતુ માત્ર દ્રવ્ય કે વ્યવહાર સમ્યક્‌ત્વવાળો જ કહી શકાય. એવી રીતે મિથ્યાત્વીના કુલમાં ઉપજેલો અભવ્ય જીવ પોતાના કુલાચારની અપેક્ષાએ કુદેવ, કુગુરુ, કુધર્મને સુદેવ, સુગુરુ, સુધર્મની બુદ્ધિએ માને તો તે અસંભવિત નથી પણ વિશેષ સંભવિત છે, પણ તેવી રીતે તેવા જીવને થયેલું તે આભોગિક મિથ્યાત્વ માત્ર કુલાચારની બુદ્ધિએ જ હોવાથી દ્રવ્યથી કે વ્યવહારથી જ માત્ર આભોગિક મિથ્યાત્વ છે એમ કહી શકાય, પણ નિશ્ચય કે ભાવથી તેવા જીવની તેવી કરણી આભોગિક મિથ્યાત્વ તરીકે કહી શકાય નહિ. આ વસ્તુ ધ્યાનમાં લેવાથી કેટલાક મહાપુરુષોએ અભવ્ય જીવને પણ પાંચે પ્રકારનું આભોગિક આદિ મિથ્યાત્વ હોય એમ જે જણાવ્યું તે પણ સંગત થશે. કહેવાનું તત્વ એટલું જ કે અભવ્ય કે છેલ્લા પુદ્‌ગલ પરાવર્ત સિવાયના ભવ્ય જીવો મોક્ષની શ્રદ્ધા કે માન્યતાવાળા હોતા નથી. જો કે તે જીવો સામાન્ય દ્રવ્યશ્રુત પામેલા હોઈ, અગર પૂજાદિકની ઈચ્છાએ સાધુપણું લઈ કાંઈક ન્યૂન દશપૂર્વ સુધીના જબરદસ્ત દ્રવ્યશ્રુતને પામેલા હોવાથી જૈનમાર્ગને જાણનારા અને માનનારા શ્રીસંઘ વિગેરેની આગળ પ્રાસંગિક ધર્મદેશના કરતાં મોક્ષતત્વનું સ્વરૂપ જણાવે છે, પણ તે માત્ર વકીલોની દલીલ જેવું જ છે. વાદી કે પ્રતિવાદીના વકીલો જે જે કેસમાં જે જે દલીલો કરે છે તે દલીલો પોતાને

જોખમે નહિ પણ માત્ર વાદી કે પ્રતિવાદીના જોખમે હોય છે, તેવી રીતે તે અભવ્ય આદિ જીવો પણ મોક્ષતત્વનું નિરૂપણ સ્વમાન્યતાયુક્ત તરીકે કહેતા નથી. પણ માત્ર જિનેશ્વર મહારાજના શાસનના જોખમે જ કહે છે. એટલે વકીલ જેમ અન્ય માન્યતા ધરાવવાવાળો છતાં પણ ચાલુ કેસના પ્રસંગને ઉચિતની દલીલો કરે છે, તેવી રીતે તે અભવ્ય આદિ જીવો પણ જિનેશ્વર મહારાજના શાસનનો વેષ અને વર્તન સ્વીકારેલાં હોવાથી તે શાસનની માન્યતા મુજબ જ પોતાની માન્યતા નહિ છતાં પણ પ્રરૂપણા કરે છે. આવી સ્થિતિ હોવાથી એમ જરૂર કરી શકાય કે નિઃશ્રેયસ એટલે મોક્ષને સાધ્ય ગણીને ધર્માનુષ્ઠાનમાં પ્રવર્તવાવાળો જીવ જરૂર ભવ્ય અને યાવત્ સમ્યગ્દૃષ્ટિ હોય છે, પણ જેમ જિનેશ્વર મહારાજે ધર્માનુષ્ઠાનનું મુખ્ય ફળ મોક્ષ જણાવ્યું છે અને જેને તેઓએ અને આપણે સાધ્યફળ તરીકે માનીએ છીએ તેવી જ રીતે તે જિનેશ્વર ભગવાનોએ ધર્માનુષ્ઠાનોથી દેવલોકાદિની પ્રાપ્તિરૂપ અભ્યુદય પણ ધર્મથી જ થાય એમ જણાવ્યું છે. કેમ કે શ્રી જિનેશ્વર મહારાજે સ્પષ્ટપણે જણાવ્યું છે કે સમ્યક્ત્વવાળો જીવ જો સમ્યક્ત્વ પામવા પહેલાં આવતી જિંદગીનું આયુષ્ય ન બાંધ્યું હોય, અને આયુષ્ય બાંધતી વખત સમ્યક્ત્વથી પતિત થયેલો ન હોય તો વૈમાનિક દેવતા કે જેઓ ભવનપતિ વ્યંતર અને જ્યોતિષ્ક એ ત્રણ નિકાયના દેવતાઓથી ઉત્તમ હોઈ ઉત્તમોત્તમ દેવનિકાય તરીકે ગણાય છે, તેવા વૈમાનિક દેવતાનું જ આયુષ્ય બાંધે, અર્થાત્ સમ્યક્ત્વરૂપી ધર્મથી વૈમાનિકત્વની પ્રાપ્તિરૂપી અભ્યુદય જરૂર થાય છે. વળી સમ્યક્ત્વપૂર્વક કે સમ્યક્ત્વ સિવાય પણ દેશવિરતિ એટલે હિંસાદિક સર્વ પાપોની નિવૃત્તિ કરવી યોગ્ય છતાં પોતાની અશક્તિ વિગેરે કારણોથી તે કરી શકાય એમ નથી એમ જાણી હિંસાદિક પાપોના એક ભાગથી પ્રતિજ્ઞા કરી પાછું હઠવું તેનાથી ઓછામાં ઓછો વૈમાનિકપણાનો પહેલો દેવલોક અને અધિકમાં અધિક વૈમાનિકપણામાં અચ્યુત નામનો બારમો દેવલોક પ્રાપ્ત થાય છે એમ જણાવી દેશવિરતિરૂપ ધર્મથી બારમા દેવલોકની પ્રાપ્તિરૂપ અભ્યુદય જરૂર થાય છે એમ જણાવી ધર્મને અભ્યુદયનું કારણ જણાવે છે. વળી, સમ્યક્ત્વ સિવાયની સર્વવિરતિ એટલે કાયા કે બીજા કોઈને પણ અંગે હિંસાદિક કોઈપણ પાપની પ્રવૃત્તિ ન કરવી એવી ત્રિવિધ, ત્રિવિધે કરાતી પ્રતિજ્ઞારૂપ દ્રવ્યથી સર્વવિરતિ જે જીવને મળેલી હોય છે, તે જીવ વૈમાનિકની નિકાયમાં કલ્પાતીત વૈમાનિક દેવતાઓની ઉચ્ચતર કોટિ જે ગ્રૈવેયક વિમાનોની છે, તેમાં ઉપર્યુપરિતન નામના નવમા ગ્રૈવેયકમાં ઉત્પન્ન થાય છે એમ જણાવી દ્રવ્યથકી પણ આદરાતી સર્વવિરતિનું નવમા ગ્રૈવેયકમાં દેવત્વની પ્રાપ્તિરૂપ અભ્યુદય જણાવી ધર્મને અભ્યુદયનું કારણ જણાવેલ છે, તેમજ સમ્યક્ત્વ સંયુક્ત એવી ઉપર જણાવેલી સર્વવિરતિ જે જીવને મળેલી હોય તેને વૈમાનિક નિકાયમાં ઉચ્ચમાં ઉચ્ચતર સર્વાર્થસિદ્ધિ કે જેમાં વીતરાગપ્રાયત્વપણું છે.

(અપૂર્ણ.)

(ટાઈટલ પા. ૪ નું અનુસંધાન)

તે દશામાં જ આહારાદિકની અત્યંત અભિલાષા અને જરૂરીયાત ઉભી થાય છે, અને મોહનો ઉદય પણ સંસાર સમાપન્ન દશામાં હોવાથી રસના વિગેરે ઈંદ્રિયોની આસક્તિ થઈ, તેના વિષયોની ગવેષણા પણ થાય છે, અને તેથી તે આહારાદિકને રોકવા કે રસાદિકનો ત્યાગ કરવો એ સર્વ જરૂરી હોવા સાથે ઘણો કઠણ થઈ જાય છે, અને તેને જ તપ તરીકે ગણાવાય છે. અર્થાત્ એમ કહીએ તો ચાલે કે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણ કથંચિત્ સાધન સ્વરૂપે છતાં પણ સિદ્ધસ્વરૂપે છે, પણ આહારાદિકના નિરોધાદિકરૂપ તપ તો કેવળ સાધન સ્વરૂપ છે, એટલે સિદ્ધદશા પામવાના અર્થીઓએ કે સાધક દશામાં પોતાના આત્માનો સમાવેશ કરવાની ઈચ્છાવાળાઓએ તપસ્યાના આરાધનમાં તીવ્રતમ પ્રયત્ન કરવો જ જોઈએ. તે તપસ્યાના જો કે શાસ્ત્રકારોએ બાહ્ય અને અભ્યંતર એવા બે ભેદો પાડી તે દરેકના અનશનાદિ અને પ્રાયશ્ચિત્તાદિ છ છ ભેદો જણાવી બાર ભેદો જણાવેલા છે, તો પણ તે તપોનું બાહ્ય અને અભ્યંતરપણું માત્ર મિથ્યાદ્રષ્ટિને અજ્ઞાનદશા અને સમ્યગ્દૃષ્ટિની જ્ઞાનદશાને ઉદ્દેશીને જ જણાવવામાં આવેલું છે, અર્થાત્ અનશનાદિ છ ભેદને આચરતાં મિથ્યાદૃષ્ટિઓ પણ તપ તરીકે જાણે છે. જ્યારે પ્રાયશ્ચિત્તાદિને આચરતાં તપ તરીકે તેની પ્રતીતિ થતી નથી. આ હકીકત જેઓના ધ્યાનમાં નથી હોતી તેઓ બાહ્ય અને અભ્યંતર તપનું પરસ્પર નિશ્ચિતપણું સમજવાને સમર્થ થતા નથી અને તેથી જ તેવા બાલજીવો અભ્યંતર તપને જ માત્ર જરૂરી ગણી બાહ્ય તપને બિનજરૂરી કે અલ્પ જરૂરી માનવા તૈયાર થાય છે, પણ જેઓ બાહ્ય તપના સંલીનતા ભેદમાં રહેલા ઈંદ્રિય, કષાય અને યોગની સંલીનતા તથા રસપરિત્યાગને ધ્યાનમાં લેવા સાથે અભ્યંતર તપના પ્રાયશ્ચિત ભેદમાં રહેલા પરિમૂઢાદિક બાહ્ય તપને તથા સર્વ અભ્યંતર તપના ભેદોની સ્ખલનાના દોષોની શુદ્ધિ કરનાર અનશનાદિ તપ છે એમ સમજનારો સુજ્ઞ મનુષ્ય અભ્યંતર અને બાહ્ય બંને પ્રકારના તપની આવશ્યકતા અને નિર્જરાને અંગે સમકક્ષતા માને તે સ્વાભાવિક છે. જો કે જિનેશ્વર મહારાજના શાસનમાં ઈંદ્રિયનિરોધ અને વિષયકષાયની નિવૃત્તિ સિવાયનું તપ અલ્પફળ દેવાવાળું જણાવી આરંભ, પરિગ્રહની નિવૃત્તિ સાથે જ કરાતા આહારનિરોધાદિ તપને જ યથાર્થ ફળ આપનાર તરીકે જણાવ્યા છે, અને તેથી જ ભગવતીજી આદિ સૂત્રોમાં નવકારશી આદિનું ફળ શ્રમણનિર્ગંથ મહાત્માઓને ઉદ્દેશીને જ જણાવેલું છે, તો પણ આરંભ, પરિગ્રહ, વિષય, કષાયનો ત્યાગ ન કરી શક્યા હોય તેવાઓને પણ તપ કરવાની મનાઈ નથી તેમજ તેમનું તપ ફળશૂન્ય પણ નથી, એ વાત જૈનસિદ્ધાંતના તત્વજ્ઞોથી દ્રૌપદી આદિના દ્રષ્ટાંતે અને **इयरस्य न तारिसं होइ** એવા શ્રી હરિભદ્રસૂરિજીના વચનથી જાહેર હોવાથી અજાણી નથી. આ ઉપરથી સ્પષ્ટપણે સમજાશે કે સારંભ કે નિરારંભદશા, ભોગી કે ત્યાગીદશા વિગેરે કોઈપણ જાતની દશા આહારનિરોધાદિરૂપ તપસ્યાને માટે તો યોગ્ય જ છે. વિશેષમાં કનકાવલિ વિગેરે આભૂષણોના નામે કે સર્વાંગભૂષણ આદિ પૌદ્ગલિક પદાર્થને નામે જ્યારે સૂત્રકાર મહર્ષિઓ અને હરિભદ્રસૂરિજી સરખા ધુરંધર પુરુષોએ તપનું આચરવું યોગ્ય ગણ્યું છે તો પછી અષ્ટાદશ દોષરહિત કેવળ કર્મનો ક્ષય કરી અન્ય જીવોને (અનુસંધાન ટાઈટલ પા. ૨)

---

કેટલાંક અનિવાર્ય કારણોથી આ પાક્ષિકના આઠમા અંકથી પ્રગટ થવામાં ઘણો વિલંબ થયો છે. પણ આ આઠ, નવ અને દશ અંકો જેમ સાથે આપીએ છીએ, તેવી જ રીતે ચૌદમા અંકનો ટાઈમ જે ચૈત્ર વદી ૦)) તેની પહેલા ૧૧, ૧૨, ૧૩ અંકો અમે જરૂર આપી દેવાના છીએ.

૮, ૯ અંકમાં જેમ સળંગ ઉદ્યાપનનો લેખ રાખવા બે અંક એકઠા કર્યા છે, તેવી રીતે તેનો બાકીનો ભાગ ૧૨, ૧૩ અંકમાં સળંગ આપવાનો હોવાથી તે બે અંકો પણ સાથે જ નીકળશે, માટે અમારા વાચકો એ બાબતને અંગે થયેલા વિલંબની ક્ષમા કરશે.

**- તંત્રી.**

# શ્રી સિદ્ધચક્રરૂપ નવપદની આરાધનાની મહત્તા

જૈનશાસનમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને મોક્ષમાર્ગ તરીકે જણાવેલો છે, એ હકીકત તત્ત્વાર્થાદિ શાસ્ત્રોને જાણનારાથી અજાણી નથી, પણ વાસ્તવિક રીતિએ એ સમ્યગ્દર્શનાદિ ત્રણે વસ્તુઓ આત્માના સ્વાભાવિક ગુણરૂપ હોઈ જેમ કથંચિત્ સાધનરૂપે બને છે અને તેથી મોક્ષમાર્ગ કહેવાય છે એટલે મોક્ષમાર્ગના હેતુ કે કારણ તરીકે તે ત્રણને શાસ્ત્રકારો જણાવે છે, તેવી જ રીતે સકલ કર્મનો ક્ષય થવાથી પ્રગટ થતી આત્માની સ્વરૂપદશારૂપ મોક્ષમાં તે સમ્યગ્દર્શનાદિ ત્રણે ગુણો અવસ્થિત રહે છે, અને તેથી જ સમ્યગ્દષ્ટિપણાદિ ગુણોને શાસ્ત્રકારો સાદિ અનંત ભાંગે ઉત્પન્ન થયા જણાવે છે. અર્થાત્ એ સમ્યગ્દર્શનાદિ ત્રણે ગુણો સિદ્ધિદશામાં પણ સર્વદા વર્તતા હોવાથી તે ત્રણેને સાધ્ય રૂપે પણ ગણી શકાય, પણ સંવર અને નિર્જરા બંનેને ઉત્પન્ન કરનાર એવો તપ કેવળ સાધન સ્વરૂપ જ છે અને તેથી જ ઉપાદાનરૂપે મોક્ષમાર્ગના કારણો જણાવતાં સમ્યગ્દર્શનાદિ ત્રણને જ જણાવી તપને તત્વાર્થસૂત્રકાર વિગેરેએ ન જણાવ્યું હોય એમ સ્વાભાવિક છે, પણ તે જ તત્વાર્થકાર મહારાજા **तपसा निर्जरा च** એમ જણાવી તપસ્યાની અસાધારણ જરૂરીઆત સાબીત કરેલી છે, અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ જ્યારે મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિના આશ્રવમાત્રને રોકવાથી સંવરરૂપ છે, અર્થાત્ એ સમ્યગ્દર્શનાદિની કેવળ આવતાં કર્મો રોકવાની તાકાત છે. પણ પૂર્વભવના ઉપાર્જન કરેલા કર્મોને નાશ કરવાની શક્તિ નથી, અને તેથી તે ત્રણે માત્ર સંવરરૂપ ગણાય. જો એ સમ્યગ્દર્શનાદિ ત્રણેને કેવળ સંવરરૂપ ન ગણીએ અને તપસ્યાની માફક સંવરની સાથે નિર્જરાને પણ કરનાર ગણીએ તો સિદ્ધપણામાં રહેલા સમ્યગ્દર્શનાદિ સિદ્ધમહારાજને કર્મનો એક અંશ પણ ન હોવાથી નિર્જરા નહિ કરનાર થઈ તે અંશમાં તે ત્રણે નકામા થાય, પણ તે સમ્યગ્દર્શનાદિ ત્રણ સંવરરૂપ હોવાથી અને સિદ્ધમહારાજને નવાં કર્મો ન લાગતાં હોવાથી સંવરરૂપ કાર્યને તો તે ત્રણે સર્વદા કરે જ છે, અને તે ત્રણેના સંવરપણાના પ્રતાપે જ સિદ્ધમહારાજાનું કર્મમલથી મલિનપણું થતું નથી અને તે મલિનપણું ન થવાને લીધે સંસારમાં જન્મ લેવાનું થતું નથી જો કે જેમ સંસાર સમાપન્ન દશામાં સંવર અને નિર્જરાને માટે તપસ્યા-દ્વારાએ આહાર, નિરોધઆદિ થાય છે, તેમ સિદ્ધપણાની દશામાં તો ત્રણ પ્રકારના આહારમાંથી કોઈપણ પ્રકારનો આહાર હોતો જ નથી, એટલે કવલાહારના નિરોધાદિકને અંગે સંવર અને નિર્જરા બંનેને કરનારી તપસ્યા ત્યાં થવાનો સંભવ જ નથી. કહેવાનું તત્વ એટલું જ કે સંસાર-સમાપન્ન દશામાં તૈજસના ઉદયની પ્રકૃષ્ટ અવસ્થા હોય છે, અને તેથી

(અનુસંધાન ટાઈટલ પા. ૩)

તૃતીય વર્ષ, અંક ૧૧ મો. Registered No. B.3047

श्री सिद्धचक्राय नमोनमः

# શ્રી સિદ્ધચક્ર



શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

ફાગણ સૂદિ પૂર્ણિમા } { ૨૦-૩-૩૫

# જાહેર ખબર

સાહિત્ય રસિક વર્ગ વર્ષો થયાં જેને માટે તરસી રહ્યો હતો અને મૂળ કિંમતથી ચાર ચાર અને છ છ ગુણી કિંમતે પણ જેને મેળવી શકતો ન હતો તે સર્વ આગમો અને અંગોમાં પ્રથમ સ્થાન તરીકે ગણાતો, આચાર્યોના મૂળ સ્થાન તરીકે ભગવાન નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુસ્વામીજીએ જેને ગણાવ્યો છે એવો બ્રહ્મચર્યશ્રુતસ્કંધના નામે પંચાંગીમાં પ્રસિદ્ધિ પામેલો ધર્મકથાદિક અનુયોગોના ફળ અને સાધ્યરૂપ જે ચરણકરણાનુયોગ તેને સવિસ્તર નિરૂપણ કરનાર, જેના અધ્યયન સિવાય બીજા અંગોના અધ્યયનમાં સૂત્રકાર મહર્ષિઓએ પ્રાયશ્ચિત નિરૂપણ કરેલું છે એવા શ્રીઆચારાંગ અંગનું પ્રકાશન આ શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ દ્વારાએ સુરત નિવાસી શેઠ છગનલાલ ફૂલચંદ હજારીની આર્થિક મદદથી કરવામાં આવેલું છે. હર્ટફોર્ડશિયર લેજર જાતના ઉંચા બ્લુ કાગળમાં નિર્ણયસાગર પ્રેસના ટાઈપમાં શ્રી આગમોદય સમિતિએ છપાવેલો આ સૂત્રની કોપી ટુ કોપી તરીકે સારી રીતે સુધારીને કરેલું છે.

સાહિત્ય રસિકો અમૂલ્ય વખત ચૂકશો નહિ.

## શ્રી આચારાંગસૂત્રમ્ (પ્રથમઃ સ્કંધઃ)

### શ્રી ભદ્રબાહુસ્વામીકૃત નિર્યુક્તિયુતમ્, શ્રી શીલાંકાચાર્યકૃત વિવરણ સમેતમ્

લેજર પેપર ઉપર છપાયેલાની

**કિંમત રૂા. ૫-૦-૦**

લેજર પેપરનું તોલ વધવાથી ટપાલમાં મંગાવવી, મોકલવી ઓછી ફાવે છે તથા વિહારમાં વાંચવા માટે સાથે રાખી શકાતી નથી એવી કેટલાક સુજ્ઞ મહાશયોની ફરિયાદ દૂર કરવા **જામનગર** નિવાસી શેઠ પોપટભાઈ ધારશીભાઈ તરફથી તેમની પત્ની અ.સૌ. ઉજમબાઈના ઉજમણા નિમિત્તે છપાવેલી ચાલુ કાગળની પ્રતો જેવી માત્ર પચાસજ નકલો વેચાણમાં **રાખી છે,**

જેની કિંમત રૂા. ૩-૮-૦ છે.

**પ્રાપ્તિસ્થાન :-**

જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત.

ન. ક. : ડિપોઝીટ ભરનારાઓએ પોતાની બ્લુ કાગળ ઉપરની નકલ મંગાવી લેવી.


---


આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.




(પાક્ષિક)

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ ઉદ્દેશ છૂટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

तीर्थेशा दत्तमार्गाः सततगुणिपदाः सिद्धिसाम्राज्यभाजः,
पंचाचारप्रवीणा गणिन इह सदाध्यापका वाचका ये ।
साहाय्यात् मोक्षसिद्धौ मुनय उदितभा अन्विताः शुद्धदृष्ट्या,
ज्ञानेनावद्यमुक्त्या विविधसुतपसा सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

મોક્ષમાર્ગ સદા દિયે જે જિનવરો ગુણ ધારતા, સિદ્ધ નિત્ય ગણેશ પંચાચારધારક વાધતા;
અધ્યાપકો વરવાચકો શિવસાધને મુનિ જોડમાં, એ પાંચસંયુત બોધદર્શન ચરણતપ સિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક"

તૃતીય વર્ષ
અંક ૧૧મો

મુંબઈ તા. ૨૦-૩-૩૫, બુધવાર
ફાગણ સૂદિ પૂર્ણિમા

વીર સંવત્ ૨૪૬૧
વિક્રમ ,, ૧૯૯૧

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ.

**શ્રમણ ભગવાન મહાવીર મહારાજનું મરીચિના ભવમાં પરોપકારિપણું.**

દ્રવ્યનિક્ષેપાના જ્ઞશરીર, ભવ્યશરીર અને વ્યતિરિકત એવા નોઆગમ ભેદમાં નોઆગમ ભેદનો

વિચાર કરતાં ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની સ્નાત્રાદિકદ્વારાએ પૂજન કરતાં તે મહાપુરુષોનું પરોપકાર નિરતપણું ચિંતવવાપૂર્વક કરાતું પૂજન પણ દ્રવ્યપૂજન તરીકે વિચારતાં વર્તમાન શાસનના માલિક ભગવાન મહાવીર મહારાજનું પહેલાના ભવોમાં પ્રવર્તેલું પરોપકારિપણું વિચારતાં મરીચિના ભવમાં પરિવ્રાજકપણું લીધા પછી પણ તેઓ કેટલા બધા જિનેશ્વર મહારાજે નિરૂપણ કરેલા માર્ગની તરફ અભિરૂચિવાળા હતા અને તે દ્વારાએ જ પરિવ્રાજકપણામાં પણ અન્ય જીવોને ઉપકાર કરવામાં તત્પર થયેલા હતા, કેમકે સામાન્ય રીતે જિનેશ્વર મહારાજના માર્ગના વેષને ધારણ કરનારા જીવો પણ જ્યારે પાસત્થા, ઓસન્નાદિ કુગુરુપણાની સ્થિતિમાં જઈ પડે છે ત્યારે તેઓને અન્ય સંવિગ્ન આચારવાળા અપ્રતિબદ્ધ વિહારીઓનું સન્માન સહન થવું મુશ્કેલ પડે છે અને ઈર્ષ્યાના આવેશમાં તેઓ સંવેગીના આચારને શાસ્ત્રથી વિરુદ્ધપણે જણાવવા કે લોકોને આચરવા યોગ્ય નથી અગર માયાચાર છે વિગેરે કહી સન્માર્ગની નિંદા કરે છે, અને પોતાની પાસે સન્માર્ગ શ્રવણ કરવાની બુદ્ધિએ આવેલા મુમુક્ષુ જીવોને તે સંવેગીઓના સન્માર્ગથી દૂર રાખવાના જ સતત પ્રપંચો કરે છે, એટલું જ નહિ પણ પોતાના અંગીકાર કરેલા અનાચારો શાસ્ત્રથી વિરુદ્ધ અને ભવોદધિમાં ડુબાડનારા છતાં તે અનાચારોને સદાચાર તરીકે ગણાવવા તનતોડ મહેનત કરે છે.

આવી વેષધારી પાસત્થાદિકોની સ્થિતિને જાણનારો અને વિચારનારો મનુષ્ય મરીચિકુમાર પરિવ્રાજક થયો છતાં પણ જે સન્માર્ગની જ મહત્તા પોતાના શ્રોતા આગળ સ્પષ્ટપણે જાહેર કરે છે અને શ્રોતા શ્રદ્ધા, પ્રતીતિ અને અભિરૂચિવાળો થઈને જ્યારે ઉચ્ચત્તમ માર્ગે આવવા માટે તૈયાર થાય અને તે મરીચિ પરિવ્રાજકની પાસે જ ત્યાગમાર્ગ ગ્રહણ કરવા માગે તે વખત જો આ મરીચિ યથાર્થ પ્રરૂપણા અને પરોપકારની પરમ કોટિએ ન પહોંચેલો હોત તો જે સ્થિતિ મરીચિએ જાળવી તે સ્વપ્ને પણ બીજાથી જાળવી શકાત નહિ. પ્રાચીનકાળની હકીકતનો તો આ લેખક કે વાચકોને એક્કેને અનુભવ ન હોય તે સ્વાભાવિક છે, પણ વર્તમાનનો વર્તાવ જોતાં કોઈપણ સ્થાન એવા વર્તાવવાળું જોવામાં આવ્યું નથી કે આવવાનો સંભવ પણ નથી કે જે મનુષ્ય ત્યાગી થયા પછી ત્યાગમાર્ગને યથાર્થ રીતે ન પાળી શક્યો હોય અને પોતાની અશક્તિના કે પતિત પરિણામના કારણથી સાધુપણાના શુદ્ધ આચારોને ન પાળતાં હીનઆચારપણાને પાળતો હોય, છતાં શાસ્ત્રમાં કહેલા સંવિગ્નપાક્ષિકોની માફક શુદ્ધમાર્ગની જ પ્રરૂપણા કરે એટલું જ નહિ પણ અંગુલિનિર્દેશ કરી અન્ય મહાપુરુષોને જ મહાપુરુષો તરીકે ઓળખાવે.

ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ઉપદેશકોએ સર્વધર્મવર્તનનો કે ઉત્કૃષ્ટ ધર્મવર્તનનો પોતામાં જ ઈજારો રહેલો માનવો એ સંવિગ્નપાક્ષિકોને પણ ન શોભે તેવો વર્તાવ છે. સામાન્ય રીતે આત્મ પ્રશંસા એ સજ્જનોને ઉચિત નથી, ભવાંતરને માટે પણ આત્મ પ્રશંસા તે પ્રશંસકના આત્માને અધમગતિમાં લઈ જનાર હોવાથી કેવળ અહિત કરનારી છે, તો પછી આત્મ પ્રશંસાની સાથે જો પરનિંદાનો પ્રસંગ ઉપદેશક તરીકે ગણાતા આચાર્યો, ઉપાધ્યાયો, પંન્યાસો, ગણિઓ કે મુનિમહારાજાઓ તરફથી હોય તો

એમ કહેવું જ જોઈએ કે કડવા તુંબડાના શાકમાં સોમલનો વઘાર થયેલો છે.

આ ઉપર જણાવેલી આત્મ પ્રશંસા વિદ્યમાન ગુણોને અંગે પણ બીજા અવગુણો ન હોય તો પણ સજ્જનોને શોભે તેમ નથી, તો પછી પોતાના કે પોતાના સમુદાયના અનેક અવગુણો પોતાના લક્ષ્યમાં હોવા છતાં તથા અન્ય વ્યક્તિ કે અન્ય સમુદાયના અનેક ગુણો પોતાના અનુભવમાં હોવા છતાં માત્ર એકાદ માની લીધેલા ગુણને અંગે સ્વ કે સ્વસમુદાયની પ્રશંસા કરવામાં આવે, અને અન્ય કે અન્ય સમુદાયના સાચા તો શું પણ માની લીધેલા અવગુણોને નામે નિંદા કરવામાં આવે તો તે આત્મ પ્રશંસક અને પરનિંદકની ગતિ અને પરિણતિ કેવી હોય તે વિચારવાનું વાચકોને જ સોંપવું યોગ્ય છે. શાસ્ત્રકારો તો શ્રી દશવૈકાલિક વિગેરે આગમોદ્વારા પાસત્થા, ઓસન્ન, અને કુશીલિયા વિગેરેની પણ નિંદા કરવાની મનાઈ કરે છે તો પછી જેઓ ઈર્ષ્યાની ખાતર જ માત્ર પોતાના જ સમુદાયના અવયવને બહુમાન, વંદનઆદિકના શાસ્ત્રોક્ત ઉચિત પ્રસંગોને આદરવા તૈયાર ન હોય અને તે પ્રસંગોથી છટકી જવાને માટે તે અવયવની હીનતા ભદ્રિક લોકોની આગળ જાહેર કરી નિંદકની કોટિમાં પોતાના આત્માને દાખલ કરે, તેવા મનુષ્યને શાસ્ત્ર-અપેક્ષાએ કઈ સ્થિતિ હોય તે સર્વજ્ઞ ભગવાન સિવાય અન્યને જાણવું મુશ્કેલ છે.

આ પૂર્વે જણાવેલી હકીકત કોઈની પણ નિંદા કે પ્રશંસા માટે નથી, પણ મરીચિકુમારે પરિવ્રાજકપણામાં પણ જે સન્માર્ગની દેશના આપી અને જે દેશનાને લીધે શ્રોતાઓમાંથી ઘણો સારો ભાગ ત્યાગમાર્ગ લેવા તૈયાર થાય છે અને તે પણ ખુદ્ મરીચિપરિવ્રાજક પાસે જ શિષ્યવૃત્તિ કરી ત્યાગમાર્ગ આચરવા માગે છે, તે દેશના કેટલી બધી ઉત્કૃષ્ટ હોવી જોઈએ તેનો વિચાર કરવા કરતાં તે ત્યાગને સન્મુખ થયેલા એટલું જ નહિ પણ પોતાની પાસે જ શિષ્ય થવા તૈયાર થયેલાની આગળ પોતાથી સર્વથા ભિન્ન વેષવાળા અને આચારવાળાની પ્રશંસા કરવી અને તે એટલા જ માટે કે તે ત્યાગમાર્ગ લેવા માટે તૈયાર થયેલો મનુષ્ય કે તેનો સમુદાય મારી પાસે શિષ્યવૃત્તિ ન ગ્રહણ કરે પણ આત્માના કલ્યાણમાં કટિબદ્ધ થયેલા ઉચ્ચતમ કોટિમાં વર્તતા સાચી રીતે ભવસમુદ્રથી તારનારા આ અન્ય મહાત્માઓ જ છે, અને તેઓની પાસે જ આ શ્રોતાવર્ગ જો શિષ્યવૃત્તિ આચરે તો જ તેઓનું કલ્યાણ છે, એવી ધારણા રાખી એ અન્ય મહાત્માઓની પ્રશંસા કરવી જરૂરી ગણી છે, તે મરીચિપરિવ્રાજકનો આત્મા શ્રોતાઓને ભવોદધિથી તારવારૂપી પરોપકાર કરવા માટે કેટલા બધા સ્વાર્થનો ભોગ આપે છે એ સમજવું સામાન્ય મનુષ્યને માટે પણ અશક્ય નથી. સામાન્ય રીતે અન્યની પ્રશંસા કરવાદ્વારાએ પોતાના સ્વાર્થનો ભોગ આપી, પરોપકાર કરવો મુશ્કેલ છે, તો પછી પોતાના શ્રોતાવર્ગ આગળ પોતાની અધમતા જાહેર કરી,

શ્રોતાને ભવોદધિથી તારવારૂપી પરોપકાર માટે કેવળ કટિબદ્ધ રહેવું એ કેટલું બધું મુશ્કેલ છે એ તો દરેક વાચક સહેજે સમજી શકે તેમ છે. સામાન્ય રીતે સામાન્ય શ્રોતાજનોને ઉત્તમ માર્ગ ઉપર ચાલનારા મુનિઓની પ્રશંસા કરી, ઉત્તમ મુનિઓની સેવામાં દોરવા અને પોતાની ઉતરતી સ્થિતિ શ્રોતાની પૃચ્છા વગર પણ જાહેર કરી, પોતાની સ્થિતિથી વિમુખ કરવા તત્પર રહેવું એ મુશ્કેલ છે, તો પછી રાજકુમારાદિ જેવા મહર્દ્ધિક અને શાસનને શોભાવવા સાથે તેના ગુરુને અને તેના મતને શોભાવનાર પુરુષો શ્રોતા તરીકે આવ્યા હોય અને તેવા રાજકુમારાદિ મહર્દ્ધિકો જ્યારે પોતાના મતમાં દાખલ થવા માગતા હોય ત્યારે અન્ય ઉત્તમ માર્ગે ચાલનારા મુનિઓની પ્રશંસા કરી, તે મહર્દ્ધિક રાજકુમારાદિકને હંમેશને માટે પોતાથી સંબંધ વગરના કરી, તે ઉત્તમ માર્ગે ચાલનારા મુનિઓની પાસે મોકલવા તે પરોપકારને માટે કેટલો સ્વાર્થનો ભોગ છે તે સમજવું મુશ્કેલ નથી.

વળી મહર્દ્ધિક એવો રાજકુમાર દેશનાથી ઉત્તમમાર્ગે જવાને માટે તૈયાર થયો હોય તેને તીર્થંકર મહારાજે પ્રરૂપેલા સાચા માર્ગે ચાલનારા મહાપુરુષોની જ ઉત્તમતા છે એમ જણાવવા સાથે પોતાના માર્ગમાં કોઈપણ પ્રકારે ઉત્તમતા નથી પણ અધમતા જ છે અને તેથી આ મારો માર્ગ, મારા જેવા પાપી આત્માને માટે જ લાયક છે એમ સૂચવી મહાપુરુષો પાસે ઉત્તમ માર્ગ ગ્રહણ કરવાને માટે મોકલે, છતાં તે રાજકુમારની કોઇ તેવી જ ભવિતવ્યતા હોવાને જ લીધે તે રાજકુમારને તે ઉત્તમ માર્ગ જેમ કાગડાને દ્રાક્ષ રૂચે નહિ તેવી રીતે રૂચે નહિ, અને તે જ પાછો અધમમાર્ગમાં પ્રવર્તેલા ઉપદેશક પાસે આવે, અને ભગવાન તીર્થંકર મહારાજે નિરૂપણ કરેલો અને ભવભીરૂ સંવિગ્ન મહાત્માઓએ આચરેલો જે માર્ગ તમે જણાવ્યો છે તે મને રૂચતો નથી એમ સ્પષ્ટપણે જાહેર કરી તે અધમમાર્ગે રહેલા ઉપદેશકનો શિષ્ય થવા પોતાની ઇચ્છા જાહેર કરે, તે વખતે તેવા રાજકુમારની ઇચ્છાને ન અનુસરવું અને લોભ તથા માનની ઇચ્છામાં ન તણાવવું પરંતુ ફરી પણ સ્પષ્ટપણે તે ઉત્તમ માર્ગને લેવા માટે તૈયાર કરેલા રાજકુમાર જેવા શ્રોતાની આગળ તે તીર્થંકર ભગવાનના માર્ગની અને તેને અનુસરનારા મહામનિુઓની જ ઉત્તમતા જાહેર કરવાપૂર્વક પોતાની અધમતા સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરી તે રાજકુમાર શ્રોતાને તેની મરજી વિરુદ્ધ પણ ઉત્તમમાર્ગનું આચરણ કરવા ઉત્તમ મુનિઓ પાસે મોકલવો એ એક અસંભવિત નહિ તો દુ:સંભવિત તો જરૂર જ છે.

અહીં એક વાત ધ્યાનમાં રાખવાની છે કે કેટલાક ગ્રંથકારોના કહેવા પ્રમાણે આ કપિલ નામના રાજકુંવરનું ઉપર જણાવેલું વૃત્તાંત ભગવાન શ્રી ઋષભદેવજીની હયાતિમાં બનેલું છે, અર્થાત્ એ વચન પ્રમાણે એમ કહી શકાય કે તે મરીચિ પરિવ્રાજકનો ઉપદેશકપણાનો પ્રભાવ એટલો બધો વિચિત્ર હતો કે જે પ્રભાવમાં અંજાયેલો કપિલ નામનો રાજકુમાર સાક્ષાત્ તીર્થંકર ભગવાન ઋષભદેવજી અને તેમના

પરિવારની સેવાના અને તેમના આચરેલા આચારમાં વર્તવાના લાભને પણ ધ્યાનમાં નહિ લેતાં તે મરીચિકુમાર પરિવ્રાજક પાસે જ ત્યાગમાર્ગને ગ્રહણ કરવા આવે છે. આવી વખતે પણ તે મરીચિ પરિવ્રાજક તો પોતાના નિત્ય નિયમ પ્રમાણે તે કપિલ રાજકુમારને ભગવાન તીર્થંકરના માર્ગની ઉત્તમતા જણાવવા સાથે પોતાના માર્ગની અધમતા જણાવી તે કપિલકુમારને બીજી વખત પણ સન્માર્ગે જવા માટે શ્રી તીર્થંકર ભગવાન પાસે મોકલે છે. અન્ય કેટલાક ગ્રંથકારોના કહેવા પ્રમાણે તો ભગવાન શ્રી ઋષભદેવજી નિર્વાણ પામ્યા પછી આ કપિલકુમારનો પ્રસંગ બને છે, તો ત્યાં પણ ભગવાન ઋષભદેવજી મહારાજના મોક્ષથી લાખ ક્રોડો સાગરોપમો સુધી પટ્ટપરંપરાએ મોક્ષમાર્ગ પ્રવર્તેલો હોવાથી મોક્ષમાર્ગની સીડીએ ચઢવાવાળા મહાન સિદ્ધ પુરુષોની પાસે તે કપિલરાજકુમારનું સન્માર્ગના ઉપદેશક એવા મરીચિના કહેવાથી જવું થયું અને તે સિદ્ધ પુરુષોનો મોક્ષપદને પમાડનારો અવ્યાહત માર્ગ તે કપિલને ન રૂચ્યો અને તે મરીચિ પરિવ્રાજકના ઉપદેશ તરફ અત્યંત આકર્ષાયેલો હોઇ પાછો તે મરીચિ પાસે જ આવ્યો, અને તે સિદ્ધ પુરુષોનો મોક્ષ માટે અવ્યાહત એવો પણ માર્ગ પોતાને રૂચ્યો નહિ અને પોતે તમારી જ પાસે એટલે મરીચિ પરિવ્રાજક પાસે જ જે પરિવ્રાજકપણારૂપ માર્ગ છે તે જ તેને અનુસરવા માગે છે એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું.

આવી રીતે કપિલરાજકુમાર અસાધારણ રીતે અનુરાગવાળો થઇ મરીચિ પાસે જ પરિવ્રાજકપણું લેવાની માગણી કરે છે, ત્યારે તે વખત પણ મરીચિ પરિવ્રાજક તે ભગવાન ઋષભદેવજીના શાસનમાં પ્રવર્તનારા સિદ્ધ પુરુષોની ખરેખર ઉત્તમમાર્ગનું પ્રયાણ જણાવવા સાથે પોતાની હીનતા અને અધમગતિની પ્રયાણતા જણાવી સ્પષ્ટ રીતે પોતાની અશકિત અને આસકિત જાહેર કરે છે, અને એવી રીતે તીર્થવર્તી મહાનુભાવોની ઉત્તમતા અને પોતાની અધમતા જાહેર કરીને જ માત્ર નહિ બેસી રહેતાં તે કપિલરાજકુમારને બીજી વખત પણ ભગવાન ઋષભદેવજી પાસે કે સિદ્ધ પુરુષો પાસે મોકલે છે.

આ બધી હકીકત વિચારતાં વાચકોને સ્પષ્ટપણે માલમ પડશે કે તે મરીચિકુમાર પોતે અશક્તિ કે આસક્તિને લીધે ત્રિલોકનાથ તીર્થંકરના સંયમમાર્ગથી દૂર થયો છે, છતાં પણ અન્ય જીવોને ભગવાન તીર્થંકરના સન્માર્ગમાં દાખલ કરવા માટે કેટલા બધા સ્વાર્થભોગ સાથે પ્રયત્ન કરવામાં કટિબદ્ધ થયો છે. આવી રીતે પતિતદશામાં પણ સ્વાર્થનો ભોગ આપી પોતાની અધમતા જાહેર કરવાપૂર્વક તીર્થવર્તી મહાનુભાવોની ઉત્તમતા જે કપિલને સન્માર્ગે લઇ જવા માટે જાહેર કરી છે તે તેની મોક્ષમાર્ગના પરોપકાર પરાયણાતાને કોઇપણ પ્રકારે ઘટિત થયા વગર રહેતી નથી. આ મરીચિ પરિવ્રાજક અને કપિલ રાજકુમારના પ્રસંગમાં એ વાત પણ જરૂર ધ્યાનમાં રાખવાની છે કે અન્ય કહેવાતા સન્માર્ગ પ્રરૂપકો

જ્યારે નિરાધાર નથી હોતા ત્યારે પણ અન્ય મહાનુભાવોના સદ્‌ગુણો અને પોતાના દુર્ગુણોને આવેલો ભક્ત ભાગી ન જાય તે અપેક્ષાએ કહેવાને તૈયાર નહિ થતાં આવેલા ભક્તે સાંભળેલા પણ અન્ય મહાનુભાવોના સદ્‌ગુણોને અનેક કલ્પિત રીતિએ વખોડીને તથા અછતા અવગુણોને કલ્પનામાત્રથી દેખાડીને વળી સદ્‌ગુણોને પણ અવગુણરૂપે દેખાડીને આવેલા ભક્તને પોતાની સેવામાં જોડવા તૈયાર થાય છે, ત્યારે આ મરીચિ પરિવ્રાજક નિરાધાર દશામાં પડેલો છતાં સન્માર્ગના સ્વરૂપકથરૂપી શુદ્ધદેશનાને કેટલી બધી અને કેવા પ્રસંગે જાળવે છે તે ખરેખર વિચારવા જેવું જ છે. વાચકો પ્રતિવર્ષ પર્યુષણાના દિવસોમાં અદ્વિતીય મંગળકારી પર્યુષણાકલ્પને સાંભળે છે, અને તેથી તેઓને સારી રીતે જાણવામાં આવેલું હશે કે મરીચિ પરિવ્રાજક પરિવ્રાજકપણાની સ્થિતિમાં આવ્યા પછી અનેક રાજકુમારોને સન્માર્ગનો પ્રતિબોધ આપી શાસનના ધોરી સત્પુરુષો પાસે દીક્ષા લેવા મોકલી આપે છે, છતાં જ્યારે તે મરીચિ પરિવ્રાજક અત્યંત બિમાર થાય છે અને ભિક્ષાચરી તો શું પણ પાણી લાવવાની પણ અડચણ પડે છે, નથી તો તે પૂર્વકાળના અત્યંત પરિચિત મહામુનિઓ તે મરીચિકુમારને અસંયત ધારીને તેનું વૈયાવચ્ચ કરતા, તેમજ તે મરીચિકુમાર પરિવ્રાજકે પ્રતિબોધ આપીને મુનિમહારાજાઓ પાસે જેઓને ચારિત્ર લેવા મોકલ્યા છે અને તે મરીચિ પરિવ્રાજકના પ્રતાપે ચારિત્રને પામ્યા છે તેવા રાજકુમારાદિ નિર્ગ્રંથો પણ તે અત્યંત બિમાર એવા મરીચિ પરિવ્રાજકનું અસંયતપણું ધારીને જ વૈયાવચ્ચ કરતા નથી.

આ બધી હકીકતથી સ્પષ્ટ થશે કે મરીચિ પરિવ્રાજક ઉપદેશની શૈલીને અંગે અત્યંત પ્રભાવશાળી છતાં પણ કેવળ નિરાધાર સ્થિતિમાં જ છે. આવી નિરાધાર સ્થિતિમાં પણ તે મરીચિ પરિવ્રાજક સત્પુરુષોની ચરણસેવા આત્માને ઉદ્ધારનારી અને ધર્મનું કારણ છે એવા વિચારથી કે અન્ય કોઈપણ વિચારથી તે માર્ગવર્તી સત્પુરુષોથી જુદો પડતો નથી, અને કેટલાક ગ્રંથકારોના હિસાબે ભગવાનની સાથે જ અને કેટલાક ગ્રંથકારોના હિસાબે ભગવાનના શાસનમાં રહેલા સિદ્ધપુરુષો સાથે જ વિહાર કરે છે, અને સાથે જ રહે છે.

ઉપર જણાવેલી ગ્લાનદશામાં પણ નિરાધારપણાનો ખરેખરો અનુભવ તે મરીચિ પરિવ્રાજકને થયેલો હતો અને તે અનુભવની વખત દુનિયામાં બને છે તેમ ભીડને ભાંગવાવાળા ભેરૂને ભેટવા તેને તાલાવેલી થઈ, પણ ઉત્તમપુરુષોની ઉત્તમતાનો એ જ પ્રભાવ હોય છે કે તેઓ ઉન્માર્ગ અને અધમપ્રવૃત્તિના વિચારવાળા લાંબો કાળ હોય નહિ, અને તેથી તે મરીચિ પરિવ્રાજકનું નિરાધારપણું એમને એમ રહેવા છતાં જ્યારે તે આરોગ્યદશામાં દાખલ થયો ત્યારે તે પોતાના નિરાધારપણાને સર્વથા ભૂલી ગયો અને તેથી ગ્લાનદશા આવવા પહેલાં જેવી રીતે રાજકુમારાદિકોને સન્માર્ગનો પ્રતિબોધ આપી મુનિ મહારાજાઓની ઉત્તમતા અને પોતાની અધમતા જણાવવાપૂર્વક સન્માર્ગવર્તી મહામુનિઓ પાસે

ચારિત્ર લેવડાવતો હતો, તેવી જ રીતે મરીચિ પરિવ્રાજક ગ્લાનદશામાં નિરાધારદશાનો અનુભવ કર્યા પછી અને ભીડ ભાંગનારા ભેરૂને ભેળવવાની ભાવના થયા પછી પણ અનેક રાજકુમાર વિગેરેને પ્રતિબોધ આપી, સન્માર્ગવર્તી મુનિમહારાજાઓની ઉત્તમતા અને પોતાની અધમતા જણાવવાપૂર્વક ચારિત્ર ગ્રહણ કરાવતો જ રહ્યો. અર્થાત્ પરિવ્રાજકપણું લીધું ત્યારથી જ એકાકી, અદ્વિતીય હોવાને લીધે તે મરીચિકુમાર પરિવ્રાજકની નિરાધારતા હતી જ અને ગ્લાનદશામાં પોતાની તે નિરાધારતાનો તેને પૂરેપૂરો અનુભવ થવા સાથે ભીડને ભાંગનાર ભેરૂને ભેળવવાની ભાવના થઈ પણ હતી, છતાં તે મરીચિના જીવની ઉત્તમતાને લીધે કહો કે પરોપકારવૃત્તિની પરાકાષ્ઠાને લીધે કહો અથવા સ્વાત્માને અપકાર થયેલો છતાં પણ અન્ય આત્માને અપકાર ન જ કરવો જોઈએ એવી વૃત્તિને લીધે કહો અગર તો કોઈપણ કારણથી તે મરીચિ પરિવ્રાજક આરોગ્ય દશામાં આવ્યા પછી પણ હંમેશાં અનેક રાજકુમારાદિકોને પ્રતિબોધ આપી સન્માર્ગવર્તી મુનિઓની ઉત્તમતાની પ્રશંસા અને પોતાની અધમતાની નિંદા જણાવવાપૂર્વક સન્માર્ગવર્તી મુનિઓ પાસે ચારિત્ર ગ્રહણ કરાવે છે. જો કે કપિલરાજકુમારના પ્રસંગમાં ત્રીજી વખત પણ સન્માર્ગવર્તી મુનિઓની ઉત્તમતા અને પોતાની અધમતા જણાવવાપૂર્વક સાધુપુરુષોની સેવામાં ચારિત્ર લેવા માટે મોકલે છે અને તે કપિલરાજકુમાર ત્રીજી વખત પણ ભગવાન શ્રી ઋષભદેવજીની પાસે કે સન્માર્ગવર્તી મુનિઓની પાસે તે મરીચિ પરિવ્રાજકના કહેવાથી જ ગયો છે અને તે ભગવાન કે સન્માર્ગવર્તી મુનિઓની પાસે ચારિત્ર લેવાનાં પરિણામ થયા નહિ એટલું જ નહિ પણ તે કપિલરાજકુમાર મરીચિ પરિવ્રાજકે પોતાની અરૂચિ છતાં ઘણી વખત મોકલેલો હોઈ, ઘણો જ ચિઢાઈ ગયો એમ કહીએ તો ખોટું નથી, કેમકે ત્રીજી વખત ભગવાન ઋષભદેવજી પાસે કે સન્માર્ગવર્તી મુનિ મહારાજાઓ પાસેથી પાછો આવ્યો ત્યારે કપિલરાજકુમાર મરીચિ પરિવ્રાજકને એ જ શબ્દો કહે છે કે "શું તમારા માર્ગમાં એટલે પરિવ્રાજકપણામાં સર્વથા ધર્મ નથી?" આ વાક્યનો ભાવાર્થ વિચારતાં એ અર્થ સ્પષ્ટ થાય છે કે મને તમે વારંવાર ભગવાન ઋષભદેવજી કે સન્માર્ગવર્તી મુનિઓ પાસે ઉત્તમ ધર્મ હોવાને નામે મોકલો છો અને તમારી પાસે હું આવીને શિષ્ય થવા વારંવાર માગણી કરું છું ત્યારે તમો પોતાની સંયમથી પતિતદશા જણાવી અધમતા જણાવવાપૂર્વક મને શિષ્ય કરવાની ના પાડો છો તો તમે જો કે સંયમમાર્ગથી પતિત થયા છો એમ સ્પષ્ટ જણાવો છો અને તમારા આત્મામાં કષાયસહિતપણું હોવા સાથે નિષ્કંચનપણું નથી એમ જણાવો છો, છતાં હું વારંવાર પ્રભુ ઋષભદેવજી અને સન્માર્ગવર્તી મુનિઓ પાસે તમારા મોકલવાથી જઈ આવ્યો છું, પણ મને તે માર્ગ રૂચતો નથી, તો હવે તમારામાં કંઈ પણ અંશે ધર્મ છે કે નહિ ? કપિલ રાજકુમારના આ કથનની અસર મરીચિ ઉપર જબરદસ્ત થઈ અને તેથી અત્યાર સુધી પરોપકારવૃત્તિને અંગે જે ધર્મોપદેશની પ્રવૃત્તિનો પ્રબંધ ચાલતો હતો, તે ઉથલી ગયો, ગ્લાનપણામાં

અનુભવેલી નિરાધાર દશાનો આબેહૂબ ખ્યાલ ખડો થયો, ભીડ ભાંગનાર ભેરૂને ભેળવવામાં મરીચિનો આત્મા ઉત્સાહિત થયો અને તેથી પરોપકાર પરાયણતાની વૃત્તિને વેગળી મૂકી તે મરીચિ પરિવ્રાજકે કપિલરાજકુમારને જણાવ્યું કે - '**कविला। इत्थंपि इहयंपि** એટલે હે કપિલ ! ત્યાં પણ છે અને અહીં પણ છે.' સામાન્ય રીતે આ વાક્યનો અર્થ જૈનમાર્ગમાં પણ ધર્મ છે અને પરિવ્રાજક માર્ગમાં પણ ધર્મ છે એવો કરવામાં આવે છે, પણ આવો અર્થ કરતાં તે મરીચિની દશા પૂર્વાપર વ્યાઘાતવાળી થાય, કેમકે તે જ મરીચિ પરિવ્રાજકે ભગવાન જિનેશ્વરના મતમાં વર્તવાવાળા સાધુઓમાં સંપૂર્ણ ધર્મ છે એમ અનેક વખત જાહેર કર્યું છે, અને સાથે એ પણ જાહેર કર્યું જ છે કે હું એ ઉત્તમ એવા સંપૂર્ણ સંયમધર્મથી પતિત થયેલો છું. આવી અનેક વખત તે જ કાળમાં પ્રરૂપણા થયેલી હોવાથી પોતે તે પ્રરૂપણાની વિરુદ્ધ બોલે એ યુક્તિયુક્ત નથી એટલું જ નહિ પણ સંભવિત પણ નથી, અને તેથી આચાર્ય મહારાજ મલયગિરિજીએ '**इत्थंपि**' પદનો જે અર્થ કર્યો છે, તે વધારે અનુકૂળ થઈ શકશે. આચાર્ય મહારાજ મલયગિરિજીએ શ્રી આવશ્યકનિર્યુક્તિની ટીકામાં **इत्थंपि**નો એવો અર્થ કર્યો છે કે ભગવાન ઋષભદેવજીના અને સન્માર્ગવર્તી મુનિઓના આચારમાં સંપૂર્ણ ધર્મ છે. આવી રીતે ભગવાન તીર્થંકર અને સન્માર્ગવર્તી મુનિઓના આચારને **इत्थं** શબ્દથી સૂચવવા સાથે તેમાં સંપૂર્ણ ધર્મપણું સૂચવ્યું છે. શ્રી ભગવતી સૂત્રના **इत्थंपि गमणिज्जं, इहंपि गमणिज्जं** એ સૂત્રના અર્થમાં **इत्थंपि** જગા ઉપર પ્રશ્નકાર ભગવાન ગૌતમસ્વામીજીથી ભિન્ન એવા ત્રિલોકનાથ શ્રમણ ભગવાન મહાવીર મહારાજના આત્માનો નિર્દેશ કરવામાં આવ્યો છે, તેવી રીતે અહીં પણ **इत्थंपि** શબ્દથી તે મરીચિ અને કપિલથી દૂર રહેલો એવો સંપૂર્ણ શ્રમણમાર્ગ લેવામાં આવ્યો છે, અને સંપૂર્ણ શ્રમણમાર્ગ **इत्थंपि** શબ્દથી લીધેલો હોવાથી તેમાં સંપૂર્ણ ધર્મ પ્રથમથી જ દેશના દ્વારાએ સાબીત કરેલો હોવાથી માત્ર તેનો અનુવાદ જ અહીં આગળ કરેલો છે.

વળી, જેવી રીતે શ્રી ભગવતીજીના **इत्थंपि** સૂત્રમાં **इहयंपि** શબ્દથી પ્રશ્નકાર ગૌતમસ્વામીજીનો જ આત્મા નિર્દિષ્ટ કરાયેલો છે, તેવી રીતે અહીં પણ **इहयंपि** શબ્દથી વક્તા એવા મરીચિ પરિવ્રાજકનો ધર્મ નિર્દિષ્ટ કરાયેલો છે, પણ પોતાના પરિવ્રાજકપણામાં શ્રમણમાર્ગના ધર્મનું અંશ પણ નથી એમ અનેક વખત પોતે જણાવી ગયો છે, છતાં અત્યારે તે કપિલરાજકુમારના સંજોગને અંગે બુદ્ધિનો પરાવર્ત પામ્યો અને અઢાર હજાર શીલાંગરૂપ હોઈ જે ચારિત્રધર્મ મરીચિમાં સર્વથા હતો નહિ, છતાં તે કપિલ રાજકુમારને **इहयंपि** એમ કહી કાંઈક ધર્મ મારા પરિવ્રાજપણામાં પણ છે એમ જણાવ્યું. ધ્યાન રાખવાની જરૂર છે કે આ મરીચિ પરિવ્રાજક અને કપિલરાજકુમાર વચ્ચે સમ્યગ્‌દર્શનરૂપી ધર્મનો વિચાર નથી, સમ્યગ્‌જ્ઞાનરૂપી ધર્મનો વિચાર નથી દેશવિરતિરૂપી ધર્માધર્મ જેને નિશ્ચયકોટિએ અગારધર્મ કહી શકીએ

તેનો વિચાર પણ નથી, કેમકે એ ત્રણેનો જો વિચાર હોત તો મરીચિ પરિવ્રાજકમાં તે વખતે સમ્યગ્‌દર્શન, સમ્યગ્જ્ઞાન અને દેશવિરતિરૂપ ધર્મ સારી રીતે હતા ને તેથી આ પરિવ્રાજકપણામાં મલયગિરિજી મહારાજે **इहयंपि** ની કરેલી વ્યાખ્યાના હિસાબે અલ્પ ધર્મ છે એમ કહેવામાં કોઈ પણ પ્રકારે દુર્ભાષિતપણું નથી, પણ અત્રે તો પંચ મહાવ્રતરૂપી અઢાર હજાર શીલાંગમય ચારિત્રધર્મને અંગે જ પ્રસંગ અને વિચાર હોવાથી તેનો અંશ પણ પરિવ્રાજકપણામાં નહિ છતાં તે મરીચિ પરિવ્રાજકે તેવા શ્રમણધર્મનો અંશ આ પરિવ્રાજકપણામાં છે એમ જણાવ્યું તે દુર્ભાષિત કહેવાય તેમાં આશ્ચર્ય જ નથી.

વળી, પરોપકારની વૃત્તિએ જે ધર્મની યથાસ્થિત પ્રરૂપણા થતી હતી, તે જ સ્થાન કે સ્વાર્થવૃત્તિનું સામ્રાજ્ય જમાવવા માટે મરીચિ પરિવ્રાજકે આ વાક્ય ઉચ્ચાર્યું છે, એ હકીકત પણ શાસ્ત્રોના મરીચિ પરિવ્રાજકના પ્રકરણથી સ્પષ્ટ હોવાને લીધે આ મરીચિ પરિવ્રાજકના વચનને દુર્ભાષિત તરીકે જણાવવામાં કોઈ પણ પ્રકારે અનુચિતતા હોય એમ માની શકાતું નથી. જો કે આ મરીચિના વચનને કેટલાક મહાનુભાવોએ ઉત્સૂત્ર તરીકે ગણાવ્યું છે, જ્યારે કેટલાક મહાનુભાવોએ ઉત્સૂત્રમિશ્રિત તરીકે ગણાવ્યું છે, પણ શ્રીઆવશ્યક નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુસ્વામીજી અને ભગવાન મહાવીર મહારાજના જ હાથે દીક્ષિત થયેલ એવા ઉપદેશમાલાકાર શ્રી ધર્મદાસગણિજી **दुष्भासिएण इक्केण** વિગેરે પાઠથી મરીચિના તે **इत्थंपि इहयंपि** વાક્યને દુર્ભાષિત તરીકે સ્પષ્ટપણે જાહેર કરે છે, તેથી આ પ્રકરણમાં તેના તે વચનને દુર્ભાષિત તરીકે કહેવામાં આવ્યું છે અને તેથી જ તે વચનને ઉત્સૂત્ર કે ઉત્સૂત્રમિશ્રિત માનવામાં તેમ માનનારાઓનું તત્ત્વ ઘટિત છે કે અઘટિત એ વિચારવાનું ઉચિત ધાર્યું નથી.

આ સમગ્ર મરીચિના અધિકારમાં કપિલ રાજકુમારની વક્તવ્યતાનો પાછલો ભાગ માત્ર વૃત્તાંતની પૂર્ણતાને માટે જ કહેવામાં આવ્યો છે, બાકી ચાલુ અધિકારમાં તો મરીચિકુમારની પતિત દશામાં પણ જે પરોપકારવૃત્તિ રહી, સ્વાર્થનો ભોગ આપીને પણ પતિત દશામાં પણ પરોપકાર કર્યો એ જણાવી તીર્થંકરના જીવોમાં અનેક ભવોથી પરહિતરતપણું હોય છે એ જ માત્ર પ્રકૃત અધિકારને પોષણ કરનારું હોવાથી જણાવ્યું છે. શ્રમણ ભગવાન મહાવીરના બીજા ભવમાં પણ કંઈ કંઈ અંશ અનેક પ્રકારે પરોપકાર નિરતપણું છે તે નહિ વિચારતાં ખુદ્ ભગવાન મહાવીર મહારાજના ભવને અંગે પરહિતરતપણું એટલે પરોપકારમાં તત્પરપણું શ્રમણ ભગવાન મહાવીર મહારાજનું જણાવવું વધારે ઉચિત છે.

✻ ✻ ✻




**જૈન માતાપિતાની ફરજ.**

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય ઉપાધ્યાયજી શ્રીમાન યશોવિજયજી મહારાજાશ્રી ભવ્ય જીવોના ઉપકાર અર્થે જ્ઞાનસાર પ્રકરણ નામક ગ્રંથમાં તેઓ શ્રીમાન આ ભવને મહાભયાનક પર્વત કહે છે. તે મહાભયાનક ભવપર્વતનું ઉલ્લંઘન ત્યારે થયું ગણાય છે કે જ્યારે તમે છઠ્ઠા ગુણસ્થાનકને પ્રાપ્ત કરો છો. જે કોઈ છઠ્ઠા ગુણસ્થાનકને પામે છે અને એ રીતે ભવરૂપી ભયંકર પર્વતને ઓળંગી જવાનો પ્રયત્ન કરે છે તે "મુનિ" કહેવાય છે. "મુનિ" મુનિપણાને પામે છે અને જ્યારે તે ભવપર્વતનું ઉલ્લંઘન કરીને તેનો પાર પામી જાય છે ત્યાર પછી તે સંસારના વિષયકષાયોમાં તલ્લીન રહેવા પામતો નથી. સંસારની અનાદિકાળથી શરીરના ગુણદોષોને પોષવા તરફ દ્રઢવૃત્તિ રહેલી છે. આહારવિહારમાં સમસ્ત જગતની પ્રવૃત્તિ છે. આ સઘળામાંથી એક પણ લૌકિક પ્રવૃત્તિમાં "મુનિ"ને આનંદ સંભવતો નથી અથવા એવા કૃત્યોમાં તે તલ્લીન રહેતો નથી. હવે "મુનિ" જો આવી લૌકિક પ્રવૃત્તિમાં તલ્લીન રહેતો નથી તો પછી તે કયા વિષયોમાં તલ્લીન રહે છે તેનો વિચાર કરો.

જગતમાં આત્માના જ્ઞાન એ ગુણનું અસ્તિત્વ માનેલું છે તે જાણવા યોગ્ય એટલે 'જ્ઞેય' વસ્તુઓ છે તેને જ અંગે માનવામાં આવેલું છે. જ્ઞાન અને જ્ઞેય એ બંનેને પરસ્પર સંબંધ છે. જો જ્ઞેય એટલે જાણવાલાયક વસ્તુઓ જ ન હોત તો પછી જ્ઞાન પણ ક્યાંથી હોત ? જાણવાલાયક વસ્તુઓ વિના કઈ ચીજનું જ્ઞાન થાત ? અર્થાત્ જ્ઞેયપદાર્થોના એટલે જાણવાયોગ્ય પદાર્થોના અસ્તિત્વને અંગે જ આત્માના જ્ઞાનગુણનું અસ્તિત્વ પણ સંસારમાં વિદ્યમાન છે.

**જ્ઞેય અને જ્ઞાન.**

જ્ઞેય અને જ્ઞાન એ બેનો જેવો સંબંધ છે તેવો જ સંબંધ મન અને મનની વચમાં પણ રહેલો છે. મન મનન કર્યા વિના એક ઘડી પણ રહી શકતું નથી. હવે જે મુનિ છટ્ઠે ગુણસ્થાનકે આવ્યો છે, ભવરૂપી મહાપર્વતને જેને ઉલ્લંઘી નાખ્યો છે અને જેણે લોકસંજ્ઞાનો ત્યાગ કરી દીધો છે તે મુનિ આ સ્થિતિએ પહોંચ્યા પછી કેવા વિચારો કરે છે અને તેનું મન કયા વિષયોનું મનન કરે છે તે જોઈએ. છટ્ઠે ગુણસ્થાનકે પહોંચેલો ભવ્યાત્મા મન વગરનો હોઈ શકતો નથી. તેરમા ગુણસ્થાનક સિવાય ભાવમન વિનાનો કોઈપણ આત્મા હોતો નથી અર્થાત્ બારમા ગુણસ્થાનક સુધી દરેક આત્માને ભાવમન હોય છે. જીંદગીના અંત સુધી સંજ્ઞી એટલે ગર્ભથી જન્મેલો આત્મા મનવાળો હોય છે. સંજ્ઞીપણું અને અસંજ્ઞીપણું એ બંને જુદા જ છે. એક જ ભવમાં આત્માને સંજ્ઞીપણું અને અસંજ્ઞીપણું બંને મળી શકતા નથી. જે ભવમાં અસંજ્ઞીપણું છે (પદાર્થના સંયોગથી જન્મવું, દેડકા પ્રમાણે) તે ભવમાં સંજ્ઞીપણું (ગર્ભથી જન્મ) હોતું નથી અને જે ભવમાં સંજ્ઞીપણું છે તે ભવમાં અસંજ્ઞીપણું પણ હોઈ શકતું નથી. સંજ્ઞી ગુણસ્થાનકની શ્રેણીએ ચઢે છે તેથી તે અસંજ્ઞી થઈ શકતો જ નથી. હવે એવો સંજ્ઞી આત્મા અસંજ્ઞી ન હોવાથી અને તેને તેરમે ગુણસ્થાનકે સંપૂર્ણ જ્ઞાન હોવાથી ત્યાં ભાવમન હોતું નથી અને ચૌદમે ગુણસ્થાનકે મન, વચન અને કાયાના યોગો રોકાયેલા હોવાથી ત્યાં દ્રવ્યમન એટલે કે મનના પુદ્ગલો પણ ગ્રહણ કરવાના હોતા નથી. આ રીતે ચૌદમે ગુણસ્થાનકે ત્યાં ભાવમન અને પુદ્ગલો બંનેનો નાશ થાય છે.

**મનનો નાશ ક્યારે ?**

મુનિ જ્યારે તેરમા ગુણસ્થાનકે આવી પહોંચે છે ત્યારે તેના વિચારો અને મનનો નાશ થાય છે અને તે મનુષ્ય વિચારો અને મનથી રહિત બને છે. તેરમા ગુણસ્થાનકે મન અને વિચારો શા માટે હોતા નથી તે પ્રશ્ન હવે તપાસીએ. મન અને વિચારો એનો પરસ્પરનો સંબંધ છે. તેરમા ગુણસ્થાનકમાં જો વિચારો નથી હોતા તો ત્યાં મન પણ અસ્તિત્વમાં ન જ હોવું જોઈએ. તેરમા ગુણસ્થાનકમાં મન અને વિચાર બંને ટળી જાય છે. હવે તમે એવી શંકા કરશો કે તેરમા ગુણસ્થાનકમાં કેવળજ્ઞાન રહેલું છે. તો પછી ત્યાં વિચારો શા માટેના હોઈ શકે ? વિચારો જ્ઞાનથી વધે છે. જેમ જેમ વધારે જ્ઞાન થવા પામે છે તેમ તેમ વિચારોની અભિવૃદ્ધિ પણ થતી જ રહે છે, તો પછી કેવળજ્ઞાન કે જે જ્ઞાનનું એક ઉંચામાં ઉંચું સ્થાન છે તો ત્યાં એવા ઉંચામાં ઉંચા વિચારોની હસ્તિ હોવી જ જોઈએ. જેમ જ્ઞાન વધારે હોય છે તેમ વિચારશ્રેણી પણ પ્રૌઢ હોય છે, જ્ઞાનની અભિવૃદ્ધિ થાય છે ત્યારે વિચારોની પણ અભિવૃદ્ધિ થાય છે. જ્ઞાનની ક્ષતિ થાય છે ત્યારે વિચારોની પણ ક્ષતિ થાય છે, તો પછી એ દ્રષ્ટિએ તો કેવળજ્ઞાન એ સંપૂર્ણજ્ઞાન હોવાથી ત્યાં વિચારશ્રેણી પણ ઉંચામાં ઉંચી હોવી જોઈએ એને બદલે તેરમા ગુણસ્થાનકમાં વિચારોનો લોપ થયો છે એનું શું કારણ હોવું જોઈએ ? જો સહજ વધારે વિચાર કરશો

તો તમારા સમજવામાં આવી જશે કે તેરમે ગુણસ્થાનકે વિચારોનું અસ્તિત્વ નથી એ વસ્તુ તદ્દન બુદ્ધિગમ્ય છે.

## જ્ઞાન અને વિચારનો સંબંધ

જ્ઞાન અને વિચારનો તમે સંબંધ જોડો છો અને જ્યાં જ્ઞાન વધે છે ત્યાં વિચારોમાં અભિવૃદ્ધિ થાય છે અને જ્ઞાન ઘટે છે તો વિચારો પણ ઘટે છે, એવો સિદ્ધાંત તમે પ્રતિપાદો છો તે વાત કેવળ લૌકિક વ્યવહારને અંગે છે, દુનિયાદારીની દ્રષ્ટિએ જ્ઞાનવૃદ્ધિ એ વિચારવૃદ્ધિનું કારણ છે અને તે જ રીતે જ્ઞાનક્ષતિ એ વિચારક્ષતિનું કારણ છે. દુનિયાદારીની દ્રષ્ટિએ જ્ઞાન અને વિચારને આવો ગાઢ સંબંધ હોવાનું કારણ એ છે કે જગતમાં જે પદાર્થો મનુષ્ય પોતે મેળવવા માગે છે તે પદાર્થોનું તેનું જ્ઞાન ઓછું હોય છે અને વળી જે પદાર્થો સાધવાના છે તેનું પણ તેને નવીન સાધન ઉત્પાદન કરવાનું હોય છે. આ બે કારણોને લીધે જ જગતના વ્યવહારમાં જેમ જ્ઞાન વધારે હોય છે તેમ વિચારો પણ વધારે થવા પામે છે. ખરી રીતે જોઈએ તો એ જગતનું જ્ઞાન તે જ્ઞાન જ નથી તે અપૂર્ણ જ્ઞાન છે અથવા આગળ વધીને કહીએ તો એ અજ્ઞાન છે અને તેથી જ એવા અજ્ઞાન અથવા અપૂર્ણ જ્ઞાનને અંગે જ વિચારોનું અસ્તિત્વ રહેલું છે. જગતના સામાન્ય માનવીઓમાં રહેલા અલ્પજ્ઞાનને લીધે અને તેમને સાધ્ય મેળવવાનું બાકી રહેલું હોવાથી તેમના જ્ઞાનની વૃદ્ધિ, એ વિચારવૃદ્ધિનું કારણ છે પરંતુ તેવો જ સિદ્ધાંત કેવળજ્ઞાનને વિષે ઘટાવી શકાતો નથી. જગતનું જ્ઞાન એ અપૂર્ણજ્ઞાન છે અને કેવળજ્ઞાન એ સંપૂર્ણ જ્ઞાન છે અને તેથી જ અપૂર્ણજ્ઞાનનો સિદ્ધાંત સંપૂર્ણ જ્ઞાનને અંગે સર્વથા નકામો ઠરવા પામે છે.

## વિચારને અવકાશ ક્યારે ?

કેવળજ્ઞાનની સ્થિતિ શાસ્ત્રે કેવી કહેલી છે તેનો વિચાર કરતાં માલમ પડે છે કે કેવળજ્ઞાન થયા પછી આ જગતમાં કાંઈપણ જાણવાનું બાકી રહેવા પામતું જ નથી. તેરમા ગુણસ્થાનકે રહેલા કેવળજ્ઞાનીઓ ત્રણે લોકના અને ત્રણે કાળના સઘળા પદાર્થોને એકી વખતે જાણી લે છે, અને તે સઘળાનું જ્ઞાન તેમને એક સમયે જ થઈ જવા પામે છે એટલે પછી તેમને કશી જ વસ્તુ જાણવાની બાકી રહેવા પામતી જ નથી. આપણને વિચાર કરવો પડે છે તે હંમેશાં કાંઈક જાણવાને અંગે અથવા કાંઈક મેળવવાને અંગે જ હોય છે. જો તમોને કાંઈ મેળવવાનું જ ન હોય અથવા તમારે કાંઈ પણ જાણવાનુંય બાકી ન હોય તો પછી તમારે વિચાર કરવાનું જ કાંઈ બાકી રહેવા પામતું નથી. તમારે વિચાર કરવાપણું હોય છે તેનું કારણ એટલું જ છે કે તમારે જાણવાની, મેળવવાની ઘણી વસ્તુઓ બાકી હોય છે, અને એ સઘળું મેળવવાને અંગે અથવા તો વિવિધ વસ્તુઓને જાણવાને અંગે જ વિચારો કરવા પડે છે. કેવળજ્ઞાનીની સ્થિતિ એનાથી સર્વથા જુદી જ છે. કેવળજ્ઞાનીને કાંઈપણ નવું જાણવાનું બાકી નથી અથવા

તેને કાંઈક નવીન મેળવવાનુંય નથી એટલા જ માટે તેને વિચાર કરવાનું પણ હોતું નથી. તેરમે ગુણસ્થાનકે રહેલા જે સર્વજ્ઞો છે તેમણે કોઈપણ ચીજ એવી નથી કે તે નહિ જાણેલી હોય ! દરેક ચીજ, દરેક કાળ એ સઘળું તેઓશ્રી સંપૂર્ણ રીતિએ જાણે છે, તેમને કાંઈપણ જાણવાનું બાકી રહેલું હોતું નથી, તે જ પ્રમાણે તેમને કાંઈપણ નવું મેળવવાનું અથવા તો જુનું ત્યાગવાનું પણ હોતું નથી એટલે જ તેમને મન અને વિચાર હોતા નથી.

**જાણવાનું બાકી શું ?**

જ્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે જગતના સઘળા પદાર્થોને જ્ઞાની જાણી લે છે, અને તે સઘળું જાણી લે છે એટલે જ તેને નવું કાંઈપણ જાણવાનું રહેતું નથી અને નવું જાણવાનું ન હોવાથી એ સ્થાને દ્રવ્યમન અથવા વિચારો કરવારૂપ ભાવમનનું પણ ત્યાં અસ્તિત્વ માનવામાં આવ્યું નથી. કોઈ એવી શંકા કરશે કે કેવળજ્ઞાનીઓ જ્ઞાન થયા પછી પહેલા સમયમાં જ જો બધા પદાર્થોને અને જે કાંઈ છે તે બધાને જાણી લે છે તો પછી બીજા સમયમાં તેઓ શું જાણતા હશે ? જો ત્રણે કાળના અને ત્રણે લોકના પદાર્થો કેવળજ્ઞાની પહેલા જ સમયમાં જાણી લેતા હોય તો પછી એવી કઈ વસ્તુ છે કે જે તેમને જાણવાને માટે બાકી રહે છે ? તમારી શંકાનો ઉત્તર એ છે કે કેવળજ્ઞાનીને નવું જાણવાનું કાંઈપણ બાકી રહેલું નથી. શાસ્ત્રની દ્રષ્ટિમાં અને લૌકિક દ્રષ્ટિમાં બહુ મહત્વનો તફાવત રહેલો છે. લૌકિક દ્રષ્ટિ પ્રમાણે આપણને જે વાસ્તવિક જણાય-અથવા જે રીતે વસ્તુઓનું સ્વરૂપ આપણે પારખી શકીએ છીએ તેને આપણે જ્ઞાન કહીએ છીએ. શાસ્ત્ર અતીત, અનાગત અને વર્તમાનકાળના સઘળા પદાર્થોને તેના સત્યસ્વરૂપે જાણવા એને જ્ઞાન કહે છે. હવે એ જ્ઞાન પામીને પદાર્થ જાણનારો તે પદાર્થોને કેવી રીતે જાણે છે તે સમજો. જે સમયે કેવળજ્ઞાની અતીત, અનાગત અને વર્તમાન એ ત્રણે કાળના પદાર્થોને જાણે છે તે સમયે અતીતકાળના પદાર્થોને થઈ ગયેલા તરીકે જાણે છે, અનાગતકાળના પદાર્થોને તે થવાના છે એ રૂપે જાણે છે અને વર્તમાનકાળના પદાર્થો તે થાય છે એ રીતે જાણે છે.

**કાળની ઘટમાળ ચાલુ જ છે.**

કાળનું ચક્ર સદા ઘટમાળની માફક ફરતું જ રહે છે તે કદી શાંત થતું નથી અથવા અટકી જતું નથી. આમ હોવાથી આજે જે વર્તમાનકાળ છે તે આવતી કાલે અતીતકાળ બની જાય છે અને ગઈકાલે આજનો દિવસ અનાગતકાળ હતો. તે દિવસ આજે વર્તમાનકાળ બનવા પામે છે. એ જ ઉદાહરણ અહીં પણ લાગુ પાડવાનું છે. પહેલા સમયમાં કેવળજ્ઞાની કેટલાક પદાર્થોને થઈ ગયેલા તરીકે જાણે છે, કેટલાક પદાર્થોને થવાના તરીકે જાણે છે અને કેટલાક પદાર્થોને થતા-થઈ રહેલા તરીકે જાણે છે. હવે બીજો કાળ આવે છે એટલે પહેલા સમયમાં જે થવાના પદાર્થો તે થઈ રહેલા પદાર્થો બને છે, અર્થાત્

વર્તમાનકાળના પદાર્થો બને છે, એટલે કેવળજ્ઞાની તેને થઈ રહેલા પદાર્થો તરીકે જાણે છે અને પહેલા સમયમાં જે વર્તમાનકાળના પદાર્થો હતા તે હવે અતીતકાળના પદાર્થો બને છે એટલે તે સઘળાને જ્ઞાની થઈ ગયેલા પદાર્થો તરીકે જાણે છે. આ રીતે કાળનો પ્રવાહ ચાલુ રહેલો હોવાથી જાણવાનો પ્રવાહ પણ એ જ રીતે ચાલુ રહી શકે છે. પહેલે સમયે કેવળજ્ઞાની ત્રણે કાળના ત્રણે જાતના પદાર્થોને અતીત, વર્તમાન અને અનાગત તરીકે જાણે છે, એટલે કે અમુક પદાર્થોને તે ભૂતકાળના પદાર્થો તરીકે જાણે છે અમુક પદાર્થોને તે વર્તમાનકાળના પદાર્થો તરીકે જાણે છે, અને અમુક પદાર્થોને તે થવાના પદાર્થો તરીકે જાણે છે, પરંતુ તે પછી કાળનો નિરંતર પલટો થયા જ કરતો હોવાથી એ પલટા પ્રમાણે દરેક પદાર્થોના પર્યાયને સર્વજ્ઞો જાણ્યા કરે છે. સર્વજ્ઞોની આ સ્થિતિ ખૂબ સાવધાનીપૂર્વક ધ્યાનમાં લેવાની જરૂર છે.

**મન વિનાના કેમ કહી શકાય ?**

જે સર્વજ્ઞને સ્થાને પહોંચેલા છે તેવાઓને કાંઈ પણ જાણવાનું બાકી હોતું નથી. તેમણે સર્વરૂપે સર્વ પદાર્થોને સર્વ કાળને માટે જાણી લીધેલા હોય છે. વળી જેમ તેમને જાણવાનું કાંઈ બાકી રહેવા પામતું નથી તે જ પ્રમાણે તેમને મેળવવાનું પણ કાંઈ બાકી રહેલું હોતું જ નથી. જે સ્થળે જ્ઞાનની ન્યૂનતા છે અથવા સાધ્યની ન્યૂનતા છે, કિંવા કાંઈ મેળવવાનું બાકી રહેલું છે, ત્યાં વિચારોને અવકાશ હોય છે, પરંતુ જ્યાં એ ત્રણમાંનું કાંઈ જ અવશેષ નથી, સાધ્યની ન્યૂનતા નથી, જ્ઞાનની પણ ન્યૂનતા નથી અને કાંઈ મેળવવાનું પણ બાકી નથી તેમને વિચારો કરવાનો અવકાશ જ અસંભવિત છે. જેમ ઈન્દ્રિયો હોવા છતાં તેનો જેને વ્યાપાર નથી તેઓ અતીન્દ્રિય જ્ઞાની કહેવાય છે તે જ પ્રમાણે કેવળજ્ઞાનથી યુક્ત એવા આત્માઓને મનનો સંજ્ઞોપયુક્ત એટલે સંજ્ઞા સંબંધી ઉપયોગ પણ હોતો નથી તેથી કેવળજ્ઞાનીઓ મન વિનાના પણ કહેવાય છે. મન સંજ્ઞી જીવને તો જીંદગીના છેડા સુધી હોય છે પરંતુ કેવળજ્ઞાન થયા પછી એ મનનો સંજ્ઞોપયુકત વ્યાપાર તેવા મહાત્માઓને માટે અવશેષ રહેવા પામતો નથી. હવે તમે પૂછશો કે તો પછી આવા આત્માઓ પણ પ્રવૃત્તિમાં કેમ જોડાય છે ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે તેઓ કેવળ દેશોનક્રોડ પૂર્વ સુધી વિચરે છે તે મનના સંજ્ઞોપયુકત વ્યાપાર વિના જ વિચરે છે અને તેમની જે કાંઈ પ્રવૃત્તિ થાય છે તે પણ સઘળી મનના સંજ્ઞોપયુક્ત વિચાર વિના જ થાય છે.

**મનના પુદ્‌ગલોનો નાશ ક્યારે ?**

કેવળજ્ઞાનની પ્રાપ્તિ સર્વ કાંઈને જાણી લેનારી છે. પોતાને પોતાના ઠરાવેલા ભવિષ્યને અને તેની સઘળી સ્થિતિને કેવળજ્ઞાની જાણી લે છે. પોતે જે સ્થળ હોય ત્યાંથી અમુક સમયે અમુક ઘડીએ, અમુક માર્ગે, અમુક સ્થળે પોતે જઈ પહોંચેલો હશે એ તે પહેલાંથી જ જાણી લે છે એટલે તેને પોતે ક્યારે

નીકળવું, શું કરવું, કયાં જવું, તત્સંબંધી કશા જ વિચારો કરવાના બાકી હોતા નથી. કેવળજ્ઞાની જોઈએ તો ક્રોડ પૂર્વકાળ સુધી પોતે પ્રવૃત્તિ કર્યે જ જાય તો પણ એ પ્રવૃત્તિનોઃ સઘળો ખ્યાલ પૂર્ણ રીતે કેવળજ્ઞાન થતી વખતે જ તેને આવી જવા પામતો હોવાથી તેને કાંઈ પણ વિચારણા કરવાની બાકી રહેલી હોતી નથી. આવી સ્થિતિ હોવાથી તેરમા ગુણસ્થાનકમાં દ્રવ્યમનનું અસ્તિત્વ હોતું નથી અને ચૌદમે ગુણસ્થાનકે મનના પુદ્‌ગલોનું અસ્તિત્વ પણ હોતું નથી, તેરમા અને ચૌદમા ગુણસ્થાનક સિવાયના બાકીના ૧થી ૧૨ ગુણસ્થાનકોમાં મન અને વિચાર એ બંનેનું અસ્તિત્વ હોય છે. આથી સ્પષ્ટ થાય છે કે જે છઠ્ઠે ગુણસ્થાનકે પહોંચેલા છે તેમનામાંથી મન અને વિચારનો લોપ થવા પામતો નથી પરંતુ એ સ્થળે મન અને વિચાર એ બંનેનું અસ્તિત્વ રહેલું હોય છે. હવે છઠ્ઠે ગુણસ્થાનકે વિચાર અને દ્રવ્ય મન બંને હોય છે અને મુનિ લોકવ્યવહારનો, આહારવિહારનો, જગતની રીતભાતનો અને પૌદ્‌ગલિક સુખસંપત્તિનો વિચાર કરતો નથી તો પછી તે મુનિ શાના વિચારો કરે છે તે જોવાની ખાસ જરૂર છે. મુનિને મન હોય છે એટલે તે વિચારો તો કરતો હોવો જ જોઈએ અને જો તે પૌદ્‌ગલિક વિચારો ન કરતો હોય તો બીજા કોઈ વિચારો તેના મનમાં હોવા જ જોઈએ. એ કેવા વિચારો હોઈ શકે તે તપાસીએ.

**આ તે સાધુ કે પંચાતિયો ?**

આજના જગતને પૂછીએ કે ભાઈ ! સાધુ કોને કહેવો ? તો જવાબ મળશે કે 'જે પ્રજાનું કલ્યાણ ચિંતવે-કલ્યાણ ચિંતવે તે આત્માના હિતરૂપ કલ્યાણ નહિ, પણ દ્રવ્યાદિની વૃદ્ધિથી યુક્ત એવું કલ્યાણ-દેશમાં ઉદ્યોગ, હુન્નરો કેમ વધે, સ્ત્રીઓ અને પુરુષો બળવાન થઈને સારી સંતતિ કેમ ઉત્પન્ન કરે, એ સઘળાનો જ જે સદાકાળ વિચાર કર્યા કરે છે તે સાધુ છે. મહાનુભાવો ! જો સાધુને આવા જ વિચારો કરવાના હોય તો પછી એ સાધુને "સાધુ" ન કહેતા તેને "પંચાતિયો" કહેવો એ વધારે વાસ્તવિક છે. સાધુએ પોતાના ઘરની સમૃદ્ધિ છોડી છે, તેણે પૈસાટકા છોડ્યા છે, સ્ત્રીપુત્રો છોડયાં છે. હવે એ સાધુ પોતાની માલમિલકત અને સ્ત્રી-પુત્રોને છોડીને પારકાની માલ-મિલકત અને સ્ત્રી-પુત્રોની પંચાત કરવા નીકળી પડે, તો પછી એણે સાધુતા લીધી શા માટે હશે તેનો વિચાર કરો. જો સાધુને પારકાના સ્ત્રી-છોકરાંની સંભાળ લેવી હોત તો પછી તે પોતાના બૈરી-છોકરાંને શા માટે છોડી દેત વારૂ ? હોય તેનો ત્યાગ કરવો એનો અર્થ એ છે કે વમન કરવું કિંવા ઉલટી કરવી. સાધુએ પૈસોટકો, સત્તાસમૃદ્ધિ, સ્ત્રીપુત્રો એ બધાં છોડી દીધાં છે તેનો અર્થ એ છે કે તેની પાસે જે કાંઈ હતું તે બધાનું *તેણે વમન કરી નાખ્યું છે. હવે જો સાધુ કંચન અને કામિનીનો ત્યાગ કર્યા પછી તે વળી* પાછો કંચન અને કામિનીના જ વિચારોને લઈ બેસે, તો તેનો અર્થ એવો થાય છે કે તે ઓકેલું-વમન કરેલું-ત્યાગેલું ખાવાવાળો છે !

### પંચાતિયો એટલે પાપસાધુ

દેશ તરફની ફરજ વધારે કિંમતી છે, પરંતુ દેશ તરફની ફરજ કરતા પોતાના પ્રાન્ત પરત્વેની ફરજ વધારે મહત્વવાળી છે, તેના કરતાં ગામ પ્રત્યેની ફરજનું મહત્વ વધારે છે, તેના કરતાં ઘર પ્રત્યેની ફરજ મોટી છે અને એ જ ન્યાયે આખા ઘર કરતાંએ પોતાનાં બૈરીછોકરાં તરફની ફરજ વધારે મહત્વની માની લીધેલી છે. હવે જે સાધુએ પોતાની એ ઘર તરફની ફરજનો ત્યાગ કર્યો છે તે સાધુ પાછો આખા દેશની પૌદ્ગલિક વિચારણાઓને જ ચિંતવવા માંડે તો તેની સ્થિતિ વમેલાનું પ્રાશન કરનારા જેવી છે અને જે એવી પૌદ્ગલિક વિચારણાઓમાં જ સાધુ થઈને પણ ચકચૂર છે તેને આ મહાન શાસન ખુલ્લેખુલ્લી રીતે "**पापसाधु**" કહે છે. 'ખરેખરી મમતા પોતાના ઘર અને પોતાના બાયડીછોકરાં ઉપર હોય છે, માટે તેનો ત્યાગ કરી પારકાના સંસારનો સાધુઓએ વિચાર કરવો એથી મમતાદોષ લાગતો નથી!" એવો અર્થવાદ કદી જૈનશાસને કબુલ રાખ્યો જ નથી. વીજળીના તારને ભાવપૂર્વક અડકો, માધ્યસ્થભાવે અડકો કે દ્વેષપૂર્વક અડકો પરંતુ તે છતાં તેનો સ્પર્શમાત્ર પ્રાણહારક નીવડે છે, તે જ પ્રમાણે પૌદ્ગલિક વિચારોને પણ સ્પર્શનારો - પછી તે ગમે તે ભાવપૂર્વક એને સ્પર્શતો હોય તો પણ તે એમાં બંધન પામે છે. એટલા જ માટે દેશ, સમાજ, શહેર કે ગામને નામે પૌદ્ગલિક પ્રવૃત્તિ આદરનારો એને જૈનશાસન પાપસાધુ કહે છે.

### લૌકિક અને લોકોત્તર માર્ગ.

હવે વિચાર કરો કે છઠ્ઠે ગુણસ્થાનકે પ્રવર્તનારો મન અને વિચારોથી રહિત હોતો નથી. તે વિચારોથી યુકત છે અને છતાં તે પૌદ્ગલિક વિચારોનું સેવન કરી શકતો નથી. બીજી બાજુએ મન વિચારોથી શૂન્ય રહી જ શકતું નથી તો હવે વિચાર કરો કે મુનિ શું ચિંતવતા હશે ? આ જટિલ પ્રશ્નનો જવાબ જૈનશાસન આપે છે. જૈનશાસન કહે છે કે મુનિ એ લોકોત્તર માર્ગનું ચિંતવન કરનારો હોય છે. હવે લૌકિક અને લોકોત્તર માર્ગનો તફાવત ધ્યાનમાં લેવાની જરૂર છે. તમારે અમદાવાદ જવું હોય તો અમદાવાદનો માર્ગ તમારે જાણવો રહ્યો અને મુંબઈ જવું હોય તો મુંબઈનો માર્ગ તમારે જાણવો રહ્યો છે. જો તમે માર્ગ જ ન જાણતા હો તો તમારી દશા એવી થશે કે તમે * ઉધના જતાં કતારગામ જઈ પહોંચશો !!! એ જ પ્રમાણે લૌકિક અને લોકોત્તર માર્ગ પણ તમારે જાણવા જ રહ્યા. લૌકિક અને લોકોત્તર

---

* ઉધના અને કતારગામ એ બે ગામો સુરત જિલ્લામાં સામસામી દિશાએ આવેલાં છે અને સુરત જિલ્લામાં આ 'વાકય કહેવતના રૂપમાં વપરાય છે.

માર્ગ તમારે જાણવો નથી, એટલું પણ જ્ઞાન તમારે મેળવવું નથી. અને મોટી મોટી વાતો કરવી છે એ કદી બની શકવાનું નથી. "સાધુ શા માટે કોલેજના હોસ્ટેલનો વગર પગારનો છાત્રપતિ ન થાય, અને સાધ્વી શા માટે સુવાવડખાનાની પરિચારિકા ન બને ? એવા પ્રશ્નો કરનારા શઠાનંદોની પહેલી ફરજ એ છે કે તેમણે લૌકિક અને લોકોત્તર માર્ગ એનો ભેદ જાણવો જોઈએ.

**લોકોત્તર માર્ગ શી રીતે ગ્રહણ થાય ?**

વિષયો અને ઈન્દ્રિયો એની અપેક્ષાએ જે જે પ્રવૃત્તિઓ કરવામાં આવે છે તે સઘળી પ્રવૃત્તિઓએ લૌકિક માર્ગ છે અને એવા લૌકિક માર્ગથી પૌદ્‌ગલિક વિષય, કષાય, આરંભ, પરિગ્રહ આદિને પોષણ મળે છે. આત્માની અપેક્ષાએ જે જે પ્રવૃત્તિઓ આદરવામાં આવે છે તે લોકોત્તર માર્ગ છે અને એથી સમ્યગ્‌જ્ઞાન દર્શન અને ચારિત્ર એનું પોષણ થવા પામે છે. સાધુ એ મોક્ષમાર્ગનો અભિલાષી છે. તેની સઘળી પ્રવૃત્તિ મોક્ષપ્રાપ્તિની દ્રષ્ટિએ થાય છે, તેથી સાધુએ મોક્ષમાર્ગના સમીપમાં જવાને માટે આવો લોકોત્તર માર્ગ જ ગ્રહણ કરવો આવશ્યક છે. લોકસંજ્ઞામાં એટલે આવા લૌકિક માર્ગમાં કે જેના વડે પૌદ્‌ગલિક વસ્તુઓનું પોષણ થાય છે તેમાં મુનિએ મોં ઘાલવું એ સર્વથા શાસ્ત્ર અને જૈનશાસનની વિરુદ્ધ છે. લોકોત્તર સંજ્ઞામાં એટલે લોકોત્તર માર્ગમાં આરૂઢ રહેવું એ જ સાધુનો ધર્મ હોઈ સાધુએ એ લોકોત્તર માર્ગનું જ સદાસર્વદા ચિંતન કરવું જોઈએ. આ લોકોત્તર માર્ગ ગ્રહણ કરવાની જડ કઈ છે તે તપાસીએ. ચિત્રકાર પોતાનું ચિત્ર તૈયાર કરે છે તે પહેલાં તે પોતે જે ભૂમિ ઉપર ચિત્ર કાઢવાનો હોય છે તે ભીંતને સ્વચ્છ કરે છે. જો તે ભીંત સ્વચ્છ ન કરે અને ભીંત ઉપર પોપડા બાઝેલા રહેવા દઈ તેના ઉપર જ પોતાના સુરેખ ચિત્રો અંકિત કર્યો જાય તો તેનું પરિણામ એ જ આવવા પામે છે કે વરસાદની ધારામાં તૂટી પડતાં જ એ પોપડા નીચે ઉખડી પડે છે અને ચિત્રો પાછળ ચિત્રકારે જેટલી મહેનત લીધી હોય તે સઘળી રદ જાય છે.

**ત્રણ વસ્તુની યાદ રાખો.**

ચિત્રકાર પોતે પોતાના ચિત્રો તૈયાર કરતાં પહેલાં ભીંતને સ્વચ્છ કરે છે અને તે પછી જ પોતાનાં ચિત્રો ત્યાં અંકિત કરે છે તે જ પ્રમાણે શાસનરસિકતારૂપી સુરેખ ચિત્રો તૈયાર કરતાં પહેલાં આપણે પણ ભીંત સ્વચ્છ કરવાની જરૂર છે. અહીં જૈનશાસનમાં ભીંતને સ્થાને કઈ વસ્તુ રહેલી છે તે તપાસો. જેમ પેલો ચિત્રકાર ભીંત સાફ કર્યા વિના ચિત્રો દોરે છે તે નિષ્ફળ જવાનાં છે તે જ પ્રમાણેનો લૌકિક માર્ગ છે. છઠ્ઠા ગુણસ્થાનકે પ્રવેશીને જે ભયંકર પર્વત સમાન આ ભવને ગણે છે એ લોકોત્તર માર્ગ હોઈ તે ચિત્રામણ સ્વચ્છ ભીંત ઉપર દોરાવું જોઈએ. જૈનશાસનમાં ભીંતને સ્થાને કઈ વસ્તુ છે તેનો પ્રતિઉત્તર એ છે કે (૧) જીવ અનાદિનો છે (૨) ભવ અનાદિનો છે અને (૩) કર્મ સંયોગ પણ અનાદિનો છે એ સ્વરૂપે અહીં ભીંતને સ્વરૂપે રહેલી છે. આ ત્રણ બાબતનું જ્ઞાન, આ ત્રણ બાબતની

શુદ્ધ સમજણ એ આ જૈન શાસનની ભીંત છે. આ જ્ઞાન દરેકે દરેક જૈન બાળકને ગળથૂથીમાં જ પાવાની જરૂર છે. શ્રાવકકુળમાં અને બીજા આર્ય અથવા અનાર્ય કુળોમાં વ્યવહારિક દ્રષ્ટિએ તમે જોશો તો કશો જ ફેરફાર નથી. શ્રાવકના ઘરમાં ધર્મ-પત્નીને પાંચ મહિનામાં સંપૂર્ણ બાળક અવતરતું નથી. જે ગર્ભની વેદનાઓ મુસલમાન કિંવા ખ્રિસ્તીને ભોગવવી પડે છે તે જ સઘળી વેદનાઓ શ્રાવકકુળમાં પણ જન્મ લેનારાને ભોગવવી જ પડે છે ત્યારે વિચાર કરો કે શ્રાવકકુળની મહત્તા શાને અંગે વિદ્યમાન છે ?

**જૈનકુળ દુર્લભ કેમ ?**

દેવલોકમાં જે જીવ રહેલો છે અથવા ઈન્દ્રપણું જે જીવ પામેલો છે તે જીવ પણ નિરંતર એવો વિચાર કરે છે કે ચક્રવર્તિપણું ન મળે તો ભલે પરંતુ જૈનકુળ તો મળવું જ જોઈએ. જૈનકુળ મળ્યા વિના ચક્રવર્તિપણું મળતું હોય તો તે સુભાગી જીવ તે ચક્રવર્તિપણાને ચહાતો નથી પરંતુ જો સંપત્તિહીન બનીને પણ જૈનકુળ મળતું હોય તો જીવ તેનો સ્વીકાર કરે છે, ત્યારે વિચાર કરો કે જીવ જૈનકુળને સદાસર્વદા શા માટે ચ્હાય છે વારૂ ? ઈંદ્ર જેવો પણ એવી ઈચ્છા કરે છે કે શ્રાવકના ઘરમાં નોકર થઈને પણ છેવટે હું અવતરું તો મારા ધનભાગ્ય છે. જે ધર્મિષ્ઠ અને ભાવિક છે તે જૈનત્વ વિનાના ચક્રવર્તિપણાને લાત મારે છે, જીવના આવા વિચારો એ સામાન્ય રીતે કહીએ તો ગયા ભવના વિચારો ગણાય છે. જીવના જન્મ ધારણ કરવાના પહેલાંના આ સુંદર વિચારોનો વિચાર કરીએ છીએ ત્યારે આપણને શ્રાવકકુળની મહત્તા કેવી મહાન હોવી જોઈએ તેનો ખ્યાલ થાય છે. જીવ ચક્રવર્તિપણાને લાત મારે છે, બીજા સઘળા સુખવૈભવોને લાત મારે છે અને તે મહાપવિત્ર એવું જૈનકુળ સ્વીકારે છે. ત્યારે હવે આપણે પુખ્તપણે જીવની આ વિચારણાનું રહસ્ય તપાસો કે જીવ કઈ આશાએ ચક્રવર્તિપણાને ભોગે જૈનકુળ ઈચ્છે છે, જૈનેતર કુળમાં પણ જન્મમરણાદિનાં જે દુઃખો પડે છે તે સઘળાં જ જૈનકુળમાં પણ વિદ્યમાન છે, તો પછી જૈનત્વની મહત્તા શું હશે તે વિચારો. જૈનત્વની મહત્તા એ છે કે અન્યત્ર ગળથૂથીમાંથી જ જીવને પૌદ્ગલિકતાનું ઝેર મળે છે જ્યારે જૈનકુળમાં ગળથૂથીમાં જ ધર્મામૃતની પ્રાપ્તિ થાય છે.

**પૌદ્ગલિક પ્રવૃત્તિ પરત્વે ધિક્કાર.**

શ્રાવકકુળનો અને અન્યકુળોનો તફાવત તમે અહીં સૂક્ષ્મપણે ધ્યાનમાં લેશો, તો જ તમો શ્રાવકકુળની મહત્તાને સારી પેઠે સમજી શકશો. તેમ કર્યા વિના જૈનત્વની મહત્તા તમારા ખ્યાલમાં સારી રીતે આવવાની નથી. સાધારણ રીતે બહારથી જોશો તો જૈન અને જૈનેતર કુળમાં તમોને કશો પણ ભેદ નહિ જણાય ! અજૈનો પણ ધંધો-રોજગાર, વ્યાપાર કરે છે અને તેની જ કેળવણી પોતાના બચ્ચાં-છોકરાંને

આપે છે અને જૈનો પણ પૌદ્‌ગલિક તત્ત્વોને પોષતા ઉદ્યમવ્યવસાય જૈન બાળકોને શીખવે છે અને છતાં જ્યારે આપણે જૈન અને જૈનેતર કુળોમાં તફાવત માનીએ છીએ તો પછી એ તફાવત શું હશે તે ધ્યાનમાં લેવું જ જોઈએ. એ તફાવત એટલો જ છે કે જૈનેતરકુળમાં સાંસારિક વ્યવહારો કરવા યોગ્ય છે એમ માનીને કરવામાં આવે છે ત્યારે જૈનકુળમાં પૌદ્‌ગલિક વ્યવહારો કરવા યોગ્ય તો નથી જ પણ તે નિરૂપાયે કરવા પડે છે એમ માનીને કરવામાં આવે છે. સુધારકોમાં અને ધર્મીવર્ગમાં પણ જે તફાવત નજરે પડે છે તે અહીં જ છે. જગતની સઘળી પ્રવૃત્તિઓને સુધારકો આદરણીય માનીને આદરે છે અને ધર્મીવર્ગ તે કરવી પડે છે માટે કરે છે. અર્થાત્ પૌદગલિક પ્રવૃત્તિ એ જ એકનું ધ્યેય છે ત્યારે બીજાનો પૌદગલિક પ્રવૃત્તિઓ પરત્વે ધિક્કાર છે.

**વાણીયાભાઈ જા તાજીયામાં !**

આ વસ્તુ પૂરી રીતે સમજવા માટે એક રમુજી દ્રષ્ટાંત લઈએ. કોઈ એક કસ્બાનું ગામ હતું. ગામમાં મીયાભાઈની વસતિ વધારે હતી અને ત્રણ-ચાર હિન્દુઓના ઘર હતાં ! એક દિવસ તાજીયા નીકળ્યા. તાજીયાનું સરઘસ ચાલતું હતું. તેના ઉપાસકો પાછળ રોક્કળ અને હાયપીટ કરતા ચાલતા હતા. એટલામાં એક વાણીયો તે રસ્તે આવી પહોંચ્યો. પેલા મુસલમાનોમાંથી હાથ પકડીને એકે વાણીયાને પણ સરઘસમાં ખેંચી લીધો ! વાણીયો પણ સરઘસમાં ભરાઈને મુસલમાનો સાથે રોક્કળ કરવાનો ઢોંગ કરીને કૂટવા લાગ્યો ! મુસલમાનો તો કૂટતા જાય અને મોઢેથી મોટા મોટા સૂરમાં યા હુસેન, યા હુસેન ! એમ બોલતા જાય, ત્યારે આ વાણીયાભાઈ "આવી ભરાયા રે ભાઈ આવી ભરાયા!" એમ બોલીને કૂટતા જાય ! મુસલમાનોની રોક્કળમાં તેમના માન્ય પુરુષો પરત્વેની લાગણી હતી ત્યારે પેલો વાણીયો માત્ર માથા ઉપરની વેઠ ઉતારી રહ્યો હતો ! શ્રાવકકુળમાં પૌદગલિક પ્રવૃત્તિનું પોષણ થાય છે તે આવી ભાવનાથી થાય છે જે ભાવનાથી પેલો વાણીયો પોતાના મુસલમાન મિત્રોસહ કુટતો હતો તે જ ભાવનાથી શ્રાવકકુળમાં પૌદગલિક પ્રવૃત્તિઓ પોષાય છે. શ્રાવકકુળમાં તે પ્રવૃત્તિને ધ્યેય કે ઉદ્દેશ તરીકે રાખવામાં આવતી નથી. જે કોઈ પોતે પોતાની શ્રાવકકુળ તરીકેની મહત્તા જાળવી રાખવા માગે છે, તેણે શ્રાવકકુળનો આ મુખ્ય આચાર દ્રઢપણે પાળવાનો જ છે. આ આચારમાં કોઈ પણ રીતે ભેદ કે અપવાદ રહે એ જૈનશાસન ચલાવી લેવા માંગતું નથી. આ રીતિથી ઉલટી રીતે વર્તનારાઓ પોતાના બાળકોને ગળથૂથીમાં જ પૌદગલિક પોષણના તત્ત્વો પાનારાઓ જૈનશાસન સમજેલા નથી.

**શ્રાવકના આચાર પાળે તે શ્રાવક.**

જે કોઈ પોતાને શ્રાવક કહેવડાવે છે તેણે શ્રાવકકુળના કુલાચારને પાળે જ છૂટકો છે. જે શ્રાવક

કહેવડાવનારો પોતે લૌકિક સ્થિતિએ વિધેય તરીકે અથવા આદરવા યોગ્ય પ્રવૃત્તિ તરીકે બતાવે છે તેને શ્રાવક તરીકે પણ સ્વીકારવાની શાસ્ત્રોમાં સ્પષ્ટ ના છે. શ્રાવકપણાની પરિણતિનું જ્યાં કાંઈ પણ સ્થાન ન હોય અને પૌદ્‌ગલિક પોષણની જ જ્યાં ગળથૂથી દેવાતી હોય તેણે વિચાર કરવાનો છે કે પોતાના સુભાગ્યને યોગે મળેલો યોગ તે મિથ્યા કરે છે. જગતમાં અનેક યોનિઓ છે તેમાં મનુષ્ય યોનિ શ્રેષ્ઠ છે. મનુષ્યયોનિમાં આર્યક્ષેત્ર ઉત્તમ છે અને આર્યક્ષેત્રમાં પણ જૈનકુળ શ્રેષ્ઠ છે. હવે જૈનકુળમાં આવ્યા છતાં પણ ધર્મામૃતની ગળથૂથી જ મળે છે કે પૌદ્‌ગલિકતાનું વિષ દેવાય છે તે કાંઈ નક્કી નથી. આથી જ શાસ્ત્રકાર મહર્ષિઓ મનુષ્યભવને "દશ દ્રષ્ટાંતે દુર્લભ" કહે છે. ચોર્યાસી લાખ જીવોની યોનિઓ છે તેમાં ગર્ભ થકી જન્મની પ્રાપ્તિ થાય છે એવી યોનિ બહુ જ થોડી છે અને તેમાંએ આર્યકુળ અને જૈનકુળ મહા દુર્લભ છે અર્થાત્ સંસાર એ જીવાત્માને માટે તો જેમાં લાખો માર્ગો હોય એવી પ્રચંડ ભૂલભૂલામણી જ છે. દુનિયાના કારીગરોએ પાંચ સાત માર્ગોની ભૂલભૂલામણી બનાવી હોય તો પણ મનુષ્ય તેમાં ભૂલો પડી જાય છે અને ચક્કરે ચઢે છે તો પછી જે ભૂલભૂલામણીમાં લાખો માર્ગો છે તેવી પ્રચંડ ભૂલભૂલામણી માટે તો કહેવાનું જ શું હોય વારૂં ?

**ત્યાગવા લાયક શું ? માગવા લાયક શું ?**

વળી બીજી એક ખાસ ધ્યાનમાં રાખવાની વાત છે તે સમજો. ભૂલભૂલામણીમાં ફરનારો માણસ તો પોતાની આંખોને ખુલ્લી રાખીને ચાલનારો હોય છે તે છતાં પણ તે ભૂલો પડે છે ત્યારે કોઈ આંધળો આ ભૂલભૂલામણીમાં જઈ પડ્યો હોય તો તેની શી દશા થાય તેની માત્ર કલ્પના જ કરી લો. નજરે જોઈને ચાલનારો પાંચ રસ્તામાં ભૂલો પડી જાય છે ત્યારે અહીં તો લાખો રસ્તા છે અને તે રસ્તે ચાલનારા જીવાત્માની દશા આંધળા જેવી છે. આવા પ્રચંડ મોહમાર્ગનો જ્યાં વિસ્તાર છે તેવા સંસારમાં જૈનકુળ સિવાય અન્ય કુળની પ્રાપ્તિ થાય તો તેને માટે જીવાત્માને કેટલો ખેદ થવો જોઈએ તેનો વિચાર કરો. આર્દ્રકુમાર ચારિત્રવિરાધનાના પાપથી અનાર્ય ક્ષેત્રમાં જન્મ્યા હતા પરંતુ તેને તેનો શોક એટલો બધો થતો હતો કે છેવટે તે માતા, પિતા, સઘળાને ઠગીને રાજ્ય તથા ઘર તજીને નીકળી ગયો, લક્ષ્મીને લાત મારી અને રાજગૃહીના મહારાજા શ્રીશ્રેણિકના પુત્ર અભયકુમાર સાથે મિત્રતા કરી તેણે પણ દીક્ષા લીધી. અનાર્ય કુળમાં ઉપજ્યાનો ભવ્ય આત્માને કેટલો શોક થાય છે તે જુઓ ! જે સદાસર્વદા ધર્મનો ચાહક છે એવો જીવ જે ધર્મને માટે લાયક છે તે જીવ શ્રાવકકુળ સિવાય અન્ય કુળમાં જન્મ લેતો નથી. શ્રીમંતાવસ્થા, ધનવૈભવ અને છેવટે ચક્રવર્તિપણું પણ ત્યાગવા લાયક કહ્યું છે તે શ્રાવકકુળને અંગે ત્યાગવા લાયક કહેલું છે, આ કથનનો મર્મ સ્પષ્ટ રીતિએ એટલો જ છે કે આત્માના હિતની દ્રષ્ટિએ જેનું ત્રાજવું ઘડાયેલું છે તેના ત્રાજવામાં એક તરફ શ્રાવકકુળ મૂકો અને બીજી બાજુએ ધન, વૈભવ,

સંપત્તિ, સંતતિ અને છેવટે ચક્રવર્તિપણું મૂકો તો પણ એ ત્રાજવાનું શ્રાવકકુળવાળું પલ્લું જ નીચે નમી ગયા વગર રહેશે નહિં.

**ભયંકર ભૂલભૂલામણી.**

શ્રાવકકુળની શાસ્ત્રકારોએ આ રીતે મહત્તા બતાવી છે. બીજી અસંખ્ય યોનિઓ કહી છે. આ સઘળી યોનિમાંથી પસાર થઈને મનુષ્યયોનિમાં આવવું તે પ્રચંડ ભૂલભૂલામણીઓમાંથી પસાર થવા બરાબર છે. તમારા લક્ષ્યમાં આ વસ્તુ યથાર્થપણે આવવાની જરૂર છે અને તે માટે તમારે જીવાત્મા એક પછી એક યોનિઓ કેવી રીતે મેળવે છે તે વસ્તુ સમજવી આવશ્યક છે. જીવાત્મા સૂક્ષ્મનિગોદમાંથી બાદરનિગોદમાં, તેમાંથી પૃથ્વીકાયામાં, વનસ્પતિકાયમાં અને તે પછી જલ, તેજ, વાયુમાં પ્રવેશ કરે છે, ત્યાંથી બે ઈંન્દ્રિયવાળી યોનિમાં જીવાત્મા જાય છે અને ત્યાંથી પણ તેને ભિન્નભિન્ન યોનિઓ મળ્યા કરે છે. આ દરેક યોનિઓમાં પણ આવી જ પ્રચંડ ભૂલભૂલામણીઓ રહેલી છે. આ સઘળી યોનિઓમાંથી પસાર થઈને જીવાત્માને મનુષ્યયોનિમાં આવવું પડે છે. શાસ્ત્રકારોએ ચોર્યાસી લાખ યોનિઓ કહી છે પરંતુ તેમાંથી એકપણ યોનિ એવી નથી કે જે યોનિમાંથી નીકળેલો ગર્ભ જ આત્મા સીધો મનુષ્યયોનિમાં જ આવી શકે. આટલા માટે આ ચોર્યાસી લાખ યોનિઓ એને શાસ્ત્રે આત્મા માટેની ભૂલભૂલામણી કહી છે. બે યોનિઓને વિષે જે ભૂલભૂલામણી રહેલી છે તેના કરતાં આર્યક્ષેત્રને વિષે વધારે ગંભીર પ્રકારની ભૂલભૂલામણીઓ રહેલી છે તેનો પણ તમારે ખ્યાલ કરી લેવાનો છે.

**શ્રાવકત્વ સુકર્તવ્યને આધીન છે.**

નવગ્રૈવેયક, આઠ દેવલોક સિવાયના તેનાથી ઉપરના ચાર દેવલોક તથા અનુત્તર, આ સઘળા સ્થાનોએથી જે જીવાત્મા યા દેવચ્યવે છે તે સીધો આર્યક્ષેત્રને જ પ્રાપ્ત કરે છે, પરંતુ આર્યક્ષેત્ર એ કાંઈ સુલભ વસ્તુ નથી. આખા ભરતખંડમાં ૩૨ હજાર દેશો છે અને તે બત્રીશ હજાર દેશોમાં માત્ર ભરતદ્વીપની અંદર પણ ફક્ત ૨૫ાા આર્ય દેશો છે. ૩૨ હજાર દેશોમાં ૨૫ાા દેશો તે સમસ્ત જગતનો કેટલામો ભાગ થયો તે વિચારીએ છીએ ત્યારે આર્યક્ષેત્રનો મહાન મહિમા ખ્યાલમાં આવવા પામે છે. આર્યક્ષેત્ર પણ અનેક કુળોથી અને અનેક જાતિઓથી ભરેલું છે. આર્યક્ષેત્રમાં પણ ભીલ, કોળી, કાછીઆ, કુંભાર, સુથાર, ઈત્યાદિ અનેક કુળોને અવકાશ છે અને તે સઘળામાંથી શ્રાવકકુળ શોધવાનું છે એનો અર્થ એ છે કે ક્ષેત્રને વિષે જેવી પ્રચંડ ભૂલભૂલામણી છે તેવી જ ભૂલભૂલામણી કુળને વિષે પણ રહેલી છે. હવે આવી મહાન ભૂલભૂલામણીમાંથી જીવ શ્રાવકકુળ કેવી રીતે મેળવી શકે છે તેનો વિચાર કરો. જે રીતિએ બીજી ગતિઓના કર્મો કરતાં મનુષ્યપણાનું સારું કર્મ બાંધ્યું હોય ત્યારે આત્મા મનુષ્યપણામાં

જન્મે છે તે જ પ્રમાણે બીજા કુળો કરતાં સારું કર્મ બાંધ્યું હોય ત્યારે અન્ય કુળો રહી જઈને જીવાત્માને શ્રાવકકુળ મળે છે. શ્રાવકકુળ પણ સુકર્મોને આધીન છે. શ્રાવકકુળ ઉત્તમ છે એ સર્વશ્રેષ્ઠ છે પરંતુ જીવાત્મા ગમે તેવા પાપકર્મો કરતો રહે અને પછી શ્રાવકકુળની ભાવના રાખે તો તેથી જીવાત્મા શ્રાવકકુળને શોભાવી શકતો નથી. ગતજન્મોમાં તેણે શુભક્રિયાઓ કરી હશે અને તેને યોગે જો તેણે સારા કર્મો બાંધ્યા હશે તો જ તેને શ્રાવકકુળની પ્રાપ્તિ થાય છે.

**માતૃગતજાતિનું મહત્વ.**

આ રીતે પુનઃ જરા પહેલાંથી આપણે વિચારેલા ક્રમને તપાસી જોઈએ. સંસારસાગરમાં ચોર્યાસી લાખ યોનિ છે. ચોર્યાસી લાખ યોનિમાં ગર્ભજસ્થાન બહુ થોડા છે, તે સઘળામાં મનુષ્યભવ દુર્લભ છે, મનુષ્યભવની પ્રાપ્તિ થાય તો પણ આર્યક્ષેત્ર મળવું એ મહાદુર્લભ છે. આર્યક્ષેત્રમાં પણ આર્યકુળ દુર્લભ છે અને તેમાંએ શ્રાવકકુળ એ તો અતિ દુર્લભ વસ્તુ છે. હવે તમે શ્રાવકકુળ ઉપર આવી પહોંચ્યા છો પરંતુ તે છતાં જાતિનો વિચાર પણ અહીં શાસ્ત્રકારોએ કર્તવ્ય માન્યો છે. બાપ-પિતાના ઉપરથી કુળ ગણાય છે પરંતુ જાતિ તો માતા ઉપરથી જ સિદ્ધ થાય છે. પિતાનો જે પક્ષ હોય તે કુળ કહેવાય છે અને માતાનો જે પક્ષ હોય તે જાતિ કહેવાય છે. પિતા સારા હોય, કુળવાન હોય, ધર્મશ્રદ્ધાવાળો હોય છતાં પણ સુજાતિ મેળવવી એ શ્રાવકકુળ મેળવ્યા પછી પણ મહાદુર્લભ છે, અને એવી સારી જાતિ પણ શુભ ક્રિયાઓ દ્વારા સારા કર્મો બાંધ્યા હોય તો જ તેથી પ્રાપ્ત થનારી છે અન્યથા નહિ ! પિતા કરતાં બાળકને ધાર્મિક સંસ્કાર પાડવામાં માતાનું મહત્વ વધારે છે, પિતા ચુસ્ત શ્રાવક હોવા છતાં માતા મિથ્યાત્વીના કુળની હોય તો કોઈપણ જાતના સંશય વિના પણ આપણે એમ કહી શકીશું કે બાળકનો જન્મ બગડ્યા વિના રહેવાનો નથી જ !

**સુભદ્રાનું મહત્વ વિચારો.**

માતાની જાતિનું મહત્વ કેટલું છે તે આપણે સુભદ્રાવતીના દ્રષ્ટાંત ઉપરથી સારી રીતે સમજી શકીએ છીએ. સુભદ્રા એક ચુસ્ત જૈનગૃહસ્થની પુત્રી હતી. તેનું સૌંદર્ય એટલું બધું આકર્ષક હતું કે અનેક પુરુષો તેને વરવાની ઈચ્છા કરતા હતા. છેવટે એક અજૈન બૌધ્ધે એવો વિચાર કર્યો કે હું અજૈન છું એટલે સુભદ્રાનો પિતા સુભદ્રા મને આપવાનો નથી આથી તે નામધારી જૈન બન્યો અને સુભદ્રાને પરણ્યો. પેલો બૌદ્ધ સસરાના કહેવાથી પોતે જુદો રહ્યો છે જેથી જૈનપુત્રીમાં બૌદ્ધના સંસ્કાર ન પડે. પરણ્યા પછી પોતાને પરણનારે કેવો પ્રપંચ કર્યો છે. તે વાત સુભદ્રાના સમજવામાં આવી ગઈ. સુભદ્રાએ પોતાના ભાગ્યમાં જે લખ્યું હશે તે થયું છે એમ માનીને તેણે સંતોષ માન્યો અને તે પોતાના જૈનાચાર બરાબર

રીતે પળવા લાગી. સુભદ્રાનાં સાસુ-સસરા અજૈન હતા. તેમને સુભદ્રાનો જૈનાચાર શૈલ્યની માફક ખૂંચવા લાગ્યો. હવે એવું બન્યું કે એક દિવસ સુભદ્રા બારણે ઉભી હતી એવામાં એક તપસ્વી જૈન સાધુ ત્યાંથી પસાર થતા હતા. સાધુના નેત્રમાં રસ્તામાં ચાલતાં કાંઈક ઘાસનું તણખલું પડ્યું હતું અને તેથી તેમની આંખ લાલચોળ બની તેમાંથી પાણી ઝરી રહ્યું હતું. સુભદ્રાએ સાધુને જોઈને તેમને કહ્યું. "મહારાજ! આપના નેત્રમાં કાંઈક તરણું પડ્યું છે માટે જો આપ ઉભા રહો તો તમારી આંખમાંનું તરણું હું કાઢી નાંખું !" સાધુ અનુગ્રહ કરીને ઉભા રહ્યા એટલે સુભદ્રાએ પોતાની જીભ તેમની આંખમાં ફેરવી જેથી જીભના કરકરા અગ્રભાગને ચોંટીને પેલું કચરું નીકળી ગયું. સુભદ્રાએ પોતાની જીભ સાધુની આંખમાં ફેરવી તે સમયે તેના કપાળે કેસરનો ચાંદલો કરેલો હતો, ચાંદલો લીલો હતો એ ચાંદલાની છાપ સાધુના કપાળમાં ચોંટી ગઈ.

**કુલ કામિનીઓની પરીક્ષા.**

હવે એવું થયું કે સાધુ નીકળીને જ્યાં બહાર જાય છે ત્યાં સુભદ્રાની સાસુ આવી પહોંચી. તેણે સાધુના કપાળમાં કેસરના તિલકની છાપ જોઈ અને તેથી તેણે સુભદ્રાને દુરાચારિણી માની લઈ તેના ઉપર વ્યભિચારનું પાતક મૂક્યું. સાસુ-સસરાએ તેનો તિરસ્કાર કર્યો. ખિન્ન થયેલી સુભદ્રા આથી શાસનદેવતા પાસે ગઈ અને ત્યાં કાઉસગ્ગ કરીને ઘોર પ્રતિજ્ઞા કરી કેઃ હે શાસનદેવતા ! મારા ઉપર જે મહાભયાનક આળ ચઢ્યું છે તે આળ જ્યાં સુધી નષ્ટ ન થાય ત્યાં સુધી મારે અન્નજળ ત્યાગ છે. સુભદ્રાએ આવી પ્રતિજ્ઞા કરતાં તે જ ક્ષણે આકાશવાણી થઈ કે : હે સુભદ્રા ! તારા ઉપર ચઢેલું આળ આવતી કાલે જ ઉતરી જશે ! બીજે દિવસે દૈવી શક્તિથી નગરના કિલ્લાના બારણાઓ બંધ થઈ ગયા. બારણા એવા બંધ થઈ ગયાં કે તે ગમે તે પ્રકારે ઉઘડે નહિ. બારણા પર હથોડા મારે તો હથોડા ઉછળીને જ પાછા પડે. છેવટે આકાશવાણી થઈ કે "જે કોઈ સાચી સતી હશે અને તે મહિલા જો કાચા સુતરના તાંતણાથી ચાળણી વડે કુવામાંથી પાણી કાઢી તે પાણી બારણા પર છાંટશે ત્યારે જ આ કોટના બારણા ઉઘડી જશે !" આકાશવાણી સાંભળી ચંપાપુરીના રાજાએ તેવો ઢંઢેરો પીટાવ્યો. રાજાએ જાણ્યું કે મારા અંતઃપુરમાં જે નારીઓ છે તે તો સતીઓ છે જ એટલે આ કામ અવશ્ય પાર પડશે. આમ ધારી રાજાએ રાણીઓને પાણી ભરવા મોકલી, પરંતુ તેઓ કાચા સૂતરથી જ્યાં ચારણી બાંધીને કૂવામાં મૂકે છે કે ત્યાં જ સૂતરનો તાંતણો તૂટી ગયો. મન, વચન અને કાયાએ યુક્ત એવું સતીત્વ કેટલી રમણીઓ પાળે છે તે જાહેર થયું અને હજારો કુલકામિનીઓની બેઆબરૂ થઈ !

**સતી પરીક્ષામાં પસાર.**

હવે સુભદ્રાએ આ કાર્ય કરવા સાસુની રજા માગી. સાસુએ જવાબ આપ્યો : 'બેસ ! બેસ ! તારું સતીત્વ કેવું છે તે તો હું જાણું છું !' સુભદ્રા સસરા પાસે ગઈ ત્યાંથી પણ એ જ જવાબ મળ્યો. પતિ પાસે રજા લેવા ગઈ. ત્યારે પતિએ કહ્યું કે મારી માતા તો તારા ઉપર આવું આળ મૂકે છે પરંતુ મારો તારા ઉપર પ્રેમ છે માટે જો તારી મરજી હોય તો હું તને આ કાર્યમાં પ્રવૃત્ત થવાની રજા આપું છું. સુભદ્રા કૂવા પાસે ગઈ અને તેણે સર્વ દેવ, યક્ષો આદિની સાંન્નિધ્યતામાં કહ્યું કે, "હે દેવો, યક્ષો ! અને શાસનદેવતાઓ જો મેં મન, વચન અને કાયાથી શીલવ્રત પાળ્યું હોય તો આ કાર્ય મારે હસ્ત પૂર્ણ થજો!" પ્રતિજ્ઞા કરીને સુભદ્રાએ ચાળણી કાચા તાતણાએ બાંધીને કુવામાં મૂકી કે તરત જ સડસડાટ કરતી ચાળણી નીચે ઉતરી ગઈ પાણીથી ભરાઈ બહાર આવી અને તેની સુભદ્રા જ્યાં બારણા પર અંજલિ છાંટે છે કે બારણાં ઉઘડી ગયાં. સુભદ્રાએ ત્રણ બારણા ખોલી નાખ્યા અને એક બારણું બીજી સતીઓને પોતાનો પ્રભાવ દર્શાવવાને માટે બંધ રહેવા દીધું. આજે પણ ચંપાપુરીમાં હજી એ ત્રણ ખુલ્લા દરવાજા અને ચોથો બંધ દરવાજો, સુભદ્રાના દિવ્ય જીવનની સાક્ષી પૂરતા ઉભા છે. માતૃગત ઉત્તમ જાતિનું મહત્વ કેટલું છે તે આ કથાનક ઉપરથી સ્પષ્ટ થાય છે.

**માતાની મહત્તા.**

બાપ સંતતિને અન્ન આપે છે તેનું પાલનપોષણ કરે છે તેનો તે સંરક્ષક છે એની કોઈથી ના પાડી શકાવાની જ નથી, પરંતુ બાળક ઉપર વધારે પ્રભાવ તો માતાનો જ પડે છે. માતા જેવી ક્રિયા કરે છે, જેવું ધર્માચરણ કરે છે, અને જે રીતિએ વર્તન કરે છે તેવી જ છાપ બાળક ઉપર પડે છે. માતાના વર્તનનું જ બાળક અનુકરણ કરે છે. માતા કીડી, મંકોડી, માંકડ ઈત્યાદિને મારવા લાગશે તો બાળક પણ તે જોઈને તેવું જ કરવાને પ્રેરાશે અને માતા જો રોગી, અપંગી અને લંગડા લુલાને દાન આપનારી હશે તો બાળક પણ તેવું જ વર્તન કરવાને લલચાશે, શ્રાવકકુળની જે ગળથૂથી પાવાની છે તે પણ માતાને હાથે જ બાળકને પાવામાં આવે છે. માતા શ્રાવિકાના ધર્મોને સમજનારી અને તે પ્રમાણે વર્તનારી હશે તો તેની છાપ પણ બાળકોના ઉપર જરૂર પડવાની જ અને તે બાળક કદી પણ ધર્મહીન થવાનો નહિ. પિતા ધર્મને પામેલો નહિ હોય છતાં માતા જો શ્રાવિકાના શુભ લક્ષણોથી યુકત હશે તો તે માતા પોતાના બાળકને સાચો શ્રાવક બનાવી શકશે ત્યારે પિતા સારા સંસ્કારવાળો હશે તે બાળકને નિરંતર ધાર્મિક સંસ્કારો પાડતો જ રહેશે પરંતુ તે છતાં માતાના સંસ્કારો જો સારા નહિ હોય તો પિતાના પાડેલા સંસ્કારો નકામા જશે અને માતાના વર્તનની છાપ બાળક ઉપર દૃઢ થશે, એટલા જ માટે શ્રાવકકુળમાં માતૃગત જાતિનું મહત્વ સ્વીકારવામાં આવ્યું છે.

(અપૂર્ણ.)

(ટાઈટલ પાના ૪નું અનુસંધાન)

પણ આરાધવા લાયક એવી ઓળીની અઠાઈના આરાધવામાં કયો મનુષ્ય કચાશ રાખે?

અન્ય પર્વો આરાધવામાં દેવ, ગુરુ કે ધર્મ એ ત્રણમાંથી કોઈ કોઈ એકની જ મુખ્યતા હોય છે, ત્યારે આ શ્રી સિદ્ધચક્ર એટલે નવપદજીની આરાધનામાં તે દેવ, ગુરુ અને ધર્મ ત્રણે તત્ત્વની એકસરખી રીતે મુખ્યતા છે.

આ નવે પદોમાં પણ એ વિચિત્ર ખુબી છે કે પહેલું દેવતત્ત્વ લીધું છે, અને તેના બે પદો છે. જ્યારે બીજું ગુરુતત્ત્વ લઈ તેમાં આચાર્યાદિક ત્રણ પદો રાખ્યાં છે, અને ત્રીજું ધર્મતત્ત્વ લઈ તેના સમ્યગ્દર્શનાદિ ચાર પદો રાખ્યાં છે. એટલે પહેલાંના બે, બીજાનાં ત્રણ અને ત્રીજાના ચાર એમ મળી ત્રણે તત્ત્વના નવપદો સ્થાનથી એક એક વૃદ્ધિવાળાં કરેલાં છે.

ભગવાન અરિહંત વિગેરે નવ આરાધ્યપદોને ચક્રના આકારે ગોઠવેલા હોવાથી તે નવપદનું યંત્ર (સ્થાપના) તે ચક્રના આકારને ધારણ કરે છે, અને તેથી તેને સિદ્ધચક્ર કહેવાય છે.

એ નવપદજીના યંત્ર, મંડળ કે ગટ્ટામાં અરિહંત મહારાજને કર્ણિકાસ્થાને બિરાજેલા જેમ ગણાય છે તેમ સ્થાપનાના આકારની અપેક્ષાએ જ્યારે ચક્ર તરીકે કહેવામાં આવે ત્યારે ત્રિલોકનાથ તીર્થંકરો તે નવપદરૂપી ચક્રની નાભિને સ્થાને બિરાજમાન થયેલા ગણાય. આ ચક્ર ચાલતું નહિ પણ સ્થિર હોવાથી તે નવપદના ચક્રમાં સિદ્ધ મહારાજા જ ઉચ્ચ સ્થાને બિરાજમાન થયેલા છે, અને તેથી આ યંત્રને સિદ્ધ મહારાજા બીજે સ્થાને છતાં પણ સૌથી ઉચ્ચ સ્થાને આવવાથી શ્રી સિદ્ધચક્રયંત્ર તરીકે જાણવું, માનવું કે જાહેર કરવું તે યોગ્ય જ છે.

✱ ✱ ✱

# શ્રી સિદ્ધચક્રને અંગે કંઈક ઉપયોગી

શ્રી સિદ્ધચક્રમાં જ આરાધ્યપદોની સંખ્યાને અંગે જોડાયેલો અંક ચાહે જેટલા પૂર્ણાંક ગુણાકારે ગુણીએ તો પણ ભિન્નતાને ધારણ કરતો નથી. નવને એકે ગુણતાં તો નવ આવે જ છે, પણ તેને બેએ ગુણીએ તો અઢાર આવે તેમાં પણ આઠ ને એક નવ જ થાય. ત્રણે ગુણતાં સત્તાવીસ આવે તો સાત ને બે નવ જ થાય. યાવત્ નવે ગુણીએ તો પણ એક ને આઠ નવ જ થાય. વીસે ગુણીએ તો એકસો એંસી થાય, તેમાં પણ આઠ ને એક નવજ થાય. એવી રીતે કોઈ પણ પૂર્ણાંકથી ગણવામાં આ નવ અંકનું અભેદ્યપણું છે. આ અંકનું અભેદ્યપણું દ્રષ્ટાંત તરીકે સમજી દાર્ષ્ટાંતિક તરીકે તો એ સમજવાનું છે કે અનંતી ચોવીસીઓ અને વીસીઓ થઈ ગઈ. અને અનંતી ચોવીસીઓ અને વીસીઓ થશે, તો પણ આ નવપદજીવાળું સિદ્ધચક્ર કોઈપણ કાળે ચલાયમાન થવાનું નથી. અર્થાત્ કોઈપણ ભૂતકાળ કે ભવિષ્યકાળ પૂર્વે હતો નહિ કે ભવિષ્યમાં આવશે નહિ કે જે કાળે જગતમાં નવપદજીનું ચલિતપણું હોય અને સિદ્ધચક્રનું સામ્રાજ્ય ન ચાલતું હોય.

દરેક આસ્તિક શ્રોતાઓને એ વાત પૂરેપૂરી ખ્યાલમાં હશે કે પર્યુષણ અને ચોમાસીની અઠ્ઠાઈઓ અશાશ્વતી એટલે અનિયમિત છે અર્થાત્ તે અઠ્ઠાઈઓમાં અજિત આદિ બાવીસ તીર્થંકરની વખતના દેવતાઓ નંદીશ્વરદ્વીપમાં નિયમિતપણે અઠ્ઠાઈમહોચ્છવ ન પણ કરે, પરંતુ શ્રી સિદ્ધચક્ર એટલે નવપદજીની આરાધનાવાળી આસો અને ચૈત્ર માસની અઠ્ઠાઈઓ તો દરેક તીર્થની વખતે દેવતાઓ નંદીશ્વરદ્વીપે નિયમિત અઠ્ઠાઈમહોચ્છવ કરે જ છે, અને તેથી તે બે-આસો અને ચૈત્રની નવપદજીની અઠ્ઠાઈઓ-શાશ્વતી છે એમ શાસ્ત્રકારોએ ખુલ્લા શબ્દોમાં જણાવ્યું છે. તો આવી શાશ્વતી અને દેવતાઓને

(અનુસંધાન ટાઈટલ પાના ૩)

તૃતીય વર્ષ, અંક ૧૨ મો. Registered No. B.3047




# શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ફાગણ વદિ અમાવાસ્યા } ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી) { ૩-૪-૩૫

# જાહેર ખબર

સાહિત્ય રસિક વર્ગ વર્ષો થયાં જેને માટે તરસી રહ્યો હતો અને મૂળ કિંમતથી ચાર ચાર અને છ છ ગુણી કિંમતે પણ જેને મેળવી શકતો ન હતો તે સર્વ આગમો અને અંગોમાં પ્રથમ સ્થાન તરીકે ગણાતો, આચાર્યોના મૂળ સ્થાન તરીકે ભગવાન નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુસ્વામીજીએ જેને ગણાવ્યો છે એવો બ્રહ્મચર્યશ્રુતસ્કંધના નામે પંચાંગીમાં પ્રસિદ્ધિ પામેલો ધર્મકથાદિક અનુયોગોના ફળ અને સાધ્યરૂપ જે ચરણકરણાનુયોગ તેને સવિસ્તર નિરૂપણ કરનાર, જેના અધ્યયન સિવાય બીજા અંગોના અધ્યયનમાં સૂત્રકાર મહર્ષિઓએ પ્રાયશ્ચિત નિરૂપણ કરેલું છે એવા શ્રી આચારાંગ અંગનું પ્રકાશન આ શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ દ્વારાએ સુરત નિવાસી શેઠ છગનલાલ ફૂલચંદ હજારીની આર્થિક મદદથી કરવામાં આવેલું છે. હર્ટફોર્ડશિયર લેજર જાતના ઉંચા બ્લુ કાગળમાં નિર્ણયસાગર પ્રેસના ટાઈપમાં શ્રી આગમોદય સમિતિએ છપાવેલા આ સૂત્રની કોપી ટુ કોપી તરીકે સારી રીતે સુધારીને કરેલું છે.

સાહિત્ય રસિકો અમૂલ્ય વખત ચૂકશો નહિ.

## શ્રી આચારાંગસૂત્રમ્ (પ્રથમ : શ્રુતસ્કંધઃ)

### શ્રી ભદ્રબાહુસ્વામીકૃત નિર્યુક્તિયુતમ્, શ્રી શીલાંકાચાર્યકૃત વિવરણ સમેતમ્

લેજર પેપર ઉપર છપાયેલાની

કિંમત રૂા. ૫-૦-૦

લેજર પેપરનું તોલ વધવાથી ટપાલમાં મંગાવવી, મોકલવી ઓછી ફાવે છે તથા વિહારમાં વાંચવા માટે સાથે રાખી શકાતી નથી એવી કેટલાક સુજ્ઞ મહાશયોની ફરિયાદ દૂર કરવા જામનગર નિવાસી શેઠ પોપટભાઈ ધારશીભાઈ તરફથી તેમની પત્ની અ.સૌ. ઉજમબાઈના ઉજમણા નિમિત્તે છપાવેલી ચાલુ કાગળની પ્રતો જેવી માત્ર પચાસજ નકલો વેચાણમાં રાખી છે, જેની કિંમત રૂા. ૩-૮-૦ છે.

પ્રાપ્તિ સ્થાન :-

જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત.

તા.ક. : ડિપોઝીટ ભરનારાઓએ પોતાની બ્લુ કાગળ ઉપરની નકલ મંગાવી લેવી.

---

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.




(પાક્ષિક)

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ ઉદ્દેશ છૂટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

तीर्थेशा दत्तमार्गाः सततगुणिपदाः सिद्धिसाम्राज्यभाजः,
पंचाचारप्रवीणा गणिन इह सदाध्यापका वाचका ये ।
साहाय्यात् मोक्षसिद्धौ मुनय उदितभा अन्विताः शुद्धदृष्ट्या,
ज्ञानेनावद्यमुक्त्या विविधसुतपसा सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

મોક્ષમાર્ગ સદા દિયે જે જિનવરો ગુણ ધારતા, સિદ્ધ નિત્ય ગણેશ પંચાચારધારક વાધતા;
અધ્યાપકો વરવાચકો શિવસાધને મુનિ જોડમાં, એ પાંચસંયુત બોધદર્શન ચરણતપ સિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક"

| | | |
|---|---|---|
| તૃતીય વર્ષ<br>અંક ૧૨મો | મુંબઈ તા. ૩-૪-૧૯૩૫, બુધવાર<br>ફાગણ વદિ અમાવાસ્યા. | વીર સંવત્ ૨૪૬૧<br>વિક્રમ ,, ૧૯૯૧ |

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ.

**મહાવીર મહારાજની ગર્ભાવસ્થા.**

શ્રમણ ભગવાન મહાવીર મહારાજા છેલ્લા ભવમાં જ્યારે માતા ત્રિશલાદેવીના ગર્ભમાં આવ્યા ત્યારે તેવી ગર્ભાવસ્થામાં પણ માતાને દુઃખ ન થાય તેનો વિચાર કર્યો હતો, એ હકીકત કોઈપણ ભગવાન મહાવીર મહારાજાના વૃત્તાંતને

જાણનારાથી અજાણી નથી. આવી રીતે ગર્ભાવસ્થામાં પણ પોતાના હાલવા ચાલવા માત્રથી માતાને દુઃખ થવાનો વિચાર કોઈપણ જાહેર જીવનવાળાએ કર્યો હોય, તો તે કેવળ ભગવાન મહાવીરે જ કરેલો છે. જગતમાં સ્વાભાવિક રીતે દરેક ગર્ભમાં હાલવું ચાલવું થાય જ છે, અને ગર્ભના હાલવા ચાલવાથી દરેક માતાને સ્વાભાવિક રીતે દુઃખ થાય જ છે છતાં તેવા સ્વાભાવિક દુઃખને ટાળવાનો વિચાર આવવો એ તે ગર્ભમાં આવેલા જીવની ઉત્તમતા સૂચવવાને માટે ઓછું સાધન નથી.

### ગર્ભ નિશ્ચળતાનાં કારણો

જો કે આ ગર્ભાવસ્થામાં પોતાના શરીરનું કંપવું બંધ કરવાનું કારણ તો પહેલાં ગર્ભ ધારણ કરનારી માતા દેવાનંદાએ સિંહ આદિ ચૌદ સ્વપ્નાનું માતા ત્રિશલાએ અપહરણ કર્યું એમ દેખ્યું અને તેથી શ્રી દેવાનંદાએ નિશ્ચય કર્યો કે સિંહાદિક ઉત્તમ સ્વપ્નોથી પોતાની અદ્વિતીય ઉત્તમતાને સૂચવનારો ગર્ભ મારા પેટમાંથી ચાલ્યો ગયો, અને મહારાજા સિદ્ધાર્થની પટરાણી ત્રિશલાદેવીની કૂખમાં તે ગર્ભ દાખલ થયો. આવી રીતના નિશ્ચયથી પોતાનું રત્નકુક્ષિધારકપણું ચાલ્યું ગયું એમ નિશ્ચય કરી જગતની પૂજ્યતાની પદવી પોતે ખોઈ દીધી છે એમ સમજી તેને અંગે અત્યંત શોકસમુદ્રમાં ડૂબી ગઈ, એકલા શોક કરવા માત્રથી નહિ અટકતાં તે દેવાનંદા છાતી અને માથું કૂટીને અત્યંત કલ્પાંત કરવા લાગી. આ બધી હકીકત શ્રમણ ભગવાન મહાવીર મહારાજા જે તે ગર્ભરૂપે હતા અને જેમનું પરાવર્તન શક્રઈંદ્ર મહારાજના હુકમથી હરિણેગમિષિદેવે કર્યું હતું, તે શ્રમણ ભગવાન મહાવીર મહારાજા શુદ્ધ અને અપ્રતિપાતિ એવા ત્રણ જ્ઞાને સંયુક્ત હતા અને તેથી તેઓને આ દેવાનંદાના ગર્ભહરણને લીધે થયેલા શોક અને કલ્પાંતની ખબર પડી. આ સ્થળે આ વાત ધ્યાનમાં રાખવાની છે કે છદ્મસ્થપણાના સર્વજ્ઞોનો એવા સ્વભાવના જ હોય છે કે તેમને માટે ઉપયોગ દેવાની આવશ્યકતા જ હોય. ઉપયોગના વ્યાપાર સિવાય એકે પણ છાદ્મસ્થિક જ્ઞાન થઈ શકતું નથી અને એ જ કારણથી છાદ્મસ્થિક જ્ઞાનનો એક સમયવાળો ઉપયોગ કેવળજ્ઞાનની માફક મનાતો નથી, પણ આંતર્મુહૂર્તિક કાળનો જ મનાય છે. ભગવાન મહાવીર મહારાજને પણ ગર્ભાવસ્થામાં જ શુદ્ધ અને અપ્રતિપાતિ જ્ઞાનો હતાં તે પણ છાદ્મસ્થિક જ્ઞાનો હતાં અને તેથી તે સમયના ઉપયોગવાળા નહિ પણ અંતર્મુહૂર્તના જ ઉપયોગવાળા અને ઉપયોગ દેવાથી જ જ્ઞેય વસ્તુને જણાવવાવાળા હતા. આ બધી હકીકતને આધારે વિચાર કરતાં એમ માનવું જ પડે કે ગર્ભરૂપે રહેલા શ્રમણ ભગવાન મહાવીર મહારાજનો દેવાનંદાની કૂખમાંથી અપહાર થયો, તો પણ શ્રમણ ભગવાન મહાવીર મહારાજા માતા ત્રિશલાની કૂખમાં રહ્યા છતાં તે દેવાનંદાની તરફ પૂર્ણ લક્ષ આપતા હતા, કેમકે જો એમ ન હોત તો ભગવાન મહાવીર મહારાજા તે દેવાનંદાનો શોક

અને કલ્પાંતવાળી સ્થિતિને દેખી શકત નહિ, અને તે શોક અને કલ્પાંતવાળી સ્થિતિને દેખ્યા પછી પણ માતા ત્રિશલાને કોઈપણ પ્રકારે દુઃખ ન થાય એવી કલ્પના તે ગર્ભાવસ્થામાં રહેલા ભગવાનને આવત જ નહિ, અને જો તેવી માતાને દુઃખ નહિ થવાની કલ્પના જ જો તેમને ગર્ભાવસ્થામાં આવી ન હોત તો ગર્ભાવસ્થાના સ્વાભાવિક ચલનને તેઓ બંધ કરત જ નહિ. આ સ્થળે આ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે ભગવાન મહાવીર મહારાજે ત્રિશલામાતાને દુઃખ ન થાય તે માટે અંગ નિશ્ચળ રાખવાનો કરેલો ઉપાય ભવિષ્યના કાળમાં ત્રિશલામાતા અને સિદ્ધાર્થ મહારાજાને તથા સમગ્ર રાજકુટુંબને કેટલો દુઃખદાયી નિવડશે, અને આ ગર્ભનિશ્ચળતાનું પરિણામ તે લોકોને માટે કેવું ભયંકર આવશે તે તરફ ઉપયોગ દીધેલો જ ન હતો. કદાચ એમ ધારીએ કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજે ગર્ભાવસ્થામાં નિશ્ચળ રહેતી વખત જેમ દેવાનંદાની દશા અવધિજ્ઞાનના ઉપયોગથી જ જાણી હતી, તેવી રીતે શ્રી ત્રિશલામાતા વિગેરેની પણ ભવિષ્યની દશા અવધિજ્ઞાનના ઉપયોગથી જાણેલી જ હતી, તો ચોખ્ખો નિશ્ચય કરી શકીએ કે ગર્ભનિશ્ચળતાને લીધે ત્રિશલામાતા વિગેરેની ભવિષ્યમાં થવાવાળી દશા જાણી હોત તો શ્રમણ ભગવાન મહાવીર મહારાજા કદીપણ તે ગર્ભાવસ્થામાં નિશ્ચળ થાત જ નહિ, અને શાસ્ત્રકારો પણ ચોખ્ખા શબ્દોમાં જણાવે છે કે ત્રિશલામાતાના થયેલા દુઃખનું ભગવાન મહાવીર મહારાજાને જ્ઞાન તેમને દુઃખ થયા પછી જ થયેલું છે. (જુઓ કલ્પસૂત્ર મૂળ તથા આવશ્યક ચૂર્ણિ, વૃત્તિ વિગેરે) આવી રીતે સૂત્રોના સ્પષ્ટ પાઠો હોવા છતાં જો કદાચ અજ્ઞાનતાને લીધે કે બીજા કોઈપણ કારણસર એમ માનવા તરફ દોરાઈએ કે ભગવાન મહાવીર મહારાજે ત્રિશલામાતા વિગેરેની ભાવિ એવી દુઃખદ દશા જાણીને નિશ્ચળપણું કર્યું હતું, તો તેવી સ્થિતિમાં માતાની અનુકંપા માટે ગર્ભનું નિશ્ચળપણું કરનારા ઉભય દુઃખની તુલના કરનારા થયા એમ કહેવાય જ નહિ. વળી શાસ્ત્રકાર માતાની અનુકંપા માટે જ ભગવાન નિશ્ચળપણે રહ્યા એમ સ્પષ્ટ જણાવવા સાથે એ પણ સ્પષ્ટ જણાવે છે કે ભગવાન મહાવીર મહારાજા જ્યારે ગર્ભમાં નિશ્ચળ રહ્યા ત્યારે માતા ત્રિશલા શોકના સમુદ્રમાં ડૂબી ગઈ, મહારાજા સિદ્ધાર્થ વિગેરે આખું રાજકુલ વ્યગ્રચિત્તવાળું થયું અને નાટક વિગેરેની પ્રવૃત્તિઓ સર્વથા બંધ થઈ ગઈ, અને ભગવાન મહાવીર મહારાજને તે નાટકની પ્રવૃત્તિઓ બંધ થવાથી જે વાજાંગાજાં બંધ થયાં તેને લીધે વિચાર કરવાનો વખત આવ્યો. શાસ્ત્રકાર લખે છે કે ભગવાન મહાવીરસ્વામીજીએ તે વખત પ્રથમ એ જ વિચાર કર્યો કે આ રાજકુલમાં વાજાંગાજાં વિગેરેનો શબ્દ જે સતત પ્રવર્તતો હતો તે કેમ બંધ થયો છે ? આ શંકાનું સમાધાન કરતાં બાહ્ય તેવા કોઈપણ સંયોગો શોકના કારણ તરીકે ન દેખાવાથી ભગવાન મહાવીર મહારાજે તે શોકના આંતરિક કારણો

જાણવા માટે અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યો, અને તે અવધિજ્ઞાનના ઉપયોગથી જ આ સર્વ શોકનું કારણ પોતાની નિશ્ચળદશા જ છે એમ જાણી શક્યા. ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ભગવાન મહાવીર મહારાજનું અવધિજ્ઞાન તેઓશ્રી દશમા દેવલોકમાંથી આવેલા હોવાને લીધે ઘણું જ નિર્મળ હતું અને તેવું નિર્મળ અવધિજ્ઞાન હોવાથી તેઓ માતાપિતાના સંકલ્પને જાણી શક્યા. જો શ્રમણ ભગવાન મહાવીર મહારાજા તેવા નિર્મળ અવધિજ્ઞાનવાળા ન હોત તો માતા ત્રિશલાના અને સિદ્ધાર્થ મહારાજાના શોકને જાણ્યા છતાં પણ તે શોકના અભ્યંતર ગર્ભાપહારની ચિંતારૂપ કારણને જાણી શકત નહિ, પણ દશમા દેવલોકથી ભગવાન ચ્યવેલા હોવાથી અને તે દશમા દેવલોક જેટલું જ અવધિજ્ઞાન ગર્ભાવસ્થામાં પણ હોવાથી ભગવાન્ ગર્ભાપહાર આદિ કારણને જાણી શક્યા. જો સ્વતંત્ર અવધિજ્ઞાનનો ઉપયોગ ચાલુ ફરતો જ રહ્યો હતો એમ માનીએ તો શાસ્ત્રકારોએ અવધિજ્ઞાનનો ઉપયોગ મેલવાના કારણ તરીકે જે વાજીંત્ર અને નાટયારંભનું બંધ થવું જણાવેલું છે તે ઘટે નહિ એટલું જ નહિ પણ પોતાની નિશ્ચળતાથી આખા રાજકુટુંબને શોકસમુદ્રમાં ડુબવાનું થશે તેની દરકાર કે દયા કરી નહિ એમ જરૂર માનવું પડશે, અને જો આખા રાજ્યકુટુંબને શોકસમુદ્રમાં ડૂબવાનું મારી નિશ્ચળતાથી થશે એમ જાણ્યા છતાં તેની ગણતરી નહિ કરતાં અને બેદરકારી કરતાં જો પોતે ગર્ભાવસ્થામાં નિશ્ચળપણું કર્યું હોય તો પછી રાજ્યકુટુંબ અને ત્રિશલામાતાને શોકસમુદ્રમાં ડૂબતા દેખીને પોતાને એક દેશે ચાલવાનો પ્રસંગ ઉપસ્થિત થાત જ નહિ. આ બધી પ્રાસંગિક હકીકત છે. માત્ર મૂળ હકીકત તો એટલી જ લેવાની છે કે ગર્ભમાં રહ્યા થકાં પણ માતાનું દુઃખ ટાળવારૂપ પરહિતપણામાં કે દયાળુપણામાં તેઓ કોઈપણ બીજા જાહેર જીવનવાળા કરતાં ચઢિયાતા છે એમ માન્યા સિવાય છૂટકો જ નથી.

## ગર્ભાવસ્થામાં અભિગ્રહનું કરવું

શ્રમણ ભગવાન મહાવીર મહારાજાને અંગે ગર્ભાવસ્થામાં કરેલી એકલી નિશ્ચળતા જ વિચારવા જેવી નથી, પણ ગર્ભાવસ્થામાં જ શ્રમણ ભગવાન મહાવીર મહારાજે કરેલો અભિગ્રહ તે પણ વિચારવા જેવો જ છે. પૂર્વે જણાવેલી ગર્ભાવસ્થાની નિશ્ચળતા ભગવાન મહાવીર મહારાજે જ્યારે ચ્યવનના ત્રીજે મહિને કરી છે અને તે જ અરસામાં માતા ત્રિશલાને અને આખા રાજ્યકુટુંબને શોકસમુદ્રમાં ડૂબતાં દેખીને તરત અંગોપાંગો ચલાવ્યાં છે, જ્યારે આ ગર્ભમાં રહ્યા છતાં અભિગ્રહનું કાર્ય ચ્યવન પછી સાતમે મહિને થયેલું છે, અર્થાત્ નિશ્ચળતા અને અભિગ્રહની વચ્ચે ચોખ્ખો ત્રણ મહિનાથી વધારેનો આંતરો છે, અને તેથી કેટલાકો જે અભિગ્રહ વિધાનને ગર્ભની નિશ્ચળ અવસ્થા અને ચલિત અવસ્થા સાથે જોડી દે છે, તેઓ બે અવસ્થાના અંતરને સમજતા નથી એમ ચોખ્ખું કહેવું જોઈએ, કેમ કે ઉપર જણાવ્યા પ્રમાણે તે બે અવસ્થા વચ્ચે ચોખ્ખો ત્રણ મહિનાનો ઓછામાં

ઓછો આંતરો છે, અને એટલા જ માટે શ્રી આવશ્યક વૃત્તિકાર ભગવાન હરિભદ્રસૂરિજી વિગેરે તે ગર્ભમાં કરેલા અભિગ્રહનું કારણ ગર્ભની નિશ્ચળ અવસ્થાને ન ગણતાં માતાપિતા તરફથી ગર્ભના રક્ષણાદિકને માટે થયેલા માતાપિતાના પ્રયત્નો જ જણાવે છે. વળી એ પણ વિચારવાનું છે કે ગર્ભની નિશ્ચળ અવસ્થાને લીધે જ માતા ત્રિશલા અને સકલ રાજ્યકુટુંબને થયેલો ક્લેશ જો અભિગ્રહનું કારણ હોત તો માતાના જીવતાં છતાં જેમ તેની પીડા ટાળવા માટે અભિગ્રહ કરવામાં આવે, તેમ સકળ રાજ્યકુટુંબની પીડા ટાળવા માટે તેની હયાતિ સુધી પણ દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ કરવાનો વખત આવત, પણ નથી તો એકલી માતા જીવે ત્યાં સુધી દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ અને નથી તો માતા અને સકલ રાજ્યકુટુંબ જીવે ત્યાં સુધી દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ, કિન્તુ માતા અને પિતા એ બંનેની જ અનુકંપાને અંગે ફક્ત માતાપિતા જીવે ત્યાં સુધી જ દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ કરેલો છે. અર્થાત્ દીક્ષા નહિ લેવાના અભિગ્રહમાં કારણ તરીકે સૂત્રકાર અને ટીકાકાર મહારાજાઓએ માતાપિતાની અનુકંપા કહેલી હોવાથી અને તે અભિગ્રહનો વખત સાતમા મહિનાનો નિશ્ચિત હોવાથી ટીકાકારોએ જણાવેલું ગર્ભરક્ષણાદિક દ્વારાએ માતા અને પિતાના સ્નેહનું જાણવું એ કારણ જ વાસ્તવિક જાણી શકાય તેમ છે. આ બાબતમાં પણ એક વાત ધ્યાનમાં રાખવાની છે કે ચોથે, પાંચમે અને છટ્ઠે મહિને માતા અને પિતાએ કેવી અંતઃકરણની લાગણીથી ગર્ભનું રક્ષણ કર્યું હશે તે નિશ્ચળ અવસ્થામાં થયેલા તેમના શોકથી આપણે સહેજે સમજી શકીએ તેમ છે. વળી એ પણ સાથે સમજી શકાય તેમ છે કે જે વસ્તુને અત્યંત કિંમતી અગર સારી ગણી હોય, અને તેના કિંમતી અને સારાપણાને અંગે તેની ઉપર અદ્વિતીય રાગ થયો હોય પછી તે વસ્તુ ચાલી જઈને ફરી મળે તો તેની ઉપરના રાગની તો સીમા જ રહેતી નથી, તેવી રીતે અહીં પણ સિંહાદિકના ઉત્તમ ચૌદ સ્વપ્નોથી ગર્ભની ઉત્તમતા જાણ્યા પછી નિશ્ચળ અવસ્થાની વખત તે ગર્ભના નાશની શંકા થઈ અને પછી જ્યારે તે ગર્ભ હાલ્યો, ચાલ્યો ત્યારથી તે ત્રિશલામાતા અને સિદ્ધાર્થ મહારાજને જે ખુશી અને આનંદ થવા સાથે ભગવાનની ઉપર રાગની માત્રા વધી હશે તે ખરેખર તેઓનો આત્મા અને અતિશય જ્ઞાનીઓ જ જાણી શકે. વળી એ વાત પણ સહેજે સમજાય તેમ છે કે ગર્ભાવસ્થામાં પણ રહેલા પુત્ર ઉપર દુનિયાના બીજા લોકોનો સ્નેહ ન હોય, પણ માતાપિતાનો સ્નેહ તો ગર્ભાવસ્થામાં પણ રહેલા પુત્ર ઉપર સીમા રહિત જ હોય છે, અને તેથી જ ગર્ભની નિશ્ચળતા પછીની થયેલી સકંપ અવસ્થાથી માંડીને માતા ત્રિશલા અને મહારાજા સિદ્ધાર્થે તે મહાવીર મહારાજા રૂપી ગર્ભના રક્ષણાદિને માટે અનહદ પ્રયત્નો કર્યા હશે, અને તે જ માતા ત્રિશલા અને મહારાજા સિદ્ધાર્થના અનહદ ગર્ભરક્ષણ આદિના પ્રયત્નો

જોઈને જ ભગવાન મહાવીર મહારાજને અવધિજ્ઞાનથી તેમના સ્નેહને જાણવાની જરૂર થઈ અને તેથી જ શાસ્ત્રકારો અભિગ્રહના કારણ તરીકે અવધિજ્ઞાનથી જાણેલો માતાપિતાનો સ્નેહ જણાવે છે અને તે માતાપિતાનો તે વખતે જાણવામાં આવેલો સ્નેહ એટલો બધો તીવ્ર દશાનો લાગેલો હતો કે જેથી ભગવાન મહાવીર મહારાજને એ કલ્પના કરવી પડી કે જો હું આ માતાપિતાની હયાતિમાં દીક્ષા લઈશ તો આ બંને કલ્પાંત કરી આઘાત પામી મરણ પામશે, અને તે એવી રીતે માનસિક દુઃખથી હેરાન થઈને મરણ પામશે કે જે મરણથી આ બંનેની દુર્ગતિ જ થશે. આવી કલ્પનાથી ભગવાન મહાવીર મહારાજે માતા ત્રિશલા અને મહારાજા સિદ્ધાર્થનું અપમૃત્યુ નિવારવા અને દુર્ગતિ રોકવા માટે મનમાં નિશ્ચય કર્યો કે જ્યાં સુધી માતાપિતા જીવે ત્યાં સુધી હું ઘરમાં એટલે સંસારમાં જ રહીશ, અને તેમના જીવતાં સુધી હું સાધુપણું લઈશ નહિ, અભિગ્રહ સંબંધીના વિચારો હવે પછી કરીશું.


## જાહેર ખબર

**નવીન બહાર પડેલા ગ્રંથો.**

| | | |
|---|---|---|
| ૧. | તત્ત્વતરંગિણી | ૦-૮-૦ |
| ૨. | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૩. | સિદ્ધપ્રભા બૃહદ્વ્યાકરણ | ૨-૮-૦ |
| ૪. | આચારાંગ પ્રથમ ભાગ | ૩-૮-૦ |
| | આચારાંગ પ્રથમ ભાગ લેજર કાગળ પર | ૫-૦-૦ |

**નવા છપાતા ગ્રંથો**

૧. ઉપદેશમાલા અપરનામ પુષ્પમાલા
૨. તત્ત્વાર્થસૂત્ર શ્રી હરિભદ્રસૂરિ ટીકા.
૩. ભગવતીજી શ્રી દાનશેખરસૂરિ વૃત્તિ.

**શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત.**




**મહાવીર જન્મકલ્યાણક.**

कल्याणपादपारामं श्रुतगङ्गाहिमाचलम्।

विश्वाम्भोजरविं देवं वन्दे श्रीज्ञातनन्दनम् ॥१॥

"હેમચંદ્રસૂરિ"

**મહાનુભાવો !**

આજનો વિષય આસન્નોપકારી પ્રભુ શ્રી મહાવીરના જન્મકલ્યાણકનો દિવસ હોઈ તે સંબંધીનો છે.

**"જયંતી" શબ્દથી થતું નુકશાન.**

ખાસ ધ્યાન રાખવાની જરૂર છે કે કેટલાક આવા પ્રસંગોને "જયંતી" શબ્દથી સંબોધે છે તેને માટે મારે જણાવવું પડે છે કે તેઓની મહોરને પૈસો દેખાડવો અગર કહેવો એવી અક્કલની ખુબી દેખાય છે, નહિતર જે દિવસ નારકીને પણ સુખ કરનાર તરીકે વખણાયેલ છે, જે દિવસ ચૌદે રાજલોકને શાતા કરનાર તરીકે હોય, જે દિવસ સામાન્ય કેવળી, ગણધરો, શ્રુતકેવળી, આદિ અંગે ન હોય, ને ફક્ત તીર્થંકરોને જ અંગે હોય, તેવો કલ્યાણકદિન શબ્દ છોડી જયંતી કે જે દાદા, બાપની પણ ઉજવાય છે, હિંદુ યા મુસલમાનો પણ ઉજવે છે, તે સર્વ સાધારણ શબ્દને અહીં મૂકવો ને પેલો કલ્યાણક શબ્દ ભૂલી જવો કે ખસેડી નાખવો એ ઉચિત લાગતું નથી.

જો કે ઈરાદાપૂર્વક તમો તીર્થંકરના અપમાન તરીકે કરતા હોય એમ તો હું ન કહી શકું પણ એટલું તો સ્પષ્ટ કહું કે - અજ્ઞાન કે અણસમજથી વપરાયેલ શબ્દ નુકશાનકારક છે, માટે આ ધ્યાનમાં રાખજો કે આવા દિવસને કલ્યાણકશબ્દ બોલવામાં ચૂકશો નહિ.

**કલ્યાણકનો મહિમા**

જે કલ્યાણકનો દિવસ એટલો બધો પવિત્ર છે કે જેને અંગે ઈન્દ્રોના સિંહાસનો પણ ડોલાયમાન થાય છે, અને જેને અંગે ભગવાન હરિભદ્રસૂરિવર્ય મહારાજ પણ પોતાના રચેલ પંચાશક નામના ગ્રંથમાં જણાવે છે કે, જે મનુષ્ય આવા કલ્યાણકના

નોંધ :- આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજીએ શ્રી મહાવીર જન્મકલ્યાણક (ચૈત્ર સુ. ૧૩)ને દિને રાજકોટ મુકામે આપેલું જાહેર ભાષણ.

દિવસમાં તપસ્યા, પૂજા, સાધર્મિકભક્તિ આદિ કરતો નથી ને બીજા દિવસોમાં એટલે કલ્યાણક સિવાયના દિવસોમાં કરે છે તે કપોલકલ્પિત અર્થાત્ સ્વમતિકલ્પ સમજવા, કારણ એ છે કે જેને તીર્થંકરના કલ્યાણકને અંગે માન નથી તેવો મનુષ્ય બીજી તિથિઓ કયા હિસાબે આરાધે છે. વિવાહની વખતે ચાંલ્લો ન કર્યો ને ઘેર બાયડી (સ્ત્રી) આવી ગયા પછી ચાંલ્લો કરવા આવે તો કોઈ લે ખરો? ના કેમ ? ટાણું ક્યાં છે. અર્થાત્ આવતા ચાંલ્લાના રૂપિયાને પણ ટાણું નથી એમ કહી આડો હાથ કરે છે, તેવી રીતે કલ્યાણકમાં તપસ્યા આદિ ન કરે ને બીજા દિવસે કરે તે કેવળ કપોલકલ્પિત છે એમ ભગવાન ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા એવા આચાર્ય હરિભદ્રસૂરીશ્વર મહારાજાએ યાત્રા પંચાશકમાં જણાવ્યું છે.

આ ઉપરથી આપણે એટલું જ સમજવાનું છે કે ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક તપસ્યા, પૂજા, સાધર્મિક ભક્તિમાં જ આરાધવો જોઈએ.

**શંકાકારનો પ્રશ્ન.... બધાને સરખા આરાધો.**

તે દિવસની આરાધનાથી બાકીની આરાધના શાસ્ત્રાનુસારી ગણાય. આવી આરાધના જોઈએ એ વાત નક્કી થઈ. હવે સહેજે શંકા થાય કે પ્રભુ મહાવીરના જન્મકલ્યાણકની આરાધના વિશેષ કેમ ? ઋષભદેવજી ભગવાન અજિતનાથજી આદિ સર્વ તીર્થંકરો મોક્ષે ગયા, તીર્થો પ્રવર્તાવ્યાં, જગતને તારવાના પ્રયત્નો, સંકલ્પ કર્યા. બધા તીર્થંકરો સરખી રીતે છે. ૩૦ દિવસ મહિનામાં બધા દિવસો પહો ફાટે, અરૂણોદય થાય, સૂર્યોદય થાય કે દિવસ ગણાય, સિવાય નહિ, તેવી રીતે એક પણ તીર્થંકર મહારાજ જગતને તારવાની, બુદ્ધિ કે સંકલ્પ સિવાય બની શક્યા નથી.

આપણે ત્રીજા ભવે તીર્થંકર કર્મ નિકાચિત થયાનું કહીએ છીએ, તીર્થંકર નામકર્મ ક્રોડ ક્રોડ સાગરોપમ પહેલાં બાંધેલું હોય છે, પરંતુ વાવેલું બીજ વરસાદ વગરની જમીનમાં બળી પણ જાય છે તેમ આ કર્મ કદાચ તૂટી પણ જાય છે, પરંતુ નિકાચિત તીર્થંકર નામકર્મ કે જે ત્રીજે ભવે એટલે તીર્થંકર તે પહેલાં દેવ-નારકીને તે પહેલાં મનુષ્યભવમાં કરાય છે તે તીર્થંકર થયા સિવાય રહેજ નહિ, તેને હાથે તારવા વિરુદ્ધ કે ડુબાડવાનું બને જ નહિ, ત્યારે શાસ્ત્રકારો કહે છે કે નિકાચિત કર્યું કહેવાય.

દરેક તીર્થંકરોએ તીર્થંકર નામગોત્ર બાંધેલું, ત્રીજા ભવે નિકાચિત કરેલું, તીર્થ સ્થાપ્યું, તેનો રાહ સ્થાપ્યો, તો પછી તમે ગુણના પૂજારી કે વ્યક્તિના ? ગુણના પૂજારી હો તો બધા તીર્થંકરોનાં કલ્યાણકો સરખી રીતે આરાધો. જો કે મેરૂત્રયોદશી વિગેરે આરાધો છો, છતાં આ વીર જિનેશ્વરનું કલ્યાણક વધારે કેમ ઉજવો છો તેને અંગે શંકાકાર કહે છે કે તમે ગુણના પૂજારી નથી, તમારી મ્હોરના રૂા. ૩૫) ની કિંમત ગણો, ને બીજાની મહોરની રૂા. ૨) ની કિંમત ગણો, તો તમે કિંમત કરવાવાળા ન કહેવાઓ, પણ તમારી મહોરની કિંમત કરનાર કહેવાઓ. ગમે તેની મહોર હોય,

પણ સરખી કિંમત કરવી પડે ત્યારે ચીજની કિંમત કરનારા કહેવાઓ, તેમ કલ્યાણકની કલ્યાણક તરીકે કિંમત કરતા હો તો ઋષભાદિક તીર્થંકરોના કલ્યાણકોની કરો, પણ એકલા વીરની એટલે પ્રભુ મહાવીરની વધારો, ને બીજાની ન વધારો, તો કહેવું પડશે કે કંઈક ગર્ભિત હેતુ હોવો જોઈએ.

**મહાવીર પ્રભુને વધારે આરાધવાનું કારણ?**

સમાધાન :- જેવી રીતે મારી, મારા કુટુંબની, મારા મિત્રની કે મારા શત્રુની મહોરની કિંમત ક્યાં કરું કે જ્યાં દેખાય. મારી હોય છતાં પેટીમાં હોય કે શત્રુ-મિત્રની હોય છતાં થેલીમાં હોય તેની કિંમત ન કરું એટલા માત્રથી કિંમત કરવાવાળો નથી એમ કહી શકાય નહિ. જો કે હું ચોવીસે જિનેશ્વરોના કલ્યાણકો આરાધવા લાયક ગણું છું, છતાં અત્યારે મને સંસારરૂપી સમુદ્રથી પાર પમાડનાર, વિષય, કષાય, આદિ પાપોથી બચાવનાર, મોક્ષમાર્ગ તરફ દોરનાર શાસનપતિ જો કોઈ હોય તો પ્રભુ મહાવીર જ છે, માટે હું વિશેષે ઉજવું છું, એટલે બીજાની ઉપેક્ષા કરવા માગતો નથી. સર્વ તીર્થંકરોના કલ્યાણકોના દિવસ આરાધ્યગણું છું, છતાં શાસનના માલિક કે જેનાથી મારું શ્રેયઃ થઈ રહ્યું છે, જે શ્રેય ને લીધે દુઃષમકાળ છતાં દુઃષમકાળને ધન્યવાદ અર્પું છું. સૂતા હોઈએ, સાપ આવ્યો, ને ઓરમાન માતાએ સોટી મારી આપણને ઉઠાડ્યા તો તે વૈરી કે ઉપકારી ? જો કે સગી માતા તો ભાઈ ! કહી સાચવી ઉઠાડે, પણ આ સોટી મારે, વાત ખરી પણ જીંદગી બચાવે તેનું કેમ કશું બોલતો નથી ? સોટીનું નુકશાન વધારે કે જીંદગીનું રક્ષણ વધારે? કહેવું જ પડશે કે જીંદગીના રક્ષણની કિંમત જુદી જ છે, તેમ આ દુઃષમકાળ એ ઓરમાન માતા જેવો જ છે. આપણને વિચિત્ર સંજોગોમાં મૂકે છે, એમાં મૂક્યા છતાં શાસનના પ્રભાવે મિથ્યાત્વસર્પથી બચી જઈએ. આ વાત વિચારશો ત્યારે ભગવાન હેમચંદ્રસૂરીશ્વર મહારાજે કહેલ

**સુષમાકાળ કરતાં દુઃષમાકાળનું વિશેષપણું-**

"सुषमातो दुःषमायां कृपा फलवती तव"

અર્થાત્ હે ભગવાન ! સુષમા કાળમાં જો કે આપની જગત ઉપર મહેર હતી. મને ડુબાવવાનું ધાર્યું ન હતું, મને તારવાનો પ્રયત્ન કર્યો, પણ મારું નસીબ પાતળું કે તેથી કાણા એવા પાલવે કંચન મળે તે કરતાં સાજા પાલવે ત્રાંબૈયા મળે તો ભુખ ભાંગી જીવતા રાખે. આપે તો કંચન વરસાવ્યું. કોઈ પૂછવા આવે તેને ઉપકાર કરી કંચન વરસાવ્યું. છતાં હું કાણા પાલવવાળો મારું શું ? જો કે દાતા, દાન, ગ્રાહક, સામગ્રી મુશ્કેલ છતાં કાણું લુગડું હોય ત્યાં શું થાય ? તે કરતાં દુઃષમા કાળમાં ત્રાબૈયા મળે છે. અત્યારે નથી તો તીર્થંકરો, નથી તો સામાન્ય કેવળી, નથી તો ગણધરો, નથી મનઃપર્યવજ્ઞાની, નથી અવધિજ્ઞાનીઓનો યોગ. જો યોગ હોય તો માત્ર ભાંગ્યું-તૂટયું શ્રુતજ્ઞાન છે, સંપૂર્ણ પણ નથી. તે ત્રાંબૈયા જ વર્તે છે, રૂપિયા નથી તો હીરામોતીની વાત ક્યાં કરવી ?

કેટલાક એવા હોય છે કે 'સોનાનો વરસાદ વરસશે, ત્યારે પાલવ ધરશું. તેઓએ યાદ રાખવું કે મળેલા ત્રાંબૈયા ન લે અને હીરાના ભરોસે રહેશે તો ભૂખે મરી અટવાઈ જશે, કુટુંબ પણ નાબુદ થશે, હીરા વિગેરેના વરસાદ વખતે તમારી કંઈ પેઢીઓ થઈ જશે, હીરા ન વરસે ત્યારે વરસતા ત્રાંબૈયા ઝીલી રહેશો તો કુટુંબ જીવતું રહેશે, ને પછી તે સોનૈયા આદિના વરસાદ વખતે તમારૂં કુટુંબ સોનું મેળવી શકશે. અત્યારે સોનાના વરસાદરૂપી નથી જિનેશ્વરો, નથી કેવળીઓ, નથી ગણધરો, નથી મનઃપર્યવજ્ઞાનીઓ, નથી અવધિજ્ઞાનીઓ, એવી સ્થિતિમાં જેઓએ જિનેશ્વર ભગવાનનું મળતું જ્ઞાન કે જે ત્રાંબૈયાના વરસાદ જેવું છે, તેમાં આત્મા સંસ્કારિત થયો હશે ત્યારે હીરામોતી ઝીલવા તૈયાર થશે, પણ જેઓ અત્યારે નહિ ઝીલે, તો ભવાંતરમાં તીર્થંકરનો સંયોગ છતાં પ્રાપ્તિનો સંભવ નથી.

હે ભગવાન ! સુષમાકાળ કરતાં દુઃષમાકાળમાં શાસન મળ્યું તે ખરેખર ફળવાળું છે, (જો કે અપમાન માટે, અવજ્ઞા માટે નહિ પણ) સુષમાકાળમાં આપ, આપ જેવા કેવળી, ગણધરો વિગેરે લાઈફ બોટો દરિયામાં હતી, તેથી કાંઈ...... ડૂબવાનો ભય ન હોતો, તે વખતે તીર્થંકરોનો પ્રતિબોધ લાગ્યો તો ખરો, કલ્યાણની વાત, નહિ તો કેવળી આદિનો લાગી જાય. જે તળાવમાં જગા જગા પર સાંકળો નાંખી છે ત્યાં ડૂબવાનો ભય નથી. ત્યાં તરી જવું એમાં અધિકતા નથી. આથી તીર્થંકારોની જરૂરિયાત ઓછી નથી. સાંકળો તો એમણે જ નાખી હતી, તેમનાથી જ કેવળી આદિ ઉત્પન્ન થાય છે, તત્વજ્ઞ સાંકળ નાખનારને જ દેખે, બચનાર સાંકળને જ દેખે, તેવી રીતે અધિકતા ન હતી, પણ જે તળાવમાં એક જ સાંકળ હોય, ને તળાવ ઘોર જાનવરોથી ભરેલું હોય, તે હાથમાં આવવી ને બચવું કેટલું મુશ્કેલ છે, તેવી રીતે વિષમકાળમાં કોઈ તીર્થંકર, કેવળી, આદિ નથી, અને તમારા શાસ્ત્રની સાંકળ મળી ગઈ કઈ વખતે ? ચારે બાજુ જાનવરો ઘુઘવાટા કરી રહ્યા છે. દુઃષમાકાળમાં મિથ્યાત્વનો પાર નથી, તીર્થંકરના વારામાં ગોશાલક, જમાલિ, ગણ્યાગાંઠ્યા હતા, પણ અહીં વરસના મહિના બાર ને પાખંડી તેર, તેવા વખતમાં સાચું શાસન મળવું મુશ્કેલ કેટલું? આપ જેવા હોય તો નિર્ણય કરી લેત, પણ અહીં એવું નથી. એક ગામ જવું હોય, અજાણ્યું જંગલ હોય, સીધી કેડી કે રસ્તો હોય તો અજાણ્યા પણ ગામ પહોંચી જઈએ, પણ ગામ એક ને રસ્તા એકવીશ હોય ત્યાં શું થાય ? ભવિતવ્યતા હોય તો સીધી વાટ આવે નહિ તો આવવી મુશ્કેલ, તેવી રીતે આ આત્મા એવો અજાણ્યો કે બોરનું ડીટુંયે જાણતો નથી. મોક્ષમાર્ગ જાણતા નથી, પાંખડીઓથી વ્યાપ્ત એવા દુઃષમાકાળમાં આપના શાસનનો યોગ મળ્યો તો કૃપાનો પાર નથી, પૂરેપૂરો ભાગ્યશાળી હોય તો જ ઘોર પ્રાણીઓથી વ્યાપ્ત, અને ફક્ત એક સાંકળવાળા તળાવમાં સાંકળ મેળવી તરી જાય, તેવી રીતે સાચી શ્રદ્ધા મેળવવી, એ પણ

ભાગ્યશાળીપણાને લીધે જ.

**मेरुतो मरुभूमौ हि श्लाघ्या कल्पतरोः स्थितिः**

કલ્પવૃક્ષ ઉત્તમ છે, કોઈ દિવસ હીન છે નહિ, પણ ખરેખર લોકોના આશીર્વાદને કયું મેળવે? મારવાડમાં હોય તે કે નંદનવનમાં રહેલું? મારવાડનું આશીર્વાદ મેળવે, નંદનવનનું મેળવે નહિ, કારણ ત્યાં ઢગલાબંધ કલ્પવૃક્ષનાં ઝાડ છે, જ્યાં ઝાડની મુશ્કેલી ત્યાં કલ્પવૃક્ષની કિંમત ઓર છે, તેવી રીતે સુષમાકાળમાં સંસારથી તરીયે એવાં સાધનો મળે તે કલ્યાણકારક જ છે પણ દુઃષમાકાળમાં તરવાનું સાધન મુશ્કેલ હોવાથી કિંમતી છે, જો કે મારવાડના અને નંદનવનના કલ્પવૃક્ષમાં ફરક નથી, પણ ઢગલા હોય ત્યાં કિંમત ઓછી થાય છે, દુઃષમાકાળમાં સંસારસમુદ્રથી તરવાનાં સાધન આપ તરફથી મળે છે તે ખરેખર પ્રશંસનીય છે, સાધનમાં ફેર નથી, સોનાની ખાણ પાસે એક ચીભડા પેટે ચાર તોલા સુવર્ણ મેળવે તે કરતાં બીજે પાવલી મેળવે તો ખુશ ખુશ થઈ જાય છે, તેવી રીતે તીર્થંકરના વખતમાં પોતે હયાત, શ્રુતકેવળી આદિ હાજર ત્યાં વધવા, ઘટવાની કિંમત નહિ, પણ દુઃષમાકાળમાં તરવાનો આધાર નહિ, ફક્ત શ્રુતજ્ઞાન એ જ તરવાનો આધાર.

**શ્રુતજ્ઞાનના ઉત્પાદક ભગવાન મહાવીર.**

શ્રુતજ્ઞાન સર્વોપરિ હોવાથી, તેના ઉત્પાદક, મૂળ હેતુરૂપ ભગવાન મહાવીર હોવાથી, તેમના જન્મ કલ્યાણકનો દિવસ ઉજવવા વધારે તૈયાર થઈએ છીએ શાથી ઉજવીએ છીએ ? ગર્ભમાં નવ માસ રહ્યા તેથી, પારણે હિંચોળાયા તેથી ? નાં ! ત્યારે ! અરીસો ચોખ્ખો કરીએ તો મોઢું ચોખ્ખું દેખાય તેવી રીતે ભગવાન તીર્થંકરોમાં જે જે મોક્ષની જડો રહી છે, તે જ્યારે આપણે તપાસીએ ને દ્રષ્ટિ કરીએ ત્યારે આપણા આત્મામાં તે જડ રોપી શકીએ, મહાવીર પ્રભુ મોક્ષને અંગે મોક્ષને ઉદ્દેશીને, ક્ષાયોપશમિક ક્ષાયિકપદને અંગે-ઉદ્દેશીને જ આરાધ્ય છે, દુનિયાદારીને અંગે જો આરાધ્ય હોય તો પ્રથમ યુગલિકો પૂજાવા જોઈએ. કારણ કે તેઓને રોગ નહિ, જંગલી જાનવરોનો ભય નહિ, શોક નહિ. આ જ કારણથી, તેઓ પૂજાવા જોઈએ અને ઋદ્ધિસમૃદ્ધિ, કુટુંબકબિલા આદિને અંગે જો આરાધ્ય ગણીએ તો ચક્રવર્તીઓને પહેલા પૂજવા જોઈએ કારણકે :-

ચક્રવર્તીઓ પાસે અનેક પ્રકારની રિદ્ધિ હોય છે, છ ખંડના અધિપતિ, નવ નિધાનનાં માણેક, ૧૪ રત્નોના સ્વામી, ૧ લાખ ૯૨ હજાર સ્ત્રીઓ વિગેરે સંપૂર્ણ ભોગનાં સાધનોવાળા હોય છે.

**દુનિયાદારીને લીધે તીર્થંકરો ''આદર્શ'' નથી ગણાતા.**

પરંતુ આપણે તેને લીધે આદર્શ નથી ગણતા, આપણે મહાવીરની આદર્શતાનો સ્વીકાર કરતા હોઈએ તો અવજ્ઞા તરીકે નહિ પણ કહેવું પડે કે, કચરો હોય તે ખસેડવા માટે જ કહીએ છીએ કે ક્ષાયોપશમિક કે ક્ષાયિક સિવાયની સ્થિતિનું અનુકરણ કરવાનું હોય તો એક માના પેટમાંથી બીજી માના પેટમાં જવું, દેવાનંદાની કૂખમાંથી ત્રિશલાની કુક્ષિમાં જવું એ.

શંકા થાય કે તે તો ઈન્દ્રાદિકે કર્યું ને ?

સમાધાન-મહાવીર મહારાજાએ એવું પ્રભાવિક કર્મ બાંધ્યું ત્યારે થયુંને ?, નહિતર

બ્રાહ્મણીના કુલમાંથી ક્ષત્રિયની કુક્ષીમાં જવું થાત? છતાં એ પરાધીન ગણો, ચાલો સ્વાધીનમાં, તેમને પુત્ર કેટલા ? નહિ, ત્યારે છોકરાવાળાનું કલ્યાણ થવાનું નહિ, અર્થાત્ ભક્તોમાં જે છોકરાવાળા તેઓનું કલ્યાણ નહિ થાય, અર્થાત્ કર્મોદયથી થવાવાળી ચીજોને અંગે આદર્શપણું નથી, પરંતુ કર્મરાજાની સાથે યુદ્ધ કર્યું, તેને જમીનદોસ્ત કર્યો ને પોતાના શૂરવીર સરદારોને મજબૂત કર્યા, કેવી રીતે ? ને કેવા ? કે કર્મની સામા ઉભા રહે ને તેને જમીનદોસ્ત કરે, ચક્રવર્તીઓ ને તેના સેનાપતિઓની જેમ, તેને જ અંગે આદર્શપણું.

## મહારાણા પ્રતાપસિંહનું અનુકરણ શા માટે?

મહારાણા પ્રતાપસિંહનું, શિવાજીનું અનુકરણ શામાં ? અણનમપણામાં. પરંતુ ખીણમાં નાસી જવાનું કે કુશકાના રોટલા ખાવાનું કે બિલાડી લઈ જાય ત્યારે રોક્કર્ણ કરવાનું, તેમાં નહિ અર્થાત્ ધર્મધ્વંસ કરનારને નમું નહિ. જામેલી વિરોધીઓની સત્તા ઉઠાડું એમાં અનુકરણ.

આ ઉપરથી અજ્ઞાનદશામાં કરેલ નાકમાંથી મોંઢામાં હાથ ઘાલવાની જેમ કર્મોદયથી (ઘાતીથી) જે બનાવો બન્યા હોય તે જૈનશાસનના જયવંત જોદ્ધાઓ જીગરથી નહિ, ચાહે તે જોદ્ધાઓ તો કર્મરાજાને જીતવાને અંગે જે કાંઈ વર્તન તે વર્તનને ચાહે છે, કેટલીક વખત આપણે ભૂલ ખાઈએ છીએ તે બગલાનો રંગ લેતાં આકાર લઈ બેસી આંધળા જેવી સ્થિતિ કરીએ છીએ.

"આંધળા બાવાની ટોળી હતી, દેખ્યું કે નિભાવ થતો નથી તેથી દેખતાની ટોળીમાં મળ્યા, કોઈએ નિમન્ત્રણ કર્યું, આંધળાની ટોળીમાં એક જાતિઅંધ હતો, તેને અનુમાન ન હોય, પાછળથી થયેલાને હોય, તેથી ધાર્યું કે આને અહીં રહેવા દો, બધા જમવા ગયા, ખાઈપીને આવ્યા, જન્મથી આંધળાને કુતૂહલ થયું ? શું ખાધું ? અરે "આજ ખીરપુરી ખીલાઈ" ખીર કેવી ચીજ છે ? તો દેખતાએ કહ્યું કે "ગોકા દૂધ, બગલા જેસા સફેદ. ગાયની તો અનુમાનથી ખબર પડે પણ "વહ બગલા ક્યા" આકાર બતાવ્યો, અરે (ચીઢાઈને કહ્યું) એસા તુમને ખાયા, મેરા તો ગલા ભી ફટ જાવે, બાત મત કરો, પેલાએ કહ્યું "ભાઈ એ તો રંગ ! અરે"

આવી રીતે પ્રભુ મહાવીરના જીવનમાંથી તારનારી વસ્તુને બદલે, કર્મોદયની ચીજ લેવા જઈએ તો તેવી સ્થિતિ થાય.

કલ્યાણક શાથી ઉજવીએ છીએ ? સંસારીપણાને અંગે નહિ, તેનું અનુકરણ કરવા નહિ, પરંતુ આપણા આત્માના ઉદ્ધાર માટે એમણે તારક તરીકે જો ઉપદેશ આપેલા તે ઉપદેશના વચનો ધ્યાનમાં રાખવા, તારક તરીકેનાં વર્તનો કરેલાં તેનું અનુકરણ કરવાનું, જેમને રાઈપ્રતિક્રમણની ટેવ હશે તેને ધ્યાનમાં હશે, તેમને તપચિંતામણીના કાઉસ્સગમાં શું ? પ્રભુ મહાવીરે છ મહિના તપસ્યા કરી હે ચેતન ! તું કર !, પરણવું આદિ ન લીધાં કેમ ? તારકદ્રષ્ટિથી માનીએ છીએ તેથી તે તરીકેનું અનુકરણ કરવું તે જ ભક્તિ.

## "જ્ઞાતનન્દન" એ નામ હયાતિથી જ છે.

આટલા માટે ભગવાન હેમચંદ્રસૂરિ મહારાજે **वंदे श्रीज्ञातनन्दनम्** તે મહાવીર પ્રભુને હું નમસ્કાર કરું છું - "જ્ઞાતનંદન" શબ્દ શાથી વાપર્યો કારણ કે, માતાપિતાએ કરેલ નામ "વર્ધમાન" છે, ખુદ્ મહાવીર નામ પણ માતાપિતાનું નથી, પણ અવિરતિ દેવતાઓએ સ્થાપેલું છે, એ આચારાંગ આદિના પાઠોથી સિદ્ધ છે, તો આ નામની જરૂર શી ?

વિચારો ! સોનાની કિંમત વધારે કે તેના બનાવેલ ઘાટની ? વર્ધમાન એ ગર્ભમાં આવ્યા પછી ઋદ્ધિ, સમૃદ્ધિના વધારાને લીધે પાડ્યું - અને

તે નામ થાપનાર ત્રિશલારાણી, ને સિદ્ધાર્થ મહારાજ પાંચમે ગુણસ્થાનકે હોવાને લીધે, ને દેવતાઓ ચોથા ગુણસ્થાનકમાં હતા, છતાં મહાવીર એ નામ કેમ મનાયું ?, કહો કે એ ગુણથી બનેલું છે, અને ગુણને લીધે બનેલું નામ જગા જગા પર લેવામાં આવ્યું છે, અર્થાત્ ગુણની પ્રશંસા દ્વારાએ અવિરતિ દેવતાઓએ કરેલ નામ બધાઓએ કબૂલ રાખ્યું. વંદે શ્રી જગદ્ ગુરુમ્ નહિ કહેતાં આ કેમ કહ્યું એ પ્રશ્ન અહીં એટલાજ માટે કહું છું કે તે સ્વતંત્ર શબ્દ છે, જેને માટે ખુદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ પણ સ્વરચિત અભિધાન ચિંતામણિમાં જણાવે છે કે :- **महावीरो वर्धमानो देवार्यो ज्ञातनन्दनः** આ નામ એકલા તેમણે કહ્યું એમ નથી પણ ખુદ્ તેઓશ્રીની હયાતિમાં ને જન્મથી જ પ્રસિદ્ધ હતું. મહાવીર નામ જૈનસૂત્રોમાં પ્રસિદ્ધ છે, વર્ધમાન નામ માતાપિતાને લીધે છે, અને જગતમાં પ્રસિદ્ધિ પામેલ હોય તો **ज्ञातनन्दन** એ જ નામ હતું.

### ''જ્ઞાતપુત્ર'' શાથી ?

જ્ઞાત નામના કુલમાં ઘણા પુત્રો હતા તેમાં આપની પુત્ર તરીકે પ્રસિદ્ધિ હોવાની શી ? ઉંડા ઉતરો, કારણ વિચારો, બ્રાહ્મણ-કુળમાંથી દેવે ઉપાડી જ્ઞાતકુળમાં લાવી તીર્થંકરપણામાં ધરેલ પુરુષ કોઈ હોય તો આ એક જ છે, નન્દીવર્ધન આદિ જ્ઞાતકુલમાં હતા, છતાં તીર્થંકરની પ્રસિદ્ધિ પામેલ એકજ છે - કદાચ કહેશો કે:- ભગવાનના ગર્ભની વાત, કોઈને ખબર નહિ હોવાને લીધે (કારણ કે તે પલટતી વખતે અવસ્વાપીની નિદ્રા, આપે છે, તેથી કોઈને ખબર પડતી નથી) ખબર ન પડે તો આવી સ્થિતિમાં પ્રસિદ્ધિ ક્યાંથી પામ્યા? વિચારો ! તમે દર વરસે કલ્પસૂત્ર સાંભળો છો પણ જરા વિચાર કરો કે :- જે વખતે પ્રભુ મહાવીરનો જીવ દેવાનંદાની કુક્ષિમાં આવે છે ત્યારે દેવાનન્દાને ચૌદ સ્વપ્ન આવે છે. ઉદાવીને દેવ લઈ જાય છે ત્યારે એમ થાય છે કે ત્રિશલારાણી ચૌદે સ્વપ્ન ઉપાડી ગઈ છે, અર્થાત્ પુણ્યપ્રભાવક જે ગર્ભ હતો તે ત્રિશલાને ગયો, સવારે છાતી કૂટે છે, આ વાત જાહેર થાય કે નહિ? બીજી બાજુ તે દિવસે મહાવીરનો ગર્ભ ત્રિશલાની કૂખે આવે, ૧૪ સ્વપ્નો દેખે છે, ને સવારે સિદ્ધાર્થ રાજાને કહે છે, સિદ્ધાર્થ રાજા સ્વપ્નપાઠક બોલાવે છે. સ્વપ્નપાઠકો કહે છે કે :- ત્રણ મહિનાનો ગર્ભ હતો પણ કાલે એવો ગર્ભ આવ્યો કે તે જીવ ચક્રવર્તી અગર તીર્થંકર થાય.

### બૌદ્ધો પણ તીર્થંકર મહાવીરને જ્ઞાતપુત્ર તરીકે સંબોધે છે.

આ બધા ઉપરથી એટલે, દેવાનંદાનું કલ્પાંત, ત્રિશલાનું સ્વપ્નદર્શન, કથન, સ્વપ્નપાઠકનું આવવું આવું કહેવું આ વાત જાહેર હોવાથી ને છ મહિને અવતાર થયેલ હોવાથી સર્વને પાકો નિશ્ચય થયો, આ જાહેર થવાને લીધે, ને દેવતાઈ મહિમાને લીધે જ્ઞાતનન્દન નામ જાહેર હતું, નન્દીવર્ધનનું તો નામ જ્ઞાતનન્દન સામાન્ય હતું તેથી બૌદ્ધ જેવા જૈનોના કટ્ટર વિરોધીઓને પણ ( **निगन्थ नायपुत्तेण** ) એ નામ બોલવું પડ્યું. ભગવાન હેમચંદ્રે શા માટે કહ્યું ? અનાજ લેવા, ગામ લેવા, દેશ લેવા નહિ પણ મારા આત્માના કલ્યાણરૂપી વૃક્ષને નવપલ્લવિત રાખવા માટે જો કોઈપણ હોય તો મહાવીર જ્ઞાતનન્દન રૂપી બગીચો જ છે, બીજે તો સૂકાઈ જાય, તથા શ્રુતજ્ઞાનરૂપી ગંગાના પ્રવાહને ચલાવનાર હિમાલય જેવા ભગવાન છે અને સમસ્ત જગતના પ્રાણીરૂપી કમળોને વિકસ્વર કરવા સૂર્ય સમાન છે આવા નિરૂપમેય, હિમાલય ને રવિની ઉપમાવાળા ભગવાનને હું નમસ્કાર કરું છું.

''સંપૂર્ણ''

# ધર્મના અર્થનો ખુલાસો, ભેદો, તેનો ક્રમ અને જરૂરીયાત.

(અનુસંધાન પાના ૨૪૦)

બીજા જન્મમાં જરૂર મોક્ષની પ્રાપ્તિ છે, અને જેને લઘુમોક્ષ તરીકે કહેવામાં આવે છે, તેમાં દેવપણાને મેળવે છે. અર્થાત્ સમ્યક્ત્વયુક્ત સર્વવિરતિનું ફળ સર્વાર્થસિદ્ધિનું દેવત્વ છે એમ જણાવી ધર્મથી અભ્યુદય થાય છે એમ નિશ્ચિત કરેલું છે.

### ધર્મથી અભ્યુદય જ છે.

એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે સામાન્ય વૈમાનિકદેવપણું અવિરતિ મિથ્યાદૃષ્ટિ જીવોને પણ મળે છે, પણ અચ્યુત જેવા બારમા દેવલોકનું સ્થાન કોઈપણ અવિરતિ મિથ્યાદૃષ્ટિને મળતું નથી, કિન્તુ તે સ્થાન માત્ર સમ્યગ્દૃષ્ટિને કે સમ્યગ્દૃષ્ટિપૂર્વક દેશવિરતિ આદરવાવાળાને જ મળે છે, તેમજ બાર દેવલોક પછીના જે નવગ્રૈવેયકો (ચૌદ રાજલોક વૈશાખ સ્થાને રહેલા પુરુષના આકારવાળો હોવાથી તેની ગ્રીવા એટલે ડોકને સ્થાને રહેલા વિમાનોને ગ્રૈવેયક વિમાનો કહેવામાં આવે છે. તેમાં કોઈપણ સર્વવિરતિ સિવાયનો ઉત્પન્ન થઈ શકે જ નહિ. એવી રીતે લોકપુરુષોના મુખ્યસ્થાને રહેલાં અનુત્તર વિમાનો કે જેનાથી કોઈપણ દેવલોક કે વિમાન ઉત્તમ છે નહિ અને હોઈ શકે પણ નહિ, તેમાં સમ્યગ્દૃષ્ટિપણા સાથેની સર્વવિરતિ કરવાવાળો જીવ જ ઉત્પન્ન થઈ શકે. આ વાત ધ્યાનમાં રાખવાથી એ વસ્તુ નિશ્ચિત થશે કે બારમો દેવલોક અને તેની આગળની સ્થિતિનું દેવત્વ કેવળ સમ્યગ્દૃષ્ટિપણા આદિક ધર્મથી જ થાય છે તેથી જેમ ધર્મનું ફળ અભ્યુદય જ છે એવો નિશ્ચય થાય તેમ અભ્યુદય એ ધર્મનું જ ફળ છે એ નિશ્ચય પણ સહેજે થઈ શકશે.

### ધર્મનું અભ્યુદય ફળ છે પણ તે સાધ્ય ફળ નહિ, પણ પ્રાપ્ય ફળ છે

આવી રીતે જો કે શાસ્ત્રકારોએ ધર્મનું અભ્યુદય પણ ફળ જણાવેલું છે, પણ તે અભ્યુદય મોક્ષની માફક સાધ્યફળ તરીકે નથી, પણ માત્ર પ્રાપ્યફળ તરીકે જ છે, અને તેથી જ દેવલોકાદિની પ્રાપ્તિરૂપી અભ્યુદય ફળની અપેક્ષાએ જ માત્ર જો ધર્માનુષ્ઠાનો કરવામાં આવે તો શાસ્ત્રકારો તેમાં મિથ્યાત્વ જણાવે છે. અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ એ સાધ્યફળ હોવાથી તેને મેળવવા તેના ઉદેશથી કરાતી ધર્મક્રિયાને સમ્યક્ત્વકરણી કહી શકાય છે, ત્યારે દેવલોકાદિકના ઉદ્દેશથી જ જેઓ મોક્ષને મુખ્ય ફળ તરીકે ન માનતાં ધર્માનુષ્ઠાનો કરે છે તેને શાસ્ત્રકારો મિથ્યાત્વની કરણી તરીકે જણાવે છે, અને તેથી જ અભવ્યો તથા ભવ્યોને પણ દેવલોકાદિકની ઈચ્છાએ અનંતી વખત સર્વવિરતિ, દેશવિરતિ અને સમ્યક્ત્વને લગતી ધર્મક્રિયા પ્રાપ્ત

થઈ, છતાં તેઓની ક્રિયાને એક અંશે પણ સમ્યક્ત્વની કરણી શાસ્ત્રકારોએ ગણી નહિ. હવે જો અભ્યુદયને પણ મોક્ષરૂપ ફળની માફક સાધ્યફળ તરીકે ગણીએ તો તે અભવ્યની તથા મિથ્યાત્વી એવા ભવ્યજીવની પણ દેવલોક, નરેન્દ્રપણું, પૂજા, સત્કાર આદિ અભ્યુદયની અપેક્ષાએ થયેલી ધર્મકરણીને સમ્યક્ત્વક્રિયા ગણી મોક્ષને પ્રાપ્ત કરનાર માનવી જોઈએ, પણ શાસ્ત્રાનુસાર બુદ્ધિવાળાઓ કોઈપણ પ્રકારે તે ક્રિયાને તેવી માની શકે નહિ, તેનું એ જ કારણ છે કે અભ્યુદયફળ એ સાધ્યફળ નથી પણ માત્ર પ્રાપ્યફળ છે, ને તેથી તેને માટે ધર્માનુષ્ઠાન કરવાનું શાસ્ત્રકારોએ સમ્યક્ત્વકરણી તરીકે ગણેલું નથી.

## અભ્યુદયની ઈચ્છાથી દ્રવ્યાનુષ્ઠાનપણું

એ વાત ધ્યાનમાં રાખવાની છે કે કેટલાક અવિરતિ સમ્યગ્દૃષ્ટિઓ જેઓ ચોથે ગુણઠાણે હોય છે તેઓ અને દેશવિરતિવાળાઓ જેઓ પાંચમે ગુણઠાણે હોય છે તેઓ પણ જિનેશ્વર મહારાજે કહેલા ધર્માનુષ્ઠાનો જે પૌષધ અને અષ્ટમ વિગેરે છે તેઓનું મોક્ષરૂપી સાધ્યફળ માનવાવાળા છતાં ઝવેરી હીરાની કિંમત હજારો અને લાખોની માનતો હોય છતાં જેમ અરણ્યાદિકમાં તૃષા અને ક્ષુધાથી અત્યંત વ્યાકુળ થયેલો હોઈ તે પ્રસંગમાં પ્રાપ્ત થતા મરણની આપત્તિને નિવારવા તે હીરાને એક લોટા પાણી માટે કે ફળફળાદિના ખોરાક માટે કોઈક જંગલી મનુષ્યને આપી દે તો તેટલા માત્રથી તે ઝવેરી મૂર્ખ કે અપરીક્ષક ગણાતો નથી, તેવી રીતે દુનિયાદારીના વિચિત્ર સંજોગમાં સંડોવાયેલો સંસારી જિનેશ્વર મહારાજે નિરૂપણ કરેલા ધર્માનુષ્ઠાનોનું મોક્ષરૂપી સાધ્યફળ માનવા છતાં પણ અભ્યુદયને માટે જો અષ્ટમ, પૌષધ, આયંબિલ, ઉપવાસ વિગેરે ધર્માનુષ્ઠાનો કરે તો તેટલા માત્રથી તે મિથ્યાદૃષ્ટિ થઈ જતો નથી. શાસ્ત્રકારો તેવી અભ્યુદયરૂપી પ્રાપ્યફળની અપેક્ષાએ કરાતી શ્રદ્ધાપૂર્વકની ક્રિયાને દ્રવ્યક્રિયા તરીકે જણાવે છે, અને આચાર્ય મહારાજ શ્રી હરિભદ્રસૂરિજી શ્રી અષ્ટકપ્રકરણના મૂળ શ્લોકમાં અને નવાંગીકાર શ્રીમાન અભયદેવસૂરિજીએ શોધેલી અને શ્રી જિનેશ્વરસૂરિજી મહારાજે બનાવેલી શ્રી અષ્ટક પ્રકરણની ટીકામાં અવિરતિ, સમ્યગ્દષ્ટિ અને દેશવિરતિને લબ્ધિઆદિની અપેક્ષાવાળા દ્રવ્યપચ્ચખાણો જણાવેલાં છે, અર્થાત્ શ્રદ્ધાસંયુક્ત જીવાત્ પણ લૌકિક ફળ આદિની અપેક્ષાએ દ્રવ્યક્રિયા હોવાનું સંભવિત છે, અને તેથી જ ઉપમિતિ ભવપ્રપંચકથા વિગેરેમાં પણ સમ્યક્ત્વવાળા જીવોને દ્રવ્યથી જ સાધુપણા અને શ્રાવકપણા થયાં એમ જણાવેલું છે, એટલે જેઓ પૌદ્ગલિક અપેક્ષાવાળા ધર્માનુષ્ઠાન માત્રમાં સમ્યક્ શ્રદ્ધા છતાં પણ મિથ્યાત્વ જ થાય છે એમ માનવાવાળા છે તેઓ કપોલકલ્પિત કથન કરનારા અને શાસ્ત્ર વિરુદ્ધ બોલનારા છે એમ શાસનના અનુસરનારાઓને તો માન્યા સિવાય છૂટકો જ નથી.

## અભ્યુદય ફળની ઈચ્છાએ મિથ્યાત્વિપણું

આ સર્વ કથનનું તાત્પર્ય એ નથી કે જીવોએ લૌકિક પદાર્થની અપેક્ષાએ ધર્માનુષ્ઠાનો કરવાં એ

શાસ્ત્રનો વિધેય માર્ગ છે, કિન્તુ આ સર્વ કથનનું તત્વ એટલું જ છે કે દ્રવ્યક્રિયા તરીકે શાસ્ત્રકારોએ ગણાવેલી કરણીને મિથ્યાત્વક્રિયા તરીકે ગણાવવી એ કોઈ પણ પ્રકારે યોગ્ય નથી. જો કે ધર્માનુષ્ઠાનોનું વિધેય અને સાધ્ય એવું ફળ જો દેવલોકાદિ જ છે એમ માને તો જરૂર મિથ્યાત્વ જ છે. આ સર્વ વિવેચનથી આટલી વાત સ્પષ્ટ થાય છે કે **યતોઽભ્યુદય** એ સૂત્રમાં લૌકિક દ્રષ્ટિએ દેવલોકાદિ પ્રાપ્તિરૂપી અભ્યુદય ફળ ભલે સાધ્યરૂપ ગણાય, પણ લોકોત્તર દ્રષ્ટિવાળો તો કોઈપણ મનુષ્ય એ સૂત્રમાં જણાવેલ મોક્ષને જ સાધ્યફળ તરીકે ગણે અને ધર્મથી થતા અભ્યુદયને સાધ્યફળ તરીકે ન ગણતાં કેવળ પ્રાપ્ય ફળ તરીકે જ ગણે.

## દેવત્વ અને સુકુલોત્પત્તિ આદિનું ફલપણું

આ વિષય બરોબર ધ્યાનમાં લેતાં સંસારની ચારે ગતિ કે જેમાં દેવપણું અને મનુષ્યપણું પણ આવી જાય છે, તેનું તત્ત્વદ્રષ્ટિએ નિવારણ અને સદ્‌ગતિ એટલે વ્યવહારથી શુભ દેવપણું અને મનુષ્યપણું અને તત્ત્વદ્રષ્ટિએ માત્ર મોક્ષગતિને પ્રાપ્ત કરાવનારો જ ધર્મ છે. કદાચ શંકા થાય કે સમ્યગ્‌દ્રષ્ટિ માત્રને દેવલોકાદિકની સ્થિતિ જો દુઃખમય હોઈ છાંડવા લાયક જ છે તો પછી વ્યવહારદ્રષ્ટિએ પણ તે દેવલોકની પ્રાપ્તિ અને મનુષ્યપણામાં સુકુલાદિની પ્રાપ્તિ એ ફળ તરીકે કેમ ગણાવી જોઈએ ? અને જો તેવી દેવર્દ્ધિ અને સુકુલાગમન ધર્મનાં ફળ તરીકે ગણવાં જ ન જોઈએ તો પછી શ્રી ઉત્તરાધ્યયન આદિ સૂત્રો અને શ્રી ધર્મબિંદુ આદિ ગ્રંથો ધર્મના ફળ તરીકે દેવર્દ્ધિનું વર્ણન અને સુકુલાગમનાદિ કેમ કહે છે ? આ શંકાના સમાધાનમાં સમજવાનું કે :- દેવલોકાદિની સ્થિતિ ધર્મના પ્રભાવે બાંધેલા પુણ્યના પ્રતાપે જ થાય છે, અને ઋદ્ધિ, સમૃદ્ધિ તથા સારું કુટુંબ અને નિરોગતા વિગેરે ધર્મના પ્રભાવે જ થાય છે એમ જણાવી શાસ્ત્રકારો તો તે ફળની ઈચ્છાવાળાઓને હિંસા, જૂઠ, વિગેરે પાપોની અવશ્ય વર્જનીયતા છે એમ જણાવી શ્રોતાઓને હિંસાદિક અધર્મરૂપ અધર્મથી નિવર્તાવવા અને જ્ઞાનાચાર આદિ ધર્મોમાં પ્રવર્તાવવા એટલું જ માત્ર ઈષ્ટ હોય છે. અર્થાત્ શાસ્ત્રકારોનું વિધેય માત્ર હિંસાદિ પાપોની નિવૃત્તિ અને જ્ઞાનાચાર આદિ ધર્મની પ્રવૃત્તિને અંગે જ છે, પણ દેવલોકની ઋદ્ધિ અને સુકુલાગમનાદિકની ઈચ્છાનું વિધેયપણું કોઈપણ પ્રકારે શાસ્ત્રકારે રાખ્યું નથી, અને તેથી જ તે દેવલોકાદિની ઈચ્છાએ કરાતા ધર્માનુષ્ઠાનને મહર્ષિઓએ દ્રવ્યાનુષ્ઠાન અને મિથ્યાત્વકરણી તરીકે જણાવેલાં છે.

## ધર્મશબ્દના કલ્પિત લક્ષ્યાર્થની અયોગ્યતા

ચાલુ પ્રકરણને અંગે તો એટલું જ સમજવાનું કે આ જીંદગી અને અન્ય જીંદગીમાં જે દુઃખથી બચવાનું થાય અને સુખની પ્રાપ્તિ થાય તે સર્વ ધર્મનો જ પ્રતાપ છે, અને તેથી કોઈપણ પ્રકારે અન્ય જીંદગીના દુઃખના નિવારણ અને સુખની પ્રાપ્તિને બાધિત ગણી માત્ર આ લોકના દુઃખનિવારણ અને સુખ પ્રાપ્તિનાં સાધનોને સત્તાધીશ કે તે સિવાયના મનુષ્યોની અપેક્ષાએ ધર્મશબ્દનો લક્ષ્યાર્થ કહેવો એ કોઈપણ પ્રકારે યોગ્ય જ નથી. આવી રીતે વ્યૂત્પત્તિ અર્થ સંક્ષેપથી જણાવ્યા પછી તેના ભેદો વિગેરે ઉપર વિચાર કરીએ.

✱ ✱ ✱

# અમોઘ દેશના

(અનુસંધાન ગતાંક પા. ૨૬૪ થી ચાલુ)

## માતાની મહત્તા પણ ધર્મને અંગે.

માતાની આટલી મહત્તા કહેવામાં આવી છે તે સર્વથા સાચી છે પરંતુ તે ઉપરથી એમ સમજવાનું નથી કે પિતાની ફરજ બાળકને ધર્મને પંથે જોડવાની નથી. બાળકમાં ધાર્મિક સંસ્કારો નાખવા એ ફરજ જેટલે અંશે માતાની છે તેટલે જ અંશે પિતાની પણ છે જ, પરંતુ પિતા જે ધાર્મિક સંસ્કારો નાખે છે તે ટકવા અને તેનું પોષણ થવું એ માતા ઉપર જ અવલંબે છે, આથી જ જૈનકુળમાં પણ માતૃગતજાતિનું મહત્વ કબૂલ રાખવામાં આવ્યું છે. જે ઘરમાં માતા શ્રાવિકોના રંગમાં રંગાયેલી ન હોય તે ઘરમાં બાપ બાળકમાં ધાર્મિક સંસ્કારો નાખશે તો પણ તેની અભિવૃદ્ધિ થવાનું મુશ્કેલ બની જશે. જ્યારે માતા જ જો ધર્મના રંગમાં રંગાયેલી હશે તો સેંકડે નેવું બનાવોમાં તો તેવી માતાના સંતાનો કદાપિ પણ ધર્મવિમુખ નહિ થાય એ ખુલ્લું જ છે. માતાની મહત્તા કેટલી છે અને જો તે ધારે તો પોતાના સંતાનને કેવો ધર્મનિષ્ઠ બનાવી શકે છે તે માટે જૈનસાહિત્યમાં આચાર્ય શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજનું ઉદાહરણ સ્પષ્ટ છે. આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજના પિતા જાતે બ્રાહ્મણ અને ધર્મે વૈદિક ધર્મી હતા. બ્રાહ્મણ જાતિમાં તેમના તત્વજ્ઞાન અને લોકવ્યવહારના નિયમો પ્રમાણે ગર્ભથી આઠમું વર્ષ બેસે છે ત્યારે જનોઈ દેવામાં આવે છે અને પછી તે બાળકનો વિદ્યાભ્યાસ આરંભાય છે, પરંતુ જે બાળકનો પિતા પોતાના બાળકને વેદનું જ્ઞાન આપવા માગતો હોય તે પિતા ગર્ભથી પાંચમું વર્ષ ગણીને, પાંચમે વર્ષે સંતાનને જનોઈ આપી શકે છે. આ પ્રમાણે આર્યરક્ષિતના પિતાએ પુત્રને જનોઈ આપી દીધી હતી અને પછી ગુરુ પાસે વેદવિદ્યાવિશારદ થવા તેમને મોકલી આપ્યા હતા.

## ઉન્માર્ગે ઉન્નતિનું પરિણામ.

આર્યરક્ષિત ગુરુને ત્યાં રહીને ખૂબ વિદ્યા ભણ્યા, ચૌદ વિદ્યામાં પારંગત થયા અને પોતાની જન્મભૂમિમાં પાછા આવ્યા ! આ વખતે તેમના અપૂર્વ સન્માનનો વિચાર કરો. આર્યરક્ષિતે મેળવેલા અપૂર્વ જ્ઞાન માટે રાજાઓ તેમને માન આપતા હતા, તેમની સેવામાં તત્પર રહેતા હતા, લોકોએ તેઓશ્રીને મહાજ્ઞાની માનીને વધાવી લીધા હતા અને તેમણે મેળવેલા જ્ઞાનના મહિમાથી પરિવારમાં પણ તેમનું સ્થાન પહેલું હતું. આવો જીવ પૌદગલિક રિદ્ધિસિદ્ધિમાં ડૂબી જાય અને તેનો ભયંકર રીતિએ નાશ થાય તો પણ તેમાં આશ્ચર્ય શું હોય વારૂ ? ઉન્માર્ગે જેની ઉન્નતિ થાય છે તે આત્મા આ ભયંકર ભવસાગરમાં મહાભયાનકપણે ડૂબી મરે છે. હવે આ સ્થાને જો આર્યરક્ષિતજીની માતા જૈનત્વથી વાસિત હૃદયવાળી ન હોત તો ભગવાન આર્યરક્ષિતસૂરિજી કે જેઓ જૈનશાસનનું એક રત્ન છે તેઓ પ્રકાશમાં ન આવ્યા હોત અને મિથ્યાત્વના

પ્રલયકારી પંકમાં ડૂબી જ ગયા હોત ! હવે આ સંયોગમાં માતા વિચાર કરે છે કે મારો પુત્ર ચૌદ વિદ્યા ભણ્યો છે, રાજામહારાજાઓ તેને અપૂર્વ માન આપે છે; પ્રજા તેને વધાવી લે છે, પરંતુ આ તેની સઘળી સમૃદ્ધિ તેને મહાભયાનક રીતિએ નરકે લઈ જનારી છે. આવા પ્રસંગમાં માતા તરીકે મારી ફરજ છે કે મારે મારા પુત્રના આત્માનું હિત થાય એવે જ માર્ગે તેને પ્રેરવો જોઈએ.

**ખીચડી પણ નહિ મળે.**

આર્યરક્ષિતના માતા આવો વિચાર કરે છે ત્યારે તે અજ્ઞાન નથી. તે જાણે છે કે હું મારા પુત્રને જે માર્ગ દર્શાવવા માગું છું તે માર્ગ આત્માનું કલ્યાણ કરનારો છે પરંતુ એ માર્ગે પોતાના સંતાનને વાળતાં તેને મળનારા રાજા મહારાજાઓના માનસન્માનનો અંત આવશે. તત્પશ્ચાત્ તેનું વડીલ તરીકે પણ પરિવારમાં સ્થાન રહેશે નહિ. આટલું છતા માતા પોતાના સંતાનનું હિત કરવા તત્પર થાય છે અને તેને આર્યરક્ષિતને મળેલા આ વૈભવ અને વિદ્યાથી કશો જ આનંદ આવતો નથી ! માતા શોક કરે છે કે હિંસાથી પ્રેરિત એવા શાસ્ત્રો મારો સંતાન ભણ્યો છે તેને યોગે ભવમાં ભટકવાપણું તેના ભાગ્યમાં આલેખાયેલું છે તે એવા સંયોગોમાં મને આનંદ ક્યાંથી થાય ? હવે આર્યરક્ષિતની માતાની આ મનોદશા જોડે આજની આપણી મનોદશા સરખાવીએ તો માલમ પડે છે કે તેમનામાં રહેલા ધર્મના ભવ્ય સંસ્કારોનો સોમો ભાગ પણ આજે આપણામાં નથી ! તમારો છોકરો B.A. અથવા LL.B. ની પરીક્ષાઓ પસાર કરે છે તો તમોને તેથી અત્યાનંદ આવે છે ! હજી તો જો કે એ પરીક્ષાથી તેને કશો જ લાભ થયો નથી. B.A., કિંવા LL.B.,નો એકે અક્ષર કણીયો વેચાતો લઈને સવાશેર ખીચડી પણ જોખી આપવાનો નથી છતાં જ્યાં પરીક્ષા પાસ થવાની વાત સાંભળો છો કે પેંડા વહેંચો છો ! પૌદ્ગલિક સંપત્તિ મેળવવાનાં દ્વાર તમારો પુત્ર ઉઘાડે છે તેથી પોતાને આનંદ ન થતો હોય એવાં મા-બાપ આજે જગતમાં કેટલાં છે તે વિચારો.

**આત્માના કલ્યાણ માટે.**

શું તમારા છોકરાએ પરીક્ષા પસાર કરી છે એ વાત તમો સાંભળો છો ત્યાર તમોને કદી એવો વિચાર આવ્યો છે ખરો કે : "મારા પુત્રે આ પરીક્ષા પાસ કરી છે એમાં મારો કે તેનો શો દહાડો વળવાનો હતો?" કદી નહિ!! પૌદ્ગલિક સંપત્તિને માર્ગે વળવાની જાહેરાત એટલે જ પરીક્ષા પસાર કરવાપણું છે છતાં ત્યાં તમોને કદીએ દિલગીરી થતી નથી ! હવે આર્યરક્ષિતજીની માતાના હૃદયનો અહીં વિચાર કરો. આર્યરક્ષિતજીની માતાજી એમ માને છે કે પુત્રે ચૌદ વિદ્યાઓની પ્રાપ્તિ કરી છે પરંતુ એ ચૌદે વિદ્યાઓ હિંસા, પરિગ્રહ, વિષય કષાય ઇત્યાદિને પોષનારી છે અને એ સઘળાં પરિણામ દુર્ગતિનું છે. હવે એ વિદ્યાઓ દ્વારા મારો પુત્ર દુર્ગતિને પંથે જાય તો પછી મારે તેમાં આનંદ શા માટે માનવો જોઈએ? આવા વિચારે આર્યરક્ષિતજીની માતા પુત્રને મળતી સંપત્તિ, સંતતિ, માન, વૈભવ એ સઘળાને લાત મારવા તૈયાર થાય છે,

આર્યરક્ષિતજીને મળેલી વિદ્યાઓને તે નરકે લઈ જનાર માને છે અને તેથી એ સઘળાને ભોગે તે આર્યરક્ષિતજીને સુમાર્ગે વાળે છે. આમ કરવામાં આર્યરક્ષિતજીની માતાનો એક માત્ર હેતુ એટલો જ છે કે ગમે તેમ કરીને પુત્રના આત્માને અને તેના ભવને સુધારવો છે. પુત્રના આત્માના કલ્યાણ ખાતર સાચા કલ્યાણ ખાતર માતા પુત્રને મળેલા સઘળા વૈભવ, માન, કીર્તિ એને લાત મારે છે અને તેને આત્મકલ્યાણને માર્ગે વાળે છે. આનું નામ તે શ્રાવિકા તરીકેની ફરજ ઉપરની પ્રીતિ છે.

**શ્રાવકકુળની બલિહારી.**

મહાનુભાવો ! હવે વિચાર કરો કે આજના સંસારમાં એવી શ્રાવિકાઓ કેટલી છે કે જે આર્યરક્ષિતજી જેવા ભણેલાગણેલા પુત્રને ધર્મને માર્ગે વાળવાને તૈયાર બને ? જવાબ એ જ આવશે કે એક પણ નહિ, કિંવા અત્યંત થોડી જ! આર્યરક્ષિતજીની માતાની સ્થિતિ એ જ શ્રાવકકુળની સાચી બલિહારી છે. શ્રાવકકુળ અને માતૃગત જાતિનું મહત્વ એ અહીં જ રહેલું છે તે અન્યત્ર નથી જ. પુત્રને ચઢતો ગ્રેડ મળે છે તે એક પરીક્ષા વધારે પાસ કરે છે એટલે આપણે રાજી થઈ જઈએ છીએ, પરંતુ આપણને એ વાતનો તો ખ્યાલ જ નથી આવતો કે પાસ થયેલા છોકરાએ દુર્ગતિના ખાતાં વધારે ખોલવાની આજથી જાહેરાત કરી છે ! ઠીક ! પોતાનો પુત્ર ચૌદ વિદ્યા ભણેલો છે તે વેદાંતપારગામી થયેલો છે પરંતુ માતાને તેથી સંતોષ થતો નથી. માતા સિવાય આખું નગર સ્વાગત કરે છે, પુત્ર પછી માતા પાસે જાય છે. માતા પુત્રને કહે છે કે તું જે વિદ્યાઓ ભણ્યો છે તે સઘળી મિથ્યાત્વાદિ ગુણોથી ભરેલી છે. તારો અભ્યાસ હિંસક શાસ્ત્રોનો છે એટલે તેનાથી મારે રાજી થવાપણું રહેતું જ નથી. તું દ્રષ્ટિવાદ ભણે તો જ રાજી થાઉં, તારે તારા આત્માનું કલ્યાણ કરવાની જરૂર છે અને તે જરૂરિયાત દ્રષ્ટિવાદ ભણીને તેમાં પારંગત થઈ આવશે ત્યારે જ મારો પુત્ર સાચી વિદ્યા ભણ્યો છે એનો મને આનંદ થશે. વિચાર કરજો કે આર્યરક્ષિતજીની માતાએ પોતાના પુત્ર ઉપર આ કેવો મહાન ઉપકાર કર્યો છે. આજની કેટલી માતાઓ પોતાની સંતતિને આવે શુભ માર્ગે વાળવા તૈયાર છે તેનો વિચાર કરો.

**નાટકકારની દ્રષ્ટિ ક્યાં ?**

આર્યરક્ષિતજીની માતા પણ જો આજની માફક જ દુનિયાદારીની સ્થિતિમાં ફસેલી હોત તો તેને હાથે આર્યરક્ષિતજીની કેવી દશા થવા પામત તેનો વિચાર કરી લો. આજની તમારી સ્થિતિ તો એ છે કે ગમે તે થાય તો પણ તમારો પુત્ર દુનિયાદારીની કક્ષામાંથી બહાર ન જવો જોઈએ. છોકરાને ધર્મને માર્ગે તમો વાળો છો તેને ઉપાશ્રયે મોકલો છો તેની પાસે ક્રિયાઓ કરાવો છો એ બધું ખરું, પરંતુ તે માત્ર એક ખેલની માફક ! નાટકકારો નાટક કરે છે, રાજારાણીના પાઠો ભજવે છે, રાજાનું પરોપકારીપણું દર્શાવવા પરોપકારીપણાનો અભિનય કરે છે પરંતુ તેની દ્રષ્ટિ તો માત્ર પૈસા ઉપર જ છે અન્યત્ર તેની નજર નથી ! તે જ પ્રમાણે તમારી સ્થિતિ પણ એ

જ છે કે તમારા બાળકોને તમો ધર્મકૃત્યોમાં પ્રેરો છો ખરાં પરંતુ તે તમારા સાંસારિક સર્કલમાં તો રહેવા જ જોઈએ. જો એ સર્કલમાંથી કોઈ બહાર જવાની તૈયારી કરે છે કે ત્યાં તરત તમારો વિરોધ ખડો જ છે ! જૈનકુળની મહત્તા કેવી છે તેનું સુંદરમાં સુંદર દૃષ્ટાંત આર્યરક્ષિતજીનું જીવન હવે પૂરું પાડે છે. માતા પુત્રને આત્મકલ્યાણને માર્ગે પ્રેરે છે. પુત્ર પણ માતાનો એ આદેશ યથાર્થ રીતિએ ઝીલી લે છે અને દૃષ્ટિવાદ ભણવાને માટે આચાર્યદેવની પાસે રવાના થાય છે.

**આર્યરક્ષિતજી ઉપાશ્રયમાં.**

માતા પોતાની સગાઈનો ઉપયોગ કેવો કરે છે તે પણ અહીં ખાસ ધ્યાન રાખીને જોવા જેવું છે. આર્યરક્ષિતજીની માતાના ભાઈ એટલે આર્યરક્ષિતજીના મામા શ્રીમાન તોસલીપુત્ર મોટા આચાર્ય છે. માતા પોતાની એ સગાઈનો ઉપયોગ દીકરાને સાધુપણું અપાવવામાં કરે છે ! આર્યરક્ષિતજીની માતાના હૃદયમાં એવા વિચારોનો વાસ જ નથી કે મામા તો મોસાળું કરવાને માટે જ જરૂરી છે ધર્મના પવિત્ર કાર્યને અર્થે તે પોતાની સગાઈનો ઉપયોગ કરે છે અને એ સગાઈનો ઉપયોગ કરીને પોતાના વિદ્વાન, રાજામહારાજાઓથી પ્રશંસા પામેલા અને પંડિત પુત્રને (પૂર્વાશ્રમી) મામાની પાસે મોકલે છે. આર્યરક્ષિતજી વેદાંત પારગામી છે. ચૌદ વિદ્યાઓ ભણેલા છે. જાતજાતના સઘળા વ્યવહારોમાં તેઓ કુશળ છે, પરંતુ જૈન આચારવિચારમાં તેઓ અજ્ઞાન છે. આવા અજ્ઞાન છોકરાને માતા ગુરુની પાસે મોકલે છે, આર્યરક્ષિતજી ઉપાશ્રયને દ્વારે પહોંચે છે પરંતુ ઉપાશ્રયમાં કેમ પેસવું ગુરુને કેવી રીતે વંદના કરવી તેમાંનું કાંઈ જાણતા નથી. બીજા શ્રાવકો આવે છે તેઓ નિત્યના સ્વભાવ પ્રમાણે 'નિસિહી' અર્થાત્ કે, "હું સંસારના સઘળા વ્યાપારોને તજી દઉં છું" એવો ઉચ્ચાર તથા વંદન કરે છે તેનું જોઈને આર્યરક્ષિતજી પણ નિસિહી પણ હજુ જેને આવડતી નથી તે નિસિહીનું અનુકરણ કરીને ઉપાશ્રયમાં દાખલ થાય છે અને જેમ બીજાઓ આચાર્યશ્રીને વંદન કરતા હતા તેમ આર્યરક્ષિતજી પણ આચાર્યશ્રીને વંદન કરે છે. આર્યરક્ષિતજીએ બીજા શ્રાવકોને નમસ્કાર કર્યા ન હતા છતાં બીજા શ્રાવકોને નિસિહી, ઈર્યાવહી વગેરે કરતા દેખીને આર્યરક્ષિતજીએ પણ તેમ કરી લીધું હતું અર્થાત્ તેઓશ્રી પહેલાં શ્રાવકો દ્વારા ધર્મ પામે છે તે પછી તેઓશ્રી આગળ વધે છે અને આચાર્ય શ્રીતોસલીપુત્રને વંદન કરે છે.

**સાધુપણા સિવાય સૂત્રાભ્યાસ નહિ.**

આચાર્યશ્રી આર્યરક્ષિતને પૂછે છે કે "મહાનુભાવ ! શા માટે આવ્યો છે ?" આર્યરક્ષિતજી ઉત્તર આપે છે કે મારી માતાએ મને આપ શ્રીમાનની પાસે દૃષ્ટિવાદ શીખવા માટે મોકલ્યો છે. આચાર્યશ્રી ઉત્તર આપે છે કે "સાધુપણું

મેળવ્યા સિવાય દૃષ્ટિવાદ ભણવો શક્ય જ નથી!" હવે અહીં આર્યરક્ષિતજી જે ઉત્તર આપે છે તે બરાબર ધ્યાનમાં લ્યો ! આજે તો એવું કહેનારા પણ સંખ્યાબંધ માણસો નીકળ્યા છે કે સૂત્રો શા માટે એકલા સાધુઓને જ ભણાવવામાં આવે છે, શું અમારી બુદ્ધિ કાંઇ થોડી છે કે અમોને સૂત્રો ભણાવવામાં આવતા નથી ! આવું બોલનારાઓને ધર્મના વિષયમાં ગડમથલ કરવી છે પરંતુ તેમને સમાજનો પ્રત્યક્ષ વ્યવહાર કેવી રીતે ચાલે છે તેટલું પણ જોવું નથી. જગતના સામાન્ય શિક્ષણ તરફજ તમે ધ્યાન આપશો તો એ તમોને જણાઇ આવશે કે ચોક્કસ જ્ઞાન અધિકાર પરત્વે જ પ્રાપ્ત કરી શકાય છે અન્ય રીતે નહિ. મેડિકલ કોલેજના સઘળાં પુસ્તકો વાંચી નાખે, પરીક્ષા માટે ઠરાવેલી સઘળી ટેસ્ટ પૂરી કરે અને તેની પરીક્ષામાં પણ કોઇ વિદ્યાર્થી પાસ થાય, તો પણ તેના આ જ્ઞાનથી તેને દાકતરી જ્ઞાનનો ડિપ્લોમા આપવામાં આવતો નથી કિંવા એવી રીતે પુસ્તકિયા જ્ઞાન મેળવનારા ઓને પરીક્ષામાં સ્થાન પામવાને માટે પણ યોગ્ય લેખવામાં આવતો નથી. જે વિદ્યાર્થી પરીક્ષા પહેલા ઠરાવેલા દિવસો કોલેજમાં દાખલ થાય છે તેને જ એ પરીક્ષાને માટેનો અધિકારી લેખવામાં આવે છે એ જ રીતે જ્ઞાનને માટે પણ અધિકાર જોવો આવશ્યક કહ્યો છે.

**સાધુત્વની યાચના.**

હવે આર્યરક્ષિતજીના સંસ્કારો જુઓ. આર્યરક્ષિતજીના સંસ્કારો જોઇએ છીએ ત્યારે તેમના ઉપર પડેલા માતાના સંસ્કારોની છાપ કેવી ભવ્ય હશે તે માલમ પડે છે. આર્યરક્ષિતજી એવી દલીલ નથી કરતા કે શા માટે મને દૃષ્ટિવાદ શીખવવામાં આવતો નથી ? ગુરુ, સાધુને જ દૃષ્ટિવાદ શીખવી શકાય છે એમ કહે છે એટલે આર્યરક્ષિતજી પોતાને સાધુત્વની દીક્ષા આપવાની ગુરૂદેવને વિનંતિ કરે છે. ગુરુદેવ કહે છે કે-દૃષ્ટિવાદ એ એવો વિષય નથી કે જે એકદમ શીખવી શકાય, એ તો અનુક્રમે ભણાશે! આર્યરક્ષિતજી તે પણ કબૂલ કરે છે. મહાનુભાવો! આર્યરક્ષિતજીના સંસ્કારો કેવા છે તે તપાસો. આર્યરક્ષિતજીના મનમાં એવી સહેજ પણ શંકા નથી આવતી કે શું મારી માતા મને દૃષ્ટિવાદ ભણવાનું કહે છે તેમાં મારું કલ્યાણ હશે ખરું ? મારે દૃષ્ટિવાદ શા માટે ભણવો જોઇએ અને શા માટે આ ધન અને માન વગેરેની સરળતાથી પ્રાપ્તિ થાય છે તેને તજી દેવાં જોઇએ ! આર્યરક્ષિતજીના હૃદયમાં એવા કોઇપણ વિચારો આવતા નથી ! માતાનું વચન છે એટલે તે પોતાનું કલ્યાણ સાધનારુંજ છે એવું દૃઢપણે માનનારા આર્યરક્ષિતજી તે જ ક્ષણે સાધુ થાય છે અને માતાના વચનથી તેમના મિથ્યાત્વનો અંત આવે છે. પછી તો આર્યરક્ષિતજીની ધાર્મિક ઉન્નતિ થયા જ કરે છે અને તે છેવટે એવી પરમકક્ષાએ પહોંચી જાય છે કે તેઓ જૈનસાહિત્યનું એક મહાન રત્ન અને યાવત્ પૂર્વધર બને છે ! !

## ગળથૂથીમાં શું આપશો ?

આર્યરક્ષિતજીની આ ઇતિહાસ પ્રસિદ્ધ કીર્તિ છે અને તે કીર્તિ જૈનશાસનને દેદિપ્યમાન રાખે છે પરંતુ આપણે જોઇએ તો માલમ પડે છે કે એ સઘળો પ્રતાપ આર્યરક્ષિતજીની ભાગ્યવતી માતાનોજ છે. પોતાના સંતાનને પૌદગલિક સુખસૌભાગ્યમાંથી ઉગારીને જે માતા ધર્મને માર્ગે પ્રેરે છે, જે માતા પોતાના બાળકને સાચો ધાર્મિક સંસ્કાર પાડે છે અને જે માતા પોતાના બાળકોના આત્માના હિતની ચિંતા રાખીને પોતાના સંતાનોનું આત્મહિત સધાતાંજ રાજી થાય છે તે જ માતા અને તેવા જ પિતા જૈન માતાપિતા છે. જૈનકુળનું આ મહત્વ છે અને એ મહત્તામાં પણ માતૃગતજાતિની સુંદરતા, કેટલી આદરણીય છે તે વસ્તુ આર્યરક્ષિતજીની માતા પૂરી પાડે છે. મહાનુભાવો ! જૈનકુળનું આવું મહત્વ હોવાથીજ શાસ્ત્રકાર મહારાજાઓ એમ કહે છે કે ચોર્યાસી લાખ યોનિમાં ગર્ભજયોનિ દુર્લભ છે તે થકી પણ આર્યક્ષેત્ર વધારે દુર્લભ છે, તેમાંએ મનુષ્યપણું દુર્લભ છે. આર્યક્ષેત્રમાં પણ જૈનકુળ દુર્લભ છે અને જૈનકુળમાં પણ માતૃગતજાતિ તો વળી એથીય વિશેષ દુર્લભ છે. આવી દુર્લભ માતૃગતજાતિ અને જૈનકુળ પ્રાપ્ત થયા પછી પણ ગળથૂથીમાં ત્રણ મહાન વસ્તુઓ તો અપાવી જ જોઇએ. એ ત્રણ વસ્તુ જો ગળથૂથીમાં ન અપાઇ તો આ સઘળો મળેલો સુયોગ પણ નિષ્ફળ જવાનો સંભવ આવી પહોંચે છે. જીવ અનાદિ છે, કર્મ અનાદિ છે અને કર્મસંયોગ પણ અનાદિનો છે એ વસ્તુ જૈનત્વની ગળથૂથી છે. હવે એ ગળથૂથી મિથ્યાત્વનો નાશ કેવી રીતે કરે છે તે જોઇએ.

## તમારી ફરજ પૂરી ક્યારે થાય ?

નાનપણમાં બાળકને જે સંસ્કાર પડે છે તે સંસ્કાર તેના શરીર ઉપર અને મન ઉપર બહુજ અસર કરે છે, અને તે સંસ્કારો કદી નાશ પામતા નથી એટલા માટેજ બાળકના માનસમાં નાનપણથી જ જો આ સંસ્કારો નાખ્યા હોય તો પછી વિપરીત પરિસ્થિતિ ઉપસ્થિત થતાં તે બાળક ચળી શકતો નથી અથવા મિથ્યાત્વ તરફ ઢળી શકતો નથી, પરંતુ સ્વધર્મના વિચારોમાં દૃઢ રહે છે. તમે આજે પણ વ્યવહારમાં જુઓ છો કે બાળકપણામાં ધાર્મિક વ્યાખ્યાનો વખતે અથવા રાસા ઇત્યાદિ ધર્મગ્રંથોનું વાચન થાય ત્યારે તેમાંથી જે વાર્તાઓ, ચરિત્રો બાળકો સાંભળે છે તે તેઓ મરણપર્યંત યાદ રાખી શકે છે પરંતુ મોટપણે શાળાઓ વગેરે સ્થળે શીખેલો ઇતિહાસ તેઓ શાળા છોડે છે કે તરત જ ભૂલી જાય છે! આથી તમારી ખાતરી થશે કે બાળકપણાના સંસ્કાર અત્યંત દૃઢ છે. હવે જો મનુષ્યજાતિ, આર્યક્ષેત્ર, જૈનકુળ અને ઉત્તમ માતૃગતજાતિની પ્રાપ્તિ થયા છતાં પણ બાળકમાં આ ત્રણ સંસ્કારો ન નાખીએ તો ઉપરની સઘળી રિદ્ધિ બાળકને સુભાગ્યે મળેલી હોય તેને આપણે મિથ્યા બનાવીએ છીએ, આ રીતે જે માબાપો બાળકોમાં આ ત્રણ સંસ્કાર નથી નાખતા તે માબાપ અજાણપણે પોતાના બાળકના શત્રુનું જ કાર્ય કરે છે. જૈન માબાપોની એ ફરજ છે કે મિથ્યાત્વના સંસ્કારો હૃદય ઉપર દૃઢ થતા અટકાવવા માટે આ ગળથૂથી દરેક બાળકને તેમણે આપવી જ જોઇએ. જે માબાપો આ પોતાની ફરજ બજાવે છે તે જ સાચા જૈન માતાપિતા હોઇ એમ માનવું યોગ્ય છે કે તેમણે પોતાના સંતાનો પ્રત્યેની અનેક ફરજોમાંની એક ફરજ બજાવી છે.

પ્રશ્નકાર: ચતુર્વિધ સંઘ.

સમાધાનકાર: સકલશાસ્ત્ર પારંગત આગમોધ્ધારક - શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મ.

# સાગર સમાધાન

પ્રશ્ન-૭૪૪ શ્રી ચતુર્વિધ સંઘને શ્રી ભગવતીજી, શ્રી સ્થાનાંગાદિસૂત્રમાં શ્રી સંઘના ચાર ભેદ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ગણાવ્યા છે તેમાં શ્રી નન્દીસૂત્રાદિમાં શ્રી સંઘને મેરૂ આદિની ઉપમા આપતાં શ્રાવક, શ્રાવિકાને મયૂર અને ભ્રમરાદિરૂપે અને શ્રી સાધુસમુદાયને શિલાસમુચ્ચયને સહસ્રપત્રાદિરૂપે જણાવેલ હોવાથી શ્રાવક, શ્રાવિકાને સાધુના સેવકરૂપે સાધુઓ શ્રીસંઘના અવયવ તરીકે સ્થાન છે એમ જે સૂચવાય છે તેને અંગે સાધુના સમુદાયનેજ શ્રી સંઘરૂપે સ્પષ્ટપણે કોઈપણ સ્થાને કહ્યો છે ?

સમાધાન :- નવાંગી ટીકાકાર ભગવાન અભયદેવસૂરિજી મહારાજ શ્રી સ્થાનાંગ અને શ્રી ભગવતીજી સૂત્રની ટીકામાં સમૂહના પ્રત્યનીકોને જણાવતાં શ્રી સંઘના પ્રત્યનીક સંબંધી વ્યાખ્યા કરતાં સ્પષ્ટપણે જણાવે છે કે :-

सव्वोऽवि नाणदंसणचरणगुणबिहूसियाण समणाणं। समुदाओ पुण संघो गुणसमुदाओत्ति काऊणं ॥१॥

અર્થાત્ જ્ઞાન દર્શન અને ચારિત્રના ગુણથી શોભતા એવા સાધુઓનો બધો સમુદાય તે સંઘ કહેવાય. એના કારણમાં જણાવે છે કે સંઘ શબ્દનો અર્થ સમૂહ થાય છે અને સાધુઓ જ ગુણના સમૂહ એટલે સંઘરૂપ છે. વળી એ વાત પણ સ્પષ્ટપણે જણાવે છે કે એક આચાર્યની પરંપરાવાળા સાધુઓનો સમુદાય તે કુલ અને કુલનો સમુદાય તે ગુણ અને ગુણનો સમુદાય તે શ્રીસંઘ કહેવાય. અર્થાત્ ચાંદ્રાદિકુલો અને કોટિકાદિ ગુણોના સમુદાયને સંઘ તરીકે જણાવી શ્રી સંઘના અવયવ તરીકે સાધુઓ છે એમ સ્પષ્ટ કરે છે. એટલે શ્રાવકને પરિવારરૂપે કહેવામાં અડચણ નથી.

પ્રશ્ન ૭૪૫- ત્રિલોકનાથ શ્રી તીર્થંકર મહારાજના ભવમાં ભગવાન જિનેશ્વર મહારાજે જે જે કર્યું હોય તે માત્ર અનુમોદનીય જ છે પણ

અનુકરણીય જ નથી એમ કોઈક સાપ્તાહિકની સત્તાવાળો ભગવાનના તદ્ભવમાં થયેલા અભિગ્રહના અનુકરણના નિષેધ માટે જણાવે છે તે વ્યાજબી છે ?

**સમાધાન** - આ શ્રીસિદ્ધચક્રના ઘણા અંકોમાં શ્રીઅષ્ટકજીઆદિ શાસ્ત્રોથી સાબીત કરવામાં આવ્યું છે કે ભગવાન જિનેશ્વર મહારાજનું મોક્ષસાધનનું કર્તવ્ય અત્યંત શ્રેષ્ઠ હોવાથી અનુમોદનીય હોવા સાથે અનુકરણીય છે એમ છતાં જેઓ પોતાનાથી બોલાયેલા શાસ્ત્રવિરોધી વાક્યો અને વકતવ્યોને સુધારવા કે સમાધાન આપવાની દાનત ધરાવે નહિ, પણ માત્ર પોતાનું બોલાયેલ જ વારંવાર બોલ્યા કરે ને છાપ્યા કરે તેનો ઉપાય કરવો અશક્ય નહિ તો દુઃશકય તો છે. સમજવાવાળાને માટે તો સર્વશાસ્ત્રોમાં મૂલ આધારભૂત અંગો અને તેમાં પણ મૂલભૂત શ્રી આચારાંગનું અવલોકન કરે તો સ્પષ્ટપણે સ્થાન સ્થાન પર લખેલું જોવાય કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજે જે રીતે મોક્ષ મેળવવા માટે આચાર પાળ્યો છે તેવી રીતે બીજા સાધુઓએ પણ પાળવાનો છે. અંત્યમાં દરેક તીર્થંકર ભગવાન શ્રીઆચારાંગના નવમા અધ્યયનમાં પોતાની ચર્ચા એટલે પ્રવૃત્તિ જણાવે છે એમ જણાવી શ્રમણ ભગવાન મહાવીર મહારાજે જે ચર્યા એટલે પ્રવૃત્તિ મોક્ષ સાધવા માટે આચરી તે જણાવી છે અને તે નવમા અધ્યયના ચારે ઉદ્દેશમાં દરેક ઉદ્દેશને અંત્યે "**एसविही**" એ ગાથા મૂકી છે ને તેમાં તથા તેની ટીકામાં સ્પષ્ટપણે જણાવ્યું છે કેઃ-

**एष चर्याविधिः अनन्तरोक्तः अनुक्रान्तः- अनुचीर्णः माहणेणत्ति श्रीवर्धमानस्वामिना मतिमता विदितवेद्येन बहुशः अनेकप्रकारं अप्रतिज्ञेन - अनिदानेन भगवता ऐश्वर्यादिगुणोपेतेन, एवम् अनेन पथा भगवदनुचीर्णनान्ये मुमुक्षवः अशेषकर्मक्षयाय साधवो रीयन्ते गच्छन्तीति।**

અર્થાત્ શસ્ત્રપરિજ્ઞા જે આ શ્રીઆચારાંગજીનું પહેલું અધ્યયન છે ત્યાંથી માંડીને આ બધો આ શાસ્ત્રામાં જણાવેલો વિધિ જાણવા લાયક સમગ્ર વસ્તુને જાણનાર શ્રમણ ભગવાન મહાવીર મહારાજ કોઈપણ પ્રકારની બાહ્ય અપેક્ષા સિવાય અનેક વખત આચર્યો છે, અને આ જ શ્રી ભગવાને આચરેલા રસ્તે જ બીજા પણ મોક્ષની ઈચ્છાવાળા સાધુઓ સમગ્ર કર્મના ક્ષયને માટે પ્રવૃત્તિ કરે છે. આવો સ્પષ્ટ લેખ છે છતાં જેઓ ઔદયિકને ક્ષાયોપશમિકનો વિભાગ ન કરે, સંસારહેતુ ને મોક્ષહેતુનો વિભાગ ન કરે અને માત્ર બોલ્યા જ કરે કે ભગવાન જિનેશ્વરોનું તે ભવનું અનુકરણ હોય જ એમ કહેલ તેને શું કહેવું? વળી પાછલા ભવો કે જેમાં મોક્ષ મળ્યો નથી તેનું અનુકરણ કરવા કહેવું ને જે ભવમાં શ્રી જિનેશ્વર મહારાજે કલ્યાણના માર્ગો આદરી મોક્ષ મેળવ્યો તેના અનુકરણનો શક્તિ હોય ત્યાં પણ અનુકરણીયતા ન માનતાં નિષેધ જ કરવો એ ક્યા ધ્યેયને ઉદ્દેશીને કહેતા તથા કરાવવા માગતા હશે તે સુજ્ઞો જ સમજશે.

સૂચના :- અંક ૧૩, ૧૪, ૧૫ ઉદ્યાપનના અંકો તરીકે ભેગા વૈશાખ સૂદિ પૂર્ણિમાએ બહાર પડશે....તંત્રી.

(ટાઇટલ પાના ૪નું અનુસંધાન)

તાપસપણાની સ્થિતિ અંગીકાર કરી ભગવાનનું ધ્યાન કરતાં ફળફૂલનો આહાર કરી વનવાસ સેવવો પડયો. આવી સ્થિતિ ભવિષ્યના સાધુઓની ન થાય, કિન્તુ સાધુપણાની સ્થિતિ અક્ષયપણે ભવિષ્યના સાધુઓ રાખી શકે એવુ પાત્રદાન આ દિવસે જ પ્રવર્ત્યુ.

૩ શ્રેયાંસકુમારે જો કે સાધુપણું, સાધુઓનું દાન કે તેની રીતિ તે અયોધ્યામાં કે બીજી કોઈપણ જગા જોયાં કે જાણ્યાં ન હતાં પણ તેને જાતિસ્મરણથી જ પોતાનો અને ભગવાનનો ઘણા ભવનો સંબંધ જાણ્યો અને તે જ સંબંધ આ અક્ષયતૃતીયાને દિવસે દાન દઇ, તેના પ્રભાવે ભવિષ્યમાં આત્માને ઉન્નત કરી અવ્યાબાધપદ મેળવતાં ભગવાનની સાથેનો સંબંધ અક્ષય થવાનો નક્કી કરી અક્ષયતૃતીયાપણું સ્થાપ્યું.

૪ જગતમાં પહેલા પરમેશ્વર ભગવાન ઋષભદેવજી તેમનું પહેલું પારણું, જગતમાં પ્રથમ દાતાર શ્રેયાંસકુમારજી. તેમના દાનનો દિવસ. ઉત્તમ દેવવસ્તુ તરીકે ગણાયેલો શેરડીનો રસ. તેના દાનનો દિવસ તે અક્ષયતૃતીયાનો દિવસ.

૫ આ આખી ચોવીસીમાં વસુધારાદિક પાંચે દિવ્યને પહેલ વહેલાં પ્રગટ થવાનો દિવસ તે અક્ષયતૃતીયા.

૬ સૌથી પહેલા એવા રાજા ભગવાન ઋષભદેવજી હોવાથી પ્રથમ રાજર્ષિના પ્રથમ પારણાનો દિવસ તે અક્ષયતૃતીયા.

૭ વ્યવહારમાં આવેલા તે વખતના સકળ દેશોના રાજાઓના પિતાના પહેલા પારણાનો દિવસ તે અક્ષયતૃતીયા.

૮ પ્રભુના અનાહારપણાને લીધે સંતપ્ત થયેલા સકળ દેશના પ્રજાજનોને સાંત્વન આપનાર અક્ષયતૃતીયાનો દિવસ.

૯ શુદ્ધ દેય વસ્તુનો તીર્થંકર મહારાજ જેવા શુદ્ધતમ પાત્રમાં શ્રેયાંસકુમાર સરખા શુદ્ધ ભાવવાળાને હાથે દાન થવાનો દિવસ તે અક્ષયતૃતીયા.

૧૦ અક્ષય ફળને દેનાર એવા સુપાત્ર દાનને પ્રવર્તાવનાર દિવસ તે અક્ષયતૃતીયા.

૧૧ સુર, અસુર દાનવ અને નરેન્દ્રોને પણ દાનથી પહેલ વહેલાં આનંદિત કરનારો દિવસ તે અક્ષયતૃતીયા.

૧૨ પહેલા ભગવાન, પહેલું દાન, પહેલો દાતાર અને પહેલ વહેલાં દેયનો સુપાત્રમાં ઉપયોગ થવાનું જે દિવસે થયું તે દિવસનું નામ અક્ષયતૃતીયા.

આવી રીતે ઉત્તમોત્તમ તરીકે ગણાયેલા અક્ષયતૃતીયાના દિવસનો પારણાને અંગે લાભ લેવા વર્ષીતપ કરનારા અને તેના સંબંધીઓ જ્યાં જ્યાં ભગવાન ઋષભદેવજીનું શ્રી સિદ્ધાચલજી, શ્રી કેશરીયાજી, શ્રી અયોધ્યાજી વિગેરે સ્થાને તીર્થ છે ત્યાં ત્યાં જાય છે, અને તે અક્ષયતૃતીયાને દિવસે ચૈત્ર વદિ ચૌદશને દિવસે ઉપવાસ લેવાથી કેટલાક તપસ્વીઓને ચાર ઉપવાસ ચાલુ વર્ષીતપમાં પણ કરવાના થાય છે, અને તે પારણામાં પણ માત્ર શેરડીનો રસ અગર તેની દુર્લભતા હોય તો માત્ર સાકરના પાણીથી જ પારણું કરવામાં આવે છે. આવી તપસ્યાની, છેલ્લા ઉપવાસોની અને પારણાની સ્થિતિ દેખીને સર્વ ભાગ્યશાળી જીવો તો અંતઃકરણથી તે પર્વની અને તે તપસ્વી વિગેરેની અનુમોદના જ કરે, અને તે અનુમોદનાદ્વારાએ તથા તપસ્વીઓની ભક્તિ, ત્રિલોકનાથ તીર્થંકરની પૂજા, ભક્તિ અને સાધર્મિક વાત્સલ્ય કરવા સાથે અક્ષયતૃતીયાના દિવસે આત્માને અક્ષયફળ મેળવવા માટે લાયક બનાવે.

## અક્ષયતૃતીયા પર્વની મહત્તા.

સામાન્ય રીતે અખિલ જૈન જનતા તો શું પણ સમસ્ત હિંદુકોમ અક્ષયતૃતીયાના દિવસને ઉત્તમ દિન અને પર્વદિન તરીકે માને છે. તે અક્ષયતૃતીયાનો દિવસ વૈશાખ સૂદિ ત્રીજનો કહેવાય છે. તે દિવસની ઉત્તમતા જગતમાં પ્રચલિત થવાનું કારણ એ જ છે કે ભગવાન શ્રી ઋષભદેવજીને બારમાસિક તપસ્યાનું પારણું તે જ દિવસે શ્રેયાંસકુમારે શેરડીના રસથી કરાવ્યું હતું. જો કે દરેક તીર્થંકરોને પહેલે પારણે ભિક્ષા દેનાર મહાપુરુષોના નામો શાસ્ત્રોના પાને તો ચઢેલાં જ છે, અને તેની સાથે ભગવાન ઋષભદેવજીને પહેલા પારણે અટેલે બારમાસીના પારણે ઈક્ષુરસનું દાન દેનાર મહાપુરુષ શ્રેયાંસકુમારનું નામ પણ શાસ્ત્રોના પાનામાં ચઢેલું છે. છતાં કોઈપણ તીર્થંકરના પારણાનો દિવસ જો આખી જૈનકોમમાં જાહેર પારણારૂપે પ્રખ્યાતિ પામ્યો હોય, અને જૈનેતર કોમમાં પ્રસિદ્ધ પર્વદિવસ તરીકે પ્રસિદ્ધ થયો હોય તો તે ફકત આ વૈશાખ સૂદિ ત્રીજનો દિવસ કે જેને સર્વલોકો અક્ષયતૃતીયા (અખાત્રીજ) તરીકે માને છે. આ પારણાના અખાત્રીજના દિવસને વધારે જાહેરાત મળવાનાં કારણો તપાસીએ :-

"૧. આ આખી અવસર્પિણીમાં પાત્રદાન જે પ્રવર્ત્યું છે તેની જડ ગણીએ તો આ અખાત્રીજનો જ દિવસ છે. (ભગવાન ઋષભદેવજીને પારણાને દિવસે જે પાત્રદાન દેવામાં આવ્યું તેની પહેલાં કોઈપણ મનુષ્ય પાત્રદાનને સમજતુંજ નહોતું; અને તેથી ભગવાન ઋષભદેવજી મહારાજે દીક્ષાને અંગે તો માત્ર છઠની તપસ્યા કર્યા છતાં જે વર્ષ દિવસ સુધી તપસ્યા કરવી પડી, તે કેવળ પાત્રદાનની પ્રવૃત્તિ ન હોવાને અંગે જ હતી.)

૨. આ અખાત્રીજને દિવસે પાત્રદાનની પ્રવૃત્તિ પહેલ વહેલી થયેલી હોવાથી લોકોને સાધુમાર્ગનું અક્ષયપણું લાગ્યું અને તેથી આ દિવસને અક્ષયતૃતીયા એટલે અખાત્રીજ કહી (ભગવાન ઋષભદેવજીના દીક્ષાકાળ પછી આ પાત્રદાનની પ્રવૃત્તિનો કાળ બાર મહિના અધિકનો હોવાથી જ ભગવાન્ ઋષભદેવજીની સાથે સંસાર છોડીને દીક્ષિત થયેલા ચાર હજાર સાધુઓ લજ્જાને લીધે ઘેરે પણ જઈ શકયા નહિ, અને નિરાહારપણે ભગવાનની સાથે રહેવાનું હોવાથી ભગવાનની સાથે સાધુપણામાં પણ રહી શકયા નહિ, પરંતુ તે ચારે હજારોને

(અનુસંધાન ટાઈટલ પા. ત્રીજું)

તૃતીય વર્ષ, અંક ૧૩, ૧૪, ૧૫.

Registered No. B.3047




# શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

ચૈત્ર સૂદિ પૂર્ણિમા,
વદિ ૦)),
વૈશાખ સૂદિ પૂર્ણિમા.

એપ્રિલ, તથા
૧૮મી મે-૧૯૩૫

# જાહેર ખબર

સાહિત્યરસિક વર્ગ વર્ષો થયાં જેને માટે તરસી રહ્યો હતો અને મૂળ કિંમતથી ચાર ચાર અને છ છ ગુણી કિંમતે પણ જેને મેળવી શકતો ન હતો તે સર્વ આગમો અને અંગોમાં પ્રથમ સ્થાન તરીકે ગણાતો, આચાર્યોના મૂળ સ્થાન તરીકે ભગવાન નિર્યુક્તિકાર શ્રીભદ્રબાહુસ્વામીજીએ જેને ગણાવ્યો છે એવો બ્રહ્મચર્યશ્રુતસ્કંધના નામે પંચાંગીમાં પ્રસિદ્ધિ પામેલો ધર્મકથાદિક અનુયોગોનો ફળ અને સાધ્યરૂપ જે ચરણકરણાનુયોગ તેને સવિસ્તર નિરૂપણ કરનાર, જેના અધ્યયન સિવાય બીજા અંગોના અધ્યયનમાં સૂત્રકાર મહર્ષિઓએ પ્રાયશ્ચિત નિરૂપણ કરેલું છે એવા શ્રીઆચારાંગ અંગનું પ્રકાશન આ શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિદ્વારાએ સુરત નિવાસી શેઠ છગનલાલ ફૂલચંદ હજારીની આર્થિક મદદથી કરવામાં આવેલું છે. હર્ટફોર્ડશિયર લેજર જાતના ઉંચા બ્લુ કાગળમાં નિર્ણયસાગર પ્રેસના ટાઈપમાં શ્રી આગમોદય સમિતિએ છપાવેલા આ સૂત્રની કોપી ટુ કોપી તરીકે સારી રીતે સુધારીને કરેલું છે.

**સાહિત્ય રસિકો અમૂલ્ય વખત ચૂકશો નહિ.**

## શ્રી આચારાંગસૂત્રમ્ (પ્રથમ : શ્રુતસ્કંધઃ)

**શ્રી ભદ્રબાહુસ્વામીકૃત નિર્યુક્તિયુતમ્, શ્રી શીલાંકાચાર્યકૃત વિવરણ સમેતમ્**

**લેજર પેપર ઉપર છપાયેલાની**

**કિંમત રૂા. ૫-૦-૦**

લેજર પેપરનું તોલ વધવાથી ટપાલમાં મંગાવવી, મોકલવી ઓછી ફાવે છે તથા વિહારમાં વાંચવા માટે સાથે રાખી શકાતી નથી એવી કેટલાક સુજ્ઞ મહાશયોની ફરિયાદ દૂર કરવા જામનગરનિવાસી શેઠ પોપટભાઈ ધારશીભાઈ તરફથી તેમની પત્ની અ. સૌ. ઉજમબાઈના ઉજમણા નિમિત્તે છપાવેલી ચાલુ કાગળની પ્રતો જેવી માત્ર પચાસજ નકલો વેચાણમાં રાખી છે, જેની કિંમત રૂા. ૩-૮-૦ છે.

**પ્રાપ્તિસ્થાન :-**

જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત.

તા. કઃ-ડિપોઝીટ ભરનારાઓએ પોતાની બ્લુ કાગળ ઉપરની નકલ મંગાવી લેવી.

---

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.




(પાક્ષિક)

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ ☞ ઉદ્દેશ ☜ છૂટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

तीर्थेशा दत्तमार्गाः सततगुणिपदाः सिद्धिसाम्राज्यभाजः,
पंचाचारप्रवीणा गणिन इह सदाध्यापका वाचका ये ।
साहाय्यात् मोक्षसिद्धौ मुनय उदितभा अन्विताः शुद्धदृष्ट्या,
ज्ञानेनावद्यमुक्त्या विविधसुतपसा सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

મોક્ષમાર્ગ સદા દિયે જે જિનવરો ગુણ ધારતા, સિદ્ધ નિત્ય ગણેશ પંચાચારધારક વાધતા; અધ્યાપકો વરવાચકો શિવસાધને મુનિ જોડમાં, એ પાંચસંયુત બોધદર્શન ચરણતપ સિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક"

| | | |
|---|---|---|
| તૃતીય વર્ષ<br>અંક ૧૩,૧૪,૧૫ | મુંબઇ એપ્રિલ, તથા ૧૮મી મે-૧૯૩૫.<br>ચૈત્ર સૂદિ પૂર્ણિમા, ૦)), વૈશાખ સૂદિ પૂર્ણિમા. | વીર સંવત્ ૨૪૬૧<br>વિક્રમ ,, ૧૯૯૧ |

**ભવ્ય આત્માઓને ભવોદધિથી તારવાવાળું પ્રવહન:**

# તપ અને ઉદ્યાપન

**(ફેબ્રુઆરી અંક ૮-૯થી ચાલુ)**

**તિથિને આશ્રીને તપ કરવાની આજ્ઞા.**

પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિકની તિથિઓને આશ્રીને શાસ્ત્રકારો જિનેશ્વર મહારાજની પૂજા, અનશનાદિ તપસ્યા અને વિરતિઆદિ ગુણોને ધારણ કરવાનું સમર્થ મહાપુરુષ શ્રીમાન ધર્મદાસગણિજી શ્રીઉપદેશમાલામાં તથા ચૌદસે

ચુમ્માલીસ ગ્રંથના કર્તા શ્રીમાન હરિભદ્રસૂરિજી સંબોધ પ્રકરણમાં સ્પષ્ટ અક્ષરે જણાવે છે, એટલું જ નહિ પણ દરેક વર્ષની જેમ ચોમાસી અને સંવચ્છરીની અઠ્ઠાઈની તિથિઓ શ્રીજીવાભિગમ આદિ સૂત્રમાં જણાવ્યા પ્રમાણે દેવતાઓ (ઉપલક્ષણથી વિદ્યાધરો) શ્રીનંદીશ્વરદ્વીપના ચૈત્યોમાં મહાઓચ્છવ કરી જિનેશ્વર મહારાજનો મહિમા કરે છે, તેવી રીતે દરેક સુજ્ઞ સમ્યક્ત્વવાળા શ્રાવક પોતપોતાને સ્થાને છએ અઠ્ઠાઈની તિથિઓ જિનેશ્વર મહારાજની પૂજા, અનશનાદિ તપસ્યા અને વિરતિ આદિ ગુણો આદરવાદ્વારાએ કરવી જોઈએ એમ જણાવે છે. જુઓ તે ગાથાઃ-

संवच्छरचाउम्मासिएसु अठाहियासु तिहीसु ।

सव्वायरेण लग्गइ जिणवरपूयातवगुणेसु ॥ २६ ॥

અર્થાત્ સંવચ્છરી અને ચોમાસીની તિથિઓએ તથા વર્ષની સર્વ અઠ્ઠાઈની તિથિઓએ જિનેશ્વર મહારાજની પૂજા અનશનાદિ તપસ્યા, અને વિરતિ આદિ ગુણો આદરવા માટે શ્રાવકે સર્વ (તન, મન, ધનના) આદરથી પ્રયત્ન કરવોજ જોઈએ. આવા સૂત્રકારના અને શ્રીત્રિલોકનાથ તીર્થંકર મહાવીર મહારાજના સમકાલીન અને હસ્તદીક્ષિત ભગવાન ધર્મદાસગણિજી તથા પૂર્વધરોની નિકટમાં થયેલા શ્રી હરિભદ્રસૂરિજીના વચનોને દેખ્યા પછી શાસ્ત્રને અનુસરનારો ક્યો સજ્જન એમ શ્રદ્ધા કરે કે તિથિઓને ઉદ્દેશીને કરાતું તપ એ સ્વમતિકલ્પિત છે કે આજ્ઞાબાહ્ય અનુષ્ઠાન હોઈ સંસારને વધારનારું છે. વળી શાસ્ત્રને વાંચનારા તથા સાંભળનાર વાંચકો સારી પેઠે સમજે છે કે શ્રીસૂયડાંગજીસૂત્રમાં ક્રિયા સ્થાનના અધિકારમાં તથા લેપ નામના શ્રાવકના અધિકારમાં શ્રીસ્થાનાંગસૂત્રમાં તથા શ્રી ભગવતીજીસૂત્રમાં સામાન્ય શ્રાવકના તથા શંખ, પુષ્કલિ વિગેરે વિશેષ શ્રાવકોના અધિકારમાં તથા શ્રીજ્ઞાતા સૂત્રમાં સુબુદ્ધિ પ્રધાન આદિના અધિકારમાં શ્રીઉપાસક દશાંગ સૂત્રમાં આનંદઆદિ દશ મહાશ્રાવકના અધિકારમાં શ્રી ઔપપાતિક સૂત્રમાં ઉપપાતને અંગે જણાવેલા સામાન્ય અધિકારમાં તથા અંબડ આદિના અધિકારમાં સ્પષ્ટ લેખ અને ઈશારા છે કે શ્રાવકોએ આઠમ, ચૌદસ, પૂર્ણિમા અને અમાવાસ્યાએ ચાર પ્રકારનો સંપૂર્ણ પૌષધ કર્યા ને કરવા જોઈએ. આ હકીકતથી શાસ્ત્રકારોએ તિથિને ઉદ્દેશીને સાધુ કે શ્રાવકને અનશનઆદિ તપસ્યા કરવાનું નથી કહ્યું કે વિરુદ્ધ માન્યું છે કે તે તિથિને અંગે કરેલી તપસ્યા શાસ્ત્રોક્ત નથી એમ કહેવા કોઈપણ કોવિદ કમર કસી શકે નહિ. ધ્યાન રાખવું કે અષ્ટમી આદિ તિથિને ઉદ્દેશીને કરવામાં આવતા ચાર પ્રકારના સંપૂર્ણ પૌષધોમાં પહેલે નંબરે શાસ્ત્રકારો આહારપૌષધ કહે છે, અર્થાત્ આહારપૌષધ તે ઉપવાસથી જ બને છે, અને તે ઉપવાસ તે અનશન નામની તપસ્યા જ છે, અને તેથી અષ્ટમી આદિ તિથિને ઉદ્દેશીને પણ કરાતી તપસ્યા શાસ્ત્રથી વિરુદ્ધ છે કે શાસ્ત્રમાં અનુક્ત છે એમ કહી શકાય જ નહિ. આ સ્થળે શંકા થશે કે સંવચ્છરી, ચોમાસી અને અઠ્ઠાઈઓના પર્વદિવસો શાસ્ત્રકારોએ તિથિને ઉદ્દેશીને ગણાવ્યા અને અષ્ટમી, ચતુર્દશી વિગેરે દરેક માસની છ તિથિઓ ગણાવી, તેથી તે તે વર્ષમાં આવવાવાળી અને મહિનામાં આવવાવાળી તિથિઓએ જિનપૂજા, અનશન અને વિરતિ આદિ જે કરવામાં આવે તે સર્વાનુષ્ઠાન શાસ્ત્રોક્ત તરીકે માનવામાં અડચણ ન હોય, પણ બીજ વિગેરે તિથિઓને ઉદ્દેશીને કરવામાં આવતી અનશન આદિ તપસ્યા શાસ્ત્રોમાં અનુક્ત છે એમ કેમ ન ગણવું ? અને જો તે બીજ વિગેરેની તિથિઓને ઉદ્દેશીને કરવામાં આવતી તપસ્યા જો શાસ્ત્રોક્ત નથી, તો તે તપની પ્રરૂપણા તથા તે તે બીજઆદિની તિથિઓના તપોને અંગે કરાતાં ઉજમણાંની વિધિ કહેવી કે કરવી તે કુગુરુનું

લક્ષણ છે એમ ભગવાન હરિભદ્રસૂરિજી **अपवयणुत्त तवम्मि परुवणु जवण विहिकरणं** એમ કહી જેમ હીનાચારી મરી ગયેલા પોતાની ગુરુની નંદી, બલિ કે પીઠકરણ આદિને કુગુરુની ક્રિયા જણાવે છે, તેવી જ રીતે શાસ્ત્રોમાં નહિ કહેલા તપોની પ્રરૂપણા તથા તેના ઉજમણાની વિધિનું કરવું કે કહેવું તે કુગુરુની ક્રિયા તરીકે જણાવે છે એ વાત પણ વિચારવાની છે કે જો બીજ આદિ તિથિઓને ઉદ્દેશીને તપસ્યા કે તેના ઉદ્યાપન કરવાં શાસ્ત્રકારોને શ્રાવકધર્મ તરીકે કે ધર્માનુષ્ઠાન તરીકે લાગ્યા હોત તો સાંવત્સરિક આદિ વર્ષની તિથિઓ ગણાવી અને પ્રતિમાસની અષ્ટમી આદિ તિથિઓ ગણાવી તો બીજ આદિની તિથિઓ શાસ્ત્રકારોએ કેમ ગણાવી નહિ ? આ સર્વ શંકાના સમાધાનમાં સમજવાનું કે સૂત્રકાર ભગવાનનો ઉદ્દેશ જીવને મુખ્યતાએ ચારિત્રની પ્રાપ્તિના કારણભૂત તિથિઓની આરાધના દર્શાવવાનો હોય અને તેથી સાંવત્સરિક આદિ વાર્ષિક તિથિઓ અને અષ્ટમી આદિ પ્રતિમાસવાળી તિથિઓ માત્ર જણાવી હોય તો તે અસંભવિત નથી. અર્થાત્ ચારિત્રના આરાધનમાં અમુક તિથિઓની જ આરાધના જરૂરી ગણી અને જ્ઞાન તથા દર્શનની આરાધનામાં અમુક બીજ આદિ તિથિઓની આરાધના જરૂરી ગણી હોય તો તેમાં કાંઈ નવાઈ નથી, એટલે કે ચારિત્રની તિથિઓની આરાધના કહેવાથી જ્ઞાન અને દર્શનની આરાધનાવાળી બીજ આદિ તિથિઓ ઊડી જાય છે એમ સમજવું જ નહિ. શાસ્ત્રોમાં જેમ નક્ષત્રોને અંગે ચારિત્રની વૃદ્ધિ કરવાવાળાં નક્ષત્રો જુદાં જણાવ્યાં છે, તેમ અહીં તિથિઓને અંગે ચારિત્રની વૃદ્ધિ કરવાવાળી અષ્ટમી આદિ તિથિઓ હોય અને તેથી જ તેનું વર્ણન સૂત્રકારોએ ચારિત્રની પ્રાપ્તિની મુખ્યતાને ઉદ્દેશીને આરાધના જણાવી હોય અને જ્ઞાન તથા દર્શનની આરાધનાવાળી બીજ આદિ તિથિઓ હોય છતાં પણ જણાવી ન હોય તો તે યુક્તિ બહાર છે એમ તો કહી શકાય જ નહિ, કેમકે અષ્ટમીઆદિ તિથિઓને અંગે કહેલા પૌષધને આપણે વિધિસૂત્ર તરીકે જ માની શકીએ. કોઈપણ પ્રકારે તે અષ્ટમી આદિના પૌષધ સંબંધી કરેલા વિધાનને નિયમસૂત્ર તરીકે તો માની શકીએ જ નહિ, કેમકે જો તે અષ્ટમી આદિની તિથિને અંગે કરેલા પૌષધવિધાનને નિયમસૂત્ર તરીકે માનીએ તો તે અષ્ટમીઆદિ ચારિત્રતિથિઓ સિવાય સાંવત્સરિક અને અઠ્ઠાઈઓની તિથિઓમાં ઉપવાસ (અનશન) આદિ પૌષધોનું કરવું એ અવિધિરૂપ થાય, અને તેથી જ તે સાંવત્સરિક અને અઠ્ઠાઈઓમાં તપ અને વિરતિઆદિ કરવાનો ઉપદેશ કરનારા શ્રીધર્મદાસગણિ તથા શ્રીહરિભદ્રસૂરિજી સરખા મહાપુરુષો શાસ્ત્રવિરુદ્ધ ઉપદેશ આપનારા ઠરે, એટલું જ નહિ, પણ ચાર પ્રકારના પૌષધોમાં આવતો એવો ઉપવાસ (અનશન), બ્રહ્મચર્યનું પાલન, શરીરના સંસ્કારોનો ત્યાગ અને સાંસારિક ખેતી, પશુપાલન કે વેપાર આદિ ક્રિયાનો પરિહાર એ ચારેમાંથી એક કે ચારે જો અષ્ટમી આદિ ચાર તિથિ સિવાયની અન્ય તિથિઓમાં કરવામાં આવે તો તે સૂત્રથી વિરુદ્ધ હોઈ પાપબંધનું કારણ હોવું જોઈએ, અને આ ઉપર જણાવેલા દોષો કોઈપણ જૈનમતાનુસારી જીવ માનવાને તૈયાર થાય જ નહિ. કદાચ કહેવામાં આવે કે શ્રીસૂગડાંસૂત્રની વૃત્તિ તથા શ્રાવકપ્રજ્ઞપ્તિ અને પંચાશકઆદિ શાસ્ત્રોની વૃત્તિમાં પૌષધને પ્રતિનિયત દિવસનું જ અનુષ્ઠાન છે, પણ પ્રતિ દિવસનું અનુષ્ઠાન નથી એમ સ્પષ્ટ અક્ષરોમાં કહ્યું છે, તેથી એમ માનવું યોગ્ય છે કે અષ્ટમી આદિ તિથિએ જ ઉપવાસ (અનશન) આદિ પૌષધો કરવા જોઈએ, અને તે તિથિઓએ જ તે તપસ્યા વિગેરે કરાય તે વિધિયુક્ત કહેવાય, પણ તે સિવાયની બીજ આદિ તિથિઓમાં જે ઉપવાસ (અનશન) આદિ પૌષધો જુદા જુદા રૂપે

કે એકઠારૂપે કરાય તે અવિધિ જ કહેવાય. આ વિષયના સમાધાનમાં પ્રથમ તો આગળ જણાવેલો જ મુદ્દો ધ્યાનમાં રાખવાનો છે કે અષ્ટમી આદિના પૌષધ સંબંધીના વાક્યો વિધિ વાક્યો છે પણ નિયમ વાક્યો નથી. અને તેથી જ આગમો અને શાસ્ત્રોમાં સ્થાને સ્થાને તે અષ્ઠમીઆદિ સિવાયની તિથિઓમાં પણ ઉપવાસ (અનશન) આદિ વ્યસ્ત કે સમસ્ત પૌષધો કર્યાના દાખલાઓ તથા વિધાનો મળે છે, વળી શ્રી સૂયગડાંગ વિગેરે શાસ્ત્રોની વૃત્તિઓના પાઠથી જે ભાવાર્થ શંકાકારે જણાવવા માગ્યો છે તે ભાવાર્થ તો માત્ર વાક્યના અર્થને જ જે મનુષ્ય પુચ્છની માફક પકડતો હોય અને પ્રકરણને જોતો જ ન હોય તેવો જ મનુષ્ય તારવી શકે, કેમકે ત્યાં શ્રાવકપ્રજ્ઞપ્તિ વિગેરેમાં પ્રતિજ્ઞા ઉચ્ચારણથી થતી મર્યાદાનું પ્રકરણ છે, પણ ક્રિયાની મર્યાદાનું તે પ્રકરણ જ નથી, અને તેથી જ તે પ્રકરણની શરૂઆતમાં જ અવતરણ તેવા જ રૂપે કર્યું છે અને નિરુપણ કરતાં પણ પાંચ અણુવ્રતોને યાવજ્જિવિક બતાવ્યાં છે. અર્થાત્ અણુવ્રત ઉચ્ચાર યાવજ્જિવનમાં માત્ર એક જ વખત ઉચ્ચાર કરવાથી ચાલે છે, એમ જણાવી આખું પ્રકરણ ઉચ્ચારણની મર્યાદાનું જ છે એમ સ્પષ્ટ થાય છે અને તેથી જ તે આખા પ્રકરણમાં પર્વ કે પર્વદિન અથવા પર્વોત્તર કે પર્વોત્તરદિન એવા શબ્દોની ગંધ પણ નથી, જો પ્રતિનિયત શબ્દોનો અર્થ અહોરાત્રિ કે દિવસ અગર રાત્રિની મર્યાદારૂપે કરવામાં ન આવે પણ માત્ર પર્વ એટલો જ કરવામાં આવે તો તેવો અર્થ કરનારની અપેક્ષાએ પર્વ જેવા અત્યંત પ્રસિદ્ધ અને લઘુશબ્દને છોડીને પ્રતિનિયત જેવા રૂઢિમાં નહિ એવા અને મોટા શબ્દોને મૂકીને ગ્રંથકારે પોતાની બુધ્ધિનું લીલામ જ કર્યું છે એમ જ કહેવું પડે, એટલું જ નહિ પણ શ્રીઉત્તરાધ્યયન સૂત્રમાં एग रत्तिं न हावए એમ કહી કોઈપણ એક રાત્રિએ તો પક્ષમાં પૌષધ શ્રાવકોએ કરવો જ જોઈએ એમ જણાવી જે સર્વ રાત્રિઓ પૌષધને લાયક જણાવી છે તે હકીકતવાળું વચન અને ભગવાન ઉમાસ્વાતિ વાચકજીએ શ્રીતત્ત્વાર્થસૂત્રના સ્વોપજ્ઞ ભાષ્યમાં **प्रतिपदाद्यन्यतमं वा तिथिमाश्रित्य** એમ કહી પડવા આદિ કોઈપણ તિથિને આશ્રીને ઉપવાસ (અનશન) આદિ પૌષધોનું જે વિધાન કર્યું છે તે સર્વ શાસ્ત્રવિરુધ્ધ થઈ જાય માટે કદાગ્રહ રહિત મનુષ્યને એમ માન્યા સિવાય છૂટકો જ નથી કે શાસ્ત્રોમાં અષ્ઠમી આદિ તિથિને અંગે કહેલા ઉપવાસ (અનશન) આદિ પૌષધ સંબંધીનું વાક્ય નિયમવાક્ય નથી પણ વિધિવાક્ય જ છે.

વળી, એ વાત પણ વાંચકે ધ્યાનમાં રાખવાની છે કે શાસ્ત્રકારોએ શ્રાવકઆદિના વર્ણનના પ્રસંગે અષ્ટમી, ચતુર્દશી, અમાવાસ્યા અને પૂર્ણિમાનો જે અધિકાર જણાવેલો છે તે ચાર પ્રકારના પૌષધરૂપી વ્રત પચ્ચખ્ખાણરૂપ એટલે ચારિત્ર આરાધનની મુખ્યતાવાળો છે અને તેથી તે અષ્ટમી, ચતુર્દશી વિગેરે તિથિઓ ચારિત્ર આરાધનમાં વિશેષ નિમિત્તરૂપ હોય, અને તેથી તે તિથિઓનું વિરતિના અધિકારમાં વર્ણન કર્યું હોય એ વધારે સંભવિત છે. જો કે જૈનશાસ્ત્રના નિયમ પ્રમાણે ચારિત્રની સમ્યગ્ આરાધના સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન સિવાયની હોતી જ નથી, અને તેથી ચારિત્ર આરાધનોના દિવસોમાં પણ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનને અભ્યાસ, પરાવર્તન, તથા સમ્યગ્દર્શનના ગુણોત્કીર્તન આદિરૂપ સ્વાધ્યાયદ્વારા આરાધવાનું સાથે હોય જ છે. છતાં તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની આરાધના તે અષ્ટમી આદિ તિથિમાં ગૌણરૂપે ગણી તે અષ્ટમી આદિ તિથિઓને ચારિત્રતિથિઓ તરીકે મનાય છે, અને તેવી જ રીતે બીજ વિગેરે તિથિઓ જે જ્ઞાનતિથિઓ અને દર્શનતિથિઓ તરીકે ઓળખાય છે અને જે બીજ વિગેરે તિથિઓમાં જ્ઞાનની મુખ્યતાવાળી તિથિઓને

દિવસે જ્ઞાન વિગેરેની પૂજા, ભક્તિ અને બાકીની દર્શનઆરાધનની તિથિઓમાં મુખ્યતાએ દર્શનની આરાધના હોવાથી શ્રીજિનેશ્વર મહારાજની પૂજા, ભક્તિ વિગેરે કરવાનું શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે. જૈનશાસ્ત્રની યથાસ્થિત તત્ત્વદૃષ્ટિ ધરાવનારો મનુષ્ય સારી પેઠે સમજે છે કે શાસ્ત્રદૃષ્ટિએ ચારિત્રની યથાસ્થિતતા અને શુધ્ધતા તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ ઉભયથી સહિતપણું હોય તો જ બની શકે, અને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની પૂજ્યતા ત્યારે જ બને કે જ્યારે તે ઉભયગુણ ચારિત્રના આચરણથી સંયુક્ત હોય. અર્થાત્ સામાન્યપણે તે ત્રણે વસ્તુના આરાધનની તિથિઓમાં તે ત્રણે વસ્તુની આરાધના સંકલિત છે, અને તેથી જ ચારિત્રની આરાધના માટે વિશેષપણે લેવાયેલી અષ્ટમી આદિ તિથિમાં સાવદ્ય ત્યાગરૂપી ચારિત્રના આચરણ સાથે જેમ આહારત્યાગરૂપ અનશનને સ્થાન આપવામાં આવ્યું છે, તેવી જ રીતે જ્ઞાન અને દર્શનની આરાધના માટે જણાવાતી તિથિઓમાં જ્ઞાનભક્તિ અને જિનેન્દ્રપૂજારૂપી આરાધના શાસ્ત્રકારોએ વર્ણવેલી છે. જો કે તે જ્ઞાન અને દર્શનની તિથિઓએ ચારિત્રની આરાધનારૂપી પૌષધાદિકની કર્તવ્યતા નથી હોતી એમ નહિ, પણ મુખ્યતાએ તેમાં જ્ઞાન અને દર્શનની આરાધના ગણાય છે અને તેથી જ ભગવાન હરિભદ્રસૂરિજી **पव्वेसु पोसहवयं** એમ કહી સર્વ પર્વદિવસોમાં પૌષધ કરવાનું ફરમાન કરે છે. ચારિત્ર, જ્ઞાન અને દર્શનની તિથિઓના વિભાગ અને તેમાં કરાતી આરાધનાને ભગવાન હરિભદ્રસૂરિજી આ પ્રમાણે જણાવે છે :-

**अट्ठमी चउद्दसी पुण्णिमसि उद्दिट्ठा तिहिचउक्कमि।**
**चारित्तसाराहण कह करे पोसहाइयं ॥२६॥**
**बीया पंचमि इक्कारसीतिहि नाण हेउ या एया।**
**तत्थय नाणाईणं पूया भत्ती य कायव्वा ॥२७॥**
**अण्णा दंसण तिहिओ तत्थ जिणिंदाण भत्तिजुतिओ।**
**विविहा विविहपयारा कायव्वा पइदिणं सम्मं ॥२८॥**

આ ગાથાઓનો ભાવાર્થ સ્પષ્ટપણે જણાવે છે કે અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમા અને અમાવાસ્યા એ ચારે તિથિઓમાં ચારિત્રની આરાધના માટે પૌષધાદિવ્રતો શ્રાવકો કરે. (આ ઉપરથી સ્પષ્ટ થશે કે સૂત્રોમાં સ્થાને સ્થાને જે અષ્ટમી આદિના દિવસોએ પૌષધ કરવાનો અધિકાર આવે છે તે ચારિત્રની આરાધનાની મુખ્યતાએ જ છે.) ૨૬. બીજ, પાંચમ અને અગીયારસ એ ત્રણ તિથિઓ જ્ઞાનની આરાધનાને માટે મુખ્ય ભાગ ભજવનાર હોવાથી તેને જ્ઞાનતિથિઓ કહેવાય છે અને તે જ્ઞાન તિથિઓમાં જ્ઞાન, જ્ઞાની, જ્ઞાનના સાધનોની પૂજા, ભક્તિ વિગેરે કરવી જોઈએ. ૨૭. પૂર્વે જણાવેલી અષ્ટમી આદિ ચારિત્રતિથિઓ અને બીજાદિ જ્ઞાનતિથિઓ સિવાયની અન્ય એટલે કોઈપણ તિથિ જે આરાધાય તે દર્શનની મુખ્યતાવાળી હોવાથી દર્શન તિથિઓ કહેવાય છે, અને તે દર્શનતિથિઓમાં અનેક પ્રકારની હંમેશા સમ્યગ્ જિનેશ્વર મહારાજની વિધવિધ ભક્તિ કરવી જોઈએ. (જો આ અષ્ટમી આદિની કરાતી ક્રિયાને નિયમિત ગણવામાં આવે તો અષ્ટમી આદિ તિથિને દિવસે જિનપૂજા અને જ્ઞાનભક્તિ ન કરાય તથા બીજ આદિ દિવસોમાં પૌષધ ન થાય. તેમજ જ્ઞાન, જ્ઞાની અને તેના સાધનોની આરાધના પણ ન થાય, પણ આ બધું વિધાન માત્ર મુખ્યતાના ઉદ્દેશથી વિધિવાક્ય તરીકે લઈએ, અને નિયમવાક્ય તરીકે ન લઈએ તો સર્વ અષ્ટમી આદિ તિથિઓમાં પૌષધ આદિ સર્વ ક્રિયાઓ થઈ શકે. માત્ર અષ્ટમી આદિ તે તે ચારિત્ર, જ્ઞાન અને દર્શનની તિથિઓમાં તેની તેની આરાધનાની મુખ્યતા રહે.

જૈન શાસનને સામાન્ય રીતે સમજનારી જનતા પણ સારી રીતે જાણી શકે છે કે જૈનશાસ્ત્રના હિસાબે પ્રસંગ પ્રાપ્ત એવા પાપનો નિષેધ કરવામાં ન આવે તો અનુમોદના લાગે છે, અને મન,

વચન, કાયાથી તે અનુમોદના ત્રણ પ્રકારે હોવાથી તે નિષેધ નહિ કરનારને ત્રિવિધ, ત્રિવિધ પ્રકારે પાપથી વિરમવારૂપ નવકોટિમય સર્વવિરતિ હોઈ જ શકતી નથી, તો પછી જેઓ વિધિવાક્યને વિધિવાક્ય તરીકે સમજે નહિ, અગર સમજ્યા છતાં ગચ્છ કે મતના કદાગ્રહમાં તણાઈ જઈ, જેઓ વિધિવાક્યને નિયમવાક્ય તરીકે ગણવા તૈયાર થાય, અને સાધુપણાની વાનગીરૂપ પૌષધ જેવી ક્રિયાને અવિધિ જણાવી તેનો નિષેધ કરવા તૈયાર થાય તેઓનું સાધુપણું કે સમ્યક્ત્વ કેમ રહેતું હશે તે વિશિષ્ટ જ્ઞાની સિવાય અન્ય કોઈ કહી શકે નહિ. જો કે કેટલાકો પ્રતિક્રમણ વિગેરેમાં જણાવેલા કાયોત્સર્ગના માનને આગળ કરી અન્ય તિથિના પૌષધને અધિક તરીકે ગણાવી તે તે તિથિએ તે તે પૌષધાદિકના નિષેધ કરવામાં પોતાને કૃતાર્થ માને છે, પણ તેઓએ સમજવું જોઈએ કે પ્રતિક્રમણ ક્રિયામાં કરાતા જ્ઞાનાદિકના કાયોત્સર્ગો અનેક શાસ્ત્રકારોએ **तिगिच्छ** એટલે ચિકિત્સા અગર દવા સમાન ગણાવી પ્રાયશ્ચિત્તને સ્થાને ગણાવેલા છે, અને જૈનમતને જાણનારું બાળક પણ એ વાત સ્પષ્ટપણે સમજી શકે છે કે રાજાના દંડની માફક પ્રાયશ્ચિત્તસ્થાનમાં અલ્પ આપત્તિમાં ઘણું કે ઘણી આપત્તિમાં થોડું પ્રાયશ્ચિત્ત દેનારો કે લેનારો મનુષ્ય આત્માની આરાધનાને પામી શકતો નથી. અર્થાત્ શાસ્ત્રમાં નિયમિત પ્રમાણથી કરવાના કહેલા કાયોત્સર્ગોમાં ન્યૂનાધિકપણું ચાલી શકે નહિ, પણ જેમ દુઃખક્ષય, કર્મક્ષયના કાયોત્સર્ગમાં પ્રમાણની નિયમિતતા હોય નહિ, કિન્તુ શક્તિ પ્રમાણે કાયોત્સર્ગ ન કરવામાં જ વીર્યની હાનિ ગણી દૂષણ ગણવામાં આવે, તેવી રીતે પૌષધાદિ ક્રિયા પણ જેટલી ઓછી થાય તેટલી અવિરતિથી થતા કર્મબંધનું કારણ જ ગણવામાં આવે એ યુક્ત ગણાય અને એ જ કારણથી **सामाइयपोसहसंठियस्स जीवस्स जाइ जो कालो सो सहलो बोधव्वो सेसो संसारफलहेऊ** ॥ १ ॥ આ ગાથાથી પ્રૌઢ શાસ્ત્રકારો જે જણાવે છે કે સામાયિક અને પૌષધમાં રહેલા જીવનો આયુષ્યકાળ સફળ એટલે સંવરમય હોઈ પાપથી બચાવવાવાળો છે, પણ તે સામાયિક અને પૌષધ સિવાયનો સર્વ આયુષ્યકાળ આશ્રવ એટલે અશુભ કર્મને આવવાના કારણરૂપ હોવાથી સંસાર એટલે ચાર ગતિમાં ભ્રમણ કરવું અર્થાત્ સંસારની વૃદ્ધિરૂપ ફળને નીપજાવનાર છે એ બરોબર શ્રદ્ધાથી માનવા જેવું થાય. ઉપર જણાવ્યા પ્રમાણે અષ્ટમી આદિ ચારિત્રતિથિઓ, બીજ આદિ જ્ઞાનતિથિઓ, અને અન્ય સર્વ દર્શનતિથિઓમાં ચારિત્રાદિકની મુખ્યતા હોય તેથી તેને આરાધનની ક્રિયાનો ઉદ્દેશ રહે અને તેથી તેની મુખ્યતા રહે અને અન્ય ક્રિયાની ઉદ્દેશની અપેક્ષાએ જ માત્ર ગૌણતા રહે. બાકી ફળદશાએ વિચારીએ તો જ્ઞાન, દર્શન કે ચારિત્રમાંથી કોઈની પણ આરાધના કરવામાં આવે તો જ્ઞાન, દર્શન, ચારિત્ર વિગેરેને રોકનારા કર્મોનો ક્ષય થાય જ છે, અને તેથી જ શ્રીઉત્તરાધ્યયન વિગેરે સૂત્રોમાં સંવેગ, નિર્વેદ, સ્વાધ્યાય, સાધર્મિક શુશ્રૂષા વિગેરે ચારિત્ર, જ્ઞાન અને દર્શનનાં કાર્યોથી સર્વ કર્મનો ક્ષય અને મોક્ષફળ જણાવવામાં આવેલું છે. વળી જ્ઞાન, દર્શન કે ચારિત્ર તે ત્રણેની કે ત્રણેમાંથી એકની પણ પ્રતિકૂળતાથી આઠે પ્રકારના કર્મના બંધ અને વૃદ્ધિ જણાવેલાં છે, અર્થાત્ જેમ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણેની કે ત્રણમાંથી કોઈની પણ વિરાધના તે ત્રણેની પ્રાપ્તિને રોકનારી થાય છે, અને આરાધના એ ત્રણેની વૃદ્ધિ કરાવી મોક્ષને પ્રાપ્ત કરાવનારી થાય છે. આ વાતને બરોબર ધ્યાનમાં લેનારો સ્પષ્ટપણે સમજી શકશે કે તિથિઓને અંગે કરાતી આરાધના જ્ઞાનાદિ ત્રણમાંથી કોઈ એકની મુખ્યતાવાળી ભલે હોય, પણ બીજાથી નિરપેક્ષ હોય કે બીજાને આરાધના કરવી એ દખલરૂપ મનાતી હોય એમ જૈનશાસનના તત્વને અનુકૂળ હોય જ નહિ. અર્થાત્ કોઈપણ

ગુણની આરાધનાને અંગે નિષેધ કરવા માટે કોઈપણ ગુણની આરાધનાનું નિયમ વાક્ય ભવભીરૂથી કહી શકાય જ નહિ.

## આરાધ્ય પણ આલંબન અને તેનું શાસ્ત્રોક્તપણું

કદાચ શંકા કરવામાં આવે કે કનકાવલિ વિગેરે આભૂષણાદિમાં ગણાતા પદાર્થો રોહિણી આદિ સંસારવાસી દેવીઓ, સર્વાંગસુંદર આદિ સાંસારિક પદાર્થો અને બીજ વિગેરે તિથિઓ સ્વયં આરાધ્યરૂપ ન હોઈ, જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ આરાધ્યની આરાધનામાં નિયમિત બને પણ અરિહંત મહારાજા વિગેરે નવે પદો તથા મતિ આદિ પાંચે જ્ઞાનો नमो अरिहंताणम् વિગેરે नमो मइणाणस्स વિગેરે નમસ્કારવાળાં પદો યુક્ત હોવાથી આરાધ્ય છે એમ નિશ્ચિત્ત થાય છે તો પછી તે આરાધ્યને નિમિત્ત તરીકે કેમ ગણવાં ? પૂર્વે જણાવેલાં તિથિ વિગેરે નમસ્કાર કરવા લાયક નહિ હોવાથી આરાધના લાયક નથી અને તેથી તે નિમિત્તરૂપ બને, પણ અરિહંત વિગેરે અને મતિ આદિ તો આરાધ્ય હોવાથી તે નિમિત્તરૂપ ગણાવાં જોઈએ નહિ, માટે કનકાવલિ આદિને અંગે શાસ્ત્રના સાક્ષાત્ વચનોને સૂચના પ્રમાણે તપ આદિથી આરાધના કરવી યોગ્ય હોય, પણ આરાધ્ય એવા અરિહંતાદિકને નિમિત્તરૂપ ગણવાપૂર્વક જે આરાધના કરાય તે કેવળ પ્રવચનમાં નહિ કહેલું અને નહિ સૂચવેલું તપ ગણાય, અને ભગવાન હરિભદ્રસૂરિજી પ્રવચનમાં નહિ કહેલા તપની પ્રરૂપણા કરનારાને કુગુરુ તરીકે જણાવે છે, તેથી આવા અરિહંતાદિક જેઓ પરમ આરાધ્ય છે તેઓને નિમિત્ત તરીકે લઈ તપસ્યા કરવી એવું કહેનારા તથા તે તપસ્યા કે જે શાસ્ત્રોમાં કહેલી નથી તેવી તપસ્યાનું ઉજમણું કરવું જોઈએ એમ કહેનારા કુગુરુ તરીકે કેમ ન ગણાય ? આના સમાધાનમાં સમજવાનું કે ભગવાન હરિભદ્રસૂરિજી શ્રીપંચાશકજીની અંદર ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના કલ્યાણકોને ઉદ્દેશીને એટલે તે કલ્યાણકોના દિવસોને નિમિત્ત તરીકે ગણીને તે તે દિવસોએ યાત્રાપંચાશક જણાવતાં પૂજા, પ્રભાવના અને તપસ્યા વિગેરે કરવાનું જરૂરીપણે જણાવે છે, ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના કલ્યાણકોના દિવસો દ્વારા કલ્યાણકોની આરાધના પૂજા અને તપસ્યાદિ દ્વારાએ કરવાની એટલી બધી જરૂરી જણાવે છે કે જો તે કલ્યાણકોના દિવસે પૂજા, પ્રભાવના અને તપસ્યા વિગેરે ન કરવામાં આવે અને અન્ય દિવસોમાં તે પૂજા, પ્રભાવના અને તપસ્યા વિગેરે કરવામાં આવે તો તે સમગ્ર અન્ય દિવસોની ક્રિયાને શાસ્ત્રપ્રવૃત્તિ ન કહેતાં સ્વમતિપ્રવૃત્તિ કહેવી. આ બધો વિસ્તારે ત્યાં જણાવેલો અધિકાર ધ્યાનમાં લેનારો મનુષ્ય શ્રીઅરિહંત ભગવાનાદિ આરાધ્ય વસ્તુઓને ઉદ્દેશીને એટલે એને નિમિત્ત તરીકે ગણીને કરવામાં આવતી તપસ્યાને અત્યંત જરૂરી ગણ્યા સિવાય રહેશે નહિ, અર્થાત્ સ્વપ્ને પણ તે અરિહંત આદિક આરાધ્ય વસ્તુને ઉદ્દેશીને થતી તપસ્યાને સ્વમતિપ્રવૃત્તિ તરીકે ગણી શકે નહિ. વળી તે જ ભગવાન હરિભદ્રસૂરિજી તે જ પંચાશકશાસ્ત્રમાં ઓગણીસમા તપપંચાશકમાં ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના દીક્ષા, જ્ઞાન અને મોક્ષ જેવા કલ્યાણકોને ઉદ્દેશીને તે કલ્યાણકો થયાં તે દિવસ કે અન્ય દિવસે પણ તપસ્યા કરવાનું જણાવે છે અને તેવી રીતે કરાતાં તપોને પૂર્વધર કાલથી પ્રવર્તેલા જણાવી પ્રકીર્ણક તપના નામે કરવા લાયક તરીકે જણાવે છે. વળી જ્ઞાતાધર્મકથાસૂત્રમાં મલ્લીજ્ઞાત નામના અધ્યયનમાં ભગવાન અરિહંતાદિક આરાધ્ય વસ્તુઓની આરાધનાથી જ તીર્થંકર નામગોત્ર ઉપાર્જન કરવાનું જણાવી, અરિહંતાદિનું નિમિત્તપણું તપસ્યાદિકને અંગે હોય તે વાસ્તવિક છે એમ સાબીત કરે છે. શ્રુતકેવલી ભગવાન

ભદ્રબાહુસ્વામીજી શ્રીઆવશ્યક નિર્યુક્તિમાં અને આચાર્ય મહારાજ શ્રી ઉમાસ્વાતિજી વિગેરે શ્રી તત્વાર્થ વિગેરે શાસ્ત્રોમાં અરિહંતાદિકને ઉદ્દેશીનેજ એટલે તેમને નિમિત્ત તરીકે રાખીને તપસ્યાદિ કરવાથી તીર્થંકર નામગોત્ર બંધાય એમ વિધાન જણાવે છે તેથી પણ સ્પષ્ટ થાય છે કે અરિહંત મહારાજા વિગેરે આરાધ્યતમ પુરુષો તથા જ્ઞાન વિગેરે આરાધ્યતમ વસ્તુઓને નિમિત્ત તરીકે રાખી તપસ્યાદિ કરવામાં કોઈપણ જાતનું સ્વમતિ પ્રવૃત્તિપણું નથી, અને તેથી તે તપસ્યા અને તેને ઉદ્દેશીને થતાં ઉદ્યાપન નિરૂપણ કરનારા પુરુષો શાસ્ત્રકારોની માફક આરાધ્ય કોટિમાં જ છે, પણ કુગુરુની કોટિમાં નથી.

## ઉદ્યાપન (ઉજમણા)ની કર્તવ્યતા

વળી, શ્રાદ્ધવિધિ અને ધર્મસંગ્રહની વૃત્તિ વિગેરેમાં ઉદ્યાપન કરવું તે દરેક શ્રાવકનું જન્મકર્તવ્ય છે, અને વર્ષકર્તવ્ય છે એમ જણાવેલું હોવાથી પણ ઉદ્યાપન (ઉજમણું) કરવાની પ્રરૂપણા કરવી તે કોઈપણ પ્રકારે કુગુરુનું લક્ષણ નથી પણ સુવિહિત સુગુરુનું જ લક્ષણ છે એમ નિશ્ચિત થાય છે. વળી શ્રાધવિધિ, ધર્મસંગ્રહ અને ઉપદેશપ્રાસાદ વિગેરેમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર જેવા આરાધ્ય પદાર્થોની પણ નિશ્રા કરીને એટલે તેનું આલંબન લઈને તપસ્યાઓ કરેલી હોય તેના ઉજમણા કરવાનું સ્પષ્ટપણે વિધાન છે. આચાર્ય મહારાજ શ્રી રત્નશેખરસૂરીશ્વરજીએ બનાવેલા પ્રાકૃત શ્રીપાલચરિત્રમાં અને બીજા પણ શ્રીપાલમહારાજના સંસ્કૃત ચારિત્રોમાં યાવત્ ઉપાધ્યાય વિનયવિજયજીએ શરૂ કરેલા અને મહોપાધ્યાય યશોવિજયજીએ પૂર્ણ કરેલા શ્રીપાલ મહારાજના રાસમાં પણ મહોપાધ્યાય યશોવિજયજી શ્રીપાલ મહારાજાએ અરિહંતાદિ આરાધ્ય વસ્તુઓને ઉદ્દેશીને તપનું કરવું જણાવેલું છે, અને તે અરિહંતાદિ નવપદોની આરાધનાને અંગે તે તપની પૂર્તિમાં શ્રી શ્રીપાલ મહારાજે કરેલા ઉદ્યાપન એટલે ઉજમણાનો ઘણો જ વિસ્તારયુક્ત અધિકાર છે, તે બધું દેખીને ક્યો શાસ્ત્રાનુસારિણી બુદ્ધિવાળો મનુષ્ય અરિહંતાદિક આરાધ્યપદોને ઉદ્દેશીને કરાતી તપસ્યા અને તે તપસ્યાની પૂર્ણાહુતિ થતાં કરાતાં ઉદ્યાપન એટલે ઉજમણાને અત્યંત આવશ્યક કર્તવ્ય તરીકે ગણ્યા વગર રહે ?

## સર્વતપનું મોક્ષસાધનપણું

ભગવાન હરિભદ્રસૂરિજી તપનામના ઓગણીસમાં પંચાશકમાં તો એટલા સુધી જણાવે છે કે શાસ્ત્રમાં કહેલી અગર નહિ કહેલી કોઈપણ તપસ્યા મોક્ષપદને પ્રાપ્ત કરાવનારી જ છે એમ જણાવી તપસ્યાને ઘણી જ ઊંચી પદવીએ સ્થાપે છે. કદાચ શંકા થશે કે જ્યારે આહારાદિક ત્યાગવાળી સર્વ તપસ્યાઓ ચાહે તો શાસ્ત્રમાં કહેલી હોય અગર ન કહેલી હોય તો પણ તે કરવા લાયક જ છે એમ ગણીએ તો સંબોધ પ્રકરણમાં ભગવાન હરિભદ્રસૂરિજીએ પ્રવચનમાં નહિ કહેલા તપની પ્રરૂપણા અને તેવા તપના ઉજમણાની પ્રરૂપણાને કુગુરુનું લક્ષણ કેમ કહ્યું ? આ શંકાનું સમાધાન ઘણું સહેલું છે કે જે તપસ્યામાં શ્રાવકોને અનુચિત એવું અભક્ષ્યનું ભક્ષણ હોય, મિથ્યાદૃષ્ટિ દેવતાઓની આરાધના હોય, કષાય, આરંભ પરિગ્રહાદિકની વૃદ્ધિ હોય અને જે તપસ્યાનો ઉદ્દેશ કષાયની વૃદ્ધિવાળો હોય તેમાં મિથ્યાદૃષ્ટિઓએ આચરેલાં અને લોકોમાં શાસનની અવનતિને કરનારાં એવાં તપો અને તેના ઉદ્યાપન કરવાની દેશના જેમ અત્યારે પણ કેટલાક સાધુઓથી પરિચિત અગર ઓછા પરિચિત સ્થાનોમાં કેટલોક યતિવર્ગ કરાવે છે. તેવી તપસ્યાના ઉદ્યાપનની પ્રરૂપણાને ભગવાન હરિભદ્રસૂરિજી કુગુરુનું લક્ષણ કહે તો તેમાં

કોઈપણ જાતનું આશ્ચર્ય નથી. બાકી તો ભગવાન હરિભદ્રસૂરિજી ઓગણીસમા તપ પંચાશકમાં સ્પષ્ટપણે જણાવે છે કે - **जत्थ कसायनिरोहो बंभं जिनपूयणं अणसणं च सो सव्वो चेव तवो विसेसओ मुद्दधलोयंम्भि॥२६॥** અર્થાત્ જે તપસ્યાની અંદર ક્રોધ, માન, માયા કે લોભ નામના કષાયને રોકવાનું થતું હોય, બ્રહ્મચર્ય પાલન કરવામાં આવતું હોય, ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનનું પૂજન પ્રવર્તતું હોય, અને આહારનિરોધ કે આહારસંકોચ આદિરૂપે જે તપમાં પ્રવૃત્તિ થતી હોય તે સર્વ તપસ્યાઓ જ ગણવી, અર્થાત્ તે સર્વ તપસ્યાઓ સમજુ મનુષ્યોને પણ સામાન્ય રીતે કરવા લાયક છે પણ મુગ્ધ એટલે અવ્યુત્પન્ન બુધ્ધિવાળા અર્થાત્ શાસ્ત્રોના રહસ્યો જાણવામાં જેની બુદ્ધિ બરોબર પ્રવર્તતી નથી એવા જીવોને તો પૂર્વે જણાવેલા કષાયાદિ નિરોધવાળા તપો વિશેષ કરવા લાયક છે, આ હકીકત સમજનારો મનુષ્ય શાસ્ત્રોમાં નહિ કહેલા તપો અને નહિ કહેલાં તપોના ઉજમણા ઉપર જણાવ્યા પ્રમાણે મિથ્યાદૃષ્ટિઆદિકના હોય તે સહેજે સમજી શકશે, એક વાત આ સ્થળે બરોબર ધ્યાનમાં લેવાની છે કે ભગવાન હરિભદ્રસૂરિજીના અને તેમના કરતાં પણ પહેલાના આચાર્યોનાં વખતમાં જો ઉજમણાની પ્રવૃત્તિ જ ન હોત અને તેનો રિવાજ ચાલતો ન હોત તો ઉદ્યાપન એટલે ઉજમણામાત્રના નિરૂપણામાં કુગુરુપણું જણાવી દેત, પણ તેમ ઉજમણા માત્રની પ્રરુપણાને કુગુરુનું લક્ષણ ન જણાવતાં શાસ્ત્રમાં નહિ કહેલા તપના ઉજમણાની પ્રરૂપણાને જ કુગુરુના લિંગ તરીકે જણાવ્યું છે તે જ સ્પષ્ટ કરે છે કે મૂળ સૂત્રકારોએ પૂર્વધર આચાર્ય ભગવાનોએ યાવત્ ભગવાન હરિભદ્રસૂરિજી આદિ સમર્થ પુરુષોએ જે જે તપસ્યાઓ અને તેના ઉદ્યાપનો સાક્ષાત્ કહ્યાં છે અને સૂચવ્યાં છે તેની પ્રરૂપણા કરવી તે સુવિહિત શ્રમણ ભગવાનોને માટે યોગ્ય જ છે. કદાચ કહેવામાં આવે કે આવી કષાયનિરોધ વિગેરવાળી તપસ્યા વ્યુત્પન્ન લોકોને માટે સામાન્યથી હિત કરનારી જણાવી અને મુખ્યતાએ તો તે તપસ્યાઓ મુગ્ધ લોકોને હિત કરનારી જણાવેલી છે, માટે તેવી તપસ્યાઓથી કે તેની પૂર્ણાહુતિમાં થતાં તેના ઉજમણાંઓથી જીવને સામાન્ય જ કોઈક ફળની પ્રાપ્તિ થતી હશે, પણ તેવા વિશેષ ફળની પ્રાપ્તિનો સંભવ તેનાથી નહિ હોય એમ કહેવાવાળાએ સમજવું જોઈએ કે મુગ્ધ લોકોને વિશેષે હિત કરનારી એ તપસ્યાઓ અને ઉપલક્ષણથી તેના ઉજમણાંઓ છે.

### ઉદ્દેશવાળી તપસ્યાથી પણ પરમચારિત્ર

એમ કહેવાનું તત્ત્વ એ નથી કે તે તપસ્યા અને તેના ઉજમણાથી માત્ર સામાન્ય ફળની જ પ્રાપ્તિ થતી હોય, કેમકે ભગવાન હરિભદ્રસૂરિજી જ એવી તપસ્યાને અંગે જણાવે છે કે ઘણા જીવો શાસ્ત્રોકત પરમચારિત્રને પામીને યાવત્ મોક્ષને મેળવી શકયા. **एवं पडिवत्तीए एत्तो मग्गाणुसारिभावाओ चरणं बिहियं बहुओ पत्ताजीवा महाभागा।** અર્થાત્ એવી રીતે પૂર્વે જણાવ્યા પ્રમાણે દેવતા આદિને ઉદ્દેશીને કરેલા તપથી તે તપ કરનારને કષાયાદિ નિરોધ હોવાથી મોક્ષને અનુકૂળ એવાં પરિણામ થાય છે, અને તેથી જ એવી તપસ્યા કરવાવાળા અનેક ભાગ્યશાળી જીવો શાસ્ત્રમાં કહેલા યથાસ્થિત ચારિત્રને પ્રાપ્ત કરી શક્યા છે. તે પંચાશકની ટીકાને કરવાવાળા ભગવાન અભયદેવસૂરીશ્વરજી પણ સ્પષ્ટ શબ્દોમાં વ્યાખ્યા કરે છે કે- એવી તપસ્યા કરનારાઓ મોક્ષને અનુકૂળ પરિણામવાળા થયા છે અને તેથી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ચોખ્ખું ચારિત્ર તેઓ પામ્યા છે. આવી સ્પષ્ટ વાત જાણ્યા પછી ક્યો મનુષ્ય આવી તપસ્યા અને ઉજમણાઓ પરંપરા ફળને દેવાવાળાં નથી, પણ સામાન્ય ફળને જ દેવાવાળાં છે એવું માનવા તૈયાર થાય ?

### ઉજમણાંની જરૂરીયાત

અલબત્ત એટલું તો આપણે કદી કલ્પી શકીએ કે તપસ્યાના દરેક દિવસોમાં મહાવિભૂતિથી જિનપૂજાદિક કે જ્ઞાન કે જ્ઞાનીઓની ભક્તિ અને સાધર્મિકોની શુશ્રૂષા કરવા માટે કે ચારિત્રવંત મહાનુભાવોની વિનય, વૈયાવચ્ચ સાથેની શુશ્રૂષા કરવાની જોગવાઈ ન ધરાવે કે તેવું પ્રતિદિન કરવાને શક્તિમાન ન થાય, તેવા મનુષ્યો તપસ્યાની પૂર્તિમાં તો જરૂર પોતાની શક્તિ પ્રમાણે જિનેશ્વર મહારાજના અત્યંત આડંબરપૂર્વકના પૂજનમાં ઉત્તમોત્તમ જ્ઞાનનાં સાધનો એકઠાં કરવામાં દૂર દૂર રહેલા જ્ઞાની મહારાજાઓને અત્યંત નમ્રતાપૂર્વક વિજ્ઞપ્તિ કરી, પોતાના ગામમાં કે નિવાસસ્થાનમાં પધરાવી તેમની સેવા કરવામાં, તેમજ સ્થાન સ્થાન, ગ્રામ ગ્રામાંતરે અને દૂરદૂર શહેરોમાં રહેલા ત્રિલોકનાથ તીર્થંકર મહારાજના ભક્તો શાસનસેવામાં સદા સજ્જ રહેનારા સજ્જનો વિવિધ પ્રકારની તપસ્યા અને વ્રતોથી પોતાના આત્માને પવિત્ર કરવા સાથે અન્ય મહાશયોને પણ ધર્મમાં પ્રવર્તાવનારા તથા ધર્મની પ્રવૃત્તિમાં મદદ કરનારા શ્રાવકધર્મની આરાધનામાં નિષ્ણાત બનેલા સાધર્મિકોને વિવિધ પ્રકારે નિમંત્રણાદિકથી પોતાને ઘેરે બોલાવી અનશન, પાન, ખાદિમ, સ્વાદિમ, ધન, ધાન્ય, વસ્ત્ર, અલંકાર આદિ આપી તેઓની ભક્તિ કરવામાં તો જરૂર તન, મન, ધનથી તૈયાર થાય એનું નામ જ વર્તમાનમાં ઉજમણું કહેવાય છે. અર્થાત્ જે ક્રિયાઓ તપસ્યાના દરેક દિવસમાં કરવાને લાયકની હતી અને કરવી જોઈતી હતી, છતાં તે તપસ્યાના દરેક દિવસોમાં ન બની અને માત્ર તપસ્યાની પૂર્ણાહુતિમાં જ બનાવી, તે કોઈપણ પ્રકારે અધિક કરણી થઈ એમ તો કહી શકાય જ નહિ, પણ વર્તમાનમાં પ્રવર્તતી ઉજમણાની જે રીતિ તે માત્ર ફૂલની જગા પર પાંખડી જ છે. અર્થાત્ તપસ્યાના દરેક દિવસોમાં વારંવાર કરાતી કરણી માત્ર તપસ્યાની પૂર્તિમાં એક જ વખત કરવાની થાય છે.

### ઉજમણા આદિ ખર્ચોની જરૂરીયાત

શાસ્ત્રાનુસારિણી આ રીતિ છતાં જેઓ પૈસાને પરમેશ્વરતુલ્ય ગણનારા, સ્ત્રીઓને ગુરુતાનું સ્થાન આપનારા અને વિષયલાલસાના વિશાળપણામાંજ વિહાર કરનારા એ ઉજમણાની ક્રિયાને અત્યંત ખર્ચવાળી ગણી તે ઉજમણાની ક્રિયા તરફ આડંબરને નામે અભાવ, અરૂચિ કે અનાદર ધરાવે કે પેદા કરે તેમાં તેની ધર્મપરાયણ મનુષ્યોએ દરકાર કરવાની હોય જ નહિ. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન મહાવીર મહારાજના દેશના વખતે રચાતા સમવસરણની ગોશાલા જેવા બિનજરૂરી ગણતા હતા અને તે જ સમવસરણની રચનાને નામે શ્રમણ ભગવાન મહાવીર મહારાજની નિંદા કરતા હતા, તો તેટલા માત્રથી ચારે નિકાયના દેવતાઓએ ત્રિલોકનાથ તીર્થંકરના સમવસરણની રચનામાં કોઈપણ પ્રકારે ખામી કરી નથી. કેટલાકો તે ઉજમણાના ખર્ચને વ્યર્થ, પાણી, ધૂમાડો કે નિરર્થક એવાં એવાં વિશેષણો લગાડી ઉદ્યાપનના આ આદરને મંદ કરવા પ્રયત્ન કરતાં જૈન નામધારીઓની ગરીબાઈને આગળ કરે છે, તેઓએ સમજવું જોઈએ કે પોતે પોતાના નિવાસ માટે કરાતા બંગલા અને બગીચાઓ કરવા બંધ કરી તેમાંથી બચેલો પૈસો જૈન નામધારી ગરીબોને કેમ આપતા નથી ? મોટરો દોડાવવાનો ખર્ચો, સહેલ મારવાની મુસાફરીના ખર્ચો, ફેશનની ફિશીયારીના ખર્ચો, તથા કૂદકે ને ભૂસકે વધતો ઘરનો ખર્ચ બંધ કરીને કે ઘટાડીને તેઓ પોતાના માનીતા નામધારી જૈનને પોષવા કેમ તૈયાર થતા નથી ? ધર્મપરાયણ અને ધર્મને જીવનથી અધિક ગણનારા મહાનુભાવો જે ધર્મને રસ્તે ઉજમણા, પ્રતિષ્ઠા, સામૈયાં, સાધર્મિક વાત્સલ્ય વિગેરેમાં જે ખર્ચ કરે છે તે જ

ખર્ચ આ વાડી, ગાડી ને લાડીની મોજ માણનારાઓને ખટકે છે. તત્ત્વથી વિચારીએ તો મોજનાં સાધનોમાં માચી રહેલા એવા લોકોને નામધારી જૈનોની ગરીબાઈની પંચાત નથી, પણ તેઓને તો ધર્મરસ્તે ખર્ચાય, ધર્મ પરાયણોની ભક્તિ થાય, અથવા ધર્મિષ્ઠોના ધર્મને પોષણ મળે એ જ માત્ર ખટકે છે, કેમકે એમ ન હોય તો તેવા મોજીલા મનુષ્યોએ પ્રથમ વિચારવું જોઈએ કે આ ઉજમણા વિગેરેની ક્રિયાનો આડંબર કોઈને પણ શિર ફરજીયાત તરીકે નાખવામાં આવેલો હોતો નથી. આ ઉજમણાની ક્રિયાનો આડંબર તો તેઓ જ કરે છે કે જેઓ સર્વ પ્રકારે સાધનસંપન્ન હોવા સાથે આવતી જીંદગી અને મોક્ષને માનનારો હોઈ ભવિષ્યની આત્માની સદ્‌ગતિ માટે હું જે કંઈ કરું તે બધું આ જીંદગીમાં મળેલા અને જરૂર મ્હેલવા પડે એવા પદાર્થોથી સારરૂપ છે. અર્થાત્ તે જ મારી મિલકત બચેલી ગણું છું કે જે શુદ્ધ દેવ, ગુરુ, ધર્મના આરાધનમાં અને સમ્યગ્‌દર્શન, જ્ઞાન, ચારિત્રના પોષણમાં તથા તેને ધારણ કરનારાઓની ભક્તિમાં ઉપયોગી થાય.

## ઉજમણું જરૂરી પણ ફરજીયાત નહિ

ધર્મિષ્ઠોના આ વિચારો જાણવાની સાથે મોજીલાઓએ એ પણ સમજવાનું છે કે તપસ્યાની પૂર્તિને અંગે ઉજમણું જરૂરી કર્તવ્ય તરીકે હોવા છતાં પણ તે ફરજીયાત ન હોવાથી સેંકડો અને હજારો મનુષ્યો તપસ્યા કરે છે તેમાંથી હજારે એક ટકો પણ સાધનસંપન્ન હોવા છતાં પણ ઉજમણું કરનારો હોતો નથી. મોજીલાઓને એ વાત તો અનુભવસિદ્ધ છે કે હજારો સ્થાને સેંકડો મનુષ્યો આસો અને ચૈત્રની ઓળીઓ કરવાવાળા હોય છે, અને જ્ઞાનપંચમીને અંગે પંચમીની તપસ્યા કરનારાઓ તો ઘણા જ મોટા પ્રમાણમાં હોય છે, છતાં તેના ઉજમણા કરનારા તો માત્ર કોઈક કોઈક ઠેકાણે ગણ્યાગાંઠ્યા જ હોય છે. શાસનની શ્રદ્ધા અને સરણીને અનુસરનારા મહાનુભાવો ઉદ્યાપની શક્તિ ન હોય તો પણ શ્રી નવપદ (ઓળીજી)ની તપસ્યા કરે છે એ વાત કોઈ અન્ય પુરાવાથી સાબીત કરવી પડે તેમ નથી.

## ધાર્મિક કાર્યોમાં જ ગરીબાઈને આગળ કરવી એ શું ?

વળી, તેવી પવિત્ર ધાર્મિક ક્રિયાને તોડી પાડવા કે ઉતારી પાડવા માટે જે ગરીબાઈનું બહાનું આગળ કરવામાં આવે છે તે પણ માત્ર બહાનું હોવાથી ધર્મિષ્ઠોએ ગણકારવા જેવું નથી, કેમકે શ્રમણ ભગવાન મહાવીર મહારાજની હયાતિ વખત પણ શ્રાવકધર્મમાં શિરોમણિ ગણાતા પણ પુણ્યા શ્રાવક જેવા મહાનુભાવ શ્રાવકો માત્ર સાડીબાર દોકડા એટલે બે આનાની પૂંજી ધરાવતા હતા અને આર્દ્રકુમારની સ્ત્રી સરખી સ્ત્રીઓ રેંટિયો કાંતીને જ પતિથી વિયુક્ત થયેલી સ્ત્રીઓએ પેટ ભરવું પડે છે એમ સ્પષ્ટ જણાવ્યું હતું, એટલે તે વખતે સાચા જૈનોમાં પણ ગરીબાઈનો પ્રવેશ હતો એમ માન્યા સિવાય ચાલે તેમ નથી. છતાં તેવી વખતે પણ મહારાજા શ્રેણિક અને મહારાજા કોણિક ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન મહાવીરના વિહારસ્થાનની જ માત્ર ખબર રખાવવામાં લાખ્ખોનો ખર્ચ પ્રતિવર્ષ કરતા હતા અને ભગવાનના આવવાની વખતે તો દરેક વખતે ક્રોડો રૂપિયા વધામણીમાં દેતા હતા. આ કહેવાનો આશય એ નથી કે ધર્મિષ્ઠ પુરુષોએ સાધર્મિકોનો ઉદ્ધાર કરવો જોઈતો નથી. સાધર્મિકોની ભક્તિ કરવી અને બહુમાન કરવાં એને માટે તો શાસ્ત્રકારો સ્થાન સ્થાન ઉપર ઉપદેશ આપે છે, અને વર્તમાન મુનિમહારાજાઓ પણ તે જ શાસ્ત્રના ઉપદેશને અનુસરીને સાધર્મિકોની ભક્તિ આદિનો ઉપદેશ સ્થાન સ્થાન ઉપર આપે છે, અને કોઈપણ વ્યાખ્યાતા મુનિ મહારાજે શ્રી જિનમંદિર આદિ સાત ક્ષેત્રોમાંથી શ્રાવક, શ્રાવિકારૂપ સાધર્મિકના બે

ક્ષેત્રોને કમી કરી, પાંચ જ ક્ષેત્રમાં ધન વાપરવાનું કહ્યું નથી અને કહેતા નથી, કિન્તુ સાતે ક્ષેત્રોમાં ધન વાપરવાનું જેમ શાસ્ત્રકારોએ કહ્યું છે તેમજ વર્તમાન વ્યાખ્યાતા મુનિ મહારાજાઓ પણ સાતે ક્ષેત્રોમાં ધન વાપરવાનો ઉપદેશ આપે છે અને તેવા વ્યાખ્યાતા મુનિ મહારાજાઓના જ ઉપદેશને પ્રતાપે સ્થાન સ્થાન ઉપર ભોજનશાળાઓ, આંબેલ ખાતાંઓ, અને જૈનોને મદદના ફંડો ઊભાં થયેલાં અને વપરાતાં શુદ્ધ દૃષ્ટિએ દેખવાવાળાઓ જોઈ શકે છે.

## અન્ય રીતિએ થતાં ઉડાઉ ખર્ચો.

વળી, જેવો ધાર્મિક અનુષ્ઠાનોને કે ધર્મના સ્થાનોને વ્યર્થ ખર્ચ થાય છે એમ કહી અગર હદ બહાર ખર્ચ થાય છે એમ જણાવી અનાવશ્યક જણાવવા તૈયાર થાય છે તેઓને ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના ચૈત્યો તથા ધર્મપરાયણ શ્રાવકશ્રાવિકા વર્ગના ધર્મશ્રવણની સગવડવાળા ઉપાશ્રય આદિ સ્થાનો વિગેરે કે જેઓ ભવાંતરની સદ્ગતિ અને નિર્વાણ-પ્રાપ્તિના કારણો મેળવવાનાં અપૂર્વ સ્થાનો છે તે મોજીલા મનુષ્યપણાથી નજરમાં ખટક્યા કરે છે, પણ તેઓને મ્યુનિસિપાલિટીમાં લાખો અને કરોડોના ખર્ચે કરાતી મકાનો વિગેરેની સગવડ જે ઘણે ભાગે ગરીબ ખેડૂતો કે મજુરો વિગેરેનાં પરસેવાથી પેદા કરેલા પૈસામાંથી ફરજીયાત રીતે લેવામાં આવેલા છે, તેમાંથી જ ઘણે ભાગે શ્રીમંતો કે તેના કાઉન્સિલરોની અનુકૂળતા માટે જ કરવામાં આવે છે. આપણે જોઈએ છીએ કે એક શ્રીમંત કે એક અધિકારીનો બંગલો ઘણો દૂર હોય અને વચમાં કોઈપણ અન્ય પ્રજાજનના આવાસ કે આવકજાવકનું સ્થાન ન હોય તો પણ મ્યુનિસિપાલિટીના ખર્ચે સડક વિગેરે સુંદર સાધનો કરવામાં આવે છે. વળી તે જ મ્યુનિસિપાલિટીની હદમાં રહેતા ખેડૂતો કે મજુરો અગર સામાન્ય વર્ગ કે જેની પાસેથી સુધરાઈ વિગેરેને નામે પણ સારા પ્રમાણમાં કરો લેવામાં આવે છે, તેવાઓના રહેઠાણ તરફ નજર કરીએ તો તે સ્થાનના રસ્તા અને અસ્વચ્છતાની સાથે અંધકારનો જમાવ દેખતાં અત્યંત ભયંકરતા લાગે, તો આવી રીતે સામાન્ય પ્રજાના ફરજીયાત રીતે લેવામાં આવેલા પૈસાનો શ્રીમંતો અને અધિકારીઓ માટે મોટી સંખ્યામાં થતો ઉપયોગ તેમને ખટકતો કે ખૂંચતો નથી. વળી, માત્ર આ ભવના સાધનને અંગે પેટનો ખાડો પૂરવા અપાતી અને સરવાળે વ્યર્થ અને ભારભૂત તરીકે પૂરવાર થએલી વ્યવહારિક કેળવણીની પાછળ મોટા ભાગે કંગાળ એવા ખેડૂત વર્ગ પાસેથી ફરજીયાત કરરૂપે ઉઘરાવેલા નાણાંનો સુંદર મકાનોના નામે કેવો ઉપયોગ થાય છે તથા વ્યવહારિક કેળવણીમાં શિક્ષિત થઈને આગળ વધેલાને કેવી રીતે હજારોના પગારો આપી રોકવામાં આવે છે, અને તેવી રીતે રોકેલા પણ મોટા પગાર ખાનારા શિક્ષકો કેટલા વખતે કેટલું શિક્ષણ આપે છે તે તો કાંઈ છાનું નથી, પણ તેમાં તો આ મોજીલા નવી રોશનીના શિક્ષણવાળાઓને કોઈ જાતે અરૂચિ કે અભાવ થતો નથી, એટલું જ નહિ પણ માત્ર પેટનો ખાડો પૂરવા માટે કે ગાડી, વાડી, લાડીની મોજમજા માટે લેવાતી વ્યવહારિક કેળવણીના વિદ્યાર્થીઓને અંગે સ્કૂલો, પાઠશાળાઓ અને બોર્ડિંગોને અંગે દરેક વર્ષે દરેક કોમ તરફથી લખલૂટ ખર્ચ કરવામાં આવે છે. તે તરફ આ મોજીલા મનુષ્યોને કોઈ પણ જાતે આંખ ઉંચી કરવાનું થતું નથી.

## જૈનોની સંસ્થાઓનું ખરચ અને તેનો સુધારો

જૈન સરખી એક નાની કોમ પણ આંગળીને વેઢે ન ગણી શકાય એટલી બધી બોર્ડિંગો ચલાવી, દરેક વર્ષે લાખો રૂપિયા ખર્ચે છે, જો કે આજ ત્રીશ ત્રીશ, ચાલીસ ચાલીસ વર્ષ થયાં, ધર્મની રક્ષા કે

ઉદ્ધારને નામે ધર્મપરાયણ પુરુષો પાસેથી પૈસાનો ધોધ આ મોજીલા પુરુષોએ વહેવડાવ્યો અને જ્યારે ધર્મપરાયણ પુરુષો તેનાથી મોજીલાઓની માનેલી સંસ્થાઓમાં ધર્મનો ઉદ્ધાર કે રક્ષાનો એક અંશ પણ ન દેખતાં દેવ, ગુરુ, ધર્મના આરાધનથી તે સંસ્થાના કાર્યવાહકો અને વિદ્યાર્થીઓને દૂર દૂર રહેતા દેખીને તેમજ તીર્થ, મંદિર, ઉપાશ્રય, કે ઉપધાન, ઉજમણા, પ્રતિષ્ઠા વિગેરે ધર્મસ્થાન અને ધર્મક્રિયાઓના સ્પષ્ટરૂપે વિરોધી થઈ બીજા ધર્મ કરનારાઓને પણ ગુંડાશાહી ચલાવીને પરાણે પણ ધર્મ કરતાં રોકનારા થાય છે એમ દેખીને તે મોજીલાઓની માનીતી સંસ્થામાં વિષવૃક્ષને ઉછેરવાની માફક અનર્થ ફળ ધારીને જ્યારે પૈસાનો પ્રવાહ બંધ કર્યો ત્યારે આ મોજીલા માનવીઓ ધર્મપરાયણ પુરુષોએ આપેલા પૈસાના પ્રવાહના ઉપકારનો જાણે બદલો જ આવા રૂપે વાળતા હોય નહિ તેવી રીતે ધર્મપરાયણો તથા તેમને જીગરથી ચાહેલા એવા તીર્થ, દેવ, ગુરુ, ધર્મ અને તેમની ઉજમણા વિગેરે ધર્મક્રિયાઓને તોડી પાડવા તૈયાર થયા છે, અર્થાત્ તે મોજીલા માનવીઓને ધર્મપરાયણ લોકો પોતાની શુભ લાગણીથી શુભ માર્ગમાં જે વ્યય કરે છે તે ખટકે છે, અને ધર્મપરાયણ લોકોની નિંદાદ્વારાએ પેપરોમાં હલકા ચીતરીને મશ્કરીઓ કરીને, યાવત્ પિકેટિંગ કરીને પણ ધર્મપરાયણોને પોતાની મિલકતનો પોતાની ઈચ્છા પ્રમાણે પરમાર્થ દાવા તરીકે કરાતો ઉપયોગ કરવા દેવો નથી અને પોતાની સંસ્થાઓને તીર્થ, દેવ, ગુરુ અને ધર્મક્રિયાઓની લાગણીવાળી અને પ્રવૃત્તિવાળી બનાવી ધર્મપરાયણોની લાગણી ખેંચી તેમાં તેઓને પોતાની લક્ષ્મીનો પરમાર્થ દાવે વ્યય કરવાનું મન થાય તેવું તો તે મોજીલા માનવીઓ કરી શકતા નથી, પણ તત્વદૃષ્ટિથી જેને જુલમ કહીએ તેવી રીતિ અખત્યાર કરી ધર્મપરાયણોને પજવવા પૂરપાટ રીતે તૈયાર થાય છે. મોજીલા માનવીઓની સંસ્થામાંથી આટલા લાંબા કાળ સુધી પાણીના પ્રવાહની માફક ખર્ચેલા પૈસામાંથી એક પણ નબીરો એવો પાક્યો નથી કે જે તીર્થ, ચૈત્ય, દેવ, ગુરુ કે ધર્મના બચાવને માટે બહાર આવ્યો હોય છતાં હજી પણ ધર્મપરાયણોના જ માત્ર પૈસા તે તરફ ખરચાવવા છે તે કેમ બની શકે?

## ધર્મરક્ષા આદિને નામે ફંડ અને તેનો દુરૂપયોગ

વળી, તે મોજીલા માનવીઓએ ધર્મના ઉદય, રક્ષા અને વૃદ્ધિને માટે ઉભી કરેલી સંસ્થાઓમાં જીગરથી ધર્મને ચાહનારા કે કરનારા ટ્રસ્ટીઓ, વ્યવસ્થાપકો, અને અધ્યાપકો રાખ્યા નથી, અને જ્યાં સુધી તેવા ધર્મને ચાહવાવાળા અને ધર્મના સારા સારા અનુષ્ઠાનો અને ધર્મનાં વર્તનોને કોઈપણ ભોગે અમલમાં મેલવાને સર્વદા તત્પર રહેનારા ટ્રસ્ટી વિગેરે ન હોય અને તેથી તે તે ધર્મ ઉદયાદિકને નામે સ્થાપેલી સંસ્થાઓમાં ધર્મનું જીવન દાખલ ન થાય અને તેનો લાભ લેતા વિદ્યાર્થીઓ ધર્મમય જીવનની પવિત્રતા અને અવશ્ય કર્તવ્યતા ન જાણે, ન સમજે, ન માને કે ન આચરે તેમાં તે વિદ્યાર્થીઓ કરતાં તે તે સંસ્થાના ટ્રસ્ટીઓનો જ માફ ન કરી શકાય તેવો દોષ છે, કેમકે પાણીની માફક પૈસા વેરનારા ધર્મપરાયણોની આગળ તે જ ટ્રસ્ટી વિગેરેએ આ સંસ્થા ધર્મના ઉદય, રક્ષા અને વૃદ્ધિને માટે જ સ્થાપવામાં આવે છે એમ જાહેર ભાષણ, ઠરાવો કે ઉદ્દેશોને નામે પૈસા લીધેલા છે, અને તેથી જે જે સંસ્થાઓ એવા ધર્મ ઉદય, રક્ષા અને વૃદ્ધિના જાહેર ઉદ્દેશથી સ્થાપવામાં કે ચલાવવામાં આવે છે તે બધી સંસ્થાઓમાં જો ધર્મનો ઉદય, રક્ષા કે વૃદ્ધિનું, કાર્ય કરનારા વિદ્યાર્થીઓ રહે નહિ કે સંસ્થામાંથી નીકળ્યા પછી પણ તેવી સ્થિતિમાં વર્તવાવાળા ન રહે તો એમ ખુલ્લું કહેવું જોઈએ કે ટ્રસ્ટી વિગેરે

પૈસા વિગેરે ભરનારાનો વિશ્વાસઘાત કરનારા છે. ચાલુ સંસ્થાના ટ્રસ્ટી વિગેરેઓએ અવશ્ય ધ્યાન રાખવું જોઈએ કે તમારી સંસ્થાના જેઓ આદ્યપ્રેરક, સંચાલક કે પોષક છે તેઓએ આરંભ, પરિગ્રહ, વિષય અને કષાયનો ત્રિવિધ ત્રિવિધ ત્યાગ કરેલો હોઈ તેઓ પોતાના મહાવ્રતોની મલિનતા માટે તમારા આદ્યપ્રેરક વિગેરે બન્યા નથી, પરંતુ ત્રિલોકનાથ તીર્થંકર મહારાજ અને તેમના પ્રવર્તાવેલા શાસનની અભ્યુદય સ્થિતિ, રક્ષા અને વૃદ્ધિને અંગે જ તેઓ અદ્વિતીય લાભ ગણીને તમારી સંસ્થાના પ્રેરક વિગેરે બન્યા છે. એટલે ટ્રસ્ટી વિગેરે પ્રાણ કરતાં પ્યારા એવા પૈસા પાથરનાર ધર્મપરાયણોના ધર્મ ઉદયાદિકના કાર્યમાં કટિબદ્ધ ન રહેવાથી જેવા વિશ્વાસને ઘાત કરનારા બને છે, તેવી રીતે તે પ્રેરણા કરનાર મહાવ્રતધારી પુરુષનો પણ વિશ્વાસઘાત કરનાર બનવા સાથે તેમની અવજ્ઞા કરનાર બને છે. ધર્મઉદયાદિક તરફ ધ્યાન નહિ રાખનારા ટ્રસ્ટીઓએ સમજવું જોઈએ કે તમારી બેદરકારીને લીધે અગર સંચાલકોની સ્થિતિના વિપર્યાસને લીધે અથવા સંસ્થામાં રહેતા અને નીકળેલા વિદ્યાર્થીઓના જીવનમાં ધર્મસંબંધી જયવારો ન દેખવાને લીધે પૈસા ભરનાર ધર્મપરાયણો તરફથી તથા ધર્મની ધગશને ધારનારા ધર્મિષ્ઠો તરફથી કેવાં કેવાં વાક્યો અને ઓલંભા સાંભળવા અને સહન કરવા પડે છે એ સર્વ હકીકતનો વિચાર કરી ધર્મમાં ઓતપ્રોત થયેલાઓએ જ તે ધર્મના ઉદયાદિકને નામે કઢાતી સંસ્થાઓના ટ્રસ્ટી વિગેરે બનવું જોઈએ. ધર્મના નામે ચાલતી સંસ્થાના ટ્રસ્ટી વિગેરેએ એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે ભગવાન જિનેશ્વર મહારાજે નિરૂપણ કરેલા ધર્મનો ઉદય, રક્ષા અને વૃદ્ધિ એ ત્રણે ધાર્મિક ક્રિયાની પ્રવૃત્તિને જ આધીન છે. જો કે શાસ્ત્રકારો અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જીવોને કોઈપણ પ્રકારની વિરતિ નહિ છતાં પણ ધર્મી તરીકે ગણવાનું જણાવે છે, પણ સંસ્થાના ટ્રસ્ટી વિગેરેએ ધ્યાન રાખવું કે તે અવિરતિ સમ્યગ્દૃષ્ટિપણામાં રહેલો જીવ સર્વ પ્રકારની ધાર્મિક ક્રિયાના અનુમોદનાવાળો અને તેની પ્રાપ્તિની ઈચ્છાવાળો જ હોવો જોઈએ, અને એવો હોય તોજ તે અવિરતિ સમ્યગ્દૃષ્ટિને ધર્મી તરીકે ગણવામાં આવેલો છે. અર્થાત્ જેને પાપના અંશની કે સર્વપાપની વિરતિ કોઈ દિવસ પણ અરૂચિકર હોય નહિ, પણ તેને પરમ સાધ્ય અને કર્તવ્ય તરીકે જ માને તેજ જીવ અવિરતિ સમ્યગ્દૃષ્ટિપણામાં છે એમ કહી શકાય. વળી તે અવિરત સમ્યગ્દૃષ્ટિને પણ શક્તિ હોય તો જિનેશ્વર મહારાજના ધર્મમાં પ્રવર્તેલા એવા ગુરુમહારાજ તથા ત્રિલોકનાથ ભગવાન જિનેશ્વરોની ભક્તિ અને સેવાપૂજાનો નિયમ હોવો જ જોઈએ એમ ભગવાન હરિભદ્રસૂરિજી શ્રી પંચાશકસૂત્રમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે. તો પછી જે સંસ્થાના હાજર કે છૂટા થયેલા સંચાલકો કે વિદ્યાર્થીઓ જ્યાં સુધી ઓછામાં ઓછી તન, મન, ધનથી દેવ, ગુરુની વૈયાવચ્ચક્રિયામાં પ્રવૃત્તિ કરનારા ન દેખવામાં આવે ત્યાં સુધી તેવી સંસ્થાઓને કોઈપણ ધર્મપ્રેમી જીવ ધર્મને માટે આદર્શ સંસ્થા તરીકે ન ગણે તેમાં કાંઈ નવાઈ જેવું નથી. વર્તમાન સંસ્થાના ટ્રસ્ટી વિગેરેએ ધ્યાન રાખવું કે તેઓ તરફથી જે જે સંસ્થા ચલાવવામાં આવે છે તેમાં જો ઉપર જણાવ્યા પ્રમાણે ધર્મનો ઉદય, રક્ષા અને વૃદ્ધિ વિગેરેનું યથાસ્થિત ફળ જોવામાં આવતું હોત તો તમારી સંસ્થા તરફ કે તમારી તરફ કોઈપણ શાસનના સુકાનીને કે ધર્મપ્રેમીને એક શબ્દ પણ પ્રતિકૂળ કહેવાની જરૂર પડત નહિ, એટલું જ નહિ પણ તેવા ધર્મઉદયાદિક ફળ તમારી સંસ્થામાં આવે છે એમ જાણીને દરેક ધર્મપરાયણ મનુષ્ય અન્ય ધાર્મિક કાર્યોની તરફ જેમ પ્રેમ ધરાવી પોતાની મેળે જેમ ઘણો પૈસો વાપરે છે, તેવી રીતે તમારી તે તે સંસ્થાઓ નમૂનેદાર ગણાવાથી તે તરફ પણ હાથ લંબાવવાને

કદી પણ ચૂકત નહિ, અને જો તેવી દશા થઈ હોત તો તમારે પિકેટિંગ અને પ્રોપેગેન્ડા કરીને સાધર્મિક વાત્સલ્ય, ઉપધાન કે ઉજમણા જેવી પવિત્ર ક્રિયાઓને અટકાવવાના અધમ કાર્યમાં જવું પડયું હોત જ નહિ. દરેક વાચકે અને ચાલુ સંસ્થાના ટ્રસ્ટી વિગેરેએ એ વાત જરૂર ધ્યાનમાં રાખવાની છે કે જૈનશાસનમાં સમ્યક્ત્વાદિની નિર્મળતા વિગેરે કરનારી કોઈપણ ક્રિયા, પછી તે નાની હોય કે મોટી હોય, પણ તે રોકવા લાયક હોય જ નહિ. અર્થાત્ કોઈપણ ક્રિયાના ભોગે કોઈપણ ક્રિયા કરવાનું વિધાન ધર્મી પુરુષોને શાસ્ત્રને અનુસરતા હોવાથી ઈષ્ટ હોય જ નહિ. તો પછી ઉજમણા અને ઉપધાન જેવી સમ્યગ્દર્શનાદિકની સંપૂર્ણ રીતે આરાધના કરાવનારી ક્રિયાના ભોગે જો આનુષંગિક ધર્મઉદયાદિકવાળી સંસ્થાને પોષવાનો વિચાર કે પ્રવૃત્તિ કરવામાં આવે તો તેને ધર્મપ્રેમી કે શાસ્ત્રાનુસારિણી બુદ્ધિવાળો મનુષ્ય કોઈપણ પ્રકારે મંજૂર કરી શકે જ નહિ.

## પૂજા પરમેશ્વરની કે પૈસાની ?

વળી, ઉપધાન, ઉજમણા, પ્રતિષ્ઠા, તીર્થ કે ચૈત્ય વિગેરેમાં દ્રવ્યવ્યયની અધિકતાનો જે સવાલ ખડો કરવામાં આવે છે તે જ સવાલ ખડો કરનારાઓની અંતઃકરણમાં ધાર્મિક વૃત્તિની શૂન્યતા જાહેર કરે છે, કેમકે ધર્મપ્રેમી અને ધર્મપરાયણ લોકોને તો ધર્મના પૂજારી જ બનવાનું હોય છે, પૈસાના પૂજારીઓ તો તેઓ જ બને કે જેઓ ધર્મ કરતાં પૈસાની કિંમત અધિક ગણતા હોય. ધ્યાન રાખવું કે સત્યવાદી રાજા હરિશ્ચંદ્રે માત્ર એક વચનની સત્યતાની ખાતર રાજ્ય, દેશ, અંતઃપુર, કુટુંબકબીલો અને ઋધ્ધિસમૃદ્ધિ એ સર્વનો ભોગ આપી પોતાની જાતિનો પણ ભોગ આપવામાં પાછી પાની કરી નથી. એ અપેક્ષાઓ એક પણ ધર્મના કાર્યનો ઉદય, રક્ષા કે વૃદ્ધિ કરવા અખૂટ ખજાનો આખો ખર્ચી દેવામાં આવે તોપણ ધર્મપરાયણોને તે કર્તવ્ય તરીકે લાગે અને અનુમોદનીય થાય. ખર્ચની તરફ દૃષ્ટિ રાખનારા મનુષ્યો ધર્મની તરફ દૃષ્ટિ યથાસ્થિત પણે રાખી શકે જ નહિ એ વાત સમજવી મધ્યસ્થ મનુષ્યોને મુશ્કેલ નથી. કદાચ કેટલાકો તરફથી એમ કહેવામાં આવે કે ધાર્મિક અનુષ્ઠાનો કરવામાં કોઈની પણ અરૂચિ કે અભાવ છે નહિ અને હોય પણ નહિ, પણ માત્ર તે તે ધર્મક્રિયાઓને અંગે જે આડંબર પાછળ ખર્ચ કરવામાં આવે છે તે તરફ જ મોજીલાઓની અરૂચિ કે અભાવ છે. આવું કહેવાવાળાઓએ વિચારવું જોઈએ કે માત્ર પોતાના કુટુંબ અને પેટની ખાતર લેવાતા વ્યવહારિક શિક્ષણમાં સન્માનના અને ઈનામના તથા ડીગ્રીઓ આપવાનાં કે મેળવવાનાં કાર્યો પાછળ જે અઢળક ખર્ચ કરવામાં આવે છે તે મોજીલા માનવીઓને કેમ ખટકતું નથી ? વળી કોઈપણ સારા અધિકારીની વિદાયગીરી વખતે આપવામાં આવતાં હજારો અને લાખોના ખર્ચવાળાં ખાણા અને મેળાવડાઓને તેઓ એક અંશેપણ બંધ કરવા કેમ તૈયાર થતા નથી ? રાજા, વાઈસરોય કે ગવર્નર વિગેરેની એકજ દિવસની મુલાકાતમાં લાખો રૂપિયાઓ ખર્ચવાવાળા પુદ્ગલાનંદીઓ જેમ રૂપિયાની કિંમત કરતાં મુલાકાતની કિંમત અધિક અને જરૂરી ગણે છે, તેવી રીતે અનંત પુદ્ગલ પરાવર્તો સુધી રખડતાં નથી મળેલી પણ માત્ર કોઈક ભવિતવ્યતાના યોગે આ મનુષ્યભવમાં જ આ ધર્મારાધનની ક્રિયા મળેલી છે, એવી ધર્મારાધનની દુર્લભતાને દિલમાં દઈ ધર્મારાધન તરફ જ ધગશ ધરાવનારો ધર્મપ્રેમી પુરુષ પૈસાનો પરમ વ્યય કરીને પણ પૈસાને ભવના અંતે મેલવાની ચીજ છે એમ માનતો અને ધર્મનો એક અંશ પણ ભવોભવના દુઃખોને ટાળનાર હોવા સાથે ભવોભવ સાથે આવી ઉદય કરનાર છે એમ ગણી ધર્મની ક્રિયાનો આડંબર કરે તેમાં અન્ય ધર્મપ્રેમીઓને તો

અનુમોદના અને સહાય કરવા સિવાયનું બીજું કર્તવ્ય હોય જ નહિ. આ પ્રમાણે ઉદ્યાપનની કર્તવ્યતાનું યોગ્યપણું જણાવ્યા પછી ઉદ્યાપનની રીતિ તરફ કાંઇક વિચાર કરીએ તે યોગ્ય જ ગણાશે.

## સમ્યગ્દર્શનાદિકોનું ગુણધર્મપણું

ધર્મપ્રેમીઓએ ધ્યાનમાં રાખવાનું છે કે ઉપાદાન અગર આરાધ્ય એવા ગુણરૂપ ધર્મના જેમ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ ભેદો છે, અને તે ત્રણ ભેદોથી જ સિદ્ધિદશામાં થતું ક્ષાયિક એવું જ્ઞાન, દર્શન, વિગેરે પરિણમે છે. અર્થાત્ તે સમ્યગ્દર્શનાદિક ધર્મો કેવળ મોક્ષગતિના જ વાસ્તવિક કારણરૂપે બની શકે છે. એટલે વાસ્તવિક રીત સમ્યગ્દર્શનાદિ ગુણોનો સ્વભાવ કોઇપણ પ્રકારે કર્મના એક પણ અણુને લાવવાનો છે નહિ, કેમકે જો તે સમ્યગ્દર્શનાદિનો સ્વભાવ આત્માની સાથે કર્મના પરમાણુંને બગાડવાનો હોય તો સિદ્ધ મહારાજાને તે સમ્યગ્દર્શનાદિ સંપૂર્ણ હોવાને લીધે કર્મપરમાણુઓનું લાગવું થાય, એટલું જ નહિ પણ સિદ્ધ મહારાજાઓને તે ક્ષાયિક આદિ ગુણ સંપૂર્ણ હોવાથી પાપ નહિ પણ પુણ્યકર્મના પરમાણુઓનો જથો તો સિદ્ધ મહારાજાને સંપૂર્ણપણે લાગ્યા સિવાય રહે નહિ, અને જો તેમ થાય તો સિદ્ધ મહારાજા સર્વથા જેમ પાપથી રહિત છે, તેમ પુણ્યથી પણ સર્વથા રહિત છે એ વાતને માન્ય કરી શકીએ નહિ, એટલું જ નહિ પણ તે સંપૂર્ણ સમ્યક્ત્વાદિ દ્વારા આવેલા પુણ્યના જથાને ભોગવવા માટે શરીર ધારણ કરવું પડે અને તે શરીર ધારણ કરવા માટે સંસારમાં અવતાર ગ્રહણ કરવો પડે. આ બધી આપત્તિ ત્યારે જ આવે કે જ્યારે સમ્યગ્દર્શનાદિ ગુણો પુણ્યકર્મને બંધાવનાર છે એમ માનવમાં આવે, પણ તત્વદૃષ્ટિએ વિચારનાર મનુષ્યને સ્પષ્ટ માલમ પડશે કે તે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર એ ત્રણેમાંથી એક કે એકઠા થયેલા ત્રણે કોઇપણ જાતના પાપ કે પુણ્યને બંધાવનારા નથી, અને તેથી જ શાસ્ત્રકારો બંધન કારણો જણાવતાં મિથ્યાત્વ, કષાય, અવિરતિ પ્રમાદ અને યોગને જ કર્મબંધના કારણ તરીકે જણાવે છે. એટલે કર્મબંધના કારણોમાં સમ્યગ્દર્શનાદિને સ્થાન નથી એ સ્પષ્ટ જ છે વળી તત્વાર્થકાર ઉમાસ્વાતિ વાચકજી મહારાજ વિગેરે પૂર્વાચાર્યોએ અને સૂત્રકાર મહારાજાઓએ ઇંદ્રિય, કષાય, અવ્રત, યોગ અને ક્રિયા એ વસ્તુનેજ કર્મ આવવાના દ્વારરૂપ આશ્રવ તરીકે ગણાવેલી છે, પણ તેમાં એકપણ સ્થાને કે એકપણ ભેદ તરીકે સમ્યગ્દર્શનાદિને આશ્રવનાં કારણ તરીકે જણાવ્યાં નથી. વળી, જ્ઞાનવરણીયાદિ કર્મોના જુદા જુદા આશ્રવો જણાવતાં પણ આઠે કર્મોમાંથી કોઇપણ કર્મના આશ્રવ તરીકે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને શાસ્ત્રકારોએ કહેલા કે ગણાવેલા નથી.

## સમ્યગ્દર્શનાદિકની બંધમાં અહેતુતા

આ સ્થળે જરૂર શંકા થશે કે પૂર્વે આજ લેખમાં જણાવવામાં આવ્યું છે કે સમ્યગ્દર્શનના પ્રતાપે વૈમાનિક સિવાય બીજા દેવોનું કે નરકાદિક ગતિઓનું આયુષ્ય બાંધે જ નહિ, અર્થાત્ સમ્યક્ત્વવાળો સમ્યક્ત્વમાં રહ્યો થકો વૈમાનિક દેવોનું જ આયુષ્ય બાંધે, તેવી રીતે ચતુર્દશ પૂર્વ રૂપી શ્રુતજ્ઞાનને ધારણ કરનારો જીવ છઠ્ઠા લાંતક નામના દેવલોકના આયુષ્યથી ઓછું આયુષ્ય બાંધે જ નહિ. વળી એક દિવસની પણ શુદ્ધ પ્રવ્રજ્યા પાળવાવાળો મનુષ્ય મોક્ષને મેળવી શકે, છતાં પણ કદાચ તે મોક્ષને ન મેળવે તો પણ તે શુદ્ધ ચારિત્રવાન્ જીવ ઓછામાં ઓછો વૈમાનિક દેવતાપણામાં વેદવાલાયક કર્મોને બાંધી જરૂર વૈમાનિક દેવ થાય છે. આવી રીતે જણાવેલું

હોવાથી સમ્યગ્દર્શનાદિને બંધ અને આશ્રવોનાં કારણ તરીકે કેમ ન ગણાવાં ? આવી રીતે થતી શંકાના સમાધાનમાં સમજવાનું કે જો સમ્યગ્દર્શન યુક્તપણું ચતુર્દશપૂર્વરૂપ શ્રુતજ્ઞાન સહિતપણું કે વિશુદ્ધ પ્રવ્રજ્યારૂપ ચારિત્ર અંગિકાર કરવું એ જો કર્મબંધના કે આશ્રવોનાં કારણો હોય તો તે સમ્યગ્દર્શનાદિ ત્રણે ગુણોના જેટલો કાળ આત્મામાં સ્થિતિ રહે તેટલા બધા કાળમાં આયુષ્યબંધાદિક થવાં જોઈએ પણ તેમ તો થતું જ નથી, એટલે સમ્યગ્દર્શનાદિમાંથી એક કે તે ત્રણે વૈમાનિકઆદિ આયુષ્યબંધના કારણો નથી કેમકે જો તેને કારણ માનીએ તો સમ્યગ્દર્શનાદિના સમગ્ર કાળમાં વૈમાનિકપણાના આયુષ્યના બંધ માનવા પડે. વળી પ્રકૃતિ કે પ્રદેશ એ બે પ્રકારના બંધમાંથી કોઈપણ પ્રકારનો બંધ થાય તો તે યોગના પ્રભાવે જ થાય છે એમ શાસ્ત્રકારો સ્થાન સ્થાન ઉપર સ્પષ્ટ શબ્દોમાં કહે છે, અને સમ્યગ્દર્શનાદિ તો યોગરૂપ નથી, પણ આત્માના ગુણો જ છે, અને તેથી તે સમ્યગ્દર્શનાદિથી પ્રકૃતિ કે પ્રદેશ એ બંનેમાંથી એકે પ્રકારનો બંધ થઈ શકે જ નહિ, જ્યારે આવી રીતે સમ્યગ્દર્શનાદિ બંધના કારણો જ નથી તો પછી તે સમ્યગ્દર્શનાદિથી વૈમાનિકપણા આદિનું આયુષ્ય કેમ બંધાય છે એ બાબતમાં તત્ત્વવિચાર કરતાં એ આયુષ્યપ્રકૃતિને બંધાવનાર તો યોગ જ છે, પણ તે આયુષ્યાદિ પ્રકૃતિને બાંધનારો જીવ જે વખતે તે વૈમાનિક આદિના આયુષ્ય બાંધે છે તે વખતે સમ્યગ્દર્શનાદિના પ્રભાવે આત્માના અધ્યવસાયને યોગની શુદ્ધિ રહે, અને તેથી યોગ દ્વારાએ અશુભ આયુષ્ય નહિ બાંધતાં શુભ આયુષ્ય જ બાંધે તેમાં કથંચિત્ સમ્યગ્દર્શનાદિને હેતુ તરીકે ગણીએ તોપણ વાસ્તવિક રીતે તો સમ્યગ્દર્શનાદિ ગુણો બંધનું કારણ છે જ નહિ અને તેથી તત્ત્વાર્થસૂત્રકાર ઉમાસ્વાતિ વાચકજીએ દેવગતિના આયુષ્યના આશ્રવો જણાવતાં સંયમને સરાગ એવા વિશેષણથી સંકલિત કર્યું છે અને સ્પષ્ટ સૂચવ્યું છે કે સંયમ એ કેવળ દેવગતિનો આશ્રવ નથી પણ ચારિત્રયુક્ત આત્માની સરાગતા એ જ દેવના આયુષ્યના આશ્રવનું કારણ છે અને તેથી જ વીતરાગ ચારિત્રવાળા મહાત્માઓને ચારિત્ર ઘણું જ ઉંચું છતાં પણ દેવગતિ કે બીજી કોઈપણ ગતિનો આશ્રવ હોતો નથી. અર્થાત્ ચારિત્ર જ જો કર્મ આવવાનું દ્વાર હોત તો વીતરાગ સંજમવાળાને પણ જરૂર આયુષ્યનો બંધ થાત, પણ વીતરાગ ચારિત્ર કે સમ્યગ્દર્શનવાળાને કોઈપણ પ્રકારના આયુષ્યનો બંધ હોતો નથી એ જ શાસ્ત્રીય હકીકત સ્પષ્ટ કરે છે કે સમ્યગ્દર્શનાદિ ગુણોમાં તાત્ત્વિક દૃષ્ટિએ બંધ કે આશ્રવરૂપ છે જ નહિ.

## દાનાદિરૂપ પ્રવૃત્તિમય ધર્મની સાધના

જ્યારે સમ્યગ્દર્શનાદિ ગુણરૂપ ધર્મ પુણ્યપ્રકૃતિ બંધાવવામાં પણ તત્ત્વદૃષ્ટિએ કારણરૂપ બનતો નથી,ત્યારે પ્રવૃતિરૂપ જે દાનાદિ ભેદવાળો ચાર પ્રકારનો જે ધર્મ છે તે જ સદ્ગતિ અને પુણ્યના બંધ કે આશ્રવના ભેદ તરીકે બની શકે છે. એ દાનાદિ ચાર પ્રકારના પ્રવૃત્તિરૂપ ધર્મમાં તપસ્યા કરનારા મનુષ્યો તપસ્યા કરવાને દહાડે શીલ, તપ અને ભાવ એ ત્રણ પ્રવૃત્તિમય ધર્મની સારી રીતે ઉપાસના કરી શકે છે, કેમકે તે તપસ્યાના દિવસોમાં ક્રોધાદિક કષાયનો જય, નિરારંભપ્રવૃત્તિ તથા બ્રહ્મચર્ય વિગેરેથી શીલ ધર્મની પ્રવૃત્તિ સ્વભાવિક રીતે થાય છે તે તપસ્યાના દિવસોમાં અનશનાદિકનો સર્વથા રોધ કે સંકોચ રસઆદિકનો ત્યાગ વિગેરે થતાં હોવાથી તપ નામના પ્રવૃત્તિ ધર્મની આરાધના તો ખુલ્લી જ છે, અને તે શીલ અને તપ નામના પ્રવૃત્તિમય ધર્મોને તપસ્યાના દિવસોમાં આરાધવા સાથે આ અસાર સંસારમાં આ શીલ, તપ વિગેરેનું આરાધન થાય એ જ તત્ત્વ છે એવી ભાવના સહિતપણારૂપ પ્રવૃત્તિમય ભાવધર્મની પ્રવૃત્તિ પણ

તપસ્યાના દિવસોમાં જરૂર હોય છે અને તેથી શીલ, તપ અને ભાવરૂપી પ્રવૃત્તિમય ધર્મ તો તપસ્યાના દિવસોમાં જરૂર થાય છે, અને તે થયાનો અનુભવ પણ થાય છે, પણ દાનધર્મરૂપી જે પ્રવૃત્તિમય ધર્મ કે જેને શાસ્ત્રકારો ગૃહસ્થના ધર્મ તરીકે **चुक्कइ गिहिदाणधम्माओ** અર્થાત્ ગૃહસ્થનો મુખ્ય ધર્મ દાનધર્મ છે અને તેનાથી તે (સર્વવિરતિ નહિ છતાં સર્વથા સામાયિકને ઉચ્ચરનારો) ચૂકે છે, આવા વાક્યથી જે ગણાવે છે તેનો લાભ બહુધા તપસ્યાના દિવસોમાં લઈ શકતો નથી અને ઘણે ભાગે લઈ શકાય પણ નહિ, માટે તે દાનધર્મને યથાયોગ્ય રીતિએ આરાધવા માટે દરેક તપસ્યાના દિવસોએ ન બન્યું હોય તો પણ તપસ્યાની પૂર્તિ થયે ઉદ્યાપન કરવા દ્વારાએ તૈયાર થવું જ જોઈએ.

**લાભનો ભવાંતરે લાભ મેળવે તેવો ઉપયોગ**

દરેક આસ્તિક મનુષ્યે અને તેમાં પણ વિશેષતઃ ધર્મપ્રેમીઓએ એ વાત જરૂર સમજવી જોઈએ કે લાભાંતરાયના ક્ષયોપશમથી મળેલો લાભ મર્યાદિત જ છે, અર્થાત્ લાભાંતરાયનો ઉદય ન થાય ત્યાં સુધીજ તે લાભ ટકી શકવાનો છે, અને તે લાભથી જે વસ્તુઓ મળી હોય તે વસ્તુઓથી આગામી કાળ અને આગામી ભવમાં પણ મોક્ષમાર્ગના સાધનમાં અનુકૂળતા કરવાવાળો થવા સાથે લાભાંતરાયના ક્ષયોપશમને કરનારો બને તેમ કરવાને તૈયાર થવું જોઈએ. ઇંદ્રિયોની આસક્તિ પરિપૂર્ણ કરવા માટે શરીર કે જે કેવળ વિષ્ટાની કોઠી અને મૂત્રની ક્યારી હોઈ કેવળ અશુચિકરણયંત્ર જેવું છે, તેને વધારવા કે પુષ્ટ કરવા તેમજ કુટુંબ કે જે માત્ર પોતપોતાના સ્વાર્થમાં જ લીન છે તેને પોષવા માટે તે લાભાંતરાયના ક્ષયોપશમથી મળેલા લાભનો ઉપયોગ કરવો એ ગાયને દોહીને હડકાઈ કૂતરીને પાવા જેવું થાય છે, છતાં સાંસારિક બંધનોને લીધે કે તેવા સંજોગોને લીધે કદાચ તેમ કરવું પણ પડે તો પણ તેવી રીતે તે લાભનો થતો ઉપયોગ આસ્તિકો અને ધર્મપ્રેમીઓને તો ખટકતો જ હોય છે કારણ કે ધર્મપ્રેમીઓ તેવી રીતે તે થતા ઉપયોગને સંસારવૃદ્ધિનું જ કારણ ગણે છે, એટલે લાભાંતરાયના ક્ષયોપશમથી મળેલા લાભથી સંસારની વૃદ્ધિ થાય એ ધર્મપ્રેમીને કોઈપણ પ્રકારે ઈષ્ટ હોય નહિ, પણ ધર્મપ્રેમીને તો લાભાંતરાયના ક્ષયોપશમથી મળેલો લાભ, લાભાંતરાયના કે બીજાં પણ કર્મોના ક્ષયોપશમ અને ક્ષયને કરનારો થાય તેજ ઈષ્ટ હોય, અને તેથીજ ધર્મપ્રેમી મનુષ્યો લાભાંતરાયના ક્ષયોપશમથી મળેલા લાભનો જેટલો ઉપયોગ આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્રાદિક ગુણોના વિકાસને માટે કે આવતી જીંદગીમાં પણ તેની પ્રાપ્તિ માટે થાય, તેટલો જ લાભ સફળ માને, અને તેવી રીતે સફળપણે કરેલો લાભનો ઉપયોગ જ સર્વ કાળમાં અને વિશેષતઃ પર્યંત આરાધનાના વખતે અનુમોદન લાયક ગણે.

**ધનનો ધર્મમાં પણ વ્યય ન કરે તે રાંક**

મનુષ્ય જો આસ્તિક અને ધર્મપ્રેમી થયો હોય, અને ધર્મને મોક્ષ પમાડનાર તથા દુર્ગતિને રોકવા સાથે સદ્ગતિની પ્રાપ્તિ કરાવનાર છે એમ સાચા અંતઃકરણથી માનનાર થયો હોય, તો તેને જીંદગીમાં અનેક વખત આવતું અને જતું એવું ધન ધર્મક્ષેત્રમાં વાપરવાને કદી પણ સંકુચિતપણું ધારણ કરનારો હોય નહિ, કેમકે જે ધર્મપ્રેમી મનુષ્ય આખી જીંદગીને અંગે એક જ વખત મળનારું અને ગયા પછી તે એક જીંદગીમાં બીજી વખત નહિ મળનારું એવું જે શરીર છે, તેને ભોગે પણ ધર્મને આરાધવા તત્પર બનેલો છે, તે ધર્મપ્રેમી મનુષ્ય આત્માથી છૂટાપણે રહેલું એવું અને જીંદગીમાં અનેક વખત આવવા જવાવાળું એવું ધન, મોક્ષના ફળને આપનાર એવા ક્ષેત્રમાં ન વાવી શકે એ બને જ નહિ ધર્મપ્રેમી મનુષ્યોને મળેલા ધનનો ઉપયોગ

વિશેષતઃ લાડી, વાડી કે ગાડીમાં થતો નથી, પણ ધર્મ તથા ધર્મીઓના ઉદ્ધાર અને પોષણમાં જ થાય છે. આપણે જાણીએ છીએ કે મહારાજા સંપ્રતિના કરાવેલા નવીન ચૈત્યો અને જીર્ણોદ્ધારો કાળબળે કે જુલ્મી રાજાઓના જુલમના કારણે ઘણા નાશ પામ્યા તો પણ તેમની તે ચૈત્યાદિક તરફની ઉદારતા હજુ પણ સ્થાન સ્થાન પર રહેલાં તેમનાં ચૈત્યો જણાવી આપે છે. વિમળ શાહ મંત્રી અને વસ્તુપાળ તથા તેજપાળના ધર્મકાર્યો જૈનજગતથી અજાણ્યાં નથી, તેમજ રાજર્ષિ મહારાજા કુમારપાળના ચૈત્યાદિક ધર્મકાર્યો જો કે પાટણની ગાદી ઉપર તેમની પછી આવેલા અજયપાળે નેસ્તનાબુદ કરવામાં બાકી રાખી ન હતી, છતાં તેમના પણ ધર્મકાર્ય મહારાજા સંપ્રત્તિ, મંત્રી વિમળ શાહ અને શાસનના શૂરા સરદારમંત્રી વસ્તુપાળ તેજપાળના ધાર્મિક શાસ્ત્રોમાં ઉલ્લેખિત થયેલા અનેક ઉદારતા ભર્યા ધાર્મિક કાર્યોની માફક ધર્મશાસ્ત્રોમાં જાહેર રીતે ઉલ્લેખિત રહેવા સાથે કંઈ સ્થાનોમાં તેમના કાર્યોમાંથી રહેલો અંશભાગ તેમની ધાર્મિક પરિણતિને લીધે થયેલી ઉદારતાની સાક્ષી જૈન, જૈનેતર સર્વ પ્રજામાં પૂરે છે. જેવી રીતે તે મહાપુરુષોએ ધાર્મિક કાર્યો તરફ અઢળક ધન ખરચી નામના મેળવવા સાથે અન્ય ધાર્મિક લોકોને અનુકરણીય દૃષ્ટાંત પૂરું પાડયું છે, તેવી રીતે તેઓનું એક પણ કાર્ય દુનિયાદારીના અંગે થયેલું હોય એની વર્તમાન જમાનો પણ સાક્ષી પૂરતો નથી. વળી ધર્મપ્રેમીઓએ એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે તેમનું મુખ્ય સાધ્ય અવ્યાબાધપદ એટલે મોક્ષ જ છે. દેવેન્દ્ર અને નરેન્દ્રપણાની સ્થિતિ પણ તેઓને દુઃખરૂપ અને ભવભ્રમણ કરનારી લાગતી હોય છે, તો તે મોક્ષપદની પ્રાપ્તિ કોઈપણ કાળે ચારિત્રના આચરણ સિવાય કે સર્વ બાહ્ય સંજોગોના પચ્ચખ્ખાણ સિવાય મળવાની જ નથી, અને તે ચારિત્રનું આચરણ દુનિયામાં કિંમતથી ન મળે તેવા અને આત્માની સાથે ઓતપ્રોત થયેલા અને આ ભવના છેડા સુધી સ્થિર રહેવાવાળા એવા શરીરના નિર્મમત્વભાવ અને અપર્ણભાવ સિવાય બની શકે તેવુંજ નથી, તો પછી જે ધર્મપ્રેમી મનુષ્ય દુનિયામાંથી મેળવી શકાય એવા આત્માથી સર્વદા જુદા રહેવાવાળા એવા અને કઈ વખત ન હોય તો આવે અને હોય તો પણ ચાલ્યું જાય એવા ધનનો પરમ સાધ્ય એવા મોક્ષપદના હેતુ તરીકે નિશ્ચિત થયેલા એવા ક્ષેત્રોમાં વ્યય નહિ કરે તો તે ઉપર જણાવેલા સ્વરૂપવાળા શરીરના સમર્પણથી થતું ચારિત્ર અને તેનાથી થતી સાધ્ય સિદ્ધિરૂપ જે મોક્ષપ્રાપ્તિ તે કેવી રીતે કરી શકશે ? કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજી તો જેઓ સાત ક્ષેત્રમાં પૂર્વે જણાવેલા સ્વરૂપવાળા ધનને ન વાપરે અને મોક્ષના સાધન તરીકે ગણાયેલા અને માનેલા ચારિત્રની સ્પૃહા રાખે તેઓને એ સ્પૃહાની સફળતા ન થવાનું જણાવવા સાથે ચાહે જેવી રિદ્ધિસમૃદ્ધિનો માલિક હોય તો પણ તેને વરાક એટલે ગરીબડા રાંકડાની ગણતરીમાં જ ગણે છે જુઓ :- "य सत्बाह्यमनित्यं च क्षेत्रेषु न वपेत् धनम् कथं वराकश्चारित्रं दुश्चरं स समाचरेत्।"

### કંજુસને ચારિત્રની અયોગ્યતા

આ ઉપરથી ધર્મપ્રેમી સર્વ સજ્જનોને આ વાત સ્પષ્ટપણે સમજાય તેવી છે કે પરમ સાધ્ય તરીકે માનેલા મોક્ષના કારણભૂત ચારિત્રના આચરણની સ્પૃહાવાળાએ સર્વથા હિંસાદિની વિરતિરૂપ ચારિત્ર જ્યાં સુધી ન મેળવાય, ત્યાં સુધી પોતાને મળતા ધનનો સાત ક્ષેત્રોમાં વ્યય કરવો જ જોઈએ. એટલે કે ચારિત્ર પ્રાપ્તિની વખત સર્વથા સચિત્ત, અચિત્ત, સર્વ પરિગ્રહોનો જે મમત્વભાવ તેના ત્યાગરૂપી ઈમારતનો પૂર્વે જણાવ્યા પ્રમાણે સાત ક્ષેત્રમાં ધનવ્યય કરવો તે જ પાયો છે. વસ્તુ પણ તપાસતાં એમ માલમ પડશે કે જેને

ક્ષેત્રમાં ધન વાવવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હોય છતાં ધન કે કુટુંબનું મમત્વ છોડી તેટલું ઔદાર્ય નહિ કરે તો તે મનુષ્ય સર્વથા મમત્વ છોડવારૂપ ચારિત્રમાં ક્યાંથી પ્રવેશ કરી શકશે ? કેમકે ક્ષેત્રમાં ધન વાવતી વખત આલંબન દ્વારાએ ધનની મમતા છોડી વ્યય કરવાનો છે, ત્યારે ચારિત્રની વખત ધનને ગોઠવવાનું સ્થાનનું આલંબન નહિ છતાં તે સર્વ ધનને વોસરાવી દેવાનું છે. વળી ક્ષેત્રમાં ધનનો વ્યય કરતી વખત પોતાની પાસે બીજું ધન રાખી માત્ર કેટલાક ધનનો વ્યય કરી મમતા છોડવાની છે, જ્યારે ચારિત્ર લેતી વખત કોઈપણ અંશે મમતા રાખ્યા વગર બધું ધન સર્વથા છોડવાનું છે. આવી સ્થિતિ હોવાથી દરેક ધર્મી મનુષ્ય પોતાના ધનનો વ્યય સાત ક્ષેત્રમાં પરમાર્થ દૃષ્ટિથી કરે એ સ્વાભાવિક જ છે.

## દાનધર્મથી જ શ્રાવકપણું

વળી, ભગવાન હેમચંદ્રસૂરિજી વિગેરેએ શ્રાવક શબ્દના નિરૂક્ત અર્થને જણાવતાં પણ શ્રાવક શબ્દમાં રહેલા વકારનો અર્થ એ જ જણાવ્યો છે કે હંમેશાં સાતે ક્ષેત્રમાં ધનને વાપરવું તે શ્રાવકની જરૂરી ફરજ છે. અર્થાત્ વ્યવહારથી પણ શ્રાવકપણાને ધારણ કરનાર મનુષ્યની ફરજ છે કે પોતાને મળેલા ધનનો ઉપયોગ સાત ક્ષેત્રમાં કરવો જ જોઈએ. વળી ભગવાન હરિભદ્રસૂરિજી શ્રીપંચાશક શાસ્ત્રની અંદર સ્પષ્ટપણે જણાવે છે કે ધર્મપ્રેમી અને ભવભીરૂ જે મનુષ્ય હોય તે પોતાને પ્રાપ્ત થયેલા ધન વિગેરેમાં જે ઉપયોગ ચૈત્ય આદિ ક્ષેત્રોમાં થાય તેનાથી અન્ય શ્રેષ્ઠ ઉપયોગ જગતમાં છે જ નહિ એવી ધારણાવાળો હોય, દર્શનશુદ્ધિ નામનો જે ગ્રંથ આચાર્ય ભગવાન શ્રી પદ્યુમ્નાચાર્યે કરેલો છે અને જેની ટીકા પણ ચંદ્રપ્રભાચાર્યે કરેલી છે, તે આખો ગ્રંથ માત્ર સાતેય ક્ષેત્રના સ્વરૂપને અને તેમાં થતા ધન વ્યયના ફાયદાને જ જણાવનારો છે.

## ભક્તિ અને અનુકંપાદાનથી મહાશ્રાવકપણું

કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજીએ તો સમ્યક્ત્વ ધારણ કરવા સાથે પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતોને ધારણ કરવાવાળો થઇ યાવત્ શ્રાવકની અગીયાર પ્રતિમાઓ પણ વહન કરી લે તો પણ તેને માત્ર શ્રાવક એટલે સામાન્ય શ્રાવકની કોટિમાં ગણ્યો છે, અર્થાત્ જેને સાત ક્ષેત્રોમાં ભક્તિથી અને ગરીબોમાં દયાથી ધન વાપર્યું નથી એવો જે પ્રતિમાવાહન સુધી પણ પહોંચેલો હોય તે પણ સામાન્ય શ્રાવક ગણાય, પણ તેને મહાશ્રાવક ગણી શકાય નહિ. મહાશ્રાવક તો તે જ ગણી શકાય કે જે સમ્યક્ત્વમૂલ શ્રાવકોના બાર વ્રતોને પાળનારો હોય તો પણ એટલે શ્રાવકોની સર્વ પ્રતિમાવહન સુધી પહોંચ્યો હોય તો પણ ભક્તિભાવથી એટલે અંતઃકરણના ઉલ્લાસપૂર્વક શ્રી જિનેશ્વર ભગવાનનાં ચૈત્યો, ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની મૂર્તિઓ સુરાસુર અને નરેન્દ્રોથી પૂજ્ય એવા ભગવાન જિનેશ્વરોએ કહેલા અને લબ્ધિનિધાન એવા ગણધર મહારાજાઓએ ગૂંથેલા આગમો તેમજ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનને નમસ્કાર કરવા યોગ્ય એવો આગમની આજ્ઞાધારક સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ એ સાત ક્ષેત્રોમાં અને દીન, હીન, દરિદ્ર, આંધળા, પાંગળા અર્થાત્ પોતાના જીવનનિર્વાહની કોઈપણ ક્રિયામાં સમર્થ નહિ એવા અત્યંત ગરીબ મનુષ્યને અંગે અનુકંપાબુદ્ધિથી ધનનો વ્યય કરે તે જ મહાશ્રાવક કહેવાય. આ ઉપરથી વાંચકવર્ગ સહેજે સમજી શકશે કે સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રની આરાધના કરવી એ શ્રાવકોનું જરૂરી કાર્ય છે, તેવી રીતે જ સાત ક્ષેત્રમાં અને ગરીબોમાં અનુક્રમે ભક્તિબુદ્ધિ અને દયાબુદ્ધિથી ધન વાપરવું તે પણ શ્રાવકજનનું અવશ્ય કર્તવ્ય છે. આવી રીતે દાનરૂપી પ્રવૃત્તિધર્મની ગૃહસ્થોને અંગે જરૂરીયાત તથા સાત ક્ષેત્રમાં ધન વાપરવાની આવશ્યકતા જણાવ્યા પછી

ચાલુ ઉદ્યાપનના પ્રકરણને અંગે મહારાજા શ્રીપાળજીએ કરેલા ઉદ્યાપનનો પ્રસંગ જોઇ લઇએ તે ઘણું સારું ગણાશે.

## શ્રી અરિહંતપદને આરાધવાની રીતિ

આગળ જણાવી ગયા છીએ તેમ મુખ્યત્વે અરિહંતાદિકપદોની કે આરાધ્ય એવા જ્ઞાનાદિક ગુણોની આરાધના કરનારે સર્વ દિવસોમાં નહિ તો તપસ્યાના દિવસોએ તો ઘણા ઠાઠમાઠ અને આડંબરથી જિનેશ્વર મહારાજની ભક્તિ, ગુરુમહારાજની સેવા અને સાધર્મિકોની શુશ્રૂષા સાથે જ આરાધના કરવી જોઈએ. આ વાત શ્રીપાળ મહારાજની આરાધના સમજનારને નવાઇ ભરેલી લાગશે નહિ, કેમકે શ્રીપાળમહારાજે નવપદનું આરાધન કરતાં તપસ્યાની વખતે જ આ વખતે આરાધન કરેલું છે :-

तं सोऊणं अइगरुअभत्तिसत्तीहिं संजुओ राया।
अरिहंताइपयाणं करेइ आराहणं एवं॥११६९॥
नव चेईहरपडिमा जिन्नुद्धाराइविहिविहाणेणं ।
नाणाविहपूआहिं अरिहंताराहणं कुणई ॥११७०॥

(મયણાસુદરીએ જ્યારે શ્રીપાળ મહારાજાને વિસ્તારવાળી રાજલક્ષ્મી મળેલી હોવાથી મનોરથ પ્રમાણે વિસ્તારથી નવપદથી પૂજા કરવાનું કહ્યું) તે સાંભળીને સ્પર્ધા કરવા લાયક એવી ભક્તિ અને શક્તિવાળો મહારાજા શ્રીપાળ શ્રી અરિહંતાદિક પદોનું જે રીતે આરાધન કરે છે તે જણાવે છે. મહારાજા શ્રીપાળે આદ્ય એવા અરિહંતની આરાધના કરતાં અવ્યાબાધ સુખના માર્ગને પ્રવર્તાવનાર અરિહંત ભગવાનના નવ ચૈત્યો અટેલે દહેરાસરો નવાં બંધાવ્યાં, અત્યંત અહ્લાદ કરનારી અને આત્મદશાના આદર્શભૂત એવી જિનેશ્વર ભગવાનની નવ પ્રતિમાઓ ભરાવી અને જશ અને કીર્તિની ઇચ્છાની દખલ જેમાં ન રહે એવા પૂર્વના મહાપુરુષોએ કરાવેલા નવ ચૈત્યોના જીર્ણોદ્ધારો કરાવ્યા. (આદિશબ્દના ઉપલક્ષણથી નવ પ્રતિષ્ઠાઓ વિગેરે) વિધિ કરવા દ્વારાએ શ્રી અરિહંતપદની આરાધના કરી વળી ભગવાન જિનેશ્વરોની ઘણા ઠાઠમાઠ સાથે સ્નાત્રપૂજા, પંચપ્રકારીપૂજા, અષ્ટપ્રકારીપૂજા, સત્તરપ્રકારીપૂજા, એકવીસપ્રકારી પૂજા, ચોસઠપ્રકારીપૂજા, એકસો આઠ પ્રકારીપૂજા યાવત્ સર્વતોભદ્રા નામની પૂજા કરીને શ્રી અરિહંતપદનું આરાધન કર્યુ. (વર્તમાનમાં ઉદ્યાપન કરનારાઓ અખંડ પુણ્ય પ્રાગ્ભારની મૂર્તિરૂપ શ્રીઅરિહંત ભગવાનની અરિહંતપદમાં આરાધના કરતાં અનેક પ્રકારની પ્રચલિત પૂજાઓ તો ભણાવે છે, પણ નવાં મંદિરો નવી મૂર્તિઓ, જીર્ણોદ્ધારો અને પ્રતિષ્ઠાદિક વિધાનોને કરવાનું ભૂલી જાય છે અગર તેની તરફ દુર્લક્ષ કરે છે પણ ચૈત્યાદિક કરાવવારૂપ કાર્યો તરફ ઉજમણા કરનારાઓએ દુર્લક્ષ કરવું તે કોઇપણ પ્રકારે વ્યાજબી નથી. તપસ્યાના દિવસોમાં જ્યારે શ્રીપાળ મહારાજ સરખા આરાધન કરનારાઓએ ઘણી વખત આવી રીતે કર્યું, તો પછી તપસ્યા સંપૂર્ણ થયે તપસ્યાના નામે ઉદ્યાપન કરનારાઓએ આ દહેરાસરો બંધાવવા આદિકની વિધિ ન સાચવવી તે કોઇપણ પ્રકારે શોભા ભરેલું નથી.)

## શ્રી સિદ્ધપદને આરાધવાની રીતિ

બીજા સિદ્ધપદનું આરાધન તપસ્યાના દિવસોમાં શ્રીપાળ મહારાજા શી રીતે કરે છે તે જોઇએ :-

सिद्धाणवि पडिमाणं कारावणपू अणापणामेहिं ।
तग्गयमणझाणेणं सिद्धपयाराहणं कुणइ ॥११७१॥

બીજા સિદ્ધપદના આરાધનની વખતે તે શ્રીપાળ મહારાજા પ્રથમ અરિહંતપદનું આરાધન કર્યું તેવી રીતે શ્રી સિદ્ધ ભગવાનની પણ પ્રતિમાઓ

(મધ્યના ગ્રહણથી આદિ અને અંતનું પણ ગ્રહણ થાય છે એ ન્યાયે તેમજ અપિશબ્દ શાસ્ત્રકારો લીધેલો હોવાથી સિદ્ધમહારાજાના સ્વતંત્ર મંદિરો અને તેવા મંદિરોનાં જીર્ણોદ્ધારો તથા તેવાં મંદિરોની પ્રતિષ્ઠા વિગેરે પણ લેવાં.) કરાવવી તે પ્રતિમાઓની તથા પૂર્વ મહાપુરુષોએ કરાવેલી શ્રી સિદ્ધ મહારાજાની પ્રતિમાની અનેક પ્રકારે પૂજા કરવી તથા સિદ્ધિ પ્રાપ્ત થવાના સ્થાનકોએ કે અન્ય સ્થાનકોએ શ્રીસિદ્ધ ભગવાનને વંદનાદિક કરવા દ્વારાએ તે સિદ્ધ ભગવાનમાં એકાગ્રપણે ચિત્તથી જે ધ્યાન કરવું તે કરવાપૂર્વક સિદ્ધ ભગવાનનું આરાધન કર્યું હતું. (અરિહંત ભગવાન શરીરવાળા હોવાથી તેમની પ્રતિમા બનાવાય અને તેની પૂજા વિગેરે થાય તે સ્વાભાવિક જ છે પણ સિદ્ધ મહારાજા અરૂપી હોવાથી તેમની આકૃતિ હોતી જ નથી, અને તેથી તેમની પ્રતિમા બનાવવાનો સંભવ જ નથી, તો પછી આ જણાવેલી સ્થિતિએ પ્રતિમા દ્વારાએ સિદ્ધોની આરાધના બને જ કેમ ? આવી શંકા થાય તો તેના સમાધાનમાં સમજવાનું કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન જન્મ પામે ત્યારથી વૃષભાદિક લાંછનવાળા હોય છે, અને તેથી તે તીર્થંકર ભગવાનોની મૂર્તિઓ વૃષભાદિક લાંછનવાળી હોય. અર્થાત્ જે મૂર્તિને વૃષભાદિક લાંછન હોય તે મૂર્તિ ભગવાન અરિહંતદેવની સમજવી, અને જે મૂર્તિ વીતરાગતાના ભાવને ધારણ કરવાવાળી છતાં વૃષભાદિક ચિહ્નવાળી ન હોય તેને સિદ્ધભગવાનની મૂર્તિ સમજવી. ત્રિલોકનાથ તીર્થંકરોની મૂર્તિઓ સમવસરણની અવસ્થાને ઉદ્દેશીને થતી નથી, કેમકે તેવી અવસ્થાને ઉદ્દેશીને જો અરિહંત ભગવાનોની મૂર્તિઓ કરવામાં આવે તો તે અરિહંત ભગવાનોની મૂર્તિઓ પર્યંકાસન કે કાયોત્સર્ગ આસનની ન હોય, પણ સિંહાસન (ખુરસી ઉપર બેસવાના જેવા આસન) વાળી હોય, તેમજ સમવસરણની વખતે તીર્થંકર મહારાજાઓની યોગમુદ્રા હોવાથી તેમની મૂર્તિઓ પણ યોગમુદ્રાવાળી જ કરવી પડે, પણ ભગવાન અરિહંતોની મૂર્તિઓ તેઓશ્રીના છેલ્લા નિર્વાણકલ્યાણકને ઉદ્દેશીને થતી હોવાથી, વળી તેમનું તે સ્વરૂપ તત્ત્વદૃષ્ટિએ પરમ આરાધ્ય હોવાથી અને ભગવાન તીર્થંકરોના નિર્વાણકલ્યાણકો પર્યંકાસન અને કાયોત્સર્ગ આસનેજ થતાં હોવાથી ભગવાન જિનેશ્વરની મૂર્તિઓ પર્યંકાસન અને કાયોત્સર્ગ આસને જ હોય છે, જ્યારે ભગવાન સિદ્ધ મહારાજની મૂર્તિ સિદ્ધ મહારાજાઓનું સિદ્ધદશા પામતી વખત એકપણ આસન નિયમિત હોય એવો નિયમ ન હોવાથી કોઈપણ આસને સિદ્ધ ભગવાનની મૂર્તિ થઈ શકે, પણ વીતરાગતા સિવાય તો કોઈપણ જીવ સિદ્ધિપદને પામી શકતો નથી, માટે વીતરાગભાવનો દર્શક આકાર તો તેમાં પણ હોવો જોઈએ. બીજી એક વાત એ ધ્યાનમાં રાખવાની છે કે અરિહંતપદની આરાધના વખતે જો કે એકાગ્રપણે ધ્યાન કરવાદ્વારાએ જ આરાધના કરવાની છે છતાં અરિહંતપદની આરાધનામાં તે વિશેષણ નહિ આપતાં અહીં સિદ્ધપદની આરાધનામાં એકાગ્રમનપણું કરવાનું છે તેનો અર્થ એ જ હોય શકે કે અરિહંતપદને આરાધન કરવાનું કારણ જો કોઈપણ હોય તો તે માત્ર ભગવાન અરિહંતોએ સિદ્ધદશાની પ્રાપ્તિનો માર્ગ બતાવ્યો તે જ છે, તેમજ તેમને આરાધવાનું ફળ કે તેમને આરાધવાનો ઉદ્દેશ જો કોઈપણ હોય તો તે માત્ર સિદ્ધિદશાની પ્રાપ્તિ કરવી તે જ છે, અર્થાત ત્રિલોકનાથ તીર્થંકરોની આરાધનામાં પણ ચિત્તની એકાગ્રતા સિદ્ધ અને સિદ્ધપણાને અંગે જ હોવી જોઈએ. તેમજ અરિહંતોની પોતાની પણ તત્ત્વદૃષ્ટિએ આરાધ્યતા તેમના નિર્વાણ કલ્યાણકો એટલે સિદ્ધદશાને ઉદ્દેશીને જ છે. માટે આ સિદ્ધપદના આરાધનની જગા પર સિદ્ધ મહારાજ અને સિદ્ધ દશાને અંગે જણાવેલું એકાગ્રપણું એ પહેલાના અરિહંતપદમાં

સમજવું અને આગળ કહેવાશે એવા આચાર્યાદિક પદોમાં પણ તે સિદ્ધ અને સિદ્ધદશાના એકાગ્રપણાને દ્વાર તરીકે સમજવું.

### શ્રી આચાર્યપદને આરાધન કરવાની રીતિ

આવી રીતે સિદ્ધપદનું આરાધન કર્યા પછી આચાર્યપદનું આરાધન શ્રી શ્રીપાળ મહારાજા કેવી રીતે કરે છે તે જોઈએ :-

भत्तिबहुमाणवंदणवेआवच्चाइकज्जमुज्जुत्तो ।
सुस्सूसणविहिनिउणो आयरिआराहणं कुणइ ॥१७२॥

ભવ્ય જીવોને એ વાત તો ખ્યાલ બહાર નહિ જ હોય કે આચાર્ય ભગવંતો જિનેશ્વર મહારાજ જ્યારે નિર્વાણ પામે ત્યાર પછી શાસનના સર્વાધિકારી છે, અને તેથી જ ભગવાન અરિહંતો જેમ શાસન પ્રવર્તાવવાને અંગે ઉપકારી હોઈ આરાધ્ય છે, અને નિરંજન નિરાકાર જ્યોતિઃ સ્વરૂપ સિદ્ધ ભગવંતો શુદ્ધ સ્વરૂપ હોઈ આત્માના સાધ્ય બિંદુરૂપ છે અને તેથી આરાધવા લાયક છે, તેવી જ રીતે આચાર્ય ભગવંતો સર્વજ્ઞ વીતરાગતા સ્વરૂપ નહિ હોવા છતાં પણ ભગવાન અરિહંત અને સિદ્ધ પરમાત્માની પેઠે શાસનના અને મોક્ષસાધનના મુખ્ય અંગરૂપ હોવાથી તેઓની ગણતરી પણ પરમેષ્ઠીપદમાં જ છે. તે આચાર્યપદના આરાધનને અંગે શ્રીપાળ મહારાજા આચાર્ય ભગવંતોનું ભક્તિ અને બહુમાન હૃદયપૂર્વક ઘણી સારી રીતે કરે છે.

### ભક્તિ, બહુમાનમાં વ્યાખ્યાભેદ

જો કે, વ્યાખ્યાકાર ભક્તિશબ્દથી અહીં અંતઃકરણનો પ્રેમ લઈને બહુમાન શબ્દથી બાહ્ય સેવાને ગ્રહણ કરે છે, તેમાં તેમની ધારણા ભક્તિશબ્દમાં રહેલા ભજ્ ધાતુના ગૂઢાર્થ તરફ અને બહુમાન શબ્દથી જગતમાં રૂઢ એવા બાહ્ય ઉપચાર તરફ રહેલી હોય એમ તરી આવે છે, અગર બહુમાનશબ્દ જો અંતઃકરણના પ્રેમરૂપ હોત તો તે અત્યંત આદરપાત્ર હોઈ અભ્યર્ચિત હોવાથી પહેલો મેલવામાં આવત. એમ ન કહી શકીએ કે ભક્તિશબ્દ અલ્પ સ્વરવાળો હોવાથી તેને પહેલો મેલવામાં કોઈપણ પ્રકારે બહુમાનનું અનુત્તમપણું થતું નથી, કેમકે ઘણા તથા થોડા સ્વરની ચર્ચા કરતાં અર્ચ અને અનર્ચની ચર્ચાને પહેલું સ્થાન છે, અને તેથી બહુમાનશબ્દ ઘણા સ્વરવાળો છતાં પણ તે પહેલો જ મેલવો વ્યાજબી છે, પણ અહીં ભક્તિશબ્દ પહેલો મેલ્યો છે તે તેના અર્ચપણાને અંગે જ છે અને તે અર્ચપણું ભક્તિનું માનસિક પ્રીતિ એવો કરવાથી ટકી શકે, પણ શાસ્ત્રકારોએ ભક્તિ શબ્દનો અર્થ બાહ્ય સેવા અને બહુમાન શબ્દનો અર્થ અંતઃકરણનો પ્રેમ એમ કરેલો છે, કેમકે શાસ્ત્રકારો ભક્તિને બહુમાનની જનની છે એમ ધારી તેને અર્ચ્યગણી શકે છે. વળી ભક્તિ અને બહુમાન એ ચઉભંગીનો વિષય હોવાથી જેમ દ્રવ્યભાવ શબ્દો ચઉભંગીના વિષયભૂત હોવાથી અર્ચ્ય અને અનર્ચ્યની ચર્ચાથી મુક્ત છે, તેવી રીતે આ ભક્તિ, બહુમાન શબ્દો પણ અર્ચ્ય, અનર્ચ્યની ચર્ચાથી મુક્ત છે અને તેથી જ શાસ્ત્રોમાં ભક્તિ શબ્દને સ્થાને વિનય શબ્દને જોડી વિનય ને બહુમાનની ચઉભંગી જણાવવામાં આવે છે અત્રે પણ ભક્તિ, બહુમાનની ચઉભંગી શાસ્ત્રકાર સૂચવે છે, તો પણ મહારાજા શ્રીપાળજી તો ભક્તિ અને બહુમાન એ ઉભયથી સંપન્ન હોઈ આચાર્યપદના આરાધનમાં આચાર્ય ભગવંતોના ભક્તિ અને બહુમાન બંને કરવાવાળા છે.

### આચાર્ય ભગવંતોની ભક્તિ આદિની જરૂરીયાત

આ વસ્તુને તત્ત્વદૃષ્ટિએ તપાસીએ તો સ્પષ્ટ થશે કે આચાર્ય મહારાજાઓની ભક્તિ અને બહુમાન આચાર્યપદના આરાધનને અંગે ઉપયોગી છે, તેવી જ રીતે આચાર્ય મહારાજોની બાહ્ય સેવારૂપ ભક્તિ ન કરવામાં આવે તે અને આચાર્ય મહારાજાઓ તરફ અંતઃકરણથી પ્રીતિ ન કરવામાં

આવે તે રૂપ જે અભક્તિ અને અબહુમાન એ આચાર્યપદની વિરાધનાના જ કારણો છે, અને આ જ કારણથી શાસ્ત્રકારોએ આચાર્ય ભગવંતની અભક્તિ અને અબહુમાનના પ્રાયશ્ચિત્તો આચાર્ય ભગવંતોની અવજ્ઞા અને આશાતનાની માફક સ્પષ્ટપણે ભિન્ન ભિન્નપણે જણાવેલાં છે. આચાર્યપદના આરાધક મહારાજા શ્રીપાળ એકલું ભક્તિ, બહુમાન કરીને જ આરાધન કરતા નથી, પણ શ્રી અરિહંત ભગવાન અને સિદ્ધ મહારાજા કરતાં જુદી જ રીતનું પચીસ આવશ્યકવાળું, બત્રીસ દોષે રહિત એવું વંદન કરવાને માટેના મહોચ્છવો કરવાપૂર્વક આચાર્યપદનું આરાધન કરે છે.

## આચાર્ય ભગવંતોનું વૈયાવચ્ચ

વળી, સાજાપણામાં સો સયણાની (સ્વજનની) માફક ભગવાન આચાર્ય મહારાજાના આરાધકો તેમની અગ્લાન દશામાં જ માત્ર ભક્તિ, બહુમાન અને દ્વાદશ આવર્ત વંદનથી આરાધન કરવાવાળા હોય, અને તેથી ભક્તો સંગમાચાર્યના, શિષ્યો જેવા ઉપઘાતક બને એમ નહિ પણ આચાર્ય ભગવંત બિમાર હોય, વૃદ્ધ હોય, ક્ષીણ શક્તિ હોય, અસમર્થ હોય, તો તેમની પણ આરાધના ભક્તિ, બહુમાન અને દ્વાદશ આવર્તપૂર્વક વૈયાવૃત્યાદિક કરીને કરવી જ જોઇએ, તેથી મહારાજા શ્રીપાળ પણ આચાર્યપદનું આરાધન કરતાં ભક્તિ બહુમાન આદિની માફક આચાર્ય ભગવંતોના વૈયાવૃત્યાદિમાં પણ હંમેશાં ઉદ્યમવાળા રહી આચાર્યપદનું આરાધન કરતા હતા. જ્યારે કેટલાકો કુલાચાર કે રૂઢિથી આચાર્ય મહારાજ સાજા હોય ત્યારે ભક્તિ, બહુમાન અને વંદનનો વિધિ જાળવી જાય, અને આચાર્ય મહારાજની ગ્લાનદશા હોય ત્યારે વૈયાવૃત્યાદિક કાર્યોમાં હાજર રહી સેવા પણ બજાવે, છતાં તેઓ આચાર્ય ભગવાનની શુશ્રૂષા એટલે જિન ભગવાનની વાણીરૂપ દેશનાને સાંભળવા ભાગ્યશાળી ન થાય તો તે મનુષ્યો શાસ્ત્રના તત્વજ્ઞાનને પામવા પાપની પ્રવૃત્તિઓને રોકવા, બાંધેલા કર્મરૂપી કચરાને કાઢી નાખી ઉત્તરોત્તર ફળરૂપે પ્રાપ્ત થતો જે મોક્ષ તે મેળવવાને ભાગ્યશાળી થતા નથી, અને તેથી તેઓ આચાર્યપદના આરાધનનું મુખ્ય ફળ નિકટપણે મેળવવા ભાગ્યશાળી બનતા નથી, તેમ અહીં મહારાજા શ્રીપાળનું થતું નથી, પણ તેઓ તો ભક્તિ, બહુમાન અને વૈયાવૃત્યના ઉદ્યમની માફક આચાર્ય ભગવંતોની દેશના સાંભળવામાં તત્વગ્રાહીપણારૂપ પરમ શુશ્રૂષા વિધાનમાં અત્યંત નિપુણતા ધારણ કરી આચાર્યપદનું આરાધન કરે છે.

## આચાર્ય ભગવંતની પ્રતિમા સંબંધી વિચાર

આ સ્થાને એ સવાલ જરૂર થશે કે ગ્રંથકાર મહારાજે અવ્યાબાધ અકલંક ધર્મના દેશક ભગવાન અરિહંતોની, તેમજ સર્વકાળ, સર્વ બાધાએ મુક્ત અને સંપૂર્ણ જ્ઞાનાદિકે કરી, સર્વકાળ સંપૂર્ણ રહેવાવાળા, અર્થાત् कालो हि सर्वभक्षकः ! એ જગતના કાલ સર્વનું ભક્ષણ કરનાર છે એવા નિયમનું નિમંત્રણ અનિયમિત કરી દેનારા ભગવાન સિદ્ધ પરમાત્માનું આરાધન જણાવતાં તેઓની મૂર્તિ અને તેની ભક્તિ વિગેરે કરવા દ્વારાએ આરાધના જણાવી છે, તો પછી આ તીર્થંકર મહારાજના પ્રતિનિધિ અને શાસનના સત્તાધીશ એવા આચાર્ય મહારાજની આરાધના તેમની પ્રતિમા અને પૂજાદ્વારાએ કેમ જણાવી નથી ? આવી શંકા થવાનો જો કે સંભવ છે, પણ તે અસ્થાને છે. પ્રથમ તો અચાર્ય ભગવંતોની વિદ્યમાનતા સિવાયનું જૈનશાસન જ માનવાની શાસ્ત્રકારો ના પાડે છે, એટલે કે જૈનશાસનમાં સર્વકાળે ભગવાન તીર્થંકરના પ્રતિનિધિ અને શાસનના સર્વ સત્તાધીશ આચાર્ય ભગવંતો હયાત જ હોય છે, અને તેથી ભગવાન જિનેશ્વર આદિના બિનહયાતિના કાળમાં જેમ તેઓશ્રીની પ્રતિમાદિક દ્વારાએ જ ઉપાસના

કરી આરાધના થાય છે, અર્થાત્ જો અરિહંત ભગવંતોની મૂર્તિ માનવામાં ન આવે તો અરિહંત ભગવંતોનું આરાધન, અરિહંત ભગવંતોની હાજરીના વખતમાં જ બને, અને તેથી તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જન કરવાના કારણભૂત અરિહંતાદિ વીશ પદોનું આરાધન અરિહંત ભગવંતો વિચરતા હોય ત્યારે જ બને, પણ અરિહંત ભગવાનોનું વિચરવાપણું ન હોય ત્યારે ન તો વીશસ્થાનકની આરાધના થાય, અને તે વીશસ્થાનકનું આરાધન નહિ થવાથી કોઈપણ જીવ તીર્થંકર ભગવાનની વિહરમાન દશા સિવાય તીર્થંકરપણું બાંધી શકે નહિ, અને એમ બનવું તે કોઈપણ પ્રકારે શાસ્ત્રકારોને ઈષ્ટ નથી, અને તેથી અરિહંત ભગવાનોનું આરાધન, તેમની વિહરમાનદશા હો કે નિર્વાણ દશા થઇ ગઇ હો તો પણ તેમની મૂર્તિ દ્વારાએ બની શકે છે, અને તેથી જ ભાષ્યકાર મહારાજ શ્રી જિનેશ્વર મહારાજના વિરહે જિનબિંબની કરાતી સેવા, સફળતાવાળી છે એમ સ્પષ્ટ અક્ષરોમાં જણાવે છે, પરંતુ આચાર્ય ભગવંતોની વિરહમાન દશા સિવાયનું શાસન જ હોય નહિ એ વસ્તુ આગળથી સિદ્ધ હોવાથી આચાર્ય ભગવંતોની આરાધના સાક્ષાત્ આચાર્ય ભગવંતોની એટલે ભાવ આચાર્યોની આરાધનાદ્વારાએ જ જણાવી અને તેથી ભગવંત અરિહંતોની આરાધના તેમના વિરહને અંગે મૂર્તિદ્વારાએ અને ભગવાન સિદ્ધ મહારાજાઓની આરાધના અરૂપી દશા હોવાથી કેવળ સિદ્ધ ભગવાનની મૂર્તિ દ્વારાએ જણાવી, પણ આચાર્ય ભગવંતોની આરાધના તેમની મૂર્તિદ્વારાએ જણાવી નથી. વળી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે આચાર્ય મહારાજની હયાતિમાં અંશે પણ તેમનાં ભક્તિ બહુમાન; વૈયાવચ્ચ અને શુશ્રૂષા નહિ કરવાવાળા છતાં 'મરી ઘોડીનું બહુમૂલ થાય' તેની માફક અમુક કાળ કરી ગયેલ આચાર્યના તેમની પ્રતિમાદિ સ્થાપનાદ્વારાએ આચાર્ય સ્થાપનાના ભક્ત બની વર્તમાન ભાવાચાર્યની ભક્તિથી બેનસીબ રહી તેમાં પોતે મગરૂબી માને છે, તેવો વખત આવી ભાવાચાર્ય કરતાં સ્થાપનાચાર્યનું સામ્રાજ્ય ફેલાવાનો વખત ન આવે તેને માટે પણ આચાર્યપદની આરાધના સાક્ષાત્ ભાવાચાર્યના ભક્તિ, બહુમાન આદિ દ્વારાએ જણાવી પણ સ્થાપનાચાર્ય એટલે આચાર્યની મૂર્તિ કે અન્ય સ્થાપના દ્વારાએ ભક્તિ, બહુમાનાદિ સાચવવાથી આચાર્યની આરાધના જણાવી નથી. વળી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે જેમ વર્તમાનકાળમાં ભાવઆચાર્ય, ઉપાધ્યાય પદસ્થો કે પોતાના વડીલો વિદ્યમાન છતાં અને તેઓને તે તે પદને લાયક ગુણવાળા છે એમ માનવા છતાં સાધુ, સાધ્વીના સમુદાયોમાં ભિન્ન ભિન્ન સ્થાપનાચાર્ય રાખવાની પ્રવૃત્તિ હોવાથી રત્નાધિક એટલે પોતાથી પહેલી વડી દીક્ષાવાળા, ગુરુમહારાજા, પદસ્થો કે આચાર્યાદિકોની સમક્ષ કોઈપણ આવશ્યક પ્રતિલેખનાદિ નિત્યક્રિયા કરવાનું પણ કર્તવ્ય છે એમ માનવા તૈયાર થતું નથી, અને તે તે પ્રતિદિનક્રિયાઓ સાક્ષાત્ ભાવાચાર્યાદિ પાસે ન કરતાં માત્ર સ્થાપનાચાર્ય પાસે કરી સાધુ, સાધ્વી જેવા ઉત્તમ જીવો પણ પોતાને કૃતાર્થ માનવા તૈયાર થાય છે, તેવી અવિધિના અનુમોદન કરનારા શાસ્ત્રકારો બને નહિ અને સ્થાપનાચાર્ય આદિ દ્વારાએ ભાવાચાર્યાદિક પાસે થતી ભાવભીની ક્રિયાનો ભેદ થઇ જાય નહિ માટે પણ શાસ્ત્રકારે આચાર્યપદની આરાધના તેમની પ્રતિમા દ્વારાએ ન જણાવી હોય તે સ્વાભાવિક છે. વળી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે અરિહંત અને સિદ્ધ મહારાજની આરાધના તેઓ અને તેઓની મૂર્તિ દ્વારાએ શ્રી ચતુર્વિધ સકળ સંઘે એક સરખી રીતે કરવાની છે, ત્યારે આચાર્યપદની તેમની સ્થાપના દ્વારાએ આરાધના આવશ્યક આદિ ક્રિયા દ્વારાએ

શાસન સત્તાધીશ આચાર્યોએ જ માત્ર કરવાની છે અને બાકીના શ્રીચતુર્વિધ સંઘે તો આચાર્યપદની આરાધના ભાવાચાર્ય પાસે જ પ્રતિક્રમણ આદિ ક્રિયા કરીને કરવાની છે, અર્થાત્ સકલ આચાર્ય પદના આરાધકોને આચાર્યની સ્થાપનાનો કે તેની આગળ પ્રતિક્રમણ આદિ ક્રિયા કરી તેમને આરાધવાનો માર્ગ જ શાસ્ત્રકારોને ઇષ્ટ નથી તો પછી ત્રીજા આચાર્યપદના આરાધનમાં આચાર્ય ભગવંતોની મૂર્તિ આદિ દ્વારાએ આરાધના જણાવે જ કેમ ?

### આચાર્યની સ્થાપનાનું જ ઇત્વરિકપણું હોય

વળી, એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે અરિહંત ભગવાન અને સિદ્ધ પરમાત્માની સ્થાપના યાવત્ દ્રવ્યભાવિની એટલે જ્યાં સુધી તે મૂર્તિમાં તે તે મૂર્તિપણું રહે ત્યાં સુધી રાખવાની હોય છે, ત્યારે આચાર્ય ભગવંતોના વિરહે કથંચિત્ કરાતી આચાર્ય ભગવંતોની ઇતર લોકોદ્વારાએ સ્થાપના તે માત્ર ક્રિયાકાળ પૂરતી જ હોય છે, અર્થાત્ અરિહંત ભગવાન અને સિદ્ધપરમાત્માની આરાધના તેમની મૂર્તિદ્વારાએ વારંવાર થાપ-ઉથાપવાળી રહેતી નથી, પણ ભાવાચાર્ય આદિકોની સ્થાપનાદ્વારાએ થતી આરાધના વારંવાર થાપ-ઉથાપવાળી હોય છે, માટે પણ આચાર્યપદની આરાધનામાં તેમની મૂર્તિદ્વારાએ તેમની આરાધના જણાવી નથી.

### ભક્તિ આદિથી જ આરાધનાની યોગ્યતા.

વળી, એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે જ્યારે શાસ્ત્રકાર મહારાજે આચાર્યાદિક પદોની મૂર્તિદ્વારાએ આરાધના ન જણાવી અને સાક્ષાત્ આચાર્ય એટલે ભાવાચાર્યોની આરાધના જણાવી તો પછી વર્તમાનકાળમાં જેઓ ભાવાચાર્યની આરાધનાથી વિમુખ રહે છે તેઓ માત્ર **નમો** आयरियाणं પદ ગણીને પોતે આચાર્યપદની આરાધના કરી એમ માને છે, અને તે માન્યતાથી કૃતાર્થ થાય છે તે કેવી ભારે ભૂલ કરે છે ? જ્યારે શાસ્ત્રકાર મહારાજે આચાર્ય મહારાજની પ્રતિમા દ્વારાએ પણ આરાધના નથી જણાવી, પણ સાક્ષાત્ આચાર્યની જ ભક્તિ, બહુમાન આદિ દ્વારાએ આરાધના જણાવી છે અને લોકો તે આચાર્યના પદમાત્રને નમસ્કાર કરી આચાર્યપદની આરાધનાનો સંતોષ માને છે તો પછી આચાર્યની પ્રતિમા દ્વારાએ આચાર્યની આરાધના જો આ શાસ્ત્રકારે જણાવી હોત તો તે વર્તમાનકાળના ભદ્રિક જીવો આચાર્યપદની આરાધના માટે ભાવાચાર્યના ભક્તિ, બહુમાન અને વૈયાવચ્ચાદિ કરવાં તો દૂર રહ્યાં પણ વંદન કરવાને ભાવાચાર્યનો ભેટો પણ કરત નહીં અને પોપટ અચરે અચરે રામ કે રામકી મૂર્તિ પર વિષ્ઠાનાં ઉખાણાં ચરિતાર્થ જ કરત.

### આચાર્યની પ્રતિમા દ્વારા આરાધના કેમ નહિ?

વળી, એ પણ વાત ધ્યાનમાં રાખવાની છે કે અરિહંત ને સિદ્ધપદની આરાધનામાં પ્રતિમા ભરાવવી, પૂજા કરવી, વંદન કરવું અને ધ્યાન કરવું એ વિધાન તરીકે જણાવ્યું છે, ત્યારે આચાર્યપદની આરાધનામાં પ્રતિમા કરાવવી પૂજા કરવી કે ધ્યાન કરવું વિગેરે શુશ્રૂષાના વિધાનો લીધેલાં નથી, તે જ સ્પષ્ટ કરે છે કે આચાર્યપદનું આરાધન કરનારાએ સાક્ષાત્ આચાર્યનું ભક્તિ, બહુમાન આદિ કરવું તો જ આરાધન ગણાય. અર્થાત અરિહંતને સિદ્ધપદની આરાધનામાં જેવી પ્રતિમા દ્વારાએ આરાધના કરવામાં સાધનતા ગણી આશાતના વર્જન માન્યું છે તેવી રીતે આચાર્યાદિક પદોમાં નથી માન્યું તેમાં એ પણ તત્વ હોય કે એક ક્ષેત્રમાં જેમ સર્વકાળે તીર્થંકરો હોતા નથી તેમ અનેક તીર્થંકરો પણ એકી કાળે હોતા નથી, પણ આચાર્યો સર્વદા નિયમિત હોય છે, અને એકેક ક્ષેત્રે અનેક ભાવાચાર્યો હોવાનો સંભવ છે, છતાં જો ઇતર ભાવાચાર્યોની અવજ્ઞા ન હોય તો કોઈપણ એક ભાવાચાર્યના ભક્તિ, બહુમાન

આદિથી આચાર્યપદનું આરાધન થઈ શકે છે. એટલે કે આચાર્યના ગુણદ્વારાએ એકપણ ભાવાચાર્યનું આરાધન અઢીદ્વીપમાં રહેલા સકલ ભાવાચાર્યના આરાધનરૂપ છે, અને એકપણ ભાવાચાર્યની અવજ્ઞા કે અબહુમાન કરવાં તે સકલ જગતના ભાવાચાર્યની અવજ્ઞા અને અબહુમાન કરવા જેવાં નુકશાનકારક છે, અને તેથી જ શાસ્ત્રકારો કહે છે કે, एगम्मि पूईयम्मि सव्वे ते पूइया होइ અર્થાત્ એક ભાવાચાર્યની પૂજા કરવાથી સકળ જગતના ભાવાચાર્યોનું પૂજન થાય છે. અર્થાત્ ભાવાચાર્યના વંદન, બહુમાન આદિ દ્વારાએ સાક્ષાત્ સર્વ ભાવાચાર્યોના ભક્તિ, બહુમાન આદિનું ફળ પ્રાપ્ત કરી શકાય છે, ત્યારે આચાર્યની પ્રતિમા હોય તો તે પ્રતિમા દ્વારાએ તો તે પ્રતિષ્ઠિત કરવામાં આવેલા આચાર્યની જ મુખ્યતાએ આરાધના થાય છે, અને તેથી જ કોઈપણ ચૈત્યમાં મૂલ નાયકજીરૂપ પ્રતિમાનું ચૈત્યવંદન કર્યા પછી, જં કિંચિ૦ કહીને બીજી પ્રતિમાઓનું વંદન કરવાનું જુદું સૂત્ર કહેવાનું રહે છે, અર્થાત્ પ્રતિમા દ્વારાએ થતી આરાધનાથી કેવળ તે જ પ્રતિમા (નહિ કે તેમની પણ બીજી પ્રતિમા) અને તેમાં પ્રતિષ્ઠિત થયેલો જ ભાવનિક્ષેપો માત્ર આરાધ્ય થાય છે. જ્યારે ભાવનિક્ષેપાના આરાધનથી સર્વ ભાવનિક્ષેપાનું આરાધન થઈ જાય છે. આવાજ કારણથી શક્રેંદ્ર મહારાજે વગ્ગુલિ નામના શ્રાવકને ભગવાન મલ્લીનાથજીની પ્રતિમાની પૂજા કરવા જતાં સાક્ષાત્ શ્રમણ ભગવાન મહાવીર મહારાજા જે છદ્મસ્થપણામાં કાઉસગ્ગ ધ્યાને રહેલા હતા, તેમની ભક્તિ, બહુમાન, પૂજા કરવા પ્રેરણા કરી.

### સિદ્ધ શ્રી મલ્લીનાથજીની પૂજા કરતાં છદ્મસ્થ ભગવાન મહાવીરની પૂજા કેમ ?

આ ઉપરથી સમજી શકાશે કે જ્યારે કેવળજ્ઞાન પામી, તીર્થ પ્રવર્તાવી, મોક્ષને પામેલા એવા મલ્લીનાથ ભગવાનની પ્રતિમા કરતાં કેવળજ્ઞાન નહિ પામેલા, હજુ તીર્થ જેણે પ્રવર્તાવ્યું નથી, અને મોક્ષ મેળવ્યો નથી એવા શ્રમણ ભગવાન મહાવીર મહારાજની અધિકતા જણાવી, તો પછી ભાવાચાર્યની પ્રતિમા કરતાં ખુદ્ ભાવાચાર્યની આરાધના અત્યંત અધિક હોય એ સ્વાભાવિક જ છે. શાસ્ત્રકાર મહારાજે આચાર્યપદના આરાધનના વિધાનમાં વંદનનો વિધિ પ્રથમ નહિ જણાવતાં પ્રથમ ભક્તિ અને બહુમાન જણાવ્યાં તેથી એમ સૂચિત થઈ શકે કે આરાધન કરનાર મનુષ્ય અરિહંત ભગવાન અને સિદ્ધ મહારાજની પૂજા આદિકની માફક આચાર્ય ભગવંતના ભક્તિ અને બહુમાન અત્યંત જરૂરી આદરવાં જોઈએ, અને એ જ સૂચના જો વ્યાજબી ગણીએ તો એમ કહેવું જોઈએ કે ભકિત, બહુમાનનું કર્તવ્ય ભાવાચાર્ય દ્વારાએ જ બજાવી શકાય.

### આચાર્ય ભગવંતો આદિની મૂર્તિ આદિનો ઉપયોગ

ઉપર જણાવેલી હકીકતથી આચાર્યાદિકની પ્રતિમા, પાદુકા કે સ્તૂપ ન કરવાં અથવા તો તે શાસ્ત્રોક્ત નથી તેમ કહેવાનો આશય નથી, કેમકે શ્રી આવશ્યક નિર્યુક્તિમાં ચક્રવર્તી મહારાજા ભરતે અષ્ટાપદ ઉપર પોતાના નવાણું ભાઈઓના સ્તૂપો કરાવેલા છે. વળી, સાધર્મિક ચૈત્યમાં આચાર્યદિકની મૂર્તિને અવકાશ છે તથા મથુરા આદિ સ્થાનોમાં આચાર્યાદિકના સ્તૂપો, મૂર્તિઓ અને પાદુકાઓ હતાં અને અનેક સ્થાને અત્યારે પણ વિદ્યમાન છે, પણ કોઈક કોઈક ગચ્છવાળાઓ ગચ્છતા કદાગ્રહને લીધે ભગવાન જિનેશ્વરની પ્રતિમાજીની માફક તે આચાર્યાદિકની પ્રતિમાને મુકુટ આદિ રાજ્યચિહ્નાથી અલંકૃત કરે છે, અને ચામર આદિક જે પ્રાતિહાર્યમાં ગણાય તે દ્વારાએ તેની શોભા કરે છે તે શાસ્ત્રદૃષ્ટિએ કોઈપણ પ્રકારે ઉચિત હોય એમ જણાતું નથી. વળી કેટલાક તો આચાર્યાદિકની પ્રતિમાના આગ્રહમાં

એટલા બધા અટવાઈ ગયા છે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની પ્રતિમાની પૂજા, ભક્તિ આદિ સંબંધી દરકાર કરતાં પોતાના ગચ્છના સ્થાપક કે પ્રવર્ધક એવા આચાર્યાદિકની પ્રતિમાની પૂજા, ભક્તિ આદિની ચિંતા કરે છે. વળી કેટલાક ગચ્છના કદાગ્રહવાળાઓ પોતાના ગચ્છના આચાર્યોની મૂર્તિઓને અન્ય શાસ્ત્રાનુસારી પ્રરૂપણા અને પ્રવૃત્તિવાળા ગચ્છો ન માને છતાં તેને પરાણે મનાવવા માટે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની પ્રતિમા કે જે સર્વ શાસનપ્રેમીઓને શિરસાવંદ્ય હોય, તેની જોડે ગાદી ઉપર થાપી દે છે. વળી કેટલાકો પોતાના ગચ્છના કદાગ્રહને લીધે પોતાના ગચ્છના આચાર્યો કે જેઓ શાસ્ત્રવિરૂદ્ધ પ્રરૂપણા કરનારા હોઈ સમ્યગ્દૃષ્ટિને સ્વપ્ને પણ વંદ્ય હોય નહિ, તેવાઓની મૂર્તિઓ શાસનમાં સર્વદા વંદનીય એવા શ્રી જંબૂસ્વામી, સ્થૂલભદ્રજી કે કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરીશ્વરજી સરખાની મૂર્તિઓ ભરાવીને તે પોતાના ગચ્છના ગુરુનો મહિમા વધારવા માટે જોડે પધરાવે છે. અર્થાત્ કેટલાક તો મધ્યમાં પોતાના ગુરુની પ્રતિમા પધરાવી, તેમની બંને બાજુએ સર્વમાન્ય એવા આચાર્યોની પ્રતિમાઓ પધરાવી શાસનસ્તંભ એવા આચાર્ય મહારાજાઓની અવજ્ઞા કરવામાં પણ પાછી પાની કરતા નથી. વળી, કેટલાકો ગચ્છ અને મતના કદાગ્રહમાં એટલા બધા મસ્ત હોય છે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન કે સિદ્ધ પરમાત્માની મૂર્તિ ભરાવવાનો ઉપદેશ જીંદગીમાં એક વખત પણ ન આપે, અને પોતાના ગચ્છ કે મતને વધારનાર કે થાપનાર ગુરુની મૂર્તિઓ દરેક ચોમાસે અને દરેક સ્થાને ભરાવતા અને પધરાવતા જ જાય. આ સર્વનું પરિણામ એ આવ્યું છે કે શાસ્ત્રાનુસારી શ્રદ્ધાવાળા શાસનપ્રેમીઓને તે વાત ઉત્સૂત્રની પ્રરૂપણા કરનારા અને ભગવાનના માર્ગને ઉઠાવનારાની પંચાતને લીધે શુદ્ધ દેવ અને શુદ્ધ ગુરુની પ્રતિમાઓની વંદનાઆદિક વિધિથી વંચિત રહેવું પડે છે. આ સ્થળે એ પણ ધ્યાન રાખવાનું છે કે જૈન માત્રને વંદના કરવાલાયક એવા ભગવાન જિનેશ્વરના મંદિરમાં તેવા ઉત્સૂત્રભાષીઓની મૂર્તિઓ કે પાદુકાઓ સ્થાપવામાં આવે તે પોતાના ગચ્છને વંદ્ય છતાં પણ ઘણા ગચ્છવાળાઓને અવંદનીય હોવાથી જિનેશ્વર ભગવાનના મંદિરમાં શુભ સંકલ્પનો નાશ થઈ અશુભ સંકલ્પનો પ્રસંગ લાવે છે.

## ફોટા અને ઓઈલ પેઈંટીંગોથી પંચેંદ્રિય હત્યાનો પ્રસંગ

વળી, આજકાલ તો ફોટા અને ઑઈલ પેઈન્ટિગોનો એટલો બધો ગાડરીઓ પ્રવાહ સાધુ અને શ્રાવકમાં પ્રવર્ત્યો છે કે કોઈપણ ચોમાસામાં કોઈપણ ઉપાશ્રયમાં સાધુઓ ચોમાસુ રહે ત્યારે એ ફોટાઓ અને ઑઈલ પેઈન્ટિગોનો જમાવ ક્ર્યા સિવાય રહેતા નથી. તે ફોટાઓ અને ઑઈલ પેઈન્ટિગોને અંગે ખીસકોલી, ચકલી, કબૂતર વિગેરેના માળાઓ થઈ તેની અને તેના ઈંડાઓની વિરાધનાથી કેટલી પંચેંદ્રિય હત્યાઓ થાય છે, તેનો ખ્યાલ તે કદાગ્રહીઓ કે આગ્રહમસ્તોને હોતો નથી. વળી ફોટાઓ અને ઑઈલ પેઈન્ટિગોના સ્થાન સ્થાન પર જમાવ થવાથી ઉપાશ્રય, ઉપાશ્રય તરીકે ન રહેતાં માત્ર ચિત્રશાળાઓ જ બની જાય છે, અને ચિત્રશાળામાં જગા પુરાઈ જતાં નવા આવનારના નવા ફોટાદિકને અંગે ઘણી વખતે મૂળનું પરાવર્તન થાય છે અને તેમાં ઝઘડાઓનું ઝાડ ખડું થાય છે એ વાત વાચકવર્ગની જાણ બહાર તો નથી જ, માટે વર્તમાન જમાનામાં તીર્થંકર ભગવાનના મંદિરમાં કે ઉપાશ્રયમાં તેવી ફોટાની કે ઑઈલ પેંઈન્ટિગની અથવા મૂર્તિઓની ધમાલ ન કરતાં તે તરફ ભક્તિ ધરાવવાવાળાઓએ પોતાને ઘેરે કે અલગ સ્થાને તે પધરાવવી એ જ શ્રેયઃકર માર્ગ છે.

## શ્રી ઉપાધ્યાયપદની આરાધનાની રીતિ

ચોથા ઉપાધ્યાયપદની આરાધના મહારાજ શ્રીપાળ કેવી રીતે કરે છે તે શાસ્ત્રકાર જણાવે છે.

ठाणासणवसणाई पढंतपाढंतयाण पूरंतो ।

दुविहभत्तिं कुणंतो अवज्झायाराहणं कुणइ ॥११७३।

તે મહારાજા શ્રીપાળ આગમોને ભણનારા અને ભણાવનારાઓને સ્થાન (ઉપાશ્રય), આસન (સંથારીઓ વગેરે) અથવા ભોજન અને કપડાં વિગેરે વસ્ત્રને પૂરતા તથા દ્રવ્ય અને ભાવ બંને પ્રકારની ભક્તિ કરતા ઉપાધ્યાયપદનું આરાધન કરતા હતા.

## આચાર્ય ઉપાધ્યાયની એકતા

વાચકવર્ગને સારી રીતે માલમ હશે કે આગમોના નિર્યુક્તિ આદિ અર્થોના અધ્યયનનું કામ આચાર્ય ભગવંતોનું છે, અને સકલ આગમોના મૂળ સૂત્રોનું અધ્યયન કરાવવાનું કામ ઉપાધ્યાય મહારાજાઓનું છે. જો કે સૂત્રકાર મહારાજા સ્થાનાંગ આદિની અંદર આચાર્ય અને ઉપાધ્યાયપદનું અભેદપણું સૂચવવા દ્વારાએ એક વ્યક્તિમાં પણ તે બે પદોનો સંભવ સૂચિત કરે છે, પણ તે ઘણો ઓછા ભાગે હોઈ, ઘણા ભાગે તે બંને પદને ધારવાવાળા બંને મહાપુરુષો જુદા હોય છે.

## ઉપાધ્યાયજીનું આરાધન સ્થાનદાનથી કેમ?

તેમાં પણ ગચ્છના સાધુઓનું પાલનપોષણનું મુખ્ય કામ ઉપાધ્યાય મહારાજનું જ હોય છે, તેને અનુસરીને તો ઘણી જગા પર શાસ્ત્રોમાં આચાર્ય ભગવંતોને ગણ એટલે ગચ્છની તપ્તિ એટલે ચિંતાથી મુકત ગણવામાં આવે છે, એટલું જ નહિ પણ તે ગણતપ્તિથી મુકતપણું આચાર્યનો ગુણ ગણાય છે. એ ઉપરથી ગણની ચિંતાનો ભાર ઉપાધ્યાયજી ઉપર હોય અને તેથી જ તેમના અધિકારમાં ભણનારને અંગે પણ સ્થાનાદિક આપવાથી ઉપાધ્યાયપદનું આરાધન ગણ્યું હોય. તે સ્વાભાવિક છે. વળી ઉપાધ્યાયપદના શબ્દાર્થમાં ભણાવવાનો અર્થ આવતો હોવાથી ભણનાર અને ભણાવનાર બંનેને સ્થાનાદિક આપવાથી જ ઉપાધ્યાયપદની આરાધના થાય એમ જે શાસ્ત્રકાર જણાવે છે તે સર્વથા યોગ્ય જ છે. ઉપાધ્યાય મહારાજને વાચના, પૃચ્છનાદિરૂપી સ્વાધ્યાય બારે અંગનો કરવાનો હોય છે, અને વાચના પૃચ્છનાદિ સ્વાધ્યાય તો ભણાનારના સદ્‌ભાવે બની શકે, માટે ભણનારની ભક્તિ દ્વારાએ ઉપાધ્યાયપદની આરાધના જણાવેલી છે. એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે અનશન અને વસ્ત્રાદિકની પ્રાપ્તિ થયા છતાં પણ ઉપાશ્રય જો અસ્વાધ્યાય રહિત ન હોય કે સ્વાધ્યાયમાં વ્યાઘાત કરનારા લોકોથી હણાયેલો હોય તો તેમાં સ્વાધ્યાય કરી કે કરાવી શકતો નથી. અન્ન અને વસ્ત્રાદિકના દાનને દેવાવાળા સ્થાન સ્થાન મળે અને તે ગરીબો પણ દઈ શકે, પણ પૂર્વે જણાવેલા ગુણવાળા સ્થાનને દેનારા ઘણા ઓછા જ ભાગ્યશાળીઓ હોય, માટે શાસ્ત્રકારે પહેલાં સ્થાનપદ ઉપાશ્રયના દાનને માટે જણાવ્યું છે.

## આરાધના માટે અશન વસ્ત્રાદિકનું દાન

જો કે સ્થાન (ઉપાશ્રય) અનુકૂળ મળ્યા છતાં પણ ભણનાર અને ભણાવનાર બંનેને અશન અને વસ્ત્રાદિકની જરૂરીયાત ઓછી રહેતી નથી કે મટી જતી નથી, માટે તે ભણનાર અને ભણાવનારને અશન તથા વસ્ત્રાદિક આપવાં તે પણ ઉપાધ્યાયપદની આરાધના રૂપે જ જણાવ્યાં છે. વળી, માર્ગના પરિશ્રમથી થાકેલા અને ગ્લાન એવા બે પ્રકારના સાધુઓને છોડીને બાકીના બધા સાધુઓને અશન અને વસ્ત્રાદિનું દાન દેવામાં જે ફળ થાય તેના કરતાં આગમ એટલે શાસ્ત્રોને ગ્રહણ કરનારા એટલે ભણનારાઓને જે અશન,

વસ્ત્રાદિકનું દાન કરાય તેમાં અત્યંત ફળ છે એમ શાસ્ત્રકારો સ્થાન સ્થાન ઉપર જણાવે છે. આ ગાથામાં એક શબ્દ ખાસ ધ્યાન ખેંચનારો છે ને તે એ કે સ્થાન, અશન અને વસ્ત્રાદિકને દેનારા એમ નહિ કહેતાં પૂરનારા એમ જણાવ્યું છે. એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે શ્રીપાળ મહારાજાએ ગામેગામ ઉપાશ્રયો કરેલા હોવા જોઈએ તથા ગામે ગામે અને સ્થાને સ્થાને ભણનાર અને ભણાવનાર યોગ્ય અશન અને વસ્ત્રાદિને પામે તેવી સગવડ કરેલી હોવી જોઈએ.

## સ્થાનાશન વસ્ત્રાદિ પૂરવાનો પ્રભાવ

વળી, તે અશન અને વસ્ત્રાદિકને દેવામાં જરૂરીયાત ગણીને જ દેવું એમ શ્રીપાળ મહારાજાને અંશે પણ હતું નહિ, પરંતુ દેવું એ જ જરૂરી છે એમ શ્રીપાળ મહારાજાના મનમાં હોવાથી શાસ્ત્રકારે તેમને અશનાદિના પૂરનાર કહ્યા. ધ્યાન રાખવાની જરૂર છે કે આરાધના કરનાર મનુષ્યો ગ્રાહકની ઈચ્છા કે જરૂરીયાતને ધ્યાન નહિ લેતાં, પોતાને મળેલી વસ્તુનો આવી રીતે મહાપુરુષોને દાન દેવા દ્વારાએ જેટલો ઉપયોગ થાય તેટલો જ સફળ છે એમ માનનારો જ હોવો જોઈએ. જ્યાં સુધી અંતઃકરણમાં સંપૂર્ણ ઉદારતાને સ્થાન મળ્યું નથી, અને યાચના કરતાં અધિક દેવાની પ્રવૃત્તિ જાગી નથી, ત્યાં સુધી આત્માની આરાધકતા થવી અસંભવિત નહિ તો દુઃસંભવિત તો જરૂર જ છે વાચકોને યાદ હશે કે દાનને અંગે થયેલી સંકુચિત દૃષ્ટિથી જ મમ્મણ શેઠને મહારાજા શ્રેણિક કરતાં પણ ઘણી મોટી રિદ્ધિ મળ્યા છતાં તે રિદ્ધિ મમ્મણ શેઠના ઉપભોગમાં આવી જ નહિ અને તે મમ્મણ શેઠ માત્ર ભંડારના પહેરેગીરની માફક રિદ્ધિનો સંચયકાર હોવા સાથે રક્ષક રહી તેજ રિદ્ધિના મમત્વને લીધે દુર્ગતિ પામ્યો. અર્થાત્ સંકુચિત દૃષ્ટિએ દેવાતું દાન આરાધકપણામાં ઉપયોગી થતું નથી એટલું જ નહિ પરંતુ ભવાંતરે પણ તે સંકુચિત દૃષ્ટિથી દીધેલા દાનના ફળ તરીકે રિદ્ધિ મળે છે, પણ તેનો ભોગ થતો નથી અને તે દુર્ગતિ આપનારી થઈ પાપ ઋદ્ધિ તરીકે જ પરમેશ્વરશાસનમાં પંકાય છે. પુણ્યરિદ્ધિ તરીકે તો તેજ ભાગ્યશાળીઓની ઋદ્ધિ ગણાય કે જેઓ સંકોચ વગર દાન દેવાવાળા હોય અને તેવા દાનના ફળ તરીકે બીજા ભવમાં અઢળક ઋદ્ધિ સમૃદ્ધિ મળે અને તેનો પોતાના કુટુંબ કે શરીરમાં જે ઉપયોગ થાય તેને નિરર્થક ગણતાં ધર્મસ્થાનમાં દાનાદિદ્વારાએ તેનો થતો ઉપયોગ જ સફળ છે એમ ગણવામાં આવે તો તેવા મનુષ્યોની ઋદ્ધિ તે પુણ્યઋદ્ધિ કહી શકાય અને આરાધક મનુષ્યને તેવી પુણ્યઋદ્ધિ જરૂર પ્રાપ્ત થાય છે, માટે શ્રીપાળ મહારાજાએ આરાધના કરી તેમાં શાસ્ત્રકારે પૂરંતો એટલે પૂરનાર એવો શબ્દ વાપરેલો છે, કેટલાકો ફકત જ્ઞાન તરફ જ રૂચિ ધરાવનારા હોઈ ભણનાર અને ભણાવનારને માત્ર સ્થાન, ભોજન અને વસ્ત્રાદિકનું જ દાન દેવાની બુદ્ધિ ધારણ કરી આરાધના કરવા માગે છે, પણ મહારાજા શ્રીપાળની સ્થિતિ તેવી નથી, કિન્તુ તેઓ તો સ્થાન અશન અને વસ્ત્રાદિ સિવાયની પણ દ્રવ્ય અને ભાવથકી ભક્તિ કરીને ઉપાધ્યાયપદનું આરાધન કરતા હતા. (આ સ્થળે પણ ઉપાધ્યાયની પ્રતિમા નથી જણાવી તેને અંગે આચાર્યપદમાં જણાવેલી પ્રતિમાની હકીકતને ધ્યાનમાં લેવાની જરૂર છે.)

## શ્રી સાધુપદને આરાધન કરવાની રીતિ.

પાંચમા સાધુપદની આરાધના મહારાજા શ્રીપાળે કેવી રીતે કરી તે જણાવે છે :-

अभिगमणवंदणनमंसणेहिं असणाइवसेहिदाजेहिं।
वेआवच्चाईहिं अ साहुपयाराहणं कुणई ॥૧૧૭૪॥

## સાધુપદ આરાધવાની વિધિ એ આચાર્યાદિની પણ આરાધના વિધિ

વાચકોએ યાદ રાખવું કે આચાર્ય અને ઉપાધ્યાય પદમાં ભક્તિ અને બહુમાન શબ્દથી

સાધુપદમાં જણાવાતાં અભિગમન (સામૈયાં કરવાં કે સામા વંદન કરવા જવું) વિગેરે સામાન્યપણે જણાવેલાં છે જ. વળી આચાર્ય અને ઉપાધ્યાય પદવીમાં દાખલ થનારા મહાપુરુષો પ્રથમ સાધુપણામાં આરૂઢ થયેલા જ હોય છે, અને આચાર્ય અને ઉપાધ્યાય પદવી વખતે પણ તેઓશ્રીમાં સાધુતાની કોઈપણ અંશે ન્યૂનતા હોતી નથી, અને એ જ અપેક્ષાએ તો શ્રી ભગવતીજીની ટીકા કરનારા આચાર્ય શ્રી અભયદેવસૂરિજી વિગેરેએ અરિહંતાદિક પાંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવાને સ્થાને સિદ્ધપરમાત્મા અને સાધુ મહાત્મા એ બે જ પરમેષ્ઠીને નમસ્કાર કરવાથી પંચ પરમેષ્ઠીનામ નમસ્કારની એકપક્ષે ચરિતાર્થતા જણાવી છે. વળી, પંચસૂત્રી, ચઉસરણ અને પ્રતિક્રમણસૂત્ર વિગેરેમાં આચાર્ય, અને ઉપાધ્યાયને મંગળ, લોકોત્તમ, અને શરણ્ય તરીકે જુદા ગણાવ્યા નથી, પણ તે આચાર્ય અને ઉપાધ્યાય બંનેને સાધુપદમાં ગણી તેઓને મંગળ, લોકોત્તમ, અને શરણ્ય તરીકે ગણી લીધા છે. એમ નહિ કહેવું કે જો સાધુપદની આરાધનાનો વિધિ સ્વતંત્ર આચાર્ય અને ઉપાધ્યાયપદમાં લેવાનો હોત તો સાધુપદના આરાધનમાં જણાવેલાં વંદન, નમસ્કાર, અશનાદિ અને વસતિનું દાન અને વૈયાવચ્ચ વિગેરે આરાધના વિધિઓ આચાર્ય અને ઉપાધ્યાયપદની આરાધના વિધિમાં કેમ જણાવ્યાં? આના સમાધાનમાં સમજવું કે જેને આચાર્ય અને ઉપાધ્યાયપદવીઓ ન હોય, તેવા સામાન્ય ગીતાર્થ કે ગીતાર્થની નિશ્રાવાળા સાધુઓને પણ વંદનાદિ કરવાં જરૂરી છે, અને તે દ્વારાએ જ સાધુપદની આરાધના થાય છે. વળી ગીતાર્થ કે તેની નિશ્રાવાળા સાધુની વૈયાવચ્ચ કરતાં આચાર્યાદિના વૈયાવચ્ચની અંદર અગણિત લાભ છે એ જણાવવાને માટે પણ આચાર્યાદિકની આરાધનામાં વૈયાવૃત્યાદિ કાર્યો સ્પષ્ટપણે જણાવવાની જરૂર છે. હવે સાધુપદના આરાધન માટે શ્રીપાળ મહારાજે કરેલો વિધિ જોઈએ. :-

## સર્વસાધુઓની આરાધના એ જ સાધુપદની આરાધના-અભિગમન (સામૈયા)નો લાભ

શ્રી શ્રીપાળચરિત્ર અને તેના રાસને વાંચવા અને સાંભળવાવાળાઓ શ્રીપાળ મહારાજની રિદ્ધિ, સમૃદ્ધિ રાજવૈભવ અને ઠકુરાઈના વિસ્તારથી અજાણ્યા હોય એમ માની શકાય જ નહિ, તો તેવા રાજવૈભવવાળા પણ સાધુપદની આરાધના માટે જે કોઈ ગીતાર્થ કે ગીતાર્થની નિશ્રાવાળા સાધુઓ આવવાના સંભળાય તે સર્વની સામા ઘણા ઠાઠમાઠની સાથે તેઓ વંદનાદિક માટે જઈ સાધુપદના આરાધનમાં તત્પર રહેતા હતા. આજકાલ કેટલાક શ્રીમંતો કે શ્રાધ્ધો માત્ર પદસ્થના પૂજારી હોઈ પદસ્થના અભિગમનાદિકને જ આચરે છે, તેઓ ખરેખર સાધુતાની કિંમત સમજ્યા જ નથી એમ કહેવું જોઈએ. સાધુતાની કિંમત સમજનાર શ્રદ્ધાળુએ તો પદસ્થ કે અપદસ્થ, ગીતાર્થ કે તેની નિશ્રાવાળો અગીતાર્થ શાસ્ત્રસમુદ્રનો પારગામી કે માત્ર અષ્ટ પ્રવચન માતાને ધારણ કરનાર ધન્નાજી સરખા તપસ્વી કે કૂરગડુ સરખા ક્ષુધાને નહિ સહન કરનાર હોઈ સમગ્ર દિવસ ભોજન કરનાર કોઈપણ પ્રકારવાળા સાધુ જો મૂળોત્તર ગુણ સહિત સાધુતાને ધારણ કરનારા હોય તો તે દરેકના અભિગમનાદિ કરવાં ઉચિત છે એમ દરેક સાધુપદના આરાધનવાળાએ સમજવું જોઈએ. યાદ રાખવાની જરૂર છે કે શ્રી ભગવતીજી, રાયપસેણી અને ઉવવાઈજી વિગેરે સૂત્રોમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે શ્રમણ મહાત્માઓના નામસ્મરણ એટલે જાપ વિગેરે કરતાં પણ સાધુ મહાત્માઓના અભિગમનાદિકમાં ફળનો હિસાબ ઘણો જ મોટો રહેલો છે. અર્થાત્ સાધુમહાત્માઓના અભિગમનની આવશ્યકતા દરેક સાધુપદના આરાધન કરનારને રહેલી જ છે એ સમજવું જોઈએ. જેવી રીતે નવા આવતા સાધુઓને સામૈયાનો આડંબર કરી શાસનની અને સાધુપદની

પ્રભાવના દ્વારાએ શ્રદ્ધાળુ પુરુષોએ સાધુતાનું આરાધન કરવાનું છે, તેવી જ રીતે પ્રતિદિન યથાશક્તિ સાધુને નિયમિત વંદન અને નમસ્કાર કરીને સાધુપદ આરાધન કરવાની જરૂર છે. દરેક સાધુની વંદનીયતા ચૈત્યવંદનમાં આવતા 'જાવંત કેવિ સાહૂ'૦ એ ગાથાને બોલનારા શ્રદ્ધાળુઓ સારી પેઠે સમજી શકે તેમ છે, અને તેથી જેઓ અમુક જ્ઞાનવાળા, અમુક પદવાળા, અમુક ગુણવાળા કે અમુક સ્થિતિવાળા જ સાધુઓને માનવાવાળા હોય તે વાસ્તવિક રીતે 'જાવંત'૦ ના પાઠને સમજતા કે માનતા નથી, અથવા તો સાધુપદનું આરાધન તેઓ કરતા નથી, કિન્તુ માત્ર પોતાના કલ્પેલા જ્ઞાનાદિક ગુણોનું અંશે આરાધન કરી સાધુતાના ઘણા ગુણોનું વિરાધન કરનારા થાય નહિ તો તેઓનું સદ્ભાગ્ય જ સમજવું.

**સર્વસાધુઓને અશન ને વસ્ત્રાદિના દાનથી જ સાધુપદનું આરાધન-એક અનુકરણીય વ્યક્તિ**

મહારાજા શ્રીપાળ જેવી રીતે સર્વ સાધુઓના અભિગમન, વંદન અને નમસ્કાર કરવા દ્વારાએ સાધુપદનું આરાધન કરતા હતા, તેવી જ રીતે તે વખતે વિદ્યમાન સર્વ સાધુઓને અશનાદિ એટલે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણ, સંથારિયાં, દંડક વિગેરે સર્વ સંયમ સાધનનાં ઉપકરણો તથા સાધુઓને માટે ઉતરવાના ઉપાશ્રયાદિ સ્થાનો દઈને સાધુપદનું સર્વ સાધુની ભક્તિ દ્વારા આરાધન કરતા હતા. (વર્તમાનકાળમાં ગામે ગામમાં ગણા રિદ્ધિમંત ગણાતા શ્રાવકો પણ કેવળ અશનાદિ દેવા દ્વારાએ પણ સાધુપદના આરાધનથી બેનસીબ રહે છે. વળી, સાધુપદની આરાધના માટે સર્વ સાધુઓને અશનાદિના દાનમાં તત્પર રહી **नमो लोए सव्वसाहूणं**ના પદની આરાધનાને કરનારા ઘણા ઓછાજ શ્રીમંતો હોય છે. તો પછી નિર્વિશેષપણે સર્વ સાધુઓને વસ્ત્ર, પાત્ર, કંબલ આદિ સર્વ સંયમના સાધનોરૂપ ઉપકરણો દઈને સાધુ પદને આરાધન કરનારો મહાપુરુષ ખોળ્યો પણ જડે તેમ નથી, પણ **रत्नगर्भा वसुंधरा** એ ન્યાયને ચરિતાર્થ કરવાને માટે જ હોય નહિ, અથવા શાસન અને સાધુતાના પ્રેમવાળા શાસનભક્તોને એક આદર્શ પૂરો પાડવા માટે હોય નહિ, તેમ એક જ શ્રીમંત રાજનગરની અંદર સર્વ સાધુઓને સંયમના સર્વ ઉપકરણો પૂરાં પાડનારો છે. તે વ્યક્તિનું નામ આ લેખક અને વાચકોથી અજાણ્યું નથી, પણ કેટલાક ઉદરંભરિઓ તેવી યોગ્ય પ્રશંસાને વ્યક્તિની લાજ, શરમ કે શેહના નામે તાણી જઈ, પોતાને અને પોતાનું સાંભળનાર આત્માઓને વિશેષે ડુબાડનારા થાય નહિ, માટે જ તે વ્યક્તિનું નામ ઉલ્લિખિત કર્યું નથી, પણ જેઓને **नमो लोए सव्वसाहूणं** એ પદ વાસ્તવિક રીતે માન્ય હોય, સાધુપદને આરાધવાની વાસ્તવિક રીતિએ જરૂર હોય, તેઓએ તે પુણ્યશાળીના કાર્યનું અનુમોદન અને તેનું અનુકરણ કરવા તૈયાર થઈ લાડી, વાડીને ગાડીની મોજમજામાં ખરચાતા લાખો રૂપિયા કરતાં આવી રીતે આરાધના માટે થતું ખર્ચ જ આત્માનો અને ધર્મનો ઉદ્ધાર કરનાર છે એમ સમજી ધર્મનું આદ્ય લક્ષણ જે ઔદાર્ય તે ખીલવવું જ જોઈએ.

**સામાન્ય સાધુઓના વૈયાવચ્ચાદિથી થતી આરાધના**

મહારાજા શ્રી શ્રીપાળ અભિગમન, વંદન, નમસ્કાર કરવાદ્વારાએ તથા અનશનાદિ અને વસિત (ઉપાશ્રય) દેવા દ્વારાએ સાધુપદનું આરાધન કરે છે એમ નહિ, પરંતુ કોઈપણ જાતના ફરક સિવાય સર્વ સાધુના વૈયાવૃત્યાદિ કરીને સાધુપદની આરાધના કરે છે. વાચકોએ યાદ રાખવાની જરૂર છે કે સુપાત્રદાન, વૈયાવચ્ચ, ભક્તિ, વંદન, ઉપદેશ શ્રવણ આદિ કાર્યોથી જે જે સત્પુરુષોએ જે જે મોટા લાભો મેળવેલા શાસ્ત્રોમાં સાંભળીએ છીએ તે બધા કોઈ આચાર્ય, ઉપાધ્યાય જેવા પદસ્થ પુરુષોના દાનાદિકને અંગે જ થયેલા છે

એમ નથી, ચક્રવર્તી મહારાજા ભરતે પહેલા ભવમાં સાધુપણામાં પણ કરેલું વૈયાવચ્ચ એકલું પદસ્થ પરમ પુરુષોનું ન હતું. વળી ચક્રવર્તીના બળને પણ ઝાંખ લગાડનાર એવા બળને ધારણ કરનારા મહાપુરુષ બાહુબલજીએ પૂર્વભવમાં કરેલી વિશ્રામણા એટલે સેવા વિગેરે તે પણ એકલા પદસ્થ પુરુષોની ન હતી. ત્રિખંડના આધિપત્યને ધરાવનાર વાસુદેવ કરતાં પણ અધિક સૌભાગ્યને ધરાવનાર શ્રી વસુદેવજીએ પૂર્વભવમાં નંદિષેણ નામે સાધુ હતા તે વખત કરેલું વૈયાવચ્ચનું કાર્ય તે પણ માત્ર પદસ્થોને અંગે ન હતું પરંતુ સામાન્ય સાધુમાત્રને અંગે હોવાથી સાધુપદની આરાધના રૂપ હતું, માટે સાધુપદની આરાધનામાં ઉદ્યુક્ત થયેલા સત્પુરુષોએ મોટા, નાના, પદસ્થ કે અપદસ્થ, કુટુંબી કે અકુટુંબી વિગેરે ભેદ સિવાય ભરત, બાહુબલી અને નંદિષેણજીની માફક સર્વ સાધુને આરાધવા માટે તત્પર થવું જોઈએ.

**સર્વ સાધુઓના વિનયાદિકને કરવાની જરૂર**

આ ગાથામાં ગ્રંથકારે આદિ શબ્દ મેલ્યો છે તેથી નિર્વિશેષપણે જેમ સર્વ સાધુના અભિગમનાદિ કરવાં, તેવી જ રીતે સર્વ સાધુઓના વિનયના કાર્યને પણ સાધુપદને આરાધવામાં તત્પર થયેલાએ જરૂર કરવું જ જોઈએ. ધ્યાન રાખવું કે શ્રાવકના વ્રતોમાં અતિથિસંવિભાગ એટલે સામાન્ય રીતે પદસ્થ કે અપદસ્થ વિગેરે સર્વ સાધુઓને આશ્રીનેજ દાનાદિક વિધાન જણાવેલું છે, માટે વ્રતધારી સત્પુરુષોએ કોઈપણ જાતના ફરક સિવાય સર્વ સાધુઓને આરાધવા તત્પર થવું જ જોઈએ, અને શ્રીપાળ મહારાજા પણ તેવી જ રીતે સર્વ સાધુઓના વિનય આદિ કાર્યો કરીને સાધુપદનું આરાધન કરતા હતા.

**શ્રી શ્રીપાલ મહારાજાએ અશનાદિનું દાન કેમ કરાય ?**

એમ શંકા નહિ કરવી કે મહારાજા શ્રીપાળ અમાત્યાદિ પાંચથી મૂર્ધાભિષિક્ત હોવાથી રાજા હતા એ ચોક્કસ છે, અને તેથી જ તેઓ અભિગમન, વંદન, નમસ્કાર, ઉપાશ્રયદાન, વૈયાવચ્ચ અને વિનયાદિથી નિર્વિશેષપણે સાધુપદનું આરાધન કરી શકે, પણ અશન, પાન આદિ દેવા દ્વારાએ સાધુપદનું આરાધન તેઓને કોઈપણ અંશે સંભવતું નથી, કેમકે અશનાદિ બાર પ્રકારનો પિંડ સાધુઓને રાજપિંડ ન કલ્પતો હોવાથી સાધુઓને કલ્પે જ નહિ, તો પછી અશનાદિ દેવા દ્વારાએ શ્રી શ્રીપાળ મહારાજે સાધુપદનું આરાધન કર્યું એમ શી રીતે માનવું ? આના સમાધાનમાં સમજવાનું કે સાધુઓના આચેલક્યાદિ દશ પ્રકારના આચારોમાં માત્ર શૈયાતર પિંડાદિક ચાર આચારે જ સર્વ તીર્થંકર મહારાજના તીર્થમાં નિશ્ચિત હોય છે, પણ આચેલક્યાદિ આચારોમાં રાજપિંડાદિ વર્જવાના આચારો સર્વ તીર્થંકરોના તીર્થમાં નિયમિત હોતા નથી. જો કે પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં આચેલક્યાદિ દશે પ્રકારના આચારો નિયમિતજ હોય છે, પણ મહારાજ શ્રીપાળ પહેલા કે છેલ્લા તીર્થંકરના શાસનમાં નહિ હોવાથી તેમના રાજ્યકારભાર વખતે કોઈપણ જાતના ફરક સિવાય સર્વ સાધુઓને અશનાદિક દેવા દ્વારાએ સાધુપદની આરાધના કરાતી હોય તો તેમાં કોઈ પણ જાતનું આશ્ચર્ય નથી. વળી એ વાત વાચકોથી અજાણી નથી કે શ્રમણ ભગવાન મહાવીર માહારાજના તીર્થમાં જ થયેલા મહારાજા સંપ્રતિએ અશનાદિક દ્વારાએ સાધુઓની ભક્તિ કરેલી છે. અર્થાત્ રાજપિંડ વર્જવો એ સાધુઓનું કર્તવ્ય છે. પણ શ્રદ્ધાસંપન્ન રાજાઓનું એ મંતવ્ય ઉચિત ન ગણાય કે હું સાધુઓને અશનાદિ આપું નહિ, કેમકે કલ્પ્યાકલ્પ્યનો વિવેક કરવાનું કામ શ્રમણ ભગવંતોનું છે. શ્રદ્ધાસંપન્ન રાજાઓનું તે કાર્ય નથી, અને આ જ કારણથી અમાત્યાદિ પાંચે મળીને મૂર્ધાભિષિક્ત થયેલો પણ રાજા જો શ્રમણ નિર્ગ્રંથોને અશનાદિકનું દાન દેવાની ભાવના કરે તો તે દૂષિત થઈ પાપબંધ કરે છે એમ કોઈ અંશે પણ માની શકાય તેવું નથી. કદાચ શંકા થાય કે

શ્રમણ ભગવાન મહાવીર મહારાજા શતાનીક રાજાને ત્યાં અભિગ્રહને વખતે ગોચરી ગયા હતા, તો તેમાં રાજપિંડનો દોષ કેમ ન ગણવો ? એના સમાધાનમાં સમજવું કે અભિગ્રહની વખત ભગવાન મહાવીર મહારાજા કોસંબીનગરીમાં ઘણી મુદત સુધી ફર્યા છે, પણ રાજા શતાનીકને ત્યાં ગોચરી ગયા હોય એવો સ્પષ્ટ ઉલ્લેખ નથી, છતાં રાજા શતાનીકે જે અભિગ્રહોની તપાસ કરી છે તે ઉપરથી કદાચ માનીએ કે રાજા શતાનીકને ત્યાં પણ ગોચરી માટે ફર્યા હોય તો પ્રથમ તો તે તીર્થંકર ભગવાન કલ્પાતીત છે, અને કલ્પાતીત શબ્દનો વ્યાખ્યાકાર એ જ અર્થ કરે છે કે આચેલક્યાદિ દશે પ્રકારના કલ્પોના વ્યવહારથી રહિત હોય તે કલ્પાતીત કહેવાય, અને આ જ કારણથી પહેલા અને છેલ્લા તીર્થંકર ભગવાનો પણ લાખ મૂલ્યવાળા ઇંદ્રે ખભે થાપન કરેલ દેવદૂષ્યને ધારણ કરનારા હોય છે. જો કે પંચકલ્પ ભાષ્યકાર મહારાજા વિગેરે શાસ્ત્રકારોએ સાધુઓને માટે તુચ્છ વસ્ત્રથી અચેલકપણું ગણી, તીર્થંકરોને માટે વસ્ત્ર હોય ત્યાં સુધી તીર્થંકરો સચેલક જ ગણાય અને તે ઇંદ્રે દીધેલા દેવદૂષ્યનું જવું થાય ત્યારે જ અચેલકપણું થાય, અર્થાત્ સાધુઓની માફક તીર્થંકર ભગવાનોને ઉપચારવાળું અચેલકપણું હોય નહિ એમ સ્પષ્ટ આચેલક્યાદિ કલ્પોની વ્યાખ્યા કતાં ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનનો અધિકાર જણાવ્યો છે, પણ તે અધિકાર માત્ર તીર્થંકરોને નિરૂપચરિત જ અચેલકપણું હોય, અને સાધુઓને ઉપચાર સહિત જ અચેલકપણું હોય, સાધુઓને કોઈપણ પ્રાકરે નિરૂપચરિત અચેલકપણું હોય જ નહિ એ જણાવવા પૂરતી જ ત્યાં હકીકત લેવામાં આવેલી છે, પણ એ ઉપરથી તીર્થંકર મહારાજાઓને કલ્પસ્થિત ગણવાની ભૂલ કરવા જેવું નથી. વળી તે અભિગ્રહની વખતે તીર્થની સ્થાપના પણ થયેલી નથી, તેથી રાજપિંડના નિષેધની સ્થિતિ પણ ત્યાં ઉભી થતી નથી, ભગવાન ઋષભદેવજીને શ્રી શ્રેયાંસકુમારે જો કે પારણું કરાવેલું છે, તો પણ ત્યાં કલ્પાતીતપણાનું અને રાજ્યકુલથી ભિન્નપણે રહેવાનું સમાધાન ઘણું જ સહેલું છે.

## અતિથિસંવિભાગમાં શ્રાવકોને દાન

એમ નહિ કહેવું કે પહેલા અને છેલ્લા તીર્થંકર મહારાજના તીર્થમાં શ્રાવકધર્મને પાળતા એવા રાજા મહારાજાઓ જો તેમના અશનાદિ બાર પ્રકારના પિંડો સાધુઓ ગ્રહણ કરે નહિ તો અતિથિસંવિભાગ નામનું વ્રત કે જે સાધુ મહાત્માઓને અશનાદિક દેવાથી જ બને છે તે કેવી રીતે આરાધે ? સમાધાનમાં સમજવાનું કે શાસ્ત્રકારો મુખ્યતાએ અતિથિથી સાધુ લે છે એ વાત ખરી, પણ ગૌણપણે અતિથિ શબ્દથી સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચારે અતિથિ શબ્દથી લેવામાં આવે છે. જેવી રીતે સાધુ અને સાધ્વીઓએ લૌકિક રીતિએ પર્વ અને તિથિઓને આરાધવાનો ત્યાગ કર્યો છે, તેવી જ રીતે સમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિવાળા શ્રાવકોએ પણ લૌકિક દૃષ્ટિના તિથિ, પર્વ અને ઉત્સવોનો ત્યાગ કરેલો જ છે, અને તેથી તેઓને પણ તે અંશે અતિથિ માનવામાં કોઈપણ જાતની અનુચિતતા હોય એમ કહેવાય નહિ અને તેથી વ્રતધારી રાજા મહારાજાઓ સમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિવાળા શ્રાવકોની અશનાદિ દ્વારાએ ભક્તિ કરી અતિથિસંવિભાગ વ્રતને આરાધતા હોય તો કાંઈ આશ્ચર્ય જેવું નથી. તત્ત્વદૃષ્ટિએ મહારાજા શ્રીપાળ મુનિસુવ્રતસ્વામીના તીર્થમાં થયેલા હોવાનું સંભવિત ગણાય, અને તેથી તે તીર્થના સાધુઓને રાજ્યપિંડ અકલ્પનીય ન હતો, અને તેથી જ મહારાજા શ્રીપાળે વસતિ અને અશનાદિ દેવાથી ભણનાર સાધુ, ભણાવનાર ઉપાધ્યાય મહારાજ અને સામાન્ય રીતે સર્વ સાધુઓને અશનાદિક સંપૂર્ણ રીતે પૂરાં કરીને ચોથું અને પાંચમું પદ આરાધ્યું હોય તો તેમાં કાંઈ નવાઈ જેવું નથી.

**શ્રી અરિહંતાદિકને જ પરમેષ્ઠી તરીકે કેમ ગણ્યા ?**

**પંચ નમસ્કારમાં ગુણો કેમ ન લીધા ?**

**જુદા ગુણોની આરાધનાની રીતિ :-**

પૂર્વે જણાવેલી રીતિ પ્રમાણે મહારાજા શ્રીપાળજીએ પંચ પરમેષ્ઠી તરીકે ગણાતા અરિહંતાદિકનું આરાધન વિધિપૂર્વક વિસ્તારથી કર્યું, અને તે અરિહંતાદિ પરમેષ્ઠીઓનું આરાધન તે અરિહંતાદિ પરમેષ્ઠીમાં રહેલા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાદિક ગુણો દ્વારાએ જ હોવાથી તે ગુણીની આરાધના દ્વારાએ ગુણોની આરાધના સ્પષ્ટપણે થઈ ગયેલી જ છે અને તેવી રીતે ગુણી દ્વારાએ ગુણોની આરાધના, ગુણીઓની વિરાધનાથી થતી ગુણોની વિરાધનાની માફક યોગ્ય જ છે, અને તેથી જ પંચપરમેષ્ઠી મહામંત્રમાં માત્ર ગુણીઓને જ નમસ્કાર કરી તે ગુણીઓની આરાધના દ્વારાએ જ ગુણોની આરાધના થવાનું સર્વ શાસ્ત્રકારોએ જણાવ્યું છે, અને શાસ્ત્રાનુસારી સકલ શ્રદ્ધાસંપન્નોએ ગુણીની આરાધનાદ્વારાએ જ ગુણોની આરાધના થાય છે એમ માની પંચ પરમેષ્ઠી મહામંત્રની આરાધનામાં જ પોતાનું ઓતપ્રોતપણું કરેલું છે.

**ગુણિ આરાધનાની મુખ્યતા કેમ ? ગુણિની આરાધનાથી ગુણ આરાધના ને વિરાધનાથી વિરાધના કેમ ?**

આવી રીતે ગુણી દ્વારાએ ગુણોની આરાધના જો કે થઈ શકે છે અને તે જ પ્રમાણે શાસનસેવકો પ્રવૃત્તિ કરે છે, તો પણ તેમાં ઉદ્દેશ્ય અને શબ્દો ગુણીને કહેનારા હોવાથી તે ગુણીઓ સાક્ષાત્ વાચ્ય થઈ મુખ્યપદે આરાધ્ય ગણાય, અને ગુણોની આરાધના સાક્ષાત્ ઉદ્દેશ્ય અને શબ્દથી વાચ્યપણામાં ન હોઈ ગૌણપણે જ ગણાય, માટે જેમ પંચ પરમેષ્ઠી સ્તવ વિગેરેમાં ગુણીની મુખ્યતાએ ગુણોની આરાધનાની કરાય છે તેમ નવપદના સમ્યગ્દર્શનાદિપદોમાં ગુણોની મુખ્યતા દ્વારાએ ગુણીની ગૌણતા કરીને આરાધના કરાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી, જો કે ગુણો, ગુણી સિવાય ભિન્ન કે અન્યત્ર હોય જ નહિ, અને તેથી જ ગુણીઓની વિરાધનામાં જ ગુણોની વિરાધના અને ગુણીઓની આરાધનામાં જ ગુણોની આરાધના ગણેલી છે, અને તેથી જ જિનેશ્વરભગવાનઆદિની ભક્તિ કરનારાઓને કેવળજ્ઞાન પ્રાપ્તિ આદિ ફળો અને વિરાધના કરનારને દુર્લભબોધિપણું આદિ દૂષણો થવાનું શાસ્ત્રકારો સ્થાન સ્થાન પર જણાવે છે, અને તેથી જ કુળ, ગણ અને સંઘના પ્રત્યનીકોને દુર્લભબોધિ અને અનંત સંસારી થવાનું શાસ્ત્રકારોએ જણાવ્યું છે, એટલું જ નહિ પણ સમગ્ર ગુણોને ગુણરૂપ માનવાવાળા છતાં પણ ગુણવાળા એવા એક પણ સુદેવને કુદેવ તરીકે માને કે સુગુરુને કુગુરુ તરીકે માને, તો ગાઢ મિથ્યાત્વ જણાવવામાં આવે છે એટલે સર્વ ગુણોના થતા આદરનું ફળ એક જ ગુણીના અનાદર કે અવજ્ઞા ભાવને લીધે નાશ પામી, સંસારની વૃદ્ધિ થવાનો પ્રસંગ આવે છે, અને તેથી જ સર્વ ગુણોને અને ત્રેવીસ તીર્થંકરોને માનવાવાળો એવો ગોશાલો ફક્ત ભગવાન મહાવીર મહારાજરૂપી એક જ ગુણી વ્યક્તિની વિરાધના કરવાથી અનંત સંસારને ઉપાર્જન કરનાર થયો, માટે ગુણોની આરાધના કરવાની ઈચ્છાવાળા જીવોને એક પણ ગુણીનો અનાદર કરવો કે અવજ્ઞા કરવી પાલવે જ નહિ, અને આ જ કારણથી પંચ પરમેષ્ઠીની અંદર ગુણીઓની આરાધનાનો જ ઉદ્દેશ રાખવામાં આવેલો છે, પણ ગુણીઓની આરાધના કરનાર મનુષ્યે તે ગુણીઓના ગુણોનું બહુમાન અંતઃકરણમાં ઓતપ્રોત કરવું જ જોઈએ, તે જ માટે શ્રી સિદ્ધચક્રજી એટલે શ્રી નવપદજીમાં અરિહંત મહારાજા આદિ ગુણીઓની માફક સ્પષ્ટપણે સમ્યગ્દર્શનાદિ ગુણોનું આરાધન જુદું જણાવેલું છે. ગુણીઓનું દર્શન તથા જ્ઞાન પહેલાં થતાં હોવાથી અને ગુણોનું દર્શન અને જ્ઞાન પછી થતાં હોવાથી શ્રી સિદ્ધચક્ર એટલે નવપદજીમાં પહેલાં અરિહંત

વિગેરેનાં પાંચ પદો કે જેમાં પહેલાં બે દેવતત્વની અપેક્ષાવાળાં છે અને આચાર્યાદિ ત્રણ પદો ગુરુતત્ત્વની અપેક્ષાવાળાં છે એમનું આરાધન જણાવી, પણ સમ્યગ્દર્શનાદિ રૂપ ધર્મ કે જે અરિહંતાદિમાં સંપૂર્ણપણે રહેલો છે અને તેથી જ તે અરિહંતાદિકની આરાધનાથી ગુણની આરાધના, ધર્મીની આરાધનાથી ધર્મની આરાધનાની માફક થઈ જાય છે, છતાં સમ્યગ્દર્શનાદિની મુખ્યતા રાખી, તે સમ્યગ્દર્શનાદિ રૂપી ગુણો કહો કે ધર્મો કહો તેમનું આરાધન કરવા માટે ચાર પદો રાખેલાં છે અને તેની ઓળીના ચાર છેલ્લા દિવસોમાં આરાધના કરવામાં આવે છે.

## ગુણીઓની આરાધનામાં શક્યતા, પણ ગુણોની આરાધનામાં અશક્યતા (ગુણિઓની જ પર્યુપાસના)

અરિહંતાદિક પાંચે ગુણીપદો એટલે દેવ અને ગુરુના તત્વને આરાધવાનાં પદો છે, ત્યારે સમ્યગ્દર્શનાદિ ચાર ગુણપદો એટલે ધર્મના સ્વરૂપે રહેવાવાળાં એ પદો છે, એકંદર નવપદમાં પાંચ પદો દેવ અને ગુરુરૂપી ગુણીઓને આરાધવા માટે છે, જ્યારે સમ્યગ્દર્શનાદિ ચાર એ ધર્મરૂપી ગુણને આરાધન કરવા માટે છે. હવે આ વાત તો દરેકના ધ્યાનમાં છે કે ગુણીનું પ્રત્યક્ષ એટલું બધું ઉપયોગી નીવડે છે કે સ્વતંત્ર રીતે, તેનું ગ્રહણ, તેનો ત્યાગ તેને વંદન, તેને નમસ્કાર, તેની પર્યુપાસના એ બધું તેવા પ્રત્યક્ષને પ્રતાપે જ થઈ શકે છે, પણ ગુણનું પ્રત્યક્ષ જો કે થઈ શકે છે, પણ તે તેવી રીતનું હોતું જ નથી, કે જેથી તેની સામા જવાય કે સ્વતંત્રપણે તેને વંદન કરાય કે નમસ્કાર કરાય. વળી પર્યુપાસના તો કેવળ સેવારૂપ હોવાને લીધે ગુણની ન બનતાં ગુણીની જ બની શકે છે, અને તેથી સાધુ આદિને વંદનના અધિકારમાં પ્રદક્ષિણા, વંદન, નમસ્કાર, સત્કાર અને સન્માનની હકીકત જણાવતાં ઉપમાનરહિતપણું રાખી પર્યુપાસનાના અધિકારમાં કલ્લાણં મંગલં દેવયં ચેઇયં એ પદોથી સાક્ષાત્ કલ્યાણ આદિ કરનારાં પ્રતિમાદિક ઉપમાને સ્થાને લેવા પડ્યાં. આ કહેવાની મતલબ એટલો જ કે નમસ્કાર આદિ દ્વારાએજ કેવળ ગુણની આરાધના થઈ શકે, અને ગુણીની આરાધના નમસ્કાર આદિ કરવા દ્વારાએ અને પર્યુપાસનાદિ દ્વારાએ પણ થઈ શકે છે, એટલે અરિહંતાદિક પાંચ પદોમાં યંત્રમાં અને જાપમાં **नमो अरिहंताणं** વિગેરે લેવા દ્વારાએ નમસ્કાર આદિરૂપ આરાધના અને તેમની પ્રતિમાની કે સાક્ષાત્ વ્યક્તિની પર્યુપાસના દ્વારાએ તે તે પદની આરાધના થઈ શકતી હોવાથી આગળની ગાથાઓમાં તે પાંચે પ્રકારના ગુણીઓની આરાધના તેઓની પર્યુપાસના આદિ દ્વારાએ જણાવી, પણ આગળના સમ્યગ્દર્શનાદિ ચાર ગુણરૂપપદો હોવાથી તેની આરાધના કેવળ નમસ્કાર આદિ દ્વારાએ જ કરી શકાય કે બીજી કોઈ રીતે કરી શકાય ?

## નવપદમાં સ્વતંત્રપણે ગુણ આરાધન લેવાનું કારણ

જો કે એકલા ગુણોની સ્વતંત્રપણે આરાધના એકલા નમસ્કાર આદિ દ્વારાએ જ કરી શકાય, પણ શાસ્ત્રોમાં મતિજ્ઞાન આદિ જ્ઞાનરૂપી ગુણો, કે પ્રતિક્રમણ આદિ ક્રિયાઓના નિક્ષેપા કરતી વખતે શાસ્ત્રકારો તે મતિજ્ઞાનઆદિ ગુણોવાળાને અને પ્રતિક્રમણ આદિ ક્રિયા કરનારાઓને સ્થાપના રૂપે સ્થાપના નિક્ષેપામાં સ્થાપે છે, તેવી રીતે અહીં પણ સમ્યગ્જ્ઞાન આદિએ સહિત જ અરિહંતો હોવાથી સમ્યગ્દર્શનાદિની આરાધના પણ અરિહંતાદિકની આરાધના દ્વારાએ કરી શકાય છે, પણ અન્યત્ર સિદ્ધ એવા ગુણોને જ નિક્ષેપામાં લેવાના હોવાથી ત્યાં કેવળ ગુણવાળાઓની આરાધના અને સ્થાપના કરવાની જરૂર પડે છે, અને તેથી તેવી જગા પર ગુણીની પર્યુપાસના દ્વારાએ ગુણોની વંદના અને

પર્યુપાસના થઈ ગણી શકાય, પણ આ નવપદની અંદર એકલી સિદ્ધ એવા સમ્યગ્દર્શનાદિ ગુણોની આરાધના ન લેતાં તે સમ્યગ્દર્શનાદિને ઉત્પન્ન કરનારા કાર્યો દ્વારાએ પણ તે સમ્યગ્દર્શનાદિની આરાધના ગણી છે, અને તેથી સિદ્ધ એવાં ગુણોની અરિહંતાદિ પાંચ પરમેષ્ઠીરૂપી ગુણીને આરાધવા દ્વારાએ આરાધના થઈ જાય, પણ સમ્યગ્દર્શનાદિને ઉત્પન્ન કરવાવાળાં કાર્યોને આચરવારૂપ આરાધના અરિહંતાદિ ગુણીદ્વારાએ મુખ્યપણે થતી નથી, માટે સમ્યગ્દર્શનાદિને ઉત્પન્ન કરવાવાળાં કાર્યો કરવા આદિદ્વારાએ સમ્યગ્દર્શનાદિની આરાધના કરવા માટે અરિહંતાદિ ગુણીની આરાધનાની માફક જુદી આરાધનાની જરૂર છે, અને તેથી જ સમ્યગ્દર્શનાદિ ચાર પદોની આરાધના મેળવી નવપદોની આરાધના કરવામાં આવી છે.

મહારાજા શ્રીપાળ દર્શનપદની આરાધના કેવી રીતે કરે છે તે માટે આ ગાથા જુઓ :-

रहजत्ताकरणेणं सुतित्थजत्ताहिं संघपूआहिं ।
सासनपभावणाहिं सुदंसणाराहणं कुणइ ॥११७५॥

શ્રી શ્રીપાળ મહારાજા અરિહતાદિ ગુણી મહારાજાઓને આરાધવાદ્વારાએ તો તેઓમાં રહેલા સમ્યગ્દર્શનાદિ ગુણોને આરાધન કરવાવાળા તથા તે અરિહંતાદિ ગુણીઓની આશાતના વર્જવા દ્વારાએ સમ્યગ્દર્શનાદિ ગુણોની વિરાધનાને વર્જવાવાળા હતા જ, છતાં સમયગ્દર્શનાદિને ઉત્પન્ન કરનાર તથા સ્થિર કરનાર વિગેરે કાર્યોનું કરવું તે પણ સમ્યગ્દર્શનનું આરાધન હોવાથી સમ્યગ્દર્શનને ઉત્પન્ન કરવાવાળી ક્રિયામાં પ્રથમ રથયાત્રાની ક્રિયા કરવા દ્વારાએ સમ્યગ્દર્શનની આરાધના કરે છે.

**રથયાત્રાની પ્રાચીનતા ને જરૂરીયાત**

એ વાત તો જૈનજનતાની જાણ બહાર નથી કે મહારાજ સંપ્રતિ જે કાંઈ ધર્મ પામી શક્યા, ધર્મનો ઉદ્યોગ કરી શક્યા, નવીન ચૈત્યો અને જીર્ણોદ્ધારોથી ત્રિખંડ પૃથ્વીને ભૂષિત કરી શક્યા, મહારાષ્ટ્ર, આંધ્ર, દ્રવિડ જેવા અનાર્ય દેશોમાં પણ ચૈત્યોની સ્થાપના અને પ્રથમ વેષધારી સાધુઓને મોકલ્યા પછી સાચા સાધુઓને મોકલીને ધર્મની ધ્વજા ફરકાવી શક્યા, તે બધા પ્રભાવનું મૂળ દેખીએ તો રથયાત્રા જ છે, કેમકે તે વખતના શ્રમણોપાસક સંઘે રથયાત્રા કરવી એ સમ્યગ્દર્શન આરાધનની મૂળ ક્રિયા છે એમ ધારી જો રથયાત્રા કાઢી ન હોત તો ભગવાન આર્યસુહસ્તિસૂરિજીને કોઈપણ પ્રકારે દરબારગઢ આગળ આવવાનું બનત નહિ, તથા જન્મ થવાની સાથે જ દાદાએ આપેલી ગાદીના માલિક બનવાથી, પિતાએ (કુણાલે) પુત્રના (સંપ્રતિના) જન્મસંબંધી હકીકત જણાવતાં કહેલા સંપ્રતિશબ્દથી જે સંપ્રતિ નામે જાહેર થયા હતા તે મહારાજા સંપ્રતિ દશપૂર્વધર હોવાથી જિનની તુલનામાં તોળી શકાય એવા આચાર્ય ભગવાન સુહસ્તિસૂરિજીના દર્શન પામવા ભાગ્યશાળી થાત જ નહિ, એટલે સ્પષ્ટ જ છે કે શ્રમણોપાસક સંઘે કરેલી રથયાત્રાના પ્રભાવે જ મહારાજા સંપ્રતિ અને આચાર્ય ભગવાન સુહસ્તિસૂરિજીનો સંયોગ થયો. જો કે શ્રમણોપાસક સંઘે તો સમ્યગ્દર્શનપદની આરાધના માટે તે રથયાત્રાનો મહોત્સવ કરેલો હતો, છતાં તે રથયાત્રાના મહોત્સવથી તે શ્રમણોપાસક સંઘને સમ્યગ્દર્શનની આરાધના થઈ, તેની સાથે મહારાજા સંપ્રતિને આચાર્ય ભગવાન સુહસ્તિસૂરિજીના દર્શનનો લાભ થયો, અને તે દર્શનના લાભથી જ સંપ્રતિ મહારાજા જાતિસ્મરણ જ્ઞાનને પામી સમ્યગ્દર્શન પામવા સાથે ધર્મની અદ્વિતીય પ્રભાવના કરવાવાળા થયા. આ બધી હકીકત ધ્યાનમાં રાખનારો જૈન સમ્યગ્દર્શનની આરાધના માટે રથયાત્રાની ક્રિયા ઘણા ઠાઠમાઠથી કરવી કેટલી જરૂરી છે એ સમજ્યા સિવાય રહેશે નહિ. વળી મહારાજા કુમારપાળે પરમાર્હતપણાના એકછત્રપણામાં રહેલા પાટણ શહેરમાં રથયાત્રા

નામની યાત્રા કરી, ધર્મની કેવી જયપતાકા ફરકાવી હતી, તે વાત કુમારપાળ મહારાજના ચરિત્રને જાણવાવાળાઓથી અજાણી નથી, અર્થાત્ જેમ સંપ્રતિ મહારાજને ધર્મમાં લાવનારી રથયાત્રા થઈ છે, તેવી રીતે ધર્મમાં આવેલા કુમારપાળ મહારાજાના શુદ્ધ ધર્મને શોભાવનારી પણ એ રથયાત્રા જ થઈ છે. વળી, પદ્મ નામના ચક્રવર્તીની માતા જ્વાલાએ ત્રિલોકનાથ તીર્થંકરનો રથ જો પહેલાં નીકળે નહિ તો મરી જવાની કરેલી પ્રતિજ્ઞા જેના ખ્યાલમાં હશે તે મનુષ્ય જનાનામાં પણ રહેનારી રાણીઓની રથયાત્રા દ્વારાએ સમ્યગ્દર્શનપદ આરાધવા માટે કેટલી ભક્તિ હોવી જોઈએ તેનો ખ્યાલ કરી શકશે. (જો કે પદ્મોત્તર રાજાએ લક્ષ્મીનો બ્રહ્મરથ અને જ્વાલાનો જિનરથ અને બંને રથો ગામમાં ફરતા બંધ કર્યા હતા, પણ અંતમાં જ્વાલા મહાદેવીના પુત્ર પદ્મ રાજાએ ચક્રવર્તિપણું મેળવ્યા પછી પણ માતાએ કરાવેલા જૈનરથનું અટકવું એ માતાનું મહા અપમાન છે, એમ ગણી તે માતાના કરાવેલા જૈન રથને આડંબરથી શહેરમાં ફેરવી અગ્રપદે મેલ્યો.)

## રથયાત્રા એ શ્રાવકોનું જરૂરી વાર્ષિક કૃત્ય

આ રથયાત્રાની ક્રિયા દરેક શ્રાવકે વર્ષમાં એક વખત ઓછામાં ઓછી કરવી એવું શ્રાદ્ધવિધિ વિગેરે ગ્રંથોનું ફરમાન છે, કેમકે ત્યાં શ્રાવકના વાર્ષિક કૃત્યો ગણાવતાં उत्तत्तिगं એમ કહી ચૈત્યયાત્રા અને તીર્થયાત્રા જણાવવાની સાથે રથયાત્રા નામની યાત્રાને પણ વાર્ષિક જરૂરી કૃત્ય તરીકે જણાવી છે. દરેક ધર્મપ્રેમી સજ્જન સ્પષ્ટપણે જોઈ શકે છે કે રથયાત્રાના પ્રસંગને લીધે જૈનધર્મની અને સાથે સાથે જૈનધર્મના સદ્ગુરુ તથા તેના આરાધકોની સ્થિતિ જાણવાની જિજ્ઞાસા ઘણા અન્ય વર્ગને થાય છે અને ઘણો સાધારણ વર્ગ તેવી તે ધર્મપ્રધાન રથયાત્રાની ક્રિયાને દેખીને ધર્મ અને ધર્મીની અનુમોદના કરનારો થાય છે, તો એવી રથયાત્રાની ક્રિયાને શાસ્ત્રકારો વાર્ષિક કૃત્યોમાં જણાવે તેમાં તથા શ્રી રત્નશેખરસૂરીશ્વરજી વિગેરે દર્શનપદની આરાધનામાં પહેલે નંબરે રથયાત્રાની ક્રિયાનો જ ઉલ્લેખ કરે તેમાં કોઈપણ જાતનું આશ્ચર્ય નથી. જૈનેતર જાહેર પ્રજાને જૈનધર્મ સંબંધી જાહેરાત, જિજ્ઞાસા, અનુમોદના કે તે ધર્મને કરવાની અભિલાષા ઉત્પન્ન કરનારો કોઈપણ પ્રસંગ હોય તો તે રથયાત્રાદિક મહોત્સવ જેવા જ પ્રસંગો છે. અર્થાત જગતમાં જૈનધર્મ અને જૈન જનતા જાગતાં છે એવું દેખાડનારી કોઈપણ ક્રિયા હોય તો આ રથયાત્રાદિકની મહોત્સવક્રિયા જ છે, અને તે અપેક્ષાએ શ્રીપાળ મહારાજા સમ્યગ્દર્શનની આરાધનામાં રથયાત્રાની ક્રિયાને અગ્રપદ આપે છે તે યોગ્ય જ છે.

## રથયાત્રાનો જગતમાં શાસનશોભામાં મોટો ફાળો

વર્તમાનમાં જેઓને કલકત્તાના કાર્તિક સૂદિ પૂર્ણિમાના રથયાત્રાના મહોત્સવનો ખ્યાલ હશે, પાવાપુરીજીના દીપાલિકાના મહોત્સવનો ખ્યાલ હશે, શ્રી કેશરીયાજી તીર્થમાં જન્મદિવસે નીકળતા વરઘોડાનો ખ્યાલ હશે, જૈનોની રાજધાની એવા રાજનગરની અંદર ત્રિલોકનાથ ચરમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર મહારાજના પાંચે કલ્યાણકની રથયાત્રાનો જેને ખ્યાલ હશે, પાટણ, ખંભાત, સુરત, મુંબઈ, જામનગર, રાધનપુર, વિગેરે જૈનોના અનેક મોટા સ્થાનોમાં કરાતી રથયાત્રાની ક્રિયાની લોકો તરફથી કરાતી અનુમોદના જેણે ખ્યાલમાં લીધી હશે, તેવો મનુષ્ય તો સ્વપ્ને પણ તેવી રથયાત્રાની ક્રિયાને સમ્યગ્દર્શનના આરાધનમાં ઉપયોગી તરીકે માન્યા સિવાય રહેશે જ નહિ. જો કે સમ્યગ્દર્શનની આરાધના માટે તથા જૈનશાસનની પ્રભાવના માટે રથયાત્રાની ક્રિયા કરવી જરૂરી કાર્ય તરીકે જણાવી છે, તો પણ તે રથયાત્રાની ક્રિયા તેના વાસ્તવિક ફળને ત્યારેજ દેવાવાળી થાય કે જ્યારે તે ક્રિયાની વિધિ લાયક રીતિએ જળવાય અને તે લાયકની રીતિને માટે નીચે મુજબ વિધિ જાળવવી જરૂરી છેઃ-

## સર્વ શાસન રસિકોએ આવવું જોઈએ

### રથયાત્રા વખતે શાસનરસિકોનો સેવા ઉપયોગ

૧. રથયાત્રા જો કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના બહુમાનને અંગે તથા શાસનની ઉન્નતિને માટે હોય છે, છતાં આજકાલ તે તીર્થંકર ભગવાન અને શાસનના અંગને મુખ્ય તરીકે ગણવામાં નથી આવતું પણ તે રથયાત્રા કાઢનાર વ્યક્તિ મુખ્ય અંગ તરીકે બને છે, અને તેથી જેના તરફથી રથયાત્રા કાઢવામાં આવી હોય તે વ્યક્તિ જો મોભાદાર હોય તો તેણે કરાવેલી રથયાત્રામાં માણસોની મેદની જામે છે, અને જો રથયાત્રા કરાવનારા વ્યક્તિ મોભાદાર ન હોય તો તે રથયાત્રામાં મનુષ્યોની હાજરી ઘણી જ ઓછી હોય છે. આ ઉપર જણાવેલી વાત વર્તમાન જમાનામાં પ્રવર્તતી અને અનુભવસિદ્ધ હોવાથી એમ માનવું જ પડશે કે આ પ્રવૃત્તિમાં સુધારાને ઘણો અવકાશ છે. અર્થાત્ રથયાત્રાનો મહોત્સવ મોભાદાર વ્યક્તિ તરફથી હોય કે સામાન્ય વ્યક્તિ તરફથી હોય, પણ જો તે રથયાત્રાનો મહોત્સવ ત્રિલોકનાથ તીર્થંકરને ઉદ્દેશીને છે, તો ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના દરેક ભકતોએ રથયાત્રાના મોભાદારને ખ્યાલમાં રાખ્યા સિવાય હાજરી આપવી જ જોઈએ. વાચકોમાંથી કેટલાક વાચકોને રાજા, મહારાજાના ખાણાના મેળાવડાની માહિતી હશે, અને તે વાત તેઓ વિચારશે તો માલમ પડશે કે તે રાજા, મહારાજાના ખાણામાં ખાણું આપનારની સ્થિતિ ઉપર ખાણાની મહત્તા નથી હોતી, પણ ખાણું લેનાર રાજા, મહારાજા આદિ વ્યક્તિની મહત્તા ઉપર જ ખાણાની મહત્તાનો આધાર રહે છે. તેવી રીતે અહીં પણ રથયાત્રા કરાવનારની મહત્તા તરફ લક્ષ્ય જાય તે કરતાં ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની પૂજા અને શાસનની પ્રભાવના તરફ જ લક્ષ્ય રહેવું જોઈએ, અને તેથી તત્ત્વદૃષ્ટિવાળા કે વ્યવહારથી નામમાત્ર ધરાવનારા જૈનોએ તેવી હરેક રથયાત્રામાં હાજરી આપવી જ જોઈએ. આ વાત જ્યારે ધ્યાનમાં લેવાશે ત્યારે જ રથયાત્રામાં નહિ પધારનાર મુનિ મહારાજાઓને શાસ્ત્રકારોએ જે પ્રાયશ્ચિત જણાવ્યું છે તેનું રહસ્ય સમજવામાં આવશે.

## શરૂથી અંત સુધી રથયાત્રાના ઉત્સવમાં રહેવું

૨. આજકાલ મોટા શહેરોમાં કે તીર્થસ્થાનોમાં રથયાત્રાનો પ્રસંગ ઘણી વખત આવે છે, પણ કેટલાક મહાનુભાવો તે રથયાત્રાને માત્ર લોકદેખાવનો પ્રસંગ ગણી બજાર જેવા ભાગમાં જ પોતાની હાજરી ઉપયોગી ગણી ભક્તિ જણાવે છે, પણ તેઓએ ધ્યાન રાખવું જોઈએ કે લગ્નના વરઘોડામાં તેઓ માંડવેથી શરૂ થઈ તોરણ સુધી હાજરી આપે છે, તેમાં કોઈપણ સદગૃહસ્થ બજારનો શોભાનો ગાંઠીયો બનતો નથી. તો પછી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની રથયાત્રામાં શાસન રસિક સજ્જનોની આદિથી અંત સુધી હાજરી ન રહે અને શ્રીમંતની શહેરમાં તણાઈને શ્રીમંત તરફથી રથયાત્રા હોય ત્યારે જ રથયાત્રામાં સામેલ થવાનું કરે, અને તે પણ માત્ર બજાર જેવા લત્તામાં શોભાના ગાંઠીયા તરીકે હાજરી રહે તે કોઈપણ પ્રકારે શોભતું નથી. શાસન રસિક સજ્જનોએ તે રથયાત્રાના મહોત્સવને અપૂર્વ અવસર ગણી અથથી ઈતિ સુધી હાજરી આપવી જ જોઈએ. રાજર્ષિ મહારાજા કુમારપાળની રથયાત્રા વખતે સિંહદ્વાર એટલે દરબારની આગળ સમગ્ર ચતુર્વિધ સંઘની હાજરી કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરિજી સૂચવે છે તે ઉપર ધ્યાન દેવાની જરૂર છે.

## રથયાત્રાની અવશ્ય કર્તવ્યતા

૩. રથયાત્રાનો મહોત્સવ એ જૈનધર્મને જીગરથી માનનારા મહાપુરુષો માટે શાસન

પ્રભાવનાનું અપૂર્વ કાર્ય હોવાથી તે કાર્ય સ્વ દ્વારાએ થાઓ કે અન્ય દ્વારાએ થાઓ પણ તે સર્વ પ્રકારે ધર્મની પ્રભાવના કરનાર હોવાથી તેને સર્વ પ્રકારે સર્વ લોકોને અનુમોદનાનું કારણ બનાવવું એ ધર્મિષ્ઠોની પહેલી ફરજ છે, આ રથયાત્રા એટલી બધી જરૂરી ચીજ છે કે એને પંચાગીકારોએ શાસન પ્રભાવનાના કાર્ય તરીકે ચોખ્ખા શબ્દોમાં જણાવી છે. સંપ્રતિ મહારાજે રથયાત્રા ઘણા જ આડંબરથી કરી એમ પરિશિષ્ટપર્વમાં કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે. વળી, શ્રીકુમારપાળ મહારાજની રથયાત્રા શ્રીકુમારપાળ મહારાજના ચરિત્રમાં સારા વિસ્તારથી વર્ણવવામાં આવી છે. શ્રી શ્રાદ્ધવિધિ વિગેરે શાસ્ત્રોમાં તો તે રથયાત્રા નામની યાત્રાને શ્રાવકના વાર્ષિક કૃત્ય તરીકે વર્ણવવામાં આવી છે. વળી શ્રાવકોના કર્તવ્યોનું પરિગમન કરનાર मन्नहजिणाणंની સજ્જાયમાં પણ વ્યવહાર શુદ્ધિની સાથે રથયાત્રાને પણ શ્રાવકના કર્તવ્ય તરીકે જણાવે છે, તો દરેક જૈનની ફરજ છે કે તે દરેક રથયાત્રાને પોતાના કાર્ય તરીકે સમજી અપૂર્વ વીર્યોલ્લાસ સાથે તેમાં ભાગ લે.

### રથ ખેંચવો કે વાહન જોડવાં

૪. જો કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોના રથો એકલા શ્રાવક ભકતોએ ખેંચવા જ જોઈએ એવો નિયમ નથી, કેમકે મહારાજા સંપ્રતિ તરફની રથયાત્રામાં શ્રાવકોએ પોતે ત્રિલોકનાથ તીર્થંકરોના રથો ખેંચેલા છે, અને રાજર્ષિ પરમાર્હત કુમારપાળ મહારાજાની રથયાત્રામાં જ્યારે રથે હાથીઓ જોડવામાં આવેલા છે, અને શ્રાદ્ધ વિધિ વિગેરેમાં રથયાત્રામાં બળદ વિગેરેને રથમાં જોડેલાનો અધિકાર ચાલે છે, તેથી સર્વથા એમ તો કહી શકાય જ નહિ કે રથને શ્રાવકોએ જ ખેંચવો કે વાહનો જ જોડવાં, કિન્તુ જ્યાં જેવી રીતની સગવડ હોય, અને શ્રાવકોને અનુકૂળતા રહે તેવી રીતે શ્રાવકો ત્યાં ત્યાં પ્રવૃત્તિ કરે, કેમકે જૈનશાસ્ત્ર પૂજાદિક વિધિઓને અંગે સાંસારિક સર્વ પ્રકારની નિરપેક્ષતાને આગળ કરતા નથી, પરંતુ મિથ્યાત્વાદિક વર્જવાના પ્રસંગમાં જ સાંસારિક સર્વ પ્રકારની નિરપેક્ષતાને જરૂરી ગણે છે, અને તેથી જ ત્રિલોકનાથ તીર્થંકરની પૂજામાં મુખ્યતાએ ત્રણ સંધ્યારૂપી પૂજાનો કાળ જણાવ્યો પણ તે ત્રણ કાળનો નિયમ કરી, તે ત્રણ સંધ્યારૂપી ત્રણ કાળે જ થાય, પણ અન્ય કાળે ન થાય એવું નહિ જણાવતાં સંસારની સ્થિતિમાં બાધ ન આવે તેવી વખતે જિનપૂજા કરવી એમ જણાવી ગૌણપણે કાળનું અનિયમિતપણું કરી નાખ્યું, એટલું જ નહિ પણ ખુદ્ પૂજા કરવાના વિધાનમાં પણ નાસિકા બાંધવાનું જરૂરી જ છે એમ નહિ ગણતાં પૂજા કરનારને સમાધિ રહે તો બાંધવી, અને સમાધિ ન રહે તો બાંધ્યા સિવાય પણ પૂજા કરી શકાય એમ જણાવી ધર્મકાર્યને અંગે સર્વથા સંસારથી નિરપેક્ષપણું દરેક વખત હોવું જ જોઈએ એવી માન્યતાને સ્થાન આપ્યું નથી, અને તેથી શાસન રસિકોએ રથ હાથે જ ખેંચવો કે વાહનથી જ જોડવો એ બેમાંથી એકે નિયમ કરી શકીએ નહિ. છતાં વર્તમાન જમાનામાં જ્યારે રાજા, મહારાજાઓની ગાડીઓ, કોંગ્રેસ જેવી સંસ્થાના પ્રમુખોની ગાડીઓ, સરકારને કે પ્રજાને અનુકૂળ એવા આગેવાનોની ગાડીઓ, કોન્ફરન્સ, જેવું એક કહેવાતું કોમી મંડળ તેના નાયકની ગાડીઓ, જ્યારે તેની તરફ લાગણી ધરાવનારાઓ પોતાના હાથે ખેંચે ત્યારે તે જ ખેંચનારા અગર તેના સહયોગીઓ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના રથને હાથે ખેંચે તે અનુચિત નહિ પણ સર્વથા ઉચિત છે એમ કહેવું પડશે. શ્રદ્ધાળુ લોકોની ધ્યાન બહાર એ વાત નહિ જ હોય કે જે વસ્તુ જગતમાં બહુમાનના સાધન તરીકે ગણવામાં આવે છે, તેજ વસ્તુ ધર્મકાર્યમાં પણ બહુમાનના સાધન તરીકે ગણાય છે, અને તેથી સ્વામી તરીકે સ્વીકારાયેલાનું

પણ વાહન જો બહુમાને અંગે હાથે ખેંચવામાં આવતું હોય તો પછી ત્રિલોકનાથ તીર્થંકરનો રથ સર્વ શાસનપ્રેમીઓએ હાથે ખેંચવો જ જોઈએ, અને તે જ તીર્થંકર ભગવાનોનું બહુમાન છે એમ સમજવું જોઈએ.

## શાસન રસિકોને રથયાત્રાની રસિકતા

૫. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોના રથો ચાંદી અને સોનામય હોય અને હીરા, મોતી તથા રત્નથી મઢેલા હોય, તે દેખીને શાસન રસિક સજ્જનોને તો શું પણ જૈનેતરોને પણ ખરેખર ધર્મની અનુમોદના કરવાનો પ્રસંગ આવે પણ જગતમાં જેમ બને છે કે સજ્જનના સમુદાયને સરસ રીતે સંતોષ કરનારી સજાવટ ઈતર મનુષ્યોને સંતોષકારક નહિ થાય એટલું જ નહિ પણ ઘણી જ અસંતોષ કરનારી થાય છે, તેવી રીતે આ રથયાત્રા પણ શાસનની અદ્વિતીય શોભા વધારનાર હોઈ તેને લીધે શાસન રસિકો જૈનેતરોને અપૂર્વ આનંદ થવા છતાં કેટલાક તેવી સ્થિતિમાં રહેલા સહેલાણી સજ્જનોને તે રથયાત્રાનો મહોત્સવ કે તે રથની સાહેબી ચૂંક લાવનારી થાય, તેમાં શાસન સેવકોનો કાંઈ ઉપાય નથી. ભગવાન હરિભદ્રસૂરિજી વીસવીસી પ્રકરણમાં જેમ જણાવે છે કે જે કાર્યોમાં સજ્જનોને સંતોષ હોય તે કાર્યો કદાચિત દુર્જનોને અસંતોષ ઉત્પન્ન કરે તો પણ તે કાર્યો સમજુ પુરુષોએ કોઈ દિવસ પણ બંધ કરવાં જોઈએ નહિ, કિન્તુ તે દુભાવાવાળા દુર્જનો ઉપર દયાબુદ્ધિ રાખી સજ્જનને સંતોષ કરનારી પ્રવૃત્તિને દિનપ્રતિદિન ધપાવ્યે જ જવી જોઈએ, તેવી રીતે આ રથયાત્રાનો મહોત્સવ અગર રથના મહિમાને અંગે પૈસાના પૂજારી, કાલીના કુલીઓ અને દેશનો દ્રોહ કરવાવાળા છતાં પણ માત્ર બોલવાથી જ દેશની દાઝે દઝાયેલા દુભાય તો તેથી શાસન રસિકોએ તે પ્રભાવનાનાં કાર્યોને ગૌણપણે ન કરી શકાય તો અટકાવવાનું તો સ્વપ્ન પણ કેમ સેવી શકાય ?

## રથયાત્રામાં વાજીંત્ર સમુદાય

૬. રથયાત્રાનો મહોત્સવ એ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનનો મહિમા અને શાસનની પ્રભાવનાનું અપૂર્વ કાર્ય હોવાથી તેમાં વાજીંત્રનો સમુદાય ઘણો જ સુંદર અને દિગંતવ્યાપી અવાજ કરનારો હોય તેમાં કોઈ જાતનું આશ્ચર્ય નથી. (જો કે કેટલીક જગા પર કોમકોમના વૈમનસ્યને લીધે અમુક કોમ તરફના વાજાં હોય અને તેથી તે કોમનો વાજાંદ્વારાએ તે કોમના બહિષ્કાર કરવામાં આવે તેવી વખતે શાસનપ્રભાવનાના કાર્યમાં પણ તે વાજીંત્રના સમુદાયનો ઉપયોગ ન થઈ શકે એ અસંભવિત નથી, પણ તે ઉપરથી એમ નથી ઠરતું કે વાજીંત્રોનો સમુદાય શોભાકારક નથી, કેમકે વાજીંત્રોનો સમુદાય જ જો શોભાકાર ન હોય તો કોમકોમના વિખવાદમાં અમુક કોમને નામે વાજીંત્રનો બહિષ્કાર કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાત જ નહિ અર્થાત્ એ બહિષ્કાર જ સ્પષ્ટ કરે છે કે વાજીંત્રનો સમુદાય તો કિંમતી છે અને જો તે વાજીંત્રનો સમુદાય કિંમતી છે તો પછી રથયાત્રા જેવા શાસનના કાર્યમાં તે વાજીંત્ર સમુદાયનો ઉપયોગ જૈન, જૈનેતર લોકોનું આકર્ષણ થાય તેવી રીતે થાય તે સ્વાભાવિક જ છે. આ જ કારણથી શ્રી પરિશિષ્ટપર્વ અને શ્રી કુમારપાળચરિત્ર વિગેરેમાં રથયાત્રાના જ પ્રસંગે વાજીંત્રના નાદોથી જ નગરના નરનારી સમુદાયનું એકઠું થવું અને જયજયના પોકારની સાથે રથના વધાવવાના પ્રસંગો જે વર્ણવવામાં આવ્યા છે તે ઘણા જ જરૂરી છે એમ સ્પષ્ટપણે માલમ પડશે.

## રથયાત્રામાં આભૂષણાદિની કર્ત્તવ્યતા

૭. જૈનશાસન જો કે ત્યાગપ્રધાન અને ત્યાગ તરફ કદમ, બે કદમ વધવાવાળું જ છે અને તેથી તે શાસન સાધુઓને સ્નાનાદિકની ક્રિયા અને વસ્ત્રાદિક શોભાનો શણગાર સર્વથા વર્જવાનું જણાવી

શ્રાવકોને પણ પૌષધક્રિયાને નામે સ્નાન, અને વસ્ત્રાદિક શોભાને વર્જવાનું જણાવે છે, તો પણ કલ્યાણક આદિ પ્રસંગોના રથયાત્રાદિક કાર્યોને અંગે સ્નાનઆદિક શરીરશુશ્રૂષા અને વસ્ત્ર, આભૂષણ, અલંકાર, ઘરેણાંગાંઠાં વિગેરેથી કરાતી શરીરની બાહ્ય શોભા કરવી જ જોઈએ એમ સ્પષ્ટપણે વિધાન દ્વારાએ જણાવે છે, અને તેવી રીતે કરાયેલી સ્નાન અને વસ્ત્રાદિકની શોભા શાસનની શોભાનું મહત્ કાર્ય છે એમ સ્પષ્ટપણે જણાવે છે. આ ઉપરથી ત્યાગપ્રધાન ધર્મને માનવાવાળા જૈનીઓએ ત્યાગનું ધ્યેય રાખ્યા છતાં પણ શાસનશોભાના પ્રસંગને અંગે રથયાત્રા જેવા માટો પ્રસંગોમાં વસ્ત્ર, આભરણાદિકે સજ્જ થઈને આવવું એ પણ એક શાસનસેવાનું જ કાર્ય છે.

## શેરીવાળાઓનું કર્ત્તવ્ય

૮. રથયાત્રાના પ્રસંગે દરેક શેરી આગળ જૈનોના સમુદાયે રથને રહેવા માટેનું સ્થાન ખડું કરી ત્યાં રથને વિશ્રામ કરાવવો જોઈએ, અને તે વિશ્રામની વખતે વસ્ત્રાભરણાદિકે પૂજા, વાજિંત્રને આડંબર અને સ્વસ્તિક આદિની રચના કરવા સાથે ધર્મમય વાંતાવરણ શેરીએ શેરીએ થઈ જવું જોઈએ.

## હાટ ને ઘરવાળાનું કર્ત્તવ્ય

૯. રથયાત્રાના પ્રસંગમાં જે જે ઘર આગળ કે દુકાન આગળ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના રથને ચાલવાનો પ્રસંગ આવે તે તે ઘર એ દુકાન આગળ શાસનસેવા રસિકોએ તોરણ, વાવટા, મંડપ કે બીજી બીજી રચનાઓ દ્વારાએ શોભા કરવા માટે સજ્જ થવું જ જોઈએ. છેવટે કોઈપણ શાસન રસિકનું ઘર કે દુકાન ગહુલી, સ્વસ્તિક, શ્રીફળ કે રુપિયાની ઘટના સિવાયનું તો ઓળંગાવું જોઈએ નહિ.

## રથયાત્રા એ અપૂર્વ લાભ

ઉપર મુજબ શાસન રસિક ઈતર જનોએ રથયાત્રાનો અપૂર્વ લાભ સમ્યગ્દર્શનની પ્રભાવના અને આરાધનાને માટે કરવો જરૂરી છે, અને તેવી જ રીતે શાસનની સેવામાં સજ્જ થયેલા શ્રીમંત શેઠ શાહુકારોએ વિવાહ આદિ દુનિયાદારીના શુભ પ્રસંગોની માફક આ રથયાત્રાના ધાર્મિક પ્રસંગને અપૂર્વ ઉત્સાહથી ઉદારતાપૂર્વક શાસનની ઉન્નતિ થાય તેવી રીતે ઉજવવો જોઈએ, અને તેથી મહારાજા શ્રી શ્રીપાળ છઠ્ઠા સમ્યગ્દર્શનપદની આરાધનાના પ્રસંગમાં મુખ્ય અને પ્રથમ કાર્ય તરીકે રથયાત્રાના પ્રસંગોને આદરવાનું જ ઉચિત ધારે છે. અર્થાત્ ક્ષાયિક સમ્યગ્દર્શન આદિને ધારણ કરનારા ભગવાન અરિહંત મહારાજ વિગેરેની પૂજા, સત્કારઆદિ ક્રિયા દ્વારાએ સમ્યગ્દર્શનાદિ ગુણોની આરાધના થાય છે, તેવી રીતે રથયાત્રા જેવા શાસનસેવાના મહત્કાર્યોથી અન્ય જીવોને સમ્યગ્દર્શન ઉત્પન્ન કરવાનું બને છે, તથા થયેલા સમ્યગ્દર્શનને દૃઢ કરવાનું બને છે, માટે શ્રી શ્રીપાળ મહારાજા સમ્યગ્દર્શનપદને આરાધવા માટે રથયાત્રાના કાર્યને ઘણા જ ઠાઠમાઠથી કરે છે. આ ઉપરથી વસ્તુતાએ એમ કહી શકીએ કે ધર્મપ્રેમી સજ્જનો રથયાત્રાદિકના મહોત્સવો જેવા પ્રસંગોની અનુમોદના જ કરે અને ઉજવણીને જન્મના અપૂર્વ લાભ તરીકે ગણે.

## તીર્થયાત્રાની જરૂરીયાત તીર્થના ભેદો

શ્રી શ્રીપાળ મહારાજ છઠ્ઠા દર્શનપદની આરાધનાને અંગે જેવી રીતે રથયાત્રા કરીને પોતે જે સ્થાનમાં રહેલા હોય તે સ્થાનમાં શાસનની પ્રભાવના કરી પોતાને અને અન્ય ભવ્યાત્માઓને દર્શનપદના આરાધક બન્યા અને બનાવ્યા તેવી

રીતે પોતાના આત્માને અને અન્ય આત્માઓને સમ્યક્ત્વમાં દૃઢ કરવા માટે સારાં તીર્થોની યાત્રા કરવા દ્વારાએ સમ્યગ્દર્શનપદની આરાધના કરે છે. સામાન્ય રીતે સંસારસમુદ્રથી તરવાનું જે સાધન તે તીર્થ કહેવાય છે, અને તેમાં સાધુરૂપી મુખ્ય અંગની અપેક્ષાએ ચારે વર્ણમાંથી થયેલા સાધુઓનો સમુદાય અગર પૂર્વભવમાં ગણધર નામકર્મ બાંધવાને જેઓ ભાગ્યશાળી થયા હોય, અને આ ભવમાં ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની દેશના સાંભળવાની સાથે જગતના જીવોનો ઉદ્ધાર થવાનું સાધન એવી દ્વાદશાંગી ગૂંથવાવાળા મુખ્ય ગણધરને તીર્થપદથી અલંકૃત થયેલા ગણવામાં આવે છે. જગતને તરવાનું સાધન દ્વાદશાંગી હોવાથી તે દ્વાદશાંગી પણ તીર્થ તરીકે ગણાય છે.

**સ્થાવર તીર્થો**

શાસનની ઉત્પત્તિની અપેક્ષાએ અને પ્રવૃત્તિની અપેક્ષાએ પ્રવચન, પ્રથમ ગણધર અને ચતુર્વિધ સંઘને તીર્થ તરીકે ગણવામાં આવે છે, અને તેથી તેની આરાધના દર્શનપદની આરાધના કરનારે કરવી જોઈએ અને તે જંગમતીર્થની આરાધના કહેવાય, પણ કાલાંતરે તત્ત્વજ્ઞ તથા ઈતરને પણ તરવાનાં સાધનો સમ્યગ્દર્શનાદિ ઉત્પન્ન કરવા માટે તથા જૈનેતરોને પણ ત્રિલોકનાથ તીર્થંકરની હયાતિ વખતે તથા પછી પણ સમ્યગ્દર્શનાદિની ઉત્પત્તિ ધર્મની જાહોજલાલી જણાવવા અને સૂચવવાદ્વારાએ સમ્યગ્દર્શન કે માર્ગાનુસારીપણું ઉત્પન્ન કરવા કે દૃઢ કરવામાં સ્થાવર તીર્થો જેવો તેવો ભાગ ભજવતા નથી. જૈનેતરોને જૈનધર્મ સંબંધી જિજ્ઞાસાને ઉત્પન્ન કરનારું, જૈનધર્મ પાલનારાઓના સંસર્ગ તરફ ખેંચનારું અને જૈનધર્મને પ્રવર્તાવનાર ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના ઈતિહાસનું અવલોકન કરવા આકર્ષણ કરનાર કોઈપણ સાધન સદાકાળ તત્પર રહેતું હોય તો ફક્ત તે સ્થાવર તીર્થો જ છે. જો કે દરેક શહેર કે ગામ, વસતિ કે જંગલમાં બનેલાં કે બનાવેલાં ચૈત્યો દરેક તીર્થ તરીકે ગણી શકાય છે, પણ સામાન્ય રીતે જગત અને શાસ્ત્રકારનો પણ વ્યવહાર તે સર્વ મંદિરોને તીર્થ તરીકે ગણવા માટે ન હોવાથી શ્રી શત્રુંજય, ગિરનારજી વિગેરે જે જિનેશ્વર ભગવાનના કલ્યાણકની કે વિહારની ભૂમિ હોય છે અગર જ્યાં સાધિષ્ઠાયક કે પરમ આહ્લાદકારક છે ચમત્કારિક જિનેશ્વરોની મૂર્તિઓ બિરાજમાન હોય તેને શાસ્ત્રકારો તીર્થ તરીકે ગણાવી તેવા તીર્થોની યાત્રામાં સમ્યક્ત્વની ઉત્પત્તિ તથા સમ્યક્ત્વની દૃઢતા થવાનું જણાવે છે અને તેથી આચાર્યપદવીને ભવિષ્યમાં અલંકૃત કરનારા મહાપુરુષોને બાર વર્ષ સૂત્ર અને બાર વર્ષ અર્થ ગ્રહણ કર્યા પછી બાર વર્ષ દેશાટન કરવાનું જણાવતાં શાસ્ત્રકારો પૂર્વે જણાવેલા લક્ષણવાળા તીર્થોના દર્શનથી સમ્યગ્દર્શનની અત્યંત મજબૂતી થાય એમ ચોખ્ખા શબ્દોમાં જણાવે છે સામાન્ય રીતે પણ સમ્યક્ત્વના પાંચ ભૂષણો જણાવતાં તીર્થસેવાને સમ્યક્ત્વના મુખ્ય ભૂષણ તરીકે જણાવે છે. આ બધી હકીકત સમજવાવાળો પુરુષ તીર્થસેવા કેટલી બધી જરૂરી છે તે સમજશે, અને તેથી તીર્થયાત્રાને અંગે ધર્મબુદ્ધિએ લાખો અને કરોડો રૂપિયા ખર્ચાય એ ખર્ચનાર ઉદાર પુરુષ અને તેનું અનુમોદન કરનાર ધર્મિષ્ઠ પુરુષને સંસારસમુદ્રથી પાર પામવાનું સાધન બને છે, છતાં જે કેટલાક પૈસાના પૂજારીઓને તે તીર્થયાત્રાનો વાસ્તવિક પ્રભાવ ન સૂઝતાં ભવાંતરે પણ તેવું તરવાનું સાધન તેઓને ન મળે તેવી રીતે તે તીર્થયાત્રા કરનારાઓની

ઉદારતા વિગેરેને વ્યર્થપણે ઉતારી પાડવાનું થાય છે તે બનશે નહિ.

## તીર્થયાત્રાની વાર્ષિક કર્તવ્યતા

શ્રી શ્રાદ્ધવિધિ વિગેરે શાસ્ત્રકારોએ શ્રાવકોના વાર્ષિક કાર્યોને જણાવતાં જે ત્રણ યાત્રાઓ જરૂર કરવાની જણાવી છે, તેમાં આ સ્થાવર તીર્થની યાત્રા એ પણ યાત્રા કરવાનું જરૂરી કાર્ય છે એમ જણાવ્યું છે, અને શ્રીપાળચરિત્રને કરનારા શ્રીમાન રત્નશેખરસૂરિજી પણ શ્રીપાળ મહારાજે કરેલી દર્શનપદની આરાધના જણાવતાં સારા તીર્થોની યાત્રા કરવા દ્વારાએ દર્શનપદનું આરાધન શ્રી શ્રીપાળ મહારાજે કર્યું એમ સ્પષ્ટ રીતે જણાવે છે. આ તીર્થયાત્રા સંબંધી વિશેષ હકીકત શ્રીસિદ્ધચક્ર પાક્ષિકમાં આવી ગયેલી છે, તેથી તે ઉપરથી તે વાંચી વિચારી લેવા ભલામણ કરવી યોગ્ય ગણીએ છીએ.

## દર્શનપદની આરાધનામાં શ્રી સંઘ પૂજાનો ફાળો

રથયાત્રા અને તીર્થયાત્રા દ્વારાએ શાસનની પ્રભાવના અને સમ્યક્ત્વની ઉત્પત્તિ તથા દૃઢતા કરીને જેવી રીતે દર્શનપદની આરાધના શ્રી શ્રીપાળ મહારાજે કરી તેવીજ રીતે શ્રી સંઘપૂજા દ્વારાએ દર્શનપદની આરાધના કરે છે, ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જેવી રીતે અરિહંત મહારાજા અને સિદ્ધ પરમાત્મા વિગેરે પરમેષ્ઠીઓ શાસ્ત્રકારની દૃષ્ટિએ પૂજાનું સ્થાન છે એમ જણાવાય છે, તેવી જ રીતે શ્રીસંઘ પણ પૂજાનું સ્થાન છે એમ સ્પષ્ટપણે શ્રી રત્નશેખરસૂરિજી જણાવે છે. વિશેષમાં એ વાત ખ્યાલમાં રાખવાની છે કે અરિહંત ભગવાન વિગેરે જ્યારે સંસાર સમુદ્રથી તરવાને માટે તૈયાર થયેલા જીવોને જ જ્યારે પૂજાનું સ્થાન છે ત્યારે શ્રીસંઘરૂપ સંસાર સમુદ્રથી તરવાનું સાધન તો સંસારસમુદ્રથી પાર ઉતરેલા ભગવાન શ્રી જિનેશ્વરદેવને પણ નમસ્કારરૂપ પૂજાનું સ્થાન છે.

## આજ્ઞાનુસારી હોય તે શ્રીસંઘની પૂજ્યતા

શ્રીસંઘની પૂજા સંબંધી મહત્તાનું વાસ્તવિકપણું જણાવતાં શાસ્ત્રકારો સ્પષ્ટ કહે છે કે સકળ જગતમાં પૂજ્ય એવા પંચપરમેષ્ઠીની મૂળ ઉત્પત્તિ કરનાર ભૂમિ જો કોઈપણ હોય તો તે શ્રી સંઘ જ છે, અને અરિહંત ભગવાનાદિ ઉચ્ચતરપદો મેળવવાનાં કર્મોને સાધનો આ શ્રીસંઘના પ્રતાપથી જ મળી શકે છે. આ પ્રમાણે શ્રીસંઘનો મહિમા શાસ્ત્રકારોએ જણાવેલો તથા જગતમાં સર્વકાળ પ્રવર્તેલો હોવાથી શ્રીસંઘની ઉત્તમોત્તમતામાં બે મત હોય નહિ એ સ્વાભાવિક છે, પણ હીરા, મણિ, મોતી વિગેરેની ઉત્તમતા તેના તે જ વિગેરેને આભારી હોય છે, તેવી રીતે આ શ્રીસંઘની ઉત્તમત્તા સંસાર સમુદ્રથી પાર ઉતરવાનાં સાધનો ઉભાં કરવાં, સાચવવાં, વૃદ્ધિ કરવી અને બીજાઓ તેનો સંસાર સમુદ્રથી તરવા માટે ઉપયોગ કરે તેવા સતત પ્રયત્ન કરવા તેમાં જ રહેલી છે, પણ જેમ તે હીરા વિગેરેના તે જ આદિનો અગ્નિ આદિકના સંયોગે નાશ થયો હોય તો તે હીરા વિગેરેને કોલસા અને રાખોડાની સ્થિતિમાં જવું પડે છે, તેવી રીતે શ્રીસંઘ પણ જો સંસારસમુદ્રથી તરવાનાં સાધનોથી બેદરકાર રહે તેનો બગાડો કરે તેનો લાભ થવા દે નહિ, લાભ થતો હોય તેમાં અંતરાય કરે, ભવિષ્યમાં પણ લાભ ન થાય તેવા પ્રતિબંધો કરે, યાવત્ ધર્મવિરોધી અને જૈનકોમની જડમાં ઘા કરવા તૈયાર થયેલાઓના સાથમાં ભળે તો તેવાઓને ભગવાન હરિભદ્રસૂરિજી વિગેરે જે ભયંકર સર્પ, હાડકાંનો ઢગલો વિગેરે ઉપનામો આપે છે, તેવા ઉપનામો આપવાની ફરજ પડે તેમાં કાંઈ આશ્ચર્ય નથી. ભયંકર સર્પાદિકના ઉપનામો શાસ્ત્રનિરપેક્ષપણે વર્તનાર અને સંસાર સમુદ્રથી તરવાનાં સાધનોનું દુર્લભપણું કરનાર વર્ગને જ આપવામાં આવે તે સાંભળી સંસાર સમુદ્રથી તરવાનાં સાધનોને સંભાળનાર, ઉત્પન્ન કરનાર,

વધારનાર અને મદદ કરનાર શ્રીસંઘને તો એક અંશે પણ તે ઉપનામો પોતાને લાગ્યાં છે એમ ધારવાની ભૂલ કરવી નહિ.

## પૂર્વધર ભગવાનોએ વર્ણવેલ શ્રીસંઘ

આ શ્રીસંઘ પૂર્વધરોને પણ અત્યંત સ્તુતિપાત્ર હોવાથી આચાર્ય ભગવાન દેવવાચક ગણિજીએ શ્રીનંદીસૂત્રમાં આ શ્રીસંઘને પદ્મ, રથ, ચક્ર, નગર, મેરુ આદિ અનેક સારી ઉપમાઓથી સ્તવેલો છે, તથા ભાષ્યકાર મહારાજા વિગેરેએ ભગવાન અરિહંત મહારાજથી બીજે નંબરે આરાધવા લાયક તરીકે ગણી બીજા નંબરે શ્રીસંઘની આશાતના વર્જવાનું જરૂરી જણાવ્યું છે, અને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે જેમ ભગવાન તીર્થંકરની આશાતના કરનારો અનંત સંસાર રખડે છે તેવી રીતે શ્રીસંઘ(પ્રવચનની) આશાતના કરનારો પણ અનંત સંસાર પરિભ્રમણ કરે છે.

## શ્રીસંઘપૂજાની વાર્ષિક કર્તવ્યતા

આ પૂર્વે જણાવેલ રીતિએ શ્રીસંઘનું પૂજ્યતમપણું હોવાથી દર્શનપદની આરાધનામાં તે શ્રીસંઘની પૂજાને જરૂરી સ્થાન મળે તેમાં આશ્ચર્ય નથી. વાર્ષિક કૃત્યોને જણાવનાર બીજા ગ્રંથકારો પણ पइवरिसं संघच्चण॰ આ વાક્યથી દરેક વર્ષે શ્રાવકોને શ્રીસંઘની પૂજા કરવાનું કાર્ય ફરજીયાત છે એમ સ્પષ્ટપણે જણાવે છે.

સામાન્ય રીતે શ્રાવકપણાને અંગે જ્યારે દરેક વર્ષે શ્રી ચતુર્વિધ સંઘની પૂજા કરવી એ જરૂરી કાર્ય તરીકે ગણાવ્યું હોય ત્યારે શ્રી નવપદના આરાધનને અંગે સમ્યગ્દર્શનપદ આરાધવાને માટે સંઘપૂજાનું કર્તવ્ય જરૂરી હોય તે સ્વાભાવિક છે. જો કે શ્રીસંઘની અંદર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર સર્વ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ કોટિના હોય છે, અર્થાત્ જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ કોટિના સમ્યગ્દર્શન, જ્ઞાન કે ચારિત્રરૂપી રત્નત્રયીને ધારણ કરનારો જ શ્રી ચતુર્વિધ સંઘ હોય છે અને તેથી શ્રી ચતુર્વિધ સંઘની પૂજા કરવાથી તેમના આત્મામાં વિદ્યમાન એવા સમ્યગ્દર્શનાદિ ત્રણે ગુણોની સંપૂર્ણપણે આરાધના થઈ શકે છે. પણ શ્રી ચતુર્વિધ સંઘની પૂજાના કૃત્યને સમ્યગ્દર્શનની આરાધનાના કૃત્ય તરીકે એટલા જ માટે ગણ્યું છે કે શ્રી ચતુર્વિધ સંઘની પૂજા કરતી વખત માત્ર પ્રવચન સાધર્મિકતાને જ મુખ્ય પદ આપવામાં આવે છે. જો કે ઓઘનિર્યુક્તિ, પિંડનિર્યુક્તિ વિગેરેમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર વિગેરે અનેક અપેક્ષાઓ લઈને સાધર્મિક ગણાવ્યા છે, તેમાં આ ચતુર્વિધ સંઘ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર વિગેરેથી પણ સાધર્મિક છે, છતાં તે શ્રી ચતુર્વિધ સંઘની તે શ્રી સમ્યગ્દર્શનાદિની અપેક્ષાએ રહેલી સાધર્મિકતા ધ્યાનમાં રાખી પૂજા કરવાની નથી હોતી, કિન્તુ પ્રવચન એટલે શાસન એક સરખું માનેલું હોવાને લીધે પ્રવચન સાધર્મિકતા માનીને શ્રીસંઘની પૂજા કરવાની હોય છે.

## પ્રવચન સાધર્મિકને સંઘ પૂજામાં શા માટે લેવા

ધ્યાન રાખવું કે એકલા સમ્યગ્દર્શન અને એકલા સમ્યગ્જ્ઞાનને અંગે જૈનશાસનમાં પૂજ્યતા ગણાતી નથી, પણ સમ્યક્ચારિત્ર સહિત સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનની પૂજ્યતા જૈન શાસનમાં છે, અને તેથી પંચ પરમેષ્ઠીને જ નમસ્કાર કરવા લાયક અને આરાધના કરવા લાયક ગણ્યા છે, અને તેથી તે પંચ પરમેષ્ઠીમાં દેશવિરતિ, કે અવિરતિ સમ્યગ્દૃષ્ટિની કોઈપણ વ્યક્તિને તેમાં ગણી નથી, પણ ચતુર્વિધ શ્રી શ્રમણસંઘની આરાધના અને પૂજાને અંગે તે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર ગુણોએ કરીને જે યુક્તતા છે, તેને પ્રધાનપદ નહિ આપતાં પ્રવચન સાધર્મિકતાને જ પ્રધાનપદ આપવામાં આવે છે, અને તેથી ચતુર્વિધ સંઘની પૂજા કરતી વખતે તે ચતુર્વિધ સંઘમાં ગણાતી કોઈપણ વ્યક્તિ વ્યવહારથી

શુશ્રૂષા, ધર્મરાગ અને વૈયાવચ્ચના નિયમવાળી હોવાથી સમ્યગ્દર્શનાદિવાળી છે એમ ગણવા છતાં કદાચ તત્ત્વથી સમ્યગ્દર્શનાદિકે રહિત હોય અથવા તો ચતુર્વિધ સંઘમાંથી દૂર નહિ કરાયેલા છતાં પણ ઝાંખરા અને વિષ્ઠા સમાન કે ધજા સમાન કે શોક સમાન કોઈ વ્યક્તિ હોય, અને તે શ્રી ચતુર્વિધ સંઘની પૂજા વખતે પૂજ્યતામાં દાખલ થઈ જાય, અને પ્રવચનની સાધર્મિકતાની ભાવનાએ તે પૂજા કરનાર ભવ્યાત્મા ઉપર જણાવેલી અયોગ્ય વ્યક્તિની પણ પૂજા આદરસત્કાર સાથે કરે તો પણ તે પૂજા કરનાર ભવ્યાત્માને વિપરીત બુદ્ધિથી આરાધના કર્યાનો દોષ નથી, પણ પ્રવચન સાધર્મિકપણાની બુદ્ધિથી તે પ્રવચન સાધર્મિકતાને ધારણ કરનાર હોવાથી તેવી વ્યક્તિનો પણ કરાતો આદર સત્કાર પ્રવચનની પ્રભાવના કરનારો હોઈ દર્શનઆરાધનાનું અંગ થાય છે, માટે શ્રી ચતુર્વિધ સંઘની પૂજાને દર્શનપદ આરાધનાના અંગ તરીકે ગણ્યું છે.

## છઠ્ઠાપદમાં દર્શનશબ્દ લેવાથી અભિધેયની વિશિષ્ટતા ને દર્શનવાચ્યતાવાળાનું નમન

જો કે શ્રી નવપદજીનો અધિકાર જ્યાં જ્યાં લેવામાં આવે છે ત્યાં ત્યાં દર્શનનામના છઠ્ઠા પદની અંદર સમ્યગ્દર્શનનો જ અધિકાર લેવામાં આવે છે અને તેના ઔપશમિકાદિ પાંચ ભેદો કે ચાર સદહણા અને ત્રણ શુદ્ધિ આદિ સડસઠ ભેદો લેવામાં આવે છે, પણ તે બધી જગા પર નિર્મળ દર્શન, સમ્યગ્દર્શન વિગેરે શબ્દોથી જ વ્યવહાર કરાય છે, જ્યારે નવપદના યંત્રની અંદર છઠ્ઠા પદમાં નથી તો **नमो सम्मदंसणस्स** એવો પાઠ કે નથી તો **निम्मलदंसणस्स** એવી સ્થાપના. નવપદના મંડળમાં તો **नमो दंसणस्स** એવું પદ સ્થાપન કરવામાં આવે છે. જો કે દર્શન શબ્દથી શાસ્ત્રમાં ચક્ષુદર્શનાદિ ચાર દર્શનો લેવામાં આવે છે, પણ ચક્ષુ આદિ ચાર દર્શનોને માટે વપરાતો દર્શન શબ્દ જ્ઞાનથી પહેલાં વપરાતો નથી, કિન્તુ કર્મોના ક્ષયોપશમ આદિથી જ્ઞાન, દર્શન ઉભય ગુણની ઉત્પત્તિ થાય છે, તેથી તે બંને ગુણોનો નિર્દેષ કરતાં કર્મોના અનુક્રમને ધ્યાનમાં લેવો પડે છે, અને કર્મોના અનુક્રમમાં પહેલું જ્ઞાનાવરણીય અને પછી દર્શનાવરણીય હોવાથી તેના ક્ષયોપશમ આદિથી થતા ગુણોમાં પણ પહેલાં જ્ઞાન લઈને પછી જ દર્શન લેવાય છે. એટલે આ છઠ્ઠા પદમાં કહેલા દર્શનશબ્દથી ચક્ષુદર્શનાદિ દર્શનોને લેવાનો પ્રસંગ તો કોઈપણ પ્રકારે નથી, પણ મોક્ષના માર્ગ તરીકે જ્યાં જ્યાં કારણો દેખાડાય છે, ત્યાં ત્યાં સમ્યગ્જ્ઞાન કરતાં પણ સમ્યગ્દર્શનને પહેલું લેવું પડે છે, કારણ કે મતિઆદિ અજ્ઞાનોને જ્ઞાનપણે પલટાવનાર જો કોઈપણ હોય તો તે સમ્યગ્દર્શન જ છે.

## સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સાથે થવાવાળાં છે છતાં સમ્યગ્દર્શન પૂર્વે કેમ?

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બંને સાથે થવાવાળાં હોવા છતાં પણ અજ્ઞાન સ્વભાવનો જ્ઞાનસ્વભાવ થવામાં મિથ્યાત્વના નાશ રૂપી કારણરૂપ સમ્યક્ત્વ બની શકે છે, પણ મિથ્યાદર્શનપણું ફીટીને સમ્યગ્દર્શનપણું થવામાં સમ્યગ્જ્ઞાન એ કારણ બની શકતું નથી. જેમ અગ્નિ અને તેનો દાહક સ્વભાવ એ બંને સાથે જ ઉત્પન્ન થાય છે, છતાં અગ્નિને કારણ માનીને દાહક સ્વભાવને કાર્ય તરીકે માની શકાય, પણ દાહક સ્વભાવને કારણ માનીને અગ્નિને કાર્ય તરીકે માની શકાય નહિ, તેવી રીતે અહીં પણ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બંનેની ઉત્પત્તિ સાથે છે, તો પણ સમ્યગ્જ્ઞાન થવામાં સમ્યગ્દર્શનને કારણ તરીકે માની શકીએ, પણ સમ્યગ્દર્શન થવામાં સમ્યગ્જ્ઞાનને કારણ તરીકે માની શકીએ નહિ.

## સમ્યગ્દર્શનવાળાને સમ્યગ્જ્ઞાનની ભજના કેમ ?

આ વસ્તુ વિચારતાં તત્ત્વાર્થકાર ભગવાન્ ઉમાસ્વાતિવાચકજી વિગેરેની માફક મોક્ષના કારણ તરીકે ગણાતા જ્ઞાનમાં શુદ્ધ જ્ઞાનને જ સ્થાન આપી સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં સમ્યગ્જ્ઞાનની ભજના હોવાનું જણાવે છે તે અપેક્ષાએ સમ્યગ્દર્શનની હયાતિ અને કારણતા પહેલેથી હોય અને તેથી **नमो दंसणस्स** એ પદ સમ્યગ્દર્શનનું વાચક ગણી **नमो णाणस्स** એવા જ્ઞાનને જણાવનાર સાતમા પદની પહેલાં મેલવું જેવું યોગ્ય ગણાય, તેવી જ રીતે મોક્ષમાર્ગના કારણ તરીકે ગણાવાતા જ્ઞાનમાં પાંચે પ્રકારના જ્ઞાનનો સમાવેશ કરી જ્ઞાનની અને સમ્યક્ત્વની ઉત્પત્તિ સાથે જ રાખવામાં આવે છે તે અપેક્ષાએ પણ સમ્યગ્દર્શનની ઉત્પત્તિ અગ્નિ ઉત્પત્તિ તરીકે ગણીએ અને સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ તે અગ્નિના દાહક સ્વભાવની ઉત્પત્તિ માફક ગણીએ અને તેથી સમ્યગ્દર્શનને છટ્ઠા **नमो दंसणस्स** એ પદમાં સ્થાન આપીએ તો તે કોઈપણ પ્રકારે અયોગ્ય નથી.

## અહીં જૈનદર્શનની માન્યતાને સ્થાન

એટલું જરૂર છે કે આત્માના ગુણની મુખ્યતા લઈએ તો જિનેશ્વર મહારાજે નિરૂપણ કરેલા જીવાજીવાદિક તત્ત્વોની શ્રદ્ધારૂપ જે સમ્યક્ત્વગુણ તે છટ્ઠા પદમાં લેવાનો હોવાથી **नमो दंसणस्स** કરતાં **नमो सम्मतस्स**ની સ્થાપના કરવી ઘણી સારી હતી, પણ તેવી સ્થાપના ન કરતાં તેમજ **नमो सम्मदंसणस्स निम्मलदंसणस्स** એવી સ્થાપના ન કરતાં જે **नमो दंसणस्स** એવા પદની સ્થાપના કરી છે તેથી શું એમ ન સમજાય કે દુનિયાના દોરમાં દોરાતા દર્શનવાદોના વિભાગને અંગે આ કેવળ જૈનશાસન, જૈનપ્રવચન, અર્હત્દર્શન વિગેરે અનેક પ્રસિદ્ધ શબ્દોથી કહેવાતું જૈનદર્શન તે છટ્ઠા પદમાં નમસ્કાર કરવા લાયક ગણેલું છે. વાચકોએ ધ્યાન રાખવાની જરૂર છે કે સમ્યગ્દર્શનાદિ ગુણોને ધારણ કરનાર ભવ્યાત્મા તો જૈનદર્શન તરીકે પ્રસિદ્ધ થયેલા જૈનશાસનને ત્રિવિધ, ત્રિવિધ આરાધનારો જ હોય, પણ કેટલોક ભદ્રિક, અજ્ઞાન વર્ગ એવો પણ હોય કે જે યથાસ્થિતપણે જીવાદિક સર્વ પદાર્થોના જ્ઞાન અને તેનાથી થવાવાળી તેની પ્રતીતિને ધારણ કરનારો ન હોય તો પણ કુલાચારને લીધે કે બીજાં પણ અનેક કારણો હોય છે તેને લીધે જૈનદર્શનને એટલે જૈનપ્રવચનને શિરસાવંદ્ય માનનારો કે કહેનારો થાય છે, તો તેવા માત્ર જૈનદર્શનને જ જેઓ માનવાવાળા છે, અને સમગ્ર જૈનોને જેની અપેક્ષાએ નિર્યુક્તિકાર મહારાજે એક પ્રવચન સાધર્મિકપણાની સાંકળમાં જોડ્યા છે તે પ્રવચનને પણ આ છટ્ઠા પદમાં સ્થાન આપવાનો અભિપ્રાય રાખ્યો હોય અને તેથી **नमो दंसणस्स** એવું સામાન્ય અર્થવાળું આરાધ્ય પદ મેલ્યું હોય અને તેથી જ શ્રીમાન રત્ન શેખરસૂરીસ્વરજી મહારાજે દર્શનપદની આરાધનામાં રથયાત્રા અને તીર્થયાત્રાથી વીતરાગોની આરાધના ગણી ચતુર્વિધ સંઘરૂપી દર્શનવંત એટલે પ્રવચન સાધર્મિકોની પૂજા દ્વારાએ આ દર્શનપદની આરાધના જણાવી હોય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. આચાર્ય મહારાજ રત્નશેખરસૂરીશ્વરજીએ શ્રી દર્શનપદની આરાધના માટે ચતુર્વર્ણ વ્યાપ્ત એવા શ્રમણોથી ઉપલક્ષિત ચતુર્વિધ સંઘની પૂજા કરવાનું જણાવ્યું છે, પણ કયા કયા સંઘની કઈ કઈ રીતિએ પૂજા કરવાથી શાસનની શોભા વધવા સાથે પૂજા કરનારની આરાધકતા થાય તે વિચારવું જરૂરી છે.

## પૂજ્યોના ભેદોથી પૂજાના પણ ભેદો

જો કે પૂજાશબ્દ શ્રીનવપદની અનુક્રમે આરાધના જણાવતાં અરિહંત ભગવાન અને સિદ્ધ પરમાત્માની આરાધનાને અંગે જેમ જણાવ્યો છે, તેમ અહીં દર્શનપદની આરાધનામાં શ્રીચતુર્વિધ

સંઘને અંગે પણ પૂજા શબ્દ વાપરેલો છે, પણ હંમેશાં જગતમાં જેમ આદર-સત્કાર શબ્દ સામાન્ય હોઈને રાજા, અધિકારી, શેઠ અને મુનીમ સર્વને અંગે વપરાય છે, છતાં જે જે વ્યક્તિ જેવા જેવા આદરસત્કારને લાયક હોય તે તે વ્યક્તિને તે તે જાતનો આદરસત્કાર કરવાનો પ્રસંગ સમજવો પડે છે, તેવી રીતે શ્રી અરિહંત ભગવાન અને સિદ્ધ પરમાત્મા ઘાતિકર્મનો ક્ષય કરનાર તથા સર્વ કર્મનો ક્ષય કરનાર હોવાથી તે દેવતત્ત્વમાં ગણી શકાય, અને તેથી તે પરમાત્માની પૂજા સ્નાત્ર, વિલેપન, પુષ્પ, ધૂપાદિ દ્વારાએ ઈંદ્ર વિગેરેએ કરેલી પૂજાના અનુકરણરૂપે તેમજ તેમની મૂળ અવસ્થા મુખ્યતાએ રાજ્યકુમાર આદિપણાની હોય છે, તથા અષ્ટ પ્રાતિહાર્ય અને ચોત્રીસ અતિશયો તે અરિહંત ભગવાનને જ હોય છે, માટે તેમની મૂર્તિની પૂજા સ્નાત્રાદિકે, મુકુટાદિકે અને પ્રતિહાર્યાદિકે હોય તેજ ઉચિત છે, કારણ કે જિનેશ્વર મહારાજને નિયમિત રાજકુળમાં જ અવતરવાનું હોય છે, તેથી ઈંદ્રના કરેલા કલ્યાણક મહોત્સવમાં તથા કુટુંબીએ કરેલા અનેક મહોત્સવોમાં તેઓના સ્નાત્રાદિ અને મુકુટાદિ હોય, અને તેથી તેમાં તે અવસ્થાનો આરોપ કરી શકાય, અને સિંહાસન છત્ર, ચામર વિગેરે આઠ પ્રાતિહાર્યો ભગવાન જિનેશ્વરની પાસે સર્વકાળ વર્તતાં હોવાથી તેનું અનુકરણ અરિહંતપણાની અવસ્થાને અંગે કરી શકાય, અને સિદ્ધ પરમાત્માને અંગે તેઓ સર્વકર્મરહિત હોવાથી સર્વ ગુણવાળા છે માટે તથા અરિહંત મહારાજ પણ અંતમાં સિદ્ધપદમાં દાખલ થતા હોવાથી તે અરિહંત પણારૂપી પહેલાંની અવસ્થાનો આરોપ કરવાથી સ્નાત્રાદિક, મુકુટાદિક અને પ્રાતિહાર્યાદિક દ્વારાએ પૂજા કરવી તે યોગ્ય જ ગણાય, અને તેટલા જ માટે શાસ્ત્રોમાં અરિહંત ભગવાન અને સિદ્ધ પરમાત્માની પૂજાનો વિધિ સ્નાત્રાદિક કરીને સ્પષ્ટ અક્ષરમાં જણાવ્યો છે.

## આચાર્યાદિકની પૂજાની વિધિ

જોકે ભગવાન તીર્થંકર મહારાજની હયાતિકાળમાં અથવા તે પછી પણ યાવત્ શાસનની પ્રવૃત્તિ ચાલે ત્યાં સુધી આચાર્ય મહારાજ જ આર્હતશાસનનું આધિપત્યપણું ધરાવે છે. ગુરુતત્ત્વ તરીકે ગણાતા પરમેષ્ઠીઓમાં મુખ્ય પદ આચાર્ય ભગવંતોનુંજ છે, પણ આચાર્ય ભગવંતોની પૂજા માટે આચારાંગ નિર્યુક્તિ અને વૃત્તિ વિગેરેમાં માત્ર સુગંધ, ચૂર્ણાદિકથી જ આચાર્ય ભગવંતોનું પૂજન જણાવે છે. કોઈપણ પ્રાચીન અને પ્રામાણિક ગ્રંથમાં આચાર્ય ભગવંતોનું સ્વતંત્રપણે સ્નાત્રાદિક, મુકુટાદિક કે પ્રાતહિર્યોએ પૂજન કરવાનું વિધાન કે પ્રવૃત્તિ જણાવનારા કોઈપણ અક્ષરો હોય એમ જાહેર થયું નથી.

## આચાર્યાદિની મૂર્તિઓમાં દેવદ્રવ્યની વિચારણા

આચાર્યાદિકની મૂર્તિ સંબંધી તો આગલા અધિકારમાં વિચાર કરી ગયા છીએ. વળી એ પણ વિચારવા જેવું છે કે દેવદ્રવ્ય તરીકે ઉભું કરેલું ચૈત્ય હોય છે તેમાં તે પુંડરિકસ્વામી વિગેરે મોક્ષે નહિ પામેલા આચાર્યોની મૂર્તિઓ ગોઠવતાં તે ગોઠવનાર અને ગોઠવાવનાર દેવદ્રવ્યના ભોગથી કેમ બચતા હશે તે બાબત કોઈપણ સ્પષ્ટ રીતે ખુલાસો કરે તેમ નથી. વળી તે સ્થાપન કરેલા અસર્વજ્ઞ આચાર્યાદિકની મૂર્તિની પૂજાને અંગે વપરાતા ચંદન વિગેરેમાં પણ તે સામાન વાપરનાર અને વપરાવનાર દેવદ્રવ્યના ભોગથી કેમ બચતા હશે ? વળી ઘણી જગા પર ગોઠીના પગારો દેવદ્રવ્યમાંથી અપાતા હોઈ તેવા દેવદ્રવ્યના પગાર ખાનાર ગોઠીયો પાસે આચાર્ય, મૂર્તિ વિગેરેનું પૂજન કરાવનારાઓ તે દેવદ્રવ્યના ભોગમાંથી કેમ છૂટતા હશે તે તેમ કરનારા જ જાણે. ચૈત્ય, નિર્માલ્યા કે કલ્પિત એ ત્રણે પ્રકારના દેવદ્રવ્યોમાંથી

કોઈપણ પ્રકારના દેવદ્રવ્યનો ઉપયોગ અવસર્વ આચાર્યોની મૂર્તિઓને માટે કરવાનો હોય એમ કોઈપણ ગ્રંથકારના વચનોથી જાહેર થયું નથી. અર્થાત્ અરિહંત ભગવાન અને સિદ્ધ પરમાત્માની પૂજા સ્નાત્રાદિક, મુકુટાદિક અને પ્રાતિહાર્યાદિકે કરવી ઉચિત છે, અને આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુની પૂજા સુગંધ ચૂર્ણાદિકથી ઉચિત છે.

**શ્રીસિદ્ધચક્રના યંત્રમાં આચાર્યાદિની સ્થાપના કેમ ?**

જેવી રીતે પરમેષ્ઠીની અપેક્ષાએ એક મૂર્તિમાં એક મંત્રે એક અભિષેકે સ્થાપન થયેલા માલાધર આદિના પ્રતિબિંબોને અંગે દેવદ્રવ્યાદિનો પરિભોગ લાગતો નથી. તેવી રીતે સિદ્ધચક્રયંત્રમાં એક જ અભિષેક વિગેરેથી સ્થાપના થતી હોવાથી આચાર્યાદિકના પદોનો સમષ્ટિપણાને લીધે દેવદ્રવ્યાદિકનો પરિભોગ ન લાગે તે સ્વાભાવિક છે, અને ત્યાં આચાર્યાદિકના સ્નાત્રાદિ થાય એમાં સમષ્ટિપણાની અપેક્ષાએ અનુચિતતા ન જ હોય (અરિહંત ભગવાનોને પણ ગણધર ભગવાન આદિની અપેક્ષાએ આચાર્યાદિક ગણવામાં આવેલા છે.)

**સાધુસાધ્વીરૂપ સંઘની પૂજાનો વિધિ**

તેટલા માટે શ્રાદ્ધવિધિકાર આચાર્ય રત્નશેખરસૂરિજી શ્રીસંઘની પૂજાના વિધાનને દર્શાવતાં સાધુ અને સાધ્વીરૂપી બે ક્ષેત્રને માટે નિર્દોષ આહાર એટલે અનશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન, રજોહરણ વિગેરે વહોરાવવા દ્વારા ઔષધ, ભેષજ વિગેરેથી વૈયાવચ્ચ કરવા દ્વારાએ તથા પુસ્તકાદિક દેવા દ્વારાએ પૂજા જણાવે છે, પણ ચતુર્વિધ સંઘની પૂજાના અધિકારમાં સાધુ સાધ્વી જેવા પુણ્ય ક્ષેત્રોની અપેક્ષાએ પણ ઉપર જણાવેલા આહારાદિક સિવાયની પૂજા જણાવી નથી, તો પછી સંઘની પૂજાને નામે કે બહાને બીજી જે કોઈ શાસ્ત્રમાં નહિ કહેલી પ્રવૃત્તિ થાય તે આરાધક પુરુષને તો યોગ્ય ગણાય નહિ.

**શ્રાવક શ્રાવિકા ક્ષેત્રની પહેરામણી આદિ પૂજા**

જેવી રીતે સાધુ અને સાધ્વીરૂપી બે ક્ષેત્રની નિર્દોષ આહારાદિક દેવા તે જ પૂજા છે, તેવી રીતે શ્રાવક શ્રાવિકાને અંગે તેમને સર્વાંગે પહેરામણી આપવી એટલે બાળકને બાળકયોગ્ય સર્વ પોષાક, બાલિકાને બાલિકાયોગ્ય સર્વ પોષાક, મધ્યમ વયવાળા શ્રાવક, શ્રાવિકાને મધ્યમ વયને યોગ્ય પોષાક, સધવા, વિધવા વિગેરે જે જે અવસ્થા જેની જેની હોય તેને તેને તે તે સર્વ અવસ્થાને લાયક બધો પોષાક આદરસત્કારની સાથે આપવો તે પરિધાપનિકા એટલે પહેરામણી કહેવાય, અને તે શ્રાવક, શ્રાવિકા ક્ષેત્રની ઉત્કૃષ્ટ પૂજા કે ભક્તિ કહેવાય. વળી શ્રાવક શ્રાવિકા ક્ષેત્રને અંગે તેઓ કોઈપણ રાજ્યાદિક તરફથી આપત્તિમાં આવી પડ્યા હોય, તો તેનો ઉદ્ધાર પોતાના સર્વસ્વ વ્યયે પણ કરવો જોઈએ. અંતરાયના ઉદયે તેઓની જાહોજલાલીવાળી અવસ્થા જો ચાલી ગઈ હોય તો તે જાહોજલાલીવાળી અવસ્થા પાછી લાવી દેવી તે પણ સંઘપૂજા જ છે. અંતમાં સકળ શ્રાવક શ્રાવિકાના વર્ગને સૂતરની કોકડીઓ દઈને કે માત્ર કેટલાક શ્રાવક શ્રાવિકાને સોપારી, ખારેક વિગેરે દઈને પણ શ્રીસંઘપૂજાનું કર્તવ્ય દરિદ્ર અવસ્થામાં આવેલા શ્રાવકોએ પણ કરી શકાય છે. અર્થાત્ પોતપોતાની શક્તિનો વિચાર કરી પોતાના વૈભવ અને શક્તિને અનુસારે પૂર્વે જણાવ્યા પ્રમાણે ચતુર્વિધ સંઘની ભક્તિ જે કરવામાં આવે તેનું નામ જ સંઘપૂજા છે. આ સંઘપૂજા જેમ દર્શનપદની આરાધનાને અંગે શ્રીપાળ મહારાજે આદરપૂર્વક કરી છે, તેવી રીતે શ્રીરત્નશેખરસૂરિજી મહારાજ શ્રાવકોના વાર્ષિક કર્તવ્યમાં શ્રી સંઘપૂજા નામનું વાર્ષિક કર્તવ્ય જણાવી દરેક શ્રાવકે દરેક વરસે સંઘપૂજા જરૂર કરવી જ જોઈએ એમ ચોખ્ખા શબ્દોમાં જણાવ્યું છે.

## શ્રાવકો શાસનના પ્રભાવક શી રીતે ?

આવી રીતે શ્રી શ્રીપાળ મહારાજે રથયાત્રા, તીર્થયાત્રા અને સંઘપૂજાથી દર્શનપદની આરાધના કરી, તેમજ તે જ દર્શનપદની આરાધનાને અંગે શાસનના પ્રભાવનાનાં કાર્યો કર્યાં. એ રથયાત્રા વિગેરે કાર્યો સિવાયનાં શાસન પ્રભાવનાનાં કયાં કાર્યો કે જે દર્શનપદ આરાધવા માટે શ્રી શ્રીપાળ મહારાજે કર્યાં ? એ શાસન પ્રભાવનાનાં કાર્યોના સ્વરૂપને સૂચવનાર શ્રી રત્નશેખરસૂરિજીના જ શબ્દો વિચારીએઃ-

જો કે અન્ય સ્થાને આચાર્યાદિકની અપેક્ષાએ શાસન પ્રભાવનાના કાર્યોમાં પ્રવચનધારકપણું, ધર્મકથકપણું, વાદિપણું, તપસ્વિપણું, નૈમિત્તકપણું, કવિપણું મહર્દ્ધિક પ્રવર્જિતપણું વિગેરે ગણવા સાથે આતાપના વિગેરે અનેક કાર્યો સાધુસંસ્થાને લાયકનાં ગણાવવામાં આવે છે, પણ શ્રાવકસંસ્થાને અંગે શાસન પ્રભાવનાનાં કાર્યોમાં પ્રાવચનિકપણું વિગેરે ન હોવાથી ઔદાર્યના યોગે રાજા, મહારાજાને મળી અમારિપડહા વગડાવવા એ શાસન પ્રભાવનાનું કાર્ય છે એમ ભગવાન હરિભદ્રસૂરિજી શ્રીપંચાશકમાં જણાવે છે, પણ અહીં તો જેમ શ્રાદ્ધદિનકૃત્યની અંદર આચાર્ય મહારાજ દેવેન્દ્રસૂરિજી પ્રતિદિન જિનચૈત્ય જુહારવા જતાં તથા ગુરુમહારાજને વંદન કરવા જતાં કુટુંબકબીલાના સર્વ સમુદાયને સાથે લઈ અનેક પ્રકારનાં વાજિંત્રોનાં આડંબર સાથે જવું તેને જેમ શાસન પ્રભાવનાનું કાર્ય ગણે છે, અથવા શ્રી શ્રાદ્ધવિધિ વિગેરેમાં શ્રાવકના વાર્ષિક કૃત્યો ગણાવતાં તીર્થપ્રભાવનારૂપી અવશ્ય કાર્ય કરવાનું જે જણાવ્યું છે, તેમાં આડંબરપૂર્વક આચાર્યાદિકના પ્રવેશ મહોત્સવ ને શાસન પ્રભાવનાના કાર્ય તરીકે ગણાવેલ છે, અને શ્રી વ્યવહારસૂત્રના ભાષ્યની અંદર પ્રતિમાના અધિકારમાં પણ સાધુઓનો પ્રવેશ મહોત્સવ શાસનને શોભાવનાર કાર્ય તરીકે ગણાવેલો છે, તેવી જ રીતે અહીં પણ ચૈત્ય જુહારવા માટે, ગુરુવંદન માટે કે ગુરુના પ્રવેશ મહોત્સવ માટે અનેક પ્રકારનાં વાજિંત્રોથી થતો આડંબર શાસન પ્રભાવના શબ્દથી ગણવામાં આવેલો હોઈ શ્રીપાળ કર્તા શ્રી રત્નશેખરસૂરિજી શ્રી શ્રીપાળ ચરિત્રની ૧૨૧૧મી ગાથામાં :-

वज्जंतएहिं मंगलतूरेहिं सासणं पभावंतो अર્થાત્ માંગલિક વાજિંત્રોને વગાડવારૂપી આડંબર દ્વારાએ શાસનની પ્રભાવના શ્રી શ્રીપાળ કરતા હતા. એ ઉપરથી શ્રી શ્રીપાળ મહારાજે ચૈત્યવંદન. ગુરુવંદન અને ગુરુપ્રવેશ મહોત્સવ વિગેરે કાર્યો કરવાદ્વારાએ શાસનની પ્રભાવના કરી સમ્યગ્દર્શનપદની આરાધના કરી હતી, એટલે રથયાત્રા, તીર્થયાત્રા, સંઘપૂજા અને શાસન પ્રભાવના દ્વારાએ દર્શનપદની આરાધના કરવાનું શાસ્ત્રકાર જણાવે છે. તત્ત્વદૃષ્ટિએ વિચારીએ તો વર્તમાન જગતમાં વાહ્યાત વિચાર ધરાવનારાઓને આ દર્શન પ્રભાવનાનાં કાર્યો જ હૃદયમાં શૂલની માફક ખટકે છે, અને તેનું કારણ એ જ છે કે તેઓનું અંતઃકરણ નથી તો દર્શનની મહત્તા તરફ જોડાયું અને નથી તો દર્શનપદના ધુરંધર કાર્ય કરનારાઓ તરફ જોડાયું, પણ તેવા બેદરકાર કે અરૂચિપ્રધાન મનુષ્યોની દરકાર રાખવી ધર્મની ધગશવાળા શાસનપ્રેમીઓને તો અંશે પણ પાલવે તેમ નથી.

## સાતમે પદે શ્રીજ્ઞાનની આરાધના

દર્શનપદથી શાસનની દૃષ્ટિ રાખીને રથયાત્રાદિકદ્વારાએ દર્શનપદરૂપી ગુણની આરાધના જણાવી, તેવી રીતે શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન જેવા મહર્દ્ધિક અને ઉત્તમોત્તમ એવા જ્ઞાનની આરાધના પંચપરમેષ્ઠીની આરાધના કરવાદ્વારાએ થયેલી છતાં સ્વતંત્ર જ્ઞાનપદની આરાધના કેવી રીતે કરવી તે શ્રી શ્રીપાળ મહારાજાએ કરેલી આરાધના દ્વારાએ બતાવે છેઃ-

सिद्धंतसत्थपुत्थयकारावणलेहणच्चणाईहिं ।
सज्झायभावणाइहिं नाणपयाराहणं कुणई॥ ११७६॥

## સિદ્ધાંતશાસ્ત્રને જ જ્ઞાનપદની આરાધનામાં સ્થાન કેમ ?

જૈન જનતામાં એ વાત તો સિદ્ધ જ છે કે મતિજ્ઞાનાદિ પાંચે પ્રકારના જ્ઞાનો છતાં પણ જો કોઈપણ સ્વ અને પરનું નિરૂપણ કરનાર દીવા સમાન જ્ઞાન હોય તો તે શ્રુતજ્ઞાન જ છે. શ્રુતજ્ઞાન સિવાયના મતિ આદિ ચારે જ્ઞાનો મૂગાં જેવાં એટલે કે પોતાના સ્વરૂપને પણ પોતે ન જણાવી શકે તેવાં છે, જ્યારે શ્રુતજ્ઞાન પોતાના સ્વરૂપને પોતે સમજાવે છે એટલું જ નહિ પણ અન્ય મતિ આદિ જ્ઞાનોના સ્વરૂપને પણ તે શ્રુતજ્ઞાન જ સમજાવે છે. વળી મતિ આદિ જ્ઞાનોને અંગે લેવાદેવાનો વ્યવહાર પ્રવર્તતો નથી, જ્યારે શ્રુતજ્ઞાન અને તેના પેટાભેદોને અંગે લેવાદેવાનો વ્યવહાર પ્રવર્તી શકે છે. વળી કાળ, વિનયાદિક આચારો પણ શ્રી શ્રુતજ્ઞાનની આરાધનાને અંગે જ શાસ્ત્રકારોએ જણાવેલા છે, અને તે કાલ, વિનયાદિક આચારોની સ્ખલનાએ શ્રુતજ્ઞાનની આશાતના ગણવામાં આવે છે, અર્થાત્ જ્ઞાનપદના આરાધનને અંગે જો કોઈની પણ આરાધના થઈ શકતી હોય અથવા કોઈપણ જ્ઞાનને આરાધવા માટે શાસ્ત્રકારોએ આચારો જણાવેલા હોય તો તે કેવળ શ્રુતજ્ઞાનને અંગે જ છે, અને તેથી શ્રી શ્રીપાળ મહારાજા પણ જ્ઞાનપદનું આરાધન કરતાં શ્રી શ્રુતજ્ઞાનદ્વારાએ જ પ્રવૃત્તિ કરે છે. એક વાત ધ્યાનમાં રાખવાની છે કે વાસ્તવિક રીતે શ્રુતજ્ઞાન વાચ્યવાચકભાવના સંબંધને અંગે જ થયેલું જ્ઞાન છે, અને તેવું જ્ઞાન જો કે વ્યાખ્યાને અંગે સ્વપરપ્રકાશક હોઈ દીપક સમાન કહી શકાય, પણ આરાધના અને આચારને અંગે તેવા વાચ્ય વાચકભાવથી જ સ્વરૂપને ધારણ કરનાર શ્રુતજ્ઞાનનો કાળાદિક આચારો દ્વારાએ આરાધન કરી શકાતું નથી, પણ ગણધર ભગવાન વિગેરે મહાપુરુષોએ આવશ્યક, આવશ્યક વ્યતિરિક્ત, અંગપ્રવિષ્ટ, અંગબાહ્ય, કાલિક અને ઉત્કાલિકસૂત્ર, અર્થ અને તદુભયઆદિ ભેદોથી ગુંથાયેલું જ શ્રુતજ્ઞાન કાલ, વિનયાદિક આચારો દ્વારાએ આરાધના યોગ્ય થઈ શકે છે. અર્થાત્ જ્ઞાનપદનું આરાધન મુખ્યત્વે આવશ્યક આદિ ભેદરૂપ જ્ઞાનદ્વારાએ જ થઈ શકે છે. આવી સ્થિતિ છતાં પણ જ્યાં સુધી પુસ્તક નિરપેક્ષ આવશ્યકાદિ જ્ઞાનનો પ્રચાર હતો ત્યાં સુધી મુખ્યતાએ કેવળ તે તે આવશ્યકાદિના અધ્યયન અને અધ્યાપન આદિ દ્વારાએ જ્ઞાનપદનું આરાધન થતું હતું, પણ સિદ્ધાંતને પુસ્તકારૂઢ નહોતાં કર્યાં ત્યારે થોડી વ્યક્તિઓ માટે અને સિદ્ધાંતને પુસ્તકારૂઢ કર્યા પછી સર્વ વ્યક્તિઓ માટે શાસ્ત્રોના સંક્ષેપ કરવારૂપ નાના પ્રકરણોનું કરાવવું, લખવું અને પૂજવું વિગેરે કરવા દ્વારાએ જ્ઞાનપદનું આરાધન સ્પષ્ટ રીતે થઈ શકે તેવું છે.

## સિદ્ધાંત અને શાસ્ત્રો ક્યાં? અને તેનું કરાવવું કેમ? તથા તેનાથી જ્ઞાનારાધના કેમ?

આ સ્થાને સિદ્ધાંત અને શાસ્ત્રના પુસ્તકોને કરાવવાં, લખાવવાં અને પૂજવાં વિગેરેથી જ્ઞાનપદની આરાધના જણાવી છે તેમાં પ્રથમ તો સિદ્ધાંત અને શાસ્ત્ર આ બે શબ્દો વાપરવાથી પ્રભુસંમિત વાક્યના સ્થાને રહેવાવાળાં અંગપ્રવિષ્ટ આદિ આગમોને સિદ્ધાંત શબ્દથી લીધા હોય અને બાકીના મિત્રસંમિત અને કાંતાસંમિત વાક્યના સ્થાને શોભે તેવા-હેતુપ્રધાન અને દૃષ્ટાંતપ્રધાન ન્યાય શાસ્ત્ર અને ચરિત્રશાસ્ત્રો લીધાં હોય અને તે બંને પ્રકારના એટલે સિદ્ધાંત અને શાસ્ત્ર તરીકે ગણાતા શ્રુતજ્ઞાનનો પુસ્તકો વિગેરે કરાવવા દ્વારાએ આરાધનભાવ થતો હોય તેમ સ્પષ્ટ જણાવે છે, અર્થાત્ ગણધર મહારાજાઓ જો કે ગણધરનામકર્મના ઉદયથી અંગપ્રવિષ્ટાદિ આગમોને રચે છે અને તેઓની તે રચનામાં કોઈપણ અન્ય જીવ પ્રેરક ન બને, છતાં બીજા શ્રુતકેવળી વિગેરે પણ આગમોને રચવાવાળા હોય છે, અને તેથી તેઓને કોઈપણ

શાસનપ્રેમી શાસન ઉપયોગી શ્રુત રચવાની વિનંતિ કરે, અને એવી રીતે શ્રુતકેવળી ભગવાન જેવા સમર્થ પુરુષો દ્વારાએ જે સિદ્ધાંતોનું એટલે આગમોનું રચાવવું કરાવાય તે જ્ઞાનના આરાધનનો એક પ્રકાર છે. જો કે શ્રુતકેવળી ભગવાનો સ્વયં જગતના જીવમાત્રના ઉદ્ધારને માટે તત્પર હોય છે, અને ઉધ્ધારને માટે જે કાંઈપણ આગમની રચના કરવી પડે તે સ્વયં કરે જ છે, છતાં શ્રુતકેવળી ભગવાન વિગેરે મહાપુરુષોને વિજ્ઞપ્તિ કરી પોતાના આત્માના કે પોતાના સંસર્ગમાં આવનારા ભવ્યાત્માઓના ઉદ્ધારને માટે રચના કરાવાય તેમાં તે વિજ્ઞપ્તિ કરનારની મુખ્યતા હોય તેને જ આગમની રચના કરાવી કહેવાય, અથવા વગર વિજ્ઞપ્તિએ પણ જે ભવ્યાત્માને ઉદ્દેશીને શ્રુતકેવળી ભગવાન વિગેરે જે આગમની રચના કરે, તેમાં પણ તે ભવ્યાત્માનું પ્રયોજકપણું હોવાથી તે ભવ્યાત્માએ આગમો કરાવ્યાં કહેવાય જેમ કોઈ સાધુને ઉપવાસ કરાવનારી યક્ષા જેવી સાધ્વીને ઉદ્દેશીને ભગવાન સીમંધર સ્વામીજીએ ચાર ચૂલિકા અધ્યયનો આપ્યાં તથા મનકમુનિજીને ઉદ્દેશીને શય્યંભવસૂરિજીએ શ્રીદશવૈકાલિકસૂત્રની રચના કરી, પાંચસો ચોરોને ઉદ્દેશીને કપિલ કેવળી મહારાજે કાપિલીય અધ્યયન પ્રગટ કર્યું. આ સર્વ આગમની રચનાઓ જેમ સ્વાભાવિક થઈ છે, તેમ ભવ્યાત્માઓની વિજ્ઞપ્તિઓ જે આગમરચનામાં હેતુભૂત હોય તે આગમોની રચના ભવ્યાત્માઓએ કરાવેલી કહેવાય, અને તેવી રીતે રચના કરાવવાવાળો મનુષ્ય પોતાના આત્માના અને અન્ય આત્માના જ્ઞાનપ્રકાશને માટે કેટલો બધો તત્પર હશે તે સહેજે સમજાય તેમ છે, અને તેવી તત્પરતા જ્ઞાન આરાધનનું એક જબરદસ્ત દ્વાર છે. આ હકીકત શ્રુતકેવળી વિગેરે જે આગમોને બનાવવાવાળા છે, તેઓ દ્વારાએ આગમ બનાવવાને અંગે છે, બાકી સામાન્ય શાસ્ત્રો બનાવવાને અંગે તો ભગવાન હેમચંદ્રસૂરિજીએ સિદ્ધરાજ જયસિંહને વિનંતિથી સાંગોપાંગ શબ્દાનુશાસન બનાવ્યું પરમાર્હત મહારાજા કુમારપાળની વિનંતિથી ત્રિષષ્ટીયશલાકા પુરુષ ચરિત્ર વિગેરે બનાવ્યાં એવી જ રીતે આચાર્ય દેવભદ્રસૂરિજીએ શ્રાવકની પ્રાર્થનાથી પાર્શ્વનાથ ચરિત્ર વિગેરે બનાવ્યાં, શ્રી ગુણચંદ્રસૂરિજીએ શ્રાવકની પ્રાર્થનાથી શ્રી મહાવીર ચરિત્ર વિગેરે બનાવ્યાં, ઉપાધ્યાય યશોવિજયજીએ મેઘજી દોશીને અંગે જેમ સ્તવનો વિગેરેની રચના કરી, એ વિગેરે વિચારતાં સ્પષ્ટ જણાઈ આવશે કે કંઈ મહાપુરુષો કંઈ મહાત્માઓને જ્ઞાનને પ્રકાશને માટે વિજ્ઞપ્તિ કરી શાસ્ત્રોની રચના કરાવે છે, અને તેવી રીતે શાસ્ત્રોની રચના કરાવવી એ જ્ઞાન આરાધનનો એક મુખ્ય અને જરૂરી પ્રકાર છે, અને તેથી મહારાજા શ્રીપાળ પણ જ્ઞાનપદના આરાધનને માટે સિદ્ધાંત અને શાસ્ત્રોનું નવીન સૂત્રણ કરાવીને જ્ઞાનપદનું આરાધન કરે છે તે વ્યાજબી જ છે.

### મતિજ્ઞાનાદિની પણ સમૃદ્ધિ શ્રુતજ્ઞાનથી જ છે

સામાન્ય રીતે મનુષ્ય સાહિત્ય ઉત્પાદ, સાહિત્ય વિકાસ અને સાહિત્ય પ્રચારને માટે જ્ઞાનની લાગણીથી તૈયાર થયો હોય તે મનુષ્ય શાસનરૂપી સૌધનો શ્રેયસ્કર પાયો મનુષ્યના મનોરથમાં રમી રહેલ આચારવૃક્ષની જડ સમ્યક્ત્વના સિદ્ધાંતને સમજાવવાવાળા શ્રુતજ્ઞાનના ઉદયને માટે પ્રયત્ન કરનારો હોય છે. જો કે શાસ્ત્રોમાં મતિજ્ઞાનની પ્રથમતા સ્વીકારી શ્રુતજ્ઞાનને મતિપૂર્વક જ ગણવામાં આવે છે, પણ તે શ્રુતની અપેક્ષા વગર થવાવાળું મતિજ્ઞાન કેવળ ઉત્પત્તિ આદિ બુદ્ધિરૂપે થતા મતિજ્ઞાનને ગણવામાં આવે છે, અર્થાત્ સમગ્ર જગતનો સામાન્ય રીતે પ્રવર્તતા અવગ્રહ, ઈહા, અપાય અને ધારણારૂપી મતિજ્ઞાનના

ભેદો શ્રુતજ્ઞાનથી તદન નિરપેક્ષ હોતા નથી, અને તેથી જ તે અવગ્રહાદિ સર્વ વ્યવહારિક જ્ઞાનોને શ્રુતનિશ્રિત મતિજ્ઞાન તરીકે ઓળખવામાં આવે છે એમ નહિ કહેવું કે જો અવગ્રહાદિ ભેદો મતિજ્ઞાનના જ ગણાય છે, છતાં જો તે શ્રુતજ્ઞાનની નિશ્રાથી જ થાય તો પછી મતિજ્ઞાનને શ્રુતજ્ઞાનપૂર્વક એટલે શ્રુતજ્ઞાનથી થયેલું કેમ નહિ કહેવું ? કારણ કે મતિજ્ઞાન થતી વખતે જોકે તે મતિજ્ઞાન જેને થાય છે તે આત્મા શ્રુતજ્ઞાનથી સંસ્કારિત થયેલો હોય છે, અને તેથી તે સંસ્કારોના પરિણામરૂપે તે અવગ્રહાદિ રૂપ મતિજ્ઞાન થતું હોવાથી તે અવગ્રહાદિને શ્રુતનિશ્રિત મતિજ્ઞાન તરીકે કહેવામાં આવે છે, પણ શ્રુતજ્ઞાન ઉત્પન્ન થતી વખતે જેમ મતિજ્ઞાન શ્રુતજ્ઞાનપણે પરિણમે છે અથવા તો મતિજ્ઞાનની વિશિષ્ટ અવસ્થા શ્રુતજ્ઞાનરૂપે ગણાય છે, અગર તો મતિજ્ઞાનમાં જે પદાર્થો છૂટા છૂટા વિષય તરીકે જાણવામાં આવ્યા હોય તે તે પદાર્થોને સંબદ્ધપણે અને વિશેષતાએ જ્ઞાનના વિષયમાં લેવામાં આવે ત્યારે તે શ્રુત તરીકે ગણાય છે, માટે શ્રુતજ્ઞાનને મતિજ્ઞાનથી થવાવાળું ગણવામાં આવે છે, પણ અવગ્રહાદિ જ્ઞાનો જે મતિજ્ઞાનના ભેદરૂપે છે તે જેમ જેમ શ્રુતથી વધારે સંસ્કારિત મનુષ્ય હોય, જે જે વિષયના શ્રુતનો સંસ્કારિત મનુષ્ય હોય જેવા જેવા શ્રુતજ્ઞાનથી મનુષ્ય સંસ્કાર પામેલો હોય તેમ તેમ વધારે વધારે કે તે તે કે તેવા તેવા એવા વિષયવાળું મતિજ્ઞાન થાય છે, પણ તે શ્રુતજ્ઞાન કે જે પૂર્વે થયેલું હતું તેનો માત્ર તે વખતે સંસ્કાર જ હોય છે, પણ તેનો કોઈપણ પ્રકારે કારણભાવ બનતો નથી. (જો કારણભાવ જ માનવામાં આવે તો મતિજ્ઞાન વિના શ્રુત થાય નહિ અને શ્રુતજ્ઞાન વિના મતિજ્ઞાન થાય નહિ એવો પ્રસંગ આવી પડે, અને તેથી એકે જ્ઞાન થવાનો પ્રસંગ જ રહે નહિ.)

**શાસ્ત્રો લખાવીને કરાવાતા જ્ઞાનોદ્ધાર તે જ જ્ઞાનોદ્ધાર**

આ બધું કહેવાની મતલબ એ જ છે કે સામાન્ય રીતે મતિજ્ઞાન એ શ્રુતજ્ઞાનથી થવાવાળી વસ્તુ છે એમ નહિ, પણ વિશિષ્ઠ એવું મતિજ્ઞાન શ્રુતજ્ઞાનથી સારા સંસ્કાર પામેલાને જ હોય છે એ વાત અનુભવ તથા શાસ્ત્રથી સિદ્ધ હોવાને લીધે એમ ધારવું યોગ્ય જ છે કે મતિજ્ઞાન અવધિજ્ઞાન, મનઃ પર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ ચારે જ્ઞાનોના આવિર્ભાવની જડ સિદ્ધાંત અને શાસ્ત્રનું જ્ઞાન જ છે, અને તેથી તેવા સિદ્ધાંત અને શાસ્ત્રના સુંદર જ્ઞાનનો શ્રેયસ્કર ફાળો જગતને અપાવવો જરૂરી છે એમ ધારવામાં આવે અને તેથી પરોપકારી એવા ચતુર્વિધ શ્રી શ્રમણસંઘ માંહેની કોઈપણ વ્યક્તિ તેવા સિદ્ધાંત અને શાસ્ત્રનો ઉદ્‌ભવ, વિકાસ, પ્રચાર કે બોધ કરવા માટે તૈયાર થઈ શાસનધુરંધર પુરુષો પાસે શાસનના અસાધારણ ઉદયને માટે સિદ્ધાંત અને શાસ્ત્રનો અપૂર્વ પ્રાદુર્ભાવ કરાવી તેનો પ્રચાર સ્થાને સ્થાને થાય તે માટે તે સિદ્ધાંત અને શાસ્ત્રોને લખાવવાને માટે તૈયાર થાય અને તે દ્વારાએ જ્ઞાનપદનું આરાધન કરે તે યોગ્ય છે અને તેથી શ્રી શ્રીપાળ મહારાજા પણ સાતમા જ્ઞાનપદનું આરાધન કરતાં સિદ્ધાંત અને શાસ્ત્રનાં પુસ્તકો લખાવવા માટે પ્રયત્ન કરી તે પદના આરાધનનું કાર્ય કરતા હતા.

**પુસ્તકોની જરૂરીયાત અને તેની સર્વકાલીનતા**

ઇતિહાસને જાણનારા પુરુષો સારી રીતે સમજી શકે છે કે આ દુઃષમકાળમાં જીવમાત્રને ભગવાન જિનેશ્વરના માર્ગનો બોધ આપનાર હોય તો તે માત્ર સિદ્ધાંત અને શાસ્ત્રોના પુસ્તકો જ છે. વળી ભક્તપરિજ્ઞા વિગેરેમાં સંસાર સમુદ્રથી તરવાને માટે દ્રવ્ય વાપરવાનાં સ્થાનકો ગણાવતાં પુસ્તકમાં દ્રવ્ય વાપરવાનું પણ સ્થાન ગણાવવામાં આવે છે.

દર્શનશુદ્ધિની અંદર શ્રી જિનેશ્વર ભગવાનની પ્રતિમા અને તેમના ચૈત્યરૂપી ક્ષેત્રની માફક જૈન સિદ્ધાંતોના લખાવવા રૂપ પુસ્તકોનું ક્ષેત્ર ગણવામાં આવેલું છે. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી શ્રી યોગશાસત્રમાં શ્રી રત્નશેખરસૂરિજી શ્રાદ્ધા વિધિમાં અને મહોપાધ્યાયજી શ્રી માનવિજયજી ધર્મસંગ્રહમાં વાર્ષિક કૃત્યો જણાવતાં સાત ક્ષેત્રમાં ધન વાપરવાનું જણાવી પુસ્તકોનો ઉદ્ધાર કરવાનું જણાવી પ્રતિવર્ષ તેની કર્ત્તવ્યતા જણાવે છે. એમ નહિ કહેવું કે સિદ્ધાંતને પુસ્તકારૂઢ કરનાર ભગવાન દેવર્દ્ધિ ગણિ ક્ષમાશ્રમણજી છે અને તેથી આ પુસ્તકનું ક્ષેત્ર તેમની પછીજ ઉમેરાયેલું હોવું જોઈએ. આમ નહિ કહેવાનું કારણ એ છે કે પ્રથમ તો લિપિનો વ્યવહાર ભગવાન ઋષભદેવજીથી જ પ્રવર્તેલો છે એ વાત જૈનસમુદાયથી અજાણી નથી. લિપિના વ્યવહારને અંગે તો કર્મભૂમિનો અર્થ કરતાં અસિ અને કૃષિની સાથે મષીનો પણ વ્યાપાર કર્મ તરીકે ગણવામાં આવે છે. દરેક ચક્રવર્તીઓ ઋષભકૂટ પર્વતમાં પોતાના સાર્વભૌમપણાની છાપ મારવા માટે નામો લખે છે એ વાત સર્વકાલની છે. સંજ્ઞા, વ્યંજન અને લબ્ધિ એ ત્રણ પ્રકારના અક્ષરભેદોમાં સંજ્ઞા નામનો અક્ષરભેદ લિપિને અંગે જ હોય છે. વળી શ્રી ભગવતીસૂત્રમાં શરૂઆતમાં જ બ્રાહ્મીલિપિને નમસ્કાર કરવામાં આવ્યો છે. અનુયોગ દ્વાર વિગેરેમાં શ્રુતસ્કંધોના અધિકારો બતાવતાં લખેલાં પુસ્તકોનો અધિકાર દ્રવ્યશ્રુત તરીકે લેવામાં આવેલો છે.

## જ્ઞાનારાધકોને પુસ્તકપૂજાની જરૂરીયાત ને લખાવવાની જરૂરીયાત

રાયપસેણી ઉપાંગની અંદર સૂર્યાભ દેવતા કે જેની ભલામણ બીજા સર્વદેવોના વર્ણનને અંગે કરવામાં આવે છે, તેણે ભગવાન જિનેશ્વરદેવની પ્રતિમાની માફક પુસ્તકરત્નની વિવિધ પ્રકારે પૂજા કરી છે, એટલું જ નહિ પણ શ્રી વસ્તુપાળ, તેજપાળ, મહારાજા કુમારપાળ જેવા શાસનસ્તંભોએ કરોડો રૂપીયા ખર્ચી કંઈ જ્ઞાનભંડારો કરાવી શાસનને જબરદસ્ત ટેકો આપ્યો છે. તાડપત્રની પ્રતો વાંચનારાઓ સારી પેઠે સમજી શકે છે કે અગીયાર, બાર અને તેરમી સદીમાં અનેક ઉદારપુરુષોએ અનેક પ્રકારે શાસ્ત્રોનો ઉદ્ધાર કરવા માટે ઘણાં તાડપત્રોમાં ઘણાં પુસ્તકો લખાવ્યાં છે. કાગળનો વ્યવહાર વધારે થયો ત્યારથી પણ અનેક ઉદાર ધનાઢ્ય પુરુષોએ પુસ્તક ઉદ્ધારના કાર્યમાં મોટો ફાળો આપેલો છે. આપણે સ્પષ્ટપણે સમજી શકીએ તેમ છીએ કે કોઈપણ દર્શન શાસ્ત્ર એટલે પુસ્તકના પ્રચાર સિવાયનું પ્રવર્તી કે વધી શકતું નથી. આપણે દેખીએ છીએ કે ક્રિશ્ચિયન, દયાનંદી અને લોંકા જેવા અનેકને પોતપોતાના ઈષ્ટદેવોની પ્રતિમાની આરાધના છોડી દેવાનું થયું છે, છતાં તેઓએ પુસ્તકોમાં લખાતી લિપિ દ્વારાએ થતા જ્ઞાનનો નિષેધ નહિ કરતાં આદર જ કરેલો છે, અર્થાત્ જેઓને પ્રતિમા ઉઠાવવી પાલવી છે તેઓને પણ પુસ્તકો કે જે આકાર દ્વારાએ જ જ્ઞાનને કરે છે તેને ઉઠાવવા પાલવ્યાં નથી.

## ભગવાન મહાવીર વખતે પણ પુસ્તકોની હયાતી

આ ઉપરથી તેમજ ભગવાન મહાવીર મહારાજના કેવળજ્ઞાનની પહેલાં જિનદાસ નામનો શેઠ અષ્ટમી અને ચતુર્દશીએ પૌષધ કરીને પુસ્તકો વાંચતો હતો. આ વાત આવશ્યક વિગેરે સૂત્રોમાં સ્પષ્ટ હોવાથી સિદ્ધાંત અને શાસ્ત્રના પુસ્તકોનું લખવું શ્રીદેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણજી પછી જ થયું છે, અને તેથી આ શ્રીપાળ મહારાજે કરેલી જ્ઞાનની આરાધનામાં પુસ્તકો લખવા સંબંધી આવતો અધિકાર અસંગત છે એમ કહી શકાય નહિ. ભગવાન દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજીએ આગમો પુસ્તક પાનાં ઉપર લખ્યાં અર્થાત્ પહેલાં બીજાં શાસ્ત્રો પુસ્તક પાનાં ઉપર લખાયેલાં હતાં, પણ આગમો પુસ્તક પાનાં ઉપર લખાયેલાં ન હતાં એમ કહેવું પણ શ્રુતસ્કંધના અધિકારમાં દ્રવ્યશ્રુત તરીકે પુસ્તક પાનાં લીધેલાં હોવાથી અને શ્રુતસ્કંધ

તરીકે વિભાગો આગમમાં જ પડતા હોવાથી આગમો પહેલાં લખાતાં જ ન હતાં એમ કહી શકાય નહિ એટલી વાત જરૂર છે કે અંગાદિકનું જ્ઞાન આચાર્યાદિક પરંપરા દ્વારાએ શાસનમાં પ્રવર્તતું હોવાથી નિર્ગ્રંથ શ્રમણ ભગવંતોને આગમપુસ્તકોની જરૂર રહેતી ન હતી, અને તેથી પાંચ પ્રકારના પુસ્તકોમાંથી કોઈપણ પ્રકારના પુસ્તક રાખવાં, લખવાં કે તેને બાંધીને સાચવવાં એ દરેકમાં નિરૂપયોગિતા હોવા સાથે ઉપાધિપણાને લીધે પ્રાયશ્ચિત આપત્તિ શાસ્ત્રકારોએ જણાવેલી છે, પણ ભગવાન વજ્રસ્વામીજી સરખાને કરાવેલા અભ્યાસની સ્થિતિનો વિચાર કરતાં ધારણારહિત એવા શ્રમણ નિર્ગ્રંથાદિ માટે પણ પુસ્તકોનો ઉપયોગ થતો ન હતો કે આગમનાં પુસ્તકો રખાતાં ન હતાં એમ કહી શકાય તેમ નથી.

## પુસ્તકોના માલિક શ્રમણ ભગવંતો

વળી, ભાષ્યકાર મહારાજાઓએ ભંડારોને માટે સાધુઓને જે નિર્યુક્તિ વિગેરેનાં પુસ્તકો રાખવાની છૂટ આપેલી છે, તથા ચૂર્ણિકાર મહારાજે દુઃષમકાળને લીધે પુસ્તકો ગ્રહણ કરવાં તે સંયમ છે એમ સ્પષ્ટ અક્ષરોમાં જણાવેલું હોવાથી દરેક શ્રદ્ધાળુને માનવાની જરૂર પડશે કે નિરૂપાધિપણે વર્તવાવાળા પણ શ્રમણનિર્ગ્રંથોને પુસ્તક રાખવાનો અધિકાર શ્રીદેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજી પહેલાં અને પછી સમુદાયને આશ્રીને છે એમાં કોઈથી ના પાડી શકાય તેમ નથી. વળી, આચાર્ય ભગવાન મલ્લવાદીજીના ગુરુના તાબામાં જ તે વખતનો ભંડાર હતો એટલું જ નહિ પણ તેઓએ કાળ કરતી વખતે તે ભંડાર યક્ષા નામની સાધ્વી કે જે મલ્લવાદીજીની માતા હતી તેને જ સાચવવા સોંપેલો હતો. વળી જે સદી સુધીનાં લખેલાં પુસ્તકો ઉપલબ્ધ થાય છે, તે સદી સુધીનાં પુસ્તકોમાં તે તે પુસ્તકો તે તે પૂજ્ય આચાર્યાદિક મહાપુરુષોને અમુક અમુક ઉદાર પુરુષોએ લખાવીને અર્પણ કર્યાં એમ ખુલ્લા લેખો છે. વળી સાધુઓની સમાચારી જે પ્રાકૃત ગાથાબંધ થયેલી છે તેમાં સ્પષ્ટપણે સૂચવે છે કે-જ્ઞાનોપકરણો તો ગાડાંથી પણ વહેવડાવી શકાય, પણ તે ગાડાંમાં સાધુએ પોતાની ઉપધિ મેલવી નહિ. પુસ્તકો વિગેરે સાધુના સ્વામિત્વવાળાં હોવાથી પ્રાયશ્ચિતગ્રંથોમાં સાધુના પુસ્તકાદિ ગ્રહણમાં શ્રાવક શ્રાવિકાને પ્રાયશ્ચિત જણાવેલું છે. વળી દુઃષમકાળની અપેક્ષાએ ચરણકરણના નિર્વાહને જ માટે તથા કાલિક આદિ શ્રુતના અવિચ્છેદને માટે જ ચૂર્ણિકારોએ પુસ્તક રાખવાનું જણાવ્યું છે, તેથી નક્કી થાય છે કે સાધુઓને અન્ય ચારિત્રાદિ ઉપકરણોની માફક પુસ્તકો રાખવાનાં શાસ્ત્રકારોની આજ્ઞાથી વિધાનો છે. વળી, મેધાદિકની હાનિ ન હોય ત્યારે પુસ્તકોનું રાખવું તે અસંજમ છે એમ ગણી મેધાદિકની હાનિથી જે પુસ્તકો રાખવાને સંજમ ગણાવ્યું છે તે જ સ્પષ્ટપણે એમ જણાવે છે કે સત્તરે પ્રકારે સંજમને પાલન કરવાવાળા સંયમધારીઓ પુસ્તકો રાખે, અને તે વર્તમાનકાળમાં અસંજમ નહિ ગણાતાં સંજમ ગણાય.

## પુસ્તકોનો ઉપયોગ કરવાની જરૂર

એ પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે શ્રી પંચવસ્તુઆદિ શાસ્ત્રોના અભિપ્રાય મુજબ પ્રતિક્રમણ અને પ્રતિલેખનાદિ ક્રિયા સિવાયના સર્વ વખતમાં સાધુએ સ્વાધ્યાયમાં પ્રયત્ન કરવો જોઈએ, અને તેવા સતત સ્વાધ્યાય પ્રયત્નથી જ આત્મા સંયમ વ્યાપારમાં સ્થિર થાય છે. આમ જણાવેલું હોવાથી સંયમપાલન અને સંયમની સ્થિરતા કરવાની ચાહનાવાળાએ પુસ્તકોના વાચન તરફજ લક્ષ્ય આપવું જોઈએ એમ સ્પષ્ટ થાય છે. દુનિયાદારીમાં વ્યવહાર કરનાર મનુષ્યને વ્યવહારક્રિયા માત્ર ઉપર આધાર હોવા છતાં તેને દર્શાવનારું નામું જીવના જોખમે પણ મૂડી કરતાં અધિકપણે જાળવવું પડે છે, તો પછી જે મહાપુરુષે સર્વજ્ઞપુરુષની

વાણીને અંગે ધન, માલમિલ્કત, છોડ્યાં છે, સ્ત્રી, પુત્ર, કુટુંબકબીલાના કકળાટને ગણ્યો નથી શરીર અને જીવનથી પણ નિરપેક્ષ થઈને સર્વ સાવદ્યનો ત્યાગ કરી સમ્યગ્જ્ઞાનાદિની પ્રવૃત્તિ કરવાની યાવજ્જીવને માટે પ્રતિજ્ઞા કરી છે, તેવો મહાપુરુષ તેવી સર્વજ્ઞ ભગવાનની વાણીને (પુસ્તકોને) વાચનાદિકથી સતત ઉપયોગમાં નહિ લે, અને તેનાં ઉંડામાં ઉંડાં તત્ત્વો તપાસે નહિ, તેની પૂર્વાપર અવિરોધિતા અવલોકશે નહિ, તેનું સર્વજ્ઞપ્રણીતપણું સાબીત કરવા જેટલો સજ્જ થશે નહિ. સત્પુરુષોએ તે આગમને અવિચ્છિન્નપણે અંગીકાર કરીને અર્પણ કરેલો છે, એમ નિશ્ચિત કરશે નહિ. આત્માના ઉદ્ધારનું સમગ્ર કાર્ય આ આગમો (પુસ્તકો) દ્વારા સુજ્ઞ આત્માઓ કરી શકે છે એવી સ્થિતિ સમજવામાં આવશે નહિ, ત્યાં સુધી કોઈપણ સંયમધારી સત્પુરુષ સંસાર સમુદ્રથી પાર ઉતરવાના પ્રયત્નોમાં કટિબદ્ધ વર્તમાનકાળે રહી શકશે નહિ. આ સ્થળે જરૂર કહેવું જ જોઈએ કે પ્રજાને બેકાર બનાવીને રાજાએ બળવાને નોતરૂં દીધું છે એ વચન જેટલું સત્ય છે, તેટલું જ સાધુઓએ પુસ્તક પાનાં છોડી દેવાં અને વિશાળ અભ્યાસવાળા થઈ દુનિયાદારીની દુન્યવી મોજશોખના સાધનોમાંથી દૂર રહી આત્માના ઉદ્ધાર કરવા સાથે શાસનનો ઉદ્ધાર કરવો એવું કથન તે તેટલું જ ભારો ભાર અસત્ય છે. અર્થાત્ બેકારી જેમ બળવાખોરી નોતરે છે, તેમ અનભ્યાસિપણું અપવિત્રતાને જલદી નોતરે છે, માટે જ્ઞાન, દર્શન અને ચારિત્રના ખપી તથા શાસન અને આત્માનો ઉદ્ધાર કરવાની ભાવનાવાળા મહાપુરુષોને શાસ્ત્રકારોની આજ્ઞા મુજબ પુસ્તકો રાખવાં જરૂરી જ છે.

## પુસ્તકોનો ઉપયોગ કરાવવાની રીતિ

આ સઘળા કથનનું તત્વ એમ નથી કે ગૃહસ્થોના લાખોના દાગીના પણ વિવાહવાજનના પ્રસંગે પરસ્પર વિશ્વાસ રાખી લેવાદેવામાં આવે, છતાં સાધુઓની નિશ્રાએ રહેલા આગમો એટલે પુસ્તકો કોઈપણ અન્ય જિનાજ્ઞાનુસારી ગચ્છ, સંઘાડો કે સમુદાયને વાચનાદિકને અંગે કામ જ ન આવે તેને આપણે યોગ્ય ગણતા હોઈએ મતલબ એ જ છે કે સાધુઓએ પોતાના આત્માના અને શાસનના ઉદ્ધાર અને બચાવને માટે શાસ્ત્રકારોએ કહેલી પુસ્તકની સત્તા વ્યાજબી છે, તેવી જ રીતે તેના સર્વ સામાન્યપણે સદુપયોગ થવા માટે પુસ્તકાલયાદિદ્વારાએ ગોઠવણ થવી જરૂરી છે. અર્થાત્ આગમાદિના પુસ્તકો શ્રાવકોને વાંચવાના કે વંચાવવાનાં પણ હોતાં નથી, તો પછી તેવાં પુસ્તકો ઉપર તેઓની સત્તા કે કબજો કે વ્યવસ્થા કરવાનો હક ન હોય તે સ્વાભાવિક જ છે, પણ પાંચ પ્રકારના પ્રાયશ્ચિત્તોમાં જેમ આજ્ઞા નામના પ્રાયશ્ચિત્તનાં અધિકારમાં તે પ્રાયશ્ચિતત્તનાં પદો અને શુદ્ધિનાં પદોને નહિ સમજનારો ભક્તિમાન સાધુ ભગવંત સંદેશવાહકનું કાર્ય કરવામાં પોતાના આત્માનું કલ્યાણ સમજે છે, તેવી રીતે અહી પણ ગીતાર્થ સાધુ ભગવંતની સૂચના અને આજ્ઞા મુજબ કોઈપણ વ્યક્તિ કે સંસ્થા તે આગમાદિનો અન્ય સ્થાનેથી વિહાર કરતાં કરતાં આવેલા શ્રમણનિર્ગ્રંથને આગમાદિ પુસ્તકો વાંચવા કે વિચારવાદિ દ્વારાએ ઉપયોગ કરવા આપે અને તેઓ પાછા આપે ત્યારે વ્યવસ્થાસર સંભાળીને મેલે, તેમાં સદ્ગૃહસ્થ શ્રદ્ધાસંપન્ન હોવાથી પોતાના આત્માનું તે શાસનસેવા દ્વારાએ કલ્યાણ સમજે તો તેમાં આશ્ચર્ય જ નથી.

## પુસ્તકની પૂજાની રીતિ અને તેની જરૂરીયાત

વર્તમાનકાળમાં કેટલાક મનુષ્યો જુદા જુદા મતનાં જુદા જુદા તત્વોને પોતાની તે તત્વી બાબતની શ્રદ્ધા કે અભિરૂચિ નહિ હોવા છતાં માત્ર ઈતર લોકોને સાહિત્યનો શોખ થવાની ખાતર કે તેવો થયેલો શોખ પોષવાની ખાતર અગર પોતાની સંસ્થાની લોકપ્રિયતા કરવા

સર્વવ્યાપકતા જણાવવા માટે જેમ નિબંધમાળાઓ, વ્યાખ્યાનમાળાએ વિગેરે ગોઠવી લોકો પાસે નવા નવા નિબંધો અને ગ્રંથો લખાવે છે. આવી રીતે જે ગ્રંથોનું કરાવવું થાય તે જો કે સાહિત્યનો ઉદ્ધાર કરનાર અને પ્રચાર કરનાર હોવા છતાં જ્ઞાનઆરાધનની દૃષ્ટિએ તેટલું બધું ઉપયોગી થાય નહિ. જ્ઞાન આરાધનની દૃષ્ટિએ તો જે તત્ત્વની પોતાને રૂચિ હોય અને જે તત્ત્વથી પોતે અવ્યાબાધપદ મેળવવા માટે છાંડવાલાયકને છાંડવાલાયક તરીકે અને આદરવાલાયકને આદરવાલાયક તરીકે માનવા અને મનાવવાના સાધનભૂત જ્ઞાનને જ સમ્યગ્જ્ઞાન તરીકે માની જગતના જીવો પણ પોતાનું હિત, અહિત સમજે, જીવ, અજીવ વિગેરે તત્ત્વો સંબંધી બોધ પામે, અને સત્પ્રવૃત્તિમાં કટિબદ્ધ થવા સાથે અસત્પ્રવૃત્તિઓને રોકવાવાળો થાય એવી ધારણા કરી જે તત્વજ્ઞાનના સુબોધપણા આદિને માટે સિદ્ધાંત કે શાસ્ત્રનું કરાવવું થાય, તેને ખરેખર ઉપયોગી ગણી શકીએ. તેવી જ રીતે રાજા, મહારાજાઓ રાજ્યશોભાની દૃષ્ટિએ પંડિતોની શરમથી, લોકોની અનુવૃત્તિથી કે બીજા કોઈપણ દુન્યવી કારણથી નવા નવા સાહિત્યોની રચના કરાવવા સાથે તેનો ફેલાવો કરવા માટે સીરીઝ, વોલ્યુમ, ગ્રંથમાળા એવા એવા રૂપે બહાર પાડે છે, પણ જ્ઞાનઆરાધનની અપેક્ષાએ એ ધારણા ઉપયોગવાળી નથી. જ્ઞાનઆરાધનની દૃષ્ટિએ તો જગતના જીવો હિત અને અહિતને જાણવાને માટે તત્પર થાય અને તે હિત, અહિત જાણવાને તૈયાર થયેલા જીવો જીવ અને અજીવના સ્વરૂપને જાણે અને જીવ અને અજીવના સ્વરૂપને જાણવાથી જ તે જીવની અનેક પ્રકારની દેવ, તિર્યંચ, મનુષ્યાદિક ગતિઓ જાણે અને દેવ, તિર્યંચ, મનુષ્ય વિગેરે વિવિધ ગતિઓ જાણવાથી પુણ્ય અને પાપનું કારણ, તેનો ઉદય, તેનાં ફળો, તે બે છૂટવાનાં કારણો વિગેરે જાણવામાં આવે અને જ્યારે જગતના જીવો પુણ્ય, પાપ, બંધ અને મોક્ષને જાણે ત્યારે જ આ જગતના જીવો જે મનુષ્ય અને દેવતાઈ સુખોની પ્રાપ્તિ માટે તલસી રહેલા છે તે તેની તૃષ્ણા રોકાઈ જાય એટલું જ નહિ પણ તે પૌદ્ગલિક સુખોની ઇચ્છા, પ્રાપ્તિ અને તેની ઉપભોગદશાને આત્મસ્વરૂપને બાધ કરવાવાળી હોવા સાથે દુર્ગતિમાં દોરી જનારી બને, અને એવી રીતે જ્યારે જીવો પૌદ્ગલિક સુખોથી તૃષ્ણા રહિત થઈ વિરક્ત થાય ત્યારે જ આરંભ, પરિગ્રહ, અને વિષય, કષાયમય એવા સંસારના સર્વ બાહ્ય અને અભ્યંતર સંજોગોને છોડવાને તૈયાર થાય, અને જ્યારે સંસારના પાપરંભમય સર્વ બાહ્ય અભ્યંતર સંજોગોને છોડીને આત્માને નવા પાપથી બચાવનારો થાય ત્યારે જ કુટુંબ, કબીલો, માલમિલકત અને ઘરબાર છોડીને ત્રિવિધ, ત્રિવિધે છોડનારો થાય અને જે જીવો બાહ્ય અભ્યંતર સંજોગને છોડવાવાળા થઈ સંસારનો સર્વથા ત્યાગ કરી અણગારદશાને જેઓ પ્રાપ્ત કરી શકે છે, તેઓ જ આ ભવના કે પહેલાના ભવના કર્મો કે જે અજ્ઞાન અને કષાયથી કરવામાં આવેલાં હોય છે તેનો નાશ કરવા માટે તે ઉત્કૃષ્ટ સંવરને પામેલો મનુષ્ય જ તૈયાર થઈ શકે છે અને એવી રીતે ઉત્કૃષ્ટ સંવરરૂપ ધર્મને પામી કર્મને નાશ કરવા જે તૈયાર થાય છે તેઓ જ આત્માના ગુણોને રોકનાર ઘાતિકર્મ આદિનો સર્વથા ક્ષય કરી સર્વકાળ સંપૂર્ણપણે ફેરફેર થયા વગર રહેવાવાળું અને સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને જણાવવાવાળું કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરી શકે છે, અને આવી રીતે ઘાતિકર્મનો ક્ષય કરી સર્વવ્યાપક જ્ઞાન, દર્શનને પામનારો જીવ યોગથી બંધાતાં કર્મોને પણ રોકવા તૈયાર થઈ શકે છે, અને યોગથી પણ બંધાતાં કર્મો જે જીવને રોકવાં હોય છે તે જીવને અનાદિકાળથી આત્માની સમયસમય પ્રત્યે જે ચંચળદશા પ્રવર્તેલી છે તે સર્વ રોકી દઈને મેરુની માફક આત્માને નિશ્ચળ

અને ધન કરીને જેમાં રહેવાનું થાય છે તેવી શૈલેશી દશાને પામી શકે છે, અને તેવી રીતે ઘાતિકર્મના ક્ષયથી કેવળજ્ઞાન પામે, યોગથી આવતાં પણ કર્મો રોકે, આત્માને નિશ્ચળ કરીને અંગોપાંગના સંબંધને લીધે આત્મામાં થયેલી શુષિરદશાનો સર્વથા નાશ કરી ઘનરૂપતાને પામે ત્યારે અનાદિકાળથી વળગેલા કર્મ અને શરીરનો સંબંધ છોડી કર્મલેપરહિત સિદ્ધદશાને પામે છે, અને જ્યારે આવી રીતે કર્મના અંશથી પણ દૂર થાય ત્યારેજ તે સિદ્ધદશાને પામેલો મહાત્મા ચૌદ રાજલોક કે ત્રણ લોકના મસ્તકે જ રહેવાવાળો શાશ્વતો સિદ્ધ થાય છે. આવી રીતે હિતાહિત અને જીવજીવાદિકનું જ્ઞાન જ પરંપરાએ અવ્યાબાધ પદને આપનાર હોઈ તેનો બોધ જગતના સર્વજીવોને થવો જોઈએ એવી ધારણાથી સિદ્ધાંત અને શાસ્ત્રનો પ્રચાર કરવા માટે જે સીરીઝ, ગ્રંથમાળારૂપે બહાર પાડવામાં આવે તેજ સાહિત્યપ્રચાર જ્ઞાન આરાધનને અંગે ઉપયોગી છે. આ બધી વાતો સ્પષ્ટ કરવાને અંગેજ શાસ્ત્રકાર શ્રી રત્નશેખરસૂરીસ્વરજી મહારાજે શ્રી શ્રીપાળ મહારાજની જ્ઞાન આરાધનામાં સિદ્ધાંત અને શાસ્ત્રનાં પુસ્તકોનું કરાવવું અને લખાવવું બે જ માત્ર ન લેતાં પૂજન વિગેરે પણ જ્ઞાનની આરાધનાને અંગે અત્યંત ઉપયોગી ગણાવ્યાં છે. છપાવવા અને લખાવવાની ચર્ચામાં ઉતરવાનું આ સ્થાન નથી, પણ જ્ઞાનપદની આરાધના કરવાવાળાઓએ સિદ્ધાંત અને શાસ્ત્રોનું કરાવવું, લખાવવું કે છપાવવું એ જેટલું જરૂરી ગણવું, તેટલું જ બલ્કે તેથી વધારે તે સિદ્ધાંત, શાસ્ત્રના પુસ્તકોનું કે તે સિદ્ધાંત, શાસ્ત્રના પુસ્તકોની વાચના આપનાર ત્યાગી મહાપુરુષોનું પૂજન ઉપયોગી છે, અને તેથી જ શ્રીપાળ મહારાજે તે પૂજનાદિક દ્વારાએ જ્ઞાનનું આરાધન કરેલું છે. શ્રાદ્ધવિધિ વિગેરે શાસ્ત્રોમાં પણ શ્રાવકોના વાર્ષિક કર્તવ્યો જણાવતાં શ્રુતની પૂજાને ઘણું જ સારું સ્થાન આપેલું છે.

કેટલીક વખતે સામાન્ય બુદ્ધિવાળા હોવાથી પોતાના ન્યાયોપાર્જિત દ્રવ્યનો સદુપયોગ કરવા માટે સિદ્ધાંત અને શાસ્ત્રોનું કરાવવું, લખાવવું, છપાવવૂં કે પૂજન વિગેરે કરે છે, પણ તેટલા માત્રથી જ્ઞાનપદની આરાધનાનું કાર્ય સમાપ્ત થયું ગણવામાં આવે તે કોઈપણ પ્રકારે ઉચિત નથી. કેમ કે દરેક જ્ઞાનપદની આરાધન કરનાર મનુષ્યે પોતાની બુદ્ધિ પ્રમાણે જ્ઞાનના સ્વાધ્યાય અને ભાવનાના કાર્યમાં લીન થવાની જરૂર છે. જે શક્તિ મેળવવાને માટે સિદ્ધાંત અને શાસ્ત્રનું કરાવવું, લખાવવું અને પૂજવું વિગેરે કરાવવામાં આવે તે શક્તિ જેટલે-અંશે-પોતાને પ્રાપ્ત થઈ હોય, તેનો ઉપયોગ કરવામાં ન આવે તો તે જ્ઞાનપદના આરાધન કરનારને શોભતું નથી. યાદ રાખવું કે પ્રવૃત્તિથી શક્તિનો ઉદ્ભવ થાય છે, તેમજ પ્રવૃત્તિથી શક્તિનું ટકવું અને વધવું થાય છે, પણ જો પ્રાપ્ત થયેલી શક્તિનો ઉપયોગ કરવામાં ન આવે તો શક્તિનું વધવું તો દૂર રહ્યું, પણ મળેલી અને ખીલેલી શક્તિ હોય તે પણ પોતાના ઉપયોગના અભાવને લીધે નાશ પામે છે. જેમ ચક્ષુ આદિ શક્તિઓને અંગે ઉપર જણાવ્યા પ્રમાણે ઉપયોગ દ્વારાએ જ શક્તિનું ટકવું અને વધવું છે, તો પછી આત્માનો જ્ઞાનગુણ એ પણ એક શક્તિ જ છે અને તેથી તેનું ટકવું અને વધવું તે પણ તેના ઉપયોગના આધારે જ રહે છે, માટે દરેક જ્ઞાનપદની આરાધના કરવા માગતા પુરુષે સિદ્ધાંત અને શાસ્ત્રના કરાવવા, લખાવવા અને પૂજવાના પ્રયત્નની માફક જ્ઞાનના સ્વાધ્યાય અને ભાવનાના કાર્યમાં જરૂર કટિબદ્ધ થવાની જરૂર છે. એ પણ ધ્યાનમાં રાખવાનું જરૂરી કાર્ય છે કે વર્તમાનમાં બુદ્ધિની જે અલ્પતા છે તે પૂર્વે બાંધેલા જ્ઞાનાવરણીયના ઉદયને લીધે જ છે તો તે જ્ઞાનાવરણીયને તોડવા માટે આવા નરભવાદિક સામગ્રીવાળા અનુકૂળ સંજોગોમાં તૈયાર નહિ થવાય તો પછી કયા ભવે આ જીવ

જ્ઞાનાવરણીય તોડવાને શકિતમાન થશે? જૈનશાસ્ત્રના નિયમ પ્રમાણે આપણે સમજી શકીએ છીએ કે કોઈપણ કર્મ તોડ્યા સિવાય તૂટવાનું નથી, તો પછી આવી મનુષ્ય ભવાદિકની સામગ્રી પામ્યા છતાં તે જ્ઞાનાવરણીયાદિને તોડવા માટે સ્વાધ્યાય અને ભાવના દ્વારાએ જ્ઞાનઆરાધનમાં તત્પર કેમ ન થવું ? મહારાજા શ્રીપાળજી એટલા જ માટે જ્ઞાનપદના આરાધનને માટે સિદ્ધાંત અને શાસ્ત્રના કરાવવા, લખાવવા અને પૂજવાના કાર્યની માફક સ્વાધ્યાય અને જ્ઞાનની ભાવનાના કાર્યમાં પણ પ્રવૃત્તિ કરવાવાળા થયા હતા.

સિદ્ધાન્ત અને શાસ્ત્રનાં પુસ્તકો કરાવવાં, લખાવવાં, અને પૂજવાં તેમજ આદિ શબ્દથી તેની રક્ષા વિગેરેને માટે મંજુષા વિગેરેનો પ્રબંધ કરવો, બહુમાનને માટે અનેક પ્રકારની સિંહાસનાદિકની રચના કરી તેની ઉપર પધરાવવા તથા તેનું બહુમાન અનેક પ્રકારે જાળવવું એ વિગેરેથી જે જ્ઞાનનું આરાધન થાય છે તે દ્રવ્ય જ્ઞાન દ્વારાએ જ્ઞાનપદનું આરાધન છે કેમકે આગળ જ જણાવી ગયા છીએ કે સિદ્ધાન્ત અને શાસ્ત્રનાં પુસ્તકો અક્ષરના સંકેતની અપેક્ષાએ જો કે સ્થાપના છે, તો પણ તે દ્વારાએ વાચક શબ્દોનું જ્ઞાન થઈ જીવાદિક તત્વરૂપી વાચ્યનું જ્ઞાન થાય છે માટે તે સિદ્ધાન્ત અને શાસ્ત્રનાં પુસ્તકો એ ભાવજ્ઞાનનું કારણ હોવાથી દ્રવ્યજ્ઞાન કહી શકાય અને તેથી જ શાસ્ત્રકારો તે પુસ્તકોને સ્થાને સ્થાને દ્રવ્યશ્રુત તરીકે ગણાવે છે, અર્થાત્ તે પુસ્તકો દ્વારાએ કરાયેલું આરાધન દ્રવ્યશ્રુત આરાધન કરવા દ્વારાએ આરાધાયું એમ કહેવામાં કોઈપણ જાતની અડચણ નથી પણ આત્માની પરિણતિરૂપ અથવા તો ખુદ વાચ્ય પદાર્થોના ઉપયોગરૂપ ભાવજ્ઞાન કે ભાવશ્રુત દ્વારાએ જ્ઞાન આરાધનની જરૂર ઘણી હોવાથી આચાર્ય મહારાજ શ્રીમાન્ રત્નશેખરસૂરીસ્વરજીએ જ્ઞાન આરાધનમાં સ્વાધ્યાય અને ભાવના વિગેરે પણ જણાવેલાં છે.

પુસ્તકાદિના કરાવવાદ્વારાએ જ્ઞાનનુ આરાધન કરતાં છતાં પણ વાચના-પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મ કથા, એ પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં જરૂર પ્રવૃત્તિ કરવી જોઈએ. ગુરુમહારાજ દ્વારાએ ઉપધાન અને યોગાદિ વિધિપૂર્વક શાસ્ત્રોની વાચના લેવી તે “વાચના” નામનો સ્વાધ્યાય કહેવાય. ઉપધાનાદિ વિધિ વગર જે વાંચના લેવાય તે અને વાંચના લીધા સિવાય જે શિખાય તે જ્ઞાન આરાધનનો રસ્તો નથી પણ જ્ઞાન વિરાધનનો રસ્તો છે, તેવી જ રીતે કોઈપણ સૂત્રની વાચના લીધા પછી તેના વાક્યાર્થ, મહાવાક્યાર્થ, અને ઐદંપર્યાર્થ જાણવામાં આવે ત્યાં સુધીના પરિપકવ વિચારો થવા જોઈએ અને તેટલા માટે સૂત્ર વાંચ્યા પંછી તે વાક્યાર્થાદિકને જાણવામાં થતી શંકાના નિવારણ માટે મૂળ સૂત્ર એ અર્થાદિકના થતા સંશયના નિવારણ માટે ગુરુમહારાજને જે વિનયપૂર્વક પૂછવામાં આવે તે “પૃચ્છના” નામનો સ્વાધ્યાયનો બીજો ભેદ ગણાય છે, આવી રીતે વાંચના અને પૃચ્છનાથી તૈયાર કરેલું શ્રુતજ્ઞાન ત્યારે જ ટકે કે જ્યારે તે સર્વ શ્રુતની પરાવૃત્તિ કરવામાં આવે. આવૃત્તિની ઉપયોગિતા જાણવા માટે દુર્બલિકા પુષ્યમિત્રનું દૃષ્ટાન્ત કે જેઓને પૂર્વગતશ્રુતની આવૃત્તિ કરવાના પરિશ્રમમાં સાત શેર આઠ શેર ઘી પ્રતિદિન પચી જતું હતું. વાંચના, પૃચ્છના અને પરાવર્તનાથી વાંચેલું અને નિશ્ચિત કરેલું શ્રુતજ્ઞાન હોય છે છતાં તે શ્રુતજ્ઞાન એ માત્ર વકીલની નોંધ જેવું હોઈને વ્યવહાર અપેક્ષાએ તે ભાવશ્રુતપણે ગણાય છતાં પણ અસીલની માફક પોતાની જોખમદારીવાળું ન હોવાથી તાત્વિકદૃષ્ટિએ દ્રવ્યશ્રુત ગણાય અને તેથી અભવ્ય કે મિથ્યાદૃષ્ટિ જીવોને પણ કિંચિત્ન્યૂન દશ પૂર્વ સુધીનું શ્રુત વાંચના, પૃચ્છના અને પરાવર્તના રૂપે હોય છે પણ અનુપ્રેક્ષા દ્વારાએ થતું

જ્ઞાન તે અસીલની માફક જોખમદારીવાળું જ્ઞાન હોવાથી ભાવશ્રુત અને તાત્વિકશ્રુત કહેવાય છે, અને તેથી જ સૂત્ર અર્થ અને તદુભયરૂપ ત્રણે પ્રકારનું શ્રુત વાંચના, પૃચ્છના અને પરાવર્તનામાં આવી ગયા છતાં, અનુપ્રેક્ષા નામનો સ્વાધ્યાયનો એ ચોથો ભેદ શાસ્ત્રકારોએ જણાવેલો છે. અર્થાત્ આ વાચનાદિક ચાર અને ધર્મકથારૂપ પાંચમો ભેદ મળી સ્વાધ્યાયના જે પાંચ ભેદો થાય તેમાં ખરેખર ભાવશ્રુત તરીકે કે સમ્યક્ શ્રુતજ્ઞાન તરીકે જો કોઈપણ સ્વાધ્યાયનો ભેદ હોય તો તે ફક્ત આ અનુપ્રેક્ષા નામનો જ ભેદ છે, અને તેથી જ શાસ્ત્રકારો જેમ પત્ર, પુસ્તકાદિકમાં લખેલા જ્ઞાનને દ્રવ્યશ્રુત એટલે જ્ઞશરીર, ભવ્ય શરીરથી વ્યતિરિક્તનો આગમ દ્રવ્યશ્રુત તરીકે ઓળખાવે છે તેવી જ રીતે વ્યંજનશુદ્ધિ આદિક અનેક ગુણોએ યુક્ત અને ગુરુવાચનાથી આવેલું એવું પણ શ્રુતજ્ઞાન જો અનુપ્રેક્ષા સિવાયનું હોય તો તેને અનુપયોગે દ્રવ્ય છે એમ કહી દ્રવ્યશ્રુત તરીકે ગણાવે છે અને સાથે સ્પષ્ટ અક્ષરોમાં સૂત્રકાર જણાવે છે કે અનુપ્રેક્ષાને કોઈપણ પ્રકારે દ્રવ્યશ્રુતમાં ન લેવાય કિન્તુ તે અનુપ્રેક્ષા નામના સ્વાધ્યાયના ભેદને ભાવશ્રુત તરીકે જ ગણવો. અર્થાત્ અભવ્ય કે દૂરભવ્યોને આ અનુપ્રેક્ષા નામનો સ્વાધ્યાયનો ભેદ હોય નહિ. વાસ્તવિક રીતિએ તે સ્વાધ્યાયનો ભેદ એકલું મૂળ સૂત્રનું પરાવર્તન કે અર્થની આવૃત્તિ રૂપ ન લેતાં કેવલ આત્માદિક તત્વોના સ્વરૂપને અનુલક્ષીને ઉપયોગ પૂર્વક જે શ્રુતજ્ઞાન વિચારવામાં આવે તેને અનુપ્રેક્ષા નામનો સ્વાધ્યાય ગણી ચોથા સ્વાધ્યાયભેદ તરીકે જણાવ્યો છે. આવી રીતે ચારે પ્રકારના સ્વાધ્યાયમાં નિષ્ણાત (નિપુણ) થયેલો મનુષ્ય જ વાસ્તવિક રીતિએ ધર્મકથા નામના પાંચમા સ્વાધ્યાયને લાયક છે, અને તેથી જ ધર્મકથા નામનો સ્વાધ્યાયનો ભેદ છેલ્લો જણાવ્યો છે. અર્થાત્ ઐદંપર્યજ્ઞાન સુધી અને અનુપ્રેક્ષારૂપ સ્વાધ્યાય ભેદ સુધી પહોંચેલો મહાપુરુષ જ ઉત્સર્ગાદિક ભેદને અનુસરીને, દ્રવ્ય ક્ષેત્રાદિક અવસ્થાદિકને ખ્યાલમાં રાખીને બાલાદિક શ્રોતાઓનો ભેદ સમજીને કેવળ તે શ્રોતાઓના ઉપકારની બુદ્ધિએ જ ધર્મકથા કરે અને તેવી ધર્મકથા કરવાવાળો મહાપુરુષ એકાન્ત ધર્મને ભજવાવાળો હોય; અર્થાત્ એવા મહાપુરુષ સિવાય બીજા ધર્મકથકોને એકાન્ત ધર્મ થવાનો છે એમ કહેવાય જ નહિ, એટલું જ નહિ પણ તેવી બુદ્ધિ સિવાયના ધર્મકથકો જ સૂત્રમાર્ગની કથનવિધિના વિરાધક થઈ બાલાદિકને અયોગ્ય એવા ઉપદેશો આપી તે ઉપદેશને લીધે જ પોતે પોતાના શ્રોતાઓની સાથે ભયંકર સંસાર સમુદ્રમાં મોજ માનનારો થાય છે, પણ પૂર્વોક્ત ગુણવાળો મહાત્મા અનુપ્રેક્ષામાં લીન હોઈ જે ધર્મકથા કરે તેમાં કોઈપણ અંશે કોઈપણ દિવસે ધર્મ થયા વગર રહેતો જ નથી અને અધર્મ કોઈ દિવસ પણ થતો જ નથી. એમ નહિ કહેવું કે જિનેશ્વર મહારાજે અનન્તા ભવોના કર્મને મથી નાખનાર અને ભવ્યરૂપી પદ્મોને વિકસ્વર કરનાર એવો જે ધર્મનિરૂપણ કરેલો છે, તે ધર્મની વ્યાખ્યા કરવાની શાસ્ત્રકારોએ દરેકને છૂટ આપેલી જ નથી, કિન્તુ ધર્મની વ્યાખ્યા કરનારો મનુષ્ય પ્રથમ તો ઉત્સર્ગ અપવાદાદિક અને દ્રવ્યક્ષેત્રાદિકને જાણનારો હોવોજ જોઈએ અને તેજ માટે તેવી ધર્મકથા કરવાની તેઓને જ છૂટ આપી છે કે જેઓ ઉત્સર્ગાદિક ને દ્રવ્યક્ષેત્રાદિકને સામાન્ય રીતે જણાવનાર એવા નિશીથ સૂત્રને જાણનારા હોય, જો કે નિશીથ એટલે આચારપ્રકલ્પ નામના અધ્યયનને ભણવા પહેલાં નવ બ્રહ્મચર્યરૂપ આચારાંગનો પહેલો શ્રુતસ્કંધ તથા પિંડૈષણાધ્યયનાદિકરૂપ આચારાંગની ચાર ચૂલાઓ ભણ્યા સિવાય આચારાંગના બીજા શ્રુતસ્કંધની પાંચમા ચૂલિકા રૂપે ગણાતું જે અધ્યયની અપેક્ષાએ "આચારપ્રકલ્પ" અને સૂત્રની અપેક્ષાએ

"નિશીથ સૂત્ર" ભણવાનું નહિ હોવાથી પહેલા શ્રુતસ્કન્ધ વિગેરેમાં તેવા ઉત્સર્ગ અપવાદો દ્રવ્યક્ષેત્રાદિકોના નિરૂપણ ન હોય અને કેવળ તે સૂત્રો આચારને નિરૂપણ કરવામાં કટિબદ્ધ હોય અને તેથી જ આચારપ્રકલ્પનું જ્ઞાન થયા સિવાય ઉત્સર્ગાપવાદાદિક અને દ્રવ્યક્ષેત્રાદિકનું સમ્યગ્જ્ઞાન ન થાય અને તેથી જ આચારપ્રકલ્પને ધારણ કરનારોજ ઉત્સર્ગાદિક અને દ્રવ્યાદિકને જાણનારો થાય અને ત્યારે જ તે ધર્મ કથાને લાયક થાય એમ આ ઉપરથી સ્પષ્ટ જણાવે છે. આ જ કારણથી શાસ્ત્રકારો જઘન્ય ગીતાર્થપણું ઓછામાં ઓછો આચારપ્રકલ્પને ધારણ કરે તેને જ ગણે છે અને ગીતાર્થપણા સિવાય સામાન્ય સાધુસમુદાયને દોરનારા પણ બનાય નહિ તો પછી ઇતર ધર્મમાં રહેલા કે ધર્મની શ્રદ્ધા વગરનાને ધર્મકથા દ્વારાએ ધર્મમાં લાવવાનું કાર્ય તો તેઓને સોંપાય જ કેમ? અર્થાત્ અગીતાર્થને દેશના દેવાનો અધિકાર નથી.

ધર્મકથા નામનો સ્વાધ્યાયનો પાંચમો ભેદ જે આગળ જણાવ્યો છે, તા અધિકારીઓ જેવી રીતે ઉત્સર્ગાદિક, દ્રવ્યાદિક તથા શ્રોતાની પરિણતિ વિગેરે જાણવા માટે શ્રીઆચારપ્રકલ્પના ધારકો થઈ શકે છે, તેવી જ રીતે તે ધર્મકથામાં પંચ મહાવ્રતની સ્થિતિ ઉપર જ સર્વ ધર્મકથાનો અધિકાર હોવાથી પંચ મહાવ્રતને ધારણ કરનારજ તે ધર્મકથાના અધિકારી બની શકે છે. જેઓ હિંસાદિથી સર્વથા નહિ વિરમેલા હોય અગર માત્ર ત્રસ જીવની હિંસાદિથી વિરમેલા હોઈ પાંચ સ્થાવરકાયથી અવિરમેલા હોય અને તેવાઓ છ જીવનિકાયની ત્રિવિધ ત્રિવિધ હિંસા ટાળવાની કથા કરે અગર અન્ય મતોમાં પૃથ્વ્યાદિક છએ જીવનિકાયનું પરિજ્ઞાન અને પરિપાલન ન હોવાથી તેઓને કુદેવ, કુગુરુ અને કુધર્મ તરીકે નિરૂપણ કરી તેને છોડાવવા માટે કરાતી ધર્મકથા તેમજ પૃથ્વી કાયઆદિ ષડ્જીવનિકાયના યથાર્થ જ્ઞાન, શ્રદ્ધાન, અને પરિપાલનને અંગે સુદેવ, સુગુરુ અને સુધર્મ તરીકે પ્રતિપાદન કરનારી ધર્મકથા હોવાથી તે ધર્મકથાનું યથાસ્થિત પ્રતિપાદન કરવાનું તેમજ જેના પ્રતિપાદનથી શ્રોતાઓને શ્રદ્ધા થઈ શકે. તેવા અધિકારવાળાનું યોગ્ય પ્રતિપાદન ત્યારે જ ગણી શકાય કે જ્યારે પ્રતિપાદન કરનાર પોતે જેને આદર્શપુરુષ તરીકે ગણાવે તે અનુપયોગથી પણ છ કાય જીવને બાધ કરનારો હોય નહિ અને પોતે પણ છકાય જીવને બાધ નહિ કરવાની પ્રતિજ્ઞાવાળો હોવા સાથે તે છ એ પ્રકારના જીવનિકાયની રક્ષાને માટે પ્રવર્તનારો હોય તો જ તે શ્રદ્ધેય ધર્મકથાને નિરૂપણ કરનારો બની શકે, માટેજ શાસ્ત્રકારોએ ધર્મકથા કરનાર તરીકે જ્ઞાનની અપેક્ષાએ જેમ આચારપ્રકલ્પ અધ્યયનને ધારણ કરનારા યોગ્ય ગણ્યા તેવી રીતે ક્રિયાની અપેક્ષાએ પાંચે મહાવ્રતોમાં મૂળરૂપ જે છ જીવનિકાયની દયાને ધારણ કરનારા સર્વવિરતિવાળાને જ યોગ્ય ગણી સ્પષ્ટ અક્ષરોમાં જણાવ્યું છે કેઃ- અનંતા ભવોના કર્મોને મથી નાખનાર અને ભવ્ય જીવ રૂપી કમળને વિકસ્વર કરનાર એવો ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને નિરૂપણ કરેલો ધર્મ આચારપ્રકલ્પને ધારણ કરનારા સાધુઓએ જ નિરૂપણ કરવો.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ધર્મકથા નામનો સ્વાધ્યાયનો પાંચમો ભેદ એ ગીતાર્થ સાધુઓને જ હોય, તે સિવાય બીજાઓને હોય નહિ તો પછી શ્રી શ્રીપાળ મહારાજા જ્ઞાનપદનું આરાધન કરતાં સ્વાધ્યાય દ્વારાએ એટલે પાંચે પ્રકારનો સ્વાધ્યાય કે જેમાં પાંચમો ધર્મકથા નામનો ભેદ આવે છે તે દ્વારાએ જ્ઞાનપદનું આરાધન કેમ કરી શકે ? આના સમાધાનમાં પ્રથમ તો એ સમજવાનું છે કે શ્રાવકના વંદિત્તાસૂત્રની અંદર **विवरीयपरूवणाएय** એ વાક્યથી જીવાદિક તત્વોને અંગે થયેલી વિપરીત પ્રરૂપણાથી શ્રાવકને પ્રતિક્રમણ એટલે મિચ્છામિ

દુક્કડં દઈ પાછા હઠવાનું જણાવ્યું છે. તે જો શ્રાવકને પ્રરૂપપણા એટલે ધર્મકથા કરવાનું હોત જ નહિ, તો તે વિપરીત પ્રરૂપણાનું પ્રતિક્રમવાનું પણ હોત જ નહિ.અર્થાત્ શ્રાવકને ધર્મકથા કરવાનો હોય છે અને તેથી જ થયેલી વિરુદ્ધ પ્રરૂપણાથી પ્રતિક્રમવાનું હોય છે, આ વસ્તુ વિચારતાં ગીતાર્થ ગુરુ પાસેથી સાંભળેલાં અને નિશ્ચિત કરેલાં જીવાદિક અને દેવાદિક તત્વોનું અન્ય તે તત્વોથી અજાણ એવા જીવોને તે બાબતની ધર્મકથાદ્વારાએ શ્રી શ્રીપાળ મહારાજા આચારપ્રકલ્પધર યતિપણાની અવસ્થામાં નહિ હોવા છતાં પણ પ્રરૂપણા કરનાર થાય તેમાં કોઈપણ પ્રકારનું આશ્ચર્ય નથી.

પૂર્વે જણાવેલું આચારપ્રકલ્પધર સર્વવિરતિવાળા સાધુઓ ધર્મકથા દ્વારાએ ધર્મનું નિરૂપણ કરે એ વચન સ્વતંત્ર શાસ્ત્રાનુસારે અને આચારમય ધર્મને અનુસરીને હોય તથા શ્રીવન્દિતા સૂત્ર વિગેરેનું વચન જીવાદિક કે દેવાદિક તત્વોને નિરૂપણ કરનાર ગીતાર્થે કહેલા સ્વરૂપને અનુસરીને નહિ કે સ્વયં શાસ્ત્રશ્રેણીને અનુસરવાપૂર્વક ધર્મકથા પ્રરૂપણાને અંગે હોય તેમાં કોઈપણ જાતનું આશ્ચર્ય નથી અને તેથી જ શાસ્ત્રોમાં સ્થાન સ્થાન પર શ્રાવકોનું સ્વરૂપ જણાવતાં **ધર્માખ્યાયી** એટલે ધર્મના સ્વરૂપને કહેવાવાળો એવું સ્પષ્ટપણે જણાવવામાં આવે છે, એ અપેક્ષાએ શ્રાવકને પણ તત્ત્વાતત્ત્વની જણાવનારી ધર્મગોષ્ઠીરૂપ (નહિ કે સભાપ્રબન્ધરૂપ) ધર્મકથા હોય તેમાં કોઈ જાતનું આશ્ચર્ય જ નથી.

પૂર્વે જણાવ્યા પ્રમાણે પાંચે પ્રકારના સ્વાધ્યાદ્વારાએ જ્ઞાનનું આરાધન કરવા છતાં પણ શ્રુત અને ચિંતારૂપ જ્ઞાનો દ્વારાએ થતી શ્રુતની આરાધના કરતાં પણ ભાવનારૂપ જ્ઞાન દ્વારાએ થતી જ્ઞાનપદની આરાધના આત્માને અનહદ ઉપકાર કરનારી છે માટે પાંચે પ્રકારના સ્વાધ્યાયો જણાવ્યા છતાં ભાવના નામના જ્ઞાનને આરાધનાને અંગે અત્યંત ઉપયોગીપણે જણાવવા માટે આચાર્ય ભગવાન રત્નશેખરસૂરિજીએ સ્વાધ્યાયની જોડી ભાવનાને (ભાવનાજ્ઞાનને) પણ આરાધનાના સાધન તરીકે સ્પષ્ટપણે જણાવી છે.

ભાવના જ્ઞાન હંમેશાં જગતના સર્વ જંતુઓને ચારિત્ર સંજીવિનીના ન્યાયથી હિત કરનારું જ હોય છે અને તે ભાવનાજ્ઞાનનું તથા તેની પહેલાં થવાવાળા શ્રુત અને ચિંતા નામના જ્ઞાનનું સ્વરૂપ જાણવાની ઈચ્છાવાળાએ ભગવાન હરિભદ્ર સૂરીશ્વરજીએ રચેલો "ષોડશક ગ્રંથ" અને ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજીએ રચેલ "દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા" ગ્રંથ જોવાની જરૂર છે.

આ પ્રમાણે પાંચ પ્રકારના સ્વાધ્યાય અને ભાવના જ્ઞાનદ્વારાએ તેમજ આદિ શબ્દથી સૂચવેલા જ્ઞાનાભ્યાસ જ્ઞાનગુણન, જ્ઞાન દ્વારાએ કરાતી પ્રવૃત્તિ, જ્ઞાનીઓનું બહુમાન, જ્ઞાનના ભેદોની શ્રદ્ધા, વિગેરે દ્વારાએ શ્રી શ્રીપાળ મહારાજા જ્ઞાનપદનું સાતમે પદે આરાધન કરતા હતા.

સમ્યગ્દર્શનપદની આરાધના રથયાત્રાદિક કરીને બીજાઓને સમ્યગ્દર્શન મેળવામાં અનુકૂળતા કરવા દ્વારાએ તથા સમ્યગ્જ્ઞાનપદની આરાધના સિદ્ધાંત અને શાસ્ત્રોના કરાવવા અને લખાવવા આદિકદ્વારાએ બીજાના આત્મામાં જ્ઞાન ઉત્પન્ન થવામાં મદદરૂપ થવા દ્વારાએ થઈ શકી, પણ અવિરતિ કે દેશવિરતિ ગૃહસ્થ ચારિત્રપદના આરાધનને માટે તેવું કાંઈ કરી શકે નહિ માટે ચારિત્રપદ આરાધન કરવા માટે અવિરતિ કે દેશવિરતિવાળાએ શું કરવું એ જાણવા માટે શ્રીપાળ મહારાજે કરેલું ચારિત્રપદનું આરાધન ધ્યાનમાં લેવાની જરૂર છે.

वयनियमपालणेणं विरइक्कपराणभत्तिकरणेणं।
जइधम्मणुरागेणं चरित्ताराहणं कुणइ ॥१९७७॥

અરિહંત મહારાજાદિક પંચ પરમેષ્ઠીઓને આરાધન કર્યા તેમાં અને છઠ્ઠા તથા સાતમા પદમાં સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાનની આરાધના કરી તેમાં જો કે આત્મકલ્યાણની દૃષ્ટિએ સાધનદશાની સરળતાની અપેક્ષાએ ઘણું જ આગળ વધવાનું થયું છે તો પણ તે માત્ર વિચારસૃષ્ટિ અને વચનસૃષ્ટિને મુખ્યતાઓ આભારી છે.

પૂર્વે જણાવેલાં સાત પદોની આરાધનામાં કોઈપણ પદની આરાધના વર્તનને અંગે જવાબદારીવાળી નથી, વર્તનને અંગે જવાબદારીવાળી આરાધના કોઈપણ હોય તો તે માત્ર ચારિત્રપદની જ આરાધના છે, જો કે અંશે પણ વિરતિ નહિ કરનારા ચોથે ગુણસ્થાનકે રહેલા અવિરતિ સમ્યગ્દૃષ્ટિ મનુષ્યાદિકો ચારિત્રવાળાના બહુમાનને અંગે વર્તનની જવાબદારી ઉઠાવ્યા સિવાય પણ ચારિત્રપદની આરાધના કરી શકે છે, અને તેથી જ શાસ્ત્રકારો અવિરતિ સમ્યગ્દૃષ્ટિ કે જેઓ અંશે પણ ચારિત્રના વર્તનમાં વર્તી શકતા નથી તેઓ પણ વધારામાં વધારે નવપલ્યોપમની સ્થિતિ ઓછી કરીને દેશવિરતિના ઉચ્ચપદને પામી વર્તનની જવાબદારી ઉઠાવવાવાળો થાય છે, અને તે પછી સંખ્યાતા સાગરોપમની સ્થિતિનો ક્ષય કરી સર્વવિરતિરૂપી ઉત્કૃષ્ટ વર્તનની જવાબદારી તે ઉઠાવી શકે છે, અર્થાત્ અવિરતિપણામાં ચારિત્રની કોઈપણ પ્રકારે આરાધના માનવામાં ન આવે તો તે દેશવિરતિ કે સર્વવિરતિરૂપ ચારિત્રની પ્રાપ્તિ નિર્હેતુક થઈ જાય, માટે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જીવોને પણ ચારિત્રની આરાધના તો માનવી જ જોઈએ, પણ તે ચારિત્રની આરાધના પલ્યોપમો અને સાગરોપમોએ ફળવાવાળી હોઈને અત્યંત નિર્બળ છે એમ કહેવું ખોટું નથી, પણ ચારિત્રની બલિષ્ઠ આરાધના તો ત્યારે જ થાય કે જ્યારે પોતે પોતાના આત્માને વર્તનની જવાબદારીમાં મૂકી વ્રત અને નિયમોને પાળવામાં તત્પર થાય, જો કે વ્રત નિયમોને પાળતી વખતે મન, વચન કે કાયાથી ચારિત્રને વખાણવારૂપ અને તેના બહુમાનાદિક કરવારૂપ જોખમ વગરની આરાધના સર્વથા નથી હોતી તેમ તો નથી જ, પણ વ્રતનિયમ પાળવાથી થતી આરાધના વર્તનરૂપ અને જોખમદારીરૂપ હોઈ તાત્વિક આરાધના છે એમ કહેવું કોઈપણ પ્રકારે અતિશયોક્તિ ભરેલું નથી.

હિંસા, જૂઠ, ચોરી, સ્ત્રીગમન અને પરિગ્રહથી સર્વથા કે અંશથી વિરમવું તેનું નામ વ્રતો કહેવાય છે, જો કે પાપ આવવાનાં અઢાર સ્થાનકો છે ને તેથી હિંસાદિ અઢારને પાપસ્થાનક કહેવાય છે, છતાં તે સર્વ પાપસ્થાનકોમાં આત્માને વાસ્તવિક રીતિએ હણવામાં હથિયાર તરીકે ઉપયોગમાં આવનારાં આ પાંચ જ પાપસ્થાનકો છે, ક્રોધાદિક અને રાગદ્વેષાદિકથી આ આત્મા ચાહે તેટલો વેગવાળો થાય તો પણ હિંસાદિ પાપોના વિચારોમાં તે ન આવે ત્યાં સુધી કોઈપણ કાર્યને નીપજાવવા સમર્થ થતો નથી. અર્થાત્ ઉપર જણાવેલ હિંસાદિક પાંચ કર્મરાજાનાં હથિયારો હોઈ તે પડાવી નાખવાની પહેલી જરૂર શાસ્ત્રકારોએ વિચારી છે.

જગતમાં ચાહે જેવી શૌર્યવાળી અને ઉદ્ધત પ્રજા ચાહે જેટલી સંખ્યામાં હોય પણ તે જો નિઃશસ્ત્ર થઈ જાય તો થોડી જ મુદતમાં તે પ્રજા નિર્માલ્ય થઈ નામશેષ થઈ જાય છે. આ વાત ઈતિહાસજ્ઞોથી અજાણી નથી તેવી જ રીતે અહીં પણ કર્મરાજાના હિંસા વિગેરે હથિયારો પડાવી દઈને તેને નિઃશસ્ત્ર બનાવવામાં આવે એટલે અહિંસકપણા વિગેરેને ધારણ કરનારા આત્મામાં ગોઠવવામાં આવે તો તે કર્મને પણ નિર્બળ બની ગુલામીમાં જીવન ગુજારી નામશેષ થયાં જ છૂટકો થાય છે માટે શાસ્ત્રકારોએ હિંસાદિક પાંચેને આદ્યપદે અથવા મુખ્યપણે આસ્રવ તરીકે લીધા અને માત્ર તે હિંસાદિક આસ્રવોના દેશથી કે

સર્વથી પચ્ચખ્ખાણ કરનારાઓને જ વ્રતધારી માન્યા. વળી આ જગા પર એ પણ બિના ધ્યાનમાં રાખવાની છે, કે સ્થાન સ્થાન પર શાસ્ત્રકારો પ્રાણાતિપાત, મૃષાવાદ વિગેરેનાં પચ્ચખ્ખાણો જણાવી તેનું વિરતિપણું એટલે વ્રતપણું સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે, ત્યારે ક્રોધ, માનાદિકને અંગે શાસ્ત્રકારો વિવેકશબ્દ લગાડી ક્રોધવિવેક, માનવિવેક, વિગેરે પદો જણાવે છે, હિંસા વિગેરે કાર્યો બાહ્ય પ્રવૃત્તિમય હોવાથી તેનાથી વિરતિ કરવી અને તેના પચ્ચખ્ખાણ કરી તે પાલન કરવામાં જેવી શકયતા છે તેવી શકયતા ક્રોધ વિગેરે પાપો અભ્યંતર હોવાથી તેમજ કેવળ વિચાર અને વચન સ્વરૂપ હોવાથી તેની પ્રતિજ્ઞા કરવી કે તેનું પાલન કરવું તે સર્વથા શક્ય નહિ તો દુઃશક્ય તો જરૂર છે માટે શક્યાનુષ્ઠાનની સાધનાને સાંધવાવાળા શાસ્ત્રકારો તે હિંસાદિકથી થતી દેશ કે સર્વથી નિવૃત્તિને વ્રત તરીકે જણાવે છે અને તે હિંસાદિકની વિરતિને જે પ્રમાણે ગ્રહણ કરી હોય તે પ્રમાણે પાલન કરતાં થકાં પણ જે હિંસાની નિવૃત્તિ થઇ નથી તેની પણ ક્ષેત્રાન્તર, કાલાન્તર, અવસ્થાન્તરની અપેક્ષાએ કે ટુંકી મુદત માટે પણ હિંસાદિકની નિવૃત્તિ કરવી જરૂરી ગણી તેની કરાતી ક્રિયાને શાસ્ત્રકારોએ નિયમ તરીકે ગણેલી છે, જ્યારે દેશવિરતિને ધારણ કરનારા ભાગ્યશાળી પુરુષો માટે ક્ષેત્રાન્તરાદિકની અપેક્ષાએ કરાતા વ્રતાદિકોને નિયમ તરીકે જણાવેલા છે, જ્યારે હિંસાદિક પાપથી ત્રિવિધ ત્રિવિધ વિરતિ કરી સર્વવિરતિને ધારણ કરવાવાળા મહાવ્રતધારી મહાપુરુષોની અપેક્ષાએ ક્રોધાદિકના વિવેકની પ્રતિજ્ઞાઓને નિયમ તરીકે ગણવામાં આવે છે, તેમ બીજી કોઇપણ રીતિએ મૂળગુણ, ઉત્તરગુણ, ચરણસિત્તરી, કરણસિત્તરી, પ્રતિદિન સામાચારી કે ચક્રવાલ સામાચારી વિગેરે કોઇપણ અપેક્ષાએ વ્રત અને નિયમની પરિભાષા જુદી પાડી તે વ્રત અને નિયમોને પાલન કરવા દ્વારાએ શ્રી શ્રીપાળ મહારાજા ચારિત્રપદનું આરાધન કરે છે.

ચારિત્રપદનું આરાધન કરતાં જગતના સામાન્ય નિયમ પ્રમાણે ક્રિયા જેમ ક્રિયાન્તરની શુદ્ધિને ઉત્કર્ષતા કરનારી થાય છે, તેવી જ રીતે નાના નાના નિયમો પણ આચારમાં મેલતાં પર્યવસાનનો મોટા નિયમ ધારણ કરવાને શક્તિમાન થવાય છે, અને આટલા જ માટે સમ્યક્ત્વ પ્રાપ્ત થવાની સાથે હિંસાદિ પાપોની સર્વથા નિવૃત્તિ કરવારૂપ સર્વવિરતિની ઇચ્છા દરેક સમ્યક્ત્વવાળાને હોવા છતાં જો સર્વથા સર્વ પાપોથી વિરતિ ન પણ બની શકે, તો પણ તેને તે સર્વ પાપોથી સર્વથા વિરમવારૂપ સર્વવિરતિની પ્રાપ્તિ માટે અને તેના અનુરાગથી જ હિંસાદિક પાપોથી અંશે પણ વિરમવું તે રૂપ દેશવિરતિ કરવાની હોય છે, અર્થાત્ જે મનુષ્યને હિંસાદિક સર્વ પાપોની શ્રદ્ધા નથી અગર હિંસાદિક સર્વ પાપોથી વિરમવું જ જોઇએ એવી જેઓની માન્યતા નથી તેવાઓને સમ્યક્ત્વધારી કે અનુવ્રતધારી કહી શકાય નહિ.

પૂર્વે જણાવ્યા પ્રમાણે સર્વવિરતિની અશક્તિ માની દેશવિરતિનું આચરણ તે સર્વવિરતિની પ્રાપ્તિ માટે હોય છે, અને તેથી જ શાસ્ત્રકારો દેશવિરતિના અધિકારમાં સ્પષ્ટપણે જણાવે છે કે ઉપદેશ દેનારે પ્રથમ સર્વ પાપોથી નિવર્તવારૂપ સર્વવિરતિનો જ ઉપદેશ કરવો જોઇએ, અને તેવો સર્વવિરતિનો ઉપદેશ આપ્યા છતાં પણ જો તે શ્રોતા સર્વ પાપોથી સર્વથા વિરમવારૂપ સર્વવિરતિ લેવા તૈયાર ન થાય તો પછી હિંસાદિકની અંશે નિવૃત્તિ કરવારૂપ દેશવિરતિનો પણ ઉપદેશ આપવો, કેમકે ઉપદેશક મહાત્મા જો પહેલાં સર્વવિરતિનો ઉપદેશ ન આપતાં પ્રથમથી જ દેશવિરતિનો એટલે માત્ર થોડા પાપથી જ વિરમવાનો ઉપદેશ આપે, અને

તે નવો આવેલો શ્રોતા ધર્મનું તત્વ માત્ર અંશથી પાપ છોડવામાં સમજી લઈ તે અંશથી પાપ છોડવારૂપ દેશવિરતિને ગ્રહણ કરી કૃતાર્થતા માને તો જે જે પાપોનો જે જે અંશ તેને ત્યાગ ન કર્યો તેમાં ઉપદેશકના વચનની જ ખામી રહી અને તેથી શ્રોતા જે કાંઇ પાપથી નહિ વિરમવાને લીધે પાપની પ્રવૃત્તિ કરે તે બધી પાપ પ્રવૃત્તિનું કારણ ઉપદેશક બને અને તેથી તે શ્રોતાએ કરાતા પાપની બધી અનુમોદના તે વક્તાને લાગે. જેવી રીતે ઉપદેશક પ્રથમ સર્વવિરતિનો ઉપદેશ ન આપતાં દેશવિરતિનો ઉપદેશ આપે તો ગૃહસ્થે કરાતા પાપોની અનુમોદના તે ઉપદેશક મહાત્માને લાગે, એવી જ રીતે ઉપદેશક મહાત્માએ સર્વવિરતિનો ઉપદેશ કર્યા છતાં શ્રોતા પુરુષ અશક્તિ કે આસક્તિ આદિના કારણને અંગે સર્વવિરતિ ન ગ્રહણ કરી શકે, તેવા શ્રોતાને જો દેશવિરતિનો પણ ઉપદેશ આપવામાં ન આવે તો સર્વવિરતિના કારણ તરીકે કરાતી દેશવિરતિની ધર્મારાધનાથી પણ શ્રોતા ચ્યુત થાય, અને તેનું કારણ પણ ઉપદેશકની દેશના જ બને, માટે શરૂઆતમાં જેમ સર્વવિરતિની દેશના દેવી તેમજ સર્વવિરતિને નહિ લહી શકનાર શ્રોતાને દેશવિરતિની પણ દેશના દેવી તે યોગ્ય છે.

ધ્યાન રાખવાની જરૂર છે કે : ચારિત્ર એ ક્રિયા રૂપ છે, અને જ્ઞાન અને દર્શન તે ક્રિયા રૂપ નથી, અને ક્રિયામાં નિપુણતા હંમેશાં અભ્યાસથી જ આવે છે, અને તેથી જ શાસ્ત્રકારોએ સર્વવિરતિની પ્રાપ્તિ માટે કરાતા શ્રાવકના વ્રતોમાં શિક્ષાવ્રતનો એટલે પ્રવેશક પરીક્ષાનો વર્ગ રાખ્યો, અર્થાત્ સામાન્ય રીતિએ આખી દેશવિરતિની સ્થિતિ, અને વિશેષતઃ શિક્ષાવ્રતોની સ્થિતિ સાધુપણારૂપી ઉંચી કક્ષાની નિશાળ છે, સ્કુલમાં તૈયાર થયેલો જેમ કોલેજમાં જાય અથવા કોલેજમાં જવાની લાયકાત મેળવવા માટે જેમ સ્કુલમાં જવાય, તેવી રીતે અહીં સર્વવિરતિની શક્તિ મેળવવા માટે જ દેશવિરતિની સ્થિતિ ધારવાની છે. આ ઉપરથી એમ નહિ સમજવું કે જેમ સ્કુલના જીવન સિવાય કોલેજનું જીવન હોતું જ નથી તેવી રીતે દેશવિરતિની સ્થિતિ સિવાય સર્વવિરતિની સ્થિતિ હોય જ નહિ, કેમકે અનંતા જીવો દેશવિરતિને પામ્યા સિવાય સર્વવિરતિને પામેલા છે, અને ગણધરાદિક અનેક મહાપુરુષો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની સાથે જ સર્વવિરતિરૂપ સમ્યક્ચારિત્રને પામેલા છે. આત્માનો સ્વભાવ સર્વવિરતિ રૂપ હોવાથી આત્મા સર્વવિરતિને ધારણ કરી શકે એ મુખ્ય માર્ગ છે. તે સર્વવિરતિ આત્માનો સ્વભાવ અને મુખ્ય માર્ગ છતાં પણ સંસ્કાર, સંયોગ અને સામગ્રીને લીધે પોતે વિષય, કષાય, આરંભ અને પરિગ્રહમાં આસક્તિવાળો થયેલો હોવાથી અફીણ, દારૂ કે તમાકુના વ્યસન વગરના મનુષ્યો જેમ અફીણ, દારૂ કે તમાકુના નુકશાન સાંભળી એકદમ તે અફીણ વિગેરેની પ્રતિજ્ઞા સર્વદાને માટે કરવા તૈયાર થાય છે તેવી રીતે અફીણ, દારૂ કે તમાકુના વ્યસનવાળો મનુષ્ય તે તે વ્યસનને અનર્થરૂપ ગણીને તેને છોડવાની ધારણાવાળો છતાં પણ વ્યસનમાં રગડોળાયેલ હોઈ એકદમ તે અફીણાદિના વ્યસનને છોડી શકે નહિ, કે છોડવા તૈયાર થાય નહિ, ત્યારે તેવા વ્યસનીને નિર્વ્યસની થવા માટે ખડીની ગોળી, નાના નાના માપના ભાજનો કે ઉતરતી સંખ્યામાં આવવાનું કરવું પડે છે, અને તેવી જ રીતે તે વ્યસનમાં પ્રવર્તેલો મનુષ્ય નિર્વ્યસની થાય છે. તેવી રીતે અહીં પણ આરંભાદિકની વિરતિને ગ્રહણ કરવી કે પાળવી તે જગતમાં આરંભ, પરિગ્રહ દ્વારાએ આસક્ત નહિ થયેલા પુરુષોને પ્રથમથી જ સહેલ છતાં તેમાં આસક્ત થયેલાઓને તે સર્વવિરતિ મેળવવા માટે અફીણીયા આદિને ખડીની ગોળી આદિની માફક દેશવિરતિની અવશ્ય જરૂર હોય છે, પણ તેથી

દેશવિરતિ સિવાય સર્વવિરતિ હોય જ નહિ, અગર સર્વવિરતિની ઇચ્છાવાળાએ દેશવિરતિ લેવી જ જોઇએ એવો નિયમ કરી શકાય જ નહિ, પણ એટલું તો ચોક્કસ છે કે જે સર્વવિરતિને માટે શક્તિમાન ન થયો હોય તેને તે સર્વવિરતિની શક્તિ મેળવવા માટે દેશવિરતિની આરાધના જરૂર કરવી જ જોઇએ. સર્વવિરતિ માટે અશક્ત પુરુષો દેશવિરતિ આરાધનાદ્વારાએ જ સર્વવિરતિ મેળવી શકે એ વાત ધ્યાનમાં રાખીને શાસ્ત્રકારોએ દેશવિરતિનો વર્ગ રાખેલો છે, અને તે જ વર્ગમાં રહેલા શ્રી શ્રીપાળ મહારાજા વ્રત અને નિયમ પાળવા દ્વારાએ ચારિત્રપદનું આરાધન કરે છે.

આઠમા ચારિત્રપદની આરાધનાને અંગે વ્રત અને નિયમ બંનેનું પાલન કરવાનું જણાવવાથી સ્પષ્ટ થાય છે કે મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે ચારિત્રધર્મને આરાધન કરનારા મનુષ્યોએ મૂળગુણ અને ઉત્તરગુણ બન્નેની શુદ્ધ રીતિએ આરાધના કરવી જ જોઇએ, વ્રતશબ્દથી જો કે મૂળ ગુણો લઇ તેનું પાલન ચારિત્રધર્મના આરાધનાવાળાને આવશ્યક છે. તત્ત્વદ્રષ્ટિથી વિચારતાં માલમ પડશે કે હિંસાદિક આશ્રવોથી વિરતિ કરવારૂપ મૂળ ગુણો જ વ્રતશબ્દને સૂચવનારા છે અને તેથી જ પાંચ અનુવ્રતોમાંથી કોઇપણ એક પણ અનુવ્રત લેવામાં આવે તોજ અવિરતિપણું ટળેલું ગણાય છે. જો કે બારે વ્રતોના ક્રોડો ભાંગાઓ જણાવેલા છે, અને તે બધા વ્રત તરીકે છે, અને અવિરતિ ગુણસ્થાને તે ક્રોડો ભાંગામાંનો કોઇપણ ભાંગો ન પણ હોય છતાં, વાસ્તવિક રીતિએ તે મૂળગુણની વિરતિને જ વ્રતરૂપે લઇ તેના પાલનને માટે ચારિત્રધર્મની આરાધનાવાળાને પ્રયત્નની આવશ્યકતા જણાવી છે, અંગોપાંગની સુંદરતા, એ જ અંગની સુંદરતાની જડ છે એ વાતને સમજનારો મનુષ્ય મૂળ ગુણના પાલનની માફક ઉત્તરગુણ (નિયમ)ના પાલનમાં પણ જરૂર કટિબદ્ધ થાય. ઉત્તરગુણ એ જો કે મૂળ ગુણના ઘણા નાના અંશરૂપે છે, તો પણ તેવા નાના અંશમાં પણ લાગતાં દૂષણો ટાળવાની ઘણી જરૂર છે, અને તે જરૂરીયાત પૂરી ન પાડતાં જો દુર્લક્ષ્ય કરવામાં આવે તો કાળાન્તરે અથવા અભ્યાસની ખામીને અંગે ઉત્તરગુણનો સર્વથા નાશ થઇ મૂળગુણ સર્વથા નાશ થવાનો પ્રસંગ આવે, હજારો ઇંટોથી બનેલી ભીંતમાં એક ઇંટ કે એક ઇંટના ખૂણાની કિંમત સીધી રીતે ન આંકવામાં આવે પણ તેવી રીતે એક એક ઇંટ કે એક એક ખૂણો જો બગડતો જાય કે પડતો જાય તો પરિણામે તે સબંગ ભીંતને પડવાનો વખત આવે છે.

આ જ કારણથી શાસ્ત્રકાર મહારાજા સ્પષ્ટ શબ્દોમાં ફરમાવે છે કે જે મનુષ્ય ઉત્તરગુણોની તરફ દુર્લક્ષ્ય કરે છે તે મનુષ્ય ઘણી જ થોડી મુદતમાં મૂળગુણ તરફ પણ દુર્લક્ષ્ય કરનારો થાય છે. અર્થાત્ મૂળગુણની રક્ષા કરવાની બુદ્ધિવાળાએ ઉત્તરગુણની રક્ષા માટે પ્રયત્ન કરવા સતત કટિબદ્ધ થવું જોઇએ.

આ ઉપર જણાવેલી ઉત્તરગુણના નાશને અંગે કાલાન્તરે થતા મૂળ ગુણના નાશની હકીકતને ધ્યાનમાં લેવાથી શાસ્ત્રોમાં જે ક્રોધાદિક, રાત્રિભોજનાદિક, કે અન્ય બીજા પણ નાના નાના ગુણોની વિરાધનાને અંગે જણાવાતા પાપ પ્રસંગના પારાયણો વાસ્તવિક છે એમ સહેજે માલમ પડશે, અને શ્રીમાન્ રત્નશેખરસૂરીશ્વરજીએ વ્રત અને નિયમ મુખ્ય ગણી પહેલે નંબરે મૂક્યા છે, છતાં વ્રત અને નિયમ બન્નેનું પાલન કરવાથી શ્રી શ્રીપાળ મહારાજા ચારિત્રપદનું આરાધન કરે છે એમ જણાવી ઉભય ધર્મના આરાધનની સરખી જરૂરીયાત સિદ્ધ કરે છે.

જૈન શાસનને સાંભળનાર અને સમજનાર સુજ્ઞ સજ્જનો સારી પેઠે સમજી શકે તેમ છે કે ગુણોનું આરાધન સ્વતંત્ર રીતે જેમ ગુણો ધારણ કરવાથી બને છે, તેવી રીતે તે તે ગુણોને ધારણ

કરનારા તે તે મહાપુરુષોની ભક્તિ વિગેરે કરવાથી પણ તે તે ગુણોનું આરાધન પણ બની શકે છે. જ્ઞાનાદિક ગુણોનું આવારક કર્મ જેમ જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનોની ઉપર દ્વેષ, માત્સર્ય, વિગેરે કરવાથી બંધાય છે, તેવી જ રીતે જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનોની ભક્તિ આદિ કરવા દ્વારાએ તે જ્ઞાનને રોકવાવાળા કર્મોનો નાશ થઈ શકે છે, જેવી રીતે જ્ઞાનાવરણીયને અંગે જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનોની અવજ્ઞા અને ભક્તિ, એ બન્ને જ્ઞાનાવરણીય કર્મને લાવનાર તથા તોડનાર થાય છે. તેવી રીતે વ્રત અને નિયમરૂપી મૂળ ગુણ અને ઉત્તરગુણનું આદરપૂર્વક પાલન કરવાથી જેમ ચારિત્ર મોહનીય તૂટી શકે તેવી જ રીતે વ્રત અને નિયમ ઉપર અત્યંત આદર છતાં પણ જેઓ તે પાલવાને શક્તિમાન હોય અગર ન હોય. તો પણ તેઓને ચારિત્રમોહનીય કર્મનો નાશ કરવા માટે દેશથી કે સર્વથી કોઈપણ પ્રકારના ચારિત્રને ધારણ કરનાર મનુષ્યોની ભક્તિ, સત્કાર, આદિથી આરાધના કરવી જરૂરી છે, અને તેથી જ શ્રી શ્રીપાળ મહારાજા વિરતિ એટલે પાપોથી વિરમવારૂપ વ્રતો અને નિયમોમાં તત્પર રહેનારા મહાપુરુષોની ભક્તિ કરવા દ્વારાએ ચારિત્રપદની આરાધના કરે છે જો કે વ્રતધારણ કરવાવાળા સર્વજીવો જૈન શાસન દ્વારાએ વ્રતની કિંમત સમજવાવાળા માટે આરાધનાનું સ્થાન છે, અને ભગવાન મહાવીર મહારાજાના અધિકારમાં મથુરાવાસી જિનદાસ અને અર્હદાસી કે જેઓ શ્રમણોપાસકને લાયક સમ્યક્ત્વ મૂળ બાર વ્રતોને ધારણ કરવામાં આગેવાન પદને ધારણ કરવાવાળા છતાં અન્ય આત્મામાં થતા વગર પ્રતિજ્ઞાના પણ માત્ર ધાર્મિક સંસ્કારોને અનુસરતા વર્તનોની કેટલી કિંમત કરતા હતા તે કમ્બલશમ્બલ નામના બળદના વૃત્તાન્તને સમજવાથી સહેજે સમજાય તેમ છે કે પ્રથમ તો તે બળદો તે જીનદાસ અને અર્હદાસીએ રાખવા માંગેલા નથી, માત્ર તે બળદો આભીર, આભીરિણીએ શેઠને પરાણે ભેટ તરીકે આપેલા છે, શેઠ અને શેઠાણીને સ્વતંત્ર બાર વ્રતોમાં સર્વથા ચતુષ્પદ સંઘરવાનાં પચ્ચખ્ખાણ હોવાથી તે આભીર અને આભીરિણીને ચોખ્ખા શબ્દોમાં નિષેધ કરી તે બળદનું જોડલું લેવાની ના પાડી, વ્રતધારીપણાની આજ ખુબી છે કે તેઓ ચતુષ્પદ (જાનવર)ના પરિગ્રહને જ અન્ય પરિગ્રહ કરતાં અધિક પાપરૂપ માને છે, કેમકે બીજા અચેતન પદાર્થો પરિગ્રહ તરીકે સ્વીકારાયેલા હોય તેમાં તો માત્ર પોતાના મમત્વભાવને અંગે સ્વીકારનારનું લેપાવવું થાય છે, જ્યારે જાનવર આદિ જેવા પદાર્થોને મમત્વ ભાવપૂર્વક સ્વીકારવાથી તેની અસંયમ બહુલ, અને પાપમય જે જે જાનવરપણામાં જ છાજે તેવી પ્રવૃત્તિઓની પાપકોટીની જવાબદારી પરિગ્રહ દ્વારાએ તેને સ્વીકારનારના માથે આવેલી હોય છે. સરકાર તરફના કોઈપણ અધિકારીને નહિ ગણકારનારો મનુષ્ય જેમ સરકારનું અપમાન કરનારો ગણાય છે. તેવી રીતે સરકારના પ્રતિનિધિને કરેલું સન્માન સરકારનું જ સન્માન ગણાય છે, એ વાત અહીં કર્મઅધિકારમાં પણ ધ્યાનમાં લેવી જ જોઈએ, અને તેથી જ જીનદાસ વિગેરે આસ્ત્રવ, સંવર અને બંધ, નિર્જરામાં કુશળ એવા સાચા શાસનના સેવકે તે બળદોને સ્વીકારવાથી તેની તમામ પાપમય પ્રવૃત્તિની જોખમદારી પોતાને શિર આવી પડશે એ વાત બરોબર હૃદયમાં ઉતારેલી છે, અને તેથી જ જાનવર નહિ રાખવાનાં પચ્ચખ્ખાણ કરેલાં છે, એવા પહેલાં કરેલાં પચ્ચખ્ખાણ જો કે તેવા પ્રસંગની ઉપસ્થિતિ વિનાનાં હતાં પણ ધર્મિષ્ઠ પુરુષો જે પચ્ચખ્ખાણ પ્રસંગની અનુપસ્થિતિમાં કરે છે તે પચ્ચખ્ખાણ તેવા પ્રસંગની અનુપસ્થિતિ હો કે ઉપસ્થિતિ થાવ તો પણ તે પચ્ચખ્ખાણ પાળવા માટે ધર્મિષ્ઠો તૈયાર જ રહે છે, અને તેવી રીતે જીનદાસને પણ આ કમ્બલશમ્બલના પરિગ્રહનો સવાલ ઉભો થયો તત્કાળ જીનદાસે જણાવી દીધું

કે 'અમારે ચતુષ્પદનાં પચ્ચખ્ખાણ છે' માટે તમારા બળદ અમે રાખી શકીએ તેમ નથી. જીનદાસને ચતુષ્પદનાં પચ્ચખ્ખાણ હોવાથી સ્થૂલદષ્ટિએ તે બળદનો અન્યત્ર વિક્રય કરી તેની કિંમત પોતે લઇ શકત અને પોતાના ચતુષ્પદના પચ્ચખ્ખાણને અબાધિતપણે રાખી શકત પણ તે જીનદાસે ચતુષ્પદને રાખવાથી થતી વિરાધનાને અંગે જ માત્ર ચતુષ્પદનાં પચ્ચખ્ખાણ કર્યાં તેમ નથી, પણ તે ચતુષ્પદની અસંયમમય પ્રવૃત્તિ તેને ગ્રહણ કરનાર આત્માને ડુબાડનારી છે એમ ધારી ચતુષ્પદનાં પચ્ચખ્ખાણ કરેલાં હોવાથી તેનો વિક્રય કરવો તે પણ અસંયમની જ દલાલી છે એમ તે જીનદાસની ધ્યાનમાં બરોબર રહેલું છે અને તેથી જ તે જીનદાસે અન્યત્ર તે બળદનો વિક્રય કરવો કે ઘરે પોતાની માલિકીમાં રાખવું એ બન્નેમાંથી એકે ચીજ પસંદ કરેલી નથી.) ચતુષ્પદના પરિગ્રહથી કે તેના ક્રયવિક્રયથી થતી અસંયમ પ્રવૃત્તિને ધ્યાનમાં લેનારા જીનદાસ શેઠે આભીરે અર્પણ કરાતા બળદોનો ખુલ્લા શબ્દોમાં નિષેદ કર્યો. જો કે તે જીનદાસે પોતાના વ્રતને પાલન કરવા માટે યોગ્યાચરણ કર્યું પણ તે આભીર અને આભીરણ તે જીનદાસ અને અર્હદાસીની સાથે માત્ર ગોરસના વ્યવહાર પૂરતા જ સંબંધવાળા હોઈ આરંભ અને પરિગ્રહથી થતાં કર્મબન્ધનના વિચારોથી અસંસ્કારિત હોવાથી તેમજ શેઠ તરફ અત્યંત બહુમાનની લાગણી થવાથી શેઠ અને શેઠાણીએ નિષેધ કર્યા છતાં પણ તે કમ્બલશમ્બલ નામની બળદની જોડને શેઠને ઘેર બાંધીને ચાલ્યા ગયા. ભદ્રિક જાતોવાળા મનુષ્યો માત્ર પોતાની ધારણાની કિંમત કરનારા હોય છે તેઓને અન્યની ચાહે જેવી કિંમતી કે જરૂરી ધારણા હોય તો પણ તેની કિંમત તેને હોતી નથી, જો કે આ આભીર અને આભીરણને શેઠ અને શેઠાણીના ચતુષ્પદના નિયમને ભંગાવવાની બુદ્ધિ નથી, પણ તે નિયમની સમજણ નહિ હોવા સાથે તેના ભંગ તરફ દુર્લક્ષ્યપણું છે, તેમને તો માત્ર શેઠની ઉપર થયેલી સારી લાગણી બળદ અર્પણ કરવા દ્વારાએ સ્પષ્ટ કરવી એટલી જ ધારણા છે, અને તેથી જ તેઓના ના કહ્યા છતાં બળદની જોડીને બાંધીને ગયા. આ બાજુ શેઠ-શેઠાણીની સ્થિતિ ઘણી જ વિચિત્ર થઈ કેમકે ચતુષ્પદનાં પચ્ચખ્ખાણ હોવાથી તે કમ્બલશમ્બલને પોતાના સ્વામિત્વમાં રાખવા તે ઠીક લાગ્યું નથી અને જો તે બળદોને પાછા આભીરને ઘેર મોકલવામાં આવે તો તેને થતી પીડા અને તેના દ્વારાએ થતા અસંયમ વ્યાપારોના પોતે જ દલાલ બને, આવી રીતે થયેલી વિચિત્ર સ્થિતિમાંથી બચવા માટે તે શેઠ-શેઠાણીએ એ જ રસ્તો કર્યો કે એની માલિકી આપણે લેવી નહિ કે જેથી તેમના સર્વયત્નોના અનુમોદક આપણે બનીએ, તેમ એઓને પાછા પણ મોકલવા નહિ કે જેથી આભીર-આભીરણને ત્યાંની થતી તેઓની પ્રવૃત્તિમાં આપણે ભાગીદાર થઈએ. તેથી માલિકી પણ સ્વીકારી નહિ અને મોકલ્યા પણ નહિ. અર્થાત્ જંગલમાં રહેલા બળદોની માફક તે જીનદાસના વાડામાં જ સ્વતંત્ર રહેવા લાગ્યા. આ કમ્બલશમ્બલ સંબંધી અધિકારને ચાલુ પ્રસંગમાં સંબંધ ઘણો ઓછો છે પણ હવે તે કમ્બલશમ્બલ નામના આભીરે બાંધેલા બળદો જીનદાસે અષ્ટમી, ચતુર્દશી વિગેરે દિવસોએ કરાયેલા પૌષધાદિક ધર્માચરણોથી ઘણા સંસ્કારવાળા થયા. (ધ્યાન રાખવાની જરૂર છે કે શ્રાવકનું ધર્માચરણ કેવું ઉચ્ચતર કોટીનું હોવું જોઈએ કે વગર ઉદ્દેશે કે પ્રેરણાએ જેના ધર્માચરણને દેખીને જ માત્ર બળદ જેવા જાનવરો પણ ધર્મના સંસ્કારવાળા થાય છે, અને તેથી જ આ બળદો ફાસુ (નિર્જીવ) ચાર અને પાણીથી પોષાતા છતાં પણ અષ્ટમી, ચતુર્દશી વિગેરે તિથિએ દિવસે જીનદાસના ઉપવાસને લીધે તે બળદ પણ ઉપવાસ કરે છે અને બળદે કરાતા તેવા સંસ્કાર માત્રના અને પચ્ચખ્ખાણ વગરના ઉપવાસથી જીનદાસ અને અર્હદાસીને તે બળદ ઉપર ઘણો જ ભક્તિભાવ થાય છે. આ સ્થાને એ જ વિચાર કરવાનો છે કે આવા ઉચ્ચ પ્રકારના

વ્રતોને ધારણ કરનારા જીનદાસને એક સંસ્કાર માત્રથી પચ્ચખ્ખાણ વગરના અનુકરણરૂપે કરાતા ઉપવાસથી બળદ જેવી જાત ઉપર જે પ્રીતિ અને આદર થાય છે તે પ્રીતિ અને આદર જીનદાસ શેઠના આત્મામાં વિરતિવાળાને અંગે કેવી ભક્તિની રેલમછેલમ રહેલી છે તે સ્પષ્ટ જણાવે છે.) સામાન્ય રીતે ચારિત્ર મોહનીયના જોરથી આત્માને વિરતિનું જ્ઞાન, શ્રદ્ધા અને અભિરૂચિ થવાં મુશ્કેલ છે, પણ વિરતિના જ્ઞાન, શ્રદ્ધા અને અભિરૂચિવાળા થયા છતાં વિરતિવાળા અન્યજીવો ઉપર બહુમાન પૂજા અને ભક્તિભાવની દૃષ્ટિ થવી એ તો ઘણી મુશ્કેલી છે. સામાન્ય રીતિએ જે કહેવાય છે કે નિર્ગુણ મનુષ્યો ગુણ અને ગુણવંત મનુષ્યોને ઓળખી શકે નહિ અને જેઓ ગુણને પામેલા હોય તેઓ અન્ય આત્મામાં રહેલા ગુણોને અને ગુણી આત્માને દ્વેષનું સ્થાન બનાવે છે. અર્થાત્ ગુણપ્રાપ્તિ કરવી અને ગુણ તથા ગુણવંતના બહુમાનવાળા થવું એ અસંભવિત નહિ તો દુઃસંભવિત તો જરૂર છે, અને તેટલા જ માટે મહારાજા શ્રીપાળની આરાધના જણાવતાં આચાર્ય મહારાજા રત્નશેખરસૂરિજી વ્રત અને નિયમનું ધારણ જણાવવા સાથે મૂળ કે ઉત્તર ગુણ અથવા એ બન્ને પ્રકારની વિરતિને ધારણ કરવાવાળાની ભક્તિ દ્વારાએ પણ શ્રી શ્રીપાળ મહારાજ ચારિત્રપદની આરાધના કરે છે એમ સ્પષ્ટ જણાવે છે.

## વિરતિના ભેદો અને પૂર્વાપરદેશના

જૈનશાસનમાં વિરતિ એટલે ચારિત્ર બે પ્રકારનાં છે, એક સર્વવિરતિ અને બીજી દેશવિરતિ. જિનેશ્વર મહારાજના ધર્મને સાંભળીને સમ્યક્ત્વ પામતી વખતે સર્વ જીવ હિંસાદિ જુઠ વગેરે સર્વ પાપોને પાપ તરીકે માનવાવાળો થવા સાથે તેના અત્યંત કટુક વિપાકને માનનારો હોઇ તે હિંસાદિ પાપોને સર્વથા વર્જવા લાયક માનનારો થાય છે, જો હિંસાદિ પાપોને પાપો તરીકે માને નહિ અગર તેને સર્વથા વર્જવા લાયક માને નહિ, તો આશ્રવ અને સંવરની સમ્યક્ પ્રતીતિ થઇ છે અને તત્વપ્રીતિ જાગી છે એમ કહી શકાય નહિ અને તત્વપ્રતીતિ અને તત્વપ્રીતિ ન જાગી હોય, તો સમ્યક્ત્વ થયું છે એમ કહી શકાય નહિ. અનન્તી વખતે જે દેશવિરતિ અને સર્વવિરતિની કરણી દરેક જીવે કરી છતાં તે માત્ર વાવેતરને અંગે ઘાસની માફક પૌદ્ગલિક સુખ આપીને નાશ પામી એમ જે શાસ્ત્રમાં પ્રતિપાદન કરેલું છે તે અહિં તત્વપ્રીતિ અને તત્વપ્રતીતિના શૂન્યપણાને જ આભારી છે, કંઇક ન્યૂન દશપૂર્વ સુધીનું જ્ઞાન ભણવા છતાં પણ જે અજ્ઞાની અગર મિથ્યાત્વીપણાની દશા ગણવાનો વખત રહે છે, તે પણ આ તત્વપ્રીતિ અને તત્વપ્રતીતિના અભાવને અંગે હોય તે સ્વાભાવિક છે, ભવચક્રને અંગે જે ચારિત્ર આઠ જ વખત મળવાનું કહેવામાં આવે છે, તે પણ આ તત્વપ્રતીતિ અને તત્વપ્રીતિવાળું જ હોય છે, આવી રીતે સમ્યગ્દર્શનને અંગે તત્વપ્રતીતિ અને તત્વપ્રીતિ જેને થયેલી હોય છે તે દરેક જીવ હિંસાદિક સર્વપાપોને દૂર કરવા માટે પહેલી તકે તૈયાર થાય છે, આવી રીતે સમ્યક્ત્વ પામેલો મનુષ્ય હિંસાદિક સર્વ પાપોને દૂર કરવા તૈયાર થાય એ નિયમને અનુસરીને જ શાસ્ત્રાકારોએ દેશના દેવાવાળા મહાપુરુષોને અંગે પ્રથમ મહાવ્રત એટલે હિંસાદિક સર્વપાપોની સર્વથા વિરતિની દેશના દેવી એવો નિયમ રાખેલો છે, અને તે એટલે સુધી કે જો કોઇ ઉપદેશ દેનારો મનુષ્ય સર્વવિરતિ એટલે સર્વ હિંસાદિ પાપોની નિવૃત્તિની દેશના આપ્યા સિવાય દેશવિરતિ એટલે હિંસાદિકના એક અંશે વિરતિ કરવી તેના ઉપદેશ આપે તો તે ઉપદેશકને પ્રાયશ્ચિત લાગે, કારણ કે પ્રથમ તો જે પાપના એક અંશની વિરતિ

કહેવામાં આવે તે સિવાયના અન્ય પાપની અનુમતિ અર્થાન્તરે અનુજ્ઞા કરેલી ગણાવમાં આવે તેવી એક અંશે પણ પાપની અનુજ્ઞાવાળો ઉપદેશ સર્વપાપથી ત્રિવિધ ત્રિવિધ વિરતિ કરનારા માટે યોગ્ય જ ગણાય નહિ, વળી કદાચિત તે શ્રોતા તેવી દેશથી વિરતિ સાંભળીને તે સુખે આચરી શકાય તેવી ગણીને તેમાં જ અવસ્થિત થઇ જાય અર્થાત્ જે અધ્યવસાયો ઉલ્લાસ પામ્યા હોત તો સર્વવિરતિને પ્રાપ્ત કરાવી શકત તે અધ્યવસાયો દેશ થકી પાપની વિરતિ કરવામાં જ રોકાઇ જાત અને તેવી રીતે થેયલું મોટું નુકસાન તે ઉપદેશકની દીર્ઘદર્શિતાના અભાવને જ આધીન થાય, માટે જ સર્વવિરતિનો ઉપદેશ આપ્યા સિવાય દેશવિરતિનો ઉપદેશ આપવામાં શાસ્ત્રકારોએ પ્રાયશ્ચિત જણાવેલું છે.

## દેશવિરતિનો પણ ઉપદેશ કર્તવ્ય જ છે.

પૂર્વે જણાવ્યા પ્રમાણે સમ્યક્ત્વ પામેલા જીવને સર્દવિરતિનો ઉપદેશ આપતાં કેટલાક લઘુકર્મી જીવો તો તે જ સમ્યક્ત્વની સાથે સર્વવિરતિને પ્રાપ્ત કરે છે, પણ સર્વ જીવો કરણીમાં સરખા ન હોય એ નિયમને અનુસરીને હિંસાદિક સર્વ પાપોથી વિરિત કરવાનું પોતાની અશક્તિ કે આસક્તિને લીધે અસમર્થ જણાય તો તેવા જીવો વિરતિના માર્ગથી સર્વથા દૂર રહે નહિ, અર્થાત્ નિરંકુશપણે સર્વ પાપમાં પ્રવર્તેલા રહે નહિ, અને અંશે પણ પાપની વિરતિ કરવાવાળા થવાથી પરિણામે સર્વ પાપોથી સર્વથા વિરતિ કરવાવાળા થાય એ મુદ્દાથી સર્વવિરતિના પહેલા વર્ગ તરીકે દેશવિરતિ એટલે કંઇક અંશે પાપની નિવૃત્તિ કરવાનો ઉપદેશ આપવાની જરૂર રહે, આવી રીતે સર્વવિરતિ કે દેશવિરતિને પામેલા જીવો વિરતિવાળા ગણાય છે.

## ભક્તિરાગનું સ્વરૂપ અને તેની જરૂરીયાત

એવી રીતે સર્વવિરતિ કે દેશવિરતિવાળાં થયેલા જીવો પોતાની તે સર્વવિરતિ કે દેશવિરતિને તન, ધન, કુટુંબ વિગેર સર્વના ભોગે પણ સુરક્ષિત કરવાને તૈયાર રહે છે, અને તેથી તેવા જીવો વિરતિમાં એટલે સર્વવિરતિ કે દેશવિરતિમાં એક નિષ્ઠાવાળા હોઇ વિરતિપરાયણ કહેવામાં આવે છે, તેવા સર્વવિરતિ કે દેશવિરતિમાં એક નિષ્ઠાવાળા મહાનુભાવોની ઉપર કેવલ વિરતિના જ બહુમાનનેં અંગે જે રાગ ધરવામાં આવે છે તે જ વિરતિનો ભક્તિરાગ કહેવાય. આ વિરતિના ભક્તિરાગમાં ચક્રવર્તિ અને દ્રમકપણાનો, રાજા કે રંકપણાનો, શ્રીમંત કે દરિદ્રનો, શેઠ કે નોકરનો, શત્રુ કે મિત્રનો, સ્વજન કે પરજનનો, વિભાગ રહેવાનો અવકાશ નથી, અને જો તેવો વિભાગ સર્વવિરતિ કે દેશવિરતિવાળાને અંગે રહે, તો તે શુદ્ધ ભક્તિરાગ નથી, શુદ્ધ ભક્તિરાગ તો કેવળ સર્વ કે દેશથી થતી વિરતિના બહુમાનને અંગે જ રહેલો છે, જેવી રીતે ષટ્ખંડ ભરતના ભોક્તા ચક્રવર્તિઓ ત્રણ ખંડના માલિક વાસુદેવો અને અનેક દેશના સ્વામી રાજા મહારાજા શુદ્ધ ભક્તિભાવથી વિરતિની અધિકતા ગણીને સર્વવિરતિ ગ્રહણ કરનારા એક સામાન્ય સાધુને પણ અતિશય ભક્તિભાવથી વંદન કરે છે, અને પોતાની જગતમાં સર્વોપરી સ્થિતિને તે વંદનના અધિકારમાં અંશે પણ પેસવા દેતા નથી, તેવી રીતે ભક્તિ કરનારા પુરુષોએ પણ વિરતિવાળાની ભક્તિ કરતી વખત પણ તેવો રિદ્ધિસમૃદ્ધિ, નાતજાત કે સ્વજન પરજનનો ભેદ નહિ રાખતાં નિર્વિશેષપણે ભક્તિ કરવી જોઇએ અને તેવે સ્થાને રહેલો રાગ તે જ ભક્તિરાગ કહી શકાય. જો કે સગાસંબંધમાંથી દેશ કે સર્વથી વિરતિ લેનારા ઉપર કંઇક અંશે સ્નેહરાગ હોય છે

પણ તેટલા માત્ર સ્નેહરાગથી ભક્તિરાગનું ફળ ચાલ્યું જાય છે તેમ નથી, પણ જેટલા અંશે સ્નેહરાગ રહે તેટલે અંશે તો નુકશાન છે પણ તેવા સ્નેહરાગના કંઈક અંશે થતા નુકસાનના ભયે ભક્તિરાગ વર્જવા જેવો નથી, જો કે શુદ્ધ ભક્તિરાગ તો શત્રુ-મિત્રાદિના સમ્બન્ધને વચમાં લાવ્યા સિવાય કેવળ વિરતિ આદિ ગુણોને અંગે જ રાગ ધારણ કરાય ત્યારે જ કહેવાય; આ કારણથી શ્રી શ્રીપાળ મહારાજા ચારિત્રપદનું આરાધન કરતાં દેશ કે સર્વથી વિરતિને ધારણ કરનારા મહાનુભાવો ઉપર ભક્તિરાગ કરે છે. એ વાત ધ્યાનમાં રાખવાની છે કે ચારિત્ર એ આત્માનો સ્વાભાવિક ગુણ છતાં પણ મોહનીય કર્મનાં પટલથી તે ગુણ આવરાયેલો છે, અને જ્યાં સુધી તે ચારિત્ર મોહનીયનાં પટલો ખસે નહિ, ત્યાં સુધી સભાના ચારિત્રગુણ પ્રગટ થાય નહિ, અને તે ચારિત્રને રોકવાવાળાં મોહનીયનાં પટલો જો કે ચારિત્રની ઈચ્છા અને તેની સામાન્ય ક્રીડાથી ખસે છે, પણ તે ચારિત્રના રોકનાર મોહનીયના પટલો ખરેખરો નાશ ચારિત્રવાળાના ભક્તિ બહુમાનથી જ થાય છે. અર્થાત્ જે આત્માને જે ગુણો પ્રાપ્ત કરવા હોય તે આત્માએ તે તે ગુણો પ્રાપ્ત કરનારા લોકોત્તમપુરુષોની ભક્તિ, બહુમાન દ્વારાએ સેવાભાવ કરવો તે જ તે ગુણોને પ્રાપ્ત કરવાનો મુખ્ય રસ્તો છે, તેથી જ મહારાજા શ્રીપાળ દેશ કે સર્વથી વિરતિને ધારણ કરનારા મહાનુભાવોની ભક્તિમાં લીન રહી ચારિત્રપદની આરાધના કરે છે.

### અધિક ગુણને હીનગુણની ઉપર પ્રમોદ

સામાન્ય રીતે વિરતિનું બહુમાન કરનારા પોતાનાથી અધિક વિરતિવાળાનું બહુમાન તો પ્રમોદ ભાવનાની અપેક્ષાએ કરે છે, પણ જેઓ કર્મની ભયંકરતા અને ગુણોની દુષ્પ્રાપ્યતા સમજે છે, તેઓ તો ગુણહીનપણામાંથી નીકળીને સ્વલ્પ ગુણને પ્રાપ્ત કરનારા જીવોની પણ પ્રશંસા અને અનુમોદના કરે છે, અર્થાત્ પોતાનાથી અધિક ગુણવાળા તરફ બહુમાન હોવો જ જોઈએ. એવો નિયમ છતાં શાસ્ત્રકારોએ સ્વગુણાધિક એવો શબ્દ નહિ રાખી સામાન્ય ગુણાધિક શબ્દ રાખેલો છે, તેથી પોતાની અપેક્ષાએ ઓછા ગુણવાળો હોય છતાં પણ અનાદિની ભ્રમણદશામાં જે નિર્ગુણતા રહેલી છે તે અપેક્ષાએ અથવા મિથ્યાત્વ, અવિરતિ આદિ અવગુણોની અપેક્ષાએ સામાન્ય સમ્યક્ત્વ કે વિરતિને પામનારો પણ ગુણાધિક જ છે, ને તેથી તેવા સમ્યક્ત્વ કે વિરતિવાળા તરફ પણ પ્રમોદભાવના દ્વારાએ વૈયાવચ્ચ પ્રશંસા આદિ દ્વારાએ વિનય કરવો, અને પોતાના પરના કે બન્નેના કરેલા તેવા વિનયમાં હર્ષ માનવો તે જ પ્રમોદ ભાવના ગણાય છે, અર્થાત્ પ્રમોદ ભાવનાનો વિષય પોતાના ગુણો કરતાં અધિક ગુણવાળો હોય તે જ છે, એમ નહિ માનતાં દરેક સમ્યક્ત્વાદિ ગુણે અધિકવાળા યથાયોગ્ય પ્રશંસાદિકને પાત્ર છે, એમ માનવું જોઈએ અને આ જ કારણથી શાસ્ત્રકારોએ સમ્યક્ત્વના આચારમાં ''अनुपबृंहणा'' એટલે સમ્યક્ત્વાદિ ગુણવાળાની પ્રશંસા ન કરવામાં આવે તેને અતિચાર તરીકે ગણાવે છે અર્થાત્ એક પણ ગુણ જે જીવમાં મોક્ષની અનુકૂળતા માટે થયો છે, તે સામાન્ય રીતે સર્વને પ્રશંસાપાત્ર છે, અને તેથી જ જે જે મહાપુરુષો સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર, સમિતિ, ગુપ્તિ, વૈયાવચ્ચની અધિકતામાં આવ્યા તેઓની તે તે વખતના ઈંદ્રોએ પોતાની પાસે ભરાયેલી આખી દેવસભામાં પ્રશંસા કરી એમ સ્થાન સ્થાન પર સાંભળીએ છીએ.

(અપૂર્ણ)

## આગમના ગ્રાહકોને સૂચના

અમારા માનવંતા આગમના ગ્રાહકોને જણાવવાનું કે આચારાંગસૂત્રનો પ્રથમ ભાગ તૈયાર થયો છે, માટે ડીપોઝીટ ભરનારાઓને વિનંતિ છે કે તેઓએ પોતાનું પુરેપુરું હાલનું સરનામું નીચેના ઠેકાણે મોકલવું જેથી વી. પી. ગેરવલ્લે ન જાય.

ડીપોઝીટવાળાના જવાબ આવેથી જ તેમના લખેલા સરનામે પહેલો ભાગ મોકલવામાં આવશે. પોસ્ટખર્ચ જેટલું વી. પી. થશે.

**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.**
**લાલાબાગ, ભૂલેશ્વર,**
**મુંબઇ નં. ૪**

---

**શ્રી સિદ્ધચક્ર આરાધકોં કે લિયે અપૂર્વ પ્રસંગ**

# શ્રી સિદ્ધચક્રારાધન તીર્થોદ્ધાર

મનોહર માલવ પ્રદેશકી ઉજ્જૈન નગરીમેં ૧૧ (ગ્યારા) લાખ વર્ષ પૂર્વ સિદ્ધચક્ર કી આરાધના કરનેવાલે શ્રી સિદ્ધચક્રારાધનૈકબદ્ધકક્ષ મહારાજા શ્રી શ્રીપાલ એવું સતી શિરોમણી મયણાસુંદરીકે પવિત્ર આરાધન સ્થલ શ્રી ઋષભદેવજીકે મંદિર જો ખારાકુવા, દેરા ખિડકીમેં હૈ ઇસ મંદિરકા જિર્ણોદ્ધાર કરનારા અત્યન્ત આવશ્યક હોનેસે રૂા. ૨૫૦૦૦) પચીસ હજારકી જરૂરત હૈ.

યહ સિદ્ધચક્રકી આરાધનાકા ભારતવર્ષમેં મુખ્ય તીર્થ હોનેસે શાસનકી પ્રભાવના બઢાને કે લિયે ઇસકા ઉદ્ધાર હોના બહુ જરૂરી હૈ ઇસલિયે ભારતવર્ષ કે સમસ્ત ભાઇ બહનોસે સવિનય નિવેદન હૈ કિ ઇસ તીર્થકે ઉદ્ધારકે લિયે યથાશક્તિ નાશવંત (ચંચલ) લક્ષ્મીકા સદુપયોગ કરકે પુણ્યાનુબંધી પુણ્યકે હિસ્સેદાર બનનેકે લિયે કટિબદ્ધ હો જાવેં !

નોંધ :- જિન ભાઇ બહનોં કો ઇસ અમૂલ્ય કાર્યમેં ભેટ ઔર તીર્થ વ યાત્રિકોપયોગી ઉપકરણ વગૈરા દેના હો વહ નિમ્નાંકિત પતે પર ભેજકર રસીદ પ્રાપ્ત કરલેવેં.

પત્ર વ્યવહાર ઔર રૂપયે ભેજનેકા પત્તા :-
**શ્રી ઋષભદેવજી છગનીરામકી પેઢી**
શ્રી સિદ્ધચક્રારાધન તીર્થ,
ખારાકુવા, દેહરા ખિડકી, ઉજ્જૈન (માલવા)

(જુઓ ટાઇટલ પાના ૪નું અનુસંધાન)

સ્વરૂપને ધ્યાનમાં રાખીને ધર્મદેશનાની ધારાને અખંડપણે વરસાવતા આચાર્ય ભગવાનને શું તારક તરીકે ન ગણવા ? અર્થાત્ જેમ અનાર્યક્ષેત્રાદિકમાં થતી સિદ્ધિની અલ્પતા તે આર્યક્ષેત્રાદિકની સિદ્ધિની મહત્તાને બાધ કરનાર નથી, અને તેથી સિદ્ધિમાર્ગના સાધન તરીકે આર્યક્ષેત્રાદિની મહત્તાજ આગળ કરવામાં આવે છે, અને તેમ કરવું યોગ્યજ છે, તો પછી પરમ પવિત્ર ગિરિરાજ શ્રી વિમળાચળની વિશિષ્ટતા જણાવતાં અનંત જીવોની સિદ્ધિના કારણ તરીકે તેની વિશિષ્ટતા જણાવાય તેમાં કોઇ પ્રકારે પણ આશ્ચર્ય નથી. સામાન્ય રીતે અકારણ કે અલ્પકારણને કથંચિત કાર્ય કરનારપણું થઇ પણ જાય તો પણ તે દ્વારાએ કારણકાર્ય ભાવનો વ્યવહાર જગતમાં પ્રવર્તતો નથી, પણ જે કારણથી ઘણી વખત નિયમિતપણે કાર્ય બને છે, તેવા કારણનેજ કાર્ય કરનાર તરીકે ગણવામાં આવે છે, અને આજ કારણથી લક્ષ્મીપ્રાપ્તિનો હેતુ વ્યાપાર ગણવામાં આવે છે, પણ માટીની ખાણ ખોદવાથી કોઇ વખત નિધાનો દ્વારાએ લક્ષ્મી મળે છે તો પણ તે ખાણના ખોદવાને લક્ષ્મીપ્રાપ્તિના ઉપાય તરીકે ગણવામાં આવતું નથી, તેવી રીતે ઠેસ લાગવાથી ઉખડેલી ઇંટના પ્રતાપે દેખવામાં આવેલી મહોરોવાળી હકીકત સત્ય છતાં પણ ઠેસ કે ઇંટોના ઉખાળવાને મહોરપ્રાપ્તિના કારણ તરીકે કોઇપણ સમજુ મનુષ્ય ગણવાને તૈયાર થતો નથી, તેવી રીતે અહીં પણ પવિત્ર ગિરિરાજ શ્રી વિમળાચળ સિવાયના સ્થાનકો સિદ્ધિપ્રાપ્તિના કારણ તરીકે ગણાય નહિ, પણ આ ગિરિરાજ શ્રી વિમળાચળજીને જ અનંત સિદ્ધિના કારણ તરીકે ગણી આરાધવા યોગ્ય ગણી શકીએ.

આ ભારતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં પહેલવહેલું કોઇપણ સ્થાવર તીર્થ સ્થપાયું હોય તો શ્રીપુંડરિકસ્વામી ગણધર પોતાના પરિવાર સાથે મુક્તિ પામ્યા, તેને અંગે સ્થાપાયેલું આ વિમળાચળ તીર્થ જ પહેલા નંબરે છે.

ભાવતીર્થંકર કરતાં પણ દ્રવ્યતીર્થની પ્રબળતા ગણવાનું જો કોઇને પણ અંગે બન્યું હોય તો આ પરમપવિત્ર ગિરિરાજ વિમળાચળજીને અંગે જ.

ચક્રવર્તી અને બીજા પણ અનેક રાજા, મહારાજાઓએ ઉદ્ધારો કરીને જેના અસંખ્યાતી વખતે ઉદ્ધારો કર્યા એવું પવિત્ર તીર્થ તે આજ વિમળાચળજીજ છે.

જેના ઈન્દ્રોએ અને દેવતાઓએ પણ ઉદ્ધાર કરેલા હોય એવું તીર્થ ફકત આ વિમળાચળજીજ.

લાખો અને કરોડો (કેટલાક સ્વચ્છંદ કલ્પનાવાળાઓ શાસ્ત્રથી નિરપેક્ષ અને શાસ્ત્રવિરૂદ્ધપણે ક્રોડની સંખ્યા પર કોડી કે એવી કોઇ સંખ્યા ગોઠવી દેવા માગે છે તેઓના વચન શાસ્ત્રાનુસારીને તો માનવાના હોય જ નહિ.)ની સંખ્યામાં મુનિમહારાજાઓએ તથા સાધ્વીઓએ જો મોક્ષપદ મેળવેલાં હોય તો તેવું સ્થાન આ વિમળાચળજી. (પ્રતરગણિતની અપેક્ષાએ શાસ્ત્રમાં જણાવેલી સંખ્યાનો સમાવેશ કરવામાં કોઇ જાતની અડચણ આવે તેમ નથી, પણ પુરૂષપરંપરા ઉપર વિચાર કરાય તો પણ લાંબા કાળને અંગે શાસ્ત્રોક્ત સંખ્યામાં અડચણ આવે તેમ નથી, આવા હેતુથી કેટલીક સૂત્રોક્ત અને ગ્રંથોક્ત સંખ્યામાં ફેર પડે તો શ્રદ્ધાળુઓને શ્રદ્ધા કરવામાં અડચણ આવે તેમ નથી.)

સર્વકાળમાં પોતાના આકારે નિયમિત રહેવાવાળું તીર્થ હોય તો તે ફકત આ વિમળાચળજી.

પાંચ પાંડવો, શુકરાજા, ચંદ્રશેખર વિગેરેને જબરદસ્ત કાર્યસિદ્ધિ આપનારા હોય તો તે આ જ તીર્થરાજ.

આવા પવિત્રતમ ગિરિરાજ શ્રીવિમળાચળની જે છેલ્લી પ્રતિષ્ઠા ચોર્યાસી ગચ્છના આચાર્યોને મેળવી, સર્વની સંમતિથી જે પ્રતિષ્ઠા કર્માશાહે કરાવી, અને જે પ્રતિષ્ઠાની વર્ષગાંઠ શ્રીસિદ્ધચલજી અને બીજે સ્થાને ઉજવાય છે, તે ઉજવણી ભવ્ય જીવો મહિમા ખ્યાલમાં રાખીને કરે, એટલા માટેજ આ લેખની જરૂરીયાત વિચારી છે.

# વિમળાચળ ગિરિરાજની વર્ષગાંઠની વિશિષ્ટતા

**સ**મગ્ર જૈનજનતાની ધ્યાનમાં એ વાત તો ચોકસ છે કે ચૌદ રાજલોકમાં, ત્રણ ભુવનમાં, પંદર ક્ષેત્રમાં આ વિમળાચળ ગિરિરાજ જેવું કોઈપણ તીર્થ નથી. જો કે અઢીદ્વીપનો એક આંગળી જેટલો ભાગ પણ એવો નથી કે જેમાં અનંતા જીવો સર્વ કર્મનો ક્ષય કરીને અવ્યાબાધપદને પામેલા ન હોય, કેમકે સંસારની આદિ નથી, તેમ પરંપરાએ સિદ્ધદશાની પણ આદિ નથી, અને તેથી અનંત ઉત્સર્પિણી અવસર્પિણીએ એક એક જીવ પણ જો એક એક જગાએ મોક્ષે ગયો હોય તોપણ અત્યાર સુધીમાં આખા અઢીદ્વીપમાં દરેક જગા પર પણ અનંતા જીવો મોક્ષે ગયેલા સિદ્ધ થાય, અર્થાત્ એક આંગળ જેટલી જગા પર અઢીદ્વીપમાં અનંતા જીવોને મુક્તિ પામવા સિવાયની મળે નહિ અને આ જ કારણથી શ્રી ઔપપાતિક અને પ્રજ્ઞાપનાજી વિગેરેમાં દરેક સિદ્ધને આખી અવગાહનાએ અનંતા સિદ્ધ જીવોની સ્પર્શના જણાવવા સાથે એક એક સિદ્ધને દેશ અને પ્રદેશે ફરસેલા સિદ્ધો તે આખા ફરસનારા સિદ્ધોની અનંત સંખ્યા કરતાં અસંખ્યાતગુણા અનંતા છે. આવી રીતે સિદ્ધોની પરસ્પર સ્પર્શનાની સ્થિતિને વિચારનારો મનુષ્ય સહેજે સમજી શકશે કે અઢીદ્વીપમાંથી સમશ્રેણીએ જનારા જીવો સિદ્ધદશાવાળા થઈ શકતા હોવાથી અઢીદ્વીપનો એક આંગળ જેટલો ભાગ પણ અનંતા જીવોની સિદ્ધિ સિવાયનો નથી. અર્થાત્ શ્રી વિમળાચળ ગિરિરાજની મહિમાની વિશિષ્ટતા જણાવતાં જે કાંકરે કાંકરે અનંતા સિદ્ધ થયા એમ કહેવામાં આવે છે તે કોઈપણ પ્રકારે યોગ્ય નથી, કારણ કે અઢીદ્વીપ બહાર કોઈપણ મોક્ષે જતો નથી, તેમજ અઢીદ્વીપનો કોઈપણ ભાગ કાંકરે કાંકરે મોક્ષ સિવાયનો છે નહિ, માટે સંભવ કે વ્યભિચાર એકે પણ ન હોવાથી અનંત સિદ્ધના સ્થાન તરીકે વિમળાચળની વિશિષ્ટતા જણાવવી તે કોઈપણ પ્રકારે યોગ્ય નથી, પણ આવો વિચાર કરનારે સમજવું જોઈએ કે જેમ કાલનું અનાદિપણું હોવાથી અનાર્યક્ષેત્રમાં સિદ્ધ થયેલા પણ અનંતા છે. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના તીર્થનું આલંબન લીધા સિવાય અતીર્થસિદ્ધપણે પણ સિદ્ધ થયેલા અનંતા છે. સ્વયંબુદ્ધ કે પ્રત્યેકબુદ્ધ સિદ્ધપણે પણ અનંત જીવો સિદ્ધ થયેલો, તો પછી શું વિચારક પુરુષે અનાર્યક્ષેત્રને મોક્ષની ભૂમિ તરીકે ન ગણવું, અયોગ્ય ન ગણવું, ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને સ્થાપેલા તીર્થને સંસાર સમુદ્રથી તારનાર તીર્થને શું તારનાર તીર્થ તરીકે ન ગણવું ? અને ધર્મના યથાર્થ.

(જુઓ ટાઈટલ પાનું ત્રીજું)

તૃતીય વર્ષ, અંક ૧૬.

Registered No. B.3047




# શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

વૈશાખ વદિ ૦)) ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી) ૧-૬-૩૫

(ટાઈટલ પાના ૩નું અનુસંધાન)

કાળના પર્યાયના સમૂહસમય દ્રવ્ય છે અને વાસ્તવિક દ્રવ્ય અને પર્યાયની શ્રદ્ધાને ઉત્પન્ન કરે છે.

આ આદેશમાં વાપરેલો અસ્તિ શબ્દ પોતાના વિપક્ષનો આક્ષેપ કરવા દ્વારાએ સ્વતંત્ર રીતે અસ્તિ ૧, નાસ્તિ ૨, અસ્તિનાસ્તિ ૩, અવકતવ્ય ૪, અસ્તિ અવકતવ્ય ૫, નાસ્તિ અવકતવ્ય ૬, અને અસ્તિનાસ્તિ અવકતવ્ય ૭, એવી સપ્તભંગવાળી સપ્તભંગીને સ્પષ્ટપણે સૂચન કરે છે.

આ આદેશમાં વાપરેલ અસ્તિ શબ્દ વર્તમાનકાલીન ઈન્દ્રિયસંનિકર્ષના જ્ઞાનને જણાવનાર હોઈ આત્મા અને તેના ઔપપાતિકપણાનો અધિગમ કરવા પ્રમાણનો પડદો ખુલ્લો કરે છે.

આ આદેશમાં આત્માના અનન્તા ગુણો અને અનન્તા પર્યાયોમાં માત્ર વર્તમાન અને અસ્તિતા માત્ર જણાવી એ વાતની અસ્તિતારૂપ એક ધર્મ વિશિષ્ટતા જણાવી આત્માનું વચનનય અને જ્ઞાનનયથી સમધિગમ્યપણું જણાવી નયથી આત્માનો અધિગમ થવાનું વર્ણવે છે.

આ આદેશમાં અનેક પ્રકારે અનેક પદાર્થોનો સ્યાદ્વાદ સમજાવી શકાય તેવું છતાં જે આત્માના ઔપપાતિકદ્વારા જે સ્યાદ્વાદ સમજાવ્યો છે તે ખરેખર સમજદારોને સુજ્ઞતાનો માર્ગ સમજાવે છે, અર્થાત્ જગતના જીવ માત્રો મરણથી તો ડરે છે, પણ વાસ્તવિક રીતિએ વીતરાગ મહારાજે જાહેર કરેલા મોક્ષમાર્ગમાં મ્હાલનારા તો જન્મની અસ્તિતાનેજ ભયંકર સમજે.

આ આદેશમાં જન્મને અંગે ભયંકરતા સમજાવી સાફ સમજાવે છે કે જન્મ પામનારા કોઈં પણ મરણના પંજાથી છૂટનારા હોય નહિ. અર્થાત્ "जातस्य हि ध्रुवो मृत्युः" એ વાક્ય નિયમિત સત્ય અર્થાત્ નગ્ન સત્ય છે, એમ જાહેર કરે છે, અને સાથે જ જાહેર કરેલ છે કે "मृतस्य जननं ध्रुवं" એ વાક્ય ભવભ્રમણના ભયંકર આવર્તમાં અટવાતા જીવો માટે સત્ય હોય તો પણ સર્વ જીવો માટે એ વાક્ય અવિતથ નહિ હોવાથી અર્ધસત્ય જ છે. અવ્યાબાધપદને માનનાર શુકલ પાક્ષિક અને અન્ત્ય પુદ્ગલ પરાવર્ત જેટલા સંસારવાળા જ જીવો આ मृतस्य० વાક્યની અર્ધ અસત્યતા જાણે ને માને, પણ અભવ્ય જેવા જીવો માટે मृतस्य० એ વાક્ય નગ્ન સત્ય તરીકે હોય. આ સર્વ હકીકત સમજાવવા માટે જ ઔપપાતિકતા એટલે માત્ર ચારે ગતિની જન્મદશાના જ્ઞાનને જ જ્ઞાનસંજ્ઞાના રૂપમાં રજુ કરે છે.

(અપૂર્ણ)

---

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.




(પાક્ષિક)

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ ઉદ્દેશ છૂટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

तीर्थेशा दत्तमार्गाः सततगुणिपदाः सिद्धिसाम्राज्यभाजः,
पंचाचारप्रवीणा गणिन इह सदाध्यापका वाचका ये ।
साहाय्यात् मोक्षसिद्धौ मुनय उदितभा अन्विताः शुद्धदृष्ट्या,
ज्ञानेनावद्यमुक्त्या विविधसुतपसा सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

મોક્ષમાર્ગ સદા દિયે જે જિનવરો ગુણ ધારતા, સિદ્ધ નિત્ય ગણેશ પંચાચારધારક વાધતા;
અધ્યાપકો વરવાચકો શિવસાધને મુનિ જોડમાં, એ પાંચસંયુત બોધદર્શન ચરણતપ **સિદ્ધચક્રમાં** ॥૧॥

**"આગમોદ્ધારક"**

| | | |
|---|---|---|
| તૃતીય વર્ષ<br>અંક ૧૬ મો | મુંબઇ તા. ૧-૬-૩૫ શનિવાર<br>વૈશાખ વદિ અમાવાસ્યા | વીર સંવત્ ૨૪૬૧<br>વિક્રમ ,, ૧૯૯૧ |

# આગમ-રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ

તીર્થંકર મહારાજાઓનું પૂજન કરતાં દરેક પૂજા કરનારે પૂજા કરતી વખતે તીર્થંકર મહારાજનું અનુપકૃતપણું એટલે બીજાના ઉપકાર તળે નહિ દબાવવું એ ગુણ વિચારવો, અને સાથે ભગવાન જિનેશ્વરનું પરહિતરતપણું એટલે સામાન્યથી સકલ જગતના જીવોના હિતને માટે કટિબદ્ધપણું અને

વિશેષે પ્રસંગપ્રાપ્ત જીવોના હિતમાં તલાલીનપણું હોય છે, એ ગુણ જરૂર વિચારવો જોઇએ. તેમાં વર્તમાન ચોવિશીમાં આસન્નોપકારી ભગવાન મહાવીર મહારાજને અંગે તે પરહિતરતપણાનો ગુણ વિચારતાં શ્રમણ ભગવાન મહાવીર મહારાજે માતા ત્રિશલાના દુઃખને નિવારણ કરવા માટે કોઈપણ અન્ય તીર્થંકરે કે કોઈપણ ગર્ભમાં આવનારા બીજા જીવે નહિ કરેલું એવું કાર્ય અંગોપાંગને ગોપવી સ્થિર રહેવા રૂપ કર્યું. જો કે આવી રીતે માતાના હિતને માટે ભગવાન મહાવીરે અંગોપાંગ ગોપવી સ્થિર રહેવાનું કર્યું હતું, પણ તે ભગવાનના સ્થિર રહેવાથી માતાને જો કે શારીરિક દુઃખની વિશ્રાન્તિ ઘણી મળી અર્થાત્ ભગવાન મહાવીર મહારાજે જે શારીરિક દુઃખ ટાળવા માટે અંગોપાંગ ગોપવી સ્થિરપણું કર્યું હતું તેમાં જરૂર સફળતા મળી પણ મોહની વિચિત્રતાને લીધે ભગવાન મહાવીર મહારાજનું સ્થિરપણું શારીરિક દુઃખને ટાળવાવાળું થયા છતાં ત્રિશલાદેવીને મુંઝાવનારું થયું, કેમકે તે ત્રિશલાદેવી ગર્ભના ચલાયમાનપણાથી જ પુત્રનો જન્મ, તેનું પોષણ વૃદ્ધિ વિગેરે અનેક મનોરથોનો યોજતી હતી, તે મનોરથોની શ્રેણી ગર્ભના નિશ્ચલપણાને લીધે જમીનદોસ્ત થઇ ગયેલી લાગી, એટલું જ નહિ પણ પુત્રી જેવો સામાન્ય ગર્ભ હતો તે પણ ન રહ્યો, અને આ ગજાદિ શબ્દવાળો મહાપુરુષ પણ મારા ઉદરમાં ન રહ્યો એમ ધારી અત્યંત દુઃખને ધારણ કરવા લાગી. આ સ્થળે ભગવાન મહાવીર મહારાજે જે શારીરિક દુઃખ ટાળવા પ્રયત્ન કર્યો હતો, તે જો કે સફળ થયો તો પણ મોહના આધ મહિમાને લીધે માનસિક વિકલ્પોથી તે માતા ત્રિશલા દુઃખના દરિયામાં ડૂબી ગઈ. આ સ્થળે ન્યાયની ખાતર કહેવું જોઇએ કે ભગવાન મહાવીર મહારાજે માતા ત્રિશલા શારીરિક દુઃખને નિવારવા અંગોપાંગનું સ્થિર રાખવું જે વખતે કર્યું હતું, તે વખતે માતા ત્રિશલા મોહના વિકલ્પથી કેવા દુઃખના દરિયામાં ડૂબી જશે તે પોતાના નિર્મળ અવધિજ્ઞાનથી જાણી શકાય એવું હોવા છતાં પણ ઉપયોગ નહિ મેલવાથી જાણ્યું નહોતું. કેટલાક જિનેશ્વર ભગવાનના જીવનને જ્ઞાનજીવનના નામે જાહેર કરતાં જે એમ જણાવે છે કે-ભગવાને અવધિજ્ઞાનથી સ્થિર રહેવા પહેલા બધું જોયું હતું, અર્થાત્ હું અંગોપાંગ ચલાવવા બંધ કરીશ, સર્વથા સ્થિર રહીશ, (માતાનું ગર્ભ સંબંધી શારીરિક દુઃખ મટશે,) માતાને ગર્ભ ગળી ગયાનો, મરી ગયાનો કે હરણ થયાનો, સંકલ્પ થશે, ચિંતાના શોકસાગરમાં ડૂબી જશે, આર્તધ્યાનના અગાધ અવટમાં અટવાઈ જશે, આખું રાજકુલ રડાપીટ કરી મેલશે, મહારાજા સિદ્ધાર્થ પણ દીનતાના દરવાજામાં દાખલ થશે, અને સમસ્ત રાજવર્ગને રંજાડવાનું થશે, આ બધું જોઇને જાણીને જ ભગવાન મહાવીર મહારાજે અંગોપાંગનું સ્થિરપણું કર્યું હતું. આવું કહેનારા જો કે જ્ઞાનજીવનના નામે ભગવાનની ભક્તિ કરીએ છીએ, એમ ધારીને કહેતા હશે, પણ ભગવાનના જ્ઞાનજીવનના નામે ભગવાનની કેવી સ્થિતિમાં મૂકે છે, તે સમજવું મુશ્કેલ નથી, કેમકે તેઓના કહેવા પ્રમાણે અંગોપાંગ સ્થિર રાખવા પહેલાં ભગવાને માતા ત્રિશલાની, તેની સખીઓની મહારાજા સિદ્ધાર્થની અને આખા રાજકુટુંબની આ સ્થિર રહેવાને લીધે થવાવાળી હાલત જોઇ હતી, અને તેની દરકાર નહિ કરીને અંગોપાંગનું સ્થિરપણું કર્યું હતું એમ માનવું પડે અને જો તેમના એ અભિપ્રાય પ્રમાણે બધી થવાવાળી અવસ્થા જાણીને જ અંગોપાંગનું સ્થિરપણું કર્યું હોય, તો પછી અંગોપાંગ ચલાવવાની વખતે શાસ્ત્રકાર તે ત્રિશલા માતા વિગેરેની અવસ્થાની ખરાબી જાણવાનું કારણ જણાવે છે, તે વાસ્તવિક હોય એમ મનાય નહિ. વળી એ કારણથી અંગોપાંગ ચલાવવાનું થયું, એમ પણ કહેવાય

નહિ. તેમના અભિપ્રાયે તો કોઈ ત્રાહિત માણસને તો એટલા સુધી કહેવાનો વખત આવે કે સામાન્ય રીતે આખા જગતને થતું અને દરેક માતાઓને જરૂરીયાતપણે ભોગવવું પડતું એવું સામાન્ય શારીરિક દુઃખ ટાળવા માટે માતાએ, તેની સખીઓને, પિતાને તથા સમગ્ર રાજકુટુંબને આવી પડતા દુઃખના દરિયાનો વિચાર ભગવાન મહાવીર મહારાજે કર્યો નહિ, માટે વાસ્તવિક રીતે તો એ જ માનવું ઉચિત જણાય છે કે માતાના શારીરિક દુઃખને ટાળવા માટે કરેલો સ્થિર રહેવાનો પ્રયત્ન તે માતા વિગેરેને મોહ મહોદધિના મહાકલ્લોલના કારમા ઘાતને દેવાવાળો થયો, કોઈપણ પ્રકારે ભગવાનનું જ્ઞાનમય જીવન માનવામાં આગમાનુસારી શાસનપ્રેમીઓને અડચણ હોય નહિ અને છે પણ નહિ પણ તે જ્ઞાનજીવન દુન્યવી મોહમાં મુંઝાવવાનું થાય નહિ, સારને અસાર કે અસારને સાર માનવા તૈયાર થવાય નહિ, કોઈપણ પ્રકારે કષાયના અનુબંધોમાં જવાય નહિ, યાવત્ કોઈપણ પ્રકારે એવી સ્થિતિ ન થાય કે કોઈપણ ગતિનો આયુષ્યનો બંધ તેઓને થઈ જાય. એવી જાતનું જ્ઞાનમય જીવન ત્રિલોકનાથ તીર્થંકરનું માનવામાં કોઈપણ ભવ્ય જીવને હરકત નથી, પણ સર્વકાલ સર્વ વર્તનોમાં કેવળજ્ઞાન નહોતું થયું તેની પહેલાં અવધિજ્ઞાનનો ઉપયોગ મેલાતો હતો અને તે મેલીને જ વર્તન કરાતું હતું અને તે જ જ્ઞાનજીવન કહેવાય, એવી રીતે જ્ઞાનજીવનનો કરાતો અર્થ એ કોઈપણ પ્રકારે વ્યાજબી ઠરી શકતો નથી.

વાંચકોને માલમ છે કે ભગવાન મહાવીર મહારાજાએ ગર્ભની મૂળ અવસ્થાથી સાતમે મહિને, અને ત્રિશલા માતાની કુક્ષિમાં આવ્યા પછી લગભગ ચાર મહિને માતાપિતા જીવે ત્યાં સુધી દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ કર્યો, આ અભિગ્રહના કારણ તરીકે આવશ્યકની બન્ને વૃત્તિમાં માતાપિતાએ કરેલા ગર્ભરક્ષણના પ્રયત્નથી ભગવાને અવધિજ્ઞાનનો ઉપયોગ મેલીને માતાપિતાના સ્નેહને જાણ્યો, તે માતાપિતાના તીવ્ર સ્નેહને જાણ્યા પછી સ્વાભાવિક રીતે સ્નેહના અંતનું પરિણામ વિચારવામાં આવે, જગતના સામાન્ય લોકની રીતિએ માતાપિતા તરફથી મળતું પોષણ બંધ થતાં તો માતાપિતા સ્નેહનો અંત જવલ્લે જ આવે, પણ પાણિગ્રહણ થતાં સ્ત્રીની સ્નેહશૃંખલામાં સંડોવાતાં માતાપિતાના સ્નેહનો અંત ઘણા ભાગે આવે છે, પણ તે લગ્નથી થતા માતાપિતાના સ્નેહના વિચ્છેદનો વિચાર શ્રમણ ભગવાન મહાવીર મહારાજને ન આવ્યો, ને ન આવે તે સ્વાભાવિક છે, કારણકે સામાન્ય રીતે ભગવાન તીર્થંકરો પૌદ્ગલિક પદાર્થો અને સ્નેહવિકારોથી ઘણા જ દૂર હોય છે અને તેથી જ શાસ્ત્રકારોએ તીર્થંકરોની કેવળજ્ઞાનથી પૂર્વની દશાને ઉદ્દેશીને પણ તેવા સંકલેશ જન્મ આપનારા એવા રાગનો અભાવ માન્યો છે, અને તેથી તેવા રાગનો પોતાની અંદર સંભવ જ ન હોય તેથી અથવા સમ્યગ્દૃષ્ટિપણાને અંગે કેવળ મોક્ષમાર્ગની સાધ્યતા હોઈ વિષયાભિલાષથી દૂરપણું હોવાને લીધે સ્ત્રીને લીધે થવાવાળા માતાપિતાના સ્નેહનો નાશ થવાનો સંભવ જ ન હોય, અને તેથી જ એ બાબતનો વિચાર ન કર્યો હોય અને તેને લીધે તેવો એટલે કે સ્ત્રી આદિના પ્રસંગે પણ માતાપિતાથી જુદા રહી તેના સ્નેહનો વિચ્છેદ ન કરવો એવો અભિગ્રહ ન કરવો પડયો હોય એ સ્હેજે સમજી શકાય તેવી હકીકત છે. આજકાલના દીક્ષા વિરોધી, અને અજ્ઞાન મનુષ્યો ભગવાનના અભિગ્રહને આગળ કરીને દીક્ષાનો નિષેધ કરવા તૈયાર થાય છે, તેઓ આ ઉપર જણાવેલી હકીકત સમજે, અને જો એવો અભિગ્રહ અથવા નિયમ કરે કે 'માતાપિતાએ કરેલા જ લગ્નને હું અનુસરીશ તે સિવાયની લગ્નવિધિને કરીશ નહિ' અથવા તો માતાપિતાએ

લગ્નવિધિ કર્યા છતાં પણ હું સ્ત્રી અને પુત્રાદિકને, એવો આધીન ન થાઉં કે જેથી માતાપિતાના સ્નેહનો અંત આવે' સ્પષ્ટ રીતે કહીએ તો માતાપિતાથી જુદા રહેવાનો પ્રસંગ જ ન આવે, આવી રીતે અભિગ્રહ કે નિયમ જ્યાં સુધી યુવાનો કરે નહિ ત્યાં સુધી દીક્ષાના રોધ માટે શ્રી મહાવીર મહારાજના અભિગ્રહને આગળ કરવો એ વેશ્યાએ દેવતા સતીને ખોટા ઓળંભા દેવા જેવું જ છે. આ સ્થળે જેઓ પ્રેમનું પુરાણ વાંચવા આગળ પડે છે, અને માબાપના વાત્સલ્યને ભૂલી જઈ સ્ત્રીની સ્નેહસાંકળમાં સંડોવાઈ જાય છે, તેઓએ આ અભિગ્રહનું અંતર્ગત પ્રથમ પગથીયું પણ જાણ્યું નથી, એમ ચોખ્ખું કહી શકાશે. માટે આ અભિગ્રહની વાત કરનારે પ્રથમ પોતે એવો અભિગ્રહ કે નિયમ કરવો જ જોઈએ કે 'સર્વસ્વનો નાશ થાય તો પણ, અને સ્ત્રીપુત્રાદિકની ચાહે જેવી દશા થાય તો પણ હું માતાપિતાથી જુદો રહી તેના સ્નેહનો અંત આણીશ નહિ' આવો અભિગ્રહ કે નિયમ કર્યા સિવાય આ હકીકતથી વિપરીતપણે વર્તનારા માટે એમ કહેવું જોઈએ કે તે કેવળ અભિગ્રહના બણગા જ ફૂંકે છે, કહો કે કેવળ બકવાદ જ કરે છે, માટે આ અભિગ્રહની વાતને બોલવાને લાયક થવાને ઉપરનો નિયમ બાંધવાની અને તે પ્રમાણે વર્તવાની યુવકોની પહેલે નંબરે ફરજ છે, જો કે આવી રીતે નિયમ બાંધીને પણ આ અભિગ્રહના નામે તે યુવકો દીક્ષા રોકવાના અર્થમાં તો વ્યાજબી ઠરવાના નથી, કેમકે અભિગ્રહનું તત્વ જે આગળ ઉપર જણાવવામાં આવશે તે તત્વ તે યુવકો બુદ્ધિવાદના જમાનાને નામે બહેકતા હોવાથી સ્વતંત્રપણે નહિ સમજે તો કહેવાથી તો જરૂર સમજશે. શ્રમણ ભગવાન મહાવીર મહારાજે ગર્ભના સાતમે મહિને જે અભિગ્રહ કર્યો તે દીક્ષાને રોકવાને માટે જ કેમ ? આ શંકાનું સમાધાન સમજતાં સહજે સમજાશે કે ગર્ભાવસ્થામાં પણ રહેલા શ્રમણ ભગવાન મહાવીર મહારાજને મોક્ષનું જ સાધ્ય હોવાથી તેનું મુખ્ય, અને અવિચલ કારણ દીક્ષા જ છે, એમ શ્રમણ ભગવાન મહાવીર મહારાજે જરૂર ધ્યાનમાં લીધેલું હોવું જોઈએ, અને તેથી શ્રમણ ભગવાન મહાવીર મહારાજનો આત્મા તેવી ગર્ભાવસ્થામાં પણ દીક્ષાના રંગે જ રંગાયેલો હોવો જોઈએ, અર્થાત્ જગતમાં ખેતરની પાસે થઈને રસ્તે જતો સુથાર કોઈના ક્ષેત્રના બાવળીયાનો પણ મનથી ઘાટ કર્યા જ કરે, તેવી રીતે શ્રમણ ભગવાન મહાવીર મહારાજ તેવી ગર્ભાવસ્થામાં પણ દીક્ષાના વિચારોમાં જ ઘડાતા હતા, અને તે જ કારણથી શ્રમણ ભગવાન મહાવીર મહારાજાને માતાપિતાના તેવા ગાઢ સ્નેહના વિચ્છેદનું સ્થાન ગૃહસ્થપણું છોડીને લેવાતી દીક્ષારૂપી અનગારિતા ઉપર જ આવ્યું.

આ અભિગ્રહને અંગે પ્રથમ દરજ્જે સફળતા, નિષ્ફળતાનો જ વિચાર કરવાની જરૂર છે, કેમકે ભગવાન મહાવીર મહારાજાને મતિ, અને શ્રુતજ્ઞાનની સાથે નિર્મળ એવું અવધિજ્ઞાન પણ દેવલોકથી સાથે આવેલું છે, અને જો તે અવધિજ્ઞાનનો ઉપયોગ મ્હેલ્યો હોત અને તેથી માતપિતા પોતાની દીક્ષાની પહેલાં એટલે પોતાની અઠ્ઠાવીસ વર્ષની ઉંમર પહેલાં કાળ કરવાના છે, અને પોતાની દીક્ષા તો પોતાની ઉંમરના ત્રીશ વરસ પછી થવાની છે એમ જાણવામાં જરૂર આવ્યું હોત, અને જો એવી રીતે અવધિજ્ઞાનથી માતાપિતાના કાળધર્મ પામ્યા પછી બે વર્ષે દીક્ષા થવાની છે એમ નક્કી માલૂમ પડયું હોત તો આ ઉપર જણાવેલો અભિગ્રહ વ્યર્થ જ નહિ પણ એક ન છાજતી પ્રવૃત્તિ જ ગણાત, અર્થાત્ કહેવું પડશે કે ભગવાન મહાવીર મહારાજાએ ઉપર જણાવેલો અભિગ્રહ કરતી વખત માતાપિતાને કાળધર્મ પામવાની વખતને અને પોતાને દીક્ષા લેવાની વખતને અવધિજ્ઞાનથી જાણવા ઉપયોગ મૂક્યો નહોતો.

વાચકોને એ વાત તો નવી સમજાવવી પડે તેમ નથી કે કેવળજ્ઞાન અને કેવળદર્શનનો જ સતત્ પ્રવૃત ઉપયોગ હોય છે, અને તેથી જ તેના લબ્ધિ અને ઉપયોગના જુદા જુદા કાળો હોતા નથી પણ મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ એ ચાર જ્ઞાનો લબ્ધિ ને ઉપયોગથી એક સરખા હોતા નથી, અને તેથી મતિ આદિક જ્ઞાનોથી જણાતા પદાર્થો સર્વદા નહિ જણાતા તે સમ્બન્ધી ઉપયોગ કરવામાં આવે ત્યારે જ તે જણાય છે તેવી રીતે આ અવધિજ્ઞાન પણ ઉપયોગ અને લબ્ધિ એ બે ભેદવાળું હોવાથી અવધિજ્ઞાનથી જાણી શકાય એવા પણ પદાર્થો અવધિજ્ઞાનવાળો જીવ જાણી શકે, અને તેથી જ ભગવાન મહાવીર મહારાજે માતપિતાના કાળની અને પોતાની દીક્ષાની હકીકત પોતાના નિર્મળ અવધિજ્ઞાનથી જાણી શકાય એવી હતી છતાં પણ તે જાણવા માટે અવધિજ્ઞાનનો ઉપયોગ મહેલ્યો નથી એમ સ્પષ્ટ માનવું અને કહેવું પડે. ત્રિલોકનાથ તીર્થંકરોનું જ્ઞાનમય જીવન હોય છે એ વાતને અવળારૂપે ચીતરતાં જેઓ એમ જણાવે છે કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજાએ માતાપિતાના કાળધર્મનો વખત અને પોતાની દીક્ષાનો વખત જાણીને જ એટલે કે માતા પિતાના કાળધર્મ પહેલાં મારી દીક્ષા થવાની નથી, અને માતાપિતાના કાળધર્મ પામ્યા પછી બે વર્ષ પછી જ મારી દીક્ષા થવાની છે, એમ જાણીને જ માતાપિતાના જીવતાં સુધી હું દીક્ષા નહિ લઉં એવો અભિગ્રહ લીધો છે એવું કહેનારાઓએ અભિગ્રહની સાર્થકતા અને તે દ્વારાએ કરેલી માતાપિતાની અનુકમ્પારૂપ ભક્તિની વાસ્તવિકતા વિચારવી ઘણી જરૂરી છે. એમ નહિ કહેવું કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજનું જેમ અવધિજ્ઞાનના ઉપયોગને લીધે અભિગ્રહનું કરવું વ્યર્થ એટલું જ નહિ પણ અનુચિત થાય છે, તેમ તેઓનું મોહનીય કર્મના ઉદયને લીધે ઘરમાં રહેવાનું થતું હોવાથી અભિગ્રહનું વ્યર્થપણું થાય છે, કારણ કે કર્મ બે પ્રકારનાં હોય છે, તેમાં જે કર્મ વગર ભોગવ્યાં અધ્યવસાયાદિકથી નાશ કરી શકાય છે એવા કર્મો સોપક્રમ કર્મ કહેવામાં આવે છે અને તેવા સોપક્રમ કર્મનો ક્ષય પ્રયત્નથી થઈ શકે છે પણ તેવો સોપક્રમ મોહનીયકર્મનો નાશ કરવા માટેનો પ્રયત્ન ભગવાન મહાવીર મહારાજા માતાપિતાના સ્નેહના અવિચ્છેદને માટે કરે નહિ એ અભિગ્રહને પ્રતાપે જ છે. અર્થાત્ અભિગ્રહ ન કરે તો મહાવીર મહારાજા વિશિષ્ટ પ્રયત્નોથી તે મોહનીય કર્મનો નાશ કરી દીક્ષા મેળવી શકે પણ તેવી રીતે દીક્ષા મેળવતાં માતપિતા સ્નેહને લીધે મરણ પણ પામી જાય કેમકે શાસ્ત્રોમાં આયુષ્યના ઉપક્રમમાં સ્નેહના અધ્યવસાય આયુના વિચ્છેદ કરનારા જણાવ્યા છે માટે માતાપિતાના આયુષ્યનો ઉપક્રમ બચાવવા ભગવાન મહાવીર મહારાજે દીક્ષા માટે પ્રયત્ન નહિ કરવાનો અભિગ્રહ કર્યો. (અપૂર્ણ)


## જાહેર ખબર

નવીન બહાર પડેલા ગ્રંથો.

| | | |
|---|---|---|
| (૧) | તત્ત્વતરંગિણી | ૦-૮-૦ |
| (૨) | લલિતવિસ્તરા. | ૦-૧૦-૦ |
| (૩) | સિદ્ધપ્રભા બૃહદ્વ્યાકરણ. | ૨-૮-૦ |
| (૪) | આચારાંગ પ્રથમ ભાગ | ૩-૮-૦ |
| | આચારાંગ પ્રથમ લેજર કાગળ પર | ૫-૦-૦ |

નવા છપાતા ગ્રંથો.

૧. ઉપદેશમાલા અપરનામ પુષ્પમાલા
૨. તત્ત્વાર્થસૂત્ર શ્રીહરિભદ્રસૂરિ ટીકા.
૩. ભગવતીજી શ્રી દાનશેખરસૂરિ વૃત્તિ.

**શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત.**




# કથની અને કરણી.

**શ્રીમાન્ જિનેશ્વર ભગવાનના કથન અને વર્તન એક છે કે ભિન્ન ભિન્ન ? યથાવાદી તથાકારી એ નિયમનું સંપૂર્ણ પાલન. સર્વ સાવદ્યના ત્યાગીને માટે સર્વ સાવદ્યના રાગીને પોષવાનો શાસને કરેલો નિષેધ. શ્રાવક અને સાધુઓની જુદી ભૂમિકા.**

## ધર્મનો માલિક આત્મા.

શાસ્ત્રકાર મહારાજા ભવ્ય જીવોના કલ્યાણને માટે ધર્મદેશના આપતાં તેઓશ્રી સ્પષ્ટ રીતિએ કહી ગયા છે કે ધર્મ એ આત્માની માલિકીની વસ્તુ છે, સંસારની બીજી ચીજો, પૈસો, ટકો, ઘર, ખેતર, સ્ત્રી, પતિ, પુત્ર, એ સઘળું ઘણું ઘણું તો શરીરની માલિકીની ચીજ છે, આત્મા તેના ઉપર માલિકી ધરાવતો નથી. આત્માની માલિકીની એવી આ ભયંકર ભવસાગરમાં જો કોઈપણ ચીજ હોય તો તે એક માત્ર ધર્મ છે. ધર્મ એવી વસ્તુ છે કે શરીરના વિનાશની સાથે તેનો નાશ થઈ જતો નથી તેમાં વિકાર સંભવતો નથી અથવા ધર્મમાં કાંઈ પણ ફેરફાર થતો નથી. ધર્મ એ આત્માની પોતાની માલિકીની ચીજ હોવાથી તેનો કેવા પ્રકારે ઉપયોગ કરવો જોઈએ તે વાત આત્માએ જાણવાની જરૂર છે. ધર્મ એ પોતાની માલિકીની ચીજ હોવા છતાં તેનો સદુપયોગ કેવી રીતે થાય છે, દુરૂપયોગ કેવી રીતે થાય છે, અને તેનો અનુપયોગ કેવા પ્રકારે થાય છે; અને એ યોગો કેવા પરિણામો નિપજાવે છે તે સઘળું આત્મા જાણતો નથી. ધર્મનો ઉપયોગ કેવી રીતે કરવાનો છે તેની પણ આત્માને માહિતી નથી અથવા જો આ માહિતી આત્માને મળી હોય તો પણ આત્મા તે માહિતીનો જોઈએ તેવો ઉપયોગ કરતો નથી.

## ધર્મ એટલે શું ?

એ વાત સર્વથા સાચી છે કે ધર્મ એ આત્માના કબજાની વસ્તુ છે. ધર્મ ઉપર શરીરની માલિકી નથી ધર્મ ઉપર દેહ અધિકાર ચલાવી શકતો નથી. ધર્મ ઉપરનો પૂરેપૂરો અધિકાર આત્માને આધીન છે. પરંતુ તે છતાં આત્માને ધર્મની વ્યવસ્થા કરવાનો અધિકાર આ મહાપ્રતાપી જૈનશાસને આપ્યો નથી. ધર્મની વ્યવસ્થા કરવાનો અધિકાર જૈનશાસને આત્માને આપી દીધો નથી તેથી જ આત્માને એમ બોલવું પડયું છે કે :-

''जिनपन्नत्तं तत्तं केवलिपन्नत्तो धम्मो'' શ્રીમાન્ જિનેશ્વર ભગવાનોએ જે કહ્યું છે, તેઓશ્રીએ જે પ્રરૂપેલું છે, તેમના શ્રીમુખ દ્વારા જે ઉચ્ચારાયું છે તે જ ધર્મ છે. હવે અહીં આપણે વિચાર કરવાનો છે કે ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ જે કહ્યું છે અથવા તો તેમણે જેની પ્રરૂપણા કરી છે તેને જ શાસ્ત્રકારો ધર્મ શા માટે કહે છે ? જે કાંઇ ધર્મ નથી જે કાંઇ સત્ય નથી જે કાંઇ તત્વ નથી અથવા તો જે શાસ્ત્ર નથી તે વસ્તુઓ શ્રીમાન્ જિનેશ્વર ભગવાન્ કહી દે તેટલા માત્રથી કાંઇ સત્યરૂપ બની જવાની નથી. સત્ય બોલવું એ ધર્મ છે પરંતુ શ્રીમાન્ જિનેશ્વર ભગવાન અસત્ય બોલવું એ ધર્મ છે. એમ કહી દે, તેથી કાંઇ અસત્ય ભાષણ એ ધર્મરૂપ બનવાનું નથી તે જ પ્રમાણે જે કાંઇ ધર્મરૂપ છે, જે કાંઇ તત્વરૂપ છે અથવા જે કાંઇ શાસ્ત્રરૂપ છે; તે સઘળું જિનેશ્વર ભગવાનોએ ન કહ્યું હોય તેથી અધર્મરૂપ બની જવાનું નથી, ત્યારે હવે વિચારવાનો પ્રશ્ન એ ઉભો થાય છે કે જિનેશ્વરદેવોએ કહ્યો તે જ ધર્મ, જિનેશ્વરદેવોએ કહ્યું તે જ તત્વ અને તેમણે જેની પ્રરૂપણા કરી છે તેજ શાસ્ત્ર; એમ આ મહાન્ જૈનશાસન શા માટે કહી રહ્યું છે ?

## છાપની જરૂરીયાત શું ?

ભગવાન શ્રીજિનેશ્વરોના કહેવા માત્રથી જે અધર્મ છે તે વસ્તુ ધર્મરૂપ થવાની નથી અને જે વસ્તુ ધર્મરૂપ છે તે વસ્તુ અધર્મરૂપ થવાની નથી. તો પછી જૈનશાસનના પૂર્વોકત કથનમાં શું મહત્વ રહ્યું છે તેનો વિચાર કરો. જૈનશાસનની દરેક દરેક વાતમાં તેના શબ્દેશબ્દમાં તેના વાક્યેવાક્યમાં કાંઇ નહિ તો કાંઇ ગૂઢ વસ્તુ છૂપાયેલી છે. જૈનશાસનના ''શ્રીમાન્ જિનેશ્વર ભગવાનોએ જે કહ્યો છે તે જ ધર્મ'' એવા વાક્યમાં પણ એવી જ મહાન ગૂઢતા અને સુંદરતા રહેલી છે. સોનું ખરીદનારાઓ હંમેશાં સોના ઉપર ચાર્ટર બેંકની છાપ પડેલી શોધે છે. જે વસ્તુ ઉપર ચાર્ટર બેંકનો છાપ પડે છે તે સોનું છે, પરંતુ એ સાથે જ આપણે યાદ રાખવાનું છે કે જે સોના ઉપર ચાર્ટર બેંકની છાપ ન પડી હોય તે સોનું પણ કાંઇ સોનાપણામાંથી મટી જતું નથી. સો ટચનું સોનું હોય, ચોકસીઓએ તેની પૂરેપૂરી તપાસ કરી હોય, તેને આખા જગતે સોના તરીકે સ્વીકાર્યું હોય, એ સોના ઉપર ચાર્ટર બેંકની છાપ ન હોય તેટલા માત્રથી એ સોનું તે કાંઇ સોના તરીકે મટી જતું નથી. બીજી બાજુએ પિત્તળ ઉપર ચાર્ટર બેંક છાપ મારી આપે તેથી પિત્તળને કોઇ સોના તરીકે સ્વીકારી લેતા નથી. ત્યારે હવે વિચાર કરો કે સોના ઉપર ચાર્ટર બેંકના જ સિક્કાની છાપ શા માટે શોધવામાં આવે છે ?

## ચાર્ટર બેંકનું સોનું

ચાર્ટર બેંકની છાપ અસુવર્ણને સુવર્ણ બનાવતી નથી અથવા તો સુવર્ણને અસુવર્ણ બનાવી દેતી નથી તે છતાં વ્યવહારમાં ચાર્ટર બેંકની છાપ જોવાય છે અને ચાર્ટર બેંકનું સોનું એ જ પ્રતિષ્ઠાપાત્ર સોનું કેમ ન હોય તે રીતે ''ચાર્ટર બેંકનું સોનું'' એમ બોલાય છે ત્યારે વિચાર કરો કે આ સઘળાનું કારણ શું ? ચાર્ટર બેંક સઘળા જ સોના ઉપર છાપ મારી દેતી નથી પરંતુ એટલું તો સ્પષ્ટ જ છે કે ચાર્ટર બેંકની છાપ હોય તે સોનું તો ખરું જ છે તેમાં કશો સંશય નથી અર્થાત્ એવો નિયમ તારવી શકાય છે કે બધા સોના ઉપર ચાર્ટર બેંક છાપ મારવી જ જોઇએ એમ નથી પરંતુ ચાર્ટર બેંક ચોખ્ખા સોના ઉપરજ છાપ મારી આપતી હોવાથી જ્યાં છાપ છે તે શુદ્ધ સોનું છે. ''આંબો એ વૃક્ષ છે'' એવો નિયમ ઠરાવી શકાય છે પરંતુ તેથી કાંઇ જે વૃક્ષ છે તે આંબા છે એવો નિયમ ઠરાવી શકાતો નથી. જેમ આંબો એ વૃક્ષ કહેવાય છે પરંતુ પ્રત્યેક વૃક્ષને આપણે આંબો કહી શકતા નથી તે જ પ્રમાણે જેના ઉપર ચાર્ટર બેંકની છાપ હોય તે સોનું છે, પરંતુ છાપ ન હોય તે સોનું જ નથી; એવું પણ આપણે કહી શકતા નથી. અર્થાત્ અહીં બંને બાજુનો નિયમ નથી.

### બંને બાજુનો નિયમ

જ્યાં છાપ છે ત્યાં સોનું છે અને જ્યાં છાપ નથી ત્યાં સોનું નથી એવો બંને બાજુનો નિયમ વ્યવહારને લાગુ પડતો નથી પરંતુ ભગવાન શ્રી જિનેશ્વરદેવોના કથનને બંને બાજુનો નિયમ લાગુ પડે છે. જે કાંઇ ભગવાન જિનેશ્વર દેવોએ કહેલું છે તે ધર્મ છે, તે તત્વ છે અને તેઓશ્રીએ જે પ્રરૂપેલું છે તે જ શાસ્ત્ર છે એ એક બાજુએ નિયમ છે એ જ પ્રમાણે બીજી બાજુનો એ પણ નિયમ છે કે જે જે ધર્મ છે, જે જે તત્વ છે, તે સઘળાં ભગવાન શ્રીજિનેશ્વર દેવોએ કહેલાં છે અને જે શાસ્ત્ર છે તે તેમણે પ્રરૂપેલાં છે, ભગવાન શ્રીજિનેશ્વર દેવોએ જે કાંઇ કહ્યું છે તે ધર્મ છે તે જ તત્વ છે અને તે જ શાસ્ત્ર છે. એ જ પ્રમાણે જે શાસ્ત્ર છે, જે તત્વ છે અને જે ધર્મ છે એ શ્રીજિનેશ્વરોએ જ કથેલાં અથવા પ્રરૂપેલાં છે. એવો બંને બાજુનો નિયમ અહીં લેવાનો છે. જે અતીત, અનાગત અને વર્તમાન પદાર્થોને જણાવનારા વાક્યો છે તે સઘળાં વાક્યો શ્રી જિનેશ્વર મહારાજાશ્રી એમણે જ કહેલાં છે. તેથી જ અહીં અપવાદને સ્થાન રહેવા પામતું નથી.

### કથની અને કરણી.

જેના ઉપર છાપ છે ત ચોખ્ખું સોનું છે એ એક બાજુનો જ નિયમ છે નથી આપણે એમ કહી શકીએ છીએ કે જેના ઉપર છાપ છે તે સોનું છે એ વાત સાચી છે પરંતુ જ્યાં છાપ નથી ત્યાં સોનું જ નથી એવો કાંઇ નિયમ નથી. અહીં આપણા બોલવાને અવકાશ છે. અહીં આપણે દલીલો કરી શકીએ છીએ, આપણી પંડિતાઇ ત્યાં ચાલી શકે છે શાસનમાં આપણી પંડિતાઇ ચાલી શકતી નથી કારણ કે શાસનમાં બંને બાજુનો નિયમ લેવામાં આવ્યો છે. જે ધર્મ છે, જે તત્વ છે અને જે શાસ્ત્ર છે તે શ્રી જિનેશ્વરદેવોએ કહ્યું છે અને શ્રીમાન્ જિનેશ્વર ભગવાનોએ જે કાંઇ કહ્યું છે તે સઘળું ધર્મ, તત્વ અને શાસ્ત્ર છે. એવો બન્ને બાજુનો નિયમ અહીં જૈનશાસનમાં લાગુ પડે છે. તેથી જ આ મહાપ્રતાપી જૈનશાસનમાં કથની અને કરણીનો ભેદ પાડવામાં આવ્યો નથી, કથની અને કરણીનો ભેદ બીજા શાસનોમાં ચાલી શકતો હોય પરંતુ અહીં આ શાસનમાં એવો ભેદ ચાલી શકતો નથી. સર્વજ્ઞ ભગવાનોને આપણે સર્વજ્ઞ ભગવાન તરીકે જાણીએ છીએ તેઓને એવા જાણીને આપણે તેમની વંદના, બહુમાન ઇત્યાદિ કરીએ છીએ અને તેમના વચનોને પ્રમાણ માનીને તે શબ્દોની પાછળ જીવન ગાળવાનો આપણો પ્રયત્ન હોય છે. હવે વિચાર કરો કે જેને એક કેન્દ્ર બનાવીને આપણે ચાલીએ છીએ તે તીર્થંકર ભગવાન સર્વજ્ઞ છે એમ આપણે કેવી રીતે જાણવું?

### સર્વજ્ઞને સર્વજ્ઞ તરીકે શી રીતે ઓળખવા?

શાસ્ત્ર આ બાબતમાં સ્પષ્ટ રીતે ઉત્તર આપે છે કે જે કોઈપણ પ્રકારના કોઈપણ જીવની હિંસા કરતો નથી અને જે કહે છે તેવી જ રીતે વર્તે છે તે સર્વજ્ઞ છે. શ્રી જિનેશ્વર ભગવાનોને ઓળખવા માટે શાસ્ત્રે બે નિયમો રાખ્યા છે. એક નિયમ તો એ છે કે જે હિંસા કરતો નથી પરંતુ બીજો નિયમ તરતજ એ કહેવામાં આવે છે કે જેવું કહે તેવી જ રીતે વર્તે ! આ બીજો નિયમ ઘણો ગૂઢ છે અને તે સમજવા જેવો છે. જેઓ જૈનશાસનના અમૃત જેવા આગમોના અમૂલ્ય શબ્દોના રહસ્યને પામવાનો પ્રયત્ન ન કરતાં માત્ર તેના શાબ્દિક અર્થ કરીને જ કામ લેવા માગે છે તેઓ ઘણે ભાગે અર્થને સ્થાને અનર્થ ઉત્પન્ન કરી બેસે છે. આમ ન થાય તે માટે દરેક વાક્યોનો પૂર્વાપર સંબંધ, આખા ગ્રંથનો સામાન્ય હેતુ અને કથન કરનારાનું જીવન એ બધાને વફાદાર રહીને જ શાસ્ત્રોના સાચા અર્થો કરવાની જરૂર છે. શાસ્ત્ર તીર્થંકરની વ્યાખ્યા આપતાં એક એવો નિયમ બનાવે છેકે

जहावाई तहाकारी. શ્રી જિનેશ્વર ભગવાનો સંસારમાં જીવતા હોય છે ત્યારે તેઓ ક્ષાયિક ભાવમાં હોય છે અને ક્ષાયિકભાવમાં હોવાથી તેઓશ્રી ક્ષાયિક ભાવને લાયકનું જ કથન કરે છે અને તેઓ જેવું કહે છે તેજ પ્રમાણેનું પોતે વર્તન પણ કરે છે એટલે ભગવાન શ્રીમાન્ તીર્થંકર દેવોને માટે એવો નિયમ તારવી શકાય છે કે તેઓ જેવો ઉપદેશ કરે છે તેવું જ વર્તન રાખે છે અને તેઓશ્રી જેવું વર્તન રાખે છે તેવો જ ઉપદેશ પણ કરે છે. અર્થાત્ તીર્થંકર ભગવાનોને અંગે બંને બાજુનો નિયમ નક્કી કરી શકાય છે તેમને માટે એક જ બાજુનો નિયમ નક્કી નથી.

## જેવું કથન તેવું જ વર્તન

ભગવાન શ્રી તીર્થંકર મહારાજાઓ પોતે અઢાર દોષોથી રહિત છે એટલા જ માટે તેઓ દેશના પણ અઢાર દોષના પરિહારની જ આપે છે. ભગવાન શ્રી તીર્થંકરદેવો ક્ષાયિક ભાવમાં જ રહેલા હોવાથી તેઓ ક્ષાયિક ભાવને યોગ્ય એવો જ ઉપદેશ આપે છે અને તેઓ શ્રીમાનનું વર્તન પણ એવા ક્ષાયિક ભાવને અનુસરતું જ હોય છે તેથી જ તેમને માટે "જેવું કહે છે તેવું કરે છે અને જેવું (આચરણ) કરે છે તેવું જ (સત્ય) કહે છે એ નિયમ ઠર્યો છે. આપણા માટે આ નિયમ ઠરી શકતો નથી. ત્યારે હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આપણે જે વર્તન રાખીએ છીએ તે વર્તન ભગવાન શ્રી તીર્થંકર દેવોએ કહેલું છે કે તેમના કહ્યા વિનાનું છે અર્થાત્ આપણે ભગવાનના કહ્યા પ્રમાણે વર્તન રાખીએ છીએ કે ન કહ્યું હોય તે પ્રમાણે વર્તન રાખીએ છીએ.

## "यथावादी तथाकारी"

ક્ષાયિક ભાવમાં જેઓ વિદ્યમાન છે તેઓને માટે "યથાવાદી તથાકારી" એવો નિયમ નક્કી છે પરંતુ ક્ષાયોપશમિક ભાવનું વર્તન કેવું હોય છે તેનો વિચાર કરી જુઓ. ક્ષાયોપશમિક ભાવમાં **ગુરુ પાસે વ્રત લેવામાં આવે છે. હવે જરા આગળ** વિચારો તમે ગુરુ પાસે વ્રત લો છો એ વ્રત લેવાને માટે ભગવાન શ્રી તીર્થંકર દેવોએ કહ્યું છે કે નહિ વારૂ ? જો ભગવાને વ્રત લેવાનું કહ્યું હોય તો તેમણે પણ વ્રત લીધેલું હોવું જોઈએ કારણ કે ભગવાન શ્રી તીર્થંકર દેવોને માટે એવો નિયમ ઠરેલો છે કે તેઓ જે કાંઈ કહે છે તે પ્રમાણે કરે છે અને જે કાંઈ કરે છે તે જ પ્રમાણે કહે છે. આ નિયમ પ્રમાણે જો તેમણે વ્રત લેવાનું કહ્યું હોય તો તેમણે પણ વ્રત લીધું હોવું જોઈએ. જો તેમણે વ્રત ન લીધું હોય અને તેમણે વ્રત લેવાનો ઉપદેશ આપ્યો હોય તો શ્રી જિનેશ્વરો માટેનો 'યથાવાદી તથાકારી' એ નિયમ ખોટો ઠરે છે, અને જો તેમણે વ્રત ન લીધું હોય તો તેમણે વ્રત લેવાનો ઉપદેશ ન આપવો જોઈએ. વળી જો તેમણે વ્રત લેવાનો ઉપદેશ ન આપ્યો હોય અને તે છતાં તમે વ્રત લીધું હોય તો તમારું કાર્ય ભગવાને ન કહ્યું હોય તેવું કર્યા બરાબર ઠરે છે ! આ ગુંચવણમાં પરમપ્રતાપી જૈનશાસન શું ઉકેલ આપે છે તે હવે જોઈએ.

## સાચો ઉકેલ

ભગવાન શ્રી તીર્થંકર દેવોએ પોતે તો ગુરુ પાસેથી કોઈપણ જાતનું વ્રત લીધુંજ નથી. હવે બીજું ઉદાહરણ લઈએ. તમે ગચ્છમાં ગુરુકુળવાસ કરો છો. ગચ્છમાં રહી ગુરુકુળવાસ કરવો એ વાત શ્રીમાન્ તીર્થંકર દેવોએ કહેલી છે કે નહિ ? અને જો તેમણે ગચ્છમાં રહીને ગુરુકુળવાસ કરવાનો કહ્યો હોય તો તેમણે પોતે ક્યાં ગુરુકુળવાસ કર્યો હતો ? "વિનય ધર્મનું મૂળ છે." આ સત્ય કોણે કહ્યું છે ? જો વિનય ધર્મનું મૂળ છે એ સત્ય તીર્થંકર દેવોએ કહ્યું છે તો વિચાર કરજો કે તેમણે વિનય કોનો કર્યો હતો ? વૈયાવચ્ચ એ શાસનનું મૂળ છે એ વાત સાચી છે પરંતુ ભગવાન

શ્રીજિનેશ્વરોનું એ સંબંધમાં કેવું વર્તન હતું ? **બિમાર સાધુની માવજત કરવી એને જૈન શાસને મોટામાં મોટો ગુણ માન્યો છે. બિમાર એટલે** જગતના ત્રિવિધ તાપથી પીડાતો હોય તેવો બિમાર અહીં સમજવાનો નથી પરંતુ જે શરીરથી રોગી છે તેને અહીં બિમાર ગણવાનો છે. અહીં બિમાર શબ્દથી જગતના આધિ, વ્યાધિ, ઉપાધિને અંગે બિમાર એવો અર્થ લઈ શકાતો નથી કારણ કે તેવો અર્થ લેવામાં ભારે ગોટાળો ઊભો થાય છે.

## બિમાર કોને કહેશો ?

બિમાર શબ્દને અંગે જગતની આધિ ઉપાધિને અંગે બિમાર એવો અર્થ લઈએ તો શી હાની થાય છે તેનો વિચાર કરો. સાધુઓ ધર્મલાભને અંગે જ વસ્તુઓ ગ્રહણ કરે છે. હવે આવી રીતે ધર્મલાભને અંગે તેમણે જે ચીજ ગ્રહણ કરી છે તે ચીજ તેઓ જે સાધુ અધર્મમાં કે ધર્માધર્મમાં પ્રવર્તી રહ્યા હોય તેને દઈ શકતા જ નથી. જગતમાં રહેલા જીવો છે તેમણે સર્વ સાવદ્યનો ત્યાગ કરેલો હોતોજ નથી અને સાધુઓએ તો સર્વસાવદ્યનો ત્યાગ કરેલો હોય છે. હવે જો સર્વસાવદ્યનો ત્યાગી સર્વસાવદ્યના રાગીને પોષે, તો સર્વસાવદ્યના ત્યાગીએ પણ પર્યાયે સર્વસાવદ્યનો રાગ રાખ્યો છે એવું જ ઠરે છે. આથી જ એ વસ્તુ સ્પષ્ટ છે કે સર્વસાવદ્યના ત્યાગી હોય તેઓ સર્વસાવદ્યના અનુરાગીઓને પોષણ આપી શકે નહિ. જૈનશાસનના પરમપ્રતાપી શાસ્ત્રોનો આ નિર્ણય છે. જેમ માંદા માણસને દવા તેનું હિત કરનારી હોવા છતાં તેને કડવી લાગે છે તે જ પ્રમાણે શાસ્ત્રોનો આ સીધો સાદો નિર્ણય પણ જેઓ આડે માર્ગે જનારા હોય છે તેને કડવો જ લાગે છે ! સાધુને માટે શાસ્ત્રકાર મહારાજાઓએ વ્યક્ત કરેલો એવો ધર્મ શું છે તે વિચારજો. સાધુને માટે એ ધર્મ માનવામાં આવ્યો છે કે અસંયતિને આપવું નહિ અને સાધુએ અસંયતિનું પોષણ પણ કરવું નહિ. જો સાધુ અસંયતિને આપે છે અથવા તો તે અસંયતિનું પોષણ કરે છે તો તેને પાપ લાગે છે, પરંતુ શ્રાવકને માટે એ જ નિયમ ઠરાવવામાં આવ્યો નથી. શ્રાવક અસંયતિને આપે છે તે અસંયતિને પોષે છે તેથી તે પાપમાં પડતો નથી. ત્યારે હવે કોઈ એવો સવાલ કરશે કે જો સાધુને અસંયતિને પોષવામાં પાપ છે તો પછી શ્રાવકને પણ અસયંતિને પોષવામાં શા માટે પાપ ના હોઈ શકે ? સાધુ અને શ્રાવક બંને જૈન છે. એક જૈન છે અને બીજો અજૈન નથી. એક ભગવાન શ્રીતીર્થંકર દેવોને માને છે અને બીજો તેને નથી માનતો એવું નથી, તો એક જ શાસનમાં રહેલા સાધુ અને શ્રાવક એ બેમાંથી, એક જ કામ કરવા છતાં, એકને પાપ અને બીજાને પુણ્ય કેવી રીતે હોઈ શકે ?

## તત્વને સમજવાની જરૂર.

જે મનુષ્ય આવો પ્રશ્ન કરે છે તેને માટે ખાતરીથી માની લે જો કે તે ધર્મના સાચા તત્વોને સમજી શકેલો નથી. જો તે ધર્મના સાચા તત્વોને સમજી શકેલો હોત તો તેણે સાધુ અને શ્રાવક બંનેને એક જ કાંટે તોળી જોવાનો પ્રયત્ન કદી પણ કર્યો ન હોત. સાધુએ સર્વ સાવદ્યના ત્યાગને અંગે શું પ્રતિજ્ઞા કરી છે તે વિચારો. સર્વ સાવદ્યનો ત્યાગ કરવો એવી સાધુની પ્રતિજ્ઞા છે. જેઓ ઉપર જણાવ્યા પ્રમાણેની શંકા ઉઠાવે છે તેઓ સાધુની આ પ્રતિજ્ઞાનો મર્મ સમજી શકેલા જ નથી એમ કહેવામાં જરાય વાંધો નથી. જો તે સાધુની સર્વ સાવદ્યની પ્રતિજ્ઞાને સમજી શક્યા હોત તો સાધુને અસંયતિને પોષવામાં પાપ છે, પરંતુ શ્રાવકને અસંયતિને પોષવામાં પાપ નથી એનો મર્મ સારી પેઠે સમજી શક્યા હોત ! સર્વ સાવદ્યની આ પ્રતિજ્ઞાનો મર્મ ન સમજી શકનારાઓ ધર્મબુદ્ધિથી. શાસ્ત્ર પરત્વેના પ્રેમથી અને સત્યને જાણવાની

જિજ્ઞાસાથી નીચેનું ઉદાહરણ વિચારી જોવામાં સફળ થશે, તો આ સંબંધમાં તેમની ભૂલ અવશ્ય દૂર થવા પામશે.

## એકને લાભ બીજાને નહિ.

ધારો કે ચોમાસાને અંગે કેટલાક સાધુઓ એક સ્થળે રહેલા છે તેમને રહેવાને માટે મકાન સાંકડું પડે છે આથી તેઓ બે મકાનની વચ્ચે વહેંચાઈ ગયા છે બંને મકાનોની વચ્ચે અરધા માઈલનું અંતર છે. હવે વ્યાખ્યાન બેસે છે, વ્યાખ્યાનનો સમય થાય છે. વ્યાખ્યાન એક મકાનમાં થાય છે અને થોડા સાધુઓ બીજા મકાનમાં રહ્યા છે. આ બીજા મકાનમાં રહેલા સાધુઓએ વ્યાખ્યાન સાંભળવા માટે અપકાયની વિરાધના કરતાં પડતા વરસાદમાં પલળીને કાદવ ખૂંદતા, વ્યાખ્યાન થાય છે તે મકાનમાં આવવું કે નહિ ? આ સંયોગોમાં સાધુ પણ જો વ્યાખ્યાન સાંભળવાને માટે દોડતો દોડતો કાદવ ખૂંદતો વરસાદમાં પલળતો આવી પહોંચે, તો તેને લાભ છે ખરો કે ? નહિ જ. ઠીક ! હવે એ જ બીજા મકાનની પાસે શ્રાવકનું ઘર છે અને એક શ્રાવક પણ ત્યાંથી વ્યાખ્યાન સાંભળવાને અંગે દોડતો આવે છે. તો આ શ્રાવકને વરસાદમાં દોડતા આવવાને અંગે લાભ છે કે નુકશાન છે ? જો એમ કહેશો કે શ્રાવકને પડતા વરસાદમાં વ્યાખ્યાન સાંભળવા આવવા માટે લાભ છે તો પછી સાધુને પણ લાભ છે એમ જ કહેવું પડશે અને જો સાધુને નુકશાન છે એમ કહીએ તો પછી શ્રાવકને પણ નુકશાન છે એમ જ કહેવું પડશે, પરંતુ એમ ક્યારે કહી શકાય કે જો તમો શ્રાવક અને સાધુ એ બંનેને સરખા માનો તો ! જો તમો સાધુ અને શ્રાવક એ બંનેને સરખા માનતા હો તો તો તમારે અહીં પણ સાધુ અને શ્રાવક બંનેનો માર્ગ એક જ માનવો પડશે તે સિવાય તમારો છૂટકો થવાનો નથી.

## ધર્મ એ તો અવ્યક્ત ચીજ છે

હવે બીજું એક ઉદાહરણ લો; સમજો કે એક શહેરથી એક માઈલ દૂર એક મોટું બજાર આવેલું છે અને તે જ સ્થાને ઉપાશ્રય આવેલો છે. ગામમાંથી વરસતા વરસાદમાં ચાર શ્રાવકો નીકળે છે અને તેઓ આગળ જાય છે. આ ચારમાંથી એક શાકભાજી લેવા નીકળેલો છે, બીજો ઉઘરાણી જવા નીકળેલો છે ત્રીજો અમસ્તો રખડવા નીકળેલો છે અને ચોથો ઉપાશ્રયે વ્યાખ્યાન સાંભળવાને માટે નીકળેલો છે. હવે રસ્તામાં એવું બને છે કે અકસ્માત થાય છે, આકાશમાંથી વીજળી પડીને આ ચારે ચાર માણસોનો અંત આવે છે. ચારે માણસો એક જ સ્થળેથી નીકળ્યા છે તેઓ એક જ પરિસ્થિતિમાં છે અને તેમને ચાલવાથી એક સરખી જ હિંસા પણ થઈ છે તે છતાં આ ચારે માણસો કાળ કરશે તો શું એક જ ગતિએ જશે ખરા ? કેટલાક ઉચ્છૃંખલ માણસો એવો પ્રશ્ન કરતાં પણ અચકાતા નથી કે અમે તો આટલા વરસોના વરસો સુધી પૂજા કર્યા જ કરી છે પરંતુ અમોને તો પૂજાનું કાંઈએ ફળ મળ્યું નથી તો પછી હવે આ પૂજા કરવાનું એ શું કામ છે અને તેને માટે માથાફોડ કરવાનીએ શી જરૂર છે ? આવા મૂર્તિ પૂજા વિરોધી ઉચ્છૃંખલાએ વિચારવાની જરૂર છે કે તેમણે વરસોના વરસો સુધી પૂજા કર્યા વિના માત્ર ગુરુનો ઉપદેશ સાંભળી સાંભળીને કાન ફોડ્યા છે તેમાં તેમણે શું મેળવ્યું છે ? તેમણે જે કાંઈ મેળવ્યું છે તેમણે જે ધર્મની પ્રાપ્તિ કરી છે તે તેઓ બતાવી શકતા નથી કારણ કે ધર્મ એ કાંઈ બતાવવાની ચીજ નથી. જો ધર્મ એ બતાવવાની ચીજ નથી તો પછી એની મેળે જ ખુલ્લું થાય છે કે પૂજા કરતાં શું મળ્યું એ પણ બતાવવાની વસ્તુ હોઈ શકે જ નહિ.

### માત્ર એક જ હિંસા સાલે છે !

ધર્મ એ અવ્યકત ચીજ છે તે કાંઈ હાથ પકડીને બતાવી શકાય એવી ચીજ નથી પરંતુ તે છતાં પણ કોઈ પૂજા કરતાં શું વળ્યું એવો પ્રશ્ન કરે તો તેનો પ્રશ્ન મિથ્યા જ છે એ સ્વયંસિદ્ધ છે. જે પોતે જૈનસાધુ હોવાનો દાવો કરે છે જે પોતે જૈન તીર્થંકર ભગવાનોને પોતાના અગ્રેસર ગણવાની વાણી ઉચ્ચારે છે અને પોતે જૈન હોવામાં અભિમાન લે છે તે માણસ તો કદાપિ પણ પૂજાનો પ્રતિકાર કરી શકે જ નહિ. જે માણસ એક તરફથી પોતે પોતાને જૈન સાધુ કહે છે અને બીજી તરફ પૂજાનો પ્રતિકાર કરે છે તેનું માનસ ન સમજી શકાય એવું છે. તેઓ જે વસ્તુ કહે છે તેની વિચિત્રતા વિચારવા જેવી છે. તેઓ કહે છે કે ભગવાન શ્રી તીર્થંકર દેવોની પૂજા કરવી એમાં હિંસા થાય છે અને હિંસાનો જૈનધર્મે ત્યાગ કહેલો હોવાથી આવી હિંસા કરવી એ ગૃહસ્થને માટે વ્યાજબી નથી ! આવા પ્રકારની હિંસા આવા સાધુઓને સાલે છે પરંતુ એવા જ પ્રકારની બીજી હજારો હિંસા થાય છે તે તેને સાલતી નથી એ ખાસ આશ્ચર્ય છે ! મૂર્તિપૂજા વિરોધી સાધુઓના ભકતો તમને વંદન કરવાને માટે તેમનું ઘર છોડીને ઉપાશ્રયે આવે છે ત્યારે રસ્તામાં શું હિંસા થતી નથી ? રસ્તામાં કાચા પાણીનો કચ્ચરઘાણ નીકળી જાય છે. જાતજાતની વનસ્પતિ પણ છુંદાઈ તેના ચૂરેચૂરા બની જાય છે અને હજારો જીવો નાશ પામે છે. પગ નીચે અનેક જીવડાઓ આવીને તે છુંદાઈ જાય છે પરંતુ આ સઘળી હિંસાઓનો તેઓ વિરોધ કરતા નથી અને માત્ર મૂર્તિપૂજા કરતાં જ વનસ્પતિ ઈત્યાદિની હિંસા થાય છે એમ કહીને તેઓ હિંસાના વિરોધને નામે મૂર્તિપૂજાનો જ વિરોધ કરે છે.

### બીજી બધી હિંસા વ્યાજબી છે કે ?

આવા સાધુઓને પ્રશ્ન કરનારાઓ વ્યાજબી રીતે પૂછી શકે છે કે ભાઈ ! તને વંદન કરવા માટે તારા અનુયાયીઓ સેંકડો ગાઉ દૂરથી આગગાડીમાં બેસીને, વાહનમાં બેસીને અથવા તો પગે ચાલીને આવે છે. આ રીતે આવવા જવામાં શું હિંસા સંભવતી નથી ? આગગાડી સેંકડો ગાઉ સુધી દોડે છે તેમાં સેંકડો નહિ પરંતુ લાખો જીવોનો નાશ થાય છે પરંતુ તે છતાં તેવી હિંસા મૂર્તિપૂજા વિરોધી સાધુઓને સાલતી નથી એટલું જ નહિ પરંતુ તે હિંસા વિરુદ્ધ તેઓ શબ્દ પણ કાઢતા નથી અને ભગવાન શ્રી જિનેશ્વર દેવોની પ્રતિમા પૂજવામાં હિંસા થાય છે એમ કહીને જ્યારે તેઓ હિંસાને નામે પ્રતિમાપૂજાનો વિરોધ કરે છે ત્યારે આશ્ચર્ય થયા વિના રહેતું જ નથી.

### માત્ર અજ્ઞાન છે, બીજું કાંઈ નહિ.

જો તેમને ખરેખર જ હિંસાનો ડર લાગતો હોય તો તો તેણે પોતાના અનુયાયીઓને કહી દેવું જોઈએ કે, મહાનુભાવો ! સાધુઓને વંદના કરવાને માટે પણ પગે ચાલીને સાધુઓ જ્યાં વિદ્યમાન હોય ત્યાં જશો નહિ કારણ કે એ રીતે જવામાં પણ હિંસા સંભવે છે પરંતુ સાધુઓ તમારે ત્યાં આવે ત્યારે જ તેને વંદના કરજો ! શું મૂર્તિપૂજા વિરોધી સાધુઓ કે જેઓ હિંસાને બહાને મૂર્તિપૂજાનો નિષેધ કરે છે તેમણે પોતાના અનુયાયીઓને કદી આવો ઉપદેશ આપ્યો છે ખરો ? આજ સુધીના ઈતિહાસમાં આવો ઉપદેશ કોઈ સાધુએ પોતાના કોઈપણ અનુયાયીઓને આપેલો જાણ્યો નથી. જેથી પોતાની ભક્તિ થતી હોય, જેથી પોતાની મહત્તા વધતી હોય, જેથી પોતાની કીર્તિનો પ્રચાર થતો હોય તેવાં કામોમાં ગમે તેટલી હિંસા થાય તેની તેમને પરવા નથી અને ભગવાનની પ્રતાપી પ્રતિમા પૂજવામાં હિંસા થાય છે એમ કહીને તેઓ

હિંસાને બહાને પ્રતિમાની પૂજાને અટકાવવાને માટે તૈયાર થાય છે એ મહાન ખેદનો જ વિષય છે. સત્યધર્મને જો તેઓ સમજી શક્યા હોત તો તેમને હાથે આવી ભૂલ કદાપિ પણ થવા પામત જ નહિ. પોતાની મહત્તામાં પોતાની વાતમાં લેશ માત્ર પણ ખામી ન આવે તે વસ્તુને તેઓ અહર્નિશ તપાસે છે એવા કામોમાં હિંસા થતી હોય કે મહાહિંસા થતી હોય તે ટાળવાનો તેમને ખ્યાલ નથી આવતો પરંતુ બંધન પામેલા જીવોને મોક્ષને માર્ગે લઈ જવામાં કારણભૂત જે જિનબિંબ પૂજા તેમાં થતી હિંસાને તેઓ આગળ ધરે છે !

### ''માંડવી''માં દોષ ખરો કે નહિ ?

જિનબિંબપૂજા વિરોધી સાધુઓમાં પણ જ્યારે કોઈ નવો આત્મા શ્રીમતી ભાગવતી દીક્ષા અંગીકાર કરે છે ત્યારે વરઘોડો કાઢે છે. દીક્ષા પરત્વે કોઈને વિરોધ નથી. દીક્ષા પરત્વે કોઈને વિરોધ હોઈ શકે જ નહિ. દીક્ષાની પવિત્રતા જાળવી રાખવાને માટે તો શ્વેતાંબર જૈન સાધુઓ ગાયકવાડી સત્તાને પડકારી દઈને તેની સામે છેવટ સુધી ઝુઝ્યા છે પરંતુ પ્રશ્ન એ છે કે પૂજાવિરોધી સાધુઓએ કદી દીક્ષાના વરઘોડાની બાધા આપી છે ખરી કે વારૂ? દીક્ષાના વરઘોડામાં પણ હજારો માણસો ભેગા થાય છે. ગાડીઘોડાની ઠઠ જામે છે અને જોઈએ તેટલી હિંસા થાય છે પરંતુ તે હિંસાને ટાળવા માટે દીક્ષા વિરોધી સાધુઓ કદી દીક્ષાના વરઘોડાની બાધા આપી છે ખરી કે ? જવાબ એક જ મળશે કે નહિ ! ! આગળ ચાલો. મૂર્તિપૂજા વિરોધી સાધુઓ કાળ કરી જાય છે તે વખતે એ સાધુઓના રિવાજ પ્રમાણે તેમની માંડવી કાઢવામાં આવે છે. માંડવી એ પણ બીજું કાંઈ જ નથી તે એક પ્રકારનું સરઘસ જ છે. આ સરઘસ વખતે પણ હજારો માણસો ભેગા થાય છે. તેમના પગ નીચે સેંકડો સાધુઓ છુંદાય છે અને તેમની મહાભયાનક હિંસા થાય છે તો પછી હિંસાના ભયથી એ માંડવીને પણ શા માટે અટકાવી દેવામાં આવતી નથી વારૂં ?

### આ બધું દેખાય છે કે ?

હવે એથી પણ આગળ વધો. જિનબિંબ પૂજા વિરોધી સાધુઓ પણ જ્યારે એક ગામથી બીજે ગામ વિહાર કરીને જાય છે ત્યારે તેમના સામૈયા માટે હજારો શ્રાવકો ભેગા થાય છે. આ ભેગા થવામાં પણ ક્યાં હિંસા નથી થતી તેનો વિચાર કરો. શ્રાવકોને જમવાને માટે મોટી મોટી ભટ્ઠીઓ સળગે છે અને રસોઈ તૈયાર થાય છે. જમણવાર વગેરેમાં પાણીનો સંહાર વળી જાય છે અને સેંકડો જીવો મરણ પામે છે છતાં આવી હિંસાનો પણ શા માટે વિરોધ કરવામાં આવતો નથી અને મૂર્તિપૂજા વિરોધી સાધુઓ પોતાના અનુયાયીઓને શા માટે રાંધવાનું પણ બંધ કરવાનો ઉપદેશ આપતા નથી. આ સઘળા ઉપરથી એક જ વાત સ્પષ્ટ થાય છે કે પોતાને લગતી ચીજોમાં હિંસા થતી હોય, મહાહિંસા થતી હોય કે ગમે તે બનતું હોય પરંતુ તેમાંથી એક પણ ચીજ ઓછી કરવાની તેઓ વાત સરખી પણ કરતા નથી અને ભગવાન શ્રી તીર્થંકરદેવની પ્રતિમા પૂજવાની ત્યાં તેમને હિંસા દેખાય છે ! ! પોતાની વાતમાં ગમે તેવી હિંસા થાય, અનર્થો થાય છતાં તેના સંબંધમાં તેઓ એક અક્ષર બોલવા માંગતા નથી. દીક્ષાના વરઘોડાની હિંસા તેમને મંજુર છે, પોતાના અનુયાયીઓ ઘરેથી ચાલીને આવે અને તેથી હજારો જીવોની હિંસા થાય તે તેમને મંજુર છે. તેમના સ્વાગતાર્થે મળેલા શ્રાવકોને માટે રસોઈ બનાવવાને અર્થે મોટી મોટી ભટ્ઠીઓ સળગે છે તે તેમને મંજુર છે, સરઘસોમાં અને માંડવીઓમાં ગમે તેવી મહાભયાનક હિંસા થાય તે તેમને મંજુર છે, માત્ર પ્રતિમાપૂજામાં થાય છે તે જ હિંસા તેમને મંજુર નથી.

## ''બોડી બામણી કા ખેત હૈ !''

આજના પોતાને સુધરેલા કહેવાતા ભદ્રંભદ્રોની દાનત કેવી છે તેનો વિચાર કરો. આ બગાડકો માને છે કે ધાડ પાડવી હોય તો તો રાજવાડે ધાડ પાડવી. સામાન્ય ગરીબ માણસને ત્યાં ધાડ પાવાથી શું વળે ! આવા વિચારથી જ તેઓ સર્વજ્ઞ ભગવાનને ત્યાં ધાડ પાડવા તૈયાર થાય છે ! તમારી તિજોરીમાં લાખો રૂપિયા ભરેલા હોય સેંકડોના જવાહીર લાદેલા હોય, કરોડો રોકડા પડેલા હોય, પરંતુ તેનો દરવાજો ખોલીને તે પૈસા લુંટાવી દેવાની કોઈની તાકાત નથી. તમારી તિજોરીને કોઈ હાથ પણ લગાડી શકતું નથી કારણકે જ્યાં તમારી તિજોરીની સામે કોઈ આંખ પણ કરે તો તેની સામે બરાબર બદલો વાળવા તમે તૈયાર છો, પરંતુ દુનિયામાં બોડી બામણીનું કોઈ બેલી નથી. એક કસવાતી મીયાં હતા. જાતના મીયાં અને સ્વભાવના પણ મીયાં ! પછી પૂછવું જ શું ? એક દિવસ તેઓ પોતાની ઘોડી લઈ બહારગામ જવા નીકળ્યા, રસ્તામાં એક બોડી બામણીનું ખેતર આવ્યું. મીયાંએ પૂછયું કે આ કોનું ખેતર છે તેને કોઈએ જવાબ આપ્યો કે બોડી બામણીનું એટલે મીયાં ઘોડી ખેતરમાં ઘાલીને તેને ત્યાં ચરાવવા લાગ્યા. ઘોડી ખેતર ચરી રહી હતી એટલામાં બામણી આવી પહોંચી. મીયાંને ખેતરમાં ઘોડી ચરાવતા જોઈને પેલી બિચારી તો બૂમાબૂમ પાડીને રડવા લાગી ! પરંતુ મીયાંજી થોડા દાદ દે એવા હતા ! ખેતર સફાચટ કરીને મીયાંજી આગળ વધ્યા ! મીયાંએ તો બીજા ખેતરમાં ઘોડી ઘાલી અને તેમણે તો ત્યાં એવી જ લીલા કરવા માંડી ! આ ખેતર ગરાસીયાનું હતું ગરાસીયાને ખબર પડી કે પોતાના ખેતરમાં મીયાંએ ઘોડી ઘાલી છે એટલે તે તો લાગલો જ તલવાર ખેંચીને દોડ્યો. તલવાર જોતાં જ મીયાંજીનું પાણી ઉતરી ગયું અને તેમની વરસોની સાચવી રાખેલી સુસ્તી ઉડી ગઈ. હવે મીયાં આગળ જાય તો પહેલાં પૂછે કે ભાઈ એ ખેત ગરાસીયાકા હૈ યા બોડી બામણી કા ! ''ગરાસીયાનું'' એવો જવાબ મળે તો મીયાં તરત ઠોંચકું નમાવીને ચાલવા માંડે અને ''બોડી બામણીનું'' એવો જવાબ મળે તો ઘોડી ચારવી ચાલુ રાખે.

## અહિંસાવાદી મહાત્માઓ જવાબ આપે

આજની પૂજા આ મીયાંભાઈના જેવી છે તેમણે પણ વિચાર કર્યો છે કે જો આપણે કોઈ ગૃહસ્થને ત્યાં ધાડ પાડવા જઈશું તો તે આપણી લીલા ચાલવા દેવાનો નથી અને ધપ્પો મારીને વિદાય કરશે તો એના કરતાં બોડી બામણીને ત્યાં જ ધાડ પાડવી એ શું ખોટું છે એમ વિચારીને તેમણે સર્વજ્ઞને ત્યાં ધાડ પાડવાનું જ નક્કી કર્યું છે. સર્વજ્ઞ ભગવાન એ તો મૌન ભગવાન ! તમે એને ગાળો આપો તો પણ તેની એને પરવા નથી તમે એને ઉંચકીને ઉઠાવી દો તો પણ એને વાંધો નથી. તમે એના ઉપર લોખંડની ડાંગ મારીને એને ભાંગી નાખો તો પણ તેની એમને પરવા નથી. તમે ગમે તેટલા ઉપસર્ગ કરો તો પણ એ મૌન ભગવાન મોઢેથી એક શબ્દ પણ બોલવાના નથી. સુધારાવાદીઓ મૂર્તિપૂજાની વિરૂધ્ધમાં એવી દલીલ કરે છે કે પત્થરની ભગવાનની મૂર્તિ ઉપર ઉદરડાં ફરી જાય છે, કબુતર, કીડી ચાંચ મારી જાય છે, પશુઓ તેના ઉપર મળમૂત્રનો ત્યાગ કરી જાય છે પરંતુ તે છતાં એ પત્થરીયા ભગવાન તેમનાથી પોતાને બચાવી શકતા નથી તો પછી તે ભગવાન પોતાના સેવકોને શી રીતે બચાવી શકવાના હતા? આવો તર્કવાદ કરનારાને પૂછો કે તમારા માબાપની છબી તમારું શું રક્ષણ કરી શકે છે ? તે તમોને કેવી રીતે બચાવી શકે છે. એ છબી રાખવાથી તમોને શું ફાયદો છે છતાં એ છબી તમે તમારા ઘરમાં શા માટે રાખી મૂકો છો ? મૂર્તિપૂજા વિરોધી એવા સુધારકોને પૂછી જુઓ કે તમારા અહિંસાવાદી

મહાત્માઓના શરીર ઉપર કૂતરાં ધસી આવે છે ત્યારે તેઓ શું કરે છે ? તેમને હાથમાં ડાંગ કે સોટી લેવી પડે છે અને છતાં પણ કૂતરું કે બિલાડું તેમને કરડી જાય છે!

## લંગડો ઘોડો દોડ્યો

જો તમારા અહિંસાવાદી ધોળા મહાત્માઓ બિલાડા કૂતરાથી પોતાનો બચાવ નથી કરી શકતા તો પછી એવા પાખંડીઓ જગતના મોટામાં મોટા અને વિશાળમાં વિશાળ રાજતંત્રની સામે તે તમોને કેવી રીતે રક્ષણ આપી શકશે અને તમારો બચાવ કેવી રીતે કરી શકશે ? જે મહાત્મા સાધારણ કૂતરાં બિલાડાની સામે પોતપોતાનું રક્ષણ નથી કરી શકતો તે મહાત્મા તમારા તારણહાર થવાનો દાવો કરતો આવે તો તેને અને તેના મિશનના મવાલીઓને દંભી જ સમજજો અને તેમનાં ધોળાં કપડાંથી ઠગાશો નહિ ! ખરી રીતે જોવા જઈએ તો તો એ જ વાત વ્યાજબી છે કે જે પોતાના ઉપર અનંત ઉપસર્ગો થાય છતાં સામે વેર લેવાનો વિચાર સરખો પણ ન કરે તે જ આત્મા સાચો પુણ્યશાળી છે અને તેથી જ અમે તો ભગવાનને ભગવાન માનીએ છીએ. ભગવાનને કોઈ લાત મારો કે દંડા મારો. એને જગા ઉપર રહેવા દો યા ઉંચકીને ફેંકી દો એના ઉપર સ્વચ્છ પાણી નાખો કે ગંદો કચરો ફેંકો, ગમે તે કરો; તોપણ ભગવાન તેનો વિરોધ નથી જ કરતા. આવી પરમ સહિષ્ણુતા હોવાને અંગે જ આપણે તો તેને ભગવાન માનવા જ રહ્યા. ભગવાનની પ્રતિમા સાથે બગાડકોએ બહુ બહુ ચેડાં કાઢ્યા ! પણ કાંઈ ભગવાન થોડા જ બોલવાના હતા એટલે હવે તેમણે દિશા ફેરવી અને પોતાનો લંગડો ઘોડો દેવદ્રવ્ય પર દોડાવ્યો ! દેવદ્રવ્યના સંબંધમાં તેમણે ગમે તેવો બકવાટ કરવા માંડ્યો. તેમની દાનત આ સંબંધમાં બીજાઓને ચુપ કરવાની જ હતી. પોતે બીજાઓને ચુપ કરીને દેવદ્રવ્યને પોતાને ફાવે તેમ વાપરવાનો અધિકાર છે એ જ તેઓ સાબીત કરવા માગતા હતા પરંતુ અહીં પણ તેમનો દાવ સફળ ન થયો અને તેમના કર્મને મહાભયંકર અને મરણતોલ ફટકો જ પડ્યો.

## ટ્રસ્ટીઓનો અધિકાર શું ?

સુધારકોએ વિચારવાની અને ધ્યાનમાં રાખવાની જરૂર છે કે તેઓ દેવદ્રવ્યના માલિક નથી. ભૂતકાળમાં તેમને દેવદ્રવ્યની કોઈએ માલિકી સોંપી નથી વર્તમાનમાં તેઓ દેવદ્રવ્યના માલિક નથી અને ભવિષ્યમાં કદી તેઓ દેવદ્રવ્યના માલિક થવાના નથી. તેઓ તો દેવદ્રવ્યના ટ્રસ્ટી છે. જૈનશાસનના ઓદ્ધાઓ એ સઘળા ટ્રસ્ટીના ઓદ્ધાઓ જ છે. ખાઈ જવાની વાત આવે તે આ શાસનમાં ચાલે એવી નથી. ટ્રસ્ટીની ફરજ તો એ છે કે ટ્રસ્ટ જે રીતનું હોય તે રીતે તેણે વહીવટ જ ચલાવવાનો હોય છે. જો એ રીતે તે વહીવટ ન ચલાવે અને ટ્રસ્ટમાં ગોલમાલ કરવા જાય તો સમજી રાખજો કે તે પોતાના ટ્રસ્ટને બેવફા નીવડે છે અને ટ્રસ્ટની ગેરવ્યવસ્થા કરે છે.

ટ્રસ્ટીના અધિકારો વિચારો. ટ્રસ્ટીનો અધિકાર માત્ર ટ્રસ્ટને ટ્રસ્ટની શરત પ્રમાણે જ સંભાળવાનો છે અન્ય રીતે નહિ જ ! જો તમો ટ્રસ્ટની ગેરવ્યવસ્થા કરો છો તો તમે ટ્રસ્ટી તરીકે સજાને પાત્ર ઠરો છો એમાં જરા પણ શંકા અથવા વાંધો નથી. જ્યાં સુધી ટ્રસ્ટીની દાનત સાફ હોય છે તેનું હૃદય તાવડીના તળીયા જેવું હોતું નથી ત્યાં સુધી તો ટ્રસ્ટીને માટે વાંધો જ નથી ત્યાં સુધી તો તે ટ્રસ્ટ બરાબર સંભાળે છે પરંતુ જ્યાં તેની દાનત કાળી થાય છે કે પછી તેને ટ્રસ્ટનો કારભાર કરવાનો અધિકાર જ રહેતો નથી. આજના બગાડકો જાણે છે કે દેવદ્રવ્ય એ એક મોટામાં મોટું ટ્રસ્ટ છે અને એ ટ્રસ્ટનો દસ્તાવેજ તે ભગવાન શ્રી

જિનેશ્વર મહારાજાઓએ પ્રરૂપેલા આગમો છે. આ દસ્તાવેજ કાયમ છે દસ્તાવેજ જીવતો છે દસ્તાવેજને દસ્તાવેજ તરીકે લોકો સ્વીકારે છે ત્યાં સુધી તો તેમનાથી એ દસ્તાવેજની આડે જઈને એક પાઈ પણ ખરચી શકાય એવું જ નથી, બગાડકો પણ આ વાત સારી રીતે જાણે છે અને તેથી જ તેમણે પણ એ દસ્તાવેજ ઉડાવી દેવાનાં ફાંફાં મારવા માંડ્યાં છે.

**દગાબાજ કે દેવાળીયા.**

શ્રીમાન તીર્થંકર ભગવાનોએ પોતે મેળવેલા મહાન જ્ઞાન વડે પ્રરૂપેલા આગમો તેને આપણા આજકાલના ઢીંગુજી બગાડકો "પોથાં" કહે છે. એ પોથાં તો સમયોચિત હતાં. જે કાળમાં તે રચાયાં હતાં તે જ કાળને માટે તેઓ જરૂરી હતાં અને આજના કાળને માટે તે બિનજરૂરી છે. આગમોમાં ઘણો ક્ષોભ થઈ ગયો છે એમાં ઘણી નકામી વાતો પાછળથી ઘૂસી ગઈ છે એવું એવું કહીને તેઓ થોથાં કહીને ઉડાવી દેવા માગે છે ! એ એ મહાપ્રતાપી આગમોના અપૂર્વ ભંડારને તેઓ જગતની દૃષ્ટિમાં હલકો પાડવા માગે છે.

આગમોની સામે તેમને આવો કટ્ટો વિરોધ હોવા છતાં નવાઈની વાત એ છે કે એ આગમોને જ આધારે મળતા પૈસા વસુલ કરતાં તેઓ જરાય ડરતા નથી જ ! પોથાંને આધારે જે રકમ આવે છે પોથાંને આધારે જે કાંઈ મળે છે, પોથાં દ્વારા જે દ્રવ્યની પ્રાપ્તિ થાય છે તે તો લેવી જ છે તેનો વિરોધ કરવો નથી એ વસુલાત કરતાં અટકી જવું નથી પરંતુ એ પૈસા ખરચવા હોય ત્યારે પોથાંને વફાદાર રહેવું નથી. પોથાં જણાવે છે તે પ્રમાણે ખર્ચ કરવો નથી. ખર્ચ તો પોતાની મરજી પ્રમાણે જ કરવો છે ! હવે વિચાર કરો કે આવા "સદ્‌ગૃહસ્થો"ને તમે ક્યા પ્રકારમાં મૂકશો ? દસ્તાવેજ કરી આપીને પૈસા લે પરંતુ દસ્તાવેજમાં લખ્યા પ્રમાણે વ્યાજમુદ્દલ ન ભરે, તો કાંતો લેનારો દગાબાજ છે અથવા દેવાળીયો છે ! જેઓ પોથાંને અનુસરીને પૈસા લે છે પરંતુ એ પૈસા પોથાંને અનુસરીની જ ખરચતા નથી તેઓ પણ પેલા ખોટો દસ્તાવેજ કરી આપનારની માફક જ દગાખોર છે અથવા દેવાળીયા છે.

**શાસન સાથેની દગાબાજી.**

કાંઈ પણ અપવાદ વિના પણ એટલી વાત તો ચોખ્ખી જ છે કે જો સુધારકોને આગમો માન્ય ન હોય તો તેમણે આગમોને આધારે જ થયેલા ટ્રસ્ટોની વસુલાત લેતા જ બંધ થવાની જરૂર છે. તમે એકી વખતે બંને કાયદાનો લાભ તો નહિ જ લઈ શકો. સાધારણ બુદ્ધિથી વિચારતાં પણ માલમ પડે છે કે એક માણસ પોતે હિંદુ તરીકે રહીને હિંદુ કાયદાનો લાભ લઈ શકે છે અથવા તો તે મુસલમાન બની જઈને મુસલમાન કાયદાનો લાભ લઈ શકે છે પરંતુ તે વારસો લેવામાં મુસલમાન કાયદાનો લાભ લે અને પોતાની મિલ્કતનો વારસો આપવામાં હિંદુ કાયદાને અનુસરે એ વાત કદાપિ બની શકતી નથી. જેમ આ બંને વાત શક્ય નથી તે જ પ્રમાણે બગાડકો માટે પણ એ બંને વાતો અશક્ય જ છે કે તેઓ શાસનને માન્ય એવા આગમોને આધારે સ્થપાયેલા ટ્રસ્ટોને માટે પૈસા વસુલ કરે અને તે પોતાની મરજી પ્રમાણે ખરચી શકે. બગાડકો શાસનને માન્ય એવા શાસનની કીર્તિરૂપ, આગમોને આધારે પૈસા વસુલ કરે છે તો કાં તો તેમણે એ પૈસાનો વ્યય પણ આગમોને આધારે જ કરવો રહ્યો, અને જો તેઓ એ વ્યય આગમોને આધારે ન કરવા માગતા હોય તો તેમણે આગમોને આધારે પૈસા વસુલ લેતાં પણ બંધ થવાની જ જરૂર છે અને આગમોને આધારે સ્થપાયેલા ટ્રસ્ટોના ટ્રસ્ટી તરીકે પણ તેમણે ન જ રહેવું જોઈએ સુધારકો આમ ન કરીને

એક રીત શાસન જોડે દગાબાજી કરે છે અને વધારે નવાઈની વાત તો એ છે કે જાણે અજાણે કહેવાતા સનાતનીઓ-શાસનપ્રેમીઓ બગાડકોની એ બદમાશીને ઉત્તેજી રહ્યા છે.

## શાસનપ્રેમીઓ ફરજ વિચારે.

શાસનપ્રેમીઓને માટે આ વસ્તુ ખાસ સમજવા જેવી છે. જે સંસ્થાઓનાં ટ્રસ્ટો થયાં છે અને ટ્રસ્ટી તરીકે પંચ નિમાયા છે તે પંચમાં શાસનપ્રેમીઓ પણ છે અને બગાડકો પણ છે. બગાડકો તો કોઈ પણ ભોગે એ ટ્રસ્ટને ઓહીયા કરી જવાને માટે કમર કસીને તૈયાર થયા છે તેઓ સભાઓ ભરે છે, મંડળો સ્થાપે છે. પત્રિકાઓ કાઢે છે, પેપરો કાઢે છે, પરંતુ એ બધાની પાછળ તેમનો જે હેતુ રહેલો છે તે એ ટ્રસ્ટની મિલ્કતોને ચાઉ કરી જવાનો છે. શાસનપ્રેમીઓએ સમજવાની જરૂર છે કે ટ્રસ્ટનો દુરૂપયોગ કરવો એ પણ જેમ ગુનો છે તે જ પ્રમાણે ટ્રસ્ટનો દુરૂપયોગ થવા દેવો એ પણ ગુન્હો જ છે. બગાડકો ટ્રસ્ટનો દુરૂપયોગ કરવાનો ગુન્હો કરે છે ત્યારે શાસનપ્રેમીઓ ટ્રસ્ટનો દુરૂપયોગ થવા દેવાનો ગુન્હો કરે છે.

આવા ટ્રસ્ટ ફંડમાં બગાડકો જ્યાં બદમાશી ભરેલી દેવદ્રવ્ય ચાટી જવાની વાતો લાવે છે ત્યાં શાસનપ્રેમીઓની ફરજ છે કે તેમણે એ બગાડકોનો બહાદુરીપૂર્વક સામનો કરવો જોઈએ. ટ્રસ્ટનો દુરૂપયોગ થતો અટકાવવો જોઈએ અને પૈસા ટ્રસ્ટની શરત પ્રમાણે જ વપરાય એ તેમણે જોવું જોઈએ તેમ ન કરવા સુધારકો સાથે જ્યારે સામનો કરવાનો સમય આવે છે ત્યાં શાસનપ્રેમીઓ પાછા પડી જાય છે તેઓ સામનો કરવાથી કંટાળે છે અને કહે છે કે, "અમે તો ફલાણા ટ્રસ્ટમાંથી રાજીનામું આપી દેવા માગીએ છીએ. રોજ રોજ આ માથાફોડ અને રોજરોજ આ લડાલડી એ શી પીડા ? આ પીડા અમારે જોઈતી નથી !" આવા શબ્દો બોલનારા શાસનપ્રેમીઓએ વિચાર કરવાની જરૂર છે કે આ મનોવૃત્તિ વડે તેઓ પોતે ટ્રસ્ટની સેવા કરે છે કે તેનો દ્રોહ કરે છે.

## દુરૂપયોગ થવા દેવો એ પણ ગુન્હો.

ટ્રસ્ટી તરીકે તમોને કોઈપણ ટ્રસ્ટમાં નીમવામાં આવ્યા છે તે એવા જ આશયથી નીમવામાં આવ્યા છે કે તમે વ્યાજબી રીતે ટ્રસ્ટને વફાદાર રહો. ટ્રસ્ટની મિલ્કત સાચવો અને તેનો દુરૂપયોગ ન થવા દો તમે ટ્રસ્ટનો દુરૂપયોગ નથી કરતા એ તમારી ફરજ છે અને તે તમે બજાવો છો, પરંતુ તમે રાજીનામું આપી દેવા તૈયાર થાઓ છો તેથી તમે તમારી એ ફરજ બજાવી શકતા નથી કે તમારે ટ્રસ્ટનો દુરૂપયોગ થતો અટકાવવો જોઈએ.

સુધારકો તો એ વાતમાં ટાંપીજ રહ્યા છે. તમારી હસ્તી તેમને સાલે છે. કોઈપણ ટ્રસ્ટમાં જો તેઓ એકલા જ સભાસદ હોત તો તો તેમણે અત્યાર સુધીમાં કેટલાએ ફંડો રફુચક્કર કરી નાખ્યા હોત પરંતુ તેઓ એવું નથી કરી શક્યા એનું કારણ તમારી હસ્તી જ છે અને તેથી તેઓ તો એવું ઇચ્છે છે કે જ્યારે આ શાસનપ્રેમીઓરૂપી બલા અહીંથી ટળે છે. તમે પણ જો કંટાળીને ટ્રસ્ટોને છોડી દેવા જ માગતા હો તો ખસુસ માનજો કે તમે ટ્રસ્ટનો દુરૂપયોગ થવા દેવાનો ગુન્હો કરો છો, કારણ કે તમે ટ્રસ્ટમાંથી ખસી જઈને તે ટ્રસ્ટને બગાડવાનો માર્ગ સુધારકોને ખુલ્લો કરી આપો છો. એમ સમજો કે એક ઘરમાં ચોરો પેસે છે અને દાગીનાઓની જબરી ચોરી કરે છે. ઘરના બારણાં ઘરનો એક નોકર જાણી જોઈને ખુલ્લાં રહેવા દે છે અને એ વાટે ચોરો પેસી જશે એવું જાણવા છતાં તે બારણાં બંધ કરતો નથી. તો

આ ચોરી માટે શું એકલા ચોરો જ ગુનેગાર ગણાશે ખરા કે ? કદી નહિ. આ ચોરી માટે જેટલો ગુનો પેલા ચોરોનો છે તેટલો જ બલકે તેનાથી એ વધારે ગુન્હો પેલા નોકરોનો જ છે.

## ધર્મની ફરજ શા માટે સાલે છે ?

શાસનપ્રેમીઓએ પણ પોતાની એવી જ સ્થિતિ સમજી લેવાની છે. બગાડકોએ ટ્રસ્ટોને માટે ધાડપાડુઓ છે અને તેઓ ટ્રસ્ટો પર ધાડ લાવવા માગે છે એવો તેમનો ઇરાદો તેમણે જાહેર કરી દીધો છે. આ ટાંકણે શાસન પ્રેમીઓની ફરજ છે કે તેમણે દૃઢ રહીને એ ધાડને ખાળવી જોઈએ. શાસનપ્રેમીઓ જો આવા ટ્રસ્ટફંડોમાંથી ચાલ્યા જશે તો તેને પરિણામે તેમણે ટ્રસ્ટફંડોમાં ધાડ લાવવાના બારણાંઓ ખુલ્લા રાખ્યાં છે એવો જ તેનો અર્થ થવા પામશે. આથી શાસનપ્રેમીઓની ફરજ છે કે તેમણે ટ્રસ્ટફંડોમાંથી ચાલ્યા ન જતાં પોતાના સ્થાન ઉપર દૃઢ રહેવું જોઈએ અને એ ટ્રસ્ટોનો શાસન વિરોધી ઉપયોગ ન થાય તે માટે પૂરેપૂરી કાળજી રાખવી જોઈએ. શાસનપ્રેમીઓ આવા ટ્રસ્ટો સાચવતી વેળા થતા કલહ પ્રત્યે જે ઉદાસીનતા બતાવે છે તે તેમની ઉદાસીનતા કેવા પ્રકારની છે તેનો ખુદ તેમણે જ વિચાર કરી જોવાની જરૂર છે.

દેવદ્રવ્યનું રક્ષણ કરવું એ પ્રત્યેક શાસનપ્રેમીની પહેલી, છેલ્લી અને દરેક વખતની મોટામાં મોટી ફરજ છે એ ફરજ તરફ તેઓ કંટાળો દર્શાવે છે પરંતુ બીજી તરફ ખરેખરા કલહો થાય છે ત્યાં તેઓ શા માટે કંટાળો દર્શાવતા નથી વારૂ ? પાડોશીની સાથે એક વેંત જમીનની તકરાર થતી હોય તો એ વેંતનો ટૂકડો પણ છોડવાની તેમની તૈયારી નથી. એ વેંતના ટૂકડા માટે તેઓ આકાશપાતાળ એક કરી નાખે છે, મારામારી થાય તો તેમાંએ કદાચ પાછા નહિ જ પડે ! અને કોર્ટમાં કેસ તો જરૂર માંડે જ માંડે ! હવે વિચાર કરો કે ઘરસંસારી બાબતોની વાટાઘાટ તે તેમને કજીયારૂપ શા માટે નથી લાગતી ? આ દાવાદુવી તેમને કજીયારૂપ નથી લાગતા અને દેવદ્રવ્યનું રક્ષણ કરવાનું તે જ વાત તેમને શા માટે કજીયારૂપ લાગે છે વારૂ ? આ ઉપરથી શાસનપ્રેમીઓના માનસની શું પરીક્ષા જ નથી થવા પામતી ?

## વાદવિવાદ એ કલહ નથી

વાટાઘાટથી, વાદવિવાદથી, ટંટો બખેડો થાય તેથી તમે ડરો છો તેનો અર્થ એવો થઈ શકે છે કે તમે એ સઘળી પંચાતનો ત્યાગ કરવા માગો છો અને તેને વીસરાવવા માગો છો પરંતુ તમારો એ દાવો સાચો ક્યારે ઠરી શકે કે જ્યારે તમે તમારા ઘરધંધાનું પણ રાજીનામું આપો ! તમારે તમારા ઘરધંધાનું રાજીનામું આપવું નથી ! દુકાનનું રાજીનામું આપવું નથી. ઘર અને દુકાન તો અંતના ડચકા આવે છે ત્યાં સુધી ચાલુ જ રાખવા છે ! અરે, મરણ પછી પણ તમે તમારા શરીરની વ્યવસ્થા નથી કરતા પરંતુ પૈસાટકાની વ્યવસ્થા તો જરૂર કરતા જ જાઓ છો. છોકરો હોય તો તેને તમારી મિલ્કત સહીસલામત મળે એવી ગોઠવણ કરો છો બધી રીતે એ બાબત ઉપર તમે ધ્યાન આપો છો પરંતુ એક માત્ર ધ્યાન નથી આપતા ધાર્મિક બાબતમાં ! ધાર્મિક બાબતમાં સત્યની સંરક્ષા માટે વાટાઘાટ થાય એને તમે ખટપટ કહો છો, ટંટોબખેડો કહે છો અને તેનો ત્યાગ કરવાને તૈયાર થાઓ છો એ સઘળાનો અર્થ પણ એ જ છે કે તમારું શાસનપ્રેમીપણું પણ હજી કાચું છે તે પાકું થયું નથી !

## તટસ્થ રહેવું એ પણ મદદ છે

ધર્માદા કાર્યોને અંગે તમે સત્યની સેવામાં સર્વ કાંઈ આપી દઈને ઉભા રહેવાની પ્રતિજ્ઞા ન કરો તો તમારી સેવાની કિંમત પણ શૂન્ય બરાબર જ છે ! અને એનો અર્થ એ જ થાય છે કે તમે શાસન વિરોધી કાર્યોને સીધી મદદ નથી કરતા પરંતુ તમે એને આડકતરી મદદ કરો જ છો. ઈ.સ. ૧૯૧૪ની યુરોપમાં જે મહાજાદવાસ્થલી જાગી હતી તેમાં જર્મનીએ પોતાનું સૈન્ય તૈયાર કરીને તે બેલ્જીયમને રસ્તે ફ્રાન્સમાં લઈ જવાનો દાવ ગોઠવ્યો હતો. બેલ્જીયમને રસ્તે જર્મનીનું સૈન્ય જો જઈ શક્યું હોત તો કદાચ સંભવ છે કે તેણે ફ્રાન્સને તોડી નાખ્યું હોત અને બ્રિટન ઉપર પણ કદાચિત તેની નહિ ધારેલી એવી જ અસર થાત ! જર્મની જે સમયે લશ્કર લઈને આવ્યું તે સમયે બેલ્જીયમે તેને એમ કહ્યું હોત કે ભલે તારે મારા રાજ્યમાંથી જવું હોય તો જા, હું વચ્ચે આડો ન આવું ! તો બેલ્જીયમની આ રીતભાતથી તેણે જર્મનીને મદદ કરી હતી એમ જ લેખવા પામત, અને લડાઈ જે આટલા બધા વર્ષો લંબાઈ હતી તે ન લંબાતાં તેનો પહેલે જ વર્ષે નિકાલ આવી જાત !

## પૂજાની જ હિંસાનો વિરોધ કેમ ?

બેલ્જીયમે જર્મનીને અટકાવ્યું ન હોત તો તેણે જર્મનીને મદદ કરેલી જ લેખાત. એ જ પ્રમાણે શાસનપ્રેમીઓ પણ જો સુધારકોને તેમના અધર્મી માર્ગમાં આગળ વધતા ન અટકાવે, તેમના માર્ગમાં અડચણો ન ઉભી કરે અને દેવદ્રવ્યનો દુરૂપયોગ કરવાનું જે કાર્ય તેઓ લઈ બેઠા છે તેને તોડી પાડવાનો પૂરેપૂરો પ્રયત્ન ન કરે અને ટ્રસ્ટ ફંડોમાંથી રાજીનામાં આપી દે અથવા તો તટસ્થ રહે; તો તેનો અર્થ એ જ છે કે તેઓ પણ દેવદ્રવ્યના વિનાશનું જ કામ કરે છે ! પછી તેમની અને સુધારકોની વચ્ચે માત્ર એટલો જ ફેર રહે છે કે સુધારકો ચોખ્ખે ચોખ્ખો દેવદ્રવ્યનો વિનાશ કરે છે જ્યારે શાસનપ્રેમીઓ આડકતરી રીતે દેવદ્રવ્યનો નાશ કરે છે. તમારા ઘર ઉપર જ લુટારાઓ હુમલો લઈ આવે તો તમે તેનો સામનો કરો કે નહિ કરો વારૂ ? તે સમયે તો તમે જરૂર સામે થાઓ ! પણ આ ધર્મના ખાતા ઉપર ધાડ આવે છે ત્યાં તમારે હાથ જોડીને ચૂપ રહેવું છે ! ! મૂર્તિપૂજા વિરોધી સાધુઓને પણ પોતાના ખાવાપીવામાં પોતાની કીર્તિ વધારવામાં પોતાની મહત્તા ગાવામાં પોતાની શ્રેષ્ઠતા દર્શાવવામાં હિંસા થાય છે તેની જરાય પીડા નથી તેની તેમને લેશમાત્ર પણ દરકાર નથી પરંતુ ભગવાનની પૂજા કરતાં હિંસા થાય છે એમ કહીને એ હિંસાને તેઓ ખાળવા ટાળવા માગે છે. હવે આપણે ચાલુ વાતમાં આવીએ.

## બંનેના માર્ગ જુદા છે

દીક્ષાના પ્રચંડ વરઘોડા નીકળે, માંડવીની મોટી ધમાલ થઈ રહે, સામૈયામાં ધૂળ મચે એ બધામાં હિંસા થાય તેનો વાંધો નથી એ સઘળામાંથી કશી પણ વસ્તુનો તેઓ હિંસાને બહાને નિષેધ કરતા નથી પરંતુ એક માત્ર ભગવાનની પૂજા તેમાં હિંસા થાય છે એમ કહીને તેનો નિષેધ કરવો છે! શ્રાવક શ્રીજિનબિંબ પૂજા કરે છે અને સાધુઓ બિંબપૂજા નથી કરતા, હવે જો જિનબિંબપૂજા કરવામાં જ લાભ છે અને તે લાભ મેળવવા જ શ્રાવકો પૂજા કરે છે તો પછી એ જ લાભ મેળવવા સાધુઓ પણ શા માટે પૂજા નથી કરતા ? આવો પ્રશ્ન કરનારને પૂછી લઈએ કે શ્રાવક પડતે વરસાદે વ્યાખ્યાન શ્રવણ કરવા આવે છે તેને એ વ્યાખ્યાન શ્રવણનું પુણ્ય કહ્યું છે તો પછી તમારા સાધુઓ પણ શા માટે પડતા વરસાદમાં વ્યાખ્યાન સાંભળવા આવીને પુણ્યોપાર્જન નથી કરતા ? આ સઘળા ઉપરથી ખરી રીતે તો એક જ અનુમાન નીકળે છે

કે શ્રાવક અને સાધુ એ બંનેના રસ્તા જુદા જ છે. પડતા વરસાદમાં વ્યાખ્યાન સાંભળવા આવે તો તેને ગેરલાભ છે. અર્થાત્ કે સાધુ અને શ્રાવક બંનેના ધર્મના રસ્તા એક જ હોઈ શકે નહિ. શ્રીમાન્ મહાવીર ભગવાનનું પરમ પ્રતાપી જૈનશાસન કહે છે કે સાધુ અને શ્રાવક એ બંનેની ભૂમિકા જુદી છે.

## અયોગ્ય ઉપદેશ

શ્રાવક, શ્રમણને સ્નિગ્ધ આહાર વહોરાવે છે તેનું શ્રાવકને શું ફળ મળે છે તે વિચારો. શ્રાવકને તેનું એ ફળ મળે છે કે અલ્પપાપ થાય છે અને બહુનિર્જરા થાય છે. શ્રાવક, શ્રમણને સચિત્ત એવો આહાર વહોરાવે છે તો પણ તેનું ફળ એ શ્રાવકને માટે ઘણી નિર્જરા એ જ છે. શ્રાવક, શ્રમણને બેંતાળીશ દોષવાળું અન્ન વહોરાવે તો પણ તેને ઘણી નિર્જરા અને અલ્પપાપ એ જ તેનું ફળ છે પરંતુ મૂર્તિવિરોધીઓની દૃષ્ટિએ પણ એક સાધુ નદીના વહેતા પાણીમાંથી લોટો પાણી ભરી તે બીજા સાધુને વહોરાવે તો તેનું ફળ એ સાધુને માટે તો પાપ, પાપ અને પાપ એ જ છે. શ્રાવકે સર્વસાવદ્યના ત્યાગની પ્રતિજ્ઞા નથી કરી તેવો શ્રાવક વહોરાવે તો તે કાર્યથી તેને પાપ નથી જ પરંતુ ઉલટી કર્મનિર્જરા છે પરંતુ પ્રતિજ્ઞાવાળો સાધુ જો એમ કરે તો તેમાં તેને પાપ છે તેને નિર્જરા નથી જ દીક્ષાનો ઉત્સવ થાય, જંગી વરઘોડો નીકળે અને તેમાં સાધુ ઢોલ ટીપતો દોડાદોડી કરે તો અમૂર્તિપૂજકો એને પાપ માનશે કે નિર્જરા માનશે ! એ ઢોલ ટીપીને તો તેઓ પણ નિર્જરા નથી જ માનતા.

## અશક્તોનો માર્ગ

ઉપરના સઘળા પ્રશ્નોના ઉત્તરો તદન સરળ અને બૂદ્ધિપૂર્વકના છે. ધારો કે એક માણસ મુંબઈથી થાણા જવા નીકળે છે. આ માણસ પૂરતો શક્તિવાળો છે, બળવાન છે, ચાલવામાં એક્કો છે અને તેથી તે એકે ઝપાટે મુંબઈથી થાણા પહોંચી ગયો છે. તેના બીજા મિત્રો મુંબઈ હોય તેઓ ચાલવામાં એના જેવા એક્કા નથી અને બળવાન પણ નથી આ માણસોને પેલો થાણે પહોંચી જનારો એમ કહે કે ભાઈ ! હું તો એકે ઝપાટે થાણા પહોંચી ગયો છું પરંતુ તારાથી જો એકે ઝપાટે થાણા ન પહોંચી શકાય તો રસ્તામાં તું વિસામો લેજે થાક ખાજે અને પછી બીજે દહાડે થાણે આવજે. પહેલો માણસ પોતે એક ઝપાટે થાણે જાય છે ત્યારે પાછળના મિત્રોને વિસામો ખાઈને બીજે દહાડે થાણે આવવા કહે છે શું આ ઉપરથી કદીપણ એમ કહી શકાશે ખરું કે એ માણસ તો એક વાત બોલે છે અને બીજા વાત કરે છે ? મૂળ વાત તો એ જ છે કે એકે ઝપાટે અને વગર વિસામે થાણે પહોંચવું પરંતુ એ બાબતની અશક્તિ હોય તેને માટે એવી સગવડ કરી આપી કે તેણે એકે ઝપાટે થાણે ન પહોંચતાં વચ્ચે વિસામો લેવો અને વિસામો ખાઈને થાણે પહોંચવું. વિસામો ખાઈને થાણે પહોંચવાનો જ જો પ્રતિબંધ હોય તો તો પરિણામ એ જ આવે કે અશક્ત માણસ બાપડો થાણે પહોંચવાનો જ વિચાર ન કરે !

## કથની અને કરણી જુદી નથી

જેમ સશક્ત માણસને માટેનો એ માર્ગ છે કે તેણે એકે ઝપાટે થાણે પહોંચી જવું અને અશક્ત માટેનો એ માર્ગ છે કે તેણે વિસામો લઈને થાણે જવું તે જ સ્થિતિ અહીં પણ સમજવાની છે. જેઓ સ્વયંજ્ઞાની છે, પવિત્ર સંસ્કારવાળા છે, નિશ્ચય સ્વરૂપવાળા છે તેઓ તો તીર્થંકરોની પેઠેજ ગચ્છવાસમાં ન રહે, વિનય, વૈયાવચ્ચ ન કરે, ગુરુકુળવાસ ન કરે તો પણ તેઓ પોતાનો બેડો પાર કરી શકે છે પરંતુ જેનામાં આટલી શક્તિ

નથી જે એવા સ્વયંજ્ઞાની નથી પવિત્ર સંસ્કારવાળા નથી અને નિશ્ચય સ્વરૂપવાળા પણ નથી તેઓને માટે એ માર્ગ છે કે ગુરુકુળવાસમાં રહેવું, વિનય કરવો, વૈયાવચ્ચ કરવું, અને એ રીતે કર્મ ખપાવીને બેડો પાર કરવો. આમ કહેવામાં કથની અને કરણી જુદી છે એમ કહી શકાતું જ નથી. ભગવાન શ્રીતીર્થંકરદેવ પોતે સર્વ ગુણમંડિત છે અને સર્વશક્તિસંપન્ન છે એટલે તેમણે એવા શક્તિશીલનું કર્તવ્ય કહ્યું પણ ખરું અને તે કરી બતાવ્યું પણ ખરું, પરંતુ જે એવા શક્તિશીલ તથા તેવા સંપૂર્ણ જ્ઞાની ન હોય તેવાઓને માટે તેઓશ્રીએ તેમને લાયક એવો બીજો ઉપાય દર્શાવ્યો, આથી તેમના કથન અને વર્તનમાં ભિન્નતા હતી એવું કદીપણ કહી શકાતું જ નથી અને તેથી "યથાવાદી તથાકારી" એમા કશોય ફેર પડતો જ નથી. આથી જ જે તત્વ, જે ધર્મ અને જે શાસન છે તે આપણે શ્રીમાન્ જિનેશ્વર દેવોના ભરોસે જ અને તેમના કથન પ્રમાણે જ માન્ય રાખીએ છીએ તેને અન્યથા માનતા નથી.

## કથાએલો તે જ તત્વ અને ધર્મ

શ્રીમાન્ જિનેશ્વર ભગવાન ધર્મને ધર્મ તરીકે ન કહે તો શું ધર્મ, અધર્મ બની જાય છે? અથવા તો શું શ્રીમાન્ જિનેશ્વરદેવો અધર્મને ધર્મ તરીકે કહે તેથી અધર્મ ધર્મ બની જાય છે ? શ્રીમાન્ જિનેશ્વરદેવના કહેવાથી શું અતત્વ અને અશાસન તે તત્વરૂપ અને શાસનરૂપ બની જાય છે ? અને શું અતત્વ કાંઈપણ શંકા વિના એ વાત કબૂલ રાખવી જ પડશે કે સાધુ અને શ્રાવક એ બંનના માર્ગો એક જ સરખા નથી જ પણ તે ભિન્ન ભિન્ન અને જુદા જુદા જ છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે સાધુ શ્રી જિનબિંબપૂજા નથી કરતા તે આધારે શ્રાવકને પણ એમ કહેવું કે, ભલા ભગવાનની પ્રતિમા પૂજવામાં તો હિંસા થાય છે માટે એ કાર્યનો ત્યાગ કર એ વસ્તુ સર્વથા વિપરીત જ છે.

## બંનેની ભૂમિકા જુદી છે.

સાધુ અને શ્રાવક એ બંનેની ભૂમિકા જુદી જ છે. આ જુદાપણાનો ખૂબખૂબ વિચાર કરવાનો છે. સાધુની પ્રતિજ્ઞા છે કે તેણે સર્વસાવદ્યનો ત્યાગ કર્યો છે. સાધુએ સર્વસાવદ્યનો ત્યાગ કરેલો હોવાથી તે ગૃહસ્થની વૈયાવચ્ચ કરી શકતો જ નથી. શાસ્ત્ર આ સંબંધીનો નિર્ણય આપતાં સ્પષ્ટપણે જણાવે છે કે "गिहीणो वेआवडियं " આ શબ્દો જે સ્થળ કહેવામાં આવ્યા છે તે સ્થળનો પ્રસંગ ગૃહસ્થને ગૃહસ્થના અંગેનો નથી. જો અહીંનો પ્રસંગ ગૃહસ્થોને ગૃહસ્થોના અંગેનો જ હોત તો "गिहीणो वेआवडियं' આવો શબ્દપ્રયોગ ન કરવામાં આવતાં એકલો "वेआवडियं" આવો જ શબ્દપ્રયોગ અહીં કરવામાં આવ્યો હોત, પરંતુ અહીં તો સ્પષ્ટ રીતે "गिहीणो वेआवडियं' આવો શબ્દ મૂક્યો છે એ ઉપરથી સાબીત થાય છે કે સાધુ અને શ્રાવકના પ્રસંગને અનુસરીને જ આ શબ્દપ્રયોગ છે અને તે વડે એમ કહેવામાં આવ્યું છે કે સાધુએ ગૃહસ્થનો વૈયાવચ્ચ ન કરવો એ જ કર્તવ્ય છે. હવે બિમાર સાધુને માટે ભગવાન શ્રી તીર્થંકરદેવ શું કહે છે તે વિચારો. ભગવાન અહીં તો સ્પષ્ટ શબ્દોમાં એમ જણાવે છે કે જે બિમાર સાધુની સેવા કરે છે તે જ મને માનનારો છે અને જે બિમાર સાધુની સેવા નથી કરતો તે મને માનનારો જ નથી !

## કથની અને કરણીમાં ફેર છે કે ?

અહીં બિમાર શબ્દથી ગૃહસ્થ બિમાર લેવાનો નથી અર્થાત્ બિમાર શબ્દનો અર્થ ગૃહસ્થ બિમાર કરવાનો નથી પરંતુ અહીં બિમાર સાધુ એવો જ અર્થ લેવો ઘટિત છે. ભગવાન શ્રી તીર્થંકરદેવ કહે છે કે જે બીમારની સેવા કરે છે

તે જ મને માનનારો છે એમ સમજી લેવું એનો અથ એ છે કે જે તીર્થંકર ભગવાનોને માને છે તે બિમાર સાધુની સેવા કરે જ છે ભગવાન શ્રી તીર્થંકરદેવ કહે છે કે જે મને માને છે. તે બિમાર સાધુની વૈયાવચ્ચ જરૂર કરે જ છે ત્યારે હવે વિચારી જુઓ કે ભગવાને પોતે આવા શબ્દો કહ્યા છે તો તેમણે પોતે કેટલા બિમાર સાધુઓની વૈયાવચ્ચ કરી છે ? ભગવાને પોતે એક પણ બિમાર સાધુની વૈયાવચ્ચ નથી જ કરી તો પછી તીર્થંકર ભગવાનની કથની અને કરણી એક છે એ વસ્તુ ક્યાં રહી ? શ્રીમાન્ તીર્થંકરદેવોએ ગુરુ પાસેથી દીક્ષા નથી લીધી તેમણે ગુરુકુળવાસ પણ નથી કર્યો. પર્યાયોએ વૃદ્ધોની વૈયાવચ્ચ પણ નથીજ કરી તો પછી તેમની કથની અને કરણી એક છે એમ નિયમ ક્યાં રહ્યો ? શું "યથાવાદી તથાકારી" એ નિયમ અહીં ઉડી જાય છે કે ? જો, ભગવાન જે કરે છે તે જ કહે છે અને જે કહે છે તે જ કરે છે તો પછી તેમણે જે કામો ઉપર દર્શાવેલાં કહ્યાં છે તે તેમણે કયાં કર્યા છે ? જો તેમણે નથી કર્યાં તો તેમણે શા માટે કહ્યાં છે અને જો તેમણે કર્યા વિના જ કહ્યાં છે તો "યથાવાદી તથાકારી" એ સૂત્ર અહીં ઉડી જાય છે કે ટકી રહી છે ?

અને અશાસનને શ્રી જિનેશ્વર ભગવાન તત્વરૂપ અને શાસનરૂપ કહે તેથી અતત્વ તે અશાસન તત્વ અને શાસન બની જાય છે ? નહિ જ ! કદી જ નહિ !! જે ધર્મ છે જે તત્વ છે તે શ્રીમાન્ જિનેશ્વર ભગવાનો કહો કે ન કહો તથાપિ તે ધર્મ છે જ અને જે અધર્મ છે તે શ્રીજિનેશ્વર ભગવાનો કહે કે ન કહે તો પણ તે અધર્મ છે. આવી સ્થિતિ હોવા છતાં ભગવાન શ્રી જિનેશ્વર દેવ જે કહે છે તે જ તત્વ અને તે જ ધર્મ એમ આપણે શા માટે માનીએ છીએ ? કારણ એક જ છે કે અણસમજુને સોના ઉપર ચાર્ટર બેંકની છાપ જોવી જ પડે છે ! ચાર્ટર બેંક છાપ મારી આપે છે તેનો એટલો અર્થ તો ચોખ્ખો જ છે કે જેના ઉપર છાપ છે તેમાં વાંધો નથી જ, છાપ છે એ સોનું જ છે તે જ પ્રમાણે જે ધર્મ અને તત્વ ઉપર શ્રીમાન્ જિનેશ્વર ભગવાનની છાપ પડેલી જ છે તે તો સઘળું ધર્મ અને તત્વરૂપ છે જ, તેમાં અધર્મ કે અતત્વ હોવાની ધાસ્તી જ નથી. અહીં ઉભય નિર્ણય કામે લગાડવો જ રહ્યો.

**તમારી શક્તિ નથી.**

તીર્થંકર ભગવાનોએ જે કહ્યો છે તે જ ધર્મ અને તત્વ છે અને જે ધર્મ અને તત્વ છે તે જ તીર્થંકર ભગવાને કહ્યું છે એવો ઉભય નિર્ણય અહીં લેવાનો છે તેથી જ "**जिनपन्नत्तं तत्तं, धम्मो जिनपन्नो**" અને **केवलीए पडिपन्नो** એ ત્રણે વસ્તુનો આધાર અહીં લેવાનો છે. કેવળી મહારાજાનું વચન અધર્મને ધર્મ બનાવતું નથી અને તેઓ ધર્મને અધર્મ કહે તેથી ધર્મ, અધર્મ થઈ જતો નથી પરંતુ આપણે બંને બાજુથી તેમનો નિયમ શા માટે માન્ય રાખીએ છીએ કે આપણા પોતાનામાં જ્ઞાન નથી. ધર્મ, તત્વ અને શાસન તો જે છે તે જ છે પરંતુ એને પારખી લેવાની આપણામાં તાકાત જ નથી એટલા જ માટે આપણે ભગવાનના વચનને જ પ્રમાણ માનવાનું છે. જેઓ સોનું ઓળખી શકે છે જેણે સોનાની પરીક્ષા કરવાની શકિત મેળવી છે તે પોતે સોનું ખરીદવાને માટે ચાર્ટર બેંકની છાપ ન જુએ તે ચાલી શકે છે પરંતુ જે અજ્ઞાન છે જેને સોનાની પરીક્ષા નથી તેને તો કસોટી ન લેતાં ચાર્ટર બેંકની છાપ છે કે નહિ એ જ જોવાનું રહ્યું. આપણને કેવળજ્ઞાન, મનઃપર્યવ જ્ઞાન, અવધિજ્ઞાન ઈત્યાદિ ચૌદપૂર્વી થયા નથી ત્યાં સુધી સ્વતંત્ર રીતે ધર્મ, તત્વ અને શાસનને પારખવાની આપણામાં લાયકાત જ નથી આપણામાં એ લાયકાત નથી તેથી જ આપણે કેવળ જે કાંઈ

કહે છે તે જ એ બાબતમાં માનવાનું રહ્યું છે. જો આપણામાં સ્વતંત્રપણે ધર્મવસ્તુ, તત્વવસ્તુ અને શાસનવસ્તુ એ પારખવાની લાયકાત નથી તો પછી આપણે એ વસ્તુઓ લેવી કઈ રીતિએ અને કયે હિસાબે ? સોનું પારખવાની તાકાત નથી જ એટલે સૌથી સારા ઉપાય તરીકે જ આપણે છાપ જોઈએ તે જ પ્રમાણે ધર્મતત્વ પારખવાની આપણામાં લાયકાત નથી તેને જ અંગે આપણે શ્રીમાન્ તીર્થંકરદેવોનું કથન જોઈને તેઓ જે કાંઈ કહે તેને ઉભય પ્રકારે ઉપરનો નિયમ લાગુ પાડીને, એને જ ધર્મ માનવાનો છે.

**બંને પક્ષનો નિર્ણય.**

જ્યાં માત્ર એક જ પક્ષનો નિર્ણય છે તેવા પ્રસંગમાં છાપ જોઈને તે સોનું ખરીદી લો છો તો અહીં તો બે પ્રકારનો નિશ્ચય છે પછી તેમાં શંકા જ ક્યાં રાખવાની હોય ? ઉભયપક્ષે નિર્ણય અહીં કરવાનો છે અને એ જ રીતે અહીં ધર્મ, તત્વ અને શાસન કહેવાય છે જેના ઉપર જૈનતત્વની છાપ હોય, તો જ એ તત્વાદિ સાચા છે અને જો તેના ઉપર જૈનત્વની છાપ નથી તો એ ધર્મતત્વ કે શાસન કાંઈ પણ સાચા માનવાના જ નથી. જ્યાં એ જ પક્ષે નિયમ છે ત્યાં એ વાત માનવાની છે કે આ ચોખ્ખું છે." પરંતુ આજ ચોખ્ખું છે અને આના સિવાયનું બીજું જે કાંઈ હોય તે ચોખ્ખું નથી" એવો ત્યાં નિયમ નથી. અહીં જૈનશાસનમાં તો ઉભય પ્રકારનો નિયમ જ કામ લાગે છે કે જે શ્રીમાન્ જિનેશ્વર ભગવાને કહેલું છે તે જ ધર્મ છે અને જે કાંઈ ધર્મતત્વાદિ છે તે સઘળું શ્રીજિનેશ્વર ભગવાનોએ કહેલું જ છે, અને તેથીજ "जिनपन्नतं तत्तं" એ વચનોની અહીં સાર્થકતા અને સંપૂર્ણ આવશ્યકતા છે.

**શુદ્ધિનો માર્ગ શોધો**

જૈનશાસનના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ઉપર જૈનત્વની છાપ પડેલી જ છે પરંતુ આપણે પરીક્ષા વિના જ આપણા માલને શુદ્ધ કરવાને માટે દોરાઈએ છીએ, અને તેથી જ આપણા આત્માની માલિકીનો જે ધર્મ છે તેનો સદુપયોગાદિ આપણે સમજી શક્યા નથી. જો આપણે સદુપયોગ કરવાનો જ સમજી શક્યા નથી તો પછી સદુપયોગ કરવાનો અને દુરૂપયોગ રોકવાનો માર્ગ તો આપણે ક્યાંથી જ સમજી શકીએ. ચાર્ટર બેંક નવું સોનું બનાવી આપતી નથી તેના ઘરમાં કોઈ એવો સંચો નથી કે જેના વડે તે નવું સોનું તૈયાર કરી શકે, ત્યારે વિચાર કરો કે ચાર્ટર બેંક શું કરે છે અને સોનું ક્યાંથી લાવે છે ? સોનું તો ખાણમાંથી નીકળે છે તેનો જ ઉપયોગ બેંક પણ કરે છે પરંતુ ફેર એટલો જ છે કે ખાણમાંથી નીકળેલા સોનાને તે શુદ્ધ કરે છે અને પછી તેના ઉપર પોતાની છાપ મારે છે. જગતમાં, જેમ સોનાની ખાણમાં સોનું તૈયાર છે પરંતુ તેને બહાર કાઢીને શોધવાની જ વાર છે તે જ પ્રમાણે આપણે ત્યાં પણ સોનું તૈયાર જ છે. માત્ર તેને ખાણમાંથી કાઢ્યા પછી શુદ્ધ કરવાની જ જરૂર છે. એ શુદ્ધ કરવાની રીત કઈ તેનો વિચાર કરો. ભગવાન તીર્થંકરદેવોએ સંપૂર્ણ જ્ઞાન, દર્શન અને ચારિત્ર મેળવ્યાં હતાં અને તેઓ વીતરાગ બન્યા હતા એમ આપણે વારંવાર કહીએ છીએ પરંતુ તેઓ કેવી રીતે સંપૂર્ણ જ્ઞાન મેળવી શક્યા અને કેવી રીતે વીતરાગપણું મેળવી લીધું તેનો વિચાર કરો આપણે સામાયિક કરવાનો, પૂજા પૌષધ કરવાનો, પ્રભાવના કરવાનો ટેક લઈએ છીએ પરંતુ જરા સરખી પણ અડચણ આવે છે એટલે આપણે એ પ્રતિજ્ઞામાંથી ચલિત બનીએ છીએ.

(અપૂર્ણ)

## આગમના ગ્રાહકોને સૂચના

અમારા માનવંતા આગમના ગ્રાહકોને જણાવવાનું કે આચારંગસૂત્રનો પ્રથમ ભાગ તૈયાર થયો છે. માટે ડીપોઝીટ ભરનારાઓને વિનંતિ છે કે તેઓએ પોતાનું પૂરેપૂરું હાલનું સરનામું નીચેના ઠેકાણે મોકલવું જેથી વી. પી. ગેરવલ્લે ન જાય.

ડીપોઝીટવાળાના જવાબ આવેથીજ તેમના લખેલા સરનામે પહેલો ભાગ મોકલવામાં આવશે. પોસ્ટખર્ચ જેટલું વી. પી. થશે. આચરાંગ પ્રથમ ભાગની કિંમત રૂા. ૫-૦-૦ રાખવામાં આવી છે, જે ડિપોઝીટમાંથી વસુલ કરવામાં આવશે.

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.
લાલબાગ ભૂલેશ્વર,
મુંબઈ નં.૪

---

શ્રી સિદ્ધચક આરાધકોં કે લિયે અપૂર્વ પ્રસંગ

# શ્રી સિદ્ધચક્રારાધન તીર્થોદ્ધાર

મનોહર માલવ પ્રદેશકી ઉજ્જૈન નગરીમેં ૧૧ ગ્યારા લાખ વર્ષ પૂર્વ સિદ્ધચક્રકી આરાધના કરનેવાલે શ્રી સિદ્ધચક્રારાધનૈકબદ્ધકક્ષ મહારાજા શ્રી શ્રીપાલ એવં સતી શિરોમણી **મયણાસુંદરીકે** પવિત્ર આરાધન સ્થળ શ્રી ઋષભદેવજીકે મંદિર જો ખારાકુવા, દેરા ખિડકીમેં હૈ ઇસ મંદિરકા જિર્ણોદ્ધાર કરના અત્યન્ત આવશ્યક હોનેસે રૂ. ૨૫૦૦૦) પચીસ હજારકી જરૂરત હૈ.

યહ સિદ્ધચક્રકી આરાધનાકા ભારતવર્ષમેં મુખ્ય તીર્થ હોનેસે શાસનકી પ્રભાવના બઢાનેકે લિયે ઇસકા ઉદ્ધાર હોના બહુત જરૂરી હૈ ઇસલિયે ભારતવર્ષકે સમસ્ત ભાઈ બહનોસે સવિનય નિવેદન હૈ કિ ઇસ તીર્થકે ઉદ્ધારકે લિયે યથાશક્તિ નાશવંત (ચંચલ) લક્ષ્મીકા સદુપયોગ કરકે પુણ્યાનુબંધી પુણ્યકે હિસ્સેદાર બનનેકે લિયે કટિબદ્ધ હો જાવેં !

નોધ :- જિન ભાઈ બહનોંકો ઇસ અમૂલ્ય કાર્યમેં ભેટ ઔર તીર્થ વ યાત્રિકોપયોગી ઉપકરણ વગૈરા દેના હો વહ નિમાંકિત પતે પર ભેજકર રસીદ પ્રાપ્ત કરલેવેં.

પત્ર વ્યવહાર ઔર રૂપયે ભેજનેકા પત્તા :-

**શ્રી ઋષભદેવજી છગનીરામકી પેઢી**
શ્રી સિદ્ધચક્રારાધન તીર્થ,
ખારાકુવા, દેહરા ખિડકી, ઉજ્જૈન (માલવા)

(ટાઈટલ પાના ૪નું અનુસંધાન)

આ આદેશને ઝીલવવા ઝંપલાવવું એ જ અનેક ભવો સુધી સકલ જીવોને શાસનરસી બનાવવાની નીપજાવેલી ભાવનારૂપ વલ્લીનું અનુપમ અને સ્વપરને અવ્યાબાધ આનંદવાળું આલય અર્પણ કરનાર ફળ છે.

આ આદેશ જ સમસ્ત સમ્યક્શ્રુત, સમસ્ત લોકોત્તર પ્રવચન, સમસ્ત અંગપ્રવિષ્ટ, સમસ્ત આચારાંગ, સમસ્ત નવ બ્રહ્માધ્યયન અને સમસ્ત શસ્ત્રપરિજ્ઞાનો ઉંડો અને અદ્વિતીય પાયો છે.

આ આદેશની યથાર્થપણાની પ્રતીતિરૂપ ઉંડા પાયા ઉપર જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, દેશવિરતિ, સર્વવિરતિની પ્રાપ્તિ, પોષણ કે અભિવૃદ્ધિની મોટી મ્હેલાતો મ્હેલી શકાય છે.

આ આદેશનું યથાર્થ શ્રવણ, જ્ઞાન, શ્રદ્ધા અને અનુકૂળ અનુષ્ઠાનજ નાસ્તિકવાદનો નિરાશ કરે છે, અદ્વૈતવાદને નસાડી મૂકે છે, શૂન્યવાદને સ્હારી નાખે છે, સાંખ્ય અને યોગના વાદને વિષમી દશા થાય તેવી રીતે વખોડી નાખે છે અને આત્માને ભવ્યત્વના ભવ્ય દેખાવમાં દાખલ કરી શુકલ પાક્ષિકપણાના પરોણા બનાવી સમ્યક્ત્વનાં સખા સરજી વિરતિવનિતાનું વિશ્રામસ્થાન વિસ્તારનાર બનાવી અવ્યયપદથી અવ્યાબાધ વરમાળા વરવાને લાયક બનાવે છે.

આ આદેશના ઉદ્યોતવાળા ઉદ્દેશમાંજ ક્રિયાવાદિપણાના કીડાની ઉત્પત્તિ થતી નથી, અક્રિયાવાદી ક્રૂર રાક્ષસોનો પ્રચાર પોસાતો નથી, અજ્ઞાનવાદીઓનાં વાદળાં તો પ્રથમથીજ પોબારા ગણીને ગગનના ખુણા જેવા મૂર્ખ મનુષ્યોના મનોરથમાં મ્હાલવા જાય છે, અને વૈનયિકવાદના વાયરાના વાવાઝોડાનો તો વિધવિધ પ્રકારે વિલય થાય છે, ટુંકમાં ઉદ્યોત કરનાર ઉદ્યોતમાં ચોરો જેમ ચકં બની જાય છે, તેમ આ આર્હત્ ભગવાનના આદિમ આદેશના અવ્યાહત ઉદ્યોતમાં ત્રણસેં ને ત્રેસઠ પાખંડીઓના મતો ખંડખંડ થઈ વિખરાઈ જાય છે.

આ આદેશની આદિમાં અસ્તિતાને પ્રથમ સ્થાન આપી પર્યાયાસ્તિક યા પર્યાયાર્થિકની મુખ્યતા મોખરે આણી છે ને તેથી દ્રવ્યાસ્તિક કે દ્રવ્યાર્થિક કરતાં તેની શુદ્ધિ કે સૂક્ષ્મ બુદ્ધિગમ્યપણું જણાવવા સાથે શ્રદ્ધામાં અગ્રગામિપણું જણાવે છે.

આ આદેશમાં અસ્તિ શબ્દ એકલો ત્રણકાળની સત્તાને જણાવનારો અવ્યય તરીકે જે ગણાય છે, તે વાપરી આત્મરૂપી દ્રવ્યની ત્રણકાળની વર્તના માટે યોગ્યતા જણાવી ત્રણે

(જુઓ ટાઈટલ પાના બીજા પર)

# આર્હત્ શાસનનો આદિમ આદેશ.

''अत्थि मे आया उववाइए नत्थि मे आया उववाइए''

**આ આદેશ** સંભળાવનારા સંતો જગતની જનતા ક્વચિતજ પામે છે.

**આ આદેશ** સાંભળવામાં કે સંભળાવવામાં અઢાર અઢાર ક્રોડાક્રોડ સાગરોપમ જેવો અલ્પજ્ઞો જાણી, માની કે ચિંતવી પણ ન શકે તેવો લાંબો કાળ આંતરે ચાલ્યો જાય છે.

**આ આદેશથી** વેગળા આદેશોને દેનારા ઘરના ગૃહપતિઓ ગામના ઠાકોરો દેશના આદર્શો છ ખંડને આજ્ઞા દેનારા કે અવ્યય લોકના અખંડ ઠકુરાઈવાળા આખંડલો હોય પણ તે બધા પોતાના અને શ્રોતાના સર્વ આત્માને છેકજ છેતરનારા છે.

**આ આદેશ** જે સ્થળે સંભળાતો નથી કે તેને સંભળાવનાર સત્પુરુષો મળતા નથી તે સ્થળને સત્પુરુષો અનાર્યદેશ, અકર્મભૂમિ કે ભોગભૂમિ તરીકે જણાવે છે.

**આ આદેશને** સાંભળ્યા, જાણ્યા કે માન્યા સિવાયનું દાન તે ના હાનીયત છે, શીલ તે શિથિલતાનું સાધન છે, તપનું આચરણ તે અખંડ તાપથી તડફડવું છે, જે શુભલેશ્યા જેવી પરમ શુભલેશ્યાની ભાવના પણ ભવકૂપમાં ભમાડનારી છે.

**આ આદેશને** યથાર્થપણે ઓળખનારો જ આંધળો છતાં વિવેકદૃષ્ટિએ દેખનારાઓને દીપાવનાર છે, કાને બહેરો હોય છતાં સકર્ણ સમુદાયના શ્રવણને શોભાવનાર છે.

**આ આદેશને** ઝીલીને તેને ઝોલે ચઢનારો નરોત્તમ માત્ર સમિતિ અને ગુપ્તિના નામોજ જાણે તો પણ તે વિચક્ષણવર્ગને વર્ણનીય જ્ઞાની ગણાય છે.

**આ આદેશને** યથાતથ્યપણે અંતરમાં ન ઉતારે તો શ્રી મહાવિદેહ ક્ષેત્રના એક હજાર અને કંઈક ન્યૂન એકવીશ હાથીમાન શાહીથી લખી શકાય એટલા જ્ઞાનવાળો છતાં પણ તે શ્રી સંઘની કોઈ પણ વ્યક્તિ તરીકે ગણાતો નથી; તેમજ તેને મોક્ષમાર્ગની મુસાફરી કરવાનો મનોરથ પણ થયો નથી એ ચોક્કસ જ છે.

(જુઓ ટાઈટલ પાનું ત્રીજું)

તૃતીય વર્ષ, અંક ૧૭.

Registered No. B.3047




# શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

જ્યેષ્ઠ સૂદિ પૂર્ણિમા

તા. ૧૬-૬-૩૫

(ટાઈટલ પાના ત્રીજાનું અનુસંધાન)

માફક શાસ્ત્રકારના નામે જોખમે અને જવાબદારીએ ભવભ્રમણની માફક જાણે માને ને બોલે તે કરતાં અસીલની માફક પોતાના જોખમે અને જવાબદારીએ જાણે માને અને બોલે એ જ શ્રેયસ્કર છે એમ જણાવવા દરેક વક્તા અને શ્રોતાને પોતપોતાના આત્માનું અવ્યાબાધ નિત્યપણું અને ભવપરંપરામાં ભમવાપણું જાણવા, માનવાને કહેવાની જરૂર છે એમ ફરમાવે છે.

**આ આદેશથી** પૃથક પૃથક્ પરસ્પર સ્વરૂપ ભિન્ન એવાં સાત અને અનુભવ અથવા હેયોપાદેયની દૃષ્ટિથી ઉપયોગી એવાં નવ તત્વોને જણાવનાર જાણનાર ને મનાવનાર તથા માનનારાઓએ આદ્યમાં જ્ઞાન અને તેના અનંત ફલ તરીકે તથા બન્નેના ફલ તરીકે તથા પરમ ફલ તરીકે મોક્ષ મેળવવા માગનાર મનુષ્યે આત્માનું ભાન કરવાની આવશ્યકતા છે એમ સ્પષ્ટ કર્યું છે.

**આ આદેશથી** એ પણ સ્પષ્ટ કર્યું છે કે આત્માના અવ્યાબાધ સ્વરૂપને સમજનારે પ્રથમ સર્વ આશ્રવના મૂલ સ્થાનરૂપ જન્મ દેનારા એટલે સાંપરાયિકના આશ્રવથી પ્રથમ સાવચેત થવાની જરૂર છે.

**આ આદેશ** એ પણ સ્પષ્ટ કરે છે કે જેઓ પોતાના આત્માને જન્મની જંજીરમાં જકડાયેલો ગણી તે જંજીરને જંજેટી નાંખવા માટે જીવનને ઝંપલાવનાર જન જ જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળો છે અર્થાત્ જે મનુષ્ય આત્માનું નિત્યાનિત્યત્વ વિગેરે સમજે કે માને નહિ, અને જન્માદિને ટાળવાની બુદ્ધિથી વૈરાગ્યને વરે નહિ તે જીવો દુઃખગર્ભિત કે મોહગર્ભિત વૈરાગ્યમાં જ જકડાયા છે.

આવી રીતે અનેક પ્રકારે, અનેક અપેક્ષાએ વિચાર કરનારાઓ સ્પષ્ટપણે સમજી શકશે કે ગમનય અને ભંગના ભેદોથી પણ સૂત્રની અનન્તાર્થતા લેવી એ બરોબર જ છે.

(સંપૂર્ણ)

---

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.





(પાક્ષિક)

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ — ઉદ્દેશ — છૂટક નકલ રૂા. ૦-૧-૬


નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

तीर्थेशा दत्तमार्गाः सततगुणिपदाः सिद्धिसाम्राज्यभाजः,
पंचाचारप्रवीणा गणिन इह सदाध्यापका वाचका ये ।
साहाय्यात् मोक्षसिद्धौ मुनय उदितभा अन्विताः शुद्धदृष्ट्या,
ज्ञानेनावद्यमुक्त्या विविधसुतपसा सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

મોક્ષમાર્ગ સદા દિયે જે જિનવરો ગુણ ધારતા, સિદ્ધ નિત્ય ગણેશ પંચાચારધારક વાધતા;
અધ્યાપકો વરવાચકો શિવસાધને મુનિ જોડમાં, એ પાંચસંયુત બોધદર્શન ચરણતપ સિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક"


| | | |
|---|---|---|
| તૃતીય વર્ષ<br>અંક ૧૭ | મુંબઈ તા. ૧૬-૬-૩૫ રવિવાર<br>જેઠ સુદિ પૂર્ણિમા | વીર સંવત્ ૨૪૬૧<br>વિક્રમ ,, ૧૯૯૧ |


# આગમ-રહસ્ય.

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ.

**અભિગ્રહ વખતે અવધિના ઉપયોગનો અભાવ.**

આ સ્થાને ભગવાન મહાવીર મહારાજે માતાપિતાના કાળનો તેના કારણનો પોતાની દીક્ષાનો અને તેના કારણપણાને જાણવામાંના ઉપયોગ અવધિજ્ઞાનથી મ્હેલેલો નથી પણ કદાચિત્ એમ માનીએ કે મ્હેલે તો પણ જેઓ માતાપિતાના

કાળધર્મ પોતાની અઠ્ઠાવીસ વર્ષની ઉંમરે થવાનો જાણે તેવી જ રીતે એ પણ સાથે જ જાણે કે હું દીક્ષાને પ્રતિબંધ કરનાર મોહનીયકર્મના નાશને માટે પ્રયત્ન નહિ કરું. જો કે અવધિજ્ઞાનથી દીક્ષાનો વખત પોતાની ત્રીશ વર્ષની ઉંમરે આવવાનો છે, અને માતાપિતા પોતાની અઠ્ઠાવીસ વર્ષની ઉંમર થશે ત્યારે જ કાળધર્મ પામવાના છે. આવી રીતે નક્કી જણાયેલું હોય તો અભિગ્રહનું સાર્થકપણું રહે નહિ, અને માતાપિતાના સ્નેહને લીધે અને તેમના મરણને બચાવવા માટે દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ કર્યો છે એમ કહી શકાય નહિ, માટે અભિગ્રહ કરતી વખતે અવધિજ્ઞાનનો ઉપયોગ મ્હેલ્યો નથી એ સહેજે સમજાય તેમ છે. શાસ્ત્રકારોએ જે ચારિત્રમોહનીયકર્મનું ઉપક્રમણીયપણું જણાવીને ભગવાન મહાવીર મહારાજના પ્રયત્નનો અભાવ જણાવ્યો છે તે ઘરમાં રહેવાની અપેક્ષાએ જણાવ્યો છે. અવધિજ્ઞાનથી ત્રીસ અને અઠ્યાવીશ વર્ષ પછી બનવાવાળા બનાવો અવધિજ્ઞાનથી દેખ્યા અને તે છતાં અભિગ્રહ કર્યો કેમ ? એવા વિષયને અંગે, તે પ્રશ્નોત્તર નથી ને પ્રયત્ન નહિ કરવાનું સમાધાન પણ તેને અંગે જણાવેલ નથી, અને ઉપર કહેલ રીતિ પ્રમાણે તે અવધિજ્ઞાનનો ઉપયોગ પહેલેથી કર્યો હતો એમ માની શકાય તેમ નથી.

### સર્વદીક્ષામાં માતાપિતાની રજાની જરૂરીયાત નહિ

આ અભિગ્રહ ઉપરથી એક વાત એ પણ નક્કી થાય છે કે દીક્ષા લેનાર મનુષ્યને સર્વ અવસ્થામાં માતાપિતાની રજા જોઈએ જ એવો નિયમ નથી, કેમકે જો માતાપિતાની રજા સિવાય દીક્ષા થઈ શકે તેમજ ન હોય તો ભગવાન મહાવીર મહારાજને માતાપિતા જીવતાં સુધી હું દીક્ષા નહિ લઉં એવો અભિગ્રહ કરવાની જરૂર રહેત નહિ, કેમકે જગતના સામાન્ય નિયમ પ્રમાણે કોઈપણ મનુષ્ય પોતે સંસારમાં રહે અને પોતાના પુત્રને દીક્ષા અપાવવા રાજી થાય એ સંભવિત નથી.

### કુટુંબનું રોદન આદિ દીક્ષાનું ચિહ્ન

એ જ કારણથી શ્રીસિદ્ધહેમશબ્દાનુશાસનની બૃહદ્‌વૃત્તિમાં તેમજ લઘુવૃત્તિમાં તેમજ તેના ન્યાસમાં षष्ठीवाडनादरे સૂત્રની વ્યાખ્યામાં રોતાકકળતા અને આક્રોશ કરતા. માતાપિતાદિ કુટુમ્બનો અનાદર કરીને દીક્ષા લેવાનું જણાવતાં તે દીક્ષાને રૂદનને પરસ્પર લક્ષ્યલક્ષણ તરીકે જણાવેલું છે. એકલા જૈનશાસ્ત્રોએ જ દીક્ષાને આવી સ્થિતિ જણાવી છે તેમ નહિ, પણ સિદ્ધાન્તકૌમુદી, સિદ્ધાન્ત ચન્દ્રિકા તેમજ સારસ્વત જેવા આશ્રમની વ્યવસ્થા માનવાવાળા વ્યાકરણોએ પણ તે જ સૂત્રમાં તે જ ઉદાહરણો તેવી જ રીતે સ્પષ્ટપણે જણાવેલાં છે, અર્થાત્ દીક્ષા કે સંન્યાસને લેવાવાળો મનુષ્ય માતાપિતાના રૂદનને, કુટુમ્બના આક્રોશને અને લોકોના નિષેધને ન જ ગણે અને તેમ હોય તો જ દીક્ષા કે સંન્યાસ ગ્રહણ કરી શકે. આ સાથે ધ્યાન રાખવાની જરૂર છે, કે અન્ય ધર્મીઓની માન્યતા પ્રમાણે મુખ્યતાએ આશ્રમના નિયમો જાળવીને પણ પુખ્ત ઉંમરે લેવાતો સંન્યાસ માબાપ, કુટુમ્બ તથા લોકોને રૂદન, આક્રોશ તેમજ નિષેધને પ્રગટાવનારો થતો હતો, તો પછી જૈન શાસન કે જેમાં આશ્રમનો કોઈ પણ પ્રકારે નિયમ નથી, અને સ્પષ્ટપણે સ્થાન સ્થાન ઉપર આશ્રમના નિયમોનું ખંડન કરવામાં આવેલું છે તેવા જૈનશાસનમાં તો માબાપની રજાથી જ દીક્ષા કે સંન્યાસ લેવાય એવો નિયમ તો હોય જ ક્યાંથી? આ સંન્યાસપ્રસંગને અંગે આશ્રમનો વિચાર કરીએ તો તે અસ્થાને તો નહિ જ ગણાય.

### પિંડદાનનું પોકળ

જૈનશાસ્ત્રોના નિયમ પ્રમાણે પિંડપ્રદાનની ક્રિયા એક પાખંડ છે, અને તેથી પિંડપ્રદાન માટે

પુત્રની પ્રાપ્તિ જૈન શાસ્ત્રકારોએ ઈષ્ટ ગણી નથી. વળી પુત્રે દીધેલા પિંડથી મરી ગયેલા માતપિતાની સદ્ગતિ થાય તેમ પણ માનેલું નથી. અર્થાત્ અપુત્રને સદ્ગતિ ન થાય એમ કોઈ પ્રકારે શાસ્ત્રકારોએ માનેલ નથી અને તેથી જ આશ્રમના નિયમને ધર્મની કક્ષામાં કોઈપણ પ્રકારે ગણેલ નથી, એટલું જ નહિ પણ જૈનશાસ્ત્રકારોએ તો માતાપિતા, સ્ત્રી, પુત્ર વિગેરે સર્વ દુર્ગતિના કારણ તરીકે મનાવી ભવસમુદ્રમાં ડુબાડનાર તરીકે માનેલા છે. તેથી આશ્રમની વ્યવસ્થામાં માન્યતા ન રાખે તે સ્વાભાવિક છે.

### આયુષ્યના અનિયમે આશ્રમના નિયમની વ્યર્થતા

વળી મનુષ્યગતિમાં તો શું પણ મનુષ્ય અને તિર્યંચ બન્નની ગતિમાં જીંદગીનો અંત આવવાનો જ્યાં નિયમિત નિયમ નથી ત્યાં સો વર્ષનું જીંદગી નિયમિત માની લેવી અને તે પ્રમાણે માત્ર કલ્પના કરી લીધેલી ઉંમરના વિભાગો પાડી આશ્રમની વ્યવસ્થા બાંધવી તે કોઈપણ પ્રકારે સમજુ મનુષ્યને લાયકનું ગણી શકાય જ નહિ.

### અધિકના નિષેધ માટે પણ નિયમ યોગ્ય નથી

જો કદાચ આશ્રમની વ્યવસ્થાનો અર્થ એ કરવામાં આવે કે તે તે સંખ્યાના વર્ષો કરતાં વધારે વર્ષ તે તે આશ્રમમાં રહેવું ન જોઈએ એવા નિષેધની મુખ્યતાએ આશ્રમના નિયમનો અર્થ કરવામાં આવે તો સામાન્ય દૃષ્ટિએ તેમાં વિરોધ જેવું નહિ જણાય પણ તત્વદૃષ્ટિએ તો તે અર્થની અપેક્ષાએ પણ આશ્રમની વ્યવસ્થા વ્યાજબી નથી, કેમકે અધિકતા નિષેધનું વિધાન કરતાં પણ તે તે મુદતનું વિધાન અર્થાપત્તિએ થઈ જાય છે, અને પાપમય ગૃહસ્થાશ્રમનું વિધાન કરવું તે આત્માના સ્વસ્વભાવને પ્રગટ કરનાર અને તદ્રૂપ એવો પવિત્ર આશ્રમ એક ક્ષણ પણ રોકવો તે કરૂણાના આકર એવા હિતકર પુરુષોને કોઈપણ પ્રકારે ઉચિત નથી.

### શ્રુતિનું બલવત્તરપણું હોવાથી અનિયમ

જો કે અન્ય મતાવલંબીઓમાં શ્રુતિદ્વારાએ જે દિવસે સંસારથી વિરકતપણું આત્માને થાય, તે જ દિવસે કોઈપણ આશ્રમમાં તે રહેલો હોય તો પણ તેને પ્રવ્રજ્યા અંગીકાર કરી લેવી જ જોઈએ. આવી રીતે શ્રુતિનો ચોખ્ખો મત છતાં માત્ર સ્મૃતિકારોએ જ આશ્રમના નિયમને બાંધી લોકોને પાપમાર્ગમાં કર્મોદય અને દુર્બુદ્ધિથી પ્રવર્તી રહેલા હતા તેમને વધારે મજબુત કર્યા પણ તે લોકોના મત પ્રમાણે જ શ્રુતિ અને સ્મૃતિના પ્રસંગમાં શ્રુતિનો આધાર બલવત્તર ગણાતો હોવાથી કોઈ પ્રકારે આશ્રમનો નિયમ નિયમિત છે એમ માની શકાય તેમ નથી. જો કે કોઈ ગાયકવાડ જેવી શ્રદ્ધાથી છૂટેલી અને જડવાદમાં જકડાયેલી અને કેવળ વિષયવાસનાના વમળમાં વ્હેતી રહેતી, ગૃહસ્થપણામાં મોજ માનતી, ત્યાગી અવસ્થાને કષ્ટમય ગણતી સરકાર કદાચ તેવો અવિવેકભર્યો અને આસ્તિકને ન છાજતો એવો પ્રતિબંધ કરે, પણ સ્મૃતિકાર કે જેઓ મહર્ષિ તરીકે ગણાય તેવાઓ જો આશ્રમનો નિયમ બાંધી પવિત્ર પ્રવ્રજ્યા આશ્રમને અર્થાપત્તિથી પણ દૂર ધકેલવાનું કરે તો તે આર્ય લોકોને માટે તેઓ અક્ષમ્ય જ છે.

### સ્મૃતિવાક્યોનો ફલિતાર્થ

આ વાત તો જાણીતી છે કે સ્મૃતિકારોના આશ્રમના નિયમિત નિયમને જણાવનારાં વાક્યો પાપની પ્રવૃતિ કરનારાઓને તો બાધ કરનારાં થવાનાંજ નથી, કેમકે એ સ્મૃતિકારના વાક્યો પ્રમાણે પણ ગાયકવાડની સરકાર પોતાના રાજાને તે ઉંમરના નિયમ પ્રમાણે વર્તી. વાનપ્રસ્થાશ્રમ લેવાની ફરજ પાડી શકે તેમ નથી, પણ માત્ર તે સ્મૃતિકારોના વાક્યોને નામે તે ગતાગમ વગરની ગાયકવાડી સરકારની માફક પાપપરાયણ લોકો

પવિત્ર સ્થાનમાં પ્રતિબંધ કરવાને માટે જ તૈયાર થાય, એ વસ્તુ પણ સ્મૃતિકાર મહર્ષિઓએ ધ્યાનમાં લીધી નથી.

### ગૃહસ્થાશ્રમની પાપપરાયણતા

સર્વ દર્શનોથી આ વસ્તુતો નિશ્ચિત તરીકે સ્વીકારાઈ છે કે ગૃહસ્થાશ્રમ એ અધમાધમ પ્રવૃત્તિઓનું સ્થાન છે, અને આત્મવિકાસ માટે અનુકૂળ તથા જગતના જીવોને પારમાર્થિક ઉપકારનું સ્થાન જો કોઈપણ હોય તો તે માત્ર પ્રવ્રજ્યાવાળી અવસ્થા જ છે, તો પછી તેવા પાપમય સ્થાનને પોષવા અને ઉત્તમોત્તમ સ્થાનની પ્રાપ્તિનો પ્રતિબંધ કરવા સાક્ષાત્ કે અર્થાપત્તિથી કોઈપણ કલ્યાણકાંક્ષી તૈયાર હોયજ નહિ.

### ભગવાનનો અભિગ્રહ ઔદયિક

આ જ કારણથી ઉપર જણાવેલો ખુદ્ મહાવીર મહારાજનો માબાપની ભક્તિ માટે તેમની દયાને લીધે પ્રેરાઈને તેમના જીવતાં સુધી સાધુપણું નહિ લેવાનો અભિગ્રહ કર્મના ક્ષયોપશમને લીધે થયેલો નહિ ગણતાં ચારિત્રમોહનીયના ઉદયને લીધે જ ઘરમાં રહેવાની અવસ્થા કરવાવાળો ગણવામાં આવેલો છે.

### જૈનાભાસની જીહ્વાનું ઝેર

જગતમાં અધમ વિચારવાળા મનુષ્યોના વેશને સ્થાનનો કોઈપણ નિયમ નથી, તેવી રીતે જૈન શાસનમાં જોડાયેલા જીવો પણ ઉંચામાં ઉંચી સાધુઅવસ્થાને પ્રાપ્ત થયા છતાં ધર્મના સ્વરૂપને જ નહિ જાણનારા અથવા જાણવા છતાં નહિ માનનારા હોઈ આશ્રમના નિયમને વળગવા જાય તો તેમાં જૈનશાસનને જાણનાર અને માનનાર જનો તો તેવાના વચનને ન્યાયની કોટીથી કરોડો ગાઉ દૂર ગણે એ સ્વાભાવિક છે, કેમકે જૈનધર્મની ઉત્તમતાને અંગે છેદ અને તાપની શુદ્ધિ તરીકે ગણાયેલાં ઉંચાં સ્થાનો તો દૂર રહ્યાં પણ માત્ર કષની શુદ્ધિ તરીકે ગણાયેલાં પ્રથમ સ્થાનમાં જીવહિંસાદિનો સર્વથા નિષેધ અને અધ્યયનાદિકનું ઉંચામાં ઉંચું વિધાન ગણેલું હોવાથી જૈનધર્મના પહેલા પગથીયે રહેલો મનુષ્ય પણ આશ્રમના નિયમને પાલનીય તરીકે માની શકે નહિ. વળી પાશ્ચાત્ય લોકોના જડવાદના શ્રવણને પ્રતાપે જેમ લોકો જડવાદમાં જકડાય છે, અને તે જડવાદમાં જકડાયા પછી તે જકડાયેલો મનુષ્ય પોતાની બુદ્ધિનો ઉપયોગ તે જડવાદના પોષણને અંગે જ કોઈપણ રસ્તે કરે છે, તેમ શ્રુતિ અને સ્મૃતિને માનવાવાળા મનુષ્યોના આગેવાનોના અધ્યક્ષપણાના અંકોડામાં અંજાયેલો આદમી જન્મે જૈન હોય તો પણ અને વેશથી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના પવિત્રત્તમ વેશને પહેરનારો હોય તો પણ પોતાને મળેલી યત્કિંચિત્ બુદ્ધિનો ઉપયોગ ન્યાયયુકત માર્ગના ખંડન કરવામાં જ કરે, તો તેથી કોઈપણ જૈને કે જૈનેતરે આશ્ચર્ય પામવા જેવું નથી કેમકે તે ન્યાય માર્ગથી હીન એવા સંસ્કારો તેણે જૈન ધર્મથી વટલીને જ લીધેલા છે.

### ગૃહસ્થાશ્રમને ઉત્સર્ગ માર્ગ જણાવનારની જડતા

જો તેવા અન્યાયપૂર્ણ અનાડી સંસ્કારોથી વાસિત થયેલો તે મનુષ્ય ન હોય તો જે ગૃહસ્થાશ્રમને જિનેશ્વર મહારાજાઓએ પાપમય ગણ્યો છે અને ગણાવ્યો છે તે ગૃહસ્થાશ્રમને જિનેશ્વર મહારાજના નામે ઉત્સર્ગ માર્ગ તરીકે ગણાવવા જૈનધર્મના સંસ્કારવાળો મનુષ્ય તૈયાર થાય જ નહિ વળી તેમાં ન્યાયને નામે નાચ કરનારો જગતમાં પણ ઘણા મનુષ્યની પ્રવૃત્તિ એ ઉત્સર્ગ માર્ગ નથી કેમકે તેમ ગણીએ તો પત્થર અને લોઢાના ઢગલા ઘણા છે. વેશ્યા અને કુલટાઓનો કંઈ પાર નથી પણ હીરા અને સોનું તથા સતીપણાને ધારણ કરનારી વ્યક્તિઓ ઘણી ઓછી હોય છે પણ તેટલા માત્રથી જગતના

સામાન્ય ન્યાયને જાણનારો મનુષ્ય પણ પત્થરપણું, લોઢાપણું, વેશ્યાપણું કે કુલટાપણું એ ઉત્સર્ગ માર્ગે છે, અને સોનાપણું, હીરાપણું કે સતીપણું એ અપવાદ માર્ગે છે એમ કહેવા તૈયાર થતો નથી તો પછી ન્યાયની નદીમાં નાહીને નિષ્ણાતપણું ગણાવનાર મનુષ્ય બાવીશ તીર્થંકરોએ કરેલા ગૃહસ્થાશ્રમને સાવદ્યપૂર્ણ હોવા છતાં ઉત્સર્ગ માર્ગ ગણાવવા તૈયાર થાય તેની ન્યાયદૃષ્ટિની કેટલી મોટી હોળી સળગી હશે તે વાચકોને જ વિચારવા જેવું છે.

**સંસારમાં ગોંધવાનો કોઈને પણ અધિકાર નથી**

વળી, વાચકોએ એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે : શ્રુતિ, સ્મૃતિ કે કોઈપણ અન્ય શાસ્ત્રને કરવાવાળો મનુષ્ય કોઈપણ જીવ ઉપર થતા પાપના ફળરૂપે થતા દુઃખના હલ્લાને રોકવા માટે શક્તિમાન હતો નહિ, છે નહિ, અને થશે પણ નહિ તો પછી તેવો શાસ્ત્રકાર જીવો પોતાની મેળે પાપના કાર્યોથી બચે તેમાં નિષેધ કરવાને માટે કોઈપણ દિવસ ન્યાયની દૃષ્ટિએ તૈયાર થઈ શકે જ નહિ. જગતમાં પણ જેઓ શત્રુના હલ્લાથી બચાવી શકે નહિ તેઓને શત્રુઓ ઉપર કરાતા હલ્લાને રોકવાનો હક નથી, તો પછી ભવ્ય જીવો પાપ ઉપર, હલ્લો કરે તેમાં સડેલી સરકારો કે અધમ અવાજવાળા આદમીઓ ન્યાયની દૃષ્ટિએ કોઈપણ પ્રકારે રોકાણ કરવાનો હક્ક ધરાવી શકે જ નહિ.

(અપૂર્ણ)


## જાહેર ખબર

નવીન બહાર પડેલા ગ્રંથો.

| | |
|---|---|
| ૧. તત્ત્વતરંગિણી. | ૦-૮-૦ |
| ૨. લલિતવિસ્તરા. | ૦-૧૦-૦ |
| ૩. સિદ્ધપ્રભા બૃહદ્વ્યાકરણ. | ૨-૮-૦ |
| ૪. આચારાંગ પ્રથમ ભાગ | ૩-૮-૦ |
| " " ભાગ લેજર કાગળ પર | ૫-૦-૦ |

નવા છપાતા ગ્રંથો.

૧. ઉપદેશમાલા અપરનામ પુષ્પમાલા.
૨. તત્ત્વાર્થસૂત્ર શ્રીહરિભદ્રસૂરિ ટીકા.
૩. ભગવતીજી શ્રી દાનશેખરસૂરિ વૃત્તિ.
૪. વિશેષાવશ્યક ભાષ્યમ્.
કોટયાચાર્યકૃત ટીકા વિભૂષિતં.

શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત.

# અમોઘ દેશના

(ગતાંકથી ચાલુ)

## નાહ્યા તેટલું પુણ્ય ન માનતા.

બીજા દર્શનોમાં અને આપણા દર્શનોમાં એક મહત્વનો તફાવત છે. આ તફાવત શું છે તે ધ્યાનમાં લેજો. આ તફાવત બહુ જ સૂક્ષ્મ છે પરંતુ તે વિચારવા જેવો છે. બીજા દર્શનીઓ તરત કહી દેશે કે ભાઈ નાહ્યા તેટલું પુણ્ય, કર્યો તેટલો ધર્મ! જૈનશાસનને તો આ વાત જરાય માન્ય નથી. જૈન શાસન તો સ્પષ્ટ રીતે કહે છે કે નાહ્યા તેટલું પુણ્ય કે કર્યો તેટલો જ ધર્મ નથી પરંતુ જેટલું નથી કર્યું તેટલો અધર્મ છે, ન નાહ્યા તેટલું પાપ. બીજા શાસનોમાં જેટલો કરીએ એટલો ધર્મ છે ત્યાં થાય તેટલું કરવાનો કાયદો છે અહીં થાય તેટલું કરવાનો કાયદો નથી અહીં તો પૂરેપૂરું કરવાનો કાયદો છે. આપણે આત્માને કેવા સ્વરૂપનો માનીએ છીએ તેનો વિચાર કરજો. આત્માને આપણે સામાન્ય માનતા નથી. તેને આપણે પૂર્ણ, શુદ્ધ, સર્વજ્ઞ, વીતરાગ રૂપ માનીએ છીએ જો તેને એવો માન્યા પછી પણ તેના એ ગુણોની તેને પ્રાપ્તિ કરાવી આપવાનો આપણો પ્રયત્ન ન હોય તો આપણા પ્રયત્નમાં જેટલી ન્યૂનતા હોય તેટલી જ આપણી મહાભયંકર ખામી જ છે. 'કર્યો એટલો ધર્મ' એ સિદ્ધાંત તો દેખીતો અને હડહડતો જ જુઠો છે. ધારો કે તમોએ કોઈને રૂપીયા પચાસ હજાર ધીર્યા છે. આ પચાસ હજારમાંથી તમોને ફક્ત ૧૦ હજાર પાછા મળ્યા અને તે ધણીએ દેવાળું કાઢી દીધું, તો શું આ સંયોગોમાં તમે આ દશ હજારને "દશ હજાર કમાયા" એમ ગણો છો? તમે એ રૂપિયા જમા કરીને બાકીના રૂપિયાની બાકી કાઢો છો કે આ દશ હજાર મળ્યા તે વટાવ મળ્યો ગણી વટાવ ખાતે જમા કરો છો ? જે માણસને નામે તમે આખી રકમ ઉધારી હોય તે જ માણસને નામે તમે પૈસા જમા કરો છો અને પછી તેને નામે બાકીના પૈસાની બાકી કાઢો છો, અને એ બાકી કાઢીને એનું ખાતું આગળ ખેંચો છો, અને ૪૦ હજાર બાકી રહ્યા એમ હંમેશાં યાદ રાખો છે.

## અહીં પણ બાકી ખેંચો

એ જ પ્રમાણે આપણે તો અહીં પણ વર્તવાનું છે. જેઓ આત્માને જડ, જ્ઞાનહીન અને દ્રવ્યજ્ઞાન માનતા હોય તેમને માટે એ હિસાબ ચાલી શકે છે કે જેટલું મળ્યું તેટલો લાભ જેણે કાંઈ રકમ ધીરી જ નથી તેને દશ હજાર મળી આવે તો એ એનો નફો ગણાય પરંતુ જેને લાખો ધીર્યા હોય અને દશ હજાર જ પાછા મેળવે તેણે તો દશ હજાર રૂપીયા નફો મેળવ્યો છે એવું ગણી શકાતું જ નથી. તે જ પ્રમાણે જેણે આત્માને સર્વજ્ઞ નથી માન્યો તેઓ જેટલું જ્ઞાન થાય એટલો લાભ એવું ગણીને તે પ્રમાણે સંતોષ માની શકે છે પરંતુ જેમણે આત્માને સર્વજ્ઞ માન્યો છે તેમણે તો સર્વજ્ઞપણું મેળવવામાં એક રતિ બાકી રહી હોય ત્યાં સુધી અસંતોષ જ માનવાનો છે અને બાકી જ ખેંચવાની છે. જેમ વ્યવહારમાં આવેલી રકમ જમા કરીને બાકીનાની બાકી ખેંચો છો તેજ પ્રમાણે અહીં પણ જે મેળવ્યું હોય તેનું સ્મરણ રાખી બાકી રહેલા માટે તમારે સતત્ અને એકધારો પ્રયત્ન કરવાનો છે. તમો જે ગુણો નથી મેળવી શક્યા તેની બાકી કાઢીને એ બાકી આગળ બધી ખેંચતા તેનું કારણ એ છે કે તમે હજી તમારા લક્ષની પાછળ પડ્યા નથી અને લક્ષ તરફ તમારું જોઈએ તેટલું ધ્યાન ખેંચાયું જ નથી.

## એક રકમ પણ ખોટી ન ચાલે

આત્મા સઘળા ગુણોથી યુક્ત છે, તે પૂર્ણજ્ઞાનરૂપ છે અને વીતરાગ સ્વરૂપ છે એ વાત હજી તમારા જાણવામાં જ આવી નથી અને એ વાત જો તમારા જાણવામાં આવી હોય તો એ વાતને તમે પચાવી શક્યા નથી. જો તમે એ વાતને તમારા હૃદયમાં તમારા લોહીના અણુએ અણુમાં પચાવી શક્યા હોત તો જરૂર તમે એક જ કલાક વિરતિપણામાં ગાળો છો અને તેવીસ કલાક અવિરતિપણામાં ગાળો છો તેનો તમોને વિચાર આવ્યો હોત. તમે એક કલાક વિરતિપણામાં ગાળો છો અને બાકીના તેવીસ કલાક અવિરતિપણામાં ગાળો છો. તમે તેવીસ કલાક અવિરતિપણામાં શા માટે રહ્યા એનો તમોને કદી વિચાર સરખો પણ આવતો નથી. એક બાજુ તમારો એક કલાક છે ત્યારે બીજી બાજુ તમારા તેવીસ કલાક છે હવે ક્યું પાસું વધી જાય છે તેનો વિચાર કરજો. તમે ચોપડામાં ૯૯ રકમો ખરી લખી છે અમે સોમી રકમ ખોટી લખી મારી છે. જો તમારો આ ચોપડો કોર્ટમાં રજુ થાય અને તમારું પોકળ ફૂટી જાય તો તમારી ૯૯ રકમ સાચી છે તેને માટે તમોને ઈનામ નથી મળવાનું પરંતુ એક રકમ ખોટી લખી હોય તો તે માટે તમોને દંડ જ થવાનો છે. શાહુકારનો ચોપડો તો તે જ છે કે જેમાં એક પણ રકમના સંબંધમાં ગોલમાલ હોતી નથી જો એક પણ રકમના સંબંધમાં ગોલમાલ હોય તો સમજી લે જો કે એ શાહુકારનો ચોપડો જ નથી તે ખોટો ચોપડો છે અને તેથી એ ચોપડો બિનશાહુકારી છે.

## ન થયું એટલું પાપ સમજો.

જેમ શાહુકારના ચોપડામાં એક પણ ખોટી રકમ શોભતી નથી તેના આખા ચોપડામાં એક પણ રકમ ખોટી હોય તો તે તેને કલંક રૂપ છે તે જ પ્રમાણે તમારા આત્માના વ્યવહારમાં જો એક પણ કાર્ય સંસારને પોષવારૂપ હોય ત્યાં સુધી તેને પણ તે શોભાસ્પદ નથી જ નાહ્યા એટલું પુણ્ય અને કર્યો તેટલો ધર્મ એ શબ્દો જૈનશાસનમાં સાચા નથી માટે અહીં, આ શબ્દોને ગોખી ન રાખો અહીં તો જો તમારે કાંઈ પણ ગોખી રાખવું હોય તો એ ગોખી રાખો કે "ન કર્યો તેટલો અધર્મ" આત્માને વીતરાગ સ્વરૂપ માન્યા પછી તમે જ્યાં સુધી એ વીતરાગપણું નથી મેળવ્યું ત્યાં સુધી તમારે તમારા ચોપડામાં બાકી જ કાઢવાની છે અને એ બાકી કાઢીને એ બાકી વસૂલ કરવાની પાછળ તમારે મંડ્યા રહેવાનું છે. જો તમે એ રીતે મંડ્યા ન રહો તો એ તમારી મોટામાં મોટી ખામી જ તમારે સમજી લેવાની છે. વીસવસા તમારે પૂરેપૂરા મેળવવાના છે વીતરાગપણાની પ્રાપ્તિ માટે એ વીસવસા મેળવવાના છે. જ્યાં સુધી તમો એ વીસવસાની દયા નથી મેળવી શક્યા ત્યાં સુધી તમોને જંપ ન હોવો જોઈએ. તમે હજી તો પાશેરામાં પહેલી પૂણી નાખો છો તમારો હજુ સવા વસો જ થયો છે અને ૧૮॥ વસા તમારા બાકી જ છે એ બાકી રહેલા વસાની બાકી ખેંચીને તમારે એ બાકી ભરપાઈ કરવાને માટે મથવાનું છે. આરંભ, પરિગ્રહ વિષય કષાય, ઈત્યાદિ આત્માને ડુબાડી રહ્યા છે. એ તમારે વિચારવાનું છે.

જે પોતે પોતાના ખાતામાં પોતાને નામે રહેલી આ બાકી સમજી શકે છે તેવો આત્મા પોતાને અધર્મી સમજે એમાં કાંઈ પણ નવાઈ નથી. તમારી ફરજ છે કે તમારે જે નથી થયું ને પણ પાપ એ વિચારને સદા સર્વદા મનમાં ગોખી રાખવો જોઈએ અને તમારી બાકી ભરી કાઢી સર્વજ્ઞપણું-વીતરાગપણું મેળવવામાં સતત પ્રયત્ન કરવો જોઈએ એવા સતત પ્રયત્નની શરૂઆત એ જ સાચી જિંદગીની શરૂઆત છે.

(સમાપ્ત)

## આગમના ગ્રાહકોને સૂચના

અમારા માનવંતા આગમના ગ્રાહકોને જણાવવાનું કે આચારંગસૂત્રનો પ્રથમ ભાગ તૈયાર થયો છે. માટે ડીપોઝીટ ભરનારાઓને વિનંતિ છે કે તેઓએ પોતાનું પૂરેપૂરું હાલનું સરનામું નીચેના ઠેકાણે મોકલવું જેથી વી. પી. ગેરવલ્લે ન જાય.

ડીપોઝીટવાળાના જવાબ આવેથી જ તેમના લખેલા સરનામે પહેલો ભાગ મોકલવામાં આવશે. પોસ્ટખર્ચ જેટલું વી. પી. થશે. આચારાંગ પ્રથમ ભાગની કિમત રૂા. ૫-૦-૦ રાખવાં આવી છે, જે ડિપોઝીટમાંથી વસુલ કરવામાં આવશે.

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.
લાલબાગ ભૂલેશ્વર,
મુંબઈ નં.૪

---

### શ્રી સિદ્ધચક આરાધકોં કે લિયે અપૂર્વ પ્રસંગ

# શ્રી સિદ્ધચક્રારાધન તીર્થોદ્ધાર

મનોહર માલવ પ્રદેશકી ઉજ્જૈન નગરીમેં ૧૧ ગ્યારા લાખ વર્ષ પૂર્વ સિદ્ધચક્રકી આરાધના કરનેવાલે શ્રી સિદ્ધચક્રારાધનૈકબદ્ધકક્ષ મહારાજા શ્રી શ્રીપાલ એવં સતી શિરોમણી મયણાસુંદરીકે પવિત્ર આરાધન સ્થળ શ્રી ઋષભદેવજીકે મંદિર જો ખારાકુવા, દેરા ખિડકીમેં હે ઇસ મંદિરકા જિર્ણોદ્ધાર કરના અત્યન્ત આવશ્યક હોનેસે રૂ. ૨૫૦૦૦) પચીસ હજારકી જરૂરત હૈ.

યહ સિદ્ધચક્રકી આરાધનાકા ભારતવર્ષમેં મુખ્ય તીર્થ હોનેસે શાસનકી પ્રભાવના બઢાનેકે લિયે ઇસકા ઉદ્ધાર હોના બહુત જરૂરી હૈ ઇસલિયે ભારતવર્ષકે સમસ્ત ભાઈ બહનોસે સવિનય નિવેદન હૈ કિ ઇસ તીર્થકે ઉદ્ધારકે લિયે યથાશક્તિ નાશવંત (ચંચલ) લક્ષ્મીકા સદુપયોગ કરકે પુણ્યાનુબંધી પુણ્યકે હિસ્સેદાર બનનેકે લિયે કટિબદ્ધ હો જાવેં !

નોધ :- જિન ભાઈ બહનોંકો ઇસ અમૂલ્ય કાર્યમેં ભેટ ઔર તીર્થ વ યાત્રિકોપયોગી ઉપકરણ વગૈરા દેના હો વહ નિમ્નાંકિત પતે પર ભેજકર રસીદ પ્રાપ્ત કરલેવેં.

પત્ર વ્યવહાર ઔર રૂપયે ભેજનેકા પત્તા :-

**શ્રી ઋષભદેવજી છગનીરામકી પેઢી**

શ્રી સિદ્ધચક્રારાધન તીર્થ,
ખારાકુવા, દેહરા ખિડકી, ઉજ્જૈન (માલવા)

# ગોત્રકર્મની વિવિધતા અને તેના હેતુઓ

જૈન તેમજ જૈનેતર વર્ગ પણ સારી રીતે જાણે છે કે જગતમાં વર્તતા સર્વ પદાર્થોમાં બે પ્રકારનું એટલે જન્મ પામવાવાળા પ્રાણીઓને અંગે ઉચ્ચનીચપણું અને ઉત્પન્ન કરાતી વસ્તુઓને અંગે અસલી અને નકલીપણું રહેલું હોય છે.

૧. ખાણોમાં પેદા થતા હીરાઓમાં ઉચ્ચનીચપણું હોય છે, ને તે સારા લક્ષણવાળા હીરાને જાણવાવાળાઓથી અજાણ્યું નથી.

૨. હીરા, સાચા અને સારા છતાં પણ તેમાં દોરાવાળા અને સાફ એમ બે પ્રકારો હોય છે.

૩. હીરા પન્ના વિગેરેમાં ઘેરા રંગવાળા અને ફીકા રંગવાળાનો ભેદ પડે છે, ને તે પ્રમાણે તેની કિમ્મતમાં પણ ફરક પડે છે.

૪. ધાતુઓમાં લોઢા વિગેરે ધાતુઓની અધમતા અને ઉત્તમતા જોનારો કયો મનુષ્ય પૃથ્વીકાયના ભેદરૂપ ધાતુમાં પણ ઉત્તમતા અને અધમતા માનવા તૈયાર નહિ થાય ?

૫. વનસ્પતિમાં આંકડા ધંતૂરાદિ અને આંબા કેળ આદિ ઉત્તમ અને અધમ ભેદો શું નથી?

૬. શંખાદિમાં પણ વામાવર્ત અને દક્ષિણાવર્ત આદિ ભેદોને જોનારા અને જાણનારા મનુષ્યો તેમાં પણ ઉત્તમતા અને અધમતા માનનારા હોય જ છે.

૭. જાનવરોમાં પણ કૂતરા, ગધેડા વિગેરે અને હાથી, ઘોડા વગેરેની ઉત્તમતા અને અધમતા જગતમાં સિદ્ધ જ છે.

આ ઉપર જણાવેલ વસ્તુઓ જ્યારે સચેતન છે, અને સચેતનની ઉત્પત્તિ તે જીવના કર્મને આધીન છે, તો પછી કોઈપણ વિવેકીને તે તે જીવમાં તે તે પદાર્થોની ઉત્તમ યોનિ અને અધમ યોનિમાં ઉત્પત્તિ કરાવનાર તેવાં તેવાં સારાં અને હલકાં કર્મો માન્યા સિવાય છૂટકો જ નથી.

આ વાત તો સ્પષ્ટ છે કે હીરા આદિ વસ્તુઓ ઉપભોગમાં આવનારી છે અને તેથી તે વસ્તુઓની ઉત્તમતા અને અધમતા તેના સ્પર્શ, રસ, ગંધ કે રૂપ આદિ વિષયોની અધિકતા અને ન્યૂનતાને આભારી હોય છે, પણ મનુષ્યની જાત મોટે ભાગે ઉપભોગ કરનારી જાત છે, અને તેથી તેની જાતની ઉત્તમતા અને અધમતા તેના રૂપ, રસ, ગંધ કે સ્પર્શની શ્રેષ્ઠતા અને હીનતા કે અધિકતા અને ન્યૂનતાને આભારી નથી, અને તેથી સારી, પીળી લાલ કે તેવી ચામડી વિગેરેને આધારે મનુષ્યની ઉત્તમતા કે અધિકતા કલ્પવી કે માનવી તે મનુષ્યત્વના સ્વભાવ અને ગુણને નહિ સમજનારને જ શોભે. આનો અર્થ એ નથી કે મનુષ્યમાં ઉત્તમતા કે અધમતા નથી, પરન્તુ એનો અર્થ એ જ છે કે મનુષ્યમાં ઉત્તમતા અને અધમતા જે છે તે રૂપાદિને આધારે જ નથી, પણ તેનું કારણ રૂપાદિ સિવાય બીજું કંઈક છે, અને હોવું પણ જોઈએ, કારણ કે ઉપભોગ્ય વસ્તુની ઉત્તમતા તેના ઉપભોગ્ય ગુણોની અધિકતાએ હોય અને ઉપભોક્તાની ઉત્તમતા કોઈપણ પ્રકારે તેના રૂપાદિ ગુણો જે માત્ર પોતાને જ ઉપભોગ્ય છે, અને કોઈપણ જાતિના જીવને મનુષ્યના રૂપાદિનો ઉપભોગ હોતો નથી માટે બીજાને ઉપભોગ્ય નથી તેને અંગે હોય જ નહિ. જગતની અપેક્ષાએ જેમ અન્ય પદાર્થો ઉપભોગના કારણે હોવાથી જરૂરી છે, તેમ મનુષ્યો કઈ અપેક્ષાએ જરૂરી છે તે વિચારવું ઓછું જરૂરી નથી. વિચારવાવાળાઓને

સહેજે માલમ પડશે કે જગતમાં પૃથ્વી જેવી ચીજ ન હોય તો મનુષ્ય વિગેરેને રહેઠાણ કે આધાર ન રહે માટી, પત્થર, લોઢું, સોનું, હીરા અને પન્ના જેવી ચીજો સ્વપ્ને પણ મળે નહિ. પાણી ન હોય તો વનસ્પતિ, જાનવર, પક્ષી, યાવત્ મનુષ્યનું પોષણ અને વૃદ્ધિ અશક્ય થાય. અગ્નિ જેવી વસ્તુ ન હોય તો ખોરાકની પાક દશા ન થાય, તેથી મનુષ્યોની કેવી હાલત થાય, તે જાણવા માટે વધારે નહિ તો ભગવાન ઋષભદેવજીના ચરિત્રમાં અગ્નિની ઉત્પત્તિને અંગે આહારની અજીર્ણતા આદિની સ્થિતિને સાંભળનારાઓ તે સ્થિતિ સંભાળે અથવા પ્રજાને ઉપયોગી એવા શિલ્પો અને કર્મોની ઉત્પત્તિ અથવા સમગ્ર સૃષ્ટિના નિર્વાહના કારણભૂત હુન્નર અને ઉદ્યોગોની સ્થિતિ વિચારવી જેથી અગ્નિની કેવી ઉપયોગિતા છે, અથવા અગ્નિના અભાવે જીવોના જીવનો કેવી મુશ્કેલીમાં આવી પડે તે સહેજે સમજાશે. વાયુ એટલે જાડી કે પાતળી હવા દરેક જીવ પછી મનુષ્ય હોય કે જાનવર હોય પણ તેને કેટલી છે એ કંઈ સમજાવવું પડે તેમ નથી, વનસ્પતિ ન હોય તો ફળફૂલ, કાષ્ઠ, ધાન્ય વિગેરે કોઈ પણ ચીજ ન હોય, ને જીવનનો નિર્વાહ અશક્ય જ થઈ પડે એવી જાનવર અને પંખી આદિને માટે પણ ઉત્તમતા કે અધમતા કહી શકાય તેમ છે, કેમકે તેમાં પણ હંસ, કોયલ, કાબર, કાગડા વિગેરેની ઉત્તમતા અને અધમતા ધ્યાન બહાર હોય એવા મનુષ્ય ભાગ્યે જ હશે અને તે પણ જીવનનિર્વાહ તથા વિષય પોષણ કરનારો બને છે, અર્થાત્ પૃથ્વી, પાણી વિગેરે સર્વે વસ્તુઓથી જ મનુષ્યોનો જીવનનિર્વાહ અને વિષય પોષણ હોવાથી તે પૃથ્વી, પાણી વગેરે ઉપભોગ્ય હોઈ તેના ઉપભોગ ગુણોની અધિકતા અને સરસતાને અંગે તે તે વસ્તુની ઉત્તમતા અને ન્યૂનતા અને વિરસતાને અંગે અધમતા રહે તે સ્વાભાવિક છે પણ મનુષ્યો તો માત્ર તે તે વસ્તુઓનો ઉપભોગ જ કરનાર છે અને મનુષ્યો કોઈની પણ વસ્તુતાએ ઉપભોગ્ય અવસ્થાવાળા નથી માટે તેની જાતિમાં ઉત્તમતા અને અધમતા કઈ દિશાએ હોય અને તેનાં કારણો તપાસવાની ખાસ જરૂર હોવાથી તેનો વિચાર હવે કરીએ.

સામાન્ય જનતાની દ્રષ્ટિએ એટલું તો કબૂલ કરવામાં આવે તેમ છે કે મનુષ્યની ઉત્તમત્તા અને અધમતા તેના સ્પર્શાદિક ગુણોની અધિકતા અને ન્યૂનતા અથવા સરસતાને આભારી નથી તેમ છતાં મનુષ્યજાતિમાં પણ ઉત્તમતા અને અધમતા છે એ તો નિર્વિવાદ જ છે, તો તે ઉત્તમતા અને અધમતા બીજા કોઈને નહિ પણ વિવેકને આભારી છે એમ સહેજે સમજાશે. હવે એ વિવેકનું મનુષ્યને માટે ઉપયોગી સ્વરૂપ વિચારીએ કે જેથી તેને અનુસરીને સામાન્ય દ્રષ્ટિવાળા મનુષ્યોને પણ મનુષ્યોના ઉચ્ચ અને નીચ એવા ભેદો માન્યા સિવાય ચાલશે જ નહિ, અને તે વિચારી તેના મૂળ હેતુને વિચારતાં દરેક મનુષ્યને વિવેકની ખાતર પણ સન્માર્ગે પ્રવર્તવાની અને ઉન્માર્ગથી પાછા હઠવાની જરૂર જ પડે.

એક વાત યાદ રાખવાની જરૂર છે કે જિહ્વા અને સ્પર્શન આદિ ઈન્દ્રિયોને અનુકૂળ એવા વિષયોનો સ્વીકાર અને પ્રતિકૂળ એવા વિષયોનો ત્યાગ કરવો અને જો વિવેક કહેવામાં આવે તેવો ઈંદ્રિય વિષયો સંબંધી વિવેક તો પશુ પંખી અને જાનવરો ને છે એમ પ્રત્યક્ષ હોવાથી કોઈથી પણ ઈન્દ્રિય વિષયોને અંગે થતા વિવેકને મનુષ્ય સંબંધી વિવેક માની શકાય તેમ નથી, અર્થાત્ પોતાના ઈન્દ્રિય વિષયને અંગે મનુષ્યોનો વિવેક વિચારવો એના કરતાં મનુષ્યની ઉત્તમતા અને અધમતાના કારણભૂત વિવેક કોઈક જુદી રીતિએ વિચારવો જોઈએ.

લૌકિક દૃષ્ટિએ વિવેકનું સ્વરૂપ મનુષ્યને લાયક એ જ ગણાય કે પોતાના તન, મન અને ધનના ભોગે પણ અન્ય સમાન જાતિને ધારણ કરનાર મનુષ્યો કે મનુષ્યોના જીવનનિર્વાહ આદિને ઉપયોગી વસ્તુઓ જે જે સજીવ છે તેને ઉપકાર કરવા તૈયાર થાય અને વખતોવખત ઉપકાર કરે અને કોઈપણ સમાન જાતિવાળા એવા મનુષ્યો કે તેની જીવનનિર્વાહ ઉપયોગી પદાર્થોને નુકશાન કરનાર ન બને તો તેવા મનુષ્યોને લોકો સામાન્ય રીતિએ વિવેકવાળો ગણે છે. વાંચકે આ બાબત બરાબર લક્ષ્યમાં રાખવી કારણ કે મનુષ્ય જાતમાં ઉત્તમ અને અધમપણાનો નિર્ણય આવા લૌકિક ઉપર જણાવવામાં આવેલા વિવેકને જ આભારી છે.

લોકોત્તર દૃષ્ટિથી જીવોને પુદ્ગલાદિથી જુદી જાતિમાં ગણાવતાં ચોખ્ખી રીતિએ જણાવ્યું છે કે તે પુદ્ગલાદિકો ગ્રહણાદિ લક્ષણોવાળાં હોય છે. અર્થાત્ જીવોને ઉપભોગમાં આવવા આદિ પુદ્ગલોનું સ્વરૂપ છે, પણ જીવો કોઈપણ પ્રકારે ગ્રહણાદિ લક્ષણવાળા નથી અર્થાત્ જીવો ગ્રહણાદિ લક્ષણવાળા ન હોવાથી કોઈના ઉપભોગમાં સાધાનભૂત બનતા નથી અને તેથી તે દ્વારા તે જીવો ઉપયોગી થતા નથી. જીવો જો ઉપયોગી થાય તો માત્ર પરસ્પર એટલે જીવો જીવોમાં ઉપકાર કરવા દ્વારા જ ઉપયોગી થઈ શકે. અર્થાત્ જીવોનું લક્ષણ જેમ ચેતના છે તેમ તેનો ઉપયોગ પરસ્પરનો ઉપકાર કરવા દ્વારા જ છે. અર્થાત્ જીવો જો બીજાને કોઈપણ પ્રકારે ઉપકાર કરનાર ન થાય તો જીવોનું જીવન જ નકામું છે. તેમાં પૃથ્વી આદિ ઉપર જણાવ્યા પ્રમાણે ઈંદ્રિય વિષયો અને જીવનનિર્વાહના કારણ બની ઉપકાર કરનાર થાય છે પણ મનુષ્યના જીવો તો તે ઉપકાર માટે પાત્ર થતા નથી. ખરી રીતે કહીએ તો મનુષ્યો પૃથ્વી આદિના ઉપકારના માત્ર ભોકતા છે, અને તેનાથી જ પોતાના નિર્વાહ તથા ભરણપોષણ કરે છે, પણ કોઈને પોતે ઉપકાર કરતા નથી, તેમજ અન્યના ઉપકારના સાધન બનતા નથી, માટે મનુષ્યજીવનને સફળ કરવા ઈચ્છતા મનુષ્યોએ કંઈક એવું જીવન ઘડવું જોઈએ કે જેથી તે અન્યને અંગે ઉપયોગી થઈ જાય, અને તેનું જીવન ઉપયોગી તરીકે ગણી શકાય.

જગતના સામાન્ય નિયમથી જે મનુષ્ય કોઈપણ મનુષ્યને કે તેના ઉપયોગી સાધનને નુકશાન કરે છે તે રાજ્ય તરફથી શિક્ષા પામે છે, પણ જે જાતિ રાજ્યની સત્તામાં નથી અથવા રાજ્યની સત્તાથી રોકાયેલા ગુન્હા સિવાયના ગુન્હા કરે તેનું શિક્ષાસ્થાન કંઈક હોવું જોઈએ.

જગતમાં નિર્બલે કરેલા અપરાધોની શિક્ષા બળવાન વર્ગ કરે છે પણ બળવાન વર્ગ અપરાધો નથી કરતો કે નહિ કરે એમ કોઈપણ પ્રકારે બને નહિ, અને જ્યારે નિર્બળો અપરાધના બદલામાં શિક્ષિત થાય તો બળવાન વર્ગ પોતે અપરાધ કરે અને તેને કોઈ શિક્ષા ન કરી શકે તો શું તે બળવાન તે અપરાધની શિક્ષા ન પામે ? અને જો બળવાન વર્ગ તેવી રીતે અપરાધની શિક્ષામાંથી છૂટી ન જાય તો પછી એમ કહેવું જ જોઈએ કે જગતમાં ગુંડાશાહી રાજ્ય સિવાય બીજી કોઈ ચીજ જ નથી. જો કે એ વિચાર તો જરૂર કરવાનો છે કે જગતમાં સ્વાભાવિક રીતિએ કે સંયોગના સંબંધે કેટલાક બળવાન થાય અને કેટલાક સ્વાભાવિક રીતિએ કે સામગ્રીના અભાવે નિર્બળ થાય તેમાં જરૂર કંઈક કારણ હોવું જોઈએ. કહેવું અને માનવું જ પડશે કે જીવને આ જગતમાં આ જન્મ ધારણ કરવા પહેલાંથી કોઈ તેવી સામગ્રી તે જન્મ પામવાવાળા પાસ હતી કે જેનાથી સારી સામગ્રીવાળા કેટલાક બળવાન થયા અને કેટલાક તે વિનાના થયા અને આ જન્મની જગતની પહેલાંની જે સામગ્રી તે જ કર્મ છે, ને જેમ આ જન્મમાં મળેલી સામગ્રી આખી જીંદગી સુધી

સર્વને નિયમિત નથી રહેતી, તેમજ સામગ્રી વગરના મનુષ્યો આખી જીંદગી સુધી સામગ્રી વગરના જ રહે છે, એમ પણ નથી. અર્થાત્ આ જીંદગીમાં થયેલા બળવાનો બળવાન જ રહે છે એમ નથી તેમ નિર્બળો હંમેશાં નિર્બળ જ રહે છે એમ પણ નથી અને જ્યારે એવી રીતે જીવનમાં બળવાન અને નિર્બળપણાનો એકસરખો નિયમ રહેતો નથી તો પછી અન્ય જીંદગી માટે નિયમ માનવો તો કોઈપણ પ્રકારે સામાન્ય બુદ્ધિથી પણ ગમ્ય નથી. અર્થાત્ આ જન્મ કે અન્ય જન્મને માટે બળવાન કે નિર્બળ બનાવનાર સામગ્રી મેળવી આપનાર અન્ય કોઈ અદૃશ્ય સામગ્રી માનવી જ પડશે. જેમ ઝાડની ઉંચાઈ દેખીને જમીનમાં રહેલાં પણ તેનાં મૂળનું સુબદ્ધપણું વિચારવું જ પડે છે તેમ બળવાન અને નિર્બળપણું આપનારી બાહ્ય શરીર માતા, પિતા, દેશ સંબંધી વિગેરેની વિચિત્રતા દેખીને તે તે જીવની અંતર્ગત સામગ્રીની પણ વિચિત્રતા માનવી જ જોઈએ. એક વાત ધ્યાનમાં રાખવી કે અહીં જણાવવામાં આવતું સબળ અને નિર્બળપણું એકલું શારીરિક ન કરવું પરંતુ આત્મા, મન, વચન, જાતિ, કુલ, રૂપ, ઐશ્વર્ય, લાભ અને વલ્લભતા આદિની અપેક્ષાએ સબલ, નિર્બળપણું ગણવું, કેમકે એકલું શારીરિક બળ લઈને સબળ નિર્બળપણું વિચારીએ તો પાષાણ, વૃક્ષ, જાનવર વિગેરે શરીરની મજબૂતીવાળા ઘણા જ છે, પણ મનુષ્યના અન્ય બળને પ્રભાવે તે વૃક્ષાદિ ઉપભોગ્ય થાય છે અને મનુષ્ય તે સર્વના ઉપભોક્તા બને છે માટે વાસ્તવિક રીતે શારીરિક બળ, અને તેના કરતાં પણ આત્માદિકનાં બળો વિચારવાની જરૂર છે.

જગતમાં ચક્ષુ અને શ્રોત્રાદિ આદિ ઈંદ્રિયો જેમ પોતાની શક્તિનો ઉપયોગ ન કરે, અથવા ખરાબ રીતે ઉપયોગ કરે તો તે ઈંદ્રિયોની શક્તિનો નાશ અથવા વિકૃતતા થઈ જાય છે એ વાત સર્વ જાણકારોને જાણવા તથા માનવામાં નિશ્ચિતપણે છે, તેમ આત્માને મળેલી પોતાની કે અન્ય સંબદ્ધ કે અસમ્બદ્ધ વસ્તુઓને લીધે મળેલી શક્તિઓનો પણ અનુપયોગ કે દુરુપયોગ જરૂર આત્માને હીન શક્તિવાળો કે વિકૃત શક્તિવાળો બનાવે તે કેવળ શ્રદ્ધાગમ્ય નહિ પણ સાથે યુક્તિથી પણ ગમ્ય જ છે.

આ ઉપર્યુક્ત હકીકત વિચારનાર મનુષ્ય સહેજે સમજી શકશે કે મનુષ્યને મળેલી શક્તિઓનો સદુપયોગ કરનાર જ મનુષ્ય ઉત્તમતાવાળો ગણી શકાય અને જે મનુષ્ય પોતાને મળેલી શક્તિનો અનુપયોગ કરે તે, અને તે કરતાં પણ જે દુરુપયોગ કરે તે મનુષ્ય ઉત્તમ ન ગણાતાં અધમ ગણાય તે સ્વાભાવિક જ છે. હવે જ્યારે મનુષ્ય પોતાની શક્તિનો અનુપયોગ કે દુરૂપયોગ કરનારો અધમ ગણાય તો પછી જે મનુષ્યોને તે શક્તિઓ મળી નથી એટલું જ નહિ પણ જેઓને પોતાના વંશને કે અન્ય સંયોગ અથવા નિર્વાહના સાધનોની તેવી સ્થિતિ અને પ્રવૃત્તિને લીધે સારી વચન, મન, આદિ શક્તિઓને મેળવવાનાં સાધનોની ખામી હોય એટલું જ નહિ પણ અન્ય તે તે શક્તિ મેળવવાવાળા પણ મનુષ્યો જેના સંયોગે પોતાની શક્તિનો નાશ કે હ્રાસ કરવાવાળો થાય કે અનુપયોગ અને દુરુપયોગ કરનાર થાય તો તેવી જાતિઓને વગર છૂટકે અધમ ગણવા કોઈ પણ સુજ્ઞને તૈયાર થવું પડે. આવી અધમ ગણવા લાયક જાતિઓમાં પણ કેટલીક જાતિઓ જ્યારે જગતના અધમ અને ઉચ્છિષ્ટ પદાર્થો અને અધમ કાર્યો દ્વારા જ પોતપોતાના જીવનો ગુજારે છે ત્યારે તો તેવી જાતિઓને અસ્પૃશ્ય જાતિ તરીકે ગણવાની જરૂર પડે છે, જો કે ઉપરનાં કારણોથી અધમ અને અસ્પૃશ્ય જાતિ માનવાની જરૂર પડે છે પણ તેનો અર્થ એ નથી કે તેવી અધમ અને અસ્પૃશ્ય ગણાતી જાતિ તરફ તિરસ્કાર અને દ્વેષ વતાવવો.

(અપૂર્ણ)

# સમાલોચના

૧. સંબોધ પ્રકરણ, શ્રીપાળ ચરિત્ર, ધર્મસંગ્રહ અને ઉપદેશ પ્રાસાદ વગેરે જાહેર છપાયેલા સંસ્કૃત માગધી ગ્રંથોમાં ઉજમણા ને પદોની આરાધનાની વિધિના લેખો છતાં તે ન તો જાણવા, ન જોવા, અને શોધી જોવાની તસ્દી લેવી નહિ અને માત્ર યદ્વા તદ્વા વગર પૂરાવે અને ચૈત્યવાસીઓને નામે ગપ્પ હાંકવી એ શાસ્ત્રથી નિરપેક્ષ થઈ સમયધર્મને શોભાવનારને ગમે તેમાં કાંઈ નવાઈ નથી.

૨. તીર્થની રચનાને નામે તેઓને જ સૂગ ચડે અને અધર્મ માને કે જેઓને શ્રીપંચાશકસૂત્ર તથા તેની ટીકામાં લખેલ સમવસરણની કલ્પિત રચનાનો પાઠ જેને દેખવા કે સાંભળવામાં ન આવેલ હોય અથવા જેને જાણી જોઈને સમયધર્મનો સડો લાગેલો હોઈ શાસનપ્રેમી અને તેમની ધર્મક્રિયાને ધક્કો મારવાની જ દાનત હોય.

૩. શ્રી શ્રીપાળ મહારાજના ચરિત્રને કરનાર શ્રી રત્નશેખરસૂરીશ્વરજી કે જેઓ ચૈત્યવાસી ન હોવા સાથે ચૈત્યવાસના વિરોધી છે અને તેઓએ નવે પદના આરાધનમાં દરેક વખત સ્થાન (ઉપાશ્રય) અનશન કે આસનને વસ્ત્રાદિથી આરાધના કરવામાં જણાવેલ છે તે સંબોધ પ્રકરણમાં ચારિત્ર, જ્ઞાન અને દર્શનની તિથિઓની આરાધના તે તે ગુણો અને તેને ધારણ કરનારાઓની ભક્તિ, પૂજા આદિ જણાવેલ છતાં શાસ્ત્ર પ્રત્યનીક સમયધર્મને ધરનારાઓને જ સૂઝે તેમાં શાસનપ્રેમીઓ એક અંશે પણ દૂષિત કેમ ગણાય?

૪. શ્રી સિદ્ધચક્રજી કે જેમાં આરાધ્ય એવા પાંચ પરમેષ્ઠિરૂપ ગુણી અને શ્રી સમ્યગ્દર્શનાદિ ચાર આરાધ્ય ગુણોની સ્થાપના થાય છે તેનું મંડલ કરવાનું શાસ્ત્રકારોએ સ્પષ્ટપણે ફરમાવ્યું છે, છતાં જેઓને તીર્થોની રચના સ્થાપના અનુચિત લાગે તેને સમયધર્મના કીડાના સળવળાટ સિવાય બીજું કશું કહી શકાય ?

૫. જૈનશાસ્ત્રકારો જ્ઞાન અને ક્રિયાથી (સમયધર્મી) મોક્ષ માને છે, છતાં જ્ઞાનને માટે સ્વયં જ્ઞાનવન ન હોય, જ્ઞાનવાનની નિશ્રાયે વિચરનારાને સાધુ માનવાનું કહીને આગેવાનના જ્ઞાનનો લાભ અનુસરનારાઓને હોય, એમ સ્પષ્ટપણે જણાય છે, પણ ક્રિયા જે ચરિત્ર તે તો સ્વતંત્ર પૂજ્યતાનું સ્થાન હોવાથી ચારિત્રરહિતને ચારિત્રવાળાની નિશ્રાથી સાધુ માનવાનું રાખ્યું નથી એથી સ્પષ્ટ છે કે જૈન શાસન જ્ઞાનને માત્ર સાધન તરીકે ઉપયોગી ગણે છે, જ્યારે ચારિત્રને સાધ્ય તરીકે ઉપયોગી ગણી તેને અંગે પૂજ્યતા ગણે છે.

૬. કોઈપણ એકલવિહારી પગચંપી, સાધ્વી પાસે વસ્ત્રાક્ષાલન કે કિંમતી કમ્બલના કારણથી જુદો થઈ એકલો પડ્યો છે એમ પ્રતિજ્ઞાપૂર્વક સાબીત કરે નહિ ત્યાં સુધી મતિના સાગર રહે, જ્ઞાનના સરોવર પણ ન થાય.

સ્વચ્છંદ પ્રલાપોથી "સંમેલનને" સડો લાગતો નથી.

૭. ચૈત્ર સુદિ પાંચમથી ચૈત્ર વદિ ૧ સુધી મહાઅસ્વાધ્યાય ગણવાનું શાસ્ત્રસિદ્ધ હોઈ સુદ ૧૪ના અસ્વાધ્યાયના દિવસે કાલગ્રહણ ને પદારોપણ વિગેરે કાર્ય થયું તેને કોઈપણ આગમાનુસારી તો સંમૂર્ચ્છિમ ક્રિયા જ માને.

ભાવનગરથી શા. કુંવરજી આણંદજીએ 'પાક્ષિક અતિચાર' નામની બહાર પાડેલ ચોપડી શાસ્ત્રથી વિરુદ્ધ લખાણવાળી હોવાથી શાસ્ત્રાનુસારીઓએ આદરવાલાયક નથી.

# એકવીસ ગુણોની આવશ્યકતા શું ?

## રખડપટ્ટીનો અંત કેમ આવી શકે ?

શાસ્ત્રકાર મહારાજા ભવ્ય જીવોના પરોપકાર માટે ધર્મરત્નપ્રકરણ નામક શુભ ગ્રંથમાં જણાવે છે કે : આ જીવ આ સંસારમાં અનાદિ કાળથી રઝળ્યા કરે છે રખડ્યા કરે છે; પરંતુ તેની આ રખડપટ્ટીનો અંત આવતો નથી. એ રખડપટ્ટીનો અંત લાવવો તમોને ગમે છે? જો તમોને તેનો અંત લાવવાનો ગમતો હોય તો તે માર્ગ માત્ર ધર્માચરણ છે.

ભાગ્યવાનો! અહીં તમે કદાચ એવી શંકા કરશો કે આ જીવ આ જન્મ ચાલુ ભવની વાતોને પણ પોતાના સ્મૃતિપટ ઉપર તાજી રાખી શકતો નથી! અરે, ગયા જન્મમાં તેના શરીરે શું શું દુઃખો ભોગવ્યાં હતાં, શું શું કાર્યો આદર્યાં હતાં અને સંસારપ્રપંચમાં તેણે કેવો ભાગ ભજવ્યો હતો, તે પણ આત્મા જાણતો નથી! તેને ગયા ભવનો પણ ખ્યાલ નથી, તો પછી તેની આગળ-તેવા આત્મા આગળ અનાદિકાળની વાતો કરવી એ ઢોંગ બરાબર છે અર્થાત્ ભેંસ આગળ ભાગવત વાંચવા બરાબર છે માટે ધર્મોપદેશકે અનાદિકાળની વાતો ન ઉચ્ચારતાં અને અનાદિકાળની રખડપટ્ટીનો અમારી આગળ ઉલ્લેખ ના કરતાં અમોને સીધો જ ધર્મોપદેશ જ દેવો ઈષ્ટ છે! જન્મ, જરા, મરણના ભય વિષે તમારી આગળ જ્યારે વિવેચન કરવામાં આવે છે, ત્યારે તમે એમ દલીલ કરી શકો છો, ગર્ભની, આત્માની સ્થિતિ કેવી હતી તેનોય આત્માને કશો ખ્યાલ રહેવા પામતો નથી. સમજણવાળી દશામાં માણસોની બુદ્ધિ જાગૃત હોય છે અને તેથી તે વીંછી વગેરે વસ્તુઓને દરેક વખતે પ્રત્યક્ષ ન જોવા છતાં તેનો ખ્યાલ કરી શકે અને તેનાથી બચવાના છે પ્રયત્નો આદરે છે. જંગલમાં સાપ હશે જ, એવો કાંઈ નિશ્ચય હોતો નથી; છતાં સાપ આવો હોય છે અને તેના પરિણામો આવા ભયંકર છે એમ વિચારી માણસ માત્ર એ સાપના ભયમાંથી નિવૃત્ત થવાના પ્રયત્નો સેવે છે! જ્યારે સાપ જેવી સાધારણ વસ્તુઓના ભયને માણસ જાણે છે અને પછી તેને છોડવાના પ્રયત્નો આદરે છે! તો ગર્ભાવાસ જેવી કઠણ દશાનો માણસને તેની સમજણી અવસ્થામાં ખ્યાલ આવતો હોય - ખરેખરો ખ્યાલ આવતો હોય- તો મનુષ્ય શું એ ગર્ભાવાસથી બચવાના પ્રયત્નો ન કરે? જરૂર કરે! માણસને જો ગર્ભવાસની કારમી સ્થિતિનો ખ્યાલ હોય, તે એ ભયંકર દશાની જાગૃત અવસ્થામાં જો સાચી કલ્પના પણ કરી શકતો હોય તો અવશ્ય તે એ દશાનો ત્યાગ કરવા જ તે પ્રયત્નશીલ થાય અને તેને કહેવું પણ ન પડે કે ભાઈ! જન્મ જરા મરણના આવાં આવાં વિકરાળ સંકટો તારે માથે ડાચું ફાડીને ઉભાં છે! મનુષ્યને જો ગર્ભવાસની ભયંકર દશાનું ભાન હોત તો તે એક પળને માટે પણ ધર્મનો માર્ગ ન છોડત, પાપની પ્રવૃત્તિ ન આદરત અને અધર્મને પંથે ન જાત! પણ આ ઉપરથી એમ માની સ્થિતિ વિષે જ મતભેદ છે!

## ગર્ભવાસની સ્થિતિ વિષે મતભેદ નથી.

ગર્ભવાસની સ્થિતિ દરેક ધર્મ, દરેક સંપ્રદાય સ્વીકારે છે. ગર્ભવાસનાં દુઃખો પણ એ બધાને કબુલ છે. હિંદુઓ શ્રીકૃષ્ણને ભગવાન માને છે પણ તેમને પણ દુઃખી ગર્ભવાસ ભોગવવો પડ્યો હતો એમ તેમનું ભાગવત જ કહે છે. ખ્રિસ્તીઓ પિતાના કરતાં માતાના પ્રેમને વધારે કિંમતી લેખતા, તેમના પેગંબર જીસસ ક્રાઈસ્ટનો પિતા ન હતા એમ માને છે; પરંતુ તેઓ કહે છે કે ક્રાઈસ્ટને પણ મરિયમના ઉદરમાં નવ માસ ગર્ભ ધારણ કરવો પડ્યો હતો. ઈસ્લામના સ્થાપક મહંમદનો સિદ્ધાંત એવો છે કે ઈશ્વર કોઈનો બાપ પણ નથી અને માતા પણ નથી! છતાં ગર્ભવાસનો ગર્ભવાસની સ્થિતિનો ઈન્કાર તે

પણ કરી શક્યો નથી અર્થાત્ દરેક ધર્મ, સંપ્રદાય સૌ કોઈ ગર્ભની સ્થિતિ કબૂલ રાખે છે પરંતુ તે છતાં એ સ્થિતિને ટાળવાનો કોઈપણ સંપ્રદાયવાળા પ્રયત્ન નથી કરતાં, આ ઉપરથી સાબીત થાય છે કે ગર્ભની સ્થિતિ ભયંકર છે એ વાતનો ખ્યાલ જ માનવપ્રાણીને આવી શકતો નથી અને જો તેને એવો ખ્યાલ માત્ર પણ આવી શકતો નથી તો પછી ઉપદેશકોએ ઉપદેશ સમયે અનાદિકાળની અને ગત ભવોની લાંબી લાંબી વાતો છોડીને સીધોજ ઉપદેશ કરવાની પરમાવશ્યકતા છે. પુનઃ પુનઃ મનુષ્યોનો જન્મ મળે છે, ત્યારે ત્યારે શરીર સૃજવું પડે છે, પ્રસવની આકરી વેદના ભોગવવી પડે છે, અને માતાનું દૂધ પીને ગંદો ખોળો, ગંદા વસ્ત્રો અને ગંદા પદાર્થોમાં શયન કરવું પડે છે; જો આ વાતોનો આપણને ખ્યાલ નથી, જો આપણને ગયા જન્મની વાતોનું સ્મરણ પણ લાવી શકતા નથી, જો આપણે ગઈકાલની વાત પણ ઘણીવાર પુરેપુરી સંભારી-ખ્યાલમાં લાવી શકતા નથી, તો પછી આપણી આગળ અનાદિકાળની વાતો થાય અને તેની ભૂમિકા ઉપર ઉપદેશ દેવાય એ સ્થિતિ બહેરા આગળ ગીત ગાવા જેવી છે; એવો પણ તમો અમને પ્રશ્ન કરી શકો છો !

પરંતુ તમારા આવા પ્રશ્નોથી ગભરાઈ જવાની અમારે જરાપણ જરૂર નથી. શાસ્ત્રકાર મહારાજાઓએ આવા અનેક પ્રશ્નોના ખુલાસા કર્યા છે અને તેથી તેઓ આ પ્રશ્નનો ઉત્તર પણ ઘણી જ સારી રીતે આપી શકે છે. તેમના કથનને આધારે અમે કહીએ છીએ કે મહાનુભાવો! અનંતભવોની તમારી આગળ વાતો કરવી એ આવશ્યક છે અને તેમાં તમારાજ કલ્યાણની સાધનાનો શાસ્ત્રકારોનો હેતુ રહેલો છે. મરી ગયેલો માણસ પોતાનો કેસ ચલાવવા આવતો નથી, તે પોતાની તરફેણના કે વિરુદ્ધના ખરાખોટા સાક્ષીઓને ઉભા કરી શકતો નથી પણ તે છતાં સરકારી વકીલને તેના સંબંધીની અનુકૂળ હકીકતો જો કેસમાં આવતી હોય, તો તે કેસ ચલાવવો પડે છે. મરણ પામેલો માણસ કેસ ચલાવવા આવતો નથી, પણ સરકારને તે સંબંધમાં ઘટિત વ્યવસ્થા કરી લેવી પડે છે; તે જ પ્રમાણે આપણે અજ્ઞાન છીએ.

**સંકટોનો ખ્યાલ શા માટે?**

જન્મ જરા મરણના મહાભયાનક સંકટોને આપણે નથી જાણતા એટલે એ સંકટોને, આ દુનિયાના આત્મમાર્ગના વકીલોને એ દુઃખો આપણને સમજાવવા પડે છે અને વકીલ પોતાના અસીલને જેમ તેના કેસની વિગતો સમજાવે છે તે જ પ્રમાણે આ જ્ઞાનમાર્ગના વકીલો પણ જન્મ જરા મરણના મહાભયાનક સંકટોનો આપણને ખ્યાલ આપે છે! તમે કહેશો કે એવો ખ્યાલ આપેલો શા કામનો? જો જન્મ જરા મરણના સંકટોનો, પ્રત્યક્ષ અનુભવેલો ખ્યાલ હોય અને તે ખ્યાલ ચોક્કસપણે સમજી શકાતો હોય તો જ એમ કહી શકાય કે જન્મ જરા મરણના સંકટો મહાભયંકર છે અન્યથા નહિ!

ભાગ્યવાનો! કોઈ શ્રોતા આવી દલીલ કરે, તો તે દલીલ ઈષ્ટ નથી. ઘણી વાતો આપણે પ્રત્યક્ષ જોઈ કે અનુભવી શકતા નથી છતાં સામાન્ય જ્ઞાન જ્ઞાનથી તે તે વાતોનું સત્ય આપણે કબુલ રાખીએ છીએ ગાંડાપણાનો તમોને પ્રત્યક્ષ ખ્યાલ નથી જ! તમે કોઈપણ ગાંડા થયેલા નથી જ ! છતાં ગાંડપણની સ્થિતિ કેવી હોય તે તમે બધા સારી રીતે કલ્પી શકો છો. એ જ રીતે ધુમાડા ઉપરથી અગ્નિની શક્યતાનો પણ તમે ખ્યાલ બાંધી શકો છો ! તમે અગ્નિને પ્રત્યક્ષપણે જોતા નથી, તમારી આંખો અગ્નિના ભડકાને જોઈ શકતી નથી. અગ્નિની ગરમી તમારી ત્વચાને ઉષ્ણતા આપતી નથી. અગ્નિ તમારી સાથે કોઈપણ પ્રકારે પોતાના અસ્તિત્વની વાત કરતો નથી, પણ છતાં

જો તમે ધૂમાડાના ગોટેગોટા નીકળતા જોશો, તો તમારે તરત જ કબુલ રાખવું પડશે કે, " જ્યાં ધૂમાડો છે ત્યાં અગ્નિ છે!" તમે અગ્નિને જોયો નથી છતાં તમો અગ્નિના અસ્તિત્વને કબૂલ રાખો છો એ શાથી? પ્રશ્નનો ઉત્તર એ છે કે : એક માત્ર અનુભવને આધારે! અનુભવ ઉપરથી તમે જાણી શકો છો કે "જ્યાં ધૂમાડો છે ત્યાં અગ્નિ પણ હસ્તિ ધરાવે છે!"

તમે જેમ અનુભવ વડે ધૂમાડો છે એટલે અગ્નિનું અસ્તિત્વ સ્વીકારો છો, તે જ પ્રમાણે અનુભવ વડે તથા બુદ્ધિ વડે તમારે અનાદિની વાત પણ સ્વીકાર્યે જ છૂટકો છે! અહીં એક સર્વ સાધારણ ઉદાહરણ ધ્યાનમાં લો! એક ઘઉંનો દાણો છે. એ ઘઉંનો દાણો કોણે વાવ્યો તે તમે જાણતા નથી! એ કયા ખેતરમાં ઉગ્યો તેની તમોને માહિતી નથી! એને કયા ખેડૂતે વાવ્યો, તેને કોણે પાણી પાયું, તેની આગળ શી વિધિ થઈ તે કાંઈ પણ તમે જાણતા નથી!

**બીજ અને અંકુર**

પણ તે છતાં તમારે એ ઘઉંનું ભટકવાનું અનાદિકાળનું છે એ ઘટના સ્વીકારવી જ પડશે. હવે જો એ દાણો છે તો એટલી પણ ચોક્કસ વાત છે કે તેનો અંકુર હતો! અને જો અંકુર હતો તો એ વાત પણ તેટલી જ સ્પષ્ટ છે કે એ અંકુરને જન્માવનારૂં બીજ પણ હતું જ! આમ અંકુરમાંથી બીજ અને બીજમાંથી અંકુર એ ઘટમાળને આગળને આગળ લંબાવતાં તમારે છેક અનાદિકાળ સુધી ચાલ્યા જવું જ પડશે. અંકુર અને બીજ તથા બીજ અને અંકુર પરસ્પર એકબીજાને જન્મ આપે છે એનું જ નામ પરસ્પર કાર્યકારણ ભાવ છે! બીજ વગર અંકુર નથી અને અંકુર વગર બીજ નથી એટલે અહીં એવો પ્રશ્ન કોઈ ઉપસ્થિત કરે કે ભાઈ! અંકુર પહેલું કે બીજ પહેલું? તો એ પ્રશ્ન કેવળ હાસ્યાસ્પદ ઠરે છે! બીજ હતું તો અંકુર થયો! પણ બીજી તરફ એ પણ યાદ રાખો કે અંકુર હતો તો બીજ થઈ શક્યું સ્થિતિ તમારી સામે એ આવીને ઉભી રહે છે કે તમારે અંકુર અને બીજની પારસ્પરિક પરંપરા અનાદિકાળની છે એવું જ માનવું પડે છે. તમે ઘણું જુઓ છો. પ્રત્યક્ષ તો ધાન્યનો એક દાણો જ જોયો છે તો પણ તે છતાં તમો બુદ્ધિ અને અનુભવથી એની પરંપરાને અનાદિ માનો છો એ જ પ્રમાણે કર્મ અને આત્માની પરંપરા પણ તમારે અનાદિકાળથી માનવી જ પડે છે.

જગતમાં તમે નિહાળો છો કે એક જન્મથી સુખી છે, બીજો જન્મથી દુઃખી છે, એક જન્મથી નિરોગી છે, બીજો જન્મથી રોગી છે, એક જન્મથી ડાહ્યો છે, બીજો જન્મથી ગાંડો છે. હવે વિચાર કરો કે જો કર્મ જેવી ચીજ જ ન હોય તો આ જગતમાં આવા ફેરફારો શા કારણથી દૃષ્ટિમાં આવે છે? માકુભાઈ જન્મે છે લાખોપતિને ઘેરે; અને ત્યારથીજ લાખોના માલિક ગણાય છે અને કાકુભાઈ જન્મે છે ભિખારીને પેટે; અને ત્યારથી જ ભિખારી મનાય છે! માકુભાઈ લાખો રૂપિયા ક્યાં કમાવા ગયા હતા? તેમણે આ સઘળી સંપત્તિ ક્યાંથી પ્રાપ્ત કરી? રોગીણીને પેટે જન્મનારો રોગી હોય છે અને નિરોગીને પેટે જન્મનારો નિરોગી હોય છે. આ બેમાંથી એકને રોગી અને બીજાને નિરોગી કોણે બનાવ્યા? આથી માનવું જ પડશે કે જેમ ઘઉંના દાણાના મૂળ સ્વરૂપે કાંઈક છે તે જ પ્રમાણે મનુષ્ય જન્મના મૂળરૂપે પણ કાંઈક છે જ! અને આ "કાંઈક" તેનું જ નામ "કર્મ". હવે આગળ ચાલો! કર્મ અને જન્મ આ બે વસ્તુઓ છે એ આપણે નક્કી કર્યું. આપણે એ વાત પણ કબૂલ રાખી લીધી છે કે જન્મ અને કર્મ પરસ્પરાવલંબી છે અને તેમની વચ્ચે કાર્યકારણભાવ રહેલો છે. એનો અર્થ એટલો જ ઘટાવી શકાય છે

કર્મના મૂળમાં જન્મ છે અને વળી જન્મના મૂળમાં કર્મ છે!

**કર્મ અને જન્મ અનાદિના છે.**

અર્થાત્ જેમ ઘઉંનો દાણો અને અંકુરની પરંપરા આપણે અનાદિની માની છે તે જ પ્રમાણે આ જન્મ કર્મની પરંપરા પણ અનાદિ જ છે એમ પોતાની મેળે જ સાબીત થાય છે!

ભાગ્યવાનો! તમોને ભલે અનાદિનો ખ્યાલ ના હોઈ શકે. તમે ભલે ગતજન્મનાં સંસ્મરણો પણ તમારા સ્મૃતિપટલ ઉપર તાજા ન કરી શકો; પણ "જ્યાં ધૂમાડો છે ત્યાં અગ્નિ છે." એ જેમ તમે બુદ્ધિથી માન્ય રાખો છો, તે જ પ્રમાણે જન્મ-કર્મ પરસ્પરાવલંબી છે માટે તે બંને અનાદિ છે, એમ પણ તમારે બુદ્ધિથી માન્ય રાખે જ છૂટકો છે! અસ્તુ! જન્મના મૂળમાં કર્મ છે, ત્યારે હવે વિચાર કરો કે એ કર્મ ક્યારે બંધાયા હશે? માનસિક, વાચિક કે કાયિક, સુંદર કે અસુંદર પ્રવૃત્તિ હોય છે, ત્યારે જ તે દ્વારા કર્મ બંધાય છે. કર્મ ક્યારે બંધાય છે? આ પ્રશ્નનો જવાબ એટલો જ હોઈ શકે કે જ્યારે માનસિક, વાચિક કે કાયિક પ્રવૃત્તિઓ હોઈ ત્યારે જ. આ તત્વજ્ઞાનનો વિષય છે તે સમજવો તમારે જરૂરી છે અને તે જો કે કઠિન વિષય છે તો પણ જો તમો સહેજ લક્ષ પહોંચાડશો, તો આ સિદ્ધાંત સમજતાં તમોને કઠિન તો અનુભવ નહિ થાય! મન નહિ હોય એવા કાયાવાળા જીવો હોય છે. મન અને વચન નહિ હોય એવા પણ કાયાવાળા જીવો હોય છે;* પણ કાયા વગરના કોઈ પણ જીવો હોતા નથી. આથી એમ માનવું પડે છે કે મન અને વચન એ બે વસ્તુઓ કાયાને આધારે જ રહેલી છે, અને મન અને વચનનો પાયો તો કાયા જ છે. મન અને વચનનો યોગ, રચાય તે પહેલાં કાયાયોગ આ રીતે માનવો જ પડે છે! કાયાના યોગે કરીને વચન અને ભાષાના પુદગલો (વૈદિક તત્વજ્ઞાનમાં પુદગલોને માટે લગભગ અણુશબ્દ વાપરેલો છે.) પશ્ચિમના સાયન્સવાદીઓ વસ્તુઓના નાનામાં નાના અણુને ઈથર જેવા શબ્દથી કેટલેક પ્રસંગે સંબોધે છે, હાલમાં ઈથરથી પણ નાના અણુની શોધ થઈ છે. આ સર્વ શબ્દો કરતાં પુદગલ એ વધારે ભાવવાહી શબ્દ હોઈ તે પદાર્થની છેવટની અવિભાજ્ય સ્થિતિનો કણ દર્શાવે છે. ગ્રહણ થાય છે. ભાષા અને વચનને ગ્રહણ કરવામાં કારણભૂત કાયા છે અને તેથી જ મન અને વચનના યોગ પહેલાં જૈનતત્વદર્શીઓએ કાયાનો યોગ પહેલો માન્યો છે. શાસ્ત્રકારોએ પર્યાપ્તિ દર્શાવતી વેળાએ પણ પહેલાં શરીર પર્યાપ્તિ જ માની છે, અર્થાત્ પર્યાપ્તિના હિસાબે, જૈનદર્શનકારોને હિસાબે અથવા કેન્ટ ઈત્યાદિ પશ્ચિમના તત્વદર્શીઓને હિસાબે પણ પ્રાણીમાત્રને-પછી તે, ગમે તે પ્રકારનો જીવ હો-કાયા છે એમ તો માનવું જ પડે છે, હવે આ કાયા શાથી થઈ તેનો વિચાર કરો. ઉત્તર એ જ છે કે જન્મથી. જ્યારે કર્મથી જન્મ સાબીત થાય છે! કર્મ વગર જન્મ અને જન્મ વગર કર્મ માનીએ, તો પહેલો જ તમોને એ સવાલ મૂંઝવશે કે જો કર્મરૂપી વૃક્ષ ઉપસ્થિત થયું છે તો તે શું બીજરૂપી કાંઈક ચીજ વગર થઈ શકે? જો જન્મરૂપી ફળ માનીએ, તો તમારે એ પ્રશ્નનો ઉત્તર આપવો પડશે કે જન્મરૂપી ફળ શું વૃક્ષ વગર જ પરિણમ્યું છે?

**કાયા વિનાનું પ્રાણી નથી.**

આખરે તમારે ઘેર પાછા જ આવવું પડશે અને જેમ બીજ અંકુરની પરંપરા અનાદિ માની

* પશ્ચિમના વિદ્વાનોએ પણ આ વાતનો સ્વીકાર કર્યો છે, સોક્રેટીસ એ આ સિદ્ધાંતનો પહેલો સ્વીકાર કરનારો યુરોપી તત્વવેત્તા હતો.

છે, તે જ પ્રમાણે તમારે જન્મકર્મની પરંપરાને પણ અનાદિ માનવી જ પડશે ! જન્મ પહેલાં કર્મ માની શકાતું નથી, તે જ રીતે કર્મ પહેલાં જન્મ પણ માની શકાતો નથી અર્થાત્ ઘઉંનો દાણો અને અંકુરની માફક આ પણ જન્મ અને કર્મની પરસ્પર સહાયતા આપનારી પરંપરા જ બની! હવે પરંપરામાંના કોઈપણ એક પક્ષને તમે પહેલો માની શકતા નથી, જ્યાં એક બીજા પર અવલંબેલી પરંપરા થઈ કે એ પરંપરા તમારે અનાદિની માનવી જ પડે છે. આથી આપણે કબુલ રાખીએ છીએ કે જન્મ અને કર્મ એ પણ પરંપરા હોઈ એ અનાદિની જ છે!

મહાનુભાવો ! તત્વજ્ઞાનનો વિષય ગહન છે અને તેમાં જેમ જેમાં ઉંડા ઉતરતા જઈએ છીએ તેમ તેમ શંકાની પણ પરંપરા વધીને તે સામાન્ય માણસને ગુંચવાડામાં નાંખે છે! અહીં પણ તમે એવો જ પ્રશ્ન ઉઠાવી શકો છો કે ભલે કર્મ અને જન્મની પરંપરા હોય પણ તેથી તે અનાદિ છે કે આદિની, તેની સાથે શ્રોતાઓને શું સંબંધ છે! અમોને તો માત્ર આ બંધ તોડવાનો જ માર્ગ દર્શાવવો હિતકર છે. તમે એમ પણ પ્રશ્ન કરી શકો છો કે બે મિત્રો છે, તેઓ જંગલમાં જાય છે; એક કૂવામાં એ સમયે એક છોકરો પડેલો છે, તો આ મુસાફરોએ તે છોકરાને પહેલાં કાઢી લેવો જોઈએ કે એ છોકરો કોનો છે? કયા ગામનો છે? કયા કુળનો છે? ઈત્યાદિ તે બાળકનો ઈતિહાસ સોધવા બેસવું ઘટિત છે? જેમ બાળક કૂવામાં પડ્યો : માટે બીજી ગરબડ સરબડ મૂકી દઈને તેને બહાર કાઢવો એ કર્તવ્ય છે! તેમ જન્મકર્મ પરંપરા સિદ્ધ છે, તો હવે તેને આદિ-અનાદિ ઠરાવવાની ગરબડ સરબડ મૂકી દઈને એ પરંપરાને ભેદવાના ઉપાયો દર્શાવવા અને તે જ યોજના એ કર્તવ્ય છે! ફલાણું અનાદિ છે : અને ફલાણું પરસ્પરાવલંબી છે એવો ટકટકારો ખાલી ઢોંગ છે! એમ પણ તમારા હૃદયમાં કદાચ શંકા થાય એ સંભવિત છે!

### શંકા કઠણ પણ જવાબ તો સહેલો !

એવી શંકા થાય તો તેથી ડરતા નહિ! શંકાનું તરત નિવેદન કરો અને ધર્મબુદ્ધિએ તેનો તોડ લાવવાનો પ્રશ્ન હાથમાં લ્યો : તો જૈન શાસન તમોને એનો ઉત્તર આપવા તૈયાર છે ઠીક! હવે અહીં એક સાધારણ ઉદાહરણ લો: તમારા પગમાં એક કાંટો વાગ્યો છે ! આ કાંટો બહુ નાનો છે, તે તમોને ખૂંચતો પણ નથી! તમને તેનું સંકટ પણ નથી! હવે હું એમ પૂછું છું કે આ કાંટો કાઢવાને માટે તમે વિલાયતથી સિવિલસર્જન બોલાવી તેની પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરશો કે? નહિ જ !! હવે ધારો કે તમોને કાચ વાગ્યો છે! કાચનો ટુકડો અંદર રહી ગયો છે ભયંકર દર્દ થયું છે! હેરાનગતિનો પાર નથી! તાવ લાગુ પડ્યો છે, જીવવાની આશા નથી અને ભગવાને તમારી તિજોરી તર રાખી છે, તો હવે તમે શું કરશો? જો તમોને એમ ખબર થાય કે જર્મનીમાં ફલાણો ડૉક્ટર છે અને તે આ વિષયનો નિષ્ણાત છે; તો તમો લાખ રૂપિયા આપીને પણ તેને બોલાવશો! આ ઉદાહરણ ઉપરથી સહજ તમારા ખ્યાલમાં એ વાત આવી જ જવી જોઈએ કે જલદ ઉપાયો આપણે ત્યારે જ લઈએ છીએ કે જ્યારે રોગની મહાભયાનક પીડાનું આપણને જ્ઞાન થાય છે! ધારો કે એક નાદાન છોકરાને ક્ષય લાગુ પડ્યો છે, દરરોજ છોકરાનો બાપ તેને બોર ખાવાને એકેક પૈસો આપે છે! અને એક વૈદ્ય પણ પૈસો જ દવાની ફી લઈ ક્ષય મટાડવાની દવા આપે છે! હવે આ છોકરો દવા લેશે કે બોર લેશે? છોકરો પૈસાની

દવાનો ત્યાગ કરીને પૈસાના બોર લેવાનું જ વધારે પસંદ કરશે. આ ઉદાહરણો આપણને એમ કહી આપે છે કે : દવા કરવાનો ત્યારે જ ખ્યાલ આવે છે કે "રોગ છે" એ ધ્યાનમાં આવે છે! અને એ દવા એ ઉપાય જલદપણે ત્યારે જ થાય છે કે જ્યારે રોગની ભયંકરતાનો ખ્યાલ આપણા મનમાં વસે છે!

**એ જ સ્થિતિ જનતાની પણ છે :**

જીવ જન્મ અને કર્મની જંજાળમાં જકડાયેલો છે એ ખબર પડે, તો જ તેનો નાશ કરવાની - એ જંજાળને તોડવાની ઈચ્છા થાય છે માટે જ જીવ જન્મ અને કર્મની જંજાળમાં જકડાયેલો છે એ વાત તમારા ખ્યાલમાં લાવવી જ જોઈએ. જીવને જન્મ અને કર્મનો રોગ લાગુ પડ્યો છે એ વાત હવે તમે કબૂલ રાખી, પણ હવે એ રોગ કેવો ભયંકર છે અને કેટલો જુનો છે, તે વાત તમારા ખ્યાલ પર લાવવી જોઈએ, કારણ કે એ રોગની ભયંકરતાનો જ્યારે તમોને ખ્યાલ આવશે ત્યારે જ તમો તેને ઘટિત એવાં જલદ પગલાં પણ લેવા માંડશો!

**જુનો રોગ છે માટે ઉપાય જલદ જોઈએ.**

મહાનુભાવો! આ પ્રમાણે આત્માને લાગેલી જન્મ કર્મની જંજાળ ભયંકર છે, તે સૃજનજુની છે, તે રાક્ષસી રોગ છે; એવું બતાવવાને માટે જ અને તેનો તમારા મગજમાં ખ્યાલ લાવવાને માટે જ શાસ્ત્ર તમોને વારંવાર ટોંકીટોંકીને અમોને એવું તમને કહેવાની ફરજ પાડે છે કે :

"ચેતો ! ચેતો! આત્માને જન્મકર્મનો લાગેલો રોગ અનાદિનો છે! અનાદિનો છે! અનાદિનો છે!!!" જન્મમરણના આ ભયંકર રોગનો તમોને ખ્યાલ હોવો જ જોઈએ. રોગથી મૂર્છામાં પડેલા માણસનું શીર ફૂટી જાય, તો તેની ભયંકરતાનો તેને ખ્યાલ હોતો નથી! પણ તેને ખ્યાલ નથી, માટે માથું ફૂટીને લોહી વહી જવાનું પરિણામ તેને છોડી દેવાનું નથી! અર્થાત્ વસ્તુની મહત્તા ન સમજીએ, તો પણ તેમાં રહેલો સ્વભાવ તો તેનું ફળ ક્ષણના પણ વિલંબ વિના આવ્યે જ જાય છે! વીજળીના બળની ભયાનકતા ન સમજો! એ પ્રવાહ શી રીતે ઉત્પન્ન થાય છે એ ભલે ન સમજો ! પણ જ્યાં વીજળીનો તાર તમે પકડ્યો કે ખલાસ! બે જ સેંકડમાં તેનો આંચકો તમોને પુરા કરી નાખે છે! એ જ પ્રમાણે જીવ, કર્મ અને જન્મની ભયંકરતાને ન સમજી શકતો હોય, તેથી કાંઈ કર્મની ભયંકરતા તેને છોડી દેવાની નથી! ભયંકરતા ન સમજવાથી લાભ છે જ નહિ અને જો એ ભયંકરતાને સમજી લઈએ તો તેવો જ જલદ ઉપાય યોજવાનું પણ બની શકે એમ છે, આવા સંયોગોમાં કોઈપણ ડાહ્યો માણસ ભયંકરતાને સમજી લેવામાં જ ડહાપણ માનશે! એ જ પ્રમાણે કર્મ અને જન્મ અનાદિના છે એવી પણ તેની ભયંકરતાનો ખ્યાલ તમારે કરી લેવામાં જ લાભ છે!!

**પહેલો એક કર્મ વિનાનો જન્મ કલ્પોઃ**

એ જન્મમાં માણસાઈનો સંપૂર્ણ ખ્યાલ કલ્પોઃ જો આ કલ્પના ખ્યાલમાં આવી જતે તો આત્મા પહેલે જ જન્મે જન્મ ઉપર ધિક્કાર વરસાવત! તેનું સ્મરણ સરખું પણ નહિ જ કરત! અલબત્ત, જે બેશરમી છે! જેને ગર્ભવાસના દુર્ગતિ યુક્ત દુઃખોમાંજ મઝા આવે છે, તેવાની વાતો દૂર રાખોઃ પણ જે એવો બેશરમી નથી, નફફટ નથી, તેને તો જરૂર પહેલે જ જન્મે જન્મ ઉપર શરમ અને તિરસ્કાર આવત! યાદ રાખો કે આ સઘળું કર્મ કરાવે છે! તમે કદાચ આ કર્મને ન માનો,

તેની હસ્તિ સ્વીકારવાની ના પાડી 'કર્મ' જેવી કોઈ ચીજ નથી જ એવો દાવો કરો; તો તમારા આવા વિતંડાવાદથી કર્મ કાંઈ તેની ભયંકરતાનો ત્યાગ કરી દેવાનું નથી! સસલાની આગળ કૂતરો દોડતો આવી રહ્યો છે. સસલો આંખ મીંચી લે છે તેથી એમ નથી થતું કે સસલો બચી જાય છે! આંધળો સાપને નથી દેખી શકતો માટે તેને સાપ નહિ કરડે એવો નિયમ નથી જ! ત્યારે હવે એવો પ્રશ્ન ઉપજે છે કે વસ્તુ જો કે તેના સ્વભાવનું પરિણામ તો ઉપજાવવાની જ છે ત્યારે હવે એ વસ્તુની ભયંકરતા જાણવાથી લાભ છે કે તેની ભયંકરતા ન જાણવાથી લાભ છેઃ આંધળો ન દેખી શકે તેથી સર્પ તેને છોડતો નથી પણ જો તે દેખતો હોય, સાપનું યમકૃત્ય જાણતો હોય તો તે સાપને દૂર ફેંકી દઈ શકે છે.

**ભયંકરતા જાણવામાં લાભ છે, નહિ જાણવામાં નહિ.**

એ જ પ્રમાણે કર્મને ફેંકી દેવાના પ્રયત્નો પણ તે જ કરી શકે કે જે એની ભયંકરતા જાણે છે. અર્થાત્ હવે તમારે કબુલ રાખવું જ પડશે કે જન્મ અને કર્મમાં આત્મા ફસાયેલો છે એટલું જ તમારે જાણવાની જરૂર નથી જ પણ એ ફસામણ અનાદિની છે એ ભંયકરતા પણ તમારે જાણવી જ રહી!! અને તે ભંયકરતા પણ અમારે તમોને દર્શાવવી જ રહી!!

જે સાપ દેખે છે તે જ સાપને દૂર ફેંકી દઈ શકે છે તે જ પ્રમાણે કર્મ અને તેના કારણો તથા એની ભયંકરતા પણ જે જાણતો હોય તે જ એને દૂર ફેંકવાના પ્રયત્નો કરી શકે છે. દસ બાર દહાડા લાગલગાટ તાવ આવે છે ત્યાં તો આપણે ગભરાઈ જઈએ છીએ! દસ-બાર મહિના જો લાગલગાટ તાવ આવે તો ક્ષયની બ્હીક આપણને ગભરાવે છે! દાકતર કહે છે કે ક્ષય છે : પરેજી કરો, તેલનો સ્પર્શ ન કરો, મીઠામરચાની ગંધ પણ ન લેશો, તો આપણે તે કબૂલ રાખીએ છીએ. હવે જો હાડકાં ચામડાંનો તાવ આટલો બધો ભયંકર છે અને તેને ટાળવાને માટે આપણે આવા આકળા થઈને ઉપાયો કરીએ છીએ, તો પછી તમેજ ખ્યાલ કરો કે આત્માને જે કષાયોરૂપી તાવ લાગેલો છે તેને ટાળવાને માટે આપણે તેટલી જ ઉત્સુકતાથી પ્રયત્નો શા માટે કરતા નથી? આનું કારણ એટલું જ છે કે એ આત્માના તાવની ભયંકરતા અને તેના જુનાપણાથી આપણે અજ્ઞાત છીએ. એ ભયંકરતાનો અને આત્માના તાવની મહત્તાનો જો માણસને ખ્યાલ હોત તો જેમ શરીરના તાવને તે ભયંકર લેખે છે અને તેને ટાળવાના પ્રયત્નો કરે છે તેવા જ પ્રયત્નો તેણે આત્માનો તાવ ટાળવાને માટે પણ અવશ્ય કીધા જ હોત! શરીરનો તાવ શરીરનો નાશ કરી આત્માને છૂટો પાડે છે પણ આત્માનો તાવ તો એવો ઝેરી છે કે ત્યાંથી જો નિગોદમાં ગયા તો ખલાસ! એ તાવ આ રીતે નિગોદમાં મોકલે, તો ત્યાં ચાર ઈન્દ્રિયોનો લોપ અને માત્ર એક જ ઈન્દ્રિય હોય તેવા ભવમાં જન્મ મળે છે અને ત્યાં ભટકવું પડે છે!

તાવની ભયંકરતાની ખબર નથી, એ તાવ ક્ષયનો છે એમ જે જાણતો નથી, તેવો માણસ ચરી પાળવાની જરૂર પણ નહિ સમજી શકે એ વાત તદ્દન વાસ્તવિક છે. જે માણસ ક્ષયની ભયંકરતા જાણતો નથી તેને તમે ચરી પાળવાનું કહેશો તો તમોને એ તમારો શત્રુ જાણશે! તમોને જોશે ત્યાંથી તમારા ઉપર દાંતીયા કરશે અને છતાં એ જો તમો તેને બળાત્કારે ચરી પળાવવા જશો તો

છેવટે બજારૂ હોટલોમાં પણ જઈને તે ચરી ભાંગી આવે છે! આ બધાનું કારણ એટલું જ છે કે રોગની ભયંકરતાનો ખ્યાલ એ માણસના દિલમાં હજી વસ્યો નથી. એ જ પ્રમાણે શ્રી જિનેશ્વરદેવો એ આપણા આત્મિક ધન્વંતરીઓનું કામ કરે છે! દાકતર તો એક ભવના શારીરિક રોગનો વિનાશક છે પણ જિનેશ્વર ભગવાનો તો આત્માના ભવોભવના રોગના વિનાશક છે. જે દરદી રોગનું મહત્વ સમજ્યો છે તે રોગી તો પોતાને માટે દાકતરની આવશ્યકતા અને તેની ઉપકારકતાને સમજી જ જાય છે પણ જે રોગી રોગની મહત્તા નથી સમજ્યો, તેને માટે શો ઉપાય કરવો પડે છે; તેનો જરા ખ્યાલ કરો! મોટો સમજણો દરદી હોય તો તેને સમજાવી, ધમકાવીને દવા પાવામાં આવે છે અને જો દરદી બાળક હોય તો તેને મીઠાઈની લાલચ આપીને પણ દવા પાવામાં આવે છે જેમ મીઠાઈની લાલચ આપીને અજ્ઞાનને દવા પાવામાં આવે છે, તે જ રીતે ધર્મ કરવાને પંથે પણ વિષય-કષાયોનો યથાર્થ ખ્યાલ નહિ રાખનારા માનવીઓને પરાણે પ્રેરવા પડે છે! લાલચ દેખાડીને પણ તેમને ધર્મમય જીવન ગાળનારા બનાવવા પડે છે અને એમ કરવામાં જરૂર કર્તવ્ય રહેલું છે.

પ્રભાવનામાં પતાસાં, પેંડા, નાળિયેર વગેરે વહેંચવામાં આવે છે. આપણે કબૂલ કરવું જ પડશે કે એટલી એ લાલચ છે, પણ આ લાલચ શા માટે આપવામાં આવે છે ? મનુષ્યોને ધર્મને પંથે પ્રેરવા માટે; નહિ કે કોઈ બીજા કારણને માટે! તે છતાં એટલું તો કહેવું જ પડશે કે જેમ પતાસાંની લાલચે દવા પીનારા દવાની મહત્તાને કે રોગની ભયંકરતાને સમજી શકેલા નથી, તે જ પ્રમાણે પ્રભાવનાની લાલચે વ્યાખ્યાન સાંભળવા આવનારાઓ અથવા લાડવા માટે પૌષધ કરનારાઓ એ વ્રતોને અને આત્માને લાગુ પડેલા તાવની ભયંકરતાને સમજી શક્યા નથી! આજે ભલે તેઓ લાલચથી ધર્મનું વર્તન કરે છે, આજે ભલે લાડવાની લાલચે પૌષધ કરે છે, પણ નક્કી માનજો કે આજે જેઓ કોઈ જાતની લાલચથી પણ ધર્માચરણ કરે છે તેઓ આવતીકાલથી લાલચ વિના પણ તેમ કરવાને જરૂર પ્રેરાયા વિના નહિ રહે!

બાળક નાનો છે, દવા પીતો નથી તેથી, તેને ગોળનો લાડુ બતાવી દવા પાવી પડે છે. આ ગોળનો લાડુ બાળક ન ખાય એ આપણી સૌની ઈચ્છા છે! પણ ગોળના લાડુ વિના તે દવા નહિ જ પીતો હોય તો "ગોળના લાડુએ ન આપો અને દવાએ ન આપો!" એવું પ્રતિપાદન કરીને બાળકની દવા તોડાવી નાખનારને તમો કેવો માનશો! જરૂર એમ કહેવું જ પડશે કે જે બાળકની દવા તોડાવી નાખે છે તે બાળકનો મિત્ર નથી પણ શત્રુ છે. એ જ પ્રમાણે ધર્માચરણ માટે પણ સમજી લો! લાડુ, પતાસાં પ્રભાવના વિના અજ્ઞજન ધર્મવર્તન નથી કરી શકતો; તો એવા "અજ્ઞાનને લાલચ પણ ન આપો અને તેની પાસે ધર્મક્રિયા પણ ન કરાવો" એવું કહેનારો પેલા અજ્ઞાન માણસનો શત્રુ-ભયંકર શત્રુ છેઃ જેમ બુદ્ધિહીન બાળકની દવા રોકનારો બાળકનો શત્રુ છે તે જ પ્રમાણે ધર્માચરણ રોકનારો તે માણસોનો પણ પરમ શત્રુ જ છે. અલબત્ત લાલચ રોકવા જેવી છે, એની તો કોઈપણ ના પાડી શકતું જ નથી, પણ આજે જે ધર્મની યથાર્થ કિંમત સમજ્યા વિના લાડુ, પતાસાં કે નાળિયેરની ધર્મક્રિયા કરવાને પ્રેરાય છે, તે કાલે ધર્મ-વર્તનની મહત્તા સમજતાં આપોઆપ પોતે તો લાલચનો ત્યાગ કરશે જ; પણ બીજાને પણ લાડવા આપી પૌષધ કરાવવાની પ્રવૃત્તિને આદરશે જ; એ જ વસ્તુ નિર્વિવાદ છે.

## તમારા શત્રુને ઓળખો (શ્લોક)

અર્થાત્ દવા રોકનારો બાળકનો શત્રુ છે તેમ "લાડવા આપીને પૌષધ શા માટે કરાવવો?" એવું કહીને આજે જેઓ ધાર્મિક ક્રિયાઓને અવરોધવાની વાતો કરે છે તેઓ પણ માની લ્યો કે માનવસમાજના મહાભારત શત્રુઓ જ છે!!

આ કથનનો અર્થ પણ એટલો જ છે કે દ્રવ્યક્રિયા પણ રોકવા જેવી તો નથી જ ! આજે જે દ્રવ્યક્રિયાથી ધર્મમાં જોડાયેલો છે તે દ્રવ્યક્રિયા વગર પણ સ્વતંત્ર ધર્મપાલન કરવા તો શીખવાનો જ છે! માત્ર એ વાતાવરણને વાર લાગશે. એ જ્યારે સમજણો થશે, ધર્મની સાચી મહત્તાને સમજશે, દ્રવ્યક્રિયા વિનાના ધર્મોચરણોની ઉત્તમતા દેખશે કે પછી તરત જ એ લાડવા માટે પૌષધ કરનારો કિંવા પ્રભાવના માટે વ્યાખ્યાન સાંભળનારો નહિ જ રહે! પણ એ સમજણો થયો નથી તે સ્વતંત્ર ધર્મની મહત્તાને જોઈ શક્યો નથી ત્યાં સુધી તે દ્રવ્યક્રિયાને અનુસરીને પણ ધર્માચરણ કરતો હોય, તો એનું તે ધર્માચરણ "લાડુ સાથેની દવા" પ્રમાણે ચાલવા દેવું જોઈએ અને એવા ધર્મચારણ સામે જેઓ લાલ આંખો કરે છે તેઓ નિઃસંશય સમાજના શત્રુઓ છે મિત્રો તો નથી જ! એ તમારે સમજી લેવું ઘટે!!

બાળક દવા નથી પીતો, ત્યારે તેના માબાપ તે બાળકને બળાત્કારે દવા પાય છે. આ દવા પાવામાં માતાપિતાની શું ક્રૂરતા છે એમ તમો કહી શકશો? કોઈ પણ સમજણો માણસ એમ કદી ન કહે કે આ રીતે માબાપ બાળકો પર અત્યાચાર કરે છે : બાળક વધારે તોફાની હોય! દવાનું નામ સાંભળીને કંપતો હોય ત્યારે માબાપને બાળકોને પરાણે પકડીને તેના મોઢામાં વેલણ ઘાલીને તેને દવા પાવી પડે છે! દોઢડાહ્યાઓ આ પ્રસંગે માબાપની ક્રૂરતા જુએ છે પરંતુ તેઓ દવાને અંગે, માતાપિતાની દયાને નથી જોઈ શકતા! એટલું જ નહિ પણ સામા પેલા છોકરાને શિખામણ આપવા તૈયાર થાય છે કે : તારા માબાપ ઘાતકી છે, હવે દવા પાવા આવે તો સત્યાગ્રહ કરજે! દવા ન પીતો! મોઢું ના ઉઘાડતો અને મોઢામાં બળાત્કારે વેલણ નાંખે તો એને પકડી લેજે!

કહો મહાનુભાવો! આવા સલાહકારોને તો બાળકોના મિત્રો કહેશો કે બાળકોના ઘોર શત્રુઓ કહેશો? તમારે આવા મૂર્ખા સલાહકારોની ગણના બાળકોના શત્રુઓમાં જ કરવી પડશે! આવી રીતના મૂર્ખાઓ ધર્મને વિષે પણ નજરે પડે છે; જેમ બાળક આવા મૂર્ખા સલાહકારોને જ અવલંબે તો રોગથી તે બાળકનો વિનાશ જ થાય છે તે જ પ્રમાણે ધર્મને વિષે પણ આવા જે મૂર્ખાઓ છે તેમને અનુસરનારાઓની એવી જ દશા થાય છે!

સાધુની પાસે છોકરાને બે કલાક ભણવા બેસાડ્યો : બાળકે ઉપવાસ કર્યો, પૌષધ કર્યો કે આવા નકલી ધુતારાઓ તરત બૂમ મારી ઉઠે છે કે : "અરે બિચારાને ગોંધી મૂક્યો, બિચારાને ભૂખે માર્યો:" આવા આવા શબ્દો બોલીને આ મૂર્ખાઓ દવારૂપી ધર્મક્રિયાથી ખોટી દયા ખાઈ મનુષ્યોને ઉપવાસાદિમાંથી રોકે છે પણ દિલગીરીનો વિષય છે કે તેઓ અધમ આત્માની ભયંકર રખડપટ્ટીનો ખ્યાલ કરી શકતા નથી. આવા સલાહકારો પોતે ડૂબે છે અને સાથેસાથે તેઓ બીજાને પણ ડૂબાડતા જાય છે.

## આત્માની રખડપટ્ટીનો ખ્યાલ કરો

વિચારો જ ન કરનારા કરતાં વિચારો કરનારો સારો છે, જેને બિલકુલ ધર્મ સાથે લેવાદેવા જ નથી, તેના વિચાર સરખા પણ જેના મનમાં આવતા નથી, તેના કરતાં જેના અંતરમાં "હું ધર્મ ક્યારે સાધીશ! એવો વિચાર આવે છે તે પણ ઉત્તમ છે. તે જ પ્રમાણે દ્રવ્યથી થયેલી ધર્મ-પ્રવૃત્તિ પણ સારી છે કારણ કે તેથી ધાર્મિક ભાવની

ઉત્પત્તિ થવા પામે છે. તમો અહીં એવો પ્રશ્ન ઉઠાવશો કે શું ધર્મ બળાત્કારથી પણ થાય છે ખરો? ઠીક. તમારા પ્રશ્નનો આપણે ધીરજપૂર્વક વિચાર કરીએ. આ પ્રશ્ન સમજવા માટે એક ઉદાહરણ લ્યોઃ એક શ્રીમંત શેઠ છે. શેઠ ઘણો વિદ્વાન્ છે. વિદ્વાન્ છે, તેવો જ તે ધર્મનિષ્ઠ પણ છે. તેની ધર્મશ્રદ્ધા અતૂટ છે. ધર્મની પાછળ તે સહુ કાંઈ ફગાવી દેવાને તૈયાર છે! આ શેઠને એક છોકરો છે : દેવતાને ઓલવી નાખીએ એટલે તેના જેમ કોલસા થાય છે તેમ આ શેઠજીનો છોકરો નર્યો કોલસા જેવો છે! ધર્મ શી ચીજ છે તેનું સ્મરણ પણ તેને કંપાવે છે! શેઠે વિચાર કર્યો કે; ક્યાં હું આવો ધર્મનિષ્ઠ અને ક્યાં આ મારો સંતાન. મારાથી સર્વથા ઉલટો! શેઠે તો હવે દરરોજ તેને ધર્મનાં વ્યાખ્યાનો કહેવા માંડ્યાં, તેને ધાર્મિક પુસ્તકો વાંચવા આપવા માંડ્યાં! ગુરુ પાસે મોકલવા માંડ્યો! પણ છોકરો એવો પત્થર જેવો કે કાંઈ દહાડો વળે જ નહિ! શેઠે વિચાર કર્યો કે કોઈપણ રીતે મારે આને સુધારવો તો જોઈએ જ! પત્થર-હીરા, મોતી, માણેકના માલિકો પોતાના વારસામાં પત્થર અને હાડકાં આપે છે.

**સારામાં સારો વારસો કયો ?**

જે જેની પાસે હોય તે તે વારસામાં આપે છે, ત્યારે મારી ધર્મવૃત્તિ પણ ત્યારે જ પ્રમાણ છે કે જ્યારે હું મારી એ ધર્મવૃત્તિનો જ વારસો આપી શકું! હું તમોને પૂછું છું કે પેલા શેઠની એ વૃત્તિ શું ગેરવ્યાજબી હતી? નહિ! જરાપણ નહિ! તમારા કુળમાં આત્મા જન્મે છે એનો આત્માને ફાયદો શો? આત્મા જૈન કુળમાં કયો ભરોસો રાખીને આવે છે તે જાણો છો? ગયા ભવમાં આત્મા; જૈનકુલ વિના-જૈન ધર્મ વિના ચક્રવર્તીપદ મળતું હોય; તો તે ન જોઈએ પણ જૈન કુળ મળે-જૈન ધર્મ મળે અને ત્યાં ભયંકર દરિદ્ર હોય તો તે મને કબુલ છે; એવો ભરોસો રાખીને-એવો વિશ્વાસ રાખીને આત્મા તમારે ત્યાં જૈનકુળમાં જન્મે છે! પત્થરનો વારસો તો અન્યદર્શનીઓ પણ આપે જ છે ને! ત્યારે તમારે શ્રેષ્ઠ વારસો કયો આપવાનો છે? ધર્મવૃત્તિનો! અને જો એ વારસો તમે આપો તો જ તમારા ઉપર વિશ્વાસ રાખી તમારે ત્યાં આત્માએ જન્મ લીધેલો પણ પ્રમાણ છે! આત્માએ રાખેલા વિશ્વાસને તમે વફાદાર ન રહો, એ વારસો તમો તેને ન આપો તો સમજો કે તમો વિશ્વાસઘાતી છોઃ તમે ભયંકર વિશ્વાસઘાત કર્યો છે. શેઠે આવા આવા વિચારો પોતાના અંતરમાં વણી લીધા હતાં. તેનું હૃદય જાણે ધર્મનું ક્ષેત્ર જ બની ગયું હતું! હવે જેમ જેમ પેલો છોકરો વધારે અધર્મ આદરતો જાય, તેમ તેમ શેઠને વધારે ગ્લાનિ થાય અને શેઠ સંતાનને સુધારવા માટે વધારે અને વધારે પ્રમાણમાં પરિશ્રમ લેતો જાય! શેઠે વિચાર કર્યો કે મારો પુત્ર પીળા ચાંદલાને શરણે આવ્યો છે. આપણા બોર્ડ નીચે આવ્યો છે. આપણું બોર્ડ વાંચી તે આપણા કુળમાં જન્મ્યો છે માટે જો તેને ધર્મ ન આપીએ તો તેણે આપણું વાંચેલુ બોર્ડ નકામું જ ગયું છે અને આપણે બોર્ડ ખોટું માર્યું છે એ જ તેનો અર્થ થાય છે! એ જૈન ધર્મનું બોર્ડ કયું? પીળો ચાંદલો !

(અપૂર્ણ)

---

સુધારો પા. ૨૦૫ 'માત્ર આઠ ગતિ સુધી સમુદઘાત' એ વાક્યમાં ગતિશબ્દ નકામો છે, તેથી આહારનો અભાવ માત્ર બેચાર સમય વિગ્રહગતિમાં માત્ર આઠ સુધી સમુદઘાતમાં એમ વાંચવું.

પા. ૨૫૩ સયોગિકેવલીપણામાં દ્રવ્યમનનું મનઃપર્યાયજ્ઞાની આદિને ઉત્તર દેવા માટે અસ્તિત્વ છે પણ પોતાને પણ જ્ઞાનના સાધન તરીકે દ્રવ્યમન કે ભાવમનનું અસ્તિત્વ માનવામાં નથી આવ્યું ને તેથી કેવલીનો ઉપયોગ આંતમુર્હૂર્તિક નથી પણ સામાયિક છે.

પા. ૩૩૬ બીજા કોલમમાં 'પુંડરીક સ્વામી વિગેરે' ને બદલે 'પુંડરીકસ્વામી વિગેરે સિવાય' વાંચવું.

પા. ૩૭૩ બીજા કોલમમાં બારમી લીટીમાં 'સાધુઓ' શબ્દ છે તે બદલ 'પ્રાણીઓ' શબ્દ લેવો.

## નામ નહિ લખનાર જિજ્ઞાસુને :-

(૧) ક્ષાયિક૦ જિનકાલમાં જ હોય છે.

(૨) સંમેલનનો ઠરાવ જોવો.

(૩) રૂઢિથી શ્રાવક શ્રાવિકાને સંઘ કહે.

(૪) દીક્ષા કરતાં પોતાની જાતને અધિક માને તેનું શું?

(૫) પોતાની અધમતા છતાં શબ્દથી ભડકે તે બમણું પાપ.

(૬) વ્યક્તિ જોયાથી ભાવનો નિર્ણય કંઈક થાય.

(૭) શંકાના નિર્ણયને પાપશંકા કહેનાર વિતંડાવાદી સિવાય બીજો કોણ?

(૮) આરાધનાનું ધ્યાન નથી એમ કહેનારો કાં દુર્ગતિગામી જીવ ન હોય?

(૯) રાત્રિભોજન વિરતિ આદિમાં જેમ કાયરતાને સ્થાન નથી તેમ પાપવિહારમાં કેમ નહિ?

(૧૦) પડવાનો નિશ્ચય છતાં અમને આપવામાં વાંધો નથી એ અક્ષરો રજુ કરવા. કદાચિત્ પતિત થાય તો તે દેનાર ગુન્હેગાર જ હોય એમ નહિ એ વાત સંભવિત છે.

આનો સ્વીકાર થયે આગળના પ્રશ્નોના ઉત્તરો અપાશે.

'વીરશાસન'ના તંત્રીએ અમારા પત્રના અમુક કોલમો પોતાના પત્રમાં લીધાં છે, અને તેને શ્રી સિદ્ધચક્રમાંથી ઉદ્ધત તરીકે નથી જણાવ્યાં તે શોભાસ્પદ નથી.

**'તંત્રી' શ્રી સિદ્ધચક.**

(ટાઈટલ પાના ૪નું અનુસંધાન)

**આ આદેશમાં** સામાન્ય રીતે સર્વ સંસારી આત્માઓ ઔપપાતિકતા એટલે જન્મની અસ્તિતાને ધારણ કરવાવાળા હોઈ 'મે' શબ્દની કંઈપણ વિશેષ જરૂર નથી. આત્માની ઔપપાતિકતાને વિચારનારો મનુષ્ય આદિ સર્વ સંસારી જીવોની અંતર્ગત હોવાથી સામાન્ય સંસારીઓને અંગે अत्थि आया उववाइए એમ જણાવ્યું હોત તો સમષ્ટિનું જ્ઞાન થાત છતાં અહીં 'મે' શબ્દ વાપરી માત્ર જ્ઞાન સંજ્ઞા ધારણ કરનારને પોતાની ઔપપતિકની અસ્તિતા જાણવા સ્પષ્ટપણે આદેશ્યું છે.

**આ આદેશમાં** અસ્તિતા અને નાસ્તિતા બંને પરસ્પર વિરુદ્ધ દેખાતા ધર્મો એકજ આત્મામાં છે, એમ જણાવી અર્થથી વિરુદ્ધ ધર્મોનો સદ્‌ભાવ પ્રથમ ભાગથી સૂચવ્યા છતાં શબ્દથી સ્પષ્ટ વિરૂદ્ધ ભાવ સૂચવે છે એ સિવાય મારો આત્મા ઔપપાતિક છે એમ માનનારો મનુષ્ય મારો આત્મા ઔપપાતિક નથી એમ કેમ માની શકે? અને આ વિરોધને આત્માને જ માનનારા જ્ઞાનસંજ્ઞાવાળો માનવો તથા આવું વિરોધવાળું નહિ માનનારાને જ્ઞાનસંજ્ઞા વગરનો માનવો એ કથન શું કર્તું, અકર્તું અને અન્યથાકર્તું જેવું સામર્થ્ય ગણધર મહારાજાનું જણાવે છે એમ નહિ?

આ શાબ્દિક વિરોધનો પરિહાર ઘણો સહેલો હોઈ તે પરિહાર ઘણા પારમાર્થિક માર્ગને મોકળો કરે છે, પ્રથમ અસ્તિતા સાથેનો ઔપપાતિક શબ્દ આત્માની જન્મયુક્તદશાને જણાવે છે જ્યારે नास्तिता સાથેનો ઔપપાતિક શબ્દ અસલી વસ્તુની ઉત્પત્તિરૂપ ઔપપાતિકતાને અંગ વપરાયેલ છે, અર્થાત્ મારો આત્મા નવો ઉત્પન્ન થનારો નથી, કેમકે શાશ્વતો છે પણ નવા નવા ભવોમાં નવાં નવાં કર્મો કરવાથી નવા નવા જન્મોને મારો આત્મા ધારણ કરે છે, આવી રીતે કથંચિત્ ઉત્પત્તિની અસ્તિતા અને કથંચિત્ ઉત્પતિની નાસ્તિતાને મારો આત્મા ધારણ કરે છે એમ માનનારો જ કથંચિત્ નિત્યાનિત્ય, સદસદ્ અને ભિન્નાભિન્ન સ્વરૂપવાળા આત્માને માનનારો હોઈ સમ્યક્ત્વવાળો થઈ આત્માના જન્માદિને ટાળવા માટે આત્માના સ્વરૂપ વિરિતિ અને નિષ્કષાય ધર્મમાં વર્તવા તૈયાર થાય અને યાવત્ જન્મના આંટા ન મટે ત્યાં સુધી અવ્યાહતપણે આત્મદશાને લક્ષ્યમાં રાખે.

**આ આદેશથી** સર્વ લબ્ધિનિધાન, સમગ્ર દ્વાદશાંગગણિપિટકના ગુંથનાર અને ધારનાર ગણધર ભગવંતો સ્પષ્ટપણે જણાવે છે કે આ જીવ અનાદિ વખત વકીલાતના ધંધાની

(જુઓ ટાઈટલ પાના બીજા પર)

## આર્હત્ શાસનનો આદિમ આદેશ.

''अस्थि मे आया उववाइए नत्थि मे आया उववाईए''

... ગતાંકથી ચાલુ ...

**આ આદેશમાં** यत्रान्यद्0 એ ન્યાયથી અસ્તિતાનો અધ્યાહાર થઈ શકે એમ છતાં સૂત્રનું સાધ્યાહારપણું બીજાઓએ શોભા તરીકે માનેલું છતાં જૈનાગમની શૈલીએ સાધ્યાહારપણું સૂત્રના બત્રીશ દોષો પૈકીનો એક દોષ છે એમ જણાવી અસ્તિક્રિયાપદ સાક્ષાત્ જણાવેલ છે. વ્યાકરણ, કોશ, ન્યાય, સાંખ્ય, છંદોનું શાસન, કાવ્યાનુશાસન વિગેરેના સૂત્રોમાં ક્રિયાપદ આદિના અધ્યાહારો હોય છે, પણ તેમાં શ્રોતાને સંદિગ્ધજ્ઞાન થવાનો કે વિપરીત અથવા અવ્યવસ્થિતજ્ઞાન થવાનો પ્રસંગ ગણી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની ત્રિપદીનું પાન કરનારા ગણધર મહારાજા ભવ્ય જીવોને ભવ્યતર બોધ કરવા માટે સ્પષ્ટ ક્રિયાપદથી જ આદેશનો નિર્દેશ કરે છે.

**આ આદેશમાં** ખરેખર अस् ધાતુને તે પણ भवन्तीपहः એટલે વર્તમાન વિભક્તિવાળો અધ્યાહારથી આવી શકે છે એવો છતાં વર્તમાન વિભક્તિવાળો જ अस् ધાતુ સ્પષ્ટપણે જણાવી અધ્યાહાર એ ગૌરવ સ્થાન છે, પણ બોધને માટે સારું સ્થાન નથી એમ સ્પષ્ટ કરે છે.

**આ આદેશમાં** ચેતન, જીવ, પ્રાણી, જંતુ, સત્વ, ભૂત વિગેરે અનેક શબ્દો આત્માને દર્શાવનારા છતાં, જે આત્મા શબ્દ વાપર્યો છે તે પ્રાણધારણાદિક જડજીવનની દશાનો, ખ્યાલ કરતાં કરતાં તેના સર્વકાલની જ્ઞાનદશાની પ્રાપ્તિરૂપ સર્વકાલ વ્યાપક ભાવપ્રાણોને ધારણ કરવારૂપ જડજીવની ધાર્યતા આત્મામાં અવ્યાબાધપણે રહેલી છે તે ધ્વનિત કરવા માટે ઓછો ઉપયોગી નથી.

(જુઓ ટાઈટલ પાનું ત્રીજું)

તૃતીય વર્ષ, અંક ૧૮.

Registered No. B.3047




## શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

જ્યેષ્ઠ વદિ અમાવાસ્યા

તા. ૩૦-૬-૩૫

(ટાઈટલ પાના ત્રીજાનું અનુસંધાન)

સમાગમમાં એક દિવસ અને એક વખત પણ આવવાવાળો ભવ્યજીવ ભવોદધિના ઉદ્ધારના સાધનો મેળવી શકે એમ અનેક શાસ્ત્રીય દૃષ્ટાંતો અને અનુભવથી પણ કાંઈક અંશે સિદ્ધ થયેલું છે, તો પછી ચાર મહિના જેવા લાંબા ટાઈમની સ્થિરતા છતાં શ્રમણોપાસક વર્ગમાંથી એક પણ વ્યક્તિ શ્રદ્ધાળુ અને શ્રોતાપણાથી બેનસીબ રહે તો તે સાધુ મહાત્મા અને શ્રમણોપાસક વર્ગ બંનેને વિચારવા જેવું છે. જો કે શ્રમણોપાસક વર્ગે સાધુ મહાત્માઓના જ્ઞાન, દર્શન અને ચારિત્રના આરાધન અને વિકાસને માટે અનશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, કંબલ, પુસ્તક, પંડિત, ઉપાશ્રયઆદિની સગવડ કરવી તે તેમની ફરજ જ છે, પણ ચોમાસું રહેનાર સાધુ મહાત્માઓએ જેમ બને તેમ તે શ્રમણોપાસક વર્ગના ભાવોનો ઉલ્લાસ રહે તેમ વર્તવું જોઈએ. વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે અષાઢ ચોમાસીના વખતમાં વરસાદના સંજોગને અંગે ઉપાશ્રયના ચોકમાં, માત્રા કે ઠંડિલની જગ્યામાં લીલોતરી અને લીલીફૂલ થવાનો ઘણો સંભવ હોય છે, અને તેમાં જો શ્રમણોપાસક વર્ગ વરસાદની શરૂઆત થવા પહેલાં જો તે લીલોતરી અને લીલફૂલ નહિ થાય તેવો ઉપયોગ કરી લે છે, તો શ્રમણ અને શ્રમણોપાસકના બંને વર્ગો જીવોની વિરાધનાથી બચી જાય છે. શ્રમણો પાસક અને શ્રમણવર્ગે લીલાફૂલના એક સોય જેટલા ભાગમાં પણ અનંત જીવો સ્પષ્ટપણે માનેલા જ છે, તો પછી તેવી લીલફૂલ થવાના સ્થાનકે રાખ, ચૂનો, કાંકરી કે એવી ચીજનો ઉપયોગ પહેલીથી જ કરી લીધો હોય તો લીલફૂલની વિરાધના થતી બચી જાય. શ્રમણોપાસક વર્ગ અનંત જીવની વિરાધનાના ભયે કંદમૂળને છોડવાવાળો હોય છે, છતાં ચિકટા ભાજનો અને સ્થાનોને માટે ચૂના વિગેરેનો ઉપયોગ ન કરવાથી અનંતકાયની સજ્જડ વિરાધના કરવાવાળો થાય છે, માટે તે બાબતનો શ્રમણ અને શ્રમણોપાસક વર્ગે ખ્યાલ રાખી વિરાધનાથી બચવાની જરૂર છે. આવી રીતે વિરાધનાનો પ્રસંગ અને વિરાધનાથી બચવાના પ્રયત્નનું સ્થાન આ અષાઢ ચાતુર્માસી હોવાથી અને ઉપર જણાવેલાં કારણોથી લોકોત્તર દૃષ્ટિએ અષાઢથી શરૂ થતી ચોમાસીને ચોમાસી કહેવામાં આવે છે.

---

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.




(પાક્ષિક)


વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ ઉદ્દેશ છૂટક નકલ રૂા. ૦-૧-૬


નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

तीर्थेशा दत्तमार्गाः सततगुणिपदाः सिद्धिसाम्राज्यभाजः,
पंचाचारप्रवीणा गणिन इह सदाध्यापका वाचका ये ।
साहाय्यात् मोक्षसिद्धौ मुनय उदितभा अन्विताः शुद्धदृष्ट्या,
ज्ञानेनावद्यमुक्त्या विविधसुतपसा सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

મોક્ષમાર્ગ સદા દિયે જે જિનવરો ગુણ ધારતા, સિદ્ધ નિત્ય ગણેશ પંચાચારધારક વાધતા;
અધ્યાપકો વરવાચકો શિવસાધને મુનિ જોડમાં, એ પાંચસંયુત બોધદર્શન ચરણતપ **સિદ્ધચક્રમાં** ॥૧॥

"આગમોદ્ધારક"



| | | |
|---|---|---|
| તૃતીય વર્ષ<br>અંક ૧૮ | મુંબઈ તા. ૩૦-૬-૩૫ રવિવાર<br>જ્યેષ્ઠ વદિ અમાવાસ્યા | વીર સંવત્ ૨૪૬૧<br>વિક્રમ ,, ૧૯૯૧ |



# આગમ-રહસ્ય

**દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ.**

વ્યતિરિકત નોઆગમ થકી દ્રવ્યનિક્ષેપાના વિચારમાં જિનેશ્વર ભગવાનની પૂજાને અંગે ભગવાન મહાવીર મહારાજના પરોપકાર નિરતપણા સંબંધમાં તેઓશ્રીએ ગર્ભમાં રહ્યા થકાં માતાપિતાની હયાતિ સુધી દીક્ષા નહિ લેવાના અભિગ્રહને અંગે આશ્રમનો નિયમ કોઈપણ જૈનશાસ્ત્રકારે માન્યો નથી, તેમ તે માનવાને યોગ્ય નથી એ હકીકત આપણે આગળ વિચારી ગયા. હવે એ જ અભિગ્રહ

ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે

## માતાપિતાની રજાનો સામાન્યપણે અભાવ

માતાપિતાની રજાનો નિયમ દીક્ષાને અંગે હોય જ નહિ, કેમકે જો તેવો નિયમ હોત તો શ્રમણ ભગવાન મહાવીર મહારાજને માતાપિતાની હયાતિ સુધી દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ કરવો પડત જ નહિ, કેમકે જગતમાં સામાન્ય ગુણવાળા કે યાવત્ અવગુણવાળા પુત્રની ઉપર પણ માબાપનો પ્રેમ અવ્યાહત જ હોય છે, અને તેથી જ કોઈપણ માબાપ સામાન્ય રીતે પુત્રના વિયોગને ચાહે નહિ ને દીક્ષા લેવાને માટે પુત્રને રજા કોઈપણ પ્રકારે આપે જ નહિ.

## જમને દેવાય પણ જતિને ન દેવાય

આ હકીકતની પ્રબળતાને અંગે જ જગતમાં કહેવત ચાલી છે કે 'જમને દેવાય પણ જતિને ન દેવાય' અર્થાત્ પુત્રનું મૃત્યુ થાય અને તેને અંગે તેનો વિયોગ થાય તેને જગતના જીવોએ ક્ષમ્ય ગણ્યો છે, પણ દીક્ષા કે સંન્યાસની રજા આપી તેની દીક્ષા અને સંન્યાસ થવાને લીધે થતા વિયોગને દુનિયા અક્ષમ્ય ગણે છે.

## રત્નગર્ભામાં ભાગ્યશાળીઓની સ્થિતિ

જો કે આ કહેવાનો અર્થ એ નથી કે જગતમાં ભાગ્યશાળી જીવોનો અભાવ છે કે જેઓ પોતાના પુત્ર, પુત્રી, માતા, સ્ત્રી, બહેન, પિતા વિગેરેની દીક્ષામાં અનુમતિવાળા હોતા જ નથી, પણ તેવા ભાગ્યશાળીઓ તો માત્ર આંગળીના ટેરવે ગણી શકાય તેટલા જ હોય છે, પણ ઘણો ભાગ તો ઉપર જણાવ્યા પ્રમાણે સામાન્ય ગુણવાળા કે અવગુણવાળા પુત્રને પણ કથંચિત્ ભવિતવ્યતાએ તે જીવનો સુધારો થઈ દીક્ષાની પરિણતિ થાય તો તેમાં સંમતિ આપવાની કોઈ દિવસ પણ તૈયારી બતાવી શકતો નથી,

## અસંમત સગીર દીક્ષાના નામે થતા કોલાહલની અસત્યતા

એટલું જ નહિ પણ જો તેની દીક્ષાને રોકવા માટે કોર્ટથી પ્રયત્ન થઈ શકે એવો હોય તો તેવો પ્રયત્ન સંપૂર્ણ પ્રકારે કુટુંબીઓ કરે છે. જો કે તેવા પ્રયત્નો કરવાનો વખત ઘણે ભાગે કુટુંબીઓને આવતો નથી, કેમકે સગીર ઉંમરવાળાની દીક્ષા તેના વાલીની રજા સિવાય સાધુઓ શિષ્ય - નિષ્ફેટિકાના દોષને અંગે કરતા જ નથી. વર્તમાનમાં બાળદીક્ષાને નામે જેઓ વિરોધ ઉઠાવે છે તેઓ આજ વર્ષો થયાં બાળદીક્ષાનો વિરોધ કરવાવાળા છતાં એવો કોઈપણ કેસ આગળ કોર્ટમાં લઈ જઈ શક્યા નથી.

## જુઠાં લખાણોથી દીક્ષા બાબતમાં જુલમ કરનારાઓને

જો કે તે બાળદીક્ષાના વિરોધવાળાઓમાં કેટલાક શિંગડે ખાંડા અને પૂંછડે બાંડા બળદની માફક ઢંગધડા વગરના હોઈ કાગળ કાળા કરી લોકોને ખોટી રીતે ભરમાવવાના પ્રયત્નો કરતાં વીસ, બાવીસ વર્ષની ઉંમરવાળાને પણ સોળ, સત્તર વર્ષનો છે એમ છાપી મારે. ઓગણીસ, વીસ વર્ષનો થયો હોય છતાં પણ ચૌદ વર્ષ કરતાં પણ ઓછી ઉંમરનો છે એમ ચીતરી મારે તેમાં દીક્ષા લેનાર કે દેનાર કે તેના સલાહકાર કે તેમાં સહાય કરનારામાંથી કોઈપણ વ્યક્તિ કોઈપણ અંશે દોષપાત્ર થઈ શકે જ નહિ,

## શાસનની હેલનામાં ગુન્હેગાર કોણ?

પણ તત્વદૃષ્ટિએ શાસનની હેલના કરવામાં જ જોર ચલાવનાર જડવાદમાં જકડાયેલા જુવાનીયાઓ, જેઓ ખોટો વિચાર કરે છે, અને પ્રચાર કરે છે, તેઓ જ તે શાસનની હેલનાના જવાબદાર છે, અને તેઓની સાથે જેઓ તેમના

તેવા જુઠા લેખોને રસભર થઈને વાંચે, વંચાવે કે પ્રચાર કરે, અગર તેવા જુઠા લેખોને સત્ય માની તેની ઉપર આધાર રાખે તેવાઓના દુર્ભાગ્યનો જ ઉદય છે.

જો હિન્દુસ્તાનની જૈન જનતામાં પંકાયેલી શ્રી આનંદજી કલ્યાણજીની પેઢીને જો તે કોન્ફરન્સ અને યુવકો એમ લેખી કબુલાત આપે કે આ ચાર વર્ષમાં દીક્ષા કે તેને લેનારની બાબતમાં કોઈપણ લખાયેલો લેખ કે ઠરાવ શાસ્ત્ર અને સત્યની દૃષ્ટિએ જુઠો ઠરે તો તેના કરનારને અમો તમો કહો તેવી શિક્ષા ભોગવવા પ્રતિજ્ઞાપૂર્વક તૈયાર છીએ તો શ્રમણવર્ગે જે કોઈને પણ સગીરપણામાં વાલીની સંમતિ સિવાય દીક્ષા આપી હોય તો તેને ગુન્હેગાર ઠરાવી તે કોન્ફરન્સ અને યુવક સંઘ મળી જે બે આચાર્ય નીમે તેની આપેલી શિક્ષા ખમવા તૈયાર કરવા આ લેખક તૈયાર છે. ઉપર જણાવ્યા પ્રમાણે સગીરની દીક્ષાઓ તો તેના વાલીની લેખી, સાક્ષાત્ કે મૂંગી રજા સિવાય શાસ્ત્રાનુસારી શ્રદ્ધાવાળાઓ તો કોઈ દિવસ દીક્ષા કરતા જ નથી, અને તેથી તે હેલના કરવાને હડખાયેલા થયેલાઓને તેવી દીક્ષાનું આલંબન તો સત્ય રીતે મળતું નથી, પણ જે દીક્ષાર્થીઓની ઉંમર પાકી થયેલી હોય છે, અને જેને કાયદો શારીરિક વિગેરે સ્વતંત્રતા આપે છે, તેવા પ્રસંગમાં તે દીક્ષાર્થીના કુટુંબનું કે હેલનાના હાથ હલાવનારાઓનું કોર્ટદ્વારા એ ન્યાય મેળવવામાં કાંઈપણ ચાલતું નથી, તો તેવા પ્રસંગોમાં તે હતભાગીઓ રોકકળાટ કે ઉપાશ્રયે તોફાન કરી લોકોને એકઠા કરવા સિવાય બીજો રસ્તો રહેતો જ નથી.

### દીક્ષાર્થીઓ ઉપર સંસારીઓ તરફથી થતો સિતમ

કેટલાક તો એવા હતભાગી દીક્ષા વિરોધી હોય છે કે દીક્ષા લેવાને તૈયાર થયેલ વ્યક્તિના ઉપર જુલમ ગુજારવામાં કમી રાખતા નથી. આ લેખક અનુભવથી અને સત્ય રીતિએ એમ કહી શકે કે દીક્ષાર્થી જીવોની ઉપર સંસારાનંદી જીવોએ કરેલા સિતમોનો સંગ્રહ કરી તેને લેખરૂપમાં મેલવામાં આવે તો સુપર રોયલ આઠ પેઈજીના હિસાબે સીધા લખાણવાળો સો ફર્માનો ગ્રંથ થાય, પણ દીક્ષાના હિમાયતીઓ તેવા કાર્યમાં પ્રવૃત્તિ કરવાથી લાભ ન દેખતાં તેની ઉપેક્ષામાં જ રહ્યા છે.

### દીક્ષાને અંગે થયેલ કોન્ફરન્સ આદિના ઠરાવોની અધમતા-તેઓએ કરવા લાયક કાર્યોની ચેતવણી

જેઓ દીક્ષાના વિરોધી છે, તેઓ શાસ્ત્રના અને સરકારના કાયદાઓ કરતાં પણ મનઘડત નવા નવા કાયદાઓ દીક્ષાને રોકવા માટે કરવાની કૂટનીતિમાં કાચા રહેતા નથી. બાળમરણનું પ્રમાણ તેના આંકડા જાણનારની છાતીને વિંધાવી નાખે એટલું ભયંકર આવવા છતાં તેનો કારગર ઉપાય તેઓને કરવો નથી. બાળકોના પોષણોની મુશ્કેલી દૂર કરવા માટે તે બાળકના માતાપિતાને ખોરાક, પોષાક કે અન્ય કોઈપણ રીતિએ મદદગાર થવાને તૈયાર થવું નથી. બાળકની વ્યાધિઓના નિવારણ માટે ચિંતાનો છાંટો પણ જેઓને અંગે લાગતો નથી. શાસનની હેલનાના નામે હડધૂત થવાનાં કાર્યો કરવાવાળાઓ કોમની બેકારી ટાળવા માટે કોઈપણ તેવો બંદોબસ્ત કરવા કોઈપણ ગામવાળો તૈયાર થયો નથી.

### જન્મ કે દીક્ષાના સ્થાનના સંઘની માલિકી કઈ ?

ઉપર જણાવેલું બધું કરવાવાળો હોય તો પણ શાસ્ત્રકાર કે નીતિકાર તેવાઓને માલિકી

આપતા નથી, તો પછી આજકાલના શ્રદ્ધાશૂન્ય અને વ્રતની વાડમાંથી વેગળા પડેલા લોકો દીક્ષા માત્રને અંગે એટલે પાકી ઉમંરની દીક્ષા હોય તો પણ ગામને, રાજ્યને કે પોતાને કઈ રીતિએ રજા દેનાર તરીકે ગણાવવા માગે છે ? જો કે તેવા વિરોધી હિલચાલવાળા સંસ્થાના સંચાલકો હો, ગામના શેઠીયા હો કે મોટા રાજ્યના માલિક હો, પણ તે બધાઓ તેમની અન્યાયભરી બંધણી બીજાને માથે લાદવામાં ધૂળ ફાકતા જ થયા છે, દીક્ષાર્થીઓએ પોતાના આત્માનો ઉદ્ધાર કરવામાં તેવા સંચાલક, તેવી સંસ્થા વિગેરેની અંશે પણ દરકાર કરી જ નથી.

## શ્રમણ ભગવાન મહાવીર મહારાજને દીક્ષામાં માબાપની રજાનો અસંભવ

આ હકીકત એક પ્રસંગ તરીકે માત્ર અંશે જણાવી છે, પણ ચાલુ પ્રસંગમાં તો એટલું જ લેવાનું છે કે દુનિયાદારીની દૃષ્ટિએ તો સામાન્ય ગુણવાળા કે અવગુણવાળા પુત્રને કોઈ દીક્ષાની રજા આપે નહિ, તો પછી ભગવાન મહાવીર મહારાજ સરખા પુણ્યના અખૂટ ભંડાર, જેને ગર્ભમાં આવવાની વખતે તેમના ગુણ-નિધાનપણાને સૂચવનાર એવાં ચૌદ સ્વપ્નો જેમની માતાએ દેખ્યાં હતાં, જેમના જન્મવાની વખતે જ ઇંદ્રોએ મેરુ પર્વત ઉપર અભિષેક કર્યો હતો, અને દેવતાઓએ તે જન્મસ્થાનની ચારે બાજુ રત્ન, સુવર્ણ અને રજતઆદિની વૃષ્ટિઓ કરી હતી, એટલું જ નહિ પણ ખુદ્ ભગવાન મહાવીર મહારાજને અંગે તો ગર્ભમાં તેઓએ કરેલી નિશ્ચળતાને અંગે ત્રિશલામાતાનો અને સિદ્ધાર્થ મહારાજ વિગેરે આખા રાજકુટુંબનો શોક દર્શાવનાર પ્રસંગ જૈનોમાં સારી રીતે જાણીતો છે, તે ઉપરથી તથા ભગવાન મહાવીર મહારાજ ગર્ભમાં હોવાને લીધે થયેલા અનુપમ ઉત્તમ મનોરથો અને તેની પૂર્તિની હકીકત સાંભળવા ઉપરથી તે શ્રમણ ભગવાન મહાવીર મહારાજ ઉપર ત્રિશલામાતા અને સિદ્ધાર્થ મહારાજનો તેમનો પુણ્ય પ્રાગ્ભાર સમજીને કેવો હદ બહારનો સ્નેહ હોય તે કલ્પનામાં લાવવો પણ મુશ્કેલ છે ! એવા સ્નેહવાળા માતાપિતા ભગવાન મહાવીર મહારાજને દીક્ષાની રજા આપે એ સ્વપ્ને પણ માની શકાય તેમ નથી, અને જ્યારે માતાપિતાની રજા સિવાય શાસ્ત્ર કે ન્યાયની દૃષ્ટિએ દીક્ષા બનતી જ ન હોય, તો પછી શ્રમણ ભગવાન મહાવીર મહારાજને ત્રિશલામાતા અને સિદ્ધાર્થ મહારાજની હયાતિમાં દીક્ષા લેવાનો પ્રસંગ જ ઊભો થવો સંભવિત નથી.

## શ્રમણ ભગવાન મહાવીર મહારાજના દીક્ષાના અભિગ્રહથી જ રજાની બિનજરૂરી

એટલે જેઓ માતાપિતાની રજા સિવાય કોઈપણ ઉંમરે દીક્ષા બની શકે જ નહિ એવું માનનારા હોય, તેઓની અપેક્ષાએ તો શ્રમણ ભગવાન મહાવીર મહારાજનો આ અભિગ્રહ વ્યર્થજ ગણાય, પણ શાસ્ત્ર અને ન્યાયની દૃષ્ટિએ સોળ કે અઢાર વર્ષની ઉંમર થયા પછી પુત્ર કે પુત્રી સ્વતંત્ર છે, અને તેથી તેવાના લગ્નાદિના પ્રસંગમાં પણ માતાપિતા વિગેરેનું જોર ચાલી શકતું નથી, તેમની દીક્ષાને અંગે રજા લેવાની હોય જ નહિ.

## પુખ્ત ઉંમરવાળા ઉપર કોઈની માલીકી નથી

શાસ્ત્રકાર અને નીતિકાર જ્યારે સોળ કે અઢાર વર્ષ સુધી જ સગીર ગણી, તેને વાલીના તાબામાં રહેવાનું નિયત કરી, સોળ કે અઢાર પછી પુત્ર કે પુત્રીને સ્વતંત્ર જાહેર કરે છે, તો તેવી પુખ્ત ઉંમરમાં પણ તેની ઉપર વાલીનું રજા લેવાનું ડબાણ કરવું તે જુલમ સિવાય બીજું કાંઈ છે જ નહિ. શાસ્ત્ર અને ન્યાયની દૃષ્ટિએ જ્યારે પુખ્ત ઉંમરવાળા ઉપર કોઈનું પણ સ્વામિત્વ રહેતું નથી, અને સ્વતંત્રતા સ્વીકારવામાં આવે છે, તો પછી તેવી લાયક ઉંમરમાં આવેલા મનુષ્યોને તેમના

માબાપની રજા સિવાય દીક્ષા આપે તો પણ કોઈપણ જાતનો દોષ લાગે એમ શાસ્ત્ર કે નીતિથી કહી શકાય નહિ, કેમકે સ્વામિઅદત્ત ત્યાં સુધી ગણાય કે જ્યાં સુધી શાસ્ત્ર અને નીતિના કાયદાઓ તેને સગીર ગણતા હોય.

**જન્મ કે દીક્ષાના ગામના સંઘની રજાના વિચારોનું વાહીયાતપણું**

વળી, વર્તમાન યુગના વહી ગયેલાઓએ એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજે માતાપિતાની હયાતિ સુધી દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ કર્યો, પણ તમારા જેવી ધર્મહીન અને ધર્મ વિરોધી ટોળીની સંમતિ ન થાય ત્યાં સુધી હું દીક્ષા નહિ લઉં એવા વિચારનો તો એક અંશ પણ તેઓના ચારિત્રમાં જણાવેલો નથી. તેઓના ચારિત્રમાં સ્થાન સ્થાન ઉપર માતાપિતાની હયાતિ સુધી દીક્ષા નહિ લઉં એવો અભિગ્રહ તો જણાવવામાં આવેલો છે, પણ તેઓશ્રીના કોઈ પણ ચારિત્રમાં કોઈ પણ સ્થાને માતાપિતાની રજાથી દીક્ષા લઈશ કે માતાપિતાની રજા વગર દીક્ષા નહિ લઉં એવું તો કોઈ પણ જગા ઉપર જણાવવામાં આવેલું નથી, તો પાકી ઉંમરમાં દીક્ષાર્થીને પોતાના માતાપિતાની રજા લેવાની પણ નિશ્ચિતતા ન હોય ત્યાં કોમી ફારસ ભજવનારાઓની ટેકડી થાય તેવી બંધણીને અંગે તો કયો ધર્મિષ્ઠ મનુષ્ય મનથી, વચનથી કે વર્તનથી સહાનુભૂતિ આપે ?

**શ્રમણ ભગવાન મહાવીર મહારાજના અભિગ્રહથી પુખ્ત ઉંમરવાળાને દીક્ષામાં માબાપની રજાની જરૂરીયાતનો અભાવ**

જેવી રીતે આ અભિગ્રહ ઉપરથી માતાપિતાની રજા સિવાય દીક્ષા ન જ બની શકે એ વાત ઉડી જાય છે, તેવી રીતે એક બીજી વાત પણ બરોબર ઉડી જાય છે, અને તે એ કે જો મહાવીર મહારાજ પોતે પોતાના દીક્ષાકાળને જાણી શકતા હતા અને તેમની દીક્ષા અઠ્ઠાવીસ વર્ષે જ થવાની હતી, તો પછી તેઓને તે અભિગ્રહ કરવાની જરૂર જ ન હતી. અર્થાત્ શાસ્ત્રકારો જે સોળ વર્ષની ઉંમર થવા પહેલાં વાલી જે દીક્ષામાં સંમત ન હોય તે દીક્ષા શિષ્યનિષ્ફેટિકા દોષવાળી ગણાય, પણ સોળ વર્ષની ઉંમર થઈ ગયા પછી માતાપિતાની રજા સિવાય પણ થતી દીક્ષામાં શિષ્યનિષ્ફેટિકા નામનો દોષ લાગતો નથી, તેથી શ્રમણ ભગવાન મહાવીર મહારાજને સોળ વર્ષની ઉંમરે થવાવાળી દીક્ષામાં અભિગ્રહ કરવાની જરૂર રહી.

આ ઉપર જણાવેલી સર્વ હકીકત શ્રમણ ભગવાન મહાવીર મહારાજનો અભિગ્રહ દીક્ષાને અંગે હોઈ તે પ્રસંગે કંઈક સવિસ્તર જણાવી છે, પણ ચાલુ પ્રકરણને અંગે તો શ્રમણ ભગવાન મહાવીર મહારાજ ગર્ભમાં રહ્યા હતા તે અવસ્થામાં પણ કેટલા બધા પરહિતમાં તત્પર હતા કે જેને લીધે પૂર્વે જણાવેલા અભિગ્રહનો પ્રસંગ આવ્યો. અભિગ્રહના પ્રસંગની માફક જ તેમના જીવનમાં અન્ય અન્ય પણ પરહિતના કે પરોપકારના પ્રસંગો કયા કયા છે અને તે કેમ કેમ વિચારવા તે આપણે આગળ જોઈશું.

(અપૂર્ણ)

**પૂ. મુનિવરોને :-**

આપનું ચાતુર્માસ સ્થળ નક્કી થઈ ગયું હશે તેથી આપનું સરનામું લખી જણાવશો જેથી "પાક્ષિક" મોકલવું અનુકૂળ પડે.

'તંત્રી'

**પૂર્વ મહાપુરુષપ્રણીત પુસ્તકોની જરૂર હોય તો લખો :-**

**શ્રી જૈનાનંદ પુસ્તકાલય**

**ગોપીપુરા, સુરત.**

# એકવીસ ગુણોની આવશ્યકતા શું ?

(ગતાંકથી ચાલુ)

પીળો ચાંદલો એ જૈનધર્મનું બોર્ડ છે : હવે તમે વિચાર કરોઃ દાક્તરે દવાખાનાનું પાટીયું માર્યું છે ! દવાખાનામાં દાકતર સાહેબ પગ પર પગ ચઢાવીને બેઠા પણ છે પરંતુ દાકતર સાહેબ પાસે દવા નથી ! અથવા દવા છે પણ તેઓ તે આપતા નથી !! વિચાર કરો, તમે આ દાકતરને કર્તવ્યપરાયણતા વિનાનો કહેશો કે બીજું કાંઈ ? તેનું બોર્ડ મારીને લોકોને છેતર્યા છે એ જ તેનો અર્થ થાય કે બીજું કાંઈ ? હવે તમારી સ્થિતિનો વિચાર કરો : તમે જૈનત્વનું બોર્ડ માર્યું છે ! કપાળમાં પીળો ચાંદલો કર્યો છે અને તે બોર્ડ માર્યા છતાં એ બોર્ડ પર વિશ્વાસ રાખી ચક્રવર્તીની રિદ્ધિસિદ્ધિ છોડીને તમારે ત્યાં આવેલાને તમે જૈનત્વ ન આપી શકો તો તમે પણ પેલા દાકતરના જેવાજ વિશ્વાસઘાતી અને દંભી ગણાઓ કે બીજું કાંઈ ? પેલો બિચારો શેઠ આવા વિચારમાં ખૂબ મુંઝાયો ! છેવટે તેણે તેનો રસ્તો શોધી કાઢ્યો. ઘરમાં જવા આવવાનું જે બારણું હતું તે તોડી નંખાવ્યુંઃ બારણું તદ્દન નાનું કરાવી નાખ્યું. હવે બારણામાંથી જતાં પેલા છોકરાને વાંકા વળીને જવું પડે અને પછી ઉંચે જોવું પડે ! આ બારણામાંથી નીકળતાં જે જગાએ નજર પડતી હતી, તે જગા ઉપર શેઠે શ્રી જિનેશ્વરદેવની પ્રતિમા મુકાવી દીધી, અને આ રીતે પેલા છોકરાને બારણામાંથી નીકળતાં અને પેસતાં હંમેશાં શ્રી જિનેશ્વરદેવના દર્શન થવા લાગ્યા ! આ જો કે અરૂચિ બળાત્કાર છે, પેલો છોકરો શ્રી જિનેશ્વરને દેવ તરીકે માનતો નથી પણ તે છતાં પિતા તેને ધર્મ પમાડવાના પ્રયત્ન કરે છે! આવા પ્રયત્નો જરૂર વંદનીય છે, તેનો વિરોધ જેઓ મગશેળીયા જેવા હોય તેઓ જ કરી શકે, બીજા નહિ ! મગશેળીયો ફાટે, ત્યારે તે કોઈનો થતો નથી. મગશેળીયો બકવા લાગ્યો કે કોની તાકાત છે કે મને ભીંજવે ? આંછો કરે ? તરત પુષ્કરાવર્તની વૃષ્ટિ થઈ ! પણ વૃષ્ટિ થતાં જ મગશેળીયો ધૂળમાં દટાઈ ગયો ! વર્ષા બંધ થઈ, એટલે પાછો નીકળ્યો ! ન ભેદાયો કે ન ભિંજાયો અને વળી ઉપરથી મશ્કરી કરવા લાગ્યો ! આવા મગશેળીયા આજે પણ બહુ છે. પોતાનામાં ધર્મની રૂચિ નથી અને બીજા ધર્મને પમાડવાના પ્રયત્નો કરે છે તેની હાંસી કરે છે ! આવાને મગશેળીયા માનીને જ આપણે જતા કરવા જોઈએ ! શેઠ ઘણા ઘણા પરિશ્રમો વેઠ્યા, પુષ્કળ પુષ્કળ પ્રયત્નો કર્યા પણ બંદાએ પકડેલું પુછડું તેઓ છોડે તેવા ન હતા ! શ્રાવકકુળમાં જન્મ, સંસ્કારી અને સુધર્મી પિતા એટલી બધી સંપત્તિ કે પાપ આચરીને પૈસો પેદા કરવાની તો વૃત્તિ પણ ન થાય ! વૈમાનિક દેવતાની સ્થિતિ મેળવી શકે તેવો સુંદરયોગ હોવા છતાં; એ અકર્મીએ તેનો લાભ ન લીધો અને પરિણામ એ આવ્યું કે ગયા માછલામાં ! અસંખ્યાત યોજન ઉપર તે જળમાં માછલાની સ્થિતિને પામ્યો. હવે તો માછલાંની સ્થિતિ મળી છે. ભાઈ પાણીમાં મજા કરે છે, નાની નાની માછલીઓ ખાઈ આનંદ ભોગવે છે એટલામાં એક દિવસ ઓચિંતી જિનેશ્વરની મૂર્તિના આકારની માછલી તેની નજરે

પડી ! આ માછલીને જોતાં જ તેનો જિનપ્રતિમા જેવો આકાર જોઈ તેને જાતિસ્મરણ થયું. પિતાએ પોતાને ધર્મપંથે વાળવા કરેલી પ્રવૃત્તિ યાદ આવી. પોતે કરેલી ભૂલ માટે પસ્તાવો થયો અને જિનમૂર્તિના દર્શનથી સમ્યક્ત્વ પામી તે દેવલોકે ગયો !

**બળાત્કારે થયેલો ધર્મ પણ તારે છે.**

મહાનુભાવો ! હવે તમેજ વિચારો કે બળાત્કારે કરાવેલું ધર્માચરણ પણ ફળ આપે છે કે નહિ ? તમે સાધારણ ઉદાહરણ ધ્યાનમાં લેશો તો પણ આ વિષયની મહત્તા તમારા ખ્યાલમાં આવ્યા વિના રહેવાની નથી ! સોમલ ! સોમલના ગુણદોષ તો તમે જાણોજ છોને ! હવે ધારો કે એ સોમલ કોઈએ તમોને બળાત્કારે ખવાડી દીધો છે તો શું એ સોમલના પરિણામો તમારે નહિ ભોગવવાં પડે ! બળાત્કારે સોમલ ખાનારો પણ મરણ પામે છે ! અજ્ઞાનતાથી ગોળમાં લપેટેલો સોમલ ખાનાર પણ મરે છે, રાજીખુશીથી સોમલ ગોળમાં વીંટાળીને સોમલ ખાનારો પણ મરે છે, સોમલ છે અને તે સ્વાદમાં દુષ્ટ છે એવું જાણીને પણ તે ખાનારો મરે છે અને પોતે શું ખાય છે એની બેદરકારી રાખીને જે અજ્ઞાનવશ સોમલ ખાય છે તે પણ મરે છે. અર્થાત્ કે ગમે તે પ્રકારે સોમલ ખાનારને સોમલના પુદ્ગલો પોતાનો પ્રભાવ બતાવે છે, તે જ રીતે ધર્માચરણ પણ ગમે તે પ્રકારે થયું હોય તે છતાં તે તારનારું છે એ હવે સિદ્ધ થાય છે.

આ ઉપરથી તમે સમજી શકશો કે દ્રવ્યનું અનુષ્ઠાન કે ક્રિયાધર્મ એ રોકવા યોગ્ય નથી. આજે જે દ્રવ્યનું અનુષ્ઠાન પાળનારો હશે તે જ્યારે ધર્મની મહત્તા સમજશે ત્યારે તે આપોઆપ સાચા શુદ્ધ ધર્મના માર્ગ પર આવશે. જ્યારે છોકરો જાણતો થશે કે મને ક્ષય થયો છે, ત્યારે તે ગોળ વિના પણ દવાની ભૂકી તમોને વગર પૂછે ગળા નીચે ઉતારી જશે ! આજે દ્રવ્યમાં હશે તો કાલે ભાવમાં આવશે ! માટે અલબત્ત અવગુણ રોકવા તો પ્રયત્નો કરવા જ જોઈએ પણ દ્રવ્યક્રિયા કદી પણ રોકવી ન જ જોઈએ ! એક માણસને ઉધરસ થઈ છે. ઉધરસ ટાળવા માટે દાક્તર તેને બીડીનો ત્યાગ કરવાનું કહે છે. હવે આ માણસ બીડીના ત્યાગના પચ્ચક્ખાણ માગે છે, તો એ માણસને પચ્ચક્ખાણ આપવા કે ન આપવા ? જરૂર અપાય! આજે એ રીતે પચ્ચક્ખાણ લેશે, તો તે ધર્મસરણીને પહેલે પગથીયે આવશે ! પહેલે પગથીયે આવેલાને કાલે ઉંચે ચઢવાનું જ્ઞાન થશે. દ્રવ્યથી પચ્ચક્ખાણ માગે છે તો પણ તેને તે આપવા એ જ કર્તવ્ય છે, પણ ખાતરી રાખો કે આજે એ દ્રવ્યથી પચ્ચક્ખાણ કરનારો એ કાલે જરૂર ભાવમાં આવવાનો છે. દ્રવ્યક્રિયાને સુધારવી ઘટિત છે પણ તેનો નાશ કરવો એ તો મૂર્ખાઈ છે. છોકરો માંદો પડે છેઃ બોલો હવે શું કરશો ? છોકરાને દવા કરાવવી કે તેને મારી નાખવો ? એક જ જવાબ આપશો કે એને સુધારવો ! તે જ પ્રમાણે દ્રવ્યક્રિયાને પણ સુધારવી જ જોઈએ તેને મારી નાખવાની જરૂર નથી !

**દ્રવ્યક્રિયા જરૂરી તો છે જ.**

હવે આપણા મુદ્દા તરફ આપણે પાછા ફરવાનું છે. જેઓ એમ નથી સમજ્યા કે આત્માને જન્મ જરા મરણરૂપી રોગ અનાદિકાળનો લાગ્યો છે તેમને એ રોગની મહત્તાનો એ રોગની વિકટતાનો ખ્યાલ આપવા માટે જ આત્માને જન્મ-કર્મનો રોગ અનાદિનો છે એમ વારંવાર કહેવું જ જોઈએ, અને જેઓ આ સત્વ સમજ્યા

છે તેમની પણ એ સમજણ કાયમ રહે, પવનના ઝપાટામાં દીવાની જ્યોતિ ઉડી જાય છે, તેમ સંસારના સ્વાર્થસમિરના ઝપાટામાં તેમની સમજણ જ્યોતિ ઉડી ન જાય તે માટે; જેઓ એ સત્ય સમજ્યા છે તેમને પણ એ વાત વારંવાર કહેવાની જરૂર છે કે "હે ધર્મવાનો ! આત્માને અનાદિથી જન્મકર્મનો મહારોગ લાગુ પડ્યો છે."

"અનાદિથી આ રોગ ચાલુ છે" એમ વારંવાર કહેવાનું કારણ એ જ છે કે તમોને એ રોગની ભયંકરતાનો ખ્યાલ સંપૂર્ણપણે આવી શકે, અને એનો પૂરેપૂરો તમોને ખ્યાલ લાવવો જ જોઈએ તેનું કારણ એ છે કે એ ખ્યાલ થાય તો જ તમો એ ભયંકર રોગ માટે જલદ ઉપાય અજમાવી શકો.

બીજી વાત એ કે આ રોગ ટાળવાનું મહારસાયન તે ધર્માચરણ છે એ વિના આ ક્ષયની બીજી ઔષધી નથી.

ત્રીજી વાત એ કે એ ધર્માચરણની દિશાએ જે દ્રવ્યક્રિયા થાય છે તે પણ હિતાવહ છે અને તેથી એ દ્રવ્યક્રિયાનો નાશ ન કરતાં તેમાંથી દ્રવ્યભાવ દૂર કરવાનો જ પ્રયત્ન કરવો જોઈએ.

અને છેલ્લી અને ચોથી વાત એ છે કે આ મહારસાયનના શોધક રસાચાર્ય ધન્વંતરી જિનેશ્વર ભગવાન છે, તેમને જેઓ દર્શાવે છે, એ રસાચાર્યની જેઓ ઓળખાણ આપે છે, તે સાધુઓને અને એ રસાચાર્યને જે શ્રદ્ધાપૂર્વક શરણે જાય છે; તે જ એ રસાયન ખાઈ શકે છે ! હવે એ રસાયન ખાવાનો એટલે ધર્મ પામવાનો માર્ગ શોધવો પડશે.

ધર્મ પામવો એટલે જ ૨૧ ગુણો ઉપાર્જન કરવા. હવે એ એકવીસ ગુણો ક્યા છે અને તે કેમ ઉપાર્જન થઈ શકે છે તે યથાવિધ હવે પછી જણાવાશે.

ધર્મ આમ મહાન છે અને તેથી માણસે દુનિયાની બધી વસ્તુઓનો ત્યાગ કરી ધર્મ પામવો એ તેની મહાન ફરજ છે.

(સંપૂર્ણ)


## જાહેર ખબર

નવીન બહાર પડેલા ગ્રંથો.

| | | |
|---|---|---|
| ૧. | તત્ત્વતરંગિણી. | ૦-૮-૦ |
| ૨. | લલિતવિસ્તરા. | ૦-૧૦-૦ |
| ૩. | સિદ્ધપ્રભા બૃહદ્વ્યાકરણ. | ૨-૮-૦ |
| ૪. | આચારાંગ પ્રથમ ભાગ | ૩-૮-૦ |
| | " " ભાગ લેજર કાગળ પર | ૫-૦-૦ |

નવા છપાતા ગ્રંથો.

૧. ઉપદેશમાલા અપરનામ પુષ્પમાલા.
૨. તત્ત્વાર્થસૂત્ર શ્રીહરિભદ્રસૂરિ ટીકા.
૩. ભગવતીજી શ્રી દાનશેખરસૂરિ વૃત્તિ.
૪. વિશેષાવશ્યક ભાષ્યમ્.
કોટયાચાર્યકૃત ટીકા વિભૂષિતં.
૫. ભવભાવના

શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત.




## સુખદુઃખ સમીક્ષા

**ધર્મ એ આત્માની સ્વયં માલિકીની મિલ્કત છે, છતાં એનો સ્વતંત્રપણે વહીવટ કરવાનો આત્માને હક નથી. જ્યારે તમને પાપનું ફળ મળે છે ત્યારે પુણ્યની સાથે રિસામણાં લો છો. નિશ્ચય અને વ્યવહાર સ્વરૂપ સમીક્ષા. શાસ્ત્રકારોએ કરેલો વ્યવહારનો સુંદર અર્થ. તામલિ તાપસની ઘોર તપસ્યા.**

**''તીર્થંકરો એટલે ત્યાગની આદર્શ મૂર્તિ.''**

**તમે એ તીર્થંકરના અનુયાયી છો ? જવાબ ''હા''**

**''તો હવે શોધી કાઢો કે તમારું સ્થાન ક્યાં ?''**

### ધર્મનો માલિક કોણ ?

શાસ્ત્રકાર મહારાજાઓ ભવ્યજીવોના કલ્યાણને અર્થે ધર્મદેશના આપતાં એ વસ્તુ જણાવી ગયા છે કે અજ્ઞાની આત્માને પોતાના કબજાની વસ્તુનો સ્વતંત્રપણે ઉપયોગ કરવાની સત્તા મળતી નથી. કોઈ વસ્તુ તમારી પોતાના માલિકીની હોય છતાં તેનો સદુપયોગ, દુરૂપયોગ કયા કયા પરિણામોને નિપજાવે છે તે વાત જો તેના માલિકના ખ્યાલમાં ન હોય તો એ વસ્તુના માલિકને તે વસ્તુનો સ્વતંત્રપણે ઉપયોગ કરવાનો અધિકાર નથી. હવે ધારો કે કદાચ પોતાની વસ્તુના સદુપયોગ, દુરૂપયોગથી શાં શાં પરિણામો નીપજે છે એ ખ્યાલમાં હોય પરંતુ એ ખ્યાલમાં હોવા છતાં દુરૂપયોગનો નાશ કેમ કરવો અને અનુપયોગનો અટકાવ કેવી રીતે કરવો એ સંબંધીની જેનામાં અક્કલ ન હોય તેને પણ તેની પોતાની માલિકીની વસ્તુનો સ્વતંત્રપણે વહીવટ કરવાની સત્તા જ નથી. એ જ રીતે ધર્મ એ પણ આત્માની પોતાની ચીજ હોવા છતાં તેનો સ્વતંત્રપણે ઉપયોગ કરવાનો અધિકાર જૈનશાસન કોઈને પણ આપી દેતું નથી. જગતમાં સર્વથી શ્રેષ્ઠ, સર્વથી મોટો, સર્વથી મહાન ભવોભવનો સાથી, યાવત્ સુખ દેનારો, આત્માના સમગ્ર સ્વરૂપને દર્શાવનારો અને તેને પ્રગટ કરનારો ધર્મ છે અને એ ધર્મ તે

આત્માની પોતાની માલિકીની ચીજ છે.

## અંતરાય એટલે શું ?

ધર્મ એ પારકી ચીજ નથી જ. જો ધર્મ એ પારકી ચીજ હોત તો તો એ ધર્મને લેવાનો વિચાર કરવો એ પણ અંતરાય જ ગણાવા પામત. પારકી ચીજ લઈ લેવી તે જ અંતરાય છે એમ માનશો નહિ. પારકી ચીજ લેવાનો વિચાર કરવો તે પણ અંતરાય છે. તમે પારકી ચીજ લેવાનો વિચાર કરો, પછી તે ચીજ તમોને મળે કે ન મળે તે એક જુદો પ્રશ્ન છે, પરંતુ પારકી ચીજ તમે લેવાનો વિચાર સરખો પણ કર્યો એટલે તમે અંતરાયના ભાગીદાર બની જ ગયા ! જો ધર્મ એ પણ પારકી ચીજ હોત, તો તો ધર્મારાધનનો તમારો વિચાર પણ તમોને તારવાને બદલે પાછળથી તમારા ટાંટીયા જ પકડી રાખત અને તમોને એક ડગલું પણ આગળ વધવા જ ન દેત ! આથી સ્પષ્ટ થાય છે કે ધર્મ એ આત્માની પોતાની જ ચીજ છે. અહીં તમારે એક વાત ખાસ યાદ રાખવાની છે કે તમારી પોતાની વસ્તુ પણ જો તમારા પોતાના કબજામાં હોય તો જ તે તમોને લેવાની સરળ છે. જો તમારી ચીજ પારકાના કબજામાં હોય તો તે લેવાની પણ મુશ્કેલી જ પડે છે. ધારો કે તમે એક સોનાનો દાગીનો ગીરો મૂક્યો છે. આ દાગીનો તમારો છે, એમાં જરા પણ સંદેહ નથી હવે તમે એ દાગીનો છોડાવવા જાઓ છો, વ્યાજ અને મુદલ બંને સાથે લઈને જાઓ છો, શાહુકારને પૈસા તમે પૂરેપૂરા ભરી દેવા માગો છો, ચીજ તમારી પોતાની છે, માલિક તમે પોતે છો, પરંતુ ધારો કે તમે ગયા તે વખતે શાહુકાર ઘેર જ ન હોય. કદાચ શાહુકારે તમારી ચીજ કયા ભંડારીયામાં મૂકી છે તે તમે જાણતા હો, ભંડારીયું ખુલ્લું હોય અને તેમાં તમારી ચીજ સિવાય બીજી ચીજ ન હોય, તો પણ શું તમારાથી ભંડારીયામાં વ્યાજમુદલના પૈસા મૂકી દઈને તે ચીજ લઈ લેવાશે ખરી કે ?

## બરફીની થાળી

ધારો કે તમે વ્યાજમુદલ કરતાં એ પાંચ રૂપીયા વધારે સાથે લઈ ગયા છો અને તમે પાંચ રૂપીયા વધારે આપી દેવા માગો છો, તો પણ શું તમારી મગદુર છે કે તમે શાહુકારને કહ્યા વિના અને તેના આપ્યા વિના તમારી પોતાની ચીજ પણ લઈ શકો ? નહિ જ. અર્થાત્ તમારી માલિકીની ચીજ હોય તો પણ જો તે ચીજ પારકાના કબજામાં જ હોય તો તે છોડાવવાનું તમોને મુશ્કેલ પડે છે. હવે ધર્મ એ વસ્તુને વિષે ગીરવે મૂકાયેલી ચીજ જેવો પ્રસંગ નથી. ધર્મ તો આત્માની પોતાની માલિકીની જ ચીજ છે અને વળી તે આત્માના જ કબજા અને ભોગવટામાં પણ છે જ. અહીં માત્ર વાત એટલી છે કે ધર્મનો કેવે પ્રકારે સદુપયોગ કરવો તે વાત આપણા ધ્યાનમાંથી બહાર નીકળી ગઈ છે, અને તેથી જ આપણે ધર્મ પાળવાના સંબંધમાં શ્રી જિનેશ્વર ભગવાનોના જૈનશાસનનું અવલંબન લેવાની જરૂર પડે છે. તમે એક રકાબીમાં એક બરફીનો કટકો મૂકો અને બીજી રકાબીમાં એક સોનાની વીંટી મૂકો પછી તમે આ બંને રકાબી એક બાળકની સામે મૂકો અને તેને કહો કે ભાઈ, તારે જે રકાબી જોઈએ તે લઇ લો. છોકરા ઉપર તમે કોઈ જાતનો અંકુશ ન મૂકશો. તમે એના પર કોઈ પણ જાતનો પ્રતિબંધ ન મૂકશો અને પછી તમે છોકરાને પસંદગી કરવાનું કામ સોંપી દેશો તો એ છોકરો જરૂર પેલી બરફીની રકાબીને જ પસંદ કરશે.

## કષાયોરૂપી બરફીનો મોહ

બાળક અજ્ઞાન છે. માલમિલકત એટલે શું છે તે તે બાળક સમજતું જ નથી. આથી જ તે બાળક હાથમાં આવેલી વીંટીને જતી કરે છે અને બરફીને પકડી લે છે. વીંટીમાંથી તો બરફીના જેવા

હજાર કટકા આવી શકશે તેનો એ બાળકને ખ્યાલ નથી. બાળકમાં વસ્તુ સ્થિતિનું આવું ઘોર અજ્ઞાન હોવાથી અજ્ઞાન બાળક બરફીના કટકાને જ પસંદ કરે છે, અને પેલી વીંટી જતી કરે છે. આ બાળક જો બરફીનું મૂલ્ય અને વીંટીનું મૂલ્ય સમજતો હોત તો તે વીંટીને જવા દઈને બરફીને લઈ લેવાને સ્વપ્ને પણ તૈયાર નહિ જ થાત ! આ જીવ એ પણ બાળકના જેવો જ છે. ધર્મ એ આત્માની માલિકીની વસ્તુ છે. ધર્મ એ આત્માના કબજાની વસ્તુ છે, તે છતાં આ જીવરૂપી બાળક અજ્ઞાનથી જ ધર્મરૂપી વીંટીને જતી કરીને કષાયોરૂપી બરફીના કટકાને જ પસંદ કરે છે. મોહરાજાએ જીવાત્માની આગળ બરફીરૂપી કષાયો અને ધર્મરૂપી સોનાની વીંટી બંને મૂકી દીધા છે, અને તે બેમાંથી ગમે તે એક પસંદ કરી લેવાને માટે તેને સ્વતંત્ર બનાવી દીધો છે. મોહરાજાએ આત્માને વિષયોની સાથે જ મૂક્યો છે. આથી જ બાળક જન્મે છે ત્યારથી જ તે ખાવાની સંજ્ઞાથી જ વાસિત હોય છે, પરંતુ ધર્મરૂપી વીંટીની સંજ્ઞાથી તે વાસિત હોતો નથી.

### બાળકની અજ્ઞાનતા

અજ્ઞાન દશામાં પડેલો આ જીવ પણ એ બાળકના જેવો જ છે અને જેમ પેલો બાળક બરફી ખાવાને ઈચ્છે છે, જેમ જન્મતો બાળક ખાવાની સંજ્ઞાથી વાસિત છે, તેજ પ્રમાણે આ અજ્ઞાન આત્મા આહાર, શરીર, ઈન્દ્રિયો, તેના વિષયો અને તે વિષયોના સાધન એનાથી જ વાસિત છે. આ પાંચ વસ્તુઓ જીવની પાછળ વળગેલી જ છે. અનાદિકાળથી આ જીવ એ પાંચ વસ્તુઓથી જ વાસિત છે. ખરી રીતે જોઈએ તો જીવ-અજ્ઞાન છે એટલું જ નહિ પરંતુ તેની દશા તો અજ્ઞાન બાળકથી પણ વધારે ખરાબ છે. બાળક બરફી લેવાને અધીરો થાય છે, પરંતુ જો તેને બરફી નથી મળતી તો તેને માટે બે, ચાર કલાક રડીને જ રહી જાય છે. બરફીને માટે તેનું એથી વિશેષ તોફાન હોતું નથી જ, પરંતુ આત્મા એ તો એવો અજ્ઞાન છે કે તે તો એક બરફીના કટકા માટે આખી જિંદગી ગુલામીમાં કાઢે છે ! બાળક કલ્લીને ભોગે બરફી બચાવે છે એનું કારણ એટલું જ છે કે તે કલ્લીની મહત્તાને જ સમજતો નથી. બાળક જો કલ્લીની મહત્તાને જ સમજતો હોત તો તો તે કદી પણ કલ્લી આપીને બરફી ન જ રાખત. ત્યારે તમારી ફરજ એ છે કે તમારે બાળકને કલ્લી અને બરફી એ બેની વચ્ચેનો ફરક સમજાવવો જોઈએ. જો તમે એ બેની વચ્ચેનો ભેદ તેને સમજાવી શકો તો પછી તે કલ્લી આપીને બરફી રાખવાનું કદી પણ પસંદ નહિ જ કરે. કલ્લી એટલે શું ચીજ છે અને બરફી એ શું છે તે વાત બાળક સમજતો નથી. એ જ બાળક નવ દસ વર્ષનો થાય પછી તમે એને કલ્લીના બદલામાં બરફીનો ટુકડો તો શું પણ બરફીની ભરેલી આખી ટોપલી આપી દેશો તો પણ તે બાળક એ બરફી લઈને કલ્લી જતી કરવાનો નથી.

### જગતમાં સમજવા યોગ્ય શું ?

જે નવ દસ વર્ષનો સમજણો બાળક બરફીના બદલામાં કલ્લી નથી આપતો તે બાળકે પોતે કાંઈ મહેનત કરીને કલ્લી મેળવી નથી. તે પોતે રળવા ગયો નથી, કમાઈ આવ્યો નથી, અને તેણે કલ્લી બનાવી નથી, પરંતુ તે છતાં કલ્લીની શી કિંમત છે એનાથી તે માહિતગાર બની ગયો છે. કલ્લી શાની બને છે ? કલ્લીનું સોનું ક્યાંથી આવે છે? એ સોનાનો ઘાટ શી રીતે બને છે ? એ સઘળા સંસ્કાર પડ્યા પછી કલ્લીની શી કિંમત થાય છે તે સઘળું એ બાળક જાણતો નથી, પરંતુ કલ્લી કીંમતી છે એટલી વાત તેને સમજાય છે અને જ્યાં એટલી વાત એ સમજી લે છે કે પછી તે પોતાની કલ્લીને જાળવે છે. મીઠાઈ કરતાં કલ્લી વધારે મહત્ત્વની છે એમ તે માને છે અને એમ માનીને તે એને જાળવે છે. અહીં ધર્મક્ષેત્રમાં શાસ્ત્રકારો

પણ તમોને પહેલી એ જ વાત સમજાવવા માગે છે. તમે ધર્મની કિંમત સમજો, આત્માના ગુણ સમજો અને તેને તમારા આત્મામાં વણી લો એના જેવું સારું કામ તો બીજું એ કે નથી, પરંતુ તે ન થાય તો ભલે, શાસ્ત્રકાર તમોને સૌથી પહેલાં એ વાત સમજાવવા માગે છે કે જગત અને જગતની વસ્તુઓ રૂપી મીઠાઈનાં કરતાં ધર્મરૂપી કલ્લી વધારે કીંમતી છે. તમે એટલું જ સમજો કે જગત અને જગતની વસ્તુઓથી ધર્મ કીંમતી છે એ જ અર્થ છે પછી તમે એથી જેટલા ધર્મની કિંમત આંકવામાં આગળ વધો તેટલો પરમાર્થ છે.

## આ તે અક્કલ કે મૂર્ખાઈ ?

છ મહિનાના છોકરાને કલ્લી અને બરફી બંને સરખાં છે, ને જ બાળક મોટું થઈને એક વર્ષનું થાય છે ત્યાં કલ્લી અને બરફી એ બંનેમાં બરફીને જ તત્વ ગણે છે. ત્રણ ચાર વર્ષનું નાનું બાળક હોય તો તે બાળક પણ પ્રસંગ આવે પોતાની કલ્લી આપી દે છે અને બરફીનું પડીકું લે છે. બરફીનું પડીકું લઈ લેવામાં બાળક તો નિર્દોષ છે, કારણ કે તે બરફી અને કલ્લીના મહત્વને જાણતું નથી, પરંતુ બાળજીવો તો ધર્મની મહત્તા જાણવા છતાં ધર્મને ધક્કો મારીને વિષયસુખને મેળવી લે છે. ધર્મને લાત મારી આપણે વિષયસુખને અપનાવી લઈએ છીએ, તે ઉપરથી માલમ પડી આવે છે કે આપણા જીવની દશા પણ બાળકના જેવી જ છે, બાળકપણામાંથી આપણે આગળ વધી શક્યા નથી. જ્યારે આહાર. શરીરાદિનું કામ પડે છે ત્યારે જરા પણ સંકોચ પામ્યા વિના આપણે ધર્મને વહેતો મૂકી દઈએ છીએ ! તાવ આવે, તબીયત બગડે, માથું દુઃખે તો આપણે આજે તો જીવને ઠીક નથી એમ કહીને સામાયિક, પ્રતિક્રમણ કરવાનું માંડી વાળીએ છીએ ! આ આપણી બુદ્ધિશીલતા છે કે મૂર્ખાઈ છે તે વિચારો. શરીરને દુઃખ આવ્યું તેથી આપણે સામાયિક, પ્રતિક્રમણ એ ધર્મ-પુણ્યનું કાર્ય પણ પડતું મૂક્યું અને ઢીલા થઈને હાથ જોડીને બેસી ગયા !

## પુણ્યની સાથેય રિસામણાં

જરા આપણે એટલો પણ વિચાર કર્યો છે ખરો કે આપણું શરીર બગડ્યું છે તે શાથી બગડ્યું છે ? શું પુણ્યનો ઉદય થયો અને તેથી પૂજારી ચઢીને તમને તાવ આવ્યો એમ તમે માનો છો ? પુણ્યોદયથી તાવ આવ્યો છે એવું તો કોઈપણ ધર્મવાળા માની શકતા નથી ! અરે વિચાર સરખો પણ કરી શકતા નથી કે મારા શુભ કાર્યોને પરિણામે હું માંદો પડ્યો છું. આખું જગત એવું જ માને છે કે અશુભોદયે જ રોગ થાય છે. તમે પણ એ વાત તો સારી રીતે જાણો છો કે મારા અશુભોદયે તબિયત બગડી છે, પરંતુ તે છતાં તરત જ તમે સામાયિક, પ્રતિક્રમણ જેવા પુણ્યકાર્યોની સાથે રિસામણાં લો છો ! દુઃખ પાપ આપે છે અને ફટકો ધર્મને મારો છો આ તમારો ન્યાય છે ! તમે ગાંડાને ગાંડો કહીને તેને હલકો ગણો છો, પરંતુ તમે ગાંડા કરતાંએ વધારે ગોઝારૂં કામ કરો છો. ગાંડો માણસ પણ એટલી વાત તો સમજે છે કે જે અડપલું કરે છે તેને જ ધપ્પો મારવો જોઈએ. અડપલું ન કરતો હોય તેને ધપ્પો ન મારવો જોઈએ ! તમે ડાહ્યા હોવાનો દાવો તો કરો છો, પરંતુ જે અડપલું નથી કરતું તેનેય તમે ધપ્પો મારી પાડો છો !

## પાપનું પ્રચંડ અડપલું

તમારી પ્રકૃતિ બગડી એ તમારી સાથે પાપે અડપલું કર્યું પરંતુ તમે ધર્મ સાથેજ અસહકાર કરી દીધો એનો અર્થ એ કે તમે પુણ્યને ધપ્પો માર્યો! અડપલું પાપે કર્યું અને ધપ્પો માર્યો, પુણ્યને !!

હવે તમોને ગાંડા કહેવા કે ડાહ્યા કહેવા તેનો તમેજ વિચાર કરો !

શ્રોતામાંથી એક ગૃહસ્થ-ગાંડા નહિ, પણ ગાંડાના કાકા કહેવા જોઈએ !

દુઃખ આવી પડે છે ત્યારે તમે એ વાત તો સારી રીતે જાણો છો કે એ દુઃખ પાપને લીધે-પાપના ઉદયથી આવ્યું છે, પરંતુ ત્યારે પાપનું ઔષધ ન કરતાં પુણ્યને લાત મારવાનો ધંધો જ કરો છો ! દુઃખનું ઔષધ, રોગનું ઔષધ યા તો તાવનું ઔષધ એ નામે તમે જે કાંઈ અવળા ધંધા કરો છો તેને પરિણામે તમે પાપને જ વધારવાનો રસ્તો લો છો ! તમારી પ્રકૃતિ અસ્વસ્થ થાય, તાવ આવે, માથું દુઃખે, શરીરે ચસ્કા મારે છે આ સઘળી ઉપાધિ શાથી થાય છે એનો પહેલાં તમે નિશ્ચય કરો. એમ તો તમે પણ ખચીત જ માનો છો કે આ સઘળું થાય છે તે પાપના યોગે જ થાય છે, પુણ્યના યોગે નહિ.

### પુણ્યના પાવરની આવશ્યકતા.

તમે તમારું શરીર પાપના ઉદયથી જ બગડે છે એમ માનો છો તો એનો એજ અર્થ થાય છે કે તમે શરીરની અસ્વસ્થતા એને પાપનું અડપલું માનો છો. હવે જો તમે રોગનું આગમન એને પાપનું જ અડપલું માનો છો તો પછી એ પાપનાં ફળો પ્રત્યક્ષ જુઓ છો તે સ્થિતિમાં પણ પાપ વધારવાને જ શા માટે તૈયાર થાઓ છો ? તમે માંદા પડો છો કે તરત દવાની સ્પેશિયલ બાટલીઓ મંગાવો છો, દવાની ખાસ સગવડો કરો છો અને કદાચ એટલેથી ના પતે તો હવા ખાવા પણ સિધાવો છો અને રોગ મટે છે એટલે એમ માનો છો કે મારું દર્દ ફલાણા દાકતરે ફલાણી દવાથી સારું કર્યું છે, પરંતુ તમે જાણતા નથી કે જ્યાં સુધી પુણ્યનો પાવર તમોને મળી શકતો નથી ત્યાં સુધી તો દાક્તર દવા, હવા અથવા તો બીજી કોઈપણ શક્તિ તમોને પથારીમાંથી ઉઠાડીને બેઠી કરી શકતી નથી. જ્યારે પુણ્યનો પાવર મળે છે ત્યારે જ દાકતરની દવા ફળે છે, તમારો રોગ ટળે છે અને તમને આનંદ મળે છે !

### ઉદાહરણ પરથી કારણ શોધો.

ઘણી વાર એવું બને છે કે માણસો દવા લઈ લઈને થાકે છે, પરંતુ રોગ મટતો નથી. જ્યારે રોગ નથી મટતો ત્યારે બીજા બીજા દાકતરો બદલવા માડે છે અને વારાફરતી દવાઓ બદલાતી જાય છે એમ કરતાં કરતાં તમે પચ્ચીસ દાક્તરોને ત્યાં ફરો છો તો પણ તમારો રોગ નથી મટતો અને છવ્વીસમાને ત્યાં જાઓ છો તે તમારો રોગ મટાડી આપે છે એનું શું કારણ ? છવ્વીસમાં દાકતરને હાથે તમારો રોગ મટ્યો એનો અર્થ એ હતો કે તમારો રોગ મટવા જેવો તો હતો જ ! જો તમારો રોગ જ મટવા જેવો ન હોત તો તો ધન્વંતરી આવીને તમારી પાસે બેઠો હોત તો પણ તે તમારો રોગ ન જ મટાડી શકત યા ગમે તેવો સિવિલ સર્જન આવીને બેઠો હોત તેથી તમોને આરામ ન થાત ! હવે તમારો રોગ મટવા જેવો હતો તો પછી શા માટે તમોને પહેલે જ દિવસે પેલા છવ્વીસમા દાકતરને ત્યાં જ જવાની બુદ્ધિ ન સૂઝી ? શા માટે પેલા પચ્ચીસ દાકતરોને ત્યાં રખડ્યા ? અને પચ્ચીસને ત્યાં રખડ્યા પછી જ એવો દાકતર શા માટે તમારા હાથમાં આવી ગયો કે જેણે તમારો રોગ મટાડી દીધો ?

### શાતા અને અશાતાનો ભેદ.

આ સઘળી વાતોનો બુદ્ધિપૂર્વક વિચાર કરશો તો અંદરથી એ જ વસ્તુ ફલિત થતી જણાશે કે તમારે અશાતાનો ઉદય થયો હતો અને એ અશાતાનો ઉદય તમારે ભોગવવાનો હતો તેથી જ તમોને આ જ સુધીમાં પેલા છવ્વીસમા દાકતરને ત્યાં જવાની બુદ્ધિ સૂઝી નહોતી અને પેલા પચ્ચીસ

દાકતરોને ત્યાં જ વારાફરતી રખડ્યા કર્યા હતા ! પછી જ્યારે તમારા અશાતાનો ઉદય પૂર્ણ થઈ ગયો અને શાતાવેદની કર્મોનો ઉદય થવાનો સમય આવી પહોંચ્યો ત્યારે જ તમોને પેલા છવ્વીસમા દાકતરને ત્યાં જવાની બુદ્ધિ સૂઝી હતી. દુનિયામાં કાંઈ છવ્વીસ જ દાકતરો નથી, છવ્વીસ ઉપરાંત બીજા પણ સેંકડો દાક્તરો તો છે જ તો પછી પચ્ચીસ દાક્તરો પૂરા કર્યા પછી તમારી વૃત્તિ સત્તાવીસમા દાકતરને ત્યાં જવાની શા માટે ન થઈ અને શા માટે પચ્ચીસ ઘરો છોડીને છવ્વીસમા દાકતરને ત્યાં જ ગયા ? મહાનુભાવો, દીર્ઘદૃષ્ટિથી વિચારશો તો માલમ પડશે કે એ સઘળો તમારા શાતાવેંદની કર્મનો ઉદય થવાનો હતો તેનો જ પ્રભાવ હતો ! અને તેનું મૂળ કારણ પુણ્યનો પાવર અત્યારે મદદમાં આવ્યો છે.

## એ બધાનું કારણ શું ?

પચ્ચીસ દાક્તરો છોડીને છવ્વીસમાને ઘેર જાઓ છો ત્યાં પણ ઘણી વાર એવું બને છે કે પહેલેજ દહાડે દાકતર દવા આપે છે ને તમે સારા થઈ જતા નથી. આઠ દિવસ સુધી તમોને એક પછી એક દવા આપે જાય છે, પરંતુ તેથી મટતું નથી. હવે એ જ દાકતર જ્યારે નવમે દિવસે દવા બદલીને બીજા બાટલામાંની દવા ભરી આપે છે કે તમારું દર્દ મટવા માંડે છે ! હવે વિચાર કરો કે એ દાક્તરે પણ શા માટે જે દવા તમોને નવમે દહાડે આપી હતી તે પહેલે જ દહાડે ના આપી દીધી, વારું ? શું દવાનો એ બાટલો પહેલે દિવસે કબાટમાંથી ગુમ થયો હતો ? શું પહેલે દિવસે એ બાટલાએ પોતાનું ડોકું ધુણાવીને એમ કહ્યું હતું કેઃ “ઉંહું ! મારામાંથી દવા રેડીને આજે આપતા નહિ.” કાંઈ જ નહિ. પાંચ સાત વાર દાક્તરે દવા ફેરવી ફેરવીને આપી જોઈ, તત્પશ્ચાત્ તેને જ એવી બુદ્ધિ સૂઝી કે લાવને આ બાટલામાંથી જ દવા આપું ! તેણે તે બાટલામાંથી દવા આપી જોઈ અને તમોને આરામ પણ થયો ! દાક્તર એનો એ, દવા એની એ, એનું ભણતર એનું એ છતાં જે બુદ્ધિ તેને નવમે દહાડે થઈ તે જ બુદ્ધિ તેને પહેલે જ દહાડે કેમ ન થઈ ગઈ તે વિચારજો.

## પહેલાં અનુભવ ક્યાં ગયો હતો ?

તમે એમ કહેશો કે પહેલે દિવસે અમુક દવા આપી, બીજે દિવસે બીજી દવા આપી અને એમ દાકતર વારાફરતી દવા ફેરવતો ગયો અને અનુભવને આધારે દવાઓ બદલતો ગયો એમ કરતાં નવમે દહાડે અમુક બાટલામાંની દવા આપવાનું તેને સૂઝ્યું હતું ! વારું, પણ તો પછી એવો વિચાર કરો કે એ દાકતરે પહેલે દિવસે જે દવા આપી હતી તે તો અનુભવ વિના કેવળ બુદ્ધિથી જ આપી હતી ને ? તો પછી શા માટે પહેલે જ દિવસે એણે નવમા બાટલામાંની દવા ના આપી દીધી અથવા પહેલે દિવસે ન આપી તો ભલે પરંતુ શા માટે ત્રીજે, ચોથે દહાડે અનુભવને આધારે દવા બદલતાં બદલતાં પણ તેણે નવમો બાટલો જ ન પકડી લીધો ? ગામમાં ઘણા દાકતરો હતા પરંતુ પહેલાં તમે પચ્ચીસ દાક્તરોને ત્યાં ફરો છો, પછી તમે સત્તાવીસમા દાકતરને ત્યાં ન જતાં છવ્વીસમા દાકતરને ત્યાં જાઓ છો. એ દાકતર આઠ દિવસ સુધી બીજી બીજી દવાઓ જ આપ્યે જાય છે અને નવમે દિવસે અમુક બાટલામાંની દવા આપતાં તમારો રોગ સારો થાય છે. આ બધા બનાવોની હારમાળાની ભૂમિકા તમે કદી તપાસી છે ?

## દવા અને હવા ક્યારે અનુકૂળ થાય ?

ખરી વાત એ છે કે શાતાવેદનીરૂપી પુણ્યનો પાવર તમારા આત્મામાં આવે છે ત્યારે દાકતર અને દવા બંને તમોને અનુકૂળ થાય છે અને જ્યાં સુધી એ પાવર તમારામાં આવતો નથી ત્યાં સુધી દાક્તર કે દવા બંનેમાંથી તમોને એક પણ ચીજ

અનુકૂળ થતી નથી ! જ્યાં સુધી પાપનું આધિપત્ય હતું ત્યાં સુધી તમોને દાક્તરોને ઘેરે ફર્યા જ કરવું પડ્યું હતું તે પછી પુણ્યનો ઉદય થતાં જ તમારો વ્યાધિ મટ્યો હતો ત્યારે કોઈ એમ કહેશે કે જો પુણ્યનો ઉદય થતાં જ પ્રકૃતિ સુધરે છે તો પછી દવા કરવાની આવશ્યકતા જ શી હતી ? અશાતાનો ઉદય પૂરો થશે અને શાતાવેદનીનો ઉદય થવાનો હશે ત્યારે તે થશે અને તેમ થતાં રોગ વગેરે સઘળું ભાગી જશે તો પછી દવા, દાક્તરની જરૂર જ શી હતી ? ઘણી વાર એમ બનેલું આપણે જોઈએ છીએ કે નામાંકિત દાક્તરો, વૈદ્યો દવા આપી આપીને થાકે છે, પરંતુ તેથી રોગ મટતો નથી અને જ્યારે દરદી કંટાળીને દવા છોડી દઈને કુદરતી ઉપાય ઉપર રહે છે ત્યારે આપોઆપ રોગ મટી જાય છે, પરંતુ દરેક સંયોગોમાં અને દરેક ઉદાહરણમાં જ એમ નથી બનતું તેનું શું ?

## ઝોંકો ક્યારે આવે ?

પ્રત્યેક સંયોગોમાં પ્રત્યેક કેસમાં દવા હોય ત્યાં સુધી રોગ પણ હોય અને દવા છોડીએ એટલે રોગ પણ જાય એમ બનતું નથી, પરંતુ એ નિયમ તો તદ્દન જ સાચો છે કે શાતાવેદનીનો ઉદય થાય છે ત્યારે જ આરામ થાય છે અને શાતાનો ઉદય ન હોય ત્યાં સુધી દવા, દાક્તર કે હવા કાંઈ પણ વસ્તુ રોગ મટાડી શકતી નથી અથવા તો તમારો રોગ ઘટાડી શકતી નથી. દાક્તર અને દરદી એક જ હોય તો પણ શાતાવેદનીનો ઉદય થાય ત્યારે જ રોગ મટે છે અન્યથા રોગ મટતો નથી, માટે આવા દરેક પ્રસંગોમાં શાતાવેદનીનો ઉદય તો માનવો જ પડશે, પરંતુ તેથી દાક્તર, દવા, હવા ઈત્યાદિ નકામું જ છે એમ કોઈ કહેતું જ નથી. પાપનો ઉદય થાય છે તે પણ કારણો મળ્યાથી જ થાય છે અને તે જ પ્રમાણે પુણ્યનો ઉદય થાય છે તે પણ કારણો મળ્યાથી જ થાય છે. આંખ ફૂટવાની હોય તો અચાનક માણસને ઝોંકો આવે છે અને ઝોંકો આવવાથી તે ભોંય પર ઢળી પડતાં આંખમાં શૂળ ભોંકાઈને તેની આંખ ફૂટે છે. અર્થાત્ પાપનો ઉદય પણ બાહ્ય કારણોને અંગે જ થાય છે અર્થાત્ તે બાહ્ય કારણો ઉપર આધાર રાખે છે.

## આત્મા ધર્મની મહત્તા જાણતો નથી.

પાપ અને પુણ્ય એ બંનેનો ઉદય બાહ્ય કારણો ઉપર આધાર તો રાખે જ છે. પાપનો ઉદય થવાનો હોય ત્યારે બાહ્ય દ્રવ્યો પ્રતિકૂળ થાય છે અને પુણ્યનો ઉદય થવાનો હોય ત્યારે અનુકૂળ દ્રવ્યો મળી જાય છે ! બહારના શુભ દ્રવ્યોના યોગે પુણ્ય થાય છે. અલબત્ત તીવ્ર પુણ્યના ઉદયે વગર સંયોગે એ જ રીતે દુઃખાવિર્ભાવ પણ થાય છે, પરંતુ પુણ્ય પાપના એ નિયમો સર્વત્ર એક સરખી રીતે લાગુ પડતા નથી. આ જીવ આસ્તિક ગણાવા માગે છે, સમકીતિ થવા માગે છે. તેને નાસ્તિક થવાનું પસંદ પડતું નથી, પરંતુ તે છતાં એ જીવ પાપના ઉદય વખતે ધર્મનું શરણ લેવા ચહાતો નથી. આ પ્રમાણે જીવની મનોવૃત્તિ હોવાનું કારણ શું ? કારણ એ છે કે હજી સુધી જીવ ધર્મને એવા ઉત્તમ પદાર્થ તરીકે સમજ્યો જ નથી. જીવ મોઢેથી ધર્મ મહાન છે. ધર્મ જ તારનારો છે. ધર્મ સિવાય બીજું કાંઈ પરભવમાં સાથે આવતું નથી એવું બોલે છે. એ જ વાત તે હૃદયમાં જાણે પણ છે, પરંતુ તે છતાં વાંધો એ છે કે એ સમજ દૃઢતાપૂર્વક તેના અંતરમાં ઠસેલી નથી. તે જ પ્રમાણે ધર્મની મહત્તા આત્મા જાણે છે પરંતુ તે પણ બરાબર સમજપૂર્વક જાણતો નથી.

## પાપનું પ્રતિકૂળ એટલે જ રોગ.

ત્રણ વરસના બાળકને તો કલ્લીની માફક બરફી એ પણ એક ચીજ છે. તે પ્રમાણે પણ હજી આપણા અંતરમાં ધર્મની મહત્તા ઠસવા પામી

નથી. નાનો બાળક ખાવાના સુખની સાથે કલ્લીની હરીફાઈ કરે છે તેમાં તે ખાવાના સુખને આગળ પાડે છે, સુખને મહત્વનું ગણે છે અને કલ્લીને પાછળ પાડે છે. આપણે ધર્મનું મૂલ્ય એ રીતે પણ નથી આંકી શકતા. આપણે સુખ, દુઃખ, કર્મ, પુણ્ય, પાપ બધું બરાબર સમજીએ છીએ. આપણે જે સારાં નરસાં કામો કરેલાં હોય છે તેનાં ફળો આપણને જ ભોગવવાનાં છે એ આપણે સારી રીતે જાણીએ છીએ. આપણા પાપોનું પ્રતિફળ એ જ રોગ છે એવું પણ આપણે માનીએ છીએ, તે છતાં આપણે દુઃખ વખતે, રોગ વખતે પ્રતિક્રમણ, સામાયિક, પૂજા સઘળું પુણ્યનું કાર્ય આઘે મૂકી દઈએ છીએ, અને આરંભ, સમારંભ, વિષય, કષાય ઈત્યાદિમાં ધમધોકાર ચાલુ રહીએ છીએ. લુચ્ચાઓ, બદમાશો, ચોરટાઓ ચોરી કરવાની હોય ત્યારે આગ લગાડે છે. તેમની વૃત્તિ એવી હોય છે કે આગ લાગે અને ભડકા થાય તો ત્યાં લોકો ભેગા થાય અને એમ બને તો પોતાને ચોરી કરવાનો લાગ મળે.

## ખોટની પેઢી ક્યાં સુધી ચાલે ?

આવા ચોરો, બદમાશો, ધાડપાડુઓ આ રીતે બે ગુના કરે છે. એક તો આગ લગાડવાનો અને બીજો ગુનો ચોરી કરવાનો. જ્યારે આવા દસ્યુઓને સજા થાય છે ત્યારે તેને સજા પણ બેવડી થાય છે અને તેના ગુના પણ બેવડા ગણાય છે. એક ગુનો ચોરી કરવાનો અને બીજો ગુનો આગ લગાડવાનો. તેને સજા થશે તો તે પણ બેવડા ગુના માટે બેવડી જ થશે ! તમારા મહોલ્લામાં પણ આગ લાગે અને તેના પ્રચંડ ભડકા થવા લાગે તો તમે પણ જો દુકાને એકલા હો તો દુકાન છોડીને ત્યાં જવાના જ નથી ! એ જ પ્રમાણે આપણા પાપે પણ દુઃખરૂપી આગ સળગાવી છે તમે તેમાં દોરાયા એટલે આરંભાદિ કાર્યોમાં ફસાઈ ગયા ! તમે પુણ્યથી પરવારી તો ગયા છો જ, કારણ કે તમે દરરોજના નિયમ પ્રમાણે જે કાંઈ પૂજા, સામાયિક, પ્રતિક્રમણ આદિ કરતા હતા તે બંધ કર્યું છે, એટલે પુણ્ય કરવાનું તમે બંધ કર્યું છે, અને આરંભ, સમારંભ કરતા રહીને તમે પાપને પંથે આગળ વધી રહ્યા છો. હવે તમારી આ ખોટની પેઢી ક્યાં જઈ અટકશે તેનો વિચાર કરજો.

## પાપનાં પરિણામો ભોગવવાં જ પડે છે.

ચોરો અથવા તો ધાડપાડુઓ તમારે ત્યાં ધાડ પાડવા આવે છે ત્યારે પહેલાં તેઓ તમોને પૂરી દેવાનો ઘાટ ગોઠવે છે! તમો તેની જેલમાં પુરાઈ જાઓ તો તેમને તેમનું કાર્ય કરવામાં સરળતા થઈ પડે છે! એ જ પ્રમાણે પાપની પણ કાર્યવાહી છે. પાપ તમારા પુણ્યનો દરવાજો પહેલો બંધ કરે છે. પાપનો ઉદય થાય છે એટલે તમો રોગાદિમાં સપડાઓ છો અને પુણ્યનું કાર્ય કરતા બંધ થાઓ છો! ધાડપાડુઓ તમોને પહેલાં કેદ કરે છે એટલે તમે બચાવને માટે ગમે એટલી બૂમ મારો, ગમે એટલા બરાડો, પરંતુ પોલીસ તમારી બૂમ સાંભળી શકે જ નહિ અને તમોને મદદ પણ કરી શકે નહિ. આ સ્થિતિમાં ધાડપાડુઓને તમારે ત્યાં ધાડ પાડવાની, ઘર ફાડવાની મઝા આવે તેમાં શી નવાઈ? એ જ પ્રમાણે પાપ તમારા પુણ્યને પહેલાં અટકાવે છે. અર્થાત્ તમે કોટડીમાં પુરાવાની સ્થિતિને પ્રાપ્ત થાઓ છો. બહારથી મદદ મળતી બંધ થાય છે અને પાપના પરિણામો તે તમારે ભોગવવાં પડે જ છે! શું આ સ્થિતિની ભયંકરતા તમે કદી વિચારી છે ખરી?

## બરફી અને કલ્લીમાં શ્રેષ્ઠ શું ?

બીજી તરફ આપણી શી દશા છે તે વિચારો. નાનો બાળક હોય ત્યારે તે મીઠાઈનો ટોપલો લઈને તેના બદલામાં કલ્લી આપવાને તૈયાર થાય

છે. સોનાની ચક ચકતી રત્નોથી મઢેલી કલ્લી હશે, પરંતુ તે છતાં તે બાળક મીઠાઈની લાલચે એ કલ્લી આપી દેશે કારણ કે તેને કલ્લીનું શું મહત્વ છે અને મીઠાઈનું શું લઘુત્વ છે તેનું જ્ઞાન નથી, પરંતુ એ જ છોકરો મોટો થઈને નવ દશ વર્ષની ઉંમરને પ્રાપ્ત કરશે એટલે તેની એ સ્થિતિ સુધરવા પામશે. હવે તમે તેને બરફીની ટોપલી નહિ પરંતુ આખી બરફીની તાવડી આપી દેશો તો પણ તે કલ્લી આપશે નહિ અરે, કલ્લી આપવાની વાત તો ઠીક છે, પરંતુ કલ્લીને હાથ સરખોય લગાડવા દેશે નહિ! કારણે કે હવે તે બરફી અને કલ્લીના મહત્વને સમજ્યો છે. હવે વિચારો કે આપણે એટલી કક્ષાએ પણ આવેલા છીએ કે નહિ? બીજું કાંઈ નહિ તો આપણે પુણ્યને દુનિયાના વિષયોની સરખાવટમાં પણ ગણ્યું છે કે? આપણો જીવ આ દશ વર્ષના છોકરાની સ્થિતિને એ પ્રાપ્ત કરી શક્યો છે ખરો કે?

## પુણ્ય કરવા બાજુએ રાખો છો.

આપણને જોઈએ તેટલો તાવ આવે, જોઈએ તેટલી વેદના થાય, જોઈએ તેટલું સંકટ માથા પર તૂટી પડે, છતાં સામાયિક આદિ ધર્મકાર્યો તો કરવાં જ રહ્યાં? આટલો પણ જો તમારો નિશ્ચય થાય તો તમે નવ દશ વર્ષના બાળકની સ્થિતિમાં આવ્યા છો એમ ગણી શકાય! દુઃખમાં, તાવમાં, માંદગીમાં એવા વિચાર આવે કે હવે માંદા છીએ, કર્યું સામાયિક અને કર્યું પ્રતિક્રમણ તો એ વિચારોને કુટી નાખવા એવી તમન્ના મનમાં જાગવી જોઈએ. આપણને આવા વિચારો આવવા તો બાજુએ રહે છે પરંતુ આપણો ખેલ 'રાંડ નાતરે જાય અને ધણી વળાવવા જાય' તેના જેવો છે! રોગ થયો એનો અર્થ એ કે આપણે પાપની સજા ભોગવતા હતા! જે વખતે આપણે પાપ ભોગવતા હતા તે વખતે પાપના પ્રતિકારાર્થે પુણ્યનાં કાર્યો કરવાં જોઈએ, પરંતુ એ પુણ્ય કરવાં તો બાજુએ રહ્યાં અને આપણે સામાયિક, પ્રતિક્રમણ, પૂજા ઈત્યાદિ બંધ કરી દીધાં! હવે આપણને તે ડાહ્યા કહેવા કે મહા મૂર્ખા કહેવા તેનો દરેક પોતે જ વિચાર કરી લો!

## નિષ્ફળ નિર્જરા.

તમે જ્યાં સામાયિક, પ્રતિક્રમણ, પૂજા ઈત્યાદિ કરતા અટકો છો કે ત્યાં તમારી નિર્જરા થતી અટકી જાય છે. એક બાજુએ ધર્મથી થતી નિર્જરા અટકી ગઈ છે ત્યારે બીજી બાજુએ પાપ ભોગવતાં જે નિર્જરા થતી હતી તે પણ અટકી ગઈ છે. આ રીતે તમારી બંને બાજુએથી થતી નિર્જરા અટકી ગઈ છે! આ રીતે તમારી બંને બાજુએથી થતી નિર્જરા અટકી જાય એની ખોટ જો તમે વિચારી જુઓ તો નાની સૂની નથી! આપણે જે સંકીર્ત્ત મેળવીએ છીએ. અર્થાત્ આપણા હાથે જે ધાર્મિક કાર્યો થાય છે તેની ન્યૂનતા જોતાં આ બંને પ્રકારની કર્મનિર્જરા અટકી ગઈ છે એથી હાનિ મહાભયંકર છે છતાં એ હાનિ હજી આપણા મગજમાં ઊતરી શકી નથી અને એ હાનિ કેટલી બળવત્તર છે તે હજી આપણે સમજી શક્યા જ નથી.

## હવે બે સામાયિક કરો

બરફી આપી કલ્લી કાઢવા જે કોઈ આવતું હોય તેને દશ વર્ષનો છોકરો પણ મનમાં તો પીટી નાખવા જ તૈયાર થાય છે પરંતુ તે બિચારાની તેટલી શકિત ન હોવાથી તે મૂંગો રહે છે અને કાંઈ બોલતો નથી! જો એ જ છોકરો મધ્યમ બુદ્ધિવાળો હોય તો બરફી આપને કલ્લી કાઢવા આવનારનું જડબું જ તોડી નાખે! ત્યાં જડબું તોડવાની વાત છે પરંતુ અહીં શાસનક્ષેત્રમાં થપ્પડ મારવાની વાત કરવાની નથી. અહીં તો થપ્પડ મારવી એનો અર્થ એ કે રોજ જેટલી ધર્મક્રિયા

કરતા હોઈએ તેના કરતાં બમણી કરવી, હંમેશાં એક સામાયિક કરતા હો તો રોગ કે દુઃખ આવી પડતાં એવો વિચાર સેવવો કે ભલે હવે તો જોઈએ તેટલું સંકટ પડો, જોઈએ તેટલા રોગો આવે પરંતુ આપણે તો મક્કમ થયા છીએ અને પહેલાં એક સામાયિક તો હવે બે સામાયિક કરીશું! શાસનક્ષેત્રમાં કલ્લી કાઢવા આવનારને આ રીતે થપ્પડ મારવાની છે બીજી રીતે નહિ.

### ''જો તમે માણસ હો ...''

હવે તમે ધીરજથી વિચાર કરો અને જવાબ આપો કે તમોને ભૂલ પમાડનાર તમોને મોહમાં નાખનાર અને તમારું અભદ્ર કરવા આવનારને તમે કદી આવી થપ્પડ મારી છે ખરી કે? અરે, થપ્પડ મારી ન હોય તો ભલે પરંતુ કદાપિ તમોને એ પ્રમાણે થપ્પડ મારવાનો વિચાર સરખો પણ આવ્યો છે ખરો કે? પાપનો ઉદય થાય ત્યારે તો પાપની સામે જ મોરચા માંડવા રહ્યા. તેને બદલે પાપના ઉદયથી પ્રેરાયેલા તમે પુણ્યને લાત મારવા તૈયાર થાઓ છો. હવે કહો કે તમે શ્રદ્ધાવાળા સમકીતિ કેટલા! જ્યારે હલ્લાનો પ્રસંગ આવે ત્યારે તમે સામો ધસારો કરવાનો તો બાજુએ રહ્યો પરંતુ પાછળ જ ભાગવા માંડો છો! આપણે બાળક જેમ પરમટ્ટેમાં નથી. દશ વર્ષનો બાળક કલ્લીને તત્વ માને છે આપણે હજી ધર્મને તત્વ માનવાને તૈયાર નથી. આત્માની, તેના ગુણોની પુણ્યની, સંવરનિર્જરાની આપણે કિંમત જાણી જ નથી તેથી હજી આપણે આવી સ્થિતિમાં મૂકાયેલા છીએ. આ સ્થિતિ તમે મનુષ્ય હો તો તમોને સાલવી જોઈએ.

### સમકીતિના વિચારો કેવા હોય ?

વસ્તુનું મૂલ્ય પહેલાં જાણો. જ્યાં સુધી કોઈ વસ્તુનું મૂલ્ય જાણતું નથી ત્યાં સુધી કોઈ તેની પાછળ મંડીને તેમાં પોતાનું જીવન ખપાવી દેતું નથી. જો મનુષ્ય એ ચીજની પાછળ જ મંડતો નથી તો પછી કોઈપણ ભોગે એ ચીજ મેળવવી જ જોઈએ એવો તો તેને ખ્યાલ જ ક્યાંથી આવવાનો હતો? ધર્મને કલ્લી માફક અર્થ ગણે આવા જે વિચારો છે તે મધ્યમ બુદ્ધિના વિચારો છે, અને આવા વિચારો જે હૃદયમાં સ્થિત છે ત્યાં સમકીતિના વિચારોની વાર છે. તો હવે એવી શંકા સહજ ઉઠશે કે સમકીતિના-પરમ આસ્તિકના વિચારો કયા ? મોક્ષ-ધર્મ એ જ અર્થ છે અને આ જગત માત્ર જુલમ છે એવા જેના વિચારો છે એ સમકીતિના વિચારો છે. આવા વિચારોનો જો હૃદયમાં વાસ થઈ ગયો તો પછી એવો કોણ અધન્ય હોય કે જે દુનિયાદારીના જુલમોને વહોરી લઈને પણ ધર્મને ધક્કો મારવાને તૈયાર થાય? એટલી વાત તો તમે સહેજે માન્ય રાખશો કે બનાવટી સોના માટે અથવા બનાવટી કાચના હીરા માટે ખરા હીરાનો અથવા ખરા સોનાનો તો કોઈપણ ભોગ આપવા તૈયાર થતું નથી! અને તું મારી આંખમાં આંગળી ઘાલી દે હું તારા મોઢામાં આંગળી ઘાલું; એવો સોદો કરવા પણ કોઈ ઈચ્છતું જ નથી.

### સર્વવિરતિમાં જ સર્વસ્વ

જેમ હું તારા મોઢામાં આંગળી ઘાલું તું મારી આંખમાં આંગળી ઘાલ એવો સોદો કરવા કોઈ તૈયાર થતું નથી તેમ અહીં પણ નિર્જરા ન થાય અને પાપ બંધાય તેવા કાર્યો કોઈપણ બુદ્ધિશાળી માણસ કરવાને તૈયાર ન જ થાય! સમકીતિ તે જ છે કે જેના હૃદયમાં એવી દૃઢ ભાવના વસી ગઈ છે કે હું આ જગતના વ્યવહારમાં પ્રવર્તુ છું એ કર્મનો બળાત્કાર છે બાકી ખરી વસ્તુ તો સંસારત્યાગ અને સર્વવિરતિ સ્વીકાર એમાં જ રહેલી છે. પહેલા પગથીયામાં દુનિયાદારીએ અર્થ ગણાતો હતો પછી આગળ વધીને બીજે પગથીયે આપણે વ્યવહાર અને નિશ્ચય બંને જાળવીએ છીએ. હવે અહીં વ્યવહાર એટલે શું તે બરાબર

સમજી લો. વ્યવહાર એટલે પરણવું, વ્યવહાર એટલે વેપાર, વ્યવહાર એટલે બૈરાંછોકરાં એવો જ વ્યવહારનો અર્થ આજ સુધી આપણે સમજીએ છીએ. શાસ્ત્રકારો વ્યવહારનો એવો અર્થ કરતા નથી. સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, પ્રભાવના એ સઘળાને શાસ્ત્રમાં વ્યવહાર કહ્યો છે.

### શાસ્ત્રકારો શું કહે છે?

વેપાર કરવો, બૈરીછોકરાં, ઘરેણાગાંઠાં એ સઘળો વ્યવહાર ખરો પરંતુ તે સંસારનો તમે માની લીધેલો વ્યવહાર છે. હવે તમારે એ વ્યવહાર ભગવાનના વચનમાં પણ લગાડવો છે. તમારાં બૈરીછોકરાં, વેપાર એ સઘળું તમારે ભગવાનના વચનમાં ઘુસાડવું છે તમારે એ પ્રપંચ શાસ્ત્રકારો કદાપિ નિભાવી શકવાની નથી! શ્રીજિનેશ્વર મહારાજે નિશ્ચયની જ વાત કરી છે. ભગવાને નિશ્ચય અને વ્યવહાર બે કહ્યા છે પરંતુ વ્યવહાર એટલે શું તે આપણે વિચારતા નથી. સામાયિક, પૂજા એને જ શાસ્ત્રે વ્યવહાર ગણ્યો છે. સામાયિક, પૂજા, પ્રભાવના એને જ વ્યવહાર ગણવાનું કારણ શું એવું તમે પૂછશો તો તેનો જવાબ પણ શાસ્ત્રકારોએ આપીજ રાખેલો છે. આ પગથીયે-આ સ્ટેજે પહોંચેલો આત્મા પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ આ સઘળામાં કાંઈ સમજતો નથી એ બધાને જ તે તો એક અર્થ તરીકે માને છે અને તેનેય માન્ય રાખી તે પ્રમાણે વ્યવહાર ધર્મ ક્રિયામાં વર્તવું અને નિશ્ચયને પણ માન્ય રાખવો એમ જ તે સમજે છે.

### પ્રથમ પગથીયાની સ્થિતિ.

સામાયિક, પૂજા, પ્રભાવના એ સઘળું કરવું, તેને એક અર્થ તરીકે માનવું અને આએ કરવું અને આ એ કરવું, દુનિયાદારી જાળવવી અને ધર્મક્રિયાઓ પણ કરવી એવો જે વિચાર સેવે છે તે પહલે પગથીયે પ્રથમ ભૂમિકાએ સ્થિત થયેલા જીવો છે. પહેલા પગથીયાને પસાર કરીને જે જીવો બીજા પગથીયામાં પ્રવેશ કરે છે તેમની મનોદશા એવી હોય છે કે આ ધર્મ છે તે જ એક તત્વરૂપ છે અને ધર્મ સિવાય બીજું જે કાંઈ જણાય છે તે સઘળું મિથ્યા છે. આવી મનોદશાની પ્રાપ્તિ, તેને બીજું પગથીયું સમજવાનું છે. બીજે પગથીએ આવેલાની માન્યતા સ્વાભાવિક રીતે જ એવી થવા પામે છે કે પુણ્ય, સંવર, નિર્જરા એ સઘળા મોક્ષના રસ્તા છે અને એ મોક્ષના રસ્તા આગળ આ જગતની દુનિયાદારી તો કાંઈ હિસાબમાં જ નથી! ત્રીજે પગથીયે આત્મા એ દશા પ્રાપ્ત કરે છે કે આ સંસારનો જુલમ મટ્યો એટલે સિદ્ધિ થઈ. તમે કહેશો કે જુલમ મટ્યો એટલે જુલમનું અસ્તિત્વ નાશ પામે છે એ વાત તો કબુલ છે પરંતુ તેથી સિદ્ધિ થઈ એવી વાત ખ્યાલમાં આવી શકતી નથી. ઠીક.

### જુલ્મ મટ્યો એટલે સિદ્ધિ થઈ.

ધારો કે એક સંસ્થાન ઉપર બીજા દેશના રાજાએ સવારી કરી છે. આ સવારીમાં પેલો સંસ્થાની રાજા હારી ગયો છે અને વિદેશી રાજાએ સંસ્થાની રાજાને કેદ કરીને જેલમાં પૂર્યો છે. પરંતુ એ વેળા એમ બને છે કે તે સંસ્થા ની પ્રજા બળવો કરે છે. આ બળવો સફળ થાય છે. પ્રજા શત્રુના સૈન્યને કાપી નાંખે છે. કારાવાસની દીવાલો તોડી નાંખે છે અને રાજાને છૂટો કરે છે. સંસ્થાની રાજાનું વ્યક્તિ તરીકે સ્થાન શું હતું એ વાત વિચારશો એટલે સમજી શકશો કે રાજા એ તેનું સ્થાન હતું પરંતુ તેના રાજત્વની આડે કારાવાસરૂપી પડદો પડ્યો હતો જ્યાં એ કારાવાસરૂપી પડદો ઉંચકાઈ ગયો કે રાજાને તેનું રાજપદ મળવાનું છે તેમાં કશો અંતરાય છે જ નહિ! રાજા "રાજત્વ"નો અધિકારી તો હતો જ પરંતુ કારાવાસે તેનો એ અધિકાર ખૂંચવી લીધો હતો એ કારાવાસ દૂર થાય એટલે રાજત્વ છે જ! એ જ દૃષ્ટાંત તમે આ

સંસારને અને આત્માને પણ લાગુ પાડો. એ બન્ને વચ્ચે રહેલું સામ્ય તમે તપાસશો એટલે તમારી ખાતરી થશે કે જુલમ મટ્યો એટલે સિદ્ધિ થઈ એ વાત સોએ સો ટકા અક્ષરે અક્ષર સાચી છે.

## તમે કયે પગથીયે ઉભા છો?

સંસારના દરેક પદાર્થો ઘોડાગાડી, વાડી, બંગલા, સ્ત્રી, પુરુષ, મા, બાપ એ સઘળું જ જેલરૂપ છે. એ જેલ કપાય તો એની મેળે જ અનર્થ દૂર થાય છે અને જ્યાં અનર્થ દૂર થાય છે કે ત્યાં અર્થ એની મેળે જ આવી મળે છે. અનર્થ જાય છે એટલે એની મેળે જ બેવડો ફાયદો થાય છે. ઘણા માણસો ધર્મને વિષે પોતાની ગણતરી ત્રીજે પગથીયે કરાવવા માગે છે! આ લોકો પોતાની છાતીએ હાથ રાખીને વિચારી લ્યે કે તમારી સ્થિતિ આવી છે ખરી. જો તમારી આ સ્થિતિ નથી આવી તો પછી તમે તમોને ત્રીજે પગથીયે કોઈપણ સંયોગોમાં ગણાવી શકતા નથી. સંવર, નિર્જરામોક્ષ એ જ એક તત્વરૂપ છે, એ જ એક અર્થરૂપ છે અને એ સિવાય જગતમાં જે કાંઈ બીજું છે તે સઘળું અનર્થરૂપે જ છે એવી ખાતરી ત્રીજે પગથીયે પહોંચેલાને હોવી જ જોઈએ. તમે કહેશો કે આવી જબરી શરત તે શી રીતે પાળી શકાય? આ વાત તો બહુ ભારે છે, પરંતુ શાસ્ત્ર તરફ તમે દૃષ્ટિ નાખશો તો તમે જાણી શકશો કે એ કેવળ સાદી, સહેલી અને સીધી જ વાત છે.

## તે જ આત્મા સમ્યગ્દૃષ્ટિ છે.

સમ્યક્ત્વ અર્થાત્ સમ્યગ્દૃષ્ટિનાં પરિણામો શું છે તે તમે વિચારી જુઓ. શાસ્ત્રકારોએ સંબંધમાં એવો તો સ્પષ્ટ અને સુંદર જવાબ આપી દીધો છે કે તે જવાબમાં કાના, માત્રનો કે હ્રસ્વ, દીર્ઘનો પણ ફેરફાર કરવાના તમારી પાસે સાધન, શક્તિ કે યોગ્યતા નથી! શાસ્ત્રકાર મહારાજાઓ ફરમાવે છે કે રાજા અને ચક્રવર્તીના તથા યાવત્ ઈન્દ્રોના સુખો, તેને પણ જે દુઃખ માને છે તેજ સમ્યગ્દૃષ્ટિ આત્મા છે, બીજો કોઈ સમ્યગ્દૃષ્ટિ નથી. દેવતાઓમાં મોટામાં મોટું સ્થાન જુઓ તો તે ઈંદ્ર મહારાજનું અને મનુષ્યમાં મોટામાં મોટું સ્થાન જુઓ તો તે ચક્રવર્તીનું છે. એ ચક્રવર્તીના અને ઈન્દ્રના સુખો કેવા હશે તેનો તમોને ખ્યાલ છે? આવા સુખો અર્થાત્ મોટામાં મોટા સુખો પરંતુ તેમાં પૌદ્ગલિક દૃષ્ટિએ-આવાં સુખોને પણ જે દુઃખરૂપ માને છે તે જ આત્માને શાસ્ત્રકાર મહારાજાઓ સમ્યગ્દૃષ્ટિ આત્મા કહે છે.

## રાજેશ્રી નંગોની હસ્તી છે!

શું તમારે એક રૂંવાડે પણ આ કલ્પના આવે છે કે ? તમારામાં તો એવા રાજેશ્રી નંગો પડેલા છે કે જેમનો પગ ઓલામાં પડેલો હોય અને માથું ચૂલામાં પડેલું હોય તો પણ તે સ્થિતિનું તેને દુઃખ નથી લાગતું. ભાગ્યયોગે કાણી, કુબડી, આંધળી, લુલી કે લંગડી બૈરી કે ધણી મળ્યા હોય તો તેનો સંતાપ તમોને નથી લાગતો એવાં ધણી-ધણીઆણી મળ્યા હોય તો તે પણ તમોને સંકટરૂપ નથી લાગતા. દેવું કરીને ઘર ચલાવો તેમાં તમોને કંટાળો કે દુઃખ નથી જણાતાં તો પછી રાજાની સ્થિતિમાં તમારો જીવ કંટાળો માનશે ખરો કે? જો રાજાની સ્થિતિમાં તમારો જીવ કંટાળો ન માને તો પછી સમ્રાટની અને ઈન્દ્રની સ્થિતિમાં તો તે કંટાળો ક્યાંથી જ માનવાનો હતો? તમારો જીવ અમુક દશામાં કેટલો ઉંચે ચડી શકે એમ છે તે જોઈને શાસ્ત્રકારોએ શાસ્ત્રો નથી બનાવ્યાં, પરંતુ શાસ્ત્રકારોએ તો જીવ કેટલો ઉંચો ચઢવો જોઈએ એ જ દૃષ્ટિબિંદુ રાખેલું છે અને તેથી જ તેમણે સમ્યગ્દૃષ્ટિને માટે આટલી કઠિન પરીક્ષા રાખી છે.

## ઘોલ મારીને સમ્યક્ત્વ લેવું છે?

સમ્રાટના સુખો, ચક્રવર્તીના ચેનવાળા અને ઈન્દ્રોની મહાનતા તેમના સુખો એ બધાય દુઃખરૂપ

છે એવું તમારો આત્મા ન માને, જ્યાં સુધી એ સ્થિતિ તમોને પ્રાપ્ત નહિ થાય ત્યાં સુધી સમ્યકૃત્વ તમારી પાસે આવવાનું નથી! ધોલ મારીને યા સમજાવી પટાવીને સમ્યકૃત્વ લેવાની આ શાસનમાં જગ્યા નથી. બીજા ધર્મોમાં એવું છે! અમુક ધન ગણી આપો કે તમોને તે ધર્મગુરુ પોતાના સહીસિક્કા સાથેનું સ્વર્ગનું પ્રમાણપત્ર લખી આપે છે! જુના જમાનાને તમારામાંના કેટલાક વખોડે છે કે જુના જમાનામાં આવું બન્યું હશે એમ માને છે પરંતુ આ જુના જમાનાની વાત છે એમ ન સમજશો! આ કહેવાતી વૈજ્ઞાનિક વીસમી સદી ચાલે છે તેમાં પણ પશ્ચિમના દેશોમાં કોઈ કોઈ સ્થળે આવો ખેલ ચાલે છે! બીજી બાજુએ આપણા દેશમાં જ તમે એવા પણ ધર્માત્મા પડેલા જોયા છે કે તેને છોકરી અર્પણ કરો એટલે તમોને મોક્ષનો પરવાનો મળી જાય છે! જૈનશાસન એવી કોઈપણ વસ્તુસ્થિતિમાં માનતું નથી, અહીં તમે ધોલ મારીને યા પૈસા આપીને તમે સમ્યકૃત્વ ખરીદી શકતા નથી, અહીં તો સમ્યકૃત્વનો માત્ર એ જ રસ્તો છે કે તમને ઉપર જણાવેલા પરિણામો થાય!

## અનિષ્ટનો સંયોગ થતાં શું થાય ?

ઈંદ્ર, રાજા, મહારાજા, સમ્રાટ એ સઘળાના સુખો તેને પણ જ્યારે તમે દુઃખો માનો ત્યારે જ ત્યાં તમારે માટે સમ્યકૃત્વ મૂકેલું છે અન્ય સ્થળે તે નથી. દુર્ગતિનાં દુઃખો કેવા ભયંકર છે તે તો સૌ કોઈ જાણે જ છે. અન્ય દર્શનવાદીઓ પણ દુર્ગતિના સંકટો જોઈ કંપી જાય છે. નરકાદિના દુઃખો સાંભળીને નહિ કંટાળતા હોય એવા ભાગ્યે જ હશે! આ જગતમાં એવો કોઈ પણ મનુષ્ય નથી કે જેને અનિષ્ટના સંયોગોથી, ઈષ્ટના વિયોગોથી, રોગથી અથવા અનિષ્ટ કારણોથી કંટાળો ન આવતો હોય! મનુષ્યની આવી સ્થિતિ છે એમ તમે સમજતા નહિ. પશુ, પક્ષીઓની પણ એની એજ દશા છે! મીયાંજી ખુલ્લો છરો લઈને ગરીબડી ગાયને મારી નાખવા ઉભા હોય અને તમે ગાયને ખેંચી જવા માટે - તેને બચાવવા માટે ત્યાંથી દૂર લઈ જાઓ તો પણ તે તમને જોઈને વહેમથી કંપે છે. કીડી પાણીના વેગમાં તણાઈ જવાની અણી ઉપર હોય અને તમે તેને બચાવી લેવાને માટે એ જગાએથી ઉંચકી લો, તોપણ શંકાથી તે કીડી પોતાનું અનિષ્ટ થવાનું છે એવા વિચારે કંપી ઉઠે છે!

## સામાન્ય જીવો અને સમકીતિ જીવો.

મળેલા દુઃખથી કંટાળવું અને પ્રાપ્ત થયેલા સુખથી રાજી થવું એ તો જીવ માત્રનો સ્વભાવ છે. બિલાડીને તમે ગમ્મત કરવા ખાતર પાંજરામાં પૂરી દો છો તો પણ તે છૂટવા માટે આકાશપાતાળ એક કરી મૂકે છે. જગતમાં કોઈપણ એવું પ્રાણી નથી કે જેને આવેલા દુઃખથી કંટાળો ન આવતો હોય! દુઃખની ઉપર અપ્રીતિ થવી એ તો આ સંસારના જીવમાત્રનો સ્વભાવ છે. જો દરેક જીવનો પણ એ જ સ્વભાવ હોય અને સમકીતિનો પણ એ જ સ્વભાવ હોય તો પછી સામાન્ય જીવો અને સમકીતિ જીવો એમાં શો તફાવત રહ્યો ગણાય? ત્યારે ખુબ ગંભીરતાથી વિચાર કરો કે સમકીતિનો ધર્મ શો? આ જગતમાં દુઃખ ઉપર મનુષ્યોને સેંકડો ગણો તિરસ્કાર છે અને તેમને જેટલો દુઃખ ઉપર તિરસ્કાર છે તેના કરતાં સેંકડો ગણો પ્યાર અરે લાખો ગણી પ્રીતિ સુખ ઉપર છે. હજી તો તમે એ સ્થિતિમાં છો કે માનવ સુખ જગતનું સુખ એને જ તમે સાચું સુખ માનો છો અને જગતની દૃષ્ટિએ જે દુઃખ તેને જ દુઃખ માનો છો તો પછી તમારું સ્થાન ક્યાં છે એ તમારે પોતે જ વિચારીને નક્કી કરી લેવું રહ્યું!

**જગત એટલે કે ભાંગેલી હસ્તિશાળા.**

જગતને શાસ્ત્રકારોએ ભાંગેલી હસ્તિશાળાની ઉપમા આપી છે તે કેવી રીતે યોગ્ય ઠરે છે તે તપાસી જોશો તો તમારી ખાત્રી થશે કે શાસ્ત્રકારોની દૃષ્ટિ કેવી વિશાળ છે. દિવાળીમાં સાંભળીએ છીએ કે હસ્તિપાળ રાજાને સ્વપ્ન આવ્યું હતું. આ સ્વપ્નામાં તેમને એવો દેખાવ નજરે પડ્યો હતો કે એક જુની હસ્તિશાળા તેમને દેખાઈ હતી. એ હસ્તિશાળા જુની હતી તેથી રાજાએ નવી હસ્તિશાળા કરાવી હતી અને તે પછી તેમણે એ જુની હસ્તિશાળામાંના હાથીઓને નવી હસ્તિશાળામાં લઈ જવાને માટે પ્રયત્નો કરવા માંડ્યા હતા. મહારાજાએ જુની હસ્તિશાળામાંથી નવી હસ્તિશાળામાં હાથીઓ લઈ જવાને માટે ભારે પ્રયત્નો કર્યા હતા પરંતુ હાથીઓ એ નવી હસ્તિશાળામાં જવાને રાજી ન હતા (તેમ તેઓ જુની હસ્તિશાળામાં રહેવાને માટે પણ રાજી ન હતા.) હસ્તિપાળ મહારાજા આ સ્વપ્ન આવ્યા પછી ભગવાનની પાસે ગયા, ભગવાનને એ સ્વપ્નની વાતો નિવેદન કરી અને હસ્તિપાળ મહારાજાએ કહ્યું કે મહારાજ ! મને આવું વિચિત્ર સ્વપ્નું આવ્યું છે માટે કૃપા કરીને મને એ સ્વપ્નનો મર્મ કહો.

**સ્વપ્નનો મર્મ સમજો**

હસ્તિપાળ મહારાજાના આ સ્વપ્નને શ્રવણ કરીને શ્રી ભગવાન ઉત્તર આપે છે કે આ સ્વપ્ન મારા નિર્વાણનો દિવસ છે તેને અંગે છે. સ્વપ્નમાં તમે જે ભાંગેલી શાળાને નિહાળી છે તે ભાંગેલી શાળા તે દુનિયાદારી છે અને ચારિત્ર તે નવી હસ્તિશાળા સમજવાની છે. હાથીઓ એ જુની હસ્તિશાળામાંથી નીકળતા નથી તેનો અર્થ એ છે કે ભવ્ય જીવરૂપી હાથીઓ જુની હસ્તિશાળારૂપી સંસારમાં એવા એવા લપટાશે કે તેમાંથી તેઓ નીકળવાને જ ઈચ્છશે નહિ! ગુરુદેવોરૂપી મહાવતો ભવ્યજીવોરૂપી હાથીઓને નવી હસ્તિશાળારૂપી ચારિત્રને પંથે દોરી જશે તો પણ નવી શાળારૂપી ચારિત્ર સુધી જતા ઘણા હાથીઓરૂપી ભવ્ય જીવો નાસી જશે અને સોમાંથી સાઠ ભવ્યાત્માઓ પણ એ નવી શાળારૂપી ચારિત્રમાં પ્રવેશવા અર્થે બાકી નહિ રહે! આ સ્વપ્ન ઉપરથી આજનો સંસાર કેવો છે તે સમજવાનું છે આજનો સંસાર કેવો ભયંકર છે અને તેમાંથી ભવ્યાત્માઓએ પણ નીકળી જવું એ કેટલું દુષ્કર છે તે ઉપરના સ્વપ્ન પરથી સ્પષ્ટ થાય છે!

**તામલિ તાપસની જીવનકથા.**

આજનો આ સંસાર તે ભાંગેલી હસ્તિશાળા જેવો છે. એ ભાંગેલી હસ્તિશાળારૂપી રોગ, શોક, થાક અને વિકારોથી ભરેલા આ જગતમાંથી જ જે જીવોને બહાર નીકળવાનું મન થતું નથી તે જીવો ઈન્દ્રોની રિદ્ધિસિદ્ધિ અને ઈન્દ્રોનો વૈભવ તેને શું તુચ્છ માનવાના હતા ખરા? આવા જીવો રાજાની રિદ્ધિને, ઈન્દ્રના ઐશ્વર્યને અને જગતના વૈભવોને દેખશે ત્યારે શું કરશે? શું આ સઘળા સુખોને કદી તેઓ દુઃખરૂપી માની શકશે ખરા? તમે એવી આશા ન રાખશો કે આ જુની ગજશાળારૂપી સંસારમાં રહેલા જીવો ઈન્દ્રોની સમૃદ્ધિને પણ દુઃખરૂપ માનીને પણ તેને લાત મારશે! હવે તમારી સમકીતિની વાત કરો છો પરંતુ બીજી બાજુએ મિથ્યાત્વીઓ પણ પ્રસંગ આવે દેવતાની રિદ્ધિઓ મળવાનો સમય આવતાએ કેવા દૃઢ રહે છે તે તપાસો. તામલિ તાપસની તપશ્ચર્યાનો તો તમોને સારી પેઠે ખ્યાલ છે. એ તામલિ તાપસ જેવો મિથ્યાત્વી તે પણ એકવાર દેવતાઓની અપૂર્વ રિદ્ધિ અને દેવાધીશપણું મેળવાને અવસરે પણ કેવો દૃઢ રહ્યો હતો તે જુઓ :

(અપૂર્ણ)

## સુધા સાગર

૧૧૧૯ અનાદિ કાળથી રાગદ્વેષ જીતવાની સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીવાળી એક સરખી પદ્ધતિ ચાલી આવી છે, ચાલે છે અને ચાલશે.

૧૧૨૦ તીર્થંકરો બધા સ્વયંબુદ્ધ જ હોય પણ કેવળીઓ બધા કંઈ સ્વયંબુદ્ધ ન હોય.

૧૧૨૧ સ્વશક્તિથી જ અને સ્વાલંબનથી જ તીર્થંકરો કૈવલ્યદશા પ્રાપ્ત કરે છે.

૧૧૨૨ આત્મીયદૃષ્ટિએ દેવતાનો ભવ પણ આત્મીય શક્તિના આવિર્ભાવને વધારવા માટે અંધાપા સમાન છે.

૧૧૨૩ ભાવદયાનાં નિર્ઝરણાં ઝરાવવા માટે જૈનદર્શન જગતમાં જન્મ્યું છે.

૧૧૨૪ અન્ય જીવ સંબંધી કર્મથી આવી પડેલાં દુઃખો દેખીને તે દુઃખોને ટાળવાનું મન થાય, તે ટાળવાના પ્રયત્નો થાય અને તે દુઃખો સર્વથા દૂર કરાય તે દ્રવ્યદયા.

૧૧૨૫ જ્યાં સુધી ભાવદયાનું તત્વ નિહાળનારા નહિ થાઓ ત્યાં સુધી પ્રભુમાર્ગની બધી કાર્યવાહી સાધ્યની સિદ્ધિ કરી શકશે નહિ.

૧૧૨૬ ભાવદયામાં જનારા કેવળ ભવ્ય જીવો જ હોઈ શકે. દ્રવ્યદયામાં તો ભવ્ય અને અભવ્ય બન્ને હોય પણ ભાવદયામાં ફક્ત એકલા ભવ્યજીવો ભવ્ય પરિણામવાળા હોય તે જ રહી શકે.

૧૧૨૭ દેવાની દાનત દારિદ્રને ફીટવાની તાકાત પરિણામમાં નથી.

૧૧૨૮ ચારે ગતિના સંકજામાંથી કેમ છુટાય? સંપૂર્ણ ગુણ કેવી રીતે પ્રગટ થાય? કર્મજાળમાં કેવી રીતે ન સપડાઈએ? આ બધા આત્માના ભાવદયામય ભવ્ય મનોરથો છે.

૧૧૨૯ કષાય સિવાયના જીવોને કર્મબંધ ભવ હેતુ કરાવનાર જગતમાં કોઈ નથી.

૧૧૩૦ કષાય સિવાય ભવભ્રમણનું અન્ય કોઈ મુખ્ય કારણ નથી.

૧૧૩૧ વિકલ્પ વિષયોથી ઉત્તીર્ણ થયેલ, સ્વભાવનું આલંબન કરનાર અને જ્ઞાનની પરિપક્વ દશા પામેલો હોય અર્થાત્ આ ત્રણ ગુણોથી અલંકૃત થયેલો આત્મા શમ છે.

૧૧૩૨ શમ જ હૃદયની અન્ય કોઈપણ ન બુઝવી શકાય તેવી તૃષ્ણાદિની જવાળા શાંત કરે છે.

૧૧૩૩ આત્મકલ્યાણના હેતુ એવા ત્યાગમાર્ગના અપૂર્વ દર્શન કરાવ્યાં તેથી જ તીર્થંકરને આપણે માનીએ છીએ.

૧૧૩૪ "દોષની ભયંકરતા સમજી તેને નહિ છોડું તો રખડીશ" એ ગોખ્યા જ કરો.

૧૧૩૫ અઢાર દોષો ભગવંતોએ ટાળ્યા છે અને ટાળવા માટે જ આ શાસનનો જન્મ કર્યો છે.

૧૧૩૬ દ્રવ્યઅનુષ્ઠાન દોષના દાહ વગરનું થાય તો તે નિરર્થક તો નથી જ.

૧૧૩૭ વૃદ્ધિ પામતો વિદ્યાભ્યાસ વિવેક ને વિશુદ્ધ વર્તન વગરનો હોય તો તે વાસ્તવિક રીતિએ વિદ્યાભ્યાસ નથી પણ વગર નોતરેલ વિનાશકાળ છે.

૧૧૩૮ સ્પર્શ-રસ-ધ્રાણ-ચક્ષુ એ ચારે ઇંદ્રિયો પૈકી એકે ઈન્દ્રિયનો એ વિષય નથી કે જે તત્વના પરમાર્થને પીછાણે.

૧૧૩૯ ભૂત, ભવિષ્ય ને સામ્પ્રત કાળમાં જેણે કલ્યાણ સાધ્યું, સાધશે અને સાધે છે તે બધા શ્રુતનો જ પ્રભાવ છે.

૧૧૪૦ સર્વકાળના કલ્યાણનું કેન્દ્ર મોક્ષ છે.

૧૧૪૧ નિર્જરાના કારણ જોડે બંધની પરિણતિ ભરી હોય તો બંધ સજ્જડ કરાવે ને બંધના કારણ જોડે નિર્જરાની પરિણતિ ભળી હોય તો સજ્જડ નિર્જરા કરાવે.

૧૧૪૨ કર્મની અદાલતમાં ચક્રવર્તીથી એકેન્દ્રિય પર્યંત કોઈનું પાપ માફ થતું નથી.

૧૧૪૩ ચાહે તે મતના હોય પણ મોક્ષ ઈચ્છાવાળા જે છે તે સર્વે ભવ્યો જીવો છે.

૧૧૪૪ મોક્ષમાર્ગના શૂરા સેનાપતિ કે વસ્તુદૃષ્ટિએ સાર્વભૌમ મહારાજા તીર્થંકરો જ છે.

૧૧૪૫ દેવ, ગુરુ, ધર્મને માનીએ છીએ તે ત્યાગને લીધે જ.


-: છપાય છે :-

| પૂ. કોટ્યાચાર્ય કૃત ટીકા વિભૂષિત વિશેષાવશ્યક ભાષ્યમ્ | પૂ. મલધારી હેમચંદ્ર સૂરિવિરિચિતસ્વોપજ્ઞ ટીકાયુક્ત |
|---|---|

-: ભવભાવના :-


## આગમના ગ્રાહકોને સૂચના

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે આચારાંગસૂત્રનો પ્રથમ ભાગ તૈયાર થયો છે, માટે ડીપોઝીટ ભરનારાઓને વિનંતિ છે કે તેઓએ પોતાનું પુરેપુરૂં હાલનું સરનામું નીચેના ઠેકાણે મોકલ્વું જેથી વી.પી. ગેરવલ્લે ન જાય.

ડીપોઝીટવાળાના જવાબ આવેથી જ તેમના લખેલા સરનામે પહેલો ભાગ મોકલવામાં આવશે, પોસ્ટખર્ચ જેટલું વી.પી. થશે. આચરાંગ પ્રથમ ભાગની કિંમત રૂા. ૫-૦-૦ રાખવામાં આવી છે, જે ડિપોઝીટમાંથી વસુલ કરવામાં આવશે.

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.

લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ નં. ૪.

## (ટાઈટલ પાના ૪નું અનુસંધાન)

તો તે અષાઢ ચોમાસું જ છે. આ વાતને સમજવા માટે પાદશાહે બીરબલને સત્તાવીસમાંથી નવ જાય તો કેટલા રહે? એવા પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં બીરબલે જે કાંઈપણ ન રહે એમ કહ્યું હતું. અર્થાત્ બારે મહિનાના સત્તાવીસ નક્ષત્રોમાં નવ નક્ષત્રો વરસાદના ગણાય છે અને તે નવ નક્ષત્રમાં જો વરસાદ ન આવે તો અઢાર નક્ષત્રો બાકીના રહ્યા છતાં પણ કાંઈપણ ન રહ્યું એમ સ્પષ્ટ કર્યું, તેવી રીતે અષાઢ ચોમાસીમાં જો અન્ન અને જલનો યથાયોગ્ય સંભવ ન થાય તો કાર્તિક અને ફાલ્ગુનના ચોમાસાં જ વ્યર્થ જ જાય, અને તેથી અષાઢની ચોમાસીને જ લોકોએ ચોમાસા તરીકે ગણી, અને તેજ કારણથી લૌકિક દૃષ્ટિની પ્રધાનતાએ વ્યવહાર કરવાવાળા લોકોમાં અષાઢ મહિનાનો પણ ચોમાસું બેસવાનો નિયમ ન રાખતાં જેઠ મહિને પણ વરસાદની શરૂઆત થાય તો ચોમાસું બેઠું એમ વરસાદની અપેક્ષાએ કહે છે, પણ લોકોત્તર દૃષ્ટિની અપેક્ષાએ વિચારી કરીએ તો કાર્તિક મહિનાથી માંડીને અષાઢ મહિના સુધીના આઠ મહિનાના સમયમાં એકેક મહિનો જ રહેવાનો હોય છે, પણ સાધુ મહાત્માઓને મહિનાથી અધિક રહેવાનો જો કોઈપણ વખત હોય અને તેને લીધે શ્રમણોપાસક વર્ગને ગુરુમહારાજની લાગલગાટ ચાર માસ સુધી પર્યુપાસના કરવાનો અને જિનેશ્વર મહારાજના વચનરૂપી અમૃતનું લાગલગાટ ચાર માસ સુધી પાન કરવાનું બની શકતું હોય તો તે ફક્ત અષાઢ ચોમાસીમાં જ બની શકે છે, કેમકે શાસ્ત્રકારે કાર્તિક વિગેરે આઠ મહિનામાં વગર કારણે મહિનાથી અધિક રહેવાની મનાઈ કરી છે, પણ અષાઢ ચોમાસીના ચાર માસમાં વગર કારણે વિહારની જ મનાઈ કરેલી છે. આ ઉપરથી લોકોત્તર દૃષ્ટિને ધારવાવાળા જૈનો અષાઢ મહિનાથી શરૂ થતા ચોમાસાને જ ચોમાસા તરીકે વ્યવહાર કરે તેમાં કાંઈ આશ્ચર્ય નથી, પણ આ ઉપરથી અષાઢ ચતુર્માસ કરનારા સાધુમહાત્માઓએ તે તે અષાઢ ચોમાસાના ક્ષેત્રોમાં વસ્ત્ર, પાત્ર, કંબલ, પુસ્તક, પંડિત વિગેરેના ખર્ચાથી ક્ષેત્રને નીચોવવા જેવું નહિ કરતાં ખરેખર ચોમાસાના લાગલગાટ ચાર માસ સુધી શ્રોતા અને શ્રદ્ધાળુ શ્રમણોપાસક વર્ગને ત્રિલોકનાથ તીર્થંકરના વચનામૃતનું પાન અખંડ રીતે કરાવવું જોઈએ. ધ્યાન રાખવાની જરૂર છે કે અષાઢ ચાતુર્માસ સિવાયના વખતમાં સાધુમહાત્માનો લાંબો સમાગમ ન હોવાથી જ તે શ્રદ્ધાળુ અને શ્રોતા એવા શ્રમણોપાસક વર્ગને પ્રકરણોના અભ્યાસનું અને સૂત્રોના રહસ્યને સાંભળવાનું મળી શકે નહિ તેમ બની પણ શકે નહિ, પણ આ ચોમાસાના લાંબા ટાઈમમાં શ્રદ્ધાળુ અને શ્રોતા એવા શ્રમણોપાસક વર્ગને મોક્ષના મુખ્ય સાધનભૂત સામાયિક, પ્રતિક્રમણ, પૌષધની ક્રિયામાં જોડવા સાથે પ્રકરણનો રહસ્ય સાથે અભ્યાસ કરાવવો અને ત્રિલોકનાથ તીર્થંકરના વચનામૃતનું પાન કરાવવું, અને જે શ્રમણોપાસક વર્ગ શ્રદ્ધાળુપણાની ખામીવાળો હોય તેને મધુર, શાંત અને શાસ્ત્રાનુસારી વચનોથી યથાસ્થિત તત્ત્વ સમજાવી શ્રદ્ધાળુ શ્રોતા બનાવવા જોઈએ. મુનિ. મહારાજના

(જુઓ ટાઈટલ પાના બીજા પર)

# અષાઢ ચાતુર્માસિક પર્વની મહત્તાનાં કારણો

જગતમાં સામાન્ય રીતે સર્વ આર્ય લોકો કાર્તિકી, ફાલ્ગુની અને અષાઢી એમ ત્રણ ચોમાસીઓ માને જ છે, અને જૈન જનતામાં પણ જે શાસ્ત્રો મનાયેલાં છે તેમાં પણ અસલથી એ કાર્તિકી વિગેરે ત્રણ ચોમાસીઓ મનાયેલી છે, છતાં પણ સર્વ આર્ય પ્રજા અને સામાન્ય રીતે જૈનજનતા કાર્તિકથી અને ફાલ્ગુનથી જ શરૂ થતા ચોમાસાને ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ તથા જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ ચોમાસાં માને છે છતાં તે કાર્તિક મહિને અને ફાલ્ગુન મહિને ચોમાસાં બેઠાં એમ બોલવાનો વ્યવહાર કરતા નથી, પણ અષાઢ મહિનાની ચોમાસીની વખતે વરસાદની શરૂઆત થાય ત્યારેજ સર્વ આર્યલોકો અને સામાન્ય જૈનજનતા ચોમાસું બેઠું એમ વ્યવહાર કરે છે. જો કે ચોમાસા શબ્દના અર્થથી વિચારીએ તો ચાર માસના સમૂહને ચોમાસી કહેવાય અને તેથી કાર્તિક અને ફાલ્ગુને પણ ચોમાસું બેઠું એમ કહેવામાં ચોમાસી શબ્દના અર્થની કોઈ પ્રકારે સ્ખલના થતી નથી. છતાં અષાઢ મહિને ચોમાસું બેઠું એમ જે વ્યવહાર પ્રવર્તેલો છે. તે ચોમાસી શબ્દના અર્થની અપેક્ષાએ નથી, પણ ત્રણે ચોમાસામાં અષાઢ ચોમાસું જ દુનિયાદારી અને ધાર્મિક દૃષ્ટિએ તત્ત્વરૂપ હોઈ અષાઢ માસમાં જ ચોમાસાનો વ્યવહાર કરવામાં આવે છે, કોઈ પણ જિજ્ઞાસુ કોઈ પણ મુનિમહારાજ વિગેરેને પ્રશ્ન કરે છે ત્યારે પણ એમજ કહે છે કે - આપ ચોમાસું ક્યાં કરવાનાં છો? અથવા ગયે વર્ષે કયાં ચોમાસું કર્યું હતું? અને વિનંતિ કરવા તરીકે પણ જ્યારે અમારે ત્યાં ચોમાસું કરો એમ કહે છે ત્યારે તે સર્વમાં અષાઢી ચોમાસીનું જ લક્ષ્ય હોય છે, અને ઉત્તર દેનાર મુનિ મહારાજ પણ તે અષાઢના ચોમાસાના વર્ષથી જ તેના ઉત્તરો અને વિનતિનો સ્વીકાર કરે છે. આ બધી વસ્તુને વિચારનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે આવા અષાઢના ચોમાસાનેજ ચોમાસી કહેવાના વ્યવહારમાં તે અષાઢ ચોમાસીના તાત્ત્વિકપણાની લૌકિક અને લોકોત્તર દૃષ્ટિએ છાયા છે. તેમાં લૌકિક દૃષ્ટિએ કાર્તિકી અને ફાલ્ગુની ચોમાસાની અંદર જીવનનાં સાધનો અને અન્નપાણીની જરૂરીયાત પૂરી પાડનાર જો કોઈપણ ચોમાસું હોય.

(જુઓ ટાઈટલ પાનું ત્રીજું)

તૃતીય વર્ષ, અંક ૧૯, ૨૦.

Registered No. B.3047




## શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

અષાડ સૂદિ પૂર્ણિમા<br>અષાડ વદિ અમાવાસ્યા

જુલાઈ - ૧૯૩૫

(ટાઈટલ પાના ત્રીજાનું અનુસંધાન)

સમાધાન - જૈનધર્મમાં કોઈપણ કાર્ય મુખ્યતાએ બલાભિયોગે કરાવવાનાં હોતા નથી પણ ઈચ્છાકારથી કરવાનાં હોય છે તે મર્યાદાને દરેક આદેશ મળતાં इच्छं કહેવામાં આવે છે, અર્થાત્ આદેશ મળ્યો તે કરવામાં પણ પોતાની ઈચ્છા જાહેર કરે છે.

પ્રશ્ન ૭૫૮ - શ્રીચતુર્વિધ સંઘમાં મુખ્ય અંગ તરીકે સાધુઓ છતાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ રૂપે શ્રીચતુર્વિધ સંઘ ગણાય છે તેમાં સાધુસાધ્વીઓ પંચમહાવ્રત ધારક કે અઢાર હજાર શીલાંગને ધારણ કરનાર જ હોય પણ શ્રાવકશ્રાવિકા એ શ્રી સંઘના પરિવાર રૂપે પણ ક્યારે ગણાય ?

સમાધાન - વ્યવહારથી આત્મકલ્યાણને કરનાર શ્રીજિનવચનને હિતબુદ્ધિથી સાંભળે તે સર્વને શ્રાવકશ્રાવિકા ગણાય અર્થાત્ દેશવિરિતિ, સમ્યક્ત્વ કે અપુનર્બંધકપણાની દશાને ધારનારો પણ તેવો હોય તો પણ શ્રાવક ગણાય.

પ્રશ્ન ૭૫૯ - કોઈક કહે છે કે સમ્યક્ત્વ પામ્યા પછી પણ બેથી નવપલ્યોપમ મોહસ્થિતિ ખપાવે તો શ્રાવક કહેવાય એ શું સત્ય છે ?

સમાધાન - દેશવિરતિની પ્રાપ્તિ માટે નવપલ્યોપમને સમ્યક્ત્વ પછી ખપાવવા પડે, પણ શ્રાવકપણું તો અપુનબંધકપણું અને પછી સમ્યક્ત્વ એ બંનેની પ્રાપ્તિથી આવી જ જાય છે. (જુઓ ધર્મસંગ્રહ વિગેરે,) ભરત મહારાજા, કૃષ્ણ મહારાજા અને શ્રેણિક મહારાજાઓએ તે નવપલ્યોપમની સ્થિતિ નહોતી ખપાવી તોપણ શાસ્ત્રકારોએ તેઓને શ્રાવકો માન્યા છે.

---

**નામ નહિ લખનાર જિજ્ઞાસુને :-**

**તમો પ્રથમ આપેલ દશ ઉત્તરો સમજી શક્યા નથી તો તમો સ્વતંત્ર પ્રશ્નકાર હો તો અન્યત્ર કે અહીં રૂબરૂ ખુલાસો સમજી શકો તેમ છો ?**

---

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.





(પાક્ષિક)

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦    ☞ ઉદ્દેશ ☜    છૂટક નકલ રૂા. ૦-૧-૬


નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

तीर्थेशा दत्तमार्गाः सततगुणिपदाः सिद्धिसाम्राज्यभाजः,
पंचाचारप्रवीणा गणिन इह सदाध्यापका वाचका ये ।
साहाय्यात् मोक्षसिद्धौ मुनय उदितभा अन्विताः शुद्धदृष्ट्या,
ज्ञानेनावद्यमुक्त्या विविधसुतपसा सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

મોક્ષમાર્ગ સદા દિયે જે જિનવરો ગુણ ધારતા, સિદ્ધ નિત્ય ગણેશ પંચાચારધારક વાધતા;
અધ્યાપકો વરવાચકો શિવસાધને મુનિ જોડમાં, એ પાંચસંયુત બોધદર્શન ચરણતપ **સિદ્ધચક્રમાં** ॥૧॥

"આગમોદ્ધારક"


| | | |
|---|---|---|
| તૃતીય વર્ષ<br>અંક ૧૯, ૨૦ | મુંબઈ જુલાઈ - ૧૯૩૫<br>અષાઢ સૂદિ પૂર્ણિમા, અષાઢ વદિ અમાવાસ્યા | વીર સંવત્ ૨૪૬૧<br>વિક્રમ ,, ૧૯૯૧ |


**ભવ્ય આત્માઓને ભવોદધિથી તારવાવાળું પ્રવહન:**

# તપ અને ઉદ્યાપન


(અનુસંધાન પાના ૩૫૯થી ચાલુ)


અર્થાત સમ્યક્ત્વ ધારણ કરવાવાળાઓને સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગની પ્રાપ્તિ રૂપ ગુણો કે તેને અનુસરતા ગુણોની પ્રશંસા, અનુમોદનાદિ કરવાં, તે ઐચ્છિક નહિ પણ ફરજીયાત છે, અને તે સમ્યગ્દર્શનાદિ ગુણોની કે માર્ગાનુસારી ગુણોની પ્રશંસાથી ચૂકવાવાળો મનુષ્ય દર્શનાચારથી ચૂકે છે,

અને તે પ્રાયશ્ચિત્તનું સ્થાન બને છે, એટલું જ નહિ પણ વાદીને જીતવાવાળા શિષ્યની પ્રશંસા નહિ કરનાર આચાર્યની માફક સંસારને વધારનારો થાય છે, અને એટલા જ માટે શાસ્ત્રકારોએ **ઉપબૃંહણા** એટલે પ્રશંસા નામનો આચાર જણાવી પ્રશંસામાં ઐચ્છિકપણું નહિ જણાવતાં **અનુપબૃંહણા** ને અનાચાર જણાવી **ઉપહબૃંહણા** એટલે પ્રશંસાનું ફરજીયાતપણું જણાવી તે નહિ કરવામાં પ્રાયશ્ચિત જણાવ્યું છે. આ હકીકત ધ્યાનમાં રાખવાથી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન મહાવીર મહારાજા સરખાએ દેવ, દાનવ અને મનુષ્યની પર્ષદા વચ્ચે કામદેવ અને સુલસા વિગેરેની કરેલી પ્રશંસાનું તત્વ માલુમ પડશે, અને તેથી જ મહારાજા શ્રી શ્રીપાળ પણ એકલા સર્વવિરતિ કે દેશવિરતિ નહિ પ્રણ સામાન્ય રીતિએ સર્વે સર્વ વિરતિ કે દેશવિરતિને ધારણ કરવાવાળાઓની ઉપર ભક્તિરાગ ધરવા દ્વારાએ ચારિત્રપદને આરાધન કરે છે.

**ભોજનાદિ અને વાત્સલ્યરૂપ ભક્તિમાં વિશેષતા.**

જો કે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ મહાત્માઓને અંગે સ્થાન, અશનાદિ, દેવાદ્વારાએ આગળ આરાધન જણાવેલું છે અને અહિં પણ તેવી રીતે સર્વવિરતિવાળા કે દેશવિરતિવાળાઓને અશનાદિક દેવાદ્વારાએ ભક્તિ કરી વિરતિનું બહુમાન વધારી ચારિત્રપદનું આરાધન કરવા જણાવવું જરૂરી હતું, પણ તે નહિ જણાવતાં અહી સર્વવિરતિ કે દેશવિરતિવાળાઓના ભક્તિરાગ દ્વારાએ જ ચારિત્રપદનું આરાધન જે જણાવવામાં આવ્યું છે તે એમ સૂચવે છે કે સર્વ કે દેશથી વિરતિ ધારણ કરવાવાળાઓની સ્થાનાદિ, અશનાદિ દેવાદ્વારાએ કે વિનયાદિ કરવાદ્વારાએ જે ભકિત કરવામાં આવે છે, તે જો કે ચારિત્રપદની આરાધનાને અંગે ઉપયોગી અને અવશ્યકર્તવ્ય તરીકે છે, પણ તેનું ખરું ફળ મેળવનારાઓએ તે ભક્તિની કિંમત કરતાં પણ તે વિરતિ ધારણ કરનારા મહાનુભાવો ઉપર તેમના ગુણોના રાગરૂપી જે ભક્તિરાગ કરવામાં આવે તેની કિંમત ઘણી જ ઉંચી ગણવી જોઈએ. અર્થાત્ સમ્યક્ત્વાદિ કે વિરતિ આદિક ગુણવાળાઓની અશનાદિ દેવાદ્વારાએ થતી ભક્તિ વ્યવહાર ભકિત કે દ્રવ્ય ભક્તિ તરીકે ગણાય, જ્યારે તેની ઉપર તેના ગુણોને અંગે થતો રાગ જો એ ભક્તિની સાથે મેળવી શકાય તો જ તે ભક્તિરાગ કહેવાય, અને તેજ શુદ્ધ ભક્તિ કે પારમાર્થિક ભક્તિ કહી શકાય. આ વાત ખ્યાલમાં લઈશું, ત્યારે શ્રાદ્ધવિધિ વિગેરેમાં શાસ્ત્રકારોએ ચતુર્વિધ સંઘની ભક્તિ સાથે તેમના આદરસત્કાર વિગેરે કરવાને માટે જણાવેલા વિધિઓની કિંમત આપણી સમજમાં આવશે. યાદ રાખવાની જરૂર છે કે શાસ્ત્રકારોએ દર્શનાચારમાં સાધર્મિક ભોજનને દર્શનાચાર તરીકે ગણાવ્યું નથી, પણ સાધર્મિક વાત્સલ્યને જ દર્શનાચાર તરીકે ગણાવ્યું છે, આ કહેવાનું તત્વ એવું નથી કે સાધર્મિકને અશનાદિ, વસ્ત્રાદિ, સ્થાનાદિ આપવાથી ભકિત થતી નથી કે ભક્તિ કરવી નહિ, પણ આ કહેવાનું તત્વ તો એ જ છે કે સાધર્મિકોની અશનાદિ દ્વારાએ થતી ભકિત તે માત્ર એક વાત્સલ્યનું અંગ છે, વર્તમાન કાળમાં સાધર્મિકોની ભોજનદ્વારાએ ભકિત કરનારા જો કે ઘણા જોવામાં આવે છે, પણ તે સાધર્મિકોના ધર્મપ્રાપ્તિ વિગેરે ગુણોના બહુમાનને લક્ષ્યમાં રાખીને અશનાદિ દેવાદ્વારાએ વાત્સલ્યનું કાર્ય બજાવવારૂપ ભક્તિરાગ ધરાવનારા ઘણા ઓછા હોય છે, એમ કહીયે તો પણ ચાલે કે કેટલાક તો શ્રીમતાની સહેલત તરીકે જ સાધર્મિકોની અશનાદિ દ્વારાએ બાહ્ય ભકિત કરે છે, પણ તેઓએ તે બાહ્ય ભક્તિની સાથે અંતઃકરણમાં તેના ગુણોના બહુમાનને અને તેના આદરને સ્થાન આપવાની ઘણી જ જરૂર છે.

## ભક્તિરાગના ગુણની દશા વિચારવાની જરૂર

દરેક ભક્તિ કરનાર મનુષ્યે એટલું તો જરૂર સમજવાનું છે કે અનંતા પુદ્ગલપરાવર્તનની રખડપટ્ટી કરનારો જીવ અનંતા પુદ્ગલપરાવર્તનો રખડ્યા પછી જ ત્રસપણાને પણ પામે છે, અને અનંતી વખત ત્રસપણું પામ્યો છતાં પણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના શાસનને દ્રવ્ય થકી પણ પ્રાપ્ત કરવાને ઘણા ઓછા જીવો જ ભાગ્યશાળી થાય છે, તો પછી જેઓ જિનેશ્વર મહારાજના શાસનને સર્વોત્તમ શાસન તરીકે સ્વીકારે તે જીવ ખરેખર ભાગ્યશાળીપણાની ઉચ્ચ કોટિમાં આવેલો ગણાય. શાસ્ત્રકારો તો ચોખ્ખા શબ્દોમાં ફરમાવે છે કે દેવતાપણું, ઈન્દ્રપણું કે મહારાજાપણું પામવું જીવને જેટલું દુર્લભ નથી તેના કરતાં ભગવાન જિનેશ્વર મહારાજનું શાસન પ્રાપ્ત કરવું તે અત્યંત મુશ્કેલ છે. જે મનુષ્યને ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનનું શાસન પ્રાપ્ત થયું તે મનુષ્યે સંસારચક્રમાં ભ્રમણ કરાવનાર એવા કર્મમહારાજાના મૂળિયાં ઉખેડી નાખેલાં છે એમ ચોક્કસ સમજવું. જગતમાં જેમ મૂળથી ઉખડી ગયેલા ઝાડનાં લાકડાં, પાંદડાં, ફૂલ, ફળ એ બધાં લીલાંછમ હોય છે, છતાં તે ઝાડની લીલાશ પૂરી ત્રણ દહાડા પણ ટકતી નથી, તેવી રીતે જે મનુષ્યને વીતરાગ સર્વજ્ઞ ભગવાનનું શાસન પ્રાપ્ત થયું હોય છે, તે મનુષ્ય જરૂર થોડા કાળમાં સર્વ કર્મનો નાશ કરી અવ્યાબાધપદને વરે છે. અર્થાત્ કોઈપણ સમ્યક્ત્વ એટલે ભગવાન વીતરાગ મહારાજના શાસનને પામનારો મનુષ્ય કદાચ તે શાસનની માન્યતાને છોડી દેવાવાળો પણ થાય તો પણ તે અર્ધ પુદ્ગલપરાવર્ત જેટલો કાળપણ સંસારમાં ભટકનારો થતો નથી. જો તે વીતરાગશાસનની પ્રાપ્તિ એટલે સમ્યગ્દર્શનની નિરંતર આરાધના જ થાય અને કોઈપણ અંશે તેની વિરાધના ન થાય તો તેવી આરાધના કરનારો મનુષ્ય આઠ ભવની અંદર જરૂર મોક્ષ મેળવે છે.

## દેવગતિની પ્રાપ્તિની અપેક્ષાએ સમ્યક્ત્વની મહત્તાને દેશવિરતિવાળાની ભક્તિની સરખાવટ

યાદ રાખવાની જરૂર છે કે શ્રાવકના બારે વ્રતોને ધારણ કરનારો મનુષ્ય પણ દેવલોકની અપેક્ષાએ તો માત્ર અચ્યુત દેવલોક સુધી જ જઈ શકે છે, અને તે જ ઉત્કૃષ્ટ શ્રાવકની થતી અચ્યુત દેવલોક સુધીની ગતિને કેવળ સમ્યક્ત્વવાળો એટલે જગદુદ્ધારક જિનેશ્વર મહારાજના શાસનને પામનારો મનુષ્ય મેળવી શકે છે. અર્થાત્ એમ કહીએ તો પણ કથંચિત્ સાચું જ ગણાય કે દેવગતિની અપેક્ષાએ એટલે પરભવના સ્થાનને અંગે વ્રતધારક ઉત્કૃષ્ટ શ્રાવકની દશા અને પરમાત્માના શાસનની આરાધનાની દિશામાં કોઈપણ જાતનો આંતરો નથી, તેમજ જ્ઞાન અને ચારિત્રની આરાધના કરનારો પણ મહાપુરુષ જેમ એક, ત્રણ અને આઠ ભવે મુક્તિ મેળવી શકે છે તેવી જ રીતે ભગવાન જિનેશ્વર મહારાજના શાસનની પ્રાપ્તિ કરી તેની આરાધના કરનારો મનુષ્ય પણ તદ્દભવે, ત્રણ ભવે કે આઠ ભવે મુક્તિ મેળવી શકે છે.

## વ્યવહાર ચારિત્ર તરફ ઈચ્છા અને પ્રીતિવાળો જ સાધર્મિકપણાની ભક્તિને પાત્ર

આ બધું કહેવાનું તત્ત્વ એ નથી કે એકલું સમ્યક્ત્વ ધારણ કરે, અર્થાત્ શાસન આરાધનામાં જ મસ્ત રહે, અને જ્ઞાન તથા ચારિત્રની પ્રાપ્તિ તરફ દુર્લક્ષ્ય કરે, કેમકે જે મનુષ્યને જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ તરફ દુર્લક્ષ્ય હોય અગર તે બેની આરાધના કરવાનો અભિલાષી ન હોય તેને ભગવાન જિનેશ્વર મહારાજનું શાસન પ્રાપ્ત થયું છે અગર તે સમ્યગ્દર્શનની આરાધના કરનારો છે એમ અંશે પણ કહી શકાય નહિ, કેમકે ભગવાન જિનેશ્વર મહારાજના શાસનને કે સમ્યગ્દર્શનની આરાધનાને પહોંચેલો મનુષ્ય જ્ઞાન અને ચારિત્રની આરાધનાને

અંતઃકરણથી હંમેશાં ઈચ્છનારો અને તેની પ્રાપ્તિના દિવસને ધન્ય દિવસ ગણનારો જ હોય.

## વીતરાગ પરમાત્માના શાસનને પામેલો પડી જાય તો પણ જરૂર રહડે

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના શાસનને પામીને રત્નત્રયીની આરાધના કરવાવાળો અને તત્ત્વત્રયીની શ્રદ્ધાવાળો થયેલો જીવ પોતાની તેવી શ્રદ્ધા જો ન ટકાવી શકે તો તે ભગવાનના શાસનથી અને સમ્યગ્દર્શનથી પતિત થયેલો ગણાય. જો કે તેવી રીતે શ્રદ્ધા પ્રાપ્ત થવી અને શ્રદ્ધાથી ખસવું, વળી શ્રદ્ધા પ્રાપ્ત થવી, વળી શ્રદ્ધાથી ખસવું એમ એક જન્મમાં પણ હજારો વખત બને છે, અને આખા ભવચક્રની અપેક્ષાએ તો હજારો અસંખ્યાતી વખત તેવી શ્રદ્ધાઓનું આવવું, ખસવું અને આવવું થાય છે, અને તેથી જ શાસ્ત્રકારો સમ્યક્ત્વના અસંખ્યાત હજાર આકર્ષ આખા ભવચક્રમાં કહે છે, અને એક ભવમાં હજારો આકર્ષો કહે છે, એટલું જ નહિ પણ ઉપર જણાવેલી રત્નત્રયીની માન્યતા અને સમ્યગ્દર્શનની આરાધનાના વિચોરોની ફેરફારીને લીધે જ ક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતા ભાગના પ્રદેશ જેટલા ભવો સુધી તેવી શ્રદ્ધાના રંગો જીવને આવી જાય છે એમ સ્પષ્ટપણે શાસ્ત્રકારો જણાવે છે. યાદ રાખવાની જરૂર છે કે કુલાચારે કે વ્યવહારથી કરાતી દેવ, ગુરુ, ધર્મની આરાધના એક જન્મમાં હજારો વખત પલટવાનો સંભવ ઓછો છે.

## આશ્રવની હેયતાને સંવરની ઉપાદેયતા

ઉપર જણાવ્યા પ્રમાણે રત્નત્રયીની આરાધનાની શ્રેષ્ઠતાનો ખ્યાલ કે જીવાદિક તત્ત્વોના યથાર્થપણાનો આશ્રવ અને બંધના સર્વથા હેયપણાનો અને સંવર તથા નિર્જરાના સર્વથા ઉપાદેયપણાનો ખ્યાલ ખસી જાય ત્યારે વ્યવહાર દૃષ્ટિએ રત્નત્રયીની આરાધના કરાતાં છતાં પણ ભગવાનના શાસનથી ખસી જવાય છે, અને આટલા જ માટે ભગવાન હેમચંદ્રસૂરિજીએ વીતરાગ પરમાત્માની આજ્ઞાના સ્વરૂપને અંગે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે :-

आकालमियमाज्ञा ते हेयोपादेयगोचरा ।
आश्रवस्सर्वथा हेय उपादेयश्च संवरः ॥

હે ભગવાન! આશ્રવ સર્વથા છોડવાલાયક છે, અને સંવર સર્વથા આદરવા લાયક છે એવી છાંડવા અને આદરવા સંબંધી આપની આજ્ઞા સર્વકાળમાં એક સરખી જ છે, અર્થાત્ કોઈપણ કાળે કોઈપણ પ્રસંગે જીવને આશ્રવનું હેયપણું છે એ વાત ધ્યાનમાંથી નીકળી જાય, અગર સંવરનું સર્વકાળે સર્વપ્રકારે ઉપાદેયપણું છે એ હકીકત લક્ષ્ય બહાર જાય એટલે તેનાથી વિરુદ્ધ પ્રરૂપણા કે માન્યતા થાય તો કોઈપણ જીવ પછી તે દેવતા હો કે મનુષ્ય હો, રાજા હો કે રંક હો, શ્રીમાન્ હો કે દરિદ્ર હો, મહાવ્રતધારી હો કે અનુવ્રતધારી હો, વ્રતયુક્ત હો કે વ્રતરહિત હો, વ્યવહારદૃષ્ટિએ રત્નત્રયીની આરાધના કરનારો હો કે નહિ કરનારો હો ગમે તે હો, પણ તે આજ્ઞાનો વિરાધક થાય છે, અને સમ્યક્ત્વ એટલે ભગવાન વીતરાગના શાસનથી પતિત થાય છે.

## વ્યવહાર ધર્મને વિરાધનાર ધર્મનો વિરાધક

આત્મકલ્યાણની દૃષ્ટિએ ઉપર જણાવેલી આજ્ઞાના અમોઘ પ્રવાહ સિવાય દાન, શીલ, તપ કે ભાવરૂપી વૃક્ષો એક અંશે પણ કાર્ય કરનારા થઈ શકતા નથી. આ કહેવાનું તત્ત્વ એ નથી કે વ્યવહારિક દૃષ્ટિએ થતી રત્નત્રયીની આરાધના નિરૂપયોગી છે કે તેને નિરૂપયોગી માનવી કેમકે તે રત્નત્રયીની વ્યવહારિક દ્રષ્ટિએ થતી આરાધનાને નિરૂપયોગી તરીકે માનનારો મનુષ્ય ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના શાસનને કે સમ્યક્ત્વને પામેલો નથી એટલું જ નહિ પણ મોક્ષમાર્ગને અનુસરતો

થવાને માટે પણ તે વ્યવહારિક આરાધનાને નિરૂપયોગી માની કરેલી વિરાધનાના જોરે સેંકડો જન્મો સુધી પણ વીતરાગ પરમાત્માનું શાસન અને સમ્યગ્દર્શન પામવાં મુશ્કેલ છે.

### વ્યવહારથી સમ્યક્ત્વ અને તેનો મહિમા

જેઓ વ્યવહાર થકી આરાધનમાં પ્રવર્તેલા છે, તેઓ પણ વ્યવહારથી સમ્યગ્દૃષ્ટિ તરીકે ગણાય છે અને તેવાઓને સમ્યગ્દૃષ્ટિ તરીકે માનનારો મનુષ્ય તેમજ તેવાઓને સમ્યગ્દર્શનવાળા માનીને ભક્તિ કરવાવાળો મનુષ્ય સમ્યગ્દર્શનથી પતિત થયો છે કે સમ્યગ્દર્શનની વિરાધના કરે છે એમ કહી શકાય જ નહિ. જો કોઈપણ તેવા જ્ઞાન કે પ્રબળ કારણથી તેના અંતઃકરણની વિપરીતતાનો ખ્યાલ આવે તે પણ તેવી વિપરીતતા હોવી જોઈએ કે જે સ્પષ્ટ સૂત્રવિરોધવાળી અને સાચું સમજાય તેવું છતાં પણ કદાગ્રહવાળી હોય, તો તેવી અંતઃકરણવાળી સ્થિતિ જે ધરાવતો હોય તેને બાહ્યક્રિયા છતાં પણ સમ્યક્ત્વવાળો માનવામાં અડચણ સમજવી. બાકી ધ્યાન રાખવાની જરૂર છે કે જિનેશ્વર મહારાજે મોક્ષ માટે જણાવેલી ક્રિયામાં એક નમસ્કારનો પહેલો અક્ષર નકાર કે કરેમિભંતેનો પહેલો અક્ષર કકાર તે પણ એવા જ ભાગ્યશાળીઓને પ્રાપ્ત થાય કે જેઓએ મોહનીય કર્મની સિત્તેર કોડાકોડ સ્થિતિમાંથી અગણોસિત્તેર કોડાકોડી સાગરોપમની સ્થિતિ તોડી નાખી હોય, અર્થાત્ અગણોસિત્તેર સાગરોપમની સ્થિતિ તોડયા સિવાય નમસ્કારનો નકાર કે કરેમિભંતેનો કકાર પણ મળતો નથી. આજે નમસ્કારના નકાર અને કરેમિભંતેના કકારની વાત થઈ તે યથાર્થ તત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ ન પામેલો હોય તેવાઓને માટે પણ સમજવી. સમ્યક્ત્વ સિવાયના જીવો તો શું પણ અભવ્યજીવો કે જે કોઈ કાળે મોક્ષ માન્યો નથી, માનતા નથી અને માનવાના નથી અને જેને મોક્ષની ઈચ્છા થઈ નથી, થતી નથી અને થવાની પણ નથી તેઓને પણ નમસ્કારનો નકાર કે કરેમિભંતેનો કકાર ત્યારે જ મળે છે કે જ્યારે તેઓ મોહનીયકર્મની સિત્તેર કોડાકોડી સાગરોપમની સ્થિતિમાંથી અગણોસિત્તેર કોડાકોડી સાગરોપમની સ્થિતિ તોડી નાખી હલુકર્મી બને, તો પછી જે ભવ્ય જીવો મોક્ષને માનવાવાળા અને ઈચ્છાવાળા હોઈ નમસ્કારના નકાર અને કરેમિભંતેના કકાર કરતાં ઘણા આગળ વધીને વ્યવહાર દૃષ્ટિથી પણ ધર્મનું જ્ઞાન અને ધર્મની આરાધના કરનારા હોય, તે જ્ઞાન અને આરાધનાની સ્થિતિ અનંત ભવોએ મળવી દુર્લભ હતી તેને પામ્યા છે તો તેવા જીવો ધર્મિષ્ઠ પ્રાણીઓને ભક્તિ કરવા લાયક કેમ ન હોય?

### વ્યવહાર સમકિત અને વ્યવહાર વિરતિવાળા જ ભક્તિનું ભાજન.

શાસ્ત્રકારો તેને જ વ્યવહાર સમ્યક્ત્વ કહે છે કે જેઓનું અંતઃકરણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનને દેવ તરીકે, પંચમહાવ્રત પાલક સાધુમહાત્માઓને ગુરુ તરીકે અને વીતરાગ સર્વજ્ઞ પ્રભુએ નિરૂપણ કરેલા જીવાજીવાદિ પદાર્થોને તત્ત્વ તરીકે માનતા હોય. આવું વ્યવહાર સમ્યક્ત્વ પણ જેને પ્રાપ્ત થયું હોય, તેઓ પણ મોહના મૂળને ઉખેડી નાખનારા હોઈ કાંઈક ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્તમાં મોક્ષ પામે છે, તો તેવા વ્યવહારથી સમ્યગ્દર્શન ધારણ કરવાપૂર્વક જેઓ દેશથી કે સર્વથી વિરતિને ધારણ કરવાની હદે પહોંચેલા હોવાથી શાસનના અનુરાગીઓને ભક્તિ કરવાનું જ ધામ છે.

### મુક્ત થયેલ કરતાં પણ મુમુક્ષુની ભક્તિની આપેક્ષિક અધિકતા.

જેઓ મોક્ષને પ્રાપ્ત થયેલા છે, તેઓની જે

ભક્તિ કરવામાં આવે તે તેમના બહુમાનને અંગે અને ભક્તિ કરનારાના આત્માના ઉદ્ધારને અંગે છે. તેવી રીતે મોક્ષના માર્ગે ચઢવા માંડેલા અને ચઢેલા મહાપુરુષોની ભક્તિ તેમના મોક્ષના ધ્યેયને અંગે હોઈ વાસ્તવિક રીતિએ મોક્ષનું જ બહુમાન જણાવનાર છે, અને તેવી રીતે મોક્ષના ધ્યેયવાળાની ભક્તિ કરનારો મનુષ્ય પણ પોતાના આત્માને તે મોક્ષના ધ્યેયવાળાની ભક્તિ કરતાં મોક્ષની નજદીકમાં પોતાના આત્માને લઈ જાય છે. એટલું જ નહિ પણ જેની પોતે ભક્તિ કરે છે તે જીવ તેની ભક્તિના અનુમોદનથી અને પોતાને જ પ્રાપ્ત થયેલા ધર્મની પ્રશંસાથી અકથનીય લાભ મેળવે છે. અર્થાત્ અપેક્ષાએ વિચારીએ તો મોક્ષ પ્રાપ્ત કરનારા અને વીતરાગદશાને પામેલાઓની કે નિઃસ્પૃહપણાની દશાને પામેલા મહાપુરુષોની ભક્તિ જેમ આત્મકલ્યાણકારક છે, તેમ અગર તે કરતાં કંઈક અધિકપણે ભક્તિનું પાત્ર અને ભક્તિ કરનાર બંનેની કલ્યાણદશાની પ્રાપ્તિ વિચારતાં મોક્ષની સન્મુખ પ્રયાણ કરનારા પરમ પુરુષોનો ભક્તિભાવ લાભદાયી છે.

**મોક્ષની મુદતની હૂંડી ધરાવનાર ધર્મપ્રેમીઓ**

વળી એ પણ ધ્યાન રાખવાનું છે કે સર્વજ્ઞ પરમાત્માના શાસનને પામનારો અને યથાશક્તિ જઘન્યમાં જઘન્ય પણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની આરાધનામાં જોડાયેલો ભવ્ય આત્મા અનંત પુદ્ગલપરાવર્ત સુધીના સંસારની સંભવિત સ્થિતિનો નાશ કરે છે, અને મુદતની હૂંડીની માફક માત્ર કાંઈક ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્તને રાખીને બાકીના અનંત પુદ્ગલ પરાવર્તના સંભવોને તોડનારા ભવ્ય આત્માઓ દરેક ગુણાનુરાગી જૈનને અનુમોદવા લાયક અને ભક્તિ કરવા લાયક કેમ હોય નહિ?

**મિથ્યાત્વિદશામાં પણ કરાતી જૈનક્રિયાની ભક્તિયોગ્યતા**

વળી, એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે શાસ્ત્રને અનુસારે સમ્યગ્દર્શન જેવી અપૂર્વ ચીજ પ્રાપ્ત થવા પહેલાં પણ મિથ્યાત્વદશામાં જીવ રહ્યો હોય તે વખત જો તે સમ્યગ્દર્શનાદિક માર્ગને અનુસરનારી જૈનશાસ્ત્રમાં દર્શાવેલી ક્રિયા કરતો હોય, તો તે પણ અનુમોદવા લાયક છે. તો પછી તેના કરતાં ઘણો જ આગળ વધીને જે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી શક્યો છે, અથવા તો તે સમ્યગ્દર્શનની પ્રાપ્તિના સ્થાન કરતાં પણ અત્યંત આગળ વધીને વિરતિને ધારણ કરવાવાળો થયેલો જીવ ચાહે તો દેશવિરતિવાળો હોય કે ચાહે તો સર્વવિરતિવાળો હોય, પણ તે ભક્તિનું પાત્ર બને તેમાં આશ્ચર્ય શું?

**વંદનાદિ અને પ્રશંસાદિના પાત્રોની જુદી જુદી સ્થિતિ**

એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે શાસ્ત્રોમાં સૂત્રકારોએ કહેલા વંદનના સૂત્રોનું ઉચ્ચારણ કરવાપૂર્વક વંદન, નમન કરવામાં ગુણોની અધિકતા જોવાની એટલે વંદના કરનારના ગુણો કરતાં વંદનીયના ગુણોની અધિકતા હોય તેમાં લાભ છે, છતાં પણ તેમાં શાસ્ત્રકારોએ એકલી આત્મપરિણતિને સ્થાન નહિ આપતાં વ્યવહારથી ચારિત્રમાં પ્રથમ રહેલાને જ ગુણાધિક તરીકે ગણીને વંદન કરવા લાયક તરીકે ગણેલો છે, પણ ભક્તિ, પ્રશંસા અને અનુમોદનાને અંગે પોતાની અપેક્ષાએ ગુણાધિકપણું જોવાનું નથી અને તેથી જ તત્ત્વાર્થસૂત્રકાર મહારાજે પ્રમોદ ભાવનાના સ્થાન તરીકે સ્વગુણાધિક એવો શબ્દ નહિ લેતાં કેવલ ગુણાધિક એટલો જ માત્ર શબ્દ લીધો અને તેથી વીતરાગ સર્વજ્ઞ ભગવાનોએ અવિરતિ સમ્યગ્દૃષ્ટિઓની કે દેશવિરતિઓની અગર સકષાયી સાધુઓના વર્તનોની કરેલી પ્રશંસા યોગ્ય જ ગણી શકાય.

**સમ્યગ્દૃષ્ટિ આદિ ગુણવાળાઓની પ્રશંસાનું ફરજીયાતપણું**

એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે સમ્યગ્દૃષ્ટિ આદિની પ્રશંસા અને અનુમોદના એ વીસસ્થાનક,

કનકાવલિ, રત્નાવલિ અને ભિક્ષુપ્રતિમાની માફક કેવળ લાભની ઈચ્છાવાળાએ જ કરવાની છે તેમ નથી, કેમકે તે તપોમાં તો હીનશક્તિવાળાને તે તપસ્યા નહિ કરતાં પણ અતિચાર લાગે નહિ, પણ સમ્યગ્દષ્ટિ આદિની પ્રશંસા, અનુમોદના એ તો શાસનને અનુસરવાવાળાઓને માટે ફરજીયાત છે, અને તેથી જ સમ્યગ્દષ્ટિ આદિની પ્રશંસા અને અનુમોદનાથી લાભ એટલે ભવિષ્યમાં ઉંચા ઉંચા સમ્યગ્દર્શન અને ચારિત્ર આદિ ગુણોની પ્રાપ્તિ થાય, એટલું જ નહિ પણ જો તે સમ્યગ્દષ્ટિ કે વિરતિ આદિને ધારણ કરનારાઓની પ્રશંસા, અનુમોદના કે ભક્તિ ન કરવામાં આવે તો સમ્યગ્દર્શન કે વ્રતના અતિચારો લાગે છે, અને તેથીજ તેને દર્શનાચારનો અતિચાર શાસ્ત્રકારોએ સ્પષ્ટ અક્ષરમાં જણાવ્યો છે. અર્થાત્ સમ્યકત્વ વાળાની પણ પ્રશંસા ન કરે તે માત્ર પ્રમોદભાવનાના લાભથી ચૂકે એટલું જ નહિ, પણ પોતાના આત્મામાં જિનેશ્વર ભગવાનના વચનો ઉપર થયેલી અદ્વિતીય શ્રદ્ધારૂપી સમ્યકત્વને પણ મલિન કરે છે, માટે તે મલિનતા ટાળવાને અને સમ્યગ્દર્શનાદિના ઉત્તરોત્તર લાભ મેળવવાને માટે સમ્યગ્દર્શનાદિવાળાની પ્રશંસા, અનુમોદના થવી જ જોઈએ.

### વ્યવહાર સમ્યક્ત્વની પણ લોકોત્તરતા

વળી, એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે જૈનશાસ્ત્ર પ્રમાણે જૈન જનતામાં મનાયેલા દેવ કે ગુરુઓ બીજા શાસનોની માફક જન્મ આપવાને લીધે કે અન્નપાણી આપવાને લીધે કે હવા, અજવાળું, દેવલોકના સુખો કે રાજા મહારાજાપણાના સુખો આપવાને લીધે મનાયેલા નથી પણ સંસારમાં ગણાતા સ્ત્રી, પુત્ર, માતાપિતા વિગેરે સંબંધીઓ કે ખાનપાન, સ્પર્શ, રસ વિગેરેના સુખો અગર ધન, ધાન્ય, રાજઋદ્ધિ વિગેરેની સાહેબીનું ત્યાગ કરવા લાયકપણું જણાવી તેનો ત્યાગ કરે તેથી જ તેમની પૂજ્યતા મનાયેલી છે, માટે વ્યવહારદૃષ્ટિએ પણ વીતરાગ પરમાત્માને દેવ તરીકે, શુદ્ધ સાધુઓને ગુરુ તરીકે અને ત્રિલોકનાથ તીર્થંકર કેવળી ભગવાનોએ નિરૂપણ કરેલા નિર્ગ્રંથ માર્ગને ધર્મ તરીકે માને છે, અને તેથી જ દરેક શાસ્ત્રોમાં આલેખાયેલા શ્રાવકોને અંગે એ જ વચનો આગળ મેલવામાં આવે છે. **सद्दहामि णं भंते। निग्गंथं पावयणं पत्तियामि णं भंते। निग्गंथं पावयणं रोएमिणं भंते। निग्गंथं पावयणं** અર્થાત્ નિર્ગ્રંથ પ્રવચનના અર્થ, પરમાર્થ અને શેષ અનર્થના પગથીયે તથાવિધ શુદ્ધિના અભાવે ન પણ ચઢયો હોય, તો પણ જેને નિર્ગ્રંથ પ્રવચનની શ્રદ્ધા, પ્રતીતિ અને રૂચિ થઈ હોય તે ખરેખર ધન્ય આત્મા હોઈ દરેક સમ્યગ્દર્શનવાળાને પ્રશંસનીય અને અનુમોદનીય જ હોય છે, અને વ્યવહારિક સમ્યક્ત્વ કે જે અરિહંત મહારાજને શુદ્ધ દેવ તરીકે, શુદ્ધ સાધુઓને ગુરુ તરીકે અને જિનેશ્વર મહારાજે કરેલા તત્ત્વને જ તત્ત્વ તરીકે સ્વીકારવાની પ્રતિજ્ઞારૂપ હોવાથી તેવી પ્રતિજ્ઞાવાળાને લોકોત્તરપણું મળી જાય છે, તે પણ ખરેખર અહોભાગ્યની જ દશા છે, અને તેથી જ વ્યવહાર સમ્યગ્દર્શનવાળાને પણ પ્રશંસવો અને અનુમોદવો તે દરેક ધર્મપ્રેમીઓની ફરજ છે.

### માર્ગને પ્રાપ્ત કરનારની પ્રશંસાથી તેના અવિરતિ આદિ અવગુણોની અનુમોદના કેમ નહિ?

આ સ્થળે એમ શંકા નહિ કરવી કે માત્ર સમ્યગ્દર્શન પામ્યા છતાં હજી તે આત્મામાં અવિરતિના વિકારો જબરદસ્ત હોવાથી તેના તે અવિરતિના પાપોનું અનુમોદન તે પ્રશંસા અને અનુમોદન કરનારને લાગશે, કેમકે શાસ્ત્રકારો જેઓમાં સમ્યક્ત્વ છે, પણ વ્રતને અંગે પાસત્થાદિકપણું છે, તેઓને વંદનાદિક કરવાથી તે પાસત્થાઓના પાપનું અનુમોદન કરી પાપ બાંધનાર તરીકે ગણવામાં આવે છે, તો પછી અહીં અવિરતિવાળાની પ્રશંસા કરવા દ્વારા અવિરતિના અનુમોદનથી પાપ કેમ નહિ થાય? આવી શંકા નહિ કરવાનું કારણ એ જ કે સમ્યગ્દષ્ટિની પ્રશંસા

અને અનુમોદના કરતી વખતે માત્ર સમ્યગ્દષ્ટિપણાની પ્રાપ્તિ અને તેના પોષણની દૃષ્ટિ હોય છે અને તેના અવિરતિપણાદિના વિકારોને તો તે પ્રશંસા કરનાર અને પ્રશંસાનું પાત્ર બંને પણ ધિક્કારે છે, અને તેથી જે વસ્તુ તરફ ધિક્કાર છે તેના અનુમોદનાનો પ્રસંગ આવતો જ નથી, અને તે જ કારણથી અહીં અવિરતિની અનુમોદના લાગતી નથી, પણ પાસત્થાદિકને જે વંદન, નમસ્કાર કરાય છે તે ગુરુપણું ધારીને જ કરાય છે, અને પાસત્થાદિકમાં ગુરુપણાને લાયકના ગુણો જ નહિ હોવાથી તે ધારણાવાળો માર્ગને ચૂકે છે એ સ્પષ્ટ છે, તેથી તે વંદના કરનાર અને કરાવનાર બંને તે હીનાચારપણાના અનુમોદક અને પોષક બને, અને તેથી પાપબંધ કરનારા થાય તેમાં આશ્ચર્ય જ નથી.

## ગુણવાળાની ગુણની અનુમોદના કરતાં તેના અવગુણની અનુમોદના આવી પડતી નથી.

આ વાતની અનુકૂળતાએ જ આપણે શાસ્ત્રકારની દૃષ્ટિએ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણને પરમેષ્ઠીપદમાં દાખલ કરી પંચપરમેષ્ઠીને માની શકીએ, નહિતર તો આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓ છદ્મસ્થ દશામાં હોવાથી તેમનું અસર્વજ્ઞપણું, અસર્વદર્શિપણું, અવીતરાગપણું આદિ અનુમોદનીય થઈ જાય અને તેથી તેમને તે જ બંધાતાં કર્મોના ભાગી આપણે નમસ્કાર કરનારા થઈએ અને તે દૃષ્ટિએ ભગવાન અરિહંત મહારાજા પણ યોગવાળા હોય ત્યાં સુધી આત્માની ચંચળતા ધારણ કરવાવાળા અને દ્રવ્ય થકી હિંસાના પણ કરનારા હોઈ જો તેમને પણ વંદના, નમસ્કાર કરીએ તો તે આત્માની ચંચળતાદિકના અનુમોદન કરનારા આપણે થઈએ, અને તેથી માત્ર સર્વગુણસંપન્ન સિદ્ધ મહારાજાને જ પરમેષ્ઠી તરીકે માનવાનું રહે, માટે શાસ્ત્રકારોએ જણાવેલા પાંચે પરમેષ્ઠીને પૂજ્ય ગણનારા પુરુષોએ માત્ર ધારેલા ગુણોની જ અનુમોદનાનું ફળ માનવાનું રહે છે; પણ તે પંચ પરમેષ્ઠીમાંથી કોઈનામાં કોઈપણ કષાય આદિ દોષ હોય તો તેનું અનુમોદન કોઈપણ પ્રકારે થતું નથી, પણ તે કષાયાદિ દોષો તરફ હંમેશાં ધિક્કાર જ રહેલો હોય છે. એટલે આચાર્ય, ઉપાધ્યાય, સાધુને પરમેષ્ઠી માની તેમને વંદના, નમસ્કાર આદિ કરવામાં અને આરાધવામાં જેમ તેમના કષાય આદિક બંધ હેતુઓ કે ઇન્દ્રિયાદિ આશ્રવોની અંશે પણ અનુમોદના થઈ પાપબંધ થતો નથી, તેવી રીતે સમ્યગ્દૃષ્ટિની પ્રશંસા, અનુમોદના વિગેરે સમ્યગ્દર્શનને અંગેજ થાય છે, માટે તે સમ્યગ્દર્શનવાળાની પ્રશંસા, અનુમોદનામાં આચાર્યાદિ પરમેષ્ઠીના વંદન, નમસ્કાર આદિની માફક લાભ જ છે, પણ ધિક્કારાઈ રહેલી એવી અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણે રહેલી અવિરતિના અનુમોદનને નામે અંશમાત્ર પણ હાનિ નથી.

## મુમુક્ષુપણાથી કષાયવાળાઓ પણ પરમેષ્ઠી મહારાજ

એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે મિથ્યાત્વ અને અવિરતિની માફક કષાય એટલે ક્રોધ, માન, માયા અને લોભ એ પણ કાંઈ ઓછી હાનિ કરનારી ચીજ નથી. છતાં જેમ ધિક્કારને લીધે તેમનું અનુમોદન વંદનાદિકમાં થતું નથી, તેવી રીતે અત્રે પણ અવિરતિનું અનુમોદન તેના ધિક્કારને લીધે થતું નથી. મિથ્યાત્વના ધિક્કાર સાથે મિથ્યાત્વનું સમકીતિ તરીકે પ્રશંસન અને અનુમોદન કરવાનો તો પ્રસંગ જ આવે નહિ, કેમકે સમ્યગ્દર્શનાદિ કે તેને અનુસરતા ગુણોની પ્રાપ્તિ અને ધારણા કર્યા સિવાય ગુણિપણે ધારવાનું પગથીયું જ નથી, માટે મિથ્યાત્વના ધિક્કારપૂર્વક સમ્યક્ત્વને નામે મિથ્યાત્વીની પ્રશંસા અને અનુમોદના કરવી જોઈએ એવા વિચારને અવકાશ જ નથી. તત્વ એટલું કે હિંસાદિ સત્તારે પાપસ્થાનકમાં પણ ધિક્કારપણાની દૃષ્ટિપૂર્વક પ્રવર્તનારો હોવા છતાં પણ માત્ર સમ્યગ્દર્શનને ધારણ કરનારો ભવ્ય આત્મા મહાપુરુષ જ ગણાય,

અને તેના પ્રશંસા, અનુમોદનાદિ કરવાં ફરજીયાત જ ગણાય અને તેથી જેમ વ્રતધારીને કાલાતિક્રમ કરીને દાન ન દેવું એ વ્રતનો અતિચાર એટલે અક્ષમ્ય દોષ છે, તેવી રીતે સમ્યગ્દૃષ્ટિના ગુણોની પ્રશંસા ન કરવી તે પણ દોષ જ છે.

## એકલા સમ્યગ્દર્શનને અંગે પાત્રપણું

આવી રીતે જ્યારે માત્ર સમ્યગ્દર્શન ધારણ કરવાવાળો પણ ભક્તિનું પાત્ર ગણાય ત્યારે શાસ્ત્રકારો જે अविरयसम्मदिट्ठी जहन्नपत्तं मुणेयव्वं એમ કહી શાસ્ત્રકારો ચારિત્રપ્રાપ્ત અને દેશ વિરતિધારકની ઉત્તમતાની અપેક્ષાએ જઘન્યપણું જણાવવા છતાં ભક્તિને પાત્રપણું અવિરતિ સમ્યગ્દૃષ્ટિને છે એવું જે જણાવેલું છે તે બરોબર યુક્તિસંગત જ છે.

## દુર્ધર બ્રહ્મચર્ય અને સમિતિ આદિને ધારણ કરનારાઓની માફક સમ્યગ્દર્શનની દેવોને પણ પ્રશંસનીયતા

આગળ જણાવ્યા પ્રમાણે માર્ગાનુસારિપણાને અંગે કે સમ્યગ્દર્શનની પ્રાપ્તિને અંગે તે સમ્યગ્દર્શન અને માર્ગાનુસારિપણાને પ્રાપ્ત કરનારાની પ્રશંસા અને અનુમોદના કરવી તે દરેક સમ્યગ્દર્શનવાળાનું કાર્ય છે, અને તેથી જ ઇંદ્ર વિગેરેએ અનેક સમ્યક્ત્વવાન્ જીવોની દેવતાની સભાઓ વચ્ચે પણ પ્રશંસા કરી એ વાત શાસ્ત્રસિદ્ધ છે, અને તેવી જ રીતે અનેક સમ્યગ્દર્શનવાળાઓને અનેક દેવતા અને ઇંદ્રોએ ચિંતામણિ, સામાન્ય મણિ, ઔષધિ, આભૂષણ વિગેરે આપેલાં તે દ્વારાએ સમ્યગ્દર્શનનું બહુમાન જણાવી ભક્તિ કરેલી શાસ્ત્ર સાંભળનારાઓની ધ્યાન બહાર નથી.

## માર્ગ આરાધકોની ભક્તિમાં સાવદ્યનિરવદ્યપણાના વિચારનો અભાવ

કેટલાકો સાધુમહારાજાઓને સાવદ્યનો ત્યાગ હોવાથી સાવદ્યસ્વરૂપવાળી ભક્તિ ન હોય, પણ શ્રાવકો કે જેઓને સર્વસાવદ્યનાં પ્રત્યાખ્યાન નથી તેઓએ પણ નિરવદ્ય જ ભક્તિ કરવી જોઈએ એવું કહેતાં વિચાર કરવાની ઘણી જરૂર છે, કેમકે જેમ જિનેશ્વર મહારાજની દ્રવ્યપૂજા સર્વસાવદ્યના ત્યાગવાળા સાધુઓને કરવી યોગ્ય નહિ છતાં પણ શ્રાવકને દેશવિરતિ હોવાથી તે દ્રવ્યપૂજા કરવામાં સ્વરૂપથી સાવદ્યપણું છતાં પણ સંસારને પાતળો કરવાનું કહી સ્પષ્ટપણે નિર્જરા જણાવી છે, તો જેમ પૂજા કરનારની સમ્યક્ત્વની શુદ્ધિને માટે કરાતી દ્રવ્યપૂજામાં સાવદ્યપણાનું નુકસાન થાય તે ગણવામાં આવતું નથી, તેવી રીતે સમ્યગ્દર્શનને ધારણ કરવાવાળા મહાપુરુષોની ભક્તિમાં સ્વ અને પર ઉભયનું સમ્યગ્દર્શન શુદ્ધ થતું હોવાથી સાવદ્યપણાનો ભય આગળ કરવો તે સમજદારની દૃષ્ટિને શોભે તેમ નથી.

## માર્ગવાળાની ભક્તિમાં સાધિકરણપણા આદિનો વિચાર એ મિથ્યાત્વ

વળી, કેટલાકો સમ્યગ્દર્શન આદિવાળાની ભક્તિને અંગે સાધિકરણ અને નિરધિકરણપણાનો વિચાર શ્રાવકોને અંગે કરે છે, તેઓએ પણ વિચારવું જોઈએ કે તીર્થંકર મહારાજના આગમનની વધામણી લાવનાર મનુષ્યોને કરોડો સોનૈયા અને રૂપિયા આપવામાં આવે, અથવા ભગવાન તીર્થંકર સંવત્સરીદાન આપે, તો તેમાં શું અધિકરણ ગણીને પાપબંધ ગણવો ? શાસ્ત્રકારો તો વધામણીના દાનને ભક્તિ તરીકે ગણાવે છે, એવી રીતે સાધિકરણ, નિરધિકરણની અપેક્ષાએ ભક્તિનું છાંડવાલાયકપણું ગણવા જતાં અનુકંપાદાન પણ છોડવું પડશે.

## અનુકંપાદાનમાં પણ સાવદ્ય કે સાધિકરણપણું વિચારાય નહિ ?

અનુકંપાને પાત્ર બનેલા પ્રાણીઓ તે અનુકંપાથી દીધેલા દાનને લઈને કાંઈ યાવજ્જીવન

અધિકરણરહિત જ રહે, અગર અનુકંપાથી દીધેલી વસ્તુનો ઉપભોગ કરી પાપરહિત જ પ્રવૃત્તિ કરે એવો નિયમ નથી, કેમકે તે અનુકંપાને પાત્ર બનેલો જીવ તો ભગવાન જિનેશ્વર મહારાજના માર્ગમાં પણ આવેલો નથી જેથી તે પાપના કાર્યને કરતાં થકાં પણ તેને પાપ તરીકે માને. અર્થાત્ અનુકંપાદાનને પાત્ર બનેલો જીવ સમ્યગ્દર્શનાદિક કે વિરતિ આદિનું સ્થાન નહિ બનેલો હોવાથી પાપની પ્રવૃત્તિ કરવાવાળો રહે છતાં અનુકંપાદાન દેવાવાળો મનુષ્ય તો માત્ર તેના દુઃખને ટાળવાની બુદ્ધિથી જ દાન આપે છે તે દાન આપનારો મનુષ્ય તે મનુષ્યના વિષયકષાયની પ્રવૃત્તિને વધારવાની બુદ્ધિવાળો હોતો જ નથી, અને તેથી તે અનુકંપાદાન દેનારને દુઃખી મનુષ્યના દુઃખને ટાળવાની બુદ્ધિથી લાભ જ હોય છે અને એમ જો ન માનીએ તો જૈન નામધારી થઈને પાપીઓનો નાશ કરવા માટે કેડ બાંધવી પડશે, કેમકે પાપીઓનો નાશ કરવામાં એક હિંસા નામનું પાપ લાગશે, પણ તે પાપીના જિંદગી સુધીના અઢારે પાપસ્થાનકો રોકવાનો લાભ મળશે, પણ એવી રીતે કરવાનું કોઈપણ વિવેકી કે શાસ્ત્રજ્ઞ કહેતા જ નથી. જો બચાવ્યા માત્રનો લાભ ન માનીએ અને બચનારાની શેષ જિંદગીમાં કરાતા પાપોની અનુમોદના બચાવનારને થયેલી એમ માનીએ, તો મેઘકુમારનો જીવ હાથીના ભવમાં સસલાને બચાવીને, તેના પ્રભાવે બીજે ભવે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી ચારિત્રને મેળવી આત્મકલ્યાણ કરનારો થાત જ નહિ, અને તે હાથીના ભવની અનુકંપાનું દૃષ્ટાંત શ્રમણ ભગવાન મહાવીર મહારાજા ધર્મને અંગે કષ્ટ સહન કરવામાં આપતજ નહિ. એમ નહિ કહેવું કે સસલાને તે હાથીએ માર્યો નહિ તે રૂપ અનુકંપા અહીં લેવી, પણ બચાવવાની બુદ્ધિરૂપ અનુકંપા ન લેવી, કારણ કે નહિ મારવો એનું જ નામ અનુકંપા લઈએ તો પ્રથમ તો અભયદાન અને અનુકંપાદાન એક થઈ જાય. વળી, કોઈપણ જીવ પોતાની જિંદગીમાં જીવોનો સતત નાશ કરતો હોય તો પણ તેને નાશ નહિ કરેલા જીવો અનંતગુણા છે તેથી તે બધાની દયાનો લાભ મળી જાય, અને તેથી કોઈપણ જીવ ચાહે તેવો હિંસક હોય તેને દુર્ગતિએ જવાનું રહે જ નહિ, પણ આ વાત કોઈપણ શાસ્ત્ર કે શાસ્ત્રાનુસારી માનતો કે મનાવતો છે જ નહિ, અને તેથી તથા શ્રીજ્ઞાતાસૂત્રમાં કહેલા મેઘકુમારના માત્ર સસલાની કહેલી અનુકંપાના દૃષ્ટાંતથી દરેક શાસ્ત્રાનુસારીને માનવાની ફરજ પડશે કે બચાવવાની બુદ્ધિ તે જ અનુકંપા છે, અને તેથી જ બચાવનારને માત્ર બચાવવાની બુદ્ધિરૂપી અનુકંપાનું જ ફળ મળે છે.

## અનુકંપા અને અહિંસાના વિષયોની ભિન્નતા

એ પણ યાદ રાખવું કે હિંસા વર્જવાની બુદ્ધિ તે વ્રતનો વિષય છે, અને અનુકંપા કરવી તે સમ્યક્ત્વનો વિષય છે, અને તેથી બચાવવાની બુદ્ધિવાળાને અનુકંપાનું ફળ જ મળે છે, પણ બચનારનાં પાપોનું અનુમોદન લાગતું નથી, તેવી રીતે અહીં પણ સમ્યગ્દર્શનવાળા જીવની ભક્તિ કરતાં તે ભક્તિ કરનાર મહાપુરુષને સમ્યગ્દર્શનાદિની અનુમોદના, સહાય્ય, વિગેરે દ્વારાએ લાભ જ થાય છે, પણ તે સમ્યગ્દર્શનવાળાના કરેલા પાપોનું અનુમોદન તે ભક્તિ કરનારને લાગતું નથી, માટે દર્શનની શુદ્ધતાને કે સામાન્ય દર્શનમાત્રને ધારણ કરનારાઓની ભક્તિમાં સાવદ્યનિરવદ્યપણું સાધિકરણ નિરધિકરણપણું વિચારવું કે વિચારવાને કહેવું તે મિથ્યાદર્શન સિવાય બીજું કાંઈ જ નથી.

## વિરતિવાળાઓની વિશેષ પાત્રતા અને ચારિત્રપદના આરાધન માટે તેની ભક્તિ

મહારાજા શ્રીપાળ ચારિત્રપદને આરાધન કરનારા હોઈ વિશેષે વિરતિવાળાઓની ભક્તિ કરવામાં લીન થઈ ચારિત્રપદનું આરાધન કરે છે એ વાત આપણે ઉપરની ગાથામાં **विरइक्कपराण भत्तिकरणेण** એ પદથી જોઈ ગયા. જ્યારે સામાન્યપણે સમ્યગ્દર્શન પામવાવાળાનો જન્મ પણ કૃતાર્થ અને સફળ ગણાય, અને તેથી તે

સમ્યગ્દર્શન પામનારો ભક્તિપાત્ર બને તો પછી જેઓએ સમ્યગ્દર્શનની સ્થિતિ કરતાં પલ્યોપમો અને સાગરોપમોની મોહનીય કર્મની સ્થિતિઓ તોડી નાખી, આત્માને દેશવિરતિ કે સર્વવિરતિને પાત્ર બનાવ્યો છે, તેવા સત્પુરુષોની ભક્તિ કરવામાં અપૂર્વ ભાવ હોય તેમાં આશ્ચર્ય જ શું ? વળી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે જે મનુષ્યને જે ગુણની આરાધના કરવી હોય તે મનુષ્યે તે ગુણની ઉત્કૃષ્ટતાવાળાઓની પૂજા, ભક્તિ કરવી જ જોઈએ.

### ગુણવાળી વ્યક્તિની આરાધનાની જરૂર

જો કોઈપણ મનુષ્ય ગુણની આરાધના કબૂલ કરે, પણ તે ગુણવાનોની આરાધનાથી વિમુખ રહે કે તે ગુણવાળા એકની પણ વિરાધના કરનારો થાય તો તે ગુણની કબૂલાત વ્યર્થ ગણાય એટલું જ નહિ પણ તે મનની કબૂલાત કરનારો સંસારચક્રમાં રખડી મરે. ધ્યાન રાખવું કે ગોશાલો અને જમાલિ કેવળજ્ઞાન અને કેવળજ્ઞાનીઓને સંપૂર્ણપણે માનવાવાળો છતાં શ્રમણ ભગવાન મહાવીર મહારાજરૂપી ગુણવાળી વ્યક્તિને નહિ માનવાથી કે તેની વિરાધના કરવાથી સંસારસમુદ્રમાં સરી પડ્યા છે. શ્રીભગવતીસૂત્રને વાંચનારા અને સાંભળનારાઓની ધ્યાન બહાર તો નહિ જ હોય કે ગોશાલો ભગવાન ઋષભદેવજી વિગેરે ત્રેવીસ તીર્થંકરોને માનવાવાળો હતો, છતાં શ્રમણ ભગવાન મહારાજરૂપી એક તીર્થંકરને નહિ માનવાથી અને તેનો વિરોધ કરવાથી અનંતકાળ સંસારસમુદ્રમાં રખડી ગયો. અર્થાત્ ગુણવાળાની આરાધના અને તેની વિરાધનાનો ત્યાગ કરવાદ્વારાએ જ ગુણની આરાધના થાય છે, માટે મહારાજા શ્રીપાળ ચારિત્રપદની આરાધનાને માટે દેશવિરતિ અને સર્વવિરતિઓને ધારણ કરવાવાળાઓની ભક્તિ કરવા માટે તત્પર થયેલા છે.

### ભક્તિ કરતી વખતે ધારેલા ગુણોની પ્રાપ્તિ.

વળી, એ પણ એક વાત ધ્યાનમાં રાખવી કે જેનું આરાધન કરીએ તે વ્યક્તિમાં અનેક ગુણો હોય છતાં પણ તેના જે ગુણોને ઉદ્દેશીને તેનું આરાધન કરીએ તે ગુણોને રોકવાવાળા કર્મોનો તેથી નાશ થાય. સ્થૂલભદ્રસ્વામી, જંબુસ્વામી સરખા મહાપુરુષોનું સ્મરણ, કીર્તન જે તેમના બ્રહ્મચર્યના ગુણને અંગે કરવામાં આવે છે, તે આરાધન કરનારને બ્રહ્મચર્ય પ્રાપ્ત કરાવનાર, સ્થિર કરાવનાર કે દૃઢ કરાવનાર થાય છે, અને તેથી જ કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરિજી યોગશાસ્ત્રની અંદર સ્થૂલભદ્રાદિ મહાપુરુષોના સ્મરણની વખતે તેમના તે મૈથુનનિવૃત્તિના ગુણને સ્મરણ કરવાનું જણાવે છે, અને તેના ફળ તરીકે પણ ત્યાં જ બ્રહ્મચર્યની પ્રાપ્તિ, સ્થિરતા અને રક્ષણ સ્પષ્ટ અક્ષરોમાં સૂચવે છે. તેવી રીતે અહીં પણ વિરતિને ધારણ કરવાવાળા મહાપુરુષો જો કે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ગુણોવાળા જરૂર હોય છે, પણ અહીં ચારિત્રપદની આરાધનાનો પ્રસંગ હોવાથી અને ચારિત્રને રોકનારાં કર્મોને નાશ કરવાનો ઉદ્દેશ હોવાથી તે વિરતિવાળાના વિરતિરૂપી ગુણને આગળ કરીને ભક્તિ કરવાનું જણાવેલું છે.

### વ્રતાદિના પાલન અને ભક્તિનું ભાવ અનુષ્ઠાનપણું કરવા શું કરવું ? દ્રવ્યાનુષ્ઠાન કહેનારાઓને ચેતવણી

આગળ જણાવ્યા પ્રમાણે મહારાજા શ્રીપાળજી વ્રત અને નિમયો પાળવાદ્વારા એ તથા વિરતિમાં એકનિષ્ઠાવાળા બનેલાઓની ભક્તિ-દ્વારાએ જ માત્ર ચારિત્રપદનું આરાધન કરે છે તેમ નથી, કેમકે વ્રત, નિયમનું પાલન અને વ્રતધારીની ભક્તિ એ બંને દ્રવ્ય થકી પણ બની શકે. જો કે શ્રીપાળ મહારાજાએ કરેલું તે આરાધન દ્રવ્ય થકી હતું જ નહિ. તેવા ધર્મિષ્ઠોના ધર્મબુદ્ધિએ કરાએલા આરાધનને દ્રવ્ય આરાધન તો તેઓ જ કહે કે જેઓને દ્રવ્ય આરાધનનું લક્ષણ માલૂમ ન હોય, અગર ભાવઆરાધનના ઉઠાવગીર બન્યા હોય, કેમકે દ્રવ્ય આરાધન ત્યારે જ કહેવાય કે જેનું આરાધન કરે છે તેના ગુણોનું બહુમાન અંતઃકરણમાં

ન હોય, પણ માત્ર કોઈપણ લાલચે કે અનુપયોગપણે તે આરાધન કરવામાં આવતું હોય, અર્થાત્ જિનેશ્વર ભગવાનના શાસનમાં દર્શાવેલી સામાયિક, પૌષધ, પૂજા, પ્રતિક્રમણ વિગેરે ક્રિયાને કરનાર મહાપુરુષને જેઓ દ્રવ્યક્રિયા કરનાર ગણે છે, તેઓ ખરેખર તે મહાપુરુષોની ભાવપૂજાના ચોર છે, એટલુંજ નહિ પણ તે મહાપુરુષોને લાલચુ કે બેવકૂફ તરીકે સમજાવી ખોટા કલંક દેનારાજ છે. વિશિષ્ટ જ્ઞાની મહારાજ સિવાય કોઈપણ ક્રિયા કરનારને દ્રવ્યક્રિયા કરનાર તરીકે કહેવાનો હક જગતમાં કોઈને પણ નથી, કેમકે જે મનુષ્ય ક્રિયા કરનારના આત્માને જાણી શકતો નથી, તે મનુષ્ય તે ક્રિયા કરનારના આત્માના ભાવને શી રીતે જાણી શકે ? અને જ્યાં સુધી ક્રિયા કરનારના આત્માના ભાવને જાણી શકીએ નહિ ત્યાં સુધી તે ક્રિયા કરનારો આત્મા મોક્ષની પ્રાપ્તિ કે આત્મકલ્યાણની બુદ્ધિએ ક્રિયા કરતો જ નથી એવું કહેવાનો હક શી રીતે મળે? પણ શાસનના શત્રુઓને અને ક્રિયાના કટ્ટર વિરોધીઓને પોતાને શાસ્ત્રોક્ત ક્રિયાઓ કરવી નથી, અને બીજા શાસ્ત્રોક્ત ક્રિયાઓ કરતા હોય તેને શાસ્ત્રોક્ત ક્રિયાઓથી ચ્યુત કરવાનું ધ્યેય હોય તેવા શાસનશત્રુઓને આ સત્યતત્વનો ક્ષણભર વિચાર પણ આવે ક્યાંથી ? અને તેથી જન્માંધ મનુષ્ય જેમ લાલ, પીળા વિગેરે રંગોના જ્ઞાનથી દૂર રહે, તેમ આ લોકો ધર્મમાં પ્રવર્તેલા ધર્મિષ્ઠોના ભાવને ગણતરીમાં ન લે તે તેમની દશાને જ સૂચવે છે.

## દ્રવ્યાનુષ્ઠાન તરીકે વ્રતાદિને ગણવાનો હેતુ

આ લેખમાં જે ઉપર જણાવવામાં આવ્યું કે વ્રત, નિયમનું પાલન અને દેશથી કે સર્વથી વિરતિ ધારણ કરનારાઓની ભક્તિ દ્રવ્યથી પણ થાય છે, તે માત્ર આગળના વિશેષણની અવતરણા તરીકે અને જગતમાંના માત્ર કોઈક તેવા જીવની તેવી દ્રવ્યપ્રવૃત્તિ થવાના સંભવની અપેક્ષાએ છે, અને તેવા સંભવને દૂર કરવા માટે તથા શ્રીપાળ મહારાજાનું આરાધન ભાવઆરાધનરૂપે જ છે એવો નિશ્ચય કરાવવા માટે શાસ્ત્રકાર સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે :- **जइधम्मणुरागेणं** એટલે અઢાર હજાર શીલાંગમય, પંચમહાવ્રતમય અને કુટુંબકબીલા, ધનધાન્ય વિગેરે રૂપ સંસારને સર્વથા વોસીરાવવાવાળા સાધુમહાત્માઓને જ જે ક્ષાંતિ આદિ દશ પ્રકારનો કે પડિલેહણઆદિ દશ પ્રકારનો, કે ઈચ્છામિચ્છાદિક દશ પ્રકારની સમાચારીરૂપ જે ધર્મ તેના અનુરાગ એટલે અત્યંત બહુમાન અને પ્રીતિ દ્વારાએ ચારિત્રધર્મનું આરાધન કરે છે.

## શ્રી જૈનશાસનની ઉત્પત્તિની જરૂર

જિનેશ્વર મહારાજના શાસનમાં હિંસાદિક અઢારે પાપસ્થાનકોનું સ્વરૂપ નિરૂપણ કરવું તે પ્રથમ નંબરે જરૂરી છે, કેમકે જૈનશાસન જગતના ઉદ્ધાર માટે જ ઉત્પન્ન થયેલું છે, અને જૈનશાસન દ્વારાએ જગતનો જે ઉદ્ધાર માનવામાં આવ્યો છે તે શરીરના હૃષ્ટપુષ્ટપણાને લીધે કે આરોગ્યતાને અંગે નહિ, તેમજ રૂપાળાપણા, મજબુતપણા કે તેના ઉંચાઈપણાને અંગે નહિ, રાજઋદ્ધિ, ધન, માલમિલકત, વાડી, બંગલા, મહેલ આદિની ઉન્નતિ કે પ્રાપ્તિને માટે નહિ, હીરા, મોતી, મણિ, મુંગીઆ, પન્ના કે સોનારૂપાની ઉત્પત્તિ, પ્રાપ્તિ, વૃદ્ધિ કે રક્ષણ માટે નહિ, માતાપિતા, પુત્ર, સ્ત્રી, ભાઈ, બહેન કે અન્ય કુટુંબકબીલાને મેળવવા માટે નહિ, નાત, જાત, દેશ દ્વારાએ બાહ્ય સુખ મેળવવા માટે નહિ. જો કે ઉપર જણાવેલું બધું જૈનશાસનના સદાચારોને પ્રતાપે મળે છે એ ચોક્કસ છે, પણ તે જૈનશાસનની ઉત્પત્તિ તે વસ્તુઓ માટે કરવામાં આવેલી નથી. જૈન શાસનની ઉત્પત્તિ તો જગતમાં વર્તતા અન્ય પદાર્થોથી જે દુઃખો ટળી શકે નહિ, અને જે સુખો તેનાથી મળી શકે નહિ, તેવાં દુઃખો ટાળવા માટે અને સુખો મેળવવા માટે જ થયેલી છે. તે જગતના બાહ્ય પદાર્થોથી ન ટળી શકે તેવાં દુઃખો દરેક સમજુ પ્રાણીના ધ્યાનમાં છે, પણ દુર્ભાગ્યના ઉદયે તે દુઃખો તરફ તેઓની દુઃખ તરીકેની બુદ્ધિ જાગ્રત થયેલી નથી, અને જયારે તે દુઃખોને અંગે દુઃખ

તરીકેની બુદ્ધિ જ જાગ્રત ન થાય, તો પછી તેને દુઃખ તરીકે માનીને ટાળવાની બુદ્ધિ તો થાય જ ક્યાંથી ?

**બાહ્યપદાર્થોથી ન ટાળી શકાય તેવાં દુઃખોનું નિવારણ કરવાનો માર્ગ**

ઉપર જણાવેલાં દુઃખો તે એ જ કે જન્મ, જરા, મરણ, રોગ, શોક, આધિ, વ્યાધિ, ઉપાધિ વિગેરેના દુઃખો છે. વાચક સહેજે સમજી શકશે કે પહેલા જણાવેલા પદાર્થોથી આ દુઃખો, એક અંશ પણ ઘટી શકતાં નથી, પણ વાસ્તવિક રીતિએ વિચાર કરતાં જણાશે કે પહેલા જણાવેલાં પદાર્થો જ આ દુઃખોને ઉભા કરનારા છે. જ્યારે આવી રીતે સ્પષ્ટપણે અનુભવમાં આવતાં જન્માદિક દુઃખો પણ મનુષ્યની દુઃખબુદ્ધિ ઉત્પન્ન કરતાં નથી, તો પછી તે જન્માદિ દુઃખોને ટાળવાની બુદ્ધિ અને તેને ટાળવાના ઉપાયોનો અમલ કરવાની વાતમાં તો કોઈક જ આવે તે સ્વાભાવિક જ છે.

**મરણભયને ધરનારું આખું જગત છે પણ જન્મભયને ધારે તે જ સમજુ.**

સામાન્ય રીતે જો કે સંસારના દરેક પ્રાણીઓ મરણથી ભય પામે છે, અને કવિઓ પણ તેને જ અનુસરીને मरणसमं नत्थि भयं એ વાક્ય તથા सव्वे जीवावि इच्छन्ति जीविउं न्न मरिज्जिउं અર્થાત્ મરણ સરખો જગતમાં કોઈ ભય નથી, અને સર્વે પણ જીવો જીવવા ઈચ્છે છે કોઈપણ મરવા ઈચ્છતું નથી. આવી સ્થિતિ સામાન્ય રીતિએ છતાં પણ જગતના જીવો માત્ર મનોરથી મરણને ટાળવામાં મસ્ત રહે છે, પણ મરણના કારણભૂત કર્મોનો તેઓને એક અંશે પણ વિચાર આવતો નથી. જેઓને મરણના પણ ખરાં કારણો જાણી તેને ટાળવાનો વિચાર થતો નથી, તેને મરણના હેતુઓ ખોળવાનો વિચાર થાય જ ક્યાંથી ?

**મરણભયની વ્યર્થતા ને જન્મ ટાળ્યા સિવાય મરણની અનિવાર્યતા**

આ સ્થાને ખરેખર આશ્ચર્યની તો બિના એ છે કે જે વસ્તુ નિયમિત થવાની જ છે, અને જેનો પ્રતિકાર ઈંદ્ર, દેવતા, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, રાજા, મહારાજા, શેઠીયા, શાહુકાર, નોકર, ચાકર, રંક, દરિદ્ર, કોઈની પણ ઉપર જેનો ડંકો વાગ્યા વગર રહ્યો નથી, એટલું જ નહિ પણ ત્રિલોકનાથ તીર્થંકર, સર્વ લબ્ધિનિધાન ગણધરો લોકાલોકને દરેક ક્ષણે દેખનાર અને જાણનાર કેવલિભગવંતો તથા એક અંતર્મુહૂર્તમાં સોળ હજાર, ત્રણસો ત્યાસી મહાવિદેહના હાથી જેટલી શાહીથી લખાય તેવાં શાસ્ત્રોમાં ઉલટાસુલટી ઉપયોગ મેલી શકનારા શ્રુતકેવલી મહારાજાઓ પણ જે મરણના પંજામાં સપડાયા સિવાય રહ્યા નથી, તેવા મરણને નિવારી શકાય એમ માનવું કે તેનાથી દૂર રહેવાના મનોરથો કરવા અથવા તો તેનાથી સમગ્ર જીવન સુધી ડરતા રહેવું એ માન્યતા, મનોરથો અને ડર કોઈપણ પ્રકારે સજ્જનોને શોભે તેવો નથી. જો મરણને સર્વથા દૂર કરવું હોય તો વર્તમાન ભવના મરણની ઉપેક્ષા કરી, અન્ય મરણોને પ્રતિબંધ કરવા માટે પુરુષોએ પરમાર્થિક પ્રયત્ન આદરવો જોઈએ. યાદ રાખવું કે તે અન્ય મરણોને ટાળવાનું પણ ત્યારેજ શક્ય બને કે અન્ય જન્મોને ટાળવામાં આવે. એટલા જ માટે નીતિકારનું પહેલુંજ પદ દરેકે લક્ષમાં લેવું જોઈએ કે जातस्य हि ध्रुवो मृत्युः અર્થાત્ સંસારચક્રમાં જન્મ પામેલા જીવને મૃત્યુ થવું એ નિશ્ચિત જ છે. કોઈપણ જીવ જન્મ પામ્યો તે મર્યા સિવાય રહેવાનો નથી, અને જે સંસારચક્રમાં જન્મતો નથી, તેને કોઈપણ કાળે મરણના સપાટામાં સરકવું પડતું નથી. તત્ત્વદૃષ્ટિએ એમ કહી શકીએ કે મરણને રોકવું તે અશક્ય જ છે, પણ પુરુષ પોતાનો પુરુષાર્થ ફોરવે અને કાંઈક કરી શકે તો તે માત્ર જન્મ રોકવાથી જ થઈ શકે જન્મને રોક્યા વગર મરણ

રોકાતું નથી અને જન્મને રોકનારા મહાત્માઓને મરણ પડખે પણ ચઢતું નથી. અર્થાત્ વાસ્તવિક રીતે સમજુ મનુષ્યોને ભય રાખવાનું કોઈપણ સ્થાન હોય તો તે માત્ર જન્મની જ દશા છે.

### મરણભય તે અવગુણ ને જન્મભય તે ગુણ

શાસ્ત્રકાર મહારાજાઓ પણ મરણને અંગે એ જ જણાવે છે કે તે જ મહાત્મા જગતમાં જાહોજલાલીવાળો ગણાય કે જેણે મરણનો ભય છોડેલો છે. સાધુમહાત્માઓને અંગે મરણનો ભય છોડવો એ જ્યારે ગુણ તરીકે ગણવામાં આવે છે ત્યારે તેજ મહાપુરુષોને અંગે ગર્ભમાં રહેવું અને જન્મ લેવો એ કાર્યોને અંગે ભય રાખવો તે સાધુમહાત્માના ગુણ તરીકે લેખવામાં આવે છે. એટલે કે મરણનો ભય એ કાયરતાની કોઠી અને અધમતાની નિશાની છે, પણ જન્મ વિગેરેથી ભય પામવો તે ઉત્તમત્તાનું સ્થાન અને મહાત્માપણાની મોજ છે.

### જન્માદિકના ભયનું બાહ્યપણું પણ કર્મના ભયનું આંતરિકપણું

બાહ્યદૃષ્ટિને આ જન્મના ભયને ટાળી જન્માદિક સર્વ દુઃખોથી મુક્ત થવાની વાત જણાવી, પણ તત્વદૃષ્ટિએ વિચારીએ તો આત્માના એકએક પ્રદેશ ઉપર કર્મરાજાના અનંત અનંત પરમાણુઓની ચોકી બેઠેલી છે, અને માત્ર શરીર, વાચા, મન, શ્વાસોચ્છવાસ કે જીવન અને મરણ એ બધાં તે ચોકીની ચતુરાઈની જ ચોવટ છે, એટલું જ નહિ પણ આત્માના સ્વભાવભૂત એવા જ્ઞાનાદિકો પણ તેના દ્વારાએ ઉત્પન્ન થાય છે, અને કેટલાંક જ્ઞાનો તો તેના દ્વારાએ જ ઉત્પન્ન થાય, ટકે અને વધે છે. વાસ્તવિક રીતિએ આત્માના સ્વરૂપને જાણવાવાળા જાણકાર પુરુષો આવી રીતની આત્માની અનાદિથી ચાલી આવતી ગુલામીમાં ગોથાં ખવાય છે એ વાતને ભયંકરમાં ભયંકર સમજ્યા વિના રહે જ નહિ. એ જન્માદિક દુઃખોના નિવારણને માટે જ જૈનશાસનની ઉત્પત્તિ છે.

### પાપને રોકવાનો રસ્તો ને સ્વાભાવિક દશા પ્રાપ્ત કરવાનો સરળ માર્ગ

તે જન્માદિક દુઃખોનું નિવારણ તેના કારણભૂત હિંસાદિક કાર્યોથી થતા પાપોના નિવારણ સિવાય બની શકે જ નહિ, માટે જૈનશાસનને કુટિલતાની કોટિમાં કુશલ બનેલા કર્મના કારમા જુલમને કાપવા માટે જ કમર કસવી છે અને જ્યારે કર્મકટકનું કાસળ કાઢી નાખવામાં આવે, ત્યારે દર્દોના જવાથી થતા આરોગ્યસુખની માફક આત્મા સ્વાભાવિક અનુપમ અવ્યાબાધ સુખને સદાકાળને માટે ભોગવનારો થાય છે, પણ તે કર્મ હાથથી પકડીને કાઢી મેલી શકાય કે દરવાજા બંધ કરીને રોકી શકાય એવી ચીજ નથી, છતાં જેમ અજવાળું એ પકડી નહિ શકાય એવી ચીજ છતાં પણ તેની ઈચ્છાવાળાએ તેના કારણભૂત દીવાનો કે તેવા અન્ય જ્યોતવાળા પદાર્થનો આશ્રય ખોળવો પડે છે, અને તેવાનો આશ્રય ખોળીને જ હાથથી પકડી કે કાઢી ન શકાય તેવા અંધકારને દૂર કરાય છે, તેવી રીતે જૈનશાસન પણ જીવોના કર્મને દૂર કરાવવા માટે પ્રથમ આત્માના સ્વભાવરૂપ સંવરનો ઉદ્યોત જારી કરે છે, અને તેથી અંધકાર જેવાં હિંસાદિકથી થતાં પાપકર્મો આપોઆપ દૂર થઈ જાય છે.

### હિંસાદિક પાપોની ભયંકરતાના ખ્યાલનો પ્રભાવ

આ બધી હકીકત સમજનારો મનુષ્ય સહેલાઈથી સમજી શકશે કે જૈનશાસનની જે કોઈ અપૂર્વ મહત્તા છે તે માત્ર હિંસાદિક પાપરૂપી પિશાચોને પલાયન કરાવવામાં જ છે. જૈનશાસનરૂપી સૌધની સીડીના પહેલે પગથીયે પણ ચઢેલો તે જ પ્રાણી ગણાય કે જે પ્રાણી આ હિંસાદિક અઢારે પાપસ્થાનકોને પિશાચ કરતાં પણ અત્યંત ભયંકરપણે ગણે જ્યાં સુધી આ હિંસાદિક અઢારે પાપસ્થાનકોને સંસારના મૂળરૂપે જન્માદિની જાળને જોડનાર તરીકે કે આત્માના અવ્યાબાધ સુખને બાધિત કરનાર તરીકે ન ગણે ત્યાં સુધી

જૈનશાસનને હિસાબે તે જીવ સમ્યગ્દૃષ્ટિ એટલે શુદ્ધ દૃષ્ટિવાળો થઈ શક્યો જ નથી ?

### સમ્યગ્દૃષ્ટિ ને મિથ્યાદૃષ્ટિ શબ્દના પ્રયોગનો હેતુ

જૈનશાસનમાં વપરાતા મિથ્યાદૃષ્ટિ શબ્દથી જેઓને ભડક લાગે છે તેઓએ મધ્યસ્થપણે વિચારવું જોઈએ કે જૈનશાસન કોઈપણ નાત, જાત, કુળ, દેશ કે ચામડીના રંગને અંગે સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિપણું માનતું નથી, કિન્તુ કોઈપણ નાત, જાત, દેશ કે ચામડીના રંગવાળો હોય પણ જો હિંસાદિક પાપસ્થાનકોની ભયંકરતાનું ભાન મેળવી શકે તો તે સમ્યગ્દૃષ્ટિ ગણાય, આમ હોવાથી જેઓ પોતાની મેળે હિંસાદિક અઢારે પાપસ્થાનકોને પિશાચ કરતાં પણ ભયંકર માનવાને તૈયાર નથી અને જિનેશ્વર મહારાજના માત્ર હિતનો જ ઉપદેશ કરનાર સર્વજ્ઞપણું પ્રાપ્ત થયા પછી જ કથન કરાયેલ અને આગળ - પાછળના અર્થોમાં નિઃસ્વાર્થપણું હોવાથી અંશે પણ વિરોધ ન આવે એવું હોવાથી જેને મોક્ષની ઈચ્છાવાળા સત્પુરુષોએ ગ્રહણ કરેલું છે એવા જૈનશાસનને સાંભળવાથી પણ હિંસાદિક અઢારે પાપસ્થાનકોની પ્રવૃત્તિ એ પિશાચની પ્રવૃત્તિ કરતાં ભયંકરમાં ભયંકર લાગે નહિ તેવાઓ સમ્યગ્દૃષ્ટિની શ્રેણીથી નિસરી ગયેલા મનાય અને મિથ્યાદૃષ્ટિપણાની મત્ત દશામાં મહાલતા લેખાય. તેમાં કોઈપણ જાતનો પક્ષપાત કે દ્વેષ છે એમ કહી શકાય જ નહિ.

### હિંસાદિક પાપોને છાંડવાની બુદ્ધિ એ જ ધર્માનુરાગ

આવી રીતે જ્યારે હિંસાદિક પાપોને પાપ તરીકે જાણવા એ જ સમ્યગ્દર્શનની સીડી છે તો પછી આ વાત સહેજે માનવી પડશે કે શાસનના સૌધમાં સહેલ કરવાની લાગણીવાળા લોકોએ એ હિંસાદિક પાપોનો પરિહાર કરવો તે જ ધ્યેય તરીકે છે એમ માનવું જોઈએ. આગળની ગાથામાં અને ચાલુ અધિકારને અંગે જે અનુરાગના સ્થાન તરીકે યતિધર્મ એટલે સાધુધર્મ ગણાવવામાં આવેલો છે તે બીજો કોઈ જ ધર્મ નહિ પણ આ હિંસાદિક પાપોનો ત્રિવિધ ત્રિવિધ ત્યાગ કરવારૂપ જ તે યતિધર્મ છે.

### સાધુધર્મનો રાગ હોય તો જ સમ્યક્ત્વ, દેશવિરતિ ને સર્વવિરતિ

આવા યતિધર્મ એટલે સાધુધર્મ ઉપર જ્યાં સુધી જીવને રાગ થાય નહિ, ત્યાં સુધી તે જીવ શાસનની સીડીના પહેલે પગથીયે પણ નહિ આવેલો હોવાથી, નથી તો તે સમ્યગ્દૃષ્ટિ, નથી તો તે દેશવિરતિધારી કે નથી તો તે સર્વવિરતિધારી.

### યતિધર્મનો રાગ એ જ સમ્યગ્દર્શનાદિની જડ

સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો જેને એ હિંસાદિક પાપના પરિહારરૂપી યતિધર્મ એટલે સાધુધર્મની ઉપર અનુરાગ ઉલસ્યો નથી, કર્તવ્યતા તરીકે વિચારોનો વિમળ પ્રવાહ પ્રવર્ત્યો નથી, તેણે મેળવવાના મનોરથોની માળા મહાલતી થઈ નથી, ત્યાં સુધી સમ્યગ્દર્શનની ભગવાન વીતરાગ પરમાત્માની પૂજા વિગેરે કરાતી ક્રિયા સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ વિગેરે દેશવિરતિનાં વર્તનો તથા ધન, ધાન્ય, કુટુંબકબીલો, માતાપિતા, પુત્ર, સ્ત્રી અને દુનિયાની તમામ મોજમજાઓ છોડીને અંગીકાર કરેલી અનગારતા કેવળ દુનિયાના દેખાવનો ભાગ છે, માટે દરેક સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિવાળા કે સર્વવિરતિવાળાઓએ આગલ જણાવેલા હિંસાદિક પાપના પરિહારરૂપ યતિધર્મ એટલે સાધુધર્મ ઉપર અવિહડપણે રાગ રાખવો એ સમ્યગ્દૃષ્ટિપણાદિકની પ્રથમ કળા છે.

### સમ્યગ્દર્શનને ધરાવનારની ઉત્તમતા અને તેઓની અલ્પતા

જગતની અંદર સામાન્ય ગુણોની પ્રાપ્તિ થવી એ મુશ્કેલ છે, તો પછી સમ્યગ્દર્શનાદિ જેવા

અવ્યાબાધપદના અવ્યાહત સાધનને પ્રાપ્ત કરવા માટે નસીબદાર ઘણા ઓછા જ જીવો હોય તે સ્વાભાવિક જ છે. શાસ્ત્રકાર મહારાજાઓ પણ સમ્યગ્દર્શન પામેલાની સંખ્યા જગતના સર્વજીવોના અનંતમા ભાગે જ માને છે. જ્યારે સમ્યગ્દર્શન એ કેવળ માનસિક કે આત્મવિચારણીય ચીજ છે, કેમકે તે શુદ્ધ તત્વની શ્રદ્ધાસ્વરૂપ જ છે. તે શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા ધરાવનારો સમ્યક્ત્વવાળો પુરુષ અઢાર પાપસ્થાનકમાંથી માત્ર મિથ્યાદર્શનશલ્ય નામના અઢારમા પાપસ્થાનકને જ ત્યાગ કરનારો હોય છે, એટલે માત્ર ખોટી માન્યતા અને શ્રદ્ધાને જ છોડવાની હોય છે. હિંસા વિગેરેની પ્રવૃત્તિરૂપ બાકીના સત્તર પાપસ્થાનકોમાંથી એક પણ પાપસ્થાનકને વોસિરાવવાનું કે ત્યાગ કરવાનું તેને નિયમિત હોતું નથી. છતાં તે માત્ર શ્રદ્ધા ધરાવનારાઓની સંખ્યા પણ જ્યારે સર્વજીવના અનંતમા ભાગે છે, તો પછી તે શ્રદ્ધાની પ્રાપ્તિ થવી કેટલી મુશ્કેલ છે એ સમજવું કઠિન નથી, અને તે અનંતમો હિસ્સો કઠિનતાવાળો છે એમ સમજવામાં આવે તો તે કઠિનતાને પસાર કરનાર સમ્યગ્દૃષ્ટિ જીવોની મુશ્કેલી અને દુર્લભતા સહેજે ખ્યાલમાં આવી જશે, અને જો તે ખ્યાલમાં આવશે તો શાસ્ત્રકાર દેવેન્દ્રપણું, નરેન્દ્રપણું અને ચક્રવર્તિપણું પ્રાપ્ત થાય તેના કરતાં પણ સમ્યગ્દૃષ્ટિપણાની પ્રાપ્તિ થવી જે અત્યંત દુર્લભ જણાવે છે તે પણ સમજાશે.

### જૈનધર્મની વાસનાનું ચક્રવર્તિપણા કરતાં મહત્ત્વ

વળી, ધર્મપ્રેમી પુરુષ ભવાંતરને માટે પ્રણિધાન કરતાં પણ ચક્રવર્તિપણા કરતાં જૈનધર્મ એટલે સમ્યક્ત્વની પ્રાપ્તિને શ્રેષ્ઠ ગણાવતાં જે કહે છે કે :-

जिनधर्माद् विनिर्मुक्तो मा भूवं चक्रवर्त्यपि ।
स्यां चेटोऽपि दरिद्रोऽपि जैनधर्मानुवासितः ॥१॥

અર્થાત્ જૈનધર્મ એટલે સમ્યક્ત્વના ગુણથી રહિત એવો ચક્રવર્તી પણ ન થાઉં, પણ ચાકર અગર ગુલામની અવસ્થામાં પણ હું જૈનધર્મથી એટલે સમ્યગ્દર્શનના ગુણથી વાસિત થાઉં, આવી રીતે શાસ્ત્રકારોએ જણાવેલા અને શ્રાવકોએ કરાતા પ્રણિધાનને સૂક્ષ્મદૃષ્ટિએ વિચારનારો મનુષ્ય જૈનધર્મ એટલે સમ્યગ્દર્શનની દુઃષ્પ્રાપ્યતા સમજ્યા સિવાય રહેશે નહિ, અને જો સમ્યગ્દર્શનની દુઃષ્પ્રાપ્યતા ધર્મપ્રેમીને અંતઃકરણથી લાગશે તો તે ધર્મપ્રેમી મનુષ્ય સમ્યગ્દર્શનને વ્યવહારથી કે નિશ્ચયથી ધારણ કરનારા ઉપર અપ્રતિમ પ્રેમ ધારણ કરશે તેમાં નવાઈ નથી.

### સાધર્મિકપણાના સંબંધની ઘણી જ અલ્પતા

આ જ કારણથી શાસ્ત્રકારો સાધર્મિક સાથે સાધર્મિકપણાનો સંબંધ પ્રાપ્ત થવો મુશ્કેલ ગણે છે, કેમકે આ અનાદિ સંસારચક્રમાં વ્યવહારરાશિના સર્વ જીવોની સાથે માતાપિતા, પુત્ર, ભગિની, ભાર્યા, શેઠ, નોકર, રાજા, પ્રધાન, શત્રુ, મિત્ર વિગેરે સર્વ જાતના સંબંધો અનંતી વખત મળી ચૂક્યા છે, પણ સાધર્મિકપણાના એટલે કે જૈનધર્મ પ્રાપ્ત કરનાર તરીકેનો સંબંધ અનંતી, અસંખ્યાતી કે સંખ્યાતી વાર તો શું પણ પ્રાયે કરીને કોઈ વખત પણ પ્રાપ્ત થયેલો નથી. આ જ કારણથી ધર્મપ્રેમી મનુષ્યો ધન, માલ, કુટુંબકબીલો અને પોતાના જાતના ભોગે પણ જૈનધર્મના ધુરંધરોની ભક્તિ કરવાને તૈયાર થાય છે.

### સાધર્મિકોના વાત્સલ્યનું ફરજીયાતપણું

શાસ્ત્રકારો પણ સમાન ધર્મ એટલે જૈનધર્મને પામનારાઓનું એટલે સમ્યક્ત્વને પામનારાઓનું વાત્સલ્ય કરવું તે પણ પ્રશંસાની માફક ફરજીયાત ગણે છે. અર્થાત્ વાત્સલ્ય ન થાય તેટલી તે વાત્સલ્ય નહિ કરનારના સમ્યગ્દર્શનના આચારની ન્યૂનતા છે.

### સાધર્મિકોના પ્રભાવે દ્વીપની રક્ષિત દશા

આ જ સમ્યગ્દર્શનાદિ ધર્મના પ્રભાવે લવણસમુદ્ર સરખો સમુદ્ર, સોળ સોળ હજાર

યોજનની શિખા ધારણ કરવાવાળો છતાં જંબૂદ્વીપને ડુબાડી દેતો નથી. લોકાનુભાવે પણ જ્યારે સમ્યગ્દર્શનની આટલી બધી મહત્તા છે, તો પછી તે જૈનધર્મ એટલે સમ્યગ્દર્શન પામનારો જીવ ધર્મપ્રેમીને ભક્તિનું અત્યંત પાત્ર થાય તેમાં આશ્ચર્ય શું ? અને તેથી જ મહારાજા શ્રીપાળ ચારિત્રપદનું આરાધન કરવા માટે ધર્મપ્રેમીઓની ભક્તિ કરે તે યોગ્ય જ છે.

## સર્વ કે દેશ મૂલગુણો ને ઉત્તરગુણોની સહચારિતાનો વિચાર

જો કે એકલું સમ્યગ્દર્શન હોય તેને વિરતિ ન પણ હોય એમ આગળ જણાવી ગયા છીએ. પણ એ જણાવેલો વિરતિનો અભાવ મુખ્યતાએ મૂલગુણોની અપેક્ષાએ સમજવો, અને મૂલગુણ વગર પણ ઉત્તરગુણ ધારણ કરવાવાળા જીવો હોય એ વાત શાસ્ત્રને જાણનારાઓથી અજાણી નથી, માટે એકલા સમ્યક્ત્વવાળા હોવા છતાં મૂલગુણને ન ધારણ કરતાં ઉત્તરગુણને પણ ધારણ કરે તો તેમાં આશ્ચર્ય નથી. શાસ્ત્રોમાં સાંભળીએ છીએ અને વર્તમાનમાં દેખીએ પણ છીએ કે કોઈ શુદ્ધ શ્રદ્ધાવાળા જીવો સ્થૂલ હિંસાદિની વિરતિરૂપ અનુવ્રતોને ધારણ ન કરવાવાળા હોય છતાં પણ સામાયિક, પૌષધ, દેશાવકાશિક વિગેરે કરનારા હોય છે. જો કે મુખ્યતાએ સ્થૂલ હિંસાદિની વિરતિરુપ જે અનુવ્રત તે રૂપ મૂળગુણ ન હોવાથી તથા ઈંદ્રિયકાયને મનરૂપી બાર અવિરતિમાંથી એક પણ અવિરતિ ટાળેલી ન હોઈને તેને પાંચમા ગુણઠાણાની પરિણતિ આવી છે એમ નિશ્ચયથી ન કહી શકીએ, પણ નિશ્ચયથી જેને પાંચમા ગુણઠાણાની પરિણતિ ન કહી શકાય તેવાઓને પણ સામાયિક, પૌષધ વિગેરે વિરતિની ક્રિયા કરનારા તરીકે શાસ્ત્રકારો જણાવે છે અને આપણે પણ દેખીએ છીએ. એટલે તેવાઓને કથંચિત્ વિરતિની કોટિમાં લઈ વિરતિવાળા મનાય તો આશ્ચર્ય નથી, અને તેવાઓની ભક્તિ તે તરીકે પણ કરવામાં આવે તો તેમાં કોઈપણ પ્રકારની અયોગ્યતા નથી.

## ગુણઠાણાના નિશ્ચયે વિરતિ નહિ પણ વિરતિના પ્રભાવે ગુણઠાણાં

આ સ્થાને એક વાત ધ્યાનમાં રાખવાની છે કે ક્રિયા કરતાં ગુણઠાણાની પરિણતિ આવે છે, એટલે કે તે તે ગુણઠાણાની ક્રિયા તે તે ગુણઠાણાઓને લાવનારી થાય છે અને તેથી જેઓ ક્રિયા કરનારને પોતાના આત્મામાં સમ્યક્ત્વ કે તે તે બીજા ગુણઠાણાનો નિશ્ચય થયા સિવાય ક્રિયા કરવાની મનાઈ કરે છે અને તેમાં દોષ થાય એમ બતાવે છે તેઓ ખરેખર જૈનશાસનથી પોતે ભ્રષ્ટ થયેલા છે અને બીજાઓને ભ્રષ્ટ કરે છે.

## ગુણઠાણાની પરિણતિ સિવાય પણ કરાતા વ્રતોમાં દોષ નથી

જો ગુણઠાણાની પરિણતિ ન આવી હોય, અને તે તે ગુણઠાણાની ક્રિયા કરવામાં આવે તેમાં કોઈપણ અંશે જો દોષ હોય તો ભવ્યજીવો તો વ્યવહારથી પણ શુદ્ધદેવ, શુદ્ધગુરુ અને શુદ્ધ ધર્મને માનનારા હોઈ વ્યવહાર સમ્યક્ત્વવાળા ગણાય અને છતાં પણ તેની ક્રિયા જો દોષપાત્ર ગણવામાં આવે તો પછી અભવ્ય જીવો કે જેઓ કોઈપણ કાળે સમ્યક્ત્વ પામ્યા નથી, પામતા નથી અને પામશે પણ નહિ એટલું જ નહિ પણ જેને મોક્ષની એક અંશે પણ ઈચ્છા થઈ નથી, થતી નથી કે થશે પણ નહિ, તેવાઓ દેશવિરતિ કે સર્વવિરતિની જે ક્રિયા કરે તેમાં તો દોષનો ડુંગર જ હોવો જોઈએ, અને એ દોષના ડુંગરના હિસાબે તો દેશવિરતિ કે સર્વવિરતિની ક્રિયા કરનાર મિથ્યાદૃષ્ટિ કે અભવ્ય જીવો મરીને તરત નરક કે તિર્યંચની દુર્ગતિમાં જ જવા જોઈએ, પણ સર્વજ્ઞ મહારાજનાં શાસ્ત્રો તો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે મિથ્યાદૃષ્ટિ કે અભવ્ય જીવો હોય તો પણ તે દેશવિરતિની

ક્રિયાથી બારમા દેવલોક સુધી અને સર્વવિરતિની ક્રિયાથી નવગ્રૈવેયક સુધીના દેવપણાની પ્રાપ્તિ અનંતર ભવમાં જ તે ક્રિયાના પ્રતાપે જ કરે છે. આ હકીકત વિચારનાર મનુષ્યો ક્રિયાના કટ્ટર દુશ્મનોના દોરવાયા દોરાઈ જઈને ગુણઠાણાની પરિણતિના અભાવને નામે ક્રિયાને દોષિત માનવા કે કહેવા તૈયાર થશે જ નહિ.

## હિંસાદિથી વિરતિ ન થાય તો પણ હિંસાદિને પાપરૂપ માનવાં તે વ્યાજબી છે.

વળી, કેટલાકોનું કહેવું એમ થાય છે કે જેઓએ હિંસાદિક પાપોની વિરતિ હમણાં કરી નથી, નજીકના કે દૂરના ભવિષ્યમાં કરવાને માટે શક્તિમાન થાય તેમ પણ નથી, તેવાઓ હિંસાદિક પાપોને પાપ તરીકે માને અને કહે તે એક જાતનો ઢોંગ નહિ તો બીજું શું? કેમકે બારે મહિના, ત્રીસે દિવસ અને સાઠે ઘડી હિંસાદિક પાપો આચરવાં, તેની વિરતિ કરવી નહિ અને એ હિંસાદિક પાપ છે, પાપ છે એમ પોકારવું એ વાચાળપણાનું કાર્ય નહિ તો બીજા શાનું કાર્ય ગણાય? આવું કહેવાવાળા પ્રથમ જો તે હિંસાદિક પાપોનો પરિહાર કરતા હોય તો પણ તેમનું ઉપર પ્રમાણેનું બોલવું યોગ્ય નથી. તો પછી જેઓ પોતે હિંસા, જૂઠ, ચોરી, સ્ત્રીગમન અને પરિગ્રહમાં રચ્યાપચ્યા રહે અને તેને પાપ તરીકે પણ ન માને તો પછી તેવાઓ હિંસાદિક પાપોને પાપ તરીકે માનનારાઓની વાચાળતા કે ઢોંગદશા ગણે તે ખરેખર બમણા દોષને પાત્ર હોઈ ભવિષ્યમાં ધર્મ પણ ન પામી શકે તેવા દુર્લભબોધિ થાય એ સ્વાભાવિક જ છે. તેઓના હિસાબે રાજાઓને લડાઈઓ કરવી પડે કે કોઈ સમ્યગ્દૃષ્ટિ દેશવિરતિવાળા ધર્મપ્રેમીને પાંચે સ્થાવરકાયની વિરાધના કરવાની થાય. ચોરકુળમાં જન્મેલો યાવજ્જીવન ચોરીથી નિર્વાહ કરે, વેશ્યાની પુત્રી યાવજ્જીવન અયોગ્ય વર્તન કરે, વ્યાપારવૃત્તિને ધારણ કરનારાઓ આખી જિંદગી જૂઠાં સાચાં કરે તે બધાઓ જો કે તે તે કાર્યોને છોડી શકે પણ નહિ તો પણ શું તે બધાં કાર્યો કરવાં યોગ્ય છે એમ માને ખરા? અને જો તે તે કાર્યો કરવાને યોગ્ય છે એમ ગણે તો તેમનામાં માણસાઈ મનાય ખરી? અર્થાત્ માણસાઈને સમજનારો મનુષ્ય કુલાચારે, સંસર્ગે કે સંસ્કારે કોઈ પણ અયોગ્ય કાર્ય કરતો હોય તો તેને અયોગ્ય તો જરૂર જ માને, અને જો તે અયોગ્ય કાર્યોને અયોગ્ય તરીકે માનવામાં નહિ છોડ્યા છતાં પણ માણસાઈ ગણવામાં આવે તો પછી અવિરતિ સમ્યગ્દૃષ્ટિવાળો જીવ કદાચ પાપનો પરિહાર ન પણ કરી શકે તો પણ પાપને પાપ તરીકે માને એ ખરેખર તેના આત્માની ઉત્તમતાને જ આભારી છે.

## દેશવિરતિવાળાને સ્થાવરનો આરંભ હોય છતાં તેની હેયતા સ્થિર રહે

દેશવિરતિને ધારણ કરનારો મનુષ્ય આખી જિંદગીમાં સર્વવિરતિ ન પણ ધારણ કરે અને પૃથ્વી આદિક પાંચ સ્થાવરોની વિરાધનાના કાર્યો ડગલે ને પગલે કરે, તો પણ તે દેશવિરતિવાળો જીવ જો પૃથ્વીઆદિક સ્થાવરોની હિંસાને પાપ તરીકે ગણે તો જ તે દેશવિરતિ ગુણઠાણાનો માલિક કહી શકાય. તેવી જ રીતે સમ્યગ્દૃષ્ટિજીવ પણ હિંસાદિક પાપનો પરિહાર ન પણ કરી શકે તો પણ તે હિંસાદિક પ્રવૃત્તિને પાપમય માને તે શુદ્ધ શ્રદ્ધાને જ આભારી છે.

## સમ્યક્ત્વવાળાને પણ વૈયાવચ્ચ આદિ કાર્યના નિયમોની આવશ્યકતા

વળી, સમ્યક્ત્વને ધારણ કરનારો મનુષ્ય સ્થૂલ હિંસાથી વિરમવારૂપ અણુવ્રતોને અને બીજા ઉત્તરગુણોને પ્રતિજ્ઞાપૂર્વક ધારણ કરનારો ન હોય તો પણ દરેક સમ્યગ્દર્શનવાળા જીવને ગુરુ અને દેવના વૈયાવચ્ચની પ્રતિજ્ઞા તો જરૂર હોવી જ જોઈએ, કેમકે શાસ્ત્રકારો સમ્યગ્દૃષ્ટિનાં ચિહ્ન જણાવતાં જૈનશાસ્ત્રોને સાંભળવાની ઇચ્છા અને ધર્મના રાગરૂપી બે ચિહ્નોની સાથે ગુરુ, દેવના

વૈયાવચ્ચનો નિયમ હોવો જોઈએ એવું એક ત્રીજું ચિહ્ન સ્પષ્ટપણે જણાવે છે. અર્થાત્ દેવ, ગુરુના વૈયાવચ્ચથી વંચિત મનુષ્યોને સમ્યગ્દૃષ્ટિ તરીકે માનવાની પણ શાસ્ત્રકારો મનાઈ કરે છે, તો સમ્યગ્દૃષ્ટિને ગુરુ, દેવના વૈયાવચ્ચનો નિયમ હોય જ અને તેથી તે સમ્યગ્દૃષ્ટિ જીવ મહાપુરુષોને પણ ભક્તિનું પાત્ર બને તે યોગ્ય જ છે.

### અવિરતિ સમ્યગ્દૃષ્ટિ પણ જૈનધર્મને અંગે તીર્થંકરોને નમનીય એકલા સમ્યક્ત્વવાળા પણ શ્રાવકો

ત્રિલોકનાથં તીર્થંકર ભગવાન પ્રથમ સમવસરણમાં શ્રી ચતુર્વિધ સંઘને તીર્થનાં નામે નમસ્કાર કરે છે અને તે તીર્થ એટલે પ્રવચનના આધાર તરીકે જે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા ગણવામાં આવે છે, તેમાં શ્રાવકશબ્દથી અવિરતિ સમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિ બંને વર્ગ લેવાના હોય છે. જો કે કેટલીક જગા પર વ્રતધારીનો અધિકાર લેવાનો હોવાથી અથવા શ્રાવકની ઉંચી હદ બતાવવાની હોવાથી સમ્યક્ત્વ પામ્યા પછી બેથી નવ પલ્યોપમ સુધીની સ્થિતિનો ક્ષય કરવાથી મળતી દેશવિરતિને ધારણ કરનારાઓને શ્રાવક તરીકે ગણાવેલા છે, પણ તે તે સ્થાને સામાન્ય શ્રાવકનું લક્ષણ નહિ કહેતાં શુકલપક્ષી શ્રાવક અને ઉત્કૃષ્ટ શ્રાવકને લક્ષ્ય તરીકે જણાવેલા છે, અને તેથી જ શાસ્ત્રોમાં <u>दंसणसावया</u> એટલે માત્ર સમ્યક્ત્વને ધારણ કરનારા જ શ્રાવકો એમ સામાન્ય શ્રાવકનું લક્ષણ સમ્યક્ત્વ ધારણ કરવાપૂર્વક જિનવચનનું શ્રવણ ગણ્યું છે. વળી, આવશ્યક નિર્યુક્તિ વિગેરેમાં એકલા સમ્યક્ત્વ ધારણ કરનારને પણ શ્રાવક તરીકે ગણવામાં આવ્યા છે, અને શાસ્ત્રોમાં સ્થાને સ્થાને ભરત મહારાજ કૃષ્ણ મહારાજ અને શ્રેણિક મહારાજ સરખા કે જેઓ સમ્યક્ત્વ સિવાય યત્કિંચિત્ પણ હિંસાદિકની વિરતિ કરવારૂપ અણુવ્રતને ધારણ કરવાવાળા નહોતાં છતાં તેઓને શ્રાવક તરીકે અને શ્રીસંઘના અંગ તરીકે ગણવામાં આવેલા છે, અને તેથી જ સ્પષ્ટ થાય છે કે ફક્ત સમ્યક્ત્વને ધારણ કરનારો પણ શ્રાવક ગણાઈ, ચતુર્વિધ સંઘમાં ગણાય અને તેથી ચતુર્વિધ સંઘના નમસ્કારમાં તેને પણ નમસ્કારનું પાત્ર માનવામાં આવે તો પછી તેવા અવિરતિ સમ્યગ્દૃષ્ટિવાળાની પણ ભક્તિ અને પ્રશંસા કરવી એ તીર્થંકર મહારાજને અનુસરનારા સકળ જીવોનું કર્તવ્ય હોય તેમાં આશ્ચર્ય શું ?

### મહારાજા ઉદયને સાધર્મિક ભક્તિને અંગે કરેલ પ્રદ્યોતનનો પટ્ટબંધ અને રાજ્યાર્પણ

આવી રીતે અવિરતિ સમ્યગ્દૃષ્ટિની પણ ભક્તિ કરવી આવશ્યક માલમ પડશે ત્યારેજ સિંધુસૌવીરના અધિપતિ મહારાજા ઉદાયને માળવાના અધિપતિ મહારાજા ચંડપ્રદ્યોતને સાધર્મિક જાણ્યા પછી કેદમાંથી મુક્ત કર્યો, તેના કપાળનો ડામ ઢાંકવા માટે મણિરત્ન અને સુવર્ણનો પટ્ટબંધ કર્યો, અને તેનું સમગ્ર રાજ્ય પાછું તેને આધીન ક્યુ એ વસ્તુની કિંમત સમજાઈ જશે.

### દયાને પાત્ર તો દોષવાળા જ હોય નિર્દોષો તો દુઃખી હોય જ નહિ

કેટલાકોની માન્યતા એવી છે કે ગુન્હેગારોને રક્ષણ આપવું એ ગુન્હાને ઉત્તેજન આપવા જેવું છે, અને ગુનેગાર ન હોય તેનું રક્ષણ કરવું તો સ્વતઃ બનેલું જ છે આવું કહેનારાઓએ પ્રથમ તો સમજવું જોઈએ કે આ કથનમાં દયાને દેશવટો જ દેવાનો છે, કેમકે બિનગુન્હેગારો તો પોતાની નીતિને લીધે જ સ્વતંત્રપણે રક્ષિત થયેલા જ છે. એટલે તેવાઓની ઉપર અનુકંપા કરવાનું રહેતું જ નથી, કારણ કે અનુકંપા દુઃખી જીવોના દુઃખોનો નાશ કરવાને અંગે દુઃખી જીવોના ઉપર હોય. અને દુઃખ પામનારા દરેક જીવો પહેલા ભવમાં કરેલા અધર્મ અને અન્યાયને લીધે જ બાંધેલા પાપથી આ ભવમાં દુઃખી થાય છે. જેઓએ પહેલા ભવમાં અધર્મ કે

અન્યાય કરેલો હોય નહિ, તેઓને તેવું દુઃખ દેનારું પાપ પણ બંધાયેલું હોય નહિ, અને તેવું પાપ ન બંધાયેલું હોય ત્યારે આ ભવમાં એને દુઃખી થવાનું ન હોય, અને દુઃખી ન હોય તો તે અનુકંપાનું પાત્ર બને જ નહિ, માટે નિર્ગુન્હેગાર અને નિષ્પાપ મનુષ્યોને માટે દયાનો પ્રસંગ હોય જ નહિ, અને જે મનુષ્યોએ પૂર્વ ભવમાં અન્યાય અને અધર્મો કરેલાં છે, તેવાઓને દુઃખ દેનારાં પાપો બંધાયેલાં છે, અને તે પાપોના ઉદયને લીધે આ ભવમાં દુઃખી થાય છે, તો હવે તે દુઃખીના દુઃખ તરફ ન જોતાં તેના પૂર્વે કરેલા અન્યાય, અધર્મ અને પાપો તરફ જોવામાં આવે તો તે દુઃખીના દુઃખોને ટાળવાની બુદ્ધિ કે તે દુઃખો ટાળવાનો પ્રયત્ન કરવો કોઈપણ પ્રકારે વ્યાજબી ઠરે નહિ, અને જો ગયા ભવના અધર્મ અને પાપને અંગે તેના દુઃખો દૂર કરવાને પ્રયત્ન ન કરાય તો વર્તમાનમાં જેઓ અધર્મ અને અન્યાય કરીને દુઃખી થયેલા હોય તેઓનાં દુઃખોને દૂર કરવાનો વિચાર તો આવે જ ક્યાંથી ? અને એવી રીતે આ ભવ કે પર ભવમાં અધર્મ, અન્યાય કરનારાઓ તેના દુઃખને અંગે દયાને પાત્ર રહે નહિ અને અધર્મ, અન્યાય નહિ કરનારા તો દુઃખી થાય જ નહિ, તેથી તેની ઉપર તો દયા કરવાનો પ્રસંગ જ નથી, એકંદરે જગતમાં કોઈપણ દયાનું પાત્ર રહે નહિ અને દયા કરવાનો પ્રસંગ રહે જ નહિ, અને જો તેમ થાય તો શાસ્ત્રોમાં કહેલું દયાનું વર્ણન અને દયાનો ઉપદેશ એ સર્વ નકામાં જ જાય.

## હિંસા નહિ કરવારૂપ દયામાં દુઃખ દૂર કરવાનું તત્વ

એમ નહિ કહેવું કે આપણે જીવોની હિંસા ન કરવી તે જ દયા છે, પણ પોતાના પાપના ઉદયે દુઃખી થતા જીવોના દુઃખોને દૂર કરવાની બુદ્ધિ રાખવી તે દયા નથી. આવું કહેનારાએ સમજવું જોઈએ કે જીવોને નહિ મારવારૂપ દયા કહેવામાં પણ તે મરનારા પ્રાણીઓના કર્મો કાંઈ ચાલ્યાં ગયેલાં નથી, કેમકે જો તે મરનાર પ્રાણીનું આયુષ્ય પ્રબળ હોય તો તમે તેને કોઈપણ પ્રયત્ને મારી શકવાના નથી. તમારા પ્રયત્ને તો તે જીવ ત્યારે જ મરશે કે જ્યારે તે જીવનું આયુષ્ય કર્મથી ઢીલું હશે, અને જે તેણે આયુષ્યકર્મ ઢીલું બાંધેલું છે, તે બાંધતી વખત થયેલ અનિશ્ચિતપણારૂપ શિથિલ પરિણામને અંગે છે, એટલે એમ કહેવું જ પડે કે નિબિડ આયુષ્યવાળો કે ઢીલા આયુષ્યવાળો એ બેમાંથી એકે પણ પ્રકારના આયુષ્યવાળો જીવ કોઈના એકલા પ્રયત્નથી મરવાનો નથી, એટલે હિંસાથી વિરમવારૂપ દયા પણ ગુન્હેગારોને અંગે સજા કરવી જોઈએ એવું માનનારાને માટે રહેતી નથી.

## દુઃખ ટાળવાની દૃષ્ટિએ જ સમિતિ આદિ મહાવ્રતોનું અસ્તિત્વ

વળી, મરણનું દુઃખ ન થાય એવી બુદ્ધિ ન હોય તો તેને મરણ ન દેવું એ રૂપ દયા ધારવાની જરૂર શી ? ધ્યાન રાખવું જોઈએ કે સર્વ પ્રાણોના વિયોગથી થતા મરણના દુઃખને બચાવવામાં જો દયા માનવામાં આવે તો ચારથી માંડીને દશ સુધીના પ્રાણોને ધારણ કરવાવાળા જીવોને એકપણ પ્રાણ જવાથી જે દુઃખ થાય તે દુઃખને ટાળવું એ દયા કેમ ન હોય ? સર્વ પ્રાણોના નાશને ટાળવામાં જો દયા માનવામાં આવે તો તેના કોઈપણ એક કે અધિક પ્રાણોના નાશને ટાળવામાં દયા કેમ નહિ કહેવાય ? અને એક કે અનેક પ્રાણોના નાશને ટાળવો તે તેના દુઃખોને ટાળવા માટે હોય તો ન્યાયની ખાતર એમ માનવું જ જોઈએ કે એક કે અનેક પ્રાણના વિયોગનું દુઃખ કે બીજા કોઈપણ તેવા પ્રકારનું દુઃખ ટાળવા પ્રયત્ન કરવો તેને દયા કહેવી જ જોઈએ, અને જો તેવી રીતે અવધ અને અનુકંપા બંને પ્રકારની દયા કબૂલ કરવામાં આવે તો કહેવું જોઈએ કે તે જીવને દુઃખથી બચાવવામાં જ દયાની જડ રહેલી છે, અને તે જીવે આયુષ્ય ઢીલું બાંધ્યું છે તો પણ મારનારના કારણે તેનું આયુષ્ય જલદી ભોગવાઈ, આયુષ્યનો ઉપક્રમ થઈ જાય છે, અને તેથી તે

મરનારા જીવને મરણનું દુઃખ નજીકમાં ભોગવવું પડે છે, અને તેથી જ મારનારો હિંસાના દોષનો ભાગીદાર થાય છે, અને જો એવી રીતે કોઈપણ પ્રવૃત્તિ કરનારા મનુષ્ય તરફથી મારનારનું મોત નજીક આવે તેથી તે પ્રવૃત્તિ કરનારને જો દોષ લાગે છે, તો બીજા કારણથી નજીક આવતા મરણને છેટું લઈ જનારો મનુષ્ય તેના મરણના દુઃખને તેટલો વખત ટાળનારો થાય છે, તો તે ટાળનારાને કે દુઃખને દૂર કાળે કાઢી નાખવાનો લાભ કેમ ન મળવો જોઈએ ? આ સ્થળે એ પણ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે અન્ય પ્રાણીઓના મરણાદિના દુઃખને દૂર કરવા માટે કે છેટે કાઢવા માટે પયત્ન કરવો તે ધર્મરૂપ ન હોય તો ઈર્યાસમિતિ વિગેરે પ્રવચનમાતાઓને ધર્મ તરીકે ગણવી જોઈએ જ નહિ, કેમકે ઈર્યાસમિતિ વિગેરે નહિ સાચવનારાઓથી પણ તેજ પ્રાણીઓ મરવાનાં છે કે જે પ્રાણીઓનું આયુષ્ય પૂર્ણ થયેલું છે કે ઢીલું બંધાયેલું છે તેઓ જ ઈર્યાસમિતિ આદિની ખામીને લીધે મરવાના છે. પણ જેનું આયુષ્ય પૂર્ણ થએલું નથી કે ઢીલું બંધાયેલું નથી તેવા પ્રાણીઓ ઈર્યાસમિતિ આદિની ખામીને અંગે પણ કોઈ દિવસ મરવાના નથી.

### બચાવનારને બચેલાએ કરાતા પાપો સાથે સંબંધ નથી.

એટલે કે ઈર્યાસમિતિ આદિ પ્રવચનમાતાને ધર્મ તરીકે માનનારાઓને તો બે વાત કબુલ કરવી જ પડશે કે પૂર્ણ આયુષ્યવાળા કે શિથિલ આયુષ્યવાળા જીવો હોય તો પણ તેઓનો બચાવ કરવો તે જ ધર્મ છે, એટલું જ નહિ પણ સાથે એ પણ બીજી વાત કબૂલ કરવી પડશે કે તે ઈર્યાસમિતિ આદિ ધર્મ કરવાથી જોઈને ચાલવા વિગેરેથી બચેલા પ્રાણીઓ કે નહિ મરેલા પ્રાણીઓ તેમની જિંદગીમાં જે કાંઈ પણ, તે બચવાના કાળ પછી પાપો કરશે તેનું લેશ પણ અનુમોદન કે સંબંધથી થવાવાળો બંધ એ ઈર્યાસમિતિ આદિક ધર્મ કરનારને નથી.

### બચાવવાની બુદ્ધિ એ જ ધર્મ હોય તો જ સમિતિ આદિનું એકાંત ધર્મપણું

જો એમ ન માનીએ તો ઈર્યાસમિતિ આદિક પ્રવચન માતાઓની પ્રવૃત્તિ એકાંત ધર્મરૂપે રહે નહિ, પણ અલ્પ ધર્મ અને બહુ પાપરૂપ જ થાય, કેમકે મરણનું દુઃખ ન કર્યું એ એક ધર્મ થાય, પણ તે મરણના દુઃખથી બચેલો પ્રાણી જે અઢારે પાપસ્થાનકો સેવે તેની અનુમોદનાનો અધર્મ પણ તે ઈર્યાસમિતિ આદિ પાળનારને માથે જ આવે, અને તેથી તે ઈર્યાસમિતિ આદિની પ્રવૃત્તિ એકાંત ધર્મરૂપ નહિ રહેતાં અલ્પધર્મ અને બહુ પાપરૂપ થાય, અને એ વાત જૈન કે જૈનેતર કોઈના પણ શાસ્ત્રને માનવાવાળાઓને અનુકૂળ થાય તેમજ નથી, અને જો અનુકૂળ કરવા જાય, તો પાંચે મહાવ્રતો કે યમોની અંદર ધર્મ મૂળ જડરૂપે રહેલું પ્રાણાતિપાત વિરમણ કે અહિંસારૂપ મહાવ્રત કે યમ ટકે જ નહિ, કેમકે હિંસા નહિ કરવાની પ્રતિજ્ઞા જ અલ્પધર્મ અને બહુપાપને કરવાવાળી જ થાય, અર્થાત્ જેમ આ અહિંસાની અંદર માત્ર મરતા જીવોના મરણને ટાળવાની બુદ્ધિ જ મુખ્યતાએ કામ કરે છે, પણ તે મરણથી બચેલા પ્રાણીઓના પાપની પ્રવૃત્તિની અનુમોદનાનો ત્યાં લેશ પણ સંબંધ નથી, તેવી જ રીતે અનુકંપાદાનને અંગે પણ તેને પાપને અંગે થયેલા દુઃખોને દૂર કરવાની બુદ્ધિ જે થાય તેનાથી લાભ જ છે, પણ તે દુઃખથી બચેલો જે કાંઈ ભવિષ્યની જિંદગીમાં પાપ કરે તેની સાથે અનુકંપા કરનારને સંબંધ નથી.

### અવિરતિ સમ્યગ્દૃષ્ટિ આદિની ભક્તિમાં દોષનો અભાવ.

જો આવી રીતે અહિંસા અને અનુકંપાને અંગે ભવિષ્યના પાપોને અંગે તે કરનારાને કંઈપણ સંબંધ નથી, તો પછી અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણઠાણે રહેલા જીવની કે દેશવિરતિરૂપી પાંચમે ગુણઠાણે રહેલા જીવની ભક્તિ કરનારો મનુષ્ય જો તે તે જીવોના આત્માને થતા કે થયેલા ગુણોની

જ પ્રસંસા કરે અને અનુમોદના પૂર્વક તેને ગુણો ઉત્પન્ન થાય માટે કે તેના ગુણો સ્થિર થાય માટે જે ભક્તિ કરે તેમાં તે ચોથા અને પાંચમા ગુણઠાણાવાળાના કરાતા કે ભવિષ્યમાં થવાવાળા દોષની સાથે સંબંધનો ગંધ પણ નથી, માટે અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ ગુણઠાણાથી જીવ પ્રશંસા, અનુમોદના અને ભક્તિનું પાત્ર બને છે, અને તેવાઓની અને અધિક ગુણવાળાઓની ભક્તિ દ્વારાએ જ ભવિષ્યમાં ગુણોની પ્રાપ્તિ થાય છે, કેમકે એ ચોથા અને પાંચમા ગુણઠાણાના ગુણો પણ અનંત પુદગલપરાવર્તો રખડતાં અત્યંત કર્મો ક્ષય થવાથી જ મળેલા છે. જ્યારે આવી રીતે ચોથા અને પાંચમા ગુણઠાણાવાળાઓ ઉપર ભક્તિ કે રાગ ધરવાથી તે ધરનારને ભવિષ્યમાં ગુણોની પ્રાપ્તિ થાય તો પછી જેઓ છટ્ઠે અને સાતમે ગુણઠાણે ચઢીને જે ધર્મ બજાવે તેવા યતિધર્મ એટલે સાધુધર્મની ઉપર રાગ ધરીને ભવિષ્યમાં તે ઉચ્ચ સ્થિતિ મેળવે તેમાં આશ્ચર્ય જ શું ?

## રાગના પ્રશસ્ત અપ્રશસ્ત ભેદો

જૈનશાસનમાં રાગ બે પ્રકારનો છે. જો કે દ્વેષ પણ બે પ્રકારનો છે, પણ તેનો અહીં પ્રસંગ ન હોવાથી તે તે સંબંધી સ્પષ્ટ નામે ઉલ્લેખ કરતા નથી, પણ તેના પણ ભેદો અને સ્વરૂપ રાગના ભેદ અને સ્વરૂપનું વિવેચન કરીએ તેને અનુસારે સમજી શકાશે. પૂર્વ જણાવેલા બે પ્રકારના રાગોમાં એક પ્રશસ્તરાગ નામનો ભેદ છે અને બીજો અપ્રશસ્તરાગ નામનો ભેદ છે. તેમાં સ્ત્રી વિગેરેને અંગે થતો રાગ જેને કામરાગ કહેવામાં આવે છે, અને માતાપિતા, પુત્રપુત્રી વિગેરે કુટુંબો ઉપર જે પ્રેમ રહે છે તેને સ્નેહરાગ કહેવામાં આવે છે, અને મિથ્યાત્વ, અજ્ઞાન કે મોહ વિગેરેને લીધે ગુણને દોષ તરીકે કે દોષને ગુણ તરીકે અથવા ગુણવાનને અગુણી કે નિર્ગુણી તરીકે કે દોષવાળાને નિર્દોષ કે ગુણી તરીકે માનવામાં આવે તેને દૃષ્ટિરાગ કહેવાય છે. આવી રીતે કામરાગ, સ્નેહરાગ કે દૃષ્ટિરાગ તરીકેના ત્રણ રાગોમાં કોઈપણ એક, બે કે ત્રણે પ્રકારના • • હોય તો તે બધા અપ્રશસ્તરાગ જ કહેવાય છે, પણ સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્ર, વિનય, વૈયાવચ્ચ, તપસ્યા, સમાધિ, સમિતિ ગુપ્તિ વિગેરે ગુણોમાં અને તેને ધારણ કરનારા ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન તથા પંચમહાવ્રતપાલક સાધુમહાત્માઓ તથા દેવ, દાનવ, યક્ષ, રાક્ષસ, ભૂત અને પિશાઓ પણ જેની દુષ્કરતાને લીધે બ્રહ્મચારીને નમસ્કાર કરે છે તેવું બ્રહ્મચર્યરૂપી જે ગુણ તેમાં, અને તેને ધારણ કરનારા બ્રહ્મચારી મહાપુરુષોમાં જે રાગ ધારણ કરવો અર્થાત્ ગુણ અને ગુણી બંને ઉપર જે રાગ ધારણ કરવામાં આવે તેને પ્રશસ્તરાગ કહેવાય છે.

## ભક્તિરાગમાં સ્નેહરાગ ભળે છે તેની સાવચેતી

જો કે ઉપર જણાવેલા ગુણોવાળી વ્યક્તિ ઉપર જે રાગ ધારણ કરવામાં આવે તે પ્રશસ્તરાગ કહેવાય છે તો પણ તેવી વ્યક્તિઓને અંગે પણ જો તે ભવના કે તે પૂર્વભવના પરિચય, સંબંધ કે સંસર્ગને લીધે રાગ થાય તો તે સ્નેહરાગનો જ અંશ છે એમ સમજવું જોઈએ.

## ભગવાન ગૌતમસ્વામીજીના શ્રમણ ભગવાન મહાવીર ઉપરના રાગના પ્રકારો

તેથી જ શ્રમણ ભગવાન મહાવીર મહારાજની ઉપર સર્વલબ્ધિસંપન્ન ભગવાન ગૌતમસ્વામીજીનો ભગવાન મહાવીર મહારાજના ગુણોને અંગે ભગવાન્ મહાવીર મહારાજ ઉપર સંપૂર્ણ રાગ હતો, અને તે રાગથી તેના પ્રશસ્તપણાને લીધે ક્ષણે ક્ષણે નિર્જરા અને મોક્ષની નિકટતા જ થતી હતી, પણ તેજ ભગવાન ગૌતમસ્વામીજીને શ્રમણ ભગવાન મહાવીર મહારાજની સાથે ઘણા ભવનો પરિચય, સંબંધ અને સંસર્ગ હોવાથી થતો રાગ તે સ્નેહરાગ જ ગણવામાં આવેલો છે, અને શાસ્ત્રકારોએ પણ તેજ સ્નેહરાગ ભગવાન ગૌતમસ્વામીના કેવળજ્ઞાનને અટકાવનાર તરીકે ગણેલો છે. શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં લખે છે કે मोक्खमग्गपवन्नाणं सिणेहो वज्जसिंखला वीरे

जीवंतए जाओ गोयमो जं न केवली અર્થાત્ મોક્ષમાર્ગને પામેલા મનુષ્યોને પણ સ્નેહરાગ નામનો રાગ વજ્રની સાંકળ જેવો છે, અર્થાત્ મોક્ષમાર્ગનું પ્રયાણ કરતાં, માર્ગમાં ચાલનારા કેદીઓને પગમાં પડેલી લોઢાની સાંકળોથી ડગલે ડગલે ધીમાપણું અને સ્ખલના થાય છે, તેવી રીતે અહીં મોક્ષમાર્ગમાં પણ સ્નેહરાગની વજ્રની સાંકળ જેના પગમાં પડી હોય, તે મોક્ષમાર્ગમાં વધવા માંડે છતાં પણ ડગલે પગલે સ્ખલના પામે અને વેગથી વધી શકે પણ નહિ. આ સ્નેહની વજ્ર જેવી સાંકળ સંસારી જીવો કે જેઓ માતાપિતા, પુત્રપુત્રી વિગેરે ગણાય તેવાને અંગે હોય તો મોક્ષમાર્ગમાં ગતિ રોકે અને ધીમી કરે તે જુદી વાત છે, પણ ત્રિલોકનાથ તીર્થંકર સરખાને અંગે પણ જો સ્નેહરાગરૂપી વજ્રસાંકળે જીવ બંધાય તો તેને પણ મોક્ષની ગતિનું પ્રયાણ ધીમું થઈ જાય છે, અને તે મોક્ષની ગતિનું પ્રયાણ વજ્રની સાંકળવાળાને એટલું બધું ધીમું થઈ જાય છે કે તે વજ્રની સાંકળ તૂટે નહિ ત્યાં સુધી મોક્ષના દ્વારરૂપ કેવળજ્ઞાનને મેળવી શકતો નથી, કેમકે ભગવાન ગૌતમસ્વામીજી જ્યાં સુધી ભગવાન મહાવીર મહારાજ હયાતિમાં હતા અને તેમની ઉપર સ્નેહરાગ રાખ્યો હતો ત્યાં સુધી જ તેઓ કેવળજ્ઞાનને પામી શક્યા ન હતા. આ સ્થાને ધ્યાન રાખવાની જરૂર છે કે ભગવાન ગૌતમસ્વામીજી અને ભગવાન સુધર્માસ્વામીજી સિવાયના અગ્નિભૂતિ આદિ નવ ગણધરો શ્રમણ ભગવાન મહાવીર મહારાજની હયાતિમાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સિદ્ધિને સાધનારા થયા. તે નવ ગણધરોનો શ્રમણ ભગવાન મહાવીર મહારાજા ઉપર ગુણાનુરાગ કે ભક્તિરાગ ઓછો ન હતો, પણ તે નવ ગણધરોના જીવો શ્રમણ ભગવાન મહાવીર મહારાજની સાથે ઘણા ભવના પરિચય, સંબંધ અને સંસર્ગવાળા ન હતા, તેથી તે નવ ગણધરોને ભગવાન મહાવીર મહારાજની ઉપર સ્નેહરાગ ન હતો, પણ કેવળ ગુણાનુરાગ અને ભક્તિરાગ જ હતો, અને તેથી જ તેઓ શ્રમણ ભગવાન મહાવીર મહારાજની હયાતિમાં કેવળકમલાને વરીને મોક્ષમહેલમાં મહાલવાવાળા થયા, પણ ભગવાન ગૌતમસ્વામીજીને શ્રમણ ભગવાન મહાવીર મહારાજના જીવની સાથે વાસુદેવના ભવથી ઘણા ભવો સુધી પરિચય, સંબંધ અને સંસર્ગ થયેલો હોવાથી તેઓને તેઓ સંબંધી ગુણાનુરાગ અને ભક્તિરાગની સાથે સ્નેહરાગ પણ હતો, અને તેથી જ શ્રમણ ભગવાન મહાવીર મહારાજની હયાતિ સુધી ભગવાન ગૌતમસ્વામીજીને કેવળજ્ઞાન થયું નહિ. આ સ્થળે એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે અરિહંતપણા કરતાં સિદ્ધપણામાં ગુણોની અધિકતા હોઈને ગુણાનુરાગવાળાને ભગવાન મહાવીર મહારાજના મોક્ષ થવાથી ગુણાનુરાગ તૂટવાનો પ્રસંગ નથી પણ ગુણાનુરાગ વધવાનો પ્રસંગ છે, અને તેથી શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજનું નિર્વાણ એ કોઈપણ પ્રકારે ગુણાનુરાગને ઉચ્છેદ કરનારું કારણ નથી, પણ વધારનારું કારણ છે. ઉચ્છેદ તો તે જ રાગનો મોક્ષ થવાથી થાય છે કે જે રાગ શરીરને પરિચય આદિકને અંગે સંબંધ રાખનારો હોય, અને તેથીજ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના નિર્વાણથી ભગવાન ગૌતમસ્વામીજીનો તે અનેક ભવોના પરિચય, સંબંધ અને સંસર્ગથી ચાલતો રાગ તૂટી ગયો અને તે તૂટવાના પ્રતાપેજ ભગવાન ગૌતમસ્વામીજી કેવળકમલાને વરી શક્યા, એટલે કેવળકમલા વરવામાં ભક્તિરાગ કે ગુણાનુરાગને તૂટવાની કે તોડવાની જરૂર નથી, પણ સ્નેહરાગને તોડવાની જ જરૂર છે. શ્રી ભગવતીજી અંગમાં પણ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા શ્રીમુખે ભગવાન ગૌતમસ્વામીજીને કેવળજ્ઞાન નહિ થવાના કારણ તરીકે ઘણા ભવનો પરિચય, સંબંધ અને સંસર્ગ જ જણાવે છે.

## ભક્તિરાગમાં ભળી જતો સ્નેહરાગ

આ બધી હકીકત જેવી રીતે શાસ્ત્રીય છે, તેવી રીતે જગતમાં પણ દેખીએ છીએ કે પોતાના કુટુંબનો કોઈ પણ મનુષ્ય આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસ, ગણિ કે અન્ય કોઈ પદવીધર થયેલો હોય તેને સાધુતા કે પદસ્થપણાની ઉત્તમતાની સાથે

કુટુંબીપણા તરીકે અધિક માનવાનું થાય છે. તેવી જ રીતે પોતાના કુટુંબીઓ કે સંબંધીઓના દાન, શીલ, તપ, ભાવ, ઉપધાન, ઉજમણા, પ્રતિષ્ઠા, તીર્થયાત્રા, સંઘયાત્રા કે સ્વાધ્યાય. ધ્યાન વિગેરે જે પ્રવૃત્તિઓ મોક્ષને માટે જ કરાય છે, તે વખત પણ કુટુંબી અને સંબંધી તરીકે વિશેષે સગવડ, સહાય અને અનુમોદન કરવામાં આવે છે.

### ભક્તિરાગ અને સ્નેહરાગની પાર્થક્યતાની જરૂર

તેવે પ્રસંગે પણ ધર્મપ્રેમીઓ ગુણાનુરાગ અને સ્નેહરાગનો વિભાગ સમજી કે ધારી શકતા નથી, પરંતુ તે સ્થાને પણ ગુણાનુરાગની સાથે સ્નેહરાગ પણ ઝળકી રહેલો હોય છે, પણ ધર્મપ્રેમીઓએ તે તે રાગના તે તે સ્વરૂપો સમજીને ફક્ત ગુણાનુરાગ જ ગુણ અને ગુણીઓ ઉપર ધરવો જોઈએ. જેટલે જેટલે અંશે ગુણ અને ગુણીઓ ઉપર રાગ ધરવામાં આવે તેટલે તેટલે અંશે તે રાગ ધરનારાને ક્ષણે ક્ષણે નિર્જરા થાય છે.

### ભક્તિરાગથી દ્વેષદાવાનળનો નાશ

આવા ગુણાનુરાગરૂપી સુરસરિતાની સ્વચ્છ સેરમાં દ્વેષના દાવાનળો પણ ટકી શકતા નથી અને તેથીજ ચક્રવર્તી ભરત મહારાજા પોતાના કટ્ટર શત્રુ, પોતાને નામોશી આપનાર, અને ચક્ર સાથે પોતાને ચૂરવાને તૈયાર થનાર એવા મહાપુરુષ બાહુબલજીને તેમના ત્યાગરૂપી ગુણને લીધે વંદન, નમન, સ્તવનાદિથી આરાધી શક્યા, અને યુધિષ્ઠિર વિગેરે પાંચ પાંડવો પોતાનું અપમાન કરનાર, પોતાને ઘેરનાર, અને પરશત્રુ તરીકે ગણાયેલા એવા દમદંત ઋષિને વંદન, નમન, સ્તવનાદિથી આરાધી શક્યા.

### અવગુણીને અંગે પ્રશસ્ત દ્વેષ ન હોય અવગુણને અંગે હોય.

પ્રશસ્ત દ્વેષને માટે પ્રશસ્તરાગના ભેદ અને સ્વરૂપના વર્ણનથી જાણવાની ભલામણ કરેલી હોવાથી એ જણાવવું જરૂરી છે કે પ્રશસ્તરાગ ગુણ અને ગુણી બંનેને અંગે હોય, પણ પ્રશસ્તદ્વેષ તો કેવળ જ્ઞાનાવરણીયાદિ કર્મો, અજ્ઞાન, મિથ્યાત્વ, અવિરતિ અને કષાયાદિ અવગુણોને અંગે જ હોય, પણ તે અવગુણવાળા ઉપર જે દ્વેષ થાય તેને પ્રશસ્તદ્વેષ કહી શકાય જ નહિ, કેમકે તે અવગુણવાળો જીવ તો મુખ્યતાએ કરુણાભાવનાને પાત્ર છે, પણ છતાં કદાચ તે અવગુણવાળો જીવ કરુણાના વિષયમાંથી પણ બહાર નીકળી જાય, અર્થાત્ તેના અવગુણો ટળી શકે તેવા ન હોય, અગર તે અવગુણોને ટાળવાના ઉપાયો ન હોય અથવા તો તેના અવગુણો ટાળવા જતાં તે અવગુણો ન ટળતાં ચક્રવૃધી વ્યાજની પેઠે વધવાનો જ પ્રસંગ લાગતો હોય તો પછી તેવા અવગુણીઓને માટે ચોથી માધ્યસ્થ એટલે ઉપેક્ષાભાવના જ શાસ્ત્રકારોએ ફરમાવેલી છે, અર્થાત્ અવગુણી ઉપર દ્વેષ કરવો તે કોઈપણ ભાવના કે કોઈપણ ધર્મનો વિષય જ નથી. જો કે જીવોની સરાગદશા હોવાને અંગે જેમ ગુણાનુરાગની સાથે સ્નેહરાગ થઈ જાય છે, તેવી રીતે અવગુણ દ્વેષની સાથે અવગુણીનો દ્વેષ આવી જાય, તો પણ સ્નેહરાગના હેયપણાની માફક અવગુણીના દ્વેષને હેયપણે ધારવામાં સમજુઓ તો ચૂકે જ નહિ. ધ્યાન રાખવું જોઈએ કે હેયને ઉપાદેય ધારવો કે ઉપાદેયને હેય ધારવો એ સમ્યક્ત્વ ગુણવાળાને શોભે નહિ.

### અવગુણો ઉપર દ્વેષને ધર્મ માનવામાં હાનિ

જો આપણે અવગુણી ઉપર દ્વેષ ધરવો તે વ્યાજબી ધારીએ તો અને તેને ધર્મ તરીકે ગણી ઉપાદેય તરીકે ગણીએ તો અન્ય મતવાળાઓએ રાક્ષસકુળનો ઘાણ કાઢવા માટે રામચંદ્રના અવતારને આપેલું અગ્રપદ કોઈ પણ પ્રકારે અનુચિત ગણાશે નહિ, એટલું જ નહિ પણ તેમને રાક્ષસના માનેલા અધર્મને અંગે રાક્ષસનો કચ્ચરઘાણ કાઢ્યો તેમાં ઘણો જ ધર્મ થયો માનવો પડશે, અને અંતમાં તે કચ્ચરઘાણને કાઢવાના સાધન તરીકે વપરાતા હથિયારને ધારણ કરનારાને જ ઉત્તમ દેવો તરીકે માનવા પડશે.

**પ્રશસ્તરાગ પણ મોહનો વિકાર**

જો કે શાસ્ત્રકારો તો ગુણ કે ગુણી ઉપર ધરાતા રાગને કે અવગુણ ઉપર ધરાતા દ્વેષને પણ મોહના વિકાર તરીકે જ માને છે, અને તેનું પણ તત્ત્વથી છોડવા લાયકપણું જ માને છે, છતાં તેવો ગુણ અને ગુણીનો રાગ તથા અવગુણનો દ્વેષ કર્મની અત્યંત નિર્જરા કરાવનાર હોઈ મોક્ષમાર્ગની કુચકદમ ઝપાટાબંધ નિર્વિઘ્ને કરાવે છે, માટે જ તેને શાસ્ત્રકારો આદરવાલાયક તરીકે ગણે છે, અને તેથી જ અહીં પણ મહારાજા શ્રીપાળ ચારિત્રપદનું આરાધન સાધુધર્મના રાગદ્વારાએ કરે છે એમ શાસ્ત્રકાર જણાવે છે.

**અન્યના ગુણના અંશની પણ અનુમોદના**

આગળ જણાવી ગયા તે પ્રમાણે સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ વિગેરે ગુણોની પ્રાપ્તિ થવી એ ઘણી જ મુશ્કેલ છે, કેમકે તેમાં કર્મનો પ્રવાહ ઘણો જ સૂકવી દેવો પડે છે, ત્યારે જ તે તે ગુણોની પ્રાપ્તિ થાય છે. છતાં એક અપેક્ષાએ એમ કહી શકીએ કે તે તે ગુણોની પ્રાપ્તિ કરતાં પણ અન્યમાં રહેલા ગુણોની અનુમોદના આવી ગુણાનુરાગ ઝળકવો તે ઘણો જ મુશ્કેલ છે. સામાન્ય પણ કહેવત છે કે-ગુણવંત તે ગુણદ્વેષમાં તાણે, અર્થાત્ અન્યજીવોમાં રહેલો નાનો ગુણ હોય તો પણ તેને પર્વત જેવો મોટો કરીને દેખવાની જે સજ્જનની સ્થિતિ છે, અને તેથી જ કહેવાય છે કે परगुणपरमाणु पर्वतीकृत्य नित्यं એટલે સજ્જનો તો હંમેશાં બીજા પુરુષોના અલ્પગુણોને પણ પર્વત જેવા કરીને વર્તનારા હોય છે.

**અન્યનાદોષોની દૃષ્ટિથી થતી હાનિ**

કેટલાક સજ્જન નામધારીઓ તો કાગડા જાનવરના ચાંદાને દેખે, તેવી રીતે કોઈપણ સત્પુરુષની કે ગુણવાળાના ગુણની પ્રશંસા કરીને અપૂર્વ લાભ મેળવવાનો વખત આવ્યો હોય ત્યાં પણ અકર્મીના પડીયા કાણાની માફક ગુણની અનુમોદનાનો લાભ નહિ ઉઠાવતાં દોષને દેખવાની સ્થિતિને આગળ કરીને અછતા દોષો કહેવા દ્વારાએ તે વિદ્યમાન ગુણને ઓળવી દઈ કલંકને દેવાવાળા થવા સાથે પોતાને પ્રાપ્ત થયેલા ગુણોના મહોદ્યાનમાં દાવાનળ મેલે છે, અને ભવિષ્યમાં પ્રાપ્ત થનારા ગુણરૂપી લક્ષ્મીને દંડા મારી હાંકી કાઢે છે.

**દોષોના નામે ધર્મીઓ ગુણ ઢાંકે નહિ**

તત્ત્વ અને શાસ્ત્રકારની અપેક્ષાએ તપાસીએ તો સર્વથા દોષ રહિત હોઈને ગુણવાળા હોવાનું વીતરાગ પરમાત્મા કે સિદ્ધ મહારાજાને અંગે જ હોય, બાકી છદ્મસ્થ જીવોમાં સર્વથા દોષરહિત ગુણો તપાસવા જઈએ તો તેની પ્રાપ્તિ અસંભવિત જ છે. નિર્યુક્તિકાર મહારાજા ભદ્રબાહુસ્વામી પણ શ્રીદશવૈકાલિકની નિર્યુક્તિમાં ઉપબૃંહણા (ગુણપ્રશંસા)ના અધિકારમાં ભરત મહારાજના પહેલા ભવના વૈયાવચ્ચના ગુણને વખાણતી વખતે સ્પષ્ટપણે જણાવે છે કે તેઓ અગીતાર્થ હતા, પણ તે અગીતાર્થપણાના દોષને કે અવગુણને ઉપબૃંહણાના પ્રસંગમાં કોઈ પણ પ્રકારે દાખલ કરવો નહિ.

**ગુણાધિકમાં પ્રમોદનો ખુલાસો**

જો એ વાત ધ્યાનમાં ન રાખીએ તો ગુણાધિક એટલે ગુણવાળા દરેકને અંગે પ્રમોદ ભાવનાનો જે પ્રસંગ શાસ્ત્રકારોએ વર્ણવ્યો છે તે યથાર્થ નહિ રહેતાં સર્વ ગુણવાળામાં જ પ્રમોદ ભાવનાનો પ્રસંગ રહેશે.

**દોષદૃષ્ટિના અભાવે જ ચોથું ગુણઠાણું**

શાસ્ત્રોમાં જે કોઈપણ મુનિઓના એકેક શાંતિ આદિક કારણોને લીધે દૃષ્ટાંત દેવામાં આવેલાં છે તે દોષરહિત ગુણને અંગે તો નહિ જ, કેમકે જો ત્યાં દોષનો સર્વથા અભાવ હોય તો શાંતિ આદિક ગુણોનો મહિમા રહી શકે જ નહિ, પણ કહેવું જોઈએ કે જેમ અવિરતિ સમ્યગ્દૃષ્ટિને માત્ર મિથ્યાદર્શનશલ્ય નામખું

એક જ પાપસ્થાનક ગયેલું હોય છે, અને બાકીના સત્તરે પાપસ્થાનક ગયેલાં ન હોવાથી પ્રવૃત્તિમાં પણ હોય, પણ તેટલા માત્રથી મિથ્યાદર્શનશલ્યરૂપી અઢારમું પાપસ્થાનક જઈને જે સમ્યગ્દર્શનરૂપી ગુણ આત્મામાં ઉત્પન્ન થયેલો છે, તે રૂપ રત્નને શાસ્ત્રકારો હિંસાદિક સત્તર પાપસ્થાનકો ખુલ્લાં છે અગર કરાય છે તે રૂપ કચરામાં રગદોળી દેતા નથી, અને જો એમ કરે અગર આપણે કહેવા માગીએ તો પહેલા અને ચોથા ગુણઠાણામાં કાંઈપણ ફરક રહે નહિ, કેમકે પહેલે ગુણઠાણે રહેલો જેમ હિંસાદિકરૂપી પાપના કચરામાં ખૂંચી ગયેલો છે તેવી રીતે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જીવ માત્ર સમ્યક્ત્વ પામ્યો છે, પણ હિંસાદિક પાપસ્થાનકોથી ખસ્યો નહિ હોવાથી જ તેનું સમ્યક્ત્વ હિંસાદિક દોષમાં રગદોળાઈ જાય, અને જો તેમ રગદોળાય તો અવિરતિ સમ્યગ્દૃષ્ટિપણાની સ્થિતિને ચોથા ગુણસ્થાનક તરીકે ગણાવી શકે જ નહિ. કહેવું જોઈએ કે અવિરતિ સમ્યગ્દૃષ્ટિપણાની સ્થિતિને ગુણસ્થાનક તરીકે ભિન્નપણે જણાવીને શાસ્ત્રકારોએ દોષ દેખવાની સ્થિમિતાં ધન પડદાઓ નાખી દીધા છે.

## ગુણોની પ્રશંસા ન કરવામાં નુકશાન પણ દોષને ન નિંદે તેમાં નહિ

એક વાત એ પણ સમજવાની છે કે અન્ય જીવોના અલ્પગુણોની પણ પ્રશંસા કરવાથી તે પ્રશંસા કરનારો મનુષ્ય પોતાના ગુણોને આડે આવતા કર્મોનો તે પ્રશંસાના પ્રભાવે નાશ કરી ભવિષ્યમાં ગુણોને મેળવનાર થાય, પણ તેના અવગુણો કે દોષોની નિંદા કરવાથી તો કોઈ પણ જાતની નિર્જરા કે તે નિર્જરાને લીધે કોઈપણ જાતનો વર્તમાનનો કે ભવિષ્યનો લાભ તે દોષવાળાની નિંદાથી મેળવી શકે જ નહિ, એટલુંજ નહિ પણ કદાચ દોષરહિતને આપણી દૃષ્ટિએ દોષવાળો ધારીને જો નિંદાના કાર્યમાં ઉતરવામાં આવે, તો તે નિંદા તે સામા પુરુષને કલંક દેનારી જ થાય, અને તેથી તે નિંદા કરનારના આત્માની શી દશા થાય ? કદાચ માની લઈએ કે અમુક વ્યક્તિમાં અમુક દોષો નક્કી જ છે તો પણ તેની નિંદા કરવામાં નિંદા કરનારને કોઈપણ જાતનો લાભ નથી. વળી, ગુણવાન પુરુષના આત્મામાં રહેલા ગુણોની પ્રશંસા નહિ કરવામાં અનુપબૃંહણા નામનો દોષ અને કથંચિત્ અસ્થિરીકરણનો દોષ પણ લાગે, અને અવાત્સલ્યનો દોષ તો બેઠેલો જ છે. અર્થાત લોકોત્તર ગુણવાનની પ્રશંસા દોષને બહાને નહિ કરવામાં તો ઉપર જણાવેલા ત્રણ દોષો જરૂર લાગે, પણ દોષોવાળાના દોષ નહિ કહેવામાં કોઈપણ જાતનો અંશે પણ દોષ કહી શકાય નહિ.

## અન્ય દોષ અને દોષીઓને પણ નિંદવાથી સમિતિ ને મહાવ્રતમાં ખામી

સાધુઓની ભાષાસમિતિમાં પણ અને બીજા મૃષાવાદવિરમણ મહાવ્રતમાં પણ એવા જ વચનને શાસ્ત્રકારોએ અવકાશ આપ્યો છે, કે જે વચન જુઠું હોય નહિ, પણ સત્ય હોય તેટલું બધું બોલી જ દેવું જોઈએ એવો ભાષાસમિતિ કે બીજા મહાવ્રતમાં નિયમ છે જ નહિ, અર્થાત્ બોલવું તે સાચું બોલવું એ ધર્મપ્રેમી અને ધર્મઆચરવાવાળાનું કર્તવ્ય ગણાય, પણ સાચું હોય એટલા માત્રથી વગર ફાયદાનું અને નુકશાન કરનારું પણ બોલી જ દેવું એવો નિયમ સમિતિ કે બીજા મહાવ્રતને અંગે નથી, પણ તે તો દુર્જનતાની પરાકાષ્ઠાને અંગે જ છે. શ્રી દશવૈકાલિક વિગેરે સૂત્રોમાં શિષ્યને શિખામણના કે તત્ત્વનિરૂપણની જરૂરીયાતના પ્રસંગને છોડીને કુશીલિયાની નિંદા કરવાનો પણ નિષેધ સ્પષ્ટ અક્ષરોમાં કહેલો જણાય છે. તો જ્યારે કુશીલિયા સરખાની નિંદા કરવાનો શાસ્ત્રકારોએ નિષેધ કર્યો તો તેથી સ્પષ્ટ થયું કે નિર્ગુણ, અલ્પદોષી કે મહાદોષી કોઈની પણ નિંદા કરવાનો હક કોઈને પણ શાસ્ત્રદૃષ્ટિએ કે સજ્જની દૃષ્ટિએ મળી શકેજ નહિ.

## કૃષ્ણ મહારાજની ગુણદ્રષ્ટિ

શાસ્ત્રોથી સાંભળીએ છીએ કે કૃષ્ણ મહારાજા ઉત્તમ પુરુષ હોઈને હજારો દોષોમાં પણ છુપાયેલા

ગુણને ગુણ તરીકે પારખી કાઢી તેની પ્રશંસા કરતા હતા, પરંતુ કોઈપણ કાળે કોઈના પણ દોષોને તે ગ્રહણ કરતા ન હતા. આ તેમની આદતની પ્રશંસા શક્રમહારાજે દેવસભામાં કરી, અને તેની શ્રદ્ધા નહિ કરતા કોઈક દેવતાએ પરીક્ષા માટે દાંતની નિર્મળતા છતાં પણ સર્વ અંગે દોષોએ ભરેલો કૂતરો વિકુર્વ્યો, અને તે કૂતરો એવો તો દુર્ગંધી વિકુર્વ્યો, કે જેની દુર્ગંધના જોરે કૃષ્ણ મહારાજનું આખું લશ્કર તે કૂતરાની દુર્ગંધને લીધે રસ્તો છોડીને અવટ રસ્તે ચાલવા માંડ્યું. તે જ પ્રસંગે કૃષ્ણમહારાજ ગુણગ્રાહી હોવાથી લશ્કરની પેઠે કૂતરાની ગંધથી માર્ગ છોડ્યો જ નહિ એટલું જ નહિ, પણ તે કૂતરાની પાસે આવ્યા, અને તેના બધા દોષોની ઉપેક્ષા કરી કેવળ નિર્મળ દાંતના ગુણો જાહેર કર્યા, કે જેથી તે પરીક્ષા કરવા આવેલા દેવતાને શક્રમહારાજનું વચન સાચું માનવું પડ્યું, અને તે પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા કૃષ્ણ મહારાજને વરદાનમાં અશિવ ઉપદ્રવને શમાવવાવાળી ભેરી આપવાનો પ્રસંગ આવ્યો. આ ઉપરથી દરેક ધર્મપ્રેમીઓએ દોષીના દોષોની ઉપેક્ષા કરવી અને અલ્પ પણ ગુણની પ્રશંસા કરવી તે જ જરૂરી છે એમ સ્પષ્ટ સમજાશે. જો કે દોષની નિંદા કરવી તેને પ્રશસ્તદ્વેષ તરીકે આગળ જણાવેલો છે, પણ તે દ્વેષ નિંદા કરનારના આત્માની અંદર રહેલા દોષોની નિંદાને અંગે જ સમજવો, પણ અન્ય વ્યક્તિના નામે તેના દોષો કહેવા કે તેની નિંદા કરવી તે પ્રશસ્તદ્વેષ કહેવાય જ નહિ.

### ગુણપ્રશંસાને અભાવે ગચ્છપતિને નુકશાન

શાસ્ત્રોમાં સાંભળીએ છીએ કે સમર્થ એવા એક ગચ્છાધિપતિએ અન્યમતના વાદીની સાથે વાદ કરી જય મેળવી આવેલા પોતાના શિષ્યના ગુણની પ્રશંસા ન કરી તેમાં તેઓને ભયંકર વિપત્તિઓમાં સપડાવું પડ્યું. અર્થાત્ ગુણીના ગુણોની પ્રશંસા કરવી એ ફરજીયાત છે, એમ સ્પષ્ટપણે સમજી શકાશે, પણ જેવી રીતે તે આચાર્યે પોતાના શિષ્યના ગુણની પ્રશંસા ન કરી, તેથી પોતાના આત્માને ભયંકર આપત્તિમાં મેલ્યો, તેવી રીતે કોઈ પણ ગચ્છાધિપતિ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કે શ્રાવકે બીજી વ્યક્તિના દોષોની નિંદા ન કરી, તેમાં એક અંશે પણ આપત્તિ કોઈપણ શાસ્ત્રમાં કોઈપણ સ્થાને જણાવવામાં આવેલી નથી, અને તેથી ધર્મપ્રેમીઓએ શાસ્ત્રકારના જણાવ્યા પ્રમાણે પોતાના આત્માની નિંદા કરવી તે જ જરૂરી છે. જ્યારે ગુણની પ્રશંસા એ જરૂરી વિષય છે તો પછી પોતાના આત્માના ગુણોનું આચ્છાદન કરી અન્યના ગુણોની પ્રશંસા કરવી એ જ સજ્જનોનું કર્તવ્ય છે.

### ઉચ્ચ ગોત્રને બાંધવાનો રસ્તો પરગુણ પ્રશંસા ને દોષાચ્છાદન

તત્ત્વાર્થ સૂત્રકાર પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે તેઓ જ ઉચ્ચગોત્ર બાંધી શકે કે જેઓ અન્યની પ્રશંસા કરે અને પોતાની નિંદા કરે, તથા પોતાના છતા ગુણો પણ ઢાંકે અને બીજાના ઉપચારથી આવી શકે એવા અસદ્‌ગુણોની પણ પ્રશંસા કરે. પોતાના દોષો જાહેર કરે ને બીજાના ઢાંકે પણ જેઓ તેનાથી વિરુદ્ધપણે એટલે પરની નિંદા અને આત્માની પ્રશંસા, પોતાના છતા દોષોને ઢાંકવા અને બીજાના અછતા દોષો ગાવા એ નીચગોત્ર બાંધવાનું જ કારણ છે. આ બધી વસ્તુસ્થિતિને સમજનારો સામાન્ય મનુષ્ય પણ ઉત્કૃષ્ટ એવા અને આખા ભવચક્રમાં આઠ જ ભવ મળી શકે એવા સાધુધર્મ ઉપર કેમ રાગ ન ધારે? અને તેથી જ મહારાજા શ્રીપાળજી ગુણાનુરાગીની લાઈનમાં દાખલ થઈ હંમેશાં સાધુધર્મના રાગ દ્વારાએ ચારિત્રપદને આરાધન કરે છે.

## મનની સુન્દરતા અને સ્થિરતાનું ફળ

ઉપર જણાવ્યા પ્રમાણે અરિહંત મહારાજા વિગેરે આઠે પદની આરાધના જે રીતે મહારાજા શ્રીપાળજીએ કરી, તે સામાન્ય રીતે જોઈ ગયા, પણ તે આઠે પદની આરાધનામાં મનની સુંદર દશા થવી એ પહેલે નંબરે જરૂરી છે, તેમજ મોક્ષે જવાવાળા મનુષ્યોને પણ મનની સુંદરતાની અનિવાર્ય જરૂર છે, માટે મનની શુદ્ધિને આરાધન કરનારાઓએ અવશ્ય આદરવી જોઈએ, અને મોક્ષે જનારા દરેકે મનની શુદ્ધિ જરૂર આદરેલી જ છે. મનની શુદ્ધિ એ જ નિકાચિત કર્મને તોડનારી વસ્તુ છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણ મોક્ષમાર્ગ હોઈ નિર્જરાનું સાધન છે, પણ અનિકાચિત કર્મો જ તેનાથી તૂટે છે. નિકાચિત કર્મોને તોડવાનું સામર્થ્ય મનની સુંદરતા સિવાય બીજા કોઈમાં છે જ નહિ. આ વસ્તુ વિચારતાં જરૂર એમ કહેવું પડશે કે મનની સુંદરતા એ જ મોક્ષની જડ છે, અને તેથીજ કેટલીક જગા પર કહેવામાં આવે છે કે **मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः। मोक्षमार्गस्य दीपिका एकैव मनसः शुद्धिः॥** અર્થાત્ એકલી મોક્ષની શુદ્ધિ તે જ મોક્ષમાર્ગની દીવી છે. વસ્તુતઃ ક્રોડાક્રોડ સાગરોપમોનાં બાંધેલાં કર્મોમાં જે જે કર્મો અનિકાચિત હોય, તે ભક્તિદ્વારાએ, જપદ્વારાએ કે તેવાં બીજાં ધાર્મિક અનુષ્ઠાનોદ્વારાએ તૂટી શકે. અર્થાત્ તે તે અનુષ્ઠાનોથી તે તે કર્મોનો ઉપક્રમ થઈ તે તે કર્મો જલદી ભોગવાઈને તૂટી જાય, પણ જે કર્મો નિકાચિત હોય તેનો ઉપક્રમ બીજા કોઈ ભક્તિ આદિ કાર્યદ્વારાએ થઈ શકતો નથી, પણ માત્ર મનની સુંદરતાનું સ્થૈર્યપણું તે જ તે નિકાચિત કર્મોને તોડી શકે છે, અર્થાત્ કહેવું જોઈએ કે જીવે ધર્મની પ્રાપ્તિ કરવા પહેલાં બાંધેલાં અનેક ભવોનાં નિકાચિત કર્મો જે વિષય, કષાય, આરંભ, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષની અત્યંત તીવ્ર પરિણતિએ બાંધેલાં છે, તેનો ક્ષય જો આ મનની સુંદરતાના સ્થૈર્યથી ન કરી શકાય તો મોક્ષ થઈ શકે જ નહિ, કારણ કે કર્મોનો સર્વથા ક્ષય થાય તો જ મોક્ષ થઈ શકે, અને નિકાચિત કર્મો હોય ત્યાં સુધી તો મોક્ષ થવાનો સંભવ જ ક્યાંથી હોય ? એટલું જ નહિ પણ મનની સુંદરતાની સ્થિરતાદ્વારાએ જો નિકાચિત કર્મોનો ક્ષય ન થાય, અને ક્રમસર જ જો તે નિકાચિત કર્મો ભોગવવાં પડે તો તે નિકાચિત કર્મો ભોગવતી વખત બહુલતાએ પરિણામની અશુદ્ધિ તીવ્ર રહેવાથી ફેર નિકાચિત કર્મોનો બંધ થાય, અને તેવી રીતે નિકાચિતની પરંપરા ચાલતાં, મોક્ષ તો શું ? પણ મોક્ષના માર્ગની પ્રાપ્તિ પણ મુશ્કેલ થઈ જાય, માટે મોક્ષની સાધનાને અંગે નિકાચિત કર્મોને ક્ષય કરનારી વસ્તુ માનવી જ જોઈએ, અને તેમાં પણ કર્મનું નિકાચિતપણું થવું, વચન કે કાયાના યોગના પ્રભાવે થઈ શકતું નથી, પણ મનના યોગના પ્રભાવે જ થાય છે, તેથી જ તેને તોડવા માટે પણ મનની સુંદરતાની સ્થિરતાની જ જરૂર રહે, અને તે મનની સુંદરતાની સ્થિરતા તેનું જ નામ ધ્યાન, અને તે ધ્યાન બાર જાતના તપમાં છ પ્રકારનો જે અભ્યંતર તપ તેનો એક ભેદ છે. તેથી તે તપપદની કેટલી જરૂર છે તે સહેજે સમજાશે.

## મનની સુંદરતા ને સ્થિરતાના ઉપાયો ને તેમાં તપનું સ્થાન

વળી મનની સ્થિર સુંદરતા મેળવવામાં જો કોઈપણ બાધા કરનાર હોય તો તે માત્ર ઇંદ્રિયના વિષયો જ છે, કેમકે મનનું કામ સ્વતંત્રપણે કોઈ દિવસ પણ ચાલતું નથી. તે મન તો માત્ર ઇંદ્રિયોએ અનુભવેલા વિષયોમાં જ રાચવું, માચવું તેના સંકલ્પો કરવા અને તેની પ્રાપ્તિને માટે ઇંદ્રિયોએ અનુભવેલા કે જાણેલા પાપોને કરવા, કરાવવા તૈયાર થવું તે જ મનનું કામ છે, તેથી મનની સ્થિર સુંદરતાને રાખવાની જેને ઇચ્છા

હોય તે મનુષ્યે ઈંદ્રિયોને બહેકાવનાર માર્ગથી જરૂર દૂર રહેવું જોઈએ. જો કે બાહ્ય સંજોગોને બહેકાવનારા વિષયો છે, પણ જો મનની સુંદરતા રહી શકે તો તે બાહ્ય સંયોગો ઈંદ્રિયોને બહેકાવીને મનને બગાડી શકતા નથી, તેથી તે મનને નહિ બગડવા દેવા માટે ઈંદ્રિયોના પોષક પદાર્થો ઉપર કાબૂ મેળવવો જ જોઈએ, અને જો તે ઈંદ્રિયોના પોષક પદાર્થો ઉપર કાબુ મેળવવામાં આવે, તો ઈંદ્રિયોના વિકારોનો જન્મ પામી શકે જ નહિ અને ઈંદ્રિયોની ઉન્મતતા ન થાય તો મનની ઉન્મતતા થતી નથી, તેમજ પ્રથમ કથંચિત્ થએલી મનની ઉન્મતતા આપોઆપ નાશ પામે છે, તેથી મનની સુંદરતા ઈચ્છનારે ઈંદ્રિયોના વિકારો રોકવા અને ઈંદ્રિયોના વિકારોને રોકવાની ઈચ્છાવાળાએ ઈંદ્રિયોના પોષક તત્ત્વોને દૂર કરવા માટે કે ઓછા કરવા માટે અનશનઆદિક તપસ્યા આદરવી જ જોઈએ, અને તેથી નવમે પદે તપની આરાધના શ્રી શ્રીપાળ મહારાજા કેવી કરે છે તે જોઈએ :-

आसंसाइविरहिअं बाहिरब्भिंतरं तवोकम्मं ।
जहसत्तीइ कुणंतो सुद्धतवाराहणं कुणइ ॥११७८॥

## આશંસાદિ છોડવાની આવશ્યકતા

સામાન્ય રીતે સામાન્ય બુદ્ધિવાળા જનો નમોતવસ્સની જપમાળાઓ ગણીને તપપદનું આરાધન કર્યું છે એમ માનીને કૃતાર્થ થાય છે. વધારેમાં નવપદજીની ઓળી કરી તપપદના આયંબિલોથી પોતાને કૃતાર્થ માને છે, તેઓએ આ શ્રીપાળ મહારાજના તપપદની રીતિ ધ્યાનમાં લેવી. જગતમાં ચોર, ધાડપાડુ વિગેરેનો બંદોબસ્ત કરીને જ ધનનું રક્ષણ કરી ભોગવટો કરાય છે, તેવી રીતે જે બાહ્ય, અભ્યંતર બે પ્રકારનું થઈને બાર પ્રકારનું તપ છે, તેને અંગે ચોર કહો, ધાડપાડુ કહો કે લૂંટારા કહો તે બીજા કોઈ જ નહિ પણ પૌદ્ગલિક વસ્તુની આકાંક્ષા વિગેરે છે. આ ભવ કે આવતા ભવમાં તપના પ્રભાવે કે ધર્મના પ્રભાવે પૌદ્ગલિક વસ્તુની જે ઈચ્છા કરવી તે આશંસા કહેવાય, અને તે જ ઈચ્છા જો અસાધારણ રૂપ પકડે તો તે નિયાણારૂપ થઈ જાય છે, અને તે આશંસા અને નિયાણું, તપના સાધ્યરૂપ મોક્ષને દૂર ને દૂર ફેંકી દે છે, માટે મોક્ષની ઈચ્છાવાળાએ તપ કરતાં આશંસા, નિયાણું, અવિધિ, અપરિણામ વિગેરે તપના દોષો છોડવા જોઈએ. એવી રીતે નિરાશપણું મોક્ષસાધનને અંગે અગ્રપદપણું ભોગવતું હોવાથી આચાર્ય શ્રી રત્નશેખરસૂરિ મહારાજે તપપદના આરાધનમાં તપના ભેદો જણાવતાં પહેલાં આશંસાદિ દોષરહિતપણે તપ કરવાથી જ તપનું આરાધન થાય છે એમ જણાવ્યું. મહારાજા શ્રીપાળ તપપદનું આરાધન કરતાં અનશન આદિક છ બાહ્ય પ્રકારના તપ અને પ્રાયશ્ચિત આદિ છ અભ્યંતર પ્રકારના તપને નિરાશંસપણે આદરતાં તપપદની આરાધનામાં પ્રવૃત્ત થયેલા છે. અનશનાદિ છ બાહ્યભેદો અને પ્રાયશ્ચિત આદિ છ અભ્યંતર ભેદોને આ નિબંધની શરૂઆતમાં કાંઈક જણાવેલા હોઈ તેનું વિવેચન લખવું ઉચિત ધાર્યું નથી. છતાં વિસ્તારને દેખવાની ઈચ્છાવાળાએ શ્રી ભગવતીસૂત્રનું પચીસમું શતક, ઔપપાતિક નામનું ઉપાંગ વિગેરે શાસ્ત્ર દેખવાં જરૂરી છે.

## તપ કરવાની આવશ્યકતા સ્વીકારવા છતાં તેમાં સ્યાદ્વાદને સ્થાન

આ બાર પ્રકારના તપમાં કેટલાક જીવો શાસ્ત્રમાં કહેલ सोहु तवो कायव्वो जेण न मणोमंगुलं न चिन्तेइ जेण न इन्द्रियहाणि जेण य जोगा न हायन्ति અર્થાત્ જે તપથી મન, ધર્મ, ધર્મી અને પચ્ચક્ખાણ આદિક ઉપર દ્વેષયુક્ત મનવાળો ન થાય. વળી જે તપથી ચક્ષુ આદિ ઈંદ્રિયોને ન નિવારી શકાય તેવું નુકશાન ન થાય અને જે તપ કરતાં સંયમના યોગો ભવિષ્યને માટે નાશ ન પામે, તેવું જ તપ કરવું જોઈએ. આવી રીતે શાસ્ત્રકારોએ નિરૂપણ કરેલું છતાં જેઓ શક્તિનો

વિચાર ન કરતાં તપસ્યાઓ કરે છે, અથવા તો જે પંચાગ્નિતપ વિગેરેની આતાપના કરી મન વિગેરેની ચાહે જે સ્થિતિ થાય તો પણ તપની કર્તવ્યતા માની તપને પોતાની અપંગદશા થાય ત્યાં સુધી પણ તપને વળગી થોડા લાભે ઘણું હારવાનું કરે છે, તેવી રીતે મહારાજા શ્રીપાળ તપનું આરાધન કરતા ન હતા, પણ તેઓ તો શક્તિ પ્રમાણે જ તપ કરી તપપદનું આરાધન કરતા હતા.

આવી રીતે શ્રીપાળ મહારાજે નવે પદનું આરાધન, તપસ્યા અને જિનઆદિકની ભક્તિપૂર્વક કર્યું અને તે સાડી ચાર વર્ષ સુધી આરાધન કર્યા પછી તેનું ઉજમણું કરવા માંડ્યું, તેનો પ્રસંગ શી રીતે આવ્યો અને તેમણે ઉજમણું શી રીતે કર્યું એ વિગેરે વર્ણન કરવું જરૂરી હોવાથી તે સંબંધમાં કંઈક કહીશું.

## નવપદોના આરાધનાની પૂર્ણતા સુધી શ્રીસિદ્ધચક્રનું જરૂરી પૂજન ને ભક્તિ

મહારાજા શ્રીપાળ દ્રવ્ય અને ભાવ બંને પ્રકારની ભક્તિથી નવપદોનું આરાધન કરતાં હંમેશાં સિદ્ધચક્રની પૂજા કરતા હતા, તે વાત આચાર્ય મહારાજ શ્રી રત્નશેખરસૂરિજી નીચેની ગાથાથી જણાવે છે:

एमेयाइं उत्तमपयाइं सो दव्वभावभत्तीए ।
आराहंतो सिरिसिद्धचक्कमच्चेइ निच्चंपि ॥११७९॥

અર્થાત્ જગતમાં ઉત્તમોત્તમ એવાં એ નવ પદોને દ્રવ્ય અને ભાવભક્તિથી આરાધન કરતા શ્રીપાળ મહારાજા હંમેશાં પણ સિદ્ધચક્રનું પૂજન કરતા હતા. આ ઉપરથી આપણે સમજી શકીશું કે નવપદનું આરાધન કરનારે એકલા જાપમાં કે આંબેલની તપસ્યામાં આરાધનાનું સંપૂર્ણપણું સમજવું જોઈએ નહિ, પણ તે નવે પદોની દ્રવ્યથી અને ભાવથી બંને પ્રકારે ભક્તિ કરવી તે આરાધના કરનારની ફરજ છે.

## આરાધ્યની દ્રવ્ય આરાધનાની અશક્તિની વ્યાપકતા

જો કે નવપદોની સંપૂર્ણ આરાધના કરવાની શક્તિ તો સામાન્ય મનુષ્યને તો શું પણ દેવેન્દ્રોને પણ હોતી નથી. એક મહાવીર મહારાજ ભગવાનરૂપી નવપદમાંના એક પદ અને તે એક પદની સમષ્ટિમાંની એક વ્યક્તિ, તેમના ફક્ત વંદનને માટે દશાર્ણભદ્ર મહારાજાએ કરેલો પોતાના આખા રાજ્યની ઋદ્ધિનો ઉપયોગ કરીને કરેલો વંદનમહોત્સવ તે પણ અપૂર્ણ જ ગણાયો, પણ બની શકે એવા પ્રકારોમાં પણ આરાધના કરનારો ખામી રાખે તો તેની આરાધનાને શોભતું નથી, માટે જેમ શ્રીપાળ મહારાજે દ્રવ્ય અને ભાવ બંને પ્રકારની ભક્તિથી એ ઉત્તમોત્તમ પદોનું આરાધન કર્યું, તેવી રીતે અન્ય ભવ્યાત્માઓએ પણ શ્રીનવપદને આરાધન કરવાની ઈચ્છા ધારણ કરી દ્રવ્ય અને ભાવ એ બંને પ્રકારની ભક્તિદ્વારા એ જ આરાધન કરવું જોઈએ અને તે તે દ્રવ્ય અને ભાવની ભક્તિદ્વારા એ આરાધન કરતાં શ્રી સિદ્ધચક્ર મહારાજનું યંત્ર આકારે જે સ્થાપન છે, તેનું પૂજન કરવું જ જોઈએ. તે સિદ્ધચક્ર મહારાજનું પૂજન અને દ્રવ્ય અને ભાવભક્તિથી આરાધના કેવળ ઓળીજીના દિવસમાં જ નિયમિત થવી જોઈએ તેમ નહિ. એ વાતને સમજવા માટે ગ્રંથકારે કહેલો निच्चंपि શબ્દ વાચકોએ ખ્યાલમાં લેવો. વળી આવી રીતે શ્રી સિદ્ધચક્ર મહારાજનું દ્રવ્ય, ભાવ ભક્તિ દ્વારાએ આરાધના કરવાપૂર્વકનું પૂજન કરતાં શ્રી શ્રીપાળ મહારાજને સાડા ચાર વર્ષ થયાં ત્યારે તે તપ પૂરું થયું ગણાયું એ વાત નીચેની ગાથાથી સમજાશે.

एवं सिरिपालनिवस्स सिद्धचक्कच्चणं कुणंतस्स ।
अधपंचमवरिसोहिं जा पुन्नं तं तवोकम्मं ॥११८०॥

એટલે સાડા ચાર વર્ષ સુધી લાગલગાટ સિદ્ધચક્રની પૂજા, ભક્તિ સાડાચાર વર્ષ સુધી કરી

અર્થાત્ છ છ મહિને ઓળી આવવાથી નવ ઓળી કરવામાં જો કે ચાર વર્ષ જ થાય, પણ છેલ્લી ઓળી ચાર વર્ષથી આગળની મુદતમાં હોવાથી તેને પાંચમા વર્ષનો ભાગ ગણી સાડા ચાર ગણે, અગર છેલ્લી ઓળી કર્યા પછી પણ દશમી ઓળીનો ટાઈમ ન આવે ત્યાં સુધી તે પહેલી ઓળી એટલે નવમી ઓળીને અંગે શરૂ કરેલું નવપદનું આરાધન અને પૂજન ચાલુ રહે તેથી સાડા ચાર વર્ષ બરોબર ગણવાં તે ગેરવ્યાજબી નથી. આવી રીતે સાડા ચાર વર્ષે તપ પૂરા કર્યા પછી ઉજમણાનો પ્રસંગ કેવી રીતે કરે છે તે જોઈએ.

### ઉદ્યાપન-ઉજમણાનો પ્રસંગ અને તેનાં સાધનો

तत्तो रन्ना निअरज्जलच्छिवित्थारगरुअसत्तीए ।
गुरूभत्तीए कारिउमारद्धं तस्स उज्जमणं ॥११८१॥

એવી રીતે તપ પૂર્ણ થાય પછી મહારાજા શ્રીપાળજીએ પોતાના રાજ્ય અને લક્ષ્મીના વિસ્તાર પ્રમાણે અત્યંત શક્તિને શોભે તેવી રીતે અપૂર્વ ભક્તિથી તે નવપદનું ઉજમણું કરાવવું શરૂ કર્યું. તે ઉજમણાનો વધારે વિસ્તાર નહિ કહેતાં ટુંકાણમાં જણાવીશું.

### શ્રી નવપદના ઉજમણામાં શ્રી શ્રીપાળે કરેલી ભક્તિ

મોટા જિનઘરની અંદર ત્રણ વેદિકાવાળી, જેનું તળિયું સફેદ છે અને નવા નવા રંગોથી જેમાં ચિત્રામણો બનાવવામાં આવેલાં છે, એવી મોટી પીઠિકા કરી તેની ઉપર મંત્રથી પવિત્ર કરેલા પાંચે રંગના ચોખા વિગેરે ધાન્યથી ચિત્તને આશ્ચર્ય કરે એવું સંપૂર્ણ સિદ્ધચક્રનું માંડલું કર્યું, ને સિદ્ધચક્રના માંડલામાં સામાન્યથી અરિહંતાદિ નવે પદોમાં ઘી અને ખાંડથી ભરેલા નાળિયેરના નવ ગોળા સ્થાપન થાય છે, પણ તે શ્રીપાળ મહારાજ કે જેઓ શ્રેષ્ઠ વિવેકને ધારણ કરનારા હતા, તેમણે તે બધા ગોળા વિશેષ સહિત સ્થાપન કર્યા. અરિહંત મહારાજના સફેદપદમાં ચંદન અને કપૂરના લેપ કરીને સફેદ એવા આઠ કર્કેતન રત્નો અને ચોત્રીસ હીરા, આઠ પ્રાતિહાર્ય અને ચોત્રીસ અતિશયને જણાવનારા ગોઠવીને નાળિયેરનો ગોળો મેલ્યો એવી રીતે સિદ્ધભગવાનના લાલપદમાં નવા રંગવાળા કેસરથી જેનો લેપ કરેલો છે એવો મોટો ગોળો એકત્રીસ પ્રવાલ કે જે સિદ્ધના અદેહપણાદિ એકત્રીસ ગુણોને સૂચવનાર તથા આઠ માણિક્ય કે જે આત્માના કેવળજ્ઞાન આદિ આઠ ગુણોને સૂચવનાર તે સહિત સ્થાપન કર્યા. પીળા વર્ણવાળા આચાર્યપદમાં પાંચ આચારને જણાવનાર પાંચ ગોમેદરત્ન સહિત અને છત્રીસ છત્રીસી (૧૨૯૬) ને જણાવનાર છત્રીસ સોનાનાં પુષ્પો સહિત ચંદનથી લેપેલો ગોળો સ્થાપન કર્યો, તેવી રીતે ચોથા લીલા એવા ઉપાધ્યાયપદમાં અહિલતાના પાંદડાંઓથી લીલોછમ બનેલો ગોળો ચોથા પરમેષ્ઠી તરીકે કે ચાર અનુયોગનાં સૂત્રો બનાવનાર તરીકેના ગુણોને સૂચવનાર ચાર ઈંદ્રની લડતનો અને પચીસ ગુણોને સૂચવનાર પચવીસ મકરત રત્નો સહિત સ્થાપન કર્યો. શ્યામ એવા પાંચમા સાધુપદની અંદર પાંચ મહાવ્રતને જણાવવા માટે પાંચ રાજપટ્ટ રત્નો અને સાધુના સત્તાવીસ ગુણો જણાવવા માટે સત્તાવીસ રિષ્ઠરત્નો સાથે કસ્તુરીથી લેપેલો ગોળો ભક્તિથી સ્થાપન કર્યો. બાકીના ચાર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને તપરૂપી સફેદ પદોમાં સફેદ ચંદને લેપેલા અને સડસઠ, એકાવન, સિત્તેર, અને પચાસ મોતીઓએ સહિત જુદા જુદા પદે જુદા જુદા ગોળા અનુક્રમે સ્થાપન કર્યા. આ બધી હકીકત નીચેની ગાથાઓથી સ્પષ્ટ થશે :-

कत्थवि विच्छिन्ने जिणहरंमि काउं निवेइअं पीढं ।
विच्छिण्णं वरकुट्टिमधवलं नवरंग कायचित्तं ॥११८२॥
सालिपमुहेहि धन्नेहि पंचवन्नेहिं मंतपूएहिं ।
रइऊण सिद्धचक्कं संपुन्नं चित्तचुजकरं ॥११८३॥

तत्थ य अरिहंताइसु नवसु पएसु ससप्पिखंडाइं ।
नालियरगोलयाइं सामन्नेणं ठविज्जंति ॥११८४॥
तेण पुणो नखइणा मयणासहिएण वरविवेएण ।
ताइंपि गोलयाइं विसेससहियाइं ठवियाइं ॥११८५॥
जहा-अरिहंतपए धवले चंदणकप्पूरलेवसिअवन्नं ।
अडकक्कअणचउतीसहीरयं गोलयं ठविअं ॥११८६॥
सिद्धपए पुण रत्ते इगतीसपवालमट्ठमाणिक्कं ।
नवरंगधुसिणविहिअप्पलेवगुरुगोलयं ठविअं ॥११८७॥
कणयामे सूरिपए गोलं गोमेअपंचरयणजुअं ।
छत्तीसकणयकुसुमं चंदणघुसिणंकियं ठविअं ॥११८८॥
उज्झायपए नीले अहिलयदलनीलगोलयं ठविअं ।
चउरिंदनीलकलिअं मरगयपणवीसपयगजुअं ॥११८९॥
साहुपए पुण सामे समयमयं पंचरायपट्टकं ।
मगवीसइरिट्ठमणिं भत्तीए गोलयं ठविअं ॥११९०॥
सेसेसु सिअपएसुं चंदणसिअगोलए ठवइ राया ।
मगसट्ठिगवन्नसयरिपन्नमुत्ताहलसमेए ॥११९१॥

## સમવસરણાદિની રચનાથી આશાતના કહેનારાઓને

આ ગાથાઓનો અર્થ ઉપર આવી ગયેલો છે, તેથી ફરી લખવાની જરૂર જોઈ નથી, પણ આ ગાથાઓ ઉપરથી સમોવસરણના પ્રતિકૃતિરૂપ ત્રિવેદિકાવાળા પીઠની રચના કરવાનું જણાવ્યું છે તે ઉપરથી તથા ધાન્યદ્વારા એ નવપદનાં મંડળો રચવાનાં જણાવ્યાં છે તે પણ અસ્થિર અને ભાંગવાવાળાં હોવાથી જેઓ કેટલાક ઉજમણા અને મહોત્સવાના વતી તીર્થની રચનાને ભાંગવાના ભયથી નહિ કરવાને લાયક એ આશાતનાનું કારણ જણાવે છે, તેવા સમયધર્મીઓએ સ્વચ્છંદ કલ્પનાને છોડવાની જરૂર છે. જો બારીક દૃષ્ટિથી તપાસીએ તો જેટલી મૂર્તિઓ તથા મંદિરો કરવામાં આવે છે. તે કાળાંતરે તો ભાંગી જવાનાં જ છે. તથી તે મંદિર અને મૂર્તિના કરનારાઓની ભક્તિ સમય ધર્મની અપેક્ષાએ તો શૂન્યમાં જ પરિણમે, ખરી રીતિએ તો સમયધર્મીને ઉજમણાં, ઓચ્છવ, ઉપધાન વિગેરે ધર્મક્રિયાઓ જ ખટકે છે.

## સમયધર્મીઓ દહેરાં કેમ રાખે છે અને પૂજા વગેરે કેમ કરે છે ?

તેઓ કેટલીક વખત પોતાની સંસ્થાઓમાં મંદિરો રાખે છે અને પૂજા વિગેરેની પદ્ધતિ પ્રવર્તાવે છે તે કેટલાકના કહેવા પ્રમાણે તો એક અંશે પણ ત્રિલોકનાથ તીર્થંકરની ભક્તિ માટે નથી કે આત્મઉદ્ધાર માટે નથી. તે બધો આડંબર તો શૂન્ય મને કે કમને ધર્મપ્રેમીઓને ધૂતવા માટે જ તે સમયધર્મીઓ કરે છે. કેટલીક વખતે ધર્મપ્રેમીઓ પણ અક્કલના આંધળા અને ગાંઠના પૂરા બની મૂર્ખ બને છે, અને સમયધર્મીઓ તે ધર્મપ્રેમીઓને ધર્મઘેલાના નામથી કે ધર્મની ઘેલછાવાળા તરીકે ઓળખાવે છે, છતાં ધર્મપ્રેમીઓ તેવા સમયધર્મીઓથી સાવચેત થતા નથી, ધ્યાન રાખવું કે સમયધર્મીનો ઉદ્દેશ આરંભ પરિગ્રહવાળા અને આરંભપરિગ્રહને જ પોષવાનો છે, અને શાસ્ત્રને અનુસરનારા કેટલાક ધર્મપ્રેમીઓ તે સમયધર્મીઓનો સડો સારી પેઠે સમજી શક્યા છે, અને તેથી જ જાહેર પોકાર કર્યા સિવાય સમયધર્મીઓનો નાણાં અને આદર વિગેરેથી થતો સત્કાર બંધ કરેલો છે. જો કે જગતમાં ચોર, વેશ્યા, જુગારી જેવા વર્ગો પણ ભૂખે મરતા નથી. તેઓને પણ બાપની પુંજીથી પુંજીપતિ થયેલા કે પાપાનુબંધી ઋદ્ધિથી શ્રીમંતાઈમાં ગણાવા લાગેલા મળી રહે છે, તો પછી ધર્મના ઉદયને નામે સમયધર્મનું ધતિંગ ચલાવવાવાળાને અવિરતિ અને આરંભ પરિગ્રહના પોષકો મળી રહે તેમાં કાંઈ આશ્ચર્ય નથી, પણ એટલી વાત તો ચોક્કસ છે કે સમયધર્મીઓનું જીવન સહેલ સપાટામાં સળગેલું હોવાથી તેને તે પરોપકારને માટે ખર્ચવું મુશ્કેલ પડે છે. એ તો ધર્મપ્રેમીઓ જ સાધર્મિક ભક્તિ અને અનુકંપાદાનને ધર્મ તરીકે ગણતા હોવાથી અને ધર્મને પોતાના જીવનના સાર તરીકે ગણતા હોવાથી સહેલમાં ખર્ચવું એ દુર્ગતિ દેનાર છે એમ

માની દાનધર્મને બજાવવા ઉદારતા દાખવી શકે, પણ સમયધર્મીઓથી એમાંનું કંઈ પણ બનતું નથી. જો સમયધર્મીઓ પોતાના મુદ્દા પ્રમાણે પણ ધર્મપ્રેમીઓની દરકાર રાખ્યા સિવાય પોતાની સહેલના નાણાં બચાવી, તથા લોભનો અંશ દૂર કરી સંસ્થાઓને સદ્ધર કરવા માગે તો તેમને ધર્મપ્રેમીઓ તરફથી બંધ થયેલા દાનપ્રવાહને અંગે ચીઢાવું પડે નહિ, પણ જગતમાં કહેવત છે કે 'વો દિન કબ કે મીયા કે પેર મેં જુતિ' એવી રીતે એ દિવસ ક્યાંથી આવે કે સમયધર્મીઓ સહેલને છોડી દઈ, લોભનો ભૂકો કરી સંસ્થાને સદ્ધર કરવા મથે, પણ સમયધર્મી પોતાનો વાંક નહિ જોતાં જાણે આખી સમાજના ધનના માલિક જ પોતે બન્યા ન હોય, તેવી રીતે પારકા નાણાંનો વ્યય કરવાને માટે ફતવાના ફરફરીયાં બહાર પાડવા માંડ્યાં અને તેની પણ જ્યારે ધર્મપ્રેમીઓએ દરકાર નહિ કરી ત્યારે તીર્થયાત્રા અને સાધર્મિક વાત્સલ્ય જેવા પવિત્ર કાર્યમાં પ્રોપેગેન્ડાના પ્રપંચો પાથરવા માંડ્યાં.

### સમયધર્મીઓએ ધર્મીઓનો સહકાર મેળવવાની જરૂર અને તેના ઉપાયો

સમયધર્મીઓએ યાદ રાખવું જોઈએ કે અરિહંત મહારાજને નહિ ઓળખનાર, ગુરુમહારાજાઓને ગાળો દેનાર અને ધર્મને હંબગ કહેનારા વર્ગની સંસ્થાને તમે તમારા નાણે પોષો એમાં કોઈ ધર્મીવર્ગે પ્રોપેગેન્ડા કરવાનો વિચાર સુદ્ધાં પણ કર્યો નથી. ધર્મપ્રેમીઓ પોતે કમાયેલી કે પોતાના કબજાની મિલકતને જે રસ્તે ધર્મ થતો માલમ પડે તે રસ્તે ખર્ચે, તેમાં તમારાથી પ્રશંસા નહિ થાય તો નિંદા કરવાનો કે પ્રોપેગેન્ડાના પ્રપંચો રચવાનો હક શો છે ? યાદ રાખવું કે આરંભ પરિગ્રહ અને વિષય કષાયમાં મસ્ત બનાવવા માટે કે શાસનના શત્રુઓને સર્જવા માટે કોઈ પણ ધર્મપ્રેમી એક કોડી પણ આપે નહિ અને આપશે પણ નહિ.

### ધર્મના વાવટા નીચે સંસ્થાઓને લાવવાની જરૂર.

સમયધર્મી જો ધર્મપ્રેમીનો સહકાર કરવા ઈચ્છતા હોય તો તેઓએ પોતાની સંસ્થા ધર્મના વાવટા નીચે વસાવી દેવી જોઈએ, પણ ધર્મના વાવટા નીચે સમયધર્મીઓને આવવું પાલવતું નથી તો તેઓ પોતાની સંસ્થાઓને તો ધર્મના વાવટા નીચે લાવે કે લાવી શકે જ ક્યાંથી ? તેઓ પોતે ધર્મના વાવટા નીચે આવતા નથી અને સંસ્થાઓને ધર્મના વાવટા નીચે લાવી શકતા નથી અને તેથી જ ધર્મપ્રેમીઓનો સહકાર ગુમાવ્યો છે, અને વિનાશકાળે વિપરીત બુદ્ધિ થાય તેમ જે ધર્મપ્રેમીઓ આરાધ્ય અને સહકાર કરવા લાયક છે તેઓની વિરુદ્ધ બિભત્સ, અસભ્ય અને હાંસીભર્યા લેખો લખી પોતાના પેપરોને ગટર બનાવે છે, પણ ધ્યાન રાખવું કે તે ગટરોની ગંધ તો કોઈ પણ ધર્મપ્રેમી મનુષ્યે લીધી નથી, લેતા નથી અને લેશે પણ નહિ, પણ તે ગંધના ભોગી તો તે સમયધર્મીઓની શ્લાઘા કરનારા જ બને છે. દેવ, ગુરુ, ધર્મ, ધર્મના કાર્યોની નિંદાનો એક પણ શબ્દ ધર્મીપ્રેમીઓ વાંચવા કે સાંભળવા માગે જ નહિ, માટે સમયધર્મીઓએ અખત્યાર કરેલી આ નીતિ તેમની મુરાદને બર લાવતી નથી, લાવી શકે નહિ અને લાવશે પણ નહિ, માટે સમયધર્મીઓને શાન જો શિરસ્તા મુજબ થાય તે તો વેળાસર ચેતવાની જરૂર છે. સમયધર્મીએ સમજવું જોઈએ કે ઉજમણાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની સ્થિતિ વૃદ્ધિ કરનારા હોવા સાથે શાસનની અદ્વિતીય પ્રભાવના કરનારા છે તેની સાક્ષી જૈન જનતા તો શું પણ ઈતર જનતા પણ મુક્તકંઠે પ્રશંસા કરી પૂરી દે છે. આવી રીતે સામાન્યપણે તપ અને ઉદ્યાપનના વિધિને જણાવ્યા પછી વર્તમાનકાળમાં કઈ કઈ સામગ્રીથી, કેવી

કેવી રીતે ઉદ્યાપન કરવાં જોઈએ અને તે ઉદ્યાપન કરનારાઓએ કેવી રીતે વિવેકને અગ્રપદ આપવું જોઈએ તેને અંગે બે શબ્દો લખવા તે યોગ્ય જ ગણાશે.

## તપ અને ઉજમણાનું ફરજીયાતપણું છે કે કેમ ?

વર્તમાનકાળમાં કેટલાક મનુષ્યો ધનની અપેક્ષાએ શક્તિસંપન્નતા છતાં પણ અને શારીરિક શક્તિની અપેક્ષાએ તપસ્યા કરી શકે એવું છતાં પણ તપ કરતા નથી અગર તપ કર્યા છતાં ઉજમણું પણ કરતા નથી તે બંનેએ સાવચેત થવાની જરૂર છે. જો કે તપસ્યા કરવાની શાસ્ત્રકારો કે કોઈપણ ફરજ પાડતા નથી, પણ તેનો અર્થ એટલો જ છે કે શક્તિ સંપન્નતા ન હોય અને તપ ન કરે તો તેના ધર્મીપણાને ખામી ગણાય નહિ, અર્થાત્ તે અપેક્ષાએ જ તપસ્યાનું મરજીયાતપણું છે, પણ તપસ્યા કરવાની શક્તિવાળાઓ જો તપસ્યા ન કરે તો તેવાઓને શાસ્ત્રકારો ખુલ્લા શબ્દોમાં વીર્યને ગોપવનાર ગણી વીર્યાચારના વિરાધક તરીકે ગણે છે, અને તેથી જ જેમ જ્ઞાનાચાર આદિકના આચારોમાં વીર્ય નહિ ગોપવવાનું જણાવી, તેમાં વીર્ય ગોપવનારને વીર્યાચારનો વિરાધક ગણ્યો, તેવીજ રીતે તપસ્યાના બાહ્ય અને અભ્યંતર મળીને જે બાર ભેદો થાય છે તે બારે ભેદોમાં વીર્ય નહિ ફોરવનાર મનુષ્યને શાસ્ત્રકારોએ વીર્યાચારને વિરાધવાવાળો ગણાવી, વીર્યાચારના છત્રીસ ભેદો ગણાવેલા છે.

## વીર્યાચારના છત્રીશ ભેદો

અર્થાત્ જેમ આઠ પ્રકારના જ્ઞાનાચાર, આઠ પ્રકારના દર્શનાચાર અને આઠ પ્રકારના ચારિત્રાચારરૂપી ચોવીસ આચારોમાં દરેક ધર્મપ્રેમીએ પોતાનું વીર્ય ફોરવવાનું છે અને તે ચોવીસ આચારોમાં વીર્ય વખતસર સ્વાધ્યાય વિગેરે કરવાદિક દ્વારાએ ફરજીયાતપણે વીર્યાચારની ચોવીસ પ્રકારે આરાધના કરવાની છે, તેવી જ રીતે શક્તિસંપન્ન પુરુષે આ બારે પ્રકારની તપસ્યાની અંદર પણ વીર્ય ફોરવીને વીર્યાચારને આરાધવાની જરૂર છે, અને તેથી જ વીર્યાચારના છત્રીસ ભેદો, જ્ઞાનાચારઆદિકના ચોવીસ અને આ તપ આચારના બાર મળીને ગણેલા છે, અને આજ કારણથી દશવૈકાલિક વિગેરેમાં પણ

अणिगूहियबलविरिओ, परक्कमइ जोजहुत्तमाउत्तो।
जुंजइ अ जहाथामं, नायव्वो वीरिआयारो ॥

અર્થાત્ તે જ વીર્યાચાર જાણવો કે જેમાં શારીરિક બળ અને માનસિક વીર્ય જેટલું હોય તેટલું જ્ઞાનાચાર આદિ છત્રીસ આચારોમાં ફોરવવામાં આવે, પણ અંશે પણ તેનું ગોપવવું થાય નહિ, અને શાસ્ત્રોમાં કહેલા આચારોમાં વીર્યાચાર ફોરવવાના રિવાજ મુજબ બરોબર ઉપયોગવાળો છતાં પોતાના બળવીર્યને ફોરવે, અને પરાક્રમ કરે, તેમજ મન, વચન અને કાયાના યોગનો પ્રયત્ન પોતાની બળવીર્યની સ્થિતિ પ્રમાણે જરૂર કરે. આ ઉપરથી સ્પષ્ટપણે સમજાશે કે વીર્યાચારના છત્રીસ ભેદો હોવાને જ લીધે તપસ્યાના બાર ભેદો પણ શક્તિવાળાને માટે જ ફરજીયાત જ છે. વીર્યાચારના જે ત્રણ ભેદો ગણાય છે તે ફક્ત મન વચન કાયાના વીર્યની અપેક્ષા જાણવા શક્તિવાળાને માટે જ ફરજીયાત છે.

## તપનું આપેક્ષિક ફરજિયાતપણું હોવાનું કારણ તપસ્યા એ ઔદયિક નથી ક્ષાયિકોપશમિક છે

એ કહેવાનું કારણ એ કે બૌદ્ધદર્શનાદિ જેવા કુમતોએ શક્તિહીનોની તપસ્યાને દેખીને તપસ્યાને દુઃખરૂપે જે મનાવી છે તેનો આક્ષેપ જૈનમતને લાગુ પડતો જ નથી. જૈનમતની તપસ્યા ક્રોધાદિકની શાંતિથી ભરેલી અને આત્માને વિશિષ્ટ આનંદ આપનારી હોઈને, ચારિત્રમોહનીય કર્મના

ક્ષયોપશમથી જ થવાવાળી છે. એક અંશે પણ જૈનમતની તપસ્યા ઔદયિકરૂપ એટલે પહેલા ભવે બાંધેલા પાપના ઉદયથી થવાવાળી નથી. છતાં જો એવી ત્યાગની પરિણતિથી અને કર્મક્ષય કરવા દ્વારાએ મોક્ષની પ્રાપ્તિને માટે કરાતી તપસ્યા જો પાપના ઉદયથી થતી માનવામાં આવે તો પછી બૌદ્ધદર્શનમાં પણ આદરવા લાયક તરીકે મનાયેલું બ્રહ્મચર્ય અને રાજ્યઋદ્ધિનો ત્યાગ કરવાદ્વારાએ પરિગ્રહનો ત્યાગ એ પૂર્વભવના મહાપાપના ઉદયથી થયેલો માનવો પડે, અને તે અપેક્ષાએ તેમના સંસારી ભકતો કરતાં તેમના સાધુ મહાત્માઓ મહા દુઃખવાળા અને પ્રચુર પાપી મનાવા જોઈએ, પણ આ વાતને એક અંશે પણ ખુદ્ બૌદ્ધદર્શનવાળો તો શું પરંતુ કોઈપણ આસ્તિક મતવાળો માની શકે તેમ નથી. તો પછી બૌદ્ધોએ તપસ્યામાં પોતાની અશક્તિ જાહેર કરવી તે જ વ્યાજબી હતી, અને કાં તો પોતાની શક્તિને પોતે તપસ્યામાં ફોરવી શકતો નથી તેવી ભૂલ થાય છે એમ જણાવવું જોઈતું હતું, પણ તે નહિ કરતાં બૌદ્ધો જે તપસ્યાને દુઃખરૂપે વર્ણવી છે તે કેવળ શિયાળીઆએ દ્રાક્ષને ખાટી કહી એ ઉખાણાને જ અનુસરે છે.

### તપથી કથંચિત્ કાયપીડા છતાં શમસારપણું

જો કે જેમ બ્રહ્મચર્યપાલનમાં તથા પરિગ્રહના ત્યાગમાં દૃષ્ટિવિપર્યાસ અને તૃષ્ણાને કાબુમાં લેતાં સજ્જડ મહેનત પડે છે, છતાં તે બ્રહ્મચર્ય અને આકિંચન્ય પરમ ભાગ્યશાળીને પ્રાપ્ય હોય એમ ગણવામાં આવે છે, અને જગતમાં પણ હીરા, મોતી વિગેરેના વેપારી હીરા, મોતી વિગેરેના વેપાર કરતાં ક્ષુધા, તૃષા, શીત, તાપ વિગેરેના દુઃખોને ભોગવે છે, છતાં પણ તે હીરા વિગેરેના વેપારમાં થતા મોટા લાભની અપેક્ષાએ તે શીતાદિકને દુઃખરૂપે ગણતા નથી, તેવી જ રીતે અહીં પણ જ્યાં સુધી આત્માને સર્વજ્ઞપણું કે બૌદ્ધની અપેક્ષાએ નિર્વાણ પ્રાપ્ત થાય નહિ ત્યાં સુધી દરેક જીવ પાપે ભરાયેલો છે તો તેવા દુરંત અને સંસારમાં ભ્રમણ કરાવનારા પાપનો ક્ષય કરી અવ્યાબાધ સુખની હંમેશાં સંપત્તિ રહે તે રૂપ મોક્ષનો લાભ વિચારનારો મનુષ્ય માત્ર કથંચિત્‌રૂપે કાયાનેજ થતી પીડાને અપીડારૂપે ગણે તેમાં આશ્ચર્ય જ નથી.

### ધનના ખરચવાની પણ આવશ્યકતા

વળી, એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે જેમ બારે પ્રકારની તપસ્યામાં વીર્ય હોય તો ફોરવવું જ જોઈએ તેમજ લાભાંતરાયના ક્ષાયોપશમથી મળેલો ધનનો સમૂહ કે જે દેહની માફક આખા ભવમાં એક જ વખત મળનારો નથી, પણ ઘણી વખતે બહારથી મેળવી શકાય છે. વળી દેહ જેમ આખા જન્મ સુધી જીવની સાથે સ્થિરપણે રહે છે, તેવી રીતે જે મળેલી લક્ષ્મી ચંચળતાના સ્વભાવવાળી હોવાથી સ્થિરપણે રહેતી નથી. વળી જેમ દેહ આત્માની સાથે ક્ષીરનીર ન્યાયે એકરૂપ થઈ મળી ગયો છે તેવી રીતે જે લક્ષ્મી કોઈ દિવસ પણ આત્મા કે શરીર સાથે મળી જતી નથી, તેવી પ્રાપ્ત થયેલી લક્ષ્મી જો કે ચાહે જેટલી વધારીએ અને પાસે રાખવા માગીએ તોપણ જિંદગીના અંતે જરૂર છોડી દેવી જ પડે છે. પુણ્ય અને પાપને અંગે કે સ્વર્ગ અને નરકને અંગે આસ્તિક અને નાસ્તિકોમાં મતભેદ રહે છે, પણ મેળવેલી લક્ષ્મી છોડવી પડશે તે વિષયમાં તો કોઈપણ અંશે કોઈનો પણ મતભેદ છે જ નહિ, તો પછી તેવી નાતરીઆ નાતની સ્ત્રી જેમ છોડીને ચાલી જવાના સ્વભાવવાળી હોવાથી પટુપ્રજ્ઞાવાળા પતિને પ્રણય કે વિશ્વાસને પાત્ર રહેતી નથી. તેવી રીતે પ્રણય કે વિશ્વાસને પાત્ર લક્ષ્મી પણ તેવા સ્વભાવવાળી હોવાથી પ્રણય કે વિશ્વાસને પાત્ર

બની શકે નહિ અને તેથીજ તેવી અસાર લક્ષ્મીનો ઉપયોગ આ જન્મ અને જન્મોજન્મના સુખો તથા આત્યંતિક સુખ મેળવવાને માટે કરવો જ જોઈએ, અને તેથી જે ભાગ્યશાળીઓએ તપસ્યા કરીને શારીરિક શક્તિનો વ્યય કર્યો છે, તે ભાગ્યશાળીઓએ ઉજમણા સાથેની તપસ્યા જ યથાર્થ ફળ દેવાવાળી છે એવી શાસ્ત્રની વાણીને વિચારીને જરૂર ઉજમણા માટે ઉદ્યમ કરવો જ જોઈએ વળી ચક્ષુ આદિની મળેલી શક્તિઓ જેમ વપરાવવાથી ટકે છે તેવી રીતે આ ક્ષયોપશમની શક્તિ ટકાવવા માટે પણ ઉદારતાની જરૂર છે.

## તપ અને ઉજમણું એ એકેકની તથા બન્નેની કર્તવ્યતા

આ કહેવાનો ભાવાર્થ એવો તો નહિ કાઢવો કે જેને ઉજમણાની શક્તિ લક્ષ્મીપ્રાપ્તિની ખામીને અંગે ન હોય, અથવા શારીરિક શક્તિની ખામીને અંગે તપસ્યા ન થઈ શકી હોય તો તેવાઓએ તપસ્યા નહિ કરવી કે ઉજમણા નહિ કરવાં, પણ જેની જે બાબત શક્તિ હોય તેને તે તે તપસ્યા કે ઉજમણું કે બંને કરવાં જ જોઈએ એટલો જ માત્ર ભાવાર્થ આ લખવાનો છે.

## છતી શક્તિએ તપ કે ઉજમણું અથવા બન્ને ન કરે તો પણ નિન્દા ન કરવી.

એ ઉપરથી એ પણ ધ્યાનમાં રાખવું કે શારીરિક શક્તિ છતાં તપ ન કરે કે લક્ષ્મીપાત્ર છતાં ઉજમણું ન કરે, અગર બંનેને પાત્ર છતાં બંને વસ્તુ કદાચ કોઈક ન કરે તો તેથી તે ધર્મપ્રેમીઓને નિંદવાલાયક તો હોય જ નહિ, કેમકે વાસ્તવિક રીતિએ ધર્મપ્રેમીઓએ પોતાના પાપોની નિંદા કરી તે નિંદાને ગંગાના પ્રવાહથી મેલ ધોવાય તેની માફક પાપમેલને ધોવાવાળી જ બનાવવી, પણ ગધેડો કચરામાં આળોટીને ખાડાનો કચરો પોતાનો દેહે વળગાડે તેમ અન્ય, ચાહે તો ધર્મ કરનાર હોય કે ચાહે તો ધર્મ કરનાર ન હોય, તેવાની નિંદા કરી તે નિંદારૂપી કચરામાં પોતાના આત્માને ખરડવા નાખવો નહિ. શાસ્ત્રકારો પોતાના આત્માને અંગે થયેલા પાપની નિંદાને જ ધર્મ તરીકે જણાવે છે. અન્ય આત્માના પાપને નિંદવું તેનું નામ પણ શાસ્ત્રકારોએ કોઈપણ જગા પર ધર્મ જણાવેલો નથી, તો પછી અન્યના પાપને કે અન્ય પાપીને નિંદવાનું કાર્ય ધર્મપ્રેમીઓનું છે અગર ધર્મપ્રેમીઓને શોભે છે એમ જૈન જનતાની અંતર્ગત જન તો કહી શકે જ નહિ.

## વસ્તુ સ્વરૂપનું કથન તે નિંદા ન ગણવી

જો કે આ કથનનો ઉદ્દેશ વસ્તુ સ્વરૂપ દેખાડનાર માર્ગપ્રરૂપકોને માર્ગપ્રરૂપણાને બંધ કરવા માટેનો નથી, પણ માર્ગપ્રરૂપણાને નામે માર્ગથી સરી જનારા અને સરકાવી દેનારાઓ બચી જાય તો તેમાં તેઓના આત્માનું કલ્યાણ છે, એટલો જ માત્ર ઉદ્દેશ છે. અર્થાત્ કોઈપણ ધર્મપ્રેમી મનુષ્ય કોઈપણ તેવા શારીરિક કે દ્રવ્ય સંબંધી શક્તિને ધારણ કરનારા મનુષ્યોને તપસ્યા અને ઉજમણા વિગેરે ન કરતો હોય તો તેને તે તપસ્યા અને ઉજમણા કરવા માટે ઉપદેશ કે પ્રેરણા કરે તે કોઈપણ પ્રકારે ગેરવ્યાજબી નથી.

## ઉપદેશ ને પ્રેરણામાં પણ શબ્દોનું માધુર્ય.

પણ વાચકોએ એ વાત તો ખ્યાલમાં રાખવાની છે કે ઉપદેશ અને પ્રેરણા ધર્મમય મધુર શબ્દોમાં જ હોઈ શકે. આપણે સારી રીતે જાણી એ છે કે મેઘકુમાર દીક્ષા લીધી તે જ દિવસની રાત્રિએ દીક્ષા છોડીને ઘેરે જવાના વિચારવાળા થયા, છતાં શ્રમણ ભગવાન મહાવીર મહારાજે અન્ય કેવળીઓએ કે કોઈપણ બીજા અતિશય જ્ઞાનવાળાએ તેમને ધિક્કાર કે તિરસ્કારથી નવાજ્યા નથી, પણ શાંતિમય, ધર્મપ્રધાન વચનોથી જ ત્રિલોકનાથ તીર્થંકરે પ્રતિબોધ કર્યો છે.

### અબોધની પણ નિંદા નહિ એ સૂત્રની યાદી

માટે ધર્મ કરાવવાને અંગે, પાપ ટાળવવાને અંગે, વિધિ આદરાવવાને અંગે કે અવધિ ટાળવવાને અંગે પણ જે જૈનશાસન ઇચ્છાકારની સામાચારીમાં જ તત્ત્વ માનનાર છે, તે જૈનશાસનને અનુસરનારો મનુષ્ય ભાવદયાના પવિત્ર પ્રવાહમાં પેઠેલો હોઈ ઉપદેશદ્વારાએ કારુણ્ય ભાવના અને ઉપદેશ ન લાગે તો માધ્યસ્થ ભાવનામાં લીન રહે. ધ્યાન રાખવું કે શાસ્ત્રકારોએ તો આક્ષેપણી વિગેરે ચારે પ્રકારની ધર્મકથાઓદ્વારા એ મહાપ્રયત્ન કર્યા છતાં પણ શ્રોતા તત્વદૃષ્ટિ ન સમજે તો તેના અબોધપણાની પણ નિંદા કરવાની મનાઈ કરી, અને ધર્મબિંદુકાર ભગવાન હરિભદ્રસૂરિજીએ अबोधेऽप्यनिंदा એવું સૂત્ર કહી ધર્મપ્રેમીઓને માટે તો નિંદાના દરવાજા બંધ કરેલા છે, માટે કોઈ પણ શક્તિ છતાં તપસ્યા ન કરે કે ઉદ્યાપન ન કરે તો તેની નિંદા નહિ કરતાં તેને મીઠા શબ્દોથી ઉપદેશ આપવો એ ધર્મપ્રેમીઓનું કર્તવ્ય છે.

### ઉજમણામાં વિવેક

ઉપર જણાવેલી રીતિ પ્રમાણે તપસ્યાવાળાને લક્ષ્મીસંપન્નતા હોય તો ઉજમણું જરૂર કરવું જ જોઈએ, અને તેથી વર્તમાનકાળમાં ઘણા ભાવિકો પોતાની દ્રવ્યસંપત્તિને અંગે ઉજમણાં કરે છે, પણ તે કરાતાં ઉજમણાં વિવેક પુરસ્સર થાય તો તે કરનારને નિર્દોષપણું પ્રાપ્ત થવા સાથે ઘણા મોટા લાભની પ્રાપ્તિ થાય, માટે તે વિવેક દર્શાવવાની ખાતર આગલો ભાગ લખવામાં આવશે, માટે તે આગલા ભાગથી કોઈએ કોઈની પણ નિંદા કે પ્રશંસાનો અર્થ ન કહેતાં માત્ર વિવેકનો જ ઉપયોગ કરવો ઉજમણાના કાર્યમાં પણ જરૂરી છે એટલો જ અર્થ કરવો.

### વર્તમાનકાળનાં ઉજમણાં માત્ર પાંખડીરૂપ

ઉજમણાંનો મુખ્ય ઉદ્દેશ તપસ્યાના દરેક દિવસે અને આદિથી અંત સુધી તપની પૂર્ણતા થાય ત્યાં સુધી હંમેશાં દ્રવ્ય અને ભાવભક્તિ દ્વારા એ નવે પદની આરાધનામાં તત્પર થવું અને તે તપની પૂર્ણતા પછી વિશેષ રીતિએ નવપદની અગર દેવ, ગુરુ, ધર્મની અથવા તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની દ્રવ્યભાવભક્તિની પરાકાષ્ઠા કરવી જોઈએ, પણ વર્તમાનકાળમાં તપસ્યાના સર્વ દિનોમાં તેવી ભક્તિ કરવાની પરિણતિ ઓછી થતી ગઈ છે, અને તપસ્યાની પૂર્ણતાએ કરાતા ઉજમણાને અંગે દ્રવ્યભાવભક્તિની કાંઈક અધિકતા રહી છે, છતાં તે અધિક ભક્તિથી કરાતા ઉજમણામાં પણ કેટલીક ક્રિયાઓ વધારે વિવેક સાથે કરવાની જરૂર છે, તેથી પૂર્વે જણાવેલા લેખની માફક કે તેનાથી અધિકપણે આગળ કહેવાશે તે વિવેકનો લેખ ઉજમણું કરનારાઓએ ધ્યાનમાં લેવાની જરૂર છે.

### નવીનમંદિરને જીર્ણોદ્ધારની જરૂર

આજકાલ ઉજમણાનો મહિમા અગર પ્રસિદ્ધ ઉજમણામાં બંધાતા છોડ વિગેરેને અંગે છે, પણ ઉજમણું કરાવનારાઓ જે તપને અંગે ઉજમણું કરવામાં આવ્યું છે, તે તપના પદના પ્રમાણમાં એટલે નવપદ હોય તો નવ, વીસ સ્થાનક હોય તો વીસ, જ્ઞાનનું ઉજમણું હોય તો પાંચ સંખ્યામાં જીર્ણોદ્ધારો, નવીન ચૈત્યો, પ્રતિમાજી બનાવવાનો ખ્યાલ ઉજમણું કરનારાઓએ ઘણે ભાગે ધ્યાન બહાર રાખ્યો છે-તે ઉચિત નથી. વધારે સ્થિતિ ન હોય તો નાના ગામોમાં નાના મંદિરો પંદરસો કે બે હજાર સરખામાં થઈ જાય, તેવાં પણ કરાવીને ધર્મનો પ્રવાહ પોતાના તરફથી વહે તેમ કરવું જ જોઈએ. તેવી જ રીતે જીર્ણોદ્ધારોને અંગે પણ નાના ગામના નાનાં દેરાઓમાં પાંચસો, સાતસો રૂપિયામાં પણ જીર્ણોદ્ધારના કાર્ય થઈ શકે છે, માટે તપસ્યાના પદના પ્રમાણમાં જીર્ણોદ્ધારો કરવા તરફ લક્ષ્ય આપવું

જ જોઈએ. જો કે સામાન્ય રીતે નવીન મંદિરો કરતાં જુનાં મંદિરોનો જીર્ણોદ્ધારો કરવામાં આઠગણું ફળ કહેલું છે, તેથી સહેજે તે તરફ પ્રવૃત્તિ કરવાની જરૂર છે, છતાં ઉજમણાને અંગે તો તપના પદના પ્રમાણમાં નાના નાના પણ જીર્ણોદ્ધારો કરી પદની સંખ્યાને પૂર્ણ કરવી ઉચિત છે.

## ભગવાન જિનેશ્વરની મૂર્તિઓથી સમ્યક્‌ત્વની સ્થિરતા ને પ્રાપ્તિ.

જેવી રીતે નવીન મંદિર અને જીર્ણોદ્ધારને માટે પદની સંખ્યા ધ્યાનમાં રાખવાની છે, તેવી જ રીતે નવીન મૂર્તિઓ ભરાવવા માટે અને પધરાવવા માટે ધ્યાન આપવાની આવશ્યકતા ઘણી જ છે, કેમકે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની મૂર્તિઓ દેખનારને વીતરાગદશાને પ્રાપ્ત કરવાનો અને વીતરાગદશાનો સંપૂર્ણ ખ્યાલ આવવાનું થાય તે માટેનું પ્લાન કે નકશો છે.

## આત્મજીવન અર્પણનો ઉપકાર.

જગતમાં કરેલા ઉપકારને જાણનારા મનુષ્યો જ સજ્જનતાની લાઈનમાં ગણાય, પણ જેઓ જગતમાં સામાન્ય ઉપકારને પણ ભૂલી જાય તો તે મનુષ્ય નિષ્ઠુર કહેવાય છે, તો પછી જે જિનેશ્વર ભગવાને આપણને અનાદિકાળથી સર્વગતિ અને સર્વજાતિમાં જડજીવન કે જે પાંચ ઇંદ્રિયો, મન, વચન અને કાયાના ત્રણ બળ અને શ્વાસોચ્છવાસ તથા આયુષ્યરૂપી દશ પ્રાણો કે જેની ઈમારત જડ પુદ્‌ગલો ઉપર જ રચાયેલી છે તેનું જ રક્ષણ, ઉપભોગ અને લીનતા લાગેલી હતી, પણ આત્મા શી ચીજ છે ? એના ગુણો કયા છે? તેનું આવરણ કરનાર કર્મો કેવી કેવી જાતના છે અને તે કેમ બંધાય છે, એ તે બંધાયેલાં કર્મો ભોગવવા માટે જડજીવનની જંજીરમાં દરેક જીવને જકડાવું પડે છે એ બધું સ્વરૂપ જણાવી આત્મજીવનમાં જોડનાર કોઈપણ મહાપુરુષ હોય તો તે ફકત ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન જ છે.

## સર્વજ્ઞ ભગવાનથી જ આત્મશબ્દની ઉત્પત્તિ.

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન જેવા સર્વજ્ઞ ભગવંતો સિવાય અરૂપી આત્માને જાણે કોણ ? કેમકે સામાન્ય મનુષ્યની બુદ્ધિ અને જ્ઞાનો પાંચ ઇંદ્રિય અને મન દ્વારા એ પ્રવર્તતાં હોવાથી તેઓ જે કાંઈપણ સુધારો કે વધારો સૂચવે તે માત્ર ત્રસ એવા પૌદ્‌ગલિક પદાર્થોને અંગે જ હોય, કેમકે સર્વજ્ઞ ભગવાનના વચનોના સંસ્કાર સિવાયનું મતિ અને શ્રુત એ બે અજ્ઞાન ગણાય અને તેવાં અજ્ઞાનોનો વિષય માત્ર દૃશ્ય પદાર્થોને અંગે જ હોય. જો કે સમ્યક્‌ત્વ છદ્મસ્થોને પણ હોય છે અને તેનો વિષય સર્વદ્રવ્ય અને સર્વપર્યાય છે, છતાં તે સમ્યક્‌ત્વ ત્રિલોકનાથ તીર્થંકરના વચનને જ અનુસરતું હોવાથી શ્રદ્ધેય પદાર્થો સર્વરૂપી અને અરૂપી પોતપોતાના પર્યાયોની સાથે હોય છે, તેથી તેને સર્વગત કહેવું પડે છે, અર્થાત્ જિનેશ્વર મહારાજનો ઉપકાર એક બાજુ મેલવામાં આવે તો સમ્યક્‌ત્વની જ ઉત્પત્તિ નથી, તો પછી તેનું સર્વગતપણું તો હોય જ ક્યાંથી? જો કે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ મહારાજાઓના વચનથી પણ સમ્યક્‌ત્વ થાય છે, પણ તે આચાર્ય મહારાજા વિગેરેના સમ્યક્‌ત્વ ઉત્પન્ન કરનારાં વચનો સ્વયં જ્ઞાનથી પદાર્થો દેખીને ઉચ્ચારાયેલાં હોતા નથી, પણ માત્ર જિનેશ્વર મહારાજે કરેલાં વચનોનો અનુવાદ જ છે. આ વાત ધ્યાનમાં રાખવાથી સમગ્ર સૂત્રના અર્થોના કરનારા તીર્થંકરો જ કેમ છે, અને અર્થને અરિહંતો જ કહે છે એ હકીકત કેટલી બધી મહત્તાવાળી છે તે સહેજે સમજી શકાશે.

### વ્યક્તિના સમ્યક્ત્વ દેનારોની દશા

અને આજ કારણથી ચાહે તો આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ મહાત્માઓના વચનથી તત્ત્વજ્ઞાનને જીવ પામેલો હોય છે, છતાં સમ્યક્ત્વ ઉચ્ચાર અને સમ્યક્ત્વના ધારણમાં जिनपन्नतं तत्तं એમ કહી ભગવાન્ જિનેશ્વર મહારાજના જ વચનને અવલંબીને સમ્યક્ત્વનું સત્વ માને છે. ધ્યાન રાખવું કે મુનિમ, નોકર કે કિલ્લેદારે શેઠને ત્યાંથી લાવીને આપેલી રકમ જગતનો કોઈપણ મનુષ્ય મુનિમ, નોકર, કે શેઠને ખાતે જમે કરતો નથી, અને જમે કરનારો એ રકમ શેઠની છે પણ આ મુનિમ વિગેરેની નથી એમ જાણ્યા છતાં તે રકમ શેઠને ખાતે જમે ન કરતાં તે મુનિમ વિગેરેને ખાતે જ જમે કરે તો તે જમે કરનાર અજ્ઞાની કહેવાય એટલું જ નહિ પણ બેઈમાન જ ગણાય. આ ઉપરથી જે બાવી ટોળાં અને તેરાપંથીમાં જિનેશ્વર મહારાજના વચન કહેનારા ગુરુના નામે સમ્યક્ત્વો ઉચ્ચરાય છે, અથવા તો રાયચંદીઆના મતશ્રી જિનેશ્વર ભગવાનના ઉપકાર કરતાં ગુરુના ઉપકારને અધિક ગણવાથી જ આત્મવિચાર થાય એમ કહેવાય છે, એ સર્વ ચોરબજારની જ ચીજો સમજવી, અને જેવી રીતે મુનિમ, નોકર કે કિલ્લેદાર શેઠની પેઢીની રકમ લઈને બીજા શાહુકારને ત્યાં પોતાને ખાતે જ જમે કરાવી દે, તો જગતના વ્યવહાર પ્રમાણે તે મુનિમ, નોકર કે કિલ્લેદાર બેઈમાન ગણાય છે. એટલું જ નહિ પણ ચોર જેવી શિક્ષાને પાત્ર થાય છે, તેવી રીતે જે ત્યાગી ગણાતા મહાત્માઓ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના વચનને આધારે અતીંદ્રિય પદાર્થો પોતે જાણીને તેને આધારે જ બીજા સત્વોને કહે અને છતાં પોતાનું સમ્યક્ત્વ ધરાવે અગર સમ્યક્ત્વ અને મિથ્યાત્વના ઈજારા પોતે રાખે તેઓ પણ ખરેખર આ કર્મરાજાના અનંતકાળ સુધીના કેદી થવાને માટે તૈયાર થયા છે એમ સમજે.

### અસર્વજ્ઞો છતાં સમ્યગ્દ્રષ્ટિપણા આદિનાં સર્ટીફિકેટો આપનારાની અયોગ્યતા

ધ્યાન રાખવું જોઈએ કે સૂર્યાભ સરખા દેવો અને સૌધર્મ ઈંદ્ર સરખા દેવાધિપતિઓ જેઓ શુદ્ધ ત્રણ જ્ઞાનને ધારણ કરનારા છે, તેઓ પણ પોતાના આત્માને અંગે સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિપણાનો નિર્ણય સર્વજ્ઞ ભગવંતોના વચનો સાંભળીને જ કરે છે, તો પછી આજકાલના પામર જીવો પોતાનું સમ્યક્ત્વ કે સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિપણાના સર્ટિફિકેટો આપતાં શું ભવભયને ધારણ નહિ કરતા હોય ? ઉપર જણાવ્યા પ્રમાણે સમ્યક્ત્વ જિનવચનને અનુસારે જ થતું હોવાથી જેમ સર્વ દ્રવ્યપર્યાય વિષયક છે તેમ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન જો કે સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવવિષયક છે તો પણ તે પ્રભાવ સ્વયં મતિ, શ્રુત જ્ઞાનનો નથી, પણ તે પ્રભાવ ત્રિકાળજ્ઞાની અવ્યાબાધ સિદ્ધાંત સર્જનાર ભગવાન સર્વજ્ઞોના વચનોનો જ છે, કેમકે શાસ્ત્રકારો મતિ અને શ્રુતજ્ઞાનનો સર્વદ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવવિષય જણાવતાં સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે આ વિષય આદેશ એટલે કે જિનેશ્વર મહારાજે કહેલા સૂત્રની અપેક્ષાએ જ છે.

### આત્મશબ્દની તાત્ત્વિક ઉત્પત્તિનું સ્થાન

તત્ત્વદ્રષ્ટિથી વિચારીએ તો પદાર્થ જાણ્યા સિવાય પદાર્થનું નામસ્થાપન હોતું જ નથી, તો જેઓએ આત્મપદાર્થને અરૂપી હોવાથી જાણ્યો નથી તેવા પુરુષો સ્વતંત્રપણે આત્મા શબ્દ ઉચ્ચારવા માટે પણ લાયક નથી. આ વસ્તુ વિચારતાં કહેવું પડશે કે અસલ પહેલ વહેલાં આત્મા એ શબ્દ તીર્થંકર મહારાજાઓએ જ સર્જેલો છે, અને પછી બીજા મતવાળાઓ કે જૈનમતમાં સ્થિતપ્રજ્ઞ થયેલા ગણધર આદિ મહારાજાઓ વિગેરેએ પણ

આત્મશબ્દ ભાડે લીધેલો કે નકલ કરીને જ લીધેલો છે, પણ મૂળ આત્મ શબ્દનું ઉત્થાન સર્વજ્ઞ મહારાજથી જ થાય અને થયેલું છે.

**આત્મગુણોનું પ્રકાશન ક્યાં હોય ?**

જ્યારે આત્મારૂપી ધર્મીનું જ્ઞાન સર્વજ્ઞ ભગવાન સિવાય બીજાઓને હોય નહિ, તો પછી તે આત્મ પદાર્થના કેવળજ્ઞાન વિગેરે ધર્મોનું ભગવાન સર્વજ્ઞ સિવાય બીજાઓને હોય જ ક્યાંથી? કેમકે કોઈપણ સ્થાને અને કોઈપણ વખતે, કોઈપણ મનુષ્ય ધર્મી એટલે પદાર્થને જાણ્યા સિવાય ધર્મ એટલે પદાર્થના સ્વભાવને જાણી શકે જ નહિ, અને એટલા જ માટે સામાન્ય વિચારને અંગે પણ નીતિકારો એ જ કહે છે કે **सतिधर्मिणि धर्माश्चित्यंते** એટલે ધર્મીના સદ્‌ભાવે ધર્મોનો વિચાર કરાય, અર્થાત્ ધર્મીની સાબિતી થયા પછીજ ધર્મનું જ્ઞાન અને વિચાર થઈ શકે, અર્થાત્ જે સર્વજ્ઞ ભગવંતે આત્માને સાક્ષાત જણ્યો, તેજ સર્વજ્ઞ ભગવંતે આત્માનું કેવળજ્ઞાન આદિ ધર્મયુક્તપણું જાણ્યું, અને જ્યારે તે સર્વજ્ઞ ભગવંતોએ આત્માનું અને તેના કેવળજ્ઞાન આદિનું સત્ત્વ સ્વયં કેવળજ્ઞાનથી જાણીને ભવ્ય જીવોને જણાવ્યું, ત્યારે જ તે ભવ્ય જીવો પોતાના આત્માને અને પોતાના આત્મામાં રહેલા કેવળજ્ઞાન આદિ ધર્મોને જાણીને માની શક્યા, અને તેવું જ્ઞાન અને માન્યતા થવાથી જ તેને પરંસાધ્ય તરીકે ગણી, તેને માટે ઈચ્છાવાળા અને પ્રયત્નશીલ થયા. આ પરસાધ્ય નહોતું તો અનાદિ કાળથી જાણવામાં આવ્યું અને નહોતું તો માનવામાં આવ્યું તો પછી તેને માટે ઈચ્છા અને પ્રયત્ન તો થયા જ ક્યાંથી હોય? કહેવું જોઈએ કે આત્માના અને તેના સ્વરૂપોનું જ્ઞાન કરાવી અવ્યાબાધપદની ઝાંખી તે સર્વજ્ઞ ભગવંતોએ જ કરાવેલી છે, અને તે ઝાંખી થવાથી જ આત્મા આત્મજીવનમાં જોડાયો છે.

**આત્મજીવન અર્પવાના ઉપકારથી આરાધના**

આવી રીતે આત્મજીવનમાં જોડાયેલો આત્મા સંપૂર્ણ આત્મજીવનને થોડા ભવે કે ઘણા ભવે મેળવ્યા સિવાય રહેતો જ નથી, તો આ આત્મજીવનની ઝાંખી અને સંપૂર્ણપણાવાળું આત્મજીવન આ આત્માને કોઈપણ અર્પણ કરનાર હોય તો તે ફક્ત ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન જ છે. આ વસ્તુ યથાસ્થિત સમજનારો મનુષ્ય સામાન્ય દુનિયામાં આંધળાને આંખ, બહેરાને, કાન કે મરતાને જીવન આપનારાનો ઉપકાર જેમ તે પૂર્વ અવસ્થાના આંધળા વિગેરે અસાધારણપણે માને છે, તેના કરતાં અનંતગુણો ઉપકાર આ તત્ત્વદૃષ્ટિએ આત્માને કેવળજ્ઞાનને આપનારા સર્વજ્ઞ મહાપુરુષનો મનાય તેમાં આશ્ચર્ય જ નથી, અને તેવી રીતે આપેલી વસ્તુ અને આપનાર મહાપુરુષનું સત્ય સ્વરૂપ જાણનારો સુજ્ઞ પુરુષ તે મહાપુરુષની ઉપકારને બદલે તો શું પણ સ્મરણને માટે અગર પોતાની સજ્જનતાને માટે તેઓના નામ અને પ્રતિમાઓ દ્વારા ભક્તિ કરવા તૈયાર થાય તેમાં આશ્ચર્ય જ નથી, તેથી સમ્યક્ત્વને પ્રાપ્ત કરનારાઓએ ઉપકારને અંગે ભગવાન જિનેશ્વર મહારાજની પ્રતિમાના દર્શન, પૂજન વિગેરે કરવાં તે તેમની સજ્જનતા કે સમ્યગ્દૃષ્ટિપણાને શોભતુંજ છે, અને આથી જ ભગવાન જિનેશ્વરોની પ્રતિમાને ભરાવનારાઓ જગતમાં જિનેશ્વર મહારાજના ઉપકારનું એકછત્ર રાજ્ય પ્રવર્તાવવાવાળા છે, માટે ઉજમણાની ક્રિયામાં પ્રવર્તતા પવિત્ર આત્માઓએ તપના પદની સંખ્યા પ્રમાણે ભગવાન જિનેશ્વર મહારાજની મૂર્તિઓ ભરાવવી એ ઓછું જરૂરી નથી.

**શ્રી જિન પ્રતિમાના સંબંધી તે આધારવાળું સમ્યક્ત્વ**

વળી, ભગવાન જિનેશ્વર મહારાજની પ્રતિમા દ્વારા એ કરાતી આરાધના ચૌદ રાજલોકમાં

સમસ્ત જીવોને અભયદાન દેવાના ફળવાળા એવા સમ્યક્ત્વનું કારણ પણ જિનપ્રતિમા બને છે, અને તેથી આવશ્યક નિર્યુકિતકાર ભદ્રબાહુસ્વામીજી, વિશેષ આવશ્યક ભાષ્યકાર શ્રીજિનભદ્ર ક્ષમાશ્રમણજી અને તત્ત્વાર્થભાષ્યકાર ભગવાન ઉમાસ્વાતિ વાચક વિગેરે એક અજીવ, બે અજીવ અને ઘણા અજીવોનું અને એક, બે કે ઘણા અજીવોમાં સમ્યક્ત્વ રહેલું માને છે. જો કે સમ્યક્ત્વનું સ્વરૂપ દેખાડતાં સમ્યક્ત્વ એ જીવનો ગુણ છે, કે સમ્યક્ત્વપણે પરિણમેલો જીવ સમ્યગ્દર્શન છે એમ કહેવામાં આવ્યું છે, છતાં પણ સ્વામિત્વ અને અધિકરણને અંગે એક, બે કે ઘણી ભગવાન જિનેશ્વરોની પ્રતિમાઓને દેખીને સમ્યક્ત્વ પમાતું હોવાથી અજીવ સંબંધી અને અજીવમાં રહેલું સમ્યક્ત્વ માન્યું છે. ઉપર જણાવેલા શાસ્ત્રોમાં અજીવના સ્વામિત્વ અને આધારને જણાવતાં ફક્ત જિનેશ્વર મહારાજની પ્રતિમાઓ લીધી છે, પણ આચાર્યો, ઉપાધ્યાયો, કે સાધુઓની મૂર્તિઓ લેવામાં આવી નથી, તેનું કારણ જાણવાની ઈચ્છાવાળાએ આચાર્યાદિકની મૂર્તિ માટે કહેલો અધિકાર ફરી જોઈ જવો. આ ઉપર કહેલી હકીકત વિચારતાં સહેજે સમજાશે કે ભગવાન તીર્થંકરોની પ્રતિમાને ભરાવનાર તથા આરાધનાર મનુષ્ય ભવ્ય જીવોને સિદ્ધિની સીડીઓ સ્વાધીન કરે છે, અને આટલું બધું ફળ હોવાથી જ ભગવાન જિનેશ્વરોની મૂર્તિઓને ભરાવવાના તથા તેની પૂજા આદિથી આરાધના કરવાના મોક્ષ સુધીનાં ફળો શાસ્ત્રકારો સ્થાન સ્થાન ઉપર જણાવે છે. ભગવાન સર્વજ્ઞની મૂર્તિનો આટલો બધો પ્રભાવ હોવાથી સામાન્ય રીતે પણ સજ્જનોએ જિનેશ્વરોની મૂર્તિઓ ભરાવી તેની આરાધના કરવી જોઈએ તો પછી ઉજમણાને માટે ઉજમાળ થયેલા ઉત્તમ પુરુષોએ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની મૂર્તિઓ તપના પદની સંખ્યાના પ્રમાણમાં ભરાવવી જરૂરી જ હોય તેમાં આશ્ચર્ય જ શું ?

**ઉજમણામાં ચંદરવાપુંઠીયા.**

ઉજમણાને અંગે જે ચંદરવા વિગેરે ભરાવવામાં આવે છે તે રીતિ નવી નથી, કેમકે શ્રાદ્ધવિધિ અને ધર્મસંગ્રહ સરખા પહેલાનાં ગ્રંથોમાં ચંદ્રોદય આદિ ઉપકરણો દહેરાં વગેરે માટે જણાવવામાં આવેલાં છે, અને વસ્તુતાએ વિચારીએ તો જિનેશ્વર મહારાજની પાછળ ભામંડળ રહેતું જ હતું કે જે ભામંડળનું તેજ સૂર્ય કરતાં તો શું પણ બાર સૂર્ય કરતાં અધિક હતું. તો પછી સામાન્ય સોનારૂપાના કસબથી ભરેલા ચંદરવા ભગવાનની પૂંઠે બાંધવાને માટે તૈયાર કરાય તે કોઈપણ પ્રકારે અનુચિત નથી. ભગવાન ગૌતમસ્વામીજી વિગેરે ગણધર પણ જે વખતે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન મહાવીર મહારાજ વિગેરે જિનેશ્વર ભગવાનોની પહેલા પહોરની દેશના દીધા પછી જે બીજા પહોરે દેશના આપે છે તે દેશનાની વખતે આવશ્યક નિર્યુક્તિકાર મહારાજ વિગેરે સ્પષ્ટપણે જણાવે છે કે રાજાઓ તે દેશના માટે સિંહાસન લાવે અને તે સિંહાસન ઉપર ગણધર મહારાજાઓ બિરાજમાન થઈ દેશના આપે. જે રાજા મહારાજાઓ લાખો અને કરોડો સોનૈયા અને રૂપિયા ભગવાન જિનેશ્વરની વધામણીમાં આપે તે રાજા મહારાજાઓ ગણધર મહારાજાને માટે જે સિંહાસન લાવે, તે સિંહાસન ચંદ્રોદય આદિ ઉપકરણવાળું હોય તે સ્વાભાવિક છે, અને જે વખત ગણધર મહારાજની દેશના થાય તે વખતે જો કોઈપણ રાજા મહારાજા સિંહાસન લાવનારા નથી હોતા તો જિનેશ્વર ભગવાનના પાદપીઠ કે જે રત્નોથી જડેલાં હોય છે, અને જે પાદપીઠ ઉપર બેસતાં જિનેશ્વર ભગવાનની રત્નજડિત વેદિકા જ પાછળ આવે છે, તે પાદપીઠ ઉપર આચાર્ય મહારાજાઓના મૂળ

પુરુષ ગણધર મહારાજા બિરાજમાન થતા હોવાથી અન્ય આચાર્યાદિક વ્યાખ્યાતાઓની પાછળ અને ઉપર પુંઠીઆં અને ચંદરવા બંધાય તેમાં કોઈપણ પ્રકારે અનુચિત નથી પણ યોગ્ય ગુરુભક્તિનો જ સદ્ભાવ છે.

**ઉજમણાના ચંદરવાપુંઠીયાની વ્યવસ્થા.**

ચંદરવા અને પુંઠીયાં ભરાવનારાઓએ તે ચંદરવા અને પુંઠીયાં ભરાવવાને માટે ખર્ચેલી રકમ ધર્મમાર્ગને માટે ખર્ચેલી છે એમ ગણી લેવું અને તેથી વાસ્તવિક રીતે કોઈપણ ઉજમણા કરનારે તે ચંદરવા, પુંઠીઆં પોતાના ઘરમાં કે પોતાની માલિકીમાં રાખવાં જોઈએ નહિ, પણ દહેરાસર, ઉપાશ્રય વિગેરે સ્થાનકોએ મૂકી સંઘની સત્તામાં આપી દેવાં જોઈએ. કેટલીક વખત ઉજમણા કરનારા મનુષ્યો તે ચંદરવા પુંઠીયાં પોતાને ઘેર રાખે છે, અને પરિણામે પોતાની કે પોતાના પુત્ર વિગેરેની કોઈ લાભાંતરાય કર્મના ઉદયે પોણીસોળ આના દશા થાય ત્યારે કેટલીક વખત તો તે ચંદરવાપુંઠીયાં ભૂખી કૂતરી બચુડીયાં ખાય તેની માફક વેચી ખાવાનો પ્રસંગ આવે છે, અને કેટલીક વખત તો લેણદારોની જપ્તીમાં તે ચંદરવાપુંઠીયાં જવાનો પ્રસંગ આવે છે, માટે દરેક ઉજમણું કરનાર ધર્મપ્રેમીને એ જરૂરી છે કે પોતાના આત્માને અને પોતાના કુટુંબને ડુબવાનો પ્રસંગ ન આવે અને ધર્મની હેલનાનો પણ પ્રસંગ ઉભો ન થાય, માટે તે ઉજમણાની ચંદરવા વિગેરે કાંઈપણ ચીજ પોતાની ઘેરે કે પોતાની માલિકીમાં રાખવી જ નહી. વળી તે ઉજમણાના ચંદરવાપુંઠીયા વિગેરે સામાન પોતાના ગામમાં કે બીજાના ગામમાં આપતી વખતે તેની અછત ક્યાં છે અગર જરૂરીયાત ક્યાં છે તે વાતનો ઉજમણું કરનારે પૂરેપૂરો ખ્યાલ રાખવો જોઈએ. ઉજમણું કરનારના લાગતા વળગતાઓએ તે ઉજમણું કરનારની ઉદારતા દેખીને પોતે કાંઈપણ અંશે ઉદાર થવું જોઈએ અને દરેક સંબંધીના ઉજમણામાં દરેક સંબંધીઓના તરફથી ચંદરવાપુંઠીયાંની સામગ્રી દાખલ થયેલી જ હોવી જોઈએ, અને તેઓએ પણ તે સામગ્રી જે સ્થાને જરૂરી હોય અને અછત હોય ત્યાં જ આપવી જોઈએ.

**ઉજમણાના સામાનમાં પણ હકની હાકલ ન જોઈએ ને બગાડો ન થવો જોઈએ.**

કેટલીક વખત ઉજમણું કરનારાઓ જે ઉપાશ્રયે બેસતા હોય છે, જે ગચ્છના હોય છે, કે જે દહેરે પૂજા કરતા હોય છે તે ઉપાશ્રય, ગચ્છ અને દહેરાવાળાઓ તે ઉજમણાના ચંદરવાપુંઠીયાં વિગેરે સામાનને હક કરીને લેવા માગે છે, પણ તે વસ્તુ કોઈપણ પ્રકારે તેઓને શોભા દેનારી નથી, તેમાં વળી કેટલીક વખત તો કેટલાક ઉપાશ્રય વિગેરેના અધિકારીઓ એવી અનુચિત સ્થિતિવાળા હોય છે કે નવા નવા ચંદરવાપુંઠીયા ભેળાં કર્યા જાય છે પણ તે અધિકારીઓએ ખરેખર તો એમ જ વર્તવું જોઈએ કે ઉજમણું કરનાર તે ચંદરવાપુંઠીયાં વિગેરેને જ્યાં યોગ્ય દેખે ત્યાં આપે, અને ઉજમણું કરનાર હક તરીકે નહિ પણ જરૂરી અગર દહેરા કે સંઘની શોભાની ખાતર જો ચંદરવાપુંઠીયા આપે તો તે અધિકારીઓએ પહેલાંનાં ચંદરવાપુંઠીયાં કોઈપણ યોગ્ય દહેરા ઉપાશ્રયમાં આપી દેવાં જોઈએ, પણ જો અધિકારીઓ તેવી ઉદારતા ન બતાવે અને નવા નવા ચંદરવાપુંઠીયાં લઈ પહેલાના ચંદરવાપુંઠીયાને પેટી પેટારામાં સંઘરીને જો તેને સડવાનો કે બગાડવાનો પ્રસંગ ઉભો કરે તો ધ્યાન રાખવું જોઈએ કે તે ચંદરવાપુંઠીયા વિગેરે દેવદ્રવ્ય કે ધર્માદા મિલકતનો તે અધિકારી નાશ કરનારો થઈ ડૂબનારો જ થાય છે, અને તેથી અધિકારીઓને એ જ યોગ્ય છે કે નવાં આવેલાં ચંદરવાપુંઠીયાંને બીજા દહેરા કે

ઉપાશ્રયે ન આપી શકે તો પહેલાંના ચંદરવાપુંઠીયાં વિગેરે તો બીજા દહેરા ઉપાશ્રયે જરૂર આપી દેવા જ જોઈએ. અધિકારીઓએ ધ્યાન રાખવું જોઈએ કે બધા ઉપાશ્રયે અને બધા ગામે અને દરેક વખતે ચંદરવાપુંઠીયાં વિગેરેનું ઉજમણું કરનારા હોતા નથી, અને તેથી જે જે નાના કે મોટા દહેરામાં નાના કે મોટા ઉપાશ્રયમાં ચંદરવા ન હોય ત્યાં તે ચંદરવાપુંઠીયાં આપવાથી પોતે ધર્માદા મિલકતનો નાશ કરનારપણામાંથી બચે છે, અને તે તે ગામોની પ્રજામાં ધાર્મિક ઉલ્લાસ અને ધાર્મિક બહુમાનને પ્રવર્તાવનારા થાય છે. ચંદરવાપુંઠીયાં પહેલાંના કે નવા આપવામાં લાગવગવાળી લાગણી ઉપર ધ્યાન નહિ આપતાં જે જે જગા પર જરૂરી હોય, ધર્મનો ઉલ્લાસ વધારે હોય, અને તેની અછત મટી ન શકે એવું હોય તેવી જગા પર તે ચંદરવાપુંઠીયાં વિગેરે આપવાં એજ ચંદરવાપુંઠીયાને અંગે વિવેક કરેલો ગણાય.

## ચંદરવાપુંઠીયાના આલેખો સંબંધી

આજકાલ ચંદરવા અને પુંઠીયામાં પૂજ્યપદાર્થોના આલેખો કરવામાં આવે છે, અને તે આલેખોમાં કેટલાક સમજુ ગણાતા મનુષ્યો સહાયકારક બને છે, પણ તેઓએ તેવા આરાધ્ય પુરુષોના ચંદરવાપુંઠીયામાં આલેખો કરવા તે કોઈપણ પ્રકારે ઉચિત નથી, કેમકે ચંદરવાપુંઠીયાં વિગેરે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના અને વર્તમાન સાધુના બહુમાન અને શોભાને માટે ઉપયોગમાં લેવાના હોય છે, તો તેવા શોભાના સાધનોમાં પૂજ્ય અને આરાધ્ય પદાર્થોને ગોઠવવા તે ખરેખર પૂજ્ય અને આરાધ્ય પદાર્થોને રમકડાંની કોટિમાં મેલવા જેવું છે. તેમાં વળી વર્તમાનકાળમાં સાધુઓની પાછળ તે ચંદરવાપુંઠીયાં બાંધવામાં આવે તો વર્તમાનકાલીન સાધુઓએ ખરેખર વિચાર કરવો જોઈએ અને તેનો સ્પષ્ટ શબ્દોમાં નિષેધ કરવો જોઈએ ભરત મહારાજા અને બાહુબલજી મહારાજા સરખા અવ્યાબાધપદને પામનારા તથા વજ્રસ્વામીજી મહારાજ સરખા શાસનના અદ્વિતીય પ્રભાવક પુરુષો જે ચંદરવાપુંઠીયાંમાં આલેખાયેલા હોય, તે ચંદરવાપુંઠીયાંને વર્તમાનકાળના ચારિત્રની તદ્દન શિથિલતાવાળા સાધુ મહાત્માઓ પુંઠે બાંધવામાં ઉપયોગ કરી તેવા મહાપુરુષોને પુંઠ દઈને બેસે તે એક વિવેકની કણીવાળાને પણ છાજતું નથી. વળી, જિનેશ્વર મહારાજના મંદિરમાં પણ તેવા મહાપુરુષના આલેખવાળા ચંદરવા ઉપકરણ તરીકે અને સાધન તરીકે રહે તે આરાધ્ય અને આરાધનાના સ્વરૂપને જાણનારાઓને માટે લાયક તો નથી જ. આરાધ્ય પુરુષના આલેખનો ઉપયોગ સાધન તરીકે કે ઉપકરણ તરીકે થાય તે કોઈપણ પ્રકારે ઉચિત ગણાય નહિ. કેટલાકોની એવી ધારણા હોય છે કે ચંદરવા માથા ઉપર બંધાતા હોવાથી તથા પુંઠીયાંમાં પણ પુંઠ આવે તેટલો ભાગ કોરો રાખીને બાકીના ભાગમાં પૂજ્ય પુરુષોનો આલેખ કરવામાં આવે તો તેમાં આશાતનાનો સંભવ નથી. આવું કહેનારાઓએ સમજવું જોઈએ કે આરાધ્ય પુરુષોના આલેખો માથા ઉપર રહેતા ચંદરવામાં કે પુંઠ લાગે તેટલો ભાગ ટાળીને બાકીના પુંઠીયાંમાં કરવામાં આવે તો તેમાં પુંઠ કરવાનો દોષ ન લાગે, પણ તે આરાધ્યની આરાધનાને અંગે ઉપકરણપણું થઈ જાય એ ઓછું શોચનીય નથી. વાસ્તવિક રીતે તો ચંદરવાપુંઠીયાંની અંદર ઈંદ્ર, સૂર્ય, ચંદ્ર, આઠ પ્રાતિહાર્ય વિગેરેના આલેખો થાય અગર વૈરાગ્યદર્શન આલેખો કરવામાં આવે તેજ ઉચિત ગણાય.

## ચંદરવા આદિના માપો

ચંદરવા અને પુંઠીયાં કરનારાઓએ જે દહેરા અગર ઉપાશ્રયમાં આપવાનો વિચાર કર્યો હોય તે દહેરા અગર ઉપાશ્રયના પછવાઈના માપથી

ચંદરવાપુંઠીયાં કરાય તો કેટલીક વખતે ચંદરવાપુંઠીયાં સારાં છતાં પણ સારે સ્થાને બાંધવામાં તેની નિરૂપયોગિતા થાય છે તે થવાનો વખત આવે નહિ.

### ત્રિગડા કરાવવાની જરૂર

ઉજમણું કરનારે ચંદરવા અને પુંઠીયાંની સાથે ત્રિભુવનનાયક તીર્થંકરને સ્નાત્રપૂજાની વખતે બિરાજમાન કરવાના ત્રિગડાં અને સિંહાસનો પુંઠીયાંના પ્રમાણમાં જરૂર કરવાં જોઈએ, ઉજમણું કરવાવાળા ભાગ્યશાળીઓ જ્યારે ઉજમણાના પ્રમાણમાં છોડ કર્યા હોય અને તે દરેક છોડે ત્રિગડાં નહિ પધરાવે તો પછી તે ઉજમણું દેખીને અનુમોદન અને અનુકરણ કરવાવાળા બીજા ધર્મપ્રેમીઓ તેમ ન કરે તે સ્વાભાવિક છે, માટે શક્તિસંપન્ન ભાગ્યશાળી પુરુષોએ ઉજમણાના જેટલા છોડ કર્યા હોય તેટલાં ત્રિગડાં બિરાજમાન કરવાં જ જોઈએ કે જેથી પોતાને આરાધના થવા સાથે બીજાઓને તે અનુકરણ કરવાને લાયક થાય.

### ઉજમણામાં ઉદારતાની આવશ્યકતા

ઉજમણું કરવાવાળાઓએ ધ્યાન રાખવું જોઈએ કે ઉદ્યાપન જેવો પ્રસંગ પોતાની જિંદગીમાં વારંવાર તો આવે નહિ, તો પછી કોઈક ભાગ્યના યોગે મળેલો અપૂર્વ ઉજમણાનો અવસર સાચવવા સંકોચવૃત્તિને સ્થાન આપવું જોઈએ નહિ. સંકોચવૃત્તિથી ખરચાયેલું નાણું જેટલું ખર્ચ્યું હોય તેટલું બહાર તો દેખાવ આપે છે, પણ તે બહારના દેખાવ કરતાં ઉદારવૃત્તિને લીધે આત્માને મળવો જોઈતો લાભ મેળવવા માટે તે અપૂર્વ અવસરે તો તૈયાર થવું જ જોઈએ.

### ઉજમણા કરનારને ઉપાશ્રય કરવાની ને ઉદ્ધારવાની જરૂર

ઉજમણું કરવાવાળાઓ જેવી રીતે ચંદરવાપુંઠીયાંનું કાંઈક અંશે ધ્યાન રાખે છે, તેવું તે લોકો ઉપાશ્રય જેવા ધર્મસ્થાનને માટે ધ્યાન રાખતા હોય એમ ઘણું જ ઓછું બને છે. ઉજમણાવાળા તો શું પણ બીજા મંદિર વિગેરેને બંધાવનારા મહાનુભાવો સ્વતંત્ર આગવા મંદિર બંધાવવા તૈયાર થાય છે, પરંતુ તેઓનું પણ લક્ષ્ય ઉપાશ્રય તરફ તેવી રીતે હોય એમ લાગતું નથી, કેમકે એક એક શેઠીયાએ સ્વતંત્ર રીતે મંદિરો બંધાવેલાં ઘણા ગામોમાં દેખીએ છીએ પણ એવી રીતે સ્વતંત્રપણે ઉપાશ્રયને બંધાવનારા કોઈક જ ગામમાં કોઈક જ ભાગ્યશાળીઓ નીકળતા જણાય છે. જો કે આ ઉપરથી દહેરાસર બંધાવવાનું કાર્ય ચઢતું નથી કે ઉતરતું છે એમ કહેવાની મતલબ નથી, પણ ઉપાશ્રય એ ધર્મનું જબરદસ્ત સ્થાન છે. ભાવસ્તવની પ્રવૃત્તિનું મુખ્ય ધામ જ ઉપાશ્રય છે, કેમકે ઉપાશ્રયમાં સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ વિગેરે જે ક્રિયાઓ શ્રાવકો નિત્ય કરે તે તેટલા વખતનો તેટલા પૂરતો ભાવસ્તવ જ છે સામાયિક અને પ્રતિક્રમણનું ભાવસ્તવ પણું હોવાને લીધે જ તે સામાયિક, પૌષધ આદર્યા છતાં દ્રવ્યસ્તવ એટલે જિનેશ્વર ભગવાનની પ્રતિમાની પૂજાનો નિષેધ કરવામાં આવે, જો તે સામાયિક, પ્રતિક્રમણ કરતાં પ્રભુની પ્રતિમાની પૂજારૂપ દ્રવ્યસ્તવ જો અધિકતાવાળો હોય તો તેમાં નિષેધ કરવામાં આવત નહિ.

### સામાયિકાદિ ને દ્રવ્યપૂજાનો બલાબલ વિચાર

જો કે કેટલીક જગા પર સામાયિક કરવાનું કાર્ય મેલીને પણ પ્રભુની પ્રતિમાની પૂજારૂપ દ્રવ્યસ્તવનું કાર્ય કરવાનું જણાવવામાં આવે છે, પણ તેનો અર્થ સામાયિક અને પૌષધ કરતાં દ્રવ્યપૂજાનું કાર્ય અધિક છે એમ નહિ, પણ સામાયિકની ક્રિયા સ્વતંત્ર છે, જ્યારે પૂજાની ક્રિયા સામગ્રીને આધીન રહે છે. વળી સામાયિક, પૌષધ તે કરનારના આત્માને ઉદ્ધરનાર છે, જ્યારે ભગવાનની દ્રવ્યપૂજા તે કરનારના આત્માને અને બીજા તે દેખીને અનુમોદના કરનારના આત્માને

ઉદ્ધરનારી છે, અને આ જ કારણથી શાસ્ત્રકારોએ ઘેરથી સામાયિક કરીને ઉપાશ્રયે જવાનો અધિકાર શ્રીમંતો સિવાયને માટે રાખ્યો, અને શ્રીમંતોને માટે સામાયિકનું તેટલો વખત મોડું થાય અને તેટલો વખત સામાયિક ન પણ થાય તો પણ આડંબર સાથે સામાયિક કરવા જવાનું શાસ્ત્રકારોએ ફરમાન કર્યું, કારણ કે તે બાહ્યાડંબરથી બાળજીવોને ઘણાને શાસનની અને ધર્મની અનુમોદના થઈ ઘણો લાભ થવાનો પ્રસંગ આવે, તેમજ શ્રીજિનેશ્વર ભગવાનની પૂજાથી અને શાસનની શોભાથી સાધ્ય તો વિરતિનું જ રહે છે. ભગવાન હરિભદ્રસૂરિજી ચોકખા શબ્દોમાં કહે છે કે જે મનુષ્યને વિરતિ કરવાનું ધ્યેય ન હોય તે મનુષ્ય જિનેશ્વર ભગવાનની જે દ્રવ્યપૂજા કરે તે ભાવપૂજાના કારણભૂત દ્રવ્યપૂજા નથી જ, પણ માત્ર અપ્રધાનને દ્રવ્ય ગણીએ તેની અપેક્ષાએ જ તે દ્રવ્યપૂજા છે. આ ઉપરથી સ્પષ્ટપણે સમજી શકાશે કે જે કથંચિત્ સામાયિક, પૌષધ કરતાં જિનેશ્વર ભગવાનની પ્રતિમાની દ્રવ્યપૂજા પ્રથમ નંબરે આદરણીય જણાવી છે, તે દ્રવ્યપૂજાને ભાવપૂજાની કારણતાની અપેક્ષાએ જ જણાવેલી છે. આ વસ્તુને સમજ્યા પછી કયો સુજ્ઞ મનુષ્ય સામાયિક, પૌષધ વિગેરે ભાવસ્તવના સ્થાનભૂત એવા ઉપાશ્રય તરફ આદરવાળો નહિ થાય?

### વ્યાખ્યાન શ્રવણ એ પણ ચૈત્ય કરવાનો મોટો લાભ

એક વાત શાસ્ત્રોમાં જે ઘણે સ્થાને કહેવામાં આવી છે, એ પણ ધ્યાનમાં રાખવા જેવી છે, ને તે એ કે જિનેશ્વર મહારાજના ચૈત્યોના લાભને જણાવતાં ચોખ્ખા શબ્દોમાં જણાવે છે કે સાધુ મહાત્માઓના દર્શન અને તેમના વ્યાખ્યાનોના શ્રવણનો મહાલાભ મળે, માટે ચૈત્યાદિક ક્રિયામાં કથંચિત્ દ્રવ્યહિંસા થાય તો પણ તે કરવા લાયક છે. આવી રીતે ચૈત્યની દ્રવ્યહિંસામાં જ્યારે વ્યાખ્યાન શ્રવણના લાભનો ઉદ્દેશ ગણવામાં આવે તો પછી તે વ્યાખ્યાન શ્રવણનો લાભ કેવો અપૂર્વ હોવો જોઈએ તે સહેજે સમજાય તેવું છે, અને તે વ્યાખ્યાન શ્રવણનું મુખ્ય સ્થાન જ વર્તમાનના ઉપાશ્રયો જ છે.

### ઉપાશ્રયો શ્રાવક શ્રાવિકાઓને અંગે જ હોય છે.

ઉપાશ્રયના આ લાભની સાથે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે ઉપાશ્રયો સાધુ નિમિત્તે હોતા નથી અને હોવા જોઈએ પણ નહિ, કેમકે ઉપાશ્રય બંધાવનારા અને ઉપાશ્રયમાં જનારા સર્વ લોકો સ્પષ્ટ રીતે એ વાત સમજી શકે છે કે ગામમાં જે પ્રમાણ વ્યાખ્યાનને શ્રવણ કરનારાઓ અને તહેવારોમાં પ્રતિક્રમણ કરનારાઓનું હોય છે, તેને આધારે જ ઉપાશ્રયનું માપ હોય છે. આપણે દેખીએ છીએ કે ઉપાશ્રયો હજારો મનુષ્યોની બેઠકની સગવડ ધરાવનારા હોય છે, ત્યારે સાધુઓની સંખ્યા કોઈ દિવસ પણ તેટલા પ્રમાણમાં આવનારી હોતી નથી. કદાચ એમ કહી શકે કે ઉપાશ્રયના હોલ સિવાય બાકીના ઓરડા વિગેરેના સ્થાનો સાધુને માટે જ હોય છે, તો તેમાં પણ પ્રથમ દૃષ્ટિએ તો તે ઓરડાની બેઠક ગૃહસ્થોની હાજરીને અંગે જ કરવી પડે છે, અને ગૃહસ્થોમાં પણ પૌષધ કરનારો સર્વ વર્ગ ઉપવાસ કરનારો હોતો નથી, અને જેઓ ઉપવાસ ન કરી શકે તેવા હોય તે બધાને પોતાને ઘેરે એકાસણા આદિક કરવાની સગવડ હોય નહિ અને તેથી તે પૌષધવાળાને એકાસણાદિ કરાવવા માટે ઓરડાદિકની જરૂર પડે તે સ્વાભાવિક જ છે. એવી જ રીતે સ્થંડિલ અને માત્રાની ભૂમિ પણ પૌષધ કરનારને જરૂર જોઈએ અને જો પૌષધ કરનારાઓની સંખ્યા ધ્યાનમાં રાખીને ઉપાશ્રયને આંગણે લીલોતરી ન ઊગે, લીલફૂલ ન થાય અને

માત્રાને ઉપરા ઉપરી પરઠવવું ન પડે, અને પરઠવતાં રેલા ન ઉતરે તેવી સગવડ કરવામાં આવેલી હોવી જ જોઈએ, અને જો એવી સગવડ ઉપાશ્રયને કરવાવાળાઓએ પહેલેથી કરેલી હોય તો જે કેટલીક વખત મોટા પર્વના દિવસોમાં પણ અત્યંત આવશ્યક તરીકે ગણેલા પૌષધાદિકને કરવા માટે ભાવિક વર્ગની મોટી સંખ્યા તૈયાર હોય છે, છતાં તેના કારભારીઓને તેવા દિવસે તે ક્રિયાને કરતાં કર્મને પણ રોકવા પડે છે તે રોકવાનો વખત આવેજ નહિ. શાસ્ત્રકારો સાધુને માટે પણ તેવા જ ઉપાશ્રયમાં ઉતરવાનું જણાવે છે કે જે ઉપાશ્રયની પાસે સ્થંડિલ અને માત્રાને માટે સગવડતાવાળી જમીન હોય. ચોમાસું લાયકના ક્ષેત્રના ગુણો ગણાવતાં પણ શાસ્ત્રકારો સ્થંડિલભૂમિની સગવડને ભૂલી જતા નથી, પણ આગળ જ કરે છે. આ બધું વિચારતાં સ્પષ્ટ થશે કે સામાયિક, પૌષધ અને વ્યાખ્યાનને માટે ઉપાશ્રય નામના સ્થાનની પહેલે નંબરે જરૂર છે.

**ઉપાશ્રય એક શ્રીસંઘની ઓફિસ.**

એક અપેક્ષાએ એમ કહીએ તો તે અતિશયોક્તિ નથી કે શ્રીચતુર્વિધ સંઘની દરેક કાર્ય કરવાની ઓફિસ જો હોય તો તે ઉપાશ્રય જ છે. ધ્યાન રાખવું જોઈએ કે જેઓ આકાર નહિ માનવાને અંગે કે આરંભને અંગે મૂર્તિને નહિ માનનારા છે, તેઓ પણ ધર્મશ્રવણના સ્થાન તરીકે સંસ્થાનું સ્થાન કે જેને આપણે આપણી અપેક્ષાએ ઉપાશ્રય કહી શકીએ તેને તે માને જ છે. આવી રીતે એક અપેક્ષાએ ચૈત્યને મૂર્તિ કરતાં અત્યંત ઉપયોગી અને ચૈત્ય અને મૂર્તિના મહિમાને ઉત્પન્ન કરનાર, ટકાવનાર અને વધારનાર એવા ઉપાશ્રયની તરફ જૈન કોમ કે તેના શ્રીમંતો બેદરકારી ધરાવે તે ચલાવી લઈ શકાય તેવું નથી.

**ઉજમણું કરનારાઓએ જ્ઞાનની આરાધના કેમ કેમ કરવી ?**

ઉજમણું કરનારાઓએ એ ખ્યાલ તો જરૂર રાખવો જોઈએ કે ઉજમણું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની આરાધના તથા તેને ધારણ કરનારાઓની ભક્તિને અંગે જ સફળતા પામે છે, અને જો એમ છે તો પછી ઉજમણું કરનારે જેવી રીતે સમ્યગ્દર્શનને અંગે નવીન ચૈત્ય, જીર્ણોદ્ધાર, પ્રતિમા તથા તેની પૂજાની સર્વ સામગ્રી અને ચંદરવાપુંઠીયાંને અંગે જે ખર્ચ કરવો તેના કરતાં અધિક નહિ તો તેટલું ખર્ચ તો ચારિત્ર અને જ્ઞાનને અંગે થવું જોઈએ. તત્વદૃષ્ટિ ધરનારા ઉજમણા કરનારાઓએ પોતાને જેટલી રકમ ઉજમણાને અંગે ખર્ચવી હોય તેના ચાર હિસ્સા કરી એકેક હિસ્સો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્રને અંગે અને તેને ધારણ કરનારા સાધર્મિકોની ભક્તિને અંગે ખર્ચવો જોઈએ. વર્તમાનકાળમાં ઉજમણું કરનારાઓ ઉજમણા માટે ખર્ચવા ધારેલા નાણાંનો મોટો ભાગ ચંદરવાપુંઠીયા પાછળ અને સાધર્મિકની ભક્તિ પાછળ જ ખર્ચે છે. ઘણી જગા પર દેખીએ છીએ કે વીસ, પચીસ કે પચાસ હજાર સરખા રૂપિયાની મોટી રકમ ખર્ચીને ઉજમણા કરવામાં આવે છે, પણ તેમાં સમગ્ર જૈનશાસનના મૂળરૂપ એવા જ્ઞાનને એટલે શ્રુતજ્ઞાનને આરાધવામાં ઘણી જ લૂલી પ્રવૃત્તિ થાય છે. ઉજમણાના પ્રમાણમાં પણ જ્ઞાનને અંગે વિચારીએ તો માત્ર નામની રકમ, જ્ઞાન ઉદ્ધાર તરફ કે જ્ઞાન ધરવા તરફ ખર્ચાય છે, જો એમ ન હોય તો આટલે બધે સ્થાનકે ઉજમણાં થાય છે, તો જૈનશાસ્ત્રોનો ઘણો ભાગ અનુદ્ધરિત રહેત કેમ? મંદિર મૂર્તિઓ તરફ જેવું તેને નવાં કે ઉદ્ધરતિ કરવા માટે લક્ષ્ય છે, તેના ઘણા થોડા ભાગે પણ જ્ઞાનીઓ ઉત્પન્ન કરવા માટે પ્રયત્ન કર્યો હોય કે

કરતા હોય એમ જણાતું નથી. જૈનવર્ગનો ઘણો ભાગ બલ્કે સર્વ કોમ પોતાના સાધુઓને વિદ્વાન થયેલા જોવા ઈચ્છે છે, પણ તેમને વિદ્વાન બનાવવાને માટે ઘણો ઓછો જ ભાગ ઉદારતાથી ખર્ચવા તૈયાર હોય છે.

## સાધુઓને ભણાવવા માટે પંડિતો રાખવા કેમ ?

કેટલાકોનું તો કહેવું એમ થાય છે કે ભણેલા ગુરુઓએ જ પોતાના શિષ્યો કે પોતાની પાસે આવેલા સાધુઓને ભણાવવા જોઈએ, કેમકે જિનેશ્વર મહારાજના ગણધરો ૩૦૦-૩૫૦ અને ૫૦૦-૫૦૦ને વાચના આપતા હતા, તો પછી વર્તમાનમાં ભણેલા સાધુઓ સાધુઓને કેમ ભણાવે નાહે? અને ભણેલા સાધુઓ જ જો પોતાના સાધુઓને ભણાવે તો વિદ્વાન ઉત્પન્ન કરવા માટે જૈન કોમને જરા પણ ચિંતા કરવાની રહે નહિ. જૈન કોમને તો ફક્ત જે અભણ સાધુઓ હોય અને તેના ચેલાને ભણાવવાનું હોય, તેને માટે જ ચિંતા કરે. આ સર્વ કથન હકીકત સમજ્યા વગરનું જ છે, કેમકે પ્રથમ તો ગણધરોની પાસે વાચના લેનારા, ગણધર મહારાજ વિચરતા હતા તે કાળમાં સાંસારિક વ્યવહારને માટે દરેકને તૈયાર થવું પડતું હતું, તેમાં સંસ્કૃત અને મગધી ભાષાનો જ મુખ્ય ભાગ હતો અને તેથી ભાષા જ્ઞાનને માટે તેઓને કાંઈ પણ કરવું પડતું નહિ, અને તેથી જ પાંચસો, પાંચસોની વાચના પણ સાથે થઈ શકતી હતી. પણ વર્તમાનમાં તો ઘણા સાધુ મહાત્માઓને પ્રવજ્યા લીધા પછી શરૂઆતનો મોટો ભાગ તો ભાષાજ્ઞાન અને તેની વ્યુત્પત્તિ મેળવવા માટે જ રોકવો પડે છે, તો તેવાઓને ભાષાજ્ઞાન અને વ્યુત્પત્તિ મેળવવા માટે પંડિતોની સામગ્રી સદ્ગૃહસ્થોને સગવડ કરવી પડે તે સ્વાભાવિક છે. વળી જિનેશ્વર ભગવાનની પાસે દીક્ષા લેનારો વર્ગ પહેલેથી જ ઘણો મોટો હોય છે, અને તેથી પાછળથી વધવાવાળા નાના વર્ગને તે મોટો વર્ગ અભ્યાસ કરાવી શકે, પણ વર્તમાનમાં તો તેવા મોટા સમુદાયનું પહેલેથી દીક્ષિત થવું સંભવિતએ નથી અને થતું પણ નથી. વર્તમાનમાં તો છૂટી છૂટી દીક્ષાઓ થાય છે, અને તેથી બધાનો અભ્યાસ એક સરખો રાખવો અને રહે એ તો કેવળ સાધુ સંસ્થાના દ્વેષી અને સમયધર્મથી સડેલાને જ માત્ર વાચાળતાને અંગેજ કહેવાનું બને. વળી, દરેક સાધુ જુદી જુદી વખતે દીક્ષિત થતા હોવાને લીધે તેમના ગુરુ ભણેલા હોય તો પણ દરેકને જુદા જુદા પાઠ આપવામાં પહોંચી ન શકે તે સ્વાભાવિક છે, અને તેથી સાધુસમુદાયને વિદ્વાન બનાવવા માટે શ્રાવકોએ ધ્યાન આપવું એ પહેલે નંબરે જરૂરી છે. આ કહેવાનો અર્થ એ નથી કે ભણેલા સાધુઓ પોતાના સમુદાયને ભણાવે નહિ. ભણેલા સાધુઓએ પોતાના સમુદાયને ભણાવવા માટે તો તનતોડ મહેનત કરવી જ જોઈએ, પણ ભણેલા સાધુઓ ગ્રહણ કરવાને શક્તિમાન હોય તેવા પોતાના સાધુઓને ભણાવે તો પણ જેની ગ્રહણશક્તિ થઈ નથી તેવાઓને માટે પંડિતની જરૂર રહે તે સહેજે સમજી શકાય તેવી ચોખ્ખી બાબત છે. વળી, જે જે વિષયો શિષ્યો ભણવા માંગે અગર જે જે વિષયોમાં તે ઘણી ઉંચી લાઈનનું જ્ઞાન મેળવવા માંગે, તે તે વિષયો અને તેવું તેવું ઉંચું જ્ઞાન દરેક ગુરુ મહારાજમાં હોય એમ માનવું તે કોઈપણ પ્રકારે વ્યાજબી નથી. વળી અભણ સાધુઓને શિષ્ય થવાની વાત કરીને તે સમયધર્મીએ સનાતન શાસનના સત્યને સરકાવી દીધું છે. શાસ્ત્રમાં દીક્ષા દેવાનો હક અભણને કોઈ દિવસ પણ આપવામાં આવ્યો નથી, છતાં કદાચ કોઈ અભણ હોય અને તેણે પોતાના કુટુંબના કે સંબંધવાળાને દીક્ષા આપી હોય તો તેવાઓને માટે પણ વિદ્વાન બનાવવા તરફ લક્ષ રાખવું એ

શ્રાવકોનું જરૂરી કર્તવ્ય છે.

**ઉંચા તત્ત્વજ્ઞાનને જાણવા સાંભળવાને પ્રચારવાની ઈચ્છા હોય તો શું કરવું?**

ધ્યાન રાખવું કે સાધુઓ પાસેથી ઉંડા તત્ત્વજ્ઞાનને સાંભળવાની ઈચ્છા જૈનકોમ ત્યારે જ સફળ કરી શકાશે કે જયારે તેઓ વિદ્વાન બનાવવાની ઠામઠામ સગવડ પૂરી પાડશે. વર્તમાનની સ્થિતિ દેખીએ તો કોઈપણ શ્રાવકે કોઈપણ સાધુને ઉંચા તત્વજ્ઞાન સંબંધી વાત પૂછવી જોઈએ જ નહિ, અને કદાચ પૂછે તો શ્રાવકોની રીતિઓને અનુસરીને સાધુમહાત્મા એમ કહી શકે કે સ્કૂલ અને કોલેજ વગર ઉંચા અભ્યાસની ઈચ્છા કરનારા અણસમજુની માફક તમે અમારી પાસે સગવડ કર્યા સિવાય શી રીતે ખુલાસા મેળવવાના ભાગ્યશાળી બનવા તૈયાર થયા છો ?

**શ્રુતજ્ઞાનનો ઉદ્ધાર કરનાર સંસ્થાની આવશ્યકતા**

વળી, મંદિર બાંધવાના મિસ્રીઓ ઘણી જગા પર મળે છે, ચંદરવાપુંઠીયાં ભરનારા કારીગરો ઘણી જગા પર મળે છે, પણ જ્ઞાનના ઉદ્ધારની એવી કોઈપણ સગવડ કરી આપનારી કોઈપણ સંસ્થા હયાતિમાં નથી એ જૈનકોમને ખરેખર વિચારવા જેવું છે. ઉજમણું કરનારા ભાગ્યશાળીને મોટી રકમ જ્ઞાન ખાતે ખર્ચવાનું મન થાય તો પણ જૈન કોમમાં તેવી કોઈ સંસ્થા નથી કે ચંદરવાપુંઠીયાં વિગેરેની માફક તે ઉજમણું કરનારને લાખો શ્લોકો લખાવવાની સગવડ કરી આપે, કે લાખો શ્લોકોનું શુદ્ધ રીતિસર મુદ્રણ કરી દે. આ જ્ઞાન આરાધનના પ્રસંગને અંગે નથી, એમજ કહેવામાં આવ્યું છે તે વાચક કે શ્રોતાને વાંચી કે સાંભળી રહેવા માટે નથી, પણ તે કાર્યની સિદ્ધિને માટે કમર કસી જૈનકોમના ભાગ્યશાળીઓએ ઉજમણું કરનાર ભાગ્યવંતના જ્ઞાન આરાધનના કાર્યમાં સંપૂર્ણ રીતે મદદગાર થવું જોઈએ. જૈનકોમમાં એવી સંસ્થાની હજુ ત્રુટી જ છે કે જે સંસ્થા ઉજમણું કરનારાઓને પુસ્તક લખાવવું કે છપાવવું કે તેના સાધનો પૂરાં પાડી જ્ઞાન આરાધનના કાર્યને બજાવવામાં મદદ કરનાર થાય.

**સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બન્નેની આવશ્યકતા છતાં જ્ઞાનપ્રચારની આવશ્યકતા**

જો કે સમ્યગ્દર્શન એ જ મોક્ષમાર્ગનું મૂળ છે. સમ્યગ્દર્શનથી જ મોક્ષની પ્રાપ્તિના આંતરાનો નિયમ થઈ શકે છે, અને તેથી જ સમ્યગ્દર્શનને ધર્મના મૂળ, દ્વાર, પ્રતિષ્ઠાન, આધાર, ભાજન અને નિધિ તરીકે ઓળખવામાં આવે છે, અને સમ્યગ્દર્શનવાળાને જ મોક્ષમાર્ગની અપેક્ષાએ જ દેખનાર તરીકે ગણવામાં આવે છે, જો સમ્યગ્દર્શન ન હોય તો આરાધકપણાની દૃષ્ટિએ તેને આંધળો ગણવામાં આવે છે, પણ તે સમ્યગ્દર્શન જીવાદિ તત્ત્વોના હેય, જ્ઞેય અને ઉપાદેયપણાના નિશ્ચયરૂપ હોય છે.

**અનુભવજ્ઞાન કોને કહેવું ?**

જીવાદિ તત્ત્વોના હેય, ઉપાદેયપણાના નિશ્ચય સિવાય જીવાદિક તત્ત્વોનું જ્ઞાન હેય, ઉપાદેય વિભાગ તરીકે ન થયું હોય, પણ માત્ર જ્ઞેય પદાર્થ તરીકે થયેલું હોય તો તે જીવાદિ તત્ત્વોનું જ્ઞાન તો શું, પણ કાંઈક ન્યૂન દશપૂર્વ સુધીનું જ્ઞાન હોય તો પણ તે જ્ઞાનરૂપ ગણાતું નથી. આ ઉપરથી જે કેટલાકોના મનમાં શંકા રહે છે કે જે પૂર્વગત શ્રુત મહાવિદેહના પ્રમાણવાળા ઠામ બમણા હાથીએ લખી શકાય તેવાં દશપૂર્વ જે કુલ ૧૦૨૩ હાથી જેટલી રૂશનાઈએ લખવા માંડે તો લખી શકાય એમાંથી માત્ર કિંચિત્ ન્યૂન જ્ઞાનવાળા છતાં પણ સમ્યગ્દર્શનના નિશ્ચયવાળા નહિ, તો પછી તેથી ઓછા જ્ઞાનવાળાઓને સમ્યગ્દર્શનનો નિશ્ચય શી રીતે કરી શકાય ? અને એટલા બધા અત્યંત

જ્ઞાનવાળાને સમ્યગ્દર્શનનો નિશ્ચય ન હોય એ સંભવે કેમ? આવી શંકા કરનારે સમજવું જોઈએ કે થોડા કે ઘણા જ્ઞેયતરીકે જણાતા પદાર્થોના જ્ઞાન ઉપર સમ્યક્ત્વનો આધાર રહેતો નથી, પણ સમ્યક્ત્વનો આધાર ભલે થોડું જ્ઞાન હોય કે ભલે વધારે જ્ઞાન હોય, પણ જીવાદિક તત્ત્વોની અંદર આશ્રવ અને બંધના સર્વથા હેયપણાનો નિશ્ચય અને સંવર, નિર્જરા તથા મોક્ષના ઉપાદેયપણાનો અદ્વિતીય નિશ્ચય થાય તેની જ ઉપર સમ્યક્ત્વનો આધાર રહે છે, અને એટલા જ માટે ઉપાધ્યાયજી મહારાજ સ્પષ્ટ અક્ષરોમાં જણાવે છે કે જો ગ્રંથીને ભેદવાવાળું એટલે તત્ત્વના વિપર્યાસને નાશ કરનારું કે તત્ત્વની યથાસ્થિત પ્રતીતિ કરાવનારું જો જ્ઞાન થાય તો અનેક પ્રકારના શાસ્ત્રોના વિસ્તારથી કાંઈ પણ કામ નથી. હેયોપાદેયના નિશ્ચયપૂર્વક તો ફક્ત નિર્વાણ એવું પદ જ વારંવાર વિચારાય તો તે જ ઉત્કૃષ્ટ જ્ઞાન છે ઘણું જ્ઞાન હોય તો જ ઉત્કૃષ્ટ જ્ઞાન કહેવાય, અને થોડું જ્ઞાન હોય તો ઉત્કૃષ્ટ જ્ઞાન કહેવાય નહિ, એવી રીતે માત્ર જ્ઞેય ધારીને બધાં તત્ત્વોને જાણવાં તે સમ્યગ્જ્ઞાન કહી શકાય જ નહિ, અને તેથી જ કાંઈક ન્યૂન દશપૂર્વ સુધીના જ્ઞાનવાળો થાય તો પણ હેયોપાદેયના વિભાગવાળો ન હોય તો તે સમ્યગ્જ્ઞાન વગરનો હોય, અને તેને સમ્યગ્દર્શન નથી થયું એમ કહેવામાં કોઈ પણ જાતની હરકત નથી. વર્તમાનકાળમાં પણ આપણે દેખીએ છીએ કે જીવ વિચાર, નવતત્ત્વ, કર્મગ્રંથ, કર્મપ્રકૃત્તિ યાવત્ પંચસંગ્રહ સરખા ગ્રંથોને ભણનારા અને ભણેલા પોથીના રીંગણાંવાળા કે વકીલાતના ધંધા જેવા દેખાય છે, અર્થાત્ શાસ્ત્રના વચનો પોતાને પરીક્ષાથી પાર ઉતરવાને માટે કે લોકોને સંભળાવવા માટે છે એમ ધારે, પણ શાસ્ત્રકારોનાં વચનો મારા આત્માની લાભ કે નુકસાનીની દિશાને દેખાડવાવાળાં હોવા સાથે મારા આત્માની જોખમદારીનું ભાન કરાવી, મારા આત્માને કર્તવ્યદિશા સૂચવનાર છે એવી ધારણાવાળા કોઈક જ હોય છે, અને તેની સાથે જ કેટલાક ભદ્રિક આત્માઓ કે જેઓ જીવ વિચારાદિક પ્રકરણોને ભણનારા, જાણનારા કે સમજનારા પણ નથી હોતા, છતાં માત્ર ગીતાર્થ સુવિહિત ગુરુ મહારાજોની પાસે આશ્રવાદિક તત્ત્વોને સાંભળે તેટલા માત્રથી જ હેયોપાદેયનો વિભાગ કરી આત્માની જોખમદારીનું ભાન ધરાવવાવાળા થાય છે, અર્થાત્ ઘણું જ્ઞાન ધરાવવાવાળા પણ આત્માની જોખમદારીનું ભાગ ન ધરાવે તો સમ્યગ્દર્શનવાળા ન હોય અને તેનું ભાન ધરાવે તોજ સમ્યગ્દર્શન વાળા હોય અને તેવીજ રીતે અલ્પજ્ઞાનવાળા પણ આશ્રવાદિકનું હેયપણું, ઉપાદેયપણું સમજીને આત્માની જોખમદારી સમજે તો તે સમ્યગ્દર્શનવાળા થાય, અને આજ કારણથી શાસ્ત્રકારો તેરમા ગુણઠાણાના પહેલા સમયે જે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે તેના જ પહેલા સમયે એટલે બારમા ગુણઠાણાના છેલ્લા સમયે કેવળ મતિ, શ્રુતજ્ઞાનવાળા જ એટલે અવધિ અને મનઃપર્યવ જેવા વિશેષજ્ઞાન વિનાના એટલા બધા હોય છે કે જેઓ અવધિ અને મનઃપર્યવ પામેલા કરતાં પણ કંઈગુણા હોય છે, એટલું જ નહિ પણ તે મતિ, શ્રુત, એકલાં હોય તેમાં પણ કેટલાક જીવો તો માત્ર અષ્ટપ્રવચનમાતાના નામ માત્રથી જ જ્ઞાનવાળા હોય, છતાં પણ તેવા અલ્પતમ જ્ઞાનવાળા પણ આત્માની કર્મબંધ કે નિર્જરાની જોખમદારી પોતાને અંગે સમજતા હોઈ અનંતર સમયે જ કેવળજ્ઞાન મેળવી શકે છે, માટે અલ્પ જ્ઞાનવાળો પણ આત્માની જોખમદારીના ભાનવાળો હોય તો તે ઉત્કૃષ્ટ જ્ઞાનવાળો જ ગણાય, કેમકે તે પણ કેવળજ્ઞાનને મેળવી શકે છે.

### સમ્યગ્દર્શનની માફક સમ્યગ્જ્ઞાનની પણ પ્રથમતાને પ્રધાનતા

આ હકીકત જાણવાથી સમ્યગ્દર્શનનું સ્વરૂપ, મહિમા અને તેનાં સાધનો સહેજે સમજાશે, અને તે સમજવાથી સ્પષ્ટ માલમ પડશે કે સમ્યગ્દર્શન એ મોક્ષનું મૂળ છતાં પણ તેનું પણ મૂળ જો તપાસીએ તો જીવાદિક પદાર્થોનું જ જ્ઞાન આવશે, અને તેથીજ કેટલીક જગાપર તત્વાર્થસૂત્ર વિગેરેમાં सम्यग्दर्शनाज्ञानचारित्राणि मोक्षमार्गः એવું સુત્ર સમ્યગ્દર્શનની મુખ્યતાવાળું છતાં પણ सम्यग्ज्ञानदर्शनचारित्राणिमोक्षमार्गः એવું સમ્યગ્જ્ઞાનની પ્રધાનતા અને પ્રથમતાવાળું સૂત્ર જણાવે છે, અર્થાત્ સમ્યગ્દર્શનની ઉત્પત્તિવાળાને સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ ઘણી જ જરૂરી છે. અને સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિનું સાધન વર્તમાનકાળમાં પુસ્તકો સિવાય બીજું કાંઈ જ નથી, માટે ઉજમણું કરવાવાળાઓએ સમ્યગ્દર્શનના સાધનો તરફ અને સાધુઓને પંડિત બનાવવાને માટે જેવી રીતે ઉદારતા કરાય, તેવીજ રીતે બલ્કે તેનાથી પણ સમ્યગ્જ્ઞાન એ આખા શાસનની જડ હોવાથી અધિક ઉદારતા કરીને આરાધવા જેવું છે. વસ્તુતાએ ઉજમણું કરનારાઓએ મહારાજા કુમારપાળ, વસ્તુપાળ, તેજપાળ, સંગ્રામ સોની વિગેરે ભાગ્યશાળીઓએ કરોડો રૂપિયા ખર્ચીને જ્ઞાનભંડારો મુદ્રણકળા નહોતી તે વખતે લખાવીને પણ કર્યા છે, તો પછી વર્તમાન જમાનામાં મુદ્રણકળાનો લાભ ઉઠાવી મુદ્રિત કરવા દ્વારાએ કે લખાવવા દ્વારાએ એક એક જ્ઞાન ભંડાર કરવો જ જોઈએ.

### જ્ઞાનના સાધનો સારાં અને આદર કરવા લાયક કરવાં

વળી ભગવાનને બિરાજમાન કરવાને સ્થાને આગળ પાછળ તરીકે હજારોના ચંદરવા અને પુંઠીયાં કરાવવામાં આવે તો જ્ઞાનને માટે શા માટે તેવાં અત્યંત સુશોભિત અને અનુમોદના કરાવે તેવાં ચાંદીના, કાચના કે ચંદન, કપૂર વિગેરે લાકડાંનાં નાના કે મોટા કબાટો કરવામાં ન આવે? આપણે તપાસીશું તો માલમ પડશે કે ભગવાનની આંગી અને ઘરેણાં બનાવવાનો જેટલો ઉલ્લાસ ઉજમણું કરનારાઓને હોય છે, તેનો અંશ પણ ઉલ્લાસ પુસ્તકોના કિંમતી કે સારાં પુંઠા કરવામાં કે જરીઆનના કે રેશમના રૂમાલોથી જ્ઞાનની ભક્તિ કરવાના ભાવો થતા નથી કે પ્રવૃત્તિ પણ થતી નથી, પણ તે વસ્તુ જ્ઞાનની કિંમત ઉજમણું કરનારને સમજાઈ નથી એમ જ સૂચવે છે. જો જ્ઞાનની કિંમત સમજાઈ હોય તો દેવતાઓ જેમ ભગવાનની પ્રતિમાની માફક જ પુસ્તકરત્નોને આરાધે છે અને રાખે છે, તેવી રીતે ઉજમણું કરાવનારાઓ પણ કેમ ન રાખે?

### જ્ઞાનને ચિરસ્થાયી બનાવવા કોતરકામની જરૂર

ધ્યાન રાખવું કે દેવલોકના પુસ્તકરત્નો સ્ફટિકરત્નના પત્રો અને અરિષ્ટ રત્નોના અક્ષરોનાં છે, તો વર્તમાનના ઉજમણાં કરનારાઓએ પિસ્તાળીસ આગમ, અગીયાર અંગ, કે એકેક અંગ પણ પત્થરમાં પણ અને તે કોતરાવીને પણ શાસનના મૂળભૂત શાસ્ત્રોની રક્ષા માટે ઉદ્ધરવાનો પ્રયત્ન કર્યો નથી તેમ કરાતો નથી. ધ્યાન રાખવું કે કાગળ, તાડપત્ર વિગેરે કરતાં ધાતુ અને પત્થરમાં જ કોતરાયેલું શ્રુતજ્ઞાન ઘણા લાંબા કાળ સુધી શ્રીચતુર્વિધ સંઘને જવાબ દેનારું થશે. ઉજમણું કરનારાઓએ ઉજમણાના મંડપમાં જ્ઞાનને માટે એવી અપૂર્વ રચના અને ગોઠવણ કરવી જોઈએ કે જેમાં શ્રુતજ્ઞાનનો સ્વતંત્ર વિભાગ હોય અને દર્શન કરવા આવનારાઓમાંના દરેકની દૃષ્ટિ તે

જ્ઞાનવિભાગ પોતાની અપૂર્વતા, મનોહરતા અને રચનાને લીધે ખેંચે અને લોકોને તેના રસિક બની તે તરફ પ્રવર્તવાનો વખત આવે.

## ઉજમણું કરનારાઓએ ચારિત્ર કેમ આરાધાય ?

જેવી રીતે આ જ્ઞાનને માટે ઉજમણાવાળાએ એક સારો ભાગ ખર્ચવાની જરૂર છે, તેવી જ રીતે મોક્ષના દ્વારરૂપ, મોક્ષનું અનંતર કારણ અને સર્વનયથી મોક્ષના કારણ તરીકે મનાયેલા એવા ચારિત્રને માટે પણ આરાધના કરવા તત્પર થવું જોઈએ. ચારિત્રના ઉપકરણો મોટી સંખ્યામાં દરેકે મેલવાં જોઈએ. ચારિત્રના અર્થીઓનું ઘણીજ ઉંચી હદે બહુમાન કરવું જોઈએ. ચારિત્રના મહોત્સવો કરવાને માટે તેઓએ તત્પર રહેવું જોઈએ. એટલું જ નહિ પણ જેમ કૃષ્ણ મહારાજે બાર જોજન લાંબી અને નવજોજન પહોળી એવી મોટી દ્વારકા નગરીમાં જે કોઈ ચારિત્ર લેવા તૈયાર થાય તેને ચારિત્ર ગ્રહણ કરતાં કૌટુંબિક, આર્થિક કે પાછળ રહેલાના નિર્વાહની જે કાંઈપણ અડચણ હોય તે દૂર કરવાનું માથે લીધું હતું, તેવી રીતે ઉજમણું કરતાં ચારિત્રની આરાધના કરવાની ઈચ્છાવાળાઓએ ચારિત્રના અર્થી દરેક જીવોના દરેક પ્રકારના વિઘ્નો કે અગવડો દૂર કરવા માટે આવશ્યક પ્રયત્ન કરવો જ જોઈએ, કેમકે સામાન્ય નિયમ પ્રમાણે જે વસ્તુને આપણે ઉત્તમોઉત્તમ ગણીએ, અને જે વસ્તુની પ્રાપ્તિ દરેક જીવો કરે એવું ઈચ્છીએ, તેમજ જે વસ્તુને પ્રાપ્ત કરનારાઓને પરમેષ્ઠિપદમાં દાખલ કરી આરાધ્યકોટિમાં મેલીએ તે વસ્તુની પ્રાપ્તિ કરનારા કૃષ્ણ મહારાજની માફક પોતાના ઘરમાંથી કે અન્ય કુટુંબમાંથી ઉભા કરવા તો દૂર રહ્યા, પણ જેઓ સ્વયં તેવી ઉત્તમ વસ્તુને લેવાને તૈયાર થયા હોય તેના બાહ્ય અંતરાયોને દૂર કરીએ નહિ કે તેની પૂરતી સગવડ પણ કરી દઈએ નહિ તો તે કહેવાની આરાધ્યતા કે પૂજ્યતા ગણાય, માટે ઉજમણું કરવાના અર્થીઓએ સમ્યગ્દર્શન, અને જ્ઞાનની માફક જ ચારિત્રનું પણ આરાધન યોગ્યરૂપે અને ઉદારભાવે કરવું જ જોઈએ અને એ ઉજમણાના મંડપમાં ચારિત્રના ઉપકરણનો વિભાગ પણ દેખનારની દૃષ્ટિને ખેંચવા સાથે અનુમોદનીય થાય તેવો બનાવવો જ જોઈએ. ઉજમણાંને અંગે મહારાજા શ્રીપાળે સાધર્મિક વાત્સલ્યનો આદર કર્યો છે અને તેનો આદર સામાન્યરૂપે તો દરેક સ્થાને થાય છે, પણ તે આદર માત્ર ભોજન કરાવવા રૂપે થાય છે, તેની સાથે સાધર્મિકોની ભક્તિ અને બહુમાન થાય અને દરેક સાધર્મિક ઉપર વાત્સલ્યબુદ્ધિ એટલે હેતબુદ્ધિ થાય તે દરેક ઉજમણું કરવાવાળાને ઘણું જરૂરી છે.

આવી રીતે તપ અને ઉદ્યાપનને માટે ઘણા વિસ્તારથી લખાયેલું છે છતાં જેઓ આ લેખને સાદ્યંત વાંચી, વિચારી પોતાની શ્રદ્ધા અને કરણીમાં ઉતારશે કે બીજાને સમજાવી ઉતારવા પ્રયત્ન કરશે તો અમારો આ પ્રયત્ન સફળ થયેલો ગણીશું. મતિમંદતાથી કે અન્ય કોઈ કારણથી કાંઈપણ વિરુદ્ધ લખાયું હોય તેનો મિચ્છામિ દુક્કડં દેવા સાથે શાસનની જયપતાકાની અભિલાષા રાખી આ લેખ સમાપ્ત કરવામાં આવે છે.

## સામાન્ય રીતિએ ઉજમણાની રીત અને તેમાં ધરવી જોઈતી વસ્તુઓની યાદી

શ્રીપાળ મહારાજના રાસને અંતે નવપદના ઉજમણાને અંગે જે સમજણ આપી છે તે સમજણ ટુંકી અને ઉજમણું કરનારાને અત્યંત ઉપયોગી હોઈ અહીં તેની નકલ આપવામાં આવે છે. માત્ર આ નકલ નવપદને અંગે હોવાથી બીજા

તપવાળાઓએ પોતપોતાના તપની પદસંખ્યા ધ્યાનમાં લઈ તે તે સંખ્યા પ્રમાણે આ વસ્તુઓ કરવી એટલી સૂચના છે.

**નવપદજીની ઓળીના ઉજમણાનો વિધિ**

આસો સુદિ સાતમથી આંબિલ કરવાં શરૂ કરી પૂનમના દિવસ લગી નવ આંબિલ કરવાં એવી નવ ઓળી કરી જ્યારે નવે નવ એક્યાશી આયંબિલની ઓળી પૂર્ણ થાય ત્યારે સાડા ચાર વર્ષે નવપદજી ઓળીનું વ્રત પૂર્ણ થયે ઉદ્યાપન-ઉજમણું કરવું જેથી વ્રતની સફળતા સ્વાધીન થાય છે.

હાલના રિવાજ મુજબ પોતના વિશાળ સુંદર મકાનની અંદર અથવા વિશાળ જિનભુવનમાં ઉજમણાની રચના રચવી એટલે કે લીંપી ધોળી રંગી પવિત્ર કરેલા ને સ્વચ્છ હવાવાળા મકાનમાં સિદ્ધચક્રજીના મંડપની રચના કરી તેમાં આઠ પાંખડીવાળા ગર્ભયુક્ત કમળની સ્થાપના કરી ધોળા ધાન્યથી શ્રીઅરિહંતજીની મધ્યગર્ભમાં સ્થાપના કરી પૂર્વની પાંખડીમાં રાતા ધાનથી સિદ્ધપદનું, દક્ષિણ પાંખડીમાં પીળા ધાનથી આચાર્યજીનું, પશ્ચિમ પાંખડીમાં નીલા ધાનથી ઉપાધ્યાયજીનું અને ઉત્તર પાંખડીમાં શામ રંગના ધાનથી સાધુપદનું સ્થાપન કરી ચારે વિદિશિયે ધોળા ધાનથી જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપપદની સ્થાપના કરાવી તે પાંખડીઓની પાછળ રાતા ધાનની તે પછી પીળા ધાનની અને તે પછી ધોળા ધાનની સંજાબવાળા કાંગરા કરી નવગઢ કરવા. રંગરંગના ફળ-ધજાઓ-વસ્તુઓ નૈવેદ્ય વિગેરે તે આગળ ધરી પદે પદે શ્રીફળ વિગેરે ધરવાં, અને નવપદજીની પૂજા ભણાવી તથા શક્તિ પ્રમાણે નવ નવ વસ્તુઓ જ્ઞાનના ઉપકરણો વિગેરે પણ મૂકવાં. શક્તિ હોય તો :- દહેરાસર, જીર્ણોદ્ધાર, જિનબિંબ, સિદ્ધચક્રજીના ગટ્ટા, નવપદજીની પાટલીઓ, ધર્મશાળા, મુકુટ, ઝરમર, તિલક, સિંહાસન, કળશ, કટોરી, ચંદનના કકડા, કેશરનાં પડીકાં વાળા કુંચી ધોતિયાં, અંગલુહણાં, મુખકોષ રકાબી, ઘંટડી, નવકારવાળી, થાપના, આચમની, ત્રાંબાકુંડી, અષ્ટમંગલિક, આરતિ, ધુપધાણા, મંગળદીપક, ચંદ્રવા, પુંઠિયાં તોરણ, વાસકુંપી કાંબળી, પછેડી, છત્ર, ચામર, મોરપીંછી, વાટકી, કચોલાં, થાળી, પુજણી, ઓરસીઆ, દીવા, બાજોઠ, ધજાં, ઘંટ, દંડાસણ, હાંડા, તાંબડી, થાપનના ઉપકરણ, વાટકા, અગરબત્તિ, બરાસ અગર પ્યાલા, શ્રીપાલજીના રાસ પુસ્તકો, ટીપ, રૂમાલ, પાટા, ઠવણી, કવળી, સાંપડા સાંપડી, લેખણ, ચાકુ, કાતર, દાબડા, દાબડી, ખડિયા, હિંગળોકિયાં, પાટલી, ઓળીઆ ફાટિયા પાટી પુસ્તક રાખવાના ડબ્બા, દોરા, ચાબકી, વાસક્ષેપના વાટવા, વતરણાં, કાંબી, આંકણી, પાત્રાં, પડઘા, ઝોળી, ચોળપટ્ટા, સંથારીયા, ઓઘાની કાંબળી, કપડાં, ડાંડાં, ઓઘા, મુહપત્તિ, કલ્પસૂત્ર, તરપણી, ચરવળા, તેની દાંડી, સુપડી, શાહીનાં પડીકાં એ બધી જ્ઞાન દર્શન ચારિત્ર સંબંધી નવ ચીજો લેવી. તથા હીરા ૩૪, રાતીચુની ૩૧, પીલોજા ૩૫, નીલચુનીઓ ૨૫, શનિ ૨૭, મોતી ૧૩૮, રૂપાના વરખ ૧૦૦, સોનાના વરખ ૧૦૦, લાખેણો હાર ૧, પંચવર્ણી શ્રીફળના ગોળા, નવ ગ્રહની સ્થાપના, અને વિવિધ મેવામિષ્ટાન્ન વિગેરે નવપદજી આગળ ધરવાં, નવ દિવસ નવપદની પૂજા, ભાવના, પ્રભાવના, સામિવત્સલ સહિત ભણાવી જીવનનો લ્હાવો લઈ નવપદજીનું વ્રત અજુઆળવું જેથી ઉભય ભવમાં અપાર આનંદમંગળ પ્રાપ્ત થાય છે.

समाप्तोऽयं ग्रन्थः ॥ शमस्तु॥

( ટાઈટલ પાના ૪નું અનુસંધાન)

પ્રશ્ન ૭૫૧- શાસ્ત્રના પુરાવા છતાં અનુકરણીયતાનો નિષેધ જ પકડી રાખે તેનું શું ?

સમાધાન - કદાગ્રહને વશ થયેલો મનુષ્ય સેંકડો વખત શાસ્ત્રના પુરાવા સાથે મોક્ષાર્થ અનુષ્ઠાન અનુકરણીય છે, એમ જણાવાયા છતાં અન્યાન્ય વાતોને નામે અનુકરણીયતાનો નિષેધ કરેજ જાય તેને શું કહેવું ?

પ્રશ્ન ૭૫૨- કોઈ પણ માસકલ્પાદિ વિહારોની માફક આગમ નામનો વિહાર છે ?

સમાધાન - આગમ નામનો વ્યવહાર શાસ્ત્રમાં સ્થાને સ્થાને હોવા છતાં આગમ વ્યવહારથી વિહાર કરનારને મધ્યમપદલોપથી આગમ વિહારિ શબ્દ ભ્રમણમાં વાપરેલો છતાં ન સમજે તેનો ઉપાય શો?

પ્રશ્ન ૭૫૩- નહિ પડવાના નિશ્ચયપૂર્વક જ અમે વ્રતાદિ દઈએ છીએ એમ કહેવાય ખરું ?

સમાધાન - તથાવિધ જ્ઞાન વિનાના મનુષ્યો નહિ પડવાના નિશ્ચયથી જ અમે વ્રતદાન આદિ કરીએ છીએ એમ જણાવવા બહાર પડે તે સાહસ!

પ્રશ્ન ૭૫૪- જૈનશાસ્ત્રોમાં મુહૂર્તાદિક જોવાનાં કહ્યાં છે તે પૌષ અને અષાઢ સિવાયના માસની વૃદ્ધિ માનનારા ટીપણાં કે બીજાંથી ?

સમાધાન - લૌકિક ટીપણાને શાસ્ત્રાનુકૂલ માનવાના આગ્રહની મુબારકબાદી ન લેવી. કોઈપણ કાર્યમાં મુહૂર્તાદિક જોવાની જરૂર જ નથી, એમ કલ્પનારને ધન્ય છે.

પ્રશ્ન ૭૫૫- ભગવાન મહાવીર મહારાજે કરેલા ગર્ભવાળા અભિગ્રહમાં અવધિજ્ઞાનના ઉપયોગને કારણ માનવું કે નહિ?

સમાધાન - માતાપિતાના અત્યંત સ્નેહને અવધિજ્ઞાનથી જાણ્યો છે તેથી તે રૂપે કારણ ગણવું અને મારી દીક્ષા ક્યારે થશે, માતાપિતા કાલ ક્યારે કરશે એ વિગેરે સંબંધી ઉપયોગ નથી મ્હેલ્યો તેથી તે બાબત અવધિનો ઉપયોગ કર્યો નથી એમ સમજવું.

પ્રશ્ન ૭૫૬- લઘુવંદનસૂત્ર કેટલું પ્રાચીન છે અને તેમાં 'જાવણિજ્જાએ' (**यापनीयया**) પદનો અર્થ શો?

સમાધન - વંદનઆવશ્યકમાં ગુરુ સંક્ષેપથી કરવા ત્યારે **मत्थएण वंदामि**નું વંદન કરાય ને તેથી લઘુવંદન બને, **इच्छामि** થી પ્રશ્ન છે અને **मत्थएण वंदामि** વંદન છે માટે વંદનાવશ્યકની માફક સર્વ તીર્થે એ હોય, ને કાબુમાં રાખેલ ઈંદ્રિય અને મનની પ્રવૃત્તિથી એવો અર્થ **जावणिज्जाए**નો કરાય છે.

પ્રશ્ન ૭૫૭- દરેક આજ્ઞા માગીને કરાતા કાર્યોમાં આદેશ મળ્યા પછી માગનાર પાછો **इच्छं** કહે છે તેનું તત્ત્વ શું?

(જુઓ ટાઈટલ પાના બીજા પર)

# સાગર-સમાધાન

પ્રશ્ન ૭૪૬- અધિકારીનું લક્ષણ શું ?

સમાધાન - ઈચ્છાવાળો, પ્રસ્તુતની શક્તિવાળો અને જેને માટે શાસ્ત્રકારોએ નિષેધ ન કર્યો હોય તે અધિકારી. અધિકારીને અનધિકારી કહેનાર તો કુટિલ ગણાય.

પ્રશ્ન ૭૪૭- ન ટળી શકે તેવી અવિધિવાળી ક્રિયા હોય તો પણ છોડવી જ જોઈએને ?

સમાધાન - અવિધિએ થાય તે કરતાં ન થાય તે સારું એ ઉત્સૂત્રભાષા, પણ વિધિને જરૂર દરેક ધર્મકાર્યમાં છે. માટે તેનું લક્ષ્ય રાખી અવિધિ ટાળવી એ શાસ્ત્રવાક્ય છે.

પ્રશ્ન ૪૭૮- વર્તમાનકાળમાં અપવાદ માર્ગ નથી જ ને ઉત્સર્ગ જ માર્ગ છે એ કથન શું સાચું ?

સમાધાન - જૈનશાસનમાં ઉત્સર્ગ એ માર્ગ છે, તેવીજ રીતે અપવાદ એ માર્ગ જ છે. છતાં તેને અસદ્ વિધાન કહે તે શાસ્ત્રોને સમજે કેમ? સ્થવિરકલ્પને તેમાં દુષ્મ કાલ છતાં અપવાદ આ કાળમાં સેવાતો જ નથી એમ કહેનાર દેખાડવા, ચાવવાના જુદા દાંતવાળા જેવા ગણાય.

પ્રશ્ન ૭૪૯- શાસ્ત્રને આજ્ઞાને પોકારનાર સારા ખરાને?

સમાધાન - પોતાની કે પોતાના વડિલની શાસ્ત્રવિરુદ્ધને હઠવાળી વાચાને પોષનાર થઈને લોકોમાં શાસ્ત્ર ને આજ્ઞાનુસારિપણાની છાપ મરાવવા જનારમા માસાહસપક્ષીને ભુલાવનાર ગણાય.

પ્રશ્ન ૭૫૦- સમ્યક્‌ત્વની પ્રાપ્તિ કે આજ્ઞાની સંપૂર્ણ પ્રતીતિ સિવાય ધર્મ નહિ?

સમાધાન - "દુર્ગતિમાં પડતાં જીવોને બચાવે એ ધર્મ' એ વ્યાખ્યા અધૂરી છે" એમ કહી આજ્ઞાભંગવાળી ક્રિયા પણ દુર્ગતિથી બચાવે છે એમ ધ્વનિત કરનાર ધૂની સિવાય બીજો કોણ હોય? શાસ્ત્રકારો અપુનર્બંધકપણાથી પણ ધર્મની શરૂઆત ગણે છે.

(જુઓ ટાઈટલ પાનું ત્રીજું)

તૃતીય વર્ષ, અંક ૨૧.

Registered No. B.3047




## શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

શ્રાવણ સૂદિ પૂર્ણિમા, ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી) ૧૪-૮-૧૯૩૫

# ચાર ભાવના

## મૈત્રી.

### દુહા

મૈત્રી મનમાં જે ધરે બાંધે કરમ ન ઘોર ! પરહિત બુદ્ધી ધારતાં રાગદ્વેષ નહિં થોર ॥૧॥
જે જગહિત મન ચિંતવે તસ મન રાગ ન રોષ ! ઈર્ષ્યાવન દાવાનલો હોવે ગુણ ગણ પોષ ॥૨॥

### પ્રભાત રાગ

મૈત્રી મન ભાવતો વૈરદવ શામતો, પામતો કરમફલથી અચંબો,
ક્રોધ વશ જે કર્યા હનન જુઠ ને ભર્યા પારકાં કનક મણિરત્ન લંબો;
પરતણી કામિની પાપધન સામિણી પેખતાં ચિત્તમાં પ્રબલ મોહો,
લોભ વશ ધમધમ્યો શુદ્ધગુણ નવિ રમ્યો વૈરની અગ્નિમાં સમિધ દોહો. ૧
જનક દુહિતા હરી વંશ નિજ ક્ષય કરી રાવણે નરકમાં વાસ કીધો,
રામ ભ્રાતા હરી દેખી ત્યાં થરહરી, વારતો ઈંદ્ર શમવાસ દીધો;
પૂર્વ ભવ રાણીને દોષ કોઈ જાણીને વીર જીવે શયન વાસ વાર્યો,
વ્યંતરી ભવ લહી દોષ શત સગ્રહી વેદના તીવ્રતર વીર ધાયો. ૨
વાવીયો વૈરનો વૃક્ષ ગુરૂ સ્વૈરનો છેદ પામે ન જન્મે અનંતે,
એક વૈર હોય વ્યાપતું સકલ જોય બીજ અંકૂર ન્યાયે વધંતે;
હરિ ભવે ફાડિયો સિંહ દરી કહાડીઓ બોળતો વીર ભવ નાવ દેખો,
કંબલા શંબલા દેવ દો અતિભલા વીરને કીધ ગતબાધ પેખો. ૩
પૂર્વ ભવ વૈરથી મોક્ષગતિસારથી હલિક તે પેખીને જાય ભાગી,
ગૌતમે બુઝવ્યો મોક્ષ પંથે ઠવ્યો વારજો વૈરનાં બીજ જાગી;
વીર અવસાનમાં બોધ દેવશર્મમાં થાપવા મોકલ્યા ઈન્દ્રભૂતિ,
સિંહભવ શાન્તિનો લાભ શુભભાંતિનો બોધિને અર્પતા આત્મભૂતિ. ૪
જીવ સમ્યક્ત્વમાં સત્ત્વ શુભ તત્ત્વમાં દેખતો વૈર જાલા નિવારે,
ક્રોધ કંડૂતિએ ધર્મ નવિ સુખ દીએ વારતો વિરહ સૂરિ ગ્રંથ સારે;
પાંચ લક્ષણ વર્યો જીવ સમક્તિ ભર્યો આદિમાં શમ ભર્યો સમય સારે,
શમ નવિ જો ધરે વૈર મનમાં ભરે સાધુ તપસી ભમે ભવ અસારે. ૫
કુરૂટ ઉત્કુરુટ પણ સાધુ બે તપ રટણ વૈરથી નરકમાં વાસ વેઠે,
શાનિત ગુણ સાયરૂ વીર રયણાગરૂ દષ્ટિવિષ સાપ પણ હોડ વેઠે;
નણય અર્મી સીંચીયો વૈર દવ મીંચીયો કીટિકા સહસનું દુઃખ સ્હેતો,
શાન્તિ ધરી પક્ષમાં વીરજિન લક્ષમાં દેવભવ આઠમે જીવન લહેતો. ૬
ધર્મનું સાર એ સુજન ચિત્ત ધાર એ ભાવના મૈત્રીની મોક્ષદાઈ,
જિન કહે કાલદો પડિકમે તે પદો સર્વ જીવ મૈત્રી નહિ વૈર કાંઈ;
વિશ્વ નથી વાલહો શત્રુ વા જે લહો સર્વ સંસારમાં હોય ત્હેવો,
મિત્ર પતિ પુત્રમાં પત્નિ સખિ ભ્રાતમાં નવનવો રંગ છે તેજ લેવો. ૭
થાય અરિ મિત્ર પણ જઈ જીવો રાજ્યપણ વૈરથી કર્મ બાંધે નકામા,
વૈર મન ધારતાં જીવ હિત વારતાં ભવભવ અધમતા લે સકામા;
જીવ ! શિખ સાંભળી વૈર દઈ આંબલી આપ ભાવે સદા મગ્ન થાજે,
બોધ સમતા રશી ચરણ ગુણ ઉલ્લશી, શાશ્વતાનંદ રસગાન ગાજે. ૮




(પાક્ષિક)

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ ઉદ્દેશ છૂટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

तीर्थेशा दत्तमार्गाः सततगुणिपदाः सिद्धिसाम्राज्यभाजः,
पंचाचारप्रवीणा गणिन इह सदाध्यापका वाचका ये ।
साहाय्यात् मोक्षसिद्धौ मुनय उदितभा अन्विताः शुद्धदृष्ट्या,
ज्ञानेनावद्यमुक्त्या विविधसुतपसा सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

મોક્ષમાર્ગ સદા દિયે જે જિનવરો ગુણ ધારતા, સિદ્ધ નિત્ય ગણેશ પંચાચારધારક વાધતા;
અધ્યાપકો વરવાચકો શિવસાધને મુનિ જોડમાં, એ પાંચસંયુત બોધદર્શન ચરણતપ સિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક"

| | | |
|---|---|---|
| તૃતીય વર્ષ<br>અંક ૨૧ | મુંબઈ તા. ૧૪-૮-૧૯૩૫ બુધવાર<br>શ્રાવણ સૂદિ પૂર્ણિમા | વીર સંવત્ ૨૪૬૧<br>વિક્રમ ,, ૧૯૯૧ |

# આગમ - રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ.

**અવધિજ્ઞાનથી શ્રી દેવાનન્દાનું દુઃખ જાણવું**

શ્રમણ ભગવાન મહાવીર મહારાજાએ ગર્ભમાં રહ્યા થકાં માતાપિતા જીવે ત્યાં સુધી હું દીક્ષા નહિ ગ્રહણ કરું એવો જે અભિગ્રહ કર્યો છે

તે મુખ્યતાએ ભગવાન દેવાનન્દાની કૂખમાંથી દેવતા દ્વારાએ સંહરાઈને અત્રે ત્રિશલામાતાની કૂખમાં આવ્યા તે વખતે દેવાનન્દાએ કરેલા કલ્પાંતને પોતે જાણ્યો. તે દેવાનન્દાના કલ્પાંતનું જાણવાનું ભગવાને અવધિજ્ઞાનના ઉપયોગથી જ કર્યું. ગર્ભાપહારની વખતે અવધિજ્ઞાનનો ઉપયોગ ચાલતો હતો તે વાત સૂત્રમાં કહેલા साहरिज्जिस्समाणे जाणइ साहरिज्जमाणे न जाणइ ( जाणइ ) साहरिएमित्ति जाणइ આવા શ્રી આચારાંગના અને શ્રીકલ્પસૂત્રના સ્પષ્ટ વચનથી સંહરણનો ભવિષ્ય, વર્તમાન અને ભૂતપણાનો સ્વભાવ બધો અવધિજ્ઞાનથી જાણ્યો હતો. (જો અવધિજ્ઞાનના સતત્ ઉપયોગમાં જ તેઓ સતત્ રહેતા હોત તો સંહરણના ભવિષ્ય, વર્તમાન અને ભૂતને વિશેષ તરીકે જણાવવાની જરૂર નહોતી.) પણ તે સંહરણનો ભૂતકાળ જાણતાં તે જ અવધિના ઉપયોગથી મૂળ ગર્ભનું સ્થાન જાણતાં અવધિજ્ઞાનથી દેવાનન્દાની સ્થિતિ જણાય તે સ્વાભાવિક છે, અને દેવાનન્દાની દુઃખિત દશા અવધિજ્ઞાનથી દેખીને ત્રિશલામાતાને દુઃખ ન થાય એ વિચાર અવધિજ્ઞાનના ઉપયોગ બહારનો જ ગણવો પડે, અને તેથી જ ગર્ભાપહારાદિકની ચિંતાને અંગે ત્રિશલામાતાને ભવિષ્યમાં થનારું દુઃખ તે સામાન્ય વિચારના વિષયમાં ન આવે તે સ્વાભાવિક છે.

### સામાન્ય જ્ઞાનથી વાદ્યના નાદનો નિરોધ જાણવો

પણ જ્યારે પોતે દેવાનન્દાના દુઃખથી ત્રિશલામાતાની કૂખમાં સ્થિર રહ્યા અને ત્રિશલામાતા તથા સિદ્ધાર્થ મહારાજા વિગેરે ઉત્તમ ગર્ભના અપહાર વિગેરેને માનીને તેના શોકને લીધે વાજાંગાજાં વિગેરે હર્ષના કારણો બંધ કર્યા ત્યારે ભગવાને તે વાંજાગાજાંના શબ્દો બંધ થવાનું સામાન્ય જ્ઞાનથી જાણ્યું.

### અવધિજ્ઞાનથી ગર્ભાપહાર ચિંતાનું જ્ઞાન

અને પછી તેનું કારણ જાણવા માટે અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યો, અને તે ઉપયોગથી માતાપિતાની અવસ્થા, શોક અને તેમના વિચારો જાણવામાં આવવાથી તેઓને માલમ પડ્યું કે ગર્ભમાં સ્થિરપણે રહેવું તે મેં તો માતાના દુઃખને ટાળવા માટે કર્યું હતું, પણ મારું તે સ્થિર રહેવું માતાના દુઃખને ટાળનાર નહિ થતાં, માતાપિતા અને સકળ રાજકુટુંબને દુઃખ આપનારું થયું છે, માટે મારે હવે ચલાયમાન થવાની જરૂર છે, અને જો હું ચલાયમાન થઈશ તો આ માતાપિતા અને સકળ રાજકુટુંબને જે દુઃખ લાગે છે તે બંધ થશે એમ ધારી અંગોપાંગથી ચલાયમાન થયા.

### ગર્ભરક્ષણ માટે માતાપિતાના અસાધારણ પ્રયત્ન

આ બધું બન્યા પછી ગયેલી વસ્તુ પાછી મળતાં જેમ રાગનો પ્રસંગ વધે છે તેમ અહીં ત્રિશલામાતા અને સિદ્ધાર્થ મહારાજાનો રાગપ્રસંગ પરાકાષ્ઠાએ પહોંચ્યો, અને તેથી તેઓ ગર્ભના રક્ષણ અને પોષણ માટે પોતાની જાતે પણ ઘણા પ્રયત્નો કરવા લાગ્યા.

### અવધિજ્ઞાનથી માતપિતાના સ્નેહનું જ્ઞાન

તે તેમના રક્ષણ અને પોષણના પ્રસંગોને જાણવાથી તેમની ચિત્તવૃત્તિને અવધિજ્ઞાનનો ઉપયોગ મેલી જાણે, અને તે અવધિજ્ઞાનના ઉપયોગથી ચિત્તવૃત્તિ જણાય.

### સામાન્ય જ્ઞાનથી સ્નેહ પરિણામની કલ્પના

પછી સામાન્ય જ્ઞાને એમ માલમ પડ્યું કે આ માતપિતાનો સ્નેહ ઘણો જ ઊંચી દશાને પહોંચેલો છે, અને હજુ તો હું ગર્ભદશામાં છું, અને તેથી દેવતાને ઈંદ્રો તરફથી થવાવાળો મારો

મહિમા કે મારા ગુણો હજુ એમના જાણવામાં નથી. તો પણ જ્યારે મારી ઉપર આટલો બધો રાગ ધરાવે છે તો પછી મારો જન્મ થતાં, દેવ દેવેન્દ્રનો મહિમા દેખતાં, અને મારા ગુણોનો અનુભવ કરતાં તો આ માતાપિતાના સ્નેહની કેટલી બધી માત્રા વધી જશે?

## દીક્ષા ન લેવાનો જ અભિગ્રહ કેમ ?

સુજ્ઞ મનુષ્યોએ ધ્યાન રાખવાની જરૂર છે કે માતાપિતાના સ્નેહને ભેદનાર જે સ્રીપરિગ્રહ તેને નહિ કરવાનો ભગવાન અભિગ્રહ કરતા નથી, તેવી જ રીતે પૃથગ્વાસ કરવો તે, અનૂકૂળતા ન કરવી તે, તેમજ પ્રતિકૂળતા કરવી તે વિગેરે માતાપિતાના સ્નેહના ભેદનાં કારણો જે જે જગતમાં જોવાય છે તેવાં કારણોને અંગે ભગવાને સ્નેહનો ભેદ ન થવા માટે અભિગ્રહ કર્યો નથી, પણ માત્ર દીક્ષા જ ન લેવાનો અભિગ્રહ કર્યો છે તેનું બારીક દૃષ્ટિથી અવલોકન કરવાની જરૂર છે.

## કોઈ પણ પ્રકારે પણ દીક્ષા લેવાનો નિશ્ચય

અવલોકન કરવાવાળા સહેજે સમજી શકશે કે ભગવાન મહાવીર મહારાજે બે વાતનો નિશ્ચય કરેલો હોવો જોઈએ. એક તો હું દીક્ષા લેવાને અંગે એટલો બધો નિશ્ચયવાળો છું કે વરસોના વરસો અને યુગોના યુગો જાય તો પણ મારો દીક્ષાનો નિશ્ચય ફરવાનો નથી.

## માતાપિતાદિના રાગમાં નહિ લેપાવું

બીજી વાત એ કે હું દીક્ષાના નિશ્ચયવાળો છું, પણ આ માતાપિતાનો સ્નેહ જ વચમાં આડો આવે છે, અર્થાત્ એમ કહેવું જોઈએ કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજા ગર્ભકાળથી જ દીક્ષાના તીવ્રતર અભિલાષી હતા, અને માતાપિતાના સ્નેહને જ દીક્ષાના વિઘ્ન કરનાર તરીકે ગણતા હતા. આ વાત વિચારતાં દરેક મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજા તો માતાપિતા તરફ એક અંશે પણ સ્નેહ રાખવાવાળા થયા નથી, અને એ ઉપરથી એ પણ ચોખ્ખું થાય છે કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજાનો તે અભિગ્રહ તો શું પણ સમગ્ર ગૃહસ્થપણાના પર્યાયે રહેલું તે ફક્ત માતાપિતાની અનુકંપા કે ભક્તિને માટે જ હતું.

## માતાપિતાની ભક્તિ કે અનુકંપાની અનુલ્લંઘનીયતા

ધ્યાન રાખવાની જરૂર છે કે તેમના શબ્દોનો ભાવાર્થ વિચારતાં તેઓની તે ભક્તિ કે અનુકંપા અનુલ્લંઘનીય લાગ્યા છતાં પણ ઘણી જ વિષમતર લાગેલી છે, જો એમ ન હોત તો તેમના જીવતાં સુધી દીક્ષા નહિ લઉં આવો અભિગ્રહ દીક્ષાની રોકાણમાં તેમનું જીવન છે એમ ગણાય તેવી રીતે કરત નહિ.

## શ્રીનન્દિવર્ધનજીના સ્નેહની આડખીલી

જો કે અર્થાપત્તિથી ત્રિશલામાતા અને સિદ્ધાર્થ મહારાજનો કાળ પામવાનો વખત ભગવાનની ૨૮ વર્ષની ઉંમરે થયો, અને તે અભિગ્રહના હિસાબે ઓગણત્રીસમે વર્ષે ભગવાને જો દીક્ષા લેવી જ જોઈતી હતી, છતાં નંદીવર્ધનના સ્નેહની પણ વિકટ દશા ત્યાં ખડી થઈ, અને તે વિકટ દશાને અંગે બે વર્ષ વધારે રહેવું પડ્યું.

## દીક્ષા લેવાની સ્વભાવિકતા

એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે ભગવાન એવો અભિગ્રહ કરે છે કે માતાપિતા જીવતાં સુધી હું દીક્ષા નહિ લઉં, પણ એવો અભિગ્રહ નથી કરતા કે માતાપિતાનો કાળધર્મ થશે ત્યારે તરત હું દીક્ષા લઈશ, કારણ કે દીક્ષા લેવી એ સ્વભાવસિદ્ધ છે એમ ભગવાને માનેલી છે. જો દીક્ષા લેવાનું સ્વભાવસિદ્ધ ન મનાય તો વિધિ વિના પ્રતિષેધ હોય નહિ, તેની માફક અહીં અભિગ્રહ કરી દીક્ષાના નિષેધની જરૂર જ રહેત નહિ.

### સ્નેહ પરિણામની કલ્પના

પૂર્વે જણાવ્યા પ્રમાણે માતાપિતાના સ્નેહની પરાકાષ્ઠા અવધિજ્ઞાનથી જાણી અને પછી સામાન્ય જ્ઞાનથી વિચાર્યું કે જો માતાપિતાનો આટલો બધો સ્નેહ છે અને એમના જીવતાં જો હું તેમને છોડી દીક્ષા ગ્રહણ કરીશ.

### સ્નેહથી મરણ પ્રસંગ ને આર્તધ્યાન ને દુર્ગતિ

તો શાસ્ત્રમાં જેમ સ્નેહના અધ્યવસાયથી આયુષ્યનો ઉપક્રમ થઈ મરણ થયાનું કહેવાય છે, તેવી રીતે આ માતાપિતા પણ સ્નેહની પરાકાષ્ઠાએ પહોંચેલા હોવાથી તે સ્નેહના અધ્યવસાયને અંગે મરણ પામશે પણ જીવતા રહેશે નહિ, એટલું જ નહિ પણ આ માતાપિતાનો સ્નેહ એટલી બધી પરાકાષ્ઠાએ પહોંચેલો છે, અને એવો ગાઢ થઈ ગયેલો છે કે જેને લીધે તેઓ સ્નેહના અધ્યવસાયે મરવા છતાં પણ સ્નેહના સામ્રાજ્યને લીધે હા મહાવીર! એવી રીતે પુત્રપણાને અંગે સંકલ્પ-વિકલ્પ કરતાં અને આર્ત, રૌદ્રમાં પ્રવેશ કરી કુટુંબ કબીલાની અપ્રાપ્તિ કે પ્રાપ્તિનો નાશ એ બંને ચિંતવવાળાને મુખ્યતાએ આર્તધ્યાન હોય છે, અને કોઈ કોઈ વખત તેને લીધે રૌદ્રધ્યાન પણ પરિણમે છે. તેઓ સ્નેહાધીનપણે કાળ કરશે અને તેથી માતા અને પિતા બંને દુર્ગતિ જશે, માટે તેમની દુર્ગતિ અને અકાળ મરણ એ બંને થાય તે મારે માટે યોગ્ય નથી, માટે મારે તે માતાપિતાની હયાતિ સુધી દીક્ષા ન લેવી.

### માતાપિતાની બારમા દેવલોકની પ્રાપ્તિ

દીક્ષાની પરિણતિની અદ્વિતીયતા છે છતાં પણ રોકવી પડશે. આ ઉપરથી સહેજે સમજી શકીશું કે માતા ત્રિશલા અને સિદ્ધાર્થ મહારાજનું શ્રાવકધર્મ અને સંલેખનાને આરાધવાપૂર્વક બારમે દેવલોકે નિશ્ચિત જવાનું હતું તે જાણવા માટે અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યો એમ માની શકીએ નહિ. કદાચ એમ કહેવામાં આવે કે તે માતાપિતાને બારમે દેવલોકે જવાના બનાવને જેઓ અવધિજ્ઞાનના ઉપયોગથી દેખ્યો, તેવોજ અવધિજ્ઞાનથી એ પણ બનાવ દેખ્યો હશે કે મારા દીક્ષા નહિ લેવાના અભિગ્રહથી જ આ માતાપિતાના સ્નેહાધીન મૃત્યુ અને દુર્ગતિઓ બચીને તેઓ બારમા દેવલોક જેવી સદ્ગતિ પામનારા જ થશે. આવી રીતે બન્ને બાજુમાં અવધિજ્ઞાનનો ઉપયોગ કેમ ન લેવો? બંને હકીકત અવધિજ્ઞાનથી જાણવામાં પણ માતાપિતાની અવદશા એજ પ્રવજ્યારોધનું કારણપણું ગણાય ને તેથી સાધ્યપ્રવ્રજ્યા જ થાય પણ આવો વિચાર નહિ કરવાનું કારણ એ છે કે ભગવાન મહાવીર મહારાજે પોતાનો અભિગ્રહ માતાપિતાને ગર્ભમાં રહ્યાં થકાં તો શું પણ જન્મયા પછી પણ માતાપિતાને કહ્યો હોય એવો કલ્પસૂત્રાદિકમાં ઉલ્લેખ છે જ નહિ, અને જો એવું કહ્યાનો ઉલ્લેખ નથી, તો પછી માતાપિતા તો હંમેશાં વિયોગની શંકામાં જ રહેતાં હશે એમ કેમ નહિ મનાય? તત્ત્વથી શ્રમણ ભગવાન મહાવીર મહારાજે પોતે પોતાના વિયોગથી જે આકસ્મિક દુઃખ થઈ, આર્તધ્યાન પામી મરણ થવાની દુર્ગતિ થાય તે ટાળવા માટે માત્ર દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ કર્યો છે, પણ માતાપિતા તરફ પોતે સ્નેહવાળા ન હોવાથી સ્નેહની પરાકાષ્ઠાને લીધે તેઓ વિયોગની શંકામાં સતત્ ઝૂરે તેનું નિરાકરણ કરવાની ભગવાને જરૂર વિચારી નથી અને તેથી જ એમ કહી શકીએ કે પોતાનો અભિગ્રહ પોતાના માતાપિતાને જણાવ્યો નથી.

### ગર્ભ વૈરાગ્યથી ત્યાગ કલ્પનાનો પ્રતિદિવસ સદ્ભાવ

સામાન્ય સમકીતિ જીવો સંસારવાસમાં કથંચિત્ વિચિત્ર સંયોગ અને સામગ્રીને લીધે રહેલા હોય તો તેઓ પણ સંસારના દરેક કાર્યમાં લુખાપણે વર્તે છે, તો પછી શ્રમણ ભગવાન મહાવીર મહારાજા સંસારમાં રહ્યા છતાં પણ ગર્ભથી જ ધારણ કરેલું અને શુદ્ધ એવું સમ્યક્ત્વ હોવાથી સંસાર અને રાજપાટના સર્વ કામોમાં લુખા પરિણામવાળા હોવા જ જોઈએ,

અને તેવા લુખા પરિણામવાળા શ્રમણ ભગવાન મહાવીર છે એવું જાણતાં દરેક વખત તેમના વિયોગની કલ્પના કરવાવાળા કેમ નહિ હોય ?

### વિયોગ શંકાના દુઃખનું અનિવારણ

અર્થાત્ આ બધું જોતાં સામાન્ય બુદ્ધિવાળાને પણ માલમ પડશે કે ભગવાન મહાવીર મહારાજે કરેલો અભિગ્રહ માત્ર માતાપિતાના દુર્ધ્યાન અને દુર્ગતિના બચાવને માટે જ હતો અને તેથી તે અભિગ્રહ કોઈને કહ્યો નહિ એ સ્વાભાવિક છે. ભગવાન મહાવીર મહારાજે પોતાનો તે માતા પિતા જીવે ત્યાં સુધી દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ નથી કહેલો.

### દીક્ષાનું રોકાણ કેમ નહિ રજા માગવાનું કેમ ?

તે એ ઉપરથી સાબિત થાય છે કે સિદ્ધાર્થ મહારાજા અને ત્રિશલામાતાના કાળ પછી મોટા ભાઈ નંદીવર્ધનજીની આગળ દીક્ષાની તૈયારી જણાવતાં તે અભિગ્રહ જણાવે છે. જો પહેલાં પણ તે અભિગ્રહ માતાપિતાને જણાવ્યો હોત તો તે હકીકત નંદીવર્ધનજીના જાણવામાં આવત, અને જો નંદીવર્ધનજીએ એ હકીકત પહેલેથી સાંભળી કે જાણી હોત તો તે નંદીવર્ધન પોતે જ ભગવાન દીક્ષાની વાત કહે તેની પહેલાં ભગવાનને દીક્ષા નહિ લેવાનું સમજાવવા પોતે એકલા કે કુટુંબ સાથે ભગવાનને સમજાવવા આવત અને દીક્ષા નહિ લેવાનો આગ્રહ કરત, પરંતુ તેમ થયું નથી, પણ શ્રમણ ભગવાન મહાવીર મહારાજે પ્રતિજ્ઞા પૂર્ણ થયા પછી પોતાની પ્રતિજ્ઞાની વાત કરી. આ બધા ઉપરથી એ તત્ત્વ સાફ સમજાશે કે ભગવાન મહાવીર મહારાજે દીક્ષા નહિ લેવા માટે કરેલો નિર્ણય એ કેવળ પોતાના મનમાં જ ગુપ્તપણે રાખેલો હતો, અને પોતાના દીક્ષા નહિ લેવાના નિર્ણયની વાત અઠ્ઠાવીસ વર્ષ સુધી કેવળ ગુપ્તપણે જ રાખ્યો.

### પરહિતરતપણામાં અભિગ્રહનો ઉપનય

આ બધું વિચારતાં શ્રમણ ભગવાન મહાવીર મહારાજા માતાપિતા વિગેરેના આર્તધ્યાન, કુમરણ અને દુર્ગતિ બચાવવા માટે પ્રવ્રજ્યા જેવી ઉત્તમ વસ્તુનો પણ કેવળ વિચારદ્વારાએ ઉભય પ્રકારની દઢતા રાખીને ભોગ આપે છે તે તેમના પરહિતપણાના સ્વભાવને માટે લાયક જ છે એમ કહેવામાં કંઈ પણ અતિશયોક્તિ નથી. હવે આગળ વિશેષ વિસ્તાર નહિ કરવાને અંગે તેમના સાધુપણામાં કરેલાં પરહિતપણાનાં કાર્યોનો વિચાર કરીશું.

## આગમના ગ્રાહકોને સૂચના

અમારા માનવંતા આગમના ગ્રાહકોને જણાવવાનું કે આચારાંગસૂત્રનો પ્રથમ ભાગ તૈયાર થયો છે, માટે ડીપોઝીટ ભરનારાઓને વિનંતી છે કે તેઓએ પોતાનું પૂરેપૂરું હાલનું સરનામું નીચેના ઠેકાણે મોકલવું જેથી વી. પી. ગેરવલ્લે ન જાય.

ડીપોઝીટવાળાના જવાબ આવેથીજ તેમના લખેલા સરનામે પહેલો ભાગ મોકલવામાં આવશે. પોસ્ટ ખર્ચ જેટલું વી. પી થશે. આચારાંગ પ્રથમ ભાગની કિંમત રૂા. ૫-૦-૦ રાખવામાં આવી છે, જે ડિપોઝીટમાંથી વસુલ કરવામાં આવશે.

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ
લાલબાગ ભૂલેશ્વર,
મુંબઈ નં. ૪

# સુખદુઃખ સમીક્ષા

(અનુસંધાન પાના ૪૩૦ ચાલુ)

**એ ઉગ્ર તપશ્ચર્યા !**

તામલિતાપસની તપસ્યાનો મર્મ અને એની કઠિનતા તમારા ખ્યાલમાં લાવવા પડે એવું નથી. સેંકડો નહિ પણ હજારો વર્ષ સુધી છઠની તપસ્યા તેણે કરી હતી. બરાબર સાઠ હજાર વર્ષ સુધી તેણે છઠનું તપ કર્યું હતું એટલા ઉપરથી જ તેના તપની ગહનતા આંકવાની નથી, પરંતુ તેના તપની કઠિનતા પણ તમારે જોવાની છે. આપણી માફક પારણાઅતરવાયણા કરતો નહતો. તામલિતાપસે છઠની તપસ્યા કરી હતી, એ તપસ્યા આપણાં કરતાં બહુ કઠણ હતી. પારણાને દિવસે તે એક જ પાત્ર લઈ નીકળતો, અરણ્યમાં ભિક્ષા માગતો અને જે કાંઈ ભિક્ષાન્ન મળતું હતું તે નદીએ લઈ જતો! નદી પર લઈ ગયા પછી તે તાપસ એ અન્નને એકવીસવાર પાણીએ ધોઈ નાખતો હતો. એકવીસવાર પાણીએ જે અન્ન ધોવાઈ જાય છે તેમાં શું તત્વ કે સત્વ બાકી રહે છે તે તો તમે પોતે પણ વિચારી શકો છો! હવે આ રીતનું સત્વહીન બનેલું અન્ન તે ખાતો હતો!! એટલી તપસ્યાથી સમ્યક્ત્વવાળા આઠ મોક્ષે જાય, આવી ઘોર તપસ્યા તામલિતાપસે કરી.

**અસુરેન્દ્ર તરીકે અવતાર લો!**

આ પ્રમાણે તામલિતાપસે સાઠ હજાર વર્ષ સુધી તપસ્યા કરી હતી. આ ઉગ્ર તપસ્યા પછી તેણે અણશણ વ્રત આદર્યું હતું. એ બાજુએ આ સ્થિતિ છે, ત્યારે બીજી બાજુએ હવે બીજો જ બનાવ બને છે તે જુઓ. બીજી બાજુએ એમ બન્યું કે અસુર દેવતાઓના અધીશ અસુરેન્દ્ર તેનું ચ્યવન થયું અને અસુરો ધણી વિનાના ઢોર જેવા બની ગયા ! પોતાની સ્થિતિ ધણી વિનાની થઈ છે એ જાણીને અસુરોને ભારે શોક થયો અને તેમણે અસુર દેવોએ અને અસુર દેવીઓએ મળીને વિચાર કર્યો કે આપણે આપણો માલિક તો કોઈ શોધી કાઢવો જ જોઈએ! દેવતા, દેવીઓ વિચાર કરે છે કે આપણો માલિક હોવો જ જોઈએ ! પણ હવે અહીં કોણ જન્મ ધારણ કરે? અહીં તો તપસ્વી હોય તે જ ઉપજી શકે છે, બીજાઓ ઉપજી શકે નહિ. આવો વિચાર કરીને અસુરકુમારના સામાનિક દેવદેવીઓ તામલિતાપસ પાસે આવ્યા. ત્યાં આવીને તેમણે તામલિ પાસે નાટ્ય ભજવ્યું અને છેવટે વિનંતિ કરી કે સાહેબ! અમારા સ્વામી થાઓ, અસુરેન્દ્ર તરીકે અવતાર ધારણ કરો.

**મિથ્યાત્વી પણ અડગ રહ્યો!**

તામલિતાપસને કોઈ સમ્યક્ત્વવાળો કહેતા નથી, તેને કોઈ તીર્થંકર કહેતા નથી અને તેને કોઈ ગણધર પણ કહેતું નથી, તે ખુલ્લેખુલ્લો મિથ્યાત્વી છે. એવા મિથ્યાત્વીની આગળ પેલા અસુરો આવીને પ્રાર્થના કરે છે, તેને પોતાના નાથ થવા વિનવે છે. વિનંતિ કરનારા અસુરો છે. બીજી બાજુએ વિનંતિ સાંભળનારો તે મિથ્યાત્વી છે, પરંતુ જગતમાં નિયમ છે કે લેવા આવે તે ગરજાળુ થાય! આ બુદ્ધિએ તે નિયાણું કરવાનું કહે છે, પરંતુ એમાં ઠગાવાનું છે. બાજુ પર એક મુનિ ધર્મદેશના આપે છે.

એક બાજુ ઈન્દ્રાણીઓ નિયાણું કરી ઈંદ્ર થાવ, અમારા સ્વામી થાવ. અને એક બાજુ નિયાણાના નિષેધની મુનિ પ્રરૂપણા કરે છે કે નિયાણું કરવું એટલે લાખ આપી લાખ માગવા તેની માફક નિયાણું ગણાય એમ તાપસે સાંભળ્યું. દેશનામાં મુનિ સાચું કહે છે. ખરી પ્રરૂપણા કરનારા આ મુનિરાજ, એમ કરી નિયાણું ન કર્યું, કાળ કરી ઈશાન ઈંદ્ર થયો.

તામલિતાપસ બાળ તપસ્વી હતો. મિથ્યાત્વી હતો, છતાં દેવતાની રિદ્ધિ જોઈને તે પણ ચળ્યો નહિ! જ્યારે મિથ્યાત્વી તે પણ દેવતાની રિદ્ધિ જોઈને ચળતો નથી તો પછી વિચાર કરો કે સમકીતિ જીવે કઈ દશામાં આવવું જોઈએ? મિથ્યાત્વીની દશામાં પણ સુખની બેદરકારી અને દેવતાઈ રિદ્ધિની અવગણના બને છે તો સમકીતિને શું બનવું જોઈએ તેનો વિચાર કરજો. સમકીતિ જીવની એ ફરજ છે કે તેણે આ જગતનું સુખ તે સુખ છે એ પાઠ ભૂલી જવો જોઈએ.

## સુખ અને દુઃખને સમજો.

સમકીતિ જીવોએ સુખ તે સુખ છે એ પાઠ ભૂલી જવો જોઈએ, એટલું જ નહિ પરંતુ તેમણે સુખની જગા પર દુઃખ લખી દેવું જોઈએ. રાજા. સમ્રાટ, ઈન્દ્ર આદિની દશામાં સુખ છે એ વાત સમીકીતિ જીવોએ ભૂલી જવી જોઈએ અને સુખ તે દુઃખ એમજ તેમણે માની લેવું જોઈએ! આ વસ્તુ સિદ્ધ કરવી એ કેટલું મુશ્કેલ છે? જે દુઃખ આવી પડે, જે સંકટ તૂટી પડે, તે સંકટને, તે દુઃખને સુખ લખવું એ જેમ મુશ્કેલ છે તેજ પ્રમાણે સુખને દુઃખ લખવું એ પણ મુશ્કેલ છે. સુખ તે દુઃખ અને દુઃખ તે સુખ એ બંને પાઠોને આ રીતે પરસ્પર ફેરવી લેવાના છે. શું આ સ્થિતિને તમે સહેલી માનો છો? યાદ રાખજો કે એ સ્થિતિ જરાય સહેલી નથી ! તમે સુખને દુઃખ માનો અને દુઃખને સુઃખ માનો અથવા તો સુખને દુઃખ માનીને તે પ્રમાણે વર્તો યા દુઃખને સુખ માનીને તે પ્રમાણે વર્તો એ તો દૂર રહ્યું પરંતુ સુખને દુઃખ અને દુઃખને સુખ એમ લખતાં જ તમારા હૈયાને શી અસર થાય છે તે તો વિચારો ! પરસ્પર પાઠ ફેરવી નાખતાં પહેલાં તો તમારું હૈયું જ ધ્રૂજી ઊઠે છે !!!

## પાશેરામાં પહેલી પુણી

સુખ એટલે દુઃખ અને દુઃખ એટલે સુખ એ માનવામાંજ તમોને વાંધો છે એમ નથી. તમોને તો સુખ એટલે દુઃખ અને દુઃખ એટલે સુખ એ પ્રમાણે લખવામાં પણ વાંધો નડે છે ! હજી તો તમારે એ પ્રમાણે માનવાનું નથી, હજી તો તમારે એ પ્રમાણે વર્તવાનું નથી, હજી માત્ર તમારા હાથ વડે એટલું લખવાનું જ છે કે સુખ તે દુઃખ અને દુઃખ તે સુખ, પરંતુ તે છતાં તમારું કાળજું થથરે છે અને તમારા પગ ધ્રૂજે છે! જ્યાં પાશેરામાં પહેલી પુણીમાં જ તમારી આ દશા છે તો પછી સુખ તે દુઃખ અને દુઃખ તે સુખ એમ માનીને તમે તે પ્રમાણે વર્તન તો ક્યાંથી જ કરી શકવાના હતા? એ પ્રમાણે ધારવામાં અને માનવામાં તમોને નવનેજા પાણી જ નીચે ઉતરવાનું છે ! જો તમે સુખના સ્થાને દુઃખ અને જે દુઃખ તેને સુખ એમ માની શકવાના નથી તો પછી તમે એ રીતના વિચાર પણ કરી શકવાના નથી અને જો તે રીતના તમે વિચાર પણ કરી શકવાના નથી. તો પછી એ પ્રમાણેનું વર્તન પણ તમારાથી થવાનું નથી.

## માન્યતામાંએ વાંધા એવા છે.

આપણે જે માન્યતા રાખવાની છે તે માન્યતા ઉપર જ આપણે દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણે માનવાના છે. આપણે દેવ, ગુરુ, અને ધર્મ એમનો કઈ ભૂમિકાથી માન્યા છે તેનો વિચાર કરો. સૌથી

પહેલાં તો આપણી પહેલી ચોપડીનું પહેલું પાનું તે જ આપણે તપાસવાનું છે. તીર્થંકર કોણ હોય છે તે વિચારો. તીર્થંકર એકેએક રાજકુળમાં જન્મેલા હોય છે અને રાજકુળમાં ન હોય તે સંહરણ કરીને તીર્થંકર ઉત્તમકુળ મેળવી શકે છે. હવે જે તીર્થંકર ભગવાનો રાજકુળમાં જન્મ્યા છતાં ત્યાગી થઈને નીકળ્યા હતા તેઓ શું એમ માનતા હતા કે ગરીબાઈ અને સાધુત્વ એ દુઃખ છે અને આપણે દુઃખ જોઈએ છે માટે આપણે સંસાર છોડીને ત્યાગી થઈએ છીએ? નહિ ! તીર્થંકર ભગવાનો દરિદ્રતાને દુઃખ માનીને નીકળ્યા હતા કે સુખ માનીને નીકળ્યા હતા? પરિષહ, ઉપસર્ગ એ બધાને તેઓ દુઃખ માનીને ત્યાગને માર્ગે દોડ્યા હતા કે સુખ માનીને ત્યાગને માર્ગે દોડ્યા હતા? આ વાતનો તમે વિચાર કરશો ત્યારે તમે જૈનત્વની પહેલી ચોપડીનું પહેલું પાનું સમજી શકશો.

## લાભનું સર્વોત્તમ પગથીયું કયું ?

તીર્થંકર ભગવાનોએ ત્યાગ સ્વીકાર્યો હતો તે સ્પષ્ટ રીતે એ પ્રમાણે માનીને જ સ્વીકાર્યો હતો કે પરિષહ, ઉપસર્ગો એ જ લાભનું સર્વોત્તમ પગથીયું છે. રિદ્ધિસિદ્ધિ, સમૃદ્ધિ વગેરે જે કાંઈ માનીએ તે બીજું કાંઈ નહિ પણ ત્યાગ એ જ સઘળું છે અને ત્યાગ એમાં જ સર્વસ્વ સમાયેલું છે. તમે જેને દેવ માનો છો, જેને તમે તીર્થંકર ભગવાન કહીને વંદન કરો છો, જેને માટે તમે અભિમાવનાપૂર્વક ગૌરવ લઈ શકો છો તેમનો આ આવો સિદ્ધાંત અને આવો પાઠ છે. હવે જો તમારો પણ એ જ પહેલો પાઠ ન હોય તો પછી ત્યાગમાર્ગના સંપૂર્ણ ઉપાસકો તે તમારા મુખી હોઈ શકે નહિ અને તેના તમે અનુયાયી પણ હોઈ શકો નહિ. તીર્થંકર ભગવાનોની જગતમાં કેવી દશા હતી તે તમારે વિચારી જોવાનું છે. છતી રિદ્ધિસિદ્ધિ, પૈસોટકો જોઈએ એટલો, ધનદૌલતની કાંઈ ન્યૂનતા ન હોતી, છતાં તીર્થંકર દેવોએ તેને લાત મારી હતી! તે ભગવંતોના અનુયાયી તરીકે તમે વિચારપરિવર્તન જેટલો પણ ત્યાગ કરી શકો કે નહિ તે તો વિચારો!

## 'હા' કહો કે 'ના' કહો !

તીર્થંકર ભગવાનોએ પૈસાને લાત મારી હતી. રાજ્યના અધિકારીઓ ગમે તે કહે તો પણ તેની આગળ આંધળાની માફક માથું ન નમાવી દે. તેમના કથનને ગણે નહિ, તમારી દૃષ્ટિએ તો સર્વથા ગાંડાના જેવું જ વર્તન કરે, ઘરેણાં-હજારો અને લાખો રૂપિયાના, અલંકારો તે ફેંકી દે, બહુમૂલ્ય વસ્ત્રોનો પણ ત્યાગ કરે, જગતની દરકાર ન રાખે; એવી ભગવાન શ્રી તીર્થંકર દેવોની સ્થિતિ હતી. તમારી અપેક્ષાએ તો તેમનું વર્તન ગાંડાતૂર જેવું જ ઠરે છે. હવે જો તમે તેમના અનુયાયી થવા માગતા હો તો તો તમારી ફરજ એ છે કે કાં તો તેઓના પાઠ તમે કબુલ કરો, તેમણે કર્યું હતું તે જ યોગ્ય હતું, તેઓ જે માર્ગે ગયા હતા તે જ માર્ગ સાચો હતો, એ વાત માન્ય કરો અથવા તો તમે ડાહ્યા છો અને ભગવાન ગાંડાતૂર હતા એમ કહી દો! તમે ગમે તે હો, તમારા વિચારો ગમે તેવા હોય, તમે શીખેલા હો કે અભણ હો તો પણ તમારે આ બેમાંથી એક બાબત તો કબુલ કર્યે-માન્ય રાખે જ છૂટકો છે !!

## મોહરાજાની મારકણી બરફી

લુચ્ચાના કરંડીયાની બરફી મૂર્ખા સિવાય બીજો કોઈ ખાવા માગતો નથી. જે મૂર્ખો હોય તેજ બદમાશે પોતાની સાથે આણેલી ટોપલીમાંની બરફી ખાવા ચ્હાય છે. જેવી લુચ્ચાની બરફી ખાવામાં જોખમ છે, તેવી જ મોહરાજાની બરફી ખાવામાં પણ જોખમ સમાયેલું છે. મોહરાજા એ બડો ઠગ

છે - મોટો ચોરટો છે, જબરો ધાડપાડુ છે. એના વિષયકષાય આદિ જે કંઈ તત્ત્વો છે એ બધાંએ તે મોહરાજાની બરફી સમાન છે. જેમ ચોરની, ધાડપાડુની બરફી ખાવાની કોઈ સુજન ઈચ્છા કરતો નથી, તેજ પ્રમાણે મોહરાજાની વિષયકષાય રૂપ બરફી પણ તેજ ખાવા ઈચ્છે છે કે જેઓ મિથ્યાત્વરૂપી અજ્ઞાની છે. મોહરૂપી મદિરામાં સ્વાત્મભાન મૂકીને જેઓ ઘેલા થયેલા છે તેઓ જ માત્ર મોહરાજાની મીઠાઈને મીઠાઈ માનીને તેમાં રાચે છે, એ મીઠાઈના સ્વાદથી રાજી થાય છે, અને તે મીઠાઈના ખૂબ ખૂબ વખાણ કરે છે, પરંતુ જેઓ શાણા છે, સજ્જન છે, તેઓ તો મોહરાજાની એ બરફીને જવલંત ઝેર માને છે અને તેનાથી આઘે ભાગવાની જ વાત કરે છે.

## દેવ અને ગુરુ બંને ત્યાગી.

દુનિયાદારીના સામાન્ય સુખ ઉપર જેઓ દુઃખ લખે છે અથવા તેનાથી જે પોતાને ગેરલાભ માને છે અને દુનિયાદારીના સંકટો ભૂખ, તરસ, તાપ, ટાઢ, ઋતુઓનો પ્રકોપ સહેવો એ બધાને જે આત્મા સુખ લખે, તેને જ સમ્યગ્જ્ઞાન થયેલું છે એમ તમારે સમજવાનું છે. સમ્યગ્દૃષ્ટિની તાત્ત્વિક માન્યતા ક્યાં ટકે છે તે જ તમોને સમજાવવાનો અમારો હેતુ છે. તમે તીર્થંકર, દેવ, ગુરુ ઈત્યાદિને પહેલાં સમજો. રાજાને રાજા સમજીને સલામ કરનારા બહુ થોડા છે, પરંતુ એક સલામ કરે તો બીજો પણ સલામ કરે એવા ઘણા છે. તમે એવા સલામીયા ન થશો. દેવ, ગુરુ અને ધર્મને પહેલાં સમજો. આપણા દેવ તે પણ ત્યાગી છે, હજારોની માલમિલકત, લાખોની દોલત, કરોડોની શહેનશાહત એ સઘળાને લાત મારીને સંયમ સ્વીકાર્યો છે તે આપણા દેવો છે. જૈનશાસનમાં ગુરુઓ જોશો તો તેઓ પણ ત્યાગી જ છે. બીજા શાસનોમાં જોશો તો દુનિયાથીય ઉલટું ! વ્યવહારમાં માણસને એક સ્ત્રી હોય છે તો તેમના દેવોની હજારો સ્ત્રીઓ ! ગુરુઓ તરફ દૃષ્ટિ કરીએ તો તેઓ પણ બૈરાંઓના ટોળામાં જ બીરાજેલા ! કોઈ ધર્મવાળા કહે છે કે અમારા ધાડામાં ચાલ્યા આવો તો અમારું એવું કે ત્યાં જોઈએ એટલાં બૈરાંઓ, દારૂઓ, હીરા, માણેક સઘળું મફત ! તો કોઈ ધર્મવાળા કહેશે કે અમારા ગુરુઓની બૈરીઓ પણ એટલી કે તેને રાખવા માટે પાંજરાપોળો હોય તો તે પણ નાની પડે ! જૈનશાસન એ જ એક એવું શાસન છે કે જેમાં દેવ અને ગુરુ બંને કંચન કામિની કુટુંબના ત્યાગી છે.

## જૈનધર્મ શું કહે છે ?

હવે જૈનધર્મ તરફ જોશો તો અહીં ધર્મ પણ ત્યાગનો જ ઉપદેશ આપનારો છે ! દેવ, ગુરુ અને ધર્મની આ સ્થિતિને વિચારો. જ્યારે તમે આ સ્થિતિને વિચારશો ત્યારે ખબર પડશે કે સુખ ત્યાં દુઃખ અને દુઃખ ત્યાં સુખ એ પાઠ ફેરવવાની જ જરૂર છે એ વાત તદન સાચી છે. સમ્યક્ત્વની જઘન્ય આરાધના એ આઠ ભવમાં મોક્ષ આપી દે છે. આ જીવ કઈ વસ્તુની કિંમત કરે છે તે વિચારો. દુનિયાદારીના સુખની જ તે કિંમત કરે છે. આ વસ્તુ તમારે ખ્યાલમાં ઉતારવાની છે. જ્યારે તમે આ વસ્તુનો ખ્યાલ કરી શકશો ત્યારે જ તમે વસ્તુની લૌકિક અને લોકોત્તર દૃષ્ટિએ કિંમત કરતાં શીખશો. લૌકિક દૃષ્ટિની નિર્માલ્યતા અને લોકોત્તર દૃષ્ટિની મહત્તા તમારા ખ્યાલમાં આવશે અને કાળા મહેલમાં બેઠેલા શ્રાવકોએ પોતાને શ્રેણિક રાજાને અધર્મી જણાવ્યા હતા તે વ્યાજબી જ હતું એ વાત તમે સારી રીતે સમજી શકશો.

# ધર્મનું મૂળસ્વરૂપ

(નોંધઃ-શ્રી પાલીતાણા મુકામે 'શ્રીસિદ્ધક્ષેત્ર જૈન મોટી ટોળી'ના પ્રબલ આગ્રહથી નિમ્ન જાહેર વ્યાખ્યાન પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજે શેઠ મોતી કડીયાની ધર્મશાળામાં અષાઢ વદિ ૧૪ને સોમવારે આપ્યું હતું, જે મનનીય હોઈ પ્રગટ કરાય છે.)

दुःखं पापात्सुखं धर्मात् सर्वशास्त्रेषु संस्थितिः।
न कर्तव्यमतः पापं कर्तव्यो धर्मसंचयः ॥१॥

મહાનુભાવો ! આજનો વિષય 'ધર્મનું મૂળસ્વરૂપ' રાખવામાં આવ્યો છે. ધર્મના મૂળ સ્વરૂપને વિચારવા પહેલાં ધર્મ શી ચીજ છે ? ધર્મની જરૂર શી ? ધર્મ શું કાર્ય કરે છે ? તે વિગેરે જ્યાં સુધી ન વિચારીએ ત્યાં સુધી ધર્મના કારણ અને ધર્મના સ્વરૂપને વિચારવાનું ઓછું જ રહે. અર્થાત્ ધર્મના ફળ વિગેરે ધ્યાનમાં આવે ત્યારે ધર્મને ઇષ્ટ તરીકે ગણી શકીએ, ને જ્યાં સુધી ધર્મના ફળાદિ ધ્યાનમાં ન આવે ત્યાં સુધી ધર્મની પરીક્ષા કરવા તૈયાર ન થઈ શકીએ. ધર્મનાં કાર્યો, ફળો ધ્યાનમાં ન આવે, તેની સુંદરતા, તેની જરૂરીયાત વિચારવામાં ન આવે ત્યાં સુધી તે ધર્મની પરીક્ષા જરૂરી જેવી ન લાગે, ને જ્યારે ધર્મની પરીક્ષા જરૂરી જેવી ન લાગે ત્યાં સુધી ધર્મનું કયું 'સ્વરૂપ' તે જાણવા પ્રયત્નનો ઉત્સાહ ન થાય, ને આ ઉત્સાહ ન થાય ત્યાં સુધી 'ધર્મનું સાચું સ્વરૂપ' જાણવાની મહેનત લઈએ જ શાના? અર્થાત્ ઇતરને છોડીને મૂળને વળગવાનું ખ્યાલમાં ન આવે.

આટલા માટે પરમર્ષિઓ ધર્મના કાર્યને તપાસવાનું જણાવે છે. ધર્મ કરે છે શું ? એટલું તો નિશ્ચિત છે કે ધર્મની ઇચ્છા વગરનો, ને અધર્મની ઇચ્છાવાળો આર્ય તો નહિ હોય. ધર્મની ઇચ્છાવાળી અને અધર્મથી દૂર રહેવાની ઇચ્છાવાળી હોવા છતાં તે આર્ય પ્રજા પરીક્ષા ન કરી શકે તો ધર્મને કરવાને બને અધર્મ કરવાવાળી થાય. જેમ આપણે બધા એકલા દૂધના નામે જ દોરાતા નથી. આંકડાનું દૂધ તે પણ દૂધ કહેવાય, ખરસાણીનું દૂધ તે પણ દૂધ કહેવાય, થોરીયાનું દૂધ એ પણ દૂધ ગણાય, પરંતુ તે કોઈ પીતું નથી, અને તેથી તે દૂધના ગુણો ખ્યાલમાં લઈ, તે ગુણો જેનામાં હોય તેવું દૂધ પીએ છીએ, ને ઇતર દૂધને નથી પીતા. તમે કોઈને કહ્યું-પાંચ શેર દૂધ લાવો. અહીં તમે નથી બોલ્યા કે-અલ્યા ! આંકડા, થોરીયાનું ન લાવશો. શુદ્ધ પદાર્થનું વિશેષણ કેમ ન જોડ્યું ? ગાયનું લાવજો કે ભેંસનું લાવજો એમ પણ નથી કહ્યું. કહો ત્યારે સામાન્ય શબ્દ પણ પ્રકરણને અંગે વિશેષના અર્થમાં જઈ પડે છે. પુષ્ટિને માટે પીવાનું એ પ્રકરણ હોય ત્યાં આંકડા, થોરીયા વિગેરેના દૂધનો વ્યવચ્છેદ કરી નાખે, તેવી જ રીતે ધર્મને અંગે માત્ર 'ધર્મ' નામ સાંભળી દોરાઈ જઈએ, તે પોષક છે કે નાશક છે એ ખ્યાલમાં ન લઈએ, ને સામાન્ય ધર્મ લઈ લઈએ તો પાછળથી પસ્તાવું પડે છે. આટલા કારણથી ધર્મને જાણવો જોઈએ.

सूक्ष्मबुद्ध्या सदा ज्ञेयो धर्मोधमार्थिभिर्नरैः ।
अन्यथा धर्मबुध्यैव तद्विघातः प्रसज्यते ॥

અર્થાત્ બારીક બુદ્ધિનો ઉપયોગ કરવો. તે દ્વારાએ ધર્મના અર્થીઓએ ધર્મ જાણવો જોઈએ, નહિતર બુદ્ધિ ધર્મની જ હોય, પોતે ધારે કે હું ધર્મ કરું છું, છતાં તેનો નાશ થાય.

ધર્મની બુદ્ધિ હોય છતાં નાશ કેમ થાય ? એ જ વાત નીચેના દૃષ્ટાંતથી સમજાશે.

गृहीत्वा ग्लानभैषज्यप्रदानाभिग्रहं यथा ।
तदप्राप्तौ तदन्तेऽस्य शोकं समुपगच्छतः ॥

કોઈ એક મહાત્મા ફરતા ફરતા કોઈ ગામમાં ગયા. ત્યાં મનુષ્યો ઉપદેશ સાંભળવા આવ્યા. માહાત્માએ ઉપદેશ શરૂ કર્યો કે ધર્મની કિંમત સમજેલો તે જ ગણાય કે જે પોતે ધર્મ કરવા સાથે બીજાને ધર્મ કરાવનારો થાય. જેમ તમો દુનિયાદારીમાં બોલો છો ને કે खानेका स्वाद, तो दुसरे को खिलाव અર્થાત્ ખાવાનો સ્વાદ, તો બીજાને ખવડાવ. તું ખાય ને 'અહા ! શું સ્વાદ' એમ બોલે તે કરતાં બીજા ખાય ને 'અહા ! શું સ્વાદ' ત્યારે તેની કિંમત થાય, તેવી જ રીતે 'અહા મારો ધર્મ' એ સાથે બીજાને ધર્મની પ્રાપ્તિ કરાવ ને તે સમજે કે 'હું અપૂર્વ ધર્મ પામ્યો' ત્યારે ધર્મની કિંમત સમજ્યો ગણાય. તે ધર્મ બીજાને કેમ પ્રાપ્ત કરાવાય ? ચાહે ઉપદેશદ્વારા એ, ચાહે સાધનસામગ્રી મેળવી દેવાદ્વારા એ, અગર તો આવતાં વિઘ્ન ટાળી દેવાદ્વારા એ ધર્મ પમાડવાનું જણાવ્યું, ને જણાવ્યું કે ઉપદેશદ્વારા અને સાધનસામગ્રી મેળવી દેવાદ્વારા એ તો ધર્મપ્રાપ્તિ કરાવવી સુસાધ્ય છે, પરંતુ આવતાં વિઘ્ન (ધર્મમાં આડે આવતાં) દૂર કરવાદ્વારા એ બીજાને ધર્મની પ્રાપ્તિ તો દુઃસાધ્ય છે, ને તે દુઃસાધ્ય હોવાથી શાસ્ત્રકાર મહર્ષિઓએ वेयावच्चं अपडिवाइ એમ જણાવી વૈયાવચ્ચને ઉંચો નંબર આપ્યો. અર્થાત્ જ્ઞાન, તપ, વિનય બધા કરતાં પણ વૈયાવચ્ચ અગ્રપદે આવ્યું, તેનું કારણ એ છે કે-જ્ઞાન, તપ, વિનય આદિનું અજીરણ હોય છે, પરંતુ વૈયાવચ્ચનું અજીરણ નથી હોતું જ્ઞાનનું અજીરણ 'મારા જેવો કોણ ?' તપનું અજીરણ 'આજે પારણું છે, ખબર નથી ?' વિનયનું અજીરણ ઉચ્છૃંખલતા. આ અજીરણ આવ્યાં એટલે ખલાસ, કામ પતી ગયું, પરંતુ વૈયાવચ્ચ એવી ચીજ છે કે તેનું અજીરણ નહિ, તે પડવાનું નહિ. શંકા થાય એમ છે કે વૈયાવચ્ચ ખસી ન જાય ? હા ખસી જાય. પણ તેથી તેની શાતાવેદનીય પુણ્ય અને સુખોની સાથે શરત થઈ. એ એટલું બધું જબરદસ્ત હોય કે તે બીજા કોઈ કારણથી ખસી જાય નહિ. વળી વૈયાવચ્ચથી નિકાચિત સારાં કર્મો બંધાય છે, તેવી તેમાં તાકાત છે, આથી તે પ્રતિપાતી નથી. વળી જ્ઞાનથી આત્મલાભ થાય, વિનય અને તપસ્યાથી આત્મલાભ થાય પણ કરેલી વૈયાવચ્ચથી તો બંનેને લાભ થાય છે.

પ્રશ્ન : ઉપર જણાવ્યું કે જ્ઞાનથી આત્મલાભ થાય છે, પરંતુ જ્ઞાન તો સ્વપર લાભદાયી છે, તો એકલું સ્વલાભદાયી કેમ જણાવ્યું?

સમાધાનઃ જ્ઞાન એ જેટલું અબુઝને કામ લાગે છે, તેટલું બુઝવાળાને નકામું છે ને તે હોવાથી ટીકાકાર પરમર્ષિઓ ઠેર ઠેર बालानाम् ઈત્યાદિ પ્રયોગનો ઉપયોગ કરે છે, એટલા માટે જ કે મુગ્ધ લોકોને સમજાવવાનું કામ જ્ઞાન કરે છે, અને વૈયાવચ્ચ તો તીવ્ર બુદ્ધિવાળાને પણ ઉપકાર કરે છે ને તેથી જ અપ્રતિપાતી કહ્યું. અરે એટલુંજ નહિ પણ જે મનુષ્ય જ્ઞાનમાં રોકાયો હોય, તો વૈયાવચ્ચથી આગળ વધી શકે છે, તપસ્યા, વિનય, દર્શન, ચારિત્રની ઢીલી થયેલી પ્રવૃત્તિને અર્થાત્ મૃતપ્રાય થયેલી ભાવનાને વૈયાવચ્ચ જ ઉભી કરે છે, આથી વૈયાવચ્ચને સ્વપર લાભદાયી કહ્યું.

આ બધી વાત ચાલતી હતી, ત્યાં એક ભોળા માણસે ઉભા થઈ બાધા માગી કે હે મહારાજ 'મારે દરરોજ વૈયાવચ્ચ કરવી.' બાધા

આપી, બાધા પાળે છે, વૈયાવચ્ચ કરે છે. વૈયાવચ્ચ કરતાં કરતાં કોઈ દિવસ એવો આવ્યો કે તે દિવસે કોઈ માંદો જ નથી. તે વિચારે છે કે હવે શું કરવું? આજ કોઈ માંદો જ નથી. તે વિચારે છે કે अहो मेऽधन्यता कष्टं न सिद्धमभिवांछितम् । બધાય સાધુ સારા, કોઈએ માંદો નથી ! મારા મનની મનમાં રહી ગઈ ! કોઈ માંદો પડ્યો હોત તો વૈયાવચ્ચનો લાભ ઉઠાવત. વિચારો ધારણા વૈયાવચ્ચની હતી ને પરિણામ ક્યાં ગયાં ? માટે જ 'ધર્મને બારીક બુદ્ધિથી જાણવો' એમ કહ્યું ને સ્થૂળ બુદ્ધિથી વિચારીએ તો બુદ્ધિ ધર્મની પણ પોતાનો જ નાશ થવાનો સમય આવે. વૈયાવચ્ચનો નિયમ કર્યો છતાં બારીક બુદ્ધિ ન હોવાથી 'માંદાવાળા'ના વિચારવાળો થઈ ગયો, આટલા જ માટે બારીક બુદ્ધિથી ધર્મને જાણવાની જરૂર છે.

હવે નિયમ છે કે જેની જેટલી કિંમત તેટલા પ્રમાણમાં તેના રક્ષણની બુદ્ધિ થાય છે. પૈસો હોય તો પૈસા જેટલી જ રક્ષણબુદ્ધિ, રૂપિયામાં રૂપિયા જેટલી રક્ષણબુદ્ધિ, હીરો હોય તો વધારે રક્ષણની બુદ્ધિ. કેમ રક્ષણની બુદ્ધિ વધી ? સંખ્યા તો એક જ હતીને ? છતાં રક્ષણબુદ્ધિમાં ફરક કેમ ? કહો કે રક્ષણબુદ્ધિનો ફરક કિંમત જાણવાથી પડ્યો, તેવી રીતે ધર્મની રક્ષા, તેને ટકાવવાની બુદ્ધિ ત્યારે જ થાય કે જ્યારે ધર્મની કિંમત જણાય.

ધર્મની કિંમત કેવી રીતે જણાય ? તે કાંઈ બજારૂ માલ નથી કે જેથી તેની કિંમત તરત જણાય, એક કિંમત ન કહે તો બીજાને પૂછાય, પણ ધર્મની કિંમત શી રીતે કરવી ? તેને માટે પરમર્ષિઓ दुःखं पापात् ઈત્યાદિ વાક્યો કહી ગયા. આ જગતમાં જેટલા જીવ છે, ચાહે તો કેટલાક વનસ્પતિ આદિને શરીર, યાવત્ જાનવર, પંચેદ્રિયને પાંચ ઈંદ્રિય યાવત્ કેટલાકને મન મળ્યાં છે, છતાં તે બધાનું ધ્યેય તો એકજ છે, ચાહે એકેંદ્રિય હો, ચાહે બેઈંદ્રિય હો, ચાહે તેઈન્દ્રિય, ચાહે ચૌરેન્દ્રિય હો, ચાહે પંચેંદ્રિય હો, જાનવર હો, આર્ય હો, અનાર્ય હો, કિન્તુ બધાનું ધ્યેય સુખપ્રાપ્તિનું જ છે. કોઈ પણ જીવનું ધ્યેય એ નથી કે 'મને દુઃખ મળે તો ઠીક,' સર્વ જંતુઓ આ એકજ ધ્યેયવાળા છે, કે મને સુખ મળો, તેથી જ કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજીએ આ સામાન્ય શ્લોક પલટાવી દીધો, કયો ? आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति । અર્થાત્ પોતાની માફક સર્વ આત્મામાં જે દેખે તે દેખનાર છે. તેમને આમાં બહુ જુલમ દેખાયો. ક્યો ? પોતે વિદ્વાન, રોગી, દુઃખી, મૂર્ખ હોય તો બીજાને વિદ્વાન, રોગી, દુઃખી, મૂર્ખ માની લેવા પોતે નિરોગી હોય તો બીજાને (રોગીને) ઢોંગ કરનાર માનવો. પોતે વિદ્વાન હોય તો મૂર્ખને વિદ્વાન ધારી ઉપદેશ નહિ આપવો. આવું હોય તો ઉપદેશક અને દાકતરો आत्मवत्માંથી નીકળી જશેને ? આટલા જ માટે તે પૂજ્યશ્રીએ आत्मवत् सर्वभूतेषु सुखदुःखे प्रियाप्रिये । એટલે કે વિદ્વાન આદિ ઘટના બીજામાં નથી કરવાની, આત્માની માફક સર્વ જીવોને દેખવા,! તેનો અર્થ એ નથી કે જે અવસ્થા મારી છે તે બધાની છે, આવી ઘટના કરવાની ન હોય, પણ અહીં ષષ્ઠીના क्त्व् ને બદલે સપ્તમીના वत् ને વળગો એટલે आत्मनि क्तू (इंव) આત્મામાં રહેવાવાળી ચીજ કઈ ? તે પકડો. આત્મામાં રહેવાવાળી ચીજ બે જ છે તે સુખ અને દુઃખ એ બે સિવાય ઘટના કરી શકાય તેવી ત્રીજી ચીજ નથી. સકળ જગતના જીવો સુખની તરફ પ્રીતિ અને દુઃખ તરફ અપ્રીતિવાળા છે. હવે જ્યારે જગતના સર્વેય જીવો સુખની ઈચ્છા કરી રહ્યા છે, અને દુઃખથી ડરી રહ્યા છે, તો પછી તેઓને ખરેખર રસ્તો બતાવવો હોય તો તે જ બતાવવો જોઈએ કે જેથી તેઓ સુખની પ્રાપ્તિ કરી શકે અને દુઃખથી દૂર રહી શકે. બધાય જીવોને આ બે સિવાય ત્રીજું ધ્યેય નથી. જે બહારનાં દેખાય છે તે પણ આના પેટા ભેદો છે, ધન, કુટુંબ, રિદ્ધિ શા માટે ? સુખ માટે, દવા શા માટે ? દુઃખ દૂર કરવા માટે, આથી આ બે સિવાય

બીજા ઉપદેશ આપવા નકામા છે, કહ્યું છે કે :-

स जातकी वाऽथ पिशाचकी वा योऽनर्थिने वाचमुदीरयते

તે વાયડો છે, અથવા ભૂતના વળગાડવાળો છે કે જે અનર્થિને વાણી કહે છે, તેવી રીતે જગત સુખનું અર્થી છે, દુઃખ નિવારણનું અર્થી છે. આ મૂકીને ત્રીજો ઉપદેશ આપનારા વાયડા કે ભૂતના વળગાડવાળા ગણાય છે ને ? શાસ્ત્રકાર એવો (ત્રીજો) ઉપદેશ નથી આપતા પણ-

## બાહ્ય સાહ્યબીની જડ ધર્મ છે.

ઉપદેશની પહેલાં ભૂમિ સાફ કરવાની હોય, ગાયન શીખવવું હોય તો સ્વર લાયક કરવો પડે, તે ન કરતાં એકદમ સમજાવે તો શીખનાર અને શીખવાડનાર બન્નેની મહેનત નિષ્ફળ જાય, તેમ અહીં પણ જગત 'સુખનું અર્થી' જાણ્યું પણ જમીન સાફ કરવાની છે. ધર્મ સિવાય સુખ થાય છે ? જગતના જીવો (બાહ્ય દૃષ્ટિવાળા) ઝાડની ડાળ ઉપરથી ફળ તોડ્યું ને સમજી ગયા કે 'ડાળ ફળ આપે છે' એની ફૂલ, સ્કંધ પર દૃષ્ટિ નથી ગઈ, એને તો ડાળમાં જ ફળ દેખાય છે, ફળનું કારણ ડાળ એમ કહી ચાલ્યો, જુઓ ! ચાલનારો મનુષ્ય દેખીતી રીતિએ તો સાચો જ છે ને ? જ્યાં ફળ દેખો ત્યાં ડાળીયે જ હોય ! કોઈ ફળ થડે હોય છે ? પણ સમજુ મનુષ્ય તો એમ સમજી શકે છે કે-આ ફૂલ, ફળ, ડાળીનો આધાર કોણ ? જમીનમાં રહેલું મૂળ છે. મૂળ દેખાતું નથી ને ડાળ વિગેરે દૃષ્ટિમાં આવે છે, પણ ખરેખર ઝાડની જડ ડાળ, ફૂલ, સ્કંધની જડને ફળ, ફૂલ, ડાળ આપનાર તરીકે ગુપ્ત રહેલું મૂળ જ છે, મૂળ ગુપ્ત હોય ત્યાં સુધી ફળ વિગેરેનો લાભ હોય છે, પછી ઉખેડો તો ! ખલાશ ! ! ! નહિ થડ કે નહિ પાંદડાં, નહિ ફળ, કશાનો લાભ નહિ, આ બધું ન માને, ને 'ડાળી ફળ આપે છે' એમ બોલનારને કહેવું પડે છે કે બિચારાની બુદ્ધિ લાંબી ચાલતી નથી, જગતમાં થડ, પર્ણ વિગેરે કારણ તરીકે દેખાય છે, પણ તે કારણ તરીકે હોતાં નથી, કારણ તરીકે તો માત્ર મૂળજ છે, તેવી જ રીતે બાહ્ય સંયોગોને સુખના કારણ તરીકે ગણી લીધા છે, સારું કુટુંબ, સારો દેશ, રિદ્ધિ, સમૃદ્ધિને સુખના કારણ ગણી લીધા છે, ને સર્વને એ જ ઈચ્છા છે, છતાં ફળની વિચિત્રતા કેમ ? કેટલાક ઈચ્છવાવાળા સારી રિદ્ધિ, સારું કુટુંબ, સારો દેશ પામે છે, ને કેટલાક ઈચ્છવાવાળા છતાં નથી પામતા તેનું કારણ વિચારો! કહ્યું છે કે :-

जो तुल्लसाहणाणं फले विसेसो न सो विणा हेउं

## ઉધમ કરતાં નસીબ બળવાન છે.

સરખી સામગ્રી છતાં કાર્યમાં ભેદ થાય તો જરૂર બીજું કારણ હોવું જોઈએ, આપણે તકદીર કરતાં તદબીરને વધારીએ છીએ પણ, ઉંડા ઉતરીએ તો માલમ પડશે કે તકદીર સિવાય કંઈ બની શકતું નથી, તમને જે રિદ્ધિ, સમૃદ્ધિ, કુટુંબ, દેશ આદિ મેળવી દેનાર કંઈ ચીજ ? એ જે કાંઈ ચીજ તેનું નામ ધર્મ, એનું નામ પુણ્ય.

## दुःखं पापात् કહેવાની જરૂર શી ?

કુદરતી બેંકમાં જેણે પુણ્યનો જમાવ કરેલ છે તેને સર્વ સામગ્રી મળે છે, જેણે જમાવ નથી કર્યો તેને ધારી સામગ્રી નથી મળતી જેણે પાપનો જમાવ કરેલ છે તેને દુઃખી થવું પડે છે, માટે दुःखं पापात् કહેવું પડ્યું. અહીં શંકા થાય છે કે બે વાત કહેવી હતી તો પહેલાં સુખની વાત કરવી હતી ને ? એટલે धर्मात्सुखं પહેલાં કહેવું હતું પણ જણાવાય છે કે જગતના જીવો એવી સ્થિતિમાં છે કે સુખપ્રાપ્તિ કરતાં દુઃખથી ડરવાવાળા અધિક હોય છે, તેઓની ઈચ્છા પહેલે નંબરે દુઃખથી દૂર થવાની હોય છે માટે दुःखं पापात् કહ્યું.

દુઃખ દૂર ન થાય તો સુખ, દુઃખમાં ડુબી જાય, દુઃખ એવી ચીજ છે કે સુખ હોય તો પણ ડુબાવી દે છે ઝેર જેમ એવી જબર ચીજ છે કે બીજા ગુણો દબાવી દે છે, તેમ અહીં દુઃખ એટલી બધી તાકાતવાળું છે કે સુખના નવ્વાણુંએ સાધન ડુબી જાય, આખું શરીર સારું હોય, ચણા જેટલી એક ફોલ્લી થઈ, ગુમડું થયું તો શું થાય ? આખો આત્મા એમાં પરોવાઈ જાય. અરે ! ભાઈ ! ચણા જેટલો જ પાક્યો છે, બીજું તો સારું છે ને ? છતાં શું થાય ? ગુમડાની વેદનાવાળો નવાણું ટકા સુખ, ને એક જ ટકો દુઃખ વેદે છે ? બીજે કોઈ ઠેકાણે અડચણ નથી, છતાં તેટલા દુઃખમાં આત્મા પરોવાઈ ગયો, અર્થાત્ સુખની પ્રાપ્તિના સાધનો મેળવે તેના કરતાં દુઃખને દૂર કરવા માટે તે જીવો મથે છે માટે दुःखं पापात् કહ્યું.

**દુઃખને દેનાર પાપ જ છે.**

દુઃખ શાથી થાય ? તેનો નિર્ણય કરો, કોઈને દુઃખ જોઈતું નથી. આટલા માટે તો નૈયાયિકના સિદ્ધાંતનો નિગ્રહ કર્યો ? કયો સિદ્ધાન્ત તે વિચારો દરેક કાર્યને માટે ઈચ્છા કારણે અર્થાત્ ઈચ્છા સિવાય કોઈ કાર્ય બને જ નહિ.' આ સિદ્ધાંત તેઓએ માનેલ હતો છતાં નીતિકારોએ કહી દીધું કે-સારાં કાર્યો બને તેમાં તો ઈચ્છા જોઈએ એ વાત ખરી પણ ખરાબ કાર્યોમાં કઈ ઈચ્છા કારણ ? રોગી થવામાં, મરવામાં, મૂર્ખ થવામાં કોણે ઈચ્છા કરી હતી ? માટે કાર્ય માત્રને અંગે ઈચ્છા કારણ ન માની શકાય. સુખ એ ઈચ્છા અને પ્રયત્નપૂર્વક આવવાવાળી ચીજ છે, જ્યારે દુઃખ એ અનિચ્છાએ, વગર યત્ને ગળે પડવાવાળી ચીજ છે, આથી દુઃખને દૂર કરવાનું મનુષ્યનું પહેલું સાધ્ય રહે છે, દુઃખને દેનાર કોણ? પાપ જ છે.

**આત્મા દુઃખથી દૂર ન થાય ત્યાં સુધી સુખવાળો ન ગણાય**

ચાલો! આગળ! દુઃખ ગયું, પાપનો પરિહાર કરનારો થયો, ત્યારે હવે લાયક થયો, ભીંતે ચિત્રામણ કાઢવું હોય તો ધૂળ દૂર કરવી પડે પછી, સાફ થાય ને ત્યારબાદ ચિત્રામણનું કામ હાથ ધરાય, તેવી રીતે આત્મા દુઃખને નિવારવાવાળો ન થાય ત્યાં સુધી સુખને ભોગવવાવાળો નથી, પાપને નિવાર્યા વગર ધર્મને કરવાવાળો થતો નથી 'પાપથી જ દુઃખ, પાપથી દુઃખજ પાપ સિવાય જગતમાં દુઃખ થતું નથી, પાપથી દુઃખ સિવાય બીજી ચીજ બનતી નથી. દુઃખ બને તો પાપથી બને' આ બન્ને પ્રકારનાં અવધારણ કરી પાપનો પરિહાર કરવો ! હવે વિચારો કે પાપના પરિહાર માત્રથી સુખ થઈ જતું નથી, જો એમ હોય તો આ લાકડાની દાંડી પાપ ક્યાં કરે છે ? દુઃખના અભાવરૂપ સુખ નથી, સુખ એ સ્વતંત્ર ચીજ છે, તેની જ માફક ધર્મ એ સ્વતંત્ર ચીજ છે, પાપના અભાવરૂપ નથી, માટે ધર્મની વ્યાખ્યા કરવાની જરૂર પડી. કે सुःखं धर्म्मात् અહીં પણ બન્ને પ્રકારનાં અવધારણ જાણવાં ક્યાં ક્યાં ? ધર્મથીજ સુખને ધર્મથી સુખ જ અસ્તુ.

**સર્વ શાસ્ત્રોએ માન્ય કરેલ ધર્મ**

શંકાકાર શંકા કરે કે 'આ વાત તો ઘરની છે ને ? એટલે તમે જૈન હોવાથી તમારુંજ કહો છો ને ? ભગવાન હરિભદ્રસૂરિજી તે પ્રત્યુતર ફરમાવે છે તે :- सर्वशास्त्रेषु संस्थितिः જગતના બધા શાસ્ત્રોમાં આ બે વાત કબૂલ કરવામાં આવી છે કે પાપથી દુઃખ ને ધર્મથી સુખ.

સુખની પ્રાપ્તિએ ધર્મનું કાર્ય છે, તો પછી ધર્મનું સ્વરૂપ વિચારવું જોઈએ. જેનું ફળ દેખવામાં આવે તે તરફ મનુષ્ય દોરાય, સુખ એ ધર્મનું ફળ છે, તો પછી ધર્મનું સ્વરૂપ ક્યું ? ધર્મનું સ્વરૂપ જણાવવા માટે સર્વ શાસ્ત્રને કબુલ એવો રસ્તો ખોળ્યો ક્યો રસ્તો ?

दानशीलतपोभावभेदात्स तु चतुर्विधः

**દાન :-**

કંજુસાઈ છોડી ઉદારતા કર, લેવું લેવું અનાદિ કાળથી છે, તેથીજ હે જીવ ! તું રખડ્યો, પાપો કર્યાં, હવે દેવાની બુદ્ધિ કર ! ને તેમાં દીધું એટલું કલ્યાણ, દીધું એટલું બચ્યું ને ઉગર્યું આનું નામ દાન, મનુષ્ય લેવું લેવું કરે છે પણ તેણે વિચારવું જોઈએ કે 'લેવાનો છેડો ક્યો ! ફળ શું? ચક્રવર્તી છએ ખંડની રિદ્ધિ, સમૃદ્ધિ, રાજ, ચૌદરત્ન, નવનિધાન, મેળવે પણ સ્વપ્નમાં દેખેલું આ બધું ક્યાં સુધીનું ? આંખો નહિ ખુલે ત્યાં સુધીનું હોય ! આંખ ખુલી ગયા પછી બધુંય ખલાશ ! તેવી જ રીતે આપણી રિદ્ધિનો છેડો ક્યાં સુધી ? આંખ ન મીંચાય ત્યાં સુધી, મીંચાયા પછી બધુંય ખલાસ ! પછી નહિ તમે માલિક, નહિ હકદાર કે નહિ લેણદાર, પછી તેનો માલિક, હકદાર તો કુટુંબ-

**શીલ :-**

ધારો એક શેઠીયાનો છોકરો મરીને કોઈ ગરીબને ત્યાં જન્મ્યો, કોઈ જ્ઞાનીથી સિદ્ધ થયું કે 'આ શેઠનો છોકરો હતો' છતાં તમો તેને હક આપો ખરા ? અરે ! એ તો જવા દો પણ ચાલુ તો જુવો. એક શેઠને ત્રણ છોકરા હોય; એકને ખોળે આપ્યો ને એનો હક ગણો છો ? કેમ ? નામ પલટ્યું, જ્યારે નામ પલટે એટલામાં નખોદ વળે છે, ત્યારે આણે તો 'ધામ' પલટ્યું છે, બધી માલિકી બધો હક, બધી સત્તા જવાની તો પછી જવાની વસ્તુથી લાભ ન લઈએ તો ખરેખર ઘાટના કૂતરા જેવી દશા થાય. ગંજીનો કુતરો તો શેઠનું બચાવી નમકહલાલ કરે છે, પણ પેલા ઘાટના કૂતરાને ભસીને કોઈને પાણી નથી પીવા દેવું, પણ એ નથી સમજતો કે હું પીવા દઉં કે ન પીવા દઉં, પણ પાણી તો વહી જવાનું જ છે, જે રાખ્યું તે રહેવાનું નથી, છોડીને જવાનું છે, છતાં લાભ નથી મેળવાતો, માટે નિર્મમત્વ ભાવ કરી ઉદારતા કરવી. આ જણાવ્યા છતાં ધ્યાન રાખવું કે જગતમાં શાહુકાર એટલા ઉદાર નથી હોતા કે જેટલા રંડીબાજ, ચોર, જુગારી, લુટારા હોય તેઓને બે પૈસા ખરચતાં વાર ન લાગે, તેનો હિસાબ જ નહિ ગણે પણ ત્યાં ધર્મ થશે ? ના! વાર છે. એકલી ઉદારતામાં ધર્મની જડ નથી રાખેલી ત્યારે ! આચારની પવિત્રતા હોય તે જ દાન શોભાવાળું છે, આચારની પવિત્રતાને અને વર્તનની પવિત્રતાને આસ્તિકના ધર્મ માન્યા વિના નહિ રહે, છતાં એમ ન થવું જોઈએ કે સારી રીતે વર્તવું પણ અડચણ ન આવે ત્યાં સુધીને અડચણ આવે તો સદાચારની સાથે લાગતું વળગતું નથી માટે જે પવિત્ર વર્તન રાખે તે જીવને સાટે રાખો, સુખ ચાલ્યું જાય દુઃખ આવે તો ખેર ! પણ આ કરવું છે, સાચી લડાઈમાં તૈયાર થવાવાળા લશ્કરે ખોટી લડાઈમાં તાલીમ લેવી પડશે, ખોટા હલ્લા કરી, બચાવ કરી લડાઈ કરવાથી સાચી લડાઈમાં ઉતરાશે, તેવી જ રીતે જાણી જોઈને ઉભા કરેલ દુઃખો વેદવાનું ને આવેલાં સુખો તરછોડવાં. આ શાથી થાય ? તપસ્યાથી થાય.

**તપ.**

તપસ્યા શું ખાવાનું નહિ મળવાથી કરાય છે ? ના ? ત્યારે ! આ સહન કરવું છે, ને આવેલાં દુઃખ સહન કર્યાં આ ધર્મનો ત્રીજો ભેદ જાણવો.

અહીં સહેજે શંકા થશે કે :-

તમે જણાવી ગયા છો કે-જગત દુઃખથી ભડકી રહ્યું છે, ને અહીં તો આ કહો છો તો તમારા કહેવાથી વિરુદ્ધ જણાય છે ? જ્યાં સુધી ઉંડા નહિ

ઉતરો ત્યાં સુધી વિરુદ્ધ લાગશે, એક શેઠીયાનો છોકરો હતો, તે વેપાર કરતાં ન શીખ્યો, પણ પૈસા ગણતાં શીખ્યો હતો, એકદા તેના બાપે માલ ખરીદ્યો, રૂપિયા આપવા માંડ્યા ! છોકરાએ કહ્યું કેમ આપો છો ? રડવા માંડ્યું એ નથી સમજતો કે વેપારમાં લાભ છે, તેમ તપસ્યા દ્વારાએ આટલું દુઃખ સહન કરે છે, સુખ છોડે છે તે શા માટે ? સર્વકાળના શાશ્વતાં સુખ મેળવવાને દુઃખ દૂર કરવા માટે અર્થાત્ અવ્યાબાધ પદ મેળવવા સર્વ દુઃખ સહન કરે છે.

**ભાવ.**

આવી રીતે ત્રણ ધર્મ થયા છતાં એક વાત જરૂરની છે કે ક્રિયાની કોટી ઊંચી કે પરિણામની? પરિણામની શુદ્ધતા ન હોય તો ચાહે તેટલી ક્રિયાની કોટી હોય તો પણ તે કામ કરનારી નહિ થાય, જો કે ક્રિયાની કોટી કામ કરે છે પણ તે કઈ ? કે જે પરિણામની કોટીની સાથે ભળેલી છે, માટે જે સર્વ ધર્મોને આદરવા લાયક પરિણામની સુંદરતા તેને માટે ભાવ ભેદ કહ્યો. આવી રીતે દાન શીલ, તપ, ભાવ એ ચાર પ્રકારનો ધર્મ છે, ને તેથીજ સુખ થાય છે માટે સર્વેએ ધર્મના સ્વરૂપને વિચારવાની જરૂર છે, તે વિચારી ચાર ભેદને આદરવામાં તત્પર થઈ, આદરી શાશ્વતાં સુખ મેળવાશે.

સંપૂર્ણ.

❁ ❁ ❁


## જાહેર ખબર

નવીન બહાર પડેલ ગ્રંથો.

| | | |
|---|---|---|
| (૧) | તત્ત્વતરંગિણી | ૦-૮-૦ |
| (૨) | લલિતવિસ્તરા. | ૦-૧૦-૦ |
| (૩) | સિદ્ધપ્રભા બૃહદ્વ્યાકરણ. | ૨-૮-૦ |
| (૪) | આચારાંગ પ્રથમ ભાગ | ૩-૮-૦ |
| | આચારાંગ પ્રથમ લેજર કાગળ | ૫૨૫-૦-૦ |

નવા છપાતા ગ્રંથો.

૧. ઉપદેશમાલા અપરનામ પુષ્પમાલા
૨. તત્ત્વાર્થસૂત્ર શ્રીહરિભદ્રસૂરિ ટીકા.
૩. ભગવતીજી શ્રી દાનશેખરસૂરિ વૃત્તિ.
૪. વિશેષાવશ્યક ભાષ્યમ્ કોટયાચાર્યકૃત ટીકા વિભૂષિતં.
૫. ભવભાવના

**શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત.**


## સૂચના

હવેથી **'શ્રી સિદ્ધચક્ર'** અંગેનો બધો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ-


**ઝવેરી પાનાચંદ રૂપચંદ**

**૨૫,૨૭ ધનજીસ્ટ્રીટ, મુંબઈ ૩.**

# શ્રીસિદ્ધક્ષેત્રં અને સાધુસાધ્વી

સોરઠ દેશમાં પવિત્રતમ એવો સિદ્ધક્ષેત્ર તરીકે પ્રસિદ્ધ થયેલો શ્રી શત્રુંજય ગિરિરાજ છે એ વાત જૈનજનતામાં સારી રીતે પ્રસિદ્ધ છે. આ ગિરિરાજ તે જ છે કે જેની ઉપર પાંચ ક્રોડ મુનિના પરિવાર સહિત પુંડરીક સ્વામી મહારાજ આ ક્ષેત્રના પ્રભાવે જ કેવળજ્ઞાનને પામી અવ્યાબાધ પદને વરેલા છે. આ પુંડરીક સ્વામીજીનું આ તીર્થક્ષેત્રમાં સ્થિરતા કરી રહેવું ભગવાન ઋષભદેવજી મહારાજના હુકમથી જ થયું છે, જો કે આ ગિરિરાજ ઉપર પાંડવો, શ્રી રામચંદ્રજી વિગેરે અનેક મહાપુરુષોનું ક્રોડો મુનિઓ સાથે મોક્ષે જવું થયેલું છે. આ સ્થાને ક્રોડ શબ્દથી સો લાખની જ સંખ્યા લેવાની છે, કેમકે જો વીસની સંખ્યા જે કોડી તરીકે કહેવાય છે, તે જો લેવામાં આવે તો એમાં કંઈ તીર્થની અતિશયતા છે જ નહિ, કેમકે બીજા ક્ષેત્રો અને બીજા તીર્થોમાં પણ સેંકડો અને હજારો મુનિઓ મોક્ષપદને પામેલા જ છે. વળી ક્રોડની જગા પર કોડી લઈ લેશે, પણ નારદજી એકાણું લાખની સાથે મોક્ષે ગયા તેમાં લાખની જગા પર કઈ બીજી સંખ્યા લેવાની ? અને જો એકાણું લાખ સરખી સંખ્યા બરોબર લાખના હિસાબે જ જો મંજૂર હોય, તો પછી સો લાખની ક્રોડ સંખ્યા માનવામાં અડચણ શી ? કદાચ શાસ્ત્ર વચનો ઉપર શ્રદ્ધાનુસારિપણું ખોયેલ હોઈને શ્રદ્ધા ન પણ હોય, અને કેવળ શરીરના પ્રમાણ ઉપર જ જવાતું હોય તો પણ તે તે વખતનું પ્રમાણ શાસ્ત્રકારોએ મોટું જણાવેલું જ છે, અને તેથી કાઉસ્સગ્ગની અપેક્ષાએ જો તે વખતના માપનું ક્ષેત્રગણિત કરવામાં આવે તો કોઈ જાતનો વિરોધ આવે નહિ, પણ જેઓને ન તો શ્રદ્ધાનુસારિપણે શાસ્ત્રવાક્ય માનવું હોય, ન તો હિસાબ કરવો હોય, પણ કેવળ પરંપરાથી મોક્ષ પામવાવાળાની સંખ્યા ન લેતાં મનસ્વીપણે બોલવું અને બેસાડવું હોય તેવાઓની આગળ શાસ્ત્ર અને યુક્તિ વિગેરેનો પ્રકાશ સફળ ન થાય તે સ્વાભાવિક છે.

આજ સિદ્ધક્ષેત્રમાં ભગવાન અજિતનાથજી મહારાજા અને શાંતિનાથજી મહારાજાએ ચતુર્માસ કરેલા છે, અને તેથીજ એટલે શ્રી સિદ્ધક્ષેત્ર મહારાજની પવિત્રતા અને જિનેશ્વર ભગવાનોનું ચોમાસું રહેવું થયેલું હોવાને લીધે વર્તમાન સમયમાં પણ સેંકડોની સંખ્યામાં સાધુ, સાધ્વી અને શ્રાવક, શ્રાવિકાઓ આ પવિત્ર ગિરિરાજની છાયામાં ગિરિરાજનું ધ્યાન ધરતા ચોમાસું કરે છે. અન્ય મતમાં જેવી રીતે કાશીમાં મરણ થવાથી મુક્તિ માનેલી છે, અને તેથી તે મતને માનવાવાળાઓ તે કાશીક્ષેત્રની અંદર જન્મભૂમિ છોડીને પણ કંઈ વરસો સુધી વાસ કરે છે, તેમ આ શ્રી સિદ્ધગિરિની પવિત્રતાને સમજનારો શ્રી સિદ્ધગિરિની સેવા અને આરાધનાથી ત્રીજે ભવે મોક્ષે જવાય છે એમ સમગ્ર જૈનજનતા માને છે, અને ચોમાસામાં સ્થિરતાનો સમય હોવાને લીધે સારી રીતે ગિરિરાજની સેવા કરવા માટે સેંકડોની સંખ્યા દરેક વર્ષે ચોમાસામાં રહે છે. જો કે જૈનધર્મનો મુખ્ય સિદ્ધાંત અને પ્રથમ કર્તવ્ય જીવદયાનું પાલન કરવું એ હોવાથી શ્રદ્ધાસંપન્ન કોઈપણ મનુષ્ય એ ગિરિરાજ ઉપર ચોમાસાને લીધે રસ્તામાં સ્થાન સ્થાન ઉપર લીલોતરી,

લીલફૂલ અને ત્રસજીવોનો ઉત્પાદ થવાથી ગિરિરાજની જાત્રા ચોમાસામાં કરતા નથી. એક પગથીયું પણ ગિરિરાજનું ચોમાસામાં ચઢવાને માટે શ્રદ્ધાળુઓ તૈયાર હોતા નથી, કેમકે એક એક ડગલા કરતાં અને એક એક ટેકરી કરતાં સમગ્ર મર્યાદાનો નાશ દીર્ઘદૃષ્ટિવાળા શ્રદ્ધાળુઓ જોઈ શકે છે. તીર્થંકર ભગવાનોએ ચોમાસા કર્યાનું બહાનું કેટલાક વિપરીતભાષીઓ તરફથી લેવામાં આવે છે, પણ તેઓએ તીર્થંકર મહારાજના અતિશયોનો, કુંથુઆની ઉત્પત્તિના અભાવનો, તેમજ તે વખતની સુઘડતાનો અંશે પણ વિચાર કરેલો જણાતો નથી. શ્રદ્ધાસંપન્નોએ તો શ્રી કૃષ્ણ મહારાજ અને કુમારપાળ મહારાજ સરખાના ચોમાસાના નિયમિતપણાના દાખલા ધ્યાનમાં રાખવાના હોય છે.

એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે આ શત્રુંજય ગિરિરાજ આખો તીર્થરૂપ છે. શાસ્ત્રકાર પણ गिरिरेव तीर्थरूपः વિગેરે વાક્યોથી આખા ગિરિરાજને તીર્થરૂપે જણાવે છે, અને તેથી જ ગિરિરાજની ચારે બાજુની જે જે તળાટીની દહેરીઓ છે, તે મર્યાદાની અંદર કોઈ પણ શ્રદ્ધાસંપન્ન મનુષ્ય જોડા પહેરતો નથી, થૂંકતો નથી, પેશાબ કરતો નથી અને ઝાડે જતો નથી. અર્થાત્ દહેરામાં જેવી રીતે આશાતના વર્જવામાં આવે છે, તેવીજ રીતે બહુલતાએ આ આખા ગિરિરાજની આશાતના વર્જવામાં આવે છે, અને આ આખો ગિરિરાજ તીર્થરૂપ મનાયેલો હોવાથી, શ્રદ્ધાસંપન્નોને ઉપર એક પણ ડગલું ચઢવાનું નહિ હોવા છતાં માત્ર ગિરિરાજની છાયાના લાભ માટે અહીં ચોમાસું રહેવાનું થાય છે, અને તેથી જ ચોમાસું રહેલા ભાવિક લોકોનો ઘણો જ મોટો ભાગ સાંજ સવાર તળાટીએ જઈ, ચૈત્યવંદન કરીને ગિરિરાજની સ્પર્શનાથી પોતાના આત્માને કૃતાર્થ કરે છે.

આવી રીતે આત્માને કૃતાર્થ કરવા માટે રહેલો ભાવિકવર્ગ સ્વદેશ કરતાં ઘણાજ ઉંચા રૂપમાં તપસ્યા તરફ દોરાય છે. પર્યુષણની કંકોતરીઓને કે પર્યુષણના તપસ્યાના સમાચારોને વાંચનાર કે જાણનાર હરકોઈ મનુષ્ય એ વાતને સારી રીતે સમજે છે કે વીસ વીસ હજાર શ્રાવકની વસતિવાળા શહેરો અને બીજાં પણ શહેરો કરતાં શ્રી સિદ્ધાચળજીમાં માત્ર સેંકડોની સંખ્યામાં રહેલા ભાવિકોમાં પણ માસખમણ પાસખમણ જેવી તપસ્યાનો આંકડો જબરદસ્ત આવે છે, અને શ્રી સિદ્ધાચળજીમાં જઈને જોનારો જનસમુદાય સ્પષ્ટ રીતે જોઈ શકે છે કે શ્રી સિદ્ધાચળજીમાં રહેનારો વર્ગ ચારે માસ કેવી કેવી સિદ્ધિતપ, ચત્તારિ અટ્ઠદસદોય, સમવસરણ, છટ્ઠ, અટ્ઠમ વિગેરે તપસ્યાઓ હરહંમેશ ચાલતી જ દેખાય છે. જેઓને આવી રીતે થતી તપસ્યાઓ દેખવી નથી, જેઓને તીર્થમહિમા ખમાતો નથી, જેઓને બીજાઓ પણ તીર્થસેવા કરે તે રૂચતી નથી, તેઓને તીર્થસ્થાનમાં સાધુ, સાધ્વીઓનું આગમન કે રહેવું અત્રે થાય તે આકરૂં લાગે છે, પણ તેઓએ ખરી રીતે તો વિચારવું જોઈએ કે સાધુ, સાધ્વીના પ્રમાણમાં યાત્રિકવર્ગ ન હોય, તો સાધુ, સાધ્વીઓના આહારપાણી, વસ્ત્રપાત્ર, કંબલ, રજોહરણ વિગેરેની અડચણ પડે એ જાણીતી વાત છે અને સ્વાભાવિક છે, છતાં તેવી અડચણને ન ગણતાં અને બીજા ક્ષેત્રોમાં કોઈપણ જાતની અડચણ નહિ પણ અધિક સગવડ હોવા છતાં તે સગવડને છોડીને આ અગવડવાળા ક્ષેત્રમાં સાધુ, સાધ્વીઓની સંખ્યા રહે તે તેમની તીર્થસેવાને જ આભારી છે. જેઓને શ્રીસિધ્ધાચલજીમાં સાધુ, સાધ્વીઓની તપસ્યા થાય છે તે જોવી નથી, સગવડના ભોગે અને અગવડ વહોરીને પણ તીર્થની આરાધના કરવા તત્પર થયા છે એ ભક્તિનો અંશ પણ જેને જોવો નથી, પણ માત્ર જેને સંખ્યા જ જોવી છે, તેઓએ નીચેનો હિસાબ ધ્યાનમાં રાખવો :-

સાધુ અને સાધ્વીની કુલ સંખ્યા ત્રણ હજાર ગણીએ અને સરેરાશ દરેકનો ત્રીસ વર્ષનો દીક્ષાપર્યાય ગણીએ તો ત્રીસ વર્ષમાં નેવું હજાર ચોમાસાં થાય, અને તેમાં દશ દશ ચોમાસાએ એક એક ચોમાસું અહીં આવે તો દરેક વર્ષે ત્રણસો સાધુ, સાધ્વી તો દશ વર્ષે જ આવેલાના હિસાબે હોય, અને તેમાં ગુરુણીજી ન આવેલાં હોય અને તે આવે ત્યારે ચેલીઓને આવવું પડે, અને ચેલીઓ નહિ આવી હોય તેથી ચેલીજી આવે ત્યારે ગુરુણીજીને આવવું પડે, તેવી રીતે ગુરુજી ન આવ્યા હોય તો ચેલાઓને તેમની સાથે આવવું પડે અને ચેલાઓ ન આવ્યા હોય તો ગુરુજીને તેમની સાથે આવવું પડે એ હિસાબ જો ધ્યાનમાં લઈએ તો આ ગિરિરાજમાં ઓછામાં ઓછી દરેક વર્ષે પાંચસોની સંખ્યા રહે તે સ્વાભાવિક છે. આ ઉપરની સંખ્યાનું પ્રમાણ માત્ર જેઓ ગિરિરાજના મહિમાને નથી સમજતા અને શ્રાવકોની સંખ્યાના પ્રમાણમાં શ્રાવકો તીર્થસેવામાં જોડાયા નથી એ બાબતનો વિચાર કરતા નથી, પણ કેવળ સાધુ સાધ્વીની સંખ્યાને જ આગળ કરે છે તેવાઓને જ વસ્તુસ્થિતિ સમજાવવા માટે જણાવી છે.

આવી રીતે ચોમાસાવાળાઓની જણાવેલી સંખ્યા માત્ર તીર્થસેવાના રસિયાઓને અંગે છે, બાકી જેઓ ધર્મશાળાના ઓરડાઓ બથાવીને પડ્યા છે, વર્ષો થયાં પાલીતાણાની ભાગોળ પણ ઓળંગી નથી, આવતા ભાવિક જાત્રાળુઓને લૂંટવાનોજ ધંધો ચલાવી રહ્યા છે, અને માતા સાંઢની પેઠે આનંદજી કલ્યાણજીના મનુષ્યો કે ગામના ભાવિક શ્રાવકો કે ભાવિક યાત્રિકોના વચનને ગણકારતા જ નથી તેવાઓ તો ખરેખર આ તીર્થસેવાને સડાવનાર જ છે, અને તેવાઓની પુષ્ટિ માટે તો એક અક્ષર પણ ભવભીરુ મનુષ્ય લખી શકે નહિ, પણ કેટલુંક ધાન સડેલું નીકળે તેટલા માત્રથી બધું અનાજ ફેંકી ન દેવાય પણ સડેલા અનાજને જ ફેંકવાનો પ્રયત્ન કરાય. તેવી રીતે તીર્થ સડાવનારાઓની શેતાનિયતથી તીર્થસેવાના સાધકોની કિંમત શ્રદ્ધાવાળા અને અક્કલવાળાઓથી ઘટાડાય જ નહિ, માટે તીર્થનો પ્રભાવ, તેની સેવા અને ચોમાસાને વખતે અનેક પ્રકારની આકરી થતી તપસ્યાઓને અજવાળામાં લાવવા માટે જ આ લખવામાં આવ્યું છે. ઇચ્છીએ છીએ કે ભાવિક વર્ગ આ હકીકત વિચારી તીર્થસેવાની ભાવનામાં વધારો કરશે.

❋ ❋ ❋

## પૂજ્ય મુનિમહારાજાઓને વિનંતિ.

શ્રી સિદ્ધચક્ર પાક્ષિકના ત્રણે વર્ષો દરમ્યાન લગભગ દરેક સ્થળે પૂજ્ય મુનિ મહારાજાઓને તથા ઘણી લાયબ્રેરીઓને વાંચનનો લાભ મળે તે માટે તત્વપ્રેમીઓની સહાયતાથી આ પાક્ષિક ભેટ મોકલવામાં આવે છે.

અમારી પૂજ્ય મુનિમહારાજાઓને આગ્રહભરી વિનંતિ છે જે આવા અમૂલ્ય જ્ઞાનનો સારો વધુને વધુ પ્રચાર થાય અને લોકો આવા સસ્તા પણ અમૂલ્ય જ્ઞાનનો લાભ લે તે માટે તેની ઉપયોગિતા તથા ઉત્તમતા સમજાવી ગ્રાહકો જરૂર વધારવા કૃપા કરશે, જેથી આવા જ્ઞાનપ્રચારના કાર્યમાં અમારો ઉદ્યમ સફળ ગણાશે.

લી. તંત્રી.

# સમાલોચના

૧ નિર્યુક્તિકારે 'સંમુપ્પત્તી' શબ્દ મ્હેલે ને તેમાં પૃચ્છા વગેરે લેવાથી અન્યાર્થપણું અટકાવવા ટીકાકારે इति सम्यक्त्वोत्पत्तिर्व्याख्याता એમ કહ્યું તેને ન સમજે તે જ ! આ પ્રમાણે સમ્યક્ત્વની ઉત્પત્તિ કહેલી છે' તેવો અન્યોદ્દેશે અર્થ કરે.

૨ દર્શનમોહનીય ખપાવતાં ચોથે તો ઠીક પણ પાંચમે ને છઠ્ઠે હોય એ નિયમ કરનારે મરૂદેવા માતાનું દૃષ્ટાન્ત વિચારવું ને પાઠ આપવો.

૩ દર્શનસપ્તકને ખપાવતી વખતે પાંચમા, છઠ્ઠા ગુણઠાણાવાળા સાધુ કરતાં અસંખ્ય ગુણ નિર્જરા તો એની પાંચમી શ્રેણી હોવાથી માનવી જ પડશે, ને અણસમજુને હિસાબે તો ચોથે ગુણઠાણે ક્ષાયિક સમકીતિ હંમેશ સાધુ કરતાં અસંખ્યગુણ નિર્જરાવાળો છે, અને અવિરતિ હોય તો તે ચોથે જ હોય છે.

૪ સમ્યક્ત્વને સ્થાને 'પ્રથમ સમ્યક્ત્વ કહી' પ્રથમ શબ્દ ઘુસેડવો એ કોનું કાર્ય છે એ સમજુઓ સમજે છે.

૫ કોઈપણ સમ્યક્ત્વ પામતી વખત અનન્તાનુબન્ધી ને દર્શનમોહનું જોર તો નષ્ટ જ છે.

૬ સમ્યગ્દૃષ્ટિ નામની પહેલી ગુણશ્રેણીમાં ત્રણે સમકિતવાળા ન લેવા એમ કહેનારે પુરાવો આપવો, ને અન્નતાનુબંધીને ખપાવવા ઈચ્છનારા કરતાં ખપાવનાર અને તે કરતાં ક્ષીણ કરનાર જો સાધુ કરતાં અસંખ્ય ગુણ નિર્જરાવાળો છે એમ કબુલ છે તો ચોથાવાળો ક્ષાયિક સિવાયના સાધુપણાવાળા જે છઠ્ઠે છે તેના અસંખ્ય ગુણ નિર્જરક છે.

૭ અનન્તાનુબંધીનું વિયોજક તે દર્શન મોહન ક્ષપક કયે કયે ગુણઠાણે છે તે જો વિચારાય તો ગુણશ્રેણી સમજાય.

૮ પ્રથમ સમકિત પામતાં પણ અનંતાનુબંધીનો નાશ વિગેરે કરાય છે કે નહિ ? ને તે કઈ ગુણ શ્રેણીમાં લેવો તે વિચારવું શું સુજ્ઞનું કામ નથી ? ટીકાકાર ક્ષપક અને ઉપશમક બન્ને લે છે.

૯ સમ્યક્ત્વ પામતો દરેક પહેલાં સમ્યક્ત્વ પામેલો હોય કે ન પામ્યો હોય તો પણ યથાસ્થિત આત્માદિને તેના ગુણોની શ્રદ્ધા તો સમ્યક્ત્વથી જ નવા રૂપે જ કરે છે.

(એક વ્યાખ્યાન)

(૧) ભાષાની દૃષ્ટિએ શાસ્ત્રો અને ધર્મની પ્રાચીનતાદિની થતી પરીક્ષાને ધ્યાનમાં લેનાર મનુષ્ય સમજુ હોય તો વર્તમાન ભાષાનો ફેરફાર કરવો તે તેના સત્યને ખુન કરવા બરાબર હોવાથી કદિસંમતિ દેજ નહિ, ભાષાનાં કાલના સૂત્ર ગણાય અને તે સર્વજ્ઞ કથિત ન ગણાય (૨) વર્ણના નામે અધિકાર અને ગુણને અંગે અપાતા અધિકારના ભેદને ન સમજે તેથી સર્વસાવદ્યના ત્યાગગુણને અંગે સર્વસાવદ્ય ત્યાગપોષક શાસ્ત્રનો અધિકાર હોય એની સ્વભાવિકતા ન સમજે તેનું શું ? (૩) દર્શનાદિ પ્રતિમાધરો સાવદ્ય ત્યાગવાળી પ્રતિમા ન વહે ત્યાં સુધી દ્રવ્યપૂજાના અધિકારી જ છે, દર્શન પૂજાનો ઉદ્દેશ તીર્થંકરોના ઉપકાર અને સમ્યક્ત્વની શુદ્ધિ વિગેરે છે, સંસારમાં રહેલો જ પૂજાને 'ન કરવા લાયક' માને તેને શાસ્ત્રો અભિનિવેશી કહે છે, જન્માદિ કલ્યાણકોની વખતે શ્રી જિનેશ્વર મહારાજને દેવોએ સ્નાત્રની માફક અલંકારો પહેરાવ્યા છે, છતાં નાગામાં નંખાયેલાને તે ન રૂચે તે સ્વભાવિક છે. (૪) જાતિપ્રધાનતાએ

પુણ્ય માનવાનો વિરોધ કરનારા ગુણિપ્રધાનતા માની તેના સત્કારાદિમાં લાભ માને તે યોગ્ય જ છે. (૫) સમ્યગ્દર્શનાદિ સાધનોને સુવર્ણ, રજત, હીરા આદિ વૈભવને સ્થાને તેજ ગોઠવે કે જેને સુવર્ણ વિગેરે રાખી સાધુપણાનો ઢોંગ કરવો હોય. (૬) પાપના કાર્યોથી બચવાનું ને ધર્મના કાર્યો કરવાનું મુખ્ય સાધન શાસ્ત્રોને સરજનારા સર્વજ્ઞો છે, એમ ધારી સર્વજ્ઞોને પાપ નિવારનાર અને ધર્મ આપનાર કહેવા એ શાસ્ત્રસિદ્ધ છતાં તે વાતને દુઃખો કરનાર દુર્ગતિ અને ગર્ભાવાસના દુઃખોને કરનાર ઈશ્વરને માનવા સાથે સરખાવનાર ખરેખર પુરુષના નામે પારકી પત્નીનો પતિ થવા જનાર જેવો જ ગણાય. (૭) દેવદ્રવ્યની ચર્ચામાં જે વાક્યો સાધુ સંમેલનમાં બોલાયેલાં જણાવ્યાં છે તે સર્વથા જુઠ્ઠાં ને લોકોને ભરમાવવા માટે છે, પણ લોકો તે જાહેર વસ્તુને સમજે છે.

(સમય ધર્મ)

(૧) અતિ તીવ્રકર્મના વિગમ સિવાય પણ જિનવચનનું સમ્યક્ શ્રવણ થાય છે એમ માનવું તે પંક્તિનું અજ્ઞાન છે (૨) દુર્ગતિથી બચાવે અને સુગતિમાં ધારે એ ધર્મની વ્યાખ્યામાં સ્વર્ગ પણ સુગતિ તરીકે માની છે, ને એ વ્યાખ્યા શ્રી હરિભદ્રસૂરિજી અને ભગવાન હેમચંદ્રસૂરિ આદિએ કરી છે, દુર્ગતિથી બચાવવાનું એકલું પણ શ્રી હરિભદ્રસૂરિજી જણાવે છે. વ્યાખ્યાને અધુરી કહેવા કરતાં વ્યવહાર, નિશ્ચય, ઉપચરિત, અનુપચરિત વગેરે સમજવું, સમજ્યા વગર એક વાતને ખેંચનાર ધર્મથી ને માર્ગથી ઉભગાવનાર થાય એમાં કહેવાનું શું ?

(૩) યોગસારને જોયા વિના તેનો શ્રધ્ધેયપણે નિર્ણય કરવામાં સાહસ છે.

(એક વ્યાખ્યાન)

## ગ્રાહકોને વિનંતિ

અમારા માનવંતા ગ્રાહકો સહેજે સમજી શકે છે કે ફક્ત બે રૂપિયા જેવા ટુંક લવાજમમાં આ પત્ર પ્રગટ કરવામાં અમને કેમ પોષાતું હશે ?

આમ પ્રગટ કરવાનું કારણ ફક્ત એક જ છે કે જનતા પરમપૂજ્ય શાસનપ્રભાવક આગમના અખંડ અભ્યાસી સકળ સ્વપરશાસ્ત્ર પારંગત સ્વાદ્વાદ સિદ્ધાંત સુધાસ્રાવી, આગમોદ્ધારક આચાર્ય દેવ શ્રીમત્ સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજાની હૃદયસ્પર્શી યુક્તિ પ્રયુક્તિ સહિત સકળ આગમના ગૂઢ તત્વોથી ભરપૂર અત્યાર સુધી કદી પણ પ્રગટ નહિ થયેલ અને કોઈ પણ સ્થળે અપ્રાપ્ય એવું સુંદર અને સ્પષ્ટ જ્ઞાનનો બને તેટલો વધુ લાભ લઈ શકે તે માટે જ તત્વપ્રેમીઓની ઉદારતાથી જ આવા ટુંકા લવાજમમાં પ્રગટ કરીએ છીએ.

માટે અમારા તત્વપ્રેમી વાંચકોને આગ્રહભરી વિનંતિ છે કે તેઓ પોતે ગ્રાહક બનવા સાથે બીજાને પ્રેરણા કરી તેની ઉપયોગિતા તેમજ ઉત્તમતા સમજાવી ગ્રાહક બનાવી ધર્મમાં રક્ત બનાવવાનો લાભ લેવા સાથે અમારા અમૂલ્ય જ્ઞાનપ્રચાર કરવાના પ્રયાસને ઉત્તેજન જરૂર આપશે જ. આશા છે કે દરેક ગ્રાહક નવા બે ગ્રાહક જરૂર બનાવશે જ.

તંત્રી.

પ્રશ્નકાર: ચતુર્વિધ-સંઘ.

સમાધાનકાર:
સકલશાસ્ત્ર પારંગત આગમોધ્ધારક-
શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મ.

# સાગર સમાધાન

પ્રશ્ન ૭૬૦-શ્રીતત્વાર્થસૂત્રકાર ભગવાન ઉમાસ્વાતિ વાચકજી મહારાજ सम्यग्दर्शनज्ञानचारित्राणिमोक्षमार्गः એમ કહી મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શનને પહેલાં જણાવે છે અને શ્રીઉત્તરાધ્યયન સૂત્રમાં પણ नादंसाणिस्सनाणं એ વચનથી સમ્યગ્દર્શન પહેલું અને પછી જ સમ્યગ્જ્ઞાન એમ સ્પષ્ટ અક્ષરોમાં જણાવે છે છતાં શ્રી વિશેષઆવશ્યકની ટીકામાં મલધારીય હેમચંદ્રસૂરિજી મહારાજ मोक्खमग्गाहिलासिणो એ પદની વ્યાખ્યા કરતાં मोक्षमार्गः सम्यग्ज्ञानदर्शनचारित्ररूपः એમ કહી મોક્ષમાર્ગમાં સમ્યગ્યજ્ઞાનને અગ્રપદ આપે છે, છતાં એ બેનો વિરોધ કેમ ન ગણવો ?

**સમાધાન**-જે જીવને સમ્યગ્દર્શન થાય છે તેને જીવાદિક તત્વોમાં આશ્રવઆદિના હેયપણાનો અને સંવરઆદિના ઉપાદેયપણાનો નિશ્ચય હોઈ કેવળ મોક્ષનેજ સાધ્યફળરૂપે ગણે છે, અને તેવા મોક્ષને સાધ્યરૂપ ગણવાના નિશ્ચય પછીજ જે કાંઈ અલ્પ કે બહુ જ્ઞાન થાય કે પહેલાંનું અલ્પ કે બહુ જ્ઞાન હોય તે બધું શાહુકારની ચતુરાઈ જેમ જગતને આશીર્વાદ સમાન હોય, તેમ તે જ્ઞાનરૂપ ગણાય છે, અર્થાત્ સમ્યગ્દર્શન એટલે મોક્ષના સાધ્યપણાની સાથે જ સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ છે, અને તેથી જ શાસ્ત્રોમાં કોઈપણ જગા પર સમ્યગ્દર્શનવાળાને અજ્ઞાની કે મિથ્યાદર્શનવાળાને જ્ઞાની તરીકે માનેલો નથી. જો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને એક સાથે ન માનતાં કંઈક પણ આંતરે થયેલું માનવામાં આવે તો સમ્યગ્દર્શનવાળાને અજ્ઞાની કે જ્ઞાનવાળાને મિથ્યાદૃષ્ટિ માનવો પડે, પણ તેમ કોઈપણ જગા પર કોઈએ પણ માન્યું નથી, અને તેથીજ તત્વાર્થની ટીકામાં લાભનો ક્રમ બતાવતાં उत्तरलाभे नियतः पूर्वलाभः એ પદની વ્યાખ્યામાં મુખ્યતાએ તો એવી વ્યાખ્યા કરી કે ઉત્તર એટલે આગળનું એવું ચારિત્ર જો મળ્યું હોય, તો પહેલા બે એટલે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જરૂર મળેલાં હોય છે, પણ આ પદની બીજી રીતે એમ પણ વ્યાખ્યા કરાયેલી છે કે ઉત્તરોત્તર લાભે પહેલાંનો લાભ એટલે ચારિત્ર લાભે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો લાભ અને સમ્યગ્જ્ઞાનનો લાભ થયો હોય તો તેની પહેલાંનું જે સમ્યગ્દર્શન તેનો લાભ જરૂર થયેલો હોય, પણ આગળ જણાવે છે કે पूर्वलाभे भजनीयमुत्तरम् પહેલાંના વાક્યમાં જેમ ઉત્તરોત્તર શબ્દ નથી તેમ અહીં પણ પૂર્વ પૂર્વ એવો શબ્દ નથી, તેથી મુખ્યતાએ એવી વ્યાખ્યા કરાય છે કે પહેલાંના બે એટલે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન મળ્યાં હોય તો उत्तरम् એમ કહી એકવચન કહીને માત્ર એકલા ચારિત્રની જ ભજના

જણાવે છે, પણ उत्तरोत्तरम् એમ કહીને જ્ઞાન અને ચારિત્ર બંનેની ભજના જણાવતા નથી આ બધા ઉપરથી સ્પષ્ટ થશે કે સમ્યગ્દર્શનની સાથે જ સમ્યગ્જ્ઞાનની કે સમ્યગ્જ્ઞાનની સાથે જ સમ્યગ્દર્શનની ઉત્પત્તિ એક પણ સમયના આંતરા સિવાય માનવી વ્યાજબી છે, અને તેથી જ આયુષ્યના છેલ્લા સમયે પણ પમાતા સમ્યક્ત્વવાળાને એક જ સમયનું સમ્યક્ત્વ અને મતિજ્ઞાન આદિ મનાય છે. હવે જ્યારે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બંને એકી સાથે થાય છે, તો પછી મોક્ષમાર્ગના નિરૂપણમાં કોઈક સમ્યગ્દર્શનને પહેલું લે, કોઈક સમ્યગ્જ્ઞાનને પહેલું લે, તો તેમાં કોઈ પણ પ્રકારે વિરોધ માનવાને અવકાશ નથી. વળી સમ્યગ્દર્શનરૂપી ગુણ જીવાદિક નવ તત્ત્વો કે સાત તત્ત્વોના શ્રદ્ધાનરૂપ હોવાથી તે તત્ત્વોના શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન થવા પહેલાં જીવાદિક તત્ત્વોનું જ્ઞાન થવું જોઈએ એ તો સ્વાભાવિક છે, કેમકે જે મનુષ્યને જીવાદિક પદાર્થોનું સ્વયં કે ઉપદેશથી જ્ઞાન જ ન થયું હોય તે મનુષ્ય તે જીવાદિક પદાર્થોની હેય, ઉપાદેયપણે શ્રદ્ધા કરી શકેજ કેમ ? એ અપેક્ષાએ વિચાર કરીએ તો યથાસ્થિત બોધ તો સમ્યગ્દર્શન થવા પહેલાં થવો જ જોઈએ, માત્ર મોક્ષરૂપી પરમસાધ્યની અપેક્ષાએ જ્ઞાનનું સમીચીનપણું થવું તે સમ્યગ્દર્શન ઉત્પન્ન થયા પછી જ થાય અને તેથી સમ્યગ્દર્શન ઉત્પન્ન થયા વિના સમ્યગ્જ્ઞાન ન ગણાય, પણ યથાર્થ બોધરૂપ સમ્યગ્જ્ઞાન તો સમ્યગ્દર્શનની પહેલાં થવું જ જોઈએ, માટે યથાર્થ બોધરૂપ સમ્યગ્જ્ઞાન મોક્ષમાર્ગમાં પહેલો નંબર લેતો તેમાં પણ કાંઈ વિરોધ જેવું નથી. વળી સમ્યગ્દર્શનના ભેદો જણાવતાં પ્રથમ મિથ્યાદૃષ્ટિ હોય અને સૂત્ર ભણતાં ભણતાં સમ્યગ્દર્શન પામે તેને સૂત્રરૂચિ સમ્યગ્દર્શન થયું છે એમ કહેવાય. તો એ અપેક્ષાએ સમ્યગ્દર્શન થવા પહેલાં અંગ, ઉપાંગ આદિના અધ્યયનરૂપ સમ્યક્શ્રુત સમ્યગ્દર્શન ઉત્પન્ન થવા પહેલાં મળ્યું છે એમ શ્રુતના સમ્યક્પણાની અપેક્ષાએ પણ શ્રી વિશેષ આવશ્યક વૃત્તિકાર સમ્યગ્જ્ઞાનને મોક્ષમાર્ગના વર્ણનમાં સમ્યગ્દર્શન કરતાં પહેલું લાવે તો મળવાના હિસાબે તે અનુચિત નથી, અથવા પ્રથમ નિસર્ગ સમ્યક્ત્વ થયેલું હોય અને તેને લીધે અજ્ઞાનનો નાશ થઈ જ્ઞાન તો થઈ ગયું હોય અને પછી તે જ્ઞાનના જોરે અધિગમ સમ્યગ્દર્શનને જેઓ મેળવે તેઓની અપેક્ષાએ વ્યવહારથી સમ્યગ્જ્ઞાનને સમ્યગ્દર્શન કરતાં પહેલું લે તો તે કાંઈ ખોટું ગણાય નહિ, અને આ જ કારણથી **सम्यग्दर्शनशुद्धं यो ज्ञानम्** એ કારિકાની વ્યાખ્યામાં સમ્યગ્દર્શનને માટે શુદ્ધ એવું જ્ઞાન-એવો ચતુર્થીનો વિગ્રહ કબુલ કરીને અધિગમ સમ્યગ્દર્શન પહેલાં તે સમ્યક્ત્વપણે પરિણમવાવાળું નિસર્ગ સમ્યગ્દર્શનનું જ્ઞાન માનેલું છે, એ અપેક્ષાએ પણ બાહ્યદૃષ્ટિથી સમ્યગ્જ્ઞાનને પહેલું કહેવું તે યોગ્યજ છે.

પ્રશ્ન ૭૬૧-પર્યુષણની થોયમાં વડાકલ્પનો છટ્ઠ કરીને એ વિગેરે વાક્યો આવે છે તો કલ્પસૂત્રને દહાડે છટ્ઠનો બીજો ઉપવાસ જ આવવો જોઈએ એવી રીતે છટ્ઠ કરવો એમ ખરું કે ? અને આ વર્ષમાં છટ્ઠ ક્યારે કરવો ?

સમાધાનઃ-શ્રી હીરસૂરિજી મહારાજે દીધેલા અને શ્રી કીર્તિવિજયજી મહારાજે સંગૃહીત કરેલા હીર પ્રશ્નોત્તરમાં ચતુર્દશી, અમાવાસ્યા કે પ્રતિપદ્ આદિની વૃદ્ધિમાં છટ્ઠ ક્યારે કરવો એવા પ્રશ્નના ઉત્તરમાં ચોખ્ખા શબ્દથી જણાવે છે કે આ પર્યુષણના કલ્પસંબંધી છટ્ઠ કરવામાં કોઈપણ તિથિયોના નિયમને માટે આગ્રહ કરવો નહિ. અર્થાત્* બે ચૌદશો હોય તો પહેલી બીજી ચૌદશનો પણ છટ્ઠ થાય, બે અમાવાસ્યા હોય તો તેરશ,

ચૌદશનો છઠ્ઠ થઈ, બીજી અમાવાસ્યાએ એકલો ઉપવાસ થાય. અને બે પડવા હોય તોપણ તેરશ, ચૌદશનો છઠ્ઠ થઈ અમાવાસ્યાએ પારણું આવી પહેલે પડવે એકલો ઉપવાસ થાય. આવી રીતે છઠ્ઠનું અનિયમિતપણું હોવાથી તિથિના નિયમનો આગ્રહ ન કરવા જણાવે છે, તો આ વખતે તેરશે પર્યુષણ બેસતાં હોવાથી તેરશ અને ચૌદશનો છઠ્ઠ કરવો એ વ્યાજબી લાગે છે. વળી, શાસ્ત્રકારો સંવચ્છરીના અઠ્ઠમને પણ અનાગત અને અતિક્રાંત એવા પચ્ચકખાણના ભેદો કહી તે આગળ પાછળ કરવાનું જણાવે છે અને તે સકળસંઘને માન્ય હોયજ છે, તો પછી અમાવાસ્યા અને પડવેજ છઠ્ઠ કરવો એવો આગ્રહ કરી ચૌદશની તિથિ કે જેમાં શકિત છતાં ઉપવાસ ન કરે તો શાસ્ત્રકારો સ્થાન સ્થાન ઉપર પ્રાયશ્ચિત્તવિધાન કરે છે તેવા પકખીના ચૌદશને દિવસે ન લાવવું હોય તો ન લાવી શકાય એવું છતાં પણ અને શાસ્ત્રકારે તિથિનો આગ્રહ છઠ્ઠના નિયમ માટે ન કરવો એમ જણાવેલ છતાં અર્થાપત્તિથી તેજ દિવસે પારણું કરવાનો આગ્રહ કરવો તે ઉચિત છે એમ તો કહી શકાય નહિ આ વખતે પર્યુષણપર્વની આરાધનાના દિવસો નીચે મુજબ કરવી ઠીક લાગે છે.

શ્રાવણ વ.૧૩ સોમવાર તા.૨૬મી અઠ્ઠાઈનો ઘર

શ્રાવણ વ. ૧૩ અને શ્રાવણ વ. ૧૪નો છઠ્ઠ

ભાદરવા સૂ. ૧ને ગુરુવારે કલ્પવાચન, અને કલ્પનો ઉપવાસ ભાદરવા સૂ. ૧ બીજી શુક્રવારે ભગવાન મહાવીર મહારાજનો જન્મ, ભાદરવા સૂ. ૨ શનિવારથી તેલાધરનો અઠ્ઠમ (સેનપ્રશ્ન પ્રમાણે જેને પાંચમની તપસ્યા નિયમિત કરવાની હોય તેને ત્રીજ, ચોથ અને પાંચમનો અઠ્ઠમ કરાય, છઠ્ઠ કરવાની શકિતવાળાને પણ ચોથ, પાંચમનો છઠ્ઠ કરવાનો હોય છે, પણ ચોથની સંવચ્છરીના દિવસને કોઈપણ પ્રકારે આરાધના બાબતમાં આંચ ન લાગે તે ધ્યાનમાં રાખવાનું છે. પાંચમ કરતો હોય છતાં પણ છઠ્ઠ ન થઈ શકે, અને આગળ ઉપવાસ ન પણ વાળવો હોય તો તેને ચોથના ઉપવાસમાં પાંચમનો ઉપવાસ આવી ગયો એમ પણ સ્પષ્ટ લેખ શાસ્ત્રમાં છે.)

ભાદરવા સૂ. ૪ સોમ તા. ૨ જી એ સંવચ્છરી પર્વ.

* લૌકીક પંચાંગ મુજબ

# ગ્રાહકોને-સૂચના

આથી જણાવીએ છીએ કે જે ગ્રાહકોએ ચાલુ વર્ષનું લવાજમ આજ સુધી ભર્યું ન હોય તેમને તુરત ભરી જવા વિનંતિ છે નહિતર આવતો અંક વી. પી. થી જરૂર રવાના કરવામાં આવશે.

આવતા વર્ષમાં ગ્રાહક તરીકે રહેનારને તેમજ નવા ગ્રાહકો થનારને "શ્રી સિદ્ધચક્ર માહાત્મ્ય" નામનું પુસ્તક ભેટ આપવાનો વિચાર છે માટે જે ગ્રાહકોએ લવાજમ ચાલુ વર્ષનું ભર્યું નહિ હોય તો તેઓ ચાલુ વર્ષનું તેમજ નવા વર્ષનું લવાજમ ભરી ભેટનું પુસ્તક લઈ જવા વિનંતિ છે અને બહારગામના ગ્રાહકોએ અમને લખી દેવું જેથી બે વર્ષના લવાજમનું ભેટના પુસ્તક સાથે વી. પી. કરીશું.

*આવતા નવા વર્ષનું લવાજ પહેલેથી ભરનારને ભેટનું પુસ્તક મળી શકશે.

લી. પાનાચંદ રૂપચંદ ઝવેરી

૨૫, ૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ નં. ૩

# પૂર્વાચાર્યોના ઉત્તમ ગ્રંથો મેળવવાનો અપૂર્વ અવસર.

## પ્રતાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૧. આચારાંગ સૂત્રવૃત્તિ (પ્રથમ ભાગ) | ...૫-૦-૦ |
| ૨. લલિતવિસ્તરા | ...૦-૧૦-૦ |
| ૩. તત્ત્વતરંગિણી | ...૦-૮-૦ |
| ૪. બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૨-૮-૦ |
| ૫. ત્રિષષ્ટીયદેશનાસંગ્રહ | ...૦-૮-૦ |
| ૬. દશવૈકાલિક ચૂર્ણિ | ...૪-૦-૦ |
| ૭. ઉત્તરાધ્યયન ચૂર્ણિ | ...૩-૮-૦ |
| ૮. અનુયોગદ્વારચૂર્ણિ હરિભદ્રીયવૃત્તિ | ..૧-૧૨-૦ |
| ૯. નંદિચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૪-૦ |
| ૧૦. પરિણામમાળા (લેજર પેપર) | ...૦-૧૨-૦ |
| ૧૧. ૧૨૫, ૧૫૦, ૩૫૦ સ્તવન સાક્ષી સહિત ... | ...૦-૮-૦ |
| ૧૨. પ્રવચનસારોદ્ધાર (પૂર્વાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૩. પ્રવચનસારોદ્ધાર (ઉત્તરાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૪. પંચાશકાદિ શાસ્ત્રાષ્ટકં | ...૩-૦-૦ |
| ૧૫. પંચાશકાદિ દશઅકારાદિ | ...૩-૦-૦ |
| ૧૬. જ્યોતિષ્કરંડક ટીકા | ...૩-૦-૦ |
| ૧૭. પંચવસ્તુક ટીકા (સ્વોપજ્ઞ) | ૨-૪-૦ |
| ૧૮. દ્રવ્યલોકપ્રકાશ | ...૧-૮-૦ |
| ૧૯. ક્ષેત્રલોકપ્રકાશ | ...૨-૦-૦ |
| ૨૦. યુક્તિપ્રબોધ (સ્વોપજ્ઞ) | ...૧-૮-૦ |
| ૨૧. દશ પયન્ના (છાયાયુક્ત) | ...૧-૮-૦ |
| ૨૨. નંદીઆદિઅકારાદિક્રમ | ...૧-૮-૦ |
| ૨૩. વિચારરત્નાકર | ...૨-૪-૦ |
| ૨૪. વંદારુવૃત્તિ | ...૧-૪-૦ |
| ૨૫. પયરણસંદોહ | ...૦-૧૨-૦ |
| ૨૬. અહિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ, ઐન્દ્રસ્તુતિ... ... ... | ...૦-૮-૦ |
| ૨૭. નવપદપ્રકરણ બૃહદ્વૃત્તિ | ...૩-૦-૦ |
| ૨૮. ઋષિભાષિત | ...૦-૨-૦ |
| ૨૯. પ્રવ્રજ્યાવિધાનકુલકાદિ | ...૦-૩-૦ |
| ૩૦. પ્રત્યાખ્યાનાદિ, વિશેષણવતી, વીશવીશી ... ... | ...૧-૪-૦ |
| ૩૧. વિશેષાવશ્યકગાથાનુક્રમ | ...૦-૩-૦ |
| ૩૨. બારસાસૂત્ર (સચિત્ર) | ...૧૨-૦-૦ |

(કમિશન વિનો)

### કમિશન

| | |
|---|---|
| ૧૦૦ | ..........................૧૨॥ ટકા. |
| ૭૫ | ..........................૧૦ ટકા. |
| ૫૦ | ..........................૭॥ ટકા. |
| ૨૫ | ..........................૫ ટકા. |

## પુસ્તકાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૩૩. શ્રાદ્ધવિધિ (હિન્દી) | ...૧-૮-૦ |
| ૩૪. જિનસ્તુતિ દેશના (હિન્દી) | ...૦-૬-૦ |
| ૩૫. મધ્યમ સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૦-૮-૦ |
| ૩૬. વસ્ત્રવર્ણસિદ્ધિ | ...૦-૪-૦ |

## છપાતા ગ્રંથો

૧. આચારાંગસૂત્રવૃત્તિ (દ્વિતીય ભાગ)
૨. ભગવતીજી (દાનશેખરીયવૃત્તિ)
૩. તત્ત્વાર્થસૂત્ર સટીક (હારીભદ્રીય)
૪. ભવભાવના (મલધારી હેમચંદ્રપ્રણીત સટીક)
૫. પુષ્પમાળા (ઉપદેશમાલા)
૬. વશેષાવશ્યક ભાષ્ય (કોટ્ય ચાર્યકૃત ટીકા)

## પ્રાપ્તિસ્થાન

૧ જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા - સુરત.
જૈનાનંદ પુસ્તકાલય,
૨. માસ્તર કુંવરજી દામજી પાલીતાણા. ગોપીપુરા, સુરત (ગુજરાત)

**જૈનાનંદ પુસ્તકાલય**
ગોપીપુરા, સુરત. (ગુજરાત)



આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# આત્મ-ઉપકાર

इह भवसायरमज्झम्मि निवडिओ जाणवत्तपरितुल्लं ।
पावइ जीवो जिणधम्मसंजुयं कहवि मणुयत्तं ॥ १ ॥
पत्ते य तम्मि नियमा अत्तुवगारो बुहेहिं कायव्वो ।
जिणधम्मविहाणेणं इहरा परिवंचिओ अप्पा ॥ २ ॥

મલધારીય હેમચંદ્રસૂરિ

આ સંસારસમુદ્રના પ્રવાહમાં પડેલો જીવ કોઈક ભાગ્યના યોગે જ પ્રવહણની માફક જૈનધર્મ સહિત મનુષ્યપણું મેળવે છે.

જો તે મળી ગયું તો પંડિતોએ જૈનધર્મ કરવાદ્વારા એ નક્કી આત્માનો ઉપકાર કરવો જોઈએ, નહિતર આત્મા ઠગાયો છે એમ માનવું.

તૃતીય વર્ષ, અંક ૨૨.
Registered No. B.3047




## શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

શ્રાવણ વદિ ૦))
૨૮-૮-૧૯૩૫

## ચાર ભાવના

### (૨) પ્રમોદભાવના.

દુહો

ગુણધ્યાને ગુણ પામીએ, ધ્યાન વિના ગુણ શુન્ય;
પ્રમોદ ગુણિમાં ધારીયે, તો ગુણગણસહ પુન્ય. ૧
ફલવર્તનથી પામીયે, વર્તનમૂલ વિચાર;
વિચાર હોય સસ્કારથી, ભાવ બને સંસ્કાર. ૨

(આદર જીવ ક્ષમા ગુણ આદર) એ રાગ.

ભાવ પ્રમોદ ધરો ભવિ મનમાં જિમ ન ભમો ભાવ વનમાંરે;
કાલ અનાદિ વાસનિગોદે, અક્ષર ભાગ અનંતોરે;
ધરતો ચેતના જિનવર દીઠો, નવિ તેનો હોય અંતોરે. ૧
નિજર્રતો ધનકર્મ સકામે, દીસે પગ પગ ચડતોરે;
અધ્યવસાય તથા વિધિ સાધિ, કર્મબંધને નવિ પડતોરે. ૨
બાદર વિકલેંદ્રિયતા પામી, પંચેન્દ્રિયપણું પામેરે;
નરભવ આરજ ક્ષેત્ર ઉત્તમકુલ, શાસ્ત્રશ્રવણ સુખધામેરે. ૩
ગુરુસંયોગે કરણી તરણી, ભવજલધિ સુખ શરણીરે;
લવે મિથ્યાત્વી પણ સુખવરણી, માર્ગગામી નિસરણીરે. ૪
દાન દયા ક્ષાંતિ તપ સંયમ, જિનપૂજા ગુરુનમનેરે;
સામાયિક પૌષધ પડિક્કમણે, શુભ મારગને ગમનેરે. ૫
પામે ભવિ સમકિત ગુણઠાણો, તેણે કિરિયારૂચી નામોરે;
કરીયે અનુમોદન ગુણ કામો, લહીયે સુખના ધામોરે. ૬
કાષ્ટ પત્થર ફલ ફુલપણામાં જિનપડિમા જિનઘરમાંરે;
શુભ ઉપયોગ થયો જે દલનો, તે આરાધના ઘરમાંરે. ૭
દશ દૃષ્ટાંતે નરભવ પામ્યો, સત્યમારગ નવી લાધ્યોરે;
પણ ગુણવંત ગુરુ સંયોગે, સમક્તિ અદ્‌ભુત વાધ્યોરે. ૮
હોય તે આદ્યચતુષ્ટય ક્ષયથી, આરાધે ભવ આઠરે;
શાશ્વત પદવી લાભે તેહને, નમીયે સહસને આઠરે. ૯
સમોવસરણમાં જિનવર બેસે, નમન કરી ધર્મ કથવારે;
દેશવિરતિ પણ જિનવર દીધી, ભવજલ પાર ઉતરવારે. ૧૦
માતાપિતાસુતદાર તજીને, રજતકનકમણિમોતીરે;
હિંસાનૃતચોરીસ્રીસંગમ, નમીયે તે જિનજ્યોતિરે. ૧૧
ધાતિકરમક્ષયે કેવલ વરતા, કરતાં બોધ અકામોરે.
જીવાજીવ નવતત્ત્વ બતાવી, ભવિજનતારણધામોરે, ૧૨
સકલ કર્મક્ષાયથી સિદ્ધ પહોતા, સાદિઅનંત નિવાસોરે;
તે સિદ્ધ નિત્ય પ્રભાતે નમીયે, વરવા શમસુખ ભાસોરે. ૧૩
ચારિત્ર પાલી હોય ગ્રૈવેયક પણ નવિ જાવે મુક્તિરે;
જીવ અભવ્ય તે કારણ ગુણનો રાગ ન લેશ સદ્દુક્તિરે. ૧૪
જીન ગુરૂ ધર્મતણા ગુણ ભાવે અવગુણ સતત ઉવેખેરે;
ક્ષણ ક્ષણ ગુણ ગણ ઉજ્વલ પામી આનંદ વાસ તે પેખેરે. ૧૫




(પાક્ષિક)

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ ઉદ્દેશ છૂટક નકલ રૂા. ૦-૧-૬

નવપદોમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

तीर्थेशा दत्तमार्गाः सततगुणिपदाः सिद्धिसाम्राज्यभाजः,
पंचाचारप्रवीणा गणिन इह सदाध्यापका वाचका ये ।
साहाय्यात् मोक्षसिद्धौ मुनय उदितभा अन्विताः शुद्धदृष्ट्या,
ज्ञानेनावद्यमुक्त्या विविधसुतपसा सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

મોક્ષમાર્ગ સદા દિયે જે જિનવરો ગુણ ધારતા, સિદ્ધ નિત્ય ગણેશ પંચાચારધારક વાધતા;
અધ્યાપકો વરવાચકો શિવસાધને મુનિ જોડમાં, એ પાંચસંયુત બોધદર્શન ચરણતપ સિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક"


| | | |
|---|---|---|
| તૃતીય વર્ષ<br>અંક ૨૨ | મુંબઇ તા. ૨૮-૮-૧૯૩૫ બુધવાર<br>શ્રાવણ વદિ અમાવાસ્યા | વીર સંવત્ ૨૪૬૧<br>વિક્રમ ,, ૧૯૯૧ |


# આગમ-રહસ્ય.

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ.

**ચાલુ લેખનું અનુસંધાન.**

દરેક જિનેશ્વર મહારાજ બીજાના ઉપકાર તળે દબાયા સિવાય જગતના જીવ માત્રના ઉપકારમાં તત્પર રહે છે એવો અદ્વિતીય ગુણ વિચારીને ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની સ્નાત્રાદિકે પૂજા કરવી તે વ્યતિરિક્ત દ્રવ્યપૂજા કહેવાય એવા

દ્રવ્યનિક્ષેપાના પેટાભેદરૂપ નો આગમ શરીર, ભવ્ય શરીર, વ્યતિરિક્ત દ્રવ્યભેદને વિચારતાં આસન્ન ઉપકારી શાસનાધિપતિ ભગવાન મહાવીર મહારાજનો પરોપકારભાવ વિચારતાં તેઓશ્રીએ ગર્ભાવસ્થામાં કરેલા અભિગ્રહને અંગે વિચાર કરી ગયા.

### શ્રમણ ભગવાન મહાવીરે કરેલ મેરૂનું ચાલન

ભગવાન મહાવીર મહારાજાએ જન્માભિષેક વખતે મેરૂને ડાબા પગના અંગૂઠાથી ચલાવ્યો અને તેથી સૌધર્મ ઇંદ્રને અભિષેકને અંગે થયેલી શંકા ટળી, અને નિઃશંકપણે તેમને તથા સમસ્ત ઈંદ્ર અને દેવતાઓએ સદાકાળની રીતિ મુજબ સુરાચલ ઉપર પૂર્ણ શ્રદ્ધાપૂર્વક ધર્મના બહુમાનને અંગે સંપૂર્ણ અભિષેકવિધિ કર્યો.

### ગર્ભઅવસ્થાથી તીર્થંકર માનવાનું કારણ -

આ સ્થાને જો કે ચાલુ અધિકારને સીધો સંબંધ નથી, પણ પૂજા અને પૂજકને બંનેને સંબંધ હોવાથી ધ્યાન રાખવાની જરૂર છે કે ભગવાન જિનેશ્વર મહારાજાઓ મહિમાની અપેક્ષાએ દેવલોકમાંથી ચ્યવે કે નરકમાંથી નીકળે તે જ સમયે તીર્થંકર નામકર્મને મોટા રૂપે ભોગવવાવાળા હોઈ તીર્થંકર તરીકે ગણાય છે. જો કે સામાન્ય રીતે તો તીર્થંકર નામકર્મનો આબાધાકાલ અંતર્મુહૂર્ત છે, અને તેથી અંતઃ કોડાકોડ સાગરોપમ પૂર્વે પણ બંધાયું હોય તેવા તીર્થંકર નામકર્મને પણ અંતમુર્હુત ગયા પછી જરૂર કથંચિત્ ઉદય થાય એમ શાસ્ત્રકારો સ્પષ્ટ અક્ષરોમાં કહે છે. તો પછી તે પાછલા ત્રીજા ભવમાં તે જિન નામકર્મ નિકાચિત કરીને તીર્થંકરના ભવમાં આવેલા જિનેશ્વર ભગવાન તરીકે ગર્ભાવસ્થાથી ગણાય તેમાં કોઈપણ જાતનું આશ્ચર્ય નથી.

### અવધિજ્ઞાનથી અભ્યંતરજ તીર્થંકરો હોવાથી પ્હેલાં તીર્થંકરપણું

ધ્યાન રાખવું કે શાસ્ત્રકાર સ્થાન સ્થાન પર તીર્થંકર મહારાજને અવધિજ્ઞાન વગરના ન હોય એમ જે જણાવે છે તે છદ્મસ્થાવસ્થામાં પણ તીર્થંકરપણું માનવાથી જ બને, કેમકે કેવળજ્ઞાન પામ્યા પછી મુખ્યતાએ તો મતિઆદિ ચાર જ્ઞાનોમાંથી એક પણ જ્ઞાન રહેતું નથી તેથી જ સૂત્રકારો સ્પષ્ટ અક્ષરોમાં **नट्ठम्मि उ छाडमत्थिए नाणे** અર્થાત્ કેવળજ્ઞાન ઉત્પન્ન થવાની સાથે છાદ્મસ્થિક એવા મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ એ ચાર જ્ઞાન નષ્ટ થયેલાં જ હોય છે, અર્થાત્ કેવળીપણાની વખતે જ સર્વથા તીર્થંકરપણું હોય છે એમ માનીએ તો તીર્થંકરો અવધિની અભ્યંતર જ હોય છે એવું જણાવનાર શાસ્ત્રવાક્યોનો સ્પષ્ટ વિરોધ થાય.

### ગર્ભથી તીર્થંકરપણું માને તો જ જિનેશ્વરનાં પાંચ કલ્યાણકો

વળી, શ્રી તીર્થંકર ભગવાનના ગર્ભ, જન્મ અને દીક્ષા યાવત્ કેવલજ્ઞાનના બનાવોને જિનેશ્વર ભગવાનના કલ્યાણક તરીકે પણ માની શકાય નહિ, કેમકે દેશનાની વખતે જ એકાંતે તીર્થંકર નામકર્મનો ઉદય હોય એવું માનવાને દેવદ્રવ્યને દફડાવવાની દાનતવાળાએ જે દેખાડે છે તે ગર્ભ, જન્મ દીક્ષા અને કેવલની ઉત્પત્તિ વખતે નથી, અટલે તેઓના મતે તો જો તીર્થંકરપણામાં કોઈપણ કલ્યાણક બનતું હોય તો તે કોઈ પ્રકારે મોક્ષ કલ્યાણક જ થઈ શકે, પણ ગર્ભાદિક કલ્યાણકો તો તીર્થંકરના ગણાય જ નહિ. તે દેવદ્રવ્ય દફડાવનારાઓની દૃષ્ટિએ જોઈએ તો મોક્ષ કલ્યાણક પણ તીર્થંકરોનું બને નહિ, કેમકે મોક્ષ થાય છે અયોગિપણામાં અને તે અયોગિપણામાં ધર્મદેશનાદિકરૂપી જિન નામનું ફળ નથી. અર્થાત્ તીર્થંકરના પાંચે કલ્યાણક એમ માનનારાઓ એ ગર્ભથી જ તીર્થંકરપણું માનવું જ જોઈએ, અને તેથી જ ગર્ભની વખતે જ ઇંદ્ર મહારાજનું આસન

ચલાયમાન થાય છે, અને તેથી તે ઇંદ્ર મહારાજ તીર્થંકર મહારાજ ગર્ભમાં આવ્યા જાણીને તેમને તીર્થંકર બુદ્ધિથી નમસ્કાર કરે છે.

### ગર્ભમાં આવતાં શાસ્ત્રકારોએ માનેલ તીર્થંકરપણું

શાસ્ત્રકાર મહારાજાઓ પણ ચોખ્ખા શબ્દોમાં જણાવે છે કે जं रयणीं वक्कमइ कुच्छिंसि महायसो अरिहा અર્થાત્ જે રાત્રિએ મહાયશ ધારણ કરનારા ભગવાન અરિહંતો માતાની કૂક્ષિમાં આવે છે તે વખત સર્વ તીર્થંકરની માતાઓ એ ગજવૃષમાદિક ચૌદ સ્વપ્નો દેખે છે. શ્રુતકેવલી ભગવાન ભદ્રબાહુ-સ્વામીજી શ્રી પર્યુષણાકલ્પ સરખા અતિશય આદરણીય સૂત્રમાં આવું સ્પષ્ટપણે લખીને તીર્થંકર મહારાજાપણું કૂક્ષિમાં આવે ત્યારથી જ છે એમ સ્પષ્ટપણે અક્ષરોમાં જણાવે છે.

### ભગવાનની માતાના ચૌદ સ્વપ્નોનો અનોખો ચળકાટ

વળી, ગજ વૃષભઆદિક ચૌદ સ્વપ્નો સામાન્ય તેજવાળા એટલે ઝાંખા તો ચક્રવર્તીની માતા પણ દેખે છે, પણ અત્યંત તેજવાળાં ગજ વૃષભ આદિ ચૌદ સ્વપ્નો કેવળ તીર્થંકર ભગવાનની જ માતા દેખે છે, એ હકીકત વિચારનારને પણ ગર્ભથીજ તીર્થંકરપણું છે એમ માનવામાં કંઇ પણ જાતની અડચણ આવશે નહિ, વળી દરેક તીર્થંકર ભગવાનનો મેરુ પર્વત ઉપર જે જન્માભિષેક કરવામાં આવે છે તે પણ તીર્થંકરપણાના પ્રભાવને અંગે જ છે.

### સ્વપ્નોની બોલીની રકમ દેવદ્રવ્યમાં જવાનું કારણ

એ અભિષેક કરવામાં એક વાત ધ્યાનમાં રાખવાની છે કે કેટલાક દેવદ્રવ્યને દફડાવી સ્વપ્નાની બોલીનું ઘી જે ઊપજે તેના પૈસા પોતાના છાપાછુપીના વિગેરેના પરચુરણ ખર્ચમાં લઇ જવા માટે તે દેવદ્રવ્ય નથી અને તેથી તે દેવદ્રવ્ય નહિ લઇ જતાં બીજે લઈ જવાય એવો બકવાદ ચલાવે છે તેને અંગે શાસ્ત્રાનુસારી શ્રદ્ધાવાળાઓ તો સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે જે ચૌદ સ્વપ્નો ભગવાન તીર્થંકરની માતાને આવેલાં છે, માટે તે સ્વપ્નો વિગેરેનું ઘી બોલાય છે તે પ્રથમ તો તે તીર્થંકરપણાની સ્થિતિનું અનુકરણ છે, અને તે ગજ વૃષભાદિ સ્વપ્નો તીર્થંકરને ઉદ્દેશીને જ છે, અને તેથી તે દેવને ઉદ્દેશીને જ થયેલી બોલી ગણાય. શ્રી કલ્પસૂત્ર વાચનાની મુખ્યતા રાખીએ તો તે કથંચિત્ જ્ઞાનદ્રવ્ય ગણાય એમ કોઈ કહી શકે, પણ તે અવસ્થામાં તીર્થંકરપણું નથી એમ તો કોઈપણ શ્રદ્ધાળુ કહી શકે નહિ.

### ઐન્દ્રીઆદિ માલાના સ્થાને સ્વપ્નો ને તેથી દેવદ્રવ્ય ગણાય

વળી, શાસ્ત્રાનુસારીઓ એ પણ સાથે કહે છે કે સ્વપ્નાની બોલીની પ્રવૃત્તિ મુખ્યતાએ દેવદ્રવ્યની વૃદ્ધિને માટેજ ઐન્દ્રી આદિ માળાનો પ્રસંગ નિયમિત ન હોવાને લીધે તેને સ્થાને કરેલી જણાય છે, કેમકે પર્યુષણની અષ્ટાહ્નિકાનામાં વ્યાખ્યાનમાં પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે દેવદ્રવ્યની વૃદ્ધિને માટે ઐન્દ્રીઆદિ માળા શ્રાવકોએ ગ્રહણ કરવી જ જોઇએ. અર્થાત્ જ્યારે તે ઐન્દ્રીઆદિ માળાની પ્રવૃત્તિ બંધ થઇ ત્યારે આ સ્વપ્નાદિની બોલીની પ્રવૃત્તિ દેવદ્રવ્યની વૃદ્ધિ માટે પ્રવર્તેલી છે, કેમકે દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી એ તો જિનેશ્વર મહારાજના ઉપાસકોનું પરમ કર્તવ્ય જ છે.

### અન્ય ક્ષેત્રોની વૃદ્ધિની અનુપેક્ષા

જો કે આ કહેવાનો ભાવાર્થ એ નથી કે સંઘાદિક ક્ષેત્રોને જાળવવાની, વધારવાની કે પોષવાની, કેમકે તે સંઘાદિક ક્ષેત્રો પણ મોક્ષાર્થી જીવોને આરાધવા લાયક જ છે, પણ દેવદ્રવ્યનો

આવકને ધક્કો મારવો કે જે ધક્કો શાસ્ત્રકારોના કહેવા પ્રમાણે તે ધક્કો મારનારને દુર્લભબોધિ કરવાપૂર્વક સંસારમાં રખડાવનાર થાય છે તે ધક્કો મારવો કોઈપણ પ્રકારે ઉચિત નથી, એટલે તત્ત્વદષ્ટિએ જે મનુષ્યને સાત ક્ષેત્રમાંથી જે પણ ક્ષેત્ર પોષવાનો વિચાર થાય તેનું તે યથેચ્છ રીતે પોષણ કરી શકે છે, પણ સાતે ક્ષેત્રમાં ઉત્તમ અને જેમાં સાતે ક્ષેત્રનું દ્રવ્ય વાપરી પણ શકાય એવા દેવદ્રવ્યને અંગે ધક્કો મારવો, પલટો કરવો કે તેની આવક બંધ પણ કરવી એ કોઈપણ પ્રકારે શ્રદ્ધાસંપન્નોને તો સૂઝે જ નહિ.

## દેવદ્રવ્યનો ઉપયોગ અન્ય ક્ષેત્રમાં ન થવામાં ઐકમત્ય

દેવદ્રવ્યને દફડાવનારાઓ પણ મને કે કમને એમ તો કબૂલ જ કરે છે કે દેવદ્રવ્યને સાધારણ ખાતામાં વાપરી શકાય જ નહિ, તો પછી તે દફડાવનારાઓએ એટલું તો જરૂર વિચારવું જોઈએ કે સ્વપ્ના વિગેરેની બોલીની આવક સાધારણ ખાતાને લાયકની હોય તો પણ તેને દેવદ્રવ્યમાં લઈ જનારો કોઈપણ પ્રકારે દુષિત નથી, પણ સ્પષ્ટ રીતે શાસ્ત્રને અને પ્રવૃત્તિને અનુસારે જેની આવક દેવદ્રવ્ય તરીકે નિયત થયેલી છે, અગર દેવદ્રવ્યની વૃદ્ધિને માટે જ તે શરૂ થયેલી છે, તો તેમાંથી એક કોડી પણ બીજા ખાતે લઈ જવા કે લઈ જવામાં સંમતિ આપવા ભવભીરુ જીવ તો સ્વપ્ને પણ તૈયાર થાય નહિ.

## ભક્તિ કરનારાઓમાં બાહ્ય સંયોગની પણ કિમ્મત

આવી રીતે એક પ્રાસંગિક વાત જણાવી મૂળ વસ્તુ ઉપર આવતાં જણાવવાનું કે જે વખતે તીર્થંકર મહારાજાઓનો અભિષેક થયો છે, તે વખત ઈંદ્ર મહારાજા મહર્દ્ધિકતાના અનુક્રમથીજ અભિષેક કરેલો છે, અર્થાત્ એ ઉપરથી જેઓ દેવદ્રવ્ય ઉપર દુશ્મનાવટ ધરાવનારા હોઈને જિનેશ્વર મહારાજની ભક્તિમાં તવંગર અને ગરીબનો ભેદ હોય જ નહિ એમ જણાવે છે તેઓએ સમજવું જોઈએ કે ખુદ્ જિનેશ્વર મહારાજની જન્માભિષેકરૂપ ભક્તિમાં સર્વ તૈયારી સૌધર્મ ઈન્દ્ર કરે છે તો પણ પ્રથમ અભિષેક તો અચ્યુત ઈંદ્ર વિગેરે ઈંદ્રો કરે છે, અને તે પહેલા અભિષેકો કરવાનું કારણ ઈંદ્રપણામાં તેમની અતિ મહત્તા છે એમ શાસ્ત્રથી સ્પષ્ટ જાણી શકાય છે.

## સમવસરણમાં પણ ઋદ્ધિની મહત્તાએ મહત્તા-

વળી, ખુદ્ જિનેશ્વર ભગવાનના સમોવસરણમાં પણ અલ્પર્દ્ધિક દેવતાઓને મહર્દ્ધિક દેવતાને નમસ્કાર કરવા વિગેરેની વિધિ સ્પષ્ટ છે; માટે ભક્તિમાં બાહ્ય સંયોગની કંઈપણ દરકાર હોય જ નહિ એમ કહેવું એ કહેનારની શાસ્ત્ર સંબંધી અજ્ઞાનતા સૂચવે છે.

## અભિષેક પૂજાની માફક આભૂષણોની પૂજા પણ જરૂરી

વળી, ઈન્દ્રો ભગવાન જિનેશ્વરોના એકલા અભિષેક કરીને જ ભગવાનને જન્મભૂમિમાં લાવતા નથી પણ વસ્ત્ર, આભૂષણે મેરૂ પર્વત ઉપર તેમને શણગારે છે, તો પછી દિગંબરોએ વિચારવું જોઈએ કે જિનેશ્વર ભગવાનની ઈંદ્રોએ કરેલી અભિષેક ક્રિયાનું અનુકરણ કરી ભગવાનનો સ્નાત્રાભિષેક કરવો અને ઈંદ્રોએ કરેલી આભૂષણ વિગેરે ભક્તિનું અનુકરણ ન કરવું એ ઘેલીના પહેરણા જેવું અનવસ્થિત ન ગણાય તો બીજું શું ગણાય ?

## વીતરાગદશાની પૂજા કરવાની વાતનું વાહ્યાતપણું

કદાચ કહેવામાં આવે કે જિનેશ્વર ભગવાનની વીતરાગદશાને પૂજવાની હોવાથી વસ્ત્ર, આભરણ વિગેરની ભક્તિ કરવી તે ઉચિત નથી. એમ કહેનારે સમજવું જોઈએ છે કે પ્રથમ તો

તમારા મત પ્રમાણે કેવળજ્ઞાન પામેલા ભગવાન જિનેશ્વરો જમીનથી અદ્ધર જ રહે છે, માટે કોઈપણ મૂર્તિ કે કોઈપણ પાદુકા જો જમીન ઉપર લાગેલી હોય તો તે તમારે પૂજવી જોઈએ જ નહિ, કેમકે તમારા હિસાબે તો તેવી જમીન ઉપર સિંહાસનને લાગેલી મૂર્તિ કે પાદુકા તીર્થંકરપણાના વીતરાગ સ્વરૂપથી વિરુદ્ધ જ છે. વળી, વીતરાગ થયેલા તીર્થંકરો એકને એક જગા પર રહે નહિ, તો પછી મૂર્તિ અને પાદુકાને એક જગા પર રહેવાનું હોવાથી તમારે માનવી જોઈએ નહિ, વળી તમારા હિસાબે તો કેવળીઓ કવલાહાર કરે જ નહિ, માટે તીર્થંકર ભગવાનની મૂર્તિ કે પાદુકા આગળ નૈવેદ્ય કે ફળફળાદિની પૂજા કરવી તે પણ વીતરાગતાની ઘાતક છે માટે સ્વપ્ને પણ કરવી જોઈએ નહિ. વળી જો આભરણ વિગેરે ભક્તોએ ચઢાવેલાં છે, છતાં તે ભક્તિએ ચઢાવેલાં આભરણોથી ભગવાનની વીતરાગતા નષ્ટ થઈ જાય તો પછી તમે અને દેવોએ છત્રો ધરવાં અને ચામરો ઢાળવાં એ વિગેરે કર્યું હોય તો તે સ્પષ્ટ રાજચિહ્નો હોઈને તમારી અપેક્ષાએ તમારા ભગવાન મહાપરિગ્રહમાં ડૂબેલા કેમ ગણાશે નહિ ? વળી, જો વીતરાગ દશામાં જિનેશ્વર ભગવાનોને આભૂષણ હોતાં નથી, તો શું તમારા જિનેશ્વર ભગવાનો વીતરાગ દશા પ્રાપ્ત થયા પછી સ્નાન શું કરે છે? કે જેથી તમે વીતરાગ દશાની વાત કર્યા છતાં અભિષેક કરો છો ? આ બધું વિચારતાં સ્પષ્ટ માલમ પડશે કે અભિષેક કરવો અને આભૂષણ આદિ ન પહેરાવવાં એ કેવળ દાધારંગાપણું જ છે,

## જિનપ્રતિમાને ચક્ષુ ચ્હડાવવાની આવશ્યકતા

વળી, આભૂષણાદિકની અરૂચિને અંગે તેઓએ ભગવાનની ચક્ષુઓ પણ રાખી નહિ. ધ્યાન રાખવાની જરૂર છે કે હીરા, ચાંદી કે સોનાની જ ચક્ષુ જોઈએ એવો કોઈ નિયમ કરી શકે નહિ પણ એટલો તો કુદરતી જ નિયમ છે કે મનુષ્ય કે જાનવર કોઈપણ જાતને તપાસીએ તો શરીરના રંગ કરતાં ચક્ષુ અને તેની કીકીનો રંગ જુદો જ હોય અર્થાત્ જો મૂર્તિને સાક્ષાત્ તીર્થંકરની મૂર્તિ તરીકે જ ગણાવવી કે ગણવી હોય તો શરીર, ચક્ષુ, અને કીકી એ ત્રણેના રંગો યથોચિત જુદા જુદા કરવા જ જોઈએ. સત્ય કહીએ તો સ્પષ્ટ કહી શકાય કે જેમાં શરીર, ચક્ષુ અને કીકીના રંગ જુદા ન હોય તે ખરેખર મૂર્તિ નથી પણ એક પૂતળું છે, આ વાતને વધારે નહિ વિસ્તારતાં ટુંકમાં એટલું જ જણાવવાનું કે ઇંદ્ર વિગેરેએ ભગવાન જિનેશ્વરોને જિનેશ્વર તરીકે ગર્ભથી માની અને જન્મની વખતે જન્માભિષેક કરી, વસ્ત્રાભૂષણો પહેરાવી આરતી કરી, અને તે જ વખતે ઇંદ્ર મહારાજે જિનેશ્વર ભગવાન તરીકે સ્તુતિ પણ કરી છે

## છદ્મસ્થ અવસ્થામાં પણ તીર્થંકરપણું

દીક્ષાકલ્યાણક અને કેવળજ્ઞાન કલ્યાણક પણ તીર્થંકરપણાને જ ઉદ્દેશીને ધર્માનુરાગી દેવતાઓએ કરેલાં છે. જો કે કુટુંબીઓ તેઓને કુટુંબી તરીકે માને, પ્રજાજન તેને રાજા તરીકે માને, દાન લેનારાઓ દાતાર તરીકે માને પણ શાસનની સારદૃષ્ટિ રાખનારાઓ તો તેમના તીર્થંકરપણાને જ માને. તીર્થંકરપણાના મહિમાને અંગે જ ગર્ભથી તીર્થંકરપણું કહેવામાં આવે છે.

## કેવળીથયાપછીજિનનામકર્મનાઉદયનુંતત્ત્વ

પણ જે માટે તીર્થંકર નામકર્મ બાંધ્યું છે અથવા જે ભાવનાથી બંધાયું છે, તેની સિદ્ધિને માટેનો વખત એટલે સાધ્યસિદ્ધિકાળ કે ફળકાળ લઈએ તે અપેક્ષાએ તો જિન નામ કર્મનો ઉદય કેવલિપણામાં છે એમ કહેવામાં અડચણ નથી, પણ તેથી અન્ય અવસ્થામાં તીર્થંકરપણાનો મહિમા ગર્ભકલ્યાણક આદિથી જે સિદ્ધ થાય છે તે ઉડી જતો નથી. ચાલુ અધિકારમાં ઇંદ્ર મહારાજા જન્માભિષેકની ભક્તિથી તરવાના કાર્યમાં શંકા પામ્યા, તે શંકાના નિવારણને માટે મેરૂ પર્વત ચાલવવા જેવું ભગીરથ કાર્ય કર્યું, ને શ્રમણ ભગવાન મહાવીર મહારાજની પરહિતમાં રતપણાની સ્થિતિ સૂચવે છે.

# પરમ પુનીત પર્યુષણપર્વ
અને
# શ્રદ્ધા સંપન્નોનું કર્તવ્ય

## પર્યુષણાની આરાધનામાં તત્પર થવાની જરૂર જૈનેતરોમાં પર્યુષણાની મહત્તા અને શ્રાવકોના પર્યુષણા

જૈન જનતામાં મોટામાં મોટું ગણાતું આ પર્યુષણપર્વ છે, અને તે પર્વ જૈનોમાં ગામેગામ અને શહેરેશહેર એવી મહત્તા અને આડંબરની સ્થિતિથી ઉજવાય છે કે ઈતર જનો જૈનોના બીજા જ્ઞાનપંચમી, ઓળીજી વિગેરે તહેવારોને જૈનજનતાના તહેવારો તરીકે ઓળખતા નથી, પણ જૈનેતરોમાં આબાલગોપાલ સુધીના લોકો જૈનોના પર્યુષણને સારી રીતે ઓળખે છે, અને તેથી પર્યુષણ આવવાના હોય ત્યારે શ્રાવકોના પર્યુષણ આવવાની તૈયારી થઈ એમ બોલે છે, અને પર્યુષણ આવે ત્યારે શ્રાવકના પર્યુષણ આવ્યાં એમ કહે છે, અર્થાત્ સમગ્ર લોકોમાં પ્રખ્યાતી પામેલો એવો કોઈપણ જો જૈનોનો તહેવાર હોય તો તે માત્ર પર્યુષણનો જ તહેવાર છે. આવી રીતે લોક અને લોકોત્તર બંનેમાં પ્રસિદ્ધિને મેળવેલો પર્યુષણાનો તહેવાર છતાં તેની આરાધનાને માટે યથાયોગ્ય રીતે શ્રી ચતુર્વિધ સંઘે તૈયાર થવું જોઈએ, અને પ્રતિવર્ષ જેમ જેમ એવી ઉંચી ઉંચી રીતિએ પર્યુષણાનો તહેવાર ઉજવાશે તો થયેલી પ્રસિદ્ધિમાં કાંઈપણ વધારો થશે અને તે ટકશે, પણ જો શ્રીસંઘ આરાધના કરે છે તેમાં જણાતી ત્રુટીઓને દૂર કરશે નહિ, તો તે પર્વનો લૌકિક અને લોકોત્તર બંનેમાં પ્રસરેલો મહિમા દિનપ્રતિદિન હાનિને પામશે અને તેથી શ્રી ચતુર્વિધ સંઘ તે પર્વની ઉત્કૃષ્ટ આરાધનાનો લાભ મેળવવામાં ચૂકશે અને અન્ય લોકોમાં પણ જે લોકો તેની અનુમોદના કરીને ભવાંતરે ધર્મની પ્રાપ્તિ માટે બોધિબીજનું સ્થાપન જે કરતા હશે તે સર્વ ચૂકશે, માટે કોઈપણ પ્રકારે પર્યુષણની મહત્તાને સાચવનારી અને વધારનારી એવી આરાધનામાં પ્રતિવર્ષ વૃદ્ધિ થવી જ જોઈએ.

## જૈનશાસનમાં પર્યુષણા એ જ જગતની દિવાળી

આ પર્યુષણાપર્વ એ જ સામાન્ય રીતે જૈનશાસનની દિવાળીનો દિવસ છે. જગતમાં જેમ દિવાળીને અંગે તે આવતી વખતે ગયા વર્ષના બધાં ખાતાં ચોખ્ખા કરવાં પડે છે, અને નવા વર્ષના નવાં ખાતાં જ લખાય છે, તેવી રીતે જૈનશાસન કે જે મોક્ષના પાયા ઉપર જ રચાયેલું છે, અને કષાયના વિષયરૂપી સ્વરૂપને ધારણ કરનારું છે તે જૈનશાસનમાં ચાહે તો સાધુસાધ્વી હોય કે ચાહે તો શ્રાવકશ્રાવિકા હોય પણ તે સર્વ મહાનુભાવોએ આ પર્યુષણની વખતે આખા વર્ષમાં બનેલા કષાયોનો હિસાબ આ પર્યુષણના અંત દિવસે ચોખ્ખો કરવાનો છે. ચાહે તો ગયા વર્ષના પર્યુષણ પછીની રાતે કે ચાહે તો આ પર્યુષણના પ્રતિક્રમણની પહેલાં કે તે બંનેની વચમાં કોઈપણ પ્રકારે કષાયોદય થયો હોય તો તે સર્વનું ક્ષમાપન આ પર્યુષણને દહાડે જરૂર થવું જ જોઈએ. જગતમાં જેમ ચાહે તો કાર્તિક મહિને નવું ખાતું પડ્યું હોય, ચાહે તો ભાદરવા આસોમાં નવું ખાતું પડ્યું હોય કે કાર્તિક અને આસોની વચ્ચે કોઈપણ વખતે ખાતું પડયું હોય, પણ તે બધાં ખાતાં

દિવાળીએ ચોખ્ખાં કરી નવા વર્ષની નવી વહીમાં નવારૂપે જ લખાય છે, તેવી રીતે અહીં જૈનશાસનમાં પણ એક પર્યુષણથી બીજા પર્યુષણની વચ્ચે થયેલો કષાયોદય પર્યુષણાને દિવસે વોસરાવી દેવો અને બીજાને વોસરાવવાની સગવડતા કરી આપવી.

## ખમાવવાની માફક ખમવાની જરૂરી

વાચકોએ ધ્યાનમાં રાખવું કે જૈનશાસનની અંદર એકલું ખમાવવું એ જ તત્વ તરીકે માનેલું નથી, પણ ખમાવવાની સાથે ખમવું એ પણ તત્વ તરીકે જ મનાયેલું છે, અર્થાત્ બીજા મનુષ્યને વર્ષની અંદર થયેલા આપણા અપરાધો ખમવાને જેટલી લાગણીથી કહેવું તેટલી જ બલ્કે તેથી વધારે લાગણીથી જે જીવોએ આપણો અપરાધ કર્યો હોય તે જીવોને ક્ષમા આપી, તે અપરાધનું કાર્ય બન્યું છે છતાં પણ બન્યું જ નથી એવી સ્થિતિમાં આપણા આત્માને મેલવો જોઈએ. યાદ રાખવું કે ક્ષમાપનાનો પહેલો પાયો પોતાના આત્માને ખમવાનો છે. જે મનુષ્ય અન્ય જીવોના અપરાધોની માફી કરવાને તૈયાર નથી, તે મનુષ્યને પોતે કરેલા અપરાધોની અન્ય જીવો પાસેથી માફી માગવાનો મુદ્દલ હક નથી. આ આખા પરમ પુનીત પર્યુષણા પર્વનો લોક લોકોત્તરમાં જે મહિમા પ્રસરેલો છે, તેની વાસ્તવિક જડ આ ક્ષમાપના જ છે, અને તેથી શ્રી ચતુર્વિધ સંઘે આ પર્યુષણ પર્વની મહત્તા જાળવવા ખમવા અને ખમાવવામાં એક સરખા રસવાળા થવું જ જોઈએ, અને તે દિવસે કોઈપણ પ્રકારનો વેર વિરોધ વાસી રહેવો જોઈએ નહિ.

## વેરવિરોધને વાસી રાખનાર સડેલા પાન જેવો

શાસ્ત્રની મર્યાદા પ્રમાણે તો જે કોઈ સાધુ પર્યુષણા પહેલાંના વેરવિરોધો વાસી રાખે એટલું જ નહિ પણ પર્યુષણ પહેલાંના વેરવિરોધને જો પર્યુષણ પછી કોઈપણ વખતે બોલે તો શાસ્ત્રકાર સ્પષ્ટ અક્ષરોમાં જણાવે છે કે શાસનની કોઈપણ વ્યક્તિએ તે વાસી વેરવિરોધની વાતને બોલનાર વ્યક્તિને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દેવું કે-હે આર્ય! આ તમારું વાસી વેરવિરોધનું વકતવ્ય કોઈપણ પ્રકારે યોગ્ય નથી. અર્થાત્ આવી રીતે વાસી વેરવિરોધને અંગે બોલનારા તમે નાલાયક ઠરો છો, એવું કહેવા છતાં પણ જો તે પોતાની નાલાયકી બંધ કરે નહિ, તો શાસ્ત્રકાર સાફ અક્ષરોમાં જણાવે છે કે જેમ પાનના કરંડીયામાંથી જે જે પાન સડેલું માલમ પડે તેને તેને તંબોળી બહાર કાઢી જ નાખે છે. તેવી જ રીતે આ વાસી કષાયની વકતવ્યતાને બોલનારો જૈનશાસનરૂપી પાનના કરંડિયામાં સડેલા પાન જેવો છે, માટે તેને શાસનથી દૂર કરી દેવો.

## જૈનશાસનજગતમાં ન્યાય કે કયામતનો આ જ દિવસ છે.

આ વસ્તુ સમજનાર મનુષ્યો સ્પષ્ટપણે સમજી શકશે કે મુસલમાન અને ક્રિશ્ચિયન લોકોને કયામત અને ન્યાયનો દિવસ આખી દુનિયાના જીવો મરીને ઘોર કે કબરમાં ગયા પછી કોઈ કાળાંતરે આવશે, પણ જૈનશાસનના ન્યાયનો દિવસ તો દરેક વર્ષે આવી રીતે પર્યુષણને માટે નિયત થયેલો છે.

## ક્ષમાપના સ્નેહીઓને કે વિરોધીઓને ?

આ વસ્તુને સમજનારા છતાં પણ કેટલાક તે વસ્તુને કહેનારા શબ્દોનો દુરૂપયોગ કરે છે, જેમ કોઈ મૂર્ખ છોકરાએ પોતાના પંડિત પિતા પાસે સાંભળ્યું કે मातृवत् परदारेषु અર્થાત્ જગતની સર્વસ્ત્રીઓ તરફ પોતાની માતાની માફક વર્તન રાખવું જોઈએ. આ વાક્ય કહેવાનો ભાવાર્થ એ હતો કે જેમ પુત્રને માતા તરફ કોઈ પણ પ્રસંગે કોઈપણ કાળમાં, કોઈપણ પ્રકારે વિકાર બુદ્ધિ થાય

... વી રીતે જગતની કોઇપણ સ્ત્રીને કોઇપણ પ્રસંગમાં કોઇપણ અવસ્થાએ અવસ્થાવાળી દેખીને કોઇપણ પ્રકારે વિકારવાળા થવું નહિ. આવા અર્થવાળા વાક્યને તે મુર્ખ છોકરાએ સાંભળ્યું અને તે વાક્યનો યોગ્ય ભાવાર્થ ન લેતાં ઉલટો ભાવાર્થ લીધો, અને અન્ય સ્ત્રીઓના ખોળામાં પડી તેની છાતીને હાથ લગાડવા માંડ્યો અને લોકોના ઠપકા અને માર ખાવાના પ્રસંગે પિતાનું વાક્ય मातृवत् परदारेषु એવું જે શીખવાડાયેલું હતું તે કહેવા લાગ્યો, અને જણાવ્યું કે મારી માના ખોળામાં પડીને હું સ્તનને ગ્રહણ કરું છું. આવી રીતની સાચા વાક્યના દુરૂપયોગની સ્થિતિ વર્તમાન શ્રીસંઘમાં પણ ઘણી પ્રવર્તી ગઇ છે.

### ક્ષમાપનાના પત્રો લખવાની પદ્ધતિ ને તેનું કારણ

શ્રીસંઘે સાંવત્સરિક પ્રતિક્રમણ કે જે બાર મહિનાના દોષોનું પડિકપણું છે, તે કરતાં ચતુર્વિધ સંઘને પ્રત્યેક ખામણાને વખતે ખમાવ્યા, તથા આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, સાધર્મિક, કુલ અને ગણ એ સર્વને તથા સકલ શ્રમણસંઘને હાથ જોડીને અને વળી જગતના સર્વ જીવોને પોતાના આત્મામાં ધર્મની ભાવનાની હયાતિ છે એમ જણાવવાપૂર્વક आयरिय उवज्झाए એ સૂત્ર કહીને ખમાવ્યા, છતાં જેઓ ક્ષેત્રાંતરે હોઇને તેઓની સાથે સાક્ષાત્ ક્ષમાપના તે પ્રતિક્રમણમાં તેમની હાજરી ન હોવાથી બની નહિ, તેઓને ક્ષમાની આપ લે માલમ પડે નહિ, માટે તે માલમ પાડવા ક્ષમાપનાપત્રિકાઓ લખવાનું થાય તે અઘટિત ન હોય છતાં તે પત્રો લખવાની હાલની રીતિ તો ઘણી જ અઘટિત છે, કેમકે જેઓની સાથે બારે મહિનામાં એકપણ વખત બેસવું કે બોલવું પણ થયું નથી, તેવાઓની ઉપર ખમત્ખામણાને નામે પત્રો લખાય છે, અને તેનો ખરો અર્થ ખમત્ક્ષામણામાં નહિ પણ માત્ર પ્રીતિ કે જે મોક્ષપ્રાપ્તિને માટે ઘણી જ ઓછી અનુકૂળ થાય તેની વૃદ્ધિને માટે જ તે પત્રોનો ઉપયોગ થાય છે વળી જેની સાથે કાંઇપણ બોલવું થયું છે અને તેથી તે સામા ઘણી કે આપણને ખોટું લાગ્યું છે અથવા દ્વેષ થયો છે એવી આસામીઓ ખોળીને હજાર મનુષ્યોમાંથી એકપણ મનુષ્ય પત્ર લખતો હોય એમ જણાતું નથી.

### ક્ષમાપનાના લખાયેલ પત્રોનો પણ દુરૂપયોગ

વળી કેવળ ખમવા ખમાવવાની બુદ્ધિના ઈરાદાથી જ જે પત્રવ્યવહાર કરવામાં આવે છે તે પત્રવ્યવહાર પણ ઘણા જીવોને ખમવા ખમાવવાનું કાર્ય તો દૂર રહ્યું પણ તેજ પત્રનું લખવું જો ઉત્તર ન આવે તો વેરવિરોધની અગ્નિને સળગાવનારું થાય છે. તે સળગાવનાર મનુષ્યની એટલી પણ બુદ્ધિ નથી પહોંચતી કે જો તેં તારી ખમાવવાની પવિત્ર બુદ્ધિથી પત્ર લખ્યો છે, તો પછી તે સામો મનુષ્ય પત્ર લખીને તારા અપરાધની ક્ષમા કરે અગર પત્ર લખ્યા વગર પણ ક્ષમા કરે અથવા તો અણસમજને લીધે કષાયની શાંતિ ન કરી ક્ષમાપના ન કરે તો પણ તું પોતે તો ક્ષમાપનાની ક્રિયાનો આરાધક જ છે, અને એટલા માટે તેવા મનુષ્યોએ जो उवसमइ तस्स अत्थि आराहणा એ વાક્ય બરોબર ધ્યાનમાં રાખી પોતે ખમાવનારો હોવાથી આરાધક જ છે તે લક્ષ્યમાં લેવું જોઇએ. જો એવી રીતે પોતાની આરાધના માટે પોતાને શાંત થવાની જરૂર છે તો પછી પોતે આપોઆપ શાંત થવું અને જેની સાથે કાંઇપણ વિરોધ થયો હોય તેની ઉપર કરેલી ક્ષમાપનાનો કાગળ લખ્યો, પછી તેનો પત્ર ન આવે તો પણ પોતે તો સર્વથા આગમને અનુસારે આરાધક જ છે.

**પત્રવ્યવહારની પ્રથાએ કરેલી ઉપાધિ.**

વળી, આ પર્યુષણપર્વના ખમત્ખામણાના પત્રોનો સાધુઓને ત્યાં ઢગ થાય તે તેમની નિરૂપાધિપણાની સ્થિતિ સમજનારાઓએ સમજવું જોઇએ કે તે વ્યાજબી થતું નથી, અને જો તે હકીકત બરોબર સમજવામાં આવશે તો લેખક પોતે પત્ર લખીને પોતાએ ખમાવવાની ફરજ અદા કરી છે એમ માનીને આનંદ પામશે. એવા આનંદના કાર્યમાં મુનિમહારાજાઓ તરફથી પત્ર કદાચ ન પણ આવે અને બહુલતાએ લખવો પણ તેઓને ઉચિત નથી તેમ છતાં જેઓ પત્રના ઉત્તર ન આવવા માત્રથી પોતાને ખોટું લાગવાનું જણાવી; સંવચ્છરીના કાગળના ખમાવવાના પ્રત્યુત્તરની ઇચ્છા કે જાહેરાત કરવી તે કોઇપણ શ્રદ્ધાસંપન્ને ઉચિત નથી.

**પરમાર્હત મહારાજા ઉદયનનાં ખાંમણાં**

ધ્યાન રાખવું કે આ પર્યુષણના સાચા ખમત્ખામણાને અંગે જ સિંધુસોવીરના માલિક ઉદાયન મહારાજે ચંડપ્રદ્યોતન મહારાજાને યુદ્ધ કરીને જીતી લીધેલો આખો માળવા પ્રાંત પાછો આપ્યો હતો અને ગુન્હેગારીને અંગે કપાળે કરેલું ચિહ્ન દબાવવા રત્ન, મણિ, સુવર્ણનો પટ્ટ બંધાવ્યો હતો. આવી રીતની ખમત્ખામણાની સાચી સ્થિતિ સમજીને પર્યુષણ પર્વનો મહિમા વધારવા તથા પોતાના આત્માને થતી આરાધનાનો માર્ગ સાફ કરવા સાચી રીતે ખમવા અને ખમાવવાના રસ્તા લેવા જોઇએ.

* * *

## આગમના ગ્રાહકોને સૂચના

અમારા માનવંતા આગમના ગ્રાહકોને જણાવવાનું કે આચારાંગસૂત્રનો પ્રથમ ભાગ તૈયાર થયો છે, માટે ડીપોઝીટ ભરનારાઓને વિનંતિ છે કે તેઓએ પોતાનું પુરેપુરું હાલનું સરનામું નીચેના ઠેકાણે મોકલવું જેથી વી. પી. ગેરવલ્લે ન જાય.

ડીપોઝીટવાળાના જવાબ આવેથી જ તેમના લખેલા સરનામે પહેલો ભાગ મોકલવામાં આવશે. પોસ્ટખર્ચ જેટલું વી. પી. થશે. આચારાંગ પ્રથમ ભાગની કિંમત રૂા. ૫-૦-૦ રાખવામાં આવી છે, જે ડિપોઝીટમાંથી વસુલ કરવામાં આવશે.

**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ**

C/o. ઝવેરી પાનાચંદ રૂપચંદ

૨૫, ૨૭ ધનજીસ્ટ્રીટ,

મુંબઇ નં. ૩




# ધર્મ અને તેનાં પરિણામો

**ધર્મ અને તેનો સદુપયોગ સમજો. ધર્મની કિંમત બજારભાવે કરી શકાતી નથી. સુખ અને દુઃખ મળવાનાં કારણો શું ? ધર્મથી જ પૌદગલિક સુખો મળે છે, પણ છતાં યાદ રાખો કે શાસ્ત્રકારો "પૌદગલિક સુખો મેળવવા જ ધર્મ કરો" એમ કદી ન જ કહી શકે. ઈષ્ટ વિષયોની પ્રાપ્તિ અને અનિષ્ટ વિષયોનો વિયોગ એટલે સુખ, એ સુખની વ્યાખ્યા કેટલે અંશે ખરી છે?**

## પહેલાં વસ્તુને સમજો.

શાસ્ત્રકાર મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ આપતાં અનેક સ્થળે એ વાત જણાવી ગયા છે કે સંસારમાં અથવા જગતના વ્યવહારમાં, ધર્મમાં અને રાજ્યમાં સઘળે એ સ્થિતિ મંજુર કરવામાં આવી છે કે કોઇ વસ્તુ તમારી પોતાની માલિકીની, પોતાના કબજા ભોગવટાની અને પોતાના અધિકારની હોય પરંતુ તે છતાં તેના સદુપયોગ દુરુપયોગથી કયા પરિણામો નિપજે છે એ વસ્તુ જો તમારા ખ્યાલમાં ન હોય, અથવા તો તમારી પોતાની વસ્તુની પણ વ્યવસ્થા કરવાની તમારામાં તાકાત ન હોય તો એ તમારી પોતાની વસ્તુનો પણ વહીવટ કરવાનો તમને કશો જ અધિકાર નથી ! આ જ હિસાબે ધર્મ એ આપણા આત્માની ચીજ હોવા છતાં ધર્મ ઉપર માલિકી આત્માની હોવા છતાં તેનો સદુપયોગ, દુરૂપયોગ, અનુપયોગ કયા પરિણામો નિપજાવે છે તેનો આપણને ખ્યાલ જ આવતો નથી ! તમે કોઈપણ વસ્તુને પ્રથમ સમજો તો જ પછી તેનો સદુઉપયોગ કે દુરૂપયોગ તમારાથી કરી શકાય ! જો તમે વસ્તુને જ ન સમજ્યા હો, વસ્તુનું સ્વરૂપ જ તમારા ખ્યાલમાં ન આવ્યું હોય તો કોઈપણ પ્રકારે તમે તેનો સદુપયોગ કે દુરૂપયોગ ન જ સમજી શકો.

## ધર્મના સદુપયોગથી આનંદ થાય છે ?

તમોને ધર્મના સદુપયોગથી આનંદ થતો નથી અથવા તો તેના દુરૂપયોગથી તમોને પશ્ચાત્તાપ થતો નથી એ સઘળાનું કારણ એ છે કે તમે ધર્મનું

મૂલ્ય સમજ્યા નથી. આ સઘળું ધર્મનું મૂલ્ય સમજવા ઉપર જ આધાર રાખે છે અને તેથી સૌથી પહેલાં તમારે ધર્મનું શું મૂલ્ય છે તે જાણી લેવાની જરૂર છે. હવે ધર્મનું જ્યારે તમે મૂલ્ય જાણવા તૈયાર થાવો ત્યારે ધર્મની કિંમત કેવી રીતે કરવી એ તમારે વિચારવાનું છે. જગતની નિત્યની વપરાશની વસ્તુઓનું મૂલ્ય તમે કેવી રીતે કરો છો તે પહેલાં તમારે જોવાનું છે. હીરા, માણેક, રત્ન ઇત્યાદિનું મૂલ્ય કયે આધારે આંકવામાં આવે છે તેની તમોને ખબર છે. જ્યારે એ ચીજો બજારમાં મોંઘી મળે છે ત્યારે એનો ભાવ મોંઘો છે એમ કહેવાય છે અને જ્યારે એનો ભાવ સસ્તો હોય ત્યારે એ ચીજ સસ્તી છે એમ કહેવાય છે. મોતી, હીરા, માણેક, સોનું, ચાંદી ઇત્યાદિ સઘળી વસ્તુઓ મુકરર ભાવવાળી નથી, પરંતુ તે અનિયમિત મૂલ્યવાળી છે. અર્થાત્ કે બજારના માલની કિંમત તમે કેવી રીતે કરો છો એવો તમોને કોઇ પ્રશ્ન કરે તો તેનો જવાબ એ જ છે કે જગતના વ્યવહારના આધારે જ-બજાર ભાવે જ બજારના માલની કિંમત થાય છે.

## ધર્મનું મૂલ્ય કેવી રીતે થાય ?

ધર્મનું મૂલ્ય એ રીતે તમે આંકી શકતા નથી. તેનું કારણ એ છે કે ધર્મ એ કાંઇ બજારૂ ચીજ નથી. જે બજારૂ માલ છે તેનું મૂલ્ય તમે બજાર ભાવથી જરૂર આંકી શકો છો, પરંતુ જે ચીજ બજારૂ નથી તેનો સોદો પણ તમારાથી બજાર ભાવે કરી શકાતો નથી, એટલા જ માટે ધર્મ એ બજારથી બહિષ્કૃત થયેલી ચીજ હોઇ તેનું મૂલ્ય બજાર ભાવે ઠરાવવું એ યોગ્ય નથી. અર્થાત્ લોકોના કહેવા પ્રમાણે એનું મૂલ્ય થઇ શકતું નથી. લોકોના કથન ઉપરથી લોકોના કહેવાને આધારે તમે જે વસ્તુનું મૂલ્ય આંકી શકો તે લૌકિક ચીજ છે અને જે અલૌકિક ચીજ છે તેના મૂલ્યનો આધાર લોકવાણી ઉપર નથી પરંતુ તે વસ્તુના સ્વયંસ્વભાવ ઉપર જ છે. અલૌકિક વસ્તુનું મૂલ્ય લોકોના કહેવા પ્રમાણે ફરતું નથી અથવા તેના મૂલ્યમાં કાળ, સંજોગો અથવા સ્થળને લીધે પણ કાંઇ ફેરફાર થતો નથી, પરંતુ એવી અલૌકિક વસ્તુનું મૂલ્ય ત્રણ કાળને વિષે એક સરખું જ રહે છે ! ધર્મનું મૂલ્ય ત્રણે કાળને વિષે એક સરખું જ રહે છે એટલા જ માટે ધર્મને શાસ્ત્રકારોએ લોકોત્તર ચીજ કહી છે, અને ધર્મ એ લોકોત્તર ચીજ હોવાથી જ તેનું મૂલ્ય ત્રણે કાળને વિષે એક સરખું જ રહેવા પામે છે.

## ધર્મનું મૂલ્ય અભંગ છે.

ધર્મને શાસ્ત્રકારોએ લોકોત્તર ચીજ કહી છે એનો અર્થ એ છે કે ધર્મ પોતાના મૂલ્યને માટે લોકોની અપેક્ષા રાખતો નથી. ધર્મ પોતાની કિંમત અંકાવવાને માટે જનતા ઉપર આધાર રાખતો નથી. હવે પ્રશ્ન એ થશે કે જો આપણે ધર્મનું મૂલ્ય આંકવાની વાત કરીએ છીએ તો આપણે ધર્મનું મૂલ્ય શી રીતે આંકવું ? કઇ વસ્તુ ઉપર ધર્મની કિંમત કરવી ? હીરા, માણેક, પન્ના વગેરેની તમે કિંમત કરો છો, તમે મોતીના મૂલ્ય આંકો છો એ તેના વસ્તુ સ્વરૂપ ઉપર છે. પદાર્થોનો આકાર, તેના રૂપ, રંગ, તેજ એ સઘળા ઉપર આ જડ પદાર્થોનું મૂલ્ય આધાર રાખે છે. એ જ પ્રમાણે ધર્મ તેના મૂલ્ય માટે કોના ઉપર આધાર રાખે છે તે વિચારો. આત્માનું સુખ અગર દુઃખ જે આપણે માનીએ છીએ તે લોકોના કહેવાને આધારે માનતા જ નથી, પરંતુ આપણા પ્રત્યક્ષ અનુભવને આધારે જ માનીએ છીએ. આપણને સુખ મળે એટલે

આપણે રાજી થઈએ છીએ. આપણા સુખની જનતા કિંમત કરે કે ન કરે તેની આપણે દરકાર કરતા નથી. આપણને પોતાને જે કાંઈ સુખદુઃખ મળે તેથી જ આપણે રાજી થઈએ છીએ.

**સુખદુઃખ સ્વાનુભવથી જ જણાય.**

તમોને જે દુઃખ થાય છે તેની બીજાને માહિતી થતી નથી અથવા બીજાને જે દુઃખ થતું હોય તેને તમે પણ જાણતા નથી. અર્થાત્ દરેકને થતું સુખદુઃખ તે, લોકો ઉપર આધાર રાખતું નથી, પરંતુ તે માત્ર પોતાના જાત અનુભવ ઉપર જ આધાર રાખે છે. તમારા દાંત કળવા લાગ્યા હોય અને તમારી દાઢમાં કળતર સાથે કારમા ચટકા બેસતા હોય તો તમારું એ દુઃખ માત્ર તમે જ જાણી શકો છો. તમારા એ દુઃખને બીજું કોઈ જાણતું નથી અથવા તમોને દુઃખ થાય છે એની દુનિયા સાક્ષી પુરવા આવતી નથી, પરંતુ દુનિયા તમારા દુઃખને દુઃખ તરીકે ન માને તેથી તમે તમોને દુઃખ થતું નથી એમ માનતા નથી. તમો રોગથી મુકત હો અને આરોગ્યથી પરિપૂર્ણ હો તો એ સંયોગોમાં તમોને અવર્ણનીય એવો દુન્યવી આનંદ થાય છે. એ આનંદ લોકો જાણતા નથી પરંતુ તેથી તમોને થતો આનંદ જ નથી એવું તમે માનતા નથી, અને તમારા આનંદની કાંઈ કિંમત નથી એમ તમે કહી શકતા નથી અર્થાત્ તમારું સુખ અથવા દુઃખ એ તમારે જ માત્ર તમારા આત્માથી ભોગવવાનું છે. લોકો તમારા સુખને સુખ તરીકે અથવા તો તમારા દુઃખને દુઃખ તરીકે માને કે ન માને તેની તમે દરકાર રાખતા નથી.

**લોકવાણીથી મૂલ્ય ફરતું નથી**

સુખ કે દુઃખનો અનુભવ તે લોકોના કહેવા ઉપરથી થતો નથી, પરંતુ એ અનુભવ દરેક આત્માને સ્વતંત્રપણે જ થાય છે. તમારું સુખ તમારા ભાઈબંધને યા તમારા ભાઈબંધનું સુખ તમને પોતાને પણ અનુભવ દ્વારા જાણવામાં આવતું નથી. તમારા ભાઈબંધને તાવ આવ્યો હોય તો તેને તાવ આવ્યો છે એટલે દુઃખ થતું હશે અથવા દુઃખ થાય છે એ તમે જાણી શકો છો, પરતું તાવનું સ્વયં અનુભવાતું દુઃખ જેવું તમારો તાવથી પીડાતો મિત્ર જાણી શકે છે તેવું તમે જાણી શકતા નથી. હીરા, મોતી, સોનું એ બધાની કિંમત લોકોના કહેવા પ્રમાણે થાય છે. આ સઘળાંની કિંમત બજારભાવે થાય છે, પરંતુ સુખ અથવા દુઃખનું મૂલ્ય લોકોના કહેવા પ્રમાણે અથવા તો બજારભાવે થતું નથી. તમોને મળતું સુખ દિવસે મળો, રાતના મળો, સવારે મળો, સાંજે મળો, પરંતુ તેની કિંમત લોકોના વચનને આધારે કરી શકાતી નથી. દુન્યવી વસ્તુઓ તેના મૂલ્યને માટે સોંઘવારી મોંઘવારીનું પણ આલંબન લે છે, પરંતુ સુખ અને દુઃખ એ બે એવી ચીજો છે કે તેના મૂલ્યાંકનમાં સોંઘવારી મોંઘવારી આલંબન પણ હોતું નથી.

**સુખનું કારણ કોણ ?**

હવે એ પ્રશ્ન વિચારો કે આત્માના જે દુઃખના કારણો છે તેની કિંમત શા ઉપર અવલંબેલી છે ? જવાબ એ છે કે જે પ્રમાણે સુખ અથવા દુઃખ મળે છે તે પ્રમાણમાં તેના કારણની કિંમત થાય છે. આપણે સૌથી પહેલો એ પ્રશ્ન વિચારીએ કે સુખનું કારણ કોણ છે ? મિથ્યાત્વીઓ અને નાસ્તિકો કહે છે કે ઈચ્છિત વસ્તુનો સ્પર્શ, રસ, ગંધ, રૂપ, શબ્દ, આ સઘળા સુખના કારણો છે.

ઇચ્છિત વસ્તુનો સ્પર્શ થાય છે તો તે સ્પર્શને પરિણામે સુખ ઉપજે છે, એવી રીતે ઈષ્ટવસ્તુઓથી થતું સુખ સ્પષ્ટ રીતે દેખાય છે તો પછી અમારી આંખને છેતરીને તમે સુખનું કારણ ધર્મ છે એમ બતાવો છો તે અમે શી રીતે માન્ય રાખી શકીએ? મિથ્યાત્વીઓ અજ્ઞાનના મહાઅંધકારમાં ડૂબેલા હોવાથી તે એમ કહી શકે છે કે "અમારી આંખનો પ્રત્યક્ષ એવો અનુભવ છે કે જો ઈષ્ટવસ્તુ મળે તો તેથી આનંદ થાય છે, તેનાથી સુખ મળે છે અને અનિષ્ટ વિષયો મળે તો તેનાથી દુઃખ મળે છે, તો અમારો એ પ્રત્યક્ષ અનુભવ છોડી દઈને અમે શું એવા મૂર્ખા હોઈશું કે સુખ અને દુઃખનું કારણ કાંઈ બીજું જ છે એમ માની લઈશું ? "

**પુણ્યોદયનું જ પરિણામ**

અજ્ઞાનીઓ અથવા તો મિથ્યાવાદીઓ આવો પ્રશ્ન કરવા તૈયાર થાય છે તેનું કારણ એક જ છે કે તેઓ બાહ્ય વસ્તુઓથી થતા સુખને પ્રત્યક્ષ સુખ માને છે એટલે પછી સુખના કારણો બીજાં છે એવું માનવાને તેઓ તૈયાર ન જ થાય એ દેખીતું જ છે ! તેઓ વધારામાં કહે છે કે જ્યાં પ્રત્યક્ષ દેખાતું હોય ત્યાં અદૃષ્ટની કલ્પના કરવી એ જ અયોગ્ય છે અને એ જ ન્યાયે પ્રત્યક્ષ સુખ દેખાતું હોય ત્યાં સુખનું કારણ અપ્રત્યક્ષ ધર્મ કહેવો એ પણ અયોગ્ય છે. આવો વાદ કરનારાએ વિચારવાની જરૂર છે કે તેઓ જે વસ્તુ આગળ કરે છે તે કેટલે દરજજે યોગ્ય છે ? જે સાંસારિક સુખો મળે છે તેને પણ જૈનશાસન તો પુણ્યોદયે મળતાં સુખો માને છે પરંતુ જેઓ સુખને પુણ્યોદયથી થતો અનુકૂળ વસ્તુનો સંયોગ અને પ્રતિકૂળ વસ્તુઓનો વિયોગ માનવાને તૈયાર નથી તેમણે જરા પોતાની બુદ્ધિ સ્થિર રાખીને વિચારવાની જરૂર છે કે આ જગતમાં એવા કયા જીવો છે કે જેઓ ઈષ્ટ વિષયોની યાચના નથી કરતા વારૂ ?

**સુખ દુઃખ શાથી થાય ?**

આ જગતમાં એવા કયા પ્રાણીઓ છે કે જેઓ ઈષ્ટ વિષયોની પ્રાપ્તિ અને અનિષ્ટ વિષયોનો વિયોગ નથી માગતા ? ઈષ્ટ વિષયો ન મળે એવી ઈચ્છા જેમ કોઈપણ જીવ કરતો નથી તેજ પ્રમાણે અનિષ્ટ વસ્તુઓ મળે એવી આકાંક્ષા પણ આ જગતમાં કોઈ જીવ ધરાવતો જ નથી. સઘળા જીવોની આવી જ ઈચ્છા છતાં આપણે જોઈએ છીએ કે સઘળા જ જીવોને કોઈ ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ થતી નથી ! જગતમાં ઘણા જીવોને તો અનિષ્ટ વસ્તુઓની જ પ્રાપ્તિ થાય છે, અને થોડા જ જીવોને ઈષ્ટ વસ્તુઓ મળે છે, તો આ સંસારમાં આ પ્રમાણે બનવાનું કારણ શું ? શું ઈષ્ટ વિષયોની પ્રાપ્તિ અને અનિષ્ટ વિષયોની વિયોગ માટે કાંઈ કારણ જ ન હશે કે? ઈષ્ટ વિષયો મળવાથી સુખ થાય છે અને અનિષ્ટ વિષયો મળવાથી દુઃખ થાય છે તેથી આપણે સુખ અને દુઃખના કારણ તરીકે ઈષ્ટ વિષયોની પ્રાપ્તિ કે અને અનિષ્ટ વસ્તુઓનો વિયોગ તથા અનિષ્ટ વિષયોની પ્રાપ્તિ તથા ઈષ્ટ વસ્તુઓનો વિયોગ માનીએ છીએ. એ જ પ્રમાણે ઈષ્ટ વિષયોની પ્રાપ્તિ થાય છે પણ ખરી અને નથી પણ થતી; એટલે એ પ્રાપ્તિ અપ્રાપ્તિરૂપ કાર્યનું પણ કાંઈ કારણ હોવુંજ જોઈએ એમ સહજ થાય છે.

**ફળનું કારણ ડાળી નથી.**

પ્રત્યેક સ્થળે ફળ ડાળીની ટોચ પર દેખાય છે. મૂળમાં ફળ લાગેલાં દેખાતાં નથી. આંબો, કેળ, બોરડી, જાંબુ એ સઘળાં જ ફળ ટોચે લાગેલાં હોય છે. વૃક્ષની ડાળીએ ફળ લાગે છે એ ઉપરથી તમે એવું અનુમાન કરો કે ફળ તો

ડાળીની ટોચે જ લાગે છે તે માટે ચાલો ડાળી કાપીને જ ઘેર લઇ જઇએ ! અને એમ વિચારીને તમે ડાળી કાપીને ઘેર લઇ જાઓ તો એ ડાળી તમોને દરરોજના કેટલાં ફળ આપશે ? ફળ ડાળીની ટોચે લાગે છે છતાં હવે વિચાર કરજો કે ફળનું કારણ શું છે ? ડાળીને ફળ લાગેલાં છે તે જોઇને શું તમે એમજ કહી દેશો કે ડાળીએ જ ફળ લાગેલાં છે અને ફળનું ઉત્પાદન ડાળી પર જ થાય છે માટે ડાળી એ જ ફળનું કારણ છે, અને જેને ફળની ઇચ્છા છે તેણે ડાળી કાપીને જ ઘરમાં મૂકવાની જરૂર છે ! આવું વિચિત્ર કથન કોઇ તમારી આગળ વ્યકત કરે તો તમે તે માનશો પણ ખરાકે ? નહિ જ ! કારણ કે તમારી ખાતરી છે કે ફળનો આધાર દેખીતી રીતે ડાળી છે પરંતુ ડાળી એ જ કાંઇ ફળનું કારણ નથી અને ડાળી કાપીને ઘેર લઇ જવાથી ફળો મળી શકતાં નથી.

**ફળનું કારણ મૂળીયું છે.**

ફળ ડાળી ઉપરથી આવે છે તે વાત સાચી છે પરંતુ ફળનો આધાર ડાળી, ડાળીનો આધાર સ્કંધ, અને સ્કંધનો આધાર મૂળીયું છે. મૂળને તમારી સગી આંખે ન જોઇ શકતા હો તો પણ તમે એ વાત માનો જ છો કે ફળનો આધાર મૂળીયું જ છે, એટલું જ નહિ પરંતુ આખા ઝાડનો આધાર મૂળીયું જયાં પ્રત્યક્ષ ફળ દેખાય છે ત્યાં અદૃષ્ટ કારણની કલ્પના કરવી મિથ્યા છે એ સિદ્ધાંત અહીં ઉડી જાય છે ! કારણ કે ફળ પ્રત્યક્ષ દેખાય છે અને છતાં તેનું અદૃષ્ટ કારણ મૂળીયું છે એમ એમ આપણે માની લઇને છીએ. જેમ ડાળી દ્વારા ફળ થાય છે પરંતુ ડાળી સ્વતંત્ર નથી તેનો આધાર થડ ઉપર છે અને થડનો આધાર મૂળીયાં ઉપર છે. તેથી જ ફળનો મુખ્ય આધાર તે ડાળી નહિ પરંતુ મૂળીયું જ માનવું પડે છે. એ જ પ્રમાણે તમે સુખનો આધાર ઇષ્ટ વિષયો ઉપર માનશો તો ઇષ્ટ વિષયોનો આધાર પણ કાંઇક હોવો જ જોઇએ એમ તમારે માનવું જ પડશે. ઇષ્ટ વિષયોની પ્રાપ્તિ તો આ સંસારમાં બધાને જ જોઇએ છે પરંતુ ઇષ્ટ વિષયોની જ પ્રાપ્તિ બધાને થતી નથી એટલે ઇષ્ટ વિષયોની પ્રાપ્તિ થવાનું શું કારણ છે તે આપણે તપાસવાનું છે.

**સુખ કોણ માણી શકે ?**

કોઇ માણસ એમ કહે કે ફળનો આધાર ડાળી ખરી, ડાળીનો આધાર થડ ખરું; પણ વળી થડનો આધાર કેવો ? થડને કાંઇ મૂળીયાં બૂળીયાંનો આધાર જરૂરી નથી, તો આવા તત્વજ્ઞાનીને તમે કેવા મહાત્મા માનશો ? તે જ પ્રમાણે અહીં પણ સુખને ફળરૂપ માનો, સુખના કારણરૂપ ઇષ્ટ વિષયોની પ્રાપ્તિ અને અનિષ્ટ વિષયોના વિયોગના કારણ તરીકે પુણ્યને ન માનો તો તમારી દશા પણ પેલા મહાત્મા જેવી જ કે બીજાું કાંઇ ?

કેટલાક એવી દલીલ કરે છે કે જે સુખના સ્વભાવવાળો હોય તેનેજ ઇષ્ટ વિષયો સુખ દે છે બીજાને ઇષ્ટ વિષયો સુખ આપી શકતા નથી. તમે ચંદનનું વિલેપન મનુષ્યના અંગને કરશો તો તેથી તેને પારાવાર સુખ થાય છે પરંતુ જો તમે એ જ ચંદનનું વિલેપન એકાદ પાટલાને કે ભીંતને કરી આવો તો તેથી તેને શું જરાય સુખ મળવાની આશા છે ખરી ? જો તમે એક લાખ રૂપિયા રોકડા લઇ જઇને તિજોરીમાં મૂકશો તો તેથી તિજોરીને કેટલું સુખ થવાનું હતું વારૂ ? આ દલીલ ઉપરથી તમે એમ કબલુ કરશો કે ઇષ્ટ વિષયો તેનેજ સુખ ઉપજાવે છે કે જેનો સુખવેદવાનો-સુખ ભોગવવાનો સ્વભાવ હોય છે !

આ વિચારસરણીને આધારે આત્માને સુખ વેદવાના સ્વભાવવાળો માનીએ અને જો તે કોઈ સંયોગમાં ન હોય અને પોતાના સ્વભાવમાંજ રત હોય તો તે કેટલું સુખ ભોગવી શકે ? આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ઈષ્ટ વિષયોથી સુખ છે તે દુનિયાદારીમાં રહીનેજ થાય છે. હવે આત્મા પોતાના સ્વભાવમાં જ કેટલું સુખ મેળવી શકે એવું વિચાર્યા પછી તે પોતાનો સ્વભાવ ક્યારે પ્રકટ કરી શકે છે તે વિચારીએ.

**સોયથી થાંભલો ન તૂટે !**

આત્મા પોતાનો સ્વભાવ ત્યારે જ પ્રકટ કરે છે કે જયારે તે મોક્ષ જાય ! હવે તમોને અહીં એવી શંકા થશે કે પુણ્યપ્રકૃતિએ મળેલા વિષયો સુખનો નાશ કરે કે સુખને ઉત્પન્ન કરે ? અથવા તે સુખમાં વધારો કરે કે ઘટાડો કરે ? એક મનુષ્યને તલવાર આપો તો તલવાર દ્વારા તે કોઈ વસ્તુના બે કટકા કરી શકે પરંતુ તલવારથી કટકા કરી શકવાની તાકાત છે એવા માણસના હાથમાં પણ જો તમે સોય કે નરણી આપો અને તેને થાંભલાને કાપીને તેના બે કટકા કરી નાખવાનું કહો તો તેનાથી તે બળવત્તર હોવા છતાં-સોય કે નરેણી વડે થાંભલો તોડવાનું કામ કદાપિ પણ થઈ શકવાનું જ નથી. શક્તિ ગમે તેટલી હોય પરંતુ એકલી શક્તિ કાંઈ કામમાં આવી શક્તિ નથી. શક્તિ ત્યારે જ સફળ થાય છે કે જ્યારે તેની સાથે સાધન ભેગું થાય છે શક્તિને જેવું સાધન મળે છે તેવું જ કામ થાય છે.

**સિદ્ધપણામાં સુખ શી રીતે ?**

એ જ રીતે આત્માને પણ અનંત સુખ છે પરંતુ જેવા શાતાના સાધન મળ્યા હોય તેવું જ સુખ તે મેળવી શકે છે ! આપણે અમે કહીએ કે જેવા શાતાના સાધન હોય તેવું જ આત્મા સુખ ભોગવી શકે છે તો આ વચન ઉપરથી બીજી એ શંકા ઉભી થાય છે કે સિદ્ધપણામાં આત્મા સુખ કેવી રીતે મેળવી શકે છે ? જો સુખ મેળવવાને પણ સાધન જરૂરી હોય તો સિદ્ધને સાધન જ નથી સિદ્ધદશામાં આત્માને કાંઈ જ સાધનો હોતા નથી વળી જેમ શક્તિશાળીથી પણ નરેણી કે સોયથી લોખંડનો થાંભલો કાપી શકાતો નથી તેમ શક્તિ હોવા છતાં યોગ્ય સાધનો ન હોય તો પણ સુખ અનુભવી શકાતું નથી તો પછી સિદ્ધપણામાં તો આત્માની પાસે કાંઈ જ સાધન નથી તો સિદ્ધપણામાં આત્માને સુખ ભોગવવું પણ અશક્ય જ છે. આ શંકાનો જવાબ એ છે કે શક્તિનો ઉપયોગ બહારના પદાર્થો ઉપર છે પરંતુ શક્તિનું થવું એ આત્મામાં સ્વતંત્ર સ્વભાવ રૂપે છે આત્માની શક્તિ સંપૂર્ણ છે તેથી આત્મા સિદ્ધદશામાં બહારના સાધનો ન હોય તો પણ સ્વતંત્રપણે આત્માનો સ્વભાવ પ્રકટ થવાથી સંપૂર્ણ સુખો મેળવી શકે છે.

**બેમાં વધારે સુખી કોણ ?**

દુનિયાદારીથી આપણે આ વાત કબુલ રાખી છે કે ઈષ્ટ વિષયો હોય ત્યાં જ ઈષ્ટ સુખ હોય છે. આ વાત તમારા ખાતર માન્ય રાખી છે એમ ન માનીએ તો પરિણામ શું આવે છે તે વિચારો. ઈષ્ટવસ્તુઓનો સંયોગ એ જ જો સંપૂર્ણ અને સાચું સુખ હોય તો તો રાજા, અમલદાર, શેઠીયા, એ સઘળાને દુઃખનો લેશ માત્ર પણ હોય એ વાત સંભવિત જ નથી. કારણ કે તેમને પૂરતા પ્રમાણમાં ઈષ્ટ વસ્તુઓનો સંયોગ થયેલો જ છે. પરંતુ આપણે તો ખુલ્લી આંખે જોઈએ છીએ કે જે ઈષ્ટ વિષયોને પામેલા છે તેઓ ઉલટા કેટલાક સંજોગોમાં ઈષ્ટ વસ્તુને ન પામેલા કરતાં પણ વધારે દુઃખી

છે. એમ સમજો કે અ પાસે દશ લાખ રૂપિયા છે અને આ પાસે દશ પાઇ છે અને તેમના ગામમાં ધાડ પડે છે, તો એ ધાડની વાત સાંભળીને પેલા દશ લાખવાળાની છાતીના પાટીયાં જ બેસી જશે ત્યારે પેલો દશ પાઈવાળો ખુશખુશાલ રહીને એમ ખુશીથી કહી શકશે કે પડવા દોને ધાડ પડી છે તો લઇ લઇને શું લઇ જશે દશ પાઇ જ કે બીજું કાંઇ ?

**વસ્તુની પ્રાપ્તિમાં પણ ભય**

દશ પાઈવાળાને દશ પાઈનો ભય લાગે છે હજારવાળાને હજારનો ભય લાગે છે, લાખવાળાને લાખનો ભય લાગે છે અને રાજ્યના માલિકને આખા રાજ્યનો ભય લાગે છે ! હવે તમે વિચાર કરો કે ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિમાંએ કેટલો આનંદ છે? દશ પાઇવાળાને દશ પાઇ એ ઈચ્છિત વસ્તુ હતી. હજાર રૂપીયાના માલિકની હજાર રૂપિયા એ ઈચ્છિત વસ્તુ હતી લાખ રૂપિયાના માલિકને લાખ રૂપિયા એ ઈચ્છિત વસ્તુ હતી અને રાજ્યવાળાને રાજ્ય એ ઈચ્છિત વસ્તુ હતી. આ સઘળાની ઈચ્છિત વસ્તુઓ તેમને મળેલી હોવા છતાં પણ તેમને સુખ નથી મળતું એ આપણે જોઇએ છીએ. હવે જો ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ એ જ સુખ હોય તો ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થવા છતાં આ બધાને દુઃખની પ્રાપ્તિ શા માટે થવા પામી હતી? આ સ્થાન ઉપર તમે લાંબો વિચાર કરી જોશો તો માલમ પડશે કે જે વ્યક્તિની પાસે ઈષ્ટ વસ્તુ ન હતી તેને અહીં ભય થવા પામ્યો નહતો. જ્યારે ઈષ્ટ વસ્તુ જેમની પાસે હતી તેને ભય થવા પામ્યો હતો ! આ સઘળી સ્થિતિ સ્પષ્ટરૂપે આપણને એમ જ કહે છે કે ઇષ્ટ વસ્તુઓ સુખ આપે છે ખરી પરંતુ તે સંયોગો પૂરતું જ સુખ આપે છે.

**ભય એ સુખ કે દુઃખ ?**

લાંબો વિચાર કરતાં એમજ માલમ પડે છે કે ઇષ્ટ વિષયોનું સુખ પણ કાંઇ અનંતકાળને માટે જ નથી પરંતુ તે સઘળાં સુખો સંયોગો પુરતાં જ છે, અને એ સિવાય બાકીના સમયને માટે દુઃખ તો ઉભું જ છે. ઇષ્ટ વસ્તુઓનો સંયોગ એને જ જો સુખ માનો તો ઇષ્ટ વસ્તુઓનો નાશ થવાનો, તે બગડવાનો અથવા તેનું મરણ થવાનો જે ભય છે તે સુખ છે કે દુઃખ છે ? જવાબ એ જ આપશો કે દુઃખ છે. હવે ઈષ્ટ વસ્તુના સંયોગોમાં પણ જો સુખજ હોય તો પછી એ સંયોગ કાયમ છતાં પણ દુઃખ આવી પડે છે એનું શું ? અમુક ઈષ્ટ વસ્તુ મળી તો તમે કહો છો કે આણે ઈષ્ટ વસ્તુના સંયોગથી સુખ મળે છે માટે એને સુખ મળી ગયું! પણ ઈષ્ટ વસ્તુ મળે છે કે તેની જ સાથે ભય ઉભો થાય છે કે રખેને આ વસ્તુ કોઇ બીજો લઇ જાય ! રખેને તેમાં બગાડો થાય ! અથવા રખેને તેનું મરણ થાય ! આ ભય તે સુખ કે દુઃખ ? આ ભયને તમે સુખ કહી શકતા નથી. જો તમે એને દુઃખ કહો તો "ઇષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ તે સુખ" એ તમારો સિદ્ધાંત તમારે હાથે જ ખલાસ થઈ જાય છે ! ! ઇષ્ટની પ્રાપ્તિ પાછળ પણ પીડા છે.

રખેને કોઇ લઇ જાય, રખેને કોઇ ચોરી જાય, રખેને કોઇ ખાય જાય, રખેને આ પ્રિય મનુષ્યનું મરણ થાય. આ સઘળા ખીલા ઈષ્ટ વસ્તુઓની જ પાછળ આવે છે ! જગતમાં ચોર ચોરી કરવા આવે છે ત્યારે તે ઇષ્ટ વસ્તુ દેખે છે. પરંતુ એ ઇષ્ટ વસ્તુની પાછળ રહેલા ભયને કદાપિ પણ જોઇ શકતો નથી. ચોર હાથ મારવા આવે છે ત્યારે માલ દેખે છે રૂપિયા કે સોનાના અલંકારો એને દેખાય છે પરંતુ એની પાછળ-એ

અલંકારોની પાછળ જેલ અને દંડો હોય છે તે એને દેખાતા નથી ! ચોરોનું ઈષ્ટ તેમના વિષયો જુએ છે પરંતુ એ ઈષ્ટ વિષયોની પાછળ જે આપત્તિઓ ઉભી છે તેને તેઓ બિચારા દેખી શકતા નથી. જો ઈષ્ટ વિષયમાં સુખ જ હોતે તો તેને પરિણામે દુઃખ પણ ન જ થવા પામત ! ધારો કે એક ચોરે રાજાના દરબારનો લાખ રૂપિયાનો ચંદનહાર જોયો. ચોરને એની તમન્ના લાગી અને તે ચોર એ ચંદનહારની ચોરીને અંગે પ્રયત્નો કરવા લાગ્યો ! હવે વિચાર કરો કે ચોરની ઈષ્ટ વસ્તુ કઇ ? જવાબ મળશે કે ચંદનહાર ! ચોરની ઈષ્ટ વસ્તુ ચંદનહાર છે. ઈષ્ટ વસ્તુનો સંયોગ તેમાંજ જો સુખ હોય તો ચંદનહારરૂપ ઈષ્ટ વસ્તુ ચોરને મળવાથી તેને તો આનંદ જ થવો ઘટે ! અને સુખ જ મળવું ઘટે !! પરંતુ એ ચંદનહારનો સંયોગ પણ પેલા ચોરને માટે સુખરૂપ ન નીવડતાં દુઃખરૂપ જ નીવડે છે. એથી સાબિત થાય છે કે ઈષ્ટ વસ્તુનો સંયોગ એટલે સુખ એ સિદ્ધાંત પણ સાવ ખોટો જ છે.

### "કહેતા ભી દિવાના ઔર....."

ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ એટલે સુખ અને તે સિવાય જે કાંઇ હોય તે દુઃખ એવા સિદ્ધાંતને અંગે આપણે ચર્ચા કરી અને એ સિદ્ધાંત કેવો પોકળ છે તે જોઇ લીધું. હવે એથી પણ આગળ વધીશું અને ઈષ્ટ વિષયમાં અર્થાત્ કે ઈષ્ટ વિષયની પ્રાપ્તિમાં પણ સુખ નથી તે વાત સ્પષ્ટ કરી જોઇશું ! ઈષ્ટ વિષયની પ્રાપ્તિ તેમાં પણ સુખ સમાયેલું નથી જ! હવે કોઇ કહેશે કે એ વાત તે કાંઇ સાચી હોય !, કેરીનો રસ ખાવાનું મન થાય અને કેરીનો રસ મળે તો શું તે સુખ ના કહેવાય ? ઈષ્ટ વિષયની પ્રાપ્તિ એમાં પણ સુખ નથી એવી "કહેતા ભી દિવાના અને સુનતા ભી દિવાના" જેવી વાત શું કરો છો ? કહેનારે તો ભલે ગપાટો ફેંક્યો પણ તમારે સાંભળનારે તો વિચાર કરવો જોઇએ, કે 'बाबा वाक्य प्रमाणं' માનીને જે કહેવાય તે સાચું જ માની લેવું જોઇએ ! ઠીક ! હવે આ વિચાર કરવા કહેનારાનો વિચાર કેટલો છે તેની આપણે જ પહેલાં પરીક્ષા લઇ નાખીશું !

### એ ખાખરો મીઠો નથી

શહેરમાં કૂતરા વધી પડે છે ત્યારે તેમને મારી નાખવાને માટે મ્યુનિસિપાલિટીના નોકરો ઝેરની બરફી બનાવીને તે તેને નાખે છે. મ્યુનિસિપાલિટીની એ ઝેરની બરફીને મીઠી બરફી કહેવાને કયો અભાગીયો તૈયાર થાય ? આવી બરફીને કૂતરો જ મીઠી ગણે કે બીજું કાંઇ ! કાંઇપણ સમજ ધરાવનારો કૂતરો હોય તે આવી બરફીને મીઠી કહેવાને કદી પણ તૈયાર ન જ થાય! ઉંદરોને પકડવાને માટે મ્યુનિસિપાલિટીવાળા ઘેરઘેર કોળવાઇઓ મૂકે છે. આ કોળવાઇઓમાં ઉંદર પકડવા સારું ખાખરા મૂકવામાં આવે છે. આ કોળવાઇને ખાખરાને કયો ઉંદર મીઠો ખાખરો કહેવાને તૈયાર થાય ? કોળવાઇના ખાખરા ઉપર મોહ પામનારા ઉંદરોને એ ખાખરો દેખાય છે પરંતુ એ ખાખરાને જોનારો ઉંદર પેલી કોળવાઇને જોતો નથી ! એ તેની કમનસીબી જ છે કે બીજું કાંઇ ? જેને ખાખરા અથવા તો બરફીની મીઠાશ જ દેખાય છે અને તેની અંદર રહેલું વિષત્વ નથી દેખાતું તેવા કૂતરા ઉંદરોને એકવાર ચેતાવી દીધા હોય કે તેમને આપવામાં આવતા ખોરાકમાં પરિણામે આ રીતે હાનિ સમાયેલી છે તો એ અજ્ઞાન પશુઓ પણ ચેતી જઇને તેવી પ્રાણહારક વસ્તુઓનો પુનઃ કદી પણ ઉપયોગ કરવા પ્રેરાતા નથી.

**બધાનું કારણ ટેવ છે.**

કૂતરા, ઉંદરો વગેરે બરફી ખાખરો વગેરે જુઓ છે તેની મધુરતાને તેઓ જાણે છે પરંતુ એ મધુરતા સાથે અનિષ્ટતા હોવાથી એ મધુરતાને પણ તેઓ ખરાબ જ સમજે છે તો પછી માણસ જેવો માણસ, નવવેંતનો લાંબો થઈને તે વિષયોને દુઃખ ન સમજે તો તેને શું કહેવું ? પૂર્વ પુરુષો, તપ કરનારા અને ધર્મની ધગશવાળાઓ

ઘી-દૂધની કેદમાં પડયા ન હતા તેથી તેમને લુખો રોટલો અને ખીચડી ખાઇને બાર મહિના કાઢવામાં વાંધો આવતો ન હતો. બાર માસ તો શું પણ એથી વધારે સમય પણ તેઓ તપસ્યામાં ગાળી શકતા હતા જ્યારે આજે તમારા જેવાને વર્ધમાન તપની ઓળી કરવી પડે છે તો જાણે કીડી ચઢે છે ! ઠીક! તમોને વર્ધમાન તપની ઓળી કરતાં કીડી ચઢે છે તેની હરકત નહિ પરંતુ એ કીડીઓ કોણ ચઢાવે છે તેનો વિચાર કરો તોપણ બસ છે.

**આંબેલ અને સ્વામીવાત્સલ્ય.**

"વર્ધમાન તપ કરતાં આંબેલ કરવું પડે છે તેમાં જે લુખ્ખું ખાવાનું છે તે તો આપણને નથી ફાવતું એ લુખ્ખું તે કાંઇ ખવાય ?" એવા શબ્દો તમારી પાસે કોણ બોલાવે છે ? જેઓ ધર્મિષ્ઠ છે, જે ક્રિયાવાળા છે, જેમણે ક્રિયામાં શરીર અને આત્મા પરોવી દીધા છે તેવાના દર્શન કરવાની પણ તમોને ભાવના થાય છે ખરી કે ? તમારાથી તપ ન બને તો ભલે પરંતુ જેમણે તપ કર્યું છે તેમના દર્શન કરવાની પણ તમોને ભાવના થાય છે ખરી કે ? જેમણે ૨૫, ૩૦, ૬૦ ઓળીના તપ કર્યા છે જેઓ એટલી ઓળી સુધી આગળ વધ્યા છે, તેવાના "ચાલો દર્શન કરીએ" એવી તમારા હૈયામાં કદી ઉલટ પણ થઇ છે ખરી કે? બીજા તપ કરે, પારકે પૈસે ભક્તિ કરવાની હોય પરંતુ તો એ તેમાં ભાગ લેવાની આપણામાંના ઘણાને ઇચ્છા થતી નથી એ કમનસીબી જ કે બીજું કાંઇ ? વર્ધમાન તપના આંબેલ થાય અને સ્વામીવાત્સલ્ય થાય તો એ બન્નેમાં તમારે હાજરી આપીને બન્ને મીજલસોની સંખ્યા જોવાની જરૂર છે કે જેથી તમે એ સંબંધમાં સાચી તુલના કરી શકો ! તમે આંબેલની ઓળીને જ જુઓ અને સ્વામીવાત્સલ્યને ન જુઓ અથવા તો તમે સ્વામીવાસ્તલ્યને જુઓ અને આંબેલની ઓળીને ન જુઓ તો પછી તમે એ બંન્ને ઉત્સવોમાં લોકો કેટલા પ્રમાણમાં રસ લે છે તેની તુલના કેવી રીતે કરી શકવાના હતા !

**મોજશોખની ટેવ મારે છે.**

મોટા શહેરો તરફ જ્યારે આપણે નજર નાખીએ છીએ ત્યારે ત્યાં જે ધાર્મિક સ્થિતિ દૃષ્ટિએ પડે છે તે સારી છે એવું તો તમારામાંથી કોઈપણ ડાહ્યો અને વિચારશીલ માણસ કહી શકશે જ નહિ. આંબેલની ઓળીમાં જેટલા માણસો થાય છે તેના કરતાં અનેક ગણા માણસો સ્વામીવાત્સલ્ય વખતે ભેગા થાય છે. જો બધા તપસ્યાને સારી માને છે તો પછી શા માટે તપસ્યામાં - આંબેલની ઓળીમાં પણ સ્વામીવાત્સલ્યના જેટલી જ સંખ્યા ભેગી થતી નથી ? આમ થવાનું કારણ ઈષ્ટ વિષયોમાં પ્રીતિ એટલું જ છે. તમોને મૂળથી સંસ્કારો જ એવા પડેલા છે કે ઘી-દૂધ વગર ચાલે જ નહિ જે વસ્તુ જોઇએ તે જોઇએ જ, પછી એ વસ્તુ ન મળે તો માગી ભીખીને લાવે, ચોરી કરીને લાવે, અને છેવટે લૂંટીને પણ લાવે ત્યારે જ તેથી સંતોષ થાય! અહીં એક ઉદાહરણ યાદ રાખો એક શેઠીયો હતો. બહુ શ્રીમંત હતો. ઘેરે ગાડીઘોડા અને મોટરો દોડતી. બાગબગીચા તે વાડીગાડીમાં શેઠજી લીલાલ્હેર કરે તે વખતે નોકરો પગચંપી કરતા !

એ પ્રમાણે કરતાં કરતાં પંદર વીસ વર્ષ વહી ગયાં અને શેઠજી તો એજ મોજશોખમાં ટેવાઇ ગયા કે દુનિયા તેમને આધારરૂપ ભાસતી નહોતી પરંતુ આ શેઠાઇ તેજ તેમને આધારરૂપ ભાસવા લાગી.

**માત્ર ટેવને લીધે જ !**

શેઠનો રંગરાગ આમ ચાલ્યો જાય છે અપૂર્વ સુખ અને સાહ્યબીમાં શેઠજી મજા કરે છે અને મોજ ઉડાવે છે એવામાં એવું બન્યું કે શેઠજીનું નસીબ પલટાયું. વેપારમાં જબરી ખોટ ગઇ અને શેઠજી ભુખડીબારસ બની ગયા. શેઠજીનું કિસ્મત આ પ્રમાણે પલટાયું હતું પરંતુ તેથી શેઠજીની ટેવ થોડી જ પલટાઇ હતી ? શેઠજીને પગચંપી કરાવવાની એવી ટેવ પડી હતી કે વાત ન પૂછો. શરીરની ચંપી થાય ત્યારે જ તેમને ઉંઘ આવે ! પણ હવે ગરીબાઈએ ઘર કર્યું હતું પાસે એક દોકડો રહ્યો ન હતો અને નોકરચાકરો નાસી ગયા હતા. શેઠને ચંપાયા છુંદાયા વિના તે ચેન ન પડે ! એટલે હવે શેઠજીએ એક નવો જ ઉપાય શોધી કાઢયો. તેમણે પાપડ ખાંડવાનું સાંબેલું હોય તેવો એક મોગર બનાવરાવ્યો અને પોતાને હાથે જ પોતાના શરીરની ચંપી કરવા માંડી ! મહાનુભાવો ! હવે વિચાર કરો કે આ શેઠજીને પોતાને હાથે જ આ અવદશા શા માટે વહોરી લેવી પડી હતી ? કારણ એક જ કે ટેવને લીધે !!

**વિષયસુખોનું પરિણામ દુ:ખ**

શેઠીયાને ચંપી પ્રિય હતી. ચંપી રૂપી ઈષ્ટ વિષય તેને મળ્યો હતો પરંતુ તે એ ઈષ્ટ વિષયમાં લુબ્ધ થયો તેનું પરિણામ એ આવ્યું કે બિચારાને મોગરની નીચે ખંડાવું-દબાવું-છુંદાવું પડ્યું ! શેઠજીને પહેલાં તો મોજ હતી પરંતુ પાછળથી મોજે તો મુસીબત આણી નાખી હતી. એ જ પ્રમાણે આપણે પણ જો ઈષ્ટ વિષયોમાં ફસાઇ પડયા તો આપણી પણ એ જ દશા થાય છે કે ઇષ્ટ વિષયો સીધા ન મળે તો પછી તે લૂંટીને ચોરીને પણ લેવાની આપણને ફરજ પડે છે ! રાજા મહારાજાઓને ઈષ્ટ વિષયો પૂરેપૂરા મળેલા છે છતાં તેમને પણ એ જ વસ્તુઓને અંગે ભયંકર ચિંતા પેઠેલી હોય છે. ચોર ચળકતા રૂપિયા ચોરવા આવે છે પરંતુ એ ચોરીની પાછળ ચાવડી રહેલી છે તે એ ચોર બિચારો દેખતો નથી ! તેમ આપણે પણ વિષયોના સુખો દેખીએ છીએ પરંતુ એ વિષયોના સુખોની પાછળ કેવાં દુઃખો રહેલાં છે તે આપણે દેખી શકતા નથી. હવે શાસ્ત્રની સ્થિતિ જોઇએ તો તે તો એનાથી એ જુદી જ છે. શાસ્ત્ર તો કહે છે કે “પાપનું મૂળ જ સુખ છે.”

**સમ્યગ્દ્રષ્ટિની દ્રષ્ટિએ**

પાપનું મૂળ સુખ એ શાસ્ત્રની વાત સોએ સો દરજ્જે સાચી છે એની તમે પણ ખાતરી કરી શકો છો અમુક વસ્તુ સારી લાગે એટલે તે મેળવવા માટે આપણે આરંભસમારંભમાં પડીએ છીએ અને આરંભસમારંભ એ જ સઘળા પાપનું મૂળ છે. વળી અમુક વસ્તુ મેળવવાની ઇચ્છા થાય એટલે તે મેળવવાને માટે ન્યાય અન્યાય યોગ્ય અયોગ્ય પાપ કે પુણ્યનો વિચાર ન કરતાં આપણે તે વસ્તુ મેળવવાને માટે ફાંફાં મારીએ છીએ. યોગ્યાયોગ્ય કે ન્યાયાન્યાયનો વિચાર ઈષ્ટ વસ્તુઓ આપણને આવવા દેતીજ નથી. મિથ્યાદૃષ્ટિ આ વાતો સત્ય હોવા છતાં માનતા ન હોવાથી તેમને કોરાણે મૂકીએ અને હવે સમ્યગ્દૃષ્ટિ અને

દેશવિરતિઓની દૃષ્ટિએ જ આ પ્રશ્ન વિચારીએ. સમ્યગ્દૃષ્ટિઓ શું પરભવની ખરાબીને નથી જાણતા? તેઓ પરભવની પ્રચંડ ખરાબીને જાણે છે છતાં તેમને પણ વિષયરૂપી કૂવામાં પડવાનું મન કેમ થાય છે ? ખરી રીતે તો આપણે એમજ કહી શકીએ કે **સુખ હોળીનું નાળિયેર** છે અને જેમ હોળીનું નાળિયેર બધાને લડાવી મારે છે તે જ પ્રમાણે સુખ પણ બધાને લડાવી મારનારું છે.

**મૂર્ખાઈ ભરેલા પ્રયત્નો**

હોળીના નાળિયેરનું કામ બધાને લડાવી મારવાનું છે તે જ પ્રમાણે વિષયસુખોનું કામ જગતને લડાવી મારવાનું છે. પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ સુધીમાં નાના મોટા અનેક જીવોમાં જે સંખ્યાબંધ લડાઈઓ થઈ છે તે લડાઈઓનું કારણ બીજું કાંઈ નહિ પરંતુ માત્ર વિષયસુખો જ છે. હોળીનું નાળિયેર જો વચમાં ન હોય તો કોઈ લડવા નીકળી પડતું નથી તેમ આ જગતમાં પણ વિષયસુખરૂપ નાળિયેર ન હોત તો કદી કોઈ લડી પડત જ નહિ. લડાઈ ન થાય અને જગત પાછું જંગમાં ન ઝૂંકે તે માટે આજે પંદર વર્ષ થયા પ્રજાસંઘ (લીગ ઑફ નેશન્સ) પ્રયત્નો કરે છે. લડાઈની વિરૂદ્ધમાં તેણે ઘણું લખ્યું છે, ઘણું કહ્યું છે, લડાઈનું મોં કાળું છે એમ કહીને તેણે લડાઈ સામે ઘણા બખાળા નાખ્યા છે પરંતુ તે છતાં હજી લડાઈના વાદળ શમી શક્યા નથી, પરંતુ તે જેમના તેમ ઝઝુમવાના ચાલુ જ છે. હવે રાષ્ટ્રસંઘ જેવી મોટી સંસ્થાના શાંતિસંસ્થાપનના પ્રયત્નો કેમ નિષ્ફળ જાય છે તે વિચારીએ.

**એમ કાળું મુખ ન થાય !**

રાષ્ટ્રસંઘ સુખ અને શાંતિ સ્થાપવા માગે છે અને યુદ્ધનું મુખ કાળું કરવા ઈચ્છે છે પરંતુ તેઓ બિચારા વિષયસુખની ઈચ્છા રાખી તેના સાધન મેળવવાની ઈચ્છાથી જ શાંતિ સ્થાપવા માગે છે તો એ શાંતિ કેવી રીતે સ્થાપી શકાવાની હતી ? અગ્નિ સળગાવીને શાંતિ મેળવવા ઈચ્છનારામાં જેટલી બુદ્ધિ છે તેટલી જ બુદ્ધિ સુખની ઈચ્છા રાખી તેના સાધન મેળવવાની ભાવનાથી શાંતિ સ્થાપવા નીકળેલાઓમાં પણ છે એમ કહીએ તો તેમાં જરાય અતિશયોક્તિ થવાનો સંભવ નથી. પ્રજાસંઘના સઘળા સભાસદોને સુખની ઈચ્છા છે તેમને પરિગ્રહની ઈચ્છા છે અને દેશો જીતવાની અને તે જીતીને સંભાળવાની ઈચ્છા અને તે કાર્યાર્થે લડશો નહિ એવું કહીને લડાઈ બંધ કરવી છે તે કેવી રીતે બની શકે ? આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે દુનિયાદારીનું જે સુખ છે તે સુખ એ સ્વતંત્ર સુખ નથી. તે પરતંત્ર છે, પરાધીન છે અને પાપ કરીને મેળવવાનું છે. મૂળ વાત ઉપર આવો. ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિથી સુખ થાય છે એવું અમે તો માનતા જ નથી પરંતુ તમારા કહેવા પ્રમાણે જ ઈષ્ટવસ્તુની પ્રાપ્તિથી સુખ થાય છે એમ માનીએ તો આગળ કેવો અંજામ આવે છે તે વિચારો. ઈષ્ટ વિષયો લેવાની ઈચ્છાથી આર્તધ્યાનની સ્થિતિ પ્રાપ્ત થાય છે પછી આર્તધ્યાનથી વસ્તુની પ્રાપ્તિ થાય છે એટલે તમે રૌદ્રધ્યાનની દશાને પ્રાપ્ત કરો છો.

**આંખ ખેંચી કાઢીશું**

તમે જે સમયે વસ્તુ મેળવવા માગો છો તે વખતે વસ્તુ મેળવવાની વાત ઉપર જ તમારું સઘળું ધ્યાન આપો છો અને ત્યાં જ તમારું સંપૂર્ણ બળ લગાડો છો આ તમારી સ્થિતિ તે આર્તધ્યાનની સ્થિતિ છે પરંતુ જ્યાં તમે વસ્તુ મેળવી રહો છો કે તે પછી તેને સંભાળવાને માટે તમારી પ્રવૃત્તિ હોય છે વસ્તુ મેળવ્યા પછી તેમ એ વિચારમાં આવો છો કે જો હવે કોઇ આ ચીજ લેવા આવે તો આ ચીજની રક્ષા માટે મારો પ્રાણ કાઢી નાખીશ ! વસ્તુની સંરક્ષા માટે હવે તમે દરેક વ્યક્તિ ઉપર ક્રૂર દૃષ્ટિ નાખો છો જેના તેના ઉપર વહેમ લઇ જાઓ છો અને જમ જેવા બનો છો !! પરસ્પરના દેશોને અંગે વિચારીએ તો ત્યાં પણ એવી જ સ્થિતિ માલમ પડે છે. એક દેશ બીજો દેશ તાબે કરવા માટે આકાશપાતાળ એક કરે છે અનેક છળ, પ્રપંચ, દગો, ફટકો કે લુચ્ચાઇ કરે છે પરંતુ દેશ તાબે કર્યા પછી કોઇ લેવા આવે તો તરત જ વિજેતાઓ એવા વિચાર ઉપર આવી જાય છે કે કોઇ આ નવા જીતાયેલા દેશ ઉપર આંખ સરખી પણ કરશે તો આંખ ખેંચી કાઢીશું.

**શોખીન થઇનેય ભલે ભણે !**

તમારો છોકરો ઘડિયાળ માગે છે તો તમે તરત જ તે તેને લાવી આપો છો. છોકરો હજી નાનો છે તે ઘડિયાળ બગાડશે તેમાં કાંઇ ભાંગતોડ કરશે તમારે અને સુધરાવવી પડશે એનો વિચાર તમે કરતા નથી. ઘડિયાળ જેવી શોખની ચીજ એને અપાવતાં ભવિષ્યમાં એ શોખીન થશે એ વાત તમારા ધ્યાન બહાર નથી. હોતી પરંતુ તે છતાં તમે ઘડિયાળ જેવી શોખની ચીજ પણ એને અપાવો છો કારણ કે તમોને એવી આશા છે કે ભલે ઘડિયાળનો ખરચ થશે તો થશે પણ એ લાલચે પણ એ ભણશે તો ખરો જ ને ! ઘડિયાળ મોજશોખની વસ્તુ છે, એ તમારા બાળકોની મોજશોખની લાલસા વધારે છે એ તમે જાણો છો પરંતુ તે છતાં તમારો બાળક ભણે એ લાલચે તમે એને ઘડિયાળ અપાવો છો. છોકરો કાં તો શોખીન થઇને ભણે અથવા તો તે રખડેલ થાય, એ બે જ સ્થિતિ જો અવશેષ હોય તો તમે છોકરો વંઠેલ થાય એ નથી ચહાતા પરંતુ છોકરો શોખીન થઇને પણ ભણે એ જ તમે ચાહો છો.

**વંઠેલપણું તો ખોટું જ છે.**

તમે જાણો છો કે છોકરો ભણતાં શોખીન થશે તો તેને ગમે તે રસ્તે પહોંચી વળીશું પરંતુ જો તે વંઠેલ કે રખડેલ થઇ જાય તો તેને ગમે તે પ્રકારે પણ પહોંચી વળાશે નહિ. એ જ પ્રમાણે શાસ્ત્રકારો પણ વિષયસુખને આપત્તિવાળા ગણે છે અને એ વિષયસુખોને અંગે જ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન લાગેલા છે એમ સમજે છે પરંતુ તેઓ જાણે છે કે છોકરો કાં તો ભણે કાં તો રખડેલ થાય એવી સ્થિતિ તો અહીં પણ રહેવાની જ છે તો એમાંથી જે માર્ગ ઓછું નુકસાન કરનારો હોય તે બેશક લેવા દેવોજ જોઇએ. શાસ્ત્રકારો જાણે છે કે આ જગતમાં જીવો અધર્મ કરે અને પાપો બાંધીને દુર્ગતિએ જાય તે કરતાં વિષયો બેશક અત્યંત આપત્તિ કરનારા હોવા છતાં એ વિષયોને માટે પણ તમે ધર્મરૂપ અભ્યાસમાં આવો એ કાંઇક સારું છે. તમે છોકરો વંઠેલ થાય તેના કરતાં તે શોખીન થઇને ભણે એને સારું ગણો છો કારણ કે તમે જાણો છો કે શોખીન થઇને ભણશે તો ભણે, પરંતુ એ ભણવો તો જોઇએ જ કે જેથી એ ભણશે તો શોખ કેવો ખરાબ છે તે જાણશે અને એ જાણીને એની મેળે જ શોખનો ત્યાગ કરશે.

(અપૂર્ણ)

# ગ્રાહકોને-સૂચના

આથી જણાવીએ છીએ કે જે ગ્રાહકોએ ચાલુ વર્ષનું લવાજમ આજ સુધી ભર્યું ન હોય તેમને તુરત ભરી જવા વિનંતિ છે નહિતર આવતો અંક વી.પી. થી જરૂર રવાના કરવામાં આવશે.

આવતા વર્ષમાં ગ્રાહક તરીકે રહેનારને તેમજ નવા ગ્રાહકો થનારને "શ્રી સિદ્ધચક્ર માહાત્મ્ય" નામનું પુસ્તક ભેટ આપવાનો વિચાર છે માટે જે ગ્રાહકોએ લાવજમ ચાલુ વર્ષનું ભર્યું નહિ હોય તો તેઓને ચાલુ વર્ષનું તેમજ નવા વર્ષનું લવાજમ ભરી ભેટનું પુસ્તક લઇ જવા વિનંતિ છે અને બહારગામના ગ્રાહકોએ અમને લખી દેવું જેથી બે વર્ષના લવાજમનું ભેટના પુસ્તક સાથે વી. પી. કરીશું.

આવતા નવા વર્ષનું લવાજમ પહેલેથી ભરનારને ભેટનું પુસ્તક મળી શકશે.

લી. પાનાચંદ રૂપચંદ ઝવેરી

૨૫, ૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩

# પૂજ્ય મુનિમહારાજાઓને વિનંતિ

શ્રી સિદ્ધચક્ર પાક્ષિકના ત્રણે વર્ષો દરમ્યાન લગભગ દરેક સ્થળે પૂજ્ય મુનિ મહારાજાઓને તથા ઘણી લાયબ્રેરીઓને વાંચનનો લાભ મળે તે માટે તત્વપ્રેમીઓની સહાયતાથી આ પાક્ષિક ભેટ મોકલવામાં આવે છે.

અમારી પૂજ્ય મુનિમહારાજાઓને આગ્રહભરી વિનંતિ છે જે આવા અમૂલ્ય જ્ઞાનનો સારો વધુને વધુ પ્રચાર થાય અને લોકો આવા સસ્તા પણ અમૂલ્ય જ્ઞાનનો લાભ લે તે માટે તેની ઉપયોગિતા તથા ઉત્તમતા સમજાવી ગ્રાહકો જરૂર વધારવા કૃપા કરશે, જેથી આવા જ્ઞાનપ્રચારના કાર્યમાં અમારો ઉદ્યમ સફળ ગણાશે.

લી. તંત્રી

# ગ્રાહકોને વિનંતિ

અમારા માનવંતા ગ્રાહકો સહેજે સમજી શકે છે કે ફક્ત બે રૂપિયા જેવા ટુંકા લવાજમમાં આ પત્ર પ્રગટ કરવામાં અમને કેમ પોષાતું હશે ?

આમ પ્રગટ કરવાનું કારણ ફક્ત એકજ છે કે જનતા પરમપૂજ્ય શાસનપ્રભાવક આગમના અખંડ અભ્યાસી સકળ સ્વપરશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધાસ્રાવી આગમોદ્ધારક આચાર્ય દેવ શ્રીમદ્ સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજાની હૃદયસ્પર્શી યુક્તિપ્રયુક્તિ સહિત સકળ આગમના ગૂઢ તત્વોથી ભરપૂર અત્યાર સુધી કદી પણ પ્રગટ નહિ થયેલ અને કોઇપણ સ્થળે અપ્રાપ્ય એવું સુંદર અને સ્પષ્ટ જ્ઞાનનો બને તેટલો વધુ લાભ લઇ શકે તે માટેજ તત્વપ્રેમીઓની ઉદારતાથીજ આવા ટુંકા લવાજમમાં પ્રગટ કરીએ છીએ.

માટે અમારા તત્વપ્રેમી વાંચકોને આગ્રહભરી વિનંતિ છે કે તેઓ પોતે ગ્રાહક બનવા સાથે બીજાને પ્રેરણા કરી તેની ઉપયોગિતા તેમજ ઉત્તમતા સમજાવી ગ્રાહક બનાવી ધર્મમાં રક્ત બનાવવાનો લાભ લેવા સાથે અમારા અમૂલ્ય જ્ઞાનપ્રચાર કરવાના પ્રયાસને ઉત્તેજન જરૂર આપશે જ. આશા છે કે દરેક ગ્રાહક નવા બે ગ્રાહક જરૂર બનાવશે જ.

તંત્રી.

# સાગર સમાધાન

પ્રશ્ન ૭૬૨:- શાસ્ત્રોમાં સ્પષ્ટપણે જણાવે છે કે શાસ્ત્ર માત્રના પ્રદાનને અંગે નીચે જણાવેલા ત્રણ ગુણવાળાજ અધિકારી છે. (૧) જીવ ભવ્ય હોવો જોઈએ. (૨) મોક્ષમાર્ગની અભિલાષાવાળો હોવો જોઈએ અને (૩) ગુરુ મહારાજના ઉપદેશમાં રહેલો હોવો જોઈએ. આ ત્રણમાં ગુરુઉપદેશમાં રહેવાપણું તો ગુરુ મહારાજના કહ્યા મુજબ ચાલતો હોય એટલે જાણી શકાય, પણ ભવ્યપણું શાસ્ત્રપ્રદાન કરનારાએ કેવી રીતે જાણવું ? કેમકે પ્રથમ તો ભવ્ય અભવ્યરૂપી જીવના સ્વભાવો શાસ્ત્રકારો કેવલીથી જ ગમ્ય છે એમ જણાવે છે, અને તેથી જ સૂર્યાભ દેવાદિ સરખાને ભવ્યત્વના નિર્ણય માટે સર્વજ્ઞ ભગવાનને જ પૂછવું પડે છે. વળી મોક્ષમાર્ગનો અભિલાષી હોવો જોઈએ એમ જે કહેવામાં આવે છે તે શું એમ નથી જણાવતો કે તે શાસ્ત્ર લેનારને મોક્ષનો માર્ગ મળ્યો નથી, કેમકે અભિલાષા મળેલાને ન હોય, પણ નહિ મળેલાને જ હોય.

સમાધાન :- સર્વ જીવના ભવ્ય કે અભવ્ય સ્વભાવને સાક્ષાત્ તો કેવલજ્ઞાનીજ જાણી શકે છે, પણ અન્ય જીવમાં રહેલું અભવ્યપણું છદ્મસ્થો અનુમાનથી પણ જાણી શકે નહિ, કેમકે અભવ્યપણાનું તેવું કોઈ વિશિષ્ટ ચિહ્ન શાસ્ત્રકારોએ જણાવેલું નથી. કદાચિત કહેવામાં આવે કે જીવતત્ત્વ ન માને અગર જીવતત્ત્વની વિરાધનાથી ન ડરે એટલા માત્રથી એટલે અભવ્ય કહેવો પણ તે વ્યાજબી લાગતું નથી, કેમકે પરદેશી રાજા પ્રતિબોધ પામ્યો ન હતો ત્યાં સુધી તે તે દશામાં જ હતો. જો કે શાસ્ત્રકારો એમ જણાવે છે કે અભવ્યને મોક્ષની શ્રદ્ધા હોય નહિ પણ તેનો અર્થ માત્ર એટલોજ છે કે અભવ્ય મોક્ષને માને નહિ પણ તે વાક્યનો એવો અર્થ તો ન જ કરાય જે જે મોક્ષને ન માને તે તે બધા અભવ્ય, કેમકે ભવ્યજીવને પણ મોક્ષની શ્રદ્ધા કે ઈચ્છા તો અંત્યપુદ્ગલ પરાવર્તમાં જ હોય છે, અર્થાત્ અંત્યપુદ્ગલ પરાવર્ત સિવાયના કાળમાં તો ભવ્ય હોય તો પણ મોક્ષને માનનારો હોતો નથી, માટે જીવ કે મોક્ષને ન માને તેટલા માત્રથી અભવ્ય છે એમ કહી શકાય નહિ, પણ જે મનુષ્યને પોતાના આત્મામાં મોક્ષની ઈચ્છા થાય, કે હું ભવ્ય હઈશ કે અભવ્ય હઈશ એવી શંકા થાય તો તે જીવ જરૂર ભવ્ય છે. એમ શ્રી શીલાંકાચાર્ય મહારાજ ખુલ્લા શબ્દોમાં કહે છે, એટલે શાસ્ત્રને ગ્રહણ કરનારો પોતાના આત્માનું ભવ્યપણું નિશ્ચિત કરે તે અસંભવિત નથી, અને અન્ય આત્માને અંગે પણ મોક્ષનું સ્વરૂપ જણાવતાં કે મોક્ષને ફળ તરીકે વર્ણન કરતાં જો ઉલ્લાસ માલમ પડે તો તેને ભવ્ય તરીકે ગણી શકાય અને તેથી તે શાસ્ત્ર ગ્રહણ કરવાને લાયક ઠરે. વળી મોક્ષમાર્ગની અભિલાષાને અંગે જે કહેવામાં આવ્યું તે ત્યારે જ સાચું ઠરે કે જ્યારે શાસ્ત્રકારોએ શાસ્ત્રપ્રદાનની જગા પર મોક્ષમાર્ગ શબ્દથી મોક્ષમાર્ગની ઉત્તરોઉત્તર વિશુદ્ધ એવો કરેલો અર્થ જો લક્ષમાં લેવામાં આવે નહિ. તત્ત્વદૃષ્ટિએ તો શાસ્ત્રનું પ્રદાન કરનારા આત્માએ ભવ્યાદિકનો નિશ્ચય કરવો જેટલો જરૂરી રહેતો નથી તેના કરતાં અભવ્યને, મોક્ષના માર્ગની ઈચ્છા વગરનાને તથા ગુરુ મહારાજના હુકમથી વિરુદ્ધ વર્તવાવાળાને શાસ્ત્રનું પ્રદાન ન કરવું એમ નિષેધ અર્થને જણાવવા માટે જ એ વાક્ય છે, પણ તે નિષેધ પ્રધાનપણે વાક્યો રાખવા કરતાં વિધિપ્રધાનપણે વાક્યો રાખવાથી શાસ્ત્રને દેનાર અને લેનારને ગુણની ગવેષણા અને ધારણાથી ફાયદો થાય તેથી વિધિપ્રધાન તે વાક્યો રાખ્યાં છે, તેથી અભવ્યપણાનો વ્યવચ્છેદ ન થાય, કે મોક્ષમાર્ગની અનભિલાષાનો વ્યવચ્છેદ ન થાય કે ગુરુઉપદેશમાં સ્થિત છે કે કેમ એવો નિશ્ચય ન થાય ત્યાં સુધી શાસ્ત્રપ્રદાનમાં થોભવાની જરૂર નથી, તેમ શાસ્ત્રપ્રદાન કરતાં તેવાને કદાચિત અપાઈ જાય તો તેથી શાસ્ત્રપ્રદાન કરનારો ડૂબે જ છે એમ કહી શકાય નહિ. એવી જ રીતે અધિકારીને અંગે કહેવાતાં અર્થિપણું, સમર્થપણું અને શાસ્ત્રાનિષિદ્ધપણું એ ત્રણને અંગે પણ એમજ સમજાય. અર્થાત્ અર્થિપણા અને સમર્થપણાના નિર્ણય સુધી થોભવા કરતાં અનર્થી અને અસમર્થ માલમ પડે તો તેને અનધિકારી ગણવો એ સ્વભાવસિદ્ધ હોવાથી સમજાય તેવું છે,

# સમાલોચના

૧ વિગય અને નિવિયાતાં બંધ કરનારે તેના છમકારેલાં ન ખવાય તો સારું. બાકી નીવીમાં દાળ વિગેરે વધારેલ ખવાય છે.

૨ સાક્ષાત્ જીવ ન દેખાય તો પણ ચોમાસામાં ખાંડ વગેરે ન ખાવાં.

૩ મહાવીરચરિત્ર વાંચનાર સાચું અને સમજીને વાંચે તો તે માન્ય કરવું જ જોઈએ, વિરોધવાસિતને વિરોધ લાગે તો ભડકવું નહિ.

૪ સ્વપ્નાદિકની બોલીનું દ્રવ્ય દેવદ્રવ્યમાં જાય તે જ ઠીક છે, પણ તે સંમેલનનો ઠરાવ નથી જો કે કોઈની શિખવણીથી બે વૃદ્ધો તેવું ઠરાવવા સંમેલનમાં ઉઠી ગયા હતા.

૫ નહિ છોડેલા સચિત્તથી દુવિહારનો ભંગ ગણાય નહિ.

'એક પત્ર.'

૧ લલિતવિસ્તારના 'आकालमेते' એ પદોને અનાદિ કાળના અર્થમાં વાપરનારે બુદ્ધિ ઠેકાણે રાખી વિચારવું કે જણાવેલા વિશેષણોમાં એક પણ અનાદિકાળથી હોય ખરું ? અનાદિથી દેવગુરુને બહુ માનવાવાળાજ સર્વ તીર્થંકરો હોય એ જૈનના પરવચનની નવી જ શોધ.

૨ હરિભદ્રસૂરિ પરોપકાર બોધિલાભ થયા પછીથી જણાવે છે તે પણ પરવચનને મતે જુઠા હશે,

૩ વિચારથી ગમ્ય છતાં સાક્ષાત્ અક્ષરો નથી એમ કહેનાર સંશયવાદી. ॥ એક વ્યાખ્યાન ॥


## જાહેર ખબર

**નવીન બહાર પડેલ ગ્રંથો.**

(૧) તત્ત્વતરંગિણી ૦-૮-૦
(૨) લલિતવિસ્તરા. ૦-૧૦-૦
(૩) સિદ્ધપ્રભા બૃહદ્વ્યાકરણ. ૨-૮-૦
(૪) આચારાંગ પ્રથમ ભાગ ૩-૮-૦
આચારાંગ પ્રથમ લેજર કાગળ ૫૨૫-૦-૦

**નવા છપાતા ગ્રંથો.**

૧. ઉપદેશમાલા અપરનામ પુષ્પમાલા
૨. તત્ત્વાર્થસૂત્ર શ્રીહરિભદ્રસૂરિ ટીકા.
૩. ભગવતીજી શ્રી દાનશેખરસૂરિ વૃત્તિ.
૪. વિશેષાવશ્યક ભાષ્યમ્ કોટયાચાર્યકૃત ટીકા વિભૂષિતં.
૫. ભવભાવના

**શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત.**

# પૂર્વાચાર્યોના ઉત્તમ ગ્રંથો મેળવવાનો અપૂર્વ અવસર.

## પ્રતાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૧. આચારાંગ સૂત્રવૃત્તિ (પ્રથમ ભાગ) | ...૫-૦-૦ |
| ૨. લલિતવિસ્તરા | ...૦-૧૦-૦ |
| ૩. તત્ત્વતરંગિણી | ...૦-૮-૦ |
| ૪. બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૨-૮-૦ |
| ૫. ત્રિષષ્ટીયદેશનાસંગ્રહ | ...૦-૮-૦ |
| ૬. દશવૈકાલિક ચૂર્ણિ | ...૪-૦-૦ |
| ૭. ઉત્તરાધ્યયન ચૂર્ણિ | ...૩-૮-૦ |
| ૮. અનુયોગદ્વારચૂર્ણિ હરિભદ્રીયવૃત્તિ | ..૧-૧૨-૦ |
| ૯. નંદિચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૪-૦ |
| ૧૦. પરિણામમાળા (લેજર પેપર) | ...૦-૧૨-૦ |
| ૧૧. ૧૨૫, ૧૫૦, ૩૫૦ સ્તવન સાક્ષી સહિત ... | ...૦-૮-૦ |
| ૧૨. પ્રવચનસારોદ્ધાર (પૂર્વાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૩. પ્રવચનસારોદ્ધાર (ઉત્તરાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૪. પંચાશકાદિ શાસ્ત્રાષ્ટકં | ...૩-૦-૦ |
| ૧૫. પંચાશકાદિ દશઅકારાદિ | ...૩-૦-૦ |
| ૧૬. જ્યોતિષ્કરંડક ટીકા | ...૩-૦-૦ |
| ૧૭. પંચવસ્તુક ટીકા (સ્વોપજ્ઞ) | ૨-૪-૦ |
| ૧૮. દ્રવ્યલોકપ્રકાશ | ...૧-૮-૦ |
| ૧૯. ક્ષેત્રલોકપ્રકાશ | ...૨-૦-૦ |
| ૨૦. યુક્તિપ્રબોધ (સ્વોપજ્ઞ) | ...૧-૮-૦ |
| ૨૧. દશ પયન્ના (છાયાયુક્ત) | ...૧-૮-૦ |
| ૨૨. નંદીઆદિઅકારાદિક્રમ | ...૧-૮-૦ |
| ૨૩. વિચારરત્નાકર | ...૨-૪-૦ |
| ૨૪. વંદારૂવૃત્તિ | ...૧-૪-૦ |
| ૨૫. પયરણસંદોહ | ...૦-૧૨-૦ |
| ૨૬. અહિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ, ઐન્દ્રસ્તુતિ... ... ... | ...૦-૮-૦ |
| ૨૭. નવપદપ્રકરણ બૃહદ્વૃત્તિ | ...૩-૦-૦ |
| ૨૮. ઋષિભાષિત | ...૦-૨-૦ |
| ૨૯. પ્રવ્રજ્યાવિધાનકુલકાદિ | ...૦-૩-૦ |
| ૩૦. પ્રત્યાખ્યાનાદિ, વિશેષણવતી, વીશવીશી ... ... | ...૧-૪-૦ |
| ૩૧. વિશેષાવશ્યકગાથાનુક્રમ | ...૦-૩-૦ |
| ૩૨. બારસાસૂત્ર (સચિત્ર) | ...૧૨-૦-૦ |

### કમિશન

| | |
|---|---|
| ૧૦૦ | ..........................૧૨ાા ટકા. |
| ૭૫ | ..........................૧૦ ટકા. |
| ૫૦ | ..........................૭ાા ટકા. |
| ૨૫ | ..........................૫ ટકા. |

(કમિશન વિના)

## પુસ્તકાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૩૩. શ્રાદ્ધવિધિ (હિન્દી) | ...૧-૮-૦ |
| ૩૪. જિનસ્તુતિ દેશના (હિન્દી) | ...૦-૬-૦ |
| ૩૫. મધ્યમ સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૦-૮-૦ |
| ૩૬. વસ્ત્રવર્ણસિદ્ધિ | ...૦-૪-૦ |

## છપાતા ગ્રંથો

૧. આચારાંગસૂત્રવૃત્તિ (દ્વિતીય ભાગ)
૨. ભગવતીજી (દાનશેખરીયવૃત્તિ)
૩. તત્ત્વાર્થસૂત્ર સટીક (હારીભદ્રીય)
૪. ભવભાવના (મલધારી હેમચંદ્રપ્રણીત સટીક)
૫. પુષ્પમાળા (ઉપદેશમાલા)
૬. વશેષાવશ્યક ભાષ્ય (કોટ્ય ચાર્યકૃત ટીકા)

## પ્રાપ્તિસ્થાન

૧ જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા - સુરત.
૨. માસ્તર કુંવરજી દામજી પાલીતાણા.

જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત (ગુજરાત)

**જૈનાનંદ પુસ્તકાલય**
ગોપીપુરા, સુરત. (ગુજરાત)



આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.

## પરોપકારની પ્રકૃષ્ટતા

जो परउवयारंपि हु करेइ पुण कहवि पुण्णजोएणं ।
पत्ता सोहग्गुवरिंपि मंजरी तेण पुरिसेण ॥
अत्तुवगारमईडविहु जायइ जम्हा जयम्मि विरलाणं ॥
ते उण विरलयरच्चिय परोवयारे मई जाणं ॥

(શ્રીમલધારીય હેમચંદ્રસૂરિ)

ભાવાર્થઃ- (જે મનુષ્ય જિનધર્મ વિધાનદ્વારા એ આત્માને ઉપકાર કરે છે) તે મનુષ્ય જો કોઈપણ પુણ્યના યોગે અન્ય જીવોને ઉપકાર કરે તો તે મનુષ્યે સૌભાગ્યની ઉપર મંજરી પ્રાપ્ત કરે, અર્થાત્ સુંદર શરીર હોય અને મસ્તકે મંજરી ધારણ કરી હોય તો જેમ શોભે તેમ તે આત્મઉપકાર કરવાવાળો પર ઉપકારથી શોભે છે, કેમકે જગતમાં આત્માનો ઉદ્ધાર કરવો એ રૂપી આત્મઉપકારની બુદ્ધિ પણ થોડાઓને જ હોય છે, પણ તે કરતાં ઘણા થોડા જ જીવો તેવા હોય છે કે જેઓની બુદ્ધિ પરોપકારમાં પરાયણ હોય.

તૃતીય વર્ષ, અંક ૨૩.

Registered No. B.3047




# શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી)

ભાદ્ર સૂદિ પૂર્ણિમા

૧૨-૯-૧૯૩૫

# ચારભાવના

## (૩) કારૂણ્ય ભાવના

કરૂણા ધારજોરે કરૂણા સકલ ગુણોની ખાણ

કરૂણા આદ્યમહાવ્રત છાજે આદ્ય અનુવ્રત થાન; –
કરૂણ વિણ હિંસકપણું પામે દુર્ગતિ દુઃખ નિદાન - કરૂણા ૦ ૧
ઈર્યાસમિતિ યોગે ચાલે નહિ, મુની પેખી શુભ ઠાણ;
જીવો આવે પગતલ હેઠે, જાયે સઘલા પ્રાણ - કરૂણા ૦ ૨
શુભ ઉપયોગી મુનીવરને નહિ, બંધ દુરિત અવસાન;
કરૂણા બુદ્ધિ પ્રતિ રોમે હોય, કર્મ નિર્જરા ખાણ - કરૂણા ૦ ૩
શ્રાવક પણ કરૂણા ધરતો જે, વૃક્ષ વધે પચ્ચખાણ;
માટી ખોદે મૂલ વધે પણ, નહિ હિંસાલવવાન - કરૂણા ૦ ૪
કરૂણા રહિત પ્રવૃત્તિ કરતાં, કોઇ મરે નહિ જાન;
તો પણ તે હિંસકમાં ગણીઓ, નહિ કરૂણા બલવાન - કરૂણા ૦ ૫
અપરાધિ જનમાં ઘર કરૂણા, જે સમકિત અહિઠાણ;
વીર પ્રભુ સંગમ કરૂણાએ, અશ્રુ નેત્ર મિલાણ - કરૂણા ૦ ૬
દીન હીન જનને જે દેખી, નવિ કરૂણા દિલભાન;
તેહના ઘટમાં કર્મ વસ્યો નથી, ભાખ્યો જીન ભગવાન - કરૂણા ૦ ૭
અધમ ઉદ્ધારણ તનમન વર્તે, ધન ખરચે અસમાન;
કુમાર નૃપ જગડુ પરદેશી, સંભવ વૃત્ત સુવાન - કરૂણા ૦ ૮
સંપ્રતિરાજ કરે પ્રતિગામે, દીન અનાથ વિહાણ;
દેશ અનારય જીનઘર કરતો, કરૂણા ભાવ સુભાણ - કરૂણા ૦ ૯
શ્રુત શિક્ષા ધરિ મનમાં સુયણાં, કરજો અભયનું દાન;
અનુકંપા ધરજો ભવિ કરજો, ધર્મે દૃઢતા ભાન - કરૂણા ૦ ૧૦
મેઘરથે પારેવો રાખ્યો, ગોશાલો જીન ભાણ;
વૈશ્યાયન તેજોલેશ્યાથી, ધરી કરૂણા અમિલાણ - કરૂણા ૦ ૧૧
બ્રહ્મદત્ત સુભમાદિક નરપતિ, કરૂણાવિણ દુઃખખાણ;
પેખી આત્મ સમાપર જીવો, ધારો કરૂણા શાન - કરૂણા ૦ ૧૨
દ્રવ્ય ભાવ અનુકંપા ધરતા, ભવ ભવ સુખનું નિધાન;
સત્ત્વસાર બલરિદ્ધિ પામી, લો આનન્દ અમાન - કરૂણા ૦ ૧૩




(પાક્ષિક)

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦    ☞ ઉદ્દેશ ☜    છૂટક નકલ રૂા. ૦-૧-૬

નવપદમય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

तीर्थेशा दत्तमार्गाः सततगुणिपदाः सिद्धिसाम्राज्यभाजः,
पंचाचारप्रवीणा गणिन इह सदाध्यापका वाचका ये ।
साहाय्यात् मोक्षसिद्धौ मुनय उदितभा अन्विताः शुद्धदृष्ट्या,
ज्ञानेनावद्यमुक्त्या विविधसुतपसा सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

મોક્ષમાર્ગ સદા દિયે જે જિનવરો ગુણ ધારતા, સિદ્ધ નિત્ય ગણેશ પંચાચારધારક વાધતા;
અધ્યાપકો વરવાચકો શિવસાધને મુનિ જોડમાં, એ પાંચસંયુત બોધદર્શન ચરણતપ સિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક"

| | | |
|---|---|---|
| તૃતીય વર્ષ<br>અંક ૨૩ | મુંબઈ તા. ૧૨-૯-૧૯૩૫, ગુરુવાર<br>ભાદરવા સૂદિ પૂર્ણિમા | વીર સંવત્ ૨૪૬૧<br>વિક્રમ ,, ૧૯૯૧ |

# આગમ - રહસ્ય

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ.

**ચાલુ અનુસંધાન**

દ્રવ્યનંદીના પ્રસંગમાં દ્રવ્યનિક્ષેપાનું સવિસ્તર સ્વરૂપ જણાવતાં દ્રવ્યનિક્ષેપાના જ્ઞશરીર, ભવ્યશરીરથી વ્યતિરિક્ત નોઆગમ દ્રવ્યનિક્ષેપાના સ્વરૂપને પ્રસંગે ત્રિલોકનાથ તીર્થંકરોની સ્નાત્રાદિકથી કરવામાં આવતી પૂજા તે વ્યતિરિક્ત દ્રવ્યપૂજા

કહેવાય, પણ તે સ્નાત્રાદિકથી કરાતી પૂજા વ્યતિરિક્ત દ્રવ્યપૂજા ત્યારે જ કહેવાય કે સર્વવિરતિ મેળવવાની ઇચ્છાવાળો મનુષ્ય ભગવાનના ત્યાગ અને ભગવાનના ત્યાગના ઉપદેશને અંગે અત્યંત બહુમાન ધરાવતો જે સ્નાત્રાદિકથી પૂજન કરે તે જ દ્રવ્યશબ્દના કારણ અર્થવાળું પૂજન હોઈ દ્રવ્યપૂજન કહેવાય. ભગવાનના ત્યાગના ઉપદેશ અને ભગવાનના ત્યાગના બહુમાન સિવાય તથા તેથી થનારી સર્વવિરતિ (સાધુપણા)ની ઇચ્છા સિવાય કરાતું સ્નાત્રાદિકદ્વારા એ પૂજન તે અપ્રધાન, ગૌણ કે લૌકિક પૂજન છે એ હિસાબે જ દ્રવ્યપૂજન ગણાય છે, છતાં તે સર્વવિરતિની ઇચ્છાએ ભગવાનનો ત્યાગ અને તેમના ત્યાગના ઉપદેશના બહુમાનને અંગે કરાતું સ્નાત્રાદિકે પૂજન ત્યારે જ વ્યતિરિક્ત દ્રવ્યપૂજામાં ગણાય કે જ્યારે ભગવાનના અનુપકૃત છતાં બીજાના હિતમાં તત્પર રહેવા રૂપ ભગવાનનો ગુણ આત્મામાં ઓતપ્રોત કરવામાં આવે.

### તીર્થંકર ભગવાનોમાં પરહિતરતપણાનો વિચાર

તે પરહિતમાં રક્તપણાના ગુણનો વિચાર કરતાં શ્રીહરિભદ્રસૂરિજીએ **वरबोधित आरभ्य** એ વચન કહી દરેક તીર્થંકરો સમ્યક્ત્વ પામે ત્યારથી જગતના સર્વ જીવોના હિતને સાધવાને માટે વ્યસનીની માફક તત્પરતાવાળા હોય છે એમ જે જણાવ્યું છે તે ઉપરથી તેમજ તે જ હરિભદ્રસૂરિજીએ શ્રીલલિતવિસ્તરા નામની ચૈત્યવંદનની વૃત્તિમાં **परार्थव्यसनिनः** ઇત્યાદિ કહી સર્વ તીર્થંકરોનું જગજ્જીવના હિતમાં તત્પર રહેવાપણું જણાવેલું છે, તેથી સર્વ તીર્થંકર મહારાજાઓ સમ્યક્ત્વ પામ્યા પછી જગતના જીવોનું હિત કરવામાં તત્પર રહે તે સ્વાભાવિક છે. જો કે આ સામાન્ય વ્યાખ્યા તેવી તેની દશા અને સામગ્રીને આધીન છે, અને તેથીજ ભગવાન મહાવીર મહારાજાએ મરીચિના ભવમાં સાધુપણું છોડી પરિવ્રાજકપણું આદર્યું. કપિલને છેવટે પણ **इत्थंपि इहयंपि** એ સમ્યક્ત્વવાળાને નહિ બોલવા લાયક વચન બોલી પોતાના મતમાં લીધો વાસુદેવથી પહેલાના ભવમાં સાધુપણામાં છતાં ગાયને શિંગડાંમાં પકડી વીંઝી, બલપરાક્રમવાળા થવાનું નિયાણું કર્યું, વાસુદેવના ભવમાં સિંહને માર્યો, રાણીનું અપમાન કર્યું, શય્યાપાલકના કાનમાં તરસુ રેડ્યું વિગેરે બનેલા આચરણો પરાર્થ ઉપકારી કહી શકાય નહિ, પણ તે તે વખતના સંજોગો અને સામગ્રી વિચિત્ર હતી એ વાત ભગવાન મહાવીર મહારાજના જીવનને જાણનારાઓથી અજાણી નથી, પણ જે જે વખતે સંયોગ અને સામગ્રી અનુકૂળ થઇ છે, તે તે વખત અને તેમાં ખુદ તો તીર્થંકરનામકર્મ નિકાચિત કર્યા પછી પરહિતરતપણાનો વધારે સંયોગ કહેવાય, અને તે અપેક્ષાએ ભગવાન્ હરિભદ્રસૂરિજીએ સામાન્ય બોધિલાભ નહિ વાપરતાં વરબોધિલાભ શબ્દ વાપર્યો હોય તો તેમાં કાંઇ નવાઇ પામવા જેવું નથી, પણ તેવા ઉંચી તથા ભવ્યતાવાળા તીર્થંકર ભગવાનના જીવોને અશુભ સંયોગ, સામગ્રી ઘણી જ થોડી વખત હોય, અને પરાર્થ સાધનનીજ સામગ્રી વધારે વખત હોય, અને તેથી સર્વતીર્થંકરોને પરાર્થ વ્યસની તરીકે અને પરાર્થોદ્યત તરીકે ગણવામાં આવે તો આશ્ચર્ય નથી. વિશેષ અધિકાર તો ખુદ્ તીર્થંકરના ભવને અંગે છે, અર્થાત્ તીર્થંકરના ભવમાં તો અનુપકૃત પરહિતરતપણાનો સતત પ્રભાવ હોય છે એ વાત સામાન્ય રીતે સમજવા જેવી છે.

### 'आकालं'પદના કૂટ અર્થનો સ્ફોટ.

કેટલાક અણસમજુ લેખકો લલિતવિસ્તરાના आकालं એ પદને વ્યવસ્થિતપણે નહિ સમજતાં સર્વકાલ એટલે અનાદિથી ભગવાન તીર્થંકર પર ઉપકારમાં લીન હોય છે એમ ગણાવવા માગે છે તો જો કે સર્વ તીર્થંકર ભગવાનો અનાદિથી એવા ગુણવાળા હોય તો તેમાં કોઇપણ જૈનીને નાકબુલ

કરવાનું કે નારાજ થવાનું હોય જ નહિ, પણ તેમ કહેનારે સમ્યક્ત્વ પ્રાપ્તિ પછી પણ ભગવાન મહાવીર મહારાજના જણાવેલા વૃત્તાંતોનું સમાધાન કરવું, કેમકે કોઈપણ વસ્તુનો બાધક આવતા પોઈન્ટોનો નિકાલ કર્યા સિવાય માત્ર મનસ્વિપણે બોલવું કે લખવું તે વાચાલતાના દિગ્દર્શન સિવાય બીજું કાંઈ નથી. શ્રી શ્રમણ ભગવાન મહાવીર મહારાજને પૂર્વ ભવે પૂર્વે બનેલા બનાવો વિચારવા સાથે લલિતવિસ્તરાના પાઠમાં **आकालमेते** વાળા પેરેગ્રાફમાં **देवगरुबहुमानिनः** એ વિશેષણ સ્પષ્ટ અક્ષરોમાં અપાયેલું છે, તો તે વાચાલતાના દિગ્દર્શન કરનારે જેમ આગળ ડઝનો વખત ખડા કરવામાં આવેલ મુદ્દાઓને વિચાર્યા નહિ, ખુલાસા કર્યા નહિ, તેમજ વિરુદ્ધ ભાષણ મિચ્છામિ દુક્કડં આપ્યા નહિ, અને જેમ તેમ લખીને જ છાપાંના કાગળો કાળા કરી પોતે અને પોતાના વાંચનારાઓને સત્યસ્વરૂપથી વંચિત કર્યા તેમ ન કરતાં અનાદિકાલથી તેમના મત પ્રમાણે દરેક તીર્થંકરો દેવગુરુના બહુમાનવાળા જ હોય છે, એમ શાસ્ત્રોના પાઠોથી સાબિત કરવા તૈયાર થવું, અને જો તેમ કરવા વાસ્તવિક રીતે ઉદ્યમ કરી સાબિત કરવામાં આવશે તો કોઈપણ જૈન અનહદ આનંદ ઉત્સવ કર્યા સિવાય રહેશે નહિ, પણ તે વાચાલે અનાદિ નિગોદમાં પણ વસેલા તીર્થંકરો દેવ, ગુરુનું બહુમાન કરવાવાળા હતા એમ સાબિત કરવું જોઈશે, અને જો તેમ સાબિત થશે તો આ લેખકને જે વરબોધિથી કે તીર્થંકરના ભવમાં પરહિતરતપણાની માન્યતા છે તે ફેરવી અનાદિથી દરેક તીર્થંકરની પરહિતરતપણાની અનાદિથી પ્રવૃત્તિ હોય છે એવી માન્યતા કરવામાં અડચણ નથી. જોકે જૈનશાસ્ત્રોને જાણનાર સામાન્ય પણ વ્યક્તિ એકેંદ્રિયપણામાં તો શું પણ વિકલેંદ્રિય અને અસંજ્ઞીપણામાં પણ કેવળ વ્યવહાર મનોયોગ હોઈ દેવગુરુના બહુમાનને અંગે જોઈતા મનોયોગની હાજરી માનવા તૈયાર થઈ શકે તેમ નથી, છતાં સકલાગમરહસ્યવેદી તરફથી જેવી રીતે ઓળી જેવી મહા અસજ્ઝાયમાં આચાર્યાદિ પદવી માટે કાલગ્રહણની શુદ્ધિ આકાશમાંથી મળી ગઈ, તેવી રીતે કાંઈક આ પણ શુદ્ધિ કોઈક રહસ્યવેદી તરફથી મળી જાય, તો જૈન જનતાને ઘણા જ આનંદનો વિષય થાય. ચાલુ અધિકારને અંગે ભગવાન મહાવીર મહારાજે સમ્યક્ત્વ પ્રાપ્ત થવા પહેલાં પણ સાધુઓને અંગે દાખવેલું પરોપકારિપણું જે જણાવવામાં આવ્યું છે તે શ્રમણ ભગવાન મહાવીર મહારાજની અતિશયતા માટે છે એ વાત તો લેખક અને વાચક બંને જાણે જ છે, પણ તેવી શ્રમણ ભગવાન મહાવીર મહારાજની અતિશયતા કરવાથી બીજા તીર્થંકરોની અવજ્ઞા થઈ ગઈ એવું માનવાનું આ સંમૂર્ચ્છિમના સંતાનને ક્યાંથી સૂઝ્યું તે તો તેજ જાણે કેમકે તે લેખકની અપેક્ષાએ તો આસન્ન ઉપકારી મહાવીર મહારાજ છે માટે તેમના કલ્યાણકો ઉજવવાં એવું કહેનાર ભગવાન હરિભદ્રસૂરિજી અને કલ્પસૂત્રમાં ભગવાન્ મહાવીર મહારાજનું ચરિત્ર પહેલું લાવવા માટે જિનેશ્વર મહારાજના ચરિત્રોમાં અનુક્રમને ઉથલાવી પશ્ચાનુપૂર્વી કરનાર યુગપ્રધાન શ્રુતકેવળી ભગવાન ભદ્રબાહુસ્વામીજી ઈતર જિનેશ્વરોની અવજ્ઞા કરનારામાં આગેવાન થાય તે સ્વાભાવિક છે, પણ સંમૂર્ચ્છિમોને પૂર્વપુરુષોનો વિચાર કરવાનો કે સંબંધ રાખવાના ન હોય તે સ્વાભાવિક છે. તે સંમૂર્ચ્છિમના સંતાને યાદ રાખવું કે છાણમાંથી થયેલા વીંછીને પેટમાંથી વીંછીઆ નીકળે છે, તેવી રીતે સંમૂર્ચ્છિમપણાથી અને આગળ થયેલી સ્થિતિ તેમજ શત્રુંજયને અનાર્ય કહી દેવાનું સાહસપણું કરવાની સ્થિતિ કે જે શ્રમણસંઘની બહાર કરવાને લાયકની બની છે તે જૈન જનતાની સર્વથા વેગળી અને હલાહલ જૂઠથી ભરેલી વાચાથી શ્રી જૈનસંઘ દોરવાય તેમ નથી એ પૂરેપૂરી રીતે સમજવું. (આ

વાત આ વાચાલે જયંતીમાં ઉચ્ચરી છે) જો કે તે સંમૂર્ચ્છિમના સંતાનને સત્ય રસ્તાની સમજ આવવી મુશ્કલે છે, પણ વાચકોની જાણ માટે આક્ષેપના ઉત્તરમાં એટલું જણાવી શ્રમણ ભગવાન મહાવીર મહારાજના પરોપકારી જીવન ઉપર વિચાર કરીએઃ જો કે આટલું પણ લખવું આ પત્રની પદ્ધતિને અંગે ઉચિત ન હતું પણ પરવચનને પાગલપણું સૂઝેલું હોવાથી પદ્ધતિને ઓળંગીને આટલું લખવું પડ્યું છે, અને લેખક આશા રાખે છે કે ભવિષ્યમાં આવું લખાણ કરવાની ફરજ ન જ આવી પડે. અવજ્ઞા કરવાનું માનવાવાળાએ ભગવાન ઋષભદેવજીએ અજ્ઞાનમાંથી યુગાદિમાં જગતનો ઉદ્ધાર કર્યો, અત્યાર સુધી ચાલતી એવી ધર્મકર્મની સ્થિતિ પ્રવર્તાવી દાનધર્મ એ ભગવાન યુગાદિદેવનો પ્રતાપ છે. ભગવાન પાર્શ્વનાથજીએ જ આદાનીય નામવાળા હતા, ભગવાન્ નેમનાથજી વિગેરે કુમારપ્રવ્રજિત હતા એ વિગેરે શાસ્ત્રમાં વાક્યો તે તે તીર્થંકરોના મહિમા ગાવાવાળા છે એમ સમ્યગ્દૃષ્ટિ જીવો સ્વાભાવિક રીતે માને જ છે, છતાં તેમાં પણ અવજ્ઞાવાદીને અવજ્ઞાની ગંધ આવે તેમાં કાંઈ નવાઈ જેવું નથી. હવે ભગવાન મહાવીર મહારાજના પરોપકારી જીવન ઉપર શુદ્ધદૃષ્ટિએ વિચાર કરીએઃ

## શ્રમણ ભગવાન મહાવીર મહારાજનું સર્પ ફેંકવામાં પણ પરોપકારનિરતપણું

શ્રમણ ભગવાન મહાવીર મહારાજે અત્યંત બાલદશામાં રમત કરતાં પણ તત્ત્વથી ભગવાન મહાવીર મહારાજના સત્ત્વને જોવાને આવેલો દેવતા છે પણ વ્યવહારિક દૃષ્ટિથી તે સત્ત્વની પરીક્ષા કરવાવાળો દેવતા સર્પના સ્વરૂપમાં છે એ વાત તો ચોખ્ખી જ છે. સામાન્ય રીતે બાળકોમાં ભયસંજ્ઞા વધારે હોય છે, તો પછી સર્પ જેવાં ભયંકર ઝેરી જાનવરને દેખીને શ્રમણ ભગવાન મહાવીર મહારાજા અનંત સત્ત્વવાળા હોવાથી ન ડરે, પણ સાથે રમનાર બીજા રાજકુમારો તેવા અનંત સત્ત્વવાળા ન હોઈને તેવા ઝેરી જાનવરથી સામાન્ય રીતે પણ ડરી જાય તે સ્વાભાવિક છે, તો પછી દેવતાએ ડરાવવાને માટે જ કરેલા ભયંકર સર્પથી કેટલો ત્રાસ તે સાથે રમનાર રાજકુમારોને થયો હશે તે કલ્પવું પણ અશક્ય છે, અને ચરિત્રોમાં પણ સાંભળીએ જ છીએ કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજ સિવાયના સર્વ રાજકુમારો અત્યંત ભયાનકરૂપે દેખાવામાં આવેલા સર્પથી ત્રાસ પામી દૂર ભાગી ગયા. આ સ્થળે કથંચિતપણે પરહિતપણાનો પ્રસંગ લઈએ તો એમ કહી શકીએ કે શ્રમણ ભગવાન મહાવીર ભાગીને નહિ પણ શાંતિથી પોતાના સત્ત્વની સાચવણીપૂર્વક તે કુંવરોની સાથે બીજે સ્થાને જઈ ક્રીડા કરી શકત, પણ જે દેવતા સર્પરૂપે આવ્યો હતો તેને પકડીને શ્રમણ ભગવાન મહાવીરે દૂર ફેંકી દીધો તેમાં સીધી રીતિએ એમ કહી શકીએ કે તે સાથે રમનારા રાજકુમારોના હૃદયમાં થયેલી વિહ્વળતાને દૂર કરવા માટે જ હોય.

## અવસ્થાની અપેક્ષાએ સાવદ્યની પણ યોગ્યતા

જો કે સર્પને ફેંકી દેવો એ સર્પને પીડાકારક હોઈ નિરવદ્ય છે એમ ન કહીએ તો પણ તે અવસ્થાને અંગે સર્વ સાવદ્યનો ત્યાગ ન હોવાથી ઉચિત છે એમ કહેવામાં તો કોઈ જાતની અડચણ નથી, કેમકે ભગવાન ઋષભદેવજીએ રાજ્યાવસ્થામાં શિલ્પ અને કર્મોનો જે ઉપદેશ કર્યો તે સાવદ્ય હતો છતાં પણ લોકોપકારની દૃષ્ટિએ જરૂરી હતો તેમ કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરિજી જણાવે છે. તેમજ તે જ ભગવાન ઋષભદેવજીએ કરેલી રાજ્યની વ્યવસ્થા તથા પુત્રોને આપેલાં રાજ્યો જો કે દોષરૂપ છે, છતાં તે અવસ્થાની અપેક્ષાએ ભગવાનને તે કરવું ઉચિત જ હતું એમ આચાર્ય મહારાજા

હરિભદ્રસૂરિજી અષ્ટકજીમાં અને પંચવસ્તુ વિગેરેમાં જણાવે છે. તેવી રીતે અહીં શ્રમણ ભગવાન મહાવીર મહારાજના અધિકારમાં પણ તે દેવતા કે જે ભયંકર સર્પરૂપે આવેલો છે તેને દૂર ફેંકવો તે રાજકુમારોની શાંતિની અપેક્ષાએ તે અવસ્થામાં અત્યંત યોગ્ય છે એમ કહેવું જોઈએ, અને તેથી જ જો કે મહાવીર મહારાજના સ્વતંત્ર પ્રસંગને અંગે સત્વ પરીક્ષાનો વિષય કહેવાય, પણ ચાલુ પ્રસંગને અંગે તે સાથે રમતા રાજકુમારોના ત્રાસને નિવારવો અને હિંમત આપવી તેને માટે સર્પનું ફેંકવું લઈએ તો સ્પષ્ટ રીતે તે પરોપકારને માટે જ છે એમ કહેવું પડે. ઉપલક દૃષ્ટિથી વિચારતાં તો ખરેખર એ સત્ત્વપ્રસંગ કરતાં પરોપકારનો વિશેષ પ્રસંગ છે એમ સામાન્ય પ્રેક્ષકોને સહેજે માલમ પડે તેમ છે.

**પૈશાચિકરૂપના ઉપદ્રવમાં પણ પરોપકારની જ છાયા**

વળી, તે સત્ત્વની પરીક્ષા કરવા આવેલા દેવતાએ આગળ જણાવ્યા પ્રમાણે સર્પરૂપ દ્વારાએ સત્ત્વની પરીક્ષા કર્યા પછી પણ તે જ છોકરાઓની રમતમાં સાત તાડ જેટલું ઉંચું રૂપ કરી ભગવાન મહાવીર મહારાજને ડરાવવાનો જે પ્રસંગ ઉભો કર્યો છે, અને તેમાં દેવતાએ પોતે છોકરાપણાની અવસ્થા વખતે પોતાની હાર થયેલી છે એમ જણાવી જે મહાવીર મહારાજને ખભે બેસાડ્યા તે વખતે અને પૂર્વે જણાવેલ સર્પની પરીક્ષા શ્રમણ ભગવાન મહાવીર મહારાજે અવધિજ્ઞાનનો ઉપયોગ મેલ્યો નથી એ સ્પષ્ટ છે. શ્રમણ ભગવાન મહાવીર મહારાજનું અવધિજ્ઞાન તે વખત પણ દશમા દેવલોક જેટલું તો હતું જ એ શાસ્ત્રસિદ્ધ હકીકત છે, અને તે દેવતા તો પહેલા દેવલોકથી આવેલ હતો તેથી ભગવાન મહાવીર મહારાજના અવધિજ્ઞાનના ઉપયોગના વિષયથી બહારનો ન હતો, પણ અવધિજ્ઞાન એવી ચીજ છે કે તે વેળા તે દ્વારાએ ઉપયોગ મેલે તો જ તે જાણી શકે, અને અવધિજ્ઞાનનો ઉપયોગ પણ શાસ્ત્રકારો અંતઃર્મુહૂર્ત જ હોવાનું જણાવે છે, તેથી અવધિજ્ઞાનવાળા પુરુષો હંમેશાં અવધિજ્ઞાનના ઉપયોગમાં જ હોય, અને તેમનું આખું જીવન તે અવધિજ્ઞાનરૂપી જ્ઞાનમય જ હોય છે એમ માનવું શાસ્ત્રની ગંધપણ જેને પરિણમી ન હોય તેને જ શોભે. તત્ત્વથી શ્રમણ ભગવાન મહાવીર મહારાજે અવધિજ્ઞાનનો ઉપયોગ મેલી તે સત્ત્વની પરીક્ષા કરવા આવનાર સર્પ અને કુંવર તે સર્પ અને કુંવર નથી પણ દેવતા છે એમ ધાર્યું જ નથી. મહાવીર મહારાજે તો સામાન્ય દૃષ્ટિએ સર્પ અને રમનાર સામાન્ય રાજકુમારજ ધારેલો છે. કોઈક ગેરહાજર રાજકુમાર હોય અને તેનું રૂપ તે દેવતાએ લીધું હોય તે અસંભવિત નથી. હવે તે હારેલા રાજકુમારના રૂપને ધારણ કરનાર દેવતાએ મહાવીર મહારાજને ખભે ચઢાવ્યા પછી જે વખત સાત તાડનું રૂપ કર્યું હશે અને મહાવીર મહારાજને ડરાવવાનો જ તેનો ઉદ્દેશ હોવાથી જે તે સાત તાડના રૂપમાં ભયંકરતા વ્યાપ્ત કરી હશે તે સામાન્ય વિચારવાળા મનુષ્યથી વિચારશીલની બહારની જ હશે એ સ્પષ્ટ જ છે, અને તેવા ભયંકર સાત તાડના પૈશાચિક ભયંકર રૂપને દેખીને અને તેવા રૂપે શ્રમણ ભગવાન મહાવીર મહારાજને ઉઠાવી લીધેલા હોવાથી તે સાથે રમનારા બાળકોની શી દશા થઈ હશે તે વચનથી અકથનીય જ છે, અને તેથી તે સાથે રમનારા બાળકોની હેબતાઈ ગયેલી દશા મહાવીર મહારાજને દૂર કરવા માટે તે પૈશાચિક રૂપની ઉપર મુષ્ટિપ્રહાર કરવો પડે તેમાં કાંઈ આશ્ચર્ય ગણાય નહિ. જો શ્રમણ ભગવાન મહાવીર મહારાજને માત્ર પોતાનો જ બચાવ કરવો હોત તો તે પૈશાચિક રૂપના ખભા ઉપરથી સરકી ઉતરવું કે કૂદી ઉતરવું તે સહેલો ઉપાય હતો, પણ બારીક રીતિથી તપાસીએ તો સાથે રમનારા છોકરાઓની હેબતાણ મટાડવા અને તેઓને સર્વથા નિર્ભય કરવા ભગવાન મહાવીર મહારાજને પૈશાચિક રૂપ ઉપર મુષ્ટિપ્રહાર કરવો પડ્યો હોય તે સ્વાભાવિક છે.

### ઉત્તમ સ્વપ્નોનો સામાન્ય ફળાદેશ

વાચકે યાદ રાખવાની જરૂર છે કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજા ગર્ભે આવ્યા ત્યારથી જ દેવાનંદાને ચૌદ સ્વપ્નાં આવ્યાં હતાં, અને તેની જો કે તેવી જાહેરાત થઇ નહોતી અને ઋષભદત્ત બ્રાહ્મણે પણ શ્રી દેવાનંદાની આગળ ચૌદ સ્વપ્નોના ફળ કહેતાં માત્ર બ્રાહ્મણ અને પરિવ્રાજકપણાને લાયકના જ ફળો બતાવી સ્વપ્નોનો ફળાદેશ બતાવેલો હતો, પણ બ્યાસી દિવસ પછી ભગવાન મહાવીર જ્યારે ત્રિશલારાણીની કૂખમાં સંહરણ કરીને હરિણગમેષી દેવદ્વારાએ લવાયા ત્યારે પુણ્યવતી માતા ત્રિશલાએ સિંહ વગેરે ચૌદે ઉત્તમ સ્વપ્નો દેખ્યાં. (આ સ્થળે ધ્યાન રાખવાની જરૂર છે કે ચૌદ સ્વપ્નોનો સંબંધ તીર્થંકર કે ચક્રવર્તીના પહેલા દેવ કે નારકીના ચ્યવનની સાથે નથી, પણ માત્ર માતાની કૂખમાં પ્રવેશની સાથે જ ચૌદ સ્વપ્નોનો સંબંધ છે, અને તેથી સૂત્રકારો પણ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે जं रयणीं वक्कमइ कुच्छिंसि महायसो अरिहा અર્થાત્ એ ચૌદ ગજવૃષભાદિક સ્વપ્નો મહાયશવાળા ભગવાન અરિહંત જે રાત્રિએ માતાની કૂક્ષિમાં આવે છે તે રાત્રિએ સર્વ તીર્થંકરની માતાઓ દેખે છે.)

### ગર્ભાપહારને ચ્યવન કલ્યાણક કહેનારાની અજ્ઞાનતા

આ ઉપરથી જેઓ દેવાનંદાની કૂખમાંથી થયેલા ગર્ભાપહારને ચ્યવન કલ્યાણકના નામે કહે છે તેઓને શાસ્ત્રસિદ્ધ ઉર્ધ્વ દેવલોકમાંથી આવનારને માટે ચ્યવન શબ્દ અને અધોલોકમાંથી આવનારને માટે ઉધ્વર્તન શબ્દ જે વપરાય છે તેનો તેમને મુદ્દલ ખ્યાલ લાગતો નથી, અને તેથી તે લોકો એક જૂઠાંને સાચું કરવા બીજાં ચૌદ જૂઠાં બોલવાં પડે એવી લોકોક્તિને અનુસરે તેમાં નવાઇ નથી.

### શ્રીકલ્પસૂત્રના 'સેય' શબ્દથી કલ્યાણક માનનારની ગેરસમજ

વળી તેઓએ એ પણ ધ્યાન રાખ્યું નથી કે કલ્યાણક વખતની સેવા ઇંદ્ર મહારાજે સ્વયં કરેલી છે, જ્યારે ગર્ભાપહારનું કાર્ય હરિણગમેષી દેવ કે જેનું માત્ર કલ્યાણકોની વખતે સુઘોષા ઘંટા વગાડવાનું કાર્ય છે, તેને તે ભળાવવામાં આવ્યું છે. કેટલાક તો કલ્પસૂત્રના सेयं શબ્દને દેખીને તેનો સારું અગર યોગ્ય કે આદરવા લાયક એવો અર્થ છોડીને કલ્યાણક એવો કલ્પિત અર્થ કરવા દોરાય છે તેઓએ પ્રથમ તો એ ધ્યાનમાં રાખવું કે એ ગર્ભાપહારને અકલ્યાણક રૂપ છતાં કલ્યાણક ગણતાં બાકીનાં પાંચ કલ્યાણકોને કાઢી નાખવાં પડશે, કેમકે તેને માટે કોઇ જગા પર सेयं શબ્દ નથી. વળી सेयं નો અર્થ યોગ્યતામાં ન લેવાય તો साहरित्तए એટલે संहर्तुम् એ જગા પર વાપરેલો तुम् પ્રત્યય ક્રિયા અર્થની ક્રિયા પણ નથી અને યોગ્ય અર્થ લેવો નથી, તેથી અપપ્રયોગવાળો જ ગણાશે.

### શ્રીકલ્પસૂત્રના બહુવચનથી ગર્ભાપહારને કલ્યાણક કહેનારા પ્રત્યે

વળી, કેટલાકો हत्थुत्तराहिं એ શબ્દમાં ઉત્તરા ફાલ્ગુનીના બહુવચનને અંગે ગર્ભાપહારનું કલ્યાણક પણ ગણાવી દેવા માગ્યું છે તેઓએ પ્રથમ તો એ ધ્યાન રાખવું જોઇએ કે અહીં એ ગર્ભાપહારને અંગે બહુવચન લઇએ તો चित्ताहिं विसाहाहिं उत्तरासाढाहिं વિગેરે સૂત્રોમાં ગર્ભાપહાર કલ્યાણકને માનવું પડશે. વળી પ્રાકૃતની અપેક્ષાએ એકથી અધિક અને સંસ્કૃતની અપેક્ષાએ બેથી અધિક હોય તો બહુવચન વપરાય છે તો શું ચાર કલ્યાણકને અંગે બહુવચન ન વપરાય કે જેથી બહુવચનના નામે ગર્ભાપહારને કલ્યાણક તરીકે ખોસવું પડે ? વળી ફાલ્ગુનીને અંગે કોશકારોએ વાપરેલા એકવચનને આગળ કરવું તે પણ અણસમજ

ભરેલું છે, કેમકે કોશકારોને તો માત્ર તેની દેવતા જણાવવાનો અધિકાર છે, અને ત્યાં નક્ષત્રની સંખ્યાને અંગે તો બહુવચન વ્યાકરણથી સિદ્ધ જ છે.)

**ગજાદિ સ્વપ્નોના ફળાદેશની મહત્તા**

તત્ત્વથી જો કે મહાવીર ભગવાનના ગર્ભનો ત્રીજો મહિનો હતો તો પણ ત્રિશલારાણીની કૂખે પ્રવેશ તે ત્યાસીમે દિવસે હોવાથી તે રાત્રિએજ ત્રિશલામાતાએ ચૌદ સ્વપ્નાં દેખ્યાં. જો કે મહારાજા સિદ્ધાર્થજીએ તે ગજાદિક ચૌદ સ્વપ્નોનો સામાન્ય રીતે પણ ફળાદેશ મોટા રાજા તરીકે કહેલો છે, પણ બીજે દહાડે બોલાવેલા સ્વપ્નપાઠકોએ કહેલો ફળાદેશ જે તાત્વિક કહેવાય અને જગતમાં જાહેર થનારો ગણાય, તે ફળાદેશ ચાતુરંત ચક્રવર્તી કે ધર્મવર ચાતુરંત ચક્રવર્તીપણાનો જ હતો, અને તેથી દેશ દેશાંતરમાં અત્યંત જાહેરાત થવા પામી હતી કે સિદ્ધાર્થ મહારાજાની રાણી ત્રિશલાનો થયેલો પુત્ર ચક્રવર્તી થશે.

**સાથે રમનારા તે કુમારો કયા ?**

તે સર્વ પ્રસિદ્ધિને પ્રતાપે મહારાજા શ્રેણિક અને માલવાધિપતિ થયેલો એવો ચંડપ્રદ્યોતન વિગેર રાજકુમારો ભગવાન મહાવીર મહારાજની લગભગ સરખી ઉંમરના હોઈ સેવા કરવા હાજર રહેલા હતા. તેઓ પણ જો કદાચ આ સર્પ અને પૈશાચિક રૂપની વખતે હોય કેમકે તેમના માતાપિતાએ તે વખત પણ મોકલ્યા હોય તો તે કાંઈ અસંભવિત નથી.

**પૈશાચિક રૂપને મુષ્ટિ મારવાનો હેતુ**

તત્ત્વમાં ભગવાન મહાવીર મહારાજે તે પૈશાચિક રૂપને મુષ્ટિપ્રહાર કરી સ્વાભાવિક રૂપ કરાવાની ફરજ પાડી તેમાં સ્વસત્ત્વની અધિકતાનું દર્શન કરવવાનો કે પોતાને ભય થયો હતો અને તે ટાળવા માટે પ્રયત્ન કરવાના મુદ્દા કરતાં તે સહચારી રાજકુમારોના ભયને ટાળવાનો મુદ્દો અધિક યોગ્ય ગણાય અને તે રીતે પૈશાચિક રૂપને સ્વાભાવિક રૂપ કરવાની ફરજ પાડવાને માટે કરેલો પ્રયત્ન પણ ભગવાનની પરોપકારવૃત્તિતાને જ જણાવે તો તેમાં કાંઈ અતિશયોક્તિ કે અણઘટતું ગણાય નહિ.

આવી રીતે શ્રમણ ભગવાન મહાવીર મહારાજાનું નિશાળે જવું, સમરવીર જે પોતાના સસરા તેમને મદદ કરવી, નંદિવર્ધનનો શોક ટાળવો વિગેરે અનેક વૃત્તાંતોમાં પરોપકારવૃત્તિતા કેવી રીતે દેખી શકાય છે તે આગળ જોઈશું.


## જાહેર ખબર

| નવીન બહાર પડેલ ગ્રંથો. | | નવા છપાતા ગ્રંથો. |
|---|---|---|
| (૧) તત્ત્વતરંગિણી | ૦-૮-૦ | ૧. ઉપદેશમાલા અપરનામ પુષ્પમાલા |
| (૨) લલિતવિસ્તરા. | ૦-૧૦-૦ | ૨. તત્ત્વાર્થસૂત્ર શ્રીહરિભદ્રસૂરિ ટીકા. |
| (૩) સિદ્ધપ્રભા બૃહદ્વ્યાકરણ. | ૨-૮-૦ | ૩. ભગવતીજી શ્રી દાનશેખરસૂરિ વૃત્તિ. |
| (૪) આચારાંગ પ્રથમ ભાગ | ૩-૮-૦ | ૪. વિશેષાવશ્યક ભાષ્યમ્ |
| આચારાંગ પ્રથમ લેજર કાગળ પર | ૫-૦-૦ | કોટયાચાર્યકૃત ટીકા વિભૂષિતં. |
| | | ૫. ભવભાવના(મલધારી હેમચંદ્ર પ્રણીત સટીક) |
| | | ૬. આચારાંગ સૂત્રવૃત્તિ (દ્વિતીય ભાગ) |

શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત.

# ધર્મ અને તેનાં પરિણામો

(પાના ૫૨૯ થી ચાલુ)

## શાસ્ત્રકારોની દ્રષ્ટિ

એ જ પ્રમાણે શાસ્ત્રકારો પણ એમજ સમજે છે કે તમને જે સુખો મળે છે તે પુણ્યથી જ મળે છે પરંતુ તમે અધર્મ કરીને પાપ બાંધતા રહો તેના કરતાં ઈષ્ટ વિષયોની પ્રાપ્તિને અંગે પણ ધર્મક્રિયામાં જોડાવો એ વધારે ઈષ્ટ છે. કારણકે જો જીવ આજે ઈષ્ટ વિષયો મેળવવાને માટે ધર્મ ક્રિયામાં જોડાયો હશે તો આવતીકાલે તે ધર્મનું ખરું સ્વરૂપ સમજશે અને એમ જાણશે કે વિષયોની દરકાર ન રાખતાં મોક્ષ મેળવવાને માટે જ ધર્મક્રિયાઓ કરવી એ જ સાચો માર્ગ છે એમ જાણીને તે વિષયોને ધ્યેય તરીકે ત્યાગી દેશે અને અંતિમ સ્થાન-મોક્ષ એને માટે જ ધર્માનુષ્ઠાન કરવા માંડશે. આવા ઉદ્દેશથી જ, તમે અધર્મ કરતા રહો અને પાપ બાંધો તેના કરતાં વિષયસુખોની પ્રાપ્તિને માટે પણ તમે ધર્મ કરીને પુણ્ય બાંધો એ શાસ્ત્રકારો ચહાય છે. નાના બાળકને તમે નિશાળે મૂકો છો ત્યારે તેને પતાસાની લાલચ આપો છો, ઘડિયાળની લાલચ આપો છો કે પૈસા તથા મીઠાઈની લાલચ આપીને પણ તેને ભણાવો છો, પરંતુ M. A., B.A. કે L.L.B ની પરીક્ષા આપનારાઓને તમે શી લાલચો આપો છો ? આવી મોટી પરીક્ષાઓ આપનારાઓને લાલચ આપવાની હોતી નથી તેઓ પોતાનું અંતિમ ધ્યેય જાતે સમજે છે અને સમજીને જ ભણે છે.

## ધર્મ કોને કહેવો ?

એ જ પ્રમાણે ધર્મક્રિયાઓમાં પ્રવૃત થયેલો આત્મા જ્યારે ધર્મ એટલે શું ? ધર્મ કોને કહેવો? ધર્મથી શાની પ્રાપ્તિ ઈચ્છવી યોગ્ય છે ? એ બધું સમજશે ત્યારે તે એની મેળે જ વિષયસુખના ધ્યેયપૂર્વકના ધર્માચરણનો ત્યાગ કરશે અને સત્ય સ્થાન રૂપ મોક્ષના ધ્યેયપૂર્વકના ધર્માચરણનો આરંભ કરશે. નિશાળે જતાં પહેલાં તમારો છોકરો તમારી પાસે એવી માગણી કરે કે, "ઘડિયાળ અપાવો તો જ હું તો ભણું નહિ તો જાઉં રખડવા!" તો છોકરાની આવી માગણીનું કારણ એ જ છે કે તે દુનિયાદારીને સમજતો નથી. છોકરાને જ્ઞાનની જરૂર છે પરંતુ તે જ્ઞાનને સમજી શકતો નથી, જ્ઞાનની મહત્તાને જાણતો નથી અને માત્ર પોતાની મોજશોખની વસ્તુરૂપ ઘડિયાળના બરાડા માર્યા કરે છે ત્યારે આપણે એ છોકરાની અને ઘડિયાળ વચ્ચે નિશાળ ઘાલી દઈએ છીએ, કે ભાઈ ! નિશાળે જશે તો તને ઘડિયાળ મળશે તે સિવાય ઘડિયાળ મળવાની નથી. જેમ બાળકને ઘડિયાળનો મોહ હતો તેમ અહીં જીવાત્માઓને રાજપણાનો, દેવપણાનો મોહ હોય છે તે દરરોજ સુશરીર, સારું કુટંબ, સારી આબરૂ, સારા વિષયો, પૈસા, ઐશ્વર્ય વગેરેની બૂમ માર્યા જ કરે છે ત્યારે શાસ્ત્રકારે જાણી લીધું છે આવાને સુધારવાનો આ જ એક માર્ગ છે કે એને રાજાપણાની કે દેવપણાની પ્રાપ્તિને અંગે પણ ધર્મને માર્ગે વાળવો અને એમ ધારીનેજ શાસ્ત્રકારોએ કહી દીધું કે જો તું ધર્મ કરશે તોજ તને પૌદ્ગલિક સમૃદ્ધિ પણ મળશે, ધર્મ વિના તે પણ મળવાની નથી.

## ધર્મક્રિયા શા માટે ?

પણ અહીં બીજી એક વાત ખાસ યાદ રાખવાની જરૂર છે. છોકરો વારંવાર ઘડિયાળને માટે તમારી પાસે માગણી કરતો હોય તો તમે તેને એમ કહો છો કે બેટા ! પાસ થશે તો ઘડિયાળ લાવી આપીશ અથવા તો તું નિશાળ જશે તો તને ઘડિયાળ લાવી આપીશ," પરંતુ તમે તેને એમ કહી દેતા નથી કે તારે આ ઘડિયાળ મેળવવાને માટે જ 'ભણવાગણવાનું, નિશાળે જવાનું અને પાસ થવાનું છે તે જ પ્રમાણે શાસ્ત્રકારો સ્પષ્ટ રીતે એમ જણાવી દે છે કે જે પુણ્ય કરે છે તેને જ પૌદ્ગલિક સમૃદ્ધિ પણ મળે છે પરંતુ કોઈ પણ શાસ્ત્રકાર તમને કદી એમ તો કહેતાં જ નથી કે મહાનુભાવો ! તમે **સાંસારિક સુખો માટે ધર્મક્રિયા** કરો ! અર્થાત્ તમે સાંસારિક સુખો મેળવવાને માટે જ ધર્મક્રિયા કરો ! શાસ્ત્રકાર મહારાજાઓના કથનનો આશય એવો છે કે દુનિયાદારીના સુખની સિદ્ધિ પણ ધર્મદ્વારાએ જ છે પરંતુ તેઓ કદીપણ એવું તો ન જ કહી શકે કે દુનિયાદારીના સુખને માટે ધર્મ કરો ! તમે વિષય તરફ દૃષ્ટિ રાખો તો પણ તમોને ધર્મનું મૂલ્ય તો અવશ્ય આંકવું જ પડે છે. ધર્મનું મૂલ્ય આંકયા વિના તમોને આ જગતમાં કોઈપણ સ્થિતિ યા કોઈપણ સંયોગોમાં ચાલવાનું જ નથી.

## ધર્મ પણ બંધ આપે છે ?

હવે તમોને અહીં એક નવી શંકા ઉઠશે કે વિષયના સુખો પાપ રૂપ છે તે સુખો આત્માને ફસાવનારા છે અને તેને અધોગતિએ લઈ જનારા છે તો પછી પાપરૂપ, ફસાવટરૂપ અને પતિતરૂપ વસ્તુઓનો જનક ધર્મ કેવી રીતે હોઈ શકે ? જો ધર્મ એ ધર્મ છે તો તેણે વિષયસુખો આપવા જ ન જોઈએ અને જો ધર્મ વિષયસુખ આપનારો હોય તો તો **ધર્મ પણ ગરદનમારુ** છે એમ જ તમારે કહેવું પડે. હવે આ વસ્તુનો વિચાર કરીએ. તમે વીજળીના સંચાની મહત્તા અને તેની કાર્યપદ્ધતિ તો જાણો છો. વીજળીનો સંચો ચાલુ કરીએ એટલે તે પાણી અને અગ્નિ એ બંનેને વેગ આપે છે અને બંને વસ્તુઓ ઈલેકિટ્રક કરંટથી કાર્યશીલ બને છે! વીજળી પ્રમાણે જ ધર્મ પણ વિષયસુખનેય મેળવી આપે છે અને શાશ્વત કલ્યાણને પણ મેળવી આપે છે. માત્ર એટલી જ વસ્તુ જરૂરી છે કે ભિન્ન ભિન્ન પ્રકારના ફળોને માટે ભિન્ન ભિન્ન ઉપકરણો હોવા જ જોઈએ અને એ ભિન્ન ભિન્ન ઉપકરણો હોય તો જ તેથી ભિન્ન ભિન્ન પરિણામો નિપજાવી શકાય છે.

## લોકોત્તર દ્રષ્ટિએ

ધર્મ એક જ પ્રકારનો છે પરંતુ બે જુદા જુદા સાધનો મળવાથી તે જુદા જુદા કાર્યો કરે છે. ધર્મ કરનારાઓમાં ભાવના બે પ્રકારની હોય છે. કેટલાક શુભ વિચારના હોય છે અને કેટલાક શુદ્ધ વિચારના હોય છે. અહીં પરિણામ એ ઉપકરણ છે. ધર્મમાં જો પરિણામ શુભ હોય તો એ ધર્મ પુણ્ય બંધાવી દુનિયાના સુખો આપે છે અને જો પરિણામ શુદ્ધ હોય તો તે ધર્મ નિર્જરા કરી મોક્ષના સુખો આપે છે. એથી જ ધર્મના બે પ્રકાર કહ્યા છે. એક પ્રકાર તે પુણ્યધર્મ અને બીજો પ્રકાર તે જ્ઞાનયોગધર્મ, ભગવતીસૂત્રના પાઠમાં જે કાંઈ વિરોધ જેવું લાગે છે તે આ વિચારસરણી લક્ષમાં લેશો તો તરત ખસી જશે.

શ્રીભગવતીજીસૂત્રમાં જે જીવ સાધુઓને શુદ્ધ આહારપાણી વહોરાવે છે તે દેવતાનું લાંબુ આયુષ્ય બાંધે છે એવું શાસ્ત્રકાર મહારાજાએ એક સ્થળે કહ્યું છે ને બીજી જગાએ ત્યાં જ એવું કહ્યું છે કે જે સાધુને સૂઝતું ને શુદ્ધ વહોરાવે તેને એકાંતે નિર્જરા થાય છે પરંતુ જરાય બંધ થતો નથી. બંધ અને નિર્જરા જુદા રૂપે જ છે. હવે પ્રશ્ન એવો ઉપસ્થિત થશે કે એક જ કાર્યમાં બે કારણો કેવી રીતે થઈ શકયા ? શુભ ઉપયોગવાળાને જો પુણ્યબંધ થાય તો દીર્ઘ આયુષ્યની પ્રાપ્તિ થાય છે અને શુદ્ધ ઉપયોગવાળાને એકાંતે નિર્જરા થાય. આથી સ્પષ્ટ થાય છે કે ધર્મની કિંમત લૌકિક અને લોકોત્તર બંને દૃષ્ટિએ છે અને ધર્મ લોકોત્તર દૃષ્ટિ એટલે શુદ્ધ દૃષ્ટિએ જ એક શાશ્વત સુખને આપનારી કલ્યાણદાયક ચીજ છે.

# પૂજ્ય મુનિમહારાજાઓને વિનંતિ.

શ્રી સિદ્ધચક્ર પાક્ષિકના ત્રણે વર્ષો દરમ્યાન લગભગ દરેક સ્થળે પૂજ્ય મુનિ મહારાજાઓને તથા ઘણી લાયબ્રેરીઓને વાંચનનો લાભ મળે તે માટે તત્ત્વપ્રેમીઓની સહાયતાથી આ પક્ષિક ભેટ મોકલવામાં આવે છે.

અમારી પૂજ્ય મુનિમહારાજાઓને આગ્રહભરી વિનંતિ છે. જે આવા અમલૂય જ્ઞાનનો સારો વધુ ને વધુ પ્રચાર થાય અને લોકો આવા સસ્તા પણ અમૂલ્ય જ્ઞાનનો લાભ લે તે માટે તેની ઉપયોગિતા તથા ઉત્તમતા સમજાવી ગ્રાહકો જરૂર વધારવા કૃપા કરશો, જેથી આવા જ્ઞાનપ્રચારના કાર્યમાં અમારો ઉદ્યમ સફળ ગણાશે.

લી. તંત્રી

# ગ્રાહકોને વિનંતિ

અમારા માનવંતા ગ્રાહકો સહેજે સમજી શકે છે કે ફકત બે રૂપિયા જેવા ટુંકા લવાજમમાં આ પત્ર પ્રગટ કરવામાં અમને કેમ પોષાતું હશે ?

આમ પ્રગટ કરવાનું કારણ ફક્ત એકજ છે કે જનતા પરમપૂજ્ય શાસનપ્રભાવક આગમના અખંડ અભ્યાસી સકળ સ્વપરશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધાસ્ત્રાવી આગમોદ્ધારક આચાર્ય દેવ શ્રીમદ્ સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજાની હૃદયસ્પર્શી યુક્તિ પ્રયુક્તિ સહિત સકળ આગમના ગૂઢ તત્વોથી ભરપૂર અત્યાર સુધી કદી પણ પ્રગટ નહિ થયેલ અને કોઈપણ સ્થળે અપ્રાપ્ય એવું સુંદર અને સ્પષ્ટ જ્ઞાનનો બને તેટલો વધુ લાભ લઈ શકે તે માટેજ તત્વપ્રેમીઓની ઉદારતાથી જ આવા ટુંકા લવાજમમાં પ્રગટ કરીએ છીએ.

માટે અમારા તત્વપ્રેમી વાંચકોને આગ્રહભરી વિનંતિ છે કે તેઓ પોતે ગ્રાહક બનવા સાથે બીજાને પ્રેરણા કરી તેની ઉપયોગિતા તેમજ ઉત્તમતા સમજાવી ગ્રાહક બનાવી ધર્મમાં રક્ત બનાવવાનો લાભ લેવા સાથે અમારા અમૂલ્ય જ્ઞાનપ્રચાર કરવાના પ્રયાસને ઉત્તેજન જરૂર આપશે જ. આશા છે કે દરેક ગ્રાહક નવા બે ગ્રાહક જરૂર બનાવશે જ. તંત્રી.

# સુધા-સાગર

૧૧૪૬ બાહ્ય અને અભ્યંતર બન્ને પ્રકારનો તપ કર્મક્ષય, કેવલજ્ઞાન ને મોક્ષનું અનુપમ સાધન છે.

૧૧૪૭ કર્મોની અકામ કે સકામપણે નિર્જરા થયા સિવાય જીવ કોઈ દિવસ પણ સમ્યગ્‌દર્શનાદિ ગુણોમાંથી કોઈપણ ગુણને પ્રાપ્ત કરી શકતો નથી.

૧૧૪૮ સમ્યગ્‌દર્શન સમ્યગ્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર એ ત્રણે મોક્ષના અપૂર્વ સાધન છે છતાં નિર્જરાને માટે તે સિવાયનું કારણ જો કોઈ હોય તો તે લાંબા કાળના સંચિત, નિધત્ત ને નિકાચિત કર્મોને સર્વથા ક્ષય કરી આત્માને પરમપદ સમર્પણ કરનાર તપજ છે.

૧૧૪૯ આઠ પ્રભાવકોમાં 'તપસ્વી' પ્રભાવક અટ્ઠમ આદિ વિકૃષ્ટ તપસ્યાવાળાને જણાવેલ છે.

૧૧૫૦ શ્રાવકસંસ્થાને અંગે પ્રાવચનિકપણું વિગેરે ન હોવાથી ઔદાર્ય આદિના યોગ રાજામહારાજાને મળી અમારિપડહ વગડાવવા એ શાસનપ્રભાવનાનું કાર્ય છે.

૧૧૫૧ મતિ આદિ પાંચે જ્ઞાનોના પ્રકાર છતાં પણ જો કોઈ સ્વ અને પરનું નિરૂપણ કરનાર દીવા સમાન જ્ઞાન હોય તો તે શ્રુતજ્ઞાનજ છે.

૧૧૫૨ રથયાત્રા, તીર્થયાત્રા, સંઘપૂજા અને શાસનપ્રભાવના આદિ કૃત્યોદ્વારાએ દર્શનપદની આરાધના થાય છે.

૧૧૫૩ મતિજ્ઞાનાદિની પણ સમૃદ્ધિ શ્રુતજ્ઞાનથી જ છે.

૧૧૫૪ મિથ્યાત્વાદિ કર્માદિકનો આદરભાવ જીવોને આત્મકલ્યાણ સાધવાના માર્ગમાં હોતો નથી.

૧૧૫૫ ગુણ અને ગુણી બંને ઉપર રાગ કરવો જોઈએ ને તે પ્રશસ્તરાગ કહેવાય.

૧૧૫૬ જિનેશ્વર મહારાજની જેટલે જેટલે અંશે તીવ્ર, તીવ્રતમ ભક્તિ થાય તેટલે તેટલે અંશે પૂર્વક કાળનાં બાંધેલાં જ્ઞાનાવરણીયાદિ કર્મોનો નાશ થાય છે.

૧૧૫૭ મિથ્યાત્વ, અવિરતિ, અજ્ઞાન, ક્રોધાદિક કષાયો અથવા જ્ઞાનાવરણીયાદિ કર્મો ઉપર કરાતો દ્વેષ તે પ્રશસ્તદ્વેષ કહેવાય છે.

૧૧૫૮ મિથ્યાદર્શન આદિ અવગુણવાળા જીવો ઉપર ધરાતો દ્વેષ એ પ્રશસ્તદ્વેષ કહેવાય નહિ.

૧૧૫૯ સમ્યગ્‌દર્શનાદિ ગુણવાળી ગુણી ઉપર ભક્તિ આદિ આરાધનાદ્વારાએ રાગ કરવાથી પ્રમોદભાવનાનો વિષય થાય છે, તેમ મિથ્યાદર્શન આદિ અવગુણ કરવો એ કોઈપણ ભાવનાનો વિષય નથી.

૧૧૬૦ મિથ્યાદર્શન આદિ અવગુણોવાળા પ્રશસ્તદ્વેષનું સ્થાન નથી પણ કરૂણા અને માધ્યસ્થભાવનાનું સ્થાન છે.

૧૧૬૧ શ્રેણી માંડી કેવલજ્ઞાન પામનાર જીવને સત્તામાં રહેલ નિકાચિત કર્મોને ક્ષય કરવાની તાકાત છે.

૧૧૬૨ પહેલાં ખરાબ આચરણ કે ખરાબ પરાક્રમથી કરેલાં પાપકર્મોનો ક્ષય વેદવા સિવાય થતો નથી, અથવા તપસ્યાથી નાશ કરવાથી તેનો ક્ષય થાય છે.

૧૧૬૩ ભવ્ય જીવોને મોક્ષની પ્રાપ્તિના સાધન તરીકે દર્શન જ્ઞાન, તપ ને ચારિત્ર છે.

૧૧૬૪ સર્વ કર્મનો ક્ષય કરવાનો માટે તપ જેવી કોઈપણ ઉપયોગી ચીજ સંસારભરમાં નથી.




# આત્મા અને તેનું સ્વરૂપ

**આત્માના સ્વરૂપની માન્યતા વિષે જૈનેતર શાસનોની માન્યતા. એ વિષય પરત્વે જૈનશાસન શું કહે છે ? ધર્મ ઉપર આત્માનો અધિકાર કેટલે અંશે છે ? જગતમાં ધર્મને નામે પ્રવર્તેલા અનેક પાખંડો. ગુણ અને ગુણી એક બીજાનો ત્યાગ કરી શકે કે નહિ ? આત્માના દર્શન-આત્મસાક્ષાત્કાર કોણ કરી શકે ? ગણધર મહારાજા ગૌતમસ્વામી અને બ્રાહ્મણોનો એક પ્રસંગ. ધર્મને સમજવા પહેલાં આત્માને સમજવાની જરૂર છે. આત્માને પ્રત્યક્ષ તેના શુદ્ધ સ્વરૂપમાં તો ફકત સર્વજ્ઞો જ દેખી શકે છે.**

**તમારી વસ્તુ છતાં તે પર તમારો હક નથી.**

શાસ્ત્રકાર મહારાજા ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ આપતાં વારંવાર આ વસ્તુને સુજ્ઞ જનોના કલ્યાણને માટે જણાવી ગયા છે કે તમારી માલિકીની કોઈ વસ્તુ હોય, એ વસ્તુ ઉપર કબજો ભોગવટો તમારો હોય છતાં એ વસ્તુના સદુપયોગાદિ કેવા પરિણામો નિપજાવે છે તે વાત ખ્યાલમાં ન હોય અને એ વસ્તુ ખ્યાલમાં લેવાને માટે તમે યોગ્ય પ્રયત્ન કરી શકવાની પણ સ્થિતિમાં ન હો; તો તમારી માલિકીની અને તમારા કબજા ભોગવટાની વસ્તુનો પણ વ્યવહાર કરવાનો અથવા તેની વ્યવસ્થા કરવાનો તમને હક મળતો નથી. એ જ પ્રમાણે ધર્મ એ પણ આત્માની પોતાની ચીજ હોવા છતાં કર્મોથી વીંટાયેલા અજ્ઞાન આત્માઓને એ ધર્મની વ્યવસ્થા કરવાનો પણ સ્વતંત્ર હક નથી. ધર્મ એ આર્યદેશોમાં તો અતિપ્રસિદ્ધ એવી ચીજ છે. ધર્મ માત્ર અનાર્યક્ષેત્રમાં જ જાણીતો ના હોય એવી ચીજ છે. અનાર્યોનું લક્ષણ જ એ છે કે જેમને કાને "ધર્મ" એવા બે અક્ષરો સરખા પણ પડેલા હોતા નથી એટલુંજ નહિ પરંતુ તેમને સ્વપ્નમાં પણ ધર્મ એવા શબ્દો

સાંભળવા મળેલા હોતા નથી. આવું અનાર્યોનું લક્ષણ હોવાથી એક માત્ર અનાર્ય ક્ષેત્રમાં જ ધર્મ અપ્રસિદ્ધ છે. આર્યક્ષેત્રમાં ધર્મ અપ્રસિદ્ધ નથી છતાં એ ધર્મની સ્વતંત્ર વ્યવસ્થા કરવાનો તમને હક નથી.

## ધર્મની પરીક્ષા દુષ્કર છે.

ધર્મની પરીક્ષા કરવી એ બજારમાંથી સવાશેર ભીંડા ખરીદવા જેવી સરળ વાત નથી, કારણ કે ધર્મ એ ઈન્દ્રિયોની સહાયતાથી પારખી શકાય એવી વસ્તુ નથી ધર્મ એ ગંધ, રસ, સ્પર્શ ઇત્યાદિવાળો પદાર્થ નથી. જો તે ગંધ, રસ ઇત્યાદિથી યુક્ત પદાર્થ હોત તો તો તેની પરીક્ષા ઈન્દ્રિયો દ્વારા સરળતાથી થઈ શકત, પરંતુ તેમ ન હોવાથી, ધર્મની પરીક્ષા કરવાનું કાર્ય મહાદુષ્કર બનેલું છે. ધર્મની સત્યાસત્યતા ઉપર વરસો થયાં વાદવિવાદ ચાલે છે. એક કહે છે તારો ધર્મ ખોટો છ અને બીજા કહે છે કે તારો ધર્મ ખોટો છે. ધર્મના ક્ષેત્રમાં આવો વિતંડા થવાનું કારણ એ છે કે ધર્મએ કાંઈ સ્થૂલ વસ્તુ નથી. ધર્મમાં તમે જેવો વાદ જુઓ છો તેવા વાદ તમે સંસારના સ્થૂળ પદાર્થોમાં નિહાળી શકતા નથી. એનું કારણ એ જ છે કે સંસારના પદાર્થો સ્થૂલ હોઈ તેમની સ્થૂલતાને લીધે એમની પરીક્ષા ઈન્દ્રિયગમ્ય છે અને ઈન્દ્રિયગમ્ય હોવાથીજ તે પરીક્ષા અત્યંત સુલભ છે.

## છે કોઇ એવો ફિલોસોફર !

આ જગતના સ્થૂલ પદાર્થોમાં એવો વાદ કરનારો કોઇ નીકળ્યો નથી કે તે લીમડાને મીઠી કેરીનું વૃક્ષ સાબિત કરી આપે, રેશમની સાડી હોય તેને આ સૂતરની સાડી છે એમ પ્રતિપાદવાને કોઈ તૈયાર ન જ થાય ! અને એવું જો કોઈ પ્રતિપાદન કરનારો નીકળે તો તેનું તે પ્રતિપાદન જગતમાં ઘડીભર પણ ન જ ટકી શકે. કોઇપણ તત્વવેત્તા કે ફિલોસોફર એવો નથી પાક્યો કે તે કડવા સ્વાદને મીઠો સ્વાદ કહે અને મીઠા સ્વાદને કડવો સ્વાદ કહે ! ! કોઈએ આજ સુધીમાં પુષ્પની ચારે બાજુએ મહેકી રહેતી સુવાસને દુર્ગંધ કહી નથી અથવા તો ગંધાતા કાદવની મહાભયાનક બદબોને સુવાસ કહી નથી. એ જ પ્રમાણે કોઇએ સુવર્ણને પિત્તળ કહ્યું નથી અને પિત્તળને કોઈ સુવર્ણ કહ્યું નથી. આવો અનર્થવાદ કોઇને નથી કર્યો પરંતુ ધારો કે તેવું કહેનારો પણ કોઇ નીકળ્યો હોત તો તેનો એ નવમતવાદ જગતમાં એક સેંકડ પણ ટકયો ન હોત અને તેવું કહેનારાને જગતે મૂર્ખો જ કહ્યો હોત !

## ધર્મ ઇન્દ્રિયગમ્ય છે કે નહિ ?

દુન્યવી પદાર્થો માટે વાદવિવાદ સંભવતો નથી, એટલું જ નહિ પરંતુ જે વિષયો ઈન્દ્રિયગમ્ય છે તેની સત્યતા ઉપર આવવું એ એક ક્ષણનું જ કાર્ય છે અને જેઓ એવી સત્યતાને ઇન્કાર કરવા નીકળે છે તેમના પક્ષનો સૌ કોઇ ત્યાગ જ કરી દે છે. હવે વિચાર કરો કે સુગંધ, દુર્ગંધ, કડવાશ, મીઠાશ ઇત્યાદિ વસ્તુઓ પરત્વે જેવો વાદ નથી તેના કરતાં ઘણો જ ભવ્ય અને ઘણો જ ગંભીર વાદ ધર્મના વિષયમાં શા માટે પ્રવર્તેલો છે ? કારણ એટલું જ છે કે ધર્મ એ ઈન્દ્રિયાતીત વસ્તુ છે, અને ધર્મ એ ઈન્દ્રિયાતીત વસ્તુ હોવાથી જ એ સંબંધમાં ભારે ગોટાળા ઉભા થયા છે. જેઓ ધર્મને નામે દુરાચારો અનાચારો અથવા તો અપરમાર્થિક વસ્તુઓને પોષી રહેલા છે. તેઓ પણ પોતે જે વસ્તુને માને છે તે અધર્મ છે, એ વસ્તુ ખોટી છે અથવા અયોગ્ય છે એવું માનીને તે વસ્તુને માન્ય રાખતા નથી, પરંતુ પોતાની અયોગ્ય માન્યતાઓ અને વિચારો એ જ સત્ય છે અને તે જ સનાતન અતીતકાળથી ચાલી આવેલો અને સત્ય ધર્મ છે એમ જ તેઓ માને છે.

### માત્ર માની લીધેલું સત્ય

પોતાનો સંપ્રદાય અથવા ધર્મ ભૂલવાળો છે, સમજીને તેને કોઇ અનુસરતું જ નથી, પરંતુ અજ્ઞાનતાથી આત્માઓ ઠગાય છે અને અજ્ઞાનતાથી જ અસત્યને સત્ય માનીને તેની સેવા કરવાને માટે દોરાય છે. અજ્ઞાનતાથી આત્માઓ સત્યને અસત્ય અને અસત્યને સત્ય માને છે અને તે પછી પોતે કરેલા નિર્ણયને વળગી રહેવાનો આગ્રહ રાખે છે. જગતમાં ધર્મની પરીક્ષા કરવામાં ભેદ રહેલો છે અને એ ભેદનું કારણ ધર્મની પ્રત્યેક આત્મા માટેની અગમ્યતા જ છે. સંસારમાં વિષયોની પરીક્ષામાં બે ભેદ નથી, તેમાં અસત્ય કહેવાને માટે કોઇ પ્રવૃત્તિ કરતું નથી અને કદાચ તેવી પ્રવૃત્તિ કોઇ કરે તો જગત તેને ટેકો આપતું નથી. સામાન્ય વ્યવહારમાં અસત્ય નથી ચાલી શકતું, ત્યારે દુર્ભાગ્યે ધર્મની બાબતમાં ગાડેગાડાં અસત્ય ચાલ્યું જાય છે અને ધર્મને નામે જે અસત્ય કહેવાય છે તેને ઘણા લોકો આંખો મીંચીને આનંદપૂર્વક સ્વીકારી લે છે ! એટલું જ નહિ પરંતુ પોતે માની લીધેલા સત્યની ખાતર એક બીજાના ગળાં કાપવા પણ તૈયાર થઇ જાય છે !

### જો ધર્મ ઇન્દ્રિયગમ્ય હોત તો....

ધર્મ એ જો બાહ્ય ઈન્દ્રિયોનો વિષય હોત તો તો તેના સંબંધમાં વિશેષ ઉહાપોહને અવકાશ જ ન રહ્યો હોત અને અસત્ય "અસત્ય" તરીકે જાહેર થઇ જ જવા પામ્યું હોત ! પરંતુ ઈન્દ્રિયગમ્યતાથી સેંકડો ગાઉ દૂર રહેલો ધર્મ પ્રત્યેક મનુષ્ય ઓળખી શક્યો નથી અને તેથી જ આજે જગતમાં સુખ અને શાંતિ સ્થાપવાને બદલે ધર્મોનો શંભુમેળો થયેલો જ આપણે જોઇએ છીએ અને તેથી જ સત્યરાહ પર આવવાને બદલે જનતા વધારે અને વધારે પ્રમાણમાં કાંટાળો કર્મ માર્ગનો પ્રવાસ કરી રહી છે. દરેક માણસ જ્યાં સુધી તે અજ્ઞાન છે ત્યાં સુધી તેની કેન્દ્રિત વિચારમર્યાદામાં ઉભેલો છે. દૃષ્ટિની વિશાળતા અજ્ઞાનીને અગમ્ય છે અને તેથી જ આપણા શરીરમાં કાંઇ રોગ થયો હોય તો તે રોગ પારખવાને માટે આપણે અશક્ત નિવડીએ છીએ. જે આત્મા બહારના બધા પદાર્થોની પરીક્ષા એક મિનિટમાં જ પૂરી કરી દે છે તે આત્મા પણ પોતાના શરીરમાં ઉદ્‌ભવેલા રોગને વરસોના વરસો વીતી જાય તો પણ નથી પારખી શકતો !

### બે અને બે ચાર જેવા !

શરીર એ બાહ્ય પદાર્થ છે તો પણ આ આત્મા તેની પરીક્ષા વરસોના વરસો જાય તે છતાં નથી કરી શકતો, તો પછી તે ધર્મ કે જે શરીરમાં અમૂર્તપણે અવ્યક્તપણે રહેલો છે તેની પરીક્ષા ક્યાંથી અને કેવી રીતે જ કરી શકવાનો હતો ? જગતના બાહ્ય પદાર્થો બેને બે ચાર જેવા છે. તેનો વાદ નિશ્ચિત થયેલો છે. તેનો માર્ગ નિશ્ચિત થયેલો છે, તેમાં કોઇ અસત્ય કહી શકતું નથી અને એ વિષયમાં અસત્ય કહેવું જગતમાં ચાલતું પણ નથી. બાહ્ય પદાર્થોમાં અસત્ય નથી ચાલી શકતું તે જ પ્રમાણે ધર્મ એ પણ જો બાહ્ય પદાર્થ હોત તો તો તેમાં પણ અનર્થ ન જ ચાલી શકયો હોત અને તેમાં અસત્ય બોલવાપણું પણ ન રહ્યું હોત, પરંતુ ધર્મની ઈન્દ્રિયોથી અગમ્યતા એજ તેના પરત્વેના વિધવિધ વિચારોનું મૂળ છે અને તેથી જ એ સંબંધમાં તેજ મહાપુરુષ કોઇ નિશ્ચય જાહેર કરી શકે છે કે જે ઈન્દ્રિયગમ્યતાથી વધારે ઉંચા પ્રકારના જ્ઞાનને મેળવી શકયા છે, જેણે એવું જ્ઞાન નથી મેળવ્યું તેવો આત્મા આ સંબંધમાં બેશક આંધળાભીંત જેવો છે.

### ધર્મની પરીક્ષા દુષ્કર છે.

તમે માંદા પડો છો અને તમારું શરીર તપાસવા દાકતરને બતાવો છો ત્યારે માણસોની

પામરતા તમારા ખ્યાલમાં આવે છે. દાકતરો એક જ જાતના પુસ્તકો ઉપરથી, એક જ પદ્ધતિએ શિખવાતા શિક્ષણ ઉપરથી શરીરશાસ્ત્ર ભણેલા છે તે છતાં તેઓ એક જ શરીરની એક જ માંદગીને માટે એક જ અભિપ્રાય દર્શાવી શકતા નથી પરંતુ ભિન્ન ભિન્ન અભિપ્રાયો આપે છે. જગતનો બાહ્ય પદાર્થ શરીર કે જે સ્થૂલ દૃષ્ટિને માટે પણ નિરીક્ષણસુલભ છે તેને માટે પણ પંડિતો એક સરખો જ અભિપ્રાય નથી આપી શકતા તો પછી આત્મા જેવી અતીન્દ્રિય વસ્તુ અને તેની માલિકીનો અવ્યકત એવો ધર્મરૂપ પદાર્થ તેના સંબંધમાં દરેક જ માણસ સનાતન સત્ય ન ઉચ્ચારી શકે તો તેમાં કાંઈ આશ્ચર્ય નથી. બાહ્ય વિષયોની પરીક્ષા તો સુલભ છે કારણ કે બાહ્ય વિષયો તો રૂપ, રસ, ગંધ, ઈત્યાદિ પરથી પારખવાના છે. શરીરનો પરીક્ષક શરીરને નાડી, હૃદયનો વેગ અને તેમાં થઈ રહેલા રસરકતાદિ ધાતુઓના વ્યાપારથી પારખી શકે છે. ધર્મમાં એવું કાંઈ જ નથી તેથી જ ધર્મની સમીક્ષા મહાદુષ્કર છે.

## ધર્મની પરીક્ષાનો અધિકાર.

ધર્મનો પરીક્ષક ધર્મના રસ, રૂપ, ગંધને પારખી શકતો યા નિહાળી શકતો નથી. હાથમાં ધર્મની નાડી પકડી લઈને તે ધર્મને તાવ થયો છે કે શરદી થઈ છે એવું કહી શકવાની સ્થિતિમાં પણ નથી, પરંતુ ધર્મની પરીક્ષા કરનારાને બીજી જ સામગ્રીઓ ઉપર ધ્યાન આપવું પડે છે. ત્યારે વિચાર કરો કે ધર્મના નિરીક્ષકને કઈ કઈ વસ્તુઓ તપાસવાની હોય છે ? ધર્મ એ આત્માની માલિકીની વસ્તુ હોવાથી ધર્મને જોનારાને પહેલવહેલો આત્મા જોવો જાણવો પડે છે. સૌથી પહેલાં આત્માનો સ્વભાવ જાણવાની જરૂર છે. આત્માનો સ્વભાવ જાણ્યા પછી આત્માને થયેલા નુકશાનો જોવા જાણવા પડે છે. એ નુકશાન પ્રત્યક્ષ થયા પછી એ નુકશાન શાથી થયું છે તે વસ્તુ જોવાની જરૂર પડે છે. નુકશાનના કારણો હઠવાથી આત્મામાં કયા કયા ગુણો પ્રકટ થાય છે તે તપાસવું પડે છે. આટલી સઘળી બાબતો જે તપાસી શકે છે તે જ આત્માને જાણી શકે છે અને એવો આત્માને જાણેલો મહાપુરુષ હોય તે જ આત્માને જાણ્યા પછી આત્માની માલિકીનો એવો જે ધર્મ તેને સત્યસ્વરૂપે પારખી શકે છે.

## એવા પરીક્ષક જવલ્લે જ મળે !

ધર્મની પરીક્ષા કેવી મુશ્કેલ અને કેવી વિચિત્ર છે તે આ ઉપરથી માલમ પડી આવે છે. જે કોઈ આત્મા જેવા અતીન્દ્રિય પદાર્થો, તેનો ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ પારખી શકે છે તે જ વ્યકિત ધર્મની પરીક્ષા કરી શકે છે. ધર્મની પરીક્ષા આવી દુષ્કર હોવાથી એવા પરીક્ષા કરનારાઓ આ જગતમાં જવલ્લે જ મળી આવવાના! પાઠશાળામાં જેમ જેમ ઉપલા ધોરણો તરફ જોઈએ છીએ તેમ તેમ આપણને વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી ને ઓછી થતી માલમ પડે છે. પ્રાથમિક શાળાઓમાં જોઈએ છીએ તો વિદ્યાર્થીઓ સંખ્યાબંધ હોય છે, માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા તેનાથી પણ ઓછી હોય છે અને પાઠશાળા કોલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યા તેના કરતાંએ ઘટી જાય છે અર્થાત્ જેમ જેમ ધોરણો ચઢતા જાય છે તેમ તેમ વિદ્યાર્થીઓની-પરીક્ષા આપનારાઓની સંખ્યામાં ઘટાડો જ થતો જાય છે. હવે સાધારણ બુદ્ધિથી પણ તમે એ વાતનો ખ્યાલ લાવી શકશો કે જો પરીક્ષા આપનારાઓ જ પ્રતિ વર્ષે શ્રેણી પ્રમાણે ઓછા થતા જાય છે તો પછી જ્યાં પરીક્ષા આપનારાઓ ઓછા હોય ત્યાં પરીક્ષા લેનારાની સંખ્યા તો પરીક્ષા આપનારાઓ કરતાં ઓછી જ હોવાની !

## અહીં પણ દૂધ-પાણી ભેળાયાં છે !

ધર્મની પરીક્ષા કરનારો પણ તે જ આત્મા

હોઇ શકે કે જે આત્મા ધર્મ, પુણ્ય પાપ વગેરે અતિ સૂક્ષ્મ ઈન્દ્રિયાતીત, અને અમૂર્ત પદાર્થોને પ્રત્યક્ષ જોઇ શકે. આ સઘળાને જે પૂરી રીતે જાણે છે તે જ વ્યક્તિ ધર્મને અને અધર્મને પારખીને તેને જુદા પાડી શકે છે. જગતના વ્યવહારને તમે જુઓ છો કે દૂધ અને પાણી બંને ભેળવાઇ ગયાં હોય તો તેને જુદાં પાડવાં અતિ મુશ્કેલ છે. દૂધ અને પાણી બંને સ્થૂલ પદાર્થ છે બંને જગતના દૃશ્ય પદાર્થો છે તે છતાં જો તે ભેળાઇ ગયાં હોય તો જે પ્રમાણમાં ભેળાયાં હોય તે જ પ્રમાણમાં તેને છૂટા પાડીને તેને જુદાં બતાવવાનું કાર્ય કરવા માટે આજનું વિજ્ઞાન પણ નિષ્ફળ જાય છે તો પછી આત્મા અને કર્મ જેવા બંને અમૂર્ત પદાર્થો, બંને માત્ર જ્ઞાનથી જ જાણી શકાય એવા પદાર્થો છે. તે ભેળાઈને સમરસ બની ગયા છે તેને જુદા પાડી બતાવવાનું કાર્ય તો મહામુશ્કેલ હોય અને તેવું મુશ્કેલ કાર્ય સાધ્ય કરનારો કરોડે એક પણ ન પાકે તેમાં શું આશ્ચર્ય?

## એ તો ધર્મ નહિ, પણ નાટક છે !

તમે ઉપરની ચર્ચા પરથી જોયું હશે કે ધર્મની પરીક્ષા કરવાનું કાર્ય શાકભાજી લાવવા જેવું સરળ નથી. અત્યંત મોટી અને મહાનમાં મહાન લાયકાતની એમાં જરૂર છે અને તેથી જ જ્યાં સુધી તમારામાં એવી લાયકાત ન આવે ત્યાં સુધી તમે ધર્મમાં સુધારો કરવા નીકળો એમાં તમારી મૂર્ખાઈ જ વ્યક્ત થાય છે ! જ્યાં સુધી આત્મા અને કર્મને જુદા પાડવાની તાકાત તમારામાં નથી આવી ત્યાં સુધી તમે ધર્મની વાત કરો તો તમારો એ ધર્મ તે અસલી ધર્મ નથી જ, પરંતુ નકલી ધર્મ છે એમજ તમારે સમજી લેવાનું છે. તમે ધર્મની ક્રિયાઓ કરો, ધર્મ સાંભળો, ધર્મસભાઓ ભરો કે પરિષદો ભરો, પરંતુ તમારી તે સઘળી પ્રવૃત્તિ નાટક રૂપ હોઇ જો તમે ધર્મતત્વને જ તેના શુદ્ધ સ્વરૂપમાં ન જાણી શક્યા હોય તો એ સઘળી પ્રવૃત્તિ જ નિષ્ફળ છે.

હવે વિચાર કરો કે ધર્મનું આવું મુશ્કેલ તત્વ તે કોણ પારખી શકે ? આ પ્રશ્નનો જવાબ એક જ હોઇ શકે કે જે આત્મા સર્વજ્ઞ છે, જેણે સર્વકાળને વિષે ત્રણે લોકનું સર્વવસ્તુનું સંપૂર્ણ જ્ઞાન મેળવ્યું છે તેવો જ આત્મા સર્વના મૂળરૂપ ધર્મને પારખી શકે છે.

## સર્વજ્ઞ ભગવાન એકલા જ !

માત્ર મોઢેથી આત્મા આત્મા એટલું બોલવું તે બસ નથી. આત્માને જાણવો જોઈએ. આત્માને જાણીને તેને ઓળખવો જોઇએ. આત્માને અમુક કારણથી કર્મ લાગ્યાં છે, એ કર્મ અમુક પ્રકારે ખસે છે, એ કર્મો ખસવા માંડે ત્યારે ગુણસ્થાનકોની શ્રેણીની પ્રાપ્તિ થાય છે. આત્માના કર્મો ખસે છે અર્થાત્ જેટલે જેટલે અંશે કર્મોનો નાશ થાય છે તેટલે તેટલે અંશે આત્માને અમુક પ્રકારના ઉચ્ચ, ઉચ્ચતર, ઉચ્ચતમ ગુણોની પ્રાપ્તિ થાય છે અને તે સર્વ ગુણોની પ્રાપ્તિ થયા કેડે આત્મા સ્વસ્વરૂપ પ્રાપ્ત કરે છે આ સઘળી વાતો પહેલાં જાણવી જોઇએ. જ્યારે આત્મા આવી સઘળી વિગતો જાણે છે ત્યારેજ તે ધર્મનો પરીક્ષક થઇ શકે છે. હવે વિચાર કરો કે ઉપરોક્ત બાબતો કોણ જાણી શકે? માત્ર સર્વજ્ઞ ભગવાન ! માત્ર સર્વજ્ઞ ભગવાનો જ આ સઘળી બાબતોને જાણી શકે છે, કારણ કે સર્વજ્ઞ ભગવાનોને અતીત, અનાગત અને વર્તમાનકાળનો પૂર્ણ ખ્યાલ હોય છે. તેઓ રૂપી, અરૂપી, સૂક્ષ્મ, બાદર વગેરે સઘળું જાણી શકે છે અને એ સઘળાં તત્વોને તેમણે સ્વાનુભવેલાં તથા પ્રત્યક્ષ નિહાળેલાં છે.

## આંધળો ઇંટ ફેંકે છે !

સર્વજ્ઞતાની પ્રાપ્તિ થયા પછી તે આત્મા ધર્મકથન કરવા બેસે તેમાં તો કાંઇ આશ્ચર્ય જ નથી, પરંતુ સર્વજ્ઞતાની પ્રાપ્તિ થયા વિના પણ કોઇ આત્મા જો ધર્મનું કથન કરવા બેસે તો તેની પ્રવૃત્તિ આંધળો ઈંટ ફેંકે તેના જેવી જ છે. દૃષ્ટિની

શુદ્ધતાવાળો માણસ જોઈને, વિચાર કરીને, નિશાન તાકીને ઈંટ ફેંકે તો તે પોતાનું ધારેલું કાર્ય કરી શકે છે, પરંતુ તેનું જોઈને આંધળો પણ ઈંટ ફેંકે તો તે નિશાન મારવાને બદલે કોઈનું માથું ફોડી બેસે ! ધર્મના વિષયમાં ઠંડાપહોરનાં ગપ્પાં મારનારાઓ આવા આંધળો ઈંટ ફેંકે તેના જેવા છે ! સર્વજ્ઞની દિવ્યદૃષ્ટિ ખૂલી ગઈ છે. તેઓ સત્ય અને અસત્યને જોઈ શક્યા છે. અરૂપી ધર્માસ્તિકાયાદિ પદાર્થોને સર્વજ્ઞ ભગવાનોએ સાક્ષાત્ જોયા છે. ત્રણે કાળને વિષે, ત્રણે લોકને વિષે, જે કાંઈ છે, જે કાંઈ નથી તે સર્વજ્ઞ ભગવાનોએ જોયું જાણ્યું છે એટલે તેઓ ધર્મ કહે એ દેખાતાએ તાકેલા નિશાન બરાબર હોઈ તેમને એવી રીતે ધર્મ કહેવાનો સંપૂર્ણ હક્ક છે કારણ કે તેમણે ધર્મ જાણ્યો છે.

## મૂળ વસ્તુનું મૂલ્ય સમજો.

હવે જેણે આવા અરૂપી પદાર્થો, આત્મા, કર્મ વગેરે ન જાણ્યા હોય તે પણ વ્યાસપીઠ પર છલાંગ મારી ચઢી જાય અને ધર્મનું સ્વરૂપ કહેવા બેસે તો તે મૂર્ખાઈ જ કહેવાય કે બીજું કાંઈ ? ધર્મ એક જ છે, સત્ય એક જ છે, સાચી વસ્તુ એકજ છે અને તે ભગવાન તીર્થંકર દેવોએ કહેલી છે, પરંતુ તેમના એ કથન ઉપરથી નકલ કરનારાઓ સેંકડો નીકળી પડયા છે. અસલ વસ્તુ કાંઈ બે ચાર હોતી નથી. અસલ વસ્તુ એક જ હોય છે, પરંતુ તેના પરથી નકલ કરવામાં આવેલી નકલો લાખો અને હજારો હોય છે ! નાટકમાં પણ અસલ વસ્તુ એક જ હોય છે, પરંતુ તે ઉપરથી થયેલા નાટકો તો પાંચ પચાસ હોય છે ! એ જ ન્યાયે ભગવાન્ શ્રીજિનેશ્વર દેવોએ કહેલો સત્ય ધર્મ એક જ છે, પરંતુ તેના પરથી થયેલી નકલો બે ચાર જ નહિ પણ સેંકડો બની ગઈ છે, પરંતુ અહીં યાદ રાખવાનું છે કે નકલ ભલે સેંકડો થઈ હોય, પરંતુ તેથી કાંઈ સત્યરૂપ મૂળ વસ્તુ છુપાવી શકાતી નથી, તે જ પ્રમાણે જિનેશ્વર દેવોના કથનની પણ ભલે લાખો નકલો થઈ હોય પરંતુ તેથી કાંઈ ભગવાન જિનેશ્વરોની વાણીરૂપ મૂળવસ્તુની કિંમત ઘટી શકતી નથી.

## આપણી આજની કમનસીબી

જગતમાં સર્વદર્શી સર્વજ્ઞપણું છે એ વાત સત્ય, શુદ્ધ અને જગતના સઘળા બુદ્ધિમાનોએ સ્વીકારેલી છે પરંતુ છતાં આજની આપણી કમનસીબી એ છે કે એ સર્વજ્ઞત્વ શક્ય છે એ જ આપણામાંના ઘણાખરાના ખ્યાલમાં જ આવતું નથી. સર્વજ્ઞત્વ આપણા ખ્યાલમાં નથી આવતું તેનું શું કારણ છે તે તમે વિચારશો ત્યારે તમારી એ અજ્ઞાનતાનો ભેદ તમોને સમજાશે. આ સંસારમાં અરૂપી ચીજનું અસ્તિત્વ છે એ વાત જ હજી આપણા સમજવામાં આવતી નથી. અરૂપી ચીજના અસ્તિત્વનો જ જો તમે નિશ્ચય ના કરી શકો તો પછી અરૂપી ચીજના જાણનારા હોવા જોઈએ એનો તો તમોને ખ્યાલ જ કેવી રીતે આવી શકવાનો હતો વારું ? અને જ્યાં અરૂપી ચીજને જાણનારા હોવા જોઈએ એ વાત તમારું મગજ ન કબુલ રાખી શકે તો પછી સર્વજ્ઞત્વને તો તમારું મગજ શી રીતે સમજી શકે ? આ સ્થિતિમાં રહેલા અજ્ઞાનીઓનો પહેલો પ્રશ્ન એ છે કે તેઓ અરૂપી તત્વ શું છે અને તેનું અસ્તિત્વ કેવી રીતે શકય છે તે જાણવા માગે છે.

## અધમણીઓ હલાવી મૂકો !

અજ્ઞાનીઓરૂપી વસ્તુઓ જોવામાં, જાણવામાં, વિચારવામાં અને સમજવામાં ટેવાયેલા છે પરંતુ તેઓ અરૂપી ચીજ જોવા જાણવામાં ટેવાયેલા નથી તેમાંના ઘણાઓ તો હવે એમ પણ કહેવા લાગ્યા છે કે ભાઈ અમે તો "બાબાવાકયં પ્રમાણમ્" એમ કરીને જ માત્ર આત્મા છે એમ માનીએ છીએ એ સિવાય બીજું કાંઈ વધારે ઓછું

અમે જાણતા નથી. અર્થાત્ તેઓ એમ જણાવે છે કે સાધુમહાત્માઓ અમને કહે છે કે જીવાત્મા છે, એ જીવાત્માને કર્મ લાગ્યાં છે. ધાર્મિક કાર્યોથી એ કર્મો તૂટે છે અને કર્મમુકત થાય એટલે મોક્ષ મળે છે એ અમે સાધુમહારાજાઓ કહે છે તેથી તેમના કહેવાને હા જી હા કહીને બધું માનીએ છીએ અને આ બધી વાત કબુલ રાખીએ છીએ, પરંતુ અમને તો એમાં કાંઈએ સમજ પડતી નથી કે કેટલે વીસે સો થાય છે ! મહારાજ સાહેબ કહે છે કે એટલે વળી કયાં તેમની સાથે આ ખરું છે અને આ ખરું નથી એમ કરીને વાટાઘાટ કરીએ? એવી વાઘાઘાટ કરવા કરતાં અધમણીયો (માથું) હલાવી મૂકવામાં ખોટું શું ? એ જ ન્યાયે અમે બધું હા એ હા કહીએ છીએ બાકી તેમાં અમે સમજતા જરાએ નથી !! અમને તો આત્મા શું છે એની જ ગતાગમ નથી તો પછી કર્મ અને કર્મબંધ જેવી વાતો તો અમારા ખ્યાલમાં જ શી રીતે આવી શકવાની હતી અને તે અમે હૃદયથી માન્ય પણ કયાંથી રાખી શકવાના હતા ?

**આત્મા એ બધાનું મૂળ છે.**

આ બિચારાઓનું આ કથન હાસ્યસ્પદ છે, પરંતુ તેઓનું કહેવું વિચારવા જેવું છે. કહેવત છે કે **"मूलं नास्ति कुतःशाखा"** એ અહીં સ્મરણમાં લાવવા જેવું છે. વૃક્ષનું પહેલું મૂળ હોય છે અને મૂળ હોય તેને જ ડાળી હોય છે. અર્થાત્ મૂળથી વૃદ્ધિ પામતું વૃક્ષ પ્રથમ અંકુરરૂપે પરિણમે છે પછી થડ રૂપે પરિણામ પામે છે અને છેવટે તે શાખા સ્વરૂપને ધારણ કરે છે પરંતુ જો મૂળ જ ન હોય તો પછી શાખાનો જ સંભવ અસંભવિત છે એ જ પ્રમાણે અહીં પણ સમજવાનું છે. અહીં વૃક્ષને સ્થાને આત્મા અને તેની અંગભૂત બીજી વસ્તુઓ છે. કર્મ, કર્મોનો થતો બંધ, તેનો ઉદય, તેના ઉદયના પરિણામો, કર્મબંધ તોડવાના માર્ગો એ વિશાળવૃક્ષ જાણ્યા પહેલાં એ સઘળું આત્માનું વિશાળ વૃક્ષ છે, પરંતુ અથવા તો તે જાણવાની શકિત મેળવ્યા પહેલાં એ બધાના મૂળરૂપ આત્માને જાણવો ઘટે છે. આત્માને જાણ્યો હોય, આત્મા જેવી અરૂપી ચીજ હોય છે એ ખ્યાલમાં આવ્યું હોય તો જ આગળની વાતો સાંભળવામાં ઉપયોગિપણું છે.

**છોકરો જન્મ્યા પહેલાં કપડાં સીવડાવો છો?**

શેઠાણીને પ્રસવ થયા પહેલાં જ શેઠજી પોતાને છોકરો થવાનો છે એમ માનીને તેને માટે મરદનો પોષાક કોટ, પાટલુન, ટોપી વગેરે તૈયાર કરી મૂકતા નથી ! અર્થાત્ પહેલું શરીર હોય છે પછી એ શરીરને અંગે જ કપડાં થાય તે જે પ્રમાણે પહેલું મૂળીયું હોય તે પછી એ મૂળીયાને અંગે થડ, ડાળી, પાદડાં ફળો અને ફૂલો ઉત્પન્ન થાય. તે જ પ્રમાણે અહીં પણ પહેલો આત્મા જાણવો જોઈએ. જે આત્મારૂપ મૂળને જાણે છે તેજ કર્મ, કર્મબંધ, સંવર, નિર્જરા ઈત્યાદિ જાણી શકે છે અને તે જાણીને તેથી ફાયદો પણ ઉઠાવી શકે છે. આત્માને જાણ્યા વિના જ કોઈ કર્મ, કર્મબંધ કે નિર્જરાની વ્યાખ્યાઓ લખી કાઢે અને તે હજારોવાર ગોખી જાય તેથી કાંઈ તે સર્વજ્ઞ થઈ શકવાનો નથી. ત્યારે પહેલાં શરીર અને આત્મા આ બે શું છે તે વાત સમજો. તમે આત્માને સમજવાની અંતઃકરણપૂર્વકની ઉત્કટ ઈચ્છા ધરાવતા હો તો એ એવું કઠણ કામ નથી કે જે તમે સાધ્ય ન કરી શકો. માત્ર તમારે આત્મા જાણવો જ છે એવો સૌથી પહેલો તમારો દૃઢ નિશ્ચય થઈ જવાની જરૂર છે.

**આ એંજીનમાં ડ્રાઇવર પણ છે જ !**

તમે શરીરને તો પ્રત્યક્ષ જુઓ છો. એ શરીરમાં જે ચેતના છે એ ચેતના તે બીજું કાંઈ

જ નથી. પરંતુ તે જ આત્મા છે. આ શરીર જે તમોને આંખો વડે દેખાય છે અને જે રસરક્તાદિ ધાતુઓથી ભરેલું છે તે શરીર એ જ કાંઇ આત્મા નથી પરંતુ શરીર એ તો એંજીન છે ! શરીરરૂપી આ એંજીનને ડ્રાઇવર જેમ ચલાવે છે તેમ તે ચાલે છે. ડ્રાઇવર શરીરરૂપી એંજીનનો હાથ ઉંચો કરાવવા માગે છે તો એ હાથ ઉંચો થાય છે એ હાથ કે પગને ડ્રાઇવર સીધો, આડો, વાંકો, ઊંચો, નીચો ગમે તેવો કરાવવા માગે તેવી રીતે એ હાથ ક્રિયા કરે છે ! શરીરમાં એવી કોઇ શકિત નથી કે જેથી તે પોતાની મેળે જ લાંબું ટૂંકું થાય ! મરણ પછીનું શરીર એ આનો પ્રત્યક્ષ પુરાવો છે. શબ થયેલું શરીર નથી હાલતું કે નથી ચાલતું એ ઉપરથી જ સ્પષ્ટ લાગે છે કે જીવતા શરીરમાં શરીરયંત્ર સંચાલક જરૂર કોઇ ડ્રાઇવર હોવો જ જોઇએ.

## જે આવે તે સ્વાહા ! સ્વાહા !

આ રીતે આ શરીરની હલનચલનની પ્રત્યક્ષ ક્રિયાઓ થતી જોવાય છે, શબમાં એવી ક્રિયાઓનો અભાવ છે એટલે કોઇ પણ એવું તો કહી શકવાનું જ નથી જ કે જેમ અગ્નિનો સ્વભાવ જે આવે તે સ્વાહા કરી જવાનો છે તે જ પ્રમાણે આ શરીરનો પણ સ્વભાવ જ લાંબા ટૂંકા, ઉંચા નીચા, જાડા પાતળા થયા કરવાનો છે. આથી અવશ્ય માલમ પડે છે કે આ શરીરરૂપી એંજીનમાં તેનું સંચાલન કાર્ય કરનાર કોઇ અવશ્ય છે અને એવી જે ચીજ છે તેનું જ નામ એ છે કેઃ આત્મા. ઠીક આત્માનું આ રીતે પ્રત્યક્ષ જ્ઞાન થવા છતાં પણ જેઓ બિચારા ખરેખરા શંકાશીલ છે તેમનો તો એટલેથીય સંતોષ થતો નથી. તેઓ તો હજી આટલો વાદ થયા પછી પણ એમ કહે છે કે તમે શરીરરૂપી યંત્રને એંજીન સાથે સરખાવો છો અને તેમાં ડ્રાઇવર છે એમ કહી, એ ડ્રાઇવરને જ આત્મા તરીકે ઓળખાવો છો, પરંતુ એ વાત હજી અમારું હૃદય પૂરેપૂરી રીતે કબુલ રાખી શકતું નથી. અમે તો માત્ર તમારા કહેવાથી આ વસ્તુને માન્ય રાખીએ છીએ. તમે એમ કહો છો કે ડ્રાઇવરરૂપી આત્મા છે છતાં અમારી એ વિષય પરત્વે ખાતરી થતી નથી, પરંતુ અમે આત્મા નથી એવો ઉત્તર આપી શકવાની પણ સ્થિતિમાં નથી તેથી જ તમારું કહેવું માન્ય રાખી લઇએ છીએ, કિંતુ આત્મારૂપી, અરૂપી ચીજ હોઇ શકે એ વસ્તુ તો હજી પણ અમે માની શકતા નથી. અમારી કલ્પનામાં હજી આત્મા જેવી અરૂપી ચીજ આવતી નથી અને જ્યાં સુધી અમારી કલ્પના આત્મા જેવી અરૂપી ચીજને ન પચાવી શકે ત્યાં સુધી અમે હૃદયથી આત્મા માનવા તૈયાર નથી. છતાં અમે તમોને આત્માના અસ્તિત્વ માટે ના નથી કહી શકતા એટલે "ના ન કહી તેનો અર્થ "હા" એ પ્રકારે આત્મા છે એ સંબંધમાં તમે અમારી મુંગી સંમતિ લઇ લો તેમાં અમે વિરોધ કરવા ચહાતા નથી અથવા પ્રત્યક્ષ રીતે તમોને મોઢે પણ ના કહી શકતા નથી; પરંતુ આત્મા સંબંધીની તમારી માન્યતામાં હજી અમારો હૃદયનો અનુયોગ નથી ! !

## શોધી કાઢો વરાળ ક્યાં ગઈ ?

આવા શંકાશીલો વધારામાં એમ કહે છે કે જે વસ્તુ વસ્તુરૂપે છે તે અરૂપી હોઇ શકે નહિ અને જે કાંઇ અરૂપી છે અથવા અરૂપી હોય તો તે વસ્તુ જ નથી અર્થાત્ અરૂપી આત્મા જેવો પદાર્થ છે એ વાત આ રીતે ઉડી જાય છે ! ઠીક આગળ સમજોઃ ધારો કે તમે એક ડોલચામાં પાણી ભરો અને એ પાણી વરાળ કરવાને માટે ચૂલા પર મૂકો છો. ગરમી લાગતાં ચૂલા પરનું પાણી ઉનું થશે અને તેની વરાળ બનશે તમે થોડે સુધી આ વરાળને ઉપર જતી જોઇ શકશો, પરંતુ તે પછી તમારાથી એ વરાળ દેખી શકવાની નથી. વાસણથી વેંત દોઢ

વેંત સુધી વરાળ દેખાય છે પછી એ વરાળ અદૃશ્ય થઇ જાય છે. હવે જવાબ આપો કે એ વરાળ કયાં ગઇ ? જવાબ એક જ આપશો કે વરાળ અલોપ બની ગઇ છે. વરાળ એ રૂપી ચીજ છે અર્થાત્ તે દૃશ્યમાન વસ્તુ છે અદૃશ્યમાન વસ્તુ નથી પરંતુ તે છતાં પણ એ રૂપી ચીજ પણ અલોપ થઇ ગઇ છે એ વાત તો તમારે કબુલ રાખવી જ પડશે.

### કોઈપણ ચીજનો નાશ છે જ નહિ

આપણી પ્રાચીન આર્યપદાર્થવિદ્યા પ્રમાણે અને હાલના યુરોપીય વિજ્ઞાન પ્રમાણે તમારે એ વાત પણ માન્ય રાખવી જ પડશે કે આ જગતમાં જે કાંઇ છે તેનો નાશ નથી જ. તે જ પ્રમાણે પાણીનો પણ કોઈપણ રીતે નાશ થવા પામતો જ નથી માત્ર જુદા જુદા પદાર્થોના સંયોગોથી પાણીની અવસ્થાઓ જ બદલાય છે. પાણીને શીતળતાનો અતિસ્પર્શ થાય છે તો પાણીના પ્રવાહી સ્વરૂપનો નાશ થાય છે પરંતુ તેથી પાણીનો નાશ થતો નથી પાણીના પુદ્‌ગલો તો હિમરૂપ ધારણ કરે છે અર્થાત્ પાણીની અવસ્થાઓજ બદલાય છે પરંતુ પાણીનો નાશ કદાપિ પણ થવા પામતો જ નથી. પાણીની અવસ્થાઓ બદલાયા કરે છે પરંતુ તેના સ્વરૂપનો કદી પણ નાશ થતો નથી અર્થાત્ પાણી એ પાણી રૂપે તો રહેવાનું અને રહેવાનું જ ! તમે મોટો હાંડો ચૂલે ચઢાવશો અને તેના ઉપર ઢાંકણું મૂકશો તો એ ઢાંકણાના અંદરના પડ ઉપર તમોને પાણીના ટીપાં બાઝેલા દેખાશે જ. આ સઘળા ઉપરથી સ્પષ્ટ થાય છે કે વરાળ એ સ્થૂળ આંખે પણ દેખી તો શકાય અને સ્વયં અનુભવી શકાય તેવો પદાર્થ છે.

### આનાકાનીનો પણ ઉપાય છે.

વરાળ એ નજરે દેખી શકાય એવો પદાર્થ હોવા છતાં પણ જ્યારે તે વરાળ વાયુ સાથે મળી જાય છે ત્યારે તમે તેને દેખી શકતા નથી. વરાળ વાયુ સાથે ભળી જાય છે અને તમે તેને દેખી શકતા નથી તે વખતે વરાળ નથી એમ કહીને વરાળના અસ્તિત્વનો તમે અસ્વીકાર કરી શકતા નથી. વરાળ છે એમ તો તમારે વરાળની અદૃશ્યતા દરમિયાન પણ માન્ય રાખવું જ પડે છે. હવે સાધારણ બુદ્ધિથી જ વિચાર કરો તો પણ તમારે કહેવું પડશે કે વરાળ જેવો પદાર્થ કે જે પૌદ્‌ગલિક છે, જેના પરમાણુઓ છે, જે દૃષ્યમાન છે, જે સ્થૂળ છે તેવો પદાર્થ પણ હોવા છતાં તે નથી દેખાતો એ બની શકે છે, તો પછી આત્મા જેવો અમૂર્ત પદાર્થ પણ હોવા છતાં ન દેખી શકાય તો તેમાં શું આશ્ચર્ય છે ? વરાળના દૃષ્ટાંત ઉપરથી પણ જે સ્વભાવેથી જ શ્રદ્ધાળુ છે તેઓ તો આત્મા છે એવું માન્ય રાખવામાં વાંધો લેશે નહિ પરંતુ જેઓ અર્ધદગ્ધ છે તેઓ તો હજી પણ આત્માને માન્ય રાખવામાં આનાકાની જ કરશે, પરંતુ એ આનાકાનીથી ગભરાવાની જરૂર નથી કારણ કે આ પરમપ્રતાપી જૈનશાસન પાસે તો એવી આનાકાનીઓના સચોટ જવાબો રહેલા છે.

### આંધળો જોઈ શકે તો જ સૂર્યનું અસ્તિત્વ મનાય કે ?

શંકાવાદીઓ હજી એવી દલીલ કરી શકે કે વરાળના ઉદાહરણ ઉપરથી આત્મા છે એવી અમારી કોઈપણ રીતે ખાત્રી થઇ શકતી નથી જ, કારણ કે વરાળ ગમે તેમ પણ સ્થૂળ પદાર્થ હોવાથી જ તે છે એમ તેની ગેરહાજરીમાં પણ માની શકાય છે, પરંતુ આત્મા તો અરૂપી ચીજ છે તો પછી રૂપી ચીજનું ઉદાહરણ અરૂપી ચીજને કેવી રીતે લાગુ પડી શકે ? અરૂપી ચીજ છે અને તે દૃશ્યમાન થવા છતાં તેના અસ્તિત્વને અવકાશ છે એવું જો સાબિત થાય તો જ અરૂપી આત્મા માની શકાય ! જે શંકાવાદીઓ આવી શંકા કરે છે તેમની એ શંકા ખરેખર જ વિચિત્ર પ્રકારની છે.

આંધળો એમ કહે કે આંખથી દેખી શકાય છે એ હું સ્વાનુભવથી કહું છું તો જ આપણે દેખતા એ પણ સાચું માની લેવું કે આંખે દેખી શકાય છે અને નહિ તો આંખે દેખી શકાય છે એ વાત આપણે આંખે દેખતાએ પણ કબુલ ન જ રાખી એવો જ આ તર્કવાદ થયો ! આંધળો એમ પૂછે કે આકાશમાં સૂર્ય છે ? તો આપણે તેને જવાબ આપીએ કે હા, આકાશમાં સૂર્ય છે પરંતુ એટલાથી તેની ખાતરી જ ન થાય અને તે એમ કહે ના હું તો નજરે સૂર્યને જોઇ શકીશ તો જ એમ માનીશ કે સૂર્ય છે, નહિ તો સૂર્યના અસ્તિત્વને હું માનવાનો નથી, તો આવા જડભરતને તમે કેવી રીતે સંતોષ આપી શકવાના હતા ?

### અહીં જગત અસમર્થ છે.

આંધળો સ્થૂળ વસ્તુને નથી દેખી શકતો એટલે તે સ્થૂળ વસ્તુના સ્વરૂપને જોવાને લાયક નથી પરંતુ તે છતાં બીજી રીતે તેને વસ્તુનું જ્ઞાન કરાવી શકાય છે. આંધળાને સોનું અને ચાંદી એ બંનેના ટુકડા હાથમાં આપીએ અને પછી તેનું માપ અને વજન તેને કહી બતાવીએ તો તે ઉપરથી તેને અમુક પદાર્થ સોનું છે અમુક પદાર્થ રૂપું છે એમ જણાવી શકીએ. એક હાથમાં ફૂલ હોય અને બીજા હાથમાં ઘાસલેટ હોય તે સૂંઘવાથી તેને પરખાવી શકીએ કે આ ફૂલ છે અને આ ઘાસલેટ છે. પાણી ઠંડુ અને ગરમ હોય તો સ્પર્શદ્વારાએ તેને સમજાવી શકીએ કે આ ઠંડુ પાણી છે અને આ ગરમ પાણી છે અર્થાત્ આંધળાને આપણે સ્પર્શ આદિ દ્વારા જગતની સ્થૂળ વસ્તુઓનું જ્ઞાન આપી શકીએ છીએ પરંતુ તેને સ્વરૂપ દેખાડી શકતા નથી, આનો અર્થ એ છે કે આંધળો એ સ્વરૂપ દેખવાને માટે લાયક નથી. જો કોઇ હું નજરે જોઇ શકું તો જ આતને માની શકું એમ કહે તો તેને એ જવાબ છે કે જેમ આંધળો સ્પર્શાદિને માટે લાયક છે પરંતુ સ્વરૂપ દેખવાને માટે નાલાયક છે તે જ પ્રમાણે આ જગત પણ પૌદ્ગલિક વસ્તુઓના સંબંધમાં સમર્થ છે, પરંતુ આખું જગત અરૂપી પદાર્થો દેખવાના સંબંધમાં અસમર્થ છે અર્થાત્ અરૂપી પદાર્થો જોવાની જગતમાં શક્તિ જ નથી.

### ચારેય નકામા જ છે !

અરૂપી પદાર્થો દેખવાની જો કોઇનામાં પણ શક્તિ હોય તો તે એક માત્ર સર્વજ્ઞ પ્રભુઓમાં જ છે. સર્વજ્ઞો આ સંસારના રૂપી, અરૂપી સઘળા પદાર્થો, તેના ગુણધર્મો વગેરે સહુ કોઇ જાણી શકે છે તે સિવાય બીજા કોઇની અરૂપી પદાર્થો જાણવાની તાકાત નથી. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન એ ચારે જ્ઞાન છે પરંતુ એ ચારે જ્ઞાનો અરૂપી પદાર્થો દેખવાના સંબંધમાં નકામા છે ! મતિજ્ઞાન રૂપ, રસ, ગંધ, અને સ્પર્શદ્વારા એ પ્રવર્તે છે, શ્રુતજ્ઞાનની પ્રવૃત્તિ વચનદ્વારા એ થાય છે, અવધિજ્ઞાનને પ્રવર્તાવવાનું કાર્ય વિષયો કરે છે અને મનઃપર્યવજ્ઞાન પણ મનના પુદ્ગલોદ્વારા જ-પ્રવર્તે છે અર્થાત્ આ ચારે પ્રકારના જ્ઞાન અરૂપી વસ્તુઓમાં પ્રવૃત્તિ કરવાને માટે ઉપયોગી થઇ શકતા નથી. આંધળો પોતે વસ્તુ જોઇ શકતો નથી અથવા પોતાની આંખે કોઇ ચીજ જોઇને તે તેના ગુણદોષોનો પાર પામી શકતો નથી પરંતુ રસ, ગંધ, અને સ્પર્શદ્વારા એ તે પદાર્થોને જાણી શકે છે. આંધળાને જમરૂખની ઓળખાણ કરાવવી હોય તો તે કાર્ય કાંઇ અશક્ય નથી, પરંતુ તેને પ્રત્યક્ષ દૃષ્ટિ આપવી અશક્ય છે તેવું જ અહીં પણ સમજવાનું છે.

### અરૂપી ચીજ શી રીતે સમજાય ?

આંધળાને 'જો ભાઇ ! આ જમરૂખ છે', એમ કહીને તેને તમે જમરૂખ બતાવીને ઓળખાવી શકતા નથી પરંતુ તેને સમજાવવાનો બીજો માર્ગ

છે. જમરૂખની ચીરી કાપીને તેને ખવાડીને તમે તેનો સ્વાદ તેને ઓળખાવી શકો. તેની ગંધ આપીને તેને તમે સમજાવી શકો અને સ્પર્શ કરાવીને એ સ્પર્શને તમે ઓળખાવી શકો. તત્પશ્ચાત્ તમે એને કહી શકો કે જેમાં અમુક પ્રકારનો રસ હોય, અમુક પ્રકારની ગંધ હોય અને સ્પર્શથી અમુક પ્રકારે જે વસ્તુ જાણી શકાય છે તે વસ્તુ તે જમરૂખ છે, જેમ તમે આંધળાને રૂપી પદાર્થોનો ખ્યાલ આપી શકો છો તે પ્રમાણે તમે જે પદાર્થ દેખો તે દ્વારાએ અરૂપી પદાર્થો સમજાવી શકો છો. ઉદાહરણ લઇ આ વાત વધારે સ્પષ્ટ કરીએ. ધારો કે તમે એક ટેબલ પર એક જમરૂખ મૂકો છો, એ જમરૂખને તમે આંખો વડે જોઇ શકો છો. હવે હું તમોને એમ કહું કે ટેબલ પર પડેલા પદાર્થમાંથી રૂપ કાઢી લો, રસ કાઢી લો, ગંધ કાઢી લો, સ્પર્શ કાઢી લો અને મૂળ વસ્તુ ટેબલ ઉપર રહેવા દો, તો શું તમે આ વસ્તુને શક્ય બનાવી શકશો ?

## ગુણ અને ગુણી એક જ નથી.

મહાનુભાવો ! વિચાર કરજો કે મારી આ આજ્ઞાનું તમે કેવી રીતે પાલન કરી શકવાના હતા? મૂળ વસ્તુને ટેબલ પરથી ખસેડ્યા વિના જ મેં તમોને એ વસ્તુનો આશ્રય કરીને રહેલા તેના ગુણો કાઢી નાખવાનું ફરમાન કર્યું છે. યાદ રાખજો કે જે ગુણો એ વસ્તુનો આશ્રય કરીને રહેલા છે તે મૂળ વસ્તુ લઇ લેવાનું મેં તમોને ફરમાન કર્યું નથી જ, પરંતુ એ વસ્તુમાં રહેલા ગુણો જ માત્ર કાઢી લેવાની આજ્ઞા મેં તમોને આપી છે. અહીં તમારે યાદ રાખવાનું છે કે ગુણ અને ગુણી બંને જુદી ચીજ છે. ગુણ અને ગુણી બંને એક જ નથી, છતાં હું તમોને ગુણ કાઢી લઇને માત્ર ગુણીને રહેવા દેવાનું કહું છું તે વાત તમારાથી બની શકતી નથી એનો અર્થ એ છે કે ગુણનો ત્યાગ કરીને ગુણી રહી શકતો નથી તે જ પ્રમાણે ગુણીનો ત્યાગ કરીને ગુણ પણ રહી શકતા નથી. ગુણો કાઢી લઇને ગુણીને બાકી રાખવાનું જો કે અશક્ય છે પરંતુ આંધળાને જેમ કલ્પનાથી રૂપ, રસ, ગંધ સમજાવી શકીએ છીએ તેમ અહીં કલ્પનાથી આપણે ગુણ અને ગુણીને છૂટા પાડી શકીએ છીએ.

## ગુણો કાઢી લેવા શક્ય છે કે ?

આંધળો આંખે દેખી શકતો નથી, તેને આપણે ભારી હલકાપણાને સમજાવી શકીએ છીએ, તેને કલ્પનાદ્વારાએ જ અનેક ખ્યાલો આપી શકીએ છીએ, તે જ પ્રમાણે આપણે પદાર્થમાંથી પણ તેનો આશ્રય કરીને રહેલા ગુણોને કલ્પના દ્વારાએ ખસેડી લઇ શકીએ છીએ. આજની વૈજ્ઞાનિક શોધોથી જેઓ પરિચિત છે તેઓ તો એ વાત પણ માન્ય રાખશે કે વસ્તુમાંથી ગુણો કાઢી લેવાનું પણ કેટલેક અંશ બની શકે છે. દિવેલ જેવી દવાઓનો સ્વાદ અને વાસ ખરાબ હોય છે તેથી શ્રીમંતોને માટે વિલાયતી મેડિકલ કંપનીઓ શુદ્ધ દિવેલ બનાવે છે. દિવેલમાંથી સ્વાદ અને વાસ એ બંને તેઓ કાઢી નાખીને જે શુદ્ધ દિવેલ તૈયાર કરે છે તે શુદ્ધ દિવેલ વાસ અને સ્વાદ વગરનું હોવા છતાં લગભગ દિવેલના જ બધા ગુણો આપે છે અને એ દિવેલ પીધાથી રેચ શુદ્ધાં લાગે છે ! જેમ દિવેલમાંથી વૈજ્ઞાનિક રીતે તમે બે ગુણો કાઢી નાખી શકો છો તે જ પ્રમાણે તમે કલ્પના કરીને પદાર્થમાંથી સઘળા ગુણો કાઢી નાખેલા પણ કલ્પી શકો છો.

## ગુણોમાં પરિવર્તન અશક્ય નથી.

દિવેલની માફક જ બીજું ઉદાહરણ વીજળીનું લો. વીજળીની ઉત્પત્તિ અગ્નિગ્રાહી પદાર્થોને અંગે છે. વીજળી ઉત્પન્ન કર્યા પછી તેના બે પ્રવાહો એકત્ર કરો એટલે પ્રકાશ ઉત્પન્ન થાય છે. હવે એ સળગતી વીજળીની બત્તી પર તમે પાણી નાખશો

તો પણ તેથી વીજળીના પ્રવાહને તમે ટાળી શકવાના નથી અથવા તો એ બત્તી હોલવાઈ જતી નથી. ઉષ્ણસ્પર્શની પાણીદ્વારા ખરાબી થતી હતી તે ગુણ તમે અહીં વીજળીની બત્તીમાં ફેરવી નાખી શકયા છો. એથી સ્પષ્ટ થાય છે કે ગુણો કાઢી લઈ શકાય છે તે જ પ્રમાણે તે ફેરવી પણ શકાય છે. એ જ પ્રમાણે તમે બીજું કાંઈ નહિ તો ઓછામાં ઓછું કલ્પનાથી પણ ગુણીમાંથી ગુણો કાઢી લઈ શકો છો. એ જ પ્રમાણે મંત્રફળમાંથી કલ્પનાદ્વારે તમે ગુણો કાઢી નાખો. હવે ગુણો કાઢી નાખ્યા પછી તમે શું મંત્રફળને તમારી આંખે દેખી શકો છો ? ના ! ! સ્પર્શથી તમે એને અડકી શકશો? નહિ ! ! સુગંધ લેવાનું શક્ય બની શકશે ? તે પણ નહિ. આ ઉપરથી તમે શું કલ્પના કરી શકો તે વિચારો.

## અલ્પજ્ઞો માટે તો અશક્ય જ છે.

વસ્તુમાંથી તમે ગુણો કાઢી લીધા. હવે તમે સ્પર્શદ્વારા વસ્તુને અડકી શકવાના નથી, કારણ કે વસ્તુમાંથી સ્પર્શ ચાલ્યો ગયો છે, તમે પદાર્થને સુંઘી શકશો નહિ, કારણ કે એમાંથી ગંધ પણ ગયો છે, એ રીતે રૂપ, રસ, ગંધ અને સ્પર્શ કાઢી લીધા પછી જે અરૂપી દ્રવ્ય બાકી રહે છે તે જ એ પદાર્થ છે પરંતુ રૂપ, રસ, ગંધ અને સ્પર્શ કાઢી લીધા પછી જે પદાર્થ રહે છે, તે અરૂપી હોય છે! જેમ એ ગુણો કાઢી લીધા પછી પણ એ વસ્તુની હસ્તિ શક્ય છે તે જ પ્રમાણે શરીરમાં અરૂપી પદાર્થ રૂપ ચેતનાની હસ્તિ પણ શક્ય છે પરંતુ એ પદાર્થ સર્વજ્ઞ સિવાય બીજો કોઈ જાણી શકતો નથી ! વસ્ત્ર લાલ, પીળું, ગુલાબી કે કાળા રંગનું હોય તો તેને આંખે દેખતો જોઈને ઓળખી શકે છે, પરંતુ આંધળો એને ઓળખી શકતો નથી, કારણ કે તે પોતાની આંખે જોઈ શકતો નથી, તેજ પ્રમાણે આત્મા કે જે રૂપ, રસ, ગંધ આકાર વગેરેથી રહિત છે તે પણ સર્વજ્ઞ ભગવાનો સિવાય બીજાથી દેખાવો એ અશક્ય છે અર્થાત્ અલ્પજ્ઞો માટે આત્મા દેખાવો અશક્ય જ છે.

## શાસ્ત્રકાર મહારાજાઓ શું કહે છે ?

આત્મા કોણ જોઈ શકે છે તે વાતનું નિરૂપણ કરતાં શ્રીમાન્ શાસ્ત્રકાર મહારાજા લખે છે કે :- **आत्मानमात्मना वेत्ति मोहत्यागद् य आत्मनि** ગુણ અને ગુણી એ બેમાં સૌથી પહેલો ગુણી સાબીત થવાની જરૂર છે. જો ગુણી સાબીત થાય તો પછી ગુણ જાણવાનું અશક્ય નથી જ, પહેલાં ગુણી જાણી શકાય છે, પછી જ ગુણ જાણવામાં આવે છે. પહેલાં તમે કાપડ જુઓ છો અને કાપડ જોયા પછી જ તમે એ કાપડના રંગનો તેના પોતનો વગેરેનો વિચાર કરો છો પરંતુ જો તમે પહેલાં વસ્ત્રજ ન દેખો તો પછી તમે એ વસ્ત્રનો વિચાર-તેના રંગ પોતનો વિચાર કેવી રીતે કરી શકવાના હતા ? લૂગડું-વસ્ત્ર દેખ્યા વિના રંગ પોતાનો વિચાર કરી શકતો નથી અર્થાત્ તમારે રંગ પોતાનો વિચાર કરવો હોય તો તમારે સૌથી પહેલાં વસ્ત્રને જોવાની જરૂર છે, તે જ પ્રમાણે આત્માના ગુણો પણ જો જાણવા હોય તો તમારે તે પહેલાં આત્માને જાણવો જરૂરી છે, આત્માને જોવો જરૂરી છે, કારણ કે જે આત્માને જુએ છે તે જ આત્માના ગુણો પણ જોઈ શકે છે.

## આપણી અશક્તિ ક્યાં નડે છે ?

આપણે આત્માને જોઈ શકતા નથી, એટલે આપણે આત્માના ગુણો પારખવાને માટે પણ શક્તિશીલ નથી. જે પુરુષો આત્માને જોઈ શકે છે તે જ પુરુષો આત્માના ગુણો પણ પારખી શકે છે. હવે આત્મા કોણ જોઈ શકે છે તેનો વિચાર કરો.

આગળ આપણે કહી ગયા છીએ કે સર્વજ્ઞ ભગવાનોજ પોતાના દિવ્યચક્ષુ વડે આત્માને જોઈ શકે છે તેમના સિવાય બીજો કોઈ આત્માને જોઈ શકવાને સમર્થ નથી. હવે જો આત્માને ફકત સર્વજ્ઞ ભગવાનો જ જોઈ શકે છે તો પછી ખુલ્લું જ છે કે આત્માના ગુણો જાણવાનું કાર્ય પણ માત્ર સર્વજ્ઞ ભગવાનોનું જ છે તે કામ તમારા જેવાનું નથી ! આત્માના ગુણો, આત્માના એ ગુણોના પ્રતિબંધ કરનારાઓ, એ પ્રતિબંધ કરનારા કારણોને ખસેડવાનાં કારણો, એ કારણોદ્વારા આત્માના ગુણોના પ્રતિબંધકોના હુમલા ટાળવાથી અને ખાળવાથી થતી શુદ્ધવસ્થા; એ સઘળું પણ સર્વજ્ઞ ભગવાનો જ જાણી શકે છે કારણ કે આત્માને ફકત સર્વજ્ઞો જ જાણી શકે છે.

**નકલ અનેક પણ મૂળ તો એક.**

તમે જુઓ છો કે જગતમાં સેંકડો નાટક અને સિનેમાનાં થિએટરો છે અને તે દરેક સ્થળે અમુક એક જ નાટક વારંવાર ભજવાય છે પરંતુ તે છતાં એ સઘળા નાટકો કરનારાઓનું મૂળ એક જ વસ્તુ છે. ઈ. સ. ૧૯૧૪માં જે મોટું વિશ્વયુદ્ધ થયું હતું એ વિશ્વયુદ્ધ મૂળમાં તો એક જ હતું પરંતુ એ મહાયુદ્ધ પછી તેને આધારે યુદ્ધના અનેક નાટકો લખાયા હતા અને તે છેક પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ સુધી ભજવાયા હતા. આવી રીતે સર્વત્ર ભજવાયેલા નાટકોની સંખ્યા અસંખ્યા હતી પરંતુ મૂળમાં થયેલું મહાયુદ્ધ તો એકજ હતું અર્થાત્ અસલ વાત એક જ હોય છે પરંતુ તેની નકલો હજારો લાખો અને કરોડો હોય છે. આ અસલ પરથી નકલ થયેલા અનેક નાટકો જોનારાએ ખ્યાલમાં રાખવાનું છે કે આપણે અસંખ્ય નાટકો જોઈએ તો છીએ પરંતુ એ નાટકો તો અસલ વસ્તુ છે કે તેના ઉપરથી થયેલી નકલ છે? જે કોઈ આ બાબત નથી વિચારતો તે કાચના કીડીયાને જ હાથમાં રાખી તેથી પોતાને મુકતાફળ મળ્યું છે એવું માની લઈને તેને આધારે રાજી થનારા જેવા જ છે.

(અપૂર્ણ)

---

## ગ્રાહકોને - સૂચના.

આથી જણાવીએ છીએ કે જે ગ્રાહકોએ ચાલુ વર્ષનું લવાજમ આજ સુધી ભર્યું ન હોય તેમને તુરત ભરી જવા વિનંતિ છે નહિતર આવતો અંક વી. પી. થી જરૂર રવાના કરવામાં આવશે.

આવતા વર્ષમાં ગ્રાહક તરીકે રહેનારને તેમજ નવા ગ્રાહકો થનારને "શ્રી સિદ્ધચક્ર માહાત્મ્ય" નામનું પુસ્તક ભેટ આપવાનો વિચાર છે માટે જે ગ્રાહકોએ લવાજમ ચાલુ વર્ષનું ભર્યું નહિ હોય તો તેઓને ચાલુ વર્ષનું તેમજ નવા વર્ષનું લવાજમ ભરી ભેટનું પુસ્તક લઈ જવા વિનંતિ છે અને બહારગામના ગ્રાહકોએ અમને લખી દેવું જેથી બે વર્ષના લવાજમનું ભેટના પુસ્તકના સાથે વી. પી. કરીશું.

આવતા નવા વર્ષનું લવાજમ પહેલેથી ભરનારને ભેટનું પુસ્તક મળી શકશે.

**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ**

૨૫, ૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ નં. ૩

## પૂર્વાચાર્યોના ઉત્તમ ગ્રંથો મેળવવાનો અપૂર્વ અવસર.

### પ્રતાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૧. આચારાંગ સૂત્રવૃત્તિ (પ્રથમ ભાગ) | ...૫-૦-૦ |
| ૨. લલિતવિસ્તરા | ...૦-૧૦-૦ |
| ૩. તત્ત્વતરંગિણી | ...૦-૮-૦ |
| ૪. બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૨-૮-૦ |
| ૫. ત્રિષષ્ટીયદેશનાસંગ્રહ | ...૦-૮-૦ |
| ૬. દશવૈકાલિક ચૂર્ણિ | ...૪-૦-૦ |
| ૭. ઉત્તરાધ્યયન ચૂર્ણિ | ...૩-૮-૦ |
| ૮. અનુયોગદ્વારચૂર્ણિ હરિભદ્રીયવૃત્તિ | ..૧-૧૨-૦ |
| ૯. નંદિચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૪-૦ |
| ૧૦. પરિણામમાળા (લેજર પેપર) | ...૦-૧૨-૦ |
| ૧૧. ૧૨૫, ૧૫૦, ૩૫૦ સ્તવન સાક્ષી સહિત ... | ...૦-૮-૦ |
| ૧૨. પ્રવચનસારોદ્ધાર (પૂર્વાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૩. પ્રવચનસારોદ્ધાર (ઉત્તરાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૪. પંચાશકાદિ શાસ્ત્રાષ્ટકં | ...૩-૦-૦ |
| ૧૫. પંચાશકાદિ દશઅકારાદિ | ...૩-૦-૦ |
| ૧૬. જ્યોતિષ્કરંડક ટીકા | ...૩-૦-૦ |
| ૧૭. પંચવસ્તુક ટીકા (સ્વોપજ્ઞ) | ૨-૪-૦ |
| ૧૮. દ્રવ્યલોકપ્રકાશ | ...૧-૮-૦ |
| ૧૯. ક્ષેત્રલોકપ્રકાશ | ...૨-૦-૦ |
| ૨૦. યુક્તિપ્રબોધ (સ્વોપજ્ઞ) | ...૧-૮-૦ |
| ૨૧. દશ પયન્ના (છાયાયુક્ત) | ...૧-૮-૦ |
| ૨૨. નંદીઆદિઅકારાદિક્રમ | ...૧-૮-૦ |
| ૨૩. વિચારરત્નાકર | ...૨-૪-૦ |

### કમિશન

| | |
|---|---|
| ૧૦૦ | ..........................૧૨॥ ટકા. |
| ૭૫ | ..........................૧૦ ટકા. |
| ૫૦ | ..........................૭॥ ટકા. |
| ૨૫ | ..........................૫ ટકા. |

| | |
|---|---|
| ૨૪. વંદારૂવૃત્તિ | ...૧-૪-૦ |
| ૨૫. પયરણસંદોહ | ...૦-૧૨-૦ |
| ૨૬. અહિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ, ઐન્દ્રસ્તુતિ... ... ... | ...૦-૮-૦ |
| ૨૭. નવપદપ્રકરણ બૃહદ્વૃત્તિ | ...૩-૦-૦ |
| ૨૮. ઋષિભાષિત | ...૦-૨-૦ |
| ૨૯. પ્રવ્રજ્યાવિધાનકુલકાદિ | ...૦-૩-૦ |
| ૩૦. પ્રત્યાખ્યાનાદિ, વિશેષણવતી, વીશવીશી ... ... | ...૧-૪-૦ |
| ૩૧. વિશેષાવશ્યકગાથાનુક્રમ | ...૦-૩-૦ |
| ૩૨. બારસાસૂત્ર (સચિત્ર) | ...૧૨-૦-૦ |

(કમિશન વિના)

### પુસ્તકાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૩૩. શ્રાદ્ધવિધિ (હિન્દી) | ...૧-૮-૦ |
| ૩૪. જિનસ્તુતિ દેશના (હિન્દી) | ...૦-૬-૦ |
| ૩૫. મધ્યમ સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૦-૮-૦ |
| ૩૬. વસ્ત્રવર્ણસિદ્ધિ | ...૦-૪-૦ |

### છપાતા ગ્રંથો

૧. આચારાંગસૂત્રવૃત્તિ (દ્વિતીય ભાગ)
૨. ભગવતીજી (દાનશેખરીયવૃત્તિ)
૩. તત્ત્વાર્થસૂત્ર સટીક (હારીભદ્રીય)
૪. ભવભાવના (મલધારી હેમચંદ્રપ્રણીત સટીક)
૫. પુષ્પમાળા (ઉપદેશમાલા)
૬. વશેષાવશ્યક ભાષ્ય (કોટ્ય ચાર્યકૃત ટીકા)

### પ્રાપ્તિસ્થાન

૧ જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા - સુરત.
જૈનાનંદ પુસ્તકાલય,
૨. માસ્તર કુંવરજી દામજી પાલીતાણા. ગોપીપુરા, સુરત (ગુજરાત)

**જૈનાનંદ પુસ્તકાલય**
ગોપીપુરા, સુરત. (ગુજરાત)

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રુપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.

ધીર પુરુષનું આચરણ

શું?

# પરોપકાર

परउवयारमईए संताएविय अहव सामत्थं ।

थोवाण तत्थ केसिंपि पुन्नपब्भारक लियाणं ॥ १॥

तम्हा अत्तुवगारम्मि साहिए परोवयारमूलम्मि ।

धीरपुरिसाणुचिन्ने परोवयारम्मि जइयव्वं ॥ २॥

ભાવાર્થ:- કેટલાક ભાગ્યશાળીઓને જો કે પરોપકારની બુદ્ધિ હોય છે, તો પણ તે પરોપકાર કરવાને લાયકનું સામર્થ્ય કોઈક જ મહા-ભાગ્યશાળીઓને હોય છે, માટે પરોપકારના મૂળ કારણ-ભૂત આત્માનો ઉપકાર સિદ્ધ કરીને બુદ્ધિશાળી (એવા) ધીર, વીર પુરુષોએ અનેક પ્રકારે સતતપણે આચરેલા પરોપકારને વિષે પ્રયત્ન કરવો જ જોઈએ.

'મલધારીય હેમચન્દ્રસૂરિ'

તૃતીય વર્ષ, અંક ૨૪. Registered No. B.3047




# શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

તરફથી

ભાદ્ર વદિ ૦)) ઝવેરી પાનાચંદ રૂપચંદ (તંત્રી) ૨૭-૯-૧૯૩૫

# ચાર ભાવના

## (૪) માધ્યસ્થ ભાવના

ગુણવંતા મન ધારજો રે માધ્યસ્થ ગુણ મણિ ખાણ.
કરૂણા મુદિતા મિત્રાતા રે હોવે તબ સુખઠાણ રે
ભવિકા ધરજો મધ્યસ્થભાવ જેથી શિવપુર દાવ રે ભ૦
કાલ અનાદિથી આતમા રે કર્મબલે ગુણ હીન,
પામ્યો ના સમકિત ઠાણને રે રખડયો ચઉગતિદીન રે- ભવિકા ૨
સંયમી વિણ વીત રાગતા રે નહિ સ્વપ્ને પણ સિધ્ધ,
કર્મપ્રભાવ તે ધારતો રે ગુણી માધ્યસ્થે લીધે રે-ભવિકા ૩
જિનવર સરખો સારથી રે પામ્યો વાર અનંત,
કર્મ વિવર નવિ પામીઓ રે જીવ ન લહ્યો ગુણવંત રે-ભવિકા૪
નિજ ગુણ માને નાશતો રે છોડે ભાવ મધ્યસ્થ,
પરપરિભવકર બોલતો રે વચન અવાચ્ય અસ્વસ્થ રે-ભવિકા ૫
કલ્પ્યો વીર જિનેશ્વ રે રે ભવ મરીચિ નવવેષ,
ઋષભ પ્રભુ નવિ વારીઓ રે જાણી કર્મનો રેશ રે-ભવિકા ૬
વચનપદે ગુણ ધારીને રે સંતત ભાવ પ્રસન્ન,
દેખી જિન ગુણ શૂન્યતા રે થાય મધ્યસ્થ પ્રપન્ન રે-ભવિકા ૭
કેવલીપણું નિજ ભાષતો રે વીરને કહે છદ્મસ્થ,
ગૌતમ પ્રશ્ન ન છોડવે રે જમાલી અસ્વસ્થરે-ભવિકા ૮
લબ્ધિ ધરા દેવદેવીઓ રે વળી જિનવર શુભ દીખ,
મધ્યસ્થ ભાવ વિમલ ધરી રે ન દે તેહને શીખ રે-ભવિકા ૯
ગોશાલે મુનિ યુગ્મનેરે બાળી જિનપર તેજ,
નાંખ્યું જેહથી વીરજી રે ખટ માસે લોહી રેજ રે-ભવિકા ૧૦
વીર જીનેશ્વર સાહિબો રે સહિ સુર નર ઉપસર્ગ,
કર્મ બંધન થતું દેખીને રે અનુપાય રહે મધ્યસ્થ રે-ભવિકા ૧૧
જગનાશન રક્ષણ સમો રે બલ ધરતો મહાવીર,
ધારે મધ્યસ્થ ભાવને રે કોણ અવર જીવ ધીર રે-ભવિકા ૧૨
સનત્કુમાર નરેશ્વરૂ રે ધરતો ભાવ મધ્યસ્થ,
વિધવિધ વેદના વેદતો રે નહિ ઔષધ ઉત્કંઠ રે-ભવિકા ૧૩
જીવ જુદા કર્મ જુજુઆ રે સજીવ જીવ વૃત્તાંત,
દેખી ભવિ મન ધારજો રે ભાવમધ્યસ્થ એકાંત રે-ભવિકા ૧૪
સુખદુઃખકારી સમાગમે રે નવિ મનમાં રતિ રોષ,
ધરિયે વરિયે સામ્યને રે જેહથી આનંદ પોષ રે-ભવિકા ૧૫





(પાક્ષિક)

વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦ ☞ ઉદ્દેશ ☜ છૂટક નકલ રૂા. ૦-૧-૬

નવપદામય શ્રી સિદ્ધચક્રની આરાધના અને શ્રી આચામામ્લ વર્ધમાન તપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાનોનો ફેલાવો કરશે :-

तीर्थेशा दत्तमार्गाः सततगुणिपदाः सिद्धिसाम्राज्यभाजः,
पंचाचारप्रवीणा गणिन इह सदाध्यापका वाचका ये ।
साहाय्यात् मोक्षसिद्धौ मुनय उदितभा अन्विताः शुद्धदृष्ट्या,
ज्ञानेनावद्यमुक्त्या विविधसुतपसा सिद्धचक्रं स्तुवे तत् ॥ १ ॥

મોક્ષમાર્ગ સદા દિયે જે જિનવરો ગુણ ધારતા, સિદ્ધ નિત્ય ગણેશ પંચાચારધારક વાધતા;
અધ્યાપકો વરવાચકો શિવસાધને મુનિ જોડમાં, એ પાંચસંયુત બોધદર્શન ચરણતપ સિદ્ધચક્રમાં ॥૧॥

"આગમોદ્ધારક"

| | | |
|---|---|---|
| તૃતીય વર્ષ<br>અંક ૨૪ | મુંબઈ તા. ૨૭-૯-૧૯૩૫, શુક્રવાર<br>(ભાદરવા વદિ ૦)) | વીર સંવત્ ૨૪૬૧<br>વિક્રમ ,, ૧૯૯૧ |


# આગમ-રહસ્ય.

## દ્રવ્યનંદીરૂપી ત્રીજો ભેદ.

શ્રમણ ભગવાન મહાવીર મહારાજા વર્તમાન શાસનના અધીશ્વર હોવાથી તેમને અંગે વ્યતિરિક્ત દ્રવ્યપૂજાના સંબંધી જે પરોપકારનિરતપણું વિચારવું શરૂ કર્યું છે, તેમાં ભગવાનનું નિશાળગયણું એટલે લેખશાળામાં નયન થયું છે તે પણ પરોપકારને માટે છે એમ મુખ્ય મુદ્દોએ વિચારવાનું

છે. આ વાત તો શાસ્ત્રથી સિદ્ધ થયેલી આપણે આગળ પણ જાહેર કરી ગયા છીએ કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજા ગર્ભમાં આવ્યા ત્યારથી જ મતિ, શ્રુત અને અવધિજ્ઞાનવાળા છે.

**જિનેશ્વર ભગવાનને જાતિસ્મરણની જરૂર.**

છતાં એક વાત વધારે ધ્યાન ખેંચનારી છે કે દરેક તીર્થંકરો ગર્ભથી મતિ, શ્રુત અને અવધિજ્ઞાનવાળા હોય છે એમ સ્પષ્ટ જણાવાયા છતાં શાસ્ત્રકારો ભગવાન મહાવીર મહારાજાદિને અંગે જાતિસ્મરણનો ગુણ કેમ લેતા હશે ? કે જેને માટે શાસ્ત્રકારોને એમ કહેવું પડે છે કે जाइस्सरो उ भयवं અર્થાત્ જિનેશ્વર ભગવાન તો ગર્ભથી પહેલાના ભવોને સ્મરણ કરનારા એટલે જાણનારા હોય છે. જો કે કોઈક તીર્થંકરો નરકગતિમાંથી આવેલા હોય અને તેથી તે તીર્થંકરને પૂર્વભવનું અવધિજ્ઞાન અઢી, ત્રણ કે સાડા ત્રણ ગાઉનું જ હોય પણ વધારે ન હોય અને કાલથકી પણ અવધિજ્ઞાનદ્વારા એ જાણવાની શક્તિ તે ક્ષેત્રના પ્રમાણમાં ઘણી ઓછી હોય અને તેથી તેમનું અવધિજ્ઞાન માત્ર અવધિજ્ઞાનની હયાતિ ગણાવવા પૂરતું જ ગણીએ અને તેથી ત્યાં જાતિસ્મરણની જરૂરીયાત રહે, પણ શ્રમણ ભગવાન મહાવીર મહારાજ તો દશમા દેવલોકથી ચ્યવીને આવેલા હોવાથી ક્ષેત્ર અને કાળથકી પણ અસંખ્યાતા અવધિજ્ઞાનને તેઓ ધારણ કરનારા હતા એમ નક્કી છે તો પછી તેમને માટે જાતિસ્મરણની જરૂર શી ? કેમકે જાતિસ્મરણ જ્ઞાન મતિજ્ઞાનનો એક ધારણા નામનો ભેદમાત્ર છે, અને તે જાતિસ્મરણની અપેક્ષાએ તેમને રહેલું અવધિજ્ઞાન એ સામાન્ય રીતે ઘણા જ ઉંચા નંબરનું ગણાય તો પછી તે ઉંચા નંબરના અવધિજ્ઞાનદ્વારા એ ભગવાનનું જ્ઞાનીપણું જણાવ્યા પછી જાતિસ્મરણદ્વારા એ જ્ઞાનીપણું જણાવવાની જરૂર શી ?

**મતિ, શ્રુત અને અવધિજ્ઞાન કરતાં જાતિસ્મરણનું આંશિક મહત્વ.**

આ બાબતમાં શાસ્ત્રકારો સ્પષ્ટપણે શંકાસમાધાન કરતા નથી, પણ શાસ્ત્રકારોની રીતિએ વિચારીએ તો માલમ પડશે કે જે સાધુઓ સાધુપણાના ભવમાં શ્રુતકેવલી કે દશ પૂર્વધર જેવી દશાને ધારણ કરનારા હોય છે, તેઓ કાલધર્મ પામીને જ્યારે દેવલોકમાં જાય છે, ત્યારે તેઓને જો કે ભવપ્રત્યયિક અવધિજ્ઞાન નિયમિત હોય છે, છતાં તેઓને પોતાના જ પહેલા ભવના કરેલા ચૌદ પૂર્વ કે દશ પૂર્વના અભ્યાસનો ખ્યાલ હોતો નથી, અને તેથી જ શાસ્ત્રકારો દેવભવમાં પૂર્વાદિ શ્રુતજ્ઞાનના સ્મરણનો સર્વથા નિષેધ જ કરે છે, પણ મનુષ્યભવમાં વર્તતા મનુષ્યને પહેલાંના દેવલોકના ભવ કરતાં તેની પહેલાંના મનુષ્યભવમાં સાધુપણું લઈ જે દશ પૂર્વ કે ચૌદ પૂર્વનો અભ્યાસ કર્યો હોય તેજ સર્વ પૂર્વનો અભ્યાસ જાતિસ્મરણથી મનુષ્યને થઈ શકે છે, અને તેતલિપુત્રને તેવી રીતે જાતિસ્મરણથી પૂર્વના મનુષ્યભવમાં મેળવેલા ચૌદ પૂર્વ હતા તેથી તે ચૌદે પૂર્વોનું જ્ઞાન જાતિસ્મરણથી મળ્યું એમ શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોથી જણાવે છે. એ ઉપરથી વાંચકવૃંદને સહેજે ખ્યાલમાં આવશે કે પહેલાંના ભવના અભ્યાસને તૈયાર કરવાની તાકાત જે અવધિજ્ઞાનમાં નથી તે જાતિસ્મરણ જ્ઞાનમાં છે, અને તેથી ભગવાન મહાવીર મહારાજાદિને અંગે મતિ, શ્રુત અને અવધિ ત્રણ જ્ઞાન કહ્યા છતાં જાતિસ્મરણ જ્ઞાનની વિશિષ્ટતાને અંગે તેને પૃથક્ કહેવાની જરૂર પડે તે સ્વાભાવિક છે.

**દેવભવવાળાને પણ શ્રુતજ્ઞાનની ન્યૂનતા.**

વળી, દેવભવની અંદર શ્રુતજ્ઞાનની તેટલી ઉત્કૃષ્ટતા અવધિજ્ઞાન છતાં પણ હોતી નથી એ હકીકત વજ્રસ્વામીજીના જીવ તિર્યંચ જૂંભકે શ્રમણ ભગવાન ગૌતમસ્વામીજી પાસેથી પુંડરીક અધ્યયન

સાંભળ્યું અને પછી તે અધ્યયનનું સેંકડો વખત ઉદ્‌ગ્રહણ કર્યું. આ બધું ત્યારે જ બને કે અવધિજ્ઞાનથી શ્રુતજ્ઞાનનું ચરિતાર્થપણું ન થઇ જતું હોય, પણ કોઇક અંશે અવધિજ્ઞાનથી પણ શ્રુતજ્ઞાનની ઉત્કૃષ્ટતા હોય અને તે શ્રુતજ્ઞાનની ઉત્કૃષ્ટતા દેવભવના અવધિજ્ઞાનથી કે દેવભવના મતિ, શ્રુત કે અવધિ ત્રણેથી પ્રાપ્ત ન થતી હોય માટે જાતિસ્મરણ કહેવાની જરૂર પડે, અને તેવી રીતે ઉચ્ચતર કોટિમાં સાબીત થયેલા શ્રમણ ભગવાન મહાવીર મહારાજ જાતિસ્મરણ જ્ઞાનને ધારણ કરનારા હતા.

### જાતિસ્મરણથી શ્રુતની સારી પ્રાપ્તિ છતાં ગાંભીર્ય

તે ઉત્તમ કોટિના જાતિસ્મરણવાળા હોવાથી ગર્ભથી શ્રુતજ્ઞાનના મોટા ખજાનારૂપ હતા, છતાં જેમ વજ્રસ્વામીજી સાધ્વીના ઉપાશ્રયમાં રહેલા તે વખતે અત્યંત બાલ્યઅવસ્થામાં જ સાધ્વીના અભ્યાસને સાંભળી અગીયાર અંગને ધારણ કરવાવાળા થયા હતા, છતાં કાંસા જેવો શબ્દ સોનામાં ન હોય તેમ તેવા જ્ઞાનીઓમાં અત્યંત ગંભીરતા હોય છે તેથી તે વજ્રસ્વામીજી આઠ વર્ષની ઉંમરના થયા, સાધ્વીઓના ઉપાશ્રયેથી નીકળીને આચાર્ય મહારાજની પાસે રહેવા લાગ્યા. આચાર્ય મહારાજે તે બાલ વજ્રસ્વામીને ભણાવવા માટે સ્થવિરોને સોંપ્યા. વજ્રસ્વામીજી પણ સ્થવિરોના કહેવા પ્રમાણે બાળકોની માફક જ અભ્યાસ કરે છે. આચાર્ય મહારાજને કે કોઈપણ સ્થવિરને કેટલી મુદત સુધી તે વજ્રસ્વામીજીના અગીયાર અંગના અભ્યાસનો પત્તો મળતો જ નથી, તો પછી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન મહાવીર મહારાજા ગર્ભદશાથી ત્રણે જ્ઞાનવાળા અને જાતિસ્મરણ જ્ઞાનવાળા હોવા છતાં પણ સિદ્ધાર્થ મહારાજા અને ત્રિશલામાતા વિગેરે કુટુંબને તેમના જ્ઞાનનો પત્તો ન હોય એ સ્વાભાવિક જ છે, અને જ્યારે મહારાજ સિદ્ધાર્થ અને ત્રિશલામાતાને ભગવાન મહાવીર મહારાજના જ્ઞાનનો પત્તો ન હોય અને તેથી તે ભગવાન મહાવીર મહારાજરૂપ બાળકને લેખશાળામાં બેસાડવા માટે પ્રયત્ન કરે અને તેનો ઓચ્છવ કરે તે સ્વાભાવિક જ છે.

### લેખશાળામાં લઈ જવાની ક્રિયાનો અનિષેધ કેમ ?

આ સ્થળે ભગવાન મહાવીર મહારાજે પોતાના લેખશાળામાં જવાના પ્રસંગને અંગે ત્યાં લેખશાળામાં ભણતા વિદ્યાર્થીઓ અને પંડિતને મળવાવાળી મહાકિંમતી અનેક પ્રકારની વસ્તુઓનો લાભ દેખી તેને માટે જ લેખશાળામાં જવા પહેલાં ગંભીરતા રાખી પરોપકારને માટે જ પોતાનું જ્ઞાન ન ખોલ્યું હોય એમ કહેવામાં અતિશયોક્તિ તો ન જ ગણાય. વળી તે ભગવાન મહાવીર મહારાજાના લેખશાળામાં નયનના પ્રારંભથી ઈંદ્રનું આવાગમન થશે અને તેજ ઈંદ્રના પ્રસંગને અંગે ઐન્દ્રવ્યાકરણની ઉત્પત્તિ થશે એ પણ ભગવાન મહાવીર મહારાજે અવધિજ્ઞાનની ઉપયોગથી જાણ્યું હોય અને તે ઐન્દ્ર વ્યાકરણદ્વારા એ જગતનો ઉપકાર અને શાસનની જડ સ્થાપન થશે એમ ગણ્યું હોય અને તેથી લેખશાળામાં લઈ જવાનો બધો આડંબર થવા દીધો હોય તો તે પણ પરોપકારને અંગે ગણવામાં કોઇ પણ જાતની હરકત જણાતી નથી. અર્થાત્ તે લેખશાળા નયનની ક્રિયામાં બાહ્ય દૃષ્ટિ અને વર્તમાન સ્થિતિએ પંડિત અને વિદ્યાર્થીઓને મળતો લાભ વિચાર્યો હોય તે અને અભ્યંતર દૃષ્ટિએ ભવિષ્યને માટે ઐન્દ્ર વ્યાકરણની ઉત્પત્તિથી જગતને લાભ થવાનો વિચાર્યો હોય અને તેથી તે લેખશાળા નયનની ક્રિયા થવા દીધી હોય તો તે પરોપકાર નિરતપણાને લીધે જ થયું એમ કેમ નહિ કહેવાય ? જો કે સ્વાભાવિક રીતે રાજપુત્રો ઉદારદિલના હોઇને દાતાર હોય જ છે પણ વિશિષ્ટ પ્રસંગને અંગે વિશિષ્ટપણે દેવાતાં દાનો વગર પ્રસંગે દેવાતાં

નથી, માટે તે લેખશાળાનો પ્રસંગ થવા દીધો તો જ તે વિદ્યાર્થીઓ અને પંડિતોને યોગ્ય દાન અને સન્માન મળ્યું. વળી જે મહેતાજી પાસે ભગવાન મહાવીર મહારાજ રૂપ બાળકને લઈ જવામાં આવ્યા તે મહેતાજીના પણ બાલકાલથી રહેલા સંદેહો જે તે પ્રસંગે દૂર કરવામાં આવ્યા એમ જે સ્પષ્ટ શબ્દોમાં શાસ્ત્રકાર જણાવે છે તે પણ એક દૃષ્ટિએ પરોપકાર જ છે અને તે પરોપકાર પણ લેખશાળા નયનના પ્રસંગને જ આભારી છે. ઇંદ્રમહારાજનું સ્વાભાવિક રીતે ભગવાન મહાવીર મહારાજની સેવામાં આવવું બનવું અસંભવિત નહોતું પણ લેખશાળાના પ્રકરણને અંગે ઇંદ્રના આવવાથી જગતમાં જે મહિમા તીર્થંકરપણાનો ગર્ભદશાથી અવિચળ ત્રણ જ્ઞાન હોય છે એ બાબતનો સાબીત થયો તે રૂપ જગતનો ઉપકાર પણ એ લેખશાળાના પ્રકરણ સિવાય બનત નહિ. સામાન્ય દેવતાના આગમનથી પણ જ્યારે પ્રભાવશાળીપણું જગતમાં ગણાય છે, તો પછી ખુદ ઇંદ્રમહારાજાનું તેવા જાહેર મેળાવડામાં આવવું જગતમાં ભગવાન મહાવીર મહારાજના કેટલા પ્રભાવને પાડનારું થાય અને તેવો તીર્થંકરનો પ્રભાવ જોઈ, જાણી અને સમજીને કેટલા બધા લોકો સત્યધર્મની તરફ અભિકાંક્ષાવાળા થાય તે સમજવું બુદ્ધિમાનોને માટે અશક્ય નથી, અને તે ફળ પણ ભગવાન મહાવીર મહારાજે પરોપકારની દૃષ્ટિએ આગળ કર્યું હોય તો તેમાં નવાઈ જેવું નથી.

✱ ✱ ✱


# ગ્રાહકોને વિનંતિ

અમારા માનવંતા ગ્રાહકો સહેજે સમજી શકે છે કે ફકત બે રૂપિયા જેવા ટુંકા લવાજમમાં આ પત્ર પ્રગટ કરવામાં અમને કેમ પોષાતું હશે ?

આમ પ્રગટ કરવાનું કારણ ફકત એક જ છે કે જનતા પરમપૂજ્ય શાસનપ્રભાવક આગમના અખંડ અભ્યાસી સકળ સ્વપરશાસ્ત્ર પારંગત સ્યાદ્વાદ સિદ્ધાંત સુધાસ્રાવી આગમોદ્ધારક આચાર્ય દેવ શ્રીમદ્ સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજાની હૃદયસ્પર્શી યુક્તિ પ્રયુક્તિ સહિત સકળ આગમના ગૂઢ તત્વોથી ભરપૂર અત્યાર સુધી કદી પણ પ્રગટ નહિ થયેલ અને કોઈપણ સ્થળે અપ્રાપ્ય એવું સુંદર અને સ્પષ્ટ જ્ઞાનનો બને તેટલો વધુ લાભ લઈ શકે તે માટે જ તત્વપ્રેમીઓની ઉદારતાથી જ આવા ટુંકા લવાજમમાં પ્રગટ કરીએ છીએ.

માટે અમારા તત્વપ્રેમી વાચકોને આગ્રહભરી વિનંતિ છે કે તેઓ પોતે ગ્રાહક બનવા સાથે બીજાને પ્રેરણા કરી તેની ઉપયોગિતા તેમજ ઉત્તમતા સમજાવી ગ્રાહક બનાવી ધર્મમાં રકત બનાવવાનો લાભ લેવા સાથે અમારા અમૂલ્ય જ્ઞાનપ્રચાર કરવાના પ્રયાસને ઉત્તેજન જરૂર આપશે જ. આશા છે કે દરેક ગ્રાહક નવા બે ગ્રાહક જરૂર બનાવશે જ.

તંત્રી.

# આત્મા અને તેનું સ્વરૂપ

(ગતાંકથી ચાલુ)

## સર્વજ્ઞકથનની અન્યોએ કરેલી નકલ.

આત્માને સર્વજ્ઞ સિવાય બીજો કોઇ જાણી શકતો નથી, અને તેથી જ આત્માના ગુણો ઇત્યાદિ પણ એક માત્ર સર્વજ્ઞ ભગવાન સિવાય બીજો કોઈ જાણી શકતા નથી. સર્વજ્ઞ ભગવાનોએ સત્ય અને ધર્મ કહ્યા છે. ભગવાને કહેલા એ ધર્મની પણ નાટકકારો જેમ અસલ વસ્તુની નકલ કરે છે તેમ છદ્મસ્થોએ ઘણી નકલો કરી છે. છદ્મસ્થોએ આત્માને જોયો નથી, તેમણે આત્માને જાણ્યો નથી, આત્માના ગુણો તેઓ જાણતા નથી, એ ગુણોનો પ્રતિબંધ કયા કયા કારણોથી થાય છે એ વાત તેઓ જાણતા નથી, એ પ્રતિબંધને ટાળવા માટે શું શું કરવું જોઇએ તેની તેમને માહિતી નથી, કર્મો શું છે તેમની તેમને માહિતી નથી અને એ કર્મનો ક્ષય શી રીતે થાય છે તેની પણ તેમને માહિતી નથી, પરંતુ જેમ નાટકકારો અસલ વસ્તુ પરથી નકલ કરીને હજારો નકલો બનાવી કાઢે છે તે જ પ્રમાણે સર્વજ્ઞોએ કહેલા પરમ પવિત્ર સત્ય ધર્મની છદ્મસ્થોએ પણ અનેક નકલો બનાવી છે પરંતુ એ નકલો પેલી અસલ અને નાટકની નકલ પ્રતિની માફક જરૂર જુદી પડી જાય છે.

## આ તે ભાટાઇ કે મૂર્ખાઇ ?

ભગવાન શ્રી તીર્થંકર દેવોએ જે ધર્મ પ્રરૂપ્યો છે તે ધર્મ તે જ એક અસલ વસ્તુકરૂપ હોઇ ભગવાનના અનુકરણરૂપે છદ્મસ્થોએ સ્વમતિથી ઉપદેશેલા બીજા ધર્મો તે નકલીઆ ધર્મો છે એથી આપણે એમ કહી શકીએ કે ભગવાને કહેલો ધર્મ તે અસલરૂપે છે અને છદ્મસ્થોએ કહેલા ધર્મો તે અસલ ધર્મ નહિ પરંતુ નાટકીયા ધર્મ છે. અર્થાત્ એક અસલ ધર્મ છે બીજા નાટકીય ધર્મ છે. નાટકીયા ધર્મોના અનુયાયીઓમાં એવી જ મૂર્ખાઇઓ પણ થતી રહેલી આપણે જોઇએ છીએ. હાલમાં ઘણી નાટકકંપનીઓ અને સિનેમા કંપનીઓ એવી છે કે જે શ્રીકૃષ્ણના જીવન સાથે સંબંધ ધરાવતા નાટકો ભજવે છે અને આવા નાટકોમાં ઘણે ભાગે મીયાંઓ શ્રીકૃષ્ણનો પાઠ કરે છે ! સાધારણ રીતે સભ્યતા ખાતર આપણે કોઇપણ વ્યક્તિ કે નાટકની સંસ્થા ઉપર આક્ષેપ કર્યા વિના એટલું તો કહી જ શકીએ કે નાટકકંપનીઓના એકટરો એટલે હાલતા ચાલતા દુર્ગુણભંડારો ! ! પણ શ્રીકૃષ્ણના એવા પણ ભક્તો છે કે જેઓ પોતાની ગાંડી ભક્તિના આવેશમાં એ કૃષ્ણનો અવતાર લીધેલા હાડકાચામડાના માણસને પણ નમે છે અને તેના ઉપર ફૂલની માળાય ફેંકે છે !

## શિંગડાં ભેરવવા તૈયાર થાય છે !

આવી સ્પષ્ટ મૂર્ખાઈ કરતાં બીજી વધારે મોટી ભૂલ તો કઈ હોઇ શકે ? પણ છતાં આ ભારતવર્ષના જ પવિત્ર અને જ્ઞાની હોવાનો દાવો કરનારા આપણા જ દેશબંધુઓ આવી ગહન ભૂલ કરે જ જાય છે અને જ્યારે કોઇ આંધળામાં દેખતો નીકળે અને તે આવી ભૂલો બતાવે છે ત્યારે તેનો આભાર ન માનતાં આંધળા ભકતો પથપ્રદર્શકની સામે શિંગડાં ભેરવવા તૈયાર બની જાય છે. ધર્મની પરીક્ષામાં આવી અનેક પ્રકારની મુશ્કેલી

રહી છે તેનું કારણ જ એ છે કે ધર્મ એ અવ્યક્ત ચીજ છે, ધર્મ એ રૂપ, રસ, ગંધ, સ્પર્શવાળો સ્થૂલ પદાર્થ નથી. જો તે સ્થૂલ પદાર્થ હોત તો તેની પરીક્ષામાં કશોજ વાંધો યા વાદવિવાદ પડત નહિ, પરંતુ તે રૂપ, રસ, ગંધ વિનાનો પદાર્થ છે તેથીજ તેની પરીક્ષામાં ભાંજગડ ઉદ્‌ભવે છે. જો ધર્મનું કોઈ ચોક્કસ પ્રકારનું સ્વરૂપ હોત તો એ સ્વરૂપ દ્વારાએ ધર્મની પરીક્ષા કરી શકાત કે અમુક રૂપવાળો હોય તે જ ધર્મ છે અને પછી પરીક્ષાનો એ માર્ગ નિર્ણિત થાત તો જગતમાં ધર્મને સ્થાને અધર્મનો પાદસંચાર અશક્ય બન્યો હોત.

### કોઈ સોનાને લોઢું ન જ કહી શકે.

તમે ગમે એવા "અઠંગ ખેલાડી" હો તો પણ તમે તમારી યુક્તિપ્રયુક્તિથી એ લોઢાને સોનું યા સોનાને લોઢું કહીને તે તરીકે તેને તમે જગતને ઓળખાવી શકતા નથી અર્થાત્ જગતની આંખમાં આવી સ્પષ્ટ બાબતમાં ધૂળ નાખવી શકય નથી, અથવા તમે તદ્દન સામાન્ય બુદ્ધિના હોત તો પણ તમે સોનાને લોઢું કહેવાને તૈયાર ન જ થયા હોત! જો કોઈ સોનાને લોઢું કહેવા જાય તો તેની એ જ દશા થાય કે તેને લોઢાને ભાવે સોનું પણ આપી દેવું પડે, અને એવો વેપલો કરવા જાય તો તેને તરત જ પાઘડી ફેરવીને બેસી જવું પડે ! જગતના વ્યવહારમાં જેને રેહવું છે તે માણસને વ્યવહારના કાયદાકાનુનો બરાબર પાળવા પડે છે અને તે એવા કાયદાઓ પાળે છે તો જ તે વ્યહારામાં ટકી શકે છે, નહિ તો તો વ્યવહારમાં ટકી શકતો નથી. કોઈ માણસ એમ કહે છે આખું જગત સૌથી કિંમતી ધાતુ તરીકે સોનું માને છે પરંતુ હું તો કથીરને જ કિંમતી માનવાનો, તો તેને મેડહાઉસમાં જ જવું પડે !

### અહીં બધા ફાવી ગયા છે !

જગતના વ્યવહારમાં ગપ્પાં મારનારાઓ ફાવ્યા નથી પરંતુ અહીં ધર્મના ક્ષેત્રમાં સઘળા જ ફાવ્યા છે. જેને જેમ ફાવ્યું તેમ તેણે ગોળા ગબડાવ્યા છે, અને એવી હાંકે રાખેલી વાત પણ અહીં કબુલ રહી શકી છે તથા જેને જેમ ફાવ્યું તેમ લોકો એક એકની પાછળ ઝુકયા છે ! એનું કારણ એટલુંજ છે કે ધર્મ એ દુનિયાદારીની ચીજ નથી અને તેથી જ તેમાં અનેક પ્રકારના છળપ્રપંચો અને પાખંડો ચાલી શકયા છે. વ્યવહારની કોઈપણ વસ્તુની પરીક્ષા કરવી હોય તો તે માટે માત્ર અડધી મિનિટ પણ બસ થાય છે ! આ વસ્તુ મધુર છે, આ કડવી છે, આ ખાટી છે, આ તુરી છે, આ સોનું છે, આ રૂપું છે એ સઘળું પારખવાને માટે માત્ર અડધી ક્ષણ પણ બસ છે. પાંચે ઈન્દ્રિયોના વિષયોની કક્ષામાં આવતી બાબતો પૈકીની કોઈ બાબત પારખવી હોય તો તેને માટે એક ક્ષણ પણ પૂરી થાય છે. આથી જ પાંચ ઈન્દ્રિયોના વિષયોના ક્ષેત્રમાં આવતી કોઈપણ બાબત વિષે કોઈ ગોલમાલ ચલાવી શકતું નથી અને કોઈ ગોલમાલ ચલાવવા જાય છે તો તે જાહેર થઈ જાય છે.

### કોની પરીક્ષા કરવી મુશ્કેલ છે ?

વ્યવહારની વાતોમાં છળપ્રપંચ ચાલી શકતા નથી કારણ કે વ્યવહારની સઘળી વાતો બેને બે ચાર જેવી છે અહીં તેવું નથી. ધર્મ, અધર્મ, આશ્રવ, સંવર, નિર્જરા, મોક્ષ આ સઘળાં તત્વો એવાં છે કે તે બેને બે ચાર જેવાં નથી ! આ સઘળી વસ્તુઓ સૂક્ષ્મ બુદ્ધિથી જ ખ્યાલમાં આવી શકે છે એથી જેનામાં બારીક બુદ્ધિ ન હોય તેવા માણસો આશ્રવ, સંવર, નિર્જરા વગેરે સમજવામાં ગોથાં ખાય તેમાં જરાય આશ્ચર્ય નથી જ ! પદાર્થનો સ્વભાવ જ એવો છે કે તે પોતાનું સ્વરૂપ છુપાવતા નથી પરંતુ પોતાનું સ્વરૂપ જાહેર કરી દે છે. સૂર્ય આકાશમાં ઉગે છે તેને આપણે દીવો લઈને શોધવો પડતો નથી, પરંતુ સૂર્યનો સ્વભાવ જ

એવો છે કે તે ઉગે છે એટલે તેનો પ્રકાશ તે પોતે જ બીજાને આપે છે. આથી જ સ્થૂલ પદાર્થોની પરીક્ષા કરવી એ કાર્ય મુશ્કેલ નથી કિંતુ સરળ છે પરંતુ જે વસ્તુ પોતાનું સ્વરૂપ છુપાવે છે તેની પરીક્ષા કરવી એ મુશ્કેલ છે. તમે વ્યવહારની વાત લેશો તો તેમાં પણ તમોને એવો જ અનુભવ આવવા પામશે.

## ગુહ્ય વસ્તુની પરીક્ષા કરવી અશક્ય છે.

મોતીને તમે ઉપરથી પારખવા માગતા હો તો તમે તેને ઝડપથી પારખી શકો છો. કદાચ તમે તેને ન પારખી શકો તો ઝવેરીની પાસે લઇ જઇને પણ તમે એ મોતીને પારખાવી શકો છો, પરંતુ એ જ મોતીનું જો અંદરનું પડ પારખવાનું હોય તો તે પારખતાં આકાશપાતાળ એક કરવાં પડે, નવનેજાં પાણી ઉતરે અને ચુનંદા ઝવેરી હોય તો પણ તે કદાચ એમાં થાપ ખાઇ જાય ! તમે એક જ મોતી લઇને બજારમાં ફરવા જશો તો એક ઝવેરી તેની કિંમત પાંચ હજારની કરશે, બીજો દશ હજારની કરશે, તો ત્રીજો પંદર હજારની કરશે ! એક જ વસ્તુ અને ધંધો કરનારા ઝવેરીઓ પણ એક જ જાતનું ભણતર-જ્ઞાન મેળવેલાં; છતાં તેમના મૂલ્યમાં તફાવત પડી જાય છે ! કારણકે મોતીનું સ્વરૂપ ગુહ્ય છે તે સરળ નથી ! આથી સ્પષ્ટ થાય છે કે જેનું સ્વરૂપ ગુહ્ય છે તેની પરીક્ષા કરવી એ અતિ મુશ્કેલ કાર્ય છે અને જેની પરીક્ષા કરવી સરળ છે તેનું સ્વરૂપ પણ અતિ સરળ છે; તે જોઇએ તેટલું ગુહ્ય હોતું નથી.

## માણસનું હૃદય પારખવું સહેલું નથી.

જગતના વ્યવહારમાં આપણી બોલી અને આપણી કહેવતો પણ આપણને એ જ વાત વારંવાર કહે છે. તમે બોલો છો કે "સોનું લે જો કસીને અને માણસ જોજો વસીને!" આમ બોલવાનું કારણ શું ? સોનું પોતાનું સ્વરૂપ છુપાવવાતું નથી પરંતુ છતાં પત્થરને મુકાબલે તેની પરીક્ષા કરવી ગુહ્ય છે તેથી જ તેને આપણે પત્થર સાથે ઘસીએ છીએ એટલે તે પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે. માણસની પરીક્ષા કરવી એ પણ એટલું જ દુષ્કર છે. માણસ પોતે હોય ક્યા સ્વરૂપમાં, પોતે ફરે કયા સ્વરૂપમાં, પોતાના વિચારો દર્શાવે જુદા અને વર્તન કરે તે બધાથી જુદું જ ! કોઇને કાંઇ કહે તો વળી બીજા કોઇને કાંઇ નવું જ કહે ! અર્થાત્ માણસોની પરીક્ષા કરવી એ કાર્ય પણ ધારીએ છીએ તેટલું સરળ નથી. તમે કોઇ નોકરને વીસ વર્ષ સુધી તમારા ઘરમાં રાખ્યો હોય, તમે તેને પાળીપોષીને મોટો કર્યો હોય તમેજ તેનો બાળપણથી ઉછેર્યો હોય તે છતાં પણ આપણે તેને સંપૂર્ણ ભરોસો કરીએ તેમાં આપણને સફળતા જ મળશે એમ આપણે નથી કહી શકતા કારણ કે એવા વફાદાર માણસોએ પણ શેઠની સાથે નમકહરામી કર્યાના જોઇએ એટલાં ઉદાહરણો પોલીસના રેકર્ડ ઉપર મોજુદ હોય છે!

## સ્થૂલ પરથી સૂક્ષ્મની પરીક્ષા ન થાય.

વીસ વર્ષથી સેવેલા નોકરો પણ પોતાના સાચા સ્વરૂપને છુપાવી રાખે છે તેથી આપણે તેને ઓળખી શકતા નથી. આથી જ માણસના ગુણ અને સ્વભાવની પરીક્ષા તેનો બાહ્ય સ્વભાવ જોઇને થઇ શકતી નથી. મનુષ્યને અભ્યંતર બાહ્યસ્વરૂપ છે તેથી જ માણસનું માત્ર મુખ અથવા શરીર અથવા તો તેના બેચાર કાર્યો જોઇને તેને પારખવો એ મુશ્કેલ થઇ પડે છે. સાધારણ વિચારથી પણ તમે આ વાત માન્ય રાખી શકશો કે માણસની પરીક્ષા કરવી-જો કે તેનું સ્થૂલ સ્વરૂપ દેખી શકીએ છીએ-એ પણ અતિ મુશ્કેલ છે તો પછી ધર્મની પરીક્ષા કરવી એ તો સહેલું કેમ જ હોઇ શકે ? જો સાહિત્યની ભાષામાં બોલીએ અથવા તો જરા ભાષાનો વિલાસ થવા દઇએ તો એમ જ કહી

શકાય કે ધર્મએ તો અફીણ છે. ધર્મ અને અફીણ એ બંનેની વચ્ચે જરા જરા સરખો પણ તફાવત નથી જ ! !

### જૈનધર્મની વૈજ્ઞાનિકતા

માણસ હંમેશાં અફીણથી ડરતો રહે છે. અફીણનું નામ સાંભળીને તેને બીક લાગે છે. અફીણને તે ઝેર માને છે અને અફીણથી દૂર ભાગે છે પરંતુ ધારો કે એ જ માણસને કોઈ સંયોગોમાં અફીણની ટેવ પડી જાય અને પછી તમે તેની પાસે અફીણ છોડવવા જાઓ તો એ માણસ કદી પણ અફીણ છોડી શકતો નથી. અરે, તેની પોતાની અફીણ છોડવાની દૃઢ ઈચ્છા હોય તો પણ તેની એ ઈચ્છા તે અમલમાં લાવી શકતો નથી. અફીણ સાથે ધર્મને સરખાવવાનું કારણ એ છે કે જેમ અફીણ એ માણસને પહેલાં અપ્રિય ચીજ હોય છે અને તેને જો તેનો વ્યસની બનાવવો હોય તો તો મહામુશ્કેલીએ તેમ કરી શકાય છે તે જ પ્રમાણે ધર્મને પણ પચાવી જવો એ પહેલું મુશ્કલે છે. જૈનધર્મની જ આ વાત છે એમ સમજશો નહિ. જૈનધર્મ એ નીતિનિયમો અને વિજ્ઞાનની છેક છેલ્લી કક્ષાએ વિરાજતો ધર્મ છે પરંતુ તમે એ વાત જવા દેશો અને આર્યોના બીજા સંપ્રદાયો તરફ જોશો તો ત્યાં પણ એ જ દશા દૃષ્ટિએ પડશે. મ્લેચ્છોને અંગે જોશો તો ત્યાં પણ એ જ સ્થિતિ છે પોતાના ધર્મના નિયમો પાળતાં પણ તેમને નવનેજાં પાણી આવે છે !

### વળગેલો ધર્મ છૂટવો મુશ્કેલ છે.

જગતમાં જ્યાં જુઓ ત્યાં એની એજ દશા છે કે માણસ માત્રને ધર્મ એ પહેલવહેલો કડવો ઝેર જેવો લાગે છે. તે ધર્મને એક ભયંકરમાં ભયંકર પ્રકારની આપત્તિ તરીકે વર્ણવે છે અને ધર્મ અથવા ધર્મકાર્યો તરફ અરૂચિ જ રાખે છે પરંતુ અફીણ જેમ પહેલાં વળગવું મુશ્કેલ છે અને વળગ્યું તો પછી છૂટવું મુશ્કેલ છે તે જ પ્રમાણે હરકોઈ ધર્મ હરકોઈ આત્માને પચવો મુશ્કેલ છે પછી તે આર્યોનો ધર્મ હો અથવા તો યવનોનો ધર્મ હો, પરંતુ ધર્મ નામે આત્માને ગમવો જ મુશ્કેલ છે છતાં જો એકવાર ધર્મ ગમી ગયો તો પછી તે પાછો છૂટવો મુશ્કેલ છે. અફીણની ટેવ પડયા પછી અફીણીયાને જો અફીણ નથી મળતું તો તો અફીણીયો ટાંટીયા ઘસતો બની જાય છે તે જ પ્રમાણે ધર્મનું વ્યસન લાગી ગયું પછી એ ધર્મ પણ છૂટવો મુશ્કેલ બની જાય છે.

### બધું ખરું, પણ પહેલું અફીણ ! !

અફીણનો જે વ્યસની છે, જેને અફીણ ખાવાની ટેવ પડી ગઈ છે તે અફીણને જ અમૃત માને છે, તેને અફીણના અવગુણનો ખ્યાલ આવતો જ નથી અને અફીણ ઉપર જ તેની સતત પ્રીતિ રહે છે. એ જ પ્રમાણેની દશા ધર્મરૂપ વ્યસનની પણ છે. અધર્મમાં દોરાયેલાઓ પાપને અને પાપના કામોને જ ધર્મ માનનારાઓ આખી જિંદગી પાપ કર્યા કરે છે તો પણ તેઓ પાપ કરતાં થાકતા નથી અથવા તો તેમને પાપ કરતાં કંટાળો આવતો નથી પરંતુ જેમ અફીણીયાને અફીણ ન મળે અને કંટાળો આવે છે તેમ તેમને પાપ કરવાનું નથી મળતું ત્યારે કંટાળો આવે છે. અધર્મમાં દોરાયેલાઓ પોતે અધર્મને આદરતાં છતાં પણ જો એમ કહી દે કે ભાઈ ! અમારાથી વ્રત ઉપવાસો નથી કરી શકતા, અમારી એટલી અશક્તિ છે તો તો એ ઠીક જ છે, પરંતુ તેમ ન કહેતાં ઉલટા જેઓ વ્રત ઉપવાસો કરે છે તેમની જ તેઓ નિંદા કરે છે. પોતાનાથી કોઈ કઠણ વ્રત કે ઉપવાસ અશક્તિ યા અસંયમને લીધે ન થાય તો જુદી વાત છે પરંતુ

જે કોઇ સજ્જન હોય તેનું તો એ કાર્ય છે કે તે પોતે જે શક્તિશીલ વ્રત ઉપવાસો કરતા હોય તેમની તો પ્રશંસા જ કરે પરંતુ અહીં તો તેને બદલે સ્થિતિ એ છે કે તમારા ઉપવાસોને મિથ્યાત્વીઓ પેટ બાળવું કહે છે.

**''પેટનો બળ્યો ગામ બાળે !''**

પેટ બાળવું કહીને જ તેઓ અટકી જતા નથી પરંતુ જે પેટ બાળે છે તે ગામ બાળે છે એમ કહીને ઉલટી નિંદા જ કરવામાં તેઓ પ્રવૃત્ત બને છે. જૈનિઝમ પાસે કોઇ આગળ ધરવા જેવી વસ્તુ હોય તો તે સૌથી સારામાં સારી ચીજ એવી અહિંસા છે. ત્યારે મિથ્યાત્વીઓ એ અહિંસા ઉપર કટાક્ષ કરતાં એમ કહે છે કે જો તમારા મંતવ્ય પ્રમાણે અહિંસા જ યુકત છે અને હિંસા કરવાનો જ નિષેધ છે તો પછી ઉપવાસરૂપ તપનું પરિણામ એ આવે છે કે અન્ન ન મળવાથી પેટના જંતુઓ મરી જાય છે, એટલે તમારી જ દૃષ્ટિએ તમારે તો વ્રત અને ઉપવાસો પણ ન જ કરવા જોઇએ. આ નિંદા કરનારાઓની દશા શું અફીણીયાની સ્થિતિને બરાબર મળતી આવતી નથી ? અફીણીયાની આગળ તમે સારી સારી પાંચસો વાનગીઓનો થાળ મૂકશો તો પણ અફીણ વિના એનાથી એ થાળ પણ પાચન કરવાનો નથી ! એ થાળ ખાતાં પેહલાં જરૂર તે અફીણને જ ખાવા માગશે અને તે ખાશે ત્યારે જ તેને નિરાંત થશે.

**એકના એકવીસ થઈ શકે છે !**

જેમ અફીણીયો પહેલાં અફીણને જ ચહાય છે અને અફીણ પેટમાં પડે ત્યારે જ તેને બીજી ત્રીજી વાત સૂઝે છે અને તે પકવાનો તરફ દૃષ્ટિ પણ નાખે છે તે જ પ્રમાણે ધર્મરૂપી અફીણના અફીણીયા પણ પહેલાં કુળાચારે થતા ધર્મને માગે છે. તેને કુળાચારનું ધર્મરૂપ અફીણ મળે છે ત્યારેજ તેને જંપ વળે છે ! આવા ટીકાકારોએ જાણવાની જરૂર છે કે વ્રત અને ઉપવાસોથી અમે પેટના જંતુઓને મારતા નથી પરંતુ આત્માના કર્મોને જ બાળીએ છીએ. ઉપવાસ કરવાથી પેટના જંતુઓનો નાશ થાય છે એવી દલીલ કરનારાઓ હાલના વિજ્ઞાન તરફ પણ દૃષ્ટિ નથી નાખતા, એ ભારે શોચનીય છે. એક તો શું પરંતુ એકવીસ ઉપવાસો કરો તો પણ જે દ્રવ્યોથી પેટના જંતુઓને પોષણ મળે છે તેવાં દ્રવ્યો કદી સુકાતાં નથી અથવા તો જીર્ણ થતાં નથી. માણસનું, પશુનું, પક્ષીઓનું, મરણ નિપજે છે તો પણ તેના શરીરમાં જીવના પોષક એવાં દ્રવ્યો સુકાતાં નથી તે તો કાયમ જ રહે છે અને મૃત્યુ પછી આવતી શિથિલતાથી જ તે તત્વોને અંત આવે છે !

**સંસ્કારથી જ ત્યાગ ગમતો નથી !**

આમ છતાં ઉપવાસ ઉપર જેઓ તીવ્રટીકા કરે છે તે ટીકા એ તેમના કુલપરંપરાએ ઉતરી આવેલા માનસનું જ પરિણામ છે. કુલાચારે પળાતા ધર્મના માનસથી જ મિથ્યાત્વીઓ તપસ્યા આદિ શુભ ક્રિયાઓ સાથે શત્રુતા રાખે છે અને જેમ અફીણ વિના પીડાતો માણસ પોતાની સામે મગજ દૂધપાક કે બાસુદી પુરીનો થાળ આવે, તો પણ અફીણનો કસુંબો ઢીંચ્યા વિના પેલા મિષ્ટાન્નોની કિંમત માણી શકતો નથી. તેજ પ્રમાણે કુલાચારના ધર્મરૂપી અફીણનો બંધાણી પણ કુલાચાર રૂપી ધર્મનું ઝેર પીધા વિના શાંતિનો આસ્વાદ જ લઇ શકતો નથી. મિથ્યાવાદીઓ પોતાના આત્મામાં સત્યનો સાક્ષાત્કાર કરવા તો ઈચ્છતા જ નથી પરંતુ તેઓ યેનકેન પ્રકારે તમારા દોષો જ કાઢવા માગે છે અને એ રીતે કુલાચારના સંસ્કારે ત્યાગ ઉપર તેમને જે વૈરની વાતો શીખવી છે એ વાતોને સંભારી સંભારીને તેઓ વૈર જ કેળવવા માગે છે ! તમારી દરેક

ક્રિયા પછી તે ગમે એટલી પવિત્ર હો, શાંત હો, નિર્મળ હો પરંતુ છતાં તેમાં મિથ્યાવાદીઓનો દોષો જ દેખાયા કરે છે !

**એ અસત્ય આરોપ !**

તમે ભગવાનને વીતરાગ માન્યા, સંસારના ત્રણે તાપોથી રહિત માન્યા, પવિત્ર માન્યા, પર્યંકાસને સ્થિત માન્યા ! હવે ભગવાન શ્રી સર્વજ્ઞદેવો ઉપર કટાક્ષ કરવાનો મિથ્યાવાદીઓને બીજો તો કાંઇ માર્ગ જ ન રહ્યો એટલે તેમણે ભગવાન શ્રી સર્વજ્ઞદેવોની "નાગા દેવ" કહીને હાંસી કરવા માંડી ! પરંતુ મિથ્યાવાદીઓની આ ટીકા **વેશ્યા સતીને મ્હેણું મારે** તેના જેવી જ વિચિત્ર છે ! સતી સ્ત્રીમાં દુનિયાદારીની દૃષ્ટિએ જોવા જાઓ તો તમોને લેશ માત્ર પણ કલંક જડવાનું નથી. તેની પવિત્રતા, નિર્મળતા અને શીયળપ્રિયતા અન્ય ગૃહસ્થસ્ત્રીઓને માટે અનુકરણીય જ છે તે છતાં વેશ્યા જ્યારે તેને મેણાં મારવા નીકળે છે ત્યારે તે દેખાવ જોઇને હસવું જ આવે છે ! પલ્યંકાસનવાળા તરફ દૃષ્ટિ નાખશો તો તમોને માલમ પડશે કે એ આસનમાં નગ્નપણાના કોઇપણ ચિહ્નને તમે જોઇ શકવાના નથી પરંતુ એ શુભ આસનવાળી પવિત્ર પ્રતિમાને જોઇને હૃદયમાં પ્રેમ, પવિત્રતા અને ધાર્મિક ઉલ્લાસની જ જાગૃતિ થાય છે છતાં મિથ્યાવાદીઓ ભગવાન શ્રી તીર્થંકરદેવોને નગ્નતાનો આરોપ ચઢાવે છે એ શોચનીય છે !

**કરવડાને હસવા નીકળેલી ચાળણી**

એક તરફ તેઓ સર્વજ્ઞ ભગવાનો ઉપર નગ્નતાનો આરોપ મૂકે છે પરંતુ બીજી તરફ પોતાના જ પગ નીચે કેવી ભયાનક આગ સળગે છે તે તેમને જોવાની પણ પડી હોય એમ જણાતું નથી ! કરવડાને હસવા નીકળેલી ચાળણીએ એટલો તો ખ્યાલ રાખવો જ જોઇએ કે ભાઇ ! બીજાને હસતાં પહેલાં મને મારું જ ઘર તપાસવા દો કે તે કેવું છે ? ઘણા મિથ્યાત્વીઓ ઉઘાડા સ્ત્રીપુરુષના લિંગની પૂજા કરે છે અને તેને દેવાધિદેવ કહીને તેની આગળ હાથ જોડીને ઉભા રહે છે. ખુલ્લા લિંગોની પૂજા કરનારા આવા મિથ્યાત્વીઓને ભગવાન શ્રીજિનેશ્વર દેવોને માટે એક શબ્દ પણ બોલવાનો અધિકાર નીતિ અથવા શાસ્ત્ર આપતું નથી. જેઓ સ્ત્રીપુરુષોના લિંગોની પૂજા નથી કરતા તેવા મિથ્યાત્વીઓને પણ ભગવાનની નગ્નતાને દર્શાવવાનો કે તેના ઉપર ટીકા કરવાનો કશો જ અધિકાર નથી. પ્રતિમાપૂજક મિથ્યાત્વીઓ પોતાના માની લીધેલા ભગવાનની પ્રતિમાને પહેરાવવાને માટે લાખો અને હજારો રૂપિયાનાં વસ્ત્રો બનાવે છે તેઓ પણ એ વસ્ત્રો કાંઇ હંમેશ માટે રાખી મૂકે છે કે ? નહિ ! એ વસ્ત્રો પણ વારંવાર ઉતારવાં ચઢાવવાં પડે છે. તેને ધોવાં પડે છે, સાફ કરવાં પડે છે અને વળી નવાં પહેરાવવાં પણ પડે છે.

**જૈનગુરુની પવિત્રતા અને શ્રેષ્ઠતા.**

મિથ્યાત્વીઓ જૈનદર્શનના રીતરિવાજો ઉપર ટીકા કરે અને તે પણ સિદ્ધાંતની દૃષ્ટિએ નહિ પરંતુ વૈરથી પ્રેરાઇને મિથ્યા જ ટીકા કરે તો આપણામાંના પણ જે કોઇ અસહનશીલ હોય તેઓ કદાચ તેમને એમ કહી શકે કે ભાઇ ! અમારા દેવ તો સ્વરૂપે જ નગ્ન છે એ ઠીક છે પરંતુ તમે એવા કેવા ભક્તો પાક્યા છો કે તમે જેને પિતા અને માતા કહો છો તેનાં જ કપડાં ઉતારી તેને નાગા કરો છો તમે પોતાને હાથેજ તમારા દેવને નાગા કરો છો અને તેમની લાજ લૂંટો છો તો તમારી ભક્તિને વિષે તો હવે શું કહેવું? ભગવાનને પોતાને હાથે જ નાગા કરવા અને તેમની લાજ લૂંટવી એ સારૂં છે કે પત્થરમાં

જ વેષ છે એ જાણી પાષાણની જેવી પ્રતિમા તેવો જ પાષાણનો વેષ એ સત્ય સ્વીકારી લેવું એ સારું છે, એ વાતનો વિચાર મિથ્યાત્વીઓએ પોતે જ કરી લેવાની જરૂર છે ! જૈનગુરુની પવિત્રતા, તેમની નિશ્ચલતા અને શ્રેષ્ઠતા મશહુર છે. આવા શ્રેષ્ઠ પુરુષોને નિંદવા એ મહાન પાપ છે. છતાં દિલગીરીની વાત છે કે તેથી પણ અધમ કામો મિથ્યાત્વીઓ દ્વારા થતાં જ રહ્યાં છે.

મિથ્યાત્વીઓને જૈનગુરુઓને અંગે બીજું કાંઈ કહેવાનું ન મળ્યું ત્યારે તેમણે ગણધર ભગવાન ગૌતમસ્વામીને માટે એક નવો જ તુક્કો શોધી કાઢયો. તેમણે ગણધર ભગવાન્ શ્રીગૌતમસ્વામીને માટે એવી વાત ઉડાવી હતી કે અમારા સંપ્રદાયમાં ગૌતમ નામના મોટા મહર્ષિ હતા. બધા બ્રાહ્મણોનો નિભાવ એ મહર્ષિ ગૌતમદ્વારા જ થતો હતો. મહર્ષિ ગૌતમનો આટલો બધો પરોપકાર થતો હોવાથી તેનો બ્રાહ્મણો ઉપર અનહદ ઉપકાર ચઢ્યા કરતો હતો. આ ઉપકાર વાળી આપવો ન પડે અથવા તો ઉપકાર કરનારા મહર્ષિ ગૌતમના બોજા બ્રાહ્મણોને દબાયેલા ન રહેવું પડે તે માટે બધા બ્રાહ્મણોએ એક પ્રપંચ રચ્યો. બધાએ મળીને એક ગાય મહર્ષિ ગૌતમ પાસે મોકલી. આ ગાય ગૌતમની પાસે જઈને તેને ઉપદ્રવ કરવા લાગી એટલે મહર્ષિ ગૌતમે એક તણખલું લઈને તે ગાયની ઉપર ફેંકયું. એ તણખલાના આઘાતથી પેલી ગાયના રામ રમી ગયા ! આથી સઘળા બ્રાહ્મણો પેલા ગૌતમનો આભાર માનવાના કાર્યમાંથી બચી ગયા અને તેમણે ગૌતમને "ગૌહત્યારો ગૌતમ" કહેવા માંડયો!

**અધમ કલ્પનાના સૃજકો પણ અધમ !**

આ કથા જો કલ્પિત હોય તો આવી અધમ કલ્પના કરનારને શું કહેવું તે શોધી કાઢવું જ મુશ્કેલ છે. આવી અધમ કલ્પના કરનારો જરૂર નીતિભ્રષ્ટ, વિવેકભ્રષ્ટ અને પાપી જ હોવો જોઈએ કે જેણે આવી નીચ કલ્પના શોધી કાઢી છે. દલીલ ખાતર આ વાર્તામાંનો ફકત ગૌતમનો અને બ્રાહ્મણોનોજ પ્રસંગ સાચો માનીએ તો એ બ્રાહ્મણો ઉપર તિરસ્કાર છૂટયા વિના રહેતો નથી. જે બ્રાહ્મણો બિચારા બાર વર્ષના પ્રચંડ દુકાળમાં ભૂખે મરતા હતા, અન્નના એકએક દાણા માટે ટળવળતા હતા, એક એક અન્નનો રજકણ તેમને મળતો ન હતો, એવા બ્રાહ્મણોને બિચારા ગૌતમે અન્ન આપ્યું, તેમને પોષ્યા, તેમના પ્રાણની રક્ષા કરી ત્યારે એ બ્રાહ્મણો કેવા પાક્યા તે જુઓ કે બિચારા એજ ગૌતમને તેમણે દગાથી ગૌહત્યા કરાવી અને પાછું તેના ઉપર જાહેર રીતે ગૌહત્યાનું આળ મૂક્યું ! આવા કામો કરનારાઓ તે ભૂમિ ઉપરના દેવો હોઈ શકે કે ભૂમિ ઉપરના સેતાનો હોઈ શકે તે દરેક જણે પોતે પોતાની મેળે વિચારી લેવું ઘટે છે.

જેમણે પોતાનું બાર વર્ષ સુધી ગુજરાન ચલાવ્યું, જેમણે પોતાને મીઠું અન્ન આપ્યું, જેમણે પોતાને પાળ્યા તેના ઉપર વિના કારણે આળ ચઢાવનારા તમારી પૂજા તો કેમ જ થાય છતાં એવા મિથ્યાત્વીઓ પોતાની પૂજા કરાવે છે અને તેમના મિથ્યાત્વી, અજ્ઞાની અનુયાયીઓ તેમના માથાં પૂજે પણ છે.

**માત્ર સત્યને ખાતર જ.**

ટીકાનો સામો જવાબ આપવાની ઈચ્છા ન હોય છતાં પણ ઘણીવાર સત્યને ખાતર સત્ય કહેવું પડે છે તે જ ન્યાયે અહીં પણ આટલી ચર્ચા કરવી ઉપયુકત થઈ પડી છે નહિ તો આટલા શબ્દો કહેવાની પણ કાંઈ જરૂર ન હતી. જો કે આ કથા તો સર્વથા કલ્પી જ કાઢેલી છે. તે કથાના નાયક ગૌતમને અને આપણા ગણધર ભગવાનને તો કોઈ જાતનો સંબંધ જ નથી. મિથ્યાત્વીઓને તો રોટલા માગી ખાવાનો ધંધો છે અને તે ધંધો તેમને

યાહોમ ચાલુ રાખવો છે એટલે જ તેમણે ધર્મમાંથી કાંઈક કાંઈક કાઢીને માગી ખાવાનું ચાલુ રાખ્યું છે અને એ માગી ખાવાનો ધીકતો વેપલો બારે માસ જેમને તેમ ચાલુ રહે તે અર્થે તેમણે તેમના મિથ્યાત્વી અનુયાયીઓને ખુશ કરવા સુગુરુ, સુદેવ અને સુધર્મની નિંદા કરવાની કીમિયાગિરી ચાલુ રાખી છે. આ સિવાય ધર્મને નામે કલ્પિત કથાઓનાં ગપ્પાં મારવામાં તેમનો બીજો કાંઈ આશય નથી !

## જીવનના ત્રાજવે ધર્મને ન તોળશો !

મિથ્યાત્વીઓની આપણા તત્વજ્ઞાનની વિરુદ્ધમાં મોટામાં મોટી દલીલ એ છે કે "જો આપણા તત્વજ્ઞાનને માણસો અનુસરે તો માણસો એક ઘડી પણ જીવી શકે જ નહિ ! તેમની આ દલીલનો સ્પષ્ટ અર્થ એ જ છે કે તેઓ જીવનને આધારે ધર્મની કિંમત ગણે છે. ધર્મના સ્વરૂપથી તેઓ ધર્મની કિંમત કરવા માગતા નથી. સ્વરૂપને જોઈને જ જો વસ્તુની કિંમત ન કરીએ અને જરૂરીયાતને આધારે જ વસ્તુનું મૂલ્ય આંકીએ તો તો આખા જગતનું કલેવર જ ફરી જાય ! આજનો સમય વ્યાપારધંધાને માટે એવો કટોકટીનો છે કે વાત ન પૂછો ! સાચામાં સાચો અને પ્રામાણિકમાં પ્રામાણિક વેપારી પણ જો પોતાના ધંધામાં છળવિદ્યા અથવા તો તમે જેને પોલિસી કહો છો તે ન વાપરે તો તેનું ટટ્ટુ આગળ ચાલતું નથી પરંતુ એથી કાંઈ એવું સાબીત થતું નથી કે શાહુકારે સત્ય અને ધર્મ અથવા ન્યાય અને નીતિ પાળવાંજ ન જોઈએ અને જેમ ફાવે તે જ પ્રમાણે પોતાનું ગાડું હાંકે રાખવું જોઈએ.

## ભેળસેળવાળો ધર્મ

શાહુકાર તદન સત્યને-સોએ સો ટકા સત્યને ન આદરી શકે માટે તેને ભેળસેળવાળા સત્યને ધર્મ માનવાની જો છૂટ આપીએ તો આપણે ધર્મના તાત્વિક ક્ષેત્રમાંથી ભ્રષ્ટ થઈએ છીએ અને આપણો ધર્મ તે સગવડીયો ધર્મ બને છે. આવા સગવડીયા પંથીની આ જગતમાં કાંઈ ગણતરી રહેવાની નથી અને તેઓ ગમે એટલો પ્રયત્ન કરશે તો પણ જગતમાં જનતા તેમના મૂલ્ય આંકવાની નથી. સગવડીયા પંથીઓનો ધર્મ સત્ય અને તત્વથી જુદો હોવા છતાં પણ તે યુગેયુગે એકસરખો જ રહેવા પામતો હોત તો તો એવા પુરુષો પણ જરૂર નીકળ્યા હોત કે તેમણે એ સગવડ સંપ્રદાયને પણ ધર્મ માની લીધો હોત અને જ્યાં તેમણે એ સગવડ સંપ્રદાયના ગીતો ગાવા માંડ્યાં હોત ત્યાં તેમના રાગમાં તાલ પૂરનારાઓ પણ આ દુનિયામાં તો હજારો નહિ પરંતુ લાખો મળી આવ્યા હોત પરંતુ સગવડ સંપ્રદાયમાં પણ એક મોટી મુશ્કેલી આવીને ઉભી રહે છે તે મુશ્કેલી એ છે કે એ સગવડ સંપ્રદાય પણ હંમેશાં જુદાં જુદાં સ્વરૂપો જ ધારણ કરતો રહે છે !

## સગવડીયો ધર્મ પલટાયા જ કરે છે.

આ યુગમાં જે વસ્તુ સગવડરૂપ છે તે જ વસ્તુ બીજા જમાનમાં અગવડરૂપ થાય છે ! આજના જ સુધારકો કહે છે કે ભારતવર્ષ ઉપર મીયાંઓની ચઢાઈઓ થઈ તે વખતે હિંદમાં અનેક રાજ્યો હતાં એ સગવડરૂપ હતું કારણ કે તેથી એવું બનવા પામ્યું હતું કે મીયાંઓનો સરદાર એક હિંદુ રાજ્યને હરાવતો હતો ત્યાં બીજો રાજા લડવાને તૈયાર જ થઈને ઉભો રહેતો હતો ! હવે આજે તેજ સુધારકો કહે છે કે આજે હિંદમાં અને રાજ્યો અને અનેક પ્રજાઓ છે એ દુઃખરૂપ છે કારણ કે આ જમાનામાં તેથી પ્રજાનું ઐક્ય થતું અટકે છે અને સ્વરાજ માગનારાઓની સંખ્યા ઘટતી રહી છે. અર્થાત્ જો સગવડને જ ધર્મ માનશો તો તો પરિણામ એ આવશે કે તમારી સગવડો યુગે યુગે બદલાયા જ કરશે અને તે પ્રમાણે તમારે ધર્મ પણ બદલવો જ પડશે. એ રીતે

તમારો ધર્મ અનંતકાળને માટે યોગ્ય થઈ શકવાનો નથી, તમે વાસ્તવિક ધર્મમાં પણ આવી શકવાના નથી જ, અને તમારા આવા સગવડીયા ધર્મની વાસ્તવિક પરીક્ષા પણ થઈ શકવાની નથી.

**ધર્મને કસોટી જ નકામી છે.**

ધર્મને વ્યવહારની કસોટી ઉપર કસી જુઓ અને તે ઉપરથી તેનું મૂલ્ય આંકવું એ એક રીતે જોઈએ તો ખુલ્લેખુલ્લી મૂર્ખાઈ છે. કારણ એ છે કે ધર્મ એ કાંઈ બજારમાં જઈ શુદ્ધ સ્વદેશી ખાદીભંડાર કે તમારા આશ્રમમાંથી વેચાતી આણી લેવાની ખાત્રીવાળી ચીજ નથી. ધર્મએ તો આત્માની માલિકીની ચીજ છે. ધર્મ એ આત્માની પોતાની ચીજ છે એવી આત્માની ચીજને વ્યવહારમાં મૂકી દેવી એ અશક્ય જ છે. હીરા, મોતી, નિલમ, માણેક વગેરેનું તેજ જે ઝવેરી છે તે જ જાણી શકે છે. અંધકારની અંદર તમે હીરા, મોતી, કાચ કીડીયા ઈત્યાદિને જોશો તો તમોને તેમાં કાંઈ ફરક જણાવાનો નથી માટે તમે એમ કહી દો કે એ બધામાં કાંઈ તફાવત જ નથી અને એ સઘળી વસ્તુ બરાબર જ છે તો એ તમારું પાગલપણું છે. ધર્મની જે કોઈ આવી રીતે કલ્પિત પરીક્ષા કરે છે તેમને માટે ધર્મનો રસ્તો જ નથી, ત્યારે હવે વિચાર કરો કે ધર્મને સમજવાનો રસ્તો શોધો છો, એ રસ્તાની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે છે ? ધર્મ ઈન્દ્રિયોદ્વારા જાણી શકાતો નથી પણ આત્મજ્ઞાન દ્વારા જ જાણી શકાય છે અને જાણ્યા પછી જ પ્રાપ્તિના ઉપાયો પ્રયત્નો પ્રારંભાય છે.

**સાચો ધર્મ કોણ પાળી શકે ?**

ધર્મ એ આત્માની માલિકીની ચીજ છે એટલે ધર્મને સમજતાં પહેલાં આપણે આત્માને સમજવાની જરૂર છે. આત્માને સમજવા માટે આત્માના ગુણો સમજવા જોઈએ. આત્માના મૂળ ગુણો જોઈએ તો તે સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન, ચારિત્ર ઈત્યાદિ છે. આત્માના એ સઘળા અમૂલ્ય ગુણો મેળવવામાં પોતાની કેટલી ન્યૂનતા છે તેની દરેકે તપાસ કરવાની જરૂર છે અર્થાત્ ધર્મની પરીક્ષા કરવાની ખરી દૃષ્ટિ લૌકિક દૃષ્ટિ નથી પરંતુ લોકોત્તર દૃષ્ટિ જ છે. એ લોકોત્તર દૃષ્ટિએ જે ધર્મની પરીક્ષા કરી શકે છે તે જ સાચો ધર્મ પાળી શકે છે અને અધર્મથી દૂર રહી શકે છે.

# પૂજ્ય મુનિમહારાજાઓને વિનંતિ.

શ્રી સિદ્ધચક્ર પાક્ષિકના ત્રણે વર્ષો દરમ્યાન લગભગ દરેક સ્થળે પૂજ્ય મુનિ મહારાજાઓને તથા ઘણી લાયબ્રેરીઓને વાંચનનો લાભ મળે તે માટે તત્વપ્રેમીઓની સહાયતાથી આ પાક્ષિક ભેટ મોકલવામાં આવે છે.

અમારી પૂજ્ય મુનિમહારાજાઓને આગ્રહભરી વિનંતિ છે જે આવા અમૂલ્ય જ્ઞાનનો સારો વધુને વધુ પ્રચાર થાય અને લોકો આવા સસ્તા પણ અમૂલ્ય જ્ઞાનનો લાભ લે તે માટે તેની ઉપયોગિતા તથા ઉત્તમતા સમજાવી ગ્રાહકો જરૂર વધારવા કૃપા કરશે, જેથી આવા જ્ઞાનપ્રચારના કાર્યમાં અમારો ઉદ્યમ સફળ ગણાશે.

લી. તંત્રી




वचनाद्यदनुष्टानमविरूद्धाद् यथोदितम् । मैत्र्यादिभावसंयुक्त तद्धर्म इति कीर्त्यते ॥१॥

**ધર્મોપદેશ પાત્રને જ અપાય**

શાસ્ત્રકાર મહારાજા ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મબિંદુ નામના ગ્રંથની રચના કરતાં આગળ સૂચવી ગયા કે :- જે મનુષ્ય જેને માટે લાયક હોય, તેને તેના લાયકનું કાર્ય સોંપાય, બિનલાયકને તેવું લાયક કાર્ય સોંપાતું નથી. આંધળાને આરસી બતાવાય નહિ, બહેરાને ગાયન સંભળાવાય નહિ, તેવી રીતે ધર્મોપદશકે પહેલાં વિચારવું ઘટે કે ધર્મ શ્રોતા માટે લાયક છે કે નહિ ? પાત્ર માલમ પડ્યા વગર ધર્મ સંભળાવે તો આંધળાને આરસી જેમ નિષ્ફળ જાય છે. ભેંસની પાસે આખું ભાગવત બરાડા પાડી વાંચી જાય તો તેમાં ભેંસને શો ફાયદો ? ભાગવત પણ એ અને વાંચનાર પણ એ જ છતાં સાંભળનાર પાત્ર ન હોવાથી ધર્મોપદેશ નિષ્ફળ જાય છે, માટે જો શ્રોતા લાયક હોય તો જ ઉપદેશકે આપેલો ઉપદેશ સફળ થાય. આ જ વાત આપણે મહાવીર પરમાત્માની કેવળજ્ઞાન પછીની પ્રથમ દેશનામાં દેખી. પ્રથમની દેશના, અરે શકુનની દેશના એમ છતાં પણ ફળ ન મળ્યું. કેમ ન મળ્યું ? શું દેશના દેનારની કે દેશનાની ખામી હતી ? બંનેમાં ખામી ન હતી, પણ ખામી શ્રોતાઓમાં હતી. શ્રોતાઓ બધા દેવતાઓ હતા. જેઓ ભવ સ્વભાવથી જ અવિરતિ છે.

**ચંદ્રહાસથી ઘાસ ન કપાય ?**

માટે ધ્યાન રાખજો કે મનુષ્યપણું પામ્યા ને વિરતિનું દુર્લક્ષ્ય કર્યું તો મનુષ્યપણાની કિંમત અણીથી તલવાર પકડવા સરખી છે. જો હાથાથી તલવાર પકડાય તો રક્ષણ કરે. અણીથી પકડે તો પોતાનો જ હાથ કપાય. પૈસો, કુટુંબ, આબરૂ વધારશો તો તેમાં તેની સાચી કિંમત નથી. એ કાર્ય મનુષ્યપણાનું નથી. એક મનુષ્ય ચંદ્રહાસ તલવાર લઈ ઘાસ કાપે, તો ઘાસ કાપવામાં ચંદ્રહાસ તલવાર નકામી નથી, પણ આ ઘાસ કાપવાનું કામ તલવારનું નથી. એ ઘાસ કાપવાનું કામ દાતરડું પણ કરી શકે. તલવાર ન હોય ને દાતરડું હોય તો ઘાસ કપાય. તેવી રીતે ખાવાપીવા, હરવા ફરવા, મોજમજા, પૈસા, હાટહવેલી, આબરૂથી મનુષ્યભવ સફળ માનતા હોઈએ તો તિર્યંચનો ભવ વધારે ઉત્તમ છે, તો તત્વથી તિર્યંતચપણું સારું છે.

### તમારી મોજમજાની જવાબદારી

તમારી મોજ મજા પહેલાં ફરજની જવાબદારીવાળી છે. તિર્યંચની મોજમજા ફરજની જવાબદારી વગરની છે. એ પણ સંસારવાસ કરે છે. કુતરા, ગાય, ભેંસ, પાડા, ઘોડા, હાથીના સંસારવાસમાં ફેર કયો ? તમે કેટલીક ફરજો અદા કર્યા વગર દુનિયામાં સુખ ભોગવી નહિ શકો. તેના ભરણપોષણ, ઔષધ અંગે તમારે બંધાવાનું. વિચારો તમારે સંસારવાસ ભોગવતાં પેહલાં કેટલો પરસેવો ઉતારવો પડે છે. તિર્યંચોને કઇ ફરજ અદા કરવી પડે છે ? અહીં કાયદાની બારીકીમાં જાઓ તો એક પુરુષે લગ્ન કર્યા, લહેણાદહેણાની ફરિયાદ અઢાર વરસ પછી ચાલે, પણ બાયડી ભરણપોષણની ફરિયાદ માંડે તેમાં અઢાર વરસની જરૂર નથી, ચાહે તો તે ચૌદ વરસની હોય, ચાહે તે ઉંમર હોય પણ તે ઉંમરમાં બાયડી દાવો કરી શકે, એમાં કોરટથી, આરોપીથી, કોઇથી સગીર ઉંમરનો વાંધો લઇ શકાય નહિ. ખોરાકી, પોષાકી, ભરણપોષણના દાવામાં એકે બોલી શકે નહિ કે ઉંમર કાચી છે, એમાં ઉંડા ઉતરીએ તો કદાચ બાયડી ૧૦૦) રૂપિયા કમાતી હોય તો પણ તમારી ઉપર ભરણપોષણની ફરિયાદ કરે. બીજા દીવાની દાવામાં વધારેમાં વધારે કોરટ ઘેર જપ્તિ લાવે. ઘરમાં હોય તો લઇ જાય. લહેણાદહેણામાં જાત ઉપરથી વસૂલ થતું નથી. મિલકત હોય તેમાંથી વસૂલ કરવાનું. પહેલાના કાળમાં જાત ઉપરથી વસૂલ કરતા એટલે ગુલામી કરાવી વસૂલ કરતા પણ આજે તે કાઢી નાખ્યું છે. આ દાવામાં મિલકત હોય તો જ વસૂલ કરવું, નહિતર જતું કરવું તેમ નથી પણ મિલકત ન હોય તો શરીર ચાલે છે કે નહિ તેના શરીર અને કમાવાની બુદ્ધિ તપાસી કોરટ સ્ત્રીના ભરણપોષણનું હુકમનામું કરે છે. આ બધી ફરજ સંસારવાસને અંગે મિલકત ન હોય તો જાત ઉપર લેહેણું. શાને અંગે ? સ્ત્રીને અંગે. શી રીતે જાત ઉપર વસૂલ કરે ? શું શરીરમાં રૂપિયા ભર્યા છે ? ના. પણ એ સ્ત્રીના ભરણપોષણના રૂપિયા ન ભરે ત્યાં સુધી કેદમાં બેસવાનું. લહેણાદહેણાની કેદમાં આસન કેદ. આ ભરણપોષણના દાવામાં સખત કેદ પણ થઇ શકે. બીજી શિક્ષામાં સખત કેદ થઇ શકે નહિ. બીજી કેદમાં સખત કેદ નથી, પણ સંસારવાસને અંગે જે કેદ તેમાં સખત કેદ પણ થઇ શકે. જો ચોરી કરી હોય તો બે ચાર છ મહિનામાં છૂટી જાય, આ કેદમાં તેમ નથી. આમાં કહેવાય મહિનો, પણ આ મહિને ન ભર્યું, બીજે મહિને ફેર કેદમાં બેસવાનું, છેડો કોઇ દિવસ નહિ. આવી સખત મજુરી જીવે ત્યાં સુધી કરવાની. જો ભરણપોષણ ન કરે તો, વિચારો સંસારવાસ માટે કેટલી જવાબદારી ઉભી થાય છે ? એ જ સંસારવાસ તિર્યંચને છે છતાં તેને કંઇ જવાબદારી છે ?

### ઇંદ્રિયના સુખોમાં જ આનંદ માનો તો તિર્યંચપણું માગજો.

આવું ઉત્તમ મનુષ્યપણું, નીરોગી કાયા, આર્ય ક્ષેત્ર, જૈનકુળ, ઇંદ્રિયોની સુંદરતા, દેવગુરુધર્મનો ઉત્તમ યોગ, આટલી ઉંચી દશામાં આવી ગયો છતાં તેનું ફળ સંસારવાસ ગણીએ તો આપણા કરતાં જાનવરપણું સારું. દરેક ઇંદ્રિયોના વિષયો તપાસો તમે કંદોઇની દુકાનમાં જઇ વગર પૈસે ખાવા માંડશો તો ધપ્પો પડશે. તમે રસનાનું સુખ પૈસા પેદા કરવાની તકલીફ લઇ પછી ભોગવી શકો છો. જો મફતીયા મોજ કરવા જાઓ તો માર પડે. આ મનુષ્યપણામાં આવ્યા તો આ પંચાત થઇને ? તો એ મોજ કીડી, મંકોડી, વગર મહેનતે લઇ જાય છે. તેને શું દંડ કે શિક્ષા થાય છે ? એવી રીતે નાસિકાનો વિષય પકડો. રાજાએ બગીચામાં ઉત્તમ પ્રકારનું પુષ્પ ઉગાડયું છે. તમારે સૂંઘવા જતાં કેટલી મહેનત પડે ? ભમરાને કોણ રોકે છે ? સુગંધીને અંગે મનુષ્યભવ સફળ

ગણીએ તો તમારા કરતાં ભમરાપણું સારું. તમારા માટે ખુલ્લી તલવારવાળા આડા આવ્યા. ભમરાને સૂંઘવામાં કંઇ અડચણ નથી. રૂપને અંગે આખા જન્મમાં તમે રાણીના રૂપને જોયું નથી. ત્યાં રહેલાં પશુ, પક્ષીઓએ વગર મહેનતે જોયું છે. તમે જોવા જાઓ તો જીવતા રહો ખરા કે ? ગાયનને અંગે તમારે થીએટરમાં જવું હોય તો પૈસા ખરચી ટિકિટ લેવી પડે, ત્યાં રહેલા કબુતરને શું આપવું પડે છે ? એ શબ્દ સાંભળતા નથી, રૂપ દેખી શકતા નથી, રસ, સ્પર્શમાં સમજતા નથી, સુગંધ લઇ શકતા નથી તેમ તમે કહી શકો તેમ નથી. મનુષ્યપણામાં વિષયસુખની જ ઇચ્છા રાખતા હો તો જાનવરપણામાં જવાબદારી વગરનું, મહેનત વગરનું હતું તો તે સુખની સફળતા જાનવરપણામાં વધારે હતી.

## માથું ફોડી શીરો ખાઓ છો.

મનુષ્યપણામાં ઇંદ્રિયોના સુખ તે માથું ફોડી શીરો ખાવા સરખું છે. પૌદ્‌ગલિક ઇંદ્રિયોનું સુખ તમારા કરતાં સાહેબનાં કૂતરાને સારું છે. વિષયસુખને અંગે મનુષ્યપણું સફલ માનતા હો તો જાનવરપણું ઇષ્ટ હતું. મનુષ્યપણામાં વિષયો ભોગવવા પહેલાં ફરજો ગળે વળગી. તમને જેટલો રાગ તમારા બચ્ચા તરફ નથી તેના કરતાં તિર્યંચોને પોતાના બચ્ચા પ્રત્યે અધિક છે.

## કન્યા બાપને ઘેર ન શોભે.

તમને છોકરો કે છોકરી ગર્ભમાં આવે તો તેમાં કશો ફેર નથી. બંને નવ મહિના ગર્ભમાં રહે છે. જન્મ આપવો તેમાં બંને માટે જન્મના દ્વાર સરખા છે. આગળ ધવડાવવામાં, પાલણપોષણ કરવામાં, લુગડામાં છોકરા છોકરીનો ફરક પડતો નથી. છતાં છોકરીને ઘેર ન રખાય એવો દુનિયાદારીનો વ્યવહાર કબુલ કર્યો છે. એ વ્યવહાર મગજમાં રમ્યો છે તેથી છોકરી બીજાને ઘેર આપવાની નક્કી થાય એટલે ગોળધણા વહેંચો છો પછી લગ્નનો પ્રસંગ આવે ત્યારે પૈસા ખરચી, ઢોલ વગડાવી, વાજતે ગાજતે સોંપી આવ્યા. કન્યાનો વરઘોડો કાઢીને આપી આવ્યા. કન્યા બાપને ઘેર ન શોભે એવો દુનિયાનો વ્યવહાર સાચો લાગ્યો. લોકવ્યવહાર સાચવવા કન્યા વાજતે ગાજતે વિદાય કરીએ છીએ. એ છોકરી સાસરેથી પિતાના ઘરે જાય તો મારે પિયર જાઉં છું, ને પિયરથી સાસરે જવું હોય તો મારે ઘેર જાઉં છું એમ બોલે છે. છોકરીનું ચાહે તેવું દરિદ્રપણું હોય તો પણ બાપના ઘરમાં હક લાગતો નથી. શરમથી, રાગથી, મોહથી પિતા ભલે આપે, પણ લાગો કરી, હક કરી એક કોડી પણ લઇ શકે નહિ. આપણે ઘરમાંથી હક કાઢી નાખ્યો, પારકે ઘેર મોકલી દીધી. તારું પેલું ઘર આ નહિ એમ પણ જણાવી દીધું. આ માત્ર લોકવ્યવહાર, તેમાં બીજો એક પણ બચાવ નથી, વ્યવહાર ખાતર આટલો ભોગ આપી શકીએ તો જે જગતને અસાર ગણતો હોય, ધર્મને શાશ્વત ગણતો હોય તે ધર્મમાં ભોગ દે તેમાં નવાઇ નથી.

## કૃષ્ણાદિક પુત્ર, પુત્રી, સ્ત્રીઓને દીક્ષા શી રીતે અપાવી શકયા હશે ?

જે કૃષ્ણજી રાણી માટે મોટા યુદ્ધો કરનાર, પ્રપંચો કરનાર, કન્યાના કુટુંબના કલેશને નહિ ગણનારા એવા કૃષ્ણજી પાસે રાણી દીક્ષાની વાત કરે તો ઢોલ, વાજાં વગડાવી મહોચ્છવ કરી દીક્ષા આપતા. શ્રેણિક રાજા એક નોકારશી પણ નહિ કરનારા, તે પોતાના પુત્રને શી રીતે દીક્ષા આપી શકયા હશે ? તમારી કન્યાને અંગે ઢોલ, ત્રાંસા કેમ વગડાવો છો ? લોકવ્યવહારને અંગે. તેવી જ રીતે તે મહાપુરુષો મોક્ષનું સ્વરૂપ, સંસારનું દુઃખ જાણતા હોવાથી રાણીઓ અને પુત્રીઓને અંગે ઢોલ વગડાવી સર્વવિરતિ અપાવે તેમાં નવાઇ નથી. દુનિયાદારીથી છોકરીનું હિત બીજે ઘેર

જવામાં. અમારી ખાનદાની આબરૂ કન્યાને અમારે ઘેર નહિ રાખવામાં, તો પછી જેઓ પુત્ર-પુત્રીનું હિત સર્વવિરતિથી સમજે છે તેઓ ગૃહવાસમાં કેમ ફેંકે ? કન્યા પિયરથી સાસરે ન જવા માગે તો પરાણે સાસરે મોકલો છો. ન જાય તો સાસરીયાને લઈ જવાનું કહો છો. છોકરી અહીં ન પાલવે. બેચાર દિવસ આવે તે વાત જુદી છે. સમજો કે જે તમારે ત્યાં જન્મેલી છે, મોટી થયેલી છે, સહવાસમાં આવેલી છે, છતાં દુનિયાદારીથી હિત બળાત્કારથી પણ સાસરે મોકલવામાં તમે સમજો છો. તેવી રીતે છોકરો છોકરી ધર્મને રસ્તે ન ચડે તો તેટલી કાળજી ધર્મને અંગે થાય છે ?

## નિશાળ અને દહેરું

છોકરો સીધી રીતે ધર્મમાં ન આવે તો બળાત્કારથી લાવવો એ વિચાર કોઈ દિવસ આવ્યો? છોકરો બે દિવસ નિશાળે ન જાય અને બે દિવસ દહેરે ન જાય તેમાં તમારા અંતઃકરણની લાગણીમાં ફેર લાગે છે કે નહિ ? નિશાળે ન જાય તો આંખ લાલચોળ થઈ જાય, દહેરે ન જાય તો અંતઃકરણમાં ઉંડો આઘાત થતો નથી. શું કરીએ છોકરો જતો નથી, ઘણું કહીએ છીએ માનતો નથી, એમ દહેરા, ઉપાશ્રય માટે બોલાય. હજુ સુધી ધર્મ એ તત્વ સમજાયું નથી. સમજાયું હશે તો નિશાળે ન ગયો તેથી જેટલા લાલ થયા તેટલા જ દહેરે ઉપાશ્રયે ન ગયો તેથી તેટલા જ લાલ થઈ જતે. (સભામાંથી) અહીં નિશાળે જાય છે, દુકાને જાય છે તેનું ફળ પ્રત્યક્ષ છે. દુનિયાના વિષયોમાં લપટાવું ને તેને તત્ત્વ ગણવું તે આસ્તિકનું લક્ષણ નથી. દુનિયાના લાભથી ઠગાય તેમાં ઉંચાનીચા થઈ જઈએ છીએ, આ જીવ મોક્ષની નીસરણી સરખો ધર્મ તેનાથી ખસી જાય તેનો વિચાર કોઈ દિવસ કર્યો ?

પ્રશ્ન- પહેલાં ધર્મ કે આજીવિકા ?

ઉત્તર- આપત્તિધર્મ તરીકે આ કર્યા વગર છૂટકો નથી એ મનમાં વસાવ્યું ? પછી બીજી જરૂરીયાત નથી, આ કર્યા સિવાય છૂટકો નથી એમ વસે છે ? મોજમજાના ઉદ્દેશથી દોડી મરીએ છીએ. મધ્યમ વર્ગને છોડીને સારા વર્ગની વાત કરીએ. પોતાનો નિભાવ થાય તેના કરતાં ચારગણા પૈસા હોય પછી દોડાદોડી કરે ને એ કહે કર્યા વગર છૂટકો નથી તો એ દંભ છે. પોતાનો નિભાવ થતો ન હોય ને કરવું પડે તેમાં શું કરું શબ્દ વ્યાજબી છે. તે છતાં અને પોતે દેવલોક, નરક માને છે કે નહિ, પુણ્ય, પાપ, ભવ, સંસાર, મોક્ષ માને છે કે નહિ ? છોકરો ભવિષ્યની સ્થિતિ વિચાર્યા વગર જે આવે તે ખાય છે. તમને સહેજે અજીરણ થયું કે ખાવાનું બંધ કરો છો. અહીં છોકરા ને મોઢામાં ફરક છે. છોકરો છત ઉપર ધ્યાન પહોંચાડે. એવી રીતે આત્માને અંગે વિચારો. ચાલુ કાળના વિષય મળે ને ભોગવે તે છોકરમત, ભવિષ્યમાં દુઃખ સહન કરવું પડશે તે વિચારતો નથી. તડકામાં રમવા જાય, લૂ વાય, શરીરમાં રોગી હવા પેદા થાય તેની દરકાર નથી, પણ તડકામાં ભમરડા રમવા જાય, તેમ બાળક જેવા તમે વિષયોમાં અત્યારે એટલા મ્હાલી રહ્યા છો કે ભવિષ્યમાં તેનું ફળ કેટલું વિષમ આવશે તે બાળકની માફક વિચારતા નથી. બાળક માત્ર હું જીત્યો એમ કહેવાશે, એટલા માટે ભવિષ્યમાં માંદા પડવાના દુઃખને વિચારતો નથી, તેમ ભવિષ્યમાં ખરાબ પરિણામ આવશે તેનો આ જીવ પણ ખ્યાલ લાવતો નથી.

છતનો સણસણાટ છોકરાને હોય, ભવિષ્યનો વિચાર સમજુને હોય. આ બેમાં કોને સારા ગણવા ? ભવિષ્યનો ભવ, તેના વિચારવાળા ડાહ્યા. વર્તમાન સુખનો વિચાર અણસમજુને હો. સામાન્યથી ઈષ્ટની સિદ્ધિ માટે જે ચેષ્ટા કરવી તેમાં સમજણવાળા કોણ ? બેઇંદ્રિયથી માંડી બધા

જીવ પણ ભૂત ભવિષ્યની અપેક્ષાએ લાંબો વિચાર કરનાર સમજુ છે. કીડી પણ પોતાને ઈષ્ટ વસ્તુની સુગંધ આવતી જણાય તે તરફ ઈષ્ટ માટે દોડે છે.

**જૈનશાસનમાં અશ્રદ્ધાવાળા અસંજ્ઞી છે.**

જેને ભૂતભવિષ્યનો વિચાર ન હોય તેને અસંજ્ઞી કહેવાય. જૈનશાસ્ત્ર પ્રમાણે જેમને આત્માનો ભૂતભવિષ્યનો વિચાર ન હોય તે પણ અસંજ્ઞી છે. ત્રણ સંજ્ઞા હોય તેમાં દૃષ્ટિવાદોપદેશિકી કઈ ? જૈનશાસન પામી તેના વિચાર કરનારા સંજ્ઞી. આપણા છોકરા દુનિયાના વિષયોમાં લગીર પાછા પડી જાય તો કાળજું કપાઈ જાય, પણ આત્માની ઉન્નતિમાં પાછા પડી જાય તો કાળજામાં તેમ થતું નથી. દુનિયાદારી જેટલી પણ ધર્મની કિંમત નથી, તો અધિકતાની વાત ક્યાં કરવી ? તો કૃષ્ણ વાસુદેવ સંસારથી તારવા માટે પોતાના પુત્ર પુત્રીને ઢોલ વગડાવીને, મહોચ્છવ કરીને દીક્ષા આપે છે તેનું શું કારણ ? તેઓ ધર્મને જ તત્વ ગણતા હતા, અને જો વિષયો જ તત્વ ગણો તો પછી જવાબદારી વગરનું જાનવરપણું જ વધારે ઉત્તમ છે, કારણ ત્યાં વગર માથાફોડે શીરો મળે છે. અહીં તો માથું ફોડી શીરો ખાવાનો છે. જે વસ્તુ બીજા કોઈપણ ભવથી ન સાધી શકાય તે વસ્તુ મનુષ્યભવથી સાધવી જોઈએ, અને તે વિરતિધર્મની લાયકાત શાસ્ત્રકારો મનુષ્યભવમાં જ જણાવે છે. તે કેટલી મુશ્કેલીથી મળ્યો તે વિચારવાનું છે.

**તમે એકલા જ બચ્યા.**

એક સ્ટીમરમાં પાંચ હજાર મનુષ્યો છે. તે દરિયામાં અફળાઈને ડૂબવા લાગ્યા, તેમાંથી ભાગ્યયોગે એક જ મનુષ્ય બચી કાંઠે પહોંચી શકયો. દુનિયા તેને કેવો ભાગ્યશાળી ગણે ? ૪૯૯૯ ડૂબી ગયા ને એક બચ્યો, તેને ઘણો જ ભાગ્યશાળી ગણીએ, તો સૂક્ષ્મનિગોદમાં અનંતાજીવની સાથે હતા, ભાગીદાર હતા. સ્ટીમરમાં સ્વતંત્ર તરવા ડૂબવામાં ભાગીદારી નથી. અહીં નિગોદની ભાગીદારી જેવી ભાગીદારી જગતમાં કોઈ જગા પર નથી. એક જ ટાઈમે એક જ આહાર અનંતાએ સાથે કર્યો, શરીર પણ એક સાથે એક સરખું કરવું. અનંતકાય ભચડો છો તેનું પરિણામ અહીં આવશે. અનંતાએ એક જ જગા પર રહેવાનું, એક જ સાથે આહાર લેવાનો, શરીર, શ્વાસ એક જ સાથે કરવાનાં, એ ચારેમાં અનંતા ભાગીદાર થઈને એક જ વાત કરી શકે, આનું જ નામ નિગોદ ન રાખીએ. આઠમ, ચૌદશનો ખ્યાલ, ઋતુ-અઋતુ ન તપાસીએ, 'ખાવા માટે જ વસ્તુ ઉપ્તન્ન થઈ છે ને ?' એમ બોલાય કેમ ? મારી જીભ વશ રહેતી નથી તેમ કહો તો હજુ ઠીક છે. શું તેરસને દિવસે સૂર્ય ઉગે છે ને ચૌદશે નથી ઉગતો આમ પણ કેમ બોલાય ? ચાર આંગળની જીભની આ બધી દખલગીરી છે. પેટમાં તો લુખો ભાત નાખો તો પણ વાંધો નથી, ચાર આંગળની જીભ અભક્ષ્ય અનંતકાય ખવડાવે છે. જીભના દબાયેલા હોય તે વિચારજો. જ્યાં અનંતા જીવ મળી એક બારીક શરીર કરી શકે, અનંતા જીવો મળી એક શ્વાસ લઈ શકે, તેવામાંથી આપણે એકલા નીકળી આવ્યા ને બાકીના ત્યાં રહ્યા તો આપણે કેટલા ભાગ્યશાળી ? એવી રીતે અસાધારણ ભાગ્યના યોગે અહીં મનુષ્યપણું પામ્યા. અધિકાર સાથે જવાબદારી સાથે જ રહે છે તો મનુષ્યનો અધિકાર પામ્યા પણ મનુષ્યપણાની જવાબદારી સમજતા નથી. પ્રકૃતિથી પાતળા કષાય કર્યા, દાનરૂચિ થઈ, મધ્યમ ગુણો પ્રાપ્ત કર્યા વગેરે કર્યું, તેથી મનુષ્યપણું પામ્યા, પણ તે સફળ શી રીતે કરવું તેનો હજુ વિચાર સરખો પણ આવતો નથી. ચંદ્રહાસ તલવાર સરખું મનુષ્યપણું પામ્યા, હવે તેથી ઘાસ કાપવા જેવા વિષયસુખોમાં તેને ઉપયોગ ન કરતાં અનાદિનો તમારો કર્મશત્રુ તેને હણવામાં કટિબદ્ધ થઈ તમારું અમર સિંહાસન અને આત્માની અખૂટ રિદ્ધિ તમારે સ્વાધીન કરો.




પ્રશ્ન ૭૬૩- કેવલજ્ઞાની મહારાજાને પાંચ પરમેષ્ઠીના પાંચ પદોમાંથી કયા પદમાં ગણવા ?

સમાધાનઃ- ચઉસરણ પયન્નાની ગાથા ૩૨મીમાં केवलिणो परमोही० ते सव्वे साहुणो सरणं ॥३२॥ આ પ્રમાણે કેવળિમહારાજાને સાધુ તરીકે ગણેલા છે, ને શ્રીઅરિહંત મહારાજાના બાર ગુણો અશોકવૃક્ષ આદિ છે તે સામાન્ય કેવલીમાં નથી, માટે કેવલીમહારાજને સાધુપદમાં ગણવા ઠીક છે.

પ્રશ્ન ૭૬૪ - સમ્યગ્દૃષ્ટિ જીવોને અસંખ્યગુણ નિર્જરાવાળી અગીયાર શ્રેણિમાં પ્રથમ શ્રેણિમાં ગણ્યા છે તો તેમાં ત્રણે પ્રકારના એટલે ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વવાળા ગણવા કે કોઇ એક જ પ્રકારના સમ્યક્ત્વવાળા લેવા ?

સમાધાન - પહેલી શ્રેણિમાં લીધેલા સમ્યગ્દૃષ્ટિ ત્રણે પ્રકારના સમ્યગ્દર્શનવાળા લેવા યોગ્ય જણાય છે, કેમકે ઔપશમિક કે ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનવાળા જ જીવો તે પહેલી શ્રેણિમાં લેવા હોત તો ક્ષાયિક સમ્યક્ત્વવાળા સિવાયના જીવો લેત અને 'અક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ' એમ કહેત, પણ તેમ ન કહેતા સામાન્ય સમ્યગ્દૃષ્ટિ કહ્યા છે, માટે તે ત્રણે પ્રકારના સમ્યક્ત્વને ધારણ કરનારા પહેલી શ્રેણિમાં લેવા યોગ્ય છે.

પ્રશ્ન ૭૬૫- ક્ષાયિક સમ્યક્ત્વ પામનારા જીવો તે ક્ષાયિક સમ્યક્ત્વ પામતાં પહેલાં ઔપશમિક ને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અવશ્ય પામેલા જ હોય એમ ખરું કે ?

સમાધાન - સામાન્ય રીતે ગર્ભવંતી સ્ત્રી પુત્ર જણે એ દૃષ્ટાંતે પ્રથમ ઔપશમિક પામેલો જીવ જ તથા ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામેલો જીવ જ ક્ષાયિક સમ્યક્ત્વ પામે અને તેથીજ શાસ્ત્રકારો છવીસથી એકવીસનો અલ્પતર સત્તાની અપેક્ષાએ મોહનીયની નહિ લેતાં અઠ્ઠાવીસથી જ એકવીસનો અલ્પતર લે છે, પણ વિશેષાવશ્યકની કોટયાચાર્યની ટીકામાં અકૃતત્રિપુંજવાળા એટલે સમ્યક્ત્વમિશ્ર મોહનીયના પુંજ સિવાયના જીવો પણ ક્ષાયિક સમ્યક્ત્વ પામે એમ સૂચવે છે ને તેથી અક્ષપિત મિથ્યાત્વ એવં ઔપશમિક સમ્યક્ત્વ પામનારને વિશેષણ આપી તેની સફળતા ગણી છે તો તે અપેક્ષાએ એમ પણ કહેવામાં અડચણ નથી કે ચોથે ગુણઠાણાએ આવ્યા સિવાય ક્ષાયિક સમ્યક્ત્વ ન જ પામે એ યોગ્ય નથી.

પ્રશ્ન ૭૬૬ - જે જીવ ક્ષાયિક સમ્યક્ત્વ પામે તે પહેલા ભવોમાં કે તે ભવમાં પાંચમું ગુણઠાણું જરૂર પામેલો જ હોય એમ કોઇક કહે છે તે ખરું?

**સમાધાન** - આવશ્યકચૂર્ણિ વિગેરે સ્પષ્ટ જણાવે છે કે જે જીવો સિદ્ધ થયેલા છે તેના અસંખ્યાતામાં ભાગ જેટલા અનન્ત જીવોએ દેશવિરતિ ફરશી નથી માટે જે ઉપદેશક કે લેખક એવો નિયમ બાંધે કે ક્ષાયિક સમ્યક્ત્વ પામનારો જીવ આ ભવ કે પરભવમાં દેશવિરતિ પામેલો જ હોય તે શાસ્ત્રથી વિરુદ્ધ અને કલ્પના માત્રથી બોલે છે અને લખે છે એમ સમજવું.

**પ્રશ્ન ૭૬૭** - અસંખ્યગુણ નિર્જરાની અગીયાર શ્રેણિમાં ચારિત્રમોહના ઉપશમક અને ક્ષપકની બે શ્રેણિઓ ગણી છે તો અનન્તાનુબંધીના તથા દર્શનમોહનીયના ઉપશમ અને ક્ષપકના બબ્બે ભેદો કેમ લીધા નથી ?

**સમાધાન** :- યાદ રાખવાની જરૂર છે કે અગીયાર નિર્જરાની શ્રેણિમાં અનન્તાનુબંધીની વિયોજકતા લીધી છે ને તેથી ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમ એ ત્રણે અવસ્થા લઇએ તો કાંઇ બાધ જણાતો નથી, અને દર્શનમોહક્ષપકને સ્થાને દર્શનમોહની ત્રણે પ્રકૃતિનો ક્ષય અને ઉપશમ તથા ક્ષયોપશમ પણ લેવા યોગ્ય છે. અન્યથા બીજી શ્રેણિમાં લેવાના હોય તો શાસ્ત્રના અક્ષરો વિશેષપણે દેખાવા જોઇએ.

**પ્રશ્ન ૭૬૮** - શ્રીઆચારાંગનિર્યુક્તિમાં સમ્યગ્દૃષ્ટિ નામની નિર્જરા શ્રેણિ પહેલાં ન લેતાં 'सम्मुप्पत्ती' નામે પહેલી શ્રેણિ લીધી છે તો સર્વ પ્રકારની સમ્યક્ત્વોત્પત્તિ પ્રથમ શ્રેણિમાં કેમ ન ગણવી ?

**સમાધાન** - તે જ નિર્યુક્તિકારે અનન્તાનુબંધીનો નાશ અને દર્શનમોહના નાશની ગુણશ્રેણિ તો ચોથી અને પાંચમી જ લીધી છે, ને તેથી સમ્યક્ત્વોત્પાદનું સ્થાન ત્યાં ચોથી પાંચમી શ્રેણિમાં જાય અને જો ત્રણ પ્રકારના સમ્યક્ત્વની ઉત્પત્તિ લઇ લઇએ તો ચોથી પાંચમી શ્રેણિ વ્યર્થ થાય. કદાચ ચોથી પાંચમી શ્રેણિમાં કેવળ ક્ષાયિક સમ્યક્ત્વી જ ઉત્પત્તિ લેવી હોય અને અહીં આદ્ય શ્રેણિમાં બાકીના ઔપશમિક અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિ લેવી હોય તો પ્રથમ તો તેવા અક્ષર જોઇએ તેમજ અનંતાનુબંધીના ઉપશમને ચોથી શ્રેણિમાં લેવા માટે વિયોજક શબ્દ વાપર્યો છે તે અઘટતું થાય, અને ઉપશમ જો ત્યાં ચોથી શ્રેણિમાં લેવામાં આવે તો પછી અનન્તાનુબંધીની ત્રણે અવસ્થા ત્યાં ચોથી શ્રેણિમાં લેવી પડે, અને જો તેમ હોય તો પછી ત્રણે પ્રકારના સમ્યક્ત્વ પામનારા ત્યાં ચોથી શ્રેણિમાં જ ગણાય. વળી ટીકાકાર શ્રી શીલાંકાચાર્ય મહારાજ વિગેરેએ એ **सम्मुप्पत्ती**, પદની વ્યાખ્યા ધર્મ જાણવાની ઇચ્છા, સાંભળવા જવું, સાંભળવું, ધર્મ અંગીકાર કરવો બાહ્ય પ્રવૃત્તિ જ પહેલી શ્રેણિમાં જણાવી અને તે સ્થિતિ સમ્યક્ત્વને ઉત્પન્ન કરનાર ગણી एतेन सम्यक्त्वोत्पत्तिर्व्याख्याता એમ માત્ર ગૌણાર્થથી ચરિતાર્થપણું જણાવ્યું ને તેથી પહેલી ને ચોથી પાંચમી શ્રેણિમાં વિરોધ રહેતો નથી. છતાં જો બીજા તેવા ભેદ દેખાડનાર સ્પષ્ટ અક્ષરો શાસ્ત્રમાં નીકળે તો શાસ્ત્રાનુસારીઓને માનવામાં અડચણ નથી.

**પ્રશ્ન ૭૬૯** - અનાદિ મિથ્યાત્વી જીવ સમ્યક્ત્વ પામે તે પણ સાધુ કરતાં અસંખ્યગુણ નિર્જરાવાળો છે એમ માનવું વ્યાજબી છે ?

**સમાધાન** - સભાષ્ય તત્ત્વાર્થ સૂત્રની ટીકામાં 'अन्नः- संसारस्तदनुबन्धिनोऽनन्ताः-क्रोधादयस्तान् वियोजयति-क्षपयति उपशमयति वा अनंतवियोजकः' અર્થાત્ અનંત એટલે જે સંસાર તેનો અનુબંધ કરાવનારા તે અનંત એવા જે ક્રોધાદિ એટલે અનન્તાનુબંધી ક્રોધાદિ તેનો વિયોગ

કરે એટલે ક્ષય કરે કે ઉપશમ કરે તે ચોથી શ્રેણિવાળા ગણાય અર્થાત્ સર્વવિરતિવાળા જે ત્રીજી નિર્જરા શ્રેણિવાળા છે તેના કરતાં અસંખ્યગુણ નિર્જરા કરવાવાળા છે. આ વચનને માનવાવાળો મનુષ્ય તો ઔપશમિક કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામતી વખત સાધુ કરતાં અસંખ્યગુણ નિર્જરા માન્યા વગર રહે નહિ. કદાચ કહેવામાં આવે કે અનન્તના વિયોજકમાં કહેલું ક્ષપક ક્ષાયિક માટે લેવું ને ઉપશમ ઉપશમ શ્રેણિવાળા ઔપશમિક માટે લેવું તો તેમ કહેનારની અજ્ઞાનતા છે, કેમકે પ્રથમ તો સામાન્યથી જ અહિં અનન્તાનુબંધીનું ક્ષપક અને ઉપશમન લીધું છે, પણ આગળની પાંચમી શ્રેણિમાં दर्शनमोहक्षपक इति दर्शनमोहः अनन्तानुबन्धिनश्चत्वारः सम्यक्त्वमिथ्यात्वतदुभयानि च, अस्य सप्तविधस्य दर्शनमोहस्य क्षपकः એમ કહી દર્શનમોહક્ષપકને અનન્તાનુબંધી ચાર ને દર્શનમોહનીયનું ત્રિક એમ સાતેને ખપાવનાર ગણી ક્ષાયિક સમ્યક્ત્વવાળાની તો શ્રેણિ પાંચમી જ રાખી છે. આવો સ્પષ્ટ પાઠ જે ન સમજે અને શ્રાવક કરતાં સમ્યક્ત્વ પામનાર અસંખ્યગુણ નિર્જરાવાળો કેમ હોય ? એમ અશ્રદ્ધા કરે અને કરાવે ને અભિનિવેશથી જ તે હકીકત હોવાથી તત્ત્વાર્થની ટીકાની વાત છોડી તેનું સમાધાન આપ્યા સિવાય અણસમજપણે આચારાંગની ટીકાને વળગે તેની ગતિ શ્રી કેવલી મહારાજ જ જાણે.

પ્રશ્ન ૭૭૦ - અભિમુખ કુર્વન્ અને કૃતને અસંખ્યગુણ નિર્જરાવાળા ગણે છે એ હિસાબે ઔપશમિક એ ક્ષાયિક સમ્યક્ત્વને પામેલા આગલની શ્રેણિ કરતાં અસંખ્યાતગુણ નિર્જરાવાળા થાય તો પછી સમ્યગ્દૃષ્ટિની શ્રેણિ પહેલી કેમ ગણી ?

સમાધાન - જે પ્રવ્રજ્યા લેતી વખત શાસ્ત્રકારો અપ્રમત્તદશા અને ઉત્તમ પરિણતિ જણાવે છે, પણ તેની દશા અને પરિણતિ આખા પર્યાયમાં ન હોય તેમ અભિમુખાદિ દશામાં આસન્નને અંગે તેવી સાધુ કરતાં અસંખ્ય ગુણી નિર્જરાની સ્થિતિ છતાં ચોથા ગુણઠાણાના આખા ક્ષાયિક સમ્યક્ત્વના કાલની તેવી સ્થિતિ ન હોય તેથી તે પહેલી શ્રેણિમાં હોય તે ગેરવ્યાજબી ન ગણાય.

---


## ગ્રાહકોને સૂચના.

આથી જણાવીએ છીએ કે જે ગ્રાહકોએ ચાલુ વર્ષનું લવાજમ આજ સુધી ભર્યું ન હોય તેમને તુરત ભરી જવા વિનંતિ છે નહિતર આવતો અંક વી. પી. થી જરૂર રવાના કરવામાં આવશે.

આવતા વર્ષમાં ગ્રાહક તરીકે રહેનારને તેમજ નવા ગ્રાહકો થનારને "શ્રી સિદ્ધચક્ર માહાત્મ્ય" નામનું પુસ્તક ભેટ આપવાનો વિચાર છે માટે જે ગ્રાહકોએ લવાજમ ચાલુ વર્ષનું ભર્યું નહિ હોય તો તેઓને ચાલુ વર્ષનું તેમજ નવા વર્ષનું લવાજમ ભરી ભેટનું પુસ્તક લઈ જવા વિનંતિ છે અને બહારગામાના ગ્રાહકોએ અમને લખી દેવું જેથી બે વર્ષના લવાજમનું ભેટના પુસ્તક સાથે વી. પી. કરીશું.

આવતા નવા વર્ષનું લવાજમ પહેલેથી ભરનારને ભેટનું પુસ્તક મળી શકશે.

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ
૨૫, ૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ નં. ૩

# સમાલોચના

૧ વિપાકનું બંધન દુર્ગંધથી બચવા.

૨ નાના વખતે બંધનનો લેખ નથી. આરોહ મોટામાં જ ઘણો છે.

૩ વિન્યસ્ત શબ્દ છે, તે ન્યાસ કરનારને બંધે જ છે, સુબદ્ધ શબ્દ નથી.

૪ કાગળ લખનારને માનતા હોય તેને પૂછવું.

૫ ચર્ચાસાર ખોટા અર્થવાળો ને કલ્પિત ફોટાવાળો જ છે.

૬ વ્યાખ્યાનની વખતે બાંધવાનો લેખ હોય તો કોઈને પણ માનવામાં વાંધો હોય જ નહિ, પણ હજુ સુધી એકપણ તેવો લેખ છે જ ક્યાં ?

૭ શાસ્ત્રના અર્થો ન ફેરવે, પરંપરા છે, તે વખત ઉપયોગ નથી રહેતો માટે બાંધુ છું ધારી બાંધે તે અથવા લિંગ ફરી જાય છે, પ્રમાદને પોષણ મળે છે, વિધિશાસ્ત્રોમાં લેખ નથી અને ઉપયોગ શક્ય છે માટે ન બાંધવી સારી છે માને ને બાંધે તો તે બંને આરાધક થાય.

(પુનાસ્થિત)

૧ ઉજમણું જો શાસ્ત્રોક્ત છે એમ માનો છો તો હવે મેલાતી વસ્તુઓનો બાધ તમારે શાસ્ત્રથી દેખાડવો.

૨ સમવસરણની રચના કરાય ને વિખેરાય એમ માન્ય છે તો હવે વર્તમાનનો સવાલ શાસ્ત્રના લેખથી લાવવો. (સમયધર્મ)

૧ દરેક વખતની આરાધના કરવાની રીતિ જોવાથી તથા આખો લેખ જોવા આંખને મહેનત આપવાથી ચંદરવાદિ ને ઉપકરણોનો ખુલાસો થશે.

૨ માંડલાની પીઠની વાતનો સવાલ નહોતો પરંતુ નવપદોની સ્થાપના ને તેના ભંગનો સવાલ હતો.

૩ ભંગના ભયથી નહિ કરવાનું કહેનારને મંદિર અને મૂર્તિનો દાખલો બરાબર છે.

૪ શાસ્ત્ર અને ધર્માનુષ્ઠાનો સામે ધૂળ ઉડાડનારો મનુષ્ય ધૂળ ઉડાડવાની વાત કરે તે સાહસ.

૫ શાસ્ત્રની શ્રદ્ધાવાળા તો માને છે કે ભરતમાં ચોવીસે કલાક સૂર્યની સ્થિતિ છે. (જોવું મંડલ પ્રકરણ) સમયધર્મીની શ્રદ્ધા સડેલી હોય, શાસ્ત્રાનુસારીઓને ઓલંભો દે તે તેને શોભે જ.

૬ સંમેલન ઠરાવમાં સ્વપ્નની ઉપજનો ખુલાસો છે એમ કહેનારો સત્યથી સર્વથા વેગળો જ છે. જ્યાં જેમ થતું હોય તેમ કરવું એ કથન સાથે તો સંમેલનને સંબંધ જ નથી. સમયધર્મીના સડાનો એ અવાજ છે.

(સમયધર્મ)


## શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિનાં પ્રકાશનો

| | |
|---|---|
| ૧. આગમોદ્ધારક | ૧-૮-૦ |
| ૨. સિદ્ધચક્રમાહાત્મ્ય | ૧-૦-૦ |
| ૩. આચારાંગ સૂત્રવૃત્તિ પ્રથમ ભાગ | ૫-૦-૦ |

પ્રાપ્તિસ્થાન - પાનાચંદ રૂપચંદ ઝવેરી
૨૫-૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ નં. ૩.

# પરમપવિત્ર પર્યુષણાપર્વની વ્યવસ્થા અને તેનાં પવિત્ર કાર્યો

(અનુસંધાન અંક ત્રીજાથી)

**પંચમાસી નહિ પણ ચાતુર્માસી પ્રતિક્રમણ**

વળી વાંચકે એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે દરેક યુગના અંત્ય અભિવર્ધિત વર્ષે અષાઢ બેજ આવતા હતા એ નક્કી જ હતું અને બીજા અષાઢ સુદિ પુનમે ચાતુર્માસી થતી હતી એ પણ નક્કી જ હતું છતાં તે બીજા અષાઢ સુદિ પુનમના ચોમાસી પ્રતિક્રમણના સ્થાને કોઈપણ શાસ્ત્રકારે બીજા અષાઢ સુદિ પુનમના પંચમાસી પડિકમણું કહી અવધિ તરીકે લીધું નથી, પણ સ્થાન સ્થાન પર તે યુગના અંતના અભિવર્ધિત વર્ષમાં પર્યુષણા પર્વ બતાવતાં બીજા અષાઢ માસની પુનમે કરેલા પ્રતિક્રમણને ચોમાસી પ્રતિક્રમણજ કહેલું છે, અર્થાત્ ફાલ્ગુન સુદિ પુનમના ચાતુર્માસી પ્રતિક્રમણ પછી દ્વિતીયા અષાઢ શુકલ પૂર્ણિમાને દિવસે જો કે અષાઢ માસ અધિક હોવાથી પાંચ માસ થાય તો પણ તે પ્રથમ અષાઢને કાળચૂલા માસ તરીકે ગણીને જ બીજા અષાઢ સુદિ પુનમે કરાતા પ્રક્રિમણને જ ચતુર્માસી પ્રતિક્રમણ કહેલું છે અને તેથી સ્પષ્ટ થાય છે કે દરેક યુગના અંત્ય અભિવર્ધિતમાં પહેલા અષાઢને કાળચૂલા માસ તરીકે ગણીને જ બીજા અષાઢ સુદિ પુનમને દિવસે કરાતા પ્રતિક્રમણને ચતુર્માસી પ્રતિક્રમણ કહેલું છે.

**અષાઢ અધિક માસ ચતુર્માસી પડિકમણામાં ચૂલા તરીકે જ ગણાય છે.**

યાદ રાખવાની જરૂર છે કે કાળચૂલા તરીકે ગણાયેલા પ્રથમ અષાઢ માસને જો યુગાંત્યની વખત હિસાબમાં લઈએ તો ચાર મહિના ઓળંગીને તે ચાર મહિનાની વખતે ચોમાસી નહિ કરતાં પાંચમા મહિને પંચમાસીના નામે પ્રતિક્રમણ કરવાનો કોઈને પણ હક શાસ્ત્રકારો તરફથી મળી શકે નહિ, પરંતુ પહેલા અષાઢ સુદિ પુનમે ફાલ્ગુન સુદિ પુનમથી ચાર માસ પૂરા થતા હોવાથી વ્યવહારિક રીતિએ પ્રત્યાખ્યાનાવરણીય કષાયની ચાર માસની સ્થિતિ પૂરી થતી ગણી ત્યાં ચાતુર્માસી પ્રતિક્રમણ કરવું જ જોઇએ. જો વ્યાવહારિક સ્થિતિમાં પ્રત્યાખ્યાનાવરણીયની સ્થિતિ ચાર માસ કહેલી છે. તેમાં અધિક માસને કાળચૂલા તરીકે ગણીએ તો પ્રતિક્રમણની ચાર માસની મર્યાદામાં પણ અધિક માસને કાળચૂલા તરીકે ગણી સાધુ મહારાજની અપેક્ષાએ સંજ્વલનના ઘરના પણ પ્રત્યાખ્યાનાવરણીય કષાયોને હઠાવવા માટે કરાતું ચતુર્માસી પ્રતિક્રમણ બીજા અષાઢ સુદિ પુનમે થાય તો પણ તેને પંચમાસી નહિ ગણતાં ચોમાસી પ્રતિક્રમણ ગણવું અને તેથી પહેલા અષાઢ સુદિ પુનમના દિવસે ચાર માસ થઇ ગયા છતાં સ્વયં કલ્પનાથી ચોમાસી નહિ કરવાના ગુન્હામાં અને પંચમાસી નામનું કલ્પિત નામ ઉભું કરવાના અપરાધમાં આવવું વ્યાજબી ગણાય જ નહિ.

**પૌષની વૃદ્ધિ થતાં તેને કાલમાસ તરીકે ગણવો જ પડે છે.**

વળી, યુગના મધ્યભાગમાં જ્યારે પોષ માસની વૃદ્ધિ હોય ત્યારે પણ ફાલ્ગુન ચતુર્માસી પ્રતિક્રમણ ફાલ્ગુન સુદિ પૂર્ણિમાને દિવસે જ કરાય કે તે અધિક પોષમાસને હિસાબમાં ગણી માઘ

શુક્લ પૂર્ણિમાને દિવસે ચતુર્માસી પ્રતિક્રમણ કરાય? કદાચ કહેવામાં આવે કે માઘ શુકલ પૂર્ણિમાને દિવસે જ પોષ માસની વૃદ્ધિ હોવાથી કાર્તિક સુદિ પૂર્ણિમાને દિવસે કરેલા ચતુર્માસી પ્રતિક્રમણથી ચાર માસ થાય તેથી માઘ શુકલ પૂર્ણિમાને દિવસે જ ચતુર્માસી પ્રતિક્રમણ કરવું જોઈએ, પણ આવી રીતની માન્યતા કરતાં માઘ શુકલ પૂર્ણિમાથી ચાર માસની મર્યાદા જેઠ શુકલ પૂર્ણિમાને દિવસે પૂરી થાય અને તેથી તે ચતુર્માસી પ્રતિક્રમણ જેઠ સુદિ પુનમેજ કરવું પડે, અને તે હિસાબે દરેક યુગના ત્રીજા અભિવર્ધિતમાં જેઠ સુદિ પુનમના કરેલા ચાતુર્માસી પ્રતિક્રમણ પછી એંસી દિવસે એટલે વીસ રાત્રિદિવસ અધિક બે માસ પછી નિયત અવસ્થારૂપ પર્યુષણા કરવાનો વખત આવે અથવા અભિવર્ધિતની અપેક્ષાએ ચાતુર્માસી પ્રતિક્રમણ પછી વીસ દિવસે પર્યુષણા થતી હોવાથી અષાઢ સુદિ પાંચેમને દિવસે જ નિયત અવસ્થાનરૂપ પર્યુષણા કરવાનો વખત આવે, અને તેવું કરવું તે સર્વશાસ્ત્રથી વિરુદ્ધ છે એમ માન્યા સિવાય કોઈપણ સુજ્ઞનો છુટકો નથી અને તેથી જ એમ નક્કી માનવું પડશે કે યુગના ત્રીજા વર્ષના અભિવર્ધિતમાં પણ વધેલા પોષ માસમાં પહેલાં પોષને કાળચૂલા માસ તરીકે માનીનેજ ફાલ્ગુન સુદિ પુનમે પાંચ માસનું પરિમાણ થવા છતાંપણ ચોમાસી પડિકમણું કરવું યોગ્ય હતું અને થતું હતું.

## પોષ અને અષાઢની જ વૃદ્ધિ હોવાનું લૌકિક અને લોકોત્તર રીતિએ હતું.

જૈનશાસ્ત્ર અને પ્રથમના રાજ્યજ્યોતિષ અને લૌકિક જ્યોતિષના હિસાબે દરેક પાંચ વર્ષના યુગની અંદર મધ્યમાં પોષ મહિનો અને યુગના અંતમાં અષાઢ મહિનો વધતો હતો. આ વાત જૈનશાસનના સૂર્યપ્રજ્ઞપ્તિ, જ્યોતિષ્કરંડક વિગેરે શાસ્ત્રો તથા કૌટિલ્ય વિગેરે લૌકિક માર્ગ પ્રધાનપણે જેમાં વર્ણવવામાં આવ્યો છે, તેમાં જોવાથી સ્પષ્ટ માલમ પડે છે. વાસ્તવિક રીતિએ ચંદ્રમાસ ને કર્મમાસનો જે આંતરો પડે છે તેને લીધે તિથિઓની વધઘટ થાય છે અને સૂર્યમાસ અને કર્મમાસની વચ્ચે જે આંતરો પડે છે તે માસવૃદ્ધિને અંગે જ ટળે છે, અને તેથી જ યુગને અંતે બધી જાતના વર્ષોના દિવસનો હિસાબ ૧૮૩૦ તરીકે આવી પાંચે જાતના વર્ષો સરખાં થઈ જાય છે, અને નવા યુગની શરૂઆતમાં લગભગ બધા વર્ષોની સાથે શરૂઆત થાય છે, અને તેથીજ યુગના મધ્યમાં પોષ અને યુગના અંતમાં અષાઢની વૃદ્ધિ થયેલી ગણાય છે, અને પોષ કે અષાઢ જે વર્ષમાં વધેલા હોય તે વર્ષને અભિવર્ધિત વર્ષ તરીકે ગણવામાં આવે છે. (અપૂર્ણ)


## જાહેર ખબર

નવીન બહાર પડેલ ગ્રંથો.

| | |
|---|---|
| (૧) તત્ત્વતરંગિણી | ૦-૮-૦ |
| (૨) લલિતવિસ્તરા. | ૦-૧૦-૦ |
| (૩) સિદ્ધપ્રભા બૃહદ્વ્યાકરણ. | ૨-૮-૦ |
| (૪) આચારાંગ પ્રથમ ભાગ | ૩-૮-૦ |
| આચારાંગ પ્રથમ લેજર કાગળ પર | ૫-૦-૦ |

નવા છપાતા ગ્રંથો.

૧. ઉપદેશમાલા અપરનામ પુષ્પમાલા
૨. તત્ત્વાર્થસૂત્ર શ્રીહરિભદ્રસૂરિ ટીકા.
૩. ભગવતીજી શ્રી દાનશેખરસૂરિ વૃત્તિ.
૪. વિશેષાવશ્યક ભાષ્યમ્ કોટયાચાર્યકૃત ટીકા વિભૂષિતં.
૫. ભવભાવના (મલધારી હેમચંદ્ર પ્રણીત સટીક)
૬. આચારાંગ સૂત્રવૃત્તિ (દ્વિતીય ભાગ)

**શ્રી જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત.**

# પૂર્વાચાર્યોના ઉત્તમ ગ્રંથો મેળવવાનો અપૂર્વ અવસર.

## પ્રતાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૧. આચારાંગ સૂત્રવૃત્તિ (પ્રથમ ભાગ) | ...૫-૦-૦ |
| ૨. લલિતવિસ્તરા | ...૦-૧૦-૦ |
| ૩. તત્ત્વતરંગિણી | ...૦-૮-૦ |
| ૪. બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૨-૮-૦ |
| ૫. ત્રિષષ્ટીયદેશનાસંગ્રહ | ...૦-૮-૦ |
| ૬. દશવૈકાલિક ચૂર્ણિ | ...૪-૦-૦ |
| ૭. ઉત્તરાધ્યયન ચૂર્ણિ | ...૩-૮-૦ |
| ૮. અનુયોગદ્વારચૂર્ણિ હરિભદ્રીયવૃત્તિ | ..૧-૧૨-૦ |
| ૯. નંદિચૂર્ણિ હારિભદ્રીયવૃત્તિ | ..૧-૪-૦ |
| ૧૦. પરિણામમાળા (લેજર પેપર) | ...૦-૧૨-૦ |
| ૧૧. ૧૨૫, ૧૫૦, ૩૫૦ સ્તવન સાક્ષી સહિત ... | ...૦-૮-૦ |
| ૧૨. પ્રવચનસારોદ્ધાર (પૂર્વાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૩. પ્રવચનસારોદ્ધાર (ઉત્તરાર્ધ) | ...૩-૦-૦ |
| ૧૪. પંચાશકાદિ શાસ્ત્રાષ્ટકં | ...૩-૦-૦ |
| ૧૫. પંચાશકાદિ દશઅકારાદિ | ...૩-૦-૦ |
| ૧૬. જ્યોતિષ્કરંડક ટીકા | ...૩-૦-૦ |
| ૧૭. પંચવસ્તુક ટીકા (સ્વોપજ્ઞ) | ૨-૪-૦ |
| ૧૮. દ્રવ્યલોકપ્રકાશ | ...૧-૮-૦ |
| ૧૯. ક્ષેત્રલોકપ્રકાશ | ...૨-૦-૦ |
| ૨૦. યુક્તિપ્રબોધ (સ્વોપજ્ઞ) | ...૧-૮-૦ |
| ૨૧. દશ પયન્ના (છાયાયુક્ત) | ...૧-૮-૦ |
| ૨૨. નંદીઆદિઅકારાદિક્રમ | ...૧-૮-૦ |
| ૨૩. વિચારરત્નાકર | ...૨-૪-૦ |

## કમિશન

| | |
|---|---|
| ૧૦૦ | ...........................૧૨॥ ટકા. |
| ૭૫ | ...........................૧૦ ટકા. |
| ૫૦ | ...........................૭॥ ટકા. |
| ૨૫ | ...........................૫ ટકા. |

| | |
|---|---|
| ૨૪. વંદારૂવૃત્તિ | ...૧-૪-૦ |
| ૨૫. પયરણસંદોહ | ...૦-૧૨-૦ |
| ૨૬. અહિંસાષ્ટક, સર્વજ્ઞસિદ્ધિ, ઐન્દ્રસ્તુતિ... ... ... | ...૦-૮-૦ |
| ૨૭. નવપદપ્રકરણ બૃહદ્વૃત્તિ | ...૩-૦-૦ |
| ૨૮. ઋષિભાષિત | ...૦-૨-૦ |
| ૨૯. પ્રવ્રજ્યાવિધાનકુલકાદિ | ...૦-૩-૦ |
| ૩૦. પ્રત્યાખ્યાનાદિ, વિશેષણવતી, વીશવીશી ... ... | ...૧-૪-૦ |
| ૩૧. વિશેષાવશ્યકગાથાનુક્રમ | ...૦-૩-૦ |
| ૩૨. બારસાસૂત્ર (સચિત્ર) | ...૧૨-૦-૦ |

(કમિશન વિના)

## પુસ્તકાકાર ગ્રંથો

| | |
|---|---|
| ૩૩. શ્રાદ્ધવિધિ (હિન્દી) | ...૧-૮-૦ |
| ૩૪. જિનસ્તુતિ દેશના (હિન્દી) | ...૦-૬-૦ |
| ૩૫. મધ્યમ સિદ્ધપ્રભાવ્યાકરણ | ...૦-૮-૦ |
| ૩૬. વસ્ત્રવર્ણસિદ્ધિ | ...૦-૪-૦ |

## છપાતા ગ્રંથો

૧. આચારાંગસૂત્રવૃત્તિ (દ્વિતીય ભાગ)
૨. ભગવતીજી (દાનશેખરીયવૃત્તિ)
૩. તત્ત્વાર્થસૂત્ર સટીક (હારીભદ્રીય)
૪. ભવભાવના (મલધારી હેમચંદ્રપ્રણીત સટીક)
૫. પુષ્પમાળા (ઉપદેશમાલા)
૬. વશેષાવશ્યક ભાષ્ય (કોટ્ય ચાર્યકૃત ટીકા)

## પ્રાપ્તિસ્થાન

૧ જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા - સુરત.

૨. માસ્તર કુંવરજી દામજી પાલીતાણા.

**જૈનાનંદ પુસ્તકાલય**
ગોપીપુરા, સુરત. (ગુજરાત)

આ પાક્ષિક ધી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈમાંથી પ્રગટ કર્યું.

વંચાવો **તમે** વંચાવો

## વાંચ્યું કે ?

અત્યાર સુધી કદાપિ પ્રગટ ન થયેલ, તેમજ અન્યત્ર પણ અનુપલબ્ધ એવા અનુપમ 'આગમરહસ્ય'નું સુંદર અને સ્પષ્ટ જ્ઞાન આપનાર કયું પત્ર ?

જિનેશ્વર ભગવાનની સ્યાદ્વાદાંકિત ગિરાને યુક્તિ, પ્રયુક્તિ સહિત સચોટ રીતે હૃદયમાં ઉતારનાર વ્યાખ્યાનોનો સંગ્રહ કરતું કયું પત્ર ?

અનેક શાસ્ત્રીય પ્રશ્નોનું વિદ્વત્તાપૂર્વક, હેતુ, યુક્તિપૂર્ણ સ્પષ્ટ અને સચોટ રીતે સમાધાન આપતું કયું પત્ર ?

જિનેશ્વર ભગવાનની અમૂલ્ય વાણીરૂપી સુધા સીંચી વાંચકોના હૃદયરૂપી આરામને નવપલ્લવિત રાખનાર કયું પત્ર ?

અનેક પત્રોમાં શાસ્ત્રવિરુદ્ધ, ધર્મનો ઘાત કરનાર, તેમજ ગેરસમજથી પ્રગટ થયેલ લેખોના સચોટ, નિડરપણે, શાસ્ત્રની શૈલીપૂર્વક રદીયા આપી સત્ય સમાલોચના કરતું કયું પત્ર?

અનેકશઃ દરેક પર્વના નહિ શ્રવણ કરેલ, એવા મહિમાને જણાવનાર, તેમજ પ્રાસંગિક વિવિધ વિષયોને દર્શાવતું, તેમજ, અનેક તીર્થ મહિમાને વર્ણવતું કયું પત્ર ?

ત્રણ ત્રણ વરસથી જનતામાં બહોળા પ્રચારને પામેલું, તત્ત્વપ્રેમીઓથી એકે અવાજે વખણાયેલું જૈન સમાજનું અજોડ, અનોખું કયું પત્ર ?

........................... **જાણો છો ? તેજ** ...........................

# 'શ્રી સિદ્ધચક્ર'

દરેક પખવાડિએ ઉપર મુજબનું સુંદર બ્યાન રજુ કરતું, દર વરસે ૬૫૦ પાના ઉપરાંત પણ વિશાળ, સુંદર સાહિત્ય પીરસનાર અને આ વર્ષે નવે પદોને સુંદર રીતે, સ્પષ્ટ શૈલીથી સમજાવતું **'શ્રી સિદ્ધચક્ર માહાત્મ્ય'** નામનું સુંદર પુસ્તક ભેટ આપતું, છતાં વાર્ષિક લાવજમ માત્ર રૂા. ૨-૦-૦ આવા ઉત્તમ સાહિત્યના ગ્રાહક ન બન્યા હોય તો આજેજ બનો ! રખે ચૂકતા !

લખો

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ

C/o. ધનજી સ્ટ્રીટ, ૨૫, ૨૭, મુંબઇ નં. ૩

# વર્તમાન સમયે પૂ.આ. શ્રીઅશોકસાગરસૂરિ મ.સા.



શ્રી નાગેશ્વર
પાર્શ્વનાથ તીર્થ
ઊન્હેલ (રાજ.)



શ્રી માંડવગઢ તીર



શ્રી જંબૂદ્વીપ દેરાસર



શ્રી માણિભદ્રતીર્થ
(ઉજ્જૈન-મધ્યપ્રદેશ)



શ્રી નવકાર મં

# પૂ.આગમોદ્ધારક તથા તેઓશ્રીની અ

વિદ્વત્ કુલ મંડન શ્રુતસ્થવિર



શ્રી ઝવેરસાગરજી મ.સા.

પ્રથમ ગચ્છાધિપતિ



પૂ.આ. શ્રી માણિક્યસાગર સૂરીશ્વરજી મ.સા.





આગમોદ્ધારક પૂ.આ.



શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.

શાસન સુભટ



પૂ. ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ.સા.

વિહા



શ્રી મહોદ

# પૂ.આગમોદ્ધારકશ્રીની આગમવાણીને સુરક્ષિત રાખનાર મુખ્ય સ્થાપત્યો



શ્રી વર્ધમાન જૈન
આગમમંદિર સંસ્થા
(પાલિતાણા-સૌરાષ્ટ્ર)



શ્રી વર્ધમાન જૈન
તામ્રપત્ર આગમમંદિર
(સુરત)

પૂજ્ય આગમોદ્ધારક શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ.સા.



જૈનાનંદ પુસ્તકાલય
(સુરત)



શેઠ શ્રી દેવચંદ લાલભાઈ ઝવેરી
જૈન પુસ્તકોદ્ધાર ફંડ (સુરત)



ડિઝાઈન - પ્રિન્ટીંગ : શ્રી ચામુંડા પ્રીન્ટ વિઝન, અમદાવાદ-૪. ફોન : (૦૭૯) ૫૬૩૦૫૩૧